CC0. In Public Domain, Digitizagtion by eGangotri

2.1

आम्नाय-सम्पादक, भरतनिधि, करौंदी वाराणसी-5

32/21

श्रीमद्भागवत

आम्नाय-सम्पादक, भरतनिधि, करौंदी वाराणसी-5

(गुजराती)

आम्नाय-सम्पादक, भरतनिधि, करौंदी वाराणसी-5

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

॥ओ३म्॥

પ.પૂ. શ્રદ્ધેય બાપુજી અને પ.પૂ. શ્રદ્ધેયા સતીમાંની
પ્રસાદી રૂપે પ્રાપ્ત.

3221

સ્વ. મહાદેવસિંહ સં. ૨૦.

अभिनाय-ग्रन्थालय
[illegible]

लीलासदन, आनंदबाग,
अहमदाबाद-३८०००६
३।१२।८८

भागवत की विशेषताएँ:-

(१) किसी की पत्नी को किसी के साथ जोड़ना। जैसे विष्णुपत्नी लक्ष्मी को कृष्ण से जोड़ना।

(२) दूसरा भाई न हो उसे भाई देना। जैसे हिरण्यकशिपु को हिरण्याक्ष भाई बनाना।

(३) इतिहास की विकृति करना। रूप के दोनों दृष्टान्त और अन्य दृष्टान्त।

(४) पराविद्या और वेदों का मधुर शब्दों में विरोध। चमत्कार को प्रश्रय देना अर्थात् सात दिनों भागवत कथा श्रवण मात्र से मुक्ति, सदेह वैकुण्ठगमन आदि। दूसरे शब्दों में वेदप्रतिपादित एवं उपनिषत्सम्मत परा विद्या का खण्डन और कल्पित भक्ति मार्ग का मण्डन।

(५) ईश्वर का पार्थिव स्वरूप - स्कं. ३।अ. २५।श्लो. १३ से १७। पृ. १५० एवं पृ. ६३१॥

(६) राम शब्द - भूमिका - पृ. ४५

(७)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ॐ

3-2/21
आम्नाय-ग्रन्थालय
…, करौंदी
…सी-5

॥ महर्षि वेदव्यासप्रणीत ॥

श्रीमद् भागवत

શુદ્ધ ગુજરાતી ભાષાંતર

श्रीधरी अने बालप्रबोधिनी टीका अनुसार

भाषांतरकर्ता-शास्त्री गिरिजाशंकर मयाशंकर
ठेकाणु—शाहपुर, अमदावाद

…आम्नाय-ग्रन्थालय
…, करौंदी

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशक-भिक्षु अखंडानंद
અમદાવાદ અને કાલબાદેવી, મુંબઈ-૨

આવૃત્તિ ૧૦ મી, પૃષ્ઠ ૧૩૪૪, પ્રત ૫૫૦૦, કુલ પ્રત ૪૨૧૦૦, સંવત ૧૯૯૯
મૂલ્ય રૂપિયા ૫॥, બે ભાગના ૬] માર્ગવ્યય અલગ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतम् ।
पिबत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुकाः ॥

વેદ એ કલ્પતરુ છે. એ વેદરૂપી કલ્પતરુનું આ ભાગવતરૂપી ફળ શુકના મુખમાંથી પડેલું અમૃતરસથી ભરેલું છે. અહો શ્રદ્ધાળુ રસિકજનો ! પરમાનંદરસથી છલાછલ ભરેલા આ ભાગવતરૂપી ફળનું તમે વારંવાર સેવન કરો.

"....અમે રાજકોટ આવ્યા. ત્યાં આવું વાચન ન હતું. એકાદશીને દિવસે ભાગવત વંચાય ખરું. તેમાં કોઈ કોઈ વેળા હું બેસતો, પણ ભટજી રસ ઉત્પન્ન નહોતા કરી શક્યા. આજે હું જોઇ શકું છું કે, ભાગવત એવો ગ્રંથ છે કે જે વાંચીને ધર્મરસ ઉત્પન્ન કરી શકાય. મેં તો ગુજરાતીમાં અતિ રસથી વાંચ્યો છે; પણ મારા એકવીસ દિવસના ઉપવાસમાં ભારતભૂષણ પંડિત મદનમોહન માલવિયાજીને શુભ મુખેથી કેટલાક ભાગો સાંભળ્યા ત્યારે એમ થયું કે, બચપણમાં તેમના જેવા ભાગવત-ભક્તને મુખેથી સાંભળત, તો તેની ઉપર પણ મારી પ્રીતિ બચપણમાંજ સારી જામત. તે વયમાં પડેલા શુભ અશુભ સંસ્કારો બહુ ઊંડાં મૂળ ઘાલે છે એમ હું ખૂબ અનુભવું છું અને તેથી કેટલાક ઉત્તમ ગ્રંથો સાંભળવાનું મને તે વયે ન મળ્યું એ સાલે છે."

—મહાત્મા ગાંધીજી

"સસ્તુ સાહિત્ય મુદ્રણાલય" અમદાવાદમાં ભિક્ષુ-અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आम्नाय-ग्रन्थालय, भरतनिधि, काशी वाराणसी-5

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

कृपासिंधो ! श्रीकृष्ण मुरारे ! दुष्टदलन धरे देह दुलारे; जगतगुरो ! जुगजुग बहुनामी, ज्ञान-चरित अवतार नमामि ॥
ज्ञान गीता तव बंसी अनेरी, हमरे चित्त बसहु कही तेरी; औगुन पाप कुमति हर लीजे, तव गुन कृपा सबहीं दे दीजे ॥
जय श्रीकृष्ण ! जय श्रीराम ! अधम-उद्धारक पूरणकाम; ईश्वर, अल्ला, तेरे नाम, सबको सन्मति दे भगवान ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

(સ. સા. મુદ્રણાલય)

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



गोदोहन

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

समर्पण

नमोऽस्त्वनन्ताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे।
सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटी युगधारिणे नमः॥

હજારો સ્વરૂપ, હજારો ચરણ, હજારો નેત્ર, હજારો મસ્તક, હજારો સાથળ તથા હજારો બાહુવાળા અંતરહિત પરમાત્માને નમસ્કાર હો. હજારો નામવાળા અને સહસ્ર કોટિ યુગોને ધારણ કરનારા શાશ્વત પુરુષને નમસ્કાર હો.

असितगिरिसमं स्यात् कज्जलं सिन्धुपात्रे सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी। लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं तदपि तव गुणानामीश पारं न याति॥

નીલ પર્વત જેટલું કાજળ હોય, મહાસાગર સમાન ખડિયો હોય, કલ્પવૃક્ષની ડાળીની કલમ હોય, પૃથ્વી જેવડો કાગળ હોય અને તે લઇને સાક્ષાત્ સરસ્વતી સદાકાળ લખ્યા કરે, તોપણ હે નાથ! આપના ગુણોનો પાર આવે નહિ.

त्वमेव माता च पिता त्वमेव त्वमेव बंधुश्च सखा त्वमेव।
त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वं मम देवदेव॥

તમેજ માતા અને તમેજ પિતા છો, તમેજ બંધુ અને તમેજ મિત્ર છો; તમેજ વિદ્યા અને તમેજ દ્રવ્ય છો અને હે દેવોના દેવ! તમેજ મારું સર્વ કાંઈ છો.

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्यात्मना वा प्रकृतेः स्वभावात्।
करोमि यद्यत्सकलं परस्मै नारायणायेति समर्पयामि॥

કાયાથી, વાણીથી, મનથી, ઇન્દ્રિયોથી, બુદ્ધિથી, ચિત્તથી, અહંકારથી કિંવા પ્રકૃતિના સ્વભાવથી જે જે કંઈ કરું છું, તે તે સર્વ હે પરબ્રહ્મ નારાયણ! આપના ચરણકમળમાં સમર્પણ કરું છું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ॐ

परमात्मानुं ध्यान

"सत्यं परं धीमहि"

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट् ।
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ॥
तेजोवारिमृदां यथाविनिमयो यत्र त्रिसर्गो मृषा ।
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥

જે પરમાત્માથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને લય થાય છે; ઘડામાં વ્યાપી રહેલી માટી અને અલંકારોમાં વ્યાપ્ત સુવર્ણની પેઠે જે પરમાત્મા આ કાર્યરૂપ જગતમાં વ્યાપી પણ રહેલા છે, જગતથી પર (શ્રેષ્ઠ–જુદા–બહાર) પણ છે અને જ્ઞાનરૂપ તથા સ્વયં-પ્રકાશ પણ છે; જે વેદોનો અર્થ જાણવામાં મહાબુદ્ધિમાનો પણ મોહ પામે છે, તે વેદને જે પરમાત્માએ આદિકવિ બ્રહ્માના મનમાં અંતર્યામીરૂપે પ્રકાશ કર્યા છે; તથા જેમ સૂર્યનાં કિરણો વિષે ભ્રાંતિથી દેખાતું ઝાંઝવાનું જળ સાચું નહિ છતાં પણ સૂર્યનાં કિરણો-ની સત્તાથી તે સાચા જેવું ભાસે છે; જેમ સ્થિર પાણીમાં ભ્રાંતિથી 'આ કાચ છે' એ બુદ્ધિ થાય છે, તે સાચી નહિ છતાં પણ તે પાણીની સત્તાથી સાચા જેવી ભાસે છે; તથા જેમ કાચમાં ભ્રાંતિથી 'આ પાણી છે' એવી પ્રતીતિ થાય છે તે પણ સાચી નથી; તો-પણ કાચની સત્તાથી સાચા જેવી ભાસે છે; તેમ જે અધિષ્ઠાન પરમાત્મામાં તમોગુણના કાર્યરૂપ આ પંચભૂતની સૃષ્ટિ અને સત્ત્વગુણના કાર્યરૂપ દેવતાઓની સૃષ્ટિ કલ્પિત અને અસત્યરૂપ હોવા છતાં પણ જે પરમાત્માની સત્તાથી તે સાચા જેવી ભાસે છે; જે પરમા-ત્માએ પોતાના જ્ઞાનરૂપ પ્રકાશ વડે માયારૂપ કપટને ટાળી નાખ્યું છે અને જે પરમાત્માનો ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાં તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં નાશ થતો નથી; એવા તે પરમ સત્યસ્વરૂપ, પરમ જ્ઞાનસ્વરૂપ, પરમ શક્તિસ્વરૂપ તથા પરમ આનંદસ્વરૂપ સર્વશ્રેષ્ઠ પરમાત્માનું અમે ધ્યાન ધરીએ છીએ.

(શ્રીમદ્ ભાગવતનો પહેલો શ્લોક)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

मंगलाचरण

ॐकारं बिंदुसंयुक्तं नित्यं ध्यायंति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥१॥

બિંદુ સહિત ૐકાર (જે પરબ્રહ્મ પરમાત્માનું સર્વથી ટૂંકું અને સર્વોપરી નામ છે), જેનું યોગી પુરુષો નિત્ય ધ્યાન કરે છે અને જે કામ તથા મોક્ષના દાતા છે; તે પરબ્રહ્મ ૐકારને વારંવાર નમસ્કાર કરું છું. ૧

सर्वदा सर्वकार्येषु नास्ति तेषाममंगलम् ।
येषां हृदिस्थो भगवान् मंगलायतनो हरिः ॥२॥

સર્વ મંગળોના ભંડાર (અને ઉદાર દાતા) એવા ભગવાન શ્રીહરિ, જે કોઇ મનુષ્યના હૃદયમાં (દર્શન, સ્મરણ કે કથા–કીર્તનાદિદ્વારા) વિરાજમાન હોય છે; તેનું સર્વદા અને સર્વ કાર્યોમાં અમંગળ તો થતુંજ નથી–અર્થાત્ મંગળજ થાય છે. ૨

व्यासाय विष्णुरूपाय व्यासरूपाय विष्णवे ।
नमो वै ब्रह्मविधये वासिष्ठाय नमो नमः ॥३॥

વ્યાસસ્વરૂપ ભગવાન વિષ્ણુને નમસ્કાર કરું છું અને વિષ્ણુસ્વરૂપ મહર્ષિ વ્યાસને, કે જે મહર્ષિ વસિષ્ઠના કુળમાં ઉત્પન્ન થયા હતા અને જેમણે વેદના વિભાગ કર્યા હતા, તેમને વારંવાર નમસ્કાર કરું છું. ૩

अचतुर्वदनो ब्रह्मा द्विबाहुरपरो हरिः ।
अभाललोचनः शंभुर्भगवान् बादरायणः ॥४॥

એ ભગવાન બાદરાયણ (વ્યાસ મુનિ) ચાર મુખવાળા નથી; તોપણ સાક્ષાત્ બીજા બ્રહ્મા છે; બે હાથવાળા છતાં સાક્ષાત્ બીજા શ્રીહરિ છે અને કપાળે ત્રીજું નેત્ર નથી; તોપણ સાક્ષાત્ બીજા શંકર છે. ૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ॐ

महर्षिओने स्मरणांजलि

અને પરમાત્મધ્યાન

कस्मै येन विभासितोऽयमतुलो ज्ञानप्रदीपः पुरा
तद्रूपेण च नारदाय मुनये कृष्णाय तद्रूपिणा।
योगींद्राय तदात्मनाऽथ भगवद्राताय कारुण्यतः
तच्छुद्धं विमलं विशोकममृतं सत्यं परं धीमहि॥

જે પરમાત્માએ કરુણાથી આ અતુલ જ્ઞાનના દીવારૂપ શ્રીમદ્ભાગવતનો પ્રથમ બ્રહ્માજી પ્રત્યે પ્રકાશ કર્યો; તે પછી બ્રહ્માજીના રૂપથી દેવર્ષિ નારદજી પ્રત્યે પ્રકાશ કર્યો; તે પછી નારદજીના રૂપથી વેદવ્યાસજી પ્રત્યે પ્રકાશ કર્યો; તે પછી ભગવાન વેદવ્યાસના રૂપથી યોગેન્દ્ર શુકદેવજી પ્રત્યે પ્રકાશ કર્યો અને તે પછી શુકદેવજીના રૂપથી પરીક્ષિત રાજા પ્રત્યે પ્રકાશ કર્યો; તે શુદ્ધ, નિર્મળ, શોકરહિત, સત્ય અને મોક્ષરૂપ પરબ્રહ્મનું અમે ધ્યાન ધરીએ છીએ.

भवे भवे यथा भक्तिः पादयोस्तव जायते।
तथा कुरुष्व देवेश नाथस्त्वं नो यतः प्रभो॥

હે દેવતાઓના સ્વામી! જેથી કરીને આપના ચરણારવિંદમાં ભવોભવ અમારી ભક્તિ વિશેષ થાય તેમ કરજો; કેમકે હે પ્રભો! આપજ અમારા નાથ છો.

नामसंकीर्तनं यस्य सर्वपापप्रणाशनम्।
प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम्॥

જેમના નામનું કીર્તન સઘળાં પાપોનો નાશ કરે છે અને જેમને કરેલા પ્રણામ સર્વ દુઃખોને શાંત કરે છે, તે પરમશ્રેષ્ઠ શ્રીહરિને હું નમસ્કાર અને પ્રણામ કરું છું.

योगींद्राय नमस्तस्मै शुकाय ब्रह्मरूपिणे।
संसारसर्पदष्टं यो विष्णुरातममूमुचत्॥

યોગીઓમાં સર્વોત્તમ અને પરબ્રહ્મસ્વરૂપ એવા શુકદેવજી કે જેમણે, સંસારરૂપી સર્પે ડસેલા પરીક્ષિત રાજાને મુકાવ્યા તેમને પ્રણામ હોજો. (આ ગ્રંથના છેલ્લા અધ્યાયમાંથી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

आम्नाय-ग्रन्थालय,

प्रकाशकनुं निवेदन

(પાછલી આવૃત્તિઓનાં નિવેદનોના સારાંશ સાથે)

આ "શ્રીમદ્‌ભાગવત" ની દશમી આવૃત્તિની ૫૫૦૦ પ્રત પ્રસિદ્ધ થાય છે.

આ ગ્રંથનું ભાષાંતર શ્રીધરી અને બાલપ્રબોધિની ટીકાના આધારે શાસ્ત્રીજી ગિરિજાશંકર મયાશંકર પાસે તૈયાર કરાવેલું છે; તે પ્રથમ આઠમી આવૃત્તિરૂપે છપાયું હતું, તે પછી તેમાં સ્વામીશ્રી કૃષ્ણાનંદજીએ નિષ્કામભાવે કરી મોકલેલું સંશોધન નવમી આવૃત્તિમાં લેવાયું હતું; તેના પુનર્મુદ્રણરૂપેજ આ આવૃત્તિ છપાઇ છે.

આગલા સમયમાં વિશેષે કરીને શ્રીમદ્‌ભાગવતનું શ્રવણ સપ્તાહોમાં કે પુરાણીઓની કથાઓમાં થતું હતું. અન્ય કોમોમાં તો સંસ્કૃત જાણનાર ભાગ્યેજ કોઇ હોય છે; એટલુંજ નહિ પરંતુ બ્રાહ્મણોમાં પણ મોટો ભાગ સંસ્કૃત જ્ઞાનથી વંચિત છે; તેથી ધાર્મિક ગ્રંથોના વાચનનો લાભ જનસમાજના મોટા ભાગને બીલકુલ મળી શકે નહિ. એટલે આવા ગ્રંથોના ભાષાંતરો પ્રસિદ્ધ કરવાથી લોકોમાં જ્ઞાનનો સારો ફેલાવો થઇ શકે, એવી ઉચ્ચ ભાવનાથી પ્રેરાઇને સ્વર્ગસ્થ વૈદ્યરાજ પ્રભુરામ જીવનરામે વેદધર્મસભાની સ્થાપના કરી અને વિદ્વાન શાસ્ત્રીઓના હસ્તે ઉત્તમ સંસ્કૃત ગ્રંથોનાં ભાષાંતરો કરાવી પ્રસિદ્ધ કરવા માંડ્યાં હતાં. તેમણે શ્રીમદ્‌ભાગવત, દેવીભાગવત, યોગવાસિષ્ઠ મહારામાયણ અને શંકરદિગ્વિજય જેવા મોટા ગ્રંથો, તેમજ ભગવદ્‌ગીતા, મણિરત્નમાળા, મોહમુદ્‌ગર, ચર્પટપંજરિકા, એકાદશસ્કંધ ઇત્યાદિ ઉત્તમ ગ્રંથો પ્રસિદ્ધ કરીને ગુજરાતી વાચકવર્ગ પર જે ઉપકાર કર્યો છે તે સામાન્ય નથી. ઘણા વર્ષો પહેલાં પ્રતિકૂળતાઓ અને શ્રમ વેઠીને આ પ્રમાણે તેમણે માર્ગ સરળ કર્યા પછી અન્ય જનો તેવાં કાર્યો સહેલાઇથી કરી શકે છે; પરંતુ તેથી પહેલ કરનારના સુયશમાં ન્યૂનતા નહિ આવતાં વધારોજ થાય છે.*

---

* આ સેવક આવાં કાર્યો માટે તદ્દન અજાણ છતાં તેમાં ધીમે ધીમે સર્વેશ્વરે કેવી રીતે યોજ્યો તે વિગત "ઉત્પત્તિ સ્થિતિ ને ભવિષ્ય" નામક પુસ્તકમાં આપેલી છે તે અહીં નીચે આપી છે.

"હિમાલય અને તેની સમીપનાં સ્થળોમાં એકેક વર્ષ ગયા પછી સંવત ૧૯૬૨ માં સેવક થોડા સમય માટે ગુજરાત કાઠિયાવાડ તરફ આવ્યો. 'થોડા સમય માટે' એમ કહેવાનું કારણ એજ કે, એ સાત્ત્વિક ભૂમિના શુભ સંયોગથી જે આંતરિક લાભ થયો હતો અને જન્મપ્રાપ્ત મેદપ્રધાન શરીરના હકમાં તથા વિસ્મૃતિ વગેરે મગજ સંબંધી વ્યાધિની બાબતમાં એ તરફનાં શુદ્ધ જળવાયુએ જે ઉપકાર કર્યો હતો, તેને લઇને આયુષ્યનો બને તેટલો ભાગ તે તરફજ ગાળવાનો સેવકે નિર્ણય કર્યો હતો."

"સંવત ૧૯૬૨ ના ચાતુર્માસમાં નડિયાદમાં ભાગવત વાંચવામાં આવતાં તેમાંના એકાદશ સ્કંધની ખૂબી ઓરજ જણાઇ. આધ્યાત્મિક વિષયો એમાં અધિક સ્પષ્ટતા અને વિસ્તારથી સમજાવેલા હોવાને લીધે એ ગ્રંથ ગીતા કરતાં પણ વધુ ગમ્યો. સંસ્કૃત જ્ઞાનને અભાવે ભાષાંતર ઉપરથી અર્થ સમજતા જઇ ભાગવતમાંના જ્ઞાન–ભક્તિવિષયક જે જે શ્લોક સરલ અને આકર્ષક લાગ્યા તેનો લાભ વારંવાર લેવાના હેતુથી તે જુદા ઉતારી લીધા. એમાં પણ ઘણાખરા શ્લોક તો એકાદશ સ્કંધનાજ આવતા હોવાથી તે લખી લેવા સમયે મનમાં વારંવાર આવતું કે, આ સ્કંધ જો શ્લોક સહિત સસ્તામાં નીકળે તો કેટલા બધા લોકોને તેનો લાભ મળે? "વેદધર્મસભા" નો એકાદશ સ્કંધ એ સમયે એક રૂપિયાથી મળતો ખરો, પરંતુ તેમાં મૂળ શ્લોક ન હતા.

"સંવત ૧૯૬૩ ના ઉનાળામાં ફરી હિમાલય તરફ જવાનો વિચાર કર્યો અને હોળી ઉપર મુંબઇમાં 'શ્રેયઃસા-

भा. क

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ ગ્રંથની પહેલી ત્રણ આવૃત્તિઓ મુંબઈની વેદધર્મસભા તરફથી પ્રસિદ્ધ થઈ હતી. તે પછીની ચાર આવૃત્તિઓ વેદધર્મ સભા પાસેથી દરેક સમયે પરવાનગી મેળવીને અત્ર તરફથી પ્રસિદ્ધ થઇ હતી. ત્યારબાદ તૈયાર કરાવેલા સ્વતંત્ર ભાષાંતરની આ સાથે ત્રણ આવૃત્તિઓ મળીને, આ ગ્રંથની કુલ સાત આવૃત્તિઓ આ સંસ્થા-દ્વારા પ્રગટ થઈ છે.

અરાઢ પુરાણોમાં શ્રીમદ્‌ભાગવત, રામાયણ અને મહાભારત પ્રસ્થાનત્રયીરૂપે છે; અને તેમાંય આ ગ્રંથનું

ધુકવર્ગ'નો સાત દિવસનો સમારંભ હતો, ત્યાંથી બારોબાર ત્યાં જવાનું ધારીને સેવક મુંબઇ ગયો. મુંબઇ આવ્યા પછી 'એકાદશ સ્કંધ' નો વિચાર વિશેષ બળથી આવવા લાગ્યો. કાર્ય પરોપકારનું તો ખરું, પરંતુ આર્થિક આવશ્યકતાવાળું હોવાને લીધે તે ભિક્ષુની અકિંચન સ્થિતિ માટે બંધબેસતું ન હતું. વળી વ્યવહારપ્રધાન હોવાને લીધે સેવકની વ્યાવહારિક અકુશળતા સાથે પણ તે બેસતું થાય તેમ નહોતું."

"પુસ્તક છપાવવું, બંધાવવું, ખપાવવું, નાણાં રોકવાં, ઇત્યાદિ સર્વ વ્યવસ્થા કોઇ સગવડવાળો ગૃહસ્થાશ્રમી જો ધારે તો પોતાના અન્ય વ્યવસાય ભેગી સરળતાથી કરી શકે એમ મનમાં ઘણુંએ આવતું; પરંતુ કહેવું કોને? વધુ માણસો સાથે પરિચય નહિ અને હોય તોપણ 'મોટા ભા' કહીને વાત કર્યા વિના સાંભળે કોણ? વળી એવી મહેનત અને નાણાંની રોકાણ વેઠીને વગર નફે પુસ્તક છપાવવા તથા ખપાવવા જેટલી નિષ્કામ રુચિ પણ કોને હોય? માટે વિચાર મહારાજ! વળી પણ અર્પણ થાઓ તે સર્વ પ્રેરકના ચરણમાં!"

"મહારાજ પધારી ગયા તો ખરા, પણ બીજેજ દિવસે પાછા કાર્યના અંકુરરૂપ થોડીક સ્મૃતિ અને કલ્પનાની જાળ લઇને પધાર્યા કે, "મુંબઇમાં તો આવ્યાજ છીએ તો પછી આમ ને આમ બે મહિના વધુ રોકાઇને આટલું પુસ્તક છપાવી નખાય તો કેટલા બધા લોકોને તેનો લાભ મળે? વળી તે પડતર કિંમતે નીકળવાથી સસ્તાપણા તરફ પણ એક કામ થાય. અમુક માણસ પોતા પાસેની ધર્માદા રકમ સપ્તાહ બેસાડી તેમાં વાપરી દેવા ઇચ્છે છે, તેને કહેવામાં આવતાં તે કાર્ય થોડો સમય મુલતવી રાખી તે રકમ આ કાર્યમાં રોકવા ના પાડશે નહિ. ભાષાંતર પણ 'વેદધર્મસભા'નું કે 'ગુજરાતી પ્રેસ'નું મળી રહેશે અને પુસ્તકો તૈયાર થયાં એટલે વેચવાનું તો કોઇએક બુકસેલરને સોંપી દઇને તથા નાણાં આવે તે પરબાર્યાં નાણાં રોક-નારને પહોંચાડી દે એવી ગોઠવણ કરીને પછી જવું હશે ત્યાં ચાલ્યા જવાશે."

"ઉપલા વિચારને પરિણામે મુંબઇમાં રોકાઇ જઇને "એકાદશ સ્કંધ" સ્વહસ્તેજ છપાવવાનું ઠર્યું. 'સ્વર્ગો'ના લેખક અમૃતલાલ સુંદરજી પઢિયાર એ સમયે મુંબઇમાં રહેતા હોવાથી વખતો વખત તેમનો મેળાપ થતાં એ વિષયની વાતો થયા કરતી અને આવું સારું પુસ્તક સસ્તામાં નીકળે તો બહુજ સારું, એમ તેઓ વખતો વખત કહ્યા કરતા. ઉપલો નિર્ણય તેમને જણાવતાં તેઓ બહુ રાજી થયા. ખર્ચનો અડસટ્ટો તેમને પૂછી લઇને નાણાં માટે પૂછતાં બોરસદથી હરિલાલ મોહનલાલ અને લલ્લુભાઈ ગીરધરદાસે પોતા પાસેની ધર્મ ખાતાની રૂ. ૮૦૦)ની રકમ હાલ આ કાર્યમાં રોકવા હા પાડી. ઓનરેબલ સર વિઠ્ઠલદાસનાં માતુશ્રી સ્વર્ગસ્થ નાથીબાઇ કે જેઓ તે સમયે હયાત હોઇને તેમના સંન્યાસી આશ્રમમાંજ સેવકનું આસન હતું, તેમણે સાધુ-બ્રાહ્મણોમાં દાન આપવા સારુ પોતાને માટે એક હજાર પ્રત વધુ છપાવી આપવાનું કહ્યું અને કુલ ચાર હજાર પ્રત છપાવવી ઠરી."

× × × × ×

"એકાદશની વેચાણવ્યવસ્થાનો સમય હવે આવી પહોંચ્યો, પરંતુ પ્રથમ જે ધારેલું કે, તે કાર્ય "કોઇએક બુકસેલરને સોંપી દઇને પછી જવું હશે ત્યાં ચાલ્યા જવાશે" તે પ્રમાણે બની શકે એવું કામનો વખત આવતાં જણાયું નહિ. આ પ્રકારથી કામ લેવામાં કેટલાકોને કડવો અનુભવ મળેલો જણાયો અને એકનેજ વ્યવસ્થા સોંપી દેવામાં પુસ્તકના પ્રચારમાં પણ ન્યૂનતા આવે તેમ લાગ્યું. જેથી તે વ્યવસ્થા મુંબઇમાંની એક બુકસેલરની દુકાન ઉપરાંત એકબે ફેરિયાઓને તેમજ બહારગામના પાંચસાત પરિચિત ઠેકાણે સોંપવામાં આવી. બાવાજી હવે બહારગામનાં પારસલો પેક કરનાર અને તે ઉપડાવી જઇને સ્ટેશનેથી રિસિટ કરાવી લાવનાર બન્યા!"

"એકાદશની પ્રતો બંધાઇને મળતી ગઇ તેમ તેમ બુકસેલર અને ફેરિયાઓ વગેરેદ્વારા ઊપડતી જવાથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્થાન તો પ્રથમ પદે છે. આખા દેશમાં અન્ય સર્વ પુરાણો કરતાં આનો પ્રચાર વિશેષ છે; કારણ કે હિંદુઓ તેને પોતાનું અદ્વિતીય ભક્તિશાસ્ત્ર માનીને તેના પ્રત્યે અતિશય પૂજ્યભાવ રાખે છે. વળી તે જ્ઞાનથી ભરપૂર હોવાથી જ્ઞાનસંહિતા તરીકે પણ ઓળખાય છે. જગતના અનિત્ય પદાર્થોમાં નિત્યબુદ્ધિ અને પ્રાપ્તવ્ય બુદ્ધિ-પૂર્વક નિરત થઇ રહેલા 'વિષયી વર્ગ' માટે પણ તેની ઉપકારકતા ઓછી નથી. કેમકે અંતે આ બધું છોડી

ચારપાંચ અઠવાડિયાંમાંજ પહેલી આવૃત્તિ ખલાસ થઇ ગઈ અને બીજી સેંકડો પ્રતોની માગણી ઊભી રહી. ફેરિયાઓ પાસેથી હિસાબ લેવાકરવાનું કાર્ય અમૃતલાલભાઇને ત્યાં લખેવાનું કામ કરનાર વેણીશંકરને સોંપ્યું હતું."

"એકાદશ સ્કંધની પહેલી આવૃત્તિનું કામ આટોપાઇ જતાં મુંબઇ છોડી શકાવાનો યોગ નજીક આવ્યો, પરંતુ તે અગાઉ નીચલા સંયોગો તૈયાર થઇ ચૂકેલા હોવાથી કાર્ય લંબાવવું કે કેમ તેનો વિચાર જાગ્યો. (૧) એકાદશનું ઉપલું પરિણામ મુંબઇનિવાસી એક ગૃહસ્થ (ભક્ત હરગોવિંદદાસ રામજી)ની જાણમાં આવતાં તેમણે તેની બીજી આવૃત્તિ માટે નાણાં રોકવા તત્પરતા બતાવી હતી. (૨) પહેલી આવૃત્તિમાં નાણાં રોકનાર-માંના એક સજ્જને પોતા તરફની ૪૦૦)ની રકમ બીજી રીતે ખર્ચવા કરતાં આવા કામમાંજ આપી દેવાનું પસંદ કર્યું હતું. (૩) બીજા પણ એક-બે ગૃહસ્થોએ બીજાં એકાદએ પુસ્તકો માટે નાણાં રોકવાની તત્પરતા દર્શાવી હતી."

જ્ઞાન પ્રચારનાં આવાં લોકહિતનાં કાર્યો માટે તદ્દન નિષ્કામભાવે ધનનો સાચો ઉપયોગ કરવાની ધનપતિઓને ભાવના હોતી નથી. કદાપિ કોઈ એવી ભાવનાવાળા હોય તો તે વિષે આ સેવકને માહિતી નથી કારણકે તપાસ કરવાની જરૂર પણ રાખી નથી. આ બાજુ ગુજરાતમાં મોટી મિલો કે કારખાનાં ઊભાં કરવામાં હરકત આવતી નથી. તેમાંથી ધન કમાયા પછી "એરણની ચોરી ને સોયનું દાન" એ લોકોક્તિ પ્રમાણે થોડું દાન આપીને નામના મેળવનારા ધનિકો પડ્યા છે ખરા; પરંતુ દાનમાં પણ જે ઉચ્ચ પ્રકારની નિષ્કામ-તાની જરૂર છે તેનો મોટે ભાગે અભાવ હોય છે. આથી ઘણા વિચારને અંતે આ સંસ્થાને ધીરેધીરે આટોપી લેવા માટે આ સેવકે સંસ્થાનું વસિયતનામું કર્યું છે. આ સેવકની હયાતીમાં તો કોઇ મોટી રકમ તદ્દન નિષ્કામભાવે આપનાર મળી આવે તો પણ તે સ્વીકારવાની ઇચ્છા નથી. કારણ કે આ સેવક ભેખધારી હોવાથી આર્થિક બોજો સંસ્થા ઉપર પડતો નથી; પરંતુ પાછળથી તો ટ્રસ્ટીઓ પોતાની બીજી રોકાણોને લીધે જાતે સંભાળી શકે નહિ. એટલે કામ કરનારાઓના પગારનો સારો બોજો સંસ્થાને ઉપાડવો પડે. આથી પ્રભુઇચ્છાથી નિષ્કામભાવે અથવા જાહેરરીતે વધુ રકમ આપનાર કોઈ મળી આવે તો તે સ્વીકારીને આ સેવકની હયાતી બાદ પણ સંસ્થા ચલાવવાની વસિયતનામામાં સગવડતા રખાઇ છે.

ઉત્તરહિંદમાં ગીતાપ્રેસ-ગોરખપુર તથા સસ્તુ સાહિત્ય મંડળ-દિલ્હી અને દક્ષિણમાં સ્વાધ્યાય મંડળ-ઔંધ જેવી લોકોપકારક સંસ્થાઓ ચાલી રહી છે. પ્રભુપ્રેમી લોકસેવાની ભાવનાવાળા શ્રીમંતો તથા રાજાઓ તરફથી નિષ્કામભાવે અને ગુપ્તપણે થતી મદદવડે તે સંસ્થાઓ આ દિશામાં ઠીકઠીક કાર્ય બજાવી રહી છે. પરંતુ આ બાજુ તો કોઈ વિદ્વાન, શ્રીમંત કે રાજા-મહારાજાને આવું તેવું સૂઝતું નથી.

સેવાભાવી ધનિકો પાસેથી મદદ મેળવીને, ધાર્મિક સાહિત્યનો સસ્તા મૂલ્યે પ્રચાર કરવાની યોજનાનો અમલ સારી રીતે થઈ શકશે, એવો ભ્રમ આ સેવકને હતો; પરંતુ તે શ્રીમંતો સાથેના કેટલાક પ્રસંગોથી ભાગી ગયો. એ બધા પ્રસંગો હાલ પૂરેપૂરા યાદ રહ્યા નથી; પરંતુ નીચેના કેટલાક પ્રસંગો "ઉત્પત્તિ, સ્થિતિ ને ભવિષ્ય"માંથી અહીં નીચે આપ્યા છે.

"સંવત ૧૯૬૪ માં એક સમયે એવી વૃત્તિ થઈ આવી કે, ધારેલા સમયમાં એકાદ મોટું પુસ્તક પણ ભેગાભેગું પ્રસિદ્ધ થઇ શકે તો સસ્તા વાચનની આવશ્યકતા લોકોને વધુ સમજાય. આ વૃત્તિએ વિશેષ જોર પકડવાથી એક ગૃહસ્થ કે જેમને ત્યાં કેટલીક વેળા સેવક ભિક્ષાર્થે જતો હતો, તેમને વાત કરવામાં આવી. એ ગૃહસ્થના કહેવાથી સેવકે તેમની સાથે એક જાણીતા ગૃહસ્થને ત્યાં જઇને બનતી વાતચીત કરી. એ ગૃહસ્થને ભાગવત વધારે પસંદ પડવાથી તે પ્રસિદ્ધ કરવામાં નાણાં રોકવાની તેમણે હા કહી; અને વેદધર્મ-સભાના ભાષાંતરની રજા મેળવીને છપાવવાનું નક્કી થયું. ચાલો કામ થયું, એમ માની બાવાજીએ પઢિયાર પાસે જઇને વધામણી કહી. પઢિયારે પણ ખુશ ખુશ બની જઇને કહ્યું કે, 'ઠીક થયું. એકાદ એવું મોટું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જવાતુંજ છે; તેથી પરલોકનું દીર્ઘજીવન આનંદમય ગુજારી શકાય તે સારુ ઉત્તમ નીતિ અને સ્વધર્મનું પાલન કરવાનો તથા નિષ્કામ ભાવે નહિ તો સકામભાવે પોતાનાં તન–મન–ધનનો બને તેટલો સદુપયોગ કરી લેવાનો સુબોધ પુરાણોમાં સ્થળે સ્થળે સમાયલો છે. મીઠાશ ચોપડેલી કડવી દવાઓની પેઠે પામર વર્ગને પણ ગમી જાય એવી થોડીક વાતો–તેની સાથે મોટા પ્રમાણમાં હિતાવહ ઉપદેશો તેમના હૃદયમાં

પુસ્તક સસ્તામાં નીકળી જવાથી ગૃહસ્થવર્ગનું તમારા હેતુ તરફ વધુ ધ્યાન ખેંચાશે.'"

"બીજા એક શ્રીમાન ગૃહસ્થ કે જેઓ આવાં કામોના બહુ શુભેચ્છક છતાં અજાણપણાને લીધે તથા એક-બે કામમાં કોઈ ખરાબ માણસોએ થાપ આપેલી હોવાને લીધે અજાણ્યા ભિક્ષુ પર વધારે ભરોસો મૂકી શકે તેમ તો નહોતુંજ; પરંતુ વખતો વખત સારી સારી વાતો અને ભિક્ષા કરાવવામાં તેમજ કોઈ ઈધરઉધરનું કામ કરવા જેવું હોય તો તેમાં ઠીક ઉત્સાહી જણાતા હતા. આ ગૃહસ્થને ઉપલી હકીકત કહેતાં વેદધર્મ-સભાના મંત્રીજી પાસે કેટલાક ફેરા ખાઇને તેઓ ભાગવતના ભાષાંતરની રજા લઈ આવ્યા."

"ભાગવતની રજા મળી ચૂકવાની વાત ઉપલા નાણાં રોકનાર ગૃહસ્થને કહેવામાં આવી. એ સમયે તેને ત્યાં કોઇએક બ્રહ્મદેવ બેઠેલા હતા. તેમણે કહ્યું કે, "આના કરતાં તો બ્રાહ્મણનાં બાળકોને વિદ્યાભ્યાસ તથા ધર્મનું જ્ઞાન આપવાના કામમાં મદદ કરો તો ઠીક. ખરી દેશસેવા તો એજ છે. બ્રાહ્મણો છેક અજ્ઞાન ને નિરાધાર થઈ ગયેલા હોવાથી તેમને મદદ મળે નહિ ત્યાંસુધી બધુંજ નકામું." સેવકે કહ્યું કે, દેશમાં અવદશા તો સર્વ વર્ણ અને આશ્રમની થઈ પડી છે, માટે બ્રાહ્મણોની સાથે અન્ય વર્ણોને પણ સહાયપાત્ર ગણવી જોઇએ."

"ભૂદેવ કે જેઓ શેઠના ઓળખીતા હોઈ કોઈ ખાનગી સંસ્કૃતશાળાની મદદને સારુ ત્યાં આવેલા જણાતા હતા, તેમનું ચોકઠું હવે ખસ્યું. તેઓ શેઠની સામે જોઇને બોલી ઊઠ્યાઃ "જોયું ? સંન્યાસી થઇને સનાતનધર્મની વિરુદ્ધ બોલે છે ! કોઈ આર્યસમાજી કે સુધારાવાળા જેવા લાગે છે ! બ્રાહ્મણ તો સર્વનું મૂળ છે. મૂળને પાણી સીંચીએ એટલે ડાળાંપાંદડાંને (અન્ય વર્ણોને) એની મેળેજ પહોંચે છે." સેવકે કહ્યું કે, "બ્રાહ્મણોની સાથે બીજાઓ તરફ પણ લક્ષ અપાય તો પાણી તો શું પણ અનાજ પણ તેઓ એટલું બધું પકવતા થઈ જાય કે જેથી બ્રાહ્મણોને પાછા ખૂબ લાડુ મળવા માંડે અને તેઓ ભીખને બદલે ભણાવવાના કામથી આબરૂભેર અન્નપાણી મેળવતા થઈ જાય."

"બસ, અગ્નિમાં ઘૃત હોમાયું ! શેઠ તરફ જોઇને કહેવામાં આવ્યું કે, સાંભળ્યું ને ! શેઠે પાછળથી કહી દીધું કે પૈસા રોકવા મારો વિચાર નથી."

"એ શેઠને ત્યાં ઉપલો નિકાલ આવ્યો તે પહેલાં એ ગૃહસ્થ ભાગવત છપાવતા હોવાની વાત નાથીબાઇની જાણમાં આવતાં તેમણે એક વખત રૂબરૂમાં કહેલું કે, "હું રહી ગઈ, ભાગવત તો મારેજ છપાવવા જેવું હતું." પાછળથી ઉપલા ગૃહસ્થે ના પાડ્યાની વાત તેમને જણાવતાં બહુ ખુશીથી પૈસા રોકવાની તેમણે હા પાડી; પરંતુ શ્રી કરસનદાસ હરગોવીંદદાસ ચત્તુ વેદધર્મસભાના ભાગવતની રજા લઈ આવ્યા હતા, તેઓ નાથીબાઇના ખાસ સગા હોવાથી તેમનો મત નાથીબાઇને એવો મળ્યો કે અજાણ્યાનો ભરોંસો શું? અસ્તુ. ભાગવત છપાવવાની પ્રતિ શ્રી !"

(ઉપલી વાત પાછળથી એજ ગૃહસ્થે આ સેવકને કહી હતી. સમય જતાં પાછળથી એજ ગૃહસ્થને એવો ભરોંસો બેસી ગયો છે કે, સંસ્થાને વખતોવખત ઉછીનાં નાણાં આપવામાં તેમણેજ સર્વ કરતાં અધિક ભાગ લીધો છે.)

(મુંબઇમાં નાથીબાઇ તરફથી ચાલતા એક સંન્યાસ આશ્રમની દેખરેખનું કામ એક સંન્યાસીને સોંપવાની તેમની ઇચ્છા હતી. પરંતુ ઉચ્ચકક્ષાના નિઃસ્પૃહ સંન્યાસી તો હરકોઇ કાર્ય લોકસંગ્રહ માટે ઉત્તમ રીતે કરી બતાવે. એવા સંતો તો વિરલજ મળે છે. સાધારણ ભેખધારીઓ તો ત્યાગની ઉચ્ચ ભાવનાના અભાવે આશ્રમની વ્યવસ્થા સંભાળે તેમાંય ઊંડે ઊંડે સ્વાર્થબુદ્ધિ સારી રીતે છુપાયલી હોય છે. એટલે મુખ્ય માણસના અવસાન પછી તે પચાવી પાડે છે. અને પછી સંસ્થાના મૂળ ઉદ્દેશો તરફ દુર્લક્ષ્ય આપી તેના નામે ખાનગી નાણાં એકઠાં કરે છે. વળી દિવસે દિવસે સ્વાર્થબુદ્ધિ વધતી જાય એટલે વહીવટમાં પણ વ્યાપારી બુદ્ધિ દાખલ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉતારી દેવાના ઉદ્દેશથી–પુરાણોમાં આવ્યા વિના રહેતી નથી.

આ પછીનાં પૃષ્ઠોમાં શ્રીમદ્‌ભાગવત કે રચિયતા વ્યાસદેવ હૈં તથા ભગવત્પ્રાપ્તિના વિવિધ ઉપાય તથા તે પછી "**શ્રીમદ્‌ભાગવત વિષે જાણવા જેવા વિચારો**" એ મથાળા નીચે નીચલા લેખો સંગ્રહાયા છેઃ—શ્રીકૃષ્ણ ચરિત્ર, પુરુષોત્તમ શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણની ગુરુદક્ષિણા, શ્રીકૃષ્ણ અને ઉદ્ધવ, શ્રીકૃષ્ણાર્જુન યુદ્ધ, શું કૃષ્ણ દ્વારકાના રાજા હતા? શ્રીકૃષ્ણનું ચારિત્ર્ય, હિંદુ જાતિના આદર્શ પુરુષ શ્રીકૃષ્ણ, પધારો એ કૃષ્ણચંદ્ર અને શ્રીકૃષ્ણ પ્રભુ કર્મયોગી; તે પછી "**પુરાણો વિષે જાણવા જેવા લેખો**." એ મથાળા નીચેઃ–પુરાણો વિષે સ્વર્ગસ્થ મણિલાલ નભુભાઈ દ્વિવેદીના વિચાર, પુરાણ મહિમા, શ્રીમત્ શંકરાચાર્ય અને ભાગવતની પ્રાચીનતા, શ્રીમદ્ ભાગવતકી યોગ્યતા, ભાગવત કા ઉદ્દેશ, કર્તા, રચનાકાળ ઇત્યાદિ, ભાગવત કી શ્રીધરી ટીકા ઔર શ્રીધર સ્વામી, મહાત્મા શ્રીધર સ્વામીનું ચરિત્ર અને જયદેવને ગીત ગોવિંદ ૮૦૦ વર્ષ પર બનાયા થા, એ લેખો છપાયા છે. અને તે પછી "**મનન કરવા જેવા લેખો**" એ મથાળા નીચેઃ–શ્રીરામાનુજાચાર્ય અને અસ્પૃશ્યતા, ધર્મના ઇજારદારોને, કલિયુગના ધર્મો, ધર્માચાર્યો અને સાધુસંતો, અને પ્રભુ મંદિર

થતાં ખાનગી કમાણી જેવું કરવા પ્રેરાય. એ બધું આ સેવકના જાણવામાં હતું; તેથી તે આશ્રમને કોઇ એકાદ વ્યક્તિના હાથમાં નહિ સોંપી દેવાની સ્પષ્ટ સલાહ તે સંન્યાસીની રૂબરૂમાં વિના સંકોચે આપી હતી અને પરિણામે તેમણે એ વિચાર જતો કર્યો હતો.)

"જુદા જુદા સમયના વેગો અને નવી નવી મળ્યા કરતી સૂચનાઓને અનુસરીને બીજે પણ પાંચદસ ઠેકાણે ઉછીની આર્થિક સગવડ માટે સીધાસાદા યત્નો કરી જોવાયા હતા અને એ સ્થળો ઘણેભાગે માલદાર, ઉદાર તથા સાહિત્યના વિષયમાં ઉત્સાહી પણ હતાં; પરંતુ ખુશામત અને અતિશયોક્તિરૂપ ચાવીઓ–કે જેના વિના એક અજાણ્યા માણસનું વ્યવહારકુશળતાનું ઝૂમખું અધૂરુંજ નીવડે છે–અને બીજી પણ કેટલીક વ્યવહારિક ચાવીઓનો સેવક પાસે અભાવ હોવાથી (ચોખ્ખી ભાષામાં કહેતાં કંઇક બંદા ચક્રમ અને કંઇક દુનિયા દીવાની હોવાથી) એમાંના એક પણ સ્થળનાં હૃદયકપાટ ઉછી દાખલની આર્થિક સગવડને ખાતર પણ ઊઘડી શકયાં ન હતાં."

"અમદાવાદમાં એક ગૃહસ્થને ત્યાં કોઈ વૈષ્ણવની કેટલીક રકમ વૈષ્ણવ ગ્રંથો છપાવવા નિમિત્તની પડેલી હોવાથી તેમણે કેટલીક પૂછપરછ કરી હતી; પરંતુ ધનિકોની દૃષ્ટિનું સદ્ધરપણું બાવાજી પાસે ન જણાયાથી તેમનું મન માન્યું ન હતું. સં. ૧૯૬૪ માં કાઢેલા 'સસ્તા વાચનની સૂચના'વાળા ચોપાનિયામાં સસ્તાં કાઢવા યોગ્ય કેટલાંક મોટાં પુસ્તકોનાં નામ આપવા સાથે જણાવવામાં આવ્યું હતું કે, તે અથવા અન્ય ઉપયોગી પુસ્તકો સસ્તામાં કઢાવવા માટે ઉછીનાં નાણાં રોકનાર નીકળી આવતાં બાકીની સર્વ વ્યવસ્થા આ સંસ્થા કરી લેશે; પરંતું અત્યાર સુધી ગીતાની એકાદ વધુ આવૃત્તિ તથા એકાદ બે બીજી નાનાં પુસ્તકો સિવાય બીજી બાબતો માટે કે કોઈ મોટા પુસ્તક માટે નાણાં રોકનાર નીકળી આવ્યું ન હતું. મુંબઈ જેવાં સ્થળોમાં એવાં કામો સહેલાઇથી કરી કરાવી શકે એવાઓનો તોટો ન હતો; પરંતુ તોટો તો આગળ જણાવ્યું છે તેમ તેમની પાછળ ફર્યા કરવાનો અને વ્યવહારકુશળતાથી કામ લેવાનો હતો."

"નામદાર ગાયકવાડ સરકારે પ્રો. આનંદશંકર બાપુભાઈ પાસે રચાવેલાં અને છેલ્લાં થોડાં વર્ષ દરમિયાન પોતાના કેળવણી ખાતાદ્વારા પ્રસિદ્ધ કરાવેલાં ધર્મ તથા નીતિ સંબંધી ત્રણ ઉપયોગી પુસ્તકોનું જે મૂલ્ય રખાયું હતું, તે પણ–અગાઉ એ સરકાર તરફથી એવાં પુસ્તકોનું જે મૂલ્ય રખાતું તે જોતાં–ખાસ ઓછુંજ હતું. સાધનસંપન્ન સંસ્થાઓ માત્ર કાગળ–છપાઈ અને બંધાઈ જોગુંજ કિંમતનું ધોરણ રાખે, તો આ (સસ્તા સાહિત્યની) સંસ્થા કરતાં પણ ઓછા મૂલ્યે ગ્રંથો આપી શકે એ સ્પષ્ટજ છે. ઉપર જણાવેલા ગ્રંથોનું મૂલ્ય એવાજ ધોરણ પર રખાયલું જોઇને અનુમાન થાય છે કે, એ રાજ્ય તરફથી નીકળનાર સર્વ ગ્રંથો માટે પણ એવુંજ ઉદાર ધોરણ ઠરાવવામાં આવ્યું હશે. આ ઉપરાંત સારાં વર્તમાનપત્રો વગેરે દ્વારા પુસ્તકોની જાહેરાત અને હસ્તપત્રો છૂટથી ફેલાવવાં એ પણ ગ્રંથપ્રચારનું એક ધ્યાન આપવા યોગ્ય સાધન છે."

"પ્રજાવત્સલ શ્રીમંત વડોદરાનરેશ પોતાની સાહિત્યવિષયક ઉદારતા અને કાળજીને માટે લાંબા સમયથી વિખ્યાત છે. ગ્રંથમંજુષા, ભાષાંતર સ્ટોર, ગુર્જર કવિઓનાં કાવ્યોની પ્રસિદ્ધિ અને ગ્રંથકારો તથા પ્રકાશ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ લેખો છપાયા છે અને તે પછી ગીતા ઔર ભાગવત કે અધ્યયન ઔર પ્રવચન કી વિધિ, તથા ભારતવર્ષની જનનીઓને એ લેખો છપાયા છે.

તેમાં "શ્રીમદ્ ભાગવત વિષે જાણવા જેવા લેખો" એ મથાળા નીચે આવેલા શ્રીકૃષ્ણની ગુરુદક્ષિણા, શ્રીકૃષ્ણ અને ઉદ્ધવ, શ્રીકૃષ્ણાર્જુન યુદ્ધ અને "મનન કરવા જેવા લેખો" એ મથાળા નીચે આપેલો પ્રભુમંદિર–એમ એકંદરે ચાર લેખો નવેસરથી લેવાયા છે. તે સિવાયના લેખો આગલી આવૃત્તિમાં લેવાયા હતા તેજ અપાયા છે. આ સર્વ લેખો ભાગવતપ્રેમીઓએ ખાસ વાંચવા જેવા છે.

એ ઉપરાંત વિનિયોગ, ન્યાસ, ધ્યાન, ઇત્યાદિ અને પછી ભાગવતનો "પૂજનવિધિ" અપાયો છે. તે તરફ વાંચનાર ભાઇબહેનોનું ધ્યાન ખેંચવામાં આવે છે.

ઉપરના લેખો જ્યાં જ્યાંથી લેવાયા છે તથા જે જે લેખકના છે તે તે તેની સાથેજ બનતા સુધી જણાવ્યું છે. આ સ્થળે એ પ્રત્યેક લેખક અને પ્રકાશક મહાશયો તથા હકદારોનો ઉપકાર માનીએ છીએ. શ્રીમત્ શંકરાચાર્ય ને ભાગવતની પ્રાચીનતા તથા મહાત્મા શ્રીધર સ્વામીનું ચરિત્ર–આ બે લેખો મુંબઈના ગુજરાતી પ્રેસવાળા ભાગવતની ચોથી આવૃત્તિમાંથી લીધા છે તથા 'પૂજનવિધિ'વાળો લેખ પણ તેમાંથીજ અનુવાદ યોજીને સાતમી આવૃત્તિથી લેવાતો આવ્યો છે. આ સ્થળે તેના યોજક અને પ્રકાશક બંધુઓનો પણ ફરી ઉપકાર માનીએ છીએ.

નવાં વસાવેલાં બે મોટાં મુદ્રણયંત્રોની સગવડને લીધે આ આવૃત્તિ ઈંચ ૬।।×૧૦ ના કદને બદલે ૭।।×૧૦ ના મોટા કદમાં પ્રસિદ્ધ થાય છે. તેથી ઉપર જણાવ્યા પ્રમાણે ચાર લેખો નવેસરથી ઉમેરાવા છતાં પૃષ્ઠ–સંખ્યામાં બાવનનો (૫૨) ઘટાડો થયો છે.

નવમી આવૃત્તિમાં અપાયાં હતાં તે મુજબ એકરંગી ૨૪, ત્રિરંગી ૨ અને શ્રીકૃષ્ણનું ૐકારવાળું ચતુરંગી એક ચિત્ર મળીને કુલ ૨૭ ચિત્રો આમાં પણ અપાયાં છે.

લડાઇ જાહેર થઈ તેના બેત્રણ દિવસ પહેલાંજ એક વરસ માટે કાગળો ખરીદવા માટે ગોઠવણ થઈ ગયેલી હતી; પરંતુ એ વિના પૂઠાં, છાપખાનામાં વપરાતો સરેસ, તેલ, શાહી, ચિત્રો છપાવવાના કાગળ ઇત્યાદિ વસ્તુઓના ભાવ ઘણા વધી ગયા છે; વળી આગલી આવૃત્તિ કરતાં આ આવૃત્તિની પ્રતો પણ ઓછી છપાઇ છે. આ સર્વ કારણોને લીધે મૂલ્યમાં માત્ર ચાર આનાનો વધારો કરીને એક ગ્રંથના રૂપિયા સાડા પાંચ અને બે ભાગમાં બાંધેલાના રૂપિયા ૭ રાખ્યું છે.

આ પછીનાં પૃષ્ઠમાં શુદ્ધિપત્ર છપાયું છે, તે પ્રમાણે સુધારી લીધા પછીજ ગ્રંથ વાંચવો ઘટે.

આ ગ્રંથમાં સમાયલા અનેક પ્રકારના હિતકારક ઉપદેશોનું અનુસરણ કરીને વાચકબંધુઓ અને બહેનો સત્ય ઉન્નતિને સમજે તથા પ્રાપ્ત કરવા પ્રેરાય એવી ભાવનાપૂર્વક હરિઃ ૐ તત્ સત્ ।

આષાઢ વદિ ૫,
સંવત ૧૯૯૬

—અવગુણસાગર ભિક્ષુ અખંડાનંદ

કોને ઉત્તેજન વગેરે દ્વારા ત્રીસેક વર્ષ દરમિયાન લાખો રૂપિયાનો વ્યય કરીને જે સેંકડો સદ્ગ્રંથો તેમણે બહાર પડાવ્યા છે, તેટલું હિંદમાંના કોઇ પણ વર્તમાન નૃપતિ તરફથી થયેલું જણાશે નહિ. થોડાં વર્ષ પર પોતાની રાજધાનીમાં સાહિત્ય પરિષદ્ બોલાવેલી, ત્યારે પણ બે લાખ રૂપિયા અલગ કાઢી તેનું વ્યાજ, નવીન પુસ્તકો તથા ભાષાંતરો પાછળ ખર્ચતા રહેવાની ઉદારતા તેમણે જાહેર કરી હતી."

(વડોદરા રાજ્ય તરફથી પ્રકટ થયેલું 'નીતિશિક્ષણ'નું પુસ્તક, આ સંસ્થાને અમુક વળતરથી વેચવા આપવું એમ નક્કી થયું હતું. તે પ્રમાણે તેની સો પ્રત ખરીદી હતી અને તે ખપી જાય તેમ વધુ લેવાની હતી. તેથી અત્ર તરફનાં સૂચીપત્રોમાં તે પુસ્તકની વિગત છાપીને તેની બહોળી જાહેરાત કરવામાં આવી હતી. એટલે તેની છપાયલી ત્રણહજાર પ્રતો તો ચાર–છ માસમાં ખપી જાત. પરંતુ આવા જ્ઞાનપ્રચારની મહત્તા બરાબર નહિ સમજનારા અમલદારોને એ વાત કોઇ કારણથી રુચિ નહિ; તેથી તેમણે પાછળથી ઘણું ઓછું વળતર આપવાનું જણાવ્યું હતું; એ કારણથી એ પુસ્તક સંસ્થા મારફત વેચવાની વાત જતી કરી હતી. પરિણામે બીજી આવૃત્તિ શુમારે બે વર્ષ જેટલા લાંબા ગાળે નીકળી શકી હતી.) —ભિક્ષુ અખંડાનંદ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीमद्भागवत के रचियता व्यासदेव हैं

(લેખકઃ—પંડિત શ્રીઝાવરમલજી શર્મા)

અષ્ટાદશ મહાપુરાણાંતર્ગત શ્રીમદ્ભાગવત ભગવદ્ભક્તોં કા સર્વસ્વ દેવર્ષિ નારદકે અનુરોધ સે શ્રીકૃષ્ણ-દ્વૈપાયન વ્યાસદેવ ને દ્વાદશ સ્કંધાત્મક શ્રીમદ્ભાગવત કી રચના કી. યદ્યપિ શ્રીવ્યાસદેવ ને વેદોં કા વિભાગ કિયા, અન્યાન્ય પુરાણો કે સાથ પંચમ વેદ મહાભારત બનાયા, વેદાંત સૂત્ર રચે, તથાપિ ઉનકો આત્મ તુષ્ટિ નહીં હુઈ. અંત મેં શ્રીમદ્ભાગવત બના કર ઉન્હોંને શાંતિ પાઈ. શ્રીમદ્ભાગવત ભક્તિ કા સર્વ પ્રધાન ગ્રંથ હૈ. ઉસકે પ્રત્યેક શ્લોક મેં ભગવાન્ કી ગુણ ગરિમા કા બખાન હૈ ઔર સાથ હી દર્શન-શાસ્ત્ર કે ગૂઢ સિદ્ધાંતોં કા સમાવેશ હૈ. ભગવાન્ વ્યાસદેવ રચિત અષ્ટાદશ મહાપુરાણોં કી ગણના મેં શ્રીમદ્ભાગવત કા નંબર આઠવાં હૈ. પરંતુ યોરપ કે કૃતવિદ્ય પંડિત પુરાણોં કો વ્યાસજી કી કૃતિ માનને સે ઇન્કાર કરતે હૈં, અતએવ વે શ્રીમદ્ભાગવત કો ભી વ્યાસ-રચિત નહીં માનતે. કેવલ યોરોપિય પંડિત હી નહીં, ઉનકે મતાનુવર્તી અંગ્રેજી શિક્ષિત ભારતીય ઇતિહાસજ્ઞોં ને ભી શ્રીમદ્ભાગવત કે રચયિતા કે સંબંધ મેં પરંપરા ગત આસ્તિક હિંદુ-ધારણા કે વિરુદ્ધ વિચાર પ્રકટ કિયે હૈં. વાસ્તવ મેં ઉનકા દૃષ્ટિકોણ ઉનકે શિક્ષા-ગુરુ વિદેશી ઇતિહાસોં કી ભાંતિ બહુત હી સંકુચિત હૈ. યહી કારણ હૈ કિ વે યહ વિશ્વાસ નહીં કર સકતે કિ, દ્વાપર-યુગ કે અંતિમ ભાગ ઔર કલિયુગ કે પ્રારંભ મેં કૃષ્ણદ્વૈપાયન વ્યાસજી ને શ્રીમદ્ભાગવત કી રચના કી થી, જીસકો કુછ વર્ષ અધિક પ્રાયઃ પાંચ સહસ્ર વર્ષ વ્યતીત હો ચુકે હૈં.

આધુનિક આર્ય સમાજ કે પ્રવર્તક શ્રીસ્વામી દયાનંદ સરસ્વતીજી ને ભી શ્રીમદ્ભાગવત ઔર ઉસકે રચયિતા પર બડે ક્ષુદ્ર આક્ષેપ કિયે હૈં. સ્વામીજી મહારાજ કે મત સે શ્રીમદ્ભાગવત વેદવ્યાસજી કી નહીં કિંતુ વોપદેવકી કૃતિ હૈ. સ્વામીજી ને અપને ઇસ વિચાર કી નઈ ગઢંત નહીં કી હૈ. અસ્તુ, જો લોગ શ્રીમદ્ભાગવત કો ભગવાન્ વ્યાસદેવ પ્રણીત નહીં માનતે હૈં, વે અપની યે દલીલેં પેશ કરતે હૈં:—

(૧) શ્રીમદ્ભાગવત મેં ભવિષ્ય-વાણી કથન કે રૂપ મેં કિતને હી ઐસે રાજાઓં ઔર ઘટનાઓં કા ઉલ્લેખ હૈ કિ, જિનકા સંબંધ બહુત ઇધર સે હૈ.

(૨) કિસી પ્રાચીન ગ્રન્થ યા સંગ્રહકાર ને શ્રીમદ્ભાગવત કે વચન ઉદ્ધૃત નહીં કિયે.

(૩) શ્રીમદ્ભાગવત કી રચના-શૈલી અન્ય પુરાણોં ઔર મહાભારત સે નહીં મિલતી અર્થાત્ શ્રીમદ્ભાગવત મેં જૈસી લલિત કોમલ પદાવલી હૈ, વૈસા લાલિત્ય ઔર પદ-વિન્યાસ આર્ષ સમય મેં નહીં થા.

ઇન તર્કોં કા ઉત્તર શ્રીમદ્ભાગવત કો ભગવાન્ વેદવ્યાસ પ્રણીત માનને વાલે ઇસ પ્રકાર દેતે હૈં—

૧—વ્યાસદેવ ત્રિકાલજ્ઞ ઋષિ થે, ઉનકે લિયે ભૂત, ભવિષ્યત્, વર્તમાન કી બાતેં અપને યોગબલ કે પ્રભાવ સે જાન લેના કઠિન નહીં થા. આજ કલ ભી મામૂલી જ્યોતિષ કી ગણના જાનને વાલે સૂર્ય ઔર ચન્દ્ર ગ્રહણાદિ કા હોના પહલે હી વિઘોષિત કર દેતે હૈં. ઐસી દશા મેં વ્યાસજી ને રાજાઓં ઔર ઘટનાઓં કે સમ્બન્ધ મેં ભવિષ્યત્ વાણી પહલે હી શ્રીમદ્ભાગવત મેં સન્નિવેશિત કર દી, તો ઇસસે યહ કૈસે માના જા સકતા હૈ કિ શ્રીમદ્ભાગવત આધુનિક હૈ. આધુનિક યોરોપ મેં મનોવિજ્ઞાન કે સાધક અપની સાધના કે બલ સે દો સહસ્ર મીલ દૂર કી ઘટના બૈઠે-બૈઠે જાન લેને મેં સફલતા પ્રાપ્ત કર ચુકે હૈં, તબ વ્યાસજી કી અઢાઈ-તીન હજાર વર્ષ આગે કી હોને વાલી ઘટનાઓં કો જાન લેના ક્યોં આશ્ચર્યજનક સમઝા જાતા હૈ ?

૨-પ્રાચીન ગ્રંથ યા સંગ્રહકારોં ને શ્રીમદ્ભાગવત કે વચન પ્રમાણ રૂપ સે ઉદ્ધૃત નહીં કિયે. યહ કથન સહી નહીં હૈ. પંડિતવર વોપદેવ સે પ્રાયઃ દો સૌ વર્ષ પૂર્વ જગદ્ગુરુ શ્રીમચ્છંકરાચાર્ય સ્વામી હુએ હૈં ઔર ઉન્હોંને અપને વિષ્ણુ સહસ્રનામ કે ભાષ્ય ઔર "ચતુર્દશમત વિવેક" મેં શ્રીમદ્ભાગવત કા ઉલ્લેખ કિયા હૈ. કેવલ યહી નહીં, ઇસસે ભી પૂર્વવર્તી હનુમત્ ઔર ચિતસુખ મુનિ ને ન કેવલ શ્રીમદ્ભાગવત કે પ્રમાણ હી ઉદ્ધૃત કિયે હૈં, બલ્કિ શ્રીમદ્ભાગવત કી ટીકા બનાયી હૈં. ઇનકે અતિરિક્ત શ્રીગૌડપાદાચાર્યજી કા નામ ભી શ્રીમદ્ભાગવત કે વચન પ્રમાણ રૂપ સે ગ્રહણ કરને વાલોં મેં ગૌરવ કે સાથ લિયા જા સકતા હૈ. યહ કહને કી આવશ્યકતા નહીં કિ, શ્રીગૌડપાદાચાર્યજી જગદગુરુ શ્રીમચ્છંકરાચાર્યજી (આદ્ય) સે પહલે વિદ્યમાન થે. અતએવ યહ કહના હૈ કિ, શ્રીમદ્ભાગવત કે વચન પ્રમાણ રૂપ સે પ્રાચીન ગ્રંથકારોં કે સંગ્રહ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

में दृष्टिगोचर नहीं होते, अपनी अनभिज्ञता प्रकट करना है. हां, जिन निबंधकारों के निबंधों में श्रीमद्भागवत के वचन गृहीत नहीं हुए हैं, उनके निबंध भागवत के प्रतिपादित विषय से भिन्न प्रकार के हैं.

३–यह एक प्रकार का विचित्र तर्क है कि, किसी ग्रन्थ रचयिता की शैली उसकी पूर्ववर्ती या परवर्ती रचना से न मिले, तो वह रचना उसकी न समझी जाय. इसके लिये एक ही ग्रन्थकार के कई ग्रन्थों के नाम पेश किये जा सकते हैं, जिनकी रचना–शैली भिन्न होने पर भी एक ही ग्रन्थकार की कृति होने में सन्देह नहीं किया जाता. रही कठिनता, गम्भीरता, लालित्य और पद–विन्यास के विचार से श्रीमद्भागवत के आर्ष न होकर आधुनिक होने की बात, सो छान्दोग्य उपनिषद्, विष्णुपुराण, सनत् सुजात आदि इन्हीं सब बातों से युक्त होने पर भी आर्ष माने जाते हैं, तब श्रीमद्भागवत ने ही क्या अपराध किया ?

वस्तुतः भगवान् वेदव्यासजी के लिये कुछ भी असम्भव नहीं था. ऐसे तर्कों के बल से ही श्रीमद्भागवत को वोपदेव रचित नहीं माना जा सकता और न भगवद्भक्तों के हृदय में श्रीमद्भागवत के प्रति श्रद्धा ही न्यून हो सकती है.* (हिंदी मासिक 'श्रेय'ना श्रीमद्भागवतांकमांथी)

भगवत्प्राप्तिना विविध उपाय

(अनुवादकः–श्री. पीतांबरदास अर्जुनजी वारडे मीठी)

मनुष्यजीवननो उद्देश भगवानने प्राप्त करवानो छे. तदर्थ शास्त्रोमां अने संतमहात्माओए अनेक उपायो बताव्या छे. तेमांथी पोतपोताना अधिकार अने रुचि प्रमाणे कोई पण शास्त्रोक्त उपायने निष्काम-भावथी अर्थात् सांसारिक सुखभोगनी कामनाने छोडीने केवल भगवत् प्रीत्यर्थे कामे लगाववाथी यथासमय मनुष्य भगवत्ने प्राप्त करीने पोतानो जन्म अने जीवन सार्थक करी शके छे.

भगवान श्रीमनुमहाराजे धर्मनां दश लक्षण बताव्यां छे. ते प्रमाणे निष्कामभावे आचरनार मनुष्य मायाना बंधनथी छूटीने भगवानने भेटी शके छे.

घृति, क्षमा, शम, शौच, दम, विद्या, धी, अक्रोध । सत्य, अचोरी, धर्म दश, देते है मनु बोध ॥

ए सिवाय नीचे लखेल नवधाभक्तिनां नव साधनोथी पण परमात्मप्राप्ति थइ शके छे.

श्रवण, कीर्तन, स्मरण नित्य, पद सेवन भगवान् । पूजन, वन्दन, दास्य–रति, सख्य, समर्पण जान ॥

महर्षि पतंजलिकृत नीचे जणावेलां अष्टांग योगनां आठ साधनोथी पण भगवत्प्राप्ति थई शके छे.

यम नियमासन साधकर, प्राणायाम विधान । प्रत्याहार सु–धारणा ध्यान समाधि बखान ॥

नीचे लख्या प्रमाणे सात उपायोनुं आचरण करवाथी पण भगवत्प्राप्ति थई शके छे.

इस असार संसारमें, सात बस्तु है सार । (सत्) संग, भजन, सेवा, दया, ध्यान, दैन्य, उपकार ॥

नीचे लखेल छ उपायोनुं अनुसरण करवाथी पण भगवत्प्राप्ति थइ शके छे.

सन्ध्या, पूजा, यज्ञ, तप, दया, सु–सात्त्विक दान । इन छः के आचरणसे निश्चय हो कल्यान ॥

नीचे लखेल पांच उपायोनी कृपा थकी पण परम सिद्धि मळी शके छे.

गायत्री, गोविन्द, गौ, गीता, गङ्गास्नान । इन पांचोंकी कृपासे, शीघ्र मिलें भगवान ॥

उपरना पांच उपाय न थाय तो नीचेना चार उपायो अवश्य कामे लगाववा जोइए.

संयम, सेवा, साधना, सत्पुरुषोंका संग । ये चारों करते तुरत मोहनिशाको भंग ॥

आ चार साधन न करे तो नीचेनां त्रण साधन करवां जोइए.

सत्य वचन, आधीनता, पर–तिय मातु समान । इतनेपै हरि ना मिले, तो तुलसीदास जमान ॥

उपर लख्यां त्रण साधन न सधाय तो नीचे लखेल बे साधनोनुं तो अनुसरण करवुंज जोइए.

दो बातनको भूल मत, जो चाहे कल्यान । नारायण एक मौतको दूजे श्री भगवान ॥

आ बे उपाय पण न थाय तो आ एक उपायनुं अवलंबन तो सौने करवुंज जोइए.

सब धर्मनको छोडकर, एक शरण मम होहि । चिन्ता, तजु, सब पापनें, मुक्त करुंगो तोहि ॥

('विश्वज्योति'ना एक अंकमांथी)

---

* इस लेख के लिखने में श्री रामदास गौड महाशय के लेख से सहायता मिली है. एतदर्थ धन्यवाद–ले.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीमद् भागवत विषे जाणवा जेवा विचारो

१-श्रीकृष्णचरित्र

(લેખકઃ-પ્રોફેસર શિવાધાર પાણ્ડેય, એમ. એ. એલએલ. બી.)

ઘનઘોર ઘટાથી ઘેરાયેલી શ્રાવણની અંધારી રાત છે. ચારે તરફ ભયાનક જંગલ છે. સિંહો ગર્જના કરે છે, હાથીઓ ત્રાડ પાડે છે. આકાશમાં વાદળાંનાં ઝૂમખેઝૂમખાં વારંવાર ગર્જી રહ્યાં છે. ઘોર અંધકારની વચ્ચે વચ્ચે થતા વીજળીના ઝબકારા અંધકારને વધુ ને વધુ ગાઢ બનાવે છે. વરસાદ મુસળધાર વરસે છે. યમુનાજીનાં કાળાં નીરની લહરીઓ શિલાઓને અથડાતી અથડાતી કલ્લોલ કરતી બરાબર વધતી વધતી વહી જાય છે. આવા ભયંકર સમયમાં એક પુરુષ એક નાનકડા બાળકને અધ્ધર ઊંચકીને ચાલ્યો ચાલ્યો નદીપાર જાય છે. બાળક હજુ એક દિવસનું પણ નથી, પરંતુ તેના જીવન ઉપર સમસ્ત સંસારનું કલ્યાણ અવલંબી રહેલું છે અને તેના જન્મની વાટ આખા જગતના હિતચિંતક દેવતાઓ અને મહાત્માઓ ઘણા સમયથી જોઇ રહ્યા છે.

કેટલાંયે હજાર વર્ષોની વાત છે. પૃથ્વી ઉપર ભયંકર કળિકાળ આવે છે. મનુષ્યો ક્ષીણ અને દુર્બળ બની ગયાં છે. તેમના આત્મામાં બળ નથી અને મગજમાં શક્તિ નથી. પહેલાંના મોટા મોટા નેતાઓ અને મહાપુરુષો-મહારાજ મનુ, મર્યાદા-પુરુષોત્તમ શ્રી. રામચંદ્ર, પૃથ્વીનાથ પૃથુ, દેવર્ષિ નારદ, બ્રહ્મર્ષિ યાજ્ઞવલ્ક્ય, રાજર્ષિ જનક અને ભક્તશિરોમણિ પ્રહ્લાદ વગેરે એક પણ હવે શોધતાંયે જડતા નથી. ધર્મનાં મૂળ ઢીલાં પડી ગયાં છે. પરમાત્મામાંથી વિશ્વાસ ચાલ્યો જવા લાગ્યો છે. પરોપકારની પ્રેરણાઓ ગણ્યાંગાંઠ્યાં અંતઃકરણોમાંજ ઊઠે છે. લોકો પોતપોતાનાજ સ્વાર્થમાં મગ્ન છે. સ્વાર્થ અને સુખનેજ તેમણે પોતાના જીવનનું ધ્યેય બનાવી દીધું છે. વિલાસ અને આનંદજ સુખની સીમા મનાવા લાગ્યાં છે. મનુષ્યમાત્રની પ્રકૃતિ શિથિલ થઇ ગઇ છે.

જ્યારે કોઇ દેશની વિશેષ આર્થિક ઉન્નતિ થાય છે, ત્યારે તેની એવીજ દશા થાય છે. ભારતવર્ષમાં આ વખતે પ્રત્યક્ષરૂપે તો કોઇ વાતનો અભાવ નથી. દેશ ધન, બળ અને વિદ્યાથી ભરપૂર છે; પરંતુ જો સાચી દૃષ્ટિએ જોઇએ તો તેની આથી અધમ અવસ્થા બીજી હોઇ શકેજ નહિ, એવી દશા છે. અંદર ને અંદર અશ્રદ્ધા, અવિશ્વાસ, અહંકાર અને ઉદ્ધતાઇના ઊંદરો આખાયે શરીરને ખાઇ ગયા છે; માત્ર દેખાવ પૂરતુંજ તે ખોખલું શરીર બહારથી સુંદર સ્વરૂપમાં ઊભું છે. નથી તો તેમાં આત્મબળ કે નથી તો તેમાં આત્મવિશ્વાસ. આત્માને ઠેકાણે ખાલી મનજ છે.

દેશમાં મોટા મોટા રાજા છે, મોટાં મોટાં રાજ્યો છે; કુરુ, પાંચાલ, મગધ, મત્સ્ય, મદ્ર, ચેદિ, વિદર્ભ, ભોજ, કેકય, અંગ, વંગ, કલિંગ, પુંડ્ર, ઉત્કલ, પાણ્ડ્ય, ચોલ, આન્ધ્ર, દ્રવિડ, સિંધુ, બાહ્લીક, ત્રિગર્ત્ત, કાશ્મીર, શાલ્વ, શાકલ, ગંધાર-આદિ એક એકથી શક્તિશાળી રાજ્યો મોજૂદ છે. કાશી, અયોધ્યા, મથુરા, માહિષ્મતી, પ્રસ્થલ, પ્રયાગ, પ્રાગ્જ્યોતિષ, કુંડિનપુર, શોણિતપુર, હસ્તિનાપુર, અહિચ્છત્ર, ગિરિવ્રજ, ચંપા, કામ્પિલ્યા-વગેરે એક એકથી સમૃદ્ધિશાળી નગરોનું અસ્તિત્વ છે. ભીષ્મ, દ્રોણ, દ્રુપદ, વિરાટ, કંસ, જરાસંધ, હંસ, ડિમ્ભક, શલ્ય, શાલ્વ, ભીષ્મક, પાણ્ડ્ય એવા એવા અનેક વીર અને યશસ્વી યોદ્ધાઓ હયાત છે. કિરાત, કામ્બોજ, શક, હૂણ, ચીન, બર્બર વગેરે અનેક મ્લેચ્છ દેશો તેમના બાહુબળનો સ્વીકાર કરી ચૂક્યા છે, તેમની અધીનતા માને છે અને મદદ કરતા આવે છે. સેંકડો સેનાઓ ચાલી જાય છે. અદ્‌ભુત અદ્‌ભુત અસ્ત્રોના ઘા થાય છે, સર્વ પ્રકારના સાંસારિક પદાર્થો ભરેલા છે. દેશ સભ્યતાના શિખર ઉપર બિરાજમાન છે.

પરંતુ વાસ્તવમાં શું છે? એકતાનું નામ નથી. એક રાજા બીજાની સાથે લડી મરે છે. આ તરફ કુરુ અને પાંચાલોમાં વેર છે, તો બીજી તરફ મત્સ્યો અને ત્રિગર્તોમાં-કેકય વગેરે કેટલાંયે દેશોમાં-પરસ્પર વિરોધ છે. પ્રજાની દશા દિનપ્રતિદિન શોચનીય થતી જાય છે. કંસ અને જરાસંધ જેવા રાજાઓ ખુલ્લં ખુલ્લા અત્યાચારો કરે છે તો બીજાઓ ચોરીછૂપીથી ધીંગાધીંગી અને મનમાં ફાવ્યાં તેવાં વર્તન વર્તે છે. કોઈ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શાસકશક્તિ યા સમૂહ એવો નથી કે જે પ્રજાનું રક્ષણ અને દેશનું ભલું કરે.

પ્રજામાં કંઈજ શારીરિક અથવા આધ્યાત્મિક શક્તિ નથી. તેની આધ્યાત્મિક અવસ્થા તો અનંત સાગરમાં ગોથાં ખાય છે. પ્રાચીન કર્મકાંડ નર્યા આડંબરથી ભરપૂર થઇ ગયા છે. પુરાણાં દર્શન અને શાસ્ત્રની સામાન્ય જનતા ઉપર હવે કંઇ અસર પડતી નથી. સઘળાં મનુષ્યો પોતાના લક્ષ્ય, પોતાના આદર્શને ભૂલી જવા લાગ્યા છે. જેઓ કંઈક યાદ કરે છે, તેમને પણ નિરાશા ઘેરી રહી છે. દેશની સત્તાનો નાશ થવાથી ભવિષ્ય ભયાનક રૂપવાળું બની ગયું છે.

એવી દશામાં, મધરાતે એ જાજ્વલ્યમાન જ્યોતિનો જન્મ થયો, કે જે સર્વ કાળથી સ્થિર છે અને નિત્ય સ્થિર રહેશે. તે જ્યોતિના ઝગમગાટના એક કણ જેટલા પ્રકાશનું અહીં દર્શન કરીએ.

આપણી પાસે એટલો સમય નથી કે, આપણે એ ક્ષુદ્ર–હલકટ લોકોની વાતો ઉપર ધ્યાન આપીએ કે જેઓ આ દિવ્ય જીવનને જાણવા–સમજવાને બદલે તેમની અર્થ વગરની કહેવાતી ત્રુટિઓનું પાપ, પોતાની મૂર્ખતા પ્રદર્શિત કરતા પોતાને મસ્તકે ચઢાવે છે. કૃષ્ણનું જીવન જેટલું ઉચ્ચ છે, તેટલુંજ કેટલાક લોકો તેને હલકું બતાવવાનો પ્રયત્ન કરે છે. એક જણના અભિપ્રાય પ્રમાણે કૃષ્ણ ગુજરાતના એક ચતુર રાજા હતા, જેમનો અંતમાં એક પારધીએ વધ કર્યો. × × × × × × × બીજાઓના અભિપ્રાય પ્રમાણે કૃષ્ણ એક ધાર્મિક નેતા હતા, જેમણે હત્યા કરવી ઉચિત ગણાવી અને ભારતમાં આળસની વૃદ્ધિ કરી. કહેવાની જરૂર નથી કે, ભગવાન કૃષ્ણના દિવ્ય શિક્ષણ તરફ આ લોકો મોં ફેરવીને તથા આંખ–કાન બંધ કરીને રહેલા છે. ત્રીજા પક્ષના લોકોના તિરસ્કાર યોગ્ય અભિપ્રાય પ્રમાણે કૃષ્ણ એક મનમોજી ગોપયુવક હતા અને તેમના ઉપર તેમણે સમસ્ત સંસારના દોષોનું આરોપણ કર્યું છે.

એ મૂર્ખતાનાં મૂર્તિમાન ઉદાહરણોનું સ્મરણ કરવું, એ પણ મહાપાપ છે. જેટલું નાનું હૃદય અને નાનું મગજ હશે, તેટલાજ તેના નાના–સંકુચિત ભાવો હશે. 'જાકી રહી ભાવના જૈસી, પ્રભુ મૂરતિ દેખી તિન તૈસી!' કૂવાના દેડકાને કૂવાથી વધારેનું ધ્યાનજ હોઇ શકતું નથી.

ભગવાન કૃષ્ણને પોતાનેજ પોતાના જીવનકાલમાં અનેક પ્રકારની નિંદા સાંભળવી પડી હતી. નિંદાની કસોટી ઉપર તેમને બરાબર કસવામાં આવ્યા હતા; ત્યારે સંસારે તેમનો સ્વીકાર કર્યો હતો. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં શિશુપાલે જે જે કહી શકાય તેમ હતું, તે તે કહેવામાં કંઇજ બાકી રાખ્યું નહોતું. તે તેમનો સમકાલીન હતો, સંબંધી હતો. શત્રુ હતો. તેમની રજેરજની વાત જાણતો હતો. અર્ઘ્યસમયે જ્યારે તેણે કહ્યું કે, કૃષ્ણ કોઇ રાજા નથી, તેમની જાતિ વિષે સંદેહ છે, તેમના ઉપર ગાય, સ્ત્રી અને રાજા સુધ્ધાંની હત્યાઓ લાગેલી છે; ત્યાં તેણે કૃષ્ણના ચરિત્ર ઉપર, જીવનની શુદ્ધતા ઉપર–સદાચરણ ઉપર કોઇ કલંક લગાડ્યું નથી. જો તેને કોઇ પણ અવસર મળત તો જ્યાં તે ભીષ્મને કૃષ્ણના અર્ઘ્યનો પ્રસ્તાવ કરવા માટેજ નપુંસક કહી ચૂકયો હતો, તે શું કૃષ્ણને આ બાબતમાં 'રજનું ગજ' કર્યા વિના કદી છોડત ? મહાભારતના અંતમાં અશ્વત્થામાના અસ્ત્રથી મૃતપ્રાય પરીક્ષિતની જ્યારે ગર્ભમાં ભગવાને રક્ષા કરી હતી, તો તે કયા પ્રભાવથી ?

તેમણે કહ્યું:–"જો મેં ગમતમાં પણ કદી જૂઠું કહ્યું ન હોય, યુદ્ધમાં પણ કદી પાછો પગ ધર્યો ન હોય, કંસ ને કેશીને ધર્મપૂર્વક માર્યા હોય, મારા મિત્ર અર્જુનનો સ્વપ્નમાં પણ વિરોધ ન કર્યો હોય, જો ધર્મ અને બ્રાહ્મણો મને સદા વહાલા રહ્યા હોય, તો આ બાળક જીવન પામો."

यथा सत्यञ्च धर्मश्च मयि नित्यं प्रतिष्ठितौ। तथा मृतः शिशुरयं जीवतामभिमन्युजः ॥

"જો મારામાં સત્ય અને ધર્મની બરાબર પ્રતિષ્ઠા હોય, તો આ અભિમન્યુનો મૃતપુત્ર જીવતો થાઓ."

તપ અને તેજની શક્તિથી શું થઇ શકતું નથી ? અંધકારવાળા દિવસમાં ભલેને ગમે તેટલો અંધકાર જણાતો હોય, પરંતુ એ અનુપમ આત્મજ્યોતિથીજ પ્રકૃતિમાં પ્રકાશ થાય છે. શ્રીકૃષ્ણના આ કાર્ય જેવાં આપણા મહર્ષિઓનાં અનેક ઉદાહરણો મોજૂદ છે. એથી એમાં કંઇજ આશ્ચર્ય નથી; પરંતુ આમ જોઇએ તો ભગવાન કૃષ્ણનું સમસ્ત જીવનજ આશ્ચર્યમય છે. ભાગવત ધર્મના પ્રવાહથી ભારતવર્ષમાં ભક્તિની જે અપૂર્વ ધારા વહેલી છે, તેમાં જે ભક્તને જુઓ, તે તેમના એ ચરિત્રને યાદ કરીને આશ્ચર્યથી ગદ્‌ગદ અને આનંદથી વિહ્વળ થઇ જાય છે; એટલુંજ નહિ, પણ તેમાં એક અલૌકિક ભાવનો આવેશ આવી જાય છે. આપણને કૃષ્ણનું એ પુણ્યમય ચરિત્ર બે ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે:–ભાગવત અને મહાભારત. ભાગવત ભક્તિનો ભંડાર છે અને મહાભારત જ્ઞાનનો ભંડાર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'ભાગવત પરમહંસનું કહેલું પુરાણ છે અને મહાભારત વેદવ્યાસનો બનાવેલો ઇતિહાસ છે. કૃષ્ણનું ચરિત્ર મહાભારતમાંથી પૂરેપૂરી રીતે મળી આવે છે. તે વાંચવાથી તે સમયની બધી સ્થિતિનું ચિત્ર દૃષ્ટિ સમક્ષ રજૂ થઇ જાય છે અને શ્રીકૃષ્ણનો પ્રભાવ, આદર્શ જીવન અને અમૂલ્ય ઉપદેશ નવી નવી રીતે સ્થળે સ્થળે પ્રગટ થતો ચાલે છે. ભાગવતમાં તે દિવ્ય ચરિત્રને શુકદેવજીએ ભક્તિના સાગરમાં ડૂબકી લગાવીને જોયું અને પછી વર્ણવ્યું છે. તે સીધું, સાદું, સરળ અને વિશ્વાસપાત્ર વર્ણન છે. આદિથી અંત સુધી પવિત્રતાના ભાવોથી અને રસથી ભરેલું છે; પરંતુ કલિકાળના અનેક કવિઓએ તેના ઉપર મનમાન્યા છંદ અને કવિતો બનાવી બનાવીને તેને હલકું બનાવી દેવાનો પ્રયત્ન કર્યો છે. અનેક સ્વાર્થી પુરુષોએ ભક્તોને ખુશ કરવા માટે અને છેતરવા માટે તે પવિત્ર ભક્તિક્ષેત્રને ભયંકર રીતે દૂષિત કર્યું છે. જો કોઇને સોનું આપવામાં આવે અને તે તેનાથી પરોપકારને બદલે દુષ્ટતાનીજ વૃદ્ધિ કરાવે, તો એ દોષ તેનો છે કે સોનાનો ? જો સેતાનને પણ ઇંજિલ ભણાવવામાં આવે અને તે તેમાંથી પણ પોતાનોજ અર્થ કાઢે, તો તે દોષ સેતાનનો છે કે ઈંજિલનો ? કહ્યું છે કે, '**पयःपानं भुजंगानां केवलं विषवर्धनम्**—અર્થાત્ સાપને દૂધ પાવાથી તેના ઝેરનીજ વૃદ્ધિ થાય છે.' એવા એવાજ ભયાનક ભુજંગ–ભક્તોએ ભારતવર્ષમાં પોતાનું વિષ ફેલાવેલું છે. જો તેમ ન હોત તો ધર્મને નામે આટલા બધા અધર્મીઓ પાપ કેમ ફેલાવ્યા કરતા હોત ?

અહો ! કૃષ્ણનું ચરિત્ર ! સંસારમાં એમનાથી વિશેષ બીજું કોઇ ચરિત્રજ નથી. બુદ્ધ, ઇસુ વગેરે બધા અમારી દૃષ્ટિમાં તેમની પાછળજ આવે છે; પરંતુ કલંક કોને સ્પર્શતું નથી ? કલંક કૃષ્ણને પણ લાગ્યું હતું. સત્રાજિતના સૂર્યમણિ બાબતમાં તેમના બધા કુટુંબીઓએ તેમના ઉપર સંદેહ આણ્યો હતો; તે એટલે સુધી કે તેમના બીજા શરીર–બીજા હૃદય એવા મોટા ભાઈ બલરામ પણ તેમનાથી નારાજ થઇને દ્વારકા છોડી ગયા હતા; પરંતુ અસત્ય તે અસત્યજ છે અને સત્ય તે સત્યજ છે. તો પછી કલંકનું નામ સાંભળતાંજ કોઇએ એકાએક ગભરાઇ ઉઠવું ન જોઇએ, પરંતુ તેની પૂરેપૂરી તપાસ કરવી જોઇએ, જેવી શ્રીકૃષ્ણે પ્રસેનના મૃત્યુની કરી હતી.

સાંસારિક ભાવ લો. કૃષ્ણ શું નહોતા ? પહેલા દરજ્જાના રાજનીતિજ્ઞ–'**न कूटनीतिरभवत् श्रीकृष्ण-सदृशः पुरा।**' શુક્રાચાર્યજી કહી ગયા છે કે, શ્રીકૃષ્ણના જેવું નીતિમાં ચતુર કોઈ થયું નથી. (આનો તો તેમને જન્મ–જન્માન્તરનો અનુભવ હશે.) તે મહાવીરોના મહાવીર હતા.

'**अस्यां हि समितौ राज्ञामेकमप्यजितं युवि। न पश्यामि महीपाल सात्वतीपुत्रतेजसा॥**'

ભીષ્મ પિતામહે રાજસૂય યજ્ઞમાં એકત્ર થયેલા રાજાઓને કહ્યું હતું કે, હું તમારામાંથી એકને પણ એવો જોતો નથી કે જેનો શ્રીકૃષ્ણના તેજે વિજય ન કર્યો હોય. અસ્ત્રોમાં શ્રેષ્ઠ તેમના સુદર્શનચક્રને જ્યારે દ્વારિકામાં જઇને અશ્વત્થામાએ તેમની પાસે માગ્યું હતું અને તેને આજ્ઞા આપવા છતાં પણ તે પૃથ્વી ઉપરથી તે ઉપાડી શકયો નહોતો, ત્યારે તેણે તેમને એજ ઉત્તર આપ્યો હતો કે, "હે કૃષ્ણ ! તમે સાચું કહો છો; તમારા આ અસ્ત્રને તમારી પાસે તમારા મિત્ર અર્જુન, ભાઈ બલરામ, પુત્ર પ્રદ્યુમ્ન વગેરે કોઇએ પણ કદી માગ્યું નહોતું એ હું જાણું છું. પરંતુ મારી ઇચ્છા હતી કે, હું એ લઇને તમારીજ સાથે યુદ્ધ કરું કે જેથી પછી હું અજેય થઇ જાઉં. તમારા સિવાય મને બીજા કોઇનો ભય નથી." મહાભારત–સંગ્રામમાં કૌરવોના એકમાત્ર આધાર મહાવીર કર્ણે પોતાની અર્જુનને મારવાની પ્રતિજ્ઞાને અલગ રાખીને શ્રીકૃષ્ણનાજ વધ માટે ઇન્દ્રની આપેલી શક્તિનો પ્રયોગ કરવાનું ઉચિત ધાર્યું હતું અને દેવવ્રત ભીષ્મે તેમની શસ્ત્ર–ગ્રહણની પ્રતિજ્ઞાનો ભંગ કરાવવાનેજ પોતાના પૌરુષનું લક્ષ્યસ્થાન બનાવ્યું હતું.

જ્યાં તેઓ નીતિમાં અને વીરતામાં, બુદ્ધિમાં અને બળમાં સંસારના અગ્રણી હતા; ત્યાં તેમની વિદ્યા અને તેમના સદાચાર પણ નિરાળાજ હતા. રાજસૂય વખતે જ્યારે સમસ્ત ભારતવર્ષના રાજાઓ ઇન્દ્રપ્રસ્થમાં એકત્ર થયા હતા, ત્યારે ભગવાન કૃષ્ણ અતિથિઓના પગ ધોવા માટે નિમાવામાં શરમાયા નહિ–ના, ના, તેમણે પોતેજ સ્વેચ્છાએ એ કામ સ્વીકારી લીધું. અર્ઘ્યપ્રસંગે કુરુવૃદ્ધ ભીષ્મ પિતામહે તેમનું વર્ણન આ પ્રમાણે કર્યું છેઃ—

બ્રાહ્મણોની મહત્તા જ્ઞાનથી છે ને ક્ષત્રિયોની બળથી. ગોવિંદની પૂજાનાં બન્ને કારણો મોજૂદ છે.

वेदवेदाङ्गविज्ञानं बलश्चाप्यधिकं तथा। नृणां लोके हि कोऽन्योऽस्ति विशिष्टः केशवादृते॥

વેદવેદાંગ અને વિજ્ઞાનમાં વધારે હોવાથી અને બળમાં પણ વિશેષ હોવાથી મનુષ્યલોકમાં કેશવ સિવાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બીજો એવો કોણ છે કે જે ઉત્તમ ગણાય?

'દાન, દાક્ષિણ્ય, શ્રુત, વીર્ય, લજ્જા, કીર્તિ, બુદ્ધિ, સંતતિ, શ્રી, ધીરજ, તુષ્ટિ, પુષ્ટિ-બધુંજ અચ્યુતમાં મોજૂદ છે.'

कृष्णं कमलपत्राक्षं नार्चयिष्यन्ति ये नराः। जीवन्मृतास्तु ते ज्ञेया न सम्भाव्याः कदाचन॥

કમળપત્ર જેવાં નેત્રોવાળા શ્રીકૃષ્ણની જે પુરુષ પૂજા ન કરે, તેને જીવતો છતાં મરેલો જાણવો જોઇએ અને તેની સાથે વાત પણ કરવી જોઇએ નહિ.

કેવળ એટલુંજ નહિ, તેઓ સંગીતવિદ્યામાં પણ નિપુણ હતા—તેમનું નામ મુરલી-મનોહર છે. તેઓ રાસમાં કુશળ હતા-તેમનો નટવરવેષ સર્વત્ર જાણીતો છે. તેઓ કાવ્યશાસ્ત્રમાં અદ્વિતીય હતા-તેમના દિવ્ય ગીત-ભગવદ્‌ગીતાની લહરિઓ અનંતકાળ સુધી ઊછળ્યા કરશે. પૌરુષ-પરાક્રમનું કોઇ પણ અંગ એવું નથી દેખાતું કે જે તેમણે પૂરું ન કર્યું હોય. જંગલી જનાવરોને મારીને, નાગોને નાથીને, પહાડોને હઠાવીને તેમણે પોતાનો બાલ્યકાળ વૃંદાવનની આનંદમયી ભૂમિમાં ખેલવા-કૂદવામાં ગાળ્યો હતો. સઘળાં સ્ત્રી-પુરુષો તેમના ઉપર મુગ્ધ થઇ ગયાં હતાં. જો એ વખતે તેમના ભલા-ભોળા પ્રેમમય ચરિત્ર ઉપર જરા પણ લાંછન લગાડવામાં આવત, તો શું ગોકુળ, બરસાના, નંદગામ વગેરેના ગોપો ચૂપ બેસી રહીને બધું સહી લેત? કદી નહિ. એજ લોકો કૃષ્ણના સાચા અનુયાયી હતા. કૃષ્ણના ગોવાળો નેપોલિયનના ઓલ્ડ ગાર્ડ (જૂના રક્ષકો)ની પેઠે અજેય હતા. દુર્યોધન તેમને મેળવીને કુલાઈ ગયો હતો અને અનેક અમૂલ્ય દિવસો સુધી શ્રીકૃષ્ણના મિત્ર-કૃષ્ણ જેના સારથિ હતા તે-એ સમયના અનન્ય વીર-અર્જુનના હાંજા ગગડાવી નાખ્યા હતા.

બાળપણમાંથી નીકળીને કૃષ્ણે પોતાની કુશળતા અને પરાક્રમથી અત્યાચારી કંસનો નાશ કર્યો અને ભોજવંશના જૂના રાજા ઉગ્રસેનને ફરીથી સિંહાસને બેસાડ્યો, મગધરાજ જરાસંધને વારંવાર હરાવ્યો અને અંતે સમુદ્રતટે જઇને એક નવી નગરી 'દ્વારિકા' જે ભારતવર્ષનું દ્વાર હતી, તે વસાવી. આ દ્વારિકાથી શ્રીકૃષ્ણનો પ્રભાવ સમસ્ત ભારતવર્ષમાં ફેલાઈ ગયો હતો.

ભારતવર્ષને કૃષ્ણે કેવો જોયો, તેનું વર્ણન પહેલાં કરી ચૂકયા છીએ. ચારે બાજુ ઉદ્દંડ-સ્વચ્છંદી રાજાઓનું જોર હતું. તેમની ઉદ્ધત સેનાઓ ક્ષત્રિયત્વના સાચા શિક્ષણને, સાચા ધર્મને, ક્યારનીયે તિલાંજલિ આપી ચૂકી હતી. દેશ રસાતળ જઈ રહ્યો હતો. શ્રીકૃષ્ણે પહેલાં અનાર્યો ઉપર આક્રમણ કર્યું. ઉત્તરમાં નરક અને દક્ષિણમાં બાણ-એ બન્ને, એ લોકોમાં તે સમયે વિશેષ બળવાન હતા. કૃષ્ણે ઉત્તરમાં જઇને નરકનો તેના દેશ પ્રાગ્જ્યોતિષ (ભૂતાન)માં વધ કર્યો. તે પછી દક્ષિણમાં જઇને તેમણે બાણને હરાવીને તેની કન્યા ઉષાનાં લગ્ન પોતાના પૌત્ર અનિરુદ્ધની સાથે થવા દીધાં. તેમના પુત્ર પ્રદ્યુમ્નનો પણ વિવાહ માયાવતી સાથે થયો હતો, જે અનાર્ય અસુર શંબરના તાબાના દેશમાંજ જન્મેલી હતી. શંબરનો નાશ પ્રદ્યુમ્ને પોતે કર્યો હતો અને આ શંબર પ્રપંચમાં અદ્વિતીયજ હતો. શાંબરી માયા આજ સુધી પ્રસિદ્ધ છે.

પરંતુ ક્રર અનાર્ય લોકોનું જોર આ વખતે ઘણાજ થોડા પ્રમાણમાં હતું. દેશને ખરો ડર તો અનાર્ય પ્રકૃતિવાળા રાજાઓનોજ હતો. નરકે હજારો કન્યાઓને પોતાના કિલ્લામાં કેદ કરી રાખી હતી. (કૃષ્ણની સોળ હજાર કન્યાઓ સાથેના વિવાહની વાત મહાભારતમાં નથી મળતી;) પરંતુ મગધના ચંદ્રવંશી રાજા જરાસંધે છાશી રાજાઓને (ભાગવતમાં તેમને '**अयुत द्वे शतान्यष्टौ**' કહેલા છે.) જીતીને પહાડની ગુફામાં કેદ કરી રાખ્યા હતા. આમાં તેનો ઇરાદો સો રાજાઓની સંખ્યા એકત્ર કરી તે બધાનું બલિદાન શિવજીને ચડાવવાનો હતો. સાથેસાથ જરાસંધ બ્રાહ્મણોનો પણ ભક્ત હતો અને સ્નાતકોને હમેશાં મદદ કરતો હતો. બ્રાહ્મણોને અર્ધી રાત્રે પણ મળતો હતો અને તેમને કોઇ વાતની ના જ પાડતો નહિ, એ તેના ચરિત્ર ઉપરથી પ્રત્યક્ષ જણાય છે. જરાસંધના ડરથી બીજા બધા રાજાઓ ધ્રૂજતા હતા; પરંતુ તેના એકલામાં સમસ્ત ભારતવર્ષના રાજાઓને એક કરી લેવાની બુદ્ધિ નહોતી. શિશુપાલમાં એ બુદ્ધિ હતી. જેમ શરીરમાંનું બધું ખરાબ લોહી એકઠું થઇ એક ફોલ્લો થઇ આવે, તેમજ સમસ્ત દુષ્ટ લોકોનો મૂર્તિમાન શિરોમણિ શિશુપાલ હતો. હિરણ્યકશિપુ ખાલી દૈત્ય હતો, રાવણ વેદનો ટીકાકાર ને બ્રાહ્મણનો પુત્ર હતો, જે સંસર્ગદોષને લીધે રાક્ષસ થઇને મનુષ્યસમાજથી પતિત થઇ ગયો હતો; પરંતુ શિશુપાલ હરતોફરતો પાકો મનુષ્ય હતો, તે ન તો રાક્ષસ કે ન તો દૈત્ય હતો. મનુષ્યજ નહિ, કૃષ્ણનો સંબંધી, વસુદેવની બહેનનો છોકરો, ચેદીઓનો રાજા અને માહિષ્મતીનો મહારાજા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતો. તેણે જે ષડ્યંત્ર–કાવતરું રચ્યું હતું, તેનાથી ભારતવર્ષ અત્યાચારના અથાગ સમુદ્રમાં અનંતકાળને માટે ડૂબી જાત. તેના પ્રયત્નથી પૌણ્ડ્રક, ભગદત્ત, દન્તવક્ત્ર, રુકમ વગેરે અનેક રાજાઓ જરાસંધના પક્ષમાં થઇ ગયા અને તેને ભારતનો અધીશ્વર માનવા લાગ્યા હતા. એટલે સુધી કે સ્વયં રુકિમણીના પિતા, શ્રીકૃષ્ણના સસરા અને વિદર્ભ જેવા મોટા રાજ્યના અધિષ્ઠાતા મહારાજ ભીષ્મક પણ જરાસંધનાજ પક્ષના થઈ ગયા હતા. આવી અવસ્થામાં જો શ્રીકૃષ્ણને ભારતવર્ષનો ઉદ્ધાર કરવો હતો, તો ઘણો જલદી કરવો જોઇતો હતો. તેમણે ધર્મરાજ યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞ કરવાનો ઉપદેશ આપીને ભીમદ્વારા જરાસંધનો કુશળતાપૂર્વક નાશ કરાવ્યો અને શિશુપાલના સો અપરાધો ક્ષમા કર્યા. પછી પણ પોતાની પ્રકૃતિની પ્રેરણાથી તે પોતેજ તેમના તેજરૂપી અગ્નિમાં પતંગિયાની પેઠે કૂદી પડ્યો. આ પછી જ્યારે શ્રીકૃષ્ણે જોયું કે, કૌરવો પણ કોઇ પ્રકારે સુધરવાના નથી અને તેઓ પહેલા નંબરના અધર્મી અને દુરાચારી છે; જેમના પ્રચંડ પાપપૂર્ણ પ્રતાપ આગળ ભીષ્મ તથા દ્રોણ જેવા મોટા મોટા વિશ્વવિજયી સરદારોને, વિદુરને અને સંજય જેવા મોટા મોટા રાજનીતિવિશારદ રાજવલ્લભ મહામંત્રીઓને, છાનામાના મસ્તક નમાવીને ભરીસભામાં શકુનિનું કપટ–દ્યુત અને દ્રૌપદીનાં ચીર–હરણ જેવાં દારુણ દશ્યો વિવશ થઇને જોવાં પડ્યાં હતાં; એટલે તેમણે મહાભારત રોકવાનું પણ પસંદ કર્યું નહિ અને તે અથાગ સંગ્રામરૂપી સાગરમાં સમસ્ત ભારતવર્ષનું ક્ષત્રિયત્વ ગોથાં ખાઈ ગયું. શ્રીકૃષ્ણે દેશના કલ્યાણને માટે સંપૂર્ણ પક્ષપાત છોડીને જે પ્રમાણે પાંડવો પાસે કૌરવોનો વધ કરાવ્યો હતો, તેજ પ્રમાણે પોતાના ઉદ્ધત કુટુંબનો પણ પોતેજ નાશ કર્યો. ધર્મરાજ યુધિષ્ઠિરના રાજ્યમાર્ગમાં દેશહિતની કોઇ પણ મુસ્કેલી ઊભી થવા દીધી નહિ. પૃથ્વી ઉપર કળિકાળ આવવાનો હતો, એટલે શ્રીકૃષ્ણે જૂની બધી દુષ્ટતાઓ દૂર કરીને દૂષિત રુધિરને લોહીનીજ ધારાદ્વારા વહાવીને, મનુષ્યોને ફરીથી એક નવો અવસર આપ્યો કે તેઓ સુધરીને રહે અને કળિના ફંદામાં ન ફસાય. આ અવસરનો પૂરો લાભ ન ઉઠાવવાનો દોષ–શિથિલતા અને માનસિક દુર્બળતાથી અધોગતિજ પ્રાપ્ત કરવાનો દોષ–શ્રીકૃષ્ણ ઉપર નથી, પરંતુ મનુષ્યમાત્ર ઉપરજ છે.

કહેવાય છે કે, મહાભારત કરાવીને શ્રીકૃષ્ણે ભારતવર્ષના પૌરુષનો નાશ કરી નાખ્યો અને તેની સ્વાધીનતાનો લોપ કરાવી દીધો. એ બિલકુલ બરાબર નથી. જ્યારે પરશુરામે એકવીસ વાર શોધી શોધીને ક્ષત્રિયોને માર્યા હતા, ત્યારે પણ ક્ષત્રિયોનો લોપ થયો નહોતો. ઘણાં કુળોનાં કેટલાંય બાળકો બચી ગયાં હતાં, જેમની આખી નામાવલિ મહાભારતમાંથી મળે છે કે જેનાથી તેમના વંશ આગળ ચાલ્યા અને કુરુક્ષેત્રમાં અઢાર અક્ષૌહિણી આવીને એકઠી થઈ ગઈ. મહાભારતનું અશ્વમેધ પર્વ વાંચવાથી જણાશે કે, મહાભારતની પાછળ પણ અનેક ક્ષત્રિયકુળો હયાત હતાં. મહારાજ યુધિષ્ઠિરે અર્જુનને સ્પષ્ટ આજ્ઞા કરી હતી કે, જે કોઇ મહાભારતમાં મરાયું હોય, તેના કોઇ સંબંધીને તું હવે મારીશ નહિ. મહાભારત પછી ક્ષત્રિયોનો લોપ નથી થયો; પરંતુ થોડો સમય તેઓ નિર્બળ અવસ્ય રહ્યા. ગમે તેમ હો, શું પઠાણો સાથે લડવા માટે પૃથ્વીરાજ અને જયચંદ પાસે ક્ષત્રિયોની ઉણપ હતી ? ઉણપ હતી તે રાજાઓ અને રજપૂતોની નહિ, પણ બીજીજ વાતની. જો તેમનામાં તેનો લાભ ઉઠાવવાની બુદ્ધિ હોત, તો એ વિષેનું શિક્ષણ શ્રીકૃષ્ણ ભારતના ઇતિહાસમાં સારી પેઠે આપી ગયા છે.

સાચી વાત તો એ છે કે, જે પ્રકારે પરશુરામથી નાશ થયા પછી મર્યાદા–પુરુષોત્તમ રામચંદ્રનું ચરિત્ર જોઇને ભારતવર્ષે ફરીથી બળ પ્રાપ્ત કરી લીધું હતું, તેજ પ્રકારે મહાભારત પછી ભગવાન શ્રીકૃષ્ણના આદર્શ ઉપરથી તેણે ફરી વૃદ્ધિ કરી નહિ. આ કલિનો પ્રભાવ અને મનુષ્યોની દુર્બળતાનું પરિણામ છે. ખાલી શ્રીકૃષ્ણ ઉપર તેનો દોષ ઓઢાડવો નકામો છે. તેમણે એક બાજુથી તો દેશને ફરીથી એક વાર નવો બનાવી દીધો હતો. ધર્મરાજની સ્થાપના કરીને, ધર્મનો ઉપદેશ આપીને, સ્વયં ધર્મનો માર્ગ બતાવી દીધો હતો, જો સંસારે શ્રીકૃષ્ણના તે અત્યંત સરળ ધર્મમાર્ગ અને કર્મમાર્ગનો લાભ ઉઠાવ્યો નહિ, તો તેમાં સંસારનો દોષ છે, શ્રીકૃષ્ણનો નથી.

શ્રીકૃષ્ણે ધર્મનો કયો માર્ગ બતાવ્યો ?–એ પ્રશ્નનો ઉત્તર આપવો એટલે શ્રીકૃષ્ણના જીવનના સાચા તાત્પર્યને જાણી લેવું. ઉપનિષદોમાં જેમને 'કૃષ્ણ–દેવકીપુત્ર' કહ્યા છે, એ તેજ હતા કે જેમણે એક વાર કળિકાળમાં ડૂબકાં ખાતા, આળસ તથા વિલાસિતામાં ખૂંચી ગયેલા મનુષ્યોના આત્માને ફરીથી નવીન ચેતન આપવા ઇચ્છ્યું. તેમનો ઉપદેશ એવો હતો કે, તે મૃતવત્ મનુષ્યને પણ એક વાર જીવતોજાગતો બનાવીનેજ છોડે. આ ઉપદેશ તે ભગવદ્ગીતા છે. ભગવદ્ગીતા એટલે ભગવાનનું ગીત.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગીતા સંસારસાહિત્યનું અપૂર્વ પુસ્તક છે. તેના કેટલાયે ભાવો મહાભારતમાં શ્રીકૃષ્ણના મુખે સ્થળે સ્થળે દર્શાવેલા છે; પરંતુ જે સ્થાને ગીતાનું ગાન ગવાયું છે, તે અદ્વિતીય છે. ગીતા તેનાથી અમર છે.

ધર્મક્ષેત્ર એવા કુરુક્ષેત્રમાં એકઠા થઇને લડવા માટે તત્પર એવા શસ્ત્ર ઉઠાવેલા કૌરવો ને પાંડવોની અઢાર અક્ષૌહિણીઓ વચ્ચે એક એકલો રથ ઊભો છે. આખું યુદ્ધ થંભી ગયું છે. તે રથ અર્જુનનો છે અને એ ભગવાન કૃષ્ણ પોતાનું દિવ્ય ગીત–નર ને નારાયણનો સંદેશ–સંભળાવે છે. જેનું પાન કરવા માટે બધા લોકો ચિત્રવત્ થઇ ગયા છે અને આગળ પણ થતા રહેશે.

અર્જુનની અવસ્થા એ પ્રત્યેક મનુષ્યની અવસ્થા છે. મનુષ્યના જીવનક્ષેત્રમાં અનેક સ્થાનોએ મુશ્કેલીઓ ઊભી થાય છે, રસ્તો સાફ જણાતો નથી. એક ધર્મ કહે છે કે, આ ના કરો; બીજો ધર્મ કહે છે કે, તે અવશ્ય કરો. ત્યારે મનુષ્ય ગૂંચવાઇને નિરાશ થઇ જાય છે કે, તેણે તેનું કર્તવ્ય શું છે તે કેવી રીતે નક્કી કરવું ? ગીતા એનો પ્રત્યક્ષ ઉત્તર છે.

ગીતાનું જ્ઞાન અનંત છે. તેના ઉપર ભારતવર્ષના મોટા મોટા વિદ્વાનોએ ટીકાઓ લખી છે. × × × અત્રે તેનો થોડામાં થોડો સારાંશજ કહી દેવો આવશ્યક છે.

ભગવાને કહ્યું છે કે, માણસે નકામી ચિંતા ન કરવી જોઇએ. તે કદી મરતો અથવા નાશ પામતો નથી. પછી ચિંતા શાની કરવી ? દુઃખ અને ક્લેશ તેને જરા પણ અસર કરી શકતાં નથી. મનુષ્યના આત્માનો નાશ થતો નથી. તેનું જીવન અનંત છે. પ્રત્યક્ષમાં તે સંસારમાં મરી જાય છે, પરંતુ ખરી રીતે તો તે બરાબર જીવતો રહે છે. મનુષ્યે એજ મૂળ અવસ્થામાં સદા રહેવું જોઇએ, તેણે આ સંસારના જીવનનેજ પોતાનું સાચું જીવન માનવું ન જોઇએ. પ્રશ્ન એ છે કે, તે સાચા અસલી જીવનને મનુષ્ય કેવી રીતે પામી શકે ? (કેમકે તેજ મોક્ષ–કલ્યાણ–નિર્વાણ છે.) અને જોવું જોઇએ કે, તે સાચું જીવન આ સંસારનું જૂઠું જીવન કેમ કરીને થઈ જાય છે ?

શ્રીકૃષ્ણ કહે છે—માયાને લીધે. માયા કેમ કરીને પેદા થાય છે ? કર્મો વડે. મનુષ્ય કર્મ કરે છે, તેનું ફળ પ્રાપ્ત થાય છે, તે ફળોને તે ભોગવે છે. દુઃખ, સુખ જે કંઇ હોય, તે તેણે ભોગવવું પડે છે. તે પોતાનો સમય આ જૂઠા સ્વર્ગ–નરકવાળા સંસારમાં વિતાવતો ફરે છે; તેથી આ માયાનો, આ જૂઠા સંસારનો અને આ જૂઠા જીવનનો અંત આવતો નથી. જો માયા છૂટી જાય, તો તેનાથી છુટકારો પણ થાય અને મોક્ષ થઇ જાય.

માયા કેમ કરીને છૂટી શકે ? શ્રીકૃષ્ણે કહ્યું છે કે કર્મોથી. કર્મોથીજ તે પેદા થાય છે અને કર્મોથીજ તેનો નાશ પણ થાય છે. પણ કેવાં કર્મોથી ? નિષ્કામ કર્મોથી. એજ શ્રીકૃષ્ણનો ઉપદેશ છે. કામ કરો, બરાબર કામ કરો. પરંતુ કેવાં કામ ?–નિષ્કામ (ઇચ્છારહિત, સ્વાર્થરહિત, વાસનારહિત કર્મ). એ કર્મોનું કંઇ ફળ નહિ મળે; કારણ કે તે ફળની કામનાથી નથી કરવામાં આવ્યાં. તેનું ફળ તમારે માટે નહિ હોય, બીજાને માટે હશે. સંગ્રામમાં સિપાઇ યુદ્ધ કરે છે, શત્રુઓને મારે છે. કેમ ? સેનાપતિની આજ્ઞાથી, પોતાની ઇચ્છાથી નહિ, તેનું કર્મ નિષ્કામ છે. તેનું પાપ–પુણ્ય તેને નથી લાગી શકતું. શ્રીકૃષ્ણ કહે છે કે, મનુષ્યે ઈશ્વરના સિપાઈ થવું જોઇએ. જે કંઇ ઈશ્વર કરાવે, તે આંખો મીંચીને નિષ્કામપણેજ કરવું જોઇએ. ઈશ્વરને સારાં કર્મો પ્રિય હોય છે; તે મનુષ્ય કરે, પણ કામના તજીને કરે. પરિણામે તેને તે કર્મોનું કંઇ પણ ફળ નહિ થાય. તે કામનાથી ધીરે ધીરે રહિત થઇ જશે. સ્વર્ગ–નરકના ચક્રવ્યૂહથી છૂટી જશે, માયા તેને છોડી દેશે. આ જૂઠું જીવન પણ છૂટી જશે, તેનો મોક્ષ થઇ જશે અને તે સાચા જીવનને પ્રાપ્ત કરશે; કેમકે તેનો નાશ તો થઇ શકતો નથી.

મોક્ષને મનુષ્ય ઘણોજ કઠિન સમજતો હતો કે ક્યાંક કરોડો જન્મ–જન્માંતરો પછી પ્રાપ્ત થશે. પરંતુ આથી સીધો રસ્તો બીજો કયો હોઇ શકે? બુદ્ધિને અનુસરીને પણ તે તદ્દન યોગ્ય છે. નિષ્કામ કર્મજ મોક્ષનો સીધો સરળ રસ્તો છે. એજ ભગવાનનું શિક્ષણ છે. કળિકાળમાં સીધો રસ્તો બતાવી દેવાની જરૂર હતી, તેથી ભગવાનનો અવતાર થયો હતો.

માયાનો નાશ કરવાના બીજા પણ રસ્તા છે. ભક્તિ, જ્ઞાન અને કર્મ, એ ત્રણે માર્ગ શ્રીકૃષ્ણે બતાવ્યા છે. ત્રણેની પ્રશંસા કરેલી છે અને ત્રણેનો પરસ્પર સંબંધ બતાવ્યો છે. કઇ સીડીથી મનુષ્ય કેટલે દૂર પહોંચે છે અને કયા માર્ગથી તેને થોડી મુશ્કેલી પડે છે, તે ભગવાનના ઉપદેશથી જણાઇ આવે છે, પરંતુ સૌથી સરળ માર્ગ અથવા સીડી નિષ્કામ કર્મનીજ છે. એ શ્રીકૃષ્ણનો સર્વશ્રેષ્ઠ સંદેશ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિષ્કામ કર્મના વિષયમાં શ્રીકૃષ્ણનો આ પણ ઉપદેશ છે કે, જો મનુષ્યમાં વિદ્યા છે તો તે સંસાર સાથે–સર્વ ભૂતો સાથે પ્રેમ કરશે; જો તેને બધા જીવો ઉપર પ્રેમ થશે, તો તેને પ્રકૃતિ ઉપર પ્રેમ થશે; જો પ્રકૃતિ ઉપર પ્રેમ થશે, તો પ્રકૃતિના આત્મા પર પણ પ્રેમ થશે; જો પ્રકૃતિના આત્મા ઉપર પ્રેમ થશે, તો તે પરમાત્મા ઉપર ભરોસો રાખશે. જો પરમાત્મા ઉપર ભરોસો રાખશે, તો તેનાં કર્મ પણ નિષ્કામ થશે; નિષ્કામ કર્મોથી માયાનો નાશ થશે, ભવસાગરથી મોક્ષ થશે, સાચું જીવન પ્રાપ્ત થશે.

ગીતામાં એવા એવા ભાવો છે કે જે સમસ્ત સંસારને એક કરે છે. મનુષ્યમાત્ર ભગવાનની આગળ સરખાજ છે. એજ શિક્ષણ એ શ્લોકના શંખધ્વનિદ્વારા અપાયું છે. ભગવાને કહ્યું છે કેઃ—

"કોઇ ભારે દુરાચારી પણ મારી અનન્ય ભાવે સેવા કરે, તો તેને સાધુ માનવો જોઇએ."

"જે જે જેનો ભક્ત થઇને શ્રદ્ધાપૂર્વક તેની પૂજા કરે છે, તેનામાંજ હું તેની ભક્તિને દૃઢ કરું છું."

"દેવતાઓની ભક્તિ કરનાર દેવલોકમાં જાય છે, પિતૃઓની ભક્તિ કરનાર પિતૃલોકમાં જાય છે; ભૂતોની પૂજા કરનાર ભૂતલોકમાં જાય છે અને મારી પૂજા કરનાર મારા લોકને પામે છે."

"પત્ર પુષ્પ, ફળ, જળ, જે કંઇ મને ભક્તિપૂર્વક અર્પણ કરવામાં આવે, તે હું પ્રસન્નતાપૂર્વક ગ્રહણ કરું છું."—જેમકે સુદામાના તાંદુલ યા વિદુરની ભાજી.

"જે મારી જે પ્રકારે સેવા કરે છે, તેને હું પણ તે પ્રકારે ભજું છું. સારાં મનુષ્યો મારાજ માર્ગમાં જોડાયલાં રહે છે."

"જે પોતાનીજ પેઠે સૌને સમાન જુએ છે, સૌનાં સુખદુઃખ સરખાં સમજે છે, તે યોગી છે."

"મારાથી શ્રેષ્ઠ બીજું કોઇ પણ નથી. જે કરતા હો, જે ખાતા હો, જે દેતા હો, જે યજ્ઞ કરતા હો, જે તપ કરતા હો, તે બધુંજ મને અર્પણ કરો."

જગતના ઇતિહાસમાં વેદ સિવાય ગીતાજ અતિપુરાણ પુસ્તક છે, કે જેમાં સાફ સાફ, સૌથી પહેલો, પરમેશ્વરે પોતાનો માર્ગ દર્શાવ્યો છે. ગીતાથી વિશેષ હિતકારક ઉપદેશ અન્ય ક્યાં મળે તેમ છે?

જો સમસ્ત સંસારે ભગવદ્‌ગીતાનો પહેલાં પૂરો લાભ ન ઉઠાવ્યો તો હવે ઉઠાવવા તૈયાર થઇ રહ્યો છે. ધીરે ધીરે પૂર્વ, પશ્ચિમ, યુરોપ, અમેરિકા ચારે તરફ આ અમૂલ્ય રત્નનો પ્રકાશ ફેલાઇ રહ્યો છે અને મનુષ્યમાત્ર પોતાના સાચા જીવનને જાણવા લાગ્યા છે.

આપણે હિન્દુઓ માનીએ છીએ અને શ્રીકૃષ્ણે પોતે કહ્યું છે કેઃ—

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत। अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

અર્થાત્ "જ્યારે જ્યારે ધર્મનો નાશ અને અધર્મનો અભ્યુદય થાય છે, ત્યારે ત્યારે હે ભારત! હું અવતાર ધારણ કરું છું." આ ભગવાનનાં વચનો છે. જ્યાં મર્યાદા પુરુષોત્તમના બે અક્ષરના 'રામ' નામનેજ આપણે પરમેશ્વરનું નામ માનીએ છીએ, ત્યાં કૃષ્ણને આપણે કોઇ ખાસ નામથી બોલાવતા નથી; '**ભગવાન**'જ કહીએ છીએ. તેમનું એજ નામ યથાર્થ છે, ભગવાનથીજ સર્વ કંઇ છે.

यतः सत्यं यतो धर्मो यतो ह्रीरार्जवं यतः। ततो भवति गोविन्दो यतः कृष्णस्ततो जयः॥

"જ્યાં સત્ય છે, ધર્મ છે, શરમ છે, સીધાપણું છે, ત્યાંજ ભગવાન જોવામાં આવે છે. જ્યાં ભગવાન છે, ત્યાંજ જય થાય છે."

ભગવાન શ્રીકૃષ્ણે જયનો–સંસારજયનો–સીધો સરળ રસ્તો બતાવ્યો છે. પછી કેમ ન કહેવાય કે,

"यत: कृष्णस्ततो जयः"

જેના હૃદયમાં કમળદલલોચન, દુરિતદુઃખમોચન, વૃંદાવનવિહારી, ભક્તભયહારી ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર રહેશે, તેનો અનંત વિજય થશે, એ નિઃશંક છે. અમે પ્રત્યેકને—પ્રાણીમાત્રને કહીએ છીએ કેઃ—

ગીતાને ન ભૂલો, શ્રીકૃષ્ણને ન ભૂલો. નિષ્કામ કર્મમાર્ગથીજ કલ્યાણ છે. ભગવાનથીજ નિર્વાણ–મોક્ષ છે."

('હિંદી માસિક સરસ્વતી' ના એક અંકમાંથી અનુવાદકઃ–શ્રી. ત્રં. મા. શુક્લ)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૨–પુરુષોત્તમ શ્રીકૃષ્ણ

(લેખકઃ–શ્રી. ચક્રવાક)

"બ્રહ્માંડ કેરું આકર્ષણ શ્રીકૃષ્ણ નામ." બ્રહ્માંડનું નહિ તો હિંદના આકર્ષણ કેરું તો એ નામ છેજ અને દુનિયાના ફિલસૂફો–તત્ત્વજ્ઞો–વિદ્વાનો પણ એ નામને પૂજે છે અને જ્યારે દુનિયાનો માનવી, માનવી–ગીતાના મર્મને પૂછશે, ત્યારે એ બ્રહ્માંડ કેરું આકર્ષણ થતાં વાર નહિ લાગે અને કદાચ ભૂતકાળમાં–એના જમાનામાં, એ બ્રહ્માંડનું–જગતનું આકર્ષણ હોય તો કાંઇ નવાઇ નથી.

આવા આ નરોત્તમનો જન્મ શ્રાવણ વદી ૮ ની મધરાતે થયો હતો. એ અષ્ટમી–માત્ર કૃષ્ણાષ્ટમી ન રહેતાં ભારતના ઇતિહાસમાં જન્માષ્ટમી નોંધાઇ ચૂકી–જાણે કૃષ્ણને બદલે એ જગતની જન્મદાત્રી ન હોય!

જન્માન્તરનો એ યોગી કારાગૃહમાં જન્મે છે. જન્મતાંજ એને જન્મદાતા માબાપથી વછૂટવાનો–ઘોર શૂન્યકાળે કાળી રાતે કાલિંદીનાં કાળાં જળ પાર થવાનો–અને ગોપાળશ્રેષ્ઠ નંદ–યશોદાના અપત્ય થવાનો–યોગ પ્રાપ્ત થાય છે.

એનું લાવણ્ય–એની બાળચેષ્ટા ભલભલાં નરનારીને કામણ કરે છે. એની બાળમસ્તી–એનું બાળચાપલ્ય ગોકુળને ગાંડું કરે છે. ગોકુળ એટલા માટે કહેવાતું કે, ત્યાં ગાયોનાં કુળોજ વસતાં, બાકી તો વન હતું. ગોપીઓ–ગોવાળોની એ ભૂમિ હતી. નંદરાય પાસેજ સવા લાખ ગાયો હતી. એવા અસંખ્ય ગોવાળો ત્યાં વસતા. વંશપરંપરાના ગોપાલનના અંતે તેમની જાતિજ ગોપ ગણાવા લાગી હતી અને ત્યાંનાં નરનાર ગોપગોપીથીજ ભારતે પ્રસિદ્ધ હતાં. ગાયો વસાવવી–વધારવી–વેલાવવી–એની ઉત્તમોત્તમ ઓલાદ પ્રકટાવવા મથ્યા કરવું, એજ એમનું જીવનકર્તવ્ય હતું. ગો–ગોકુળ એમનું જીવન હતું. એ એમની સંપત્તિ હતી, વિશેષસંતતિ હતી. કીર્તિ હતી, ગોસેવન એ એમની ભક્તિ હતી. ગોસમૂહ એ એમની શક્તિ હતી. ગોસંગ એ એમની આસક્તિ હતી. ગોચર એ એમનું મંદિર હતું. એ ગો મય હતા. ગો એ મય હતી, તેથી તે ગોપ હતા, તેથી તે ગોપી હતી. આવા એકધારા અને નિર્લેપ વાતાવરણમાં પળનાર બાળક અજબ નીવડે તેમાં શી નવાઈ! ત્યારે આ તો જન્મનો કલાધર! એની નવનવી લીલા–રમત ભલભલાનાં દિલને બહેલાવતી–ડોલાવતી. એ સૌના ચિત્તનો ચોર હતો, સૌ એના ચોર હતા.

માત્ર તે નંદ–યશોદાનો બાળક ન હતો. સમસ્ત ગોપીઓને એ બાળકથી પણ અધિક પ્રિય હતો. એનું આકર્ષણ અજબ હતું. એનું મનમોહન સ્વરૂપ જોતાં ધરાઇએ નહિ તેવું મધુરું હતું. એને જોયા સિવાય–બોલાવ્યા સિવાય દુશ્મનોને પણ ન ચાલતું, એને નીરખ્યા સિવાય ઘણાને અન્ન ભાવતું નહિ, એને રમાડ્યા સિવાય ઘણાને લહેજત પડતી નહિ, એને અડક્યા સિવાય ઘણાનું અંતર સ્ફુરતું નહિ, હૃદય રીઝતું નહિ; એને ન જોતાં તો દિવસો સૂના લાગતા, એને ન સુણતાં તો ચિત્ત સુકાતું. એ મોહક રૂપ–એ નમણાં નખરાં–એ ચિત્તવેધક હાસ્ય ને ઠમકા, એ કાળા મધુરા બાળગોપ–ગોપીઓને એવાં ઘેલાં કરતાં કે તેમને તેમના બાળકથીએ એના ઉપર અધિક વહાલ ઊછળતું. ખાસ કરીને ગોપીઓ તો એના વિના ગાંડી બની જતી. વિયોગઘેલી વહાલુડી માતા! જાણે એ છોકરો એમનો પોતાનો ન હોય, એમ એનાં એમને સ્વપ્નાં આવતાં; રાતે–મધરાતે પણ જગવતાં. અસુર–સવાર પણ મોહક રૂપ જોવા દોડાવતાં. એની મીઠી મસ્તી એમનાં હૈયાં હુલાવતી. એનું અદ્દભુત ખેલન એના પર વારી જવા પ્રફુલ્લાવતું, એને જોયા સિવાય એમનાથી રહેવાતું નહિ. એને ખવરાવ્યા સિવાય એમનાથી ખવાતુંજ નહિ. દૂધ–દહીંથી એને નવડાવવો, માખણ–મિસરીથી એને ધરાવવો, એ ગોપીઓનો જીવનોલ્લાસ હતો. તેમ કરીને વધી જવું એ હરીફાઇ હતી–અદેખાઇ હતી–મારુંતારું હતું.

છાતી ભીંસી એને રમાડવો–ગોદે ભેરવી એને ગભરાવવો–હૈયે ચાંપી એને હુલાવવો–એ એમનો જીવનલહાવ હતો. એને પોતે લઇ ફુલાવું, બીજું કોઈ લે તો ખસિયાણા પડી જવું, એવું એ મમત્વ હતું. એનો સંગમ એ સાયુજ્યમુક્તિ હતી.

બાળક વધતો હતો, અને સૌને આકર્ષતો હતો. એની ફોરમ ચોગરદમ પમરતી. કંસે પણ એ અજબ બાળકનાં ગુણગાન સાંભળ્યાં. એ ભડક્યો. પૂતના નામે તેની બહેન તેના જેવાજ રાક્ષસી સ્વભાવની હતી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેને આ બાળકને કે તેના પ્રાણને હરવા તેણે મોકલી, પૂતના માશી હતી—માતાથી પણ વહાલી માશી હતી! બ્હેનના દીકરાને એ રમાડ્યા—રિઝાવ્યા સિવાય કેમ રહી શકે? પૂતનાને વહાલ આવ્યું, ને ઊછળ્યું—માંડી બાળકને ધવરાવવા. એ દુષ્ટ માશી સ્તનને ઝેર લગાડી બાળકને મારવા આવી હતી; પરંતુ આ ચતુર બાળક ઝેરની તીવ્ર ને કટુ વાસ લેતાંજ ચમક્યો—ચોંક્યો ને બાળમસ્તી કરતો હોય તેમ ઊછળીને તે પ્રાણ લેવા આવનાર માશીને એવો ચોંટ્યો કે નિશ્ચેતન કરી જ્યારે તેને ભોંયે પટકી ત્યારેજ જંપ્યો. માશી પ્રાણ લેવાને બદલે પ્રાણ દઇને ગઈ.

કાલિંદીના એક તટે કાળીનાગ રહેતો. તે તીવ્ર વિષધર હતો. એના વસવાટના ભાગમાં ગોપકુળો જઈ શકતાં નહિ. એના ફરતે બાર ગાઉનું પાણી પી શકાતું નહિ. બાર બાર ગાઉમાં ચકલું પણ ફરકી શકતું નહિ. આવું ઉગ્ર તેનું ઝેર હતું. વળી તે નદી નીચે એવી રીતે દર કરી રહેતો કે જેનો પત્તો મેળવવો કઠિન હતો; પણ કૃષ્ણ ધેનુ ચરાવતો થયો ત્યારે એ એણે જાણ્યું. એનાથી એ ન જીરવાયું. એજ ઘડીએ એકદમ જઈ તેને શોધી કાઢી તેને નિર્વિષ બનાવી મૂક્યો ને એ વિશાળ ગોચર, એ સુંદર જળ ગોપોને અને ગાયોને માટે નિર્ભય ને નિરુપદ્રવ બનાવ્યાં.

એક વખત અતિવૃષ્ટિ થઈ. અનરાધાર વરસાદ, રાતદિવસ સૂઝે નહિ, કામધંધો થાય નહિ. તેમાં આ તો ગોપકુળ, ખુલ્લામાં ફરતાં ફરતાં ઘરબાર વિના પણ ચલાવી લેનાર! બહુ મુશ્કેલીમાં આવી પડ્યાં; ત્યારે આ નાના ગોપે એક પર્વતની તળેટીમાં એવા અધૂરા સાધનવાળા બધા ગોપોને એકઠા કરી જુદી જુદી યુક્તિઓ બતાવી, એવી ને એટલી વિશાળ જગ્યા સપાટાબંધ છાવરી દીધી કે જ્યાં વરસાદનું બુંદ ન પડે. જેની નીચે ગોપ ને ગાયો નિર્ભય ચરી—વિચરી શકે. ગો—કુળો તો તેની આ ઐશ્વર્યશક્તિ જોઈ છક થઈ ગયાં. ગોવર્ધન—ગાયરૂપી શ્રેષ્ઠ ધન (ગો+વર+ધન) ત્યાં પળાયું. તેથી એ પર્વત ગોવર્ધન ગણાયો. ગાયોરૂપી શ્રેષ્ઠ ધનને રક્ષનારા—ધરનારા કૃષ્ણ ગોવર્ધનધારી કહેવાયા.

અને આલંકારિક ભાષામાં આવા પ્રસંગો 'કાળી નાગ નાથ્યો' 'ગોવર્ધન તોળ્યો' ઇ૦ કહેવાયા.

આ રીતે ગોકુળનાં તમામ વિઘ્નો વિદારણ થતાં આનંદ ઉત્સવ થઈ પડ્યો. રસછોળો ઊડવા લાગી—જીવન મધુરાં મધુરાં થઈ ગયાં, ઘેર ઘેર નાટારંભ ને લીલા થઈ રહ્યાં. આ વખતે તે ધેનુ ચારતો ને કંઈક નવનવા ખેલ ખેલતો, અનેક વેષ ભજવતો, મોરપીંછનો સુરમ્ય મુકુટ બનાવતો ને તે ધરતો. વનસ્પતિના રસ કાઢી લાલપીળાં કપડાં રંગતો ને તે પહેરતો. વાંસની બંસી—વેણુ તે બનાવતો ને બજાવતો ને એવું સુરીલું ગાતો—એવું મધુર વગાડતો કે, ધેનુ પણ એની વાંસળીએ થનગનતી—નૃત્ય કરતી. ગોપીઓ ધંધા વીસરી જોવા દોડી જતી ને સાનભાન—લૂગડાંલત્તાં—લોકલાજ—ને વડીલના દાબ સૌ અદશ્ય થઈ જતાં. આથીજ આલંકારિક ભાષામાં કહેવાયું કે, એ બંસરીથી "જળ થંભ્યાં, પર્વત ડોલ્યા, સમાધિઓ છૂટી, વાયુ,—સૂર્ય—ચંદ્ર—ઇન્દ્ર વગેરે દૈવી ચીજોના વ્યવહાર અટકી ગયા, દિવસ—રાત એક થઈ ગયાં, બલકે ભુલાઈ ગયાં (દિવસ છે કે રાત એનું ભાન ન રહ્યું), ગોપ—ગોપાંગના ભાન ભૂલ્યાં—ગાંડાં થયાં, ગોપીઓ ભાન ભૂલી વાંસળી વાય ને કપડાં—કામ ચૂકી નવસ્ત્રી દોડવા માંડે. ઇત્યાદિ ઇત્યાદિ. આમ એ બંસીધર કહેવાયો.

આ અને આવાં કામોથી તેની ખ્યાતિ એટલી વધી પડી કે કંસ મૂંઝાઈ ગયો, તેની નિદ્રા ઊડી ગઈ. શું કરવું તે વિચાર તેને થઈ પડ્યો. આખરે નંદરાય કે જે પોતાના ગોધનથી એક રાજા જેવો ગણાતો તેની પાસે મિત્રભાવે તેના પુત્રને મળવા—કલ્લોલવા—આનંદવા આમંત્ર્યો. નંદરાજા આ આમંત્રણ ન ઠેલી શક્યો ને કૃષ્ણ તથા બળદેવ કે જે તેની માતા રોહિણીથી ઉત્પન્ન થયેલો તેનો વડો ભાઈ, તેનો હમેશનો સહચર ને અતિ બળશાળી વડો ભાઈ હતો, તે બેઉને સાથે મોકલ્યા.

રસ્તે અને રાજધાની મથુરામાં જતાં તેમની અજબ જોડીએ, તેના મોહક કમનીય સ્વરૂપે, અજબ વ્યક્તિત્વે રાજ્યના કર્મચારી અને દાસદાસીને એવાં ને એટલાં આકર્ષ્યાં કે, ભાન ભૂલી પોતે કંસ માટે લઈ જતાં ચંદન—પુષ્પો, ગંધ—ધૂપો, પૂજન—અર્ચનો, વેષ—ભૂષાઓ તેને અર્પણ કરવા લાગ્યાં. કંસે જ્યારે આ જાણ્યું ત્યારે તેનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. તેણે દગો કર્યો. તેમના પર હાથીઓ છોડ્યા—મલ્લો ને મારાઓ મૂક્યા; પરંતુ આ બળવાન ભાઇઓએ તેને ચૂર્ણવિચૂર્ણ કરી નાખ્યાં, ત્યારે ક્રોધે ભરાઇને તે જાતે મારવા દોડ્યો. પરંતુ કંસ કરતાંએ આ નાના લાગતા બાળક વધારે બળવાન હતા. કંસને કૃષ્ણે પળમાં પૂરો કર્યો અને મથુરા નગરીના રાજ્યમાં જે દુષ્ટતા—પાશવતા, કંસના રાક્ષસી સ્વભાવથી છવાઈ હતી તેનો વિનાશ કર્યો. માબાપ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વસુદેવ–દેવકીને છોડાવ્યાં–બંધનમુક્ત કર્યાં, માતામહને ગાદી આપી ને પોતે બાળક બની રહ્યા. મથુરા જેવું મહાન ને સમૃદ્ધ રાજ્ય હાથમાં આવવા છતાં ન લલચાતાં ભણવા માટે પ્રયાણ કર્યું. આનું નામ તે મહાનતા.

ત્યારે ગુલામી નહોતી. પ્રજાની રગેરગમાં સ્વતંત્રતા હતી, નસેનસમાં જોમ હતું. નિર્મળ દૃષ્ટિનાં ને તેથીએ વધારે નિર્મળ દિલનાં માનવો ત્યારે વિલસતાં ને એ વિલાસમાં વિકારની છાંટ નહોતી.

બાળકૃષ્ણના અતૃપ્ત રૂપે, અદમ્ય ઉત્સાહે, અગમ્ય ક્રીડાએ, સુરમ્ય મસ્તીએ, નિઃસ્વાર્થ સ્વાર્પણે ને મધુરા પ્રેમે સૌને એટલાં આકર્ષ્યાં હતાં કે, તેને અસંખ્ય બાળસખા થયા; એટલુંજ નહિ પણ તેને અસંખ્ય બાળસખીઓ બની. તેમાં રાધા મુખ્ય હતી. યાદ રહે કે, એ નિર્મળ ને નિર્વિકાર અહંતાવિહોણું એ બાળસખ્ય–બાળઅદ્વૈત હતું. આ બધાં તેના નામે મરી ફીટતાં, તેના કામે ગાંડાં બનતાં, તેના દર્શને મસ્ત બનતાં, તેના સાહચર્યે મુક્તિ અનુભવતાં ને એ ગાઢ મૈત્રી, એ અજબ આકર્ષણ એટલું વજ્રમય બન્યું હતું કે જ્યારે કૃષ્ણે મથુરાની વાટ લીધી, ત્યારે એ ગોકુળ યમપુર થઈ પડ્યું–શેરીઓ સૂની, ઘર સૂનાં અને માનવ પણ સૂનાં થઈ ગયાં; કેમ જાણે સૌને ઘેર કોઈ પ્રિય મરી ગયું ન હોય ! આબાલવૃદ્ધ સૌ ફિક્કાં પડી ગયાં, જાણે તેમનાં હૈયાં હરાઈ ગયાં હોય, બુદ્ધિ ગળી ગઇ હોય, આત્મા ઊડી ગયો હોય ! કેટલાંયને તો એ સ્નેહસંભારણાં, એ પ્રિય વિહારસ્થળો, એ અબોલ ઊડતા પ્રિય નાદો એવાં પીડવા લાગ્યાં કે, આ સુરમ્ય ભૂમિ હવે તેમને મૃત્યુધામ થઈ પડ્યું. પોતાનું માદર વતન–પ્રિય પિતૃદેશ ખારાં ખારાં થઈ પડ્યાં ને ઘણાં તો ન રહી શકવાથી એ ભૂમિને છેલ્લા પ્રણામ કરી દૂર દૂર નીકળી ગયાં. આવી મોહિની લગાડનાર કૃષ્ણ તે વખતે માત્ર દશ–અગિયાર વર્ષના હતા અને દશ–અગિયાર વર્ષનો ગોકુળોને ગાંડાં કરી દેનાર આ બાળક કેવો પ્રતિભાવાન હશે, એ કલ્પીએ છીએ ત્યારે અંતર ઊભરાઇ જાય છે.

અવંતીમાં ત્યારે સાંદીપનિનું ગુરુકુળ જગપ્રસિદ્ધ હતું. કૃષ્ણ ત્યાં અભ્યાસાર્થે આવે છે; વિધવિધકળાએ, કુશાગ્ર બુદ્ધિએ, કમનીયતાએ ગુરુનાં, ગુરુપત્નીનાં, ગુરુબંધુનાં ચિત્ત ચોરી લે છે. મરી ગયો માની બેઠેલા ગુરુપુત્રને અજબ રસાયન સાધી આ સવાયો શિષ્ય જીવિત કરે છે, અજબ ચંચળતા સાધી સૌને ચમકાવે છે અને સંપૂર્ણ વિદ્યા સાધી સુદામા જેવા રંક મિત્રનું નિર્મળ સખ્ય સાધી વિદાય લે છે.

મથુરાનો મોહ છોડી–સ્વસામર્થ્યનેજ શ્રેયસ્કર સમજતો એ સ્વકર્મવીર સૌરાષ્ટ્ર સર કરે છે. સમુદ્રકાંઠે એક અને અજોડ, અનુપમ અને અદ્વિતીય, એ વખતના ઇતિહાસે અવર્ણ્ય ગણાયલી પુણ્યધામ દ્વારિકા વસાવે છે, (જે જગતનું જોવા લાયક સર્વશ્રેષ્ઠ સ્થળ થઈ પડે છે. હજારો બલકે લાખો ગાઉના યાત્રીઓ આવી જિંદગી ગાળવા છતાં એની વિવિધતા પૂરી માણી શકતા નથી–એવી એ દ્વારિકા હતી.) અને ત્યારથી કૃષ્ણ કરતાં એ દ્વારિકાધીશ તરીકે વધારે પ્રસિદ્ધ થાય છે.

તેની કીર્તિકૌમુદીથી મુગ્ધ બનેલી–તેના સિવાય બીજાને ભાઇ–બાપ માની બેઠેલી મનોમુગ્ધા–સ્વેચ્છિત વરનારી–દૃઢ મનવાળી રુકિમણીને, કન્યાની સ્વતંત્રતા છૂંદી મરજી માફક પરણાવવા મથતા કુટુંબીઓથી–કન્યાની મરજી વિરુદ્ધ પરણાવવા માગતા મદોન્મત્ત રાજવીઓથી–દુશ્મનોના દવ વચ્ચેથી ઊંચકી લાવી પોતાની ધર્મપત્ની બનાવે છે ને એવું સહચર–સંયમન સાધે છે કે, એ એકપત્નીવ્રતધારી–દૃઢનિગ્રહી–ઋતુમાં પણ માત્ર ગર્ભદાનક રહી આર્યોનું અસિધારા જેવું ગૃહસ્થ બ્રહ્મચર્યવ્રત સાધી, સંસારી છતાં બાળ–બ્રહ્મચારીનું અનંત બિરુદ મેળવે છે.

અને જ્યારે એક દુર્બળ, અકિંચન, ચીંથરિયા, મરવા વાંકે જીવતા એ રંક બ્રાહ્મણને સશક્ત ને સુબાહુ, રસનીતરતો ને લક્ષ્મીમાં ખદબદતો રાજવી બાથમાં ઘાલીને ભેટે છે; ત્યારે એ લંગોટિયા મિત્રોનું સ્નેહાલિંગન–એ રંક–રાયનું અભેદઃમિલન વજ્રહૈયાને પણ ભીંજવી નાખે છે.

અને તેની દરિદ્ર સ્થિતિ, ગરીબીની યાતના, ભૂખડીબારસપણું જાણવા છતાં તેનું અયાચકપણું પરીક્ષવા અને અમર કરવા એક પાઇ હાથોહાથ ન આપતાં ભેટીને વિદાય દે છે; ત્યારે દેખાતી કૃપણતા નીચે ઊછળતું વિશાળ અંતઃકરણ ઝળહળી રહે છે.

અને એ નિર્ધન–નિઃસ્પૃહ મિત્ર જિંદગીભર ભૂખનો બએલો છતાં–ચાહીને હાથ લંબાવવા આવેલ છતાં–મિત્રતા ન લજવતાં નિર્વિકલ્પે વિદાય થાય છે. એ દૃશ્ય ખરેખર પ્રેરક છે.

અને સુદામા ઘેર પહોંચે તે પહેલાં એ મિત્રનો તારણહાર, દ્વારિકાને ટક્કર મારે એવી રસસમૃદ્ધિથી ઊછળતી નગરી જાણે આકાશમાંથી આવી હોય એમ–પોતે કાંઇ ન આપ્યું હોય તેમ પોતાનાથી પણ શ્રેષ્ઠ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વૈભવ ને સમૃદ્ધિ તેના પર ન્યોછાવર કરે એ કલ્પના–એ સભ્યતાનાં ગુણગાન થઇ શકે એમ નથી.

તેની અજબ ને અફર બુદ્ધિ ચક્રાકારનું સુદર્શન અસ્ત્ર શોધે છે, જેનો પ્રતીકાર જગતમાં નથી; જે છૂટે તો ગમે તેવા ને ગમે તેટલા દુશ્મનનો કચ્ચરઘાણ કાઢી નાખે ને વળી પાછું પોતાની પાસે આવી જાય. આવો તો એ ધનુર્વિદ્દ ! એટલુંજ નહિ પણ એનું ગરુડાકારી વિમાન એવું અને એટલું પ્રસિદ્ધ હતું કે જેના ઘોષથી જેવા તેવાના ગર્ભ ગળી જતા. જેના નામે દુશ્મનો ધ્રૂજતા, મિત્રો આહ્‌લાદતા ને દેખાવે માત્ર જીવતો ગરુડજ જોઇ લો. તે ઊડતું ત્યારે પાંખ જેમ ફેલાતું, તેમાં આકાશી તત્ત્વ શોધી એવી યુક્તિ રચી હતી કે, અમુક અવાજના સ્પર્શે એ આવે ને અમુક અવાજના સ્પર્શે એ ચાલ્યું જાય. ધાર્યું કામ આપે–ઊંચે ચડવું, નીચે જવું, પવનથી પણ વધારે દોડવું, પાણીમાં, જમીનમાં, આકાશમાં ગમે ત્યાં વહેવું–અમુક કળ દેતાં માર માર કરતું દુશ્મનોને ભેદી નાખે એવું, ઘડી ઘડી રંગ બદલતું ને અરંગ થતું, વાહનનું વાહન, હથિયારનું હથિયાર, ધ્વજનો ધ્વજ ને રક્ષકનું રક્ષક એવું એ વિમાન હતું. આવા યંત્રનો શોધક જગતજેતા થાય તેમાં નવાઇ શી? આથી પછી શિલ્પનિપુણતા બીજી કયી હોઇ શકે?

આ સિવાય અદશ્ય રહેવાની વિદ્યા તેણે સાધ્ય કરી હતી. આ વિદ્યાના બળેજ તેણે પાંચાલીનાં ચીર પૂર્યાં હતાં. તેમાં પાપીઓને થકવવાનો હેતુ હતો. પણ જ્યારે પાપીઓની જીદ વધારે લંબાઇ ત્યારે પોતાનું પહેરવાનું હમેશનું કપડું પીતાંબર સહેજ દશ્ય કર્યું, જે જોતાંજ–એ વસ્ત્રના પહેરનારની કલ્પના આવતાંજ કૌરવો, એ વ્યક્તિના સામર્થ્યબળની કલ્પનાએજ ફીકા પડી ગયા ને વસ્ત્રહરણ ભૂલી ગયા. શી એના નામની હાક હતી !

હાલ જેને 'વાયરલેસ' કહે છે તે વિદ્યા પણ ત્યારે સાધ્ય હતી. તેને આકાશવાણી કે અંતરવાણી કહેતા. પાંડવો હજારો કોશ દૂરથી બોલાવે–પાંચાલી બોલાવે ને બે ઘડી પછી હાજર થાય. એ અંતરવાણી ને ગરુડ વિમાનની શોધનું ફળ હતું; માત્ર વાતો કે ગપાટા નહોતા.

એ મહાપુરુષના કેટલા ગુણ કથીએ ? ક્યાં કથીએ ? વગર લડયે પાંડવોને જિતાડનાર એ હતો. જ્યાં જ્યાં દુઃખ, જ્યાં જ્યાં પાપ, જ્યાં જ્યાં અનાચાર, ત્યાં ત્યાં કૃષ્ણ ને કૃષ્ણ, ત્યાં અધર્મ–અનીતિનું વિદારણ ! આમ પૃથ્વીને પાપમુક્ત કરી તે સાચો ગોપાલ બન્યો છે.

ઇશ્વર હોય તો તે એક ને અદ્વિતીય છે, નિરંજન ને નિરક્ષર છે. નથી તે અવતરતો કે નથી તે મરતો એટલે એ ઇશ્વરાવતાર હતા એમ કહેવું, એ સરાસરી મૂર્ખાઇ છે. પણ દીનના દુઃખે દાઝી જે યોગીઓ ને વિભૂતિઓ અવતાર હોય તો એવા અવતાર જગતમાં ઘણા થયા છે ને થશે. ભારતમાં પણ એવા ઘણા થયા છે, થાય છે ને થશે; એમ કહીએ તો તે અવતાર હતો.

અમારી દષ્ટિએ મનુષ્ય એ માત્ર એક જીવ છે. સમજશક્તિવાળો મથી મથી, સાધી સાધી, ચારિત્ર્ય કેળવી કેળવી તે પુરુષ બની શકે છે. આવા પુરુષો ભારતમાં અનેક થયા છે. તેમાંનો કૃષ્ણ પણ એક; પણ બીજા પુરુષ હતા, જ્યારે આ પુરુષોત્તમ !

ગોકુળોને ગાંડાં કરનાર, તારનાર, પાળનાર, બાલાવતાર ! ગોપ અને ગોપીઓમાં આત્મીયતા–નિજત્વતા–પ્રકટાવનાર એ રૂપાવતાર ! સ્વજનની પેઠે વિરહથી વિઘ્ન નાખતો એ વિરહાવતાર ! પૃથ્વીને પગલે પગલે પાપ–પાખંડ–દુષ્ટતાનો વિચ્છેદનાર એ પુણ્યાવતાર ! દીન ને દુઃખીનો તારનાર એ દીનાવતાર ! રાધાના બાળ-સખા ને દ્રૌપદીના ધર્મસખા ! ઉદ્ધવના અંતરસખા ને સુદામાના આત્મસખા ! અર્જુનના યોગસખા ને રુકિમણીના જીવનસખા ! વાસુદેવ–દેવકીનો લાલ અને નંદયશોદાનો બાળ ! કંસ–શિશુપાળનો કાળ અને અફર અજોડ કળાકાર ! અજબ વિષ્ટિકાર ને ગજબ દષ્ટિકાર ! એ પાર્થસારથિ ને ધર્મભારથી ! જગતવંદ્ય પિતામહ જેવા પણ જેને પૂજવા યોગ્ય માને એવો સમર્થ ચારિત્રશાળી ! નિષ્કામ ને નિર્લેપ દેહધારી, ગૃહસ્થ છતાં ઇન્દ્રિયજેતા બ્રહ્મચારી ! એ અનન્ય સુદર્શન ચક્રશોધક, ગરુડ વિમાનનો વિધાયક, મધુર મોહન બંસીધર, સંગીત–શિલ્પ–શસ્ત્ર–અસ્ત્રવિશારદ, એ ભારતત્રાતા ને ગીતા–ગાતા, એ ગોવાળ ને ગોપાળ, એ ધર્મધાર ને નીતિકાર ! બીજું કહી પણ શું શકાય ? એ જગતનો પુરુષોત્તમ હતો–છે–અને રહેશે.

('સાહિત્ય'ના એક અંકમાંથી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३-श्रीकृष्णनी गुरुदक्षिणा

પ્રવેશ ૧ લો

સાંદીપનિ—જય અનંતશક્તિશાળી પરમાત્મન્! આપને વારંવાર નમસ્કાર, જય લીલાતનુધારી ભક્તવત્સલ ભગવન્! આપને ભાવભર્યાં નમસ્કાર. પ્રભો! આપની લીલા તો એક આપજ જાણો, વિશ્વના પાલનહાર! વેષ તો ઠીક ભજવો છો. મારા નાથ! અને હું પણ અજાણ્યો થઇ આપને તે ભજવવા દઉં છું. ભલભલા ગોથાં ખાય તો હું પણ ખાઉં તેમાં શી નવાઇ? આખા વિશ્વને શિક્ષણ આપનાર પ્રભુ મારે ત્યાં શિક્ષણ લેવા રહ્યા છે. આપને હું તો શું શીખવવાનો હતો? પરંતુ હા, મારા નાથ! ચાલવા દો જેમ ચાલે છે તેમ. જોઇએ છીએ કે અજાણ્યા ક્યાં સુધી રહેવાય છે?

સ્ત્રી—હવે રાત્રિના બાર પણ વાગી ગયા. હજુએ વિશ્રાંતિ લેવાની મરજી થાય છે કે કાંઇ અધ્યયન કરવું છે, રાગોટા તાણવા છે કે મૂંગે મોઢે ધ્યાન લગાવી બેસી રહેવું છે? મારે શું? એક જન્મની સગાઇ છે. પછી તમે તમારે રસ્તે, હું મારે રસ્તે. મૂઆ પછી આવતા જન્મે પાછાં પરસ્પર મળીશું એની થોડી ખાતરી છે? હું તો તમારા ભલાને માટે કહું છું. પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તે ઊઠો છો ત્યાંથી સુઓ છો ત્યાંસુધી થોડી વિશ્રાંતિ પણ લો છો ખરા? અને આમને આમ તો શરીર નહિ નભે! જરા સમજો તો સારુ. છેકજ આવા આડા ન થાઓ.

સાંદીપનિ—દેવી! હું આડો થતો નથી પણ જે પ્રસંગ હાથ આવ્યો છે તેને નિભાવી લઉં છું. મારી ફરજ બજાવવામાં સાવધ છું. નહિ તો ગુરુ થવું એ કાંઇ સહેલું નથી, સમજી. તારા આશ્રમમાં આવીને રહેલા વિદ્યાર્થીઓ કોણ કોણ છે તે તું જાણે છે?

સ્ત્રી—મારે જાણીને શું કામ છે? મારો હતો તે તો ગયો. સોળ વર્ષનાં વહાણાં વાયાં. વિદ્યા ભણી રહેશે એટલે સૌ સૌને ઘેર હાથ ખંખેરી ચાલ્યા જશે, મારો એથી શું દિ વળવાનો હતો? કંઇ કેટલા ગયા, હજી પણ જશે. પણ મારી ભૂખ તો એ કોઇએ ન ભાગી.

સાંદીપનિ—તને તે વળી શાની ભૂખ છે?

સ્ત્રી—મારા ગયેલા પુત્રને પાછો લાવવાની. બાલુડામાંથી હવે તો તે મોટો તરુણ વયનો થયો હશે. કેવા સુંદર ગાલ અને મુખ! અને આંખો તો જાણે હમણાં બોલશે. મળે તો એ બાલુડાને ભેટું કે ચુંબન કરું. મારી દૃષ્ટિમાં તો એ બાલુડોજ છે. વયનું અંતરાય–કે મોટાપણું મારી મતિને આવરણરૂપ થઇ શકતાં નથી.

સાંદીપનિ—ન બને તેવી વાત કરે છે દેવી! અને આજકાલના સુજ્ઞો તો તારી વાત ઉપર હસશે. ગયું તે તો સદાને માટે ગયું. જે હાથે તેં એને વિવિધ સુગંધી દ્રવ્યોથી સ્નાન કરાવ્યું હતું તેજ હાથે છેવટનું સ્નાન પણ તેંજ કરાવ્યું. જે પારણામાં અને ઘોડિયામાં ઝૂલતો હતો તેને તેંજ અવરને સોંપી પૃથ્વીના તલમાં ઝૂલતો કર્યો. તારીજ નજર આગળ ગયેલી વસ્તુ અને તે પણ આટલા સોળ વર્ષના અવધિએ પાછી મેળવવાની ઇચ્છા કરે છે! અહાહા! આશાના તંતુઓ માણસને ક્યાં સુધી ઊંચે ચડાવે છે અને પછી પાડે છે?

સ્ત્રી—તમારો સ્વભાવ તો હજી એવોને એવોજ રહ્યો. હવે તો ઘરડા થયા. જરા તો સુધરો! આશાના તંતુએ કોણ નથી ઝૂલતું તે જરા વિસ્તારથી સમજાવશો? મારા પતિદેવ! આખા વિશ્વમાં હું તો જોઉં છું કે, સઘળા તેના ઉપર ઝૂલી રહેલાજ દેખાય છે. મારી તો મારા દીકરાને લાવવાની જે અમર આશા છે તે કોઈ દિવસ પણ છૂટવાની નથી.

સાંદીપનિ—તારી એ આશા ઉપર પ્રભુના અનુગ્રહનું વર્ષણ હો, દેવી! હવે પુનઃ યાદ આપું છું; આશ્રમમાં રહેતા વિદ્યાર્થીઓને ઓળખે છે?

સ્ત્રી—ઓળખતા તો જાણે તમેજ હશો કેમ? અહાહાહા! અમે તો કાંઇ ભાન વગરનાં–સાન વગરનાં–જ્ઞાન વગરનાં બુડથલજ હઇશું! જુઓ, પેલો કાળિયો કૃષ્ણ. તમારો વહાલામાં વહાલો અને બીજો તેનો મોટોભાઈ બળરામ અને ત્રીજો પેલો તમારો મોનીટર, જેને તમે શાળાનું કેટલું કામ પણ સોંપો છો તે હાડકાં–

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચામડાં વળી ગયાં હોય અને જાણે જન્મથીજ ભૂખમરો વેઠેલો હોય તેવો સુદામો અને બીજા તો આવા ને આવા હજારો હશે, તે બધાને ક્યાં યાદ રાખતી ફરું?

સાંદીપનિ—યાદ તો રાખવું જોઇએ; નહિ તો (વિનોદમાં) એક વિસ્તારી માતા મુસાફરીએ નીકળી. ગાડામાં એઠાં ત્યાં તેના પિતાએ નંબરવાર છોકરાઓની ગણતરી કરવા માંડી તો આખામાં આખા સુરચંદભાઈજ રહી ગયેલા! તરતજ ગાડી ઊભી રખાવી સૌને ખોટી કર્યાં અને બાપે દોડતા જઇ સુરિયા દીકરાને ગાડામાં ઝીક્યા–પધરાવ્યા એના જેવું થાય.

સ્ત્રી—તેના સંતાપ તમારે. હું જો બધાને યાદ રાખતી ફરું તો ત્રીજે દહાડે મરવા પડું મરવા. ચાલ રામ, રાત્રીનો એક વાગ્યો. હું મારે જઇને પડું. પ્રાતઃકાળ થશે કે ઊઠવાનો શંખ ફુંકાશે અને ઘંટાના અવાજો થશે. બળ્યો સ્ત્રીઓનો તે કાંઇ અવતાર છે! (જાય છે.)

સાંદીપનિ—ઘરનાં સઘળાં કાર્યનો ભાર ઉપાડતી આ સ્ત્રી ખરેખર દયાને પાત્ર છે. સવારથી ઊઠે છે ત્યાંથી મોડી રાતના સૂએ છે ત્યાંસુધી આશ્રમની સેવાનાં કાંઇ કાંઇ સત્કૃત્યો કરે છે અને એની એ સાચી સેવાજ પ્રભુને ત્યાં જમા થાય છે. સરળ હૃદયની, નિષ્કપટવાળી અને હૈયે તેવું હોઠે બોલી જાણનારી બિચારી આર્ય અબળા! જા, તારું પણ કલ્યાણ છે, કલ્યાણ છે.

× × × × ×

પ્રવેશ ૨ જો

ઋષિપત્ની—કૃષ્ણ! અલ્યા એ કૃષ્ણ! કેમ અલ્યા કાનિયા? સાંભળતો નથી કે?

કૃષ્ણ—આ હિસાબના કિતાબે તો ખરેખરો મારો અંત લીધો, બબ્બે કલાક થયા છતાંય કાંઈ પત્તો લાગતો નથી. ભણતર અઘરું તો ખરું. પણ ભલા અભ્યાસમાં તે વળી ગણિતની શી જરૂર હશે? દાખલાઓ શીખી શીખીને કરવું છે શું? ગુણાકાર, તેના વળી ભાગાકાર અને બાકી રહી વળી બાદબાકી. અપૂર્ણાંકમાં પૂર્ણાંક ઊમેરો અને પૂર્ણાંકમાંથી આ બાદ કરો. એવી ભાંજગડોમાં દરેકને ઉતારવાનું વળી શું પ્રયોજન? એ તો વણિકપુત્રોને જરૂરનું, કે જેઓ બે પાઇના હિસાબના ઘટાડા પાછળ ચાર પાઇનું તેલ બાળે અને ઉજાગરા કરે, ઊંઘે નહિ. આંખ ચોળી ચોળીને–ધારી ધારીને જોયા કરે કે, કોઇ પણ વાતે અમારી તે ભૂલ પકડાય છે? અને જ્યારે જડે ત્યારે હા...શ કરી જંપે. અમે ક્ષત્રીઓને તે આવા હિસાબની શું જરૂર છે? ખરેખર આ તૂત તો કોઈ અજબ રીતે ભણતરમાં પેસી ગયું છે.

ઋષિપત્ની (ધાંટો પાડીને)—એ અલ્યા કરહણિયા? આમ જ્યાદા ફાટ્યો કે શું? છેકજ બહેરો થઇ ગયો છે. કાનમાં કાંઈ સીશુંબીસું તો રેડ્યું નથી?

કૃષ્ણ (સાંભળીને)—માતાજી! ક્ષમા કરો. હું જરા દાખલાના ધ્યાનમાં હતો. એટલે આપની બૂમ મેં ન સાંભળી, કહો શું આજ્ઞા છે?

ઋષિપત્ની (ક્રોધમાં)—એ બળી ગઇ તારી આજ્ઞા. બૂમો પાડીપાડીને મારો ધાંટો બેસી ગયો, છતાં સાંભળે છે કોણ? મારો સ્વર્ગે ગયેલો દીકરો સાંભળે તો તું સાંભળે. અને દૂધ તો વાછરડી સઘળું ધાવી ગઇ. મેં તામડી માગી પણ સાંભળે છે કોણ? હવે દૂધ વગર પીજો પાણીડાં.

કૃષ્ણ—માતા! આમ આકળાં ન થશો. રોજ દૂધ પીતા હતા તો આજે વળી પાણી પીશું. તેમાં શું થઈ જવાનું છે? આપ તેની કાંઇ ચિંતા ન કરશો અને મા! જુઓને, ભગવાનને ઘેર ક્યાં ખોટ પડી છે? એમની મરજી હશે તો ગાયમાતા રોજના જેટલુંજ દૂધ આપશે, કહો તમારે શું જોઇએ છે?

ઋષિપત્ની—તામડી, તામડી, તામડી. વાત તો મોટી મોટી કરે છે; જાણે હું તો કાંઇ એના હિસાબમાંજ નથી. આટલું આટલું થયા છતાં એનાથી હજી ઉઠાય છે પણ ખરું?

કૃષ્ણનો હિસાબમેળ હજી બેઠો ન હતો અને તામડી ઘરમાં જઇ લાવીને પુનઃ આપવા જવામાં ધ્યાન બેધ્યાન થાય એવો સંભવ હતો. એટલે ત્યાં બેઠાં બેઠાંજ પોતાની યૌગિક શક્તિથી હાથને લંબાવ્યો અને તામડી લઇ ગુરુપત્નીને આપી. લો માતા.

કૃષ્ણના હાથનું આમ લાંબારૂપમાં પરિવર્તન જોઇ ઋષિપત્ની ભયભીત થયાં અને આશ્ચર્ય પણ પામ્યાં.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કોઈ અજબ જાદુગરીભર્યો કૃષ્ણ છે એમ તેમણે આજેજ જાણ્યું અને કૃષ્ણે પણ નિમેષમાત્રમાં આ પરચો બંધ કરી પોતાનો હિસાબ પણ પૂર્ણ થયેલો હોવાથી કહ્યું:

કૃષ્ણ—માતા ! અવિનયની ક્ષમા કરજો. મારા કાને તરત તમારો અવાજ ન આવ્યો.

ગુરુપત્ની—પણ ભાઇ! તેં એટલાં એટલાંજ તામડી કઈ રીતે લઇને આપી ? હું તો ભયભીત થાઉં છું.

સાંદીપનિ (દૂધનું મોડું થવાથી ત્યાં આવી)—દેવી ! એ તો પ્રભુની લીલા, તેમાં ભયભીત થવાપણું કાંઇ ન હોય. **कर्तुं कर्तुम् अन्यथा कर्तुम्** કર્તા છતાં ન કર્તા એવા પુરુણ પુરુષોત્તમ.

શ્રીકૃષ્ણ—નહિ ગુરુજી ! એ તો હું આપનો શિષ્ય-આપનો લાડવેલો કરહણિયો. વસુદેવનો પુત્ર, નંદનો પાલકપુત્ર, દેવકીનો પુત્ર, યશોદાનો પાલકપુત્ર. મેં મારી માતાને આ હાથેજ તામડી આપી છે. તેમાં કાંઇ ચમત્કાર કર્યો નથી. મારામાં એવા કાંઇ પણ ચમત્કારનો અધ્યારોપ ન કરશો. હું તો આપનો શિષ્ય છું.

સાંદીપનિ—હા ભાઇ હા, કર્તા છતાં કર્તાપણાનું અભિમાન તમે ક્યાં તમને વળગવા દો એમ છો ? તમને તો જે જાણે તેજ જાણે. અંતરમાં આ ક્ષણે સહસાજ યાદ આવે છે કે,

હરિની લીલા તે હૃદયહારિણી
હાંરે એની અદ્ભુત કૃતિની કરામણી હોજીરે—હરિની.

પ્રવેશ ૩ જો

સાંદીપનિની સંયમશાળા

સાંદીપનિ—એકને એક વસ્તુના સહવાસમાં મનુષ્ય અનંતકાળ સુધી રહે છે, છતાં તેનું મહત્વ તે યથાર્થ રીતે પિછાની શકતો નથી; તે પણ એક દુર્ભાગ્ય છે. કેટલીક વખત હરિની ઇચ્છા પણ એવી અદ્ભુત હોય છે કે, તેના પાશને ભેદીને જોઇ શકવાની મનુષ્યને શક્તિ હોતી નથી. મનુષ્ય શક્તિસંપન્ન છે ખરો, પણ તે અમુક હદ સુધી. તે હદનો છેડો આવી રહેતાં તે વિરમે છે. પ્રભુને તેમ નથી. પ્રભુના બળનો કાંઇ છેડો નથી. પ્રભુની મહત્ત્વતા અદ્ભુત છે. જીવોની કલ્પનામાં પણ ન આવી શકે એવાં એવાં કાર્યો એ નિરંજન કરે છે. આટલાં વર્ષ સુધી આશ્રમમાં વિદ્યાર્થી તરીકે રહ્યા; પણ તેમને પૂરેપૂરા પિછાની ન શક્યો એ પ્રભુઇચ્છા નહિ તો બીજું શું ?

આવતી કાલે તો એ કૃષ્ણ અહીંથી વિદાયગીરી લેવાના છે. ગુરુદક્ષિણા માગવાનું કહેશે. હું શું માગીશ ? જે પ્રાણીમાત્રના હૃદયમાં સત્તારૂપે વિદ્યમાન છે તેમને વળી અજાણ્યું તે શું છે ? છતાં એ વિશ્વનટ નાટક તો આબાદ ભજવશે. દક્ષિણા માટે આગ્રહ પણ કરશે. હું શું માગીશ ? હે આનંદ સ્વરૂપ પરમાત્મન્ ! આપની પાસે તે હું શું માગું ? આશ્રમને છોડીને જાઓ છો પણ હૃદયને છોડીને ન જશો. ભવિષ્યના સર્વ વ્યવહારો કરવા છતાંય આપના આ ગુરુને ન ભૂલશો; અને મારા પ્રિય શિષ્ય ? મારા આત્મારૂપ તું છે. તારા આત્મારૂપ મને ગણજે હોં કે ! માગવાનું તો બીજું કાંઇ નથી. બસ, પ્રભુકૃપા. અમારી ઉપર આપની કૃપાદૃષ્ટિ સદાસર્વદા રાખતા રહેજો. આપની કૃપામાંજ જીવોનું પરિત્રાણ રહેલું છે. (જાય છે.)

પ્રવેશ ૪ થો

શ્રીકૃષ્ણ—સંધ્યાના રંગ સમો બાળવયનો કાળ પણ ચાલ્યો ગયો. અહાહા ! બાળવયની નિર્દોષ રમતો, તેના આનંદો ખરેખર જીવનભરમાં ચિરસ્થાયી રહેશે. આજે તો ગુરુથી વિદાયગીરી લેવાનો વખત પણ આવી લાગ્યો છે. ગુરુઆશ્રમમાં માતાપિતા રૂપ ગુરુપત્નીનાં અને ગુરુનાં મમતા અને વાત્સલ્ય કદીએ ભુલાય તેમ નથી. અંતરમાં જ્ઞાનનો પ્રકાશ પાડનાર ગુરુદેવ ! આપે અમારે માટે જે શ્રમ લીધો છે, તેનો અલ્પાંશે પણ બદલો આ દીનસેવકથી વળી શકે એમ નથી. છતાંય લૌકિક રિવાજને અનુસરી ગુરુ પાસે ગુરુદક્ષિણા આપવા જાઉં છું.

(સાંદીપનિ ગુરુ આ વખતે પોતાની સંયમશાળામાંજ બેઠા હતા. ત્યાં જઇને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા બોલ્યા કે,)

ગુરુદેવ ! આપનો બાળક કૃષ્ણ વિદાય લે છે. શિષ્યને ન ભૂલશો; જન્મભર આપનો ઋણી છું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાંદીપનિ—ભાઇ કૃષ્ણ! આપનો વિજય હો. આપના મુખમાં આ શબ્દો ન શોભે. વિદ્યાર્થી અવસ્થામાં અહીં રહ્યા પણ આપ કોણ છો તે હું સારી રીતે જાણું છું અને તેથીજ કહું છું કે પરમાત્મન્! આ આશ્રમમાં શિષ્યો તો અનેક આવે છે અને આવશે; પરંતુ આપના જેવો અદ્દ્ભુત શિષ્ય કોઇ આવ્યો નથી અને આવશે પણ નહિ.

શ્રીકૃષ્ણ—ગુરુદેવ! આપની ગુરુદક્ષિણા?

સાંદીપનિ—ભાઇ કૃષ્ણ! ગુરુદક્ષિણામાં કૃપાદાન. આપને અમે ભૂલીએ પણ આપ અમને ન ભૂલશો.

શ્રીકૃષ્ણ—આવું અઘટિત ન વદશો. મને તો આપ જે આજ સુધી વિદ્યાર્થી કૃષ્ણ તરીકે જોતા આવ્યા છો, તેમજ જોશો, લો. આપની ગુરુદક્ષિણા. (સોનામહોરો ગુરુના ચરણ આગળ મૂકે છે.)

સાંદીપનિ—વ્યવહારશાસ્ત્રનો અભ્યાસ પણ ઠીક કર્યો છે ભાઇ કૃષ્ણ! અભ્યાસ કર્યો છે એટલુંજ નહિ પણ તે અનુસાર વર્તન પણ કરી જાણ્યું છે. શિષ્ટાચારમાં તે વળી આની શી જરૂર હતી?

શ્રીકૃષ્ણ—ગુરુદેવ! આપ તો પરાર્થે જીવન ગાળો છો, આપને કાંઇ દ્રવ્યાદિની જરૂર નથી. આ તો અમે અમારે માટેજ મૂકીએ છીએ. અમારી પાછળ બીજા પણ કેટલાક બંધુઓ છે. પછીથી પણ આવશે. એ સર્વના પોષણનો ભાર શું આપના ઉપર નાખીએ? એવા અમે કૃતઘ્ની છીએ? રાજ્યગૃહે, દેવમંદિરમાં અને ગુરુને ત્યાં ખાલી હાથે ન જવાય એ નીતિશાસ્ત્રને ભણ્યા છતાં તેને વર્તનમાં ન મૂકીએ તો ભણ્યા—ન ભણ્યા એ સરખુંજ થઇ રહે.

સાંદીપનિ—હા, ભાઇ હા. જે આખા વિશ્વથી ન બંધાયા—જે વિશ્વથી પર છો તે મારી આંટીમાં કેમ કરીને આવશો? ભાઇ પધારો. આપનું કલ્યાણ છે.

સાંદીપનિની સ્ત્રી—ભાઇ કૃષ્ણ! મારી દક્ષિણા? ગુરુદેવ તો કાંઇ માગે નહિ એવા છે; પણ મારું માગણું બાકી છે હોં!

શ્રીકૃષ્ણ—માતા! આશ્રમમાં રાખી જે પુત્રવત્સલ ભાવે આપે અમારું પાલન કર્યું છે, તેનો બદલો તો અમારી ચામડીના જોડા કરીને શીવડાવીએ છતાં વળી શકે એમ નથી હોં! કહો માતા, આપને શું જોઇએ છે?

ગુરુપત્ની—કૃષ્ણ! હું જાણું છું કે તું બોલે છે તેવું કરી પણ બતાવે છે. ગુરુ—આશ્રમમાં તથા વ્યવહારમાં મોટી મોટી વાતો કરવી અને કરવું કાંઇ નહિ, એ પ્રકારના મનુષ્યની કોટીનો તું નથી. તેથીજ તારી પર ન સમજાય તેવું કુદરતી વહાલ ઊપજે છે. તારા વડે આશ્રમ શોભતો હતો. આશ્રમનો—ઘરનો તું દીપક હતો. તે તો આજે જાય છે. ઘરમાં—જીવનમાં હવે અંધકાર છવાઇ રહેશે. ઘરનો દીપક—કુળદીપક તો સોળ વર્ષથી ગયો છે અને અરેરે! અમારી પાછળ પિંડદાન દેનાર પણ કોઇ નથી. ભગવન્! ભગવન્ કૃષ્ણ! મારા પુત્રરૂપ શિષ્ય! એકજ વરદાન તારી પાસે માગું છું. મારી દક્ષિણાની માગણી અદ્દ્ભુત છે, તારી આપવાની શક્તિ પણ અદ્દ્ભુત છે. જો પ્રસન્ન હો તો માગું છું કે ગુરુદક્ષિણામાં મારા મૃત પુત્રને—તે જ્યાં હોય ત્યાંથી—આખા ત્રિભુવનમાંથી પણ ફરીને પાછો લાવી આપ. વત્સ, એથીજ મારા ઘરનું અજવાળું રહેશે.

શ્રીકૃષ્ણ—માતા, માતા, આ તમે શું માગ્યું? તમારા પુત્રને ગયાને તો સોળ સોળ વર્ષનાં વહાણાં વાયાં છે; તે પ્રકૃતિમાં લીન થયો. પંચમહાભૂતો, પંચ મહાભૂતોમાં શમાઇ ગયાં. હવે તે શી રીતે લાવી શકું? ગુરુદેવ! આ ધર્મસંકટમાંથી બચાવો.

સાંદીપનિ—દેવી! આવી અઘટિત માગણી તમારે ન કરવી જોઇએ. માગતા પહેલાં આપનારની શકિત પણ વિચારવી જોઇએ.

સ્ત્રી—માફ કરજો નાથ! તમારે આ બાબતમાં વચ્ચે આડા આવવાની કાંઈ જરૂર નથી. માગતા પહેલાં આપનારની શક્તિનો મેં પૂરેપૂરો વિચાર કર્યો છે. એમની શક્તિ અપ્રતિહત છે. વિચાર કર્યો છે એટલુંજ નહિ પણ પ્રત્યક્ષ જોયું છે. જે હાથ અભ્યાસ કરતી વખત યોગબળથી એઠાં એઠાં લાંબો કરીને મને તામડી આપે તે હાથ પુત્ર પણ લાવી આપે તેમ છે અને મારો પણ ક્યાં આગ્રહ છે? કૃષ્ણ મુખથી ના કહે કે, હું ગુરુદક્ષિણા નહિ આપી શકું, તો આ ક્ષણેજ તેને રજા છે. વચ્ચે કાંઇ પણ નડતર નહિ કરું.

સાંદીપનિ—એમ છે? ત્યારે માતાપુત્રની વાતમાં હું નહિ પડું. તમે જાણો અને તમારો કરહણિયો જાણે. (જાય છે) કૃષ્ણ પણ તે દિવસે પોતાને જવાનું બંધ રાખે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રવેશ ૫ મો

શ્રીકૃષ્ણ (એકાંત ઉદ્યાનમાં)—હઠોમાં હઠ ચાર જાતની. ઘોડાહઠ, બાળહઠ, રાજાહઠ અને સ્ત્રીહઠ. ઉત્તરોત્તર અધિક બળવાળી. ઘોડાહઠ કદાચ ઘોડાને પ્રબળ પ્રહારો પડતાં ભૂલે; બાળ હઠ, બાળકને કદાચ ધમકાવતાં ભૂલે; રાજાહઠ પણ કદાચ પ્રજાનો સામનો જોઇ દબાઈ જાય; પણ સ્ત્રીહઠ તો કોઇથી છોડાવાય તેવી નથી. અબળાની પ્રબળા બનતાં તે ચાહે તે કરે. જેમ પ્રકૃતિની સત્તાનો–સામર્થ્યનો છેડો નથી; તેમ પ્રકૃતિસ્વરૂપ નારી–હૃદયના સામર્થ્યની કાંઇ મર્યાદા નથી. સ્ત્રીશક્તિ ચાહે તે કરી શકે. એક સમય આખા વિશ્વને પણ ખળભળાવે તેમાં આશ્ચર્ય નથી. જુઓ, મારે પણ એ શક્તિની હઠ આગળ લાચાર થવું પડ્યું. પ્રવાસને અટકાવવો પડ્યો.

ગુરુપત્નીની ઇચ્છા પણ કેવી અદ્‌ભુત! મારા મૃતપુત્રને પાછો લાવો. નથી તેમાં તે સમય જોતી. નથી કેટલાં વર્ષ થયાં છે તેનો અંતરાય જોતી. તે તો જાણે અત્યારેજ બન્યું હોય તેમ કહે છે. અને આ પ્રબળ ઇચ્છાની આગળ મારે પણ નમવું પડયું. જે ઇચ્છાને બળે **एकोऽहं बहु स्याम** થઇ મેં વિશ્વ સૃજ્યું તેજ ઇચ્છાના બળે ગુરુપત્ની, પોતાના પ્રકૃતિ–તત્ત્વમાં વિલાઈ ગયેલા પુત્રના અણુઓને મારાદ્વારા પુનઃ મેળવશે ખરી.

હવે તો મારી યોગશક્તિનો આશ્રય લઇ દેશદેશાંતર જોવા દે. (યમલોકમાં પ્રવેશ કરે છે.)

યમદેવ—પધારો, પધારો, અંશાવતારી ભગવન્ કૃષ્ણ! શી આજ્ઞા છે?

કૃષ્ણ—આજથી સોળ વર્ષ પૂર્વે ઋષિ સાંદીપનિના પુત્રને લાવી શું કર્યું છે?

યમ—દેવાધિદેવ! તેનાં કર્મોનો અવધિ પૂરો થયો એટલે તેને અહીં લાવી પાતાળલોકમાં શેષશાયીની સાન્નિધ્યમાં તેના આત્માને મોકલ્યો છે.

(યમલોકમાંથી કૃષ્ણ પાતાળલોકમાં શેષશાયીની પાસે જાય છે. તેમને આવતા જોઇ વિષ્ણુ ભગવાન કહે છે કે, મારા અંશાવતાર કૃષ્ણ? મૃત્યુલોકમાંથી એકદમ શાથી અહીં આવવું પડ્યું? આપનાં કર્તવ્યોની પૂર્ણતાને તો હજી ઘણી વાર છે.)

દેવાધિદેવ! હા, તે વાત ખરી છે. પરંતુ સાંદીપનિ ગુરુની સ્ત્રીએ પોતાના મૃતપુત્રને લાવી આપવાની હઠ પકડવાથી મારે અહીં સુધી આવવું પડ્યું.

વિષ્ણુ—એ મુક્ત જીવાત્માને પુનઃ બંધનાત્મા બનાવનાર માતાના સ્નેહને શું કહેવું? પોતાના કર્મની શ્રેણીઓને પતાવી તે અહીં સુખી હતો. જા, કૃષ્ણની સાથે જા. ઓ સાંદીપનિ ઋષિના પુત્રરૂપ આત્મા! તારી માતાનું સ્નેહબંધન તને મૃત્યુલોકમાં આકર્ષે છે. પ્રબળ પ્રેમના આકર્ષણ આગળ આ સૃષ્ટિના સઘળા નિયમો અને વ્યવસ્થાને પણ ક્વચિત ઊંચાં મૂકવાં પડે છે. માટે ભાઈ! જા મૃત્યુલોકમાં અને આનંદ આપ તારાં માતપિતાને. આટલાં વર્ષ સુધી મારા સાન્નિધ્યને સેવ્યું છે માટે તને વરદાન છે કે, વત્સ! સંસારમાં રહેવા છતાંય કર્મનાં બંધનનો પાશ તને નહિ લાગે. ક્ષણે ક્ષણે સાવધાન રહી આત્મનિરીક્ષણ કરતો રહેજે. ભવમાં રહેવા છતાં ભવપતિનું ધ્યાન લગાવતો રહેજે.

શ્રીકૃષ્ણ—જાઉં છું ભૂમીતલમાં. દેવાધિદેવ! પ્રણામ.

પ્રવેશ ૬ ઠ્ઠો

શ્રીકૃષ્ણ (આશ્રમમાં દોડતાં દોડતાં આવીને)—માતા! માતા! લો, આ તમારો બાળક. શોધતાં ભારે મહેનત પડી. એની શોધમાં તો લોકલોકાંતરમાં જવું પડ્યું. યમલોકમાં પણ ગયો. જઇને પૂછ્યું: તમે સોળ વર્ષ ઉપર જે ઋષિપુત્રના આત્માને લઇ ગયા હતા તે ક્યાં છે? છેવટ તેમણે પત્તો બતાવ્યો પાતાળલોકમાં.

સાંદીપનિની સ્ત્રી—અમારા સુખી જીવનમાં અંગાર નાખનાર, અમારા આત્મારૂપ બાળકનું હરણ કરી જનાર યમ ક્યાં છે? કૃષ્ણ! લાકડી લાવ તો. હું જઇને મારી આવું. કૃષ્ણે જાણ્યું માતાને હર્ષોન્માદ થયો છે. તે બોલ્યા, માતા! માતા! સાવધ થાઓ. તમારા પુત્રને જરા જુઓ તો ખરાં, કે વધારે વર્ષ થયાં એટલે ભૂલી ગયાં? યમને મારવાની વાત કરશો નહિ. તે તો દેવ. તે સર્વને મારે. યમ કોઇથી ન મરે. પ્રભુનો દૂત. આખા વિશ્વનું નિયમન કરે. સઉ સઉના પ્રારબ્ધની અવધિ પૂર્ણ થતાં તે તો માત્ર ફરજ બજાવે. યમ કાંઇ નિષ્ઠુર નથી. જુઓ, સાવિત્રીના મૃત પતિને તેમણેજ જીવનદાન આપ્યું હતું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાંદીપનિ (ત્યાં આવીને)—સંયમશાળામાં મેં જાણ્યું કે, આ આનંદ કોલાહલ શાનો છે ? (પુત્ર સાષ્ટાંગ કરે છે. માતા પુત્રને ભેટે છે, પયની ધાર છૂટે છે.)

શ્રીકૃષ્ણ—માતા ! આપની ગુરુદક્ષિણા પૂર્ણ થઇને ? હવે રજા છે ?

ઋષિ-ઋષિપત્ની (ઉભય)—પધારો, કૃષ્ણજી ! શિષ્ય મળો તો તમારા જેવાજ મળજો. અમને ઠાર્યાં.

કૃષ્ણ—અધૂરું વાકય મારે કહેવાનું બાકી છે.

ગુરુ અને ગુરુપત્ની મળો તો તમારા જેવાંજ મળજો કે જેના આશ્રમમાં હું મત્ત હતો—મસ્ત હતો અને આનંદે વિચરતો હતો.*

ઇતિ ૐ શાંતિ

('વિશ્વજ્યોતિ' ના એક અંકમાંથી)

૪-શ્રીકૃષ્ણ અને ઉદ્ધવ

(લેખકઃ-શ્રી. મગનલાલ ગજ્જર, બી. એસ. સી. સાહિત્ય ભૂષણ)

પાત્રોઃ—શ્રીકૃષ્ણ, રાધા, નારદજી, લલિતા, ઉદ્ધવજી, વિશાખા

પ્રવેશ ૧ લો

સ્થળ:—શ્રીકૃષ્ણ ભગવાનનો મહેલ. **દૃશ્ય:**—ઉદ્ધવનું ગીત ગાતાં ગાતાં આવવું.

ઉદ્ધવ:—જેને વેદોએ નિરાકાર બતાવી જોયો; જગતે એમને દેહીરૂપે બતાવી જોયો.
એક ભુજંગથી જે વિશ્વસંહાર કરે; જોયો મેં યવનેશથી ભાગતો રહી ડરે.
નિજશક્તિથી એ બ્રહ્માંડ કરોડો કરે; ગિરિવર સ્વયં નિજ નખથી ઉઠાવે કરે.

અહાહાહા ! શું શું ન જોયું ? ભક્તોએ શું શું ન અનુભવ્યું ? સમસ્ત બ્રહ્માંડના સ્વામીને પૃથ્વી પર આવતા જોયા, પોતાની માયાથી સમસ્ત ચર-અચરને જકડી લેનારને ઊખળથી બંધાતા પણ જોયા.

ભગવન્ શ્યામસુંદર હવે તો ગોચરણ લીલા સંપૂર્ણ કરી, ગોકુળવાસીઓને પ્રેમનો પાઠ શીખવી, હાલ અહીં પધાર્યા છે; છતાં પણ વૃંદાવનની કુંજ ગલીઓને ભૂલ્યા નથી. એમને તો હજી એજ વૃંદાવન, એજ સ્નેહકુંજ, એજ ગોપીઘાટ, એજ કદંબવૃક્ષ અને એજ ગોપકુમારકાઓ યાદ આવે છે. અધૂરામાં પૂરું, આજનીજ વાત કહું. આજે તો એ મદનમોહનજી વૃંદાવનનાં ગોચરણ, કાલિયમર્દન, રાસમંડળના ચિત્રોની સ્મૃતિ કરતાં-ઝાંખી કરતાં કરતાં વિહ્વળ થઇ ગયા. રાધા ! રાધા ! કરી પોકારી ઊઠ્યા. એમને તો બસ રાધા અને ગોપીઓનુંજ રટન-રાધાનુંજ ધ્યાન; આ સ્વયં પ્રેમાવતાર સ્વરૂપ એનાથીજ પ્રેમ કરે છે. કરે જ તો, કેમ ન કરે ? તે પણ એમના પર એટલોજ પ્રેમ રાખે છે ને ! ના, ના, એમ નથી. ગોપીઓ તો હવે દૂર છે અને જો એમજ હોત તો કૃષ્ણ પોતે ગોપીઓના નામ પેઠે મારું પોતાનું પણ નામ ન લેત ? નજદીક તો હું છું !

મારું ! હા. હા. મારું ! મારું નામ ! યદુનન્દનને ઘેર શું મેં મારું સર્વસ્વ નથી ચડાવ્યું ? મારા હૃદયાસન પર શું મેં એમને નથી બેસાડ્યા ? અહાહાહા—હા ! લો, એજ શ્યામસુંદર સામેથી આવતા જણાય છે. પણ આ શું ? એ ચંદ્રવદન પર કાંઇક દુઃખની ઘટા જણાય છે. એ ચંદ્રકમળ સમું મુખારવિંદ આજે આમ નિસ્તેજ કેમ જણાય છે ? (જમણા હાથ વડે માથું દાબતા શ્રીકૃષ્ણ પ્રવેશ કરે છે)

શ્રીકૃષ્ણ (દુઃખી અવાજે)—ઉદ્ધવ ! ઉદ્ધવ ! અરેરે !

ઉદ્ધવ (વ્યાકુળ થઇને)—ભગવન્ ! ભગવન્ ! આજ્ઞા.

શ્રીકૃષ્ણ (મસ્તક પર હાથ રાખીને)—ભક્તરાજ ! બહુ કળતર થાય છે. માથું એટલું તો દુખે છે કે, કહેવાની વાત નહિ. ફાટ ફાટ થાય છે.

---

* સૂચિત—સંવત ૧૯૯૦ના આષાઢ કૃષ્ણ નવમીએ કુલ દીપકની ૧૬મી સંવત્સરી નિમિત્તે આલેખાયેલું ચિત્ર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉદ્ધવ—ભગવન્! લાવો ચંપી–મર્દન કરી દઉં, કાંઈ ઔષધ મસળી દઉં. આજ્ઞા હોય તો વૈદરાજને બોલાવું.

શ્રીકૃષ્ણ—ના, ઉદ્ધવ! ના. નહિ. આ વેદના પર વૈદની જડીબુટ્ટી નિરર્થક છે. કોઇ પણ પ્રકારની ઔષધિ એ પર ચાલેજ નહિ. (ભગવાન પોતાના હાથેજ પોતાના માથાપર પિછોડી બાંધે છે)

ઉદ્ધવ—તો મહારાજ?

શ્રીકૃષ્ણ—અરે! એવું ઔષધ તો પ્રત્યેક મનુષ્ય પાસે છે.

ઉદ્ધવ—જનાર્દન! તો બતાવોને ભગવન! કે હાજર કરું.

શ્રીકૃષ્ણ—એક બહુ નજીવી, નાની શી ચીજ!

ઉદ્ધવ (હાથ જોડીને)—પણ તે કઈ?

શ્રીકૃષ્ણ—અરે! તે તમારી પાસે પણ છે.

ઉદ્ધવ—મારી પાસે? તો તે વસ્તુ આપસંમુખ હાજર કરવા દાસ તૈયાર છે. પણ તેનો નામનિર્દેશ તો કરો.

શ્રીકૃષ્ણ—ચપટી ધૂળ! તમારા પગની રજ! લઉં કે? ઉપાડું કે? (શ્રીકૃષ્ણ ઉદ્ધવના પગ નીચેની ધૂળની ચપટી ભરવા વાંકા વળે છે.)

ઉદ્ધવ (પાછા હઠતાં)—અરે ભગવાન! આ શું? સબૂર! સબૂર! મદનમોહન, મારા પગ નીચે ચગદાયેલી ચપટી ધૂળ અને તે આપના મસ્તક પર! આ શું બોલો છો? આ શું કરો છો? ના ના. મારા પગની રજ આપના મસ્તક પર લગાડી આપ મને નરકમાં ઠેલવા ઇચ્છો છો કે શું? આ તો દુનિયાનો ઊલટો ક્રમ! એ ન બને, ન બને, ન બને!!

શ્રીકૃષ્ણ—મારા માથાના દુખાવા પર તમારી પાસે છે, તે ઔષધ મને આપતાં તમને નરકમાં જવાનો ભય હોય તો જાઓ, કોઈ બીજાના પગની ચપટી ધૂળ લઈ આવો. જે કોઈ પોતાના પગની રજ આપે તે લાવો. જાઓ, ઉતાવળ કરો, વાર ન લગાડો. જુઓ, આ દર્દ તો વધતું જાય છે. તે ન ભૂલો. ચાલો, જાઓ.

ઉદ્ધવ—જેવી આજ્ઞા મહારાજ.

શ્રીકૃષ્ણ—જાઓ, જુઓ, તપાસ કરો. મારી મસ્તકવેદનાનું ઔષધ કોણ આપે છે? (ઉદ્ધવ જાય છે. બીજી બાજુએથી નારદજી વીણાના તાર ગુંજતા પ્રવેશે છે.) અહોહો! એ કોણ? નારદમુનિ! પધારો, પધારો!

નારદ—નમસ્કાર મહારાજ! અરેરે! આ શું દશ્ય? પણ એ તો બતાવો ઘનસ્યામ! કે આજે આ શો સ્વાંગ રચ્યો છે? આ મુખારવિંદ ગ્લાનિમય કેમ દેખાય છે? આ શ્યામવદનને કયા દુઃખાવરણે ઘેરવા માંડ્યું છે? આજ શી લીલા રચી છે? મસ્તકવેદનાને બહાને કઇ લીલા રમવી યોજી છે? લીલા! લીલા! પુરુષોત્તમ, આપની લીલા અકળ છે.

શ્રીકૃષ્ણ—તમે કેમ જાણ્યું? મુનિરાજ!

નારદ—મેં? ઉદ્ધવદ્વારા. ભગવન્! ઉદ્ધવ–બાપડો ઉદ્ધવ, મથુરા નગરીમાં ઘેર ઘેર મનુષ્યના પગની રજ–અરે ચપટી ધૂળની ભીખ માગતો ફરે છે. મને પણ હસવું આવ્યું. વળી એ તે શી પ્રવૃત્તિ? ચપટી ધૂળની તે વળી ભીખ? તેને પૂછતાં માલૂમ પડ્યું કે, આપ મસ્તક વેદનાથી પીડાઓ છો, અને આપેજ તેનું ઔષધ બતાવ્યું મનુષ્યના પગની રજ! એ તો મહારાજ, એક કોયડો છે, કોયડો!

શ્રીકૃષ્ણ—કંઇ નહિ. મુનિરાજ! મારા માથામાં સાચમાચ પીડા થાય છે. અરેરે...(માથું દબાવતાં) નારદજી, શું કહું? આ દર્દથી તો મારો જીવ પણ ગભરાય છે. (વ્યાકુળ થતા હોય તેમ) ખમાતું નથી. અરેરે!

નારદ—મને ન બનાવો. ગિરિધારી! બસ કરો, પ્રભુ! બસ કરો. આપ જાણો છોજ કે, હું એવો નથી કે આપની આવી વાતમાં સહેજમાં આવી જાઉં. હું ઉદ્ધવ નથી કે, આપની મસ્તકપીડાને લીધે બારણે બારણે કોઇના પગની ચપટી ધૂળ માગવા જાઉં!

શ્રીકૃષ્ણ (હસીને)—લો, ત્યારે કહી દઉં? દેવર્ષિ! (હસતા જઇ) સાંભળો. નિજભક્તનું ગર્વદમન, એ જ આ મસ્તકશૂળનું કારણ. બીજું કાંઇજ નહિ.

નારદ (આશ્ચર્ય પામતાં)—હેં! હેં! પ્રભુ! ગર્વદમન! અને તે પણ નિજભક્તનું? આજે કયા ભક્ત પર એવડી કૃપાદૃષ્ટિ કરી? કયા ભક્ત પર એ અમીદૃષ્ટિ ફેંકી? ભક્તવત્સલ!

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીકૃષ્ણ (હસીને)—ઉદ્ધવ પર, બીજા કોના પર?

નારદ—ઉદ્ધવ પર?

શ્રીકૃષ્ણ (હસતાં હસતાં)—અરે હા, હા, ઉદ્ધવ પર, ઉદ્ધવ પર અને તેથીજ તેને એની ઔષધિ લેવા પણ મોકલ્યો.

નારદ—પણ કાંઈ કારણ? ત્યારે એમ છે તો વાતનો પ્રસ્તાવ પણ કાંઇ સારોજ હશે?

શ્રીકૃષ્ણ—મુનિવર્ય...! આજે ભક્તવર ઉદ્ધવને ગર્વ થયો, ગર્વ થયો. એવા પ્રકારનો ગર્વ થયો કે, "હું ગોપગોપીઓની માફક એના નામનો ઉચ્ચાર કેમ નથી કરતો? શું ગોપીઓ કરતાં હું ગયો? ગોપીઓએ શું આપ્યું? શું કર્યું છે? વધુ તો મેં કર્યું છે. એ માટેજ! બસ, મેં શિરદર્દનું બહાનું કાઢયું.

નારદ (ખુશી થઇને)—અને તેના ઉપાયમાં ચરણરજ! હાં! હાં! ભક્તવત્સલ! હવે હું એનો બધો ભેદ સમજ્યો.

શ્રીકૃષ્ણ—દેવર્ષિ! ઉદ્ધવે તો નરકના ભયથી પોતાની ચરણરજ ન આપી, તે નજ આપી. પણ હવે જ્યાંથી એને એ ચરણરજ મળશે, ત્યાં એને ભક્તિ અને પ્રેમનું દશ્ય નજરે પડશે.

નારદ—અને એજ ક્ષણે, ત્યાં ને ત્યાંજ, એનો ગર્વ તેજ ધૂળમાં મળી જશે. ધન્ય છે! દીનબંધુ! પણ એ તો બતાવો સર્વવ્યાપકજી! કે આપની એ વેદનાનું ઔષધ એવી જે ચપટી ધૂળ તે એને ક્યાંથી મળશે?

શ્રીકૃષ્ણ—એ ન જાણ્યું મુનિરાજ? એ જોવાની ઇચ્છા છે? ત્યારે જુઓ, આંખ મીંચો.

(શ્રીકૃષ્ણ આંગળી ઊંચી કરી બતાવે છે.) આ સ્થાનમાંથી તે ઔષધ મળશે. જુઓ, જુઓ.

(નારદ આંખ મીંચે છે. તેને જુદોજ દેખાવ દેખાય છે. વૃંદાવન, રાધા, ગોપીઓ તથા રાસમંડળનું દશ્ય અને તેમાં વળી તેજ ધૂળની માગણી કરતા ઉદ્ધવજી.)

નારદ (પ્રગટ)—અહા! અહા! વ્રજવિહારી! ઔષધગૃહ-તેજ પેલું વૃંદાવન, એજ ગોપીઓ, તેમાં પેલી એ ત્રણ તો મુખ્ય-રાધા, સાથે લલિતા અને વિશાખા-અહાહા!

શ્રીકૃષ્ણ—હા. હા અને જોયો પેલો મારો ભક્ત.

નારદ—એ જ વૈદ્યો પાસે ઔષધ માગે છે તે ઉદ્ધવ!

(વૃંદાવનનો દેખાવ વધતો જાય છે. નારદ અને શ્રીકૃષ્ણ એક બાજુએ ખસી જાય છે. નારદજી આ દેખાવ ધારી ધારીને જુએ છે.)

× × × × ×

પ્રવેશ ૨ જો સ્થળઃ—વૃંદાવન

ઉદ્ધવ—અરે! એક ચપટી ધૂળ માટે ક્યાં ક્યાં નથી ગયો? થાકી ગયો, થાકી. આખી મથુરા ખૂંદી વળ્યો. ગલીએ ગલીએ, શેરીએ શેરીએ, મહોલ્લે અને ફળિયે ઘૂમ્યો. રસ્તે રસ્તે બૂમ મારી. પ્રત્યેક નરનારીને વિનવ્યાં. પરંતુ યદુનન્દન માટે ચપટી ચરણરજ આપવા કોઈજ રાજી નથી. હતાશ થયો. હવે ઘૂમતો ઘૂમતો વૃંદાવનમાં આવી ચડયો છું. જોઉં છું, અહીં કોઇ આપે છે? હા. જુઓ. પેલું ગોપીઓનું જૂથ! અરે! એ તો ભગવાનની પ્રેમની પ્રતિમાઓ! લાવને એમની પાસેજ માગી જોઉં. (આગળ આવીને) વૃષભાનુતનયા!

રાધા (આગળ આવીને)—અહો મહાભાગ્ય! પધારો, પધારો, કહો, કેમ પધારવું થયું? અમને બોલાવવા મોકલ્યાં છે કે શું? કહો, કહો. તે પ્રેમાવતાર મૂર્તિમનોહર સારી પેઠે તો છે ને?

ઉદ્ધવ—અરે શું કહું? જીભ ઊપડતી નથી. આ સમયે ભગવાન મોટા કષ્ટમાં છે.

રાધા (ખિન્ન હૃદયે)—કષ્ટ! અરે ઉદ્ધવ! તમે શું બોલો છો? ઘનશ્યામને કષ્ટ અને તમે અહીં? તમે તેમને કેમ છોડ્યા? તમારું હૈયું પાષાણનું થઇ ગયું કે શું? કષ્ટમાં-તમે કહો છો તેમ-મોટા કષ્ટમાં તેમને છોડીને અહીં આવતાં ભલી તમે હિંમત ભીડી!

ઉદ્ધવ—પ્રેમમૂર્તિ! યદુનન્દનને મસ્તકવેદનાથી ભારે પીડા થાય છે. તેમને છોડીને આમ ભટકવા નીકળવું એ કઠોર તો ખરું પણ તેમણેજ મને ઔષધ શોધવા મોકલ્યો છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાધા (વિહ્વળ થઇને)—ઔષધ કેવું ને વાત શી? બોલો, બોલો, ભક્તરાજ કયું ઔષધ ?

ઉદ્ધવ—ચરણરજ.

રાધા—તો તમેજ તે કેમ ન આપી ?

ઉદ્ધવ—નરકનો ભાગી થવા? મારા પગની રજ એમના મસ્તક પર? ને હું નરકનો અધિકારી ન થાઉં? મારા શા ભોગ લાગ્યા હોય કે હું મારા પગની રજ એમને માથે મૂકવા દઉં.

લલિતા (હસીને)—અહાહા ! નરકના ભયથી ખંચકાયા ? પ્રેમના પૂજારી ! વાહ ! ભક્તરાજ ! એટલુંએ ભૂલી ગયા કે, પ્રેમનો ઉપાસક નરકયાતનાથી પણ ડરતો નથી.

વિશાખા—લલિતા ! લલિતા ! બસ કર. એટલું તો સમજ કે જે સમય જાય છે, તે પ્રેમનું તત્ત્વ સમજાવવાનો નથી. પણ ઉદ્ધવને મસ્તકવેદનાની ઔષધી આપી, જલદી અહીંથી વિદાય કરવાનો છે.

રાધા—ત્યારે ઉદ્ધવજી ! લો, આ રહી ચરણરજ. (સર્વ ગોપીઓ પોતપોતાના પગની નીચેની ધૂળની ચપટી ભરવા વાંકી વળે છે અને ચપટી ચપટી આપે છે.) લો, આ લો. એકના પગની રજ નહિ, પણ અમો સર્વેના પગની રજ લેતા જાઓ. જાઓ, જલદીથી જાઓ. કોઇ પણ પ્રકારે મોહનજીની મસ્તકવેદના મિટાવો. જાઓ.

લલિતા—અમે કંઇ નરકના ભયથી બીતી નથી. ઉદ્ધવજી ! અમારે મન તો એજ કે, કોઇ પણ પ્રકારે અમે જેમ ખુશખુશાલ છીએ, તેમજ અમારા મદનમોહન પણ રહે. જેવું અમારું જીવન તેવુંજ એમનું જીવન. જેવી રીતે પૂજારણ તેવીજ રીતે તેના હૃદયનો અધિષ્ઠાતા રહેવો જોઇએ. માટે ઉદ્ધવજી ! જાઓ. જલદીથી જઇ આ અમે આપેલી અને તેમની મંગાવેલી ઔષધીરૂપ રજ આપો અને મસ્તકવેદના ઓછી કરો. (ઉદ્ધવ ધૂળનો સ્વીકાર કરે છે.)

ઉદ્ધવ (સ્વગત)—ઓત્તારીની ! કેવું અજબ ! હવે સમજ પડી. ગૂંચવાયલા કોયડાનો ભેદ ખૂલ્યો ખરો. પ્રેમ અને ભક્તિનું રહસ્ય તો અહીં તાદશ થાય છે. ખરાં પ્રેમ અને ભક્તિ તો અહીંજ છે. હવે સમજાયું.

વિશાખા (જરા ગુસ્સામાં)—અરે ઉદ્ધવજી ! ઊભા ઊભા શું વિચાર કરો છો ? જાઓ, વિલંબ ન કરો. જલદી જાઓને !

ઉદ્ધવ—વિચાર શા હોય વળી ? વારુ. ચરણરજ તો મળી, પણ હવે શ્યામસુંદર માટે કાંઇ સંદેશો છે કે ?

રાધા—ઉદ્ધવ ! જરા તો વખત વિચારો. શું આ સમય સંદેશો આપવાનો છે કે ? જાઓ. બસ તમે આટલી રજજ લઇ જાઓ. વિલંબ ન કરો.

લલિતા—લાવો, ઉદ્ધવજી ! તમારાથી જલદી જવાતું ન હોય તો હું જાઉં. (ઉદ્ધવ જાય છે.)

× × × × ×

પ્રવેશ ૩ જો

સ્થળઃ-શ્રીકૃષ્ણનો મહેલ, શ્રીકૃષ્ણ અને નારદજી

શ્રીકૃષ્ણ—કેમ મુનિવર્ય ! જોયું ?

નારદ—જોયું, જોયું. ભગવન્ ! આપની લીલા કોણ પામી શકે? આજે આપની લીલાનો પ્રકાશ મેં જોયો, તેવો તો યોગીઓમાં પણ જોવામાં નથી આવ્યો.

શ્રીકૃષ્ણ—પણ પ્રેમનું રહસ્ય સમજ્યા ?

નારદ—ના, દીનાનાથ ! મારા જેવો તે વળી એનું રહસ્ય ક્યાંથી સમજે ?

શ્રીકૃષ્ણ—અરે મુનિમહારાજ ! પ્રેમ એ કાંઇ વૃદ્ધિનો વિષય નથી. જે પોતાનું સર્વસ્વ મને સોંપી દે છે, તેને હું ઉપહારમાં તેજ વસ્તુ પ્રદાન કરું છું, મારો પ્રેમ વાવ-કૂવા ખોદાવવામાં, દાનદક્ષિણા દેવામાં, ટીપ-ઉઘરાણાં કે ફંડફંડની ઝોળી ભરવા ભરાવવામાં, યા ગુપ્ત મંત્રજાપ જપવામાં, આરતી અને ઘંટનાદ કરવામાં કે માળા ફેરવવામાં, માલપૂડા યા મલીદા ખાવા-ખવડાવવામાં, સાધુસંતને પોષવામાં કે સંયમ નિયમ ઇત્યાદિનું પાલન કરવામાં, સંઘ કાઢવામાં કે તીર્થયાત્રા કરવામાં, વગેરે વગેરે બાહ્ય કર્મકાંડ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરવામાં મારો પ્રેમ–મારા પરત્વેનો પ્રેમ સમાતો નથી. એ પ્રેમ તો એક અલૌકિક વસ્તુ છે. એ પ્રેમ તો એક એવી વસ્તુ છે કે, તે મને પોતાનું સઘળું અર્પણ કરી, પોતે નિશ્ચિંત થઇ બેસે છે; એ પ્રેમી તો જગતમાં નિર્મોહી રહે છે, એ પ્રેમી તો નિરભિમાની રહે છે; અભિમાનનો ત્યાગ કરી કેવળ મારામાંજ તે ઓતપ્રોત થઇ જાય છે. પ્રેમ

નારદ—ધન્ય, પ્રેમાધાર ! ધન્ય ! !

શ્રીકૃષ્ણ—વિચારો, મુનિવર ! ખ્યાલ કરો, મારે લીધે જે પોતાનું સર્વસ્વ ત્યાગી દે છે અને જે મારો આશ્રય લે છે તેને હું કેમ ત્યાગી શકું ? તે મારો છે અને હું તેનો છું. તે મારા સિવાય અન્ય કોઇને જાણતો નથી અને હું પણ તેના સિવાય અન્યને જાણતો નથીજ.

નારદ—ભક્તવત્સલ પ્રભો ! ધન્ય ! ! (ઉદ્ધવ આવે છે.)

શ્રીકૃષ્ણ (ઉતાવળા થઇ હાથ લંબાવતા)—કેમ ઉદ્ધવજી ! ઔષધી લાવ્યા કે ? ચપટી શી ધૂળ શોધતાં બહુ વાર લાગી, નહિ વારુ ? (નારદજી હસે છે.)

ઉદ્ધવ—મહારાજ ! ઔષધિ તો લાવ્યો પણ મારો ગર્વ હું ત્યાંજ મૂકતો આવ્યો. ગર્વવિહારીજી !

શ્રીકૃષ્ણ—(આશ્ચર્ય પામતા હોય તેમ) લાવો. ક્યાંથી મળી ? આ ચરણરજ કેવી રીતે મળી ? બહુ વાર લાગી. શ્રમ પણ ઘણો પડ્યો, નહિ વારુ ?

ઉદ્ધવ—નાથ ! હવે એ ક્યાંથી બતાવું ? આખી મથુરા નગરીમાં ચક્કર માર્યાં, પણ પ્રત્યેક નરનારી પાસેથી મારા જેવોજ પ્રત્યુત્તર મળ્યો.

શ્રીકૃષ્ણ—પછી ? ત્યારે આ ક્યાંથી ?

ઉદ્ધવ—શું કહું ? પછી તો હું જઇ પહોંચ્યો વૃંદાવનમાં.

શ્રીકૃષ્ણ—તો શું ત્યાંથી પણ ઔષધી ન મળી ?

ઉદ્ધવ—અરે ત્યાં ? ત્યાં તે કેમ ન મળે ? દીનાનાથ ! ત્યાંથી તો ચરણરજ મળતાં મારો ગર્વ પણ રજરૂપ થઈ ગયો.

શ્રીકૃષ્ણ—ઠીક. હવે ભક્તરાજ ! આગળ ચલાવો. એ ચરણરજ–ચપટી ધૂળ–મારા મસ્તક પર નાખો. (માથું નમાવે છે.)

ઉદ્ધવ (આગળ વધીને)—હવે રહેવા દો, દીનાનાથ ! એની તે હવે શી જરૂર છે ? આપની વેદના તો મારા ગર્વની સાથે સાથે ચાલી ગઇ હશે.

શ્રીકૃષ્ણ—એ વાત તો સત્ય છે. પણ ઉદ્ધવજી ! હવે એ રજને રાખશો ક્યાં ? એનું સ્થાન આ ભૂતળ પર નથી. એનું યોગ્ય સ્થાન તો મારું માથુંજ છે...લાવો, લાવો. જો તમારાથી મારા મસ્તક પર ન મૂકી શકાતી હોય તો મને આપો. વિમાસો છો શું ? મૂંઝાઓ નહિ. (ઉદ્ધવના હાથમાંથી પોતે તે ધૂળ લે છે અને તેના દેખતાંજ) અહાહા ! કેટલી પ્રિય ! વહાલાંઓની ચરણરજ ! પછી કેમ વહાલી ન હોય ? પ્રતીત થાય છે કે, આ રજ તો પ્રેમનુંજ સ્વરૂપ છે. એને તો હૃદય સાથેજ ચાંપું. પછી માથે ચડાવું. (પોતે તે ધૂળને આલિંગન દઇ પોતાને માથે મૂકે છે.)

નારદ—અહાહા ! જગતના પ્રેમનું સર્વોત્કૃષ્ટ દૃશ્ય તો અહીંજ છે.. બસ થયું, વ્રજવિહારીજી ! હવે એક અભિલાષા છે અને તે પણ પૂર્ણ કરો.

શ્રીકૃષ્ણ—વાહ ! નારદજી ! ! વાહ ! ! ! હજી કાંઇ બાકી રહી ગયું કે ? બોલો, બોલો ભક્તરાજ, શી અભિલાષા છે ?

નારદ—તો બસ, આ આપનું વદન તો ધૂળને લીધે–અરે પેલી પ્રેમની ભભૂતીને લીધે–ચરણરજને લીધે–ધૂળમય થઇ ગયું છે. હવે જરા આ બંસરી લો. (બતાવીને) કૃપાનિધાન ! અને તેને અધરનું પાન આપી, તેનું મધુરું ગાન સંભળાવો; જેથી કરીને હું તેના તાનમાં મુગ્ધ થઇ વ્રજબાળાઓની માફક વ્યાકુળ થઇ નાચું; આનંદમાં રાચું ! કૂદું ! બીજા કોઇની પણ સ્મૃતિ વિના–અરે સ્મૃતિથી વિમુખ થઈ–આપના ચિંતનમાંજ, સમસ્ત ચિન્તાઓમાંથી મુક્તિ પામું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીકૃષ્ણ—તો શું? તમે મને સર્વદા બંસીધર તરીકેજ જોવાને ઇચ્છો છો? મુનિવર!

નારદ—હા, હા, ઘનશ્યામ! હું તો આપને સદા સર્વદા બંસી બજાવતા, ગોપીઓના વૃંદમાં રાસ રમતાજ જોવાની અભિલાષા ધરાવું છું.

ઉદ્ધવ (હાથ જોડીને)—હા, મહારાજ! મારી પણ એજ અભિલાષા છે.

શ્રીકૃષ્ણ—ઠીક કહી, મુનિરાજ! તો લો, જુઓ. એજ દસ્ય. હું હવે ગુપ્તરૂપે ત્યાંજ–વૃંદાવનમાંજ રહું છું–જુઓ, આજ કે તે વૃંદાવન? આજ કે તે ગોપીઓ? અને આજ કે તે રાસ........?

(શ્રીકૃષ્ણનું ત્યાંથી અદસ્ય થવું.)

નારદજી અને ઉદ્ધવજી અખંડ રાસમંડળનાં દર્શન કરે છે.

('ચિત્રમય જગત' ના એક અંકમાંથી)

૫–શ્રીકૃષ્ણાર્જુન–યુદ્ધ

"દુષ્ટ! પાપી, ચંડાળ! આટલી હદ સુધીનું તારું સાહસ!"

"પ્રભો! શાંત થાઓ. ગંધર્વરાજ ચિત્રસેન ઇરાદાપૂર્વક નથી થૂંક્યા. તેઓશ્રી તો સહપત્ની ગંગાજીમાં સ્નાન કરી વિમાનમાં ઇન્દ્રલોક તરફ પ્રયાણ કરી રહ્યા છે. સંભવ છે કે, ઉપરથી અજાણતાં તેઓ થૂંક્યા હોય! અને તેના છાંટા અંજલિમાં પડ્યા હોય! એ અપરાધ ભૂલથી થઇ ગયો છે! પ્રભો! તેમને ક્ષમા કરો."

"નહિ વત્સ! ચિત્રસેનની એ મદાંધતા છે. રાજ્યાહંકારી ઇન્દ્રને ત્યાં રહી એ પણ અહંકારી બન્યો છે. જ્યાંસુધી તેના ગર્વનું ખંડન ન કરું ત્યાંસુધી તેનો અહંકાર ઊતરવાનો નથી. ચિત્રસેનને ક્યાં ખબર છે કે, તે ગાલવ મુનિનો અપરાધી છે. ભક્તિરૂપી અમૃતથી પવિત્ર કરેલી ભાગીરથીના જળની અંજલિમાં થૂંકી એણે મહાન અપરાધ કર્યો છે. એ કૃત્ય ક્ષમાપાત્ર નથી. તેને તેની શિક્ષા મળવીજ જોઇએ. ચાલો, તે માટે આપણે શ્રીકૃષ્ણચંદ્ર પાસે જઇએ અને તેને દંડ અપાવીએ."

એટલું કહી ગાલવ મુનિએ પોતાના શિષ્યને લઇને દ્વારકાપુરી તરફ પ્રયાણ કર્યું. જે સમયે ગાલવ મુનિ શ્રીકૃષ્ણજીને મળ્યા, તે સમયે બળરામ, સાત્યકિ તથા નારદજી ત્યાં બેઠા હતા. સર્વેએ ગાલવ મુનિને યથાયોગ્ય માન આપી સત્કાર્યા ને તેમના આગમનનું કારણ પૂછ્યું. ગાલવમુનિએ પણ પોતાની અથઇતિ કહી સંભળાવી. તેથી શ્રીકૃષ્ણચંદ્ર પણ સહેજ ક્રોધિત થયાં અને આવેશમાં આવી બોલી ગયા કે, "ઋષિ-રાજ! જો આપ તેને કાલ સંધ્યા સુધીમાં ક્ષમા નહિ આપો, તો અવશ્ય હું તેને મારી નાખીશ. એ મારો અંતિમ નિશ્ચય છે."

એ સાંભળી નારદજી બોલી ઊઠ્યા કે, "પ્રભો! જો ચિત્રસેનને પોતાના અપરાધની ખબર પડશે, તો તે અવશ્ય પશ્ચાત્તાપ કરશે. તેને એક નજીવા અપરાધ માટે પ્રાણદંડ આપવો એ અન્યાય છે. ઋષિરાજ તો તેને ક્ષમા નહિ કરે, એટલે તમારે તમારી પ્રતિજ્ઞાનુસાર તેને સંહારવોજ જોઇશે. તો હું આપને વિનવું છું કે, ન્યાયધર્મના પાલન માટે તમારે એ પ્રતિજ્ઞાનો ભંગ કરી તેને ક્ષમા આપવીજ જોઇએ."

"દેવર્ષિ! એ અસંભવિત છે. ચિત્રસેનને હું અવશ્ય મારીશ. ક્ષત્રિયની પ્રતિજ્ઞા એકજ હોય!"

"પ્રભો! એમ ન કરો. આપની પ્રતિજ્ઞા હું પૂરેપૂરી રીતે સમજું છું. મહાભારતના યુદ્ધ વખતે શસ્ત્ર ધારણ ન કરવાની આપે પ્રતિજ્ઞા લીધી હતી ને શું તે પ્રતિજ્ઞા આપે પૂરી પાળી હતી કે?"

"દેવર્ષિ! એ સમય જુદો હતો. આ સમયે જરૂર ચિત્રસેન મારા હાથથી સંહારાશે. વિશ્વની કોઇ પણ શક્તિ મારી એ પ્રતિજ્ઞાની આડે આવી શકશે નહિ."

નારદજીએ કૃષ્ણચંદ્રને ઘણું ઘણું સમજાવ્યા, પણ તેઓ એકના બે નજ થયા; ત્યારે શ્રીકૃષ્ણચંદ્રના સત્તાના મદને તોડવાની નારદજીને ઇચ્છા થઇ. પરિણામે કોઇ ને કોઇ પ્રકારે ચિત્રસેનને બચાવવાની પ્રતિજ્ઞા નારદજીએ લીધી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચિત્રસેનને જ્યારે આ બન્ને પ્રતિજ્ઞાઓની ખબર પડી, ત્યારે તે વિમાસણમાં પડ્યો. તેણે ઇન્દ્ર અને વરુણાદિ દેવની સહાયતા માગી; પણ શ્રીકૃષ્ણચંદ્રના શત્રુને કોઇએ સહાય ન આપી. ચિત્રસેન પાગલની માફક અહીંથી તહીં સહાય માટે રખડ્યો; પરંતુ કોઈ પણ ઠેકાણેથી તેને સહાયતા ન મળી. છેવટે નિરાશ થઇ, શ્રીકૃષ્ણ જેવા શત્રુના હાથે મરવા કરતાં, ગંગાજીનો આશરો લેવો તેણે યોગ્ય ધાર્યું અને સૂર્યોદય થતાં પહેલાં આત્મહત્યા કરવાને એ ભાગીરથી–તટે જઈ પહોંચ્યો.

કપડાં ઉતારી જેવો તે ગંગાજીમાં પડવા જતો હતો, તેવોજ દૂરથી એક અવાજ સંભળાયો, "ઓ યુવાન ! આત્મહત્યા એ ભયંકર અપરાધ છે."

એ અવાજ ક્યાંથી આવ્યો ? તે જોવા ચિત્રસેને પાછું ફરી જોયું તો તેનીજ પાસે ભીંજાયેલ કપડાં પહેરી એક અપૂર્વ તેજસ્વિની દેવી ઊભી છે.

"યુવાન ! કયા કષ્ટે કરીને તું આત્મહત્યા કરવા તત્પર થયો છે ? તું કોણ છે ? ને ક્યાંથી આવે છે ?"

"દેવિ ! હું ગંધર્વરાજ ચિત્રસેન છું; છતાં આ સમયે નિરાધાર છું. મારે માતા ભાગીરથીની ગોદ સિવાય બીજાનો આશરો લેવો હવે નથી રહ્યો. બ્રહ્માંડમાંથી ધર્મનું અસ્તિત્વ નષ્ટ થયું લાગે છે, જાણે સંસારની માતાઓએ વીર પુત્રોનો પ્રસવ કરવાનુંજ છોડી દીધું ન હોય !"

"ગંધર્વરાજ ! વીર માતાઓને દોષ ન દે ! હું તને આશરો આપવા તૈયાર છું. કહે વત્સ ! કહે, તારા દુઃખનું કારણ મને કહે !"

"માતાજી ! હું ઋષિરાજ ગાલવનો અપરાધી છું. પ્રાતઃસમયની તેમની અંજલિમાં ભૂલથી હું અભાગીનું થૂંક જઈ પડયું. આ એક નજીવા અપરાધનો દંડ દેવા શ્રીકૃષ્ણચંદ્રે આજે સાંજ સુધીમાં મારો સંહાર કરવાની પ્રતિજ્ઞા લીધી છે.

આખી સ્વર્ગપુરીના દેવોને મળી ચૂક્યો; પણ કોઇએ મને સહાયતા ન આપી–સાહસ ન કર્યું. છેવટે હું ભાગીરથીતટે આત્મહત્યા કરવા આવ્યો."

"વત્સ, ફિકર ન કર. શ્રીકૃષ્ણચંદ્ર જેનો સંહાર કરશે તેનો બચાવ તેનીજ બહેન કરશે. સમય થોડો છે. એ ભાઇએજ મને શિક્ષણ આપ્યું હતું કે, નિરાશ્રિતોને આશ્રય આપવો એ આર્યોનું પ્રધાન કર્તવ્ય છે, ગૌરવ છે. અસ્તુ, તેની શિક્ષાજ આ વીરનરને બચાવશે. એ માટે જો ભાઇ સાથે યુદ્ધ કરવું પડશે, તો તે માટે પણ હું તૈયાર છું. મારનાર કરતાં બચાવનાર મોટો છે, તેનો આત્મા પ્રબળ છે." એટલું વિચારી એ યુવતીએ કહ્યું કે, "વત્સ ચિત્રસેન ! જો આ વિશ્વમાં તને કોઇએ આશરો ન આપ્યો, તેથી એમ ન જાણવું કે પૃથ્વી નક્ષત્રિય થઇ છે, વીરશૂન્યા થઈ છે, ધર્મ નષ્ટ થયો છે. આવ વત્સ ! આવ. જ્યાંસુધી મારા શરીરમાં રક્તનું એક પણ બિંદુ છે, ત્યાંસુધી હું તારો સંહાર નહિ થવા દઉં."

યુવતીની આવી વીરતાભરી વાતો સાંભળી ચિત્રસેન અવાક્ બની ગયો. આશ્ચર્ય અને વિસ્મયતાથી તેણે તે યુવતીને પૂછ્યું કે, "માતા ! કૃપા કરી કહેશો કે, આપ કોણ છો ? શું તમે મારી રક્ષા માટેજ અવતર્યાં છો ?"

"ચિત્રસેન ! હું તારી આશ્રયદાત્રી તારા શત્રુ શ્રીકૃષ્ણચંદ્રનીજ ભગિની, ભુવનવિજયી પાંડુપુત્ર પાર્થની પત્ની અને મહાપરાક્રમી સ્વર્ગીય વીર અભિમન્યુની માતા સુભદ્રા છું. આવ, વત્સ ! મારે ત્યાં આવ ! નિર્ભય થા."

મહેલમાં આવી સુભદ્રા ચિત્રસેનની રક્ષાના ઉપાયો યોજવા લાગી. તેજ સમયે અર્જુનજી આવી પહોંચ્યા. સુભદ્રાને વિચારમગ્ન જોતાં પૂછ્યું: "પ્રિયે ! શું વિચાર કરે છે ?"

"નાથ ! કંઇ સૂઝ પડતી નથી, બુદ્ધિ બહેર મારી ગઇ છે, કાર્ય કઠિન છે. આપદ્વારા તે કાર્ય કરવાની આશા નિરાશામાત્ર છે–હુંજ તેને પૂર્ણ કરીશ."

"પાર્થના જીવતાં છતાં તું પૂર્ણ કરશે ? એ અસંભવિત છે. પ્રિયે ! હું પ્રતિજ્ઞા કરું છું કે, જે કાર્ય તું સોંપીશ તે હું પૂરું કરીશ."

"નાથ ! ચિત્રસેનને મેં આશરો આપ્યો છે, જીવિતદાન દેવાની મેં પ્રતિજ્ઞા કરી છે. આપ એ નિરાધારની રક્ષા કરો."

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

"પ્રિયે ! આ શું ? પાંડવો કદી પણ શ્રીકૃષ્ણચંદ્ર સાથે યુદ્ધ આદરે ખરા કે? આવું સાહસ તું કરીજ કેમ શકી ? આ તો સૂડી વચ્ચે સોપારી જેવો ઘાટ થયો, હવે શું કરવું ? શ્રીકૃષ્ણચંદ્ર સાથે યુદ્ધ ! મગજ બહેર મારી જાય છે–વિશ્વ આજે મને ડોલતું દેખાય છે."

"નાથ ! વીરનાં વચન આવાં ન હોય ! આપ બાજુએ રહો. જે સાહસ કર્યું છે તે મેં કર્યું છે. મારો પ્રાણ છે, ત્યાંસુધી હું તેને બચાવીશ. હું મારા ધર્મને તિલાંજલિ નહિ આપી શકું. મેં ક્ષાત્રધર્મનું પાલન કર્યું છે–નિરાશ્રિતને આશરો આપ્યો છે. એક પ્રતિજ્ઞાપાલન માટે હું ભાઇ સાથે વેર બાંધીશ, બ્રહ્માંડ આડે આવશે તો તેને પણ ભેદી નાખીશ."

"મહાભારત યુદ્ધમાં વિજય મેળવવો સહેલો છે, પણ હૃદય પર વિજય મેળવવો કઠણ છે. જો આપ તેની રક્ષા ન કરી શકો એમ હોય, તો આપનાં શસ્ત્ર મને આપો, હું તે ધારણ કરીશ."

સુભદ્રાની આ વીરવાણી સાંભળી અર્જુનજી કર્તવ્યપક્ષે આરૂઢ થયા અને પોતાની પ્રતિજ્ઞાના પાલન અર્થે કહ્યું કે, "નહિ પ્રિયે ! આ ગાંડીવ અર્જુનનાજ હાથમાં રહેશે. હું તારી આજ્ઞાને પૂર્ણ રીતે પાળીશ. ચિત્રસેનને સંહારવા શ્રીકૃષ્ણ તો શું પણ કદાચ યમરાજ આવશે, તોપણ ગાંડીવધારી અર્જુન તે સર્વના ગર્વનું ખંડન કરશે."

જ્યારે આ સમાચાર બળદેવ અને શ્રીકૃષ્ણચંદ્રને મળ્યા, ત્યારે તેઓ આશ્ચર્યમાં પડ્યા. તરતજ બળભદ્રે ક્રોધમાં આવી જઇ અર્જુન ઉપર એક પત્ર દૂતદ્વારા રવાના કર્યો. એમાં લખ્યું હતું કે, આપણી મિત્રતાને યાદ કરીને આ બાબતમાં તમે વચમાં પડશો, તો તેનું પરિણામ ભયંકર આવશે. પરંતુ અર્જુને તો યુદ્ધનોજ પડકાર કર્યો.

પછી તો કહેવુંજ શું ? બન્ને તરફથી યુદ્ધની મહાન તૈયારીઓ થવા લાગી. બન્ને પક્ષના યોદ્ધાઓ સમરભૂમિમાં એકત્ર થયા, મહાયુદ્ધ જામ્યું, વીરોનાં તીરો છૂટવા લાગ્યાં, ખરેખરો રંગ જામ્યો; એટલામાં શ્રીકૃષ્ણ અને અર્જુનનો મુકાબલો થયો. બન્ને પ્રેમભરી નજરે મળ્યા. દૃષ્ટિમાં વેર ન હતાં.

"અર્જુનજી બોલી ઊઠ્યા કે, "ભગવન્ ! મહાભારતના યુદ્ધથી આ પ્રસંગ વિકટ છે."

"અર્જુન ! તેને માટે તું ચિંતા ન કર. ગાંડીવ અને સુદર્શન એકબીજાથી ઊતરે તેમ નથી. આવ, આપણાં હૃદયમાં મિત્રભાવ રાખી પ્રતિજ્ઞાર્થે શત્રુભાવે લડીએ. ગીતારહસ્યના ઝંકારથી જગતીતલ બહલાવીએ."

આ સાંભળી અર્જુન યુદ્ધ માટે તૈયાર થયા. બન્ને બાજુથી શસ્ત્રોના પ્રહારો થવા લાગ્યા. શ્રીકૃષ્ણચંદ્રના શરસંધાનથી અર્જુનજી ઘાયલ થઈ મૂર્ચ્છિત થયા. શ્રીકૃષ્ણચંદ્રે શસ્ત્ર મૂકી દઈ અર્જુનજીને ગોદમાં લીધા.

થોડી વાર પછી અર્જુનજીની મૂર્ચ્છા શમી ગઈ. તેઓ બોલ્યા: "હું કયાં છું ? શ્રીકૃષ્ણચંદ્રની ગોદમાંજ ! ધિક્કાર છે મને–ક્ષમા કરો, મિત્ર ! સમરભૂમિમાં તમે મારા શત્રુ છો; આવું વર્તન ન શોભે !" એમ કહી અર્જુનજી ફરી વાર તૈયાર થયા. આ વખતે અર્જુનજીએ ભયંકર બાણ કાઢી પણછ પર ચડાવ્યું અને શ્રીકૃષ્ણને કહ્યું કે, "ભગવન્ ! સાવધાન ! આ સમય હું પશુપતાકાપ્રયોગ આદરું છું."

એમ કહી અર્જુનજી બાણ છોડવાની તૈયારી પર હતા, તેવામાંજ નારદજી બીજા ઋષિઓ સાથે 'ગાલવ' નિમિત્તે આદરાયલા યુદ્ધમાં આવી ઉપસ્થિત થયા. ઋષિઓના સમરભૂમિમાં આવતાં વારજ યુદ્ધ બંધ થઇ ગયું. સંસારપ્રલયકારી આ યુદ્ધને બંધ કરવા માટે ઋષિ ગાલવે ચિત્રસેનને વણમાગી માફી આપી.

હવે શું ? યુદ્ધ બંધ થઇ ગયું. ચારે બાજુ હર્ષનાં દુંદુભિ વાગી રહ્યાં. શ્રીકૃષ્ણચંદ્ર, અર્જુનજી, નારદજી અને સુભદ્રા ચારેની પ્રતિજ્ઞાઓ પૂર્ણ થઈ. ચિત્રસેનના પ્રાણ બચ્યા. પ્રલયકારી સંસાર એકાએક શાંતિનો આગાર બની ગયો.

('ચિત્રમય જગત'ના એક અંકમાંથી–'હિંદુ')

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

६–शुं कृष्ण द्वारकाना राजा हता ?

(લેખકઃ–શ્રી. વિજયસિંહજી પથિક)

સંસારના ઇતિહાસમાં સામ્રાજ્યવાદનો સૌથી મોટો સહાયક ધર્મ રહ્યો છે, તે કેવળ એટલા માટે નહિ કે ધર્મ પોતાના જન્મની સાથેજ માનવસમાજમાં ભેદભાવને જન્મ આપે છે અને ક્રમમાં ક્રમ પોતાના પ્રચારકોના વર્ગને સર્વસામાન્યથી ઊંચે પદે બેસાડીને સમાજની સામ્યાવસ્થાનો ભંગ કરી દે છે; એટલુંજ નહિ પરંતુ એટલા માટે કે તે માનસિક મૂર્ચ્છાનું અચૂક અસ્ત્ર છે. જ્યાં તેના નામે કોઇ વ્યક્તિના હૃદયમાં કોઇ વાત પેસાડી દેવામાં આવી કે પછી તે વ્યક્તિ ન તો તેના ઔચિત્ય–અનૌચિત્યનો વિચાર કરવાની ઇચ્છા કરે છે કે ન તો તેને છોડવાની. તે વાત તેના જીવનનીજ નહિ, પણ તેના વંશ અને સમૂહના જીવનનું અંગ બની જાય છે. આજ કારણે સામ્રાજ્યવાદીઓ હમેશાં ધર્મનો ઉપયોગ પોતાના અસ્ત્રના રૂપમાં કર્યો છે. એનું સૌથી જ્વલંત ઉદાહરણ આપણું પોતાનું સાહિત્ય છે. તે જોતાંજ કોઇ પણ નિરપેક્ષ દ્રષ્ટા કહી શકે છે કે, એ પુરાણો અને સ્મૃતિઓ વગેરે મુખ્યત્વે એજ ઉદ્દેશથી લખાવામાં અને ફેલાવવામાં આવ્યાં છે. તેમાં કેવળ પ્રાચીન ગણરાજ્યો અને દેશમાં ફેલાયલાં સ્વતંત્ર જાતીય પ્રજાતંત્રોનો ઉલ્લેખ નહિ કરીને જનતાના હૃદયમાંથી તેમની સ્મૃતિને કાઢી નાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે; એટલુંજ નહિ પરંતુ મોટા મોટા પ્રજાતંત્રવાદીઓને સ્વેચ્છાચારી શાસકોના રૂપમાં ચીતરીને આ ભ્રમને દૂર કરવાની શક્યતા સુધ્ધાંને નાબૂદ કરી દેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પ્રયત્નમાં તેમને સફળતા પણ પૂરી મળી છે. કેમ ન મળે? તે જમાનામાં ન તો છાપખાનાંનો પ્રચાર હતો કે ન તો શિક્ષણનો; ન તો લોકોને પોતાના ભાવો પ્રકટ કરવાની અને તેનો પ્રચાર કરવાની સ્વતંત્રતા હતી કે ન તો રાજ્યસત્તા વિરુદ્ધ અવાજ ઉઠાવવાની; એટલુંજ નહિ પરંતુ સત્ય અને ધર્મને નામે આ સફેદ જૂઠાણું લોકોને ગળે ઉતારી દીધા પછી તેમને એમ પણ સમજાવવામાં આવતું કે, એ ધર્મગ્રંથો અને ધાર્મિક શિક્ષણોની સત્યતા વિષે શંકા કરવી અથવા તેની ચર્ચા સાંભળવી એ પણ મહાપાપ છે. અને શિક્ષણ વગેરેનાં તો સઘળાં સાધનો તેમણે પોતાના હાથમાં કરીજ લીધાં હતાં. આજની પેઠે સાધુઓ અને ઋષિઓના વેષમાં અનેક પગારદાર ગુલામ પ્રચારકો અને લોકનેતાઓને યોજી દેવા એ તો તેમના ડાબા હાથના ખેલ જેવું હતું અને તે તેમણે કર્યું પણ ખરું, આ વાત કેવળ ભારતમાંજ બની નથી પરંતુ સમસ્ત સંસારમાં સદાકાળથી આ અસ્ત્રનો પ્રયોગ થતો રહ્યો છે. ઉદાહરણ તરીકે ખ્રિસ્તી ધર્મને જન્મ દેનાર મહાત્મા ઇશુખ્રિસ્ત અને ઇસ્લામના જન્મદાતા મહમ્મદ સાહેબ (સલ) તેમજ બૌદ્ધ ધર્મના પ્રવર્તક બુદ્ધ ભગવાન, સર્વે પ્રજાતંત્રવાદી હતા. સઘળાઓએ પ્રજાતંત્રાત્મક સંસ્થાઓનો ઉદ્ધાર કરવામાં પોતાનું લક્ષ્ય રાખ્યું હતું. તેઓ કોઈ સત્તા અને ધનના ગુલામ પણ બન્યા નહિ, પરંતુ તેથી શું ? સામ્રાજ્યવાદ તો સદાકાળથી સંસારને છેતરવાની કળાનું વિદ્યાલય રહ્યા કર્યો છે. તેથીજ જ્યારે એ મહાપુરુષોનો પ્રભાવ જનતામાં વધી ગયો છે, ત્યારે સામ્રાજ્યવાદી તેમના શિષ્ય બની ગયા છે અને આ પ્રકારે તેમના શિષ્યમંડળને પોતાની સાથે ભેળવીને એ મહાપુરુષો સ્વર્ગસ્થ થતાંજ, તેમના નામ પર તથા તેમનાજ અનુયાયીઓની સહાયતાથી તેમણે ફરીથી પોતાનાં સામ્રાજ્ય વધાર્યાં અને સ્થાપ્યાં છે.

સામ્રાજ્યવાદની આ સફળતાનું પણ કારણ છે. જનસત્તાવાદી મહાપુરુષ સ્વભાવતઃ સાધનહીન હોય છે. સાથેજ કોઇ પણ મહાપુરુષના અનુયાયી પોતાના સિદ્ધાંતો અને વિચારોમાં મૂળ પ્રવર્તકના એટલા મક્કમ હોતા નથી. શિષ્યમંડળોમાં તો આચાર્યની પ્રતિષ્ઠા વધતાં અધિકાંશ યશલોલુપો અને સ્વાર્થીઓજ આવી ભરાય છે અને ઘણાખરા સામ્રાજ્યવાદીઓ બધા ભૌતિક સાધનોથી સંપન્ન હોય છે; તેમના દીક્ષિત થવાથી ભોળા આચાર્ય લોકો પણ પોતાની મોટાઇમાં ફુલાઇને અને વાસ્તવિકતાને ભૂલીને તેમની પ્રતિષ્ઠા પોતાના સમૂહમાં સૌથી વિશેષ વધારી દે છે. તેથી આચાર્યના શિષ્યમંડળને પૂજવા યોગ્ય નોકરો બનાવવા એ તેમને માટે ઘણુંજ સહેલું થઇ જાય છે.

કૃષ્ણનું કાળું ચિત્રઃ—મહાપુરુષ કૃષ્ણ સામ્રાજ્યવાદના એવાજ શિકારોમાંના એક હતા. તેમના ચિત્રને પણ અમારા પૂર્વજો અને સ્વદેશી સામ્રાજ્યવાદીઓએ સ્વેચ્છાનુસાર વિકૃત કરીને સમાજના હૃદય ઉપર એટલું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઊંડું અંકિત કરી દીધું છે કે, આજે આપણા વિદ્વાનો સુધ્ધાં તેને ઉજ્જ્વળમાં ઉજ્જ્વળરૂપે ચીતરવા છતાંયે વિશુદ્ધ બનાવી શકતા નથી. આજ કારણે બાબુ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય અને લાલા લજપતરાય જેવા પ્રતિભાશાળી વિદ્વાનોની લેખિની પણ તેમના ચિત્રમાંથી રાજ્યવાદનો કાળો રંગ દૂર કરવામાં અસમર્થજ નીવડી છે. તેઓને પણ તેને સર્વગુણસંપન્ન અને પ્રજાવાદી બતાવતાં છતાં એમ માનવાની ફરજ પડી છે કે, દ્વારકામાં તેમણે પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું અને તેઓ એક ઉદાર કિંતુ સ્વેચ્છાચારી શાસક હતા.

કારણ સ્પષ્ટ છે. આપણા તે સમયના સામ્રાજ્યવાદીઓએ પોતાના રચેલા અને મનપસંદ સાહિત્ય સિવાય ઇતિહાસનાં બીજાં બીજાં એવાં સાધનોને બન્યું ત્યાંસુધી બાકીજ રાખ્યાં નથી, કે જેના આધારે કોઈ અન્વેષક–શોધક સીધા સત્ય સુધી પહોંચી શકે. આ પરિસ્થિતિમાં એ તો સ્વાભાવિકજ છે કે, આજે પણ ઐતિહાસિક સત્યની શોધમાં આપણે ઘણે ભાગે અસફળ થઇએ છીએ; એટલુંજ નહિ પરંતુ તેમણે તો પોતાના તરફથી કૃષ્ણના ચરિત્રને એટલું કાળું બનાવ્યું છે અને તેના ઉપર એટલાં બધાં કલંક લગાવ્યાં છે કે, જો તેમની મહત્તા દેશવ્યાપી ન થઈ ગઇ હોત અને તેમનાં પ્રમાણ અચળ ન બન્યાં હોત, તો કદાચ કૃષ્ણનું નામ લેવું એ પ્રાતઃકાળમાં કંસ અને જરાસંધનાં નામ લેવા જેટલુંજ અશુભ મનાત. તેમની ૧૬,૧૦૮ રાણીઓ, તેમને ભિન્ન ભિન્ન અને અનેક વાર હલકા પ્રકારના ઉપાયોદ્વારા પ્રાપ્ત કરવી, તેમનો ગોપીઓ સાથેનો વ્યવહાર, તેમનો રાધા સાથેનો સંબંધ, ગુપ્ત વેશોમાં તેમને મળવું વગેરે એક એકથી ચડે તેવી સઘળી વાતો બનાવી કાઢવામાં આવી છે. બીજી બાજુ તેમના વાસ્તવિક સ્વરૂપને એટલું છુપાવવામાં આવ્યું છે–તેના ઉપર એટલો મોટો પડદો નાખવામાં આવ્યો છે કે, તેના પરિણામે આજે હજારો વર્ષો થઇ જવા છતાં પણ ભાગ્યેજ કોઇ એવો દાવો કરી શકે કે, તેણે કૃષ્ણના સર્વાંગપૂર્ણ અને વાસ્તવિક રૂપનો પત્તો મેળવી લીધો છે.

આ બધું કોણે કર્યું?—પ્રશ્ન એ છે કે, આ બધું કોણે કર્યું? આપણા ઘણાખરા વિદ્વાનો આ સમસ્ત કલંક વામમાર્ગીઓને માથે ઓઢાડીને દૂર ઊભા રહે છે. પરંતુ શું એ યોગ્ય છે? જો વાત એમજ હોય તો પછી વામમાર્ગીઓએ જૈન તીર્થંકરો અને બૌદ્ધોને શા માટે અસ્પૃશ્ય રહેવા દીધા? રામચંદ્રજી ઉપર શા સારુ કૃપાદૃષ્ટિ રાખી? લોકાયત આદિ ધર્મોના આચાર્યો ઉપર એવાં કલંક કેમ નહિ લગાવ્યાં અને સ્વયં વામમાર્ગને કોણે જન્મ આપ્યો હતો?

સાચી વાત તો એ છે કે, આપણે ઘણે ભાગે આપણા જૂના સાહિત્યને ધાર્મિક દૃષ્ટિએ વાંચીએ છીએ. રાજનૈતિક દૃષ્ટિએ આપણામાંથી ભાગ્યેજ કોઇએ તેને જોવાનો અને તેને આધારે તેની ઘટનાઓ તપાસી જોવાનો પ્રયત્ન કર્યો હોય છે. તેથીજ આપણે ગૂંચવણમાં પડીએ છીએ; નહિ તો કૃષ્ણના આ વિરોધીઓદ્વારા ચિતરાયેલા કાળા ચિત્રમાંજ વાસ્તવિકતાનું સૂત્ર મોજૂદ છે.

અમે ઉપર કેટલાક મહાપુરુષોનાં નામ બતાવી ગયા છીએ. ત્યાં અમે એ પણ બતાવી ચૂકયા છીએ કે, પ્રારંભમાં સામ્રાજ્યવાદી તેમની વિરુદ્ધ હતા; પરંતુ અંતમાં જ્યારે તેઓ સફળ મહાપુરુષ બનીજ ગયા, ત્યારે પોતાનું કામ કાઢવાને તેઓ તેમના શિષ્ય બની ગયા અને આ તો બહુ પુરાણી વાત છે. આ યુગમાં આપણે એવી અનેક બાબતો જોઇ ચૂકયા છીએ. જ્યારે અંગ્રેજો અને ફ્રેંચો બન્ને આ દેશમાં પોતાની સત્તા જમાવવાની ચિંતામાં હતા અને ટીપૂ સુલતાન ફ્રાન્સ સાથે મિત્રતા કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, ત્યારે અંગ્રેજોએ જે પત્રો તેમને લખ્યા હતા તેમાં તેમણે કંઇક આજ પ્રકારની પુનરાવૃત્તિ કરી હતી. તેમાં અંગ્રેજોએ લખ્યું હતું કે, “એ ફ્રેંચો તો પ્રજાતંત્રવાદી છે, તેઓ તમારી પ્રજાને પ્રજાતંત્રવાદી બનાવી દેશે અને તમારા રાજ્યના પાયા પોલા કરી દેશે અને અમે તો તમારી મસ્જિદોને માટે સલામીની તોપો ફોડવા અને હિંદુ મંદિરોમાં ઝાંઝઘડિયાળ વગેરે વગાડવાને પણ તૈયાર છીએ. અમારાજ મિત્ર રહેવાથી તમારી રક્ષા થશે” વગેરે વગેરે. આ સિવાય કૃષ્ણના જેવીજ સ્થિતિ તેમના સમકાલીન વેદવ્યાસની જણાઇ આવે છે. તેમણે પણ જ્યારે તે સમયના રાજ્યવાદનું મુખ્ય સાધન બનેલી યજ્ઞપદ્ધતિ ઉપર આક્રમણ કર્યું, ત્યારે તેમના ઉપર પણ ન લગાવવામાં આવ્યાં હોય એવાં કયાં કલંક બાકી રહ્યાં હતાં? પરંતુ આખરે જ્યારે તેઓ સર્વમાન્ય થઇ ગયા, ત્યારે તેમનેજ ગુરુ બનાવી દેવામાં આવ્યા અને તેમનાજ નામ ઉપર નવી નવી સ્મૃતિઓ અને પુરાણો બનાવીને પ્રચલિત કરવામાં આવ્યાં. એજ પ્રમાણે મહમ્મદ સાહેબ અને ખ્રિસ્તની સામે તેમના દેશના સામ્રાજ્યવાદીઓએ કર્યું હતું, જેના ફળસ્વરૂપ કોઇક સમયે ‘રંગીલા રસૂલ’ જેવું પુસ્તક લખવામાં આવ્યું હતું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ બધાનો સારાંશ એ છે કે, યુક્તિસંગત કારણો વિના, દેશના રાજનૈતિક સંઘર્ષ સાથે સંબંધ રાખનારા કોઈ મહાપુરુષનું આવું અને આટલું પરસ્પરવિરોધિ ચરિત્રચિત્રણું મળવું એ પોતેજ એ વાતનું પ્રમાણ હોવું જોઇએ કે, તેઓ તે સમયની સત્તાઓના પ્રિય પાત્ર નહોતા.

એ સિવાય જ્યારે સ્વર્ગસ્થ બંકિમ બાબુ જેવા પોતાના શોધખોળપૂર્ણ કૃષ્ણચરિત્રમાં સિદ્ધ કરી ચૂક્યા છે, ત્યારે તો એમ સાબિત થઇ જાય છે કે, કૃષ્ણના ચરિત્રને દૂષિત કરનારી ઉપરોક્ત બધી બાબતો નિરાધાર છે અને હવે એ બાબતમાં કંઈ પણ શંકા રહેવી જોઇએ નહિ કે આ કુત્સિત ચિત્રામણનું કારણ રાજનૈતિક મતભેદજ હતા. સાથેજ આ રાજનૈતિક મતભેદ એ સત્તાઓમાં હોય એવો સામાન્ય મતભેદ ન હોય શકે; કેમકે જો એમ હોત તો કૃષ્ણનું આ ચિત્ર સર્વદેશી બનત નહિ અને કૃષ્ણના પછીની બધી સત્તાઓ તેને કાયમ રાખવા યા વધારવાનું કામ કરત નહિ. વળી કૃષ્ણે આટલો બધો પ્રબળ અને સર્વસાધનસંપન્ન વિરોધ હોવા છતાં એક સામાન્ય ઘરમાં જન્મ લઇને પણ દેશવિદેશમાં આટલું બધું મહત્ત્વ પ્રાપ્ત કરી લીધું એજ સાબિત કરે છે કે, તેઓ અત્યંત લોકપ્રિય પ્રગતિના નેતા હતા.

તે સમયની પરિસ્થિતિ—હવે એ વાત રહી કે, એ પ્રગતિ કયા પ્રકારની હતી? આ પ્રશ્નનો ઉત્તર તે સમયની પરિસ્થિતિ પર વિચાર કરવાથીજ મળી શકે છે. તેથીજ એ જાણી શકાય છે કે, તે સમયે કઈ વિચારસરણીના પક્ષપાતીઓ સૌથી વધારે લોકપ્રિય થઇ શકતા હતા.

આ સ્થિતિનો પરિચય મેળવવા માટે પણ આપણે ઐતિહાસિક શોધખોળના સમુદ્રમાં વધારે ઊંડી ડૂબકી મારવાની જરૂર નથી. આમ તો અમે ઉપર બતાવી ચૂક્યા છીએ કે, તે સમયના સામ્રાજ્યવાદીઓએ ધર્મનો રંગ ચડાવીને સત્ય ઉપર પૂરતો કાળો પડદો નાખી રાખ્યો છે; પરંતુ તેમ છતાંયે આ તરફ નવી શોધખોળદ્વારા જેટલાં ઐતિહાસિક સત્યો પ્રકાશમાં આવી ચૂક્યાં છે, તેનાથી એટલી સગવડ અવશ્ય થઇ શકે છે કે, કેવળ રાજનૈતિક દૃષ્ટિબિંદુથી આ પ્રશ્ન ઉપર વિચારપ્રારંભ કરતાંજ આપણને સત્યનો કંઇક કંઇક આભાસ પ્રાપ્ત થવા લાગે છે. દૃષ્ટાંત તરીકે, સિકંદરની ચડાઇ અને ચંદ્રગુપ્ત મૌર્યના સામ્રાજ્યકાળમાં આવેલા યુનાની યાત્રીઓનાં ભારત–વર્ણનમાંથી અમે કેટલીક બાબતો અત્રે ઉદ્ધૃત કરીએ છીએ. મેગેસ્થિનીસ લખે છે કેઃ "દક્ષ પ્રજાપતિના સમયથી અલેકઝાંડર (સિકંદર) સુધી ભારતવર્ષમાં કુલ ૧૫૪ રાજાઓ થયા છે અને દક્ષ પ્રજાપતિ (બંકસ) સિકંદરની ચડાઇના ૬૪૫૧ વર્ષ અને ત્રણ મહિના પહેલાં થયા હતા."

(પ્લિની દ્વારા ઉદ્ધૃત)

બીજું અવતરણ "એરાયન"નું છે. તેમાં લખ્યું છે કે, "હિંદુસ્તાનના લોકો ડાયોનિસાસ (દક્ષ)ના સમયથી સેંડ્રોકોટસ (ચંદ્રગુપ્ત) સુધીમાં ૧૫૩ રાજાઓ અને ૬૦૪૨ વર્ષોનો સમય હોવાનું માને છે. પરંતુ આ સમયમાં ત્રણ વાર રાજ્યસત્તાઓને નાબૂદ કરીને જનતાએ લોકસત્તાત્મક શાસન સ્થાપિત કરી દીધું હતું, કે જે એક વાર ૧૨૦ વર્ષ સુધી અને એક વાર ૩૦૦ વર્ષ સુધી કાયમ રહ્યું હતું. હિંદુસ્તાનના લોકો કહે છે કે, ડાયોનિસાસ, હીરાક્લીસ (શ્રીકૃષ્ણ) થી પંદર પેઢી પહેલાં થયા હતા."

યુનાની યાત્રીઓનાં આ વર્ણનનો આપણા પ્રાચીન સાહિત્યના કથાનકોના સમય અને પેઢીઓ સાથે પણ મેળ બેસે છે. ઉદાહરણ તરીકે, મહાભારતના શાંતિપર્વમાં એક એવીજ ક્રાંતિનો ઉલ્લેખ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, "જ્યારે પરશુરામે યુદ્ધ છોડીને બ્રાહ્મણધર્મ ગ્રહણ કરી લીધો, ત્યારે દેશભરમાં પુનઃ અરાજકતા ફેલાઇ ગઇ. તે એટલે સુધી કે આગળ થઇ ગયેલા રાજાઓનો પત્તો મળવોજ મુશ્કેલ થઇ ગયો. કેવળ હૈહયવંશી રાજકુમાર મળ્યા. પૌરવંશી એક રાજા તો ઋક્ષવાન પર્વત ઉપર છુપાઇને બચ્યો હતો. કોશલના રાજા 'નારીકવચ'ને પણ પરાશર ઋષિએ શૂદ્ર–સેવક કહીને બચાવ્યો. આજ પ્રકારે શિવનો પુત્ર ગોપતિ જંગલમાં છુપાઇને બચ્યો. કાશીનરેશ પ્રતર્દનના પુત્ર વત્સે વહાડાના ગોવાળ બનીને પ્રાણરક્ષા કરી. દધિવાહનનો પૌત્ર અને દિવિરથનો પુત્ર ગંગાતટ ઉપર બ્રાહ્મણોનો શિષ્ય થઇને બચ્યો. બૃહદ્રથ બાળકને લઇને તેની માતા ભૂરિભૂતિ ઋષિના આશ્રમમાં ગૃદ્ધકૂટ પર્વત ઉપર જઇને સંતાયો અને ત્યાં તેજ લોકોની સહાયતાથી તેનું લાલન–પાલન કર્યું", જેને તે અને તેના કુટુંબીઓ અનાર્ય–દસ્યુ વગેરે કહેતા હતા. એટલુંજ નહિ પણ રાજ્યવાદી ક્ષત્રિયોનો એટલો ધ્વંસ થયો કે, પોતાનું દળ વધારવા માટે, બ્રાહ્મણોને સામાન્ય પ્રકારે ક્ષત્રિય વિધવાઓ સાથે નિયોગદ્વારા સંતાન ઉત્પન્ન કરવાની વૃત્તિ કરવી પડી."

અને આજે એ તો ઇતિહાસ પ્રસિદ્ધ વાત છે કે, ચંદ્રવંશી સમૂહોનાં રાજ્યસ્થાપનનો ઉપક્રમ દક્ષ પ્રજા-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પતિના સમયથીજ શરૂ થયો હતો અને કૃષ્ણ દક્ષથી ૧૫ મી પેઢીએ હતા; (મહાભારત અનુ. ૧૪૭–૨૫–૩૩) અર્થાત્ વધારેમાં વધારે, રાજ્યવાદના શ્રીગણેશ થયા તે સમય સુધીમાં લગભગ ૩૫૦ વર્ષ થયાં હતાં. બીજી બાજુ સમસ્ત ભારતવર્ષ ગણરાજ્યોથી ફેલાયો હતો અને ગણરાજ્ય કેવાં પ્રબળ હતાં, તેનાં તો અનેક પ્રમાણો આપણા સાહિત્યમાંજ મોજૂદ છે. સ્વયં ભીષ્મ પિતામહ શાંતિપર્વમાં યુધિષ્ઠિરને ઉપદેશ આપે છે કે, "ગણરાજ્યો (પ્રજાતંત્રો) સાથે શત્રુતા ન કરવી, તેમને મિત્રો રાખવા. એક ગણરાજ્યની મિત્રતા સો રાજાઓની મિત્રતા કરતાં સારી છે; કેમકે એ ગણરાજ્ય 'द्रव्यवन्तश्च शूराश्च शस्त्रज्ञाः शास्त्रपारगाः।' ધનસંપન્ન તો હોય છેજ. તેમના માણસો સઘળા શૂરવીર, શસ્ત્રાસ્ત્રકળામાં દક્ષ અને શાસ્ત્રપારંગત હોય છે."

ઠીક, આ તો બહુ પહેલાંની વાત છે. કૌટિલ્યના કાળ સુધી આ પ્રજાતંત્રોનું એટલું બધું જોર હતું કે, તેણે પણ પોતાના અર્થશાસ્ત્રમાં તેમને અત્યંત બલિષ્ઠ બતાવતાં કહ્યું છે કે, તેમની આંતરિક સ્વતંત્રતામાં કદી હસ્તક્ષેપ કરવો નહિ.

મહાભારતમાંજ ગુપ્તરૂપે સેંકડો ગણો અને જાતિઓના ઉલ્લેખ છે. આ જાતિઓનું પ્રજાતંત્ર કેવું ચાલતું હતું અને ગણોની વ્યવસ્થામાં શી શી વિશેષતાઓ હતી, એ બધી બાબતોને માટે આ નાનકડા લેખમાં સ્થાન નથી. એના ઉપર વળી કોઈક વાર અમે પ્રકાશ નાખીશું. પરંતુ પ્રાચીન સાહિત્ય અને પ્રથાઓથીજ એ સિદ્ધ થાય છે કે, શરૂઆતમાં બહારથી આવેલી આર્ય અને અન્ય સત્તાઓ પર ઘણું વધારે જોર દેવામાં આવ્યું હતું અને તે એટલે સુધી કે, તેમને પ્રસન્ન રાખવા માટે પ્રત્યેક ઉત્સવમાં પહેલાં ગણપતિઓની પૂજા કરવામાં આવતી હતી.

ગણો સાથે વિરોધ—આ વાતનાં પ્રમાણોની તો ખોટજ નથી કે, એ ગણ અને અન્ય પ્રકારના પ્રજાતંત્રીય સંઘો સાથે રાજ્યવાદીઓનો તે સમયમાં વિરોધ ચાલતો હતો. ઉપરજ આ સંઘર્ષ—અથડામણનાં પૂરતાં પ્રમાણ અપાઇ ચૂક્યાં છે. એ સિવાય એવાં પણ અનેક પ્રમાણ છે કે, રાજ્યવાદીઓ આર્ય પ્રજાતંત્રવાદીઓને પોતાની અસ્ત્રવિદ્યા પણ શિખવતા નહોતા. મહાભારતમાંજ કર્ણ, એકલવ્ય વગેરેનાં કેટલાંય ઉદાહરણો છે. એમને પોતાનો વાસ્તવિક પરિચય ગુપ્ત રાખીને વિદ્યા પ્રાપ્ત કરવી પડી હતી. પરંતુ સાથે સાથે એ લોકો એટલા ઉદ્યોગી રહેતા હતા કે, દેખાદેખીમાંજ ઘણુંખરું શીખી લેતા હતા. એકલવ્યે એ પ્રમાણેજ કર્યું હતું.

નિષ્કર્ષ—ઉપરોક્ત વિવેચનની સઘળી સ્થિતિ સ્પષ્ટ તો થઈ જાય છે—અર્થાત્ તે સમયમાં રાજ્યવાદ અને પ્રજાવાદમાં ભયંકર સંઘર્ષ ચાલી રહ્યો હતો; રાજ્યવાદ ગણતંત્રને નષ્ટ કરવાને તૈયાર થયો હતો અને પ્રજાતંત્રીય સંગઠનવાળા રાજ્યવાદને નિર્મૂળ કરવાને કમર કસી રહ્યા હતા. રાજ્યવાદીઓમાં મગધરાજ જરાસંધ સૌથી પ્રબળ હતો. તે મહાભારતના પહેલાંથીજ પોતાના રાજ્યવિસ્તારની ધૂનમાં મસ્ત હતો. ચેદિરાજ શિશુપાલ, કરૂષનો વક્ર, કાશ્મીરનો ગોનર્દ, અંગરાજ કર્ણ, પ્રાગ્જ્યોતિષ (આસામ)નો ભગદત્ત, હસ્તિનાપુરનો દુર્યોધન અને મથુરાનો કંસ અને તેની મંડળીના સાથીઓ રાજ્યવાદી હતા. એ રાજ્યવાદીઓનાં ઘરોમાં પણ મતભેદ હતો. ઉદાહરણ તરીકે, કંસના પિતા ઉગ્રસેન અને દુર્યોધનના પિતા ધૃતરાષ્ટ્ર વગેરે પુરાણી પદ્ધતિથી પ્રજાદ્વારા નિયુક્ત થઇને રાજ્ય ચલાવતા રહેવાનુંજ તે સમયે ઉચિત સમજતા હતા. ભીષ્મ આદિ વૃદ્ધો પણ એજ વિચારના હતા. આમ તો તેઓ સામ્રાજ્યવાદી હતાજ, પરંતુ તે સમયે ગણો સાથે વેર કરવાને તેઓ તૈયાર નહોતા. પરંતુ પેલા યુવકોને એટલી બધી ધૂન હતી કે, તેમણે પોતાના વૃદ્ધ વડીલોને કેદ સુધ્ધાં કરીને રાજ્યવિસ્તારનો રાહ લીધો. તેમના સિવાય કેટલાંક નાનાં નાનાં રાજ્યો પંજાબમાં પણ હતાં, જેઓ એજ ટોળીની મદદથી પોતાની સત્તા મજબૂત કરી રહ્યાં હતાં.

બીજી બાજુ ગણરાજ્ય અને અન્ય ભારતીય જાતિઓ ઘણે ભાગે બધી ક્ષત્રિય હતી; કેમકે તેમનામાં વર્ણવિભાગ નહોતા અને પ્રત્યેકને સૈનિક થવું પડતું હતું. કોઇને રાજા ન માનવો એવો તેમનો ધર્મ બની ગયો હતો. કેવળ પરશુરામ અને બીજા રાજ્યવાદીઓ સાથે લડીને થાકેલા મધ્યભારત, મધ્યપ્રદેશ અને વ્રજની આસપાસના કેટલાક સમૂહ અવશ્ય હતા, તેમની બાબતમાં સ્વયં કૃષ્ણે પાંડવોની સાથે રાજસૂય યજ્ઞના પ્રશ્ન ઉપર વાતો કરતાં કહ્યું છે કેઃ

"પરશુરામે જે ક્ષત્રિયોનો સંહાર કર્યો હતો, તેમનાંજ સંતાનો આ બાજુ ફેલાઈ ગયેલાં છે. તેથીજ તેમનામાં ઉગ્ર ક્ષાત્રતેજ નથી. તેમણે એવો નિશ્ચય કરી લીધો છે કે, જે રાજા સઘળા ક્ષાત્રયો (ક્ષત્રિય-પ્રજાતંત્રો)ને જીતી લેશે, તેનેજ અમે સાર્વભૌમ સમ્રાટ માનીશું. હાલમાં જરાસંધે બધાને જીતી લીધા છે,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૃથ્વીના સઘળા ઐલ અને ઐક્ષ્વાક રાજાઓ તેને કર આપે છે. ઐલો અને ઐક્ષ્વાકોનાં સો કુલ છે. તેઓમાં ભોજ સૌથી બળવાન છે. તેમાં પણ જરાસંધ સૌથી ચડિયાતો છે." (મહાભારત સભાપર્વ ૪, ૧૪)

આ બધી વાતોથી સ્પષ્ટ થાય છે કે, તે સમયે પ્રજાતંત્રવાદનો ગણરાજ્યવાદજ એક એવો પ્રશ્ન હતો કે, જે કોઇ વ્યક્તિને એકદમ આટલો લોકપ્રિય, આટલો પ્રભાવશાળી અને આટલો વિજયી બનાવી શકે તેમ હતું.

કૃષ્ણની પરિસ્થિતિ—કૃષ્ણની વ્યક્તિગત પરિસ્થિતિ પણ અમારા એજ વિચારનું સમર્થન કરે છે. તેઓ એક સાધારણ ક્ષત્રિયના ઘરમાં જન્મ્યા હતા. તેમનું પાલનપોષણ વ્રજના એવા સમૂહોમાં અને એવા કાળમાં થયું કે, જ્યારે કંસે પોતાના પિતા અને મધુ–વૃષ્ણિ આદિની ગણતંત્રીય સત્તાને હઠાવીને પોતાનું સ્વેચ્છાચારી શાસન સ્થાપિત કરી લીધું હતું. પ્રજા ઉપરથી તો કંઇક શાંત હતી, પરંતુ અંદર ને અંદર તેમનામાં વિદ્રોહ–બળવાનો અગ્નિ ભભૂકી રહ્યો હતો, વસુદેવ વગેરે જેલોમાં પડ્યા હતા, બળવાખોર નવજુવાનોને પકડી પકડીને યમુનામાં ડુબાવી પણ દેવામાં આવતા હતા. અવશ્યજ, રાજવાદીઓએ આ બધા બનાવોને, વાસ્તવિકતા ગુપ્ત રાખવા માટે, ધાર્મિક રંગમાં રંગી દીધા છે અને તેનાં કારણો પણ મનથી ઘડી કાઢેલાં બતાવ્યાં છે. પરંતુ આ સઘળી પરિસ્થિતિ સ્પષ્ટ બતાવે છે કે, એ સઘળી ઘટનાઓના મૂળમાં ઉક્ત રાજનૈતિક વિપ્લવ અને અસંતોષજ હતો. એટલુંજ શા માટે ? આ દૃષ્ટિએ વિચાર કરતાં કંસને ત્યાં કરસ્વરૂપે તેમની જનારી દહીંની મટકીઓને લૂંટી લેવા વગેરેની બાળલીલાઓનું પણ સ્પષ્ટીકરણ ઘણીજ સરળતાથી થઇ જાય છે. જો આ બનાવોને રાજનૈતિક વિશેષતાની દૃષ્ટિએ જોવામાં ન આવે, તો વાસ્તવમાં કંસવધની ઘટના સ્વયં સંદિગ્ધ બની જાય છે. વાસ્તવમાં કંસવધના બનાવને પૌરાણિકોએ વાસ્તવિકતા છુપાવવાની ધુનમાં એક હાસ્યાસ્પદ ગમ્મતનું રૂપ દઈ દીધું છે. શું આજે કોઇ નાના જમીનદારને પણ (કંસની પેઠે કોઈ કૃષ્ણની સ્થિતિનો માણસ) મારીને તેમની પેઠે તદ્દન અસ્પૃશ્ય બની શકે છે? વાસ્તવમાં આટલી સાધારણ સ્થિતિમાં કૃષ્ણે આ બધું કરવું અને તેમનાં આ બધાં કાર્યોથી પ્રજા અને ઉગ્રસેન વગેરેનું પ્રસન્ન થવું, તથા પાછળથી જરાસંધ વગેરેની સામે લડવામાં પ્રજાએ કૃષ્ણના પક્ષમાં રહેવું વગેરે સઘળી બાબતો એજ સાબિત કરી આપે છે કે, એ બનાવોનો સંબંધ ઉપરોક્ત પ્રજાતંત્રીય વિપ્લવ સાથેજ હતો. એ બાળલીલાઓ નહોતી, એક પ્રજાતંત્રીય રાજનીતિજ્ઞનો સંગઠિત વિપ્લવ હતો અને તેથી આ બનાવો સમયે કૃષ્ણ–બલરામ વગેરેની જે ઉંમર બતાવવામાં આવી છે, તેને પણ સંદેહની દૃષ્ટિએ જોવી જરૂરની છે. વિશેષતઃ જ્યારે આપણે આ વાત ઉપર ધ્યાન દઇએ છીએ કે, મહાભારતની આસપાસના સમય સુધી–જ્યારે કૃષ્ણનો પ્રભાવ દેશવ્યાપી થઇ ગયો હતો–લોકો ખાસ કરીને રાજ્યસત્તાવાદીઓ, તેમને વિશુદ્ધ ક્ષત્રિય સુધ્ધાં માનવાને તૈયાર નહોતા અને તેમને ગોવાળ, આહીર વગેરે કહીને અપમાનિત કરતા હતા, ત્યારે આ દલીલને માટે કંઇ અવકાશજ રહેતો નથી કે, લોકો તેઓને ઈશ્વરના અવતાર માનતા હતા, તેથી ભક્તિવશ જનતા તેમના પક્ષમાં રહી હતી.

અત્રે કોઇ એમ કહી શકે કે, જો ઉગ્રસેન આદિ ગણરાજ્યવાદી હતા એમ સિદ્ધ થાય, તો આ બધી બાબતોનો ઠીક ઠીક મેળ બેસી શકે, પરંતુ આ વાતનું પ્રમાણ શું ? એવા પાઠકોને અમે થોડી વાર સુધી ધીરજ રાખવા પ્રાર્થના કરીશું. તેઓ વિશ્વાસ રાખે કે, તેમની આ શંકાઓનું આજ લેખમાં સમાધાન થઈ જશે. વાસ્તવમાં આ સંબંધમાં 'રાજા' શબ્દ પાઠકોને ઘણે ભાગે ભ્રમમાં નાખી દે છે, પરંતુ આ ભ્રમ પણ આપણા ઐતિહાસિક અજ્ઞાનને કારણે થાય છે. વાસ્તવમાં ગણરાજ્યોની પંચાયતો અને કાઉન્સિલોના સભાસદો પણ રાજા કહેવાતા, એટલુંજ નહિ પણ અનેક જાતિઓમાં પ્રત્યેક ગૃહપતિ રાજા કહેવાતો. આંધ્રોને માટે પ્રસિદ્ધ ભાષ્યકાર શબર લખે છે કેઃ

"ननु जनपदपुररक्षणवृत्तिमनुपजीवत्यपि क्षत्रियेराजशब्दमान्ध्रा प्रयुञ्जन्ते ।"

અર્થાત્ જે લોકો જનપદ અને નગરરક્ષણનો વ્યવસાય કરતા નથી, તે ક્ષત્રિયોને પણ આંધ્ર લોકો રાજા કહે છે.

આથીજ ઉગ્રસેનની સાથે, યા તો જે ઐલ અથવા ઐક્ષ્વાક રાજાઓને, કૃષ્ણે જરાસંધને કર દેનારા દર્શાવ્યા છે, તેમનાં નામ સાથે 'રાજા' શબ્દ જોઇનેજ ભ્રમમાં પડી જવાની આવશ્યકતા નથી. વસ્તુતઃ એ રાજાઓ રાજ્યવાદી હોત, તો તેમને અને જરાસંધને શત્રુતા થાતજ નહિ. સાચી વાત તો એ છે કે, આ પ્રકારના ભ્રમોને કારણેજ હજુ સુધી ભારતના જેટલા ઇતિહાસ લખવામાં આવ્યા છે, તે બધા પૌરાણિક ગપ્પાંની પેઠે કૃત્રિમ ઇતિહાસ છે. સાચો ઇતિહાસ રચવાને અને પ્રાપ્ત કરવાને માટે તો આપણે એ સઘળા ઇતિહાસોને જુદાજ દૃષ્ટિબિંદુથી ફરીથી સંશોધવા અને લખવા પડશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કૃષ્ણનો પ્રભાવ—કૃષ્ણનો જે પ્રકારનો પ્રભાવ તે જમાનાના ભારતમાં જણાય છે, તેનાથી પણ એજ સાબિત થાય છે. આપણે સ્પષ્ટ જોઇએ છીએ કે, લગભગ બધી રાજ્યવાદી સત્તાઓ કૃષ્ણની વિરુદ્ધ હતી. દુર્યોધન, જરાસંધ, કંસ, ગોનર્દ, શિશુપાલ વગેરે સઘળા કૃષ્ણના કટ્ટા શત્રુ હતા અને ઇતિહાસમાં એ વાત પણ સ્પષ્ટ છે કે, તે સમયે દેશમાં સૌથી પ્રબળ રાજસત્તાઓ તેમનીજ હતી. છતાં પણ કૃષ્ણનો એટલો પ્રભાવ હતો કે, એ બધાઓને તેમની આગળ દબાઇને ચાલવું પડતું હતું. દ્રૌપદીના સ્વયંવરનું ઉદાહરણ લઇએ. કર્ણ નિયમાનુસાર મત્સ્યવેધ કરવા તૈયાર થતાં કેટલાક રાજાઓએ દ્રૌપદી સાથે કર્ણનાં લગ્ન થાય તેમાં મુસ્કેલી ઊભી કરી હતી. આજ વાત ઉપર હાજર રહેલા સઘળા રાજાઓ બે પક્ષોમાં વહેંચાઇ ગયા હતા અને એક વિકટ મહાભારત શરૂ થવાની તૈયારી થઇ હતી. પરંતુ કૃષ્ણ તેમાં વચ્ચે પડતાંજ બધો ઝઘડો શાંત થઈ ગયો. તેમના પ્રભાવ આગળ તેમના શત્રુઓ અને મિત્રો, બધાને સમાનરૂપે મસ્તક નમાવવું પડતું હતું. બરાબર એવુંજ દશ્ય પાંડવો તરફથી દૂત બનીને જ્યારે તેઓ કૌરવસભામાં ગયા, ત્યારે ઉપસ્થિત થયું હતું. એ બધી બાબતોથી સ્પષ્ટ થાય છે કે, રાજસત્તા કરતાંયે બીજી કોઇ એવી પ્રબળ અને દેશવ્યાપી શક્તિ કૃષ્ણની પાછળ હતી, કે જેથી તેમના પ્રત્યે આંતરિક ઘૃણા હોવા છતાંયે એ સત્તાઓને તેમની આગળ ઝૂકવાની ફરજ પડતી હતી, અને એવી શક્તિ તે સમયે દેશભરમાં ફેલાયલાં ગણરાજ્યો સિવાય બીજી કઇ હોઇ શકે?

કૃષ્ણનું દ્વારકાગમન—કૃષ્ણનું જરાસંધની ચડાઇઓથી તંગ થઇને દ્વારકા જવું એ પણ એક વિચારણીય પ્રશ્ન છે. તે સમયનાં મળી આવતાં વર્ણનો અનુસાર મથુરા પ્રદેશ રાજ્યવાદીઓથી ઘેરાયલો હતો, તેની એક બાજુ પાસેજ દુર્યોધન હતો અને બીજી બાજુ શિશુપાલ અને ત્રીજી બાજુ મધ્યપ્રાંતો સુધી જેની સત્તા ફેલાયલી હતી તેવો મગધરાજ જરાસંધ હતો. આટલા શત્રુઓ વચ્ચે સપાટ પ્રદેશમાં વસેલ મથુરા ખરી રીતે હમેશાં જોખમમાં રહેતું હતું.

બીજી બાજુ રજપૂતાનાનું રેગિસ્તાન, આબુના પહાડી પ્રદેશો, માળવાના દુર્ગમ ભાગો અને ગુજરાત, કાઠિયાવાડ તથા દક્ષિણભારતના અનેક ભાગો ભિન્ન ભિન્ન પ્રકારનાં પ્રજાતંત્રીય રાજ્યોથી છવાયલા હતા. ઉદાહરણ તરીકે મહાભારત વગેરે ગ્રંથોનેજ આધારે મરુસ્થળ—મારવાડમાં આભીર, કુંતલ (ડુંગરપુરની આજુબાજુનો સપાટ પ્રદેશ)માં કાબા, આબુથી હાડૌતી સુધી ભીલો, મેવાડમાં શિબિ, ગુજરાતમાં કુકુર (જેઓ આગળ જતાં ગુર્જર નામથી પ્રસિદ્ધ થયા), ગુજરાતથી દ્વારકા સુધી યાદવ, બીજી બાજુ કાઠિયાવાડ વગેરેમાં ભોજ અને વૃષ્ણિ, દાશાર્હ યા દશાર્ણ (મંદસોર—દશપુરનો પ્રદેશ)માં દસ જાતિઓનો સંઘબદ્ધ સમૂહ અને પેલી બાજુ દક્ષિણમાં આંધ્ર, અંધક, ગોપ, અશોક, કામ્બોજ વગેરે વસ્યા હતા. એ બધાં ભિન્નભિન્ન પ્રકારનાં પ્રજાતંત્રીય રાજ્ય હતાં. ઉત્તરમાં રાજ્યવાદનું જોર વધવાથીજ એ બધા સમૂહો ત્યાંથી નાસી નાસીને એ વનપૂર્ણ પ્રાન્તોમાં આવી વસ્યા હતા. મહાભારતના સભાપર્વ (અધ્યાય ૧૪) માં સ્પષ્ટ લખ્યું છે કે, ઉત્તરકોશલના શૂરસેન, ભદ્રકાર યા ભદ્રકાન, બોધ, શાલ્વ, પટચ્ચર, સુસ્થલ, કુલિંદ, કુંતિભોજ, શાલ્યવાન વગેરે સમૂહ પણ જરાસંધનાં આક્રમણોથી તંગ થઇને દક્ષિણમાં જઈ વસ્યાં અને આ રીતે દક્ષિણ કોશલની સ્થાપના થઇ. 'ભોજ' પણ એક પ્રકારની પ્રજાતંત્રીય વ્યવસ્થાનું નામ હતું અને તેઓ કેટલીય હતી. જેમકે રુકમભોજ, કુંતિભોજ, કાલભોજ વગેરે.

આથી સ્પષ્ટ થાય છે કે, કૃષ્ણ ગણરાજ્યવાદી હતા અને તેમના જીવનનું મુખ્ય કાર્ય પ્રજાતંત્રોનો પુનરુદ્ધાર અને વધતા જતા સામ્રાજ્યવાદનો નાશ કરવાનું હતું. કેમકે જો તેઓ રાજ્યવાદી હોત તો તેમને માટે મથુરામાં રહેવું અને જરાસંધ વગેરે સાથે મળી જવાનુંજ વધારે સરળ અને સ્વાભાવિક હોત. પરંતુ એમ નહોતું અને તેથીજ તેમણે વિશુદ્ધ પ્રજાતંત્રોના ક્ષેત્રમાં પોતાનું સ્થાન પસંદ કર્યું.

અંધક–વૃષ્ણિ–સંઘ—પરંતુ એ બધી વાતો ઉપરોક્ત અનુમાનોના આધાર ઉપરજ કહેવાતી નથી. આપણા પૂર્વજો સામ્રાજ્યવાદીઓના અનેક પ્રયત્નો કરવા છતાં પણ, મહાભારતનાજ એક ખૂણામાં તેમની શનિ–દૃષ્ટિથી બચીને રહ્યા હતા, તેનું એક ચોક્કસ પ્રમાણ મળી આવે છે અને તે ઉક્ત સંઘના સંબંધમાં કૃષ્ણ અને નારદના સંવાદમાં છે. વાચકોની માહિતી માટે અમે તેનો મુખ્ય ભાગ અત્રે રજૂ કરીએ છીએ. એ વાતચીત આ પ્રકારે છેઃ—

કૃષ્ણ (નારદને)—હે મુનિ! હું જે સ્થિતિમાં છું, તે ઐશ્વર્ય તો કહેવાય છે, પરંતુ વસ્તુતઃ તે દાસત્વ સિવાય બીજું કંઇજ નથી. જો કે અર્ધી રાજ્યસત્તા મારા હાથમાં છે, છતાં પણ હું નિઃસહાય છું. અંધક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને વૃષ્ણિ લોકો એટલા બળવાન અને શક્તિસંપન્ન છે કે, તેઓ જે પક્ષમાં મળી જાય તે સર્વ કંઇ કરી શકે તેમ છે. જેમનાથી તેઓ વિરુદ્ધ થાય તે જરા પણ ટકી શકે નહિ. આહુક અને અક્રૂરની પણ એજ સ્થિતિ છે. તેઓ પૂરતા શક્તિસંપન્ન અને પ્રભાવશાળી છે. એવી દશામાં હું કોની સાથે રહું? હે મુનિ! મારી અને એ જાતિઓની સ્થિતિ ધ્યાનમાં લઇને આપ ઉચિત સલાહ આપો.

નારદ—કૃષ્ણ! ગણરાજ્યોમાં બે પ્રકારની મુશ્કેલીઓ ઉપસ્થિત થયા કરે છે–એક બાહ્ય અને બીજી આંતરિક. આપની મુશ્કેલી આંતરિક છે. એ આપણાજ લોકોએ ઉત્પન્ન કરેલી છે. અક્રૂર અને ભોજોએ અર્થપ્રાપ્તિ યા કામનાપૂર્તિની આશાથી અથવા વીરતાની સ્પર્ધાથી તેમની સાથે જોડાયલા સમૂહો સાથે પોતાની સ્વતંત્ર રાજ્યસત્તાને સંઘના હાથમાં સોંપી દીધી છે અને હવે એ જ્ઞાતિનામધારી રાજ્યવ્યવસ્થાનાં મૂળ ઊંડાં ગયેલાં છે; તેથી હવે પાછી સત્તા પ્રાપ્ત કરવી અસંભવિત છે. હવે બભ્રુ અને ઉગ્રસેનની સત્તા છીનવી શકાય તેમ નથી. જો છીનવી લેવામાં આવે તો તેમાં ઘણોજ ખર્ચ થવાની મુશ્કેલી છે અને એ પણ બનવા જોગ છે કે, તેના પરિણામે બધાનો વિનાશ થાય. તેથી આપ નમ્રતાથી આપના સંઘને વશ કરો...હે કૃષ્ણ! જેનો પોતાની જાત ઉપર સંયમ નથી, જેના ઘણાખરા સહાયકો અને અનુયાયીઓ નથી, તે રાજનીતિનો મહાન ભાર સફળતાપૂર્વક વહન કરી શકતો નથી. પ્રજાતંત્ર રાજ્યસંઘોનો આંતરિક ફાટફૂટથી વિનાશ થાય છે. આપ સંઘના પ્રમુખ છો. તેથી એવો પ્રયત્ન કરો કે જેથી આ સંઘ નાબૂદ થાય નહિ.

સાચી વાત શું છે?—આ બધા વિવેચન અને ઉપરોક્ત સંવાદથી સઘળી સ્થિતિ હસ્તામલકવત્ થઈ જાય છે. પાઠકો જોઇ શકશે કે, રાજા ઉગ્રસેન એક સ્વચ્છંદી રાજા નહિ; પરંતુ અંધક–વૃષ્ણિસંઘના સભાસદ યા કાઉન્સિલર છે અને પોતાના સમૂહનો મુખી છે. આ પ્રકારે બભ્રુ, આહુક, અક્રૂર, સાત્યકિ વગેરે પોતપોતાના સમૂહોના પ્રમુખ અને સંઘના સભાસદ હતા. આ સંઘમાં અંધક, વૃષ્ણિ, આભીર, ભોજ, દશાર્હ, કુકુર, યાદવ, ગોપ, અશ્મક વગેરે અનેક વિજાતિઓ સામેલ હતી. એ બધી જાતિઓ સંઘના સભાસદોની સ્વતંત્રતાની રક્ષા કરવા માટે એક થઇને લડવાને બંધાયલી હતી, પરંતુ પોતપોતાના ગણોના નિર્ણય અનુસાર ચાલવાને સ્વતંત્ર હતી. સંઘની કાઉન્સિલમાં પણ પ્રત્યેક દળ પોતાની આગેવાની માટે પ્રયત્નશીલ રહેતું હતું અને એવાજ પ્રયત્નોના સંબંધમાં ઉપરોક્ત વાતચીત છે. આથી એ પણ સ્પષ્ટ થાય છે કે, મહાભારતમાં કૃષ્ણના પાંડવપક્ષમાં રહેવાથી પણ સંઘ અને તેના સભાસદોએ કૃષ્ણને સાથ આપ્યો નહોતો; તેઓ તટસ્થ રહ્યા હતા. કેવળ સાત્યકિનો સમુદાય સાત્વત તેમની સાથે રહ્યો અને યાદવોનું એક દળ કૌરવોના પક્ષમાં હતું. જો કૃષ્ણ રાજા હોત તો શું આ પ્રમાણે બની શકત? છતાં પણ ઇતિહાસને ભ્રષ્ટ કરનારાઓએ એજ બતાવવાની કોશિશ કરી છે કે, કૃષ્ણે પોતેજ એવો નિર્ણય કર્યો હતો કે, એક બાજુ હું રહીશ અને બીજી બાજુ મારી સેના રહેશે!

ઉપોદ્ઘાત—આ બધી બાબતોથી સ્પષ્ટ થાય છે કે, કંસના પહેલાં મથુરામાં યાદવો અને ભોજોનાં ગણરાજ્યોનો એક સંઘ હતો. બીજી બાજુ 'દશાર્હ' નામથી માળવામાં દશ જાતિઓનો એક એવોજ સંઘ હતો. આ બધા સંઘો ઉપર ઉલ્લેખ કરવામાં આવેલા રાજ્યવાદીઓના આક્રમણોને રોકવા માટેજ બનાવવામાં આવ્યા હતા. બીજી બાજુ તેમની વિરુદ્ધ શિશુપાલ અને કરૂષના રાજાઓએ એક સંઘ બનાવ્યો હતો. પાછળથી જરાસંધ વગેરે પણ સામેલ થઇ ગયા હતા.

પરંતુ ઉગ્રસેનનો પુત્રજ રાજ્યવાદી બની બેઠો અને તેણે પોતાના પિતા અને બીજી જાતિઓના પ્રમુખ વસુદેવ વગેરેને જેલોમાં પૂરી દીધા તથા કેટલાકને મરાવી પણ નાખ્યા. આ દમન અને આકસ્મિક બનાવથી થોડા દિવસ માટે તો લોકો કંઇ પણ કર્યા સિવાય બેસી રહ્યા, પરંતુ તરતજ તેમના સ્વાતંત્ર્યપ્રેમે તેમને જાગ્રત કર્યા. કૃષ્ણે તેમની આગેવાની લીધી અને આ પ્રકારે બળવાની શરૂઆત થઇ. કામ એટલી સાવધાનીથી થયું કે, કંસને મારી નાખ્યા પછીજ જરાસંધને વાસ્તવિકતાની ખબર પડી શકી.

આ બાજુ ઉગ્રસેન ઇચ્છતા હતા કે, કૃષ્ણજ તેમના સંઘના પ્રમુખ બને, પરંતુ તેમણે આનો અસ્વીકાર કર્યો. એટલે આ પછી જ્યારે જરાસંધે ચડાઇઓ ઉપર ચડાઇઓ કરવા માંડી અને ત્યાં સંઘની રક્ષા અસંભવિત થઇ ગઇ. ત્યારે તેમણે પ્રજાતંત્રીય સમૂહની વચ્ચે સંઘની રાજ્યધાની લઇ જવાનો નિશ્ચય કર્યો. સાથેજ પેલી તરફના સઘળા સમૂહો, ગણરાજ્યો અને સંઘોને એકત્ર કરીને પોતાના સંગઠનને પૂરતું મજબૂત બનાવી દીધું. આ બીજું સ્થાનજ દ્વારકાપુરી હતું અને આનું નામજ "અંધક–વૃષ્ણિ–સંઘ" હતું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાજ્યવાદનો નાશ—આ પ્રકારે સંઘ સુરક્ષિત થઈ ગયો, ત્યારે કૃષ્ણને માટે તે સમયના વધતા જતા સામ્રાજ્યવાદને નાબૂદ કરી એ પ્રજાતંત્રોને નિષ્કંટક કરી દેવાનુંજ બાકી રહ્યું હતું. આ તરફ તેમની પાછળ આટલાં ગણરાજ્યોનું બળ હોવાથી અને ગણરાજ્યોના ઉદ્ધારકના સંબંધથી સમસ્ત દેશમાં ગણરાજ્યોની સહાનુભૂતિ તેમના તરફ હોવાથી તેમનો પ્રભાવ ઘણો જલદી દેશવ્યાપી બની ગયો. બીજી બાજુ તેમને રાજ્યવાદના નાશનો અવસર અને સાધન પણ અનાયાસેજ પ્રાપ્ત થઇ ગયાં. કૌરવો અને પાંડવોમાં વૈમનસ્ય ચાલતુંજ હતું. કૌરવોના પક્ષમાં સમસ્ત દેશના રાજ્યવાદીઓ હતા. પાંડવો પણ તેથીજ સ્વાભાવિક રીતે કોઇ પ્રબળ શક્તિના આશ્રયની શોધમાં હતા. કૃષ્ણે આ પરિસ્થિતિનો લાભ ઉઠાવી તેમને ગણરાજ્યો તરફ આકર્ષિત કર્યા. તેમાં તેમને સફળતા મળી. પાંડવો તેમના તરફ ભળી ગયા. યુધિષ્ઠિર અને ભીષ્મનાં ગણરાજ્યો સંબંધના સંવાદોથી આ વાત તદ્દન સ્પષ્ટ થાય છે કે, તેઓ રાજ્યવાદી હોવા છતાં પણ ગણરાજ્યોના નાશ કરતાં તેમની રક્ષાને માટે વધારે ચિંતાતુર હતા. મહાભારતના બન્ને પક્ષોની સહાયક સેનાઓના અધ્યયનથી પણ એજ સાબિત થાય છે. કેમકે પાંડવોના પક્ષમાં સૌથી વધારે ગણરાજ્યોજ હતાં.

આ રીતે મહાભારત કરાવીને અને તેમાં પાંડવોને સફળતા અપાવીને કૃષ્ણે માત્ર જરાસંધનો વ્યાજ સાથે બદલો ચૂકવ્યો છે, એટલુંજ નહિ પરંતુ એક પ્રકારે સમસ્ત દેશના રાજ્યવાદીઓને કેટલાક સમય માટે નાબૂદ કરી દીધા હતા. આજ કારણે મોટી મોટી સત્તાઓના વિરોધી હોવા છતાં પણ કૃષ્ણ સમસ્ત દેશના હૃદયદેવ બની ગયા અને એટલા સર્વસામાન્ય થયા કે, સ્વયં રાજ્યવાદીઓને પણ તેમને પોતાના ઈશ્વરીય અવતારોમાં સર્વશ્રેષ્ઠ સ્થાન દેવાની ફરજ પડી.

('માધુરી'ના જ્યેષ્ઠ-૧૯૮૮ ના અંકમાંથી સહજ ફેરફાર સાથે અનુવાદિત)

૭-श्रीकृष्णनुं चारित्र्य

મહાત્માઓ યુગપ્રતિમાઓ છે; એમના કાળનાં સીમાચિહ્નો એમના જીવનમાં ઓતપ્રોત થયેલાં હોય છે અથવા એક યુગ પૂરો થાય ને બીજો શરૂ થાય એવા સંક્રાંતિકાળે તેઓ જન્મ પામે છે. એમનો જીવનક્રમ સામાન્ય જગવ્યવહારના ચીલે ચાલવા ઘડાતો નથી. કોઇ દૈવી પ્રેરણાથીજ એમનો જીવનમાર્ગ મોકળો થાય છે અને સામાન્ય મનુષ્ય કરતાં ઘણાજ થોડા વખતમાં તેઓ આગેવાની પ્રાપ્ત કરી લે છે. મહાત્માઓ સર્વ વાતે મહાન હોય છે, એવું સામાન્ય રીતે મનાય છે; પરંતુ એવો કોઇ સ્પષ્ટ નિયમ હોતો નથી અને એવો નિયમ હોય તો તેમાં અપવાદો પણ ઘણા હોય છે. કારણ કે ઘણી વાર કેટલાક માણસો વિદ્યાકલામાંજ સર્વશ્રેષ્ઠ હોય છે. તેમનું નૈતિક બળ સામાન્ય મનુષ્યથી પણ ઘણું ઓછું હોય છે; અથવા તેઓ સુધારકો, યુદ્ધવીરો અને રાજનીતિજ્ઞો તરીકે સફળ થતા નથી. કેટલાક આધ્યાત્મિક સંપૂર્ણતાના કેન્દ્રસ્થાને પહોંચેલા હોય છે, તો વ્યાવહારિક બાબતોથી સાવ વિમુખ હોય છે. જગતના ઇતિહાસમાં એવી એક પણ વ્યક્તિ થઇ નથી કે જેણે શ્રીકૃષ્ણની પેઠે વિવિધ દિશાઓમાં શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કર્યું હોય. એમના કીર્તિવંત અસ્તિત્વ દરમિયાન એમણે ધાર્મિક કે સાંસારિક વિવિધ પ્રવૃત્તિઓમાં એવી તો સંપૂર્ણતા પ્રાપ્ત કરી છે કે, આજ પાંચ હજાર વર્ષો વીતી ગયાં, છતાંય એમની જીવનગાથાઓ હિંદના એક છેડાથી બીજા છેડા સુધી હજીએ ગવાઇ રહી છે. જીવનના જુદા જુદા ગાળામાં પણ શ્રીકૃષ્ણની મહત્તા પરખાઇ આવે છે. બાળક, વિદ્યાર્થી, મિત્ર, સ્નેહી, યુદ્ધવીર, રાજા, એલચી, તર્કશાસ્ત્રી, યોગી, પયગમ્બર કે દૈવી અવતાર તરીકે એમની અલૌકિકતા વિશ્વવંદ્ય બની રહી છે. 'કીર્તિવંત જીવનની સત્કર્મભરી એક ઘડી પણ એક યુગ બરાબર છે' એમ વોલ્ટર સ્કોટ કહેતો; પણ શ્રીકૃષ્ણનું કીર્તિવંત જીવન તો એક સો પચીસ વર્ષ લંબાયું હતું ને એની એક એક ઘડી સત્કાર્ય કરવામાંજ યોજાઇ હતી ને અમર કીર્તિ અર્પતી જતી હતી.

પરંતુ બીજા મહાત્માઓની પેઠેજ શ્રીકૃષ્ણને પણ એમની મહત્તાથી સહન કરવું પડ્યું છે. અત્યારે આપણા એ નરવીરના નામ પાછળ એટલી બધી કથાઓ ને કલ્પનાઓ વીંટાઇ વળી છે કે, એમના ચારિત્ર્યનો સાચો અભ્યાસ કરવાનું અશક્ય નથી બનતું તો મુશ્કેલ તો બને છેજ. પરંતુ એટલુંય બાકી ન હોય તેમ એ કથાઓ ને કલ્પનાઓની પણ અનેક અતિશયોક્તિ કરવામાં આવે છે અને છેવટે જ્યારે શ્રીકૃષ્ણને પ્રભુના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંપૂર્ણ અવતારજ ગણવામાં આવ્યા, ત્યારે એ કથા-કલ્પનાઓને કોઇ જાતની હદ રહી નહિ. યુદ્ધ કે પ્રણયની વેદી પર પ્રાણ પાથરનાર કોઈ નરવીરનાં સાહસોમાંથી વીરકથા પ્રગટે છે, એ પ્રમાણે આ દંતકથા અને અતિશયોક્તિએ શ્રીકૃષ્ણના જીવનને પુરાણકથા જેવું બનાવી મૂક્યું છે ને છેવટે એમના જીવનના પ્રસંગોનાં રૂપકો થયાં છે; દરેકે દરેક મહાકાવ્યના નાયકને આ કસોટીએ કસાવું પડે છે અને તે દ્વારા તેનાં સાહસોને હોય તેનાથી વધુ કીર્તિવંત ઓપ અપાય છે. એટલે સાચા ટીકાકારે ધીરજ ને ખંતથી આ બધાં પડો ધીમે ધીમે ઉકેલવાં જોઇએ; હતા એવા શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કરવા એમની પૂજારી જનતાએ યુગાન્તરોથી ચડાવેલો ઓપ દૂર કરવો જોઇએ. આમ છતાંય દંતકથાકારો ને રૂપકકારોના યત્નો મિથ્યા તો નથીજ ગયા. શ્રીકૃષ્ણને ઐતિહાસિક વ્યક્તિ તરીકે તપાસો, જગતમાં એમની જોડ જડશે નહિ; એમના જીવનને કથા માનો, એવી રસિક ને આકર્ષક વાર્તા આપણે કદીએ વાંચી નહિ હોય; વીરકથાના નાયક તરીકે એને નાણી જુઓ ને આપણે કબૂલ કરવું પડશે કે, જગતભરનાં મહાકાવ્યો ને કલ્પનાકુસુમોમાં શ્રીકૃષ્ણના નામ જેટલી મોહક સૌરભ નહિ ભરી હોય. એમનું જીવન તો જાદુભર્યું છે; કેટલાય કવિઓ અને ભક્તોનાં દિલને એણે યુગયુગાન્તરોથી અનુપમ ભાવનાઓ વડે ભરી દીધાં છે અને આપણા હિંદી સાહિત્યમાં જગતે જાણ્યો કે જોયો નથી એવો પ્રકાશ ફેલાવ્યો છે.

ટીકાનાં બે વિરોધી તત્ત્વો શ્રીકૃષ્ણના ચારિત્ર્યનો વિચાર કરતાં લક્ષમાં લેવાં પડે છે. એક બાજુ શ્રીકૃષ્ણને પરમેશ્વરના અવતાર લેખવામાં આવે છે અને એ દૃષ્ટિએ તેઓ મનુષ્યોથી ને મનુષ્યકલ્પનાથી પર લેખાય છે. બીજી બાજુ પશ્ચિમના વિદ્વાનો એમને એમની શત્રુઓ સામેની કપટનીતિ માટે ઉતારી પાડે છે. "નાયકો અપકૃત્યો કરતા હોય છતાં મહાભારત જેવું કાવ્ય નીતિમય કેમ લેખી શકાય?"–પ્રો. ઇ. ડબ્લ્યુ. હોપકિન્સ પૂછે છે. એજ ટીકાકાર એમના "હિંદના મહાકાવ્ય" નામક પુસ્તકમાં લખે છે કે, "શ્રીકૃષ્ણ **शठं प्रति शाठ्यं कुर्यात्**–એ ન્યાયે ક્ષત્રીવટના કેટલાય નિયમોનો ભંગ કરે છે." 'હિંદનાં ધર્મો' નામક એમના પુસ્તકમાં એજ લેખક જરા આગળ વધીને કહે છે કે, "મહાભારતના કૃષ્ણ સત્યાસત્યના વિચાર વગરના કપટી પુરુષ છે. ક્ષત્રીવટના નિયમોથી વિરુદ્ધ ઘણા માર્ગો સૂચવે છે ને એવો અવળો અમલ કરાવે છે." આ એકનો એક મનુષ્ય આમ અનંત પ્રશંસા અને ભયંકર તિરસ્કાર કેમ ઉપજાવી શકે? એવા નાયકના ચારિત્ર્યનો કસ કાઢવા કોઇ કસોટી શોધી કાઢવાની ખાસ જરૂર છે.

વળી જ્યારે જુદા જુદા ગ્રંથકારોએ શ્રીકૃષ્ણના જીવનને જુદા જુદા દૃષ્ટિબિંદુએ આલેખ્યું છે, તો આપણે એનો નિર્ણય કેવી રીતે કરી શકીએ? શ્રીમાન્ વલ્લભાચાર્યજીએ પોતાની ભાગવતની ટીકા 'સુબોધિની'માં કહ્યું છે, તેનું અનુકરણ કરી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની પેઠે શ્રીકૃષ્ણના જીવનને શું આપણે સર્વાંશે રૂપકમય કરી નાખવું? શ્રીમદ્‌ભાગવતના દશમ સ્કંધમાં કહ્યું તે બધુંજ આપણે કબૂલ કરી દઇ, શ્રીકૃષ્ણે જે લીલા કરી તે બધી સત્ય હતી એમ જણાવી પરીક્ષિત રાજા આગળ જે શુકદેવજી એમના ચારિત્ર્ય માટે કારણો આપે છે તે સ્વીકારી લેવાં જોઇએ? કે શ્રીયુત ચિંતામણિ વી. વૈદ્યે કહ્યું છે તેમ, શ્રીકૃષ્ણના જીવનમાંથી અતિશયોક્તિ કે દંતકથા ટાળી સત્ય વસ્તુ પારખવી જોઇએ? શ્રી. રેનાંના 'જીસસના જીવન'નું અનુકરણ કરી બાબુ બંકિમચંદ્રની પેઠે શ્રીકૃષ્ણના જીવનમાંના દૈવી તત્ત્વને સમૂળગું અળગું કરવું જોઇએ? કે પછી શ્રીકૃષ્ણ સારા-નરસાથી પર હોવાને લીધે કોઇ પણ પ્રકારનાં અપકૃત્યો એમને કલંકિત કરી શકતાં નથી, એમ સમજી મહાભારતના લેખકે એ મહાકાવ્યના નાનામોટા શૂરવીરોનાં તમામ અપકૃત્યો શ્રીકૃષ્ણને નામે ચડાવી દીધાં છે–એમ શ્રીયુત ધીરેન્દ્રનાથ પાલના અભિપ્રાયને મળતા થઈ બધી મુસ્કેલીઓ ટાળી નાખવી જોઇએ? શ્રીબુદ્ધ ભગવાનનો હરીફ ઉત્પન્ન કરવા શ્રીકૃષ્ણને દેવ મનાવી, કલ્પનાથી અનેક દંતકથાઓ એમને નામે ચડાવી દેવામાં આવી છે, એવો શ્રીયુત સૂર્યરાવનો અભિપ્રાય ગ્રહણ કરવા આપણને કાંઇ કારણ છે? કે ગોકુલ ને વૃંદાવનમાં ઘૂમનાર શ્રીકૃષ્ણ અને કુરુક્ષેત્રમાં પાંડવોની પડખે રહી તેમને સલાહ આપનાર યોગીમિત્ર શ્રીકૃષ્ણ એમ બે જુદા જુદા કૃષ્ણ હતા, એમ કેટલાક વિદ્વાનો માની બેઠા છે એ વાત ગ્રહણ કરવા જેવી છે? કે છેવટે આવી અર્થવિહોણી ચર્ચાઓથી કંટાળી જઈ અર્જુનનો અર્થ સફેદ, કૃષ્ણનો અર્થ કાળો ગણી શ્રીકૃષ્ણના નામથી હાથ ધોઇ નાખવા ઘટે છે? શ્રીકૃષ્ણને સાચો ન્યાય આપવા મથતા વિદ્વાનોએ એવો તો ખીચડો કરી નાખ્યો છે કે સામાન્ય મનુષ્ય એ બાબતનો વિચાર કરવા બેસે તો મૂંઝાઇ જાય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મારા નમ્ર મત પ્રમાણે તો શ્રીકૃષ્ણ યોગેશ્વરજ હતા, જીવન્મુક્ત મહાત્મા હતા. સંસારી જંજાળો એમને જરાય સતાવતી નહિ. એમણે આ જીવનમાંજ નિર્વાણદશા પ્રાપ્ત કરી લીધી હતી, પરંતુ આ સૃષ્ટિમાં જીવન જીવવાનું બાકી રહેલું હોવાથી એટલું જીવન પોતાને માટે નહિ, પરંતુ માનવજાતના ભલા માટે ખર્ચવા એ કટિબદ્ધ થયા હતા; એમણે अहं વિસારી મૂકયું હતું, કર્મેન્દ્રિયો પર વિજય મેળવ્યો હતો અને પોતાને વિશ્વ-સ્વરૂપ માનતા થઈ ગયા હતા. એમને કોઇ પ્રકારની આશા–તૃષ્ણા રહી નહોતી, કશો સ્વાર્થ સાધવાનો બાકી નહોતો; કારણ કે એમણે તો મેળવવાનું બધુંજ મેળવી લીધું હતું. એમણે એવી દશા પ્રાપ્ત કરી હતી કે જેમાં વિચરવાથી સર્વ કામનાની તૃપ્તિજ અનુભવાય અને કોઇ પણ જાતની ઇચ્છા ફળવાની બાકી રહેજ નહિ. શ્રીકૃષ્ણનો આવો નિર્લિપ્ત સ્વભાવ ગીતાના ચોથા અધ્યાયના ચૌદમા શ્લોકમાં સારી રીતે સ્પષ્ટ કરવામાં આવ્યો છે; 'કર્મ મને બાધા કરતાં નથીઃ કર્મફળની મને ઇચ્છા નથી.' એજ અધ્યાયના બાવીસમા ને એકતાલીસમા શ્લોકમાં આજ વાત વધારે સ્પષ્ટ કરી બતાવવામાં આવી છે. પરમેશ્વરની દૈવી ઇચ્છા પાર પાડવા શ્રીકૃષ્ણ નિમિત્ત બન્યા હતા. કારણ કે પરમેશ્વરની ઇચ્છામાંજ એમની વ્યક્તિગત ઇચ્છા સમાઈ ગઈ હતી. મિ. આર. એ. રોજર્સ કહે છે તેમ, એક યુગ કે એક સમાજે માન્ય રાખેલા ધારાઓનો સમૂહ તેજ નીતિ. એ દ્વારાજ કર્મનું સાચું મૂલ્ય અંકાય અને સારા–નરસાનો ભેદ પરખાય. પરંતુ પરમેશ્વરના અવ-તારરૂપ મનાય એ પુરુષ તો સર્વ યુગયુગાન્તરથી પર છે, સમાજ અને વર્ણાન્તરથી અનોખો છે અને ધારાઓ, નિર્ણયો કે હા–નાની ચસમપોશીથી પણ વેગળો છે. પોતાના દૈવી અસ્તિત્વને અનુસરીનેજ એ ધારાઓનું પાલન કરે છે અને દુન્યવી બંધનો એની આડે આવી શકતાં નથી. નીતિશાસ્ત્રને સારાસારની વિદ્યા લેખીએ, પણ જેનામાં **स्व** ને **अहं**નોજ અભાવ હોય તેને આપણી સારા–નરસાની કસોટીઓએ ન કસવા જોઇએ; કારણ કે એમનું અસ્તિત્વ કોઇ જુદાજ આદર્શો પર રચાયલું હોય છે. આપણા ધોરણથી એમના જીવનની આપણે તુલના કરીએ છતાંય શેવાળમાં ઊગ્યા છતાં કમળ એનાથી ભિન્ન છે, તેટલાજ એ પણ આપણાથી પર છે.

શ્રીકૃષ્ણ યોગેશ્વર હતા, જીવન્મુક્ત હતા–એ વાતો પૂરવાર કરવી મુશ્કેલ નથી. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ વખતે ભીષ્મ પિતામહ જેવા મહાપુરુષે પણ એમની સેવા પ્રથમ કરવા અભિપ્રાય આપ્યો હતો ને ત્યાં એકત્ર મળેલા તમામ રાજમંડળે એ વાતને અનુમતિ આપી હતી. ચેદીવંશના રાજા શિશુપાલ એકલાએજ એ વાત માન્ય ન કરી ને પરિણામે એ અવિનય બદલ તેને પ્રાણ ખોવા પડ્યા. શ્રીકૃષ્ણ, સાંદીપનિ ઋષિએ શીખવેલા કલાવિજ્ઞાનમાં પારંગત હતા, એટલુંજ નહિ પરંતુ પાંડવોએ બાર વર્ષ વનવાસ વેઠચો, એ ગાળો એમણે આધ્યાત્મિક ચિંતનમાં ગાળ્યો અને ગુરુઘેર અંગિરસ પાસે યોગાભ્યાસ આદર્યો. દરેક અવતારી પુરુષની પેઠે શ્રીકૃષ્ણ ગીતામાં પોતાને પ્રભુ મનાવે છે. જીસસ પણ એમજ કહેતાઃ "હું ને પરમ પિતા એકજ છીએ." ઈરાની સૂફી મનસુર હલાજ પણ એમજ કહેતાઃ "અન ઉલ હક" અથવા "હુંજ પર-મેશ્વર છું." ગીતાના અગિયારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનને પોતાના વિરાટ સ્વરૂપનાં દર્શન કરાવે છે. અંધરાજ ધૃતરાષ્ટ્રને આંજવા ઉદ્યોગ પર્વમાં પણ શ્રીકૃષ્ણે પોતાનું એજ સ્વરૂપ પ્રકટ કર્યું હતું. આ પ્રમાણે આપણા નાયકના જીવનમાંથી પ્રસંગો શોધવા બેસીએ, તો એમના સત્ય, વિશ્વવ્યાપી સ્નેહ, વીરતા, ઉદારતા, આત્મત્યાગ, તટસ્થતા, જ્ઞાન, દીર્ઘદૃષ્ટિ વગેરે ગુણોના અનેક દાખલા મળી આવે. પરંતુ હિંદુશાસ્ત્રો અને ગીતાજ શ્રીકૃષ્ણને યોગેશ્વર ઠરાવવા ને પ્રભુના અવતાર માનવા બસ છે.

શ્રીકૃષ્ણની અનીતિ માટે નાહક ઘણી શાહી બગાડવામાં આવી છે. વજનદાર પુરાવાઓથી સાબિત કરવામાં આવ્યું છે કે, જ્યારે ઐતિહાસિક શ્રીકૃષ્ણ ગોપીવૃંદમાં ઘૂમતા, ત્યારે તેમની ઉંમર માત્ર સાતઆઠ વર્ષનીજ હતી અને એવો કાચી વયના બાળકને અનીતિમાન કલ્પવું એમાં વિચિત્રતા ને સૌજન્યની હદ આવી રહી છે. વળી એ ગોપીઓના પતિઓ અને બંધુજનો એટલા બધા સ્વમાનવિહોણા ન હતા કે, પુખ્ત ઉંમરના પુરુષને પોતાની પત્ની કે મા–બહેન સાથે અણઘટતી છૂટ લેવા દે. વળી મહાભારતમાં તો ગોપીઓ વિષે બિલકુલજ ઉલ્લેખ નથી, માત્ર એકજ વાર જ્યારે દુઃશાસન દ્રૌપદીનાં ચીર ખેંચવા તૈયાર થયો, ત્યારે શ્રીકૃષ્ણને યાદ કરતાં દ્રૌપદી–બોલેલાં–"**गोविन्दद्वारकावासिन् कृष्ण गोपीजनप्रिय ।**" વળી સભા પર્વમાં જ્યારે રાજા શિશુપાલે શ્રીકૃષ્ણનું સો વાર અપમાન કર્યું, ત્યારે પણ શ્રીકૃષ્ણ ને ગોપીઓના સંબંધ વિષે એક શબ્દ પણ ઉચ્ચારવામાં આવ્યો નથી. શ્રીકૃષ્ણ ને ગોપીઓના સંબંધી એક પણ ઐતિહાસિક પુરાવો હોત, તો શિશુપાલ એને મોટું સ્વરૂપ આપ્યા વિના રહેતજ નહિ. એટલે આપણે કબૂલ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરવું ઘટે કે, પાછલા ગાળાના ભક્તલેખકોએ શ્રીકૃષ્ણના જીવનમાં ઐતિહાસિક દૃષ્ટિએ નહોતું એવું તત્ત્વ દાખલ કરી દીધું હોવું જોઇએ. મહાભારતમાં ગોપીઓ વિષે બિલકુલજ ઉલ્લેખ નથી, જ્યારે વિષ્ણુપુરાણુ એક પગલું આગળ ભરે છે અને શ્રીકૃષ્ણુ ને ગોપીઓના સંબંધને નિર્દોષ બાલાઓના એક સુંદર બાળક માટેના સાત્ત્વિક પ્રેમ તરીકેજ પરખાવે છે. હરિવંશ અનુસાર એ તો એક યુવાન માટે મુગ્ધાઓનો અનહદ મોહ હતો. શ્રીમદ્દભાગવત મુજબ એક ભરજુવાન માટે જુવાન પ્રમદાઓનો ગાઢ અનુરાગ હતો. બ્રહ્મવૈવર્ત પુરાણુમાં ખુલ્લા શૃંગાર અને અશ્લીલતાની હદ આવી રહે છે. જયદેવ જેવ કવિઓએ આવો આકર્ષક વિષય એકદમ ગ્રહણ કરી લીધો અને શ્રીકૃષ્ણના જીવનને નાયકનો એવો તો ઓપ દીધો કે, એમાંના ઐતિહાસિક તત્ત્વનો બિલકુલજ લોપ થયો. અલબત્ત, આ બધા શૃંગારમાંથી પણ રૂપકના વિવિધ રંગો ઉપજાવવા પ્રયત્ન કરવામાં આવ્યાજ. એજ પ્રમાણે મહાભારત, વિષ્ણુપુરાણ, હરિવંશ અને શ્રીમદ્દભાગવતમાં રાધાનું નામજ લેવામાં આવ્યું નથી; બ્રહ્મવૈવર્ત પુરાણુમાંજ એનો પ્રથમ ઉલ્લેખ જોવામાં આવે છે અને તેથીજ જયદેવને કાવ્યકલ્પનામાં ઊડવાનો પ્રસંગ મળી ગયો છે. શ્રીકૃષ્ણુ-જીવનનાં જાદુ, એમાં ગૂંથાયલી વીરકથા, એમના પ્રતિની અપ્રતિમ ભક્તિ કે રાધાનું ભક્તિરૂપક વાચકને મોહ પમાડે છે ખરાં; માત્ર એ બધું ઐતિહાસિક સત્ય તરીકે સ્વીકારી શકાય તેમ નથી. પાછળનાં પુરાણો-એજ એ બધી વાતો ઉમેરેલી છે. દંતકથા તો એટલે સુધી આગળ વધે છે કે, શ્રીકૃષ્ણુને સોળ હજાર બસો ને આઠ રાણીઓ હતી! જાણે અનેક પત્નીઓવાળા થવામાંજ બધી મહત્તા ન સમાઈ જતી હોય! સાચી હકીકત એ છે કે, શ્રીકૃષ્ણે નરકાસુરનો વધ કર્યો અને એણે બંદીવાન બનાવેલી સોળ હજાર સુંદરીઓને બંધનમુક્ત કરી. આટલા ઉપરથી દંતકથાકારો કૂદી પડ્યા ને જાહેર કરી દીધું, કે શ્રીકૃષ્ણુને એ બધીય સુંદરીઓ પરણી ગઇ! શ્રીકૃષ્ણુ બસો ગોપીઓ સાથે રાસ ખેલતા એટલે એ બસો ગોપીઓ પણ શ્રીકૃષ્ણુને વરી એમ દંતકથાએ નિર્ણય કરી લીધો! આ હિસાબે આઠ બાકી રહી અને સાચું કહીએ તો શ્રીકૃષ્ણુને આઠ રાણીઓ હતી. જો કે બંકિમચંદ્ર તો એમ કહે છે કે, શ્રીકૃષ્ણુને એકજ રાણી હતી ને તે રુક્મિણી. શ્રીકૃષ્ણુને આઠ રાણીઓ હતી એ વાત કબૂલ રાખીએ, તોપણ કશુંય અજુગતું નથી; કારણ કે હિંદુઓમાં પહેલાં અનેક પત્નીઓ કરવાની છૂટ હતી ને અત્યારે પણ એવી છૂટ છેજ;–જો કે અર્વાચીન સામાજિક સુધારો એકપત્નીવ્રતમાં માનનારોજ લગભગ થઇ ગયો છે. આ પ્રમાણે શ્રીકૃષ્ણના જીવનનો મુખ્યમાં મુખ્ય ચર્ચાસ્પદ વિષય દંતકથાના આધારે અસ્તિત્વમાં આવ્યો છે ને ઐતિહાસિક સત્ય નથી એ વાત પુરવાર થાય છે.

પરંતુ ઘડીવાર આપણે ઐતિહાસિક સત્યને બાજુ પર મૂકીએ અને માની લઇએ કે, શ્રીકૃષ્ણુનું જીવન વિષયી હતું; તોપણ સંપૂર્ણ મનુષ્ય જે માત્ર પરમાનંદમાંજ મસ્ત છે, તે સારા–નરસાથી પર હોઇ માત્ર કરવાની ખાતરજ કાર્યો કરે છે, એમ સિદ્ધ કરી શકાય તેમ છે. ગીતાના અઢારમા અધ્યાયના ૧૭મા શ્લોકમાં કહ્યું છે તે મુજબ, જે અહંતાથી મુક્ત થયો છે, જેની પરીક્ષણુશક્તિ કુંઠિત થઈ ગઇ નથી, તે આ લોકોનો સંહાર કરે છે, છતાં સાચું પૂછો તો સંહાર કરતોજ નથી, તેમ એવા વિનાશના પાપથી બંધાતો નથી. શ્રીમદ્દ ગર્ગ સંહિતામાં આવીજ એક સૂચક વાર્તા છે, જેમાં એક મુક્તાત્મા દુષ્ટ અને વિષયી જીવન ગુજારતો જણાય છે; છતાં તે સજ્જન ને પવિત્ર છે. એ ખાય છે છતાં અન્ન સાથે એને કાંઇજ લેવાદેવા નથી; એ સંહાર કરે છે છતાંય એને હાથે વિનાશ થાય છે એમ કહેવાતું નથી. વાર્તાપ્રસંગ એવો છે કે, એક વાર યમુનામાં પૂર આવ્યું હતું, એટલે ગોપીઓ સામે કિનારે જઈ શકે તેમ નહોતું. શ્રીકૃષ્ણુને કાને આ વાત ગઇ ત્યારે એમણે સૂચના કરી કે બધી ગોપીઓએ સાથે મળી યમુનાજીને પ્રાર્થના કરવી કે, "શ્રી-કૃષ્ણુનું ચારિત્ર્ય કલંકવિહોણું હોય તો માર્ગ આપો." ગોપીઓને આ સૂચના મજાક જેવી લાગી, છતાં અખતરો કરી જોવા તેમને મન થયું અને તેમણે એ પ્રમાણે પ્રાર્થના કરી કે તરતજ તેઓને આશ્ચર્યચકિત બનાવી દે એવો બનાવ બન્યો. યમુનાનાં જલ બે ભાગમાં વહેંચાઇ ગયાં ને તેમને સામે કિનારે જવા માટે માર્ગ મોકળો થયો. એક વાર ગોપીઓને દુર્વાસા ઋષિનો સત્કાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. ઋષિજીએ પોતાને માટે સુંદર ભોજન તૈયાર કરવા આજ્ઞા કરી. ઋષિજીના ઉગ્ર સ્વભાવથી સૌએ ચિરપરિચિત હતાં એટલે એમણે ખૂબજ ઉતાવળ કરી રસોઈ તૈયાર કરી દીધી અને ઋષિજી પણ મનભાવતું ભોજન કરી તૃપ્ત થયા. પાછા વળતાં ગોપીઓએ યમુનાજીમાં ફરી પૂર આવેલું દીઠું; એટલે ઋષિજીએ એમને આજ્ઞા કરી કે, "જો ઋષિજીએ કાંઇજ ભોજન ન કર્યું હોય તો હે યમુના મૈયા! અમને સામે કિનારે જવા માર્ગ આપજે"

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એમ પ્રાર્થના કરો. આંખે જોયેલું અન્યથા ન મનાય, છતાં પણ ગોપીઓએ ઋષિજીની સૂચના મુજબ પ્રાર્થના કરી અને એ વેળા પણ યમુનાજીએ માર્ગ દીધો. આ ઉપરથી ગર્ગ સંહિતાના કર્તા ટીકા કરે છે કે, દુર્વાસા ઋષિનો આત્મા તો પ્રભુસ્મરણમાં મગ્ન હતો, માત્ર એમના ઉદરનેજ તૃપ્ત કરવામાં આવ્યું હતું, તેથી ઋષિજીએ સાચુંજ કહ્યું હતું કે, "મેં ખાધું નથી." એનો અર્થ એટલોજ કે ભોજનની ક્રિયા થઇ એ વાત સાચી; પરંતુ તે સાથે એમના આત્માને લેશમાત્ર પણ સંબંધ નહોતો. એજ રીતે આપણે મુક્તાત્મા માટે વાત કરી શકીએ. દુન્યવી નજરે એ વિષયી જીવન ગાળતો જણાય છે, પરંતુ સત્ય દૃષ્ટિએ એ જીવન સાથે એને નામનો પણ સંબંધ નથી. પરંતુ શ્રીકૃષ્ણને તો એવા પુરાવાઓની પણ જરૂર નથી; કારણ કે ઐતિહાસિક શ્રીકૃષ્ણ વિષયી હતા એવું કહેવાને એક પણ સાધન નથી; એમ આપણે જોઇ ગયા છીએ.

શ્રીકૃષ્ણ એમના શત્રુઓ કે પ્રતિપક્ષીઓ સામે કેવી રીતે વર્તતા, એ વાતનો વિચાર કરીએ તો એક વાત ખાસ આગળ તરી આવે છે. એ સદ્‌ગુણી મનુષ્યો તરફ કઠોર ભાસ્યા હશે, પરંતુ પાપીઓનો તો તેમણે હમેશાં સંહારજ કર્યો છે. શેકસપિયરનાં કરુણાન્ત નાટકોનો પણ આજ સ્પષ્ટ ઉદ્દેશ છે. શેકસપિયરની દુનિયામાં સદ્‌ગુણી પુરુષોને દુઃખ સહન કરવાં પડે છે; પ્રભુના જગતમાં પણ એમજ બને છે; પણ શેકસપિયરનું એકે એક કરુણાન્ત નાટક તપાસી વળીએ, તોપણ એક પણ સ્થાને દુષ્ટો દંડાયા વિના રહ્યા નથી. શ્રીકૃષ્ણે સામ, દામ, ભેદ ને દંડ એ ચારે નીતિ અખત્યાર કરી એમના શત્રુઓનો વિનાશ કર્યો હશે. પરંતુ એ દ્વારા એમણે કદીએ સ્વાર્થ સાધ્યો નથીજ. ગીતાના ચોથા અધ્યાયના આઠમા શ્લોકમાં કહ્યું છે, તે મુજબ એ કાર્યો સાધુ પુરુષોનું રક્ષણ કરવા માટે અને દુષ્ટોના વિનાશ માટેજ યોજાયેલાં હતાં. એટલે કંસ, જરાસંધ, દુર્યોધન અને બીજા રાક્ષસો દુષ્ટ મનુષ્યો હતા; માટેજ શ્રીકૃષ્ણે તેમનો વિરોધ કરી સંહાર કર્યો. કંસના વધ પછી મથુરાનું રાજ્ય એનાજ પિતા ઉગ્રસેનને પાછું સોંપવામાં આવ્યું. દુર્યોધન અને જરાસંધના વિનાશ પછી મગધ અને હસ્તિનાપુરમાં રાજ્યો પણ અનુક્રમે જરાસંધના પુત્ર સહદેવ અને પાંડવોને સુપરત કરવામાં આવ્યાં હતાં. શ્રીકૃષ્ણે તો માત્ર પરિશ્રમ ઉઠાવ્યો ને વગોવાયા તે નફામાં! એમણે એ કૃત્યોથી એક પણ લાભ ઉઠાવ્યો નથી; એટલે સ્વાર્થી જગતથી એ કેટલા પર હતા તે સ્પષ્ટ થાય છે.

કેટલીક વાર એવું બન્યું છે કે, શ્રીકૃષ્ણને ધર્માત્માઓનો સંહાર કરવાનો પ્રસંગ આવ્યો છે. પરંતુ એનું એકજ કારણ છે કે, એ લોકોએ જાણીજોઇનેજ અસત્યનો પક્ષ કર્યો હતો. જો કે એમ ખોટે પક્ષે રહેવા છતાં સત્યનો સર્વદા તેઓ વિજય ઇચ્છતા. ભીષ્મ પિતામહ, ગુરુ દ્રોણ કે વીર દાનવીર કર્ણનાં શ્રીકૃષ્ણની પ્રેરણાથીજ બલિદાન દેવાયાં, એ વાત ચર્ચવા બેસીએ તો તેમાં અનેક મુશ્કેલીઓ ઉભી થાય તેમ છે. જીવનમાં એવા અનેક પ્રસંગો સાંપડે છે કે જ્યારે મનુષ્યને કપરી પસંદગી કરવી પડે છે. એ અનિષ્ટમાંથી એકનો સ્વીકાર કરવાનો હોય છે, ત્યારે સાધુ પુરુષ ઓછું અનિષ્ટ હોય એ કાર્ય પસંદ કરે છે. કારણ કે ગમે તે એક કાર્ય કરતાં 'કલંકિત થવાનું તો નિર્માયેલુંજ છે. મિ. ડબલ્યુ. આર્ચરે આવા પ્રસંગોની એમના 'પ્લે-મેકીંગ' નામના ગ્રંથમાં ઠીક ચર્ચા કરી છે. થોડાક દાખલા લઇએ;—શેકસપિયરના 'મેઝર ફોર મેઝર'માં ઈઝાબેલને પોતાના શિયળનું બલિદાન દેવાનું અથવા પોતાના ભાઇને ગુના માટે દેહાંત દંડ ખમવા દેવાનું આવે છે. મેટરલીંકના 'મોના વન્ના'માં નાયિકાનો શિયળભંગ કરવાનું છે કે દેશબંધુઓનો નાશ થતો જોવાનું છે. ઇ. સ. ૧૨૪૦ ના અરસામાં એવું બનેલું કે, ઇંગ્લેંડમાં એક પાશવી વૃત્તિનો અમીર થઇ ગયો. તેનું નામ અર્લ લીઓફ્રિક. તેણે પોતાની પત્ની 'લેડી ગોડિવા'ને આખા નગરમાં ઘોડા પર નગ્ન દશામાં પસાર થવા આજ્ઞા કરી અને જો લેડી ગોડિવા તેમ કરે તોજ પ્રજાજન પર નાખેલો અમાનુષી કર પોતે માફ કરે એવો નિર્ણય જાહેર કર્યો. આ ત્રણેમાં નાયિકાએ શું કરવું જોઇએ? ગમે તે માર્ગ તેઓ ગ્રહણ કરે, તોપણ તેઓ વગોવાવાનાં તો ખરાંજ. એજ પ્રમાણે ભીષ્મ, દ્રોણ અને કર્ણના સંહારની અનુજ્ઞા આપતાં શ્રીકૃષ્ણને કપરી પસંદગી કરવી પડેલી. બન્ને રીતે એમને તો વગોવાવાનુંજ હતું. પાંડવો સત્ય માટે લડતા હતા, માટે એમને વિજય મળવોજ જોઇએ ને પરમ સદ્‌ગુણી ભીષ્મ પિતામહ, ગુરુવર્ય દ્રોણાચાર્ય કે દાનવીર કર્ણ જ્યાંસુધી જીવતા હોય ત્યાંસુધી પાંડવોને વિજય મળવો અશક્યજ; પરંતુ શ્રીકૃષ્ણે વીરતાથી અને પોતાનો વિચાર કર્યા વિના સાહસ ખેડીને એ બધુંય કલંક પોતાના માથે ઉપાડી લીધું; ઓછું અનિષ્ટ પસંદ કર્યું અને એ ત્રણેય મહાન યુદ્ધવીરોને પરાસ્ત કર્યા.

શ્રી. ચિંતામણ વિ. વૈદ્યના વિચારો આ વિષયમાં જરા જુદા પડે છે. કોઇ પણ સ્ત્રીની સામે અગર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો કોઇ પણ પુરુષ જે આગલા જન્મમાં સ્ત્રી હતો, તેની સામે શસ્ત્ર ન ઉગામવું એવી ભીષ્મની પ્રતિજ્ઞાજ અયોગ્ય હતી. કારણ કે સ્ત્રીસન્માનની ભાવનાને એટલી હદ સુધી ખેંચી જવામાંજ એમની ભૂલ હતી અને તેથી તેમનો પરાજય થાયજ એમ શ્રી. ચિંતામણિ વૈદ્ય માને છે. પરંતુ કોઇ માણસ સ્ત્રીસન્માનને વધારે પડતું મહત્ત્વ આપતો હોય, તો તેની એ વધારે પડતી નાજુકાઇનો લાભ લઇ એના પ્રાણ લેવા એ ઓછું અઘટિત છે ? દ્રોણાચાર્યને માર્ગમાંથી દૂર કરવા શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને મુખે જગજાહેર અસત્ય બોલાવ્યું, એ માટે ઘણા ટીકાકારો બચાવ કરે છે. દ્રોણાચાર્ય અયોગ્ય યુદ્ધનીતિથી લડતા હતા. જે માણસો અમુક શસ્ત્રો ન વાપરી શકતા હોય તેમની સાથે એવાં અમોઘ શસ્ત્રોથી લડવું યુદ્ધનીતિની વિરુદ્ધ હતું, માટેજ તેમનો વિનાશ નિશ્ચિત બની ચૂક્યો હતો, એમ તેઓ જણાવે છે. કર્ણને કપટનીતિથી મારવામાં આવ્યો તેનો પણ એવો બચાવ કરવામાં આવે છે કે, ભરસભામાં દ્રૌપદીનું અપમાન કરવામાં આવ્યું ત્યારે, એણે વિરોધનો એક અક્ષર પણ ઉચ્ચાર્યો નહોતો; પરંતુ એની એજ વિગત બીજી દૃષ્ટિએ નિહાળીએ તો શ્રીકૃષ્ણે નિઃસ્વાર્થ રીતે ઓછું અનિષ્ટ એવું કાર્ય પસંદ કર્યું હતું. પાંડવોનું સત્ય કાર્ય માર્યું જાય તે કરતાં ભીષ્મ, દ્રોણ કે કર્ણનું બલિદાન દેવાય એજ તેમને વધારે યોગ્ય લાગ્યું. મુક્તાત્માની કસોટીએ કસતાં પણ શ્રીકૃષ્ણની નીતિનું સમર્થન થઇ શકે, એ જાતે સ્વાર્થથી બિલકુલ પર હતા. અન્ય મનુષ્ય કરતાં તદ્દન જુદી અને ઊંચી કક્ષાએ વિહરતા. એટલે એ દૃષ્ટિએ આ દોષ પણ તેમના પર નજ ઢોળી શકાય. કોઇ યુવાન ને ઉદ્યમી મનુષ્યને પ્રભુ બોલાવી લે છે તોય પ્રભુની ન્યાયવૃત્તિમાં આપણે શંકા કરતા નથી; એ એના કુટુંબની એકલી આશા હોય ને પાછળ અંધ પક્ષાઘાતી પિતાને રડતો મૂકી વિદાય લેતો હોય; તોપણ આપણે કદી પણ પ્રભુને દોષ દેતા નથી; તો પછી શ્રીકૃષ્ણ જેવા અવતારી પુરુષનાં કાર્યોથી આપણે શા માટે વિસ્મય પામવું જોઇએ ?—એ તો પ્રભુની ઇચ્છા બર આણવા નિમિત્તરૂપેજ આ સૃષ્ટિમાં પ્રગટ થયેલા છે અને પ્રભુની ઇચ્છાનુંજ તેમની દ્વારા પાલન થાય છે. વિલિયમ હાર્વે, લુઇ પાશ્ચર કે લોર્ડ લિસ્ટરે કૂતરાં ને દેડકાં ઉપર પ્રયોગો કર્યા તે પ્રાણીઓની નજરમાં તેઓ ક્રૂર ને ઘાતકી ગણી શકાય; કારણ કે એ પ્રાણીઓ કંઇ નહોતાં સમજતાં કે, એ થોડું અનિષ્ટ જગતના ભલા માટે હતું અને એવાં 'ઘાતકી' કાર્યો દ્વારાજ એવા વિજ્ઞાનવેત્તાઓએ માનવતાના ભલા માટે અજબ શોધખોળ કરી હતી. એ દૃષ્ટિએ મુક્તાત્મા પોતેજ પોતાનાં કાર્યોનો અર્થ કળી શકે. પોતાનાં કાર્યો પોતાના શત્રુઓ કે ઊતરતી કોટીના મનુષ્યોને ન પણ સમજાવી શકે. એમાં આપણને ક્રૂરતા દૃષ્ટિગોચર થાય, પરંતુ ગીતાના બીજા અધ્યાયના બીજા શ્લોકમાં કહ્યું છે કે, જ્ઞાની મનુષ્યો સ્નેહીનાં જીવન કે અવસાન માટે બિલકુલ શોક કરતા નથી.

શ્રીમતી એની બિસેન્ટ પોતાના 'એગ્રીઝ ઓફ મોરાલિટી' નામક ગ્રંથમાં નીતિના પ્રશ્નને પાંચ રીતે છણે છે. દૈવીપ્રેરણા, આંતરપ્રેરણા, સગવડ, યોગાનુયોગ કે કોઈ ભેદી રીતે નીતિનું ઘડતર. કેવી અલૌકિક રીતે નીતિના પાયા નંખાયા છે એજ આપણે જોઇએ. અપવાદરૂપેજ એવું બને છે. કોઇક વિરલ વ્યક્તિ માટેજ તે સત્ય છે; દરેકને એ વાત લાગુ પાડી શકાય તેમ નથી. જેણે આત્માને ઓળખ્યો છે અને જે પોતે વિશ્વરૂપ છે તેનીજ એ નીતિ છે, એવા અવતારી પુરુષો માટે કોઇ પણ પ્રકારનાં નિયમ–બંધનો હોતાં નથી. દુન્યવી વહેવારથી એમનાં જીવન સંકળાયલાં હોતાં નથી. શાસ્ત્રો પણ એમને માટે માર્ગ નિયત કરતાં નથી. પરંતુ એમના પોતાના અનુભવો ને પ્રયોગોને પરિણામે એમની પોતાની રીતેજ એમનું જીવન ઘડાય છે. એજ શ્રીકૃષ્ણના ચારિત્ર્યની કૂંચી છે. એ યોગેશ્વર હતા, એમણે એમના જીવનને એવું તો શાંતિમય બનાવી મૂક્યું હતું કે, તે પોતાના આત્માનો અવાજ સ્પષ્ટ સાંભળી શકતા. એ સારાનરસાથી પર છે–વિજયપરાજય એમને કશી અસર કરી શકતા નથી; શાંતિ ને વિગ્રહની એમને વ્યથા નથી; પ્રભુની પ્રેરણા મુજબ એમનું જીવન વહે છે. સંસારીઓના કોલાહલથી એમના નિર્ણયમાં કશોજ ફરક પડતો નથી, બાહ્ય નિયમો અને આચારબંધનો એમને અસર કરી શકતાં નથી. જ્યારે એમની ઇચ્છામાં આવે, ત્યારે તે એમને વેગળાં મૂકી શકે છે અને પ્રભુની પ્રેરણા મુજબ પોતાને કરવાનું કર્યેજ જાય છે. સામાન્ય મનુષ્યો કાયદો પાળી તેને માન આપે છે, જ્યારે પ્રભુના પાર્ષદો કેટલીક વેળા કાયદાનો ભંગ કરી તેને માન આપે છે. મિલ્ટન પોતાના 'ટેટ્રા કોર્ડન'માં કહે છેઃ "સર્વશ્રેષ્ઠ સદ્‌ગુણી મનુષ્યોએ કેટલીક વાર કાયદાનો ભંગ કરી કાયદો બરાબર પાળી બતાવ્યો છે." શ્રીકૃષ્ણના ચારિત્ર્ય પર આ અંગ્રેજ કવિનો નિર્ણય કેટલો સુંદર પ્રકાશ પાડે છે !

પરંતુ એક વ્યક્તિ માટે એક જાતના નિયમો ઘડવા અને બીજી વ્યક્તિ માટે જુદીજ જાતનાં બંધનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિચારવાં એ અયોગ્ય નથી ? ના. કારણ કે દરેક મનુષ્ય એકસરખી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક કક્ષાએ પહોંચેલ નથી હોતો. સમાજની દરેક વ્યક્તિને પોતાનું યોગ્ય કર્તવ્ય બજાવવાનું હોય છે; પછી ભલે એકનું કર્તવ્ય બીજાના ધર્મથી તદ્દન વિરુદ્ધ હોય. એક શિક્ષાગુરુનું કર્તવ્ય શીખવવાનું છે, શિષ્યનું કર્તવ્ય શીખવાનું; એક શસ્ત્રવિદ્યાવિશારદે દર્દીનો બચાવ કરવાનો છે; એક સૈનિકે શત્રુસૈન્યનો વિનાશ કરવાનો છે. કોઇ રાજાને યોગદષ્ટિએ ત્યાગની ધૂન લાગે ને પોતાનું રાજ્ય પોતાના શત્રુને સોંપી દે ને પોતાની પ્રજાનું રક્ષણ પોતે કરી શકે તેમ હોય છતાં ન કરે, તો તેને માટે આપણે શું કહીશું ? કોઇ સેનાપતિ એક હાર ખાધા પછી, તમાચો મારનારને બીજો ગાલ ધરવાની બાઇબલની ઉક્તિને અનુસરી બીજી હાર ખાવાને તત્પર થાય, તેને આપણે કેવો કહીશું ? અને કદાચ એવો કર્તવ્યવિમુખ કોઇ સેનાપતિ પાકે, તો આપણે એને યોગી કહીશું કે દ્રોહી ? સંત કહીશું કે નરાધમ? જે વાત વ્યક્તિને માટે સાચી એજ વાત સમૂહને માટે. જર્મન ફિલસૂફ નીટ્શે તો શેઠ અને ગુલામો, રાજા અને પ્રજા, એમ દરેકની નીતિ ભિન્ન ગણે છે. રાજ્ય ચલાવનારની નીતિ, સત્તા ટકાવી રાખનારા ગુણો સંપાદન કરવામાં સમાયેલી છે; બળ, ન્યાય ને હિંસા પણ એમને માટે જરૂરનાં છે; જ્યારે પ્રજાનું નીતિશાસ્ત્ર જુદીજ કથની કથે છે. એમાંએ સત્તાનું પાલન કરવાનું કે એની સામે થવાનું આવે છે; આજ્ઞાધીનતા, વફાદારી, બળવો કે ક્રાન્તિનો એમાં સમાવેશ થાય છે. કર્તવ્યો ને નીતિ યુગ અનુસાર અસ્તિત્વમાં આવે છે અને સમય અનુસાર પલટાય છે; સામાન્ય જનતા માટે તેમજ યુગ–યુગાન્તરો માટે મનુસ્મૃતિના પહેલા અધ્યાયના પંચાશીમા શ્લોકમાં કહ્યું છે કે, કૃતયુગ માટે એક જાતનાં કર્તવ્ય, ત્રેતાયુગ માટે જુદા પ્રકારનાં ધર્મબંધનો, દ્વાપરયુગ અને કલિયુગની પણ જુદી જુદી ફરજો નિયત કરવામાં આવી છે. તો શ્રીકૃષ્ણ જેવો સંપૂર્ણ અવતારી પુરુષ નીતિશાસ્ત્રના આલેખેલા માર્ગથી અવારનવાર જુદો માર્ગ ગ્રહણ કરે તેમાં ખોટું શું ? પ્રભુપદ પામવાની પોતાની યોગ્યતાદ્વારા એ જુદોજ ચીલો પાડે એમાં નવાઇ પણ શું ?

અર્વાચીન પ્રજાતંત્રના જમાનામાં અને પ્રજાજીવનની સુધારક વિચારપરંપરામાં પરમેશ્વર વિના બીજા કોઇ પણ માટે અસ્ખલનશીલ અદૂષ્ય (ઇન્ફેલિબલ) શબ્દ વાપરવામાં આવે એ ઠીક નથી લાગતું. શ્રીકૃષ્ણ માટે પણ એ શબ્દ વાપરવો યોગ્ય નથી; પરંતુ એ શબ્દ અમુક અર્થમાં શ્રીકૃષ્ણ માટે વાપરી શકાય. શ્રીકૃષ્ણ મુક્તાત્મા હતા એ વાતમાં વાંધો ઉઠાવીએ એ હિંદુશાસ્ત્રો અને ગીતા માટે વાંધો ઉઠાવવા જેવું છે; એટલે શ્રીકૃષ્ણને પ્રભુપદ પામેલા પુરુષ માનવામાં આવે અને પરમેશ્વર પોતાની ઇચ્છા શ્રીકૃષ્ણને નિમિત્ત બનાવીને બર આણતા હતા, એમ માનવામાં આવે તો તેમનાં કૃત્યો સદાચાર લેખાવાંજ જોઇએ. કારણ કે એમ ન ગણીએ તો પ્રભુને દુરાચારી માનવાનો પ્રસંગ આવે. પ્રજાતંત્રવાદના અર્વાચીન જમાનામાં 'અસ્ખલનશીલ' 'અદૂષ્ય' શબ્દ ઠીક નથી ગણાતો, છતાં ઘણી સંસ્થાઓ, પુસ્તકો અને વ્યક્તિઓ માટે છેક આજ સુધી તે વપરાતો આવ્યો છે. રાજ્યપ્રકરણ પણ એ વિષય ચર્ચે છે કે, "રાજ્ય અપકૃત્ય કરેજ નહિ" કે રાજા અપકૃત્યનું કારણ બનીજ ન શકે! મૅકિયાવેલીના સિદ્ધાંત પ્રમાણે નીતિનાં જે બંધનો સામાન્ય મનુષ્ય માટે રચાયેલાં છે, તે રાજાઓને બંધનકર્તા નથી. પ્રીવીકાઉન્સિલના નિર્ણયો કાયદાની દષ્ટિએ છેવટના લેખવામાં આવે છે, જો કે એ નિર્ણયો અદૂષ્ય તો ન લેખાય, પણ બ્રિટિશ સામ્રાજ્યમાં તો એ નિર્ણય વિષે નિર્ણય આપે એવી કોઇ સંસ્થા અસ્તિત્વ ધરાવતી નથીજ. ખોજા લોકો તેમના હાજર ઇમામનાં ધાર્મિક ફરમાનો એટલે અત્યારે નામદાર આગાખાનના ધાર્મિક નિર્ણયોને છેવટના માને છે; તેજ પ્રમાણે છેક ઈ. સ. ૧૮૭૦ સુધી વેટિકનની "ઇક્યુમીનીકલ" ધાર્મિક સભાએ નિર્ણય કરેલો હતો કે, ધાર્મિક સિંહાસન પર વિરાજી પોપ જે નિર્ણયો આપે તેમાં ભૂલ હોયજ નહિ અને તે પ્રમાણેજ ખ્રિસ્તી દેવળો અને ખ્રિસ્તી નીતિશાસ્ત્રનાં તત્ત્વો ઘડાવાં જોઇએ. ઇસ્લામીઓ માને છે કે, કુરાને શરીફમાં પ્રભુનાં વચનોજ ઉતારવામાં આવ્યાં છે, એટલે એમાં વિવાદને અવકાશ હોયજ નહિ. હિંદુઓ વેદનાં સૂત્રોને એવાં ગણે છે, બ્રહ્મોસમાજના પ્રણેતા અને સંચાલકોએ ઘણાય પ્રયત્નો કર્યા છે, છતાં 'વેદવાક્ય' શબ્દે તો કહેવતનું રૂપ લીધું છે; એમાં શંકાને સ્થાનજ નથી. એ પ્રમાણે અત્યારના જમાનામાં પણ જો અમુક સંસ્થાઓ, ગ્રંથો કે વ્યક્તિઓના નિર્ણયને અદૂષ્ય ગણવામાં આવતા હોય, તો જૂના જમાનામાં કોઇ સંપૂર્ણ યોગેશ્વર પોતાની પ્રેરણા મુજબ સમાજસુધારણા, ન્યાય ને શાંતિ માટે નિઃસ્વાર્થ વૃત્તિથી કોઇ નિયમભંગ કરે, તો તેને તેમ કરવા હક નથી એમ કહેવું એ વધારે પડતું નથી ?

'પ્રયોજનથી સાધન પરખાય છે' એ નીતિશાસ્ત્રનું અગત્યનું તત્ત્વ છે; પરંતુ વ્યવહારમાં ચર્ચાસ્પદ વિગત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે. 'નરસું કરો જેથી સારું થાય' એ બાઇબલનું વાક્ય પણ એવુંજ છે. કોઇ બિનજવાબદાર રસ્તે જનાર માણસ આવા સિદ્ધાંતો પર આધાર રાખી સામાજિક અને નૈતિક બંધનોનું સ્વેચ્છાથી ઉલ્લંઘન કરે તો તેનો સ્વાભાવિક તુચ્છકાર થાયજ; કારણ કે જો જીવનમાં આ તત્ત્વો મહત્ત્વનાં હોય તો જવાબદાર, મહાન ને નિઃસ્વાર્થી પુરુષોમાંજ તે જડી આવે. દરરોજ એવા ઘણાએ દાખલા બને છે કે જેમાં શિક્ષક શિષ્યને શિક્ષા કરે છે, સર્જન દરદીના અંગમાં વાઢકાપ કરે છે ને ન્યાયાધીશ ગુનેગારને સજા કરે છે. આ દરેક દાખલામાં અનિચ્છા હોવા છતાં શિષ્ય, દર્દી કે ગુનેગારની કાંઈ ને કાંઇ ભૂલ થઇ ગયેલી હોય છે, છતાંય એ ઉપાયનું પરિણામ વ્યક્તિ ને સમાજના ભલા માટેજ હોય છે. કોઇ વાર સમાજનું પાપ કોઇ મહાપુરુષને માથે પડે છે ત્યારે એનાથી ઓછી લાયકાતવાળા મનુષ્યો પણ એનો વાંક કાઢવા મંડી પડે છે; પણ તે વખતે એ મહાપુરુષે કેટકેટલી મુસ્કેલીઓ વચ્ચે કામ કર્યું છે એ વાત તેઓ ભૂલી જાય છે, પણ જે કોઇ મહાપુરુષ સાધનો અનિષ્ટ હોવા છતાં સારો અંત આવે એવું ઇચ્છે તે તદ્દન નિઃસ્વાર્થી હોવા જોઇએ કે તેમણે વધારેમાં વધારે સંખ્યાનું ભલું ઇચ્છેલું હોવું જોઇએ. હાર પામેલો સેનાપતિ પોતાના ઘાયલ થયેલા ને અવસાનને આરે ઊભેલા સૈનિકોને રણભૂમિ પર છોડી પાછો આવે તો તેમને ક્રૂર ગણવામાં આવ્યાના અનેક દાખલા બન્યા છે; બાકીના સૈનિકોને લઇ નાસી આવ્યા એવો તેમના પર દોષ મૂકવામાં આવ્યો છે. પરંતુ ટીકાખોરો ભૂલી જાય છે કે, એ સેનાપતિ પોતાનો જીવ બચાવવા ભાગી આવ્યો ન હતો પરંતુ પોતાના બાકી વધેલા સૈનિકોનો સમૂળો નાશ થતો અટકાવવા એણે રણાંગણ છોડયું હતું. મોસ્કોથી પાછા ફરતાં નેપોલિયને પોતાના કેટલાય અકડી ગયેલા અને ભૂખ સહન ન કરી શકે એવા સૈનિકોને રશિયાના હિમમાં મૃત્યુના મુખમાં છોડી દીધા હતા અને ગણ્યાગાંઠ્યા અનુચરો સાથે તે પાછો ભાગી આવ્યો હતો, એ ખરેખર ત્રાસજનક છે; પરંતુ એ પોતાના સૈનિકોની પડખે રહી સંકટ સહન કરી મૃત્યુને શરણ થયો હોત, તો એ એને માટે વધારે સારું ગણાત ? દેશ માટે એણે જીવન ફના કર્યું એમ કહેવાત ? ફ્રાન્સને પોતાનાં લાગ્યાં ભોગવી લેવા નસીબને આધારે છોડી દીધું હોત તો તે યોગ્ય ગણાત ? નેપોલિયને અપકૃત્ય કર્યું એ વાત ખરી, પરંતુ પોતાના દેશને માટેજ; એમાં આખા દેશનું ભલું સમાયેલું હતું. જીવનના અનેક પ્રસંગે શોધવામાં આવે છે તેવા એ વચલા માર્ગ હતા. કોઈ કોઇ વખતે તે નિઃસ્વાર્થ દૃષ્ટિએ પરોપકાર વૃત્તિથી ઉચ્ચારાયેલું અસત્ય પણ અપનાવી લેવું પડે છે. કારણ કે પોતાને લાભ કરવા નહિ પણ પારકાનું ભલું કરવા બોલનારને એમ કરવાની ફરજ પડી હોય છે. રજપૂત રમણી પન્નાએ સરદાર આગળ અસત્ય બોલી રાજકુમારને બદલે પોતાના પુત્રનું બલિદાન આપ્યું હતું. એની નિઃસ્વાર્થ વૃત્તિ આગળ અસત્યનું કલંક ક્યાંય ઢંકાઇ જાય છે. હિંદુ દંતકથાઓમાં એક ઊલટી વાત જડી આવે છે કે, કૌશિક ઋષિએ છુપાઇ ગયેલો શિકાર લૂંટારુઓને બતાવી દઇ સત્ય કહ્યું, તે માટે તેમને નરક મળ્યું હતું ! આ બધી ચર્ચાને અંતે આપણે એવા નિર્ણય ઉપર આવી શકીએ કે, કોઇ માણસ ઘણીજ જાણીતી ને જવાબદાર જગ્યાએ હોય અથવા તો કોઇ સત્તાધીશ મનુષ્ય જગતના ભલા માટે નિઃસ્વાર્થભાવે સામાજિક અને નૈતિક કાયદાઓનો ભંગ કરે, તો માનવતાના ભલા માટેજ એણે એમ કર્યું છે, એમ ગણી તેને અપવાદ ગણવો જોઈએ. આવો સામાન્ય નિયમ દુનિયાના મહાત્માઓને લાગુ પાડવામાં આવે, તો મુક્તાત્મા ને પ્રભુનો અવતાર ગણાતા શ્રીકૃષ્ણ પોતાના અનાર્ય અનુયાયીઓને નક્કી કરેલા નિયમો પ્રમાણે જીવન ન જીવવા દેવા હકદાર છે અને પોતાના ઊંચા આદર્શો પ્રમાણે સત્કાર્યો કરે તેમાં કશુંજ ખોટું નથી.

પ્રોફેસર ડોઇસન એમના "સિસ્ટમ ઑફ વેદાન્ત" નામના ગ્રંથમાં કહે છે કે, મુક્તિ પછી કર્તવ્યનો અંત આવે છે. એટલે કોઇ મુક્તાત્મા કાર્ય કરે કે ન કરે એ સાથે તેને પોતાને કાંઇજ લાગતું વળગતું હોતું નથી. એવાં કાર્યો એનાં કાર્યો લેખાતાંજ નથી. મુક્તિપદ પામ્યા પછી પણ માનવશરીર પોતાના નિત્યકર્મો કર્યે જાય; કુંભાર વાસણ બનાવી લે છતાં પણ ચાક ફરતો હોય તે ફર્યાજ કરે. પ્રભુ એવી રીતે જેને નિમિત્ત બનાવે એ સત્ અસતથી પર છે. ગીતાના ચોથા અધ્યાયના એકવીસમા શ્લોકમાં કહ્યું છે કે, "કોઇ પણ પ્રકારની આશા રાખ્યા વિના સંયમાધીન એવું મન લોભ માત્ર તજી દે છે અને એનું શરીર અન્ય કાર્યો કરે છે—એવો માણસ પાપી નથી." લોકમાન્ય તિલક પોતાના 'ગીતારહસ્ય'માં કહે છે કે, મુક્તાત્મા પાપી બની શકે એમ કહેવું તે તો અમૃત મૃત્યુ પામે છે એમ કહેવા બરાબર છે—વદતોવ્યાઘાત છે; અયોગ્ય ને વિચિત્ર છે. અનેક કસોટીએ કસાઈ નિર્વાણ પ્રાપ્ત કરી શકયો હોય એવો મનુષ્ય કાયદાનો ભંગ કરવા હકદાર છે. કારણ કે બીજા આત્માઓ એની પેઠે નિર્વાણપદ પામ્યા નથી. હર્બર્ટ સ્પેન્સરના શબ્દોમાં કહીએ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો શ્રીકૃષ્ણનું "ઍબ્સોલ્યુટ ઍથિક્સ" આપણા જેવા સંસારી ને અપૂર્ણ પ્રાણીઓ કરતાં કેટલું બધું આગળ વધેલું હશે તે પ્રત્યક્ષ કરે છે.

ઇસ્લામની સૂફી માન્યતાઓ પ્રમાણે પણ સામાન્ય મનુષ્ય કરતાં યોગીજનોને નૈતિક વર્તનમાં વધારે છૂટ હોવીજ જોઇએ. ઇસ્લામી માન્યતા પ્રમાણે મનુષ્યના દરેક ખભા ઉપર એક એક દેવદૂત બેસે છે. જેમકે જમણેખભે બેઠેલો દેવદૂત એનાં સત્કર્મો નોંધે છે અને ડાબે ખભે બેઠેલો દેવદૂત એના ગુનાઓ ધ્યાનમાં રાખે છે. આ પ્રમાણે મનુષ્યના જીવન દરમિયાનજ એનાં કર્મોનો ગ્રંથ લખાય છે અને કયામતને દિવસે એનું અવલોકન કરીનેજ પુણ્યનું ફળ કે પાપનો દંડ ઠરાવવામાં આવે છે. પરંતુ મૌલાના જલાલુદ્દીન રૂમી જે મુસ્લિમ સંતોમાં મુખ્ય ગણાય છે, તે પોતાના 'મસ્નવી' નામક ગ્રંથમાં લખે છે કે, પવિત્ર પુરુષોનાં કર્માકર્મનું પત્રક કયામતને દિવસે તપાસવામાંજ આવશે નહિ, જાણે કે તેઓનાં કૃત્યો અપવાદરૂપ હોઇ પાપપુણ્યથી પર લેખાતાં ન હોય! ઇરાની સૂફી ચાર પરિસ્થિતિમાંથી પસાર થાય છે ત્યારબાદ મુક્તિ પામે છે. એ ચાર પરિસ્થિતિઓ શરિઅત (કાયદો), તરિકત (માર્ગ), મઆરફત (જ્ઞાન) અને હકીકત (સત્ય) છે. છેલ્લી પરિસ્થિતિમાં દૈવી સંબંધ સંપૂર્ણ થાય છે. ઇસ્લામની સૂફી માન્યતાઓ વિષે ખાતરીબંધ લખાણ લખનાર પ્રોફેસર આર. એ. નિક્લસન પોતાના "ધી મિસ્ટીકસ ઑફ ઇસ્લામ" નામક ગ્રંથમાં લખે છે કે, જ્યાંસુધી એક "વલી" (સંત) શરૂઆતની પરિસ્થિતિમાં મુકાયો હોય ત્યાં સુધી એણે નિયમોનું સખ્ત પાલન કરવુંજ જોઇએ; પણ પછીથી જેમ જેમ તે આગળ વધતો જાય તેમ તેમ તે એવા નિયમો અવગણવાને સ્વતંત્ર બનતો જાય. "મઆરફત" અને છેવટે "હકીકત"ની દશા પ્રાપ્ત કરતાં એ સંપૂર્ણ સ્વતંત્ર બને. એજ લેખક પોતાની 'દિવાને શમ્સે તબ્રીઝ'માં જણાવે છે કે, સૂફીઓ પોતાના પીર યા ગુરુમાં અખંડ વિશ્વાસ ધરાવે છે. કારણ કે એમને તેઓ પ્રભુના પ્રતિનિધિઓ માને છે અને એમનાં કૃત્યોને પ્રભુનાં કૃત્યો પ્રમાણે છે. એ પીરને દૈવી સ્વરૂપજ લેખવામાં આવે છે. એવા પીરનાં તિરસ્કૃત અનીતિકર્મો કે ભયંકર ગુનાઓ પણ સૂફીઓ જતા કરે છે, એટલુંજ નહિ પરંતુ એવાં કૃત્યોની પ્રશંસા કરી સન્માને છે. કારણ કે તેઓ માને છે કે, જેમ સૂર્યમાંથી અંધકાર પ્રગટે એ શક્ય નથી, તેમ પ્રભુમાંથી પાપ પ્રગટે એ પણ અસંભવિત છે. ઇરાનની સૂફી માન્યતાઓ સાથેનું આ સામ્ય સંપૂર્ણ ને અધૂરા મનુષ્યો વચ્ચેનો ભેદ પારખવો સહેલો બનાવે છે અને સંપૂર્ણ મનુષ્યોને વધારે છૂટ અપાવે છે.

કેટલીક વાર કોઇ સંપૂર્ણ મનુષ્યનું ચારિત્ર્ય આપણી નીતિની કસોટીએ કરવામાં આવે છે, તો તે તદ્દનજ અવળું જણાય છે ને કેટલીક વાર તો ઘૃણા ઉત્પન્ન કરે છે. કુરાનના 'સુરાત અલ્ રહફ' નામના અઢારમા પ્રકરણમાં એક વાર્તા છે, જે આ પ્રશ્ન માટે ઘણુંજ અજવાળું પાડે છે. એક વેળા મોઝિઝે એક સંપૂર્ણ મનુષ્યનો સહચાર સાધ્યો. કુરાનના ટીકાકારો એને અલખઝ કહે છે. એણે મોઝિઝને પાસે રહેવા રજા તો આપી, પરંતુ એના એક પણ કૃત્ય માટે મોઝિઝે શંકા ન કરવી એમ ઠર્યું. મોઝિઝ પ્રશ્ન કરે તે દિવસે તેમણે છૂટા થવું. બન્ને જણા પ્રવાસે નીકળ્યા. જતાં જતાં દરિયાકિનારો આવ્યો એટલે અલખઝે વહાણને કાણું કર્યું. મોઝિઝ પોતાની શરત વીસરી ગયા. બધા નાવિકોની જિંદગી જોખમમાં નાખવાનું શું પ્રયોજન? એવો તેણે પ્રશ્ન કર્યો. પરંતુ એને નહિ બોલવા કહેવામાં આવ્યું. આગળ જતાં એક યુવાનને અલખઝે વિના વાંકે મારી નાખ્યો. મોઝિઝે ફરી વાર પણ વાંધો ઉઠાવ્યો. ત્યારે એને કહેવામાં આવ્યું કે, ત્રીજી વાર જો શંકા કરવામાં આવશે તો બન્નેને છૂટા થવું પડશે. આગળ જતાં તેઓ પડું પડું થયેલી એક દીવાલ આગળ આવી પહોંચ્યા. અલખઝે એને સીધી કરી. આવા કૃત્યની દેખીતી મૂર્ખાઈ મોઝિઝથી સહન થઇ શકી નહિ; એટલે પરિણામ ગમે તે આવે તેની પરવા કર્યા વિના તેણે પોતાના સાથીદારની વિચિત્ર વર્તણૂકનો અર્થ જાણવા માગ્યો. અલખઝે કહ્યું કે, એણે જાણીજોઇને વહાણને નકામું બનાવી મૂક્યું હતું, કારણ કે તેમ કર્યું ન હોત તો તેના માલિક ખલાસીઓ એને ઉપયોગમાં લીધા વગર રહેત નહિ અને રાજાએ સારાં વહાણો બળજબરીથી જપ્ત કરવા ફરમાન બહાર પાડેલું હતું. સદ્‌ગુણી વડીલોનું સંતાન હોવા છતાં પેલો યુવાન નાસ્તિક પાક્યો હતો, તેથી અલખઝે તેને મારી નાખ્યો, જેથી એનાં માતપિતાને એના કરતાં સદ્‌ગુણી ને પ્રેમાળ પુત્ર સાંપડે. પેલી દીવાલ એ અનાથ બાળકોની માલિકીની હતી અને તેમાં ગુપ્ત ભંડાર દાટેલો હતો અને પ્રભુની એવી ઇચ્છા હતી કે, એ બાળકો પુખ્ત ઉંમરનાં ન થાય ત્યાંસુધી એ ભંડાર પ્રાપ્ત ન કરે. તેથી અલખઝે એ દીવાલ સમી કરી હતી. છેવટે કુરાન અલખઝ પાસે બોલાવે છે કે, "મારાં કૃત્યો મારી ઇચ્છાથી નહિ પણ અલ્લા-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હનીજ ઇચ્છાથી કરવામાં આવ્યાં હતાં." શ્રીકૃષ્ણનાં કૃત્યોનું પણ એમજ છે. આ વાર્તાનો બોધ સરળ છે અને કોઇ મુક્તાત્માનાં દેખીતાં અપકૃત્યો માટે આપણે એકાએક તેમને વગોવવા મંડી પડીએ તેમાં કેટલું જોખમ રહેલું છે એ દર્શાવે છે.

યોગેશ્વરમાં અકલિત દીર્ઘ દૃષ્ટિ હોય છે. બીજા બંધુઓ નીચે ઊભા હોય ત્યારે કોઈ ઊંચા મિનારા પર મનુષ્ય ઊભો હોય તેના જેવી યોગેશ્વરની દશા છે. એ ઊંચા મિનારા પર રહ્યે રહ્યે તે સુંદર દૃશ્યો નિહાળે છે કે હાસ્યો ઝીલે છે ને હસે છે અથવા તો તે દર્દભરી દશા પારખી રુદન કરે છે; જ્યારે નીચે ઊભેલા એનાજ બંધુઓ એના હાસ્ય અગર રુદનનું કાંઇ પણ કારણ આપી શકતા નથી અને પરિણામે એને વિપરીત માન-સવાળો કલ્પે છે. પરંતુ એથી ગીતાના બીજા અધ્યાયના ૬૯ મા શ્લોકમાં દર્શાવેલી વિદ્વાન અને અજ્ઞાન મનુષ્યની દશાનો ભેદ આપણને સમજાય છે. "જગતના જીવો માટે જે રાત્રિ છે, એ સમયે સંયમી જાગ્રત હોય છે અને જગતના જીવો જાગે છે ત્યારે દીર્ઘદૃષ્ટિ મહાત્માને રાત્રિ છે." એજ પ્રમાણે શ્રીકૃષ્ણનાં કેટ-લાંક કૃત્યો પણ પ્રથમ દૃષ્ટિએ વિચિત્ર ભાસે છે, પરંતુ એમની ઇચ્છા પ્રમાણે જ્યારે પરિણામ પ્રકટ થાય છે, ત્યારે એમનાં કૃત્યોની સ્વાભાવિક યોગ્યતા ઝળહળી ઊઠે છે. એક વાર મહાભારતનું મહાયુદ્ધ પૂરજોસમાં ચાલી રહ્યું હતું, ત્યારે કર્ણે ઘટોત્કચને સંહાર્યો. એથી ત્રાસ પામી પાંડવો ગાંડા જેવા બની ગયા. શ્રીકૃષ્ણને રથ ઉપર હસતા ને નાચતા જોઇ અર્જુનના ક્રોધને લગામ રહી નહિ, એ એમને ઠપકો દેવા ગયો, ત્યારે શ્રીકૃષ્ણે તેને જણાવ્યું કે, કર્ણની પાસે ઇન્દ્રદેવે આપેલી અમોઘ શક્તિ હતી; એનો એકજ વાર ઉપયોગ કરવાનો હતો. એ શક્તિ તે ગમે તેના પર વાપરી શકે એમ હતું અને એ શક્તિના-પ્રહારે કોઇ બચી શકે તેમ નહોતું. એટલે તેણે એ શક્તિ માત્ર અર્જુનના સંહાર માટેજ રાખી મૂકી હતી; પરંતુ ગઈ રાત્રે ઘટો-ત્કચે કર્ણને એવો તો હંફાવ્યો કે, એની મતિ ભમી ગઇ અને અર્જુન માટે સાચવી રાખેલી એ શક્તિ એણે ઘટોત્કચ પર વાપરી નાખી. ઘટોત્કચના બલિદાનથી અર્જુનનું રક્ષણ થયું, તેથીજ પોતે આનંદથી નાચી રહ્યા હતા. શ્રીકૃષ્ણના વિચિત્ર વર્તનનો બીજો દાખલો પણ આપણને મળી આવે છે. મહાભારતના યુદ્ધ પછી ધૃતરાષ્ટ્ર ઘણાજ ખિન્ન થઇ ગયા, પરંતુ તેમનો વૈરાગ્નિ બુઝાયો નહિ. એમણે ભીમને મળવાની ઇચ્છા જણાવી. ત્યારે શ્રીકૃષ્ણે ભીમને બદલે એની લોખંડી મૂર્તિ રજૂ કરવા સલાહ આપી. બધાય વિસ્મિત થયા છતાં એ સલાહ માનવામાં આવી. ધૃતરાષ્ટ્રે વેરની ધૂનમાં એવું તો સખત આલિંગન દીધું કે, ભીમની એ લોખંડી મૂર્તિના ટુકડે ટુકડા થઈ ગયા. મિ. એસ. ટી. કોલરિજ પોતાના 'બાયોગ્રાફીયા લીટરેરીયા' નામના ગ્રંથમાં કહે છે કે, 'કેટલીક વાર મનુષ્યની મૂર્ખાઇમાં પ્રભુનું ડહાપણ સમાયેલું હોય છે;" મનુષ્યનાં ત્રાસદાયક કૃત્યો-માં પ્રભુની પ્રભુતાના અંશો સમાયલા હોય છે. આપણે આજ વાક્ય ઉલટાવી એટલાજ ન્યાયપૂર્વક એમ કેમ ન કહીએ કે પ્રભુનાં વિચિત્રતાભર્યાં કૃત્યોમાં કે પ્રભુપદ પામેલા અવતારી પુરુષોની અકલિત કરણીમાં ઊંડો ભેદ ભરેલો હોય છે? પૃથ્વીનું પામર પ્રાણી એટલી ઊંચી કક્ષાએ પહોંચી શકે એજ ધનભાગ્ય છે.

પરંતુ જો શ્રીકૃષ્ણ એવા મહાન હોય તો સામાન્ય જનતા એમના જીવનનું અક્ષરશઃ અનુકરણ કરે એમાં શું ખોટું? આ પ્રશ્નનો જવાબ સ્પષ્ટ નકારજ હોય. વિશાળ હક ને અનંત સ્વતંત્રતા ભારેમાં ભારે કર્તવ્ય ને જોખમદારીઓ પિછાનનાર વ્યક્તિનેજ હોઇ શકે; કોઇ યોગેશ્વરજ એવા હકો ભોગવી શકે. એવા યોગેશ્વરજ પ્રથમ જાતે મુક્તાત્મા બની આ પૃથ્વી પર અવતાર લઇ ઈશ્વરી ઇચ્છાનો અમલ કરાવી શકે. એવા મહાત્મા સંપૂર્ણ સ્વતંત્રતાથી પણ વર્તી શકે; કારણ કે એની ઇચ્છા એની નથી પણ સાક્ષાત્ પરમેશ્વરનીજ છે. આપણે પામર પ્રાણીઓ એટલી લાયકાત હજી મેળવી શક્યા નથી અને શાસ્ત્રો તથા બીજા કાયદાઓનાં બંધનોનું પાલન કરવાજ નિર્માયલા છીએ. શ્રીકૃષ્ણ ઘણીજ સ્પષ્ટતાથી જાહેર કરે છે કે, "જે મારા જીવનનું અંધ અનુકરણ કરવા પ્રયત્ન કરશે તે નરકે જશે. મારી આજ્ઞા સાંભળો, એ પર વિચાર કરી એના ગૂઢ રહસ્યને જીવનમાં ઉતારો, તોજ તમે મારી સાચી ભક્તિ કરી ગણાશે; તોજ તમે સાચું સૌંદર્ય પ્રમાણી શકશો. મારું જીવન ભેદી છે; એનો પાર પામવા જે બુદ્ધિદ્વારા મથે છે એને ઘણું શીખવાનું મળે છે. પરંતુ જે અંધ બની અક્ષરશઃ ખોટું અનુકરણ કરવાજ મથે છે તેની અવગતિ થાય છે." એકને માટે જે સારું હોય તે અન્યને માટે સારું હોયજ એમ નક્કી ન કહેવાય. આપણે શુકદેવજીની પેઠે નાગા ન ફરી શકીએ; મીરાંબાઇની પેઠે ઝેર પી ન શકીએ કે ગુજરાતના સુલતાન મહમદ બેગડાની પેઠે યા પ્રોન્ટસના રાજા મિથિડાનીસની પેઠે ઝેરી સાપ ખાઇ જીવન ન નભાવી શકીએ. શ્રીકૃષ્ણ જેવા પરમપદ પામેલા મનુષ્યો માટે પણ આપણને એમ આશા રાખવા મન થઇ જાય છે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કે, એમણે સામાન્ય જનતાએ માન્ય કરેલા નિયમોના અનાદર કરવાને બદલે પાલન કર્યું હોત તો ઠીક થાત. પરંતુ આપણે વહેંતિયા મનુષ્યો એ મહાત્માની મહત્તા ક્યાંથી પારખી શકીએ ? પ્રભુની ઇચ્છાને યોગ્ય સ્વરૂપ આપવાના જુદા ઉપાયો આપણે પામર મનુષ્યો શી રીતે સૂચવી શકીએ ? મહાપુરુષો એમની આધ્યાત્મિક ઊંચાઈથી, નિઃસ્વાર્થ વૃત્તિથી સત્યના જય માટે અને અસત્યના વિનાશ માટેજ મથી રહે છે.

આ પ્રશ્નને વધારે છણીએ તો શું આપણે એવા કોઇ મહાપુરુષના ચોરી કે ખૂન જેવા અપરાધો પર આંખમીંચામણાં કરવાં ? એવા મહાત્મા આપણને પણ એવાં કૃત્યો કરવા ફરજ પાડે તો આપણે બોલ્યા વિના એવાં કૃત્યો કરવાં ? એનો જવાબ નકારજ હોય.

(૧) પ્રભુપદ પામેલા પુરુષો વિરલ જવાહીર સમા છે. દરેક ગુરુ, યોગી કે પીરને શ્રીકૃષ્ણના જેવા અવતારી પુરુષ લેખવાની ઉતાવળ ન કરવી જોઇએ.

(૨) કોઇ મનુષ્ય સંપૂર્ણ મુક્તાત્મા છે અને પાપપુણ્યથી પર છે, એવો સ્પષ્ટ નિર્ણય કરવાનું કાર્ય ઘણુંજ કપરું છે.

(૩) જો કોઇ મનુષ્યે સાચેજ નિર્વાણપદ પ્રાપ્ત કર્યું હોય ને જિતેન્દ્રિય બની જો તે જગતના જીવોના ભલા માટેજ મથી રહ્યો હોય અને પ્રભુની ઇચ્છાનોજ અમલ કરતો હોય, તો તે ચોરી કે ખૂન જેવાં બદનામીભર્યાં કાર્યો કરેજ નહિ.

(૪) છતાંય જો કદાચ એવો પરમપદ પામેલો પુરુષ એવાં નીચ કૃત્યો કરવાનું મન પર લે, તો તે સંસારી કાયદાનાં બંધનોનો ભંગ કરવાનો નિર્ણય કરીનેજ એમ કરે છે અને એ કાયદાભંગ માટે જે દંડ નિયત કરવામાં આવ્યો હોય તે એણે વધાવી લીધેજ છૂટકો. દરેક પોલીસ તેની ધરપકડ કરી શકે. દરેક મેજિસ્ટ્રેટ કાયદાભંગ માટે એને સજા ફરમાવી શકે. એ અમલદારો એ મહાત્મા અવતારી પુરુષ છે, એમ માનતા હોય છતાંય પોતાની ફરજ તેઓ બજાવેજ. અંતિમ જ્ઞાનદશામાં એ મહાપુરુષને જે યોગ્ય લાગ્યું તે એણે કર્યું. પોલીસ અને બીજા અમલદારોએ પોતાની મતિ પ્રમાણે પોતાની ફરજ બજાવવી. ગીતાના ત્રીજા અધ્યાયના પાંત્રીસમા શ્લોકમાં કહ્યું છે કે, "કર્તવ્યપરાયણ થતાં મૃત્યુ આવે તો વધાવી લેવું; બીજાનાં કર્તવ્ય અપનાવી લેવામાં ભારે જોખમ રહેલું છે." આ પ્રમાણે ન વર્તવામાં આવે તો જગતમાં સામાજિક અને નૈતિક અંધાધૂંધી વ્યાપે અને પછી લોકોને ગમે તેટલો ઉપદેશ દેવામાં આવે તોપણ તેઓ અનીતિના પંથે ચડી ગુનાઓ કર્યા વિના રહેજ નહિ; કારણકે એક મનુષ્ય મહાન હોવાથીજ એનાં એવાં કૃત્યો તરફ આંખમીંચામણાં કરવામાં આવ્યાં હોય છે, કાયદામાં એવો અપવાદ હોઇજ શકે નહિ. મુક્તાત્માએ કરેલાં ગુનાહિત કૃત્યો માટે ધારાપોથીમાં ક્યાંય ક્ષમાને સ્થાન નથી. પરંતુ એવા મહાપુરુષમાં તો આત્મભોગની પુનિત ને જ્વલંત ભાવના હોય છે અને એને જણાય કે, એવાં કૃત્યોથી પોતે માનવજાતિનું ભલું કરી શકે તો તે ખુશીથી તેમ કરે છે અને પરિણામે કાયદાનો દંડ સહર્ષ વધાવી લે છે. એથી તો મહાપુરુષ પોતાનાં કર્તવ્યની વેદી પર ફના થયો ગણાય છે. પોતાની માન્યતા મુજબ જગતનું ભલું કરતાં કરતાં તેણે પોતાના જીવનનું બલિદાન આપ્યું એમ કહેવાય છે.

લોકમાન્ય તિલક એક સંસ્કૃત સૂત્ર ઉચ્ચારે છેઃ **न देवचरितं चरेत्** । પ્રભુની બાહ્ય કરણીનું આપણે અંધ અનુકરણ ન કરવું જોઇએ. આગળ જતાં એ કહે છે કે, તૈત્તિરીય ઉપનિષદ પ્રમાણે આપણે માત્ર દેવોનાં સત્કર્મોજ જીવનમાં ઉતારવાં અને બીજાં કાર્યો પડતાં મૂકવાં. સંપૂર્ણ પ્રભુપદ પામ્યા હોય એવાને તો કુકર્મો વળગીજ શકતાં નથી—પોતાના વડીલો, ગુરુ કે રાજાનો સંહાર કરે તોય તેમને દોષ લાગતો નથી; પરંતુ જો કોઈ પણ સામાન્ય મનુષ્ય જિતેન્દ્રિય બન્યા સિવાય, બુદ્ધિને કસ્યા વિના, આત્માને ઉન્નત બનાવ્યા વગર અને પ્રભુને પિછાન્યા વિના શ્રીકૃષ્ણનું અંધ અનુકરણ કરવા લાગે, તો એનો અપરાધ ભયંકરમાં ભયંકર લેખાવો જોઈએ. પ્રથમ દૃષ્ટિપાતે તો આ વાત જરાક વિચિત્ર લાગે છે કે, સંત પુરુષને ઇચ્છામાં આવે તે પ્રમાણે કાયદા સાથે રમત રમવાની છૂટ હોય ને બીજાને તે માટે દંડવામાં આવે. ખરું જોતાં તો એવા સંત પુરુષે કાયદાને પ્રથમ માન આપવું જોઇએ. સામાન્ય મનુષ્ય કહેશેઃ "જો એવા મહાત્મા કાયદાનો છડેચોક ભંગ કરે, તો અમે એમનું અનુકરણ કરીએ એમાં ખોટું શું ?" પરંતુ આપણે એક વાત ભૂલી જવી ન જોઇએ. શ્રીકૃષ્ણ તો આદર્શ પુરુષોનાજ આદર્શ છે, સાધારણ માણસોના નહિ. સામાન્ય જનતામાં અને એમનામાં અગાધ અંતર છે. સિંહણનું દૂધ કોઇએ ચાખ્યું નથી ને એ દૂધ કદાચ ચાખવા મળે, તો કોઈ તેને પચાવી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શકે એમ નથી; માત્ર સિંહજ એનું સેવન કરી શકે. સુવર્ણપાત્ર સિવાય એ ઝીલી પણ ન શકાય એવી માન્યતા છે. શ્રીકૃષ્ણની નીતિ પણ એવીજ છે. પુરુષોત્તમનું ચારિત્ર્ય પણ અલૌકિક છે. પોતાની અમાપ દૃષ્ટિથી અને અનંત સત્તાથી તથા અભંગ ઉત્સાહથી તે એવાં કાર્યો કરી શકે છે, કે જેનાં સ્વપ્ન સેવવાં પણ પામર જીવો માટે દુર્ઘટ છે; છતાં કદાચ અપૂર્ણ મનુષ્યો એવા અવતારી પુરુષોનું અંધ અનુકરણ કરવાનો મિથ્યા યત્ન કરે, તો એવાં મનુષ્યોએ શ્રીકૃષ્ણનાં વચનોજ પ્રથમ વિચારવાં ઘટે છે; માત્ર એમની જીવનકથા વાંચી ગયે છૂટકો થતો નથી. કોઇ અમોઘ શસ્ત્રને સ્પર્શજ ન કરવો સારો—એનો બેદરકારીથી ઉપયોગ કરવો બિલકુલ યોગ્ય નથી; કારણ કે એમ કરવાથી ભયંકર પરિણામ આવ્યા વિના રહેજ નહિ. શ્રીકૃષ્ણે જગતને માટે જે જ્ઞાનવાક્યો ઉચ્ચાર્યાં છે; જગતે તેનું મનન કરી કરણીમાં ઉતારવાં ઘટે. પરંતુ યાદવપતિ શ્રીકૃષ્ણની જીવન-કરણી તો શ્રીકૃષ્ણનો બીજો અવતારજ અમલમાં મૂકી શકે. સામાન્ય મનુષ્યે તો પોતાના અંતરમાં વિરા-જતા પ્રભુનાં દર્શન કરવા મથવું જોઇએ, પ્રભુપદ પામેલા અવતારી પુરુષે પણ પ્રથમ એવીજ શરૂઆત કરેલી. અંતરનો અવાજજ સામાન્ય મનુષ્યોનાં કર્તવ્યો નિયંત્રિત કરી શકે; કારણ કે સામાન્ય મનુષ્યની અંદર વસતો પ્રભુનો અંશજ એવા મહાત્માના આદેશને માન આપે. સંપૂર્ણ મહાત્માઓ પોતાનાજ તેજે દીપી રહે છે. બીજાના તેજે તેજસ્વી બનનાર એ તેજની આગમાંજ ભસ્મીભૂત બની જશે. પરંતુ નૈસર્ગિક તેજ પ્રાપ્ત કરે ત્યાંસુધી એ માર્ગે એમણે તો પ્રયાસ કરવોજ ઘટે. પ્રભુની ઇચ્છાનો અમલ કરવાનો જ્યારે એમને આદેશ મળે ત્યારે તેઓ ભલે એમ કરે.

પરંતુ યોગેશ્વરનું દિલ એના મગજ કરતાં ઘણુંજ બળવાન હોય છે. પ્રભુની પૂજ્ય પ્રતિમાનું એ લોકો હૃદયથી સૂક્ષ્મ અવલોકન કરે છે અને બુદ્ધિબળની કલ્પના કરતાં એ વિધિ જુદાજ પ્રકારની હોય છે. દુન્યવી બાબતોમાં કોઈ પણ વસ્તુનું જ્ઞાન આપણને એ વસ્તુને ચાહતાં શીખવે છે. કોઇ ચીનાને કે હબસીને વિષે આપણને સંપૂર્ણ જ્ઞાન ન હોય, તો આપણે તેને ચાહી ન શકીએ; પરંતુ દૈવી બાબતોમાં તો ઊલટીજ વાત હોય છે. કારણ કે સ્વર્ગીય ભુવનનાં દ્વાર તો મહાન બુદ્ધિશાળીઓ પણ જોઇ શક્યા નથી, એટલું છતાં શ્રદ્ધા, ભક્તિ ને નમ્રતાથી એ દર્શનાર્થે પ્રેરે તો જરૂર સફળતા મળેજ. એજ પ્રમાણે શ્રીકૃષ્ણનું. ભક્તિ ને શ્રદ્ધાથી એમના જીવનનું અવલોકન કરીશું તો એમને બરાબર ઓળખી શકીશું અને એમને દિલથી ચાહતાં શીખ્યા તો પછી એમનું સત્ય અસ્તિત્વ બુદ્ધિથી સમજતાં બિલકુલ મુશ્કેલી નડશે નહિ. એટલે વિવાદશાસ્ત્રી માથું ફૂટીને મરી જશે તોય તે શ્રીકૃષ્ણને સાચી રીતે ઓળખી શકવાનો નથી. પરંતુ કોઇ યોગી અંતરના ઉલ્લા-સથી શ્રીકૃષ્ણના આદર્શને પહોંચી વળવા પ્રયત્ન કરશે અને તેમનું અભંગ ધ્યાન ધરશે, તો જલદી એમનું સાન્નિધ્ય અનુભવશે. શિશુપાલે સામનો કર્યો તેથી કે દુર્યોધને ગર્ભિત તુચ્છકાર બતાવ્યો તેથી શ્રીકૃષ્ણને તેઓ ઓળખી શક્યા નહિ. પ્રોફેસર હોપકીન્સે એમને ઉતારી પાડ્યા, તેથી શ્રીકૃષ્ણનું સત્ય સ્વરૂપ તેમને સમ-જાયું નહિ. પરંતુ મીરાંબાઇએ ભક્તિમાર્ગ ગ્રહણ કરી અર્વાચીન ગોપિકાવત સિદ્ધ કર્યું, તો તેને શ્રીકૃષ્ણનું સાચું સ્વરૂપ સમજાયું. સુરદાસની ભક્તિ અને વૈષ્ણવ કવિઓનાં ભજનોમાં શ્રીકૃષ્ણનું સાચું સ્વરૂપ પરખાય છે. શ્રીકૃષ્ણ ઉપર કોઇ ગરબી ગવાય તેમાં ઐતિહાસિક શ્રીકૃષ્ણને બદલે પૌરાણિક શ્રીકૃષ્ણના સ્વરૂપનું ભારો-ભાર વર્ણન કરાય ને ગોપીજનો સાથે રાસ ખેલતા કલ્પાય, તો આપણને ઘડીભર માટે ઇતિહાસ વિસારી મૂકવાનું મન થાય છે. આપણી વિદ્વત્તા છુપાઈ જાય છે અને આપણે એ ભક્તિરસમાં તલ્લીન બની ઘડીભરને માટે વૈષ્ણવજ બની રહીએ છીએ. એક સુંદર વાર્તા છે: એક વાર યશોદાજી શ્રીકૃષ્ણની બાલક્રીડાથી છેકજ કંટાળ્યાં ને એ બાળકના હાથપગ બાંધી નિશ્ચિંત થવાનો તેમણે નિર્ણય કર્યો. પરંતુ ઘરમાં જેટલાં દોરડાં મળ્યાં તે તમામનો ઉપયોગ કર્યો, છતાં પણ બધાંય ટૂંકાંજ પડ્યાં—દૈવી દામોદર છૂટાજ રહ્યા, રોષે ભરાતી માતાને ચીડવતાજ ગયા. ટીકાકારોના પ્રયત્નો પણ એમ નિષ્ફળજ જવાના છે. શ્રીકૃષ્ણના ચારિત્ર્યની કસોટી કાઢતાં એમની બુદ્ધિનાં દોરડાં ટૂંકાંજ પડવાનાં છે અને પોતાની બુદ્ધિવાદની જંજાળોમાં પોતેજ જકડાઇ જવાના છે. એવો મારો પણ આ નિષ્ફળ પ્રયત્ન છે, છતાંય ગીતાના ગાનારના ચરણકમલમાં અર્ઘ્યરૂપે અર્પણ કરું છું.×

× મૂળ લેખ "ટેસ્ટ ઑફ શ્રીકૃષ્ણઝ કેરેક્ટર" મજલિસે ફિલસૂફાનમાં પ્રો. ફિરોઝ કા. દાવરે વાંચેલો તેનો શ્રી. રમણિક દલાલે ખાસ 'પ્રસ્થાન' માટે કરેલો આ અનુવાદ 'પ્રસ્થાન' માસિકના બે અંકોમાંથી લીધો છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૮–हिंदु जातिना आदर्श पुरुष श्रीकृष्ण

(લેખકઃ–શ્રી. ચતુર્વેદી દ્વારકાપ્રસાદજી શર્મા)

જે લોકોએ શ્રીકૃષ્ણચરિત્ર સંબંધી સંસ્કૃત ભાષાના ગ્રંથોનું અનુશીલન કર્યું છે, તેઓ સમજી શકે છે કે, શ્રીકૃષ્ણમાં લોકોત્તર ગુણોનો સમાવેશ હતો તથા તેઓ જ્ઞાન, વિજ્ઞાન અને અનેક નીતિઓના આશ્રયસ્થાન હતા. તેઓ ધર્મોપદેશકજ નહોતા પરંતુ ધર્મનું પાલન કરનારા હતા. તેઓ દુષ્ટોનું દમન કરનારા હતા અને શિષ્ટજનોને મદદ આપ્યા કરતા હતા.

શ્રીકૃષ્ણ એક આદર્શ પુરુષ હતા. ધર્મ સિવાય તેમનું પોતાનું કોઈ પણ નહોતું. જે યાદવકુળમાં તેઓ જન્મ્યા હતા, તેજ વંશના લોકો જ્યારે ધર્મનો ત્યાગ કરી ઉદ્દંડ બની ગયા, મદિરાપાનમાં મસ્ત રહેવા લાગ્યા અને પૂજ્ય તેમજ શ્રદ્ધાસ્પદ મહર્ષિઓની પણ ઠઠ્ઠામશ્કરી કરવા લાગ્યા, ત્યારે તેઓ તેમનો નાશ કરતાં પણ પાછા પડ્યા નહિ. જેઓ પોતાના મામા કંસ તથા તેના ઘોર અત્યાચારી સસરા જરાસંધને પણ અધર્મી હોવાથી મારી શક્યા હતા, તેઓ દુરાચારી યદુવંશીઓને કેમ છોડે ?

શ્રીકૃષ્ણનો ઉદ્દેશ્ય મનુષ્યત્વનો આદર્શ રજૂ કરવાનો હતો. શરૂઆતથીજ તેમને મોટા મોટા હત્યારાઓ સાથે કામ પડ્યું હતું અને તેમણે તેમને યોગ્ય શિક્ષા પણ કરી હતી. જ્યારે તેઓ બહુ નાના હતા, ત્યારે તેમના મામા કંસે તેમનો નાશ કરવા માટે કંઇ બાકી રાખ્યું નહોતું. એ દુષ્ટોની દૃષ્ટિમાંથી બચાવવા માટે તેમને ગોવાળો સાથે રાખવામાં આવ્યા હતા. ગોપબાલકોની સાથે ખેલવા–કૂદવાને બહાને તેઓ કસરત કરીને પોતાનાં તથા પોતાના સાથીઓનાં શરીર બળવાન બનાવવામાં કશી વાતની કસર રાખતા નહિ. તેમનાં દૈવી કાર્યો જોઇ અનેક લોકોને તેમનામાં શ્રદ્ધા અને અનુરાગ પેદા થયાં હતાં.

જ્યારે શ્રીકૃષ્ણ સમુદ્ર વચ્ચે આવેલી દૂર દૂરની દ્વારકાપુરીમાં રહેતા હતા, ત્યારે પણ તેઓ ભારતવર્ષના લગભગ બધા રાજાઓ ઉપર રાજ્ય કરતા હતા. મોટા મોટા બુદ્ધિમાન અને રાજનીતિવિશારદ રાજાઓ તેમના ચરણોમાં મસ્તક નમાવતા હતા. મોટા મોટા ઋષિમુનિઓ તથા મોટા મોટા સુપ્રસિદ્ધ જ્ઞાનીઓ અને વિજ્ઞાન-વેત્તા તપસ્વીઓ તેમને લોકોત્તર ગુણોના ભંડાર, પ્રતિભાની સાક્ષાત્ મૂર્તિ અને અથાગ વિદ્વત્તાવાળા તથા નિઃસ્વાર્થી કૃપાળુ જાણીને સૌથી વિશેષ માન આપતા હતા. સામાન્ય જનતા ઉપર તેમનો વિલક્ષણ કાબૂ હતો. તે લોકો શ્રીકૃષ્ણને પોતાના પ્રાણ કરતાંયે વિશેષ ચાહતા હતા.

જેમ પાપીઓ તેમનાથી થરથર કંપતા હતા, તેજ પ્રમાણે પુણ્યાત્માઓ તેમની ભક્તિમાંજ લીન રહ્યા કરતા હતા. તેમના સમયમાં નવા વિચારો, નવીન ધાર્મિક યોજનાઓ અને નવા નવા આનંદોનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું. કંસ, દુર્યોધન, જરાસંધ, શિશુપાલ જેવા મહાન અત્યાચારી અને દુષ્ટ રાજાઓની સત્તાઓનો નાશ કરી શ્રીકૃષ્ણે ધર્માત્મા અને પ્રજાપ્રિય મહારાજ યુધિષ્ઠિરને ભારતવર્ષના સમ્રાટ બનાવ્યા હતા.

શ્રીકૃષ્ણ એક વીર યોદ્ધા હતા. તેઓ કોઈનાથીયે કદી હાર્યા નથી. મોટા મોટા બળવાન દુશ્મનોને તેમણે હરાવી દીધા હતા, તેમની આજ્ઞા ઉઠાવનાર ગોવાળોની એક મહાભારે સેના હતી, તેમનાથી વધુ સામર્થ્યવાન રાજનીતિવિશારદ કોઈ આજ સુધી થયો નથી અને આગળ થઈ શકે તેમ પણ નથી. તેઓ માત્ર મહારાજ યુધિષ્ઠિરનાજ નહિ, પરંતુ આર્યાવર્તના લગભગ બધા રાજાઓના સલાહકાર હતા. તેઓ એવા સમર્થ રાજનીતિજ્ઞ હતા કે, તેમણે આ દેશની છિન્નભિન્ન અને પરસ્પર વિરોધી રાજ–શક્તિઓને એક ધાર્મિક અને પુણ્યાત્મા સમ્રાટની છત્રછાયા નીચે એકત્ર કરી દીધી હતી. અત્યાચારી નરેશોના અત્યાચારોથી ઘણા સમયથી પીડાયલી ભારતીય પ્રજા સુખ–શાંતિથી સમય ગાળવા લાગી હતી. શ્રીકૃષ્ણની દૂરદર્શિતા અને સુવ્યવસ્થાથી બળવાન લોકો નિર્બળો ઉપર અત્યાચાર કરી શકતા નહિ.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા શ્રીકૃષ્ણની વિદ્વત્તાનો નમૂનો છે. તેમાં તેમણે આર્ય જાતિને માટે એક એવા ઉપયોગી ધર્મની પ્રતિષ્ઠા કરી છે કે, જેને અનુસરીને આર્યજાતિ આ લોક અને પરલોકમાં સુખ–શાંતિની અધિકારી થઈ છે.

શ્રીકૃષ્ણ અનેક સદ્‌ગુણોના કેન્દ્રસ્થાન હતા. તેઓ અજેય, વિશુદ્ધ, પુણ્યશાળી, પ્રેમાળ, દયાળુ, સમર્થ કાર્યકર્તા, ધર્માત્મા, વેદ જાણનારા, નીતિજ્ઞ, ધર્મજ્ઞ, લોકહિતૈષી, ન્યાયશીલ, ક્ષમાવાન, કોઈની સાથે તુલના ન કરી શકાય તેવા, શાસ્ત્ર જાણનારા, નિર્મળ, નિરભિમાન, યોગી અને તપસ્વી હતા, તેથી લોકો તેમને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યોગેશ્વર પણ કહેતા હતા. માનવી શક્તિથી કામ કરતાં છતાંયે તેમનાં કેટલાંય કાર્યો દૈવી હતાં. તેમનાં આ દૈવી કાર્યોનું રહસ્ય નહિ સમજીને આજકાલના અનેક અર્ધદગ્ધ મનુષ્યો તેમનાં કાર્યોને–ચરિત્રોને ખરાબ દૃષ્ટિથી જોયા કરે છે; પરંતુ વાસ્તવમાં આવા દુર્લભ ગુણોના આશ્રયસ્થાનને શું માનવકોટિમાં મૂકવા યોગ્ય છે? કદાપિ નહિ. તેથી તો ચિરકૃતજ્ઞ આર્યજાતિ શ્રીકૃષ્ણને ઈશ્વરના અવતાર માનીને તથા તેમની પ્રતિમાઓ બનાવીને તેમના ઉપકારોનું સ્મરણ કરે છે અને દર વર્ષે તેમના જન્મદિવસને ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવે છે. વિચારપૂર્વક જોવામાં આવે તો એજ મનુષ્યોચિત ધર્મ છે. શું કોઇ બતાવી શકશે કે, સંસારમાં કોઈ પણ એવી સભ્ય જાતિ છે કે જે પોતાની જાતિના કોઈ પણ અને ઉપકારપરાયણ મહાપુરુષનું સર્વ પ્રકારે સન્માન કરવામાં અને તેના પ્રત્યે મન, વચન ને કર્મથી કૃતજ્ઞતા પ્રકટ કરવામાં પાછી પડી હોય? જો ના, તો આર્ય જાતિનો પણ પોતાના શ્રીકૃષ્ણ જેવા મહાપુરુષ પ્રત્યે કૃતજ્ઞતા પ્રકટ કરવાનો પરમ ધર્મ છે અને આનંદની વાત છે કે, તે પોતાના આ કર્તવ્યના પાલનમાં પોતાનું સર્વસ્વ ગુમાવવા છતાંયે પાછી પડી નથી.

('હિંદુપંચ'ના શ્રીકૃષ્ણાંકમાંના લેખનો અનુવાદ).

૯–पधारो, ओ कृष्णचंद्र !

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् । यत्कृपा तमहं वंदे परमानंद माधवम् ॥

પધારો, કૃષ્ણ કનૈયા! પધારો. ત્રિવિધ તાપથી તપી રહેલાં અમારાં હૃદયમંદિરોને એક વાર ફરીથી અમૃતવાણી વર્ષાવી તૃપ્ત કરો. અમારી આશાલતાઓ કરમાઇ રહી છે, કર્મયોગરૂપી જળ સીંચી તેને એક વાર ફરીથી લીલીછમ બનાવી દો.

અમે આપને વિનાકારણ પોકારતા નથી, આપને તકલીફ આપવાની અમારી હિંમતજ ન ચાલત, પણ આપે તો કુરુક્ષેત્રના મેદાનમાંઃ—

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

આ ઉક્તિદ્વારા અમને આશા આપી છે, એટલેજ અમે આપને પોકારીએ છીએ. પ્રિય કૃષ્ણચંદ્ર! શું આપ એ પ્રતિજ્ઞા ભૂલી ગયા છો કે, અમારે આજે આપને યાદ આપવી પડે? આપ તો સર્વજ્ઞ છો, તો પછી નિરાંતે કેમ સૂતા છો? શું ભારતને હાલના કરતાંયે વધારે પતિત થયેલું જોવા ઇચ્છો છો? ભગવન્! આવા નિષ્ઠુર આપ ક્યારના થયા? શું કરુણાસાગર નામનો આપે બહિષ્કાર કર્યો? શું આપની કરુણાનો અગાધ સમુદ્ર પણ સુકાઈ ગયો? નહિ તો એક વાર ભારતવર્ષમાં પધારી આપનું વચન કેમ પાળતા નથી? એક દ્રૌપદીની લાજ રાખવાની આપને કેટલી બધી ચિંતા હતી? આજ તો ભારતભૂમિમાં લાખો દ્રૌપદીઓ વ્યાકુળ થઇને આપને પોકારી રહી છે. એક કંસને મારવાને માટે આપે કેવી કેવી લીલા કરી હતી! આજ તો જુઓને, સેંકડો કંસ આપને પડકાર કરી રહ્યા છે. એક સુદામાની દીન દશા જોઇને આપે અશ્રુ વડે તેના ચરણ ધોઇ નાખ્યા હતા, તો આજે તો લાખો સુદામાઓ આપનાં દર્શન માટે વ્યાકુળ થઇ રહ્યા છે. આપને માટે તો અનંત કાર્યક્ષેત્ર પડ્યું છે, તો પ્રભો! બતાવો કે, આપ કેમ પધારતા નથી? કાર્યભારથી ડરી તો નથી ગયા ને?

આપની લીલાભૂમિ ભારતભૂમિને પરદેશીઓએ કચડી નાખી છે. જે વ્રજભૂમિની ગાયો આપ જેવા ગોપાલની રખવાળીથી ભારતવર્ષમાં દૂધની નદીઓ વહેવડાવતી હતી, તેમને આજે પેટભર ઘાસ–દાણો પણ નથી મળતાં. હે ગોપાલ! લખતાં કલમ ધ્રૂજે છે, આપ પણ સાંભળીને ધ્રૂજી ઊઠશો કે, જે ભારતમાં ગોવધનું નામ ન હતું, ત્યાં ગોમાંસભક્ષકોને માટે દર પાંચ સેંકડે એક ગાય કસાઇઓની છરીથી કપાઇને હિંદુઓ ઉપર શાપ વર્ષાવતી આપના ધામમાં ચાલી જાય છે! શું ભારતવાસીઓનાં ભયંકર પાપોથી કોપાયમાન થઇને આપે બધીએ ગાયોને ગોલોકમાં મંગાવી લેવાનો નિશ્ચય કર્યો છે? નહિ તો જ્યાં એક નિર્દોષ ગજરાજને ગ્રાહ (મગર) ના મુખમાંથી બચાવવા માટે આપ ઉઘાડે પગે દોડી ગયા હતા, ત્યાં રોજ હજારો ગાયોના લોહીથી ભારત-ભૂમિને કલંકિત થતી જોવા છતાં પણ શું આપની ઊંઘ ઊડતી નથી? આપે ભારતભૂમિને સુજલા, સુફલા અને શસ્ય શ્યામલા જોઇને આપની પ્રિયતમા લક્ષ્મીજીના નિવાસ માટે આ સ્થાનજ પસંદ કર્યું હતું; પણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપના આવવાની વાર થતી જોઇને તેઓ પણ રિસાઇને સાત સમુદ્ર પાર આપની શોધમાં ભટકી રહ્યાં છે. આપ તરતજ પધારીને તેમને આશ્વાસન કેમ આપતા નથી?

યોગીરાજ! આપે અર્જુનને જે કર્મયોગ શીખવીને મહાભારતના યુદ્ધમાં પ્રેર્યો હતો, તેનો આજે સર્વાંશે લોપ થઇ રહ્યો છે. લોકોને કર્મ અને અકર્મનું (કરવા જેવું શું છે અને નહિ કરવા જેવું શું છે તેનો વિવેક) જ્ઞાનજ નથી. તો પછી તેનું સારી રીતે પાલન તો શી રીતે કરે? આપને માલૂમ તો હશેજ કે, આજ ભારતવર્ષમાં કેટલાં માણસો બ્રાહ્મી સ્થિતિને પ્રાપ્ત થઇ અમૃતત્વના અધિકારી થાય છે! આપે—

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन । मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥

નો ઉપદેશ આપીને નિષ્કામ કર્મનો આદેશ આપ્યો હતો, પણ ભારતવાસી તે ભૂલી જવાથી દુઃખના ચક્કરમાં પડ્યા છે. હવે તો અહીં સર્વ કાર્યોની કિંમત પૈસા–ટકાથી થવા લાગી છે. "ભણ્ બેટા ચંડી, કે ચડે તારી હુંડી" અને "ભણો ભાઇ ચંડિકા કે ચડે જેથી હુંડિકા"ના અવાજો સર્વત્ર ગુંજી રહ્યા છે. કર્તવ્ય કર્મની દૃષ્ટિથી કામ કરનારા તો હવે ભલા, ભોળા–અને સ્પષ્ટ કહેતાં–અક્કલ વિનાના ગધેડા ગમાર ગણાય છે! '**निराशि** અને **निर्मम**' થઇને કામ કરનારા દેખાય છે પણ ક્યાં? પરિણામ એ આવ્યું છે કે, સમાજની સઘળી વ્યવસ્થા છિન્નભિન્ન થઇ ગઇ છે, સમાજરૂપી ગાડીનાં સઘળાં પૈડાં આજે ખોટાં થઇ ગયાં છે. ગાડી ઉન્નતિને માર્ગે શી રીતે દોડી શકે? સમાજના મસ્તક સમા બ્રાહ્મણદેવતાઓ સમાજને હવે શી રીતે ટકાવી રાખશે? તેઓ તો યાચક–ભિક્ષુ, રસોઇયા અને વેપારીઓ થઇને શૂદ્રવૃત્તિ આચરી રહ્યા છે. ક્ષાત્રધર્મનો તો ભારતમાંથી લોપજ થવા બેઠો છે, નહિ તો આપની લીલાભૂમિ પરતંત્રતાની બેડીમાં જકડાઇ પોતાના નામને બટ્ટો કેમ લગાડત? વૈશ્યની વાત તો આપને શી કરવી! જેમના હાથમાં ખેતી, ગાયોની રક્ષા અને વાણિજ્ય (વેપારવણજ)નો ભાર આપે સોંપ્યો હતો, તેઓ આજે પરદેશી વેપારનું એઠું ચાટવામાં પોતાને કૃતકૃત્ય માની રહ્યા છે. દર વર્ષે એક કરોડ પશુઓની દેશમાં કતલ ચાલે છે, પણ તેમના કાન સરખાયે ફફડતા નથી. બહુ બહુ તો ગ્રાહકો પાસેથી ધર્માદાના પૈસા એકઠા કરી પાંજરાપોળ ઉઘાડી અને ગોભક્તનું સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) મેળવ્યું એટલે પત્યું. ભગવન્! આપને જાણીને આશ્ચર્ય થશે કે, ઘણાએ કુલાંગારો તો આ ધર્માદા ખાતામાં એકઠા થયેલા દ્રવ્યને પણ પોતાનું માની તેનો મનમાન્યો દુરુપયોગ કરે છે. દેશનું વાણિજ્ય માટીમાં મળી ગયું છે અને કરોડો ભારતવાસી ભૂખે મરે છે; પણ તેમની પરવા કરનાર કોઇ નથી. આપે કહ્યું હતું કે, **दरिद्रान् भर कौंतेय,** પણ અહીં તો સરકારી અમલદારોને પાર્ટીઓ આપવામાંજ પૈસાદારો કૃતકૃત્ય થતા લાગે છે; શું શું કહીએ? આજ આપના ગીતાધર્મનું પાલન કરવાનો ઢોંગ કરનારા મોટાં મોટાં તિલક તાણનારાઓ અને પોતાને ધર્માવતાર માનનારાઓ **शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः** એ કથનને જાણતાં છતાં અસ્પૃશ્યોને કૂતરાંથી પણ હલકા સમજે છે. કૂતરાં તો તેમના ખોળામાં, ખભા ઉપર અને તેમની પથારી ઉપર પણ બેસી શકે છે, પણ અસ્પૃશ્ય તો પાસે પણ આવી શકતો નથી. એટલે પછી ભારતવર્ષમાં શુદ્ધ વર્ણાશ્રમધર્મની પ્રતિષ્ઠાજ શી રીતે થવાની છે? શિલાધાર (મૂળભૂત પથ્થર)જ ઊખડી પડે, તો પછી તેના ઉપરના રંગમહેલો શી રીતે ટકી શકવાના છે? આથી તો આજે હિંદુ મંદિરોનો નાશ થવા બેઠો છે. ઓ વાસુદેવ! એક વાર આવીને તેની મરામત કરી જાઓ, નહિ તો તેને જમીનદોસ્ત કરી નવુંજ મંદિર ખડું કરો. જો વાર થશે તો આપને ઓળખનાર પણ કોઈ નહિ મળે.

ભગવન્! આપે ગીતામાં ધર્મનો સાર તો ભરી દીધો છે, પણ તેને સમજાવનાર અને સમજીને તે પ્રમાણે આચરણ કરનાર નથી દેખાતા. પધારો! એક વાર આપની જાદુઇ બંસી બજાવો કે જેથી અમારી હજારો વર્ષોની મોહનિદ્રા છૂટી જાય અને અમે કર્મયોગમાં પ્રવૃત્ત થઇએ. આજ ભારતવર્ષમાં એવીજ પરિસ્થિતિ છે કે જેનું સમાધાન કરીને આપે અર્જુનના મોહને ક્યાંયે દૂર ભગાડી દીધો હતો. એક વાર પધારો અને અમને રસ્તો બતાવી યથાસ્થાને લઇ જાઓ. સ્વાધીન ભારતજ આપના શિક્ષણનો મર્મ સમજીને સંસારમાં તેનો પ્રચાર કરી શકશે. જો આપ પ્રતિજ્ઞાનું પાલન કરવા ઇચ્છતા હો તો એક વાર જરૂર પધારો, ન આવવું હોય તો અમને આમ છૂંદી છૂંદીને તો ન મારો! ઓ પ્રભુ! જરૂર પધારો, એક વાર જરૂર પધારો! અને— **પ્રભો! જેવું હતું તેવું ફરી ભારત બનાવી દો.**

वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम् । देवकी परमानंदं कृष्णं वंदे जगद्गुरुम् ॥

('વિશ્વમિત્ર' સાપ્તાહિકના એક અગ્રલેખનો સહજ ફેરફાર સાથે અનુવાદ)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૦–શ્રીકૃષ્ણ પ્રભુ કર્મયોગી !

(લેખકઃ–રા. ઈશ્વરલાલ કરસનજી જોશી)

તમે પ્રેમ કેરા પૂર્ણ અવતાર રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
તમે કર્મમાં કરાવ્યો અધિકાર રે, „ „ „
તમે જુદા છતાં જોગવ્યો વહેવાર રે, „ „ „
તમે જળ પર કમળ આકાર રે, „ „ „
શ્રાવણ મહિનાની મેઘલી રે, વદ આઠમની મધરાત
રે તમે અવતર્યા કરવા પ્રભાત રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
ગાયો ચારી ગામ ગોંદરે રે, વળી પૂજા કરી પરિવાર,
ગોરક્ષા ધર્મ શિખવ્યો રે તમે બની બેઠા આપે ગોવાળ રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
મથુરામાં મારી કંસને રે, કર્યો ઉગ્રસેનને ભૂપ
માતાપિતાના બંધ છોડિયા રે તમે કેદખાનું કર્યું તીર્થરૂપ રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
ગુરુને ઘેર ભણવા રહ્યા રે, ત્યાં સેવ્યા ગુરુના ચર્ણ
લાકડાના ભારા લેવા જઈ રે તમે શિખવાડ્યો ગુરુસેવા ધર્મ રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
ગરીબ સુદામા મિત્રને રે, કર્યો પોતાના કરતાં સવાઇ
અજાચક વ્રત એનું જાળવ્યું રે તમે બાંધી બતાવી મિત્રાઇ રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
યુધિષ્ઠિરે યજ્ઞ આદર્યો રે, એણે જમાડ્યા ચારે વર્ણ
એઠાં પતરાળાં ઉપાડીને રે તમે શિખવાડ્યો સાચો સેવાધર્મ રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
પાંડવ કૌરવ કેરા યુદ્ધમાં રે, તમે હાંક્યો અર્જુનનો રથ
હાથમાં હથિયાર લીધા વિના રે તમે જિતાડિયો મહાજંગ રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
ગીતાગાયનાં જ્ઞાન દોહીને રે, તમે પીધાં પાયાં અમૃત;
વળી વેણુ વગાડી મન રીઝવ્યાં રે તમે વંદનીય છો ઈશ્વર રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.

("શારદા" ના એક અંકમાંથી)

પુરાણો વિષે જાણવા જેવા લેખો

૧–પુરાણો વિષે સ્વ૦ મણિલાલ ન૦ દ્વિવેદીના વિચાર

(તેઓશ્રીના "સિદ્ધાન્તસાર" ગ્રંથમાંથી)

"જે પ્રથમ (ઈસવી સન પૂર્વેનાં ત્રણસો–ચારસો વર્ષથી તે ઈસવી સનનાં બાર–તેરસો વર્ષ સુધીનો) સમય બતાવ્યો તેમાંજ પુરાણોનો પ્રભાવ છે. જે દ્વિતીય સમય ઠરાવ્યો (ઈસવી સન તેરસો પછીથી તે કુરુ-ક્ષેત્રના મરાઠા વગેરેના છેલ્લા યુદ્ધ સુધીનો) તેમાં પુરાણાનુગત અદ્વૈત ગ્રંથોની પ્રતિષ્ઠા છે ને ત્રીજો સમય (કુરુક્ષેત્રના છેલ્લા યુદ્ધ પછીથી અંગ્રેજોના સ્થિર થવા સુધીનો) કહ્યો, તેમાં સુધારો અને સમાજોનો જન્મ છે. જે અવ્યવસ્થા થવાથી પ્રાચીન આર્ય ધર્મનું રહસ્ય શિથિલ થઇ ગયું તેમાંથી પુરાણોનો ઉદ્ભવ થયો,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ તે પુરાણો કોઇ પણ નવી વાત બતાવી શકતાં નથી. જે હતું તેનેજ સમયાનુસાર રૂપાંતર કરી બતાવે છે. પુરાણોનો પ્રધાન વિચારજ એવો છે કે, તે પ્રાકૃત લોકોની ધર્મવાસનાને અનુકૂળ પડે. આર્યત્વથી ભ્રષ્ટ થઇ હીનસત્ત્વ થયેલા લોકો પરાક્રમરૂપ કર્મમાર્ગ તજીને પરાધીનતારૂપ ભક્તિમાર્ગે વળી ગયા હતા; તેમને વાસ્તવિક બોધ થવા માટે કાંઇ સ્થૂલ વિવેક કરી આપવાની આવશ્યકતા હતી. તત્ત્વવિચારની દૃષ્ટિરૂપ પરમ જ્ઞાનમાર્ગ તે તો સર્વથા સમજાવવોજ, પરંતુ અવાંતરે એવો સ્થૂલમાર્ગ પણ યોજવો કે, તે સામાન્ય લોકોની બુદ્ધિમાં સહજ ઊતરે, (અને) પરિણામે તેમને જ્ઞાનમાં દોરી જાય. આમ ભક્તિધર્મનું પ્રાધાન્ય થયું. પ્રાચીન વેદાદિમાં ભક્તિમાર્ગ નથી એમ નથી. વેદોપનિષદાદિમાંજ કર્મમાર્ગ એટલે મીમાંસોક્ત ધર્મમાર્ગ, ઉપાસનામાર્ગ અને જ્ઞાનમાર્ગ, એવી વ્યવસ્થા સમજી શકાય છે અને પુરાણોએ ઉપાસનામાર્ગનેજ આગળ પાડ્યો છે; પણ એ ઉપાસનાને એટલું બધું પ્રાધાન્ય આપ્યું છે કે, મૂળમાં જે પ્રતીકોપાસના હતી તે પુરાણમાં કેવળ પરમોપાસના જેવી થઇ પડી–અર્થાત્ જેની ઉપાસના કરવામાં આવે તે પરબ્રહ્મનો અંશ, વિભૂતિ એમ મનાતું, તેને બદલે હવે તેજ પરબ્રહ્મ એમ થઈ ગયું અને વૈષ્ણવાદિ સંપ્રદાયોમાં તો ગુરુ પોતે પણ વિષ્ણુજ થઇ બેઠો. દેવ કોપે તો ગુરુ રક્ષણ કરે, પણ ગુરુ કોપે તો કોઇ રક્ષણ કરનાર રહ્યું નહિ! આવી ભક્તિપ્રધાન નીતિમાંથી અવતારકલ્પના સ્ફુરી અને રાજકીય અવસ્થામાંથી તારનાર કોઈ પરાક્રમી વીરના ઉપરથી કે ધર્મવ્યવસ્થા કરનાર કોઇ બુદ્ધિમાન સર્વજયી તત્ત્વવેત્તાના ઉપરથી, એ કલ્પના દૃઢતા પામતી ચાલી. હવે પુરાણ એટલે શું તે સમજાય તેમ છે. પુરાણમાં પ્રાયશઃ આટલી વાત આવે છેઃ–સૃષ્ટિ, પ્રલય, કાલવિભાગ, કર્મોપાસના ને જ્ઞાન; વર્ણધર્મ, મન્વાદિથી આરંભી તે તે પુરાણકાલીન રાજાઓની વંશાવલિ ને એ બધાંને ગૌણત્વ પમાડી મનુષ્યરૂપે વર્ણવેલી પોતપોતાના એકાદ દેવ–શિવ, વિષ્ણુ, બ્રહ્મા–તેની મહત્તા ઇત્યાદિ. પુરાણો શામાંથી રચાયાં તે પણ સ્પષ્ટજ છે. પ્રાચીન વેદકાળથી તે દર્શનકાળ સુધી જે જે દર્શન રચાયું છે તે સર્વ તથા તે પુરાણ થતા સુધીમાં જે નવું બન્યું હોય તે, એ બધામાંથી પુરાણની વસ્તુ નીકળી શકે છે. (અને તે) ગ્રાહક બુદ્ધિને અનુસરી રૂપાંતર બતાવેલું હોય છે. પુરાણોમાં અનેક દેવાદિ કલ્પના, અવતારાદિ વ્યવસ્થા, ધર્મના ફાંટા વગેરે નાના પ્રકારની વિરુદ્ધ, અદ્ભુત, માનવામાં પણ ન આવે તેવી તથા વહેમભરેલી અને ક્યાંક ક્યાંક અયોગ્ય પણ વાતો આવે છે; (અને) એ બધાથી કરીને "પુરાણો ખોટાં છે, સ્વાર્થી બ્રાહ્મણોનાં રચેલાં છે, ધર્મસ્વરૂપ એવું હોયજ નહિ" ઇત્યાદિ આપણે બોલીએ છીએ; પણ આપણે જે વિવેક કરી ગયા તેનાથી જાણવું સહજ છે કે, એ પુરાણો કોઇએ જાણીજોઇને ખોટું સમજાવવા રચ્યાં નથી. **એ જેવાં રચાયાં છે, તેવાંજ રચવાની આવશ્યકતા હતી.** એ આવશ્યકતાને અનુસરી, પ્રાચીન ધર્મની વાત ઉચ્છેદ ન પામતાં સ્થિર થઇ સમજનારને કાળાંતરે પણ સમજાય એવી રચના કરવામાં ઋષિઓએ પરમાર્થબુદ્ધિથીજ સયુક્તિક વ્યવસ્થા કરી છે. અમે તો એટલે સુધી પણ માનીએ છીએ ને સિદ્ધ કરી આપીશું કે, પુરાણોમાં જે સ્થૂલ અતિશયોક્તિ અને રૂપક રચ્યાં છે તે જાણીજોઇનેજ તેવે રૂપે રચ્યાં છે, કે (જેથી કરીને) તે તે વાતના અસંભવિતપણા ઉપરથી બુદ્ધિમાન તેને અક્ષરશઃ સત્ય ન માનતાં તરત તેમનું રહસ્ય વિચારવા (તરફ) વળે અને પરમાર્થરૂપ સત્ય સમજી જાય. પણ બધા લોકો આવા બુદ્ધિમાન હોતા નથી અને હોય નહિ. તેમાં પણ વિશેષે કરીને પુરાણકાળની અવ્યવસ્થાના સમયમાં તો થોડાજ હશે; એટલે કે જેમ એક બાજુથી સંસ્કારવાનને માટે પુરાણોની અસંગત ભવ્ય કલ્પનાઓમાં પણ સત્ય માર્ગ સૂચવી દીધો છે, તેમ એજ અસંગતિવાળાં રૂપકાદિથી પ્રાકૃત લોકની બુદ્ધિને ભક્તિભાવ બતાવી ધર્મભ્રષ્ટ થતાં અટકાવવાની સબલ શૃંખલા (પણ) બાંધી દીધી છે. આ પ્રમાણે જોતાં પુરાણ રચનારની સ્વાર્થપરાયણતા કરતાં નિઃસીમ પરમાર્થતા સમજાય છે; અજ્ઞાનરૂપ સ્વલ્પ દૃષ્ટિ કરતાં પરમ જ્ઞાનરૂપ ભવ્ય દૃષ્ટિ સ્પષ્ટ થાય છે અને આર્યબુદ્ધિનું આર્ય તત્ત્વ સ્પષ્ટ પ્રતિપાદિત થાય છે. જો એજ પુરાણો વચમાં ન આવ્યાં હોત, તો આજ આપણે યવન હોત, મુસલમાન હોત, ફિરંગી હોત કે અંગ્રેજ હોત, એમાંનું કાંઈ કહી શકાતું નથી; પણ કોઈ ને કોઈ રીતે આપણે (વધારે) અધમતાને પામ્યા હોત. અંગ્રેજ, ફિરંગી, મુસલમાન કે યવન, એ નામમાં કાંઇ આભડછેટ ભરાઇ બેઠી નથી; પણ કહેવાનું તાત્પર્ય એવું છે કે, ગમે તેવી દીનતા તથા હીનતાએ પહોંચ્યા છતાં પણ ધર્મપરાયણતારૂપ મહાનિયમ અને તેનાં ફળ આપણે જે સાચવી રહ્યા છીએ તે સચવાયાં ન હોત. જે જે પ્રજા પોતાની પ્રાચીન મહત્તાથી ભ્રષ્ટ થતાં તે મહત્તાને વીસરી જઇ, પોતાની હીનતા સ્વીકારતી ચાલે છે; તે તે પ્રજા નિરંતર અધોગતિને પામતી જાય છે; એવું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઇતિહાસનાં અનેક દૃષ્ટાંતોથી સિદ્ધ થાય છે. આવાં સર્વ અનિષ્ટ પરિણામથી ઉગારનાર પુરાણો છે. × × × વ્યાસ મુનિને નારદે ખરુંજ કહ્યું છે કે, તેમણે ભગવદ્‌ગુણ ગાયા નથી, માટે તેમના આત્માને સંતોષ થતો નથી–અર્થાત્ પુરાણપ્રતિપાદિત ધર્મની એવી ગૂઢ મહત્તા છે કે, તે ધર્મ જેમ આર્યત્વનો ત્રાતા છે, તેમ પરમ ધર્મનો બોધક છે અને પરમ મોક્ષરૂપ (પણ) છે. ભક્તિ અને જ્ઞાન ઉભય એકજ છે. આ એકતા પુરાણોમાં સ્પષ્ટ સમજાય છે ને તેને લીધેજ પુરાણોની ગૂઢ મહત્તા સિદ્ધ થાય છે; પછી સંપ્રદાયને વળગીને કોઇ ભક્તિમાત્રનુંજ જ્ઞાન ઉપર પ્રધાનપણું બતાવે તો ભલે. ભક્તિ અને જ્ઞાન જુદાં પડીજ શકતાં નથી. **જ્ઞાન વિના ભક્તિ અંધ રહે છે (અને) ભક્તિ વિના જ્ઞાન શુષ્ક** છે–પાંગળું રહે છે. જે જાણવું તેજ ભજવું, જાણ્યા વિના ભજાય નહિ ને ભજ્યા વિના જાણ્યું કહેવાય નહિ. વેદાંતનું જે અપરોક્ષજ્ઞાન તેજ (પરા) ભક્તિ છે; (અને) ભક્તિમાર્ગવાળાની જે પ્રેમલક્ષણા પરાભક્તિ–તેજ અપરોક્ષજ્ઞાન છે. જ્ઞાન તેજ ભક્તિ ને ભક્તિ તેજ જ્ઞાન (અને) એજ અપરોક્ષ કૈવલ્ય. શ્રીગીતાજીમાં પણ એજ કહ્યું છે કે, "સાંખ્ય–જ્ઞાન અને યોગ–કર્મ, ભક્તિ ઇત્યાદિને એકરૂપ જાણનારજ જાણે છે." શ્રીમદ્‌ભાગવતમાં પણ કહેલું છે કે, "આત્મારૂપ મુનિઓ કે જે ગ્રંથિથી મુક્ત છે, તે પણ પરમ પુરુષની કેવળ અહૈતુક ભક્તિ આદરે છે." **આમ ભક્તિજ્ઞાનની એકતાપરાયણ પુરાણો સર્વથા સાર્થક છે, ઉપયુક્ત છે ને ધર્મવ્રત આર્યોને સર્વ પ્રકારે પૂજ્ય છે."**

"પુરાણોની વાર્તાઓ તો સર્વના જાણવામાં આવે છે, પણ તેનું તત્ત્વ શું છે? તેવી નવીજ વાર્તાઓ એકાએક ક્યાંથી આવી પડી? એ સમજવાની આવશ્યકતા છે. એમ ન થાય ત્યાંસુધી પુરાણની વાતો કાં તો કેવળ ગપ જેવી મનાઇ નાસ્તિકતાજ પ્રસરાવે કે કાં તો અક્ષરે અક્ષર સાચી મનાઇ અગાધ વહેમસમુદ્રમાં ભોળાં માણસોને ડુબાવે. જે સમયમાં પુરાણો થવાનો સંભવ આપણે સ્વીકાર્યો છે, તે સમયમાં એ પુરાણ જેવાં છે તેવાંજ કોઇ વૃત્તાંતો થવાની આવશ્યકતા હતી એમ સિદ્ધ કરીને, પુરાણકલ્પના રચવામાં કોઇએ સ્વાર્થ કે એવી નીચ વૃત્તિ સાધવાનો યત્ન કર્યો છે એ વાતને તો આપણે ખોટી ઠરાવી ચૂક્યા છીએ; તેમ પુરાણોની અસંગત જેવી જણાતી જે વાતો છે, તે પણ મૂળસત્યની બોધક છે ને પુરુષને જ્ઞાનમાર્ગ તેમજ ભક્તિમાર્ગ ઉભયમાં વાળી, પરમ મોક્ષે લઇ જનારી છે એમ પણ સમજાવ્યું છે. આ ઉભય વાત લક્ષમાં રાખવાથી પુરાણકલ્પનાઓ ક્યાંથી થઈ, કેમ થઇ, તેનું રહસ્ય શું છે, ઇત્યાદિ અનેક વિષયની સ્પષ્ટતા સહજમાં થઇ શકશે. પુરાણો છે તેવાંજ પારમાર્થિક સત્યરૂપ નથી, તેમ કેવળ અસત્યરૂપ નથી; એ ઉભય વિરોધી અંશનું (પણ) સહજ સમાધાન બનશે. પુરાણોનો અગાધ સમુદ્ર માપવાનું કામ મારી સ્વલ્પ મતિથી તો અશક્યજ લાગે છે, છતાં જે માર્ગે પુરાણોની વાતો વિચારવી જોઇએ એવું મને સમજાયું છે, તે માર્ગ માત્ર સૂચવવાને થોડીઘણી વાત અત્રે વિસ્તારું છું. પુરાણનું આવશ્યક અસ્તિત્વ તથા તેમાં સમાયલા અર્થની પારમાર્થિક મહત્તા, એ માર્ગે જવાથીજ સમજી શકાય છે; માટે તે માર્ગનું દિગ્દર્શન કરાવવા યથામતિ સૂચવું છું. બાકી પુરાણના અગાધ સમુદ્રનાં બિંદુએ બિંદુને યથાર્થ અવલોકવાની શક્તિ તો મારામાં નથી."

"બધાં પુરાણમાં સૃષ્ટિ કેમ થઇ તેનું તથા સૃષ્ટિના પ્રલય અને સર્ગના કાલમાનનું વર્ણન આવે છે. તેમાં સામાન્ય વાત એવીજ સર્વમાં જણાય છે કે, નારાયણને સૃષ્ટિ કરવાની ઇચ્છા થઇ અને તે જળમાં શેષ ઉપર સૂતા. તેમની નાભિમાંથી ચતુર્મુખ સ્વયંભૂ બ્રહ્મા થયા અને તેમણે સર્ગ વિસ્તાર્યો. એ બ્રહ્માનાં રાત્રિ-દિવસ તે પ્રલય ને સ્થિતિ ને તે બે મળીને એ કલ્પ. એવા બ્રહ્માના ૩૬૦ દિવસ તે એક બ્રાહ્મવર્ષ ને સો બ્રાહ્મવર્ષ તે મહાકલ્પ. કલ્પમાં પણ ચૌદ મનુના ચૌદ મન્વંતર અને પ્રતિમન્વંતરમાં ૭૧ મહાયુગ, (તથા) પ્રતિ મહાયુગમાં ચાર યુગ.* આવી વ્યવસ્થા આપણે જોઇએ છીએ તે બહુ આશ્ચર્યકારક લાગે છે. આજ અથવા એવીજ વ્યવસ્થા સર્વ ધર્મમાં–દુનિયાના ધર્મમાત્રમાં છે; એટલે કે સર્ગ, સ્થિતિ અને પ્રલય, એ ત્રણ સમજાવવાનો સર્વ ધર્મમાં પ્રયત્ન થયેલોજ છે ને યથામતિ યથાપ્રસંગ સર્વેએ વ્યવસ્થા રચેલી છે. પુરાણોમાં

---

* ૩૬૦ દિવસ=૧ (માનુષ) વર્ષ. ૧૭,૨૮,૦૦૦ વર્ષ=કૃતયુગ. ૧૨,૯૬૦૦૦=ત્રેતાયુગ. ૮૬૪,૦૦૦=દ્વાપર. ૪૩૨,૦૦૦=કલિ. ચાર યુગ=૧ મહાયુગ=વર્ષ ૪૩,૨૦,૦૦૦; એવા ૭૧ મહાયુગ=૧ મન્વંતર=૩૦, ૬૭,૨૦,૦૦૦ માનવ વર્ષ. એવા ૧૪ મન્વંતર=૧ કલ્પ. ૨ કલ્પ=બ્રહ્માનો ૧ દિવસ. એવા ૩૬૦ દિવસ=૧ બ્રહ્માનું વર્ષ. એવાં ૧૦૦ વર્ષ=મહાકલ્પ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જે આવી અર્થસંગતિ રચાઇ છે, તે નવીન નથી. પ્રાચીન વેદસમયમાંથીજ ચાલી આવેલી ભાવનાઓમાંથી એ સંગતિ ઉત્પન્ન થઈ છે ને દર્શનોમાં તત્ત્વદૃષ્ટિએ જે નિર્ણય સત્યરૂપે ઠરાવ્યો છે, તેને અવલંબીનેજ ચાલેલી છે. પ્રાકૃત લોકોને રુચતું આવે તેવું કરવામાં માત્ર રૂપાંતર થઇ સ્થૂલભાવ આવી પડ્યો છે, પણ સત્યનો શુદ્ધ રંગ છેક નિર્મૂળ થઇ ગયો નથી. વેદસંહિતામાંજ આપણે જગતની ઉત્પત્તિ વિષે ઘણાં ગૂઢ સૂક્તો જોયાં છે. **“नासदासीन्नसदासीत्तदानीं किं त्वभूत्तमः”** ઇત્યાદિ તથા **“हिरण्यगर्भः समवर्तताग्रे”** ઇત્યાદિ, ઘણાં સૂક્તોમાં સૃષ્ટિના નિદાનનો નિર્ણય કરવા માટે ઋષિઓ મથ્યા છે અને છેવટે એમજ વિરમ્યા છે કે, **“सहस्रशीर्षाः पुरुषः सहस्राक्षः सहस्रपात...पुरुष एव इदं सर्वम्”** ઇત્યાદિ. એ વૈદિક પુરુષ તેજ ઉપનિષદોમાં સત્ એ નામને પામી તત્ત્વદષ્ટિમાં વાસ્તવિક રીતે વ્યવહારાય છે. એ સત્ તેણે **“ऐक्षत बहु स्यां प्रजायेय”** બહુ થાઉં એમ ઇચ્છાથી જોયું ને સૃષ્ટિ સંભવવા લાગી. આજ વાતને વિસ્તારી સૂક્ષ્મ રીતે વિવેક કરી ઈશ્વરાદિ વ્યવસ્થા અદ્વૈતદર્શનમાં આપણે જોઈ આવ્યા છીએ ને ત્યાં કોઇ કરપાદાદિવાળા પુરુષની ઇચ્છાથી કે રમત કરવાની લીલાથી નહિ, પણ સ્વતઃપ્રવૃત્ત જડચેતન ઉભયાત્મક સત્-માંથીજ સૃષ્ટિ બતાવી ચૂકયા છીએ. હવે આ બધા સૂક્ષ્મ તત્ત્વવિચાર ઉપરથી પુરાણભાવનાને ઘટાવી લો.

२–पुराणमहिमा

(લેખકઃ–શ્રીયુત ‘ઞ’)

ધાર્મિક હિંદુઓં કો પુરાણ બહુત પ્યારે હૈ. વેદોં કા તો વે કેવલ નામ હી જાનતે યા સુનતે હૈ, પર પુરાણોં મેં જો કુછ હૈ વહ સબ ઉન્હેં સુનને કો ભી મિલતા હૈ, ઉસે વે બડી શ્રદ્ધા–ભક્તિ સે સુનતે હૈ. જો ધર્મિષ્ઠ હોને કા દાવા નહીં કરતે–અથવા જો ધર્મિષ્ઠ નહીં–વે ભી પુરાણોં કો કિસ્સા–કહાની નહીં સમઝતે. ઇન પુરાણોં કી બદૌલત હજારોં પુરાણપાઠી પંડિતોં કી જીવિકા કા નિર્વાહ હોતા હૈ. શહરોં હી મેં નહીં, દેહાતમેં ભી–ઔર દેહાતમેં શહરોં સે ભી અધિક–પુરાણોં કા પારાયણ, વિશેષ કર કે ચાતુર્માસમેં હોતા હૈ. ઉસ સમય ઉન્હેં સુનને કે લિયે સૈંકડોં સ્ત્રી–પુરુષ ઇકઠ્ઠે હોતે હૈં. અંતિમ દિન પૂજન કે સમય રૂપયે–પૈસે, વસ્ત્રાભૂષણ ઔર મિષ્ટાન્ન કી વર્ષા–સી હોતી હૈ.

જિન પુરાણોં કી ઇતની મહિમા હૈ ઉન્હેં કુછ ભ્રાન્ત જન, વિશેષ કર કે, અંગ્રેજીદાં ઔર નયે બિગડે હુએ ધાર્મિક હિંદુ, અલિફલૈલા, ગુલબંકાવલી ઔર ચહાર દરવેશ કે ઢંગ કે કિસ્સે સમઝતે હૈ. વે ઉન્હેં ગપોડે તક કહને કી કૃપા કરતે હૈ. ઇન બિગડે દિન ઔર બિગડે દિમાગવાલોં મેં અધિકાંશ ઐસે હી લોગ હૈ જિન્હેં મૂલ સંસ્કૃત ભાષા મેં પુરાણ પઢને ઔર સમઝને કી તમીઝ નહીં. ઈનમેં સે કુછ તો પુરાણોં કે હિંદી અનુવાદ ભી અચ્છી તરહ નહીં પઢ સકતે અથવા નહીં પઢના ચાહતે; તિસ પર ભી આપને ગુરુ–ઘંટાલ ગુરુઓં કે મુખ સે સુની હુઈ પુરાણનિંદા કો બ્રહ્મવાક્ય સમઝ કર, બિના સોચે–સમઝે, ઉનકે વાક્યોં કી પુનરુક્તિ કરતે નહીં અઘાતે.

માન લીજિયે કિ પુરાણોં મેં કુછ ભી સાર નહીં–વે ઉનકે કર્તા વ્યાસજી અથવા અન્ય કિસીકી કપોલ–કલ્પનામાત્ર હૈ, તો કયા ઉપન્યાસ ઔર કિસ્સે–કહાનિયાં કપોલ–કલ્પના નહીં ? ફિર ઉન્હેં યે પુરાણનિંદક કયોં પઢતે હૈ ? જો લોગ હિંદુસ્તાન મેં પૈદા હોના ઔર હિંદુ–ધર્મ મેં રહના અપને લિયે લજ્જાજનક નહીં સમઝતે, ઉનકે મુખ સે તો પુરાણોં કી નિંદા કદાપિ શોભા નહીં દેતી. જબ તક અપને દેશ ઔર અપને ધર્મ કા પરિત્યાગ નહીં કિયા ગયા, તબ તક તો ઉનસે સંબંધ રખનેવાલી પુરાની નિઃસાર બાતેં ભી યાદ રખને કી ચીજ હૈ.

અચ્છા, તો પુરાણ કયા કોઇ ઘૃણા કી ચીજ હૈ ? કયા ઉનમેં હમારે પુરાતન ઋષિયોં ઔર મુનિયોં, મહીપોં ઔર મહાજનોં, દાનિયોં ઔર વીરોં કી વિદ્વત્તા, વીરતા, દાનશીલતા, નીતિમત્તા ઔર પરોપકાર–વૃત્તિ કા વર્ણન નહીં ? કયા ઉનમેં ધર્મ કે ગૂઢાતિગૂઢ રહસ્યોં કા વિવેચન નહીં ? કયા ઉનમેં હિંદુધર્મ કે આધારભૂત પૂજાર્ચન, વ્રતોપવાસ, યજ્ઞાનુષ્ઠાન કી વિધિયાં ઔર તજ્જનિત ફલ આદિ કે ઉલ્લેખ નહીં ? ભિન્ન ભિન્ન પ્રકાર સૈકડોં વ્રતોં સે સંબંધ રખનેવાલી જો કથાયેં પ્રચલિત હૈ વે સબ કહાં સે કૂદ પડી હૈં ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ક્યા વે સબ પુરાણોં હી સે નહીં ઉદ્ધૃત કી ગઇ ? જિન મહામહિમ મહીપોં ઔર મહાપુરુષોં કો હુએ અનંત કાલ બીત ગયા ઉનકા ચરિત્રગાન ક્યા હમેં પુરાણોં કે સિવા ઔર ભી કહીં સે સુનને કો મિલ સકતા હૈ ? રામ ઔર યુધિષ્ઠિર, કર્ણ ઔર નૃગ, વિશ્વામિત્ર ઔર વસિષ્ઠ યદિ ઉપન્યાસનાયક હી સમઝે જાય તો ભી ક્યા ઉનકે કાર્ય-કલાપ સે હમેં કુછ ભી ઉપદેશ નહીં મિલ સકતા ? જૈસા કિ ઉપર કહા ગયા હૈ, ભ્રાન્ત મનુષ્યોં કે સિવા અન્ય હિંદુ-ધર્માવલંબી જનોં કે લિયે પુરાણ ફૈંક દેને યા નિંદા કરને કી ચીજ નહીં. વે આદર કી ચીજ હૈ, પઢને ઔર સુનને કી ચીજ હૈ, શિક્ષા ગ્રહણ કરને ઔર તદ્દ્વારા અપના ચરિત સુધારને કી ચીજ હૈ.

ભલા હો, હાઇકોર્ટ કે જજ પરલોકવાસી પરગીટર સાહબ કા, જિન્હોંને હમ અંધોં કી આંખેં કુછ કુછ ખોલ-સી દી હૈં. અંધોં સે હમારા મતલબ ઉન મહામહિમ ભારતવાસિયોં સે હૈં જો સાક્ષર હો કર ભી અપને દેશ કી પુરાની ચીજોં કો તબ તક નહીં દેખ પાતે, જબ તક કોઇ યોરપ કા નિવાસી ઉન્હેં નહીં દિખા દેતા. કવિવર રવીંદ્રનાથ ઠાકુર આજ કોઇ પચાસ વર્ષ સે અપની માતૃ-ભાષા કે દ્વારા અપને દેશ કી સેવા કર રહે હૈં; પર ઉનકા મહત્ત્વ હમ લોગોં ને તબ તક નહીં સમઝા જબ તક યોરપવાલોં ને ઉનકી કદર કર કે ઉન્હે "નોબુલ" નામ કા પુરસ્કાર નહીં દિલાયા. કુછ યહી દશા આપ પુરાણોં કી ભી સમઝિયે. ઉન્હેં પઢે-લિખે નઇ રોશની કે વિદ્વાન ભી તુચ્છ સમઝતે થે ઔર અબ ભી બહુતેરે વૈસા હી સમઝતે હૈં. હાં, પરગીટર સાહબ કી કૃપા સે ઉનકી આંખોં કા પટલ અબ કુછ કુછ હટને કે લક્ષણ દિખા રહા હૈ. ચિરકાલ તક પુરાણોં કા અધ્યયન ઔર વિશેષ પરિશ્રમ-સાપેક્ષ ખોજ કરને કે અનંતર ઉન્હોંને અપની ભાષા અંગ્રેજી મેં એક પુસ્તક લિખી. ઉસકા નામ હૈ-"ઐતિહાસિક કિંવદંતી." ઇસ પુસ્તક કો નિકલે ચૌદ વર્ષ હો ચૂકે. ઇસમેં ઉન્હોંને સપ્રમાણ ઔર સાધાર યહ સિદ્ધ કિયા હૈ કિ યે પુરાણ કપોલ-કલ્પના નહીં, ઇન્હેં ઐતિહાસિક મહત્ત્વ સે શૂન્ય સમઝના બડી ભારી ભૂલ હૈ. ઇનમેં જો કુછ હૈ ઉસકા બહુત કુછ અંશ પરંપરા સે સુની ગઇ ઐતિહાસિક ઘટનાઓં કા આધાર રખતા હૈ. વિષ્ણુપુરાણ આદિ મેં રાજોં કી જો નામાવલિયાં હૈં ઉનકા મિલાન આધુનિક ખોજ સે જાની ગઇ ઐતિહાસિક નામાવલિયોં સે કર કે ઉન્હોંને દિખાયા હૈ કિ યે દોનોં હી પ્રાયઃ મિલતી-જુલતી હૈં. ઇસ દશા મેં ઇન્હેં વિશ્વસનીય ન સમઝને કા કોઇ કારણ નહીં. પુરાણોં સે પ્રાપ્ત સામગ્રી કે આધાર પર ઉન્હોંને કલિયુગ કે નરેશોં કી વંશાવલી તક પ્રકાશિત કર દી હૈ. ઇસ વંશાવલી સે સિદ્ધ હોતા હૈ કિ આધુનિક ખોજ સે જિન પુરાતન રાજવંશોં કે અસ્તિત્વ કા ઐતિહાસિક પતા ચલા હૈ, ઉનકે ઉલ્લેખ હજારોં વર્ષ કે પુરાને પુરાણોં મેં વિદ્યમાન હૈ. અતએવ યે પુરાણ બડે મહત્ત્વ કે હૈં, ઔર અનેક ઐતિહાસિક ઘટનાઓંકે દ્યોતક હૈ. ઉનસે ઔર ભી કિતની હી ઐતિહાસિક બાતોં કા જ્ઞાન પ્રાપ્ત હોતા ઔર હો સકતા હૈ. આવશ્યકતા હૈ કેવલ ઉનકે અધ્યયન, વિચાર ઔર ગહરી ખોજ કી. પુરાણોં કે મહત્ત્વ કી જ્ઞાપક દો-એક બાતેં આગે દી જાતી હૈં.

અફ્રિકા કે નીલ-નદી કે ઉદ્દ્ગમસ્થાન કા પતા, અભી કુછ સમય પૂર્વ તક, કિસી ભી આધુનિક ભૂગોલવેત્તા યા ભ્રમણકર્તા કો ન થા. પરંતુ પ્રાચીન ભારતવાસિયોં કો ઉસકા જ્ઞાન સહસ્ત્રશઃ વર્ષ પહલે હી હો ચૂકા થા. બાત યહ હૈ કિ ઇસ દેશ કે નિવાસી પૌરાણિક સમય મેં જહાં અન્યાન્ય દૂર દેશોં કે સાથ વ્યાપાર કરતે થે વહાં અફ્રીકા કે સાથ ભી કરતે થે. તબ રેલેં થી નહીં. અતએવ ઉન્હેં નાવો ઔર જહાજોં પર ભી માલ લાદ કર લે જાના પડતા થા. નીલ-નદી બહુત બડી ઔર બહુત લમ્બી હૈ. અતએવ ભારતીયોં કો ઉસકે તટવર્તી પ્રાંતોં ઔર નગરોં મેં માલ પહુંચાને કે લિયે ઉસસે બહુત સુભીતા હોતા થા. વે ઉસકે પ્રત્યેક ભાગ સે પરિચિત થે. યહાં તક કિ ઉસકે ઉદ્દ્ગમ તક પહુંચ જાતે થે. ઇસ ઉલ્લેખ પુરાણોં મેં પાયે જાતે હૈં. ઇસ ઉદ્દ્ગમ કો જાનને કી ચેષ્ટા યોરપ કે કિતને હી ભ્રમણકારિયોં ને કી; પર સભી હતસફલ રહે. ઉસકા જ્ઞાન અભી કુછ હી સમય પૂર્વ ઉન્હેં હુઆ હૈ સો ભી પુરાણોં કી હી બદૌલત. કર્નલ વિલફર્ડ નામ કે એક સાહબ કો પુરાણોં કે પાઠ કા શૌક હુઆ. ઉસસે ઉન્હેં જ્ઞાત હુઆ કિ ઉનમેં બહુતસી ઐતિહાસિક ઔર ભૌગોલિક બાતેં હૈં. ઇસ પર ઉન્હોંને "એશિયાટિક રિસર્ચિસ" મેં કુછ લેખ લિખે ઔર જિન દેશોં, પ્રાંતોં ઔર નગરોં આદિ કા ઉલ્લેખ ઉનમેં હૈ ઉનકા નકશા ભી પ્રકાશિત કિયા. લેફ્ટનંટ કર્નલ સ્પીક કો બહુત સમય સે નીલ નદી-કે ઉદ્દ્ગમસ્થાન કી જ્ઞાનપ્રાપ્તિ કી ધૂન થી. ઉન્હોંને ઉસ નકશે કો દેખા ઔર ઉસકે આધાર પર વે ઉસકી ખોજ મેં નિકલ પડે. ફલ યહ હુઆ કિ ઉન્હેં ઉસકા પતા ચલ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જે આવી અર્થસંગતિ રચાઇ છે, તે નવીન નથી. પ્રાચીન વેદસમયમાંથીજ ચાલી આવેલી ભાવનાઓમાંથી એ સંગતિ ઉત્પન્ન થઈ છે ને દર્શનોમાં તત્ત્વદષ્ટિએ જે નિર્ણય સત્યરૂપે ઠરાવ્યો છે, તેને અવલંબીનેજ ચાલેલી છે. પ્રાકૃત લોકોને રુચતું આવે તેવું કરવામાં માત્ર રૂપાંતર થઇ સ્થૂલભાવ આવી પડ્યો છે, પણ સત્યનો શુદ્ધ રંગ છેક નિર્મૂળ થઇ ગયો નથી. વેદસંહિતામાંજ આપણે જગતની ઉત્પત્તિ વિષે ઘણાં ગૂઢ સૂક્તો જોયાં છે. **"नासदासीन्नसदासीत्तदानीं किं त्वभूत्तमः"** ઇત્યાદિ તથા **"हिरण्यगर्भः समवर्ततात्रे"** ઇત્યાદિ, ઘણાં સૂક્તોમાં સૃષ્ટિના નિદાનનો નિર્ણય કરવા માટે ઋષિઓ મથ્યા છે અને છેવટે એમજ વિરમ્યા છે કે, **"सहस्रशीर्षाः पुरुषः सहस्राक्षः सहस्रपात...पुरुष एव इदं सर्वम्"** ઇત્યાદિ. એ વૈદિક પુરુષ તેજ ઉપનિષદોમાં સત્ એ નામને પામી તત્ત્વદષ્ટિમાં વાસ્તવિક રીતે વ્યવહારાય છે. એ સત્ તેણે **"ऐक्षत बहु स्यां प्रजायेय"** બહુ થાઉં એમ ઇચ્છાથી જોયું ને સૃષ્ટિ સંભવવા લાગી. આજ વાતને વિસ્તારી સૂક્ષ્મ રીતે વિવેક કરી ઇશ્વરાદિ વ્યવસ્થા અદ્વૈતદર્શનમાં આપણે જોઈ આવ્યા છીએ ને ત્યાં કોઇ કરપાદાદિવાળા પુરુષની ઇચ્છાથી કે રમત કરવાની લીલાથી નહિ, પણ સ્વતઃપ્રવૃત્ત જડચેતન ઉભયાત્મક સત્-માંથીજ સૃષ્ટિ બતાવી ચૂકયા છીએ. હવે આ બધા સૂક્ષ્મ તત્ત્વવિચાર ઉપરથી પુરાણભાવનાને ઘટાવી લો.

२–पुराणमहिमा

(લેખકઃ–શ્રીયુત 'ज्ञ')

ધાર્મિક હિંદુઓં કો પુરાણ બહુત પ્યારે હૈ. વેદોં કા તો વે કેવલ નામ હી જાનતે યા સુનતે હૈ, પર પુરાણોં મેં જો કુછ હૈ વહ સબ ઉન્હેં સુનને કો ભી મિલતા હૈ, ઉસે વે બડી શ્રદ્ધા–ભક્તિ સે સુનતે હૈ. જો ધર્મિષ્ઠ હોને કા દાવા નહીં કરતે–અથવા જો ધર્મિષ્ઠ નહીં–વે ભી પુરાણોં કો કિસ્સા–કહાની નહીં સમઝતે. ઇન પુરાણોં કી બદૌલત હજારોં પુરાણપાઠી પંડિતોં કી જીવિકા કા નિર્વાહ હોતા હૈ. શહરોં હી મેં નહીં, દેહાતમેં ભી–ઔર દેહાતમેં શહરોં સે ભી અધિક–પુરાણોં કા પારાયણ, વિશેષ કર કે ચાતુર્માસમેં હોતા હૈ. ઉસ સમય ઉન્હેં સુનને કે લિયે સૈંકડોં સ્ત્રી–પુરુષ ઇકઠ્ઠે હોતે હૈં. અંતિમ દિન પૂજન કે સમય રૂપયે–પૈસે, વસ્ત્રાભૂષણ ઔર મિષ્ટાન્ન કી વર્ષા–સી હોતી હૈ.

જિન પુરાણોં કી ઇતની મહિમા હૈ ઉન્હેં કુછ ભ્રાન્ત જન, વિશેષ કર કે, અંગ્રેજીદાં ઔર નયે બિગડે હુએ ધાર્મિક હિંદુ, અલિફલૈલા, ગુલબંકાવલી ઔર ચહાર દરવેશ કે ઢંગ કે કિસ્સે સમઝતે હૈ. વે ઉન્હેં ગપોડે તક કહને કી કૃપા કરતે હૈ. ઇન બિગડે દિન ઔર બિગડે દિમાગવાલોં મેં અધિકાંશ ઐસે હી લોગ હૈ જિન્હેં મૂલ સંસ્કૃત ભાષા મેં પુરાણ પઢને ઔર સમઝને કી તમીઝ નહીં. ઇનમેં સે કુછ તો પુરાણોં કે હિંદી અનુવાદ ભી અચ્છી તરહ નહીં પઢ સકતે અથવા નહીં પઢના ચાહતે; તિસ પર ભી આપને ગુરુ–ઘંટાલ ગુરુઓં કે મુખ સે સુની હુઈ પુરાણનિંદા કો બ્રહ્મવાક્ય સમઝ કર, બિના સોચે–સમઝે, ઉનકે વાક્યોં કી પુનરુક્તિ કરતે નહીં અઘાતે.

માન લીજિયે કિ પુરાણોં મેં કુછ ભી સાર નહીં–વે ઉનકે કર્તા વ્યાસજી અથવા અન્ય કિસીકી કપોલ–કલ્પનામાત્ર હૈ, તો ક્યા ઉપન્યાસ ઔર કિસ્સે–કહાનિયાં કપોલ–કલ્પના નહીં? ફિર ઉન્હેં યે પુરાણનિંદક ક્યોં પઢતે હૈ? જો લોગ હિંદુસ્તાન મેં પૈદા હોના ઔર હિંદુ–ધર્મ મેં રહના અપને લિયે લજ્જાજનક નહીં સમઝતે, ઉનકે મુખ સે તો પુરાણોં કી નિંદા કદાપિ શોભા નહીં દેતી. જબ તક અપને દેશ ઔર અપને ધર્મ કા પરિત્યાગ નહીં કિયા ગયા, તબ તક તો ઉનસે સંબંધ રખનેવાલી પુરાની નિઃસાર બાતેં ભી યાદ રખને કી ચીજ હૈ.

અચ્છા, તો પુરાણ ક્યા કોઇ ઘૃણા કી ચીજ હૈ? ક્યા ઉનમેં હમારે પુરાતન ઋષિયોં ઔર મુનિયોં, મહીપોં ઔર મહાજનોં, દાનિયોં ઔર વીરોં કી વિદ્વત્તા, વીરતા, દાનશીલતા, નીતિમત્તા ઔર પરોપકાર–વૃત્તિ કા વર્ણન નહીં? ક્યા ઉનમેં ધર્મ કે ગૂઢાતિગૂઢ રહસ્યોં કા વિવેચન નહીં? ક્યા ઉનમેં હિંદુધર્મ કે આધારભૂત પૂજાર્ચન, વ્રતોપવાસ, યજ્ઞાનુષ્ઠાન કી વિધિયાં ઔર તજ્જનિત ફલ આદિ કે ઉલ્લેખ નહીં? ભિન્ન ભિન્ન પ્રકાર સૈકડોં વ્રતોં સે સંબંધ રખનેવાલી જો કથાયેં પ્રચલિત હૈ વે સબ કહાં સે કૂદ પડી હૈં?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ક્યા વે સબ પુરાણોં હી સે નહીં ઉદ્ધૃત કી ગઇ ? જિન મહામહિમ મહીપોં ઔર મહાપુરુષોં કો હુએ અનંત કાલ બીત ગયા ઉનકા ચરિત્રગાન ક્યા હમેં પુરાણોં કે સિવા ઔર ભી કહીં સે સુનને કો મિલ સકતા હૈ ? રામ ઔર યુધિષ્ઠિર, કર્ણ ઔર નૃગ, વિશ્વામિત્ર ઔર વસિષ્ઠ યદિ ઉપન્યાસનાયક હી સમઝે જાય તો ભી ક્યા ઉનકે કાર્ય-કલાપ સે હમેં કુછ ભી ઉપદેશ નહીં મિલ સકતા ? જૈસા કિ ઉપર કહા ગયા હૈ, ભ્રાન્ત મનુષ્યોં કે સિવા અન્ય હિંદુ-ધર્માવલંબી જનોં કે લિયે પુરાણ ફેંક દેને યા નિંદા કરને કી ચીજ નહીં. વે આદર કી ચીજ હૈ, પઢને ઔર સુનને કી ચીજ હૈ, શિક્ષા ગ્રહણ કરને ઔર તદ્દ્વારા અપના ચરિત સુધારને કી ચીજ હૈ.

ભલા હો, હાઇકોર્ટ કે જજ પરલોકવાસી પરગીટર સાહબ કા, જિન્હોંને હમ અંધોં કી આંખેં કુછ કુછ ખોલ-સી દી હૈં. અંધોં સે હમારા મતલબ ઉન મહામહિમ ભારતવાસિયોં સે હૈં જો સાક્ષર હો કર ભી અપને દેશ કી પુરાની ચીજોં કો તબ તક નહીં દેખ પાતે, જબ તક કોઇ યોરપ કા નિવાસી ઉન્હેં નહીં દિખા દેતા. કવિવર રવીંદ્રનાથ ઠાકુર આજ કોઇ પચાસ વર્ષ સે અપની માતૃ-ભાષા કે દ્વારા અપને દેશ કી સેવા કર રહે હૈં; પર ઉનકા મહત્ત્વ હમ લોગોં ને તબ તક નહીં સમઝા જબ તક યોરપવાલોં ને ઉનકી કદર કર કે ઉન્હે "નોબુલ" નામ કા પુરસ્કાર નહીં દિલાયા. કુછ યહી દશા આપ પુરાણોં કી ભી સમઝિયે. ઉન્હેં પઢે-લિખે નઇ રોશની કે વિદ્વાન ભી તુચ્છ સમઝતે થે ઔર અબ ભી બહુતેરે વૈસા હી સમઝતે હૈં. હાં, પરગીટર સાહબ કી કૃપા સે ઉનકી આંખોં કા પટલ અબ કુછ કુછ હટને કે લક્ષણ દિખા રહા હૈ. ચિરકાલ તક પુરાણોં કા અધ્યયન ઔર વિશેષ પરિશ્રમ-સાપેક્ષ ખોજ કરને કે અનંતર ઉન્હોંને અપની ભાષા અંગ્રેજી મેં એક પુસ્તક લિખી. ઉસકા નામ હૈ-"ઐતિહાસિક કિંવદંતી." ઇસ પુસ્તક કો નિકલે ચૌદ વર્ષ હો ચૂકે. ઇસમેં ઉન્હોંને સપ્રમાણ ઔર સાધાર યહ સિદ્ધ કિયા હૈ કિ યે પુરાણ કપોલ-કલ્પના નહીં, ઇન્હેં ઐતિહાસિક મહત્ત્વ સે શૂન્ય સમઝના બડી ભારી ભૂલ હૈ. ઇનમેં જો કુછ હૈ ઉસકા બહુત કુછ અંશ પરંપરા સે સુની ગઇ ઐતિહાસિક ઘટનાઓં કા આધાર રખતા હૈ. વિષ્ણુપુરાણ આદિ મેં રાજોં કી જો નામાવલિયાં હૈં ઉનકા મિલાન આધુનિક ખોજ સે જાની ગઇ ઐતિહાસિક નામાવલિયોં સે કર કે ઉન્હોંને દિખાયા હૈ કિ યે દોનોં હી પ્રાયઃ મિલતી-જુલતી હૈં. ઇસ દશા મેં ઇન્હેં વિશ્વસનીય ન સમઝને કા કોઇ કારણ નહીં. પુરાણોં સે પ્રાપ્ત સામગ્રી કે આધાર પર ઉન્હોંને કલિયુગ કે નરેશોં કી વંશાવલી તક પ્રકાશિત કર દી હૈ. ઇસ વંશાવલી સે સિદ્ધ હોતા હૈ કિ આધુનિક ખોજ સે જિન પુરાતન રાજવંશોં કે અસ્તિત્વ કા ઐતિહાસિક પતા ચલા હૈ, ઉનકે ઉલ્લેખ હજારોં વર્ષ કે પુરાને પુરાણોં મેં વિદ્યમાન હૈ. અતએવ યે પુરાણ બડે મહત્ત્વ કે હૈં, ઔર અનેક ઐતિહાસિક ઘટનાઓંકે દ્યોતક હૈ. ઉનસે ઔર ભી કિતની હી ઐતિહાસિક બાતોં કા જ્ઞાન પ્રાપ્ત હોતા ઔર હો સકતા હૈ. આવશ્યકતા હૈ કેવલ ઉનકે અધ્યયન, વિચાર ઔર ગહરી ખોજ કી. પુરાણોં કે મહત્ત્વ કી જ્ઞાપક દો-એક બાતેં આગે દી જાતી હૈં.

અફ્રિકા કે નીલ-નદી કે ઉદ્ગમસ્થાન કા પતા, અભી કુછ સમય પૂર્વ તક, કિસી ભી આધુનિક ભૂગોલવેત્તા યા ભ્રમણકર્તા કો ન થા. પરંતુ પ્રાચીન ભારતવાસિયોં કો ઉસકા જ્ઞાન સહસ્રશઃ વર્ષ પહલે હી હો ચૂકા થા. બાત યહ હૈ કિ ઇસ દેશ કે નિવાસી પૌરાણિક સમય મેં જહાં અન્યાન્ય દૂર દેશોં કે સાથ વ્યાપાર કરતે થે વહાં અફ્રીકા કે સાથ ભી કરતે થે. તબ રેલેં થી નહીં. અતએવ ઉન્હેં નાવો ઔર જહાજોં પર ભી માલ લાદ કર લે જાના પડતા થા. નીલ-નદી બહુત બડી ઔર બહુત લમ્બી હૈ. અતએવ ભારતીયોં કો ઉસકે તટવર્તી પ્રાંતોં ઔર નગરોં મેં માલ પહુંચાને કે લિયે ઉસસે બહુત સુભીતા હોતા થા. વે ઉસકે પ્રત્યેક ભાગ સે પરિચિત થે. યહાં તક કિ ઉસકે ઉદ્ગમ તક પહુંચ જાતે થે. ઇસ ઉલ્લેખ પુરાણોં મેં પાયે જાતે હૈં. ઇસ ઉદ્ગમ કો જાનને કી ચેષ્ટા યોરપ કે કિતને હી ભ્રમણકારિયોં ને કી; પર સભી હતસફલ રહે. ઉસકા જ્ઞાન અભી કુછ હી સમય પૂર્વ ઉન્હેં હુઆ હૈ સો ભી પુરાણોં કી હી બદૌલત. કર્નલ વિલફર્ડ નામ કે એક સાહબ કો પુરાણોં કે પાઠ કા શૌક હુઆ. ઉસસે ઉન્હેં જ્ઞાત હુઆ કિ ઉનમેં બહુતસી ઐતિહાસિક ઔર ભૌગોલિક બાતેં હૈં. ઇસ પર ઉન્હોંને "એશિયાટિક રિસર્ચિસ" મેં કુછ લેખ લિખે ઔર જિન દેશોં, પ્રાંતોં ઔર નગરોં આદિ કા ઉલ્લેખ ઉનમેં હૈ ઉનકા નકશા ભી પ્રકાશિત કિયા. લેફ્ટનંટ કર્નલ સ્પીક કો બહુત સમય સે નીલ નદી-કે ઉદ્ગમસ્થાન કી જ્ઞાનપ્રાપ્તિ કી ધૂન થી. ઉન્હોંને ઉસ નકશે કો દેખા ઔર ઉસકે આધાર પર વે ઉસકી ખોજ મેં નિકલ પડે. ફલ યહ હુઆ કિ ઉન્હેં ઉસકા પતા ચલ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગયા આર વે ઠેઠ વહાં તક પહુંચ ગયે જહાંસે કિ યહ નદી નિકલી હૈ. ઇસ સંબંધ મેં ઉન્હોંને એક પુસ્તક લિખી હૈ. ઉસમેં ઉન્હોંને યહ બાત સાફ સાફ કબૂલ કી હૈ કિ પુરાણોં કે આધાર પર કર્નલ વિલ્ફર્ડ કા બનાયા હુઆ નકશા બહુત સહી હૈ. ઈસિ નકશે મેં લિખા હુઆ થા કિ કુશદ્વીપ અર્થાત્ અફ્રિકા કી નીલ-કૃષ્ણા નદી ચંદ્રસ્થાન નામક એક બહુત બડે જલાશય સે નિકલી હૈ. બસ, ફિર કયા થા? લેફ્ટનંટ સ્પીક ઉસે ઢૂંઢતે ગયે ઔર ઉસકા પતા ઉન્હેં ચલ ગયા. ઇસ ખોજ મેં સબસે અધિક સહાયતા ઉન્હેં ઉસી નકશે સે મિલી.

ઇસસે સિદ્ધ હૈ કિ પુરાણોં મેં જિન દેશોં, મહાદેશોં, પ્રાંતોં, નગરોં ઔર નદિયાં આદિ કે નામ હૈં વે કાલ્પનિક નહીં. ખોજ કરને સે ઉનકે અસ્તિત્વ કા પતા લગાયા જા સકતા હૈ; ઈસી તરહ જિન નરેશોં ઔર અન્ય પ્રસિદ્ધ પુરુષોં કે વર્ણન પુરાણોં મેં હૈ વે ભી તબ તક કલ્પનાપ્રસૂત નહીં માને જા સકતે, જબ તક કિ કોઇ ઉન્હેં સપ્રમાણ વૈસા સિદ્ધ ન કર દે.

અતએવ પુરાણ હંસી મેં ઉડા દેને કી ચીજ નહીં, વે ઉનકે રચયિતાઓં કે દિમાગ કી કલ્પિત ઊપજ નહીં. ઉનમેં ધર્મ ઔર કર્મ, શિક્ષા ઔર ઉપદેશ, જીવનચરિત ઔર લોક-પરલોક કી બાતોં કે સિવા અમૂલ્ય ઐતિહાસિક તથા ભાગોલિક વર્ણન ભી હૈં. (“સરસ્વતી”ના વૈશાખ ૧૯૮૫ ના અંકમાંથી)

३-श्रीमत् शंकराचार्य अने भागवतनी प्राचीनता

થોડા વખત ઉપર પ્રકટ થયેલા શ્રીશંકરાચાર્યના “સર્વસિદ્ધાંત સંગ્રહ” નામના કાવ્યગ્રંથમાં એક ઘણી અગત્યની અને ધ્યાન આપવા જેવી બાબત છે, તે તરફ વાંચનારનું લક્ષ ખેંચીએ છીએ. સામાન્ય રીતે શ્રીશંકરાચાર્ય કેમ જાણે વૈષ્ણવ નહોતા, પણ વૈષ્ણવોના વિરોધી હોય, એવો મત કોઇ કોઇ વાર હાલના લેખકો અને પંડિતો પ્રકટ કરતા જોવામાં આવે છે. તેઓની આવા પ્રકારની માન્યતા ભ્રમમૂલક છે, એ અભ્યાસી વિદ્વાનને સહેજે સમજાય તેમ છે; છતાં પણ અત્રે તેમના રચેલા “સર્વસિદ્ધાંત સંગ્રહ”થી આપણને શો લાભ મળે છે તે જોઇએ. એ જોવાથી જણાશે કે, શ્રીશંકરાચાર્યે જે વિષય ઉપર પ્રસંગાનુસાર ઓછું લક્ષ આપેલું છે, તે વિષય ઉપર તેમના પછી થયેલા આચાર્યોએ વિશેષ લક્ષ આપેલું છે અને એક રીતે શંકરાચાર્યના કાર્યની પૂર્તિજ તેઓદ્વારા થઇ છે, એમ બારીકાઇથી લક્ષ આપતાં જણાશે. શ્રીશંકરાચાર્યે ‘સર્વસિદ્ધાંત સંગ્રહ’ ના છેવટના વેદાંત-પક્ષનિરૂપણ નામના પ્રકરણ પહેલાં વેદવ્યાસ પક્ષના અથવા વેદવ્યાસોક્ત ભારત-ભાગવત-પક્ષ, એ નામના એક સ્વતંત્ર મતનું નિરૂપણ કરેલું છે અને તેમાં મહાભારતમાં મુખ્યત્વે કયું તત્ત્વજ્ઞાન વેદવ્યાસે કહેલું છે તેની ચર્ચા કરી છે. આ પ્રકરણનો પહેલો શ્લોક નીચે પ્રમાણે છેઃ-

सर्वशास्त्राविरोधेन व्यासोक्तौ भारते द्विजैः । गृह्यते सांख्यपक्षाद्धि वेदसारोऽथ वैदिकैः ॥

“વ્યાસ ભગવાને મહાભારતમાં કહેલો વેદોનો સાર સર્વ શાસ્ત્રો સાથે અવિરોધી હોવાથી, એટલે કે સર્વ શાસ્ત્રોને અનુકૂળ હોવાથી તે વસ્તુતઃ સાંખ્યપક્ષમાંથી લેવામાં આવ્યો છે.” શ્રીમહાભારત વાંચનારને જણાશે કે, તેમાં વ્યાસદેવે ઠેકાણે ઠેકાણે સાંખ્યજ્ઞાનને વેદાંતજ્ઞાન સાથે ઊંચું ગણેલું છે અને તેજ સાંખ્ય ગીતામાં પણ કહેલું છે. જે મહત્ત્વ આજે વેદાંતને અપાય છે તેટલુંજ મહત્ત્વ મહાભારતના જૂના સાંખ્યશાસ્ત્રને પણ અપાયલું છે. વ્યાસ ભગવાને સાંખ્યના પાયા ઉપર એક વૈદિક સંપ્રદાય પ્રવર્તાવ્યો છે અને તે સંપ્રદાયનો પ્રમાણગ્રંથ મહાભારત છે. આ સંપ્રદાયવાળાઓનું કામ માત્ર એકજ છે કે, જ્યાં જ્યાં વિરોધ જણાય ત્યાં વિરોધ ટાળીને સમન્વય કરી એકતા સાધવી. તેટલા માટે વ્યાસ ભગવાને મહાભારતમાં કૂતરા-બિલાડાની વાતોથી માંડી મોટા ગહન તત્ત્વજ્ઞાન સુધીનું સર્વ વાઙ્મય એકઠું કરેલું છે. વ્યાસે સ્થાપેલા સંપ્રદાયનું મુખ્ય કામજ એ છે કે, બને ત્યાં સુધી સર્વ તત્ત્વોમાં જણાતો વિરોધ કાઢી નાખવો અને એટલા માટે શ્રીશંકરાચાર્ય લખે છે કે, વ્યાસનો સિદ્ધાંત સર્વ શાસ્ત્રોનો અવિરોધી હતો. **सर्वशास्त्राविरोधेन** એ પ્રયોગની ઉત્પત્તિ યથાર્થ લાગે છે અને તેમણે મહાભારતને વ્યાસ ભગવાનના સંપ્રદાય અથવા સિદ્ધાંતનો એક સ્વતંત્ર પ્રમાણગ્રંથ માન્યો છે અને તે ઉપરથી “સર્વસિદ્ધાંતસંગ્રહ” માં વેદવ્યાસ પક્ષનું નિરૂપણ કરતી વખતે પ્રથમ ત્રિગુણાત્મક સૃષ્ટિ જણાવીને તે તે ગુણોના વિશિષ્ટ એવાં મનુષ્યોનાં રૂપ, ગુણ, આચાર વગેરેનું વર્ણન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપેલું છે. સાંખ્યપક્ષના નિરૂપણના પ્રકરણમાં શંકરાચાર્ય **व्यासाभिप्रेतसिद्धान्ते वक्ष्येऽहं भारते स्फुटम्।** એ પ્રમાણે હવાલો આપીને સાંખ્યનું પહેલા ૪૬ શ્લોકમાં સ્પષ્ટીકરણ કર્યા પછી "ચતુર્વ્યૂહાત્મક વિષ્ણુએ ચતુર્ધા જગત રચ્યું" એવું જણાવ્યું છે અને તે પછી ચાર વર્ણોનો નિર્દેશ કર્યો છે. ચાતુર્વર્ણ્યને માનનારા ઉપર, વર્ણ તથા આશ્રમના ધર્મો યથાસ્થિત પાળતાં ઈશ્વર કૃપા કરે છે, એવો વ્યાસોક્ત ભારતનો મત છે, એમ શંકરાચાર્યે સમજાવેલું છે. આ પ્રમાણે જણાવી વેદાંત પક્ષનિરૂપણના છેવટના ભાગમાં શંકરાચાર્ય લખે છે કે, વ્યાસે રચેલા શ્રીમદ્ભાગવત ગ્રંથમાં કૃષ્ણે ઉદ્ધવને અવધૂતમાર્ગ કહેલો છે. આ પ્રમાણે આ આખું પ્રકરણ વાંચતાં સુજ્ઞ વાચકોને જણાશે કે, શ્રીશંકરાચાર્ય વ્યાસે સ્થાપેલા સંપ્રદાયના હતા અને તેઓને પણ ભાગવત શિરસાવંદ્ય હતું. બીજું એ પણ જોવાનું છે કે, મહાભારત પછી ભાગવતનો ઉલ્લેખ આવે છે. તે દર્શાવે છે કે, મહાભારતમાં જે મત વ્યાસે પ્રતિપાદન કરેલો છે, તેથી સંતોષ નહિ પામતાં વ્યાસે ભાગવત રચ્યું અને ભક્તિના ગુણ ગાયા, અને તેથીજ તેમને છેવટે સંતોષ અને આનંદ થયો. શ્રીશંકરાચાર્યના મળી આવેલા આ 'સર્વસિદ્ધાંત સંગ્રહ' નામના ગ્રંથ ઉપરથી બે પ્રશ્નોનો સંતોષકારક નિકાલ આવે છે. એક તો એ કે, શંકરાચાર્યના સમયમાં શ્રીમદ્ભાગવત હતું અને તે એક પ્રમાણ કરતાં પણ પ્રમેયગ્રંથ ગણાયો હતો. તેથી શ્રીમદ્ભાગવત કંઇ નહિ તો શ્રીશંકરાચાર્યથી એકબે સદી પૂર્વે રચાયેલું હોવું જોઇએ અને એક ધાર્મિક ગ્રંથ તરીકે તેને મહત્ત્વ અપાતું હતું, એટલું તો ખાતરીથી કહી શકીએ. વળી તે વ્યાસોક્ત ભારતમતને મળતું હતું, તેમજ મુખ્ય પુરાણગ્રંથોમાં આજ ભાગવત ગણાતું હતું—દેવી ભાગવત નહિ અને તેથીજ વિષ્ણુપુરાણમાં આ શ્રીમદ્ભાગવતને મુખ્ય પુરાણમાં ગણેલું, અલ્બરોની નામના પરદેશી મુસાફરને જણાયું હતું. આધુનિક પંડિતોની શોધખોળ પ્રમાણે શ્રીશંકરાચાર્ય ઈ. સ. ના છઠ્ઠા કે સાતમા સૈકામાં થઇ ગયેલા ગણાય છે, એટલે ભાગવતગ્રંથનો શ્રીશંકરાચાર્યના ઉપલા 'સર્વસિદ્ધાંત સંગ્રહ'માં ઉલ્લેખ આવતો હોવાથી, તે કંઇ નહિ તો ત્રીજાચોથા અથવા ચોથાપાંચમા સૈકામાં રચાયલું અથવા વિદ્યમાન હોવું જોઇએ અને બીજું એ કે, શ્રીશંકરાચાર્યને પણ શ્રીકૃષ્ણે ઉદ્ધવને એકાદશ સ્કંધમાં આપેલો ઉપદેશ માન્ય હતો એમ સિદ્ધ થાય છે, તેથી તેઓ પણ પરમ ભાગવત વૈષ્ણવ હતા એમજ માનવું યુક્ત છે અને તેઓ વૈષ્ણવ નહોતા અથવા વૈષ્ણવ મતના વિરોધી હતા એમ માનવું એ ભ્રમ છે; એ હવે સમજાશે તો આ લેખનું સાર્થક્ય થયેલું માનીશ. બીજું એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે, શ્રીમધ્વાચાર્યે (દ્વૈતસંપ્રદાયના આચાર્ય) એક સ્થળે જણાવ્યું છે કે, શ્રીશંકરાચાર્યે શ્રીભાગવત ઉપર ટીકા રચેલી છે; પણ આજે એ ટીકા ઉપલબ્ધ નથી. શ્રીભાગવત ઉપર બધી મળીને ૩૮ ટીકાઓ થયેલી કહેવાય છે, તેમાં હનુમતિ (હનુમાન નામના એક અત્યંત પ્રાચીન પંડિતની ટીકા), ચિત્સુખી (ચિત્સુખાચાર્યની રચેલી. આ ચિત્સુખાચાર્ય શંકરાચાર્યના સમકાલીન થઇ ગયા છે અને તેમની પીઠ ઉપર બીજા જગદ્ગુરુ તરીકે બિરાજેલા હતા તે) અને શાંકરી, એ ટીકાઓ પ્રાચીન છે; પણ આ ટીકાઓ આજે મળતી નથી. કેટલાકો કહે છે કે, શ્રીમચ્છંકરાચાર્યનાં પ્રસ્થાનત્રયના ભાષ્યગ્રંથોમાં કયાંય પણ ભાગવતનું અવતરણ મળતું નથી, માટે તેમના વખતમાં ભાગવતજ નહોતું પણ આ સાધાર નથી; કારણ કે શ્રીશંકરાચાર્યે એકલા ભાષ્યગ્રંથોજ રચેલા નથી, પણ બીજા પ્રકીર્ણ નાનામોટા ઘણા ગ્રંથો અને સ્તોત્રો પણ રચ્યાં છે. તેમાંના એક "સિદ્ધાંત સંગ્રહ" માંથી એક ઉતારો તો ઉપર આપેલો છે. બીજો દાખલો આ નીચે પ્રમાણે મળી આવે છે.

પદ્મપુરાણમાં વાસુદેવસહસ્રનામાવલીની ટીકા શ્રીઆદ્યશંકરાચાર્યે કરેલી કહેવાય છે. તે ટીકામાં નીચે પ્રમાણે ઉલ્લેખ ભાગવત સંબંધી મળી આવે છેઃ **स आश्रयः परं ब्रह्म परमात्मा परात्पर। इति भागवते।** તેજ પ્રમાણે શ્રીશંકરાચાર્યનો "ચતુર્દશમતવિવેક" નામનો એક પ્રકરણગ્રંથ છે. તેમાં **परमहंसधर्मो भागवते पुराणे कृष्णेनोद्धवायोपदिष्टः** (પરમહંસના ધર્મો શ્રીભાગવતપુરાણમાં શ્રીકૃષ્ણે ઉદ્ધવને કહેલા છે.) ભાગવતનો સ્પષ્ટ ઉલ્લેખ છે; તેમજ "ગોવિંદાષ્ટક" નામના એક સ્તોત્રમાં નીચે પ્રમાણે સ્તુતિપાઠ છે, જે પ્રસંગ કેવળ ભાગવતમાં વર્ણવેલો મળી આવે છે. જેમકેઃ—**मृत्सामत्सि किमिह यशोदा ताडनशैशवसन्त्रासः।** આ પ્રમાણે ઘણા દાખલાઓ શોધકોને મળી આવે તેમ છે; પણ જો આના ઉપર પણ કોઇ આધુનિક પંડિત એવી શંકા કરે કે, આ સર્વ પ્રકરણગ્રંથો (એમના ત્રણ ભાષ્યો સિવાય) આદ્ય શંકરાચાર્યનાજ રચેલા છે એનું શું પ્રમાણ છે? તો આવી કુશંકાઓનો સમર્પક ઉત્તર તો કોણ આપી શકશે? પણ આ કુતર્કપરંપરાનો ઉત્તર પણ એજ હોઇ શકે. આ પ્રકરણગ્રંથો શ્રીઆદ્યશંકરાચાર્યના રચેલા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી, એ પણ શા ઉપરથી કહી શકાય ? શંકા કાઢનાર પાસે તેનો કશો ઉત્તર છેજ નહિ. શ્રીશંકરાચાર્યના પ્રસ્થાનત્રયી ઉપરના ભાષ્યમાં ભાગવતનો ઉલ્લેખ નથી એ ખરું છે; તોપણ બીજા પ્રકરણગ્રંથોમાં તો ભાગવતનો ઉલ્લેખ સ્પષ્ટપણે મળે છે, એ તો નિર્વિવાદ વાત છે. તેમાં પણ હાલમાં પ્રસિદ્ધ થયેલા તેમના **सर्वसिद्धांतसंग्रह** નામના ગ્રંથે સર્વ કુતર્કો કાપી નાખ્યા છે અને આ **सर्वसिद्धांतसंग्रह, सर्वमतसंग्रह** (ત્રાવણકોર સંસ્કૃતમાળામાં પ્રસિદ્ધ થયો છે) અને (શ્રીવિદ્યારણ્યના) **सर्वदर्शनसंग्रह**થી પણ અતિ પ્રાચીન છે અને તે શંકરાચાર્યનો રચેલો છે, એ માટે હવે કોઇને શંકા રહેતી નથી.

શ્રીશંકરાચાર્યના પરમગુરુ શ્રીગૌડપાદાચાર્યે પંચીકરણની વ્યાખ્યામાં **जगृहे पौरुषं रूपं इति भागवतमुपन्यस्तम्** જણાવેલું છે. ઉત્તર ગીતા ઉપર શ્રીગૌડપાદાચાર્યની વ્યાખ્યા છે. તેમાં લખતાં તેઓશ્રી જણાવે છે કેઃ—

तदुक्तं भागवतेः—तेषामसौ क्लेशल एव शिष्यते नान्यद्यथा स्थूलतुषावघातिनामिति ।

* આ શ્લોક શ્રીભાગવતના દશમ સ્કંધના ૧૪મા અધ્યાયમાં આવે છે, તેનું અર્ધું ચરણ છે. આખો શ્લોક નીચે પ્રમાણે છેઃ—

श्रेयः श्रुतिं भक्तिमुदस्य ते विभो क्लिश्यन्ति ये केवलबोधलब्धये ।
तेषामसौ क्लेशल एव शिष्यते नान्यद्यथा स्थूलतुषावघातिनाम् ॥ ४ ॥

આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે, ભાગવતના દશમ સ્કંધનો ૧૪ મો અધ્યાય ક્ષેપક નથી; ભાગવત શ્રીશંકરાચાર્ય અને તેમના પરમગુરુ શ્રીગૌડપાદાચાર્યના સમયપૂર્વે પણ હતું અને ભાગવત સંબંધી ઉલ્લેખ પોતાના પ્રસ્થાનત્રયી ઉપરના ભાષ્યમાં શ્રીશંકરાચાર્ય નથી કરતા તેથી ભાગવતની પ્રાચીનતા કંઇ જતી રહેતી નથી અને શ્રીભાગવતની તેમને કંઈ ખબર સુધ્ધાં નહોતી અથવા તેમના સમયમાં હતુંજ નહિ એવું પણ કંઇ સિદ્ધ થતું નથી.

પ્રચલિત ભાગવતના કુલ્લે ૩૩૫ અધ્યાયો મળે છે, પણ પ્રાચીનકાળમાં તેના ૩૩૨ અધ્યાયો હતા અને પંડિત બોપદેવે "હરિલીલા"માં ૩૩૧ અધ્યાયનો× ઉલ્લેખ કરેલો જણાય છે. આ ત્રણ ક્ષેપક અધ્યાયો તે

* જુઓ **उत्तरगीता अ. २, श्लो. ४८.** આ પુસ્તક "ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાંથી મળી શકશે.

× "શ્રીહરિલીલા" નામના ગ્રંથમાં બોપદેવ નીચે પ્રમાણે શ્રીભાગવતના અધ્યાયોની સંખ્યા ગણાવે છે. આ બોપદેવ શકે ૧૧૮૨ માં (ઈ. સ. ૧૨૬૦ માં) વિદ્યમાન હતા.

अष्टादश[१] दश[२] त्रिंशत्त्रयाधिका[३] नवविंशतिः[४] । षडेविंशतिर्[५]दशनव[६] पंचभिर्[७]विंशतिस्त्रिभिः[८] ॥८॥
चतुर्भिश्चाथ[९] नवतिरेक[१०]त्रिंशत्[११]त्रयोदश[१२] । इति भागवतेऽध्याया एकत्रिंशच्छतत्रयम् ॥९॥

હરિલીલા પ્રમાણે સ્કંધ	હરિલીલાના અધ્યાયો	પ્રચલિત ભાગવતના અધ્યાય	હરિલીલા પ્રમાણે સ્કંધ	હરિલીલાના અધ્યાયો	પ્રચલિત ભાગવતના અધ્યાય
૧	૧૮	૧૯	૮	૨૩	૨૪
૨	૧૦	૧૦	૯	૨૪	૨૪
૩	૩૩	૩૩	૧૦	૯૦	૯૦
૪	૨૯	૩૧	૧૧	૩૧	૩૧
૫	૨૬	૨૬	૧૨	૧૩	૧૩
૬	૧૯	૧૯			
૭	૧૫	૧૫	કુલ	૩૩૧	૩૩૫

આ કોઠા ઉપરથી જણાશે કે, બોપદેવના સમયમાં દશમ સ્કંધના ૯૦ અધ્યાયો હતા, પણ પહેલા સ્કંધમાં એક, ચોથામાં બે અને આઠમામાં એક એમ ચાર અધ્યાયો ઓછા ગણાતા હતા. એટલે એ અધ્યાયો બોપદેવની પાસેના અથવા દક્ષિણના દેવગિરિના યાદવ રાજા રામરાજાના પ્રધાન હેમાદ્રિની પાસેના ભાગવતમાં આ ચાર અધ્યાયો નહોતા એમ લાગે છે. શ્રીવલ્લભાચાર્ય સુબોધિનીમાં દશમસ્કંધના ૧૨–૧૩–૧૪ એ ત્રણ અધ્યાયો ક્ષેપક માનતા લાગે છે. કારણ કે તેના ઉપર ટીકા નથી. બીજાઓ દશમ સ્કંધના છેલ્લા ત્રણ અધ્યાયો ક્ષેપક માને છે. આ વિષયનો છેવટનો નિર્ણય થયો નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કયા તે અન્યત્ર આપેલી વિગતથી સમજાશે. તેમ છતાં સ્પષ્ટતા ખાતર અત્રે ફરી તેનો સંગ્રહ કરીએ છીએ. બોપદેવ સિવાય બધા ટીકાકારો એક બાબતમાં એકમત છે કે, ત્રણ ક્ષેપક અધ્યાયો દશમ સ્કંધમાંના છે; પણ તે કયા એ સંબંધમાં મતભેદ છે. કેટલાકો તે ક્ષેપક અધ્યાયો દશમ સ્કંધના ૧૨-૧૩-૧૪ માને છે અને કેટલાકો ૮૮-૮૯-૯૦ અધ્યાયો ક્ષેપક છે એમ કહે છે. તેમાં શ્રીકૃષ્ણોપનિષત્‌માં અઘાસુરનો ઉલ્લેખ છે અને ગૌડપાદાચાર્ય ઉત્તરગીતાની વ્યાખ્યામાં પણ ૧૪મા અધ્યાયના એક શ્લોકનો ઉતારો કરે છે, તે ઉપરથી અઘાસુરવધની કથા અને બ્રહ્માનું વત્સહરણ તથા બ્રહ્માએ કરેલી સ્તુતિ, એ લીલા વર્ણવનારા દશમ સ્કંધના ૧૨-૧૩-૧૪ અધ્યાયો ક્ષેપક માનવા જેવા નથી, એટલું તો સુનિશ્ચિત થાય છે; એટલે છેવટનાજ ત્રણ અધ્યાયો ક્ષેપક માનવા એજ યુક્ત છે અને આ ત્રણ ક્ષેપક અધ્યાયો બોપદેવના સમય પછી કોઇએ ઘુસાડ્યા હોય એમ લાગે છે; કારણ કે શ્રીશંકરાચાર્યના સમકાલીન ચિત્સુખ મુનિએ 'ભાગવત કથાસંગ્રહ' નામની ટીકામાં' 'પુરાણાર્ણવ" નામના એક પ્રાચીન ગ્રંથમાંથી નીચે પ્રમાણે શ્લોક લીધેલો છે, તે ભાગવત સાથે બરાબર મળતો આવે છેઃ—

स्कंधा द्वादश एवात्र कृष्णेन विहिताः शुभाः । द्वात्रिंशत्त्रिशतं पूर्णमध्यायाः परिकीर्तिताः ॥

આ ઉપરથી જણાય છે કે, ચિત્સુખાચાર્યના વખતમાં ભાગવતના ૩૩૨ અધ્યાયો હતા અને દેવીભાગવતના નહિ; કારણ કે દેવીભાગવતના ૩૧૮ છે અને શ્રીમદ્‌ભાગવતના ૩૩૨ અધ્યાયો છે. આ ઉપરથી એટલું નક્કી થાય છે કે, ઇ. સ. ના છઠ્ઠા સૈકા પહેલાં ભાગવતનું સ્વરૂપ આજે જેવું છે તેવુંજ હતું. શ્રીમદ્‌ભાગવતની પ્રાચીનતા આથી પણ અધિક આગળ લઇ જઇ શકાય તેવી છે, પણ એ વગેરે પ્રશ્નો વાદગ્રસ્ત છે અને અત્રે તે માટે સ્થાન નહિ હોવાથી તે સંબંધી વિવેચન કરેલું નથી; પણ બાહ્ય અને આંતરપ્રમાણોથી એટલું તો ચોક્કસ થઇ શકે તેમ છે કે, ઈ. સ. પૂર્વે શુમારે ૧૫૦ થી ૨૦૦ વર્ષે ભાગવત કંઈ નહિ તો હાલના સ્વરૂપમાં આવેલું હતું અને તે સિદ્ધ કરવા માટે વિદ્વાનોના પ્રયાસો ચાલુ છે. પણ હાલના કેટલાક હિંદી પંડિતો યુરોપીય પંડિતોની મોરલી પર નાચી, તેમના મતના પોપટ પ્રમાણે ઉચ્ચાર કરી શ્રીભાગવતને નવમા, અગિયારમા કે બારમા શતકમાં રચાયલું મનાવવા પ્રયત્ન કરે છે તે નિરાધાર છે, તે ઉપલા વિવેચનથી ધ્યાનમાં આવશે. બોપદેવ, હેમાદ્રિ, આલ્વારોની, શંકરાચાર્ય, ગૌડપાદ વગેરે ઉત્તરોત્તર પ્રાચીન ગ્રંથકારોએ ભાગવતનાં પ્રમાણો લીધાં છે અને ઉલ્લેખ કરેલા છે. ॥ **श्रीकृष्णार्पणमस्तु** ॥

("ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસના શ્રીમદ્‌ભાગવત-ભાષાંતરની ચોથી આવૃત્તિમાંથી સાભાર ઉદ્ધૃત)

४-श्रीमद्भागवत की योग्यता

"જિતને પુરાણ ઔર ઉપપુરાણ હૈં, એક ભી શ્રીમદ્‌ભાગવત કી સમતા નહીં કર સકતા. યહ પુરાણ સબકા શીર્ષસ્થાનીય હૈ. ઇસમેં અનેક શાસ્ત્રોં ઔર અનેક વિષયોં કે તત્ત્વ નિહિત હૈ, કિસીકા વર્ણન વિસ્તાર સે હૈ, કિસીકા સંક્ષેપ સે. ઇસમેં વેદાન્ત હૈ, ઇસમેં સાંખ્ય હૈ, ઇસમેં યોગ હૈ, ઇસમેં મીમાંસા હૈ, જ્ઞાનકાંડ ભી ઇસમેં હૈ ઔર કર્મકાંડ ભી ઇસમેં હૈ. કોઇ શાસ્ત્ર ઐસા નહીં જિસકા કુછ ન કુછ વિચાર ઇસમેં ન કિયા ગયા હો. નાસ્તિકોં કે ભી જાનને કી બાતેં ઇસમેં હૈ, ઔર આસ્તિકોં કે ભી; દોષ ઢૂંઢને કી દૃષ્ટિ સે યદિ નાસ્તિક ઈસકી સમાલોચના મેં પ્રવૃત્ત હોં, તો ઉન્હેં ભી ઇસમેં એક ન એક બાત ઉનકે મતલબ કી નિકલ આવેગી. પ્રસંગકા વિચાર કરને, પુરાણકાર કે આશય પર વિશેષ ધ્યાન દેને ઔર પરીક્ષા કી કસૌટી પર કસને સે ઐસી બાત ભલે હી ઠીક ન ઊતરે; પર ઉપરિ દૃષ્ટિ સે નાસ્તિક ભી ઇસકે અવલોકન સે અપના મતલબ કુછ દેર કે લિયે અવશ્ય હી ગાંઠ સકતે હૈં. મૂર્તિપૂજા કે વિરોધી, અપને મત કી પુષ્ટિ મેં, ઇસ મહાપુરાણ કે તીસરે સ્કંધ કે ઉનતીસવેં અધ્યાય કે નીચે નકલ કિયે ગયે શ્લોક પેશ કર સકતે હૈં. વે શ્લોક યે હૈઃ—

अहं सर्वेषु भूतेषु भूतात्मावस्थितः सदा । तमवज्ञाय मां मर्त्यः कुरुतेऽर्चाविडम्बनम् ॥२१॥
यो मां सर्वेषु भूतेषु सन्तमात्मानमीश्वरम् । हित्वाऽर्चां भजते मौढ्याद् भस्मन्येव जुहोति सः ॥

પરંતુ ઇસકે બાદ હી પુરાણકાર ને મૂર્તિપૂજા કે વિરોધયોં કો યથેષ્ટ ઉત્તર ભી દે દિયા હૈ. વહ ઉત્તર યહ હૈઃ—

अर्चादावर्चयेत्तावदीश्वरं मां स्वकर्मकृत् यावन्न । वेद स्वहृदि सर्वभूतेष्ववस्थितम् ॥२५॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

"મતલબ યહ કિ ઈશ્વર કહીં દૂર નહીં. વહ સર્વત્ર વ્યાપક હૈ, વહ સભીકે હૃદય મેં હૈ. ઉસકા જબ જ્ઞાન હો જાય–ઉસકી સ્થિતિ જબ હૃદય મેં જ્ઞાત હો જાય–તબ અન્યત્ર શરીરિયોં ઔર જડ પદાર્થોં મેં–પૂજા–અર્ચા કા બખેડા ન કરના. તબ તક તો કરો.

"શાસ્ત્રીય ઔર ધાર્મિક બાતોં કો જાને દીજિયે. યદિ આપ ઇસે કાવ્ય સમઝ કર હી પઢેંગે તો ભી મનોરંજન તો આપકા અવશ્ય હી હોગા. ઇસકે કિતને હી અંશોં મેં–વિશેષ કર કે દશમ સ્કંધ મેં, કાવ્ય કે પ્રાયઃ સભી લક્ષણુ અનેક જગહ મિલતે હૈં. ઉન સ્થલોં કી કથા ઇતની સરસ ઔર ઇતની રમણીય હૈ કિ ઉસકા બારંબાર પાઠ કરને સે ભી તૃપ્તિ નહીં હોતી. ઉસકે પરિશીલન સે સહૃદય જન અલૌકિક આનંદ કી પ્રાપ્તિ કરતે હૈં. જો લોગ શુષ્કહૃદય હૈ–કાવ્યરસ કા અનુભવ જિનકે ભાગ્ય મેં નહી–ઉનકી બાત હમ નહીં કહતે. ઉનકે લિયે યહ હૈ ભી નહીં. વે ખુશી સે ઇસે કપોલ–કલ્પના, ગપોડબાજી યા પૌરાણિક પ્રલાપ કહા કરેં. કિસી પુસ્તક કો કાવ્ય અથવા કહાની સમઝ કર પઢને મેં ઈસ તરેહ કી શંકા કે લિયે–ઉસે કપોલકલ્પના કહને કે લિયે–અવકાશ હી નહીં. તત્ત્વપૂર્ણ ઔર વિજ્ઞાનસિદ્ધ બાતોં કા હી વિવેચન કરનેવાલે ગ્રંથ કિસી ભી ભાષા કે સાહિત્ય મેં થોડે હી હોતે હૈં. અધિક ભાગ તો મનોરંજન કરનેવાલી પુસ્તકોં હી કા હોતા હૈ. આસ્તિક તથા નાસ્તિક ઔર ધાર્મિક તથા અધાર્મિક સભી લોગ ઐસી પુસ્તકેં પઢ કર અપના મન મુદિત કર સકતે હૈં. ઇસ દશા મેં ભારતવર્ષ કે સભી ધર્મોં, સંપ્રદાયોં ઔર મતોં કે અનુયાયી યદિ ઔર કુછ નહીં તો, શ્રીમદ્ભાગવત સે અપના મનોરંજન અવશ્ય હી કર સકતે હૈ; ઔર જિસ પુસ્તક સે મનોરંજન ભી હો ઔર સહૃદય રસિકોં કો અલૌકિક આનંદ કા લાભ ભી હો, વહ ફેંક દેને, નિંદ્ય કહલાને અથવા અનાદત હોને કી ચીજ નહીં. અતએવ હર દૃષ્ટિ સે, શ્રીમદ્ભાગવત હમારી શ્રદ્ધા કા ભોજન હૈ.

"જિનકો ભગવાન ને હૃદય દિયા હૈ ઔર જો ભક્તિ તથા પ્રેમ કી મહિમા જાનતે હૈં, ઉનકે લિયે તો ભાગવત મેં ઐસે ઐસે અનુપમ પદાર્થ ભરે હુએ હૈં જો અન્યત્ર શાયદ હી કહીં મિલે. ઈસ અદ્વિતીય ગ્રંથ કે અધિકાંશ મેં ભક્તિ ઔર પ્રેમ કા ઐસા ગંભીર અમૃતોદધિ ભરા હુઆ હૈ કિ ઉસમેં અહર્નિશ ગોતે લગાતે રહને પર ભી ભક્તજન ઉસકી થાહ નહીં પાતે. જિસ સમય બાલક પ્રહ્લાદ ભગવાન નૃસિંહ કી સ્તુતિ કરતે કરતે કહતા હૈ કિઃ—

क्वाहं रजः प्रभव ईश तमोऽधिकेऽस्मिन् जातः सुरेतरकुले क्व तवानुकम्पा ।
न ब्रह्मणो न तु भवस्य न वै रमाया यन्मेऽर्पितः शिरसि पद्मकरः प्रसादः ॥ २६ ॥

(સ્કંધ ૭, અધ્યાય ૯)

"ઉસ સમય ઉનકી સુધબુધ જાતી રહતી હૈ. વે વિહ્વલ હો જાતે હૈં. ઉનકી આંખોં સે આંસુઓં કી ઝડી લગ જાતી હૈ. જો સહૃદય હૈં વે ચાહે જિતને બડે તત્ત્વવેત્તા ઔર વિજ્ઞાનશાસ્ત્રી હો ઉનકા સારા તત્ત્વજ્ઞાન ઔર સારા શાસ્ત્રજ્ઞાન એક બૂંદ કી તરહ પ્રહ્લાદ–સ્તુતિ કે રસાર્ણવ મેં લુપ્ત હો જાતા હૈ. આધે નર ઔર આધે સિંહ કે આકાર કા પ્રાણી સંસાર મેં નહીં હોતા. ઔર દશ વર્ષ કા બચ્ચા વેદાંત ઔર ભક્તિયોગ નહીં બૂઝતા, ઇસ શંકા કા અંકુર તક હૃદય મેં નહીં ઉત્પન્ન હોતા. ઉસકે લીયે વહાં જગહ હી કહાં? હૃદય કા સર્વાંશ તો ભક્તિ ઔર પ્રેમ કે પ્રબલ પ્રવાહ સે વ્યાપ્ત હો જાતા હૈ."

* * * *

("સરસ્વતી"ના ફેબ્રુઆરી–૧૯૧૫ ના અંકમાંથી ઉદ્ધૃત)

૯–भागवतका उद्देश, कर्ता, रचनाकाळ इत्यादि

(લેખકઃ–શ્રીયુત રામસેવક પાણ્ડેય)

ભાગવત ધર્મ ઔર હિંદુ સભ્યતા કે ઇતિહાસ મેં શ્રીમદ્ભાગવત કા ઉચ્ચતમ સ્થાન હૈ. આજ સંપૂર્ણ ભારત કે કોને કોને મેં જો ભક્તિરસ કા સ્રોત પ્રવાહિત હો રહા હૈ, ઉસકા ઉદ્ગમસ્થાન શ્રીમદ્ભાગવત હી હૈ. શ્રીમદ્ભાગવતવર્ણિત ભક્તિમાર્ગ તથા ઉસકે આદર્શ કો સન્મુખ રખ કર હી સુરદાસજી ઔર તુલસીદાસજી ને વ્રજભાષા મેં સૂરસાગર ઔર વિનયપત્રિકા કા, તથા સાધુ રામદાસને મરાઠી મેં દાસબોધ કી રચના કી હૈ. શ્રીમદ્ભાગવત મેં જ્ઞાનસંગ્રહ કો દેખ કર વિસ્મિત હોના પડતા હૈ. કહીં ઔપનિષદિક જ્ઞાન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કી ચર્ચા હૈં; કહીં સાંખ્યયોગ આદિ દાર્શનિક વાદોં કી વિવેચના કી ગઈ હૈ; કહીં કમનીય કવિત્વ કી છટા દિખલાઇ પડતી હૈ; કહીં ધર્મ, વ્યવહાર ઔર રાજનીતિ કી વિસ્તૃત મીમાંસા કી ગઇ હૈ ઔર કહીં પ્રાચીન ઐતિહાસિક ગાથાઓં કા વર્ણન હૈ. સંપૂર્ણ ગ્રંથ કૃષ્ણભક્તિ ઔર પ્રેમ સે શરાબોર હૈ. ભાગવત કી પ્રશંસા મેં જો કહા ગયા હૈ કિ **विद्यावतां भागवते परीक्षा** વહ બિલકુલ ઠીક હૈ. પ્રત્યેક ભારતીય હિંદુ ઇસ ગ્રંથ પર અધિક શ્રદ્ધા રખતા હૈ. સંસાર કી પ્રાયઃ સભી ઉન્નત ભાષાઓં મેં ઇસકા અનુવાદ હો ગયા હૈ. ઐસે તત્ત્વજ્ઞાનપૂર્ણ ગ્રંથ કે સભી વિષયોં કો વિશ્લેષણ કર ઉન પર પ્રકાશ ડાલના મેરે જૈસે સંકુચિત જ્ઞાનવાલે કે લિયે યદ્યપિ અસંભવ હૈં; તથાપિ મંદમતિ કે અનુસાર ઇસ લેખ મેં ભાગવત પર સંક્ષિપ્ત વિચાર કિયા જાતા હૈ.

ભાગવત કા કર્તા ઔર રચનાકાલ

ભાગવત કિસ સમય બનાઇ ગઈ ઔર ઉસકા રચયિતા કૌન હૈ? યહ વિષય અસંત વિવાદગ્રસ્ત હૈ ઔર ઠીક–ઠીક ઉસકા નિર્ણય અભી તક નહીં હુઆ હૈ. પ્રાચીન પંડિત તો ભાગવત કો વ્યાસવિરચિત હી માનતે હૈં, જૈસા કિ ભાગવત મેં ઉલ્લેખ હૈ કિ વ્યાસજી ને નારદ કે ઉપદેશ સે ભાગવતકા નિર્માણ કિયા ઔર અપને પુત્ર શુકદેવજી કો પઢાયા. શુકદેવજી ને પરીક્ષિત કો ભાગવત કી કથા સુનાઇ. પુનઃ નૈમિષારણ્ય મેં સૂત ને મહાયજ્ઞ કે અવસર પર શૌનકાદિક ઋષિઓં કો સુનાઇ. ઉક્ત મત કે અનુસાર ભાગવત કો બને ૪૩૭૪ વર્ષ હુએ; ક્યોંકિ વ્યાસજી કુરુ–પાંડવોં કે સમકાલિન થે.

વરાહમિહિર કે મત સે શક સંવત મેં ૨૫૨૬ કે મિલાને પર યુધિષ્ઠિર કા સમય નિકલ આતા હૈ.

आसन मघासु मुनयः शासति युधिष्ठिरे नृपतौ । षडधिकं पञ्च द्वियुतः शककालस्तस्य राज्ञश्च ॥

૧૮૪૮ વર્તમાન શક કાલ મેં ૨૫૨૬ કે જોડ દેને સે ૪૩૭૪ વર્ષ મહારાજ યુધિષ્ઠિર કો હોતે હૈ. અતઃ પ્રાચીન પંડિતોં કે મત સે યહી સમય ભાગવત બનને કા ભી નિર્ધારિત કિયા જાતા હૈ કિંતુ ભાગવત કો વ્યાસકૃત માનને મેં વિશેષ આપત્તિ યહ હૈ કિ ભાગવત કે દ્વાદશ સ્કંધ મેં ભવિષ્યવર્ણન હૈ; જિસમેં મૌર્ય, શૃંગ તથા આન્ધ્રવંશીય રાજાઓં કા વર્ણન હૈ; જિનકા અસ્તિત્વ લગભગ ઇસા કે ૩૦૦ વર્ષ પહિલે સે લે કર ઈસા કી તીસરી શતાબ્દી તક રહા હૈ. મૌર્ય રાજાઓં મેં ચંદ્રગુપ્ત બિંબીસાર ઔર અશોકવર્ધન તથા શૃંગો મેં અગ્નિમિત્ર ઔર પુષ્પમિત્ર પ્રધાન ઐતિહાસિક રાજાઓં કા ઉલ્લેખ હૈ; અતઃ ભાગવત કી રચના ઉક્ત રાજાઓં કે બાદ કી હૈ; ઔર બહુત સંભવ હૈ કિ ગુપ્તવંશીય રાજાઓં કે કાલ મેં–જબ કિ વિદેશી આક્રમણકારી હરા દિયે ગયે થે, હિંદુ સભ્યતા પુનઃ જીવિત હો ચૂકી થી, હિંદુ કલ્પનાનિર્માણશક્તિ જાગ્રત હુઈ થી, ભાગવતધર્મ કા વિશેષ પ્રચાર થા, ઔર વિજિત યવન ઔર હૂણ હિંદુ ધર્મ મેં વિશેષતઃ વૈષ્ણવ ધર્મ મેં દીક્ષિત હો ચૂકે થે–શ્રીમદ્ભાગવત કી રચના કિસી અપર વ્યાસ ને કૃષ્ણ દ્વૈપાયન કે નામ સે કી હો. યહી સમય સંસ્કૃતસાહિત્ય કે વિશેષ અભ્યુત્થાન કા હૈ ઔર યહ સમય ઇસા કી પાંચવી સદી હો. ઇસ અનુમાન કી પુષ્ટિ નિમ્નલિખિત ભાગવત કે શ્લોક સે ભી હોતી હૈઃ–

किरातहूणान्ध्रपुलिन्द पुल्कसा आभीरकंका यवना खसादयः ।
येऽन्ये च पापा यदुदाश्रदाश्रया शुध्यन्ति तस्मै प्रभविष्णवे नमः ॥*

સ્વર્ગીય રમેશચંદ્ર દત્ત તથા ચિંતામણિ વિનાયક વૈદ્ય કે મત મેં ભી પુરાણોં કી રચના ઇસા કી ચૌથી સદી સે લે કર આઠવીં સદી તક હુઇ હૈ.

ઇસકે અતિરિક્ત ભાગવત કી રચનાશૈલી કો દેખ કર નિઃસંદેહ નિશ્ચય કરના પડતા હૈ કી વહ મધ્યકાલ કી હૈ. ક્યોંકિ મહાભારત આદિ પ્રાચીન ગ્રંથોં કી ઔર ભાગવત કી રચના મેં બડી વિષમતા હૈ. પ્રાચીન ઋષિયોં કી ભાષા અત્યંત પ્રાંજલ હોતી હૈ. ઉસમે બહુવ્રીહિ જૈસે લંબે સમાસોં કી ન્યૂનતા રહતી હૈ. ઈસકે વિપરીત ભાગવત મેં ભાષા પ્રૌઢ ઔર દુરુહ હૈ, ઉસમેં બહુવ્રીહિ સમાસ કી અધિકતા હૈ. ઉદાહરણ કે લિયે મહાભારત ઔર ભાગવત કા કુછ ગદ્ય ભાગ દિયા જાતા હૈ–

स कदाचिन्मृगयां गतः पारीक्षितो जनमेजयः कस्मिंश्चित् स्वविषये आश्रममपश्यत् । तत्र

* અર્થાત્–કિરાત, હૂણ આંધ્ર, પુલિન્દ, પુલ્કસ, આભીર, કંક, યવન આદિ પાપી લોગ જિન ભગવાન કૃષ્ણ કે ભક્તોં કે સંગ સે પવિત્ર હો ગયે હૈ, ઉનકે લિયે નમસ્કાર હૈ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

कश्चिदृषिरासाञ्चक्रे श्रुतश्रवा नाम। तस्य तपस्याभिरतः पुत्र आस्ते सोमश्रवा नाम तस्य तं पुत्रमभिगम्य पौरोहित्याय व्रव।

यत्र ह देवपतयः स्वै स्वैर्गणनायकैः विदितमहार्हणाः सर्वर्तुकुसुमस्तवककलकिसलयश्रियानम्यमानविटपलता विटपिभिरुपशुम्भमानरुचिरकाननाश्रमायतन वर्षगिरिद्रोणीषु स्वैरं विहरन्ति।
(भा० प० स्कं०)

મહાભારત ઔર રામાયણુ મેં દીર્ઘવૃત્ત–કહીં કહીં સર્ગ કે અંત મેં દિખલાઇ પડતે હૈં; પર ભાગવત મેં અધ્યાય કે અધ્યાય દીર્ઘવૃત્તો સે ભરે પડે હૈં.

ભાગવત પુરાણુ હૈ.

ભાગવત મેં ૧૮ હજાર શ્લોક હૈ ઔર ૧૨ સ્કંધ હૈ. સૃષ્ટિ, પ્રલય, વંશ, મન્વંતર ઔર વંશાનુચરિત કે વર્ણુન હોને સે ભાગવત કી પુરાણોં મે ગણુના હૈ. સંક્ષિપ્ત કથાભાગ ભાગવત મેં ઇસ તરહ હૈઃ–પ્રથમ સ્કંધ મેં પરીક્ષિત કા જન્મ ઔર નારદોપાખ્યાન. દ્વિતીય સ્કંધ મેં પરીક્ષિત કે શાપ કા વર્ણુન ઔર અર્ચિરાદિ ગતિ તથા વિરાટરૂપ કા વર્ણુન હૈ. તૃતીય સ્કંધ મેં સૃષ્ટિ ઔર પ્રલય કા વર્ણુન તથા કપિલ ઔર દેવહૂતિ કા સંવાદ હૈ. પંચમ સ્કંધ મેં પ્રિયવ્રત કા ચરિત તથા ભૌગોલિક વર્ણુન હૈ. ષષ્ઠ સ્કંધ મેં દક્ષ પ્રજાપતિ કા વર્ણુન હૈ. સપ્તમ સ્કંધ મેં હિરણ્યકશિપુ કા વધ ઔર પ્રહ્લાદચરિત્ર હૈ. અષ્ટમ મેં મન્વન્તરોં કા વર્ણુન ઔર ગજેન્દ્ર–મોક્ષ હૈ, નવમ મેં સૂર્ય ઔર ચંદ્રવંશી રાજાઓં કા વર્ણુન હૈ. દશમ મેં કૃષ્ણુચરિત્ર કા વર્ણુન હૈ, એકાદશ મેં કૃષ્ણુ–ઉદ્ધવ કા સંવાદ હૈ, દ્વાદશ મેં ભવિષ્ય વર્ણુન ઔર પુરાણોં કી ગણુના હૈ.

ભાગવતરચના કા ઉદ્દેશ

પ્રવૃત્તિ–નિવૃત્તિમૂલક વર્ણાશ્રમસ્વરૂપ આર્ય ધર્મ પ્રાચીન ભારત મેં પ્રચલિત થા. પંચયજ્ઞ સે લે કર અશ્વમેધ તક યજ્ઞ હોતે થે. યોગ, સંન્યાસ ઔર તપ, મોક્ષ કા સાધન સમઝા જાતા થા; કિંતુ સંન્યાસ, યોગ યા યજ્ઞાદિ કરને કા સબકો અધિકાર નહીં થા. ઇસકે અતિરિક્ત યાગાદિ સહસ્રોં રૂપયોં કે બિના હો નહીં સકતે થે. ધન સબકે લિયે સુલભ નહીં થા; તબ સમાજ મેં વિષમ સમસ્યા ઉપસ્થિત હુઇ કિ દ્રવ્યહીન, બુદ્ધિહીન મનુષ્યોં કે લિયે તરણોપાય હૈ યા નહીં ? ઇસી સમસ્યા કો હલ કરને કે લિયે કૃષ્ણુ ને ભારતીય યુદ્ધ મેં અર્જુન કો ભક્તિ–માર્ગ કા ઉપદેશ દિયા ઔર બતલાયા કિ '**सर्वान् धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज**' સબ ધર્મોં કો છોડ કર મેરી શરણુ આ. તથા મેરા આશ્રય લેને સે સ્ત્રી, વૈસ્ય, શૂદ્ર ઔર ચાણ્ડાલ આદિ પાપયોનિયાં ભી પરમ ગતિ કો પ્રાપ્ત હોતી હૈ! તભી સે ભારતવર્ષ મેં ભક્તિ–માર્ગ અથવા ભાગવત ધર્મ કા સૂત્રપાત હુઆ–અવતારવાદ તથા સગુણોપાસના પ્રચલિત હુઇ.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत। अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

ઇસ ઉપદેશ કે વિશ્વાસાનુસાર કૃષ્ણુ સે પ્રથમ રામ આદિ જો મહાપુરુષ હુએ થે, ઉનકી ભી અવતારોં મેં ગણુના હુઇ; કિંતુ ભાગવત કી રચના કે પ્રથમ ભક્તિ–માર્ગપ્રતિપાદક સાહિત્ય કા નિર્માણ નહીં હુઆ થા. મહાભારત મેં વર્ણિત નારાયણીય ઉપાખ્યાન ઔર અઠારહવેં અધ્યાય–વર્ણિત ભક્તિમાર્ગ સે સંતોષ નહીં હોતા થા. ઇસી ભક્તિમાર્ગ કે પ્રચાર કે લિયે ભાગવત કી રચના કી ગઇ. સ્વયં ભાગવત મેં લિખા હૈ કિ મહાભારત બનાને પર ભી વ્યાસજી કે હૃદય કો પ્રસન્નતા નહીં હુઈ ઔર ઉન્હેં ખેદ હૂઆ કિ મૈંને અભિ તક ભાગવત–ધર્મ કા વિશેષ રૂપ સે નિરૂપણુ નહીં કિયા હૈ, જો કિ પરમહંસોં ઔર વિષ્ણુ–ભગવાન કો પ્રિય હૈ.

किं वा भागवता धर्म्मा न प्रायेण निरूपिताः। प्रियाः परमहंसानां त एव ह्यच्युतप्रियाः॥

ભક્તિમાર્ગ

શ્રીમદ્દભાગવત ને અનન્યભાવ દ્વારા કૃષ્ણુ ભગવાન કી ભક્તિપૂર્વક શરણુ આને સે મોક્ષ કા દ્વાર સબકે લિયે ખોલ દિયા. ભક્તિ કા તત્ત્વ હૈ કૃષ્ણુ સે પ્રેમ ઔર પ્રેમ મેં તલ્લીનતા ઔર આત્મસમર્પણ. ભક્તિમાર્ગ મેં જાતિ–પાંતિ પર ભી અધિક જોર નહીં દિયા ગયા હૈ. જટાયુયુદ્ધ, જામ્બવાન, ઋક્ષ, પતિત અજામિલ ઔર જીવન્તિ ગણિકા કી ભી સદ્દગતિ પાને કા વર્ણુન હૈ.

અબ પ્રશ્ન હોતા હૈ કિ ભક્તિ દ્વારા મુક્તિ કી પ્રાપ્તિ ભાગવત કૈસે બતલાતા હૈ, જબ કિ શ્રુતિયાં કહતી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હૈ કિ બિના બ્રહ્મજ્ઞાન કે મુક્તિ કા કોઇ દૂસરા માર્ગ નહીં હૈ. 'तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय' ઈસકા ઉત્તર ભાગવત મેં ઇસ પ્રકાર દિયા ગયા હૈ કિ, વિષ્ણુ મેં નિર્હૈતુક, નિષ્કામ ઔર નિરંતર ભક્તિ આત્મા કો વિશુદ્ધ કર દેતી હૈ. ભક્તિયોગ શીઘ્ર હી જ્ઞાન ઔર વૈરાગ્ય કો ઉત્પન્ન કરતા હૈ એવં ભક્તોં કે સત્સંગ સે ભગવાન મેં નિષ્ઠાયુક્ત ભક્તિ હોતી હૈ. તબ -રાજસ ઔર તામસ ભાવોં– કામક્રોધ–સે ચિત્ત અભિભૂત નહીં હોતા હૈ; કિંતુ સતોગુણ મેં હી પ્રસન્ન રહતા હૈ. ચિત્ત કી પ્રસન્નતા એવં શાન્તિ સે ભગવત્તત્ત્વ કા ભી જ્ઞાન હો જાતા હૈ. ભગવત્તત્ત્વ કે જ્ઞાન સે સંગ ભી છૂટ જાતા હૈ. ફિર ક્યા કહના? હૃદય કી ગાંઠ ખૂલ જાતી હૈ, સંશય દૂર હો જાતે હૈ ઔર સંપૂર્ણ કર્મોં કા ક્ષય હો જાતા હૈ.

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः। क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥

ઇસ પ્રકાર ભાગવત ભક્તિ દ્વારા મુક્તિ કા પ્રતિપાદન કર ભક્તિ ઔર જ્ઞાન કે સામંજસ્ય કી ભી રક્ષા કરતા હૈ. ભાગવત ભક્તિ કે વિના કેવલ જ્ઞાન કો અધૂરા સમઝતા હૈ. ભાગવતકાર ને ઈસ બાત કો બ્રહ્મા દ્વારા કૃષ્ણસ્તુતિ મેં અભિવ્યક્ત કિયા હૈ કિ કલ્યાણ કો પ્રવાહિત કરનેવાલી ભક્તિ કો છોડ કર કેવલ જ્ઞાન કી પ્રાપ્તિ કે લિયે જો કલેશ ઉઠાતે હૈં ઉનકે હિસ્સે મેં કેવલ કલેશ વૈસે હી પડતા જૈસે ધાનોં કો છોડ કર ભૂસા કે કૂટનેવાલોં કો–

श्रेयः स्मृतिं भक्तिमुदस्य ते विभो क्लिश्यन्ति ये केवल बोधलब्धये।
तेषामसौ क्लेशल एव शिष्यते नान्यद्यथा स्थूलतुषावघातिनाम् ॥

ભાગવત સાંખ્ય, યોગ, સ્વાધ્યાય, તપ ઔર દાન કો ભી ભક્તિ કે સામને ગૌણ સમઝતા હૈ. એકાદશ સ્કંધ મેં ઉદ્ધવ સે કૃષ્ણ કહતે હૈ કિ હે ઉદ્ધવ! ઉર્જિત અર્થાત્ બઢી હુઈ ભક્તિ મુઝે જૈસા પ્રસન્ન કરતી હૈ વૈસા સાંખ્યયોગ આદિ નહીં.

न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव। न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिममोर्जिता ॥

બિના ચિત્ત કે પિગલે, બિના રોમાંચ કે ઔર બિના પ્રેમાશ્રુ કી ધારા કે બહે અંતઃકરણ નહીં શુદ્ધ હોતા હૈ.

कथं विना रोमहर्षं द्रवता चेतसा विना। विनानन्दाश्रुकलया शुध्येद्भक्त्या विनाशयः ॥

(હિંદી "સમાલોચક" ના ૧૯૮૩ ના હેમંત અંકમાંથી)

६–भागवत की श्रीधरी टीका और श्रीधर स्वामी

(લેખકઃ–શ્રીયુત ઓમકારપ્રસાદ મિશ્ર, બી. એ. બી. એલ.)

"સંસ્કૃત કે વિદ્વાનો સે યહ બાત છિપી નહીં કિ શ્રીમદ્ભાગવત બહુત હી ઉત્કૃષ્ટ, કિન્તુ કિલષ્ટ ગ્રંથ હૈ; પર ઉસકા કોઇ કોઈ અંશ અત્યંત સરસ ઔર લલિત ભી હૈ. વહ અષ્ટાદશ પુરાણોં મેં સબસે બઢ કર હૈ. જિન્હોંને ઇસ અનુપમ પુરાણ કા યત્કિંચિત્ ભી અભ્યાસ કિયા હૈ, ઉન્હેં શ્રીધર સ્વામી કી ટીકા દેખને કા બહુત કર કે અવશ્ય હી અવસર પ્રાપ્ત હુઆ હોગા. યથાર્થ મેં યહ ટીકા બહુત હી અચ્છી હૈ. ઇસમેં ગૂઢ વિષયોં કા નિરૂપણ બડી યોગ્યતા સે કિયા ગયા હૈ. વહ અપને નામ–ભાવાર્થદીપિકા–કો ખૂબ હી સાર્થક કરતી હૈ. મેરા મત હૈ કિ **ઈસ ટીકા સે અચ્છી ટીકા આજ તક નહીં બની.** ઈસ ટીકા કે વિષય મેં બાબૂ પુર્ણેન્દુનારાયણ સિંહ એમ. એ. બી. એલ. અપની એક પુસ્તક મેં નિમ્ન ભાવ કા લિખતે હૈં:–

"કિસી સમય એક પંડિત ને શ્રીચૈતન્ય સે સગર્વ કહા કિ મૈંને શ્રીમદ્ભાગવત કે એક શ્લોક કા ઐસા અર્થ કિયા હૈ જો શ્રીધર સ્વામી કે અર્થ સે ભિન્ન હૈ. સંસ્કૃત–ભાષા મેં "સ્વામી" શબ્દ વિદ્વાન સંન્યાસી કા વાચક હૈ, જૈસે કિ શ્રીધરસ્વામી થે. ઉસકા દૂસરા અર્થ 'પતિ' ભી હૈ." ઉત્તર મેં શ્રીચૈતન્ય ને ઉક્ત પંડિતજી સે કહા કિ, 'જો સ્વામી કા અનુયાયી નહીં વહ વ્યભિચારી હૈ.' દેખિયે, યહ ઉત્તર કિતની ખૂબી સે ભરા હુઆ હૈ. ઈસ ટીકા કે વિષય મેં શ્રીચૈતન્ય કા બડા હી પૂજ્યભાવ થા."

"ઇસ ટીકા કે કિતને હી સ્થલોં મેં શ્રીધર–સ્વામી ને અપને શુદ્ધ વિચાર બડી ઉત્તમતા સે પ્રકાશિત કિયે હૈં."

× × × × ×

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

" જિન શ્રીધર સ્વામી ને ઇતની અચ્છી ટીકા લિખી હૈ, ઉનમેં નમ્રતા કી માત્રા કિતની થી વો ભી સુનિયે–"

क्वाहं मन्दमतिः क्वेदं मन्थनं क्षीरवारिधेः। किं तत्र परमाणुर्वै यत्र मज्जति मन्दरः ॥×

" ઈસ ટીકા મેં અદ્વૈત વિષય કા બહુત હી અચ્છા પ્રતિપાદન કિયા ગયા હૈ."

" શ્રીધર સ્વામી કબ હુએ, ઇસકા ઠીક પતા નહીં ચલતા. ટીકા સે વિદિત હોતા હૈ કિ વહ, સ્વામી શંકરાચાર્ય કે પશ્ચાત્ લિખી ગઈ હૈ. શંકરાચાર્ય દો હો ગયે હૈં–આદિશંકરાચાર્ય ઔર દૂસરે વે જિન્હોંને શારીરક ભાષ્ય બનાયા હૈં. સ્વામી દયાનંદ સરસ્વતી કે અનુસાર શંકરાચાર્ય કા સમય ઇસા કે ૩૦૦ વર્ષ પૂર્વ હોના ચાહિયે. (સરસ્વતી ૧૯૧૫, સંખ્યા ૬, પૃષ્ઠ ૨૫૨–૨૫૩) પરંતુ પાશ્ચાત્ય વિદ્વાનોં ને યહ સિદ્ધ કિયા હૈ કિ શંકરાચાર્ય ઇસા કી આઠવીં શતાબ્દી મેં વિદ્યમાન થે. પરલોકવાસી મિસ્ટર આપ્ટે ને ભી અપને સંસ્કૃત–અંગ્રેજી કોશ કે દૂસરે પરિશિષ્ટ મેં લિખા હૈ કિ શંકરાચાર્ય ૭૮૮ ઇસ્વી મેં ઉત્પન્ન હુએ; ઔર ૮૨૦ મેં ૩૦ વર્ષ કી અવસ્થા મેં પરલોકવાસી હુએ. પરંતુ પરલોકવાસી મિસ્ટર તૈલંગ ઔર ડોક્ટર ભાન્ડારકર કા મત હૈ કિ શંકરાચાર્ય ઈસા કી છઠ્ઠીં યા સાતવીં શતાબ્દી મેં વિદ્યમાન થે. યદિ હમ પાશ્ચાત્ય મત કા સ્વીકાર કરેં તો શ્રીધર સ્વામી આઠવીં શતાબ્દી કે બાદ હુએ હોંગે. શ્રીચૈતન્ય કા જન્મ ૧૪૮૫ ઈસ્વી મેં હુઆ. ઉન્હોંને ઈસ ટીકા કા પ્રામાણ્ય સ્વીકાર કિયા હૈ, જૈસા કિ ઉપર લિખા જા ચૂકા હૈ. ઈસસે સ્પષ્ટ હૈ કિ શ્રીધર સ્વામી ૮૦૦ ઔર ૧૪૮૫ ઇસ્વી કે બીચમેં વિદ્યમાન થે. માલૂમ હોતા હૈ કિ સન ૧૪૯૫ તક ઈસ ટીકા કા અચ્છી તરહ પ્રચાર હો ગયા થા. ઉસ સમય છાપખાના ન હોને કે કારણ કિસી પુસ્તક કે પ્રચાર મેં સૈંકડોં વર્ષ લગતે થે. અતએવ હમારા અનુમાન હૈ કિ શ્રીધર સ્વામી ૯૦૦ ઇસ્વી મેં હુએ હોંગે."

("સરસ્વતી"ના એપ્રિલ ૧૯૧૬ ના અંકમાંથી)

૭–મહાત્મા શ્રીધર સ્વામીનું ચરિત્ર

વૈષ્ણવોના પ્રાણરૂપ શ્રીમદ્‌ભાગવત અને શ્રીમદ્‌ભગવદ્‌ગીતા જેવા સમર્થ ગ્રંથો ઉપર વિસ્તારપૂર્વક ટીકા લખનાર શ્રીધર સ્વામીનું નામ સંસ્કૃત તેમજ પ્રાકૃત ગુજરાતી વાચકોથી અપરિચિત નથી. જેમ સંસ્કૃત ગ્રંથોના ટીકાકાર તરીકે મલ્લીનાથની ખ્યાતિ છે, તેમ ગીતા અને ભાગવત ઉપર ટીકા લખનાર તરીકે શ્રીધરસ્વામી વિખ્યાત છે. એમની ટીકા એટલી તો હૃદયંગમ અને ઉત્કૃષ્ટ છે કે, જ્યાંસુધી સંસ્કૃત વાઙ્મય ચિરંજીવ છે અને ગીતાનો પાઠ આર્ય લોકોમાં નિત્ય થાય છે, ત્યાં સુધી શ્રીધરી ટીકાઓ ચિરંજીવ રહેશે, એમાં જરાએ શંકા રાખવાનું કારણ નથી. પરંતુ આવી ઉત્તમ પ્રકારની સર્વમાન્ય ટીકા લખનાર પુરુષ કોણ હતા, તેમનું જીવનચરિત્ર કેવા પ્રકારનું હતું, તેમની ગૃહસ્થિતિ કેવી હતી, તેમણે અધ્યયન–વિદ્યાભ્યાસ કર્યાં અને કોની પાસે કર્યો હતો અને સહૃદય વાચકોનાં **હૃદયને પ્રફુલ્લિત કરનારો ભક્તિરસ તેમણે પોતાના હૃદયમંદિરમાં ક્યાંથી લાવી એકઠો કર્યો હતો અને તેનો લાભ ભક્તજનોને આપવા કેવી રીતે પ્રેરાયા હતા, તે સર્વ વિષે કશી પણ માહિતી મળતી નથી** અને વાંચવામાં પણ આવતી નથી, એ શું શોકજનક નથી? શ્રીધર સ્વામીએ પોતે ટીકાના આરંભમાં કે અંતમાં કે તેમના કોઇ ભક્ત શિષ્યે પણ ટીકાના પુસ્તકની નકલ કરતી વખતે છેવટના ભાગમાં તેમના સંબંધી કશી પણ હકીકત આપેલી જણાતી નથી. ગુજરાતમાંજ નહિ પણ હિંદુસ્તાનમાં જ્યાં જ્યાં ધર્મસંસ્થાપકો, ધર્મસંજીવકો અને આધિ, વ્યાધિ કે ઉપાધિથી ત્રાસ પામેલા જીવોને અખંડ શાંતિ આપનારા મોટા સત્પુરુષો વગેરે થઈ ગયા છે, તે સર્વના જીવનની કથા આવી દુર્મિલજ છે. આવી મોટી વિભૂતિઓનાં જીવનચરિત્રની વિશ્વાસપાત્ર માહિતી પ્રાપ્ત થતી નહિ હોવાથી, ઘણી દંતકથાઓ તેઓના નામે ચડી ગઈ છે અને કેટલીક વાર તો તેઓમાં એટલું સરખાપણું લાગે છે કે, ચિકિત્સા કરનારા બુદ્ધિમાન માણસને પણ તે ન સમજાય એમાં આશ્ચર્ય નથી. પણ જેમ દંતકથાના મૂળમાં પણ સત્યાંશ ન હોય તો તે પરંપરાએ ચાલતી નથી, તેમ ચરિત્રસંશોધન માટે બીજી કોઈ માહિતી પ્રાપ્ત ન હોવાથી તેના પર આધાર મૂકીને ચલાવી લીધા સિવાય છૂટકો નથી. શ્રીધર સ્વામીના સંબંધમાં પણ ભક્તજનોને મુખે સાંભળેલી વાતજ અત્રે લખી છે, માટે તેની સત્યતા પરત્વે શંકાનું કારણ નથી.

× અર્થ:–મંદ બુદ્ધિવાળો હું ક્યાં? અને આ શ્રીમદ્‌ભાગવતરૂપ ક્ષીરસાગરનું મંથન ક્યાં? જ્યાં મંદરાચળ પર્વત પણ ડૂબી જાય છે, ત્યાં પરમાણુ કોણ માત્ર છે?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીધર સ્વામી ક્યારે થઈ ગયા તેનું ચોક્કસ પ્રમાણ મળતું નથી; પરંતુ વિદ્વાન સંશોધકોએ અને ચિકિત્સકોએ એટલો નિર્ણય કર્યો છે કે, શ્રીધર સ્વામી બોપદેવ પહેલાં એટલે ઈ. સ. ૧૦૦૦ થી ૧૧૦૦ સુધીમાં થઇ ગયેલા છે. તેમનો જન્મ દક્ષિણ હિંદુસ્તાનમાં થયો હતો, એમ કહેવાય છે. તેઓ ઉત્તમ પંડિત હતા. સંસ્કૃત વાઙ્મય તેમને હાથમાં રાખેલા આમળા જેવું અવગત હતું. તેમની વિદ્વત્તા જોઇને એક રાજાએ તેમને આશ્રય આપ્યો હતો. આથી સમજાય છે કે, પ્રપંચના–આ સંસારના ખટલાના ભારવહનની ચિંતા તેઓને વિશેષ રાખવી પડી નહોતી; છતાં પણ તેમના ચિત્તને કંઇ શાંતિ નહોતી. તેમના ઉપર રાજાની કૃપા હતી અને સુખપૂર્વક દિવસો નિર્ગમન કરતા હતા, તોપણ તેઓનું મન ઉપરતિના માર્ગે વળેલું હતું. જગતને એટલે આર્યજનોને જેણે ધર્મોપદેશ કરવો હોય તેઓના જીવનક્રમમાં હમેશાં કંઈ અવનવો પ્રસંગ બન્યા વગર રહેતો નથી, એવું ધર્મપ્રવર્તકો અને મોટા પુરુષોનાં ચરિત્રોમાંથી જણાય છે. તેવું જ શ્રીધર સ્વામીના સંબંધમાં પણ બન્યું હતું, એમ કહેવાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, સુખમાં આળોટતા છતાં સુખ તરફ અકસ્માત્ પીઠ ફેરવી પરમેશ્વર તરફ જનારા માર્ગ તરફ મોઢું ફેરવવાનો પ્રસંગ આવે તે માટે કંઇ વિશેષ ઘટના બની હોવી જોઇએ, એવો સંત મહાપુરુષોનાં ચરિત્રો ઉપરથી નિયમ બાંધવામાં પ્રત્યવાય નથી જણાતો. શ્રીધર સ્વામીના મનમાં ઈશ્વરપ્રાપ્તિ માટે જે તીવ્ર આકાંક્ષા પેદા થઇ તેને માટે તેમના મર્મસ્થાનને વીંધનારો કોઇ વિલક્ષણ આઘાત થયો હોવો જોઇએ એટલું તો સહેજ સમજાય તેવું છે. તેઓ પરણેલા હતા; તેમને અપત્યનું સુખ પણ મળેલું હતું; રાજકૃપા હોવાથી તેમનો યોગક્ષેમ પણ સારી રીતે ચાલ્યા કરતો હતો; તેમની પત્ની પ્રેમાળ અને પતિપરાયણા હતી. આટલું છતાં તેમનું અંતઃકરણ યુવાન વયમાં પરમેશ્વર તરફ વળ્યું, તે શું કંઇ ગમે તેવા કારણ વગર બન્યું હશે ? માત્ર એટલી વાત સાચી છે કે, ઈશ્વરપ્રાપ્તિ માટે તેમના હૃદયમાં એક વાર આકાંક્ષા જાગી કે, સંસારનાં ઐહિક સુખો ઉપર તેમને કંટાળો આવવા માંડ્યો હતો અને સર્વસ્વ ત્યાગ કરીને ઈશ્વરચિંતન તરફ પોતાનું મન લગાડવા તેમને વૃત્તિ થઈ આવતી હતી; પરંતુ તે માટે પોતાની પ્રિય પત્નીનો ત્યાગ કરવો પડે તેથી ગૃહસ્થાશ્રમની બેડી તોડવા માટે તેમનું મન તૈયાર થયું નહોતું. આ સમયે તેઓ શ્રીગીતાનાં વચનોનો અભ્યાસ કરતા હતા અને તેના ૧૩ મા અધ્યાયમાં દર્શાવ્યા પ્રમાણે સંસારમાં દુઃખ અને દોષોનું અનુદર્શન કરવાની ટેવ તેમને પડી હતી; પણ પ્રિય પત્ની અને બાળકનો ત્યાગ અને તેમના ભરણપોષણ–યોગક્ષેમની ચિંતાથી તેઓ સંન્યાસ ગ્રહણ કરવાને અચકાતા હતા; પણ કેમ જાણે તેમની આ શુભ ઇચ્છા પૂર્ણ કરવા માટે ન હોય તેમ દૈવે તેમની પ્રિય પત્ની તેમની પાસેથી અકસ્માત્ ખેંચી લીધી ! તે વખતે તેમને એક નાનું બાળક હતું અને તેની સંભાળ લેનાર ઘરમાં બીજું કોઇ નહોતું. અત્યાર સુધી તો તેમની પત્ની સર્વ ઘરસંસારનો ભાર વહન કરતી; અને સ્વામીજી મહારાજ તો ભાગવત, વિષ્ણુપુરાણ અને ગીતાના અધ્યયનમાં નિમગ્ન રહેતા; એટલે સંસારવ્યવહારની કશી પણ ખટપટ સંબંધી વિચાર કરવાનો તેમને કદી પણ પ્રસંગ આવ્યોજ નહોતો. પરંતુ ગૃહની મુખ્ય અધિષ્ઠાત્રીદેવતા લોપ થયા પછી સંસાર અને લોકવ્યવહારનો કડવો અનુભવ શ્રીધર સ્વામીને થવા લાગ્યો અને તેમાં પણ માતા વિનાનું કુમળીવયનું નાનું બાળક ઉછેરવાનું કામ કેટલું કઠિન છે તે પણ તેમને સમજાવા લાગ્યું. પોતાના પ્રિય પુત્રની સંભાળ તેઓ અંતઃકરણપૂર્વક રાખતા હતા, પરંતુ તે સાથે "ન જોઇએ આ સંસાર અને ન જોઇએ આ ગૃહસ્થાશ્રમ." એવી રીતની ઉપરતિ–વૈરાગ્યભાવનાનો વિચાર તેમના મનમાં અહર્નિશ ઘોળાયા કરતો હતો. હવે આ ગૃહપાશ તોડી માયાના બંધનમાંથી મુક્ત થઇ ઈશ્વરારાધનમાં કાળ વિતાવવો, એવી તૃષ્ણા તેમના ચિત્તમાં વધારે ને વધારે થવા લાગી. ઘર છોડી ચાલ્યા જવાનો વિચાર તેમના મનમાં રાતદિવસ ચાલ્યા કરતો હતો; પરંતુ મા વગરના બાળકનો રુદનસ્વર કાનમાં પડતાં આ વિચાર ઢંકાઇ જતો અને આગળ વધનારું મન પાછળ પડતું હતું. 'ઘર છોડીને ચાલ્યો જઇશ તો બાળકનું શું થશે ? અને રાજ્યાશ્રય મૂકી દઇશ તો મારો નિર્વાહ પણ કેમ ચાલશે ?' એવી યોગક્ષેમની ચિંતાથી પણ તેઓ પાછળ હઠતા હતા. આવી રીતનો ઝઘડો તેમના મનમાં નિત્ય ચાલ્યા કરતો હતો; એવે સમયે એક વખતે ગીતાનો પાઠ કરતા નવમા અધ્યાયના બાવીસમા શ્લોક ઉપર વાંચતાં વાંચતાં આવ્યા અને અટકયા. એ શ્લોક આ પ્રમાણે છેઃ—

अनन्याश्चिंतयंतो मां ये जनाः पर्युपासते । तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

અર્થ:—મારા જે ભક્તો અનન્ય ભાવથી મારું ચિંતન કરે છે અને ઉપાસે છે, તેઓનો નિત્યનો યોગક્ષેમ હું જાતે વહન કરું છું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ શ્લોકાર્થ વિચારતાં સ્વામીજીને એમ થયું કે, શું હું અનન્ય ભક્ત નથી? મને યોગક્ષેમ માટે આટલી બધી ચિંતા શા માટે થાય છે? ભગવાન તો કહે છે કે, મારા ભક્તોના યોગક્ષેમ હું જાતેજ વહન કરું છું. શ્લોકનું તાત્પર્ય કંઈ સમજાતું નથી. આ શ્લોક કદાચ ભક્તિ કરવા પ્રેરવાને ખાલી ફલશ્રુતિ જેવા હશે કે કેમ? એવી શંકા ઉત્પન્ન થઇ, પણ મનનું કંઇ સમાધાન થઇ શક્યું નહિ. એટલે આખરે પોથી બાંધી નદીએથી ઘેર આવ્યા.

એક દિવસે પોતાના પુત્ર કોઇને સોંપીને તથા તેના વિદ્યાભ્યાસની અને રક્ષણની કંઇ ગોઠવણ કરીને વનમાં ચાલ્યા જવાના વિચાર કરતા અને ગીતાના ઉપલા શ્લોકના વિચાર કરતા તે બેઠા હતા, તેવામાં એકાએક ચમત્કાર નજરે પડ્યો. તેઓ પોતાના મકાનના ઓટલા ઉપર વિચાર કરતા બેઠા હતા, તેવામાં શુમારે એક વાર છેટે તેમના ઘરના છાપરામાંથી એક મોટી ગરોળીનું ઈંડું નીચે પડયું અને ફૂટી ગયું; અને તે ફૂટેલા ઈંડામાંથી થોડા પ્રવાહી પદાર્થમાં એક નાનું સરખું ગરોળીનું બચ્ચું હાલતુંચાલતું જણાયું. શ્રીધર સ્વામી ત્યાંથી ઊઠ્યા અને કુતૂહલપૂર્ણ મનથી તે ઇંડા પાસે જઇને તુરતના જન્મેલા ગરોળીના એ બચ્ચાની હિલચાલ લક્ષપૂર્વક જોવા લાગ્યા. તે બચ્ચું પોતાનું મોઢું એકસરખું ઉઘાડ–બંધ કર્યા કરતું હતું. તે જોઇને તેને ભૂખ લાગી હશે એવું શ્રીધર સ્વામીએ અનુમાન કર્યું; પરંતુ તેમને એમ લાગ્યું કે, તુરતના જન્મેલા આ બચ્ચાને ઈંડામાંથી બહાર આવવાની શક્તિ હજી આવી નથી, તો પછી તને ખાવાનું તે ક્યાંથી મળશે? અને એને કંઇ ખાવાનું નહિ મળે તો પછી થોડી વારમાં તે ભૂખે મરી જશે. જો હું એને અન્નના દાણા આપીશ તો કાચું ખાઇ પણ કેમ શકશે? હવે શ્રીકૃષ્ણ તેના યોગક્ષેમની શી વ્યવસ્થા કરે છે તે તો જોઉં.

આવા પ્રકારના વિચારો તેમના મનમાં આવ્યા અને તુરત જન્મેલા તે જીવ તરફ તેઓ એકાગ્ર દૃષ્ટિથી જોતા બેઠા હતા; એટલામાં એક ચમત્કાર થયો. એક માખી ગણગણતી તે ઇંડાના પાતળા પ્રવાહી પદાર્થ તરફ આવી અને તે રસ પીવા માટે તેના ઉપર બેઠી; એટલે તેની પાંખો તેમાં ચોંટી ગઇ. તરફડવા છતાં પણ તે ઊડી શકી નહિ, એટલે તે ગરોળીના બચ્ચાએ આપોઆપ ચાલી આવેલો અથવા ઈશ્વરે મોકલેલો ભક્ષ્ય તત્કાળ ગડપ કર્યો, એ કહેવાની જરૂર નથી. ગરોળીનું બચ્ચું પોષણ મળતાં ટટાર થયું, સૂર્યકિરણોમાં વધારે હાલવાચાલવા લાગ્યું અને ધીમે ધીમે ચાલતાં ચાલતાં થાંભલાની કોરમાં ભરાયું ને સાંજ પડતાં છાપરાના એક ખૂણામાં લપાયું.

આ બનાવ જોઇને શ્રીધર સ્વામીના હૃદયમાં એકદમ પ્રકાશ પડ્યો અને ભગવાનની ચિંતાને માટે ધન્ય ધન્યના ઉદ્ગાર તેમના મુખમાંથી નીકળી પડ્યા. એક અત્યંત ક્ષુદ્ર જીવ માટે આ એક વિલક્ષણ યોગાયોગ બન્યો અને તેના યોગક્ષેમની ગોઠવણ જો જગચ્ચાલક વિશ્વંભર કરે છે, તો તેની અચિંત્ય અદ્ભુત શક્તિ આખા જગતનું આવી રીતે સંરક્ષણ નહિ કરે શું? પ્રભુને જિવાડવા હશે તો અન્ય શું કરી શકનાર છે? આ ગરોળીનું બચ્ચું માબાપ વિનાનું હતું અને અર્ધક્ષણમાં મૃત્યુના મુખમાં પડે એવી તેની દશા હતી. આવી સ્થિતિમાં હોવા છતાં તેના રક્ષણ માટે કૃષ્ણ જો અચાનક મદદ મોકલે છે, તો મારે મારા પુત્રનું શું થશે, એમ એક સરખી ચિંતા રાખીને બેસી રહેવું એ શું ડહાપણભર્યું છે? હું આટલો મોટા પંડિત કહેવાઉં, ઈશ્વરના જ્ઞાનસંબંધમાં આટલો મોટા ઘમંડ રાખું; પરંતુ સત્ય નારાયણને તો ઓળખતો નથી, એવીજ ખરેખરી સ્થિતિ શું મારી નથી? પરમેશ્વરને મહિમા હું ગાઉં છું, પણ તેનાં કર્તૃત્વની ઓળખાણ મારા મન સાથે નહિ કરતાં મારા પોતાના કર્તૃત્વની અધિક કિંમત આંકું છું, એથી શું પરમેશ્વર ઉપર મને વિશ્વાસ નથી એવું નથી જણાતું? ગીતાના શ્લોકનો બીજાને ઉપદેશ કરું, પણ મને પોતાને તેના ઉપર કેટલો વિશ્વાસ છે? મારા બાળકની સંભાળ રાખવાનો બોજો મારા ઉપર છે, એવું મને લાગ્યા કરે છે; પરંતુ અનાથના નાથ, દીનબંધુ તરીકે જે જગદાત્માની આપણે પ્રાર્થના કરીએ છીએ, તેને શું મારા કરતાં વધારે ચિંતા નથી કે? ગરોળીનું બચ્ચું મરે નહિ તે માટે તેના સંરક્ષણની ગોઠવણ જેણે કરી રાખી, બાળક માટે જે પરમાત્મા માતાના સ્તનમાં દૂધની ગોઠવણ પ્રથમથી કરી રાખે છે, તેને સર્વભાવે જો હું શરણે જાઉં તો તે મારા અનાથ બાળકનું સંરક્ષણ કરશેજ કરશે; મારે શા માટે નકામી કોઇની ચિંતા રાખવી? આવા ગરોળીના બચ્ચા જેવાનું યોગક્ષેમ તે પરમાત્મા કરે છે, તો ભક્તજનનું યોગક્ષેમ તે શા માટે જાતે ન વહન કરે? ધન્ય છે પ્રભુની લીલા! મારા હૃદયની સર્વ ગાંઠો છૂટી ગઈ છે અને મારા સર્વ સંશયો નષ્ટ થયા છે, હું સર્વ ધર્મોને તજી તેને એકનેજ શરણે જાઉં છું; તેજ મારા મોક્ષ કરશે અને સર્વ પાપમાંથી મુક્ત કરશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીધર સ્વામીના મનમાં આવા પ્રકારના વિચારો આવી ગયા અને તેમની સંશયવૃત્તિ નાશ પામી. તેમના મનનું સમાધાન થઈ ગયું અને શ્રીકૃષ્ણનું સ્મરણ કરી તેમણે ગૃહત્યાગ કર્યો; અને પછી તેઓ કાશી ગયા તથા ત્યાં આગળ તેમણે ભાગવત, ગીતા વગેરે ગ્રંથો ઉપર ટીકાઓ રચી જે આજપર્યંત પ્રખ્યાત છે. તેમણે સંન્યાસ લીધા પછી તેમના આશ્રયદાતા રાજાએ તેમના પુત્રને રાજદરબારમાં લાવી, તેના લાલન-પાલન અને શિક્ષણની યોગ્ય વ્યવસ્થા કરી.

ઉપર વર્ણવેલા ગરોળીના બચ્ચાના બનાવે શ્રીધર સ્વામીના મન ઉપર વિલક્ષણ પરિણામ કર્યું અને તેમના ગ્રંથોમાંથી પરમેશ્વર ઉપર અટલ શ્રદ્ધા-ભક્તિ રાખવાના જે અનેક ઉદ્‌ગારો મળી આવે છે તે એના પુરાવા છે. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને "**कौन्तेय प्रतिजानिही न मे भक्तः प्रणश्यति**" અર્થાત્ હે કુંતીના પુત્ર! તું નિશ્ચય જાણ કે, મારો ભક્ત કદાપિ નાશ પામતો નથી, એવાં જે અભિવચનો કહ્યાં છે તેના અર્થ વિશદ કરતી વખતે શ્રીધર સ્વામીના મન ઉપર જે છાપ ઉક્ત પ્રસંગથી પડી હતી, તેને અનુસરીનેજ તેમણે ટીકા કરેલી છે, એવું તે ટીકા વાંચતાં આપણને લાગે છે.

જેણે પરમેશ્વર ઉપર વિશ્વાસ રાખ્યો છે, જેનું અંતઃકરણ પરમેશ્વરની અંદર પરોવાઇ ગયું છે, તેનો યોગક્ષેમ ગીતા પ્રમાણે શ્રીહરિજ ચલાવે છે-અરે, પોતે જાતે વહન કરે છે, એમાં જરાએ શક નથી. આ શ્લોક ઉપરથી એક કથા સ્વ. ઇચ્છારામ સૂ. દેસાઇએ સ્વરચિત "ચંદ્રકાન્ત" નામના વેદાંતના ગ્રંથમાં આપી છે, તે જિજ્ઞાસુએ અવશ્ય વાંચવી અને તેવા અનેક દાખલાઓ તેમાંથી આપણને મળી શકે તેમ છે. પરમેશ્વર આ યોગક્ષેમ શી રીતે ચલાવે છે, તે ક્યાંથી અને ક્યા રૂપે સહાય મોકલી આપે છે, તેની કલ્પના આપણને અગાઉથી આવી શકેજ નહિ. ઘણી વખત એવો ચમત્કારજ બને છે. પ્રસંગ મોટો કઠિન અને અણીનો હોય છે, ત્યારે ભક્તને ઈશ્વર તરફથી અચાનક સહાય મળવાથી તે દુઃખ દૂર થાય છે અને કટ્ટર નાસ્તિક પણ આસ્તિક બની જાય છે. આ તો સાધારણ બનાવો વર્ણવ્યા; પણ જે જ્ઞાની ભક્તના અંતઃકરણમાં જ્ઞાનપ્રદીપ પ્રજ્વલિત હોય છે, જેનું ચિત્ત વિશ્વમય થયેલું હોય છે, જે પરમેશ્વરના આપણે બાળક છીએ તેનાં પ્રાણિમાત્ર પણ બાળકો છે, એવી સર્વ વાસુદેવમય ભાવના જેના મનની થાય છે અને તે પ્રમાણે સર્વ વર્તન કરે છે, તેના પર સંકટ આવતાં પરમેશ્વર સુદર્શન આપી રક્ષણ કરે છે. આ પ્રમાણે શ્રીભાગવતના ટીકાકાર શ્રીધર સ્વામીની બોધપ્રદ જીવનકથા છે અને તે અમારા વાચકોને ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્મામાં અધિકાધિક ભક્તિમાન કરવા પ્રેરો એવી પ્રાર્થના છે.

("ગુજરાતી" પ્રેસના શ્રીમદ્‌ભાગવત-ભાષાંતરની ચોથી આવૃત્તિમાંથી સાભાર ઉદ્ધૃત)

८–जयदेव ने गीतगोविंद ८०० वर्ष पर बनाया था

શ્રીમદ્‌ભાગવત અતિ પવિત્ર ગ્રંથ હૈ ઔર કૃષ્ણભક્ત વૈષ્ણવોં કે કંઠ કા હાર હૈ. ઇસકે દશમ-સ્કંધ મેં કૃષ્ણ-લીલા કા વર્ણન હૈ. × × × × × × ×

ભાગવત મેં રાધા કા નામ કહીં નહીં મિલતા. અવશ્ય "એક પ્રધાના ગોપી" કા ઉલ્લેખ હૈ. બ્રહ્મવૈવર્ત પુરાણ ઔર ઇસ શ્રેણી કે દોએક સંસ્કૃત ગ્રંથોં મેં રાધા કા નામ પ્રથમ દૃષ્ટ હોતા હૈ. સદ્યઃચ્યુત અનાઘ્રાત માલતી પુષ્પ કે સમાન ઇસ દેવી કો પ્રાપ્ત કર કવિ ઔર ભક્ત આનંદિત હુએ. વંગ-દેશ મેં હી કુસુમ-સિંહાસન પર ફુલ્લ કમલોં તથા ચંદનલિપ્ત તુલસીદલોં સે સજ્જિત હો કર શ્રીરાધા પ્રથમ અધિષ્ઠિત હુઇ. પ્રાચીન બંગીય સાહિત્ય કા સારસૌંદર્ય ઉન્હીં કે ચરણ-સરોજોં કા સુરભિ-મંડિત હૈ. સૌભાગ્ય સે વંગદેશ ને ઇસ દેવી કા પ્રથમ પૂજારી જયદેવ નામક કોકિલ-કંઠ કવિ કો પાયા થા.

કરીબ ૮૦૦ વર્ષ પહલે વંગ-દેશ કે વીરભૂમ જિલે કે કેંદુબિલ્વ નામક ગ્રામ મેં ઇસ ભારતવિખ્યાત કવિ કા જન્મ હુઆ થા. ઇન્હોંને રાધા-કૃષ્ણ કી પ્રેમલીલા કા વર્ણન કર સંસ્કૃત ભાષા મેં ગીત-ગોવિંદ નામક એક અતિ સુલલિત ગીતિ-કાવ્ય લિખા થા. સ્થાન સ્થાન પર ઇસ કાવ્ય કે ભાવ શુદ્ધ ઔર ઉચ્ચ હૈં; પરંતુ બહુત સ્થાન સાધારણ લોગોં કો કુરુચિપૂર્ણ ઔર લજ્જાજનક માલૂમ હોતે હૈં. ભક્તિમાર્ગ કી સાધના મેં જો અત્યંત પ્રવીણ હૈ, વહી કેવલ ઇન સબ સ્થાનોં કે ગૂઢ રહસ્યોં કો હૃદયંગમ કર સકતે હૈં;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અન્યોં કે લિયે યે વિષવત્ હૈ. પરંતુ સમગ્ર કાવ્ય કી રચના કયા હી રમણીય હૈ! ઐસા કદાચિત્ કોઈ મનુષ્ય હોગા જો જયદેવ કે મધુર ગીતોં કી આવૃત્તિ સુન કર મોહિત ન હોતા હો.

જયદેવ ગૌડેશ્વર મહારાજ લક્ષ્મણુસેન કે સભા-કવિ થે. *લક્ષ્મણુસેન કે પિતા કા નામ બલ્લાલસેન, આર પિતામહ કા નામ વિજયસેન થા. વિજયસેન ને મિથિલા કે કર્ણાટક વંશ કે પ્રતિષ્ઠાતા નાન્યદેવ કો પરાજિત કિયા થા. ૧૧૭૫ યા ૧૧૭૬ વિ૦ સંવત (૧૧૧૮ યા ૧૧૧૯ ઈ૦) મેં બલ્લાલસેન કી મૃત્યુ કે બાદ લક્ષ્મણુસેન કો પિતૃરાજ્ય કા અધિકાર મિલા થા, લક્ષ્મણુસેન પ્રતાપી રાજા થે. ઉન્હોંને વારાણસી તથા પ્રયાગ મેં જયસ્તંભ સ્થાપન કિયા થા ઔર અપને રાજત્વ-કાલ કે શેષ ભાગ મેં મગધ કો સેન-રાજ્ય-ભુક્ત કિયા થા. લક્ષ્મણુસેનદેવ કા રાજત્વકાલ સેનવંશ કી ચરમ ઉન્નતિ કા સમય થા. લક્ષ્મણુસેન કે રાજ્યાભિષેક-કાલ સે એક નૂતન અબ્દ કી ગણુના હોને લગી થી; યહ લક્ષ્મણાબ્દ, લક્ષ્મણ-સંવત વા 'લ૦ સં૦' કહલાતા થા. મુસલમાન-વિજય કે બાદ ભી યહ અબ્દ મિથિલા મેં જારી રહા, ઔર સુના જાતા હૈ કિ વર્તમાન સમય મેં ભી કભી કભી વહાં વ્યવહૃત હોતા હ. વિખ્યાત સ્વર્ગીય ડૉ.૦ કીલહાર્નને પ્રમાણુ કિયા હૈ કિ ઇસ અબ્દ કા આરંભ ૧૧૧૮-૧૯ ઈસ્વી મેં હૈ.

મુસલમાન-વિજય કે ઠીક પૂર્વવર્તી સમય તક વિન્ધ્ય પર્વત-માલા કા ઉત્તરસ્થિત ઔર પ્રાગ્જ્યોતિષ-પુર (આસામ) કા પશ્ચિમસ્થિત બૃહત્ ભૂખંડ પાંચ ભાગોં મેં વિભકત થા-સારસ્વત, કાન્યકુબ્જ, ગૌડ, મિથિલા ઔર ઉત્કલ. ઇનકા સાધારણુ નામ થા પંચગૌડ. યે પાંચ રાજ્ય ભિન્નભિન્ન રાજાઓં કે શાસનાધીન થે, ઔર પાંચ રાજાઓં મેં જો અધિક પરાક્રાંત હોતા થા, વહી પંચ-ગૌડેશ્વર કી ઉપાધિ ગ્રહણુ કરતા થા. રાઢ, વરેંદ્ર, બાગરી, મિથિલા ઔર બંગ-ગૌડદેશ કે ઇન પાંચ વિભાગોં કો ભી પંચગૌડ કહતે થે. ગૌડ-દેશીય કઇ રાજાઓં કો યહ ગર્વિત ઉપાધિ મિલી થીઃ પરંતુ દેખા જાતા હૈ કિ પીછે સ્તુતિજીવિયોં ને તથા કવિયોં ને અપને અપને રાજાઓં કા અનુગ્રહ પાને કે લિયે ઇસ ઉપાધિ કા દુરુપયોગ કિયા હૈ. મિથિલા કે રાજા શિવસિંહ કો વિદ્યાપતિ ને પંચગૌડેશ્વર કહા હૈ. યથા—

चिरञ्जीव रहु पञ्च-गौडेश्वर कवि विद्यापति भाने ।

જયદેવ કા પદ-લાલિત્ય અતુલનીય હૈ. ૬૦૦ વર્ષ પહલે દો કવિ-એક મિથિલા કે ઔર દૂસરે બંગદેશ કે-જયદેવ કે શબ્દ-સંપત્ સે વિશેષ મુગ્ધ હુએ થે. દોનોં ને આધુનિક ભાષાઓં મેં રાધા-કૃષ્ણ કી લીલા-વિષયક વૈસે હી મધુર ગીતોં કી રચના કરને કી ચેષ્ટા કી થી ઔર સફલ ભી હુએ થે. પદાવલી-સાહિત્ય કા આરંભ વિદ્યાપતિ ઔર ચંડીદાસ સે હી હૈ. જયદેવ કા કુછ ન કુછ અનુકરણુ દોનોંને કિયા હૈ ઈસમેં સંદેહ નહીં. ઇસકા વિષય-વિભાગ જયદેવ સે લિયા ગયા ઐસા અનુમાન હોતા હૈ. દોનોં કી રચનાઓં મેં રાધા કા પૂર્વરાગ, કૃષ્ણ કા પૂર્વરાગ, વિહાર, અભિસાર, વાસકસજ્જા, વસંત-લીલા, માન, માનાંતમિલન, સંભોગ, પ્રેમ-વૈચિત્ર્ય, રાસ-લીલા, વિરહ, પુનર્મિલન ઇત્યાદિ પ્રેમ કે નાના રૂપોં કા વર્ણન હૈ. દોનોં હી ઉચ્ચ કોટિ કે શિલ્પી હૈં, પર ઉનકે ચિત્રણુ કી શૈલિયોં મેં વિભિન્નતા હૈ. ચંડીદાસ કે ગીતોં કી ભાષા અતિ સરલ ઔર પ્રાયઃ અલંકાર-વર્જિત હૈ, પરંતુ ભાવ ગંભીર તથા મર્મસ્પર્શી હૈ. કયા તો પૂર્વરાગ મેં, કયા તો અભિસાર મેં, કયા તો માન મેં, કયા તો મિલને મેં, કયા તો વિરહ મેં રાધા ને શ્રીહરિ કે ચરણારવિંદો કો અપના યથાસર્વસ્વ સમઝા હૈ. ઉનકા આત્મસમર્પણુ એક અનૈસર્ગિક વસ્તુ હૈ. ચંડીદાસ ને રાધા કે ભાવોં કે વર્ણન કે મિષ અપની આકુલતા, મર્મ-વેદના ઔર આત્મસર્પણુ કો પ્રકટ કિયા હૈ. ઉનકા એક એક ગીત એક એક ધ્યાન કે સદૃશ હૈ, તથાપિ ઉનમેં શબ્દલાલિત્ય તથા માધુર્ય કા અભાવ નહીં. ઉનકી રચના પઢ કર ભાવા કે નગ્ન સૌન્દર્ય કે ચમત્કાર કા અનુભવ હોતા હૈ.

("માધુરી"ના એક અંકમાંથી ઉદ્ધૃત)

---

* गोवर्धनश्च शरणो जयदेव उमापतिः । कविराजश्च रत्नानि समितो लक्ष्मणस्य च ॥ (સ૦સા)
वाचः पल्लवयत्युमापतिधरः सन्दर्भशुद्धिं गिरां । जानीते जयदेव एव शरणः श्लाघ्यो दुरूहद्रुतेः
शृङ्गारोत्तरसत्प्रमेय रचनैराचार्यगोवर्धनः । स्पर्धिकोऽपि न विश्रुतःश्रुतिधरो धोयी कविक्ष्मापतिः
(ગીતગોવિંદ ૧-૮.)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

मनन करवा जेवा केटलाक लेखो

१–श्रीरामानुजाचार्य अने अस्पृश्यता

વિશિષ્ટાદ્વૈતના જગપ્રસિદ્ધ પ્રણેતા શ્રીરામાનુજાચાર્યને તેમના સમકાલીન સનાતનીઓ, માનવી વૃક્ષ પરનું કોમળ પાન કહીને સંબોધતા હતા. જે જે વેળાએ સમાજમાંના અત્યંત ક્ષુદ્ર પ્રાણીને યાતના આપવામાં આવતી તે તે વેળાએ તે તે યાતનાઓનો પ્રત્યાઘાત તેમના પર થતો અને તેમનું વદન મ્લાન થતું એવું તેમના સમકાલીન લોકોએ જોયું. જ્યારે વૃક્ષના મૂળ ઉપર ઘા પડે છે, ત્યારે ટોચ પરનાં કુમળાં પાન પ્રથમ સુકાવા લાગે છે. આ ઉદાહરણ પરથીજ રામાનુજાચાર્યને કુમળાં પાનની ઉપમા આપી. વૈષ્ણવપરંપરામાંના આચાર્યોનાં જે નમનસ્તોત્રો નિત્યશઃ તેમનાં દેવાલયોમાં બોલવામાં આવે છે, તેમાં રામાનુજના "દયૈકસિંધુ"માં આવું વૈશિષ્ટ્યદર્શક વર્ણન કર્યું છે. શુદ્ધ દયાનો સાગર હોવું એ રામાનુજનોજ વિશેષ ગુણ હતો.

આ મહાન આચાર્યનું અંતઃકરણ જેમને આપણે આજ હરિજન તરીકે કહીએ છીએ, એવા દુર્ભાગી લોકો પરના પ્રેમથી ને દયાથી ઊછળી આવતું એમાં આશ્ચર્ય નથી. આ હરિજનોની પાસે હિંદુ સમાજ અત્યંત નિકટની સેવા કરાવી લેવાને તૈયાર છે, પણ જે સમાજ ફક્ત આપી શકે છે એવા સામાજિક વ્યવહારના હક તેમને આપવાને સમાજ તૈયાર નથી. સમાજે તેમને લૂંટવા સારુ પોતાના એક ભાગ તરીકે માનવા અને તેમને ઉપયોગી થવાનો પ્રશ્ન નીકળ્યો કે, તે સ્વતંત્ર વર્ગ છે એમ કહેવું એ અત્યંત અન્યાયવાળું છે, એમ રામાનુજાચાર્યને ૯૦૦ વર્ષ પહેલાંજ લાગ્યું. મહાત્માજીની પેઠે રામાનુજે પણ અસ્પૃશ્યોને એ સમયે અત્યંત પવિત્ર અને મધુરું નામ આપવાનો પ્રયત્ન કર્યો. આ વર્ગને તે 'તિરુકુલમ્' કહેતા (તિરુ=શ્રી; કુલ=કુળ). રામાનુજે વૈષ્ણવસંપ્રદાયી દેવાલયોના ગભારામાં વર્ષમાં કેટલાક દિવસ હરિજનોને પ્રવેશ મળવાની પ્રથા પાડી હતી. આ બિના હિંદુસ્તાનમાં સુવિખ્યાત છે. રામાનુજે બાંધેલા મેલકોટના શ્રીનારાયણના દેવાલયમાં હરિજનોને વર્ષમાં ત્રણ દિવસ મંદિરના ગભારામાં આવવા દેવાની રૂઢિ તેમણેજ પાડી. નવ સૈકા પહેલાં એટલે જ્યારે આધુનિક ચળવળનું કાંઇ નામનિશાન પણ નહોતું એવે વખતે તેમનો કેટલો પ્રચંડ વિરોધ થયો હશે, એની કલ્પના કરવા જેવી છે. પણ દુર્દૈવની વાત એ છે કે, આ સારી, ડહાપણભરી ને માણસાઈની રૂઢિ કાળાન્તરે પ્રસાર પામવાને બદલે અજ્ઞાન તેમજ પૂર્વગ્રહના આધિક્યને લીધે સંકુચિતજ થઇ.

જે આગમોનો આધાર આજ સુધ્ધાં સતત પણ દાંભિકપણે આપવામાં આવે છે, એ આધારને ન ગણકારતાં, રામાનુજાચાર્યે શ્રીરંગમના મોટા દેવાલયમાં એક નવોજ પ્રકાર શરૂ કર્યો. આ દેવળના પાંચમા પ્રાકારની અંદર પંચમ જાતિના ઉપયોગને સારુ એક ધ્વજ, એક સભા–મંડપ અને એક બલિપીઠ બાંધવામાં આવ્યાં અને તે પંચમ જાતિ પરના અન્યાય દૂર કરવાની ઇચ્છાના ને તેમના પર દયા દર્શાવવાને જોઇતા ધૈર્યના રામાનુજાચાર્યના સ્મારક તરીકે માનવામાં આવે છે. 'ગુરુપરંપરા પ્રભાવ' નામના જૂના ગ્રંથમાં રામાનુજાચાર્યના ચરિત્ર સંબંધી ને તત્ત્વજ્ઞાન સંબંધી જે સર્વમાન્ય હકીકતો આપવામાં આવી છે, એ વર્તમાન હરિજનઉદ્ધારની ચળવળને ઉપયોગી હોવાથી જણાવવી જરૂરની છે.

એક વાર રામાનુજ પોતાના શિષ્યોસહ જતા હતા. રસ્તામાં તેમને એક અંત્યજ સ્ત્રી સામી મળી. સાથેના માણસો પૈકી કેટલાક જણે, એ સ્ત્રી દૂર ખસી જાય એટલા સારુ મોટેથી ઘાંટો પાડ્યો. એ સ્ત્રી હસી પડી અને ચમકતાં તેજસ્વી નેત્ર વડે બોલી:—

"ઇશ્વરે પોતાના પવિત્ર ચરણો વડે આ પૃથ્વીને મુદ્રિત કરી છે અને માપી છે, તો આખી પૃથ્વી એ શું તેનું પવિત્ર મંદિર ન કહેવાય કે? વિદ્વજ્જન! કહો તો ખરા કે, હું ક્યાં અને કેવી રીતે દૂર સરકું?"

આ સાંભળતાંજ રામાનુજનું હૈયું ભરાઈ આવ્યું અને એકાદા વૈષ્ણવજનની સામે જે પ્રકારના સાષ્ટાંગ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નમસ્કાર કરે તે પ્રમાણે નમસ્કાર કરીને બોલ્યાઃ–

" દુરભિમાન અને અજ્ઞાન એ સંન્યાસીઓનાં મનને ભ્રષ્ટ કરે છે. વૈષ્ણવધર્મનાં ચિહ્નો હું મારા શરીર પર ધારણ કરું છું તે ચિહ્નો ભગિનિ ! તારા શરીર પર હોવાં વધુ યોગ્ય છે. "

ગાફિલ અનુયાયીઓની અધોગતિ ન થાય એટલા સારુ રામાનુજે પોતાના શિષ્યોને જાત્યભિમાન, સંપત્તિનું અભિમાન તેમજ વિદ્વત્તાનું અભિમાન, આ અભિમાનત્રયીની આફતથી સાવધ રહેવાનો ઉપદેશ કર્યો છે.

શ્રીરંગમ્‌માં શૂદ્ર કહેવામાં આવતા ભક્તોને બ્રાહ્મણોથી પહેલાં અને બ્રાહ્મણોના કરતાં અધિક માનથી પ્રસાદ મળે એવો શ્રીરામાનુજે રિવાજ પાડ્યો અને હક પ્રસ્થાપિત કર્યો.

રામાનુજાચાર્ય જ્યારે વૃદ્ધ ને અશક્ત થયા, ત્યારે કોઇના પણ ખભાનો આધાર લઇને નદી પર સ્નાન કરવા સારુ નિયમપૂર્વક જતા. સ્નાન કરવા જતી વખતે બ્રાહ્મણશિષ્યના ખભાનો આધાર લેતા ને સ્નાન કરીને આવતી વખતે શૂદ્ર જાતિના શિષ્યના ખભા પર હાથ ટેકાવતા. આ બાબતને લીધે સનાતની લોક અત્યંત શરમિંદા બન્યા અને આચાર્યશ્રીએ અસ્પૃશ્યતાની વિરુદ્ધ આ જે બંડ પોકાર્યું હતું તેને માટે તેમની પદવી કે પ્રતિષ્ઠાને પણ લક્ષમાં ન લેતાં તેમની વિરુદ્ધ ખળભળાટ મચ્યો. " તેમણે જોઇએ તો સ્નાન કર્યા પહેલાં શૂદ્રનો સ્પર્શ કરવો; પણ સ્નાન કર્યા પછી ભ્રષ્ટાચારથી દૂર રહેવા સારુ તેમણે શૂદ્રના ખભા પર હાથ ન મૂકવો. " આવા પ્રકારની તેમની ટીકા હતી. ટીકાનું સ્વરૂપ સમજી લઇ રામાનુજ હસતાં હસતાં તેના સ્પષ્ટીકરણાર્થે કહેતાઃ–

" જેને તમે શૂદ્ર સમજો છો, તેના ખભા પર હું સ્નાન કર્યા પછી હાથ મૂકું છું, એનો ઉદ્દેશ મારું ઉચ્ચકુલીન જાત્યભિમાન ધોઈ નાખવું એવોજ છે. આનું પરિમાર્જન હું પાણી વડે કરી શકું તેમ નથી. " રામાનુજાચાર્ય ભ્રષ્ટતા ને પવિત્રતાનું રહસ્ય આ પ્રમાણે સમજતા હતા. એમના આજના અનુયાયીઓની ધર્મઘેલી માન્યતાના કરતાં એમની માન્યતા ને સમજ કેટલી ભિન્ન હતી !

રામાનુજે, ઇતર ધર્મગ્રંથોના જેટલોજ આગમોને અધિકાર છે; એવું શંકરાચાર્યને અમાન્ય એવા મતનું પ્રતિપાદન કર્યું. ઉદ્દેશ-એટલોજ કે, આત્માર્પણના સિદ્ધાંતની પ્રસ્થાપના અત્યંત ઉચ્ચ એવા સિંહાસન પર કરવી અને શ્રદ્ધા તેમજ ભક્તિની વચ્ચે રહેલી ઐક્યસંસ્થાપક શક્તિ વર્ણાશ્રમના કરતાં વધુ શ્રેષ્ઠ છે એને માન્યતા આપવી એવો હતો. તેમની મહાનતાના પ્રચંડ મોજાંઓમાં બધો વિરોધ તણાઇ જતો; પરંતુ ત્યારપછી આવેલા શિષ્યોએ સુધારણાની વિરુદ્ધ થઇ રહેલા વિરોધનો વેગ જોયો અને પ્રાપ્ત થયેલા યશનો સંગ્રહ કરવા સારુ સાવધપણું શીખવવાની અને અત્યંત શીઘ્રતાથી બંધનો તોડી નાખવાની વિરુદ્ધ ઉપદેશ કરવાની શરૂઆત કરી. આ ઉપદેશનો પ્રચાર વધતો ગયો અને પછવાડેથી જે ઓછી યોગ્યતાના માણસો આવ્યા તેમને હાથે આ ઉપદેશનો વિપરીત અર્થ થવા લાગ્યો. એજ પ્રમાણે જેમને જાતિનું અભિમાન હતું, તેમણે આ ઉપદેશનું ધાર્મિક હઠવાદના અભેદ્ય કિલ્લામાં રૂપાન્તર કર્યું. આ કાર્યમાં નવાઓની જૂના કપાલગરાસવાળાઓની સાથે સ્પર્ધા શરૂ થઇ, તેથીજ આજ આપણને એવું દેખાય છે કે, જેઓ રામાનુજના સોગંદ લે છે અને જેમની ઉત્કટ દયાની બાબતમાં હજીએ સ્તુતિ–સ્તોત્રો ગાય છે તે, તેમના ગુરુએ જે લોકોનો સામાજિક દૃષ્ટિએ ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કર્યો, એ લોકોની બાબતમાં દયાશૂન્ય છે. જે રામાનુજાચાર્ય ૯૦૦ વર્ષ પહેલાં અસ્પૃશ્યતાનિવારણની ચળવળના આદ્યપુરસ્કર્તા હતા, તે રામાનુજાચાર્યનો અધિકાર જેઓ માને છે–તે પંથને જેઓ અનુસરે છે એવા અનુયાયીઓમાંજ અસ્પૃશ્યતાના કટ્ટા શત્રુ છે એ જોઇએ છીએ ત્યારે ઇતિહાસની વક્રતા દેખાઇ આવે છે. (જુલાઈ–૧૯૩૩ ના " ચિત્રમય જગત " માંથી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૨–ધર્મના ઇજારદારોને

ઓ હિંદુધર્મના સ્વાર્થી, દુરાચારી, બેજવાબદાર અને ઠગ ઇજારદારો! તમારા અત્યાચારોની હવે પરાકાષ્ઠા થઇ ચૂકી છે, તમારી છેતરપિંડીઓથી હિંદુધર્મ આજે ખળભળી ઊઠ્યો છે, તમારી અકર્મણ્યતા અને અસાવધતાને લીધે અમારી જાતીયતા શિથિલ અને અમારી ધાર્મિકતા લુપ્ત થઇ ગઈ છે. તમારી સ્વાર્થ અને દૂષિત મનોવૃત્તિઓને લીધે આજે હિંદુસમાજ અશાંત, જકડાયલો અને મરવા પડેલો છે!

તમે ધર્મનું રક્ષણ કરવાનું અને ધર્મમાર્ગના માર્ગદર્શક થવાનું વચન આપ્યું હતું. આ પુણ્ય સંકલ્પના ઝળહળતા પ્રકાશમાં હિંદુ જાતિએ તમારે ચરણે પોતાનાં ધન, જન અને સર્વસ્વ વૈભવ ન્યોછાવર કરી દીધાં હતાં. તે તમને પોતાના આગેવાન ગણતી અને તમે તેના ભાગ્યનિર્માતા, તેના રાજકીય ઐશ્વર્યના મુકુટમણિ હતા. તમારા પ્રત્યે તેની આ સુંદર મનોવૃત્તિ જોઇને તમે પણ મુગ્ધ થઈ ગયા અને સેવાની તમારી નિઃસ્પૃહ ભાવનાઓ વધારે પ્રબળ વેગથી ખીલી નીકળી. પછી તો શી વાત? તમારી પાવનકારી સેવા અને તમારી નિઃસ્પૃહતાનું સૌંદર્ય જોઇને રાજા પોતાનો રાજવૈભવ, પ્રજા પોતાની ભક્તિ અને તમારા ધર્મના અનુયાયીઓ તમારે ચરણે સર્વસ્વ ન્યોછાવર કરવાને અધીરા થઇ ગયા. મંદિર અને મઠો સ્થપાયા. આ મંદિરનાં દર્શન કરવાં તથા ત્યાં પૂજા ચડાવવી, મઠોને માટે રાજ્યની આવકનો અમુક ભાગ અર્પણ કરવો એ રાજા અને પ્રજાને માટે એક ધાર્મિક બાબત બની ગઇ. લોકકલ્યાણ, સાર્વજનિક શિક્ષણ વગેરે નિમિત્તે તથા તમને પણ આર્થિક મુશ્કેલીઓથી મુક્ત કરવાને માટે તીર્થસ્થાનોની બધી આવક તમારાં પૂજ્ય ચરણોમાં ચડાવવામાં આવી. તમે હજારો વર્ષ સુધી તમારી આ મહત્ત્વપૂર્ણ જવાબદારી આદર્શ રીતે સંભાળી. તમારો અતુલ ત્યાગ, તમારી અદ્ભુત નિઃસ્પૃહતા, તમારું અજોડ મનોબળ અને તમારી અજેય સાધના જોઇને સંસાર દિંગ થઇ ગયો. હિંદુ જાતિનો હજારો વર્ષનો ગૌરવભર્યો ઇતિહાસ તમારા બલિદાનના અતુલનીય તેજથી ઝગઝગે છે. તમારી નિષ્કામ સેવાનો સુંદર અને જ્વલંત ઇતિહાસ અમારી દૂર દૂરની જ્યોતિનો ઝાંખો પ્રકાશ દર્શાવી રહ્યો છે. તમારી કૃતજ્ઞતાના ભાર નીચે દબાયલી હિંદુ જાતિ આજ પણ તમને પોતાના માર્ગદર્શક માને છે અને તમારો સહેજ ઇશારો થતાંજ પોતાનું સર્વસ્વ અર્પણ કરવાને તૈયાર છે. તમારી એ અતીત સ્મૃતિઓને યાદ લાવીને પ્રત્યેક હિંદુબાળક આજ પણ તમારી સમક્ષ પોતાનું ગૌરવભર્યું મસ્તક નીચું નમાવે છે અને તમારી શઠતા, તમારી છેતરપિંડી અને તમારા હજારો અવગુણો દેખતાં છતાં અંધવિશ્વાસ અને અંધભક્તિથી તમારી સેવા–પૂજા કરે છે; પરંતુ તેના બદલામાં તમે તેમને શું આપી રહ્યા છો? જાતીય પતન, વિધર્મીઓથી થતાં અપમાન અને ધાર્મિક મૃત્યુ!!!

તમારી કૃતઘ્નતા, તમારી નિષ્ઠુરતા, તમારા અત્યાચાર અને વ્યભિચારની તમારી દૂષિત મનોવૃત્તિઓને લીધે આજે હિંદુ જાતિ મરવા પડી છે; આજે એ સતી હિંદુ મહિલાઓ કે જેઓ તમારા ઉપર અંધભક્તિ રાખે છે અને જેમનાદ્વારા તમારી પેટપૂજા થાય છે, તેઓ ગુંડાઓદ્વારા ભ્રષ્ટ અને અપમાનિત બની રહી છે. આજે હિંદુઓમાં નાનાં નાનાં બાળકોને ગુંડાઓ ઉઠાવી જઇને વટલાવ્યે જાય છે, મંદિરોનાં અપમાન થઇ રહ્યાં છે અને તમે તો તમારું વ્યક્તિત્વ, તમારી મર્યાદા અને તમારા અધિકારનું ભાન ભૂલી જઇને પગ ઉપર પગ ચડાવીને નિરાંતે બેસી રહ્યા છો! વળી એટલુંજ નહિ પરંતુ સુધારા સંબંધી તમારી સલાહ લેવામાં આવે છે અને તમારી સમક્ષ કોઇ કાર્યની યોજના રજૂ કરવામાં આવે છે, તો તમે તો ઊલટા તે ઠરાવ લાવનારાઓને ગાળો ભાંડો છો–તેમને નાસ્તિક, અધર્મી વગેરે નામો વડે અપમાન આપો છો! ધાર્મિકતાની આથી વિશેષ મશ્કરી બીજી શી હોઇ શકે? કોઇ પણ જાતિની અધાર્મિકતાનો આથી વિશેષ પુરાવો શું મળી શકે અને તેની જવાબદારી તમારા સિવાય બીજા કોની ઉપર છે?

પરંતુ આ સમય ક્યાં સુધી રહી શકશે? હિંદુ જાતિના ભૂતપૂર્વ ગૌરવ આગળ વર્તમાનનું આ કલંક ક્યાં સુધી ટકી શકશે? અમારા પ્રાચીન ઇતિહાસનાં જ્યોતિર્મય અધ્યાયોને અમારી આધુનિક અકર્મણ્યતા, અમારી આધુનિક કલુષિત મનોવૃત્તિઓ ક્યાં સુધી મલિન કર્યા કરશે? સંસારની બીજી જાતિઓ, સંસારના બીજા ધર્મોના અનુયાયીઓ–કે જેમનું અમારા ઉન્નતિના જમાનામાં કંઈ અસ્તિત્વજ નહોતું, તેઓ અમારા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ ભીષણ પતનને જોઇને અમારી જાતીયતા અને ધાર્મિકતાની ક્યાં સુધી મશ્કરી કરી શકશે ? આ અસભ્યતાના યુગમાં અમારી સભ્યતાનો અંધકાર કે જેને તમે બળપૂર્વક અમારા શિર ઉપર ઠોકી માર્યો છે; તે ક્યાં સુધી અમને પથભ્રષ્ટ કર્યા કરશે ? એનો જવાબ સુંદર અને કલ્યાણકારી છે. સંસારનો ઇતિહાસ અમારી શુભ આકાંક્ષાઓને બહુ કાળથી પુષ્ટિ આપે છે. આજે અમારી ધાર્મિક સંસ્થાઓનું જે પ્રમાણે ધાર્મિક પતન થયું છે, બરાબર તેના જેવુંજ મધ્ય યુરોપના ઐતિહાસિક સમય (મિડલ એજ) માં રોમન કેથલિક સંપ્રદાય અને તે સંપ્રદાયની ધાર્મિક સંસ્થાઓનું થયું હતું. આજે જે પ્રમાણે અમારા ઘણાખરા પંડ્યા-પૂજારી અને મહંતોનું નૈતિક અને આધ્યાત્મિક પતન થયું છે, તેના જેવુંજ તે સમયના રોમન કેથલિક પાદરીઓનું પણ થયું હતું. આજે જેમ પંડ્યા, પુરોહિત અને મહંતોને વૈતરણી પાર કરાવવાનો અને પાપનો નાશ કરાવવાનો ઇજારો મળી ગયો છે, તેમ તે સમયમાં પાદરીઓ પણ અભણ લોકોને સ્વર્ગની ટિકિટો વેચાતી આપીને સ્વર્ગનું દ્વાર ઉઘાડી આપતા હતા. તાત્પર્ય એ છે કે, હાલમાં હિંદુ જાતિની ધાર્મિકતા ઉપર અંધારાં છવાયાં છે, તેજ પ્રમાણે મધ્ય યુરોપના એ ઐતિહાસિક સમયમાં રોમન કેથલિક ધર્મનું વાતાવરણ ભયંકર અંધકારથી છવાયલું હતું. પરિણામે લોકોનાં હૃદયમાં પોપસામ્રાજ્યવિરુદ્ધના ભાવો પેદા થવા લાગ્યા અને તે પ્રથમ વ્યક્તિગતરૂપમાં પ્રકટ થયા. ત્યારબાદ વ્યક્તિરૂપમાંથી સમષ્ટિરૂપમાં ફેરવાઇ ગયા અને લોકોના હૃદયમાં પોપ તથા રોમન કેથલિઝમની વિરુદ્ધમાં હિલચાલ ચાલવા લાગી. આ હિલચાલની સાથેજ લ્યૂથરના પ્રોટેસ્ટંટ-સમાજનો આવિર્ભાવ થયો અને આજે યુરોપનો મોટો ભાગ પ્રોટેસ્ટંટ ધર્મોને માને છે. હિંદુ ધર્મના પતનનો ઇતિહાસ તે સમયના રોમન કેથલિક ધર્મના ઇતિહાસને બરાબર મળતો આવે છે. એ પ્રોટેસ્ટંટ ધર્મ એક સુધારક સંપ્રદાય હતો. હિંદુ ધર્મની પતિત દશામાં પણ આર્ય સમાજ-બ્રહ્મ સમાજ વગેરે સુધારક સંપ્રદાયોની ઉત્પત્તિ થઈ છે.

અમે ઉપર કહી ચૂકયા છીએ કે, અમે મંદિરોના વિરોધી નથી. અમે સાથે સાથે એ વાત પણ કહીએ છીએ કે, અમે મૂર્તિપૂજાને ખરાબ માનતા નથી. આ સ્થળે અમે એ પણ કહી દેવાનું અમારું કર્તવ્ય સમજીએ છીએ કે, અમે પુરોહિતો, પંડ્યાઓ અને મહંતોના એટલે સુધી વિરોધી નથી કે જ્યાં સુધી તેમના ભૂંડા સ્વાર્થોમાં હિંદુ જાતિનાં સાર્વજનિક હિત અને હિંદુ ધર્મનો નાશ ન થાય. અમે હરગીજ નથી ઇચ્છતા કે, મહાધિપતિઓ, પંડ્યાઓ અને પૂજારીઓને કોથળામાં બાંધીને હિંદી મહાસાગરમાં ડુબાવી દેવામાં આવે. પરંતુ અમે એ પણ નથી ઇચ્છતા કે, આજે ધાર્મિકતાને નામે વ્યભિચારનાં તાંડવ નૃત્ય ખેલાય; હિંદુ ધર્મની અનંત છાયામાં અસામ્ય, ઘૃણા, તિરસ્કાર અને અપમાનનાં દારુણ દશ્યો ખડાં કરવામાં આવે; ભગવાનને ભક્તિપૂર્ણ અંજલિ ચડાવવા ઇચ્છતા અંત્યજ કહેવાતા હિંદુઓ લંપટ અને ગુંડા જેવા પંડ્યા-પૂજારીઓને લીધે પોતાની ધાર્મિક ઉત્કંઠા પૂર્ણ કરી ન શકે. અમે એ પણ કદી સહી શકીશું નહિ કે, એક બાજુ અમારાં મંદિરો લૂંટાય, તેમાંની મૂર્તિઓ ગુંડાઓને હાથે ભંગાય, પૈસાને ખાતર સંગઠનનું કાર્ય કરનારાઓ અને ધાર્મિક પ્રચારકોનો અભાવ રહે અને બીજી બાજુ હિંદુ જાતિ અને હિંદુ સમાજના પૈસાનો મોટો ભાગ પંડ્યા, પૂજારી અને મહાધિપતિઓ મોજશોખમાં ઉડાવે તથા સમાજમાં વ્યભિચાર ફેલાવીને તેને ભયંકર પતનના ખાડામાં નાખી દે. અમે તો આજે બ્રાહ્મણસમાજ તથા હિંદુધર્મના પુરોહિતો, પંડ્યાઓ અને મહંતો વગેરેનું ધ્યાન હિંદુ જાતિના આ ભીષણ પતન તરફ ખેંચીએ છીએ અને સાથે સાથે તેમને વિશ્વાસ આપીએ છીએ કે, આપ આપની સુધારણા કરો; નહિ તો હિંદુ જાતિની ભાવિ ક્રાન્તિમાં આપનું અસ્તિત્વ નાબૂદ થઇ જશે. આજ સુધી હિંદુ જાતિના ઉત્થાનની દોરી આપના હાથમાં હતી; પરંતુ આપે આપની જવાબદારીને ભયંકર રીતે ઠોકર મારી છે અને આજે તેનાં ભૂંડા પરિણામો અમારી સમક્ષ મોજૂદ છે. હવે આપના અત્યાચારોની અવધિ આવી રહી છે. આપના પાપનો ઘડો ભરાઇ ગયો છે. હિંદુ જાતિ હવે પોતાના જીવન-મૃત્યુના સવાલને તમારી ઉપર રાખી શકે તેમ નથી. તે આજે જાગ્રત થઇ છે. તેની છાતી ઉપર શત્રુઓના લત્તાપ્રહારોના ઘા હજુ તો તાજા અને લીલા છે. પોતાની સતી-સ્ત્રીઓનાં અપમાન તેણે બહુ જોયાં. હવે તેની આંખોમાં પ્રતિકારનો અગ્નિ સળગી રહ્યો છે. હવે તે પોતાની અંધશ્રદ્ધા, અંધભક્તિ આપને ચરણે ભેટ કરી શકે તેમ નથી. તેની સમક્ષ આજે એજ સવાલ ઊભા છે—જીવન અથવા તો મૃત્યુ ! જો તેને જીવવું છે તો તે અપમાન, તિરસ્કારભર્યા કલુષિત અને બહિષ્કૃત-જીવનને ધારણ કરી શકે તેમ નથી. તેના કરતાં તો મૃત્યુજ હજાર દરજ્જે સારું છે, કૂતરાંઓનાં જેવાં જીવન કરતાં તો એ લાખ દરજ્જે સારું છે કે, જે પોતાના જાતીય અને ધાર્મિક અસ્તિત્વને મિટાવી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે, તેથી આજે તે જાગ્રત થઇ છે અને મરવાજીવવાને માટે તત્પર છે. સ્વતંત્રતા-કલુષિત ધાર્મિકતાની પરાધીનતાથી મુક્ત થવાને યુદ્ધ મંડાશેજ. એ સમય હવે દૂર નથી કે, જ્યારે હિંદુ સમાજ પાખંડવાદ અને આડંબરોના સ્વેચ્છાચારોથી સ્વતંત્ર થવાનો અવિરલ પ્રયત્ન કરશે. તે પ્રયત્નનું મુખ્ય અંગ તીર્થસ્થાનોની સુધારણાજ હશે અને જ્યારે ધર્મ ઉપર બલિ ચડાવનારા નવયુવકો અને નવયુવતીઓનાં રણદુંદુભી વાગવા માંડશે, જ્યારે હિંદુ જાતિ પોતાના વ્યક્તિત્વને સમજીને પોતાની ધાર્મિક અને સામાજિક પરતંત્રતાની બેડીઓ તોડવાને તત્પર થશે, જે વખતે સમસ્ત હિંદુ સમાજ પોતાનાં માન અને મર્યાદાને ખાતર જીવન સમર્પણ કરવાના ગગનવેધી સંગીતથી બલિદેવનું આવાહન કરશે અને જે ક્ષણે હિંદુ ધર્મના સઘળા અનુયાયીઓ પોતાના જાતીય અને ધાર્મિક ચૈતન્યની ઝગઝગતી ઉત્તેજનામાં યુદ્ધનો ઝંડો હાથમાં લઇને સમરાંગણમાં કૂદી પડશે; તે વખતે ભગવાનનું સિંહાસન પણ ડોલી ઊઠશે; તે વખતે આ પૃથ્વી ઉપરની કોઇ પણ શક્તિ ધર્મને ખાતર ઉત્સુક બનેલા હિંદુઓની સાચી ધાર્મિકતાને રોકી શકશે નહિ; તે વખતે વિજય તેમનાં ચરણોમાં આળોટશે અને હિંદુ જાતિ, હિંદુ સમાજ અને હિંદુ ધર્મના સઘળા શત્રુઓ કંપી ઊઠશે. એ પુણ્યપ્રકોપમાંથી એક નવીન જીવનનો પ્રાદુર્ભાવ થશે, તે જીવનમાં વિરોધી શક્તિઓ ઊલટા પ્રવાહમાં વહેવા લાગશે અને તે પ્રવાહમાંથી એક આશામય ભાવિ પ્રકટશે. તે વખતે સમસ્ત હિંદુ જાતિનું વાતવરણ ચેતનાના અંબારથી ઝગમગી ઊઠશે અને તે પ્રકાશમાં હિંદુ સમાજ પોતાનું ખાસ વ્યક્તિત્વ સ્થાપવા અવશ્યજ શક્તિવાન બનશે, તે વિશાળ વ્યક્તિત્વની સમક્ષ, તે નવચેતનના પ્રકાશમાં અંધકારનું આવરણ સદાને માટે નાબૂદ થઇ જશે અને પ્રત્યેક હિંદુ પોતાની માતાઓ અને બહેનોના સંરક્ષણની પરમ પુનિત જવાબદારી ગૌરવપૂર્વક ઉઠાવશે અને એક પ્રલયકારી જયઘોષથી ગર્જી ઊઠશે કે:–" **કોણ કહે મા અબળા તને!**"

('ચાંદ' માસિકનાં સપ્ટેમ્બર-૧૯૨૭ ના અંકમાંના અગ્રલેખનો અનુવાદ)

३–कलियुगना धर्मों, धर्माचार्यो अने साधुसंतो

(લેખક:–શ્રી રામભાઇ રાઠોડભાઇ ધાંધલ)

પૂર્વકાળમાં બ્રાહ્મણોનું શું સ્થાન હતું?

"सर्वस्वं ब्राह्मणस्येदं यत्किंचिद् जगती गतम्"

સંસારમાં જે કાંઇ છે તેનો માલિક બ્રાહ્મણજ છે, બીજા બધા તેમની દયાથીજ તેનો ઉપયોગ કરે છે. બ્રાહ્મણ મૂર્તિમંત ધર્મ મનાતો અને તેનો જન્મ ધર્મસંરક્ષણાર્થેજ થતો; તેમજ તે સર્વ ભૂતપ્રાણીઓનો ઇશ્વર ગણાતો. વળી પૂર્વના બ્રાહ્મણોમાં બીજા વર્ણો કરતાં જ્ઞાન, તપ વગેરે વિશેષ હતાં. તેઓની પ્રકૃતિમાં વધારે સાત્વિકતા હતી, તેઓ વેદાધ્યયન વગેરે નિયમો તથા અગ્નિહોત્ર વગેરેનું પાલન કરતા અને બીજાને કરાવતા. આથીજ તેઓ સર્વશ્રેષ્ઠ મનાતા. જ્યાં બ્રાહ્મણોમાં બીજા વર્ણો કરતાં આ વિશેષતાઓ નથી હોતી, ત્યાં બ્રાહ્મણત્વ પણ હોઇ શકતું નથી. મનુ મહારાજ કહે છે કે, "જે માણસ બ્રાહ્મણકુળમાં જન્મવા છતાં વેદનો અભ્યાસ કરતો નથી અને સંધ્યાદિ નિત્યકર્મોનું નિયમપૂર્વક અનુષ્ઠાન કરતો નથી, તે શૂદ્રજ છે." મહાભારતના શાંતિપર્વમાં કહેલ છે કે, "સત્ય, દાન, અદ્રોહ, અક્રૂરતા, શરમ, કરુણા અને તપ, એ ગુણો જેનામાં દેખાઇ આવે છે તે બ્રાહ્મણ છે. શૂદ્રના કુળમાં જન્મેલા કોઇ પુરુષમાં આ ગુણો જણાય તે શૂદ્ર નહિ પણ બ્રાહ્મણજ છે અને જે બ્રાહ્મણકુળમાં જન્મેલા પુરુષમાં આ ગુણોનો અભાવ હોય તે બ્રાહ્મણ નહિ પણ શૂદ્રજ છે." વળી શાંતિપર્વમાં પુરોહિત વિષે કહેલ છે કે, "સત્યવાદીપણું, અહિંસા, તપ, સરળતા, ઇર્ષા અને દ્વેષનો અભાવ, નિરભિમાનીપણું, યોગ્ય શરમ, સહનશીલતા, મનોનિગ્રહ અને શાંતિ, એ ગુણો જેનામાં હોય તેને પુરોહિત કહે છે."

બ્રાહ્મણોનાં કર્તવ્યો

જનસમાજમાં સત્ય જ્ઞાનનો પ્રચાર કરી શાંતિના ઉપાયો યોજવા; સર્વ વર્ણોની આજીવિકાના ઉપાયો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાણી તેને બતાવવા અને પોતાના કર્તવ્યમાં તત્પર રહેવું; ભણવું–ભણાવવું; શાસ્ત્રો સાંભળવાં–સંભળાવવાં; યજ્ઞ કરવા–કરાવવા; દાન દેવું અને જરૂર વખતે થોડું લેવું; માનની સ્પૃહા ન રાખવી; પરદ્રોહી ન બનવું; દુઃખમાં પણ અપ્રિય બોલી કોઇનું દિલ ન દુખાવવું; ધન–ધાન્યનો બહુ સંગ્રહ ન રાખવો; આત્મભોગ આપી ધર્મનું રક્ષણ કરવું વગેરે બ્રાહ્મણોનાં અનેક કર્તવ્યો અને ધર્મો હતા અને તે પ્રમાણે પૂર્વે તેઓ તેનું યથાર્થ રીતે પાલન કરતા અને તેથીજ તેઓ દુનિયાની ઉપર પરમાત્માના પ્રતિનિધિઓ લેખાતા અને અન્ય વર્ણો તેમને પૂજતા. બ્રાહ્મણો સ્વધર્મો, સ્વકર્મો અને સ્વકર્તવ્યો ભૂલ્યા એટલેજ તેમની પ્રતિષ્ઠામાં સ્વાભાવિક રીતે ઘટાડો થયો અને જનસમાજના તેમના તરફના પૂજ્યભાવમાં પણ ઘટાડો થયો. પરિણામે તે ભૂતકાળની સર્વોત્તમ જાતિને અત્યારે કોઇ ભિક્ષા પણ આપતું નથી. સ્વધર્મ ભૂલ્યાથી કેવી મહાન અવનતિ!

સાધુ–સંતો, સંન્યાસીઓ વગેરે

બ્રાહ્મણો કરતાં આ લોકોએ સમાજને અધિક નુકસાન કર્યું છે. બ્રાહ્મણો તો પોતે બગડીને બેસી રહ્યા; પરંતુ આ ઢોંગી સાધુ–સંતોએ તો જનતાને પણ બગાડવાનું ઉત્તેજન આપ્યું.

સાધુ કોણ થાય છે?

મારા ધારવા પ્રમાણે તો સાધુ થવાનાં નીચેનાં ચાર કારણો જણાય છેઃ—

(૧) આ માયિક સંસારને અસાર જાણીને તેના ઉપરથી પ્રીતિ ઉઠાવી, જીવન્મુક્ત થવા માટે પરમાત્માની અનન્યભાવથી ભક્તિ કરવી; સમાજનાં સુખશાંતિ, નીતિ અને ધર્મનો પ્રચાર કરવો; નિઃસ્પૃહી અને સ્વાર્થત્યાગી થવું, આ સાધુ થવાનાં ખરાં ઉત્તમ અને સ્તુત્ય કારણો છે. જેમ સ્વપ્ન માંહેની સૃષ્ટિરચના જાગૃતિમાં ખોટી લાગે છે તેવું તેને જગત લાગે છે; તેને પોતાનું સ્વરૂપ નિરાકાર લાગે છે; જગત તેને વળગતું નથી, તે જગતને વળગતો નથી, સિદ્ધની અંતરની સ્થિતિ અચળ નિરાકાર હોય છે.

अक्रोधवैराग्यजितेंद्रियत्वं क्षमादयाशांतिजनप्रियत्वम् ।
निर्लोभदाता भयशोकहर्ता ज्ञानस्य चिह्ने दश लक्षणानि ॥

આ ખરા સાધુનાં દશ લક્ષણોનો જેનામાં વાસ છે; જે રજોગુણ, તમોગુણથી રહિત સત્ત્વશીલ હોય છે; જન્મ, જરા અને મૃત્યુના દુઃખને ગણકારતો નથી; કોઇનો દ્વેષ કરતો નથી, તેમ કોઇના ઉપર પ્રેમ પણ કરતો નથી; નિવૃત્તિ કે પ્રવૃત્તિની પણ ઇચ્છા કરતો નથી; ઉદાસીનની પેઠે જગતમાં વિચરે છે; પથ્થરને અને કાંચનને સમાન ગણે છે; સ્તુતિ વા નિંદાની પરવા રાખતો નથી; મિત્ર અને શત્રુને સમાન ગણે છે તથા ઇન્દ્રિયોના વિષયો ઉપર વૈરાગ્ય રાખે છે એ વગેરે ખરા સંતનાં લક્ષણો છે. આ સંતો પૂર્વજન્મના અધૂરા યોગીઓજ હોય છે.

(૨) બીજા નંબરના સાધુઓ ગૃહસ્થાશ્રમની વિટંબણાઓ અને સાંસારિક દુઃખો સહન નહિ કરી શકવાથી સાધુ થઇ ગયા હોય છે. આ લોકો સંસારનો દુઃખદાયક અનુભવ થયા પછી તેને અસાર અને નાશવંત જાણી તેનો ત્યાગ કરે છે, તેઓના વૈરાગ્યમાં પણ અમુક સાંસારિકપણાનો ભેળસેળ હોય છે. આવા સંતોનાં અનેક મંડળો છે અને તેમની રચના દેખીતી રીતે સાંસારિક હોય છે. તેઓને સત્તા, આડંબર, જર, જમીન, મકાનો, ગાડી, વાડી, નોકર–ચાકરો વગેરે સાંસારિક સાધનો વગર ચાલતું નથી.

(૩) ત્રીજા નંબરના સાધુઓ "**अशक्तिमान् भवेत् साधु**" હોય છે. કાંઈ કામ કરવાની નિર્બળતાને લઇને તેઓ સાધુ થઇ જાય છે. મહાત્મા તુલસીદાસજીના કહેવા પ્રમાણે "નારી મુઇ ઘર સંપત નાસી, મુંડ મૂંડાય ભયે સંન્યાસી" એની માફક બધું પરવાર્યા પછી 'ગેરુ ભાગ્યાના ભેરુ' એની માફક ભગવાં કરી 'ઓમ્ ઓમ્' કરતા ચાલી નીકળે છે. આવા સાધુ ગૃહસ્થાશ્રમ પહેલાં કે પછી પણ સાધુ થાય છે. સાધુતાનો અર્થ જાણ્યા વગર નિર્માલ્યતાએ થયેલા આ કહેવાતા સ્વાંગી સાધુઓ, દુનિયાને ભારરૂપ થઇ દેશને બોજારૂપ બની સર્વને નિર્ધન અને કંગાલ બનાવે છે. આ લોકો ઇશ્વરભક્તિ કે તેના રહસ્યના જ્ઞાનથી બિલકુલ અજ્ઞાત હોય છે. લોકોને છેતરવાને શરીરે ભસ્મ ચોળી, મોટી મોટી માળાઓના હારડા પહેરી, મુખથીજ રામનામ લઇ, બગલાઓની પેઠે સ્વાર્થ માટે ધ્યાન ધરે છે. કવિ છોટમ કહે છે કેઃ—

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

"ભાવ વિના તે ભક્તિ શાની, ભક્તિ વિના શું જ્ઞાન જોને;
જ્ઞાન વિના તે ગુરુજન શાનો, તે શું દેશે બોધ જોને.
મન વશ નહિ તે તપ પણ શાનું, શીલ વિના શું સ્નાન જોને;
સદ્‌ગુણ નહિ તે સાધુ શાનો, તૃષ્ણા ત્યાં શો ત્યાગ જોને."

(૪) ચોથા નંબરના સાધુઓ ફક્ત તેઓની દુષ્ટ વૃત્તિઓ પોષવા અને તેમાં અનુકૂળતા મેળવવા ભગવા સ્વાંગ નીચેના ઠગ, ધૂર્ત, ચોર, વ્યભિચારી અને અપરાધી લોકો હોય છે. દુનિયાને ફકીરી સ્વાંગથી છેતરવાના ઇરાદાથીજ સાધુ થયેલા આ દુષ્ટો સમાજને અને ધર્મને ખરેખરા ભયરૂપ છે.

ઉપર વર્ણવેલા ચાર પ્રકારના સાધુઓમાં પહેલા વર્ગના સાધુઓ જગતને કલ્યાણકારી, ગુરુ થવા યોગ્ય અને ધર્મના સ્થંભરૂપ છે. પરંતુ ભારતના ભાગ્યમાં હવે આવા ×સંતો રહ્યા નથી બીજા નંબરના સાધુઓનું ઠીક પ્રમાણ છે. પણ તેઓ પોતાનાજ વ્યવસાયમાં રોકાઇ રહી, જનસમાજને ધર્મ અને નીતિ તરફ વાળવાને ઉપદેશ આપવાની પ્રવૃત્તિ જોઇએ તેવી હાથ ધરતા નથી. તેથી સાધારણ જનતાને તેઓથી કાંઇ લાભ થતો નથી. બાકી રહ્યા ત્રીજા અને ચોથા નંબરના સાધુઓ. આ લોકો ગાંજો, ભાંગ, તંબાકુ, ચરસ, મદિરા, મિષ્ટાન્નો વગેરેના ઉપભોગ માટે અને ચોરી, લૂંટ, વ્યભિચાર માટેજ સાધુ થયેલા હોય છે. આ ત્રીજા–ચોથા નંબરના સાધુઓની સંખ્યા હિંદમાં લાખોની છે. તેઓએ દેશને અને ધર્મને રસાતળ મૂકી દીધો છે. કવિ શામળ આવા ભેખધારીઓનું વર્ણન કરે છે કેઃ—

"કેટલે લીધા ભેખ, ભીખતા હીંડે ભૂખે; કેટલે લીધા ભેખ, હેઠ હાકેમને દુઃખે;
કેટલે લીધા ભેખ, શૈશવની ગરજે; કેટલે લીધા ભેખ, દુકાળ પડચે કે કરજે.
કેટલાએક માબાપે વેચીયા, કોઇ તો નાશીને ગયા;
શામળ કહે શી સગાઇ ત્યાં, બળાત્કારે બાવા થયા."

આવા અનાચારીઓને પાળવા, પોષવા, અન્નવસ્ત્ર આપવાં અને તેમને ખરાબ વ્યસનોનાં સાધનો પૂરાં પાડવાં એમાં કદી પણ પુણ્ય હોયજ નહિ. બલ્કે જે કાંઇ અપાય છે તેમાં પાપજ થાય છે. પરંતુ મહાન હિંદુ જાતિ ફક્ત ભેખને નામે આવા લોકોને આજ સુધી પોષતી આવી છે અને તે ઉત્તેજનના પરિણામે દિન પ્રતિદિન આવી કોટીના સાધુઓની સંખ્યા લોકોમાં વધતી ચાલી છે અને દેશ દુર્દશા તેમજ બેકારી તરફ ધસડાતો જાય છે. આવા ધૂર્ત લોકોને પોષવા એ દીવો લઇને અવનતિના કૂવામાં ઉતરવા જેવું થાય છે. પણ જ્યાં જાતિનો નાશ નિર્માયો છે ત્યાં બીજો શો ઉપાય?

આ સાધુઓમાં તંત્રસાધકો પણ ઘણા જોવામાં આવે છે. તંત્રસાધકોમાં બે જાત છે. દક્ષિણમાર્ગી અને વામમાર્ગી. દક્ષિણમાર્ગી સાધકો સાત્વિક ભાવપૂર્વક ભગવતીની પૂજાદિ કરીને એકાન્તચિત્તે મંત્રજપ કરી સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરી શકે છે; જ્યારે વામમાર્ગી લોકો મદ્ય, માંસ વગેરે ખાય છે અને તેમનાં કાર્યો–સાધન–રીતરિવાજ તામસી હોય છે. આ વામમાર્ગીઓ પંચ મકાર એટલે મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુનનો ઉપયોગ કરે છે. તેઓનાં સાધન–કાર્યો–અશ્લીલતાથી પરિપૂર્ણ હોય છે. આ પંથમાં પાટપૂજા, શંખાઢાળ, ખોળાદાન અને ચરણામૃત એ ઉત્સવો પ્રધાનપદ ભોગવે છે. આ ઉત્સવોમાં અનેક ભ્રષ્ટાચારનું સેવન થાય છે. તેની વિધિઓ સાંભળીને માણસોનાં અંતઃકરણો કંપી જાય છે. અનેક ભોળી સ્ત્રીઓનાં ધર્મને નામે શિયળ લૂંટાય છે અને દુષ્કૃત્યો થાય છે. આવાં તિરસ્કારજનક કાર્યોદ્વારા ધર્મભાવનામાં કયા પ્રકારનું ઉત્તેજન મળે છે? ફક્ત આ અઘોર અને પિશાચી પંથમાં તેના સાધકો પોતાની દુષ્ટ ઇચ્છાઓજ પરિતૃપ્ત કરે છે; આ સિવાય બીજું કાંઇ નથી.

કેથલિક પંથના સાધુઓ ધર્મજ્ઞાન ઉપરાંત પદાર્થવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ભાષાજ્ઞાન, ઇતિહાસ વગેરે

× હિમાલય તથા રૂષિકેશ તરફ એવા ૧૦–૧૨ સંતો જાણમાં હતા, જે હાલ હયાત નથી. હાલ તો એવા સંતો ઓછા થતા જાય છે. આમ છતાં બેચાર સંતો અનુમાન પ્રમાણે હશે ખરા, પરંતુ એ તરફ હાલ જવાનું બનતું નથી એટલે ચોક્કસ માહિતી આપી શકાય નહિ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બાબતો પર કોલેજોમાં શિક્ષણ આપે છે. માંદા માણસોને ઇસ્પિતાલમાં પ્રેમપૂર્વક લઇ જઇ સાધ્વીઓ તેમની માવજત કરે છે. આ રીતે તેઓ દેશને ઉપયોગી થઇ ભક્તિનો જનસમાજમાં સંચાર કરે છે અને તેમાં પોતાના આત્માનું પણ કલ્યાણ માને છે; જ્યારે આપણા સાધુઓ દેશ ઉપર ભારરૂપ બની અધર્મનો પ્રચાર કરે છે.

'મેક્સમૂલર' જેવા વિદેશી અને વિધર્મી પણ હિંદ દેશને માટે લખી ગયા છે કે, "પ્રકૃતિદેવીના સંપૂર્ણ કૃપાપાત્ર અને તજ્જન્ય ઐશ્વર્ય, સત્તા અને સૌંદર્યયુક્ત હોઇ સમસ્ત સૃષ્ટિમાં સર્વોત્તમ શ્રેષ્ઠ દેશ–પૃથ્વી પરનું સ્વર્ગ–મારે શોધવાનું હોય તો હું હિંદુસ્તાનનેજ પ્રથમ પદ આપું. મને જો કદાચ એમ પૂછવામાં આવે કે, વિશ્વમાંના કયા દેશના રહેવાસીઓએ ઈશ્વરદત્ત બક્ષીસોનો સંપૂર્ણ વિકાસ કરેલો છે? તથા મનુષ્યજીવનના અતિ ગૂઢ વિષયો પર અદ્વિતીય મનન કરેલું છે અને તેમાંના કેટલાક પ્રશ્નોના એવા તે કયા સયુક્તિક અને સપ્રમાણ ઉત્તરો આપ્યા છે, કે જે પ્લેટો અને કેન્ટના અભ્યાસકોને પણ વિચારવા લાયક છે? તો હું જવાબ આપું કે, હિંદુસ્તાને." એક વખતના આવા હિંદુસ્તાનને જો તે સ્થાન ફરી વાર આપવું હોય, તો ધર્મની તેના યથાર્થ સ્વરૂપમાં પુનઃ સ્થાપના થવી જોઇએ અને સાચા ધર્મપ્રવર્તકો–આગેવાનોએ વર્ણ અને આશ્રમની પૂર્વવ્યવસ્થા અને સંસ્કારો ચાલુ કરીને ચારે વર્ણોને સ્વધર્મ–કર્મપરાયણ બનાવી, ધર્મટેકી અને કર્મોત્સાહી બનાવવા પ્રયત્નશીલ થવું જોઇએ અને સાધારણ જનસમાજે દરેક ભગવાધારીઓને નહિ પોષતાં તેમાંથી ખરા સંતોને ઓળખી તેમને ગુરુ કરી ધર્મપ્રચારનાં સાધનોની તેમને સગવડ કરી આપવી જોઇએ.

અલ્પમતિ અનુસાર શુભ આશયથી લખાયેલા ઉપરના લેખમાં ધર્મની, ધર્માચાર્યો કે સાધુ–સંતોની નિંદા કરવાનો લવલેશ પણ આશય નથી. ધર્મને માટે અને ખરા સાધુસંતોને માટે મને ઘણું માન અને પૂજ્યભાવ છે, પરંતુ અત્યારે ધર્મની અને તેના પ્રચારક આગેવાનોની જે હાલત થઇ ગઇ છે અને જે મેં અનુભવી છે અગર તો થોડીઘણી સૌ કોઇને વિદિત છે તેનુંજ મેં મર્યાદિત સ્વરૂપમાં વર્ણન કરેલું છે તે સુજ્ઞ વાચકોએ સમજી મારા ઉપર કોઈ પણ પ્રકારનું દોષારોપણ ન કરવા નમ્ર વિનતિ છે.

(તા. ૩–૬–૩૩ ના "કાઠી રાજપૂત" માંથી)

૪–પ્રભુ–મંદિર

(લેખકઃ—શ્રી. દલપતરામ જીવનદાસ નિમ્બાર્ક)

ઓ મંદિરોના મોટા ભભકા પાછળ મરી ફિટનારા મારા પ્યારા રામપૂજકો! એવડાં મોટાં મંદિરોથીજ શું પ્રભુ રીઝે છે એમ? મોટું મંદિર ચણાવવાથી શું તે વધારે રાજી થતો હશે? એમ હોત તો તો આજ તમે અહીં ન હોત. એ ખુશામતના બદલામાં તેણે તમને પોતાને શરણે લઇ લીધા હોત! પણ તે ક્યાં છે? તમે તો તેનાથી કોણ જાણે કેટલાય દૂર પડ્યા છો. કારણ? એ મહાન મંદિરોથી પ્રભુ પ્રસન્ન થતો નથી. એ સ્થૂળ મંદિરોમાં તેને શાંતિ મળતી નથી. તેનું વહાલામાં વહાલું મંદિર તો તમારું કોમળ હૃદયજ છે, તેને તો એ દિવ્ય મંદિરોમાંજ રહેવું ગમે છે, માટે પહેલાં તો એ મંદિરને પવિત્ર બનાવો, એ મંદિરને સાફ કરો, એ મંદિરને મહાન બનાવો. એ મંદિરને સ્વચ્છ શણગારો, એ મંદિરને ઉચ્ચ દશાએ પહોંચાડો, એ મંદિરમાં પ્રભુને પધરાવો; એટલે પછી અન્ય મંદિરોને ઊંચાં કરાવવાની જરૂરજ નહિ રહે. અરે! એ પથ્થરના મંદિરમાંજ પ્રભુ રહે છે અને બીજે નથી? એને વસવાનાં મંદિરો તો અલૌકિક છે. તેનો તો એક અંશ પણ તમારાથી બનાવી શકાય તેમ નથી.

જુઓને, આ અનેક પ્રકારની વનસ્પતિઓમાં તેનો વાસ છે. એ અનુપમ મંદિરનું એક પાંદડું પણ તમારાથી બને તેમ છે?

આ અનેક પ્રાણીઓના દેહરૂપી દિવ્ય મંદિરોમાં તે વસે છે, તે રમ્ય મંદિરોનું એક રૂંવાડું પણ તમે રચી શકો તેમ છો? અહા! આ વિશાળ વિશ્વમંદિરમાં તે સર્વત્ર વસેલો છે. એ વિશ્વમંદિરની આગળ તમારાં એ ક્ષણભંગુર માટીનાં મંદિરો શા હિસાબમાં?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છતાં તેની મનહર મૂર્તિને પધરાવવા માટે ભલે ભિન્ન ભિન્ન મંદિરો બનાવો; પણ તે સાદાં અને સ્વચ્છ હશે તો બસ છે. તેમાં પણ તે આનંદથી રહેશે. મહાન મંદિરો પાછળ જે અનર્ગળ દ્રવ્યની આહુતિ આપો છો, તે દ્રવ્યને તેનાં બાળકોના બચાવ માટે વાપરો. જગતનાં પ્રાણીમાત્ર તેનાં બાળબચ્ચાં છે. તેમાંથી જેને જે જરૂરનું હોય તેને તે આપો. માતાપિતાનાં બાળકો દુઃખી ને હેરાન હોય અને તેમને ગમે તેવા રમણીય રાજમહેલોમાં રાખો છતાં તે તેને સારા લાગે કે? બાળકને સુખી જોઇને માબાપને જે સંતોષ થાય, તે અનુપમજ છે. તો પછી આખા જગતના માતાપિતા રૂપ પ્રભુને એથી વિશેષ સારું શું હોય? તેનાં બાળકોને બચાવો એટલે તેને તો પછી ઝૂંપડીમાં રાખશો તોપણ આનંદ માનશે.

સાંભળો, તે કહે છે કે-

"મારે તમારાં મહાન મંદિરો નથી જોઇતાં. મારાં બાળકો બેહાલ બની રહ્યાં છે અને હું એ મંદિરોમાં કેમ રહી શકું?" વળી તે કહે છેઃ—

"અરેરે! શણગારના શોખીન મારા શત્રુઓ! તમે મને આ ફેન્સી કાપડ પહેરાવી ફોસલાવો છો શું કામ? મારાં બાળકોને સડેલ ચૂંથા પણ મળતા નથી તો પછી મારે એ સુંદર વસ્ત્રોને શું કરવાં છે?"

હવે તો પોકારીને કહે છેઃ—

"ઓ મિષ્ટાન્નોમાં મગ્ન બનેલા મસ્ત માનવીઓ! આ તમે શું કરો છો? તમારાં છોકરાં ભૂખે ટળવળતાં હોય, તેને સૂકા રોટલા પણ ન મળતા હોય, અને તમને મિષ્ટાન્નો ભાવે ખરાં કે? અરે, મને તમે તમારા જેટલી પણ અક્કલવાળો નથી માનતા? શું મને ખાવા માટે કૂતરો થઇ ગયેલો માનો છો? કૂતરું પણ પોતાનાં કુરકુરિયાંને ખવરાવીને ખાય છે. અરે તેથી પણ મને તમે નપાવટ ગણ્યો છે કે શું? મારાં કોમળ બાળકોને ટટળતાં જોઉં છું, છતાં તમે મારી આગળ મિષ્ટાન્નના મોટા ઢગલા ખડકી મને જમાડો છો કાં? અરે, એ લોહીના કોળિયા મારે ગળે શી રીતે ઊતરે? મારે બહાને તમે બધું આરોગો તો ભલે, મને તો તેમાંનું કંઈ ગમતું નથી. મારાં બાળકો પેટ ભરીને આહાર કરશે તે પછીજ હું અપવાસ છોડીશ. ઘેલાઓ, મારે તો ત્યાં સુધી અખંડ અપવાસજ છે."

(તા. ૧, ડિસેમ્બર ૧૯૩૮ ના 'લોહાણા હિતેચ્છુ'માંથી)

गीता और भागवत के अध्ययन तथा प्रवचन क़ी उत्तम विधि

(એક સજ્જન કા જાતિ અનુભવ)

(લેખકઃ—શ્રી. શંકર નારાયણ ઐયર, બી. એ; બી. એલ.)

શ્રીગૌરાંગ કી જીવની મેં એક ઉચ્ચ કોટિ કે ભક્ત કા વર્ણન હૈ, જો ઉન દિનો અપને આચરણ કે દ્વારા ગીતા કા ઉપદેશ દિયા કરતે થે. ઐસા કહતે હૈં, કિ જિસ સમય શ્રીગૌરાંગ દક્ષિણ કી યાત્રા કર રહે થે, ઉન્હેં શ્રીરંગમ્ મેં એક ઐસા મનુષ્ય મિલા, જો નિત્ય ગીતા કા પાઠ કિયા કરતા થા ઔર ગીતાપાઠ કરતે સમય ઉસકા શરીર પુલકિત હો ઉઠતા તથા ઉસકે નેત્રોં સે આનંદાશ્રુઓં કી ધારા બહને લગતી થી. ગીતા કે આનંદ મેં શરાબોર હુએ ઉસ મનુષ્ય કે દર્શનમાત્ર સે દર્શકોં કે અંદર કૃષ્ણપ્રેમ ઉમડ આયા કરતા થા. શ્રીગૌરાંગ ને ઉસસે પૂછા કિ, "તુમ્હે ગીતા સે કૈસા આનંદ મિલતા હૈ?" ઉસને ઉત્તર દિયા કિ, "યદ્યપિ મૈં ગીતા કા એક શબ્દ ભી નહીં સમઝતા, કિંતુ જબ મૈં યહ અનુભવ કરતા હૂં કિ શ્રીકૃષ્ણ ને જો શબ્દ અર્જુન કે પ્રતિ કહે થે વે હી મેરે મુખ સે નિકલ રહે હૈં તો મેરા હૃદય આનંદ ઔર હર્ષોદ્રેક સે ઉલ્લસિત હો ઉઠતા હૈ ઔર મૈં અપને સામને શ્રીકૃષ્ણ ઔર અર્જુન કો દેખને લગતા હૂં." ગીતા કા ઉપદેશ દેને, ઉસકે દિવ્ય અનુભવ કે ભીતર પૈઠને ઔર ઉસસે જો આંત-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રિક આનંદ ઉત્પન્ન હોતા હૈ, ઉસે અભિવ્યક્ત કરને કા યહ એક હી ઉપાય સૂઝતા હૈ. ઉસકે દાર્શનિક તત્ત્વોં કે જ્ઞાનપૂર્વક ઉપદેશ કરને કા કામ તો વે લોગ કરેં, જિન્હેં ઇસ કામ કે લિયે ભગવાન ને નિયુક્ત કિયા હો યા જો વિદ્વાન હોં. **જબ શ્રીકૃષ્ણ બોલતે થે, તબ ગોપિયાં ભી ઉનકે વીણાવિનિન્દિત સ્વર ઔર અધરોં કી મધુરિમા કા રસાસ્વાદન કરતી થીં ઔર ઉસકે દાર્શનિક તત્ત્વ કી વ્યાખ્યા કરને કા કામ વે પંડિતોં કે લિયે છોડ દિયા કરતી થીં.** દૂસરી બાર જબ ઉન્હોંને અપના સુમધુર ગીત કેવલ મનુષ્યોં કો હી નહીં કિંતુ સારી પ્રકૃતિ કો સુનાયા, ઉસ સમય સારા ચરાચર જગત ઉસ ગીત કે આનંદ મેં મગ્ન હો ગયા; **કિંતુ જિન વિદ્વાનોં ને ઉસકે દાર્શનિક તત્ત્વ કા વિશ્લેષણ કરને કી ચેષ્ટા કી, વે તો ઉલ્ટે ચક્કર મેં હિ પડ ગયે.**

सवनशस्तदुपधार्य सुरेशाः शक्रशर्वपरमेष्ठिपुरोगाः ।
कवय आनतकन्धरचित्ताः कश्मलं ययुरनिश्चिततत्त्वाः ॥

ઇસ લીયે જિસ સમય મનુષ્ય કે અંદર ભાવ કી જાગૃતિ હો અથવા સચ્ચી ઉત્કંઠા ઉત્પન્ન હો, ઉસ સમય ઉસે ચાહિયે કિ વહ ઉસ ભાવ અથવા ઉત્કંઠા કા અવલંબન સાથે લે કર સાધનપથ મેં કૂદ પડે. સાધન કે દ્વારા પ્રત્યેક યતમાન જીવ કો ક્રમશઃ જો ભિન્નભિન્ન પ્રકાર કે સ્પષ્ટ અનુભવ હોતે હૈં ઔર ઉનકે અંદર જો સત્ય કી પ્રાપ્તિ હોતી હૈ, ઉસકે પરિણામ હી—ચાહે વે કિતને હી સૂક્ષ્મ રૂપ મેં ક્યોં ન હો—ગીતા કી વાસ્તવ મેં મહત્ત્વપૂર્ણ વ્યાખ્યા પ્રતીત હોતી હૈ; ક્યોં કિ ઉનસે દૂસરે સાધકોં કો ભી સહાયતા મિલ સકતી હૈ. કેવલ બુદ્ધિ અથવા શાસ્ત્રો કે અભ્યાસ કે બલ સે ગીતા કા આશય સમઝને કી ચેષ્ટા નિઃસાર એવં ઔદ્ધત્યપૂર્ણ પ્રતીત હોતી હૈ, ગીતા કા ઉપદેશ મુખ્યતયા વ્યવહાર સે સંબંધ રખનેવાલા એવં ગૂઢ હૈ. ઇસકી ભાષા એક છોર સે લે કર દૂસરે છોર તક બડી હી ગહન એવં ભાવગર્ભિત હૈ, ઇસકા ઉપદેશ ગુરુસંમત અર્થાત્ આદેશાત્મક હૈ ઔર ઇસકે રહસ્યોં કો સમઝાને કે લિયે ઇસમેં શ્રીમદ્ભાગવત કી તરહ રોચક કથાઓં કા સન્નિવેશ નહીં કિયા ગયા હૈ. શ્રીશુકાચાર્ય કે પાસ અપના ઉપદેશ સુનાને ઔર શ્રોતાઓં કો અમૃતપાન કરાને કે લિયે સાત દિન કા સમય થા; કિંતુ ભગવાન શ્રીકૃષ્ણ કે હાથ મેં તો કેવલ થોડેસે મિનિટ હી થે ઔર ફિર જિસ સ્થાન પર ઉન્હોંને ઉપદેશ દિયા, વહાં કા વાતાવરણ ઉસ સમય તીવ્ર ઉત્તેજના કે કારણ અત્યંત ક્ષુબ્ધ હો રહા થા; જૈસે કિ જબ તૂફાન આનેવાલા હોતા હૈ તબ ઉસકી સૂચના કે લિયે પહલે કુછ દેર તક ઘોર નિઃસ્તબ્ધતા છા જાતી હૈ. ભગવાન અધિક દેર તક ન તો ઉપદેશ હી દે સકતે થે, ન મના સકતે થે ઔર ન વે દૃષ્ટાંત આદિ કે દ્વારા સમઝા સકતે થે. ઉન્હેં જો કુછ કહના થા વહ બહુત હી સંક્ષેપ રૂપ મેં ઔર અત્યંત સમાહિત હો કર કહના પડા. ઇસ લિયે ઉપદેશ કી બહુતસી બાતેં કદાચિત્ નિરે શબ્દોં કે દ્વારા નહીં અપિતુ ચેષ્ટાઓં, સંકેતોં અથવા અન્ય કિન્હીં સાધનોં દ્વારા ભી સમઝાયી ગયી હોંગી. વહ ઉપદેશ ઇસ લિયે દિયા ગયા થા કિ અર્જુન ખડા હો કર તુરંત ઘોર સંગ્રામ મેં પ્રવૃત્ત હો જાય, યહી કારણ હૈ કિ યદ્યપિ દેખને મેં ગીતા કી રચનાશૈલી કિલષ્ટ નહીં માલૂમ હોતી, ફિર ભી યહ સબસે દુરૂહ ગ્રંથ હૈ. ઐસી દશા મેં ઇસ પ્રકાર કી મીમાંસા મેં પડ જાના, ન તો સાધન ઔર દર્શન કે દ્વારા હૃદયંગમ કિયે હુએ કિસી સત્ય કે આધાર પર હો ઔર ન જિસકે પઢને સે પઢનેવાલે કી તુરંત હી કર્મ મેં પ્રવૃત્ત હોને કી સંભાવના હો—ગીતા કે પ્રતિ ઉદ્ધતપન કા વ્યવહાર કરના હૈ. ગીતા કા ભાવ ઇતના ગૂઢ હૈ ઔર ઉસ પર સ્વયં શ્રીકૃષ્ણ કે વ્યક્તિત્વ એવં સાક્ષાત્ સાન્નિધ્ય કી ઐસી છાપ પડી હુઇ હૈ કિ ઉસકા તાત્પર્ય તભી સમઝ મેં આ સકતા હૈ, જબ સ્વયં શ્રીકૃષ્ણ હૃદય મેં બોલને લગે.

ઇસ લિયે એક યતમાન જીવ કી હૈસિયત સે મૈં અપને કુછ અનુભવોં કા ઉલ્લેખ કરૂંગા, જિન્હેં મૈં સારી માનવજાતિ કી સંપત્તિ સમઝતા હૂં. **ગીતા કા અનુશીલન કરને કી સબસે ઉત્તમ રીતિ મુઝે ઉસ ભક્ત કી માલૂમ હુઇ જિસકા શ્રીગૌરાંગ જૈસે અવતારી અતિ અસામાન્ય પુરુષ ને ઉલ્લેખ કિયા હૈ. મૈંને ઉસકા અધ્યયન કિયા, કિંતુ ઉસમેં અધિક પ્રવેશ નહીં કર સકા. ઇસ લિયે મૈંને અપને મન મેં યહ ઠાન લિયા કિ મૈં શ્રીકૃષ્ણ કે સ્વર કે સાથ અપના સ્વર ઇસ પ્રકાર મિલા દૂં કિ જિસસે વે સ્વયં અપના અભિપ્રાય મેરે સામને પ્રકટ કર દે. મુઝે શ્રીમદ્ભાગવત, ગીતા કી સબસે જોશીલી વ્યાખ્યા માલૂમ હોતા હૈ. ઉસકે પઢને સે મેરે ચિત્ત મેં**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભગવાન શ્રીકૃષ્ણ સે મિલને કી ઔર ઉનકા પ્યારા બનને તથા ઉન્હેં અપના વલ્લભ બનાને કી ઉત્કટ અભિલાષા એવં ઉત્કંઠા ઉત્પન્ન કરને મેં બહુત કુછ સહાયતા અવશ્ય મિલી. ઉસ ભાગવત કે પઢને કા ફલ યહ હુઆ કિ મૈં ભગવાન કે લિયે રોને ઔર આંસૂ બહાને લગા. જબ જબ મુઝે આવશ્યકતા હોતી થી, શ્રીમદ્‌ભાગવત કે શ્લોક સુમધુર ધ્વનિ કે સાથ અપને આપ હી મેરે ચિત્ત મેં આ જાતે થે ઔર એક કભી ન ચૂકનેવાલે મિત્ર કી ભાંતિ માનો પદ–પદ પર મુઝે પથ પ્રદર્શિત કરતે થે. ગીતા ઔર ભાગવત સે મેરી કિસ પ્રકાર ઉન્નતિ હુઇ, ઇસ બાત કો બતલાને કે લિયે મૈં નિમ્ન-લિખિત શ્લોક, જિસકા મેરે ચિત્ત પર સબસે પહલે અસર પડા હૈ ઔર જિસકે દ્વારા મૈં અપને આચરણ કો સાંચે મેં ઢાલ સકા, ઉદાહરણરૂપ મેં ઉદ્ધૃત કરતા હૂં.

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः । अनेन प्रसविष्यध्वमेषवोऽस्त्विष्टकामधुक् ॥
(गीता ३, १०)

ઇશ્વર ને જબ અપની સંતાન પૈદા કી, તબ ઉનકે સાથ હી ઉત્સર્ગ એવં સેવા કા ભાવ ભી ઉત્પન્ન કિયા ઔર ઉનસે કહા: "ઇસ ઉત્સર્ગ કે ભાવ કી પુષ્ટિ કે દ્વારા ફલો ઔર ફૂલો. ઇસીસે તુમ્હેં વાંછિત ફલ કી પ્રાપ્તિ હોગી." જિસ સમય શ્રીકૃષ્ણ ઉન યજ્ઞ કરનેવાલે બ્રાહ્મણોં કી પરીક્ષા લેને જા રહે થે, ઉસ સમય ઉન્હોંને ગોપાલોં કો જો ઉપદેશ દિયા વહ મુઝે ઇસ શ્લોક મેં આયે હુએ **'યજ્ઞ'** શબ્દ કે અર્થ ઔર ઉસકે દ્વારા ફલને ફૂલને કી વિધિ ઉન્હીંકે દ્વારા કી હુઇ વ્યાખ્યા પ્રતીત હુઇ. યમુના કે તટ પર ખડે હુએ ઊંચે વૃક્ષોં કી ઓર સંકેત કર કે ભગવાન કહને લગે:—

पश्यतैतान् महाभागान् परार्थैकान्तजीविनः । वातवर्षातपहिमान् सहन्तो वारयन्ति नः ॥
एतावज्जन्मसाफल्यं देहिनामिह देहिषु । प्राणैरर्थैर्धिया वाचा श्रेय एवाचरेत् सदा ॥

"ઇન શ્રેષ્ઠ જીવોં કી ઓર દેખો, જિનકે જીવન કા એકમાત્ર ઉદ્દેશ્ય દૂસરોં કી સેવા કરના હૈ. યે સ્વયં હવા કે ઝકોરોં ઔર ધૂપ, વર્ષા એવં પાલે કી માર સહતે હૈં; કિંતુ હમ લોગોં કી ઇન સબસે રક્ષા કરતે હૈં. જીવન કી સાર્થકતા ઇસીમેં હૈ કિ સારે પ્રાણી દૂસરે પ્રાણિયોં કે હિત કે લિયે નિરંતર અપની જીવન-શક્તિ, અપની સંપત્તિ, અપની બુદ્ધિ ઔર અપની વાણી કા ઉપયોગ કરેં." ઇસ ઉપદેશ કા પહલા અસર જો મુઝ પર હુઆ વહ યહ થા કિ જો કુછ મૈંને પ્રાપ્ત કિયા થા ઉસકે દ્વારા મૈંને અપને નિકટ સંબંધિયોં કો અર્થાત્ અપની અપની પત્ની ઔર બહનોં કો ભી લાભ પહુંચાના પ્રારંભ કર દિયા. શુરૂ મેં મુઝે ઐસા કરને મેં બડી કઠિનાઇ કા સામના કરના પડા, કિંતુ મૈંને હિંમત નહીં છોડી. મૈંને ઉનસે બારંબાર અનુ-નય વિનય કી ઔર પીછે પૈર નહીં દિયા. અંત મેં ભગવાન ને કૃપા કી ઔર મેરી ધર્મપત્ની કી ચિત્ત-વૃત્તિ ઇસ ઓર ઝૂકી. ફિર મેરી બહનેં ભી, જો મુઝસે અલગ રહતી થીં, મેરે ઇસ કાર્ય મેં શામિલ હો ગયીં. ઇન્હોંને અન્ય સ્ત્રિયોં ઔર લડકિયોં કો ભી જીવન કે ઇસ ભાગવતાનુમોદિત માર્ગ કી ઓર આકર્ષિત કિયા. ઇસ પ્રકાર મૈંને યજ્ઞ કા જો પહલા અનુષ્ઠાન કિયા ઉસમેં મુઝે આશાતીત સફલતા પ્રાપ્ત હુઇ. પહલે તો મેરા યહ વિચાર થા કિ મૈં અપની સ્ત્રી ઔર બચ્ચે કે નિર્વાહ કા પ્રબંધ કર શીઘ્ર હી સંન્યાસ ગ્રહણ કરું; કિંતુ જબ મૈંને અપને ઘર કે લોગોં કો સ્વતંત્ર જીવ સમઝ કર જો કુછ ભી મૈંને સત્ય કી ખોજ કર કે પ્રાપ્ત કિયા થા ઉસે ઉન્હેં ખુલે હાથોં વિતરણ કરના પ્રારંભ કિયા; તો વે શીઘ્ર હી અપને જીવન કો ઉચ્ચ સાધન ઔર સેવા કા ઉપકરણ બનાને કે લિયે મેરે પ્રયત્ન મેં શામિલ હો ગયે; ફિર મેરે લિયે સંન્યાસ કે દ્વારા મુક્તિ કા સાધન ઢુંઢને કી આવશ્યકતા નહીં રહી. **હમ સારે કે સારે કામ કરને, આગે બઢને ઔર સેવા કરને કે લિયે ઉત્સુક થે. ઇસ પ્રકાર અપને થોડે હી દિનોં કે અનુભવ મેં મુઝે યહ માલૂમ હો ગયા કિ યજ્ઞ સે મેરે સારે મનોરથ સિદ્ધ હો સકતે હૈં. અબ હમ લોગ સેવા કે અધિકાધિક અવસર પ્રાપ્ત કરને કે લિયે વ્યાકુલ રહતે હૈ ઔર જબ જબ જિતની હમારી યોગ્યતા હોતી હૈ ઉસકે અનુસાર ભગવાન હમારે લિયે સેવા કે અવસર ભેજતે રહતે હૈં.**

મેરી શેષ કથા યહ હૈ કિ ગીતા ઔર ભાગવત ને શીઘ્ર હી મેરે અંદર સત્સંગ ઔર સાધુસેવા કી ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન કર દી તથા ઉનસે ન કેવલ મુઝે બહુત કુછ શિક્ષા હી મિલી; અપિતુ યહ ઉન્હીંકા પ્રભાવ થા જો મેરી ઇચ્છા ન હોને પર ભી મૈં દૌડા દૌડા એક મહાત્મા કે પાસ ગયા. મૈંને ઉનસે શ્રીમદ્-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાગવત કી ચર્ચા કી ઔર ઉન્હોંને મુઝે શ્રીકૃષ્ણ કે સંબંધ મેં બહુતસી બાતેં કહી. યહી નહીં, ઉન્હોંને મુઝે ઇસ માર્ગ પર ઔર ભી અગ્રસર કિયા. તબ મુઝે પ્રસ્થાનત્રય પઢને કી ઇચ્છા હુઇ, જિનકી વ્યાખ્યા વે કઇ લોગોં કો સુનાયા કરતે થે. પરંતુ ઉન્હોંને કહા કિ, "જબ તુમને ભગવાન કૃષ્ણ ઔર શ્રીમદ્ભાગવત કા હી આશ્રય લે લિયા હૈ ઔર જબ શૃંગેરિ મઠ કે સ્વામીજી મહારાજ ને, જો ભગવાન શંકરાચાર્ય કે હી સ્વરૂપ હૈં, **એક બાર જબ તુમ રોતે ઔર બિલખતે થે, તુમ્હેં સ્વપ્ન મેં દર્શન દે કર તુમ્હારે હાથોં મેં શ્રીમદ્ભાગવત કી પુસ્તક પકડા દી થી ઔર કહા થા કિ 'યહી તુમ્હેં શ્રીકૃષ્ણસે મિલા દેગી' તબ તુમ્હારે લિયે ઉન્હીંકે આદેશ કા પાલન કરના ઉચિત એવં પર્યાપ્ત હોગા."** ફિર ભી ઉન્હોંને ઇતના અવશ્ય કહા કિ યદિ તુમ્હેં અધિક ચાહ હૈ તો મૈં તુમ્હેં કિસી શુભ મુહૂર્ત મેં કેવળ ગીતાભાષ્ય કી આદ્યંત શાંતિ કા ઉપદેશ દૂંગા ઔર ફિર જબ તુમ્હેં આવશ્યકતા હોગી, તભી તુમ્હારે હૃદય મેં ગીતા કે જ્ઞાન કી જો તુમ્હેં અભીષ્ટ હૈ–અપને આપ સ્ફૂર્તિ હો જાયગી. તદનુસાર ઉન્હોંને એક દિન શુભ મુહૂર્ત મેં આદ્યંત શાંતિપાઠ કિયા. ઉસ દિનસે કભી કભી મેરે અંદર ગીતા કા પરિશીલન કરને કી ઇચ્છા ઉત્પન્ન હો જાયા કરતી હૈ. ખાસ ખાસ શ્લોક મેરે ચિત્ત પર અટક જાતે હૈ ઔર મેરે હૃદય મેં બાર બાર ચક્કર લગતે હૈં. શ્રીમદ્ભાગવત કે કેવલ ભક્તિવિષયક શ્લોક મેરે મન મેં સદા ગૂંજતે રહેતે હૈ; કિંતુ ગીતા કે જિન શ્લોકોં મેં ભક્તિ કા માહાત્મ્ય બતલાયા ગયા હૈ ઔર ઉસીકા ઉપદેશ દિયા ગયા હૈ વે મુઝે સ્મરણ નહીં આતે; અપિતુ જિનમેં સ્થિતપ્રજ્ઞ કે લક્ષણ કહે ગયે હૈં, વે મેરે ચિત્ત મેં બારંબાર ઘૂમતે રહતે હૈં. મેરી સમઝ મેં નહીં આતા કિ ઐસા ક્યોં હોતા હૈ; કિંતુ મૈં ઇસ બાત કો જાનને કી ચેષ્ટા ભી નહીં કરતા. મુઝે ઐસા અનુભવ હોતા હૈ કિ શ્રીકૃષ્ણ મુઝસે બાતેં કરતે હુએ મેરે આગે આગે ચલ રહે હૈ, કિંતુ મેરી યહ પૂછને કી ઇચ્છા નહીં હોતી કિ વે મુઝે ક્યા દે રહે હૈ? મેરી યહ ધારણા હૈ કિ સમય આને પર યે સબ બાતેં અપને આપ મુઝ પર પ્રગટ હો જાયગી. કિસી દિન જબ અર્જુન કી ભાંતિ મેરે પાસ ભી ભગવાન ખડે હો કર શબ્દોં કે અતિરિક્ત અપને કટાક્ષોં, વાત્સલ્ય, સાન્નિધ્ય ઔર સબસે અધિક જ્ઞાનદીક્ષા દેને કી ઇચ્છા કે દ્વારા મુઝે સમઝાવેંગે, ઉસ દિન, મુઝે આશા હૈ કિ મૈં ગીતા કે આનંદ કા અનુભવ કર સકૂંગા. તબ મુઝે વિશ્વાસ હૈ કિ જિસ પ્રકાર શ્રીગૌરાંગને અપને આચરણ એવં કર્મ કે દ્વારા ઉપદેશ દિયા થા ઉસી પ્રકાર મૈં ભી દે સકૂંગા ઔર ઇસ પ્રકાર ભગવાન કી સેવા કરને કા આનંદ પ્રાપ્ત કરને મેં સમર્થ હોઉંગા.

('કલ્યાણ'ના એક અંકમાંથી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભારતવર્ષની જનનીઓને

(લેખકઃ–પંડિત મદનમોહન માલવિયાજી)

દરેક યુવકે બ્રહ્મચારી વિદ્યાર્થી–જીવનનું વ્રત લઇને નિયમિત વ્યાયામનું સેવન કરવું જોઇએ, એમ હું જ્યારે કહું છું ત્યારે એકલા યુવકોને–એકલા કુમારોને ઉદ્દેશીનેજ નથી બોલતો; પણ ત્યારે હું ભારતવર્ષની કુમારીઓને પણ કસરત કરવાનું કહું છું.

પુરાતન કાળમાં આર્ય નારી આજના જેવી નિર્બળ નહોતી. જેને ઊંચકવા જતાં લંકાપતિ દશાનનના ગર્વના ચૂરેચૂરા થઇ ગયા હતા, એ શિવધનુષ્યને પોતાની એક આંગળીએ સાવ સહેલાઇથી ફેરવતાં માતા સીતાદેવીમાં કેટલું અગાધ સામર્થ્ય હતું, તેની તમને કલ્પના આવી શકે છે? પોતાને ઊંચકી જતા બળશાળી જયદ્રથ રાજાને ધક્કો લગાવી પાતાળમાં હડસેલી દેનારાં પાંડવપત્ની દ્રૌપદીજી કેટલી અતુલ તાકાત ધરાવતાં હતાં, તેનો તમને ખ્યાલ આવી શકે છે? યુદ્ધમાં એકચિત્ત બનેલા દશરથ રાજાના રથની ધરી એકાએક તૂટી ગઈ, ત્યારે પોતાની આંગળી ધરીને સ્થાને ગોઠવીને, દશરથ મહારાજને વિજયી બનાવનારાં કૈકેયીની શક્તિનું તમે માપ કાઢી શકો છો? ભૂતકાળમાં આર્ય નારી એવી અદ્ભુત શક્તિ ધરાવતી અને શક્તિ માતાનું ગર્વદાયી નામ પામીને પૂજાતી.

આજે એક ભારતવર્ષ સિવાય, આખી દુનિયાભરની નારીઓ 'શક્તિ માતા' બનવા જેટલું સામર્થ્ય ધરાવે છે. માત્ર ભારતવર્ષની મહિલાજ અબળા બની ગઇ છે. એક પ્રજા તરીકે આપણે સ્વમાનપ્રિય બનવું હોય, તો આપણા પુત્રો અને પુત્રીઓને દુનિયાના કોઈ પણ દેશનાં પુત્ર-પુત્રીઓ સાથે શારીરિક તાકાતમાં સ્પર્ધા કરી શકે એવાં બળશાળી બનાવ્યા સિવાય છૂટકોજ નથી. હું વૃદ્ધ છતાં, પ્રભુધામ તરફ પ્રયાણ માંડું એ પહેલાં, આ પવિત્ર ભૂમિ ઉપર એવો રૂડો દિવસ જોવા તલસું છું કે, જ્યારે મારી પાસે બેઠેલી આ બાળાઓમાંથી કૈકેયીઓ, દ્રૌપદીઓ અને સીતાદેવીઓ પ્રકટ થઇને ભારતવર્ષના અને ભારતીય સંસ્કૃતિના વિજયની ગાથાઓ ગાતી હોય. આજે બાળલગ્નની ક્રૂર રૂઢિએ આપણાં નવજુવાન, કુમાર અને કુમારીઓનાં તેજ હરી લીધાં છે અને બીજી અનેક રીતે, હિંદી પ્રજાના–ખાસ કરીને હિંદુ કોમના પ્રાણનો વધ થઈ રહ્યો છે. એ બધું છતાં, હું આશા રાખું છું કે, મારી પાસે બેઠેલા આ પ્રફુલ્લ વદનવાળા જુવાનો એ ક્રૂર રૂઢિઓને જોતજોતામાં દફનાવી દેશે અને ભાવિ ભારતવર્ષની જન્મદાત્રીઓને એવી પ્રતાપી, એવી પ્રાણવાન અને એવી શક્તિવાળી બનાવશે કે, તેમના પ્રતાપે આ ભારતવર્ષ પ્રાચીનકાળમાં જેવું હતું તેવું જગતભરનું પુનિત તીર્થધામ બની રહેશે!

(તા ૩૦-૭-૧૯૨૭ ના "સૌરાષ્ટ્ર"ના મુખપૃષ્ઠ ઉપરથી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीमद्भागवतनी अनुक्रमणिका

વિષય પૃષ્ઠાંક

શરૂભાગમાંના પ્રકીર્ણ વિષયો

શ્રીમદ્દભાગવત વિષે જાણવા જેવા વિચારો

૧ શ્રીકૃષ્ણચરિત્ર ૧૭
૨ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ૨૪
૩ શ્રીકૃષ્ણની ગુરુદક્ષિણા ૨૮
૪ શ્રીકૃષ્ણ અને ઉદ્ધવ ૩૩
૫ શ્રીકૃષ્ણાર્જુન-યુદ્ધ ૩૮
૬ શું કૃષ્ણ દ્વારકાના રાજા હતા? ૪૧
૭ શ્રીકૃષ્ણનું ચારિત્ર્ય ૪૮
૮ હિંદુ જાતિના આદર્શ પુરુષ શ્રીકૃષ્ણ ... ૬૦
૯ પધારો, ઓ કૃષ્ણચંદ્ર ૬૧
૧૦ શ્રીકૃષ્ણ પ્રભુ કર્મયોગી! (કાવ્ય) ૬૩

પુરાણો વિષે જાણવા જેવા લેખો

૧ પુરાણો વિષે સ્વ૦ મણિલાલ ન૦ દ્વિવેદીના વિચાર ૬૩
૨ પુરાણ મહિમા ૬૬
૩ શ્રીમત્ શંકરાચાર્ય ને ભાગવતની પ્રાચીનતા ૬૮
૪ શ્રીમદ્દભાગવત કી યોગ્યતા ૭૧
૫ ભાગવતકા ઉદ્દેશ, કર્તા, રચનાકાળ ઇત્યાદિ ૭૨
૬ ભાગવતકી શ્રીધરી ટીકા ઔર શ્રીધરસ્વામી ૭૫
૭ મહાત્મા શ્રીધર સ્વામીનું ચરિત્ર ૭૬
૮ જયદેવને ગીતગોવિંદ ૮૦૦ વર્ષ પર બનાયા થા ૭૯

મનન કરવા જેવા કેટલાક લેખો

૧ શ્રીરામાનુજાચાર્ય અને અસ્પૃશ્યતા... ... ૮૧
૨ ધર્મના ઇજારદારોને ૮૩
૩ કલિયુગના ધર્મો, ધર્માચાર્યો અને સાધુસંતો ૮૫
૪ પ્રભુ-મંદિર ૮૮
ગીતા ઔર ભાગવત કે અધ્યયન તથા પ્રવચનકી ઉત્તમ વિધિ ૮૯
ભારતવર્ષની જનનીઓને ૯૩
વિનિયોગ, ન્યાસ, ધ્યાન ઇ૦ ... ... ૧૦૬
બાર સ્કંધ એ ભગવાનનાં બાર અંગ છે ૧૦૬
શ્રીમદ્દભાગવતનો પૂજનવિધિ ૧૦૭

અધ્યાય **માહાત્મ્ય**

૧ ભક્તિ અને નારદનો સમાગમ ૧
૨ સનકાદિ કુમાર ને નારદનો સંવાદ ૫
૩ ભક્તિના દુઃખનું નિવારણ ૮
૪ આત્મદેવ બ્રાહ્મણનો મોક્ષ ૧૧
૫ ગોકર્ણનું વર્ણન ૧૫

અધ્યાય વિષય પૃષ્ઠાંક

૬ શ્રીમદ્દભાગવતના શ્રવણનો વિધિ ૧૯

પ્રથમ સ્કંધ

૧ મંગલાચરણ અને શૌનકના ૭ પ્રશ્નો ... ૨૭
૨ શૌનકના ચાર પ્રશ્નોના ઉત્તર ૩૧
૩ અવતારકથા અને તેનાં ચરિત્રો ૩૪
૪ તપ અને વેદાદિનું જ્ઞાન છતાં વ્યાસને થયેલો અસંતોષ ૩૮
૫ વ્યાસને નારદજીનો ઉપદેશ-સર્વ ધર્મો કરતાં હરિકીર્તનનું ગૌરવ ૪૦
૬ વ્યાસની ખાતરી માટે નારદે કહેલો પોતાના પૂર્વજન્મનો ઇતિહાસ... ... ... ૪૪
૭ પાંડવોના બાળકોના વધ માટે અશ્વત્થામાને શિક્ષા ૪૭
૮ અશ્વત્થામાના અસ્ત્રથી પરીક્ષિતની રક્ષા, કુન્તીની સ્તુતિ અને રાજા યુધિષ્ઠિરનો શોક ૫૨
૯ ભીષ્મે યુધિષ્ઠિરને આપેલો ધર્મોપદેશ, શ્રીકૃષ્ણ-સ્તુતિ અને તેમની મુક્તિ ૫૬
૧૦ શ્રીકૃષ્ણનું દ્વારકાગમન ૬૦
૧૧ શ્રીકૃષ્ણનો દ્વારકામાં પ્રવેશ અને ત્યાં આનંદ ૬૩
૧૨ પરીક્ષિતનો જન્મ અને બ્રાહ્મણોનું ભવિષ્યકથન ૬૭
૧૩ વિદુરના ઉપદેશથી ધૃતરાષ્ટ્ર અને ગાંધારીનું હિમાલય તરફ પ્રયાણ... ... ... ૬૯
૧૪ યુધિષ્ઠિરને વિવિધ અપશુકનનાં દર્શન અને દ્વારકાથી આવેલા અર્જુનને તેમના પ્રશ્નો ... ૭૪
૧૫ અર્જુનનો ઉત્તર, શ્રીકૃષ્ણનું સ્વધામગમન અને પાંડવોનું સ્વર્ગારોહણ ૭૭
૧૬ કલિયુગથી પીડાતા ધર્મ તથા પૃથ્વીનો સંવાદ અને પરીક્ષિતનું ત્યાં આવવું ૮૨
૧૭ પરીક્ષિતે કલિયુગને કરેલી શિક્ષા ૮૫
૧૮ પરીક્ષિત રાજાને બ્રાહ્મણનો શાપ ૮૮
૧૯ ગંગાતટે પરીક્ષિત રાજાનું અનશન અને ત્યાં શુકદેવજીનું પધારવું ૯૨

દ્વિતીય સ્કંધ

૧ મનુષ્યકર્તવ્ય અને વિરાટપુરુષનું વર્ણન ... ૯૭
૨ સ્થૂલ ધારણા પછી સર્વસાક્ષી સર્વેશ્વરમાં ધારણા ૧૦૦
૩ વિષ્ણુભક્તિની વિશિષ્ટતા ૧૦૫
૪ શુકદેવજીની પ્રભુપ્રાર્થના ૧૦૭
૫ બ્રહ્મા અને નારદનો સંવાદ-શ્રીહરિની સૃષ્ટિ આદિ લીલા ૧૦૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૬	વિરાટપુરુષની વિભૂતિ અને પુરુષસૂક્તના આધારે સર્વ નિર્ણય … … … …	૧૧૩
૭	બ્રહ્મા–નારદ સંવાદ (ચાલુ)–બ્રહ્મદેવે કરેલું ભગવાનના લીલાવતારોનું વર્ણન… …	૧૧૭
૮	ઈશ્વર તથા જીવને શરીરનો સંબંધ થવામાં શું કારણ છે? વગેરે પરીક્ષિતના અનેક પ્રશ્નો … … … … …	૧૨૪
૯	પરીક્ષિત રાજાના પ્રશ્નના ઉત્તર–ભગવાને બ્રહ્મદેવને કહેલા ચતુઃશ્લોકી ભાગવતનો ઉપદેશ… … … … …	૧૨૬
૧૦	શ્રીભાગવતની વ્યાખ્યાદ્વારા પરીક્ષિત રાજાના પ્રશ્નનો ઉત્તર … … … …	૧૩૦

તૃતીય સ્કંધ

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૧	યાત્રા માટે નીકળેલા વિદુરજીનો ઉદ્ધવ સાથે સંવાદ … … … … …	૧૩૭
૨	શ્રીકૃષ્ણના વિયોગથી ઉદ્ધવજીનો શોક અને તેમણે કરેલું શ્રીકૃષ્ણનાં બાળચરિત્રોનું વર્ણન	૧૪૧
૩	મથુરા તથા દ્વારકામાં શ્રીકૃષ્ણનાં ચરિત્રો	૧૪૪
૪	બંધુઓનો નાશ સાંભળી વિદુરનું આત્મજ્ઞાન માટે મૈત્રેય પાસે જવું … …	૧૪૭
૫	વિદુરજીના પ્રશ્નથી મહામુનિ મૈત્રેયે વર્ણવેલી મહત્તત્ત્વ વગેરેની સૃષ્ટિ … …	૧૪૯
૬	વિરાટસૃષ્ટિ અને અધિદૈવાદિ ભેદ… …	૧૫૪
૭	જીવાત્મા બ્રહ્મસ્વરૂપજ છે, છતાં તેને અવિદ્યા સાથે સંબંધ કેમ?… … … …	૧૫૭
૮	જલશાયી ભગવાનની નાભિમાંથી બ્રહ્મદેવની ઉત્પત્તિ … … … … …	૧૬૦
૯	બ્રહ્માએ કરેલી શ્રીનારાયણની સ્તુતિ …	૧૬૪
૧૦	દશ પ્રકારની પ્રાકૃત આદિ સૃષ્ટિ… …	૧૬૮
૧૧	પરમાણુ વગેરેનાં લક્ષણોથી કાળની ગણતરી	૧૭૧
૧૨	બ્રહ્માની માનસી તથા મૈથુની સૃષ્ટિ …	૧૭૫
૧૩	ભગવાનનો વરાહ અવતાર ને હિરણ્યાક્ષનો વધ … … … … … …	૧૭૯
૧૪	દિતિને કશ્યપથી રહેલો ગર્ભ અને હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુની ઉત્પત્તિ …	૧૮૩
૧૫	વૈકુંઠમાં જય–વિજયને સનત્કુમારોનો શાપ	૧૮૭
૧૬	શ્રીહરિએ સનકાદિનું કરેલું સાંત્વન અને તેઓની જય–વિજય પર કૃપા … …	૧૯૨
૧૭	હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુનો જન્મ અને દિગ્વિજયમાં હિરણ્યાક્ષનો અદ્ભુત પ્રભાવ	૧૯૬
૧૮	હિરણ્યાક્ષ ને વરાહ ભગવાનનું મહાન યુદ્ધ	૧૯૯
૧૯	હિરણ્યાક્ષનો વધ … … … …	૨૦૨
૨૦	સૃષ્ટિરચના … … … … …	૨૦૪
૨૧	કર્દમ ઋષિ પર શ્રીભગવાનની પ્રસન્નતા અને કર્દમની પાસે મનુનું આગમન …	૨૦૯
૨૨	મનુએ પોતાની પુત્રી કર્દમ ઋષિ સાથે પરણાવી … … … … … …	૨૧૨
૨૩	કર્દમ અને દેવહૂતિનો વિમાનમાં ભોગવિલાસ ને દેવહૂતિથી નવ કન્યાઓનો જન્મ …	૨૧૫
૨૪	કપિલદેવનો જન્મ અને કર્દમ મુનિનો સંન્યાસ … … … … …	૨૧૯
૨૫	માતાના પ્રશ્નથી કપિલદેવે કહેલું ભક્તિનું લક્ષણ … … … … … …	૨૨૨
૨૬	પ્રકૃતિ–પુરુષનો ભેદ દર્શાવવા માટે સાંખ્યશાસ્ત્રના આધારે સર્વે પદાર્થોની ઉત્પત્તિ તથા લક્ષણ … … … … … …	૨૨૫
૨૭	પ્રકૃતિ–પુરુષના વિવેકથી મોક્ષની રીતિ…	૨૩૧
૨૮	સબીજયોગનું લક્ષણ અને અષ્ટાંગયોગદ્વારા સર્વોપાધિથી મુક્ત પોતાના સ્વરૂપનું જ્ઞાન	૨૩૪
૨૯	ભક્તિયોગના ભેદ, કાળનું બળ અને ઘોર સંસારનું વર્ણન … … … …	૨૩૮
૩૦	કામી પુરુષોની પાપને લીધે તામસી અધોગતિ	૨૪૧
૩૧	પુણ્યપાપની મિશ્રતાથી મનુષ્યજન્મની પ્રાપ્તિ અને ગર્ભવાસમાં જીવની ઈશ્વરસ્તુતિ …	૨૪૩
૩૨	સાત્ત્વિક ધર્મોથી ઉપરના લોકમાં ગતિ અને તત્ત્વજ્ઞાન વિના પુનઃ સંસારપ્રાપ્તિ …	૨૪૭
૩૩	કપિલદેવના ઉપદેશથી માતા દેવહૂતિની જીવન્મુક્તિ … … … … …	૨૫૧

ચતુર્થ સ્કંધ

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૧	સ્વાયંભુવ મનુની કન્યાઓના વંશો અને ભગવાનના યજ્ઞાદિ અવતારો … …	૨૫૫
૨	મહાદેવ અને દક્ષના વિરોધનું કારણ …	૨૫૯
૩	દક્ષના યજ્ઞોત્સવમાં જતાં સતીને શંકરે અટકાવ્યાં … … … … …	૨૬૧
૪	દક્ષના યજ્ઞમાં સતીનું અપમાન અને તેમણે કરેલો દેહત્યાગ … … …	૨૬૪
૫	ભગવાન શંકરનો ક્રોધ અને વીરભદ્રદ્વારા દક્ષનો વિનાશ… … … … …	૨૬૭
૬	દક્ષ આદિના જીવન માટે બ્રહ્માની શંકરને પ્રાર્થના … … … … … …	૨૬૯
૭	મહાદેવની કૃપાથી દક્ષ સજીવન થયો અને યજ્ઞનો પુનરુદ્ધાર … … … … …	૨૭૨
૮	ધ્રુવચરિત્ર–સાવકી માતાનાં કઠોર વચનોથી ધ્રુવનું વનગમન, તપશ્ચર્યા અને ભગવાનની પ્રસન્નતા … … … … …	૨૭૮

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૯	ધ્રુવચરિત્ર-(ચાલુ) શ્રીહરિની સ્તુતિ કરી, વરદાન મેળવી ધ્રુવનું પાછા ફરવું ને પિતાએ આપેલું રાજ્ય કરવું...	૨૮૩
૧૦	ધ્રુવે ભાઈનો વધ કરનારા યક્ષોનો કરેલો વિનાશ	૨૮૮
૧૧	તત્ત્વોપદેશ આપી મનુએ ધ્રુવને યક્ષોનો સંહાર કરતો રોક્યો...	૨૯૦
૧૨	ધ્રુવને શ્રીહરિના સ્થાનની પ્રાપ્તિ	૨૯૨
૧૩	પુત્રની ક્રૂરતાથી કંટાળીને વેનનો પિતા અંગ વનમાં ચાલ્યો ગયો...	૨૯૫
૧૪	વેનનો રાજ્યાભિષેક અને બ્રાહ્મણોએ કરેલો તેનો વિનાશ	૨૯૮
૧૫	પૃથુરાજાનો જન્મ અને તેનો રાજ્યાભિષેક	૩૦૧
૧૬	મુનિઓની પ્રેરણાથી સ્તુતિપાઠકોએ કરેલી પૃથુરાજાની સ્તુતિ	૩૦૨
૧૭	પૃથ્વીએ પૃથુરાજાની સ્તુતિ કરી... ...	૩૦૪
૧૮	પૃથુરાજાએ કરેલું પૃથ્વીનું દોહન... ...	૩૦૭
૧૯	યજ્ઞના ઘોડાનું હરણ કરનાર ઇન્દ્રનો વધ કરતા પૃથુને બ્રહ્માએ વાર્યા	૩૦૯
૨૦	યજ્ઞમાં શ્રીવિષ્ણુનો પૃથુરાજાને ઉપદેશ અને બન્નેની પરસ્પર પ્રીતિ	૩૧૨
૨૧	યજ્ઞસમયે દેવો વગેરેની મહાસભામાં પૃથુરાજાનો પ્રજાઓને ઉપદેશ...	૩૧૫
૨૨	પૃથુરાજાને ભગવાન સનત્કુમારનો ઉત્તમ જ્ઞાનોપદેશ	૩૨૦
૨૩	પૃથુરાજાનું તપશ્ચર્યા માટે વનગમન અને અંતે વિમાનદ્વારા વૈકુંઠગમન	૩૨૫
૨૪	પ્રચેતાઓનો જન્મ અને શંકરે તેઓને ઉપદેશેલું રુદ્રગીત	૩૨૮
૨૫	પ્રચેતાઓની તપશ્ચર્યા અને નારદનો પ્રાચીનબર્હિષને અધ્યાત્મનો ઉપદેશ ...	૩૩૪
૨૬	પુરંજનઆખ્યાન (ચાલુ) સદ્બુદ્ધિના ત્યાગથી અને યોગથી જીવના સંસારનું સ્વરૂપ	૩૪૧
૨૭	પુરંજનઆખ્યાન (ચાલુ)-પુરંજનની શોચનીય સ્થિતિ	૩૪૫
૨૮	પુરંજનઆખ્યાન (ચાલુ)-સ્ત્રીના ચિંતનથી પુરંજનનો સ્ત્રીનો અવતાર અને છેવટે મોક્ષ	૩૪૮
૨૯	પુરંજનઆખ્યાનનો ઉપસંહાર-સ્ત્રીસંગથી સંસાર અને ઈશ્વરસંગથી મોક્ષ	૩૫૪
૩૦	પ્રચેતાઓનું વૃક્ષકન્યા સાથે લગ્ન અને રાજ્યશાસન	૩૬૩
૩૧	દક્ષને રાજ્ય અને પ્રચેતાઓની મુક્તિ...	૩૬૬
	પંચમ સ્કંધ	
૧	પ્રિયવ્રતની રાજ્યસ્થિતિ અને જ્ઞાનનિષ્ઠા	૩૬૯
૨	સ્ત્રીલંપટ આગ્નીધ્ર રાજાનું ચરિત્ર... ...	૩૭૪
૩	નાભિ રાજાનું માંગલિક ચરિત્ર	૩૭૭
૪	શ્રીઋષભદેવને ત્યાં સો પુત્રોનો જન્મ ને પ્રજાઓનો આનંદ...	૩૮૦
૫	ઋષભદેવનો પુત્રોને મોક્ષધર્મનો ઉપદેશ અને તેમની પરમહંસદીક્ષા...	૩૮૨
૬	ઋષભદેવે કરેલા દેહત્યાગનું વર્ણન-પોતાને બાળતા દાવાનળને પણ તેમણે ન ગણકાર્યો	૩૮૭
૭	ભરત રાજાનું હરિક્ષેત્રમાં હરિભજન ...	૩૮૯
૮	કર્મના અંતરાયથી મૃગમાં આસક્ત થતાં ભરતજીનો મૃગજાતિમાં જન્મ	૩૯૧
૯	પ્રારબ્ધના કર્મયોગે ભરતજીનો જડ બ્રાહ્મણ તરીકે જન્મ અને ભદ્રકાલીના પશુ તરીકે ઘસડાવા છતાં તેમની નિર્વિકાર સ્થિતિ	૩૯૪
૧૦	રાજા રહૂગણ ને જડભરત...	૩૯૮
૧૧	જડભરતજીએ રહૂગણને કરેલો બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ...	૪૦૨
૧૨	યોગી જડભરતજીએ રહૂગણના સર્વ સંશયો દૂર કર્યા...	૪૦૪
૧૩	જડભરતજીએ કરેલું ભવાટવીનું વર્ણન...	૪૦૭
૧૪	ભવાટવીના વર્ણનનું સ્પષ્ટીકરણ... ...	૪૧૦
૧૫	ભરતવંશી રાજાઓનું વર્ણન	૪૧૫
૧૬	જંબૂદ્વીપના નવ ખંડોનું વર્ણન અને મેરુ પર્વતની સ્થિતિ	૪૧૭
૧૭	ગંગાનું ચારે દિશાઓમાં વહેવું અને શંકરે કરેલું સંકર્ષણનું સેવન	૪૨૦
૧૮	ભદ્રાશ્વ આદિ ૭ ખંડોના ઉપાસ્ય દેવો તથા તેમના ઉપાસક ભક્તો	૪૨૩
૧૯	કિંપુરુષ તથા ભારતવર્ષના ઉપાસ્ય દેવો અને ઉપાસક ભક્તો	૪૨૮
૨૦	પ્લક્ષ વગેરે ૭ દ્વીપોનું સમુદ્રો સાથે વર્ણન અને લોકાલોક પર્વતનું માપ	૪૩૨
૨૧	સૂર્યની ગતિ ઉપરથી લોકમર્યાદા ...	૪૩૭
૨૨	સોમ-શુક્ર વગેરે ગ્રહોનાં ઉત્તરોત્તર સ્થાન અને તેઓની ગતિ અનુસાર મનુષ્યોનાં શુભાશુભ ફળ	૪૪૦
૨૩	ધ્રુવસ્થાનનું વર્ણન અને શ્રીહરિની શિશુમારસ્વરૂપે સ્થિતિ	૪૪૩
૨૪	સૂર્યની નીચેના ગ્રહો તથા સાત પાતાળ-	

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
	તું વર્ણન...	૪૪૫
૨૫	પાતાળોની નીચે ભગવાન શેષ નાગની સ્થિતિ	૪૪૯
૨૬	નરકોનું વર્ણન	૪૫૧
	षष्ठ स्कंध	
૧	અજામિલનું આખ્યાન–યમદૂતોએ વર્ણવેલું ધર્માદિનું લક્ષણ	૪૫૭
૨	અજામિલનું આખ્યાન–'નારાયણ' નામનું અદ્ભુત માહાત્મ્ય	૪૬૨
૩	યમરાજાએ પોતાના દૂતોનું કરેલું સાંત્વન	૪૬૬
૪	પ્રજાસૃષ્ટિ માટે દક્ષની હંસગુહ્ય સ્તોત્રથી શ્રીહરિની આરાધના	૪૬૯
૫	દક્ષનો નારદજીને શાપ	૪૭૩
૬	દક્ષની સાઠ કન્યાઓના વંશ અને અદિતિના પુત્રથી વિશ્વરૂપનો જન્મ	૪૭૭
૭	વિશ્વરૂપ દેવોનો પુરોહિત થયો.	૪૭૯
૮	વૈષ્ણવી વિદ્યા–નારાયણ કવચ	૪૮૨
૯	વિશ્વરૂપનો વધ અને વૃત્રાસુરની ઉત્પત્તિ	૪૮૭
૧૦	દધીચિ ઋષિનાં હાડકાંનાં વજ્રથી ઇન્દ્રે વૃત્રાસુર સાથે યુદ્ધ કર્યું	૪૯૩
૧૧	ઇન્દ્ર સાથે યુદ્ધ કરતા વૃત્રાસુરનાં ભક્તિ અને જ્ઞાનદર્શક અદ્ભુત વચનો ...	૪૯૫
૧૨	ઇન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો	૪૯૮
૧૩	બ્રહ્મહત્યાના ભયથી નાસતા ઇન્દ્રની વિષ્ણુએ રક્ષા કરી	૫૦૦
૧૪	વૃત્રાસુરના પૂર્વજન્મનું ચરિત્ર–ચિત્રકેતુ રાજાનો પુત્રના મરણથી શોક	૫૦૨
૧૫	નારદજી અને અંગિરાએ તત્ત્વોપદેશ આપી ચિત્રકેતુનો શોક દૂર કર્યો...	૫૦૬
૧૬	નારદજીએ ચિત્રકેતુને મહાવિદ્યાનો ઉપદેશ કર્યો	૫૦૯
૧૭	ચિત્રકેતુ પાર્વતીના શાપથી વૃત્રાસુર થયો	૫૧૫
૧૮	અદિતિના પુત્રોનો વંશ અને દિતિના ગર્ભનો ઇન્દ્રે કરેલો નાશ	૫૧૭
૧૯	પુત્ર આપનાર પૂર્વોક્ત વ્રતનો વિધિ ...	૫૨૨
	सप्तम स्कंध	
૧	બ્રાહ્મણના શાપથી હિરણ્યકશિપુને પોતાના પુત્ર સાથે વિરોધ	૫૨૫
૨	હિરણ્યકશિપુએ હિરણ્યાક્ષના પુત્રો વગેરેનું કરેલું સાંત્વન...	૫૨૯
૩	હિરણ્યકશિપુની ઘોર તપશ્ચર્યા ને પ્રસન્ન થયેલા બ્રહ્માનું તેને વરદાન	૫૩૪
૪	હિરણ્યકશિપુએ સર્વ લોકને દુઃખ દેવા માંડયું....	૫૩૭
૫	વિષ્ણુભક્ત પ્રહ્લાદને મારી નાખવા હિરણ્યકશિપુના અનેક ઉપાયો...	૫૪૦
૬	પ્રહ્લાદનો બાળકોને ઉપદેશ...	૫૪૪
૭	પ્રહ્લાદનો ઉપદેશ (ચાલુ)...	૫૪૬
૮	નૃસિંહ ભગવાને હિરણ્યકશિપુનો વધ કર્યો	૫૫૦
૯	પ્રહ્લાદે કરેલી નૃસિંહની સ્તુતિ... ...	૫૫૬
૧૦	પ્રહ્લાદ તથા રુદ્રદેવ ઉપર ભગવાનની કૃપા	૫૬૩
૧૧	મનુષ્યોના સાધારણ ધર્મો, વર્ણોના વિશેષ ધર્મો તથા સ્ત્રીઓના મુખ્ય ધર્મો ...	૫૬૮
૧૨	બ્રહ્મચારી ને વાનપ્રસ્થના ધર્મો તથા ચારે આશ્રમોના સાધારણ ધર્મો...	૫૭૧
૧૩	સંન્યાસધર્મ અને સિદ્ધાવસ્થાનું વર્ણન...	૫૭૪
૧૪	ગૃહસ્થોના ધર્મો	૫૭૭
૧૫	સર્વ ધર્મનો સારસંગ્રહ	૫૮૦
	अष्टम स्कंध	
૧	સ્વાયંભુવ, સ્વારોચિષ, ઉત્તમ અને તામસ એ ચાર મનુઓ	૫૯૭
૨	જળવિહાર કરતાં ગજેંદ્રનું ઝૂડથી પકડાવું	૬૦૦
૩	ભગવાને કરેલો ગજેંદ્ર અને ઝૂડનો ઉદ્ધાર	૬૦૨
૪	ઝૂડ ગંધર્વ થયો ને ગજેંદ્રને ભગવાને પાર્ષદ બનાવ્યો.	૬૦૫
૫	પાંચમો અને છઠ્ઠો મન્વંતર	૬૦૭
૬	અમૃત માટે દેવો તથા અસુરોનો મહાન ઉદ્યમ	૬૧૦
૭	સમુદ્રમંથનથી નીકળેલા ઝેરનું શંકરે પાન કર્યું	૬૧૩
૮	મોહિની સ્વરૂપનું પ્રકટ થવું	૬૧૭
૯	મોહિનીસ્વરૂપે દૈત્યોને ઠગીને દેવોને અમૃત પાયું	૬૨૦
૧૦	દેવ–દાનવ યુદ્ધમાં દેવો ગભરાયા ત્યારે ભગવાન પ્રકટ થયા.	૬૨૨
૧૧	નારદજીએ દેવોને અટકાવ્યા અને શુક્રાચાર્યે દૈત્યોને સજીવન કર્યા	૬૨૫
૧૨	મોહિનીસ્વરૂપથી શંકર મોહ પામ્યા ...	૬૨૮
૧૩	સાતમા મન્વંતરથી આરંભીને સર્વ મન્વંતરોનું વર્ણન...	૬૩૨
૧૪	મનુ વગેરેનાં જુદાં જુદાં કર્મો	૬૩૩
૧૫	બલિરાજાએ વિશ્વજિત્ યજ્ઞ કરી સ્વર્ગને જીતી લીધું	૬૩૪
૧૬	કશ્યપ ઋષિએ અદિતિને પયોવ્રતનો ઉપદેશ કર્યો	૬૩૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૧૭	વામન અવતાર	૬૪૦
૧૮	વામન ભગવાન બલિરાજાના યજ્ઞમાં પધાર્યા	૬૪૨
૧૯	વામનજીએ ત્રણ પગલાં ભૂમિ માગી અને શુક્રાચાર્યની ના	૬૪૫
૨૦	બલિએ વામનજીને પૃથ્વીનું દાન કર્યું ...	૬૪૮
૨૧	ત્રણ પગલાં પૂરાં ન થવાથી ભગવાને બલિરાજાને બાંધ્યો	૬૫૧
૨૨	ભગવાને બલિરાજાને સુતલમાં રાખ્યો ને પોતે તેના દ્વારપાલ થયા	૬૫૩
૨૩	બલિરાજાનું પ્રહ્લાદ સાથે સુતલમાં જવું ને ઇન્દ્રને સ્વર્ગની પ્રાપ્તિ	૬૫૬
૨૪	મત્સ્યાવતાર–મહાસમુદ્રમાં સત્યવ્રતનું રક્ષણ	૬૫૮

નવમ સ્કંધ

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૧	વૈવસ્વત મનુના વંશમાં ચંદ્રવંશ–સુદ્યુમ્નની કથા	૬૬૩
૨	વૈવસ્વત મનુના કરૂષકાદિ પાંચ પુત્રોનો વંશ	૬૬૫
૩	સુકન્યા તથા રૈવતનું આખ્યાન	૬૬૮
૪	મનુના પુત્ર નભગ તથા અંબરીષની કથા	૬૭૦
૫	અંબરીષે દુર્વાસાની રક્ષા કરી	૬૭૫
૬	ઇક્ષ્વાકુનો વંશ–સૌભરિ ઋષિની પ્રાસંગિક કથા	૬૭૬
૭	પુરુકુત્સ તથા હરિશ્ચંદ્રનું આખ્યાન ...	૬૮૦
૮	સગરના પુત્રો કપિલના અપરાધથી બળી ગયા	૬૮૨
૯	ભગીરથ પૃથ્વી પર ગંગાજી લાવ્યા ...	૬૮૫
૧૦	શ્રીરામચંદ્રજીનું સંક્ષિપ્ત ચરિત્ર	૬૮૮
૧૧	રામચંદ્રજીએ કરેલા યજ્ઞાદિનું વર્ણન ...	૬૯૨
૧૨	રામના પુત્ર કુશનો વંશ	૬૯૪
૧૩	ઇક્ષ્વાકુના પુત્ર નિમિનો વંશ	૬૯૫
૧૪	ચંદ્રવંશનું વર્ણન–બૃહસ્પતિની સ્ત્રી તારામાં ચંદ્રથી બુધની ઉત્પત્તિ	૬૯૭
૧૫	પુરૂરવાના પુત્રોનો વંશ–પરશુરામે સહસ્રાર્જુનનો વધ કર્યો	૭૦૦
૧૬	સહસ્રાર્જુનના પુત્રોએ જમદગ્નિને મારી નાખ્યા	૭૦૩
૧૭	પુરૂરવાના મોટા પુત્ર આયુનો વંશ ...	૭૦૫
૧૮	નહુષના પુત્ર યયાતિનું ચરિત્ર	૭૦૬
૧૯	યયાતિની વિષયોથી વિરક્તિ ને મુક્તિ ...	૭૧૦
૨૦	દુષ્યંતના પુત્ર ભરતનાં યશોગાન ...	૭૧૨
૨૧	રાજા રંતિદેવ વગેરેનું અદ્ભુત ચરિત્ર ...	૭૧૫
૨૨	ઋક્ષના વંશમાં જરાસંધ, યુધિષ્ઠિર, દુર્યોધન વગેરે	૭૧૭
૨૩	યયાતિના બીજા પુત્રોનો વંશ	૭૨૦
૨૪	વિદર્ભનો વંશ	૭૨૩

દશમ સ્કંધ (પૂર્વાર્ધ)

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૧	કંસે દેવકીના છ પુત્રો મારી નાખ્યા ...	૭૨૭
૨	દેવકીના ગર્ભમાં આવેલા શ્રીભગવાનની દેવોએ સ્તુતિ કરી	૭૩૫
૩	શ્રીકૃષ્ણનો જન્મ અને તેમનું ગોકુલમાં પધારવું...	૭૩૮
૪	કંસે આરંભેલા બાળહત્યા વગેરે ઘોર અત્યાચાર	૭૪૩
૫	ગોકુલમાં શ્રીકૃષ્ણજન્મનો મહોત્સવ ...	૭૪૬
૬	પૂતનાનો વધ...	૭૪૮
૭	શ્રીકૃષ્ણે તૃણાવર્તનો વધ કર્યો અને પોતાના મુખમાં યશોદાને બ્રહ્માંડનું દર્શન કરાવ્યું	૭૫૧
૮	શ્રીકૃષ્ણ–બળદેવનાં નામકરણ અને યશોદાજીને થયેલું વિશ્વરૂપનું દર્શન	૭૫૪
૯	યશોદાએ શ્રીકૃષ્ણને દામણાથી બાંધ્યા ...	૭૫૮
૧૦	યમલાર્જુનનો મોક્ષ...	૭૫૯
૧૧	વત્સાસુર અને બકાસુરનો વધ	૭૬૨
૧૨	અઘાસુરનો વધ	૭૬૬
૧૩	ગોપબાળકો તથા વાછરડાંઓને બ્રહ્મા હરી ગયા	૭૬૯
૧૪	બ્રહ્માની સ્તુતિ	૭૭૪
૧૫	ધેનુકાસુરનો વધ અને કાલિય નાગના વિષથી ગોપાલોનું રક્ષણ	૭૮૧
૧૬	કાલિય નાગનો નિગ્રહ	૭૮૫
૧૭	દાવાનળ પી જઇને શ્રીકૃષ્ણે સ્વજનોની રક્ષા કરી	૭૯૦
૧૮	પ્રલંબાસુરનો વધ	૭૯૨
૧૯	દાવાનળ પી જઇ ફરી શ્રીકૃષ્ણે ગોવાળિયા તથા ગાયોનું રક્ષણ કર્યું	૭૯૪
૨૦	વર્ષા અને શરદ્‌ઋતુનું વર્ણન	૭૯૫
૨૧	શ્રીકૃષ્ણની મધુરી બંસી	૭૯૯
૨૨	વસ્ત્રહરણલીલા	૮૦૧
૨૩	ભગવાને ઋષિપત્નીઓ પર કરેલો અનુગ્રહ	૮૦૪
૨૪	શ્રીકૃષ્ણે ગોવર્ધન મહોત્સવ કરાવ્યો ...	૮૦૮
૨૫	શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતને ધારણ કરી કોપેલા ઇન્દ્રથી ગોકુળની રક્ષા કરી...	૮૧૧
૨૬	નંદરાયે વર્ણવેલું શ્રીકૃષ્ણનું ઐશ્વર્ય ...	૮૧૩
૨૭	કામધેનુ તથા ઇન્દ્રે શ્રીકૃષ્ણનો ગાયોના ઇન્દ્ર તરીકે અભિષેક કર્યો	૮૧૫
૨૮	શ્રીકૃષ્ણે નંદજીને વરુણલોકમાંથી પાછા આણ્યા...	૮૧૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૨૯	રાસક્રીડાના સમારંભમાં ભગવાનનું અદશ્ય થવું ...	૮૧૮
૩૦	શ્રીકૃષ્ણને શોધતી વિરહઘેલી ગોપીઓ ...	૮૨૪
૩૧	ગોપિકાગીત ...	૮૨૭
૩૨	ભગવાને પ્રકટ થઇ ગોપીઓને શાંત કરી	૮૩૦
૩૩	ગોપીઓ સાથે શ્રીકૃષ્ણની રાસલીલા, જલક્રીડા તથા વનક્રીડા ...	૮૩૨
૩૪	અજગરથી નંદરાયની મુક્તિ અને શંખચૂડનો વધ ...	૮૩૭
૩૫	ગોપીઓનું યુગલગીત ...	૮૩૯
૩૬	અરિષ્ટાસુરનો વધ અને શ્રીકૃષ્ણ–બળદેવને લાવવા કંસની અક્રૂરને આજ્ઞા ...	૮૪૧
૩૭	કેશી દૈત્યનો તથા વ્યોમાસુરનો વધ ...	૮૪૪
૩૮	અક્રૂરનો ગોકુળમાં સત્કાર...	૮૪૬
૩૯	ગોપીઓના વિરહવિલાપ ને અક્રરને યમુનામાં વિષ્ણુલોકનાં દર્શન ...	૮૫૦
૪૦	અક્રૂરજીએ કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિ ...	૮૫૪
૪૧	મથુરામાં પ્રવેશ, રંગારાનો વધ તથા માળી અને દરજીને વરદાન...	૮૫૭
૪૨	શ્રીકૃષ્ણે કુબ્જાને સુંદરી બનાવી તથા ધનુષનો ભંગ કર્યો ...	૮૬૦
૪૩	કુવલયાપીડનો વધ કરી શ્રીકૃષ્ણ તથા બળદેવ મલ્લોના અખાડામાં ગયા ...	૮૬૩
૪૪	ચાણુર વગેરે મલ્લોનો તથા કંસનો વધ	૮૬૬
૪૫	ઉગ્રસેનનો રાજ્યાભિષેક અને ગુરુગૃહે નિવાસ કરી પુનઃ શ્રીકૃષ્ણનું મથુરાગમન...	૮૬૯
૪૬	ઉદ્ધવજીને વ્રજમાં મોકલી શ્રીકૃષ્ણે નંદ–યશોદાનો શોક દૂર કર્યો ...	૮૭૪
૪૭	ઉદ્ધવજી ગોપીઓને તત્ત્વોપદેશ કરી પાછા મથુરામાં ગયા...	૮૭૭
૪૮	શ્રીકૃષ્ણનો કુબ્જા સાથે આનંદ અને અક્રૂરને હસ્તિનાપુર જવાની આજ્ઞા ...	૮૮૨
૪૯	ધૃતરાષ્ટ્રનું વર્તન જાણી અક્રૂર મથુરા પાછા આવ્યા...	૮૮૫

દશમ સ્કંધ (ઉત્તરાર્ધ)

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૫૦	સમુદ્રની વચ્ચે કિલ્લો બંધાવી શ્રીકૃષ્ણ પોતાના સંબંધીઓને ત્યાં લઈ ગયા.....	૮૮૯
૫૧	કાળયવનનો મુચુકુંદદ્વારા વિનાશ...	૮૯૩
૫૨	રુક્મિણીના સંદેશાને શ્રીકૃષ્ણનું અનુમોદન	૮૯૮
૫૩	રુક્મિણીનું હરણ ...	૯૦૧
૫૪	શ્રીકૃષ્ણે રુક્મિણીનું પાણિગ્રહણ કર્યું ...	૯૦૫
૫૫	પ્રદ્યુમ્ને કરેલો શંબરાસુરનો વધ ...	૯૦૯
૫૬	જાંબવતી ને સત્યભામાને શ્રીકૃષ્ણ પરણ્યા	૯૧૧
૫૭	મણિ ચોરવાના આરોપને ભગવાને ફરીથી દૂર કર્યો ...	૯૧૪
૫૮	શ્રીકૃષ્ણ બીજી પાંચ સ્ત્રીઓને પરણ્યા ...	૯૧૭
૫૯	ભૌમાસુરનો વધ અને પારિજાતનું હરણ...	૯૨૧
૬૦	પ્રેમકલહમાં રુક્મિણીને કોપાવીને શ્રીકૃષ્ણે પાછી શાંત કરી ...	૯૨૫
૬૧	અનિરુદ્ધના વિવાહમાં બળરામે કરેલો રુક્મીનો વધ ...	૯૩૦
૬૨	બાણાસુરે અનિરુદ્ધને કેદ કર્યો ...	૯૩૩
૬૩	બાણાસુર અને યાદવોનું યુદ્ધ ...	૯૩૫
૬૪	શ્રીકૃષ્ણે નૃગરાજાને શાપમુક્ત કર્યો ...	૯૩૯
૬૫	ગોપીઓની સાથે રમતા બળરામે મદથી યમુનાને ખેંચી ...	૯૪૨
૬૬	શ્રીકૃષ્ણે પૌંડ્રકનો તથા તેના મિત્રનો વધ કર્યો ...	૯૪૪
૬૭	બળરામે દ્વિવિદ વાનરનો વધ કર્યો ...	૯૪૭
૬૮	કૌરવોએ કેદ કરેલા સાંબને છોડાવવા ... માટે બળરામે હસ્તિનાપુરને ખેંચ્યું. ...	૯૪૮
૬૯	રાણીઓના પ્રત્યેક ઘરમાં શ્રીકૃષ્ણને જોવાથી નારદજી આશ્ચર્ય પામ્યા ...	૯૫૧
૭૦	જરાસંઘે કેદ કરેલા રાજાઓના દૂતનો સંદેશો...	૯૫૪
૭૧	શ્રીકૃષ્ણની ઇન્દ્રપ્રસ્થમાં પધરામણી ...	૯૫૮
૭૨	શ્રીકૃષ્ણે ભીમસેન પાસે જરાસંઘનો વધ કરાવ્યો ...	૯૬૧
૭૩	શ્રીકૃષ્ણે રાજાઓને છૂટા કરી તેઓનાં રાજ્ય પાછાં સોંપ્યાં ...	૯૬૫
૭૪	શિશુપાલનો વધ ...	૯૬૭
૭૫	દુર્યોધનનો માનભંગ...	૯૭૦
૭૬	યાદવો અને શાલ્વનું યુદ્ધ...	૯૭૨
૭૭	શ્રીકૃષ્ણે શાલ્વનો વધ કર્યો અને સૌભવિમાનનો નાશ કર્યો ...	૯૭૪
૭૮	શ્રીકૃષ્ણે દંતવક્ત્રનો તથા વિદૂરથનો વધ કર્યો ને બળરામે રોમહર્ષણને માર્યો ...	૯૭૭
૭૯	બળદેવે બલ્વલનો વધ કરી તીર્થયાત્રાથી સૂતહત્યા દૂર કરી ...	૯૭૯
૮૦	શ્રીકૃષ્ણને ત્યાં શ્રીદામાજી ...	૯૮૧
૮૧	શ્રીકૃષ્ણે શ્રીદામાને, ઇન્દ્રને પણ દુર્લભ સંપત્તિ અર્પણ કરી ...	૯૮૪
૮૨	સૂર્યગ્રહણ સમયે કુરુક્ષેત્રમાં રાજાઓની શ્રીકૃષ્ણકથાઓ...	૯૮૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૮૩	સ્ત્રીઓમાં શ્રીકૃષ્ણકથાનો ઉત્સવ	૯૯૦
૮૪	કુરુક્ષેત્રમાં વસુદેવનો યજ્ઞમહોત્સવ	૯૯૪
૮૫	શ્રીકૃષ્ણ–બળરામે પિતાને જ્ઞાન આપ્યું તથા માતાને મરેલા પુત્રો લાવી આપ્યા	૯૯૮
૮૬	અર્જુને કરેલું સુભદ્રાહરણ	૧૦૦૩
૮૭	વેદસ્તુતિ	૧૦૦૭
૮૮	વિષ્ણુના ભક્તને મોક્ષ અને અન્ય દેવોના ભક્તોને માત્ર સંપત્તિઓજ	૧૦૩૮
૮૯	વિષ્ણુ સર્વ દેવોમાં મહાન દેવ છે ...	૧૦૪૧
૯૦	સંક્ષેપમાં શ્રીકૃષ્ણની લીલાઓ	૧૦૪૬

एकादश स्कंध

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૧	યાદવોને બ્રાહ્મણોનો શાપ	૧૦૫૧
૨	વસુદેવને નારદે ભાગવતધર્મનો ઉપદેશ કર્યો	૧૦૫૩
૩	માયા, તેને તરવાનો ઉપાય, બ્રહ્મ તથા કર્મવાદ–એ પ્રશ્નોના ઉત્તર...	૧૦૫૯
૪	ભગવાનની અવતારલીલાઓ	૧૦૬૬
૫	ભક્તિહીનની ગતિ અને પૂજાવિધિ ...	૧૦૬૯
૬	સ્વધામમાં પધારવા શ્રીકૃષ્ણને દેવોની પ્રાર્થના...	૧૦૭૬
૭	દત્તાત્રેયના આઠ ગુરુઓનું વર્ણન... ...	૧૦૮૦
૮	અજગર વગેરે દત્તાત્રેયના નવ ગુરુઓ ...	૧૦૮૭
૯	ટિટોડો વગેરે દત્તાત્રેયના ગુરુઓ	૧૦૯૧
૧૦	આત્માને વસ્તુતઃ સંસાર નથીજ	૧૦૯૫
૧૧	બદ્ધ, મુક્ત, સાધુ તથા ભક્તિનાં લક્ષણો	૧૧૦૦
૧૨	સત્સંગનો મહિમા અને કર્મો કરવાની તથા તજવાની વ્યવસ્થા	૧૧૦૬
૧૩	સત્ત્વગુણથી જ્ઞાનનો ઉદય અને ચિત્ત તથા ગુણનું અલગ થવું	૧૧૦૯
૧૪	ભક્તિની શ્રેષ્ઠતા અને સાધનો સહિત ધ્યાનયોગ	૧૧૧૪
૧૫	શ્રીવિષ્ણુપદની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ સિદ્ધિઓ	૧૧૧૯
૧૬	શ્રીભગવાનની વિભૂતિઓ	૧૧૨૨
૧૭	બ્રહ્મચારી તથા ગૃહસ્થના ધર્મો	૧૧૨૫
૧૮	વાનપ્રસ્થ અને સંન્યાસીના ધર્મો... ...	૧૧૩૦
૧૯	જ્ઞાનાદિનો ત્યાગ કરવાની રીત	૧૧૩૪
૨૦	ભક્તિયોગ, જ્ઞાનયોગ તથા કર્મયોગ ...	૧૧૩૮
૨૧	કામનાવાળાઓને દ્રવ્યદેશાદિના ગુણદોષ...	૧૧૪૩
૨૨	તત્ત્વોની સંખ્યા, પ્રકૃતિ અને પુરુષનો વિવેક તથા જન્મમૃત્યુના પ્રકાર	૧૧૪૯
૨૩	તિરસ્કારો સહન કરવાનો ઉપાય	૧૧૫૬
૨૪	આત્માથીજ સર્વની ઉત્પત્તિ અને અંતે આત્મામાંજ સર્વનો લય	૧૧૬૧
૨૫	આત્માની નિર્ગુણતાનું પ્રતિપાદન કરવા માટે સત્ત્વાદિ ગુણોની વૃત્તિઓનું નિરૂપણ	૧૧૬૪
૨૬	દુષ્ટના સંગથી યોગનિષ્ઠાનો નાશ અને સત્સંગથી તેની પરાકાષ્ઠા	૧૧૬૭
૨૭	અંગ સહિત સંક્ષિપ્ત પૂજાવિધિ	૧૧૭૦
૨૮	સંક્ષિપ્ત જ્ઞાનયોગ	૧૧૭૪
૨૯	સંક્ષિપ્ત ભક્તિયોગ	૧૧૭૯
૩૦	યાદવકુળનો સંહાર	૧૧૮૩
૩૧	શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામમાં પધાર્યા ...	૧૧૮૬

द्वादश स्कंध

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૧	મગધવંશના વર્ણસંકર રાજાઓ... ...	૧૧૮૯
૨	ભગવાન કલ્કિ અવતારથી અધર્મીઓનો નાશ કરશે	૧૧૯૧
૩	શ્રીહરિને નમન કરવું તે સર્વ દોષોનો નાશ કરનાર છે	૧૧૯૪
૪	નૈમિત્તિક, પ્રાકૃતિક, આત્યંતિક અને નિત્ય–એ ચાર પ્રલયો	૧૧૯૭
૫	પરીક્ષિતના મૃત્યુના ભયનું નિવારણ ...	૧૨૦૧
૬	પરીક્ષિતનો મોક્ષ અને જનમેજયનો સર્પયજ્ઞ	૧૨૦૨
૭	અથર્વવેદનો વિસ્તાર અને પુરાણનો વિભાગ	૧૨૦૮
૮	માર્કંડેય ઋષિનું ચરિત્ર	૧૨૧૦
૯	માર્કંડેયને ભગવાનના માયાવી બાલ સ્વરૂપનું દર્શન	૧૨૧૩
૧૦	માર્કંડેયને શંકરનાં વરદાન	૧૨૧૬
૧૧	મહાપુરુષનું વર્ણન તથા દરેક મહિને જુદા જુદા સૂર્યના વ્યૂહ	૧૨૧૮
૧૨	શ્રીમદ્‌ભાગવતની વિષયાનુક્રમણિકા ...	૧૨૨૨
૧૩	પુરાણસંખ્યા તથા શ્રીમદ્‌ભાગવતના દાનનું માહાત્મ્ય	૧૨૨૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

चित्रोनी अनुक्रमणिका

ચિત્રાંક	ચિત્રનું નામ	પૃષ્ઠાંક
૧	ભગવાન શ્રીકૃષ્ણ (ત્રિરંગી) ...	મુખપૃષ્ઠ
૨	ગોદોહન ...	,,
૩	ભક્તિ અને તેના પુત્રો–જ્ઞાન અને વૈરાગ્ય ...	૧
૪	શમિક ઋષિનો આશ્રમ ...	૨૭
૫	શ્રીશુકદેવજી અને પરીક્ષિત રાજા ...	૯૨
૬	વૈકુંઠલોકમાં સનત્કુમાર ...	૧૩૭
૭	કપિલ અને દેવહૂતિ...	૨૨૩
૮	દક્ષના યજ્ઞમાં સતીનો દેહત્યાગ ...	૨૬૬
૯	ધ્રુવ અને તેની માતા સુનીતિ...	૨૮૦
૧૦	ધ્યાનયોગી ધ્રુવ (ત્રિરંગી) ...	૨૮૨
૧૧	મહાત્મા જડભરત અને રહૂગણ રાજા ...	૪૦૪
૧૨	બ્રાહ્મણ અજામિલ અને વિષ્ણુદૂતો ...	૪૫૭
૧૩	નૃસિંહાવતાર ...	૫૫૨
૧૪	વામન અને બલિરાજા ...	૬૪૮
૧૫	શ્રીરામચંદ્ર અને ભરતની ભેટ...	૬૯૪
૧૬	શ્રીકૃષ્ણનો વેણુનાદ ...	૭૨૭
૧૭	તારો પ્રાણ લેનારો તો ઉપજી ચૂકયો છે....	૭૪૪
૧૮	આદર્શ વૈશ્ય નંદરાય ...	૭૪૭
૧૯	યશોદાને વિશ્વદર્શન...	૭૫૭
૨૦	પરબ્રહ્મ પ્રેમબંધનમાં ...	૭૫૯
૨૧	શ્રીકૃષ્ણની બાળલીલા ...	૭૭૦
૨૨	મુરલીની માયા (ત્રિરંગી) ...	૭૯૯
૨૩	વંદનભક્ત અક્રૂરજી ...	૮૮૩
૨૪	રુકિમણીહરણ ...	૯૦૪
૨૫	સુદામા અને શ્રીકૃષ્ણનો મેળાપ ...	૯૮૩
૨૬	શ્રીકૃષ્ણનો ઉદ્ધવને જ્ઞાનોપદેશ...	૧૦૮૧
૨૭	જરા પારધિ શ્રીકૃષ્ણની ક્ષમા યાચે છે....	૧૧૮૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	વિ.	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫	૧	૧૩	**खेदायसे**	**खेदयसे**
૭	૨	૩૪	જે;૬૯	છે;૬૯
૧૫	૨	૨૦	ધેર	ઘેર
૨૦	૧	૨૩	ક્ષાર	ક્ષૌર
૨૨	૧	૨૭	નારજીએ	નારદજીએ
૪૫	૨	૧૯	રોંમાંચિત	રોમાંચિત
૫૦	૧	૩૨	**कृत्बा**	**कृत्वा**
૫૧	૧	૩૦	મત્રાં સહિત	મંત્રો સહિત
૫૮	૧	૨૫	નિવૃતિધર્મ,	નિવૃત્તિધર્મ,
૫૮	૧	૨૬	પ્રવૃતિ ધર્મ,	પ્રવૃત્તિધર્મ,
૬૨	૨	૩૩	**सृजाम्यहम् ॥**	**सृजाम्यहम् ॥**
૬૪	૧	૨૭	સાંભળતાં	સાંભળતા
૭૮	૨	૨૬	દ્રોપદી	દ્રાપદી
૮૪	૧	૧૬	રહેલાં	રહેલા
૧૦૫	૨	૭	વિશ્વદેવોનું	વિશ્વેદેવોનું
૧૦૭	૧	૧૮	**पुष्टः**	**पृष्टः**
૧૧૯	૧	૨૪	શક્તા	શક્યતા
૧૨૫	૨	૨૯	**धीत्यते ॥**	**धीयते ॥**
૧૨૬	૧	૧૦	છે.÷૨૫	છે.+૨૫
૧૩૦	૧	૨૯	જાગ્રતાવસ્થા	જાગ્રદવસ્થા
૧૩૧	૨	૩૩	ક્હેવાય	કહેવાય
૧૩૨	૨	૨૭	ઓ	એ
૧૫૯	૨	૨૦	સ્વદેજ	સ્વેદજ
૧૫૯	૨	૩૦	સ્વાયંભૂવ	સ્વાયંભુવ
૧૬૯	૧	૨૩	મેત્રૈય	મૈત્રેય
૧૭૦	૧	૩૪	વીરધ	વીરુધ
૧૭૫	૧	૧૧	તામિસ્ર	તામિસ્ત્ર
૧૭૬	૧	૨૬	ભ્રૃગુ	ભૃગુ
૧૭૮	૨	૩૨	આશ્ચર્ય	આશ્ચર્ય
૧૭૯	૧	૨૮	**इद**	**इदं**
૧૯૨	૧	૩૫	છિદ્રૌ	છિદ્રો
૧૯૫	૧	૩૪	**यद्यदापरति**	**यद्यदाचरति**
૨૧૨	૨	૨૪	પમાત્માએ	પરમાત્માએ
૨૧૮	૨	૨૯	ક્રરી	કરી
૨૨૪	૨	૪	શાંખ્યશાસ્ત્ર	સાંખ્યશાસ્ત્ર
૨૩૨	૨	૩૩	નિશ્રય	નિશ્ચય
૨૩૩	૨	૧	જાગ્રતાવસ્થા	જાગ્રદવસ્થા
૨૩૫	૨	૨૨-૨૩	વૃક્ષઃસ્થળનું	વક્ષસ્થળનું
૨૪૨	૨	૨૨-૨૩	ભોગવવા	ભોગવતા
૨૪૩	૧	૧૯	અંધતામિસ્ર	અંધતામિસ્ત્ર
૨૫૧	૧	૧૮	મેત્રૈય	મૈત્રેય
૨૫૭	૧	૫	લાગ્યું;	લાગ્યાં;
૨૬૩	૨	૨૫	**भवत्या न**	**भवत्या**
૨૬૫	૧	૩૨	અંગળમૂતિ	અમંગળમૂર્તિ
૨૬૮	૨	૯	મેલખાઓ	મેખલાઓ
૨૭૫	૧	૨૧	કરે છે;	છે;
૨૭૮	૨	૧૭	જોડડું	જોડકું
૨૭૮	૨	૨૮	ઉર્ધ્વરેતસ્	ઊર્ધ્વરેતસ્
૨૭૯	૧	૩૧	રહ્યા	રહ્યો
૨૮૫	૧	૪	શ્રીષ્ણુ	શ્રીવિષ્ણુ
૨૮૫	૨	૬	ધર્મના	ધર્મનો
૩૦૪	૨	૨૭	યથેષ્ઠ	યથેષ્ટ
૩૧૭	૧	૨૩	પરલાકમાં	પરલોકમાં
૩૨૨	૧	૩૧	**द्वरयं**	**हृदयं**
૩૨૩	૧	૩૫	જણાંવ્યું	જણાવ્યું
૩૫૨	૧	૨૫	વહવાવવા	વહાવવા
૩૫૬	૧	૨૭	શુદ્ર	ક્ષુદ્ર
૩૬૬	૨	છેલ્લી	સરળમૂલાધારથી	સરળ=મૂલાધારથી
૩૭૨	૨	૧૬	ધૃતપૃષ્ઠ,	ઘૃતપૃષ્ઠ,
૩૭૩	૨	૧૬	,,	,,
૩૮૪	૧	૭	જણુતો	જાણુતો
૩૮૯	૨	છેલ્લી	વિકૃત્તિ	વિકૃતિ
૩૯૦	૧	૨૯	'ક્રિયાફળ ફુલં'	'ક્રિયાફળ'
૪૦૦	૧	૨૨	સિંઘુ	સિંધુ
૪૦૧	૨	૩૦	કહે છે કે,	કહે કે,
૪૦૩	૨	૨૨	**सर्वमूतानां**	**सर्वभूतानां**
૪૦૪	૨	૧૧	**हरेर्गुरोश्चरणो पासनास्त्रो**	**हरेर्गुरोश्चरणो-पानास्त्रो**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૃષ્ઠ	વિ૦	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૦૪	૨	છેલ્લી	દ્દર	દૂર
૪૦૬	૨	૨૧	ચરિત્રૌનાં	ચરિત્રાનાં
૪૦૯	૧	૨૫	ખેલ્રતાં	ખેલતાં
૪૦૯	૧	૩૬	ભ્રષ્ટાચારીઓની	ભ્રષ્ટાચારીઓની
૪૨૭	૨	૩૩–૩૪	कींडन्निवेभः	क्रीडन्निवेभः
૪૩૩	૨	૧૭	ધ્રૃતચ્યુતા	ધૃતચ્યુતા
૪૩૪	૧	૯	ધ્રૃતપૃષ્ઠ	ધૃતપૃષ્ઠ
૪૩૪	૧	૧૬	,,	,,
૪૪૦	૧	૨૭	નામવાળા	નામવાળાં
૪૫૫	૨	૯	ધ્રુમાડાથી	ધુમાડાથી
૪૭૪	૨	૨૯	પ્રવૃતિમાર્ગ	પ્રવૃત્તિમાર્ગ
૪૭૬	૧	૨૩	સ્મૃ.	સ્મૃ.
૪૮૮	૨	૧૦	ત્રાંબાં	ત્રાંબા
૪૯૧	૬	૧૩	જોયેલાં	જોયેલા
૪૯૪	૨	૩૦	શતઘ્નીઓ	*શતઘ્નીઓ
૫૧૨	૨	૧૫	નિર્દોષ÷ ભાગ- વતધર્મનો	નિર્દોષ ભાગવ- તધર્મનો÷
૫૨૨	૧	૮	નિશ્ર્ચય	નિશ્ચય
૫૨૪		છેલ્લી	આવ્રતમાં	આ વ્રતમાં
૫૨૭	૨	૮	ભગવાનની	+ ભગવાનની
૫૨૭	૨	૩૪	÷ હે રાજા!	+ હે રાજા !
૫૨૮	૨	૧૬	પ્રણ	પણ
૫૩૯	૧	૨૧	અસંખ્યાંત	અસંખ્યાત
૫૪૧	૧	૧૬	બાહ્મણ	બ્રાહ્મણ
૫૪૬	૨	૨૧	તે તે વખતે	તે વખતે
૫૫૬	૨	૨૯	ह्वीस्तिति-	हूस्तीति-
૫૫૮	૨	૨૧	ચૈતન્શક્તિ	ચૈતન્યશક્તિ
૫૭૦	૨	૨૮	ब्रुरुड	बुरुड
૫૭૧	૧	૩૧	गुणौर्द्धिजाः	गुणैर्द्धिजाः
૫૭૮	૨	૩૦	મેષ,	,મેષ
૫૮૭	૧	૧૩	પોતના	પોતાના
૬૦૦	૨	૨૮	ગૂંગળનાં	ગૂગળનાં
૬૦૫	૧	૧૯	ब्रह्मशान	ब्रह्मेशान
૬૦૭	૧	૪	कर्माघनाशनम्	कर्मौघनाशनम्
૬૨૦	૧	૧૨	९ मो+	९ मो*
૬૨૧	૧	૧૪	મંદવિહ્વળ	મદવિહ્વળ
૬૨૪	૧	૫	ઘોડેસવારો	ઘોડેસવારો
૬૩૩	૨	૩૨	શ્લોકમાં	શ્લોક
૬૩૫	૨	૩૩	परीकीर्तिताः ॥	परिकीर्तिताः ॥
૬૫૦	૨	૧૪	શર્ઙ્ગ	શાર્ઙ્ગ
૬૬૦	૨	૧૬	અજ્ઞાતુંજ	આજ્ઞાતુંજ
૭૦૦	૧	૧૧	આહ્વનીય	આહવનીય
૭૦૦	૨	૬	सत्यापूर योऽथ	सत्यापूरयोऽथ
૭૦૫	૨	૨૭	કાશ્યને.	કાશ્યનો
૭૧૨	૧	૨૧	शांतया	शांताय
૭૧૨	૨	૧૩	ધ્રૂવ	ધ્રુવ
૭૧૫	૧	૪	મહપુરાણમાં	મહાપુરાણમાં
૭૨૨	૧	૩૦	સહસ્ત્રાર્જુનના	સહસ્ત્રાર્જુનના
૭૨૩	૨	૭	દશરશનો	દશરથનો
૭૨૩	૨	૧૮	પાંચમાં	પાંચમા
૭૨૪	૧	૩૪	ધ્રૃતદેવા,	ધૃતદેવા
૭૨૫	૨	૪	આઠમાં	આઠમા
૭૩૧	૧	૩૪	આવેવા	આવેલા
૭૩૩	૨	૨૪	તેમને	તમને
૭૩૫	૨	૨૦	વાત બની	બની
૭૩૬	૨	૩૪	૭ ઊર્મિઓ	૬ ઊર્મિઓ
૭૪૧	૨	૧૪	પ્રમન્ન	પ્રસન્ન
૭૪૯	૨	૨૧	પ્રશ્નોત્તર	પશ્નોત્તર
૭૫૨	૧	૨૪	બાકોએ	બાળકોએ
૭૫૭	૨	૩–૪	સ્તતનનું	સ્તનનુ
૭૬૨	૨	૪	સાધુપુરુષોનાં	સાધુપુરુષોનાં
૭૬૫	૧	૩૨	જોયુ	જોયું
૭૬૬	૧	૧૫	विहारेः	विहारैः
૭૬૬	૨	૩૧	કેટલાંક	કેટલાક
૭૭૨	૧	છેલ્લી	વસુદેવ	વાસુદેવ
૭૭૬	૨	૨૧	સર્વજીપ્રવર્તક	સર્વજીવપ્રવર્તક
૭૮૯	૧	૧	÷મૂઢયોનિ-	+મૂઢયોનિ-
૮૦૮	૨	૧૪	તેમને	તે મને
૮૩૧	૨	૨૭	સ્મણ	રમણ
૮૪૩	૧	૧૩	વર દાન	વરદાન
૭૪૫	૨	૧૪	જરાસંધ	જરસંધ
૮૯૫	૧	૫	કદર્શન રવા	દર્શન કરવા
૯૧૧	૧	૧૮	ઉતરાર્ધ	ઉત્તરાર્ધ
૯૧૫	૨	૧૭	શધન્વા;	શતધન્વા,
૯૧૭	૧	૧૭	માણિ	મણિ
૨૫	૧	૭	સંકડો	સેંકડો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૃષ્ઠ	વિ૦	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૯૨૯	૨	૨૬	તેનુ	તેનું
૯૫૩	૧	છેલ્લી	દોઇ	કોઇ
૯૫૩	૨	૨૫	દોઇ	કોઇ
૯૬૦	૧	૨૨	કૈકયશંશીઓને	કૈકયવંશીઓને
૯૬૧	૨	૨૫	કરે કરે	કરે
૯૬૪	૨	૨૪	प्रभुः	प्रभुः
૯૭૮	૧	૯	વિશાળ, બ્રહ્મતીર્થ	વિશાળ બ્રહ્મતીર્થ
૯૯૧	૧	૧૭	સત્યભામાં	સત્યભામા
૧૦૦૭	૧	૩	मक्तभक्तिमान।	भक्तभक्तिमान।
૧૦૦૮	૧	૧૫	પ્રવૃતીં	પ્રવર્તી
૧૦૧૩	૨	છેલ્લી	द	ह
૧૦૧૫	૧	૨૪	બ્રહ્મનું	બ્રહ્મની
૧૦૨૩	૧	૨૯	નાપરૂપાદિ	નામરૂપાદિ
૧૦૨૫	૨	૮	अजा	अजा-
૧૦૨૬	૨	૧૬	भ्रुकुटि	भ्रूकुटि
૧૦૨૮	૧	૨	को न्विह	कोन्विह
૧૦૩૪	૧	૧૦	अमिचाकशीति	अभिचाकशीति
૧૦૩૪	૧	૩૮	સ્વાકાશસ્વરૂપે	સ્વપ્રકાશસ્વરૂપે
૧૦૪૩	૨	૨૭	સાંભળતો	સંભારતો
૧૦૫૨	૨	૫	અને	એ
૧૦૫૨	૨	૨૧	નિમિત્તે	નિમિત્તે)
૧૦૫૩	૨	૩૩	+નારદજીને	×નારદજીને
૧૦૫૬	૨	૨૮	જેથી (અ-	જેથી
૧૦૬૨	૧	૧૭	છું''	છું
૧૦૬૨	૧	૨૦	(શ્રુતિવચન	(શ્રુતિવચન)
૧૦૬૨	૧	૩૩	विद्धि	विद्धि'
૧૦૭૩	૨	૯	અભિમાન-	અભિમાન
૧૦૯૬	૧	૧૩	÷આત્મા	આત્મા
૧૦૯૭	૧	૩૭	લીધે	લીધે
૧૦૦૯	૨	૯	જીવઇન્દ્રિયો	જીવ, ઇન્દ્રિયો
૧૧૦૯	૨	૫	इतिगुणा	इति गुणा
૧૧૧૮	૨	૨૮	દષ્ટા	દ્રષ્ટા
૧૧૨૫	૨	૩૪	મા	માટે
૧૧૨૭	૧	૧૫-૧૬	ભાગનાવાળ	ભાગનાં વાળ
૧૧૩૪	૨	૩૨	×અર્થાત્	+અર્થાત્
૧૧૩૫	૨	૧૨	‡તેમજ	†તેમજ
૧૧૪૦	૧	૩૦	વિધ	વિધિ
૧૧૪૬	૨	૩	ચેનનારહિત	ચેતનારહિત
૧૧૪૯	૨	૧૧	છે.	છે ?
૧૧૫૪	૨	૧	દશ્યપણાથી	દશ્યપણાથી

અક્ષરો ભાગવા-તૂટવા-ખસવાથી થયેલી અશુદ્ધિઓ

પૃષ્ઠ	વિ૦	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૮૮	૧	૩૩	કરતા	ક્રૂરતા
૯૨	૨	૩૦	ગંગાકનારે	ગંગાકિનારે
૯૯	૨	૩૧	દાઢા	દાઢો
૧૧૨	૨	૭	શુદ્રા	શુદ્રો
૧૧૬	૨	૧૭	અશ્વર્યવાળું,	ઐશ્વર્યવાળું,
૧૨૨	૨	૨૭	રાંતદેવ,	રંતિદેવ,
૧૨૭	૧	૧	દશન	દર્શન
૧૭૫	૧	મથાળે	મથુની	મૈથુની
૧૮૫	૧	૧૩	નેત્રા	નેત્રો
૨૧૮	૧	૨૬	કઇ	કંઇ
૨૫૮	૧	૧૭	પુત્રાને	પુત્રોને
૨૬૭	૨	૨૩	અટલે	એટલે
૩૧૭	૧	૨૩	પરલાકમાં	પરલોકમાં
૩૨૧	૧	૧૫	બન્નને	બન્નેને
૩૩૬	૨	૧૫	અપ્રાઢા	અપ્રૌઢા
૩૪૩	૧	૧૪	પુરજન,	પુરંજન,
૩૪૬	૨	૧	ગધર્વીઓ	ગંધર્વીઓ
૪૦૨	૨	૧	પુરુષનુંમ ન	પુરુષનું મન
૪૪૭	૧	૮-૯	મહાદવ	મહાદેવ
૪૭૫	૧	૭	પુત્રા	પુત્રો
૪૭૭	૧	૨૬	પુત્રા	પુત્રો
૬૬૦	૨	૧૬	અજ્ઞાનુંજ	આજ્ઞાનુંજ
૫૦૬	૧	૨૭	અગિરા	અંગિરા
૫૨૮	૧	૮	હિસા	હિંસા
૫૨૮	૧	૨૪	વૈરાનુબધે	વૈરાનુબંધે
૬૧૨	૧	૨૩	દવા !	દેવો !
૬૩૬	૧	૧૩	બાલરાજાનો	બલિરાજાનો
૬૩૭	૨	૮	પુત્રા	પુત્રો
૬૫૯	૧	૫	હયગ્રાવ	હયગ્રીવ
૬૬૬	૧	૨૮	પૃષધ્ર	પૃષધ્રે
૬૭૭	૧	૧૪	પુત્રામાંથી	પુત્રોમાંથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૃષ્ઠ	વિ૦	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬૯૯	૨	૧૨	પાતને	પતિને
૭૦૯	૧	૭	સ્ત્રા લોભી!	સ્ત્રી લોભી!
૬૧૩	૧	૧	શકુતલા	શકુંતલા
૭૧૩	૧	૧૧	પાતને	પતિને
૭૧૪	૧	૧૫	એ પ્રજાના	પ્રજાઓના
૭૧૬	૨	૧	અજમીઢથા	અજમીઢથી
૭૨૧	૧	૨૨	ઋષ્યશંગ	ઋષ્યશૃંગ
૭૨૪	૧	૨૮	દુદુભી	દુંદુંભી
૬૩૭	૧	૨૪	સસારસમુદ્રને	સંસારસમુદ્રને
૭૩૭	૧	૨૫	સ્વયપ્રકાશ	સ્વયંપ્રકાશ
૭૪૦	૨	૧૪	કસે	કંસે
૭૫૨	૧	૨	નદપત્ની	નંદપત્ની
૭૬૯	૧	૩૧	કરેલુ	કરેલું
૭૭૦	૨	૧૯	ગોપપુત્રા	ગોપપુત્રો
૭૯૩	૧	૪	ઝૂડો, જગલો	ઝૂંડો જંગલો
૮૦૨	૨	૨૨	વસ્ત્રા	વસ્ત્રો
૮૫૨	૧	૨૮	અક્રરને	અક્રૂરને
૮૫૨	૧	૩૨	નાહ	નહિ,
૮૭૦	૨	૨૩	ગાવાળિયાઓ	ગોવાળિયાઓ
૮૮૨	૨	૩૩	અક્રરના	અક્રૂરના
૯૧૩	૨	૮	છ્ટતાંજ	છૂટતાંજ
૯૩૧	૨	૨૨	વાહ્નન	વહ્નિન
૯૭૦	૨	૮	પુત્રા	પુત્રો
૯૭૪	૨	૩	સૌભાવમાનનો	સૌભવિમાનનો
૯૭૬	૨	૧૮	સાભ	સૌભ
૧૦૦૧	૨	૨૩	પછા	પછી
૧૦૩૧	૨	૧૦	તરીક	તરીકે
૧૦૩૮	૨	૧૭	સદેહ	સંદેહ
૧૦૫૮	૧	૫	કાઇને	કોઇને
૧૦૬૨	૧	૯	ચક્ષતું	ચક્ષુનું
૧૦૬૪	૨	૨૫	આષધ	ઔષધ
૧૦૬૮	૧	૩૧	મનુષ્યો	મનુષ્ય
૧૦૭૯	૨	છેલ્લી	કરા	કરી
૧૦૮૫	૧	૪	સર્વભક્ષા	સર્વભક્ષી
૧૦૮૭	૧	૯	પચ્ચા.	પચ્ચા.
૧૧૧૦	૧	૪૦	ભાક્તથી	ભક્તિથી
૧૧૧૫	૨	૨૬	कुयात्	कुर्यात्
૧૧૪૪	૨	૨૩	વગરે	વગેરે
૧૧૪૮	૨	૧૩	છદો	છંદો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

विनियोग, न्यास, ध्यान इत्यादि

अथ श्रीमद्‌भागवतविनियोगादि लिख्यते। अस्य श्रीमद्‌भागवताख्यस्तोत्रमंत्रस्य नारद ऋषिः। बृहती छंदः। श्रीकृष्णः परमात्मा देवता। ब्रह्म बीजम्। भक्तिः शक्तिः। ज्ञानवैराग्ये कीलकम्। मम श्रीमद्‌भगवत्प्रसादसिद्धयर्थं पाठे विनियोगः॥

अथ ऋष्यादिन्यासः। नारदर्षये नमः शिरसि। बृहती छंदसे नमो मुखे। श्रीकृष्णपरमात्मदेवतायै नमो हृदये। ब्रह्मबीजाय नमो गुह्ये। भक्तिशक्तये नमः पादयोः। ज्ञानवैराग्यकीलकाय नमो नाभौ। विनियोगाय नमः सर्वांगे॥

अथ द्वादशाक्षरविद्यया करषडंगादिन्यासः। ॐ ॐ ॐ नमो दक्षिणतर्जन्याम्। ॐनं ॐनमो दक्षिणमध्यमायाम्। ॐ मों ॐ नमो दक्षिणानामिकायाम्। ॐ भं ॐ नमो दक्षिणकनिष्ठिकायाम्। ॐ गं ॐ नमो वामकनिष्ठिकायाम्। ॐ वं ॐ नमो वामानामिकायाम्। ॐ तें ॐ नमो वाममध्यमायाम्। ॐ वां ॐ नमो वामतर्जन्याम्। ॐ सुं ॐ नमः दें ॐ नमो दक्षिणांगुष्ठपर्वणोः। ॐ वां ॐ नमः ॐ यं ॐ नमो वामांगुष्ठपर्वणोः॥

अथ हृदयादि न्यासः। ॐ नमो नमो हृदयाय नमः। ॐ भगवते नमः शिरसे स्वाहा। ॐ वासुदेवाय नमः शिखायै वषट्। ॐ नमो नमः कवचाय हुम्। ॐ भगवते नमः नेत्रत्रयाय वौषद्। ॐ वासुदेवाय नमः अस्त्राय फट्॥

॥ अथ ध्यानम् ॥

किरीटकेयूरमहार्हनिष्कैर्मण्युत्तमालंकृतसर्वगात्रम्।
पीतांबरं कांचनचित्रनद्धमालाधरं केशवमभ्युपैमि॥

એ પ્રમાણે ધ્યાન કરીને દ્વાદશાક્ષર મંત્ર (ॐ नमो भगवते वासुदेवाय) નો જપ કરવાથી શ્રીકૃષ્ણ ભગવાનની કૃપાથી અખંડિત સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

बार स्कंध ए भगवाननां बार अंग छे

પ્રથમ સ્કંધ એ ભગવાનનો જમણો ચરણ અને દ્વિતીય સ્કંધ એ ડાબો ચરણ છે; તૃતીય સ્કંધ એ જમણા બાહુનું મૂળ અને ચતુર્થ સ્કંધ એ ડાબા બાહુનું મૂળ છે; પંચમ સ્કંધ એ જમણો નિતંબ અને ષષ્ઠ સ્કંધ ડાબો નિતંબ છે; સપ્તમ સ્કંધ જમણો હાથ અને દ્વાદશ સ્કંધ એ ડાબો હાથ છે; અષ્ટમ સ્કંધ જમણો સ્તન ને નવમ સ્કંધ ડાબો સ્તન છે; દશમ સ્કંધ શ્રીહરિનું હૃદય છે અને એકાદશ સ્કંધ મસ્તક છે. કેટલાક વળી આ પ્રમાણે ગણાવે છેઃ—પ્રથમ તથા દ્વિતીય સ્કંધ એ બે ચરણ, તૃતીય અને ચતુર્થ સ્કંધ બે નિતંબ, પંચમ સ્કંધ કટિભાગ, ષષ્ઠ સ્કંધ ગુહ્યભાગ, સપ્તમ સ્કંધ પેટ, અષ્ટમ સ્કંધ હૃદય, નવમ સ્કંધ બે હાથના અગ્રભાગ, દશમ સ્કંધ મુખ, એકાદશ સ્કંધ લલાટ અને દ્વાદશ સ્કંધ એ મસ્તક છે. ॥ इति शुभम् ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीमद्भागवतनो पूजनविधि

श्रीकृष्णाय नमः ॥ आचम्य प्राणायामं कुर्यात् ॥ ॐ भद्रं कर्णेभिरिति शांतिपाठं पठेत् ॥ ततः संकल्पः ॥ ॐविष्णुर्विष्णुर्विष्णुः ॥ अद्येत्यादि पूर्वोच्चरित एवं गुणविशेषेणविशिष्टायां शुभपुण्यतिथौ मम सकुटुंबस्य सपरिवारस्य श्रीगोवर्धनधरणचरणारविंदप्रसादात् सर्वसमृद्धिप्राप्त्यर्थं प्रारब्धानुसारादनुग्रहपूर्वकं श्रीभगवन्नामात्मकस्वरूपश्रीभागवतस्य पाठसांगतासिद्ध्यर्थं श्रीमद्भागवतस्य प्रतिष्ठां पूजनं चाहं करिष्ये ॥ तदस्तु मित्रावरुणेति प्रतिष्ठां कुर्यात् ॥ ततः पुरुषसूक्तेन आवाहनादिषोडशोपचारैः पूजयेत् ॥

અર્થ:–પ્રથમ શ્રીકૃષ્ણને નમસ્કાર કરીને આચમન કર્યા પછી પ્રાણાયામ કરવા. પછી **भद्रं कर्णेभिः** ઇ૦ શાંતિપાઠ ભણવો. ત્યાર પછી સંકલ્પમાં શ્રીવિષ્ણુ ભગવાનનું ત્રણ વાર સ્મરણ કરીને આજે અમુક માસ અને અમુક તિથિના દિવસે શ્રીમદ્‌ભાગવતની પૂજા માટે મારા કુટુંબ અને પરિવાર સહિત ગોવર્ધનધારી શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળની કૃપાથી સર્વ સમૃદ્ધિની પ્રાપ્તિને માટે પ્રારબ્ધાનુસાર શ્રીહરિના અનુગ્રહપૂર્વક શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્‌ભાગવતના પાઠની સંપૂર્ણ સિદ્ધિને માટે શ્રીમદ્‌ભાગવતની પ્રતિષ્ઠા અને પૂજા હું કરીશ, એ પ્રમાણે બોલીને સંકલ્પ કરવો. ત્યાર પછી **मित्रावरुण** ઇત્યાદિ મંત્રથી પ્રતિષ્ઠા કરવી અને પુરુષસૂક્ત વડે આવાહનાદિ ષોડશોપચારે પૂજન કરવું.

ॐसहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् । स भूमिं विश्वतो वृत्वा अत्यतिष्ठद्दशांगुलम् ॥१॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ आवाहनम् ॥

અર્થ:–સહસ્ર મસ્તકોવાળા, સહસ્ર નેત્રોવાળા ને સહસ્ર ચરણોવાળા એવા વિરાટરૂપ પરમપુરુષ સર્વ તરફથી ભૂમિને વ્યાપીને તેનાથી દશ આંગળ બહાર રહેલા છે. (૧) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્‌ભાગવતને નમસ્કાર કરીને આવાહન કરવું.

पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भाव्यम् । उतामृतत्वस्येशानः । यदन्नेनातिरोहति ॥२॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ आसनम् ॥

અર્થ:–આ સંસારમાં ભૂતકાળમાં જે કાંઈ થયું અને ભવિષ્યમાં જે કંઇ થવાનું તે સર્વના નિયંતા આ પરમપુરુષજ છે. વળી આ અમૃતપણાના તથા જે અન્ન વડે દેહાદિ ઊપજે છે તથા ટકે છે તેના પણ એજ નિયામક છે. (૨) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્‌ભાગવતને નમસ્કાર કરીને આસન આપવું.

एतावानस्य महिमा। अतो ज्यायांश्च पूरुषः। पादोऽस्य विश्वा भूतानि। त्रिपादस्यामृतं दिवि ॥३॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ पाद्यम् ॥

અર્થ:–જે ભગવાનનો આટલો મહિમા કહ્યો, તે કરતાં પણ એ પરમપુરુષ બહુજ વધારે મહાન છે. કેમકે તેમના માત્ર એકજ પાદમાં સર્વ ભૂતો રહેલાં છે અને બાકીના ત્રણ પાદો તો નાશરહિત તથા સ્વપ્રકાશરૂપે સ્થિત છે. (૩) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્‌ભાગવતને નમસ્કાર કરીને પાદ્ય કરવું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

त्रिपादूर्ध्व उदैत्पुरुषः। पादोऽस्येहा भवत् पुनः। ततो विष्वङ् व्यक्रामद्। साशनानशने अभि ॥४॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ अर्घ्यम् ॥

અર્થ:–એ પરમ પુરુષના ત્રણ પાદ તો ઉપર અદશ્યરૂપે રહેલા છે અને એમને। એકજ પાદ પુનઃ અહીં આ સંસારરૂપે થયો છે તથા પછી ખાનારાં ને નહિ ખાનારાં સર્વ પ્રાણી અને પદાર્થોમાં અનેકરૂપે વ્યાપીને એ પરમપુરુષ રહેલા છે. (૪) આ મંત્રથી શ્રીભગવાનના નામ-સ્વરૂપ શ્રીમદ્‌ભાગવતને નમસ્કાર કરીને અર્ધ્ય આપવા.

तस्माद्विराडजायत। विराजो अधि पूरुषः। स जातो अत्यरिच्यत। पश्चाद्भूमिमथो पुरः॥५॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ आचमनीयम् ॥

અર્થ:–તે વિરાટપુરુષથી બ્રહ્માંડ થયું; તેના ઉપર તે વિરાજ પુરુષરૂપે અધિષ્ઠાતા થઇ ઊપજેલા પદાર્થમાં વ્યાપી રહેવા ઉપરાંત તેનાથી ભિન્નરૂપે પણ થયા અને પછી તેમણે ભૂમિને તથા શરીર ઇત્યાદિને રચ્યાં. (૫) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્‌ભાગવતને નમસ્કાર કરીને આચમન આપવું.

यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वत। वसंतोऽस्यासीदाज्यम्। ग्रीष्म इध्मः शरद्धविः ॥ ६ ॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ स्नानम् ॥

અર્થ:–જ્યારે એ પુરુષરૂપ હવિષ વડે દેવા યજ્ઞ કરતા હતા ત્યારે, વસંતઋતુ એમાં ઘીરૂપ થઈ, ગ્રીષ્મઋતુ ઇંધનરૂપ થઈ અને શરદ્ઋતુ હવિષરૂપ થઈ. (૬) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્‌ભાગવતને નમસ્કાર કરીને સ્નાન કરાવવું.

तं यज्ञं बर्हिषि प्रौक्षन्। पुरुषं जातमग्रतः। तेन देवा अयजंत। साध्या ऋषयश्च ये ॥ ७ ॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ वस्त्रम् ॥

અર્થ:–યજ્ઞના સાધનરૂપે પ્રથમ ઊપજેલા તે પરમપુરુષને માનસયજ્ઞમાં પ્રોક્ષણ કરતા હતા. તે વડે તે સાધ્યદેવો અને ઋષિઓ માનસયજ્ઞ કરવા લાગ્યા. (૭) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્‌ભાગવતને નમસ્કાર કરીને વસ્ત્ર અર્પણ કરવું.

तस्माद्यज्ञात्सर्वहुतः। संभृतं पृषदाज्यम्। पशूस्तांश्चक्रे वायव्यान्। आरण्यान्ग्राम्याश्च ये ॥८॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ यज्ञोपवीतम् ॥

અર્થ:–સર્વ જેમાં હોમાય છે એવા પરમપુરુષ તે યજ્ઞ વડે દહીં ને ઘી પ્રાપ્ત કરતા હતા તથા વાયુદેવતાવાળાં જે અરણ્યનાં ને ગામનાં પશુઓ છે તેમને ઉત્પન્ન કરતા હતા. (૮) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્‌ભાગવતને નમસ્કાર કરીને યજ્ઞોપવીત આપવું.

तस्माद्यज्ञात्सर्वहुतः। ऋचः सामानि जज्ञिरे। छन्दांसि जज्ञिरे तस्मात् यजुस्तस्मादजायत॥९॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ चंदनम् ॥

અર્થ:–સર્વ હુત યજ્ઞથી તે ઋચાઓને તથા સામોને ઉત્પન્ન કરતા હતા, તેથી છંદોને ઉત્પન્ન કરતા હતા અને તેથી યજુર્વેદ ઉત્પન્ન થતો હતો. (૯) આ મંત્રથી શ્રીભગવાનના નામ-સ્વરૂપ શ્રીમદ્‌ભાગવતને નમસ્કાર કરીને ચંદન કરવું.

तस्मादश्वा अजायंत। ये के चोभयादतः। गावो ह जज्ञिरे तस्मात्। तस्माज्जाता अजावयः॥१०॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ पुष्पम् ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અર્થ:–તેથી અશ્વો તથા જે કોઈ ઉપરનીચે બન્ને બાજુ દાંતવાળાં પશુ છે તે ઉત્પન્ન થયાં, તેથી પ્રસિદ્ધ ગાયો ઊપજી અને તેથી બકરાંઓ અને ઘેટાંઓ ઊપજ્યાં. (૧૦) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ભાગવતને નમસ્કાર કરીને પુષ્પો ચડાવવાં.

यत्पुरुषं व्यदधुः । कतिधा व्यकल्पयन् । मुखं किमस्य कौ बाहू । कावूरू पादावुच्येते ॥११॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ धूपम् ॥

અર્થ:–જ્યારે વિરાટપુરુષને ઉત્પન્ન કર્યો ત્યારે એનાં અંગોની કલ્પના કેટલે પ્રકારે કરતા હતા? એનું મુખ કોણ? હાથ કોણ? સાથળ કોણ? ને પગો કોણ કહેવાય છે? (૧૧) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ભાગવતને નમસ્કાર કરીને ધૂપ અર્પણ કરવો.

ब्राह्मणोऽस्य मुखमासीत् । बाहू राजन्यः कृतः । ऊरू तदस्य यद्वैश्यः । पद्भ्यां शूद्रो अजायत ॥१२॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ दीपम् ॥

અર્થ:–એ વિરાટપુરુષનું મુખ બ્રાહ્મણ હતા; ક્ષત્રિયને બે હાથરૂપ કર્યા; જે વૈશ્ય તે એના બે સાથળરૂપે ઊપજ્યા અને બે પગરૂપે શૂદ્ર ઊપજ્યા. (૧૨) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ભાગવતને નમસ્કાર કરીને દીપ અર્પણ કરવો.

चन्द्रमा मनसो जातः । चक्षोः सूर्यो अजायत । मुखादिंद्रश्चाग्निश्च । प्राणाद्वायुरजायत ॥१३॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ नैवेद्यम् ॥

અર્થ:–ચંદ્રમા મનથી ઉત્પન્ન થયો; સૂર્ય નેત્રથી ઉત્પન્ન થયો તથા ઇન્દ્ર ને અગ્નિ મુખથી અને વાયુ પ્રાણથી ઉત્પન્ન થયો. (૧૩) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ભાગવતને નમસ્કાર કરીને નૈવેદ્ય અર્પણ કરવું.

नाभ्या आसीदंतरिक्षम् । शीर्ष्णो द्यौः समवर्तते । पद्भ्यां भूमिर्दिशः श्रोत्रात् । तथा लोकान् अकल्पयन् ॥१४॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ पूगीफलतांबूलम् ॥

અર્થ:–નાભિથી અંતરિક્ષ ઉત્પન્ન થયું; મસ્તકથી સ્વર્ગ ઉત્પન્ન થયું; બન્ને ચરણોથી ભૂમિ અને શ્રોત્રથી દિશાઓ ઊપજી. એવી રીતે લોકોને કલ્પતા હતા. (૧૪) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ભાગવતને નમસ્કાર કરીને પૂગીફલ તથા તાંબૂલ આપવું.

सप्तास्यासन् परिधयः । त्रिः सप्त समिधः कृताः । देवा यद्यज्ञं तन्वाना । अबध्नन् पुरुषं पशुम् ॥ १५ ॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ दक्षिणाम् ॥

અર્થ:–જ્યારે દેવો યજ્ઞ કરવા લાગ્યા ત્યારે પુરુષરૂપ યજ્ઞસાધનને બાંધતા હતા. સાત એના પરિધિઓ હતા અને ત્રણ સાતને સમિધો કરી. (૧૫) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ભાગવતને નમસ્કાર કરીને દક્ષિણા અર્પણ કરવી.

वेदाहमेतं पुरुषं महांतम् । आदित्यवर्णं तमसस्तु पारे । सर्वाणि रूपाणि विचिंत्य धीरः । नामानि कृत्वाभिवदन् यदास्ते ॥१६॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ॥ नमस्कारम् ॥

અર્થ:–ધીરજવાન મનુષ્ય જ્યારે એ પ્રમાણે પરમાત્માનાં સમગ્ર રૂપોને વિચારીને તેને અનુસરતાં નામોને અભિવ્યક્ત તથા અભિવંદન કરતો રહે છે; ત્યારેજ તેને એમ લાગે છે કે, એ આદિત્યસમાન તેજસ્વરૂપ અને અત્યંત મહાન એવા પરમપુરુષને તો હું હજી (જરાતરાજ)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાણું છું. (૧૬) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ભાગવતને નમસ્કાર કરીને પુનઃ નમસ્કાર કરવા.

धाता पुरस्ताद्यमुदाजहार शक्रः प्रविद्वान् प्रदिशश्चतस्रः। तमेवं विद्वानमृत इह भवति नान्यः पंथा अयनाय विद्यते ॥१७॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः॥ प्रदक्षिणाम्॥

અર્થઃ—પૂર્વે બ્રહ્માએ જેને પોતાના આદ્યપિતા જાણ્યા હતા અને ઇન્દ્રે જેને ચારે દિશામાં જાણ્યા હતા એવા પરમાત્માનું જ્ઞાન થયું હોય તેજ આ જગતમાં અમૃતપણાને પામે છે. પણ એને પ્રાપ્ત કરવાનો આ વિના બીજો કોઈ માર્ગ નથી. (૧૭) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ભાગવતને નમસ્કાર કરીને પ્રદક્ષિણા કરવી.

यज्ञेन यज्ञमयजंत देवाः। तानि धर्माणि प्रथमान्यासन्। ते ह नाकं महिमानः सचंत। यत्र पूर्वे साध्याः संति देवाः ॥१८॥ श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः॥ मंत्रपुष्पम्॥

અર્થઃ—દેવો યજ્ઞ વડેજ યજ્ઞનું યજન કરતા હતા. એ યજ્ઞધર્મને પ્રથમ ધારણ કરનારાં મુખ્ય મનુષ્યો હતાં. જે સ્વર્ગમાં પ્રાચીન સાધ્યદેવો રહે છે, તે સ્વર્ગને એ યજ્ઞધર્મનું પાલન કરનારા મહાત્માઓ પામે છે. (૧૮) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ભાગવતને નમસ્કાર કરીને મંત્રપુષ્પાંજલિ અર્પણ કરવી.

તે પરમાત્માની પ્રાર્થના

वंदे श्रीकृष्णदेवं मुरनरकभिदं वेदवेदांतवेद्यम्। लोके भक्तिप्रसिद्धं यदुकुलजलधौ प्रादुरासीदपारे॥ यस्यासीद्रूपमेवं त्रिभुवनतरणे भक्तिवच्च स्वतंत्रम्। शास्त्रं रूपं च लोके प्रकटयति मुदा यः स नो भूतहेतुः॥१॥

જેમનું સ્વરૂપ ત્રણે લોકને તરવા માટે ભક્તિની પેઠે સ્વતંત્ર નૌકારૂપ છે; સર્વ ભૂતપ્રાણીના આદિકારણરૂપ જે પરમાત્માએ અમારા કલ્યાણ માટે શાસ્ત્રને અને તે પોતાના સ્વરૂપરૂપી નૌકાને આ જગતમાં પ્રકટ કરી છે; એવા આ લોકને વિષે ભક્તિથી પ્રસિદ્ધ થયેલા; મુર અને નરકાસુરને હણનારા; વેદ અને વેદાંતથી જાણી શકાય એવા તથા અપાર યાદવકુલરૂપી સમુદ્રમાં પ્રકટ થયેલા ભગવાન શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરું છું. (૧)

नमः कृष्णपदाब्जाय भक्ताभीष्टप्रदायिने। आरक्तं रोचयेच्छश्वन्मामके हृदयांबुजे॥ २॥

ભક્તજનોને ઇષ્ટ વસ્તુ આપનાર એવા શ્રીકૃષ્ણના ચરણકમળને અમારા નમસ્કાર હો. એ આરક્ત ચરણકમળ મારા હૃદયકમળમાં વારંવાર રુચિ ઉત્પન્ન કરો. (૨)

श्रीभागवतरूपं तत् पूजयेद्भक्तिपूर्वकम्। अर्चकायाखिलान् कामान् प्रयच्छति न संशयः॥

શ્રીમદ્ભાગવતને ભગવાનનું રૂપ સમજીને આ પ્રમાણે જે ભક્તિપૂર્વક પૂજે છે, તેના સર્વ મનોરથ સિદ્ધ છે એમાં સંશય નથી. (૩)

इतिश्री हरिदासविरचितः श्रीभागवतपुस्तकषोडशोपचारपूजनविधिः समाप्तः॥

શ્રીહરિદાસવિરચિત શ્રીમદ્ભાગવતનો ષોડશોપચારવિધિ આ પ્રમાણે સંપૂર્ણ થયો.

॥ श्रीकृष्णार्पणमस्तु॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

महर्षि वेदव्यासप्रणीत

श्रीमद् भागवत

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

भाग पहेलो

સ્કંધ ૧ થી ૭ સુધી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભક્તિ અને તેના પુત્રો—જ્ઞાન અને વૈરાગ્ય [પૃષ્ઠ ૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ॐ

श्रीमद्भागवतमाहात्म्य

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

अध्याय १ लो

ભક્તિ અને નારદનો સમાગમ

यं प्रव्रजंतमनुपेतमपेतकृत्यम् द्वैपायनो विरहकातर आजुहाव ।
पुत्रेति तन्मयतया तरवोऽभिनेदुस्तं सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि ॥१॥

જેમનાં સર્વ કર્મો દૂર થયાં હતાં અને જેમને ઉપનયન સંસ્કાર પણ થયો ન હતો, એવા જે શુકદેવજી, સર્વનો ત્યાગ કરી જ્યારે તેઓ ચાલી નીકળ્યા, ત્યારે વિરહથી વ્યાકુળ થઈ શ્રીવેદવ્યાસજીએ 'હે પુત્ર!' એ પ્રમાણે તેમને બોલાવ્યા હતા; તે સમયે એ શુકદેવજીસ્વરૂપે વૃક્ષોએ ઉત્તર આપ્યો હતો; તે પ્રાણીમાત્રના અંતર્યામીસ્વરૂપ શ્રીશુકમુનિને હું નમન કરૂં છું.[1] કથારૂપી અમૃતરસનો સ્વાદ લેવામાં કુશળ મુનિ શૌનકે, નૈમિષારણ્યમાં બેઠેલા મહાબુદ્ધિમાન સૂત પૌરાણિકને પ્રણામ કરીને પૂછ્યું.[2]

શૌનકે પૂછ્યું:–અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવામાં કરોડો સૂર્ય સમાન તેજસ્વી હે સૂત! મારા કાનને પરમાનંદ આપનાર શ્રેષ્ઠ કથા આપ મને કહો.[3] ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યથી પ્રાપ્ત થયેલો વિવેક કેવી રીતે વધે છે? અને વૈષ્ણવો માયા તથા મોહનો કેવી રીતે ત્યાગ કરે છે?[4] આ ઘોર કલિકાળ પ્રાપ્ત થતાં જીવ આસુરી ભાવને પામ્યો છે; તે સાંસારિક દુઃખોથી દુઃખી એવા જીવને શુદ્ધ કરવાનો શ્રેષ્ઠ ઉપાય કયો છે?[5] સર્વ કલ્યાણકારી સાધનોમાં જે શ્રેષ્ઠ હોય, પવિત્રમાં પવિત્ર અને સદા શ્રીકૃષ્ણની પ્રાપ્તિ કરાવે તેવું હોય–તે સાધન, હમણાં તમે મને કહો.[6] ચિંતામણિ પ્રસન્ન થાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

તો લૌકિક સુખ આપે,ઇન્દ્ર પ્રસન્ન થાય તો સ્વર્ગ-સંપત્તિ આપે અને ગુરુ પ્રસન્ન થાય તો યોગીઓને પણ દુર્લભ એવો વૈકુંઠલોક આપે છે.[૭]

સૂતે કહ્યું:–હે શૌનક! તમારા ચિત્તમાં પ્રીતિ છે, તેથી સર્વ સિદ્ધાંતો વડે સિદ્ધ થયેલું, સંસારના ભયનો નાશ કરનાર, ભક્તિના સમૂહને વધારનાર અને શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવામાં જે કારણરૂપ છે તે સાધન, વિચાર કરીને હું તમને કહું છું, તે તમે સાવધાન થઇને સાંભળો.[૮૯] કલિકાળમાં કાળરૂપી સર્પના મુખનો ગ્રાસ થવામાં જે ભય છે, તેનો નાશ કરવા માટે શ્રીશુકદેવજીએ 'શ્રીમદ્‌ભાગવત' શાસ્ત્ર કહ્યું છે.[૧૦] મનની શુદ્ધિ માટે આનાથી બીજું કંઈ પણ (સાધન) નથી. જન્માંતરનું પુણ્ય હોય, તો શ્રીમદ્‌ભાગવતનો લાભ મળે છે.[૧૧] શ્રીશુકદેવજી પરીક્ષિતને કથા કહેવાને સભામાં બેઠા, ત્યારે અમૃતનો કળશ લઇ દેવતાઓ ત્યાં આવ્યા હતા.[૧૨] પોતાના કાર્યમાં કુશળ તે સર્વ દેવતાઓ, શુકદેવજીને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે, 'આ અમૃત લઈને તેને બદલે કથારૂપી અમૃત તમે અમને આપો.[૧૩] એ રીતે બદલો થયા પછી રાજા પરીક્ષિત અમૃત પીએ અને અમે સર્વે શ્રીમદ્‌ભાગવતરૂપી અમૃત પીશું.'[૧૪] પછી શુકદેવજીએ લોકમાં 'કથા ક્યાં અને અમૃત ક્યાં? મહાન મણિ ક્યાં અને કાચ ક્યાં?' એવો વિચાર કરી દેવોની હાંસી કરી; અને તેઓને અભક્ત જાણી કથારૂપી અમૃત આપ્યું નહિ. આમ શ્રીમદ્‌ભાગવતની કથા દેવોને પણ દુર્લભ છે.[૧૫૧૬] તેમજ પૂર્વે, રાજા પરીક્ષિતનો મોક્ષ (થયેલો) જોઇને અજન્મા બ્રહ્મદેવ પણ વિસ્મય પામ્યા હતા; અને તેમણે સત્યલોકમાં કાંટો બાંધી સર્વ સાધનો તોળ્યાં હતાં.[૧૭] તે વખતે બીજાં સર્વ સાધનો હલકાં થયાં હતાં અને આ શ્રીમદ્‌ભાગવત ભારે થયું હતું, જેથી સર્વ ઋષિઓ અત્યંત વિસ્મય પામ્યા હતા. તેઓ માનવા લાગ્યા કે, શ્રીમદ્‌ભાગવત પૃથ્વી પર શ્રીભગવાનનું સ્વરૂપ છે અને પઠન કે શ્રવણથી તત્કાળ વૈકુંઠરૂપ ફળ આપનારું છે;[૧૮૧૯] અને માત્ર સાત દિવસ શ્રવણ કરવાથી સર્વથા મુક્તિ આપનારું છે. પૂર્વે દયાળુ એવા સનકાદિ મુનિઓએ, આ શ્રીમદ્‌ભાગવત નારદ મુનિને કહ્યું હતું;[૨૦] જો કે દેવર્ષિ નારદે બ્રહ્મદેવની પાસેથી આ સાંભળ્યું હતું; પણ (તેના) સપ્તાહશ્રવણનો વિધિ સનકાદિક કુમારોએ તેમને કહ્યો હતો.[૨૧]

શૌનકે પૂછ્યું:–લોકોને લડાવવામાં તત્પર અને અસ્થિર એવા નારદને સપ્તાહશ્રવણનો વિધિ સાંભળવામાં પ્રીતિ કેમ થઈ? અને તેમને સનત્કુમારો સાથે સમાગમ ક્યાં થયો?[૨૨]

સૂતે કહ્યું:–આ વિષયમાં ભક્તિપૂર્ણ એવી એક કથા હું તમને કહું છું; જે કથા શુકદેવજીએ મને શિષ્ય જાણી એકાંતમાં કહી છે.[૨૩] એક સમયે નિર્મળ બુદ્ધિવાળા સનકાદિ ચારે ઋષિઓ, બદરિકાશ્રમમાં સત્સંગ કરવા માટે આવ્યા અને ત્યાં તેમણે નારદ મુનિને જોયા.[૨૪]

સનકાદિ કુમારોએ કહ્યું:–"હે નારદ! તમારું મુખ ઉદાસીન કેમ જણાય છે? તમે ચિંતાપરાયણ કેમ છો? આમ ઉતાવળા ઉતાવળા ક્યાં જાઓ છો અને તમે ક્યાંથી આવો છો?[૨૫] જેની પાસેથી ધન ચાલ્યું ગયું હોય, એવા મનુષ્યની પેઠે હમણાં તમે શૂન્ય ચિત્તવાળા જણાઓ છો. સર્વ પ્રકારના સંગથી મુક્ત થયેલા તમને આમ ચિંતા કરવી ન ઘટે. માટે તેનું કારણ કહો."[૨૬]

નારદે કહ્યું:–"હું પૃથ્વીને સર્વથી ઉત્તમ જાણીને ત્યાં ગયો હતો અને પુષ્કર, પ્રયાગ,કાશી, ગોદાવરી, હરિક્ષેત્ર, કુરુક્ષેત્ર, શ્રીરંગ તથા સેતુબંધ આદિ તીર્થોમાં ચોતરફ ફર્યો હતો; પણ મનને સંતોષ આપે એવું સુખ કોઈ સ્થળે મેં જોયું નહિ. હમણાં અધર્મના મિત્ર કલિયુગે, પૃથ્વીને દુઃખી કરી મૂકી છે. સત્ય, તપ, પવિત્રતા, દયા કે દાન ત્યાં રહ્યાં નથી. જીવો પેટભરા, દીન, અસત્ય બોલનારા, આળસુ, અતિશય મંદ બુદ્ધિવાળા,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

મંદ ભાગ્યવાળા અને દુઃખી થયેલા જોવામાં આવે છે; સર્વ સંતજનો પણ પાખંડમાં લાગેલા છે, વિરાગીઓ ઘરબારી થયા છે, દરેક ઘરમાં સ્ત્રીઓનું સ્વામિત્વ દેખાય છે, સાળો બુદ્ધિ આપનાર છે, લોભથી કન્યાવિક્રય થાય છે, સ્ત્રીપુરુષો પરસ્પર લડે છે.[૨૭–૩૨] આશ્રમો, તીર્થો અને નદીઓ યવનોએ રોકી લીધાં છે; તેમજ ઘણાં દેવાલયોનો દુષ્ટોએ નાશ કરી નાખ્યો છે.[૩૩] યોગી, સિદ્ધ, જ્ઞાની કે સત્ક્રિયા કરનારો પુરુષ કોઈ રહ્યો નથી; અને સર્વ સાધનો કલિયુગરૂપી દાવાનલથી ભસ્મીભૂત થયાં છે.[૩૪] આ કલિયુગમાં દેશ વિષે રાંધેલાં અન્ન વેચાય છે, બ્રાહ્મણો વેદ વેચે છે અને સ્ત્રીઓ ધન લઈ વ્યભિચાર કરે છે.[૩૫] આ રીતે કલિયુગના દોષોને જોતો અને પૃથ્વી ઉપર ફરતો હું યમુનાતટે ગયો, જ્યાં શ્રીકૃષ્ણે લીલા કરી હતી.[૩૬] હે મુનીશ્વરો! ત્યાં મેં એક આશ્ચર્ય જોયું, તે તમે સાંભળો. મનમાં ખિન્ન એવી એક તરુણ સ્ત્રી ત્યાં બેઠી હતી.[૩૭] એ સ્ત્રીની પાસે બે વૃદ્ધ પુરુષો, બેભાન અવસ્થામાં નિઃશ્વાસ નાખતા પડ્યા હતા અને તે સ્ત્રી રડતી રડતી તેમને જાગૃત કરતી હતી, તેમજ તેમની સેવા કરતી હતી.[૩૮] પોતાના શરીરની રક્ષા કરનારને (મેળવવા) દશે દિશાઓમાં તે જોતી હતી. તે સ્ત્રીને બીજી સેંકડો સ્ત્રીઓ પવન નાખતી વારંવાર સમજાવતી હતી.[૩૯] દૂરથી જોઇને કૌતુકથી હું તેની પાસે ગયો; મને જોઇને તે યુવતી ઊભી થઇ અને વિહ્વળ થતી થતી આ પ્રમાણે વચન બોલી.[૪૦]

યુવતીએ કહ્યું:–'હે સત્પુરુષ! એક ક્ષણ ઊભા રહો; મારી ચિંતાનો પણ નાશ કરો. તમારૂં ઉત્તમ દર્શન લોકનાં પાપોને સર્વથા હરનારૂં છે.[૪૧] તમારા વચનથી ઘણે ભાગે મારા દુઃખની શાંતિ થશે. જો મોટાં ભાગ્ય હોય તોજ આપનું દર્શન થાય છે.'[૪૨]

નારદે કહ્યું:–"હે દેવિ! તું કોણ છે? આ બે પુરુષો કોણ છે? અને કમળ સમાન નેત્રોવાળી આ સ્ત્રીઓ કોણ છે? તારા દુઃખનું કારણ તું મને વિસ્તારથી કહે.[૪૩]

યુવતીએ કહ્યું:–'હું 'ભક્તિ' એવા નામથી પ્રખ્યાત છું.આ બે મારા પુત્રો છે. તેમનાં નામ 'જ્ઞાન' અને 'વૈરાગ્ય' છે અને કાળયોગે તેઓ વૃદ્ધ થઈ ગયા છે.[૪૪] આ સ્ત્રીઓ, ગંગા વગેરે નદીઓ છે અને મારી સેવા માટે આવી છે. મને દેવતાઓ સેવે છે, તોપણ સુખ નથી. હે તપોધન! હમણાં તમે મારી વાત સાંભળો. તમે ચિંતાતુર છો, તોપણ મારી વાત લાંબી છે; તે સાંભળી તમે (મને) સુખ આપો.[૪૫।૪૬] હું દ્રવિડ દેશમાં ઉત્પન્ન થઇ છું ને કર્ણાટક તથા મહારાષ્ટ્ર દેશમાં કોઇ કોઇ સ્થળે વૃદ્ધિ પામી છું. પણ ગુજરાતમાં જીર્ણ થઈ ગઇ છું. ત્યાં ભયંકર કલિયુગના યોગથી પાખંડોએ મારાં અંગો ભાંગી નાખ્યાં છે, જેથી હું દુર્બળ થઈ છું અને લાંબા વખતથી (આ) પુત્રો સાથે અશક્તપણાને પામી છું;[૪૭।૪૮] પણ હાલમાં વૃંદાવન આવીને જાણે નવીન થઇ હોઉં તેવી અત્યંત રૂપવાળી તરુણી થઇ છું અને સારી રીતે ઉત્તમ સ્વરૂપ પામી છું;[૪૯] પરંતુ આ બે મારા પુત્રો અહીં સૂતા છે ને પરિશ્રમથી દુઃખ પામે છે; જેથી આ સ્થાન છોડી મારે પરદેશ જવું છે;[૫૦] પણ મારા આ બે પુત્રો ઘરડા થઇ ગયા છે, તે દુઃખથી હું દુઃખી છું. કયા કારણથી હું તરુણ થઇ અને શાથી આ બે પુત્રો ઘરડા થયા?[૫૧] અમે ત્રણે સાથે વિચરીએ છીએ છતાં આવી વિપરીતતા કેમ થઇ? માતા ઘરડી ને પુત્રો જુવાન હોવા જોઇએ.[૫૨] હે યોગનિધિ! આ કારણથી મનમાં વિસ્મય પામીને હું મારો પોતાનો શોક કરૂં છું; તો હે બુદ્ધિમાન! આમાં કારણ શું હશે, તે તમે કહો.'[૫૩]

નારદે કહ્યું:–"હે નિર્દોષભક્તિ! આ તારી સર્વ વાત જ્ઞાનથી મારા મનમાં હું જાણી લઉં છું, તારે ખેદ ન કરવો. શ્રીહરિ તારૂં કલ્યાણ કરશે."[૫૪]

સૂતે કહ્યું:–મુનીશ્વર નારદે એક ક્ષણમાત્રમાં તે વાત જાણી લઇને આવું વચન કહ્યું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

નારદ બોલ્યાઃ—"હે યુવતિ! સાવધાન થઇને તું સાંભળ. આ કલિયુગ ભયંકર છે.[૫૫] તેણે સદાચાર, યોગમાર્ગ ને તપનો નાશ કર્યો છે. લોકો અઘાસુર જેવા થઇ ગયા છે, જેથી શઠતા અને દુષ્ટ કર્મો કરે છે.[૫૬] આ યુગમાં સજ્જનો દુઃખી થાય છે અને દુર્જનો આનંદ કરે છે. જે પુરુષ ધૈર્ય ધારણ કરે છે, તેજ બુદ્ધિમાન, ધીર અથવા પંડિત છે.[૫૭] આ પૃથ્વી પ્રતિવર્ષ જોવાને કે સ્પર્શ કરવાને પણ અયોગ્ય હોઈ ક્રમેક્રમે શેષનાગને ભારકર્તા થઇ પડી છે અને કોઇ સ્થળે મંગળ પણ દેખાતું નથી.[૫૮] હમણાં તને કે તારા પુત્રોને કોઇ પણ જોતું નથી. વિષયાંધ મનુષ્યોથી ઉપેક્ષા કરાયલી તું જર્જરિત થઇ ગઇ હતી.[૫૯] પણ વૃંદાવનના યોગથી પાછી તું નવયુવતી થઇ છે, જેથી ખરેખર આ વૃંદાવન ધન્ય છે કે જ્યાં ભક્તિ નૃત્ય કરે છે.[૬૦] પરંતુ તારા આ બે પુત્રો (તેઓના) કોઇ ગ્રાહક નહિ હોવાથી વૃદ્ધાવસ્થાને છોડતા નથી. માત્ર અહીં કંઇક આત્મસુખ પ્રાપ્ત થવાથી આ બન્નેને નિદ્રા આવી હોય એમ જણાય છે."[૬૧]

શ્રીભક્તિએ કહ્યુંઃ—"રાજા પરીક્ષિતે આ અપવિત્ર કલિયુગને કેમ રાખ્યો હશે? કલિયુગની પ્રવૃત્તિ થતાં મહાન એવો સર્વ સાર કયાં ગયો?[૬૨] દયાળુ શ્રીહરિ પણ અધર્મને કેમ જોઈ રહ્યા છે? આ મારા સંશયને તમે દૂર કરો. તમારી વાણીથી હું સુખી થઇ છું."[૬૩]

નારદે કહ્યુંઃ—"હે બાળા! તેં મને પૂછ્યું માટે તું પ્રેમથી સાંભળ; હું તને સર્વ કહું છું. હે કલ્યાણિ! તારું દુઃખ દૂર થશે.[૬૪] જે દિવસે ભગવાન શ્રીકૃષ્ણ, પૃથ્વીનો ત્યાગ કરી પોતાના ધામમાં પધાર્યા તે દિવસથી સર્વ સાધનોનો નાશ કરનારો કલિયુગ આવ્યો છે.[૬૫] રાજા પરીક્ષિતે દિગ્વિજયસમયે કલિયુગને જોયો, ત્યારે તે દીનની પેઠે તે રાજાને શરણે ગયો હતો, જેથી રાજાએ વિચાર્યું કે, 'ભ્રમર જેમ સારવસ્તુને ગ્રહણ કરે છે, તેમ મારે આ કલિયુગને મારવો યોગ્ય નથી.[૬૬] જે ફળ તપ, યોગ કે સમાધિથી નથી મળતું, તે ફળ કલિયુગમાં શ્રીકૃષ્ણકીર્તનથી મનુષ્ય સારી રીતે મેળવે છે.[૬૭] એ પ્રમાણે વિચાર કરી એકાકાર અને નીરસ છતાં સારવાળા કલિયુગને જોઇને કલિયુગમાં ઉત્પન્ન થયેલા જીવોના સુખ માટે પરીક્ષિત રાજાએ તેને રાખ્યો છે.[૬૮] હમણાં કુકર્મોનાં આચરણથી સર્વમાંથી સાર ચાલ્યો ગયો છે અને પૃથ્વી પરના પદાર્થો બીજ વિનાનાં ફોતરાં જેવા રહ્યા છે.[૬૯] બ્રાહ્મણો ઘેર ઘેર પ્રત્યેક મનુષ્ય પાસે દાણાના લોભથી ભાગવતની કથા કરી રહ્યા છે, તેથી કથાનો સાર ગયો છે.[૭૦] અતિ ઉગ્ર અનેક કર્મો કરનારા અને ભયંકર નાસ્તિક મનુષ્યો પણ તીર્થોમાં રહે છે, તેથી તીર્થોનો સાર ગયો છે.[૭૧] કામ, ક્રોધ, મહાલોભ અને તૃષ્ણાથી વ્યાકુળ ચિત્તવાળા પણ તપશ્ચર્યા કરે છે, તેથી તપનો સાર ગયો છે.[૭૨] મનને નહિ જીતવાથી, લોભથી, દંભથી, પાખંડનો આશ્રય કરવાથી અને શાસ્ત્રોનો અભ્યાસ નહિ કરવાથી ધ્યાન તથા યોગનું ફળ ગયું છે.[૭૩] પંડિત પુરુષો પણ પાડાઓની પેઠે સ્ત્રીઓની સાથે રમી રહ્યા છે અને પુત્રો ઉત્પન્ન કરવામાં ચતુર હોઈ મોક્ષ સાધવામાં ચતુર નથી રહ્યા.[૭૪] વળી સંપ્રદાયપૂર્વક વૈષ્ણવપણું કોઇ સ્થળે નથી; એ રીતે પ્રત્યેક સ્થળે વસ્તુઓનો સાર નાશ પામ્યો છે. આ તો યુગધર્મ વર્તી રહ્યો છે, તેમાં દોષ કોનો? આવા કારણથી સમીપમાં રહીને પણ ભગવાન (કલિયુગના દોષોને) સહન કરે છે."[૭૫,૭૬]

સૂતે કહ્યુંઃ—હે શૌનક! તેમનું એવું વચન સાંભળી ભક્તિ, અત્યંત વિસ્મય પામી અને ફરી તેણી જે વચન બોલી તે તમે સાંભળો.[૭૭]

શ્રીભક્તિએ કહ્યું—"હે દેવર્ષિ! તમને ધન્ય છે. મારા ભાગ્યયોગે તમારો સમાગમ થયો છે. જગતમાં સત્પુરુષોનું દર્શન ઉત્તમ છે અને સર્વ સિદ્ધિને આપનારું છે.[૭૮] તમારું કેવળ એકજ વચન સાંભળીને પ્રહ્લાદજી માયાને જીતી ગયા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે અને તમારી કૃપાથી ધ્રુવજી પણ ધ્રુવપદને પામ્યા છે. આવા સમગ્ર કલ્યાણના પાત્ર બ્રહ્મ-પુત્ર–તમને હું પ્રણામ કરૂં છું."૭૯

जयति जयति मायां यस्य कायाधवस्ते।
वचनरचनमेकं केवलं चाकलय्य ॥
ध्रुवपदमपि यातो यत्कृपातो ध्रुवोऽयं।
सकलकुशलपात्रं ब्रह्मपुत्रं नतास्मि ॥७९॥

ઇતિ શ્રીમદ્ભાગવતમાહાત્મ્ય વિષે
અધ્યાય ૧ લો સમાપ્ત

अध्याय २ जो

સનકાદિ કુમાર ને નારદનો સંવાદ

॥ नारद उवाच ॥

वृथा खेदायसे बाले अहो चिन्तातुरा कथम्।
श्रीकृष्णचरणाम्भोजं स्मर दुःखं गमिष्यति॥१॥

નારદે કહ્યું:–"હે બાળા! તું વૃથા ખેદ કરે છે. આશ્ચર્ય છે કે, તું ચિંતાતુર કેમ રહે છે. શ્રીકૃષ્ણના ચરણકમળનું તું સ્મરણ કર, એટલે તારૂં દુઃખ જશે.૧ જેમણે કૌરવોના દુઃખમાંથી દ્રૌપદીનું રક્ષણ કર્યું હતું અને ગોપીઓનું પાલન કર્યું હતું, તે શ્રીકૃષ્ણ ક્યાંય પણ ગયા નથી.૨ હે ભક્તિ! તું તો તે ભગવાનને નિરંતર પ્રાણથી પણ અધિક પ્રિય છે. જો તું બોલાવે તો ભગવાન નીચના ઘરમાં પણ જાય છે. સત્ય આદિ ત્રણ યુગમાં જ્ઞાન ને વૈરાગ્ય મોક્ષ આપનાર છે; પણ કલિયુગમાં તો કેવળ ભક્તિજ બ્રહ્મસાયુજ્ય–મુક્તિને આપે છે.૩।૪ આવો નિશ્ચય કરીનેજ જ્ઞાનસ્વરૂપ અને પરમાનંદ ચૈતન્યરૂપ એવા શ્રીભગવાને પોતાના સમાન સ્વરૂપવાળી અને પોતાને પ્રિય એવી સુંદરી તને ઉત્પન્ન કરી છે.૫ એક સમયે બે હાથ જોડી તેં શ્રીકૃષ્ણને પૂછ્યું હતું કે, 'હું શું કરૂં?' ત્યારે શ્રીકૃષ્ણે તને આજ્ઞા કરી હતી કે, 'મારા ભક્તોનું તું પોષણ કર.'૬ તેં એ આજ્ઞા સ્વીકારી, ત્યારે શ્રીકૃષ્ણ તારા ઉપર પ્રસન્ન થયા હતા અને તેમણે મુક્તિરૂપી દાસી તથા જ્ઞાન અને વૈરાગ્ય નામે આ બે પુત્રો તને આપ્યા છે.૭ તું વૈકુંઠલોકમાં પોતાના સ્વરૂપથી ભક્તોનું પોષણ કરે છે અને પૃથ્વી ઉપર ભક્તિની વૃદ્ધિ માટે તેં છાયારૂપ ધારણ કર્યું છે.૮ તું મુક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને સાથે લઈ પૃથ્વી પર આવી અને સત્યયુગથી દ્વાપરયુગ સુધી ઘણા આનંદમાં રહી.૯ પછી કલિયુગમાં પાખંડરૂપી રોગથી પીડાયલી મુક્તિ ક્ષીણ થઇ, એટલે તારી આજ્ઞાથી તુરત તે ફરી વૈકુંઠલોકમાંજ ચાલી ગઈ.૧૦ પણ તું જ્યારે સ્મરણ કરે છે, ત્યારે તે મુક્તિ પાછી અહીં આવે છે અને જાય છે. તેં આ જ્ઞાન તથા વૈરાગ્યને પુત્રરૂપ કરીને પોતાનીજ પાસે રાખ્યા છે.૧૧ કલિયુગમાં લોકોની ઉપેક્ષાને લીધે તારા આ બે પુત્રો અશક્ત અને વૃદ્ધ થયા છે; તોપણ તું ચિંતા છોડી દે. હું તેનો ઉપાય વિચારૂં છું.૧૨ હે સુંદર મુખવાળી! કલિયુગના જેવો બીજો કોઇ પણ યુગ નથી. આ યુગમાં હું તને ઘેરઘેર અને પ્રત્યેક મનુષ્યમાં સ્થાપીશ.૧૩ બીજા ધર્મોનો અનાદર કરી મોટા ઉત્સવપૂર્વક લોકમાં જો તારી પ્રવૃત્તિ ન કરૂં, તો હું શ્રીહરિનો દાસ નહિ.૧૪ આ કલિયુગમાં જે જીવો ભક્તિવાળા થશે, તેઓ પાપી હશે; તોપણ નિર્ભય થઇને શ્રીકૃષ્ણના ધામમાં જશે.૧૫ જેઓના ચિત્તમાં સદા પ્રેમસ્વરૂપ ભક્તિ નિવાસ કરે છે, તેઓ નિર્મળસ્વરૂપ થઇ સ્વપ્નમાં પણ યમને જોતા નથી.૧૬ પ્રેત, પિશાચ, રાક્ષસ કે અસુર પણ, જેઓનાં મન ભક્તિયુક્ત હોય છે તેઓનો સ્પર્શ કરવા સમર્થ નથી.૧૭ તપશ્ચર્યા, વેદો કે કર્મથી શ્રીહરિ વશ થતા નથી, પણ ભક્તિથીજ વશ થાય છે; તેમાં ગોપીઓ પ્રમાણરૂપ છે.૧૮ મનુષ્યોને હજારો જન્મે ભક્તિમાં પ્રીતિ થાય છે; ને કલિયુગમાં તો ભક્તિ તે ભક્તિજ છે. ભક્તિથી શ્રીકૃષ્ણ સંમુખજ રહે છે.૧૯ જેઓ ભક્તિનો દ્રોહ કરે છે, તેઓ ત્રણે જગતમાં દુઃખી થાય છે. પૂર્વે ભક્તિની નિંદા કરનાર દુર્વાસા દુઃખ પામ્યા હતા.૨૦ વ્રતો, તીર્થો, યોગ, યજ્ઞો કે જ્ઞાનકથાના આલાપો કરવાની કંઇ જરૂર નથી; કેવળ એક ભક્તિજ મોક્ષ આપે છે."૨૧

સૂતે કહ્યું:–એ પ્રમાણે નારદે નિર્ણય કરેલું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાનું માહાત્મ્ય સાંભળી સર્વાંગે પુષ્ટ થયેલી ભક્તિ નારદને આવું વચન કહેવા લાગી.[૨૨]

શ્રીભક્તિએ કહ્યું:—"અહો નારદ! તમને ધન્ય છે, તમારી મારામાં નિશ્ચળ પ્રીતિ છે, હું તમને કદી છોડીશ નહિ; પણ સર્વદા તમારા ચિત્તમાં રહીશ.[૨૩] હે સત્પુરુષ! દયાળુ એવા તમોએ ક્ષણવારમાં મારી પીડાનો નાશ કર્યો છે; તો હવે મારા આ બે પુત્રોને ભાન નથી, તેમને જાગૃત કરો—સચેત કરો."[૨૪]

સૂતે કહ્યું:—ભક્તિનું વચન સાંભળી નારદજીને દયા આવી, જેથી તે જ્ઞાન તથા વૈરાગ્યને હાથના અગ્રભાગથી દબાવીને જગાડવા લાગ્યા.[૨૫] તેમના કાન પાસે મુખ લઇ જઈ ઉચ્ચ સ્વરે કહેવા લાગ્યા કે, 'હે જ્ઞાન! સત્વર જાગૃત થા; હે વૈરાગ્ય! જલદી જાગૃત થા.'[૨૬] વળી વેદ—વેદાંતની ગર્જનાઓથી અને ગીતાજીના પાઠોથી વારંવાર નારદજી જગાડવા લાગ્યા, ત્યારે માંડ માંડ બળાત્કારે તેઓ ઊઠ્યા.[૨૭] તેઓ નેત્રોથી જોઇ શકતા ન હતા, બગાસાં ખાતા હતા અને લગભગ સૂકા લાકડા જેવાં અંગોવાળા હતા; જેથી આળસયુક્ત જણાતા તેઓ બગલાની પેઠે પાછા પૃથ્વી પર ઢળી પડ્યા.[૨૮] ભૂખથી પીડાયેલા તે બન્નેને વળી પાછા એ રીતે સૂઇ જતા જોઇ ઋષિ આમ ચિંતા કરવા લાગ્યા કે, 'મારે શું કરવું?[૨૯] અહો! આમની નિદ્રા કઈ રીતે જાય અને ઘણીજ મોટી વૃદ્ધાવસ્થા કેવી રીતે દૂર થાય?' હે શૌનક! એ પ્રમાણે ચિંતા કરતા નારદે શ્રીભગવાનનું સ્મરણ કર્યું.[૩૦] તે સમયે આવી આકાશવાણી થઇ કે, 'હે ઋષિ! તમે ખિન્ન થાઓ મા. તમારો ઉદ્યમ સફળ થશે, એમાં સંશય નથી.[૩૧] હે દેવર્ષિ! આને માટે તમે સત્કર્મ કરો; તે સત્કર્મ શીલથી શોભતા મહાત્માઓ તમને કહેશે.[૩૨] એ સત્કર્મ કરવાથી ક્ષણવારમાં આ બન્નેની વૃદ્ધાવસ્થા નિદ્રાની સાથે દૂર થશે ને ભક્તિનો સર્વત્ર પ્રચાર થશે.'[૩૩] એ પ્રમાણે તે આકાશવાણીને સર્વ લોકોએ સ્પષ્ટ રીતે સાંભળી અને નારદજી 'આ કંઇ સમજાયું નહિ,' એમ બોલતા આશ્ચર્ય પામ્યા.[૩૪]

નારદે કહ્યું:—"આ આકાશવાણીએ પણ ગુપ્ત રાખીનેજ જણાવ્યું છે. એવું કયું સત્કર્મ કરવું કે જેથી આ બન્નેનું કાર્ય થાય?[૩૫] તે સત્પુરુષો ક્યાં હશે? અને તેઓ સાધન કેવી રીતે આપશે? આકાશવાણીએ જે કહ્યું તેમાં મારે શું કરવું?"[૩૬]

સૂતે કહ્યું:—નારદ મુનિ, તે બન્નેને ત્યાં મૂકીને નીકળી ગયા અને પ્રત્યેક તીર્થયાત્રાએ નીકળી માર્ગમાં મુનીશ્વરોને પૂછવા લાગ્યા.[૩૭] સર્વ કોઇ તે વાત સાંભળતા હતા, પણ નિશ્ચય કરીને કંઇ કહેતા ન હતા. કેટલાક કહેતા હતા કે, 'આ અસાધ્ય છે;' ત્યારે બીજા કહેતા હતા કે, 'આ સમજાતું નથી.'[૩૮] વળી બીજાઓ મૌન રહ્યા અને કેટલાક તો પલાયનજ કરી ગયા. એ સમયે ત્રણે લોકમાં આશ્ચર્યજનક મહાન હાહાકાર થઇ રહ્યો.[૩૯] એ રીતે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે, વેદ—વેદાંતની ગર્જનાઓથી અને ગીતાજીના પાઠોથી જાગૃત કર્યા છતાં પણ જ્યારે ઊઠ્યાં નહિ, ત્યારે લોકો એકબીજાના કાનમાં કહેવા લાગ્યા કે, 'હવે બીજો કોઈ ઉપાય રહ્યો નથી. જે વસ્તુ યોગી નારદે પોતે પણ જાણી નહિ તેને જગતના બીજા મનુષ્યો કેવી રીતે કહી શકે? ઋષિગણોને પૂછતાં તેમણે પણ નિર્ણય કરીને એમજ કહ્યું છે કે, આ વસ્તુ દુરાસદ છે—જાણવી અશક્ય છે.'[૪૦–૪૨] તે પછી ચિંતાતુર થયેલા નારદજી બદરિકાશ્રમમાં આવ્યા અને 'તે સત્કર્મ માટે હું અહીં તપશ્ચર્યા કરૂં' એવો તેમણે નિશ્ચય કર્યો.[૪૩] તેટલામાં હે મુનિશ્રેષ્ઠ શૌનક! કરોડો સૂર્ય સમાન તેજસ્વી એવા સનકાદિ મુનીશ્વરોને પોતાની સન્મુખ તેમણે જોયા અને તેઓ પ્રત્યે આ પ્રમાણે કહ્યું.[૪૪]

નારદે કહ્યું:—"હે કુમારો! મારા મહાભાગ્યથી હમણાં આપની સાથે મારો સમાગમ થયો છે; તો મારા ઉપર કૃપા કરી શીઘ્ર મારા પ્રશ્નનો ઉત્તર કહો.[૪૫] આપ સર્વે યોગી છો, બુદ્ધિમાન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC-0. In Public Domain. Digitization by eGangotri

છો, મહાવિદ્વાન છો, પાંચ વર્ષના છતાં વૃદ્ધોમાં પણ વૃદ્ધ છો, સર્વદા વૈકુંઠમાં વસો છો, હરિકીર્તન કરવામાં તત્પર રહો છો, હરિલીલારૂપ અમૃતરસ વડે ઉન્મત્ત રહો છો અને હરીકથા એજ આપનું જીવન છે.[૪૬।૪૭] આપના મુખમાં **'શ્રીહરિઃ શરણમ્'** એ પ્રકારનું વચન નિત્ય રહે છે, તેથી કાળે આજ્ઞા કરેલી વૃદ્ધાવસ્થા, આપને બાધ કરતી નથી,[૪૮] પૂર્વે શ્રીહરિના દ્વારપાળો આપની ભ્રૂકુટીના ભંગમાત્રથી તુરતજ પૃથ્વી પર પડ્યા હતા ને આપની કૃપાથીજ પરમપદને પામ્યા હતા.[૪૯] અહો! ભાગ્યના યોગથી આપનું દર્શન અહીં થયું છે; તો આપ દયાળુએ હું દીન પર અનુગ્રહ કરવો જોઈએ.[૫૦] આકાશવાણીએ જે સાધન કહ્યું છે, તે સાધન કયું અને તે કેવી રીતે કરવું, તે પણ આપ વિસ્તારથી કહો.[૫૧] ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને સુખ કેવી રીતે થાય અને સર્વ વર્ણોમાં પ્રેમપૂર્વક પ્રયત્નથી તેમનું સ્થાપન કેવી રીતે થાય?"[૫૨]

સનકાદિ કુમારોએ કહ્યું:–"હે દેવર્ષિ! તમે ચિંતા કરો મા, મનમાં હર્ષ ધારણ કરો. આ વિષયમાં સુખથી સિદ્ધ થઇ શકે એવો અપૂર્વ ઉપાય છેજ.[૫૩] અહો નારદ! તમને ધન્ય છે. વિરક્ત પુરુષોના તમે શિરોમણિ છો, શ્રીકૃષ્ણભક્તોમાં સદા અગ્રેસર છો અને યોગથી સૂર્યસમાન (તેજસ્વી) છો.[૫૪] ભક્તિ માટે યત્ન કરનાર તમારામાં આ કંઇ આશ્ચર્ય માનવાનું નથી. ભક્તિની સ્થાપના કરવી, એ શ્રીકૃષ્ણભક્તને નિત્ય ઘટે છે.[૫૫] જગતમાં ઋષિઓએ અનેક માર્ગો પ્રકટ કર્યા છે, પણ તે સઘળા શ્રમસાધ્ય હોઈ ઘણું કરી સ્વર્ગરૂપ ફળનેજ આપનારા છે.[૫૬] જે માર્ગ વૈકુંઠને આપનારો છે, તે તો ગુપ્તજ રહેલો છે અને તેનો ઉપદેશ કરનાર પુરુષ પણ ઘણું કરીને ભાગ્યેજ મળી શકે છે.[૫૭] આકાશવાણીએ પૂર્વે તમને જે સત્કર્મ દર્શાવ્યું છે, તે હવે તમને કહીએ છીએ, તમે નિર્મળ બુદ્ધિવાળા થઇ સ્થિરચિત્તે તે સાંભળો.[૫૮] દ્રવ્યયજ્ઞ, તપયજ્ઞ, યોગયજ્ઞ, સ્વાધ્યાયયજ્ઞ અને જ્ઞાનયજ્ઞ, એ સર્વ યજ્ઞો કર્મનુંજ સૂચન કરનારા છે; પણ વિદ્વાનો કહે છે કે, સત્કર્મનુંજ સૂચન કરનાર તો કેવળ જ્ઞાનયજ્ઞજ છે; અને તે શ્રીમદ્ભાગવતની કથારૂપે શુક આદિ મુનિઓએ ગાયો છે.[૫૯।૬૦] એ શ્રીમદ્ભાગવતની કથાથી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને મહાન બળ પ્રાપ્ત થશે; જ્ઞાન અને વૈરાગ્યનું કષ્ટ પણ જશે ને સુખ થશે.[૬૧] શ્રીમદ્ભાગવતના ધ્વનિથી કલિયુગના આ સર્વ દોષો સિંહગર્જનાથી વરુઓની પેઠે નાશ પામશે[૬૨] અને તે પછી પ્રેમરસને વહેતી શ્રીભક્તિ જ્ઞાન તથા વૈરાગ્યની સાથે ઘેર ઘેર પ્રત્યેક મનુષ્યમાં ક્રીડા કરશે."[૬૩]

નારદે કહ્યું:–"ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે વેદવેદાંતની ગર્જનાઓથી અને ગીતાજીના પાઠોથી જગાડ્યા છતાં જો ન જાગ્યાં તો શ્રીમદ્ભાગવતની કથાથી શી રીતે જાગશે? કેમકે તે કથાઓમાં તો પ્રત્યેક શ્લોકે અને પ્રત્યેક પદે વેદાર્થજ રહ્યો છે.[૬૪।૬૫] સફળ દર્શનવાળા હે કુમારો! મારો આ સંશય આપ દૂર કરો. હે શરણાગતવત્સલ કુમારો! આ વિષયમાં આપ વિલંબ ન કરો."[૬૬]

સનકાદિ કુમારોએ કહ્યું:–"શ્રીમદ્ભાગવતની કથા વેદ અને ઉપનિષદોના સારમાંથી ઉત્પન્ન થઇ છે અને તેથીજ તેના ફળની ઉન્નતિ અતિ ઉત્તમ અને જુદા પ્રકારે શોભે છે.[૬૭] જેમ કોઇ વૃક્ષમાં મૂળથી આરંભી છેક ટોચ સુધી રસ વ્યાપી રહ્યો હોય છે છતાં તેનો સ્વાદ લઈ શકાતો નથી, પણ તે વૃક્ષથી જુદો પડી તેના ફળમાં એકત્ર થઇને તે રસ જગતના મનને હરનાર થાય છે;[૬૮] વળી જેમ દૂધમાં રહેલું ઘી સ્વાદ આપવાને સમર્થ થતું નથી, પણ જો દૂધથી અલગ થાય તો તે દિવ્ય ઘી દેવોને પણ રસ વધારનાર થાય જ;[૬૯] વળી જેમ શેરડીમાં પણ મૂળથી આરંભી છેક મધ્યભાગ સુધી સાકર વ્યાપી રહેલી છે, છતાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે પણ અલગ થયેથીજ મિષ્ટ લાગે છે; તેમ શ્રીમદ્‌ભાગવતની કથા પણ તેવીજ છે.[૭૦] આ શ્રીમદ્‌ભાગવત નામે પુરાણ વેદતુલ્ય છે અને ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્યની સ્થાપના કરવા માટે પ્રકટ કરવામાં આવ્યું છે.[૭૧] જે સમયે વેદ–વેદાંતમાં કુશળ અને ગીતાજીના પણ કર્તા શ્રીવેદવ્યાસજી પશ્ચાત્તાપ પામી અજ્ઞાન સમુદ્રમાં મૂંઝાવા લાગ્યા, તે સમયે પૂર્વે ચતુઃશ્લોકી ભાગવત તમે તેમને કહ્યું હતું; તે સાંભળીને વ્યાસજી તત્કાળ દુઃખરહિત થયા હતા.[૭૨,૭૩] તે વિષયમાં તમને વિસ્મય કેમ થાય છે, કે જેથી પ્રશ્ન કરો છો? શ્રીમદ્‌ભાગવતનું શ્રવણ કરતાં શોક અને દુઃખનો નાશ થાય છે."[૭૪]

નારદે કહ્યું:–"સમગ્ર શેષનાગના મુખો વડે ગવાયેલી કથાનુંજ પાન કરનારા હે કુમારો! જેમનું દર્શન સંસારના દુઃખરૂપી દાવાનળથી પીડાયેલાંઓનાં અશુભોનો નાશ કરે છે અને કલ્યાણ કરે છે, તેવા આપને, હું પ્રેમભક્તિ પ્રકટ કરવાને શરણે આવ્યો છું.[૭૫] જ્યારે પુરુષ અનેક જન્મો વડે પ્રાપ્ત કરેલા ભાગ્યોદયથી સત્સંગને મેળવે છે, ત્યારે (તેના વિષે) અજ્ઞાનરૂપ કારણથી થયેલા મોહ અને મદરૂપ અંધકારનો નાશ કરી વિવેક ઉદય પામે છે."[૭૬]

भाग्योदयेन बहुजन्मसमार्जितेन ।
सत्संगमं च लभते पुरुषो यदा वै ॥
अज्ञानहेतुकृतमोहमदांधकारं- ।
नाशं विधाय हि तदोदयते विवेकः ॥७६॥

ઇતિ શ્રીમદ્‌ભાગવતમાહાત્મ્ય વિષે
અધ્યાય ૨ જો સમાપ્ત

अध्याय ३ जो

ભક્તિના દુઃખનું નિવારણ

॥ नारद उवाच ॥

ज्ञानयज्ञं करिष्यामि शुकशास्त्रकथोज्ज्वलम् ।
भक्तिज्ञानविरागाणां स्थापनार्थं प्रयत्नतः ॥१॥

નારદે કહ્યું:–"ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની સ્થાપના માટે હું શુકશાસ્ત્ર–શ્રીમદ્‌ભાગવતની કથા વડે ઉજ્જ્વળ એવો જ્ઞાનયજ્ઞ પ્રયત્નથી કરીશ;[૧] પણ જે સ્થળે એ યજ્ઞ મારે કરવો જોઇએ તે સ્થળ અને શ્રીમદ્‌ભાગવતનો મહિમા વેદપારંગત એવા આપે મને કહેવો જોઇએ.[૨] કેટલા દિવસ સુધી શ્રીમદ્‌ભાગવતની કથા સાંભળવી અને તેમાં કયા પ્રકારનો વિધિ કરવો, એ હવે આપ મને કહો."[૩]

સનકાદિ કુમારોએ કહ્યું:–"હે નારદ! અતિ નમ્ર અને વિવેકી એવા તમને અમે કહીએ છીએ, તે સાંભળો. હરિદ્વારની પાસે આનંદ નામે એક તટ છે.[૪] તે અનેક ઋષિગણોથી યુક્ત છે, દેવો ને સિદ્ધોથી સેવાયલું છે, જાતજાતનાં વૃક્ષો અને લતાઓથી વ્યાપ્ત છે, નવી કોમળ રેતીવાળું છે, સુંદર છે, એકાંતપ્રદેશમાં આવેલું છે, સુવર્ણનાં કમળોથી સુશોભિત છે અને તેની સમીપમાં વસતાં પ્રાણીઓનાં મનમાં વૈર રહેલું નથી;[૫,૬] તે સ્થળે પરિશ્રમ વિના તમારે જ્ઞાનયજ્ઞ કરવો જેથી ત્યાં રસરૂપ અપૂર્વ કથા થશે.[૭] એટલે જરાથી જીર્ણ શરીરવાળા અને નિર્બળ એવા પોતાની સન્મુખ પડેલા તે જ્ઞાન તથા વૈરાગ્ય બન્નેને આગળ કરી ભક્તિ ત્યાં આવશે.[૮] કારણકે જ્યાં ભાગવતની કથા થાય છે, ત્યાં ભક્તિ વગેરે ત્રણેય જાય છે અને કથાનો શબ્દ સાંભળીને તરુણ બને છે."[૯]

સૂતે કહ્યું:–એમ કહી તે કુમારો નારદજી સાથે કથાપાન કરવાને ઉતાવળા ઉતાવળા તે ગંગાતટે આવ્યા.[૧૦] જ્યારે તેઓ તે તટ પર ગયા ત્યારે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભૂલોક, દેવલોક અને બ્રહ્મલોકમાં પણ કોલાહલ થઇ રહ્યો;[૧૧] અને શ્રીમદ્‌ભાગવતરૂપ અમૃતનું પાન કરવાને જેઓ અતિશય રસિક હતા, તેવા સર્વે વૈષ્ણવો પણ દોડતા દોડતા પ્રથમજ ત્યાં આવ્યા. ભૃગુ, વસિષ્ઠ, ચ્યવન, ગૌતમ, મેધાતિથિ, દેવલ, દેવરાત, પરશુરામ, વિશ્વામિત્ર, શાકલ, માર્કંડેય, દુર્વાસા, પિપ્પલાદ, યોગેશ્વર વ્યાસ, પરાશર, છાયાશુક, જાજલિ અને જહ્નુ વગેરે આ સર્વ મુનિગણો પુત્રો, શિષ્યો અને સ્ત્રીઓની સાથે અતિશય પ્રેમથી ત્યાં આવ્યા.[૧૨-૧૪] તેમજ વેદાંતો, વેદો, મંત્રો, તંત્રો, સત્તર પુરાણો અને છ શાસ્ત્રો પણ શરીર ધારણ કરીને ત્યાં આવ્યાં. વળી ગંગા વગેરે નદીઓ, પુષ્કર વગેરે સરોવરો, ક્ષેત્રો, સર્વ દિશાઓ, દંડક આદિ વનો, સર્વ પર્વતો, વૃક્ષો, દેવો, ગંધર્વો અને કિન્નરો ત્યાં આવ્યા; તેમજ જેઓ મોટાઈથી ત્યાં આવ્યા ન હતા, તેઓને સમજાવીને ભૃગુઋષિ તેડી લાવ્યા.[૧૫-૧૭] સર્વેએ કથાશ્રવણની દીક્ષા લીધી; સર્વને નારદજીએ ઉત્તમ આસન આપ્યાં; ને પછી સર્વથી વંદન કરાયલા સનકાદિ કુમારો શ્રીકૃષ્ણપરાયણ થઇને ત્યાં બેઠા. વૈષ્ણવો, વિરક્તો, સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓ મુખ્ય ભાગમાં બેઠા અને નારદ તેમની આગળ બેઠા.[૧૮,૧૯] એક ભાગમાં ઋષિગણો, બીજા ભાગમાં દેવો, ત્રીજા ભાગમાં વેદો તથા ઉપનિષદો, ચોથા ભાગમાં તીર્થો અને બીજી તરફ સ્ત્રીઓ બેઠી.[૨૦] તે સમયે 'જય' શબ્દ, 'નમઃ'શબ્દ અને શંખધ્વનિ થવા લાગ્યો તથા અબીલ–ગુલાલ, શાળ તેમજ પુષ્પોની મોટી વૃષ્ટિ થઇ રહી.[૨૧] કેટલાક દેવનાયકો વિમાનોમાં બેસીને ત્યાં બેઠેલાં સર્વને કલ્પવૃક્ષનાં પુષ્પો વડે વધાવવા લાગ્યા.[૨૨] એ પ્રમાણે તેઓ એકચિત્ત થયા, ત્યારે સનકાદિ કુમારો મહાત્મા નારદને શ્રીમદ્‌ભાગવતનું માહાત્મ્ય સ્પષ્ટ રીતે કહેવા લાગ્યા.[૨૩]

સનકાદિ કુમારો બોલ્યા:–"હવે શ્રીમદ્‌ભાગવતનો મહિમા અમે કહીએ છીએ, જેના શ્રવણમાત્રથી મુક્તિ પ્રાપ્ત થાય છે.[૨૪] શ્રીમદ્‌ભાગવતની કથા નિત્ય નિત્ય શ્રવણ કરવી જોઇએ, જેના શ્રવણમાત્રથી શ્રીહરિ ચિત્તમાં નિવાસ કરે છે.[૨૫] જે શ્રીમદ્‌ભાગવત ગ્રંથના અઢાર હજાર શ્લોકો છે, બાર સ્કંધો છે અને પરીક્ષિત તથા શુકદેવનો જેમાં સંવાદ છે તેનું તમે શ્રવણ કરો.[૨૬] જ્યાં સુધી શ્રીમદ્‌ભાગવતની કથા એક ક્ષણ પણ સાંભળી નથી, ત્યાંસુધીજ મનુષ્ય આ સંસારચક્રમાં અજ્ઞાનથી ભ્રમણ કરે છે.[૨૭] એક ભાગવતશાસ્ત્ર મોક્ષદાન માટે ગર્જના કરી રહ્યું છે, તો ભ્રાંતિ કરનારાં ઘણાં શાસ્ત્રો કે પુરાણો સાંભળવાની શી જરૂર છે?[૨૮] જે ઘરમાં નિત્ય ભાગવતની કથા થાય છે, તે ઘર પણ તીર્થરૂપ છે ને ત્યાં વસનારાઓનાં પાપોનો નાશ કરનારૂં થાય છે.[૨૯] હજારો અશ્વમેધ યજ્ઞો અને સેંકડો વાજપેય યજ્ઞો શ્રીમદ્‌ભાગવતકથાના સોળમા ભાગને પણ યોગ્ય નથી.[૩૦] હે તપોધનો! જ્યાંસુધી મનુષ્યો શ્રીમદ્‌ભાગવતનું શ્રવણ કરતા નથી ત્યાંસુધી તેઓનાં શરીરમાં પાપો નિવાસ કરે છે. ગંગા, ગયા, કાશી, પુષ્કર કે પ્રયાગ શ્રીમદ્‌ભાગવતની કથાના ફળતુલ્ય નથી;[૩૧,૩૨] જો તમને પરમગતિની ઇચ્છા હોય, તો શ્રીમદ્‌ભાગવતના અર્ધા શ્લોકનો કે શ્લોકના ચતુર્થાંશનો પોતાના મુખથીજ નિત્યપાઠ કરો. ૐકાર, ગાયત્રી, પુરુષસૂક્ત, ત્રણ વેદો, શ્રીમદ્‌ભાગવત, દ્વાદશાક્ષર મંત્ર, સૂર્ય, પ્રયાગ, વર્ષરૂપી કાળ, બ્રાહ્મણો, અગ્નિહોત્ર, ગાય, દ્વાદશીકથા, તુલસી, વસંત અને પુરુષોત્તમ ભગવાન આ સર્વમાં વિદ્વાનો વાસ્તવિક ભેદ માનતા નથી. જે મનુષ્ય ભાગવતશાસ્ત્રનું અર્થપૂર્વક નિત્ય વાચન કરે છે, તેના કરોડો જન્મનાં પાપો નાશ પામે છે, એ નિઃસંશય છે.[૩૩-૩૭] જે મનુષ્ય શ્રીમદ્‌ભાગવતના અર્ધા શ્લોકનો કે શ્લોકના એક ચરણનો પાઠ કરે છે તે નિત્ય રાજસૂયયજ્ઞના તથા અશ્વમેધયજ્ઞના પુણ્યને પામે છે.[૩૮] ભાગવતની નિત્યકથા, નિત્ય કરેલું હરિચિંતન, તુલસીનું પોષણ તથા ગાયોની સેવા–એ સર્વે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સમાન છે.[૩૯] જે મનુષ્ય અંતકાળે શ્રીમદ્ભાગવતનું પ્રીતિથી શ્રવણ કરે છે, તેનેજ શ્રીગોવિંદ પણ વૈકુંઠધામ અર્પણ કરે છે.[૪૦] જે પુરુષ આ શ્રીમદ્ભાગવતનું સુવર્ણના સિંહ સાથે વૈષ્ણવને દાન કરે છે, તે શ્રીકૃષ્ણ સાથે અવશ્ય સાયુજ્યને પામે છે.[૪૧] જે શઠ મનુષ્યે આખાય જન્મમાં પણ કંઈક ચિત્ત રાખીને શ્રીમદ્ભાગવતની કથાનું શ્રવણ કર્યું નથી તેણે, ઘણા ખેદની વાત છે કે, ચાંડાલ અને ગધેડાની પેઠે પોતાનો જન્મ વૃથા ગુમાવ્યો છે અને પોતાની માતાને વૃથા પ્રસવ-દુઃખ આપ્યું છે.[૪૨] જેણે સહેજ પણ શ્રીમદ્ભાગવતનું વચન સાંભળ્યું નથી, તે પાપકર્મી મનુષ્યને જીવતો છતાં મૂએલો કહેવામાં આવે છે અને પૃથ્વી ઉપર ભારરૂપ તે પશુ સરખા મનુષ્યને ધિક્કાર છે, એમ સ્વર્ગમાં દેવાંગનાઓ કહે છે.[૪૩] ખરેખર, શ્રીમદ્ભાગવતની કથા લોકમાં દુર્લભજ છે; કરોડો જન્મનાં પુણ્યથીજ તે પ્રાપ્ત થાય છે.[૪૪] માટે હે બુદ્ધિમાન યોગનિધિ! તે શ્રીમદ્ભાગવતની કથા પ્રયત્નથી સાંભળવી; એમાં કંઇ દિવસોનો નિયમ નથી. સર્વદા તેનું શ્રવણ કરવાનું કહેવામાં આવ્યું છે.[૪૫] સત્ય તથા બ્રહ્મચર્યપૂર્વક તેનું નિત્ય શ્રવણ કરવા કહ્યું છે, પણ કલિયુગમાં તે અશક્ય હોવાથી શુકદેવજીની આજ્ઞાથી તેમાં રહેલી વિશેષતા સમજવી જોઇએ.[૪૬] મનોવૃત્તિનો વિજય, નિયમોનું પાલન તથા (નિત્ય શ્રવણની) દીક્ષા લેવી અશક્ય હોવાથી સપ્તાહ (સાત દિવસ) શ્રવણ કરવાનું કહેવામાં આવ્યું છે.[૪૭] માઘ માસમાં શ્રદ્ધાપૂર્વક નિત્યશ્રવણ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તેજ ફળ શુકદેવજીએ સપ્તાહશ્રવણથી માન્યું છે.[૪૮] મન જીતવું અશક્ય હોવાથી, રોગોથી, પુરુષોના આયુષ્યના ક્ષયથી અને કલિયુગ અનેક દોષોવાળો હોવાથી સપ્તાહશ્રવણ માન્યું છે.[૪૯] જે ફળ તપ, યોગ કે સમાધિથી નથી મળતું, તે ફળ સપ્તાહશ્રવણથી અનાયાસે મેળવી શકાય છે.[૫૦] યજ્ઞ કરતાં, વ્રત કરતાં, તપ કરતાં, મોટાં તીર્થ કરતાં, યોગ કરતાં અને ધ્યાન કરતાં સપ્તાહશ્રવણ અધિક ગર્જના કરે છે. અરે! તેની ગર્જનાને શું કહીએ? તે તો ગાજ્યા કરે છે, ગાજ્યા કરે છે."

શૌનકે પૂછ્યુંઃ–હે યોગવેત્તા! આપે આ કથા તો આશ્ચર્યજનક કહી. પરમાત્માનું દર્શન કરાવનાર શ્રીમદ્ભાગવત પુરાણ જ્ઞાનાદિ ધર્મોની અવગણના કરી હાલમાં કયા કારણથી મોક્ષદાયી થયું છે?[૫૧-૫૩]

સૂતે કહ્યુંઃ–જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વીનો ત્યાગ કરી સ્વધામમાં જવા તૈયાર થયા, ત્યારે ભાગવતના એકાદશસ્કંધનું શ્રવણ કરીને ઉદ્ધવજીએ આવું વચન કહ્યું.[૫૪]

ઉદ્ધવજી બોલ્યાઃ–"હે ગોવિંદ! ભક્તોનાં કાર્ય કરી આપ પધારશો, પણ મારા મનમાં મોટી ચિંતા થાય છે, તેને સાંભળીને તમે સુખ આપો.[૫૫] આ ભયંકર કલિયુગ પ્રાપ્ત થયો છે, તેથી લોકો ખળ થઇ જશે અને તેઓના સંગથી સત્પુરુષો પણ જ્યારે ઉગ્ર થઇ જશે, ત્યારે ભારવાળી થયેલી આ ગાયરૂપી ભૂમિ કોનો આશ્રય કરશે? હે કમળ સમાન નેત્રવાળા! આપ વિના તેનું રક્ષણ કરનાર બીજો કોઈ દેખાતો નથી.[૫૬,૫૭] માટે હે ભક્તવત્સલ! સત્પુરુષો ઉપર દયા કરીને આપ ન પધારો. આપ નિરાકાર અને ચિત્સ્વરૂપ છો, છતાં પણ ભક્તોને માટે સગુણ થયા છો.[૫૮] આપના વિયોગથી ભક્તો ભૂમિ પર કેમ રહી શકશે? નિર્ગુણ બ્રહ્મની ઉપાસનામાં તો દુઃખ છે; માટે કંઇ વિચાર કરો."[૫૯]

સૂતે કહ્યુંઃ–ઉદ્ધવજીનાં એ વચનો સાંભળી પ્રભાસમાં બિરાજતા શ્રીહરિએ 'ભક્તોને આશ્રય આપવા માટે મારે શું કરવું જોઈએ?' એવો વિચાર કરીને, પોતાનું જે તેજ હતું તેને શ્રીમદ્ભાગવતમાં સ્થાપ્યું અને પોતે અંતર્ધાન થઇ શ્રીમદ્ભાગવતરૂપી સમુદ્રમાં પ્રવેશ કર્યો; તેથી શ્રીમદ્ભાગવત એ શ્રીહરિની વાણીરૂપ પ્રત્યક્ષ મૂર્તિ છે, જે સેવનથી, શ્રવણથી, પાઠથી તથા દર્શનથી પાપનો નાશ કરનારી છે;[૬૦-૬૨] તેથી સપ્તાહશ્રવણને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સર્વ કરતાં અધિક માન્યું છે અને કલિયુગમાં સર્વ સાધનોનો તિરસ્કાર કરી આજ ધર્મ કહેવામાં આવ્યો છે.[૬૩] દુઃખ, દારિદ્રય, દુર્ભાગ્ય તથા પાપને ધોઈ નાખવા માટે અને કામ તથા ક્રોધને જીતવા માટે કલિયુગમાં આજ ધર્મ કહ્યો છે.[૬૪] દેવતાઓ પણ જેને મહામુશ્કેલીએ ત્યજી શકે એવી ભગવાનની માયાને ભાગવતના શ્રવણ વિના પુરુષો કેવી રીતે ત્યજી શકે? એ કારણથી સપ્તાહશ્રવણ કહેવામાં આવ્યું છે." ૬૫

સૂતે કહ્યું:–હે શૌનક! એ પ્રમાણે સપ્તાહશ્રવણના શ્રેષ્ઠ ધર્મને સનકાદિક ઋષિઓ સભામાં પ્રકટ કરી રહ્યા હતા, તેવામાં ત્યાં એક આશ્ચર્ય થયું, તે હું તમને કહું છું તે સાંભળો.[૬૬] 'હે શ્રીકૃષ્ણ! હે ગોવિંદ! હે હરે! હે મુરારે! હે નાથ!' એ પ્રમાણે શ્રીભગવાનનાં નામો વારંવાર લેતી કેવળ એક પ્રેમસ્વરૂપા ભક્તિ પોતાના બે તરુણ પુત્રોને સાથે લઇ એકાએક ત્યાં પ્રકટ થઇ.[૬૭] ભાગવતના અર્થરૂપ ભૂષણવાળી અને અતિશય સુંદર વેષવાળી તે ભક્તિને (ત્યાં) આવેલી સભાસદો જોવા લાગ્યા અને તર્ક કરવા લાગ્યા કે, 'આ કેવી રીતે દાખલ થઈ અને મુનિઓની વચ્ચે કેવી રીતે આવી?'[૬૮] તે સમયે સનકાદિ કુમારોએ કહ્યું કે, 'આ ભક્તિ કથાના અર્થથી હમણાં અહીં આવી છે.' એ રીતની વાણી સાંભળીને ભક્તિ પુત્રો સાથે નમ્રતાપૂર્વક સનત્કુમારને કહેવા લાગી.[૬૯]

શ્રીભક્તિએ કહ્યું:–"હે બ્રહ્મપુત્રો! કલિયુગમાં હું નાશ પામી હતી, છતાં પણ આપે કથાના રસ વડે આજેજ મને પુષ્ટ કરી છે, તો આપ કહો કે, હવે હું ક્યાં રહું?" ત્યારે ભક્તિને તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–[૭૦] "તું ગોવિંદ સમાન સુંદર રૂપ ધારણ કરતી, કેવળ એક પ્રેમ ઉપજાવતી અને સંસારરૂપ રોગને દૂર કરતી ભક્તોને વિષે નિવાસ કર અને સારી રીતે ધૈર્યનો આશ્રય કરી વૈષ્ણવોનાં મનમાં પણ વાસ કર.[૭૧] તેથી કલિયુગના આ દોષો લોકમાં સમર્થ હોવા છતાં તારી સામે જોવાને પણ સમર્થ નહિ થાય." એ પ્રમાણે તેમની આજ્ઞા થઇ તે ક્ષણે ભક્તિએ શ્રીહરિભક્તોના ચિત્તમાં નિવાસ કર્યો.[૭૨] જેઓનાં હૃદયમાં શ્રીહરિની કેવળ એક ભક્તિજ નિવાસ કરે છે, તેઓ નિર્ધન હોય તોપણ સમગ્ર ભુવનમાં ધન્યવાદને પાત્ર છે; અને ભક્તિરૂપી દોરીથી બંધાયલા શ્રીહરિ પણ પોતાના લોકનો સર્વથા ત્યાગ કરીને તેઓનાં હૃદયમાં પ્રવેશ કરે છે.[૭૩] હવે પૃથ્વી ઉપર બ્રહ્મસ્વરૂપ એવા શ્રીમદ્ભાગવત નામના ગ્રંથનો આથી અધિક મહિમા અમે શું કહીએ? ને ભાગવતના આશ્રયથી કથા કરતાં વક્તા અને શ્રોતા પણ શ્રીકૃષ્ણની સમાનતાને પામે છે, તો પછી અન્ય ધર્મોની કંઈ જરૂર નથી. ૭૪

ब्रूमोऽद्य ते किमधिकं महिमानमेवं ।
ब्रह्मात्मकस्य भुवि भागवताभिधस्य ॥
यत्संश्रयान्निगदिते लभते सुवक्ता ।
श्रोतापि कृष्णसमतामलमन्यधर्मैः ॥७४॥

ઇતિ શ્રીમદ્ભાગવતમાહાત્મ્ય વિષે
અધ્યાય ૩ જો સમાપ્ત

अध्याय ४ थो

આત્મદેવ બ્રાહ્મણનો મોક્ષ

॥ सूत उवाच ॥

अथ वैष्णवचित्तेषु दृष्ट्वा भक्तिमलौकिकीम् ।
निजलोकं परित्यज्य भगवान् भक्तवत्सलः ॥१

સૂતે કહ્યું:–પછી ભક્તવત્સલ ભગવાન–જે વનમાળા ધારણ કરે છે, મેઘસમાન શ્યામ છે, પીતાંબર પહેરે છે, મનોહર છે, કંદોરાના ઘેરાવાથી સુંદર છે, ઝળકતા મુકુટ અને કુંડળને ધારણ કરે છે, ત્રણ સ્થળેથી વક્ર હોઇ સુંદર લાગે છે, સુંદર કૌસ્તુભમણિથી વિરાજમાન છે, કરોડો કામદેવ સમાન રૂપાળા છે, હરિચંદનથી ચર્ચાયલા છે, પરમ આનંદ અને ચૈતન્યમય મૂર્તિવાળા છે, મધુર છે અને મુરલીને ધારણ કરે છે–તે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભગવાને વૈષ્ણવોનાં ચિત્તમાં અલૌકિક ભક્તિને જોઇ પોતાના લોકનો ત્યાગ કરી તેઓના નિર્મળ હૃદયમાં પ્રવેશ કર્યો.[૧-૪] વૈકુંઠમાં વાસ કરનારા ઉદ્ધવ વગેરે જે વૈષ્ણવો હતા, તેઓ ગુપ્ત સ્વરૂપે તે કથા સાંભળવાને બેઠા.[૫] તે સમયે 'જય જય' શબ્દ થવા લાગ્યા, અલૌકિક રસપુષ્ટિ થઇ, અબીલ–ગુલાલ તથા પુષ્પોની વૃષ્ટિ થઈ અને વારંવાર શંખધ્વનિ પણ થવા લાગ્યા. તે સભામાં બેઠેલાઓને દેહ, ઘર તથા પોતાના સ્વભાવનું વિસ્મરણ થઇ ગયું. આવી તન્મય અવસ્થા જોઇ નારદજી કહેવા લાગ્યા.[૬-૭]

નારદે કહ્યું:–"હે મુનીશ્વરો! સપ્તાહનો આ અલૌકિક મહિમા મેં આજ જોયો; આ સભામાં જેઓ મૂઢ અને શઠ છે તેઓ, તેમજ પશુ–પક્ષીઓ પણ અત્યંત નિષ્પાપ થયાં છે.[૮] માટે આ કલિયુગમાં મનુષ્યલોક વિષે ચિત્તને શુદ્ધ કરવા માટે કથાના સરખું પવિત્ર અને પાપોના સમૂહનો નાશ કરનારૂં બીજું કોઇ પણ સાધન પૃથ્વી ઉપર નથી.[૯] આપ મને કહો કે, કથામય એવા સપ્તાહયજ્ઞથી કોણ કોણ શુદ્ધ થાય છે? ખરેખર, આપ કૃપાળુએ લોકહિતનો વિચાર કરીને આ કોઈ નવીન માર્ગ પ્રકટ કર્યો છે."[૧૦]

સનકાદિ કુમારોએ કહ્યું:–"જે મનુષ્યો સર્વદા પાપ કરનારા, સદા દુરાચારમાં આસક્ત, કુમાર્ગે જનારા, ક્રોધરૂપી અગ્નિથી બળેલા તથા કુટિલ અને કામી હોય છે, તેઓ પણ કલિયુગમાં સપ્તાહયજ્ઞથી પવિત્ર થાય છે.[૧૧] જેઓ સત્યથી રહિત, માતાપિતાને દૂષણ લગાડનારા, તૃષ્ણાઓથી વ્યાકુળ, આશ્રમધર્મથી ભ્રષ્ટ, દંભી, મત્સરવાળા અને હિંસક હોય છે, તેઓ પણ કલિયુગમાં સપ્તાહયજ્ઞથી પવિત્ર થાય છે.[૧૨] જેઓ પાંચ પ્રકારનાં ઉગ્ર પાપ કરનારા, છળ–કપટ કરનારા, ક્રૂર, પિશાચોના જેવા નિર્દય, બ્રાહ્મણોના ધનથી પુષ્ટ અને વ્યભિચાર કરનારા હોય છે, તેઓ પણ કલિયુગમાં સપ્તાહયજ્ઞથી પવિત્ર થાય છે.[૧૩] જે શઠ લોકો શરીર, વચન કે મનથી પણ નિત્ય બળાત્કારે પાપ કરે છે, પારકાં ધનથી પુષ્ટ હોય છે, મલિન અને દુષ્ટ આશયવાળા હોય છે, તેઓ પણ કલિયુગમાં સપ્તાહયજ્ઞથી પવિત્ર થાય છે.[૧૪] આના વિષે એક પુરાતન ઇતિહાસ અમે તમને કહીએ છીએ, જેના માત્ર શ્રવણથીજ પાપોનો નાશ થાય છે.[૧૫] પૂર્વે તુંગભદ્રા નદીને તીરે એક ઉત્તમ નગર હતું, જ્યાં સર્વ વર્ણો સ્વધર્મપૂર્વક સત્યપરાયણ અને સત્કર્મતત્પર હતી.[૧૬] તે નગરમાં આત્મદેવ નામે બ્રાહ્મણ રહેતો હતો, જે સર્વ વેદોમાં કુશળ, શ્રૌત તથા સ્માર્તકર્મોમાં પ્રવીણ અને બીજા સૂર્ય જેવો તેજસ્વી હતો.[૧૭] તે ભિક્ષુક હોવા છતાં લોકમાં ધનવાન કહેવાતો. તેને ધુંધુલી નામે સ્ત્રી હતી, જે સુંદર અને સારા કુળમાં ઉત્પન્ન થઇ હતી, છતાં પોતાનુંજ વચન સ્થાપન કરનારી, લોકવાર્તામાં આસક્ત, લગભગ ક્રૂર, બહુ બોલનારી, ઘરકામમાં શૂરી, કૃપણ અને કલહપ્રિય હતી.[૧૮] એ પ્રમાણે તે દંપતી પ્રેમથી રહેતાં હતાં ને આનંદ કરતાં હતાં; તોપણ તેમને ધન, વિષયભોગ કે ગૃહાદિ સુખ આપતાં ન હતાં.[૧૯-૨૦] પાછળથી તેઓ બન્ને સંતાનપ્રાપ્તિ માટે ધર્મો કરવા લાગ્યાં; ને દીનજનોને ગાય, પૃથ્વી, સુવર્ણ તથા વસ્ત્રોનાં નિત્ય દાન દેવા લાગ્યાં.[૨૧] આમ તેમણે ધર્મમાંજ ધનનો અર્ધભાગ ખર્ચી નાખ્યો, તોપણ પુત્ર કે પુત્રી કંઇ થયું નહિ, તેથી તે બ્રાહ્મણ ઘણોજ ચિંતાતુર રહેવા લાગ્યો.[૨૨] એક સમયે તે બ્રાહ્મણ દુઃખથી ઘરનો ત્યાગ કરી વનમાં ચાલ્યો ગયો અને મધ્યાહ્નકાળે તરસ્યો થવાથી એક તળાવ પર ગયો.[૨૩] સંતાનના દુઃખથી દુર્બળ થયેલો તે બ્રાહ્મણ પાણી પીને ત્યાં બેઠો, તેવામાં બે ઘડી પછી કોઇ એક સંન્યાસી ત્યાં આવ્યો.[૨૪] પાણી પી રહેલ તે સંન્યાસીને જોઇને બ્રાહ્મણ તેની પાસે ગયો અને તેના ચરણમાં નમન કરી નિઃશ્વાસ નાખતો આગળ ઊભો રહ્યો.[૨૫]

સંન્યાસીએ કહ્યું:–'હે બ્રાહ્મણ! તું રડે છે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેમ? તને કઇ મોટી ચિંતા છે? તારા દુઃખનું કારણ તું મને જલદી કહે.'[૨૬]

બ્રાહ્મણે કહ્યું:—'હે ઋષિ! મારાં પૂર્વનાં પાપોથી સંચિત થયેલું દુઃખ શું કહું? મારા પૂર્વજો શીતોષ્ણ જળ પી રહ્યા છે.[૨૭] મેં આપેલા અન્નાદિને દેવો કે બ્રાહ્મણો પ્રીતિથી સ્વીકારતા નથી. હું સંતાનદુઃખથી મૂંઝાઈ ગયો છું અને પ્રાણ તજવાને અહીં આવ્યો છું.[૨૮] પ્રજારહિત જીવનને ધિક્કાર છે, પ્રજા વિનાના ઘરને ધિક્કાર છે, પ્રજારહિતના ધનને ધિક્કાર છે અને સંતતિ વિનાના કુળને પણ ધિક્કાર છે.[૨૯] જે ગાયને હું પાળું છું તે સર્વથા વાંઝણી રહે છે, જે ઝાડને હું વાવું છું તે પણ વાંઝિયું રહે છે અને જે ફળ મારે ઘેર આવે છે તે પણ તુરત સુકાઈ જાય છે. આ રીતે ભાગ્યહીન અને સંતાનહીન એવા મારે જીવવાનું શું કારણ છે?'[૩૦।૩૧] એમ કહીને તે બ્રાહ્મણ દુઃખથી પીડાઇને તે સંન્યાસી પાસે મોટેથી રડવા લાગ્યો,એટલે તે સંન્યાસીના મનમાં ઘણીજ દયા આવી.[૩૨] તે યોગી સંન્યાસીએ એ બ્રાહ્મણના લલાટમાં લખાયલી અક્ષરમાળા વાંચી લીધી અને સર્વ જાણી લીધા પછી તે બ્રાહ્મણને આમ વિસ્તારથી કહ્યું.[૩૩]

સંન્યાસીએ કહ્યું:—'તું પ્રજાની ઇચ્છારૂપ અજ્ઞાનને છોડી દે. કર્મની ગતિ બળવાન છે. વિવેકનો આશ્રય કરી સંસારની વાસનાને તું તજી દે.[૩૪] હે બ્રાહ્મણ! તું સાંભળ. મેં તારૂં પ્રારબ્ધ આજ જોઇ લીધું છે. સાત જન્મો સુધી તને પુત્ર નથીજ નથી.[૩૫] પૂર્વે સગર રાજા અને અંગ રાજા સંતતિથીજ દુઃખ પામ્યા હતા. માટે હે બ્રાહ્મણ! કુટુંબની આશા તું હવે મૂકી દે. કેમકે સંન્યાસમાંજ સર્વથા સુખ છે.'[૩૬]

બ્રાહ્મણે કહ્યું:—'મને વિવેક રાખવાથી શું થાય? બળાત્કારે પણ તમે મને પુત્ર આપો, નહિ તો શોકથી મૂર્ચ્છિત થઇ તમારી આગળ હું પ્રાણ તજીશ. પુત્રાદિના સુખ વિના આ સંન્યાસ શુષ્કજ છે. પુત્ર–પૌત્રસહિત એવો ગૃહસ્થાશ્રમ લોકમાં રસયુક્ત છે.'[૩૭।૩૮] બ્રાહ્મણનો એવો આગ્રહ જોઈ તે સંન્યાસીએ કહ્યું:—'વિધિના લેખ ભૂંસવાથી ચિત્રકેતુ રાજા દુઃખ પામ્યો હતો.[૩૯] જેના ઉદ્યમને દૈવે હણી નાખ્યા હોય, તેવા મનુષ્યની પેઠે તું પુત્રથી સુખ નહિ પામે, તોપણ હઠ કરે છે. તને અર્થીને હું શું કહું?'[૪૦] તે પછી એ બ્રાહ્મણનો આગ્રહ જોઇ તે સંન્યાસીએ તેને એક ફળ આપ્યું (અને કહ્યું કે) 'આ ફળ તું તારી પત્નીને ખવરાવજે, તેથી પુત્ર થશે.[૪૧] એક વર્ષ સુધી તારી પત્નીએ સત્ય, પવિત્રતા, દયા, દાન અને એક વખત ભોજન કરવું; તેથી અતિ નિર્મળ પુત્ર થશે.'[૪૨] એમ કહીને સંન્યાસી ત્યાંથી જતો રહ્યો અને તે બ્રાહ્મણ પોતાને ઘેર આવ્યો. તેણે પોતાની પત્નીને પેલું ફળ આપ્યું ને પોતે કોઈ સ્થળે બહાર ગયો.[૪૩] તેની કુટિલ સ્ત્રી સખી આગળ રડવા લાગી કે, 'અરેરે! મને ચિંતા થાય છે; હું આ ફળ ખાઇશ નહિ.[૪૪] કેમકે ફળ ખાવાથી ગર્ભ રહે, ગર્ભથી પેટ વધે, પેટ વધવાથી ખોરાક ઓછો લેવાય, ખોરાક ઓછો લેવાવાથી અશક્તિ થાય અને અશક્તિ થતાં ઘરનું કામ શી રીતે થઈ શકે?[૪૫] દૈવયોગે કદાચ ગામમાં ધાડ પડે તો ગર્ભિણી શી રીતે નાસી શકે? ગર્ભ પોપટની પેઠે રહે, તેને પેટમાંથી બહાર કેવી રીતે કઢાય?[૪૬] કદાચ ગર્ભ આડો આવે તો મારૂં મરણજ થાય અને પ્રસૂતિના દારુણ દુઃખને હું સુકોમળ શી રીતે સહન કરી શકું?[૪૭] તેમજ હું અશક્ત થાઉં ત્યારે મારી નણંદ મારૂં સર્વસ્વ લઈ જાય અને વળી સત્ય, પવિત્રતાદિ જે નિયમ છે, તે પાળવા પણ કઠણ જણાય છે.[૪૮] તેમજ જેને બાળક જન્મ્યાં હોય તે સ્ત્રીને બાળકને રમાડવામાં તથા પાળવામાં દુઃખજ રહેલું છે; માટે હું માનું છું કે, વાંઝણી કે વિધવા સ્ત્રી સુખી છે.'[૪૯] આવા કુતર્કોને લીધે તે ફળ તેણીએ ખાધુંજ નહિ. પતિએ ફળ ખાધાનું પૂછ્યું, ત્યારે તેણીએ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

ઉત્તર આપ્યો કે, 'મેં તે ફળ ખાધું છે.'[૫૦] એક સમયે તેની બહેન સ્વેચ્છાએ તેને ઘેર આવી; ત્યારે તેની આગળ તેણીએ સર્વ વાત કહી અને જણાવ્યું કે, 'આ મોટી ચિંતા મને થયા કરે છે.[૫૧] હે નાની બહેન! હું શું કરૂં? એ દુઃખથી હું દુર્બળ થતી જાઉં છું.' ત્યારે તેની બહેને કહ્યું કે, 'મને ગર્ભ રહ્યો છે. પ્રસવ પછી હું તને તે આપીશ. માટે તેટલા સમય સુધી જાણે સગર્ભા થઈ હોય તેમ ગુપ્ત રીતે ઘરમાં સુખથી રહે. મારા પતિને તું ધન આપજે, એટલે તે તને બાળક આપી દેશે.[૫૨,૫૩] લોક કહેશે કે, છ મહિનાનું બાળક મરી ગયું; અને હું નિત્ય તારે ઘેર આવીને તે બાળકનું પોષણ કરીશ.[૫૪] પેલા ફળને પરીક્ષા માટે હમણાં તું ગાયને આપી દે.' ધુંધુલીએ તે સર્વ પોતાના સ્ત્રીસ્વભાવથી કર્યું.[૫૫] પછી સમય થતાં તે સ્ત્રીએ (ધુંધુલીની બહેને) બાળકને જન્મ આપ્યો, એટલે તેના પિતા તે બાળકને લાવીને એકાંતમાં ધુંધુલીને આપી ગયો.[૫૬] ધુંધુલીએ પોતાના પતિને જણાવ્યું કે, 'મેં સુખપૂર્વક પુત્રને જન્મ આપ્યો છે.' ત્યારે લોકોને પણ આત્મદેવને ત્યાં સંતાન થવાથી સુખ થયું.[૫૭] આત્મદેવે પોતાના પુત્રના જાતકર્મ સંસ્કાર કરી બ્રાહ્મણોને દાન આપ્યાં. તેના દ્વાર આગળ ગીત અને વાદિત્રોની ગર્જના થઈ રહી અને ઘણાં મંગળ વર્ત્યાં.[૫૮] તે પછી ધુંધુલીએ પોતાના ધણી આગળ જણાવ્યું કે, 'મારા સ્તનમાં ધાવણ નથી. આ રીતે હું ધાવણ વિનાની છું તોપણ કોઈ બીજી સ્ત્રીના ધાવણથી મારા બાળકને શા માટે પોષું?[૫૯] મારી બહેન કે જેણીને (હમણાંજ) સુવાવડ આવી છે અને જેનો પુત્ર મરી ગયો છે, તેણીને બોલાવીને ઘરમાં રાખો; તે તમારા બાળકનું પોષણ કરશે.'[૬૦] તેના પતિએ પોતાના પુત્રની રક્ષા કરવામાટે તે પ્રમાણે સર્વ કર્યું અને માતાએ પુત્રનું 'ધુંધુકારી' એવું નામ પાડ્યું.[૬૧] તે પછી ત્રણ મહિના ગયા એટલે પેલી ગાયે એક પુત્રને જન્મ આપ્યો, કે જે સર્વાંગે સુંદર, દિવ્ય, નિર્મળ અને સુવર્ણસમાન કાંતિવાળો હતો.[૬૨] બ્રાહ્મણ આત્મદેવ તેને જોઇને પ્રસન્ન થયો. તેણે જાતે તે પુત્રના સંસ્કારો કર્યા. સર્વ લોકો એ આશ્ચર્ય જાણીને તેને જોવા માટે ત્યાં આવવા લાગ્યા[૬૩] અને કહેવા લાગ્યા, કે, 'હમણાં તો આત્મદેવનો ભાગ્યોદય થયો છે. જુઓ, આ એક આશ્ચર્ય છે કે, ગાયે પણ દેવ સમાન રૂપવાળા પુત્રને જન્મ આપ્યો છે.' પણ તેના રહસ્યને દૈવયોગે કોઇએ જાણ્યું નહિ. આત્મદેવે એ પુત્રને ગાય સરખા કાનવાળો જોઇને તેનું 'ગોકર્ણ' એવું નામ પાડ્યું.[૬૪,૬૫] કેટલાક કાળ પછી તે બન્ને પુત્રો તરુણ થયા. ગોકર્ણ પંડિત અને જ્ઞાની થયો, ત્યારે ધુંધુકારી મહાખળ થયો.[૬૬] તે સ્નાન કે શૌચક્રિયા કરતો નહિ, અભક્ષ્યનું ભક્ષણ કરતો, ક્રોધી થયો; દુષ્ટ દાનો ગ્રહણ કરતો, શબના હાથે ભોજન કરતો, ચોરી કરતો, સર્વ મનુષ્યોનો દ્વેષ કરતો, પારકાં ઘર સળગાવી દેતો, છોકરાંઓને રમાડવા માટે લઇને એકદમ કૂવામાં નાખી દેતો, હિંસા કરતો, શસ્ત્રો ધારણ કરતો, ગરીબ ને આંધળાંઓને દુઃખ દેતો, ચાંડાલો સાથે સ્નેહ કરતો અને દુષ્ટોના સંગથી હાથમાં નિત્ય પાશ રાખતો.[૬૭-૬૯] તેણે વેશ્યાના કુસંગથી પિતાના ધનનો નાશ કરી નાખ્યો અને એક સમયે તો માતાપિતાને મારીને પોતે બધાં વાસણો લઇ ગયો.[૭૦] તેનો ગરીબ પિતા ધનહીન થઈ જઈ પોકો મૂકીને રડવા લાગ્યો કે, 'વાંઝિયાપણું સારૂં, પણ દુષ્ટ પુત્ર દુઃખદાયી છે.[૭૧] અરેરે! હું ક્યાં રહું? ક્યાં જાઉં? મારા દુઃખને કોણ દૂર કરે? હાય! મારા ઉપર આ દુઃખ આવી પડ્યું છે; આ દુઃખથી હું પ્રાણત્યાગ કરીશ.'[૭૨] એ સમયે જ્ઞાની ગોકર્ણ ત્યાં આવ્યો અને વૈરાગ્ય દર્શાવતો પિતાને બોધ આપવા લાગ્યો.[૭૩]

ગોકર્ણે કહ્યું:—હે પિતા! આ સંસાર ખરેખર અસાર છે, દુઃખરૂપ છે અને અત્યંત મોહ ઉપ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાવનાર છે. કોનો પુત્ર? કોનું ધન? જે મનુષ્ય સ્નેહ રાખે છે તે હમેશાં બળ્યા કરે છે.૭૪ ઇન્દ્રને તેમજ ચક્રવર્તીને પણ કંઇ સુખ નથી. સુખ તો કેવળ વિરક્ત થઈ એકાંતમાં જીવનારા મુનિનેજ છે.૭૫ તમે પ્રજારૂપ અજ્ઞાનનો ત્યાગ કરો, મોહથી નરકમાં ગતિ થાય છે. આ શરીર પડી જશે, માટે સર્વનો ત્યાગ કરી વનમાં જાઓ.૭૬ ગોકર્ણનાં એ વાક્ય સાંભળી વનમાં જવાની ઇચ્છાવાળો પિતા કહેવા લાગ્યો:–'હે તાત! વનમાં મારે શું કરવું? તે તું મને વિસ્તારથી કહે.૭૭ હું શઠ મારા કર્મના યોગે સ્નેહપાશથી બંધાઇને અંધારા કૂવામાં પડ્યો છું, પાંગળો થયો છું, હે દયાનિધિ! તું મારો અવશ્ય ઉદ્ધાર કર.'૭૮

ગોકર્ણે કહ્યું:–'હે પિતા! હાડ, માંસ અને રુધિરવાળાં આ શરીરને વિષે તમે અહંબુદ્ધિનો ત્યાગ કરો, સ્ત્રી–પુત્રાદિની મમતાને સદા છોડી દ્યો. આ જગતને નિરંતર ક્ષણભંગુરજ જુઓ, વૈરાગ્યના રાગમાં રસિક બનો અને ભક્તિનિષ્ઠ થાઓ.૭૯ તમે નિરંતર ધર્મનું સેવન કરો. લોકાચારનો ત્યાગ કરો, સત્પુરુષોની સેવા કરો, કામતૃષ્ણાને છોડો અને પારકા દોષ–ગુણનો વિચાર પડતો મૂકી સત્વર ભગવત્સેવાનું તથા કથાના રસનું અત્યંત પાન કરો.'૮૦ એ પ્રમાણે પુત્રના કહેવાને લીધે સાઠ વર્ષની અવસ્થાવાળો તે આત્મદેવ ઘરનો ત્યાગ કરી સ્થિર બુદ્ધિવાળો થઈને વનમાં ચાલ્યો ગયો અને ત્યાં પ્રતિદિન હરિભક્તિમાં તત્પર રહીને નિયમપૂર્વક દશમ સ્કંધના પાઠ કરવાથી શ્રીકૃષ્ણને પામ્યો."૮૧

एवं सुतोक्तिवशतोऽपि गृहं विहाय ।
यातो वनं स्थिरमतिर्गतषष्टिवर्षः ॥
युक्तो हरेरनुदिनं परिचर्ययासौ ।
श्रीकृष्णमाप नियतं दशमस्य पाठात् ॥८१॥

ઇતિ શ્રીમદ્ભાગવતમાહાત્મ્ય વિષે
અધ્યાય ૪ થા સમાપ્ત

अध्याय ५ मो

ગોકર્ણનું વર્ણન

॥ सूत उवाच ॥

पितर्युपरते तेन जननी ताडिता भृशम् ।
क्व वित्तं तिष्ठते ब्रूहि हनिष्ये लत्तया न चेत् ॥१॥

સૂતે કહ્યું:–પિતા મરણ પામ્યો એટલે પેલા ધુંધુકારીએ માતાને ઘણોજ માર માર્યો અને કહ્યું કે, "બોલ, ધન ક્યાં છે? નહિ તો લાતે લાતે મારીશ." આવાં વચનોના ત્રાસથી માતા ધુંધુલી પુત્રના દુઃખથી રાત્રે કૂવામાં પડી અને મરણ પામી.૧૨ ગોકર્ણ તો યોગમાં સ્થિતિ કરીને તીર્થયાત્રા માટે નીકળી પડ્યો. તેને સુખ, દુઃખ, વૈરી કે બાંધવ પણ ન હતો.૩ ધુંધુકારી પાંચ વેશ્યાઓ સાથે ઘેર રહ્યો. તે એ વેશ્યાઓના પોષણ માટે વ્યગ્ર બુદ્ધિવાળો થઈને અતિ ઉગ્ર કર્મો કરતો હતો.૪ એક સમયે તે વેશ્યાઓને આભૂષણોની ઇચ્છા થઇ, જેથી પેલો કામાંધ ધુંધુકારી આભૂષણો માટે મૃત્યુની પણ દરકાર કર્યા વિના ઘેરથી નીકળી ગયો.૫ જ્યાંત્યાંથી ધનની ચોરી કરીને ફરી તે ઘેર આવ્યો અને પેલી વેશ્યાઓને સારાં સારાં વસ્ત્રો અને કેટલાંક આભૂષણો તેણે આપ્યાં.૬ ચોરીનું પુષ્કળ ધન એકઠું થયેલું જોઇ પેલી વેશ્યાઓએ રાત્રે વિચાર કર્યો કે, 'આ ધુંધુકારી હમેશાં ચોરી કરે છે, તેથી રાજા એને પકડશે૭ અને ધન કબજે કરીને નક્કી મારી નાખશે; માટે ધનનું રક્ષણ કરવા સારૂ આપણેજ આને શા માટે ગુપ્તપણે મારી ન નાખીએ?૮ આને મારી નાખી ધન લઈને આપણે ગમે ત્યાં ચાલી જઇશું.' આવો નિશ્ચય કરીને તે વેશ્યાઓએ સૂતેલા ધુંધુકારીને બાંધ્યો અને ગળામાં ફાંસો નાખી તેને મારી નાખવા માંડ્યો; પણ તે ઝટ મરી ન ગયો, ત્યારે વેશ્યાઓ ચિંતાતુર થવા લાગી.૯૧૦ પછી તેઓએ ધુંધુકારીના મુખમાં ધગધગતા અંગારાઓ નાખ્યા, એટલે અગ્નિની જ્વાળાઓના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

અત્યંત દુઃખથી વ્યાકુળ બનીને તે મરણ પામ્યો. અતિશય સાહસી એવી તે વેશ્યાઓએ તેના શબને ખાડામાં દાટી દીધું, જેથી તે ગુપ્ત વાત કોઈએ પણ જાણી નહિ.[૧૧,૧૨] લોકો પૂછતા ત્યારે વેશ્યાઓ કહેતી કે, 'ધનના લોભથી આકર્ષાઇ અમારા પતિ (ધુંધુકારી) દૂર દેશમાં ગયા છે અને આ વર્ષમાં આવવાના છે.'[૧૩] સમજુ પુરુષે મરેલી સ્ત્રીઓનો પણ વિશ્વાસ ન કરવો જોઇએ. જે મૂર્ખ પુરુષ સ્ત્રીઓ પર વિશ્વાસ રાખે છે, તે ઘણાં દુઃખોથી દુઃખી થાય છે.[૧૪] જેઓનાં વચન અમૃતમય હોય છે અને કામી પુરુષોના પ્રેમરસને વધારનારાં હોય છે, પણ હૃદય તો સજેયાની ધાર જેવું તીક્ષ્ણ હોય છે, તે સ્ત્રીઓને વળી પ્રિય કોણ હોય?[૧૫] અનેક ધણીઓ કરનારી તે વેશ્યાઓ સઘળું ધન લઇને ત્યાંથી નાસી ગઇ અને પેલો ધુંધુકારી કુકર્મોથી મોટો પ્રેત થયો.[૧૬] વંટોળિયાનું રૂપ લઈ તે દશે દિશાઓમાં નિત્ય દોડવા લાગ્યો, ટાઢ અને તાપથી પીડાવા લાગ્યો અને ભૂખ્યો ને તરસ્યો 'હા દૈવ!' 'હા દૈવ!' એમ કહેતો કોઈ સ્થળે શરણ ન પામ્યો. એમ કેટલોક કાળ ગયો, એટલે ગોકર્ણે લોકોના કહેવાથી તેને મરણ પામેલો જાણ્યો. પછી ગોકર્ણે તેને અનાથ જાણી તેનું ગયાશ્રાદ્ધ કર્યું અને પોતે જે જે તીર્થમાં જતો ત્યાં ત્યાં તેનું શ્રાદ્ધ કરવા લાગ્યો.[૧૭-૧૯] એમ તીર્થાટન કરતો તે ગોકર્ણ પોતાના નગરમાં આવ્યો અને રાત્રે બીજાઓથી અજાણપણે ઘરના આંગણામાં આવીને સૂતો.[૨૦] પ્રેત-ધુંધુકારી પોતાના ભાઇને ત્યાં સૂતેલો જાણીને મધ્યરાત્રે મહાભયંકર શરીર દેખાડવા લાગ્યો.[૨૧] તે ક્ષણમાં બકરો, ક્ષણમાં હાથી, ક્ષણમાં પાડો, ક્ષણમાં ઇન્દ્ર, ક્ષણમાં અગ્નિ અને ક્ષણમાં પુરુષ થઈ જતો હતો.[૨૨] આવી વિપરીતતા જોઈ ધૈર્ય ધારી ગોકર્ણે 'આ કોઇ અવગતિયો છે' એમ નિશ્ચય કરી તેને પૂછવા લાગ્યો.[૨૩]

ગોકર્ણે કહ્યું–"અરે! રાત્રિના વખતે તું મહાભયંકર કોણ છે? કયા કારણે તું આ દશાને પામ્યો છે? શું તું કોઇ પ્રેત, પિશાચ કે રાક્ષસ છે? તે મને કહે."[૨૪]

સૂતે કહ્યું:–ગોકર્ણે એમ પૂછ્યું એટલે તે વારંવાર પોકો મૂકીને રડવા લાગ્યો અને બોલવાને અશક્ત હોવાથી માત્ર સંજ્ઞા કરવા લાગ્યો. તે પછી ગોકર્ણે અંજલિમાં જળ લઇ તેના પર છાંટ્યું, એટલે એ જળના છાંટવાથી નિષ્પાપ થઇ તે બોલવા લાગ્યો.[૨૫,૨૬]

પ્રેતે કહ્યું–"હું ધુંધુકારી નામે તારો ભાઈ છું. મારા પોતાનાજ દોષથી મેં બ્રાહ્મણપણાનો નાશ કર્યો છે.[૨૭] મોટા અજ્ઞાનમાં વર્તનાર એવાં મારાં કુકર્મોની સંખ્યા નથી; હું લોકોની હિંસા કરતો હતો અને સ્ત્રીઓએ મને દુઃખથી મારી નાખ્યો છે.[૨૮] આ કારણથી હું પ્રેતપણાને પામ્યો છું અને આ દુર્દશાને પ્રાપ્ત થયો છું. મારાં કર્મફળનો ઉદય દૈવાધીન હોવાથી હું વાયુના આહારથી જીવું છું.[૨૯] અહો! હે બંધુ! હે દયાના સમુદ્ર ભાઇ! તું મને સત્વર મુક્ત કર." ગોકર્ણ તે વચન સાંભળી તેને કહેવા લાગ્યો.[૩૦]

ગોકર્ણે કહ્યું:–"મેં તારે માટે વિધિપૂર્વક ગયાપિંડ આપેલ છે, છતાં તું કેમ મુક્ત ન થયો? એ મને મોટું આશ્ચર્ય થાય છે.[૩૧] ગયાજીમાં શ્રાદ્ધ કરવાથી જો મુક્તિ ન થાય, તો આ પૃથ્વી પર બીજો કોઈ ઉપાય નથી. હે પ્રેત! હવે મારે શું કરવું, તે તું વિસ્તારથી કહે."[૩૨]

પ્રેતે કહ્યું:–"તું ગયાજીમાં સેંકડો શ્રાદ્ધ કરીશ, તોપણ મારી મુક્તિ થશે નહિ. માટે હવે કોઈ બીજા ઉપાયનો તું વિચાર કર."[૩૩] પ્રેતનું તે વચન સાંભળીને ગોકર્ણે આશ્ચર્ય પામી કહ્યું:–"જો સેંકડો ગયાશ્રાદ્ધથી પણ તારી મુક્તિ ન થાય, તો તારી મુક્તિ અસાધ્ય છે.[૩૪] તોપણ હે પ્રેત! હમણાં તું તારા સ્થાનમાં નિર્ભય થઇને રહે, હું તારી મુક્તિનું કોઇ પણ સાધન વિચારીને કરીશ."[૩૫] એ પ્રમાણે તેની આજ્ઞા થતાં ધુંધુકારી ત્યાંથી પોતાના સ્થા-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

નમાં ચાલ્યો ગયો ને ગોકર્ણ તે આખી રાત્રિ વિચાર કરવા લાગ્યો, પણ કોઇ ઉપાય તેને જણાયો નહિ.[૩૬] સવારમાં તે ગોકર્ણને આવેલો જોઇ લોકો પ્રેમથી તેને મળવા આવ્યા, એટલે રાત્રે જે કંઈ બન્યું હતું તે સર્વ ગોકર્ણે તેઓને કહ્યું.[૩૭] તે પછી અનેક શાસ્ત્રો જોયાં તોપણ વિદ્વાનો, યોગીઓ, જ્ઞાનીઓ તથા બ્રહ્મવાદીઓ ધુંધુકારીના મોક્ષનો ઉપાય જોઈ શક્યા નહિ;[૩૮] એટલે તેઓ સર્વેએ તેની મુક્તિ વિષે સૂર્ય જે કહે, તે કરવા નક્કી કર્યું અને તેજ સમયે ગોકર્ણે સૂર્યના વેગને અટકાવી તેના પ્રત્યે આ પ્રમાણે કહ્યું:[૩૯] 'હે જગતના સાક્ષિ! હું તમને નમસ્કાર કરૂં છું. ધુંધુકારીની મુક્તિનું સાધન તમે મને કહો.' તે સાંભળી સૂર્યદેવે દૂરથી આ પ્રમાણે સ્પષ્ટ કહ્યું કે, 'શ્રીમદ્ભાગવતથી મુક્તિ થશે, માટે તું શ્રીમદ્ભાગવતનું સપ્તાહવાચન કર.'[૪૦,૪૧] સૂર્યનું એ ધર્મરૂપ વચન સૌ કોઈએ સાંભળ્યું અને સર્વે કહેવા લાગ્યા કે, 'આ તો સહેલું છે; તે પ્રયત્નથી કરવું જોઇએ.'[૪૨] પછી ગોકર્ણ નિશ્ચય કરીને શ્રીમદ્ ભાગવતના સપ્તાહવાચનને માટે તૈયાર થયો, એટલે તેને સાંભળવા માટે દેશેદેશ અને ગામેગામથી લોકો ત્યાં જવા લાગ્યા.[૪૩] પાંગળાં, આંધળાં, વૃદ્ધ અને અશક્ત હતાં, તેઓ પણ પાપનો નાશ કરવાને ત્યાં જવા લાગ્યાં. આમ દેવતાઓને આશ્ચર્ય ઉપજાવે એવો મોટો સમાજ ત્યાં એકઠો થયો.[૪૪] આસન ઉપર બેસીને ગોકર્ણ જ્યારે કથા કહેવા લાગ્યા, ત્યારે પેલો પ્રેત પણ (બેસવા માટે) આમ તેમ સ્થાન જોતો ત્યાં આવ્યો.[૪૫] ત્યાં સાત ગાંઠોવાળો ઊંચો એક પોલો વાંસ તેણે જોયો, એટલે તેના મૂળના છિદ્રમાં પ્રવેશ કરીને સપ્તાહશ્રવણને માટે તે પ્રેત બેઠો;[૪૬] કેમકે તે વાયુસ્વરૂપ હોવાથી (બહાર) બેસવા અશક્ત હતો. આથી તે વાંસમાં દાખલ થયો હતો. તે પછી એક વૈષ્ણવ બ્રાહ્મણ શ્રોતાને મુખ્ય કલ્પીને ગોકર્ણે શ્રીમદ્ભાગવતનું આખ્યાન પ્રથમ સ્કંધથી સ્પષ્ટ રીતે કરવા માંડ્યું. સાયંકાળે જ્યારે કથા બંધ રાખી ત્યારે ત્યાં એક આશ્ચર્ય થયું.[૪૭] સત્પુરુષોના દેખતાં પેલા વાંસની એક ગાંઠ અવાજ સાથે તૂટી અને તેજ પ્રમાણે બીજે દિવસે સાયંકાળે બીજી ગાંઠ તૂટી;[૪૮,૪૯] તેમજ ત્રીજે દિવસે સાંજે ત્રીજી ગાંઠ તૂટી. એ રીતે સાત દિવસે વાંસની સાતે ગાંઠો તૂટી ગઈ.[૫૦] પેલો પ્રેત બારે સ્કંધનું શ્રવણ કર્યા પછી પ્રેતપણાથી મુક્ત થયો અને દિવ્યરૂપ ધારણ કરનાર, તુલસીની માળાથી સુશોભિત, પીતાંબર ધારણ કરનાર, મેઘ સમાન શ્યામ, મુકુટધારી અને કુંડળોથી યુક્ત થઇ તુરત પોતાના ભાઇ ગોકર્ણને નમ્યો અને આ પ્રમાણે કહેવા લાગ્યો:[૫૧,૫૨] 'હે બંધુ! તેં મને પ્રેતના દુઃખમાંથી છોડાવ્યો છે. પ્રેતની પીડાનો નાશ કરનારી શ્રીમદ્ભાગવતની કથાને ધન્ય છે;[૫૩] તેમજ શ્રીકૃષ્ણના લોકરૂપી ફળ આપનાર સપ્તાહને ધન્ય છે. સપ્તાહ સાંભળતાં સર્વ પાપો, 'આ કથા અમારો તત્કાળ નાશ કરશે' એવા ભયથી કંપી ઊઠે છે. જેમ અગ્નિ લીલાં, સૂકાં, નાનાં અથવા મોટાં હરકોઇ કાષ્ઠને બાળી નાખે છે, તેમ સપ્તાહનું શ્રવણ પણ તાજાં, જૂનાં, નાનાં કે મોટાં હરકોઈ મન, વચન કે કર્મથી કરેલાં પાપને બાળી નાખે છે. આ ભરતખંડમાં વેદવેત્તાઓની સભામાં વિદ્વાનોએ કહ્યું છે કે, 'શ્રીમદ્ભાગવતની કથા નહિ સાંભળનારા પુરુષોનો જન્મ નિષ્ફળ છે. શ્રીમદ્ભાગવતની કથા વિના કેવળ મોહથી રક્ષણ કરેલા, અતિશય પુષ્ટ અને અત્યંત બળવાન એવા પણ આ નાશવંત શરીરનું શું પ્રયોજન છે? આ શરીર હાડકાંરૂપી થાંભલાઓવાળું, સ્નાયુઓથી બાંધેલું, માંસ અને લોહી વડે લીંપાયલું, ચામડાથી મઢેલું, દુર્ગંધવાળું, મૂત્ર અને વિષ્ટાનું પાત્ર, વૃદ્ધાવસ્થા અને શોકના ફળથી પીડાયલું, રોગોનું એક ઘર, દુઃખોથી આતુર, દુઃખ વડે ભરાય એવું, દુઃખથી ધારણ કરાય એવું, દુષ્ટ દોષોવાળું, ક્ષણભંગુર અને છેવટે કીડા, વિષ્ટા કે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભસ્મરૂપ થનારું છે, એમ વિદ્વાનોએ વર્ણવ્યું છે.[૫૪-૬૦] તો આવા અસ્થિર શરીર વડે સ્થિર એવું કર્મ શા માટે ન સાધી લેવું? જે અન્ન પ્રાતઃકાળે રાંધેલું હોય છે, તે સાયંકાળે બગડી જાય છે—આવા સ્વભાવવાળા અન્નના રસથી પોષાયલા શરીરની નિત્યતા શી? અને સપ્તાહનું શ્રવણ કરવાથી તો આ લોકમાં શ્રીહરિને તુરતજ પ્રાપ્ત કરી શકાય છે.[૬૧,૬૨] આમ દોષોને દૂર કરવા માટે આજ સાધન છે. જેઓ કથાશ્રવણથી રહિત છે તેઓ પાણીમાંના પરપોટાની પેઠે અને જંતુઓમાં મચ્છરોની પેઠે કેવળ મરણ માટેજ જન્મે છે.[૬૩] કથાના શ્રવણથી તે જડ અને સૂકા વાંસની ગાંઠો તૂટી ગઇ, તોપછી ચિત્તની ગાંઠો તૂટી જાય એમાં શું આશ્ચર્ય છે?[૬૪] સપ્તાહનું શ્રવણ કરવાથી હૃદયની અજ્ઞાનરૂપ ગાંઠ તૂટી જાય છે, સર્વ સંશયો દૂર થાય છે અને એ (શ્રવણ કરનાર) જીવનાં કર્મોનો નાશ થઇ જાય છે.[૬૫] વિદ્વાનો કહે છે કે, સંસારરૂપી કાદવના લેપને ધોઇ નાખવામાં અત્યંત સમર્થ એવું કથારૂપ તીર્થ જો ચિત્તમાં રહે, તો અવશ્ય મુક્તિજ થાય છે.[૬૬] એ પ્રમાણે તે પ્રેત કહી રહ્યો હતો, તેવામાં વૈકુંઠવાસીઓ જેમાં હતા એવું અને ઝળકતી કાંતિમંડળવાળું એક વિમાન ત્યાં આવ્યું;[૬૭] જેમાં સર્વના દેખતાં ધુંધુકારી બેઠો. તે સમયે વિમાનમાં બેઠેલા વૈષ્ણવોને જોઈને ગોકર્ણ કહેવા લાગ્યો.[૬૮]

ગોકર્ણે કહ્યું:–'આજ સ્થળે મારા નિર્મળ શ્રોતાઓ તો ઘણા છે. તેઓને માટે તમે એકજ વખતે એક સામટાં વિમાનો કેમ ન લાવ્યા?[૬૯] આ સ્થળે સર્વ કોઇએ સમાન ભાગે શ્રવણ કરેલું જોવામાં આવે છે, તો હે હરિભક્તો! આવો ફળભેદ કેમ થયો? તે તમે કહો.'[૭૦]

પાર્ષદોએ કહ્યું:–'શ્રવણમાં ભેદ હોવાથી ફળમાં પણ ભેદ થયો છે. શ્રવણ સર્વ કોઇએ કર્યું છે; પણ તે પ્રમાણે કોઇએ મનન કર્યું નથી.[૭૧] હે માનદ ગોકર્ણ! તે કારણથી ભજન કરવા છતાં ફળભેદ થયો છે. આ પ્રેતે તો સાત રાત્રિ સુધી ઉપવાસ કરીને શ્રવણ કર્યું છે, તેમજ પોતાના સ્થિર ચિત્તમાં તેણે મનન વગેરે પણ અત્યંત કર્યું છે. દઢતા વિનાનું જ્ઞાન નિષ્ફળ છે, પ્રમાદથી શ્રવણ નિષ્ફળ થાય છે; સંદેહવાળો મંત્ર નિષ્ફળ છે, વ્યગ્રચિત્તે કરેલો જપ નિષ્ફળ છે, વૈષ્ણવરહિત દેશ નિષ્ફળ છે, પાત્ર વિના શ્રાદ્ધ નિષ્ફળ છે, વેદ નહિ ભણેલાને આપેલું દાન નિષ્ફળ છે અને અનાચારથી કુળ નિષ્ફળ થાય છે, માટે કથાશ્રવણ કરતી વેળા ગુરુનાં વાક્યો ઉપર વિશ્વાસ, પોતાનામાં દીનપણાની ભાવના, મનના દોષોનો જય અને કથામાં નિશ્ચયબુદ્ધિ ઇત્યાદિ કર્યું હોય, તોજ તેનું ફળ પ્રાપ્ત થાય છે.[૭૨-૭૫] તેથી ફરી સપ્તાહશ્રવણ કર્યા પછી તે સર્વનો અવશ્ય વૈકુંઠમાં વાસ થશે અને હે ગોકર્ણ! ગોવિંદ ભગવાન પોતે તમને ગોલોક આપશે.'[૭૬,૭૭]

સનકાદિકે કહ્યું:–"એમ કહીને તે સર્વે પાર્ષદો હરિકીર્તન કરતા વૈકુંઠલોકમાં ગયા અને પછી ગોકર્ણે ફરી પણ શ્રાવણ માસમાં સાત દિવસની કથા કહી, જેનું સર્વ લોકોએ ફરીથી શ્રવણ કર્યું. હે નારદ! એ કથા સમાપ્ત થઇ ત્યારે ત્યાં જે બન્યું તે તમે સાંભળો.[૭૮,૭૯] શ્રીહરિ પોતે વિમાનો અને ભક્તો સાથે ત્યાં પ્રકટ થયા અને તે સમયે **'જય'** તથા **'નમઃ'** એવા અનેક શબ્દો ત્યાં થઇ રહ્યા.[૮૦] શ્રીહરિએ પોતે ત્યાં હર્ષથી પાંચજન્ય શંખ વગાડ્યો અને ગોકર્ણને ભેટી તેને પોતાના સરખો કર્યો.[૮૧] વળી બીજા શ્રોતાઓને પણ શ્રીહરિએ ક્ષણવારમાં મેઘસમાન શ્યામ, પીળાં રેશમી વસ્ત્ર ધારણ કરનારા, મુકુટધારી અને કુંડળધારી કર્યા.[૮૨-૮૬] તે ગામમાં કૂતરાં અને ચાંડાળજાતિ સુધીના જે જીવો હતા, તેઓને પણ ગોકર્ણ ઉપરની કૃપાથી વિમાનમાં બેસાડ્યા અને જ્યાં યોગીઓ જઇ શકે છે, તે વૈકુંઠલોકમાં મોકલી દીધા. પછી તે ભક્તવત્સલ શ્રીગોપાલ કથાશ્રવણથી પ્રસન્ન થઇ ગોકર્ણની સાથે ગોપગોપીઓને પ્રિય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એવા ગોલોકમાં ગયા. પૂર્વે શ્રીરામચંદ્રજી સર્વ અયોધ્યાવાસીઓને જેમ લઇ ગયા હતા તેમ, શ્રીકૃષ્ણ ભગવાન તેઓ સર્વને યોગીઓને પણ દુર્લભ એવા ગોલોકમાં લઇ ગયા; જ્યાં સૂર્ય, ચંદ્ર કે સિદ્ધોની પણ કદી ગતિ નથી, તે લોકમાં તેઓ શ્રીમદ્ભાગવતના શ્રવણથી ગયા. શ્રીસપ્તાહયજ્ઞ-દ્વારા કથામાં જે ઉજ્જ્વળ ફળસમુદાય સંચિત થાય છે, તેનું આજે તમારી આગળ અમે શું વર્ણન કરીએ ? જેઓએ ગોકર્ણની કથાનો અક્ષર કાનથી સાંભળ્યો હતો, તેઓ ફરી ગર્ભવાસને પામ્યાજ નહિ.[૮૭] મનુષ્યો સપ્તાહકથાના શ્રવણથી જે ગતિને પામે છે, તે ગતિ વાયુ, જળ કે પાંદડાંઓના આહારથી, શરીરને સૂકવી નાખનારાં અને લાંબા સમયથી સંગ્રહેલાં ઉગ્ર તપથી અથવા યોગથી પામતા નથી.[૮૮] બ્રહ્માનંદમાં મગ્ન રહેતા મુનીશ્વર શાંડિલ્ય પણ ચિત્રકૂટમાં રહીને આ પવિત્ર ઇતિહાસનો પાઠ કરે છે.[૮૯] આ પરમ પવિત્ર આખ્યાન જો એક વાર પણ સાંભળ્યું હોય, તો પાપોના સમૂહને બાળી નાખે છે, જો શ્રાદ્ધમાં પાઠ કર્યો હોય તો પિતૃઓને તૃપ્ત કરે છે અને નિત્ય સારી રીતે પાઠ કરવાથી મોક્ષને આપે છે."[૯૦]

आख्यानमेतत्परमं पवित्रं श्रुतं सकृद्वै विदहेदघौघम्। श्राद्धे प्रयुक्तं पितृतृप्तिमावहेन्नित्यं सुपाठादपुनर्भवं च ॥ ९० ॥

ઇતિ શ્રીમદ્ભાગવતમાહાત્મ્ય વિષે
અધ્યાય ૫ મો સમાપ્ત

અધ્યાય ૬ ઠ્ઠો

શ્રીમદ્ભાગવતના શ્રવણનો વિધિ

॥ કુમારા ઊચુઃ ॥

अथ ते संप्रवक्ष्यामः सप्ताहश्रवणे विधिम्।
सहायैर्वसुभिश्चैव प्रायः साध्यो विधिःस्मृतः॥

સનકાદિ કુમારોએ કહ્યું:–"હવે સપ્તાહશ્રવણનો વિધિ અમે તમને કહીએ છીએ; એ વિધિ સહાય અને ધનથી ઘણું કરીને થઇ શકે છે.[૧] જોશીને બોલાવીને યત્નથી મુહૂર્ત પૂછવું અને વિવાહમાં જેવું મન (આનંદી) હોય છે, તેવું રાખવું.[૨] શ્રાવણ, આશ્વિન, કાર્તિક, માર્ગશીર્ષ, આષાઢ કે ભાદરવો-આ મહિનાઓ કથાનો આરંભ કરવામાં શ્રોતાઓને મોક્ષસૂચક છે. આ મહિનાઓમાં જે જે (વસ્તુઓ) તજવા યોગ્ય હોય, તેનો સર્વથા ત્યાગ કરવો અને આ કાર્યમાં જેઓ ઉદ્યમી હોય, તેઓને સહાયક તરીકે તથા બીજા કાર્યકર્તા તરીકે રાખવા.[૩-૪] 'અહીં કથા થશે માટે કુટુંબીઓએ આવવું.' આવી દેશેદેશમાં મંગલપત્રિકાઓ પ્રયત્નથી મોકલવી; જેથી જેઓને હરિની કથા દૂર હોય, જેઓને હરિનું કીર્તન દૂર હોય, તેઓને અને સ્ત્રીઓ તથા શૂદ્ર વગેરેને પણ બોધ થઈ શકે.[૫-૬] દેશેદેશમાં જે વૈષ્ણવો વિરક્ત હોઇ હરિકીર્તનમાં ઉત્સુક હોય, તેઓના પર પણ કંકોતરી લખીને જણાવવું કે, 'અહીં સાત રાત્રિ સુધી સત્પુરુષોનો અતિ દુર્લભ સમાજ એકત્ર થશે અને અપૂર્વ રસરૂપ કથા થશે. આપ શ્રીમદ્ભાગવતરૂપ અમૃતનું પાન કરવાને રસિક છો, તો પ્રેમતત્પર થઈ સત્વર પધારજો. કદાચ આપને અવકાશ ન હોય, તો માત્ર એક દિવસ પણ અવશ્ય પધારજોજ, કેમકે અહીંની એક ક્ષણ પણ અતિ દુર્લભ છે.[૭-૧૦] એ રીતે તેઓને વિનયથી નિમંત્રણ કરવું અને જેઓ આવે તેઓ સર્વને ઉતારા આપવા.[૧૧] તીર્થમાં, વનમાં કે ઘરમાં પણ કથાશ્રવણ (કરવા) કહ્યું છે. જ્યાં વિશાળ ભૂમિ હોય ત્યાં કથાનું સ્થળ કરવું.[૧૨] ભૂમિને વાળી–ઝાડી સાફ કરાવીને પછી લીંપી રંગોથી સુશોભિત કરવી. ઘરનો સરસામાન ઉપાડીને ઘરના કોઇ ખૂણામાં મૂકી દેવો.[૧૩] પાંચ દિવસ પહેલાં યત્નથી બિછાનાંઓ મેળવી રાખવાં અને કેળના સ્તંભોથી શોભતો ઊંચો મંડપ કરવો.[૧૪] એ મંડપને ચોતરફથી ફળ, પુષ્પ તથા પાંદડાંઓ અને ચંદરવાથી શણગારવો; તેમજ ચારે દિશાઓમાં ધજાઓ ફરકાવી અનેક સંપત્તિથી સુશોભિત કરવો.[૧૫] ઉપરના ભાગમાં વિસ્તારથી સાત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લોકની કલ્પના કરવી અને તેમાં બ્રાહ્મણોને તથા વિરક્તોને સમજાવીને બેસાડવા.[૧૬] પ્રથમ તેઓનાં ઉત્તરોત્તર આસનો ગોઠવવાં અને તે વખતે (કથાના) વક્તાનું પણ દિવ્ય આસન ગોઠવવું.[૧૭] વક્તાએ ઉત્તર તરફ મુખ રાખવું; અને શ્રોતાએ પૂર્વ તરફ મુખ રાખવું, પણ જો તે વખતે વક્તા પૂર્વ તરફ મુખ રાખી બેસે, તો શ્રોતાએ ઉત્તર તરફ મુખ રાખી બેસવું.[૧૮] અથવા દેશકાળ વગેરે જાણનારાઓ કહે છે કે, શ્રોતાઓનું આગમન થતાં પૂજ્ય અને પૂજકની વચ્ચેની દિશાને પૂર્વ દિશા જાણવી.[૧૯] જે બ્રાહ્મણ વિરક્ત હોય, વૈષ્ણવ હોય, વેદ અને શાસ્ત્રોના વિરોધને દૂર કરી શકે એવો હોય, દષ્ટાંત આપવામાં કુશળ હોય, ધૈર્યવાળો હોય અને અત્યંત નિઃસ્પૃહ હોય, તેની પાસે કથા વંચાવવી.[૨૦] પણ જેઓ અનેક ધર્મોમાં અત્યંત ભ્રમણ કરતા હોય, સ્ત્રીલંપટ હોય અને પાખંડવાદી હોય તેઓનો તે પંડિત હોય, તોપણ પવિત્ર એવી શાસ્ત્રકથા કહેવામાં ત્યાગ કરવો.[૨૧] કથા કહેનારની પાસે બીજો તેના જેવોજ પંડિત કે જે સંશયો દૂર કરે તેવો હોય અને લોકોને બોધ આપવામાં તત્પર હોય તેવાને બેસાડવો.[૨૨] કથા વાંચનારાએ વ્રત લેવાને સારૂ એક દિવસ પહેલાં ક્ષાર (હજામત) કરાવી લેવું અને અરુણોદય થતાંજ શૌચ (દિશા–જંગલ) આટોપી લઈ સ્નાન કરી લેવું.[૨૩] નિત્ય સંધ્યાવંદન આદિ નિત્યકર્મ પ્રયત્નથી સંક્ષેપમાં કરવાં અને કથાનાં વિઘ્નો દૂર કરવા ગણપતિનું પૂજન કરવું.[૨૪] પિતૃઓનું તર્પણ કરી શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કરવું અને મંડળ રચી તેમાં શ્રીહરિનું સ્થાપન કરવું.[૨૫] પછી શ્રીકૃષ્ણને ઉદ્દેશી મંત્રોચ્ચારપૂર્વક પૂજાવિધિ કરવો અને અનુક્રમે પ્રદક્ષિણા–નમસ્કાર કરી પૂજાને અંતે આ રીતે સ્તુતિ કરવીઃ–[૨૬] 'હે દયાસાગર ! હું સંસારસમુદ્રમાં ડૂબેલો, દીન અને કર્મોરૂપી ગ્રૂંડથી પંકડાયેલા અંગવાળો છું; સંસારસમુદ્રમાંથી આપ મારો ઉદ્ધાર કરો.'[૨૭] પછી શ્રીમદ્ભાગવતની પણ પ્રીતિ તથા પ્રયત્નથી ધૂપ–દીપ સાથે વિધિપૂર્વક પૂજા કરવી;[૨૮] ને પછી શ્રીફળ લઇને નમસ્કાર કરવા. તેમજ કેવળ પ્રસન્નચિત્તથી તે વખતે સ્તુતિ કરવીઃ–'શ્રીમદ્ભાગવત નામે આપ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણજ છો. હે નાથ ! ભવસાગરમાંથી મુક્ત થવા માટે મેં આપને સ્વીકાર્યા છે.[૨૯।૩૦] હે કેશવ ! મારો આ મનોરથ આપ સર્વથા નિર્વિઘ્નેજ સફળ કરજો; હું આપનો દાસ છું.'[૩૧] આવું દીન વચન કહ્યા પછી કથા વાંચનારની પૂજા કરવી અને વસ્ત્ર તથા આભૂષણોથી તેને શણગારીને પૂજાને અંતે તેની સ્તુતિ કરવીઃ–'હે શુકદેવજીસ્વરૂપ ! હે સર્વ શાસ્ત્રોમાં કુશળ બ્રહ્મવેત્તા ! તમે આ કથાનો પ્રકાશ કરી મારા અજ્ઞાનનો નાશ કરો.'[૩૨।૩૩] પછી પોતાના કલ્યાણ માટે તેની આગળ હર્ષથી નિયમ લેવો અને સાત દિવસ સુધી યથાશક્તિ તે નિયમ અવશ્ય પાળવો.[૩૪] કથામાં ભંગ ન પડે તે માટે પાંચ બ્રાહ્મણોનું વરણ કરવું અને તે બ્રાહ્મણોએ, શ્રીહરિના દ્વાદશાક્ષર મંત્રનો જપ કરવો.[૩૫] તે પછી બ્રાહ્મણોનું, વૈષ્ણવોનું તથા બીજા કીર્તન કરનારાઓનું પ્રણામપૂર્વક પૂજન કરી તેઓની આજ્ઞા લઇને પોતે આસન ઉપર બેસવું.[૩૬] તે સમયે લોક, દ્રવ્ય, ધન, ઘર અને પુત્રની ચિંતા છોડી દઇ જે મનુષ્ય કેવળ કથામાંજ ચિત્ત રાખે છે અને શુદ્ધ બુદ્ધિ ધારણ કરે છે તે ઉત્તમ ફળ પ્રાપ્ત કરે છે.[૩૭] અત્યંત બુદ્ધિશાળી વક્તાએ, સૂર્યોદયથી આરંભી સાડાત્રણ પ્રહર સુધી સારી રીતે ધીર કંઠથી કથા વાંચવી;[૩૮] મધ્યાહ્નસમયે બે ઘડી સુધી કથા બંધ કરવી અને તે વખતે વૈષ્ણવોએ કથાને અનુસરતું કીર્તન કરવું.[૩૯] કથા સાંભળવા ઇચ્છનારાએ, મળમૂત્રને જીતવા માટે એકજ વખત હવિષ્યાન્નનો સુખકારક હલકો આહાર કરવો.[૪૦] જો શક્તિ હોય તો સાત દિવસ ઉપવાસ કરી કથાશ્રવણ કરવું. અથવા ઘી કે દૂધ પીને સુખેથી શ્રવણ કરવું.[૪૧।૪૨]

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અથવા તો ફળાહાર કે એક વખત ભોજન કરી શ્રવણ કરવું. આમાંથી કથાશ્રવણ માટે જે કંઇ સુખથી બને એવું હોય તે કરવું. ઉપવાસ જો કથાશ્રવણમાં વિઘ્નકારક થતો હોય, તો કથાશ્રવણમાં વિઘ્ન ન કરે એવા ભોજનને હું શ્રેષ્ઠ માનું છું, પણ ઉપવાસ શ્રેષ્ઠ નથી કહ્યો.[૪૩] હે નારદ! સપ્તાહશ્રવણનું વ્રત ધારણ કરનારના નિયમો હવે તમે સાંભળો. જેઓ વૈષ્ણવદીક્ષાથી રહિત હોય તેઓ કથાશ્રવણના અધિકારી નથી.[૪૪] કથાશ્રવણના વ્રતવાળાએ બ્રહ્મચર્ય પાળવું, નીચે સૂવું અને નિત્ય કથા સમાપ્ત થયા પછી પત્રાવલીમાં ભોજન કરવું.[૪૫] કથાશ્રવણના વ્રતવાળાએ ચોખા, મધ, તેલ, ભારે અન્ન, ભાવથી દુષ્ટ થયેલું અન્ન અને વાસી અન્નનો નિત્ય ત્યાગ કરવો.[૪૬] તેમજ કથાશ્રવણના વ્રતવાળાએ કામ, ક્રોધ, મદ, માન, મત્સર, લોભ, દંભ, મોહ તથા દ્વેષને દૂર કરવા.[૪૭] વળી કથાશ્રવણના વ્રતવાળાએ વેદોની, વૈષ્ણવોની, બ્રાહ્મણોની, ગુરુઓની, ગાયોની, વ્રતધારીઓની, સ્ત્રીઓની, રાજાઓની તથા મહાત્માઓની નિંદાનો ત્યાગ કરવો.[૪૮] તેમજ કથાશ્રવણના વ્રતવાળાએ રજસ્વલા, ચાંડાલ, મ્લેચ્છ, પતિત, વૈદિક સંસ્કારો રહિત, બ્રાહ્મણોના દ્વેષી તથા વેદબાહ્ય મનુષ્યો સાથે બોલવું નહિ.[૪૯] કથાશ્રવણનું વ્રત લેનારે સત્ય, પવિત્રતા, દયા, મૌન, સરળતા અને વિનય જાળવવો જોઇએ, તેમજ મન ઉદાર રાખવું જોઇએ.[૫૦] જે મનુષ્ય દરિદ્ર હોય, ક્ષયરોગવાળો હોય, રોગી હોય, ભાગ્યહીન હોય, પાપકર્મી હોય, સંતાનરહિત હોય અને મોક્ષની ઇચ્છાવાળો હોય, તેણે પણ આ કથા સાંભળવી.[૫૧] જે સ્ત્રી રજોદર્શનરહિત હોય, એકજ વખત સંતાન થઈ વાંઝણી હોય, બિલકુલ વાંઝણી હોય, જેનાં સંતાન મરી જતાં હોય અને જેનો ગર્ભ સ્રવી જતો હોય તેવી સ્ત્રીએ પ્રયત્નથી આ કથા સાંભળવી.[૫૨] પૂર્વોક્ત કોઇ પણ દુઃખમાં વિધિપૂર્વક આ કથા સાંભળવાથી અત્યંત અક્ષય ફળ પ્રાપ્ત થાય છે. કેમકે આ કથા અતિ ઉત્તમ, દિવ્ય અને કરોડો યજ્ઞના ફળને આપનારી છે.[૫૩] એ પ્રમાણે વ્રતનો વિધિ કર્યા પછી ઉદ્યાપન કરવું. ફળની ઇચ્છાવાળાઓએ જન્માષ્ટમીના વ્રતની પેઠે આ વ્રત કરવું.[૫૪] ભક્તો જો નિષ્કામ હોય તો ઉદ્યાપન કરવાનો ખાસ આગ્રહ નથી. કેમકે તેવા નિષ્કામ વૈષ્ણવભક્તો માત્ર શ્રવણથીજ પવિત્ર થાય છે.[૫૫] એ પ્રમાણે આ સપ્તાહયજ્ઞ સમાપ્ત થાય, ત્યારે શ્રોતાઓએ પુસ્તકની તથા કહેનારની અત્યંત ભક્તિથી પૂજા કરવી.[૫૬] પછી શ્રોતાઓને પ્રસાદ અને તુલસીની માળાઓ આપવી અને મૃદંગ તથા તાલથી સુંદર કીર્તન કરવું. વળી 'જય' શબ્દ, 'નમઃ' શબ્દ તથા શંખધ્વનિઓ કરાવવા અને બ્રાહ્મણોને તથા યાચકોને ધન અને અન્નનું દાન કરવું.[૫૭।૫૮] શ્રોતા જો વિરક્ત હોય તો (સપ્તાહસમાપ્તિ પછી) બીજે દિવસે (આઠમે દિવસે) ગીતા વાંચવી. પણ શ્રોતા જો ગૃહસ્થ હોય, તો કર્મની શાંતિ માટે હોમ કરવો.[૫૯] દશમસ્કંધના પ્રત્યેક શ્લોકે વિધિપૂર્વક તલ અને અન્નાદિ સાથે દૂધપાક, મધ તથા ઘીનો હોમ કરવો.[૬૦] અથવા સારી રીતે સાવધાન થઇ ગાયત્રીમંત્રથી હવન કરવો. કેમકે પુરાણ અને પરમાત્મા વસ્તુતઃ ગાયત્રીરૂપ છે.[૬૧] જો હોમ કરવાની શક્તિ ન હોય, તો બુદ્ધિમાન મનુષ્યે હોમના ફળની સિદ્ધિ માટે હોમ કરવાના પદાર્થોનું દાન કરવું. તે પછી અનેક દોષો દૂર કરવા માટે તેમજ ન્યૂનાધિકતારૂપ દોષની શાંતિ માટે વિષ્ણુસહસ્રનામનો પાઠ કરવો; કેમકે તેનો પાઠ કરવાથી સર્વ કંઈ સફળ થાય છે અને એનાથી કંઈ અધિક નથી.[૬૨] પછી વ્રતની પૂર્ણતા માટે બાર બ્રાહ્મણોને મધ અને દૂધપાકથી જમાડવા તથા સુવર્ણ અને ગાયનું દાન કરવું.[૬૩।૬૪] જો શક્તિ હોય તો બાર તોલા સુવર્ણનો સિંહ બનાવી તેના ઉપર સુંદર અક્ષરોવાળું લખેલું શ્રીમદ્‌ભાગવતનું પુસ્તક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્થાપવું.[૬૫] એ પુસ્તકનું આવાહન વગેરે ઉપચારોથી પૂજન કરી વસ્ત્રાલંકાર અને ચંદનાદિથી પૂજેલા જિતેન્દ્રિય આચાર્યને દક્ષિણા સાથે દાન કરવું. એ પ્રમાણે દાન કરીને સારી બુદ્ધિવાળો પુરુષ, સંસારનાં બંધનોથી મુક્ત થાય છે. એ રીતે સર્વ પાપોને દૂર કરનાર વિધિ કરવાથી ધર્મ, કામ, અર્થ અને મોક્ષના સાધનરૂપ આ ઉત્તમ શ્રીમદ્‌ભાગવતપુરાણ અવશ્ય ફળદાયી થાય છે.[૬૬-૬૮] હે નારદ! એ પ્રમાણે સર્વ અમે તમને કહ્યું. ફરી તમે શું સાંભળવા ઇચ્છો છો? શ્રીમદ્‌ભાગવતથીજ ભોગ અને મોક્ષ હસ્તગત થાય છે."[૬૯]

સૂતે કહ્યું:–એમ કહીને તે મહાત્માઓએ સર્વ પાપને હરનારી, પવિત્ર તથા ભોગ અને મોક્ષદાયક એવી શ્રીમદ્‌ભાગવતની કથા કહી. તે કથાને સાત દિવસ સુધી મનને નિયમમાં રાખી સર્વ પ્રાણીઓએ વિધિપૂર્વક સાંભળી અને પછી તેઓએ શ્રીપુરુષોત્તમ ભગવાનની સ્તુતિ કરી. અંતે ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્ય અત્યંત પુષ્ટ થયાં અને પ્રાણીમાત્રના મનને હરણ કરે તેવું શ્રેષ્ઠ યૌવન પ્રાપ્ત થયું. નારદજી પણ પોતાનો મનોરથ સિદ્ધ થયો તેથી કૃતાર્થ થયા, પરમ આનંદથી પૂર્ણ થયા અને સર્વાંગે રોમાંચિત થયા. એ પ્રમાણે કથાશ્રવણ કર્યા પછી ભગવાનને પ્રિય એવા નારદજી બે હાથ જોડી પ્રેમથી ગદ્‌ગદ વાણી વડે સનકાદિ કુમારોને કહેવા લાગ્યા.[૭૦-૭૪]

નારદજીએ કહ્યું:–"આપ દયાળુએ મારા ઉપર અનુગ્રહ કર્યો છે, જેથી હું ધન્યવાદને પાત્ર છું. આજ સર્વ પાપને હરનાર એવા ભગવાન વિષ્ણુ મને મળ્યા છે.[૭૫] હે તપોધનો! હું માનું છું કે, કથાશ્રવણ એ સર્વ ધર્મો કરતાં શ્રેષ્ઠ છે; જેના શ્રવણથી વૈકુંઠવાસી શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે."[૭૬]

સૂતે કહ્યું:–વૈષ્ણવોમાં ઉત્તમ એવા નારદજી એમ કહી રહ્યા હતા તેવામાં યોગીશ્વર શુકદેવજી, ફરતા ફરતા ત્યાં પધાર્યા.[૭૭] જ્યારે કથા સમાપ્ત થઇ, ત્યારે જ્ઞાનરૂપી મહાસાગરને ચંદ્રરૂપ અને આત્મજ્ઞાનના લાભથી પૂર્ણ એવા સોળ વર્ષની વયના વ્યાસપુત્ર શુકદેવજી, શ્રીમદ્‌ભાગવતનો પ્રેમથી ધીમે ધીમે પાઠ કરતા ત્યાં પધાર્યા.[૭૮] શ્રેષ્ઠ મહાતેજવાળા તે શુકદેવજીને જોઇને સભાસદોએ તત્કાળ ઊભા થઇ જઈ તેમને મોટું આસન આપ્યું અને દેવર્ષિ નારદે પ્રેમથી તેમની પૂજા કરી. પછી આસન ઉપર બિરાજીને તેમણે નિર્મળ વાણી કહી, તે તમે સાંભળો.[૭૯]

શ્રીશુકદેવજીએ કહ્યું:–"હે રસિક ભાવિક જનો! વેદરૂપી કલ્પવૃક્ષનું શ્રીમદ્‌ભાગવતરૂપી ફળ જે શુકના મુખમાંથી પૃથ્વી પર પડ્યું છે અને અમૃતમય રસવાળું હોઇ કેવળ રસરૂપ છે તેનું મોક્ષ થાય ત્યાંસુધી વારંવાર પાન કરો–શ્રવણ કરો.[૮૦] મહામુનિ વ્યાસે રચેલા આ શ્રીમદ્‌ભાગવતમાં મત્સરરહિત એવા સત્પુરુષોનો નિષ્કપટ એવો શ્રેષ્ઠ ધર્મ વર્ણવ્યો છે; તેમજ ત્રણે તાપ (આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક) ને દૂર કરનાર એવી જાણવા યોગ્ય વાસ્તવિક વસ્તુ–પરમેશ્વર, કે જે મોક્ષને આપનાર છે તેનું નિરૂપણ કર્યું છે. બીજાં શાસ્ત્રોથી શું ઈશ્વરને તત્કાળ હૃદયમાં સ્થાપી શકાય છે? આ શ્રીમદ્‌ભાગવતનું શ્રવણ કરવા ઇચ્છતા પુણ્યશાળી પુરુષો તો તત્કાળ હૃદયમાં ઈશ્વરને સ્થાપી શકે છે.[૮૧] શ્રીમદ્‌ભાગવત કે જે પુરાણોમાં તિલક સમાન છે–શ્રેષ્ઠ છે, વૈષ્ણવોનું ધન છે; જેમાં પરમહંસોનું શ્રેષ્ઠ નિર્મળ જ્ઞાન વર્ણવ્યું છે અને જેમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સહિત નિષ્કર્મપણું પ્રકટ કર્યું છે, તેને ભક્તિ વડે સાંભળનાર, પાઠ કરનાર અને વિચાર કરનાર પુરુષ મુક્ત થાય છે.[૮૨] આ રસ સ્વર્ગમાં, સત્યલોકમાં, કૈલાસમાં કે વૈકુંઠમાં પણ નથી. માટે હે સાધુજનો! એ રસનું ઉત્તમ ભક્તિપૂર્વક પાન કરો, પણ કોઈ દિવસ તેનો ત્યાગ ન કરો."[૮૩]

સૂત કહે છે:–વ્યાસપુત્ર શુકદેવજી એમ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કહેતા હતા, તેવામાં સભાની વચ્ચે પ્રહ્લાદ, બલિ, ઉદ્ધવ અને અર્જુન વગેરેની સાથે શ્રીહરિ પ્રકટ થયા. પછી દેવર્ષિ નારદે તેમની તથા તેમના ભક્તોની પૂજા કરી.[૮૪] પ્રસન્ન થયેલા શ્રીહરિને મોટા આસન ઉપર બિરાજેલા જોઈ સર્વ સભાસદો તેમની આગળ કીર્તન કરવા લાગ્યા. તે સમયે પાર્વતી સહિત શંકર અને બ્રહ્મા, કીર્તનનાં દર્શન કરવા ત્યાં આવ્યા.[૮૫] એ કીર્તનમાં પ્રહ્લાદ તાલ દેતા હતા, ઉદ્ધવ ચંચળ ગતિથી કાંશિયાં વગાડતા હતા, દેવર્ષિ નારદ વીણા વગાડતા હતા, સ્વરમાં કુશળ હોવાથી અર્જુન ગાતો હતો, ઇન્દ્ર મૃદંગ વગાડતો હતો, સનકાદિ કુમારો 'જય જય' શબ્દ કરતા હતા અને આગળના ભાગમાં વ્યાસપુત્ર શુકદેવજી રસની રચનાપૂર્વક ભાવ કહી રહ્યા હતા.[૮૬] વચ્ચેના ભાગમાં અત્યંત તેજસ્વી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, એ ત્રણે નટની પેઠે નૃત્ય કરી રહ્યાં હતાં. આ અલૌકિક કીર્તન જોઇને શ્રીહરિ પણ પ્રસન્ન થઈ કહેવા લાગ્યા:–'હે ભક્તો ! હું કથા અને કીર્તનથી હમણાં પ્રસન્ન થયો છું, માટે મારી પાસેથી તમે વર માગો.' એ પ્રમાણે શ્રીહરિનું વાકય સાંભળી અત્યંત પ્રસન્ન થયેલા અને પ્રેમથી ભીંજાયેલા ચિત્તવાળા તે સભાસદો શ્રીહરિને કહેવા લાગ્યા:–'સપ્તાહની કથાઓમાં આપે આ સર્વ ભક્તો (સાથે) અતિ પ્રયત્નથી પધારવું. અમારો આ મનોરથ આપ પૂર્ણ કરો.' પછી '**તથાસ્તુ**' એમ કહીને શ્રીહરિ અંતર્ધાન થઇ ગયા.[૮૭-૮૯] તે પછી નારદજીએ સનકાદિના ચરણમાં પ્રણામ કર્યા અને શુકદેવજી વગેરે તપસ્વીઓને પણ વંદન કર્યું. એટલે અત્યંત પ્રસન્ન થયેલા તેઓ સર્વે કથામૃતનું પાન કરવાથી મોહરહિત થઇ સૌ સૌને સ્થાને ગયા.[૯૦] તે સમયથી શુકદેવજીએ ભક્તિને તેના બે પુત્રો સાથે પોતાના ભાગવતશાસ્ત્રમાંજ સ્થાપેલી છે; તેથી ભાગવતનું સેવન કરવાથી શ્રીહરિ વૈષ્ણવોના ચિત્તમાં પધારે છે.[૯૧] ખરેખર, દરિદ્રતા અને દુઃખના તાપે બાળી નાખેલા અને માયારૂપી પિશાચિનીએ ખૂબ મસળી નાખીને સંસારસમુદ્રમાં ફેંકી દીધેલા એવા મનુષ્યોના કલ્યાણને માટે શ્રીમદ્ભાગવત અત્યંત ગર્જના કરે છે.[૯૨]

શૌનકે પૂછ્યું:–શુકદેવજીએ રાજા પરીક્ષિતને શ્રીમદ્ભાગવત ક્યારે કહ્યું હતું ? ગોકર્ણે પ્રેત–ધુંધુકારીને ક્યારે કહ્યું હતું ? અને સનકાદિ કુમારોએ નારદજીને ક્યારે કહ્યું હતું ? આ મારા સંશયને તમે દૂર કરો.[૯૩]

સૂતે કહ્યું:–શ્રીકૃષ્ણ ભગવાન પોતાના ધામમાં પધાર્યા પછી કલિયુગનાં વધુ ત્રીસ વર્ષ ગયાં, તે સમયે ભાદરવા મહિનાની નવમીના દિવસથી શુકદેવજીએ (રાજા પરીક્ષિત આગળ) (ભાગવતની) કથાનો આરંભ કર્યો હતો.[૯૪] એ રીતે પરીક્ષિત રાજાએ સાંભળ્યું; તે પછી કલિયુગનાં બસો વર્ષ ગયાં, ત્યારે આષાઢ સુદિ નવમીના દિવસે ગોકર્ણે પ્રેત–ધુંધુકારીને (ભાગવતની) કથા કહી હતી.[૯૫] તે પછી પણ ચાલુ કલિયુગનાં ત્રીસ વર્ષ ગયાં ત્યારે કાર્તિક સુદિ નવમીને દિવસે સનકાદિ કુમારોએ (નારદજી પાસે) ભાગવતની કથા કહી હતી.[૯૬] હે નિર્દોષ શૌનક! એ પ્રમાણે તમે મને જે પૂછ્યું હતું તે મેં કહ્યું છે. શ્રીમદ્ભાગવતની કથા કલિયુગમાં સંસારરૂપ રોગોનો નાશ કરનારી છે.[૯૭] હે સજ્જનો! આ શ્રીમદ્ભાગવતની કથા શ્રીકૃષ્ણને પ્રિય છે, સમગ્ર પાપોનો નાશ કરનાર છે, મુક્તિનું એક કારણ છે અને જગતમાં ભક્તિનો વિલાસ કરનાર છે. માટે તમે આદરથી તેનું પાન કરો–શ્રવણ કરો. લોકમાં (બીજા) હિતકારી વિષયોનો અભ્યાસ સેવવાથી શું ફળ છે?[૯૮] યમદેવ પણ પાશધારી પોતાના સેવકને જોઈ તેના કાનમાં કહે છે કે, 'ભાગવતની કથાઓમાં મદમત્ત રહેનારા પુરુષોનો તું ત્યાગ કરજે–તેઓને તું અહીં લાવીશ મા. કેમકે હું બીજા મનુષ્યોનો પ્રભુ છું, વૈષ્ણવોનો પ્રભુ નથી. ભગવાનના ભક્તો પાસે મારું કંઇ ચાલતું નથી.'[૯૯]

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિષયોરૂપી વિષના સંગથી વ્યાકુળ બુદ્ધિવાળા હે મનુષ્યો! આ અસાર સંસારમાં પોતાના કલ્યાણને માટે અર્ધ ક્ષણ પણ શ્રીમદ્ભાગવતરૂપી અતુલ અમૃતનું તમે પાન કરો. શા માટે વ્યર્થ નિંદ્ય કથાઓવાળા કુમાર્ગે તમે જાઓ છો? ભાગવતના શ્રવણથી મુક્તિ થવાની વાત કહેવામાં આવે છે, તેમાં રાજા પરીક્ષિત સાક્ષી છે.૧૦૦ જે મનુષ્ય બ્રહ્મજ્ઞાનરૂપ એકાંતિક રસપ્રવાહમાં રહેલી શ્રીશુકદેવજીએ કહેલી કથાને કંઠે રાખે છે, તે વૈકુંઠપતિ થાય છે—ભગવત્સ્વરૂપ બની રહે છે.૧૦૧ એ પ્રમાણે શાસ્ત્રોના સમૂહ જોઇને પરમગુહ્ય અને સર્વ સિદ્ધાંતોથી સિદ્ધ થયેલું આ રહસ્ય સત્વર મેં તમને કહ્યું છે. આ જગતમાં શ્રીમદ્ભાગવતથી નિર્મળ બીજું કંઇ પણ નથી. તો પરમસુખ પ્રાપ્ત કરવાને બારે સ્કંધોના સારને તમે સાંભળો.૧૦૨ આ શ્રીમદ્ભાગવતની કથાને જે મનુષ્ય નિયમિત રીતે ભક્તિથી સાંભળે છે અને જે શુદ્ધ વૈષ્ણવ પાસે ભક્તિથી કહે છે, તે બન્ને સારી રીતે કરવાથી યથાર્થ ફળ પ્રાપ્ત કરે છે. કેમકે સત્ય વસ્તુથી જગતમાં કંઇ પણ અસાધ્ય નથી.૧૦૩

एतां यो नियततया शृणोति भक्त्या ।
यश्चैनां कथयति शुद्धवैष्णवाग्रे ॥
तौ सम्यग्विधिकरणात्फलं लभेते ।
याथार्थ्यान्न हि भुवने किमप्यसाध्यम् ॥१०३॥

ઇતિ શ્રીમદ્ભાગવતમાહાત્મ્ય વિષે
અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

इति श्रीमद्भागवतमाहात्म्य समाप्त

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ॐ

महर्षि वेदव्यासप्रणीत

श्रीमद् भागवत

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શમિક ઋષિનો આશ્રમ [પૃષ્ઠ ૨૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ॐ

श्रीमद्भागवत–प्रथम स्कंध

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

अध्याय १ लो*

મંગલાચરણ અને શૌનકના છ પ્રશ્નો

† जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्। तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यंति यत्सूरयः॥ तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा। धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि× ॥१॥

‡ જે પરમાત્માથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે; જે પરમાત્મા માટી જેમ ઘડામાં કારણરૂપે વ્યાપેલી છે તેમ, અને સુવર્ણ કડાં–કુંડળ વગેરેમાં

---

* આ અધ્યાયમાં મંગલાચરણ અને વિષયપ્રયોજનપૂર્વક શૌનકના ૭ પ્રશ્નો કહેવામાં આવશે.

† આ શ્લોકના આરંભમાં **जन्माद्यस्य यतः १।१।२।** એ વેદાંતસૂત્ર મૂકયું છે અને છેવટે '**धीमहि**' એ ગાયત્રીમંત્રનું પદ મૂકયું છે. આ ઉપરથી એમ દર્શાવ્યું છે કે, આ ભાગવતશાસ્ત્ર વેદાંતોનું અને ગાયત્રીમંત્રનુંજ પરમ રહસ્ય છે.

× આ '**धीमहि**' ગાયત્રીમંત્રનું પદ છે. તેથી '**यत्राधिकृत्य गायत्रीं वर्ण्यते धर्मविस्तरः। वृत्रासुरवधोपेतं तद्भागवतमिष्यते॥** જેમાં ગાયત્રીમંત્રનો ઉલ્લેખ કરી ધર્મનો વિસ્તાર અને વૃત્રાસુરવધ વર્ણવ્યો છે, તે ભાગવત કહેવાય છે.' એવું બીજાં પુરાણોમાં દર્શાવેલું ભાગવતનું લક્ષણ જણાવ્યું છે.
—बालप्रबोधिनी

‡ અનેક પુરાણશાસ્ત્રો રચીને પણ ચિત્તમાં પ્રસન્નતા કે કોઇ પણ સ્થળે શાંતિ ન મળી ત્યારે વેદવ્યાસે નારદજીના ઉપદેશથી ભાગવતશાસ્ત્રનો આરંભ કરવા ઇચ્છયું. તેમાં વિઘ્નો ન આવતાં સિદ્ધિ થાય, તે માટે ભાગવતશાસ્ત્રમાંજ પ્રતિપાદન કરેલા પરમદેવ પરમાત્માનું સ્મરણ કરવારૂપ મંગલાચરણ આ શ્લોકમાં છે.
—श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કારણરૂપે વ્યાપેલું છે, તેમ આકાશાદિ કાર્યોમાં †કારણરૂપે વ્યાપી રહ્યા છે; તેમજ આકાશપુષ્પ આદિ અકાર્યો-મિથ્યાકાર્યોથી જુદા છે; વળી જે પરમાત્મા સર્વજ્ઞ છે અને સ્વતઃસિદ્ધ જ્ઞાનસ્વરૂપ છે; જે પરમાત્માએ મોટા મોટા વિદ્વાનો જેમાં મોહ પામે છે, એવો વેદ આદિકવિ-બ્રહ્માને હૃદયથી-મનથીજ વિસ્તાર્યો-‡ભણાવ્યો; વળી જેમ તેજ, પાણી અને માટીનો અન્યોન્યમાં ભાસ થાય છે, પણ તે કંઇ સત્ય નથી-અર્થાત્ જેમ સૂર્યનાં કિરણોમાં મૃગજળ દેખાય છે, પણ તે સત્ય નથી, માત્ર સૂર્યનાં કિરણોથી દેખાય છે; અને જેમ સ્થિર પાણીમાં ભ્રાંતિથી કાચ-માટીની બુદ્ધિથી થાય છે, પણ તે સત્ય નથી, માત્ર જળથીજ જણાય છે; વળી જેમ માટીમાં-કાચમાં ભ્રાંતિથી પાણી દેખાય છે, પણ તે સત્ય નથી, માત્ર કાચથીજ જણાય છે; તેજ પ્રમાણે અધિષ્ઠાનસ્વરૂપ જે પરમાત્મા વિષે તમોગુણની પંચભૂતસૃષ્ટિ, રજોગુણની ઇન્દ્રિયસૃષ્ટિ તથા સત્વગુણની ઇન્દ્રિયોના અધિષ્ઠાયક દેવોની સૃષ્ટિ વસ્તુતઃ મિથ્યા હોવા છતાં પરમાત્માની સત્તાથીજ સત્ય જેવી ભાસે છે; વળી જે પરમાત્માએ પોતાના જ્ઞાનરૂપ તેજથી માયારૂપ÷ કપટને દૂર કર્યું છે; તેમજ જે પરમાત્મા જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ-એ ત્રણે અવસ્થાઓમાં તથા ભૂત, ભવિષ્ય ને વર્તમાન, એ ત્રિકાળમાં સત્યસ્વરૂપે વિદ્યમાન છે, તે સર્વોત્કૃષ્ટ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ.[1]

† કાર્યમાત્રમાં પરમાત્મા ઉપાદાનકારણરૂપે અને નિમિત્તકારણરૂપે રહેલા છે. વળી '**यस्मिन्निदं यतश्चेदं येनेदं य इदं स्वयम्**' એ શ્લોકમાં કહ્યા પ્રમાણે અધિકરણાદિરૂપે પણ રહ્યા છે. —**બાલપ્રબોધિની**

‡ ભગવાને બ્રહ્માને વેદ ભણાવ્યો તે કેવળ સંકલ્પમાત્રથીજ, નહિ કે લોકરીતિ પ્રમાણે—**બાલપ્રબોધિની**

÷ કપટ-એટલે દેહ-ઇન્દ્રિય આદિ પદાર્થોમાં આત્મભાવની માન્યતારૂપ અવિદ્યા નામનું કપટ ભગવાને ધ્યાન કરનારાઓનાં હૃદયમાં સ્વરૂપ પ્રકાશ કરીને દૂર કર્યું છે. —**બાલપ્રબોધિની**

શ્રીભાગવતની સર્વ શાસ્ત્રો કરતાં શ્રેષ્ઠતા

આ શ્રીમદ્ભાગવતમાં પ્રાણીમાત્ર ઉપર દયાવાળા અને મત્સરથી રહિત એવા સત્પુરુષોનો કેવળ ઈશ્વરારાધનારૂપ નિષ્કામ પરમ ધર્મ વર્ણવ્યો છે; તેમજ જે પરમાત્મરૂપ વસ્તુ *પરમાર્થરૂપ હોઇ વેદ્ય છે-જાણવા યોગ્ય છે, પરમસુખને આપનાર છે અને આધ્યાત્મિક, આધિભૌતિક તથા આધિદૈવિક ×તાપને દૂર કરનાર છે-તે પરમાત્મારૂપ વસ્તુ આ શ્રીમદ્ભાગવતમાં વર્ણવેલ છે. વળી આ શ્રીમદ્ભાગવત ÷મહામુનિ શ્રીનારાયણે પોતે સંક્ષેપમાં પ્રથમ કહેલું હોઈ પાછળથી શ્રીવેદવ્યાસે વિસ્તારથી રચ્યું છે. બીજાં શાસ્ત્રો અને તેઓમાં દર્શાવેલાં સાધનોથી પરમાત્માને શું તત્કાળ હૃદયમાં સ્થાપી શકાય છે? (નહિજ, વિલંબ થાય છે;) પરંતુ આ શ્રીમદ્ભાગવતને શ્રવણ કરવા ઇચ્છનારા §પુણ્યશાળી પુરુષો તો

* આ અર્થ મૂળ શ્લોકના '**वास्तव**' શબ્દનો છે. તેનો અર્થ આ પ્રમાણે પણ છેઃ-વસ્તુનો અંશ જીવ, વસ્તુની શક્તિ માયા અને વસ્તુનું કાર્ય જગત-આ સર્વ વસ્તુરૂપ છે-પરમાત્મારૂપજ છે; તેથી જુદાં નથી. માટે તે સર્વ વેદ્યજ છે. —**શ્રીધર**

× આ ત્રણ તાપ તે આ છેઃ-શારીરિક અને માનસિક દુઃખ તે આધ્યાત્મિક તાપ છે, બીજાં પ્રાણીઓથી થયેલું દુઃખ તે આધિભૌતિક તાપ છે અને દૈવથી થયેલું દુઃખ તે આધિદૈવિક તાપ છે.

÷ આ ઉપરથી એમ દર્શાવ્યું છે કે, આ ભાગવતનો કર્તા કોઇ સામાન્ય મનુષ્ય નથી, પણ આ એક ઈશ્વરકૃત અપૂર્વ ગ્રંથ છે.

§ આ શબ્દથી આ શ્લોકમાં અનુબંધચતુષ્ટય કહેલ છે. જે દરેક ગ્રંથોમાં કહેવામાં આવે છે, તે આ પ્રમાણેઃ-અધિકારી, વિષય, પ્રયોજન અને સંબંધ, આ ચાર અનુબંધ કહેવાય છે. તેમાં અનેક જન્મોમાં કરેલાં પુણ્યથી જે મત્સર આદિ દોષોથી રહિત હોઈ શુદ્ધ અંતઃકરણવાળો હોય તે પુરુષ આ શ્રીમદ્ભાગવતનો અધિકારી છે; શ્રવણ, મનન, નિદિધ્યાસનરૂપ ધર્મદ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય એવા ભગવાનના સ્વરૂપનું વર્ણન કરવું (જીવ-બ્રહ્મનું ઐક્ય પ્રાપ્ત કરવું), તે ભાગવત શાસ્ત્રનો વિષય છે; સમગ્ર દુઃખો દૂર થવાપૂર્વક પરમાનંદની પ્રાપ્તિ થવી તે આ ભાગવતશાસ્ત્રનું પ્રયોજન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે ક્ષણેજ (એટલે સાંભળતાંજ) પરમાત્માને હૃદયમાં સ્થાપી શકે છે.+[૨]

શ્રીમદ્ભાગવત સર્વ શાસ્ત્રના ફળરૂપ છે

ભગવાન વેદવ્યાસે કહ્યું:–આ શ્રીમદ્ભાગવત સર્વ પુરુષાર્થોના ઉપાયરૂપ એવા વેદરૂપી કલ્પવૃક્ષનું એક ફળ છે. તે વૈકુંઠમાં હતું, પણ નારદજીએ લાવીને તે મને આપ્યું છે. મેં શુકદેવજીના મુખમાં સ્થાપ્યું અને શુકદેવજીના મુખથી શિષ્ય–પ્રશિષ્યાદિ પરંપરા વડે તે અખંડપણે પૃથ્વી ઉપર પડ્યું છે. લોકમાં જેમ શુક–પોપટના મુખથી પડેલું ફળ અમૃતના જેવું સ્વાદિષ્ટ હોય છે, તેમ આ પણ (શુકદેવજીના મુખથી આવેલું હોઇ) પરમાનંદરૂપ અમૃતરસથી ભરપૂર છે, માટે વિશેષ રસની ભાવના કરવામાં ચતુર એવા હે રસિક મનુષ્યો! રસરૂપ એવા આ શ્રીમદ્ભાગવતરૂપ ફળનું મોક્ષ થાય ત્યાંસુધી વારંવાર ×પાન કરો.[૩]

શ્રીમદ્ભાગવતનો પ્રારંભ

*નૈમિશારણ્ય નામના શ્રીવિષ્ણુક્ષેત્રમાં શૌનકાદિ ઋષિઓ સ્વર્ગલોક પ્રાપ્ત કરવાને એક હજાર વર્ષ સુધી ચાલે તેવો એક યજ્ઞ કરી રહ્યા

(ફળ) છે. ભાગવતશાસ્ત્રનો વિષયની સાથે પ્રતિપાદકપ્રતિપાદ્યભાવ સંબંધ છે. (ભાગવત પ્રતિપાદક છે, વિષય પ્રતિપાદ્ય છે) તથા પ્રયોજન (મોક્ષ)ની સાથે સાધન-સાધ્યભાવ સંબંધ છે. (ભાગવત સાધન છેઃ મોક્ષ સાધ્ય છે.) —**बालप्रबोधिनी**

+ આ શ્લોકનો આશય એ છે કે, આ શ્રીમદ્ભાગવત કર્મકાંડ, જ્ઞાનકાંડ અને ઉપાસનાકાંડનું વર્ણન કરતાં સર્વ શાસ્ત્રોથી શ્રેષ્ઠ છે; કેમકે બીજાં શાસ્ત્રોમાં કર્મકાંડ દર્શાવેલ છે, તો આમાં નિષ્કામ ધર્મ દર્શાવ્યો છે; બીજે જ્ઞાનકાંડ દર્શાવતાં દ્રવ્ય, ગુણ અને કર્મ દર્શાવેલ છે, ત્યારે આમાં કેવળ તાત્ત્વિક વસ્તુજ દર્શાવી છે; અને ઉપાસનાકાંડ દર્શાવતાં શાસ્ત્રોથી તત્કાળ ઇશ્વરનો સાક્ષાત્કાર થતો નથી; પણ આનાથી તો તત્કાળ ઇશ્વરદર્શન થાય છે. —**શ્રીધર**

× ફળ કદી પી શકાય નહિ, છતાં અહીં ફળનુંજ પાન કરવા કહ્યું તેનો આશય એ છે કે, જેમ બીજા ફળમાં છાલ–ગોટલા વગેરે ફેંકી દેવા જેવા ભાગો હોય છે, તેમ આ ફળમાં તેવું કંઇ નથી. આ તો કેવળ રસનુંજ બનેલું હોઇ કંઇ પણ છોડવા વિના આખું ફળજ પી જવા યોગ્ય છે; એટલુંજ નહિ પણ આ ફળના અમૃતરસનું પાન મોક્ષ થયો હોય તોપણ ત્યાગ કરવા યોગ્ય નથી, એટલે કે મુક્ત પુરુષો પણ સ્વર્ગાદિનાં સુખોની પેઠે આ ફળના અમૃતરસનો કદી ત્યાગ કરતા નથી. આ સંબંધે આગળ જતાં કહેવાશે કે,

आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः॥

અર્થાત્ જે મુનિઓ આત્મામાંજ રમણ કરી રહ્યા હોય છે અને પરિગ્રહથી રહિત હોય છે, તેઓ પણ ભગવાનની નિષ્કામ ભક્તિ તો કર્યાંજ કરે છે. કેમકે શ્રીહરિ એવા કોઈ અત્વર્ય ગુણોવાળા છે. —**શ્રીધર**

* નૈમિશારણ્ય–એ શબ્દમાં નૈમિશ અને અરણ્ય એમ છૂટું પડે છે, નૈમિશનું મૂળરૂપ 'નેમિશ' છે. બ્રહ્મદેવે એક મનોમય ચક્ર સરજીને છોડ્યું અને તેની ધાર જે પ્રદેશમાં બુઠ્ઠી થઇ તે પ્રદેશ નેમિશ કે નૈમિશ કહેવાયો. આ સંબંધે વાયુપુરાણમાં કહ્યું છે કેઃ–

एतन्मनोमयं चक्रं मया सृष्टं विसृज्यते।
यत्रास्य शीर्यते नेमिः स देशस्तपसः शुभः॥
इत्युक्त्वा सूर्यसंकाशं चक्रं सृष्ट्वा मनोमयम्।
प्रणिपत्य महादेवं विससर्ज पितामहः॥२॥
तेऽपि हृष्टतया विप्राः प्रणम्य जगतां प्रभुम्।
प्रययुस्तस्य चक्रस्य यत्र नेमिर्व्यशीर्यत॥३॥
तद्वनं तेन विख्यातं नैमिशं मुनिपूजितम्।

'આ મનોમય ચક્ર સરજીને હું છોડું છું. જે સ્થળે આ ચક્રની ધાર કુંઠિત થાય તે સ્થળ તપને માટે શ્રેષ્ઠ છે.' એમ કહીને બ્રહ્મદેવે તે સૂર્ય સરખું મનોમય ચક્ર છોડયું અને અત્યંત હર્ષ પામેલા પેલા બ્રાહ્મણો, બ્રહ્માને પ્રણામ કરી તે ચક્રની પાછળ પાછળ ગયા. પછી જે સ્થળે એ ચક્રની ધાર કુંઠિત–બુઠ્ઠી થઇ તે વનપ્રદેશ નૈમિશારણ્ય એવા નામથી પ્રસિદ્ધ થયો અને મુનિઓએ તે પ્રદેશને તપ માટે સ્વીકારી લીધો.

આ 'નૈમિશારણ્ય' એ શબ્દ '**नैमिषारण्य**' એવા મૂર્ધન્ય ષ વાળો પણ છે, જેથી તે સંબંધે વારાહપુરાણમાં એક જુદી આખ્યાયિકા કહેવામાં આવે છેઃ–

एवं कृत्वा ततो देवो मुनिं गौरमुखं तदा।
उवाच निमिषेणेदं निहतं दानवं बलम्॥१॥
अरण्येऽस्मिँस्ततस्त्वेतन्नैमिषारण्यसंज्ञितम्।
भविष्यति यथार्थं वै ब्राह्मणानां विशेषकम्॥२॥

ગૌરમુખ ઋષિ પ્રત્યે ભગવાનનું આ વાક્ય છે–એમ કહીને તે દેવે ગૌરસુખ મુનિને કહ્યું કે, 'આ વનપ્રદેશમાં નિમેષમાત્રમાં દાનવસૈન્યનો નાશ કરવામાં આવ્યો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતા.[૪] એક સમયે પ્રાતઃકાળમાં જેમણે +અગ્નિહોમ કર્યો હતો, એવા તે મુનિઓએ સત્કાર પામેલા અને આસન ઉપર બિરાજેલા સૂત પૌરાણિકને આદરથી આ પ્રમાણે પૂછ્યું.

શૌનકાદિ ઋષિઓએ પૂછ્યું:–હે નિર્દોષ સૂત! તમે મહાભારત આદિ ઇતિહાસો સહિત પુરાણો તથા ધર્મશાસ્ત્રોને ભણ્યા છો, એટલુંજ નહિ પણ તે સર્વનાં તમે આખ્યાન–વ્યાખ્યાનો પણ કર્યાં છે. હે સૂત! વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવા ભગવાન વેદવ્યાસ જે જે ઇતિહાસ–શાસ્ત્રો વગેરે જાણે છે અને *સગુણ–નિર્ગુણ બ્રહ્મને જાણનારા બીજા મુનિઓ જે કંઈ જાણે છે, તે સર્વને તમે તેમની કૃપાથી યથાર્થ રીતે જાણો છો. કેમકે હે સૌમ્ય! સ્નેહપાત્ર શિષ્યને ગુરુઓ ગુપ્ત રહસ્ય પણ કહે છે.[૫-૮] તો હે આયુષ્મન્! ગ્રંથોની સરળતાથી તમે પુરુષોનું જે કંઈ ÷એકાંતિક શ્રેય (અવ્યભિચારી શ્રેયઃસાધન) નક્કી કર્યું હોય તે અમને કહેવાને યોગ્ય છો.[૯] હે સત્પુરુષ! આ કલિયુગમાં મનુષ્યો ઘણું કરીને અલ્પ આયુષવાળા છે, છતાં આળસુ, અતિશય મંદ બુદ્ધિવાળા અને રોગાદિથી પીડાયલા હોય છે;[૧૦] અને જેમાં ઘણાં કર્મો કર્તવ્ય તરીકે હોય છે, તેવાં અનેક શાસ્ત્રો ×વિભાગપૂર્વક સાંભળવા યોગ્ય છે. તો હે સાધુ પુરુષ! એ સર્વ શાસ્ત્રોનો જે સાર હોય (પરમ શ્રેયઃસાધન હોય), તેને બુદ્ધિથી શોધી કાઢીને તમે અમને શ્રદ્ધાળુને કહો, જેથી અમારી બુદ્ધિ સારી રીતે શાંત થાય.[૧૧] ÷હે સૂત! તમારું કલ્યાણ થાઓ. તમે જાણો છો કે, ભક્તોના પતિ ભગવાને જે કાર્ય કરવાની ઇચ્છાથી વસુદેવથી દેવકીમાં અવતાર લીધો હતો, હે સૂત! જેમનો અવતાર પ્રાણીમાત્રની રક્ષા અને સમૃદ્ધિ માટે હોય છે, તે (અવતારના પ્રયોજન) સંબંધે અમને સાંભળવાની ઇચ્છા છે; તો તેનું વર્ણન કરવાને તમે યોગ્ય છો.[૧૨;૧૩] મનુષ્ય આ ભયંકર સંસારને પ્રાપ્ત થઇ (મરણ સમયે મૃત્યુના પાશને) વશ થયેલો હોય, ત્યારે પણ ભગવાનનું નામસ્મરણ કરતાં તત્કાળ મુક્ત થાય છે. કેમકે *ભય પોતે ભગવાનથી ડરે છે.[૧૪] હે સૂત! ગંગાજળ તો ઘણો વખત સેવવાથી પવિત્ર કરે છે, પરંતુ શાંતિના આશ્રિત એવા મુનિઓ માત્ર તેમની સમીપમાં રહેવારૂપ સેવાથીજ પ્રાણીઓને તત્કાળ પવિત્ર કરે છે; (અર્થાત્ ભગવદ્‌ભક્તોનું માહાત્મ્ય ગંગાજળથી પણ અધિક છે.)‡[૧૫] માટે જેમનાં કર્મ ભક્તોએ સ્તુતિ કરવા યોગ્ય છે, એવા તે ભગવાનનો જે યશ કલિયુગના મેલનો નાશ કરે છે,× તેને શુદ્ધિની ઇચ્છાવાળો કયો મનુષ્ય ન સાંભળે?[૧૬] બ્રહ્મા, રુદ્ર આદિ મૂર્તિઓને લીલાથી ધારણ કરતા તે ભગવાનનાં ઉદાર કર્મો કે જેઓને નારદાદિ ઋષિઓએ ગાયાં છે, તેઓના ઉપર અમને શ્રદ્ધા છે; માટે તે (+કર્મો) અમને કહો.[૧૭] વળી હે બુદ્ધિમાન્ સૂત! પોતાની માયા વડે સ્વેચ્છાથીજ લીલાઓ કરતા પરમેશ્વર

હતા, તેથી આ વનપ્રદેશ 'નૈમિષારણ્ય' એવા નામથી પ્રસિદ્ધ થશે અને બ્રાહ્મણોનો ઉદય કરનાર થઇ પડશે.' —**શ્રીધર**

+ અગ્નિહોમ નિત્ય–નૈમિત્તિક સમગ્ર સમજવો. તેમાં વૈશ્વદેવ વગેરે તે નિત્યહોમ છે અને કોઇ કારણથી કરવામાં આવતો હોમ શાંતિ–પૌષ્ટિક વગેરે નૈમિત્તિક હોમ કહેવાય છે.

* સગુણ–નિર્ગુણ એ અર્થ '**पर, अवर**' એ શબ્દનો શ્રીધર સ્વામીનો કરેલો છે. '**पर**'–એટલે પરમાત્મા અને '**अवर**' એટલે પ્રકૃતિ વગેરે, એવો અર્થ **बालप्रबोधिनी**માં છે.

÷ આ પહેલો પ્રશ્ન છે.

× વર્ણાશ્રમના વિભાગપૂર્વક —**बालप्रबोधिनी**

÷ અહીંથી 'ભગવાનના અવતારનું પ્રયોજન' એ બીજો પ્રશ્ન પાંચ શ્લોકમાં છે. —**શ્રીધર**

* ભય નામે એક દેવ છે, જે સર્વને મૃત્યુપાશથી પકડીને લઇ જાય છે. —**बालप्रबोधिनी**

‡ કેમકે ભક્તોને તો ભગવાનના ચરણનો સતત આશ્રય છે અને ગંગા તો ભગવાનના ચરણમાંથી નીકળવા છતાં ચરણના સતત આશ્રયવાળી નથી.—**શ્રીધર**

× સંસારનાં દુઃખની શાંતિ કરે છે. —**શ્રીધર**

+ આ ત્રીજો પ્રશ્ન છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીહરિની પવિત્ર ‡અવતારકથાઓ પણ તમે અમને કહો.[18] ઉત્તમ કીર્તિવાળા શ્રીભગવાનનાં પરાક્રમો સાંભળતાં રસજ્ઞ પુરુષોને પદે પદે અધિકાધિક સ્વાદ મળે છે.[19] માયાથી મનુષ્ય બની ગૂઢ રહેલા તે કેશવ ભગવાને બળરામની સાથે ખરેખર મનુષ્યોથી ન બની શકે તેવાં (ગોવર્ધનનું ધારણ વગેરે) પરાક્રમો કર્યાં છે, તે પણ અમને કહો. †[20] કલિયુગને આવેલો જાણી આ વૈષ્ણવ ક્ષેત્રમાં લાંબા યજ્ઞના નિમિત્તે અમે બેઠા છીએ, જેથી અમને હરિકથાનો અવસર મળ્યો છે.[21] પુરુષોના સત્વને હરી લેનાર આ દુસ્તર કલિયુગને તરવાની ઇચ્છાવાળા અમને જેમ સમુદ્ર તરવા ઇચ્છનારને ખલાસી મળી આવે તેમ વિધાતાએ તમારાં દર્શન કરાવ્યાં છે.[22]+ બ્રાહ્મણોનું તથા વેદોનું રક્ષણ કરનાર અને ધર્મના રક્ષક યોગેશ્વર શ્રીકૃષ્ણ પોતાના સ્વરૂપને પામ્યા, ત્યારે ધર્મ કોને શરણે ગયો? (તે કહો.)[23]

ब्रूहि योगेश्वरे कृष्णे ब्रह्मण्ये धर्मवर्मणि ।
स्वां काष्ठामधुनोपेते धर्मः कं शरणं गतः ॥२३

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પ્રથમસ્કંધ વિષે અધ્યાય ૧ લો સમાપ્ત

‡ આ ચોથો પ્રશ્ન છે.

† આ 'કૃષ્ણાવતાર ચરિત્ર' નામે પાંચમો પ્રશ્ન છે.

+ આ શ્લોકમાં છઠ્ઠો પ્રશ્ન છે. આ અધ્યાયમાં એકંદર ૭ પ્રશ્નો આવેલા છે; તેમાંનો પહેલો પ્રશ્ન—પુરુષોનું એકાંત શ્રેય શું? બીજો પ્રશ્ન—અવતારોનું પ્રયોજન શું? ત્રીજો પ્રશ્ન—શ્રીભગવાનનાં કર્મો કયાં? ચોથો પ્રશ્ન—અવતારોની કથા કયી? પાંચમો પ્રશ્ન—શ્રીકૃષ્ણાવતારનું ચરિત્ર કયું? અને છઠ્ઠો પ્રશ્ન—ધર્મ કોને શરણે ગયો?

अध्याय २ जो×

શૌનકના ચાર પ્રશ્નોના ઉત્તર

॥ व्यास उवाच ॥

इति संप्रश्नसंहृष्टो विप्राणां रौमहर्षणिः ।
प्रतिपूज्य वचस्तेषां प्रवक्तुमुपचक्रमे ॥ १ ॥

વ્યાસે કહ્યું—"શૌનકાદિ બ્રાહ્મણોના એ પ્રશ્નો સાંભળી રોમહર્ષણના પુત્ર સૂત પૌરાણિક અત્યંત પ્રસન્ન થયા; અને તેમનાં વચનને માન આપી આ પ્રમાણે કહેવા લાગ્યા."[1]

સૂતે કહ્યું—પ્રાણીમાત્રનાં હૃદયમાં યોગબળથી નિવાસ કરી રહેલા તે શ્રીશુકદેવ મુનિને હું પ્રણામ કરું છું; જે શુકદેવજી ઉપનયનસંસ્કાર માટે આચાર્ય સમીપ ગયા ન હતા,* સઘળાં કર્મોનો જેમણે ત્યાગ કર્યો હતો અને સંન્યાસ ધારણ કરીને જેઓ વનમાં જતા હતા, ત્યારે વિરહથી વ્યાકુળ થયેલા વેદવ્યાસજીએ 'હે પુત્ર!' એ પ્રમાણે જેમને દૂરથી બોલાવ્યા ત્યારે +વૃક્ષોએ શુકદેવજી સ્વરૂપે‡ પ્રત્યુત્તર આપ્યો હતો;[2] વળી જેમણે સંસારરૂપ ગાઢ અંધકારને તરી જવા ઇચ્છનાર સંસારી પ્રાણીઓને કૃપા વડે પોતાના અસાધારણ પ્રભાવવાળું, સમગ્ર વેદોના સારરૂપ

× પહેલા અધ્યાયમાં શૌનકાદિ મુનિઓએ ૭ પ્રશ્નો પૂછ્યા હતા; તેમાંના ચાર પ્રશ્નોના ઉત્તર સૂત કહે છે. —શ્રીધર

* પોતે નૈષ્ઠિક હોવાથી કર્મમાર્ગમાં પ્રવૃત્તિજ કરી ન હતી. —શ્રીધર

તેઓ સદા ભગવદ્ધ્યાનમાંજ લીન હોઇ સર્વ કર્મોથી રહિત હતા અને તેથીજ પોતે કૃતકૃત્ય હોઈ ઉપનયનસંસ્કારની પણ તેમણે જરૂર ન જોઇ; કેમકે જો કર્તવ્ય બાકી હોય તોજ ઉપનયનની જરૂર રહે, —બાલપ્રબોધિની

+ પિતાજીનો સ્નેહાનુબંધ છૂટી જાય તે માટે જેમણે વૃક્ષોસ્વરૂપે ઉત્તર આપ્યો હતો. —શ્રીધર

‡ કોણ કોનો પુત્ર કે પિતા? આ સર્વ મોહ છે; તત્ત્વ જાણ્યા વિના મોહ કેમ પામો છો? પિતા—પુત્ર એ વ્યવહારજ જો મિથ્યા છે, તો 'હે પુત્ર!' એમ કેમ સંબોધો છો?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને આત્મતત્ત્વને સાક્ષાત્ પ્રકટ કરાવનારૂં શ્રીમદ્ભાગવત નામનું અદ્વિતીય ગુપ્ત પુરાણ કહ્યું હતું, તે મુનિઓના ગુરુ શ્રીવ્યાસપુત્રને હું શરણે જાઉં છું.[3] ભગવાન નારાયણને, નરોમાં ઉત્તમ નર ભગવાનને, દેવી સરસ્વતીને તથા વેદવ્યાસજીને નમસ્કાર કરી સંસારનો જય કરનાર એવા ગ્રંથનો આરંભ કરવો.[4] હે મુનિઓ! તમે શ્રીકૃષ્ણ સંબંધે મને જે પ્રશ્ન પૂછ્યો તે શ્રેષ્ઠ છે; કેમકે તે પ્રશ્ન લોકોનાં મંગળરૂપ છે અને તેથી અંતરાત્મા અત્યંત પ્રસન્ન થાય છે.[5] પુરુષોનો તેજ પરમ ધર્મ* છે કે જેથી શ્રીકૃષ્ણ વિષે ફલાનુસંધાનરહિત અને વિઘ્નોથી અચલિત એવી ભક્તિ થાય છે; જે ભક્તિ વડે આત્મા અતિ પ્રસન્ન થાય છે.[6] ભગવાન વાસુદેવ વિષે યોજેલો ભક્તિયોગ તત્કાળ વૈરાગ્યને અને શુષ્ક તર્કોથી રહિત ઉપનિષદોના જ્ઞાનને ઉત્પન્ન કરે છે.[7] સારી રીતે આચરેલો ધર્મ ભગવાનની કથાઓમાં જો પ્રીતિ ઉત્પન્ન કરે નહિ, તો તે કેવળ શ્રમરૂપજ સમજવો;[8] કેમકે મોક્ષજ જેનું પ્રયોજન હોય છે, તેવા ધર્મનું ફળ ધન–સ્ત્રી–પુત્ર ઇત્યાદિ (માનવું) તે યોગ્ય નથી; તેમજ ધર્મજ જેનું પ્રયોજન છે તેવા ધનાદિ અર્થનું ફળ, વિષયભોગ છે, એમ મુનિઓએ કહ્યું નથી; અને વિષયભોગરૂપી કામનું ફળ પણ ઇન્દ્રિયોને પ્રસન્ન કરવી તે નથી; પરંતુ જેટલાથી જીવી શકાય તેટલુંજ કામનું ફળ છે–અર્થાત્ જેથી માત્ર જીવન ટકી રહે તેટલોજ કામ સેવવો જોઇએ; અને જીવનનું ફળ પણ એજ નથી કે, કર્મોદ્વારા સ્વર્ગાદિ લોક સંપાદન કરવા કે આ લોકનાં સુખો પ્રાપ્ત કરવાં? પરંતુ તત્ત્વજિજ્ઞાસા એજ જીવનનું ફળ છે.૯[10] તત્ત્વજ્ઞાની મુનિઓ ×અદ્વય એવા જ્ઞાનને તત્ત્વ કહે છે; જે તત્ત્વ બ્રહ્મ, પરમાત્મા, ભગવાન એવા નામથી કહેવાય છે–અર્થાત્ જે તત્ત્વને ઉપનિષદ્જ્ઞાનવાળા બ્રહ્મ કહે છે, હિરણ્યગર્ભના ઉપાસકો પરમાત્મા કહે છે અને ભક્તો ભગવાન કહે છે,[11] તે પરમાત્મારૂપી તત્ત્વને શ્રદ્ધાળુ મુનિઓ પરીક્ષ એવા જ્ઞાન અને વૈરાગ્યથી યુક્ત અને વેદાંતાદિ શાસ્ત્રોના શ્રવણથી પ્રાપ્ત કરેલી ભક્તિ વડે પોતાના આત્મામાં જુએ છે.[12] માટે હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! વર્ણાશ્રમના વિભાગપૂર્વક પુરુષોએ સારી રીતે આચરેલા ધર્મનું ફળ શ્રીહરિને સંતોષવા તેજ છે;[13] તે માટે ભક્તોના પતિ ભગવાનનું એકાગ્ર મનથી નિત્ય શ્રવણ કરવું, કીર્તન કરવું, ધ્યાન કરવું અને પૂજન કરવું.[14] જે ભગવાનના ધ્યાનરૂપી તલવારથી યુક્ત વિવેકી પુરુષો અહંકારના કારણરૂપ એવાં કર્મોને છેદી નાખે છે, તે ભગવાનની કથામાં કયો પુરુષ પ્રીતિ ન કરે?[15] હે બ્રાહ્મણો! પવિત્ર તીર્થો અને મહાન પુરુષોના સેવનથી ધર્મમાં શ્રદ્ધા થાય છે; તે પછી શ્રવણની ઇચ્છા થાય છે અને પછી ભગવાનની કથામાં રુચિ થાય છે.[16] એ રીતે કથા શ્રવણ કરતા મનુષ્યોનાં હૃદયમાં જેમનું શ્રવણ–કીર્તન પવિત્ર છે, એવા શ્રીકૃષ્ણ ભગવાન નિવાસ કરે છે અને સજ્જનોનું હિત કરનાર તે ભગવાન તેમની કામાદિ વાસનાઓનો નાશ કરે છે.[17] નિત્ય ભગવાનના ભક્તોની કે ભાગવતશાસ્ત્રની સેવાથી કામાદિની વાસનાઓરૂપી અમંગળ નાશ પામે છે, ત્યારે પવિત્ર કીર્તિવાળા ભગવાન વિષે નિશ્ચળ ભક્તિ થાય છે;[18] અને તે સમયે રજોગુણ તથા તમોગુણથી ઉત્પન્ન થનારા કામ–લોભાદિ ભાવોથી મન પરાભવ પામતું નથી અને સત્ત્વગુણમાં સ્થિર રહી શાંત થાય છે.[19] એ રીતે ભગવાનના ભક્તિયોગથી શાંત થયેલા મનવાળા અને તેથીજ સંસા-

---

* એકાંતિક શ્રેય શું? એ પહેલા પ્રશ્નનો આમાં ઉત્તર છે. ધર્મ બે પ્રકારના છેઃ એક પ્રવૃત્તિધર્મ અને બીજો નિવૃત્તિધર્મ. તેમાં જે દ્વારા ભક્તિ થાય તે પરમધર્મ છે–એકાંતિક શ્રેય છે. —શ્રીધર

× અદ્વય જ્ઞાન એટલે બૌદ્ધોના ક્ષણિક વિજ્ઞાનથી રહિત જ્ઞાન. —શ્રીધર

અદ્વય જ્ઞાન એટલે સજાતીય ભેદ, વિજાતીય ભેદ અને સ્વગત ભેદથી રહિત એવું જ્ઞાન. बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રસંગથી મુક્ત થયેલા મનુષ્યને ભગવાનના તત્ત્વનું વિશેષ જ્ઞાન ઉત્પન્ન થાય છે.[૨૦] તે પછી સ્વરૂપભૂત ઈશ્વરનો સાક્ષાત્કાર થતાંજ એ ભક્ત મનુષ્યના હૃદયની અહંકારરૂપ ગાંઠ તૂટી જાય છે; સર્વ સંશયો નાશ પામે છે અને સર્વ અનારબ્ધકર્મો (સંચિત તથા આગામી કર્મો)નાં ફળોનો ક્ષય થાય છે, (માત્ર પ્રારબ્ધકર્મજ રહી જાય છે.)[૨૧] આજ કારણથી વિદ્વાનો ભગવાન વાસુદેવને વિષે ચિત્ત શુદ્ધ કરનારી ભક્તિ નિત્ય પરમ હર્ષથી કરે છે.[૨૨] સત્ત્વ,રજસ્ અને તમસ્—એ ત્રણ પ્રકૃતિના ગુણો છે. આ ગુણોથી યુક્ત થઇ પરમ પુરુષ શ્રીભગવાન આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના સમયે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એવાં નામો ધારણ કરે છે. તેમાં સત્ત્વગુણી શરીરવાળા શ્રીવાસુદેવ ભગવાનથીજ મનુષ્યોનાં કલ્યાણ થાય છે.[૨૩] જેમ પૃથ્વીના વિકારરૂપ (એટલે માત્ર માટીમય—સ્વતઃ પ્રવૃત્તિ કે પ્રકાશરહિત) એવા કાષ્ઠમાંથી ધુમાડો થાય છે (જે પ્રવૃત્તિ સ્વભાવવાળો હોય છે) અને તે ધુમાડામાંથી વેદોક્ત કર્મમય એવો (એટલે સ્વતઃપ્રવૃત્તિ તથા પ્રકાશવાળો) અગ્નિ થાય છે, તેમ તમોગુણથી રજોગુણ અને રજોગુણથી સત્ત્વગુણ થાય છે કે જે આત્મદર્શન કરાવી શકે છે.*[૨૪]

આ કારણથીજ મુનિઓ ઇન્દ્રિયજ્ઞાનથી પર રહેલા ભગવાન વાસુદેવનેજ પૂર્વે ભજતા હતા; માટે જેઓ તે મુનિઓને અનુસરે છે, તેઓનું આ સંસારમાં કલ્યાણ થાય છે.[૨૫] જેઓ મોક્ષને ઇચ્છતા હોય છે, તેઓ તો ભયંકર સ્વરૂપવાળા ભૂતપતિઓને—પિતૃઓ, પ્રજાપતિઓ વગેરેને—છોડીને બીજા દેવોની નિંદા ન કરતાં શ્રીનારાયણના શાંત અવતારોને ભજે છે;[૨૬] પણ જેઓ રજોગુણી તથા તમોગુણી સ્વભાવવાળા હોય છે, તેઓ લક્ષ્મી, ઐશ્વર્ય અને પ્રજા મેળવવાની ઇચ્છાથી પિતૃઓ, ભૂતો તથા પ્રજાપતિઓ વગેરેનેજ ભજે છે. કેમકે તેઓ તે તે દેવોના સમાન સ્વભાવવાળા હોય છે.[૨૭] +વેદો વાસુદેવપરાયણ છે, યજ્ઞો વાસુદેવપરાયણ છે, યોગશાસ્ત્રો વાસુદેવપરાયણ છે, ક્રિયાઓ વાસુદેવપરાયણ છે; જ્ઞાનશાસ્ત્ર વાસુદેવપરાયણ છે, તપ વાસુદેવપરાયણ છે, ધર્મશાસ્ત્ર વાસુદેવપરાયણ છે અને સ્વર્ગ વગેરે ગતિ પણ વાસુદેવપરાયણ છે.[૨૮૨૯] તે વ્યાપક ભગવાન પોતે નિર્ગુણ છે, છતાં તેમણેજ પૂર્વે કાર્ય—કારણરૂપ એવી માયા વડે આ જગતને ઉત્પન્ન કર્યું હતું.[૩૦] તે પછી માયાથી ઉત્પન્ન થયેલા તે આકાશાદિ ગુણોમાં પ્રવેશ કરી પોતે પણ જાણે ગુણવાન§ હોય તેવા જણાય છે. (ખરી રીતે તો તેમ નથી; કેમકે) પોતે તો ચૈતન્યશક્તિ વડે અતિશય× પ્રકાશમાન છે;[૩૧] જેમ

* આ શ્લોકમાં કહેવાનો ભાવ એ છે કે, લાકડું તદ્દન પ્રવૃત્તિરહિત અને પ્રકાશરહિત છે, પણ તેથી ઉત્પન્ન થનારો ધુમાડો કંઇક પ્રવૃત્તિવાળો અને વૈદિકકર્મો તરફ થોડે અંશે લઇ જનારો હોઇ તે કરતાં ઉત્તમ છે; પરંતુ તે ધુમાડામાંથી જે અગ્નિ ઉત્પન્ન થાય છે તે તો વેદોક્ત કર્મમય હોય છે અને વૈદિકકર્મો કરવાનું સાક્ષાત્ સાધન છે તેથી એ અગ્નિ, લાકડા કરતાં તથા ધુમાડા કરતાં પણ શ્રેષ્ઠ છે. એજ પ્રમાણે કેવળ લયાત્મક એવા તમોગુણ કરતાં રજોગુણ ઉત્તમ છે. કેમકે તે રજોગુણ સોપાધિક બ્રહ્મનું જ્ઞાન કરવામાં હેતુ બને છે, એટલે બ્રહ્મદર્શનની લગભગ સમીપ લઈ જાય છે; પણ તે રજોગુણ કરતાં સત્ત્વગુણ અધિક શ્રેષ્ઠ છે. કેમકે રજોગુણ સર્વથા સંપૂર્ણ બ્રહ્મદર્શન કરાવતો નથી; કારણકે તે વિક્ષેપક સ્વભાવનો છે. પરંતુ સત્ત્વગુણ તો સાક્ષાત્ બ્રહ્મદર્શન કરાવે છે તેથી સર્વોત્તમ છે. આજ કારણથી તે તે ગુણોની ઉપાધિવાળા બ્રહ્માદિ દેવોની પણ ઉત્તરોત્તર શ્રેષ્ઠતા રહેલી છે. —શ્રીધર

+ ઉપર કહેવાયું કે, મોક્ષ આપનાર હોવાથી વાસુદેવજ ભજવા યોગ્ય છે, કેમકે તે વાસુદેવજ સર્વ શાસ્ત્રોના તાત્પર્યના વિષયરૂપ છે; એજ વાત આ ૨૮–૨૯ શ્લોકમાં કહેવાય છે. તેમાં જ્યાં જ્યાં 'પરાયણ' શબ્દ છે તેનો અર્થ 'તાત્પર્યનો વિષય' એ પ્રમાણે સમજવો. —શ્રીધર

§ એટલે 'આ ગુણો મારે આધીન છે' આવા અભિમાનવાળા હોયની ! —શ્રીધર

× બીજા જીવોની પેઠે ભગવાનની ચૈતન્યશક્તિ,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અગ્નિ એક છે છતાં પોતાને ઉત્પન્ન કરનારાં (જુદાં જુદાં) કાષ્ઠોમાં અનેક જેવો દેખાય છે, તેમ જગતના આત્મારૂપ ભગવાન પણ પોતે એક છે, છતાં ભિન્ન ભિન્ન પ્રાણીઓમાં જીવસ્વરૂપે હોઇ અનેક જેવા જણાય છે.[૩૨] આ શ્રીહરિ પાંચ ભૂતો, પાંચ તન્માત્રાઓ, શબ્દસ્પર્શાદિ (પાંચ વિષયો) ઇન્દ્રિયો અને મન—એ ગુણમય ભાવો વડે પોતે નિર્માણ કરેલાં (સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ અને જરાયુજ, એ ચારે પ્રકારનાં) પ્રાણીઓમાં પ્રવેશ કરી તે તે ગુણોને (પોતાની ઇચ્છાનુસાર) ભોગવે છે;[૩૩*] તેમજ જગતના સ્રષ્ટા આ ભગવાન દેવ, તિર્યંચ અને મનુષ્યોમાં લીલાવતાર ધારણ કરી સત્ત્વગુણવડે લોકોનું રક્ષણ કરે છે.÷[૩૪]

भावयत्येष सत्त्वेन लोकान्वै लोकभावनः ।
लीलावतारानुरतो देवतिर्यङ्नरादिषु ॥३४॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૨જો સમાપ્ત

માયાના ગુણોથી ઢંકાઈ જતી નથી. —**બાલપ્રબોધિની**

* ૩૦-૩૩ આ ચાર શ્લોકોથી 'ભગવાનનાં ઉદાર કર્મો મને કહો' એ શૌનકના ૩જા પ્રશ્નનો ઉત્તર છે. તેમાં ૩૧મા શ્લોકમાં ભગવાનની પ્રાણીઓમાં પ્રવેશ-નિયમનરૂપ લીલા કહી છે; ૩૨મા શ્લોકમાં ભગવાનની બહુરૂપ લીલા કહી છે અને ૩૩ મા શ્લોકમાં ભગવાનની ભોગલીલા દર્શાવી છે. —**શ્રીધર**

÷ આ શ્લોકથી શૌનકના બીજા પ્રશ્નનો ઉત્તર કહ્યો છે. —**શ્રીધર**

अध्याय ३ जो§

અવતારકથા અને તેનાં ચરિત્રો

॥ सूत उवाच ॥

जगृहे पौरुषं रूपं भगवान् महदादिभिः ।
संभूतं षोडशकलमादौ लोकसिसृक्षया ॥१॥

સૂતે કહ્યું:—† પ્રથમ લોકોને સૃજવાની ઇચ્છાથી ભગવાને મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓથી ઉત્પન્ન કરેલું તેમજ અગિયાર ઇન્દ્રિયો અને પાંચ ભૂતોરૂપી સોળ અંશોવાળું પુરુષનું રૂપ ગ્રહણ કર્યું.[૧] તે ભગવાન ‡યોગનિદ્રા વિસ્તારીને સમુદ્રના જળમાં શયન કરી રહ્યા હતા. તે સમયે તેમની નાભિરૂપી ધરાના કમળમાંથી પ્રજાપતિઓના સ્વામી બ્રહ્મા ઉત્પન્ન થયા.[૨] જેમના સ્થૂલશરીરના અંગોનાં સ્થાનોમાંથી લોકવિસ્તાર કલ્પાયેલો છે, તે ભગવાનનું સ્વરૂપ અતિશુદ્ધ છે—રજોગુણાદિથી મિશ્ર નથી અને તેથીજ સત્ત્વગુણમય અને સર્વોત્તમ છે.[૩] ભગવાનનું એ સ્વરૂપ કે જે હજારો ચરણ, સાથળો, ભુજાઓ અને મુખોથી અદ્ભુત છે; હજારો મસ્તકો, કાન, નેત્રો અને નાસિકાવાળું છે; અને હજારો મુકુટો, વસ્ત્રો તથા કુંડળોથી શોભાયમાન છે; તે સ્વરૂપનો યોગિજનો વિશાળ એવી જ્ઞાનદૃષ્ટિથી સાક્ષાત્કાર કરે છે.[૪] ભગવાનનું એ આદિનારાયણસ્વરૂપ (પ્રલય વેળા) સર્વ અવતારોને પ્રવેશ કરવાનું એક સ્થાન છે; તેમજ સર્વ અવતારોને ઉત્પન્ન થવાનું સ્થળ છે અને +અવિનાશી છે; જે

§ આ અધ્યાયમાં અવતારકથાના પ્રશ્નનો ઉત્તર તથા પુરુષાદિ અવતારો કહીને તે તે અવતારોનાં ચરિત્રો વર્ણવાશે. —**શ્રીધર**

† અહીંથી પાંચ શ્લોકમાં પ્રથમ પુરુષાવતારનું વર્ણન છે. —**શ્રીધર**

‡ યોગનિદ્રા એટલે સમાધિરૂપ નિદ્રા સમજવી. આ શ્લોકમાં 'બ્રહ્મા ઉત્પન્ન થયા' એમ કહ્યું તે સમય પાદ્મકલ્પનો સમજવો. —**શ્રીધર**

\+ ક્ષય-વૃદ્ધિ આદિ વિકારોથી રહિત છે. —**બાલપ્રબોધિની**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વરૂપના એક ×અંશના અંશ વડે દેવો પશુ-પક્ષીઓ અને મનુષ્યાદિ સરજાય છે.[૫] એ રીતે પુરુષસ્વરૂપ ધારણ કરનાર તે ભગવાને પ્રથમ (બ્રહ્માથી) સનકાદિ અવતારોનાં સ્વરૂપ ધારણ કરી બ્રાહ્મણસ્વરૂપે દુઃખથી પાળી શકાય એવું ÷અખંડ બ્રહ્મચર્ય પાળ્યું; અને બીજા અવતારમાં આ જગતની ઉત્પત્તિ માટે રસાતલમાં ગયેલી પૃથ્વીનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી તે યજ્ઞપતિએ વરાહનું શરીર ધારણ કર્યું.[૬,૭] તે પછી ત્રીજા અવતારમાં ઋષિસર્ગનો આશ્રય કરી દેવર્ષિ નારદરૂપે ઉત્પન્ન થયા અને પંચરાત્ર શાસ્ત્રનો ઉપદેશ કર્યો, કે જે પંચરાત્રથી કર્મોનું નિષ્કર્મપણું થાય છે—અર્થાત્ કર્મોજ બંધનકારક ન થતાં મોક્ષદાયી થાય છે.[૮] ચોથા અવતારમાં ધર્મની સ્ત્રીના પુત્ર તરીકે જન્મી નર અને નારાયણ નામના બે ઋષિ થઈ અંતઃકરણની શાંતિથી યુક્ત અને મહાકષ્ટે થઈ શકે એવું તપ કર્યું.[૯] ભગવાનનો પાંચમો અવતાર કપિલનો છે. સિદ્ધોના ઈશ્વર કપિલે આસુરિ નામના બ્રાહ્મણને જેમાં તત્ત્વોના સમૂહનો નિર્ણય કર્યો છે, તેવા સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ કર્યો હતો, કે જે શાસ્ત્ર કાળને લીધે નાશ પામ્યું હતું. છઠ્ઠા અવતારમાં અત્રિઋષિની પ્રાર્થનાને લીધે અનસૂયાથી* (બીજાના ગુણોમાં દોષદૃષ્ટિ રાખ્યા વિના) તેમના પુત્રપણે (દત્તાત્રેય તરીકે) ઉત્પન્ન થયા અને અલર્ક રાજાને તથા પ્રહ્‌લાદ વગેરેને આત્મવિદ્યાનો ઉપદેશ કર્યો.[૧૦,૧૧] તે પછી સાતમા અવતારમાં રુચિ પ્રજાપતિથી તેની પત્ની આકૂતિને વિષે યજ્ઞ નામે ઉત્પન્ન થયા; અને પોતાનાજ પુત્ર યામ આદિ દેવગણોની સાથે સ્વાયંભુવ મન્વંતરનું પાલન કર્યું.[૧૨] +આઠમા અવતારમાં નાભિ રાજાથી તેની સ્ત્રી મેરુદેવા વિષે ઋષભદેવ તરીકે ભગવાન ઉત્પન્ન થયા, જેમણે સર્વ આશ્રમોથી નમસ્કાર કરાયલો પરમહંસોનો માર્ગ ધીર પુરુષોને બતાવ્યો.[૧૩] પછી ઋષિઓથી પ્રાર્થના કરાયલા ભગવાને નવમો પૃથુ રાજાનો અવતાર ધારણ કર્યો. હે બ્રાહ્મણો! એ પૃથુ રાજાએ આ પૃથ્વીમાંથી સર્વ વસ્તુઓનું દોહન કર્યું હતું. તેથી પૃથુનો એ અવતાર સર્વને અત્યંત પ્રિય થઇ પડ્યો હતો.[૧૪] ચાક્ષુષ મન્વંતરમાં સર્વ સમુદ્રો એકાકાર થઇ ગયા હતા, ત્યારે (એ ×પ્રલય સમયે) ભગવાને મત્સ્યનું સ્વરૂપ ધારણ કર્યું હતું—મત્સ્યાવતાર લીધો હતો અને પૃથ્વીરૂપ નૌકામાં બેસાડી વૈવસ્વત÷ મનુનું રક્ષણ કર્યું હતું.[૧૫] અગિયારમા અવતારમાં દેવો તથા અસુરો જ્યારે સમુદ્રમંથન કરતા હતા, ત્યારે ભગવાને કાચબાના સ્વરૂપે (કૂર્માવતાર ધરીને) મંદરાચલ પર્વતને પોતાની પીઠ પર ધારણ કર્યો હતો.[૧૬] પછી બારમો ધન્વંતરિનો અવતાર ધારણ કરી ભગ-

× ભગવાનના તે સ્વરૂપનો એક અંશ બ્રહ્મા છે અને તે બ્રહ્માના એક અંશરૂપ મરીચ્યાદિ પ્રજાપતિઓ છે કે જેઓએ દેવ આદિની સૃષ્ટિને સરજી.—**શ્રીધર**

÷ અખંડ બ્રહ્મચર્ય ભગવાન વિના બીજાથી પાળી શકાતું નથી, તેથીજ સનકાદિને ભગવાનના અવતાર કહ્યા છે. **—बालप्रबोधिनी**

* ટીકાકાર શ્રીધરનો આશય એ છે કે, આ સ્થળે **'अनसूया'** એ શબ્દનો અર્થ 'આ અત્રિએ મારા જેવા પુત્રને બહાને મનેજ પુત્ર તરીકે માગી લીધો, આવી દોષદૃષ્ટિ નહિ કરીને' એવો થાય છે; ત્યારે બાલપ્રબોધિની એમ લખે છે કે, અત્રિ ઋષિની સ્ત્રી અનસૂયાની પ્રાર્થનાથી ભગવાન તેમના પુત્ર થયા.

+ તે સમયે યજ્ઞ ભગવાનને તેમની માતાના પિતા સ્વાયંભુવ મનુ દત્તક પુત્ર તરીકે પોતાને ઘેર લઈ ગયા હતા. પછી યજ્ઞ ભગવાને પોતે ઇન્દ્ર તરીકે થઈ તેમનું રક્ષણ કર્યું હતું. **—बालप्रबोधिनी**

× જો કે મન્વન્તરોના અંતે પ્રલય હોતો નથી છતાં અહીં આમ કહેવામાં આવ્યું છે, તેનું કારણ એ છે કે, તે સમયે કોઇક કૌતુકના કારણથી ભગવાને, જેમ માર્કંડેય ઋષિને અકાળે માયા દેખાડી હતી તેમ, રાજા સત્યવ્રતને એ માયા દેખાડી હતી.

÷ વૈવસ્વત મનુનું એટલે રાજા સત્યવ્રતનું એમ સમજવું, રાજા સત્યવ્રત ભવિષ્યમાં વૈવસ્વત મનુ થવાનો છે, તેથી એ ભાવી નામને આધારે એમ જણાવ્યું છે. **—बालप्रबोधिनी**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0 In Public Domain. Digitization by eGangotri

વાને તેરમો મોહિની અવતાર ધારણ કર્યો હતો. તે વખતે મોહિનીરૂપે દાનવોને મોહ પમાડી દેવતાઓને અમૃતપાન કરાવ્યું હતું.† [૧૭] ચૌદમો નૃસિંહાવતાર ધરીને ભગવાને, જેમ સાદડી બનાવનારો એરકા (નાગરમોથ) નામના ગાંઠ વગરના ઘાસને ચીરી નાખે છે, તેમ પોતાના નખોથી મહાબળવાન દૈત્યરાજ હિરણ્યકશિપુને ચીરી નાખ્યો હતો. [૧૮] પંદરમો વામન અવતાર ધરીને ભગવાન બલિરાજાના યજ્ઞમાં ગયા હતા અને તેની પાસેથી સ્વર્ગને લઇ લેવાની ઇચ્છાથી ત્રણ પગલાં પૃથ્વીની યાચના કરી હતી. [૧૯] સોળમા અવતારમાં બ્રાહ્મણોનો દ્રોહ કરતા રાજાઓને જોઇ કોપાયમાન થઇને (ભગવાન પરશુરામરૂપે અવતર્યા અને) એકવીસ વાર પૃથ્વીને ક્ષત્રિયરહિત કરી હતી. [૨૦] તે પછી સત્તરમા અવતારમાં પરાશરથી સત્યવતીમાં (વ્યાસ) તરીકે ઉત્પન્ન થયા હતા અને પુરુષોને અલ્પબુદ્ધિવાળા જોઈ વેદરૂપી વૃક્ષની શાખાઓ કરી હતી–અર્થાત્ વેદોના વિભાગ કર્યા હતા. [૨૧] એ પછી (અઢારમા અવતારમાં) દેવોનાં કાર્ય કરવાની ઇચ્છાથી ભગવાન રામચંદ્રરૂપે અવતર્યા હતા અને સમુદ્રનિગ્રહ (સમુદ્રને બાંધવો) વગેરે પરાક્રમો કર્યાં હતાં. [૨૨] ઓગણીસમા ને વીસમા અવતારમાં રામ તથા કૃષ્ણ એ નામે યાદવોમાં જન્મીને ભગવાને પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો. [૨૩] તે પછી (એકવીસમા અવતારમાં) કલિયુગની પ્રવૃત્તિ થતાં અસુરોને મોહ ઉપજાવવા માટે ભગવાન બુદ્ધ નામે અજનના પુત્ર તરીકે ગયા પ્રદેશમાં અવતાર લેશે. પછી કલિયુગના અંતે રાજાઓ ચોર જેવા થઇ જશે, ત્યારે જગતપતિ ભગવાન (બાવીસમા અવતાર તરીકે) વિષ્ણુયશા નામના બ્રાહ્મણથી* 'કલ્કિ' એવા નામથી અવતરશે. [૨૪।૨૫]

† અર્થાત્ ધન્વંતરિરૂપે અમૃત આણ્યું અને મોહિનીરૂપે દેવોને અમૃત પાયું. —શ્રીધર

* આ બાવીસ અવતારો સાથે પહેલા ધર્મ તથા મનુ–એ બે અવતાર ગણતાં ચોવીસ અવતાર થાય છે.

હે બ્રાહ્મણો! જેમ કોઇ અખૂટ સરોવરમાંથી નાના નાના હજારો પ્રવાહો નીકળે છે, તેમ સત્ત્વગુણના ભંડાર શ્રીહરિથી અસંખ્ય અવતારો થાય છે. [૨૬] પ્રજાપતિઓસહિત ઋષિઓ, મનુઓ, દેવો અને મહાબળવાન મનુના પુત્રો–એ સર્વે શ્રીહરિનીજ વિભૂતિઓ છે. [૨૭] પૂર્વોક્ત સર્વ અવતારોમાં કેટલાક ભગવાનના અંશરૂપ છે અને કેટલાક વિભૂતિરૂપ છે; પણ શ્રીકૃષ્ણ ભગવાન તો પોતે સાક્ષાત્ નારાયણજ+ છે. આ સર્વ અવતારો પ્રત્યેક યુગમાં દૈત્યોથી દુઃખી થયેલા જગતને સુખી કરે છે. [૨૮] જે મનુષ્ય ભગવાનના આ ગુહ્ય જન્મોનો સવાર–સાંજ પવિત્ર થઇને પાઠ કરે છે, તે મનુષ્ય સંસારથી મુક્ત થાય છે. [૨૯] વસ્તુતઃ અરૂપી અને જ્ઞાનસ્વરૂપ એવા આ જીવનું જે આ સ્થૂલરૂપ–શરીર છે, તે તો ભગવાનની માયાના મહત્તત્ત્વાદિ ગુણોથી જીવાત્માવિષે રચાયલું છે. (જેથી અજ્ઞાનીઓ એમ માને છે કે, આ શરીર આત્મા છે; પણ ખરી રીતે શરીરનો આત્મામાં કેવળ આરોપજ છે.) [૩૦] જેમ મેઘમંડળ વાયુથીજ આશ્રિત છે, છતાં અજ્ઞાનીઓ તેનો આકાશમાં આરોપ કરે છે, કિંવા જેમ પૃથ્વીની રજ તથા તે રજનું ભૂખરાપણું પૃથ્વીમાંજ છે છતાં અજ્ઞાનીઓ વાયુમાં આરોપિત કરે છે, તેમજ અજ્ઞાનીઓ દ્રષ્ટા આત્મા વિષે દશ્યત્વ આદિ ધર્મવાળા શરીરનો આરોપ કરે છે.* [૩૧]

\+ જો કે મત્સ્ય વગેરે અવતારોમાં પણ સર્વજ્ઞપણું અને સર્વશક્તિમાનપણું હતુંજ, પણ તેઓમાં ઉપયોગ પ્રમાણેજ જ્ઞાનશક્તિ કે ક્રિયાશક્તિનો આવિર્ભાવ થતો. સનકાદિ કુમાર અને નારદ વગેરેમાં ઉપયોગ પ્રમાણે અંશકળાનો આવેશ હતો. તેમાં સનકાદિમાં જ્ઞાનાવેશ હતો અને પૃથુ વગેરે અવતારોમાં શક્તિનો આવેશ હતો; પણ શ્રીકૃષ્ણે તો સર્વ શક્તિ પ્રકટ કરેલી હતી, તેથી તે પૂર્ણાવતાર હતા. —શ્રીધર

* અને તેથીજ 'હું દેવ છું, મનુષ્ય છું' એમ અજ્ઞાનીઓ પોતાને માની લે છે–વાસ્તવિક રીતે માની બેસે છે. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વળી એ સ્થૂલ શરીરથી બીજું જે સૂક્ષ્મ શરીર છે તેનો પણ અજ્ઞાનીઓએ આત્મામાં આરોપ કર્યો છે. એ સૂક્ષ્મ શરીર (સ્થૂલ શરીરની પેઠે) મહત્તત્ત્વાદિ ગુણોથી પરિણામ પામતા હાથ–પગ વગેરે આકારોવાળું નથી; કેમકે તે સ્થૂલ શરીરની પેઠે (આકારવાળું) દેખાતું નથી;તેમજ ઇન્દ્રિયાદિ પેઠે (આકારવાળું) સંભળાતું પણ નથી; વળી એ સૂક્ષ્મ શરીર આત્માને ઉપાધિરૂપ હોવાથી 'જીવ' સંજ્ઞા ધારણ કરે છે અને તે સૂક્ષ્મ શરીરથી પુનર્જન્મ થયા કરે છે.[૩૨] અવિદ્યા વડે આત્મામાં આરોપિત થયેલાં આ બન્ને સ્થૂલ–સૂક્ષ્મ શરીર શ્રવણ–મનન આદિ ભક્તિરૂપ સમ્યગ્જ્ઞાન વડે જ્યારે દૂર કરાય છે, ત્યારે જીવમાત્ર જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ બની રહે છે;[૩૩] અને જ્યારે સંસારચક્રથી ખેલતી આ ઈશ્વરી માયા દૂર થઇને કેવળ વિદ્યાસ્વરૂપ થાય છે–એટલે÷ જ્ઞાનસ્વરૂપ બને છે, ત્યારે જીવાત્મા બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે અને પરમાનંદસ્વરૂપ એવા પોતાના મહિમામાં વિરાજે છે, એમ તત્ત્વવેત્તાઓ કહે છે.[૩૪] એ રીતે+ ભગવાન અંતર્યામી, અકર્તા અને‡ અજન્મા છે; તેમના વેદગુહ્ય એવા જન્મો તથા કર્મોને વિવેકી પુરુષો વર્ણવે છે.[૩૫] તે અમોઘ લીલાવાળા પરમેશ્વર આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે, છતાં તેમાં આસક્ત થતા નથી; માત્ર* છ ઇન્દ્રિયોના છયે વિષયોને દૂરથી ગંધની પેઠે ગ્રહણ કરે છે; કેમકે પ્રાણીમાત્રમાં અંતર્યામીરૂપે રહેલા તે ભગવાન છયે ઇન્દ્રિયોના નિયંતા છે અને સ્વતંત્ર છે.§[૩૬] જેમ કોઇ નટ પોતાની નાટકીય ચર્ચા પ્રકટ કરે, તેમ ભગવાન પોતાની માયાદ્વારા મનથી રૂપોને અને વચનથી નામોને વિસ્તારી રહ્યા છે. જગતના વિધાતા તે પરમેશ્વરની લીલાઓને કુબુદ્ધિવાળો કોઇ પણ અજ્ઞાની મનુષ્ય તર્ક વગેરે કુશળતાથી જાણી શકતો નથી.[૩૭] પણ જે ભક્ત મનુષ્ય ભગવાનના ચરણકમળની ગંધને નિષ્કપટ ભાવથી નિરંતર અનુકૂળપણે ભજે છે, તે મનુષ્ય ચક્રધારી અને અનંત પરાક્રમી પરમેશ્વરની પદવીને જાણી શકે છે.[૩૮] હે શૌનકાદિ ઋષિઓ ! ભગવાનના તત્ત્વને જાણનારા તમે ધન્ય છો–કૃતાર્થ છો; કેમકે સમગ્ર લોકના નાથ શ્રીવાસુદેવ ભગવાનમાં આવો શ્રેષ્ઠ ભક્તિભાવ ધારણ કરો છો, જે ભાવ થતાં ગર્ભવાસ વગેરેનાં દુઃખરૂપી ઉગ્ર સંસારનો ફેરો રહેતો નથી.[૩૯] ભગવાન વેદવ્યાસે આ ભાગવત નામનું મહાપુરાણ લોકના કલ્યાણને માટે રચ્યું છે; જે પવિત્ર કીર્તિવાળા પરમાત્માના ચરિત્રરૂપ હોઇને સર્વ વેદોની તુલ્ય છે, સંપત્તિ આપનારું છે અને કલ્યાણને કરનારું છે. વ્યાસજીએ આ ભાગવત પુરાણ આત્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ એવા‡ પોતાના પુત્ર શુકદેવજીને

÷ પરમેશ્વરની માયા અવિદ્યાસ્વરૂપ બની જ્યાંસુધી આવરણ (એટલે જીવના સ્વરૂપને ઢાંકી દેવું તે) કરે છે અને વિક્ષેપ (એટલે જગતની ઉત્પત્તિ કરવી તે) કરે છે, ત્યાંસુધી ઉપરામ પામતી નથી; પણ તેજ માયા જ્યારે વિદ્યાસ્વરૂપ બને છે, ત્યારે જીવની જીવઉપાધિ ટાળી દઇને કાષ્ઠ વિનાના અગ્નિની પેઠે પોતે ઉપરામ પામે છે. —શ્રીધર

+ એ રીતે એટલે જીવને જન્મ વગેરે જેમ માયાજ છે, તેમ ઈશ્વરના જન્મ વગેરે પણ માયાજ છે; એ આશય આ શ્લોકમાં છે. —શ્રીધર

‡ વેદોમાં '**अजायमानो बहुधाऽभिजायते नवाऽस्य कार्यं करणं च विद्यते। स्वाभाविकी ज्ञानवलक्रिया च।**'–અર્થાત્ પરમાત્મા સ્વયં ઉત્પન્ન ન થનારા હોવા છતાં પણ અનેક પ્રકારે જન્મે છે. એ પરમાત્માને કાર્ય (શરીરાદિ) અને કારણ (ઇન્દ્રિયાદિ) કાંઇ પણ નથી, છતાં પણ પરમાત્મામાં જ્ઞાન, બલ (બીજાને વશ રાખનારી શક્તિ) અને ક્રિયાશક્તિ સ્વાભાવિક (અનાદિસિદ્ધ) રહી છે. આવાં આવાં પરસ્પર વિરુદ્ધ વાક્યો જોવામાં આવે છે, એ ઉપરથી જણાય છે કે, વેદો પણ ભગવાનનાં જન્મ–કર્મોનું રહસ્ય પ્રકટ કરી શક્યા નથી. —**बालप्रबोधिनी**

* છ ઇન્દ્રિયો એટલે પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન.

§ સ્વતંત્ર છે–નહિ કે જીવની પેઠે કામ, કર્મ સ્વભાવ વગેરેને અધિન છે. —**बालप्रबोधिनी**

‡ જે વસ્તુ સર્વશ્રેષ્ઠ હોય તેજ પોતાના પુત્રને ભણાવવાથી એમ જણાય છે કે, વ્યાસની દૃષ્ટિએ પણ શ્રીભાગવત સર્વ શાસ્ત્રો કરતાં શ્રેષ્ઠ છે. **बालप्रबोधिनी**

→ ૬૩ શ્રા. ભાદ્ર નારી રાખી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભણાવ્યું.[૪૦] અને તે શુકદેવજીએ સર્વ વેદો તથા ઇતિહાસોના× તારવી કાઢેલા સારરૂપ એવું આ પુરાણ ગંગાકિનારે અનશનવ્રત લઇને બેઠેલા અને મહર્ષિઓથી વીંટાયલા મહારાજ પરીક્ષિતને સંભળાવ્યું. હે બ્રાહ્મણો! મહાતેજસ્વી બ્રહ્મર્ષિ શુકદેવજી તે સભામાં શ્રીભાગવતની કથા કહી રહ્યા હતા તે સમયે હું ત્યાં બેઠો હતો જેથી મેં પણ તેમના અનુગ્રહથી શ્રીભાગવતનું જ્ઞાન મેળવ્યું છે; તો જે પ્રમાણે મેં અધ્યયન કર્યું છે તે પ્રમાણે મારી બુદ્ધિ પ્રમાણે હું તમને તે સંભળાવું છું.[૪૧-૪૪] શ્રીકૃષ્ણ ભગવાન ધર્મ તથા જ્ઞાન આદિ સાથે સ્વધામમાં પધાર્યા, ત્યારે કલિયુગમાં જેમની જ્ઞાનદષ્ટિ નાશ પામી છે, એવા લોકોને માટે હમણાં આ પુરાણરૂપી સૂર્ય ઉદય પામ્યો છે.[૪૫]

कृष्णे स्वधामोपगते धर्मज्ञानादिभिः सह ।
कलौ नष्टदृशामेष पुराणार्कोऽधुनोदितः ॥४५॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૩ જો સમાપ્ત

अध्याय ४ थो*

તપ અને વેદાદિનું જ્ઞાન છતાં વ્યાસને થયેલો અસંતોષ

॥ व्यास उवाच ॥

इति ब्रुवाणं संस्तूय मुनीनां दीर्घसत्रिणाम् ।
वृद्धः कुलपतिः सूतं बह्वृचः शौनकोऽब्रवीत् ॥

વ્યાસે કહ્યું:–એ પ્રમાણે કહેતા સૂતની લાંબા યજ્ઞના ઉદ્દેશે બેઠેલા સર્વ મુનિઓની વચ્ચે પ્રશંસા કરીને વૃદ્ધ અને ઋગ્વેદી કુલપતિ શૌનક તેમને કહેવા લાગ્યા.[૧]

શૌનકે કહ્યું:–હે સૂત! હે સૂત! હે મહાભાગ્યશાળી! હે વક્તાઓમાં શ્રેષ્ઠ! ભગવાન શુકદેવજીએ ભાગવતની પવિત્ર કથા જે તમને કહી છે, તે અમને કહો.[૨] એ કથા કયા યુગમાં થઇ? કયા સ્થળે ને શા કારણે થઇ? મુનિ વ્યાસે શા કારણે પ્રેરાઇને શ્રીમદ્‌ભાગવત સંહિતા રચી?[૩] તેમના પુત્ર શુકદેવજી મહાન યોગી છે, બ્રહ્મદષ્ટિવાળા છે, ભેદરહિત છે, એક પરમાત્મામાંજ રહેલી બુદ્ધિવાળા છે, માયારૂપી નિદ્રાથી જાગ્રત છે અને અપ્રકટ હોઇ મૂઢના જેવા જણાય છે.[૪] +એ (શુકદેવજી વનમાં ચાલી નીકળ્યા ત્યારે) વ્યાસ ઋષિ પોતાના તે પુત્રની પાછળ (તેમને પાછા વાળવા) જતા હતા. તે સમયે શુકદેવજી નગ્ન હતા અને વ્યાસજી તો નગ્ન ન હતા, છતાં તે વ્યાસજીને જોઈ જળક્રીડા કરતી અપ્સરાઓએ લજ્જાથી વસ્ત્રો પહેરી લીધાં. તે આશ્ચર્ય જોઈને મુનિ વ્યાસે અપ્સરાઓને તેનું કારણ પૂછ્યું; ત્યારે તે અપ્સરાઓએ ઉત્તર આપ્યો કે, 'સ્ત્રી અને પુરુષ એવો ભેદ તમને છે, પણ પવિત્ર દષ્ટિવાળા તમારા પુત્રને તેવો ભેદ નથી.'[૫] આવા તે શુકદેવજી ગાંડા, મૂંગા અને જડની પેઠે ફરતા કુરુ તથા જાંગલ દેશમાં જ્યારે આવ્યા અને તે પછી ફરતા ફરતા *હસ્તિનાપુરમાં આવ્યા, ત્યારે નગરવાસીઓએ તેમને શી

× સર્વ વેદાદિના સારરૂપે ભાગવતનો લાભ થતાં બીજાં પ્રમાણોની જરુર રહેતી નથી; કેમકે વેદો ત્રણ વર્ણોનો ઉદ્ધાર કરવા માટે છે અને ઇતિહાસો સ્ત્રી-શુદ્ર આદિના ઉદ્ધાર માટે છે; ત્યારે આ ભાગવત તો એ બન્નેના સારરૂપ હોઇને સર્વનો ઉદ્ધાર કરનાર છે.
—बालप्रबोधिनी

* આ અધ્યાયમાં તપ તથા વેદાર્થનું જ્ઞાન હોવા છતાં પણ વ્યાસને થયેલો અસંતોષ શ્રીમદ્‌ભાગવતના આરંભના કારણ તરીકે વર્ણવવામાં આવે છે. —श्रीधर

+ આ પાંચમા શ્લોકથી એ સૂચવ્યું છે કે, વ્યાસને જો કે શબ્દજ્ઞાન અને નિઃસંદિગ્ધ સ્વરૂપજ્ઞાન તો છેજ, છતાં તેમને બાહ્ય વિષયાદિનું જ્ઞાન પણ રહેલું છે તેથી તે વ્યાસ મધ્યમ અધિકારી છે; અને શુકદેવજી તો સદાકાળ સમાધિનિષ્ઠ રહે છે, તેથી તેમને બાહ્ય વિષયાનુભવ છેજ નહિ અને તેથી શુકદેવજી ઉત્તમ અધિકારી છે.
—बालप्रबोधिनी

* હસ્તિ નામના રાજાએ વસાવ્યું તેથી 'હસ્તિનાપુર' કહેવાયું.
—श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રીતે ઓળખ્યા ?[૬] હે તાત! એ શુક મુનિ સાથે રાજર્ષિ પરીક્ષિતનો કેવી રીતે સંવાદ થયો, કે જે સંવાદમાં આ શ્રીમદ્ભાગવત સંહિતા પ્રકટ થઈ?[૭] મહાભાગ્યશાળી શુકદેવજી ગૃહસ્થાશ્રમીઓને ઘેર માત્ર ગાય દોહવાય તેટલોજ સમય (ભિક્ષાના કારણે) સ્થિતિ કરે છે અને ગૃહસ્થોનાં તે ઘરને તીર્થરૂપ+ કરે છે.[૮] હે સૂત! અભિમન્યુના પુત્ર પરીક્ષિત રાજાને (વિદ્વાનો) ભગવદ્ભક્તોમાં ઉત્તમ કહે છે; તો તેમનો અત્યંત આશ્ચર્યકારક જન્મ તથા કર્મો અમને કહો.[૯] પાંડવોનું માન વધારનાર તે ચક્રવર્તી રાજા શા માટે ચક્રવર્તીની સંપત્તિનો અનાદર કરી ગંગાકિનારે અનશનવ્રત લઇને બેઠા?[૧૦] હે સૂત! જેના ચરણ મૂકવાના બાજઠને શત્રુરાજાઓ ધન લાવી લાવીને પોતાના કલ્યાણ માટે પ્રકટ રીતે નમે છે, તે વીર પરીક્ષિત રાજાએ, આશ્ચર્ય છે કે પોતે યુવાન છતાં શા માટે પ્રાણસહિત રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરવાની ઇચ્છા કરી?[૧૧] જે મનુષ્યો ભગવાનના ભક્તો છે, તેઓ લોકના સુખ માટે, લોકની સંપત્તિ માટે અને લોકનાજ ઐશ્વર્ય માટે જીવે છે, નહિ કે પોતાના સ્વાર્થ માટે!! છતાં આ પરીક્ષિત રાજાએ વૈરાગ્ય પામીને (બીજાઓને આશ્રયરૂપ એવા) પોતાના શરીરનો શા માટે ત્યાગ* કર્યો? આ સર્વ અમે તમને જે કંઇ પૂછ્યું તે તમે કહો. કેમકે ÷વેદ વિના સર્વ શાસ્ત્રોમાં હું તમને પારંગત માનું છું.[૧૨,૧૩]

+ શ્રીમદ્ભાગવતનું આખ્યાન ઘણો સમય રોકાવાથી થઈ શકે. શુકદેવજી તો ક્યાંય પણ ગાય દોહવાના વખત ઉપરાંત સ્થિતિ કરેજ નહિ, છતાં સાત દિવસની સ્થિતિ કરીને ભાગવતની કથા કહી એ આશ્ચર્ય છે. —શ્રીધર

* કેમકે પારકાનું જે જીવન હોય તેને પોતે છોડી દેવું એ કંઇ યોગ્ય નથી. —શ્રીધર

÷ 'વેદ વિના' એમ કહેવાનું કારણ એ છે કે, સૂત પૌરાણિક ત્રિવર્ણથી બહાર હતા. તેમને વેદ ભણવાનો અધિકાર ન હતો, જેથી તે વેદ જાણતા ન હતા. —શ્રીધર

સૂતે કહ્યું:–હે શૌનક! યુગનું પરિવર્તન થતાં જ્યારે ત્રીજો દ્વાપરયુગ આવ્યો, ત્યારે ઉપરિચર નામના વસુથી જન્મેલી સત્યવતી વિષે પરાશર ઋષિથી ભગવાનના અંશરૂપે યોગી વ્યાસજીનો જન્મ થયો.[૧૪] એક સમયે તે વ્યાસજી સૂર્યનો ઉદય થયો, ત્યારે સરસ્વતી નદીના જળમાં સ્નાનાદિ કરી પવિત્ર થઇને એકલા એકાંતમાં બેઠા× હતા.[૧૫] તે ઋષિ ભૂત–ભવિષ્યને જાણનારા હતા, જેથી પૃથ્વી પર પ્રત્યેક યુગમાં અસ્પષ્ટ વેગવાળા કાળના યોગે પ્રાપ્ત થયેલી યુગધર્મની સંકરતા તેમણે જોઇ,[૧૬] તેમજ એ મુનિએ કાળે કરેલો શરીરાદિ ભૌતિક પદાર્થોની શક્તિનો હ્રાસ પોતાની દિવ્ય દૃષ્ટિથી જોયો અને મનુષ્યોને અશ્રદ્ધાળુ, સત્ત્વહીન, દુર્બુદ્ધિ, ક્ષીણ આયુષવાળા તથા દુર્ભાગી જોયાં; જેથી તે અમોઘ દૃષ્ટિવાળા વ્યાસજી સર્વ વર્ણો તથા આશ્રમોને જે (ઉપાય) હિતકર હોય તેનો વિચાર કરવા લાગ્યા.[૧૭,૧૮] તેમણે યજ્ઞોનો વિસ્તાર કરવાને માટે ચાર હોતા–ઋત્વિજોથી કરવામાં આવતા વૈદિક કર્મને પ્રજાઓની શુદ્ધિ કરનારૂં જોઇ એક વેદને ચાર પ્રકારે કર્યા.[૧૯] ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ–એમ ચાર વેદો (એકમાંથીજ) જુદા જુદા કર્યા; અને ઈતિહાસ–પુરાણોને પાંચમા વેદ તરીકે રચ્યાં.[૨૦] એ વેદોમાંથી પૈલ ઋષિ એકલાજ ઋગ્વેદ ભણ્યા, કવિ જૈમિનિ એકલાજ સામવેદ ભણ્યા; વૈશંપાયન એકલાજ યજુર્વેદમાં કુશળ થયા અને આભિચારિક કર્મોમાં પ્રવૃત્ત હોઈ ક્રૂર ગણાતા સુમંતુ મુનિ, અથર્વવેદમાં તથા આંગિરસ–મંત્રોમાં કુશળ થયા; અને મારા પિતા રોમહર્ષણ ઇતિહાસ–પુરાણોમાં પારંગત થયા.[૨૧,૨૨] પછી તે ઋષિઓએ પોતપોતાના વેદનો અનેક પ્રકારે વિભાગ કર્યો; તેમજ તેમના શિષ્યો અને પ્રશિષ્યોએ પણ વિ-

× અહીં એમ સૂચવ્યું છે કે, ચિત્તની એકાગ્રતા માટે બદરિકાશ્રમમાંજ વ્યાસજી બેઠા હતા. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાગ કર્યો, જેથી તે વેદો અનેક શાખાઓવાળા થયા.[૨૩] પૂર્વે જે વેદોને અતિ બુદ્ધિમાન પુરુષો ગ્રહણ–ધારણ કરી શકતા હતા, તેજ વેદોને (હાલમાં) મંદ બુદ્ધિવાળાઓ પણ ગ્રહણ કરી શકે, એ પ્રયોજનથી દીન ઉપર વાત્સલ્યવાળા ભગવાન વ્યાસે વેદોના વિભાગ કરી નાખ્યા.[૨૪] વળી સ્ત્રીઓ, શૂદ્રો અને જેઓ ત્રણ વર્ણોમાં અધમ છે, તેઓને વેદ સાંભળવાનો અધિકાર નથી; માટે કર્મરૂપી કલ્યાણના સાધનમાં મૂઢ થયેલા તે લોકોનું આ પ્રમાણે કલ્યાણ થશે, એવો વિચાર કરી વ્યાસ મુનિએ તેઓની ઉપર કૃપા કરીને 'મહાભારત' નામે આખ્યાન રચ્યું.[૨૫] હે બ્રાહ્મણો! એ રીતે પ્રાણીઓનું કલ્યાણ કરવામાં હરકોઈ પ્રકારે નિત્ય તત્પર રહેવા છતાં તેમનું હૃદય જ્યારે સંતુષ્ટ ન થયું, ત્યારે સરસ્વતી નદીના પવિત્ર તટ ઉપર એકાંતમાં બેસીને અતિશય ખિન્ન હૃદયે વિચાર કરતા તે ધર્મવેત્તા વ્યાસજી મનમાં આ રીતે કહેવા લાગ્યા:[૨૬,૨૭] 'મેં વ્રત ધારણ કરીને વેદો, ગુરુઓ તથા અગ્નિઓનું નિષ્કપટ બુદ્ધિથી પૂજન કર્યું છે અને તેમની આજ્ઞા પણ માન્ય કરી છે.[૨૮] વળી મહાભારતની રચનાના બહાને વેદોનોજ અર્થ પ્રકટ કર્યો છે, જે મહાભારતમાં સ્ત્રીઓ તથા શૂદ્રો વગેરે પણ આચરી શકે તેવા ધર્માદિ જોવામાં આવે છે;[૨૯] તોપણ ખેદની વાત છે કે, મારો જીવાત્મા, વસ્તુતઃ પરિપૂર્ણ અને બ્રહ્મતેજવાળાઓમાં અત્યંત શ્રેષ્ઠ હોવા છતાં પોતે જાણે અપૂર્ણ હોય–અસંતુષ્ટજ હોય તેવો જણાય છે;[૩૦] અથવા મેં પરમહંસોને પ્રિય એવા ભગવાનના ભક્તોના ધર્મો લગભગ શું નથી કહ્યા? કેમકે તેજ ધર્મો ભગવાનને પ્રિય હોય છે.'[૩૧] એ પ્રમાણે વ્યાસ મુનિ પોતાના આત્માને અપૂર્ણ માનીને ખેદ કરી રહ્યા હતા, તેવામાં સરસ્વતીના તટ ઉપર આવેલા તે પૂર્વોક્ત આશ્રમમાં નારદજી આવી પહોંચ્યા. મુનિ વ્યાસે, દેવોએ પૂજેલા તે નારદજીને આવેલા જાણી એકદમ સામેથી ઊભા થઇને વિધિ પ્રમાણે તેમનું પૂજન કર્યું.[૩૨,૩૩]

तमभिज्ञाय सहसा प्रत्युत्थायागतं मुनिः ।
पूजयामास विधिवन्नारदं सुरपूजितम् ॥३३॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૪ થો સમાપ્ત

અધ્યાય ૫ મો*

વ્યાસને નારદજીનો ઉપદેશ–સર્વ ધર્મો કરતાં હરિકીર્તનનું ગૌરવ

॥ सूत उवाच ॥

अथ तं सुखमासीन उपासीनं बृहच्छ्रवाः ।
देवर्षिः प्राह विप्रर्षिं वीणापाणिः स्मयन्निव ॥

સૂતે કહ્યું–તે પછી સુખથી બેઠેલા, મહાયશસ્વી અને હાથમાં વીણા ધારણ કરી રહેલા દેવર્ષિ નારદ ×મંદ મંદ હસતા હોય તેમ સમીપમાં બેઠેલા બ્રહ્મર્ષિ વ્યાસને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૧]

નારદ બોલ્યા–"હે મહાભાગ્યશાળી પરાશરના પુત્ર! તમારો શરીરાભિમાની આત્મા પોતાના શરીર વડે પ્રસન્ન તો છે ને? તેમજ મનનો અભિમાની આત્મા મનવડે સંતુષ્ટ છે ને?[૨] તમે જાણવાને ઇષ્ટ એવા ધર્મ વગેરે સારી રીતે જાણ્યા છે અને આચર્યા પણ છે, કારણકે સર્વ અર્થોથી ભરપૂર મહાન અદ્‌ભુત મહાભારત તમે રચ્યું છે.[૩] વળી જે સનાતન બ્રહ્મ છે તેને પણ તમે વિચાર્યું છે અને સંપાદન પણ કર્યું છે; છતાં હે સમર્થ વ્યાસ! તમે અકૃતાર્થ પુરુષની પેઠે પોતાનો શોક કેમ કરો છો?"[૪]

વ્યાસે કહ્યું–તમે જે કહ્યું તે સર્વ મારે છે,

* આ અધ્યાયમાં વ્યાસજીના ચિત્તને પ્રસન્ન કરવા માટે 'સર્વ ધર્મો કરતાં હરિકીર્તન શ્રેષ્ઠ છે' એમ નારદજી ઉપદેશ આપે છે. —શ્રીધર

× મંદ મંદ હસવાનું કારણ એ છે કે, નારદને મનમાં વિચાર થાય છે કે, 'અહો! આવા મહાન પુરુષ પણ મોહ પામે છે.' —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો પણ મારો આત્મા સંતોષ પામતો નથી; હે નારદ! એનું ગુપ્ત કારણ શું છે? ઓ બ્રહ્મદેવના પુત્ર અને અગાધ જ્ઞાનવાળા તમને હું પૂછું છું.[૫] તમે હરકોઈ ગુપ્ત વસ્તુ જાણો છો; કેમકે તમે પુરાણપુરુષ–પરમાત્માને સેવ્યા છે; જે પરમાત્મા કારણ–કાર્યના નિયંતા છે અને પોતે અસંગ રહી કેવળ સંકલ્પમાત્રથીજ મહત્તત્ત્વાદિ ગુણોદ્વારા જગતને સરજે છે, રક્ષે છે અને સંહારે છે.[૬] તમે સૂર્યની પેઠે ત્રૈલોક્યમાં વિચરો છો–સર્વના દ્રષ્ટા છો; અને યોગબળથી પ્રાણવાયુની પેઠે સર્વ પ્રાણીઓનાં હૃદયમાં વિચરીને આત્માના સાક્ષી છો–બુદ્ધિની વૃત્તિઓને જાણો છો. તો ધર્મ અને યોગ વડે પરબ્રહ્મને પ્રાપ્ત કરનાર અને સ્વાધ્યાય, નિયમ આદિ વ્રતો વડે વેદને પ્રાપ્ત કરનાર એવા મારામાં જે કંઇ અત્યંત અપૂર્ણતા હોય તે સંબંધે તમે વિચાર કરો.[૭]

નારદે કહ્યું:–"તમે ભગવાનના નિર્મળ યશનું લગભગ વર્ણનજ નથી કર્યું. (જેથી તમારો આત્મા પ્રસન્ન થતો નથી.) હું માનું છું કે, જે ધર્માદિના જ્ઞાન વડે ભગવાન પ્રસન્ન ન થાય તે ધર્માદિનું જ્ઞાન અપૂર્ણ છે.[૮] હે મુનિવર્ય! તમે ધર્માદિ પુરુષાર્થોનું જે રીતે વર્ણન કર્યું છે, તે રીતે ભગવાન વાસુદેવનો મહિમા વર્ણવ્યો નથી.[૯] જે વિચિત્ર પદોવાળું વચન જગતને પવિત્ર કરનાર શ્રીહરિના યશનું કદી ગાન કરતું નથી, તે (વચન) કાગડાઓનું તીર્થ છે–કાગડાઓ જેવા કામી મનુષ્યોને આનંદનું સ્થાન છે એમ વિદ્વાનો માને છે. કેમકે તે વચનરૂપી તીર્થમાં સત્ત્વગુણી–માનસિક સ્થિતિવાળા અને સુંદર પરબ્રહ્મમાં સ્થિતિ કરનારા યોગી પુરુષો કદી રમણ કરતા નથી. એવા કાકતીર્થતુલ્ય વચનમાં બ્રહ્મનિષ્ઠ યોગીઓરૂપી હંસોને કંઇ પણ આનંદ મળતો નથી;×[૧૦] માટે વાણીની તેજ રચના મનુષ્યોનાં પાપોનો નાશ કરે છે, કે જેમાં વ્યાકરણાદિ દોષોવાળા શબ્દો હોવા છતાં પ્રત્યેક શ્લોકમાં શ્રીભગવાનનાં યશયુક્ત નામો તો હોયજ છે; કેમકે આવી વાણીની રચનાને સત્પુરુષો સાંભળે છે, ગાય છે* અને બીજા શ્રોતાઓને સંભળાવે ×છે.[૧૧] જે જ્ઞાન કેવળ બ્રહ્માકાર હોઇને નૈષ્કર્મ્ય હોય અને ઉપાધિને દૂર કરનારૂં હોય તે પણ જો ભગવાનની ભક્તિથી રહિત હોય તો બહુ શોભતું નથી; તો પછી સાધનકાળે અને ફળકાળે–એમ સર્વકાળે અમંગળ–દુ:ખરૂપ એવું હરકોઇ કામ્ય કે અકામ્ય કર્મ જે ઈશ્વરાર્પણ કરેલું ન હોય, તે તો ક્યાંથીજ શોભે? (અર્થાત્ ભક્તિહીન કર્મ શૂન્યરૂપજ છે;)[૧૨] માટે હે મહાભાગ્યશાળી વ્યાસ! તમે તો અમોઘ દષ્ટિવાળા છો–યથાર્થ બુદ્ધિવાળા છો, પવિત્ર યશવાળા છો, સત્યમાં આસક્ત છો અને વ્રતધારી છો; તો સમગ્ર બંધનોથી મુક્ત થવા માટે ભગવાનની લીલાઓનું એકાગ્રચિત્તે સ્મરણ કરીને વર્ણન કરો.[૧૩] કેમકે ભગવાનની લીલાઓ વિના બીજી તરફ જેની દષ્ટિ હોય અને તેથીજ ભગવાનની લીલા વિના બીજું કંઈ કોઇ જુદાજ પ્રકારે જે વર્ણવવા ઇચ્છતો હોય, તેવા પુરુષની બુદ્ધિ, તે વર્ણન કરેલા વિષયમાં સ્ફુરેલાં નામ કે રૂપોથીજ વ્યાકુળ બની રહે છે અને વાયુથી ખોળંબે ચડેલા વહાણની પેઠે કોઇ પણ વિષયમાં સ્થિતિ પામતી+ નથી;[૧૪] તમે (મહાભારત વગેરેમાં) સ્વભા-

---

× આ શ્લોકમાં આવો શ્લેષ છે–જેમ હંસ પક્ષીઓ માનસસરોવરમાં સ્થિતિ કરે છે અને ત્યાં સુંદર કમળવનમાં નિવાસ કરે છે, જેથી તેઓને જાતજાતનાં અન્નાદિથી ભરેલા એઠવાડના ખાડારૂપ કાગડાઓના સ્થાનમાં આનંદ મળતો નથી તેમ. –શ્રીધર

* બીજા શ્રોતાઓ જો મળી આવે તો તેઓને સંભળાવે છે; નહિ તો પોતેજ ગાન કરે છે. –શ્રીધર

× કહેવાનો ભાવ એ છે કે, કવિત્વદષ્ટિએ વિચિત્ર પદરચના ભલે ન હોય, પણ જેમાં ભગવાનનાં નામનો મુખ્ય નિર્દેશ હોય તેજ વાક્યપ્રબંધ સમગ્રનો ઉદ્ધારક અને સંતોનો આદરપાત્ર છે. –बालप्रबोधिनी

+ આ શ્લોકનોજ આશય ભગવદ્ગીતામાં છે:–
व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनंदन। बहुशाखा ह्यनंताश्च बुद्धयोऽव्यवसायिनाम् —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વથીજ રાગાસક્ત એવાં મનુષ્યો માટે નિંદ્ય કામ્ય કર્માદિનો ઉપદેશ કર્યો છે, એ મહાન અન્યાય કર્યો છે; કેમકે તે વાક્યોના આધારે 'આજ ધર્મ છે' એમ માની બેઠેલા મનુષ્યો, તેના નિવારણને માનશેજ નહિ–એટલે કે, મહાભારત વગેરેમાં તમે કામ્યકર્મોનો ઉપદેશ કર્યો છે, જેથી તમારા વચન પર શ્રદ્ધા રાખી બીજાઓએ કે તમે કહેલો એ કામ્યકર્મોનો નિષેધ, કોઇના માનવામાં નહિજ આવે અને સર્વ કોઇ પ્રવૃત્તિમાર્ગમાંજ મચ્યા રહેશે;[15] અને એ રીતે (પ્રવૃત્તિમાર્ગથી) કોઇકજ વિચક્ષણ પુરુષ સર્વ ક્રિયાઓની નિવૃત્તિ કરીને, (દેશકાળથી) અનંત પારવાળા પરમાત્માના નિર્વિકલ્પકસુખરૂપ સ્વરૂપ જાણવાને યોગ્ય થશે. માટે હે સમર્થ વ્યાસ! તમે દેહાદિના અભિમાનવાળા અને સત્ત્વાદિ ગુણોથી પ્રવૃત્તિ કરી રહેલા મનુષ્યને ભગવાનની લીલાનું વર્ણન દર્શાવો. મનુષ્ય સ્વધર્મનો ત્યાગ કરી શ્રીહરિના ચરણકમળનું ભજન કરતો કરતો અપૂર્ણ રહીને કોઇ કાળે તે ભજનથી ભ્રષ્ટ થાય અથવા મરણ પામે તો *હરકોઇ નીચ યોનિમાં પણ તે ભક્ત મનુષ્યનું શું કદી અમંગળ થાય છે? નથીજ થતું. (કેમકે ભક્તિની વાસના તો તેનામાં હોયજ છે.) સ્વધર્મમાં રહીને પણ ભગવાનનું ભજન નહિ કરનારા પુરુષોએ શું ફળ મેળવ્યું છે? કંઇજ નહિ.[16,17] વિદ્વાન પુરુષે તો તે માટેજ પ્રયત્ન કરવો જોઇએ કે જે વસ્તુ, ઉપર છેક બ્રહ્મલોકપર્યંત અને નીચે છેક સ્થાવરલોકપર્યંત ભટકનારાઓને મળતી નથી; બાકી વિષયસુખ તો નરકાદિમાં જેમ દુઃખ મળે છે તેમ હરકોઈ સ્થળે વિનાપ્રયત્ને પોતાનાં પૂર્વકર્મોના યોગે ગંભીર વેગવાળા કાળના બળથી મળીજ રહે છે§[18] હે વ્યાસ! ભગવાનની ભક્તિ કરનારો મનુષ્ય, કદાચિત નીચ યોનિમાં ગયો હોય, તોપણ બીજા કર્મનિષ્ઠ મનુષ્યોની પેઠે ફરીથી કદી સંસારમાં આવતો નથી. કેમકે તે ભક્ત મનુષ્ય રસ લેવા યોગ્ય વસ્તુમાં આગ્રહવાળો હોઇને ભગવાનના ચરણકમળના આલિંગનનું સ્મરણ કરતો ફરી તેનો ત્યાગ કરવા ઇચ્છતોજ× નથી.[19] આ જગત કેવળ ભગવાનરૂપજ છે; પણ ભગવાન જગતથી ભિન્ન છે. (પ્રપંચ ઈશ્વરથી જુદો નથી, પણ ઈશ્વર તો પ્રપંચથી જુદાજ છે.) અથવા આ જગત ભગવાનરૂપ છે અને જીવ પણ ભગવાનજ છે. (ચેતન કે અચેતન એવો આ પ્રપંચ ભગવાનથી જુદો નથી, માત્ર એક ભગવાનજ તત્ત્વ છે.*) જે ભગવાનથી જગતની સ્થિતિ, નાશ તથા ઉત્પત્તિ થાય છે તે તમે પોતે પણ જાણો છો; તોપણ અમુક અંશે મેં તમને દર્શાવ્યું છે.[20] હે અમોઘ દૃષ્ટિવાળા વ્યાસ! તમે પોતે અજન્મા એવા પણ પોતાના આત્માને જગતનું કલ્યાણ કરવા માટેજ ઉત્પન્ન થયેલો માનો; કેમકે તમારો આત્મા પરમ પુરુષ પરમાત્માનોજ અંશ છે. તો મહાનુભાવ શ્રીહરિનાં પરાક્રમોનું તમે વર્ણન કરો.[21] કારણકે ભગવાનના ગુણોનું જે વર્ણન કરવું, એજ પુરુષના તપનું, શાસ્ત્રોના અધ્યયનનું, યજ્ઞયાગાદિનું, શાસ્ત્રોના અભ્યાસ કરાવવાનું, શાસ્ત્રોના અભ્યાસથી ઉત્પન્ન

* ગજેંદ્ર અને પ્રહ્લાદ વગેરેનો નીચ યોનિમાં પણ મોક્ષ થયો એ ભક્તિનોજ પ્રભાવ છે. એજ આશયથી ગીતામાં–**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज। अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः॥ न हि कल्याणकृत् कश्चिद्दुर्गतिं तात गच्छति** ઇત્યાદિ ઉપદેશ આપવામાં આવ્યો છે.–**बालप्रबोधिनी**

§ આજ આશય બીજે સ્થળે પણ કહ્યો છે–

अप्रार्थितानि दुःखानि यथैवायान्ति देहिनाम्।
सुखान्यपि तथा यान्ति दैन्यमत्रातिरिच्यते॥

અર્થાત્ પ્રાણીઓને દુઃખો જેમ માગ્યા વિના મળી આવે છે, તેમ સુખો પણ માગ્યા વિનાજ મળી રહે છે, તો દીનતા કરવી નકામી છે —**श्रीधर**

× ગીતામાં ભગવાન પણ એજ કહે છે

यतते च ततो भूयः संसिद्धौ कुरुनंदन।
पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः॥

—**श्रीधर**

* આ વાતમાં '**सर्वं खल्विदं ब्रह्म**' ઇત્યાદિ વેદવાદો પ્રમાણ છે. —**श्रीधर**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થયેલી બુદ્ધિનું તથા દાનનું અવિનાશી ફળ છે, એમ વિવેકીઓ કહે છે.[૨૨] ÷હે મુનિ! મારા પૂર્વજન્મમાં વેદ જાણનારા બ્રાહ્મણોની કોઇ એક દાસીનો હું પુત્ર હતો. વર્ષાકાળમાં કોઈ યોગીઓએ એકજ સ્થળે રહેવાની ઇચ્છા કરી, ત્યારે તેમની સેવામાં હું બાળક હતો, છતાં મને રાખવામાં આવ્યો.[૨૩] હું બાળક હતો, તોપણ સમગ્ર ચપળતાથી રહિત ને જિતેન્દ્રિય હતો, રમકડાંઓને પણ અડકતો ન હતો, અનુકૂળ હતો, સેવા કરી રહ્યો હતો અને થોડું બોલતો હતો, તેથી મારા પર તે મુનિઓ, સર્વત્ર સમદષ્ટિવાળા હતા, છતાં કૃપા રાખતા હતા.[૨૪] તે બ્રાહ્મણ યોગીઓની આજ્ઞાથી હું પાત્રોમાં વળગેલા ઉચ્છિષ્ટને એકજ વખત જમતો, તેથી મારાં પાપો દૂર થયાં; અને એ રીતે વર્તતાં ચિત્ત પણ શુદ્ધ થયું; તેમજ એઓના ઈશ્વરભજનરૂપ ધર્મમાં મનની રુચિ થઇ.[૨૫] હે વ્યાસ! તે સ્થળે એ મુનિઓ, નિત્ય સુંદર શ્રીકૃષ્ણકથાઓ કહેતા, ત્યારે તેમના અનુગ્રહ વડે મારી સ્વતઃસિદ્ધ શ્રદ્ધાથી હું નિરંતર તે સાંભળતો, જે સાંભળતાં પદે પદે મને પ્રિય યશવાળા શ્રીભગવાન વિષે પ્રીતિ થઇ.[૨૬] હે મહામુનિ! એ રીતે મને પ્રિય ભગવાન ઉપર પ્રીતિ થઇ, ત્યારે મારી બુદ્ધિ પ્રિય કીર્તવાળા ભગવાન વિષે એવી તો અસ્ખલિત થઇ કે જેથી 'આ સ્થૂળ તથા સૂક્ષ્મશરીરને પરબ્રહ્મરૂપ એવા મારા વિષે મેં મારી અવિદ્યાથીજ કલ્પેલું છે,' એમ હું તત્કાળ જોવા લાગ્યો.[૨૭] એ રીતે તે મહાત્મામુનિઓ વર્ષાઋતુ અને શરદ્ઋતુપર્યંત ત્રણે કાળ શ્રીહરિના નિર્મળ યશનું કીર્તન કરતા અને હું તે સાંભળતો, જેથી મારા રજોગુણ તથા તમોગુણનો નાશ કરનારી ભક્તિ મને પ્રાપ્ત થઇ.[૨૮] હું તે મુનિઓ ઉપર પ્રેમવાળો હતો, વિનયી હતો, પાપરહિત થયો હતો, શ્રદ્ધાળુ હતો, બાળક હતો, તેમજ જિતેન્દ્રિય હતો અને મુનિઓનો અનુચર બની રહ્યો હતો; જેથી તે દીનવત્સલ યોગીઓ ત્યાંથી જવા માટે તૈયાર થયા, ત્યારે તેઓએ મારા પર કૃપા કરીને સાક્ષાત્ ×ભગવાને કહેલું અતિ ગુહ્ય જ્ઞાન મને કહ્યું;[૨૯।૩૦] જે જ્ઞાનને લીધે જગતના સ્રષ્ટા ભગવાન વાસુદેવનો માયાપ્રતાપ મેં જાણ્યો કે જે જાણવાથી મુનિઓ પરમાત્મપદને પામે છે.[૩૧] હે બ્રહ્મન્! સર્વના નિયંતા અને સંપૂર્ણ પૂર્ણસ્વરૂપ એવા શ્રીભગવાન વિષે કર્મોનું જે સમર્પણ કરવું તેજ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક, એ ત્રણે તાપોનું એક ઔષધ છે—ત્રણે તાપો દૂર કરનાર છે—ચિત્તશોધક છે, એમ વિદ્વાનો કહે છે.[૩૨] હે સદાચારી વ્યાસ! પ્રાણીઓને જે વસ્તુથી રોગ ઉત્પન્ન થાય છે તે વસ્તુ કેવળ એકલીજ રોગને દૂર કરતી નથી, પણ બીજી વસ્તુઓની તે વસ્તુને જો ભાવના આપવામાં આવે—અર્થાત્ તે વસ્તુ સાથે બીજી વસ્તુઓનું જો મિશ્રણ કરવામાં આવે તો તેજ વસ્તુ રોગને દૂર કરે છે.[૩૩] તેવીજ રીતે સર્વ કર્મો જોકે મનુષ્યોને સંસારનાંજ કારણ બને છે, પણ તેજ કર્મો જો ઈશ્વરાર્પણ કરેલાં હોય, તો કર્મોની નિવૃત્તિ કરવા સમર્થ થઇ શકે છે. (અને તે દ્વારા સંસાર પણ નિવૃત્ત થાય છે.) (જ્યારે અજ્ઞાનથી પ્રાપ્ત થયેલા કર્મનો જ્ઞાનથી નાશ થાય છે અને તે જ્ઞાન ભક્તિયોગથી પ્રાપ્ત થાય છે, ત્યારે કર્મથીજ કર્મનો નાશ કેવી રીતે થશે? એવી શંકા ઉત્પન્ન થતાં કહે છે કે,) ભક્તિયોગસહિત એવું જ્ઞાન, આ જગતમાં ભગવાનને સંતોષનારૂં જે કર્મ કરવામાં આવે છે (ભગવાનને

÷ સત્સંગથીજ હરિકથાશ્રવણ આદિ ફળની પ્રાપ્તિ થાય છે, એ વાત નારદજી પોતાના વૃત્તાંતથી કહેવા માગે છે. —શ્રીધર

અહીંથી સત્તર શ્લોકમાં નારદજીનું પૂર્વચરિત્ર છે.

× ભગવાને કહેલું જ્ઞાન તે ભાગવતશાસ્ત્ર સમજવું. તે ઈશ્વરનું ગુહ્યતમ જ્ઞાન છે. સાધનભૂત એવું કોઇ પણ ધર્મતત્ત્વજ્ઞાન તે ગુહ્ય જ્ઞાન છે અને શુદ્ધ આત્મજ્ઞાન તે ગુહ્યતર જ્ઞાન છે; આ તો ગુહ્યતમ જ્ઞાન છે એટલે સર્વોત્કૃષ્ટ જ્ઞાન છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સમર્પણપૂર્વક જે કર્મ કરાય છે,) તેનેજ અધીન રહેલું છે.* જ્યારે મનુષ્યો નિરંતર ÷ભગવાનના ઉપદેશ પ્રમાણે કર્મો કરે છે,ત્યારે શ્રીકૃષ્ણના ગુણો તથા નામોને ગાય છે અને તેમનું સ્મરણ કરે છે.[34-36] ×વાસુદેવસ્વરૂપ, પ્રદ્યુમ્નસ્વરૂપ, અનિરુદ્ધસ્વરૂપ અને સંકર્ષણસ્વરૂપ એવા આપ ભગવાનનું અમે મનથી ધ્યાન કરીએ છીએ.' આ પ્રમાણે જે મનુષ્ય મૂર્તિવાચક મંત્રથી મંત્રમૂર્તિ અને મંત્રમાં કહેલ મૂર્તિથી રહિત એવા યજ્ઞપુરુષ—પરમાત્માનું પૂજન કરે છે, તે મનુષ્ય યથાર્થ વસ્તુનો જ્ઞાતા છે.[37-38] હે બ્રહ્મન્! પૂર્વોક્ત (ભગવાનનો) ઉપદેશ મેં સારી રીતે આચર્યો એમ જાણી કેશવ ભગવાને મને જ્ઞાન, ઐશ્વર્ય તથા પોતાને વિષે ભક્તિ અર્પણ કર્યાં.[39] માટે હે બહુશ્રુત વ્યાસ! તમે પણ ભગવાનના યશનું

* આ શ્લોકમાં આવો ક્રમ દર્શાવ્યો છેઃ-પ્રથમ મહાન પુરુષોની સેવા, સેવાથી એ મહાપુરુષોની કૃપા, કૃપાથી ભગવત્સંબંધી ધર્મ ઉપર શ્રદ્ધા, શ્રદ્ધાથી ભગવાનની કથાનું શ્રવણ, શ્રવણથી ભગવાનમાં પ્રીતિ, પ્રીતિથી સ્થૂલ-સૂક્ષ્મ શરીરના વિવેકરૂપ આત્મજ્ઞાન, આત્મજ્ઞાનથી દૃઢ ભક્તિ, ભક્તિથી ભગવાનના તત્ત્વનું જ્ઞાન અને એ જ્ઞાનથી ભગવાનની કૃપાદ્વારા સર્વજ્ઞત્વ આદિ ભગવાનના ગુણો પ્રકટ થાય છે. —શ્રીધર

પ્રથમ ભગવાનમાં અર્પણ કરેલું કર્મ, તે કર્મથી અંતઃકરણની શુદ્ધિ, તે દ્વારા ભગવાનમાં ભક્તિ અને તે ભક્તિથી ભક્તિયોગ સહિત એવું કર્મવાસના દૂર કરનારૂં જ્ઞાન થાય છે, આવો ક્રમ અહીં છે.

—बालप्रबोधिनी

÷ ભગવાનનો ઉપદેશ તે ગીતામાં કહેલો—

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौंतेय तत्कुरुष्व मदर्पणम्॥

'હે અર્જુન! તું જે કંઇ કરે, જે જમે, જે હોમે, જે આપે, જે તપે-તે બધું મને અર્પણ કર.' એ સમજવો. —શ્રીધર

× વાસુદેવ એ ચિત્તમાં ઉપાસના કરવા યોગ્ય મૂળ સ્વરૂપ છે. પ્રદ્યુમ્ન એ બુદ્ધિમાં ઉપાસવા યોગ્ય સૃષ્ટિકર્તા છે, અનિરુદ્ધ એ મનમાં ઉપાસવા યોગ્ય સર્વપાલક છે અને સંકર્ષણ એ અહંકારમાં ઉપાસવાયોગ્ય સંહારકર્તા છે. —बालप्रबोधिनी

વર્ણન કરો, કે જે જાણવાથી વિદ્વાનોની જિજ્ઞાસા પૂર્ણ થાય. કારણકે સાંસારિક દુઃખોથી વારંવાર પીડાયલાં પ્રાણીઓના ક્લેશની શાંતિ બીજાકોઈ પ્રકારે થતી હોય, એમ વિદ્વાનો માનતા નથી.[40]

त्वमप्यदभ्रश्रुत विश्रुतं विभोः।
समाप्यते येन विदां बुभुत्सितम्॥
आख्याहि दुःखैर्मुहुरर्दितात्मनाम्।
संक्लेशनिर्वाणमुशंति नान्यथा॥४०॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૫ મો સમાપ્ત

अध्याय ६ ट्ठो×

વ્યાસની ખાતરી માટે નારદે કહેલો પોતાના પૂર્વજન્મનો ઇતિહાસ

॥ सूत उवाच ॥

एवं निशम्य भगवान् देवर्षेर्जन्म कर्म च।
भूयः पप्रच्छ तं ब्रह्मन् व्यासः सत्यवतीसुतः॥

સૂતે કહ્યું-હે બ્રહ્મન્! એ પ્રમાણે દેવર્ષિ નારદનો પૂર્વજન્મ તથા કર્મ સાંભળીને સત્યવતીના પુત્ર ભગવાન વ્યાસે ફરી તેમને પ્રશ્ન કર્યો.[1]

વ્યાસે પૂછ્યું-તમને જ્ઞાનનો ઉપદેશ કરનારા તે ભિક્ષુઓ ત્યાંથી દૂર દેશમાં ગયા તે પછી બાલ્યાવસ્થામાં રહેલા તમોએ શું કર્યું?[2] હે બ્રહ્માના પુત્ર! તમે પાછલી વય કઇ રીતે ગાળી? અને કાળ આવતાં* એ શરીરનો તમે કેવી રીતે ત્યાગ કર્યો?[3] હે દેવોમાં શ્રેષ્ઠ નારદ! સર્વનો વિનાશ કરનારા આ કાળે તમારા આ પૂર્વજન્મના સ્મરણનો કેમ નાશ ન કર્યો?[4]

નારદે કહ્યું-"મને જ્ઞાનોપદેશ કરનારા તે ભિક્ષુઓ ત્યાંથી દૂર દેશમાં ગયા. તે પછી બાલ્યાવસ્થામાં રહેલા મેં આ પ્રમાણે કર્યું હતું.[5] મારી માતાને હું એકજ પુત્ર હતો. વળી તે અજ્ઞાન

× આ અધ્યાયમાં વ્યાસને વિશ્વાસ થાય તે માટે નારદજીએ, શ્રીકૃષ્ણની કથાથી ઉત્પન્ન થયેલું પોતાના પૂર્વજન્મનું ભાગ્ય કહી બતાવ્યું છે. —શ્રીધર

* દાસીના પુત્રરૂપે થયેલા એ શરીરનો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્ત્રીજાતિ અને તેમાં પણ દાસી હતી. તેણે અન્ય કોઇ આધાર વિનાના હું-પુત્ર ઉપર સ્નેહ બાંધ્યો. તે મારું §યોગક્ષેમ ઇચ્છતી હતી; પણ પરતંત્ર હતી, તેથી મારું યોગક્ષેમ કરવા સમર્થ થઇ શકી નહિ. (બિચારી શું કરે?)+લાકડાની પૂતળી જેમ તેના દોરીસંચાર કરનારને વશ હોય છે, તેમ આ જગત ઈશ્વરને વશ છે.[૬,૭] હું પણ 'આ માતાનો સ્નેહ ક્યારે વિરામ પામે' એવી રાહ જોતો એ બ્રહ્મકુળમાં રહેવા લાગ્યો. વળી પાંચ વર્ષનો હું બાળક દિશા, દેશ તથા કાળથી અજ્ઞાત પણ હતો.[૮] એક સમયે રાત્રે મારી માતા ગાય દોહવા માટે ઘરમાંથી બહાર નીકળી. તેવામાં પગ તળે દબાયેલો એક સર્પ કાળથી પ્રેરાઇને તે બિચારીને કરડયો. (એથી તે મરણ પામી.)[૯] એ વખતે મેં તો ભક્તોનું કલ્યાણ કરવા ઇચ્છતા ભગવાનનો એ અનુગ્રહ માન્યો અને ઉત્તર દિશા તરફ પ્રયાણ કર્યું.[૧૦] એ દિશામાં સમૃદ્ધિવાળા દેશો, શહેરો, ગામડાં, ગાયો તથા ભરવાડ-રબારીને રહેવાનાં સ્થળો, રત્નો વગેરેની ખાણો, ખેડૂતોનાં ગામો, પર્વતોની સમીપનાં ગામો, વાડીઓ, જંગલો, ÷બગીચાઓ, જાતજાતની ધાતુઓ વડે રંગબેરંગી પહાડો, હાથીઓએ ભાંગી નાખેલી ડાળીઓવાળાં વૃક્ષો, પવિત્ર જળવાળાં જલાશયો અને દેવોએ સેવેલાં કમળોવાળાં સરોવરો કે જેઓ જાતજાતનાં પક્ષીઓના શબ્દોથી જાગ્રત થઈ આમતેમ ભમતા ભમરાઓ વડે શોભી રહ્યાં હતાં-એ સર્વને મેં એકલાએજ ઓળંગ્યાં. તેવામાં એક મોટું જંગલ મેં જોયું. એ જંગલ બરૂ, વાંસ તથા કાસડાઓનાં ઝુંબડાંઓથી અને દર્ભો તથા પોલા વાંસોથી દુર્ગમ હતું, દુઃસહ હતું, ભયંકર હતું અને સર્પો, ઘુવડો તથા શિયાળોનું ક્રીડાસ્થાન હતું.[૧૧-૧૪] મારી ઇન્દ્રિયો અને શરીર થાકી ગયાં હતાં, અત્યંત તૃષા લાગી હતી, ભૂખ પણ ઘણીજ લાગી હતી; જેથી નદીના એક ધરામાં મેં સ્નાન કર્યું, આચમન કર્યું અને પાણી પીને થાક ઉતાર્યો.[૧૫] પછી એ નિર્જન વનમાં એક પીપળાના વૃક્ષના મૂળ પાસે હું બેઠો અને પેલા મુનિઓ પાસેથી જે કંઇ સાંભળ્યું હતું, તે પ્રમાણે હૃદયમાં રહેલા પરમાત્માનું મનમાં ચિંતન કરવા લાગ્યો.[૧૬] હું ભાવવશ થયેલા મનથી ભગવાનના ચરણકમળનું ધ્યાન કરતો હતો અને ઈશ્વરદર્શનની ઉત્કંઠાથી મારાં નેત્રો અશ્રુથી ભરાઈ આવ્યાં હતાં; તેવામાં શ્રીહરિ ધીમે ધીમે મારા હૃદયમાં પ્રકટ થયા.[૧૭] તે સમયે હે મુનિ! મારાં અંગો પ્રેમની અતિશયતાથી રોમાંચિત થયાં અને હું બહુ સુખી થઇને આનંદના મહાન પૂરમાં એવો તો લીન થઇ ગયો કે જેથી મને મારૂં પોતાનું કે બીજા કોઇનું ભાનજ રહ્યું નહિ.[૧૮] તે પછી ભગવાનનું એ મનોહર સ્વરૂપ કે જે શોકનો નાશ કરનારું હતું, તે એકાએક મારા જોવામાં આવ્યું નહિ, એટલે ઉદાસ મનવાળા મનુષ્યની પેઠે વ્યાકુળતાપૂર્વક સમાધિદશામાંથી હું જાગ્રત થયો.[૧૯] ભગવાનના એ સ્વરૂપનું ફરી દર્શન કરવાની ઇચ્છાથી મેં ફરી પણ મનને હૃદયમાં એકાગ્ર કર્યું અને તે સ્વરૂપનું દર્શન કરવા માંડ્યું; પણ તે કંઈ દેખાયુંજ નહિ, જેથી હું અતૃપ્તજ રહીને આતુરના જેવો થઇ ગયો.[૨૦] એ પ્રમાણે તે એકાંત સ્થળમાં હું પ્રયત્ન કરતો હતો, તેવામાં વાણીથી અવર્ણ્ય એવા તે ભગવાન મારા શોકને જાણે શાંત કરતા હોય તેમ ગંભીર અને મધુર વાણી વડે મને કહેવા લાગ્યાઃ-[૨૧] 'ખેદની વાત છે કે,

§ નહિ મળેલું મેળવવું તે યોગ અને મળેલાનું રક્ષણ કરી પ્રતિદિન તેમાં વૃદ્ધિ કરવી તે ક્ષેમ કહેવાય છે. —**બાલપ્રવોધિની**

+ પરતંત્રતાનું આ એક દૃષ્ટાંત છે. આથી એમ સૂચવ્યું છે કે, જગતની ધારણાઓ કેવળ ઈશ્વરાધીન છે; કોઇનું ધાર્યું કંઇ પણ થતું નથી.

÷ પોતાની મેળે ઊગી નીકળેલાં ઝાડોનાં ઝુંડ તે જંગલ કહેવાય અને ખાસ શોભા માટે વાવેલાં અથવા ફળ-ફૂલો માટે વાવેલાં વૃક્ષોનો સમુદાય તે બગીચો કહેવાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ જન્મમાં મારાં દર્શન કરવાને હજી તું યોગ્ય નથી. કેમકે કામાદિ કષાયો (મેલ) જેઓના બળ્યા નથી, એવા અપૂર્ણ યોગીઓને મારાં દર્શન દુર્લભ હોય છે.[૨૨] હે નિર્દોષ! મેં એક વખત મારા સ્વરૂપનું દર્શન મારામાં તારી ભક્તિ દૃઢ થાય તે માટે તને કરાવ્યું છે. કેમકે મારામાં દૃઢ ભક્તિવાળો સત્પુરુષ ધીમે ધીમે સર્વ કામનાઓનો ત્યાગ કરે છે.[૨૩] તને સત્પુરુષોની લાંબી સેવાથી મારામાં દૃઢ બુદ્ધિ પ્રાપ્ત થઇ છે, તેથી આ નિંદ્ય લોકનો ત્યાગ કરીને તું મારા પાર્ષદપણાને પ્રાપ્ત થઇશ.[૨૪] વળી તારી બુદ્ધિ જે મારામાં દૃઢ થઈ છે, તે કદી પણ ચલાયમાન થશે નહિ અને પ્રજાઓની આ સૃષ્ટિનો સંહાર થશે; તોપણ મારા અનુગ્રહથી તારી સ્મૃતિ કદી નાશ પામશે નહિ.÷[૨૫] આટલું કહીને તે મહાભૂત જે ઈશ્વરસ્વરૂપ હતું–સર્વનો નિયંતા હતું, આકાશમાં મૂર્તિવાળું હતું અને સમીપ હોવા છતાં પણ જાણવાને અશક્ય હતું, તે બોલતું બંધ થયું. એટલે *મહાનના પણ મહાન એવા તે પરમેશ્વરને તેમના દયાપાત્ર એવા મેં મસ્તક વડે પ્રણામ કર્યા.[૨૬] પછી લજ્જાનો ત્યાગ કરી ભગવાનનાં ગુહ્ય નામોનું તથા માંગલિક ચરિત્રોનું સ્મરણ કરતો પૃથ્વી પર હું વિચરવા લાગ્યો અને નિઃસ્પૃહ તથા મદરહિત થઇને મત્સરના ત્યાગપૂર્વક મરણસમયની રાહ જોવા લાગ્યો.[૨૭] એ પ્રમાણે મારી બુદ્ધિ શ્રીકૃષ્ણમાં જોડાઈ ગઇ; કોઇ પણ સ્થળે હું આસક્તિ રાખતો ન હતો અને મારૂં મન નિર્મળ થઇ ગયું હતું. તે પછી સમય થયો એટલે વીજળી જેમ સુદામ પર્વત પર પ્રકટ થાય, તેમ મારો કાળ આવી પહોંચ્યો.[૨૮] તે વખતે ભગવાનના પાર્ષદરૂપ તે શુદ્ધ સત્ત્વગુણી શરીરમાં ભગવાને મને જોડી દીધો, એટલે પ્રારબ્ધકર્મોની સમાપ્તિ થતાં તે મારૂં પાંચ ભૂતોનું શરીર પડી ગયું.+[૨૯] તે પછી કલ્પાંત સમયે આ ત્રણે લોકનો ઉપસંહાર કરી શ્રીનારાયણે સમુદ્રના જળમાં શયન કર્યું, ત્યારે એ નારાયણ વિષે શયન કરવા ઇચ્છતા *બ્રહ્મદેવના શ્વાસોચ્છ્વાસની સાથે મેં તેમના શરીરમાં પ્રવેશ કર્યો.[૩૦] તે પછી એક હજાર યુગના અંતે યોગનિદ્રામાંથી ઊઠીને બ્રહ્મદેવે આ જગત સૃજવાની ઇચ્છા કરી; તે વખતે તેમની ઇન્દ્રિયોમાંથી હું અને મરીચ્યાદિ ઋષિઓ ઉત્પન્ન થયા.[૩૧] મહાવિષ્ણુના અનુગ્રહ (કૃપાથી)થી કોઇ પણ સ્થળે મારી ગતિ અટકતી નથી અને તેથી અખંડ બ્રહ્મચારી એવો હું ત્રણે લોકમાં અંદર ને બહાર વિચરૂં છું.[૩૨] આ વીણા જે મને ઈશ્વરે આપી છે અને ×સાત સ્વરોરૂપી બ્રહ્મથી શોભી રહી છે, તેને આલાપવાળી કરીને હરિકથાનું ગાન કરતો હું ફર્યા કરૂં છું.[૩૩] જેમના ચરણમાં ગંગાદિ તીર્થો વસી રહ્યાં છે અને જેમનો યશ ભક્તોને પ્રીતિ કરનાર છે, તે ભગવાનનાં પોતાનાં પરાક્રમો હું ગાયા કરૂં છું; તેથી સત્વર ÷જાણે બોલાવ્યા હોય તેમ ભગવાન

÷ એટલે પૂર્વજન્માદિનું સ્મરણ પણ તને એમનું એમજ રહેશે.

* મહાન એવા જે બ્રહ્માદિ તેમના પણ મહાન–તેમને પણ અતિશય પૂજ્ય. —વાલપ્રબોધિની

\+ આ શ્લોકથી એમ સૂચવ્યું છે કે, મને જે પાર્ષદશરીર પ્રાપ્ત થયું તે સત્ત્વગુણી, શુદ્ધ, કર્મોથી નહિ આરંભાયેલું અને પંચભૂતોનું નહિ હોઇને નિત્ય હતું. —શ્રીધર

* બ્રહ્મદેવે નારાયણના સ્વરૂપમાં દાખલ થઇ શયન કર્યું, તે સંબંધે કૌર્મ પુરાણમાં લખ્યું છે–

ततोऽवतीर्य विश्वात्मा देहमाविश्य चक्रिणः।
अवाप वैष्णवीं निद्रामेकीभूयाथ विष्णुना॥१॥

વિશ્વાત્મા બ્રહ્મા ત્યાંથી ઊતરીને વિષ્ણુના શરીરમાં પ્રવેશ કરી, વિષ્ણુ સાથે એક થઇને વૈષ્ણવી નિદ્રાને પામ્યા. —શ્રીધર

× સાત સ્વરો તે આઃ–નિષાદ, ઋષભ, ગાંધાર, ષડ્જ, મધ્યમ, ધૈવત અને પંચમ. નારદની વીણા સ્વતઃસિદ્ધ સાત સ્વરોવાળી છે. નારદ એમ સૂચવે છે કે, ઈશ્વરની આજ્ઞાથી લોકોનાં મંગળ માટે હું ફરૂં છું. —શ્રીધર

÷ 'જાણે બોલાવ્યા હોય' એમ કહેવાનું કારણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મારા ચિત્તમાં દર્શન આપે છે.[34] કેમકે ભગવાનનાં ચરિત્રોનું વર્ણન–ગાન તો વિષયભોગોની ઇચ્છાથી વારંવાર વ્યગ્ર ચિત્તવાળા મનુષ્યોને સંસારસમુદ્રમાં એક નૌકારૂપ છે, એમ વિદ્વાનોએ જોયું છે.[35] કામ તથા લોભથી હણાયેલું મન ×ભગવાનની સેવાથી જેવું સાક્ષાત્ શાંત થાય છે તેવું યમાદિ યોગમાર્ગોનું વારંવાર સેવન કરવાથી શાંત થતું* નથી.[36] હે નિર્દોષ વ્યાસ! તમે મને જે પૂછ્યું હતું તે આ સર્વ મારા જન્મકર્મનું રહસ્ય અને તમારા આત્મસંતોષનું કારણ મેં તમને કહ્યું છે."[37]

સૂતે કહ્યું:–સત્યવતીના પુત્ર વ્યાસજીને એ પ્રમાણે કહીને સર્વ સંકલ્પોથી રહિત એવા ભગવાન નારદજી વીણા વગાડતા વગાડતા વ્યાસની +અનુજ્ઞા લઇને ત્યાંથી ચાલી નીકળ્યા.[38] અહો! દેવર્ષિ નારદને ધન્ય છે, જે પોતાની વીણા વડે શાર્ઙ્ગધનુષધારી ભગવાનની કીર્તિનું ગાન કરતા આનંદમાં રહે છે અને આ આતુર જગતને આનંદ આપે છે.[39]

अहो देवर्षिर्धन्योऽयं यत्कीर्तिं शार्ङ्गधन्वनः ।
गायन्माद्यन्निदं तंत्र्या रमयत्यातुरं जगत् ॥३९

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

એ છે કે, ખરી રીતે ભગવાનને હું બોલાવતો નથી, તોપણ કૃપાને લીધે ભગવાન પોતેજ મારા મનમાં પ્રકટ થાય છે, એમ સૂચવ્યું છે. **—બાલપ્રબોધિની**

× જો સેવામાત્રથી મન શાંત થાય છે, તો ભગવાનના ગુણવર્ણનથી શાંત થાય એમાં કંઇ નવાઇ નથી, એ ભાવ છે. **—શ્રીધર**

* અર્થાત્ યમ–નિયમાદિ યોગોદ્વારા જો કે મન શાંત થાય છે, પણ ઘણાજ પરિશ્રમથી ભક્તિદ્વારા તો અનાયાસે પ્રત્યક્ષ મનની શાંતિ થાય છે. **—बालप्रबोधिनी**

+ અનુજ્ઞા લઇને એટલે 'હું જાઉં છું' એમ પૂછીને. **—बालप्रबोधिनी**

અધ્યાય ૭ મો*

પાંડવોના બાળકોના વધ માટે અશ્વત્થામાને શિક્ષા

॥ शौनक उवाच ॥

निर्गते नारदे सूत भगवान्बादरायणः ।
श्रुतवांस्तदभिप्रेतं ततः किमकरोद्विभुः ॥१॥

શૌનકે પૂછ્યું:–હે સૂત! નારદ નીકળી ગયા તે પછી તેમનો અભિપ્રાય સાંભળીને સમર્થ ભગવાન વેદવ્યાસે શું કર્યું ?[1]

સૂતે કહ્યું:–બ્રાહ્મણોથી સેવાયલી સરસ્વતી નદીના પશ્ચિમતટ ઉપર ઋષિઓનાં યજ્ઞકર્મોમાં વૃદ્ધિ કરનારો 'શમ્યાપ્રાસ'× નામે એક આશ્રમ કહેવાય છે.[2] બોરડીઓનાં વૃક્ષોના સમૂહથી શોભી રહેલા પોતાના એ આશ્રમમાં બેસીને જળનું આચમન કરી વ્યાસે પોતાના મનને સ્થિર કર્યું÷[3] ભક્તિયોગદ્વારા નિર્મળ કરી મનને સારી રીતે નિશ્ચલ કર્યું, એટલે પ્રથમ ઈશ્વરનું અને તેના આશ્રયે રહેલી માયાનું તેમને દર્શન થયું;[4] જે માયા વડે મોહિત થયેલો જીવ પોતે ત્રણ ગુણોથી રહિત છે, છતાં પોતાને ત્રિગુણાત્મા માને છે અને તે ત્રણ ગુણોએજ કરેલા (કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિ) અનર્થને પોતેજ કરેલો માને છે–એટલે પોતે

---

* આ અધ્યાયમાં શ્રીમદ્‌ભાગવતનું શ્રવણ કરનાર પરીક્ષિત રાજાનો જન્મ કહેવાને, પાંડવોના સૂતેલા બાળકોના વધ કરવાથી અશ્વત્થામાને શિક્ષા કરવામાં આવી તે કથા કહેવાશે. **—શ્રીધર**

× 'શમ્યાપ્રાસ' એ સંસ્કૃતની દૃષ્ટિએ સાર્થક નામ છે. **'शम्या प्रास्यते अस्मिन् इति शम्याप्रासः'** શમ્યા નામે યજ્ઞનું એક આયુધ જેમાં ફેંકવામાં આવેલું હતું–એટલે કે યજ્ઞના ક્ષેત્રનું માપ દર્શાવવા માટે શમ્યા નામનું એક આયુધ ફેંકીને જે સ્થળે યજ્ઞક્ષેત્રનું માપ નક્કી કર્યું હતું.

÷ મનને સ્થિર કર્યું એટલે **'समाधिनाऽनुस्मर तद्विचेष्टितम्'**–સમાધિ વડે તમે ભગવાનના ચરિત્રનું સ્મરણ કરો' એ નારદના ઉપદેશનું મનમાં ધ્યાન કરવા માંડ્યું. **—શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્તા-ભોક્તા ઇત્યાદિ નથી, છતાં પોતાને કર્તા-ભોક્તા ઇત્યાદિ માને છે.[5] ભગવાન વિષે જે ભક્તિ-યોગ છે તેજ પૂર્વોક્ત અનર્થનો નાશ કરે છે; એ પણ ભગવાન વ્યાસે મનમાં જોઈ લીધું અને પછી તે વસ્તુ નહિ સમજતાં સર્વ લોકો માટે તેમણે શ્રીમદ્ભાગવત નામની સંહિતા રચી,×[6] જેનું શ્રવણ કરતાંજ મનુષ્યને પરમ પુરુષ શ્રીકૃષ્ણ ભગવાન વિષે શોક, મોહ તથા ભયનો નાશ કરનારી ભક્તિ ઉત્પન્ન થાય છે.[7] એ ભાગવતસંહિતા રચ્યા પછી તેનું સંશોધન કરી વ્યાસ મુનિએ નિવૃત્તિપરાયણ પુત્ર શુકદેવજીને તે ભણાવી.[8]

શૌનકે પૂછ્યું:-તે શુકદેવ મુનિ નિવૃત્તિપરાયણ હતા, સર્વ વિષયોમાં નિઃસ્પૃહ હતા અને કેવળ આત્મામાંજ આનંદ પામનારા હતા, છતાં તેમણે એ વિશાળ ભાગવતસંહિતાનો કયા કારણથી અભ્યાસ કર્યો ?[9]

સૂતે કહ્યું:-મુનિઓ જો કે આત્મામાંજ આનંદ પામનારા હોય છે અને તેમની ક્રોધ-અહંકાર-રૂપ ગાંઠ છૂટી ગઇ હોય છે, છતાં તેઓ ભગવાન વિષે નિષ્કામ ભક્તિ તો કરેજ છે. કેમકે શ્રીહરિ તેવા કોઈ અલૌકિક-આકર્ષણ ગુણોથી યુક્ત છે. (તેથી આત્મારામ મુનિઓને પણ પોતાના ગુણો-દ્વારા પોતાની તરફ આકર્ષી શકે છે.)[10] અને તેજ કારણથી વ્યાસપુત્ર ભગવાન+ શુકદેવજી કે જેમને* ભગવાનના ભક્તો પ્રિય હતા, તેમણે ભગવાનના ગુણોથી આકર્ષાયેલી બુદ્ધિવાળા થઇને શ્રીમદ્ભાગવતરૂપ મહાન આખ્યાનનો અભ્યાસ કર્યો.[11] અહીં હવે રાજર્ષિ પરીક્ષિતનો જન્મ, કર્મ તથા મોક્ષ અને પાંડવોનું મહાપ્રસ્થાન (મહાપ્રયાણ) હું તમને કહું છું, જેથી શ્રીકૃષ્ણ-કથાનો ઉદય થાય છે.[12] જ્યારે કૌરવ-પાંડવોના યુદ્ધમાં વીર યોદ્ધાઓ વીર ગતિ(સ્વર્ગ)ને પામ્યા અને ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનની સાથળો ભીમસેને ફેંકેલી ગદાના પ્રહારથી ભાંગી ગઇ, ત્યારે પોતાના રાજા દુર્યોધનને (ખરી રીતે અપ્રિય હતું છતાં) 'આ પ્રિય થશે' એમ માનીને દ્રોણપુત્ર અશ્વત્થામા દ્રૌપદીના નિદ્રાવશ પુત્રોનાં મસ્તકો કાપીને (દુર્યોધનની પાસે) લાવ્યો. અશ્વત્થામાનું આ નિંદ્ય કર્મ દુર્યોધનને÷ અપ્રિય જ થયું અને હજી સુધી લોકો તે કર્મની નિંદા કરે છે.[13,14] માતા દ્રૌપદી પોતાના પુત્રોનું એ ઘોર મૃત્યુ સાંભળીને અત્યંત સંતાપ કરવા લાગી અને અશ્રુબિંદુઓથી ઊભરાઈ જતાં નેત્રે રડવા લાગી. તે સમયે તેને શાંત કરતો અર્જુન કહેવા લાગ્યો કે,[15] 'હે કલ્યાણિ ! તે §આતતાયી

× ૪-૫-૬ આ ત્રણ શ્લોકથી અહીં સંક્ષેપમાં આખા ભાગવતનો અર્થ દર્શાવી દીધો છે, તે આ પ્રમાણે છેઃ-પરમેશ્વર પોતાની વિદ્યાશક્તિથી માયાના નિયંતા છે, નિત્ય પ્રકટ પરમાનંદસ્વરૂપ છે, સર્વજ્ઞ છે અને સર્વશક્તિમાન છે; ત્યારે જીવ પરમેશ્વરની માયાથી મોહિત થઇને પોતાના સ્વરૂપને ભૂલી જાય છે અને પોતાનામાં 'અજ્ઞાનીપણું' ઇત્યાદિ વિપરીત ધર્મો સ્વીકારી બેસે છે; પણ તેજ જીવનો પરમેશ્વરની ભક્તિ-દ્વારા જ્ઞાન સંપાદન કરવાથી મોક્ષ થાય છે.—**શ્રીધર**

+ શુકદેવજી મહાદેવનો અવતાર હતા, તેથી સર્વ વિષયોમાં વિરક્ત હોઇ સર્વજ્ઞ હતા. આ વાત કૂર્મ-પુરાણમાં પ્રસિદ્ધ છે. —**बालप्रबोधिनी**

* આ વાક્યથી 'ભાગવતના વ્યાખ્યાન વગેરે પ્રસંગમાં ભગવાનના ભક્તો સાથે સત્સંગનો પણ લાભ મળે, એવી ઇચ્છા શુકદેવજીને હતી, તેથી તેમણે ભાગવતનો અભ્યાસ કર્યો.' એ ભાવ જણાવ્યો છે.

÷ દુર્યોધનને અશ્વત્થામાનું કર્મ અપ્રિય થઇ પડયું તેનું કારણ એ છે કે, તે કર્મથી દુર્યોધને પોતાના કુળનો તદ્દન ક્ષય થયેલો જોયો અને 'અમને પિંડ આપનાર હવે કોઈ રહ્યો નહિ,' એવો તેને શોક થયો. વળી સૂતેલા બાળકોનો વધ કર્યો, તેથી તે કર્મ લોકોને પણ અપ્રિય થઇ પડયું. —**बालप्रबोधिनी**

§ ધર્મશાસ્ત્રમાં આ છ જણને આતતાયી કહ્યા છે- **अग्निदो गरदश्चैव शस्त्रपाणिर्धनापहः ।**
क्षेत्रदारहरश्चैव षडेते ह्याततायिनः ॥

પારકા ઘરમાં અગ્નિ નાખનાર, કોઇને ઝેર આપનાર, શસ્ત્ર લઇને સામે થનાર, પારકું ધન ચોરી લેનાર અને ખેતર તથા સ્ત્રીનું હરણ કરનાર-આ છ આતતાયી છે; અશ્વત્થામા આ છમાંથી 'શસ્ત્ર લઇને સામે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નીચ બ્રાહ્મણનું મસ્તક મારા આ ગાંડીવ ધનુષમાંથી છૂટેલાં બાણો વડે કાપીને તારી પાસે લાવીશ અને તે મસ્તકને પગ તળે દબાવીને મૃતપુત્રી એવી તું જ્યારે સ્નાન કરશે, ત્યારે તારા શોકનાં આંસુઓને હું લૂછીશ.[૧૬] એ પ્રમાણે સુંદર અનેક જાતનાં વચનોથી પોતાની પ્રિયા દ્રૌપદીને શાંત કરીને જેના મિત્ર અને સારથી શ્રીકૃષ્ણ ભગવાન હતા, એવો તે કપિધ્વજ અર્જુન કવચ ધારણ કરી, હાથમાં ઉગ્ર ધનુષ લઇ રથમાં બેસીને ગુરુપુત્ર અશ્વત્થામા પાછળ દોડી ગયો.[૧૭] બાળઘાતી અશ્વત્થામા અર્જુનને દૂરથી આવતો જોઇને હૃદયમાં કંપી ઊઠ્યા અને શંકરના ભયથી જેમ +બ્રહ્મા નાઠા હતા, તેમ રથમાં બેસીને પ્રાણરક્ષાની ઇચ્છાથી જેટલું નાસી શકાય તેટલું પૃથ્વી પર નાસવા લાગ્યા.[૧૮] ×બ્રાહ્મણપુત્ર અશ્વત્થામાએ જ્યારે પોતાને શરણરહિત જોયો અને પોતાના ઘોડા પણ જ્યારે થાકી ગયા, ત્યારે તેમણે બ્રહ્માસ્ત્રને પોતાનું રક્ષણ કરનાર માન્યું.[૧૯] જો કે પોતે બ્રહ્માસ્ત્રનો ઉપસંહાર (પાછું ખેંચવાની ક્રિયા) જાણતા ન હતા, છતાં એ પ્રાણસંકટનો પ્રસંગ આવ્યો, ત્યારે તેમણે જળનું આચમન કરી, ધ્યાન ધરીને તે બ્રહ્માસ્ત્ર સાંધ્યું.[૨૦] તે વખતે એ અસ્ત્રમાંથી ચારે દિશાઓમાં પ્રચંડ તેજ પ્રકટ થયું; એટલે તે પ્રાણસંકટ આવેલું જોઇ અર્જુન શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો.[૨૧]

અર્જુને કહ્યું–"ઓ કૃષ્ણ! હે કૃષ્ણ! અરે ઓ મહાભાગ! તમે ભક્તોને અભયદાન આપનારા છો અને સંસારથી (એટલે સંસારનાં દુઃખોના તાપથી) બળતાં પ્રાણીઓના સંસારનો નાશ કરનારા તમે એકજ છો. તમે આદિપુરુષ છો, સાક્ષાત્ ઈશ્વર છો, માયાથી પર છો અને પોતાની ચૈતન્યશક્તિથી માયાનો ત્યાગ કરી કૈવલ્યસ્વરૂપ આત્માસાંજ સ્થિતિ કરી રહ્યા છો.[૨૨।૨૩] વળી માયાનો પરાભવ કરનારા તેજ તમે માયાથી મોહિત મનવાળા જીવલોકનું પોતાના પરાક્રમ વડે ધર્માર્થકામમોક્ષરૂપ કલ્યાણ કરી રહ્યા છો.[૨૪] તમારો આ કૃષ્ણાવતાર પૃથ્વીનો ભાર દૂર કરવાની ઇચ્છાથી થયો છે અને એકાંતિક ભક્ત એવા પોતાના આત્મજનોનું રક્ષણ કરવા માટે થયો છે.[૨૫] હે દેવોના પણ દેવ! આ ચારે તરફથી પ્રસરેલું મહાભયંકર તેજ શું છે? ક્યાંથી આવે છે? તે હું જાણી શકતો નથી."[૨૬]

શ્રીભગવાન બોલ્યા–"તું જાણ કે, આ અશ્વત્થામાનું બ્રહ્માસ્ત્ર છે; આનો ઉપસંહાર તે જાણતો નથી છતાં પ્રાણસંકટ આવતાં તેણે તે સાંધ્યું છે.[૨૭] આ બ્રહ્માસ્ત્રને દૂર કરે તેવું બીજું કોઇ પણ અસ્ત્ર નથી; તો આ ઉત્કટ અસ્ત્રના તેજને તું બ્રહ્માસ્ત્રથીજ શાંત કર અને તું બ્રહ્માસ્ત્રને જાણે પણ છે."[૨૮]

સૂતે કહ્યું:–શ્રીભગવાનનું તે વચન સાંભળી શત્રુયોદ્ધાઓનો સંહાર કરનારા અર્જુને જળનું આચમન કરી શ્રીકૃષ્ણ ભગવાનને પ્રદક્ષિણા કરીને તે બ્રહ્માસ્ત્ર સામે બ્રહ્માસ્ત્રજ સાંધ્યું.[૨૯] તે સમયે એ બન્ને બ્રહ્માસ્ત્રનાં તેજ બાણોથી વીંટાઇને

થનાર' એ લક્ષણ પ્રમાણે આતતાયી છે. —શ્રીધર

+ બ્રહ્મદેવ મૃગનું રૂપ ધારણ કરી પોતાની પુત્રી સરસ્વતી સાથે મૈથુન કરવા તૈયાર થયા, ત્યારે એ દુષ્ટ કર્મથી અટકાવનાર શંકરના ભયથી તેમને નાસવું પડ્યું હતું.

આ સ્થળે કેટલાંક મૂળ પુસ્તકોમાં 'શંકરના ભયથી સૂર્ય જેમ નાઠા' એવો પાઠ પણ મળી આવે છે; તે વામન પુરાણની આ કથા સૂચવે છેઃ–વિદ્યુન્માલી નામનો એક રાક્ષસ હતો. તે શંકરનો ભક્ત હતો. શંકરે તેને એક સોનાનું વિમાન આપ્યું, એટલે તે રાક્ષસ એ વિમાનમાં બેસી સૂર્યની પાછળ પાછળ ભમવા લાગ્યો અને વિમાનના પ્રકાશથી રાત્રિનો તેણે નાશ કરી નાખ્યો. પછી સૂર્યે પોતાના પ્રકાશથી તેના વિમાનને ઓગાળી નાખી પાડી નાખ્યું. તે સાંભળી શંકરને ક્રોધ ચડ્યો અને સૂર્યની પાછળ પડ્યા. તે વખતે શંકરની ક્રૂર દૃષ્ટિથી બળતો સૂર્ય કાશીમાં જઇને પડ્યો અને 'લોલાર્ક' નામથી પ્રખ્યાત થયો.
—શ્રીધર

× 'બ્રાહ્મણપુત્ર' એમ કહીને જણાવ્યું છે કે બ્રાહ્મણને લાંબી નજર હોતી નથી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એકબીજા સાથે મળી ગયાં અને પ્રલયકાળે સંકર્ષણના મુખમાંથી નીકળેલો અગ્નિ તથા સૂર્ય–બન્ને પરસ્પર મળી જઇને જેમ વૃદ્ધિ પામે, તેમ આકાશ તથા ભૂમિને ભરી દઇ વૃદ્ધિ પામવા લાગ્યાં. ત્રણે લોકોને બાળતું તે બન્ને બ્રહ્માસ્ત્રોનું મહાન તેજ જોઇને તેથી બળતી સર્વ પ્રજાઓ 'આ શું પ્રલયકાળનો અગ્નિ છે?' એમ માનવા લાગી.[૩૦,૩૧] પછી અર્જુને પ્રજાઓ ઉપરનો તે ઉપદ્રવ અને ત્રણે લોકનો નાશ થતો જોઇને શ્રીકૃષ્ણ ભગવાનનો મત જાણી લઇ તે બન્ને બ્રહ્માસ્ત્રોનો ઉપસંહાર કર્યો–બન્નેને પાછાં ખેંચી લીધાં. પછી કૃપીના ક્રૂર પુત્ર અશ્વત્થામાને પકડીને ક્રોધથી લાલ નેત્રવાળા અર્જુને, દોરડાથી પશુને બાંધે, તેમ બળથી તેમને બાંધ્યા.[૩૨,૩૩] એ રીતે પોતાના શત્રુને દોરડા વડે બળથી બાંધીને અર્જુન પોતાની છાવણીમાં લઈ જવા ઇચ્છતો હતો, ત્યારે અત્યંત કોપાયમાન થયેલા કમલનેત્ર શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહેવા લાગ્યા.[૩૪] "અરે ઓ અર્જુન! આનું રક્ષણ કરવાને તું યોગ્ય નથી. જેણે નિરપરાધી નિદ્રાવશ બાળકોનો રાત્રિના સમયે વધ કર્યો છે, તે આ નીચ બ્રાહ્મણને તું મારી નાખ.[૩૫] ધર્મવેત્તા પુરુષ મદ્યપાન વગેરેથી બેભાન થયેલાને, પ્રમાદીને, ગાંડાને, બાળકને, સ્ત્રીને, ઉદ્યમરહિત હોઈ જડ થઇ ગયેલાને, શરણે આવેલાને, રથરહિત થઈ પડેલાને અને ભયભીત થયેલા શત્રુને પણ હણતો નથી.[૩૬] પરંતુ જે નિર્દય ખળ પુરુષ પારકા પ્રાણોથી પોતાના પ્રાણોને પોષે છે, તેનો વધ કરવો તે તો તેનું પોતાનુંજ કલ્યાણ* છે; (નહિ તો) તેણે કરેલા (એ પ્રાયશ્ચિત્તરહિત) પાપથી એ પુરુષ નરકમાં પડે છે.[૩૭] વળી તેં દ્રૌપદી પાસે મારા સાંભળતાં પ્રતિજ્ઞા કરી છે કે, 'હે માનિનિ! જેણે તારા પુત્રોનો વધ કર્યો છે, તેનું મસ્તક હું લાવીશ.'[૩૮] માટે તારા પુત્રોનો વધ કરનારા આ આતતાયી પાપીને તું મારી નાખ. હે વીર! કુળમાં કલંક લગાડનાર આ નીચ બ્રાહ્મણે પોતાના રાજાનું (દુર્યોધનનું) પણ અપ્રિય કર્યું છે. (કેમકે પાંડવોના પુત્રોનો વધ દુર્યોધનને પ્રિય ન હતો.)"[૩૯]

એ પ્રમાણે પરીક્ષા કરતા શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને પ્રેરણા કરી છતાં એ ×મહાપુરુષે પુત્રોના ઘાતક એવા એ ગુરુપુત્રને મારી નાખવાની ઇચ્છા ન કરી.[૪૦] તે પછી શ્રીકૃષ્ણ જેના મિત્ર અને સારથિ હતા, એવો તે અર્જુન પોતાની છાવણીમાં આવ્યો અને મરણ પામેલા પોતાના પુત્રોનો શોક કરતી દ્રૌપદી આગળ અશ્વત્થામાને હાજર કર્યા.[૪૧] સુંદર સ્વભાવવાળી દ્રૌપદી, એ રીતે પશુની પેઠે દોરડાથી બાંધીને આણેલા, પોતાના નિંદ્ય કર્મથી નીચા મુખવાળા અને બાળકોનો ઘાત કરનાર એવા અપકારી ગુરુપુત્ર અશ્વત્થામાને દયાથી જોઇને નમી પડી.[૪૨] વળી તે સદ્‌ગુણી દ્રૌપદી, તેમને બાંધીને લાવવામાં આવ્યા હતા તે નહિ સહન કરતી બોલી ઊઠી કે, "આમને છોડી દો, છોડી દો. કેમકે બ્રાહ્મણ તો અવશ્ય ગુરુ છે.[૪૩] તમે જેમની કૃપાથી ગુપ્ત મંત્રો સહિત ધનુર્વેદ અને પ્રયોગ (છોડવું) તથા ઉપસંહાર (પાછું વાળવું) સહિત સર્વ અસ્ત્રોનો સમૂહ શીખ્યા છો, તે ભગવાન દ્રોણાચાર્ય તેમના આ પુત્રરૂપે રહેલા છે, અને દ્રોણાચાર્યના આત્માનું‡ અર્ધસ્વરૂપ તેમની પત્ની કૃપી પણ હજી જીવે છે; કેમકે પોતે પુત્રવાળી હોવાથી પતિની પાછળ મરણ પામી નથી.[૪૪] તો હે ધર્મજ્ઞ મહા-

* ધર્મશાસ્ત્ર પણ કહે છેઃ–**राजभिर्धृतदंडास्तु कृत्वा पापानि मानवाः। विधूतकल्मषा यांति स्वर्गं सुकृतिनो यथा॥** અર્થાત્ રાજાઓએ જેઓને શિક્ષા કરી હોય છે, એવા મનુષ્યો પાપો કરીને પણ પાપરહિત થાય છે અને પુણ્યશાળી મનુષ્યોની પેઠે સ્વર્ગમાં જાય છે. —**श्रीधर**

× ધર્મને જાણતો હતો માટે મહાપુરુષ. —**बालप्रबोधिनी**

‡ સ્ત્રી, પુરુષનું અર્ધું અંગ છે એ સંબંધે પણ આવું વેદવચન છે–**अर्धो वा एष आत्मनो पत्नी**–સ્ત્રી એ પોતાનું અર્ધું અંગ છે. —**श्रीधर**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાગ! તમારે લીધે તમારા ગુરુનું કુળ દુઃખ પામે એ યોગ્ય નથી. કેમકે ગુરુનું કુળ નિત્ય પૂજ્ય અને વંદનીય ગણાય છે.૪૫।૪૬ વળી આ અશ્વત્થામાની માતા કૃપી કે જે ગૌતમ કુળનાં પુત્રી છે અને પોતાના પતિને દેવતુલ્ય માનનારાં છે, તે પણ પુત્રના મરણથી દુઃખી થઇને અશ્રુભરેલાં નેત્રોથી હું જેમ વારંવાર રડું છું તેમ ન રડો.૪૭ પોતાના મનને નહિ જીતનારા જે રાજાઓ બ્રાહ્મણોનાં કુળને કોપાયમાન કરે છે અને શોકાકુળ કરે છે, તે રાજાઓનાં કુળને તેના પરિવાર સહિત પેલું બ્રાહ્મણકુળ તત્કાળ બાળી નાખે છે.*"૪૮

સૂતે કહ્યું:–હે બ્રાહ્મણો! દ્રૌપદીનું× એ વચન કે જે ધાર્મિક, ન્યાયયુક્ત, દયાવાળું, નિષ્કપટી, સામ્ય ભાવવાળું અને સર્વોત્તમ હતું, તેને ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિરે અભિનંદન આપ્યું; એટલુંજ નહિ પણ નકુળ, સહદેવ, સાત્યકિ, અર્જુન, ભગવાન શ્રીકૃષ્ણ તથા બીજાઓએ અને જે સ્ત્રીઓ ત્યાં હતી, તેઓ સર્વેએ દ્રૌપદીનાં વચનની પ્રશંસા કરી.૪૯।૫૦ તે સમયે ક્રોધાયમાન થયેલો ભીમસેન બોલી ઊઠયો:–'આનો તો વધ કરવો તેજ ઉત્તમ છે, કારણકે તેણે સૂતેલા બાળકોને મારી નાખ્યા છે; તે પોતાના રાજા માટે માર્યા નથી, તેમ પોતાને માટે પણ માર્યા નથી; માત્ર વિનાકારણ મારી નાખ્યા છે.'૫૧ ભીમસેનનું અને દ્રૌપદીનું એ વચન સાંભળીને ×ચતુર્ભુજ શ્રીકૃષ્ણ ભગવાન પોતાના મિત્ર અર્જુનના મુખ સામે જોઇ મંદ મંદ હસતા હોય તેમ આ પ્રમાણે કહેવા લાગ્યા.૫૨

શ્રીભગવાન બોલ્યા:–"બ્રાહ્મણ નીચ હોય તોપણ તેને મારવો નહિ, પરંતુ આતતાયી હોય તે વધ કરવા યોગ્ય છે. એ બન્ને વાત (શાસ્ત્રકર્તા) મેંજ કહેલી છે. માટે મારી આ +બન્ને આજ્ઞાઓનું તું પાલન કર.૫૩ તેં દ્રૌપદીને શાંત કરતી વેળા જે પ્રતિજ્ઞા કરી છે, તેને પણ તું સત્ય કર અને ભીમસેન, દ્રૌપદી તથા મને પણ જે પ્રિય થાય તેવું તું કર."÷૫૪

સૂતે કહ્યું:–પછી તુરતજ શ્રીકૃષ્ણ ભગવાનનો અભિપ્રાય જાણી લઇ અર્જુને તલવારથી અશ્વત્થામાના મસ્તક પરનો મણિ તેમના કેશ સાથે લઇ લીધો;૫૫ અને દોરીનું બંધન છોડી નાખી મુક્ત કરીને બાળહત્યાથી નિસ્તેજ થયેલા અશ્વત્થામાને તેજ તથા મણિથી રહિત અવસ્થામાંજ છાવણીમાંથી કાઢી મૂક્યા.૫૬ કારણકે મસ્તક મૂંડી નાખવું, ધન ખૂંચવી લેવું અને સ્થાનમાંથી હાંકી કાઢવા–એ નીચ બ્રાહ્મણોનો

---

* માટે આપણા કુળની રક્ષાને વાસ્તે પણ આ બ્રાહ્મણને તમે છોડી મૂકો, એ આશય છે.

× દ્રૌપદીનાં વચનમાં ૭ ગુણો રહ્યા હતા, એમ પૂર્વના ૭ શ્લોકમાં કહ્યું, તે આ શ્લોકમાં સૂચવે છે. 'આને છોડી દો, છોડી દો' એ વચનથી ધાર્મિકતા; 'ગુપ્ત મંત્રોસહિત ધનુર્વેદ' એ વચનથી ન્યાયયુક્તતા; 'દ્રોણની અર્ધાંગના કૃપી જીવે છે' એ વચનથી દયાળુતા; 'માટે હે ધર્મજ્ઞ મહાભાગ' એ વચનથી નિષ્કપટતા; 'કૃપી પણ મારી પેઠે ન રડો' એ વચનથી સામ્યતા; અને 'જે રાજાઓ બ્રાહ્મણકુળને કોપાવે છે' એ વચનથી સર્વશ્રેષ્ઠતા–આ ૭ ગુણોવાળું દ્રૌપદીનું વચન હતું. —**શ્રીધર**

× ચતુર્ભુજ એ વિશેષણ આપવામાં એ ભાવ છે કે, ભીમસેન અશ્વાત્થામાને મારી નાખવા તૈયાર થયો છે, ત્યારે દ્રૌપદી એકાએક તેને અટકાવે છે, આ બન્નેય જણને અટકાવવા માટે ભગવાને ચતુર્ભુજસ્વરૂપ તે વખતે ધર્યું હતું. —**શ્રીધર**

+ બન્ને આજ્ઞા તે આ છેઃ–એક તો '**न ब्राह्मणो हन्तव्यः**'–હરકોઈ બ્રાહ્મણને મારી નાખવો નહિ; અને બીજી આજ્ઞા આ છેઃ–

आततायिनमायान्तमपि वेदान्तपारगम् ।
जिघांसन्तं जिघांसीयान्न तेन ब्रह्महा भवेत् ॥

હાથમાં શસ્ત્ર લઇને મારી નાખવાને આવતો બ્રાહ્મણ વેદાંતનો પારગામી હોય, તોપણ વધ કરવાને ઇષ્ટ છે; તેનો વધ કરવાથી બ્રહ્મહત્યા લાગે નહિ.

÷ કહેવાનો ભાવ એ છે કે, અશ્વત્થામાનો વધ કરવાથી ભીમસેનનું પ્રિય થશે, વધ નહિ કરવાથી દ્રૌપદીનું પ્રિય થશે અને વધ તથા અવધ બન્ને કરવાથી મારૂં પ્રિય થશે માટે તે સર્વ તું કર. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વધ છે–દેહાંત શિક્ષા છે; એ સિવાય બ્રાહ્મણને બીજી શારીરિક શિક્ષા થતી નથી.[૫૭] તે પછી પુત્રના શોકથી દુઃખી થયેલા સર્વ પાંડવોએ દ્રૌપદી સાથે પોતાના મરણ પામેલા પુત્રોની દાહ માટે લઇ જવા વગેરે જે મરણક્રિયા કરવાની હતી તે કરી.[૫૮]

पुत्रशोकातुराः सर्वे पांडवाः सह कृष्णया ।
स्वानां मृतानां यत्कृत्यं चक्रुर्निर्हरणादिकम् ॥५८

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૭ મો સમાપ્ત

अध्याय ८ मो+

અશ્વત્થામાના અસ્ત્રથી પરીક્ષિતની રક્ષા, કુન્તીની સ્તુતિ અને રાજા યુધિષ્ઠિરનો શોક

॥ सूत उवाच ॥

अथ ते संपरेतानां स्वानामुदकमिच्छताम् ।
दातुं सकृष्णा गंगायां पुरस्कृत्य ययुः स्त्रियः ॥१

સૂતે કહ્યું:–તે પછી મરણ પામેલા પોતાના સંબંધીજનો કે જેઓ તિલોદક–શ્રાદ્ધ વગેરેને (પ્રેતરૂપે) ઇચ્છતા હતા તેઓને જલાંજલિ આપવા શ્રીકૃષ્ણની સાથે પાંડવો સ્ત્રીઓને આગળ કરીને ગંગાકિનારે ગયા.[૧] ત્યાં જલની અંજલિ આપીને તેઓ સર્વેએ વારંવાર ઘણો વિલાપ કર્યો અને પછી શ્રીહરિના ચરણકમળની રજથી પવિત્ર ગણાતી ગંગાનદીના જળમાં સ્નાન કર્યું.[૨] પછી મુનિઓ સહિત શ્રીકૃષ્ણ ભગવાને, પોતાના નાના ભાઇઓ સાથે ત્યાં બેઠેલા યુધિષ્ઠિરને, ધૃતરાષ્ટ્રને, પુત્રના શોકથી પીડાતી ગાંધારીને, કુંતીને તથા દ્રૌપદીને કે જેઓ એ યુદ્ધમાં સંબંધીઓ માર્યા ગયા હતા તેથી શોકાકુળ થઇ ગયાં હતાં–તે સર્વને 'પ્રાણીઓ તરફ કાળની ગતિ ઉપાયરહિત છે' એમ દર્શાવીને શાંત કર્યાં.[૩,૪]

+ આ અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને કાપી નાખેલા અશ્વત્થામાના અસ્ત્રથી પરીક્ષિતની રક્ષા કરી, કુંતાજીએ શ્રીકૃષ્ણની સ્તુતિ કરી તે અને યુધિષ્ઠિરે શોક કર્યો તે કથા કહેવામાં આવશે. —શ્રીધર

એ રીતે ભગવાન શ્રીકૃષ્ણે દુર્યોધન આદિ ધૂર્ત પુરુષોએ હરી લીધેલું યુધિષ્ઠિરનું રાજ્ય પાછું યુધિષ્ઠિરને અપાવ્યું; દ્રૌપદીના કેશ ખેંચવાથી જેઓનાં આયુષ નાશ પામ્યાં હતાં એવા દુષ્ટ દુઃશાસન વગેરે રાજાઓનો ઘાત કરાવ્યો અને ઉત્તમ કલ્પવાળા–ઉત્તમ મંત્રદક્ષિણાવાળા ત્રણ અશ્વમેધ યજ્ઞો કરાવીને રાજા યુધિષ્ઠિરના પવિત્ર યશને ઇન્દ્રના યશની પેઠે સર્વ દિશાઓમાં ફેલાવ્યો.[૫-૬] તે પછી પાંડવોની રજા લઇ સાત્યકિ તથા ઉદ્ધવની સાથે ભગવાન શ્રીકૃષ્ણે સત્કાર પામેલા વ્યાસ વગેરે બ્રાહ્મણોનું સન્માન પામી દ્વારકા જવાનો વિચાર કર્યો અને પોતે જવા રથમાં બેઠા કે તેજ સમયે હે શૌનક! ભયથી વિહ્વળ થઇને સામેથી દોડી આવતી ઉત્તરાને તેમણે જોઇ.[૭] (તે આવીને પ્રાર્થના કરવા લાગી:–) "હે મહાયોગિ! હે દેવોના દેવ! હે જગતના પતિ! તમે મારું રક્ષણ કરો, રક્ષણ કરો. તમારા વિના બીજું કોઈ નિર્ભય સ્થાન હું જોતી નથી; આ જગતમાં તો પરસ્પર મૃત્યુજ જોવામાં આવે છે.[૮-૯] હે ઈશ્વર! હે પ્રભુ! આ તપેલું લોખંડી બાણ મારા તરફ ધસી આવે છે; તો હે નાથ! એ બાણ મને ભલે બાળી નાખે, પણ મારા ગર્ભને ન પાડી નાખે (તેવી કૃપા કરો.)"[૧૦]

સૂત બોલ્યા:–ભક્તવત્સલ શ્રીકૃષ્ણ ભગવાને તેણીનું વચન સાંભળી જાણી લીધું કે, 'આ જગતને પાંડવોથી રહિત કરવાં માટે અશ્વત્થામાનું આ બ્રહ્માસ્ત્ર છે.'[૧૧] વળી તેજ સમયે પાંડવોએ પણ પોતાની સંમુખ આવતાં પ્રદીપ્ત પાંચ બાણો જોયાં એટલે તેઓએ પણ સામે પોતાનાં અસ્ત્રો ગ્રહણ કર્યાં.[૧૨] સમર્થ ભગવાન શ્રીકૃષ્ણે, તે વખતે 'આ મારા એકનિષ્ઠ ભક્તો ઉપર આ *દુષ્પરિહાર્ય સંકટ આવી ઊભું છે' એમ જોઈને

* દુષ્પરિહાર્ય સંકટ એટલા માટે કે, અશ્વત્થામાનું તે બ્રહ્માસ્ત્ર બીજાં કોઇ અસ્ત્રોથી તે વેળા અટકે તેમ ન હતું. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાના સુદર્શન ચક્રરૂપ અસ્ત્રથી ભક્ત પાંડવોની રક્ષા કરી;[૧૩] તેમજ પ્રાણી માત્રના અંતરાત્મા અને યોગેશ્વર શ્રીહરિએ, કુરુવંશનો વિસ્તાર કરવા માટે ઉત્તરાના ઉદરમાં પ્રવેશ કરી પોતાની માયારૂપ યોગશક્તિ વડે તેના ગર્ભને વીંટી લીધો. (જેથી તેને અસ્ત્રનું તેજ બાળી શક્યું નહિ.)[૧૪] હે ભૃગુવંશી શૌનક! તે બ્રહ્માસ્ત્ર જો કે અમોઘ હતું અને તેની સામે કોઈ પણ ઉપાય ચાલી શકે તેમ ન હતો, તોપણ વિષ્ણુના તેજરૂપ સુદર્શન ચક્ર સામે આવતાંજ તે અસ્ત્ર શાંત થઈ ગયું.[૧૫] ભગવાન શ્રીકૃષ્ણ સર્વ આશ્ચર્યોથી ભરપૂર છે, તેમને વિષે એ બ્રહ્માસ્ત્ર શાંત કરવાની વાત તમે આશ્ચર્યરૂપ ન માનશો, કેમકે એ અજન્મા ભગવાન, પોતાની ઈશ્વરી માયા વડે જગતને સરજે છે, રક્ષે છે અને સંહારે÷ છે.[૧૬] તે પછી ભગવાન કૃષ્ણ દ્વારકા જવા તૈયાર થયા એટલે બ્રહ્માસ્ત્રના તેજથી મુક્ત થયેલા પાંડવો અને દ્રૌપદી સાથે સતી કુંતાજી આ પ્રમાણે સ્તુતિ કરતાં બોલ્યાં.[૧૭]

કુંતીએ કહ્યું:–"આદિપુરુષ× આપને હું નમસ્કાર કરૂં છું. આપ પ્રકૃતિ–માયાના પણ નિયંતા છો, પ્રકૃતિથી પર છો અને પ્રાણીમાત્રની અંદર તથા બહાર પૂર્ણસ્વરૂપે રહ્યા છો છતાં અલક્ષ્ય છો–દુર્વિજ્ઞેય છો.[૧૮] તમે માયારૂપી પડદાથી ઢંકાયલા છો અને તેથીજ અજ્ઞાનીઓના ઇંદ્રિયજ્ઞાનના તમે અવિષય છો–અજ્ઞાનીઓ પોતાના ઇંદ્રિયજ્ઞાનથી તમને જાણી શકતા નથી–તેમનું ઇંદ્રિયજ્ઞાન તમારા સુધી પહોંચી શકતુંજ નથી, તેમજ તમે *અવ્યય છો–અપરિચ્છિન્ન છો–અમાપ છો તેથી નાટકમાં વેશ ધારણ કરનાર નટ જેમ ઓળખાતો નથી, તેમ મૂઢદૃષ્ટિ–દેહાભિમાની પુરુષ તમને જાણી શકતો નથી. જેઓ આત્મા તથા અનાત્માના વિવેકવાળા હોય છે, મનનશીલ હોય છે તેમજ રાગાદિ દોષોથી નિવૃત્ત થયેલા હોઈ નિર્મળ અંતઃકરણવાળા હોય છે તેઓને પણ પોતાના મહિમાથી તમે જાણવામાં આવતા નથી તો અમે સ્ત્રીઓ, તમારો ભક્તિયોગ સાધવા તમારો સાક્ષાત્કાર શી રીતે કરી શકીએ?× વસુદેવના પુત્ર, દેવકીના પુત્ર, નંદગોપના કુમાર અને વેદ તથા ગાયોનું રક્ષણ કરનાર આપ શ્રીકૃષ્ણને વારંવાર મારા નમસ્કાર હો.[૧૯–૨૧] કમળ જેમની નાભિમાં છે, કમળોની જેમને માળા છે, કમળ સમાન જેમનાં નેત્ર છે અને કમળસમાન જેમના ચરણ છે એવા આપને હું વારંવાર નમસ્કાર કરૂં છું.[૨૨] હે ઇન્દ્રિયોના ઈશ્વર! દુરાત્મા કંસે ઘણા લાંબા કાળ સુધી કેદ કરેલાં અને (પુત્રોના વધથી) શોકાકુલ થયેલાં દેવકીજીને જેવી રીતે તમે દુઃખમાંથી મુક્ત કર્યાં છે તેવી રીતે શું મને દુઃખમાંથી મુક્ત કરી છે? નહિજ. (એમાં અને આમાં તો ઘણોજ ભેદ છે.) હે સમર્થ પ્રભો! પુત્રો સહિત મને તો વારંવાર અનેક દુઃખોમાંથી નાથ એવા આપેજ મુક્ત કરી છે.*[૨૩] હે હરિ! ભીમસેનને અપાયલા ઝેરથી, લાક્ષાગૃહના મહાન અગ્નિથી, હિડિંબ વગેરે રાક્ષસોના દેખાવના ત્રાસથી, જુગારીઓની સભાથી, વન-

÷ સમગ્ર જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયરૂપ લીલાઓ કરનાર ભગવાન સુદર્શનથી બ્રહ્માસ્ત્ર દૂર કરે એ કંઈ આશ્ચર્યકારક નથી. —**बालप्रबोधिनी**

× આદિપુરુષ–એટલે સર્વના ઉપાદાનકારણ. —**बालप्रबोधिनी**

* અવ્યય–એટલે જાત જાતના જન્માદિ વિકારને જે ન પામે તે. —**बालप्रबोधिनी**

× આ શ્લોકનો અર્થ આ પ્રમાણે પણ થાયઃ– નિર્મળ ચિત્તવાળા પરમહંસ મુનિઓને પણ પોતાના અચિંત્ય ગુણોથી આકર્ષીને ભક્તિયોગ સધાવવા માટે તમે અવતરેલા છો, તે તમને અમે સ્ત્રીઓ કેવી રીતે જાણી શકીએ? —**श्रीधर**

* કહેવાનો ભાવ એ છે કે, 'હે પ્રભુ! તમારી મારા ઉપર માતા કરતાં પણ અધિક પ્રીતિ છે, કેમકે માતા દેવકીજીને તો માત્ર એકજ વખત ઘણે લાંબે સમયે પુત્રો વિનાજ કંસના દુઃખમાંથી છોડાવી હતી; ત્યારે મને તો અનેક વખત તુરતજ અનેક દુઃખોમાંથી પુત્રોની સાથે છોડાવી છે.' આમ કહીને કુંતાજી ભગવાને કરેલા ઉપકારોનું સ્મરણ કરે છે. —**श्रीधर**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વાસનાં દુઃખથી, પ્રત્યેક યુદ્ધમાં અનેક મહારથીઓનાં અસ્ત્રોથી અને અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી તમે અમારૂં રક્ષણ કર્યું છે.[૨૪] હે જગતના ગુરુ! (હું પ્રાર્થના કરૂં છું કે) અમને તે તે સર્વ દેશ–કાળમાં નિરંતર વિપત્તિઓજ પ્રાપ્ત થાઓ, કે જેથી ફરી સંસારનું દર્શન નહિ કરાવનાર એવું આપનું દર્શન અમને થયા કરે.[૨૫] કેમકે સત્કુળમાં જન્મ, ઐશ્વર્ય, શાસ્ત્રજ્ઞાન તથા લક્ષ્મી વડે જેનો મદ વધી પડેલો હોય છે તેવો પુરુષ, નિષ્કામ ભક્તોએ જાણવા યોગ્ય એવા આપનું નામ લેવાને પણ યોગ્ય થતો નથી.÷[૨૬] ભક્તોરૂપી ધનવાળા, ધર્મ–અર્થ–કામરૂપી ગુણવૃત્તિઓ જેમાંથી દૂર થઇ છે એવા, આત્મામાંજ રમણ કરનારા, રાગાદિથી રહિત અને મોક્ષ આપવાને સમર્થ એવા આપને હું નમસ્કાર કરૂં છું.[૨૭] હું માનું છું કે, તમે કાળસ્વરૂપ છો, કેમકે તમે સર્વના નિયંતા છો, આદિ–અંતરહિત છો, સર્વના પ્રભુ છો, સર્વત્ર સમાન રીતે વિચરી રહ્યા છો અને પ્રાણીઓમાં પરસ્પર જે *કલહ થાય છે તેમાં આપજ નિમિત્તરૂપ છો. (છતાં આપમાં વિષમતા નથી. આપની તો સર્વત્ર સામ્ય અવસ્થા છે.)[૨૮] હે ભગવન્! તમે મનુષ્યોનું અનુકરણ કરવા ઇચ્છો છો, પણ તમારી કર્તવ્યેચ્છા કોઇના જાણવામાં આવતી નથી. તમને કોઇ પ્રિય નથી તેમ શત્રુ પણ નથી; પરંતુ મનુષ્યોની બુદ્ધિ તમારામાં વિષમ સ્વરૂપવાળી થાય છે—મનુષ્યોની બુદ્ધિજ આપને અનુગ્રહકર્તા તરીકે તથા નિગ્રહકર્તા તરીકે માની બેસે છે; વાસ્તવિક રીતે તેવું કંઈ નથી.[૨૯] હે વિશ્વાત્મન્! તમે અજન્મા છો અને અકર્તા છો, છતાં પરમાત્મારૂપ એવા તમારા પશુઓમાં વરાહ આદિરૂપે, મનુષ્યોમાં રામ આદિરૂપે, ઋષિઓમાં વામન આદિરૂપે અને જળજંતુઓમાં મત્સ્ય આદિરૂપે જે જન્મ તથા કર્મ (જોવામાં આવે છે) તે તો અત્યંત અનુકરણમાત્રજ છે.×[૩૦] તમે (દહીંનું પાત્ર ફોડી નાખીને) અપરાધ કર્યો, ત્યારે ગોપી યશોદાએ (તમને બાંધવા માટે) દોરડું હાથમાં લીધું; તે સમયે જેનાથી ભયને પણ બીક લાગે છે એવા તમે અશ્રુઓથી મિશ્ર, આંજણવાળાં, ભયભીત નેત્રોવાળું મુખ નીચું નમાવી (મને આ મારશે એવી ભયની ભાવના ધારણ કરીને) ઊભા રહ્યા હતા; તે તમારી દશા મને મોહ ઉત્પન્ન કરે છે.[૩૧] કેટલાક કહે છે કે, પવિત્ર કીર્તિવાળા અને પ્રિય એવા યુધિષ્ઠિરની કીર્તિ માટે અથવા પવિત્ર કીર્તિવાળા અને પ્રિય એવા યદુરાજાની કીર્તિ માટે અજન્મા એવા ભગવાન જેમ મલયાચલની કીર્તિ માટે તેમાં ચંદનવૃક્ષ ઉત્પન્ન થાય છે તેમ યદુના વંશમાં જન્મ્યા છે.[૩૨] વળી બીજા કેટલાક કહે છે કે, વસુદેવની પત્ની દેવકી વિષે *પૂર્વજન્મની તેમની પ્રાર્થનાથી અજન્મા તમે આ જગતનું કલ્યાણ કરવા માટે તથા રાક્ષસોનો નાશ કરવા માટે તેમના પુત્રરૂપે જન્મ્યા છો.[૩૩] ત્યારે બીજાઓ કહે છે કે, સમુદ્રમાં ઘણા ભારને લીધે ડૂબવાની અણી પર આવેલી નૌકાની પેઠે અસુરોના અત્યંત ભારથી પીડાતી પૃથ્વીનો ભાર ઉતારવા માટે બ્રહ્માની પ્રાર્થનાથી તમે જન્મ્યા છો;[૩૪] અને બીજા કેટલાક એમ કહે છે કે, પરમાનંદસ્વરૂપના અજ્ઞાનરૂપ અવિદ્યાથી, તેમજ દેહાદિ પરના અભિમાનથી થતા †કામથી અને

÷ અર્થાત્ સંપત્તિઓ તો કલ્યાણમાં વિઘ્નરૂપજ છે. —શ્રીધર

* કલહ થાય છે એટલુંજ નહિ પરંતુ મિત્રતા પણ તમારાજ નિમિત્તે થાય છે. —બાલપ્રબોધિની

× પરમાત્માને પુણ્ય–પાપ હોય નહિ તો પશુ વગેરેમાં જન્મ કેવી રીતે સંભવે? એ ભાવ છે. —બાલપ્રબોધિની

* પૂર્વજન્મમાં વસુદેવ તથા દેવકી, સુતપા તથા પૃશ્નિરૂપે હતાં અને તેમણે ભગવાનને પોતાના પુત્ર તરીકે માગી લીધા હતા. —શ્રીધર

† કામ એટલે વિષયભોગની ઇચ્છા; અને તે કામથી કરવામાં આવતાં કર્મો એટલે તે કામને ઉપયોગી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે કામથી કરવામાં આવતાં કર્મોથી જે પ્રાણીઓ આ સંસારમાં દુઃખી થઈ રહ્યાં છે, તેમનાં તે અવિદ્યા–કામ–કર્મો દૂર કરવા માટે શ્રવણ તથા સ્મરણ કરવા યોગ્ય કર્મો કરવા સારૂ તમે જન્મ્યા છો.[૩૫] જે મનુષ્યો તમારા ચરિત્રનું વારંવાર શ્રવણ કરે છે, ગાન કરે છે, શ્રોતાઓને કહી સંભળાવે છે, સ્મરણ કરે છે અને બીજાઓ વર્ણન કરતા હોય ત્યારે અભિનંદન આપે છે, તેઓજ સંસારના પ્રવાહને શાંત કરનાર તમારા ચરણ-કમળનાં તત્કાળ દર્શન કરે છે.[૩૬] હે ભક્તોની ઇચ્છાઓ પૂર્ણ કરનાર પ્રભુ! અમે આપના અત્યંત સ્નેહપાત્ર સુહૃદ છીએ અને આપની પાછળજ જીવીએ છીએ; તે અમોને આજ આપ શું ત્યાગ કરવા ઇચ્છો છો? અમે રાજાઓને દુઃખી કર્યા છે–અનેક રાજાઓનો અમે અપરાધ કર્યો છે, તો આપના ચણરકમળ વિના બીજો અમને કોઇ આશ્રય નથી.*[૩૭] જેમ ઇન્દ્રિયોનો નિયંતા જીવ જતો રહે છે, ત્યારે કંઈ પણ નામ કે રૂપ રહેતું નથી, તેમજ જો આપનું દર્શન ન થાય–અર્થાત્ આપ અમને કૃપાદષ્ટિપૂર્વક ન જુઓ તો અમે પાંડવો કે યાદવો નામથી–અર્થાત્ વિખ્યાતિથી અને રૂપથી એટલે સમૃદ્ધિથી કોણ માત્ર છીએ? અર્થાત્ અતિશય તુચ્છ છીએ. હે ગદાધારી! વજ્ર, અંકુશ આદિ પોતાનાં અસાધારણ ચિહ્નોથી ચિહ્નવાળા આપના ચરણોથી અંકિત થયેલી આ ભૂમિ હમણાં જેવી રીતે શોભી રહી છે, તેવી આપ જશો ત્યારે શોભશે નહિ.+[૩૮।૩૯] આપની કૃપાદષ્ટિથીજ આ દેશો સારી સમૃદ્ધિવાળા હોઈ સારી રીતે પાકેલી ઔષધિઓ તથા લતાઓવાળા છે અને વનો, પહાડો, નદીઓ તથા સમુદ્રો પણ વૃદ્ધિ પામી રહ્યા છે.÷[૪૦] હે સર્વના ઈશ્વર! હે સર્વના આત્મા! હે સર્વમૂર્તિ! મારા પોતાના પાંડવો વિષે તથા યાદવો વિષે મારો જે દઢ સ્નેહપાશ છે તેને આપ કાપી નાખો.×[૪૧] હે મધુપતિ! જેમ ગંગા પોતાના જળના પૂરને સમુદ્રમાં વહેવડાવે છે, તેમ મારી બુદ્ધિ બીજા કોઈ પણ વિષયમાં નહિ જતાં નિરંતર આપને વિષેજ પ્રીતિ ધારણ કરો.*[૪૨] હે શ્રીકૃષ્ણ! હે અર્જુનના મિત્ર! હે યાદવોમાં શ્રેષ્ઠ! હે પૃથ્વીનો દ્રોહ કરનારા રાજાઓના વંશોને બાળી નાખનાર! હે અખૂટ પ્રતાપશાળી! હે ગોવિંદ! હે ગાયો, બ્રાહ્મણો તથા દેવોનાં દુઃખ દૂર કરવા અવતાર લેનાર યોગેશ્વર! હે સર્વના ગુરુ! હે ભગવન્! તમને મારા નમસ્કાર હો."[૪૩]

સૂત બોલ્યા–કુંતીએ એ પ્રમાણે મધુર વાક્યોથી જેમના સમગ્ર મહિમાની સ્તુતિ કરી હતી, એવા વૈકુંઠપતિ ભગવાન માયાથી જાણે મોહ કરતા હોય તેમ મંદ મંદ હસવા લાગ્યા.[૪૪] તે પછી કુંતીની પ્રાર્થનાને 'બહુ સારૂં' એમ સ્વીકારીને રથના સ્થાનેથી પાછા પોતે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો અને ત્યાં સુભદ્રા વગેરે બીજી સ્ત્રીઓની સંમતિ લઈને પોતાના નગર (દ્વારકા) તરફ જતા હતા, તેવામાં રાજા યુધિષ્ઠિરે પ્રેમથી તેમને અટકાવ્યા–'બસ, અહીંજ રહો.' એવી પ્રાર્થનાપૂર્વક રોકવા માંડ્યા.[૪૫] તે સમય+ઈશ્-

---

કર્મો–વ્યાપારો. —બાલપ્રબોધિની

* કહેવાનો આશય એ છે કે, આ સમયે તમે અમારો ત્યાગ કરો તે યોગ્ય નથી. —શ્રીધર

+ સર્વ વસ્તુની શોભા આપ જ્યાં છો ત્યાંજ છે, એમ કહેવા માગે છે. भा. क.

÷ માટે આપ જો ઉપેક્ષા કરશો તો તે બધાં શુષ્ક થઈ જશે, એ ભાવ છે. —બાલપ્રબોધિની

× આપ અહીંથી પધારો છો તો પાંડવોનું અકુશળ થાય છે અને જો નથી પધારતા તો યાદવોનું અકુશળ થાય છે. આમ બન્ને રીતે મારૂં મન ગભરાય છે; માટે તેઓ બન્ને તરફનો મારો સ્નેહ ઓછો કરી નાખો, એવી અહીં પ્રાર્થના છે. —શ્રીધર

× જેમ ગંગા, માર્ગમાં કોઇ પણ અટકાવનાર વસ્તુને નથી ગણતી, તેમ મારી બુદ્ધિ પણ કોઇ વિઘ્નને ન ગણો ને તમારામાં પ્રીતિ કરો, એ ભાવ છે.—શ્રીધર

+ ઈશ્વર શ્રીકૃષ્ણની ઇચ્છાને વ્યાસ વગેરે જાણતા ન હતા. શ્રીકૃષ્ણની એ ઇચ્છા હતી કે, પોતાના ભક્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રની ઇચ્છાને નહિ જાણનારા વ્યાસ વગેરેએ તથા અદ્ભુત કર્મોવાળા શ્રીકૃષ્ણે પોતે પણ ઇતિહાસો વગેરે કહીને ઘણું સમજાવ્યા, છતાં શોકપૂર્ણ થયેલા રાજા યુધિષ્ઠિર કંઇ સમજ્યા નહિ.[૪૬] હે બ્રાહ્મણો! ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર (યુદ્ધમાં થયેલા) પોતાના મિત્રોના વધનો વિચાર કરવા લાગ્યા અને અવિવેકથી વ્યાપ્ત થયેલા અંતઃકરણને લીધે સ્નેહ તથા મોહને વશ થઇ ગયા.[૪૭] (તે શોક કરવા લાગ્યા કે,) 'અરેરે! મારૂં દુરાત્માનું હૃદયમાં રૂઢ થયેલું અજ્ઞાન તો જુઓ! મેં કેવળ ×પારકાજ દેહને માટે અનેક *અક્ષૌહિણી સેનાઓનો સંહાર કર્યો છે.[૪૮] અરેરે! મેં બાળકો, બ્રાહ્મણો, સંબંધીઓ, મિત્રો, કાકાઓ, ભાઇઓ તથા ગુરુઓનો પણ દ્રોહ કર્યો છે—નાશ કર્યો છે; તેથી કરોડો વર્ષે પણ મારો નરકમાંથી છુટકારો થશે નહિ.[૪૯] પ્રજાઓના પોષણમાં અધિકારી એવા રાજાએ ધર્મયુદ્ધમાં શત્રુઓનો વધ કરવો તે પાપ નથી, (પણ ધર્મજ છે.) એવાં જે શિક્ષાવચન છે તે મને બોધ આપી શકતાં નથી, મને વિવેક ઉપજાવવાને સમર્થ નથી.[૫૦] § વળી જેઓના પતિઓ વગેરે સંબંધીઓનો મેં વધ કર્યો છે, તેવી સ્ત્રીઓનો જે આ દ્રોહ ઊભો થયો છે, તેને ગૃહસ્થાશ્રમને લગતાં (હિંસક યજ્ઞ—યાગાદિ) કર્મોથી દૂર કરવાને હું સમર્થ નથી.[૫૧] જેમ ઘટ્ટ કાદવથી કાદવવાળું જળ સ્વચ્છ કરી શકાય નહિ, અથવા થોડી મદિરાથી કરાયલી અપવિત્રતા પુષ્કળ મદિરાથી દૂર થઇ શકે નહિ, તેમ કેવળ પ્રમાદથી થયેલી એકજ પ્રાણીની હિંસા પણ બુદ્ધિપૂર્વક કરેલા હિંસાપ્રાય યજ્ઞોથી દૂર થઇ શકે નહિ.' ‡[૫૨]

यथा पंकेन पंकांभः सुरया वा सुराकृतम् ।
भूतहत्यां तथैवैकां न यज्ञैर्मार्ष्टुमर्हति ॥५२॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૮ મો સમાપ્ત

अध्याय ९ मो*

ભીષ્મે યુધિષ્ઠિરને આપેલો ધર્મોપદેશ, શ્રીકૃષ્ણસ્તુતિ અને તેમની મુક્તિ

॥ सूत उवाच ॥

इति भीतः प्रजाद्रोहात्सर्वधर्मविवित्सया ।
ततो विनशनं प्रागाद्यत्र देवव्रतोऽपतत् ॥१॥

સૂતે કહ્યું—એ પ્રમાણે પ્રજાના દ્રોહથી ભય પામેલા રાજા યુધિષ્ઠિર સર્વ ધર્મો જાણવાની ઇચ્છાથી કુરુક્ષેત્રમાં ગયા, કે જ્યાં ભીષ્મપિતામહ પડ્યા હતા. તે સમયે તેમના સર્વ ભાઇઓ સોનેરી સાજથી શોભતા અને ઉત્તમ ઘોડાઓ જોડેલા રથોમાં બેસીને તેમની પાછળ ગયા અને વ્યાસ, ધૌમ્ય વગેરે બ્રાહ્મણો પણ તેમની પાછળ

ભીષ્મના નિર્વાણમહોત્સવ માટે રાજાની સાથે પોતાને કુરુક્ષેત્રમાં જવું હતું, અને તેમના મુખેજ રાજા યુધિષ્ઠિરને બોધ અપાવવો હતો, આવો શ્રીકૃષ્ણનો અભિપ્રાય હતો. —શ્રીધર

× પારકોજ દેહ તે એટલા માટે કે, તે કેવળ કૂતરાં તથા શિયાળો વગેરેનુંજ ભક્ષ્ય છે—આ રીતે શરીર પારકુંજ છે. —શ્રીધર

* જે સેનામાં ૨૧૮૭૦ હાથીઓ હોય, ૨૧૮૭૦ રથો હોય, ૬૫૬૧૦ ઘોડાઓ હોય અને ૧૦૯૩૫૦ પાયદળ હોય, તે સેના અક્ષૌહિણી કહેવાય છે.—શ્રીધર

§ આ શ્લોકનો ભાવ એ છે કે, પોતાની પ્રજાઓને બીજાઓ તરફથી દુઃખ આવી પડ્યું હોય, તે સમયે રાજાએ તે દુઃખ આપનારનો વધ કરવો, એ શાસ્ત્રાનુકૂળ છે; પણ મેં તો દુર્યોધન રાજા પ્રજાઓનું રક્ષણ કરતો હતો, તેનો પણ કેવળ રાજ્યના લોભથી નાશ કર્યો, તેથી મને પાપજ લાગ્યું છે. —શ્રીધર

‡ **'सर्वं पाप्मानं तरति तरति ब्रह्महत्यां योऽश्वमेधेन यजते य उ चैनमेवं वेद** અર્થાત્ જે કોઇ અશ્વમેધ યજ્ઞ કરે છે અથવા એ યજ્ઞના સ્વરૂપને જાણે છે, તે સર્વ પાપમાંથી મુક્ત થાય છે; બ્રહ્મહત્યાના પાપમાંથી પણ છૂટી જાય છે.' આવા અવિવેકભરેલા હેતુવાદોનું આ શ્લોકમાં ખંડન છે.—શ્રીધર

* આ અધ્યાયમાં ભીષ્મે યુધિષ્ઠિર આગળ સર્વ ધર્મોનું નિરૂપણ કર્યું, શ્રીકૃષ્ણની સ્તુતિ કરી અને તેમની મુક્તિ થઇ, એ કથાનું વર્ણન કરવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાછળ ગયા.[૨] હે બ્રહ્મર્ષિ શૌનક! ભગવાન પણ અર્જુનની સાથે રથમાં બેસીને યુધિષ્ઠિર પાછળ કુરુક્ષેત્રમાં ગયા. તે વખતે રાજા યુધિષ્ઠિર યક્ષો સાથે જેમ કુબેર શોભે, તેમ તે સર્વની સાથે શોભતા હતા.[૩] પિતામહ ભીષ્મ સ્વર્ગમાંથી પડેલા દેવની પેઠે કુરુક્ષેત્રની ભૂમિ પર પડ્યા હતા; તેમને જોઈને પરિવાર સહિત પાંડવોએ શ્રીકૃષ્ણની સાથે તેમને પ્રણામ કર્યા.[૪] હે ઋષિશ્રેષ્ઠ શૌનક! સર્વ બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ તથા રાજર્ષિઓ ભરતશ્રેષ્ઠ ભીષ્મનાં દર્શન કરવા માટે તત્કાળ ત્યાં આવ્યા હતા, તેમજ હે બ્રહ્મન્! પર્વત, નારદ, ધૌમ્ય, ભગવાન વ્યાસ, બૃહદશ્વ, ભરદ્વાજ, પોતાના શિષ્યો સહિત પરશુરામ, વસિષ્ઠ, ઇન્દ્રપ્રમદ, ત્રિત, ગૃત્સમદ, અસિત, કક્ષીવાન્, ગૌતમ, અત્રિ, વિશ્વામિત્ર, સુદર્શન અને બીજા પણ શુકદેવ વગેરે પવિત્ર મુનિઓ તેમજ કશ્યપ તથા બૃહસ્પતિ વગેરે પણ પોતાના શિષ્યોની સાથે ત્યાં આવ્યા હતા.[૫-૮] વસુઓમાં ઉત્તમ અને +દેશ–કાળના વિભાગને જાણનારા ધર્મજ્ઞ ભીષ્મપિતામહે ત્યાં આવેલા તે મહાભાગોને ઓળખીને તેમનો સત્કાર કર્યો.[૯] તેમજ જગતના ઈશ્વર શ્રીકૃષ્ણ કે જેમણે માયાથી મનુષ્યશરીર ગ્રહણ કર્યું હતું અને જે પોતાની સમીપમાં બેઠેલા હોઇ પોતાના હૃદયમાં પણ બિરાજેલા હતા, તેમનો પણ તેમના પ્રભાવને જાણનારા ભીષ્મે સત્કાર કર્યો.[૧૦] પછી વિનય તથા પ્રેમથી યુક્ત અને પોતાની પાસે બેઠેલા એવા પાંડવોને સ્નેહનાં અશ્રુઓથી અંધ બનેલાં નેત્રો વડે જોઇને ભીષ્મ તેમને કહેવા લાગ્યાઃ–[૧૧] “ અહો! હે ધર્મવડે આનંદ પામનારા પાંડવો! તમને બ્રાહ્મણો, ધર્મ તથા શ્રીકૃષ્ણનો આશ્રય છે, તેથી તમારે દુઃખથી જીવવું તે યોગ્ય નથી; (છતાં આમ દુઃખથી જીવો) એ તો ઘણાજ ખેદની વાત છે અને અન્યાય છે.[૧૨] અતિરથી પાંડુ રાજા મરણ પામ્યા, ત્યારે નાનાં છોકરાંવાળાં કુંતાવહુએ પોતાનાં છોકરાંઓ સાથે તમારે માટે વારંવાર ઘણાં દુઃખો પ્રાપ્ત કર્યાં છે.[૧૩] હું માનું છું કે, તમારૂં જે કંઇ અપ્રિય થયું છે–તમને જે કંઇ દુઃખ પડ્યું છે, તે સર્વ કાળે કરેલું છે. કારણ કે જેમ મેઘમંડળ વાયુને અધીન રહે છે, તેમ લોકપાલો સહિત આ સર્વ લોક કાળને અધીન છે.×[૧૪] (આમ બધું કાળને અધીન ન હોય તો) જે સ્થળે ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર હોય, ગદાધારી ભીમસેન હોય, ધનુર્ધર અર્જુન હોય, ગાંડીવ ધનુષ હોય અને શ્રીકૃષ્ણ મિત્ર તરીકે હોય તે સ્થળે પણ વિપત્તિ કેમ હોઈ શકે?§[૧૫] હે રાજન્! આ શ્રીકૃષ્ણ જે કંઈ કરવા ઇચ્છે છે, તેને પુરુષ કદી જાણી શકતો નથી. મોટા મોટા વિદ્વાનો પણ તે જાણવાની ઇચ્છા કરતા મોહ પામે છે.[૧૬] માટે હે ભરતશ્રેષ્ઠ રાજા! આ સર્વ સુખ–દુઃખાદિ ઈશ્વરાધીન છે, એવો નિશ્ચય કરી તે ઈશ્વરનેજ તમે અનુસરો અને હે સમર્થ રાજા! આ અનાથ પ્રજાનું રક્ષણ કરો.[૧૭] આ શ્રીકૃષ્ણ ભગવાનજ આદિપુરુષ સાક્ષાત્ નારાયણ છે. તે પોતાની માયા વડે લોકને મોહ ઉપજાવતા ગૂઢ રીતે યાદવોમાં વિચરે છે.[૧૮] હે રાજા! આ શ્રીકૃષ્ણના અતિશય ગુહ્ય પ્રભાવને ભગવાન શંકર, દેવર્ષિ નારદ અને સાક્ષાત્ કપિલ ભગવાન જાણે છે.[૧૯] જેમને તું મામાના પુત્ર, પ્રિય મિત્ર અને શ્રેષ્ઠ સંબંધી માને

+ દેશકાળના વિભાગને જાણનાર, એમ કહેવામાં અભિપ્રાય એ છે કે, પોતે એ સમયે ઊભા થવાને અશક્ત હતા, તેથી તેમણે સૂતાં સૂતાં મન તથા વચનથી તેઓનો સત્કાર કર્યો. —શ્રીધર

× આ શ્લોકમાં આવો ગૂઢ અભિપ્રાય છેઃ–આ સર્વ જડ–ચૈતન્ય લોક જેમને અધીન છે તે આ શ્રીકૃષ્ણ ભગવાનજ સર્વ ગુણોથી પૂર્ણ હોઈ કાલાત્મા છે, તેથી કાળ કહેવાય છે–અને તેજ કાળને આ બધું વશ છે.

§ કહેવાનો આશય એ છે કે, અહો! કાળ દુર્ઘટ ઘટનાને પણ ઘટાવી આપવા સમર્થ છે; કેમકે જે સ્થળે પુણ્યબળ, શરીરબળ, અસ્ત્રકુશળતા, શસ્ત્રસંપત્તિ તથા દેવસંપત્તિ હોય ત્યાં પણ દુઃખ થતું જોવામાં આવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે, તેમજ જેમને તેં વિશ્વાસથી મંત્રી, દૂત અને સારથિ કર્યા છે,[20] તે આ ભગવાન સર્વના આત્મા છે, સમદષ્ટિવાળા છે, અદ્વિતીય છે, અહંકારરહિત છે અને રાગાદિથી પણ રહિત છે; તેથી તેમને નીચ–ઉચ્ચ કર્મથી થતી બુદ્ધિની વિષમતા કદી છેજ નહિ.+[21] તોપણ હે રાજા! તેમના એકાંત ભક્તો ઉપર તેમની દયાને તો તું જો. આ સમયે જ્યારે હું પ્રાણ ત્યજી રહ્યો છું, ત્યારે આ કૃષ્ણ ભગવાને મને સાક્ષાત્ દર્શન દીધાં છે.÷[22] યોગી પુરુષ પોતાના મનને ભક્તિથી જેમનામાં પ્રવેશાવીને વાણીથી જેમનું નામોચ્ચારણ કરતો શરીરને જો તજે છે, તો સર્વ કામનાઓ તથા કર્મોથી મુક્ત થાય છે.*[23] દેવોના દેવ ભગવાન કે જે પ્રસન્ન હાસ્ય વડે તથા લાલ નેત્રો વડે સુશોભિત મુખકમળવાળા છે, ધ્યાનના વિષય છે અને ચાર ભુજાઓવાળા છે, તે જ્યાંસુધી હું આ આ શરીરનો ત્યાગ કરૂં, ત્યાંસુધી અહીં મારી પાસેજ ઊભા રહો."[24]

સૂત બોલ્યા–તે સાંભળીને રાજા યુધિષ્ઠિર બાણશય્યા પર સૂતેલા તે ભીષ્મને સર્વ ઋષિઓના સાંભળતાં વિવિધ ધર્મો પૂછવા લાગ્યા.[25] પછી હે મુનિ! તત્ત્વવેત્તા ભીષ્મે પુરુષસ્વભાવથી કરાયલા–મનુષ્ય જાતિના સામાન્ય ધર્મો, વર્ણોના ધર્મો, આશ્રમોના ધર્મો, વૈરાગ્યરૂપ ઉપાધિવાળો વેદોક્ત એવો નિવૃત્તિધર્મ, રાગરૂપ ઉપાધિવાળો વેદોક્ત પ્રવૃત્તિધર્મ, દાનધર્મ, રાજધર્મ, વિભાગપૂર્વક મોક્ષધર્મ, સ્ત્રીધર્મ તથા ભગવદ્ધર્મ–એ સર્વ ધર્મોનું સંક્ષેપ અને વિસ્તારથી વર્ણન કર્યું; તેમજ ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ–એ ચારે ઉપાયોનું જાતજાતનાં આખ્યાનો તથા ઇતિહાસોમાં જે પ્રમાણે વર્ણન છે, તે પ્રમાણે વર્ણન કર્યું.[26–28] એ રીતે ભીષ્મ પિતામહ ધર્મોને કહી રહ્યા હતા, તેવામાં સ્વેચ્છામૃત્યુવાળા યોગીને પ્રિય એવો ઉત્તરાયણનો સમય આવી પહોંચ્યો;[29] એટલે સમીપ રહેલા હજારો રથીઓનું યુદ્ધમાં રક્ષણ કરનાર તે ભીષ્મે વાણીનો ઉપસંહાર કર્યો–બોલવું બંધ કર્યું અને નેત્રો ખુલ્લાં રાખી પીતાંબરથી શોભી રહેલા, ચાર ભુજાઓવાળા અને પોતાની સંમુખજ ઊભા રહેલા આદિપુરુષ શ્રીકૃષ્ણ વિષે નિઃસંગ થયેલા પોતાના મનને તેમણે ધારણ કર્યું.[30] એ રીતની શુદ્ધ ધારણાને લીધે તેમનાં પાપો નાશ પામ્યાં અને શ્રીકૃષ્ણની કૃપાદષ્ટિ થતાંજ તેમની શસ્ત્રપીડા તત્કાળ દૂર થઈ. પછી જેમની સર્વ ઇન્દ્રિયોની વૃત્તિઓ તે તે વિષયભ્રમણથી પાછી વળી હતી, એવા તે ભીષ્મે શરીરનો ત્યાગ કરતી વેળા શ્રીકૃષ્ણની આ પ્રમાણે સ્તુતિ કરી.[31]

ભીષ્મ બોલ્યાઃ–"હું તૃષ્ણારહિત થયેલી મારી બુદ્ધિને ભગવાન શ્રીકૃષ્ણ વિષે અર્પણ કરૂં છું; જે ભગવાન યાદવોમાં શ્રેષ્ઠ છે, જેમનાથી બીજું કંઇ પણ મોટું નથી, જે પોતાના સ્વરૂપભૂત પરમાનંદને પ્રાપ્ત થયા છે અને કોઈ સમયે ક્રીડા કરવા માટે આ સૃષ્ટિનો પ્રવાહ જેનાથી પ્રસરી રહ્યો છે, એવી યોગમાયાનો જેમણે સ્વીકાર કર્યો છે;[32] વળી જે ભગવાન ત્રણે જગતમાં કેવળ એકજ સુંદર,+ તમાલની સમાન શ્યામ વર્ણવાળું, પ્રાતઃકાળના સૂર્યનાં કિરણોની પેઠે સ્વાભાવિક પ્રકાશતાં વસ્ત્રોવાળું અને કેશના ગુચ્છાથી ઉપરના ભાગમાં ઢંકાયલા મુખવાળું શરીર ધારણ કરે છે, તે અર્જુનના મિત્ર તથા સારથિ શ્રીકૃષ્ણ વિષે મારી નિષ્કામ પ્રીતિ થાઓ.[33] યુદ્ધમાં (ઊડેલી) ઘોડાઓની ખરીઓની રજ વડે ભૂખરા રંગના થયેલા અને આમ તેમ ઊડી રહેલા કેશોથી જેની ઉપરનાં પરસેવાનાં બિંદુઓ લુછાઈ રહ્યાં હતાં, એવા

+ અને તેથીજ તેમણે સારથિ વગેરે નીચ કર્મો પણ કર્યાં છે. —શ્રીધર

÷ ભક્તિ તો કદી નિષ્ફળજ નથી, એમ કહેવા માગે છે. —બાલપ્રબોધિની

* કેમકે **अंते या मतिः सा गतिः** એવો સિદ્ધાંત છે. —બાલપ્રબોધિની

+ તમાલ વૃક્ષના (પુષ્પ) જેવો જેનો વર્ણ શ્યામ છે એવું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુશોભિત મુખને જે ધારણ કરતા હતા અને મારાં તીક્ષ્ણ બાણોથી જેમના શરીરની ચામડી તૂટી ગઈ હતી તથા કવચ× પણ છિન્નભિન્ન થઈ ગયું હતું, તે શ્રીકૃષ્ણ વિષે મારું મન રમણ કરો.[૩૪] પોતાના મિત્ર અર્જુનનું ‡વચન સાંભળીને તુરતજ પોતાનાં અને શત્રુઓનાં સૈન્યોની વચ્ચે રથ ઊભો રાખીને જે ઊભા હતા અને જેમણે પોતાની કાળ-દૃષ્ટિથી શત્રુયોદ્ધાઓનાં આયુષ હરી લીધાં હતાં, તે અર્જુનના* મિત્ર તથા સારથિ શ્રીકૃષ્ણ વિષે મારી પ્રીતિ થાઓ.[૩૫] દૂર ઊભેલી સેનાને મોખરે રહેલા મને–ભીષ્મ વગેરેને જોઇને અર્જુન દોષ-બુદ્ધિથી સ્વજનોનો વધ કરતો અટકી પડ્યો, ત્યારે જેમણે આત્મવિદ્યાનો ઉપદેશ કરીને અર્જુનની †કુમતિને દૂર કરી હતી તે પુરુષોત્તમના ચરણમાં મારી પ્રીતિ થાઓ.[૩૬] પોતાની §પ્રતિજ્ઞાનો ત્યાગ કરી મારી પ્રતિજ્ઞાને અધિક સત્ય કરવાને ભગવાન રથમાં બેઠા હતા ત્યાંથી એકદમ કૂદી પડીને હાથમાં રથનું પૈડું લઈ જેમ સિંહ હાથીને મારવા ધસી આવે, તેમ મારી સામે ધસી આવ્યા હતા તે સમયે, આ પૃથ્વી જેમનાથી ધ્રૂજી ઊઠી હતી અને જેમનું ઉત્તરીય વસ્ત્ર પણ માર્ગમાં ખસી ગયું હતું તે ભગવાન મારી ગતિ-રૂપ થાઓ.[૩૭] વળી ધનુષધારી એવા મારાં તીક્ષ્ણ બાણોથી જે ઘાયલ થયા હતા, જેમનું બખ્તર છિન્નભિન્ન થઈ ગયું હતું અને લોહીથી જે તર-બોળ થયા હતા, એવા ભગવાન મારો વધ કરવા-માટે બળથી (અર્જુન અટકાવતો હતો તેને તરછોડીને પણ) સામા આવ્યા હતા, તે મુકુંદ ભગવાન મારી ગતિ થાઓ.+[૩૮] અર્જુનનો રથ એજ જેમને કુટુંબની પેઠે (સેંકડો અકાર્યો કરીને પણ) રક્ષણ કરવા યોગ્ય હતો, જેમણે હાથમાં પરોણી ગ્રહણ કરી હતી, ઘોડાઓની લગામ પકડી હતી અને સારથિકર્મની શોભાથી જેઓ શોભી રહ્યા હતા, તે ભગવાન વિષે આ વખતે મરણ પામવા ઇચ્છતા મારી પ્રીતિ થાઓ; કેમકે આ યુદ્ધમાં સર્વ યોદ્ધાઓ તેમનાં દર્શન કરી તેમના પોતાના સ્વરૂપને પામ્યા છે. (એમ હું મારી દિવ્ય દૃષ્ટિથી જોઈ રહ્યો છું.)[૩૯] સુંદર ગતિ, સુંદર વિલાસો, સુંદર હાસ્ય અને પ્રેમના દૃષ્ટિ-પાતો વડે જેઓનું ભગવાને પોતે ઘણું માન કર્યું હતું અને તેથીજ ઉત્કટ મદથી આંધળી બનેલી તેમજ એ ભગવાનનાં ગોવર્ધનોદ્ધાર આદિકર્મોનું અનુકરણ કરતી ગોપીઓ પણ જેમના સ્વરૂપને પામી ગઈ છે, §તે ભગવાન વિષે મારી પ્રીતિ

× જેમનું કવચ લોહીથી શોભી રહ્યું હતું. —વાલપ્રબોધિની

‡ सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत।
यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान्॥

'હે કૃષ્ણ! આ બન્ને સેનાઓની વચ્ચે મારો રથ ઊભો રાખો. જેટલામાં જેઓ લડવાની ઇચ્છાવાળા છે, તે આ યોદ્ધાઓને હું જોઇ લઉં' એ અર્જુનનું વચન. —શ્રીધર

* અર્જુનના મિત્ર તે આ રીતે–પોતાની કાળ-દૃષ્ટિથી 'આ ભીષ્મ, આ દ્રોણ, આ કર્ણ' એમ દેખાડી દેખાડીને તે બહાને અમારા સર્વનાં આયુષ આકર્ષી લઇને અર્જુનને જય અપાવ્યો માટે.—શ્રીધર

† 'હું હણનારો છું' એવી કુબુદ્ધિને. —શ્રીધર

§ ભગવાનની પ્રતિજ્ઞા હતી કે, કૌરવપાંડવોના યુદ્ધમાં મારે શસ્ત્રો લેવાં નહિ; ત્યારે ભીષ્મની એ પ્રતિજ્ઞા હતી કે, મારે ભગવાનની પાસે શસ્ત્રો લેવડાવવાં. આ ભીષ્મપ્રતિજ્ઞાને પૂર્ણ કરવા ભગવાને પોતાની પ્રતિજ્ઞા તોડી હતી. વળી તે સમયે ભગવાન પોતાનો મનુષ્યા-વતાર વીસરી જઇ મૂળ સ્વરૂપમાં આવી ગયા હતા, તેથી તેમના ઉદરમાં રહેલાં સકળ ભુવનોના ભારથી પૃથ્વી કંપી ગઇ હતી. —શ્રીધર

+ આ શ્લોકનો ભાવ એ છે કે, તે સમયે લોક-દૃષ્ટિએ ભગવાન અર્જુનના પક્ષપાતી હોય તેવા જણાયા હતા; પણ ખરી રીતે તો ભગવાને મારા ઉપરજ અનુગ્રહ કર્યો છે કે, કોઇ પણ રીતે મારા ભક્તની પ્રતિજ્ઞા મિથ્યા ન થવી જોઇએ. —શ્રીધર

§ અર્થાત્ ગોપીઓ જેવાં મદાંધ પ્રાણીઓ પણ તે ભગવાનનાં દર્શનાદિથી ભગવાનના સ્વરૂપને પામી ગયાં તો ક્ષાત્રધર્મથી યુદ્ધ કરનારા યોદ્ધાઓ તેમનાં દર્શનથી તેમના સ્વરૂપને પામે એ કંઈ આશ્ચર્ય નથી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થાઓ.[૪૦] યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં મુનિગણો અને મહારાજાઓથી ભરપૂર એવી સભાની વચ્ચે તે મુનિઓ તથા મહારાજાઓને પણ દર્શન કરવા યોગ્ય એવા જે ભગવાન તેમની પૂજાને પામ્યા હતા, તે સર્વ જગતના આત્મા, આ સમયે મારી દષ્ટિએ પ્રત્યક્ષ છે. (તે મારાં મહાભાગ્ય છે.)[૪૧] (ખરેખર, હું કૃતાર્થ થયો છું, કેમકે) પોતે સરજેલાં પ્રાણીમાત્રનાં પ્રત્યેક હૃદયમાં જે બિરાજેલા છે અને જેમ સૂર્ય પોતે એકજ છે, છતાં પ્રાણીમાત્રની ભિન્નભિન્ન દષ્ટિએ અનેક હોય તેવો જણાય છે, તેમ જે ભગવાન પોતે એકજ છે છતાં અનેક સ્વરૂપે જણાય છે, તે આ અજન્મા ભગવાનને મેં ભેદ તથા મોહનો ત્યાગ કરી સારી રીતે પ્રાપ્ત કર્યા છે."[૪૨]

સૂતે કહ્યું:–એ પ્રમાણે સર્વના આત્મસ્વરૂપ શ્રીકૃષ્ણ વિષે મન, વચન તથા દષ્ટિની વૃત્તિઓ સાથે પોતાના આત્માને સ્થાપીને–એકસ્વરૂપ કરી દઇને પિતામહ ભીષ્મ અંદરના ભાગમાંજ શ્વાસને લીન કરી દઈ ×ઉપરામ પામ્યા.[૪૩] તે સમયે ભીષ્મ પિતામહને નિરુપાધિ બ્રહ્મ વિષે ઐક્યભાવને પામેલા જાણીને સાયંકાળે સર્વ પક્ષીઓ ચૂપ થઈ જાય છે તેમ (ત્યાં બેઠેલા) તેઓ સર્વે ચૂપ થઈ ગયા–કેવળ શાંત વાતાવરણ ફેલાઇ ગયું.[૪૪] પછી ત્યાં દેવો તથા મનુષ્યોએ વગાડેલાં દુંદુભિઓ (નગારાં) વાગવા લાગ્યાં અને રાજાઓમાં જેઓ સજ્જન હતા–પારકા ગુણોમાં દોષો જોનારા ન હતા, તેઓ પ્રશંસા કરવા લાગ્યા, તેમજ આકાશમાંથી પુષ્પવૃષ્ટિઓ પડી.[૪૫] હે શૌનક! રાજા યુધિષ્ઠિરે, સારી રીતે મુક્ત થયેલા એ ભીષ્મનાં દાહસંસ્કાર વગેરે મરણકૃત્યો કરાવ્યાં અને પોતે એક મુહૂર્ત સુધી શોકાકુલ રહ્યા.[૪૬] વળી સર્વ મુનિઓ પ્રસન્ન થઇને વેદોક્ત ગુપ્ત નામો વડે શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. પછી શ્રીકૃષ્ણમાંજ જેઓનું હૃદય હતું, એવા તે મુનિઓ પોતપોતાના આશ્રમો તરફ ગયા.[૪૭] તે પછી રાજા યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની સાથે હસ્તિનાપુરમાં જઇને પિતા–ધૃતરાષ્ટ્રને તથા તપસ્વિની ગાંધારીને શાંત કર્યાં;[૪૮] અને ધૃતરાષ્ટ્રની સંમતિથી તથા શ્રીકૃષ્ણના અનુમોદનથી સમર્થ રાજા યુધિષ્ઠિર ધર્મપૂર્વક પોતાના બાપદાદાઓનું રાજ્ય કરવા લાગ્યા.[૪૯]

× ઉપરામ પામ્યા–એટલે પ્રાકૃત દેહાદિનો ત્યાગ કર્યો. —बालप्रबोधिनी

पित्रा चानुमतो राजा वासुदेवानुमोदितः ।
चकार राज्यं धर्मेण पितृपैतामहं विभुः ॥४९॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૯ મો સમાપ્ત

अध्याय १० मो×

શ્રીકૃષ્ણનું દ્વારકાગમન

॥ शौनक उवाच ॥

हत्वा स्वरिक्थस्पृध आततायिनो ।
युधिष्ठिरो धर्मभृतां वरिष्ठः ॥
सहानुजैः प्रत्यवरुद्धभोजनः ।
कथं प्रवृत्तः किमकारषीत्ततः ॥ १ ॥

શૌનકે પૂછ્યું:–ધર્મધારીઓમાં શ્રેષ્ઠ રાજા યુધિષ્ઠિર કે જેમણે પોતાના ધનની ઇચ્છા કરનારા અથવા પોતાના ધન માટે યુદ્ધ કરનારા અને શસ્ત્રો લઈ સામા થયેલા દુર્યોધન વગેરેનો વધ કરીને (રાજ્ય પ્રાપ્ત કરી) ભોગો સંપાદન કર્યા હતા (અથવા બંધુ–વધના દુઃખથી રાજ્યભોગ ઓછા કરી નાખ્યા હતા) તેમણે પોતાના ભાઇઓ સાથે કેવી રીતે રાજ્ય કર્યું હતું અને તે પછી તેમણે શું કર્યું હતું?[૧]

સૂતે કહ્યું:–જગતના રક્ષક એવા પરમેશ્વર શ્રીકૃષ્ણે વંશરૂપ વનમાં સળગી ઊઠેલા ક્રોધરૂપી દાવાનળથી બળી ગયેલા કુરુવંશને પરીક્ષિતનું રક્ષણ કરી અંકુરિત કર્યો અને યુધિષ્ઠિરને તેમના

× આ અધ્યાયમાં શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરનું કાર્ય કરીને સ્ત્રીઓથી સ્તુતિ કરાતા દ્વારકા પધાર્યા, એ વર્ણન કરવામાં આવશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાજ્ય ઉપર સ્થાપી પોતે મનમાં પ્રસન્ન થયા.[૨] પછી રાજા યુધિષ્ઠિર ભીષ્મ તથા શ્રીકૃષ્ણનાં વચન સાંભળી (તેથી) થયેલા +વિજ્ઞાન વડે મોહથી મુક્ત થયા અને શ્રીકૃષ્ણનો આશ્રય લઇ, પોતાના નાના ભાઇઓથી સેવાઇને સમુદ્ર સુધીની પૃથ્વી પર ઇન્દ્રની પેઠે રાજ્ય કરવા લાગ્યા.[૩] (તેમના રાજ્યકાળમાં) વરસાદ ઇચ્છાનુસાર વર્ષતો હતો, પૃથ્વી સર્વ કામનાઓ પૂરતી હતી અને મોટાં આઉવાળી ગાયો હર્ષથી પોતાનાં રહેઠાણોને દૂધથી તરબોળ કરતી હતી.[૪] તેમના સમયની નદીઓ, સમુદ્રો, પર્વતો, વનસ્પતિઓ, લતાઓ તથા સર્વ ઔષધિઓ પ્રત્યેક ઋતુમાં યથેષ્ટ ફળ આપતી હતી.[૫] યુધિષ્ઠિર જ્યારે રાજા હતા, ત્યારે પ્રાણીઓમાં માનસિક પીડાઓ, રોગો, ટાઢ, તાપ વગેરે ક્લેશો કે દેવો તથા પ્રાણીઓથી ઉત્પન્ન થનારાં દુઃખો કદી પણ ન હતાં.[૬] ભગવાન કૃષ્ણ પોતાનાં સંબંધીઓને શોકરહિત કરવાને તથા બ્હેન સુભદ્રાને સારું લગાડવાની ઇચ્છાથી કેટલાક મહિના હસ્તિનાપુરમાં રહ્યા અને પછી રાજા યુધિષ્ઠિરને પૂછી તેમની અનુજ્ઞા લઇ ભેટીને, તેમજ (શિષ્ટાચારની રક્ષા માટે) પ્રણામ કરી દ્વારકા તરફ જવાને રથ ઉપર બેઠા. તે સમયે કેટલાંક તેમને ભેટી પડ્યાં અને કેટલાંકે વંદન કર્યું.[૭૮] સુભદ્રા, દ્રૌપદી, કુંતી, વિરાટપુત્રી ઉત્તરા, ગાંધારી, ધૃતરાષ્ટ્ર,* યુયુત્સુ, કૃપાચાર્ય, નકુલ, સહદેવ, ભીમસેન, ધૌમ્ય તથા સત્યવતી વગેરે બીજી સ્ત્રીઓ મોહને લીધે તે સમયે શ્રીકૃષ્ણના વિરહને સહન કરી શક્યાં નહિ.[૯૧૦] કેમકે સત્સંગને લીધે દુઃસંગનો જેણે ત્યાગ કર્યો હોય છે, એવો વિદ્વાન મનુષ્ય, સજ્જનોથી વર્ણવાતા ભગવાનના મનોહર યશને એક વખત પણ સાંભળીને સત્સંગનો ત્યાગ કરી શકતો નથી;[૧૧] તો પછી પાંડવો કે જેઓ દર્શન, સ્પર્શન, સંભાષણ, શયન, આસન તથા ભોજન—એ સર્વ વ્યાપારોથી શ્રીકૃષ્ણ વિષેજ બુદ્ધિને સ્થાપનારા હતા, તેઓ તે ભગવાનના વિરહને કેમ સહન કરી શકે?[૧૨] તેથી જેઓનાં મન શ્રીકૃષ્ણની પાછળજ દોડ્યાં હતાં અને સ્નેહથી જેઓ બંધાઈ ગયા હતા, એવા તેઓ સર્વે સ્થિર નેત્રોથી તેમને જોતા હતા અને (તેમને માટે ભેટ વગેરે લાવવા સારૂ) આમ તેમ જતા હતા.[૧૩] દેવકીપુત્ર ભગવાન કૃષ્ણ જ્યારે ઘેરથી નીકળ્યા, ત્યારે સંબંધીઓની સ્ત્રીઓ અત્યંત આસક્તિને લીધે (આંખમાં આવતાં) અશ્રુબિંદુઓને 'અમંગળ ન થાય' એવા કારણથી રોકી રાખતી હતી.[૧૪] પછી તે વખતે મૃદંગો, શંખો, ભેરીઓ, વીણાઓ, ઢોલ, રણશિંગાં, ઝાલરો, ઢોલકીઓ, ઘંટડીઓ તથા નગારાંઓ વાગવા લાગ્યાં.[૧૫] કુરુ દેશની સ્ત્રીઓ શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની ઇચ્છાથી મહેલોનાં શિખરો ઉપર ચડી ગઇ અને પ્રેમ તથા લજ્જાપૂર્વક દર્શન કરતી શ્રીકૃષ્ણ ઉપર પુષ્પવૃષ્ટિ કરવા લાગી. ભગવાનને અત્યંત પ્રિય એવા અર્જુને તે વખતે મોતીઓની માળાઓથી શોભતું અને રત્નના દાંડાવાળું શ્વેત છત્ર તેમના ઉપર ધર્યું હતું;[૧૬,૧૭] અને ઉદ્ધવ તથા સાત્યકિ અતિ અદ્ભુત ચામરો ઢોળી રહ્યા હતા. તે વેળા પુષ્પોથી વધાવાતા શ્રીકૃષ્ણ, માર્ગમાં શોભી રહ્યા હતા.[૧૮] વળી તે સમયે બ્રાહ્મણોએ આપેલા સત્ય આશીર્વાદો જ્યાંત્યાં સંભળાતા હતા, જે આશીર્વાદો નિર્ગુણ તથા સગુણ એવા શ્રીકૃષ્ણ ભગવાનને માટે અયોગ્ય હતા તેમજ યોગ્ય પણ હતા.*[૧૯] વળી તે વેળા

+ વિજ્ઞાન એટલે 'આ જગત સ્વતંત્ર નથી, પણ પરમેશ્વરને અધીન છે' એવું જ્ઞાન; અને મોહ એટલે 'હું કર્તા છું' ઇત્યાદિ ભ્રાંતિ. —શ્રીધર

* આ યુયુત્સુ તે ધૃતરાષ્ટ્રથી એક વાણિયણ સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો હતો. —શ્રીધર

* આ શ્લોકમાં બ્રાહ્મણોના આશીર્વાદોને અયોગ્ય તથા યોગ્ય કહ્યા તેનું કારણ એ છે કે, ભગવાન જો નિર્ગુણ છે—પરમાનંદસ્વરૂપ છે તો તેમને 'તમે સુખી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભગવાનમાં જેઓનું ચિત્ત હતું એવી હસ્તિનાપુરની સ્ત્રીઓમાં સર્વના કાનને તથા મનને હરણ કરે તેવી પરસ્પર આવી વાતચીત થવા લાગી. [૨૦]+પૂર્વે–સત્ત્વાદિ ગુણોના ક્ષોભની પહેલાં (એટલે સૃષ્ટિની ઉત્પત્તિસમયે) તેમજ પ્રલયકાળના સમયે જીવને ઉપાધિરૂપ સત્ત્વાદિ ગુણોની શક્તિઓ જ્યારે લય પામે છે અને તેથીજ જગતના આત્મારૂપ જીવો ઈશ્વરમાં લય પામે છે, ત્યારે પ્રપંચરહિત એવા અને પોતાના શુદ્ધ સ્વરૂપમાં રહેલા જે અદ્વિતીય પુરાણપુરુષ હતા, તેજ આ શ્રીકૃષ્ણ પોતે છે.[૨૧] બ્રહ્માદિદ્વારા વેદશાસ્ત્રના કર્તા તેજ આ પરમાત્માએ નામરૂપરહિત એવા જીવાત્મા વિષે નામરૂપ કરવાને ઇચ્છીને પોતાની કાલશક્તિથી પ્રેરણા પામેલી, તેમજ પોતાના અંશરૂપ જીવોને મોહ ઉપજાવનારી અને સૃષ્ટિરચનાને ઇચ્છતી એવી પ્રકૃતિ–માયાનો ફરી આશ્રય કર્યો હતો.[૨૨] જેમના પદનો એટલે સ્વરૂપનો અથવા ચરણનો ઇન્દ્રિયો તથા પ્રાણવાયુને જીતનારા યોગીઓજ ભક્તિથી શુદ્ધ થયેલી બુદ્ધિ વડે સાક્ષાત્કાર કરી શકે છે, તેજ આ શ્રીકૃષ્ણ બુદ્ધિને શુદ્ધ કરવાને યોગ્ય છે.÷ (યોગ વગેરે નહિ.)[૨૩] હે સખિ! વેદોમાં તથા વેદના રહસ્યરૂપ શાસ્ત્રોમાં, રહસ્યરૂપ વસ્તુનું નિરૂપણ કરનારા વિદ્વાનોએ જેમની શ્રેષ્ઠ કથાઓ ગાયેલી છે અને જે એકજ ઈશ્વર, પોતાની લીલા વડે આ જગતને સરજે છે, રક્ષે છે અને સંહારે છે, છતાં તેમાં આસક્ત§ થતા નથી; તેજ પરમેશ્વર આ શ્રીકૃષ્ણ છે.[૨૪] જ્યારે રાજાઓ તમોગુણથી વ્યાપ્ત બુદ્ધિવાળા થઈ કેવળ અધર્મથી જીવે છે, એટલે અધર્મથી કેવળ પોતાના પ્રાણનુંજ રક્ષણ કરનારા થઇ જાય છે, ત્યારે આ ભગવાન જગતનું રક્ષણ કરવા માટે યુગે યુગે શુદ્ધ સત્ત્વગુણવાળાં સ્વરૂપો ધારણ કરે છે; અને ઐશ્વર્ય, સત્ય, યથાર્થ ઉપદેશ કરવાપણું, ભક્તો ઉપર દયા તથા અદ્‌ભુત કર્મોને પ્રકટ કરે છે.*[૨૫] અહો! યદુનું કુળ અતિશય પ્રશંસાપાત્ર છે; અહો! એ મધુવન અત્યંત પવિત્ર છે, કે જે યદુકુળને લક્ષ્મીપતિ આ પુરુષોત્તમે પોતાના જન્મ વડે શોભાવ્યું છે અને મધુવન (મથુરા)ને પોતાના આમ તેમ ફરવાથી પવિત્ર કર્યું છે.[૨૬] અહો! અતિ આશ્ચર્ય છે કે, દ્વારકા સ્વર્ગના યશનો તિરસ્કાર કરી રહી છે અને ભૂમિના પવિત્ર યશને વિસ્તારી રહી છે; કેમકે જે દ્વારકાની પ્રજાઓ પોતાના પરના અનુગ્રહે મોકલેલા અને સ્મિતપૂર્વક દૃષ્ટિ કરનારા પોતાના પતિ આ શ્રીકૃષ્ણનાં નિત્ય દર્શન કરે છે.[૨૭] હે સખિ! જે સ્ત્રીઓએ આ શ્રીકૃષ્ણનું પાણિગ્રહણ કર્યું છે તેઓએ વ્રત, સ્નાન તથા હોમ વગેરેથી આ પરમેશ્વરની જન્માંતરમાં અવશ્ય પૂજા કરી હશે. કારણકે તે સ્ત્રીઓ આ ભગવાનના અધરામૃતનું વારંવાર પાન કરે છે; જે અધરામૃતમાં મનવાળી વ્રજની સ્ત્રીઓ અત્યંત મોહ પામી હતી.[૨૮] સ્વયંવરમાં શિશુપાલ વગેરે મહાબળવાન રાજાઓનો નાશ કરી, પોતાના પ્રભાવરૂપી મૂલ્યથી હરી લાવવામાં આવેલી પ્રદ્યુમ્ન, સાંબ તથા અમ્બની માતા-

રહો' ઇત્યાદિ આશીર્વાદો આપવા તે અયોગ્ય છે; અને મનુષ્યાવતાર ધારણ કરી સગુણ જણાતા તે ભગવાનને તેવા આશીર્વાદો યોગ્ય પણ થઇ શકે છે; આવો આશય છે. —શ્રીધર

+ સર્વ શ્રુતિઓને પણ સુંદર લાગે તેવી એ વાતચીત હતી; ઉપનિષદો પણ મૂર્તિમાન થઈને તે વાતચીતને અભિનંદન આપતાં હતાં. —શ્રીધર

÷ અથવા તે આ શ્રીકૃષ્ણ આપણા આ જ્ઞાનનો પોતે દૂર જઇને નાશ કરવા યોગ્ય નથી–આપણે પણ તેમની સાથેજ જવું જોઇએ; આવા ભગવાનનું અતિદુર્લભ દર્શન આપણને થયું છે. —શ્રીધર

§ 'આ હું કે આ મારું' ઇત્યાદિ અભિમાન કરતા નથી. —બાલપ્રબોધિની

* यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे॥
(गीता)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઓ–રુક્મિણી, જાંબવતી તથા નાગ્નજિતી, તેમજ ભૌમાસુરનો વધ કરીને હરી આણેલી બીજી જે હજારો સ્ત્રીઓ છે તે, સર્વ સ્ત્રીઓ પોતાના સ્વાતંત્ર્ય અને પવિત્રતા વિનાના સ્ત્રીપણાને પણ કૃતાર્થ કરે છે. કારણકે તે સ્ત્રીઓના ઘરમાંથી આ કમળનયન શ્રીકૃષ્ણ (પતિ) કદી બહાર જતા નથી અને પ્રિય ભાષણોથી અથવા કલ્પવૃક્ષ વગેરે પ્રિય વસ્તુ લાવી આપીને તેઓના હૃદયને આનંદ આપ્યા કરે છે."૨૯,૩૦

એ પ્રમાણે કહેતી નગરની સ્ત્રીઓની વાણીને ભગવાન શ્રીકૃષ્ણ તેઓની તરફ સ્મિતપૂર્વક જોઇને અભિનંદન આપતા જતા હતા.[૩૧] તે સમયે અજાતશત્રુ યુધિષ્ઠિર રાજાએ શત્રુઓથી શંકા કરીને ભગવાન શ્રીકૃષ્ણનું રક્ષણ કરવા માટે સ્નેહથી *ચતુરંગિણી સેનાને સાથે મોકલી.[૩૨] તે પછી શ્રીકૃષ્ણે વિરહ વડે આતુર થવાથી દૂર સુધી આવેલા અને અત્યંત સ્નેહી એવા કુરુવંશી પાંડવોને પાછા વાળી પોતાના પ્રિય ઉદ્ધવ વગેરેની સાથે પોતાની નગરી દ્વારકા તરફ પ્રયાણ કર્યું.[૩૩] તેમણે માર્ગમાં કુરુ, જાંગલ, પાંચાલ, શૂરસેન, યમુનાના તીર પર આવેલા દેશો, બ્રહ્માવર્ત, કુરુક્ષેત્ર, મત્સ્ય, સારસ્વત, નિર્જળ–મરુદેશ, અલ્પ જળવાળા ધન્વદેશ, સૌવીર દેશ તથા આભીર દેશને ઓળંગ્યા અને બીજા પણ કેટલાક દેશોને ઓળંગી દ્વારકાની સમીપ આવેલા આનર્ત્ત દેશમાં તે આવી પહોંચ્યા. હે શૌનક! તે સમયે ભગવાનના ઘોડાઓ જરા થાકી ગયા હતા.[૩૪,૩૫] તે તે સર્વ દેશોમાં ત્યાંના લોકોએ જેમને ભેટો ધરી હતી, એવા શ્રીકૃષ્ણ ભગવાન સાયંકાળના સમયે §પશ્ચિમદિશામાં આવી પહોંચ્યા. ÷તે વખતે સૂર્ય અસ્ત પામ્યો હતો.[૩૬]

तत्र तत्र ह तत्रत्यैर्हरिः प्रत्युद्यतार्हणः ।
सायं भेजे दिशं पश्चाद् गविष्ठो गां गतस्तदा ॥३६

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૧૦ મો સમાપ્ત

અધ્યાય ૧૧ મો×

શ્રીકૃષ્ણનો દ્વારકામાં પ્રવેશ અને ત્યાં આનંદ

॥ सूत उवाच ॥

आनर्त्तान्स उपव्रज्य स्वृद्धाञ्जनपदान्स्वकान् ।
दध्मौ दरवरं तेषां विषादं शमयन्निव ॥ १ ॥

સૂત બોલ્યાઃ–ભગવાન શ્રીકૃષ્ણે અતિશય સમૃદ્ધિવાળા પોતાના આનર્ત્ત દેશમાં આવીને ત્યાંના લોકોના ખેદને જાણે શાંત કરતા હોય, તેમ પોતાનો પાંચજન્ય શંખ વગાડ્યો. ઉજ્જ્વળ મધ્યભાગવાળો તે શંખ શ્રીકૃષ્ણના અધરોષ્ઠની રતાશથી લાલ બની ગયો હતો અને તેમના હસ્તકમળમાં રાખી વગાડવામાં આવ્યો, ત્યારે રાતાં કમળોના વનમાં ઊંચેથી શબ્દ કરતો રાજહંસ હોય તેવો શોભતો હતો.[૧,૨] જગતને ભય ઉપજાવનારો તે શંખધ્વનિ સાંભળીને સર્વ પ્રજાઓ પોતાના સ્વામીનાં દર્શનની લાલસાથી સામે આવી.[૩] ભગવાન શ્રીકૃષ્ણ તો આત્મારામ હતા અને પરમાનંદમય સ્વસ્વરૂપલાભથી નિત્ય પૂર્ણ કામનાવાળા હતા, છતાં સર્વ પ્રજાઓ તેમનામાં આદરવાળી હોઇને સૂર્યને જેમ દીપક અર્પણ કરે, તેમ તેમને ભેટો અર્પણ કરવા લાગી; અને બાળકો જેમ પિતા પ્રત્યે બોલે તેમ, પ્રીતિથી

---

* **हस्त्यश्वरथपादातं सेनांगं स्याच्चतुर्विधम्** હાથી, ઘોડા, રથ અને પાયદળ, એ ચારની સેના 'ચતુરંગિણી સેના' કહેવાય છે; —श्रीधर

§ પશ્ચિમ દિશામાં એટલે પશ્ચિમ દિશામાં આવેલા દ્વારકાના પ્રદેશમાં. —बालप्रबोधिनी

÷ અથવા તે સમયે સાયંકાળ થયો હતો તેથી રથ ઉપરથી ભૂમિ ઊપર ઊતરીને પોતે જળાશય તરફ ગયા અને ત્યા સાયંસંધ્યોપાસન કર્યું. —श्रीधर

× આ અધ્યાયમાં આનર્ત્તદેશના લોકો વડે સ્તુતિ કરાતા શ્રીકૃષ્ણે બંધુઓ સાથે નગરીમાં પ્રવેશ કરી ત્યાં આનંદ કર્યો, તે વર્ણવાશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રફુલ્લ મુખવાળી તે પ્રજાઓ હર્ષથી ગળગળી વાણી વડે સર્વના સંબંધી તથા રક્ષક એવા તે ભગવાનને કહેવા લાગીઃ–"હે નાથ! આપના ચરણકમળને અમે સદા નમીએ છીએ, કે જેને બ્રહ્મા, સનકાદિ મુનિઓ તથા સુરેન્દ્રો પણ વંદન કરે છે અને આ સંસારમાં પરમ કલ્યાણને ઇચ્છનારાં પ્રાણીઓને જ પરમ શરણરૂપ છે; કેમકે બ્રહ્માદિ દેવોના ઉપર પણ સામર્થ્ય ચલાવતો કાળ આપના ચરણમાં સામર્થ્ય ચલાવી શકતો નથી.[૪-૬] હે જગતની ઉત્પત્તિ–સ્થિતિ–પ્રલય કરનાર ભગવન્! આપ અમારૂં કલ્યાણ કરો. આપજ અમારાં માતા, પિતા, સંબંધી, પાલક, સદ્‌ગુરુ તથા પરમદેવ છો. આપની સેવાથીજ અમે કૃતાર્થ છીએ.[૭] અહો! આપને લીધેજ અમે +સનાથ છીએ. કેમકે જેનું દર્શન દેવદુર્લભ છે અને જે પ્રેમવાળા મંદ હાસ્યથી યુક્ત હોઇ સ્નેહાળ દૃષ્ટિપાતવાળા મુખથી યુક્ત છે, એવા આપના સર્વાંગસુંદર સ્વરૂપનું અમે દર્શન કરી રહ્યા છીએ.[૮] હે કમળનયન શ્રીકૃષ્ણ! આપ સંબંધીઓને મળવાની ઇચ્છાથી અમારો અનાદર કરીને જ્યારે હસ્તિનાપુર ગયા અને મથુરા ગયા, ત્યારે જેમ સૂર્ય વિના બન્ને નેત્રોને એક ક્ષણ પણ કરોડો વર્ષો જેવડો થઇ પડે છે, તેમ અમારો એક ક્ષણ પણ કરોડો વર્ષો જેવડો થઇ પડેલ હતો."[૯]

ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ, પ્રજાઓએ કહેલાં એ વચનો સાંભળતાં અને દૃષ્ટિ વડે તેમના પર અનુગ્રહ કરતા દ્વારકા નગરીમાં દાખલ થયા.[૧૦] ભોગવતી નામની (પાતાલની) નગરી જેમ નાગો વડે રક્ષાયલી છે, તેમ પોતાના જેવા બળવાન મધુ, ભોજ, દશાર્હ, અર્હ, કુકુર, અંધક તથા યદુવંશી પુરુષોથી તે દ્વારકાનગરી રક્ષાયલી હતી;[૧૧] તેમજ સર્વ ઋતુઓમાં પુષ્પાદિની સંપત્તિવાળાં પવિત્ર વૃક્ષો તથા લતામંડપો જેમાં હતાં, એવા બગીચાઓ, ઉપવનો તથા આરામસ્થળોની વચ્ચે આવેલાં સરોવરો વડે એ નગરી શોભી રહી હતી.[૧૨] તેના દરવાજાઓ અને મકાનો પર તથા માર્ગોમાં ઉત્સવનાં તોરણો બાંધવામાં આવ્યાં હતાં અને રંગબેરંગી ધ્વજાઓ તથા પતાકાઓના છેડાઓ વડે એ નગરીનાં અંદરના ભાગમાં સૂર્યનો તાપ અટકી પડ્યો હતો–બધે છાંયડોજ થઈ રહ્યો હતો.[૧૩] એ નગરીના રાજમાર્ગો, શેરીઓ, બજારો તથા ચૌટાંઓ વાળીઝાડી સાફ કરવામાં આવ્યાં હતાં અને ત્યાં સુગંધી જળ વડે છંટકાવ કર્યો હતો, તેમજ ફળ, ફૂલ, અક્ષત તથા અંકુરો બધે વેરવામાં આવ્યા હતા.[૧૪] વળી મકાનોનાં બારણેબારણે દહીં, અક્ષત, ફળો તથા શેરડીઓથી અને પૂર્ણ કળશો, બલિદાનો, ધૂપ તથા દીવાઓથી તે નગરી શણગારેલી હતી.[૧૫] પોતાના પ્રિય શ્રીકૃષ્ણને આવેલા સાંભળી ઉદાર મનવાળા વસુદેવ, અક્રૂર, ઉગ્રસેન, અદ્‌ભુત પરાક્રમવાળા બળરામ, પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ તથા જાંબવતીના પુત્ર સાંબ–એ સર્વે અત્યંત હર્ષના વેગથી શયન, આસન તથા ભોજનનો ત્યાગ કરી, મંગળ માટે મોટા હાથીને આગળ કરી, હાથમાં પુષ્પાદિ મંગળોવાળા બ્રાહ્મણોને સાથે લઇ, શંખ તથા વાદિત્રોના શબ્દથી અને મંત્રપાઠોથી આદર આપતા રથોમાં બેસીને શ્રીકૃષ્ણની સામે આવ્યા. તેઓ સ્નેહને લીધે અત્યંત આવેશમાં આવી ગયા હતા. વળી શ્રીકૃષ્ણના દર્શનની ઉત્કંઠાવાળી સેંકડો વારાંગનાઓ પણ વાહનોમાં બેસીને તેમની સામે ગઇ. તે સમયે એ વારાંગનાઓનાં મુખની શોભા ઝળકતાં કુંડળોથી શોભતા ગાલવાળી હતી.[૧૬-૧૯] વળી તે વેળા નટો,÷ નર્તકો, ગંધર્વો, સૂતો,

+ સનાથ છીએ એટલે અતિશય પૂર્ણ મનોરથવાળા છીએ. —બાલપ્રબોધિની

÷ નવે રસને ભજવવામાં ચતુર તે નટ, તાલ વગેરેને અનુસરી નૃત્ય કરનારા તે નર્તકો, ગવૈયાઓ તે ગંધર્વો, પૌરાણિકો તે સૂતો, વંશાવળીઓ કહેનારા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માગધો અને બંદીઓ ભગવાનનાં અદ્ભુત ચરિત્રો ગાતા હતા.[૨૦] ભગવાન કૃષ્ણે પણ ત્યાં પોતાની સામે આવેલા બંધુઓ તથા નગરવાસીઓને યથોચિત મળી તેઓ સર્વનું સન્માન કર્યું.[૨૧] તે પ્રભુએ કોઇને મસ્તક નમાવીને, કોઈને વચનથી નમસ્કાર કરીને, કોઇને ભેટીને, કોઇને હાથનો સ્પર્શ કરીને, કોઇને મંદ હાસ્યથી, કોઈને સન્મુખ જોવાથી, કોઇને અભયદાન આપીને અને કોઇને ઇચ્છિત વરદાનો આપીને ચાંડાળ સુધીના લોકોનું સન્માન કર્યું.[૨૨] તે વખતે તેમને પોતાને પણ ગુરુજનો, બ્રાહ્મણો, સ્ત્રીઓ સહિત વૃદ્ધ પુરુષો અને બીજા બંદીજનોએ આશીર્વાદો આપ્યા. પછી તેમણે નગરમાં પ્રવેશ કર્યો.[૨૩] હે બ્રાહ્મણ શૌનક! શ્રીકૃષ્ણ જ્યારે રાજમાર્ગમાં ગયા, ત્યારે તેમનાં દર્શનથી જેમને મહોત્સવ હતો, એવી દ્વારકાની કુળવાન સ્ત્રીઓ (તેમને જોવાને) હવેલીઓ પર ચડી ગઇ.[૨૪] દ્વારકામાં વસનારા એ લોકો જોકે નિત્ય શ્રીકૃષ્ણનાં દર્શન કરતા હતા, તોપણ તેમની દૃષ્ટિ તૃપ્તજ થતી ન હતી; કેમકે ભગવાનનું અંગ શોભાનું એક સ્થાનજ છે; તેમનું વક્ષઃસ્થળ લક્ષ્મીનું રહેઠાણ છે, તેમનું મુખ સર્વ પ્રાણીઓની દૃષ્ટિઓને સૌંદર્યરૂપી અમૃતનું પાન કરવાનું એક પાત્ર છે, તેમના બાહુઓ લોકપાલોનું નિવાસસ્થાન છે અને તેમનું ચરણકમળ ભક્તોનું નિવાસસ્થળ છે. એ શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે રાજમાર્ગમાં જતા હતા, ત્યારે ધોળાં છત્ર તથા ચામરોથી શોભી રહ્યા હતા; ચોતરફથી તેમના પર પુષ્પોની વૃષ્ટિ થઇ રહી હતી; પીળાં વસ્ત્રો તેમણે પહેર્યાં હતાં અને વનમાળા ધારણ કરી હતી; તેથી સૂર્ય, નક્ષત્રો, ચંદ્ર, મેઘધનુષ તથા વીજળીઓથી યુક્ત એવો મેઘ જેવો શોભે, તેવા તે શોભતા હતા.*[૨૫-૨૭] પછી શ્રીકૃષ્ણે પોતાનાં માતપિતાના ઘરમાં પ્રવેશ કર્યો, એટલે તેમની માતાઓ તેમને ભેટી પડી; તેમણે પોતે પણ દેવકી વગેરે સાતે× માતાઓને હર્ષથી મસ્તક નમાવી વંદન કર્યું.[૨૮] તે વેળા સ્નેહને લીધે સ્તનમાંથી દૂધ ઝરતી એ માતાઓ પોતાના પુત્ર કૃષ્ણને ખોળામાં બેસાડી હર્ષથી વિહ્વળ મનવાળી થઇ ગઈ અને નેત્રનાં હર્ષાશ્રુઓથી તેમના પર સિંચન કરવા લાગી.[૨૯] પછી ભગવાને સર્વ કામનાઓથી ભરપૂર અને સર્વથી ઉત્તમ એવા પોતાના ઘરમાં પ્રવેશ કર્યો, કે જ્યાં તેમની પત્નીઓના સોળ હજાર એક સો ને આઠ મહેલો આવેલા હતા.[૩૦] પરદેશમાં વસીને સમીપ આવેલા પોતાના પતિને જોઈ ભગવાનની પત્નીઓ મનમાં મહોત્સવવાળી થઈ અને પોતાનાં આસનો પરથી શરીરો તથા વ્રતોની* સાથે એકદમ ઊભી થઇ ગઇ. તે વખતે તેમનાં નેત્રો તથા મુખો લજ્જાયુક્ત‡ જણાતાં

---

† માગધો અને પ્રસંગ અનુસાર બોલનારા નિર્મળ બુદ્ધિવાળા તે બંદીઓ કહેવાય છે. —શ્રીધર

* આ શ્લોકમાં સૂર્યની ઉપમા છત્રને છે, નક્ષત્રોની ઉપમા પુષ્પવૃષ્ટિને છે, ચંદ્રની ઉપમા બન્ને ચામરોને છે, મેઘધનુષની ઉપમા વનમાળાને છે અને વીજળીની ઉપમા પીળાં વસ્ત્રોને છે. આ ઉપમાને સંસ્કૃત સાહિત્યમાં 'અભૂતોપમા' કહે છે—અર્થાત્ જો મેઘના ઉપર સૂર્યનું બિંબ હોય, બન્ને બાજુ એ ચંદ્ર હોય, સર્વ તરફ નક્ષત્રો હોય, મધ્યમાં ઇન્દ્રધનુષ હોય અને વીજળીનું તેજ સ્થિર હોય, તો એ મેઘ જેવો શોભે તેવા શ્રીકૃષ્ણ શોભતા હતા. —શ્રીધર

× મૂળમાં સાત માતાઓને વંદન જણાવ્યું છે, પણ તેમને તો દરેક માતાઓ સરખી હતી, તેથી અઢારે માતાઓને વંદન કરેલું સમજવું. —શ્રીધર

* અર્થાત્ પોતાના પતિનો પ્રવાસ થતાં તેઓએ હાસ્યનો તથા ક્રીડાનો ત્યાગ વગેરે જે નિયમો લીધા હતા તે પણ તેમની સાથેજ તેમના શરીરમાંથી ઊઠી નીકળ્યા; એટલે પતિદર્શન થતાં તેઓએ નિયમો છોડ્યા. એ નિયમો યાજ્ઞવલ્ક્યે આ પ્રમાણે કહ્યા છે—**क्रीडां शरीरसंस्कारं समाजोत्सवदर्शनम्। हास्यं परगृहयानं त्यजेत् प्रोषितभर्तृका**'—જેનો પતિ પરદેશ ગયો હોય તે સ્ત્રીએ રમતગમત, શરીરનો સંસ્કાર, સમાજમાં ઉત્સવોનું દર્શન, હાસ્ય અને પારકે ઘેર જવું વગેરેનો ત્યાગ કરવો જોઇએ. —શ્રીધર

‡ નેત્રો શરમાળ જણાતાં હતાં તે કટાક્ષ-દર્શનથી; અને મુખ શરમાળ જણાતું હતું તે મુખને નીચું નમાવી દીધું હતું તેથી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતાં.[31] હે ભૃગુશ્રેષ્ઠ શૌનક! તે સ્ત્રીઓ ગંભીર અભિપ્રાયવાળી હતી; તેઓ આવેલા પોતાના પતિને પ્રથમ (એટલે દર્શનની પહેલાં) હૃદયમાં બુદ્ધિથી ભેટી, પછી દર્શન થયું ત્યારે દૃષ્ટિઓથી ભેટી અને પછી જ્યારે પતિ સમીપ આવ્યા ત્યારે પુત્રોને આલિંગન કરાવવાને બહાને પોતે જાતે તેમને ભેટી પડી. વળી તે વખતે પોતાનાં બન્ને નેત્રોમાં તે સ્ત્રીઓએ હર્ષનાં અશ્રુઓ રોકી રાખ્યાં હતાં, છતાં આનંદને વશ થઇ જવાથી લગાર (તે અશ્રુઓ) ઝરી પડ્યાં અને તેથીજ તે સ્ત્રીઓ પોતાનું ધૈર્ય છૂટી પડવાને લીધે શરમાતી હતી.[32] જો કે ભગવાન શ્રીકૃષ્ણ તે સ્ત્રીઓની સમીપજ હતા અને તેમાં પણ વળી એકાંતપ્રદેશમાંજ હતા, છતાં તે સ્ત્રીઓને તેમનું ચરણયુગલ નવું નવુંજ જણાતું હતું; કેમકે એવી કઇ સ્ત્રી હોય કે જે ભગવાનના ચરણદર્શનથી વિરામ પામે? લક્ષ્મીદેવી સ્વભાવે ચંચળ છે, છતાં ભગવાનના ચરણયુગલનો કદી ત્યાગ કરતી નથી.[33] જેમ વાયુ વાંસોને પરસ્પર ઘસાવી અગ્નિ ઉત્પન્ન કરીને તેઓને માંહોમાંહે બાળી નાખી પોતે શાંત થાય છે, તેમ ભગવાન શ્રીકૃષ્ણ પણ પોતે આયુધરહિતજ રહ્યા હતા, છતાં અક્ષૌહિણી સેનાઓને લીધે ચોતરફ ફેલાયલા પ્રતાપવાળા અને જેઓનો જન્મ પૃથ્વી પર ભારરૂપ હતો, એવા રાજાઓમાં (કૌરવપાંડવોમાં) વૈર કરાવી, માંહોમાંહે વધ કરાવી પોતે ઉપરામ–શાંતિ પામ્યા હતા.[34] એ ભગવાન પોતાની માયા* વડે મનુષ્યલોકમાં અવતરેલા હતા અને પ્રાકૃત મનુષ્યની પેઠે ઉત્તમ સ્ત્રીઓના સમૂહમાં રહીને ક્રીડા કરતા હતા.[35] ગંભીર અભિપ્રાયને સૂચવનારા જેઓના સુંદર હાસ્યથી અને લજ્જાયુક્ત દૃષ્ટિપાતથી મોહિત થઈને શ્રીમહાદેવે પણ પોતાનું પિનાક ધનુષ છોડી દીધું હતું, (આવી પ્રભાવશાળી ઉત્તમ સ્ત્રીઓ હોય છે; છતાં) તેવી મદમત્ત ઉત્તમ સ્ત્રીઓ પણ પોતાના કપટભરેલા હાવભાવોથી ભગવાનના મનને ક્ષોભ પમાડવા સમર્થ થઈ ન હતી;÷[36] આવા તે ભગવાન વસ્તુતઃ અસંગ છે, છતાં લોકો તેમને સંગી માને છે, પોતાના જેવા મનુષ્ય માને છે અને પોતાની પેઠેજ કર્મોમાં આસક્ત થયેલા માને છે; તેનું કારણ એજ છે કે, લોકો અબુધ છે–તત્ત્વવસ્તુને જાણતા‡ નથી. ઈશ્વરનું ઈશ્વરત્વ તે આજ છે કે, પોતે પ્રકૃતિમાં એટલે માયામાં સ્થિતિ કરે, છતાં તે માયાના ગુણ–સુખદુઃખાદિની–સાથે પોતે જોડાતા નથી–બંધાઇ જતા નથી; જેમ બુદ્ધિ આત્માના આશ્રયવાળી છે, છતાં આત્મામાં રહેલા આનંદ આદિ ગુણોથી યુક્ત થતી નથી–અર્થાત્ આત્માના સચ્ચિદાનંદસ્વરૂપનો બુદ્ધિને જેમ અનુભવ થતો નથી તેમ.+[37-38] વળી જેમ અહંકારની વૃત્તિઓ ઈશ્વર–ક્ષેત્રજ્ઞને પોતાને અધીન માને છે–પોતાના જેવાજ ધર્મવાળો માને છે, તેમ શ્રીકૃષ્ણ ભગવાનની તે પત્નીઓ પણ પોતાના પતિ (ભગવાન)ના મહિમાને ન જાણનારી મૂઢ હોવાથી તે ભગવાનને સ્ત્રૈણ માનતી હતી–પોતાને વશ થયેલા માનતી હતી અને એકાંતે પોતાને અનુસરનારા માનતી હતી; કેમકે તે સ્ત્રીઓ પોતાના પતિ શ્રીકૃષ્ણના મહિમાને જાણતી ન

---

* પોતાની માયા વડે–એટલે પોતાના સંકલ્પ વડે.
—બાલપ્રબોધિની

÷ અથવા જે સ્ત્રીઓના ઉદ્દામ, ભાવસૂચક, સુંદર હાસ્ય તથા કટાક્ષોથી કામદેવ પણ મોહિત થઇ જાય છે અને કર્તવ્યમૂઢ બની જઇ શરમનો માર્યો પોતાનું ધનુષ ફેંકી દે છે; આવી કામદેવને જીતનારી સ્ત્રીઓ પણ જેમના મનને ડગમગાવી શકી નહિ. —શ્રીધર

‡ અબુધ છે–એટલે આત્મા તથા પરમાત્માના તત્ત્વને જાણતા નથી. —બાલપ્રબોધિની

+ અથવા આત્મામાં રહેલા સત્તાપ્રકાશ આદિ ગુણો વડે જેમ બુદ્ધિ યુક્ત થઈ જાય છે તેમ; અથવા દેહમાં રહેલા ગુણો વડે દેહના આશ્રયવાળી બુદ્ધિ અને તે બુદ્ધિની ઉપાધિવાળો જીવ જેમ યુક્ત થાય છે–બંધાઈ જાય છે તેમ ઈશ્વર માયાના ગુણોથી બંધાતા નથી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતી.[૩૯†]

तं मेनिरेऽबला मूढाः स्त्रैणं चानुव्रतं रहः ।
अप्रमाणविदो भर्तुरीश्वरं मतयो यथा ॥३९॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૧૧ મો સમાપ્ત

अध्याय १२ मो*

પરીક્ષિતનો જન્મ અને બ્રાહ્મણોનું ભવિષ્યકથન

॥ शौनक उवाच ॥

अश्वत्थाम्नोपसृष्टेन ब्रह्मशीर्ष्णोरुतेजसा ।
उत्तराया हतो गर्भ ईशेनाऽऽजीवितः पुनः ॥१॥

શૌનકે પૂછ્યું—હે સૂત! ઉત્તરાનો ગર્ભ, અશ્વત્થામાએ છોડેલા બ્રહ્માસ્ત્રના મહાન તેજથી નાશ પામ્યો હતો; પણ શ્રીકૃષ્ણ ભગવાને ફરી તેને સજીવન કર્યો હતો.[૧] તે મહાબુદ્ધિમાન મહાત્મા પરીક્ષિતનો જન્મ તથા કર્મ તમે અમને કહો. વળી જેને શુકદેવજીએ જ્ઞાન આપ્યું હતું, એવો તે રાજા કેવી રીતે મરણ પામ્યો હતો અને મરણ પામી કઈ ગતિએ ગયો હતો—તે સાંભળવાને હું ઇચ્છું છું. માટે જો તે કહેવાને તમને યોગ્ય લાગતું હોય, તો તમે અમને શ્રદ્ધાળુઓને કહો.[૨-૩]

સૂત બોલ્યા—શ્રીકૃષ્ણના ચરણની સેવાથી સર્વ કામનાઓથી નિઃસ્પૃહ થયેલા ધર્મરાજા યુધિષ્ઠિર પિતાની પેઠે રંજન કરતા પ્રજાઓનું પાલન કરતા હતા.[૪] હે બ્રાહ્મણો! દેવતાઓને લલચાવનારી સંપત્તિઓ, યજ્ઞો, યજ્ઞોથી મળનારા સ્વર્ગાદિ લોકો, દ્રૌપદી રાણી, ભાઇઓ, પૃથ્વી, જંબૂદ્વીપનું આધિપત્ય તથા છેક સ્વર્ગ સુધી પહોંચેલો યશ—આ સર્વ વિષયો, § ભૂખ્યા મનુષ્યને (ભોજન સિવાયના) બીજા ભોગોની પેઠે યુધિષ્ઠિર રાજાને શું પ્રીતિ કરતા હતા? નહિજ, કેમકે તેમનું +મન તો કેવળ શ્રીકૃષ્ણમાંજ હતું.[૫-૬] હે ભૃગુનંદન શૌનક! વીર પરીક્ષિત રાજા જ્યારે માતાના ગર્ભમાં હતા અને પોતે બ્રહ્માસ્ત્રના તેજથી બળતા હતા, ત્યારે તેમણે (માતાના ઉદરમાંજ) કોઇ એક પુરુષને જોયા હતા.[૭] એ પુરુષનું પ્રમાણ માત્ર અંગૂઠા જેવડું હતું, શરીરે તે નિર્મળ હતા, પ્રદીપ્ત સુવર્ણનો મુકુટ તેમણે ધારણ કર્યો હતો, તેમનું સ્વરૂપ અતિશય સુંદર હતું, શરીરે તે શ્યામ હતા, વીજળી જેવાં તેમનાં વસ્ત્રો હતાં, તે પોતે અચ્યુત હતા—અવિકારી હતા; તેમને શોભાવાળા અને ઢીંચણ સુધી લાંબા ચાર બાહુઓ હતા, તેમણે પ્રદીપ્ત સુવર્ણનાં કુંડળો ધારણ કર્યાં હતાં, બ્રહ્માસ્ત્ર પ્રત્યેના ક્રોધથી તેમનાં નેત્રો લાલ હતાં, તેમણે હાથમાં ગદા ધારણ કરી હતી અને બળતા અંગારા સરખી તે ગદાને વારંવાર સર્વ દિશાઓમાં તે ફેરવતા હતા. જેમ સૂર્ય હિમનો નાશ કરે, તેમ એ પુરુષ પોતાની ગદા વડે અસ્ત્રના તેજનો નાશ કરી રહ્યા હતા. આવા પુરુષને પરીક્ષિતે પોતાની પાસે જોયા હતા.[૮-૧૦] એ સમર્થ પુરુષ ધર્મનું પાલન કરનારા ભગવાન પોતે હતા. તે અમેયાત્મા (તર્કથી પણ જાણી ન શકાય એવા) શ્રીહરિ, એ અસ્ત્રના તેજનો નાશ કરીને ત્યાં (ઉત્તરાના

---

† અથવા જેવી જેવી પોતાની કલ્પના તે પ્રમાણે તે પરમેશ્વરને સ્ત્રીને અધીન—વગેરે સ્વરૂપે તે સ્ત્રીઓ માનતી હતી. —**શ્રીધર**

જેમ ભિન્ન ભિન્ન શાસ્ત્રકારોની બુદ્ધિ પરમાત્માને જગતનું ઉપાદાનકારણ, નિમિત્તકારણ, સગુણ, નિર્ગુણ, કર્તા, અકર્તા—એમ યથારુચિ માને છે, તેમ એ સ્ત્રીઓ ભગવાનને માનતી હતી; કેમકે તેમના વાસ્તવિક સ્વરૂપથી તેઓ અજાણ હતી. —**બાલપ્રબોધિની**

*આ અધ્યાયમાં જે પ્રસંગને માટે પહેલાં અશ્વત્થામાને શિક્ષાદિ વિસ્તારથી કહેવામાં આવ્યાં હતાં, તેજ પરીક્ષિતરાજાનો જન્મ વર્ણવાશે. —**શ્રીધર**

§ ભૂખ્યા માણસને બીજા પુષ્પ—ચંદન વગેરે ભોગો શું ગમે છે? નહિજ. કેમકે તેનું મન તો કેવળ અન્નમાંજ હોય છે. —**શ્રીધર**

+ મન પરમાણુસ્વરૂપ છે; અને તે વળી શ્રીકૃષ્ણમાં લાગી ગયું હતું; તેથી વિષયો સાથે તેનો સંબંધજ ન હતો. તો પછી વિષયો તેમને કેવી રીતે હર્ષ ઉપજાવે? એ ભાવ છે. —**બાલપ્રબોધિની**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉદરમાંજ) માત્ર દશ મહિનાના પરીક્ષિતના દેખતાં અંતર્ધાન થઇ ગયા.[૧૧] તે પછી અનુકૂળ એવા બીજા શુભ ગ્રહોનો જેમાં ઉદય હતો એવા સર્વ ગુણોનું ઉત્તરોત્તર આધિક્ય સૂચવતા–શુભ લગ્નમાં, સામર્થ્ય વડે બીજો પાંડુ રાજા ફરી જન્મ્યો હોય તેમ, પાંડુના વંશને ધારણ કરનાર પરીક્ષિત રાજાનો જન્મ થયો.[૧૨] રાજા યુધિષ્ઠિરે મનમાં પ્રસન્ન થઇને ધૌમ્ય–કૃપાચાર્ય આદિ બ્રાહ્મણોદ્વારા પુણ્યાહવાચન કરાવી તે પૌત્રના જાતકર્મસંસ્કાર કરાવ્યા;[૧૩] અને ÷દાનકાળને જાણનારા તે રાજાએ, એ *પ્રજાતીર્થના (પુત્ર-જન્મના પુણ્યકાળના) સમયે બ્રાહ્મણોને સુવર્ણ, ગાય, પૃથ્વી, ગ્રામો, શ્રેષ્ઠ હાથીઓ તથા ઘોડાઓ અને ઉત્તમ અન્નનાં દાન આપ્યાં.[૧૪] એટલે પ્રસન્ન થયેલા બ્રાહ્મણોએ તે વિનયી રાજા યુધિષ્ઠિરને કહ્યું કે, "હે કુરુવંશમાં શ્રેષ્ઠ રાજન્! કુરુવંશીઓનો આ શુદ્ધ પ્રજાતંતુ દુર્નિવાર્ય દૈવને લીધે જ્યારે નાશ પામતો હતો, ત્યારે પ્રભાવશાળી શ્રીવિષ્ણુ ભગવાને તમારા પર અનુગ્રહ કરવાને માટે આ બાળક તમને આપ્યો છે; તેથી મોટી કીર્તિવાળો આ બાળક '**विष्णुरात**' એ નામે પ્રસિદ્ધ થશે અને મહાન ભગવદ્ભક્ત થશે, એમાં સંદેહ નથી." ૧૫–૧૭

યુધિષ્ઠિરે પૂછ્યું–"હે અત્યંત શ્રેષ્ઠ બ્રાહ્મણો! આ બાળક પવિત્ર કીર્તિવાળા પોતાના વંશના મહાત્મા રાજર્ષિઓને પોતાની સત્કીર્તિ વડે શું અનુસરશે?"[૧૮]

બ્રાહ્મણો બોલ્યા–"હે કુંતીપુત્ર યુધિષ્ઠિર! આ બાળક, મનુના પુત્ર સાક્ષાત્ ઇક્ષ્વાકુની પેઠે પ્રજાઓનું રક્ષણ કરનાર, બ્રાહ્મણોનું હિત કરનાર અને દશરથપુત્ર શ્રીરામચંદ્રની પેઠે સત્ય પ્રતિજ્ઞાવાળો થશે.[૧૯] વળી આ બાળક ઉશીનર દેશના રાજા શિબિના જેવો દાતા અને શરણે આવેલાંનું રક્ષણ કરનાર થશે અને દુષ્યંતના પુત્ર ભરત રાજાની પેઠે પોતાની જ્ઞાતિઓના તથા યજ્ઞ કરનારાઓના યશને ફેલાવશે.[૨૦] તેમજ આ બાળક અર્જુન તથા કાર્તવીર્યના જેવો ધનુર્ધારીઓમાં અગ્રેસર, અગ્નિના જેવો અસહ્ય, સમુદ્રના જેવો દુસ્તર, સિંહના જેવો પરાક્રમી, હિમાલયની પેઠે સેવવા યોગ્ય, પૃથ્વીના જેવો ક્ષમાવાન અને માતાપિતાની પેઠે સહનશીલ થશે.[૨૧,૨૨] વળી સમભાવમાં બ્રહ્મદેવ સરખો, કૃપા કરવામાં શંકર સમાન અને લક્ષ્મીના પતિ વિષ્ણુદેવની પેઠે પ્રાણીમાત્રના આશ્રયરૂપ થશે.[૨૩] આ પુત્ર સર્વ સદ્ગુણોના માહાત્મ્યથી શ્રીકૃષ્ણને અનુસરશે અને રંતિદેવના જેવો ઉદાર તથા યયાતિના જેવો ધાર્મિક થશે.[૨૪] ધીરજમાં બલિરાજા જેવો, પ્રહ્લાદની પેઠે શ્રીકૃષ્ણનો મહાન ભક્ત, અશ્વમેધ યજ્ઞોનો કરનાર અને વૃદ્ધોનો સેવક થશે.[૨૫] વળી જનમેજય જેવા રાજર્ષિઓને આ ઉત્પન્ન કરશે, અવળે માર્ગે જનારાઓને શિક્ષા કરશે અને પૃથ્વી તથા ધર્મ માટે કલિયુગને પણ શિક્ષા કરશે.[૨૬] વળી બ્રાહ્મણના પુત્રે મોકલેલા તક્ષક નાગથી જ્યારે પોતાનું મૃત્યુ જાણશે ત્યારે સર્વ સંગનો ત્યાગ કરી–વિરક્ત થઇને શ્રીહરિના ચરણનું ભજન કરશે. હે રાજા! વ્યાસના પુત્ર શુકદેવજી પાસેથી

÷ દાનકાળને જાણનાર–એમ કહીને સૂચવે છે કે–

यावन्न छिद्यते नालं तावन्नाप्नोति सूतकम् ।
छिन्ने नाले ततः पश्चात् सूतकं तु विधीयते ॥

'જ્યાંસુધી નાળ છેદ્યો ન હોય ત્યાંસુધી સૂતક લાગે નહિ; પણ નાળછેદન પછીજ સૂતક લાગે છે.' એ વચન પ્રમાણે નાળછેદન પહેલાં દાન આપવું જોઇએ, એમ જાણનાર. **—શ્રીધર**

* **पुत्रे जाते व्यतीपाते दत्तं भवति चाक्षयम् ।**

પુત્રજન્મના સમયે તથા વ્યતીપાતમાં આપેલું (દાન) અક્ષય થાય છે. તેમજ–

देवाश्च पितरश्चैव पुत्रे जाते द्विजन्मनाम् ।
आयान्ति हि नृपश्रेष्ठ पुण्याहमिति चाब्रुवन् ॥

બ્રાહ્મણોને ત્યાં પુત્રજન્મ થાય છે ત્યારે દેવો અને પિતૃઓ ત્યાં આવે છે અને આજનો દિવસ પવિત્ર છે, એમ કહે છે; તેથી પ્રજાતીર્થ પણ પુણ્ય કરવાનો એક કાળ છે. **—શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આત્માનું યથાર્થ સ્વરૂપ જાણીને ગંગાતટે શરીરનો ત્યાગ કરી સર્વ પ્રકારે નિર્ભય એવા પરમપદને અવશ્ય પ્રાપ્ત કરશે."[૨૭।૨૮] એ પ્રમાણે યુધિષ્ઠિર રાજાને કહીને જ્યોતિષશાસ્ત્રમાં કુશળ એવા બ્રાહ્મણો યુધિષ્ઠિરનો સત્કાર પામી પોતપોતાને ઘેર ગયા.[૨૯] આ સમર્થ રાજા પોતે ગર્ભમાં જોયેલા પુરુષનું ધ્યાન કરતો 'જગતના સર્વ પુરુષોમાં તે આ પુરુષ હશે કે નહિ' એમ પરીક્ષા કર્યા કરતો હતો, તેથી '**परीक्षित्**' એ નામથી લોકમાં પ્રખ્યાત થયો.[૩૦] તે રાજપુત્ર પરીક્ષિત, જેમ શુક્લપક્ષમાં પંદર કળાઓથી પ્રતિદિન પૂર્ણ થતો ચંદ્રમા વૃદ્ધિ પામે, તેમ યુધિષ્ઠિર વગેરે પિતાઓદ્વારા ચોસઠ કળાઓથી પ્રતિદિન પૂર્ણ કરાતો સત્વર વૃદ્ધિ પામવા લાગ્યો.[૩૧] એક સમયે જ્ઞાતિદ્રોહથી લાગેલા પાપનો ત્યાગ કરવાની ઇચ્છાથી યુધિષ્ઠિર રાજાને અશ્વમેધ યજ્ઞ કરવાની ઇચ્છા થઈ; પણ કર કે દંડ વિના બીજું ધન નહિ મળવાથી પોતે વિચારમાં પડી ગયા.*[૩૨] તેમનો અભિપ્રાય જાણી લઈ શ્રીકૃષ્ણે તેમના ભાઇઓને પ્રેરણા કરી; એટલે તેઓએ ઉત્તર દિશામાં મરુત રાજાએ યજ્ઞમાં ત્યાગ કરી દીધેલું જે કંઈ સુવર્ણનાં પાત્રો વગેરે પુષ્કળ ધન હતું તે લાવી આપ્યું.[૩૩] તે ધન વડે સર્વ સામગ્રી એકઠી કરી ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિરે જ્ઞાતિદ્રોહથી ભય પામીને ત્રણ અશ્વમેધ યજ્ઞો કરીને શ્રીહરિનું યજન કર્યું.[૩૪] એ યજ્ઞોમાં યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણને બોલાવ્યા હતા; જેથી તે ભગવાન બ્રાહ્મણોદ્વારા રાજા પાસે યજ્ઞ કરાવીને સંબંધીઓનું પ્રિય કરવાની ઇચ્છાથી કેટલાક મહિના ત્યાં રહ્યા હતા.[૩૫] તે પછી હે બ્રાહ્મણ! રાજા યુધિષ્ઠિરની, દ્રૌપદીની તથા સર્વ સંબંધીઓની સંમતિ લઈ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન તથા યાદવોની સાથે દ્વારકા તરફ ગયા હતા.[૩૬]

ततो राज्ञाऽभ्यनुज्ञातः कृष्णया सह बन्धुभिः ।
ययौ द्वारवतीं ब्रह्मन् सार्जुनो यदुभिर्वृतः ॥३६॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૧૨ મો સમાપ્ત

અધ્યાય ૧૩ મો*

વિદુરના ઉપદેશથી ધૃતરાષ્ટ્ર અને ગાંધારીનું હિમાલય તરફ પ્રયાણ

॥ सूत उवाच ॥

विदुरस्तीर्थयात्रायां मैत्रेयादात्मनो गतिम् ।
ज्ञात्वाऽगाद्धास्तिनपुरं तयाऽवाप्तविवित्सितः ॥ १

સૂત બોલ્યાઃ– તીર્થયાત્રામાં મૈત્રેય ઋષિ પાસેથી ભગવાન શ્રીહરિને પોતાની ગતિરૂપ જાણીને તે આત્મગતિરૂપ શ્રીકૃષ્ણના જ્ઞાનથી જાણવા યોગ્ય સર્વ જેમણે જાણી લીધું હતું, એવા વિદુરજી હસ્તિનાપુરમાં ગયા.[૧] તેમણે મૈત્રેય ઋષિને (જ્ઞાન સંબંધે) જેટલા પ્રશ્નો કર્યા હતા, તેમાંથી માત્ર ત્રણ ચાર પ્રશ્નોના અર્થજ્ઞાનથીજ તેમને શ્રીભગવાન વિષે ભક્તિ ઉત્પન્ન થઇ હતી; તેથી તેમણે બીજા પ્રશ્નો પૂછ્યા ન હતા–તે પછી તેમને બીજું કંઇ જાણવાની ઇચ્છાજ રહી ન હતી.× હે શૌનક! વિદુરજીને આવેલા જોઈ પોતાના ભાઈઓ સાથે યુધિષ્ઠિર રાજા ધૃતરાષ્ટ્ર, યુયુત્સુ, સંજય, કૃપાચાર્ય, કુંતી, ગાંધારી, દ્રૌપદી, સુભદ્રા, ઉત્તરા, કૃપી, બીજા પણ સંબંધીઓની સ્ત્રીઓ, પાંડુરાજાના જ્ઞાતિલાઓ, તેમજ પોતપોતાના પુત્રો સાથે બીજી સ્ત્રીઓ એ સર્વે જેમ મૂર્છા વગેરેના દોષથી પ્રાણ મૂર્ચ્છિત થયા હોય, ત્યારે હાથ

* કેમકે કર તથા દંડમાંથી જે ધન આવતું હતું તે તો પોતાના સેવકવર્ગના પોષણમાંજ ખર્ચાઇ જતું હતું અને બીજી કંઇ આવક ન હતી. —શ્રીધર

* આ અધ્યાયમાં 'યુધિષ્ઠિર રાજાએ પોતાના પૌત્રનો રાજ્યાભિષેક કરી મહાપ્રસ્થાન કર્યું,' તે કહેવા માટે પ્રથમ વિદુરના કહેવાથી ધૃતરાષ્ટ્ર ઘરમાંથી નીકળી ગયા, એ કથા કહેવાશે. —શ્રીધર

× કેમકે એકાંતભક્ત પોતે કૃતાર્થ થયેલો હોય છે, તેથી બીજું કંઇ સાંભળવાની તેને ઇચ્છા નથી રહેતી. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પગ વગેરે અવયવો બેભાન થાય છે, પણ જેમ પ્રાણ પાછા પ્રકટ થતાં તે સર્વ અવયવો ભાનમાં આવી જાય છે, તેમ અત્યંત હર્ષથી તે વિદુરજીની સામે ગયાં અને વિધિ પ્રમાણે આલિંગન–વંદન વગેરેથી મળીને વિરહને લીધે આતુરતાને વશ થયેલાં તેઓ સર્વે પ્રેમનાં અશ્રુઓ વરસાવવા લાગ્યાં. પછી તે વિદુરજી આસન ઉપર બેઠા, એટલે રાજા યુધિષ્ઠિરે તેમની પૂજા કરી.૨-૬ પછી ભોજન કરીને આસન પર બેસી સુખથી વિશ્રાંતિ લેતા વિદુરજીને રાજા યુધિષ્ઠિર ત્યાં બેઠેલાં તેઓ સર્વના સાંભળતાં કહેવા લાગ્યા.૭

યુધિષ્ઠિર બોલ્યા:–"જેમ પક્ષીઓ પોતાનાં સંતાનોને પોતાની પાંખની છાયાથી ઉછેરે છે, તેમ તમે અમને પોતાના પક્ષપાતની છાયાથી ઉછેર્યા છે અને અનેક વિપત્તિઓમાંથી તથા ઝેર અને અગ્નિથી અમારી માતા સાથે તમે અમારું રક્ષણ કર્યું છે; તે અમને તમે સંભારો છો ને?૮ તમે પૃથ્વીમંડળ ઉપર વિચર્યા ત્યારે કઇ વૃત્તિથી શરીરની આજીવિકા કરી? અને કયાં મુખ્ય મુખ્ય ક્ષેત્રો તથા તીર્થોનું આ પૃથ્વી પર તમે સેવન કર્યું?૯ હે સમર્થ! આપના જેવા ભગવાનના ભક્તો પોતે તીર્થરૂપજ હોય છે અને આપના અંતઃકરણમાં ભગવાન વસેલા હોય છે, તેથી મલિન મનુષ્યોના સંગથી મલિન થયેલાં તીર્થોને પણ તમે પવિત્ર કરો છો.૧૦ હે તાત! શ્રીકૃષ્ણ જેમના દેવ છે, એવા આપણા મિત્ર તથા સંબંધી યાદવોને તમે મળ્યા કે? અથવા તેમના સંબંધે તમે કંઈ સાંભળ્યું છે? તેઓ પોતાના નગરમાં સુખી છે ને?"૧૧ ધર્મરાજા યુધિષ્ઠિરે એ પ્રમાણે પૂછ્યું, એટલે વિદુરજીએ પોતે જે જે કંઇ અનુભવ્યું હતું, તે તે સર્વ તેમની આગળ અનુક્રમે વર્ણવ્યું; પણ યદુકુળનો જે નાશ થયો હતો તે કહ્યો નહિ.૧૨ ÷કેમકે વિદુરજી દયાળુ હતા, બીજાઓને દુઃખી જોવાને તે અસમર્થ હતા; તેથી તેમણે તે વાત કહી નહિ. વળી મનુષ્યોને દૈવયોગે આવી પડેલું અપ્રિય ખરેખર દુઃસહ થઈ પડે છે.૧૩ દેવની પેઠે સત્કાર કરાયલા વિદુરજી કેટલોક કાળ સુખેથી ત્યાં રહ્યા અને સર્વને પ્રીતિ કરતા તેમણે મોટા ભાઇ ધૃતરાષ્ટ્રને તત્ત્વોપદેશ કર્યો હતો.૧૪× એ વિદુરજી યમદેવનોજ અવતાર હતા; પણ (માંડવ્ય-ઋષિના *શાપથી) સો વર્ષ સુધી શૂદ્રપણાને પામ્યા હતા. તે જ્યાંસુધી શૂદ્ર તરીકે રહ્યા હતા, ત્યાંસુધી યમલોકમાં +અર્યમાદેવ પાપીઓને ઘટતી શિક્ષા કરતા હતા.૧૫ રાજા યુધિષ્ઠિર રાજ્ય સંપાદન કર્યા પછી પોતાના કુળને ધારણ કરનાર પુત્રને જોઈને લોકપાળો સમાન એવા પોતાના ભાઇઓની સાથે ઉત્તમ લક્ષ્મીને લીધે આનંદપૂર્વક રહેવા લાગ્યા.૧૬ એ પ્રમાણે ગૃહસ્થાશ્રમ-

÷ सत्यं ब्रूयात् प्रियं ब्रूयान्नब्रूयात् सत्यमप्रियम्
प्रियं च नानृतं ब्रूयादेष धर्मः सनातनः ॥

સત્ય બોલવું, પ્રિય બોલવું; પણ સાચું અપ્રિય ન બોલવું; અને પ્રિય લાગે તેવું અસત્ય ન બોલવું–આ સનાતન ધર્મ છે. એ વચન પ્રમાણે સત્ય એવું પણ અપ્રિય કહ્યું નહિ. —બાલપ્રબોધિની

× આ શ્લોક 'વિદુરજી તો શૂદ્રને ત્યાં જન્મેલા હોઇ શૂદ્રજ હતા, તો તેમને તત્ત્વનો ઉપદેશ કરવાનો શો અધિકાર?' આવી શંકાના સમાધાનરૂપ છે અને વિદુરજીનું સત્યસ્વરૂપ જણાવે છે.

* આ શાપના સંબંધમાં આવી એક કથા છેઃ– કોઇ એક વખતે ચોરોની પાછળ પડેલા રાજાના સિપાઇઓએ તપ કરતા માંડવ્ય ઋષિની પાસેથી ચોરોને પકડ્યા; અને તે ઋષિની સાથે ચોરોને પકડીને રાજા આગળ હાજર કર્યા. પછી રાજાની આજ્ઞાથી તેઓને શૂળી ઉપર ચડાવી દીધા; પણ તેઓમાંથી માંડવ્ય ઋષિને તો રાજાએ ઋષિ જાણી શૂળી ઉપરથી ઉતારીને ક્ષમા માગી. તે પછી માંડવ્ય ઋષિ કોપાયમાન થઇને યમ રાજા પાસે ગયા અને તેને કહ્યું કે, 'મને શૂળી ઉપર કેમ ચઢાવ્યો?' એટલે યમદેવે કહ્યું કે, 'તમે બાળપણમાં એક પતંગિયાને દર્ભની અણીથી વીંધી નાખ્યું હતું અને રમત કરી હતી.' તે સાંભળી માંડવ્ય ઋષિએ યમદેવને શાપ આપ્યો કે, 'બાળપણમાં હું કંઈ સમજતો ન હતો, છતાં તેં આવડો મોટો દંડ કર્યો માટે તું શૂદ્ર થઇ જા.' —શ્રીધર

+ અર્યમાદેવ તે પિતૃદેવોનો રાજા છે. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માં તેઓ આસક્ત થયેલા અને ગૃહસ્થને લગતા વ્યાપારોથી પ્રમાદી બનેલા તેઓનો તેઓએ પોતે નહિ જાણેલો એવો મહાદુસ્તર કાળ નીકળી ગયો, તેઓનું આયુષ એમ ને એમજ ચાલ્યું ગયું.[૧૭] એટલે વિદુરજીએ તે જાણી લઇને ધૃતરાષ્ટ્રને કહ્યું કે, "હે રાજા! હવે સત્વર ઘરમાંથી નીકળી જાઓ; જુઓ, આ ભય (મૃત્યુ) પાસે આવ્યો છે.[૧૮] હે પ્રભો! જેને માટે આ લોકમાં કોઈપણ ઉપાય કોઇનાથી થઈ શકતો નથી, તેજ આ ભગવાન કાળ આપણી સર્વની સમીપ પ્રાપ્ત થયો છે.[૧૯] જે કાળથી ગ્રસ્ત થયેલો આ મનુષ્ય પોતાને અત્યંત પ્રિય એવા પ્રાણોથી પણ તત્કાળ વિયોગ પામે છે, તો પછી બીજા ધન વગેરે પદાર્થોથી વિયોગ પામે એમાં શું કહેવાનું હોય?[૨૦] તમારા પિતા, ભાઇઓ, સંબંધીઓ અને પુત્રો માર્યા ગયા છે; તમારી અવસ્થા પણ હવે ગઈ છે અને તમારૂં શરીર પણ હવે ઘડપણથી ઘેરાઇ ગયું છે; છતાં આ પારકે ઘેર પડી રહ્યા છો![૨૧] અહો! પ્રાણીને જીવવાની આશા સૌથી મોટી હોય છે, જે આશાને લીધે તમે એક કૂતરાની પેઠે ભીમસેને* આપેલો ગ્રાસ (રોટલો) સ્વીકારી રહ્યા છો. જેઓને બાળી નાખવા માટે લાક્ષાગૃહમાં તમે અગ્નિ નાખ્યો હતો, જેઓને ઝેર આપ્યું હતું, જેઓની સ્ત્રી દ્રૌપદીને દૂષિત કરી હતી–ચોટલો પકડી સભા વચ્ચે વસ્ત્ર ખેંચી અપમાન કર્યું હતું અને જેઓનાં ભૂમિ, ધન તથા રાજ્ય તમે છીનવી લીધાં હતાં, તેઓ આ સમયે તમને પ્રાણદાન કરી રહ્યા છે; તો તેવા પ્રાણોનું શું પ્રયોજન છે? કંઇજ નથી.×[૨૨।૨૩] છતાં તમે દીન થઇને જીવવા ઇચ્છો છો, તોપણ તમારૂં આ શરીર તો તમે નથી ઇચ્છતા, છતાં વસ્ત્રની પેઠે ઘડપણથી જીર્ણ થઇને ક્ષીણ થતું જાય છે. (તો હવે તમે ધીર થાઓ.)[૨૪] જે પુરુષ યશ–ધર્મ આદિ સ્વાર્થ જેમાંથી ચાલ્યો ગયો છે એવા આ શરીરને વિરક્ત થઇ અભિમાનના બંધનનો ત્યાગ કરી તજી દે છે અને જેની ગતિ પણ લોકોના જાણવામાં આવતી નથી કે 'ક્યાં ગયો,' તે પુરુષજ ધીર કહેવાય છે.[૨૫] જે પુરુષને પોતાની મેળે અથવા પરોપદેશથી વૈરાગ્ય ઉત્પન્ન થયો હોય છે અને આત્મા તથા પરમાત્માના તત્ત્વને જાણીને શ્રીહરિને હૃદયમાં રાખી ઘરમાંથી જે ચાલ્યો જાય છે, તેજ પુરુષ ઉત્તમ છે.[૨૬] માટે તમે પણ હવે પોતાનાં સંબંધીઓ તમારી ગતિને ન જાણે તેમ ઉત્તર દિશા તરફ ચાલ્યા જાઓ. કેમકે હવે પછી ઘણું કરીને પુરુષોના ધૈર્ય–દયા વગેરે ગુણોનો નાશ કરનારો કાળ પ્રાપ્ત થશે."+[૨૭] એ રીતે પોતાના નાના ભાઇ વિદુરે બોધ આપ્યો, એટલે અજમીઢ વંશના અંધ રાજા ધૃતરાષ્ટ્ર પોતાના સંબંધીઓ પર રહેલા અતિદૃઢ સ્નેહપાશોને છેદી નાખી ઘરમાંથી ચાલી નીકળ્યા. કેમકે ભાઇ વિદુરજીએ તેમને બંધ–મોક્ષનો માર્ગ દર્શાવી દીધો હતો.[૨૮] તે વખતે સુબલની સાધ્વી પુત્રી પતિવ્રતા ગાંધારી પણ યોગીઓને હર્ષદાયક હિમાલય પ્રતિ પ્રયાણ કરતા પોતાના પતિની પાછળ ચાલી નીકળ્યાં,÷ કેમકે શૂરા પુરુષોના યુદ્ધમાં તીવ્ર પ્રહાર પણ જેમ હર્ષજનક થાય છે, તેમ ગાંધારીને તે દુઃખદાયી એવું હિમાલય તરફ ગમન પણ હર્ષજનક થયું હતું.[૨૯] તે પછી રાજા યુધિષ્ઠિર સંધ્યાવંદન કરી, અગ્નિમાં હોમ કરી, તલ, ગાય, પૃથ્વી તથા સુવર્ણનાં દાનથી બ્રાહ્મણોનો

---

* ભીમસેન કે જેણે તમારા પુત્રોનો સંહાર કર્યો છે, તેણે આપેલો રોટલો તમે ખાઓ છો, એનો વિચાર છે કે? આમ કહેવા માગે છે.

× આ જીવન દીનતાભરેલું હોઇ નિષ્ફળ છે.
—બાલપ્રબોધિની

\+ અર્થાત્ કલિયુગનો સમય હવે આવી પહોંચ્યો છે.

÷ તે કોમળ ગાંધારી હિમ વગેરેથી દુઃખદાયક એવા હિમાલય તરફ કેમ ગયાં? એના ઉત્તરરૂપે આ વચનો છે.
—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સત્કાર કરીને વડીલોને વંદન કરવા ઘરમાં ગયા, પણ વિદુરને, ધૃતરાષ્ટ્રને તથા ગાંધારીને તેમણે જોયાં નહિ.[૩૦] ત્યારે મનમાં ઉદ્વેગ પામી ત્યાં બેઠેલા સંજયને તેમણે પૂછ્યું કે, "હે ગાવલ્ગણના પુત્ર સંજય! આંખે આંધળા વૃદ્ધ પિતા ધૃતરાષ્ટ્ર ક્યાં છે? પુત્રનાશથી દુઃખી થયેલાં માતા ગાંધારી ક્યાં છે? અને અમારા પરમ સ્નેહી કાકા વિદુરજી ક્યાં ગયા? જેના પુત્રો મરણ પામ્યા છે, એવા તે ધૃતરાષ્ટ્ર મંદમતિ એવા મારા પર કોઇ અપરાધની શંકા કરી પત્ની સાથે શું ગંગામાં પડ્યા?[૩૧-૩૨] અમારા પિતા પાંડુ જ્યારે મરણ પામ્યા, ત્યારે અમે સર્વે બાળક હતા; તે વેળા પોતાના સંબંધી એવા અમારૂં જેમણે દુઃખોમાંથી રક્ષણ કર્યું હતું, તે અમારા કાકા અહીંથી ક્યાં ગયા?"[૩૩]

સૂત બોલ્યાઃ-યુધિષ્ઠિરે એ પ્રમાણે પૂછ્યું, ત્યારે પોતાના રાજા ધૃતરાષ્ટ્રને નહિ જોઇ વિરહથી કૃશ થયેલો સંજય, કૃપા અને સ્નેહની વ્યાકુળતાને લીધે અત્યંત દુઃખી થયો અને કંઈપણ ઉત્તર આપી શક્યો નહિ.[૩૪] પછી તેણે બન્ને હાથથી અશ્રુઓ લૂછી નાખ્યાં અને બુદ્ધિથી મનને ધૈર્યયુક્ત કરી પોતાના રાજા ધૃતરાષ્ટ્રના ચરણનું સ્મરણ કરતાં યુધિષ્ઠિર પ્રત્યે આ પ્રમાણે કહ્યું.[૩૫]

સંજય બોલ્યો-"હે કુલનંદન! તમારા કાકા ધૃતરાષ્ટ્ર, વિદુર અને ગાંધારીના નિશ્ચયને હું જાણતો નથી. હે મહાબાહુ! તે મહાત્માઓએ મને છેતર્યો છે."[૩૬] (સંજય એ રીતે શોક કરી રહ્યો હતો,) તેવામાં તુંબુરુ સાથે નારદજી ત્યાં આવી પહોંચ્યા; એટલે યુધિષ્ઠિર પોતાના નાના ભાઇઓની સાથે તેમનું* જાણે પૂજન કરી રહ્યા હોય તેમ સામે ઊભા થઈ વંદન કરીને બોલ્યા.[૩૭]

યુધિષ્ઠિર બોલ્યા-"હે ભગવન્! હું મારા કાકા વિદુરજી તથા ધૃતરાષ્ટ્ર ક્યાં ગયા તે જાણતો નથી; તેમજ પુત્રોના નાશથી દુઃખી થયેલાં તપસ્વિની માતા ગાંધારી ક્યાં ગયાં, તે પણ મારા જાણવામાં નથી; તો આ અપાર શોકસમુદ્રમાં આપ એક નાવિકરૂપ થાઓ-આ શોક સમુદ્રમાંથી તારો."[૩૮] રાજાનાં એ વચન સાંભળી મુનિશ્રેષ્ઠ ભગવાન નારદજી બોલ્યાઃ-"હે રાજન્! તમે કોઇનો શોક કરો મા. આ જગત ઈશ્વરાધીન છે.[૩૯] લોકપાલો સહિત આ લોકો જે ઈશ્વરને બલિદાન આપે છે, તેજ ઈશ્વર સર્વ પ્રાણીઓનો પરસ્પર સંયોગ કરાવે છે અને વિયોગ કરાવે છે.[૪૦] જેમ નાકમાં નાથેલા અને નાકમાં પરોવેલી નાથ સાથે બીજી દોરીથી બાંધેલા બળદો પોતાના સ્વામીનાં ગાડાં વગેરે ભારને વહે છે, તેમ કર્તવ્ય-અકર્તવ્ય દર્શાવનારી વેદવાણીરૂપી નાથથી નાથેલા અને તે નાથમાં બ્રહ્મચર્યાદિમાં વર્ણાશ્રમરૂપ બીજી દોરીઓથી બંધાયલા સર્વ મનુષ્યો પરમેશ્વરને બલિદાન અર્પણ કરે છે.[૪૧] જેમ રમવાનાં સાધન-રમકડાંઓના સંયોગ-વિયોગ રમનારની ઇચ્છાથી થાય છે, તેમ પરમેશ્વરની ઇચ્છાથીજ મનુષ્યોના પરસ્પર સંયોગ-વિયોગ+ થયા કરે છે.[૪૨] તમે મનુષ્યને જો ધ્રુવ એટલે જીવરૂપે નિત્ય માનતા હો અથવા અધ્રુવ એટલે દેહરૂપે અનિત્ય માનતા હો, અથવા ધ્રુવ-અધ્રુવ બન્નેરૂપે એટલે શુદ્ધ બ્રહ્મસ્વરૂપે અનિર્વચનીય-નિત્ય-અનિત્ય, ચૈતન્ય કે જડાંશરૂપે માનતા હો, તોપણ મોહથી ઉત્પન્ન થનારા સ્નેહ વિના બીજા કોઇ પણ કા-

* જાણે પૂજન કરી રહ્યા હોય, એમ કહી સૂચવ્યું છે કે, તે વખતે તેમણે નારદજીનું પૂજન કર્યું ન હતું. કેમકે આવું શાસ્ત્રવચન છેઃ-

शोकाक्रान्तः कृपाविष्टः श्रद्धया रहितः पुमान्
गुरुदेवद्विजातीनां पूजनं न समाचरेत् ॥

પુરુષ જ્યારે શોકાકુળ હોય, દયાના આવેશમાં હોય અને શ્રદ્ધાથી રહિત હોય, ત્યારે તેણે ગુરુ, દેવ કે બ્રાહ્મણોનું પૂજન કરવું નહિ. —શ્રીધર

\+ આ શ્લોકમાં સંયોગ-વિયોગમાં જીવોની પરાધીનતા જણાવી છે અને ઉપરના શ્લોકમાં પ્રવૃત્તિમાં પરતંત્રતા સૂચવી છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રણથી તેઓ શોક કરવા યોગ્ય નથી.+[૪૩] માટે હે રાજા! 'તે અનાથ બિચારા ધૃતરાષ્ટ્ર વગેરે મારા વિના કેવી રીતે રહેશે?' આવી અજ્ઞાનતાથી કરાયલી વ્યાકુળતાનો તમે ત્યાગ કરો.[૪૪] પાંચ ભૂતોમાંથી બનેલું આ શરીર પોતેજ જો÷ કાળ, કર્મ તથા ગુણોને અધીન છે, તો જેમ અજગરે ગળેલો મનુષ્ય બીજાનું રક્ષણ કરી શકતો નથી, તેમ તે (પરાધીન) શરીર બીજાઓનું રક્ષણ કેવી રીતે કરી શકે?[૪૫] (અને ઈશ્વરે સર્વ કોઇને માટે સર્વ સ્થળે આજીવિકા તો સુલભજ કરી મૂકી છે.) હાથ વિનાનાં પશુ વગેરે પ્રાણીઓ હાથવાળાં મનુષ્ય વગેરેનું જીવન છે; પગ વગરનાં ઘાસ વગેરે પ્રાણીઓ પગવાળાં ચોપગાં પ્રાણીઓનું જીવન છે અને નાનાં પ્રાણીઓ મોટાં પ્રાણીઓનું જીવન છે. આ રીતે એક જીવ બીજા જીવનું જીવન છે, આજીવિકા છે–ભક્ષ્ય છે.[૪૬] હે રાજન્! તે આ સર્વ જગત સ્વયંદ્રષ્ટા એવા ભગવાનનુંજ સ્વરૂપ છે. (તેમનાથી ભિન્ન નથી.) તે ભગવાન પોતે એકજ છે (અનેક નથી) અને સર્વ ભોક્તા જીવોના આત્મારૂપ છે–સ્વરૂપભૂત છે; (એટલે જીવ અને ભગવાનનો સજાતીય ભેદ નથી.) વળી તે ભગવાન અંદર અને બહાર ભોક્તા તથા ભોગ્યરૂપે ભાસે છે (એથી વિજાતીય ભેદ પણ નથી) અને માયાને લીધે અનેકસ્વરૂપે ભાસે છે; તેમનાં તમે દર્શન કરો–એ આત્મસ્વરૂપ ભગવાનને તમે ઓળખો.[૪૭] હે મહારાજા! તેજ આ પ્રાણીમાત્રનું પાલન કરનારા ભગવાન પૃથ્વી ઉપરના દૈત્યોનો વિનાશ કરવા માટે હમણાં (પૃથ્વી પર) કાળસ્વરૂપે અવતરેલા છે;[૪૮] જો પોતે રાહ જુએ છે કે, દેવોનું કાર્ય જો કે થઈ ગયું છે,

+ અર્થાત્ સ્નેહજ કેવળ શોકનું કારણ છે અને તેનું મૂળ અજ્ઞાન છે. —શ્રીધર

÷ કાળ તે ગુણોનો ક્ષોભ કરનાર છે, કર્મ તે જન્મનું નિમિત્તકારણ છે અને ગુણો તે ઉપાદાનકારણ છે. —શ્રીધર

તોપણ કંઈક ÷બાકી છે; તો જ્યાંસુધી એ પરમેશ્વર શ્રીકૃષ્ણ, આ પૃથ્વી પર બિરાજે છે, ત્યાંસુધી તમે પણ રાહ જુઓ.*[૪૯] રાજા ધૃતરાષ્ટ્ર પોતાના ભાઈ વિદુરજી સાથે અને પત્ની ગાંધારી સાથે હિમાલયના દક્ષિણભાગમાં આવેલા ઋષિઓના આશ્રમમાં ગયા છે.[૫૦] તે આશ્રમમાં પ્રસિદ્ધ એવાં દેવનદી ગંગાજી જુદા જુદા સાત પ્રવાહો વડે સપ્ત ઋષિઓને પ્રસન્ન કરવા માટે પોતાના સાત પ્રકાર કરે છે અને તેથીજ એ તીર્થને 'સપ્તસ્રોતસ્' કહેવામાં આવે છે.+[૫૧] રાજા ધૃતરાષ્ટ્ર એ તીર્થમાં ત્રણ કાળ સ્નાન કરી વિધિ પ્રમાણે અગ્નિહોમ કરી જળનો આહાર કરે છે અને પુત્રાદિની ઇચ્છાઓ તજી દઇને શાંત મનથી રહે છે.[૫૨] તેમણે આસનનો જય કર્યો છે, શ્વાસને જીત્યો છે અને છયે ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોમાંથી ખેંચી લીધી છે; તેમનો રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણરૂપી મેલ શ્રીહરિના ધ્યાનથી નાશ પામ્યો છે અને અહંકારના સ્થાનરૂપ મનને સ્થૂલશરીરથી છૂટું પાડી તેમણે બુદ્ધિ વિષે યોજી દીધું છે. વિજ્ઞાનસ્વરૂપ એવી બુદ્ધિને દશ્ય અંશથી જુદી પાડીને ક્ષેત્રજ્ઞ–દ્રષ્ટામાં લીન કરી દીધી છે અને તે ક્ષેત્રજ્ઞને દ્રષ્ટાઅંશથી જુદો પાડી જેમ ઘટાકાશનો મહાકાશમાં લય કરવામાં આવે, તેમ આધારસ્વરૂપ એવા પરબ્રહ્મમાં લય કરી દીધેલ ×છે.[૫૩,૫૪] માયાના

÷ 'યદુકુળનો સંહાર' એ વાત મનમાં રાખીને દેવોનું કાર્ય બાકી રહેલું જણાવ્યું છે. —શ્રીધર

* અર્થાત્ દેવોનું જે કંઇ બાકી રહેલું કાર્ય છે, તે કર્યા પછી ભગવાન પોતાના ધામમાં જશે અને તે પછી તમે પણ ધૃતરાષ્ટ્રની માફક ચાલી નીકળજો. શ્રી૦

+ અથવા મારીચગંગા, અત્રિગંગા, ઇત્યાદિ નામોથી ઓળખાય છે.

× ૫૨–૫૩–૫૪ શ્લોકમાં ધૃતરાષ્ટ્રની અષ્ટાંગ યોગસાધના વર્ણવી છે. તેમાં પ્રથમના ૫૨મા શ્લોકમાં યમ તથા નિયમ દર્શાવ્યા છે; ૫૩મા શ્લોકમાં આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા તથા ધ્યાન દર્શાવ્યાં છે અને ૫૪મા શ્લોકમાં સમાધિદશાનું વર્ણન છે. આ રીતે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યા-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગુણોના ઉત્તરફળરૂપ એવી તેમની વાસનાઓ નાશ પામી ગઇ છે; ચક્ષુ વગેરે ઇન્દ્રિયોને તથા મનને તેમણે જીતી લીધાં છે અને તેથીજ સર્વ વિષયભોગરૂપ આહારનો ત્યાગ કરી દઇ સ્તંભની પેઠે (થાંભલાની પેઠે) તે નિશ્ચળ રહે †છે.૫૫ હે રાજા! એ પ્રમાણે જેમણે સર્વ કર્મોના સંન્યાસ કર્યો છે–ત્યાગ કર્યો છે, એવા તે ધૃતરાષ્ટ્રને (તમે ફરી અહીં લાવીને) વિઘ્નરૂપ ન થાઓ. (તમે માનતા હો કે, હું તેમનાં દર્શન કરૂં; પણ હવે તે નહિ થઇ શકે, કારણ કે) આજથી પાંચમે દિવસે તે પોતાના શરીરનો ત્યાગ કરશે અને તે શરીર બળીને ભસ્મ થઈ જશે.૫૬ તે સમયે યોગના અગ્નિ સહિત એવા ગાર્હપત્ય આદિ અગ્નિઓ વડે પોતાના પતિ ધૃતરાષ્ટ્રનું શરીર પર્ણકુટી સાથે જ્યારે બળવા લાગશે, ત્યારે પર્ણકુટીની બહાર ઊભેલાં પતિવ્રતા ગાંધારી પણ તેમની પાછળ અગ્નિમાં પ્રવેશ કરશે. (માટે ગાંધારીને લેવા જવું તે પણ વૃથા છે.) હે કુરુનંદન! વિદુરજી તો તે આશ્ચર્ય જોઇને પોતાના ભાઇની તે સદ્ગતિને લીધે હર્ષ પામશે અને મરણને લીધે શોક પણ પામશે. પછી તીર્થોનું સેવન કરવાને માટે ત્યાંથી ચાલ્યા જશે. (એટલે વિદુરજીને લાવવા તે પણ અશક્ય છે.)"૫૭૫૮ એ પ્રમાણે કહીને નારદજી તુંબુરુ સાથે સ્વર્ગમાં ગયા એટલે યુધિષ્ઠિરે તેમનાં વચનો હૃદયમાં ધારણ કરી શોકનો ત્યાગ કર્યો.૫૯

इत्युक्त्वाऽथारुहत्स्वर्गं नारदः सहतुंबुरुः।
युधिष्ठिरो वचस्तस्य हृदि कृत्वाऽजहाच्छुचः ॥५९

પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૧૩ મો સમાપ્ત

હાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ અષ્ટાંગયોગની સાધના અહીં કહી છે. —શ્રીધર

† આ શ્લોકથી ધૃતરાષ્ટ્રની અવ્યુત્થાન અવસ્થા–સમાધિમાંથી નહિ ઊઠવાની અવસ્થા વર્ણવી છે. વ્યુત્થાન અવસ્થા તો અંદર ગુણોનો ક્ષોભ થવાથી અથવા બાહ્યભાગમાં ઇન્દ્રિયોના ભમવાથી થાય છે; પણ એ બન્ને ધૃતરાષ્ટ્રને નથી. —શ્રીધર

अध्याय १४ मो×

યુધિષ્ઠિરને વિવિધ અપશુકનનાં દર્શન અને દ્વારકાથી આવેલા અર્જુનને તેમના પ્રશ્નો

॥ सूत उवाच ॥

संप्रस्थिते द्वारकायां जिष्णौ बंधुदिदृक्षया।
ज्ञातुं च पुण्यश्लोकस्य कृष्णस्य च विचेष्टितम् ॥१

સૂત બોલ્યાઃ–અર્જુન સંબંધીઓને મળવા માટે અને શ્રીકૃષ્ણનું ચરિત્ર તથા અભિપ્રાય જાણવા માટે દ્વારકા ગયો હતો; તેને કેટલાક મહિનાઓ વીતી ગયા, છતાં તે જ્યારે આવ્યો નહિ ત્યારે યુધિષ્ઠિર રાજા ભયંકર ઉત્પાતો જોવા લાગ્યા.૧૨ તેમણે જોયું કે, જેના ઋતુધર્મ પલટાઇ ગયા હતા, એવા કાળની ગતિ ઘોર થઇ પડી હતી; મનુષ્યોનાં મન ક્રોધ, લોભ તથા અસત્યથી યુક્ત થયાં હતાં અને તેઓની આજીવિકા પણ અત્યંત પાપભરેલી થઈ ગઇ હતી.૩ તેઓનો વ્યવહાર લગભગ કપટથી ભરેલો જોવામાં આવતો હતો, મિત્રતા પણ શઠતાથી મિશ્ર હતી અને પિતા, માતા, સગાં–સંબંધીઓ, ભાઇઓ તથા સ્ત્રી–પુરુષોમાં માંહોમાંહે ક્લેશ–કંકાસ જોવામાં આવતો હતો.૪ પિતા કન્યાઓને વેચતો હતો, પુત્ર માતા–પિતાનું પોષણ કરતો ન હતો, બ્રાહ્મણો વેદથી રહિત થયા હતા અને શૂદ્રો વેદાંતનો ઉપદેશ કરનારા જોવામાં આવતા હતા. *(ક્ષેપક) એ રીતે અશુભસૂચક કાળ પ્રાપ્ત થતાં આવાં અત્યંત અશુભ નિમિત્તો–અપશુકનો જોઇને તેમજ મનુષ્યોની પ્રકૃતિને લોભાદિ અધર્મવાળી જોઇને રાજા યુધિષ્ઠિર પોતાના નાના ભાઇ ભીમસેનને કહેવા

× આ અધ્યાયમાં 'અપશુકનોને જોઇને રાજા યુધિષ્ઠિરને શંકા થઇ અને અર્જુન પાસેથી શ્રીકૃષ્ણનું તિરોધાન તેમણે સાંભળ્યું' એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

* આ શ્લોક ક્ષેપક તરીકે હાલ નવા છપાયલા શ્રીધરી ભાગવતમાં જોવામાં આવ્યો છે; તેથી શ્લોકોની ગણતરીમાં લેવામાં આવ્યો નથી. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

લાગ્યા.[૫]

યુધિષ્ઠિરે કહ્યું:-"હે ભીમસેન! આપણા-બંધુઓને મળવા માટે તેમજ શ્રીકૃષ્ણનું ચરિત્ર તથા અભિપ્રાય જાણવા માટે મેં અર્જુનને દ્વારકા મોકલ્યો છે; તેને આજે સાત મહિનાઓ વીતી ગયા છે, છતાં એ તારો નાનો ભાઇ કયા કારણથી ન આવ્યો, તે હું યથાર્થ રીતે જાણી શકતો નથી.[૬] ભગવાન શ્રીકૃષ્ણ ક્રીડા કરવામાં સાધનભૂત એવા પોતાના (મનુષ્ય) શરીરનો ત્યાગ કરવા ઇચ્છે છે, તે દેવર્ષિ નારદે દર્શાવેલો સમય તો શું નહિ આવ્યો હોય?[૭] જેમને લીધે આપણને સંપત્તિઓ, રાજ્ય, સ્ત્રીઓ, પ્રાણ, કુળ, શત્રુઓ ઉપર વિજય તથા સંતતિ પ્રાપ્ત થયેલ છે અને જેમની કૃપાથી યજ્ઞદ્વારા મળનારા સ્વર્ગાદિ લોક પણ આપણને મળશે, તે ભગવાન શ્રીકૃષ્ણનો સ્વધામ પધારવાનો સમય શું આવી પહોંચ્યો છે?[૮] હે પુરુષોમાં વ્યાઘ્ર જેવા બળવાન ભીમસેન! આકાશમાં, પૃથ્વી પર તથા શરીરમાં થઈ રહેલા આ ભયંકર ઉત્પાતોને તો તું જો!! તેઓ આપણને સૂચવી રહ્યા છે કે, બુદ્ધિને મોહ ઉપજાવનારો ભય હવે સમીપમાંજ છે.[૯] હે ભાઇ! મારી ડાબી સાથળ, આંખ અને ભુજા વારંવાર ફરકે છે, તેમજ હૃદયમાં કંપ થાય છે; તેઓ મને થોડા સમયમાંજ કંઇક અનિષ્ટ આપશે.[૧૦,૧૧] *ઓ ભીમસેન! મુખમાંથી અગ્નિ કાઢતી આ શિયાળવી ઉદય પામતા સૂર્ય સામે જોઇને રડે છે અને આ કૂતરો નિઃશંકની પેઠે મારી સામે જોઇને રડે છે.[૧૨] હે પુરુષોમાં વ્યાઘ્ર જેવા ભીમસેન! ગાય વગેરે શ્રેષ્ઠ પશુઓ મારી ડાબી બાજુ ઊતરે છે; ત્યારે ગધેડાં વગેરે અમંગળ પશુઓ મારી જમણી બાજુ ઊતરે છે. વળી હું મારા ઘોડાઓને રુદન કરતા જોઉં છું.[૧૩] આ મૃત્યુસૂચક હોલો નિંદ્ય શબ્દો કરીને મનને કંપાવી રહ્યો છે અને ઘુવડ તથા કાગડો પણ નિદ્રારહિત થઈ દુષ્ટ શબ્દોથી જગતને ઉજ્જડ કરવા ઇચ્છે છે.[૧૪] વળી આ બધી દિશાઓ ભૂખરા વર્ણની થઇ ગઈ છે. આ કુંડાળાંઓ અગ્નિની પેઠે લોકને ઘેરી વળ્યાં છે અને આ પૃથ્વી પર્વતો સાથે કંપે છે.+ વળી (આ તરફ આકાશમાં તો જો!) હમણાં મેઘમંડળ નહિ હોવા છતાં મેઘની ગર્જનાઓ સાથે મહાન વજ્રપાત થઇ રહ્યો છે.[૧૫] અહો! આ વાયુ ધૂળને વર્ષાવી રહ્યો છે, અંધકાર કરી રહ્યો છે અને તેનો સ્પર્શ પણ કઠોર જણાય છે. વળી ચારે તરફ સૂગ આવે તેમ મેઘ લોહી વર્ષી રહ્યા છે.[૧૬] વળી જો તો ખરો! આ સૂર્યદેવ નિસ્તેજ થઈ ગયા છે, આકાશમાં ગ્રહોનું પરસ્પર યુદ્ધ થઇ રહ્યું છે અને માંહોમાંહે ભેળાં થઈ ગયેલાં આ ભૂતડાંઓને લીધે આકાશ અને ભૂમિ જાણે સળગી ઊઠ્યાં હોય તેમ જણાય છે.[૧૭]* નદીઓ, નદો અને સરોવરો જાણે ખળભળી ઊઠયાં છે, તેમજ પ્રાણીઓનાં મન પણ ક્ષુબ્ધ થયેલાં જણાય છે. વળી જો તો ખરો! પેલો અગ્નિ ઘી નાખ્યા છતાં પ્રજ્વલિત થતો નથી. આ કાળ શું કરશે?[૧૮] આ વાછરડાં માતાને ધાવતાં નથી, માતાઓ સ્તનમાંથી દૂધ ઝરતી નથી અને ગાયોના નેસમાં અશ્રુભીનાં મુખવાળી ગાયો રડે છે, તેમજ બળદો આનંદી દેખાતા નથી.[૧૯] વળી દેવોની આ પ્રતિમાઓ જાણે રડતી હોય, પરસેવો ઝરતી હોય અને ખસી જતી હોય તેવી જણાય છે; તેમજ આ દેશો, ગામડાં, શહેરો, બગીચાઓ, ખાણો તથા આશ્રમો શોભારહિત અને આનંદ વિનાનાં દેખાય છે; તેઓ આપણને કયું દુઃખ દર્શાવી રહ્યાં છે?[૨૦] આ મહાન ઉત્પાતોથી હું અવશ્ય માનું છું કે, બીજા પુરુષોમાં જેની શોભા નથી, એવા ભગવાનના ચરણોથી આ ભૂમિ શૂન્ય

---

* આ શ્લોકથી શારીરિક ઉત્પાતો સૂચવ્યા છે. —શ્રીધર

+ બારમા શ્લોકથી અહીં સુધી પૃથ્વી પરના ઉત્પાતો જણાવ્યા છે અને હવે આકાશમાંના ઉત્પાતો કહે છે. —શ્રીધર

* અહીંથી ફરી પૃથ્વી પરના ઉત્પાતો કહે છે. શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri.

થઇ છે અને એવું સૌભાગ્ય હવે નાશ પામ્યું છે.”[૨૧] હે બ્રાહ્મણ શૌનક! રાજા યુધિષ્ઠિર એ પ્રમાણે ઉત્પાતો જોઈ મનમાં વિચાર કરતા હતા, તેવામાં અર્જુન દ્વારકાથી આવી પહોંચ્યો.[૨૨] આવીને તેણે યુધિષ્ઠિર રાજાના ચરણમાં પ્રણામ કર્યાં; પણ તે પૂર્વના જેવો રહ્યો ન હતો. તે આતુર જણાયો અને નીચું મુખ કરીને પોતાના નેત્રકમળમાંથી અશ્રુબિંદુઓ વર્ષાવવા લાગ્યો. રાજા યુધિષ્ઠિર પોતાના નાના ભાઇને એવો નિસ્તેજ જોઇ હૃદયમાં ઉદ્વેગ પામ્યા અને નારદના વચનનું સ્મરણ કરતા સર્વ સંબંધીઓની વચ્ચે પૂછવા લાગ્યા.[૨૩,૨૪]

યુધિષ્ઠિરે પૂછ્યું:–“હે અર્જુન! દ્વારકામાં મધુ, ભોજ, દશાર્હ, અર્હ, સાત્વત, અંધક તથા વૃષ્ણિવંશના આપણા સંબંધીઓ સુખી તો છે ને? આપણા માન્ય દાદા સૂરસેન કુશળ છે ને? મામા વસુદેવ પોતાના નાનાભાઇઓ સાથે કુશળ છે ને? પરસ્પર બહેન થતી વસુદેવની સાત ‡પત્નીઓ કે જેઓ આપણી મામીઓ થાય છે, તે દેવકી વગેરે પોતે પોતપોતાના પુત્રો તથા વહુઓ સાથે ક્ષેમ–કુશળ છે ને?[૨૫–૨૭] દુરાત્મા કંસ જેમનો પુત્ર હતો, તે રાજા ઉગ્રસેન જીવે છે ને? ×એમના નાના ભાઇ દેવક પણ જીવે છે ને? તેમજ કૃતવર્મા નામના પુત્ર સાથે હૃદીક અને અક્રૂર કુશળ છે ને? શ્રીકૃષ્ણના ભાઇઓ જયંત, ગદ, સારણ અને શત્રુજિત વગેરે કુશળ છે ને? સાત્વતવંશીઓના પતિ ભગવાન બળરામ સુખી છે ને? સર્વ યાદવોમાં મહારથી એવા પ્રદ્યુમ્ન સુખી છે ને? યુદ્ધમાં જેમનો વેગ ગંભીર છે, એવા ભગવાન અનિરુદ્ધ આનંદમાં છે ને? સુષેણ, ચારુદેષ્ણ, જાંબવતીનો પુત્ર સાંબ અને બીજા પણ શ્રીકૃષ્ણના શ્રેષ્ઠ પુત્રો ઋષભ વગેરે પોતપોતાના પુત્રો સાથે આનંદમાં છે ને?[૨૮–૩૧] શ્રુતદેવ, ઉદ્ધવ વગેરે શ્રીકૃષ્ણના અનુચરો અને બીજા સુનંદ તથા નંદ વગેરે શ્રેષ્ઠ યાદવો આનંદમાં છે ને?[૩૨] વળી બીજાઓ જેઓને શ્રીરામ તથા કૃષ્ણની ભુજાઓનો આશ્રય છે, તેઓ સર્વે કુશળ છે ને? આપણી સાથે સ્નેહ રાખનારા તેઓ સર્વે આપણું કુશળ ઇચ્છે છે ને?[૩૩] ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ કે જેઓ બ્રાહ્મણોના રક્ષક છે, તેઓ પણ દ્વારકામાં સુધર્મા સભાની વચ્ચે સંબંધીઓથી વીંટાઇને સુખમાં બિરાજે છે ને? જે ભગવાન પોતે આદિપુરુષ હોઇ લોકોના શુભ માટે, રક્ષણ માટે તથા ઉદય માટે સ્થિતિ કરે છે, તેઓ યદુકુળરૂપી સમુદ્રમાં બળદેવની સાથે સુખમાં છે ને? યાદવો જેમના બાહુદંડથી રક્ષાયલી પોતાની દ્વારકા નગરીમાં વૈકુંઠનાથના સેવકોની પેઠે સર્વથી પૂજાઇને પરમ આનંદથી ક્રીડા કરે છે;[૩૪–૩૬] જેમનું ચરણસેવન એજ તપ વગેરે કરતાં પણ શ્રેષ્ઠ કર્મ છે; કે જે કર્મના પ્રભાવને લીધે સત્યભામા વગેરે સોળ હજાર સ્ત્રીઓ યુદ્ધમાં (શ્રીકૃષ્ણના બળથી) દેવોને જીતીને ઇન્દ્રાણીને યોગ્ય એવાં પારિજાત આદિને (કલ્પવૃક્ષનાં ફળફૂલ, આભૂષણ વગેરેને) હરી લે છે.÷[૩૭] તેમજ વીર યાદવો પણ જેમના બાહુદંડના પ્રભાવથી જીવી રહ્યા છે અને નિર્ભય થઇને મોટા દેવોને માટે યોગ્ય એવી બળાત્કારે આણેલી સુધર્મા સભાને વારંવાર ચરણોથી દબાવી રહ્યા છે, તે શ્રીકૃષ્ણ સુખી છે ને?[૩૮] હે તાત! તારું આરોગ્ય ઠીક છે ને? તું મને નિસ્તેજ જણાય છે, તો હે ભાઈ! ત્યાં તને શું માન મળ્યું નથી, કે લાંબો સમય તું ત્યાં રહ્યો, તેથી તારું કોઇએ અપમાન કર્યું છે? અથવા તો પ્રેમ વગરના કઠોર

‡ આ બધી ઉગ્રસેનની કન્યાઓ હતી.

—બાલપ્રબોધિની

× જીવે છે? એ પ્રશ્ન કરવાનું કારણ એ છે કે, પુત્ર કંસ દુષ્ટ થયો, એ શરમને લીધે કદાચ ઉગ્રસેન મરણ પામ્યા હોય!

—બાલપ્રબોધિની

÷ કહેવાનો ભાવ એ છે કે, ઇન્દ્રાણીને પણ દુર્લભ એવા ભોગો શ્રીકૃષ્ણની સ્ત્રીઓ કેવળ તેમના ચરણસેવનના પ્રભાવથી ભોગવે છે.

ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શબ્દો વગેરેથી તને કોઇએ વચનપ્રહાર તો કર્યો નથી? અથવા તેં યાચકોને કંઇ આપવાનું તો કહ્યું નથી? અથવા યાચકોને 'હું અમુક આપીશ' એવી પ્રતિજ્ઞા કરીને તેં આપ્યું નથી?[૩૯] [૪૦] તેં શરણે આવેલા બ્રાહ્મણોનો, બાળકોનો, ગાયનો, વૃદ્ધનો, રોગીનો કે સ્ત્રીનો ત્યાગ તો કર્યો નથી? કેમકે તું પ્રથમથીજ સર્વને શરણ આપનારો છે, સર્વનો આશ્રયદાતા છે.[૪૧] તું કોઈ ન જવા યોગ્ય સ્ત્રી પાસે ગયો તો નથીને? અથવા કોઈ વસ્ત્ર વગેરેથી મલિન—અગમ્ય સ્ત્રી પાસે તો નથી ગયો? અથવા તો માર્ગમાં તારી બરોબરી કરનારાઓએ કે તારા કરતાં હલકાઓએ તારો પરાજય તો કર્યો નથી?[૪૨] અથવા તેં ભોજન કરાવવા યોગ્ય વૃદ્ધોનો તથા બાળકોનો ત્યાગ કરીને ભોજન કરી લીધું છે? અથવા નહિ કરવા યોગ્ય કોઇ નિંદ્ય કર્મ તો કર્યું નથીને?[૪૩] અથવા નિત્ય અતિશય પ્રિય અને આપણા અંતરંગ બંધુ શ્રીકૃષ્ણથી હું રહિત થયો છું, એમ તું માને છે? બીજા કોઈ પણ કારણથી તારા મનની પીડા ઘટતી નથી."[૪૪]

कच्चित्प्रेष्ठतमेनाथ हृदयेनात्मबंधुना ।
शून्योऽस्मि रहितो नित्यं मन्यसे तेऽन्यथा न रुक् ॥

ઇતિ શ્રીમદ્‍ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૧૪ મો સમાપ્ત

अध्याय १५ मो×

અર્જુનનો ઉત્તર, શ્રીકૃષ્ણનું સ્વધામગમન અને પાંડવોનું સ્વર્ગારોહણ

॥ सूत उवाच ॥

एवं कृष्णसखः कृष्णो भ्रात्रा राज्ञा विकल्पितः ।
नानाशंकास्पदं रूपं कृष्णविश्लेषकर्षितः ॥ १ ॥

સૂત બોલ્યાઃ—એ પ્રમાણે પોતાના ભાઇ રાજા યુધિષ્ઠિરે અનેક શંકાઓનું સ્થાન એવા સ્વરૂપને જોઈ જેના પ્રત્યે જાતજાતના સંશયો કર્યા હતા અને શ્રીકૃષ્ણના વિયોગથી જે કૃશ થઈ ગયો હતો, એવો તે કૃષ્ણસખા અર્જુન ભગવાન શ્રીકૃષ્ણનુંજ ધ્યાન કર્યા કરતો હતો. તેની કાંતિ નાશ પામી હતી અને તેનું હૃદયકમળ શોકને લીધે સૂકાતું હતું; જેથી તે કંઇ પણ ઉત્તર આપી શક્યો નહિ.[૧] [૨] પછી મહાકષ્ટથી તેણે શોકને રોક્યો અને નેત્રમાંથી શોકનાં અશ્રુઓને હાથ વડે લૂછી નાખ્યાં. તેને શ્રીકૃષ્ણના અદર્શનથી અતિશય પ્રેમની ઉત્કંઠા વધી પડી હતી, તેથી તે વ્યાકુળ થઇ ગયો હતો.[૩] વળી પોતાના સારથિકર્મમાં શ્રીકૃષ્ણનું પોતા પ્રત્યે હિતૈષીપણું, મિત્રતા, શ્રેષ્ઠહૃદયતા અને સંબંધીપણાને તે સંભારવા લાગ્યો અને તેથીજ અશ્રુઓથી ગળગળી વાણી વડે મોટા ભાઈ યુધિષ્ઠિરને આ પ્રમાણે કહેવા લાગ્યો.[૪]

અર્જુને કહ્યું:—"ઓ મહારાજા! આપણા બંધુરૂપ શ્રીહરિએ મને છેતર્યો છે; જેમણે દેવોને પણ આશ્ચર્ય કરનારા મારા મહાન તેજને હરી લીધું છે.[૫] જેમ પ્રાણરહિત થયેલું આ શરીર મુડદું કહેવાય છે અને તેનું દર્શન અપ્રિય થઇ પડે છે, તેમ જેમના એક ક્ષણના વિયોગથી પણ આ લોક અપ્રિય લાગે છે;[૬] જેમના આશ્રયથી મેં દ્રુપદ રાજાને ઘેર સ્વયંવરના સમારંભમાં આવેલા, કામથી મદોન્મત્ત એવા રાજાઓનું તેજ હરી લીધું હતું, સજ્જ કરેલા ધનુષથી મત્સ્યવેધ કર્યો હતો અને દ્રૌપદીને મેળવી હતી.[૭] અહો! આશ્ચર્ય થાય છે કે, જેમની સમીપમાં રહી મેં દેવોના ગણો સહિત ઇન્દ્રદેવનો પણ બળથી પરાજય કરી અગ્નિદેવને ખાંડવ વન અર્પણ કર્યું હતું÷ અને તે ખાંડવદાહમાં રક્ષા કરેલા મયદાનવ

× આ અધ્યાયમાં કલિયુગનો પ્રવેશ જોઇ પરીક્ષિત રાજાને રાજ્યકારભાર સોંપી યુધિષ્ઠિર રાજાએ સ્વર્ગારોહણ કર્યું, તે કથા કહેવામાં આવશે.—श्रीधर

÷ અજીર્ણ દૂર કરવા માટે ખાંડવ વન અગ્નિને સ્વાધીન કર્યું હતું. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાસેથી અદ્‌ભુત કારીગરીરૂપ *માયાવાળી સુધર્મા સભા સંપાદન કરી હતી; વળી તમારા રાજસૂય યજ્ઞમાં સમગ્ર દિશાઓમાંથી રાજાઓ ભેટો લાવ્યા હતા;[૮] જેમના પ્રભાવથી દશ હજાર હાથીઓ સમાન ઉત્સાહશક્તિવાળા અને બળવાળા તમારા નાના ભાઇ ભીમસેને તમારા રાજસૂય યજ્ઞને માટે રાજાઓનાં મસ્તકોને ચરણમાં નમાવનાર જરાસંધનો વધ કર્યો હતો અને તે જરાસંધે મહાભૈરવનો યજ્ઞ કરવાને માટે (બલિદાન આપવા સારૂ પશુરૂપે) આણેલા રાજાઓને છોડાવ્યા હતા; જે રાજાઓ તમારા રાજસૂય યજ્ઞમાં ભેટો લાવ્યા હતા;[૯] રાજસૂય યજ્ઞમાં મહાભિષેકને લીધે અત્યંત પ્રશંસાપાત્ર અને સુંદર એવાં તમારાં પત્ની દ્રૌપદીના કેશપાશને જે દુષ્ટ દુઃશાસન વગેરેએ સભાની વચ્ચે વીખેરી નાખીને એંચ્યો હતો, અને તે વખતે દ્રૌપદીએ સ્મરણ કરતાં જે ભગવાન આપણા ઉપરની કૃપાને લીધે ત્યાં પધાર્યા હતા અને તે સમયે નમન કરતાં દ્રૌપદીના મુખ પરથી અશ્રુબિંદુઓ જેમના ચરણ પર પડ્યાં હતાં; તે શ્રીકૃષ્ણ ભગવાનેજ એ દુઃશાસન વગેરેની સ્ત્રીઓને (પાછળથી) હણાયલા પતિઓવાળી અને (તેથીજ) કેશ વગરની (વિધવાઓ) કરી હતી.[૧૦] વળી શત્રુ દુર્યોધને મોકલેલા દુર્વાસા ઋષિ કે જે દશ હજાર શિષ્યોની પંક્તિમાં સૌથી અગ્ર સ્થળે ભોજન કરનારા હતા, તેમના શાપરૂપી દુરંત દુઃખમાંથી વનમાં આવીને જે ભગવાને (ધોઇ નાખેલા પાત્રમાં) કંઇક બાકી રહેલા શાકાન્નનું ભોજન કરીને આપણું રક્ષણ કર્યું હતું; કેમકે એ ભગવાને પ્રાશન કરેલા એ શાકાન્નથી જળમાં સ્નાન કરી રહેલા દુર્વાસા મુનિના સમસ્ત ઋષિસંઘે (પોતે તૃપ્ત થઇને) ત્રણે લોકને તૃપ્ત થયેલા માન્યા હતા.×[૧૧] તેમજ જે શ્રીકૃષ્ણના પ્રભાવથી પાર્વતી સહિત ત્રિશૂલધારી ભગવાન શંકરને યુદ્ધમાં મેં આશ્ચર્યચકિત કરી નાખ્યા હતા અને તેથી તેમણે પોતાનું પાશુપતાસ્ત્ર મને આપ્યું હતું અને બીજા લોકપાલોએ પણ પોતપોતાનાં અસ્ત્રો મને આપ્યાં હતાં; વળી જેમની કૃપાથીજ મેં મારા આજ શરીર વડે ઇન્દ્રભવનમાં ઇન્દ્રના અર્ધા આસનને મેળવ્યું હતું[૧૨] અને હું ત્યાં સ્વર્ગલોકમાંજ

---

* માયા તે એ કે, એ સભામાં જ્યાં જળ હોય ત્યાં સ્થળ દેખાતું અને સ્થળ હોય ત્યાં જળ દેખાતું હતું.

—બાલપ્રબોધિની

× આ શ્લોકમાં સૂચવેલી દુર્વાસાની કથા મહાભારતમાં આ પ્રમાણે છેઃ–એક વખતે દુર્યોધને દુર્વાસા મુનિનો અતિથિસત્કાર કર્યો; એટલે દુર્વાસાએ પ્રસન્ન થઇને કહ્યું કે, 'વર માગ.' ત્યારે 'દુર્વાસાના શાપથી પાંડવોનો નાશ થઇ જશે,' એમ મનમાં વિચાર કરી દુર્યોધને કહ્યુંઃ 'અમારા કુળમાં યુધિષ્ઠિર મુખ્ય છે; માટે આપ દશ હજાર શિષ્યો સાથે તેમના અતિથિ થાઓ. પરંતુ દ્રૌપદી બિચારી ભૂખે ન મરે, એ માટે આપે દ્રૌપદીના જમ્યા પછી તેમને ઘેર જવું. તે પછી એજ પ્રમાણે દુર્વાસા મુનિ પાંડવોને ત્યાં ગયા, એટલે યુધિષ્ઠિરે તેમનો સત્કાર કરીને કહ્યું કે, 'મધ્યાહ્નસંધ્યા કરીને આપ ભોજન માટે પધારો.' યુધિષ્ઠિરની એ વિનતિથી દુર્વાસા મુનિ સમગ્ર શિષ્યોને સાથે લઇ સ્નાન કરવાને જળાશય ઉપર ગયા અને ત્યાં અઘમર્ષણ કરવાને જળમાં ઊતર્યા. આ તરફ દુર્વાસાને આવેલા જાણી દ્રૌપદી ચિંતાતુર થઇ ગયાં. તેમણે શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું; એટલે ભગવાન કૃષ્ણ તે સમયે પોતાના ખોળામાં બેઠેલાં રુક્મિણીનો ત્યાગ કરી તત્કાળ પોતે ભક્તવત્સલ હોવાથી ત્યાં પધાર્યા. દ્રૌપદીએ સર્વ વૃત્તાંત જણાવ્યું, એટલે ભગવાને કહ્યુંઃ 'દ્રૌપદિ! હું પોતે ભૂખ્યો છું, માટે પ્રથમ તો તું મને ભોજન આપ.' ભગવાનનું એ વચન સાંભળી દ્રૌપદી અત્યંત શરમાયાં. તેમણે કહ્યુંઃ 'પ્રભુ! સૂર્યદેવે આપેલા અક્ષયપાત્રમાં હું ભોજન કરૂં, ત્યાંસુધીજ અન્ન અક્ષય રહે છે; પણ આજે તો સર્વને જમાડીને મેં પોતે પણ જમી લીધું છે, તેથી હવે અન્ન નથી.' તોપણ શ્રીકૃષ્ણના ઘણાજ આગ્રહથી તે અક્ષયપાત્ર દ્રૌપદીએ આણી આપ્યું, એટલે તેમાં કંઇક વળગેલા શાકનું ભોજન કરતાં ભગવાને કહ્યું કે, 'આ ભોજનથી સમગ્ર જગતના આત્મા ભગવાન તૃપ્ત થાઓ.' પછી ભોજનને માટે મુનિઓને બોલાવો, એમ કહી ભીમસેનને તેડવા માટે મોકલ્યો. પણ દુર્વાસા વગેરે મુનિઓ તો ભગવાને ભોજન કરેલા તે શાકથીજ તૃપ્ત થઇ ગયા હતા; તેથી આપણે વૃથા દશ હજાર માણસોનું રંધાવ્યું છે, તે બધું હવે બગડશે, એવા ભયથી નાસી ગયા.

—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્યારે વિહાર કરતો હતો, ત્યારે હે યુધિષ્ઠિર રાજા! ઇન્દ્રસહિતસર્વ દેવતાઓએ પોતાના શત્રુ નિવાત-કવચ દૈત્યોનો વધ કરવા ગાંડીવ ધનુષને ધારણ કરનારી મારી બન્ને ભુજાઓનો આશ્રય કર્યો હતો, કે જે ભુજાઓ શ્રીકૃષ્ણના પ્રભાવથીજ પ્રભાવશાળી હતી–તે મહાસમર્થ ભગવાન કૃષ્ણે આજ મને છેતર્યો છે![13] અહો! જે શ્રીકૃષ્ણ મારા બાંધવ હતા, તેથીજ જેમાં ભીષ્મ વગેરે મોટા મોટા મગરમચ્છો હતા, એવા અનંત પારવાળા કુરુક્ષેત્રરૂપી સમુદ્રને હું એકલોજ રથ વડે તરી ગયો હતો; વળી કૌરવોએ જ્યારે ઉત્તર રાજાની ગાયોનું હરણ કર્યું હતું, ત્યારે પણ (જે બાંધવ કૃષ્ણના પ્રભાવથીજ) એ ગોધનને મેં પાછું વાળ્યું હતું; એટલુંજ નહિ પણ તે સમયે શત્રુઓના તેજનું એક સ્થાન એવા તેમના મુકુટો અને મુકુટોમાં જડેલાં રત્નોરૂપી પુષ્કળ ધન (તેમને મોહનાસ્ત્રથી મોહિત કરીને) તેમનાં મસ્તકો ઉપરથી હરી લીધાં હતાં.[14] અહો! હે રાજા! અનેક રાજાઓનાં રથમંડળોથી શોભી રહેલી તે ભીષ્મ, કર્ણ, દ્રોણાચાર્ય અને શલ્યની સેનાઓમાં જે ભગવાને સારથિરૂપે મારી આગળ રહીને માત્ર પોતાના દૃષ્ટિપાતથીજ તે મોટા મોટા અતિરથી ભીષ્મ વગેરેનાં આયુષ, ઉત્સાહશક્તિ, બળ તથા શસ્ત્રાદિકની કુશળતા હરી લીધાં હતાં;*[15] વળી જે શ્રીકૃષ્ણની ભુજાઓના આશ્રયમાં રહેલા મને દ્રોણાચાર્ય, ભીષ્મ, કર્ણ, અશ્વત્થામા, સુશર્મા, શલ્ય, જયદ્રથ તથા બાહ્લિક વગેરેએ છોડેલાં અમોઘ મહિમાવાળાં અસ્ત્રો જેમ પ્રહ્લાદને અસુરોએ છોડેલાં અસ્ત્રો સ્પર્શ કરતાં ન હતાં, તેમ સ્પર્શ પણ કરતાં ન હતાં. (તે શ્રીકૃષ્ણે આજ મને છેતર્યો છે!)[16] જેમના ચરણકમળને શ્રેષ્ઠ પુરુષો મોક્ષ માટે ભજે છે, તે પોતાના ભક્તને સ્વાત્મસમર્પણ કરનાર ઈશ્વરને મેં કુમતિવાળા-

* આ શ્લોકથી '**कालोऽस्मि लोकक्षयकृत् प्रवृत्तो**' એ ગીતાવચનનું સ્મરણ થાય છે.

એ સારથિકર્મમાં સ્વીકારી લીધા હતા; વળી (જયદ્રથના વધસમયે) જ્યારે મારા ઘોડાઓ જળપાન વિના થાકી ગયા હતા, ત્યારે હું પૃથ્વી પર ઊતરી પડ્યો હતો, છતાં તે વખતે જેમના પ્રભાવથી વ્યગ્રચિત્ત થઇ ગયેલા રથી શત્રુઓ મને પ્રહાર કરી શક્યા ન હતા; હે રાજા! તે ભગવાનનાં ઉદાર અને સુંદર મંદ હાસ્યથી શોભતાં હાસ્યવચનો તથા પ્રસંગ પ્રસંગનાં 'હે પાર્થ! હે અર્જુન! હે સખે! હે કુરુનંદન!' ઇત્યાદિ મધુર અક્ષરવાળાં સુંદર વાક્યો જ્યારે મારા સ્મરણમાં આવે છે ત્યારે મારું મન વિહ્વળ થાય છે–ગભરાઈ જાય છે.[17/18] સૂવું, બેસવું, ફરવું, પોતપોતાના ગુણોની પ્રશંસા કરવી અને ભોજન વગેરે ક્રિયાઓમાં અમારું ઐક્ય હતું–એ સર્વ ક્રિયાઓ અમે બન્ને સાથેજ કરતા, તેથી કોઇ સમયે તેમાં જો કંઇ ફેરફાર થતો તો 'હે મિત્ર! તમે તો સત્યવાદી છો હો!' વગેરે વક્ર વચનોથી હું તિરસ્કાર કરતો, છતાં પણ મિત્ર જેમ મિત્રનો અને પિતા જેમ પુત્રનો અપરાધ ક્ષમા કરે, તેમ એ મહાન–પરમેશ્વર પોતાની મોટાઇને લીધે મારા કુમતિના સર્વ અપરાધો સહન કરતા હતા. હે મહારાજા! એ મારા પ્રિય મિત્ર અને પ્રિય સુહૃદ્ પુરુષોત્તમથી આજે હું રહિત થયો છું, અને તેથી મારું હૃદય શૂન્ય થઈ ગયું છે. હે ભાઇ! તે શ્રીકૃષ્ણની સોળ હજાર સ્ત્રીઓનું રક્ષણ કરતાં પણ (આજે) માર્ગમાં દુષ્ટ ગોવાળોએ એક સ્ત્રીની પેઠે મારો પરાજય કર્યો છે.[19/20] અહો! તેજ આ મારું ધનુષ છે, તેજ બાણો છે, રથ છે, તેજ ઘોડાઓ છે અને હું પણ તેજ રથી છું, કે જેને રાજાઓ નમસ્કાર કરે છે! છતાં જેમ ભસ્મમાં હોમેલું વૃથા થાય છે, અથવા કોઈ માયાવી પાસેથી મેળવેલું નકામું થાય છે, અથવા ક્ષાર ભૂમિમાં વાવેલું બીજ નિષ્ફળ થાય છે, તેમ તે બધું, ભગવાન શ્રીકૃષ્ણ વિનાનું થતાં એક ક્ષણવારમાં સર્વ કાર્ય કરવામાં અસમર્થ થયેલ છે.[21]

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હે રાજન્! આપણા સંબંધીઓના નગરમાં (દ્વારકામાં) જે જે સંબંધીઓનું તમે કુશળ પૂછ્યું, તેઓ સર્વે બ્રાહ્મણના શાપથી મૂઢ બની જઇને વારુણી (અન્નની) મદિરા પીને મદથી બેભાન ચિત્તવાળા બની ગયા હતા અને જાણે પરસ્પર કોઇને ઓળખતા ન હોય તેવા થઈ ગયા હતા, જેથી (એરકા ઘાસની) મુઠીઓ વડે માંહોમાંહે પ્રહાર કરીને મરણ પામ્યા છે. તેઓમાંથી હવે માત્ર ચાર–પાંચ બાકી રહ્યા છે.[૨૨-૨૩] આ બધું ઘણું કરીને ભગવાન શ્રીકૃષ્ણનુંજ ચેષ્ટિત છે–તેમની ઇચ્છાથીજ આ સર્વ થયું છે. કેમકે તેમની ઇચ્છાથીજ પ્રાણીઓ એકબીજાનો સંહાર અને પાલન કરે છે. હે રાજન્! જેમ જળની અંદર જળચર પ્રાણીઓમાં મોટાં પ્રાણીઓ નાનાં પ્રાણીઓનું ભક્ષણ કરે છે, બળવાનો દુર્બળને મારે છે અને મોટા બળવાનો માંહોમાંહે મારે છે, તેમ ભગવાન કૃષ્ણે મહાબળવાન આપણ–પાંડવોદ્વારા દુર્યોધન–જરાસંધ વગેરેનો નાશ કર્યો છે, મોટા મોટા યાદવોદ્વારા શાલ્વ વગેરેનો નાશ કર્યો છે અને યાદવોનો યાદવો વડેજ પરસ્પર નાશ કરી પૃથ્વીનો ભાર ઉતાર્યો છે.[૨૪-૨૬] અહો! દેશ–કાળને યોગ્ય અર્થવાળાં તેમજ હૃદયના તાપને શાંત કરનારાં ગોવિંદનાં વચનોને હું સંભારૂં છું, ત્યારે તે વચનો મારા ચિત્તને હરી લે છે."[૨૭] એ પ્રમાણે અત્યંત ગાઢ સ્નેહને લીધે શ્રીકૃષ્ણના ચરણકમળનું ચિંતન કરતાં અર્જુનની બુદ્ધિ શોકરહિત અને વૈરાગ્યવાળી થઇ ગઈ.[૨૮] શ્રીકૃષ્ણના ચરણનું ધ્યાન કરવાથી તેની ભક્તિનો વેગ અત્યંત વધી પડ્યો અને તેથી તે અર્જુનની બુદ્ધિમાંથી કામાદિ સર્વ દોષોનો વિનાશ થઇ ગયો.[૨૯] ભગવાન શ્રીકૃષ્ણે કૌરવ–પાંડવોના યુદ્ધના આરંભે જે ગીતા–જ્ઞાન અર્જુનને કહ્યું હતું, તે જો કે કાળ, કર્મ તથા વિષયભોગનાં આવરણોથી ઢંકાઇ ગયું હતું, તોપણ તેજ જ્ઞાન ફરી મહાસમર્થ એવા તે અર્જુનને તે વેળા સાંભરી આવ્યું.[૩૦] તેથી તેનો શોક દૂર થયો, દ્વૈતસંશયો છેદાઈ ગયા, પ્રકૃતિ–અવિદ્યા નાશ પામી ગઇ, નિર્ગુણ અવસ્થા પ્રાપ્ત થઇ, તેથી સૂક્ષ્મશરીર ઉપરતું અભિમાન જતું રહ્યું અને તેથી સ્થૂલશરીર ઉપરના અભિમાનનો પણ સંભવ ન રહ્યો.+[૩૧] એ રીતે ભગવાનનું સ્વધામગમન તથા યદુકુળનો વિનાશ સાંભળીને નિશ્ચળ ચિત્તવાળા રાજા યુધિષ્ઠિરે સ્વર્ગના માર્ગ તરફ જવાનો નિશ્ચય કર્યો.[૩૨] કુંતાજી પણ અર્જુને કહેલો યાદવોનો નાશ તથા ભગવાનનું તે સ્વધામગમન સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણને વિષે એકાંત ભક્તિથી મન સ્થાપીને સંસારથી વિરામ પામ્યાં—જીવન્મુક્ત થયાં. (અથવા શરીરનો ત્યાગ કર્યો.)[૩૩] આ રીતે પોતે અજન્મા હોવા છતાં ભગવાન શ્રીકૃષ્ણે, જેમ કાંટા વડે કાંટો કાઢીને પછી તે કાંટાનો પણ ત્યાગ કરવામાં આવે છે, તેમ જ યાદવશરીર વડે પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો, તેજ યાદવશરીરનો ત્યાગ કર્યો હતો. કેમકે એ પરમેશ્વરને તો એ બંને શરીર–પૃથ્વી ઉપરનાં ભારરૂપ શરીર અને યાદવવંશનું શરીર–સરખાંજ હતાં.[૩૪] જેમ કોઇ નટ પોતાના સ્વરૂપમાં રહ્યા છતાં બીજાં સ્વરૂપો ધારણ કરે છે ને ત્યાગ કરે છે, તેમ શ્રીભગવાન પણ મત્સ્ય વગેરેનાં સ્વરૂપો ધારણ કરે છે અને તેનો ત્યાગ કરે છે; એજ રીતે ભગવાન શ્રીકૃષ્ણે પણ પોતાના જે યાદવશરીર વડે પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો, તે શરીરનો ત્યાગ કર્યો

+ આ શ્લોકનો ભાવ આ છેઃ–શોકનું કારણ દ્વૈતભ્રાંતિ છે, દ્વૈતભ્રાંતિનું કારણ સ્થૂલશરીર છે, સ્થૂલશરીરનું કારણ લિંગશરીર છે, લિંગશરીરનું કારણ સત્ત્વાદિ ગુણો છે, અને તે ગુણોનું કારણ અવિદ્યા છે. તેમાં બ્રહ્મસંપત્તિ–વેદાંતશ્રવણ વડે 'હું બ્રહ્મ છું' એવું જ્યારે જ્ઞાન થાય છે ત્યારે તે જ્ઞાનદ્વારા અવિદ્યાનો નાશ થાય છે, અવિદ્યાનો નાશ થતાં નિર્ગુણ અવસ્થા પ્રાપ્ત થાય છે, નિર્ગુણ અવસ્થા પ્રાપ્ત થતાં ગુણોના કાર્યભૂત લિંગશરીરનો નાશ થાય છે અને લિંગશરીરનો નાશ થતાં સ્થૂલદેહથી રહિત થવાય છે–એટલે તે તે શરીરાભિમાનથી રહિત થવાય છે.

—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતો.÷[35] જેમની કથા શ્રવણ કરવા યોગ્ય છે એવા ભગવાન શ્રીકૃષ્ણે પોતાના શરીરથી આ પૃથ્વીનો જ્યારે ત્યાગ કર્યો કે તેજ દિવસે અવિવેકી મનુષ્યોને અધર્મ કરવામાં કારણરૂપ એવો કલિયુગ પ્રાપ્ત થયો.×[36] રાજા યુધિષ્ઠિર કે, જેઓ વિદ્વાન હતા—વિવેકી હતા, તેમણે પોતાનાં નગરમાં, દેશમાં, ઘરમાં તથા પોતાનામાં પણ કલિયુગને ચારે તરફ ફેલાયલો જોયો; અને લોભ, અસત્ય, કપટ તથા હિંસા વગેરે અધર્મમંડળને પણ ચારે તરફ ફેલાયલું જોઇને નીકળી જવા માટે તેને યોગ્ય વેષ ધારણ કર્યો.‡[37] પછી તે ચક્રવર્તી રાજા યુધિષ્ઠિરે ગુણોથી પોતાનીજ સમાનતા ધારણ કરતા વિનયી પૌત્ર પરીક્ષિતનો હસ્તિનાપુરમાં સમુદ્ર સુધીની પૃથ્વીના પતિ તરીકે અભિષેક કર્યો;[38] તેમજ મથુરામાં અનિરુદ્ધના પુત્ર વજ્રનો શૂરસેન દેશના અધિપતિ તરીકે અભિષેક કર્યો અને પછી તે સમર્થ રાજાએ 'પ્રાજાપત્યા' નામની ઇષ્ટિ (યજ્ઞ) કરીને ગાર્હપત્ય આદિ અગ્નિઓનું પાન કર્યું—એટલે આત્મામાં આરોપણ કર્યું.[39] પછી રેશમી વસ્ત્રો તથા કડાં વગેરે અલંકારો—એ સર્વનો ત્યાં ત્યાગ કર્યો અને મમતા તથા અહંકારનો પણ ત્યાગ કરીને સમગ્ર બંધનોને છેદી નાખ્યાં—સર્વ ઉપાધિઓનો ત્યાગ કરી દીધો.[40] તેમણે વાણીનો—એટલે સર્વ ઇન્દ્રિયોનો મનમાં, મનનો પ્રાણમાં, પ્રાણનો અપાનમાં, અપાનનો મલાદિના ત્યાગ સાથે મૃત્યુમાં (એટલે મૃત્યુના અધિષ્ઠાયક દેવમાં) અને મૃત્યુનો પંચભૂતાત્મક શરીરમાં લય કર્યો.†[41] પછી તે મનનશીલ યુધિષ્ઠિરે શરીરનો ત્રણ ગુણોમાં, ત્રણ ગુણોનો અવિદ્યામાં, અવિદ્યાનો જીવમાં અને તે શુદ્ધ આત્માનો કૂટસ્થ બ્રહ્મમાં લય કર્યો—એટલે કેવળ બ્રહ્મસ્વરૂપે સ્થિતિ કરી.[42] પછી તે ધર્મરાજ વલ્કલ ધારણ કરનારા, ઉપવાસી, મૌનવ્રતધારી અને શીર પરના વાળ છૂટા મૂકવાવાળા બનીને પોતાનું સ્વરૂપ જડ, ઉન્મત્ત અને પિશાચના જેવું દેખાડતા જ્યારે ઘરમાંથી નીકળ્યા, ત્યારે કોઇની સામે જોતા ન હતા અને બહેરા હોય તેમ કંઈ સાંભળતા પણ ન હતા. પૂર્વે મહાત્માઓ જે દિશામાં ચાલી નીકળ્યા હતા, તે—ઉત્તર દિશામાં, હૃદયમાં પરબ્રહ્મનું ચિંતન કરતા તે ચાલી નીકળ્યા÷ કેમકે એ દિશામાં ગયેલો મનુષ્ય ફરી સંસારમાં આવતો નથી.[43,44] તેમના સર્વે ભાઈઓ પણ પૃથ્વી પર અધર્મના મિત્ર કલિયુગનો પ્રજાઓમાં પ્રવેશ થયેલો જોઇ *નિશ્ચય

÷ આ શ્લોકથી ભગવાન શ્રીકૃષ્ણનું નિર્વિકારપણું સૂચવ્યું છે. તેમણે જે યાદવશરીર ધારણ કર્યું હતું, તે ભૌતિક ન હતું, પણ સચ્ચિદાનંદસ્વરૂપ હતું; છતાં જે કોઇ મનુષ્ય તેમના શરીરને ભૌતિક માને છે, તેની મહાભારતમાં આ પ્રમાણે નિંદા સંભળાય છેઃ—**न भूतसंघसंस्थानो देवस्य परमात्मनः। यो वेत्ति भौतिकं देहं कृष्णस्य परमात्मनः॥ स सर्वस्माद् बहिःकार्यः श्रौतस्मार्त्तविधानतः। मुखं तस्यावलोक्यापि सचैलः स्नानमाचरेत्॥** અર્થાત્ પરમાત્મદેવની આકૃતિ ભૂતસંઘમાંથી બનેલી છેજ નહિ; છતાં જે મનુષ્ય શ્રીકૃષ્ણ પરમાત્માના શરીરને ભૌતિક માને, તો તેનો હરકોઈ શ્રૌત-સ્માર્ત કર્મોથી બહિષ્કાર કરવો જોઇએ—તેનો કોઈ પણ કર્મ કરવાનો અધિકાર ખૂંચવી લેવો જોઇએ; એટલુંજ નહિ પણ તેનું દર્શન થતાંજ દર્શન કરનારે પહેરેલે કપડે સ્નાન કરી નાખવું.

—**बालप्रबोधिनी**

× જો કે પહેલાં અંશરૂપે આવી પહોંચ્યો હતો, પણ ભગવાનના ગયા પછી ખરા રૂપમાં પ્રકટ થયો.

‡ સ્વર્ગારોહણ કરવાને યોગ્ય વેષ પહેરી લીધો અને તે પણ તેમણે એકલાએજ નહિ, પણ એકંદર પાંચે ભાઇઓએ, એમ સમજવું. —**भा. क**

† અર્થાત્ શરીરનું મૃત્યુ છે, આત્માનું નથી, એમ નિશ્ચય કર્યો.

—**श्रीधर**

÷ કારણ કે **एषा वै देवमनुष्याणां शांताः दिक्**—એ ઉત્તર દિશા તે દેવો તથા મનુષ્યોની શાંત દિશા છે, એ વેદવચન પ્રમાણે ઉત્તર દિશામાં કલિકાલ વગેરે બાધક નહિ હોવાથી શાંતિ રહે છે.

—**बालप्रबोधिनी**

* આપણે હવે આ જગતમાં રહેવું નથી, પણ ભગવદ્ધામના માર્ગમાંજ જવું છે, આવો નિશ્ચય કરીને.

—**बालप्रबोधिनी**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરીને તે યુધિષ્ઠિરની પાછળ નીકળી ગયા હતા.[૪૫] ધર્મ, અર્થ ને કામ એ ત્રણે પુરુષાર્થોને જેઓએ સારી રીતે સાધ્યા હતા, એવા તે પાંડવો ભગવાનના ચરણકમળનેજ આત્માનું આત્યંતિક શરણ જાણીને મનમાં તેનું ધ્યાન કરવા લાગ્યા. તેમની બુદ્ધિ ભગવાનના ધ્યાનથી, વૃદ્ધિ પામેલી ભક્તિ વડે અત્યંત શુદ્ધ થઇ અને તેમની મતિ સર્વશ્રેષ્ઠ એવા તે નારાયણના ચરણમાંજ લીન થઇ ગઈ, જેથી દુષ્ટ વિષયાત્મા પુરુષોને જે ગતિ દુર્લભ છે અને નિષ્પાપ પુરુષોનુંજ જે નિવાસસ્થાન છે તે ‡ગતિને તેઓ શુદ્ધ અંતઃકરણને લીધેજ પ્રાપ્ત થયા.[૪૬-૪૮] આત્મજ્ઞાની વિદુરજીએ પણ (તીર્થાટન કરીને) પ્રભાસક્ષેત્રમાં શ્રીકૃષ્ણને વિષે મન સ્થાપીને તેમજ મનને શ્રીકૃષ્ણમય કરીને શરીરનો ત્યાગ કર્યો અને (પોતાને તેડવા માટે આવેલા પિતૃદેવોની સાથે) પોતાના અધિકારના સ્થાનમાં ગયા.×[૪૯] તે સમયે દ્રૌપદી પણ પોતાના પતિઓની (વૈરાગ્યને લીધે) પોતાના પ્રત્યે બેદરકારી જોઇને ભગવાન શ્રીકૃષ્ણ વિષે એકાગ્ર બુદ્ધિવાળી થઈ ને તેમનેજ પ્રાપ્ત થઇ.[૫૦] જે મનુષ્ય ભગવાનને પ્રિય એવા પાંડવોનું આ સ્વર્ગારોહણ કે જે સર્વ મંગળોનું સ્થાન હોઇ અત્યંત પવિત્ર છે તેનું શ્રવણ કરે છે તે, શ્રીહરિને વિષે ભક્તિ પ્રાપ્ત કરીને સિદ્ધિને પ્રાપ્ત કરે છે.[૫૧]

यः श्रद्धयैतद्भगवत्प्रियाणां पांडोः सुतानामिति संप्रयाणम् ॥ शृणोत्यलं स्वस्त्ययनं पवित्रं लब्ध्वा हरौ भक्तिमुपैति सिद्धिम् ॥ ५१ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૧૫ મો સમાપ્ત

---

‡ તે ગતિને એટલે શુદ્ધ આત્મસ્વરૂપે સ્થિતિ કરવારૂપ ગતિને. —શ્રીધર

× અર્થાત્ પોતે યમદેવના અવતાર હોઇ માત્ર શાપને લીધેજ પૃથ્વી પર આવ્યા હતા, તેથી શાપની નિવૃત્તિ થતાં ફરી પોતાના યમલોકમાં જઈ યમદેવનો અધિકાર સંભાળી લીધો. —भा. क.

અધ્યાય ૧૬ મો*

કલિયુગથી પીડાતા ધર્મ તથા પૃથ્વીનો સંવાદ અને પરીક્ષિતનું ત્યાં આવવું

॥ सूत उवाच ॥

ततः परीक्षिद् द्विजवर्यशिक्षया
महीं महाभागवतः शशास ह ॥
यथा हि सूत्यामभिजातकोविदाः
समादिशन्विप्र महद्गुणस्तथा ॥ १ ॥

સૂત બોલ્યાઃ—તે પછી હે શૌનક! રાજા પરીક્ષિત, શ્રેષ્ઠ બ્રાહ્મણોના ઉપદેશ પ્રમાણે પૃથ્વી પર રાજ્ય કરવા લાગ્યો. તેમના જન્મસમયે જાતકર્મને જાણનારા બ્રાહ્મણોએ, જે પ્રમાણે ભવિષ્ય કહ્યું હતું, તે પ્રમાણેજ એ રાજામાં મહાન પુરુષોના ગુણો પ્રાપ્ત થયા અને તે રાજા ભગવાનનો એક મહાન ભક્ત થયો.[૧] તેણે ઉત્તર રાજાની પુત્રી ઇરાવતી સાથે લગ્ન કર્યાં અને તે પત્નીમાં જન્મેજય વગેરે ચાર પુત્રો ઉત્પન્ન કર્યા.[૨] તેણે કૃપાચાર્યને ગુરુ કરીને ગંગાકિનારે પુષ્કળ દક્ષિણાઓવાળા ત્રણ અશ્વમેધ યજ્ઞો કર્યા કે જેમાં દેવો પ્રત્યક્ષ થયા હતા.[૩] એ વીર રાજાએ દિગ્વિજયમાં એક વખતે રાજાના ચિહ્નને ધારણ કરનારા એવા શૂદ્ર કલિયુગને પોતાના બળથી કેદ પકડ્યો હતો કે જે કલિયુગ એક ગાય તથા બળદને પગ વડે પ્રહાર કરી રહ્યો હતો.[૪]

શૌનકે પૂછ્યુંઃ—જે શૂદ્ર કલિયુગ રાજાનાં ચિહ્ન ધારણ કરી ગાયને પગથી મારતો હતો, તે કલિયુગને રાજા પરીક્ષિતે દિગ્વિજય કરતી વેળા કયા કારણે કેદ પકડ્યો હતો?[૫] હે મહાભાગ્યશાળી સૂત! એ કથા જો શ્રીકૃષ્ણની કથા સાથે સંબંધ ધરાવતી હોય અથવા શ્રીકૃષ્ણના ચરણ-

---

* આ અધ્યાયમાં ‘કલિયુગથી કંટાળેલી પૃથ્વીનો તથા ધર્મનો સંવાદ’ આવશે અને પોતાનું રક્ષણ કરનાર પરીક્ષિત રાજાની તેઓને પ્રાપ્તિ થઇ, તે કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કમળના રસનો સ્વાદ લેનારા ભગવાનના ભક્તોની કથા સાથે સંબંધવાળી હોય તો અમને કહો.[૬] કેમકે હે સૂત ! જેઓનું આયુષ અલ્પ છે અને 'મરવું' એ જેઓના ધર્મ છે એવા મનુષ્યો જો મોક્ષને ઇચ્છતા હોય તો તેઓને ભગવાનની કથા-વિના બીજા મિથ્યા આલાપોવડે શું વળવાનું છે ? કેમકે તેથી આયુષનો વૃથા ક્ષય થાય છે.[૭] આ નૈમિષારણ્યમાં યજ્ઞકર્મની અંદર પશુહિંસાને માટે ભગવાન મૃત્યુદેવને અમે બોલાવ્યા છે તેથી જ્યાં સુધી અહીં મૃત્યુદેવ છે ત્યાં સુધી કોઇનું મરણ થશે નહિ.+[૮] અહો ! આ મનુષ્ય-લોકમાં હરિકથારૂપી અમૃતવાળાં વચનોનું શ્રવણ થઇ શકે એ માટે ભગવાન મૃત્યુદેવને મહર્ષિ-ઓએ અહીં બોલાવ્યા છે.*[૯] જે મનુષ્ય આળસુ અને મંદ બુદ્ધિવાળો હોય છે તેનું આયુષ રાત્રે નિદ્રામાં અને દિવસે વ્યર્થ કામો કરવામાં ચાલ્યું જાય× છે.[૧૦]

સૂત બોલ્યા:–રણકુશળ રાજા પરીક્ષિત જ્યારે કુરુજાંગલ દેશમાં વસતા હતા ત્યારે પોતાના સૈન્યબળથી રક્ષાતા આખા દેશમાં કલિયુગનો પ્રવેશ તેમણે સાંભળ્યો; તે પછી એ અતિ અપ્રિય વાત સાંભળીને તેમણે (તે દુષ્ટને શિક્ષા કરવા માટે) હાથમાં ધનુષ ગ્રહણ કર્યું;[૧૧] અને રથ, ઘોડા, હાથી તથા પાયદળવાળી પોતાની સેના સાથે દિગ્વિજય કરવા માટે નગરમાંથી તે નીકળી ગયા. એ વેળા શ્યામ ઘોડાઓ જેમાં જોડવામાં આવ્યા હતા, એવા સુશોભિત રથ ઉપર તે બેઠા હતા કે જે રથ પર સિંહના ચિહ્નવાળો ધ્વજ ફરકતો હતો.[૧૨] તેમણે ભદ્રાશ્વ, કેતુમાલ, ભારત, ઉત્તરકુરુ તથા કિંપુરુષ વગેરે પૃથ્વીના ખંડોને જીતી લઈ ત્યાંના રાજાઓ પાસેથી ખંડણી લીધી; વળી તે તે સ્થળે પોતાના મહાત્મા પૂર્વજોનાં, શ્રીકૃષ્ણના માહાત્મ્યને સૂચવતાં યશોગાન ગવાતાં સાંભળ્યાં;[૧૩,૧૪] તેમજ અશ્વત્થામાના અસ્ત્રતેજથી ભગવાને પોતાનું જે રક્ષણ કર્યું હતું અને યાદવો તથા પાંડવોની શ્રીકૃષ્ણ ઉપર જે ભક્તિ હતી–તે સર્વ તેમણે સાંભળ્યું.[૧૫] તે સાંભળી તેમને અત્યંત સંતોષ થયો અને તેમનાં નેત્રો પ્રેમથી પ્રફુલ્લ થઈ ગયાં. પછી તે ઉદાર મનના રાજાએ પોતાના પૂર્વજોનું યશોગાન કરતા તે તે મનુષ્યોને પુષ્કળ ધન, વસ્ત્રો તથા હારોનાં દાન કર્યાં.[૧૬] વળી તેમણે સાંભળ્યું કે પોતાના સ્નેહી પાંડવોનું સારથિકર્મ, સભાપતિનું કર્મ, પાંડવોનાં ચિત્તને અનુસરવા-રૂપી સેવા, મિત્રતા, દૂતકર્મ, રાત્રે તલવાર હાથમાં લઇ પાંડવોની રક્ષાને માટે જાગરણ, તેઓનું અનુસરણ, તેઓનાં લખાણ અને તેઓને પ્રણામ વગેરે સર્વ કંઈ ભગવાન શ્રીકૃષ્ણે કર્યું હતું; તેમજ ભગવાન શ્રીકૃષ્ણને જગત નમી રહ્યું હતું–તે પણ સાંભળીને રાજા પરીક્ષિતે ભગવાનના ચરણકમ-ળમાં ભક્તિ કરવા માંડી.[૧૭] એ રીતે પરીક્ષિત રાજા પોતાના પૂર્વજોની વૃત્તિ પ્રમાણે નિત્ય વર્તી રહ્યા હતા તેવામાં તુરતજ એક આશ્ચર્ય બન્યું તે તમે મારી પાસેથી સાંભળો.[૧૮] બળદનું રૂપ ધારણ કરી માત્ર એકજ પગે ચાલતો ધર્મ ગાયનું રૂપ ધારણ કરનારી, નિસ્તેજ જણાતી અને સંતાન-રહિત થયેલી માતાની પેઠે અશ્રુભરેલા મુખ-વાળી દેખાતી પૃથ્વીદેવીને આ પ્રમાણે પૂછવા લાગ્યો.[૧૯]

ધર્મ બોલ્યો:–"હે કલ્યાણિ ! તમે કુશળ છો ને ? જો કે બહારથી તમારા શરીરમાં કંઈ રોગ જણા-તો નથી, પરંતુ તમે નિસ્તેજ થયાં છો અને લગાર કરમાયલા મુખને લીધે તમારા મનમાં

+ મનુષ્યનું આયુષ્ય અલ્પ છે તો પછી તમે પૂછેલી કથા હું કહું અને તમે સાંભળો, ત્યાં સુધી તમારૂં કે મારૂં જીવન કેવી રીતે સંભવી શકે છે? આવી સૂત પુરાણીની શંકાના સમાધાન તરીકે આ શ્લોક છે. —બાલપ્રબોધિની

* કેમકે મૃત્યુ અહીં હોય ત્યાં સુધી અહીં કોઇનું મરણ થાય નહિ અને હરિકથા સાંભળવામાં વિઘ્ન પણ ન આવે. —મા. ક.

× આવું હરિકથાશ્રવણ વિનાનું જીવન તે વૃથા જીવન છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કોઇ પ્રકારની પીડા છે, એમ મને જણાય છે. હે માતા! શું કોઇ દૂર ગયેલા બંધુનો તમે શોક કરો છો?[20] અથવા ત્રણ પગ વિનાના અને માત્ર એકજ પગવાળા થયેલા મારો શોક કરો છો? અથવા ભવિષ્યમાં તમને શૂદ્ર રાજાઓ ભોગવશે તેથી તમે તમારો પોતાનો શોક કરો છો? અથવા યજ્ઞાદિ ક્રિયાઓનો અભાવ થવાથી જેઓના યજ્ઞભાગ નાશ પામ્યા છે, તેવા દેવો વગેરેનો તમે શોક કરો છો? કે વરસાદ નહિ વરસવાથી દુઃખી થતી પ્રજાઓનો શોક કરો છો?[21] હે પૃથ્વિ! પતિઓથી નહિ રક્ષાતી સ્ત્રીઓનો અથવા રાક્ષસોના જેવા નિર્દય પિતાઓથી પીડાતાં બાળકોનો તમે શોક કરો છો? અથવા નીચ કર્મો કરતાં બ્રાહ્મણ કુળમાં વસી રહેલી સરસ્વતી દેવીનો તમે શોક કરો છો કે બ્રાહ્મણોનું રક્ષણ નહિ કરનારાં રાજકુળમાં સેવા કરી રહેલાં કુળવાન બ્રાહ્મણોનો તમે શોક કરો છો? અથવા કલિયુગથી વ્યાપ્ત થયેલા નીચ ક્ષત્રિયોનો તમે શોક કરો છો કે તે નીચ ક્ષત્રિયોએ ઉજ્જડ કરી મૂકેલા દેશોનો શોક કરો છો? અથવા આ લોકો જ્યાં ત્યાં ભોજન કરતા, પાણી પીતા, (અમર્યાદ) વસ્ત્રો પહેરતા અને જ્યાં ત્યાં મૈથુન કરતા જોવામાં આવે છે તેઓનો તમે શોક કરો છો?[22,23] અથવા હે માતા પૃથ્વિ! તમારો ભાર દૂર કરવાને જેમણે અવતાર લીધો હતો એવા શ્રીકૃષ્ણ ભગવાન, હમણાં તમને તજીને સ્વધામમાં પધારી ગયા છે તો તેમનાં મોક્ષ આપનારાં કર્મોનું સ્મરણ કરી તમે શોક કરો છો?[24] હે પૃથ્વિ! જેને લીધે તમે દુર્બળ થઇ ગયાં છો તે તમારી માનસિક પીડાનું મૂળ તમે મને કહો. હે માતા! તમારૂં સૌભાગ્ય દેવોને પણ પૂજ્ય હતું, તેને બળવાનોમાં પણ બળવાન એવા કાળે શું હરી લીધું છે?"[25]

પૃથ્વી બોલી–"હે ધર્મ! તમે મને જે પૂછો છો તે સર્વ તમે જાણો છો. (જો કે તમે સર્વ જાણો છો, તોપણ હુ તમને કહું છું.) જેમને લીધે તમે લોકોને સુખ આપનારા ચાર ચરણવાળા હતા; અને સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા, દાન, સંતોષ, સરળતા, શમ (આભ્યંતર ઇન્દ્રિયજય), દમ (બાહ્યઇન્દ્રિયોનો જય), તપ, શત્રુ–મિત્રાદિ ઉપર સમભાવ, બીજાઓના અપરાધ સહન કરવા તે તિતિક્ષા, લોભાલાભની પ્રાપ્તિ થતાં ઉદાસીન ભાવ ધારણ કરવારૂપ ઉપરતિ, શાસ્ત્રીય વિચાર, આત્મજ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૂરવીરતા, પ્રભાવ, બળ, સ્મરણશક્તિ, સ્વતંત્રતા, કાર્ય કરવામાં કુશળતા, કાંતિ, ધૈર્ય, અવ્યાકુળતા, ચિત્તની કોમળતા, મહાન પ્રતિભા, વિનય, સુંદર સ્વભાવ, માનસિક શક્તિ, જ્ઞાનેન્દ્રિયની શક્તિ, કર્મેન્દ્રિયની શક્તિ, સર્વ ભોગોનું સ્થાનપણું, ગંભીરપણું, અચંચળપણું, શ્રદ્ધા, કીર્તિ, માન (પૂજ્યતા) અને અહંકારરહિતપણું આ સર્વ ગુણો અને આ વિનાના બીજા પણ મહાન ગુણો જે ભગવાનમાં નિત્ય નિવાસ કરે છે; તેમજ મોટાઇ ઇચ્છનારા પુરુષો જે જે ગુણોની ઇચ્છા રાખે છે, તે તે સર્વ ગુણો જેમનામાં કદી નાશ પામતા નથી, તે ગુણપાત્ર અને લક્ષ્મીના નિવાસરૂપ શ્રીહરિએ હમણાં આ લોકનો ત્યાગ કર્યો છે અને તેથીજ પાપી કલિયુગ લોક તરફ દષ્ટિ કરી રહ્યો છે. માટે આ લોકોનો હું શોક કરૂં છું.[26-31] વળી હું મારો પોતાનો, દેવશ્રેષ્ઠ એવા તમારો, દેવોનો, પિતૃઓનો, ઋષિઓનો, સાધુજનોનો, સર્વ વર્ણોનો તથા સર્વ આશ્રમોનો પણ શોક કરૂં છું.[32] હે ધર્મ! જે લક્ષ્મીદેવીનાં કૃપાકટાક્ષ પોતાના ઉપર પડે, એવી ઇચ્છાથી બ્રહ્માદિ દેવો પણ ઘણા ઘણા સમય સુધી તપશ્ચર્યા કર્યા કરે છે, આવી રીતે ઉત્તમ પુરુષોએ આશ્રય કરેલાં છતાં તે લક્ષ્મીદેવી પોતાના નિવાસસ્થળ–કમળવનનો ત્યાગ કરી જે ભગવાનના ચરણનું સૌભાગ્ય અત્યંત પ્રેમી થઇને સેવે છે,[33] તે શ્રીભગવાનના કમળ, વજ્ર, અંકુશ તથા ધ્વજનાં ચિહ્નોવાળા ચરણો વડે મારૂં અંગ સુશોભિત હતું અને આવી તે ભગવાનની કૃપા–સંપત્તિ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રાપ્ત કરીને હું ત્રણે લોક કરતાં અતિશય શોભતી હતી; પણ પાછળથી તે મારી સંપત્તિનો વિનાશ-કાળ પ્રાપ્ત થયો, ત્યારે હું અત્યંત ગર્વિષ્ઠ બની ગઈ અને તેથીજ તે ભગવાને મારો ત્યાગ કર્યો.[૩૪] વળી સ્વતંત્ર એવા જે ભગવાને આસુરી વંશમાં ઉત્પન્ન થયેલા રાજાઓની સેંકડો અક્ષૌહિણી સેનાઓરૂપી મારા ઉપરનો મોટો ભાર દૂર કર્યો છે અને ત્રણ પગ ભાગી પડવાથી દુઃખી થયેલા તમને પણ પોતાના પરાક્રમ વડે ચાર પગવાળા કરીને સુખી કરવાને યાદવ વંશમાં સુંદર શરીર ધારણ કર્યું હતું,[૩૫] તે શ્રી પુરુષોત્તમના વિરહને કઇ સ્ત્રી સહન કરી શકે? જેમણે પ્રેમદર્શનપૂર્વક સુંદર, મંદ હાસ્ય તથા સુંદર ભાષણો વડે મધુવંશની સત્યભામા વગેરે અભિમાની સ્ત્રીઓનો ગર્વ તથા સ્થૈર્ય (અક્કડપણું) હરી લીધાં હતાં અને જેમની ચરણરજથી શોભી રહેલી અને રોમાંચ થઇ જતાં હતાં, તે ભગવાનના વિરહને કોણ સહન કરે?)"[૩૬] એ પ્રમાણે ધર્મ તથા પૃથ્વીનો સંવાદ ચાલતો હતો, તેવામાં રાજર્ષિ પરીક્ષિત (ત્યાં) પૂર્વ તરફ વહેતી સરસ્વતી નદી પર આવી પહોંચ્યા.[૩૭]

तयोरेवं कथयतोः पृथिवीधर्मयोस्तदा ।
परीक्षिन्नाम राजर्षिः प्राप्तः प्राचीं सरस्वतीम् ॥३७

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૧૬ મો સમાપ્ત

अध्याय १७ मो*

પરીક્ષિતે કલિયુગને કરેલી શિક્ષા

॥ सूत उवाच ॥

तत्र गोमिथुनं राजा हन्यमानमनाथवत् ।
दंडहस्तं च वृषलं ददृशे नृपलांछनम् ॥ १ ॥

સૂત બોલ્યાઃ–રાજા પરીક્ષિતે ત્યાં જોયું તો એક ગાય તથા બળદને રાજાઓના વેશને ધારણ કરનાર કોઇ એક શૂદ્ર હાથમાં લાકડી લઇને અનાથને મારે તેમ માર મારતો હતો.[૧] તે વેળા કમળના કંદ જેવો ધોળો બળદ પેલા શૂદ્રના મારથી ભય પામતો જાણે મૂતરી રહેતો હતો,[૨] ધ્રૂજતો હતો અને એકજ પગ હોવાને લીધે દુઃખી જણાતો હતો. બીજી તરફ પેલી ગાય કે જે ધર્મનાં સાધનરૂપ ઘી–દૂધને આપનારી, અત્યંત ગરીબડી, વાછરડાં વિનાની, અશ્રુભરેલા મુખવાળી અને દુર્બળ હોઇને ઘાસની ઇચ્છા કરતી હતી; વળી જેને પેલો શૂદ્ર પગની લાતો મારી રહ્યો હતો, તેને જોઇને સુવર્ણના સાજવાળા રથમાં બેઠેલો રાજા પરીક્ષિત ધનુષ ચડાવીને મેઘસમાન ગંભીર વાણીથી પૂછવા લાગ્યોઃ–[૩,૪] "અલ્યા એ! તું કોણ છે? મારા તાબાના આ લોકમાં તું બળવાન બની જઇ આ નિર્બળ પ્રાણીઓને બળજબરીથી મારે છે તેથી નટની પેઠે માત્ર વેષથી તું રાજા છે, પણ કર્મથી તો શૂદ્ર છે.[૫] શ્રીકૃષ્ણ અર્જુનની સાથે દૂર (સ્વધામમાં) ગયા, એટલે આવાં નિરપરાધી પ્રાણીઓને તું એકાંતમાં માર મારે છે; માટે તું અપરાધી છે અને વધને યોગ્ય છે. બોલ, તું કોણ છે?[૬] (કલિયુગને એમ કહીને રાજા બળદને પૂછે છે) કમળના કંદસમાન ધોળા રંગનો તું કોણ છે? તને ત્રણ પગો નથી, પણ એકજ પગે તું ચાલે છે તેથી અમને ખેદ ઉપજાવે છે. બળદના રૂપમાં તું કોઈ દેવ છે?[૭] હમણાં આ ભૂમંડળ પુરુવંશી મહારાજાઓના ભુજદંડથી સુરક્ષિત છે, તો તેના ઉપર તારા વિના (બીજા) કોઈ પણ પ્રાણીનાં શોકનાં અશ્રુઓ કદી પડતાં નથી.[૮] તો હે બળદ! તું શોક કર મા. તને આ શૂદ્રથી ભય છે, તે દૂર થાઓ; (બળદને એમ કહી હવે ગાયને કહે છે–) અને હે માતા! તમે પણ રડો મા. દુષ્ટોને શિક્ષા કરનાર હું જ્યાંસુધી છું, ત્યાં સુધી તમારૂં કલ્યાણજ છે.[૯] હે સાધ્વિ! જે રાજાના દેશમાં પ્રજાઓ

* આ અધ્યાયમાં પરીક્ષિત રાજાએ કલિયુગને શિક્ષા કરી તે કહેવાશે; અને તેવા પરાક્રમી પરીક્ષિતનો અદ્ભુત વૈરાગ્ય કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દુર્જનોથી ભયભીત રહે છે–પીડાય છે, તે પ્રમાદી રાજાની કીર્તિ, ભાગ્ય તથા સ્વર્ગાદિ પરલોકનો નાશ થાય છે.[१०] રાજાઓનો એ પરમ ધર્મ છે કે, તેણે દુઃખી પ્રજાઓના દુઃખને દૂર કરવું જોઇએ. માટે પ્રાણીઓને દુઃખ દેનાર આ દુષ્ટનો હું નાશ કરીશ.[११] (ફરી બળદને કહે છે–) હે બળદ! તું ચાર પગવાળું પ્રાણી છે, તો તારા ત્રણ પગ કોણે કાપી નાખ્યા? શ્રીકૃષ્ણને અનુસરનારા (મારા જેવા) રાજાઓના દેશમાં કે રાજ્યમાં તારા જેવાં (દુઃખી પ્રાણીઓ) ન હોવાં જોઇએ.[१२] હે બળદ! તમારૂં કલ્યાણ થાઓ. તું કહે કે, તમારા જેવાં નિરપરાધી શ્રેષ્ઠ પ્રાણીઓના આવી રીતે પગ કાપી નાખનાર કોણ છે? ખરેખર, તે દુષ્ટ મનુષ્ય પાંડવોની કીર્તિને કલંક લગાડનાર છે.[१३] જે મનુષ્ય નિરપરાધી પ્રાણીને દુઃખ આપે છે, તેવાને તો સર્વ સ્થળે મારાથી ભય છે; અને તેવા દુષ્ટોને શિક્ષા કરવાથી સજ્જનોનું કલ્યાણજ થાય છે.[१४] આ જગતમાં જે કોઈ નિરંકુશ પ્રાણી બીજાં નિરપરાધી પ્રાણીઓનો જો અપરાધ કરશે, તો તે અપરાધ કરનાર કદાચિત્ દેવ હશે, તોપણ તેની ભુજાને બાજુબંધ સહિત હું કાપી નાખીશ.†[१५] જે મનુષ્યો (પોતાના ઉપર) આપત્તિ આવી ન હોય છતાં અવળે માર્ગે જાય છે, તેવા અધર્મી મનુષ્યોને શાસ્ત્રાનુસાર શિક્ષા કરનાર રાજાનો એજ પરમ ધર્મ છે કે, તેણે સ્વધર્મમાં રહેનાર મનુષ્યોનું રક્ષણ કરવું જોઇએ."[१६]

ધર્મ બોલ્યો:–"આ રીતે દુઃખીઓને અભયવચન આપવું તે પાંડવોના વંશમાં જન્મેલા તમને ખરેખર યોગ્ય છે; કેમકે જે પાંડવોના ગુણસમૂહોને લીધે ભગવાન શ્રીકૃષ્ણે દૂતકર્મ–સારથિકર્મ વગેરે કર્યાં હતાં;[१७] હે ×પુરુષોમાં શ્રેષ્ઠ રાજા! જે પુરુષથી પ્રાણીઓને ક્લેશનાં કારણો પ્રાપ્ત થાય છે તે પુરુષને અમે જાણતાં નથી, કેમકે ભિન્નભિન્ન વાદ કરનારા પુરુષોનાં જુદાં જુદાં વાક્યો વડે અમે મોહિત થયાં છીએ–મૂઢ બની ગયાં છીએ÷[१८] કોઇ પણ જાતના ભેદને નહિ માનનારા–કેવળ આત્મતત્ત્વનેજ માનનારા કેટલાક યોગીઓ કહે છે કે, *આત્માજ આત્માને સુખ–દુઃખ આપનારો છે;‡ ત્યારે બીજા જ્યોતિષશાસ્ત્રીઓ એમ કહે છે કે, ગ્રહ આદિ દેવતાઓ પ્રાણીઓને સુખદુઃખ આપે છે; મીમાંસકો વળી એમ કહે છે કે, કર્મજ પ્રાણીઓને સુખ–દુઃખ આપે છે; ત્યારે બીજા નાસ્તિકો એમજ કહે છે કે, સ્વભાવજ પ્રાણીઓનાં સુખ–દુઃખનું કારણ છે.[१९] હે રાજર્ષિ! કેટલાક ભગવાનના જે ભક્તો છે તેમનો વળી એજ નિશ્ચય છે કે, મન તથા વચનથી અગોચર એવા પરમેશ્વરથીજ સર્વ સુખ–દુઃખ થાય છે; તો આ બધા જે મત–મતાંતરો છે, તેમાં જે કંઇ યોગ્ય હોય, તેનો તારી બુદ્ધિથી તું વિચાર કરી લે–અમારાં સુખદુઃખનું કારણ તારેજ શોધી લેવાનું છે."[२०] હે બ્રાહ્મણશ્રેષ્ઠ શૌનક! ધર્મે એ પ્રમાણે કહ્યું, એટલે ચક્રવર્તી રાજા પરીક્ષિત સાવધાન મનથી (નિશ્ચય કરી) ખેદરહિત થઇને તે ધર્મને આ રીતે કહેવા લાગ્યો.[२१]

---

† આ શ્લોકથી એમ સૂચવે છે કે, તમારો અપરાધ કરનાર હરકોઇ હશે, તેને શિક્ષા કરવા હું સમર્થ છું. —શ્રીધર

× આ સંબોધન આપી એમ સૂચવે છે કે, તું ભગવાનનો ભક્ત હોઇ પુરુષોમાં શ્રેષ્ઠ છે, છતાં અમારા દુઃખનું કારણ સમજી શકતો નથી તો અમે તો ક્યાંથી સમજીએ? —બાલપ્રબોધિની

÷ અર્થાત્ અનેક પુરુષો અનેક દુઃખનાં કારણ દર્શાવે છે, તેથી નથી સમજાતું કે, દુઃખનું ખરૂં કારણ કયું? અને મારા પગ કાપનાર કોણ તે પણ જણાતું નથી.

* આ વચનને અનુસરતું ભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે કે, **आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः** અર્થાત્ આત્માજ આત્માનો બંધુ છે અને આત્માજ આત્માનો શત્રુ છે. —શ્રીધર

‡ અથવા અનેક કુતર્કોથી ઘેરાયેલા નાસ્તિકો એમ કહે છે કે, દેવો વગેરે કોઇ પ્રભુ નથી; કેમકે દેવો કર્મને અધીન છે, તેમજ કર્મો પણ સુખદુઃખ દેવામાં સમર્થ નથી; કેમકે કર્મો જડ છે, માટે પોતેજ પોતાનો પ્રભુ છે; બીજો કોઈ પ્રભુજ નથી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાજાએ કહ્યું:–"હે ધર્મને જાણનાર! બળદના રૂપને ધારણ કરનાર એવો તું ધર્મ છે, તેથી *ધર્મની વાત કહે છે; કેમકે અધર્મ કરનારને જે નરકાદિ સ્થાન પ્રાપ્ત થાય છે, તે સ્થાન અધર્મ કરનારને, સૂચવનારાને પણ–તેની ચાડી કરનારને પણ પ્રાપ્ત થાય છે.[૨૨] અથવા એ નિશ્ચય છે કે, ઈશ્વરી માયાની ગતિ પ્રાણીઓનાં મન તથા વચનથી પણ અગોચર છે–ઈશ્વરી માયા મન કે વચનથી પણ જાણી શકાતી નથી. હે ધર્મ! તપ, શૌચ (એટલે બાહ્યાભ્યંતર પવિત્રતા), દયા અને સત્ય, એ ચાર તારા ચરણ છે; તેમાંના પહેલા ત્રણ ચરણોને અધર્મના અંશ એવા ગર્વ, આસક્તિ તથા મદ–એ ત્રણેયે ભાંગી નાખ્યા છે. માત્ર છેલ્લા 'સત્ય' નામના ચરણને હમણાં તું માંડમાંડ ધારણ કરી રહ્યો છે; તેને પણ અસત્યથી વધી પડેલો આ અધર્મી કલિયુગ કાપી નાખવા ઇચ્છે છે.× જેનો મોટો ભાર ભગવાન શ્રીકૃષ્ણે અંદર અંદર યુદ્ધ કરાવીને ઉતાર્યો હતો અને જેનું સર્વ પ્રકારે મંગલ કર્યું હતું, તે આ સાધ્વી પૃથ્વી ભગવાનનાં શ્રીમાન્ પગલાંઓથી હમણાં અભાગિણીની પેઠે રહિત થઇ છે, તેથી 'હવે મને બ્રાહ્મણોનું રક્ષણ નહિ કરનારા નીચ શૂદ્ર રાજાઓ ભોગવશે,' એમ માનીને રુદન કરતી શોક કરે છે."૨૩–૨૭

મહારથી રાજા પરીક્ષિતે ધર્મ તથા પૃથ્વીને શાંત કરીને અધર્મના કારણભૂત કલિયુગનો વધ કરવા માટે તીક્ષ્ણ તલવાર ગ્રહણ કરી.[૨૮] કલિયુગ, તે રાજાને પોતાનો વધ કરવાની ઇચ્છાવાળો જાણી ગયો અને તેથી ભયને લીધે વિહ્વળ થઈ ગયો. તેણે રાજાના વેષનો ત્યાગ કરી પરીક્ષિતના ચરણમાં મસ્તક નમાવ્યું.[૨૯] દીનવત્સલ રાજા પરીક્ષિત કલિયુગને પોતાના પગમાં પડેલો જોઇને પોતે સત્કીર્તિને યોગ્ય હોઈ શરણે આવેલાનું રક્ષણ કરનારો હતો, તેથી કૃપાને લીધે તેને માર્યો નહિ; પણ જાણે હસતો હોય તેમ કહેવા લાગ્યો.[૩૦]

રાજાએ કહ્યું:–"અર્જુનના યશને જાળવનારા તેં બે હાથ જોડ્યા છે, તેથી હવે તને લેશમાત્ર ભય નથી. તું અધર્મનો બંધુ છે તેથી તારે મારા દેશમાં કોઇ પણ અંશે રહેવું નહિ.[૩૧] તું હમણાં રાજાઓનાં શરીરમાં પ્રવેશ કરી રહ્યો છે, તેથી તારી પાછળ લોભ, અસત્ય, ચોરી, દુર્જનતા, સ્વધર્મત્યાગ, દરિદ્રતા, કપટ, કલહ અને દંભ–આ સર્વ અધર્મનો સમુદાય ચારે તરફ પ્રસરી રહ્યો છે.[૩૨] માટે હે અધર્મબંધુ! ધર્મ તથા સત્યથી વર્તવા યોગ્ય એવા (મારા આ) બ્રહ્માવર્ત દેશમાં કે જ્યાં યજ્ઞના વિસ્તારને જાણનારા પુરુષો યજ્ઞો કરીને પરમાત્માને પૂજે છે, ત્યાં તારે રહેવું નહિ.[૩૩] વળી જે બ્રહ્માવર્ત દેશમાં વાયુની પેઠે સ્થાવર–જંગમ હરકોઇ પ્રાણીના બાહ્ય–આભ્યંતર અંતર્યામી–આત્મારૂપ એવા યજ્ઞમૂર્તિ ભગવાન શ્રીહરિ યજ્ઞો વડે પૂજાય છે, યજ્ઞો કરનારાઓનું પોતે કલ્યાણ કરે છે અને તેઓના સર્વ મનોરથો સફળ કરે છે. (તેવા આ દેશમાં તારે રહેવું નહિ.)[૩૪]

સૂત બોલ્યા:–પરીક્ષિત રાજાએ એ પ્રમાણે આજ્ઞા કરી, એટલે ભયથી ધ્રૂજતો કલિયુગ દંડધારી યમની પેઠે તલવાર ઉગામીને ઊભેલા તે રાજાને કહેવા લાગ્યો.[૩૫]

કલિયુગ બોલ્યો:–"હે ચક્રવર્તી મહારાજ! તમારી આજ્ઞાથી હું જે કોઈ સ્થળે રહીશ, ત્યાં

---

* એટલે **अनिर्धारितमिव ब्रुवन् घातकं जानन्नपि न सूचयेत्**–પોતે પોતાના ઘાતકને જાણતો હોય, તોપણ અનિશ્ચયાત્મક હોય એવું બોલીને તે ઘાતકને જણાવવો નહિ; એ ધર્મની વાત.—**શ્રીધર**

× ધર્મની આવી સ્થિતિ છે–સત્યયુગમાં ધર્મ સંપૂર્ણ ચાર ચરણવાળો હોય છે; પછી ત્રેતાયુગમાં એ ચારે ચરણોમાંથી ગર્વ વડે તપ, આસક્તિ વડે શૌચ, મદ વડે દયા અને અસત્ય વડે સત્ય–એમ ચતુર્થાંશ ઓછો થાય છે; પછી દ્વાપરયુગમાં ધર્મનો અર્ધ ભાગ ઓછો થઈ જાય છે અને કલિયુગમાં અર્ધમાંથી પણ અર્ધભાગ ઓછો થતાં એક ચતુર્થાંશજ બાકી રહે છે અને તે પણ છેવટે નાશ પામી જાય છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્યાં ધનુષબાણ ધારણ કરી રહેલા તમને જોયા કરીશ;[૩૬] માટે હે ધાર્મિકોમાં શ્રેષ્ઠ રાજા ! એવું કોઈ સ્થાન મને તમે દર્શાવવાને યોગ્ય છો, કે જ્યાં હું તમારી આજ્ઞાનું પાલન કરતો નિશ્ચળ રહી શકું."[૩૭]

સૂત બોલ્યાઃ–કલિયુગે એ પ્રમાણે પ્રાર્થના કરી, એટલે પરીક્ષિત રાજાએ તેને રહેવા માટે જુગાર, મદિરાપાન, સ્ત્રીઓ તથા હિંસા, એ (ચાર) સ્થાનો આપ્યાં, કે જેમાં ચાર પ્રકારનો અધર્મ રહે છે.*[૩૮] પછી ફરી પણ કલિયુગે માગણી કરી, એટલે પરીક્ષિત રાજાએ તેને રહેવાના સ્થાન તરીકે સુવર્ણ આપ્યું; તેથી (તે દ્વારા) અસત્ય, મદ, કામ, રજોગુણથી થનારી હિંસા અને પાંચમું વૈર તેને રહેવા માટે આપ્યાં.[૩૯] પરીક્ષિતે આપેલાં એ પાંચ સ્થાનોમાં અધર્મના કારણરૂપ એવો તે કલિયુગ, પરીક્ષિતની આજ્ઞાનું પાલન કરતો રહેવા લાગ્યો.[૪૦] માટે પોતાનું કલ્યાણ ઇચ્છતા પુરુષે એ પાંચ† પદાર્થોનું સેવન કરવું નહિ; અને ધર્મશીલ રાજાએ તો ખાસ કરીને તેઓનું સેવન કરવું નહિ; કેમકે રાજા એ લોકોનો સ્વામી અને ગુરુ છે. પછી પરીક્ષિત રાજાએ ધર્મના નાશ પામેલા ચરણો–તપ, શૌચ અને દયા–એ ત્રણેને સાંધી આપ્યા–એટલે એ ત્રણેનો જગતમાં સારી રીતે પ્રચાર કરાવ્યો અને એ રીતે ધર્મને આશ્વાસન આપીને પૃથ્વીની પણ વૃદ્ધિ કરી–આબાદી કરી. તે રાજર્ષિ પરીક્ષિત થોડા સમય પહેલાં પોતાના દાદા યુધિષ્ઠિરને જ્યારે વનમાં જવાની ઇચ્છા થઇ, ત્યારે તેમણે અર્પણ કરેલા રાજ્યાસન ઉપર હતા.[૪૧–૪૩] વળી થોડાજ સમય પહેલાં તે ભાગ્યશાળી ચક્રવર્તી રાજર્ષિ હસ્તિનાપુરમાં મહાન કીર્તિવાળો હોઇને કૌરવોની રાજ્યલક્ષ્મીથી શોભી રહ્યો હતો.[૪૪] અભિમન્યુનો પુત્ર એ રાજા આવો પ્રભાવશાળી હતો. એ રાજા પૃથ્વીનું પાલન કરતો હતો, તેથીજ તમે અહીં યજ્ઞ કરવા માટે દીક્ષા લઇને બેઠા છો÷[૪૫]

इत्थंभूतानुभावोऽयमभिमन्युसुतो नृपः ।
यस्य पालयतः क्षोणीं यूयं सत्राय दीक્षिताः ।।४५

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૧૭ મો સમાપ્ત

અધ્યાય ૧૮ મો×

પરીક્ષિત રાજાને બ્રાહ્મણનો શાપ

॥ सूत उवाच ॥

यो वै द्रौण्यस्त्रविप्लुष्टो न मातुरुदरे मृतः ।
अनुग्रहाद्भगवतः कृष्णस्याद्भुतकर्मणः ॥ १ ॥

સૂત બોલ્યાઃ–જે પરીક્ષિત રાજા પોતાની માતાના ઉદરમાં અશ્વત્થામાના અસ્ત્રથી બળી ગયો હતો, છતાં અદ્ભુત કર્મ કરનારા ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી મરણ પામ્યો ન હતો; અને બ્રાહ્મણના કોપથી આવેલા તક્ષક નાગ થકી પ્રાણના નાશરૂપી મહાન ભય પ્રાપ્ત થયો હતો, ત્યારે પણ તેથી મોહ પામ્યો ન હતો–ગભરાયો ન હતો; અને જેણે પોતાનું અંતઃકરણ શ્રીભગવાનમાંજ સમર્પણ કર્યું હતું, એવા તે પરીક્ષિત રાજાએ સર્વ સંગનો ત્યાગ કરીને શ્રીભગવાનનું તત્ત્વ જાણી, શ્રીશુકદેવજીના શિષ્ય થઇને ગંગાકિનારે પોતાના શરીરનો ત્યાગ કર્યો હતો.[૧–૩] (અને એમાં કંઇજ આશ્ચર્ય નથી કે,) પવિત્ર યશવાળા ભગવાન શ્રીકૃષ્ણનીજ જેઓ વાર્તા કરે

* એટલે કે જુગારમાં અસત્યરૂપે, મદિરાપાનમાં મદરૂપે, સ્ત્રીઓમાં સંગરૂપે તથા હિંસામાં દયાનાશક ક્રૂરતારૂપે અધર્મ રહે છે. —શ્રીધર

† પાંચ પદાર્થોમાંથી સ્ત્રીઓનું તથા સુવર્ણનું સેવન તો ગૃહસ્થે કરવું પડે છે; પણ તે અત્યંત આસક્તિથી ન હોવું જોઇએ. —શ્રીધર

÷ એ રાજાનો રાજ્યકાળ હતો, તેથીજ તમે કલિયુગના વિઘ્ન વિના અહીં યજ્ઞ કરવા સમર્થ થયા છો; નહિ તો અહીં પણ કલિયુગ પેસી જાત. —भा. क.

× આ અધ્યાયમાં 'પરીક્ષિત રાજાને બ્રાહ્મણનો શાપ થયો અને વૈરાગ્ય કરનારો તે શાપ એ રાજાને અનુગ્રહરૂપજ થઇ પડચો' એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે અને તેમનીજ કથારૂપ અમૃતનું જેઓ સેવન કરે છે, તેમને અંતકાળે પણ શ્રીભગવાનનાજ ચરણકમળનું સ્મરણ કરતાં કોઇ પ્રકારે મોહ નજ થાય.[૪] જ્યાંસુધી આ પૃથ્વી પર મહાન ચક્રવર્તી–અભિમન્યુનો પુત્ર–રાજા પરીક્ષિત રાજ્ય કરતો હતો, ત્યાંસુધી કલિયુગ સર્વ સ્થળે જો કે પેસી ગયો હતો તોપણ પોતાનો પ્રભાવ પ્રકટ કરવાને સમર્થ થયો ન હતો.[૫] (જો કે) ભગવાન શ્રીકૃષ્ણે જે દિવસે, જે ક્ષણે પૃથ્વીનો ત્યાગ કર્યો હતો, તેજ સમયે અધર્મનું કારણ આ કલિયુગ આ પૃથ્વી પર પેસી તો ગયો હતો. (પણ તેનું કંઈ ચાલતું નથી.)[૬] સમ્રાટ્ રાજા પરીક્ષિત ભ્રમરની પેઠે સારવસ્તુ ગ્રહણ કરનારો હતો, તેથી તેણે કલિયુગનો દ્વેષ કર્યો ન હતો. કેમકે આ કલિયુગમાં પુણ્ય કર્મો તુરતજ (સંકલ્પમાત્રથી) ફળદાયી થાય છે, ત્યારે કરેલાં પાપો તુરત ફળ આપતાં નથી. વળી આ કલિયુગ બાળકો, અજ્ઞાનીઓ કે અધીર–પ્રમાદીઓ સામે શૂરવીર છે; પણ ધીર–જ્ઞાની પુરુષોથી તો ભયભીત રહે છે. આ રીતે જે પ્રમાદી પુરુષો તરફ અપ્રમાદી વરુની પેઠે વર્તે છે, તે કલિયુગથી શું થવાનું છે? (એમ માનીને રાજા પરીક્ષિતે તેનો દ્વેષ કર્યો ન હતો.) હે બ્રાહ્મણો! તમે મને જે પૂછ્યું હતું, તે આ પવિત્ર પરીક્ષિત રાજાનું આખ્યાન જે શ્રીભગવાનની કથા સાથે સંબંધવાળું છે, તે મેં તમને કહ્યું. જે પુરુષો સદ્દ્ભાવને ઇચ્છતા હોય, તેમણે તો કથા કરવા યોગ્ય શ્રેષ્ઠ કર્મોવાળા શ્રીભગવાનની જે જે કથાઓ તેમના ગુણ તથા કર્મના વિષયવાળી હોય, તેઓનું સેવન કરવું જોઇએ–તે તે સર્વ કથાઓ સાંભળવી જોઇએ.[૭-૧૦]

ઋષિઓ બોલ્યાઃ–હે સૂત! તમે ઘણાં વર્ષો સુધી જીવો. હે સૌમ્ય! તમે શ્રીકૃષ્ણનો જે નિર્મળ યશ અમને કહી રહ્યા છો, તે યશ અમારૂં મનુષ્યોનું અમૃત છે.[૧૧] આ યજ્ઞકર્મ જે વિશ્વાસપાત્ર નથી–અમુક કોઇ શ્રેષ્ઠ ફળ આપશેજ એવા વિશ્વાસને યોગ્ય નથી–તેમાં હમણાં તો અમારાં શરીર ધુમાડાથી ભૂખરવર્ણાં થઈ રહ્યાં છે; આવા અમને શ્રીકૃષ્ણના ચરણકમળનો મધુર રસ તમે પિવડાવો છો.[૧૨] અમે ભગવાનના ભક્તના સંગમાં એક લવ જેટલા પણ અતિ અલ્પ સમયની સાથે સ્વર્ગની કે મોક્ષની પણ તુલના કરતા નથી; તો મનુષ્યોનાં રાજ્ય વગેરેની તો તુલના કેમજ કરીએ?*[૧૩] જે ભગવાન ભક્તજનોના એકાંતે કરી પરમ આશ્રયરૂપ છે; પ્રાકૃત ગુણોથી રહિત છે અને શંકર તથા બ્રહ્મા વગેરે યોગેશ્વરો પણ જેમના કલ્યાણકારક ગુણોના અંતને પામ્યા નથી, તે ભગવાનની કથામાં કયો રસજ્ઞ પુરુષ તૃપ્ત થાય? અર્થાત્ ભગવાનની કથાથી તો અમે તૃપ્ત જ થતા નથી; માટે તે સંભળાવ્યાજ કરો.[૧૪] હે વિદ્વાન સૂત! અમારામાં તમે મુખ્યત્વે શ્રીભગવાનનુંજ સેવન કરનારા છો; તો ભક્તોને એકાંત વડે પરમ આશ્રયરૂપ એવા શ્રીહરિનું ઉદાર અને વિશુદ્ધ ચરિત્ર અમે સાંભળવા ઇચ્છીએ છીએ, તો તે તમે અમને કહો.[૧૫] તે મહાન ભક્ત અને વિશાળ બુદ્ધિવાળા રાજા પરીક્ષિત શુકદેવજીએ કહેલા શ્રીમદ્દ્ભાગવતરૂપી જ્ઞાનથી 'મોક્ષ' નામવાળા શ્રીભગવાનના ચરણને પામ્યા.[૧૬] પરીક્ષિતને કહેવામાં આવેલું એ શ્રીમદ્દ્ભાગવત પુરાણ પરમ ચિત્તશોધક છે, પ્રકટ અર્થવાળું છે, અતિ અદ્દ્ભુત એવા ÷યોગને પ્રતિપાદન કરનારૂં છે, શ્રીભગવાનનાં ચરિત્રોથી યુક્ત છે અને ભગવાનના ભક્તોને પ્રિય છે; માટે તે અમને કહો.[૧૭]

સૂત બોલ્યાઃ–અહો! આશ્ચર્ય છે કે, અમે +પ્રતિલોમ તરીકે જન્મ્યા છીએ, છતાં વૃદ્ધ પુરુ-

* અર્થાત્ સત્સંગનો અતિ અલ્પ સમય પણ સ્વર્ગ તથા મોક્ષ કરતાં પણ અધિક છે; તો મનુષ્યોનાં રાજ્ય વગેરેથી અધિક હોય એમાં શું આશ્ચર્ય છે?–**भा.क.**

÷ યોગને એટલે ભક્તિયોગને અથવા ભક્તિયોગ, જ્ઞાનયોગ તથા કર્મયોગ–એ ત્રણેને.

\+ પ્રતિલોમ તરીકે એટલે બ્રાહ્મણ જાતિની સ્ત્રીમાં ક્ષત્રિયથી ઉત્પન્ન થવારૂપે. **—बालप्रबोधिनी**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ષોનો અમારા તરફ આદર હોવાથી (અથવા જ્ઞાન-વૃદ્ધ શ્રીશુકદેવજીની સેવા કરવાથી) આજે અમારો જન્મ સફળ થયો છે. ખરેખર, મહાપુરુષોની સાથે લૌકિક વાતચીતનો સંબંધ પણ પોતાના નીચ કુળપણાની માનસિક પીડાને દૂર કરે છે.[૧૮] તો પછી જે ભગવાન અનંત શક્તિવાળા છે, પોતે પણ અનંત છે અને મોટા ગુણવાળા હોવાથી જેમને વેદાંતો અનંત કહે છે, તે–ભક્તજનોના એકાંતે કરી પરમ આશ્રયરૂપ શ્રીભગવાનનું નામ લેનારા મનુષ્યની નીચ કુળપણાની મનોવ્યથા દૂર થાય એમાં શું કહેવાનું હોય?*[૧૯] વળી જે ભગવાનના સમાન ગુણવાળો કે અધિક ગુણવાળો બીજો કોઇ પણ નથી, એમ જણાવવામાં આટલું કહેવુંજ બસ છે કે, પોતે (ભગવાન) ઇચ્છતા નથી, છતાં જેમના ચરણની રજને પોતાની પ્રાર્થના કરતા બ્રહ્માદિ દેવોનો પણ ત્યાગ કરીને લક્ષ્મીદેવી સેવ્યા કરે છે; તેમજ જે ભગવાનના ચરણના નખમાંથી નીકળેલું છતાં બ્રહ્મદેવે અર્ધ્ય તરીકે અર્પણ કરેલું ગંગાજળ, શંકર સહિત જગતને પવિત્ર કરે છે; તે શ્રીમુકુંદ ભગવાન વિના વિશ્વમાં બીજો કયો (પદાર્થ) 'ભગવાન' પદનો અર્થ છે?+[૨૦।૨૧] ધીર પુરુષો તે ભગવાન વિષે પ્રેમ કરીને દેહાદિમાં ધારણ કરેલા અહંતા–મમતા–આદિ સંગનો સત્વર ત્યાગ કરે છે અને તે સર્વોત્કૃષ્ટ પરમહંસના પદને પ્રાપ્ત કરે છે કે જેમાં અહિંસા અને ઉપશમ તે સ્વાભાવિક ધર્મ છે.[૨૨] હે વેદમૂર્તિ બ્રાહ્મણો!× તમે મને (ભગવાનનાં ચરિત્રો સંબંધે) પ્રશ્ન કર્યો છે, તો મારું જેટલું જ્ઞાન છે, તે પ્રમાણે હું તમને કહું છું; કેમકે પક્ષીઓ જેમ પોતાની શક્તિ પ્રમાણે આકાશમાં ઊડે છે, તેમ વિદ્વાનો પણ પોતાની બુદ્ધિ પ્રમાણે શ્રીભગવાનની લીલાનું વર્ણન કરે છે.[૨૩] એક દિવસે પરીક્ષિત રાજા ધનુષ લઇને વનમાં મૃગયા કરવા માટે ગયો હતો. ત્યાં મૃગોની પાછળ પડતાં તે થાકી ગયો. તેને ક્ષુધા અને તૃષા પણ અત્યંત લાગી.[૨૪] તેણે ચારે તરફ જોયું તો ક્યાંય પણ જલાશય જોવામાં આવ્યું નહિ, એટલે કોઇ એક આશ્રમમાં તેણે પ્રવેશ કર્યો. ત્યાં નેત્રો મીંચીને બેઠેલા શાંત મુનિ શમીકને તેણે જોયા.[૨૫] એ મુનિ ઇન્દ્રિયો, પ્રાણ, મન તથા બુદ્ધિને રોકીને સમાધિદશામાં હતા અને તેથીજ (સર્વ બાહ્ય વિષયોથી) ઉપરામ પામ્યા હતા. તેમણે (એ સમાધિદશામાં) જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે અવસ્થાઓથી પર એવું બ્રહ્મરૂપ ચોથું પદ પ્રાપ્ત કર્યું હતું અને તેથીજ સર્વ વિકારોથી રહિત થયા હતા. વળી તે મુનિ વિખરાયલી જટાઓથી ઢંકાઇ ગયા હતા અને રુરુમૃગનું ચામડું તેમણે ઓઢયું હતું. રાજા પરીક્ષિત કે જેનું તાળવું તૃષાથી સુકાતું હતું, તેણે ઉપર વર્ણવેલા શમીક મુનિ પાસે જળ માગ્યું.[૨૬।૨૭] (એટલે જળ તો બાજુ પર રહ્યું પણ) બેસવાને માટે ઘાસનું આસન કે કોઈ જગ્યા વગેરે પણ તેને મળ્યું નહિ; તેમજ અર્ઘ્ય કે પ્રિય વચન પણ તેને મળ્યું નહિ; તેથી પોતાનું અપમાન થયું હોય, એમ માની તે ક્રોધાયમાન થઇ ગયો.[૨૮] હે બ્રાહ્મણ શૌનક! ક્ષુધા અને તૃષાથી જેનું મન પીડાતું હતું, એવા તે રાજાને બ્રાહ્મણ શમીક પ્રત્યે એકાએક પૂર્વે કદી નહિ થયેલો મત્સર તથા ક્રોધ થઈ આવ્યો.[૨૯] તેણે ક્રોધથી એ બ્રહ્મર્ષિની ખાંધ ઉપર એક મૂએલા સર્પને ધનુષની અણી વડે મૂકી દીધો અને પછી ત્યાંથી નીકળીને તે પોતાના નગરમાં આવતો રહ્યો.[૩૦] (સર્પ મૂકવામાં રાજાનો અભિપ્રાય એ હતો કે,) આ ઋષિ સર્વ ઇન્દ્રિયોને આકર્ષી લઈ (સમાધિદશામાં) નેત્રો મીંચીને બેઠો છે કે, 'નીચ ક્ષત્રિયોના આવવા જવાથી શું વળવાનું છે?' આવી અવજ્ઞાથી ખોટી સમાધિ લગાવીને બેઠો છે?

* અથવા તો શ્રીભગવાનનું નામ લેનારા મનુષ્યનું નીચકુળપણું રહેજ કેમ? —શ્રીધર

\+ અર્થાત્ શ્રીમુકુંદ ભગવાનજ સર્વના ઈશ્વર છે. —શ્રીધર

× અથવા હે સૂર્ય સરખા તેજસ્વી બ્રાહ્મણો!

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(આવી જિજ્ઞાસાથી તેણે સર્પ મૂક્યો હતો.) પાછળથી શમીક ઋષિનો એક પુત્ર કે જેનું નામ 'શૃંગી' હતું, જે અત્યંત તેજસ્વી હતો અને બાળકોની સાથે ત્યાં રમતો હતો તે–રાજા પરીક્ષિતે પોતાના પિતાને એ રીતે દુઃખી કર્યા એ સાંભળીને આ પ્રમાણે કહેવા લાગ્યો કે, "અહો! કાગડાઓની પેઠે પુષ્ટ બનેલા રાજાઓનો આ અધર્મ, દ્વારપાળ અને દાસ એવા કૂતરાઓનો પોતાના સ્વામી તરફનો જે અધર્મ તેના જેવો છે.[૩૧-૩૩] બ્રાહ્મણોએ નીચ ક્ષત્રિયને દ્વારપાળ તરીકે માન્યો છે; તે દ્વારપાળ બ્રાહ્મણના ઘરમાં પેસી જઇને પાત્રમાંજ× રહેલું ખાઈ જવાને કેમ યોગ્ય થાય?[૩૪] અવળે માર્ગે જનારાઓને શિક્ષા કરનારા ભગવાન શ્રીકૃષ્ણ સ્વધામમાં પધાર્યા છે, જેથી મર્યાદાનો ભંગ કરનારા આવા (રાજાઓ)-ને હવે હું શિક્ષા કરીશ, તમે મારૂં બળ જોજો."[૩૫] પોતાના મિત્ર ઋષિબાળકોને એમ કહીને ક્રોધથી લાલ નેત્રોવાળા તે શૃંગીકુમારે કૌશિકી નદીના જળનું આચમન લઈ આવો શાપ આપ્યો કે,[૩૬] "જે રાજાએ આવી રીતે મર્યાદાનો ભંગ કરી મારા પિતાનો અપરાધ કર્યો છે, તે કુલાંગાર રાજાને આજથી સાતમે દિવસે મેં મોકલેલો તક્ષક નાગ કરડશે."[૩૭] આવો શાપ આપ્યા પછી તે ઋષિકુમાર પોતાના આશ્રમમાં આવ્યો અને ત્યાં જેમના ગળામાં મૂએલો સર્પ પડેલો હતો, એવા પોતાના પિતાને જોઇ દુઃખી થઇને પોકે પોકે રડવા લાગ્યો. હે બ્રાહ્મણ શૌનક! આંગિરસ ગોત્રના ઋષિ શમીક પોતાના પુત્રનો એ વિલાપ સાંભળી ધીમેથી આંખો ઉઘાડીને જોવા લાગ્યા, તો તેમણે પોતાના ખભા પર મૂએલા સર્પને જોયો.[૩૮-૩૯] એ સર્પને ગળામાંથી દૂર કરીને તેમણે પોતાના પુત્રને પૂછ્યું કે, 'હે વત્સ! તું કેમ રડે છે? તારો કોણે અપરાધ કર્યો છે?" તે સાંભળી ઋષિકુમારે તે સર્વ વૃત્તાંત તેમને જણાવ્યો.[૪૦] બ્રાહ્મણ શમીકે શાપ આપવાને અયોગ્ય છતાં મહારાજા પરીક્ષિતને પોતાના પુત્રે શાપ દીધો છે એમ સાંભળીને અભિનંદન ન આપ્યું, (એટલે પોતાના પુત્રને 'ઠીક કર્યું' એમ ન કહ્યું) પણ "અહો! એ અજ્ઞાની પુત્ર! અત્યંત ખેદની વાત છે કે, તેં મોટું પાપ કર્યું છે. અપરાધ ઘણો નાનો છે, છતાં શિક્ષા ઘણી મોટી કરી છે.[૪૧] હે કાચી બુદ્ધિના પુત્ર! વિષ્ણુરૂપે ખ્યાતિ પામેલા એ રાજાને તું મનુષ્યસમાન માને એ યોગ્ય નથી. જેના દુઃસહ તેજથી રક્ષણ પામેલી આ પ્રજાઓ સર્વ તરફથી નિર્ભય છે અને કલ્યાણને પામી રહી છે.[૪૨] હે પુત્ર! રાજા નામને ધારણ કરનાર આ વિષ્ણુ ભગવાન પોતેજ છે, તે (તારા શાપને લીધે આ જગતમાંથી) અદૃશ્ય થશે, ત્યારે આ જગત રક્ષણથી રહિત થઇ જશે અને તેથી ચોર લોકોથી ભરપૂર બની જઇને (ધણી વિનાનાં) ઘેટાંઓનાં ટોળાંની પેઠે ક્ષણવારમાં વિનાશ પામશે.[૪૩] અહો! અફસોસ! લોકોનો નાથ આ રાજા હવે નાશ પામશે, એટલે લૂંટારાઓ લોકોનાં ધન લૂંટી લેશે અને તે પાપ હવે વિનાકારણ આપણનેજ લાગશે.* (જગતમાં રાજા ન હોય, તો) મનુષ્યો એકબીજાનો નાશ કરે છે, પરસ્પર કઠોર શબ્દો કહે છે, એકબીજાઓનાં પશુઓ, સ્ત્રીઓ તથા ધનને લૂંટી લે છે અને લગભગ ચોર બની જાય છે.[૪૪] વળી તેવા સમયમાં વર્ણાશ્રમોના આચાર સહિત એવો મનુષ્યોનો વેદોક્ત સદાચાર વિનાશ પામે છે; અને તેથી કૂતરાં અને વાંદરાંની પેઠે એકબીજાના અર્થ–કામને લઈ લેવાના મનવાળાં મનુષ્યોમાં વર્ણસંકરતા ઊભી થાય છે.[૪૫] ચક્રવર્તી રાજર્ષિ પરીક્ષિત ધર્મ-

---

× પાત્રમાંજ રહેલું અન્ન વગેરે; નહિ કે પાત્રથી બહાર કાઢી આપેલું–ખાવાની સંમતિ અપાયલું; અથવા એકજ પાત્રમાં એ બ્રાહ્મણની સાથે કેમ ભોજન લઇ શકે?

* કેમકે આ રાજાના નાશનું નિમિત્ત આપણેજ થયા છીએ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નું રક્ષણ કરનાર છે, મોટી કીર્તિવાળો છે, સાક્ષાત્ ભગવાનનો ભક્ત અને અશ્વમેધ યજ્ઞનો કરનાર છે. આવો એ રાજા ક્ષુધા અને તૃષાના શ્રમથી યુક્ત થઈ જ્યારે દીન બની ગયો હતો, ત્યારે (આપણા) શાપને યોગ્ય ન હતો."+[46] (પુત્રને એમ કહીને ભગવાન પ્રત્યે પ્રાર્થના કરે છે–) "આ કાચી બુદ્ધિના બાળકે નિરપરાધી પોતાના સેવકો ઉપર પાપ કર્યું છે; તો સર્વાત્મા ભગવાન તે માટે ક્ષમા આપવાને યોગ્ય છે;[47] ભગવાનના ભક્તોનો તિરસ્કાર કરવામાં આવ્યો હોય, તેઓને ઠગવામાં આવ્યા હોય, શાપ આપવામાં આવ્યો હોય, અપમાન કરવામાં આવ્યું હોય અથવા તેઓને માર મારવામાં આવ્યો હોય, તોપણ તેઓ પોતે સમર્થ હોય છતાં તેનો પ્રતિકાર કે સામનો કરતા નથી.÷"[48] એ પ્રમાણે પોતાના પુત્રે કરેલા રાજાના અપરાધથી મહામુનિ શમીક ઊલટા પશ્ચાત્તાપ કરવા લાગ્યા; નહિ કે પોતાનો રાજાએ અપરાધ કર્યો હતો, તેનો તેમણે વિચાર પણ કર્યો![49] કેમકે સત્પુરુષો જગતમાં પોતાને કોઇએ સુખ કે દુઃખ આપ્યું હોય તોપણ ઘણું કરીને આનંદ કે ખેદ પામતા નથી. કારણકે આત્માને તો સુખ–દુઃખનો આશ્રય છેજ નહિ. (એ વાતને તેઓ સમજે છે.)[50]

प्रायशः साधवो लोके परैर्द्वंद्वेषु योजिताः ।
न व्यथंति न हृष्यंति यत आत्माऽगुणाश्रयः ५०

ઈતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૧૮ મો સમાપ્ત

+ અર્થાત્ આપણે સ્વાગતપ્રશ્ન પૂછ્યો નહિ અને તેથી ઊલટું આપણે તેનું અપમાન કર્યું, તે બદલ પાછો શાપ આપવો તે કંઇ યોગ્ય છે? —શ્રીધર

÷ આ શ્લોકથી એમ કહેવા માગે છે કે, રાજા પરીક્ષિતે સામેથી શાપ આપવા ધાર્યો હોત તો તે આપી શકત, પણ તે તો ભગવાનનો ભક્ત હોવાથી તેમ કરે એવો સંભવજ નથી. —શ્રીધર

अध्याय १९ मो*

ગંગાતટે પરીક્ષિત રાજાનું અનશન અને ત્યાં શુકદેવજીનું પધારવું

॥ सूत उवाच ॥

महीपतिस्त्वथ तत्कर्म गर्ह्यं
विचिंतयन्नात्मकृतं सुदुर्मनाः ।
अहो मया नीचमनार्यवत्कृतं
निरागसि ब्रह्मणि गूढतेजसि ॥ १ ॥

સૂત બોલ્યાઃ–તે પછી રાજા પરીક્ષિત મનમાં અત્યંત ઉદાસ થઇ ગયો અને તે સંબંધે શોક કરતો (મનમાંજ) તે કહેવા લાગ્યો કે, 'અહો! ગૂઢ તેજવાળા નિરપરાધી બ્રાહ્મણ તરફ મેં અનાર્યની પેઠે નીચ આચરણ કર્યું છે.[1] ખરેખર! તે એક ઈશ્વરની અવજ્ઞા કરવા જેવું પાપ છે; તેથી અલ્પ સમયમાંજ મને અપાર દુઃખ પ્રાપ્ત થવું જોઇએ અને તેવું દુઃખ સાક્ષાત્ (મને પોતાનેજ) વિનાસંકોચે એ પાપના પ્રાયશ્ચિત્ત માટે પ્રાપ્ત થાઓ, (એવી હું પ્રાર્થના કરૂં છું.) જેથી ફરી એ પ્રમાણે હું ન કરૂં.[2] મેં કોપાવેલ એ બ્રાહ્મણના કુળરૂપી અગ્નિ આજેજ મારા રાજ્યને, સૈન્યને તથા સમૃદ્ધ કોશને (ધનભંડારને) બાળીને ભસ્મ કરી નાખો, કે જેથી મને દુષ્ટને ફરી બ્રાહ્મણો, દેવો તથા ગાયો પ્રત્યે આવી પાપબુદ્ધિ ન થાય.'[3] રાજા પરીક્ષિત એ પ્રમાણે વિચાર કરતો હતો, તેવામાં તેણે+ સાંભળ્યું કે, મુનિપુત્ર શૃંગીએ શાપરૂપે મોકલેલા તક્ષક નામના સર્પદ્વારા પોતાનું મૃત્યુ થશે, એ સાંભળીને તે રાજાએ વિષયોમાં આસક્ત એવા પોતાને તત્કાળ વૈરાગ્ય થવામાં કારણરૂપ એવા તે તક્ષક-

* આ અધ્યાયમાં ગંગાકિનારે યોગીજનોથી વીંટાયલો રાજા પરીક્ષિત અનશન વ્રત લઇને બેઠો ત્યારે ત્યાં શ્રીશુકદેવજી પધાર્યા, એ કથા કહેવાશે. —શ્રીધર

+ શમીક ઋષિએ મોકલેલા એક શિષ્ય પાસેથી રાજાએ સાંભળ્યું કે, આજથી સાતમે દિવસે તક્ષકનાગથી પોતાનું મૃત્યુ થશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



શ્રી શુકદેવજી અને પરીક્ષિત રાજા

[પૃષ્ઠ ૯૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

રૂપ અગ્નિને પોતે શ્રેષ્ઠજ માન્યો—અર્થાત્ એ શાપને પોતાનું હિત કરનારજ માન્યો.[૪] તે પછી જેને પોતે પ્રથમથીજ તજવા યોગ્ય વિચારી લીધા હતા, તે આ લોક તથા પરલોક બન્નેનો તેણે ત્યાગ કરી દીધો—એટલે તે સંબંધી આસક્તિ છોડી દીધી અને શ્રીકૃષ્ણચરણની સેવાનેજ સર્વ પુરુષાર્થોમાં અધિક માનીને ગંગાકિનારે અનશન વ્રત લઇને તે બેઠો;[૫] જે ગંગા નદી સુશોભિત તુલસીદલથી મિશ્ર શ્રીકૃષ્ણ ભગવાનના ચરણરજથી સર્વોત્કૃષ્ટ (થયેલા) જળને વહી રહી હોઇને લોકપાલો સહિત સર્વ લોકોને બાહ્ય—આભ્યંતર પવિત્ર કરી રહી છે, તે ગંગાનદીને જેનું મરણ સમીપ હોય તેવો કયો મનુષ્ય ન સેવે*?[૬] આવો નિશ્ચય કરીને તે પાંડવવંશી રાજા ગંગાકિનારે અનશન વ્રત લઇને બેઠો અને મુનિઓનાં વ્રત ધારણ કરી સમસ્ત સંગોને તજી દઇ અનન્યભાવે શ્રીકૃષ્ણના ચરણનું ધ્યાન કરવા લાગ્યો.[૭] તે સમયે જગતને પવિત્ર કરનારા મહાનુભાવ મુનિઓ પોતપોતાના શિષ્યો સાથે ત્યાં પધાર્યા. ખરેખર, સત્પુરુષો તો પોતેજ તીર્થરૂપ હોઇને તીર્થસ્થળોમાં જવાને બહાને ઊલટા એ તીર્થસ્થળોનેજ પવિત્ર કરે છે.×[૮] અત્રિ, વસિષ્ઠ, ચ્યવન, શરદ્વાન, અરિષ્ટનેમિ, ભૃગુ, અંગિરા, પરાશર, વિશ્વામિત્ર, પરશુરામ, ઉતથ્ય, ઇન્દ્રપ્રમદ, ઇધ્મવાહ, મેધાતિથિ, દેવલ, આર્ષ્ટિષેણ, ભારદ્વાજ, ગૌતમ, પિપ્પલાદ, મૈત્રેય, ઔર્વ, કવષ, અગસ્ત્ય, વ્યાસ, ભગવાન નારદ અને બીજા શ્રેષ્ઠ દેવર્ષિઓ, બ્રહ્મર્ષિઓ તથા અરુણાદિ રાજર્ષિઓ ત્યાં પધાર્યા; એટલે રાજા પરીક્ષિતે તે ઉત્તમ મહર્ષિમંડળનું પૂજન કરી મસ્તક વડે તેમને વંદન કર્યું. પછી તેઓ સર્વે સુખપૂર્વક ત્યાં બિરાજ્યા, એટલે ફરી રાજાએ તેઓને પ્રણામ કર્યા અને શુદ્ધ ચિત્તે તેમની સન્મુખ ઊભો રહી બે હાથ જોડીને પોતે કરવા ધારેલું—તે અનશન વ્રત—તેમને જણાવવા માંડ્યું.[૯-૧૨]

રાજાએ કહ્યું:—"અહો! આનંદની વાત છે કે, રાજાઓમાં અમે ઘણાજ ભાગ્યશાળી છીએ; કેમકે અમારૂં શીલ—આચરણ (આપ જેવા) મહાન પુરુષોના અનુગ્રહને પાત્ર છે.*રાજાઓનું કુળ કે જે નિંદ્ય કર્મ કરનાર હોય છે અને બ્રાહ્મણોના ચરણ ધોયેલા જળથી પણ દૂર રહેવા યોગ્ય છે. (છતાં અમે તો અત્યંત ભાગ્યશાળીજ છીએ.)[૧૩] હું કે જે અત્યંત નિંદ્ય કર્મ કરનાર છું, પાપાત્મા છું અને ઘરમાં નિરંતર આસક્ત મનવાળો છું, તેને પરમાત્મા પોતેજ વૈરાગ્યના મૂળ એવા બ્રાહ્મણના શાપરૂપે થયા છે; જે શાપ થતાં ઘરમાં આસક્ત થયેલો (મનુષ્ય) એકદમ ભય પામે છે વૈરાગ્ય પામે છે.+[૧૪] હે બ્રાહ્મણો! તમે તથા દેવી ગંગાજી જાણો કે, હું તમારે શરણે આવ્યો છું અને મારા મનને મેં પરમેશ્વરમાં લગાડી દીધું છે. હવે બ્રાહ્મણે મોકલેલો તે કપટી તક્ષક મને ભલે કરડે. તમે મારી સમક્ષ ભગવાનની કથાઓ કરો.[૧૫] વળી અનંત એવા ભગવાન વિષે મારી પ્રીતિ થાઓ; અને ભગવાનનો આશ્રય કરનારા મહાન પુરુષોનો મને સંગ થાઓ. હું અહીંથી જે જે જન્મમાં જાઉં, ત્યાં ત્યાં સર્વ પ્રાણીઓ સાથે મારી મિત્રતા થાઓ; બ્રાહ્મણોને હું નમસ્કાર કરૂં છું."[૧૬] એ પ્રમાણે તે ધીર રાજા દૃઢ નિશ્ચયયુક્ત થયો અને ગંગા નદીના દક્ષિણકિનારે પૂર્વ દિશા તરફ જેનાં મૂળ રાખ્યાં હતાં, એવા દર્ભો

---

* મરણકાળ કંઇ નિયત નથી; માટે હરકોઇ મનુષ્યે હરકોઇ સમયે ગંગાજીનું સેવન કરવું જોઇએ, એ ભાવ છે. —भा. क.

× કહેવાનો ભાવ એ છે કે, મુનિઓ તો પોતે કૃતાર્થજ હોય છે, તેથી તેઓ તીર્થસ્નાન માટે ત્યાં પધાર્યા ન હતા, પણ પરીક્ષિતના દર્શનાર્થેજ ત્યાં પધાર્યા હતા. કેમકે તેવા પુરુષોને તીર્થયાત્રાની જરૂર હોતી નથી. —શ્રીધર

* રાજાઓ માટે આ વસ્તુ અત્યંત દુર્લભ છે, એ આશય અહીં દર્શાવે છે. —શ્રીધર

+ અર્થાત્ ભગવાનના ભક્તોની મારા ઉપર કૃપા છે એટલુંજ નહિ પણ બ્રાહ્મણોનો જે શાપ થયો છે, તે પણ ભગવાનની કૃપાથીજ થયો છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉપર ઉત્તર દિશામાં મુખ રાખીને બેઠો. તેણે પોતાના રાજ્યનો ભાર (પ્રથમથીજ) પોતાના પુત્ર (જનમેજય) ઉપર નાખી દીધો હતો.[૧૭] રાજાઓનો દેવ એ પરીક્ષિત એ રીતે અનશન વ્રત લઇને તે સ્થળે બેઠો, તે વખતે સ્વર્ગમાં દેવગણોએ તેની પ્રશંસા કરી ને આનંદથી પૃથ્વી પર પુષ્પોની વૃષ્ટિ કરી; તેમજ તેઓએ વગાડેલાં દુંદુભિ—નગારાં વારંવાર વાગવા લાગ્યાં.[૧૮] વળી તે વખતે જે મહર્ષિઓ ત્યાં આવ્યા હતા, તેઓ પણ રાજાની પ્રશંસા કરીને 'બહુજ સારૂં કર્યું' એમ અનુમોદન આપવા લાગ્યા અને પ્રજાઓનો અનુગ્રહ કરવો એજ જેમના સ્વભાવનો સાર હતો, એવા તે ઋષિઓ ભગવાનના ગુણોથી શોભી રહેલા તે પરીક્ષિતને કહેવા લાગ્યા કે,[૧૯] "હે શ્રેષ્ઠ રાજર્ષિ! શ્રીકૃષ્ણને અનુસરનારા તમો પાંડવોને વિષે આ કંઈ આશ્ચર્ય નથી; જે તમોએ ભગવાનની સમીપ રહેવાની ઇચ્છાથી રાજમુકુટોથી સેવાયલા રાજ્યાસનને તત્કાળ તજી દીધું છે."[૨૦] (રાજા પ્રત્યે એમ કહીને તે મુનિઓ પરસ્પર કહેવા લાગ્યાઃ—) "ભગવાનના ભક્તોમાં મુખ્ય એવો આ રાજા શરીરનો ત્યાગ કરીને પાપ તથા શોકથી રહિત એવા શ્રેષ્ઠ લોકમાં જશે, ત્યાંસુધી આપણે અહીં રહીશું."[૨૧] ઋષિગણોનું એ પક્ષપાતરહિત, અમૃતને ઝરતું, ગંભીર અર્થવાળું અને સત્ય એવું વચન સાંભળીને પરીક્ષિત રાજાએ તેને યોગ્ય અભિનંદન આપ્યું અને પછી ભગવાનનાં ચરિત્રો સાંભળવાની ઇચ્છાથી તે બોલ્યો કે,[૨૨] "ચારે તરફથી અહીં પધારેલા આપ સર્વે ખરેખર સત્યલોકમાં દિવ્ય મૂર્તિને ધારણ કરી રહેલા વેદો તુલ્ય છો. આપને આ લોકમાં કે પરલોકમાં બીજાઓનો અનુગ્રહ કરવા સિવાય બીજું કંઇ પણ પ્રયોજન નથી; અને તે પણ આપનામાં *સ્વાભાવિકજ છે.[૨૩] તો હે બ્રાહ્મણો! મારે મારા કર્તવ્યના સંબંધે પૂછવાનું છે; તે હું વિશ્વાસપૂર્વક તમને પૂછું છું કે, સર્વ અવસ્થાઓમાં જે કંઈ કરવાનું હોય, તેમજ મરતા મનુષ્યોએ જે કંઇ ખાસ કરવું જોઇએ, તે શુદ્ધ કર્તવ્યનો તમે સર્વે મળીને વિચાર કરો."[૨૪] રાજાએ એ પ્રશ્ન કર્યો, (એટલે તે મુનિઓ યાગ, યોગ, તપ, દાન—વગેરે સંબંધી વિવાદ કરવા લાગ્યા.) તેવામાં વ્યાસપુત્ર ભગવાન શુકદેવજી સર્વ વિષયો તરફ નિઃસ્પૃહ હોઈ પૃથ્વી પર પર્યટન કરતા દૈવયોગે ત્યાં પધાર્યા. તેમનામાં કોઇ આશ્રમ વગેરેનાં ચિહ્ન જોવામાં આવતાં ન હતાં, આત્માના લાભથી તે સંતુષ્ટ હતા, સ્ત્રીઓ તથા બાળકોએ તેમને ઘેરી લીધા હતા અને તેમનો વેષ ×અવધૂતના જેવો હતો. તેમની અવસ્થા સોળ વર્ષની હતી; તેમના હાથ, પગ, સાથળ, બાહુ, ખભા, ગાલ તથા બીજા અવયવો કોમળ હતા; તેમનું મુખ સુંદર નેત્રોવાળું, ઊંચા નાકવાળું, સરખા કાનવાળું તથા સુંદર ભ્રૂકુટીવાળું હતું; તેમનો કંઠ શંખના જેવો (ત્રણ રેખાઓવાળો હોઇને) શોભતો હતો; તેમની હાંસડીનો ભાગ ભરાવદાર હોવાથી દેખાતો ન હતો; તેમની છાતી વિશાળ અને ઊંચી હતી; તેમની નાભિ ધૂમરીના જેવી (ગોળ અને ઊંડી) હતી; તેમનું ઉદર (પેટ) ત્રણ કરચલીઓથી સુંદર હતું; દિશારૂપી વસ્ત્રો તેમણે ધારણ કર્યાં હતાં, અર્થાત્ તે નગ્નસ્વરૂપ હતા; તેમના કેશ વાંકડિયા ને વિખરાયલા હતા; તેમના બાહુઓ લાંબા હતા; તેમની કાંતિ ઉત્તમ દેવ—ઇન્દ્રના જેવી હતી; તેમનો વર્ણ શ્યામ હતો; અને સદા ઉત્તમ એવા યૌવન વડે શરીરની શોભા હોવાથી તથા સુંદર મંદ હાસ્યથી સ્ત્રીઓના મનને તે હરી લેતા હતા. આવા તે શુકદેવજી જો કે ગુપ્ત તેજવાળા હતા, તોપણ

* સ્વાભાવિકજ છે—સ્વતઃસિદ્ધ સ્વભાવરૂપજ છે.
—બાલપ્રબોધિની

× લોકોએ અપમાન કરીને જેનો ત્યાગ કર્યો હોય તેવા—સમાજથી બહિષ્કૃત મનુષ્યને અવધૂત કહેવામાં આવે છે.
—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેમનાં લક્ષણને જાણનારા ત્યાં બેઠેલા સર્વ મુનિઓ (તેમને જોઇને તુરતજ) પોતપોતાનાં આસનો ઉપરથી ઊભા થઈ ગયા.[૨૫-૨૮] પછી રાજા પરીક્ષિતે એ આવેલા અતિથિની મસ્તક નમાવીનેજ પૂજા કરી; એટલે (તેમની પાછળ આવેલાં) અજ્ઞાની સ્ત્રીઓ તથા બાળકો ત્યાંથી નાસી ગયાં અને પૂજાસત્કાર પામેલા તે શુકદેવજી મોટા આસન ઉપર (ત્યાં) બિરાજ્યા.[૨૯] એ સમયે મહાપુરુષોમાં પણ મહાપુરુષ તે ભગવાન બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ તથા દેવર્ષિઓના સમુદાયથી ત્યાં વીંટળાયલા હતા; જેથી ગ્રહ, નક્ષત્ર તથા તારાના સમુદાયથી વીંટળાયલા ચંદ્રની પેઠે અત્યંત શોભતા હતા.[૩૦-૩૧] અસ્ખલિત બુદ્ધિવાળા અને શાંત એવા તે શુક મુનિ એ રીતે ત્યાં બિરાજ્યા, એટલે ભગવાનનો ભક્ત રાજા પરીક્ષિત તેમની સમીપ જઇ, મસ્તકથી પ્રણામ કરી બે હાથ જોડી, સાવધાન થઇને સત્ય અને મધુર વાણીથી પૂછવા લાગ્યો કે, "અહો! હે બ્રહ્મન્! આજ અમે નીચ ક્ષત્રિયો પણ સજ્જનોથી સેવવા યોગ્ય થયા છીએ. કારણ કે આપે કૃપા કરી અતિથિરૂપ થઇને અમને *તીર્થરૂપ કર્યા છે.[૩૨] જો આપના સ્મરણમાત્રથી પુરુષોનાં ઘર સત્વર શુદ્ધ થાય છે; તો પછી દર્શન, સ્પર્શ, પગ ધોવા અને આસન આપવું વગેરેથી શુદ્ધ થાય એમાં શું કહેવું?[૩૩] હે મહાયોગિન્! જેમ વિષ્ણુદેવના સમીપપણાથી અસુરોનો નાશ થાય છે, તેમ આપના સમીપપણાથી પુરુષોનાં મોટાં પાપો પણ તત્કાળ નાશ પામે છે.[૩૪] પાંડવોને પ્રિય અથવા પાંડવો જેમને પ્રિય હતા, એવા ભગવાન શ્રીકૃષ્ણ મારા ઉપર પણ પ્રસન્ન થયા છે; જે ભગવાને પોતાની ફોઇના પુત્ર તે પાંડવોની પ્રસન્નતા માટે તેમના આખા વંશનું બંધુકૃત્ય સ્વીકાર્યું છે.[૩૫] જો એમ ન હોય તો જેમની ગતિ પણ જણાતી નથી, એવા આપનું અમને મરવા પડેલા મનુષ્યોને દર્શન ક્યાંથી થાય? આપ સિદ્ધ છો–કૃતકૃત્ય છો, છતાં (અમારા ઉપરની કૃપાને લીધે અતિ ઉદારપણે) 'મારી પાસે જે માગવું હોય તે માગ' આવી પ્રેરણા કરી રહ્યા છો.[૩૬] તો યોગીઓના પરમગુરુ એવા આપને હું પૂછું છું કે, સર્વથા મરણ પામવાની અણી પર આવેલા પુરુષનું (તે સમયનું) ×કર્તવ્ય શું હોઇ શકે?[૩૭] હે પ્રભો! તેવા (મરણપથારીએ પડેલા) મનુષ્યે જે કંઇ શ્રવણ કરવા યોગ્ય હોય, જે કંઇ જપવા યોગ્ય હોય, જે કર્તવ્ય હોય, જે સ્મરણ કરવાયોગ્ય હોય અને જે ભજન કરવા યોગ્ય હોય તે મને કહો; તેમજ જે કંઈ શ્રવણાદિ કરવા માટે અયોગ્ય હોય તે પણ કહો.[૩૮] હે બ્રહ્મન્! માત્ર ગાય દોહવાય તેટલો સમય પણ આપ ભગવાનની ગૃહસ્થોને ઘેર સ્થિતિ જણાતી નથી+"[૩૯]

સૂત બોલ્યાઃ–એ પ્રમાણે રાજા પરીક્ષિતે મધુર વાણીથી વાતચીત કરીને પ્રશ્ન કર્યો એટલે ધર્મવેત્તા ભગવાન શુકદેવજી તેના પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા.[૪૦]

एवमाभाषितः पृष्टः स राज्ञा श्लक्ष्णया गिरा ।
प्रत्यभाषत धर्मज्ञो भगवान् बादरायणिः ॥४०॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પ્રથમ સ્કંધ વિષે અધ્યાય ૧૯ મો સમાપ્ત

---

* તીર્થરૂપ કર્યા છે–યોગ્ય કર્યા છે. —**શ્રીધર** તીર્થરૂપ કર્યા છે–પવિત્ર કર્યા છે. —**बालप्रबोधिनी**

× જે કર્તવ્ય કરવાથી પુરુષને મોક્ષરૂપી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તે કર્તવ્ય. —**શ્રીધર**

\+ તો અમને ભાગ્યને લીધેજ આપનું દર્શન થયું છે, એ ભાવ છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

प्रथम स्कंध समाप्त

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीमद्भागवत–द्वितीय स्कंध

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

अध्याय १ लो+

મનુષ્યકર્ત્તવ્ય અને વિરાટ્પુરુષનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

वरीयानेष ते प्रश्नः कृतो लोकहितं नृप । आत्मवित्संमतः पुंसां श्रोतव्यादिषु यः परः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજા ! તેં કરેલો આ પ્રશ્ન અત્યંત શ્રેષ્ઠ છે અને લોકનું હિત કરનાર છે; તેમજ આ પ્રશ્ન આત્મજ્ઞાનીઓને માન્ય છે અને પુરુષોને સાંભળવા યોગ્ય વિષયોમાં આ પ્રશ્ન ઉત્તમ છે.[1] હે રાજેન્દ્ર ! ઘરમાં આસક્ત રહી આત્મતત્ત્વનું દર્શન નહિ કરનારા ગૃહસ્થોને હજારો (વિષયો) ઇત્યાદિ શ્રવણ કરવા યોગ્ય છે;[2] પણ હે રાજા ! મનુષ્યોનું આયુષ રાત્રે નિદ્રાથી અને મૈથુનથી નાશ પામે છે; અને દિવસે ધન માટે ઉદ્યમ કરવાથી તથા કુટુંબનું ભરણ–પોષણ કરવાથી નાશ પામે છે.[3] શરીર, સ્ત્રી આદિ પોતાનું સૈન્ય (પરિવાર), અસત્ છે–નાશવંત છે અને પોતે તેઓનો નાશ જુએ છે, છતાં પ્રમાદમાં પડેલો પ્રાણી જોતો નથી–આત્મસાધન કરવા તત્પર થતો નથી;[4] માટે હે ભરતવંશી રાજા ! અભય મોક્ષપદની ઇચ્છા કરતા મનુષ્યે સર્વના આત્મા અને ઈશ્વર એવા ભગવાન શ્રીહરિનું શ્રવણ, કીર્તન તથા સ્મરણ કરવું જોઇએ.[5] મનુષ્યોના જન્મનો શ્રેષ્ઠ લાભ તે આટલોજ છે કે, તેઓએ આત્મા–અનાત્માના વિવેકથી, અષ્ટાંગ યોગથી તથા સ્વધર્મમાં નિષ્ઠાથી અંતે (મરણસમયે)

+ આ અધ્યાયમાં કીર્તન–શ્રવણ વગેરેથી ભગવાનના સ્થૂલસ્વરૂપમાં મનની ધારણા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીનારાયણનું સ્મરણ કરવું; અને અંતસમયે સ્મરણ કરવું તે તો મહાન લાભ છે.*[૬] હે રાજન્! મુનિઓ પણ ઘણું કરીને વિધિ તથા નિષેધથી એટલે વિધિ–નિષેધરૂપ વેદોક્ત કર્મમાર્ગથી નિવૃત્ત થઈને નિર્ગુણ એવા બ્રહ્મને વિષે સ્થિતિ કરે છે; છતાં શ્રીહરિના ગુણાનુવાદમાં આનંદ કરે છે.૭ (અને આજ કારણથી) દ્વાપરયુગના આદિમાં હું મારા પિતા વ્યાસજી પાસેથી સર્વ વેદતુલ્ય આ શ્રીમદ્ભાગવત પુરાણ ભણ્યો છું.[૮] જો કે હું નિર્ગુણ બ્રહ્મમાં સ્થિતિ કરી રહ્યો છું, છતાં હે રાજર્ષિ! ઉત્તમ કીર્તિવાળા શ્રીભગવાનની લીલા વડે મારું મન આકર્ષાય છે; અને તેથીજ આ ભાગવત આખ્યાન હું ભણ્યો છું.[૯] માટે જે ભાગવત વિષે શ્રદ્ધા કરનારા મનુષ્યોને સત્વર શ્રીમુકુંદ ભગવાનમાં નિષ્કામ ભક્તિ થાય છે, તે ભાગવત આખ્યાન હું તમને કહું છું, કેમકે તમે મહાપુરુષ વિષ્ણુ ભગવાનના ભક્ત છો.[૧૦] હે રાજા! શ્રીહરિના નામનું કીર્તન કરવું એજ સંસારભોગની ઇચ્છાવાળાઓને નિશ્ચય ફળદાયી છે; મુમુક્ષુઓનું મોક્ષસાધન પણ તેજ છે અને જ્ઞાનીઓના જ્ઞાનનું ફળ પણ તેજ છે.+[૧૧] અને કોઇ પ્રમાદી પુરુષનાં અનેક વર્ષો અજ્ઞાનમાં ગયાં હોય તોપણ શું? માત્ર એક મુહૂર્તજ (બે ઘડી) જ્ઞાનયુક્ત જાય, તોપણ ઉત્તમજ છે. કેમકે એ બે ઘડીના જ્ઞાનથી પણ મોક્ષ માટે યત્ન થઇ શકે છે÷[૧૨] પૂર્વે ખટ્વાંગ નામનો એક રાજર્ષિ હતો. તેણે પોતાના આયુષનું અમુક પ્રમાણ જાણી લઇને બે ઘડીના સમયમાં સર્વ વિષયોનો ત્યાગ કરી દીધો હતો અને તે અભયરૂપ શ્રીહરિને પામી ગયો હતો*[૧૩] તો હે કુરુવંશી રાજન્! તમારા જીવનનો અવધિ તો હજી સાત દિવસનો છે; તેટલામાં પરલોકનું સઘળું સાધન તમે કરી લો.[૧૪] જ્યારે અંતકાળ પ્રાપ્ત થાય, ત્યારે પુરુષે મૃત્યુના ભયને ત્યજી દેવો જોઇએ અને સર્વ વિષયોમાં અનાસક્તિરૂપ શસ્ત્ર લઇને તેનાદ્વારા શરીરના સુખની ઇચ્છાને અને શરીરની પાછળ રહેલાં પુત્ર–સ્ત્રી આદિ વિષેની મમતાને છેદી નાખવી જોઇએ.[૧૫] પછી તે ધીર પુરુષે ઘરમાંથી નીકળી જઇને પવિત્ર તીર્થના જળમાં સ્નાન કરવું અને પવિત્ર એકાંત પ્રદેશમાં વિધિપૂર્વક રચેલા આસન પર †બેસવું.[૧૬] તે પછી **'अ, उ, म्'** એ ત્રણ અક્ષરોથી બનેલા, શુદ્ધ અને શ્રેષ્ઠ બ્રહ્માક્ષર પ્રણવ-મંત્ર–ૐકારનો મનમાં જપ કરવો; અને તે પ્રણવ-મંત્રનું સ્મરણ નહિ ભૂલી, શ્વાસ જીતીને (પ્રાણા-

* અર્થાત્ શ્રીનારાયણનું અંતે સ્મરણ કરવું તે તો સર્વોત્કૃષ્ટ છે; તેનો મહિમા તો કહી શકાતોજ નથી. —શ્રીધર

વળી આ શ્લોકથી **ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन् मामनुस्मरन् । यः प्रयाति त्यजन् देहं स याति परमां गतिम्**– જે મનુષ્ય 'ૐ' એ એકાક્ષર બ્રહ્મનું ઉચ્ચારણ કરતો અને મારું સ્મરણ કરતો શરીરનો ત્યાગ કરે છે, તે પરમ ગતિને પામે છે, એ ગીતાસિદ્ધાંત અહીં દર્શાવ્યો છે. —ભા. ક.

\+ અર્થાત્ સાધક અને સિદ્ધ–બન્નેને ભગવત્-સ્મરણજ પરમ શ્રેયરૂપ છે. બીજા કોઇ પણ પ્રકારનું શ્રેય નથી. —શ્રીધર

÷ કહેવા એ માગે છે કે, તું શોક ન કરીશ કે, મારું આયુષ્ય હવે અલ્પ છે, તો મારાથી શું બની શકે? —શ્રીધર

* ખટ્વાંગ નામના રાજાએ દેવોના પક્ષમાં રહીને દૈત્યોને જીતી લીધા; એટલે દેવોએ પ્રસન્ન થઇને વર માગવા કહ્યું, ત્યારે તેણે પૂછ્યું કે, 'મારું આયુષ કેટલું છે? તે કહો.' પછી દેવોએ માત્ર બે ઘડી બાકી રહેલું આયુષ તેને જણાવ્યું; એટલે તરતજ વિમાનમાં બેસી પૃથ્વી પર આવીને તે શ્રીહરિને શરણે ગયો; કેમકે તેણે જોયું હતું કે, આ સ્વર્ગભૂમિ રજોગુણથી ભરપૂર છે અને પૃથ્વી તે કર્મભૂમિ છે. —શ્રીધર

† આ શ્લોકથી આરંભીને અષ્ટાંગયોગનો ઉપદેશ કર્યો છે. તેમાં પ્રથમ આ શ્લોકમાં 'ધીર પુરુષે' એમ કહીને બ્રહ્મચર્ય વગેરે યમનો અને 'તીર્થજળમાં સ્નાન કરવું' એમ કહીને સ્નાનાદિ નિયમોનો ઇશારો કર્યો છે. પછી આસન કરવા જણાવ્યું છે. પ્રથમ દર્ભ, તે ઉપર મૃગચર્મ અને તે ઉપર વસ્ત્ર–આવો આસન ગોઠવવાનો વિધિ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યામ કરીને) મનને વશ કરવું.[૧૭] પછી નિશ્ચયાત્મક બુદ્ધિને સારથિ (સહાયક) કરી ઇન્દ્રિયોને મનદ્વારા વિષયોથી પાછી વાળવી અને કર્મ કે કર્મની વાસનાઓથી જો મન આકર્ષાય તો બુદ્ધિદ્વારા તેને ભગવાનના સ્વરૂપમાં સ્થાપવું.[૧૮] ભગવાનના તે સ્વરૂપમાં એક એક અવયવનું, સમગ્ર સ્વરૂપથી વિયુક્ત નહિ થયેલા મનથી ધ્યાન કરવું. એ રીતે નિર્વિષય થયેલા મનને સમાધિમાં યોજવું અને એકાગ્ર કરી કોઇ પણ વિષયનું સ્મરણ ન કરવું. વિષ્ણુનું પરમપદ તે એજ છે કે, જેમાં મન પ્રસન્ન થાય છે.[૧૯] (એ રીતે એકાગ્ર થયું હોય છતાં પણ) પોતાનું મન જો રજોગુણ અને તમોગુણથી આકર્ષાઇને વિમૂઢ થાય–એકાગ્ર ન થઇ શકે, તો (ફરી પણ) ધીર પુરુષે ધારણાદ્વારા તેને વશ કરવું; જેથી એ રજોગુણ તથા તમોગુણે કરેલા દોષનો તે (ધારણા) નાશ કરે છે.*[૨૦] એ રીતે ધારણા કરતાં સુખસ્વરૂપ વિષયનો સાક્ષાત્કાર કરતા યોગી પુરુષને સત્વર ભક્તિયોગની પ્રાપ્તિ થાય છે."[૨૧]

રાજાએ કહ્યું:–"હે બ્રહ્મન્! એ ધારણા જેવી રીતે ધારી શકાય છે, જેમાં ધારણ કરવી જોઇએ અને જેવા સ્વરૂપમાં ધારણ કરવાથી પુરુષના માનસિક મેલને તુરતજ દૂર કરે છે, તે આપ મને કહો."[૨૨]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"આસન તથા શ્વાસને જીતીને સંગનો ત્યાગ કરી સર્વ ઇન્દ્રિયોને વશ કરી ×ભગવાનના સ્થૂલસ્વરૂપમાં બુદ્ધિદ્વારા મનને ધારણ કરવું. (તે ધારણાનું સ્વરૂપ છે).[૨૩] કેમકે ભગવાનનું એ વિરાટ્શરીર અતિસ્થૂલ કરતાં પણ અતિસ્થૂલ છે; જે વિરાટ્શરીરમાં ભૂત, ભવિષ્ય ને વર્તમાન સર્વ કાર્યરૂપ જગત દેખાય છે.[૨૪] એ વિરાટ્શરીર પાંચ મહાભૂત, અહંકાર અને મહત્તત્ત્વ–એ સાત આવરણોવાળું બ્રહ્માંડસ્વરૂપ છે. (તેથી એ વિશાળ શરીર ધારણાનો વિષય ન હોઇ શકે, પણ) એ શરીરમાં સ્થિતિ કરતા ભગવાન જે વિરાટ્પુરુષ છે, તેજ ધારણાનો વિષય છે–તેમને વિષેજ મનની ધારણા થઇ શકે છે.[૨૫] વિદ્વાનો કહે છે કે, એ વિરાટ્પુરુષના ચરણનું મૂળ પાતાલ છે, તેમના પગના ફણામાં રસાતલ છે, તેમની બે ઘૂંટી તે મહાતલ છે અને જગતના સ્રષ્ટા તે પુરુષની બે જાંઘો તે તલાતલ છે. હે રાજા! એ વિશ્વમૂર્તિ ભગવાનના બે ગોઠણ તે સુતલ છે, તેમની બે સાથળો તે વિતલ અને અતલ છે; તેમની નાભિની નીચેનો ભાગ તે પૃથ્વી છે અને તેમના નાભિરૂપ સરોવરને આકાશ કહે છે.[૨૬,૨૭] વળી તે આદિપુરુષનું વક્ષઃસ્થળ તે સ્વર્ગ છે, ડોક તે મહર્લોક છે, મુખ જનલોક છે, લલાટ તે તપોલોક છે અને હજારો–મસ્તકોવાળા તે ભગવાનનાં મસ્તકોને સત્યલોક કહે છે.[૨૮] એ પરમ પુરુષના બાહુઓ ઇન્દ્રાદિ દેવો છે, દિશાઓ બે કર્ણગોલક છે, શબ્દ એમની કર્ણેન્દ્રિય છે, એમની નાસિકા બે અશ્વિનીકુમારો છે, ગંધ ઘ્રાણેન્દ્રિય છે અને પ્રજ્વલિત અગ્નિ મુખ છે.[૨૯] એજ વ્યાપક દેવનાં બે નેત્ર આકાશ છે, સૂર્ય ચક્ષુ છે, દિવસ અને રાત્રિ એમનાં નેત્રની પાંપણો છે, બ્રહ્મદેવનું જે સ્થાન તે એમની ભ્રૂકુટીનો વિલાસ છે, જળ એમનું તાળવું છે અને રસ એમની જીભ છે;[૩૦] તેમજ વેદોને એ અનંત ભગવાનનું બ્રહ્મરંધ્ર કહે છે, યમ એમની દાઢો છે, પુત્ર આદિ ઉપર જે સ્નેહના અંશો છે તે એમના દાંત છે, મનુષ્યોને ઉન્માદ કરનારી જે માયા તે એમનું હાસ્ય છે, દુરંત એવી જે આ સૃષ્ટિ તે એમના કટાક્ષનો વિલાસ છે, શરમ ઉપરનો હોઠ છે, લોભ નીચેનો હોઠ

* ૧૭–૨૦ શ્લોકમાં બધાં યોગનાં અંગ દર્શાવી દીધાં છે. તેમાં સત્તરમા શ્લોકથી પ્રાણાયામ દર્શાવી ૧૮મા શ્લોકમાં પ્રત્યાહાર તથા ધારણા કહી છે. પછી ૧૯મા શ્લોકમાં ધ્યાનનું સ્વરૂપ કહીને ૨૦મા શ્લોકમાં સમાધિદશા કહી છે. —શ્રીધર

× ભગવાનના સ્થૂલસ્વરૂપમાં એટલે વિરાટ્શરીરમાં. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે, ધર્મ એમનાં સ્તન છે, અધર્મ પીઠ છે, પ્રજાપતિ એમનું લિંગ છે, મિત્રાવરુણ દેવ એમના બે વૃષણ છે, સમુદ્રો એમનું પેટ છે, પર્વતો એમનાં હાડકાં છે, નદીઓ નાડીઓ છે, વૃક્ષો રુવાંટાં છે, અનંત શક્તિવાળો જે વાયુ તે એમનો શ્વાસોચ્છ્વાસ છે, કાળ તે ગતિ (ચાલ) છે અને પ્રાણીઓનો જે આ સંસાર તે હે રાજા ! એ વિશ્વરૂપ ભગવાનનું કર્મ છે. હે કુરુશ્રેષ્ઠ! મેઘોને એ ભગવાનના કેશ કહે છે, સંધ્યાને એ પ્રભુનાં વસ્ત્ર કહે છે, અવ્યક્ત પ્રધાનને તેમનું હૃદય કહે છે, ચંદ્રમા તે એમનું સર્વ વિકારોના આશ્રયરૂપ એવું મન છે, વળી પંડિતો કહે છે કે, મહત્તત્ત્વ એમની વિજ્ઞાનશક્તિ છે, શ્રીરુદ્રદેવ એ સર્વાત્માનું અંતઃકરણ છે—અહંકાર છે; ઘોડાં, ખચ્ચર, ઊંટ અને હાથીઓ તેમના નખ છે, સર્વ મૃગો તથા પશુઓ એમની કેડની પાછળનો ભાગ છે, સર્વ પક્ષીઓ એમની વિચિત્ર કારીગરીની* કુશળતા છે, સ્વાયંભુવ મનુ તે એમની બુદ્ધિ છે, પુરુષ÷ તેમનું નિવાસસ્થળ છે; ગંધર્વો, વિદ્યાધરો, ચારણો ને અપ્સરાઓ તેમના સ્વરોની સ્મરણશક્તિઓ છે, અસુરોનું સૈન્ય એમનું વીર્ય છે, બ્રાહ્મણ તેમનું મુખ છે, ક્ષત્રિયો ભુજાઓ છે, વૈશ્ય એ મહાન આત્માના ઊરુઓ છે, શૂદ્ર તેમના ચરણ છે અને ભિન્ન ભિન્ન નામોવાળા દેવગણોથી યુક્ત એવો દ્રવ્યાત્મક જે યજ્ઞપ્રયોગ તે એ વિરાટ્‌પુરુષનું કાર્ય છે.[૩૧-૩૭] આટલી તે વિરાટ્‌પુરુષના શરીરના અવયવોની આકૃતિ છે, જે મેં તને કહી છે.

* કહ્યું છે કે, **येन शुक्लीकृता हंसाः शुकाश्च हरितीकृताः । मयूराश्चित्रिता येन स ते वृत्तिं विधास्यति**–'જે ભગવાને હંસોને ધોળા કર્યા છે, પોપટોને લીલા કર્યા છે અને મોરલાઓને રંગબેરંગી બનાવ્યા છે તે ભગવાન તારી આજીવિકા કરશે.' આ વાક્ય અહીંના કથનને અનુસરે છે. —**શ્રીધર**

÷ વેદ પણ આ વાક્યની પુષ્ટિ કરે છે–**पुरुषत्वे चाविस्तरामात्मा**–પરમેશ્વર પુરુષત્વમાં અત્યંત પ્રકટ છે. —**શ્રીધર**

આ અતિશય સ્થૂલ વિરાટ્‌સ્વરૂપમાં મુમુક્ષુઓ પોતાની બુદ્ધિ વડે મનની ધારણા કરે છે; કેમકે આ વિરાટ્‌શરીરથી બીજું કંઈ છેજ નહિ.[૩૮] જેમ એકજ જીવ સ્વપ્નમાં અનેક શરીરોને કલ્પીને તે તે શરીરોની ઇન્દ્રિયોદ્વારા સર્વ કાંઈ જુએ છે, તેમ સર્વની બુદ્ધિઓની વૃત્તિઓદ્વારા જેણે સર્વ અનુભવ્યું છે, એવો એકજ તે આત્મા સર્વાન્તર્યામી છે; માટે સત્યસ્વરૂપ અને આનંદના ભંડાર એવા તે આત્માનુંજ ભજન કરવું, પણ બીજા કોઇ વિષયોમાં આસક્ત થવું નહિ. કેમકે તેથી આત્માનું પતન થાય છે—આત્માને સંસારમાં પડવું પડે છે."[૩૯]

स सर्वधीवृत्त्यनुभूतसर्व आत्मा यथा स्वप्नजनेक्षितैकः । तं सत्यमानंदनिधिं भजेत नान्यत्र सज्जेद्यत आत्मपातः ॥ ३९ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય ૧ લો સમાપ્ત

अध्याय २ जो×

સ્થૂલ ધારણા પછી સર્વસાક્ષી સર્વેશ્વરમાં ધારણા

॥ श्रीशुक उवाच ॥

एवं पुरा धारणयाऽऽत्मयोनि-
र्नष्टां स्मृतिं प्रत्यवरुध्य तुष्टात् ॥
तथा ससर्जेदममोघदृष्टि-
र्यथाऽप्ययात्प्राग्व्यवसायबुद्धिः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"પૂર્વે બ્રહ્મદેવે એ પ્રમાણે ધારણા કરી હતી અને તે દ્વારા પ્રસન્ન થયેલા ભગવાન પાસેથી પોતાની નાશ પામેલી સ્મૃતિ પાછી મેળવીને અમોઘ દૃષ્ટિવાળા તથા નિશ્ચયાત્મક બુદ્ધિવાળા થઇને (બ્રહ્મદેવે) આ જગતને પ્રલયકાળ પહેલાં જે સ્થિતિમાં હતું, તે સ્થિતિમાં

× આ અધ્યાયમાં 'સ્થૂલ ધારણાથી જિતાયલા મનને સર્વના સાક્ષી અને સર્વના ઈશ્વર વિષ્ણુમાં ધારણ કરવું' એ કહેવામાં આવશે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

સર્જ્યું હતું.*[1] શબ્દબ્રહ્મનો એટલે વેદનો કર્મનાં ફળોને દર્શાવનારો માર્ગ એજ છે કે, અર્થશૂન્ય એવાં સ્વર્ગાદિનાં નામોથી સાધકની બુદ્ધિ તે તે સ્વર્ગાદિ લોકને મેળવવાનીજ ઇચ્છા કર્યા કરે છે; ને પછી તે માયામય કર્મમાર્ગમાં ભટકતો એવો (સાધક)મનુષ્ય વાસનાથી સૂતેલો મનુષ્ય જેમ સ્વપ્નો દેખે છે, (પણ સ્વપ્નમાં જોયેલા પદાર્થો મેળવી શકતો નથી,)[૯૦] તેમ કોઈ પણ પદાર્થોને મેળવી શકતો નથી.÷[2] માટે વિદ્વાન પુરુષે નામમાત્ર એવા ભોગ્ય પદાર્થોમાંથી જેટલા વડે પોતાના શરીરનિર્વાહનું પ્રયોજન સિદ્ધ થાય, તેટલાજ પદાર્થો માટે પ્રયત્ન કરવો અને તે નિર્વાહપૂરતા પદાર્થોમાં પણ આસક્તિ રાખવી નહિ; તેમજ 'આ સુખ વાસ્તવિક નથી,' આવા નિશ્ચયવાળી બુદ્ધિ ધારણ કરવી. વળી તે નિર્વાહપૂરતા પદાર્થો પણ જો વિનાયત્ને-સ્વતઃજ મળી રહેતા હોય, તો તેને માટે પરિશ્રમ કરવો તે વ્યર્થ છે, એમ સમજીને પ્રયત્ન પણ કરવો ન જોઇએ.[3] જેમકે જો પૃથ્વી છે તો શય્યા માટે પ્રયાસ શા માટે કરવો જોઈએ? પોતાનો બાહુ જો તૈયાર છે તો ઓશીકાની શી જરૂર છે? પોતાનો ખોબો છે તો જાત જાતનાં અન્નપાત્રોની શી આવશ્યકતા છે? અને દિશાઓ તથા વલ્કલવસ્ત્રો જો તૈયાર છે, તો (બીજાં) વસ્ત્રોની શી જરૂર છે?[4] માર્ગોમાં વસ્ત્રના ટુકડાઓ શું નથી હોતા? ફળ વગેરેથી બીજાઓનું પોષણ કરનારાં વૃક્ષો શું ભિક્ષા નથી આપતાં? નદીઓ શું સુકાઇ ગઈ છે? પહાડોની ગુફાઓ શું કોઇનાથી રોકાઈ ગઈ છે? અને ભગવાન શું શરણાગતનું રક્ષણ કરતા નથી? તો વિદ્વાનો ધનના દુષ્ટ મદથી આંધળા બની ગયેલા પુરુષોને શા માટે સેવે છે?[5] એ પ્રમાણે વિરક્ત થઇને પોતાના મનમાં પોતાથીજ સિદ્ધ થવું જોઇએ-સ્વસ્વરૂપના લાભમાંજ આનંદ માનવો જોઇએ. કેમકે આત્મા એજ પ્રિય વસ્તુ છે; પ્રિયની સેવા તેજ સુખસ્વરૂપ હોઈ શકે; આ આત્મારૂપ પદાર્થ તેજ સત્ય છે અને ભગવાન એટલે ભજન કરવા યોગ્ય ગુણવાળો હોઈ તે અનંત છે-નિત્ય-અવિનાશી છે. આ આત્મવસ્તુ નિશ્ચિત સ્વરૂપવાળી છે; માટે એ આત્માનુભવના આનંદથી સ્વતઃ આનંદમગ્ન થઇ તે આત્મવસ્તુનુંજ ભજન કરવું, જેથી સંસારનું કારણ એવી અવિદ્યાનો નાશ થાય છે.[6] આ આત્મધ્યાનરૂપ શ્રીહરિની ધારણાનો અનાદર કરી કર્મજડ પુરુષો વિના બીજો કયો (જ્ઞાની) પુરુષ, કે જે પોતે આ સંસારરૂપી વૈતરણી નદીમાં પડેલાં મનુષ્યોને પોતપોતાનાં કર્મફળથી પ્રાપ્ત થતાં આધ્યાત્મિક વગેરે દુઃખોને ભોગવી રહ્યાં જોઇ રહ્યો છે, છતાં દુષ્ટ વિષયોની ચિંતા કરે? અર્થાત્ જે જ્ઞાની હોય તે તો વિષયચિંતન નજ કરે, પણ આત્મધ્યાનમાંજ મગ્ન રહે.[7] કેટલાક પુરુષો પોતાના શરીરની અંદર હૃદયાકાશમાં રહેલા *પ્રાદેશપ્રમાણ પુરુષનું ધારણાથી ધ્યાન કરે છે. એ પુરુષ ચાર ભુજાવાળા છે અને કમળ, ચક્ર, શંખ તથા ગદાને ધારણ કરી રહેલા છે.[8] જ્યાંસુધી ધારણાથી મન સ્થિર થાય, ત્યાંસુધી એ (હૃદયાકાશમાં બિરાજેલા) ઈશ્વરનું પુરુષે ધ્યાન કરવું, જે ઈશ્વર પ્રસન્ન મુખવાળા છે, કમળ સમાન વિશાળ નેત્રવાળા છે, કદંબના પુષ્પના કેસરાઓ સમાન પીળાં વસ્ત્ર ધારણ કરે છે, ચળકતાં શ્રેષ્ઠ રત્નોથી જડેલા સુવર્ણનાં બાજુબંધ ધારણ કરે છે, દેદીપ્યમાન એવાં મોટાં રત્નોથી જડેલા મુકુટ તથા કુંડળોથી શોભી રહેલા છે, જેમના ચરણપલ્લવને યોગીશ્વરોએ વિકસિત હૃદયકમળની કળીરૂપ સ્થાનમાં સ્થાપ્યા છે, જે લક્ષ્મીના ચિહ્નવાળા છે, જેમની ડોકમાં કૌસ્તુભમણિ શોભી રહ્યો છે, નિત્ય

* કહેવાનો ભાવ એ છે કે, ધારણાના બળથી જગતને સૃજવાની શક્તિ પ્રાપ્ત થાય છે. —શ્રીધર

÷ અર્થાત્ કર્મો કરીને તે તે સ્વર્ગાદિ લોકને પામે છે ખરો, પણ વાસ્તવિક સુખને મેળવી શકતો નથી. —શ્રીધર

* અંગૂઠો અને તર્જની-એ બન્નેની વચ્ચેનું જે અંતર તે પ્રાદેશ કહેવાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તાજી શોભાવાળી વનમાળાથી જે વ્યાપ્ત છે, કંદોરાથી શોભાયમાન છે, મહાકીમતી વીંટીઓ, ઝાંઝર, કડાં વગેરેથી શણગારેલા છે, ચળકતા અને નિર્મળ એવા વાંકડિયા કાળા કેશથી જેમનું મુખ શોભી રહ્યું છે અને હાસ્ય વડે જે સુંદર છે; વળી જેમણે ઉદાર એવા લીલાહાસ્યપૂર્વક જોવામાં વિલસતી ભ્રમરના વિલાસોથી ભક્તો ઉપરનો મહાન અનુગ્રહ સૂચિત કર્યો છે અને ધ્યાનમાત્રથી હૃદયમાં જે પ્રકટ થાય છે;[૯-૧૨] ગદાને ધારણ કરનાર એ ભગવાનના ચરણથી આરંભીને હાસ્ય સુધી પ્રત્યેક અંગોનું બુદ્ધિથી ધ્યાન કરવું અને પછી જે જે અંગ વિનાપ્રયત્ને હૃદયમાં સ્થિર થતું જાય, તે તે અંગનો ત્યાગ કરી બીજાં બીજાં અંગોનું જ્યાંસુધી બુદ્ધિ શુદ્ધ થઇ જાય–નિશ્ચળ બની રહે, ત્યાંસુધી ધ્યાન કર્યા કરવું.[૧૩] એ રીતે જ્યાંસુધી બ્રહ્માદિ દેવોથી પણ શ્રેષ્ઠ જગતના ઈશ્વર અને દ્રષ્ટા એવા પરમાત્મા વિષે પ્રેમલક્ષણા ભક્તિ ઉત્પન્ન ન થાય, ત્યાંસુધી પ્રેમતત્પર થઈ પોતાનાં નિત્યકર્મો કરીને પૂર્વોક્ત વિરાટ્-પુરુષના અતિશય સ્થૂલસ્વરૂપનું ધ્યાન કર્યા કરવું.[૧૪] હે રાજા! યોગી પુરુષ આ લોકનો જ્યારે ત્યાગ કરવા ઇચ્છે ત્યારે તેણે કોઇ પવિત્ર કાળ અને પવિત્ર પ્રદેશમાં મનને આસક્ત ન કરવું; પણ સ્થિર અને સુખાકારી એવા આસન ઉપર બેસીને મન સાથે પ્રાણવાયુને જીતવો–વશ કરવો; જેથી પોતે જિતેન્દ્રિય અને જિતપ્રાણ થઈ શકે છે.*[૧૫] પછી તેણે પોતાના મનને નિશ્ચયસ્વરૂપ એવી બુદ્ધિમાં લીન કરી દેવું, બુદ્ધિને ÷ક્ષેત્રજ્ઞમાં લય પમાડી દેવી, ક્ષેત્રજ્ઞને શુદ્ધ આત્મામાં લય પમાડી દેવો અને તે શુદ્ધ આત્માને શુદ્ધ બ્રહ્મમાં લય પમાડી દઇ જેણે સંપૂર્ણ શાંતિ મેળવી છે, એવો તે ધીર યોગી સર્વ કૃત્યોથી વિરામ પામે. (કેમકે બ્રહ્મથી પર બીજું કંઇ પણ પ્રાપ્ત કરવા યોગ્ય નથી.)[૧૬] આ રીતે આત્મસ્વરૂપ થયેલા પુરુષ ઉપર દેવોના શ્રેષ્ઠ પ્રભુ કાળનું પણ કંઇ ચાલી શકતું નથી; તો પછી દેવોનું કે દેવોના નિયમમાં વર્તનારાં જગતનાં પ્રાણીઓનું તો શુંજ ચાલી શકે? કેમકે જે આત્મસ્વરૂપમાં સત્ત્વગુણ, રજોગુણ, તમોગુણ, અહંકાર, મહત્તત્ત્વ કે પ્રધાન–પ્રકૃતિ–માયા એ કંઇ પણ નથી.[૧૭] આજ કારણથી તત્ત્વવેત્તાઓ આ આત્મસ્વરૂપનેજ સર્વોત્કૃષ્ટ વિષ્ણુપદ કહે છે અને એ પદ સિવાય બીજે કોઈ પણ સ્થળે આસક્ત નહિ થયેલા તેઓ એ પદનેજ ક્ષણે ક્ષણે હૃદયમાં ભેટીને દેહ વગેરે ઉપર આત્મબુદ્ધિ તજી દઈને આત્મા સિવાયના હરકોઈ પદાર્થને 'આ વૈષ્ણવ પદ નથી, આ વૈષ્ણવ પદ નથી' એમ ત્યાગ કરવા ઇચ્છે છે.[૧૮] એ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ થયેલો યોગી કે જેણે શાસ્ત્રજ્ઞાનથી ઉત્પન્ન થયેલા બળ વડે વિષયવાસનાનો સારી રીતે સંહાર કરી નાખ્યો હોય છે, તે (પોતાના શરીરનો ત્યાગ આ રીતે કરે છે,) પોતાના પગની પાની વડે ગુદાના દ્વારને રૂંધી દઈ પ્રાણવાયુને ત્યાંથી ઊંચો લઈ અનાયાસે ઉપરનાં છ÷ સ્થાનોમાં લઇ જાય છે.[૧૯] જેમકે (રૂંધેલા ગુદાદ્વારથી આકર્ષીને) નાભિ વિષે મણિપૂરક ચક્રમાં સ્થાપેલા પ્રાણવાયુને હૃદયમાં આવેલા અનાહત ચક્રમાં સ્થાપે છે; ત્યાંથી ઉદાનવાયુની ગતિએ ઉપર લઇ જઇ વક્ષઃસ્થળમાં રહેલા વિશુદ્ધિ ચક્રમાં તેને (પ્રાણવાયુને) સ્થાપે છે અને પછી જીતેલા મનવાળો તે મુનિ તે પ્રાણવાયુને ત્યાંથી પણ ઉપર લઇ જઇને બુદ્ધિપૂર્વક ધીમે

* કહેવાનો ભાવ એ છે કે, શરીર ત્યજવા ઇચ્છતો યોગી પુરુષ ઉત્તરાયણ વગેરે પવિત્ર કાળ કે ક્ષેત્રનો વિચાર કરવા રોકાતો નથી; કેમકે દેશ અને કાળ તે યોગીને સિદ્ધિનું કારણ નથી, પણ યોગજ સિદ્ધિનું કારણ છે. આવો દૃઢ નિશ્ચય કરી સ્થિર આસને પ્રાણાયામનો અભ્યાસ કરી ઇન્દ્રિયો અને પ્રાણવાયુ ઉપર કાબૂ મેળવે છે. —શ્રીધર

÷ ક્ષેત્રજ્ઞ તે બુદ્ધિ આદિનો દ્રષ્ટા જીવ. —શ્રીધર

÷ છ સ્થાન તે આ:–નાભિ, હૃદય, વક્ષઃસ્થળ, તાળવાનું મૂળ, ભ્રૂકુટીનો મધ્યભાગ અને બ્રહ્મરંધ્ર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધીમે પોતાના તાળવાના મૂળમાં રહેલા તેજ વિશુદ્ધિચક્રના અગ્રભાગમાં સ્થાપે છે;[૨૦] પછી કાન, બે નેત્ર, બે નાસિકાનાં છિદ્ર અને મુખ—એ સાત પ્રાણમાર્ગોને રૂંધી દઈ ઉપર બે ભ્રૂકુટિની વચ્ચે આવેલા આજ્ઞાચક્રમાં પ્રાણવાયુને સ્થાપી દે છે અને સર્વ વિષયોની ઇચ્છાઓથી પોતે જો રહિત હોય તો એક ઘડી સુધી ત્યાં (આજ્ઞાચક્રમાં) સ્થિતિ કરી પરબ્રહ્મને પ્રાપ્ત થઇ અસ્ખલિત જ્ઞાનવાળો તે યોગી પ્રાણવાયુને બ્રહ્મરંધ્રમાં લઇ જાય છે અને પછી તે બ્રહ્મરંધ્રને ભેદી નાખી શરીર તથા ઇન્દ્રિયોનો ત્યાગ કરે છે.[૨૧] હે રાજા! (એ રીતે સદ્યોમુક્તિ મેં તને કહી, હવે ક્રમમુક્તિને સાંભળ.) કોઈ યોગી પુરુષને જો બ્રહ્મદેવના સ્થાનમાં જવાની ઇચ્છા હોય અથવા અણિમાદિ આઠ મહાસિદ્ધિઓ જ્યાં વસી રહેલી છે, એવા આકાશચારી સિદ્ધલોકોના ક્રીડાસ્થાનમાં જવાની ઇચ્છા હોય અથવા ગુણોના સમુદાયરૂપ એવા આખા બ્રહ્માંડમાં હરકોઇ સ્થળે જવાની ઇચ્છા હોય, તો તે યોગી પુરુષ (દેહત્યાગના સમયે માત્ર શરીરનોજ ત્યાગ કરી) મન તથા ઇન્દ્રિયોની સાથે (તે તે લોકના ભોગ ભોગવવા) ચાલ્યો જાય છે,[૨૨] જેઓનું લિંગશરીર—સૂક્ષ્મદેહ, પવનસ્વરૂપ થયેલ હોય છે, એવા યોગીશ્વરોની ગતિ ત્રણે લોકની અંદર તથા બહાર—એમ સર્વ સ્થળે હોય છે, એમ વિદ્વાનો કહે છે. ઉપાસના, ભગવદ્ધર્મ, અષ્ટાંગ યોગ અને જ્ઞાન—એ ચારનું સેવન કરનારો જે ગતિને પામે છે, તે ગતિને કર્મો વડે મનુષ્યો પ્રાપ્ત કરી શકતા નથી.[૨૩] હે રાજા! મેલનો જેણે ત્યાગ કર્યો છે, (એટલે કોઇ પણ સ્થળે આસક્તિરહિત અને ક્રમમુક્તિએ જવા ઇચ્છતો) એવો યોગી *બ્રહ્મલોકના માર્ગરૂપ એવી જ્યોતિર્મય સુષુમ્ણા નાડીદ્વારા આકાશમાર્ગે થઇ (પ્રથમ) અગ્નિના અભિમાની દેવને પામે છે અને

* અર્થાત્ બ્રહ્મલોક સુધી તે નાડી વિસ્તારવાળી છે; તેથી તે દ્વારા ત્યાં સુધી જઈ શકાય છે.

પછી તેથી ઉપર આવેલા શ્રીહરિના (તારારૂપ) શૈશુમાર નામના જ્યોતિશ્ચક્રને પ્રાપ્ત થાય છે.[૨૪] એ શૈશુમાર ચક્ર વિષ્ણુનું ચક્ર પણ કહેવાય છે અને તે સર્વ જગતની નાભિરૂપ છે—સૂર્ય વગેરેના આશ્રયરૂપ છે. એ વિષ્ણુચક્રને ઓળંગીને રજોગુણથી રહિત એવા કેવળ સૂક્ષ્મશરીર સાથેજ તે એકલો યોગી પુરુષ, બીજાઓથી નમસ્કાર કરાયલા બ્રહ્મવેત્તાઓના સ્થાનમાં—મહર્લોકમાં જાય છે, કે જ્યાં મહાકલ્પ સુધીના આયુષવાળા ભૃગુ વગેરે જ્ઞાનીઓ આનંદ કરે છે.[૨૫] પછી કલ્પકાળના અંતે શેષનાગના મુખના અગ્નિ વડે આ ત્રણે લોકને બળતા જોઇ તે યોગી પુરુષ તે મહર્લોકમાંથી પણ નીકળી જાય છે; (કેમકે ત્યાંસુધી આ ત્રણે જગતના દાહનો તાપ પહોંચે છે;) અને બે પરાર્ધ સુધી રહેનારા પરમેષ્ઠિ—બ્રહ્મદેવના સ્થાનમાં જાય છે, કે જે સ્થાન સિદ્ધેશ્વરોથી સેવાયલાં વિમાનોથી યુક્ત છે.[૨૬] વળી જે પરમેષ્ઠિપદમાં કોઇ પણ કારણથી શોક, વૃદ્ધાવસ્થા, મૃત્યુ, દુઃખ કે ભય છેજ નહિ; માત્ર ભગવાનના ધ્યાનને નહિ જાણનારા પ્રાણીઓને દુરંત દુઃખવાળાં એવાં જે જન્મ-મરણ જોવામાં આવે છે તેથીજ દયાને લીધે (ત્યાં નિવાસ કરનારાઓને) મનમાં એ દુઃખ થાય છે—તે વિના ત્યાં બીજું કંઈ પણ દુઃખ નથી.×[૨૭] તે પછી એ યોગી નિર્ભય થઈને એટલે 'હું હવે અહીંથી કેવી રીતે જઇશ? એવી શંકાનો ત્યાગ કરીને પોતાના લિંગશરીર વડે પૃથ્વીસ્વરૂપ બની જાય છે; તે પછી તે

× અથવા તે બ્રહ્મલોકમાં કોઇ પણ કારણથી શોક વગેરે નથી; માત્ર માનસિક પીડા હોય છે. વળી એ બ્રહ્મલોકમાં ગયેલાઓની ત્રણ પ્રકારની ગતિ થાય છે. એક તો જેઓ પુણ્યના ઉત્કર્ષથી ત્યાં ગયા હોય છે તેઓ બીજા કલ્પમાં પુણ્યની તારતમ્યતાથી અધિકારીઓ થાય છે, બીજા જેઓ હિરણ્યગર્ભની ઉપાસનાના બળથી ત્યાં ગયેલા હોય છે તેઓ બ્રહ્માની સાથે મુક્ત થાય છે અને ત્રીજા જેઓ ભગવાનના ઉપાસક હોય છે તેઓ તો ઇચ્છાનુસાર બ્રહ્માંડને ભેદીને વૈષ્ણવપદને પામે છે.

—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૃથ્વીની સમીપ રહેલા જળમાં એકરૂપ થઈ જાય છે; પછી અગ્નિસ્વરૂપ થઇ જાય છે; તે પછી ધીમે ધીમે (તે તે સ્વરૂપે થઈ ત્યાંના ભોગોને યથેષ્ટ ભોગવીને) વાયુસ્વરૂપ બની જાય છે અને તે પછી વાયુના સ્વરૂપે વાયુના ભોગો ભોગવીને પરમાત્માની મૂર્તિસ્વરૂપે ઉપાસનાકાંડમાં વર્ણવેલા આકાશના સ્વરૂપને પ્રાપ્ત થાય છે.+૨૮ પછી (સૂક્ષ્મદેહની) ઘ્રાણઇન્દ્રિય વડે તે ગંધને પામે છે; જિહ્‌વેન્દ્રિય વડે રસને પ્રાપ્ત થાય છે; ચક્ષુઇન્દ્રિય વડે રૂપને પામે છે, ત્વચાઇન્દ્રિય વડે સ્પર્શને પામે છે, શ્રોત્રેન્દ્રિય વડે શબ્દને પામે છે અને તે તે કર્મેન્દ્રિયોદ્વારા તે તે ક્રિયાને પ્રાપ્ત કરે છે.૨૯ પછી તે યોગી સૂક્ષ્મભૂત અને ઇન્દ્રિયોના લયસ્થાનરૂપ એવા તામસ અહંકારને, રાજસ અહંકારને તથા સાત્ત્વિક અહંકારને પામે છે અને ત્યાંથી આગળ ગતિ કરીને તે અહંકારની સાથે મહત્તત્ત્વને પામે છે. પછી ગુણોના જમાં લય થાય છે, એવી પ્રકૃતિને પામે છે.૩૦ એ રીતે પ્રકૃતિસ્વરૂપ થયા પછી તે તે ઉપાધિઓનો નાશ થતાં આનંદમય થયેલો તે યોગી શાંત અને આનંદસ્વરૂપ એવા પરમાત્માને પામે છે. જે મનુષ્ય આવા પ્રકારની ભગવદ્‌ગતિને પામે છે, તે મનુષ્ય હે રાજા! ફરી સંસારના ફેરામાં પડતો નથી.૩૧ હે રાજા! તમે પૂછેલા આ બન્ને માર્ગો*–સદ્યોમુક્તિ અને ક્રમમુક્તિ બન્ને પ્રકારો વેદમાં કહેલા છે અને સનાતન છે. પૂર્વે જ્યારે બ્રહ્મદેવે આરાધન કરીને પૂછ્યું હતું, ત્યારે ભગવાન વાસુદેવે તેમને આ બન્ને માર્ગો કહ્યા હતા. આ સંસારમાં (જન્મ પામેલા મનુષ્યને મોક્ષપ્રાપ્તિના જો કે બીજા ઘણા માર્ગો છે, તોપણ) આ બે માર્ગો વિના બીજો કોઇ માર્ગ સુખરૂપ અને નિર્વિઘ્ન નથી. કેમકે આ માર્ગથી ભગવાન વાસુદેવ વિષે ભક્તિયોગ થાય છે. ભગવાન બ્રહ્મદેવે ચિત્તને એકાગ્ર કરી ત્રણ વાર સમગ્ર વેદોનો વિચાર કરીને જે માર્ગે આત્મસ્વરૂપ શ્રીહરિમાં પ્રીતિ થાય છે, તેજ આ માર્ગનો બુદ્ધિથી નિશ્ચય કર્યો છે.૩૨–૩૪ 'દશ્ય અને જડ એવું અમારૂં દર્શન, પ્રકાશક કોઈ દ્રષ્ટા વિના ઘટી શકે નહિ.' આવાં અનુમાનસૂચક લક્ષણોથી બુદ્ધિ આદિ દશ્ય પદાર્થોએ, સર્વ પ્રાણીઓમાં ભગવાન શ્રીહરિ ક્ષેત્રજ્ઞ–અંતર્યામીસ્વરૂપે રહેલા છે, એવું દર્શન કર્યું છે–અનુભવ કર્યો છે.÷૩૫ માટે હે રાજા! મનુષ્યોએ સર્વ સ્થળે અને સર્વ સમયે ભગવાન

+ આ શ્લોકથી આરંભી એ કહેવામાં આવે છે કે, ભગવાનનો ભક્ત બ્રહ્માંડનું ભેદન કેવી રીતે કરે છે. તેમાં આવી ક્રિયા છે:–ઈશ્વરની આશ્રિત એવી માયાના કોઇ એક અંશમાંથી મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે, એ મહત્તત્ત્વના અંશથી અહંકાર ઉત્પન્ન થાય છે, એ અહંકારના અંશથી શબ્દતન્માત્રાદ્વારા આકાશ થાય છે, એ આકાશના અંશથી સ્પર્શતન્માત્રાદ્વારા વાયુ થાય છે, એ વાયુના અંશથી રૂપતન્માત્રાદ્વારા તેજ ઉત્પન્ન થાય છે, એ તેજના અંશથી રસતન્માત્રાદ્વારા જળ ઉત્પન્ન થાય છે અને તે જળના અંશથી ગંધતન્માત્રાદ્વારા પૃથ્વી ઉત્પન્ન થાય છે. આ સર્વે જ્યારે એકઠાં મળે છે, ત્યારે ચૌદ ભુવનરૂપ વિરાટ્‌શરીર ઉત્પન્ન થાય છે. એ વિરાટ્‌શરીર પચાસ કરોડ યોજન વિશાળ છે. એનું પહેલું આવરણ એક કરોડ યોજન વિશાળ પૃથ્વી છે. કેટલાક તેને પચાસ કરોડ યોજન વિશાળ પણ કહે છે. જળ વગેરેનાં જે જે આવરણો છે, તે તે ઉત્તરોત્તર દશ દશગણાં છે, આઠમું આવરણ તે પ્રકૃતિનું છે અને તે વ્યાપક છે. —શ્રીધર

* વેદમાં આ માર્ગો આ પ્રમાણે દર્શાવ્યા છે–'यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः। अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते'–જ્યારે મનુષ્યના હૃદયમાં રહેલા સર્વ કામો છૂટી જાય છે–માનસિક કામવાસનાઓ પણ ચાલી જાય છે, ત્યારે મનુષ્ય અમર થાય છે અને બ્રહ્મને પામે છે.' આ વેદોક્ત સદ્યોમુક્તિ છે. અને 'तेऽर्चिरभिसंभवन्ति'–તેઓ અર્ચિરાદિ માર્ગના અભિમાની દેવતાઓને પ્રાપ્ત થાય છે. આમ કહીને ક્રમમુક્તિ દર્શાવી છે. આ રીતે આ બન્ને માર્ગ વેદોક્ત છે. —શ્રીધર

÷ કોઇને શંકા થાય કે, કોઇ અનુભવેલા પદાર્થમાં પ્રીતિ હોઈ શકે; પણ જેમનો અનુભવ થઈ શકતો નથી, એવા ભગવાનમાં પ્રીતિ કેવી રીતે થઇ શકે? આ શંકાના સમાધાન તરીકે આ શ્લોક છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીહરિનું સર્વ પ્રકારે શ્રવણ કીર્તન, અને સ્મરણ કરવું જોઇએ.[૩૬] જે મનુષ્યો સજ્જનોને આત્મસ્વરૂપે પ્રકાશતા શ્રીભગવાનના કથામૃતનું કાનરૂપી પડિયાઓમાં ભરીને પાન કરે છે, તેઓ વિષયોથી મલિન કરાયલા પોતાના મનને પવિત્ર કરે છે—શુદ્ધ કરે છે અને ભગવાનના ચરણકમળની સમીપ જાય છે—શ્રીવિષ્ણુપદને પામે છે."[૩૭]

> पिबन्ति ये भगवत आत्मनः सतां
> कथामृतं श्रवणपुटेषु संभृतम् ॥
> पुनंति ते विषयविदूषिताशयं
> व्रजंति तच्चरणसरोरुहांतिकम् ॥ ३७ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય ૨ જો સમાપ્ત

अध्याय ३ जो×

વિષ્ણુભક્તિની વિશિષ્ટતા

॥ શ્રીશુક ઉવાચ ॥

> एवमेतन्निगदितं पृष्टवान् यद्भवान्मम ।
> नृणां यन्म्रियमाणानां मनुष्येषु मनीषिणाम् ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—" હે રાજા! તમે મને જે પૂછ્યું હતું કે, 'મનુષ્યોમાં જેઓ બુદ્ધિશાળી હોય છે તેઓએ મરણ પામતી વેળા શું કરવું જોઇએ?' તે મેં તમને કહ્યું+[૧] છતાં જે મનુષ્યને બ્રહ્મતેજની ઇચ્છા હોય તેણે બ્રહ્મદેવનું પૂજન કરવું, ઇન્દ્રિયોની શક્તિ મેળવવાની ઇચ્છાવાળાએ ઇન્દ્રનું પૂજન કરવું, પ્રજાની ઇચ્છાવાળાએ પ્રજાપતિનું પૂજન કરવું, લક્ષ્મીની ઇચ્છાવાળાએ દુર્ગાદેવીનું પૂજન કરવું, તેજની ઇચ્છાવાળાએ અગ્નિનું પૂજન કરવું, ધનની ઇચ્છાવાળાએ વસુદેવોનું પૂજન કરવું, વીર્યપ્રભાવની ઇચ્છાવાળાએ વીર્યવાન થઇને રુદ્રદેવનું પૂજન કરવું, અન્ન વગેરેની ઇચ્છાવાળાએ અદિતિનું પૂજન કરવું, સ્વર્ગની ઇચ્છાવાળાએ અદિતિના પુત્ર બાર આદિત્યોનું પૂજન કરવું, રાજ્યની ઇચ્છાવાળાએ વિશ્વદેવોનું પૂજન કરવું, દેશમાં રહેલી પ્રજાઓને સ્વાધીન કરવાની ઇચ્છાવાળાએ સાધ્યદેવોનું પૂજન કરવું, લાંબા આયુષની ઇચ્છાવાળાએ બે અશ્વિનીકુમાર દેવોનું પૂજન કરવું, પુષ્ટિ મેળવવાની ઇચ્છાવાળાએ પૃથ્વીનું પૂજન કરવું, પ્રતિષ્ઠાની ઇચ્છાવાળા પુરુષે લોકમાતા દ્યાવાભૂમિનું (આકાશ તથા પૃથ્વીનું) પૂજન કરવું, રૂપની ઇચ્છાવાળાએ ગંધર્વોનું પૂજન કરવું, સ્ત્રીની ઇચ્છાવાળાએ ઉર્વશી અપ્સરાનું પૂજન કરવું, સર્વ પર અધિપતિપણું મેળવવાની ઇચ્છાવાળાએ બ્રહ્માનું પૂજન કરવું, યશની ઇચ્છાવાળાએ યજ્ઞમૂર્તિ—વિષ્ણુદેવનું પૂજન કરવું, ધનસંગ્રહની ઇચ્છાવાળાએ વરુણદેવનું પૂજન કરવું, વિદ્યાની ઇચ્છાવાળાએ મહાદેવનું પૂજન કરવું, સ્ત્રી—પુરુષમાં પરસ્પર પ્રેમ ઇચ્છનારે સતી ઉમાદેવીનુ પૂજન કરવું, ધર્મની ઇચ્છાવાળાએ ઉત્તમ કીર્તિવાળા શ્રીવિષ્ણુદેવનું પૂજન કરવું, સંતાનોની વૃદ્ધિની ઇચ્છાવાળાએ પિતૃઓનું પૂજન કરવું, કોઈ પણ પીડા દૂર કરવાની ઇચ્છાવાળાએ યજ્ઞોનું પૂજન કરવું, બળ ઇચ્છનારે ઓગણપચાસ વાયુદેવોનું પૂજન કરવું, રાજાપણું મેળવવાની ઇચ્છાવાળાએ મનુદેવોનું પૂજન કરવું, શત્રુઓને મારી નાખવાની ઇચ્છાવાળાએ રાક્ષસોનું પૂજન કરવું, ભોગોની ઇચ્છાવાળાએ ચંદ્રદેવનું પૂજન કરવું અને અકામ—વૈરાગ્યની ઇચ્છાવાળાએ પરમ પુરુષ-ઈશ્વરનું પૂજન કરવું.[૨-૯] જે પુરુષ ઉદાર બુદ્ધિવાળો હોઇને હરકોઈ ભોગોની ઇચ્છાવાળો હોય, વૈરાગ્યની ઇચ્છાવાળો હોય—એકાંતભક્ત હોય કે મુમુક્ષુ હોય, તેણે તો તીવ્ર ભક્તિયોગથી પરમ

× આ અધ્યાયમાં શુકદેવજી પાસેથી વિષ્ણુભક્તિની વિશિષ્ટતા સાંભળતાં પરીક્ષિતની ભક્તિમાં વૃદ્ધિ થવાથી ભગવાનનાં કર્મો સાંભળવાનો તેને આદર થાય છે, એ વર્ણવવામાં આવશે. —શ્રીધર

+ અર્થાત્ જે બુદ્ધિશાળી જીવો કદાચિત્ દૈવયોગે મનુષ્યપણું પામેલા હોય છે, તેઓએ પણ મરણ પામતી વેળા ખાસ કરીને એ રીતે હરિકથાનું શ્રવણ વગેરે જે કરવું જોઇએ એ મેં તમને કહ્યું. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પુરુષ–પૂર્ણ પરમાત્માનુંજ પૂજન કરવું. પૂર્વોક્ત હરકોઇ દેવને પૂજનારાને પણ પરમપુરુષાર્થના લાભ તરીકે મુખ્ય ફળ તો આટલુંજ છે કે, તેઓને પણ તે તે ભગવાનના ભક્તોના સંગથી ભગવાનને વિષેજ અચળ ભાવ ઉત્પન્ન થાય.+૧૦,૧૧ ભગવાનની જે કથાઓમાં રાગ–દ્વેષાદિ ગુણોના તરંગોને દૂર કરનારૂં જ્ઞાન રહેલું છે, એ જ્ઞાનદ્વારા આત્માની પ્રસન્નતા પણ જે કથાઓથી થઇ શકે છે અને જે કથાઓમાં મનની પ્રસન્નતાનું કારણ એવા વિષયો તરફનો વૈરાગ્ય હોય છે અને મોક્ષરૂપેજ માન્ય થયેલો ભક્તિયોગ પણ જે હરિ–કથાઓમાં રહેલો છે, તે હરિકથાઓનું શ્રવણ કરીને શાંત–સુખી થયેલો કયો પુરુષ તે કથાઓમાં પ્રીતિ ન કરે?"૧૨

શૌનકે પૂછ્યું:–શુકદેવજીનું એ કથન સાંભળી ભરતશ્રેષ્ઠ રાજા પરીક્ષિતે એ પરબ્રહ્મના દ્રષ્ટા અને શબ્દબ્રહ્મના પારગામી વ્યાસપુત્ર શુકદેવજીને ફરી બીજું શું પૂછ્યું? હે વિદ્વાન સૂત! એ સાંભળવાની અમને ઇચ્છા છે, તો તમે અમને કહેવાને યોગ્ય છો. સત્પુરુષોની સભામાં હરિકથા એજ જેનું ઉત્તરફળ હોય છે, એવી કથાઓજ થયા કરે છે.૧૩,૧૪ ખરેખર! પાંડવોના વંશમાં જન્મેલો તે મહારથી રાજા ભગવાનનો ભક્તજ હતો. કેમકે એ રાજા બાલ્યાવસ્થામાં બાળકોનાં રમકડાંઓથી પણ શ્રીકૃષ્ણની પૂજારૂપી રમત સ્વીકારતો હતો; તેમજ વ્યાસના પુત્ર ભગવાન શુકદેવજી પણ ભગવાનના ભક્ત હતા; જેથી એવા સત્પુરુષોના સમાગમમાં ભગવાનના ગુણોવાળી ઉદારકથાઓજ થયા કરે છે. વળી પુરુષોની જે ક્ષણ હરિકથા વિનાની જાય છે, તે વિના બાકીના આયુષને હમેશાં ઉદય તથા અસ્ત પામતો આ સૂર્ય હરી લે છે; માટે વૃથા નાશ પામતા અમારા આયુષને શ્રીહરિની કથાથી સફળ કરો.૧૫-૧૭ (કેમકે જીવન એજ કંઇ આયુષનું ફળ નથી. જુઓ,) વૃક્ષો શું જીવતાં નથી? ધમણો શું શ્વાસોચ્છ્વાસ લેતી નથી? અથવા ગામનાં બીજાં પશુઓ શું ખાતાં કે મૈથુન કરતાં નથી; (કરેજ છે; પરંતુ તેનો કંઇ અર્થજ નથી.)÷ જે પુરુષના કાનના માર્ગે ભગવાન શ્રીકૃષ્ણ કદી આવ્યા નથી–જેણે ભગવાન શ્રીકૃષ્ણનું નામ કાનથી કદી સાંભળ્યું નથી, તે પુરૂષ કૂતરાં, ભૂંડ, ઊંટ તથા ગધેડાં જેવો પશુજ છે.† ૧૮,૧૯ હે સૂત! એવા પુરુષના બે કાન ભગવાનનાં પરાક્રમોને સાંભળતા નથી, માટે વૃથા છિદ્રરૂપેજ છે અને એઓની દુષ્ટ જીભ ભગવાનની ગુણગાથાઓને ગાતી નથી, માટે દેડકાંની જીભ સમાનજ છે–અર્થાત્ એવી જીભ તો દેડકાંને પણ છે; તેથી શું? તે તો વૃથાજ ગણાય.૨૦ જે પુરુષનું મસ્તક પાઘડી તથા મુકુટથી યુક્ત હોઇને પણ જો ભગવાનને નમતું નથી, તો એ મસ્તક નથી, પણ કેવળ ભારરૂપ છે; તેમજ જે પુરુષના બે હાથ જો કે સુવર્ણનાં કંકણોથી સુશોભિત હોય, તોપણ જો શ્રીહરિની પૂજા કરતા નથી, તો તે હાથ પણ એક મુડદાના હાથ જેવાજ છે.૨૧ મનુષ્યોનાં જે નેત્રો શ્રીવિષ્ણુ ભગવાનની પ્રતિમાઓનું દર્શન કરતાં નથી, તે નેત્રો મોરપિચ્છમાં જણાતાં નેત્રો જેવાંજ વૃથા છે, તેમજ મનુષ્યોના જે પગ શ્રીહરિનાં મંદિરોમાં જતા નથી, તે પગ વૃક્ષના મૂળ જેવાજ નિષ્ફળ છે.૨૨ જે મનુષ્ય ભગવાનના ચરણની રજને કદી સંપાદન કરતો નથી, તે મનુષ્ય જીવ-

+ કેમકે જગતમાં હરકોઇની ભક્તિ કરીને પણ અંતે ભગવાનનીજ ભક્તિ મેળવવી તેજ મુખ્ય લાભ છે, બાકીનું બધું તો તુચ્છ છે. —ભા. ક.

÷ એ રીતે જો મનુષ્ય જીવે તો તેઓમાં અને પશુઓમાં ભેદ શો? અર્થાત્ એ રીતે જીવનારા મનુષ્યોની તુલના તેઓના જેવીજ છે–એ રીતે જીવનારા નરપશુ છે. —ભા. ક.

† કેમકે એવો પુરુષ અવજ્ઞાનું પાત્ર હોઇ કૂતરા સમાન છે; પાપ અને વિષયોમાં આસક્ત હોઇ ભૂંડ જેવો છે; કાંટા જેવા વિષયોમાં પ્રેમ રાખતો હોવાથી ઊંટ જેવો છે; અને સંસારનો વૃથા ભાર ઉપાડનારો હોઇ ગધેડા જેવો છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો હોય છતાં મુડદુંજ છે; તેમજ જે મનુષ્ય શ્રીવિષ્ણુના ચરણમાં ચડેલી તુલસીના ગંધને જાણતો નથી, તે મનુષ્ય પણ શ્વાસ લે છે છતાં એક મુડદુંજ છે.૨૩ ઘણાજ ખેદની વાત છે કે, જે મનુષ્યહૃદય પોતે કે બીજાઓએ લેવાતાં શ્રીહરિનાં નામોથી વિકાર પામતું નથી–એટલે નેત્રમાં હર્ષનાં અશ્રુજળને વહેતું નથી અથવા શરીરે રોમાંચિત થતું નથી, તે હૃદય ખરેખર પથ્થરના જેવું કઠિન છે.૨૪ માટે હે સૂત! (અભક્તને માટે તો સર્વ કંઈ વૃથાજ છે, પણ) અમને તો તમે મનને અનુકૂળ કરી રહ્યા છો; તો ભગવાનના ભક્તોમાં મુખ્ય અને આત્મવિદ્યામાં કુશળ એવા વ્યાસપુત્ર શુકદેવજીએ પરીક્ષિતના પૂછવાથી જે કંઈ તેના પ્રત્યે કહ્યું હોય, તે સારી રીતે અમને તમે કહો.૨૫

अथाभिधेह्यंग मनोनुकूलं प्रभाषसे भागवतप्रधानः । यदाह वैयासकिरात्मविद्याविशारदो नृपतिं साधु पृष्टः ॥ २५ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય ૩ જો સમાપ્ત

अध्याय ४ थो×

શુકદેવજીની પ્રભુપ્રાર્થના

॥ सूत उवाच ॥

वैयासकेरिति वचस्तत्त्वनिश्चयमात्मनः ।
उपधार्य गतिं कृष्ण औत्तरेयः सतीं व्यधात् ॥१॥

સૂત બોલ્યાઃ–વ્યાસપુત્ર શુકદેવજીનાં તત્ત્વનો નિશ્ચય કરનારાં એ વચન સાંભળ્યા પછી ઉત્તરાના પુત્ર રાજા પરીક્ષિતે શ્રીકૃષ્ણ વિષે શ્રેષ્ઠ બુદ્ધિ ધારણ કરી;*૧ અને શરીર, સ્ત્રી, પુત્ર, ઘર, પશુ, ધન, સગાંસંબંધીઓ તથા સર્વાંશે પૂર્ણ એવા રાજ્ય વિષે અત્યંત રૂઢ થયેલી મમતાનો સદાકાળ માટે ત્યાગ કર્યો.૨ હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! શ્રીકૃષ્ણનાં ચરિત્રો સાંભળવામાં શ્રદ્ધાળુ થયેલા તે ઉદાર મનના રાજાએ, તમે આ સમયે મને જે હરિકથારૂપી પ્રશ્ન પૂછો છો, તેજ પ્રશ્ન પૂછ્યો હતો. કેમકે તે વેળા એ રાજાએ પોતાનું મૃત્યુ (સમીપ) જાણીને ધર્માર્થકામ એ ત્રણેને લગતા કર્મનો ત્યાગ કરી દીધો હતો અને ભગવાન વાસુદેવને વિષેજ દૃઢ આત્મભાવને તે પામ્યો હતો.૩૪

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે બ્રહ્મન્! આપનું વચન અતિશય યોગ્ય છે. આપ તો સર્વજ્ઞ છો, માટે હે નિર્દોષ! આપ કથા કહો છો, તેથી ખરેખર મારો અજ્ઞાનરૂપ અંધકાર નાશ પામતો જાય છે.૫ હું ફરી જાણવા ઇચ્છું છું કે, ભગવાન પોતાની માયા વડે મોટા મોટા ઈશ્વરોથી પણ જાણવાને અશક્ય એવું આ જગત જેવી રીતે સરજે છે;૬ વળી તે મહાન શક્તિવાળા પરમ પુરુષ પ્રભુ જે જે શક્તિનો આશ્રય કરીને આ જગતનું રક્ષણ કરે છે તથા સંહાર કરે છે અને બ્રહ્માદિરૂપ આત્માને ક્રીડા કરાવતા પોતે ક્રીડા કરે છે અને વિવિધ વિશ્વને સરજે છે–તે સર્વ હું જાણવા ઇચ્છું છું.૭ ખરેખર, હે બ્રહ્મન્! અદ્ભુત કર્મ કરનારા ભગવાન શ્રીહરિનું ચેષ્ટિત વિદ્વાનોથી પણ દુઃખે જાણી શકાય તેવું લાગે છે.૮ ભગવાન્ પોતે તો એકજ છે, છતાં બ્રહ્માદિ અવતારો લઈ અનેક કર્મો કરે છે અને પ્રકૃતિના (સત્ત્વાદિ) ગુણોને એકી વખતે તથા ક્રમશઃ ધારણ કરે છે.૯ આ સર્વ સંબંધી મને સંશય છે; તો વેદરૂપી શબ્દબ્રહ્મમાં તથા પરબ્રહ્મમાં વિચારપૂર્વક કુશળ થયેલા આપ ભગવાન, યથાવત્ મને કહો."૧૦

સૂત બોલ્યાઃ–રાજા પરીક્ષિતે શ્રીહરિના ગુણાનુવાદ કહેવા માટે એ રીતે પ્રાર્થના કરી એટલે શુકદેવજી ઇન્દ્રિયોના નિયંતા પરમેશ્વરનું

× આ અધ્યાયમાં પરીક્ષિત રાજાએ સૃષ્ટિ આદિ શ્રીહરિચેષ્ટિત પૂછ્યું, તે ઉપરથી શુકદેવજીએ બ્રહ્મા અને તેમના પુત્રોના સંવાદથી તે વર્ણવ્યું એ કથા કહેવાશે. —श्रीधर

* એટલે શ્રીકૃષ્ણજ સેવવા યોગ્ય છે, બીજો કોઇ નહિ; એવા પ્રકારનો બુદ્ધિથી નિશ્ચય કર્યો. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્મરણ કરી રાજાને કહેવા લાગ્યા.[૧૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"જેમનો મહિમા અપરિમિત છે–અમાપ છે; જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહારરૂપ લીલા કરવા માટે બ્રહ્માદિરૂપે સાત્ત્વિક, રાજસ અને તામસ, એ ત્રણ શક્તિઓને જે ગ્રહણ કરે છે અને પ્રાણીમાત્રના જે અંતર્યામી છે તેથી જેમનો માર્ગ કોઇજ રીતે જાણવામાં આવતો નથી, તે સર્વોત્તમ પુરુષ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૧૨]

"જે પરમાત્મા ધર્મનિષ્ઠ પુરુષોનાં પાપોનો નાશ કરે છે, અધર્મીઓના વિનાશનું કારણ છે, સંપૂર્ણ સત્ત્વમૂર્તિ છે અને પરમહંસ આશ્રમમાં વસતા યોગીઓએ પણ વારંવાર શોધવા યોગ્ય આત્મવસ્તુનો જે સાક્ષાત્કાર કરાવે છે, તે ભગવાનને હું વારંવાર નમન કરૂં છું.[૧૩] ભક્તજનોનું પાલન કરનાર અને ભક્તિહીન કુયોગીઓને જેમની દિશા પણ દૂર થઈ પડે છે, એવા તમને પ્રભુને હું વારંવાર નમસ્કાર કરૂં છું. જે પ્રભુ સર્વ કરતાં અસમાન અને સર્વથી ઉત્કૃષ્ટ એવા ઐશ્વર્યથી સ્વસ્વરૂપ બ્રહ્મ વિષે રમણ કરે છે, તે પરમાત્માને હું પ્રણામ કરૂં છું.[૧૪] જેમનું કીર્તન, સ્મરણ, દર્શન, વંદન, શ્રવણ તથા પૂજન લોકનાં પાપને તત્કાલ દૂર કરે છે, તે મંગલ યશવાળા પરમાત્માને મારા વારંવાર પ્રણામ હો.[૧૫] વિચક્ષણ–વિવેકી પુરુષો જેમના ચરણનું શરણ લઇ અંતરાત્માની આ લોક વિષેની તથા પરલોક વિષેની આસક્તિનો સર્વથા ત્યાગ કરે છે અને પરિશ્રમથી રહિત થઇ–અનાયાસે બ્રહ્મગતિનો સાક્ષાત્કાર કરે છે, તે કલ્યાણકીર્તિ પરમેશ્વરને મારાં પુનઃ પુનઃ વંદન હો.*[૧૬] તપસ્વીઓ, દાતાઓ, યશસ્વીઓ, યોગીઓ, મંત્રવેત્તાઓ કે સદાચારીઓ, પોતપોતાનાં તે તે કર્મોનું જેમને સમર્પણ કર્યા વિના કલ્યાણ સંપાદન કરી શકતા નથી, તે મંગળ યશવાળા પ્રભુને મારાં વારંવાર નમન હો.+[૧૭] ભીલ લોકો, હૂણ નામના યવન લોકો, આંધ્ર, પુલિંદ (આ બે ભીલની જાતિઓ), ચાંડાળો, ભરવાડ–રબારી વગેરે હલકી જાતિઓ, કંક, યવન તથા ખસ નામની નીચ જાતિઓ અને બીજા હરકોઇ પાપીઓ જે ભગવાનના ભક્તોનો આશ્રય લઇને શુદ્ધ થઈ જાય છે, તે મહાસમર્થ પ્રભુને મારા વંદન હો.[૧૮] ભગવાન ધીર પુરુષોના આત્મા છે–ધીર પુરુષોએ આત્મારૂપે ઉપાસના કરવા યોગ્ય છે, સર્વના ઈશ્વર છે, વેદમય છે, ધર્મમય છે, તપમય છે અને નિષ્કપટ ભક્ત બ્રહ્મા તથા શંકર આદિને પણ જેમની મૂર્તિ અતિ આશ્ચર્યથી દર્શન કરવા યોગ્ય છે, તે ભગવાન મારા પર પ્રસન્ન થાઓ.[૧૯] લક્ષ્મીના પતિ, યજ્ઞના પતિ, પ્રજાઓના પતિ, બુદ્ધિઓના પતિ, લોકોના પતિ, પૃથ્વીના પતિ અને અંધક, યાદવ તથા સાત્વતકુળના પતિ અને સર્વ આપત્તિઓમાં રક્ષણ કરનારા તેમજ સજ્જનોના સ્વામી ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૦] જેમના ચરણધ્યાનરૂપી સમાધિ વડે શુદ્ધ થયેલી બુદ્ધિથી વિદ્વાનો આત્મતત્ત્વનું ‡યથારુચિ દર્શન કરે છે અને જ્ઞાન કરે છે તે મુકુંદ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૧] જેમણે પૂર્વે બ્રહ્મદેવના હૃદયમાં સૃષ્ટિ રચવા સંબંધી સ્મૃતિનો જ્યારે વિસ્તાર કર્યો હતો, ત્યારે તેમની પ્રેરણાથીજ વેદરૂપી શ્રેષ્ઠ વાણી તેમના (બ્રહ્મદેવના) મુખમાંથી પ્રકટ થઈ હતી; તે જ્ઞાન આપનારાઓમાં શ્રેષ્ઠ એવા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૨] જે વ્યાપક દેવ પાંચ મહાભૂતો વડે આ સર્વ શરીરો સરજીને તે તે શરીરોમાં પોતે અંતર્યામીસ્વરૂપે નિવાસ કરે છે અને તેથી '**પૂરુષ**' એવું નામ પ્રમાણ કરે છે; વળી જે ભગ-

* સર્વ સાધનો કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે, એમ આ શ્લોકમાં સૂચવ્યું છે. —શ્રીધર

+ ભક્તિશૂન્ય પુરુષોનાં સર્વ સાધનો નિષ્ફળ છે, એમ અહીં દર્શાવ્યું છે. —શ્રીધર

‡ યથારુચિ એટલે સગુણ, નિર્ગુણ આદિ હરકોઈ સ્વરૂપે; અથવા યથામતિ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વાન અગિયાર ઇન્દ્રિયો તથા પાંચ મહાભૂતોરૂપી સોળ કળાઓને પ્રકાશે છે અથવા પાળે છે, તે સોળ ગુણાત્મક ભગવાન મારાં †વચનોને સુશોભિત કરો.[૨૩] સૌમ્ય–ભક્તજનો જેમના મુખકમળના જ્ઞાનમય રસનું પાન કરે છે, તે અમાપ તેજવાળા વ્યાસ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૨૪] હે રાજન્! પૂર્વે નારદજીએ પ્રશ્ન કર્યો, ત્યારે આજ કથા બ્રહ્મદેવે પોતાને જે પ્રમાણે શ્રીહરિએ કહી હતી, તે પ્રમાણે નારદજીને કહી સંભળાવી હતી."[૨૫]

एतदेवात्मभू राजन् नारदाय विपृच्छते ।
वेदगर्भोऽभ्यधात्साक्षाद्यदाह हरिरात्मनः ॥ २५ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય ૪થો સમાપ્ત

अध्याय ५ मो×

બ્રહ્મા અને નારદનો સંવાદ–શ્રીહરિની સૃષ્ટિ આદિ લીલા

॥ नारद उवाच ॥

देवदेव नमस्तेऽस्तु भूतभावन पूर्वज ।
तद्विजानीहि यज्ज्ञानमात्मतत्त्वनिदर्शनम् ॥ १ ॥

નારદે પૂછ્યું–"હે દેવના દેવ! આપને હું નમસ્કાર કરૂં છું. હે પ્રાણીમાત્રના ઉત્પાદક! હે સર્વના પૂર્વજ બ્રહ્મદેવ! જેના વડે આત્મતત્ત્વનો અત્યંત સાક્ષાત્કાર થાય તેવું જ્ઞાન આપ મને વિશેષે કરી કહો.[૧] હે પ્રભો! આ જગત જેનાથી પ્રકાશ પામે છે, જેના આશ્રયવાળું છે, જેનાથી સરજાય છે, જેમાં લય પામે છે, જેને અધીન છે અને જે સ્વરૂપ છે, તેનું યથાર્થ સ્વરૂપ આપ મને કહો.[૨] આપ ભૂત, ભવિષ્ય અને વર્તમાનના પ્રભુ છો; તેથી આ સર્વ આપ જાણો છો અને આપે હથેળીમાં રહેલા આમળાના ફળની પેઠે જ્ઞાન વડે જગતનો નિશ્ચય કરેલો છે.[૩] આપને જેનાથી જ્ઞાન પ્રાપ્ત થયું છે, આપને જેનો આધાર છે, આપ જેને અધીન છો અને આપ જેના સ્વરૂપ છો તે મને કહો.* આપ એકલા પોતાના સંકલ્પબળથી પૃથ્વી આદિ પાંચ મહાભૂતોદ્વારા સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરો છો; વળી આપ પોતાની શક્તિનો આશ્રય કરીને કરોળિયો જેમ પોતાની લાળ વડે જાળ બાંધે છે, પણ તેમાં પોતે બંધાતો નથી, તેમ તમે પોતે પરાભવ પામ્યા વિના અને પરિશ્રમથી રહિત થઇને પોતાને વિષે રહેલાં પ્રાણીમાત્રનું રક્ષણ કરો છો.[૪-૫] આ જગતમાં જે કંઇ ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠ છે અને તેમાં પણ મનુષ્ય વગેરે નામે કરીને, બેપગાં વગેરે રૂપે કરીને તથા શ્વેત આદિ ગુણે કરીને જે કંઇ સાધ્ય છે અને તેમાં પણ જે કંઇ સ્થૂલ તથા સૂક્ષ્મ છે, તે સર્વ બીજા કોઈથી ઉત્પન્ન થતું નથી; પણ આપથીજ ઉત્પન્ન થાય છે, એમ હું માનું છું.[૬] એ રીતે પરમેશ્વર છતાં આપે અત્યંત સમાધિનિષ્ઠ થઇને ઘોર તપ કર્યું, તેથી આપ અમને મોહ ઉપજાવો છો અને આપનાથી પણ બીજો કોઇ પરમેશ્વર છે, એવી શંકા કરાવો છો;[૭] તો હે સર્વજ્ઞ! હે સર્વના ઈશ્વર! એ સર્વ હું આપને પૂછું છું; માટે આપના ઉપદેશથી જે રીતે હું જાણી શકું તે રીતે આપ મને કહો."[૮]

બ્રહ્માએ કહ્યું:–"હે વત્સ! તારો આ સંશય અને સંશયપૂર્વક જે પ્રશ્ન છે, તે યોગ્ય છે. કેમકે તું દયાળુ છે અને તેથીજ હે સૌમ્ય! ભગવાનનાં પરાક્રમો પ્રકટ કરવાની તેં મને પ્રેરણા કરી

† મારાં વચનોને સુશોભિત કરો–એટલે શ્રોતાજનોને હર્ષ ઉપજાવે તેવા શૃંગાર–કરુણ આદિ રસોથી શોભાયમાન કરો. —શ્રીધર

× આ અધ્યાયમાં નારદજીના પૂછવા ઉપરથી બ્રહ્માએ સૃષ્ટિ વગેરે કહ્યાં; તેમજ કાળ–કર્મ વગેરે શક્તિઓથી વિરાટ્‌ની સૃષ્ટિરૂપ શ્રીહરિની લીલા કહી, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

* અહીંથી પ્રશ્ન પૂછવામાં એ આશય છે કે, આજ દિવસ સુધી હું એમ માનતો હતો કે, તમે પોતેજ સ્વતંત્ર પરમેશ્વર છો; પણ તમે પોતે તપશ્ચર્યા કરો છો, એ જોઇને મને શંકા થાય છે અને તેથી હું પૂછું છું. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે.+ તું મને ઈશ્વર તરીકે જે કહે છે, તે તારૂં કહેવું તદ્દન અસત્ય નથી; કેમકે મારો આવો પ્રભાવ જે પરમેશ્વરથી છે તે–મારાથી બીજા પરમેશ્વરને નહિ જાણીનેજ તું આમ કહે છે.÷૯|૧૦ જેમ સૂર્ય, અગ્નિ, ચંદ્ર, નક્ષત્રો, ગ્રહો અને તારાઓ ચૈતન્ય-રૂપ પરમાત્માએ પ્રકાશિત કરેલી વસ્તુઓનુંજ પ્રકાશન કરે છે, તેમ હું પણ સ્વયંપ્રકાશ એવા પરમાત્માએ પ્રકાશિત કરેલા જગતનુંજ પ્રકાશન કરૂં છું.×૧૧ એ વાસુદેવ ભગવાનને હું નમસ્કાર કરૂં છું, કે જેમની* દુર્જય માયાથી મોહ પામેલા (તારા જેવા) પુરુષો મને જગતનો પરમેશ્વર કહે છે.૧૨ જે ભગવાનની સમક્ષ ઊભી રહેવાને પણ માયા શરમાય છે–એ માયાથી મોહિત થયેલા દુષ્ટ બુદ્ધિવાળા–આપણા જેવા પુરુષો દેહાભિમાની થઇને 'મારૂં', 'હું' એ પ્રમાણે કહ્યા કરે છે.૧૩ હે બ્રહ્મન્! જગતનું ઉપાદાનકારણ એવાં પાંચ મહાભૂતોરૂપી દ્રવ્ય, જન્મનું કારણ એવું કર્મ, કર્મોને ક્ષોભ પમાડનારો કાળ, તેના પરિણામનું કારણ સ્વભાવ અને ભોક્તા જીવ–આ સર્વ ખરી રીતે ભગવાન વાસુદેવથી ભિન્ન પદાર્થ તરીકે છેજ નહિ. (કેમકે કાર્ય કારણથી ભિન્ન હોઈ શકે નહિ.)૧૪ વેદો નારાયણથીજ ઉત્પન્ન થયા છે; દેવો નારાયણના અંગથીજ ઉત્પન્ન થયા છે, સર્વ લોકો પણ નારાયણનાજ આનંદના એક અંશ છે અને સર્વ યજ્ઞો પણ એ નારાયણનીજ પ્રાપ્તિનું એક સાધન છે.૧૫ તેમજ પ્રાણાયામ આદિ યોગ, એ યોગથી સાધ્ય ચિત્તની એકાગ્રતારૂપ તપ, એ તપથી સાધ્ય એવું જ્ઞાન ને તે જ્ઞાનથી સાધ્ય એવું ફળ (મોક્ષ) એ સર્વ નારાયણપરાયણજ છે તેથી નારાયણજ તેઓનું મૂળકારણ છે.૧૬ એ ભગવાન સર્વના દ્રષ્ટા છે, ઈશ્વર છે, સર્વ વિકારોથી રહિત હોઇ સર્વમાં વ્યાપી રહેલા છે અને સર્વના આત્મારૂપ છે; મને પોતાને પણ તેમણે સૃજેલો છે. માટે તેમની કૃપાદૃષ્ટિથી પ્રેરણા પામીને તેમણે સૃજવા ધારેલુંજ હું સૃજું છું.૧૭ એ ભગવાન પોતે નિર્ગુણ છે, તોપણ જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને લય માટે પોતે સ્વમાયાથી સત્ત્વ, રજસ અને તમસ્–એ ત્રિગુણને ગ્રહણ કરે છે.૧૮ પાંચ મહાભૂતો, ઇન્દ્રિયોના અધિષ્ઠાયક દેવો તથા ઇન્દ્રિયોના કારણરૂપ એવા તે સત્ત્વાદિ ગુણો, વસ્તુતઃ નિત્યમુક્ત હોવા છતાં માયાના વિષયરૂપ બનેલા જીવને કાર્ય (અધિભૂત), કારણ (અધ્યાત્મ) તથા કર્તા (અધિદૈવ)–એ ત્રણમાં અભિમાન કરાવીને બાંધે÷ છે.૧૯

+ અર્થાત્ તું જિજ્ઞાસુ છે, તોપણ આ રીતે તેં મારા પર કૃપા કરી છે. —શ્રીધર

આ તારા પ્રશ્નથી હું ભગવાનના માહાત્મ્યનું વર્ણન કરીશ અને તેથી અનેક જીવો સંસારથી મુક્ત થશે અને હું કૃતાર્થ થઇશ; માટે તું ખરેખર દયાળુ છે. —બાલપ્રબોધિની

÷ માટે તારી આ ભ્રાંતિ છે; નહિ કે તું બુદ્ધિપૂર્વક અસત્ય બોલે છે. —શ્રીધર

× આ શ્લોકના આશયને આ વેદવાક્ય પણ જણાવે છે–**न तत्र सूर्यो भाति न चन्द्रतारकं, नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ॥ तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति** (કઠ ઉ. ૨–૨–૧૫)–અર્થાત્ એ પરમાત્મા વિના ચંદ્ર, તારાઓ, વીજળીઓ કે અગ્નિ પ્રકાશ પામતાં નથી; પ્રકાશી રહેલા એ પ્રભુની પાછળજ સર્વ પ્રકાશે છે અને આ સર્વ જગત તેમના પ્રકાશથીજ પ્રકાશી રહ્યું છે.—શ્રીધર

* ભગવાનને શરણે ગયા વિના માયા જીતી શકાતી નથી, માટે તેને દુર્જય કહી છે. ભગવદ્ગીતા પણ કહે છે–**मामेव ये प्रपद्यंते मायामेतां तरन्ति ते**–જેઓ મારે શરણે આવે છે, તેઓજ આ માયાને જીતે છે. —બાલપ્રબોધિની

÷ આજ વાત શ્રીભગવદ્ગીતામાં કહી છે–

सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।
निबध्नंति महाबाहो देहे देहिनमव्ययम् ॥
तत्र सत्त्वं निर्मलत्वात् प्रकाशकमनामयम् ।
सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥
रजो रागात्मकं विद्धि तृष्णासंगसमुद्भवम् ।
तन्निबध्नाति कौंतेय कर्मसंगेन देहिनम् ॥
तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥
(શ્રીમદ્ ગી૦ ૧૪–૫–૮)

÷ અર્થાત્ ગુણોજ જીવને બાંધનાર છે.**બાલપ્રબોધિની**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હે બ્રહ્મન્! ઇન્દ્રિયજ્ઞાનથી પર એ ભગવાન આ ત્રણ ગુણોને લીધેજ અત્યંત અલક્ષિત ગતિવાળા થાય છે* અને તેજ ભગવાન સર્વ પ્રાણીઓના તથા મારા પણ ઈશ્વર છે.[૨૦] એ માયેશ્વર ભગવાનને વિવિધ સ્વરૂપે થવાની ઇચ્છા થઇ, ત્યારે તેમણે પોતાના સંકલ્પબળથીજ પોતાને વિષે પ્રાપ્ત થયેલ કાળ,+ કર્મ તથા સ્વભાવને પોતાની માયા વડે ગ્રહણ કર્યાં.[૨૧] તે પછી પરમાત્માથી આશ્રિત એવા કાળને લીધે ગુણોમાં ક્ષોભ થયો-એટલે તેઓએ પોતાની સામ્ય અવસ્થા તજી દીધી-પરસ્પર ગુણોનું સંમિલન થઈ ગયું, પછી સ્વભાવથી પરિણામ થયું-એટલે તે તે ગુણોમાં રૂપાંતર થયું-જુદાં જુદાં રૂપોની પ્રાપ્તિ થઇ; અને પછી (જીવના અદષ્ટ-પુણ્યપાપરૂપ) કર્મથી મહત્તત્ત્વનો જન્મ થયો.[૨૨] તે પછી રજોગુણ તથા સત્ત્વગુણથી વૃદ્ધિ પામેલું એ મહત્તત્ત્વ વિકાર પામ્યું-રૂપાંતર પામ્યું એટલે,તેથી ×દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાસ્વરૂપ એવું તમઃપ્રધાન એક તત્ત્વ ઉત્પન્ન થયું.[૨૩] એજ અહંકાર કહેવાય છે. આ અહંકાર વિકાર પામીને સાત્ત્વિક, રાજસ અને તામસ-એવા ભેદથી ત્રણ પ્રકારનો થયો. હે રાજા! આ ત્રણે અહંકાર પૈકી તામસ અહંકારમાં પાંચ મહાભૂતોને ઉત્પન્ન કરવાની શક્તિ છે, રાજસ અહંકારમાં સર્વ ઇન્દ્રિયોને ઉત્પન્ન કરવાની શક્તિ છે અને સાત્ત્વિક અહંકારમાં મન તથા ઇન્દ્રિયોના દેવોને ઉત્પન્ન કરવાની શક્તિ છે.[૨૪] પાંચ ભૂતોનો આદિ એવો તામસ અહંકાર પણ વિકાર પામ્યો, એટલે તેથી *આકાશ ઉત્પન્ન થયું. આ આકાશનું સૂક્ષ્મ સ્વરૂપ અને ગુણ શબ્દ છે; જે શબ્દ દ્રષ્ટા અને દશ્ય-એ બન્ને વસ્તુને જણાવનાર છે.[૨૫] પછી આકાશ વિકાર પામ્યું, એટલે તેથી સ્પર્શ જેનો ગુણ છે એવો વાયુ ઉત્પન્ન થયો. આ વાયુમાં આકાશનું કારણ તરીકે અનુસરણ છે, તેથી તે (વાયુ) શબ્દગુણવાળો પણ છે અને ઇન્દ્રિયબળ, મનોબળ તથા શરીરબળનું તે કારણ પણ છે.[૨૬] એ વાયુ પણ કાળ, કર્મ તથા સ્વભાવને લીધે વિકાર પામ્યો,એટલે તેથી રૂપગુણવાળું તેજ ઉત્પન્ન થયું. આ તેજમાં આકાશ તથા વાયુનું પણ કારણ તરીકે અનુસરણ છે,તેથી તેમાં (તેજમાં) સ્પર્શ તથા શબ્દગુણ પણ છે.[૨૭] પછી એ તેજ વિકાર પામ્યું,એટલે તેથી રસગુણવાળું જળ ઉત્પન્ન થયું. આ જળમાં પણ આકાશ, વાયુ તથા તેજનું કારણ તરીકે અનુસરણ હોવાથી તેમાં શબ્દ, સ્પર્શ તથા રૂપ એ ગુણો પણ છે.[૨૮] એ જળ વિકાર પામતાં ગંધગુણવાળી પૃથ્વી ઉત્પન્ન થઇ. આમાં પણ આકાશ, વાયુ, તેજ તથા જળનું કારણ તરીકે અનુસરણ હોવાથી શબ્દ, સ્પર્શ, રૂપ તથા રસ-એ ગુણોથી પણ તે યુક્ત છે.[૨૯] તે પછી સાત્ત્વિક અહંકાર વિકાર પામ્યો, એટલે તેથી મન અને તેનો અધિષ્ઠાયક દેવ ચંદ્ર ઉત્પન્ન થયાં; તેમજ દિશાઓ, વાયુ, સૂર્ય, વરુણ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઇન્દ્ર, ઉપેન્દ્ર, મિત્ર અને પ્રજાપતિ એ દશ સાત્ત્વિક અહંકારના કાર્યરૂપ

* ભગવાનનું યથાર્થ તત્ત્વ એ ગુણોથીજ સમજાતું નથી, પણ તેમના ભક્તો તે જાણી શકે છે. —શ્રીધર

+ કાળ એટલે સર્વના ક્ષોભનું કારણ-ગુણોની વિષમ અવસ્થા; કર્મ એટલે જીવનું અદષ્ટ-પુણ્ય તથા પાપ; અને સ્વભાવ એટલે પરિણામનો હેતુ-આ ત્રણેને ગ્રહણ કર્યાં એટલે તેમને પોતપોતાનું કાર્ય કરવા તત્પર કર્યાં. —બાલપ્રબોધિની

× દ્રવ્યસ્વરૂપ એટલે પાંચ મહાભૂતોને ઉત્પન્ન કરનાર, જ્ઞાનસ્વરૂપ એટલે મન તથા ઇન્દ્રિયોના દેવોને ઉત્પન્ન કરનાર અને ક્રિયાસ્વરૂપ એટલે સર્વ ઇન્દ્રિયોને ઉત્પન્ન કરનાર —बालप्रबोधिनी

* આકાશ ઉત્પન્ન થયું, એટલે શબ્દદ્વારા ઉત્પન્ન થયું એમ સમજવું. આજ પ્રમાણે હવે પછીના શ્લોકોમાં તે તે ગુણોદ્વારા ભૂતોની ઉત્પત્તિ સમજવી. કેમકે તે તે ગુણો ભૂતોનાં સૂક્ષ્મસ્વરૂપ છે. વળી તે શબ્દ દ્રષ્ટા અને દશ્ય વસ્તુનો બોધક પણ આ રીતે છે-જેમ કોઇ પુરુષ ભીંતની પાછળ રહીને 'હાથી, હાથી' એમ ઊંચેથી શબ્દ કરે, તેથી હાથીરૂપ દશ્ય વસ્તુ અને હાથીને જોનાર-દ્રષ્ટા-એ બંને જાણવામાં આવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

એવા *ઇન્દ્રિયોના દેવતાઓ પણ ઉત્પન્ન થયા.[30] પછી રાજસ અહંકાર વિકાર પામ્યો, એટલે તેથી દશ ઇન્દ્રિયો ઉત્પન્ન થઇ. કેમકે જ્ઞાનશક્તિવાળી બુદ્ધિ તથા ક્રિયાશક્તિવાળો પ્રાણ રાજસ અહંકારનાંજ કાર્ય છે–એટલે રાજસ અહંકારથીજ ઉત્પન્ન થાય છે; માટે આ ઇન્દ્રિયો પણ રાજસ અહંકારથીજ ઉત્પન્ન થાય છે. તેમાં શ્રોત્ર, ત્વચા, ઘ્રાણ, ચક્ષુ અને જીભ, એ પાંચ જ્ઞાનેન્દ્રિય છે અને વાણી, હાથ, પગ, ગુદા તથા લિંગ, એ પાંચ કર્મેન્દ્રિય છે.[31] હે બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ નારદ! આ પાંચ ભૂતો, દશ ઇન્દ્રિયો, મન, ઇન્દ્રિયોના વિષયો, બુદ્ધિ અને પ્રાણ એ સર્વ પદાર્થો જુદા જુદા હતા, ત્યારે બ્રહ્માંડરૂપી શરીરને ઉત્પન્ન કરવાને સમર્થ થયા નહિ;[32] પણ ભગવાનની શક્તિથી પ્રેરણા પામેલા તે પદાર્થો પરસ્પર એકઠા થયા, ત્યારે તેઓએ મુખ્ય અને ગૌણભાવનો આશ્રય કરી સમષ્ટિ અને વ્યષ્ટિરૂપ આ બ્રહ્માંડશરીર ઉત્પન્ન કર્યું.[33] એ નિર્જીવ બ્રહ્માંડશરીર કે જે જળની અંદર રહેલું હતું, તેને હજારો વર્ષના અંતે પરમાત્માએ કાળ, કર્મ તથા સ્વભાવમાં પોતે સ્થિતિ કરીને સજીવન કર્યું–સચેતન કર્યું.÷[34] પછી તેજ પુરુષ (પરમાત્મા) એ બ્રહ્માંડને ભેદીને તેમાંથી હજારો ઊરુઓ, પગ, બાહુઓ તથા નેત્રોવાળા અને હજારો મુખ તથા મસ્તકોવાળા (વિરાટ્સ્વરૂપે) બહાર નીકળ્યા.× વિદ્વાનો જેમના કેડ વગેરે નીચેના અવયવોથી સાત નીચેના લોકોની (અતલ આદિની) કલ્પના કરે છે અને જાંઘ વગેરે ઉપરના અવયવોથી પૃથ્વી આદિ સાત ઉપરના લોકોની કલ્પના કરે છે.[35,36] આ વિરાટ્પુરુષના મુખથી બ્રાહ્મણો ઉત્પન્ન થયા છે, બાહુઓથી ક્ષત્રિયો ઉત્પન્ન થયા છે, વૈશ્યો એ ભગવાનના ઊરુઓમાંથી ઉત્પન્ન થયા છે અને શૂદ્રો એમના બે પગમાંથી ઉત્પન્ન થયા છે.+ એ મહાત્માના બે ચરણમાં (કેડ સુધી) ભૂર્લોક, નાભિમાં ભુવર્લોક, હૃદયમાં સ્વર્ગલોક તથા છાતીમાં મહર્લોકની કલ્પના કરી છે.[37,38] એમની ડોકમાં જનલોક, બે હોઠમાં તપલોક અને મસ્તકમાં સત્યલોક કલ્પેલો છે. વૈકુંઠ નામનો જે બ્રહ્મલોક છે તે તો સનાતન છે–એની સૃષ્ટિપ્રપંચમાં ગણના નથી–તે તો સૃષ્ટિની બહાર છે.[39] તે વ્યાપક વિરાટ્પુરુષની કેડમાં અતલની, બે સાથળમાં વિતલની, બે ઢીંચણમાં શુદ્ધ સુતલની, બે પિંડીમાં તલાતલની, બે ઘૂંટીમાં મહાતલની, પગના બે ફણાઓમાં રસાતલની અને પગના તળિયામાં પાતાલની કલ્પના કરી છે. આ રીતે વિરાટ્પુરુષ સર્વલોકમય છે.[40,41] અથવા તેમના ચરણમાં ભૂર્લોકની, નાભિમાં ભુવર્લોકની અને મસ્તકમાં સ્વર્ગલોકની કલ્પના કરેલી છે. આ રીતે ત્રણ લોકની કલ્પના પણ કરવામાં આવેલી છે."×[42]

भूर्लोकः कल्पितः पद्भ्यां भुवर्लोकोऽस्य नाभितः । स्वर्लोकः कल्पितो मूर्ध्ना इति वा लोककल्पना ॥ ४२ ॥

દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય ૫ મો સમાપ્ત

* ઇન્દ્રિયોના દશ દેવો પૈકી પહેલા પાંચ–દિશાઓ, વાયુ, સૂર્ય, વરુણ તથા અશ્વિનીકુમારો, અનુક્રમે શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા તથા ઘ્રાણ, એ પાંચ જ્ઞાનેન્દ્રિયોના અધિષ્ઠાયક છે અને અગ્નિ, ઇન્દ્ર, ઉપેન્દ્ર, મિત્ર તથા પ્રજાપતિ–આ પાંચ અનુક્રમે વાણી, હાથ, પગ, ગુદા અને લિંગ–એ પાંચ કર્મેન્દ્રિયોના અધિષ્ઠાયક છે. —**श्रीधर**

÷ અર્થાત્ એ નિર્જીવ બ્રહ્માંડશરીરમાં પરમાત્માએ જીવસ્વરૂપે પ્રવેશ કર્યો —**भा. क.**

× આ શ્લોકથી **सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात्** (ऋ. सं. १०-९०-१) એ વેદમંત્રનો અર્થ દર્શાવ્યો છે.

+ આજ આશય વેદમંત્ર પણ કહે છે–

ब्राह्मणोऽस्य मुखमासीद् बाहू राजन्यः कृतः । ऊरू तदस्य यद् वैश्यः पद्भ्यां शूद्रोऽजायत ' ॥
(ऋ. सं. १०-९०-११)

× વિરાટ્પુરુષમાં લોકકલ્પના ત્રણ પ્રકારે કરવામાં આવે છે; ગુણથી, વિદ્યાથી અને યજ્ઞથી. તેમાં અધિકાર પ્રમાણે વ્યવસ્થા છે. જેઓ સત્ત્વગુણી છે તેઓ ચૌદ લોક કલ્પે છે, રજોગુણીઓ સાત લોક કલ્પે છે અને તમોગુણીઓ ત્રણ લોક કલ્પે છે, એમ સુબોધિનીમાં વલ્લભાચાર્ય લખે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય ૬ ઠ્ઠો×

વિરાટ્પુરુષની વિભૂતિ અને પુરુષસૂક્તના આધારે સર્વ નિર્ણય

॥ ब्रह्मोवाच ॥

वाचां वह्नेर्मुखं क्षेत्रं छंदसां सप्त धातवः ।
हव्यकव्यामृतान्नानां जिह्वा सर्वरसस्य च ॥ १ ॥

બ્રહ્મદેવ બોલ્યાઃ–"એ વિરાટ્પુરુષનું મુખ આપણ સર્વની વાક્ઇન્દ્રિયનું તથા તે ઇન્દ્રિયના દેવતા અગ્નિદેવનું ઉત્પત્તિસ્થાન છે; તેમની ત્વચા વગેરે સાત* ધાતુઓ ગાયત્રી વગેરે સાત છંદનું ઉત્પત્તિસ્થાન છે અને તેમની જીભ દેવોના અન્નના, પિતૃઓના અન્નના તથા મનુષ્યોના અન્નના +સર્વ રસોનું ઉત્પત્તિસ્થાન છે.[૧] તેમની નાસિકા, સર્વ પ્રાણોનું તથા વાયુનું ઉત્પત્તિસ્થાન છે; તેમજ તેમની ઘ્રાણેન્દ્રિય બે અશ્વિનીકુમારોનું, સર્વ ઔષધિઓનું તથા સામાન્ય–વિશેષ ગંધનું ઉત્પત્તિસ્થાન છે.[૨] તેમની ચક્ષુ ઇન્દ્રિય રૂપ અને પ્રકાશનું ઉત્પત્તિસ્થાન છે; તેમનાં બે નેત્ર ગોલક સૂર્યનું તથા સર્વ જ્યોતિશ્ચક્રનું ઉત્પત્તિસ્થાન છે. તેમના બે કાન દિશાઓ તથા તીર્થોનું, અને શ્રોત્રઇન્દ્રિય આકાશ તથા શબ્દનું ઉત્પત્તિક્ષેત્ર છે.[૩] તેમનું શરીર દરેક વસ્તુઓના સારાંશનું તથા સૌંદર્યનું એક ઉત્પત્તિસ્થાન છે અને તેમની ત્વચા સ્પર્શગુણનું, વાયુનું તથા યજ્ઞનું ઉત્પત્તિસ્થાન છે.[૪] તેમનાં રુવાંટાં સર્વ વૃક્ષોનું ઉત્પત્તિસ્થાન છે, કે જે વૃક્ષો વડે યજ્ઞ થઇ શકે છે. તેમના કેશ મેઘોનું, દાઢી–મૂછ વીજળીઓનું તથા હાથ–પગના નખ પથ્થરો અને લોઢાનું ઉત્પત્તિસ્થાન છે.[૫] તેમના બાહુઓ લગભગ સઘળાંનું પાલન કરનારા લોકપાલોનું સ્થાન છે; તેમનાં પગલાં ભૂર્લોક, ભુવર્લોક તથા સ્વર્ગલોકનું સ્થાન છે અને શ્રીહરિના એ ચરણ (પગ)÷ ક્ષેમનું, શરણનું તથા સર્વ ઇચ્છિત પદાર્થોનાં વરદાનોનું સ્થાન છે. એ વિરાટ્પુરુષનું લિંગ (પુરુષચિહ્ન) પાણીનું, વીર્યનું, ઉત્પત્તિનું, વરસાદનું તથા પ્રજાપતિનું સ્થાન છે. એમની ઉપસ્થ ઇન્દ્રિય (પુરુષચિહ્નમાં રહેલી ઇન્દ્રિય) સંતાનને માટે કરવામાં આવતા સંભોગદ્વારા થતી તાપહાનિ–શાંતિનું સ્થાન છે અને હે નારદ! એ પુરુષની પાયુ (ગુદા) ઇન્દ્રિય યમનું, મિત્રનું તથા મળત્યાગનું સ્થાન છે.[૬–૮] વિરાટ્પુરુષનું ગુદાસ્થાન હિંસાનું, અલક્ષ્મીનું, મૃત્યુનું તથા નરકનું સ્થાન કહ્યું છે અને એમનો વાંસો પરાભવનું, અધર્મનું તથા અજ્ઞાનનું સ્થાન છે.[૯] એમની નાડીઓ નદ તથા નદીઓનું સ્થાન છે; હાડકાં પર્વતોનું સ્થાન છે; ઉદર (પેટ) પ્રકૃતિ–માયાનું, અન્નાદિના રસનું, સમુદ્રોનું તથા પ્રાણીઓના લયનું સ્થાન છે; હૃદય આપણા લિંગશરીરનું સ્થાન છે અને તે વિરાટ્પુરુષનું ચિત્ત ધર્મનું, મારું, તારું, કુમારોનું, શંકરનું, બુદ્ધિનું તથા સત્ત્વગુણનું શ્રેષ્ઠ સ્થાન છે. હું, તું, મહાદેવ આ મરીચ્યાદિ મુનિઓ, સનકાદિ કુમારો, દેવો, અસુરો, મનુષ્યો, હાથીઓ, પક્ષીઓ, મૃગો, પેટે સરકી સરકીને ચાલનારાં પ્રાણીઓ, ગંધર્વો, અપ્સરાઓ, યક્ષો, રાક્ષસો, ભૂતગણો, સર્પો, પશુઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, ચારણો, વૃક્ષો અને બીજાં જળચર, સ્થળચર તથા આકાશચારી અનેક જાતનાં પ્રાણીઓ, ગ્રહો, નક્ષત્રો, કેતુઓ,

× આ અધ્યાયમાં અધ્યાત્મ આદિ ભેદથી વિરાટ્પુરુષની વિભૂતિ કહી છે અને પૂર્વોક્ત સર્વ વાતને પુરુષસૂક્તથી દૃઢ કરી છે. —શ્રીધર

* સાત ધાતુઓ આ પ્રમાણે છેઃ–ત્વચા, માંસ, લોહી, મેદ, મજ્જા, સ્નાયુ અને હાડકાં. આ સાત ધાતુઓ ગાયત્રી, ઉષ્ણિક, બૃહતી, પંક્તિ, જગતી, ત્રિષ્ટુપ્ અને અનુષ્ટુપ્–એ સાત છંદોનું ઉત્પત્તિસ્થાન છે. —भा. क.

\+ સર્વ રસોનું એટલે મધુર, તીખો, ખાટો, કડવો, તૂરો, અને ખારો, એ છ રસનું તથા તેના અધિષ્ઠાયક વરુણદેવનું ઉત્પત્તિસ્થાન છે. —बालप्रबोधिनी

÷ ક્ષેમ એટલે પ્રાપ્ત થયેલી વસ્તુનું રક્ષણ અને શરણ એટલે ભયથી રક્ષણ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તારાઓ, વીજળીઓ, મેઘો અને જે આ ભૂત, ભવિષ્ય તથા વર્તમાનમાં વર્તતું કંઈ પણ જોવામાં આવે છે-તે સર્વ એ પુરુષરૂપજ છે*-એથી ભિન્ન નથી. એ વિરાટ્‌પુરુષ આ જગતમાં જગતના કરતાંયે અધિક સ્વરૂપે વ્યાપી રહ્યા છે. જેમ સૂર્ય પોતાના મંડળને પ્રકાશિત કરે છે અને તે મંડળની બહારની વસ્તુઓને પણ પ્રકાશિત કરે છે, તેમ એ વિરાટ્‌પુરુષ પણ આ વિરાટ્‌શરીર-બ્રહ્માંડને પ્રકાશિત કરે છે અને બ્રહ્માંડની બહાર પણ સર્વને પ્રકાશિત કરે છે.§ વળી તે વિરાટ્‌પુરુષે મરણધર્મવાળાં કર્મફળનું ઉલ્લંઘન કર્યું છે-નાશવંત એવાં સર્વ કર્મફળોનો તેમણે ત્યાગ કર્યો છે, તેથી તે કેવળ સર્વાત્મા છે; એટલુંજ નહિ પણ અમૃતત્વરૂપ આત્માનંદના એટલે મોક્ષના પણ ઈશ્વર છે.+૧૦-૧૭ માટે હે બ્રહ્મન્! એ વિરાટ્‌પુરુષનો મહિમા અપાર છે. (કેમકે આ સંસાર-પ્રપંચ તેમનો પરાભવ કરી શકતો નથી.) ભૂર્લોક આદિ સર્વ લોકો જેમના અંશરૂપ છે, એવા એ વિરાટ્‌પુરુષના અંશરૂપ લોકોમાં સર્વ જીવો નિવાસ કરે છે, એમ વિદ્વાનો કહે છે.÷૧૮ એ ભગવાને મહર્લોક ઉપર આવેલા ત્રણ લોકમાં એટલે જનલોક, તપલોક તથા સત્યલોકમાં અનુક્રમે અમૃત-અવિનાશી સુખ અને અભય-મોક્ષસુખ રાખ્યાં છે.* આ પ્રમાણે ઉપર દર્શાવેલા જે (મહર્લોકની ઉપર આવેલા) ત્રણ લોક છે, તે અનુક્રમે નૈષ્ઠિક બ્રહ્મચારી, વાનપ્રસ્થ તથા સંન્યાસીના આશ્રમો છે-નિવાસસ્થાનો છે અને તેઓ ત્રૈલોક્યની બહાર છે; પણ બ્રહ્મચર્યથી રહિત એવો જે ગૃહસ્થાશ્રમ છે, તે તો ત્રૈલોક્યની અંદર છે.+૧૯ અનેક લોકમાં સારી રીતે જનારો પુરુષ-ક્ષેત્રજ્ઞ કર્મભોગ અને મોક્ષપ્રાપ્તિના સાધનરૂપ એવા બે માર્ગમાં જાય છે-અર્થાત્ કર્મફળના ભોગથી યુક્ત દક્ષિણમાર્ગમાં અથવા મોક્ષપ્રાપ્તિના માર્ગમાં સાધનભૂત ઉત્તરમાર્ગમાં જાય છે. કેમકે એ માર્ગમાં એક અવિદ્યારૂપ એટલે કર્મરૂપ છે અને બીજો વિદ્યારૂપ એટલે જ્ઞાનસાધન ઉપાસનારૂપ છે. પુરુષ-ક્ષેત્રજ્ઞ તો આ બન્ને માર્ગનો આશ્રય કરનાર છે.×૨૦ જેમનાથી આ બ્રહ્માંડ ઉત્પન્ન

* અહીં છેવટે **पुरुष एवेदं सर्वं यद् भूतं यच्च भाव्यम्**-(ऋ. सं. १०-९०-२) એ પુરુષસૂક્તના વૈદિક મંત્રનો અર્થ દર્શાવી દીધો છે. —શ્રીધર

§ આ **स भूमिं कृत्वाऽत्यतिष्ठद्दशांगुलम्** (ऋ. सं. १०-९०-१) એ પુરુષસૂક્તના મંત્રનો અર્થ કહ્યો છે. —શ્રીધર

+ આથી **उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति** (ऋ. सं. १०-९०-२) એ પુરુષસૂક્તના મંત્રનો અર્થ દર્શાવ્યો છે. —શ્રીધર

÷ આ અઢારમા શ્લોકમાં **एतावानस्य महिमातो ज्यायाँश्च पूरुषः। पादोऽस्यविश्वाभूतानि'** (ऋ. सं. १०-९०-३) એ પુરુષસૂક્તમંત્રનો અર્થ જણાવ્યો છે. —શ્રીધર

* ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્ગલોક, એ ત્રણ લોકમાં જે સુખ છે, તે તો નાશવંતજ છે. મહર્લોક જો કે ક્રમમુક્તિનું સ્થાન છે, તોપણ પ્રલયકાળે ત્યાંના લોકોએ તે સ્થાન તજવું પડે છે, માટે ત્યાં મહર્લોકમાં પણ અવિનાશી સુખ નથી; પણ જનલોકમાં અવિનાશી સુખ છે. કેમકે ત્યાં વસનારાઓને પોતાના સ્થાનનો ત્યાગ કરવો પડતો નથી; તોપણ પ્રલયકાળના સમયે ત્રણ લોકના દાહની ગરમીથી પીડાયેલા મહર્લોકના વસનારાઓ તે જનલોકમાં ગયેલા હોય છે, તેથી તેઓના મનમાં તે સંબંધે સહેજ ચિંતા રહે છે-એટલે જનલોકનું સુખ અવિનાશી હોવા છતાં કંઇક ચિંતાવાળું હોય છે; પણ ત્યાંથી આગળ તપલોકમાં તો સહેજ પણ ચિંતા હોતી નથી, તેથી ત્યાંનું સુખ પીડારહિત છે; અને સત્યલોકમાં તો કેવળ મોક્ષસુખજ રહેલું છે. —શ્રીધર

+ કહેવાનો ભાવ એ છે કે, ત્રણ લોકની બહાર આવેલા તે મહર્લોક, જનલોક તથા સત્યલોકમાં અનુક્રમે નૈષ્ઠિક બ્રહ્મચારી, વાનપ્રસ્થ તથા સંન્યાસીઓજ જઇ શકે છે, પણ બ્રહ્મચર્યરહિત એવો ગૃહસ્થ જઈ શકતો નથી; આ આશયથી **त्रिपादूर्ध्व उदैत् पुरुषः पादोऽस्येहाभवत् पुनः** (ऋ. सं. १०-९०-४) એ પુરુષસૂક્તના મંત્રનો અર્થ દર્શાવ્યો છે.

× આ શ્લોકથી **ततो विष्वङ्‌ व्यक्रामत् साशनानशने उभे** (ऋ. १०-९०-४) એ પુરુષસૂક્તના મંત્રનો અર્થ જણાવ્યો છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

થયું છે અને જેમનાથી પાંચ ભૂતો, ઇન્દ્રિયો તથા ગુણોમય (વિષયો, મન તથા બુદ્ધિમય) એવા વિરાટ્પુરુષ ઉત્પન્ન થયા છે, તે ઈશ્વર, સૂર્ય જેમ પોતાનાં કિરણો વડે પ્રકાશતો પોતાના બિંબને તથા બિંબના બહારના પદાર્થોને ઓળંગી જાય છે–પ્રકાશિત કરે છે, તેમ એ વિરાટ્-શરીરને તથા બ્રહ્માંડને ઓળંગી જાય છે, તેથી બહાર પણ વ્યાપી રહે છે.÷[૨૧] આ વિરાટના અંતર્યામી મહાન આત્મા પરમેશ્વરની નાભિમાંથી જ્યારે હું ઉત્પન્ન થયો હતો, ત્યારે એ પરમપુરુષના અવયવો વિના બીજી કોઇ પણ યજ્ઞની સામગ્રી મારા જોવામાં આવી ન હતી.‡[૨૨] પછી તે સમયે યજ્ઞની સામગ્રી તૈયાર કરવાની હતી; તેથી પશુઓ, વનસ્પતિઓ સહિત દર્ભો, આ યજ્ઞભૂમિ, ઘણા ગુણોવાળો વસંત વગેરે કાળ, પાત્ર વગેરે વસ્તુઓ, ડાંગેર વગેરે ઔષધિઓ–ધાન્યો, ઘી વગેરે સ્નિગ્ધ પદાર્થો, મધુર વગેરે રસો, લોઢું વગેરે ધાતુઓ, માટી, જળ, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, ચાતુર્હોત્ર કર્મ, જ્યોતિષ્ટોમ વગેરે યજ્ઞનાં નામો, સ્વાહાકાર વગેરે મંત્રો, દક્ષિણાઓ, વ્રતો, દેવતાઓ, ઉદ્દેશ, કલ્પબૌદ્ધાયન આદિ કર્મપદ્ધતિના ગ્રંથ, 'હું આના વડે યજ્ઞ કરીશ' એવો સંકલ્પ, યજ્ઞ કરવાના પ્રકારરૂપ તંત્ર, વિષ્ણુક્રમાદિ ગતિઓ, દેવતાનું ધ્યાન આદિ મતિઓ, પ્રાયશ્ચિત્ત અને યજ્ઞનું ઈશ્વરસમર્પણ–આ સર્વ સામગ્રીઓ મેં એ પરમપુરુષના અવયવોથીજ તૈયાર કરી.[૨૩–૨૬] એ પ્રમાણે પરમપુરુષના અવયવોથી સર્વ યજ્ઞસામગ્રી એકઠી કરીને મેં સર્વના ઈશ્વર તેજ યજ્ઞપુરુષનું તેના વડેજ યજન કર્યું.*[૨૭] તે પછી મરીચિ વગેરે નવ પ્રજાપતિ ભાઇઓએ મનને એકાગ્ર કરી ઇન્દ્રાદિસ્વરૂપે પ્રકટ અને સ્વતઃ અપ્રકટ એવા તે ભગવાનનું યજન કર્યું.÷[૨૮] પછી મનુઓએ, બીજા ઋષિઓએ, પિતૃઓએ, દેવોએ, દૈત્યોએ તથા મનુષ્યોએ પોતપોતાના સમયમાં તે ભગવાનનું યજ્ઞો વડે પૂજન કર્યું.[૨૯] એ રીતે ભગવાન નારાયણ વિષે આ જગત રહેલું છે. તે ભગવાન પોતે નિર્ગુણ છે, તોપણ સૃષ્ટિના આરંભ સમયે માયાના અનેક ગુણો ધારણ કરે છે.[૩૦] હું તેમની આજ્ઞાથી આ જગતને ઉત્પન્ન કરું છું અને શંકર તેમને વશ રહીને જગતનો સંહાર કરે છે. તેમજ માયાશક્તિને ધારણ કરનારા તે પરમેશ્વર પોતેજ વિષ્ણુનું સ્વરૂપ ધારણ કરી જગતનું રક્ષણ કરે છે.[૩૧] હે તાત! એ પ્રમાણે તેં મને જે પ્રશ્ન કર્યો હતો, તે મેં તને કહ્યો. કાર્ય–કારણાત્મક જે કંઇ આ જગત છે, તે ભગવાનના સ્વરૂપથી ભિન્ન નથી.[૩૨] હે નારદ! મારી વાણી કદી મિથ્યા થતી નથી, મારા મનનો સંકલ્પ કોઇ પણ વિષયમાં કદી મિથ્યા થતો નથી; અને મારી ઇન્દ્રિયો કદી અવળે માર્ગે જતી નથી; કેમકે મેં ભક્તિપૂર્ણ હૃદય વડે શ્રીહરિનું ધ્યાન કર્યું છે.[૩૩] હું વેદમય છું, તપમય છું, પ્રજાપતિઓ મને વંદન કરે છે અને હું સર્વનો પતિ છું; છતાં અંગ સહિત યોગનો એકાગ્રચિત્તે આશ્રય કરીને પણ જેનાથી મારો જન્મ છે, એવા તે ભગવાનને જાણી શક્યો ન હતો.× (તો પછી બીજાઓ ક્યાંથી જાણી શકે?)[૩૪]

÷ આ શ્લોકથી **ततो विराडजायत विराजोऽधिपूरुषः। स जातो अत्यरिच्यत पश्चाद् भूमिमथो पुरः** (ऋ. सं. ૧૦–૯૦–૫) એ પુરુષસૂક્તનો મંત્રાર્થ જણાવ્યો છે. —**श्रीधर**

‡ આ ૨૨–૨૬ શ્લોક સુધીમાં **यत् पुरुषेण हविषा** (ऋ, सं. ૧૦–૯૦–૪) ઇત્યાદિ પુરુષસૂક્તના મંત્રનો અર્થ દર્શાવ્યો છે. —**श्रीधर**

* અહીં **यज्ञेन यज्ञमयजन्त देवा** (ऋ. सं. ૧૦–૯૦–૧૬) એ પુરુષસૂક્તના મંત્રનો અર્થ સૂચવ્યો છે; અને હવે પછીના શ્લોક વડે **तेन देवा अयजन्त** (ऋ. सं. ૧૦–૭૦–૯) એ પુરુષસૂક્તનો મંત્રાર્થ દર્શાવે છે. —**श्रीधर**

÷ અહીં **पुरुषं जातमग्रतः** એ મંત્રનો અર્થ સૂચવ્યો છે. —**श्रीधर**

× આવો સમર્થ છતાં હું મારા જન્મના કારણરૂપ તે ભગવાનને જાણી શક્યો ન હતો, તો પછી બીજાઓની તો શી વાત! —**भा. क.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે સમયે શરણે ગયેલાના સંસારને દૂર કરનારા અને કલ્યાણના આશ્રયરૂપ તથા મંગળમય એવા તે ભગવાનના ચરણને મેં વંદન કર્યું હતું. (અને જાણ્યું હતું કે,) જેમ આકાશ પોતાના અંતને જાણતું નથી, તેમ જ પોતે પોતાની માયાના વિસ્તારને અમુક પ્રમાણમાં જાણતા નથી, તો પછી બીજાઓ તો ક્યાંથી જાણે?[૩૫] હું, તમે તથા મહાદેવ પણ જેમના પરમાર્થ સ્વરૂપને જાણતા નથી તો પછી બીજા દેવો તો ક્યાંથી જાણે? આપણે તેમની માયાથી મોહિત બુદ્ધિવાળા છીએ અને તેથી આપણે આપણા જ્ઞાનના પ્રમાણમાં એટલુંજ જાણીએ છીએ કે, આ પ્રપંચરૂપ જગત ભગવાનની માયાથી બનેલું છે. બસ, આટલુંજ આપણે જાણીએ છીએ, વધારે કંઇ જાણી શકતા નથી.[૩૬] જેમના અવતારનાં કર્મો, ચરિત્રો, આપણે સઘળા ગાઇએ છીએ, તોપણ જેમને યથાર્થ સ્વરૂપે જાણી શકતા નથી, તે ભગવાનને (આપણા) નમસ્કાર હો![૩૭] તે આદ્ય પુરુષ ભગવાન અજન્મા છે, છતાં પ્રત્યેક સૃષ્ટિ સમયે પોતે પોતાને વિષે, પોતાના વડે, પોતાનેજ સૃજે છે, પાળે છે,+ સંહારે છે;[૩૮] તે ભગવાન કેવળ જ્ઞાનરૂપ છે—સત્ય તત્ત્વ છે, વિષયાકારથી રહિત છે, સર્વના અંતર્યામી છે, સંદેહ આદિથી રહિત છે, સ્થિર છે, સત્યસ્વરૂપ છે, પૂર્ણ છે, જન્મનાશથી રહિત છે, નિર્ગુણ છે અને સર્વકાળે અદ્વય છે—દ્વૈતપ્રતીતિના સમયે પણ વસ્તુતઃ અદ્વૈત છે.[૩૯] હે ઋષિ! જે મુનિઓનાં શરીર, ઇન્દ્રિયો તથા મન જ્યારે અત્યંત શાંત એટલે શુદ્ધ થાય છે, ત્યારે તેઓ એ ભગવાનને જાણી શકે છે. કેમકે ભગવાનનું તે સ્વરૂપ જો કે પ્રકાશમાનજ છે, તોપણ દુર્જનોના દુષ્ટ તર્કોથી વ્યાપ્ત થાય છે, ત્યારે તિરોહિત થાય છે—જાણવું અશકય થઇ પડે છે.[૪૦] સર્વથી પર એવા તે પરમાત્માનો પ્રકૃતિના પ્રવર્તક પુરુષ તરીકે પ્રથમ અવતાર થયો છે. તે પછી કાળ, સ્વભાવ, કાર્ય—કારણરૂપ પ્રકૃતિ, મહત્તત્ત્વ, પાંચ મહાભૂતો, અહંકાર, સત્ત્વાદિગુણો, ઇન્દ્રિયો વિરાટ્—સમષ્ટિ શરીર, વિરાટ્શરીરનો અભિમાની પુરુષ, સ્થાવર—જંગમરૂપ વ્યષ્ટિશરીર, હું, મહાદેવ, વિષ્ણુ, દક્ષ વગેરે આ પ્રજાપતિઓ, તમે વગેરે ઋષિઓ, સ્વર્ગલોકનું પાલન કરનારાઓ, પક્ષીલોકનું પાલન કરનારા (ગરુડ વગેરે), તેમજ મનુષ્યલોકનું પાલન કરનારાઓ, પાતાલ લોકનું પાલન કરનારાઓ, ગંધર્વો, વિદ્યાધરો તથા ચારણોના સ્વામીઓ, યક્ષો, રાક્ષસો, સર્પો તથા નાગોના પતિઓ, શ્રેષ્ઠ ઋષિઓ, પિતૃઓના પતિઓ, દૈત્યોના અધિપતિઓ, સિદ્ધોના સ્વામીઓ, દાનવોના પતિઓ અને બીજા જેઓ પ્રેતો, પિશાચો, ભૂતો, કૂષ્માંડો, જળજીવો, મૃગો તથા પક્ષીઓના સ્વામીઓ છે તેઓ સર્વે અને બીજું જે કંઈ ભગવાનના ઐશ્વર્યવાળું, તેજવાળું, ઇંદ્રિયશક્તિવાળું, બળવાળું, ક્ષમાવાળું, શોભાવાળું, લજ્જાવાળું, સંપત્તિવાળું, બુદ્ધિવાળું, અદ્ભુત વર્ણવાળું, રૂપવાળું અને રૂપ વગરનું શ્રેષ્ઠ તત્ત્વ છે, તે સર્વ એ પરમાત્માનીજ વિભૂતિ છે. હે ઋષિ! સર્વવ્યાપક એવા તે પરમાત્માના જે જે મુખ્ય લીલાવતારોને વિદ્વાનો વર્ણવે છે, તે તે કાનનાં પાપોને દૂર કરનારા સુંદર અવતારોનું હું અનુક્રમે વર્ણન કરૂં છું, તે તમે સાંભળો."[૪૧-૪૪]

प्राधान्यतो यानृष आमनंति
लीलावतारान् पुरुषस्य भूम्नः ॥
आपीयतां कर्णकषायशोषान्
अनुक्रमिष्ये त इमान् सुपेशान् ॥ ४४ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય છઠ્ઠો સમાપ્ત

+ અર્થાત્ તે ભગવાન પોતેજ કર્તા, અધિકરણ, સાધન તથા કર્મરૂપ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ७ मो*

બ્રહ્મા–નારદ સંવાદ (ચાલુ)–બ્રહ્મદેવે કરેલું ભગવાનના લીલાવતારોનું વર્ણન

॥ ब्रह्मोवाच ॥

यत्रोद्यतः क्षितितलोद्धरणाय बिभ्रत्
क्रौडीं तनुं सकलयज्ञमयीमनंतः ॥
अंतर्महार्णव उपागतमादिदैत्यं
तं दंष्ट्रयाद्रिमिव वज्रधरो ददार ॥ १ ॥

બ્રહ્મા બોલ્યા–"અનંત ભગવાને આ પૃથ્વીતલનો ઉદ્ધાર કરવાને માટે તૈયાર થઈને સમગ્ર યજ્ઞમય એવું વરાહનું શરીર ધારણ કર્યું હતું ત્યારે મહાસમુદ્રની અંદર આવેલા તે પ્રસિદ્ધ આદિદૈત્ય–હિરણ્યાક્ષને જેમ ઇન્દ્ર વજ્ર વડે પર્વતને ચીરી નાખે તેમ, દાઢ વડે ચીરી નાખ્યો હતો.[1] (પ્રથમ વરાહઅવતાર કહ્યો, હવે યજ્ઞાવતાર કહે છે.) પછી તેજ ભગવાન રુચિ નામના પ્રજાપતિથી તેમની સ્ત્રી આકૂતિ વિષે 'સુયજ્ઞ' નામે ઉત્પન્ન થયા હતા. તે સુયજ્ઞ ભગવાને પોતાની સ્ત્રી દક્ષિણાને વિષે સુયમ નામના દેવોને ઉત્પન્ન કર્યા હતા; અને પોતે ઇન્દ્ર થઇને જ્યારે ત્રણે લોકોની પીડા દૂર કરી હતી, ત્યારે (પ્રથમ પોતે સુયજ્ઞ નામથી કહેવાતા હતા; તોપણ) તેમના દાદા સ્વાયંભુવ મનુએ 'હરિ' એવા નામથી કહ્યા હતા–'હરિ' એવું નામ પાડ્યું હતું.[2] (હવે કપિલદેવનો અવતાર–)હે બ્રાહ્મણ નારદ! પછી તે ભગવાન, કર્દમ પ્રજાપતિને ઘેર તેમની સ્ત્રી દેવહૂતિને વિષે નવ બહેનો સાથે 'કપિલદેવ' એવા નામથી ઉત્પન્ન થયા હતા. તે કપિલ દેવે પોતાની માતાને આત્મગતિ–બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો, કે જે બ્રહ્મવિદ્યા વડે તે આત્માને મલિન કરનાર ગુણસંગરૂપી મેલને દૂર કરીને એજ જન્મમાં કપિલદેવની ગતિને–મુક્તિને પામી હતી.[3] (દત્તાત્રેય અવતાર–) જ્યારે અત્રિ ઋષિએ સંતાનની ઇચ્છાથી ભગવાનને પ્રસન્ન કર્યા હતા, ત્યારે ભગવાને પ્રસન્ન થઇને તેમને (વર આપતાં) કહ્યું હતું કે, 'હું, *મારો આત્માજ તમને આપું છું.' એમ કહીને પોતે તેમને ત્યાં પુત્ર તરીકે જન્મ્યા હતા તેથી 'દત્તાત્રેય' નામે પ્રસિદ્ધ થયા હતા; જે એ દત્તાત્રેય ભગવાનના ચરણકમળની રજથી સહસ્રાર્જુન વગેરે રાજાઓ પવિત્ર શરીરવાળા થયા હતા અને આ લોકમાં ભોગસમૃદ્ધિને તથા અંતે મોક્ષરૂપી યોગસંપત્તિને પામ્યા હતા.[4] (હવે સનકાદિ કુમારોનો અવતાર) પૂર્વે અનેક પ્રકારના લોકોને સૃજવાની ઇચ્છાથી મેં તપ કર્યું હતું અને તે તપ શ્રીભગવાનને સમર્પણ કર્યું હતું; જેથી તે ભગવાન ચાર સનત્–શબ્દ ધારણ કરીને અવતર્યા હતા–એટલે સનત્કુમાર, સનક, સનન્દન અને સનાતન એવા ચાર નામે ઉત્પન્ન થયા હતા. તેમણે પૂર્વસૃષ્ટિના પ્રલયસમયે વિનાશ પામેલું આત્મતત્ત્વનું જ્ઞાન આ સૃષ્ટિકાળમાં સારી રીતે કહ્યું હતું, કે જે જ્ઞાનના કથનમાત્રથી મુનિઓએ આત્મસાક્ષાત્કાર કર્યો હતો.[5] (નર–નારાયણનો અવતાર કહે છે–) પછી દક્ષની મૂર્તિ નામે પુત્રી કે જે ધર્મની પત્ની હતી તેને વિષે નારાયણ અને નર એવા બે સ્વરૂપે ભગવાન ઉત્પન્ન થયા હતા. તેમના તપનો પ્રભાવ અસાધારણ હતો. કેમકે કામદેવની સેનાસરખી ઉર્વશી વગેરે અપ્સરાઓ પણ તે નર–નારાયણ ભગવાનથી ઉત્પન્ન થયેલી પોતાના જેવીજ બીજી

---

* આ અધ્યાયમાં બ્રહ્માએ ભગવાનના લીલાવતારો અને પ્રયોજન તથા ગુણો સાથે તેમનાં કર્મો નારદને કહ્યાં, એ કથા કહેવાશે. —શ્રીધર

* આ વાત ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ છે. કેમકે ધર્મશાસ્ત્ર કહે છે કે,

धर्मदासो ज्येष्ठपुत्रो भार्या स्वात्मा तथैव च ।
सर्वस्वं गुरुवर्यश्च नैव देयमिति स्थितिः ॥

અર્થાત્ ધર્મદાસ, મોટો પુત્ર, સ્ત્રી, પોતાનો આત્મા, પોતાનું સર્વસ્વ અને ગુરુ–આ છ બીજાને અપાય નહિ; છતાં પોતાનો આત્મા ભગવાને અત્રિ ઋષિને આપ્યો, એજ ભગવાનનું ભગવાનપણું છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અપ્સરાઓને જોઈને તેમના નિયમનો ભંગ કરવાને સમર્થ થઈ ન હતી.*[6] (અને એમાં કંઇ આશ્ચર્ય નથી, કારણકે) કૃતકૃત્ય એવા શ્રીશંકર વગેરે પોતાની ક્રોધભરી દૃષ્ટિથી કામદેવને બાળી નાખે છે; પણ પોતાના આત્માને બાળનારા તે ક્રોધને બાળી શકતા નથી–અર્થાત્ તેઓ કામદેવને જીતે છે પણ ક્રોધને જીતી શકતા નથી. આવો તે ક્રોધ પણ જેમના નિર્મળ અંતઃકરણમાં પ્રવેશ કરતાં ભય પામે છે, તો પછી (એ ક્રોધથી પરાજય પામેલો) કામદેવ તો તેમના મનમાં ક્યાંથીજ પ્રવેશ કરી શકે ?[7] બાળક છતાં પણ ધ્રુવ પોતાના પિતા રાજા ઉત્તાનપાદની સમક્ષ પોતાની અપરમાતાનાં વાક્યબાણોથી જ્યારે વીંધાયો હતો, ત્યારે તે તપશ્ચર્યા કરવા માટે વનમાં ચાલ્યો ગયો હતો; ત્યાં જઇને તેણે ભગવાનની સ્તુતિ કરી હતી, એટલે ભગવાને તેના પર પ્રસન્ન થઈને તેને ધ્રુવપદ આપ્યું હતું, કે જે ધ્રુવપદની ઉપર રહેલા ભૃગુ વગેરે ઋષિઓ તથા નીચે રહેલા સપ્તર્ષિઓ પણ સ્તુતિ કરે છે.[8]* (પૃથુ અવતાર કહે છે) જ્યારે વેન રાજા અવળે માર્ગે ચાલવા લાગ્યો અને બ્રાહ્મણોએ પોતાના શાપવાક્યરૂપી વજ્ર વડે તેના પુરુષાર્થનો અને ઐશ્વર્યનો નાશ કરી નાખ્યો અને તે (વેન), નરકમાં પડતો હતો ત્યારે ઋષિઓએ ભગવાનની પ્રાર્થના કરી હતી; તે ઉપરથી જે ભગવાને (વેનના પુત્ર પૃથુ તરીકે થઇ) વેનનું રક્ષણ કરી પુત્રપદ મેળવ્યું હતું–પુત્ર +શબ્દને સાર્થક કર્યો હતો અને પૃથ્વીમાંથી અન્ન વગેરે પદાર્થોનું જગત માટે દોહન કર્યું હતું.[9] (ઋષભદેવનો અવતાર–) પછી એજ શ્રીહરિ ભગવાન, નાભિ રાજાથી તેમની પત્ની સુદેવી વિષે ઋષભદેવ નામે પુત્ર થઇને અવતર્યા હતા, જે ઋષભદેવે સર્વ સંગનો ત્યાગ કર્યો હતો, તેથી તેમની સર્વ ઇન્દ્રિયો શાંત થઇ હતી અને તેથીજ પોતે સમદૃષ્ટિવાળા થઇને સ્વસ્વરૂપમાંજ સ્થિતિ કરતા હતા અને જડની પેઠે સમાધિદશામાં વિચરતા હતા. આ સમાધિદશાનેજ ઋષિઓ પરમહંસદશા કહે છે.[10] (હયગ્રીવ અવતાર–) વળી સુવર્ણ સમાન વર્ણવાળા, વેદમય, યજ્ઞમય અને સર્વ દેવોના આત્મા તેજ સાક્ષાત્ યજ્ઞપુરુષ ભગવાન, મારા યજ્ઞમાં હયગ્રીવસ્વરૂપે પ્રકટ થયા હતા; એ સમયે શ્વાસ લેતાં એમની નાસિકામાંથી સુંદર વેદવાણી ઉત્પન્ન થઇ હતી.[11] (મત્સ્યાવતાર–) વળી યુગના અંત સમયે, ભાવી વૈવસ્વત મનુએ, એ ભગવાનનું મત્સ્યના સ્વરૂપે દર્શન કર્યું હતું; જે સમગ્ર પૃથ્વીમય હતા, સમગ્ર જીવસમૂહના આશ્રય હતા અને જેમણે મારા મુખમાંથી નીકળી પડેલા વેદોને મુખમાં લઈ મહાભયંકર એવા (પ્રલયકાળના) જળમાં વિહાર કર્યો હતો.[12] (કચ્છપ અવતાર–) પૂર્વે દેવો તથા દાનવો, અમૃત મેળવવા માટે ક્ષીરસમુદ્રનું મંથન કરતા હતા, ત્યારે તે આદિદેવ ભગવાને કાચબાનું સ્વરૂપ ધારણ કરીને પોતાની પીઠ ઉપર મંદરાચળ પર્વત ધારણ કર્યો હતો; અને એ પર્વતના ઘર્ષણથી (પીઠની) ખણજ દૂર થવાને લીધે નિદ્રાનો આનંદ મેળવ્યો હતો.[13] (નૃસિંહ-અવતાર–) વળી જેનું અટ્ટહાસ્ય દેવોને પણ ભયંકર થઈ પડ્યુ હતું અને જેનું મુખ ભમતી ભ્રૂકુટી તથા દાઢોથી વિકરાળ હતું એવું નૃસિંહરૂપ ધારણ કરી, જે ભગવાને હાથમાં ગદા લઇ સમીપ ધસી આવતા દૈત્યરાજ પ્રતાપી હિરણ્ય-

* આ વાત અગિયારમા સ્કંધમાં આવશે. —શ્રીધર

* આ શ્લોકમાં ભગવાનના એ અવતારનું વર્ણન છે કે જે અવતારમાં ભગવાને પ્રસન્ન થઇને ધ્રુવને ધ્રુવપદ આપ્યું હતું. —ભા. ક.

+ પુત્ર શબ્દની સાર્થકતા આ પ્રમાણે છે–

पुन्नाम्नो नरकाद् यस्मात् पितरं त्रायते सुतः ।
तस्मात् पुत्त्र इति प्रोक्तः स्वयमेव स्वयंभुवा ॥
(म. स्मृ. ९-१३४)

છોકરો 'પુત્' નામના નરકથી પિતાનું રક્ષણ કરે છે, માટેજ તેને સ્વયંભૂ મનુએ પોતે 'પુત્ર' કહ્યો છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કશિપુને, શીઘ્ર પોતાની સાથળ પર નાખીને નખો વડે ચીરી નાખ્યો હતો.[૧૪] (શ્રીહરિ ભગવાનનો અવતાર–) પૂર્વે ટોળાંનો નાયક એક હાથી કે જેને સરોવરની અંદર મહાબળવાન ઝૂડે પગમાં પકડ્યો હતો અને તેની પીડાથી પીડાતો હતો, તે હાથી સૂંઢમાં કમળ લઈ શ્રીભગવાનને 'હે આદિપુરુષ! હે સમગ્ર લોકના નાથ! હે તીર્થરૂપ યશવાળા અને શ્રવણ કરતાંજ મંગળ કરનાર નામવાળા હે ભગવન્!' એમ બોલાવવા લાગ્યો ત્યારે અપ્રમેય અને ચક્રધારી શ્રીહરિ ભગવાને, ગરુડની પીઠ ઉપર બિરાજી (ત્યાં આવીને) ચક્ર વડે પેલા ઝૂડના મુખને ચીરી નાખ્યું હતું અને તે શરણાર્થી હાથીને સૂંઢ પકડીને કૃપાથી તે સરોવરમાંથી બહાર કાઢ્યો હતો.[૧૫-૧૬] (વામન-અવતારકથન–) અદિતિના (બાર) પુત્રોમાં જે યજ્ઞના અધિષ્ઠાતા વિષ્ણુ હતા, તે સૌથી નાના હતા; તેમ છતાં પણ ગુણોથી સૌ કરતાં મોટા હતા; કેમકે તેમણે (ત્રણ પગલાંમાં) આ સમગ્ર લોકોને દબાવી દીધા હતા–ભરી લીધા હતા અને વામનસ્વરૂપ ધારણ કરી ત્રણ પગલાંને બહાને બલિરાજા પાસેથી ત્રણે લોકને લઇ લીધા હતા; (અને જણાવ્યું હતું કે,) જે પુરુષ ધર્મમાર્ગે ચાલે છે, તેને મહાસમર્થ પુરુષો પણ યાચના વિના ઐશ્વર્યથી ભ્રષ્ટ કરી શક્તા નથી.[૧૭] હે નારદ! જે બલિરાજાએ ભગવાનના ચરણ ધોવાના જળને મસ્તક પર ધારણ કર્યું હતું; (શુક્રાચાર્યે અટકાવીને શાપ આપ્યો છતાં પણ) પોતે પ્રતિજ્ઞા કરેલા ભૂમિદાન વિના બીજું કંઈ પણ કરવા ઇચ્છ્યું ન હતું; અને (ત્રીજું પગલું પૂરૂં કરવા માટે) શ્રીહરિને મસ્તક નમાવી પોતાનો દેહ પણ અર્પણ કર્યો હતો;* એવા બલિરાજાને (એ વેળા પોતે બળથી મેળવેલું હતું છતાં) તે ઇન્દ્રપદ અર્થ તરીકે ઇષ્ટ ન હતું.[૧૮] (હંસાવતાર કહે છે–) હે નારદ! તમારા અત્યંત વધેલા ભક્તિભાવથી અત્યંત પ્રસન્ન થઇને તે ભગવાને (હંસનું સ્વરૂપ ધારણ કરીને) તમને ભક્તિયોગ તથા આત્મતત્ત્વને પ્રકાશ કરનારા જ્ઞાનસાધન ભાગવતનો ઉત્તમ રીતે ઉપદેશ કર્યો હતો, જે ભાગવતને શ્રીવાસુદેવના ભક્તોજ અનાયાસે જાણે છે.[૧૯] (મન્વંતરના અવતારો–) વળી મનુના વંશને ધારણ કરનારા તે ભગવાન પ્રત્યેક મન્વંતરમાં દશે દિશાઓમાં અસ્ખલિત એવા પોતાના પ્રભાવરૂપી ચક્રને ધારણ કરે છે–અર્થાત્ સુદર્શનચક્ર જેવા અસ્ખલિત પ્રભાવને ધારણ કરે છે અને પોતાનાં ચરિત્રો વડે ત્રણે લોકની ઉપર આવેલા સત્યલોકમાં પણ સુંદર કીર્તિને વિસ્તારી દુષ્ટ રાજાઓને શિક્ષા કરે છે.[૨૦] (ધન્વંતરિનો અવતાર) પોતેજ કીર્તિસ્વરૂપ અને જેમનાદ્વારા મૃત્યુરહિત આયુષ પ્રાપ્ત થાય છે, એવા તે ભગવાને ધન્વંતરિસ્વરૂપે લોકમાં અવતરીને પોતાના નામથીજ મોટા મોટા રોગવાળા મનુષ્યોના રોગો તત્કાળ દૂર કર્યા હતા અને તે સમયે (દૈત્યોએ અટકાવેલો) પોતાનો યજ્ઞભાગ મેળવ્યો હતો; તેમજ આયુર્વેદશાસ્ત્રનો ઉપદેશ કરી પ્રચાર કર્યો હતો.[૨૧] (પરશુરામનો અવતાર–) જ્યારે ક્ષત્રિયોને જગતનો નાશ કરવાને માટે દૈવે વધારી મૂક્યા હતા અને તે ક્ષત્રિયો માર્ગથી ભ્રષ્ટ થઇને તેમજ બ્રાહ્મણોનો દ્રોહ કરીને નરકનાં દુઃખો મેળવવા માટે તૈયાર થયા હતા ત્યારે, ઉગ્ર પરાક્રમી તે ભગવાને મહાત્મા–પરશુરામનું સ્વરૂપ ધારણ કરી પોતાની તીક્ષ્ણ ધારવાળી ફરશીથી પૃથ્વી ઉપર કંટક સમાન તે ક્ષત્રિયોનો એકવીસ વાર નાશ કર્યો હતો.[૨૨] (રામચંદ્ર અવતાર–) માયાના ઈશ્વર તે ભગવાન ખરેખર આપણા ઉપર કૃપા કરવામાં તત્પરજ રહે છે; અને તેથીજ ઇક્ષ્વાકુ રાજાના વંશમાં પોતાના અંશરૂપ ભરત વગેરેની સાથે રામચંદ્ર-

* વળી ભગવાનની પણ એવી ઇચ્છા હતી કે, આ મારા ભક્ત પાસેથી આ અસાર વસ્તુ લઇને મારૂં સાલોક્ય તેને આપીશ. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વરૂપે અવતર્યા હતા. એ સમયે પોતાના પિતા દશરથ રાજાની આજ્ઞામાં વર્તીને તે ભગવાન, પોતાનાં પત્ની સીતાજી તથા નાના ભાઇ લક્ષ્મણની સાથે (ચૌદ વર્ષ) વનમાં વસ્યા હતા; જેમની સાથે વિરોધ કરીને રાવણ વિનાશ પામ્યો હતો.[૨૩] જેમ શંકરે ત્રિપુરદૈત્યનગરને બાળી નાખવાની ઇચ્છા કરી હતી તેમ, એ રામચંદ્રે પોતાના શત્રુ રાવણના નગરને બાળી નાખવાની ઇચ્છા કરી; એટલે તુરતજ સમુદ્રે તે ભગવાનને માર્ગ આપ્યો હતો. કેમકે તે વેળા સીતાના દૂર થવાને લીધે વૃદ્ધિ પામેલા ક્રોધથી લાલચોળ થયેલી રામચંદ્રની દૃષ્ટિ વડે સમુદ્ર ભયભીત થઇને શરીરે ધ્રૂજી ઊઠ્યો હતો અને તેની અંદર રહેતાં મગરો, સર્પો તથા ઝૂડો વગેરે પણ અત્યંત બળી ઊઠયાં હતાં. (ઇન્દ્રનું રાવણ સાથે જ્યારે યુદ્ધ થયું હતું, ત્યારે) રાવણના વક્ષઃસ્થળના સ્પર્શથી ઇન્દ્રના હાથી ઐરાવતના દાંતો તૂટી પડ્યા હતા અને તે તૂટી પડેલા દાંતોએ સર્વ દિશાઓને પોતાની ધોળાશથી ધોળી કરી મૂકી હતી; આવી સર્વ દિશાઓનું જે પાલન કરતો હતો અને જેણે જનકની પુત્રી–સીતાનું હરણ કર્યું હતું; એવા રણમાં ઘૂમી રહેલા તે રાવણના 'અહો! મારા જેવો બીજો કોણ છે?' આવા મહાન ગર્વભરેલા હાસ્યનો તેના પ્રાણોની સાથે તે રામચંદ્ર ભગવાન ધનુષના ટંકારોથી નાશ કરશે.[૨૪।૨૫] (શ્રીકૃષ્ણાવતાર–) તે પછી આ પૃથ્વી દૈત્ય રાજાઓની સેનાના ભાર વડે પીડાશે, ત્યારે તે પૃથ્વીના કષ્ટને દૂર કરવા માટે પોતાના અંશરૂપ બળરામની સાથે ભગવાન શ્રીકૃષ્ણ અવતાર લેશે; એ ભગવાન* ધોળા તેમજ કાળા કેશવાળા થશે અને એમનો માર્ગ મનુષ્યોના પણ જાણવામાં આવશે નહિ. વળી તે ભગવાન પોતાના મહિમાને પ્રકટ કરનારાં કર્મો કરશે. બાળક અવસ્થામાં પૂતનાના પ્રાણનું હરણ, ત્રણ મહિનાના હોવા છતાં પગ વડે ગાડું ઊંધું વાળી નાખવું અને રીંખતાં

---

* 'ધોળા અને કાળા કેશવાળા' એ અર્થ મૂળના **सितकृष्णकेशः** એ પદનો છે અને શ્રીધરની ટીકાને આધારે આપવામાં આવ્યો છે. શ્રીધરાચાર્ય આવા અર્થનો વિશેષ ખુલાસો આ પ્રમાણે લખે છે: ધોળા અને કાળા કેશ એ તો કેવળ શોભા માટેજ હતા; વૃદ્ધાવસ્થાને લીધે એમ ન હતું; કેમકે ભગવાન તો અવિકારી છે–એમને વૃદ્ધાવસ્થા હોઇ શકે નહિ; છતાં વિષ્ણુપુરાણમાં કહ્યું છે–**उज्जहारात्मनः केशौ सितकृष्णौ महामुने**–અર્થાત્ હે મહામુનિ! તે પરમાત્માએ પોતાનો ધોળો અને કાળો એમ બે કેશ ઉખેડી નાખ્યા. વળી મહાભારતમાં પણ કહ્યું છે કેઃ—

स चापि केशौ हरिरुज्जहे
शुक्लमेकमपरं चापि कृष्णम् ।
तौ चापि केशावाविशेतां यदूनां
कुले स्त्रियौ रोहिणीं देवकीं च ॥
तयोरेको बलभद्रो बभूव
योऽसौ श्वेतस्तस्य देवस्य केशः ।
कृष्णो द्वितीयः केशवः संबभूव
केशो योऽसौ वर्णतः कृष्ण उक्तः ॥

અર્થાત્ શ્રીહરિ ભગવાને પોતાના બે કેશ ઉખેડી નાખ્યા; એક ધોળો અને બીજો કાળો. તે બંને કેશ યાદવોના કુળમાં જઇને રોહિણી તથા દેવકી નામની બે સ્ત્રીઓમાં (તેમનાં ઉદરમાં) દાખલ થયા. તેમાં શ્રીહરિનો જે ધોળો કેશ હતો, તેમાંથી બળભદ્ર થયા અને બીજો જે કાળો કેશ હતો, તેમાંથી કાળા વર્ણવાળા શ્રીકૃષ્ણ થયા. એ રીતે વિષ્ણુપુરાણમાં તથા મહાભારતમાં જે કહેવામાં આવ્યું છે, તેનો અભિપ્રાય એવો નથી કે, ભગવાનના ધોળા અને કાળા કેશે બળદેવનો તથા શ્રીકૃષ્ણનો અવતાર લીધો! પણ એમ કહીને એ ભાવ સૂચવ્યો છે કે, ભગવાને એમજ માન્યું હતું કે, પૃથ્વીનો ભાર ઉતારવો, એ કાર્ય તે શું હિસાબમાં છે? એ કાર્યને તો મારા આ બે કેશ કરી શકે છે! અને બળરામનો તથા શ્રીકૃષ્ણનો વર્ણ કેવો હતો, એ સૂચવવાને પણ કદાચ એમ જણાવવામાં આવ્યું હોય. જો એમ ન માનીએ તો પૂર્વાપર વિરોધ આવે છે. વળી જે કહેવામાં આવ્યું છે કે, **कृष्णस्तु भगवान् स्वयम्**–શ્રીકૃષ્ણ તો ભગવાન પોતેજ છે આ વાક્ય સાથે પણ વિરોધ ઊભો થાય.

બાલપ્રબોધિની વળી એમ લખે છે કે, ભગવાન શ્રીકૃષ્ણ '**सितकृष्णकेश**' છે–અર્થાત્ '**सित**' એટલે મહાદેવના '**कृष्ण**'–એટલે વિષ્ણુના અને '**क**' એટલે બ્રહ્માના **ईश**–ઈશ્વર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

રીંખતાં યમલાર્જુનનાં બે ઊંચાં વૃક્ષોની વચ્ચે પેસી જઈને તેઓને મૂળમાંથી ઉખેડી નાખવાં– આ બધું જો શ્રીકૃષ્ણ ભગવાન સાક્ષાત્ ઈશ્વર ન હોય તો બની શકેજ નહિ.[૨૬।૨૭] તે શ્રીકૃષ્ણ વ્રજમાં (યમુનાનાં) ઝેરી પાણી પીનારાં (અને તેથી મરણ પામેલાં) પશુઓને તથા ગોવાળિયાઓને પોતાની કૃપાદષ્ટિરૂપી અમૃતની વૃષ્ટિ વડે સજીવન કરશે અને તે યમુનાનાં જળને ઝેરરહિત કરવાને માટે યમુનામાં વિહાર કરી કાલીયનાગને ત્યાંથી હાંકી કાઢશે, કે જે નાગ ઝેરની અતિશય તીક્ષ્ણતાથી અતિ ચંચળ જીભવાળો હતો.[૨૮] ખરેખર, ભગવાન શ્રીકૃષ્ણનું તે કર્મ તો દેવતાના જેવુંજ હશે કે જે (દિવસે કાલીયનાગને નાથવામાં આવશે તે) રાત્રે યમુનાતટ ઉપર વ્રજવાસીઓ સૂતા હશે, ત્યારે ગ્રીષ્મ ઋતુના સમયને લીધે દાવાનળથી વન સળગી ઊઠશે અને તેથી એ વ્રજવાસીઓનો મૃત્યુકાળ નિશ્ચય જણાશે, તે સમયે તેમનાં નેત્રો બંધ કરાવી અજ્ઞાત પરાક્રમવાળા શ્રીકૃષ્ણ બળદેવની સાથે રહીને દાવાનળમાંથી તેમનો ઉદ્ધાર કરશે.[૨૯] વળી શ્રીકૃષ્ણની માતા–યશોદા તેમને બાંધવાને માટે જે જે દોરડું લેશે, તે તે તેમને પૂરૂં પડશે નહિ; અને તે ભગવાન જ્યારે બગાસું ખાશે, ત્યારે તેમના મુખમાં ચૌદ ભુવનો જોઈને ગોપી–યશોદા મનમાં શંકિત થઈને તે દ્વારા બોધ પામશે–ભગવાનના ઐશ્વર્યને જાણશે. (આ પણ ભગવાનનું કર્મ જાણે દિવ્ય હોય તેવું છે.)[૩૦] વળી નંદરાયને વરુણના પાશરૂપી ભયમાંથી જે મુક્ત કરશે, મયના પુત્ર વ્યોમાસુરે ગુફાઓમાં પૂરી રાખેલા ગોવાળિયાઓને છૂટા કરશે અને દિવસે કામકાજમાં જોડાયલાં રહીને અત્યંત પરિશ્રમને લીધે રાત્રે નિદ્રાવશ થતાં +ગોકુળવાસી મનુષ્યોને વૈકુંઠલોકમાં લઈ જશે. એ શ્રીકૃષ્ણનું ચરિત્ર પણ જાણે દિવ્યજ છે.[૩૧] વળી જ્યારે નંદ વગેરે ગોવાળિયાઓ ઇન્દ્રનો યજ્ઞ કરવો બંધ કરશે, ત્યારે વ્રજનો નાશ કરવાને માટે ઇન્દ્રદેવ ચારે તરફથી વરસાદ વરસાવવા માંડશે; તે સમયે માત્ર સાત વર્ષની વયના ભગવાન શ્રીકૃષ્ણ કૃપાને લીધે પશુઓને રક્ષવાની ઇચ્છાથી સાત દિવસ સુધી ગોવર્ધન પર્વતને શ્રમરહિત એવા પોતાના એકજ હાથે બિલાડીના ÷ટોપની પેઠે લીલાપૂર્વક ધારણ કરશે તે કર્મ પણ ખરેખર જાણે દિવ્યજ છે.[૩૨] તેમજ ચંદ્રનાં કિરણોથી ઉજ્જ્વળ એવી રાત્રિમાં વનની અંદર ક્રીડા કરતા અને રાસ રમવા તૈયાર થયેલા તે શ્રીકૃષ્ણ, મધુર; પદોવાળા અને લાંબા આલાપવાળા સંગીત વડે પ્રદીપ્ત કામપીડાવાળી વ્રજવાસી સ્ત્રીઓનું કુબેરનો અનુચર શંખચૂડ નામનો યક્ષ જ્યારે હરણ કરશે, ત્યારે તેના મસ્તકને (મુઠીના મારથી) ભાગી નાખશે–એ પણ ભગવાનનું કર્મ દિવ્ય જેવુંજ છે.[૩૩] વળી પ્રલંબાસુર, ગર્દભાસુર, બકાસુર, કેશી, અરિષ્ટાસુર, ચાણૂર વગેરે મલ્લ, કુવલયાપીડ હાથી, કંસ, કાલયવન, નરકાસુર, પૌંડ્રિક, વાસુદેવ વગેરે અને બીજા શાલ્વ, દ્વિવિદ વાનર, બલ્વલ, દંતવક્ત્ર, સાત બળદો, શંબરાસુર, વિદૂરથ અને રુક્મિ વગેરે તેમજ યુદ્ધમાં ધનુષ ધારણ કરનારા અને રણમાં પોતાની પ્રશંસા કરનારા કાંબોજ, મત્સ્ય, કુરુ, કૈકેય અને સૃંજય વગેરે રાજાઓ, બળદેવ–ભીમસેન–અર્જુન વગેરે કપટનામો ધારણ કરનારા ભગવાન-દ્વારાજ (તે રાજાઓને) દર્શન કરવા માટે પણ અયોગ્ય એવા તેમના વૈકુંઠધામમાં જશે.[૩૪] (વ્યાસ અવતાર) મનુષ્યોની બુદ્ધિ કાળે કરીને સંકુચિત થઈ જશે અને આયુષ પણ અલ્પ થયેલું હોઇને તે મનુષ્યોને પોતે રચેલા વેદો દુર્ગમ થઇ પડશે, આવો વિચાર કરીને પ્રત્યેક યુગમાં શરીર પ્રકટ કરનારા તે ભગવાન સત્યવતીમાં વેદવ્યા-

+ અર્થાત્ વૈકુંઠપ્રાપ્તિનાં સાધન લેશમાત્ર નહિ કરેલ છતાં. —શ્રીધર

÷ છત્રીના આકારની તે નામે એક વનસ્પતિ ચોમાસામાં થાય છે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વરૂપે પ્રકટશે અને વેદરૂપી વૃક્ષના ભિન્ન ભિન્ન શાખાઓમાં વિભાગ કરશે.[૩૫, ૩૬] (બુદ્ધાવતાર–) વળી દેવોના શત્રુઓ કે જેઓ વેદમાર્ગમાં અત્યંત નિષ્ઠાવાળા હોઇ મયદાનવે રચેલાં અને અદૃશ્ય વેગવાળાં–(એટલે જગતમાં અદૃશ્ય રીતે ફરતાં) એવાં ત્રણ (લોઢાનાં, રૂપાનાં તથા તાંબાનાં) નગરોનો આશ્રય કરી લોકોનો વિનાશ કરવા લાગશે, ત્યારે તેઓની આગળ જે ભગવાન તેઓની બુદ્ધિને મોહ ઉપજાવનાર અને અત્યંત લોભાવનાર પાખંડવેષ પ્રકટ કરીને અનેક પ્રકારના પાખંડધર્મનો ઉપદેશ કરશે. (કલ્કિ અવતાર–) યુગના અંતસમયે જ્યારે સજ્જનોના ઘરમાં પણ હરિકથાઓ થશે નહિ; બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો પાખંડી થઈ જશે, રાજાઓ શૂદ્ર બની જશે અને સ્વાહા, સ્વધા તથા વષટ્–એવા પ્રકારની વાણી કોઈ પણ સ્થળે સંભળાશે નહિ, ત્યારે× ભગવાન કલ્કિનું સ્વરૂપ ધારણ કરી કલિયુગને શિક્ષા કરનાર થશે.[૩૭] (હવે સૃષ્ટિ વગેરે કાર્યના ભેદે જુદા જુદા અવતારોની વિભૂતિઓ કહે છે.) સૃષ્ટિની ઉત્પત્તિ માટે તપ, હું, મરીચ્યાદિ નવ ઋષિઓ અને દક્ષ વગેરે જે બીજા પ્રજાપતિઓ છે; તેમજ સૃષ્ટિના પાલનને માટે ધર્મ, વિષ્ણુ, મનુઓ, દેવો તથા રાજાઓ છે અને સૃષ્ટિના સંહારને માટે અધર્મ, રુદ્રદેવ, સર્પો તથા અસુરો વગેરે છે–તેઓ સઘળા એ મહાન શક્તિવાળા પરમેશ્વરની માયા–વિભૂતિઓજ છે.[૩૮, ૩૯] (આ બધું તો મેં સંક્ષેપમાંજ કહ્યું છે; વિસ્તારથી તો કોઈ પણ એ ભગવાનનો મહિમા કહી શકે તેમ છેજ નહિ–એ વાત કહે છે–) આ જગતમાં જેણે પૃથ્વીનાં રજકણોની પણ ગણતરી કરી હોય તેવો કયો વિદ્વાન પુરુષ છે, કે જે એ વ્યાપક દેવના પરાક્રમની ગણના કરવાને યોગ્ય થાય? અર્થાત્ તેવી યોગ્યતાવાળો કોઈ પણ પુરુષ છેજ નહિ. જે ભગવાને પોતાના ત્રિવિક્રમ અવતારમાં અસ્ખલિત એવા પોતાના પગના વેગથી અત્યંત કંપી ઊડેલા છેક પ્રકૃતિના આવરણથી આરંભીને સત્યલોકપર્યંતના સર્વ લોકને ધારણ કરી રાખ્યા હતા.[૪૦] હું કે તમારા મોટા ભાઈ આ સનકાદિ મુનિઓ પણ પરમપુરુષ પરમાત્માના માયાબળને જાણતા નથી, તો પછી બીજાઓ તો ક્યાંથીજ જાણે? જેમને એક હજાર મુખ છે, તે સનાતન આદિદેવ શેષનાગ જે ભગવાનના ગુણોનું ગાન કરે છે તે પણ આજપર્યંત એ ભગવાનના ગુણના પારને પામી શક્યા નથી.×[૪૧] તોપણ એ અનંત ભગવાનજ જેના ઉપર દયા કરે છે અને જે પુરુષો નિષ્કપટભાવે સર્વથા એ ભગવાનના ચરણનો આશ્રય કરે છે, તે પુરુષો ભગવાનની એ દુસ્તર માયાને તરી જાય છે.+ કેમકે એવા પુરુષોને કૂતરાં તથા શિયાળના ભક્ષ્યરૂપ આ શરીર પર 'મારૂં કે હું' એવી બુદ્ધિ હોતી નથી.[૪૨] હે નારદ! પરમપુરુષ તે પરમાત્માની યોગમાયાને હું જાણું છું; તેમજ તમે, ભગવાન શંકર, પ્રહ્લાદ, સ્વાયંભુવ મનુ, તેમનાં પત્ની શતરૂપા, તે મનુના પુત્ર–પ્રિયવ્રત અને ઉત્તાનપાદ તથા તે મનુની પુત્રીઓ–આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ; પ્રાચીનબર્હિષ રાજા, ઋભુ રાજા, અંગ રાજા (વેન રાજાનો પિતા), ધ્રુવ, ઇક્ષ્વાકુ, ઐલ, મુચુકુંદ, વિદેહ રાજા, ગાધિ, રઘુ, અંબરીષ, સગર, ગય, નહુષ, વગેરે; તેમજ માંધાતા, અલર્ક, શતધન્વા, અનુ, રંતિદેવ, ભીષ્મપિતામહ, બલિ રાજા,

× અર્થાત્ દેવકાર્ય તથા પિતૃકાર્યનો અતિશય વિનાશ થઇ જશે ત્યારે. —ભા. ક.

× છતાં આપણે કહી રહ્યા છીએ કે, અમે સર્વજ્ઞ છીએ; ખરેખર, આપણે મૂર્ખ છીએ; એ ભાવ છે.

—બાલપ્રબોધિની

+ વેદ પણ કહે છે–**तमेव विदित्वाऽति मृत्युमेति नान्यः पंथा विद्यतेऽयनाय** (वा. सं. ૩૧–૧૮)–અર્થાત્ જે ભગવાનને જાણીનેજ મનુષ્ય મોક્ષને પામે છે; મોક્ષપ્રાપ્તિને માટે બીજો માર્ગ નથી. આ ઉપરથી જ્ઞાનીઓજ મોક્ષને પામે છે, એમ દર્શાવ્યું છે. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અમૂર્તરય, દિલીપ, સૌભરી, ઉતંક, શિબિ, દેવલ, પિપ્પલાદ, સારસ્વત, ઉદ્ધવ, પરાશર, ભૂરિષેણ અને બીજા વિભીષણ, હનુમાન, શુકદેવ, અર્જુન, આર્ષ્ટિષેણ, વિદુર તેમજ શ્રુતદેવ વગેરે શ્રેષ્ઠ પુરુષો એ પરમાત્માની યોગમાયાને જાણે છે અને તરી પણ જાય છે; એટલુંજ નહિ પણ સ્ત્રીઓ, શૂદ્રો, હૂણો તથા ભીલો વગેરે પાપી જીવો અને પશુપક્ષીઓ પણ અદ્ભુત લીલાવાળા શ્રીહરિના ભક્તજનોના સદ્વર્તનનું એ શિક્ષણ લે, તો ભગવાનની તે માયાને (જાણે છે અને) તરી જાય છે; તો પછી વેદાર્થને ધારણ કરનારા બ્રાહ્મણ વગેરે ભગવાનની માયાને તરી જાય એમાં શું કહેવાનું હોય![૪૩-૪૬] મુનિઓ જેને 'બ્રહ્મ' એ પ્રમાણે જાણે છે, તેજ ભગવાનનું સ્વરૂપ છે. જે બ્રહ્મ નિત્ય સુખસ્વરૂપ છે, શોકરહિત છે, નિરંતર અત્યંત શાંત છે, ભયરહિત છે, કેવળ જ્ઞાનસ્વરૂપ છે, શુદ્ધ છે, ભેદરહિત છે, વિષયો તથા ઇન્દ્રિયોના સંગથી રહિત છે અને જ્ઞાતારૂપ જે આત્મા તેનુંજ સ્વરૂપ છે; વળી જે બ્રહ્મને વિષે શબ્દ—એટલે વાણી પહોંચી શકતી નથી; અને જ્યાં અનેક સાધનો વડે સાધ્ય એવું *ક્રિયાનું ફળ પણ પહોંચી શકતું નથી; માયા તો એ બ્રહ્મની સામે ઊભી રહેતાં જાણે શરમાતી હોય તેમ ત્યાંથી દૂરજ નાસી જાય છે; જેમ સ્વયં મેઘસ્વરૂપે વિરાજતો ઇન્દ્ર કૂવા વગેરે ખોદવાનાં સાધનો—કોશ તેમજ કોદાળી વગેરેને ગ્રહણ કરતો નથી, તેમ યોગીઓ÷ જે બ્રહ્મ વિષે મનને સ્થિર કરીને ભેદને દૂર કરવાનાં સર્વ સાધનોનો ત્યાગ કરે છે—તે તે સાધનો ઉપયોગી નહિ હોવાથી તેઓનો સ્વીકાર કરતા નથી. વળી તે ભગવાન સર્વ કલ્યાણોનાં ફળ આપનાર છે. કેમકે પ્રવર્તક એવા જે ભગવાન થકીજ બ્રાહ્મણ વગેરેના શમ—દમાદિ સ્વભાવોથી કરવામાં આવેલાં શુભ કર્મોની પ્રસિદ્ધિ છે.‡ જો કે પૃથ્વી આદિ મહાભૂતોનો વિયોગ થતાં શરીર નાશ પામે છે, છતાં તે શરીરમાં રહેલું આકાશ જેમ નાશ પામતું નથી, તેમ શરીરમાં રહેનારો અજન્મા આત્મા પણ નાશ પામતો નથી.+[૪૭-૪૯] હે તાત! સમગ્ર જગતના કારણભૂત તે આ ભગવાન જેવા સ્વરૂપવાળા છે, તે મેં તમને સંક્ષેપમાં કહ્યું છે; તે આજ કે, કાર્ય—કારણાત્મક એવું આ જે કંઈ (જગત) છે, તે શ્રીહરિથી ભિન્ન નથી; પણ કારણરૂપ શ્રીહરિ તો કાર્યરૂપ જગતથી ભિન્નજ છે.[૫૦] આ જ્ઞાન ભગવાને મને કહ્યું છે, તેથી આનું નામ ભાગવત છે. આ ભગવાનની વિભૂતિઓનો સં-

---

* ક્રિયાનું ફળ ચારજ પ્રકારનું હોય છેઃ—ઉત્પાદ્ય, આપ્ય, વિકાર્ય અને સંસ્કાર્ય. તેમાં માટીમાંથી ઘડો ઉત્પન્ન કરવો તે ઉત્પાદ્ય; ચાલવાની ક્રિયાદ્વારા એક ગામથી બીજા ગામની પ્રાપ્તિ તે આપ્ય (પ્રાપ્ય); કાળા રંગના ઘડાને અગ્નિમાં નાખવાથી લાલ રંગની પ્રાપ્તિ થવી તે વિકાર્ય: ચોથા સંસ્કાર્ય કર્મના બે વિભાગ છે— મલવિમોચન અને ગુણસ્થાપન. વસ્ત્રને ધોઇને મેલ દૂર કરવો, તે મલવિમોચન અને વસ્ત્ર પર રંગ ચડાવવો તે ગુણસ્થાપન. સંસારની સર્વ પ્રકારની ક્રિયાઓનાં ફળોનો આ ચાર પ્રકારની અંદરજ સમાવેશ થાય છે. આ ક્રિયાઓમાંથી કોઇ પણ પ્રકારની ક્રિયાદ્વારા બ્રહ્મની પ્રાપ્તિ થતી નથી. કારણકે જો બ્રહ્મની ઘડાની સમાન ઉત્પત્તિ થતી હોય તો ઉત્પાદ્ય કર્મથી પ્રાપ્ત કરી શકાય. જો બ્રહ્મ દૂર દેશમાં હોય તો આપ્ય ક્રિયાદ્વારા પામી શકાય; આત્માના સ્વરૂપનું પરિવર્તન થવાથી બ્રહ્મપ્રાપ્તિ થતી હોય તો વિકાર્ય ક્રિયાનો ઉપયોગ બની શકે; તેમજ આત્માના સ્વરૂપમાં મળ ન હોવાથી તથા આત્મા પર ગુણસ્થાપન ક્રિયા થતી ન હોવાથી સંસ્કાર્ય ક્રિયાથી પણ બ્રહ્મની પ્રાપ્તિ થઈ શકે નહિ. —भा. क.

÷ અથવા જેમ કોઇ દરિદ્ર માણસ સમૃદ્ધિમાન બની જઇને પોતે પોતાની પૂર્વની દરિદ્રાવસ્થામાં ગ્રહણ કરેલાં કૂવા વગેરે ખોદવાનાં સાધનોનો જેમ ત્યાગ કરે છે તેમ. —શ્રીધર

‡ અથવા તે ભગવાન સ્વર્ગાદિ ફળને આપનારા છે, કે જે ભગવાન થકી મહત્તત્ત્વ આદિ ભાવોના સ્વભાવના પરિણામથી થતા આ જગતની ઉત્પત્તિ થાય છે. —શ્રીધર

\+ અર્થાત્ કર્મના કર્તા—આત્માનો નાશ નથી, તેથી તેને સ્વર્ગાદિ ક્રમે ઈશ્વરદ્વારા અવશ્ય યોજવો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગ્રહ મેં તમને કહ્યો છે; તેનો તમે જગતમાં પ્રચાર કરો.[૫૧] આનું વર્ણન કરતાં સર્વના આત્મા અને સમગ્રના આધાર ભગવાન શ્રીહરિ વિષે મનુષ્યોની ભક્તિ થશે, એવો સંકલ્પ કરીને તમે આ ભાગવતનું (જગતમાં) વર્ણન કરો.*[૫૨] જે મનુષ્ય આ ઈશ્વરની લીલાનું નિત્ય વર્ણન કરે છે, શ્રદ્ધાથી શ્રવણ કરે છે અને અનુમોદન આપે છે, તેનો આત્મા માયાથી મોહ પામતો નથી."[૫૩]

मायां वर्णयतोऽमुष्य ईश्वरस्यानुमोदतः ।
शृण्वतः श्रद्धया नित्यं माययात्मा न मुह्यति ॥५३

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય ૭ મો સમાપ્ત

अध्याय ८ मो+

ઈશ્વર તથા જીવને શરીરનો સંબંધ થવામાં શું કારણ છે? વગેરે પરીક્ષિતના અનેક પ્રશ્નો

॥ राजोवाच ॥

ब्रह्मणा चोदितो ब्रह्मन् गुणाख्यानेऽगुणस्य च ।
यस्मै यस्मै यथा प्राह नारदो देवदर्शनः ॥ १ ॥

રાજાએ પૂછ્યું:–"હે બ્રહ્મન્! નિર્ગુણ એવા ભગવાનના ગુણોનું વર્ણન કરવા માટે બ્રહ્માએ પ્રેરણા કરી, એટલે દેવતુલ્ય જેમનું દર્શન છે એવા નારદજીએ, જેને જેને જે જે પ્રમાણે એ તત્ત્વરૂપ ભાગવતજ્ઞાન કહ્યું હોય, તે જાણવાની મને ઇચ્છા છે. હે વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ શુકદેવજી! અદ્‌ભુત પરાક્રમવાળા શ્રીહરિની લોકમાં અત્યંત મંગળસ્વરૂપ કથાઓ તમે મને કહો, કે જેથી હે મહાભાગ! હું મારા નિઃસંગ મનને સમગ્રના આત્મારૂપ શ્રીકૃષ્ણ વિષે સ્થાપીને શરીરનો ત્યાગ કરીશ.[૧–૩] જે મનુષ્ય ભગવાનનાં ચરિત્રોને શ્રદ્ધાપૂર્વક સાંભળે છે તથા ગાય છે તેના હૃદયમાં ભગવાન અલ્પ સમયમાં પ્રવેશ કરે છે.[૪] જેમ શરદ્‌ઋતુ જળના મેલને દૂર કરે છે, તેમ શ્રીકૃષ્ણ પોતાના ભક્તોના કાનના છિદ્રદ્વારા હૃદયકમળમાં પ્રવેશ કરીને ત્યાં રહેલાં સર્વ પાપોનો નાશ કરે છે.[૫] જેમ મુસાફરીથી આવેલો મનુષ્ય પોતાના ઘરને છોડતો નથી, તેમ નિષ્પાપ થયેલો પુરુષ, રાગ–દ્વેષ વગેરે સર્વ ક્લેશોનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણના ચરણમૂળનો ત્યાગ કરતો નથી.[૬] હે બ્રહ્મન્! આ આત્મા તો ધાતુરહિત છે--મહાભૂતોના સંબંધથી શૂન્ય છે; તો પછી એને પાંચ મહાભૂતોના સંબંધદ્વારા જે દેહારંભ થાય છે તે કોઈ કારણ વિના થાય છે કે કારણ વડે થાય છે, તે તમે જે પ્રમાણે જાણો છો તે પ્રમાણે કહો.[૭] જેમના નાભિકમળમાંથી લોકરચનારૂપી સ્વરૂપવાળું કમળ ઉત્પન્ન થયું હતું એવા તે પરમેશ્વર, આ લૌકિક પુરુષ જેટલા અવયવોથી યુક્ત છે તેટલાજ જુદા જુદા અવયવોથી જાણે યુક્ત હોય, એમ તમે કહ્યું; (તો એ પરમેશ્વરમાં અને આ જગતના પુરુષોમાં ભેદ શો?)[૮] પ્રાણીમાત્રના નિયંતા બ્રહ્મદેવ, જે ભગવાનના નાભિકમળમાંથી ઉત્પન્ન થઈ, જે ભગવાનના અનુગ્રહથી પ્રાણીઓને સરજે છે અને જેમના અનુગ્રહ વડેજ તે પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર બ્રહ્મદેવે કર્યો હતો; (તે ભગવાનમાં અને જગતના પુરુષમાં અવશ્ય ભેદ તો કહેવોજ જોઇએ!)[૯] જેમનાથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય થાય છે, જે પ્રાણીમાત્રના અંતર્યામી છે અને માયાના નિયંતા છે તે પુરુષ–ભગવાન, પોતાની માયાનો ત્યાગ કરી જે સ્વરૂપે સ્થિતિ કરે છે, તે મને યથાર્થ રીતે કહેવાને તમે યોગ્ય છો.[૧૦] અમે આપના મુખથી સાંભળ્યું છે કે, 'એ પુરુષ–ભગવાનના અવયવો વડે આ લોકપાલો સહિત લોકો પ્રથમ રચાયા છે અને લોકપાલો સહિત આ સમગ્ર લોકોથી તે પુરુષના અવયવો

* કહેવાનો આશય એ છે કે, ભક્તિરસનો નાશ કરી કેવળ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ભાગવતનું વર્ણન કરશો નહિ. —શ્રીધર

\+ આ અધ્યાયમાં ઈશ્વર તથા જીવને દેહના સંબંધ વિષે શંકા કરતા પરીક્ષિત રાજાએ, જાણવા ઇચ્છેલા અનેક પુરાણોના અર્થ પૂછ્યા, તે કથા કહેવાશે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રચાયા છે' તો તે સંબંધે પણ યથાર્થ રીતે કહેવાને તમે યોગ્ય છો.*[૧૧] વળી તે ઉપરાંત મહાકલ્પ તથા અવાંતરકલ્પનું જેટલું પ્રમાણ હોય અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાન શબ્દથી કહેવાતો કાળ જેવી રીતે અનુમાનથી જણાય છે અને સ્થૂલદેહના અભિમાની મનુષ્યો, પિતૃઓ તથા દેવોના આયુષનું પ્રમાણ જેટલું હોય તે પણ કહેવાને યોગ્ય છો.[૧૨] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! કાળની પ્રવૃત્તિ જે સૂક્ષ્મ તથા મોટી જોવામાં આવે છે અને કર્મની જેટલી ગતિઓ છે–એટલે કર્મથી પ્રાપ્ત કરવા યોગ્ય સ્થાનોની જેટલી સંખ્યા છે, તે પણ કહેવાને તમે યોગ્ય છો.[૧૩] સત્ત્વ, રજસ્ અને તમસ–એ ગુણોના પરિણામરૂપ દેવ વગેરે સ્વરૂપને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા જીવોમાં, જે અધિકારી જીવ, જે દેવાદિ સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે, જે પુણ્ય-પાપરૂપ કર્મસમુદાયને જે પ્રકારે આચરે છે, તે પણ કહેવાને તમે યોગ્ય છો–અર્થાત્ કયો કર્મસમુદાય કેવા પ્રકારે કરવાથી કયો અધિકારી જીવ દેવ વગેરેનાં સ્વરૂપને પ્રાપ્ત કરે છે?[૧૪] પૃથ્વી, પાતાલ, દિશાઓ, આકાશ, ગ્રહો, નક્ષત્રો, પર્વતો, નદીઓ, સમુદ્રો અને દ્વીપો કેવી રીતે ઉત્પન્ન થયા છે? તેમજ તે તે સ્થાનોમાં વસતાં પ્રાણીઓ કેવી રીતે ઉત્પન્ન થયાં છે?[૧૫] આ બ્રહ્માંડનું બહારથી અને અંદરથી કેટલું પ્રમાણ છે? મહાન પુરુષોનાં ચરિત્રોનો અને વર્ણો તથા આશ્રમોનો નિશ્ચય શો છે? તે પણ કહેવાને તમે યોગ્ય છો.[૧૬] શ્રીહરિનાં અત્યંત આશ્ચર્યકારક જે અવતારચરિત્રો છે; યુગ અને યુગનું પ્રમાણ જે પ્રમાણે હોય તેમજ પ્રત્યેક યુગમાં જે જે ધર્મ હોય તે પણ કહો.[૧૭] વર્ણો તથા આશ્રમો જેના કારણરૂપ છે એવો, મનુષ્યોનો સાધારણ ધર્મ જે પ્રકારે હોય; તે તે વ્યવહાર પર જીવનારાઓનો જેવો વ્યવહારધર્મ હોય; રાજર્ષિઓનો જે ધર્મ હોય, અને આપત્તિકાળે જીવનારાઓનો જે ધર્મ હોય તે પણ યથાર્થ રીતે કહો.[૧૮] પ્રકૃતિ વગેરે તત્ત્વોની સંખ્યા કેટલી છે? તેઓનું સ્વરૂપ અને હેતુપૂર્વક લક્ષણ શું છે? પરમાત્માની પૂજાનો વિધિ કયો છે? અષ્ટાંગયોગનો તથા આધ્યાત્મિક યોગનો વિધિ શો? યોગેશ્વરોની અણિમાદિ ઐશ્વર્યદ્વારા અર્ચિરાદિ ગતિ કેવી રીતે થાય છે? યોગીઓના લિંગશરીરનો નાશ કેવી રીતે થાય છે? ઋગ્વેદ વગેરે વેદો, આયુર્વેદ વગેરે ઉપવેદો, ધર્મશાસ્ત્રો, ઇતિહાસો અને પુરાણોનું સ્વરૂપ શું? તે કહો. પ્રાણીમાત્રનો અવાંતરપ્રલય અથવા ઉત્પત્તિ, સ્થિતિ અને મહાપ્રલય (કેવી રીતે થાય છે? તે) કહો. તેમજ ઇષ્ટ* એટલે વૈદિક કર્મનો અને પૂર્ત+ એટલે સ્માર્ત કર્મનો તેમજ અગ્નિહોત્રાદિ કામ્યકર્મોનો વિધિ કહો. વળી ધર્માર્થકામરૂપ જે ત્રિવર્ગ તેનો પણ જેમાં પરસ્પર વિરોધ આવતો ન હોય તે વિધિ કહો.[૧૯-૨૧] વળી જેઓની ઉપાધિ લય પામી ગઈ હોય એવા જીવોની ઉત્પત્તિ, પાખંડધર્મની ઉત્પત્તિ, જીવનો બંધ તથા મોક્ષ અને તે જીવનું બંધ તથા મોક્ષથી ભિન્નસ્વરૂપે જે રહેવું, તે પણ યથાર્થ રીતે કહેવાને તમે યોગ્ય છો.[૨૨] તેમજ વ્યાપક ભગવાન પોતે સ્વતંત્ર છતાં સ્વશક્તિરૂપ માયાનો આશ્રય કરી જેવી રીતે ક્રીડા કરે છે અને માયાનો ત્યાગ

* આ પ્રશ્ન પૂછવાનો આશય એ છે કે, તમે જ્યારે આમ કહો છો ત્યારે વેદ વળી આમ કહે છેઃ– **धाता यथापूर्वमकल्पयत् (ऋ. सं. १०-८५-३०)** તે પરમેશ્વરે પૂર્વની પેઠે સમગ્ર રચ્યું. તો આમ વેદવચન સાથે વિરોધ આવે છે. **—बालप्रबोधिनी**

* **अग्निहोत्रं तपः सत्यं वेदानां चानुपालनम्।**
आतिथ्यं वैश्वदेवं च इष्टमित्यभिधीयते॥
હોમ, તપ, સત્ય, વેદોની આજ્ઞાનું પાલન, અતિથિસત્કાર અને વૈશ્વદેવ–એ છ કર્મ ઇષ્ટકર્મ છે.

\+ **वापीकूपतडागादिदेवतायतनानि च।**
अन्नप्रदानमारामः पूर्तमित्यभिधीयते॥
અર્થાત્ વાવ, કૂવા, તળાવો તથા દેવમંદિરો બંધાવવાં, અન્નદાન કરવું અને બાગ-બગીચાઓ કરાવવા–વગેરે પૂર્તકર્મ કહેવાય છે. **—श्रीधर**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરી સાક્ષીની પેઠે ઉદાસીન રહે છે, તે પણ કહેવાને યોગ્ય છો.[૨૩] હે ભગવન્! આ સર્વ હું આપને પૂછું છું; તો હે મહામુનિ! આપને શરણે આવેલા મને અનુક્રમે તે સર્વ યથાર્થ રીતે કહેવાને આપ યોગ્ય છો.[૨૪] જેવી રીતે સ્વયંભૂ બ્રહ્મદેવ આ વિષયમાં સારી રીતે જાણે છે, તેમ આપ પણ આ વિષયના સારી રીતે જ્ઞાતા છો. બાકી બીજાઓ તો આ જગતમાં પોતાના પૂર્વજોના પૂર્વજોએ જે કંઈ કર્યું હોય, તેજ કરનારા હોય છે.+[૨૫] હે બ્રહ્મન્! ભગવાનની કથારૂપ અમૃતનું પાન કરી રહેલા મારા પ્રાણ, (મેં લીધેલા) અનશનવ્રતથી કે કોપેલા બ્રાહ્મણના શાપથી વ્યાકુળ થતા નથી અને ભગવાનની કથા વિના બીજે ક્યાંય પણ જતા નથી."[૨૬]

સૂત બોલ્યા:—રાજા પરીક્ષિતે સભામાં એ પ્રમાણે ભગવાનની કથા વિષે પ્રશ્ન કર્યો, એટલે તે શુકદેવજી અત્યંત પ્રસન્ન થયા.[૨૭] તેમણે ભાગવત નામનું બ્રહ્મતુલ્ય પુરાણ કહેવાનો આરંભ કર્યો, જે પુરાણ પૂર્વે બ્રહ્મકલ્પનો સમય પ્રાપ્ત થયો ત્યારે ભગવાને બ્રહ્માને કહ્યું હતું.[૨૮] પાંડુવંશમાં શ્રેષ્ઠ એવા પરીક્ષિત રાજાએ જે જે પ્રશ્નો કર્યા હતા, તે સર્વ અનુક્રમે તેમણે કહેવા માંડ્યા.[૨૯]

यद्यत्परीक्षिद् वृषभः पांडूनामनुपृच्छति ।
आनुपूर्व्येण तत्सर्वमाख्यातुमुपचक्रमे ॥ २९ ॥

ઇતિ શ્રીમદ્ભાગવતમહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય ૮ મો સમાપ્ત

+ કહેવા એ માગે છે કે, આ સર્વ જ્ઞાન, બ્રહ્માથી નારદને, નારદથી વ્યાસને અને વ્યાસથી આપને એમ સંપ્રદાયપૂર્વક આપને પ્રાપ્ત થયું છે. આપ વિના બીજાઓ તો ઘણું કરીને ગતાનુગતિક છે—ગાડરિયા પ્રવાહને અનુસરનારા હોય છે. —**શ્રીધર**

અધ્યાય ૯ મો*

પરીક્ષિત રાજાના પ્રશ્નના ઉત્તર-ભગવાને બ્રહ્મદેવને કહેલા ચતુઃશ્લોકી ભાગવતનો ઉપદેશ

॥ श्रीशुक उवाच ॥

आत्ममायामृते राजन् परस्यानुभवमात्मनः ।
न घटेतार्थसंबंधः स्वप्नद्रष्टुरिवांजसा ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:—"હે રાજન્! જેમ સ્વપ્ન જોનાર મનુષ્યને એ સ્વપ્નમાં જોયેલા શરીર સાથેનો સંબંધ ઘટતો નથી, તેમ સચ્ચિદાનંદ-અનુભવસ્વરૂપ અને દેહાદિથી ભિન્ન એવા આત્માને પોતાની×માયા વિના દેહાદિ દશ્યપદાર્થ સાથેનો સંબંધ તત્ત્વદૃષ્ટિએ ઘટતો નથી.‡[૧] (આ સંસાર પણ માયાથીજ છે–) અનેક સ્વરૂપવાળી માયાને લીધેજ આત્મા અનેક સ્વરૂપવાળો હોય તેમ જણાય છે. (વસ્તુતઃ આત્મા એકજ છે.) એ માયાના ગુણ દેહાદિ વિષે ક્રીડા કરતો આત્મા 'હું, મારૂં' એમ માને છે, પણ તે માન્યતા માયાને લીધેજ છે.+[૨] એ આત્મા જ્યારે કાળ અને માયાથી પર એવા પોતાના મહિમા વિષેજ રમણ કરે છે, ત્યારે મોહરહિત થઈ 'હું અને મારૂં' એ બન્ને અભિમાન તજી દઈને પૂર્ણસ્વરૂપે રહે છે.÷[૩] આ આત્મતત્ત્વના જ્ઞાન-માટેજ ભગવાને બ્રહ્મદેવના નિષ્કપટ તપથી

* આ અધ્યાયમાં પરીક્ષિતના પ્રશ્નોના ઉત્તર કહેતા શુકદેવજી, શ્રીહરિએ બ્રહ્માને કહેલું ચતુઃશ્લોકી ભાગવત કહે છે. —**શ્રીધર**

× **एकोऽहं बहु स्याम्** (छां. उ, ६-२-३) 'હું એક છું, અનેક સ્વરૂપે થાઉં' એ સંકલ્પરૂપ પોતાની માયા. —**बालप्रबोधिनी**

‡ જીવને દેહ સાથે સંબંધ કેવી રીતે છે? એ પ્રશ્નનો આ ઉત્તર છે. —**શ્રીધર**

+ અને તેથીજ ભક્તિયોગદ્વારા એ માયાને દૂર કરી આત્માનો મોક્ષ પણ ઘટે છે, એ વાત હવે પછીના શ્લોકમાં કહે છે. —**भा. क.**

÷ અર્થાત્ સંસારથી મુક્ત થાય છે. —**बालप्रबोधिनी**

तदैक्षत बहु स्यां प्रजायेयेति ॥ छां. उ. ॥६।२।३॥ पृ. ५८६५

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રસન્ન થઇ તેમને પોતાના સત્ય સ્વરૂપનું દર્શન કરાવી તપ વગેરેથી પોતાનું ભજન કરવા તેમને કહ્યું હતું.§[4] જગતના* પરમગુરુ આદિદેવ બ્રહ્માએ, પોતાના કમલાસનમાં બેસીને જગતને સૃજવાની ઇચ્છાથી જ્યારે વિચાર કરવા માંડ્યો, ત્યારે જેથી આ સૃષ્ટિરચના થઇ શકે તેવી યથાર્થ બુદ્ધિ તેમને પ્રાપ્ત થઇ નહિ.[5] બ્રહ્મદેવ એ પ્રમાણે વિચાર કરતા હતા, ત્યાં એક સમયે જળમાંથી બે વાર બોલાયેલું બે અક્ષરોવાળું વચન તેમણે સાંભળ્યું. એ વચનમાં પહેલો અક્ષર (क થી म સુધીના) સ્પર્શવ્યંજન પૈકી સોળમો અક્ષર 'त' હતો અને બીજો અક્ષર એકવીસમો 'प' હતો. હે રાજા! તે આ 'तप' નિષ્કિંચન-મુનિઓનું ધન કહેવાય છે.[6] બ્રહ્માએ તે વચન સાંભળ્યા પછી એ વચન બોલનારને જોવાની ઇચ્છાથી દિશાઓમાં જોવા માંડ્યું; પણ ત્યાં બીજું કંઇ જોવામાં આવ્યું નહિ. પછી ફરી પોતાના આસન પર સ્થિર બેસીને તેમણે પોતાને કોઇએ તપ કરવાની જાણે પ્રેરણા કરી હોય અને તે તપજ જાણે પોતાનું હિતકારી છે, એવો વિચાર કરી તપ કરવામાં મનને જોડી દીધું.[7] તે પછી ('तप, तप' એ વચનના અર્થમાં) જેમને અમોઘ જ્ઞાન થયું હતું, જેમણે પ્રાણવાયુને તથા મનને જીતી લીધાં હતાં અને જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિય-એ બન્નેને જેમણે વશ કર્યાં હતાં, એવા તે મહાન તપસ્વી બ્રહ્મદેવે સમાધિનિષ્ઠ થઇ દેવતાઓનાં એક હજાર વર્ષ સુધી સર્વ લોકોને પ્રકાશ કરનારું તપ કર્યું.[8]

§ કહેવાનો ભાવ આ છે કે, જીવને અવિદ્યાને લીધે મિથ્યારૂપ દેહનો સંબંધ થાય છે; ત્યારે ઈશ્વર તો પોતાની યોગમાયાથી લીલાવતાર ધારણ કરે છે. આ રીતે જીવ અને ઈશ્વરમાં ઘણીજ વિશેષતા છે, અને તેથીજ ઈશ્વરનું ભજન કરતાં જીવને મોક્ષની પ્રાપ્તિ થાય છે. —શ્રીધર

* ભગવાનના ભજનથીજ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે, એ કહેવાને બ્રહ્માને પણ ભગવાનની કૃપાથીજ તત્ત્વજ્ઞાન થયું હતું-એ અહીંથી કહે છે. —શ્રીધર

બ્રહ્માએ એ પ્રમાણે તપથી આરાધન કર્યું એટલે ભગવાને (પ્રસન્ન થઇને) તેમને પોતાના શ્રેષ્ઠ વૈકુંઠલોકનાં દર્શન કરાવ્યાં, જે વૈકુંઠલોકના કરતાં બીજું કંઈ ઉત્કૃષ્ટ નથી, જેનાથી સર્વ ક્લેશો, મોહ તથા ભય દૂરજ રહે છે અને ઉત્તમ પુણ્યવાળા આત્મવેત્તા પુરુષો જ લોકની સ્તુતિ કરે છે.[9] વળી જ્યાં રજોગુણ, તમોગુણ અને રજોગુણ-તમોગુણથી મિશ્ર સત્ત્વગુણ પણ નથી; જ્યાં કાળનું પરાક્રમ નથી અને માયા પણ નથી; તો પછી એ માયાથી થનારા રાગ-લોભ વગેરે તો ક્યાંથીજ હોય? એ લોકમાં દેવો તથા અસુરોથી પૂજાયલા શ્રીહરિ વાસ કરે છે.[10] તેઓ સર્વે શ્યામ અને ઉજ્જવળ છે, કમળ સમાન નેત્રવાળા છે, પીળાં વસ્ત્ર ધારણ કરે છે, સુંદર કાંતિવાળા છે, અત્યંત સુકુમાર છે, ચાર ભુજાવાળા છે, પ્રકટ કાંતિવાળાં અને શ્રેષ્ઠ મણિઓથી જડેલાં પદકો તથા આભૂષણોને તેઓ ધારણ કરે છે, અત્યંત તેજસ્વી છે અને પ્રકાશમાન કુંડળો, મુકુટો તથા માળાઓને તેઓ ધારણ કરે છે.[11] વળી જે વૈકુંઠલોક, મહાત્માપુરુષોનાં ઝગહળતાં સુશોભિત વિમાનોની પંક્તિ વડે ચોતરફ અત્યંત પ્રકાશે છે અને વીજળીયુક્ત મેઘપંક્તિથી જેમ આકાશ શોભે તેમ ઉત્તમ સ્ત્રીઓની કાંતિથી શોભી રહ્યો છે;[12] જ્યાં સાક્ષાત્ લક્ષ્મીદેવી, શ્રીભગવાનનાં ચરણોની વિવિધ વૈભવોથી અનેક પ્રકારે પૂજા કરે છે અને હીંડોળા ઉપર બેઠેલાં તે દેવીને વસંતઋતુના ભ્રમરો વિવિધ પ્રકારે ગાય છે ને તે પોતે પણ પોતાના પતિ ભગવાનનાં કર્મો ગાઇ રહ્યાં છે;[13] એ વૈકુંઠલોકમાં બ્રહ્મદેવે ભગવાનનાં દર્શન કર્યાં, કે જે ભગવાન સમગ્ર ભક્તોના પાલક છે, લક્ષ્મીના પતિ છે, યજ્ઞના સ્વામી છે, જગતનું રક્ષણ કરનારા છે અને સુનંદ, નંદ, પ્રબલ તથા અર્હણ વગેરે પોતાના મુખ્ય પાર્ષદોથી સેવાઇ રહ્યા છે.[14] વળી જે ભગવાન ભક્તો ઉપર કૃપા કરવામાં તત્પર રહે છે, જેમની દૃષ્ટિ દર્શન કરનારાઓને આનંદકારક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0, In Public Domain, Digitization by eGangotri

છે, જેમનું હાસ્ય પ્રસન્ન છે, જેમનાં નેત્ર અને મુખ લાલવર્ણાં છે, મુકુટ અને કુંડળો જેમણે ધારણ કર્યાં છે, જે ચાર ભુજાઓવાળા છે, પીળાં વસ્ત્ર ધારણ કરે છે; વક્ષઃસ્થળમાં રહેલાં લક્ષ્મીથી શોભાયમાન છે, શ્રેષ્ઠ સિંહાસન ઉપર બિરાજમાન છે, સર્વથી પર છે, પ્રકૃતિ–પુરુષ–મહત્તત્ત્વ–અહંકાર–અગિયાર ઇન્દ્રિયો–પાંચ મહાભૂતો–પાંચ તન્માત્રાઓરૂપ શક્તિઓથી વીંટાયલા છે, પોતાનાં સ્વાભાવિક ઐશ્વર્યો કે જે યોગીઓ વિષે નાશવંત જોવામાં આવે છે–તેથી યુક્ત છે, જે પોતાના સ્વરૂપમાંજ રમણ કરી રહ્યા છે અને જે સર્વના ઈશ્વર છે.[૧૫।૧૬] આવા તે ભગવાનનાં દર્શનથી બ્રહ્માનું હૃદય આનંદવડે વ્યાપ્ત થઇ ગયું, તેમનું શરીર રોમાંચિત થયું અને તેમનાં નેત્રોમાં અતિશય પ્રેમને લીધે અશ્રુઓ આવી રહ્યાં. પછી જગતના સ્રષ્ટા તે બ્રહ્મદેવે, ભગવાનના ચરણકમળને પ્રણામ કર્યા, કે જે ચરણકમળ કેવળ જ્ઞાનમાર્ગથી પ્રાપ્ત થઇ શકે છે.[૧૭] એ સમયે પોતાની સમીપ આવી પ્રસન્ન થયેલા અને પ્રજાને સૃજવાના કાર્યમાં પોતાની આજ્ઞાને માટે યોગ્ય એવા તે પ્રિય બ્રહ્મદેવને ભગવાન, પ્રસન્નચિત્તે તેમના હાથનો સ્પર્શ કરી પ્રસન્ન થઈને મંદહાસ્યપૂર્વક શોભતી વાણી વડે કહેવા લાગ્યા.[૧૮]

શ્રીભગવાન બોલ્યાઃ–'હે વેદગર્ભ બ્રહ્મદેવ! તમે સૃષ્ટિને સૃજવાની ઇચ્છાથી લાંબા કાળ સુધી કરવામાં આવેલા તપ વડે મને સારી રીતે પ્રસન્ન કર્યો છે, પણ છળકપટથી યોગ સાધનારા યોગીઓ મને પ્રસન્ન કરી શકતા નથી.[૧૯] હે બ્રહ્મદેવ! તમારૂં કલ્યાણ થાઓ. હું સર્વ વરનો સ્વામી છું; માટે તમે મારી પાસે ઇચ્છિત વર માગો. પુરુષને કલ્યાણોના સંબંધમાં જે પરિશ્રમ કરવો પડે છે, તે મારા દર્શન સુધીનો છે–અર્થાત્ મારૂં દર્શન થતાં હરકોઈ ફળને માટે પરિશ્રમ કરવો રહેતો નથી; કેમકે મારા દર્શનથી અધિક બીજું કંઈ ફળ નથી.[૨૦] તમને મારા આ લોકનાં જે દર્શન થયાં તે મારી ઇચ્છાનોજ પ્રભાવ છે અને તેથીજ એકાંતમાં 'તપ, તપ' એવું વચન સાંભળ્યા પછી તમે શ્રેષ્ઠ તપ કર્યું હતું ÷.[૨૧] તમે તે સમયે સૃષ્ટિરચનાના કાર્યમાં જ્યારે મૂઢ બની ગયા હતા, ત્યારે મેંજ તમને તપ કરવાનો ઉપદેશ કર્યો હતો; કેમકે હે નિર્દોષ બ્રહ્મા! તપ મારૂં હૃદય છે–મારી આભ્યંતર શક્તિ છે અને તપનો હું સાક્ષાત્ આત્મા છું–તપ એ મારૂંજ સાક્ષાત્ સ્વરૂપ × છે. હું પોતે પણ તપ વડેજ આ જગતને સૃજું છું, પાળું છું અને સંહારૂં છું. દુશ્ચર તપ એજ મારૂં વીર્ય છે–શક્તિ છે–સામર્થ્ય છે.'[૨૨।૨૩]

બ્રહ્માએ કહ્યુંઃ–'હે ભગવન્! આપ પ્રાણીમાત્રની બુદ્ધિમાં દ્રષ્ટા તરીકે રહ્યા છો, તેથી પોતાના અસ્ખલિત ઉત્તમ જ્ઞાન વડે સર્વના કર્તવ્યને જો કે જાણો છો,[૨૪] તોપણ હે નાથ! રૂપરહિત એવાં પણ આપનાં જે સ્થૂલ અને સૂક્ષ્મ બે સ્વરૂપો છે તેમને હું જાણી શકું, એવી હું યાચના કરૂં છું, તે મને આપો–એ મારી પ્રાર્થના પૂર્ણ કરો.[૨૫] હે અમોઘ સંકલ્પવાળા ભગવન્! આપ પોતાની માયાના યોગથી અનેક શક્તિઓથી ભરેલા આ જગતને ઉત્પન્ન કરતા, રક્ષણ કરતા અને સંહાર કરતા પોતેજ બ્રહ્માદિ સ્વરૂપોને ગ્રહો છો અને ક્રીડા કરો છો. જેમ કરોળિયો પોતાની લાળ વડે પોતાને ઢાંકી દે છે, તેમ આપ પણ માયાવડે પોતાના સ્વરૂપને ઢાંકી દો છો; તો હે માધવ! આપ મારા વિષે તે આપના સ્વરૂપજ્ઞાનના વિષયવાળી બુદ્ધિને સ્થાપો. હું આપની શિક્ષા પ્રમાણે આળસનો ત્યાગ કરીને અવશ્ય પ્રજાનું સર્જન કરીશ, પણ આપની કૃપાથી પ્રજા-

÷ કહેવાનો ભાવ એ છે કે, તમે ન માનશો કે, મેં આ બધું મારા તપોબળથી સ્વતંત્ર રીતે પ્રાપ્ત કર્યું છે! આ બધું મારી કૃપાથીજ થયું છે. તમે જે તપ કર્યું તે પણ મારીજ ઇચ્છાથી. —શ્રીધર

× વેદ પણ કહે છે–यस्य ज्ञानमयं तपः (मुं. उ. १-१-९) જ્ઞાનમય જે તપ તે ઈશ્વરનું સ્વરૂપ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સૃષ્ટિને કરતાં હું અહંકાર વગેરેદ્વારા બંધાઇ ન જાઉં–એ મારી પ્રાર્થના છે. હે ઇશ! જેમ મિત્ર મિત્રનું સન્માન કરે, તેમ આપે મારા હાથનો સ્પર્શ વગેરે કરીને મારૂં સન્માન કર્યું છે; તો હું આ પ્રજાસૃષ્ટિરૂપી આપની સેવામાં સાવધાન થઇને જ્યાંસુધી ઉત્તમ, મધ્યમ તથા અધમ એવા ભેદોથી પ્રજાઓને ઉત્પન્ન કરૂં ત્યાંસુધી 'હું પણ એક અજન્મા કે સ્વતંત્ર છું.' આમ માનતાં મને ઉત્કટ મદ ન થાઓ.[૨૬–૨૯]

શ્રીભગવાન બોલ્યાઃ–'હું તમને અનુભવ સહિત અને ભક્તિથી યુક્ત એવું પરમ ગુહ્ય જ્ઞાન તથા તેનાં સાધનો કહું છું, તે તમે ગ્રહણ કરો.[૩૦] તેમજ હું જેવા સ્વરૂપવાળો છું, જેવી સત્તાવાળો છું અને જેવાં રૂપ, ગુણ તથા કર્મોવાળો છું, તે સર્વનું તાત્ત્વિક જ્ઞાન તમને મારી કૃપાથી પ્રાપ્ત થાઓ.[૩૧] *(તે જ્ઞાન આ પ્રમાણે છે–) સૃષ્ટિની પૂર્વે હુંજ હતો,+ બીજું જે કંઇ સ્થૂલ, સૂક્ષ્મ અને એ બન્નેનું કારણ માયા વગેરે છે, તે કંઇ ન હતું. (કેમકે તે માયા પણ તે વખતે અંતર્મુખપણે મારામાં લીન થઈ ગઈ હતી.) સૃષ્ટિની પછી પણ હુંજ રહું છું. જે આ જગત જોવામાં આવે છે તે પણ હુંજ છું અને પ્રલય થયા પછી જે કંઇ બાકી રહે છે તે પણ હુંજ છું.× જે વાસ્તવિક વસ્તુ નથી તે પણ જેને લીધે આત્મારૂપ અધિષ્ઠાનમાં જણાય છે અને જે વાસ્તવિક વસ્તુ છે તે નથી જણાતી, તેને મારી માયા જાણવી. દૃષ્ટાંત તરીકે ચંદ્ર એકજ છે તોપણ નેત્રના કંઇ વિકારને લીધે ચંદ્ર બે છે, એવો આભાસ થાય છે; અને રાહુ, ગ્રહમંડળમાં રહેલો છે, તોપણ દેખાતો નથી.+[૩૨,૩૩] જેમ પાંચ મહાભૂતો નાનામોટા પ્રત્યેક ભૌતિક પદાર્થોમાં સૃષ્ટિની પાછળ દાખલ થયેલાં છે (કેમકે તે તે પદાર્થોમાં તેઓ જોવામાં આવે છે) અને દાખલ થયેલાં પણ નથી. (કેમકે સૃષ્ટિની પહેલાંજ કારણસ્વરૂપે તે મહાભૂતો તે તે ભૌતિક પદાર્થોમાં રહેલાંજ છે.) તેમ હું પણ તે તે મહાભૂતોમાં અને સર્વ ભૌતિક પદાર્થોમાં રહ્યો છું, છતાં નથી પણ રહ્યો.‡ (આવી મારી સત્તા છે–સર્વત્ર સ્થિતિ છે.)[૩૪] આત્માના તત્ત્વને (તાત્ત્વિક સ્વરૂપને) જાણવાની ઇચ્છાવાળા પુરુષે બસ એટલુંજ જાણવાનું છે–વિચારવાનું છે કે, જે વસ્તુ અન્વય અને વ્યતિરેકથી* સર્વ સ્થળે સર્વદા હોય તેજ આત્મા છે.×[૩૫] તમે

* અહીંથી ચાર શ્લોક તેજ ચતુઃશ્લોકી ભાગવત કહેવાય છે. ભા. ક.

+ હુંજ હતો–એટલે કેવળ હતોજ; નહિ કે તે વખતે બીજું કંઇ કરતો હતો; —શ્રીધર

× આ ઉપરથી એમ કહેવા માગે છે કે, હું અનાદિ, અનંત અને અદ્વિતીય હોવાથી પરિપૂર્ણ છું અને આવું મારૂં સ્વરૂપ છે. —શ્રીધર

મારી સત્તા (હોવાપણું) ત્રણે કાળમાં વ્યાપક છે, એમ અહીં દર્શાવ્યું છે. —બાલપ્રબોધિની

+ આ શ્લોકમાં માયાનું સ્વરૂપ વર્ણવ્યું છે.–શ્રીધર

અર્થાત્ આત્મા વિષે કૃશપણું વગેરે દેહધર્મ, કાણાપણું વગેરે ઇંદ્રિયધર્મ, ક્ષુધા વગેરે પ્રાણધર્મ અને દુઃખીપણું વગેરે અંતઃકરણના ધર્મ ખરી રીતે નથી, છતાં જેમ જોવામાં આવે છે અને પોતાનામાં વાસ્તવિક રહેલું ભગવાનનું અંશપણું–સચ્ચિદાનંદપણું વગેરે જેને લીધે જોવામાં આવતાં નથી, એ મારી માયા છે. —બાલપ્રબોધિની

‡ કારણકે તે તે સર્વ પદાર્થોમાં તેની તેની ઉત્પત્તિ પહેલાં કારણસ્વરૂપે હું રહેલો છું તેથી.

* અન્વય અને વ્યતિરેક તે આ પ્રમાણે–દરેક કાર્યોમાં કારણસ્વરૂપે જે રહેવું તે અન્વય છે અને કારણઅવસ્થામાં તે તે કાર્યોથી જે જુદા થવું, તે વ્યતિરેક છે. અર્થાત્ જાગ્રતાદિ અવસ્થામાં તે તે અવસ્થાના સાક્ષીરૂપે આત્માનો અન્વય છે; અને સમાધિ વગેરેમાં જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિથી વ્યતિરેક છે. —શ્રીધર

× અન્વયવ્યતિરેક પંચદશી નામના વેદાંત ગ્રંથમાં નીચે પ્રમાણે કહેલ છેઃ–

अभाने स्थूलदेहस्य स्वप्ने यद्भानमात्मनः।
सोऽन्वयो व्यतिरेकस्तद्भानेऽन्यानवभासनम्॥
(तत्त्वविवेक ॥३८॥)

સ્વપ્નાવસ્થામાં સ્થૂલદેહનું ભાન ન હોવા છતાં આત્માનું જે ભાન તે અન્વય તથા આત્માનું ભાન હોઇને સ્થૂલદેહનું વિસ્મરણ થવું, તે વ્યતિરેક છે–

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ મારા મતને સારી રીતે એકાગ્ર ચિત્ત કરીને અનુસરો; જેથી તમે પ્રત્યેક કલ્પની ભિન્ન ભિન્ન સૃષ્ટિઓમાં મોહ પામશો નહિ-પોતાને કર્તા તરીકે માની અભિમાન કરશો નહિ.[૩૬]

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"અજન્મા શ્રીહરિ મનુષ્યોના પરમ અધિપતિ બ્રહ્મદેવને એ પ્રમાણે ઉપદેશ કરીને તેમના દેખતાંજ અદશ્ય થઇ ગયા.[૩૭] તે પછી સર્વભૂતમય એવા બ્રહ્મદેવે જેમનું પ્રત્યક્ષ સ્વરૂપ અદશ્ય થયું હતું, એવા શ્રીહરિને બે હાથ જોડી પ્રણામ કર્યા અને પૂર્વકલ્પમાં જે પ્રમાણે આ જગત હતું, તે પ્રમાણે તેમણે સર્જ્યું.[૩૮] તે પછી ધર્મનું રક્ષણ કરનારા પ્રજાપતિ બ્રહ્મદેવ એક સમયે પ્રજાઓનું કલ્યાણ‡ ઇચ્છીને તેજ પ્રજાકલ્યાણરૂપી સ્વાર્થની ઇચ્છાથી યમનિયમોને પાળવા લાગ્યા.[૩૯] તે સમયે પુત્રોમાં અત્યંત પ્રિય એવા નારદજી પોતાના પિતા બ્રહ્મદેવની સેવામાં રહ્યા હતા અને શીલ, વિનય તથા ઇન્દ્રિયનિગ્રહથી તેમને અનુસરતા હતા.[૪૦] હે રાજન્! મહામુનિ નારદ માયાના ઈશ્વર ભગવાન વિષ્ણુની માયાને જાણવા ઇચ્છતા હતા; તેથી મહાન ભક્ત એવા તે નારદજીએ પોતાના પિતાને (સેવા વડે) અત્યંત પ્રસન્ન કર્યા.[૪૧] લોકોના પિતામહ બ્રહ્મદેવને એ પ્રમાણે પ્રસન્ન થયેલા જોઈ દેવર્ષિ નારદે તમે મને જે પ્રશ્ન પૂછયો હતો, તેજ પ્રશ્ન પોતાના પિતાને પૂછયો હતો, જેથી પ્રાણીઓના સ્રષ્ટા ભગવાન બ્રહ્મદેવે પ્રસન્ન થઇને પોતાના પુત્ર નારદજીને, દશ ×વસ્તુઓને જણાવનારૂં આ શ્રીમદ્ભાગવત પુરાણ કહ્યું હતું.[૪૨,૪૩] હે રાજા! તે પછી નારદજીએ સરસ્વતી નદીના કિનારા પર પરબ્રહ્મનું ધ્યાન કરતા મહાતેજસ્વી મુનિ વ્યાસજીને (એ ભાગવત) કહ્યું. (અને તે મારા પિતાજી પાસેથી હું ભણ્યો છું.)‡[૪૪] તમે મને પ્રશ્ન કર્યો છે કે, વિરાટ્પુરુષથી આ જગત કેવી રીતે ઉત્પન્ન થયું છે? અને બીજા પણ જે પ્રશ્નો તમે પૂછયા છે, તે સર્વનો ઉત્તર હું તમને યથાવત્ આપું છું. (તે સાંભળો.)"[૪૫]

यदुताऽहं त्वया पृष्टो वैराजात्पुरुषादिदम् ।
यथासीत्तदुपाख्यास्ये प्रश्नानन्यांश्च कृत्स्नशः ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય ૯ મો સમાપ્ત

अध्याय १० मो*

શ્રીભાગવતની વ્યાખ્યાદ્વારા પરીક્ષિત રાજાના પ્રશ્નના ઉત્તર

॥ श्रीशुक उवाच ॥

अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।
मन्वंतरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"આ શ્રીમદ્ભાગવતમાં દશ વિષયો જણાવવામાં આવશે. જેમકે સર્ગ,

---

અર્થાત્ આત્માની પ્રતીતિ તે આત્માનો અન્વય; અન્વય એટલે અનુવૃત્તિ-પૂર્વાવસ્થા પ્રમાણેજ ઉત્તરાવસ્થામાં રહેવું. તથા જે શરીરની અપ્રતીતિ થવી તે તેનો વ્યતિરેક. જાગ્રતાવસ્થામાં લિંગદેહનો વ્યતિરેક, સ્વપ્નાવસ્થામાં સ્થૂલદેહનો વ્યતિરેક તથા સુષુપ્તિ અવસ્થામાં સ્થૂલ અને સૂક્ષ્મશરીરનો વ્યતિરેક હોય છે. વ્યતિરેક એટલે વ્યાવૃત્તિ-પૂર્વાવસ્થા પ્રમાણે ઉત્તરાવસ્થામાં ન રહેવું.

‡ પ્રજાઓનું કલ્યાણ યમ-નિયમના પાલનથી થશે અને તે પ્રજાઓ પણ જો હું યમ-નિયમ પાળીશ, તોજ મને અનુસરીને પાળશે, આવા અભિપ્રાયથી. —बालप्रबोधिनी

× દશ વસ્તુઓ શ્રીમદ્ભાગવતમાં કહી છે. તે દશેનાં નામો આ અધ્યાયની પછીના અધ્યાયના પહેલા શ્લોકમાંજ છે. —भा. क.

‡ ૩૯મા શ્લોકથી આરંભી અહીં સુધીના શ્લોકોમાં એ સૂચવ્યું કે, પૂર્વોક્ત બ્રહ્મા અને નારદનો સંવાદ કેવી રીતે, કયા પ્રસંગે થયો હતો અને આ શ્રીમદ્ભાગવત બ્રહ્મદેવથી આરંભીને સંપ્રદાયાનુસાર હું કેવી રીતે ભણ્યો છું!! હવે આ ભાગવતગ્રંથના આધારેજ હું તમારા પ્રશ્નોના ઉત્તર આપું છું, એમ કહેવાને આ અધ્યાયનો છેલ્લો શ્લોક કહે છે. —भा. क.

* આ અધ્યાયમાં 'શ્રીમદ્ભાગવતની વ્યાખ્યાદ્વારાજ પરીક્ષિતના પ્રશ્નોનો ઉત્તર શ્રીશુકદેવજીએ કહેવા માંડયો' એ કથા કહેવાશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વંતર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય.[1] તેમાંના દશમા આશ્રય (આત્મા)ના તત્ત્વનું જ્ઞાન થવા માટેજ નવ વિષયોના સ્વરૂપને મહાત્મા પુરુષો આ ભાગવતમાં વેદવચનોથીજ સ્તુતિ વગેરે સ્થળે સાક્ષાત્ વર્ણવે છે; અને તે તે આખ્યાનોમાં તાત્પર્યવૃત્તિથી વર્ણવે છે.[2] પરમેશ્વરથી સત્ત્વાદિ ગુણોની વિષમતા (પરિણામદશા) થતાં પાંચ ભૂતો, પાંચ તન્માત્રાઓ, ઇન્દ્રિયો, મહત્તત્ત્વ અને અહંકાર–એ સર્વેની જે ઉત્પત્તિ થાય છે, તે સર્ગ કહેવાય છે; અને વિરાટ્પુરુષે કરેલી જે સ્થાવર–જંગમની સૃષ્ટિ તે વિસર્ગ કહેવાય છે.[3] સરજાયલાં પ્રાણીઓનું તેની તેની મર્યાદામાં રાખી પાલન કરવાથી વૈકુંઠ ભગવાનનો જે ઉત્કર્ષ થાય તેને સ્થાન કહે છે; પોતાના ભક્તો ઉપર ભગવાનનો જે અનુગ્રહ તે પોષણ કહેવાય છે; ભગવાનના અનુગ્રહપાત્ર થયેલા મન્વંતરોના અધિપતિ એવા ઉત્તમ પુરુષોનો જે શ્રેષ્ઠ ધર્મ તેને મન્વંતર કહે છે; કર્મની વાસનાઓને ઊતિ કહે છે;[4] શ્રીહરિના અવતારોનું ચરિત્ર અને શ્રીહરિના ભક્તોનાં અનેક આખ્યાનોથી વૃદ્ધિ પામેલી ઉત્તમ કથાઓ 'ઈશાનુકથા' કહેવાય છે;[5] જીવાત્માનો શ્રીહરિની યોગનિદ્રા પાછળ પોતાની ઉપાધિઓ સાથે જે લય થઇ જવો, તેને નિરોધ કહે છે અને અવિદ્યાથી આરોપિત થયેલા કર્તૃત્વાદિ વિપરીત સ્વરૂપનો ત્યાગ કરીને જીવાત્માનું જે સ્વસ્વરૂપે રહેવું, તેને મુક્તિ કહેવામાં આવે છે.[6] વળી જેમનાથી જગતની સૃષ્ટિ અને લય થાય છે અને તે બન્ને જાણવામાં આવે છે, તેને આશ્રય કહેવામાં આવે છે અને તેનેજ પરબ્રહ્મ કે પરમાત્મા કહેવામાં આવે છે.[7] જે આ ચક્ષુ વગેરે ઇન્દ્રિયોનો અભિમાની દ્રષ્ટા–જીવ આધ્યાત્મિક કહેવાય છે, તેજ ચક્ષુ વગેરે ઇન્દ્રિયોના અધિષ્ઠાતા સૂર્યાદિરૂપે આધિદૈવિક કહેવાય છે; તેમજ તે એકમાંજ જેનાથી આધ્યાત્મિક અને આધિદૈવિક એમ બે રૂપે ભેદ જણાય છે, તેજ આધિભૌતિક–દેહ કહેવાય છે, કે જે પુરુષ–જીવને ઉપાધિરૂપ+છે.[8] જો (આ અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત–એ ત્રણમાં) કોઇ એકનો અભાવ હોય, તો બીજા પદાર્થનું આપણને જ્ઞાન થઈ શકતું નથી–અર્થાત્ દશ્ય–દેહાદિ આધિભૌતિક વિના તેને જણાવનાર અધ્યાત્મ–ઇન્દ્રિયો સિદ્ધ થતી નથી અને દ્રષ્ટા–જીવ પણ સિદ્ધ થાય નહિ; અને તે અધ્યાત્મ–ઇન્દ્રિયોના વિના તેઓની પ્રવૃત્તિને જણાવનાર અધિદૈવ–સૂર્યાદિ અધિષ્ઠાયક દેવો સિદ્ધ થતા નથી અને અધિદૈવ વિના તે ઇન્દ્રિયો પણ પ્રવૃત્તિ કરી શકે નહિ; તેમજ ઇન્દ્રિયો વિના દશ્ય–અધિભૂતનું પણ જ્ઞાન થઇ શકે નહિ. આ તેમજ આ ત્રણેને એકબીજાનો આશ્રય છે, તેથી એકના અભાવે બીજું સિદ્ધ થતું નથી–પ્રવૃત્તિ કરી શકતું નથી–અથવા જાણી શકાતુંજ નથી; અને તેથીજ સિદ્ધ થાય છે કે, એકબીજાનો આશ્રય રાખીને જણાતી આ વસ્તુઓ આત્માથી ભિન્ન છે અને તેમાંની કોઇ પણ વસ્તુ આત્મા નથી; પણ એ ત્રણે–અધ્યાત્મ, અધિદૈવ તથા અધિભૂતને સાક્ષીસ્વરૂપે જે જાણે છે–જુએ છે, તેજ આત્મા છે, કે જેને પોતાને બીજાઓનો આશ્રય નથી, પણ તે પોતેજ બીજાઓના આશ્રયરૂપ છે.[9] સૃષ્ટિના આરંભમાં વિરાટ્પુરુષ અંડને–બ્રહ્માંડને ભેદીને જ્યારે બહાર નીકળ્યા હતા, એટલે તેથી અલગપણે રહ્યા હતા, ત્યારે તેમણે પોતાના રહેઠાણની ઇચ્છા કરીને પોતે પવિત્ર હોવાથી પવિત્ર એવું જળ ઉત્પન્ન કર્યું;[10] પછી પોતે સરજેલા તે જળમાં તે પુરુષ એક હજાર વર્ષ સુધી રહ્યા હતા, તેથી 'નારાયણ' એવા નામને પ્રાપ્ત થયા; કેમકે પુરુષ 'નર' કહેવાય છે અને તે પુરુષથી ઉત્પન્ન થયેલું જળ તે 'નાર

+ અર્થાત્ ઇન્દ્રિયો તે અધ્યાત્મ કહેવાય છે, ઇન્દ્રિયોના દેવતાઓ અધિદૈવ કહેવાય છે અને દેહાદિ દશ્ય વસ્તુ અધિભૂત કહેવાય છે. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કહેવાય છે અને તે 'નાર' જેમનો આશ્રય હોય –નિવાસસ્થાન હોય તે '**नारायण**' કહેવાય.§[11] આ નારાયણ પુરુષના અનુગ્રહથી *દ્રવ્ય, કર્મ, કાળ, સ્વભાવ અને જીવ પોતપોતાનું કાર્ય કરવામાં સમર્થ છે; પણ તેમની ઉપેક્ષાથી કંઇ પણ કાર્ય કરી શકતાં નથી.[12] સર્વદા એકસ્વરૂપ એવા તે દેવને જ્યારે અનેક સ્વરૂપે થવાની ઇચ્છા થઈ, ત્યારે યોગશય્યામાંથી ઊઠીને તે પ્રભુએ સુવર્ણની પેઠે અત્યંત પ્રકાશમાન એવા પોતાના શરીરને માયાથી અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત એવા નામ વડે ત્રણ પ્રકારથી ઉત્પન્ન કર્યું. હવે તે એકજ પુરુષનું શરીર જે પ્રમાણે ત્રણ પ્રકારે ભેદ પામ્યું, તે તમે સાંભળો.[13|14] એ શરીરની અંદર રહેલા આકાશમાં પુરુષે પોતાની ક્રિયાશક્તિથી જ્યારે વિવિધ પ્રકારની ચેષ્ટાઓ કરી, ત્યારે એ આકાશ થકી ઇન્દ્રિયોની શક્તિ, મનની શક્તિ, અને દેહની શક્તિ ઉત્પન્ન થઈ. પછી તે શક્તિરૂપ સૂક્ષ્મ સ્વરૂપથી સૂત્રાત્મા નામનો મુખ્ય પ્રાણ ઉત્પન્ન થયો.[15] એ (સમષ્ટિગત) મુખ્ય પ્રાણ જ્યારે ચેષ્ટા કરે છે, ત્યારે તેની પાછળ, રાજાની પાછળ જેમ સેવકો ચેષ્ટા કરે છે, તેમ સર્વ જંતુઓના પ્રાણો (એટલે વ્યષ્ટિગત વાયુઓ) ચેષ્ટા કરે છે અને તે મુખ્ય પ્રાણ જ્યારે ચેષ્ટાનો ત્યાગ કરે છે, ત્યારે સર્વ જંતુઓના પ્રાણો પણ ચેષ્ટાનો ત્યાગ કરે છે.*[16] વળી એ (મુખ્ય) પ્રાણ પ્રભુ વિરાટ્પુરુષના શરીરમાં પોતાની ક્રિયા કરવા લાગ્યો, એટલે ક્ષુધા અને તૃષા ઉત્પન્ન થયાં; પછી તે પુરુષે જળ પીવાની અને ભોજન કરવાની ઇચ્છા કરી, એટલે પ્રથમ તેમને મુખ ઉત્પન્ન થયું.[17] એ મુખમાંથી તાળવું ઉત્પન્ન થયું અને તે તાળવામાં જિહ્વા ઇન્દ્રિય ઉત્પન્ન થઇ. તે પછી અનેક જાતનો રસ–વિષય ઉત્પન્ન+ થયો, કે જે જિહ્વા ઇન્દ્રિય વડે જાણી શકાય છે.[18] પછી એ વિરાટ્પુરુષે બોલવાની ઇચ્છા કરી, એટલે તેમના મુખમાંથી અગ્નિદેવ, વાણી, ઇન્દ્રિય અને તે બન્નેને અધીન એવો ભાષણરૂપ વિષય ઉત્પન્ન થયો; ત્યાર પછી અંડજળમાં એ વિરાટ્પુરુષના પ્રાણવાયુનો ઘણા લાંબા કાળ સુધી નિરોધ થયો; કે જેથી તે રૂંધાઇ રહેલો વાયુ અત્યંત ચેષ્ટા કરવા લાગ્યો–અંદર ને અંદર ખૂબ વાવા લાગ્યો એટલે (તેને જવા આવવા માટે) નાસિકાનાં બે છિદ્રો ઉત્પન્ન થયાં. પછી ગંધ વિષયને ગ્રહણ કરવાની તેમણે ઇચ્છા કરી, એટલે તે નાસિકામાં ગંધને લાવનારો વાયુદેવ, ગંધવિષય અને ઘ્રાણ ઇન્દ્રિય ઉત્પન્ન થયાં.[19|20] પછી તે સમયે જ્યારે પોતાના શરીરમાં પ્રકાશનો અભાવ હતો અને પોતાના શરીરને તથા બીજી વસ્તુઓને જોવાની તેમને ઇચ્છા થઈ, એટલે તેમને બે નેત્રગોલક ઉત્પન્ન થયાં અને તેમાં સૂર્યદેવ, ચક્ષુ ઇન્દ્રિય અને તેથી ગ્રહણ કરાતો રૂપ વિષય ઉત્પન્ન થયો.[21] તે પછી આ વિરાટ્પુરુષને વેદો જાગ્રત કરવા લાગ્યા; ત્યારે તે વેદોનું બોધન સાંભળવાની ઇચ્છા થતાં વિરાટ્-

---

§ આવોજ આશય (મનુસ્મૃતિ ૧–૧૦)માં કહેવામાં આવે છેઃ—

आपो नारा इति प्रोक्ता आपो वै नरसूनवः ।
अयनं तस्य ताः पूर्वं तेन नारायणः स्मृतः ॥

અર્થાત્ જળ નરથી ઉત્પન્ન થયું છે, માટે નાર કહેવાય છે; અને એ નાર પૂર્વે જેમનું નિવાસસ્થાન હતું તે નારાયણ કહેવાયા. —**श्रीधर**

* દ્રવ્ય એટલે મહત્તત્ત્વથી આરંભીને પૃથ્વી સુધીનો ભૂતવર્ગ; કર્મ એટલે જીવનું શુભ–અશુભ અદૃષ્ટ; કાળ એટલે ગુણોની વિષમ અવસ્થાનું કારણ; સ્વભાવ એટલે પરિણામનો હેતુ; અને જીવ એટલે ભોક્તા. —**बालप्रबोधिनी**

* આ શ્લોક ઉપર ટીકાકાર શ્રીધર આમ લખે છેઃ–મુખ્ય પ્રાણ ચેષ્ટા કરે છે, ત્યારે તેની પાછળ ઇન્દ્રિયો ચેષ્ટા કરે છે અને તે મુખ્ય પ્રાણ ચેષ્ટાનો ત્યાગ કરે છે, ત્યારે ઇન્દ્રિયો પણ ચેષ્ટાનો ત્યાગ કરે છે.–**मा. क.**

+ અને જિહ્વા ઇન્દ્રિયના અધિષ્ઠાયક વરુણદેવ ઉત્પન્ન થયા. આ રીતે હવે પછી સર્વ સ્થળે સ્થાન, ઇન્દ્રિય, દેવ અને વિષય–એમ ચાર વસ્તુઓ જાણી લેવી. —**श्रीधर**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પુરુષને બે કાન ઉત્પન્ન થયા અને તેમાં દિશાઓના દેવ, શ્રોત્ર ઇન્દ્રિય અને તેથી ગ્રહણ કરાતો શબ્દવિષય ઉત્પન્ન થયો.[૨૨] પછી કોઈ પણ વસ્તુની કોમળતા, કઠિનતા, હલકાપણું, ભારેપણું, ઉષ્ણતા અને શીતળતા ગ્રહણ કરવાની વિરાટ્પુરુષને ઇચ્છા થઇ, એટલે તેમને ત્વચાસ્થાન ઉત્પન્ન થયું અને તેમાં રુવાંટાં ઇન્દ્રિય તથા વૃક્ષો દેવ થયાં. પછી તે ત્વચાની અંદર ને બહાર વાયુદેવ વીંટળાઇને રહેવા લાગ્યો, કે જે ત્વચાદ્વારા સ્પર્શવિષયને ગ્રહણ કરે છે. પછી વિરાટ્પુરુષને અનેક જાતનાં કર્મો કરવાની ઇચ્છા થઇ એટલે તેમને બે હાથ ઉત્પન્ન થયા. તેમાં બળ ઇન્દ્રિય થઇ, ઇન્દ્ર દેવતા થયો અને તે બન્નેથી થઈ શકે એવો ગ્રહણ વિષય ઉત્પન્ન થયો. વળી એ વિરાટ્પુરુષને ઇચ્છિત ગતિ કરવાની ઇચ્છા થઇ, ત્યારે તેમને બે ચરણો ઉત્પન્ન થયા; તે બે ચરણોની સાથે વિષ્ણુ પોતે તેના અધિષ્ઠાયક દેવ તરીકે રહ્યા; ગતિ નામની કર્મશક્તિ વડે મનુષ્યો હુતદ્રવ્યને સંપાદન કરે છે; (માટે ગતિ નામની જે કર્મશક્તિ તે એમાં ઇન્દ્રિય થઇ અને તે ચલનક્રિયા વડે પ્રાપ્ત કરવા યોગ્ય એવું યજ્ઞ માટેનું જે દ્રવ્ય તે એનો વિષય થયો.)[૨૩-૨૫] તે પછી એ વિરાટ્પુરુષને પ્રજા, રતિસુખ તથા સ્વર્ગ વગેરેની ઇચ્છા થઈ, એટલે તેમને લિંગ (પુરુષચિહ્ન) ઉત્પન્ન થયું. તેમાં ઉપસ્થ ઇન્દ્રિય થઈ, પ્રજાપતિ દેવ થયા ને તે બન્નેને સ્વાધીન એવું કામસંબંધી સુખ તે વિષય થયો.[૨૬] પછી ભોજન કરેલા અન્ન વગેરેના અસાર અંશનો ત્યાગ કરવાની તેમને ઇચ્છા થઇ, એટલે તેમને ગુદાસ્થાન ઉત્પન્ન થયું. તેમાં પાયુ નામે ઇન્દ્રિય થઇ, મિત્ર નામે દેવ થયો અને તે બન્નેને અધીન મળત્યાગ વિષય થયો.[૨૭] ત્યાર પછી એક શરીરમાંથી બીજા શરીરમાં જવાની તેમને ઇચ્છા થઇ, એટલે તેમને નાભિદ્વારરૂપ સ્થાન ઉત્પન્ન થયું. તેમાં અપાન ઇન્દ્રિય થઇ, તેના અધિષ્ઠાયક દેવ તરીકે મૃત્યુ થયો અને તે બન્નેના આશ્રયવાળું મરણ એ વિષય થયો.[૨૮] પછી તે વિરાટ્પુરુષને અન્ન-પાન ગ્રહણ કરવાની ઇચ્છા થઇ; એટલે તેમને ઉદર, આંતરડાં અને નાડીઓ ઉત્પન્ન થયાં. તે બન્ને નાડી તથા આંતરડાંમાં નદીઓ તથા સમુદ્રો દેવ થયા અને તે બન્નેના આશ્રયવાળાં તુષ્ટિ અને પુષ્ટિ-એ વિષય થયા. અર્થાત્ અન્ન ગ્રહણ કરવામાં ઉદરસ્થાન થયું, આંતરડાં ઇન્દ્રિય થઇ, તુષ્ટિ વિષય થયો અને સમુદ્રો દેવ થયા; તેમજ પાન ગ્રહણ કરવામાં ઉદર સ્થાન થયું, નાડીઓ ઇન્દ્રિયો થઇ, પુષ્ટિ વિષય થયો અને નદીઓ દેવતા થઈ.[૨૯] તે પછી એ વિરાટ્પુરુષને પોતાની માયાનું ચિંતન કરવાની ઇચ્છા થઇ, એટલે તેમને હૃદયસ્થાન ઉત્પન્ન થયું; અને પછી મન, ચંદ્ર, સંકલ્પ તથા કામ ઉત્પન્ન થયા; અર્થાત્ હૃદય સ્થાન થયું, તેમાં મન ઇન્દ્રિય થયું, સંકલ્પ વિષય થયો અને ચંદ્ર દેવ થયો.†[૩૦] શરીર પરની સ્થૂલ ચામડી, સૂક્ષ્મ ચામડી, માંસ, લોહી, મેદ, મજ્જા અને હાડકાં-આ *સાત ધાતુઓ પૃથ્વી, જળ અને તેજમાંથી ઉત્પન્ન થયેલી છે અને આકાશ, જળ તથા વાયુથી પ્રાણવાયુ ઉત્પન્ન થયેલ છે. બધી ઇન્દ્રિયો ગુણાત્મક છે-શબ્દાદિ વિષયો તરફજ જવાના સ્વભાવવાળી છે અને શબ્દાદિ વિષયો અહંકારથીજ સારા સ્વભાવવાળા લાગે છે; (વાસ્તવિક રીતે તેઓ સારા નથી;) કેમકે મનજ સર્વ વિકારોનું સ્વરૂપ છે-એટલે મન પોતે કેવળ તામસી વિષયોમાંજ સંકલ્પવિકલ્પ કરે છે, તેને ત્યાજ્ય કે ગ્રાહ્યવિષયનો વિવેકજ નથી.÷ તેમજ

† એ પ્રમાણે અહીં સુધી અધિદેવ આદિના ભેદ કહીને હવે તેમના અંશરૂપ ધાતુઓ વગેરેનાં સ્વરૂપ કહે છે. —શ્રીધર

* જો કે આ સાતે ધાતુઓ પાંચ ભૂતોથીજ ઉત્પન્ન થઇ છે; પણ વાયુ અને આકાશ તેઓને આહારાદિરૂપે વૃદ્ધિ પમાડનાર નથી; તેથી પૃથ્વી, જળ અને તેજને તેમનાં કારણ કહ્યાં છે. —શ્રીધર

÷ અર્થાત્ ઇન્દ્રિયોના નિયંતા મનનીજ જો આ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બુદ્ધિ પદાર્થનું જે સ્વરૂપ હોય છે, તેને માત્ર જાણી શકે છે! (નહિ કે તે પદાર્થના સ્વરૂપને ગ્રહણ કરી શકે છે. આમ કહીને સર્વ વિષયો પરનો વૈરાગ્ય સૂચવ્યો છે અને છેલ્લું બુદ્ધિ તથા મનનું સ્વરૂપ કહ્યું છે.)[31-32] આ રીતે ભગવાનનું આ સ્થૂલસ્વરૂપ મેં તમને કહ્યું. ભગવાનનું આ સ્થૂલસ્વરૂપ બાહ્યભાગમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મહત્તત્ત્વ, અહંકાર અને પ્રકૃતિ–આ આઠ આવરણોથી વીંટળાયલું છે.[33] આ સ્થૂલસ્વરૂપથી બીજું અત્યંત §સૂક્ષ્મસ્વરૂપ (લિંગશરીર) પણ છે. તે સૂક્ષ્મરૂપ આ સ્થૂલસ્વરૂપનું કારણ હોઇ અતીન્દ્રિય છે; કેમકે ચક્ષુ વગેરે ઇન્દ્રિયો તેને જાણી શકતી કે જોઇ શકતી પણ નથી. કેમકે તે વિશેષણરહિત× છે; આદિ, મધ્ય અને અંતરહિત–ઉત્પત્તિ, સ્થિતિ અને નાશરહિત છે–સદા એકસ્વરૂપ છે–અર્થાત્ અપક્ષય વગેરેથી શૂન્ય છે અને તેથીજ વાણી અને મનથી પણ પર છે.[34] ભગવાનનાં આ બન્ને સ્વરૂપો, જેઓનું મેં તમારી પાસે વર્ણન કર્યું છે, તેઓ બન્નેને પણ વિદ્વાનો વસ્તુતઃ સ્વીકારતા નથી, કેમકે તેઓ બન્ને માયાથીજ ઉત્પન્ન થયેલાં છે.[35] તે ભગવાન વસ્તુતઃ માયાથી પર છે અને અકર્મક છે–સર્વ વ્યાપારોથી રહિત છે, છતાં (માયાને લીધે) કર્મવાળા થઇને–વ્યાપારથી યુક્ત થઇને બ્રહ્માના સ્વરૂપને ધારણ કરી વાચ્ય-વાચકપણે નામોને, રૂપોને તથા ક્રિયાઓને ધારણ કરે છે–સૃજે છે.+[36] વળી પ્રજાપતિઓ, મનુઓ, દેવો, ઋષિઓ, જુદા જુદા પિતૃઓ, સિદ્ધો ચારણો, ગંધર્વો, વિદ્યાધરો, અસુરો, યક્ષો, કિન્નરો, અપ્સરાઓ, નાગો, સર્પો, કિંપુરુષો, પેટે ચાલનારાં પ્રાણીઓ, માતૃકાઓ, રાક્ષસો, પિશાચો, પ્રેતો, ભૂતો, વિનાયકો, કૂષ્માંડો, ઉન્માદો, વેતાલો, યાતુધાનો, ગ્રહો, પક્ષીઓ, મૃગો, પશુઓ, પહાડો, સરકી સરકી જનારાં પ્રાણીઓ અને બીજાં સ્થાવર–જંગમ બે પ્રકારનાં પ્રાણીઓ તથા જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ–એમ ચાર પ્રકારનાં પ્રાણીઓ–એ સર્વને તે ભગવાન સૃજે છે. હે રાજા! ઉત્તમ, નીચ અને મધ્યમ–આ સર્વ જાતિઓ પુણ્ય, પાપ તથા પુણ્યપાપ–મિશ્ર કર્મોનાં ફળરૂપ છે. હે રાજન્! સત્ત્વ, રજસ્ અને તમસ્–એ જે ત્રણ ગુણો છે તેથી અનુક્રમે દેવ, મનુષ્ય અને નારકી–એમ ત્રણ÷ ગતિઓ થાય છે. તેમાં પણ જ્યારે એ ત્રણે ગુણોમાંનો કોઇ પણ એક ગુણ બીજા બે ગુણોથી મિશ્ર થઈ દબાઇ જાય છે, ત્યારે તે ત્રણ ગતિઓ પણ એક એક ત્રણ ત્રણ પ્રકારની થાય છે.‡[37-41] જગતનું ધારણ તથા પોષણ કરનારા તેજ ભગવાન વિષ્ણુનું સ્વરૂપ ધારણ કરી જગતનું પોષણ કરે છે અને

સ્થિતિ છે, તો ઇન્દ્રિયો અને વિષયોની તો વાતજ શી કરવી? —મા. ક.

§ આ સ્થળે ટીકાકાર ચક્રવર્તી લખે છે–અહીં મૂળમાં '**સૂક્ષ્મમતમ્**' આવું પદ છે. તેમાંથી આવો અર્થ નીકળે છે: એક સૂક્ષ્મશરીર અને બીજું અતિ સૂક્ષ્મશરીર. સૂક્ષ્મશરીર તે લિંગશરીર અને અતિ સૂક્ષ્મશરીર તે માયારૂપ શરીર. —મા. ક.

× વિશેષણરહિત છે–સર્વ વ્યાવર્તક ધર્મોથી શૂન્ય છે–ભેદક ધર્મોથી રહિત છે. —મા. ક.

\+ અર્થાત્ વાચકપણે નામોને તથા વાચ્યરૂપે રૂપોને અને ક્રિયાઓને ધારણ કરે છે–સૃજે છે. —શ્રીધર

÷ સાત્ત્વિકી, રાજસી અને તામસી, એમ ત્રણ ગતિઓ છે. દેવો એ સાત્ત્વિકી ગતિવાળા છે; મનુષ્યો રાજસી ગતિવાળા છે અને નારકીઓ તામસી ગતિવાળા છે. —મા. ક.

‡ જેમકે રજોગુણમિશ્ર સાત્ત્વિક યોનિ, તમોગુણમિશ્ર સાત્ત્વિક યોનિ અને શુદ્ધ સાત્ત્વિક યોનિ; સત્ત્વગુણમિશ્ર તામસ યોનિ, રજોગુણમિશ્ર તામસ યોનિ અને શુદ્ધ તામસી યોનિ; તેમજ સત્ત્વગુણમિશ્ર રાજસ યોનિ, તમોગુણમિશ્ર રાજસ યોનિ અને શુદ્ધ રાજસ યોનિ. આ પણ સ્થૂલ દૃષ્ટિએજ કહેવામાં આવ્યું છે. ખરી રીતે તો તે ગુણોના મિશ્રપણાથી અને તે તે પુણ્ય–પાપના ઓછાવત્તાપણાથી અનેક જાતની ગતિઓ થાય છે. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તિર્યંચો, મનુષ્યો તથા દેવોના અવતારો લઇ જગતનું પાલન કરે છે.[૪૨] તે પછી પ્રલયકાળ આવતાં કાલાગ્નિ રુદ્ર સ્વરૂપ ધારણ કરી પોતેજ ઉત્પન્ન કરેલા આ જગતનો, વાયુ જેમ મેઘમંડળનો નાશ કરે છે, તેમ નાશ કરે છે.[૪૩]

"હે રાજા! પરમ ઐશ્વર્યવાળા તે ભગવાનનું એ રીતે સ્રષ્ટા, પાલક તથા સંહારકસ્વરૂપે મેં તમારી આગળ વર્ણન કર્યું છે,÷ પરંતુ તે પરમાત્માને મોટા મોટા વિદ્વાનો પણ કેવળ અમુક નિશ્ચયાત્મકસ્વરૂપે જોઇ શકતા નથી;[૪૪] કેમકે આ જગતની ઉત્પત્તિ આદિ કર્મમાં પરમેશ્વરનું કર્તાપણું આદિ છેજ નહિ–અર્થાત્ વેદવાક્યો ઈશ્વરનું કર્તૃત્વ કહેતાં નથી; માત્ર એ કર્તૃત્વાદિનો પ્રતિષેધ કરવા માટેજ વેદવાક્યો એ કર્તૃત્વ આદિનો અનુવાદ કરે છે–તાત્પર્યદષ્ટિએ કર્તૃત્વનું પ્રતિપાદન કરવામાં આવતુંજ નથી. કેમકે પરમેશ્વર વિષે જે કર્તૃત્વ વગેરે જણાય છે, તે તો કેવળ માયાને લીધેજ આરોપિત છે–માયાથીજ જણાય છે.+[૪૫] આ તો મેં તમને બ્રહ્માનો મહાકલ્પ કહ્યો, જેની સાથે બીજા પેટાકલ્પો પણ ઉદાહરણ તરીકે કહેવામાં આવ્યા છે. આ મહાકલ્પમાં મહત્તત્ત્વ વગેરેના પ્રાકૃત સર્ગો, અવાંતરકલ્પના વૈકૃત સર્ગો તથા સ્થાવરોરૂપી વિસર્ગો–એ સર્વ પ્રકાર બીજા મહાકલ્પાદિની સમાનજ છે.[૪૬] હવે કાળનું સ્થૂલ તથા સૂક્ષ્મ માપ, કલ્પનું લક્ષણ, અવાંતર કલ્પ અને મન્વંતરાદિરૂપ વિભાગ–એ સર્વ હું આગળ (ત્રીજા સ્કંધમાં) વિસ્તારથી કહીશ. તેમાં પ્રથમ પાદ્મકલ્પ કહું છું, તે તમે સાંભળો."[૪૭]

શૌનક બોલ્યાઃ–હે સૂત! તમે અમને કહ્યું કે, ભગવાનના ભક્તોમાં શ્રેષ્ઠ એવા વિદુરજી, દુસ્ત્યજ એવાં સગાંસંબંધીઓનો ત્યાગ કરીને પૃથ્વી પરનાં તીર્થોમાં યાત્રા માટે ગયા હતા.[૪૮] તો તેમને મૈત્રેય ઋષિની સાથે અધ્યાત્મજ્ઞાનથી મિશ્ર એવો સંવાદ ક્યાં થયો હતો? અથવા વિદુરજીના પૂછવાથી તે મૈત્રેય ભગવાને તેમને કયું તત્ત્વજ્ઞાન કહ્યું હતું?[૪૯] હે સૌમ્ય! એ વિદુરજીનું ચરિત્ર તમે અમને કહો. તેમણે કયા કારણે પોતાનાં સગાં–સંબંધીઓનો ત્યાગ કર્યો હતો? અને પાછા હસ્તિનાપુરમાં તે કયા કારણે આવ્યા હતા?[૫૦]

સૂત બોલ્યાઃ–રાજા પરીક્ષિતે પૂછવાથી મહામુનિ શુકદેવજીએ, રાજાના પ્રશ્નાનુસારે તેના પ્રત્યે જે કહ્યું હતું, તે હું તમને કહું છું, તે સાંભળો.[૫૧]

राज्ञा परीक्षिता पृष्टो यदवोचन्महामुनिः ।
तद्वोऽभिधास्ये शृणुत राज्ञः प्रश्नानुसारतः ॥५१

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં દ્વિતીય સ્કંધ વિષે અધ્યાય ૧૦ મો સમાપ્ત

÷ અને તે પણ **तस्माद्वा एतस्मादात्मन आकाश संभूतः** (તૈત્તિ. ઉ. ૨-૧૦) **सोऽकामयत बहु स्यां प्रजायेय** (તૈત્તિ. ઉ. ૨-૬) તે પરમાત્મા થકી આકાશ ઉત્પન્ન થયું. તે પરમાત્માએ ઇચ્છા કરી કે, 'હું અનેકસ્વરૂપે થાઉં અને સર્વસ્વરૂપે જન્મું' ઇત્યાદિ વેદવાક્યોને આધારેજ વર્ણન કર્યું છે.—**શ્રીધર**

+ વેદો પણ કહે છે–**निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम्**–પરમાત્મા કેવળ નિરંશ છે, ક્રિયાઓથી રહિત છે, શાંત (સર્વ વિપરિણામરહિત), નિર્દોષ (અવિદ્યાદિ સર્વ દોષથી શૂન્ય) અને નિરંજન (નિર્લેપ) છે; તોપણ **इन्द्रो मायाभिः पुरुरूप ईयते**–તે પરમાત્મા માયા વડે અનેક સ્વરૂપવાળા છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

द्वितीय स्कंध समाप्त

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



વૈકુંઠલોકમાં સનત્કુમાર

[પૃષ્ઠ ૧૩૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीमद्भागवत-तृतीय स्कंध

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

अध्याय १ लो ×

યાત્રા માટે નીકળેલા વિદુરજીનો ઉદ્ધવ સાથે સંવાદ

॥ श्रीशुक उवाच ॥

एवमेतत्पुरा पृष्टो मैत्रेयो भगवान् किल । क्षत्त्रा वनं प्रविष्टेन त्यक्त्वा स्वगृहमृद्धिमत् ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—" હે રાજા! તમે મને જે પૂછ્યું તેજ પ્રમાણે વિદુરજીએ ભગવાન મૈત્રેયને પૂછ્યું હતું. એ વેળા વિદુરજી પોતાના સમૃદ્ધિવાળા ઘરનો ત્યાગ કરી વનમાં ચાલ્યા ગયા હતા;[૧] (વિદુરજીનું એ ઘર સામાન્ય ન હતું, કેમકે) જે વિદુરજીના ઘરમાં તમારૂં—પાંડવોનું દૂતકર્મ કરનાર સમગ્રના ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણે, ખાસ પોતાનુંજ ઘર માનીને દુર્યોધનના ઘરનો ત્યાગ કરી પ્રવેશ કર્યો હતો."[૨]

રાજાએ પૂછ્યુંઃ—"હે પ્રભો! વિદુરજીનો ભગવાન મૈત્રેયની સાથે ક્યાં સમાગમ થયો હતો? અને તેમનો સંવાદ ક્યારે થયો હતો? તે અમને કહો.[૩] કેમકે નિર્મળ હૃદયવાળા વિદુરજીનો, એ સર્વશ્રેષ્ઠ મૈત્રેય સમક્ષ પ્રશ્ન, કંઈ અલ્પ અર્થવાળો નહિ હોય; કેમકે એ પ્રશ્ન સજ્જનોના અનુમોદનથી વૃદ્ધિ પામ્યો છે."

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"રાજા ધૃતરાષ્ટ્ર, કે જેની જ્ઞાનદૃષ્ટિ પણ અધર્મને લીધે નાશ પામી હતી, તેણે પોતાના દુષ્ટ પુત્રોને પોષીને પોતાના નાના ભાઈ પાંડુના, પિતા

× આ પહેલા અધ્યાયમાં જેઓનું આયુષ ચાલ્યું ગયું હતું એવા બંધુઓનો ત્યાગ કરી નીકળી ગયેલા વિદુરજીનો ઉદ્ધવજી સાથે સંવાદ કહેવામાં આવશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિનાના પુત્રોને લાક્ષાગૃહમાં દાખલ કરી જ્યારે બાળી નાખવા માંડ્યા;[૪-૬] અને જ્યારે તે ધૃતરાષ્ટ્ર રાજાએ પોતાની વધૂ અને યુધિષ્ઠિરની પટરાણી દેવી દ્રૌપદી કે જે પોતાનાં અશ્રુઓથી સ્તન ઉપરના કેસરના વિલેપનને ધોઇ રહી હતી–તેના કેશ ખેંચવારૂપી પોતાના પુત્રના નિંદ્ય કર્મને અટકાવ્યું નહિ;[૭] તેમજ જુગારમાં અધર્મથી જિતાયલા અને સત્યને વળગી રહેનારા સત્પુરુષ યુધિષ્ઠિર રાજાએ વનમાંથી પાછા આવી ઠરાવ પ્રમાણે પોતાનો રાજ્યભાગ માગ્યો, ત્યારે પણ મોહને વશ થયેલા–અવિવેકી ધૃતરાષ્ટ્રે તેમને એ ભાગ આપ્યો નહિ;[૮] અને જ્યારે યુધિષ્ઠિર રાજાએ (વિષ્ટિ માટે) મોકલેલા જગદ્ગુરુ શ્રીકૃષ્ણે સભાની વચ્ચે–ભીષ્માદિ મહાપુરુષોને અમૃત જેવાં લાગેલાં જે વચનો કહ્યાં હતાં, તેને પણ જેનું (બાકી રહેલું) પુણ્ય પણ નાશ પામ્યું હતું, એવા ધૃતરાષ્ટ્રે કે દુર્યોધને બહુ માન્યાં નહિ;[૯] વળી જ્યારે પોતાના મોટાભાઇ ધૃતરાષ્ટ્રે વિચાર ચલાવવા માટે બોલાવેલા વિદુરજી કે જેઓ રાજકીય મંત્રણા કરનારાઓમાં અત્યંત શ્રેષ્ઠ હતા, તેમણે ધૃતરાષ્ટ્રના પૂછવા ઉપરથી જે વચનો કહ્યાં હતાં તેને (હજી પણ) મંત્રીઓ વિદુરવાક્ય કહે છે. (તે વચનોનો આશય આ પ્રમાણે હતો–) 'હે ધૃતરાષ્ટ્ર રાજા! યુધિષ્ઠિર રાજાનો રાજ્યભાગ તમે આપી દો; એ રાજા તમારા દુઃસહ અપરાધને પણ સહન કરી રહ્યા છે; તમારા આ અપરાધને લીધે ભીમસેનરૂપી સર્પ પોતાના ભાઇઓ સાથે રોષથી ફૂંફાડા મારી રહ્યો છે, કે જે ભીમસેનથી તમે પણ અત્યંત ભય પામો છો.[૧૦,૧૧] (×તમે ચેતી જાઓ કે,) ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોને પોતાના માનીને પોતાના પક્ષમાં લીધા છે; જે શ્રીકૃષ્ણ સાક્ષાત્ પરમાત્મા છે, બ્રાહ્મણો અને ઇન્દ્રાદિ દેવો જેમની સાથેજ રહે છે, ઉત્તમ યાદવોના પણ જે પૂજ્ય છે અને જેમણે સર્વ મહારાજાઓને જીતી લીધા છે; તે આ શ્રીકૃષ્ણ (ક્યાંય ગયા નથી.) પોતાની નગરીમાં સુખેથી રહે છે.[૧૨] શ્રીકૃષ્ણથી વિમુખ થવાને લીધે જેની લક્ષ્મી જવા બેઠી છે, એવા તમે જેને *પુત્રબુદ્ધિએ પોષી રહ્યા છો, તે આ દુર્યોધન પ્રત્યક્ષ એક દોષજ તમારા ઘરમાં પેસી ગયો છે; કેમકે એ દુર્યોધન શ્રીકૃષ્ણનો દ્વેષ કરે છે; માટે કુળના કલ્યાણ સારૂ એ અમંગળ દુર્યોધનને તમે શીઘ્ર તજી દો.'+ વિદુરજીએ એ પ્રમાણે કહ્યું, તે વખતે વધેલા કોપને લીધે જેનો નીચલો હોઠ ફરકતો હતો, એવા દુર્યોધને કર્ણ, દુઃશાસન અને શકુનિની સાથે રહીને સજ્જનોને ઇચ્છવા યોગ્ય સ્વભાવવાળા વિદુરજીનું આ રીતે અપમાન કર્યું:–[૧૩,૧૪] 'અરે! આ કુટિલ દાસીપુત્રને અહીં કોણે બોલાવ્યો છે? જેનું અન્ન ખાઇને મોટો થયો છે, તેનાથીજ પ્રતિકૂળ થઈને આ શત્રુઓનું કાર્ય કરવા તૈયાર થયો છે; માટે હાલ તુરતજ માત્ર જીવતો રાખીનેજ આને શહેરમાંથી હાંકી કાઢો.'[૧૫] એ પ્રમાણે બાણની પેઠે કાનમાં પેસી જતાં કઠોર વાક્યોથી પોતાના ભાઈની સમક્ષ મર્મસ્થાનમાં પ્રહાર કરવામાં આવ્યો, છતાં પણ વિદુરજીને મનમાં કંઈ દુઃખ થયું નહિ; કેમકે માયાના માહાત્મ્યને તે સારી પેઠે જાણતા હતા અને તે માયાનેજ તેમાં કારણ તરીકે માનતા હતા. પછી તે પોતેજ (તેઓના હાંકી કાઢ્યા પહેલાં)

× તમે ગર્વ ન કરશો કે મારે પણ એ ભીમસેન જેવા ઘણા પુત્રો છે; કેમકે શ્રીકૃષ્ણ પાંડવોના પક્ષમાં છે, એમ જણાવવા માટેજ આ બારમો શ્લોક છે.
—भा. क.

* પુત્રને શાસ્ત્રો '**अपत्य**' કહે છે. '**न पतति ह्यस्मात् इति अपत्यम्**' જેથી કુળનો નાશ ન થાય તે **अपत्य** કહેવાય છે. આ તો કુળનો નાશ કરનાર છે, માટે તે **अपत्य-पुत्र** નથી. માટે તેને કુળના કલ્યાણ માટે પણ તજી દેવો જોઇએ. આવો ન્યાય છે કે, '**त्यजेदेकं कुलस्यार्थे**' કુળને માટે એકને ત્યજી દેવો.'
—भा. क.

+ તમે કહેશો કે, હું શું કરૂં? દુર્યોધન માનતો નથી; તો એ દુર્યોધનને તજી દો, એમ આ ૧૩મા શ્લોકમાં કહે છે.
—भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેમના ઘરના દ્વારમાં પોતાનું† ધનુષ મૂકીને ત્યાંથી ચાલી નીકળ્યા. કૌરવોએ પુણ્યથી પ્રાપ્ત કરેલા એ વિદુરજી હસ્તિનાપુરમાંથી નીકળીને પુણ્ય કરવાની ઇચ્છાથી પૃથ્વી પર શ્રીહરિનાં તીર્થક્ષેત્રોમાં પર્યટન કરવા લાગ્યા, કે જે તીર્થોમાં બ્રહ્મા-રુદ્ર આદિ હજારો મૂર્તિઓ ધારણ કરીને ભગવાન બિરાજેલા છે.[૧૬,૧૭] તે વિદુરજી પોતે એકલાજ નગરોમાં, પવિત્ર ઉપવનોમાં, પર્વતોમાં, લતાગૃહોમાં, નિર્મળ જળવાળી નદીઓમાં, સરોવરોમાં અને ભગવાનની મૂર્તિઓથી શોભતાં એવાં તીર્થોમાં અને ક્ષેત્રોમાં વિચરવા લાગ્યા.[૧૮] પૃથ્વી પર યાત્રા માટે તે ફરતા હતા, ત્યારે પવિત્ર અને ઉત્તમ આજીવિકા કરતા હતા, પ્રત્યેક તીર્થમાં સ્નાન કરતા હતા, ભૂમિ ઉપર શયન કરતા હતા, અવધૂત રહેતા હતા—શરીરની ટાપટીપ રાખતા ન હતા, વેષ પણ અવધૂતનો રાખતા હતા—વલ્કલ વગેરે વસ્ત્રો ધારણ કરતાં હતા અને તેથીજ તેમને પોતાનાં સગાં-સંબંધીઓ ઓળખી શકતાં ન હતાં. તેઓ શ્રીહરિને પ્રસન્ન કરનારાં વ્રતોજ તે કર્યા કરતા હતા.[૧૯] કેટલાક કાળે આખા ભરતખંડમાં એ પ્રમાણે યાત્રા કરીને જેટલામાં તે પ્રભાસક્ષેત્રમાં ગયા, ત્યાં તો માત્ર એકજ સૈન્ય અને રાજચિહ્નરૂપ છત્ર જેમાં હતું, એવી આખી પૃથ્વીપર શ્રીકૃષ્ણની સહાયથી યુધિષ્ઠિર રાજા રાજ્ય કરતા હતા. પછી ત્યાં તેમણે સાંભળ્યું કે, વાંસથી ઉત્પન્ન થયેલા અગ્નિ વડે જેમ વન બળી જાય, તેમ પોતાના સંબંધીઓનો પરસ્પર સ્પર્ધાના નિમિત્તે વિનાશ થઇ ગયો છે; એ સાંભળ્યા પછી પોતે શોક કરતા ચુપચાપ પશ્ચિમમાં આવેલી સરસ્વતી નદી તરફ ચાલી નીકળ્યા.[૨૦,૨૧] ત્યાં સરસ્વતીના તટ પર આવેલા ત્રિત, શુક્રાચાર્ય, મનુ, પૃથુ, અગ્નિ, અસિત, વાયુ, સુદાસ, ગોતીર્થ, કાર્તિકસ્વામીનું તીર્થ અને યમદેવનું તીર્થ—એમ અગિયાર તીર્થોનું તેમણે સેવન કર્યું. વળી એ વિના બીજા ઋષિઓ અને દેવોએ કરેલાં અનેક જાતનાં તીર્થો અને ક્ષેત્રો છે, કે જેઓમાં સુદર્શનચક્ર તથા શિખર પર સુવર્ણના કળશોનાં ચિહ્નનવાળાં મંદિરો છે; જેમનું દર્શન થતાંજ શ્રીકૃષ્ણનું સ્મરણ થઈ આવે છે,[૨૨,૨૩] તેઓનું પણ તેમણે સેવન કર્યું. તે પછી સમૃદ્ધિવાળા સૌરાષ્ટ્ર દેશમાં, સૌવીર દેશમાં, મત્સ્યદેશમાં, કુરુદેશમાં તથા જાંગલદેશમાં જઇને કેટલાક કાળે તે વિદુરજી યમુના નદી પર ગયા. તેટલામાં ત્યાં ભગવાનના ભક્ત ઉદ્ધવજીનાં તેમને દર્શન થયાં.[૨૪] એટલે તે વિદુરજીએ શ્રીકૃષ્ણના અનુચર અને (નીતિશાસ્ત્રમાં) બૃહસ્પતિના પ્રસિદ્ધ પ્રથમ શિષ્ય તે ઉદ્ધવજીને અતિ સ્નેહથી ભેટી પડીને ભગવાનના સેવક એવા પોતાના સંબંધીઓનું આ પ્રમાણે કુશળ પૂછવા માંડ્યુંઃ—[૨૫] 'હે ઉદ્ધવ! પોતાની નાભિમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મદેવની પ્રાર્થનાથી જેઓ આ પૃથ્વી પર અવતરેલા છે, તે પુરાણપુરુષ શ્રીકૃષ્ણ અને બળદેવ શૂરસેનને ઘેર કુશળ છે ને? કે જેમણે આ પૃથ્વીનું કુશળ કરી સર્વને સુખનો સમય આપ્યો છે.[૨૬] હે ઉદ્ધવ! જે ઉદાર વસુદેવજી પોતાના બનેવીઓને સંતુષ્ટ કરીને પિતાની પેઠે પોતાની બહેનોને પણ ઉત્તમ પદાર્થો આપે છે, તે અમો કૌરવોના પરમ મિત્ર અને પૂજ્ય એવા વસુદેવજી સુખમાં છે ને?[૨૭] હે ઉદ્ધવ! જેમને રુક્મિણીએ બ્રાહ્મણોનું આરાધન કરી ભગવાન શ્રીકૃષ્ણથી પુત્ર તરીકે પ્રાપ્ત કર્યા છે અને જે પૂર્વજન્મમાં કામદેવ હતા, તે યાદવોના વીર સેનાપતિ પ્રદ્યુમ્ન સુખી છે ને?[૨૮] રાજ્યાસનની આશાનો ત્યાગ કરી દૂર રહેતા એવા જેમનો શ્રીકૃષ્ણે રાજ્યાભિષેક કર્યો છે, તે સાત્વત, વૃષ્ણિ, ભોજ અને દાશાર્હ

† ધનુષ એટલા માટે મૂકી દીધું કે, વિદુરજીએ જાણી લીધું હતું કે, હવે આ લોકોનો વિનાશજ થવાનો છે, તો પછી મારે ધનુષ રાખીને શું કરવું છે? અથવા એ લોકોના મનમાં એવી શંકા ન થાય કે, આ વિદુર હવે શત્રુઓને મળી જઇને અમારી સામે લડશે.
—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કુળના અધિપતિ ઉગ્રસેન સુખી છે ને ?[૨૯] હે સૌમ્ય! જેમને પૂર્વજન્મમાં દેવ કાર્તિકસ્વામી તરીકે પાર્વતીજીએ ગર્ભમાં ધારણ કર્યા હતા, જેમને (આ જન્મમાં) વ્રતવાળી જાંબવતીએ જન્મ આપ્યો છે અને જે શ્રીહરિના સમાન છે, તે મહારથીઓમાં અગ્રણી શ્રીકૃષ્ણના પુત્ર સાંબ સુખી છે ને ?[૩૦] જેણે અર્જુન પાસેથી ધનુર્વેદનું રહસ્ય સંપાદન કર્યું છે અને જેણે શ્રીકૃષ્ણની સેવાજ કરીને યોગીઓને પણ દુર્લભ ગતિ પ્રાપ્ત કરી છે, તે સાત્યકિ કુશળ છે ને ?[૩૧] પ્રેમને લીધે ધૈર્ય છૂટી જવાથી શ્રીકૃષ્ણના ચરણના ચિહ્નવાળી માર્ગની ધૂળમાં જે લોટી પડ્યા હતા અને જે ભગવાન શ્રીકૃષ્ણને અનુસરીને પાપરહિત થયા છે, તે વિદ્વાન અક્રૂરજી કુશળ છે ને ?[૩૨] વેદો જેમ યજ્ઞવિસ્તારને પ્રકાશકપણે ધારણ કરે છે, તેમ જેણે ભગવાન શ્રીકૃષ્ણને ગર્ભમાં ધારણ કર્યા હતા અને જે દેવોની માતા અદિતિની પેઠે શ્રીવિષ્ણુ ભગવાનરૂપી પુત્રવાળાં છે તે ભોજવંશના દેવક રાજાની પુત્રી—દેવકીજી કુશળ છે ને ?[૩૩] તેમજ જે પોતાના સેવકજન એવા તમારા મનોરથોને પૂર્ણ કરે છે અને જેમને વેદો, મનના પ્રવર્તક હોવાથી શાસ્ત્રોના કારણ કહે છે; કેમકે જે ચાર પ્રકારના અંતઃકરણના+ ચોથા તત્ત્વરૂપ કહે છે, તે અનિરુદ્ધ ભગવાન સુખી છે ને ?[૩૪] વળી હે સૌમ્ય! એ સિવાય બીજા હૃદીક, સત્યભામાના પુત્ર, ચારુદેષ્ણ અને ગદ વગેરે—જેઓ પોતાના દેવ શ્રીકૃષ્ણને એકાંતભક્તિભાવથી સારી રીતે અનુસરે છે, તેઓ પણ કુશળતાથી વિચરે છે ને ?[૩૫] જેની સભામાં વિજય પરંપરાથી પ્રાપ્ત થયેલી સામ્રાજ્યલક્ષ્મીને લીધે દુર્યોધન સંતાપ પામ્યો હતો, તે ધર્મરાજા—યુધિષ્ઠિર પોતાના બે બાહુઓ સમાન અર્જુન તથા શ્રીકૃષ્ણની સાથે ધર્મમાર્ગમાં રહીને ધર્મની મર્યાદાનું રક્ષણ કરે છે ને ?[૩૬] ગદા ફેરવવાની અનેક જાતની રીતિએ ઘૂમતા જે ભીમસેનના ચરણપ્રહારને રણભૂમિ સહન કરી શકતી ન હતી અને જે પોતાનો અપરાધ કરનારા કૌરવો પ્રતિ સર્પની પેઠે ખીજવાયેલો હતો તે ભીમસેને, પોતાના ઘણા લાંબા કાળના ક્રોધનો હવે ત્યાગ કરી દીધો છે ને ?[૩૭] માયાથી ભીલનું સ્વરૂપ ધારણ કરનાર શ્રીશંકર, જેનાં બાણોના મોટા ઢગથી ઢંકાઈ જઇને જેના ઉપર પ્રસન્ન થયા હતા, તે રથીઓ, મહારથીઓ તથા અતિરથીઓની મધ્યે કીર્તિધારી ગાંડીવધન્વા—અર્જુન શત્રુઓનો વિનાશ કરીને સુખી છે ને ?[૩૮] જેમ ગરુડે ઇન્દ્રના મુખમાંથી પોતાનો અમૃતભાગ ઝૂંટવી લીધો હતો, તેમ પોતાના શત્રુ દુર્યોધન પાસેથી પોતાનો રાજ્યભાગ યુદ્ધમાં ઝૂંટવી લઈને, જેમ બે નેત્રો પાંપણોથી વીંટળાઈ રહે છે, તેમ કુંતીના પુત્રોથી વીંટળાઈ રહેલા નકુલ અને સહદેવ આનંદ કરે છે ને ?[૩૯] અહો! (આશ્ચર્યની વાત છે કે,) રાજર્ષિઓમાં શ્રેષ્ઠ એવા તે પાંડુરાજ કે જેમણે એક વીર તરીકે રથમાં બેસીને કેવળ એક ધનુષની સહાયથીજ ચારે દિશાઓને જીતી હતી, તેમના વિના પણ કેવળ

+ ચોથા તત્ત્વરૂપ એટલે ચિત્ત, બુદ્ધિ, અહંકાર અને મન—એમ ચાર પ્રકારના અંતઃકરણ પૈકી ચોથું જે મન છે તેના અધિષ્ઠાયક દેવરૂપ; કેમકે અંતઃકરણના ચાર ભેદના અનુક્રમે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ એમ ચાર અધિષ્ઠાયક દેવો છે. મૂળમાં અનિરુદ્ધને મનના પ્રવર્તક કહી શબ્દયોનિ પણ કહ્યા છે, તેનું કારણ એ છે કે, શબ્દની ઉત્પત્તિમાં મન કારણ છે અને તેથી તેનો અધિષ્ઠાયક પણ શબ્દયોનિ હોઇ શકે છે. મન શબ્દનું ઉત્પત્તિકારણ કેવી રીતે છે, તે સંબંધે પાણિનીય શિક્ષામાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છેઃ—

आत्मा बुद्ध्या समेत्यार्थान्मनो युंक्ते विवक्षया।
मनः कायाग्निमाहन्ति स प्रेरयति मारुतम्॥
मारुतस्तूरसि चरन् मन्द्रं जनयति स्वरम्।

અર્થાત્ આત્મા પ્રથમ બુદ્ધિ સાથે જોડાઈને બોલવાની ઇચ્છાથી મનને પ્રેરણા કરે છે. તે પછી મન શરીરના અગ્નિને પ્રેરણા કરે છે, તે વાયુને પ્રેરણા કરે છે અને વાયુ છાતીમાં ઘૂમી ઘૂમીને ગંભીર સ્વરને ઉત્પન્ન કરે છે.

—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાના પુત્રોને માટેજ કુંતા પણ જીવી રહ્યાં છે![40] હે સૌમ્ય! જેમનો અધઃપાત થઈ રહ્યો છે, એવા મારા ભાઈ ધૃતરાષ્ટ્ર જીવી રહ્યા છે, તેનો હું શોક કરું છું; કેમકે જેમણે મરણ પામેલા પોતાના ભાઈ પાંડુનો દ્રોહ કર્યો છે અને પોતાના પુત્રોને અનુસરી પોતાના ભાઈ અને પણ પોતાના નગરમાંથી હાંકી કાઢ્યો છે;[41] તે હું મનુષ્યોના અનુકરણથી મનુષ્યોની દૃષ્ટિને ભમાવતા અને સર્વના વિધાતા શ્રીહરિની કૃપાથી તેમના માહાત્મ્યને જોતો આશ્ચર્યરહિત થઇને કોઇ જાણી ન શકે તે રીતે—ગુપ્તપણે પૃથ્વી પર વિચરું છું.[42] ભગવાન શ્રીકૃષ્ણે (પોતે તેજ ક્ષણે મારી નાખવાને સમર્થ હતા, છતાં આજ દિવસ સુધી) કૌરવોના અપરાધને જે સહન કર્યા તેમાં કારણ એજ હોવું જોઇએ કે, ત્રણ+ પ્રકારના મદથી ઉદ્ધત બની ગયેલા અને સેનાઓ વડે પૃથ્વીને વારંવાર ડગમગાવી દેતા (બીજા સર્વ દુષ્ટ) રાજાઓનો પણ સંહાર કરવાની તેમની ઇચ્છા હતી અને તે દ્વારા શરણે આવેલાંઓની પીડા દૂર કરવાની પણ તેમને ઇચ્છા હતી.[43] ભગવાન અજન્મા છે, છતાં તેમનો જન્મ અવળે માર્ગે જનારાઓનો નાશ કરવા માટે હોય છે; તેમજ ભગવાન અકર્તા છે, છતાં તેમનાં કર્મો મનુષ્યોને તે તે કર્મોમાં પ્રવૃત્તિ કરાવવા માટે હોય છે. જો એમ ન હોય તો બીજો કયો પુરુષ ગુણાતીત હોવા છતાં શરીરના સંબંધને તથા કર્મના વિસ્તારને યોગ્ય હોય?[44] હે મિત્ર! જે ભગવાન પોતે અજન્મા છે, છતાં પોતાની આજ્ઞામાં રહેનારા શરણાગત સમગ્ર લોકપાલોના કાર્ય માટે યાદવોના વંશમાં જન્મ્યા છે અને જેમની કીર્તિ સંસારથી તારનારી છે, તે ભગવાનની કથા તમે મને કહો.'"[45]

तस्य प्रपन्नाखिललोकपानामवस्थितानामनुशासने स्वे । अर्थाय जातस्य यदुष्वजस्य वार्तां सखे कीर्तय तीर्थकीर्तेः ॥ ४५ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૧ લો સમાપ્ત

अध्याय २ जो×

શ્રીકૃષ્ણના વિયોગથી ઉદ્ધવજીનો શોક અને તેમણે કરેલું શ્રીકૃષ્ણનાં બાળ-ચરિત્રોનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

इति भागवतः पृष्टः क्षत्त्रा वार्तां प्रियाश्रयाम् । प्रतिवक्तुं न चोत्सेह औत्कंठ्यात्स्मारितेश्वरः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા—"ભગવાનના ભક્ત ઉદ્ધવજીને એ રીતે વિદુરજીએ પોતાના પ્રિય સંબંધીઓની વાર્તા પૂછી, એટલે શ્રીકૃષ્ણનું જેમને સ્મરણ કરાવવામાં આવ્યું હતું, એવા ઉદ્ધવજી શ્રીકૃષ્ણના વિરહની ઉત્કંઠાના આવેશને લીધે કંઇ પણ ઉત્તર આપવાનો ઉત્સાહ કરી શક્યા નહિ; કારણ કે ઉદ્ધવજી જ્યારે પાંચ વર્ષના હતા, તે સમયે પણ બાળલીલામાં (કોઇને) શ્રીકૃષ્ણ કલ્પીને કલ્પિત સાધનોથી પણ તેમનું પૂજન કરતા હતા અને તે વખતે માતા ભોજન કરવા કાલાવાલા કરતી, છતાં ભોજનની ઇચ્છા કરતા નહિ.[૧૨] તે ઉદ્ધવજી શ્રીકૃષ્ણની સેવા કરીને કાળે કરી વૃદ્ધ થયા હતા; તેમને શ્રીકૃષ્ણની કુશળવાર્તા વિદુરજીએ પૂછી, તે વખતે પોતાના સ્વામીના ચરણનું સ્મરણ થઇ આવતાં તે શી રીતે ઉત્તર આપી શકે?[૩] એક મુહૂર્ત સમય સુધી તો તે મૌનજ રહ્યા અને તીવ્ર ભક્તિયોગથી શ્રી-

---

\+ ત્રણ પ્રકારના મદ તે આ પ્રમાણે છે—

विद्यामदो धनमदस्तथैवाभिजनो मदः । एते मदा मदान्धानां त एव हि सतां दमाः ॥

મદાંધ મનુષ્યોના આ ત્રણ મદ છે—વિદ્યામદ, ધનમદ તથા કુળમદ. આ ત્રણ મદજ સત્પુરુષોને તો દમરૂપ થાય છે—ઇંદ્રિયનિગ્રહરૂપ બને છે. —શ્રીધર

× આ અધ્યાયમાં શ્રીકૃષ્ણના વિયોગથી શોક કરતા ઉદ્ધવજીએ શ્વાસોચ્છ્વાસ લેતાં વિદુરજી આગળ શ્રીકૃષ્ણનાં બાળચરિત્રો વર્ણવ્યાં, તે કહેવાશે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કૃષ્ણના ચરણામૃતમાં અત્યંત નિમગ્ન થઇ શાંત થઇ ગયા.[૪] તેમનાં સર્વ અંગો રોમાંચિત થઈ ગયાં અને મીંચેલાં નેત્રોમાંથી તે અશ્રુઓ વહાવવા લાગ્યા. ભગવાન ઉપરના સ્નેહના પૂરમાં તે એવા તો ડૂબી ગયા, કે જેથી વિદુરજીએ તેમને કૃતાર્થ જાણ્યા. પછી ધીમે ધીમે તે ઉદ્ધવજી ભગવાનરૂપી (બીજા) લોકમાંથી પાછા મનુષ્યલોકમાં આવ્યા અને નેત્રો લૂછી નાખી (યદુકુળનો સંહાર વગેરે ભગવાનની ચતુરાઇ યાદ આવતાં) વિસ્મય પામતા વિદુરજીને કહેવા લાગ્યા.[૫-૬]

ઉદ્ધવ બોલ્યા:–'શ્રીકૃષ્ણરૂપી સૂર્યનો અસ્ત થતાં અમારાં ઘરોને કાળરૂપી મહાન સર્પ ગળી ગયો છે; તો (અત્યારે) શોભા કે સંપત્તિથી શૂન્ય થઈ પડેલાં તે અમારાં ઘર સંબંધી હું તમને શું કુશળ કહું?[૭] ખરેખર, આ લોક દુર્ભાગી છે અને તેમાં પણ યાદવો તો અત્યંત દુર્ભાગી છે; કારણ કે જે યાદવો શ્રીકૃષ્ણની સમીપ રહેતા હતા, છતાં માછલાં જેમ ચંદ્રને ન જાણી શક્યાં,‡ તેમ તેઓ શ્રીકૃષ્ણને જાણી શક્યા નહિ.[૮] (ભાગ્યહીનતાને લીધેજ તેઓ ભગવાનને જાણી શક્યા નહિ; તેઓની પાસે જ્ઞાનસામગ્રીનો કંઇ અભાવ ન હતો. એમ કહે છે.) યાદવો હરકોઈના ચિત્તના અભિપ્રાયને જાણી લેનારા હતા, અતિશય નિપુણ હતા અને એકજ સ્થાનમાં (સાથે) રહેનારા હતા; છતાં તેઓ સર્વે પ્રાણીમાત્રના નિવાસ-સ્થાનરૂપ–પરમેશ્વરને પણ માત્ર યાદવોમાં એક શ્રેષ્ઠ તરીકે માનતા હતા.[૯] જે યાદવો ભગવાનની માયા વડે મોહિત થઇને 'આ શ્રીકૃષ્ણ અમારા બંધુ છે,' એમ કહેતા હતા અને શિશુપાલ વગેરે જે વૈરીઓ વૈરનો આશ્રય કરીને ભગવાનની નિંદા કરતા હતા, તેઓનાં વાક્યો વડે, આત્મારૂપ શ્રીહરિને વિષે આસક્ત મનવાળી (મારા જેવા) પુરુષની બુદ્ધિ કદી ભ્રમિત થતી નથી–મોહ પામતી નથી; (બાકી બીજાઓ તો મોહજ પામી ગયા છે.)[૧૦] જે શ્રીહરિ જેઓએ તપશ્ચર્યા કરી નથી અને તેથીજ જેઓની દૃષ્ટિ અતૃપ્તજ રહી ગઈ છે, એવા મનુષ્યોને આટલા કાળ સુધી પોતાની મૂર્તિનાં દર્શન કરાવીને અને પાછળથી લોકોનું તે (વાસ્તવિક) દર્શન ઝૂંટવી લઇને અંતર્ધાન થઇ ગયા છે;[૧૧] જે ભગવાનની મૂર્તિ મનુષ્યલીલામાં ઉપયોગી હતી, પોતાની યોગમાયાનું બળ દર્શાવવા ભગવાને ગ્રહણ કરી હતી, ભગવાનને પોતાને વિસ્મયજનક હતી, સૌભાગ્યના અતિશયની પરાકાષ્ઠા હતી–સૌંદર્યાદિની અવધિરૂપ હતી અને જે મૂર્તિનાં અંગો ભૂષણોને પણ ભૂષણરૂપ હતાં; અહો! દૃષ્ટિને પરમ આનંદકારક એવી જે મૂર્તિને ધર્મરાજાના રાજસૂયયજ્ઞમાં જોઇને ત્રણે લોકોએ એમજ માન્યું હતું કે, 'વિધાતાની અર્વાચીન સૃષ્ટિરચનામાં અથવા અર્વાચીન મનુષ્યસૃષ્ટિમાં જે કંઇ કુશળતા છે, તે સંપૂર્ણપણે આ મૂર્તિમાં ખર્ચાઈ ગઈ છે;+ હવે બ્રહ્મદેવની પાસે આવી મનુષ્યસૃષ્ટિ રચવાની કુશળતા રહીજ નથી.'[૧૨,૧૩] વળી જે ભગવાનના સ્નેહ વડે વ્યાપ્ત એવાં હાસ્ય, રાસ અને લીલાદર્શન વડે જેઓએ ભગવાનના તરફથી માન મેળવ્યું હતું, એવી વ્રજની સ્ત્રીઓ દૃષ્ટિની સાથે પોતાની બુદ્ધિ પણ તે ભગવાનની પાછળજ જતી રહેતી હોવાથી ઘરમાં સર્વ કામકાજ અધૂરાં મૂકીનેજ ઊભી રહેતી હતી; જ્યારે પોતાનાંજ શાંત સ્વરૂપોને (દેવોને) પોતાનાંજ અશાંત સ્વરૂપો (દૈત્યો) દુઃખ દેવા લાગ્યાં, ત્યારે તે શાંત

‡ ચંદ્ર જ્યારે ક્ષીરસમુદ્રમાં ઉત્પન્ન થયો, ત્યારે તેની સાથે રહેનારાં ત્યાંનાં માછલાં તો કેવળ એટલુંજ જાણતાં હતાં કે, આ કોઇ એક સુંદર જળચર પ્રાણી છે, નહિ કે આ તો અમૃતમય એવો ચંદ્ર છે, એમ તેઓએ જાણ્યું અથવા જળમાં પ્રતિબિંબિત ચંદ્રને જેમ માછલાં ન જાણે તેમ. —શ્રીધર

+ લોકોની દૃષ્ટિએ આ પ્રમાણે અહીં કહેવામાં આવ્યું છે. વસ્તુતઃ બ્રહ્મદેવમાં પરમેશ્વરની મૂર્તિ વિધાનનું સામર્થ્યજ નથી. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વરૂપો પર જેમનો આત્મા કૃપાળુ હતો, એવા તે *પર—અવરના ઈશ્વર ભગવાન પોતે અજન્મા હોવા છતાં અગ્નિ જેમ (મહાભૂતસ્વરૂપે નિત્યસિદ્ધ છતાં) કાષ્ઠમાં ઉત્પન્ન થાય છે, તેમ મહત્તત્ત્વ જેનો અંશ છે એવી માયાથી યુક્ત થઇને પ્રકટ થયા હતા;[૧૪।૧૫] જે ભગવાન પોતે અજન્મા છે, છતાં તેમણે વસુદેવને ઘેર (કેદખાનામાં) જન્મ લીધો અને પોતે અનંતવીર્ય હોવા છતાં જાણે (કંસ) શત્રુના ભયથી (ડરતા) હોય, તેમ વ્રજમાં (છુપાઇને) રહ્યા; તેમજ જાણે કાલયવન વગેરે શત્રુના ભયથી (ડરતા) હોય તેમ મથુરાનગરીમાંથી પોતે નાસી ગયા—આ સર્વ ભગવાનનું ચરિત્ર મને ખેદ ઉપજાવે છે.[૧૬] વળી ભગવાનનું આ ચરિત્ર પણ મને યાદ આવતાં મારું મન દુઃખી થાય છે કે, તે ભગવાને (કંસનો વધ કર્યા પછી) પોતાનાં માતા—પિતાના ચરણમાં વંદન કરીને કહ્યું હતું કે, 'હે પિતા! હે માતા! તમે અમારા ઉપર કૃપા કરો; અમે તમારી સેવા કરી શક્યા નથી; કેમકે અમે કંસથી ઘણાજ શંકાવાળા રહેતા હતા.[૧૭] જેમણે પોતાની ફરકતી ભ્રૂકુટીશાખારૂપી કાળ વડે પૃથ્વીના ભારને દૂર કર્યો છે, એવા એ પરમાત્માના ચરણકમળની રજને પણ સેવતો કયો પુરુષ તેને× ભૂલી જવાને સમર્થ થાય?[૧૮] વળી શ્રીકૃષ્ણનો શત્રુ હોવા છતાં પણ શિશુપાલને યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞમાં જે સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી, તે તો તમે પોતે પણ નજરે જોઇ હતી, કે જે સિદ્ધિને યોગીલોકો શ્રેષ્ઠ યોગસાધના કરીને પ્રાપ્ત કરવા ઇચ્છે છે. આવા તે ભગવાનના વિરહને કોણ સહન કરે?[૧૯] તેમજ કૌરવ—પાંડવના યુદ્ધમાં બીજા મનુષ્યલોકના જે વીર યોદ્ધાઓ હતા, તેઓ પણ નેત્રોને આનંદદાયક શ્રીકૃષ્ણ ભગવાનના મુખકમળને નેત્રોથી જોતા જોતા અર્જુનનાં બાણોથી પવિત્ર થઇને એ ભગવાનના પદને પામ્યા હતા.[૨૦] વળી તે ભગવાન પોતે કોઈની સમાન નથી, અતુલ વિશેષતાઓવાળા છે, ત્રણે પુરુષાર્થોના, ત્રણે લોકોના અથવા તો ત્રણે ગુણોના અધીશ્વર છે, પરમાનંદ સ્વરૂપરૂપી સંપત્તિથી સમસ્ત ભોગોને મેળવનારા છે અને બલિદાનો દેતા પુરાતની લોકપાલો પણ તેમના પાદપીઠની સ્તુતિ કર્યા કરે છે; છતાં હે વિદુરજી! એ ભગવાન રાજ્યાસન ઉપર બેઠેલા ઉગ્રસેનની સામે ઊભા રહીને 'હે દેવ! અમને સેવકોને તમે આજ્ઞા આપો.' એ પ્રમાણે જે વિનંતી કરતા હતા, તે ભગવાનનું દાસત્વ અમને સેવકોને અત્યંત ખેદ ઉપજાવે છે.[૨૧।૨૨] અહો! આશ્ચર્યની વાત છે કે, દુષ્ટ પૂતનાએ જેમને મારી નાખવાની ઇચ્છાથીજ સ્તનની અંદર ભરેલું કાલકૂટ—ઝેર ધવરાવ્યું હતું; છતાં તે પૂતના, માતા—યશોદાને યોગ્ય સદ્ગતિને પ્રાપ્ત થઇ; તો એમનાથી બીજા કયા દયાળુને શરણે આપણે જઇએ? બીજા કોનું ભજન કરીએ?+[૨૩] ખરેખર, હું તો અસુરોને પણ ભગવાનના ભક્તજ માનું છું; કેમકે જેઓ ક્રોધાવેશના માર્ગે પણ ત્રિજગદીશ્વર—ભગવાન વિષે પોતાના મનને એકાગ્ર સ્થાપે છે અને તેથીજ સંગ્રામમાં જેના ખભા ઉપર ચક્રધારી શ્રીહરિ બિરાજેલા હોય છે, તે ગરુડને તેઓ પોતાની સામે ધસી આવતો જુએ છે.÷ આવા ભગવાન બ્રહ્મદેવની પ્રાર્થનાથી, આ પૃથ્વીને સુખ કરવાની ઇચ્છાથી

* પર એટલે બ્રહ્માદિ દેવો અને અવર એટલે આપણ વગેરે. —બાલપ્રબોધિની

× તેને એટલે તેમના પ્રભાવને. —બાલપ્રબોધિની

+ અર્થાત્ ભગવાન ભક્તો ઉપર તો કૃપા કરે છે; એટલુંજ નહિ પણ જેઓ અપકાર કરનારા માત્ર ભક્તનો વેષ ધારણ કરે છે, તેમને પણ સદ્ગતિ આપે છે. આવી દયાળુતા બીજે નજ હોય. —મા. ક.

÷ અર્થાત્ એ રીતે અસુરો ભક્ત હોવાથીજ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કરે છે અને ભગવાન પણ તેઓના પર અનુગ્રહ કરે છે, તે યોગ્યજ છે. આગળ જતાં કહેવાશે કે, '**तस्मात् केनाप्युपायेन मनः कृष्णे निवेशयेत्**' માટે કોઇ પણ ઉપાયે મનને શ્રીકૃષ્ણમાં સ્થાપી દેવું જોઇએ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વસુદેવથી દેવકી વિષે કંસરાજાના કેદખાનામાં જન્મ્યા હતા.[૨૪।૨૫] તે પછી કંસથી ભય પામતા પિતા વસુદેવને લીધે પોતે નંદના વ્રજમાં ગયા હતા અને ત્યાં પોતાના તેજને ગુપ્ત રાખીને તે ભગવાન બળદેવની સાથે અગિયાર વર્ષ સુધી રહ્યા હતા.[૨૬] વળી ત્યાં શબ્દ કરતાં પક્ષીઓથી વ્યાપ્ત વૃક્ષોવાળાં યમુનાનાં ઉપવનમાં ગોવાળોથી વીંટળાઇને તે ભગવાન વાછરડાંઓને ચારતા વિહાર કરતા હતા.[૨૭] એ સમયે સુંદર સિંહબાળકની પેઠે આસપાસ જોતા તે જાણે રડતા હોય અથવા હસતા હોય-એ રીતે વ્રજવાસીઓને જોવાયોગ્ય બાળચેષ્ટાઓ દેખાડતા હતા. વળી તેજ ભગવાન લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ ધોળી ગાયો તથા બળદોવાળા ગોધન ચારતા અને વાંસળી વગાડતા પોતાના અનુયાયી ગોવાળોને રમાડતા હતા.[૨૮।૨૯] તે સમયે કંસરાજાએ જે જે માયાવી અને ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનારા અસુરોને મોકલ્યા હતા, તેઓને બાળક જેમ રમકડાંઓને ભાંગી નાખે, તેમ લીલામાત્રમાં મારી નાખ્યા હતા.[૩૦] પછી (યમુનામાં વસતા) કાલીયનાગને નાથીને (તે સર્પને લીધે) ઝેરી થયેલા યમુનાના જળપાનથી મરણ પામેલા ગોવાળિયાઓને તથા ગાયોને તે ભગવાને સજીવન કર્યાં હતાં અને ઝેર વિનાનું થયેલું યમુનાનું જળ તેઓને પાયું હતું.[૩૧] વળી તે પ્રભુએ ગોપરાજ નંદ પાસે ઇન્દ્રનું અભિમાન દૂર કરવા માટે ઇન્દ્રપૂજાનો ભંગ કરીને ઉત્તમ બ્રાહ્મણોદ્વારા ગાયોની પૂજારૂપી 'ગોસવ' નામે યજ્ઞ કરાવ્યો હતો અને તે દ્વારા (નંદના) અતિ સમૃદ્ધ ધનનો સદ્વ્યય કરવાની ઇચ્છા કરી હતી;[૩૨] તે વેળા ક્રોધથી વિહ્વળ થયેલો ઇન્દ્ર જ્યારે વરસાદ વરસાવવા લાગ્યો, ત્યારે હે ભદ્ર વિદુરજી! અતિશય વ્યાકુળ થયેલા વ્રજનું પોતે કૃપા કરીને ગોવર્ધન પર્વતરૂપી છત્રથી રક્ષણ કર્યું હતું;[૩૩] તેમજ શરદ્‌ઋતુના ચંદ્રનાં કિરણોથી ઉજ્જવળ એવા રાત્રિના પ્રારંભને માન આપીને સ્ત્રીઓના મંડળને શોભાવનાર તે ભગવાન સુંદર પદવાળાં ગીત ગાતા રાસ રમ્યા હતા.'"[૩૪]

शरच्छशिकरैर्मृष्टं मानयन् रजनीमुखम् ।
गायन् कलपदं रेमे स्त्रीणां मंडलमंडनः ॥३४॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૨ જો સમાપ્ત

अध्याय ३ जो+

મથુરા તથા દ્વારકામાં શ્રીકૃષ્ણનાં ચરિત્રો

॥ उद्धव उवाच ॥

ततः स आगत्य पुरं स्वपित्रोश्चिकीर्षया शं बलदेवसंयुतः । निपात्य तुंगाद्रिपुयूथनाथं हतं व्यकर्षद्व्यसुमोजसोर्व्याम् ॥ १ ॥

ઉદ્ધવજી બોલ્યાઃ-"પછી તે ભગવાને બળદેવની સાથે વ્રજમાંથી મથુરામાં આવીને પોતાનાં માતાપિતાને સુખ કરવાની ઇચ્છાથી શત્રુસમૂહના સ્વામી કંસને ઊંચા માંચડા પરથી પૃથ્વી પર પાડી નાખીને હણી નાખ્યો હતો અને તે મરણ× પામેલા કંસને બળથી પૃથ્વી ઉપર ઘસડ્યો હતો.[૧] પછી સાંદીપનિ ગુરુ પાસેથી તે ભગવાન માત્ર એકજ વખત કહેવામાં આવેલા સવિસ્તર-છ અંગો સહિત વેદને ભણી ગયા હતા અને (તે સાંદીપનિ ગુરુના) મરણ પામેલા પુત્રને પંચજન નામના દૈત્યનું પેટ ચીરીને તે પોતાના ગુરુને વરદાન તરીકે આપ્યો હતો,* ભીષ્મક રાજાની પુત્રી-

+ આ અધ્યાયમાં શ્રીકૃષ્ણે વ્રજથી મથુરામાં આવી કંસનો વધ વગેરે જે કર્મ કર્યું અને દ્વારકામાં જે કંઇ કર્યું, તે વર્ણવવામાં આવશે. —શ્રીધર

× મરણ પામેલા કંસને ભગવાને પૃથ્વી ઉપર ઘસડ્યો, તે પણ માતાપિતાને સુખ કરવાની ઇચ્છાથીજ. —શ્રીધર

* અર્થાત્ સાંદીપનિ ગુરુના પુત્રને પંચજન નામના દૈત્યે મારી નાખ્યો હતો, તેથી તે પુત્રની શોધ માટે તે દૈત્યનું પેટ ચીરી જોતાં તેમાં નહિ મળવાથી છેક યમરાજા પાસે જઇને પણ મરેલા પુત્રને સજીવન કરી ગુરુને ગુરુદક્ષિણામાં આપ્યો હતો. —મા. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રુક્મિણીએ લક્ષ્મીની સમાન એવા પોતાના રૂપથી જે રાજાઓને બોલાવ્યા હતા–સ્વયંવરમાં આકર્ષી આણ્યા હતા, તેઓના દેખતાં તેઓના મસ્તક ઉપર પગ મૂકીને ગરુડ જેમ પોતાના ભાગને (અમૃતને) હરી લે, તેમ તે રુક્મિણી સાથે (પરસ્પર સંકેત કરી રાખેલું) ગાંધર્વલગ્ન કરવાની ઇચ્છાથી પોતાના ભાગરૂપ તે રુક્મિણીનું હરણ કર્યું હતું.÷[૨-૩] તેમજ જેઓનાં નાક નાથ્યાં ન હતાં, તેવા સાત સાંઢોને–નાક વીંધી-નાથીને સ્વયંવરમાં નાગ્નજિતી નામની કન્યાને ભગવાન પરણ્યા હતા; અને તે સાંઢોને નાથવાથી જેઓનું માન નાશ પામ્યું હતું, છતાં એ કન્યાની ઇચ્છા રાખતા અજ્ઞાની અને શસ્ત્રધારી રાજાઓને ભગવાને પોતે જરા પણ ઘાયલ થયા વિના પોતાનાં શસ્ત્રોથી હણી નાખ્યા હતા;[૪] તે ભગવાન જો કે પોતે સ્વતંત્રજ છે, છતાં જાણે સ્ત્રીવશ હોય તેમ પ્રિયા સત્યભામાનું પ્રિય કરવાની ઇચ્છાથી એ સત્યભામાને માટે પારિજાત કલ્પવૃક્ષને (સ્વર્ગમાંથી) લાવ્યા હતા. તે વખતે (સ્ત્રીની પ્રેરણાથી) ઇન્દ્ર ક્રોધ વડે આંધળો થઇને પોતાના દેવગણોની સાથે ભગવાન સામે યુદ્ધ કરવા દોડ્યો હતો. ખરેખર, (પોતાના કાર્યકર્તાની સામે પણ એ રીતે યુદ્ધ કરવા તૈયાર થવાથી જણાય છે કે,) એ ઇન્દ્ર સ્ત્રીઓનો એક ક્રીડામૃગજ છે–સ્ત્રીઓના રમકડાં જેવોજ છે–જેમ સ્ત્રીઓ નચાવે તેમજ નાચનારો છે.+[૫] જ્યારે પૃથ્વીનો પુત્ર ભૌમાસુર આકાશને શરીર વડે ગળી જવા તૈયાર થયો હતો, ત્યારે યુદ્ધમાં ભગવાને તેને સુદર્શનચક્રથી મારી નાખ્યો હતો. તે જોઇને પૃથ્વીએ ભગવાનની પ્રાર્થના કરી હતી; એટલે તે ભૌમાસુરના પુત્ર ભગદત્તને ભગવાને બાકીનું રાજ્ય આપી દીધું હતું અને પોતે ભૌમાસુરના અંતઃપુરમાં પ્રવેશ કર્યો હતો.[૬] ત્યાં એ ભૌમાસુરે જે જે રાજકન્યાઓ હરી આણી હતી, તેઓએ દુઃખીના બંધુ શ્રીહરિને જોઇ એકદમ ઊભી થઈ જઈને અત્યંત હર્ષ, લજ્જા તથા સ્નેહદર્શન વડે તેમને પતિ તરીકે સ્વીકાર્યા હતા. તે વેળા ભગવાને પોતાની માયાથી તે દરેક સ્ત્રીને યોગ્ય એવાં અનેક સ્વરૂપો ધારણ કરીને એકજ મુહૂર્તમાં જુદા જુદા ઘરમાં વિવાહના યોગ્ય પ્રકાર સાથે તે સ્ત્રીઓનું પાણિગ્રહણ કર્યું હતું.[૭-૮] પછી તે સ્ત્રીઓમાંની પ્રત્યેક સ્ત્રીમાં ભગવાને માયાનો વિસ્તાર કરવાની ઇચ્છાથી પોતાના સમાન એવા દશ દશ પુત્રો ઉત્પન્ન કર્યા હતા.[૯] વળી જ્યારે કાલયવન, જરાસંધ અને શાલ્વ વગેરે રાજાઓએ સૈન્યો વડે દ્વારકા નગરને ઘેરો ઘાલ્યો હતો, ત્યારે (મુચુકુંદ, ભીમસેન વગેરેના નિમિત્તે) પોતેજ તેઓનો નાશ કર્યો હતો અને તે દ્વારા પોતાના ભક્ત પુરુષોને દિવ્ય પ્રભાવ અથવા દિવ્ય કીર્તિ અપાવ્યાં હતાં; તેમજ શંબરાસુર, દ્વિવિદ વાનર, બાણાસુર, મુર દૈત્ય, બલ્વલ તથા દંતવક્ત્ર–આ બધામાંથી કેટલાકને પોતે માર્યા હતા અને કેટલાકને (પ્રદ્યુમ્ન–રામ વગેરે) બીજાઓદ્વારા મરાવી નાખ્યા હતા. તે પછી કુરુક્ષેત્રમાં ધસી આવેલા જે રાજાઓનાં સૈન્યોથી આ પૃથ્વી ધણધણી ઊઠી હતી. અને જેઓ તમારા ભાઈ–પાંડુ તથા ધૃતરાષ્ટ્રના પુત્રોના પક્ષમાં આવેલા હતા, તે સર્વ રાજાઓનો પણ ભગવાનેજ સંહાર કરાવ્યો હતો.[૧૦-૧૨] કર્ણ, દુઃશાસન તથા શકુનિની દુષ્ટ સલાહના પરિણામે જેની રાજ્યલક્ષ્મી તથા આયુષનો વિનાશ થઇ

÷ આ ત્રીજા શ્લોકનો અર્થ આ પ્રમાણે પણ થાય છેઃ–રુક્મિણીના ભાઇ રુક્મિએ રુક્મિણી સાથે લગ્ન કરવાની ઇચ્છાથી જે જે શિશુપાલ વગેરેને બોલાવ્યા હતા, તેઓના દેખતાં, તેમાં શિશુપાલને ખાસ વર તરીકે બોલાવ્યો હતો અને બીજા જરાસંધાદિને વિવાહના ઉત્સવમાં બોલાવ્યા હતા. —શ્રીધર

+ આ પાંચમા શ્લોકમાં આવો કથાસંબંધ છે કે, જ્યારે શ્રીકૃષ્ણ અદિતિનાં કુંડળ આપવા માટે સ્વર્ગમાં પધાર્યા હતા, તે સમયે સત્યભામાને રાજી કરવા માટે તેમણે કલ્પવૃક્ષ લીધું હતું; જેથી ઇન્દ્ર તેમની સામે લડવા તૈયાર થયો હતો. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગયો હતા, એવો તે દુર્યોધન ભાગેલી સાથળે પોતાના અનુચરાની સાથે રણભૂમિમાં સૂતો હતો, ત્યારે તેને જોઈને પણ તે ભગવાન સંતોષ પામ્યા ન હતા.[૧૩] કારણકે તે ભગવાન માનતા હતા કે, 'દ્રોણાચાર્ય, ભીષ્મ, અર્જુન તથા ભીમસેન વગેરેના નિમિત્તે જે આ અઢાર અક્ષૌહિણી સેનાઓરૂપી પૃથ્વીનો ભાર ઓછો થયો છે, તે શું વિસાતમાં છે? (આ તો હજી અતિઅલ્પ પ્રમાણમાંજ ભાર ઓછા થયો છે.) કેમકે મારા અંશોને લીધે અતિદુઃસહ એવું યાદવોનું સૈન્ય તો હજી બાકી છે, માટે આ યાદવો મદિરાપાન કરીને લાલચોળ નેત્રોવાળા થશે અને પછી માંહોમાંહે જ્યારે તેઓનો વિવાદ થશે,ત્યારેજ તેઓનો વિનાશ થશે. બસ, આજ તેઓના નાશનો ઉપાય છે; આ સિવાય બીજો કોઇ ઉપાય નથી. (જો કે યાદવો પરસ્પર એકચિત્ત થઇને રહે છે—અત્યંત સંપીલા છે, તોપણ) હું પોતેજ તેઓનો નાશ કરવા માટે તૈયાર થઇશ; એટલે તેઓ પોતાની મેળેજ માંહોમાંહે વિવાદ કરીને જગતમાંથી અદૃશ્ય થઇ જશે—નાશ પામશે.[૧૪,૧૫] આવો વિચાર કરીને ભગવાને ધર્મરાજાને તેમના પોતાના રાજ્યાસન પર બેસાડ્યા અને પોતાના સર્વ સંબંધીઓને સજ્જનોના માર્ગનો ઉપદેશ કરી પ્રસન્ન કર્યા.[૧૬] પછી અભિમન્યુએ પોતાની સ્ત્રી ઉત્તરાવિષે પુરુ રાજાના વંશરૂપી જે ગર્ભને (પરીક્ષિતને) શ્રેષ્ઠ મર્યાદાથી મૂક્યા હતો, તે ગર્ભ જ્યારે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી છિન્નભિન્ન થઇ ગયો હતો, ત્યારે ભગવાને તેને ફરી સજીવન કર્યો હતો.[૧૭] પછી તે પ્રભુએ ધર્મરાજા પાસે ત્રણ અશ્વમેધ યજ્ઞો કરાવ્યા હતા; તેથી તે ધર્મરાજા પણ પોતાના નાના ભાઇઓ સાથે શ્રીકૃષ્ણને અનુસરી પૃથ્વીનું રક્ષણ કરતા આનંદ કરતા હતા. વિશ્વાત્મા ભગવાન પણ દ્વારકામાં રહીને લોકમાર્ગ તથા વેદમાર્ગને અનુસરી શબ્દાદિ વિષયભોગો ભોગવતા હતા; પણ તે વિષયોમાં તે આસક્ત થતા ન હતા; કેમકે તેમણે પ્રકૃતિ-પુરુષના વિવેકરૂપ સાંખ્યમાર્ગનો આશ્રય કર્યો હતો. સ્નેહાળ તથા મંદ હાસ્યવાળાં દર્શન વડે, અમૃતના જેવી વાણી વડે,નિર્દોષ ચરિત્ર વડે અને લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ પોતાના શરીર વડે તે ભગવાન આ લોક તથા પરલોકને આનંદ ઉપજાવતા હતા અને યાદવોને તો અત્યંત રમાડતા હતા. વળી રાત્રિના સમયે સ્ત્રીઓને પણ ઉત્સવ આપતા હતા, છતાં તે સ્ત્રીઓ વિષે તેમનો પ્રેમ તો ક્ષણિકજ હતો—અર્થાત્ સ્ત્રીઓ સાથે રમવા છતાં સ્ત્રીલંપટ ન હતા. એ પ્રમાણે ભોગવિલાસ ભોગવતાં તેમનાં અનેક વર્ષો વીતી ગયાં. તે પછી કામભોગના ઉપાયરૂપ ગૃહસ્થના ધર્મો ઉપર તેમને વૈરાગ્ય થયો—ઔદાસીન્ય થયું.[૧૮-૨૨] આ રીતે ભગવાનને તો સર્વ પ્રકારના ભોગો સ્વાધીન છે, છતાં તેમને તે તરફ વૈરાગ્ય થયો,તો પછી યોગદ્વારા યોગેશ્વર—શ્રીકૃષ્ણને અનુસરનારો કયો દૈવાધીન પુરુષ તે દૈવાધીન વિષયો ઉપર વિશ્વાસ કરે—તેમાં આસક્ત થઇને રહે?[૨૩] એક સમયે દ્વારકા નગરીમાં યદુવંશી અને ભોજવંશી કુમારો ક્રીડા કરતા હતા. તેઓએ (રમતમાં ને રમતમાં) મુનિઓને કોપાવ્યા; એટલે ભગવાનના અભિપ્રાયને જાણનારા તે મુનિઓએ શાપ આપ્યો. તે પછી કેટલાક મહિના ગયા,એટલે ભગવાને મોહિત કરેલા તે યાદવ, ભોજ અને અંધક વગેરે વંશના પુરુષો રથોમાં બેસીને હરખાતા હરખાતા પ્રભાસક્ષેત્રમાં ગયા.ત્યાં તેઓએ સ્નાન કરીને તે તીર્થના જળ વડે પિતૃ, દેવ તથા ઋષિઓનાં તર્પણ કર્યાં અને પછી બ્રાહ્મણોને ઘણા ગુણોવાળી ગાયોનાં દાન દીધાં.[૨૪-૨૬] ઉપરાંત સોનું, રૂપું, શય્યા, વસ્ત્રો, મૃગચર્મ, કામળીઓ, વાહનો, રથો, હાથીઓ, કન્યાઓ, આજીવિકા થઈ શકે એવી ભૂમિ અને પુષ્કળ રસવાળું અન્ન—એ સર્વનું ભગવદર્પણપૂર્વક દાન કર્યું અને પછી ગાયો તથા બ્રાહ્મણોને માટેજ જેઓના પ્રાણ હતા, એવા શૂરવીર યાદ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વોએ પૃથ્વી પર મસ્તક નમાવી બ્રાહ્મણોને પ્રણામ કર્યા.' ૨૭-૨૮

अन्नं चोरुरसं तेभ्यो दत्त्वा भगवदर्पणम् ।
गोविप्रार्थासवः शूराः प्रणेमुर्भुवि मूर्धभिः ॥२८॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૩ જો સમાપ્ત

અધ્યાય ૪ થો*

બંધુઓનો નાશ સાંભળી વિદુરજીનું આત્મજ્ઞાન માટે મૈત્રેય પાસે જવું

॥ उद्धव उवाच ॥

अथ ते तदनुज्ञाता भुक्त्वा पीत्वा च वारुणीम् ।
तया विभ्रंशितज्ञाना दुरुक्तैर्मर्म पस्पृशुः ॥१॥

ઉદ્ધવ બોલ્યાઃ–' તે પછી તે યાદવોએ બ્રાહ્મણોની આજ્ઞા લઈ ભોજન કરીને પિષ્ટની મદિરા પીધી; જેથી જ્ઞાનભ્રષ્ટ થઇને તેઓ માંહોમાંહે દુષ્ટ વચનો કહી એકબીજાનાં મર્મસ્થાનો વીંધવા લાગ્યા.[૧] એ રીતે તેઓનાં ચિત્ત મદિરાના દોષથી બેભાન બની ગયાં; તે સમયે એક બાજુ સૂર્ય અસ્ત થવા લાગ્યો, ત્યારે બીજી બાજુ જેમ વાંસમાં પરસ્પર ઘર્ષણ થાય, તેમ તેઓમાં પરસ્પર ઘર્ષણનો આરંભ થયો–સંહાર શરૂ થયો.[૨] ભગવાન શ્રીકૃષ્ણ તો પોતાની માયાની તે ગતિ જોઇને સરસ્વતીના જળનું આચમન કરી એક વૃક્ષના મૂળ નીચે બેસી ગયા;[૩] અને શરણાગતની પીડાને હરનારા તે ભગવાને પોતાના કુળનો સંહાર કરવા ઇચ્છીને મને (પ્રથમ દ્વારકામાંજ) કહ્યું હતું કે, 'તું બદરિકાશ્રમમાં ચાલ્યો જા.'[૪] પણ શત્રુઓનું દમન કરનારા હે વિદુરજી! હું ભગવાનના તે અભિપ્રાયને જાણી ગયો હતો અને તે સ્વામીના ચરણના વિયોગને સહન કરવાને અસમર્થ હોવાથી તેમની પાછળ પાછળજ ગયો હતો.[૫] મેં તે સ્થળે પ્રિય પતિ શ્રીકૃષ્ણની શોધ કરી, એટલે લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ તે ભગવાનને એક નાના પીપળાના વૃક્ષે અઢેલીને ડાબી સાથળ પર જમણા ચરણકમળને ટેકવીને એકલા બેઠેલા જોયા હતા. એ વેળા તેમણે પોતે આશ્રયરહિત હોવા છતાં સરસ્વતીના કિનારા પર આશ્રય કર્યો હતો, પોતે શ્યામ અને તેજસ્વી જણાતા હતા, રજોગુણથી રહિત હોઇને શુદ્ધ સત્ત્વગુણમય હતા; તેમનાં નેત્રો અત્યંત શાંત અને લાલ હતાં, ચાર ભુજાઓવાળા તે જણાતા હતા, પીળાં રેશમી વસ્ત્રો તેમણે ધારણ કર્યાં હતાં અને વિષયસુખનો તેમણે ત્યાગ કરી દીધો હતો, છતાં તે કૃશ ન હતા–આનંદપૂર્ણ હતા.[૬-૮] તે સમયે વ્યાસજીના સ્નેહી તથા મિત્ર અને ભગવાનના પરમભક્ત સિદ્ધ મુનિ મૈત્રેય અકસ્માત્ ત્યાં આવી ચડયા.[૯] ભગવાન ઉપર પ્રેમ ધરાવનારા તે મુનિએ અત્યંત હર્ષથી ભગવાનને મસ્તક નમાવ્યું. તે પછી સ્નેહ તથા હાસ્યથી યુક્ત દષ્ટિ વડે મને શ્રમરહિત કરતા ભગવાન શ્રીકૃષ્ણ, તે મુનિના સાંભળતાં આ પ્રમાણે કહેવા લાગ્યા.'[૧૦]

શ્રીભગવાન બોલ્યાઃ–'હે ઉદ્ધવ! તમારા મનનું ઇચ્છિત હું–અંતર્યામી જાણું છું; અને બીજાઓને દુર્લભ એ તમારું ઇચ્છિત હું તમને આપું છું; કેમકે (પૂર્વજન્મના) હે વસુ! પૂર્વે પ્રજાપતિઓના તથા વસુઓના યજ્ઞમાં મને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી તમે મારું યજન–પૂજન કર્યું હતું. તમારા સર્વ જન્મોમાં આ જન્મ હવે છેલ્લો છે; કેમકે તમારા ઉપર હવે મારો અનુગ્રહ થયો છે. વળી હું અહીં એકાંતમાં મનુષ્યલોકનો જ્યારે ત્યાગ કરી રહ્યો છું, ત્યારે એકાંતભક્તિથી તમે મારાં જે દર્શન કર્યાં છે, તે પણ સારું થયું છે.[૧૧-૧૨] પૂર્વે પાદ્મ કલ્પમાં સૃષ્ટિના પ્રથમ આરંભ સમયે મારા નાભિકમળમાં બેઠેલા અજન્મા–બ્રહ્મદેવને મેં મારી લીલાઓને જણાવનારું શ્રેષ્ઠ જ્ઞાન કહ્યું હતું, જેને વિદ્વાનો 'ભાગવત' કહે છે–તે જ્ઞાન હું

*આ અધ્યાયમાં વિદુરજીએ ભગવાનની લીલા પૂછી, એટલે મહામુનિ મૈત્રેયે મહત્તત્ત્વ વગેરેની સૃષ્ટિ કહી અને તેઓએ કરેલી શ્રીહરિની સ્તુતિ કહી.–श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તમને કહીશ.'[૧૩] એ 'પ્રમાણે ભગવાને મને આદરપૂર્વક કહ્યું એટલે તેમની કૃપાદષ્ટિરૂપ અનુગ્રહનું પાત્ર થઈ સ્નેહથી રોમાંચિત થયેલા મેં, બે હાથ જોડી શોકથી અશ્રુપાત કરતાં ગળગળા સ્વરે તે ભગવાનને આ પ્રમાણે કહ્યું: 'હે ઈશ! ચાર પુરુષાર્થોમાંનો એવો કયો પુરુષાર્થ છે,કે જે તમારા ચરણકમળનું ભજન કરનારાઓને આ જગતમાં અત્યંત દુર્લભ હોય? તોપણ હે સમર્થ પ્રભો! એ પુરુષાર્થોને તો હું માગતોજ નથી, કેમકે મારે તો આપના ચરણકમળની સેવા કરવાનીજ ઉત્કંઠા છે.[૧૪।૧૫] આપ તો નિઃસ્પૃહ છો, નિષ્ક્રિય છો, છતાં આપે જ કર્મો કર્યાં; આપ અજન્મા છતાં જે જન્મ ધર્યો; આપ કાળના પણ આત્મા છો, છતાં શત્રુના ભયથી આપે પલાયન કર્યું અને કિલ્લાનો આશ્રય કર્યો; વળી આપ તો કેવળ આત્મામાંજ રમણ કરનારા છો, છતાં આપે જે અનેક સ્ત્રીઓ સાથે ગૃહસ્થાશ્રમ કર્યો–આ સર્વ આપનાં ચરિત્રોમાં જ્ઞાની પુરુષોની પણ બુદ્ધિ ખેદ પામે છે–મોહિત થાય છે.[૧૬] હે પ્રભો! સંશયાદિથી રહિત આપની વિદ્યાશક્તિ કાળ વગેરેથી અખંડ છે–અવિનાશ્ય છે–સંતત છે, છતાં હરકોઇ મંત્રણાઓના સમયે મને બોલાવીને આપ જાણે અજ્ઞાની હો, તેમ સાવધાન થઇને પૂછતા હતા; એ આપના પ્રશ્ન વગેરે હે દેવ! અમારા મનને જાણે મોહ પમાડે છે!![૧૭] હે સ્વામિન્! આપે આપના રહસ્યસ્વરૂપને પ્રકાશ કરનારૂં સમગ્ર જ્ઞાન જે બ્રહ્મદેવને કહ્યું હતું, તે જો અમારાથી ગ્રહણ કરવા યોગ્ય હોય, તો અમને કહો; જેથી અનાયાસે અમે સંસારના દુઃખને તરી જઇએ.'[૧૮] એ રીતે મેં મારો હૃદયનો અભિપ્રાય જણાવ્યો, એટલે સર્વથી પર અને કમળસમાન નેત્રવાળા તે ભગવાને પોતાનું સર્વોત્કૃષ્ટ સ્વરૂપ મને કહ્યું. એ રીતે તે પૂજ્યપાદ ભગવાનરૂપી ગુરુ પાસેથીજ યથાર્થ આત્મજ્ઞાનનો માર્ગ મેં જાણ્યો; અને પછી ભગવાનના ચરણમાં પ્રણામ કરી તે દેવને પ્રદક્ષિણા કરીને વિરહથી આતુર ચિત્તવાળો હું અહીં આવ્યો છું.[૧૯।૨૦] હવે તેમના દર્શનના આનંદથી અને તેમના વિયોગની પીડાથી યુક્ત થયેલો હું તે પ્રભુને પ્રિય એવા બદરિકાશ્રમ તરફ જઇશ;[૨૧] જે સ્થળે લોકરક્ષક ભગવાન નારાયણદેવે અને નર ઋષિએ કોઇને ઉપદ્રવ ન કરે તેવું તીવ્ર, લાંબું તપ કર્યું હતું.'[૨૨]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે ઉદ્ધવ પાસેથી પોતાના સંબંધીઓનો દુઃસહ વિનાશ સાંભળીને વિદ્વાન વિદુરજીએ પોતાને ઉત્પન્ન થયેલા શોકને વિવેકથી શાંત કર્યો;[૨૩] અને પછી કૌરવોમાં શ્રેષ્ઠ એવા તે વિદુરજીએ બદરિકાશ્રમ તરફ જતા ભગવાનના મહાન ભક્ત ને ભગવાનના સેવકોમાં મુખ્ય એવા તે ઉદ્ધવજીને વિશ્વાસથી આમ કહ્યું.[૨૪]

વિદુરજી બોલ્યાઃ–' યોગેશ્વર તે શ્રીકૃષ્ણ પરમાત્માએ પોતાના સ્વરૂપને પ્રકાશ કરનારૂં શ્રેષ્ઠ જ્ઞાન જે તમને કહ્યું છે, તે તમે અમને કહેવાને યોગ્ય છો; કેમકે વિષ્ણુના ભક્તો પોતાના સેવકજનોના પ્રયોજનને સિદ્ધ કરવા માટેજ વિચરે છે–અર્થાત્ તેઓ પોતે તો કૃતાર્થ હોય છે, તેથી તેમને તો બીજું કંઇ પણ કરવાનું હોતું નથી.'[૨૫]

ઉદ્ધવ બોલ્યાઃ–'તમારે તત્ત્વજ્ઞાનને માટે મૈત્રેય ઋષિનુંજ આરાધન કરવું યોગ્ય છે; કેમકે મનુષ્યલોકને તજવા ઇચ્છતા સાક્ષાત્ ભગવાને પોતે મારી સમક્ષ તમને ઉપદેશ આપવાની મૈત્રેય ઋષિને આજ્ઞા કરી છે.'[૨૬]

સૂત બોલ્યા–એ પ્રમાણે વિદુરજીની સાથે વિશ્વમૂર્તિ ભગવાનની ગુણકથારૂપી અમૃતનું પાન કરીને ઉદ્ધવજીએ પોતાનો સર્વ સંતાપ દૂર કર્યો અને તે રાત્રિ ત્યાં યમુનાતટ ઉપરજ એક ક્ષણની માફક ગાળી; તે પછી (બીજે દિવસે) ત્યાંથી તે ચાલી નીકળ્યા.[૨૭]

પરીક્ષિત રાજાએ પૂછ્યું–"મહારથી યૂથપતિઓના પણ યૂથપતિ યાદવો તથા ભોજવંશીઓ એ રીતે નાશ પામ્યા અને બ્રહ્માદિ ત્રણ દેવોના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધીશ્વર શ્રીહરિએ પણ પોતાના મનુષ્યશરીરનો ત્યાગ કર્યો, છતાં સર્વમાં મુખ્ય તે ઉદ્ધવજી કેમ બાકી રહી ગયા' ?૨૮

શ્રીશુકદેવજી બોલ્યા:–"બ્રાહ્મણોના શાપનું જેને બહાનું હતું એવા (પોતાની શક્તિરૂપી) કાળદ્વારા જ પોતાના કુળનો સંહાર કરીને અમોઘ ઇચ્છાવાળા શ્રીહરિએ મનુષ્યશરીરનો ત્યાગ કરતી વેળા આવો વિચાર કર્યો હતો:–'આ લોકમાંથી હું અદૃશ્ય થઇ જઇશ; એટલે મારામાં રહેલા જ્ઞાનને માટે ઉદ્ધવજ સાક્ષાત્ યોગ્ય છે. કેમકે હાલમાં તે આત્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ છે.૨૯-૩૦ વળી તે મારાથી લેશમાત્ર ન્યૂન નથી અને મહાસમર્થ હોવાથી વિષયો વડે ક્ષોભને પામ્યો નથી. માટે તે ઉદ્ધવ મારા જ્ઞાનનો લોકોને ઉપદેશ કરતો આ પૃથ્વી ઉપર ભલે રહે.'૩૧ આવા હેતુથી ત્રણે લોકના ગુરુ અને વેદના સ્રષ્ટા તે ભગવાને ઉદ્ધવજીને આજ્ઞા આપી હતી અને તેથીજ તે બદરિકાશ્રમમાં જઇને સમાધિથી શ્રીહરિનું પૂજન કર્યા કરતા હતા.૩૨ આ તરફ ભક્ત ઉદ્ધવજી ગયા પછી વિદુરજી પણ જેમણે લીલાથી મનુષ્યશરીર ધર્યું હતું, એવા પરમાત્મા શ્રીકૃષ્ણનાં પ્રશંસાપાત્ર કર્મો સાંભળીને, તેમજ ધીર પુરુષોના ધૈર્યને વધારનાર અને અધીર ચિત્તવાળા બીજા પશુતુલ્ય મનુષ્યો માટે અતિ દુષ્કર એવો તેમણે કરેલો શરીરત્યાગ સાંભળીને તથા હે કુરુશ્રેષ્ઠ! છેવટે શ્રીકૃષ્ણે પોતાને મનથી યાદ કર્યા હતા તેનો વિચાર કરી પ્રેમથી વિહ્વળ થઈ જઇ રડી પડ્યા હતા. તે પછી ભરતવંશીઓમાં શ્રેષ્ઠ અને સિદ્ધ એવા તે વિદુરજી યમુના નદીથી નીકળીને કેટલેક દિવસે ગંગા નદી પર પહોંચ્યા, કે જ્યાં મિત્રાના પુત્ર મૈત્રેય મુનિ હતા.૩૩-૩૬

कालिंद्याः कतिभिः सिद्ध अहोभिर्भरतर्षभः ।
प्रापद्यत स्वःसरितं यत्र मित्रासुतो मुनिः ॥३६॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૪ થો સમાપ્ત

અધ્યાય ૫ મો×

વિદુરજીના પ્રશ્નથી મહામુનિ મૈત્રેયે વર્ણવેલી મહત્તત્ત્વ વગેરેની સૃષ્ટિ

॥ श्रीशुक उवाच ॥

द्वारि द्युनद्या ऋषभः कुरूणां ।
मैत्रेयमासीनमगाधबोधम् ॥
क्षत्तोपसृत्याऽच्युतभावशुद्धः ।
पप्रच्छ सौशील्यगुणाभितृप्तः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:–"કુરુઓમાં શ્રેષ્ઠ અને શ્રીકૃષ્ણ ઉપરના ભક્તિભાવથી શુદ્ધ એવા વિદુરજીએ સ્વર્ગનદી–ગંગાના દ્વારમાં (હરિદ્વારમાં) અગાધ જ્ઞાનવાળા મૈત્રેય મુનિને બેઠેલા જોયા; એટલે તેમની સમીપ જઈ તેમના સુશીલતા વગેરે ગુણોથી અત્યંત સંતોષ પામી આ પ્રમાણે તેમણે પૂછ્યું.૧

વિદુરજીએ પૂછ્યું:–'પ્રત્યેક મનુષ્ય સુખને માટે કર્મો કરે છે; પરંતુ તે કર્મોદ્વારા તેમને સુખ પ્રાપ્ત થતું નથી અથવા દુઃખની શાંતિ પણ થતી નથી; પરંતુ ઊલટું તે કર્મોથી ફરી તેમને દુઃખજ પ્રાપ્ત થાય છે; તો આ સંસારમાં જે કંઇ કરવાને યોગ્ય હોય તેને આપ ભગવાન, અમને કહો.૨ પૂર્વજન્મના કારણથી જે મનુષ્ય શ્રીકૃષ્ણથી વિમુખ હોવાથી અધર્મશીલ હોઇ અત્યંત દુઃખી હોય છે, તેના પર કૃપા કરવા માટે આ જગતમાં ભગવાનના ભવ્ય ભક્તો વિચરે છે–અર્થાત્ આપ જેવા ભગવદ્‌ભક્તોનો સ્વભાવ પરોપકાર કરવાનોજ હોય છે;૩ તો હે સાધુવર્ય! આપ અમને એવો કલ્યાણમાર્ગ દર્શાવો કે જેદ્વારા આરાધન કરાયલા ભગવાન, પુરુષોની ભક્તિથી પવિત્ર એવા હૃદયમાં રહીને આત્માના સાક્ષાત્કાર સહિત વેદપ્રસિદ્ધ પુરાણજ્ઞાન આપે; તેમજ ત્રિગુણાત્મક

× આ અધ્યાયમાં વિદુરજીએ ભગવાનની લીલા પૂછી એટલે મહામુનિ મૈત્રેયે મહત્તત્ત્વ વગેરેની સૃષ્ટિ કહી અને તેઓએ કરેલી શ્રીહરિની સ્તુતિ કહી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એવી માયાના અધીશ્વર અને તેથીજ સ્વતંત્ર એવા ભગવાન અવતારો ધારણ કરીને જે જે કર્મો કરે છે અને તે નિઃસ્પૃહ ભગવાને સૃષ્ટિના આદિકાળમાં જે રીતે આ જગત સૃજ્યું છે તેમજ જે પ્રમાણે જગતની સ્થિતિ કરીને તેની આજીવિકાની વ્યવસ્થા કરી છે-તે સર્વ મને કહો.૪।૫ વળી (સૃષ્ટિના પ્રલયની ઇચ્છા થતાં) જેમની સર્વ વૃત્તિઓ (સૃષ્ટિ વગેરેના વ્યાપારો) નિવૃત્ત થયેલી હોય છે, એવા તે યોગેશ્વરોના અધીશ્વર, પોતાના હૃદયાકાશમાં આ સર્વ જગત સ્થાપી દઇ પોતાની યોગમાયામાં શયન કરે છે અને પોતે એકજ હોવા છતાં પોતે સૃજેલી સૃષ્ટિમાં પ્રવેશ કરી બ્રહ્માદિ અનેક સ્વરૂપે જે રીતે થાય છે, તે પણ કહો. બ્રાહ્મણો, ગાયો તથા દેવોના કલ્યાણ માટે મત્સ્યાદિ જુદા જુદા અવતારો ધારણ કરી માયા વડે ક્રીડા કરતા જે ભગવાન અનેક કર્મો કરે છે-તે પવિત્ર કીર્તિવાળાઓમાં શ્રેષ્ઠ એવા ભગવાનનાં ચરિત્રોરૂપી અમૃતનું પાન કરતાં છતાં પણ અમારૂં મન તૃપ્ત થતું નથી.૬।૭ લોકનાથના અધિપતિ ભગવાને જે જુદાં જુદાં તત્ત્વો વડે લોકપાલો સહિત લોકોને તથા અલોકને-લોકાલોક પર્વતની બહારના ભાગોને ઉત્પન્ન કર્યા છે, તે તત્ત્વો મને કહો; કેમકે જે લોક-અલોકમાં સર્વ પ્રાણીઓના સમૂહનો ભેદ અધિકારપરત્વે પ્રસિદ્ધ છે-અર્થાત્ તે તે કર્મોનો અધિકારી અને તે તે ભોગોનો અધિકારી-એવો ભેદ પ્રસિદ્ધ છે. હે બ્રાહ્મણશ્રેષ્ઠ! વિશ્વના સ્રષ્ટા અને સ્વતઃસિદ્ધ શ્રીનારાયણે જે પ્રકારે પ્રજાઓના સ્વભાવનો, સ્વભાવકૃત કર્મોનો તથા તે કર્મકૃત સંજ્ઞાઓનો ભેદ કર્યો છે, તેનું તમે અમારી આગળ વર્ણન કરો.૮।૯ હે ભગવન્! મેં વ્યાસના મુખથી (મહાભારતમાં) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વગેરેના ધર્મો વારંવાર સાંભળ્યા છે; જેથી તે તુચ્છ સુખ આપનારા ધર્મો સાંભળીને તો અમે તૃપ્ત થઈ ગયા છીએ. માત્ર તે ધર્મોમાં જે શ્રીકૃષ્ણકથારૂપી અમૃતનો પ્રવાહ છે, તેથી અમને તૃપ્તિ થતી નથી.૧૦ કેમકે આપની સભાઓમાં નારદાદિ વિદ્વાનોએ ગાયેલા તે પૂજ્યપાદ શ્રીકૃષ્ણના કથામૃતના પ્રવાહથી કયો મનુષ્ય તૃપ્ત થાય? જે કથામૃતનો પ્રવાહ મનુષ્યના કર્ણપ્રદેશમાં પ્રવેશ કરે, તો સંસારને આપનારી સ્ત્રીપુત્રાદિ ઉપરની પ્રીતિનો નાશ કરે છે.૧૧ આપના મિત્ર મુનિ વેદવ્યાસજીએ પણ ભગવાનના ગુણોનું વર્ણન કરવાની ઇચ્છાથીજ મહાભારત રચ્યું છે; જે મહાભારતમાં વિષયસુખોનાં વર્ણનદ્વારા મનુષ્યોની બુદ્ધિને શ્રીહરિકથા તરફજ વાળી* છે.૧૨ એ હરિકથા પ્રતિદિન વૃદ્ધિ પામે છે, તો શ્રદ્ધાળુ મનુષ્યને બીજાં-વિષયસુખ વગેરે તરફ વૈરાગ્ય કરનારી થઇ પડે છે અને શ્રીહરિના ચરણસ્મરણથી શાંત થયેલા તે મનુષ્યનાં સમગ્ર દુઃખોનો તત્કાળ નાશ કરે છે.૧૩ આમ હોવા છતાં જે અજ્ઞાનીઓ, પૂર્વજન્મનાં સંચિત પાપોને લીધે શ્રીહરિની કથાથી વિમુખ રહે છે, તેવા શોક કરવા યોગ્ય પુરુષોને પણ શોક કરવા યોગ્ય અજ્ઞાનીઓનો હું શોક કરૂં

---

* આવોજ આશય 'ઇતિહાસસમુચ્ચય' નામના ગ્રંથમાં કહ્યો છે-

कामिनो वर्णयन् कामान् लोभं लुब्धस्य वर्णयन् ।
नरः किं फलमाप्नोति कूपेऽन्धमिव पातयन् ॥
लोकचित्तावतारार्थं वर्णयित्वाऽत्र तेन तौ ।
इतिहासैः पवित्रार्थैः पुनरत्रैव निंदितौ ॥
अन्यथा घोरसंसारबन्धहेतू जनस्य तौ ।
वर्णयेत् स कथं विद्वान् महाकारुणिको मुनिः ॥

જેમ આંધળાને કૂવામાં નાખનારને કંઇ ફળ મળતું નથી, તેમ કામી મનુષ્ય આગળ કામનું વર્ણન કરીને અને લોભી મનુષ્ય આગળ લોભનું વર્ણન કરીને પુરુષને શું ફળ મળે? માત્ર મનુષ્યોની બુદ્ધિને ભગવાનની કથા તરફ વાળવા માટેજ વેદવ્યાસે કામ તથા લોભનું વર્ણન કરીને ફરી પવિત્ર અર્થવાળા ઇતિહાસોદ્વારા તે કામ તથા લોભની નિંદા કરી છે. જો એમ ન હોય તો મનુષ્યોને ઘોર સંસારના કારણરૂપ કામ તથા લોભને જાણવા છતાં મહાદયાળુ વ્યાસ મુનિ મહાભારતમાં કામ તથા લોભનું વર્ણનજ કેમ કરે?-શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છું. કેમકે, એવા નિષ્ફળ મન–વચન–કાયાના વ્યાપારવાળા પુરુષોના આયુષનો સર્વદા અસ્ખલિત ગતિવાળો દેવ–કાળ નાશ કરી નાખે છે.[૧૪] માટે દુઃખીના બંધુ એવા હે મૈત્રેય ! કલ્યાણને આપનારા અને તીર્થરૂપ કીર્તિવાળા એ શ્રીહરિની કથાઓમાં જે કથા સારભૂત હોય, તે કથાનેજ પુષ્પોમાંથી રસની પેઠે બીજી કથાઓમાંથી તારવી કાઢી અમારા કલ્યાણ માટે તમે કહો.[૧૫] જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશને માટે જેમણે પોતાની માયાશક્તિ ગ્રહણ કરીને અવતારો લીધા છે–તે પરમેશ્વરે કરેલાં અમાનુષિક કર્મો મને કહો.[૧૬]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" વિદુરજીએ એ પ્રમાણે મનુષ્યોના કલ્યાણ માટે પૂછ્યું એટલે ભગવાન મૈત્રેય મુનિ, તેમને બહુ માન આપતા બોલ્યા.[૧૭]

મૈત્રેય બોલ્યાઃ–' હે સત્પુરુષ ! લોકોના પર અત્યંત અનુગ્રહ કરતા, પોતાની કીર્તિને જગતમાં વિસ્તારતા અને શ્રીકૃષ્ણમાં જેમનું મન છે એવા તમોએ આ મને ઉત્તમ પ્રશ્ન પૂછયો છે.[૧૮] હે વિદુરજી ! તમે વેદવ્યાસના વીર્યથી ઉત્પન્ન થયા છો, જેથી તમારામાં એ આશ્ચર્ય ન ગણાય કે જે તમે અનન્ય ભાવથી પરમેશ્વર શ્રીહરિને ગ્રહણ કર્યા છે.[૧૯] તમે પ્રજાઓને નિયમમાં રાખનારા ભગવાન યમદેવજ છો; પણ માંડવ્ય ઋષિના શાપથી પોતાના ભાઇ વિચિત્રવીર્યની સ્ત્રી તરીકે રખાયલી દાસીને વિષે વેદવ્યાસથી ઉત્પન્ન થયા છો.[૨૦] વળી તમે ભક્તો સહિત એવા ભગવાનને નિત્ય પ્રિય છો અને તેથીજ વૈકુંઠલોકમાં પધારતી વેળા ભગવાને તમને જ્ઞાનોપદેશ આપવા માટે મને આજ્ઞા કરી છે. હવે યોગમાયાથી વૃદ્ધિ પામેલી ભગવાનની લીલાઓ જે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશને કરનારી છે તેઓને તમારી આગળ હું અનુક્રમે વર્ણવું છું.[૨૧,૨૨] આ જગત (જે અત્યારે દેખાય છે તે), સૃષ્ટિની પહેલાં જીવોના સ્વરૂપભૂત અને સ્વામી એવા કેવળ એક ભગવાનરૂપજ હતું–ભગવાન વિના તે સમયે બીજું કંઇ દ્રષ્ટા કે દશ્ય ન હતું; કેમકે તે સમયે એ પરમાત્મા ભિન્ન ભિન્ન દ્રષ્ટા અને દશ્યાદિ અનેકસ્વરૂપે જણાતા ન હતા. અને તેમાં પણ એજ કારણ છે કે, તે વેળા એમની ઇચ્છારૂપી માયાનો પણ તેમનામાં લય થઇ ગયો હતો.[૨૩] પછી તે સમયે દ્રષ્ટાસ્વરૂપ અને સર્વત્ર પોતે એકજ પ્રકાશતા તે પરમાત્માએ કંઇ પણ દશ્ય જોયું નહિ;× જેથી તેમણે પોતાના આત્માને સદાકાળ હોવા છતાં નહિ હોવા જેવો માન્યો, કેમકે તે વેળા તેમની માયાદિ શક્તિઓ તેમના પોતાનાજ સ્વરૂપમાં શયન કરી ગઇ હતી–લીન થઇ ગઇ હતી; છતાં તેમની ચૈતન્યશક્તિ તો જાગ્રતજ હતી. (અને તેથીજ તેમણે પોતાના આત્માને ન હોવા જેવો માન્યો; નહિ કે તદ્દન ન હોવારૂપે માન્યો ! !)[૨૪] હે મહાભાગ ! સમ્યગ્દ્રષ્ટા એવા તે પરમાત્માની કાર્યકારણરૂપ જે શક્તિ છે, તેનું નામજ માયા છે; જેના વડે એ વ્યાપક પ્રભુએ આ જગતને સૃજ્યું છે.[૨૫] ઇન્દ્રિયજન્ય જ્ઞાન જેમને પહોંચી શકતું નથી, એવા તે વીર્યવાન પરમાત્માએ કાળશક્તિથી જેના ગુણ ક્ષોભ પામ્યા હતા એવી તે માયાશક્તિ વિષે પોતાનાજ અંશરૂપ પ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષસ્વરૂપે, પોતાનું વીર્ય ધારણ કર્યું–એટલે પોતાનો ચૈતન્યાભાસ તેમાં સ્થાપ્યો. તે પછી કાળથી પ્રેરણા કરાયલી તે માયાશક્તિથી મહત્તત્ત્વ ઉત્પન્ન થયું. એ મહત્તત્ત્વ* વિજ્ઞાનસ્વરૂપ છે, પોતાના દેહમાં રહેલા જગતને પ્રકાશ કરનારૂં છે અને અજ્ઞાનને દૂર કરનારૂં છે.[૨૬,૨૭] ચિદાભાસરૂપી નિમિત્તકારણને, ગુણોરૂપી ઉપાદાનકારણને અને ક્ષોભ પમાડનારા

× કારણ કે દશ્યના અભાવે દષ્ટૃત્વનો પણ અભાવજ હોય. —શ્રીધર

* મહત્તત્વ, સત્ત્વગુણપ્રધાન હોવાથી વિજ્ઞાનસ્વરૂપ છે અને જળથી ફૂલી ગયેલા બીજમાં જેમ વૃક્ષ હોય છે, તેમ પોતાની અંદર રહેલા જગતને પ્રકટ કરનારૂં છે. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કાળને અધીન રહેનારૂં તે મહત્તત્ત્વ સર્વના અધ્યક્ષ એવા ભગવાનને દષ્ટિગોચર થયું, એટલે તેણે આ જગતને સૃજવાની ઇચ્છાથી પોતાના સ્વરૂપનું રૂપાંતર કર્યું.૨૮ એ રીતે એ મહત્તત્ત્વ વિકાર પામ્યું, એટલે તેથી અહંકાર ઉત્પન્ન થયો. તે અહંકાર કાર્ય-અધિભૂત, કારણ-અધ્યાત્મ અને કર્તા-અધિદૈવ-એ ત્રણેનો આશ્રય છે. કેમકે તે અહંકાર પાંચ મહાભૂતો, ઇન્દ્રિય, મન અને ઇન્દ્રિય તથા મનના દેવતાઓ-એ સઘળાના વિકારવાળો છે-એ સર્વનું કારણ છે.૨૯ કારણકે તે અહંકાર સાત્ત્વિક, રાજસ અને તામસ-એમ ત્રણ પ્રકારનો છે. તે પછી એ અહંકારતત્ત્વ વિકાર પામ્યું, એટલે તે પૈકી સાત્ત્વિક અહંકારથી મન ઉત્પન્ન થયું; તેમજ ઇન્દ્રિયોના અધિષ્ઠાતા એવા જે દેવોથી શબ્દાદિ વિષયોનું જ્ઞાન થાય છે તે દેવો પણ સાત્ત્વિક અહંકારથી ઉત્પન્ન થયા છે૩૦ અને જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિયો તો રાજસઅહંકારથીજ ઉત્પન્ન થઇ છે; તેમજ તામસઅહંકાર તે શબ્દનું કારણ છે; જે શબ્દથી આકાશ ઉત્પન્ન થયું છે, એ આકાશ પોતાના ગુણશબ્દસ્વરૂપે પરમાત્માનું પ્રકાશક છે;+૩૧ પછી ભગવાનને દષ્ટિગોચર થયેલું એ આકાશ કાળ તથા માયાના અંશના યોગથી વિકાર પામ્યું, એટલે તેમાંથી સ્પર્શ ઉત્પન્ન થયો અને તે વિકાર પામતાં વાયુ ઉત્પન્ન થયો.૩૨ પછી આકાશ સહિત પોતે મહાબળવાન એવો વાયુ વિકાર પામ્યો અને તેણે રૂપતન્માત્રાદ્વારા લોકને પ્રકાશ આપનારા તેજને ઉત્પન્ન કર્યું.૩૩ પરમાત્માની દષ્ટિગોચર થયેલા એ તેજે કાળ તથા માયાના અંશના યોગથી વિકાર પામીને રસતન્માત્રાદ્વારા જળને ઉત્પન્ન કર્યું.૩૪ પછી બ્રહ્મની દષ્ટિગોચર થયેલું તેજ સહિત એવું તે જળ, કાળ તથા માયાના અંશયોગે કરીને વિકાર પામતાં ગંધગુણદ્વારા પૃથ્વીને ઉત્પન્ન કરનારૂં થયું. હે ભવ્ય વિદુરજી! આકાશાદિ મહાભૂતોમાં જે જે કાર્યરૂપ તત્ત્વ છે, તે તે પૂર્વપૂર્વનાં કારણરૂપ તત્ત્વથી અનુસરાયલું છે; તેથી અનુક્રમે તેઓમાં અધિક ગુણો જાણવા.* આ પૂર્વોક્ત મહત્તત્ત્વ વગેરેના અભિમાની દેવો, વ્યાપક પરમાત્માના અંશરૂપ છે અને કાળલિંગ વિકારને, માયાલિંગ વિક્ષેપને તથા અંશલિંગ ચેતનાને ધારણ કરે છે, તેથી સર્વે સમાન હોઈ એકબીજાથી જુદા રહેવા લાગ્યા અને એ રીતે પરસ્પર સંબંધરહિત રહીને બ્રહ્માંડરચનારૂપી પોતાની ક્રિયા કરવામાં અસમર્થ થયા; એટલે તેઓ બે હાથ જોડી પરમેશ્વરની આ રીતે સ્તુતિ કરવા લાગ્યા.'૩૫-૩૭

દેવો બોલ્યાઃ-' હે દેવ! શરણાગતના તાપને શાંત કરવામાં છત્રરૂપ એવા આપના ચરણકમળને અમે નમસ્કાર કરીએ છીએ; જે આપના ચરણકમળનો આશ્રય કરીને યોગીઓ અનાયાસે સંસારના દુઃખને દૂર કરે છે-તજે છે.÷૩૮ હે પિતા! આ સંસારમાં જીવો આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક-એ ત્રણ તાપોથી પીડા પામીને પોતાને વિષે શાંતિ-સુખને સંપાદન કરી શકતા નથી; માટે હે ઈશ્વર! હે ભગવન્!

+ અથવા એ આકાશ પરમાત્માનું શરીર છે. વેદ પણ કહે છે- आकाशशरीरं ब्रह्म (तैत्ति. उ. १-६) અર્થાત્ બ્રહ્મનું શરીર આકાશ છે. —શ્રીધર

* જેમકે, આકાશમાં બીજું કોઇ પણ મહાભૂત કારણ તરીકે સંબંધવાળું નથી, તેથી તેનો એકજ શબ્દ ગુણ છે; વાયુમાં કારણ તરીકે આકાશનો સંબંધ છે, તેથી તેમાં સ્પર્શગુણ ઉપરાંત આકાશનો શબ્દગુણ પણ છે; તેજમાં આકાશ તથા વાયુ બન્ને કારણ તરીકે સંબંધવાળાં છે, તેથી તેમાં રૂપગુણ ઉપરાંત શબ્દ તથા સ્પર્શ પણ છે; જળમાં આકાશ, વાયુ તથા તેજ-એ ત્રણેનો કારણ તરીકે સંબંધ છે તેથી તેમાં રસગુણ ઉપરાંત શબ્દ, સ્પર્શ તથા રૂપ પણ છે અને એજ પ્રમાણે પૃથ્વીમાં આકાશ, વાયુ, તેજ તથા જળ-એ ચારેનો કારણ તરીકે સંબંધ છે, તેથી તેમાં પોતાના ગંધગુણ ઉપરાંત શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ પણ છે. —શ્રીધર

÷ જેમ મુસાફરો પોતાને ઘેર આવી માર્ગના થાકને દૂર કરે છે તેમ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિદ્યાજ્ઞાન સહિત એવી આપના ચરણની છાયાનો અમે આશ્રય કરીએ છીએ.§ ૩૯ પૂજ્યપાદ એવા આપના જે ચરણને ઋષિઓ, પોતાના નિઃસંગ થયેલા મનમાં, આપનું મુખકમળ જેમનો માળો છે એવાં વેદોરૂપી+ પક્ષીઓદ્વારા શોધે છે અને જે આપના ચરણ પાપોનો નાશ કરનાર શ્રેષ્ઠ નદી* ગંગાનું ઉત્પત્તિસ્થાન છે, તે આપના ચરણને અમે શરણે આવ્યા છીએ. જે આપના ચરણકમળને શ્રદ્ધા અને શ્રવણપૂર્વકની ભક્તિથી શુદ્ધ થયેલા હૃદયમાં સ્થાપીને (મનુષ્યો) વૈરાગ્ય જેનું બળ છે એવા જ્ઞાનના સાધને કરીને ધીર થાય છે, તે આપના ચરણકમળને અમે શરણે આવ્યા છીએ. હે ઈશ ! જે આપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશને માટે અવતાર ધારણ કરો છો, તે આપનું જે ચરણકમળ, સ્મરણ કરતાંજ આપના ભક્તપુરુષોને અભયદાન આપે છે તેને અમે સર્વે શરણે આવ્યા છીએ. ૪૦–૪૨ હે ભગવન્ ! જે પુરુષો, સ્ત્રીપુત્રાદિ ઉપકરણ સહિત અને તુચ્છ એવા આ શરીરરૂપી ઘરમાં 'મારૂં,' 'હું' એવો દુરાગ્રહ ધારણ કરે છે તેવા પુરુષોને એ પોતાના શરીરરૂપી ઘરમાંજ આપ વસી રહ્યા છો, છતાં આપનું ચરણકમળ અત્યંત દૂર થઈ પડે છે, તે આપના ચરણકમળનું અમે ભજન કરીએ છીએ. ૪૩ જેમની કીર્તિનું ભક્તજનોએ અનેક પ્રકારે ગાન કર્યું છે એવા હે પરમેશ્વર ! જેઓનું મન બાહ્યવિષયોમાં ભટકી રહેલી ઇન્દ્રિયોથી દૂર ખેંચાઈ ગયેલું હોય છે, તેવા પુરુષો આપના ચરણની ગતિના વિલાસોની શોભાનું ધ્યાન કરનારા આપના ભક્તજનોનાં દર્શન કરી શકતા નથી.+ ૪૪ પણ હે દેવ ! જે પુરુષો આપની કથારૂપી અમૃતનું પાન કરવાથી, વૃદ્ધિ પામેલી ભક્તિને લીધે નિર્મળ અંતઃકરણવાળા હોય છે, તેઓ વૈરાગ્ય જેનું બળ છે એવું જ્ઞાન સંપાદન કરીને અનાયાસે વૈકુંઠલોકને પામે છે; ૪૫ તેમજ બીજા જે ધીર પુરુષો આત્મામાં મનની સ્થિરતા કરવારૂપી યોગબળનો આશ્રય કરી અત્યંત બળવાન એવી માયાને જીતે છે, તેઓ પણ પરમ પુરુષ એવા આપનેજ પામે છે; પણ તે પુરુષોને આપની પ્રાપ્તિ કરવામાં પરિશ્રમ પડે છે, ત્યારે આપની સેવાભક્તિથી પરિશ્રમ પડતો નથી÷ ૪૬ હે આદિ દેવ ! આપે લોકસૃષ્ટિ કરવાની ઇચ્છાથી સત્ત્વાદિ ત્રણ ગુણસ્વભાવ વડે અમને ઉત્પન્ન કર્યા છે; પણ પરસ્પર વિરુદ્ધ સ્વભાવને લીધે અમે પરસ્પર અલગ રહીએ છીએ, તેથી આપની ક્રીડાનું સાધન–બ્રહ્માંડ ઉત્પન્ન કરીને આપને અર્પણ કરવાને અમે સમર્થ થતા નથી. ૪૭ હે અજન્મા દેવ ! જે રીતે અમે તે તે સમયે સંપૂર્ણ રીતે આપને બલિદાન આપી શકીએ અને અમે પણ જે રીતે અમારૂં જીવનસાધન અન્ન ભક્ષણ કરી શકીએ; તેમજ આ સર્વે જીવો પણ આપને તથા અમને–બન્નેને બલિદાન આ-

§ આપના ચરણનો આશ્રયજ જ્ઞાનને પ્રાપ્ત કરાવનાર છે. —**શ્રીધર**

+ જેમ પક્ષીઓ પોતાના માળામાંથી નીકળી જ્યાં-ત્યાં ભમીને પાછાં તે માળામાંજ દાખલ થાય છે તેમ વેદો પણ ભગવાનમાંથી નીકળી પાછા ભગવાનમાંજ પરિણમે છે–ભગવાન તરફજ વળે છે. માટે ઋષિઓ વેદોનો આશ્રય કરી ભગવાનને શોધે છે, —**શ્રીધર**

* અર્થાત્ ગંગા નદીનું સેવન કરનારાઓ પણ ગંગા નદીના ઉત્પત્તિસ્થાન એવા ભગવાનના ચરણને પામી શકે છે. —**શ્રીધર**

+ અર્થાત્ આપની લીલા–કથા વગેરેથી શોભતા આપના ભક્તોનાં તેમને દર્શન થતાં નથી. કહેવાનો ભાવ એ છે કે, એવા અજીતેન્દ્રિય પુરુષોને સત્સંગનો લાભ મળતો નથી અને તેને લીધે હરિકથાનું શ્રવણ પણ તેમને પ્રાપ્ત થતું નથી, જેથી તેઓનાં હૃદયમાં આપ બિરાજો છો, છતાં દૂર થઈ પડો છો. —**શ્રીધર**

÷ અહીં કહેવાનો ભાવ એ છે કે, જ્ઞાનયોગથી મોક્ષપ્રાપ્તિ કરવામાં પરિશ્રમ પડે છે; પણ સત્સંગથી કે આપની કથાઓનું શ્રવણ કરવાથી અનાયાસે મોક્ષપ્રાપ્તિ થાય છે; પરંતુ જેઓ અહંતામમતાથી ઘેરાયલા હોય છે, તેઓને તો મોક્ષ મળતોજ નથી. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પતાં નિર્વિઘ્ને અન્નભક્ષણ કરી શકે, તે રીતે કરવાને આપ આપતું પોતાનું જ્ઞાન શક્તિ સાથે અમને આપો.+[૪૮] હે દેવ! આપ અમારા સર્વ કાર્ય–પદાર્થોના તેમજ અમો–સર્વ દેવોના આદિ કારણ છો, કેમકે આપ કૂટસ્થ છો–નિર્વિકાર છો, પુરુષ છો–અમારા સર્વના અધિષ્ઠાતા છો અને અમારા બધાથી પણ પુરાતન છો. આપ અજન્મા–એ સત્ત્વાદિ ગુણો તથા જન્માદિ કર્મોના કારણભૂત એવી પોતાની માયાશક્તિમાં મહત્તત્ત્વરૂપી વીર્યને સ્થાપ્યું છે.[૪૯] તો હે આત્મન્! મહત્તત્ત્વ જેમાં મુખ્ય છે એવા અમે સર્વે જે માટે ઉત્પન્ન થયા છીએ તે આપનું કયું કાર્ય કરીએ? (કદાચ આપ કહેશો કે સૃષ્ટિ ઉત્પન્ન કરો તો અમે પ્રાર્થના કરીએ છીએ કે) હે દેવ! સૃષ્ટિરૂપી ક્રિયા કરવા માટે જેઓને આપથકીજ અનુગ્રહ છે એવા અમોને આપ આપતું પોતાનું જ્ઞાન શક્તિ સાથે આપો."*[૫૦]

ततो वयं सत्प्रमुखा यदर्थे बभूविमात्मन् करवाम किं ते। त्वं नः स्वचक्षुः परिदेहि शक्त्या देव क्रियार्थे यदनुग्रहाणाम् ॥५०॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૫ મો સમાપ્ત

+ આવાજ આશયની પ્રાર્થના વેદમાં પણ જોવામાં આવે છે—તા **एनमब्रुवन्नायतनं नः प्रजानीहि यस्मिन् प्रतिष्ठिता अन्नमदाम (एत. उ. २–१)** તે શક્તિઓએ (તે ઇન્દ્રિયોના દેવતાઓએ) પરમેશ્વરને પ્રાર્થના કરી કે, 'અમને રહેવા માટે સ્થાન આપો, કે જ્યાં રહીને અમે અમારા જીવનસાધન અન્નનું ભક્ષણ કરીએ.' **—શ્રીધર**

* અર્થાત્ આપની જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ વડેજ અમે સૃષ્ટિરચનામાં સમર્થ થઈશું; બીજા કોઇ પ્રકારે અમે સૃષ્ટિરચના નહિ કરી શકીએ. **—શ્રીધર**

अध्याय ६ ठ्ठो÷

વિરાટ્‌સૃષ્ટિ અને અધિદૈવાદિ ભેદ

॥ ऋषिरुवाच ॥

इति तासां स्वशक्तीनां सतीनामसमेत्य सः। प्रसुप्तलोकतंत्राणां निशाम्य गतिमीश्वरः ॥१॥

મૈત્રેય ઋષિ બોલ્યાઃ–'એ પ્રમાણે પોતાની શક્તિરૂપ તે મહત્તત્ત્વ વગેરે કે જેઓ એકબીજા સાથે નહિ મળીને જુદાં જુદાં રહેલાં હતાં અને જેઓ વિશ્વરચના કરવા માટે અસમર્થ થયાં હતાં, તેઓની સ્થિતિ જોઇને અનંતલીલાવાળા તે ભગવાને કાળથી જાગ્રત થનારી દેવી–માયાશક્તિને ધારણ કરી તે ત્રેવીસે* તત્ત્વોના સમુદાયમાં પોતે અંતર્યામીસ્વરૂપે એકી સાથે પ્રવેશ કર્યો.[૧૨] એ રીતે પોતાની ક્રિયાશક્તિથી તે તત્ત્વોમાં પ્રવેશ કરનારા તે ભગવાને તેઓમાં લીન થયેલી ક્રિયાશક્તિને જાગ્રત કરી અને જુદાં જુદાં રહેલાં તે તત્ત્વોને એકઠાં જોડ્યાં.[૩] પછી ઈશ્વરથી પ્રેરણા પામેલાં તે ત્રેવીસે તત્ત્વોમાં ક્રિયાશક્તિ જાગ્રત થઈ, એટલે તેઓએ પોતાના અંશોથી વિરાટ્‌શરીર ઉત્પન્ન કર્યું.[૪] વળી પોતાનામાં પરમેશ્વરે પ્રવેશ કર્યો હતો. તેથી એ સર્વ તત્ત્વો પરસ્પર મળીને અંશથી ક્ષોભ પામ્યાં–વિરાટ્‌શરીરના આકારમાં પરિણમ્યાં, જેમાં સ્થાવર–જંગમ સર્વ લોકો રહ્યા છે.[૫] પછી તે સુવર્ણમય–તેજોમય અધિપુરુષ–વિરાટ્‌પુરુષે પોતાની અંદર રહેલા સર્વ જીવોની સાથે બ્રહ્માંડમાં એક હજાર વર્ષ સુધી જળની અંદર નિવાસ કર્યો.[૬] પછી જગતને સૃજનારાં પૂર્વોક્ત તત્ત્વોના કાર્ય-

÷ આ અધ્યાયમાં ઈશ્વરે જેઓમાં પ્રવેશ કર્યો હતો, એવાં તે તત્ત્વોએ વિરાટ શરીર સરજ્યું અને તેમાંજ ભગવાને અધિદૈવ આદિ ભેદ કર્યો, એ કથા કહેવાશે. **—શ્રીધર**

* ત્રેવીસની સંખ્યા આ પ્રમાણેઃ–મહત્તત્ત્વ, અહંકાર, પાંચ ભૂતો, પાંચ તન્માત્રાઓ અને અગિયાર ઇન્દ્રિયો. **—भा. क.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૩૫ તે વિરાટ્પુરુષ જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ તથા ભોક્તૃશક્તિથી યુક્ત હોઇને પોતે પોતાના આત્માના એકરૂપે, દશરૂપે ને ત્રણરૂપે વિભાગ કર્યા.*[૭] એ વિરાટ્પુરુષ સમગ્ર પ્રાણીઓના આત્મા છે, પરમાત્માના અંશરૂપ છે અને પરમાત્માનો પ્રથમ અવતાર છે, જેમાં સર્વ પ્રાણીઓ રહેલાં જોવામાં આવે છે.[૮] (આવા શક્તિસંપન્ન હોવાથીજ) એ વિરાટ્પુરુષ પોતાની આત્મશક્તિથી અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત—એમ ત્રણ પ્રકારના થયા છે. પોતાની જ્ઞાનશક્તિથી દશ પ્રાણરૂપે દશ પ્રકારના થયા છે અને હૃદયાવચ્છિન્ન ચૈતન્યસ્વરૂપે એક પ્રકારના થયા છે.[૯] જેમને ઇન્દ્રિયજ્ઞાન પહોંચી શકતું નથી, એવા પરમેશ્વરે જગતને સૃજનારાં એ ત્રેવીસે તત્ત્વોની પૂર્વોક્ત પ્રાર્થના લક્ષ્યમાં લઇને એઓને વિવિધ પ્રકારની આજીવિકા મેળવી આપવા માટે પોતાની ચૈતન્યશક્તિ વડે વિરાટ્શરીરને વિષે 'હું આવી રીતે કરીશ' એવો વિચાર કર્યો.[૧૦] ભગવાને એવો વિચાર કર્યો, તે પછી ભગવાનની દૃષ્ટિના વિષયભૂત થયેલા એ વિરાટ્પુરુષમાં સૂર્ય આદિ દેવોનાં કેટલાંક સ્થાનો ઉત્પન્ન થયાં, તે હું તમને કહું છું, સાંભળો.[૧૧] એ વિરાટ્પુરુષને (પ્રથમ) મુખ ઉત્પન્ન થયું; એટલે એ પોતાના સ્થાનમાં લોકપાલ અગ્નિએ, પોતાની શક્તિ વાણી સાથે પ્રવેશ કર્યો, કે જે વાણી વડે જીવ શબ્દનું ઉચ્ચારણ કરી શકે છે.[૧૨] પછી એ વિરાટ્પુરુષને તાળવું ઉત્પન્ન થયું; એટલે તેમાં લોકપાલ વરુણદેવે પોતાની શક્તિ જિહ્વા સાથે પ્રવેશ કર્યો, કે જે જિહ્વાથી જીવ રસને ગ્રહણ કરે છે.[૧૩] તે પછી એ વ્યાપક વિરાટ્પુરુષને બે નાસિકાસ્થાન ઉત્પન્ન થયાં. તેમાં ઘ્રાણેન્દ્રિય નામની પોતાની શક્તિની સાથે બે અશ્વિનીકુમાર દેવોએ પ્રવેશ કર્યો, જેથી જીવને ગંધનું જ્ઞાન થાય છે.[૧૪] પછી એ સમર્થ વિરાટ્પુરુષનાં બે નેત્રગોલક સ્થાન ઉત્પન્ન થયાં. તેમાં પોતાની ચક્ષુ ઇન્દ્રિય નામની શક્તિની સાથે લોકપાલ વિશ્વકર્માએ પ્રવેશ કર્યો, જેથી જીવને રૂપોનું જ્ઞાન થાય છે.[૧૫] પછી એ વિરાટ્પુરુષને ત્વચાસ્થાન ઉત્પન્ન થયું, તેમાં લોકપાલ-વાયુએ પ્રાણની પેઠે આખા શરીરમાં વ્યાપી રહેલી ત્વચાઇન્દ્રિય નામની પોતાની શક્તિ સાથે પ્રવેશ કર્યો, જેથી જીવને સ્પર્શનું જ્ઞાન થયું.[૧૬] તે પછી એ વિરાટ્પુરુષને બે કાનરૂપી સ્થાન ઉત્પન્ન થયાં; તેમાં દિશાઓએ પોતાની શક્તિરૂપ શ્રોત્રેન્દ્રિયની સાથે પ્રવેશ કર્યો, જેથી જીવને શબ્દનું જ્ઞાન થાય છે.[૧૭] પછી એ વિરાટ્પુરુષને ચામડીરૂપ સ્થાન ઉત્પન્ન થયું; તેમાં ઔષધિઓએ પોતાની શક્તિરૂપ રુવાંટાંઓ સાથે પ્રવેશ કર્યો, જેથી જીવને ખણજનું જ્ઞાન થાય છે.[૧૮] તે પછી એ વિરાટ્પુરુષને લિંગરૂપી સ્થાન ઉત્પન્ન થયું; તેમાં પ્રજાપતિ દેવે પોતાના વીર્યરૂપ અંશ સાથે પ્રવેશ કર્યો, જેથી જીવ આનંદને અનુભવે છે.[૧૯] તે પછી એ વિરાટ્પુરુષને ગુદાસ્થાન ઉત્પન્ન થયું; તેમાં લોકપાલ મિત્રદેવે પાયુ નામની ઇન્દ્રિયરૂપી પોતાની શક્તિ સાથે પ્રવેશ કર્યો, જેથી જીવ મળત્યાગ કરી શકે છે.[૨૦] પછી એ વિરાટ્પુરુષને હાથરૂપ સ્થાન ઉત્પન્ન થયું; તેમાં સ્વર્ગપતિ ઇન્દ્રે લેવડ-દેવડ કરવારૂપી પોતાના અંશ સાથે પ્રવેશ કર્યો, જેથી જીવ આજીવિકા મેળવી શકે છે. પછી એ વિરાટ્પુરુષને ચરણરૂપી સ્થાન ઉત્પન્ન થયું; તેમાં લોકેશ્વર વિષ્ણુએ પોતાના અંશરૂપ ગમનશક્તિ સાથે પ્રવેશ કર્યો, જેથી જીવ જવા યોગ્ય સ્થાન પ્રત્યે જઈ શકે છે.[૨૧,૨૨] *(પછી એ

* અર્થાત્ તે વિરાટ્પુરુષ પોતાની જ્ઞાનશક્તિથી હૃદયાવચ્છિન્ન ચૈતન્યસ્વરૂપે એક પ્રકારના થયા, ક્રિયાશક્તિથી દશ પ્રાણરૂપે દશ પ્રકારના થયા અને આત્મશક્તિ એટલે ભોક્તૃશક્તિથી અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત—એમ ત્રણ પ્રકારના થયા. તેમાં દશ પ્રાણ તે આ છેઃ—પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય. —શ્રીધર

* આ શ્લોક ક્ષેપક છે, તેથી કૌંસમાં આપ્યો છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિરાટ્‌પુરુષને બુદ્ધિસ્થાન ઉત્પન્ન થયું; તેમાં નિશ્ચયાત્મક જ્ઞાન ઉત્પન્ન કરવાની શક્તિરૂપ બોધ સાથે બ્રહ્મદેવે પ્રવેશ કર્યો; જેથી જીવને નિશ્ચય કરવા યોગ્ય પદાર્થનું નિશ્ચયાત્મક જ્ઞાન થાય છે.)[૨૩] પછી વિરાટ્‌પુરુષને હૃદયસ્થાન ઉત્પન્ન થયું; તેમાં ચંદ્રદેવે પોતાના અંશરૂપ મનની સાથે પ્રવેશ કર્યો, જેથી જીવ સંકલ્પ–વિકલ્પરૂપ વિક્રિયા પામે છે. પછી એ વિરાટ્‌પુરુષને અહંકારસ્થાન ઉત્પન્ન થયું; તેમાં અહંકારવૃત્તિ નામની પોતાની શક્તિ સાથે રુદ્રદેવે પ્રવેશ કર્યો, જેથી જીવને ક્રિયા પ્રાપ્ત થાય છે. તે પછી એ વિરાટ્‌પુરુષને ચિત્તસ્થાન ઉત્પન્ન થયું; તેમાં પોતાની ચેતનાશક્તિની સાથે બ્રહ્મદેવે પ્રવેશ કર્યો; જેથી જીવ વિજ્ઞાનને પામે છે.[૨૪-૨૬] પછી એ વિરાટ્‌પુરુષના મસ્તકમાંથી સ્વર્ગ ઉત્પન્ન થયું, બે ચરણોમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ અને નાભિમાંથી આકાશ ઉત્પન્ન થયું; જેઓમાં ત્રણ ગુણોના પરિણામરૂપ દેવો, મનુષ્યો વગેરે જોવામાં આવે છે.[૨૭] દેવોમાં સત્ત્વગુણ અધિક છે, તેથી તેઓ સ્વર્ગમાં જઈ વસ્યા અને યજ્ઞ વગેરેથી વ્યવહાર કરનારા મનુષ્યો તથા તે મનુષ્યોના સાધનરૂપ ગાય–ઘોડા વગેરે પ્રાણીઓ રજોગુણી સ્વભાવને લીધે પૃથ્વી ઉપર વસ્યાં.[૨૮] તેમજ રુદ્રના પાર્ષદો–ભૂત વગેરેના સમુદાયો ત્રીજા તમોગુણી સ્વભાવને લીધે સ્વર્ગ તથા પૃથ્વીની વચ્ચે આવેલા ભગવાનના નાભિરૂપ આકાશમાં વસ્યા.[૨૯] હે કુરુશ્રેષ્ઠ વિદુરજી! એ વિરાટ્‌પુરુષના મુખમાંથી વેદ ઉત્પન્ન થયા અને મુખમાંથી ઉત્પન્ન થયેલા હોઈ વર્ણોમાં જે મુખ્ય તથા ગુરુરૂપે ગણાય છે–તે બ્રાહ્મણો પણ એ વિરાટ્‌પુરુષના મુખમાંથી ઉત્પન્ન થયા.*[૩૦] સર્વનું પાલન કરવારૂપ ક્ષાત્રવૃત્તિને અનુસરનારા ક્ષત્રિયો એ વિરાટ્‌પુરુષના બાહુમાંથી ઉત્પન્ન થયા. એ ક્ષત્રિયો વિષ્ણુના અંશરૂપ છે અને ચોર વગેરેના ઉપદ્રવોથી સર્વ વર્ણોની રક્ષા કરે છે.[૩૧] એ સમર્થ વિરાટ્‌પુરુષની બે સાથળોમાંથી લોકોની આજીવિકાના કારણભૂત ખેતીવાડી વગેરે વ્યવસાયો ઉત્પન્ન થયા અને વૈશ્યવર્ણ પણ તે વિરાટ્‌ની બે સાથળોમાંથી ઉત્પન્ન થઈ, તે ખેતીવાડીરૂપ પોતાની આજીવિકા વડે સર્વ લોકોની આજીવિકાને સિદ્ધ કરે છે.[૩૨] તેમજ એ વિરાટ્‌પુરુષના બે ચરણોમાંથી ધર્મની સિદ્ધિને માટે શુશ્રૂષા–સેવાવૃત્તિ ઉત્પન્ન થઇ; અને તે સેવાવૃત્તિ માટે શૂદ્ર પણ એ વિરાટ્‌ના બે ચરણોમાંથીજ પૂર્વે ઉત્પન્ન થયા છે; જે શૂદ્રોની સેવાવૃત્તિથી ભગવાન પ્રસન્ન થાય છે. આ પૂર્વોક્ત વર્ણો ચિત્તશુદ્ધિને માટે પોતપોતાના ધર્મોથી પોતાના ગુરુ શ્રીહરિનું શ્રદ્ધાપૂર્વક યજન કરે છે; કારણકે પોતપોતાની આજીવિકા સાથે તેઓ શ્રીહરિથીજ ઉત્પન્ન થયા છે.÷[૩૩,૩૪] હે વિદુરજી! કાળ, કર્મ અને સ્વભાવરૂપ શક્તિવાળા ભગવાનની યોગમાયાના બળથી આ વિરાટ્‌સ્વરૂપ ઉત્પન્ન થયું છે; તેથી એ વિરાટ્‌સ્વરૂપનું સંપૂર્ણ વર્ણન કરવાની ઇચ્છા પણ કોણ કરી શકે એમ છે?‡ તોપણ હે વિદુરજી! મેં ગુરુમુખે જે પ્રમાણે સાંભળેલ છે, તે પ્રમાણે મારી બુદ્ધિ અનુસાર શ્રીહરિથી ભિન્ન એવા બીજા બીજા વિષયોનું વર્ણન કરવાથી મલિન થયેલી મારી પોતાની વાણીને પવિત્ર કરવા માટે શ્રીહરિની કીર્તિ હું તમને કહીશ.[૩૫,૩૬] વિદ્વાનો કહે છે કે, ઉત્તમ કીર્તિવાળા પુરુષોના મુકુટરૂપ ભગવાનના ગુણાનુવાદ ગાવા એજ પુરુષોનાં વચનનો મુખ્ય લાભ છે અને વિદ્વાનોએ વર્ણવેલી ભગવાનની કથારૂપ અમૃત વિષે કાનનો ઉપયોગ કરવો, એજ પુરુષોના કાનનો

* અર્થાત્ ભણવું-ભણાવવું વગેરે દ્વારા વેદ, બ્રાહ્મણની આજીવિકા છે અને તે આજીવિકા સાથે બ્રાહ્મણ વિરાટ્‌ના મુખમાંથી ઉત્પન્ન થયા. —શ્રીધર

÷ તેથી પોતાના ગુરુ અને પિતા તરીકે હોવાથી પોતાને આજીવિકા આપનારા શ્રીહરિનું આરાધન કરવું, એ સર્વ વર્ણોનો પરમધર્મ છે. —શ્રીધર

‡ અર્થાત્ વર્ણની વાત તો દૂર રહી; પણ તેની ઇચ્છા કરવી એ અશક્ય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મુખ્ય લાભ છે.[૩૭] હે વત્સ! આદિકવિ–બ્રહ્મદેવે પણ હજારો વર્ષોના અંતે યોગથી પરિપક્વ થયેલી એવી બુદ્ધિથી પણ પરમાત્માનો મહિમા શું જાણ્યો છે? અર્થાત્ નથીજ જાણ્યો.[૩૮] માટે ભગવાનની માયા તો માયાવી પુરુષોને પણ મોહ પમાડનારી છે, કારણકે પરમાત્મા પોતે પણ પોતાની માયાની ગતિને (અમુક પ્રમાણમાં) નથી જાણતા. (કેમકે તે માયા અનંત છે.) તો પછી બીજાઓ તો ક્યાંથીજ જાણે? જેમને જાણવા માટે તત્પર થયેલાં વાણી અને મન પણ તેમને જાણ્યા વિનાજ પાછાં ફરે છે, એટલુંજ નહિ પણ અહંકારના અધિષ્ઠાતા રુદ્રદેવ અને તે તે ઇન્દ્રિયોના અધિષ્ઠાતા બીજા દેવો પણ જેમને જાણી શકતા નથી, તે ભગવાનને નમસ્કારજ હો.' ૩૯।૪૦

यतोऽप्राप्य निवर्तंते वाचश्च मनसा सह ।
अहं चान्य इमे देवस्तस्मै भगवते नमः ॥४०॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૬ઠ્ઠો સમાપ્ત

अध्याय ७ मो ×

જીવાત્મા બ્રહ્મસ્વરૂપજ છે, છતાં તેને અવિદ્યા સાથે સંબંધ કેમ?

॥ श्रीशुक उवाच ॥
एवं ब्रुवाणं मैत्रेयं द्वैपायनसुतो बुधः ।
प्रीणयन्निव भारत्या विदुरः प्रत्यभाषत ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા—"એ પ્રમાણે કહેતા ઋષિ મૈત્રેયને પોતાની વાણીથી પ્રસન્ન કરતા હોય તેમ વ્યાસના વિદ્વાન પુત્ર વિદુરજી પૂછવા લાગ્યા.[૧]

વિદુરજીએ પૂછ્યું–'હે બ્રહ્મન્! ભગવાન તો માત્ર ચૈતન્યરૂપ, નિર્વિકારી અને નિર્ગુણ છે, તો તેમને લીલાથી પણ ક્રિયાઓ અને ગુણો કેમ ઘટી શકે?*[૨] બાળક ક્રીડા કરવા માટે જે તત્પર થાય છે, તેમાં તેની ક્રીડા કરવાની કામના તે કારણ છે અથવા તે બાળકને બીજી કોઈ વસ્તુને લીધે કે બીજા કોઇ બાળકની પ્રેરણાને લીધે ક્રીડા કરવાની ઇચ્છા થાય છે; પણ ઈશ્વર તો સ્વતઃજ તૃપ્ત છે અને અન્યતઃ સંગથી પણ સદા નિવૃત્ત છે—અદ્વિતીય છે, તેમને વળી ક્રીડા કરવાની ઇચ્છા (એક બાળકની પેઠે) કેમ હોઇ શકે?[૩] (આપે કહ્યું કે,) ભગવાને ગુણમય એવી પોતાની માયા વડે જગતને ઉત્પન્ન કર્યું છે, તે માયા વડેજ આ જગતનું તે પાલન કરે છે; તેમજ ફરીથી પણ એ માયા વડેજ આ જગતનો નાશ કરે છે.[૪] (પરંતુ આ સર્વ વાત જીવને જો અવિદ્યા સાથે સંબંધ હોય તોજ ઘટે, નહિ તો સંભવે નહિ એમ કહે છે.) પરંતુ જે આ જીવાત્મા (બ્રહ્મસ્વરૂપ હોવાથી) દેશથી, કાળથી, અવસ્થાથી, પોતાથી કે બીજા કોઇથી પણ અવિનાશી જ્ઞાનવાળો છે. તો પછી તે અવિદ્યા સાથે જોડાયજ કેમ?÷[૫] (વળી તે જીવ બ્રહ્મસ્વરૂપજ છે, તેથી તેને સંસાર પણ નજ હોવો જોઇએ—એમ કહે છે.) સર્વ ક્ષેત્રોને વિષે જે ભોક્તાસ્વરૂપે પણ રહેલા છે, તે પોતે વસ્તુતઃ ભગવાનજ છે, તો પછી એ ભગવાનસ્વરૂપ એવા જીવાત્માને દુર્ભાગીપણું—આનંદાદિથી ભ્રષ્ટ થવાપણું કે કર્મોના સંબંધને લીધે કલેશ કેમજ

× આ અધ્યાયમાં સંશયને દૂર કરનારા મૈત્રેય મુનિના વચનને અભિનંદન આપી ફરી વિદુરજીએ અનેક જાતના પ્રશ્નો કર્યાં, તેઓનું સારી રીતે વર્ણન કરવામાં આવશે. —શ્રીધર

* કેમકે જે નિર્વિકારી હોય તેને ક્રિયાઓ હોઈ શકે નહિ અને જે નિર્ગુણ હોય તેને ગુણો સંભવી શકે નહિ. —भा. क

÷ અર્થાત્ જીવાત્માનો દીવાની કાંતિની પેઠે દેશથી નાશ નથી; કેમકે તે સર્વવ્યાપી છે, તેમજ વીજળીની પેઠે કાળથી પણ તેનો નાશ નથી; કેમકે તે નિત્ય છે; સ્મરણની પેઠે અવસ્થાથી પણ તેનો નાશ નથી; કેમકે તે વિકારથી રહિત છે; સ્વપ્નની પેઠે પોતાથી પણ તેનો નાશ નથી, કેમકે તે સત્યસ્વરૂપ છે; અને ઘટાદિ પદાર્થોની પેઠે બીજાથી પણ તેનો નાશ નથી, કેમકે તે અદ્વિતીય છે. આવી રીતે જેનો બોધ કોઇ રીતે નાશ પામતો નથી, તે અવિદ્યા સાથે જોડાયજ કેમ?—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

હોઇ શકે ? ×૬ હે વિદ્વાન્ મૈત્રેય ! આ અજ્ઞાન-સંકટમાં મારું મન ખેદ પામે છે; હે સમર્થ મુનિ ! આ મારા માનસિક મહામોહને તમે દૂર કરો.૭

શ્રીશુકદેવજી બોલ્યા–"તત્ત્વના જિજ્ઞાસુ વિદુરજીએ એ પ્રમાણે પ્રશ્ન કર્યો, એટલે ભગવાનમાંજ ચિત્તવાળા, ગર્વરહિત મુનિ મૈત્રેય (વિદુરજીના એ પ્રશ્નનો ઉત્તર આપવામાં પોતાનું સામર્થ્ય જાણે પ્રકટ કરતા હોય, તેમ) સહેજ હસતા વિદુરજી પ્રત્યે કહેવા લાગ્યા.૮

મૈત્રેય બોલ્યાઃ–'તેજ આ ભગવાનની માયા છે, કે જે તર્કથી વિરુદ્ધ જાય છે. જેમકે પરમેશ્વર પોતે વિમુક્ત છે, છતાં તેમને અવિદ્યાનું બંધન થાય છે અને કૃપણતા પ્રાપ્ત થાય છે. (આવી રીતે તર્ક સાથે જેનો વિરોધ આવે છે તેજ ભગવાનની માયા છે.)૯ જેમ સ્વપ્ન જોનાર મનુષ્યને પોતાનો શિરચ્છેદ થયા વિના પણ 'આ મારું મસ્તક છેદાયું છે' આવી પોતાના સંબંધમાંજ મિથ્યા ભ્રાંતિ જણાય છે, તેમ પુરુષ–જીવાત્માને અવિદ્યા વડે બંધન–ગુણમય જળમાં પ્રવેશ અને કૃપણતા–સ્વરૂપજ્ઞાનનું તિરોધાન—જે પોતામાં નહિ હોવા છતાં જણાય છે, તેજ ભગવાનની માયા છે.૧૦ (કદાચ તમે કહેશો કે, જેમ જીવને એ રીતે જણાય છે, તેમ ઈશ્વરને પણ એ કેમ ન જણાય? તો તેનો ઉત્તર એ છે કે,) જેમ જળમાં પ્રતિબિંબરૂપે પડેલા ચંદ્રમંડળ વિષે જળની ઉપાધિથી જણાતો કંપ વગેરે ધર્મ આકાશમાં રહેલા ચંદ્રમંડળમાં જણાતો નથી, તેમ અનાત્મા–દેહાદિના ધર્મ પોતામાં નહિ હોવા છતાં તે ઉપર અભિમાન કરનાર જીવમાં જોવામાં આવે છે; પરંતુ ઈશ્વરમાં જોવામાં આવતા નથી.૧૧ જીવાત્મામાં જણાતા આ દેહાદિના ગુણ–ધર્મ* નિવૃત્તિધર્મથી, ભગવાનની કૃપાથી અને તે દ્વારા પ્રાપ્ત થયેલા ભગવાનપરના ભક્તિયોગથી ધીમે ધીમે દૂર થાય છે. જ્યારે દ્રષ્ટાના અંતર્યામી પરમાત્મા શ્રીહરિ વિષેજ સર્વ ઇન્દ્રિયો નિશ્ચળ થાય છે–ભાવથી શ્રીહરિમાંજ તત્પર થાય છે, કે તરતજ જેમ સુષુપ્તિ અવસ્થામાં પડેલા મનુષ્યના સમગ્ર ક્લેશો નાશ પામે છે, તેમ સમગ્ર ક્લેશો નાશ પામે છે.૧૨,૧૩ જો મુરારિ ભગવાનના ગુણાનુવાદનું શ્રવણમાત્રજ સમગ્ર ક્લેશોની શાંતિ કરે છે, તો (શ્રવણ–મનનાદિદ્વારા) મનમાં સંપાદન કરેલી તે ભગવાનના ચરણારવિંદની રજની સેવા પરની પ્રીતિ સમગ્ર ક્લેશોની શાંતિ કરે, એમાં શું કહેવાનું હોય ? ૧૪

×વિદુરજી બોલ્યાઃ–'હે સમર્થ મુનિ ! આપનાં યુક્તિયુક્ત વચનોરૂપી તલવારથી મારો સંશય છેદાઇ ગયો છે; તેથી હવે મારું મન ઈશ્વરની સ્વતંત્રતા વિષે અને જીવની પરતંત્રતા વિષે સારી રીતે પ્રવેશ કરે છે–જાણીતું થયું છે.૧૫ હે વિદ્વન્! શ્રીહરિની માયાને લીધેજ જીવમાં બંધન, કૃપણતા વગેરે જણાય છે,એમ જે તમે કહ્યું તે ઠીકજ કહ્યું છે. કારણકે સ્વપ્નમાં પોતાના મસ્તકનું છેદન વગેરે જેમ અવસ્તુરૂપ છે–મિથ્યા અને નિર્મૂળ છે, તેમજ જીવાત્માને બંધન, કૃપણતા આદિ પણ મિથ્યા અને નિર્મૂળજ છે. કેમકે એ બંધન, કૃપણતા વગેરેનું મૂળ તથા આ જગત કે દેહાદિપ્રપંચનું મૂળ સ્વસ્વરૂપના અજ્ઞાન વિના બીજું કંઇ નથી.૧૬ (હું અલ્પજ્ઞ છું, તેથી મને સંશય થયો હતો; કારણકે) આ જગતમાં જે મનુષ્ય

× કહેવા એ માગે છે કે, વસ્તુતઃ જીવને કર્મનો સંબંધજ નથી, તો પછી તેને ક્લેશ–દુઃખ કેમ હોય? અને એ રીતે તો ઈશ્વરને પણ ક્લેશસંબંધ પ્રાપ્ત થશે. —શ્રીધર

* નિવૃત્તિધર્મ એટલે નિષ્કામ ભાગવતધર્મ–भा. क.

× વિદુરજી કહે છે કે, ચૈતન્યસ્વરૂપતા બન્નેને સમાન હોવા છતાં ઈશ્વરને જગતના કર્તાપણું વગેરે કેમ અને જીવને સંસાર કેમ? એ મને સંશય હતો અથવા જેનું સ્વરૂપજ્ઞાન અવિલુપ્ત રહે છે, એવા આત્માને અવિદ્યાથી બંધન કેમ અને તે બંધનની નિવૃત્તિ કેમ? આ સંશય હતો, પણ હવે બંધ તથા મોક્ષ સંબંધે તે મારો સંશય દૂર થયો છે. —શ્રીધર

Dr Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અત્યંત મૂઢ છે–દેહાદિમાં અત્યંત આસક્ત છે અને જે મનુષ્ય બુદ્ધિથી પર એવા પરમેશ્વરને પામી ચૂક્યો છે–તે બન્નેજ સુખે જીવે છે; (કેમકે પહેલો જે દેહાદિમાં આસક્ત છે, તેને સંશયજ થતો નથી અને બીજો જે પરમેશ્વરને પામી ચૂક્યો છે, તેને કોઇ જાતનો સંશય–ક્લેશ રહેતો નથી.) પણ જે મનુષ્ય વચલી સ્થિતિનો છે–એટલે દુ:ખને લીધે સંસારનો ત્યાગ કરવા ઇચ્છે છે ખરો, પણ સ્વરૂપાનંદનો અનુભવ નહિ થવાથી સંસારને છોડી શકતો નથી–તે મનુષ્ય દુ:ખનેજ પામે છે. આત્માથી ભિન્ન છતાં આત્માની સાથે એકસ્વરૂપે ભાસતા (વસ્તુત: એક નહિ) એવા દેહ–ઇન્દ્રિયાદિ પ્રપંચનો 'આમાં કંઇ પણ અર્થ નથી, માત્ર આત્મા સાથે એકસ્વરૂપે ભાસેજ છે.' આ પ્રમાણે આપના ચરણની સેવાથી નિશ્ચય કરીને પછી તે મિથ્યાપ્રતીતિને પણ હું દૂર કરીશ.[૧૭।૧૮] કેમકે તમારા જેવા ભક્ત પુરુષોની સેવાથી મધુ દૈત્યનો નાશ કરનારા છતાં નિર્વિકાર એવા શ્રીભગવાનના ચરણમાં સંસારનો નાશ કરનાર એવી તીવ્ર સ્વાભાવિક પ્રેમલક્ષણા ભક્તિ ઉત્પન્ન થાય છે.[૧૯] ખરેખર, વૈકુંઠલોકના માર્ગરૂપ એવા મહાન ભક્તોની સેવા અલ્પ તપવાળા મનુષ્યને તો દુર્લભજ છે. કારણકે તે ભક્તજનોના સંગમાં દેવોના દેવ શ્રીહરિનુંજ ગુણગાન ગવાય છે.÷ (આપે કહ્યું કે,) સૃષ્ટિના આરંભમાં ઇન્દ્રિયાદિ વિકારોસહિત મહત્તત્ત્વ વગેરે તત્ત્વોને અનુક્રમે સૃજીને ભગવાને તે તત્ત્વોના અંશોમાંથી વિરાટ્પુરુષને સૃજ્યા હતા; અને પછી તે વિરાટ્શરીરમાં ભગવાને પ્રવેશ કર્યો હતો. જે આદ્યપુરુષ વિરાટ્ને હજારો ચરણ, હજારો સાથળો અને હજારો બાહુઓવાળા કહે છે અને જેમાં આ સમગ્ર લોકો અવકાશ સહિત રહે છે;[૨૦–૨૧] વળી જેમાં દશ પ્રકારનો પ્રાણ તેમજ ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના વિષયો અને ઇન્દ્રિયોના દેવતાઓ–એમ ત્રણ પ્રકારનો પ્રાણ પણ રહે છે–(એમ તમે કહ્યું:) હવે બ્રાહ્મણ–ક્ષત્રિયાદિ વર્ણો જેમનાથી ઉત્પન્ન થઈ છે–તે વિરાટ્પુરુષની બ્રહ્મા વગેરે વિભૂતિઓ તમે અમને કહો.[૨૨।૨૩] જે વિભૂતિઓમાં પોતાના પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર અને ગોત્રજો સહિત વિચિત્ર આકૃતિવાળી પ્રજાઓ ઉત્પન્ન થાય છે–જે પ્રજાઓ વડે આ જગત વ્યાપ્ત થયેલું છે;[૨૪] વળી પ્રજાપતિઓના પતિ તે વિરાટ્પુરુષે કયા કયા પ્રજાપતિઓને ઉત્પન્ન કર્યા હતા? અને કયા કયા *સર્ગો, અનુસર્ગો, મનુઓ તથા મન્વંતરના સ્વામીઓને ઉત્પન્ન કર્યા હતા?[૨૫] આ સમગ્રના વંશોને તથા વંશજોનાં ચરિત્રોને તમે કહો; તેમજ હે મૈત્રેય! જે લોકો આ ભૂમિની ઉપર તથા નીચે છે, તેઓની આકૃતિ તથા પ્રમાણનું અને પૃથ્વીલોકની આકૃતિ તથા પ્રમાણનું તમે વર્ણન કરો. વળી તિર્યંચો, મનુષ્યો, દેવો, સર્પો, પક્ષીઓ અને જરાયુજ, સ્વેદજ, અંડજ તથા ઉદ્ભિજ્જ પ્રાણીઓના સૃષ્ટિવિભાગો તમે અમને કહો.[૨૬।૨૭] વળી લક્ષ્મીના નિવાસરૂપ એવા જે ભગવાન રજોગુણ વગેરે ગુણોવાળા બ્રહ્માદિ અવતારો વડે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરે છે અને તેમાં સાધનભૂત એવા પ્રજાપતિ વગેરેની સૃષ્ટિને જે સૃજે છે, તે ભગવાનનાં ઉદાર પરાક્રમો તમે કહો.[૨૮] વળી હે પ્રભો! ‡ચિહ્ન, આચાર તથા સ્વભાવને અનુસરી વર્ણો-

÷ આ શ્લોકમાં કહેવાનું તાત્પર્ય એ છે કે, મોટા ભક્તજનોની સેવાથી હરિકથાશ્રવણનો લાભ મળે છે, તેથી શ્રીહરિ વિષે પ્રેમ થાય છે અને તેથી દેહાનુસંધાન પણ દૂર થઈ જાય છે. —શ્રીધર

* સર્ગ–પ્રાકૃત સર્ગ નવ પ્રકારના છે; અનુસર્ગ–તે તે સર્ગના ભેદ છે; મનુઓ સ્વાયંભૂવ વગેરે છે તે; અને મન્વંતરના સ્વામીઓ એટલે રાજાઓ. —બાલપ્રબોધિની

‡ ચિહ્ન–જેવાં કે બ્રાહ્મણનું ચિહ્ન પુસ્તક છે, ક્ષત્રિયનું ચિહ્ન તલવાર છે, વૈશ્યનું ચિહ્ન ત્રાજવાં ધારણ કરવાં તે છે અને શૂદ્રનું ચિહ્ન નમ્રતા છે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રમના વિભાગો, ઋષિઓના જન્મકર્મ વગેરે વેદના વિભાગો, યજ્ઞના વિસ્તારો, યોગના માર્ગો, જ્ઞાન તથા જ્ઞાનના ઉપાયરૂપ સાંખ્યના માર્ગો, ભગવાને કહેલું †તંત્રશાસ્ત્ર, પાખંડમતોની પ્રવૃત્તિરૂપ વિષમતા, નીચ વર્ણના પુરુષોએ ઉચ્ચ વર્ણની સ્ત્રીઓમાં ઉત્પન્ન કરેલી પ્રજાપ્રવૃત્તિ, ગુણકર્મથી ઉત્પન્ન થનારી જીવોની જે જે જેટલી ગતિઓ હોય તે ગતિ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પરસ્પર વિરુદ્ધ ન હોય એવા ઉપાયો, ખેતી વગેરે વ્યાપાર, દંડનીતિ તથા વેદોક્ત સંધ્યોપાસન આદિના જુદા જુદા વિધિ; તેમજ હે બ્રહ્મન્! શ્રાદ્ધનો વિધિ, પિતૃઓની સૃષ્ટિ, ગ્રહો–નક્ષત્રો–તારાઓની કાળચક્રમાં રહેલી સ્થિતિ, દાનનાં ફળ, તપનાં ફળ, યજ્ઞાદિનાં ફળ, વાવ–કૂવા–તળાવ–દેવમંદિર બંધાવવાં વગેરેનાં ફળ, પ્રવાસીઓના ધર્મ, આપત્તિમાં રહેલા પુરુષના ધર્મ અને જે માર્ગ વડે ધર્મના ઉત્પત્તિસ્થાન એવા જનાર્દન–ભગવાન પ્રસન્ન થાય છે, તે માર્ગ અને જેવા મનુષ્યો પર ભગવાન પ્રસન્ન થાય છે તેવા મનુષ્યો–તે સર્વ હે નિર્દોષ મુનિ! તમે મને કહો.[૨૯–૩૫] હે ઉત્તમ બ્રાહ્મણ! દીન શિષ્યો પર પ્રેમ રાખનારા ગુરુઓ, પોતાને અનુસરી ચાલનારા શિષ્યો તથા પુત્રોને તેઓએ નહિ પૂછેલું પણ કહે છે.[૩૬] હે ભગવન્! (આપે કહેલાં) તે તત્ત્વોનો કેટલા પ્રકારનો પ્રલય થાય છે? તેમાંનાં કેટલાં તત્ત્વો ભગવાનની સેવા કરે છે અને કેટલાં તત્ત્વો જળમાં શયન કરનાર તે ભગવાનની પાછળ શયન કરે છે–કેટલાં તત્ત્વો ભગવાનમાં લીન થઈ જાય છે?[૩૭] જીવનું તત્ત્વ શું? અથવા પરમેશ્વરનું સ્વરૂપ શું? અને ગુરુ તથા શિષ્ય જેમાં હેતુભૂત છે, એવું ઉપનિષદ્નું જ્ઞાન કયું?[૩૮] હે નિર્દોષ મુનિ! પ્રાચીન આચાર્યોએ તે જ્ઞાનનાં જે સાધનો કહ્યાં હોય તે પણ મને કહો. કેમકે પુરુષોને પોતાની મેળે (ગુરુ વિના) જ્ઞાન, ભક્તિ કે વૈરાગ્ય ક્યાંથી થઇ શકે?[૩૯] શ્રીહરિનાં કર્મો જાણવાની ઇચ્છાથી મેં આ પ્રશ્નો આપને પૂછ્યા છે. મારી જ્ઞાનદૃષ્ટિ અવિદ્યાથી નાશ પામી છે, તેથી હું અજ્ઞાની છું; તો આપ મારા મિત્ર હોઇને તે સર્વ પ્રશ્નોના ઉત્તર આપો.[૪૦] હે નિર્દોષ મૈત્રેય! સર્વ વેદો, યજ્ઞો, તપ તથા દાન–એ સર્વે જીવને (તત્ત્વોપદેશદ્વારા) અભયદાન આપવાના સોળમા અંશને પણ પહોંચી શકતાં નથી.'[૪૧]

શ્રીશુકદેવજી બોલ્યા:–"એ પ્રમાણે કુરુવંશીઓમાં શ્રેષ્ઠ એવા વિદુરજીએ પુરાણોમાં પ્રકાશેલો જાણવા યોગ્ય અર્થ જેમને પૂછ્યો હતો, એવા મુનિશ્રેષ્ઠ મૈત્રેય પોતાને ભગવાનની કથા વિષે પ્રેરણા કરવામાં આવી, તેથી અત્યંત હર્ષિત થઇ જાણે ખૂબ હસતા હોય તેમ સ્મિત કરીને વિદુરજીને કહેવા લાગ્યા."[૪૨]

स इत्थमापृष्टपुराणकल्पः कुरुप्रधानेन मुनिप्रधानः। प्रवृद्धहर्षो भगवत्कथायां संचोदितस्तं प्रहसन्निवाह ॥ ४२ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૭ મો સમાપ્ત

अध्याय ८ मो*

જલશાયી ભગવાનની નાભિમાંથી બ્રહ્મદેવની ઉત્પત્તિ

॥ मैत्रेय उवाच ॥

सत्सेवनीयो बत पूरुवंशो यल्लोकपालो भगवत्प्रधानः। बभूविथेहाजितकीर्तिमालां पदे पदे नूतनयस्यभीक्ष्णम् ॥ १ ॥

મૈત્રેય બોલ્યા:–'અહો! અત્યંત આનંદની વાત છે કે, પૂરુવંશ સત્પુરુષોને પણ સેવવા યોગ્ય

† તંત્રશાસ્ત્ર તે નારદપંચરાત્ર સમજવું. –भा. क.

* આ અધ્યાયમાં 'જલશાયી ભગવાનની નાભિમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા અને તે બ્રહ્માએ ભગવાનને નહિ જાણી જળમાં ભય પામી તપશ્ચર્યાથી ભગવાનને પ્રસન્ન કર્યા' એ કથા કહેવાશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે; કેમકે એ વંશમાં લોકપાલ—ધર્મરાજા તમે પોતે ભગવાનનેજ એક મુખ્ય માનનારા ઉત્પન્ન થયા છો; જે તમે અજિત ભગવાનની કીર્તિમાળાને પદેપદે નવીન કરો છો.[૧] હવે જે મનુષ્યો સંસારનાં તુચ્છ સુખને માટે મહાન દુઃખ પામી રહ્યા છે, તેમનાં એ દુઃખને દૂર કરવા માટે ભાગવત મહાપુરાણનો હું આરંભ કરૂં છું, જે પુરાણ સાક્ષાત્ (સંકર્ષણ) ભગવાને (સનકાદિ) ઋષિઓને કહ્યું છે.[૨] એક સમયે અસ્ખલિત જ્ઞાનવાળા આદ્ય ભગવાન સંકર્ષણદેવ પાતાળલોકમાં બિરાજ્યા હતા, ત્યારે એ સંકર્ષણદેવથી પણ પર એવા શ્રીવાસુદેવ ભગવાનના તત્ત્વને જાણવા ઇચ્છતા સનત્કુમાર વગેરે મુનિઓએ તેમને પૂછ્યું હતું;[૩] જે સંકર્ષણદેવ પોતાના આશ્રયરૂપ અને પરમ આનંદસ્વરૂપ એવા જે ભગવાનને વિદ્વાનો વાસુદેવ નામે કહે છે, તેમને બહુ માન આપતા હતા—સર્વોત્કર્ષથી પૂજતા હતા અને જેમણે સનત્કુમારાદિના અભ્યુદયને માટે (ધ્યાનદ્વારા) અંતર્મુખ કરેલી એવી પણ પોતાના નેત્રરૂપી કમળની કળીને લગાર ઉઘાડી હતી;[૪] વળી જે સંકર્ષણદેવની હજારો ઉદ્દામ ફણાઓ હજારો મુકુટનાં ઉત્તમ રત્નોથી અત્યંત ઝળહળી રહી હતી; તે સંકર્ષણ ભગવાનની તેમનાં કર્મોને જાણતા સનત્કુમાર આદિ મુનિઓએ પ્રેમથી સ્ખલિત પદવાળાં વચનોથી સ્તુતિ કરી હતી અને પછી પતિ મેળવવા ઇચ્છતી નાગકન્યાઓ જેને અનેક પૂજાસાહિત્યથી પૂજે છે, એવા તેમના ચરણ મૂકવાના કમળને નમતી વેળા ગંગાજળથી ભીના પોતાના જટાકલાપથી સ્પર્શતા તે મુનિઓએ તેમને પૂછ્યું હતું.[૫-૬] એટલે મહાન ઐશ્વર્યવાળા તે સંકર્ષણ ભગવાને નિવૃત્તિધર્મમાં આસક્ત એવા તે સનત્કુમારને શ્રીભાગવત પુરાણ કહ્યું હતું. પછી હે વિદુરજી! તે સનત્કુમારે વ્રતધારી એવા સાંખ્યાયન ઋષિને તેમના પૂછવાથી તે ભાગવત પુરાણ કહ્યું હતું.[૭] પછી પરમહંસોના ધર્મપાલનમાં મુખ્ય એવા તે સાંખ્યાયન ઋષિએ ભગવાનની વિભૂતિઓનું વર્ણન કરવાની ઇચ્છાથી પોતાને અનુસરીને ચાલનારા અમારા ગુરુ પરાશરમુનિને તથા બૃહસ્પતિને તે ભાગવત પુરાણ કહ્યું હતું.[૮] પછી *પુલસ્ત્યે જેમને વરદાન આપ્યું હતું, તે દયાળુ પરાશર મુનિએ એ આદ્યપુરાણ મને કહ્યું હતું; તેજ એ મહાપુરાણ હે વત્સ! નિત્ય મને અનુસરનારા અને શ્રદ્ધાળુ એવા તમને હું કહું છું.[૯] જે સમયે (પ્રલયકાળે) આ જગત એક સમુદ્રરૂપ થયેલા જળમાં ડૂબી ગયું હતું, તે સમયે જેમની ચૈતન્યશક્તિ સદા જાગ્રત રહે છે, એવા શ્રીનારાયણદેવે શેષનાગરૂપી શય્યામાં પોતે એકલાએજ શયન કર્યું હતું; માયાવિનોદનો ત્યાગ કરી સ્વરૂપાનંદમાંજ ઉત્સવ કર્યો હતો અને સર્વ ક્રિયાઓનો ત્યાગ કરી યોગનિદ્રાથી નેત્રો મીંચી દીધાં હતાં.[૧૦] જેમ અગ્નિ પોતાની દાહકશક્તિને રોકી દઇને પોતાના અધિષ્ઠાન કાષ્ઠમાં (ગુપ્ત રીતે) રહે છે, તેમ પોતાના શરીરની અંદર સૂક્ષ્મભૂતવર્ગને (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને) ધારણ કરી પોતાની કાળશક્તિને (પુનઃ સૃષ્ટિના અવસરે જાગ્રત કરવા માટે) પ્રેરતા તે ભગવાને પોતાના નિવાસસ્થાનરૂપ જળમાં નિવાસ કર્યો હતો. તે ભગવાન પોતાની ચૈતન્યશક્તિથી જાગ્રતજ હોવા છતાં સત્ય, દ્વાપર, ત્રેતા અને કલિ—એ હજારો યુગ સુધી યોગનિદ્રા વડે જળમાં શયન કરી રહ્યા હતા; પછી તેમણે પ્રથમથીજ પોતાને જાગ્રત કરવા માટે પ્રેરણા કરી રાખેલી પોતાની કાળશક્તિથી સર્વ ક્રિયાકલાપ સંપાદન કર્યો અને પોતાના દેહ-

* પુલસ્ત્યે પરાશરને વરદાન આપ્યું તે સંબંધી આવી આખ્યાયિકા છેઃ—પોતાના પિતાને રાક્ષસ ખાઇ ગયો, એ સાંભળી પરાશર રાક્ષસોનો સંહાર કરી નાખવા માટે રાક્ષસસત્ર નામનો યજ્ઞ કરવા તૈયાર થયા. એ વાત જાણીને વસિષ્ઠ ઋષિએ તેમને અટકાવ્યા. પછી પોતાની સંતતિ—રાક્ષસોનું રક્ષણ કરવાથી પુલસ્ત્ય પરાશર ઉપર પ્રસન્ન થયા અને તેમણે તેમને વરદાન આપ્યું કે, તમે પુરાણવક્તા થશો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માં લીન થયેલા સર્વ લોકોને જોયા.[૧૧] તે પછી લોકની સૃષ્ટિ માટે જેમની દષ્ટિ સૂક્ષ્મ અર્થોમાં–સૂક્ષ્મ ભૂતવર્ગમાં દાખલ થઈ હતી, એવા તે ભગવાનની અંદર રહેલો તે સૂક્ષ્મભૂતવર્ગ કાળથી પ્રેરણા પામેલા રજોગુણ વડે ક્ષોભ પામી અત્યંત સૂક્ષ્મસ્વરૂપ થઇને ભવિષ્યમાં સ્થૂલસ્વરૂપે જન્મ પામવાને તે વખતે તેમના નાભિકમળમાંથી ઉત્પન્ન થયો. અતિ સૂક્ષ્મ એવો તે ભૂતવર્ગ જીવોનાં અદૃષ્ટને જાગ્રત કરનાર કાળને લીધે એકાએક કમળના કોશના (દોડાના) સ્વરૂપે (જળના ઉપરના ભાગમાં) પ્રકટ થયો. શ્રીનારાયણ જેનું ઉત્પત્તિકારણ હતું, એવો તે કમળકોશ પોતાની કાંતિથી સૂર્યની પેઠે (સમુદ્રના) તે વિશાળ જળને પ્રકાશમાન કરી રહ્યો હતો. પછી એ લોકાત્મક કમળ જેમનાથી ઉત્પન્ન થયું હતું, એવા તે વિષ્ણુ ભગવાને પોતેજ તે કમળમાં પ્રવેશ કર્યો; એટલે તેમાં ને વેદમય બ્રહ્મા સ્વયં ઉત્પન્ન થયા,* જેમને લોકો સ્વયંભૂ કહે છે અને જે કમળની તે કળીમાં બેઠેલા હતા, એવા બ્રહ્માએ કોઈ પણ લોકને નહિ જોતાં ત્યાં બેઠાંબેઠાં પોતાની ડોક સર્વ દિશામાં ફેરવી, લોકને જોવા માટે આકાશમાં નેત્રોને પહોળાં કર્યાં, એટલે તેમને ચાર મુખ પ્રાપ્ત થયાં.[૧૨–૧૬] યુગાંત સમયે વાયુથી જે કંપી રહ્યું હતું અને જેમાં ચોતરફ તરંગો ઊછળી રહ્યા હતા, એવા જળમાંથી ઉત્પન્ન થયેલા કમળ વિષે તે આદિદેવ બ્રહ્મા જો કે બેઠા હતા, તોપણ સંપૂર્ણ રીતે તે કમળને, લોકતત્ત્વને કે પોતે પોતાને પણ સાક્ષાત્ જાણી શક્યા નહિ.[૧૭] (પછી તેમણે વિચાર કરવા માંડ્યો કે,) 'જે આ કમળના ઉપરના ભાગમાં હું છું તે કોણ છું? આ એક કમળજ જળમાં ક્યાંથી ઉત્પન્ન થયું? જેના પર આ કમળ રહ્યું છે, તે અહીં નીચેના ભાગમાં કંઈ પણ હોવુંજ જોઇએ.'*[૧૮] એ રીતે વિચાર કરીને અજન્મા બ્રહ્મદેવે એ કમળના નાળની અંદરનાં છિદ્રદ્વારા જળની અંદર પ્રવેશ કર્યો અને તે તીક્ષ્ણ નાળવાળા કમળનો આધાર શોધવાને માટે નીચે ને નીચે જવા માંડ્યું; પણ તે આધારસ્થાન તેમને મળ્યુંજ નહિ. હે વિદુર! અપાર અંધારામાં એ રીતે પોતાનું ઉત્પત્તિકારણ શોધતાં બ્રહ્માને (સો વર્ષ જેટલો) અતિ મહાન કાળ વીતી ગયો, કે જે કાળ વિષ્ણુ ભગવાનના સુદર્શનચક્રરૂપ હોઇ પ્રાણીઓને ભય ઉપજાવનો તેઓના આયુષનો નાશ કરે છે.[૧૯।૨૦] પછી પોતાનો મનોરથ પૂર્ણ નહિ થવાથી તે બ્રહ્મદેવ પાછા ફરીને પુનઃ પોતાના સ્થાનરૂપ તે કમળમાં આવ્યા અને ધીમે ધીમે શ્વાસને રોકી ચિત્તને એકાગ્ર કરી સમાધિયોગનો આશ્રય કરીને ત્યાં બેઠા. બરાબર સો વર્ષનો સમય થયો, એટલે તે સિદ્ધ થયેલા યોગદ્વારા તેમને નિશ્ચયાત્મક જ્ઞાન ઉત્પન્ન થયું, કે જેથી પૂર્વે જે (ભગવાનરૂપ) વસ્તુ શોધ કરતાં પણ જણાઈ ન હતી, તે વસ્તુને પોતાના હૃદયમાં સ્વયં પ્રકટેલી તેમણે જોઈ.[૨૧।૨૨] તેમણે જોયું તો તે પ્રલયકાળના જળમાં જ્યાં ફણાઓરૂપી છત્રોથી યુક્ત એવાં મસ્તકો પરનાં રત્નોની કાંતિથી અંધકાર નાશ પામ્યો હતો, ત્યાં કમળના નાળ જેવા શ્વેતવર્ણા લાંબા શેષનાગના શરીરરૂપી પલંગ પર એક પુરુષ–પરમાત્મા શયન કરી રહ્યા હતા.[૨૩] એ પુરુષ પોતાના અતિશય લાવણ્યથી મરકતમણિઓની શિલાઓવાળા પર્વતની શોભાનો તિરસ્કાર કરતા હતા; પોતાના પીતાંબરથી સંધ્યાકાળનાં વાદળાંરૂપી વસ્ત્રવાળા એ મરકતમણિના

* અર્થાત્ જે બ્રહ્મા પૂર્વકલ્પના અંતે નારાયણની સાથે નિદ્રા લઇ એકસ્વરૂપ થઇ ગયા હતા, તેજ બ્રહ્મા પુનઃ નારાયણ જાગ્રત થતાં તે નારાયણમાંથીજ પાદ્મકલ્પમાં કમળદ્વારા પ્રકટ થયા. —શ્રીધર

* આ શ્લોકના આશયનુંજ આવું વેદવચન છે–**सोऽपश्यत् पुष्करपर्णे तिष्ठन् सोऽमन्यत अस्ति चैतद् यस्मिन्निदमधितिष्ठति**–કમળની પાંખડી ઉપર બેઠેલા તે બ્રહ્માએ જોયું ને વિચાર કર્યો કે, જેના ઉપર આ કમળ છે, તે કંઇ પણ વસ્તુ નીચે હોવી જોઇએ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પર્વતની શોભાનો તિરસ્કાર કરતા હતા; પોતાના મુકુટથી સુવર્ણનાં અનેક શિખરોવાળા તે પર્વતની શોભાનો તિરસ્કાર કરતા હતા અને રત્નોની, મોતીઓની, તુલસીની તથા પુષ્પોની માળાઓ વડે તેમજ પોતાના બાહુઓ અને ચરણો વડે રત્નો, જળધારા, ઔષધિઓ તથા પુષ્પોના સમૂહરૂપી વનમાળા ધારણ કરનારા અને વાંસોરૂપી ભુજાઓ તથા વૃક્ષોરૂપી ચરણો ધારણ કરનારા એ મરકતમણિના પર્વતની શોભાનો પણ તિરસ્કાર કરતા હતા.[૨૪] વળી એ પુરુષ ત્રણે લોકનો જેમાં સમાવેશ થઈ જતો હતો, એવા અને લંબાઈ તથા વિસ્તારમાં જેની કોઇ ઉપમા ન હતી, એવા શરીરથી યુક્ત હતા; તેમજ એમનું એ શરીર જાતજાતના દિવ્ય અલંકારો તથા વસ્ત્રોને ઊલટું શોભાવનારું હતું અને એમના એ શરીરે સ્વતઃજ સુંદર હોઈ વિવિધ અલંકારો ધારણ કર્યા હતા.[૨૫] વળી એ પરમપુરુષ પોતાના ઇચ્છિત ફળની પ્રાપ્તિ માટે વેદોક્ત શુદ્ધ માર્ગથી પૂજન કરી રહેલા ભક્ત પુરુષોને કૃપાને લીધે સર્વ મનોરથોને પૂર્ણ કરનારા પોતાનાં ચરણકમળનાં દર્શન કરાવતા હતા, કે જે ચરણકમળ નખરૂપી ચંદ્રનાં કિરણોથી મિશ્ર એવી આંગળીઓરૂપી સુંદર પાંખડીઓવાળું હતું.[૨૬] વળી જેનું હાસ્ય લોકોની પીડાને દૂર કરનાર હતું, ચળકતાં એવાં કુંડળોથી જે શોભી રહ્યું હતું, પાકા ઘિલોડા જેવા અધરોષ્ઠની કાંતિથી જે લાલ જણાતું હતું અને જે સુંદર નાસિકાથી યુક્ત હતું, એવા મુખ વડે એ મહાન પુરુષ પોતાનું પૂજન કરતા ભક્ત પુરુષોને સામેથી માન આપી રહ્યા હતા.[૨૭] વળી હે વત્સ વિદુર! તે પુરુષોત્તમ ભગવાન કદંબના પુષ્પના કેસરાસમાન પીળાં વસ્ત્ર વડે અત્યંત શોભતા હતા, નિતંબભાગ ઉપર મેખલા–કંદોરા વડે શણગારેલા હતા અને શ્રીવત્સના ચિહ્નવાળા એવા વક્ષઃસ્થળને પ્રિય અમૂલ્ય હારથી સુશોભિત હતા. તેમજ એ મહાપુરુષ (એક મોટા ચંદનના વૃક્ષ જેવા શોભતા હતા, કેમકે) શ્રીમતી બાજુબંધોમાં જડેલા ઉત્તમ મણિઓથી વ્યાપ્ત તેમના બાહુઓરૂપી તેમને હજારો શાખાઓ જણાતી હતી, અવ્યક્ત–પ્રધાન–પ્રકૃતિ એજ તેમનું નીચેના ભાગમાં રહેલું મૂળ હતું અને એમની ખાંધના પ્રદેશો સર્પરાજ શેષનાગના શરીરથી સ્પર્શ કરાયલા હતા, જેથી ત્રિભુવનાત્મક મોટા એક વૃક્ષ (ચંદનવૃક્ષ) જેવા જણાતા હતા.*[૨૮,૨૯] વળી એ ભગવાન પર્વત જેવા જણાતા હતા, કેમકે પર્વતની પેઠેજ તે ભગવાન સ્થાવરજંગમ પ્રાણીઓના નિવાસસ્થાન હતા; પર્વત જેમ સર્પોને આશ્રયદાતા હોઇ તેઓનો બંધુ છે, તેમ ભગવાન પણ સર્પોના રાજા શેષનાગના બંધુ હતા; મૈનાક વગેરે પર્વતો જેમ જળમાં ડૂબેલા રહ્યા છે, તેમ એ ભગવાન પણ તે વેળાએ જળમાં ડૂબેલા રહ્યા હતા; મેરુ વગેરે પર્વતોનાં શિખરો જેમ સુવર્ણનાં છે, તેમ એ ભગવાન પણ હજારો મુકુટોરૂપી સુવર્ણનાં શિખરોવાળા હતા; અને ઘણાખરા પર્વતોમાંથી જેમ રત્નો પ્રકટ થાય છે, તેમ એ ભગવાનની મૂર્તિના મધ્યે પણ કૌસ્તુભરત્ન સ્પષ્ટ દેખાતું હતું.[૩૦] વળી એ મહાપુરુષ વેદોરૂપી ભમરાઓથી જેની શોભા હતી, એવી પોતાની કીર્તિમય વનમાળા વડે (કંઠથી ચરણ સુધી) વ્યાપ્ત હતા; સૂર્ય, ચંદ્ર તથા અગ્નિથી પણ અગમ્ય હતા અને ત્રણે લોકમાં જેઓનો પ્રભાવ હતો, એવાં આસપાસ રક્ષણ માટે ભમતાં સુદર્શનચક્ર વગેરે આયુધો વડે અત્યંત દુષ્પ્રાપ હતા.[૩૧] (પૂર્વોક્ત પુરુષને જોતાંજ બ્રહ્મદેવે જાણ્યું કે, તેજ આ શ્રીહરિ છે.) પછી તેજ વખતે લોકોને સૃજવાની જેમને દૃષ્ટિ થઈ હતી÷ એવા તે જગદ્વિધાતા બ્રહ્મદેવે જોયું

* આ શ્લોકમાં ચંદનવૃક્ષના રૂપકથી ભગવાનનું વર્ણન છે; કેમકે ચંદનવૃક્ષ પણ બાજુબંધ જેવાં ફળફૂલ વગેરેથી વ્યાપ્ત હોય છે, તેનું મૂળ અવ્યક્ત હોય છે–જણાતું હોતું નથી અને તે વૃક્ષનાં મોટાં મોટાં ડાળાંઓ સર્પથી વીંટળાયલાં હોય છે. —શ્રીધર

÷ એટલે લોકોની સૃષ્ટિ રચવાનો જેમનો સંકલ્પ થયો હતો એવા. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો તે શ્રીહરિના નાભિસરોવરમાં ઉત્પન્ન થયેલા કમળને, પોતાને, જળને, વાયુને તથા આકાશને તેમણે જોયાં; પણ એ વિના બીજું કંઇ તેમના જોવામાં આવ્યું નહિ.[૩૨] તે પછી રજોગુણથી રંગાઈ ગયેલા તે બ્રહ્મદેવે લોકસૃષ્ટિમાં કારણભૂત એવી તે પાંચજ વસ્તુ જોઇને અવ્યક્ત–ભગવાન વિષે મનને સ્થાપિત કર્યું અને સૃષ્ટિની રચનામાં પણ મનને લગાડીને ભગવાનની આ પ્રમાણે સ્તુતિ કરવા માંડી.[૩૩]

स कर्मबीजं रजसोपरक्तः प्रजाः सिसृक्षन्नियदेव दृष्ट्वा । अस्तौद्विसर्गाभिमुखस्तमीड्यमव्यक्तवर्त्मन्यभिवेशितात्मा ॥ ३३ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૮ મો સમાપ્ત

अध्याय ९ मो*

બ્રહ્માએ કરેલી શ્રીનારાયણની સ્તુતિ

॥ ब्रह्मोवाच ॥

ज्ञातोऽसि मेऽद्य सुचिरान्ननु देहभाजां
न ज्ञायते भगवतो गतिरित्यवद्यम् ।
नान्यत्त्वदस्ति भगवन्नपि यन्न शुद्धं
मायागुणव्यतिकराद्यदुरुर्विभासि ॥ १ ॥

બ્રહ્મા બોલ્યાઃ–'હે ભગવન્ ! મેં આજ ઘણે કાળે (ઉપાસના કરવાને લીધે) આપને જાણ્યા છે. અહો ! આશ્ચર્ય છે કે, પ્રાણીઓનો પોતાનોજ એ દોષ છે કે, તેઓ આપ ભગવાનની ગતિ જાણતા નથી. કેમકે આ જગતમાં આપના સિવાય બીજું કંઇ પણ નથી. જો કે અસ્તિત્વરૂપે બીજી વસ્તુઓ જોવામાં આવે છે, પણ તે શુદ્ધ નથી–સત્ય નથી. કારણ કે માયાના ગુણોનો ક્ષોભ થવાને લીધે કેવળ આપ એકજ અનેકસ્વરૂપે જણાઓ છો.[૧] ચૈતન્યશક્તિના આવિર્ભાવથી આપનામાં અજ્ઞાનની તો તદ્દન નિવૃત્તિજ રહે છે–અજ્ઞાન તો આપનાથી દૂરજ રહે છે, તે–આપનું જે આ સ્વરૂપ છે, તેને તો આપેજ સ્વતંત્રપણે ભક્તોના અનુગ્રહ માટે પ્રથમ પ્રકટ કર્યું છે, કે જે સ્વરૂપ આપના સેંકડો અવતારોનું એક બીજ છે અને જે સ્વરૂપના નાભિકમળરૂપ ઘરમાંથી હું પ્રકટ થયો છું.[૨] હે પરમ ! આપનું જે આ સ્વરૂપ પ્રકટ પ્રકાશવાળું છે, તેથીજ નિર્વિકલ્પ છે–સમાન–અસમાન જાતીયભેદથી રહિત છે અને તેથીજ આનંદસ્વરૂપ માત્ર છે; એથી ભિન્ન બીજું કોઈ પણ સ્વરૂપ હું જોતોજ નથી–તેજ આ સ્વરૂપ પૂર્વોક્ત વિશેષણવાળું છે. માટે હે આત્મન્! આપના આ સ્વરૂપનો હું આશ્રય કરૂં છું. કેમકે ઉપાસના કરવા યોગ્ય વસ્તુઓમાં આ સ્વરૂપ મુખ્ય છે; જગતને સૃજનારૂં છે, તેથીજ જગતથી ભિન્ન છે અને સર્વ ભૂતો તથા ઇન્દ્રિયોનું કારણ છે.[૩] હે સર્વ જગતનું મંગળ કરનાર ભગવન્! આપના ઉપાસક–ભક્ત એવા અમારૂં કલ્યાણ કરવા માટે આપે આપના આ સ્વરૂપનું અમારા ધ્યાનમાં અમને દર્શન કરાવ્યું છે;+ માટે આપને અમે નમસ્કાર કરીએ છીએ. નિરીશ્વરવાદી કુતર્કોમાં શ્રદ્ધાવાળા પુરુષો આપને સ્વીકારતા નથી, પણ તેઓ જરૂર નરકમાંજ જનારા હોય છે.[૪] હે નાથ! જે પુરુષો વેદરૂપી વાયુએ આણેલા આપના ચરણકમળના કોશની (ડોડાના) સુગંધને કાનનાં છિદ્રોદ્વારા સૂંઘે છે–ગ્રહણ કરે છે, તેવા પોતાના ભક્તપુરુષોના હૃદયકમળમાંથી આપ કદી દૂર થતા નથી; કેમકે તે પુરુષોએ પરમભક્તિથી આપના ચરણોનો આશ્રય કર્યો હોય છે.§[૫] લોકો જ્યાંસુધી આપના ચરણનો આશ્રય કરતા નથી,

* આ અધ્યાયમાં તપ વડે પ્રસન્ન થયેલા નારાયણ ભગવાનને જોઇને બ્રહ્માએ લોકસૃષ્ટિની ઇચ્છાથી તેમની સ્તુતિ કરી, એ કથા કહેવાશે. —શ્રીધર

\+ તેથીજ કરીને અમને ભક્તોને આપ સોપાધિક દર્શન કરાવોજ નહિ, માટે આપનું આ સ્વરૂપ સોપાધિક કે અર્વાચીન નથી, એવો ભાવ છે. —શ્રીધર

§ અર્થાત્ જેઓ અત્યંત આદરથી આપની કથાનું શ્રવણ કરે છે, તેઓનાં હૃદયમાં આપ નિત્ય પ્રકાશો છો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્યાંસુધીજ તેઓને ધન, ઘર તથા સંબંધીઓ નિમિત્તે ભય, શોક, તૃષ્ણા, પરાભવ, મહાન લોભ અને સર્વ પીડાઓનું મૂળ 'મારૂં, તારૂં' એવો મિથ્યા દુરાગ્રહ રહે છે.[૬] જેઓની ઇન્દ્રિયો સર્વ અશુભોને શાંત કરનારાં આપના શ્રવણ–કીર્તનાદિ પ્રસંગથી વિમુખ રહે છે અને જે દીન પુરુષો લોભથી ઘેરાયલા મનવાળા થઇને કામસુખના લવલેશને માટે નિત્ય પાપી કૃત્યો કર્યા કરે છે, તે પુરુષોની બુદ્ધિનો ખરેખર તેમનાં દુર્દૈવેજ વિનાશ કર્યો હોય છે.*[૭] હે મહાપ્રભાવશાળી ભગવન્! ક્ષુધા, તૃષા; વાત, પિત્ત, કફ–એ ત્રણ ધાતુઓ; ટાઢ, તાપ, વરસાદ અને માંહોમાંહેના અતિશય દુર્ભર (પૂર્યા પૂરી ન શકાય) એવા વિષયાભિલાષરૂપી અગ્નિ તથા અસ્ખલિત એવો ક્રોધ–આ સર્વને લીધે વારંવાર પીડા પામતી આ પ્રજાઓને હું જોઉં છું, ત્યારે મારૂં મન ખેદ પામે છે.[૮] હે ઇશ! ઇન્દ્રિયો તથા ઇન્દ્રિયોના વિષયોરૂપ એવી આપની માયાને લીધે મહાબળવાન બનેલા આત્મા પરના દેહાદિભાવને જ્યાંસુધી મનુષ્ય જુએ છે, ત્યાંસુધી વ્યર્થ હોવા છતાં પણ દુઃખના સમૂહને આપતો અને ક્રિયાઓનું ફળ જેમાં રહેલું છે, એવો આ સંસાર અટકતો નથી.[૯] હે દેવ! ઋષિઓ પણ જો આપની કથાશ્રવણ વગેરે પ્રસંગથી વિમુખ રહે છે તો તેઓ પણ આ જગતમાં જન્મમરણાદિ સંસારને પામે છે અને દિવસના સમયે જાતજાતના વ્યાપારોને લીધે દુઃખી ઇંદ્રિયોવાળા હોઇને રાત્રે સૂતા હોય ત્યારે પણ અનેક જાતના મનોરથવાળી બુદ્ધિને લીધે (સ્વપ્નદર્શન થતાં) ક્ષણે ક્ષણે નિદ્રાભંગને પામે છે; એટલુંજ નહિ પણ ધન વગેરે સંપાદન કરવાના તેઓના સર્વ ઉદ્યમોનો દૈવ નાશ કરે છે.[૧૦] હે નાથ! જેમનો માર્ગ શાસ્ત્રશ્રવણથી જોવામાં આવે છે, એવા આપ ભક્તિથી શુદ્ધ થયેલા ભક્તપુરુષોના હૃદયકમળમાં રહો છો. શાસ્ત્રોમાં અનંત સ્વરૂપે ગવાયેલા હે ભગવન્! ભક્તપુરુષો પોતાની બુદ્ધિ વડે આપના જે જે સ્વરૂપનું સ્વેચ્છાએ ધ્યાન કરે છે, તે તે સર્વ સ્વરૂપોને આપ ભક્તો પર અનુગ્રહ કરવા માટે પ્રકટ કરો છો.[૧૧] હૃદયમાં જેઓએ કામનાઓ બાંધી હોય છે, એવા દેવગણો આપને પુષ્પોપહાર વગેરે મોટા મોટા ઉપચારોથી પૂજે છે, છતાં આપ તેવા પ્રસન્ન થતા નથી, જેવા દુર્જનોને દુર્લભ એવી પ્રાણીમાત્ર ઉપરની દયાને લીધે પ્રસન્ન થાઓ છો. કેમકે સર્વના મિત્ર આપ એકજ પ્રાણીમાત્રમાં અંતરાત્માસ્વરૂપે રહેલા છો÷[૧૨] માટે યજ્ઞાદિ અનેક જાતનાં કર્મોથી, દાનથી, ઉગ્ર તપથી અને વ્રતાચરણથી આપ ભગવાનનું આરાધન કરવું એજ પુરુષોની સર્વ ક્રિયાઓનું શ્રેષ્ઠ ફળ છે; કેમકે આપને વિષે સમર્પણ કરેલો ધર્મ કદી વિનાશ પામતો નથી.*[૧૩] જેમની સમસ્ત ભેદભ્રાંતિ સર્વદા સ્વરૂપચૈતન્યથીજ

‡ કહેવાનો ભાવ એ છે કે, આપના ચરણનો માત્ર આશ્રય કરતાંજ ભય વગેરે નિવૃત્ત થઇ જાય છે; તો પછી તેનો પ્રકાશ થતાં તો પૂછવુંજ શું? —શ્રીધર

* જેઓ નિષ્કામ હોવા છતાં પણ આપનો આદર કરતા નથી, તેઓ નરકમાં જાય છે, એમ પ્રથમ કહેવામાં આવ્યું: આ શ્લોકમાં એમ કહેવામાં આવ્યું છે કે, જેઓ આપની કથાશ્રવણથી વિમુખ રહે છે અને કામ્ય કર્મો કરવામાં તત્પર રહે છે, તેઓ તો અત્યંત મૂર્ખ છે. —શ્રીધર

÷ અર્થાત્ નિષ્કામ ભક્તોને આપ અત્યંત સુલભ છો, સકામ અભક્તોને નહિ. —શ્રીધર

* કહેવાનો ભાવ એ છે કે, સકામ પુરુષોના ઉપર આપ અત્યંત પ્રસન્ન થતા નથી. માટે કામપ્રાપ્તિ એ કંઇ ક્રિયાઓનું ઉત્તમ ફળ નથી; પણ આપની પ્રસન્નતા એજ સર્વ ક્રિયાઓનું શ્રેષ્ઠ ફળ છે. કામનાઓનો સંયોગ તો કેવળ (બાળકોને સાકરના લાડુની પેઠે) ઉપર ઉપરથીજ રોચક છે. વળી સકામ બુદ્ધિથી આચરેલો ધર્મ તો પોતાનું ફળ આપીને વિનાશ પામે છે.–શ્રીધર

ભગવદ્ગીતામાં પણ આજ કહ્યું છેઃ–

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय तत् कुरुष्व मदर्पणम्॥
नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्॥
—बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

દૂર થયેલી છે અને સ્વરૂપવિજ્ઞાન એજ જેમનો બોધ છે-વિદ્યાશક્તિ છે-તે આપ પરમાત્માને અમે નમસ્કાર કરીએ છીએ. વળી જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયમાં નિમિત્તરૂપ એવા માયાના વિલાસની સાથે જેમની ક્રીડા હોય છે, તે આપ પરમેશ્વરને અમે નમસ્કાર કરીએ છીએ.૧૪ જે પુરુષો પ્રાણ જવાના સમયે પરવશ થઇ પડેલા હોય છે, છતાં પણ આપના અવતાર, ગુણો તથા કર્મોનું જેમાં સૂચન હોય છે એવાં આપનાં નામો ઉચ્ચારે છે તે પુરુષો, અનેક જન્મોનાં પાપોનો એકાએક ત્યાગ કરીને આવરણરહિત આપ-પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે-તે અજન્મા એવા આપને હું શરણે આવ્યો છું. જે આપ પ્રથમ એકજ હતા છતાં (સૃષ્ટિરચનાના આરંભસમયે) આપ પોતેજ જેનું મૂળ અધિષ્ઠાન છો અથવા કારણ છો એવી પ્રકૃતિને ભેદીને એટલે સત્ત્વ, રજસ અને તમસ-એ ત્રણ ગુણસ્વરૂપે પ્રકૃતિના વિભાગ કરીને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના કારણરૂપ એવા હું (બ્રહ્મા), વિષ્ણુ તથા શંકર એ ત્રણ જેની મોટી શાખાઓ છે અને મરીચિ-મનુ વગેરે જેની શાખાઓ-ઉપશાખાઓ છે એવા જગતરૂપ એક વૃક્ષાકારે થઇને વૃદ્ધિ પામ્યા હતા-તે ભુવનવૃક્ષરૂપ આપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.૧૫,૧૬ આ લોક, વિરુદ્ધ કર્મ કરવામાં આસક્ત થઇને આપે કહેલા પોતાના હિતકારી એવા આપના પૂજનરૂપી +કર્મમાં જેટલામાં પ્રમાદી રહે છે તેટલામાં તો જે બળવાન કાળ એ લોકના જીવનની આશાનો તત્કાળ નાશ કરી નાખે છે-તે કાળસ્વરૂપ આપને હું નમસ્કાર કરૂં છું.૧૭ અરે! આ લોકની વાત તો બાજુ પર રહી; પરંતુ જે કાળસ્વરૂપ એવા આપથી હું પોતે પણ જે સ્થાન બે પરાર્ધ વર્ષ સુધી રહે છે અને સર્વ લોકથી નમસ્કાર કરાયલું છે-તે સ્થાનમાં રહેલો છું, છતાં ડરૂં છું અને આપને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મેં અનેક વર્ષોપર્યંત તપશ્ચર્યા કરી હતી અથવા અનેક યજ્ઞો કર્યા હતા; તે-યજ્ઞના અધિષ્ઠાતા આપ ભગવાનને નમસ્કાર કરૂં છું.૧૮ જે આપ (સ્વરૂપાનંદના અનુભવને લીધે વસ્તુતઃ) સમગ્ર વિષયસુખનો તિરસ્કાર કરનારા છો, છતાં આપે પોતે રચેલી ધર્મમર્યાદાનું પાલન કરવાની ઇચ્છાથી પશુ-પક્ષી, મનુષ્ય અને દેવ વગેરેની જીવયોનિઓમાં પોતાની ઇચ્છાથી શરીર ધારણ કરીને ક્રીડા કરો છો, તે પુરુષોત્તમ* એવા આપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. આપ (નિદ્રાનું કારણ એવી) પાંચ+ વૃત્તિઓવાળી અવિદ્યાથી પરાભવ પામેલા નથી-અવિદ્યાના સંબંધથી રહિત છો, છતાં સમગ્ર લોકસ્થિતિનો પોતાના ઉદરમાં લય કરી દઇને ભયંકર તરંગોની પંક્તિવાળા સમુદ્રના જળની અંદર 'અવિવેકી મનુષ્યનું નિદ્રાસુખ આવું હોય છે,' એમ દર્શાવતા, શેષનાગરૂપી શય્યાનો સ્પર્શ જેને અનુકૂળ હોય છે, એવી યોગનિદ્રાને ધારણ કરો છો.૧૯,૨૦ હે સ્તુતિ કરવા યોગ્ય ભગવન્! જેમના અનુગ્રહથી ત્રણ લોકરૂપી ઉપકરણવાળો અથવા ત્રિલોકીને સૃષ્ટિ આદિદ્વારા ઉપકાર કરનારો હું જેમના નાભિકમળરૂપી ઘરમાંથી ઉત્પન્ન થયો છું; જેમના ઉદરમાં આ સંસારપ્રપંચ રહેલો છે અને યોગનિદ્રાના અંતે જેમનાં નેત્રકમળ વિકસિત (પ્રફુલ્લિત) જણાય છે-તે આપ ભગવાનને હું

+ ભગવદ્ગીતામાં જે આપે પૂજનકર્મ કહ્યું છે તે-
यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौंतेय तत्कुरुष्व मदर्पणम्-આ પૂજનકર્મમાં. **—श्रीधर**

* ભગવાને પોતે ગીતામાં પોતાને પુરુષોત્તમ આ કારણથી કહેલ છેઃ-
यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥
(श्री. भ. गी. १५-१८)
હું ક્ષરથી પર છું અને અક્ષરથી પણ ઉત્તમ છું; માટે લોક તથા વેદમાં પુરુષોત્તમ તરીકે પ્રસિદ્ધ છું. **—श्रीधर**

+ પાંચ વૃત્તિઓ તે આઃ-અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ; અથવા તમસ, મોહ, મહામોહ, તામિસ્રા અને અંધતામિસ્રા. **—भा. क.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નમસ્કાર કરૂં છું.[૨૧] જે ભગવાન પોતે એકજ સમસ્ત જગતના મિત્ર અને આત્મા છે, તે પોતાના જે જ્ઞાન તથા ઐશ્વર્યથી જગતને સુખી કરે છે, તેજ જ્ઞાન તથા ઐશ્વર્ય વડે મારી બુદ્ધિને પ્રેરણા કરો, કે જેને લીધે હું પૂર્વની પેઠે આ જગતને સરજી શકું, કેમકે એ ભગવાન તો પોતાને નમેલાં પ્રાણીઓ જેમને પ્રિય છે એવા છે.[૨૨] શરણે આવેલાંને વરદાન આપનારા આ ભગવાન પોતાની શક્તિ-લક્ષ્મીદેવી સાથે ગુણાવતારો ગ્રહણ કરીને જે જે કર્મ કરશે, તે તે કર્મમાં આ ભગવાનજ તેમના પોતાના પ્રભાવવાળા એવા આ જગતને (તેમની આજ્ઞાથીજ) સૃજી રહેલા એવા પણ મારા મનને પ્રવર્તાવો-તે તે કર્મોમાંજ લયલીન રાખો, કે જેથી હું સૃષ્ટિરચનારૂપ કર્મમાં આસક્તિનો તથા સૃષ્ટિરચનાથી ઉત્પન્ન થયેલાં વૈષમ્યાદિ પાપોનો ત્યાગ કરી દઉં.[૨૩] જળમાં શયન કરી રહેલા અને અનંત શક્તિવાળા જે પરમ પુરુષથી મહત્તત્ત્વાત્મક ચિત્તનો અભિમાની દેવ-હું ઉત્પન્ન થયો છું, તે ભગવાન એમનાજ સ્વરૂપભૂત આ વિચિત્ર જગતનો જ્યારે હું વિસ્તાર કરૂં, ત્યારે વેદના અવયવરૂપ એવી મારી વાણીના ઉચ્ચારણનો વિનાશ ન કરો.÷[૨૪] તેમજ વૃદ્ધિ પામેલા પ્રેમયુક્ત મંદ હાસ્યને લીધે પોતાનાં નેત્રકમળને વિકસાવતા અતિશય કૃપાળુ તે આ પુરાણપુરુષ ભગવાન જગતની ઉત્પત્તિ માટે અને અમારા પર અનુગ્રહ કરવાને માટે ઊભા થઇને મધુર વાણી વડે અમારા ખેદને દૂર કરો.'[૨૫]

મૈત્રેય બોલ્યા:-' એ રીતે તપ, વિદ્યા, ઉપાસના તથા ચિત્તની એકાગ્રતારૂપ સમાધિથી પોતાની જેમનાથી ઉત્પત્તિ થઈ હતી, એવા ભગવાનનાં દર્શન કરી પોતાનાં મન-વચનની શક્તિ પ્રમાણે તેમની સ્તુતિ કરીને બ્રહ્મદેવ થાકેલા મનુષ્યની પેઠે વિરામ પામ્યા.[૨૬] પછી મધુસૂદન ભગવાન પોતાની લોકરૂપી આકૃતિના વિજ્ઞાનમાં ખિન્ન થયેલા બ્રહ્મદેવના અભિપ્રાયને જાણી લઈ પ્રલયકાળના તે જળને લીધે ખેદ પામેલા મનવાળા બ્રહ્મદેવ પ્રત્યે તેમના મોહને દૂર કરતા હોય તેમ ગંભીર વાણીથી બોલ્યા.'[૨૭|૨૮]

શ્રીભગવાન બોલ્યા:-' હે વેદગર્ભ! તમે ખેદને લીધે આળસ ન કરો. તમે મારી આગળ જે પ્રાર્થના કરો છો, તે મેં પ્રથમથીજ સિદ્ધ કરી રાખેલ છે.[૨૯] તમે હજી ફરી પણ તપશ્ચર્યા કરો અને ફરી પણ મારા આશ્રયવાળી ઉપાસના કરો, કે જેથી હે બ્રહ્મન્! તે તપ તથા ઉપાસનાને લીધે તમે તમારા હૃદયમાં સર્વ લોકોને પ્રકટ સ્વરૂપે જોશો.[૩૦] તે પછી ભક્તિયુક્ત અને સમાધિનિષ્ઠ થયેલા તમે પોતાને વિષે તથા સમગ્ર લોકોને વિષે મને વ્યાપી રહેલો જોશો અને સમસ્ત લોકોને તથા જીવોને મારે વિષે રહેલા જોશો.[૩૧] મનુષ્ય, લાકડામાં જેમ અગ્નિ રહેલો હોય છે, તેમ સર્વ પ્રાણીઓમાં મને રહેલો જુએ છે, ત્યારે તુરતજ મોહનો ત્યાગ કરે છે-સર્વત્ર મારું દર્શન થતાંજ મોહ દૂર થાય છે[૩૨] અને જ્યારે પાંચ ભૂતો, ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના વિષયો તથા અંતઃકરણ એ સર્વથી રહિત એવા પોતાના આત્માને-શુદ્ધ त्वं પદાર્થરૂપ જીવને સ્વસ્વરૂપ એટલે तत् પદાર્થરૂપ-મારી સાથે એકસ્વરૂપ થયેલો જુએ છે, ત્યારે મોક્ષને પામે છે.[૩૩] તમે અનેક કર્મોનો વિસ્તાર કરીને અનેક પ્રકારની પ્રજાઓને સૃજવા ઇચ્છશો, ત્યારે તમારૂં ચિત્ત (ભિન્ન ભિન્ન વ્યાસંગોમાં આસક્ત થયેલું હશે તોપણ) મોહ પામશે નહિ; કેમકે મારો તમારા પર ઘણો મોટો અનુગ્રહ છે.[૩૪] વળી અતિશય પાપી એવો રજોગુણ પણ તમને-આદ્ય ઋષિને બાંધી શકશે નહિ; કેમકે પ્રજાસૃષ્ટિ કરતાં કરતાં પણ તમારું મન મારામાંજ અત્યંત આસક્ત

÷ અર્થાત્ 'हलान्तं ब्रह्मवर्चसम्'-હળધારણ સુધીજ બ્રહ્મતેજ રહે છે-હળધારણ કર્યું એટલે બ્રહ્મતેજનો નાશ થાય છે-એ ન્યાય પ્રમાણે હું સૃષ્ટિરચના કરૂં, ત્યારે મારૂં વેદવિજ્ઞાન નાશ ન પામો, એવી પ્રાર્થના છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહેશે.[૩૫] પ્રાણીમાત્રને દુર્જ્ઞેય એવા મને પણ આજે તમે જાણ્યો છે.+ કારણકે તમે પાંચ ભૂતો, ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના વિષયો તથા મન–એ સર્વથી મને ભિન્ન માનો છો–તેઓના સાક્ષી તરીકે માનો છો.[૩૬] તમે કમળના નાળના માર્ગે કમળનું મૂળ શોધતા હતા અને મારા સંબંધમાં 'આ કમળનો કોઈ આધાર હશે કે નહિ?' એવો તમને સંશય થયો, ત્યારે મેં તમારા હૃદયમાં મારા સ્વરૂપનાં દર્શન તમને કરાવ્યાં છે.[૩૭] હે બ્રહ્મદેવ! તમે મારી કથાના અભ્યુદયથી યુક્ત એવી મારી જે સ્તુતિ કરી અને તમને તપ કરવા ઉપર જે નિષ્ઠા થઇ, તે મારો તમારા પર અનુગ્રહ છે.[૩૮] હું તમારા પર પ્રસન્ન છું, તમારૂં કલ્યાણ થાઓ; કારણકે હું ગુણમય તરીકે જણાઉં છું, છતાં તમે તો મારી નિર્ગુણ તરીકેજ સ્તુતિ કરી છે.[૩૯] જે મનુષ્ય તમે કરેલી આ સ્તુતિ વડે નિત્ય મારી સ્તુતિ કરીને મારું ભજન કરશે તેના ઉપર સર્વ ઇચ્છિત વરદાનો આપનારો હું સત્વર પ્રસન્ન થઇશ.[૪૦] તત્ત્વજ્ઞ પુરુષોનો આવો મત છે કે, વાવ, કૂવા અથવા દેવમંદિરો બંધાવવાથી; તપ, યજ્ઞો, દાન તથા યોગસમાધિ કરવાથી જે ફળ સિદ્ધ થાય છે તે મારી પ્રીતિજ છે;[૪૧] અને હે ધાતા! હું અહંકારરૂપ ઉપાધિવાળા સર્વ જીવાત્માઓનો આત્મા છું; તેથી અતિશય પ્રિય એવી સર્વ વસ્તુઓ કરતાં પણ સર્વને અતિશય પ્રિય છું, તેમજ નિર્દોષ છું. માટે મારા ઉપરજ પ્રીતિ કરવી જોઇએ. કેમકે દેહ વગેરે સર્વ પદાર્થો જે પ્રિય થઇ પડે છે, તે કેવળ મારે માટેજ પ્રિય થાય છે.[૪૨] હવે સર્વનો આત્મા એવો હું જેનું કારણ છું એવા અને સર્વવેદમય એવા તમારા પોતાનાજ વડે તમે આ ત્રૈલોક્યને તથા જે પ્રજાઓ મારામાં રહેલી છે, તે સર્વને પૂર્વની પેઠે સૃજો.'[૪૩]

+ અહીં શ્રીધરાચાર્ય એમ લખે છે કે, 'કારણકે પાંચ ભૂતો, ઇન્દ્રિયો, સત્ત્વાદિ ગુણો તથા અહંકારથી તમે મને ભિન્ન માનો છો." —भा. क.

મૈત્રેય બોલ્યા:–'પ્રકૃતિ–પુરુષના નિયંતા અને જેમની નાભિમાં કમળ ઉત્પન્ન થયું હતું, એવા તે ભગવાન જગત્સ્રષ્ટા બ્રહ્મદેવને 'આ જગત આવી રીતે ઉત્પન્ન કરવું' એમ કહીને પોતાના શ્રીનારાયણસ્વરૂપે ત્યાંથી અદૃશ્ય થઈ ગયા.'[૪૪]

तस्मा एवं जगत्स्रष्ट्रे प्रधानपुरुषेश्वरः।
व्यज्येदं स्वेन रूपेण कंजनाभस्तिरोदधे ॥ ४४ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૯ મો સમાપ્ત

अध्याय १० मो*

દશ પ્રકારની પ્રાકૃત આદિ સૃષ્ટિ

॥ विदुर उवाच ॥

अंतर्हिते भगवति ब्रह्मा लोकपितामहः।
प्रजाः ससर्ज कतिधा दैहिकीर्मानसीर्विभुः ॥ १ ॥

વિદુરે પૂછ્યું:–'ભગવાન અદૃશ્ય થઇ ગયા પછી લોકપિતામહ પ્રભુ બ્રહ્મદેવે શારીરિક તથા માનસિક–એમ કેટલા પ્રકારની પ્રજાઓ સૃજી?[૧] હે અતિશય જ્ઞાની ભગવન્! મેં આપને જે જે વિષયો પૂછ્યા છે, તે સર્વનો આપ અનુક્રમે ઉત્તર આપો અને અમારા સર્વ સંશયો દૂર કરો.'[૨]

સૂત બોલ્યા:–હે શૌનક! વિદુરે એ પ્રમાણે પ્રાર્થના કરી, એટલે મુનિ મૈત્રેય પોતાના હૃદયમાંજ રહેલા તે સર્વ પ્રશ્નોનો પ્રસન્ન થઇને ઉત્તર આપવા લાગ્યા.[૩]

મૈત્રેય બોલ્યા:–'અજન્મા ભગવાને જે પ્રમાણે કહ્યું હતું, તેજ પ્રમાણે બ્રહ્મદેવે પણ શ્રીનારાયણમાં મન સ્થાપીને દેવતાઓનાં સો વર્ષ સુધી તપ કર્યું;[૪] અને પછી કમળમાંથી ઉત્પન્ન થયેલા તે બ્રહ્મદેવ પોતે જેના પર બેઠા હતા, તે કમળને તથા જળને પ્રલયકાળે બળવાન કરેલા

* આ અધ્યાયમાં વિદુરજીએ કાળ વિષે પૂછેલા પ્રશ્નનો ઉત્તર કહેવાને પ્રાકૃત વગેરે વિભાગથી દશ પ્રકારે ઉત્પન્ન થયેલી સૃષ્ટિ કહેવાશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વાયુથી કંપી રહેલું જોઇને તે વાયુને જળની સાથે પી ગયા; કેમકે વૃદ્ધિ પામેલા તપને લીધે તથા પરમાત્મા સંબંધી જ્ઞાન અને ઉપાસનાને લીધે તેમનું વિજ્ઞાનબળ અતિશય વૃદ્ધિ પામ્યું હતું.૫-૬ તે પછી પોતે જેના પર બેઠા હતા, તે આકાશવ્યાપી કમળ સામે જોઇને તેમણે વિચાર કર્યો કે, 'આ કમળ વડેજ હું પ્રથમ લય પામેલા સર્વ લોકોને સૃજીશ.'૭ આવો વિચાર કરી ભગવાને પોતે તે સૃષ્ટિકર્મમાં જેમને પ્રેરણા કરી હતી, એવા તે બ્રહ્માએ એ કમળકોશમાં પ્રવેશ કર્યો અને તે એકજ કમળનો ત્રણ લોકના રૂપમાં વિભાગ કર્યો; *કેમકે તે કમળ ચૌદ લોકના કે એથી વધારે લોકના રૂપમાં પણ વિભાગ કરી શકાય એવું હતું.૮ (તે ત્રણ લોકરૂપેજ વિભાગ કરવામાં કારણ કહે છે.) જીવોના ભોગસ્થાનની અમુક રચના તે આટલીજ છે–આ ત્રૈલોક્યરૂપજ છે–એમ શાસ્ત્રોમાં વિદ્વાનોએ કહ્યું છે; કેમકે એ પરમેષ્ઠી બ્રહ્મા તો નિષ્કામ ધર્મના એક ફળરૂપ છે.'÷૯

વિદુરજી બોલ્યા:–'હે બ્રહ્મન્! અનેક સ્વરૂપોવાળા અને અદ્ભુત કર્મો કરનારા શ્રીહરિનું કાળ નામનું જે સ્વરૂપ આપે કહ્યું, તેનું હે પ્રભુ! આપ વર્ણન કરો.'×૧૦

મૈત્રેય બોલ્યા:–'સત્ત્વાદિ ગુણોનું મહત્તત્ત્વાદિ જે પરિણામ થાય છે અને તેના વડે ભિન્ન ભિન્ન આકારથી જે જણાય છે, તેનું નામ કાળ કહેવાય છે, પણ એ કાળ સ્વતઃ તો નિર્વિશેષ છે–ભિન્ન ભિન્ન આકારોથી રહિત છે અને આદિ તથા અંતથી રહિત છે. પુરુષ–ભગવાને એ કાળ જેમાં નિમિત્ત છે, એવા પોતાનાજ સ્વરૂપને લીલામાત્રમાં આ જગતના સ્વરૂપે ઉત્પન્ન કર્યું છે.૧૧ આ જગત વિષ્ણુની માયાથી નાશ પામીને કેવળ બ્રહ્મસ્વરૂપેજ રહ્યું હતું; તેને ઈશ્વરે અસ્પષ્ટ સ્વરૂપવાળા કાળરૂપ નિમિત્તથી પોતાનાથી જુદા સ્વરૂપે પુનઃ પ્રકાશિત કર્યું છે.૧૨ વળી આ જગત જેવું હમણાં છે તેવુંજ પહેલાં પણ હતું અને પછી પણ આવુંજ હશે. આ જગતની સૃષ્ટિ નવ પ્રકારની છે અને જે પ્રાકૃત* તથા વૈકૃત-સૃષ્ટિ છે તે દશમી છે.૧૩ તેમજ આ જગતનો પ્રલય પણ કાળથી,§ દ્રવ્યથી તથા ગુણોથી એમ ત્રણ પ્રકારે થાય છે. હવે આત્મા–શ્રીહરિથી સત્ત્વાદિ ગુણોની જે વિષમતા થઇ તે રૂપ મહત્તત્ત્વની સૃષ્ટિ તે પ્રથમ સૃષ્ટિ છે.૧૪ બીજી સૃષ્ટિ અહંકારની છે; જેથી પાંચ મહાભૂતો, જ્ઞાનેન્દ્રિયો, ઇન્દ્રિયોના દેવતાંઓ, મન તથા કર્મેન્દ્રિયો ઉત્પન્ન થાય છે. શબ્દાદિ પાંચ તન્માત્રાઓનો જે સર્ગ તે ત્રીજી સૂક્ષ્મભૂતસૃષ્ટિ છે; જે પાંચ મહાભૂતોને ઉત્પન્ન કરે છે.૧૫ ચોથી ઇન્દ્રિયસૃષ્ટિ છે; જે કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિયરૂપ છે. પાંચમી (સાત્ત્વિક અહંકારના કાર્યરૂપ) વૈકારિકસૃષ્ટિ છે; જેને દેવસર્ગ કહે છે અને મન પણ તેજ સૃષ્ટિમય છે–અર્થાત્ આ વૈકારિક સૃષ્ટિમાં ઇન્દ્રિ-

---

* એક કમળની કળીમાંથી ત્રણ લોકની સૃષ્ટિ અસંભવિત હોય, એવી શંકા દૂર કરવાને આ વાક્ય છે. —શ્રીધર

÷ આ શ્લોકમાં કહેવાનો ભાવ એ છે કે, ભૂર્લોક, ભુવર્લોક તથા સ્વર્ગલોક–એ ત્રણ લોક કામ્યકર્મોના ફળરૂપ છે, તેથી તે ત્રણ લોકોનો દરેક કલ્પમાં ઉત્પત્તિ–નાશ થયા કરે છે. પણ બ્રહ્મલોક, સત્યલોક, મહર્લોક, જનલોક તથા તપલોક તો નિષ્કામ ધર્મના ફળરૂપ છે અને તેઓની સ્થિતિ એ પરાર્ધ સુધીની હોય છે, તેથી તેઓનો દરેક કલ્પમાં ઉત્પત્તિ–નાશ થતો નથી. વળી એ પરાર્ધ વર્ષ વીત્યા પછી પણ તે તે લોકમાં વસનારાઓની ઘણું કરીને મુક્તિજ થઇ જાય છે.—શ્રીધર

× કહેવા એ માગે છે કે, કયા લક્ષણથી કાળનું અનુમાન થઇ શકે અને કાળનું સ્થૂલ તથા સૂક્ષ્મ સ્વરૂપ કયું? તેનું યથાવત્ વર્ણન કરો. —શ્રીધર

* પ્રાકૃત–વૈકૃત એમ ઉભયાત્મક આ દશમી સૃષ્ટિ તે કૌમાર સૃષ્ટિ છે. આ શ્લોકમાં કાળનું આદિ–અંતરહિતપણું કહ્યું છે. —ભા. ક.

§ કેવળ કાળથીજ જે પ્રલય થાય છે, તે નિત્ય પ્રલય છે; દ્રવ્ય–સંકર્ષણના મુખના અગ્નિ વગેરેથી જે પ્રલય થાય છે, તે નૈમિત્તિક પ્રલય છે અને પોતપોતાનાં કાર્યને ગળી જતા ગુણોથી જે પ્રલય થાય છે, તે પ્રાકૃતિક પ્રલય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

યોના અભિમાની દેવો તથા મનની સૃષ્ટિનો સમાવેશ થાય છે.[૧૬] હે વિદુરજી! છઠ્ઠી તામસી સૃષ્ટિ છે–પાંચ વિભાગવાળી અવિદ્યાની સૃષ્ટિ છે; જે (અવિદ્યા) જીવોને આવરણ તથા વિક્ષેપ કરનારી છે. આ છ સૃષ્ટિઓને પ્રાકૃત સૃષ્ટિઓ કહે છે. હવે વૈકૃત સૃષ્ટિઓને તમે મારી પાસેથી સાંભળો. જેમનું જ્ઞાન સંસારને દૂર કરે છે, તે બ્રહ્મસ્વરૂપ ભગવાનની લીલા છે. (માટે ઉદ્વેગરહિત થઇને તમે સાંભળો.) સ્થાવરોની જે મુખ્ય સૃષ્ટિ છે તે સાતમી છે. એ છ પ્રકારની છે. ‡વનસ્પતિ, ઔષધિ, લતા, વાંસ વગેરે વીરુધ અને વૃક્ષો આ છએ સ્થાવરોનો આહાર તથા સંચાર ઊંચો થાય છે. તેઓમાં ચૈતન્ય હોય છે, પણ તે અસ્પષ્ટ હોય છે; તેઓ માત્ર અંદરના સ્પર્શનેજ જાણી શકે છે–અર્થાત્ બહારના સ્પર્શને જાણતાં નથી અને અવ્યવસ્થિત પરિણામાદિ અનેક ભેદવાળાં હોય છે.[૧૭–૧૯] આઠમી સૃષ્ટિ પશુ–પક્ષીઓની છે. તે અઠ્ઠાવીસ પ્રકારની માનેલી છે. એ પશુ–પક્ષીઓ અજ્ઞાની હોય છે, અતિ તમોગુણવાળાં હોઇને માત્ર આહાર વગેરેનુંજ જ્ઞાન ધરાવે છે, માત્ર સૂંઘવાથીજ ઇષ્ટ વસ્તુને જાણે છે અને હૃદયમાં લાંબા જ્ઞાનથી રહિત હોય છે.[૨૦] (તેઓના અઠ્ઠાવીસ ભેદ આ પ્રમાણે છેઃ–) હે શ્રેષ્ઠ વિદુરજી! ગાય–બળદ, પાડો–ભેંસ, બકરું, કાળો મૃગ, ભૂંડ, રોઝ, જનાવર, રુરુ જાતનો મૃગ, ઘેટું અને ઊંટ–આ (નવ) બે ખરીવાળાં પશુઓ છે; તેમજ ગધેડું, ઘોડો, ખચ્ચર, એક જાતની ધોળી મૃગજાતિ, અષ્ટાપદ મૃગ અને ચમરી ગાય–આ (૭) એક ખરીવાળાં પશુઓ છે અને હે વિદુરજી! હવે પાંચ નખવાળાં પશુઓ તમે સાંભળો. કૂતરું, શિયાળ, વરુ, વાઘ, બિલાડું, સસલું, શેઢાઇ, સિંહ, વાનર, હાથી, કાચબો, ઘો અને મગર વગેરે (જળચર પ્રાણીઓ); તેમજ કાગડો, ગીધ, વટપક્ષી, બાજપક્ષી, ભાસપક્ષી, ભલ્લૂકપક્ષી, મોર, હંસ, સારસ, ચક્રવાક, કાગડો અને ઘુવડ વગેરે પક્ષીઓ–આમ એકંદર અઠ્ઠાવીસ પ્રકારની પશુ–પક્ષીની જાતિ છે. હે વિદુરજી! જેઓનો આહાર–સંચાર નીચે જનારો હોય છે, એવી મનુષ્યોની એક પ્રકારની સૃષ્ટિ તે નવમી છે. આ મનુષ્યો અધિક રજોગુણવાળાં, કર્મ કરવામાં તત્પર રહેનારાં અને દુઃખમાં પણ સુખ માનનારાં હોય છે.[૨૧–૨૫] હે અત્યંત શ્રેષ્ઠ વિદુરજી! આ સ્થાવર, તિર્યંચ તથા મનુષ્ય એ ત્રણ સૃષ્ટિ વૈકૃત કહેવાય છે. દેવોની સૃષ્ટિ પણ વૈકૃતજ કહેવાય છે. જે દેવસૃષ્ટિ (ઇન્દ્રિયોના અધિષ્ઠાયક દેવોની સૃષ્ટિ) વૈકારિક છે, તે તો પ્રથમજ પ્રાકૃત સૃષ્ટિઓમાં કહેવાઈ ગઈ છે. હવે સનત્કુમાર આદિની જે કૌમાર સૃષ્ટિ છે, તે તો પ્રાકૃત અને વૈકૃત એમ બે પ્રકારની છે.[૨૬] અહીં જે વૈકૃત દેવસૃષ્ટિ કહી તે આઠ પ્રકારની છે. જેમકે–૧. દેવો, ૨. પિતૃઓ તથા ૩. અસુરો, ગંધર્વો અને ૪. અપ્સરાઓ; યક્ષો તથા ૫. રાક્ષસો; ભૂતો, પ્રેતો અને ૬. પિશાચો; સિદ્ધો, ચારણો, ૭. વિદ્યાધરો અને ૮. કિન્નરો વગેરે.÷ હે વિદુરજી! આ દશે પ્રકારની સૃષ્ટિઓ જગતસ્રષ્ટા બ્રહ્મદેવે ઉત્પન્ન કરેલી છે.[૨૭૨૮]

'હવે પછી હું તમારી આગળ વંશો તથા મન્વંતરોનું વર્ણન કરીશ. એ પ્રમાણે અમોઘ સંકલ્પવાળા શ્રીહરિ પોતેજ પોતાની ઇચ્છાથીજ રજોગુણ સ્વીકારીને કલ્પના આદિસમયે સ્રષ્ટા બ્રહ્મદેવસ્વરૂપે થઈ પોતેજ પોતા વડે પોતાના આત્માને જગતના રૂપમાં સૃજે છે.[૨૯] ગુણોના

‡ તેમાં જેઓ પુષ્પ વિના ફળે છે તેને વનસ્પતિ કહે છે, જે ફળ આવ્યા પછી નાશ પામે છે તે ઔષધિ કહેવાય છે, જેને ચડવા માટે બીજાનો આધાર જોઇએ છે તે લતા કહેવાય છે, જેની છાલમાંજ સાર હોય છે તે વાંસ વગેરે ત્વક્સાર કહેવાય છે, જેઓ કઠણ હોવાથી બીજાના આધાર વિનાજ રહી શકે છે–તેવા છોડવાઓ વીરુધ કહેવાય છે અને જેઓમાં ફૂલ આવ્યા પછીજ ફળ આવે છે તે વૃક્ષ કહેવાય છે. —શ્રીધર

÷ વગેરે શબ્દથી કિંપુરુષ તથા અશ્વમુખ વગેરે દેવસૃષ્ટિ સમજવી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વ્યત્યયરૂપ આ સૃષ્ટિમાં સર્વના અધીશ્વર એવા પરમાત્માનું માયાવીપણું હોવાથી એટલે આશ્ચર્યજનક શક્તિથી યુક્તપણું હોવાને લીધે, જેમ નદીમાં ભમતી ઘૂમરીનો આદિ–અંત નથી હોતો, તેમ પરમાત્માની સૃષ્ટિ તથા સંહારનો પણ વિદ્વાનો આદિ–અંત ઇચ્છતા નથી.[30] હે વિદુરજી! જે દેવોને તથા અસુરો વગેરેને આ કલ્પમાં વર્ણવ્યા છે, તેઓજ તે નામે તથા તેજરૂપે બીજા મન્વન્તરોમાં થયા હતા.'*[31]

देवसुरादयः क्षत्तः कल्पेऽस्मिन् ये च कीर्तिताः ।
त एव नामरूपाभ્યામासन् मन्वंतरांतरे ॥ ३१ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૧૦ મો સમાપ્ત

अध्याय ११ मो×

પરમાણુ વગેરેનાં લક્ષણોથી કાળની ગણતરી

॥ मैत्रेय उवाच ॥

चरमः सद्विशेषाणामनेकोऽसंयुतः सदा ।
परमाणुः स विज्ञेयो नृणामैक्यभ्रमो यतः ॥ १ ॥

મૈત્રેય બોલ્યા:–' કાર્યના અંશોમાંનો જે છેલ્લો અંશ–અવયવ છે–જેમાંથી બીજો ભાગ થઈ શકતો નથી, જે કાર્યાવસ્થાને પામેલો હોતો નથી અને જે સમુદાયની અવસ્થાને પણ પામેલો ન હોય, તેને પરમાણુ જાણવો. આ પરમાણુ તેના કાર્ય કે સમુદાયની અવસ્થા દૂર થતાં પણ સદાકાળ છેજ–અર્થાત્ નિત્ય છે અને જે પરમાણુઓ એકઠા થતાં–સમુદાયરૂપ થતાં વ્યવહાર કરનાર મનુષ્યોને અવયવીની બુદ્ધિ થાય છે, આજ પરમાણુના અસ્તિત્વમાં પ્રમાણ છે†[1] અને જેનો છેલ્લો અવયવ પરમાણુ છે એવો હરકોઈ કાર્યસ્વરૂપ પદાર્થ કે જે સ્વરૂપદશામાં રહેલો હોય–જુદાં પરિણામને પામેલ ન હોય, તે સર્વની જે એકતા તેને પરમ મહાન કહે છે. આને પરમ મહાન ત્યારેજ કહી શકાય, કે જ્યારે તેની અંદર અનેક પદાર્થોની વિશેષવિવક્ષા કે ભેદવિવક્ષા હોયજ નહિ, કિંતુ કેવળ એકસ્વરૂપેજ વિવક્ષા હોય.÷[2] હે સર્વોત્તમ! હે વિદુરજી! જે પ્રમાણે આ પદાર્થ પૂર્વોક્ત રીત પ્રમાણે સૂક્ષ્મ, મધ્યમ તથા સ્થૂલ છે,એજ પ્રમાણે પરમાણુ વગેરે અવસ્થામાં કાળની વ્યાપ્તિ પરથી કાળની પણ સૂક્ષ્મતા, મધ્યમતા તથા સ્થૂલતાનું અનુમાન થઈ શકે છે. આ કાળ શ્રીહરિની શક્તિરૂપ છે. પોતે અવ્યક્ત–અસ્પષ્ટ સ્વરૂપવાળો હોઇને વ્યક્ત–પ્રત્યક્ષસ્વરૂપવાળા પદાર્થને ભોગવે છે–તેમાં વ્યાપે છે–તેને માપે છે.[3] જે કાળ આ સૃષ્ટિરૂપ પ્રપંચના પરમાણુની અવસ્થાને ભોગવે છે–વ્યાપે છે–માપે છે, તે કાળ પરમાણુકાળ છે અને જે કાળ તેજ સૃષ્ટિના અવિશેષને–વિશેષવિવક્ષા કે ભેદવિવક્ષારહિત સમગ્ર ભાગને ભોગવે છે, તે કાળ પરમમહાન કાળ છે.‡[4] (એ પ્રમાણે કાળની સૂક્ષ્મ તથા સ્થૂલ અવસ્થા કહીને મધ્યમ અવસ્થા કહે છે.)

---

* કહેવાનો આશય એ છે કે, સંસાર અનાદિ તથા એકરૂપ છે. —શ્રીધર

× આ અધ્યાયમાં પરમાણુ વગેરે લક્ષણોથી તથા યુગ, મન્વંતર આદિથી કલ્પતું પ્રમાણ વગેરે કાળનું સ્વરૂપ વર્ણવાશે. —શ્રીધર

† કહેવાનો ભાવ એ છે કે, પરમાણુ જો ન હોય, તો કોઇ પણ કાર્યરૂપ વસ્તુનું અસ્તિત્વ હોઇ શકે નહિ, તથીજ પરમાણુ છે. —શ્રીધર

÷ અર્થાત્ વિશેષવિવક્ષારહિત અને ભેદવિવક્ષારહિત એવો જે આ સર્વ પ્રપંચ–જગત તેનેજ પરમ મહાન કહેવામાં આવે છે. આ બીજા શ્લોકમાં પદાર્થનું સ્થૂલસ્વરૂપ કહ્યું છે અને પૂર્વશ્લોકમાં છેલ્લું સૂક્ષ્મસ્વરૂપ કહ્યું છે.—શ્રીધર

‡ આ શ્લોકનો ભાવાર્થ આ પ્રમાણે છે–સૂર્યની ગતિ ઉપરથીજ કાળનો વિભાગ થઇ શકે છે. જેમકે સૂર્ય જેટલા કાળે એક પરમાણુ પ્રદેશને ઓળંગે, તેટલો કાળ તે પરમાણુકાળ કહેવાય છે અને જેટલા કાળે બાર રાશિરૂપ સમગ્ર ભુવનમંડળને ઓળંગે તેને પરમ મહાન કાળ કહેવામાં આવે છે. આ પરમ મહાન કાળજ સંવત્સરરૂપ હોઇને વધતો વધતો યુગ–મન્વંતર આદિ અનુક્રમે છેક એ પરાર્ધ સુધીનો થઇ શકે છે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉપર્યુક્ત બે પરમાણુઓને એક અણુ કહે છે, ત્રણ અણુઓને એક ત્રસરેણુ કહે છે, જે ત્રસરેણુ જાળિયાંમાંથી ઘરની અંદર પડતાં સૂર્યનાં કિરણોમાં જોઇ શકાય છે–પ્રત્યક્ષ થઇ શકે છે અને અતિશય હલકો હોવાને લીધે આકાશમાંજ ઊડ્યા કરે છે.[૫] આ ત્રણ ત્રસરેણુને જે ભોગવે છે તે કાળને *ત્રુટી કહેવામાં આવે છે. સો ત્રુટીઓને એક વેધ કહે છે, ત્રણ વેધને એક લવ કહે છે, ત્રણ લવને એક નિમેષ કહે છે, ત્રણ નિમેષને એક ક્ષણ કહે છે, પાંચ ક્ષણોને એક કાષ્ઠા કહે છે અને પંદર કાષ્ઠાને એક લઘુ કહે છે.[૬।૭] પંદર લઘુની એક નાડી–ઘડી થાય છે, બે ઘડીનું એક મુહૂર્ત થાય છે અને છ કે સાત ઘડીનો એક પ્રહર થાય છે, જે મનુષ્યોના દિવસ કે રાત્રિનો ચોથો ભાગ કહેવાય છે.[૮] (હવે ઉપર જે ઘડી કહેવામાં આવી છે તેનું માપ દર્શાવે છે.) છ પળ ત્રાંબાનું બનેલું એક પાત્ર લેવું. (આ પાત્ર એક શેર પાણી ભરાય તેવડું હોવું જોઇએ. તેના મૂળ ભાગમાં) ચાર માસા–એટલે વીસ ચણોઠીભાર સોનાની ચાર આંગળ લાંબી સળીથી છિદ્ર કરવું અને પછી તે પાત્રને જળથી ભરેલા કોઇ મોટા વાસણમાં તરતું મૂકતાં નીચેના છિદ્રદ્વારા તેમાં શેર એક પાણી ભરાઇને તે પાત્ર જેટલા સમયમાં પાણીની અંદર ડૂબી જાય, તેટલા સમયને એક ઘડી કહેવામાં આવે છે.[૯] પૂર્વોક્ત ચાર ચાર પ્રહરોનાં મનુષ્યોનાં દિવસ અને રાત્રિ થાય છે. હે માન આપનારા વિદુરજી! પંદર રાત્રિ–દિવસનું એક પખવાડિયું થાય છે. તે પખવાડિયાં બે છે. એક શુક્લપક્ષ અને બીજું કૃષ્ણપક્ષ.[૧૦] આ બે પખવાડિયાં મળીને એક મહિનો થાય છે, ત્યારે પિતૃઓનો એક રાત્રિદિવસ થાય છે. મનુષ્યોના બે મહિનાની એક ઋતુ થાય છે અને છ મહિનાનું એક અયન થાય છે, જે દક્ષિણ તથા ઉત્તર–એમ બે પ્રકારનાં છે. આ બે અયનનાં દેવોનો એક રાત્રિદિવસ થાય છે અને તે બે અયન કે બાર મહિનાનું (મનુષ્યોનું) એક વર્ષ થાય છે. મનુષ્યોનું વધારેમાં વધારે આયુષ ×સો વર્ષનું કહેવામાં આવ્યું છે.[૧૧।૧૨] આ ઉપર કહેલા પરમાણુ આદિ કાળના ક્રમથી ગ્રહો, નક્ષત્રો તથા તારામંડળમાં ગતિ કરનારો કાળાત્મા ભગવાન સૂર્ય એક વર્ષપર્યંતના કાળમાં બાર રાશિઓરૂપ સમગ્ર જગતમાં ઘૂમી વળે છે.[૧૩] હે વિદુરજી! આ વર્ષકાળના આવા પાંચ ભેદ કહેવામાં આવે છે.+ સંવત્સર, પરિવત્સર, ઇડાવત્સર, અનુવત્સર અને વત્સર.[૧૪] જે એક મહાભૂત–તેજોમંડળરૂપી સૂર્ય પુરુષના મોહને દૂર કરવા માટે ઉત્પન્ન કરવા યોગ્ય અંકુરાદિ કાર્યની બીજ આદિની શક્તિને

* આ ત્રુટિનું લક્ષણ સૂર્યસિદ્ધાંત નામના ગ્રંથમાં આ પ્રમાણે છે–'**सूच्यामिन्ने पद्मपत्रे त्रुटिरित्यभिधीयते**–અર્થાત્ એક કમળની પાંખડીને સોયથી વીંધાતાં જેટલો કાળ લાગે છે, તે કાળને ત્રુટિકાળ કહે છે.–**भा. क.**

× '**शतायुर्वै पुरुषः**' (**तैत्ति. सं. १-५-७-१४**) મનુષ્ય સો વર્ષના આયુષનો હોય છે–એમ વેદમાં કહેવામાં આવ્યું છે. —**बालप्रबोधिनी**

+ આ પાંચ વર્ષ તે સૂર્ય વગેરેની ગતિના ભેદથી કહેવામાં આવ્યાં છે. જેમકે, સૂર્યની ગતિથી સંવત્સર કહેવાય છે, બૃહસ્પતિની ગતિથી પરિવત્સર કહેવાય છે, ત્રીસ દિવસના મહિનાઓથી ઇડાવત્સર કહેવાય છે, ચંદ્રની ગતિથી અનુવત્સર કહેવાય છે અને નક્ષત્રોની ગતિથી વત્સર કહેવાય છે. —**बालप्रबोधिनी**

આ પાંચ વર્ષોના સંબંધે ધર્મસિંધુમાં આમ કહેવામાં આવ્યું છેઃ–વર્ષો પાંચ પ્રકારનાં છે–સૌર, બાર્હસ્પત્ય, સાવન, ચાંદ્ર અને નાક્ષત્ર. સુદિ એકમથી અમાવાસ્યા સુધીના જે દિવસો તે એક માસ અને એવી રીતે ચૈત્રથી ફાગણ મહિના સુધી બાર માસ; તેઓના દિવસો ૩૫૪ અને તેમાં એક અધિક માસ આવતાં એકંદર તેર મહિનાનું જે વર્ષ તેને ચાંદ્રવર્ષ કહે છે. આ વર્ષનાંજ પ્રભવ, વિભવ વગેરે નામો છે. મેષ વગેરે બાર સંક્રાંતિ સૂર્યે ભોગવ્યા છતાં ૩૬૫ દિવસે જે વર્ષ પૂરું થાય છે, તેને સૌર વર્ષ કહે છે, જે વર્ષ ૩૬૦ દિવસનું હોય છે તેને સાવન કહે છે, બાર નક્ષત્ર–માસ થવાથી જે વર્ષ થાય છે, તેને નાક્ષત્ર વર્ષ કહે છે; જેના દિવસો ૩૨૪ હોય છે. બૃહસ્પતિ, મેષ વગેરે બાર રાશિઓમાંથી એક એકને ભોગવે અને જે વર્ષ થાય છે, તેને બાર્હસ્પત્ય વર્ષ કહે છે અને તેના ૩૬૧ દિવસો હોય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાની કાળરૂપ શક્તિથી અનેક પ્રકારે કાર્યાભિમુખ કરતા આકાશમાં દોડ્યા કરે છે અને સકામ પુરુષોના ગુણમય–સ્વર્ગાદિ ફળને યજ્ઞોદ્વારા વિસ્તારે છે–આપે છે–તે પાંચ વર્ષના પ્રવર્તક ભગવાન સૂર્યદેવની તમે પૂજા કરો.[૧૫]÷

વિદુર બોલ્યાઃ–' પિતૃઓ, દેવો તથા મનુષ્યોનું તેઓ તેઓના વર્ષની ગણતરી પ્રમાણે વધારેમાં વધારે સો વર્ષનું આયુષ આપે કહ્યું. હવે જે જ્ઞાની પુરુષો આ ત્રૈલોક્યની બહાર વસે છે, તેમનું વધારેમાં વધારે આયુષનું માપ જે હોય તે તમે કહો.[૧૬] આપ ભગવાન કાળ ભગવાનની ગતિને અવશ્ય જાણો છો. કેમકે ધીર પુરુષો યોગસિદ્ધ એવી પોતાની જ્ઞાનદષ્ટિથી સમગ્ર જગતને જોઇ રહ્યા હોય છે.[૧૭]

મૈત્રેય બોલ્યાઃ–' શાસ્ત્રકારો કહે છે કે, દેવતાઓનાં બાર હજાર વર્ષો પૂરાં થાય છે, ત્યારે સંધ્યા તથા સંધ્યાના અંશની સાથે સત્યયુગ,+ ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ–એમ ચાર યુગો પૂરા થાય છે.*[૧૮] તેમાં અનુક્રમે સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિયુગનાં અનુક્રમે ચાર હજાર, ત્રણ હજાર, બે હજાર અને એક હજાર (દેવતાઇ) વર્ષો જાણવાં અને તેજ પ્રમાણે અનુક્રમે તે તે યુગની સંધ્યા તથા સંધ્યાના અંશનાં તે તે હજારથી બેવડાં સો સો વર્ષો જાણવાં.[૧૯] એમ આઠસો, છસો, ચારસો અને બસોની એકંદર સંખ્યાવાળાં સંધ્યા તથા સંધ્યાના અંશની વચ્ચેનો જે કાળ તેનેજ યુગ જાણનારાઓ યુગ કહે છે; જેમાં વર્ણાશ્રમના વિશેષ ધર્મો સ્થાપવામાં આવે છે; (સંધ્યા તથા સંધ્યાંશકાળમાં પણ શ્રવણકીર્તનાદિ સામાન્ય ધર્મ તો હોયજ છે.)[૨૦] સત્યયુગમાં ધર્મ ચાર ચરણવાળો સંપૂર્ણ હોય છે, પણ તેજ ધર્મ બીજા યુગોમાં વધતા અધર્મને લીધે એક એક ચરણથી હ્રાસ પામતો જાય છે.[૨૧] હે તાત! ત્રણ લોકની બહાર આવેલા મહર્લોક વગેરે છેક બ્રહ્મલોક સુધીના લોકમાં ચાર હજાર યુગનો એક દિવસ હોય છે અને તેવડીજ રાત્રિ હોય છે; જેમાં જગત્સ્રષ્ટા બ્રહ્મા નિદ્રા કરે છે[૨૨] અને રાત્રિ પૂરી થાય છે, ત્યારે આરંભેલી લોકરચના છેક ચૌદ મનુઓ સુધી વ્યાપી ભગવાન બ્રહ્માના આખા એક દિવસ સુધી ચાલે છે–એટલે કે, બ્રહ્માની એક દિવસની લોકસૃષ્ટિમાં ચૌદ મનુઓ થઈ જાય છે.[૨૩] આ એક મનુ, (ચાર યુગની એક ચોકડીની ગણતરી પ્રમાણે) કંઇક અધિક એવી ઇકોતેર યુગ–ચોકડી સુધી પોતપોતાનો (આયુષનો) કાળ ભોગવે છે અને તે તે એક એક મનુના કાળરૂપ–તે તે મન્વંતરોમાં મનુઓ, તેઓના વંશજ રાજાઓ, સપ્તર્ષિઓ, દેવો, ઇન્દ્રો અને તેઓને અનુસરનારા ગંધર્વો વગેરે એકીસાથે ઉત્પન્ન થાય છે.[૨૪] આ બ્રહ્માની સૃષ્ટિ જેમાં ત્રણે લોક સરજાય છે, તે તેમની પ્રત્યેક દિવસની સૃષ્ટિ છે–નિત્યની સૃષ્ટિ છે; જેમાં પોતપોતાનાં પુણ્યપાપરૂપ કર્મો પ્રમાણે પશુ, પક્ષીઓ, મનુષ્યો; પિતૃઓ તથા દેવોનો જન્મ થાય છે[૨૫] અને પ્રત્યેક મન્વંતરમાં ભગવાન, સત્ત્વગુણ ધારણ કરી મનુ વગેરે પોતાની મૂર્તિઓદ્વારા પરાક્રમ પ્રકટ કરીને આ જગતનું રક્ષણ કરે છે.[૨૬] પછી જ્યારે બ્રહ્માનો દિવસ પૂરો થાય છે–રાત્રિ થાય છે, ત્યારે કાળને લીધે સમગ્ર જગત જેમને વિષે લય પામે છે એવા તે ભગવાન, તમોગુણના લેશનો આશ્રય કરી સમગ્ર પરાક્રમને અટકાવી દે છે–સર્વ વ્યાપારથી રહિત થાય છે અને મૌન અવસ્થામાં રહે છે–શયન કરે છે.[૨૭] એ રીતે બ્રહ્માની

÷ કેમકે એ રીતે સર્વથા ઉપકાર કરનારની જો તમે પૂજા નહિ કરો તો કૃતઘ્ની ગણાશો, એ ભાવ છે.–बा.प्र.

+ મનુષ્યોનાં વર્ષની ગણતરી પ્રમાણે સત્તર લાખ ને અઠ્ઠાવીસ હજાર વર્ષ સત્યયુગનાં, બાર લાખ ને છન્નું હજાર વર્ષ ત્રેતાયુગનાં, આઠ લાખ અને ચોસઠ હજાર વર્ષ દ્વાપરયુગનાં અને ચાર લાખ ને બત્રીસ હજાર વર્ષ કલિયુગનાં હોય છે. —भा. क.

* દેવોનાં બાર હજાર વર્ષના ચાર યુગ–એટલે મનુષ્યોનાં એકંદર તેંતાળીસ લાખ ને વીસ હજાર વર્ષ થાય ત્યારે ચાર યુગ પૂરા થાય છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાત્રિ ચાલુ થાય છે, ત્યારે ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્ગલોક—એ ત્રણે લોક એ ભગવાનમાં લય પામી જાય છે અને સૂર્ય તથા ચંદ્ર પણ સર્વ સ્થળેથી દૂર થઇ જાય છે.[28] ભગવાનની શક્તિ-રૂપ સંકર્ષણના મુખના અગ્નિ વડે ત્રણે લોક જ્યારે બળવા લાગે છે, ત્યારે ભૃગુ આદિ ઋષિઓ તેના તાપથી પીડાઇને મહર્લોકમાંથી જનલોકમાં ચાલ્યા જાય છે.[29] તેટલામાં તો પ્રલયકાળને લીધે વૃદ્ધિ પામેલા સમુદ્રો, ઉત્કટ રીતે ફૂંકાતા પ્રચંડ વાયુથી ઊછળતા તરંગોવાળા થઇને તત્કાળ ત્રણે જગતને બોળી દે છે.[30] પછી તે જળની અંદર શેષનાગરૂપી જેમની શય્યા છે એવા અને જન-લોકમાં નિવાસ કરતા, લોકો વડે સ્તુતિ કરાતા શ્રીહરિ, યોગનિદ્રા વડે નેત્રો બંધ કરી દઇને શયન કરે છે.[31] એ પ્રમાણે કાળની પરમાણુ વગેરે ગ-તિથી જણાયલાં (સૌથી મોટાં) રાત્રિદિવસોથી યુક્ત છતાં પણ બ્રહ્મદેવનું તે સર્વોત્કૃષ્ટ સો વર્ષનું આયુષ લગભગ વ્યતીત થઇ ગયું છે.[32] બ્રહ્માના આયુષના અર્ધભાગને પરાર્ધ કહેવામાં આવે છે; આવો પૂર્વપરાર્ધ તો તે આયુષમાંથી ચાલ્યો ગયો છે; હમણાં તેનો બીજો પરાર્ધ ચાલે છે.[33] બ્રહ્મદે-વના આયુષના પૂર્વપરાર્ધમાં બ્રાહ્મ નામનો મહાન કલ્પ હતો; જેમાં બ્રહ્મા ઉત્પન્ન થયા હતા, જેને શબ્દબ્રહ્મ કહે છે[34] અને તેજ બ્રહ્માના પૂર્વ-પરાર્ધના અંતે જે કલ્પ થયેલો તેને પાદ્મકલ્પ કહે છે. એ પાદ્મકલ્પમાં શ્રીહરિના નાભિસરોવર-માંથી ત્રિભુવનાત્મક કમળ ઉત્પન્ન થયું હતું.[35] હે ભારત! જે કલ્પમાં શ્રીહરિ વરાહરૂપે થયા હતા અને તેથીજ જે વરાહકલ્પ એ નામથી પ્ર-સિદ્ધ છે, તે હમણાં ચાલતો આ 'શ્વેતવારાહ' કલ્પ તો બ્રહ્માના આયુષના બીજા પરાર્ધના આ-દિમાં થયો છે.[36] આ બ્રહ્માના આયુષનો બે પ-રાર્ધ નામે જે સમગ્ર કાળ છે, તે કાર્યોપાધિથી શૂન્ય અને તેથીજ અનાદિ, અનંત એવા જગ-ત્કારણ શ્રીપરમાત્માનો એક નિમેષકાળ માત્ર ઉપચારથી કહેવાય છે.× કેમકે પરમાણુથી આરંભી છેક દ્વિપરાર્ધ સુધીનો પણ આ મહાસમર્થ કાળ સર્વાંશે પરિપૂર્ણ એવા શ્રીપરમાત્માની ઉપર પોતાની સત્તા ચલાવવાને લેશમાત્ર પણ સમર્થ નથી; માત્ર જેઓ શરીર, ઘર વગેરેના ઉપર અ-ભિમાનવાળા જીવો છે, તેઓના પરજ કાળનું સામ-ર્થ્ય ચાલે છે. આ બ્રહ્માંડકોશ પાંચ મહાભૂતો અને અગિયાર ઇન્દ્રિયોરૂપ સોળ વિકારોથી યુક્ત છે અને પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર તથા પાંચ તન્માત્રાઓ—એ આઠ પ્રકૃતિઓ સહિત છે—એટલે એકંદર એ ચોવીસ તત્ત્વોથી બનેલો છે. વળી આ બ્રહ્માંડકોશ કે જે અંદરના ભાગમાં પચાસ કરોડ યોજન વિસ્તારવાળો છે અને બહારના ભાગમાં પોતાથી ઉત્તરોત્તર દશ દશ ગણાં મોટાં પૃથ્વી વગેરે સાત પડોથી વીંટાયલો છે, તે આવો વિશાળ બ્રહ્માંડકોશ, જે પરમાત્માના શરીરની અંદર રહેલો એક પરમાણુના જેવડો જણાય છે અને એવા એવા બીજા કરોડો બ્રહ્માંડના ઢગલાઓ જે પરમાત્માના શરીરમાં એવા પરમાણુ જેવાજ જણાય છે, તેજ પરમાત્માને અક્ષરબ્રહ્મ કહે છે, કે જે સર્વના કારણના પણ કારણ છે અને મહાત્મા પુરુષ શ્રીવિષ્ણુ ભગવાનનું પરમ સ્વરૂપ છે.[37-41]

तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम् ।
विष्णोर्धाम परं साक्षात् पुरुषस्य महात्मनः ॥४१॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૧૧ મો સમાપ્ત

× ઉપચારથી કહેવાય છે, એમ કહીને એ કહેવા માગે છે કે, પરમાત્માના આયુષની આ ક્રમે ગણતરી કરેલી છે, તે પણ વાસ્તવિક નથી; માત્ર આરોપિત છે.—**भा. क.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय १२ मो+

બ્રહ્માની માનસી તથા મૈથુની સૃષ્ટિ

॥ मैत्रेय उवाच ॥

इति ते वर्णितः क्षत्तः कालाख्यः परमात्मनः ।
महिमा वेदगर्भोऽयं यथास्राक्षीन्निबोध मे ॥१॥

મૈત્રેય બોલ્યાઃ—'હે વિદુરજી! એ પ્રમાણે મેં પરમાત્માનો કાળ નામનો મહિમા તમારી આગળ વર્ણવ્યો. હવે બ્રહ્માએ જે પ્રમાણે આ સર્વ સૃજ્યું, તેને મારી પાસેથી સાંભળો.[૧] આદિકર્તા બ્રહ્માએ પોતાની સૃષ્ટિમાં સૌથી પ્રથમ÷તમસ, મોહ, મહામોહ, તામિસ્ર અને અંધતામિસ્ર—એ નામની પાંચ અવિદ્યાની વૃત્તિઓને ઉત્પન્ન કરી. આ અતિશય પાપી સૃષ્ટિ જોઇને તેના સ્રષ્ટા પોતાના આત્માને બ્રહ્માએ યોગ્ય માન્યો નહિ. પછી તેમણે ભગવાનના ધ્યાનથી પવિત્ર એવા મન વડે સનક, સનંદ, સનાતન અને સનત્કુમાર, એ ચાર મુનિઓરૂપ બીજી સૃષ્ટિ ઉત્પન્ન કરી, એ મુનિઓ સર્વ ક્રિયાઓથી રહિત અને ઊર્ધ્વરેતસ્ હતા. સ્વયંભૂ બ્રહ્માએ પોતાના તે પુત્રોને કહ્યું કે, 'હે પુત્રો! તમે પ્રજાઓ ઉત્પન્ન કરો.' પણ તેઓએ તે વાત ઇચ્છી નહિ; કેમકે તેઓ મોક્ષધર્મને ઇચ્છતા હતા અને ભગવાન વાસુદેવમાંજ તત્પર રહેનારા હતા.[૨–૫] પોતાની આજ્ઞાનો અનાદર કરનારા એ પુત્રોએ એ રીતે પોતાનું અપમાન કર્યું, તેથી બ્રહ્માને અતિ દુઃસહ ક્રોધ ઉત્પન્ન થયો; પણ તેમણે તે ક્રોધને રોકી રાખવાનો આરંભ કર્યો.[૬] બુદ્ધિપૂર્વક રોકવામાં આવેલો છતાં તે ક્રોધ, પ્રજાપતિ—બ્રહ્માની ભ્રૂકુટીની વચ્ચેથી નીલલોહિત+ કુમારરૂપે તત્કાળ ઉત્પન્ન થયો.[૭] દેવોના પૂર્વજ તે શિવ ભગવાન (ઉત્પન્ન થઇને તુરતજ) રડવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, 'હે ધાતા! હે જગતના ગુરુ! તમે મારાં નામ પાડો અને રહેવાનાં સ્થાન કરો.'[૮] ભગવાનના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા તે રુદ્રદેવનું વચન પાળતા કલ્યાણકારી વાણીથી બોલ્યા કે, 'તું રડ મા, હું તારાં નામ—સ્થાન કરું છું. હે દેવશ્રેષ્ઠ! તું ઉત્પન્ન થયો કે તુરતજ ઉદ્વેગ પામેલા બાળકની પેઠે રડી પડ્યો, તેથી પ્રજાઓ તને 'રુદ્ર' એવા નામથી કહેશે.[૯,૧૦] અને હૃદય, ઇન્દ્રિયો, પ્રાણ, આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર અને તપ—આ સ્થાનો મેં તારે માટે પ્રથમથીજ કરી રાખ્યાં છે;[૧૧] તેમજ મન્યુ, મનુ, મહેશાન, મહાન, શિવ, ઋતુધ્વજ, ઉગ્રરેતસ્, ભવ, કાળ, વામદેવ અને ધૃતવ્રત—આ અગિયાર નામો તારાં પ્રસિદ્ધ થશે.[૧૨] તેમજ હે રુદ્ર! ધી, વૃત્તિ, ઉશના, ઉમા, નિયુત્, સર્પિસ્, ઇલા, અંબિકા, ઇરાવતી, સુધા અને દીક્ષા—આ અગિયાર રુદ્રાણીઓ તારી સ્ત્રીઓ થશે.[૧૩] આ નામો તથા સ્થાનોને તું તારી સ્ત્રીઓ સાથે ગ્રહણ કર અને એ નામો તથા સ્થાનોથી યુક્ત થઇને તું અનેક પ્રજાઓને ઉત્પન્ન કર. કારણ કે તું પ્રજાઓનો પતિ છે.'

+ આ અધ્યાયમાં કૌમાર વગેરે માનસિક સૃષ્ટિની વૃદ્ધિ નહિ થવાથી એ શરીરદ્વારા યોનિથી ઉત્પન્ન થયેલો મનુસર્ગ વર્ણવાશે. —શ્રીધર

÷ તમસ એટલે સ્વરૂપનો અપ્રકાશ; મોહ એટલે દેહ વગેરેના ઉપર અહંબુદ્ધિ; મહામોહ એટલે વિષયભોગની ઇચ્છા; તામિસ્ર એટલે તે વિષયભોગની ઇચ્છાનો કોઈ રીતે અટકાવ થતાં ક્રોધ થવો તે અને અંધતામિસ્ર એટલે તે વિષયભોગનાં સાધનોનો નાશ થતાં 'હું મરી ગયો' એવી બુદ્ધિ થવી તે. આજ અભિપ્રાય વિષ્ણુતંત્રમાં આ પ્રમાણે છે—

तमोऽविवेको मोहः स्यादन्तःकरणविभ्रमः ।
महामोहस्तु विज्ञेयो ग्राम्यभोगसुखैषणा ॥
मरणं ह्यन्धतामिस्रं तामिस्रः क्रोध उच्यते ।
अविद्या पञ्चपर्वैषा प्रादुर्भूता महात्मनः ॥

આ પાંચ ભેદનેજ પાંચ પર્વવાળી અવિદ્યા કહે છે. પાતંજલ યોગદર્શનમાં આનાંજ નામો આવાં કહ્યાં છે—અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ. વિષ્ણુસ્વામી વળી આવાં નામ કહે છે—અજ્ઞાન, વિપર્યાસ, ભેદ, ભય અને શોક. —શ્રીધર

+ નીલ-લોહિત એટલા માટે કે તેનો રંગ કાળો તથા લાલ હતો. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'ગુરુ બ્રહ્મદેવે એ પ્રમાણે આજ્ઞા કરી એટલે ભગવાન નીલલોહિત–રુદ્રે પોતાના બળ, આકૃતિ તથા સ્વભાવ વડે પોતાના જેવી પ્રજાઓ* સૃજવા માંડી.[૧૪।૧૫] રુદ્રદેવે સૃજેલી એ ભયંકર પ્રજાઓનાં અસંખ્ય ટોળાં ચારે તરફથી જગતને ગળી જતાં જોવામાં આવ્યાં, એટલે પ્રજાપતિ બ્રહ્મા શંકા કરવા લાગ્યા÷[૧૬] અને રુદ્રદેવને કહેવા લાગ્યા: 'હે દેવશ્રેષ્ઠ! આ પ્રજાઓ તો પોતાની ઉગ્ર દૃષ્ટિથી સમગ્ર દિશાઓને મારી સાથે બાળી નાખે છે; માટે આવી પ્રજાઓ તમે ઉત્પન્ન ન કરો,[૧૭] પણ પ્રાણીમાત્રને સુખ આપનારી તપશ્ચર્યા કરો; તમારું કલ્યાણ થાઓ. તમે તપશ્ચર્યાથીજ પૂર્વની પેઠે જગતને સૃજી શકશો;[૧૮] કેમકે તપશ્ચર્યાથીજ પુરુષ પ્રાણીમાત્રની હૃદયગુહામાં વસનારા પરમ જ્યોતિસ્વરૂપ અને ઇન્દ્રિયાતીત ભગવાનને અનાયાસે પ્રાપ્ત કરે છે.'

મૈત્રેય બોલ્યા–'બ્રહ્મદેવે એ રીતે આજ્ઞા કરી, એટલે વાણીના પતિ એવા તે બ્રહ્માને પ્રદક્ષિણા કરી 'બહુ સારું' એમ કહીને રુદ્રદેવ તપશ્ચર્યા કરવા માટે વનમાં ગયા.[૧૯।૨૦] તે પછી ભગવાનની શક્તિથી યુક્ત એવા તે બ્રહ્મા સૃષ્ટિરચનાના સંબંધે વિચાર કરવા લાગ્યા; તેવામાં લોકરચનામાં કારણભૂત એવા દશ પુત્રો તેમનાથી ઉત્પન્ન થયા.[૨૧] એ દશેનાં નામ આ પ્રમાણે હતાં:– મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ઠ, દક્ષ અને દશમા નારદ.[૨૨] તેમાં નારદ બ્રહ્મદેવના ખોળામાંથી ઉત્પન્ન થયા, દક્ષ અંગુઠામાંથી ઉત્પન્ન થયા, વસિષ્ઠ પ્રાણથી ઉત્પન્ન થયા, ભૃગુ ચામડીથી ઉત્પન્ન થયા, ક્રતુ હાથમાંથી ઉત્પન્ન થયા, પુલહ નાભિમાંથી ઉત્પન્ન થયા, પુલસ્ત્ય ઋષિ બે કાનમાંથી ઉત્પન્ન થયા, અંગિરા મુખમાંથી ઉત્પન્ન થયા, અત્રિ બે નેત્રમાંથી ઉત્પન્ન થયા અને મરીચિ મનથી ઉત્પન્ન થયા.[૨૩।૨૪] તેમજ જ્યાં નારાયણ પોતે રહે છે એવા બ્રહ્માના જમણા સ્તનમાંથી ધર્મ ઉત્પન્ન થયો અને અધર્મ તેમની પીઠમાંથી ઉત્પન્ન થયો, કે જેનાથી પ્રાણીમાત્રને ભયંકર એવું મૃત્યુ થાય છે.[૨૫] વળી બ્રહ્મદેવના હૃદયમાંથી કામ, ભ્રૂકુટીમાંથી ક્રોધ, હોઠમાંથી લોભ, મુખમાંથી વાણી, લિંગમાંથી સમુદ્રો અને ગુદામાંથી પાપોના આશ્રયરૂપ નિર્ઋતિ રાક્ષસ ઉત્પન્ન થયો, તેમજ જગતના કર્તા બ્રહ્માની છાયામાંથી દેવહૂતિના પતિ પ્રભુ કર્દમ ઋષિ ઉત્પન્ન થયા. એ રીતે બ્રહ્માના મનથી તથા શરીરથી આ જગત ઉત્પન્ન થયું.[૨૬।૨૭] હે વિદુરજી! અમે સાંભળ્યું છે કે, સ્વયંભૂ બ્રહ્માએ મનને હરણ કરતી પોતાની સુંદર પુત્રી સરસ્વતીને તે પોતે ઇચ્છતી ન હતી, છતાં પોતે કામાસક્ત થઇને (વિષયભોગ માટે) ઇચ્છી હતી.[૨૮] એ રીતે જેમણે અધર્મમાં બુદ્ધિ કરી હતી એવા તે પોતાના પિતાને જોઇને મરીચિ વગેરે મુનિઓએ 'આપણું કહેવું માનશે' એવા વિશ્વાસથી તેમને આવો બોધ આપ્યો હતો:[૨૯] 'હે પિતા! જો કે તમે પ્રભુ છો–સમર્થ છો, તોપણ કામને વશ નહિ કરીને પોતાની પુત્રી પ્રત્યે વિષયવાસનાથી ગમન કરો, એ નિંદ્ય કર્મ જેઓ તમારાથી પૂર્વે થઈ ગયા છે, તેઓએ પણ હજી સુધી કર્યું નથી અને ભવિષ્યમાં બીજા કોઇ કરશે પણ નહિ.[૩૦] હે જગતના ગુરુ! તમારા જેવા તેજસ્વી પુરુષોને પણ આ કર્મ સત્કીર્તિ આપનાર નજ હોઇ શકે; કેમકે આપ જેવાઓના ચરિત્રને અનુસરનાર આ લોક, કલ્યાણ પ્રાપ્ત કરવાને સમર્થ થાય છે.*[૩૧]

* ભૂત-પ્રેત, પિશાચ વગેરે ભયંકર પ્રજાઓ ઉત્પન્ન કરવા માંડી. —भा. क.

÷ શંકા કરવા લાગ્યા કે, આ પ્રજાઓ તો બીજાઓએ સૃજેલી સર્વ પ્રજાઓને ખાઇ જશે!!—बा.प्र.

* છતાં આપ જેવા તેજસ્વી પુરુષો આવું નીચ કર્મ કરે તો–

'यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥
(श्री. भ. गी. ३–२१)

જે જે કર્મને શ્રેષ્ઠ પુરુષ આચરે છે, તે તે કર્મને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જેમણે પોતાના આત્માની અંદર રહેલા આ જગતને પોતાના તેજથી પ્રકટ કર્યું છે, તે આપ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ અને તેજ આપ ધર્મનું રક્ષણ કરવાને યોગ્ય છો.[૩૨] એ પ્રમાણે પોતાને ઉપદેશ આપતા પોતાના પ્રજાપતિ પુત્રોને પોતાની આગળ જોઇને પ્રજાપતિઓના પતિ તે બ્રહ્મા તે સમયે શરમાઇ ગયા અને તેમણે પોતાના એ શરીરનો ત્યાગ કરી દીધો; તેમના એ ઘોર શરીરને દિશાઓએ ગ્રહણ કરી લીધું, જેને ઝાકળ તથા અંધારું કહેવામાં આવે છે; (તેજ એ બ્રહ્માનું શરીર છે.)[૩૩] તે પછી એક સમયે બ્રહ્મા વિચાર કરવા લાગ્યા કે, 'પૂર્વકલ્પમાં જેવા હળીમળીને રહેનારા લોકો હતા તેવાજ લોકોને હું કેવી રીતે સૃજીશ ?' આવો વિચાર કરતાંજ તેમના ચાર મુખમાંથી વેદો ઉત્પન્ન થયા.[૩૪] તેમજ હોતા +વગેરે ચાર ઋત્વિજોનાં કર્મ, યજ્ઞોનો વિસ્તાર, ઉપવેદો, ન્યાયો, ધર્મના ચાર ચરણો, ચાર આશ્રમો તથા ચારે આશ્રમોની આજીવિકાઓ પણ બ્રહ્માના મુખમાંથીજ તે વેળા ઉત્પન્ન થયાં.[૩૫]

વિદુરજી બોલ્યાઃ–'હે તપોધન ! પ્રજાપતિઓના ઈશ્વર તે બ્રહ્માએ પોતાના મુખથી વેદ વગેરેને ઉત્પન્ન કર્યા, એમ આપે કહ્યું. તો એ હવે પોતાના જે જે મુખથી જે જે વેદ વગેરે ઉત્પન્ન કર્યા હોય તે મને કહો.'[૩૬]

મૈત્રેય બોલ્યાઃ–'બ્રહ્માએ ઋગ્વેદને પૂર્વ તરફના મુખથી, યજુર્વેદને દક્ષિણ તરફના મુખથી, સામવેદને પશ્ચિમ તરફના મુખથી અને અથર્વવેદને ઉત્તર તરફના મુખથી ઉત્પન્ન કર્યા. તેજ પ્રમાણે ÷શસ્ત્રકર્મ, ઇજ્યાકર્મ, સ્તુતિસ્તોમ તથા પ્રાયશ્ચિત્તને પણ એજ ક્રમે ઉત્પન્ન કર્યાં.[૩૭] વળી આયુર્વેદને, ધનુર્વેદને ગાંધર્વવેદને, તથા વિશ્વકર્માના શાસ્ત્રને પણ બ્રહ્માએ પોતાના પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ તથા ઉત્તર તરફના મુખથી અનુક્રમે ઉત્પન્ન કર્યા[૩૮] અને ઇતિહાસ તથા પુરાણરૂપી પાંચમા વેદને સર્વદ્રષ્ટા અને ઈશ્વર એવા બ્રહ્માએ પોતાનાં સર્વ મુખોથી ઉત્પન્ન કર્યો.[૩૯] વળી ષોડશી અને ઉકથ નામના યજ્ઞને પૂર્વ મુખથી, પુરીષિ તથા અગ્નિષ્ટોમ યજ્ઞને દક્ષિણ મુખથી, આપ્તોર્યામ તથા અતિરાત્ર યજ્ઞને પશ્ચિમ મુખથી અને વાજપેય તથા ગોસવ યજ્ઞને ઉત્તર મુખથી તેમણે ઉત્પન્ન કર્યા. વળી વિદ્યા,*દાન, તપ અને સત્ય–એ ધર્મના ચાર ચરણોને, તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યસ્ત–એ ચાર આશ્રમોને તેની તેની આજીવિકાઓ સાથે બ્રહ્માએ અનુક્રમે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ તથા ઉત્તર–એમ ચાર મુખોમાંથી સૃજ્યા છે.[૪૦/૪૧] આમાંનો બ્રહ્મચર્યાશ્રમ ચાર પ્રકારનો છે. એક સાવિત્ર+ બ્રહ્મચર્ય, બીજું પ્રા-

બીજા સામાન્ય લોક પણ આચરે છે અને તે શ્રેષ્ઠ પુરુષ જે કંઇ પ્રમાણ કરે છે, તેને બીજા લોક પ્રમાણ માનીને અનુસરે છે–એ ગીતાવચન પ્રમાણે તમે જો દુરાચારી થશો તો તમને અનુસરનાર સર્વ લોક પણ દુરાચારી બની જઇ સર્વ પુરુષાર્થથી ભ્રષ્ટ થશે અને નરક વગેરેના અધિકારી થશે એ ભાવ છે. —વા.પ્ર.

+ વગેરે શબ્દથી ઉદ્‌ગાતા, અધ્વર્યુ તથા બ્રહ્મા, એ ત્રણ ઋત્વિજો સમજવા. એમ એકંદર ચાર ઋત્વિજો. भा. क.

÷ શસ્ત્રકર્મ તે હોતાનું કર્મ છે, કે જે સ્વરાનુપૂર્વીરહિત મંત્રો વડે સ્તુતિ કરવારૂપ હોય છે. ઇજ્યાકર્મ તે અધ્વર્યુનું કર્મ છે; જે દેવતાને ઉદ્દેશી દ્રવ્યત્યાગરૂપ હોય છે. સ્તુતિસ્તોમ એ ઉદ્‌ગાતાનું કર્મ છે; જે સ્વરાનુપૂર્વી સહિત મંત્રો વડે સ્તુતિરૂપ હોય છે. પ્રાયશ્ચિત્ત તે બ્રહ્માનું કર્મ છે. —भा. क.

* 'વિદ્યા' શબ્દથી અહીં શૌચ લેવાનું છે. કેમકે આવું એક સ્મૃતિવચન છે–'**क्षेत्रज्ञस्येश्वरज्ञानाद् विशुद्धिः परमा मता**'–ઈશ્વરના જ્ઞાનથી જીવની પરમ શુદ્ધિ થાય છે; તેમજ આગળ 'દાન' શબ્દથી દયા લેવાની છે. કેમકે તે સંબંધે પણ આવું એક વચન છે–'**भूताभयप्रदानस्य कलां नार्हन्ति षोडशीम्**'–કોઇ પણ ધર્મ પ્રાણીને આપેલા અભયદાનના પુણ્યના સોળમા હિસ્સાને પણ યોગ્ય નથી. આવી રીતે આ શબ્દના અર્થ લેવાથીજ '**तपः शौचं दया सत्यमिति पादाः कृते कृताः**'–એ પ્રથમ સ્કંધમાં કહેલું વિરુદ્ધ ન જાય. —**શ્રીધર**

+ જનોઇ લઇને ગાયત્રીનો ઉપદેશ ગ્રહણ કરતાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાપત્ય, ત્રીજું બ્રાહ્મ અને ચોથું નૈષ્ઠિક બ્રહ્મચર્ય. ગૃહસ્થાશ્રમ પોતે એકજ પ્રકારનો છે; પણ તેમાં કરવાની આજીવિકા ચાર પ્રકારની છે–શાસ્ત્રમાં નહિ નિષેધેલી ખેતી વગેરે આજીવિકા વાર્તા નામની પહેલી આજીવિકા છે, યજ્ઞ–યાગ કરાવવારૂપી સંચય નામની બીજી આજીવિકા છે, કોઈની પાસે પણ માગ્યા વિના આજીવિકા ચલાવવી તે ત્રીજી શાલીન નામની આજીવિકા છે અને બજારમાં વેચતાં–ખરીદતાં એની મેળે વેરાઈ પડેલા દાણાઓ વીણી લાવીને તે પર આજીવિકા કરવી, તે ચોથી શિલોંછ નામની આજીવિકા છે.૪૨ હવે વનમાં રહેનારા વાનપ્રસ્થો ચાર પ્રકારના હોય છે. વૈખાનસ,+ વાલખિલ્ય, ઔદુંબર અને ફેનપ. વળી ચોથા સંન્યાસ આશ્રમમાં પણ ચાર ભેદો છે. એક તો ×કુટીચક, બીજો બહ્‌વોદ, ત્રીજો હંસ અને ચોથો નિષ્ક્રિય. આ સંન્યાસાશ્રમીઓ બ્રહ્માના પૂર્વમુખમાંથી ઉત્પન્ન થયા છે.૪૩ વળી બ્રહ્મદેવના પૂર્વમુખમાંથી આન્વીક્ષિકી–મોક્ષવિદ્યા ઉત્પન્ન થઈ, દક્ષિણમુખમાંથી ત્રયી વિદ્યા–ધર્મવિદ્યા ઉત્પન્ન થઈ; પશ્ચિમમુખમાંથી વાર્તા–કામવિદ્યા ઉત્પન્ન થઈ અને ઉત્તરમુખમાંથી દંડનીતિ–અર્થવિદ્યા ઉત્પન્ન થઈ. તેમજ ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ–એ ચાર વ્યાહૃતિઓ પણ બ્રહ્મદેવના પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ તથા ઉત્તર મુખમાંથી ઉત્પન્ન થઇ અને પ્રણવ–ૐકાર બ્રહ્માના હૃદયાકાશમાંથી ઉત્પન્ન થયો.૪૪ વળી તે સમર્થ પ્રજાપતિ બ્રહ્માના રૂંવાડાંમાંથી ઉષ્ણિક્ છંદ, ત્વચામાંથી ગાયત્રી છંદ, માંસમાંથી ત્રિષ્ટુપ્ છંદ, સ્નાયુ–નામની નાડીથી અનુષ્ટુપ્ છંદ, હાડકાંમાંથી જગતી છંદ, મજ્જામાંથી પંક્તિ છંદ અને પ્રાણથી બૃહતી છંદ ઉત્પન્ન થયો. વળી क થી म સુધીના પચીસ સ્પર્શ અક્ષરો એ બ્રહ્માના જીવરૂપ છે; अ વગેરે સ્વરો તેમનું શરીર કહેવાય છે. श, ष, स, ह એ ઊષ્માક્ષરોને એમની ઇન્દ્રિયો કહે છે. य, र, ल, व એ ચાર અંતઃસ્થ અક્ષરો એમનું બળ કહેવાય છે અને સાત સ્વરો* બ્રહ્માની ક્રીડામાંથી ઉત્પન્ન થયા છે.૪૫–૪૭ એ રીતે બ્રહ્મદેવ શબ્દબ્રહ્મસ્વરૂપ છે અને વૈખરી વાણી તથા પ્રણવ–ૐકારના પણ આત્મારૂપ છે, તેથીજ તેમને અનેક જાતની શક્તિઓથી વૃદ્ધિંગત અને વ્યાપક એવા પરબ્રહ્મ પરમાત્માનો નિત્ય સાક્ષાત્કાર થાય છે.૪૮ બ્રહ્માએ પ્રથમ જે કામાસક્ત શરીર છોડી દીધું હતું અને જે ગ્રાકળ તથા અંધકારરૂપે થયું હતું, તેથી ભિન્ન બીજું શરીર ગ્રહણ કરીને સૃષ્ટિ રચવા માટે મન કર્યું હતું. કેમકે હે કૌરવ વિદુરજી ! મરીચિ વગેરે ઋષિઓ જો કે ઘણાજ પરાક્રમી હતા, છતાં પણ તેઓની સૃષ્ટિનો વિસ્તાર નહિ થયેલો જાણીને બ્રહ્માએ+ તેની વૃદ્ધિ માટે ફરી વિચાર કર્યો હતો કે, 'અહો ! આ આશ્ચર્ય છે કે, હું

જે ત્રણ દિવસ બ્રહ્મચર્ય પળાય છે, તેને 'સાવિત્ર' બ્રહ્મચર્ય કહે છે; કોઇ પણ વ્રતનું પાલન કરતાં એક વર્ષ સુધીનું જે બ્રહ્મચર્ય પાળવામાં આવે છે તેને 'પ્રાજાપત્ય' બ્રહ્મચર્ય કહે છે; વેદાભ્યાસ સુધી જે બ્રહ્મચર્ય પાળવાનું હોય છે, તેને 'બ્રાહ્મ' બ્રહ્મચર્ય કહે છે અને જન્મથી આરંભીને છેક જીવનપર્યંતનું બ્રહ્મચર્ય પાળવું તેને 'નૈષ્ઠિક' બ્રહ્મચર્ય કહે છે.–**શ્રીધર**

+ વૈખાનસો ખેડયા વિના પાકેલા ધાન્ય વગેરે ઉપર આજીવિકા કરનારા હોય છે;વાલખિલ્યો નવું અન્ન મળતાંજ પ્રથમ સંગ્રહ કરેલા અન્નનો ત્યાગ કરી દે છે; ઔદુંબરો સવારમાં ઊઠીને જે દિશા તરફ જુએ છે, તે દિશામાંથી આણેલા ફળ વગેરે ઉપર આજીવિકા કરે છે; ફેનપો પોતાની મેળે પડેલાં ફળ વગેરે ઉપર જીવે છે.–**શ્રીધર**

× કુટીચક સંન્યાસી પોતાના આશ્રમનાં કર્મોનેજ મુખ્ય માને છે; બહ્‌વોદ પોતાનાં આશ્રમકર્મને ગૌણ માની જ્ઞાનનેજ મુખ્ય માને છે; હંસ સંન્યાસી કેવળ જ્ઞાનાભ્યાસમાંજ લીન રહે છે અને નિષ્ક્રિય સંન્યાસી, તત્ત્વવસ્તુનો સાક્ષાત્કાર પામેલો હોઇને સર્વ ક્રિયાઓનો પણ ત્યાગી હોય છે. આ ચારે સંન્યાસીઓ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. —**શ્રીધર**

* સાત સ્વરો તે આ–નિષાદ, ઋષભ, ગાંધાર, ષડ્‌જ, મધ્યમ, ધૈવત અને પંચમ.

+ અહીં સુધીમાં બ્રહ્માની માનસિક સૃષ્ટિ કહી. હવે તેમની મૈથુની સૃષ્ટિ કહે છે. —**મા. ક.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિત્ય સૃષ્ટિની વૃદ્ધિ માટે વ્યાપાર કર્યા કરૂં છું, છતાં મારી પ્રજાઓ વૃદ્ધિ પામતી નથી; તો આમાં નક્કી દૈવજ વિઘાતક છે.' આવો વિચાર કરી સૃષ્ટિની વૃદ્ધિ માટે તે યોગ્ય પ્રયત્ન કરવા લાગ્યા અને દૈવ—ઈશ્વરકૃપાની તે રાહ જોવા લાગ્યા. તેવામાં તે બ્રહ્માના શરીરના બે વિભાગ થઇ ગયા; જેને હજીસુધી પણ લોકો 'કાય'‡ કહે છે. એ બે રૂપના વિભાગોમાંથી સ્ત્રીપુરુષનું યુગલ ઉત્પન્ન થયું. તેમાં જે પુરુષ હતો તે ચક્રવર્તી રાજા સ્વાયંભુવ મનુ હતા[૪૯-૫૨] અને જે સ્ત્રી હતી તે શતરૂપા નામની એ મહાત્માની મહારાણી હતી.[૫૩] પછી તે વખતે મિથુનધર્મથી પ્રજાઓ વધવા માંડી. સ્વાયંભુવ મનુએ પણ શતરૂપામાં પાંચ સંતાનો ઉત્પન્ન કર્યાં;[૫૪] તેમાં હે ભારત! પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામે બે પુત્રો હતા અને આકૂતિ, દેવહૂતિ તથા પ્રસૂતિ નામે ત્રણ કન્યાઓ હતી. હે શ્રેષ્ઠ વિદુરજી! સ્વાયંભુવ મનુએ આકૂતિ નામની પોતાની કન્યા પ્રજાપતિ રુચિને આપી, વચલી દેવહૂતિ કન્યા કર્દમ પ્રજાપતિને આપી અને પ્રસૂતિ કન્યા દક્ષ પ્રજાપતિને આપી. આ ત્રણ કન્યાઓની સંતતિથી આખું જગત પૂર્ણ ભરાઇ ગયું.' ૫૫।૫૬

आकूतिं रुचये प्रादात्कर्दमाय तु मध्यमाम् ।
दक्षायादात्प्रसूतिं च यत आपूरितं जगत् ॥ ५६ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૧૨ મો સમાપ્ત

‡ **કાય** એ શરીરવાચક શબ્દ એટલાજ માટે છે કે, **कस्य इदं कायम्**—જે શરીર મૂળ બ્રહ્માનું જ છે. આવું કીમતી મનુષ્યશરીર છે. —भा. क.

अध्याय १३ मो*

ભગવાનનો વરાહ અવતાર ને હિરણ્યાક્ષનો વધ

॥ श्रीशुक उवाच ॥

निशम्य वाचं वदतो मुनेः पुण्यतमां नृप ।
भूयः पप्रच्छ कौरव्यो वासुदेवकथादृतः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે પરીક્ષિત રાજા! એ પ્રમાણે કહેતા મુનિ મૈત્રેયની અતિ પવિત્ર વાણી સાંભળી વાસુદેવ ભગવાનની કથામાં આદરવાળા કુરુવંશી વિદુરજીએ ફરી પૂછ્યું.[૧]

વિદુરજી બોલ્યાઃ—'હે મુનિ! બ્રહ્માના પ્રિય પુત્ર તે વિરાટ્ સ્વાયંભુવ મનુએ, એ પ્રિય પત્ની શતરૂપાને મેળવ્યા પછી શું કર્યું?[૨] હે મહાશ્રેષ્ઠ મુનિ! તે આદિ રાજા રાજર્ષિનું ચરિત્ર મને શ્રદ્ધાળુને તમે કહો, કેમકે તે ભગવાનના પરમ ભક્ત હતા.[૩] વિદ્વાનો કહે છે કે, જેમાં અતિ મહાન પરિશ્રમ રહેલો છે તેવા પુરુષોના શાસ્ત્રાધ્યયનાદિનો એજ ઉત્તમ અર્થ છે કે, તેઓએ જ પુરુષોના હૃદયમાં શ્રીભગવાનનું ચરણકમળ રહેલું હોય તેવા ભગવાનના ભક્તપુરુષોના ગુણોનુંજ શ્રવણ કરવું.'[૪]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે કહેતા વિનયી વિદુરજી કે જેમના ખોળામાં શ્રીકૃષ્ણ ભગવાનના ચરણો રહેતા હતા તેમને, ભગવાનની કથા કહેવા માટે જેમને પ્રેરણા થઈ હતી અને તેથીજ હર્ષને લીધે જેમને રોમાંચ થયાં હતાં એવા મુનિ મૈત્રેય આ પ્રમાણે કહેવા લાગ્યા.[૫]

મૈત્રેય બોલ્યાઃ—'જ્યારે પોતાની પત્ની સાથે સ્વાયંભુવ મનુ ઉત્પન્ન થયા, ત્યારે તેમણે બે હાથ જોડી પ્રણામ કરીને બ્રહ્મદેવને કહ્યું કે,[૬] 'પ્રાણીમાત્રના જન્મદાતા અને પોષકપિતા જો કે આપ

* આ અધ્યાયમાં મનુને સૃષ્ટિ રચવાની ઇચ્છા થઈ ત્યારે અકસ્માત્ જળમાં ડૂબી ગયેલી પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે ઉત્પન્ન થયેલા આદિવરાહથી હિરણ્યાક્ષ દૈત્યનો વધ થયો, એ કહેવાશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એકજ છો; તોપણ અમે આપની પ્રજાઓ કયા કર્મથી સેવા કરીએ? હે સ્તુતિ કરવા યોગ્ય બ્રહ્મદેવ! હું તમને નમસ્કાર કરૂં છું. અમારાથી બની શકે તેવાં કર્મોમાંથી જે કર્મ કરીને આ લોકમાં અમારો યશ સર્વત્ર વિસ્તાર પામે અને પરલોકમાં સારી ગતિ થાય તે કર્મની આપ આજ્ઞા કરો–અમારૂં કર્તવ્યકર્મ કયું છે, તે અમને કહો.'[૭-૮]

બ્રહ્મા બોલ્યાઃ–' હે તાત! હું તમારા પર પ્રસન્ન થયો છું. હે રાજા! તમારૂં બન્નેનું કલ્યાણ થાઓ. કારણકે તમે પોતેજ પોતાની મેળે નિષ્કપટ હૃદયથી મને નિવેદન કર્યું છે કે, 'મારૂં કર્તવ્ય શું? તે મને કહો.'[૯] હે વીર! પુત્રોએ પિતાની આટલીજ સેવા કરવી જોઇએ કે, તેઓએ પ્રમાદનો ત્યાગ કરી મત્સર રહિત થઇને પોતાની શક્તિ અનુસાર પિતાની આજ્ઞાનું આદરપૂર્વક પાલન કરવું;[૧૦] હવે તું તારી આ શતરૂપા સ્ત્રીને વિષે ગુણો વડે તારા પોતાનાજ જેવાં સંતાનો ઉત્પન્ન કરી ધર્મપૂર્વક પૃથ્વીનું પાલન કર અને યજ્ઞો વડે શ્રીહરિનું યજન કર.[૧૧] હે રાજા! પ્રજાઓનું રક્ષણ કરવાથીજ મારી ઉત્તમ સેવા તમોએ કરી ગણાશે અને ભગવાન હૃષીકેશ પણ પ્રજાઓનું રક્ષણ કરવાથીજ તમારા પર પ્રસન્ન થશે;[૧૨] કેમકે જેઓના ઉપર ભગવાન યજ્ઞમૂર્તિ જનાર્દન પ્રસન્ન થયા નથી તેઓનો સર્વ શ્રમ કેવળ વ્યર્થજ થાય છે. કેમકે તેઓએ પોતે પોતાના આત્માનોજ આદર કર્યો નથી.'[૧૩]*

મનુ બોલ્યાઃ–' હે પાપોનો નાશ કરનારા દેવ! હું આપની આજ્ઞામાંજ વર્તીશ; પણ હે પ્રભુ! મારે માટે અને મારી પ્રજાઓને માટે અહીં કોઇ સ્થાનની તમે આજ્ઞા કરો.[૧૪] જે પૃથ્વી પ્રાણીમાત્રનું નિવાસસ્થાન ગણાય છે,તે તો આ મહાન જળમાં ડૂબી ગઈ છે; તો હે દેવ! એ પૃથ્વીદેવીનો ઉદ્ધાર કરવા માટે તમે પ્રયત્ન કરો.'[૧૫]

* કહેવાનો ભાવ એ છે કે, શ્રીભગવાન જો અપ્રસન્ન રહે છે તો કોઈ પણ જાતના સ્વાર્થની સિદ્ધિ થતી નથી. કેમકે તે ભગવાનજ સર્વના આત્મા છે.—શ્રીધર

મૈત્રેય બોલ્યાઃ–' પછી પરમેષ્ઠી–બ્રહ્માએ પૃથ્વીને જળમાં ડૂબી ગયેલી જોઇને ઘણા કાળ સુધી બુદ્ધિ સાથે વિચાર કર્યો કે, 'હું આ પૃથ્વીને જળમાંથી કેવી રીતે બહાર કાઢીશ? હું સૃષ્ટિરચના કરતો હતો ત્યાં તો પાણીએ પૃથ્વીને ડુબાડી દીધી છે, જે છેક રસાતળમાં પહોંચી ગઈ છે; તો પરમાત્માએ સૃષ્ટિરચના માટે નીમેલા એવા અમોએ આ વિષયમાં શું કરવું જોઇએ? જેમના હૃદયમાંથી હું ઉત્પન્ન થયો છું તે પરમેશ્વરજ એ કરી આપો.'[૧૬] હે નિર્દોષ વિદુર! બ્રહ્મા એવો વિચાર કરતા હતા, તેવામાં તો તેમની નાસિકાના છિદ્રમાંથી એક વરાહનું (ભૂંડનું) બચ્ચું નીકળ્યું; જે પ્રથમ અંગૂઠા જેવડું દેખાયું ને એક ક્ષણવારમાં તો હે ભારત! એ બ્રહ્મદેવના દેખતાં આકાશમાં જઈ પહોંચીને હાથીના જેવડું વધી ગયું; એ એક મોટું આશ્ચર્ય થયું હતું. મરીચિ વગેરે બ્રાહ્મણો, સનકાદિ કુમારો અને સ્વાયંભુવ મનુની સાથે રહેલા તે બ્રહ્મા એ વરાહનું સ્વરૂપ જોઇને અનેક પ્રકારના તર્ક–વિતર્ક કરવા લાગ્યાઃ–[૧૭-૨૦] 'અહો! ઘણીજ આશ્ચર્યની વાત છે કે, મારી નાસિકામાંથી નીકળેલું અને ભૂંડના આકારવાળું આ કયું દિવ્ય પ્રાણી ઊભું છે?[૨૧] પ્રથમ તો આ અંગૂઠાના ટેરવા જેવડું દેખાયું હતું અને પછી એક ક્ષણવારમાં તો એક મોટા પથ્થર જેવડું વધી પડ્યું છે! શું આ મારા મનને ખેદ ઉપજાવતા ભગવાન યજ્ઞમૂર્તિ છે?'[૨૨] બ્રહ્મા પોતાના પુત્રો સાથે એવા વિચારો કરતા હતા, તેવામાં તો એક મોટા પર્વત જેવડા તે યજ્ઞપુરુષ ભગવાને ગર્જના કરી;[૨૩] અને સર્વ દિશાઓને ગજાવી મૂકતી પોતાની ગર્જના વડે તે સમર્થ શ્રીહરિએ બ્રહ્મદેવને તથા તે શ્રેષ્ઠ બ્રાહ્મણોને હર્ષ ઉપજાવ્યો.[૨૪] જન, તપ તથા સત્યલોકમાં વસનારા તે મુનિઓ પોતાના ખેદનો નાશ કરનાર એ માયામય વરાહની ગર્જના સાંભળીને પવિત્ર ત્રણે વેદો વડે તેમની સ્તુતિ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરવા લાગ્યા.[૨૫] જેમની મૂર્તિની વેદો પણ સ્તુતિ કરે છે, એવા તે વરાહમૂર્તિ ભગવાન, પોતાના ગુણાનુવાદવાળાં તેમનાં વેદવચનો સાંભળી, દેવોના ઉદય માટે ફરી મોટી ગર્જના કરીને એક મોટા હાથીના જેવી લીલા કરતા જળમાં પેસી ગયા.[૨૬] તે વેળા તેમણે પોતાનું પૂંછડું ઊંચું કર્યું હતું, આકાશમાં તે ગતિ કરતા હતા, કઠોર શરીરવાળા હતા, પોતાની ખાંધ પર રહેલા વાળને ધુણાવતા હતા, તેમનાં રુવાડાં અને ચામડી ખરસટ હતાં, પોતાની ખરીઓ વડે વાદળાંઓને તે વિખેરી નાખતા હતા, તેમની દાઢો અત્યંત ધોળી હતી અને તેમની દૃષ્ટિ એજ તેમનો પ્રકાશ હતો; આવી રીતે પૃથ્વીનો ઉદ્ધાર કરનારા તે વરાહ ભગવાન શોભતા હતા.[૨૭] તે પોતે જો કે યજ્ઞાંગસ્વરૂપ હતા, છતાં તે વખતે વરાહના સ્વરૂપમાં હોઇને પૃથ્વીના માર્ગને (વરાહ પશુની પેઠે) નાસિકા વડે સૂંઘતા હતા અને ભયંકર દાઢોવાળા હતા. તે પછી પોતાની સ્તુતિ કરતા તે બ્રાહ્મણોને પોતાની સૌમ્ય દૃષ્ટિથી ઊંચે જોઇને તેમણે જળમાં પ્રવેશ કર્યો.[૨૮] તે સમયે વજ્રમય પર્વતના જેવું જેમનું અંગ હતું, એવા તે ભગવાનના જળમાં પડવાના વેગથી સમુદ્રનો મધ્યપ્રદેશ ચિરાઈ ગયો હતો અને તેથી એ સમુદ્ર જાણે પીડા પામ્યો હોય તેમ મોટા તરંગોરૂપી ભુજાઓને પહોળી કરીને ગર્જના કરતો હતો–બૂમો પાડતો હતો અને 'હે યજ્ઞેશ્વર! મારું રક્ષણ કરો' એમ પોકારતો હતો.[૨૯] યજ્ઞમૂર્તિ વરાહ ભગવાન કે જે પ્રલયકાળે તે જળમાં શયન કરે છે, તે તો સજેયાના જેવી પોતાની તીક્ષ્ણ ખરીઓથી તેના અપાર જળને કાપ્યે જતા હતા અને છેક રસાતળમાં જઇને સર્વ જીવોના આધારભૂત અને (પ્રલયકાળે) પોતે પોતાના ઉદરમાં જેને ધારણ કરી હતી તે પૃથ્વીને ત્યાં તેમણે જોઈ.[૩૦] પછી જળમાં ડૂબેલી તે પૃથ્વીને પોતાની દાઢ વડે ઊંચકી લઈ તે ભગવાન રસાતલમાંથી જ્યારે આવતા હતા, ત્યારે અત્યંત શોભતા હતા. એ વેળા તે જળની અંદર હાથમાં ગદા લઇને અસહ્ય પરાક્રમવાળો હિરણ્યાક્ષ દૈત્ય ધસી આવ્યો અને તેમને રોકવા લાગ્યો; એટલે ચક્રની પેઠે પ્રજ્વલિત તીવ્ર ક્રોધવાળા ભગવાને સિંહ જેમ હાથીને હણી નાખે, તેમ લીલામાત્રમાં તેને હણી નાખ્યો હતો. એ સમયે જેમ કોઈ હાથી, પહાડની ગેરુવાળી ભૂમિને પોતાના દંતૂશળથી ચીરતાં લાલ ગંડસ્થળવાળો તથા લાલ મુખવાળો થઈ જાય, તેમ વરાહ ભગવાનનાં ગંડસ્થળ તથા મુખ પણ એ દૈત્યના લોહીરૂપી કાદવથી ખરડાઇ ગયાં હતાં–લાલ લાલ થઈ ગયાં હતાં.[૩૧-૩૨] પછી હે વિદુરજી! તમાલ જેવા શ્યામ રંગવાળા અને પોતાના સફેદ દાંતના અગ્રભાગ પર હાથીની લીલા પ્રમાણે પૃથ્વીને ઊંચકી રહેલા તે ભગવાનને જોઇને બ્રહ્માદિ ઋષિઓ બે હાથ જોડીને વૈદિક સૂક્ત જેવાં વાક્યોથી તેમની સ્તુતિ કરવા લાગ્યા.'[૩૩]

ઋષિઓ બોલ્યાઃ–'હે અજિત! આપનો સર્વદા જય થયો છે. હે યજ્ઞો વડે સાક્ષાત્કાર કરવા યોગ્ય ભગવન્! પોતાના વેદમય શરીરને ધુણાવતા આપને અમે નમસ્કાર કરીએ છીએ. જેમનાં રૂંવાડાંનાં છિદ્રોમાં સર્વ યજ્ઞોનો સમાવેશ થઇ જાય છે અને જે પૃથ્વીના ઉદ્ધારરૂપ કારણથી વરાહ થયા છો, તે આપને અમારા નમસ્કાર હો.[૩૪] હે દેવ! આપનું આ યજ્ઞાત્મક સ્વરૂપ કે જેની ત્વચામાં ગાયત્રી વગેરે છંદો રહેલા છે, રૂંવાડાંમાં દર્ભો રહેલા છે, નેત્રોમાં ઘી રહેલું છે અને જેના ચરણોમાં હોતા, ઉદ્ગાતા, અધ્વર્યુ તથા બ્રહ્મા–એ ચાર ઋત્વિજોનાં ચાર કર્મો રહેલાં છે તે–આ સ્વરૂપનું દર્શન પાપી અંતઃકરણવાળા પુરુષોને ખરેખર દુર્લભ છે.[૩૫] હે ઈશ્વર! આપના આ સ્વરૂપના મુખના અગ્રભાગમાં સ્રુક્ નામે યજ્ઞપાત્ર રહ્યું છે, બે નાસિકાનાં છિદ્રોમાં સ્રુવ નામે યજ્ઞપાત્ર રહ્યું છે, ઉદરમાં ઈડા નામે યજ્ઞશેષ ભક્ષણ કરવાનું પાત્ર રહ્યું છે, કાનનાં છિદ્રમાં ચમસ નામે સોમરસ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભરવાનાં પાત્રો રહેલાં છે, મુખમાં બ્રહ્માનો ભાગ મૂકવાનું પ્રાશિત્ર નામે યજ્ઞપાત્ર રહ્યું છે, મુખની અંદરના છિદ્રમાં ગ્રહ નામે સોમરસનું પાત્ર રહ્યું છે અને હે ભગવન્! અગ્નિહોત્ર તે આપનું ચાવવું છે.[૩૬] આપનું વારંવાર જે પ્રકટ થવું તે દીક્ષા છે-દીક્ષણીય નામે ઇષ્ટિ છે, આપની ડોક તે ઉપસદ્ નામની ત્રણ ઇષ્ટિઓ છે, આપની બન્ને તરફની દાઢો તે પ્રાયણીયા દીક્ષા-એટલે અનંતરેષ્ટિ અને ઉદનીયા દીક્ષા એટલે સમાપ્તીષ્ટિ છે; પ્રત્યેક ઉપસદ્ ઇષ્ટિમાં પ્રથમ કરવામાં આવતો પ્રવર્ગ્ય-મહાવીર-ગરુડયાગ, તે આપની જીભ છે; હોમરહિત એવો સભ્ય નામનો અગ્નિ અને આવસથ નામનો ઉપાસનાગ્નિ તે યજ્ઞસ્વરૂપ એવા આપનું મસ્તક છે અને ઇષ્ટકાચયન તે આપના પાંચ પ્રાણો છે.[૩૭] હે દેવ! સોમ÷ તે આપનું વીર્ય છે; પ્રાતઃસવન, મધ્યાહ્નસવન અને સાયંસવન એ ત્રણ સવનો તે આપની બાલ્ય, યૌવન તથા વૃદ્ધપણું-એ ત્રણ અવસ્થાઓ છે;× અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ઉક્થ, ષોડશી, વાજપેય, અતિરાત્ર, તથા આપ્તોર્યામ-એ સાત યજ્ઞવિભાગો તે આપની ત્વચા, માંસ વગેરે શરીરની સાત ધાતુઓ છે અને અનેક યાગના સમૂહરૂપ દ્વાદશાહ વગેરે જે સત્રો તે આપના શરીરના સાંધાઓ છે. આ રીતે ઇષ્ટિ એટલે યજનક્રિયા એજ જેમના શરીરનું બંધારણ છે એવા આપ, સોમ સહિત એવા યજ્ઞોરૂપ છો અને સોમરહિત એવા ક્રતુઓરૂપ છો.[૩૮] સર્વ મંત્રસ્વરૂપ, સર્વ દેવતાઓસ્વરૂપ, સર્વ હોમ કરવાનાં સાધનદ્રવ્યસ્વરૂપ; સર્વયજ્ઞસ્વરૂપ અને સર્વ ક્રિયાઓસ્વરૂપ એવા આપને અમારા વારંવાર નમસ્કાર હો. જે આપ વૈરાગ્યયુક્ત કર્મો કરવાથી પ્રાપ્ત થતી જે ચિત્તશુદ્ધિ અને તે દ્વારા પ્રાપ્ત થતી જે ભક્તિ અને તે દ્વારા પ્રાપ્ત થતી જે ચિત્તની સ્થિરતા-તેનાથી સાક્ષાત્કાર કરેલા એવા જ્ઞાનસ્વરૂપ છો અને સર્વ વિદ્યાઓના ગુરુ છો, તે આપને અમારા વારંવાર નમસ્કાર હો.[૩૯] હે પૃથ્વીને ધારણ કરનાર ભગવન્! આપે દાઢના અગ્રભાગની ટોચ ઉપર ધારણ કરેલી પર્વતો સહિત એવી આ પૃથ્વી તે, જળમાંથી નીકળતા કોઈ મદોન્મત્ત હાથીએ દાંત વડે ધારણ કરેલી પાંદડાંઓ સહિત એવી કમલિની જેમ શોભે તેમ શોભે છે.[૪૦] આપનું આ વેદમય વરાહસ્વરૂપ, દાંત વડે ધારણ કરેલા ભૂમંડળને લીધે એવું શોભે છે કે જાણે પોતાનાં શિખરો ઉપર ધારણ કરેલા મોટા મેઘમંડળ વડે કોઇએક શ્રેષ્ઠ કુલાચલ પર્વતની અત્યંત શોભા શોભતી હોય! અર્થાત્ તે કુલાચલ પર્વત જેવુંજ આપનું સ્વરૂપ હમણાં શોભે છે.[૪૧] હવે સ્થાવરજંગમ જગતના નિવાસસ્થાનને માટે આપ આ આપની પત્નીરૂપ અને તેથીજ સર્વની માતારૂપ પૃથ્વીને સારી રીતે સ્થાપી દો. કેમકે આપ સર્વના પિતા છો. (આપ પૃથ્વીનું સ્થાપન કરો એટલે) અમે આ ભૂમિદેવીને આપની સાથે નમન કરીશું; કારણકે જેમ યાજ્ઞિકો મંત્રદ્વારા અરણિકાષ્ઠમાં અગ્નિદેવનું સ્થાપન કરે છે, તેમ આપે પણ પોતાના તેજરૂપ સર્વને ધારણ કરવાની શક્તિ આ ભૂમિમાં સ્થાપી છે.[૪૨] હે પ્રભો! આપના વિના બીજો કયો પુરુષ રસાતલમાં ગયેલી આ પૃથ્વીનો ઉદ્ધાર કરવાનું કાર્ય કરવાની ઇચ્છા પણ કરી શકે તેમ છે? (ખરેખર, આપે આ અતિ દુષ્કર કાર્ય કર્યું છે;) પણ જેમને વિષે સર્વ આશ્ચર્યો સમાઈ જાય છે એવા આપને વિષે આ કંઈ આશ્ચર્ય નથી. કેમકે આપે અતિશય આશ્ચર્યજનક એવું આ જગત ઉત્પન્ન કર્યું છે.[૪૩] હે ઈશ્વર! આપે પોતાનું વેદમય શરીર ધુણાવતાં કેશવાળીમાંથી ઊડેલાં પવિત્ર જળબિંદુઓ વડે સિંચન કરીને જનલોક, તપલોક તથા સત્યલોકમાં નિવાસ કરનારા અમને અત્યંત પવિત્ર કર્યા છે.[૪૪] ખેદની વાત છે કે, જે પુરુષ અપાર

÷ સોમ એટલે સોમ ઔષધિ.—**બાલપ્રબોધિની**

× અથવા તે ત્રણ સવનો તે આપનું અવસ્થાન છે-સ્થિતિ છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્મોવાળા આપના કર્મોના પારને જાણવાની ઇચ્છા કરે છે તે પુરુષ, ભ્રષ્ટ થયેલી બુદ્ધિવાળો છે. હે ભગવન્! આપની યોગમાયાના ગુણોના સંબંધથી આ સમસ્ત જગત મોહિત થયું છે, માટે આપ તેનું કલ્યાણ કરો.'[૪૫]

મૈત્રેય બોલ્યા–'તે પછી બ્રહ્મવાદી મુનિઓ વડે એ પ્રમાણે સ્તુતિ કરાતા એ સર્વરક્ષક પરમાત્માએ પોતાની ખરીઓથી દબાયેલા જળ પર પૃથ્વીને સ્થાપી દીધી.[૪૬] પ્રજાઓના પતિ તે વિશ્વક્સેન ભગવાન શ્રીહરિ એ પ્રમાણે લીલામાત્રમાં રસાતલમાંથી આણેલી પૃથ્વીને જળ ઉપર સ્થાપી દઇને ત્યાંથી (પોતાના ધામમાં) પધાર્યા.[૪૭] જે પુરુષ એ પ્રમાણે લોકનાં દુઃખ હરવાના સંકલ્પવાળા અને કીર્તન કરવા યોગ્ય માયાવી ચરિત્રવાળા શ્રીહરિની આ સુંદર કથાનું ભક્તિથી શ્રવણ કરે છે કે શ્રવણ કરાવે છે, તેના હૃદયમાંજ રહેલા શ્રીજનાર્દન ભગવાન સત્વર તેના પર પ્રસન્ન થાય છે.[૪૮] અને સમગ્ર ઇચ્છવા યોગ્ય પુરુષાર્થોના પ્રભુ એવા તે ભગવાન પ્રસન્ન થયા એટલે શું દુર્લભ છે? કંઇજ નહિ. પછી તે તે તુચ્છ કામાદિ પદાર્થોની પણ કંઇ જરૂર રહેતી નથી. કેમકે જે પુરુષો અનન્યદૃષ્ટિએ–સર્વ આશાઓનો ત્યાગ કરી કેવળ એક ભગવાનનુંજ ભજન કરે છે, તેઓને પ્રાણીમાત્રની હૃદયગુહામાં રહેલા તે પરમાત્મા પોતાની મેળેજ સર્વોત્કૃષ્ટ પોતાના પદની પ્રાપ્તિ કરાવે છે.[૪૯] માટે અહો! કેવળ પશુ વિના પુરુષાર્થોના સારને જાણનારો કયો પુરુષ આ લોકમાંની પ્રાચીન કથાઓમાંથી સંસારનો નાશ કરનારી ભગવાનની કથારૂપ અમૃતનું કાનરૂપી અંજલિથી પાન કરીને તેનાથી વિરામ પામે?'[૫૦]

को नाम लोके पुरुषार्थसारवित् । पुराकथानां भगवत्कथासुधाम् ॥ आपीय कर्णाञ्जलिभिर्भवापहामहोविरज्येत विना नरेतरम् ॥ ५० ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૧૩ મો સમાપ્ત

અધ્યાય ૧૪ મો*

દિતિને કશ્યપથી રહેલો ગર્ભ અને હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુની ઉત્પત્તિ

॥ श्रीशुक उवाच ॥

निशम्य कौषारविणोपवर्णितां हरेः कथां कारणसूकरात्मनः । पुनः स पप्रच्छ तमुद्यतांजलिर्न चातितृप्तो विदुरो धृतव्रतः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા–"પૃથ્વીના ઉદ્ધારને કારણે વરાહઅવતાર ધારણ કરનારા શ્રીહરિની મૈત્રેયે વર્ણવેલી એ કથા સાંભળીને પણ અત્યંત અતૃપ્ત રહેલા વ્રતધારી વિદુરજીએ ફરી પણ બે હાથ જોડી મૈત્રેયને આ પ્રમાણે પૂછ્યું.[૧]

વિદુરજી બોલ્યાઃ–'હે મુનિશ્રેષ્ઠ! તેજ યજ્ઞમૂર્તિ શ્રીહરિએ આદિદૈત્ય હિરણ્યાક્ષનો વધ કર્યો, એ તો અમે સાંભળ્યું;[૨] પણ હે બ્રહ્મન્! પોતાની દાઢના અગ્રભાગ વડે લીલામાત્રમાં પૃથ્વીનો ઉદ્ધાર કરી રહેલા વરાહભગવાનનું અને તે દૈત્યરાજાનું શાથી યુદ્ધ થયું હતું?'[૩]

મૈત્રેય બોલ્યાઃ–'હે વીર વિદુરજી! મનુષ્યોના મૃત્યુપાશને છેદનારી શ્રીહરિના અવતારસંબંધની કથા જે તમે મને પૂછો છો તે તમારો પ્રશ્ન ઉત્તમ છે.[૪] કેમકે મુનિ નારદે કહેલી શ્રીહરિકથા વડે ઉત્તાનપાદનો બાળક પુત્ર ધ્રુવ, મૃત્યુના મસ્તક ઉપર પગ મૂકીને શ્રીહરિના પદને પામી ગયો હતો.[૫]

'હવે આ સંબંધે દેવોએજ જ્યારે પ્રશ્ન કર્યો હતો, ત્યારે તેમની આગળ દેવોના દેવ બ્રહ્માએ જે ઇતિહાસ વર્ણવ્યો હતો, તે મેં આ પ્રમાણે સાંભળ્યો છે.[૬] હે વિદુરજી! એક વખતે દક્ષની પુત્રી દિતિએ, સંધ્યાકાળના સમયે કામાતુર થઇને સંતાનની ઇચ્છાથી મરીચિના પુત્ર પોતાના પતિ

* આ અધ્યાયમાં હિરણ્યાક્ષના વધનું કારણ કહેવાને સંધ્યાકાળે દિતિને કામ જાગ્રત થતાં તેણીને ગર્ભ રહ્યો, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કશ્યપ ઋષિની (કામભોગ માટે) ઇચ્છા કરી હતી.[૭] તે સમયે સૂર્ય અસ્ત પામી રહ્યો હતો ત્યારે કશ્યપ ઋષિ, અગ્નિ જેમની જીભ છે એવા યજ્ઞપતિ શ્રીવિષ્ણુનું દૂધથી યજન કરીને સમાધિનિષ્ઠ અવસ્થામાં અગ્નિહોત્રશાળામાં બેઠા હતા.[૮] (ત્યાં જઇને)

દિતિ બોલી:–' હે વિદ્વન્! જેમ મહોન્મત્ત હાથી કેળના ઝાડને દુઃખ દે તેમ આ કામદેવ, ધનુષ લઇને પોતાનું પરાક્રમ પ્રકટ કરી તમારે માટે મને દીનને દુઃખ દે છે.[૯] માટે પુત્રોવાળી શોક્યોની સમૃદ્ધિઓથી બળ્યા કરતી મારા પર આપ અનુગ્રહ કરો, આપનું કલ્યાણ થાઓ.[૧૦] જે સ્ત્રીઓને પોતાના પતિ તરફથી બહુ માન મળે છે અને જે સ્ત્રીઓમાં તમારા જેવો પતિ પ્રજારૂપે એટલે પુત્રરૂપે ઉત્પન્ન+ થાય છે, તે સ્ત્રીઓનો યશ સમગ્ર લોકમાં વ્યાપ્ત થઇ જાય છે.[૧૧] હે ભગવન્! પૂર્વે અમારા પિતા દક્ષે પુત્રીઓ ઉપર પ્રેમાળ થઇને અમને જુદું જુદું આ પ્રમાણે પૂછ્યું હતું: 'હે પુત્રીઓ! તમે કયા વરને વરશો?'[૧૨] ત્યારે પોતાનાં સંતાનોનું પાલન કરનારા અમારા પિતાએ પોતાની પુત્રીઓના અભિપ્રાયને જાણી લઇ તેમાંની અમે તેર પુત્રીઓને તમને આપી છે, કે જે અમે તમારા શીલને અનુસરનારી છીએ;*[૧૩] તો હે કમળ સમાન નેત્રોવાળા કલ્યાણકારક સ્વામિન્! તમે મારી કામના પૂર્ણ કરો. કેમકે હે સમર્થ પતિ! દુઃખી મનુષ્યનું મહાન પુરુષને શરણે જવું તે નિષ્ફળ થતું નથી.[૧૪] 'હે વીર વિદુરજી! એ પ્રમાણે વૃદ્ધિ પામેલા કામને લીધે મોહગ્રસ્ત બનેલી અને તેથીજ એ રીતે દીન બનીને બહુ બોલતી દિતિને વાણીથી સમજાવતા કશ્યપ ઋષિ તેણીના પ્રત્યે બોલ્યા કે,[૧૫] 'હે ભીરુ! તું જે ઇચ્છે છે તે તારું પ્રિય હું કરીશ; કેમકે જેનાથી ત્રણે પુરુષાર્થોની સિદ્ધિ થાય છે, તેવી પોતાની સ્ત્રીની કામનાને કયો પુરુષ પૂર્ણ ન કરે?[૧૬] જેમ નૌકાઓ વડે મનુષ્ય પોતે સમુદ્રને તરે છે અને બીજાઓને પણ તારી શકે છે, તેમ સ્ત્રીવાળો ગૃહસ્થાશ્રમી પુરુષ, બ્રહ્મચર્ય આદિ સર્વ આશ્રમોને અન્નાદિ આપીને દુઃખસમુદ્રમાંથી તારે છે અને પોતે પણ દુઃખસમુદ્રમાંથી તરે છે.[૧૭] વળી હે માનિનિ! જે સ્ત્રીને વિદ્વાનો કલ્યાણ ઇચ્છનારા પુરુષનું પોતાનું અર્ધું અંગ કહે છે, જેના પર પોતાનો સર્વ ગૃહભાર સ્થાપી દઇને પુરુષ નિશ્ચિંત થઇને ફર્યા કરે છે અને જેનો આશ્રય કરીને અમે જેમ કોઇ કિલ્લાનો પતિ ચોરો કે શત્રુઓને જીતે છે, તેમ બીજા આશ્રમીઓથી દુર્જય એવા ઇન્દ્રિયરૂપી શત્રુઓને રમતમાત્રમાં જીતી શકીએ છીએ, તે આવા અનેક ઉપકાર કરનારી તારા જેવી ગૃહિણીની સમાનતા કરવાને હે ગૃહેશ્વરિ! અમે કે બીજા ગુણપ્રિય પુરુષો પોતાના સંપૂર્ણ આયુષથી પણ સમર્થ નથી;[૧૮-૨૦] તોપણ પુત્રોત્પત્તિ માટેની તારી આ જે કામના છે, તેને જે રીતે લોકો મને નિંદે નહિ એ રીતે હું પૂર્ણ કરીશ; તું માત્ર બે ઘડી થોભી જા;[૨૧] કેમકે આ સંધ્યાસમયની વેળા અતિશય ઘોર છે; ઘોર પ્રાણીઓની વેળા છે અને ઘોર દેખાવવાળી છે, જે વેળાએ મહાદેવના અનુચર ભૂતો ફર્યા કરે છે.[૨૨] હે સાધ્વી! આ સંધ્યાસમયે પ્રાણીમાત્રનું રક્ષણ કરનારા ભગવાન ભૂતરાજ શંકર પોતાના બળદ પર બેસીને ભૂતગણોની સાથે વિચરે છે.[૨૩] વળી એ તારા દિયર* શંકર કે જેમનો જટાસમૂહ

+ પતિજ સ્ત્રીઓમાં પ્રજારૂપે ઉત્પન્ન થાય છે તેનો પુરાવો આ વેદવાક્ય છે–'**तज्जाया जाया भवति यदस्यां जायते पतिः**' તેજ સ્ત્રી 'જાયા' કહેવાય છે, જેમાં પતિ પુત્રરૂપે જન્મે છે. —**શ્રીધર**

* કહેવાનો ભાવ એ છે કે, અમે તેર બહેનો આપને વરી છીએ, તેઓના પર આપે સમભાવ રાખવો જોઇએ; વિષમભાવ રાખવો એ આપને યોગ્ય નથી. —**શ્રીધર**

* દિયર એટલા માટે કે, દિતિ જેમ દક્ષની કન્યા થાય તેમજ શંકરને આપેલાં સતી પણ દક્ષકન્યાજ હતાં. એ રીતે શંકર અને કશ્યપ ઋષિ એકજ માણસના જમાઇ તરીકે થયા; જેથી એ સંબંધને લીધે તેઓ પરસ્પર ભાઇઓ તરીકે ગણાય છે અને એજ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્મશાનના વંટોળિયાથી ઊડતી ધૂળ વડે ભુખ્ખર-વર્ણો હોઈ વિખરાયલો અને પ્રકાશમાન હોય છે અને જેમનું સુવર્ણ જેવું ઉજ્જ્વળ શરીર ભસ્મને લીધે ચારે તરફથી ઢંકાયલું રહે છે તે શંકરદેવ ચંદ્ર, સૂર્ય અને અગ્નિરૂપ ત્રણ નેત્રો વડે સર્વ કંઇ જોયા કરે છે.[૨૪] જે શંકરને કોઇ સ્વજન નથી કે પરજન નથી, જેમને કોઇ અતિ આદરપાત્ર નથી અને કોઈ નિંદાપાત્ર પણ નથી અને વ્રતો વડે જેમનું આરાધન કરી અમે, જેમણે સંપૂર્ણ ભોગવીને નિર્માલ્યની પેઠે ચરણથી દૂર ફેંકી દીધેલી ધનાદિ સંપત્તિની, જેમના એક મહાન પ્રસાદ તરીકે આશા રાખીએ છીએ તે શંકરદેવ ચંદ્ર, સૂર્ય ને અગ્નિરૂપ નેત્રો વડે બધું જુએ છે.[૨૫] વિદ્વાનો પોતાની અવિદ્યારૂપ પડળને ભેદી નાખવાની ઇચ્છાથી જેમનાં નિર્દોષ ચરિત્રોની સ્તુતિ કર્યા કરે છે, જેમણે સામ્ય તથા અતિ-શયભાવ દૂર ફેંકી દીધા છે, છતાં પણ તે શંકરદેવ સત્પુરુષોની÷ ગતિરૂપ હોઇને પિશાચના જેવું આચરણ કરે છે.[૨૬] જે પુરુષોએ પોતાના શરી-રનેજ આત્મા તરીકે માની લઇ (વસ્તુતઃ) કૂત-રાંઓના ભોજનરૂપ એ શરીરને વસ્ત્ર, માળા, અલંકાર તથા વિલેપન આદિથી લાડ લડાવ્યું હોય છે,તેવા દુર્ભાગી પુરુષોજ પોતાના આત્મામાં રમણ કરનારા તે શંકરદેવના લોકશિક્ષારૂપ અભિપ્રાયવાળા ચરિત્રને પોતે નહિ જાણતા હો-વાથી હસે છે.[૨૭] વળી જેમણે અર્પણ કરેલા પોતપોતાના અધિકારોને બ્રહ્માદિ દેવો પણ પામે છે, જે આ જગતના કારણ છે–જેમણે આ જગત રચ્યું છે અને માયા પણ જેમની આજ્ઞામાં રહે છે તે પરમેશ્વર શંકરદેવની પણ પિશાચચર્યા ! અહો આશ્ચર્ય ! એ પરમેશ્વરનું ચરિત્ર અતર્ક્ય છે.[૨૮]

મૈત્રેય બોલ્યાઃ–' પોતાના પતિએ એ પ્રમાણે જણાવ્યું, છતાં જેની ઇન્દ્રિયો કામથી વ્યાકુળ થઈ ગઇ હતી એવી તે દિતિએ, નિર્લજ્જ વેશ્યાની પેઠે બ્રહ્મર્ષિ કશ્યપનું વસ્ત્ર પકડ્યું.[૨૯] પછી તે કશ્યપ ઋષિ પોતાની પત્નીનો એ નિંદ્ય કર્મમાં આગ્રહ જોઇ દૈવરૂપ ઈશ્વરને પ્રણામ કરી એકાં-તમાં તેણીની સાથે બેઠા.+ તે પછી સ્નાન કરી, આચમન કરીને તેમણે પ્રાણાયામ કર્યો અને મૌન રહી શુદ્ધ જ્યોતિ–પરમાત્માનું ધ્યાન કરીને સનાતન બ્રહ્મ–ગાયત્રીનો જપ કરવા માંડ્યો.[૩૦] બીજી તરફ હે ભારત ! દિતિ તો પોતાના એ નિંદ્ય-કર્મથી શરમાઈ જઇ બ્રહ્મર્ષિ કશ્યપની પાસે જઇને નીચું મુખ રાખી આ પ્રમાણે કહેવા લાગી.[૩૧,૩૨]

દિતિ બોલીઃ–' હે બ્રહ્મન્ ! જેમનો મેં અપ-રાધ કર્યો છે અને જે સર્વ ભૂતોમાં શ્રેષ્ઠ છે, તે પ્રાણીમાત્રના પતિ શંકરદેવ, મારા આ ગર્ભનો નાશ ન કરો. જે મહાદેવ સર્વ દુઃખોનો નાશ કરનારા છે, ઉલ્લંઘન કરવાને પણ અશક્ય છે, સકામ ભક્તોને ફળ આપનારા છે, નિષ્કામ ભ-ક્તોનું કલ્યાણ કરનારા છે, વસ્તુતઃ દંડનો ત્યાગ કરનારા હોવા છતાં દુષ્ટોને શિક્ષા કરનારા છે અને જગતના સંહારના સમયે ક્રોધમૂર્તિ ધારણ કરે છે, તેમને મારા નમસ્કાર હો.[૩૩,૩૪] અમે સ્ત્રીઓ, કે જેઓ પારધિની પણ દયાપાત્ર છીએ, તેઓના પર તે મહાન અનુગ્રહ કરનારા મારા બનેવી સતીપતિ ભગવાન શંકરદેવ પ્રસન્ન થાઓ.[૩૫]

મૈત્રેય બોલ્યાઃ–' એ રીતે પોતાનાં સંતાનનું

કારણથી શંકરને અહીં દિતિના દિયર કહ્યા છે અને સૂચવ્યું છે કે, શંકર મારા ભાઇ થાય અને તારા દિયર થાય, તેથી આપણે તેમનાથી શરમાવું જોઇએ.

બાલપ્રબોધિની લખે છે કે, દિયર શબ્દનો મૂળ સંસ્કૃત શબ્દ '**देवर**' છે. એટલે **देवं-पतिं राति इति देवरः**'–તને પતિના દાતા તે શંકર છે. કેમકે તેં કન્યાવસ્થામાં તેમનું આરાધન કરેલું અને તેથીજ તને પતિપ્રાપ્તિ થઇ છે; માટે તારે તેમનાથી અવશ્ય શરમાવું જોઈએ.

÷ સત્પુરુષોના ગુરુ હોઇને ' મુમુક્ષુઓએ આવુંજ આચરણ કરવું જોઇએ,' એવી શિક્ષા આપવા માટેજ પોતે પિશાચના જેવું આચરણ કરે છે. —**મા. ક.**

+ અર્થાત્ તેણીની ઇચ્છાને અધીન થઇ, ભાવી પણ તેવુંજ જોઇને તેમણે તેણીની સાથે મૈથુન કર્યું.–**મા.ક.**

દિતિકે ...

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બન્ને લોકમાં કલ્યાણ ઇચ્છતી અને થરથર ધ્રૂજતી પોતાની ભાર્યા દિતિને પ્રજાપતિ કશ્યપ સંધ્યા-નિયમ પૂર્ણ કરીને કહેવા લાગ્યા.[૩૬]

કશ્યપ બોલ્યાઃ-'હે અમંગલ સ્ત્રિ! તારૂં ચિત્ત અપવિત્ર હોવાને લીધે, સંધ્યાસમયરૂપી દોષને લીધે, મારી આજ્ઞા નહિ પાળવાને લીધે અને રુદ્રના અનુચર દેવોના મહાન અપરાધને લીધે હે ઉગ્ર સ્ત્રિ! તારા ઉદરમાંના બે પુત્રો મહા-નીચ થશે, અમંગળરૂપ થશે અને લોકપાલો સહિત ત્રણે લોકને વારંવાર આક્રંદ કરાવશે.[૩૭।૩૮] તેઓ નિરપરાધી દીન પ્રાણીઓનો જ્યારે વધ કરવા માંડશે, સ્ત્રીઓને પાતિવ્રત્યધર્મથી ભ્રષ્ટ કરવા લાગશે અને તેથી કરીને મહાત્મા પુરુષો જ્યારે કોપાયમાન થશે, ત્યારે લોકોનું રક્ષણ કરનારા વિશ્વેશ્વર ભગવાન ક્રોધાયમાન થશે અને પોતે અવતાર લઇને જેમ ઇન્દ્ર પર્વતોનો નાશ કરે, તેમ તારા બન્ને પુત્રોનો નાશ કરશે.[૩૯।૪૦]

દિતિ બોલીઃ-'સુદર્શનચક્ર વડે શોભતા બાહુવાળા સાક્ષાત્ ભગવાનથી મારા પુત્રોના નાશને તો હું ઇચ્છું છું; પરંતુ હે પ્રભો! કોપેલા બ્રાહ્મણથી મારા પુત્રોનો નાશ ન થાઓ. કેમકે બ્રાહ્મણોના શાપરૂપ દંડથી બળી ગયેલો અને પ્રાણીમાત્રને ભય આપનારો મનુષ્ય જે જે યોનિમાં જાય છે ત્યાં તેના ઉપર નારકી જીવો પણ કૃપા કરતા નથી.[૪૧।૪૨]

કશ્યપ બોલ્યાઃ-'કરેલા અપરાધને લીધે શોકથી તને પશ્ચાત્તાપ થાય છે, અપરાધ કર્યા પછી તુરતજ યોગ્યાયોગ્યનો વિચાર થાય છે, વળી ભગવાન શંકર પ્રત્યે તને ઘણું માન છે અને મારા વિષે પણ તારો ભક્તિભાવ છે; તેથી તારા પૌત્રોમાંનો એક પૌત્ર સત્પુરુષોમાં માન્ય થશે, જેના શુદ્ધ યશને ભગવાનના યશની પેઠેજ લોકો ગાશે.[૪૩।૪૪] વળી જે તારા એ પૌત્રના શ્રેષ્ઠ ચારિત્રને અનુસરવાને-એવા વિશુદ્ધ ચારિત્રને સંપાદન કરવાને સત્પુરુષો પોતાના આત્માને જેમ હીનવર્ણા સુવર્ણને અગ્નિના તાપ વગેરેથી શુદ્ધ કરવામાં આવે, તેમ નિર્વૈરભાવ વગેરે ઉપાયોથી શુદ્ધ કરશે. વળી ભગવાનનુંજ સ્વરૂપ એવું આ જગત જે ભગવાનની કૃપાથીજ પ્રસન્ન રહે છે, તે આત્મસાક્ષી ભગવાન તારા પૌત્રની 'કેવળ એક ભગવાનજ સત્ય છે'-એવા પ્રકારની અનન્ય દૃષ્ટિથી પ્રસન્ન થશે. તેમજ એ તારો પૌત્ર ભગવાનનો મહાન ભક્ત હોઇને મહાત્મા થશે-અસંકુચિત દૃષ્ટિવાળો થશે, મહાપ્રભાવશાળી થશે, મહાન પુરુષોમાં પણ અત્યંત મહાન થશે અને અત્યંત વૃદ્ધિ પામેલી ભક્તિ વડે શુદ્ધ થયેલા અંતઃકરણમાં શ્રીવૈકુંઠ ભગવાનને સ્થાપી દેહાભિમાનનો ત્યાગ કરશે. વળી તે વિષયલંપટ થશે નહિ, ×શીલધારી થશે, ધૈર્ય આદિ ગુણોની તો જન્મભૂમિરૂપ થશે, પારકી સમૃદ્ધિઓથી હર્ષ પામશે, બીજાઓને દુઃખી જોઇને પોતે પણ દુઃખી થશે, તેનો કોઇ શત્રુ તો થશેજ નહિ અને ચંદ્રમા જેમ ગ્રીષ્મ ઋતુના તાપને દૂર કરે છે, તેમ જગતના શોકને તે દૂર કરશે; એટલુંજ નહિ પણ તારો એ પૌત્ર સર્વ પ્રકારના દોષથી રહિત, કમળ સમાન નેત્રવાળા, પોતાના ભક્તપુરુષોની ઇચ્છાથીજ વારંવાર સ્વરૂપો ધારણ કરનારા, લક્ષ્મીદેવીરૂપી સુંદરીના પણ એક અલંકારરૂપ અને ઝળહળતાં કુંડળોથી શોભતા મુખવાળા શ્રીહરિનાં અંતરમાં ને બહાર-સર્વ સ્થળે દર્શન કરશે.[૪૫-૪૯]

મૈત્રેય બોલ્યાઃ-'પોતાનો પૌત્ર આવો ભગવાનનો ભક્ત થશે, એ સાંભળીને અને પોતાના બન્ને પુત્રોનો શ્રીભગવાનથીજ વધ થશે, એ જાણીને ઉદાર મનવાળી દિતિ અત્યંત આનંદ પામી.*[૫૦]

श्रुत्वा भागवतं पौत्रममोदत दितिर्भृशम् ।
पुत्रयोश्च वधं कृष्णाद्विदित्वासीन्महामनाः ॥५०॥

તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૧૪ મો સમાપ્ત

× શીલધારી એટલે સુંદર સ્વભાવવાળો.—શ્રીધર

* કેમકે શ્રીહરિની સાથે યુદ્ધ કરી પોતાના બન્ને પુત્રો મરણ પામશે, તેથી તેમની આ લોકમાં કીર્તિ થશે અને પરલોકમાં સદ્ગતિ પણ થશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय १५ मो×

વૈકુંઠમાં જય-વિજયને સનત્કુમારોનો શાપ

॥ मैत्रेय उवाच ॥

प्राजापत्यं तु तत्तेजः परतेजोहनं दितिः ।
दधार वर्षाणि शतं शंकमाना सुरार्दनात् ॥ १ ॥

મૈત્રેય બોલ્યા:—'બીજાઓના તેજનો નાશ કરનારા એ કશ્યપ ઋષિના વીર્યરૂપી તેજને 'પોતાના બે પુત્રોથી દેવોને પીડા થશે' એમ શંકા કરતી દિતિએ સો વર્ષ સુધી ધારણ કર્યું.[૧] દિતિના આ ગર્ભના તેજથી સૂર્ય-ચંદ્ર વગેરેનો પ્રકાશ નાશ પામી ગયો અને લોકપાલોના પ્રભાવ પણ નષ્ટ થઈ ગયા; એટલે તે લોકપાલોએ દિશાઓમાં અંધારું થઇ જવાની તે વાત જગત્સ્રષ્ટા બ્રહ્મદેવને નિવેદન કરી.'[૨]

દેવો બોલ્યા:—'હે સમર્થ દેવ! આ અંધકારને આપ જાણો છો ને કે જે અંધકારથી અમે અત્યંત ભય પામ્યા છીએ? આપના જ્ઞાનપ્રચારને કાળ સ્પર્શ કરી શકતો નથી, તેથી આપ ભગવાનથી કંઇ પણ અજાણ્યું નથી.[૩] હે દેવોના પણ દેવ! હે જગતના ધાતા! હે લોકનાથના પણ શિરોમણિ! આપ પ્રાચીન કે અર્વાચીન અથવા ઉત્તમ કે અધમ સર્વ પ્રાણીઓના અભિપ્રાયને જાણો છો.[૪] વિજ્ઞાન એજ આપનું વીર્ય છે—બળ છે; જે આપે માયા વડેજ આ બ્રહ્મશરીરને ધારણ કર્યું છે અને રજોગુણને ગ્રહણ કર્યો છે, તેમજ આ સર્વ પ્રપંચના આપ કારણભૂત છો અથવા આપનું ઉત્પત્તિકારણ હજી સુધી કોઇ પણ પ્રમાણથી જાણવામાં આવ્યું નથી—તે આપને અમારા વારંવાર નમસ્કાર હો.[૫] જે આપ સર્વ જીવોને ઉત્પન્ન કરનારા છો, સર્વ ભુવનોને પોતાનામાં ઓતપ્રોત કરો છો—ચેતન, અચેતન સર્વ પ્રપંચના કારણ છો અને વસ્તુતઃ કાર્ય-કારણથી પર હોવા છતાં કાર્ય-કારણરૂપ છો—તે આપનું જે પુરુષો અનન્ય ભાવે—નિષ્કામ ભક્તિભાવે ધ્યાન કરે છે, તે અતિશય પક્વ યોગવાળા અને શ્વાસ, ઇન્દ્રિયો તથા મનને જીતી લઇ આપની કૃપાને પ્રાપ્ત થયેલા પુરુષોનો કોઇથી પણ પરાભવ થતો નથી.[૬-૭] જેમ દોરડીથી બંધાયલી ગાયો પોતાના સ્વામીને દૂધ વગેરે આપે છે, તેમ આપની (વેદરૂપ) વાણીથી બંધાયલી સર્વ પ્રજાઓ સાવધાન થઇ આપને બલિદાન આપ્યા કરે છે, તે સર્વના નિયંતા અથવા સર્વના પ્રાણરૂપ એવા આપને અમારાં નમસ્કાર હો.[૮] હે મહાસમર્થ દેવ! આ અંધકારને લીધે (દિવસરાત્રિના વિભાગની અમને ખબર પડતી નથી અને તેથી) અમારાં કર્મોનો વિનાશ થઇ ગયો છે, તો આપ અમારું કલ્યાણ કરો. અમે આ રીતે આપત્તિમાં આવી પડ્યા છીએ, માટે અમારા તરફ પુષ્કળ દયાદૃષ્ટિથી જોવાને આપ યોગ્ય છો.[૯] હે દેવ! કશ્યપ ઋષિએ સ્થાપેલા તેજરૂપ આ દિતિનો ગર્ભ કાષ્ઠમાં જેમ અગ્નિ વૃદ્ધિ પામે, તેમ સર્વ દિશાઓને અંધકારથી વ્યાપ્ત કરતો વૃદ્ધિ પામે છે.'[૧૦]

મૈત્રેય બોલ્યા:—'હે મહાબાહુ વિદુરજી! દેવોનાં એ વિજ્ઞપ્તિનાં વાક્યો જેમને ઉદ્દેશીને હતાં, એવા તે ભગવાન બ્રહ્મદેવ (દિતિનું એ અસદ્વર્તન મનમાં જાણી લઇ ખૂબ હસીને પોતાની સુંદર વાણીથી દેવોને પ્રસન્ન કરતા કહેવા લાગ્યા.[૧૧]

બ્રહ્મા બોલ્યા:—'મારા મનથી ઉત્પન્ન થયેલા અને તમારા પૂર્વજ મારા સનકાદિ-પુત્રો લોકોમાં પ્રયોજનરહિતાં હોઇને આકાશમાર્ગે સર્વ લોકમાં વિચરતા હતા.[૧૨] એક સમયે તેઓ નિર્મળ સ્વરૂપવાળા ભગવાન શ્રીવૈકુંઠના (વિષ્ણુના) વૈકુંઠલોકમાં ગયા, કે જે વૈકુંઠલોકને સર્વ લોકો નમ-

× આ અધ્યાયમાં નાશ પામેલી કાંતિવાળા દેવોએ પૂછવા પરથી બ્રહ્માએ હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુના મૂળ કારણરૂપ એવા વિષ્ણુસેવકોને વૈકુંઠમાં થયેલો બ્રાહ્મણ સનત્કુમારનો શાપ૪૦ કહેવામાં આવશે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્કાર કરે છે;[13] જે વૈકુંઠલોકમાં સર્વ પુરુષો શ્રીવૈકુંઠ ભગવાન જેવાજ સ્વરૂપવાળા છે; જેઓ સર્વે નિષ્કામ ધર્મથી શ્રીહરિનું આરાધન કર્યા કરે છે;[14] વળી જ્યાં કેવળ એક વેદાંતથીજ જાણવા યોગ્ય અને ધર્મમૂર્તિ એવા આદિપુરુષ ભગવાન શ્રીહરિ રજોગુણરહિત એવો શુદ્ધ સત્ત્વગુણ ધારણ કરીને પોતાના ભક્ત એવા આપણને સુખ ઉપજાવતા રહે છે;[15] અને જે વૈકુંઠલોકમાં નૈઃશ્રેયસ નામનું એક વન છે, કે જે વન સર્વ કામનાઓને પૂર્ણ કરનારાં ને સર્વ ઋતુઓમાં ફળ-પુષ્પની સંપત્તિવાળાં વૃક્ષોથી શોભી રહેલું હોઇને મૂર્તિમાન મોક્ષના જેવું છે;[16] જે એ વનમાં સ્ત્રીઓની સાથે વિમાનમાં વિચરતા ભગવાનના પાર્ષદો જળની અંદર ખીલેલાં અને પ્રસરી રહેલા રસવાળા વસંતકાળનાં પુષ્પોની સુગંધથી પોતાની બુદ્ધિ ખંડિત થાય છે-કંઇક વિઘ્નવાળી થાય છે, છતાં તે સુગંધને લાવનારા પવનનો અનાદર કરીને સર્વ લોકોનાં પાપોનો નાશ કરનાર પોતાના સ્વામી શ્રીભગવાનનાં ચરિત્રોને ગાયા કરે છે.*[17] વળી એ વનમાં શ્રેષ્ઠ એવો કોઈ ભમરો જાણે હરિકથાને ગાઈ રહ્યો હોય, તેમ મોટેથી ગુંજારવ કરતો હોય છે, ત્યારે કબૂતરો, કોયલો, હંસો, ચક્રવાકો, પોપટો, તેતરો અને મોર વગેરે પક્ષીઓનો જે કોલાહલ તે પણ ક્ષણવાર વિરામ પામી જાય છે.×[18] વળી તે વનમાં મંદાર નામે કલ્પવૃક્ષ, મોગરો, તિલકવૃક્ષ, રાત્રિવિકાસી કમળ, ચંપો, અર્ણ નામે ફૂલઝાડ, પુન્નાગ, નાગકેસર, બોલસરી, દિવસવિકાસી કમળ અને પારિજાત નામનું કલ્પવૃક્ષ-એ સર્વ વૃક્ષોનાં ફૂલો જો કે પોતે સુગંધી છે, તોપણ શ્રીભગવાને તુલસીનો અલંકાર કરી તુલસીના ગંધની પ્રશંસા કરી તેથી એ બધાં વૃક્ષો તુલસીના તપને બહુ માન આપે* છે.[19] વળી એ વૈકુંઠલોક શ્રીહરિના ચરણોમાં પ્રણામ કરવાથીજ જોઇ શકાય એવાં વૈડૂર્યમણિનાં, મરકતમણિનાં, તથા સુવર્ણનાં વિમાનોથી વ્યાપ્ત રહે છે; અને જેઓનું મન શ્રીકૃષ્ણમાંજ રહ્યા કરે છે, એવા ત્યાં વસનારા ભક્ત પુરુષોને ત્યાંની મોટા મોટા નિતંબોવાળી અને મંદ હાસ્યથી શોભતા મુખવાળી એવી સ્ત્રીઓ પણ ઉપહાસાદિ પોતાના હાવભાવોથી રજોગુણના કામવિકારને ઉત્પન્ન કરી શકતી નથી.[20] વળી જ્યાં મનોહર મૂર્તિ ધારણ કરતી સાક્ષાત્ લક્ષ્મીદેવી કે જેની કૃપા મેળવવા માટે બ્રહ્માદિ દેવો પણ પ્રયત્ન કરે છે, તે પોતે પોતાનો ચંચળતાનો દોષ તજી દઈ પોતાના ચરણકમળને ઝાંઝરોથી ઝંકારિત કરતી સ્ફટિકમણિની ભીંતોવાળા અને વચ્ચેવચ્ચે શોભા માટે સુવર્ણથી જડેલા એવા ભગવાનના મંદિરમાં પોતાના ક્રીડા કરવાના કમળ વડે જાણે વાસીદું વાળતી હોય તેવી જણાય છે.[21] હે દેવો! વળી એ વૈકુંઠલોકમાં આવેલા પોતાના વનમાં લક્ષ્મીદેવી પોતાની સખીઓની સાથે રહી તુલસી વડે શ્રીભગવાનનું જ્યારે પૂજન કરે છે, ત્યારે વિદ્રુમમણિના કાંઠાવાળી અને નિર્મળ અમૃતતુલ્ય જળથી ભરેલી વાવડીઓમાં પ્રતિબિંબિત થયેલા સુંદર કેશવાળા અને ઊંચી નાસિકાવાળા પોતાના મુખને જોઇને પોતે (અભિમાનથી) માને છે કે, ભગવાને મારા મુખને ચુંબન કર્યું છે?[22] જે પુરુષો પાપોનો નાશ કરનારા ભગવાનની સૃષ્ટિ આદિની લીલાથી ભિન્ન વિષયવાળી-કેવળ અર્થકામાદિનાજ વિષયવાળી અને બુદ્ધિનો નાશ કરનારી કુકથાઓ સાંભળે છે, તેઓ એ વૈકુંઠલોકમાં જઇ શકતા નથી. કેમકે અત્યંત ખેદની વાત છે

* આ શ્લોકમાં કહેવાનું એ છે કે, વૈકુંઠલોકમાં ભગવાનના પાર્ષદોને નિરતિશય વિષયસુખ છે, છતાં ભગવાનના ભજનાનંદમાંજ તેઓની વિશેષ આસક્તિ રહે છે. —શ્રીધર

× અર્થાત્ ત્યાંનાં પક્ષીઓને પણ શ્રીહરિકથાના શ્રવણ વગેરેમાંજ પરમ આનંદ થાય છે. —भा. क.

* નહિ કે તુલસીની અદેખાઈ કરે છે-અર્થાત્ વૈકુંઠવાસી સર્વે ગુણગ્રાહી છે, પણ અદેખાં નથી. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કે, તેવી કુકથાઓને હતભાગી પુરુષોજ સાંભળે છે ને સાંભળનારાઓના પુણ્યરૂપ સારને હરી લેનારી એવી એ કુકથાઓ સાંભળનારાઓને શરણ વગરનાં નરકોમાંજ ધકેલી દે છે.[૨૩] જે મનુષ્યગતિને આપણે દેવો પણ ઇચ્છીએ છીએ અને જે મનુષ્યગતિમાં ધર્મ સહિત તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે, એવી મનુષ્યગતિને પામ્યા છતાં જેઓ ભગવાનની વિશાળ માયાથી મોહિત થઇને ભગવાનનું આરાધન કરતા નથી, તેઓ પણ અત્યંત ખેદની વાત છે કે, એ વૈકુંઠલોકમાં જઈ શકતા નથી; પરંતુ દેવોમાં શ્રેષ્ઠ એવા શ્રીભગવાનની સેવાને લીધે યમદેવ પોતે પણ જેઓથી દૂર રહે છે, જેઓનું શીલચારિત્ર ઇચ્છવા યોગ્ય હોય છે અને જેઓનાં અંગો પોતાના સ્વામી શ્રીહરિનાં સુંદર યશોગાનના પ્રેમની પરવશતાને લીધે હર્ષાશ્રુની સાથે રોમાંચિત થયાં હોય છે, તેવા પુરુષોજ આપણા સર્વથી ઉપર રહેલા તે વૈકુંઠલોકમાં જાય છે.[૨૪,૨૫] સનકાદિ મુનિઓ પોતાના અષ્ટાંગયોગના બળથી જગદ્‌ગુરુ શ્રીહરિથી વસાયલા, જગતમાં એક વંદન કરવા યોગ્ય અને જાતજાતના શ્રેષ્ઠ દેવોના વિમાનોની કાંતિવાળા તે અપૂર્વ તથા અલૌકિક વૈકુંઠલોકમાં જઇને અત્યંત હર્ષ પામ્યા.[૨૬] એ મુનિઓ તે વૈકુંઠલોકમાં ભગવાનના દર્શનની ઉત્કંઠાને લીધે તે અદ્દ્‌ભુત દર્શનમાં આસક્ત થયા વિના કિલ્લાના છ દરવાજાઓ ઓળંગીને સાતમે દરવાજે ગયા, એટલામાં સમાન વયના બે દેવો ત્યાં તેમના જોવામાં આવ્યા, જેઓએ હાથમાં ગદા ધારણ કરી હતી અને જેઓનો વેષ મહાકીમતી બાજુબંધો, કુંડળો તથા મુકુટોથી સુંદર હતો. વળી તે બન્ને દેવો મદોન્મત્ત ભમરાઓવાળી વનમાળાથી અલંકૃત હતા, કે જે વનમાળાને શ્યામ એવા ચાર બાહુઓની વચ્ચે સ્થાપવામાં આવી હતી; અને તેઓ બન્ને વાંકી ભ્રૂકુટીથી ફૂલતાં નસકોરાંથી તથા લાલ નેત્રોથી કંઈક ક્ષોભ પામેલું મુખ ધારણ કરતા હતા.[૨૭,૨૮]

સનકાદિ મુનિઓ કે જેઓ પોતાની સમભાવવાળી દૃષ્ટિને લીધે નિઃશંક થઇને સર્વત્ર અસ્ખલિતપણે વિચરતા હતા, તેઓ જેમ પ્રથમના છ દરવાજાઓમાં દાખલ થયા હતા, તેમ સુવર્ણ અને હીરાજડિત કમાડવાળા તે સાતમા દરવાજામાં પણ પેલા બે દેવોના દેખતાં તેમને પૂછયા વિનાજ દાખલ થઈ ગયા.[૨૯] એટલે કેવળ નગ્ન સ્વરૂપવાળા, વૃદ્ધ હોવા છતાં માત્ર પાંચ વર્ષના બાળક જેવા જણાતા અને આત્મતત્ત્વને જાણનારા તે ચારે મુનિઓને જોઇને તે બન્ને દેવો, કે જેઓનો સ્વભાવ ભગવાનથી વિરુદ્ધ હતો, તેઓએ 'અહો! અહીં પણ આવી ઉદ્ધતાઈ!' એ પ્રમાણે તે કુમારોના પ્રભાવને હસી કાઢીને અટકાવવાને યોગ્ય ન હોવા છતાં છડી વડે તે કુમારોને (અંદર જતા) અટકાવ્યા.[૩૦] એ રીતે દેવોના દેખતાં શ્રીહરિના એ બન્ને મુખ્ય દ્વારપાળોએ પોતાને અટકાવ્યા, તેથી અતિશય પૂજ્ય છતાં પણ તે કુમારો પોતાની શ્રીહરિનાં દર્શનની ઇચ્છા એ રીતે ભંગ થતાં એકાએક જરા ક્રોધને લીધે લાલ નેત્રોવાળા થઈ ગયા અને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૩૧]

મુનિઓ બોલ્યાઃ–'ભગવાનની મોટી સેવા કરવાથી આ વૈકુંઠલોકમાં આવીને વસેલા સમદૃષ્ટિ લોકની વચ્ચે તમારા બન્નેનો (અમુક કોઇએ અહીં આવવું ને અમુક કોઈએ ન આવવું) આવો વિષમ સ્વભાવ કેમ છે?+ ભગવાન તો અત્યંત શાંત છે અને કલહથી રહિત, છે તો પછી કપટી

+ કદાચ દ્વારપાળો એમ કહે કે, 'સ્વામીની રક્ષા કરવા માટે અમારો દ્વારપાળોનો આ સ્વભાવ તે તો એક ગુણ છે,' તેના ઉત્તરમાં આ વાકય છે. કુમારો એ કહેવા માગે છે કે, તમે બન્ને કપટી છો, તેથી શંકા કરો છો કે, રખેને બીજો કોઇ કપટી અહીં પેસી જાય! પણ ખરી રીતે તો ભગવાનના ભક્ત વિના બીજો કોઇ અહીં આવતોજ નથી. વળી ભગવાન તો અત્યંત શાંત છે અને વિરોધથી રહિત છે, તેથી તેમને કોઇ જાતની શંકા નથી, છતાં તમારું આવું વર્તન છે, માટે તમે કેવળ ધૂર્ત છો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એવા તમારે પોતાની પેઠે શંકા કરવા યોગ્ય (અહીં) કોણ છે?[૩૨] સમસ્ત જગત જેમના ઉદરમાં રહે છે, એવા જે ભગવાન વિષે ધીર પુરુષો (પોતાનો) ભેદ જોતા નથી; પણ મહાકાશમાં ઘટાકાશની પેઠે આ પરમાત્મા વિષેજ પોતાના આત્માને એકસ્વરૂપે જુએ છે; છતાં દેવનો વેષ ધારણ કરનારા તમોએ (જેમ કોઇએક રાજાને બીજા રાજા વગેરેથી ભય હોય છે, તેમ) એ ભગવાન વિષે પણ ઉદર ભેદયુક્ત એવો ભય જે કારણથી વિશેષે કરી ઉપજાવી કાઢ્યો છે, એવું કયું કારણ છે? અર્થાત્ કંઈ પણ નથી.[૩૩] માટે સર્વોત્કૃષ્ટ એવા આ વૈકુંઠનાથના સેવક છતાં મંદ બુદ્ધિવાળા તમારા બન્નેનું કલ્યાણજ કરવા માટે તમારા અપરાધ વિષે જે કંઈ યોગ્ય હોય, તેનો અમે વિચાર કરીએ છીએ. તમે બન્ને જણ ભેદદૃષ્ટિને લીધેજ અત્યંત પાપી ગણાતા બીજા લોકોમાં અહીંથી ચાલ્યા જાઓ કે જ્યાં ભેદદૃષ્ટિ કરનાર પુરુષના કામ, ક્રોધ તથા લોભ એ ત્રણ શત્રુઓ હોય છે.[૩૪] તેઓનું એ ભયંકર ભાષણ સાંભળીને તેમજ બ્રાહ્મણોના શાપને અસ્રોના સમૂહથી પણ ન અટકાવી શકાય, એવો જાણીને તુરતજ એવા મુનિઓથી તેઓ બન્ને કરતાં પણ ઘણો ભય પામતા એવા શ્રીહરિના તે બન્ને અનુચરો અત્યંત ભયથી મુનિઓના ચરણ પકડતા તેમના ચરણમાં દંડવત્ પડ્યા; (અને બોલ્યા કે,) 'પાપીને માટે જે દંડ યોગ્ય હોય, તેજ દંડ આપે કર્યો છે,+ (એમાં આપનો કંઈ પણ અપરાધ નથી.) માટે તે દંડ અમને બન્નેને ભલે પ્રાપ્ત થાઓ; જે આ આપનો દંડ ઈશ્વરનું અપમાન કરવારૂપ અમારા સમગ્ર પાપને દૂર કરશે; (માત્ર અમારી આ પ્રાર્થના છે કે,) કૃપાના કારણને લીધે જે કંઇ લેશ પણ 'અમે આ લોકોને વૃથા શાપ દીધો છે' એવો આપને પશ્ચાત્તાપ થયો છે, તેને લીધે (આપ અમારા પર કૃપા કરો કે) અમે જે જે નીચ યોનિઓમાં અવતરીએ, ત્યાં ત્યાં સર્વ સ્થળે ભગવાનની સ્મૃતિનો નાશ કરનારો મોહ અમને ન થાઓ.*[૩૫।૩૬] એ રીતે પોતાના સેવકોએ મહાન પુરુષોનો અપરાધ કર્યો છે, એ જાણીને જેમની નાભિમાં કમળ ઉત્પન્ન થયું હતું અને આર્ય પુરુષોનાં હૃદયને જે પ્રીતિ ઉપજાવે છે તે ભગવાન પોતે લક્ષ્મીદેવીની× સાથે પરમહંસ મુનિઓને પણ શોધવા યોગ્ય એવા પોતાના ચરણોને ચલાવતા–એટલે વાહન વિના કેવળ પગે ચાલતાજ ત્યાં પધાર્યા.[૩૭] એ રીતે ત્યાં પધારેલા ભગવાનનાં સનત્કુમારોએ પ્રત્યક્ષ દર્શન કર્યાં, કે જે ભગવાનને ત્યાં પધારતી વેળા તેમના સેવકોએ કોઇ સ્થળે જવાના વખતે યોગ્ય એવાં છત્ર તથા પાદુકા વગેરે લાવી આપ્યાં હતાં; જે ભગવાન પોતાની સમાધિના એક ફળરૂપ હતા અને હંસના જેવી શોભાવાળાં બે ચામરોના અનુકૂળ વાયુને લીધે કંઇક ચાલતા શ્વેત છત્રરૂપ ચંદ્રની મોતીની શેરોરૂપ કેસરાઓમાંથી જેમના ઉપર જળકણો વર્ષી રહ્યા હતા.[૩૮] વળી જે ભગવાન સમગ્ર પરની (દ્વારપાળો તથા મુનિઓ બન્ને ઉપરની) કૃપાને લીધે પ્રસન્ન મુખવાળા હતા; ઇચ્છવા યોગ્ય ગુણોનું તો એક સ્થાન હતા; પ્રેમસહિત કટાક્ષ વડે જોવાથી હૃદયમાં સુખ ઉપજાવતા હતા અને પોતાના વિશાળ શ્યામ વક્ષઃસ્થળમાં નિત્ય વિરાજતી લક્ષ્મીદેવીને લીધે છેક સત્યલોક સુધીનાં સ્વર્ગોને મુકુટમણિ સમાન એવા પોતાના સ્થાન વૈકુંઠલોકને

+ આમ કહેવાનું કારણ એ છે કે, સનકાદિ મુનિઓ શાપ આપીને પશ્ચાત્તાપ કરતા હતા કે, 'અહો! આપણે નિરપરાધી ભગવાનના પાર્ષદોને શાપ આપી તેમનો અપરાધ કર્યો છે. —ભા. ક.

* અર્થાત્ સર્વ સ્થળે અમને ભગવાનનું સ્મરણ રહે; એ અમારી પ્રાર્થના છે. —ભા. ક.

× લક્ષ્મીદેવીને સાથે લેવાનું કારણ એ છે કે, નિષ્કામ એવા પણ તે મુનિઓને અનેક સંપત્તિઓથી પૂર્ણ કરી દઇ હું ક્ષમા અપાવીશ; અને પગપાળા જવાનું એ કારણ છે કે, મારા ચરણનાં દર્શન અટકાવતાં તેઓને ક્રોધ થયો છે, માટે એ ચરણનાં દર્શન કરાવી તેઓ પાસે ક્ષમા અપાવીશ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અત્યંત શોભાવતા હતા.[૩૯] વળી એ ભગવાન વિશાળ નિતંબ ઉપર રહેલા પીતાંબર ઉપર ઝળકી રહેલા કંદોરાથી તથા ભમરાઓ વડે ગુંજારવ કરતી વનમાળાથી યુક્ત હતા; અને તેમણે સુંદર કાંડાંઓ ઉપર કડાં ધારણ કર્યાં હતાં, પોતાનો એક હાથ ગરુડના ખભા પર રાખ્યો હતો અને બીજા હાથ વડે લીલા કમળને તે ફેરવતા હતા.[૪૦] જેમનું મુખ વીજળીનો તિરસ્કાર કરનારાં મકરાકાર કુંડળોને પણ અલંકારરૂપ એવાં ગંડસ્થળોવાળું હોઇને ઊંચી નાસિકાવાળું હતું; જેમણે મણિજડિત મુકુટ ધારણ કર્યો હતો અને જે ભગવાન પોતાની ભુજાઓના મધ્યભાગમાં રહેલા સુંદર કીમતી હાર વડે શોભાયમાન હોઇને ડોકમાં રહેલા કૌસ્તુભમણિથી શોભતા હતા; આવા ભગવાન કે જેમના સૌંદર્યમાં 'હુંજ કેવળ એકલી સર્વ સૌંદર્યનો ભંડાર છું' આવો લક્ષ્મીદેવીનો ગર્વ ગળી ગયો છે, એમ ભગવાનના ભક્તો પોતાના મનમાં વિચાર કરે છે; વળી જે અતિશય સુંદરતાથી યુક્ત હોઇને હું (બ્રહ્મા), શિવ તથા તમે–સર્વ દેવોને માટે અવતારો ધારણ કર છે–એવા તે ભગવાનને ત્યાં પ્રત્યક્ષ જોઇને જેમની દૃષ્ટિ તૃપ્તજ થઇ ન હતી, એવા તે સનકાદિ મુનિઓએ હર્ષથી મસ્તકો નમાવીને તેમને પ્રણામ કર્યા. કમળસમાન નેત્રવાળા તે ભગવાનના ચરણકમળની રજરૂપી કેસરાઓથી મિશ્ર એવી તુલસીના રસના વાયુએ, નાસિકાના છિદ્રદ્વારા એ કુમારોનાં હૃદયમાં દાખલ થઇને નિત્ય બ્રહ્માનંદનુંજ સેવન કરનારા હતા, છતાં તેઓના મનમાં તથા શરીરમાં અત્યંત ક્ષોભ ઉત્પન્ન કર્યો–એટલે મનમાં અત્યંત આનંદ તથા શરીરમાં રોમાંચ કરી દીધાં.÷[૪૧-૪૩] એ સમયે તે મુનિઓએ અત્યંત સુંદર એવા અધરોષ્ઠ ઉપર મોગરાના જેવું જેમાં હાસ્ય હતું એવા અને શ્યામ કમળના અંદરના ભાગ જેવા ભગવાનના મુખકમળનાં ઊંચી દૃષ્ટિએ દર્શન કરીને સર્વ મનોરથો સંપાદન કરી લીધા હતા, છતાં તેઓ ફરી નીચે જોઇને નખરૂપી લાલ મણિઓથી યુક્ત એવા ભગવાનના બન્ને ચરણોનું ધ્યાન કરવા લાગ્યા.[૪૪]* પછી યોગમાર્ગથી ગતિને શોધી રહેલા પુરુષોના ધ્યાનના વિષયરૂપ, અનેક તત્ત્વવેત્તા પુરુષોને અતિશય આદરપાત્ર અને નેત્રોને અતિશય આનંદ આપનારૂં પોતાનું તે પૌરુષસ્વરૂપ કે જે બીજાઓને વિષે અસાધારણ એવાં સ્વાભાવિક અણિમાદિ ઐશ્વર્યોથી યુક્ત હતું, તેનું દર્શન કરાવતા એવા ભગવાનની તે કુમારો આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.'[૪૫]

કુમારો બોલ્યાઃ–'હે અનંત! જે આપ સર્વની હૃદયગુહામાં રહેલા છો, છતાં પણ દુરાત્માઓને તો અદૃશ્યજ રહો છો–દુરાત્માઓ આપનો સાક્ષાત્કાર કરી શકતા નથી, તેજ આપ જો કે અમારાથી અંતર્હિત તો નજ હતા, છતાં અમારા નેત્રવિષય તો આજેજ થયા છો–અમે આપનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર તો આજેજ કર્યો છે. આપથી ઉત્પન્ન થયેલા અમારા પિતા–બ્રહ્મદેવે જ્યારે આપનું રહસ્ય અમારી પાસે વર્ણવ્યું હતું, ત્યારથીજ આપ અમારા કાનના માર્ગે થઇને અમારી બુદ્ધિમાં તો નિવાસ કરી રહ્યાજ છો. વળી હે ભગવન્! (અમારા પિતાએ જે જણાવ્યું હતું,) તે સર્વોત્કૃષ્ટ આત્મતત્ત્વ આપજ છો, એમ અમે જાણીએ છીએ; જે આત્મતત્ત્વસ્વરૂપ એવા આપ હમણાં શુદ્ધ સત્ત્વગુણી મૂર્તિ વડે આ–અમને ભક્તોને પ્રીતિ ઉપજાવી રહ્યા છો; અને જે આપને આપની કૃપાદ્વારા પ્રાપ્ત થયેલા દૃઢ શ્રવણાદિ ભક્તિયોગ વડે અભિમાનરૂપી ગ્રંથિથી રહિત થ-

÷ કહેવાનું એ છે કે, સ્વરૂપાનંદ કરતાં પણ ભજનાનંદની અધિકતા તે વેળા તેઓને જણાઇ.

* આ શ્લોકમાં સનત્કુમારોના ગભરાટનું વર્ણન છે. તેઓ ભગવાનનાં સર્વાંગ લાવણ્યનું ગ્રહણ કરવા અશક્ત થયા હતા, તેથીજ ઘડી ઊંચે અને ઘડી નીચે જોઇને છેવટે થાકીને ભગવાનના ચરણનું ધ્યાન કરવા લાગ્યા હતા. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચેલા અને તેથીજ રાગ-દ્વેષાદિ દોષોથી મુક્ત થયેલા મુનિઓ પોતાના હૃદયમાં જાણે છે-આપનો સાક્ષાત્કાર કરે છે.૪૬।૪૭ હે ભગવન્ ! આપના ચરણનુંજ શરણ લેનારા જે કુશળ પુરુષો (રમણીયતા અને પવિત્રતાને લીધે) કીર્તન કરવા યોગ્ય પવિત્ર યશવાળા એવા આપની કથાના રસને જાણે છે, તેઓ આપના મોક્ષરૂપી પ્રસાદને પણ નથી ગણતા-નથી ઇચ્છતા; તો પછી જેમાં (કાળરૂપ એવા) આપના ભ્રૂકુટિવિલાસ માત્રથીજ ભય રહેલો છે એવા ઇન્દ્રાદિ પદને તો કેમજ ગણે-કેમજ ઇચ્છે !+૪૮ હે ભગવન્! અમારૂં મન જો આપના ચરણમાંજ ભ્રમરની પેઠે રમણ કર્યા કરે, અમારી વાણી તુલસીની પેઠેજ આપના ચરણ વડે શોભાવાળી થાય અને અમારા કાનનાં છિદ્રો જો આપના ગુણસમુદાયથીજ ભરપૂર રહે તો (અમારી પ્રાર્થના છે કે,) અમે કરેલા આપના અપરાધોને લીધે અમારો જન્મ ભલે નરકોમાં થાઓ.×૪૯ હે વિશાળ કીર્તિવાળા પરમેશ્વર ! આપે જે આ સ્વરૂપ અમારી સમક્ષ પ્રકટ કર્યું છે, તેથી અમારાં નેત્રો અત્યંત શાંતિ પામ્યાં છે; જે આપ અજિતેન્દ્રિય પુરુષોને આ રીતે કદી પણ પ્રત્યક્ષ થતા નથી, છતાં અમારી આગળ પ્રત્યક્ષ પ્રકટ થયા છો-તે આપને અમે નમસ્કાર કરીએ છીએ.૫૦

प्रादुश्चकर्थ यदिदं पुरुहूत रूपं
तेनेश निर्वृतिमवापुरलं दृशो नः ।
तस्मा इदं भगवते नम इद्विधेम
योऽनात्मनां दुरुदयो भगवान् प्रतीतः ५०

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૧૫ મો સમાપ્ત

अध्याय १६ मो*

શ્રીહરિએ સનકાદિનું કરેલું સાંત્વન અને તેઓની જય-વિજય પર કૃપા

॥ ब्रह्मोवाच ॥

इति तद्गृणतां तेषां मुनीनां योगधर्मिणाम् ।
प्रतिनंद्य जगादेदं वैकुंठनिलयो विभुः ॥ १ ॥

બ્રહ્મદેવ બોલ્યા:-'એ પ્રમાણે સ્તુતિ કરતા તે જ્ઞાનયોગી મુનિઓનાં વચનોને સામેથી અભિનંદન આપીને વૈકુંઠવાસી ભગવાને તેઓને આ પ્રમાણે કહ્યું.'૧

શ્રીભગવાન બોલ્યા:-'આ મારા જય-વિજય નામના બન્ને પાર્ષદોએ મારી અવગણના કરીને જે તમારો મોટો અપરાધ કર્યો છે અને મારા ભક્ત એવા તમોએ તે બન્નેને જે શિક્ષા કરી છે, તેજ શિક્ષાને હે મુનિઓ ! દેવસમાન પૂજ્ય એવા તમારૂં અપમાન થયેલું હોવાથી હું માન્ય રાખું છું અને તે માટે આજે હું તમને પ્રસન્ન કરૂં છું-તમારી ક્ષમા ચાહું છું. કેમકે બ્રાહ્મણોજ મારા પરમ દૈવત છે; અને હું માનું છું કે, મારા સેવ-

+ અર્થાત્ આપના ભક્તોને આપની ભક્તિમાંજ જે સુખાતિશય જણાય છે, તે તેમને મોક્ષમાં પણ નથી જણાતો, તો પછી ઇન્દ્રાદિ પદમાં તો ક્યાંથીજ જણાય ? —भा. क.

× આ શ્લોકમાં કુમારોએ ભગવાન પાસે ભક્તિની પ્રાર્થના કરતાં જણાવ્યું છે કે,"આજ દિવસ સુધી જો કે અમારો અપરાધ ન હતો, પણ આ સમયે અમે આપના પાર્ષદોને શાપ આપી આપના અપરાધી થયા છીએ; તેથી અમારો જન્મ ભલે નરકમાં થાઓ, પણ તે સ્થળે અમારૂં મન તો જેમ ભમરો કાંટાઓથી વિંધાઇ જાય છે, છતાં પુષ્પોમાંજ રમે છે, તેમ આપના ચરણમાંજ રમ્યા કરે; અમારી વાણી પણ જેમ તુલસી કોઇ પણ જાતના ગુણથી રહિત છતાં આપના ચરણનો આશ્રય કરવાથી શોભે છે, તેમ આપના ચરણનાજ આશ્રયથી શોભાવાળી થાઓ અને અમારા કાન પણ આપના ગુણસમુદાયથી સદા પૂર્ણ રહો." આ છેલ્લી કાનનાં છિદ્રો ભરવાની પ્રાર્થનામાં ઘણોજ ગૂઢ અભિપ્રાય છે. કાનનાં છિદ્રો એટલે આકાશજ છે અને તેમાં ભગવાનના અમૂર્ત ગુણો આવ્યાજ કરે, છતાં તે કદી ભરાયજ નહિ અને તેથી નિત્ય ભગવાનના ગુણોનું શ્રવણ થયાજ કરે. —श्रीघर

* આ અધ્યાયમાં શ્રીહરિએ સનકાદિ બ્રાહ્મણોનું સાંત્વન કર્યું; તે પછી પશ્ચાત્તાપ પામીને તેઓએ જય-વિજયના ઉપર અસુરભાવમાં પણ અનુગ્રહ કર્યો, એ કથા કહેવાશે. —श्रीघर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કોએ જે આપનું અપમાન કર્યું છે, તે મેં પોતેજ કર્યું છે;[૨-૪] (લોકમાં પણ આવો વ્યવહાર પ્રસિદ્ધ છે કે,) સેવક જ્યારે કોઈનો અપરાધ કરે છે, ત્યારે લોકો તે સેવકના સ્વામીનું નામ પણ 'અમુકના સેવકે અમુકનો અપરાધ કર્યો' એમ તે સેવકની સાથેજ લે છે; અને તેથી સ્વામીની જે નિંદા થાય છે તે, કોઢનો રોગ જેમ ચામડીનો નાશ કરે છે, તેમ સ્વામીની કીર્તિનો નાશ કરે છે.[૫] જેના અમૃતતુલ્ય નિર્મળ યશનું શ્રવણ ચાંડાળ સુધીના સમસ્ત જગતને તત્કાળ પવિત્ર કરે છે, તે હું—વિકુંઠ—માયારૂપ ઉપાધિથી રહિત પરમાત્મા, તમારા થકીજ શ્રેષ્ઠ તીર્થરૂપ કીર્તિને પ્રાપ્ત કરનારો છું—મેં તમારાદ્વારાજ ઉત્તમ કીર્તિ મેળવી છે, તેથી તમારાથી વિરુદ્ધ વર્તનારા મારા પોતાના બાહુને પણ જો છેદી નાખું, તો પછી બીજાની તો વાતજ શી ?[૬] જે બ્રાહ્મણોની સેવાથીજ જેના ચરણકમળની રજ પવિત્ર થયેલી છે, જેનાં સર્વ પાપોરૂપી મેલનો તત્કાળ નાશ થયો છે અને જેને સારા સ્વભાવરૂપી શીલ મળ્યું છે, એવા મને વિરક્ત છતાં-હું નથી ઇચ્છતો છતાં લક્ષ્મી કદી છોડતી નથી, કે જે લક્ષ્મીની લેશ કૃપાદૃષ્ટિ માટે પણ બ્રહ્માદિ દેવો નિયમો ધારણ કરે છે; આવા તમે—બ્રાહ્મણોનો અપરાધ કરનાર મારો બાહુ હોય, તોપણ તેને હું છેદી નાખું, તો બીજાની તો વાતજ શી ?[૭] જે બ્રાહ્મણ મનેજ પોતાનાં સર્વ કર્મફળ સમર્પણ કરી દઇ સંતુષ્ટ રહે છે, તેવો—નિષ્કામ બ્રાહ્મણ, (કોઈ યજમાનને ઘેર) ટપકતા ઘીથી તરબોળ એવા (દૂધપાક વગેરે) અન્નનું કોળિયે કોળિયે ભક્ષણ કરે છે, ત્યારે તેના મુખદ્વારા જેવી પ્રસન્નતાપૂર્વક હું ભોજન કરું છું, તેવી પ્રસન્નતાપૂર્વક યજ્ઞમાં યજમાનના ચરુ-પુરોડાશ વગેરે હવિષનું મારા અગ્નિરૂપ મુખદ્વારા હું ભોજન કરતો નથી.+[૮] જે મારી યોગમાયાના વિલાસોરૂપી સંપત્તિ અખંડ અને પરાભવ પામે નહિ તેવી છે અને જે મારું ચરણોદક—ગંગા, શંકર સહિત સર્વ લોકોને તત્કાળ પવિત્ર કરનાર છે, આવો હું—પરમ પાવન પરમેશ્વર છું, છતાં પણ જે બ્રાહ્મણોના પવિત્ર ચરણરજને મારા મુકુટ પર ધારણ કરું છું—તે બ્રાહ્મણો કદાચિત્ કોઇનો અપરાધ કરે તોપણ તેઓના તે અપરાધને કોણ સહન ન કરે ?[૯] જે મનુષ્યો મારા શરીરરૂપ એવા ઉત્તમ બ્રાહ્મણોને, દૂઝણી ગાયોને તથા શરણ વિનાનાં—નિરાધાર પ્રાણીઓને મારાથી ભેદદૃષ્ટિએ જોશે—મારાથી ભિન્ન સ્વરૂપે માનશે, તેવા પાપથી નાશ પામેલી દૃષ્ટિવાળા પુરુષોને સર્પ જેવાં ક્રોધી એવાં યમદેવનાં ગીધ પક્ષીઓ ક્રોધથી (ચાંચો વડે) કોચી ખાશે.[૧૦] પરંતુ જે પુરુષો કઠોર વચનોથી તિરસ્કાર કરતા એવા પણ બ્રાહ્મણોને મારાસમાન માની સંતુષ્ટ હૃદયે તેઓની પૂજા કરે છે, મંદ હાસ્યરૂપી અમૃત વડે સિંચાયેલા મુખકમળવાળા થઇને સત્પુત્ર જેમ પિતાની સ્તુતિ કરે, તેમ પ્રેમશોભાવાળી વાણીથી તેઓની સ્તુતિ કરે છે અને હું જેમ ભૃગુઋષિને અથવા તમને સંબોધી રહ્યો છું, તેમ જેઓ બ્રાહ્મણોને સંબોધે છે તેઓએ મને વશ કર્યો છે, એમ જાણવું.[૧૧] માટે આ મારા બન્ને પાર્ષદો મારા અભિપ્રાયને જાણતા ન હતા અને તેથીજ તેઓ તમારા અપરાધથી પ્રાપ્ત થયેલી ગતિને પામીને પાછા તરત મારી સમીપમાં આવો. બસ, આજ તમારો મારા પર અનુગ્રહ થાઓ, કે જેથી મારા આ બે સેવકોનો મારાથી દૂર નિવાસ થોડાજ સમયમાં સમાપ્ત થાય.'[૧૨]

બ્રહ્મદેવ બોલ્યાઃ—'એ રીતે મંત્રોના પ્રવાહરૂપ અથવા ઋષિકુળને યોગ્ય એવી ભગવાનની તે પ્રિય અને પ્રકાશમાન વાણી સાંભળીને તેઓ સર્પ જેવા ક્રોધવડે ડસાયા હતા—વ્યાપ્ત થયા હતા, છતાં પણ તેઓનાં મન તૃપ્તિ પામ્યાં નહિ;+[૧૩]

+ અર્થાત્ ઉત્તમ બ્રાહ્મણો એજ મારું શ્રેષ્ઠ મુખ છે. —શ્રીધર

+ અર્થાત્ જેઓ ક્રોધના વિષયથી વ્યાપ્ત થયા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને તે ભગવાનની વાણી કે જે શ્રેષ્ઠ હતી, અલ્પ અક્ષરોવાળી હતી, છતાં વિશાળ અર્થવાળી હોઇને સમજવાને પણ અશક્ય હતી, અગાધ અભિપ્રાયવાળી હતી અને અર્થથી ગંભીર હતી–એવી તે ભગવાનની વાણીને કાન દઇને સાંભળ્યા છતાં અને બરાબર તેનો વિચાર કર્યા છતાં તે મુનિઓ એ વાણી કહીને ભગવાન શું કરવા ઇચ્છે છે, તે સમજી શક્યા નહિ–અર્થાત્ આમ કહીને ભગવાન શું અમને અભિનંદન આપે છે કે અમારી નિંદા કરે છે કે અમે કરેલા દંડને ઓછો કરવા માગે છે, એ કંઇ સમજી શક્યા નહિ.[૧૪] પછી અંતે 'આ ભગવાન તો અમને અભિનંદનજ આપે છે' એમ જાણીને અત્યંત હર્ષમાં આવી ગયેલા અને શરીરે રોમાંચિત થયેલા તે સનકાદિ બ્રાહ્મણો જેમણે પોતાની યોગમાયા વડે પોતાના પરમૈશ્વર્યનો મહાન ઉત્કર્ષ પ્રકટ કર્યો હતો, એવા તે ભગવાનને બે હાથ જોડી કહેવા લાગ્યા.[૧૫]

સનકાદિ ઋષિઓ બોલ્યાઃ–'હે ભગવન્! આપ સર્વના અધ્યક્ષ છો–પરમેશ્વર છો, છતાં 'મેં અપરાધ કર્યો છે; તમે મારા પર અનુગ્રહ કરો' ઇત્યાદિ જે આપ કહો છો, તેથી હે દેવ! આપ શું કરવા ઇચ્છો છો–શું કહેવા માગો છો, તે અમે સમજી શકતા નથી.[૧૬] હે પ્રભો! બ્રાહ્મણોના રક્ષક એવા આપનું બ્રાહ્મણોજ પરમ દૈવત છે; (એમ આપે જે કહ્યું, તે તો કેવળ લોકશિક્ષાને માટેજ છે,) પણ વસ્તુતઃ દેવોના દેવ એવા બ્રાહ્મણોના પણ આપ ભગવાનજ આત્મા અને ઇષ્ટદેવ છો. આપથીજ સનાતન ધર્મની ઉત્પત્તિ થાય છે અને આપનાજ અવતારો વડે તે ધર્મની રક્ષા થાય છે. વળી આપજ એ ધર્મના ગુપ્ત અને નિર્વિકાર એવા ફળરૂપ મનાયલા છો. જે આપના અનુગ્રહથીજ વિરક્ત થયેલા યોગી પુરુષો અનાયાસે મૃત્યુને તરી જાય છે–જન્મ–મરણથી રહિત થાય છે–તે આપના ઉપર વળી બીજાઓ અનુગ્રહ કરે, એમ કદી હોઇ શકે કે?†[૧૭–૧૯] ધનની ઇચ્છાવાળા પુરુષો જેની ચરણરજને પોતાનાં મસ્તકો પર ધારણ કરે છે, તે લક્ષ્મીદેવી, ભાગ્યશાળી પુરુષોએ આપના ચરણમાં અર્પણ કરેલી તુલસીની નવી માળા જેનું સ્થાન છે, એવા શ્રેષ્ઠ ભમરાના નિવાસસ્થાનરૂપ આપના ચરણનેજ જાણે ઇચ્છતી હોય, તેમ પ્રત્યેક અવસરે આપની સેવા કર્યા કરે છે; એ રીતે લક્ષ્મીદેવી પોતાનાં શુદ્ધ ચરિત્રોથી આપને સેવ્યા કરે છે, છતાં જે આપ તે લક્ષ્મીદેવીનો અત્યંત આદર કરતા નથી.+ કેમકે આપ તો આપના પરમ ભક્તોમાંજ પ્રકૃષ્ટ સંગવાળા છો; આવા પરમ સૌભાગ્યના નિધિ આપ છો અને સ્વતઃજ સેવન કરવા યોગ્ય એવા

હોય છે, તેઓને તો કોઇ પણ રસનો અનુભવ નહિ થતો હોવાથી કોઇનું પ્રિય ભાષણ પણ તેઓને ગમતું નથી; છતાં એ સનત્કુમારોને તો ઊલટી તે પ્રિય વાણીથી અતૃપ્તિજ રહી; તેઓનાં મને તૃપ્તિજ ન માની. —શ્રીધર

† અર્થાત્ આપે જે પોતાના પર અનુગ્રહ કરવાની વાત કહી તે તદ્દન ઊલટીજ છે. જે આપ સર્વના પર અનુગ્રહ કરો છો, તેના પર વળી બીજાઓ અનુગ્રહ કેમ કરી શકે? —ભા. ક.

+ કહેવાનો ભાવ એ છે કે, એ રીતે અત્યંત લંપટપણે લક્ષ્મી આપને સેવે છે; તેનું કારણ એ છે કે, તે માને છે કે, ખરેખર આ ભમરોજ ચંચળ હોવા છતાં સારગ્રાહી છે. તે ભમરો ભગવાનના ચરણમાં રહેલી તુલસીમાં પોતાના પરિવાર સાથે આનંદ કરે છે, તેથી જણાય છે કે, ભગવાનના ચરણનું લાવણ્ય સર્વથી અધિક હોવું જોઇએ; માટે જો કે હું વક્ષઃસ્થળમાં રહી છું, તોપણ યોગીજન વગેરે અનેક સેવકોની ગીરદી સહન કરીને પણ શોક્યપણાને લીધે તુલસીની સાથેજ ભગવાનના ચરણોની સેવા કરું; આવી અતિ ઉત્કંઠાને લીધે લક્ષ્મી આપની સેવા કર્યા કરે છે, છતાં આપ તેનો અત્યંત આદર કરતા નથી. આવા પરમ સૌભાગ્યના ભંડાર આપ છો છતાં, આપે જે કહ્યું કે, બ્રાહ્મણોની સેવાથીજ લક્ષ્મી મને સેવે છે અને મારા ચરણની રજ પણ તેથીજ પવિત્ર ગણાય છે, ઇત્યાદિ સર્વ વચન કેવળ લોકશિક્ષાને માટેજ આપે કહ્યાં છે–લોકો અમને બ્રાહ્મણોને સારી રીતે માને, તે માટે આપે એમ કહ્યું છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગુણોના આશ્રયરૂપ છો—પરમ શુદ્ધ છો—તે આપને બ્રાહ્મણોના ચાલવાના માર્ગની રજ અને શ્રીવત્સ-લાંછન શું પવિત્ર કરી શકે છે? નહિજ. તો પછી શા માટે આપે તે બન્નેને પોતાનાં ભૂષણ તરીકે સ્વીકાર્યાં છે?[૨૦,૨૧] હે ત્રણે યુગમાં પ્રકટ થનાર ભગવન્! (અથવા) હે છ+ પ્રકારના ઐશ્વર્યના સ્વામિન્ પરમેશ્વર! ધર્મસ્વરૂપ એવા આપ ભગવાનના તપ, પવિત્રતા અને દયા—એ ત્રણ અસાધારણ ચરણો વડે બ્રાહ્મણો તથા દેવોના પ્રયોજન માટે સ્થાવર-જંગમ આ સર્વ જગતની રક્ષા થઈ રહી છે; તો આપ વરને આપનારી આપની સત્ત્વગુણી મૂર્તિ વડે તે આપના ત્રણ ચરણોના નાશ કરનારા અમારા રજોગુણને તથા તમોગુણને દૂર કરો.[૨૨] હે દેવ! આપના પોતાનાજ વડે રક્ષણ કરવા યોગ્ય એવા ઉત્તમ બ્રાહ્મણોના કુળની, જો આપ પ્રિય વાક્ય સહિત એવા તેમના પ્રત્યેના સન્માન વડે રક્ષા નહિ કરો, તો તેજ સમયે આપનો—આપે સ્થાપેલો વેદમાર્ગ નાશ પામી જશે; કેમકે લોકો તો સર્વશ્રેષ્ઠ એવાં આપનાંજ આચરણને પ્રમાણરૂપે ગ્રહણ કરશે ‡[૨૩] અને એ રીતે વેદમાર્ગનો નાશ થાય તે આપને ઇષ્ટજ નથી; તેથીજ આપ સત્ત્વગુણના નિધિ હોઈ લોકોનું કલ્યાણ કરવાની ઇચ્છાવાળા છો અને રાજા વગેરેરૂપ પોતાની શક્તિઓથી ધર્મના શત્રુઓનો નાશ કરી નાખ્યો છે. જો કે આપ સત્ત્વાદિ ત્રણે ગુણોના નિયંતા છો અને સમગ્ર જગતના સ્વામી છો, છતાં આ રીતે અમને બ્રાહ્મણોને આપ નમી પડ્યા, તેથી આપના તેજની કંઈ હાનિ થઇ નથી. કેમકે એ તો આપનો એક વિનોદ છે.[૨૪] હે અધીશ્વર! આ જય-વિજયને આપ જે કંઈ (બીજો દંડ કરશો અથવા તેમની કોઇ અધિક આજીવિકા કરશો—તે સર્વ અમે નિષ્કપટપણાથી માન્ય કરીએ છીએ. વળી અમને પણ આપ જે યોગ્ય શિક્ષા કરવી હોય તે કરો. કેમકે અમોએ આ નિરપરાધી પાર્ષદોને શાપ આપ્યો છે.'[૨૫]

શ્રીભગવાન બોલ્યા—'આ જય-વિજય બન્ને અસુરની યોનિને પામીને (ત્યાં) ક્રોધાવેશને લીધે વૃદ્ધિ પામેલી ચિત્તની એકાગ્રતાથી દૃઢ યોગાભ્યાસવાળા થઇને ફરી તરતજ મારી પાસે આવશે. હે બ્રાહ્મણો! જે આ શાપ તમે આપેલો છે, તે મેં પોતેજ તેઓને માટે નિર્માણ કર્યો હતો, એમ તમે જાણો.'[૨૬]

બ્રહ્મદેવ બોલ્યા—'પછી તે સનકાદિ મુનિઓએ નેત્રને આનંદ આપનારા અને સ્વયંપ્રકાશ એવા તે વૈકુંઠ ભગવાન અને તેમનું સ્થાન વૈકુંઠ—એ બન્નેનાં દર્શન કરીને ભગવાનને પ્રદક્ષિણા કરી પ્રણામ કર્યાં. પછી (ત્યાંથી વિદાય થવા માટે) તેમની આજ્ઞા લીધી અને અત્યંત હર્ષ પામેલા તે મુનિઓ વિષ્ણુ ભગવાનની સંપત્તિની પ્રશંસા કરતા ત્યાંથી ગયા.[૨૭,૨૮] પછી ભગવાને પોતાના અનુચર તે જય-વિજય પ્રત્યે કહ્યું કે, 'જાઓ, તમે ડરશો નહિ; તમારૂં કલ્યાણ થાઓ. હું જો કે બ્રાહ્મણોના (આ શાપરૂપ) તેજને હણી નાખવા—મિથ્યા કરવા સમર્થ છું, તોપણ તેને મિથ્યા કરવા ઇચ્છતો નથી; કેમકે એઓનો એ શાપ મને

+ છ પ્રકારનું ઐશ્વર્ય તે આ—

ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसः श्रियः ।
ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥

સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન તથા વૈરાગ્ય—આ છ ભગ છે— પરમ ઐશ્વર્ય છે.—**भा. क.**

‡ એટલે કે, આપે પોતે સ્થાપેલા વેદમાર્ગની રક્ષા કરવા માટેજ અમારી—સર્વ બ્રાહ્મણોની આટલી બધી પ્રશંસા કરી છે અને લોકો તે પ્રમાણે અમને માને, એવો આપનો ઉદ્દેશ છે. કેમકે જો આપ અમને માનો, તોજ લોકો આપના આચરણને માન આપી અમને માને અને તે દ્વારા વેદમાર્ગની રક્ષા થાય. આજ આશય ગીતામાં કહ્યો છે—

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥
(श्री० भ० गी० ३-२१)

શ્રેષ્ઠ પુરુષ જે જે આચરે છે અને જેને જેને પ્રમાણ ગણે છે, તેને તેને લોકો પણ આચરે છે અને પ્રમાણ ગણે છે. —**भा. क.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાનેજ સંમત છે–ઇષ્ટ છે.÷પૂર્વે એક સમયે હું યોગનિદ્રાને પામ્યો હતો, ત્યારે દ્વારમાં પ્રવેશ કરતી લક્ષ્મી દેવીને તમે અટકાવી હતી; તેથી તેણેજ ક્રોધાયમાન થઇને પ્રથમથી આ શાપ બ્રાહ્મણોદ્વારા દર્શાવ્યો હતો.[૨૯।૩૦] તમે મારા પર ક્રોધાવેશ રાખી વૈરભાવે મને ભજીને બ્રાહ્મણોના અપમાનથી ઉત્પન્ન થયેલા આ પાપને તરી જશો અને અલ્પ કાળમાં ફરી મારી પાસે આવશો.'[૩૧] એ પ્રમાણે પોતાના બન્ને દ્વારપાળોને આજ્ઞા કરીને ભગવાન વિમાનોની પંક્તિઓથી શોભતા અને સર્વાતિશય શોભાથી યુક્ત એવા પોતાના સ્થાનમાં પધાર્યા.[૩૨] તે પછી દેવોમાં શ્રેષ્ઠ એવા તે બન્ને જય અને વિજય દુસ્તર એવા બ્રહ્મશાપને લીધે શ્રીહરિના લોકમાંજ નિસ્તેજ અને ગર્વરહિત થઇ ગયા.[૩૩] હે પુત્રો! તેઓ જ્યારે વૈકુંઠલોકમાંથી પડ્યા, ત્યારે શ્રેષ્ઠ વિમાનોમાં રહેલા દેવોમાં મોટો હાહાકાર થઇ રહ્યો.[૩૪] શ્રીહરિના તે બન્ને શ્રેષ્ઠ પાર્ષદોજ હમણાં દિતિના ઉદરમાં પ્રાપ્ત થયા છે, જે કશ્યપ ઋષિએ સ્થાપેલા ઉગ્ર તેજરૂપ છે.[૩૫] હમણાં તે બન્ને અસુરોના તેજથી તમારા તેજનો તિરસ્કાર થયો છે; કેમકે હમણાં ભગવાનજ એમ કરવા ઇચ્છે છે. જે ભગવાન જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણ છે, સર્વના આદ્ય છે, જેમની યોગમાયાને યોગેશ્વરો પણ દુઃખથી ઓળંગી શકે છે અને ત્રણે ગુણોના જે અધીશ્વર છે તે ભગવાન આપણું કલ્યાણ કરશે; આમાં આપણા વિચારથી કેટલો અર્થ સરવાનો છે.?'[૩૬।૩૭]

विश्वस्य यः स्थितिलयोद्भवहेतुराद्यो
योगेश्वरैरपि दुरुत्यययोगमायः।
क्षेमं विधास्यति स नो भगवांस्त्र्यधीश-
स्तत्रास्मदीयविमृशेन कियानिहार्थः॥३७॥

ઇતિ શ્રીમદ્ભાગવતમહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૧૬ મો સમાપ્ત

अध्याय १७ मो×

હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુનો જન્મ અને દિગ્વિજયમાં હિરણ્યાક્ષનો અદ્ભુત પ્રભાવ

॥ मैत्रेय उवाच ॥

निशम्यात्मभुवा गीतं कारणं शंकयोज्झिताः।
ततः सर्वे न्यवर्तंत त्रिदिवाय दिवौकसः॥ १ ॥

મૈત્રેય બોલ્યા–'એ પ્રમાણે બ્રહ્માએ કહેલું કારણ સાંભળીને દેવો શંકારહિત થયા ને પછી

÷ અહીં ભાવ એ છે કે, સનકાદિ મુનિઓને ક્રોધ થવા સંભવજ ન હતો; ભગવાનના પાર્ષદો પણ બ્રાહ્મણોથી પ્રતિકૂળ હોયજ નહિ; ભગવાન પણ પોતાના ભક્તની ઉપેક્ષા કરે નહિ; અને વૈકુંઠમાં ગયેલાંઓનો ફરી જન્મ હોઇ શકે નહિ; છતાં ભગવાનનેજ જેમ સૃષ્ટિ રચવાની ઇચ્છા થાય છે, તેમ યુદ્ધ કરવાની પણ ઇચ્છા થઇ હતી; પણ બીજાઓ તો પોતાનાથી અલ્પ બળવાળા હોય, એટલે તેઓ સાથે યુદ્ધની ઇચ્છા પૂર્ણ થાય નહિ, જેથી પોતાના પાર્ષદોનેજ કંઇક પોતાની સમાન બળવાળા જોઇ તેઓ પોતાની સામે શત્રુતા કરે નહિ તેનો વિચાર કરી તેઓને ભગવાને પોતેજ સનકાદિ બ્રાહ્મણોનું અપમાન કરવાની પ્રેરણા કરી, સનકાદિ મુનિઓમાં ક્રોધ પ્રકટ કરી તેઓના શાપને બહાને પોતાના બન્ને પાર્ષદોને પોતાના શત્રુ બનાવ્યા; અને એ રીતે પોતે પોતાના યુદ્ધકૌતુકને પૂર્ણ કરવા વિચાર કર્યો. આવા કારણથીજ ભગવાન અહીં કહે છે કે, 'આ શાપ મને ઇષ્ટ છે.' —શ્રીધર

આજ અભિપ્રાય શિવપુરાણમાં આ પ્રમાણે કહ્યો છે–

लक्ष्म्याः पत्युःसमुत्पन्ना योद्धुमिच्छा मुनीश्वराः।
एकस्मिन् दिवसे विष्णुर्विचारे तत्परोऽभवत्॥
केन युद्धं प्रकर्तव्यं मया चैवं विचार्य च।
जयश्च विजयश्चैव कुमारैः शापितौ तदा॥

હે મુનીશ્વરો! એક સમયે લક્ષ્મીના પતિ વિષ્ણુ ભગવાનને યુદ્ધ કરવાની ઇચ્છા થઈ, ત્યારે તેમણે વિચાર કરવા માંડ્યો કે, મારે કોની સાથે યુદ્ધ કરવું? પછી એ સંબંધે વિચાર કરી તેમણે પોતાના પાર્ષદ જય અને વિજયને સનત્કુમારોદ્વારા શાપ અપાવ્યો. —बालप्रबोधिनी

× આ અધ્યાયમાં હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુનો લોકભયંકર જન્મ તથા દિગ્વિજયમાં હિરણ્યાક્ષનો અદ્ભુત પ્રભાવ વર્ણવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેઓ સર્વે સ્વર્ગ તરફ પાછા ફર્યા. બીજી બાજુ પોતાના સ્વામીના કહેવા પરથી પોતાના પુત્રોને દેવો તરફના ઉપદ્રવની શંકા કરતી સાધ્વી દિતિએ બરાબર સો વર્ષ પૂરાં થયાં, એટલે જોડકારૂપે બે પુત્રોને જન્મ આપ્યો.[૨] એ બન્ને પુત્રો જ્યારે જન્મ્યા, ત્યારે સ્વર્ગમાં, પૃથ્વી પર અને અંતરિક્ષમાં લોકોને ઘણો ભય ઉપજાવનારા અનેક ઉત્પાતો થવા લાગ્યા.[૩] પૃથ્વી પર્વતો સાથે કંપવા લાગી, સર્વ દિશાઓ સળગવા લાગી, અંગારાઓ સાથે વજ્રપાતો થવા લાગ્યા. પીડા કરનારા ધૂમકેતુઓ ઊગવા લાગ્યા ને વંટોળિયારૂપી સેનાવાળો તથા ધૂળરૂપી ધજાવાળો તીવ્ર પવન કે જેનો સ્પર્શ પણ અત્યંત દુઃસહ હતો, તે મોટાં મોટાં વૃક્ષોને ઊખેડી નાખતો અને વારંવાર ફૂંફાડા મારતો વાવા લાગ્યો. વળી આકાશમાં અત્યંત ઝબકતી વીજળીઓવાળા મેઘમંડળને લીધે સૂર્ય વગેરેની કાંતિઓ વિનાશ પામી અને તેને લીધે સર્વત્ર ફેલાયલા અંધકારથી કોઇ પણ સ્થળ જરા દેખાતું ન હતું.[૪-૬] સમુદ્ર પણ જાણે ઉદાસ મનવાળો થયો હોય, તેમ બૂમો પાડવા લાગ્યો—ગાજવા લાગ્યો; તેમાંથી મોટા મોટા તરંગો ઊંચે ઊછળવા લાગ્યા અને તેની અંદર રહેલાં મગર વગેરે જળચર પ્રાણીઓ ખળભળી ઊઠ્યાં. વળી જેઓની અંદરનાં કમળો સુકાઈ ગયાં હતાં, એવી નદીઓ પણ વાવ—કૂવા વગેરે જળાશયો સાથે ખળભળી ઊઠી.[૭] (આકાશમાં) રાહુએ ગળેલા સૂર્ય તથા ચંદ્રની આસપાસ વારંવાર કુંડાળાં થવા લાગ્યાં અને વાદળાં ન હોવા છતાં ગર્જનાઓ થવા લાગી. પર્વતોની ગુફાઓમાં રથોના અવાજ જેવા અવાજ થવા લાગ્યા; ને ગામડાંઓમાં મુખમાંથી ઉગ્ર અગ્નિને બહાર કાઢતી શિયાળવીઓ, શિયાળો તથા ઘુવડોના શબ્દો સાથે અમંગળ શબ્દ કરવા લાગી.[૮૯] વળી કૂતરાંઓ જાણે સંગીત કરતાં હોય અથવા રડતાં હોય તેમ ડોક ઊંચી કરીને ચોતરફ અનેક પ્રકારની વાણી કરવા લાગ્યાં.[૧૦] હે વિદુરજી! તીક્ષ્ણ ખરીઓથી પૃથ્વીને ખોતરતાં મદોન્મત્ત ગધેડાંનાં ટોળેટોળાં ભૂંકતાં ભૂંકતાં ચોતરફ દોડવા લાગ્યાં; તેમજ પક્ષીઓ, ગધેડાંઓથી ત્રાસીને રડતાં રડતાં માળાઓમાંથી ઊડવા લાગ્યાં ને પશુઓ નેસડા તથા જંગલમાં (ભયને લીધે) મળમૂત્ર કરવા લાગ્યાં.[૧૧,૧૨] ગાયો પણ ત્રાસ પામી ગઇ અને (દૂધને બદલે) લોહી દૂઝવા લાગી, મેઘો પરુની વૃષ્ટિ કરવા લાગ્યા, દેવોની પ્રતિમાઓ રડવા લાગી અને વાયુ વિના પણ વૃક્ષો પડવા લાગ્યાં.[૧૩] મંગળ વગેરે ક્રૂર ગ્રહો દેદીપ્યમાન થઇને અત્યંત પવિત્ર એવા સૌમ્ય ગ્રહોને તથા નક્ષત્રગણોને ઓળંગી જવા લાગ્યા. અને વક્રગતિ કરીને પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા.[૧૪] એ ઉપરાંત બીજા પણ મોટા મોટા ઉત્પાતો જોઇને માત્ર સનકાદિ વિના તેઓનું કારણ નહિ જાણતી પ્રજાઓ ભયભીત થઇ ગઈ અને જગતનો નાશ થવા બેઠો છે, એમ માનવા લાગી.[૧૫] બીજી તરફ પેલા બે આદિદૈત્યો એકાએક પોતાના પૂર્વસિદ્ધ પરાક્રમને પ્રકટ કરતા મોટા બે પહાડોની પેઠે પથ્થર સમાન બળવાળા શરીરથી વધવા લાગ્યા.[૧૬] તેઓ સુવર્ણના મુકુટની અણી વડે છેક આકાશનો સ્પર્શ કરતા હતા, પોતાના શરીર વડે સર્વ દિશાઓને તેમણે રોકી દીધી હતી, તેઓની ભુજાઓ બાજુબંધોથી પ્રકાશી રહી હતી, પગલે પગલે તેઓ પોતાના ચરણો વડે પૃથ્વીને ડગમગાવી મૂકતા હતા અને સુંદર કંદોરાવાળી કેડ વડે સૂર્યને ઓળંગી જઇને ઊભા રહેતા હતા.[૧૭] પ્રજાપતિ કશ્યપે તેઓ બન્નેનાં હિરણ્યકશિપુ તથા હિરણ્યાક્ષ એવાં નામ પાડ્યાં. તેમાંયે કશ્યપના પોતાના શરીરથી પ્રથમ જે ઉત્પન્ન થયો હતો, તેને પ્રજાઓ હિરણ્યકશિપુ જાણતી હતી અને દિતિએ જેને પ્રથમ જન્મ આપ્યો હતો, તેને પ્રજાઓ હિરણ્યાક્ષ નામે જાણતી હતી.×[૧૮] હિરણ્યક-

× કહેવાનો ભાવ એ છે કે, ગર્ભાધાન સમયે યોનિ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શિપુ બ્રહ્માના વરદાનને લીધે કોઇનાથી પણ મૃત્યુ ન પામે તેવો થયો હતો અને તેથીજ ઉદ્ધત થઇ જઇને તેણે પોતાના બે બાહુઓ વડે લોકપાલો સહિત ત્રણે લોકને વશ કર્યા હતા.[૧૯] તેનો નાનો ભાઇ હિરણ્યાક્ષ કે જે તેને પ્રિય હતો અને નિત્ય તેનું પ્રિય કરનારો હતો, તે એક સમયે હાથમાં ગદા લઇને યુદ્ધ કરવાની ઇચ્છાથી યુદ્ધને શોધતો શોધતો સ્વર્ગમાં ગયો.[૨૦] જેનો વેગ દુઃસહ હતો, જેના પગમાં સોનાનાં ઝાંઝરો ઝણઝણાટ કરી રહ્યાં હતાં, વૈજયંતી માળા જેણે ધારણ કરી હતી, મોટી ગદા જેણે ખભા ઉપર ધારણ કરી હતી; શૌર્ય, બળ અને વરદાન વડે જે ગર્વિષ્ઠ હતો અને જે નિરંકુશ તથા સર્વથી નિર્ભય હતો, એવા તે હિરણ્યાક્ષને જોઇને સર્પો જેમ ગરુડથી ત્રાસીને છુપાઇ જાય, તેમ સર્વ દેવતાઓ ભયભીત થઇને છુપાઇ ગયા.[૨૧-૨૨] દેવતાઓને એ રીતે પોતાના તેજથી છુપાઇ ગયેલા જોઇ તે દૈત્યરાજ હિરણ્યાક્ષે તે ઇન્દ્ર સહિત દેવગણોને કાયર, પુરુષાર્થહીન જોઈ લીધા અને તેથી તે અત્યંત ગર્જના કરવા લાગ્યો. ત્યાર પછી જેમ કોઇ મદોન્મત્ત હાથી સમુદ્રમાં પ્રવેશે, તેમ મહાસત્ત્વશાળી હિરણ્યાક્ષે, (સ્વર્ગમાંથી) પાછા ફરીને ક્રીડા કરવા

પુષ્પમાં વીર્યનો પ્રવેશ થાય છે, ત્યારે જો તેના બે વિભાગ પડી જઇને તેમાં આગળપાછળ વીર્યનો પ્રવેશ થાય છે, તો જોડલું ઉત્પન્ન થાય છે. તેમાં વીર્ય પ્રથમ દાખલ થતી વેળા પિતાદ્વારા જે વીર્ય પ્રથમ દાખલ થયું હોય છે, તેનો જન્મ પાછળથી થાય છે અને પાછળથી જે વીર્ય દાખલ થયું હોય છે, તેનો જન્મ પહેલાં થાય છે. જેમ કોઈ એક સાંકડી શેરીમાં જે રથ પ્રથમ દાખલ થયો હોય છે, તેનું પાછું એજ માર્ગેથી નીકળવાનું સૌથી પાછળજ થઇ શકે છે અને સૌથી પાછળ દાખલ થયેલો રથ સૌથી પહેલાં બહાર નીકળે છે, તેજ પ્રમાણે આ જોડલાંઓના જન્મ સંબંધે સમજવાનું છે. પિંડસિદ્ધિ નામના ગ્રંથમાં પણ કહેવામાં આવ્યું છે—

यदा विशेद्द्विधा भूतं बीजं पुष्पं परिक्षरत्। द्वौ तदा भवतो गर्भौ सूतिवेशविपर्ययात्—આ શ્લોકનો આશય ઉપર કહ્યો તેવોજ છે. —શ્રીધર

માટે ભયંકર શબ્દવાળા ગંભીર મહાસાગરમાં પ્રવેશ કર્યો. એ પ્રમાણે તેણે સમુદ્રમાં પ્રવેશ કર્યો, ત્યારે વરુણદેવના સૈનિક જળચર જીવો નષ્ટબુદ્ધિ થઈ ગયા; તેઓ એટલા બધા ભયભીત થઇ ગયા કે માર્યા વિના પણ તે હિરણ્યાક્ષના તેજથી અત્યંત તિરસ્કાર પામી દૂરદૂર નાસી ગયા.[૨૩-૨૫] હે તાત વિદુરજી! તે મહાબળવાન હિરણ્યાક્ષ ઘણાં વર્ષો સુધી સમુદ્રમાં ફર્યો; અને કાળા લોખંડની બનેલી પોતાની ગદા વડે વાયુએ ઉછાળેલા સમુદ્રના મોટા તરંગોને તેણે કાપી નાખ્યા. પછી તે વરુણદેવની વિભાવરી નામની નગરીમાં જઇ પહોંચ્યો. ત્યાં અસુરોના પાતાળલોકનું પાલન કરતા અને સર્વ જળચર પ્રાણીઓના અધિપતિ એવા વરુણદેવની પાસે જઈ કેવળ મશ્કરીને માટેજ તેમને પ્રણામ કરી હસીને નીચ પુરુષની પેઠે તેમને કહેવા લાગ્યો કે, 'હે અધિરાજ! તમે મને યુદ્ધ આપો.' તમે એક લોકપાલ છો, સર્વ (જળજીવો) ના અધિપતિ છો, મહાન યશસ્વી છો, પોતાને વીર માનનારા ઉદ્ધત પુરુષોના પરાક્રમનો નાશ કરનારા છો અને હે પ્રભો! આપે પૂર્વે જગતમાંના સર્વ દૈત્યો તથા દાનવોને જીતીને રાજસૂય નામે યજ્ઞ કર્યો હતો. એ પ્રમાણે નિરંકુશ ગર્વવાળા તે શત્રુએ અત્યંત મશ્કરી કરી, ત્યારે ભગવાન વરુણદેવ ઉત્પન્ન થયેલા ક્રોધને પોતાની વિચારાત્મક બુદ્ધિથી શાંત કરીને તેના પ્રત્યે કહેવા લાગ્યાઃ 'હે ભાઇ! અમે તો હવે યુદ્ધ વગેરે કૌતુકથી શાંત થયા છીએ.[૨૬-૨૯] હે અસુરશ્રેષ્ઠ! યુદ્ધમાર્ગમાં કુશળ એવા તને યુદ્ધમાં જે સંતોષ આપશે, તે પુરાણ ભગવાન વિના બીજો કોઇ પણ પુરુષ મારા જોવામાં આવતો નથી; માટે તારા જેવા શૂરાપુરુષો (યુદ્ધમાં) જેમની પ્રશંસા કરે છે, એવા તે ભગવાન પાસે તું જા.[૩૦] તે ધીર ભગવાનની સામે જઇને તું પણ ગર્વરહિત થઇશ અને કૂતરાંઓથી વીંટળાઇને રણશય્યામાં શયન કરીશ; જે ભગવાન તારા જેવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દુષ્ટોનો વિનાશ કરવા અને સત્પુરુષો પર કૃપા કરવાની ઇચ્છાથી અવતારો ધારણ કરે છે.'[૩૧]

तं वीरमारादभिपद्य विस्मयः
शयिष्यसे वीरशये श्वभिर्वृतः ।
यस्त्वद्विधानामसतां प्रशांतये
रूपाणि धत्ते सदनुग्रहेच्छया ॥ ३१ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૧૭ મો સમાપ્ત

अध्याय १८ मो*

હિરણ્યાક્ષ અને વરાહ ભગવાનનું મહાન યુદ્ધ

॥ मैत्रेय उवाच ॥

तदेवमाकर्ण्य जलेशभाषितं
महामनास्तद्विगणय्य दुर्मदः ।
हरेर्विदित्वा गतिमंग नारदा-
द्रसातलं निर्विविशे त्वरान्वितः ॥ १ ॥

મૈત્રેય બોલ્યા:–'હે વિદુરજી! વરુણદેવનાં તે વચન સાંભળી મોટા મનવાળો તે ઉદ્ધત દૈત્ય 'કૂતરાંઓથી વીંટાયલો તું રણશય્યામાં શયન કરીશ' એ તેમનું વચન નહિ ગણકારીને નારદની પાસેથી ભગવાનની ગતિ જાણીને ઉતાવળો ઉતાવળો રસાતલમાં દાખલ થયો.[૧] ત્યાં તેણે શ્રીહરિને જોયા, કે જે પોતાની દાઢના અગ્રભાગ વડે પૃથ્વીને ધારણ કરીને ઉપરના ભાગમાં લઇ જઇ રહ્યા હતા અને લાલ શોભાવાળા નેત્ર વડે પોતાની (એટલે હિરણ્યાક્ષની) કાંતિને હરી રહ્યા હતા. આવા તે વરાહભગવાનને જોઇને તે હિરણ્યાક્ષ મશ્કરીમાં હસ્યો+ કે અહો! આ તો જળમાં ફરનારો વરાહ છે! એ પ્રમાણે હાંસી કરીને તે ભગવાનના પ્રત્યે કહેવા લાગ્યો: 'અલ્યા ઓ અજ્ઞાની! આ પૃથ્વીને મૂકી દે; આ પૃથ્વીને તો જગત્સ્રષ્ટા બ્રહ્માએ રસાતલવાસીઓને અર્પણ કરી છે. તું અહીં આવ. ઓ વરાહનો આકાર ધારણ કરનાર અધમ દેવ! મારા દેખતાં તું આ પૃથ્વીની સાથે ક્ષેમકુશળ જઇ શકીશ નહિ.×[૨।૩] તને અમારા શત્રુ દેવોએ અમારો નાશ કરવા માટે આવો હૃષ્ટપુષ્ટ કર્યો છે, કે જે તું કપટથી અસુરોનો નાશ કરે છે અને પરોક્ષમાં જય મેળવે છે. તારામાં કેવળ યોગમાયાનુંજ બળ છે, બાકી ખરી રીતે તો તું અલ્પ બળવાળો છે. ઓ મૂઢ! આજે તારો નાશ કરીને હું મારા સંબંધીઓના શોકને દૂર કરીશ.÷[૪] મારા હાથથી છૂટેલી આ ગદા વડે તારૂં માથું ભાગી જશે અને તું મરણ પામીશ, એટલે જે ઋષિઓ અને દેવો તને બલિદાન આપી રહ્યા છે, તેઓ સર્વે મૂળરહિત થઇ જઇને પોતાની મેળેજ આ જગતમાં અસ્તિત્વ ધરા-

* આ અધ્યાયમાં હિરણ્યાક્ષ તથા પૃથ્વીનો ઉદ્ધાર કરનારા વરાહ ભગવાનનું જય કે પરાજયથી રહિત એવું અને દેવોને ક્ષોભ પમાડનારૂં યુદ્ધ થયું તે વર્ણવાશે. **શ્રીધર**

+ હસવાનું કારણ એ છે કે, હિરણ્યાક્ષ તો પોતાની યુદ્ધકામના પૂરી કરવા માટે કોઇ મહાન યોદ્ધાની શોધમાં હતો, ત્યારે તેને આ વનગોચર મૃગ જોવામાં આવ્યો–સામાન્ય એક વરાહ જોવામાં આવ્યો, તેથી તેને તેના પ્રત્યે અનાદરથી હસવું આવ્યું. હિરણ્યાક્ષનું આ 'વનગોચર મૃગ' એવું જે નિંદાવચન છે, તેમાંથી વસ્તુત: ભગવાનની સ્તુતિ નીકળે છે; જેમકે અહો! આ તો વનગોચર એટલે જલશાયી સાક્ષાત્ નારાયણ છે, કે જે મૃગ છે–એટલે જેમને યોગીઓ શોધ્યા કરે છે. તે ભગવાનનાં મને દર્શન થયાં. મારૂં અહોભાગ્ય!–**बा.प्र.**

× હિરણ્યાક્ષનાં દરેક વચનમાં સ્તુતિ પણ રહેલી છે. અહીં સ્તુતિભાગ આ પ્રમાણે નીકળે છે–હે સર્વજ્ઞ! હે દેવશ્રેષ્ઠ! તમે મારા દેખતાં મારો અનાદર કરીને પણ પૃથ્વી લઇ જશો, તો આ પૃથ્વીની સાથે અમારૂં સમસ્ત મંગળ–સમગ્ર રાજ્ય તમે પ્રાપ્ત કરશો; એમાં સંદેહ નથી; તોપણ અમારા ઉપર કૃપા કરીને પૃથ્વીને અહીં મૂકો. આપે કેવળ લીલાથીજ વરાહમૂર્તિ સ્વીકારી છે.

÷ સ્તુતિપક્ષે આવો અર્થ છે–હે ભક્તિવશ પુરુષોને તૃપ્ત કરનાર! પોતાના મોક્ષને માટે યોગીપુરુષો આપનો આશ્રય કરે છે, આપ દૂર રહીને પણ કોઇને જીતી શકો છો, આપનું યોગમાયારૂપી બળ અચિંત્ય છે અને સર્વ કોઇનું પરાક્રમ આપનાથી તો ઘણુંજ અલ્પ હોય છે–આપ સર્વ કરતાં શ્રેષ્ઠ બળવાળા છો. હું આપને મારા હૃદયમાં સ્થાપીને સંસારનાં દુઃખોનો નાશ કરીશ.**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વશે નહિ–એની મેળેજ નાશ પામી જશે.'*૫

'એ પ્રમાણે પોતાના શત્રુ હિરણ્યાક્ષનાં વચનોરૂપી શસ્ત્રોથી વ્યથા પામતા† તે ભગવાન, પોતાની દાઢની ઉપર રહેલી પૃથ્વીને ભયભીત થયેલી જોઇને તે કટુ વાક્યોની પીડાને સહન કરતા, જેમ ઝૂડથી પીડાયલો હાથી હાથણી સાથે જળમાંથી બહાર નીકળે, તેમ જળમાંથી બહાર નીકળ્યા.૬ એ રીતે ભગવાન જળમાંથી બહાર નીકળતા હતા, ત્યારે સુવર્ણ જેવા પીળા કેશવાળો અને વિકરાળ દાઢોવાળો તે દૈત્ય મગરમચ્છ જેમ હાથીની પાછળ દોડે, તેમ ભગવાનની પાછળ દોડ્યો અને વજ્રના જેવી ગર્જના કરીને તેમને કહેવા લાગ્યો કે, 'નિર્લજ્જ નીચ પુરુષોને કયું કામ નિંદ્ય હોય છે×?'૭ તે પછી તે વરાહભગવાને જળની સપાટી ઉપર પૃથ્વીને સ્થાપીને તેમાં પોતાની આધારશક્તિ તેમણે મૂકી. એ સમયે શત્રુ–હિરણ્યાક્ષના દેખતાં બ્રહ્મદેવ પોતે એ વરાહભગવાનની સ્તુતિ કરતા હતા અને દેવો પુષ્પવૃષ્ટિથી તેમને ઢાંકી દેતા હતા.૮ પછી પ્રચંડ કોપવાળા તે ભગવાને ખડખડાટ હસીને પોતાની પાછળ પડેલા, સુવર્ણના અલંકારવાળા, મોટી ગદાવાળા, સુવર્ણનું વિચિત્ર બખ્તર ધારણ કરનારા અને દુષ્ટ વચનોથી મર્મસ્થાનોને વારંવાર વ્યથા ઉપજાવતા તે દૈત્યને આ પ્રમાણે કહ્યું.'૯

શ્રીભગવાન બોલ્યાઃ–'ઓ અમંગળ દૈત્ય! તું કહે છે તે સત્ય છે; ખરેખર, અમે જળચારી વરાહ છીએ; પણ તારા જેવા કૂતરાઓને શોધ્યા કરીએ છીએ. વીર પુરુષો, મૃત્યુપાશથી બંધાયલા એવા તારી તેં પોતે કરેલી આત્મશ્લાઘાને ગ્રહણ કરતા નથી.૧૦ આ–અમે તો રસાતલવાસીઓની થાપણરૂપ પૃથ્વીને હરી જનારા છીએ, નિર્લજ્જ છીએ અને તારી ગદા વડે તેં અમને નસાડી મૂક્યા છે, તોપણ (આવા અસમર્થ છીએ છતાં) યુદ્ધમાં માંડ માંડ તારી સામે ઊભા છીએ; કેમકે (શું કરીએ?) બળવાનની સાથે વૈર કરીને ક્યાં જઇએ?૧૧ તું પાયદળ સૈનિકોના યૂથપતિઓમાં અગ્રેસર છે, માટે કોઇ પણ જાતનો વિચાર કર્યા વિના તરતજ અમારા અમંગળને માટે યત્ન કર અને અમને મારી નાખી પોતાના સંબંધીઓનાં શોકાશ્રુને લૂછી નાખ–તારા સંબંધીઓના શોકને તું દૂર કર. કેમકે જે પુરુષ પોતાની પ્રતિજ્ઞાને પાળતો નથી, તે અસભ્ય છે–સભામાં બેસવાને પણ અયોગ્ય છે.'૧૨

મૈત્રેય બોલ્યાઃ–'એ પ્રમાણે ભગવાને ખૂબ તિરસ્કાર કર્યો અને રોષથી અત્યંત હાંસી કરી; એટલે રમાડાતા મોટા સર્પની પેઠે તે દૈત્ય ઉગ્ર ક્રોધ પામ્યો.૧૩ તે અસહનશીલ બનીને શ્વાસોચ્છ્વાસ છોડવા લાગ્યો. તેની ઇન્દ્રિયો ક્રોધથી ખળભળી ઊઠી અને તે દૈત્યે બળથી શ્રીહરિની

---

* સ્તુતિઃ–મારી ગદાથી આપનું મસ્તક કદી ભાગશે નહિ, તેથી આપ તો એમજ સ્વસ્થ રહેશો, એટલે આપને બલિ આપનારા દેવો તથા ઋષિઓ સ્વયમેવ દૃઢમૂળ થશે–ઉદ્યમ વિનાજ પોતાની મેળે વૃદ્ધિંગત થશે. —શ્રીધર

† ખરી રીતે તો શત્રુ હિરણ્યાક્ષનાં વચનોથી પીડા પામતા–એટલે તે તે વચનરૂપી શસ્ત્રોથી પીડા પામતા બ્રહ્માદિ દેવોને જોઇને પોતે કૃપાને લીધે પીડા પામતા અને હિરણ્યાક્ષના કથનનો ગૂઢ અર્થ નહિ સમજતા તે દેવોને પોતાની નિંદાનિમિત્તે જે દુઃખ થતું હતું, તેને સહન કરતા ભગવાન જળમાંથી બહાર નીકળ્યા, એ અર્થ છે. —શ્રીધર

× અર્થાત્–નીચ પુરુષો એટલા બધા બેશરમ હોય છે કે, તેઓને નિંદાનો ભય નહિ હોવાને લીધે રણમાંથી નાસી જવું, તે પણ અયોગ્ય લાગતું નથી. સ્તુતિભાગ આ પ્રમાણે છે–જેના કરતાં બીજા કોઈ સત્પુરુષ નથી, એવા લજ્જાવાળા કૃપાળુ પુરુષોને શું નિંદ્ય હોય છે? કંઇ પણ નહિ. ભગવાન દયાળુ છે, તેથી પોતાની દાઢ ઉપર રહેલી ભૂમિની રક્ષા કરવા માટેજ તેમણે પલાયન કર્યું, પણ તે નિંદ્ય ન ગણાય. અથવા લોકો પર ઉપકાર કરવા માટે પૃથ્વીનો ઉદ્ધાર કરતા ભગવાનની પાછળ દોડવું તે અયોગ્ય છે, એમ માનતો દૈત્ય પોતે પોતાનેજ તિરસ્કારવચનો કહે છે–નિર્લજ્જ અને કેવળ સ્વાર્થપરાયણ એવા અમને દુર્જનોને શું નિંદ્ય છે? અમને ધિક્કાર છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાસે જઈ તેમને ગદાનો પ્રહાર કર્યો; પણ ભગવાને યોગારૂઢ પુરુષ જેમ મૃત્યુને ચુકાવી દે, તેમ શત્રુએ છાતી પર છોડેલી ગદાના વેગને આડા ખસી જઇને ચુકાવી દીધો. એટલે તે દૈત્ય ફરી પણ પોતાની ગદા લઇને વારંવાર તેને ભમાવવા લાગ્યો, ત્યારે ક્રોધાયમાન થયેલા શ્રીહરિ ક્રોધને લીધે હોઠ પીસીને તેની સામે દોડ્યા.[૧૪-૧૬] પછી પ્રભુએ પોતાના શત્રુની જમણી ભ્રૂકુટી પર ગદાનો પ્રહાર કર્યો; પણ હે સૌમ્ય વિદુરજી! યુદ્ધકુશળ હિરણ્યાક્ષે, ભગવાનની તે ગદાને પોતાની ગદા વડે પોતાની પાસે આવ્યા પહેલાંજ–વચ્ચેથી ભાંગી નાખી.[૧૭] એ રીતે હિરણ્યાક્ષ અને શ્રીહરિ ભગવાન અત્યંત આવેશમાં આવી જઇ પરસ્પર જય મેળવવાની ઇચ્છાથી પોતપોતાની મોટી ગદાઓ વડે એકબીજા પર પ્રહાર કરવા લાગ્યા.[૧૮] એ બન્ને જણ પરસ્પર સ્પર્ધા કરતા હતા, તીક્ષ્ણ ગદાના પ્રહારોથી બન્નેનાં અંગો ઘાયલ થયાં હતાં; ઘાવમાંથી ઝરતા લોહીની ગંધને લીધે તેઓ બન્નેનો ક્રોધ અત્યંત વધી પડ્યો હતો અને જય મેળવવાની ઇચ્છાથી તેઓ બન્ને તરેહતરેહના ગદાયુદ્ધના માર્ગોમાં ઘૂમી રહ્યા હતા. એ રીતે તેઓ બન્નેનું પૃથ્વી માટેનું તે યુદ્ધ, એક ગાય માટે લડતા બે આખલાઓના જેવું શોભતું હતું.[૧૯] હે કુરુવંશી વિદુરજી! પૃથ્વીને માટે પરસ્પર શત્રુ બનેલા તે દૈત્યનું અને માયાથી જમણે વરાહશરીર ગ્રહણ કર્યું હતું, એવા મહાત્મા શ્રીયજ્ઞમૂર્તિ ભગવાનનું તે યુદ્ધ જોવાની ઇચ્છાથી ઋષિઓથી વીંટાયલા સ્વયંભૂ–બ્રહ્મા ત્યાં આવી પહોંચ્યા.[૨૦] હજારો ઋષિઓના નાયક ભગવાન બ્રહ્માએ હિરણ્યાક્ષ દૈત્યને શૂરાતનમાં આવી ગયેલો, નિર્ભય, વૈરનો બદલો લેતો અને અજિત પરાક્રમવાળો જોઇને આદિવરાહ નારાયણ ભગવાનને આ પ્રમાણે કહ્યું.[૨૧]

બ્રહ્મા બોલ્યાઃ–'હે દેવ! આ અસુર આપના ચરણમૂળને શરણે આવેલા દેવોનો, બ્રાહ્મણોનો, ગાયોનો તથા નિરપરાધી પ્રાણીઓનો અપરાધ કરનાર છે, ભય ઉપજાવનાર છે અને ભય ઉપજાવીને ધન–પ્રાણાદિ લઇ લેવારૂપી દુષ્ટ કર્મો કરનાર છે. આણે મારી પાસેથી વર મેળવ્યો છે અને તેથીજ પોતાની બરોબરી કરે તેવા શત્રુથી રહિત હોઇને તેવા શત્રુની શોધ કરતો સર્વ લોકમાં કંટકરૂપે ભટક્યા કરે છે.[૨૨,૨૩] માટે હે દેવ! માયાવી, ગર્વિષ્ઠ, નિરંકુશ અને મહાદુષ્ટ એવા આ અસુરને જેમ કોઇ બાળક (પૂંછડું ખેંચવા વગેરેથી) ક્રોધાયમાન થયેલા સર્પને રમાડે, તેમ તમે રમાડો મા.[૨૪] હે અચ્યુત! આ દારુણ દૈત્ય પોતાની સંધ્યાવેળાને પ્રાપ્ત કરી જેટલામાં વૃદ્ધિ ન પામે, તેટલામાં હે દેવ! તમે પોતાની માયાનો આશ્રય કરી આ પાપીનો નાશ કરો.[૨૫] હે પ્રભો! લોકોનો વિનાશ કરનારી અતિ ઘોર આ સંધ્યાવેળા લગભગ આવી પહોંચી છે; તો હે સર્વાત્મન્! તમે દેવોનો વિજય કરો.[૨૬] હમણાંજ આ અભિજિત નામનો મૌહૂર્તિકયોગ–મધ્યાહ્નસમય લગભગ જવા આવ્યો છે;* માટે સત્વર આપના ભક્ત એવા અમારું કલ્યાણ કરવા માટે આ દુર્જય દૈત્યનો તમે નાશ કરો.[૨૭] બહુજ ઠીક થયું છે કે, આ દૈત્ય પોતાના મૃત્યુરૂપે નિર્માણ થયેલા આપની સામે પોતાની મેળેજ આવી પહોંચ્યો છે! માટે યુદ્ધમાં પરાક્રમ કરી આનો વધ કરીને લોકોને સુખમાં સ્થાપો–સુખી કરો.'

दिष्ट्या त्वां विहितं मृत्युमयमासादितःस्वयम् ।
विक्रम्यैनं मृधे हत्वा लोकानाधेहि शर्मणि ॥२८॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય
સ્કંધ વિષે અધ્યાય ૧૮ મો સમાપ્ત

*અર્થાત્ મધ્યાહ્નસમય જો કે લગભગ ચાલ્યો ગયો છે, તોપણ તેનો એક મુહૂર્ત સમય હજી બાકી છે; તેટલામાં આ દૈત્યનો આપ વધ કરી નાખો, નહિ તો સંધ્યાસમય થઇ જતાં તેનું બળ વધી જશે અને તે અવધ્ય થઈ પડશે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय १९ मो*

હિરણ્યાક્ષનો વધ

॥ मैत्रेय उवाच ॥

अवधार्य विरिंचस्य निर्व्यलीकामृतं वचः ।
प्रहस्य प्रेमगर्भेण तदपांगेन सोऽग्रहीत् ॥ १ ॥

મૈત્રેય બોલ્યાઃ–'બ્રહ્મદેવનું તે નિષ્કપટ વચનામૃત સાંભળીને ભગવાન ખૂબ હસ્યા× અને પછી તે વચનને પ્રેમયુક્ત કટાક્ષદર્શનથી માન્ય કર્યું;[1] તથા બ્રહ્માની નાસિકામાંથી ઉત્પન્ન થયેલા તે વરાહમૂર્તિએ પોતાની સંમુખ નિર્ભય થઇને ઘૂમી રહેલા શત્રુ હિરણ્યાક્ષને પોતે એકદમ ઊછળીને હડપચીમાં (જડબામાં) ગદાનો પ્રહાર કર્યો.[2] પરંતુ તે હિરણ્યાક્ષે પોતાની ગદા વડે ભગવાનની ગદા પર સામો પ્રહાર કર્યો, કે જેથી તે ગદા ભગવાનના હાથમાંથી છૂટી પડી, ઘૂમરી ખાઇને પૃથ્વી ઉપર પડી ગઇ અને તે દૈત્યનું પરાક્રમ દીપી નીકળ્યું; એ કંઇ આશ્ચર્ય જેવું થયું હતું.[3] એ વેળા તે દૈત્યને અવસર મળ્યો હતો, છતાં પણ તેણે યુદ્ધધર્મને માન આપી આયુધરહિત થયેલા ભગવાન ઉપર પ્રહાર કર્યો નહિ અને ભગવાનને કોપાવવા માંડ્યા.[4] ભગવાનના હાથમાંથી જ્યારે ગદા પડી ગઇ, ત્યારે સર્વ સ્થળે હાહાકાર થઇ રહ્યો; એટલે ભગવાને નિઃશસ્ત્ર ઉપર પ્રહાર નહિ કરવારૂપી તે દૈત્યના યુદ્ધધર્મને માન આપી પોતાના સુદર્શનચક્રનું સ્મરણ કર્યું.[5] એ સમયે જેમનું ચક્ર પણ જેમની પાસે આવી ગભરાઇ ગયું હતું, એવા તે ભગવાન દિતિનો તે અધમ પુત્ર કે જે પોતાનો પાર્ષદ હતો, તેની સામે યુદ્ધ કરતા હતા, ત્યારે તેજ સ્થળે તેમના પ્રભાવને નહિ જાણતા આકાશચારી દેવોની આ રીતે ચોતરફ વાણી થવા લાગીઃ–'તમારૂં કલ્યાણ થાઓ, તમે આ દૈત્યનો વધ કરો.' ચક્ર ધારણ કરી રહેલા અને કમળની પાંખડી સમાન નેત્રવાળા તે ભગવાનને પોતાની આગળ ઊભેલા જોઇ પેલો દૈત્ય ક્રોધથી ચંચળ ઇન્દ્રિયોવાળો થઈ ગયો અને ફૂંફાડા નાખતો પોતાના હોઠને પીસવા લાગ્યો[6-7] ને વિકરાળ દાઢોવાળા તે દૈત્યે પોતાનાં નેત્રો વડે જાણે બાળી નાખતો હોય, તેમ ભગવાન સામે જોઇને કૂદીને 'હવે તું મૂઓજ છે' એમ કહી પોતાની ગદા વડે ભગવાન ઉપર પ્રહાર કર્યો; એટલે હે સત્પુરુષ વિદુરજી! તે ભગવાન યજ્ઞવરાહે વાયુ સમાન વેગવાળી તે ગદાને શત્રુના દેખતાં પોતાના ડાબા પગથી લાત મારીને લીલામાત્રમાં પૃથ્વી પર પાડી નાખી અને કહ્યું કે, 'આયુધ ગ્રહણ કર અને ઉદ્યમ કર; કેમકે તું મને જીતવા ઇચ્છે છે.' ભગવાને એમ કહ્યું, ત્યારે ફરી તે દૈત્યે પ્રહાર કર્યો અને અત્યંત ગર્જના કરવા માંડી.[8-10] તે ગદાને પોતાની સામે આવતી જોઇ ભગવાને બરાબર તેની સામે ઊભા રહી ગરુડ જેમ સામે આવેલી નાગણને પકડી લે, તેમ લીલામાત્રમાં તે ગદાને પકડી લીધી.[11] એ રીતે પોતાનો પુરુષાર્થ નાશ પામ્યો, એટલે તે મહાન અસુર ગર્વરહિત થઇ ગયો અને તેની કાંતિ પણ ચાલી ગઇ. શ્રીહરિએ તેની ગદા તેને પાછી આપવા માંડી; પરંતુ તેણે તે લેવાની ઇચ્છા કરી નહિ.[12] પછી જેમ કોઈ પુરુષ બ્રાહ્મણને ઉદ્દેશી ×અભિચાર કર્મ કરતો હોમ કરવાના દ્રવ્યને ગ્રહણ કરે, તેમ તે દૈત્યે વરાહસ્વરૂપ ધારણ કરનારા યજ્ઞ ભગવાનને

* આ અધ્યાયમાં બ્રહ્માદિની પ્રાર્થના ઉપરથી વરાહ ભગવાને હિરણ્યાક્ષનો વખાણવા યોગ્ય વધ કર્યો, એ કથા કહેવાશે. —श्रीधर

× ખૂબ હસવાનું કારણ એ છે કે, ભગવાનના મનમાં એમ આવ્યું કે, આ બ્રહ્મા દેવોમાં સૌથી મોટા છે, તોપણ કંઇ સમજ્યા વિના વૃથા ભય પામે છે અને સર્વના કાળસ્વરૂપ એવા મને પણ ઉપર કહ્યા પ્રમાણે અભિજિત નામના સારા મુહૂર્તનો યોગ આના વધકાર્યમાં સહાયક તરીકે જણાવે છે. કેવું અજ્ઞાન! भा. क.

× અભિચાર કર્મ એટલે કોઇને મારી નાખવા માટે આરંભેલું હોમકર્મ કે મંત્રપ્રયોગ. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉદ્દેશી (તેમને મારવા માટે) ત્રણ શિખાઓવાળું ત્રિશૂળ ગ્રહણ કર્યું, કે જે બળબળતા અગ્નિની પેઠે બીજાનો ગ્રાસ કરી જવા આતુર હતું.[૧૩] એ મહાન દૈત્ય યોદ્ધાએ ભગવાનની સામે ફેંકેલું એ ત્રિશૂળ ઉત્કટ કાંતિવાળું હોઇને આકાશમાં ઝળહળી રહ્યું હતું; તેને ભગવાને જેમ *ગરુડે તજેલા પીછાને ઇન્દ્રે વજ્ર વડે કાપી નાખ્યું હતું, તેમ તીક્ષ્ણ ધારવાળા ચક્ર વડે કાપી નાખ્યું. પોતાના ત્રિશૂળના ભગવાનના ચક્રે એ રીતે ટુકડે ટુકડા કરી નાખ્યા એટલે તે અસુરનો રોષ અત્યંત વધી પડ્યો. તેણે ભગવાનની સામે આવીને લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ એવી તેમની વિશાળ છાતીમાં કઠોર મુષ્ટિનો પ્રહાર કર્યો અને ગર્જના કરીને ત્યાંથી તે અદૃશ્ય થઈ ગયો. હે વિદુરજી! એ પ્રમાણે તેણે પ્રહાર કર્યો, છતાં પણ ભગવાન આદિવરાહ પુષ્પમાળાથી મારવામાં આવેલા હાથીની પેઠે સહેજ પણ, કોઇ પણ અંશમાં ડગ્યા નહિ.[૧૪-૧૬] પછી તો દૈત્યે યોગમાયાના અધીશ્વર તે શ્રીહરિના ઉપર અનેક પ્રકારની માયા કરવા માંડી, કે જેને જોઇને ત્રાસ પામેલી પ્રજાઓ આ જગતનો પ્રલય થશે, એમ માનવા લાગી.[૧૭] તે સમયે ધૂળનું અંધારું ફેલાવી દેતા પ્રચંડ પવનો ફુંકાવા લાગ્યા અને જાણે ગોફણોમાંથી ફેંકાતા હોય, તેમ દિશાઓમાંથી પથ્થરો પડવા લાગ્યા.[૧૮] વીજળીઓ સાથે ગર્જના કરતાં વાદળાંઓનાં મંડળોને લીધે આકાશમાં નક્ષત્રોનો સમૂહ નાશ પામી ગયો—દેખાતો બંધ થઈ ગયો અને તે વાદળાંઓ પરુ, કેશ, લોહી, વિષ્ઠા, મૂત્ર તથા હાડકાંઓનો વારંવાર વરસાદ વરસવા લાગ્યાં.[૧૯] હે નિર્દોષ વિદુરજી! પર્વતો જાણે જાતજાતનાં હથિયારો ફેંકતા હોય, તેવા દેખાવા લાગ્યા અને હાથમાં ત્રિશૂળ ધારણ કરતી, છૂટા કેશવાળી નગ્ન રાક્ષસીઓ સર્વ તરફ દેખાવા લાગી. વળી અનેક યક્ષો, રાક્ષસો, પાળાઓ, ઘોડેસવારો, રથીઓ તથા હાથી સવારો, હાથમાં હથિયારો લઇ લઇને 'મારો, કાપો' એવી મહાભયંકર વાણી બોલવા લાગ્યા.[૨૦-૨૧] એ વેળા યજ્ઞમૂર્તિ ભગવાને તે પ્રકટ થયેલી આસુરી માયાઓનો નાશ કરનારું પોતાનું પ્રિય સુદર્શન ચક્ર ત્યાં છોડયું કે તેજ સમયે દિતિના હૃદયમાં એકાએક કંપારી છૂટી ગઇ. તેણીને પોતાના સ્વામીનું વચન યાદ આવ્યું અને તેણીના સ્તનમાંથી લોહીની ધારા વહેવા લાગી.[૨૨-૨૩] પેલો દૈત્ય પોતાની માયાઓનો નાશ થયો, એટલે ફરી ભગવાનની પાસે આવ્યો ને ક્રોધથી તેમને પોતાના બે બાહુની વચ્ચે લઈ પીસી નાખવાનો પ્રયત્ન કરવા લાગ્યો; પણ ભગવાનને તો તે પોતાની ભુજાઓની બહારજ રહેલા જોતો હતો.[૨૪] પછી તે દૈત્ય, વજ્રના જેવી બળવાન મુષ્ટિઓથી ભગવાનને મારવા લાગ્યો, એટલે ઇન્દ્ર જેમ વૃત્રાસુરને મારે, તેમ ભગવાને તેના કાનના મૂળભાગમાં મુષ્ટિનો પ્રહાર કર્યો.[૨૫] એ રીતે જગતને જીતનારા ભગવાને માત્ર અવજ્ઞાથી—ઉપેક્ષાથીજ (નહિ કે બળથી) પ્રહાર કર્યો, એટલે તે દૈત્યનું શરીર ચોતરફ ભમવા લાગ્યું; તેનાં નેત્રો બહાર નીકળી પડ્યાં, તેના હાથ, પગ તથા મસ્તકના કેશ વીખરાઇ પડ્યા અને વાયુએ ઊખેડી નાખેલા વૃક્ષની પેઠે તે ધરણી ઉપર પછડાઈ પડ્યો. એ વેળા ત્યાં આવેલા બ્રહ્માદિ દેવો પૃથ્વી પર સૂતેલા, નહિ નાશ પામેલા તેજવાળા, વિકરાળ દાઢોવાળા ને પીસેલા હોઠવાળા તે અસુરને જોઇને તેની પ્રશંસા કરતા કહેવા લાગ્યા કે, 'અહો! આવા શ્રેષ્ઠ મૃત્યુને કોણ પ્રાપ્ત કરી શકે?' અસત્ય એવા લિંગશરીરથી છૂટવા માટે યોગીઓ જેમનું એકાંતમાં યોગસમાધિથી ધ્યાન કરે છે, તે ભગવાનના ચરણથી હણાયલા આ શ્રેષ્ઠ દૈત્યે તેમનું મુખ જોતાં જોતાં શરીરનો ત્યાગ કર્યો છે.[૨૬-૨૮] આ બન્ને

* ગરુડ, દેવોનો પરાજય કરીને જ્યારે અમૃતનો કળશ લઈ જતો હતો, ત્યારે ઇન્દ્રે તેની સામે વજ્ર ફેંક્યું હતું. અમોઘ વજ્રનું માન રાખવા માટે ગરુડે એક પીછું તજી દીધું હતું. તે પીછાને ઇન્દ્રે વજ્રથી કાપી નાખ્યું, ત્યારે આકાશમાં તે જેમ પ્રકાશતું હતું, તેમજ હિરણ્યાક્ષે ફેંકેલું ત્રિશૂળ પણ આકાશમાં પ્રકાશતું હતું.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જણ આં ભગવાનના પાર્ષદો જ છે; તેઓ શાપને લીધે આ અસદ્ગતિને પામ્યા છે; પણ કેટલાક જન્મો લઇને ફરી પાછા પોતાના સ્થાનને પ્રાપ્ત કરશે.'

દેવો બોલ્યા:–'સમગ્ર યજ્ઞોને વિસ્તારનારા અને જગતના પાલનને માટે નિર્મળ સત્ત્વમૂર્તિ ધારણ કરનારા આપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. હે ઈશ્વર! જગતનાં મર્મસ્થાનોમાં અત્યંત પીડા કરનારા આ દૈત્યનો આપે વધ કર્યો તે બહુજ સારૂ કર્યું છે અને અમે આપના ચરણની ભક્તિથી શાંત થયા છીએ.[૨૯।૩૦]

મૈત્રેય બોલ્યા:–'એ પ્રમાણે અસહ્ય પરાક્રમવાળા તે હિરણ્યાક્ષનો નાશ કર્યા પછી બ્રહ્માદિ દેવો જેમની સ્તુતિ કરતા હતા, એવા તે આદિવરાહ શ્રીહરિ જ્યાં અખંડ ઉત્સવો થઈ રહ્યા છે, એવા પોતાના વૈકુંઠલોકમાં પધારી ગયા.[૩૧] હે સુમિત્ર વિદુરજી! ઉદાર પરાક્રમવાળા તે હિરણ્યાક્ષનો મહાયુદ્ધમાં એક રમકડાની પેઠે ભગવાને વિનાશ કર્યો–આ શ્રીવરાહ અવતાર ધારણ કરનારા ભગવાનનું ચરિત્ર જે પ્રમાણે મેં ગુરુ પાસેથી સાંભળ્યું છે, તેજ પ્રમાણે તમને કહ્યું છે.'[૩૨]

સૂત બોલ્યા:–હે બ્રાહ્મણ શૌનક! મૈત્રેયે કહેલી ભગવાનની એ કથા સાંભળીને મહાન ભક્ત વિદુરજી પરમ આનંદ પામ્યા.[૩૩] કેમકે પવિત્ર કીર્તિવાળા અને ઉદ્દામ યશવાળા બીજા સત્પુરુષોનાં ચરિત્રો સાંભળીને જો હર્ષ થાય છે, તો પછી વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન ધારણ કરનારા ભગવાનનાં ચરિત્રો સાંભળીને હર્ષ થાય તેમાં શું આશ્ચર્ય છે?[૩૪] જેમણે ઝૂડે ગળેલા અને પોતાના ચરણકમળનું ધ્યાન કરનારા ગજેન્દ્રને વિલાપ કરતી હાથણીઓની સમક્ષ સત્વર સંકટમાંથી મુક્ત કર્યો હતો;[૩૫] વળી કેવળ તેમનુંજ શરણ લેનારા સરળ ચિત્તના પુરુષોને જે સુખારાધ્ય છે અને અસાધુ–દુર્જનોને દુરારાધ્ય છે–તે ભગવાનનું કયો કૃતજ્ઞ પુરુષ સેવન ન કરે?[૩૬] હે બ્રાહ્મણો! જે મનુષ્ય પૃથ્વીના ઉદ્ધારના કારણે વરાહ અવતાર ધારણ કરનારા શ્રીભગવાનનું 'હિરણ્યાક્ષવધ' એ નામનું આ મહાઅદ્ભુત ક્રીડાચરિત્ર સાંભળે છે, ગાય છે અને સાંભળીને 'વાહ, વાહ' એ પ્રમાણે તેની અનુમોદના કરે છે, તે મનુષ્ય બ્રહ્મહત્યાના પાપથી પણ મુક્ત થાય છે.[૩૭] હે વિદુરજી! સ્વર્ગાદિ લોકને આપનારૂં, અતિશય પવિત્ર, ધન આપનારૂં, યશ આપનારૂં, આયુષ અને સર્વ આશીર્વાદોનું તો એક સ્થાન, પ્રાણ તથા ઇન્દ્રિયોની રક્ષા કરનારૂં અને યુદ્ધમાં શૌર્ય વધારનારૂં આ ચરિત્ર જેઓ સાંભળે છે, તેઓ અંતે શ્રીનારાયણ ભગવાનને પામે છે.'" ૩૮

एतन्महापुण्यमलं पवित्रं धन्यं यशस्यं पदमायुराशिषाम्। प्राणेंद्रियाणां युधि शौर्यवर्धनं नारायणोऽन्ते गतिरंग शृण्वताम् ॥ ३८ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૧૯ મો સમાપ્ત

अध्याय २० मो*

સૃષ્ટિરચના

॥ શ્રીશૌનક ઉવાચ ॥

महीं प्रतिष्ठामध्यस्य सौते स्वायंभुवो मनुः। कान्यन्वतिष्ठद्द्वाराणि मार्गायावरजन्मनाम् ॥

શૌનકે પૂછ્યું:–હે રોમહર્ષણના પુત્ર સૂત! પૃથ્વીરૂપી સ્થાન પ્રાપ્ત કર્યા પછી સ્વાયંભુવ મનુએ પ્રલયકાળે ઈશ્વરમાં લીન થયેલાં પ્રાણીઓને ઈશ્વરમાંથી બહાર કાઢવાને માટે કયાં દ્વારો કર્યાં?§[૧] વિદુરજી ભગવાનના મહાન ભક્ત હતા અને શ્રીકૃષ્ણના એકાંતિક મિત્ર હતા; જેમણે (શ્રીકૃષ્ણની સલાહનો અનાદર કરવાથી) 'આ શ્રીકૃષ્ણનો અપરાધી છે' એમ માનીને પોતાના મોટા ભાઈ ધૃતરાષ્ટ્રનો, તેમના દુર્યોધનાદિ પુત્રોની સાથે ત્યાગ

* આ અધ્યાયમાં પ્રાસંગિક વરાહજન્મ તથા તેમના ચરિત્રનું વચ્ચે અંતર પડ્યું હતું, તેથી પ્રથમથી માંડી મનુનો વંશ કહેવાને સર્ગને યાદ કરાવે છે.—**શ્રીધર**

§ અર્થાત્ અર્વાચીન–નવીન પ્રાણીઓને સ્વાયંભુવ મનુએ કયા ઉપાયોથી ઉત્પન્ન કર્યાં? —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરી દીધો હતો.[૨] વળી તે વિદુરજી વ્યાસના પુત્ર હતા અને મહિમાએ કરીને પણ વ્યાસના કરતાં ઊતરતા ન હતા, તેમણે સર્વ પ્રકારે શ્રીકૃષ્ણનોજ આશ્રય કર્યો હતો અને શ્રીકૃષ્ણના ભક્તોને પણ તે અનુસરતા હતા.[૩] તીર્થોનું સેવન કરવાથી પાપરહિત થયેલા તે વિદુરજીએ ગંગાદ્વારમાં બેઠેલા મહાતત્ત્વજ્ઞાની મૈત્રેય પાસે જઇને તેમને શું પૂછ્યું હતું ?[૪] હે સૂત ! પરસ્પર વાતચીત કરતા તેઓ બન્ને વચ્ચે ગંગાજળ જેવી નિર્મળ અને પાપોનો નાશ કરનારી શ્રીહરિના ચરણકમળ સંબંધીજ કથાઓ ચાલેલી છે.[૫] માટે કીર્તન કરવા યોગ્ય ઉદાર કર્મોવાળા શ્રીહરિની તે કથાઓ તમે અમને કહો. તમારું કલ્યાણ થાઓ. શ્રીહરિની લીલાઓરૂપી અમૃતનું પાન કરનારો કયો રસજ્ઞ પુરુષ તેથી તૃપ્ત થાય ?[૬]

"એ પ્રમાણે નૈમિષારણ્યમાં વસનારા તે શૌનકાદિ મુનિઓએ રોમહર્ષણના પુત્ર સૂતને પ્રશ્ન કર્યો. ત્યારે જેમણે ભગવાનમાંજ મન સ્થાપી દીધું હતું, એવા તે સૂત 'સાંભળો' એમ તેઓને કહીને તેઓની આગળ કથા કહેવા લાગ્યા."‡[૭]

સૂત બોલ્યાઃ—પોતાની માયાથી જેમણે વરાહનું શરીર ધારણ કર્યું હતું, એવા શ્રીહરિની રસાતલમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરવારૂપી લીલાને તથા તેમણે અવજ્ઞાથી હિરણ્યાક્ષને માર્યો—એ તેમના ચરિત્રને સાંભળીને ભરતવંશી વિદુરજીને અત્યંત હર્ષ થયો. તેમણે મુનિ મૈત્રેયને આ પ્રમાણે કહ્યું.[૮]

વિદુરજીએ પૂછ્યું:—"હે બ્રહ્મન્ ! પ્રજાપતિઓના પતિ બ્રહ્માએ પ્રજાઓની સૃષ્ટિ માટે પ્રજાપતિઓને ઉત્પન્ન કરીને કઈ સૃષ્ટિ રચવાનો આરંભ કર્યો હતો ? તે મને કહો. કેમકે તમે ભગવાનના માર્ગને જાણનારા છો.[૯] તેમજ મરીચિ વગેરે જે બ્રાહ્મણો ઉત્પન્ન થયા હતા અને જે સ્વાયંભુવ મનુ ઉત્પન્ન થયા હતા, તેઓએ બ્રહ્માની આજ્ઞાથી આ જગતને કેવી રીતે ઉત્પન્ન કર્યું હતું ?[૧૦] તેઓએ પ્રજાસર્ગ વગેરે કાર્યમાં સ્ત્રીઓની સાથે રહીને સૃષ્ટિ ઉત્પન્ન કરી હતી ? અથવા સ્વતંત્ર—સ્ત્રીઓની અપેક્ષા રાખ્યા વિનાજ સૃષ્ટિરચના કરી હતી કે સર્વેએ ભેગા મળીને આ જગત રચ્યું હતું ?"[૧૧]

મૈત્રેય બોલ્યાઃ—"જીવોનાં દુર્વિતર્ક્ય કર્મોથી, પ્રકૃતિના અધિષ્ઠાતા એવા મહાપુરુષથી તથા કાળથી ભગવાનના ત્રણ ગુણો ક્ષોભ પામ્યા—એટલે તે ત્રણે ગુણોની સામ્યાવસ્થા દૂર થઇને વિષમ અવસ્થા પ્રાપ્ત થતાં કોઇ કાર્યોન્મુખ વ્યાપાર તેઓમાં ઉદ્ભવ્યો; જેથી પ્રથમ મહત્તત્ત્વ ઉત્પન્ન થયું÷[૧૨] પછી દૈવે પ્રેરણા કરેલા અને* રજોગુણપ્રધાન એવા તે મહત્તત્ત્વમાંથી ત્રિગુણાત્મક અહંકાર ઉત્પન્ન થયો અને તે અહંકારે પાંચ તન્માત્રાઓ, પાંચ મહાભૂતો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો તથા તે તે ઇન્દ્રિયોના દેવતાઓ—એમ પાંચ પાંચ તત્ત્વો ઉત્પન્ન કર્યાં. આ બધાં તત્ત્વો એક એક અલગ રહીને બ્રહ્માંડને સૃજવાને સમર્થ થઈ શક્યાં નહિ; જેથી તેઓએ ભગવાનની શક્તિનો સંબંધ થતાં એકઠાં થઇ જઇને સુવર્ણની પેઠે પ્રકાશમાન એવું બ્રહ્માંડ ઉત્પન્ન કર્યું;[૧૩,૧૪] તે આ બ્રહ્માંડકોશ પ્રથમ નિરાત્મક હતો—અચેતન હતો અને (એજ અવસ્થામાં) એક હજાર વર્ષો-

‡ આ શ્લોક વ્યાસજીના વાક્યરૂપ છે. —શ્રીધર

÷ તંત્રશાસ્ત્રમાં કહ્યું છેઃ—

'विष्णोस्तु त्रीणि रूपाणि पुरुषाख्यान्यथो विदुः॥
प्रथमं महतः स्रष्टृ द्वितीयं त्वण्ड संस्थितम् ।
तृतीयं सर्वभूतस्थं तानि ज्ञात्वा विमुच्यते ॥'

અર્થાત્ વિષ્ણુ ભગવાનનાં ત્રણ સ્વરૂપો છે. તેમાં પહેલું મહત્તત્ત્વને સૃજનારૂં છે, બીજું બ્રહ્માંડાકારે રહ્યું છે અને ત્રીજું પ્રત્યેક પ્રાણીમાં રહેલું છે. આ ત્રણ સ્વરૂપોના જ્ઞાનથી મનુષ્ય મુક્ત થાય છે. —શ્રીધર

* મહત્તત્ત્વ જો કે સ્વતઃ સત્ત્વગુણપ્રધાનજ છે, છતાં તેને અહીં રજોગુણપ્રધાન એમ જે કહેવામાં આવ્યું છે, તેમાં એ ભાવ છે, કે અહંકારને ઉત્પન્ન કરતી વખતે મહત્તત્ત્વ પણ અહંકારરૂપ પોતાના કાર્યને અનુસરીને રજોગુણપ્રધાન થઇ જાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થી કંઇક વધારે વર્ષો સુધી સમુદ્રના જળમાંજ (એમનો એમ) રહ્યો હતો. પાછળથી તેમાં પરમેશ્વરે શ્રીનારાયણસ્વરૂપે નિવાસ કર્યો.[૧૫] તે પછી તે નારાયણ ભગવાનની નાભિમાંથી સર્વ જીવોના નિવાસસ્થાનરૂપ અને હજાર સૂર્યોના સરખું અતિશય કાંતિવાળું કમળ ઉત્પન્ન થયું, કે જેમાંથી સ્વયંભૂ બ્રહ્મા પોતે ઉત્પન્ન થયા.[૧૬] તે બ્રહ્મદેવની અંદર પણ સમુદ્રમાં જે શયન કરે છે, તે નારાયણ ભગવાને પ્રવેશ કર્યો, કે જેથી તેમણે પૂર્વની પેઠેજ નામરૂપાદિ ક્રમથી લોકસૃષ્ટિ રચી.[૧૭] બ્રહ્માએ પ્રથમ અજ્ઞાનમાંથી પાંચ ભેદવાળી અવિદ્યા સૃજી; તે આ પ્રમાણે તામિસ્ર, અંધતામિસ્ર, તમસ્, મોહ અને મહાતમસ્.[૧૮] તેમને પોતાનું આ અજ્ઞાનમય શરીર (એટલે અજ્ઞાનમય શરીરનો મનોભાવ) પસંદ ન પડ્યું; તેથી તેમણે તે શરીરનો ત્યાગ કર્યો. એ રાત્રિરૂપ થયેલા શરીરમાંથી ક્ષુધા અને તૃષાની ઉત્પત્તિ થઇ અને તે શરીરને યક્ષો તથા રાક્ષસોએ ગ્રહણ કર્યું.[૧૯] પછી ક્ષુધા અને તૃષાથી પીડા પામેલા તે યક્ષો તથા રાક્ષસો તે બ્રહ્મદેવનેજ ખાઇ જવા માટે દોડી ગયા અને ક્ષુધા–તૃષાથી વ્યાકૂળ થઇને કહેવા લાગ્યા કે, +'આની રક્ષા કરો મા, પણ આને ખાઈ જાઓ.'[૨૦] તે સાંભળીને વ્યગ્ર થયેલા બ્રહ્મદેવ બોલી ઊઠ્યાઃ–'તમે મને ખાશો નહિ, મારું રક્ષણ કરો. અરે ઓ યક્ષો અને રાક્ષસો! તમે તો મારી પ્રજાઓ થાઓ છો.'[૨૧] તે પછી કાંતિથી પ્રકાશતા એવા બ્રહ્મદેવે કાંતિથી પ્રકાશતી જે જે સત્ત્વગુણી પ્રજાઓ છે તેને મુખ્યત્વે કરીને ઉત્પન્ન કરી હતી અને તેઓ દેવ કહેવાયા. બ્રહ્માએ પોતાનું તે કાંતિમાન શરીર તજી દીધું તેને ક્રીડા કરવાની ઇચ્છાવાળા દેવોએ ગ્રહણ કર્યું, જે તેજોમય દિવસરૂપ થયું.[૨૨] પછી બ્રહ્મદેવે પોતાની જાંઘમાંથી અતિશય સ્ત્રીલંપટ એવા અસુરોને ઉત્પન્ન કર્યા. તેઓ અત્યંત સ્ત્રીલંપટ હોવાને લીધે મૈથુન માટે બ્રહ્મદેવ તરફજ ધસી ગયા. ભગવાન બ્રહ્મા તે વેળા (પ્રથમ તો) હસવા લાગ્યા; પણ જ્યારે નિર્લજ્જ અસુરો તેમની પાછળજ પડ્યા ત્યારે ક્રોધાયમાન તથા ભયભીત થઇને બ્રહ્મા વેગથી નાઠા અને શરણે આવેલાનું દુઃખ હરનારા, વરદાનો આપનારા તથા ભક્તોના પર અનુગ્રહ કરવા માટે ભક્તોની ઇચ્છાનુસાર સ્વરૂપનું દર્શન કરાવનારા શ્રીહરિને શરણે ગયા; અને પ્રાર્થના કરી કે, 'હે પરમાત્મન્! મારું રક્ષણ કરો. મેં આપની આજ્ઞાથી પ્રજાઓ ઉત્પન્ન કરવા માંડી છે; પણ હે પ્રભો! તે આ પાપી પ્રજાઓ મૈથુન કરવાને માટે મારી પાછળજ ધસી આવે છે.[૨૩-૨૬] એકમાત્ર આપજ દુઃખીઓના દુઃખનો નાશ કરનારા છો અને આપ એકજ આપના ચરણનો આશ્રય ન કરનારાઓને દુઃખ દેનારા છો.'[૨૭] બ્રહ્માની એ દીનતા જાણી લઇને બીજાઓનાં ચિત્તને નિઃસંદેહપણાથી જાણી લેનારા ભગવાને તેમના પ્રત્યે કહ્યું કે, 'તમે તમારા આ ઘોર શરીરનો ત્યાગ કરી દો.' ભગવાને એમ કહેતાં તેમણે તે શરીરનો ત્યાગ કર્યો.* બ્રહ્માએ ત્યાગ કરેલું તે શરીર સાયંકાળની+ સંધ્યા થઇ ગયું. તેનાં ચરણકમળ ઝાંઝરોથી ઝણઝણાટ કરતાં હતાં; તેનાં નેત્ર મદથી વિહ્વળ હતાં; તેનો નિતંબપ્રદેશ કંદોરાથી શોભતા રેશમી વસ્ત્રથી ઢંકાયલો હતો; તેનાં બે સ્તન એકબીજાની સાથે ઘસાતાં હોઈ ઘણાંજ ઊંચાં અને વચ્ચે

+ અહીં એમ સમજવાનું છે કે, તે વેળા જેઓએ એમ કહ્યું હતું કે,' આની રક્ષા કરો મા ' તેઓ રાક્ષસો થયા અને જેઓએ કહ્યું હતું કે, 'આને ખાઇ જાઓ' તે યક્ષો થયા. —શ્રીધર

* શરીરનો ત્યાગ કર્યો એટલે શરીરના તેવા મનોભાવનો ત્યાગ કર્યો, એમ સર્વ સ્થળે હવેથી સમજવું; તેમજ બ્રહ્માના તે તે તજેલા શરીરને જે જે ગ્રહણ કરે છે, તેઓ પણ તે તે મનોભાવનેજ ગ્રહણ કરે છે, એમ સર્વ સ્થળે સમજવું. —શ્રીધર

+ અર્થાત્ સંધ્યાના અભિમાનવાળી સ્ત્રી આકારની દેવી તરીકે ઉત્પન્ન થયું. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જગ્યા વિનાનાં હતાં; તેની નાસિકા સુંદર હતી; તેના દાંત પણ મનોહર હતા; તેનું હાસ્ય સ્નેહાળ હતું; વિલાસપૂર્વક તે જોતી હતી, લજ્જાને લીધે પોતાના શરીરને વસ્ત્રના છેડા વડે ઢાંકતી હતી અને તેનો કેશકલાપ શ્યામ હતો. હે ધર્માવતાર વિદુર! એવા સ્વરૂપવાળી એ સ્ત્રીને જોઇ સર્વ અસુરો અત્યંત મોહિત થઇ ગયા. અને બોલી ઊઠ્યા કે, 'અહો! આનું રૂપ!! અહો! આનું ધૈર્ય!! અહો! આની નવીન વય!! આપણે બધા આ સ્ત્રી ઉપર કામાસક્ત થયા છીએ, છતાં તે તો આપણને જાણે ઇચ્છતીજ ન હોય એમ આપણી વચ્ચે ચાલી આવે છે.'[૨૮-૩૨] એ રીતે તે સ્ત્રી આકૃતિવાળી સંધ્યા સંબંધી અનેક તર્કવિતર્કો કરતા તે કુબુદ્ધિ અસુરો તેનો સત્કાર કરી પ્રેમથી તેને પૂછવા લાગ્યા:[૩૩] 'ઓ કેળના સ્તંભ સરખા સાથળોવાળી સુંદરિ! તું કઇ જાતિની છે અને કોની કન્યા છે? અહીં આવવામાં તારે શું પ્રયોજન છે? હે કોપ કરનારી! તારે આ તારા રૂપરૂપી કીમતી વસ્તુ વેચવી છે છતાં તે અમને નહિ આપી તું અમને અભાગિયાઓને દુઃખી કરે છે.[૩૪] હે અબળા! તું ગમે તે જાતિની કે ગમે તે કુળની હો; (તે સંબંધે અમારે કંઇ પણ પૂછવાની જરૂર નથી.) પણ અમારાં અહોભાગ્ય છે, કે જેથી અમને તારું દર્શન થયું છે; પણ કેવળ અમે તારાં દર્શન કરીએ છીએ તેટલામાં તો તું અમારા મનને દડાની રમતથી અત્યંત મથી નાખે છે.[૩૫] અહા! ઓ સુંદરિ! તું ઊછળતા આ દડાને વારંવાર હાથની હથેળીથી પ્રહાર કરે છે, તેથી તારા ચરણકમળ એક સ્થળે સ્થિર રહેતા નથી; તારી આ કેડ મોટા સ્તનના ભારથી જાણે ભયભીત થઈ ગઈ હોય તેમ અત્યંત ખેદ પામે છે–લચી જાય છે, તારી દૃષ્ટિ નિર્મળ–ક્રોધાદિ વિકારોથી રહિત હોઇને જાણે શાંત હોય–ઘેરાતી હોય તેમ ચોતરફ પ્રસરે છે અને તારો કેશકલાપ અત્યંત સુંદર છે.'[૩૬] એ પ્રમાણે તે સાયંકાળની સંધ્યા કે જે વસ્તુતઃ સ્ત્રી ન હતી, છતાં સ્ત્રી જેવી દેખાતી હતી અને અત્યંત લોભાવતી હતી તેને સ્ત્રી માનીને તે મૂઢ બુદ્ધિવાળા અસુરોએ ગ્રહણ કરી.[૩૭] પછી ગંભીર× ભાવે ખૂબ હસીને પોતે પોતાને સૂંઘતી એ સંધ્યા, ત્યાંથી અદૃશ્ય થઇ ગઇ અને પછી ભગવાન બ્રહ્માએ પોતાની કાંતિમાંથી ગંધર્વો તથા અપ્સરાઓના ગણોને ઉત્પન્ન કર્યા*[૩૮] અને પછી તે ચંદ્રિકાસ્વરૂપ અને કાંતિમાન એવા પોતાના પ્રિય શરીરનો પણ બ્રહ્માએ ત્યાગ કરી દીધો; એટલે એજ વિશ્વાવસુ આદિ ગંધર્વોએ તથા અપ્સરાઓએ તે શરીર ગ્રહણ કર્યું.[૩૯] પછી ભગવાન બ્રહ્માએ પોતાના આળસમાંથી ભૂતો તથા પિશાચોને ઉત્પન્ન કર્યાં, પણ તેઓને નગ્ન અને છૂટા કેશવાળા જોઇને તેમણે પોતાનાં બન્ને નેત્રો બંધ કરી દીધાં[૪૦] અને પોતાના તે શરીરનો ત્યાગ કરી દીધો. પ્રભુ બ્રહ્માના તે તજાયલા જૃંભણ નામના શરીરને ભૂતો તેમજ પિશાચોએ ગ્રહણ કરી લીધું. તેમાં જેનાથી પ્રાણીઓની ઇન્દ્રિયો પરાધીન જોવામાં આવે છે, તેને નિદ્રા કહે છે અને જેને લીધે (એટલે ઇન્દ્રિયાદિની શિથિલતાને લીધે) ઉચ્છિષ્ટ થયેલાં (મલમૂત્રાદિયુક્ત) પ્રાણીઓને (ભૂતડાં વગેરે) ભ્રમિત કરી નાખે છે–ગાંડા કરી મૂકે છે, તેને ઉન્માદ કહે છે.+ તે પછી પોતાના આત્માને

× ગંભીર ભાવે ખૂબ હસવું અને પોતેજ પોતાને સૂંઘવું એ સૌંદર્યવિષયક સૂચનના વિષયની ચતુરાઇને સૂચવતો એક વિકાર છે. **—શ્રીધર**

* આ શ્લોકનો આવો અર્થ પણ થઇ શકેઃ 'તે પછી ગંભીર અભિપ્રાયે હસીને ભગવાન બ્રહ્માએ પોતે પોતાને સૂંઘતી કાંતિ વડે ગંધર્વો તથા અપ્સરાઓના ગણો ઉત્પન્ન કર્યા. **—ભા. ક.**

+ આ શ્લોકનો ભાવ આ પ્રમાણે છે–બ્રહ્માએ ભૂત–પિશાચોને ઉત્પન્ન કરીને જે શરીરનો ત્યાગ કરી દીધો તે શરીરના આવા ચાર ભેદ છેઃ–તંદ્રા, જૃંભણ, નિદ્રા અને ઉન્માદ. તેમાં તંદ્રા એટલે આલસ્ય; જૃંભણ એટલે બગાસાં ખાવાં, આળસ મરડવું વગેરે; જેથી પ્રાણીઓની ઇન્દ્રિયો પરાધીન થઇ જાય છે તે નિદ્રાઃ અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બળવાન માનતા અજન્મા અને સમર્થ ભગવાન બ્રહ્મદેવે પોતાના અદૃશ્ય રૂપથી સાધ્યદેવોના ગણોને તથા પિતૃઓના ગણોને ઉત્પન્ન કર્યા. એટલે તે સાધ્યોએ તથા પિતૃઓએ જેનાથી પોતાની ઉત્પત્તિ થઈ હતી એવા તે બ્રહ્મદેવના (અદૃશ્ય) શરીરને ગ્રહણ કર્યું; જે અદૃશ્ય સ્વરૂપ દાનક્રિયાનું નિમિત્ત હોવાને લીધે કર્મકુશળ વિદ્વાનો સાધ્યોને તથા પિતૃઓને હવ્ય અને કવ્ય× આપે છે.[૪૧–૪૩] પછી બ્રહ્મદેવે *તિરોધાન નામની પોતાની શક્તિથી સિદ્ધોને તથા વિદ્યાધરોને ઉત્પન્ન કર્યા અને તે પોતાની અંતર્ધાન શક્તિરૂપ અદ્ભુત શરીર તેમણે તેઓને આપી દીધું.[૪૪] પ્રભુ બ્રહ્માએ પોતે પોતાના પ્રતિબિંબને જોઈ પોતાને સુંદર માની તે પ્રતિબિંબ વડે કિન્નરો સહિત કિંપુરુષોને ઉત્પન્ન કર્યા અને પછી તેમણે તે પ્રતિબિંબશરીરનો ત્યાગ કર્યો એટલે તે તજેલા શરીરને તે કિન્નરો તથા કિંપુરુષોએ ગ્રહણ કર્યું અને તેથીજ તેઓ પ્રાતઃકાળમાં સ્ત્રીપુરુષનાં યુગલરૂપે મળીને બ્રહ્માનાં પરાક્રમોનું વર્ણન કરી તેમના તે પ્રતિબિંબ શરીરનું ગાન કર્યા કરે છે. આ રીતે સૃષ્ટિ રચી, છતાં તે જ્યારે વૃદ્ધિ ન પામી ત્યારે 'હવે આ સૃષ્ટિની વૃદ્ધિ કેવી રીતે થાય' આવી અત્યંત ચિંતાથી પ્રસારેલા હાથ–પગ વગેરે અવયવોવાળા શરીરે બ્રહ્મા સૂઇ ગયા અને ક્રોધથી તેમણે તે શરીરનો ત્યાગ કરી દીધો.[૪૫–૪૭] હે વિદુરજી! તે તજેલા શરીરમાંથી જે કેશો ખરી પડ્યા તે સર્પો થયા. બ્રહ્માએ પોતાના તે શરીરનો ત્યાગ કરતી વેળા પગ વગેરે અવયવોને લાંબાટૂંકા કરીને સરકાવ્યા હતા તેથીજ તે શરીરથી ઉત્પન્ન થયેલા સર્પો કહેવાયા અને તેથીજ તે સર્પો અત્યંત વેગવાળા થયા. તેઓ વિસ્તારવાળા શરીરથી ઉત્પન્ન થયા હતા, તેથી ફણાને લીધે વિશાળ ડોકવાળા થયા; તેમજ ક્રોધ પૂર્વક શરીરનો ત્યાગ કર્યો હતો તેથી તેઓ ક્રૂર થયા.[૪૮] પછી છેવટે સ્વયંભૂ બ્રહ્માએ પોતાના આત્માને કૃતકૃત્ય હોય તેવો માન્યો. તે વેળા તેમણે પોતાના મનથી લોકોને ઉત્પન્ન કરનારા એવા મનુઓને ઉત્પન્ન કર્યા[૪૯] અને સર્વ જીવોના સ્વામી એવા તે બ્રહ્માએ તે મનુઓને પોતાનું પુરુષાકાર શરીર અર્પણ કર્યું. તે સમયે એ મનુઓને જોઇને તેઓની પહેલાં જે ઉત્પન્ન થયા હતા તેઓ (દેવો વગેરે), પ્રજાપતિ બ્રહ્મદેવની પ્રશંસા કરવા લાગ્યા કે,[૫૦] 'અહો! અત્યંત આનંદની વાત છે કે, હે જગતના સ્રષ્ટા! આપે જે આ મનુઓને સર્જ્યા તે બહુજ સારું કર્યું છે. હે બ્રહ્મદેવ! આ મનુઓની સૃષ્ટિમાં અગ્નિહોત્રાદિ સર્વ ક્રિયાઓ પ્રતિષ્ઠા પામશે–નિત્ય ચાલુ રહેશે, જેથી અમે બધા એકીસાથે અમારા હવિર્ભાગરૂપ અન્નનું ભક્ષણ કરીશું.[૫૧] તે પછી તપ, ઉપાસના, આસન વગેરે યોગ અને વૈરાગ્ય–ઐશ્વર્યાદિરૂપ સમાધિથી યુક્ત એવા બ્રહ્માએ સર્વ ઇન્દ્રિયોને વશ કરી પોતાને પ્રિય એવી ઋષિઓની પ્રજાઓ ઉત્પન્ન કરી;[૫૨] તે ઋષિઓને બ્રહ્માએ પોતાના શરીરનો એક એક અંશ વહેંચી આપ્યો, કે જેમાં સમાધિ, યોગ ઐશ્વર્ય, તપ, ઉપાસના તથા વૈરાગ્ય રહ્યાં હતાં.[૫૩]

तेभ्यश्चैकैकशः स्वस्य देहस्यांशमदादजः ।
यत्तत्समाधियोगर्द्धितपोविद्याविरक्तिमत् ॥५३॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૨૦ મો સમાપ્ત

જે કોઇ અમુક દોષથી ઉચ્છિષ્ટ થયેલાં પ્રાણીઓને ભૂતપ્રેત વગેરે હેરાન કરે છે, તેને ઉન્માદ કહે છે.—વા૦પ્ર૦

× હવ્ય એટલે દેવોને ઉદ્દેશીને આપવામાં આવતો બલિ અને કવ્ય એટલે પિતૃઓને આપવામાં આવતો બલિ. —भा. क.

* દૃશ્યરૂપ પણ જેનાથી અદૃશ્ય બની જાય તે તિરોધાન–અંતર્ધાનશક્તિ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय २१ मो*

કર્દમ ઋષિ પર શ્રીભગવાનની પ્રસન્નતા અને કર્દમની પાસે મનુનું આગમન

॥ विदुर उवाच ॥

स्वायंभुवस्य च मनोर्वंशः परमसंमतः ।
कथ्यतां भगवन्यत्र मैथुनेनैधिरे प्रजाः ॥ १ ॥

વિદુર બોલ્યાઃ–"હે ભગવન્! સ્વાયંભુવ મનુનો પરમ માન્ય વંશ તમે મને કહો, જેમાં મૈથુનથી પ્રજાઓ વૃદ્ધિ પામી હતી.[1] સ્વાયંભુવ મનુના પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના બે પુત્રો હતા; તેઓ સાત દ્વીપોવાળી પૃથ્વીનું ધર્મપૂર્વક પાલન કરતા હતા.[2] હે નિર્દોષ બ્રહ્મન્! તે સ્વાયંભુવ મનુને દેવહૂતિ નામે પ્રખ્યાત પુત્રી હતી; તે પ્રજાપતિ કર્દમની પત્ની હતી; એમ આપે મને કહ્યું છે.[3] મહાન યોગી તે કર્દમ ઋષિએ યોગનાં યમ વગેરે લક્ષણોથી યુક્ત એવી તે દેવહૂતિ વિષે કેટલાં સંતાન ઉત્પન્ન કર્યાં હતાં, એ હું સાંભળવા ઇચ્છું છું; તો આપ કહો.[4] હે બ્રહ્મન્! બ્રહ્મદેવના પુત્ર ભગવાન ઋચિએ તથા દક્ષ પ્રજાપતિએ મનુની કન્યા આકૂતિને તથા પ્રસૂતિને પત્ની તરીકે સંપાદન કરીને જે પ્રમાણે સંતાનો ઉત્પન્ન કર્યાં હતાં, તે પણ મને કહો."[5]

મૈત્રેય બોલ્યાઃ–"તમે પ્રજાઓ ઉત્પન્ન કરો, એમ જ્યારે બ્રહ્મદેવે કહ્યું ત્યારે ભગવાન કર્દમે દશ હજાર વર્ષ સુધી સરસ્વતી નદી ઉપર તપશ્ચર્યા કરી.[6] તે પછી સમાધિયુક્ત એવા ક્રિયાયોગદ્વારા (એટલે પૂજા પ્રકારદ્વારા) કર્દમ ઋષિએ શરણે આવેલાંઓને વર આપનારા શ્રીહરિનું ભક્તિપૂર્વક સેવન કર્યું.[7] એ વળા તે સત્યયુગના સમયમાં કમળનેત્ર શ્રીભગવાન તેમના પર પ્રસન્ન થયા હતા અને હે વિદુરજી! કેવળ વેદથીજ જાણવા યોગ્ય એવા બ્રહ્મમય શરીરને ધારણ કરતા તે ભગવાને કર્દમ ઋષિને દર્શન દીધાં હતાં.[8] કેવળ સત્ત્વગુણસ્વરૂપ, સૂર્ય સમાન તેજસ્વી, ધોળાં દિવસવિકાસી કમળ તથા રાત્રિવિકાસી કમળની માળાવાળા, ચળકતા કાળા કેશના સમૂહથી વ્યાપ્ત મુખવાળા, સ્વચ્છ વસ્ત્ર ધારણ કરનારા, મુકુટધારી, કુંડળધારી, શંખ–ચક્ર–ગદાને ધારણ કરનારા, ધોળા કમળને હાથમાં ક્રીડા માટે ધારણ કરતા, જેમનું હાસ્ય અને દર્શન મનને આનંદદાયક હતું, જેમણે ગરુડના ખભા ઉપર પોતાનું ચરણકમળ સ્થાપ્યું હતું, જેમની છાતીમાં લક્ષ્મીનું ચિહ્ન હતું, જેમની ડોકમાં કૌસ્તુભમણિ હતો અને જે આકાશમાં આવી રહ્યા હતા, એવા તે ભગવાનનાં દર્શન કરી કર્દમ ઋષિને અત્યંત હર્ષ થયો; તેમણે પૃથ્વી પર મસ્તક નમાવી ભગવાનને પ્રણામ કર્યા; તેમના મનોરથો પૂર્ણ થઇ ગયા અને પછી પ્રીતિ એજ જેમના મનનો સ્વતઃસિદ્ધ ધર્મ હતો, એવા તે કર્દમ ઋષિ બે હાથ જોડી વાણી વડે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.[9-12]

કર્દમ ઋષિ બોલ્યાઃ–'હે સ્તુતિ કરવાયોગ્ય ભગવન્! અત્યંત આનંદની વાત છે કે, સમગ્ર પ્રાણીઓના નિવાસરૂપ આપનાં આજે દર્શન થવાથી અમારાં નેત્રો સફળ થયાં છે. કેમકે ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ એવા અનેક જન્મોથી જેઓનો યોગ સિદ્ધ થયો હોય છે, તેવા યોગીઓ પણ આપના દર્શનની આશા રાખે છે.[13] હે ઈશ્વર! તે પુરુષોની બુદ્ધિ આપની માયાથી નષ્ટજ થયેલી છે, કે જેઓ નરકમાં પણ મળી શકનારા કામભોગોના અલ્પ સુખ માટે સંસારસમુદ્રમાં વહાણ સરખા આપના ચરણકમળને ભજે છે. આપ તો તેઓને તે કામોપભોગો પણ આપોજ છો.†[14] અરે! હું પોતે પણ એવાજ પ્રકારનો દુરાશયી છું–મારો પોતાનો પણ તેવોજ દુષ્ટ અભિપ્રાય છે. કેમકે

* આ અધ્યાયમાં તપ અને ઉપાસનાથી પ્રસન્ન થયેલા વિષ્ણુએ મનુની પુત્રી દેવહૂતિ સાથે કર્દમ ઋષિનો વિવાહયોગ કર્યો, એ કથા કહેવાશે. —શ્રીધર

† ૧૪ મા શ્લોકમાં સકામ ભક્તોની નિંદા કરીને કહે છે કે, હું પોતે પણ તેવોજ નિંદ્ય છું.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હું મારા જેવા શીલવાળી અને ગૃહસ્થાશ્રમમાં ધર્માર્થકામરૂપ ત્રણે પુરુષાર્થોને આપનારી પત્નીને પરણવા ઇચ્છું છું અને (એજ દુષ્ટ અભિપ્રાયથી) સમસ્ત પુરુષાર્થોના મૂળરૂપ એવા આપના ચરણરૂપી કલ્પવૃક્ષને શરણે આવ્યો છું.૧૫‡ હે અધીશ્વર! જે આપ પ્રજાઓના પતિ છો તેમની વેદવાણીરૂપ દોરીથી વિષયો વડે હણાયલા આ લોક (પશુની પેઠે) બંધાયલા છે; અને હું પણ, હે શુદ્ધ ધર્મમૂર્તિ દેવ! એ લોકને અનુસરેલો હોઇ આપ કાળમૂર્તિ પરમાત્માને બલિદાન આપી રહ્યો છું;–કર્મમય એવી આપની આજ્ઞાને અનુસરી રહ્યો છું.+૧૬ પણ જે પુરુષો કામવાસનાઓથી પરાભવ પામેલા આ લોકોને તથા વિવેક હોવા છતાં કર્મજડ–મારા જેવા પશુઓનો અનાદર કરી આપના ચરણરૂપી છત્રનો આશ્રય કરે છે અને આપના ગુણાનુવાદરૂપી મદજનક અમૃતપાનથી ક્ષુધા–તૃષા વગેરે દેહધર્મોને પણ ભૂલી ગયેલા હોય છે, તેવા પુરુષોના આયુષને આપનું કાળચક્ર કદી નાશ કરી શકતું નથી, કે જે કાળચક્ર પરબ્રહ્મરૂપી ધરી ઉપર ફર્યા કરે છે, અધિક મહિના સાથે તેર મહિનાઓ રૂપી સાંધાઓવાળું છે, ત્રણસોસાઠ દિવસોરૂપી અણીઓવાળું છે, છ ઋતુઓરૂપી ઘેરાવવાળું છે, ક્ષણ–લવ વગેરે અનંત ધારાઓવાળું છે, ત્રણ ચાતુર્માસરૂપી નાભિવાળું છે અને તીવ્ર વેગવાળું હોઇને સર્વ જગતને ખેંચી જઇને દોડી રહેલું છે.૧૭|૧૮ હે ભગવન્! આપ પોતે તો એકજ છો, તોપણ જગતને સૃજવાની ઇચ્છાથી પોતાને વિષે સ્વીકારેલી બીજી યોગમાયાને લીધે સત્ત્વાદિ ગુણોરૂપ પોતાની શક્તિઓ સ્વીકારીને આ જગતને સૃજો છો, પાળો છો અને ભવિષ્યમાં સંહારી પણ નાખશો.૧૯ હે અધીશ્વર! આનંદની વાત છે કે, આપ અમને ભક્તોને માયા વડે શબ્દાદિ વિષયોનાં સુખ આપો છો, તે આપને જો કે પ્રિય તો નથીજ, તોપણ અનુગ્રહને માટે (એટલે ત્રણ ઋણોથી મુક્ત કરી મોક્ષ પદ આપવા માટે) તે વિષયસુખ તમે અમને આપો. કેમકે માયાથી આપ ભગવાન પરિચ્છિન્ન થયા હોય–જાણે દેહધારી થયા હોય, તેમ તુલસીની માળાથી યુક્ત એવા આપને મેં પ્રત્યક્ષ જોયા છે. (અર્થાત્ આપ ભગવાનનું પ્રત્યક્ષ દર્શન ભોગ અને મોક્ષ–બન્નેને આપનારું છે.) આપને વિષે જ્ઞાનબળના પ્રભાવથી સર્વ કર્મનો ફળભોગ સ્વતઃજ ઉપરામ પામી ગયો છે, આપ પોતાની માયા વડે આ સર્વ લોકતંત્રને ચલાવી રહ્યા છો, આપનાં ચરણકમળ સકામ–નિષ્કામ હરકોઇ ભક્તોને નમસ્કાર કરવાયોગ્ય છે અને આપ તુચ્છ એવા સકામ ભક્તને પણ અથવા આપનું અલ્પ ભજન કરવામાં આવે છે, તોપણ સર્વ કામનાઓ અર્પણ કરો છો–ભોગ અને મોક્ષ બન્ને આપો છો –આવા આપને હું વારંવાર નમસ્કાર કરું છું.'

મૈત્રેય ઋષિ બોલ્યાઃ–"એ પ્રમાણે નિષ્કપટભાવે કર્દમ ઋષિએ સ્તુતિ કરી, એટલે ગરુડ પર બિરાજીને શોભી રહેલા અને પ્રેમપૂર્વક હાસ્ય તથા દર્શનથી ફરકતી ભ્રૂકુટિવાળા એવા પદ્મનાભ ભગવાન, અમૃતતુલ્ય વચનથી તેમને કહેવા લાગ્યા.

શ્રીભગવાન બોલ્યાઃ–' તમે પોતાના નિયમો વડે જે માટે મારું પૂજન કર્યું છે, તે તમારા ચિત્તનો અભિપ્રાય પ્રથમથીજ મેં જાણી લીધો છે અને તે માટે યોજના પણ કરી છે. હે પ્રજાપતિ! મારું પૂજન કદી નિષ્ફળ થતુંજ નથી અને મારે વિષે પોતાનું મન એકાગ્ર કરનારા તમારા જેવાઓ વિષે તો મારું પૂજન ખાસ કરીને નિષ્ફળ થતુંજ નથી. પ્રજાપતિ બ્રહ્મદેવના પુત્ર સમ્રાટ્ મનુ

‡ કદાચ ભગવાન કહે કે, આવા દુષ્ટ અભિપ્રાયથી તું મને શા માટે ભજે છે? મુક્તિને માટેજ તું મારું ભજન કર. એના ઉત્તરમાં અહીં એ કહેવા માગે છે કે, તેમાં મારો અધિકાર નથી. —શ્રીધર

+ અને તે માટેજ હું ભાર્યાની ઇચ્છા રાખું છું. વળી કેવળ લોકને અનુસરીનેજ હું આપને બલિ આપવા ઇચ્છું છું એમ નથી, પણ ત્રણ ઋણમાંથી મુક્ત થવા માટે પણ ઇચ્છું છું. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કે જેમનું સદાચારાદિ મંગળ જગતમાં પ્રખ્યાત છે અને જે બ્રહ્માવર્તમાં રહીને સાત સમુદ્રો સુધીની પૃથ્વીને પાળે છે તે ધર્મજ્ઞ રાજર્ષિ, હે વિપ્ર ! પોતાની શતરૂપા નામની પટરાણી સાથે પરમ દિવસે તમને મળવા અહીં આવશે અને હે સમર્થ ઋષિ ! શ્યામ કટાક્ષવાળી, વયમાં આવેલી, શીલ અને ગુણવાળી તથા પતિને શોધતી પોતાની પુત્રીને યોગ્ય એવા તમને આપશે.[૨૦-૨૭] હે બ્રહ્મન્ ! આટલાં વર્ષો સુધી તમારૂં મન જેમાં આસક્ત હતું, તે એ રાજકન્યા સત્તર તમારી ઘણીજ સેવા કરશે.[૨૮] વળી એ રાજકન્યા પોતાને વિષે ધારણ કરેલા તમારા વીર્યમાંથી નવ કન્યાઓને જન્મ આપશે; અને તમારી એ કન્યાઓમાંથી મરીચિ વગેરે ઋષિઓ શ્રમ વિનાજ પુત્રોને ઉત્પન્ન કરશે.[૨૯] તે પછી શુદ્ધ સત્ત્વગુણી એવા તમે મારી આજ્ઞાને સારી રીતે પાળીને સર્વ કર્મોનાં ફળ મને સમર્પણ કરી દઇ અંતે મને પ્રાપ્ત થશો.[૩૦] વળી જિતેન્દ્રિય એવા તમે ગૃહસ્થાશ્રમથી પ્રાણીમાત્ર પર દયા કરીને અને સંન્યાસથી સર્વને અભયદાન આપીને મારે વિષે તમારા પોતાના આત્માને તથા સર્વ જગતને રહેલું જોશો અને તમારા પોતાના સ્વરૂપમાં મને રહેલો જોશો.[૩૧] હે મહામુનિ ! હું મારી અંશકળા વડે તમારા વીર્યથી તમારી પત્ની દેવહૂતિ વિષે અવતાર લઇશ અને સાંખ્યશાસ્ત્રની રચના કરીશ.[૩૨]

મૈત્રેય બોલ્યાઃ-"એ પ્રમાણે તેમને કહીને જીતેલી ઇન્દ્રિયોથી જેમનો સાક્ષાત્કાર થાય છે, એવા ભગવાન સરસ્વતીના તટ પર આવેલા (કર્દમ ઋષિના આશ્રમ) બિંદુસરોવર ઉપરથી કર્દમ ઋષિના દેખતાં, સર્વ સિદ્ધેશ્વરો જેમના વૈકુંઠમાર્ગની સ્તુતિ કરતા હતા ત્યારે ગરુડની પાંખોએ ઉચ્ચારેલા સામવેદના મંત્રોનું શ્રવણ કરતા પોતાના ધામમાં પધારી ગયા.[૩૩,૩૪] એ રીતે શુદ્ધ સત્ત્વગુણી એવા શ્રીભગવાન પોતાના ધામમાં પધાર્યા, એટલે ભગવાન કર્દમ ઋષિ ભગવાને કહેલા મનુના આવવાના સમયની રાહ જોતા બિંદુસરોવર પર (પોતાના આશ્રમમાં) રહ્યા હતા.[૩૫] હે સુંદર ધનુષવાળા વિદુરજી ! ભગવાને જે દિવસે મનુનું આવવું કહ્યું હતું તેજ દિવસે મનુ રાજા પોતાની પત્ની સાથે પોતાની પુત્રીને સુવર્ણના સાજવાળા રથમાં બેસાડીને પૃથ્વી પર ફરતા ફરતા શાંત સ્વભાવવાળા તે ઋષિના આશ્રમે આવી પહોંચ્યા.[૩૬,૩૭] જ્યાં શરણે આવેલા કર્દમ ઋષિ ઉપર કરેલી કૃપાથી અત્યંત ઊભરાઇ જતાં ભગવાનનાં નેત્રોમાંથી અશ્રુનાં બિંદુઓ પડ્યાં હતાં તે સ્થાનનું નામજ બિંદુસરોવર કહેવાય છે. તે સ્થળ સરસ્વતી નદીથી ચારે તરફ તરબોળ રહે છે, પવિત્ર છે, ત્યાંનું જળ કલ્યાણકારી અમૃત જેવું છે, મહર્ષિગણો તે સ્થળનું સેવન કરે છે, પવિત્ર મૃગો તથા પશુઓ જેમાં શબ્દ કરે છે એવાં પવિત્ર વૃક્ષો તથા લતાઓના સમૂહથી અને વનપંક્તિની શોભાથી તે યુક્ત છે, મદોન્મત્ત પક્ષીગણોથી તે ગાજી રહેલું છે, મદોન્મત્ત ભમરાઓનો ત્યાં વિનોદ થઇ રહ્યો છે, તેમજ મદમત્ત મયૂરૂપી નટોનો નૃત્યવિલાસ પણ ત્યાં થઇ રહ્યો છે, મદમત્ત કોયલો ત્યાં પરસ્પર આહ્વાન કરી રહી છે; કદંબ, ચંપો, આસોપાલવ, કરંજ, બોલસરી, અસન, મોગરા, મંદાર અને કાંટાસેરિયા વગેરે ફૂલઝાડોથી તથા આંબાના નાના છોડવાઓથી તે શોભી રહ્યું છે; વળી બતકો, જળકાગડા, હંસો, ટીટોડાં, જળકૂકડાં, સારસ, ચક્રવાક અને ચકોર પક્ષીઓ ત્યાં સુંદર શબ્દ કરે છે; તેમજ હરણાં, ભૂંડો, શાહુડીઓ, રોઝો, હાથીઓ, ગાયોના જેવાં પૂછડાંવાળાં પશુઓ, વાનરો, માંકડાં, નોળિયા તથા કસ્તૂરીમૃગોથી તે વીંટાયલું છે.[૩૮-૪૪] આવા શ્રેષ્ઠ તીર્થરૂપ તે બિંદુસરોવરના આશ્રમમાં પ્રવેશ કરીને આદિરાજા મનુએ પોતાની પુત્રીની સાથે કર્દમ મુનિનાં દર્શન કર્યાં, જેઓ અગ્નિમાં હોમ કરીને ત્યાં બેઠેલા હતા.[૪૫] તે ઋષિ ઘણા લાંબા કાળ સુધી તપશ્ચર્યામાંજ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જોડાઇ રહેલા પોતાના શરીર વડે અત્યંત પ્રકાશતા હતા અને શ્રીભગવાને તેમને કૃપાકટાક્ષથી જોયા હતા, તેથી અને ભગવાનના ભાષણરૂપી ચંદ્રકળાના અમૃતનું સેવન કરવાથી શરીરે તે અત્યંત કૃશ ન હતા.૪૬ વળી તે ઋષિ શરીરે ઉન્નત હતા, તેમનાં નેત્રો કમળની પાંખડીઓ જેવાં હતાં, શિર પર તેમણે જટા ધારણ કરી હતી, વલ્કલવસ્ત્રો ધારણ કર્યાં હતાં અને સાફ નહિ કરેલા એવા શ્રેષ્ઠ રત્નની જેમ તેઓ મલિન દેખાતા હતા. આવા તે કર્દમ ઋષિ પાસે જઇને મનુએ તેમનાં દર્શન કર્યાં.૪૭ એટલે ઋષિએ પણ પોતાની પર્ણશાળામાં આવી પોતાની સમક્ષ પ્રણામ કરી રહેલા તે રાજાને આશીર્વાદ આપી અભિનંદન આપ્યું અને યોગ્ય પૂજાથી તેનો સત્કાર કર્યો.૪૮ પછી પૂજા–સત્કાર ગ્રહણ કરી સાવધાન થઇને મનુરાજા ત્યાં બેઠા, એટલે ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરતા મુનિ મધુર વાણી વડે તેમને પ્રસન્ન કરતા આ પ્રમાણે બોલ્યા:૪૯ ‘હે રાજા ! તમારૂં આ પૃથ્વી ઉપરનું પર્યટન તે સત્પુરુષોના રક્ષણ માટે અને દુષ્ટોના નાશ કરવા માટે હોય છે; કેમકે તમે સર્વનું રક્ષણ કરનારી શ્રીહરિની એક શક્તિરૂપ છો.૫૦ જે તમે તે તે કાર્યપ્રસંગે સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, યમ, ધર્મ તથા વરુણદેવનાં સ્વરૂપોને ગ્રહણ કરો છો, તે વિષ્ણુસ્વરૂપ એવા તમને હું નમસ્કાર કરૂં છું.૫૧ જો તમે મણિઓથી જડેલા તમારા વિજયશીલ રથ ઉપર બેસીને પોતાના પ્રચંડ ધનુષનો ટંકાર કરતા, રથની ગર્જના વડે પાપીઓને ત્રાસ આપતા અને પોતાના સૈન્યના પાદપ્રહારોથી ખોદાઈ ગયેલા ભૂમંડળને કંપાવતા પોતાની મોટી સેનાને સાથે લઈ સૂર્યની પેઠે સર્વત્ર ન વિચરો, તો અત્યંત ખેદની વાત બને કે, હે રાજન્ ! તેજ સમયે વર્ણો તથા આશ્રમોને લગતી ભગવાને બાંધેલી સર્વ મર્યાદાઓનો દુષ્ટ લોકો નાશ કરી નાખે;૫૨-૫૪ એટલુંજ નહિ પણ જો તમે નિશ્ચિત થઇને એક સ્થળે પડી રહો, તો સર્વ મનુષ્યો લાલચુ અને નિરંકુશ બની જાય અને તેને લીધે અધર્મ વધી પડે; ને આ સમગ્ર લોક દુષ્ટોનો ગ્રાસ બની જઇ વિનાશ પામે.૫૫ (તે માટેજ તમે સ્વાભાવિક રીતે સર્વત્ર ફર્યા કરો છો;) તોપણ હે વીર ! જે કારણે તમે અહીં આવ્યા છો, તે કારણ હું તમને પૂછું છું અને (તમે જે કંઇ કહેશો, તેને) અમે નિષ્કપટ હૃદયથી સ્વીકારીશું.'૫૬

अथापि पृच्छे त्वां वीरं यदर्थं त्वमिहागतः ।
तद्वयं निर्व्यलीकेन प्रतिपद्यामहे हृदा ॥ ५६ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૨૧ મો સમાપ્ત

अध्याय २२ मो*

મનુએ પોતાની પુત્રી કર્દમ ઋષિ સાથે પરણાવી

॥ मैत्रेय उवाच ॥
एवमाविष्कृताशेषगुणकर्मोदयो मुनिम् ।
सव्रीड इव तं सम्राडुपारतमुवाच ह ॥ १ ॥

મૈત્રેય બોલ્યા:–“ એ પ્રમાણે કર્દમ ઋષિએ જેના ગુણ–કર્મના ઉત્કર્ષની સ્તુતિ કરી હતી, એવા તે સમ્રાટ મનુ (પોતાની કીર્તિ સાંભળીને) જાણે શરમાયા+ હોય, તેમ નિવૃત્તિપરાયણ એવા તે મુનિને કહેવા લાગ્યા.૧

મનુ બોલ્યા:–‘વેદમય એવા પમાત્માએ વેદની રક્ષા કરવા માટે વિષયલંપટ નહિ એવા અને તપ, વિદ્યા તથા યોગથી યુક્ત તમને બ્રાહ્મણોને પોતાના મુખથી ઉત્પન્ન કર્યા છે;૨ અને હજાર ચરણોવાળા તે પરમાત્માએ પોતાના એક હજાર હાથમાંથી અમને ક્ષત્રિયોને તમારૂં–બ્રાહ્મણોનું રક્ષણ કરવા માટે ઉત્પન્ન કર્યા છે. આ રીતે બ્રાહ્મ-

---

* આ અધ્યાયમાં મનુએ વિષ્ણુ ભગવાનના કહેવા પ્રમાણે પોતાની પુત્રી દેવહૂતિ કર્દમ ઋષિને આપી, એ કથા કહેવાશે. —श्रीधर

\+ શરમ થવાનું કારણ એ છે કે, કન્યાનો પિતા એ હલકો ગણાય છે તેથી. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ણજાતિને તે પરમાત્માનું હૃદય કહે છે અને ક્ષત્રિયજાતિને તે પરમાત્માનું અંગ કહે છે.[3] આજ કારણથી બ્રાહ્મણજાતિ અને ક્ષત્રિયજાતિ પરસ્પર એકબીજાનું રક્ષણ કરે છે અને સર્વાત્મા હોવા છતાં નિર્વિકાર એવા તે પરમાત્મદેવ બ્રાહ્મણ અને ક્ષત્રિય બન્નેની રક્ષા કરે છે.[4] હે ભગવન્! આપનાં દર્શનથીજ મારા સર્વ સંશયો નાશ પામ્યા છે; કેમકે આપ ભગવાને પોતે પ્રજાઓનું પ્રીતિથી પાલન કરવા ઇચ્છતા એવા મને ધર્મોપદેશ આપ્યો છે.[5] મારાં અહોભાગ્ય છે કે, મનોનિગ્રહ નહિ કરનારા પુરુષોને દુર્લભ એવા આપ ભગવાનનાં મને દર્શન થયાં છે. બહુજ સારૂં થયું છે કે, આપની પવિત્ર ચરણરજનો મેં મારા મસ્તકથી સ્પર્શ કર્યો છે.[6] મારાં ઉત્તમ ભાગ્ય છે કે, આપે મને ધર્મોપદેશ આપ્યો અને તે દ્વારા આપે મારા પર મહાન અનુગ્રહ કર્યો છે. વળી ઘણુંજ સારૂં થયું છે કે, મેં આપની સુંદર વાણી મારા ખુલ્લા કાને સાંભળી છે.[7] હે મુનિ! મારૂં મન મારી પુત્રી પરના સ્નેહને લીધે દુઃખી રહ્યા કરે છે; તો આપ કૃપા કરી મારી દીનની વિજ્ઞપ્તિ સાંભળવાને યોગ્ય છો. આ મારી પુત્રી (દેવહૂતિ) છે; તે પ્રિયવ્રત અને ઉત્તાનપાદની બહેન થાય છે. તે વય, શીલ તથા ગુણો વગેરેથી યુક્ત એવા પતિને વરવા ઇચ્છે છે.[૮૯] જ્યારથી તેણે નારદજીની પાસેથી આપનો સ્વભાવ, શાસ્ત્રજ્ઞાન, રૂપ, વય તથા ગુણો સાંભળ્યા છે, ત્યારથીજ તેણે તમને વરવાનો નિશ્ચય કર્યો છે.[10] માટે હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! મેં શ્રદ્ધાથી આપને અર્પણ કરેલી આ કન્યાને આપ સ્વીકારો. તે ગૃહસ્થાશ્રમને લગતાં સર્વ કર્મોમાં આપને સર્વ પ્રકારે યોગ્ય છે.[11] જે પુરુષે સર્વ સંગનો ત્યાગ કરી દીધો હોય, તેણે પણ જે વિષય પોતાની મેળે આવી મળે તેનો અસ્વીકાર કરવો નહિ; તો પછી જે પુરુષ કામાસક્ત હોય, તેણે તો તેવા વિષયનો અસ્વીકાર કેમજ કરવો જોઈએ?[12] જે મનુષ્ય સ્વતઃ પ્રાપ્ત થયેલા વિષયનો અસ્વીકાર કરીને પછીથી કૃપણ પુરુષ પાસે તે વિષયની યાચના કરે છે તે મનુષ્યનો અતિ ઉજ્જ્વળ યશ નાશ પામે છે અને તેનું માન પણ પ્રથમ પોતાની મેળે આપવા આવેલ મનુષ્યનું અપમાન કરવાને લીધે નાશ પામે છે.[13] હે વિદ્વન્! મેં સાંભળ્યું છે કે, આપ વિવાહ કરવા માટે તૈયાર થયા છો; તો અમુક અવધિ સુધીના બ્રહ્મચર્યવાળા આપ મેં આપેલી આ કન્યાનો સ્વીકાર કરો.'[14]

કર્દમ ઋષિ બોલ્યાઃ–'વાત સાચી છે કે, હું વિવાહ કરવા માટે તૈયાર થયો છું અને આ તમારી પુત્રી પણ હજી સુધી કોઇને અપાઈ નથી; તો ભલે,અમારા બન્નેનો આ પ્રથમ યોગ્ય વિવાહવિધિ થાય.[15] હે રાજા! વૈદિક વિવાહવિધિમાં પ્રસિદ્ધ એવી આ તમારી પુત્રીની કામના ભલે પૂર્ણ થાઓ. વળી જે આ તમારી પુત્રી પોતાની કાંતિથી લક્ષ્મીનો પણ જાણે તિરસ્કાર કરી રહી હોય તેવી છે, તેનો કયો પુરુષ અનાદર કરે?[16] જે આ તમારી પુત્રી મહેલની અગાશીમાં ઝાંઝરથી ઝણકાર કરતા ચરણોની શોભાવાળી અને (ઊછળતા) દડા તરફ ચંચળ દૃષ્ટિવાળી હોઇને જ્યારે ક્રીડા કરતી હતી ત્યારે તેને જોઇને વિશ્વાવસુ ગંધર્વ મોહને લીધે અત્યંત મૂઢચિત્ત બની જઇ–બેભાન થઇને પોતાના વિમાન પરથી ગબડી પડ્યો હતો.[17] આવી સ્ત્રી કે જે સ્ત્રીઓમાં એક અલંકારરૂપ છે, જેઓએ લક્ષ્મીદેવીના ચરણ સેવ્યા નથી, એવા દરિદ્ર પુરુષોને જેનાં દર્શન પણ દુર્લભ છે, મનુ મહારાજની જે પુત્રી છે અને ઉત્તાનપાદની જે બહેન છે, તે પોતાની મેળે સામે આવીને જો વરવાની પ્રાર્થના કરી રહી છે તો તેનો કયો વિદ્વાન પુરુષ સ્વીકાર ન કરે?[18] માટે આ સાધ્વી સ્ત્રીનો હું આવા ઠરાવથી સ્વીકાર કરીશ કે, જ્યાંસુધી તે મારા તેજરૂપી ગર્ભને ધારણ કરે; તે પછી તો હું શ્રીવિષ્ણુ ભગવાને પોતે સાક્ષાત્ કહેલા અને જેમાં જ્ઞાનજ મુખ્ય ગણાય છે, એવા અહિંસક સંન્યાસધર્મોનેજ ઘણે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાગે પાળવાયોગ્ય માનીશ.+[19] કેમકે જે ભગવાનથી આ વિચિત્ર જગત ઉત્પન્ન થયું છે, જેને વિષે હાલમાં સ્થિતિ કરી રહ્યું છે અને છેવટે જેમને વિષે લય પામશે એવા તે પ્રજાપતિઓના પતિ અનંત ભગવાન, મારે પરમ માન્ય છે.'*[20]

મૈત્રેય બોલ્યા:—"હે ઉગ્ર ધનુષવાળા વિદુરજી! કર્દમ ઋષિ બસ એટલુંજ બોલ્યા અને પછી મૌન રહ્યા. તેમણે પોતાની બુદ્ધિથી પદ્મનાભ ભગવાનનું ધ્યાન કરવા માંડ્યું અને તે વેળા સ્મિતથી શોભતા એવા પોતાના મુખ વડે દેવહૂતિના મનને લોભાવી દીધું.[21] પછી મનુએ પોતાની મહારાણીનો તથા પુત્રીનો સ્પષ્ટ નિશ્ચય જાણી લઈ અત્યંત હર્ષમાં આવી જઇને ગુણગણોથી યુક્ત એવા તે ઋષિને પોતાની તે યોગ્ય કન્યા (લગ્નવિધિથી) આપી.[22] એ વેળા મહારાણી શતરૂપાએ તે બન્ને સ્ત્રી–પુરુષને આભૂષણો, વસ્ત્રો અને ઘરને લાયક બીજો સરસામાન વગેરે પહેરામણીમાં આપ્યાં.[23] સમ્રાટ મનુ, પોતાની કન્યા યોગ્ય વરને આપીને નિશ્ચિંત થયા હતા, તોપણ (ત્યાંથી વિદાય થતી વેળા) પોતાની પુત્રીને બે ભુજાઓ વડે ભેટી પડી, પુત્રીસ્નેહને લીધે તેમનું ચિત્ત વ્યાકુળ થઈ ગયું.[24] તેનો વિરહ તે સહન કરી શક્યા નહિ; તેથી વારંવાર અશ્રુધારાને વહેવડાવવા લાગ્યા અને 'હે માતા! હે પુત્રિ!' એમ કહીને પોતાની પુત્રીના કેશને અશ્રુધારાથી ભીંજવી દેવા લાગ્યા.[25] પછી તે રાજા મુનિવર કર્દમની આજ્ઞા લઈ સ્ત્રી સાથે રથમાં બેસીને પોતાના સર્વ અનુચરો સાથે પોતાના નગર તરફ ચાલ્યા.[26] માર્ગમાં ઋષિકુળનું હિત કરનારી સરસ્વતી નદીના બન્ને સુંદર તટ ઉપર આવેલા શાંત ઋષિઓના આશ્રમોની સંપત્તિઓને તે જોવા લાગ્યા. પોતાના રાજા તે મનુને આવતા જાણી સર્વ પ્રજાઓ અત્યંત હર્ષમાં આવી ગઈ અને ગીત, સ્તુતિ તથા વાદિત્રની સાથે બ્રહ્માવર્ત દેશમાંથી તેમની સામે આવી.[27][28] જે સ્થળે યજ્ઞમૂર્તિ વરાહ ભગવાને પોતાનું શરીર ધુણાવ્યું હતું અને તેથી તેમનાં રૂંવાડાં ખર્યાં હતાં, તેજ સ્થળનું નામ (બ્રહ્માવર્ત-દેશમાં આવેલી મનુની રાજધાની) બર્હિષ્મતી+ નગરી છે, જે સર્વ સંપત્તિઓથી યુક્ત છે.[29] ત્યાં યજ્ઞવરાહનાં જે રૂંવાડાંઓ ખર્યાં હતાં, તેજ દર્ભ અને કાસ નામના લીલા રંગના ઘાસરૂપે ઊગી નીકળ્યાં હતાં; અને ઋષિઓએ તે દર્ભો તથા કાસ વડે યજ્ઞનો નાશ કરનારા રાક્ષસોનો પરાજય કરીને વિષ્ણુ ભગવાનનું પૂજન કર્યું હતું.[30] મહાન ઐશ્વર્યવાળા મનુએ પણ જે યજ્ઞવરાહ-દ્વારા ભૂમિરૂપ સ્થાન મેળવ્યું હતું, તે યજ્ઞપુરુષ પરમાત્માનું તે સ્થળે (ઊગેલા) દર્ભોનું આસન બિછાવી પૂજન કર્યું હતું. (તેજ સ્થાનમાં મનુએ વસાવેલું પોતાની રાજધાનીનું શહેર 'બર્હિષ્મતી' નામથી પ્રખ્યાત થયું હતું.)[31] મહાસમર્થ મનુએ પ્રથમ પોતે જ્યાં રહેતા હતા, તે બર્હિષ્મતી નગરીમાં પ્રવેશ કરીને ત્રણે તાપનો નાશ કરનારા પોતાના રાજમહેલમાં પ્રવેશ કર્યો.[32] ત્યાં પોતાની સ્ત્રી તથા પ્રજાઓની સાથે ધર્મ તથા અર્થને બાધ ન આવે, તેવી રીતે કામભોગોને તે ભોગવવા લાગ્યા. નિત્ય પ્રાતઃકાળમાં સ્ત્રીઓ સહિત દેવતાઈ ગંધર્વો તેમની સત્કીર્તિને ગાતા હતા; તોપણ તે પોતે તો એકાગ્ર હૃદયથી શ્રીહરિની કથાઓનું જ શ્રવણ કરતા હતા.[33] એ સ્વાયંભુવ મનુ યોગમાયાઓ રચવામાં એટલે પોતાની ઇચ્છા થાય

+ અર્થાત્ આ તમારી પુત્રીને સંતાનોત્પત્તિ થાય ત્યાંસુધીજ હું તેની સાથે ગૃહસ્થાશ્રમમાં રહીશ; પણ તે પછી તો સંન્યાસજ લઇશ, આવો ઠરાવ કરી આનો હું સ્વીકાર કરું છું. —શ્રીધર

* કહેવાનો ભાવ એ છે કે, ત્રણ ઋણમાંથી મુક્ત થયા પછી મારા જેવાઓએ સંન્યાસજ લેવો, એમ ભગવાને મને આજ્ઞા કરી છે. —શ્રીધર

+ '**बर्हिष्**' એટલે દર્ભ. એ દર્ભ જ્યાં હોય તે નગરી **बर्हिष्मती**–અર્થાત્ જે બ્રહ્માવર્ત દેશના સ્થળમાં યજ્ઞવરાહનાં રૂંવાડાં ખર્યાં હતાં, તે દર્ભરૂપે ઊગી નીકળ્યાં હતાં અને તે સ્થળે જે નગરી વસી હતી, તે 'બર્હિષ્મતી' એવા નામથી પ્રસિદ્ધ થઈ હતી, જે મનુની રાજધાની હતી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે કરવામાં સમર્થ હતા, છતાં એક મુનિ જેવા હતા–મુનિની પેઠે વર્તતા હતા તેથી ભગવત્પરાયણ એવા તેમને સંસારના ભોગો જરા પણ ભ્રષ્ટ કરી શકતા ન હતા. તે વિષ્ણુ ભગવાનની કથાઓનું શ્રવણ કરતા હતા, ધ્યાન કરતા હતા, તે કથાઓ નવી રચતા હતા અને પોતે બીજાઓ પ્રત્યે તે કથાઓ કહેતા પણ હતા; તેથી તેમના પોતાના મન્વંતરસમયના કોઈ પણ પ્રહરો નિઃસાર કે નિષ્ફળ ગયા ન હતા–અર્થાત્ તેમનો સર્વ જીવનકાળ કેવળ ભગવત્કથામાંજ ગયેલો હોઇને સંપૂર્ણ સફળ થયો હતો.[૩૪।૩૫] તેમણે એ રીતે ઇકોતેર ચુગનો પોતાનો મન્વંતરકાળ કેવળ ભગવત્પ્રસંગમાંજ ગાળ્યો હતો; તેથી તેમણે ‡ત્રણે ગતિઓનો પરાજય કર્યો હતો–પોતાને માટે ત્રણે ગતિને ટાળી દીધી હતી.[૩૬] (અને એ યથાર્થજ છે કે,) હે વિદુરજી! જે મનુષ્યને કેવળ શ્રીહરિનોજ આશ્રય છે, તેને શારીરિક, માનસિક, દૈવતાઇ કે મનુષ્યને લગતાં દુઃખો અથવા ટાઢ કે ગરમીનાં દુઃખો કેમજ દુઃખી કરી શકે?[૩૭] વળી જે મનુ ભગવાન સર્વ પ્રાણીઓનું સદા હિત કરતા હતા અને જેમણે મુનિઓના પૂછવાથી સર્વ મનુષ્યોના અનેક પ્રકારના ઉત્તમ વર્ણધર્મો તથા આશ્રમધર્મો કહ્યા છે; તે આદિરાજા મનુ કે જે સ્તુતિ કરવા યોગ્ય હતા, તેમનું આ અદ્ભુત ચરિત્ર મેં તમને કહ્યું. હવે તેમની પુત્રી દેવહૂતિનો પ્રભાવ તમે સાંભળો."[૩૮।૩૯]

एतत्त आदिराजस्य मनोश्चरितमद्भुतम् ।
वर्णितं वर्णनीयस्य तदपत्योदयं शृणु ॥ ३९ ॥

તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૨૨ મો સમાપ્ત

---

‡ આ ત્રણ ગતિઓ જે ગીતામાં કહી છે તે–‘ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः। जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः’ ॥ (श्री. भ. गी. १४–१८) અર્થાત્ સત્ત્વગુણીઓ ઉપરના લોકમાં જાય છે, રજોગુણીઓ મધ્યલોકમાં જાય છે અને અધમ ગુણવૃત્તિવાળા તમોગુણીઓ નીચેના લોકમાં જાય છે. —**भा. क.**

अध्याय २३ मो*

કર્દમ અને દેવહૂતિનો વિમાનમાં ભોગવિલાસ ને દેવહૂતિથી નવ કન્યાઓનો જન્મ

॥ मैत्रेय उवाच ॥

पितृभ्यां प्रस्थिते साध्वी पतिमिंगितकोविदा ।
नित्यं पर्यचरत्प्रीत्या भवानीव भवं विभुम् ॥१॥

મૈત્રેય બોલ્યાઃ–"માતાપિતાએ પ્રયાણ કર્યું, તે પછી અભિપ્રાયને જાણનારાં પતિવ્રતા દેવહૂતિ પાર્વતી જેમ ભગવાન શંકરની સેવા કરે છે, તેમ નિત્ય પ્રેમથી પોતાના પતિની સેવા કરવા લાગ્યાં.[૧] હે વિદુરજી! કામનો, કપટનો, દ્વેષનો, લોભનો, દુરાચારનો તથા મદનો ત્યાગ કરી સાવધ તથા તત્પર રહીને તે દેવહૂતિએ પતિના વચન ઉપર વિશ્વાસથી, માનસિક પવિત્રતાથી, પતિ પ્રત્યેના માનથી, ઇન્દ્રિયનિગ્રહથી, સેવાથી, સ્નેહથી અને મધુર વાણીથી અતિશય તેજસ્વી એવા તે કર્દમ ઋષિને નિત્ય સંતોષ ઉપજાવવા માંડ્યો.[૨।૩] દેવર્ષિઓમાં શ્રેષ્ઠ કર્દમ ઋષિ, પોતાને અનુસરીને ચાલતી મનુ રાજાની પુત્રી દેવહૂતિ કે જે દૈવ કરતાં પણ શ્રેષ્ઠ–એટલે દૈવને પણ ફેરવી નાખવાને સમર્થ એવા પોતાના પતિ પાસેથી મહાન ભોગોને ઇચ્છતી હતી અને ઘણા કાળથી વ્રતાચરણ કરવાને લીધે શરીરે કૃશ અને અતિ દુર્બળ થઇ હતી–તેને જોઇને દયાને લીધે દુઃખી થઇ ગયા અને પ્રેમથી ગળગળી વાણીવડે તેણીને કહેવા લાગ્યા.[૪।૫]

કર્દમ ઋષિ બોલ્યાઃ–‘હે મનુપુત્રિ! હે માન આપનારી! તારી શ્રેષ્ઠ સેવાથી અને પરમ ભક્તિથી આજે હું પ્રસન્ન થયો છું. જે આ શરીર પ્રાણીમાત્રને અત્યંત પ્રિય હોય છે, તે પોતાના ઉત્તમ શરીરને કેવળ મારે માટેજ ક્ષીણ કરી નાખવામાં

---

* આ અધ્યાયમાં યોગથી બનાવેલા, સર્વ સંપત્તિવાળા અને ઇચ્છાનુસાર ગતિ કરનારા વિમાનમાં કર્દમ તથા દેવહૂતિની અનેક જાતની ક્રીડા વર્ણવાશે.–**श्रीधर**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેં જરા પણ વિચાર કર્યો નથી.[૬] મેં (આજ દિવસ સુધી) સ્વધર્માચરણમાં આસક્ત રહીને તપ, સમાધિ તથા ઉપાસનામાં ચિત્તને એકાગ્ર કરીને જે દિવ્ય ભોગો સંપાદન કર્યા છે, તેઓને તેં પણ મારી સેવાને લીધે વશ કરી લીધા છે. હું તને દિવ્ય દૃષ્ટિ આપું છું; તે દ્વારા તે નિર્ભય અને શોકરહિત એવા દિવ્ય ભોગોને તું જો.[૭] આ દિવ્ય ભોગોની પાસે બીજા ભોગો શું ગણતરીમાં છે? કંઇજ નથી—અતિશય તુચ્છ છે. કેમકે આ ભોગો સિવાયના બીજા ભોગો તો ભગવાન ઉરુક્રમની ભ્રૂકુટિ વક્ર થતાંજ વિનાશ પામેલા મનોરથોવાળા હોય છે. તું (મારી સેવાથી) સિદ્ધ થયેલી છે; માટે હવે તારા પાતિવ્રત્યધર્મથી તને પ્રાપ્ત થયેલા અને 'અમે રાજા છીએ' એવા અભિમાનના કારણે મનુષ્યોને દુર્લભ એવા દિવ્ય ભોગોને તું ભોગવ.' "સમગ્ર યોગમાયાની વિદ્યાઓમાં મહાનિપુણ એવા પોતાના પતિને એ પ્રમાણે બોલતા જોઇને અબલા દેવહૂતિ નિશ્ચિંત થઇ. જરા લજ્જા સાથે જોવાને લીધે તેનું મુખ વિકસિત મંદ હાસ્યવાળું થઈ રહ્યું; અને વિનય તથા પ્રેમથી ગળગળી વાણી વડે તે આ પ્રમાણે કહેવા લાગી.[૮૯]

દેવહૂતિ બોલીઃ—'હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ પતિ! અત્યંત આનંદની સાથે હું તે જાણું છું કે, અમોઘ યોગમાયાના અધિપતિ એવા આપને વિષે આપે જે કંઇ કહ્યું, તે સર્વ સિદ્ધજ છે; તો હે સમર્થ પતિ! આપે જે પ્રમાણે ઠરાવ કર્યો છે તે પ્રમાણે માત્ર એકજ વાર (એટલે ગર્ભોત્પત્તિ થાય ત્યાંસુધીજ) આપના અંગનો મને સંગ થાઓ. કેમકે શ્રેષ્ઠ ભર્તાથી સંતાનની ઉત્પત્તિ થવી એ સતી સ્ત્રીઓને મોટા લાભ છે.[૧૦] હે સ્વામિન્! આપના અંગસમાગમનાં સાધનો કામશાસ્ત્રાનુસાર આપ તૈયાર કરો, કે જેથી આપની સાથે રમણ કરવાની ઇચ્છાથી કૃશ થયેલું મારું આ દીન શરીર આપની સાથે રમણ કરવામાં સમર્થ થાય. હું આપને લીધેજ ઉત્પન્ન થયેલા કામાવેશથી અતિશય પીડિત થઈ છું; તો કામભોગને માટે યોગ્ય એવા ઘરનો પણ આપ વિચાર કરો.[૧૧]

મૈત્રેય બોલ્યાઃ—'હે વિદુરજી! પોતાની પ્રિયાનું પ્રિય કરવાની ઇચ્છા કરીને કર્દમ ઋષિએ તેજ ક્ષણે યોગબળનો આશ્રય કરી સર્વત્ર ઇચ્છાનુસાર ગતિ કરનારૂં એક વિમાન પ્રકટ કર્યું.[૧૨] એ વિમાન સર્વ કામનાઓને પૂર્ણ કરનારૂં હતું, દિવ્ય હતું, સર્વ રત્નોથી યુક્ત હતું, સર્વ સંપત્તિઓના સમૂહની તેમાં ઉત્તરોત્તર અભિવૃદ્ધિ હતી, મણિઓના સ્તંભોથી તે શોભી રહ્યું હતું, દિવ્ય રાચરચીલાથી તે ભરપૂર હતું, સર્વ સમયમાં સુખ આપનારૂં હતું, રંગબેરંગી ધ્વજાઓ ને પતાકાઓથી સુશોભિત હતું, જેમાં ભમરાઓ સુંદર ગુંજારવ કરી રહ્યા હતા, એવી વિચિત્ર પુષ્પમાળાઓથી અને બારીક સુતરાઉ તથા જાતજાતનાં રેશમીવસ્ત્રોથી તે શોભતું હતું.[૧૩-૧૫] વળી ઉપરાઉપરી બાંધેલા મજલાઓમાં પ્રત્યેક સ્થળે અલગ અલગ બિછાવવામાં આવેલી શય્યાઓથી, પલંગોથી, પંખાઓથી તેમજ આસનોથી તે સુંદર જણાતું હતું.[૧૬] એ વિમાનમાં તે તે ઉપરનાં ઘરોમાં, ભીંતોમાં તથા છેક શિખર ઉપર જાતજાતની કારીગરી કરવામાં આવી હતી, તેથી તે શોભતું હતું અને ઇન્દ્રનીલમણિની બાંધેલી ભૂમિથી તથા પરવાળાંની બેઠકોથી તે યુક્ત હતું. તેના દરવાજાઓમાં પરવાળાં વડે બાંધેલા ઉંબરાઓથી તે દીપતું હતું, તેને હીરાઓ જડેલાં કમાડો હતાં અને તેનાં ઇન્દ્રનીલમણિનાં શિખરો ઉપર સુવર્ણના કળશો ચડાવ્યા હતા.[૧૭,૧૮] તે વિમાનની હીરાઓની ભીંતમાં શ્રેષ્ઠ માણેકરત્નો જડેલાં હતાં, તેથી તે જાણે નેત્રોવાળું હોય તેવું જણાતું હતું; રંગબેરંગી ચંદરવાઓ તેમાં બાંધ્યા હતા અને મહાકીમતી સોનાનાં તોરણો તેમાં લટકાવ્યાં હતાં. તેમાં સ્થળે સ્થળે હંસો અને કબૂતરોનાં ટોળેટોળાં; બનાવટી હંસો તથા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કબૂતરોને પોતાનાં સજાતીય માની તેઓના પર ચડી ચડીને શબ્દ કરતાં હતાં. વળી વિહાર કરવાનાં સ્થાનો, શયનગૃહો, ઉપભોગનાં સ્થાનો, ઘરની બહારનાં આંગણાંઓ તથા કિલ્લાની બહારનાં આંગણાં એવાં તો સુખજનક બનાવ્યાં હતાં, જેથી માયાવી એવા કર્દમ ઋષિને પોતાને પણ તે વિમાન જાણે આશ્ચર્યજનક થઇ પડ્યું હતું.આવા તે વિમાનગૃહને÷ અત્યંત પ્રસન્ન નહિ થયેલા મનથી દેવહૂતિ જોવા લાગી; એટલે પ્રાણીમાત્રના અભિપ્રાયને જાણી લેનારા કર્દમ ઋષિએ પોતે તેણીને કહ્યું કે,[૧૯-૨૨] 'હે ભીરુ! આ બિંદુસરોવરમાં સ્નાન કરીને તું આ વિમાન ઉપર ચડી જા. આ બિંદુસરોવરનું તીર્થ શ્રીવિષ્ણુ ભગવાને પોતે કરેલું છે, તેથી મનુષ્યોની સર્વ ઇચ્છાઓને પૂર્ણ કરનારૂં છે.' સ્વામીનું એ વચન સ્વીકારી લઈ કમળસમાન નેત્રવાળી દેવહૂતિ કે જેણે તે વેળા મલિન વસ્ત્ર ધારણ કર્યું હતું, જેના મસ્તકના વાળ પણ ગૂંચવાઇ ગયેલા જણાતા હતા અને જેનું શરીર પણ મેલના કાદવથી છવાયલું હોઈ ફિક્કાં સ્તનવાળું હતું; તેણે સરસ્વતીના પવિત્ર જળથી ભરેલા તે બિંદુસરોવરમાં (સ્નાન માટે) પ્રવેશ કર્યો.[૨૩,૨૪] એટલે તરતજ ત્યાં એક ઘરમાં રહેલી એક હજાર કન્યાઓ તેણે જોઈ. એ સર્વ કન્યાઓ કિશોર વયની હતી અને કમળસમાન સુગંધી શરીરવાળી હતી.[૨૫] એ કન્યાઓ દેવહૂતિને જોઇને એકાએક ઊભી થઇ ગઇ અને બે હાથ જોડીને કહેવા લાગી કે, 'અમે તમારી દાસીઓ છીએ, આજ્ઞા કરો; અમે તમારૂં શું કામ કરીએ?'[૨૬,૨૭] એમ કહીને માન આપતી તે કન્યાઓએ અતિ ઉત્તમ એવાં સ્નાનનાં સાધનોથી મનસ્વિની દેવહૂતિને સ્નાન કરાવ્યું અને પછી નિર્મળ ને નવાં એ વસ્ત્રો તેને આપ્યાં.[૨૮] ઉપરાંત દેવહૂતિને જે પ્રિય હતાં, તેજ ઝગઝગતાં ઉત્કૃષ્ટ ભૂષણો, સર્વ ગુણોથી યુક્ત એવું અન્ન અને અમૃત જેવું સ્વાદિષ્ટ હોઇ કંઇક મદજનક એવું પીણું પણ આપ્યું.[૨૯] પછી દેવહૂતિએ દર્પણમાં પોતાના શરીરને જોવા માંડ્યું, તો પુષ્પની માળાવાળું, સ્વચ્છ વસ્ત્રો ધારણ કરનારૂં, નિર્મળ કરેલાં મંગળવાળું ને કન્યાઓએ બહુજ માન આપેલું તે શરીર તેના જોવામાં આવ્યું.[૩૦] વળી તે શરીર નાહેલું હતું, મસ્તક પણ સ્નાન કરેલું હતું, સર્વ અલંકારોથી સુશોભિત હતું, ડોકમાં કંઠી ધારણ કરી રહ્યું હતું, હાથમાં કડાંઓ ધારણ કરતું હતું, પગમાં સુવર્ણનાં ઝાંઝરો ઝણઝણાટ કરતાં હતાં, અનેક રત્નોથી જડેલો સુવર્ણનો કંદોરો બન્ને નિતંબ પર આવી રહ્યો હતો અને મહાકીમતી હાર વડે તથા ગળામાં નાખવામાં આવેલા કુંકુમ આદિ મંગળ દ્રવ્ય વડે તે શરીર શોભતું હતું.[૩૧,૩૨] વળી તે શરીરનું મુખ સુંદર દાંત વડે, સુંદર ભ્રૂકુટિ વડે કમળના દોડાની સ્પર્ધા કરનાર અને મનોહર તથા સ્નેહાળ કટાક્ષવાળાં નેત્ર વડે તેમજ શ્યામ કેશ વડે દીપી રહ્યું હતું.[૩૩] પછી ઋષિઓમાં શ્રેષ્ઠ એવા પોતાના પ્રિય પતિનું તેણે સ્મરણ કર્યું કે તરતજ જે સ્થળે તે પ્રજાપતિ ઊભા હતા, તેજ સ્થળે સર્વ સ્ત્રીઓની સાથે તે ઊભી રહી.[૩૪] એ રીતે પોતાના સ્વામીની આગળ એક હજાર સ્ત્રીઓની સાથે પોતાને જોઇને તથા તેમનો યોગપ્રભાવ જોઇને દેવહૂતિ સંશયમાં પડી ગઈ એટલે 'આ શું?' એમ આશ્ચર્યમાં પડી.[૩૫] હે કામદેવને જીતનારા વિદુરજી! તે પછી સ્નાન કરીને નિર્મળ થયેલી, જાણે નવીન થઇ હોય તેમ શોભતી, વિવાહની પહેલાંના પોતાના મૂળસ્વરૂપને પ્રાપ્ત થયેલી, ઢાંકેલાં સુંદર સ્તનવાળી, એક હજાર વિદ્યાધરીઓથી સેવાતી અને સુંદર વસ્ત્રો વાળી તે દેવહૂતિને જોઈ કર્દમ ઋષિને તેના પર પ્રેમ ઉ-

÷ અત્યંત પ્રસન્ન નહિ થયેલા મનથી જોવાનું કારણ એ હતું કે, તેણીનું શરીર તો ઘણુંજ મલિન હતું અને પાસે સેવા કરનારી દાસીઓ પણ ન હતી.–શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્પન્ન થયો અને તે વખતે તેમણે તેને વિમાન પર બેસાડી. એ વિમાનમાં બેઠેલા મુનિ કર્દમ કે જેમનો મહિમા કે સ્વતંત્રતા નાશ પામ્યાં ન હતાં, પ્રિયા–દેવહૂતિ ઉપરજ જે પ્રેમપરાયણ હતા અને જેમના શરીરની વિદ્યાધરી સ્ત્રીઓ સેવા કરતી હતી, તે ખીલેલા રાત્રિવિકાસી કમળોથી યુક્ત અને અતિશય સુંદર હોઇ, તારાગણોથી વીંટાયલા આકાશચારી પૂર્ણચંદ્રની પેઠે શોભતા હતા.* એ રીતે સ્ત્રીરત્નોની મધ્યે રહેલા અને સિદ્ધોથી સ્તુતિ કરાતા મુનિ કર્દમ એ વિમાનમાં બેસીને જ્યાં આઠે લોકપાલો વિહાર કરે છે, તે મેરુ પર્વતની ગુફાઓમાં કુબેરની પેઠે લાંબા કાળ સુધી ક્રીડા કરવા લાગ્યા, કે જે એ મેરુ પર્વતની ગુફાઓ કામદેવને ઉત્તેજિત કરનાર, શીતળ અને સુગંધી પવનથી મનોહર છે અને ઉપરથી ગંગા નદીના પડવાને લીધે ત્યાં મંગળ ધ્વનિ સંભળાયા કરે છે. વળી તે કર્દમ ઋષિએ પોતાની તે પ્રિયાની સાથે વૈશ્રંભક, સુરસન, નંદન, પુષ્પભદ્રક, માનસ તથા ચૈત્રરથ નામનાં દેવોનાં ઉદ્યાનોમાં પણ પ્રસન્ન થઇને વિહાર કર્યો.[૩૬–૪૦] અતિશય તેજસ્વી અને ઇચ્છાનુસાર ગતિ કરનાર તે મહાવિમાનમાં બેસીને એ પ્રમાણે વાયુની પેઠે સર્વલોકમાં વિચરતા તે મુનિ (તે વેળા) વિમાનચારી દેવો કરતાં પણ અધિક થયા હતા.[૪૧] (અને એમાં કંઇ આશ્ચર્ય નથી; કેમકે) જેઓએ દુઃખનો નાશ કરનારા પૂજ્યપાદ શ્રીભગવાનના ચરણનો આશ્રય કર્યો હોય છે તેવા ધીર પુરુષોને શું દુર્લભ હોય છે?[૪૨] મહાન યોગી કર્દમ ઋષિ એ પ્રમાણે દ્વીપો, ખંડો વગેરેની રચનામાં જેટલું અતિ આશ્ચર્યજનક ભૂમંડળ છે, તેટલું સમગ્ર પોતાની પત્નીને બતાવીને પોતાના આશ્રમ તરફ પાછા ફર્યા. તેમણે પોતાના સ્વરૂપના નવ વિભાગ કરીને મૈથુન માટે ઉત્કંઠાવાળી પોતાની પત્ની મનુપુત્રી દેવહૂતિને ક્રીડા કરાવતાં સંખ્યાબંધ વર્ષો સુધી ક્રીડા કરી હતી; છતાં (ભોગાસક્તપણાને લીધે) તેમને તો તે સમય મુહૂર્ત જેટલોજ જણાયો હતો. દેવહૂતિ પણ તે વિમાનમાં રતિજનક ઉત્કૃષ્ટ શય્યા પર સર્વાંગસુંદર પતિ સાથે સંગત થઇને શયન કરતી જાણી શકી ન હતી કે, કેટલો મહાન સમય વીતી ગયો હતો? એ પ્રમાણે યોગના પ્રભાવથી ક્રીડા કરતાં કામાસક્ત તે દંપતિનાં સો વર્ષો તો જોતજોતામાં વીતી ગયાં. પછી +સર્વના સંકલ્પને જાણનારા અને મહાસમર્થ તે‡ આત્મવેત્તા કર્દમ ઋષિએ તે દેવહૂતિને પોતાના *અર્ધાંગસ્વરૂપે માની પોતાના સ્વરૂપના નવ વિભાગ કરી તેને વિષે વીર્યાધાન કર્યું, કે તરતજ (તે એકજ દિવસે) દેવહૂતિએ નવ પુત્રીઓને જન્મ આપ્યો. તે સર્વ પુત્રીઓ સર્વાંગે સુંદર હતી અને લાલ કમળની સુગંધસમાન સુગંધવાળી હતી.[૪૩–૪૮] તે પછી શુદ્ધ સ્વભાવવાળી સતી દેવહૂતિ 'હવે મારા પતિ સંન્યાસ લેશે' એમ તે સમયે જાણી જઈને હૃદય-

* આ શ્લોકમાં મુનિને પૂર્ણચંદ્રની ઉપમા આપી છે. તેમાં ઉપમાન–ઉપમેયસાદૃશ્ય આ પ્રમાણે છેઃ– પૂર્ણચંદ્ર જેવા મુનિ હતા. પૂર્ણચંદ્ર જેમ આકાશમાં હોય છે, તેમ મુનિ વિમાનમાં હતા; પૂર્ણચંદ્ર જેમ તારાઓથી વીંટાયલો હોય છે તેમ મુનિ સ્ત્રીઓથી વીંટાયલા હતા અને પૂર્ણચંદ્ર સંમુખ રાત્રિવિકાસી કમળો જેમ ખીલેછે તેમ મુનિ સંમુખ સ્ત્રીઓનાં નેત્રો ખીલી રહ્યાં હતાં.—भा. क.

+ આ વિશેષણથી એમ જણાવ્યું છે કે, કર્દમ ઋષિ જાણી ગયા હતા કે, દેવહૂતિને ઘણાં સંતાનોની ઇચ્છા હતી. —श्रीधर

‡ આ વિશેષણથી એ સૂચવ્યું છે કે, કર્દમ ઋષિએ દેવહૂતિ સાથે ક્રીડા કરી હતી, પણ તેમાં આસક્તિ રાખ્યા વિનાજ; અને તેથીજ તેણીને પ્રથમ સંતાન પુત્રીઓ થઇ હતી.સ્મૃતિ પણ કહે છે–'**पुमान् पुंसोऽधिके शुक्रे स्त्री भवत्यधिके स्त्रियाः**'–પુરુષનું વીર્ય અધિક હોય તો પુત્ર ઉત્પન્ન થાય છે અને સ્ત્રીરજ અધિક હોય તો પુત્રી ઉત્પન્ન થાય છે. —भा. क.

* ગર્ભાધાનને સમયે તો ખાસ કરીને સ્ત્રીને પોતાનું અર્ધું અંગ સમજવું જોઇએ, જેથી સંતતિ સારી થાય છે; એ અહીં ભાવ છે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માં વ્યાકુળતાને લીધે અત્યંત પીડાતી હતી, છતાં ઉપરથી મંદ મંદ હસતી અને નખરૂપી મણિની શોભાવાળા પોતાના પગથી પૃથ્વીને ખોતરતી ધીમે ધીમે અશ્રુપ્રવાહને રોકીને નીચા મુખે પોતાના પતિને આવી સુંદર વાણી કહેવા લાગી.[૪૯।૫૦]

દેવહૂતિ બોલી:–'આપ ભગવાને મારી પાસે જે પ્રતિજ્ઞા કરી હતી, તે સર્વ પાળી છે, છતાં પણ મને શરણે આવેલીને આપ અભયદાન આપવા યોગ્ય છો.[૫૧] હે બ્રહ્મન્! આપની પુત્રીએએ પોતાને યોગ્ય પતિ પોતાની મેળે શોધી લેવા પડશે, એ ખરેખર એક દીનતા પ્રાપ્ત થઇ છે. વળી આપ સંન્યાસ લઇને વનમાં સિધાવો, એટલે મારો શોક દૂર કરવા માટે–મને જ્ઞાનનો ઉપદેશ આપવા માટે કોઇ એક બ્રહ્મજ્ઞાની પુત્ર મને હોવો જોઇએ.[૫૨] હે પ્રભો! મારો આટલો કાળ કેવળ વિષયોનાજ પ્રસંગમાં ચાલ્યો ગયો છે; આટલા કાળ સુધી મેં પરમાત્માની ઉપાસના કેવળ તજી દીધી છે; પણ હવે આટલાથી બસ છે.[૫૩] આપ બ્રહ્મવેત્તા છો, એવો આપનો પરમ ભાવ નહિ જાણીને મેં કેવળ ઇન્દ્રિયોના વિષયોમાંજ આસક્ત રહી આપનો પ્રસંગ કર્યો છે; તોપણ તે આપની સાથેનો પ્રસંગ મને અભયદાન માટે થાઓ. અજ્ઞાનને લીધે પણ જો અસત્પુરુષોનો સંગ કરવામાં આવે છે, તો તે સંસારનું કારણ થઈ પડે છે; પણ તેજ પ્રમાણે–અજ્ઞાનથી જો સત્પુરુષોનો સંગ થઇ જાય છે, તો નિઃસંગપણાને માટે થઈ પડે છે–કેવળ મોક્ષ આપનાર થઇ પડે છે.[૫૪।૫૫] જે મનુષ્યનું કોઇ પણ સ્વાભાવિક કર્મ ધર્મને માટે હોતું નથી, ધર્મદ્વારા વૈરાગ્યને માટે થતું નથી અને વૈરાગ્યદ્વારા તીર્થપદ–શ્રીહરિની સેવાને માટે થતું નથી તે મનુષ્ય જીવે છે છતાં મરેલોજ છે.[૫૬] ખરેખર! હું પણ ભગવાનની માયાથી અત્યંત છેતરાઇ છું; કેમકે મોક્ષ આપનાર એવા આપને પ્રાપ્ત કરીને પણ સંસારબંધનથી મુક્ત થવા માટે મેં ઇચ્છા કરી નહિ.'"[૫૭]

सोऽहं भगवतो नूनं वंचिता मायया दृढम्।
यत्त्वां विमुक्तिदं प्राप्य न मुमुक्षेय बंधनात् ॥५७

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૨૩ મો સમાપ્ત

अध्याय २४ मो*

કપિલદેવનો જન્મ અને કર્દમ મુનિનો સંન્યાસ

॥ मैत्रेय उवाच ॥

निर्वेदवादिनीमेवं मनोर्दुहितरं मुनिः।
दयालुः शालिनीमाह शुक्लाभिव्याहृतं स्मरन् ॥१

મૈત્રેય બોલ્યા:–"એ પ્રમાણે ખેદપૂર્વક બોલતી મનુની પ્રશંસાપાત્ર પુત્રી દેવહૂતિને વિષ્ણુ ભગવાનનું વચન સ્મરણ કરતા દયાળુ મુનિ કર્દમ કહેવા લાગ્યા.[૧]

ઋષિ બોલ્યા:–'હે અનિંદ્ય રાજપુત્રિ! તું આ પ્રમાણે તારા આત્માને ઉદ્દેશીને ખેદ કર મા. કેમકે અવિનાશી ભગવાન પોતે અલ્પ સમયમાં તારા ગર્ભમાં પ્રાપ્ત થશે.[૨] તું પતિવ્રત ધારણ કરનારી છે; તારૂં કલ્યાણ થાઓ. તું ઇન્દ્રિયોનો સંયમ કરીને, સ્વધર્મનું આચરણ કરીને તેમજ તપશ્ચર્યા તથા ધનનાં દાન કરીને શ્રદ્ધાપૂર્વક ઈશ્વરનું ભજન કર.[૩] તું ભગવાનનું આરાધન કરીશ, એટલે તે ભગવાન તારા પુત્રરૂપે અવતરશે અને મારા યશનો વિસ્તાર કરી તને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરીને તારા હૃદયની અહંકારરૂપ ગાંઠને છેદી નાખશે.'[૪]

મૈત્રેય બોલ્યા:–"દેવહૂતિ પણ પ્રજાપતિ કર્દમના એ ઉપદેશ ઉપર ઘણાજ માનથી વિશ્વાસ કરીને સર્વના ગુરુ કૂટસ્થ પરમપુરુષનું ભજન કરવા લાગી.[૫] તે પછી કેટલોક કાળ ગયો, એટલે

* આ અધ્યાયમાં કપિલદેવનો જન્મ તથા ત્રણ ઋણમાંથી મુક્ત થવાને લીધે તેમના પિતા કર્દમનો સંન્યાસ વર્ણવવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભગવાન મધુસૂદન કર્દમઋષિનો વીર્યને પ્રાપ્ત થઇ કાષ્ઠમાં જેમ અગ્નિ ઉત્પન્ન થાય, તેમ દેવહૂતિ વિષે ઉત્પન્ન થયા.[૬] તે સમયે આકાશમાં દેવતાઓ વાદિત્રો વગાડવા લાગ્યા, વરસતા મેઘો ગર્જનાઓ કરવા લાગ્યા, ગંધર્વો ગાવા લાગ્યા અને અપ્સરાઓ હર્ષથી નૃત્ય કરવા લાગી.[૭] આકાશમાંથી દેવોએ કરેલી દિવ્ય પુષ્પવૃષ્ટિ પડવા લાગી, દિશાઓ પ્રસન્ન થઇ, સર્વ જળાશયો પણ નિર્મળ થઈ ગયાં અને પ્રાણીમાત્રનાં મન આનંદ પામ્યાં.[૮] તે વેળા સ્વયંભૂ બ્રહ્મા, મરીચિ વગેરે ઋષિઓની સાથે સરસ્વતી નદી ઉપર આવેલા કર્દમ ઋષિના આશ્રમમાં આવી પહોંચ્યા.[૯] હે શત્રુહન્તા વિદુરજી! સ્વતઃસિદ્ધ જ્ઞાનવાળા બ્રહ્મા જાણતા હતા કે, પરબ્રહ્મ ભગવાન પોતે અંશ વડે સત્ત્વગુણનો આશ્રય કરીને સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ કરવામાટે અવતર્યા છે; તેથી બ્રહ્માએ ભગવાનની તે કર્તવ્યેચ્છાને શુદ્ધ હૃદયથી માન આપીને અત્યંત હર્ષમાં આવી ગયેલી ઇન્દ્રિયોથી યુક્ત થઈ કર્દમ ઋષિને આ પ્રમાણે કહ્યું.

બ્રહ્મા બોલ્યાઃ–'હે તાત! તેં મારી નિષ્કપટભાવથી પૂજા કરી છે; કેમકે હે માન આપનારા પુત્ર! તેં મારા વચનને માન આપીને સ્વીકાર્યું છે.[૧૦-૧૨] બસ, પુત્રોએ પિતાની આટલીજ સેવા કરવી જોઇએ કે, પિતાના વચનને માનપૂર્વક 'બહુ સારું' એમ કહી સ્વીકારી લેવું જોઇએ.[૧૩] હે સભ્ય વત્સ! સુંદર મધ્ય ભાગવાળી આ તારી પુત્રીઓ આ સર્વ જગતને પોતપોતાના પ્રભાવોથી અનેક પ્રકારે વૃદ્ધિંગત કરશે.[૧૪] માટે તું આ મરીચિ વગેરે મુખ્ય ઋષિઓને જેવો જેનો સ્વભાવ અને જેવી જેની રુચિ તે પ્રમાણે તારી આ પુત્રીઓ આપી દે અને તારા યશનો પૃથ્વી પર વિસ્તાર કર. હે મુનિ! પ્રાણીમાત્રને સર્વ ઇષ્ટ વસ્તુ આપનારા આદ્યપુરુષ પરમાત્મા પોતાની માયાનો આશ્રય કરી કપિલદેવ તરીકે અહીં અવતર્યા છે, એ હું જાણું છું.[૧૫,૧૬] સુવર્ણ સમાન કેશવાળા, કમળસમાન નેત્રવાળા અને કમળના ચિહ્નયુક્ત ચરણકમળવાળા આ ભગવાન શાસ્ત્રીય જ્ઞાન તથા અપરોક્ષ જ્ઞાનરૂપી ઉપાય વડે કર્મોની વાસનાઓને મૂળમાંથી ઉખેડી નાખશે.[૧૭] હે મનુનાં પુત્રિ દેવહૂતિ! તમારા ગર્ભમાં અવતરેલા આ કૈટભ દૈત્યનો નાશ કરનારા ભગવાન તમારી અજ્ઞાનસંશયરૂપી ગાંઠને છેદી નાખી પૃથ્વી પર સર્વત્ર વિચરશે.[૧૮] આ સિદ્ધગણોના અધીશ્વર થશે, સાંખ્યશાસ્ત્રના આચાર્યોમાં અત્યંત માનીતા થશે અને તમારી કીર્તિને વધારનારા આ ભગવાન લોકમાં 'કપિલ' એવા નામથી પ્રખ્યાત થશે.'[૧૯]

મૈત્રેય બોલ્યાઃ–"એ પ્રમાણે કર્દમ ઋષિને તથા દેવહૂતિને બન્નેને આશ્વાસન આપીને જગત્સ્રષ્ટા બ્રહ્મદેવ પોતાના વાહન હંસ પર બેસીને સનકાદિ કુમારો અને નારદની સાથે પોતાના ધામ–સત્યલોકમાં ગયા.[૨૦] હે વિદુરજી! બ્રહ્મદેવ ગયા તે પછી કર્દમ ઋષિએ તેમની આજ્ઞા પ્રમાણે પોતાની પુત્રીઓને મરીચિ આદિ પ્રજાપતિઓને પરણાવી દીધી.[૨૧] તેમાં મરીચિને કલા, અત્રિને અનસૂયા, અંગિરાને શ્રદ્ધા, પુલસ્ત્યને હવિર્ભૂ, પુલહને યોગ્ય એવી ગતિ, ક્રતુને સતી ક્રિયા, ભૃગુને ખ્યાતિ, વસિષ્ઠને અરુંધતી અને અથર્વન્‌ને શાંતિ નામની કન્યા આપી, કે જેના વડે યજ્ઞ વિસ્તાર પામે છે–સમૃદ્ધિમાન કરાય છે. એ પ્રમાણે તે શ્રેષ્ઠ બ્રાહ્મણોનો વિવાહ કરી કર્દમે પુત્રીઓની સાથે તેઓને સંતુષ્ટ કર્યા. હે વિદુરજી! તે પછી પરણેલા એ ઋષિઓ કર્દમ ઋષિને પૂછીને આનંદ પામતા પોતપોતાના આશ્રમો તરફ ચાલી નીકળ્યા,[૨૨-૨૫] એટલે કર્દમ ઋષિ દેવશ્રેષ્ઠ શ્રીવિષ્ણુ ભગવાનને પોતાને ત્યાં અવતરેલા જાણી એકાંતમાં તેમની પાસે જઇ તેમને પ્રણામ કરી કહેવા લાગ્યા–[૨૬] 'અહો! પોતાનાં પાપોને લીધે નરકમાં રંધાઇ રહેલાં પ્રાણીઓના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉપર ઘણે કાળે દેવતાઓ પ્રસન્ન થાય છે.[૨૭] તેમજ સંન્યાસીઓ અનેક જન્મે સારી રીતે પક્વ થયેલા ભક્તિયોગમાં ચિત્તને એકાગ્ર કરીને એકાંત સ્થાનોમાં જે આપનાં ચરણનાં દર્શન કરવાને પ્રયત્ન કરે છે;[૨૮] તેજ ભગવાન અમારી લઘુતાને નહિ ગણીને અમારા સંસારીઓના ઘેર આજે જન્મ્યા છો. (અને ખરેખર, તે આપને યોગ્યજ છે.) કેમકે આપ તો ભક્તોના પક્ષનું પોષણ કરનારા છો.[૨૯] ભક્તોનું માન વધારનારા આપ ભગવાન પોતાનું વાક્ય સત્ય કરવાને તથા જ્ઞાનસાધન સાંખ્યશાસ્ત્રની રચના કરવાની ઇચ્છાથી મારે ઘેર અવતરેલા છો.[૩૦] હે ભગવન્! આપ તો પ્રાકૃત સ્વરૂપથી રહિત છો છતાં જે આપ અલૌકિક ચતુર્ભુજ આદિ સ્વરૂપો ધારણ કરો છો તે યોગ્યજ છે; અને તે તે સ્વરૂપો મનુષ્યના જેવાં હોય છે તોપણ આપના ભક્તોને તો તે પણ રુચેજ છે.[૩૧] જેમનો ચરણ મૂકવાનો બાજઠ પણ મોટા મોટા વિદ્વાનોને તત્ત્વજિજ્ઞાસા માટે સદા વંદન કરવા યોગ્ય હોય છે અને જે ઐશ્વર્ય, વૈરાગ્ય, યશ, જ્ઞાન તથા વીર્યની લક્ષ્મીથી પૂર્ણ છે એવા આપને હું શરણે આવ્યો છું.[૩૨] આપ સર્વાંશે સ્વાધીન શક્તિવાળા છો તેથી પરમેશ્વર છો, પ્રકૃતિરૂપ છો, તેના અધિષ્ઠાતા પુરુષ છો, મહત્તત્ત્વસ્વરૂપ છો, સર્વને ક્ષોભ પમાડનાર કાળસ્વરૂપ છો, અહંકારરૂપ છો, લોકરૂપ છો, લોકપાળોરૂપ છો, આપને વિષે આપની પોતાની ચૈતન્યશક્તિથી આ સર્વ પ્રપંચ લીન થાય છે અને આપ સર્વજ્ઞ છો. કપિલ–અવતાર ધારણ કરનાર તે આપને હું શરણે આવ્યો છું;[૩૩] અને પ્રજાઓના પતિ એવા આપની કંઇક અનુજ્ઞા માગું છું કે, આપરૂપી પુત્રવડે હું ત્રણે ઋણોમાંથી મુક્ત થયો છું, અને પરિપૂર્ણ કામનાવાળો થયો છું; તો હવે હું સંન્યાસીઓના માર્ગનો આશ્રય કરીશ અને હૃદયમાં આપનું સ્મરણ કરતો શોકરહિત થઇને સર્વત્ર વિચરીશ.'[૩૪]

શ્રીભગવાન બોલ્યાઃ–'હે +મુનિ! વૈદિક અને લૌકિક કૃત્યમાં મેં પોતે જે કહ્યું છે તેજ લોકને પ્રમાણ હોય છે અને તેથીજ મેં તમને કહ્યું હતું કે, 'હું તમારા પુત્રરૂપે અવતરીશ.' એ વચનને સત્ય કરવાને મેં જન્મ સ્વીકાર્યો છે.[૩૫] આ લોકમાં જેઓ દુરાશય–લિંગશરીરથી છૂટવાની ઇચ્છાવાળા છે તેવા મુમુક્ષુ મુનિઓને આત્મદર્શનને માટે માન્ય એવા સાંખ્યશાસ્ત્રની રચના કરવા માટે મારો આ જન્મ છે.[૩૬] આ સૂક્ષ્મ આત્મદર્શનનો માર્ગ ઘણા કાળથી નષ્ટ થઇ ગયો હતો; તે માર્ગને ફરીથી ચાલુ કરવા સારૂ મેં આ મારું શરીર પ્રકટ કર્યું છે, એમ તમે જાણો.[૩૭] હવે હું તમને જવાની અનુજ્ઞા આપું છું. તમે તમારી ઇચ્છાનુસાર ભલે જાઓ,÷ તમે તમારાં સર્વ કર્મો મને સમર્પણ કરી દેજો અને મહાદુર્જય એવા મૃત્યુને જીતીને મોક્ષ માટે મારું ભજન કરજો.[૩૮] પ્રાણીમાત્રની હૃદયગુહામાં રહેલા સ્વયંજ્યોતિ આત્મસ્વરૂપ એવા મારું તમે પોતે તમારા પોતાનાજ સ્વરૂપમાં દર્શન કરીને શોકરહિત થશો અને અભય–મોક્ષપદને પ્રાપ્ત કરશો.[૩૯] હું મારી માતાને સર્વ કર્મોનો નાશ કરનારી આધ્યાત્મિક વિદ્યાનો ઉપદેશ કરીશ, કે જેથી મારી માતા જન્મ–મરણના ભયમાંથી મુક્ત થશે અને પરમાનંદ પદને પ્રાપ્ત કરશે.'[૪૦]

+ હું જ્ઞાનોપદેશનો પ્રચાર કરવા માટેજ તમારે ઘેર અવતરેલો છું, તેથી જો તમે ઘેર રહેશો તોપણ તમને મુક્તિ તો સુલભજ છે; છતાં પણ સંન્યાસ લઇને તમારે અવશ્ય જવાનોજ આગ્રહ હોય તોપણ મારુંજ સ્મરણ કરતા તમે જાઓ, એ આશય અહીંથી ૭ શ્લોકમાં કહે છે. —श्रीधर

÷ અથવા જે પ્રમાણે તમે મારી અનુજ્ઞા માગો છો તેજ પ્રમાણે હું પણ તમને ઘેર રહેવા માટે અનુજ્ઞા આપું છું; છતાં તમારે જવું હોય તો ખુશીથી જાઓ. વેદ પણ કહે છે–'**अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते (ईश. उ. ११.)** કર્મોને આત્મસમર્પણ કરી દઇ મૃત્યુને તરી જવાય છે અને પછી જ્ઞાનદ્વારા મોક્ષને સંપાદન કરાય છે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મૈત્રેય બોલ્યાઃ–"કપિલદેવે એ પ્રમાણે કહ્યું એટલે પ્રજાપતિ કર્દમ, તેમને પ્રદક્ષિણા કરી પ્રસન્ન થઇને વનમાંજ ગયા.[૪૧] તે મુનિએ મુનિઓનું અહિંસાવ્રત ધારણ કરી કેવળ આત્માનું શરણ લીધું અને સર્વ સંગનો ત્યાગ કરી અગ્નિહોત્ર તથા ઘરને પણ છોડી દઇ પૃથ્વી ઉપર વિચરવા માંડ્યું;[૪૨] તેમજ કાર્ય–કારણથી જે પર છે અને ગુણોના પ્રકાશક છતાં જે નિર્ગુણ છે એવા, અવ્યભિચારિણી ભક્તિથી સાક્ષાત્કાર કરેલા પરબ્રહ્મને વિષે મનને જોડી દઇ અહંકારનો એટલે દેહાભિમાનનો ત્યાગ કર્યો, સર્વ મમતાઓ છોડી દીધી, રાગદ્વેષ, શીતોષ્ણ આદિ દ્વંદ્વોનો ત્યાગ કર્યો, સર્વ સ્થળે સમદષ્ટિ કરીને ભેદબુદ્ધિનો ત્યાગ કર્યો; કેવળ આત્માનેજ સર્વત્ર જોવા માંડયો; તેમની બુદ્ધિ શાંત અને વિક્ષેપથી રહિત થઈ, ધૈર્યથી સર્વ ઇન્દ્રિયો તેમણે જીતી લીધી અને શાંત તરંગોવાળા સમુદ્રની પેઠે તે અત્યંત શાંત થઇ ગયા.[૪૩।૪૪] તેમનું મન સર્વ જીવોના આત્મા એવા વાસુદેવ ભગવાન વિષે પરમ ભક્તિભાવને લીધે લીન થઈ ગયું હતું, તેથી તે સર્વ બંધનોથી મુક્ત થયા–અજ્ઞાનથી રહિત થયા.[૪૫] તેમણે પ્રાણીમાત્રમાં રહેલા પોતાના આત્માનાં દર્શન કરવા માંડ્યાં અને ભગવાન વિષે તથા પોતાને વિષે સર્વ પ્રાણીઓને જોવા માંડ્યાં.[૪૬] એ પ્રમાણે રાગ–દ્વેષથી રહિત થયેલા અને સર્વત્ર સમભાવવાળા હોઇને ભગવાનની ભક્તિથી યુક્ત થયેલા મનને લીધે તેમણે ભગવાનની ગતિ–મોક્ષપદ પ્રાપ્ત કર્યું."[૪૭]

इच्छाद्वेषविहीनेन सर्वत्र समचेतसा ।
भगवद्भक्तियुक्तेन प्राप्ता भागवती गतिः ॥ ४७ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૨૪ મો સમાપ્ત

अध्याय २५ मो×

માતાના પ્રશ્નથી કપિલદેવે કહેલું ભક્તિનું લક્ષણ

॥ शौनक उवाच ॥

कपिलस्तत्त्वसंख्याता भगवानात्ममायया ।
जातः स्वयमजः साक्षादात्मप्रज्ञप्तये नृणाम् ॥१॥

શૌનકે પૂછ્યુંઃ–ભગવાન પોતે અજન્મા છે છતાં મનુષ્યોને સાક્ષાત્ આત્મતત્ત્વનો ઉપદેશ આપવા માટે પોતે સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક કપિલદેવ તરીકે પોતાની માયાથી જન્મ્યા હતા.[૧] સર્વ પુરુષોમાં ઉત્તમ અને સર્વ યોગીઓમાં શ્રેષ્ઠ તે ભગવાન સંબંધે જેમજેમ શ્રવણ કરવામાં આવે છે, તેમ તેમ તે ભગવાન (હૃદયમાં) વધારે પ્રકાશે છે છતાં પણ એ ભગવાનની કીર્તિનું શ્રવણ કરતાં મારી ઇન્દ્રિયો અત્યંત તૃપ્ત થતી નથી;[૨] તે ભગવાન પોતાના ભક્તોની ઇચ્છાનુસાર શરીરો ગ્રહણ કરે છે અને પોતાની માયાવડે જે જે કર્મો કરે છે, તે તે–કીર્તન કરવાયોગ્ય તેમનાં કર્મો તમે મને શ્રદ્ધાળુને કહો.[૩]

સૂત બોલ્યાઃ–તમે મને જે પ્રમાણે આત્મવિદ્યા સંબંધે પ્રશ્ન પૂછો છો તેજ પ્રમાણે વ્યાસના મિત્ર ભગવાન મૈત્રેયને વિદુરજીએ આત્મવિદ્યા સંબંધી પ્રશ્ન પૂછ્યો હતો અને તે ઉપરથી પ્રસન્ન થઇને તેમણે વિદુરજીને આ પ્રમાણે કહ્યું હતું.[૪]

મૈત્રેય બોલ્યાઃ–"પિતાએ જ્યારે વનમાં પ્રયાણ કર્યું ત્યારે ભગવાન કપિલદેવ, માતાનું પ્રિય કરવાની ઇચ્છાથી તે બિંદુસરોવર પર રહ્યા હતા. એક સમયે બ્રહ્મદેવના વચનનું સ્મરણ કરી દેવહૂતિ સર્વ કર્મોથી રહિત અને તત્ત્વમાર્ગનો પાર દર્શાવનાર પોતાના પુત્ર કપિલદેવ જ્યાં હતા ત્યાં જઇને તેમને આ પ્રમાણે કહેવા લાગ્યાંઃ[૫।૬]

× આ અધ્યાયમાં 'માતા દેવહૂતિએ બંધનથી મુક્ત થવા માટે પૂછ્યું એટલે તેમના પુત્ર કપિલદેવે પ્રથમ તો ભક્તિનું શ્રેષ્ઠ લક્ષણ કહ્યું' તે કહેવામાં આવશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi



કપિલ અને દેવહૂતિ

[પૃષ્ઠ ૨૨૩

CC0. In Public Domain, Digitizagtion by eGangotri
Dr. Urmila Sharma Collection, Varanasi .

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેવહૂતિ બોલ્યાં:—'હે વ્યાપક પ્રભો! અસત્ય એવા આ વિષયાભિલાષથી તો હવે હું થાકી ગઇ છું. કેમકે તે વિષયાભિલાષને પૂર્ણ કર્યા કરવાથી હું ઘોર અંધકારમાં જઇ પડી છું—મહાન મોહમાં ગબડી પડી છું;[૭] પણ આજે અનેક જન્મોના અંતે તે દુષ્પાર ઘોર અંધકારના પારને પમાડનારાં ઉત્તમ ચક્ષુરૂપ એવા આપને આપના અનુગ્રહથી મેં પ્રાપ્ત કર્યા છે. જે આપ આદ્ય ભગવાન છો, સર્વ જીવાત્માઓના પરમેશ્વર છો અને અજ્ઞાનરૂપ અંધકારથી અંધ બની ગયેલા લોકનાં ચક્ષુરૂપે સૂર્યની પેઠે ઉદય પામ્યા છો.[૮] હે દેવ! હવે આપ મારા તે મહામોહને દૂર કરવાને યોગ્ય છો, કે જે મહામોહ એક કદાગ્રહરૂપ હોઇને આપેજ આ દેહાદિ ઉપર 'હું, મારું' એ પ્રમાણે યોજી દીધો છે. આપ પોતાના ભક્ત પુરુષોના સંસારવૃક્ષને છેદી નાખવામાં એક કુહાડારૂપ છો અને શરણે આવેલાંઓનું રક્ષણ કરનારા છો તેથી હું પ્રકૃતિ તથા પુરુષના સ્વરૂપજ્ઞાનની ઇચ્છાથી આપને શરણે આવી છું અને ઉત્તમ ધર્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ એવા આપને નમસ્કાર કરૂં છું.[૯-૧૧]

મૈત્રેય બોલ્યા:—"પોતાની માતાની એ નિર્દોષ જિજ્ઞાસા કે જે પુરુષોની મોક્ષ પ્રત્યેની પ્રીતિને ઉત્પન્ન કરનારી હતી, તેને સાંભળીને આત્મવેત્તા સત્પુરુષોની ગતિરૂપ એવા ભગવાને, પોતાની બુદ્ધિથી તેને અભિનંદન આપ્યું અને મંદ હાસ્ય વડે શોભાયમાન મુખથી આ પ્રમાણે કહ્યું.[૧૨]

શ્રી ભગવાન બોલ્યા:—'મુમુક્ષુ પુરુષોના કલ્યાણ માટે આધ્યાત્મિક યોગજ મને ઇષ્ટ છે—અત્યંત માન્ય છે, કેમકે જે આધ્યાત્મિક યોગમાં દુઃખની તથા સુખની અત્યંત નિવૃત્તિ થઇ જાય છે;[૧૩] હે નિર્દોષ માતા! જે આધ્યાત્મિક યોગ, પૂર્વે શ્રવણ કરવાની ઇચ્છાવાળા ઋષિઓને મેં કહ્યો છે; તેજ યોગ શમ—દમાદિ સર્વાંગોની નિપુણતાપૂર્વક હું તમને કહું છું.[૧૪] આ જીવને ચિત્તજ બંધન માટે તથા મોક્ષ માટે માનેલું છે. તેમાં જો ચિત્ત વિષયોમાં આસક્ત થાય છે તો બંધનકારક થાય છે અને જો પરમેશ્વરમાં આસક્ત થાય છે તો મોક્ષદાયી થાય છે.[૧૫] જ્યારે પુરુષનું મન 'હું, મારું' આદિ અભિમાનથી ઉત્પન્ન થનાર કામ—લોભાદિ મળથી રહિત થઈ શુદ્ધ થાય છે અને સુખ તથા દુઃખથી પણ રહિત થઈને સર્વત્ર સમદૃષ્ટિવાળું થાય છે—હેય—ઉપાદેય જ્ઞાનથી પણ રહિત થાય છે, ત્યારે પુરુષ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી યુક્ત એવા પોતાના આત્માને કેવળ શુદ્ધ, પ્રકૃતિથી પર, સર્વ પ્રકારના ભેદથી રહિત, સ્વયંજ્યોતિ, સૂક્ષ્મ, અખંડિત—અપરિચ્છિન્ન તથા ઉદાસીન જુએ છે અને પ્રકૃતિને ક્ષીણ થયેલા બળવાળી જુએ છે.[૧૬] યોગી પુરુષોને બ્રહ્મત્વની પ્રાપ્તિ માટે સમગ્રના આત્મા એવા ભગવાન વિષે યોજેલી ભક્તિના જેવો બીજો કોઈ પણ કલ્યાણકારી માર્ગ નથી. વિદ્વાનો કહે છે કે, હરકોઈ વિષયમાં જે અત્યંત આસક્તિ છે તેજ આત્માને (બંધનકારક) કદી તૂટે નહિ તેવો એક પાશ છે; પણ તેજ આસક્તિ જો તેજ પ્રસંગે સત્પુરુષોના ઉપર કરવામાં આવે તો મોક્ષનાં દ્વાર ખુલ્લાંજ છે—અર્થાત્ વિષયસંગ બંધનકારક છે ત્યારે સત્પુરુષોનો સંગ મોક્ષદાયક છે. આ સત્પુરુષો સર્વદા સહનશીલ હોય છે, દયાળુ હોય છે, સર્વ પ્રાણીઓના મિત્ર હોય છે, શત્રુરહિત હોય છે, શમગુણથી યુક્ત હોય છે, શાસ્ત્રોને અનુસરનારા હોય છે અને ઉત્તમ શીલ એજ તેઓનું ભૂષણ હોય છે.[૧૭-૨૧] આવા જે સત્પુરુષો હોય છે તેઓ મારે વિષે અનન્યભાવથી દૃઢ ભક્તિ કરે છે, મારે માટે સર્વ કર્મોનો તથા સ્વજનો ને બાંધવોનો પણ ત્યાગ કરે છે, કેવળ મારોજ આશ્રય લે છે, મારી પવિત્ર કથાઓ પોતે સાંભળે છે અને બીજાઓને કહે છે તથા તેઓ કેવળ મારામાંજ પોતાનું ચિત્ત સ્થાપે છે; તેથી તેઓને આધ્યાત્મિક વગેરે વિવિધ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

પ્રકારના તાપો દુઃખ દેતા નથી.[૨૨,૨૩] હે સાધ્વી માતા ! તે આ સત્પુરુષો સર્વ પ્રકારના સંગથી રહિત હોય છે તેથી તેઓનો સંગજ તમારે ઇચ્છવાયોગ્ય છે; કેમકે તે સત્પુરુષો વિષયસંગના દોષને દૂર કરનારા હોય છે.[૨૪] વળી તે સત્પુરુષોના પ્રસંગ કરવાથી મારાં પરાક્રમોને જણાવનારી અને હૃદય તથા કાનને રસાયનરૂપ એવી મારી કથાઓ સાંભળવામાં આવે છે અને તે કથાઓનું સેવન કરવાથી તત્કાળ અવિદ્યાની નિવૃત્તિ એજ જેમની પ્રાપ્તિનો માર્ગ છે એવા શ્રીહરિ વિષે અનુક્રમે શ્રદ્ધા, પ્રીતિ અને ભક્તિ પ્રકટ થાય છે.[૨૫] એ રીતે મારી સૃષ્ટિરચના વગેરે લીલાઓનું ચિંતન કરવાથી જે ભક્તિ ઉત્પન્ન થાય છે તેને લીધે પુરુષને આ લોકનાં તથા પરલોકનાં સર્વ વૈષયિક સુખો ઉપર વૈરાગ્ય થાય છે અને પછી યોગાભ્યાસમાં યુક્ત રહીને ભક્તિપ્રધાન એવા સરળ યોગમાર્ગોદ્વારા પોતાના ચિત્તને વશ કરવા માટે સાવધાન થઇ પ્રયત્ન કરે છે. એ રીતે પ્રકૃતિના ગુણોનું સેવન નહિ કરવાથી અને વૈરાગ્યથી વૃદ્ધિ પામેલા જ્ઞાનથી, યોગથી તથા મારામાં સમર્પણ કરેલી ભક્તિથી પુરુષ, પોતાના આજ શરીરમાં સર્વના આત્મારૂપ મારો સાક્ષાત્કાર કરે છે.[૨૬,૨૭]

દેવહૂતિએ પૂછ્યું:—'તમારે વિષે કેવા પ્રકારની ભક્તિ યોગ્ય છે ? તેમાં પણ હું સ્ત્રી જાતિએ તમારી કેવી ભક્તિ કરવી યોગ્ય છે, કે જે ભક્તિથી તમારું મોક્ષરૂપી પદ હું અનાયાસે પ્રાપ્ત કરી શકું ?[૨૮] હે મોક્ષસ્વરૂપ પરમાત્મા ! આપે આપને પ્રાપ્ત કરાવનારો જે યોગ કહ્યો તે કેવા પ્રકારનો છે ? તેનાં અંગો કેટલાં છે કે જે યોગથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે ?[૨૯] હે હરિ ! હું મંદ બુદ્ધિવાળી સ્ત્રીજાતિ, આપના અનુગ્રહથી આ દુર્બોધ વિષયને સુખેથી સમજી શકું તે પ્રમાણે તમે મને કહો.'

મૈત્રેય બોલ્યા:—"માતાનો એ અભિપ્રાય જાણીને કપિલદેવને, જેને વિષે શરીર ધારણ કરી પોતે ઉત્પન્ન થયા હતા તે—એ દેવહૂતિ ઉપર સ્નેહ થયો અને તેથી જેમાં અનુક્રમે તત્ત્વો કહેવામાં આવ્યાં છે અને જેને વિદ્વાનો સાંખ્યશાસ્ત્ર કહે છે, તે શાંખ્યશાસ્ત્ર અને ભક્તિનો વિસ્તાર તથા યોગ તેણીને કહેવા લાગ્યા."

શ્રીકપિલ ભગવાન બોલ્યા:—'વિકારરહિત શુદ્ધ મનવાળા જે પુરુષની વિષયોને ગ્રહણ કરનારી તથા કેવળ વેદોક્ત કર્મમાંજ તત્પર રહેનારી ઇન્દ્રિયો સત્ત્વમૂર્તિ શ્રીહરિને વિષેજ સ્વાભાવિકપણે વર્તન કરે છે, તેનું નામજ નિષ્કામ ભક્તિ કહેવાય છે અને તે આ ભગવદ્ભક્તિ મુક્તિ કરતાં પણ અત્યંત શ્રેષ્ઠ હોઇને જઠરાગ્નિ જેમ ભોજન કરેલા અન્નને પચાવી દે છે, તેમ લિંગશરીરનો તત્કાળ નાશ કરી નાખે છે.[૩૦-૩૩] મારી સેવામાંજ આસક્ત રહેનાર અને કેવળ મારે માટેજ સર્વ ક્રિયાઓ કરનાર મારા ભક્ત પુરુષો (એ ભક્તિમાંજ લયલીન રહીને) મારી સાયુજ્ય મુક્તિને પણ ઇચ્છતા નથી;+ માત્ર તેઓ પરસ્પર એકઠા મળીને મારાં પરાક્રમોનીજ પ્રશંસા કર્યા કરે છે.[૩૪] હે માતા ! તે મારા ભક્તો પ્રસન્ન મુખવાળાં, લાલ નેત્રોવાળાં અને વરદાનોને આપનારાં મારાં સુંદર દિવ્યસ્વરૂપોનાં દર્શન કર્યા કરે છે અને તે તે મારાં સ્વરૂપોની સાથે સુંદર ભાષામાં વાતચીત કરે છે.[૩૫] તે મારાં ઉદાર લીલાયુક્ત હાસ્ય, દર્શન તથા સુંદર ભાષણવાળાં અને દર્શન કરવા યોગ્ય અવયવોવાળાં સ્વરૂપો તેઓનાં મન, પ્રાણ તથા ઇન્દ્રિયોને હરી લે છે અને જોકે તેઓ ઇચ્છતા નથી, તોપણ તેઓને ભક્તિજ મારી ગતિ—મોક્ષપદને અર્પણ કરે છે[૩૬] અને પછી (તેઓની અવિદ્યા દૂર થાય છે, ત્યારે પણ) માયાવી એવા મારી તે સત્યલોક વગેરેમાં રહેલી ભોગસંપત્તિને, અણિમાદિ અષ્ટાંગ ઐશ્વર્યને તથા ભક્તિની પાછળ પોતાની મેળે મેળે ચાલી આવેલી તે ભગવત્સંબંધી કલ્યાણકારી સંપત્તિને જોકે તેઓ

+ સાયુજ્ય મુક્તિને જો ઇચ્છતા નથી તો સાલોક્ય મુક્તિને તો કેમજ ઇચ્છે ? —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઇચ્છતા નથી, તોપણ તે મારી પરમેશ્વરની સંપત્તિઓને વૈકુંઠલોકમાં અવશ્ય પ્રાપ્ત કરેજ છે.[૩૭] હે શાંત સ્વરૂપવાળાં માતા! જે મારા ભક્તોને આત્મસ્વરૂપ એવો હું એકજ પ્રિય છું, *પુત્રરૂપ છું, મિત્રરૂપ છું, ગુરુરૂપ છું, સંબંધીરૂપ છું અને હું એકજ ઇષ્ટદેવ છું, તે મારા ભક્તો એ વૈકુંઠલોકમાં કદી પણ ભોગ્ય વૈભવોથી રહિત થતા નથી અને મારું શસ્ત્ર કાળચક્ર પણ તેઓનો કદી ગ્રાસ કરતું નથી–અર્થાત્ એ રીતે સર્વભાવે જેઓ મારું ભજન કરે છે, તેઓનો મારું કાળચક્ર કદી નાશ કરતું નથી.[૩૮] જેઓ આ લોકને, પરલોકને, બન્ને લોકમાં જનારા સોપાધિક આત્માને, શરીરને, શરીરની પાછળ રહેલાં પુત્ર-સ્ત્રી આદિને, ધનને, પશુઓને, ઘરોને તથા બીજા જે કંઈ પરિગ્રહ હોય છે, તે સર્વને તજીને સર્વવ્યાપક એવા મને એકલાનેજ અનન્ય ભક્તિથી ભજે છે, તેઓને હું મૃત્યુરૂપ એવા આ સંસારથી તારૂં છું.[૩૯,૪૦] હું ભગવાન છું–સર્વાંશે સમર્થ છું, પ્રકૃતિ તથા પુરુષનો ઈશ્વર છું–અધિષ્ઠાતા છું, નિયામક છું અને સર્વ પ્રાણીઓનો આત્મા છું; તો મારો આશ્રય કર્યા વિના કદી પણ સંસારનો તીવ્ર ભય દૂર થતો નથી. મારા ભયથી પવન વાય છે, સૂર્ય તપે છે, વરસાદ વરસે છે, અગ્નિ બળે છે અને મૃત્યુ મારા ભયથી સર્વત્ર વિચરે છે.×[૪૧,૪૨] યોગીપુરુષો મોક્ષ સંપાદન કરવા માટે જ્ઞાન અને વૈરાગ્યથી યુક્ત એવા ભક્તિયોગ વડે સર્વ પ્રકારે નિર્મળ એવા મારાજ ચરણમૂળનો આશ્રય કરે છે.[૪૩] આ જગતમાં પુરુષોના કલ્યાણનો ઉદય આટલોજ છે કે, તેઓએ તીવ્ર ભક્તિયોગનો આશ્રય કરી મારામાં અર્પણ કરેલા મનને સ્થિર કરવું–નિશ્ચળ કરવું. બસ, આટલોજ જીવોના સર્વ પુરુષાર્થસાધનનો પરમ ઉત્કર્ષ છે.[૪૪]

एतावानेव लोकेऽस्मिन् पुंसां निःश्रेयसोदयः ।
तीव्रेण भक्तियोगेन मनो मय्यर्पितं स्थिरम् ॥४४

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૨૫ મો સમાપ્ત

अध्याय २६ मो*

પ્રકૃતિ–પુરુષનો ભેદ દર્શાવવા માટે સાંખ્યશાસ્ત્રના આધારે સર્વ પદાર્થોની ઉત્પત્તિ તથા લક્ષણ

॥ श्रीभगवानुवाच ॥

अथ ते संप्रवक्ष्यामि तत्त्वानां लक्षणं पृथक् ।
यद्विदित्वा विमुच्येत पुरुषः प्राकृतैर्गुणैः ॥ १ ॥

શ્રીકપિલ ભગવાન બોલ્યાઃ–'હવે હું તમને સર્વ તત્ત્વોનું ભિન્ન ભિન્ન લક્ષણ કહું છું કે જે જાણીને પુરુષ પ્રકૃતિના ગુણોથી મુક્ત થાય છે.[૧] જે જ્ઞાનને વિદ્વાનો પુરુષને મોક્ષ આપનારૂં કહે છે અને આત્માનો સાક્ષાત્કાર કરાવનારૂં કહે છે, તે હૃદયની અહંકારરૂપ ગાંઠને ભેદનારૂં જ્ઞાન હું તમને કહું છું.[૨] અનાદિ એવો આત્મા તેજ પુરુષ કહેવાય છે. તે આ પુરુષ નિર્ગુણ છે, પ્રકૃતિથી પર છે, અંતઃસ્ફૂર્તિવાળો હોઇને જ્ઞાનસ્વરૂપ છે, વળી સ્વયંજ્યોતિ છે અને તે પુરુષ વડેજ આ સર્વ જગત યુક્ત હોઇને પ્રકાશે છે.[૩] તે આ વ્યાપક પુરુષે અસ્પષ્ટ સ્વરૂપવાળી, સત્ત્વાદિ ત્રણ ગુણોવાળી અને લીલાથી પોતાની સમીપ આવેલી ભગવાનની શક્તિરૂપ પ્રકૃતિને સ્વેચ્છાએજ ગ્રહણ કરી.[૪] આ પ્રકૃતિ+ સત્ત્વાદિ ગુણો-

* પુત્રરૂપ છું–એટલે પુત્રની પેઠે સ્નેહનો વિષય છું, મિત્રરૂપ છું–એટલે મિત્રની પેઠે વિશ્વાસનું સ્થાન છું, ગુરુરૂપ છું–એટલે ગુરુની પેઠે ઉપદેશ આપનાર છું, સંબંધીરૂપ છું–એટલે સંબંધીની પેઠે હિતકારી છું અને ઇષ્ટદેવ છું એટલે ઇષ્ટદેવની પેઠે પૂજ્ય છું. **—શ્રીધર**

× આજ શ્લોકના આશયને આ વેદવાક્ય આ પ્રમાણે કહે છેઃ– **भीषाऽस्माद्वातः पवते भीषोदेति सूर्यः । भीषास्मादग्निश्चेन्द्रश्च मृत्युर्धावति पञ्चमः (तैत्ति० उ. २–८)** પરમાત્માના ભયથી પવન વાય છે, સૂર્ય ઊગે છે, અગ્નિ બળે છે, વરસાદ વરસે છે અને પાંચમું મૃત્યુ સર્વત્ર દોડી રહ્યું છે. **—શ્રીધર**

* આ અધ્યાયમાં પુરુષ તથા પ્રકૃતિના વિવેક માટે સાંખ્યશાસ્ત્રના આધારે સર્વ પદાર્થોની ઉત્પત્તિ કહેવામાં આવશે. **—શ્રીધર**

+ પ્રકૃતિ એ પ્રકારની છે–એક આવરણશક્તિ અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દ્વારા પોતાના જેવાં સ્વરૂપોવાળી જાતજાતની પ્રજાઓને સૃજી રહી છે; તેને જોઇને (તે પ્રકૃતિને જોઇને) તે પુરુષ તત્કાળ મોહ પામી ગયો. કેમકે પ્રકૃતિ જ્ઞાનને ઢાંકી દેનારીજ છે-તેથી તે પુરુષ પોતાનું સ્વરૂપજ્ઞાન ભૂલી ગયો. જો કે સર્વ કર્મો પ્રકૃતિના ગુણોથીજ કરવામાં આવે છે, છતાં પુરુષ એ રીતે પ્રકૃતિના અધ્યાસને લીધે પ્રકૃતિનાજ કર્તાપણાને પોતાને વિષે માની બેસે છે-વસ્તુતઃ પુરુષ પોતે અકર્તા છે છતાં પ્રકૃતિ ઉપરના આત્માધ્યાસને લીધે પોતાને કર્તા તરીકે માને છે.[પ-૬] પુરુષ પોતે તો અકર્તા છે, ઈશ્વર છે-સર્વ પ્રકારે સ્વતંત્ર છે, સર્વનો સાક્ષી છે અને કેવળ સુખસ્વરૂપજ છે છતાં તેને એ કર્તૃત્વાભિમાનજ સંસારરૂપ થઈ પડે છે-જન્મમરણના પ્રવાહરૂપ થાય છે, તેને લીધેજ કર્મોનું બંધન પ્રાપ્ત થાય છે અને તે પ્રકૃતિના અવિવેકથીજ તેને પરતંત્રતા ભોગવવી પડે છે-આ બધું પ્રકૃતિના અવિવેકનુંજ પરિણામ છે.[૭] વિદ્વાનો કહે છે કે, પુરુષ શરીરભાવને પ્રાપ્ત થાય છે, ઇન્દ્રિયભાવને પ્રાપ્ત થાય છે અને ઇન્દ્રિયોના અધિષ્ઠાતા તે તે દેવતાપણાને પોતે પ્રાપ્ત થાય છે, તે સર્વનું કારણ કેવળ પ્રકૃતિજ છે; અને (દેહાદિ જડ વસ્તુમાં ભોક્તાપણું વગેરે હોઇ શકે નહિ; માટે) સુખ-દુઃખાદિના ભોક્તાપણામાં પ્રકૃતિથી પર એવો પુરુષજ કારણ છે-અર્થાત્ જો કે કર્તૃત્વ-ભોક્તૃત્વ આદિ અહંકારમાંજ હોઇ શકે છે, પણ તે અહંકારરૂપ વિકાર જડ હોવાથી તેઓમાં જણાતું કર્તૃત્વ વગેરે પુરુષને લીધેજ છે.[૮]

દેવહૂતિએ પૂછ્યું:-'હે પુરુષોત્તમ! (એ પ્રમાણે સંસારી જીવનું તથા તેને સંસાર થવામાં કારણભૂત પ્રકૃતિનું સ્વરૂપ તો મેં જાણ્યું; હવે જગતનું કારણ ઈશ્વર અને પ્રકૃતિનું સ્વરૂપ તમે મને કહો.) જે પ્રકૃતિ અને પુરુષ આ વિશ્વનાં કારણ છે અને સૂક્ષ્મ તથા સ્થૂલ જે કંઇ કાર્ય જોવામાં આવે છે, તે જે પ્રકૃતિ તથા પુરુષરૂપ છે, તે પ્રકૃતિનું, તથા પુરુષનું લક્ષણ તમે મને કહો.'[૯]

શ્રીભગવાન બોલ્યાઃ-'જે પ્રધાન કહેવાય છે તેનેજ વિદ્વાનો પ્રકૃતિ કહે છે. આ પ્રધાનતત્ત્વ પોતે અવિશેષ છે-વિશેષભેદથી રહિત છે-એટલે ત્રણે ગુણોની સામ્યાવસ્થાને લીધે તેમાં વિશેષ ભેદો જોવામાં આવતા નથી, છતાં તે પોતાના અંશકાર્યરૂપ એવાં મહત્તત્ત્વ વગેરેના આશ્રયરૂપ છે; વળી તે પ્રધાનતત્ત્વ ત્રિગુણાત્મક છે, તેથી બ્રહ્મસ્વરૂપ નથી, અવ્યક્ત એટલે કાર્ય નહિ હોવાથી મહત્તત્ત્વાદિરૂપ પણ નથી; કાર્ય-કારણરૂપ હોવાને લીધે કાલાદિસ્વરૂપ પણ નથી અને નિત્ય છે, માટે જીવરૂપ પણ નથી.[૧૦] છતાં પાંચ, પાંચ, ચાર અને દશ-એમ ચોવીસ તત્ત્વોનો સમુદાય તે પ્રધાન કે પ્રકૃતિનાજ કાર્યરૂપ હોઈ, બ્રહ્મરૂપ છે-એટલે વિદ્વાનો તે તત્ત્વસમુદાયને બ્રહ્મ તરીકે ઉપાસે છે.[૧૧] તેમાં પહેલાં પાંચ તત્ત્વો તે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ, એ પાંચ મહાભૂતો છે અને બીજાં પાંચ તત્ત્વો તે ગંધ, રસ, રૂપ, સ્પર્શ તથા શબ્દ, એ તન્માત્રાઓરૂપ મેં માન્યાં છે.[૧૨] હવે જે દશ તત્ત્વો છે, તે દશ ઇન્દ્રિયો છે. જેમકે-કાન, ત્વચા, ચક્ષુ, જીભ, નાસિકા, વાણી, હાથ, પગ, લિંગ અને દશમી ગુદા કહેવાય છે;[૧૩] તેમજ મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત-એમ ચાર પ્રકારનું અંતઃકરણ છે. આ અંતઃકરણની જુદી જુદી ચાર પ્રકારની વૃત્તિઓ છે, તેથી તેના ચાર ભેદ કહેવામાં આવ્યા છે.[૧૪]

બીજી વિક્ષેપશક્તિ. (રજોગુણ અને સત્ત્વગુણથી નહિ દબાયેલો તમોગુણ તે આવરણશક્તિ; અને તમોગુણ તથા સત્ત્વગુણથી નહિ દબાયેલો રજોગુણ તે વિક્ષેપશક્તિ.) તેમાંની આવરણશક્તિ એજ જીવને ઉપાધિરૂપ અવિદ્યા છે અને વિક્ષેપશક્તિ એજ પરમેશ્વરની માયા કહેવાય છે. પુરુષના પણ બે ભેદ છે. એક જીવ અને બીજો ઈશ્વર. તેમાં પ્રકૃતિને વશ થઇ જે સંસારને પામ્યા કરે છે, તે જીવ કહેવાય છે; અને જે પ્રકૃતિને વશ રાખી જગતની સૃષ્ટિ વગેરે કરે છે, તે ઈશ્વર કહેવાય છે. તેમાં પ્રકૃતિને વશ થઇ જવાથી જીવને સંસાર કેવી રીતે લાગુ થાય છે, તે વાત અહીં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બસ, આટલોજ સગુણબ્રહ્મનો વિસ્તાર તત્ત્વવેત્તા પુરુષોએ ગણ્યો છે, જે મેં અહીં કહ્યો છે. આમાં કાળ* નામનું પચીસમું તત્ત્વ પણ કેટલાક વિદ્વાનો ગણે છે, કે જે કાળતત્ત્વ પ્રકૃતિનીજ એક અવસ્થા છે. ત્યારે કેટલાક વિદ્વાનો કહે છે કે, કાળ એ પરમેશ્વરનો એક પ્રભાવ છે–પરાક્રમ છે. આ કાળથી અહંકારને લીધે વિમૂઢ થયેલા અને પ્રકૃતિના ધર્મને પામેલા જીવને ભય લાગે છે. (આ કાળનેજ સંહારક કાળ કહે છે.)[૧૫,૧૬] હે મનુ રાજાનાં પુત્રિ ! (સૃષ્ટિની પહેલાં) ગુણોની જેમાં સામ્યાવસ્થા હોય છે અને જે નામરૂપાદિ વિભાગોથી રહિત હોય છે એવી પ્રકૃતિને જેનાથી ચેષ્ટા પ્રાપ્ત થાય છે–ગુણોની સામ્યાવસ્થાનો ત્યાગ કરી જેને લીધે પ્રકૃતિ જુદાં જુદાં પરિણામોને પામે છે–વિકાર પામે છે, તેજ ભગવાન કાળ કહેવાય છે. (આ કાળને સૃષ્ટિહેતુકાળ કહેવામાં આવે છે.)[૧૭] આજ કાળસ્વરૂપ ભગવાન પોતાની માયાથી સર્વ પ્રાણીઓની અંદર પુરુષરૂપે–એટલે જીવરૂપે વ્યાપી રહેલા છે અને બહાર કાળરૂપે રહેલા છે.[૧૮] (હવે પૂર્વોક્ત તત્ત્વોની ઉત્પત્તિ હું કહું છું, સાંભળો.) પરમપુરુષ પરમાત્માએ જીવના અદૃષ્ટ–કર્મને લીધે, અથવા કાળને લીધે જેના ધર્મો ક્ષોભ પામ્યા હતા, એટલે જેના ગુણો વિકારને પામ્યા હતા એવી પોતાના પ્રકટપણાના સ્થાનરૂપ પ્રકૃતિને વિષે વીર્ય ધારણ કર્યું–અર્થાત્ પોતાની ચૈતન્યશક્તિ સ્થાપિત કરી, જેથી એ પ્રકૃતિએ પુષ્કળ પ્રકાશવાળું મહત્તત્ત્વ ઉત્પન્ન કર્યું.[૧૯] આ મહત્તત્ત્વ કે જે જગતના અંકુરરૂપ છે અને લય–વિક્ષેપથી રહિત છે, તેણે (ઉત્પન્ન થઇને) પોતાની અંદર રહેલા જગતને પ્રકટ કરવા માટે (પ્રથમ તો) આત્માને ઢાંકી દેનારા તીવ્ર (પ્રલયકાળના) અંધકારનો (એટલે તમોગુણનાજ વિભાગનો) નાશ કર્યો.[૨૦] જે સત્ત્વગુણમય છે, સ્વચ્છ છે, શાંત છે, રાગાદિથી રહિત છે, ભગવાનની પ્રાપ્તિનું એક સ્થાન છે અને જેને 'વાસુદેવ' નામે કહે છે, તે ચિત્ત મહત્તત્ત્વનુંજ સ્વરૂપ છે.×[૨૧] જેમ જળનો મૂળ સ્વભાવ એટલે પૃથ્વીના સંસર્ગ પહેલાંની જળની મૂળ સ્થિતિ ફીણ, તરંગ વગેરેથી રહિત હોઇને મધુર, સ્વચ્છ તથા શાંત હોય છે, તેજ પ્રમાણે (કોઇના પણ સંબંધ પહેલાં) ચિત્તની અવસ્થા પણ સ્વચ્છ–ભગવાનના બિંબને ગ્રહણ કરનારી, અવિકારી–લય તથા વિક્ષેપથી રહિત અને શાંત હોય છે. આવું ચિત્તનું લક્ષણ તેની વૃત્તિઓથી કહેવામાં આવ્યું છે.[૨૨] તે પછી ભગવાનની ચૈતન્યશક્તિથી ઉત્પન્ન થયેલું મહત્તત્ત્વ વિકાર પામ્યું એટલે તેમાંથી મન વગેરેને ઉત્પન્ન કરવાની ક્રિયાઓમાં શક્તિવાળો સાત્ત્વિક, રાજસ અને તામસ, એમ ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થયો, કે જે અહંકારથી મનની, ઇન્દ્રિયોની તથા પાંચ મહાભૂતોની ઉત્પત્તિ થઇ છે.[૨૩,૨૪] વળી પાંચ મહાભૂતો, ઇન્દ્રિયો (તેઓના દેવતાઓ) તથા મન–આ સર્વ તત્ત્વમય એવા અહંકારને હજાર મસ્તકોવાળા, આદિ–અંતરહિત એવા સાક્ષાત્ સંકર્ષણ નામના પુરુષ પણ કહે છે* અને ઇન્દ્રિયોના દેવતારૂપે કર્તાપણું, ઇન્દ્રિયોરૂપે કારણપણું

* અહીંથી કાળના સંબંધમાં બે મત જણાવે છે. કેટલાક વિદ્વાનો કાળને પચીસમું તત્ત્વ માને છે; ત્યારે કેટલાક કાળને પરમેશ્વરનો પ્રભાવ કહે છે. આ કાળનાં પણ બે ભેદ છે. એક સંહારકકાળ અને બીજો સૃષ્ટિહેતુકાળ. —શ્રીધર

× આ ૨૧મા શ્લોકમાં પ્રાસંગિક ચતુર્વ્યૂહની ઉપાસના દર્શાવી છે અને તેનો ભાવ એ છે કે, ચિત્તનીજ અધિભૂત સ્વરૂપે (એટલે ગોલકના અધિષ્ઠાનસ્વરૂપે) મહત્તત્ત્વ એવી સંજ્ઞા છે; અધ્યાત્મસ્વરૂપે (એટલે ઇન્દ્રિયસ્વરૂપે ચિત્ત એવી સંજ્ઞા છે અને ઉપાસ્ય સ્વરૂપે) વાસુદેવ એવી સંજ્ઞા છે. આ ચિત્તનો અધિષ્ઠાતા ક્ષેત્રજ્ઞ છે; એજ પ્રમાણે અહંકારમાં સંકર્ષણ ઉપાસ્ય છે અને રુદ્ર અધિષ્ઠાતા છે; મનમાં અનિરુદ્ધ ઉપાસ્ય છે અને ચંદ્ર અધિષ્ઠાતા છે; તથા બુદ્ધિમાં પ્રદ્યુમ્ન ઉપાસ્ય છે અને બ્રહ્મા અધિષ્ઠાતા છે, એમ સમજવું. —શ્રીધર

* અર્થાત્ આ અહંકારમાં સંકર્ષણ ભગવાન ઉપાસ્ય છે. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાંચ મહાભૂતોરૂપે કાર્યપણું, શાંતપણું, ભયંકરપણું તથા વિશેષ મૂઢપણું–એ અહંકારનું લક્ષણ છે.[૨૫,૨૬] એ અહંકાર પૈકી સાત્ત્વિક અહંકાર વિકાર પામ્યો એટલે તેમાંથી મનસ્તત્ત્વ ઉત્પન્ન થયું કે જે મનના સંકલ્પ–વિકલ્પથી કામનાઓ ઉત્પન્ન થાય છે.[૨૭] વળી જે મનને સર્વ ઇન્દ્રિયોના અધીશ્વર, શરદ્‌ઋતુના શ્યામ કમળ સમાન કાળા અને યોગીઓએ ધીમે ધીમે આરાધના કરવા યોગ્ય 'અનિરુદ્ધ' એવા નામે પણ કહે છે–અર્થાત્ મનમાં ઉપાસના કરવા યોગ્ય અનિરુદ્ધ છે.[૨૮] હે સતિમાતા! રાજસ અહંકાર વિકાર પામ્યો એટલે તેમાંથી બુદ્ધિતત્ત્વ ઉત્પન્ન થયું; જે બુદ્ધિતત્ત્વ વડે પદાર્થોના પ્રકાશરૂપ એવું જ્ઞાન થાય છે–અને સર્વ ઇન્દ્રિયોના પર અનુગ્રહ થાય છે, એટલે ઇન્દ્રિયોનું જ્ઞાન કરવામાં સહાયતા મળે છે.[૨૯] વળી સંશય,+ વિપર્યાસ,* નિશ્ચય, સ્મૃતિ તથા નિદ્રા–આ જુદી જુદી વૃત્તિઓથી બુદ્ધિનું લક્ષણ કહેવામાં આવે છે.[૩૦] ઇન્દ્રિયો પણ રાજસ અહંકારથીજ ઉત્પન્ન થયેલી છે. તે ઇન્દ્રિયોના બે વિભાગ છે; એક તો કર્મેન્દ્રિય અને બીજી જ્ઞાનેન્દ્રિય–અર્થાત્ બન્ને પ્રકારની ઇન્દ્રિયો રાજસ અહંકારથીજ ઉત્પન્ન થઈ છે; કેમકે પ્રાણની ક્રિયાશક્તિ છે અને બુદ્ધિની વિજ્ઞાનશક્તિ છે. (તેથી પ્રાણ પોતે પણ રાજસ હોવાથી તેની ક્રિયાશક્તિવાળી કર્મેન્દ્રિયો પણ રાજસજ છે અને બુદ્ધિ પોતે પણ રાજસ હોવાથી તેની જ્ઞાનશક્તિવાળી જ્ઞાનેન્દ્રિયો પણ રાજસજ છે.) તેજ રીતે ભગવાનની ચૈતન્યશક્તિથી પ્રેરણા પામેલો તામસ અહંકાર વિકાર પામ્યો એટલે તેથી શબ્દતન્માત્રાવાળું આકાશતત્ત્વ ઉત્પન્ન થયું અને શ્રોત્રેન્દ્રિય શબ્દને ગ્રહણ કરનારી ઇન્દ્રિય છે.[૩૧,૩૨] શબ્દ અર્થનો વાચક છે, ભીંતની પાછળ રહી બોલનારને જણાવનાર છે અને આકાશની તન્માત્રા છે; એટલે આકાશનું સૂક્ષ્મસ્વરૂપ છે. આ રીતે વિદ્વાનો શબ્દનું લક્ષણ કહે છે.[૩૩] આકાશ એ સર્વ પ્રાણીઓને અવકાશ આપનારૂં છે, બહાર અને અંદર એવા વ્યવહારનું સ્થાન છે અને નાડી વગેરેનાં છિદ્રરૂપે પ્રાણ, ઇન્દ્રિય તથા મનના આશ્રયરૂપ છે. એ પ્રમાણે આકાશનું કાર્ય એજ તેનું લક્ષણ છે.[૩૪] પછી શબ્દ જેની તન્માત્રા છે, એવું આકાશ કાળની ગતિથી વિકાર પામ્યું; એટલે તેથી સ્પર્શતન્માત્રા ઉત્પન્ન થઈ; એ સ્પર્શથી વાયુ ઉત્પન્ન થયો અને ત્વચા ઇન્દ્રિય તે સ્પર્શને ગ્રહણ કરનારી છે.[૩૫] કોમળતા, કઠિનતા, શીતળતા અને ઉષ્ણતા એ સ્પર્શનું લક્ષણ છે અને તે સ્પર્શ વાયુની તન્માત્રા છે. વૃક્ષની શાખા વગેરેને ચલાવવી, જુદાં જુદાં રહેલાં ઘાસ વગેરેને એકઠાં કરવાં, ગંધવાળા પદાર્થનો ઘ્રાણેન્દ્રિય સાથે સંયોગ કરવો, શીતળતા વગેરેથી યુક્ત પદાર્થને ત્વચા ઇન્દ્રિય પ્રત્યે લાવવો, શબ્દને શ્રોત્રેન્દ્રિય પ્રત્યે લાવવો અને સમીપમાં રહી સર્વ ઇન્દ્રિયોને બળ આપવું–આ બધું વાયુનું કાર્ય છે અને તેજ તેનું લક્ષણ છે[૩૬,૩૭] સ્પર્શ જેની તન્માત્રા છે એવો તે વાયુ જીવોના અદૃષ્ટથી પ્રેરાઇને વિકાર પામ્યો એટલે તેથી રૂપતન્માત્રા ઉત્પન્ન થઈ અને તે રૂપથી તેજ ઉત્પન્ન થયું તથા ચક્ષુ ઇન્દ્રિય તે રૂપને ગ્રહણ કરનારી થઇ.[૩૮] હે પતિવ્રતા માતા! હરકોઇ પદાર્થને આકાર આપવો, તે તે પદાર્થોમાં ગૌણપણે જણાવું અને દ્રવ્યના આકાર પ્રમાણે પરિણામ પામવું–એ રૂપતન્માત્રાવાળા તેજનો અસાધારણ ધર્મ છે અને એજ તેનું લક્ષણ છે.[૩૯] વળી પ્રકાશવું, પકવવું, ક્ષુધા તથા તૃષાને લીધે ભોજન કરવું તથા પીવું, હિમનો નાશ કરવો અને સૂકવી નાખવું–એ તેજનાં કર્મ છે.[૪૦] તે પછી જીવોના અદૃષ્ટથી પ્રેરણા પામેલું અને રૂપ

+ સંશય એટલે એકજ પદાર્થમાં જણાતું પરસ્પર વિરુદ્ધ અનેક પ્રકારનું જ્ઞાન. જેમકે 'આ તે થાંભલો હશે કે પુરુષ?' —ભા. ક

* વિપર્યાસ–એટલે મિથ્યા જ્ઞાન. જેમકે શંખ ધોળો હોય છે છતાં તેને પીળો જાણવો તે.—बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જેની તન્માત્રા છે એવું તેજ વિકાર પામ્યું; એટલે તેથી રસતન્માત્રા ઉત્પન્ન થઇ. રસથી જળ ઉત્પન્ન થયું અને જીહ્વા ઇન્દ્રિય એ રસને ગ્રહણ કરનારી થઈ.[૪૧] રસ મધુરરૂપે જો કે એકજ છે; તોપણ ભૌતિક સંસર્ગી દ્રવ્યોના વિકારને લીધે તૂરો, મીઠો, કડવો, તીખો, ખાટો ને ખારો એમ અનેક પ્રકારે ભેદ પામે છે.[૪૨] પલાળી દેવું–ભીનું કરવું, માટી વગેરેને પિંડરૂપે કરવું, તૃપ્તિ આપવી, સર્વને જિવાડવું, તૃષાની વ્યાકુળતા દૂર કરવી, કોઇ પણ વસ્તુને કોમળ કરવી, તાપને દૂર કરવો અને કૂવા વગેરેમાંથી ખેંચી કાઢ્યા છતાં પણ ફરીફરી ઉત્પન્ન થવું–આ સર્વ જળનાં લક્ષણ છે.[૪૩] રસ જેની તન્માત્રા છે એવું તે જળ, જીવના અદૃષ્ટની પ્રેરણા પામીને વિકાર પામ્યું, એટલે તેથી ગંધતન્માત્રા ઉત્પન્ન થઇ અને તે ગંધથી પૃથ્વી ઉત્પન્ન થઇ; ઘ્રાણેન્દ્રિય તે ગંધને ગ્રહણ કરનારી છે.[૪૪] ગંધ જો કે એકજ છે, તોપણ બીજા સંસર્ગી પદાર્થોના અવયવોના વિકારને લીધે મિશ્ર ગંધ, દુર્ગંધ, સુગંધ, શાંત ગંધ, ઉગ્ર ગંધ અને ખાટી ગંધ–એમ જુદા જુદા અનેક પ્રકારે ભેદ પામે છે.[૪૫] પરબ્રહ્મને પ્રતિમા વગેરેના સ્વરૂપે સાકાર કરવા, જળ વગેરેથી વિલક્ષણપણે બીજાનો આશ્રય લીધા વિનાજ સ્થિતિ કરવી, જળ વગેરેને ધારણ કરવાં, આકાશાદિ પદાર્થોને માપવા અને સર્વ પ્રાણીઓને તથા તે તે પ્રાણીઓના પુરુષપણું, સ્ત્રીપણું વગેરે ગુણોને પ્રકટ કરવા, તે પૃથ્વીનું કાર્ય હોઈ એજ તેનું લક્ષણ છે.[૪૬] આકાશનો વિશેષ ગુણ શબ્દ જેનો વિષય છે, તે શ્રોત્રેન્દ્રિય (કાન) કહેવાય છે, વાયુનો વિશેષ ગુણ સ્પર્શ જેનો વિષય છે તે સ્પર્શેન્દ્રિય–ત્વચા કહેવાય છે, તેજનો વિશેષ ગુણ રૂપ જેનો વિષય છે તે ચક્ષુષ્ ઇન્દ્રિય કહેવાય છે, જળનો વિશેષ ગુણ રસ જેનો વિષય છે તે રસનેન્દ્રિય (જિહ્વા) કહેવાય છે અને પૃથ્વીનો વિશેષ ગુણ ગંધ જેનો વિષય છે તે ઘ્રાણેન્દ્રિય કહેવાય છે.[૪૭] પોતપોતાનાં કારણરૂપ એવાં આકાશ વગેરેના ધર્મ શબ્દ વગેરે, કાર્યરૂપ–વાયુ વગેરેમાં પણ જોવામાં આવે છે, તેથી પૃથ્વીને વિષે આકાશાદિ સર્વના ગુણો (શબ્દ વગેરે) જોવામાં આવે છે–અર્થાત્ આકાશનો ગુણ શબ્દ, આકાશના કાર્યરૂપ વાયુમાં પણ જતો હોવાથી વાયુની અંદર શબ્દ તથા સ્પર્શ–એ બે ગુણો છે, તેમજ વાયુના શબ્દ તથા સ્પર્શ–એ બે ગુણો તેના કાર્યરૂપ તેજમાં પણ જતા હોવાથી તેજની અંદર શબ્દ, સ્પર્શ અને રૂપ–એ ત્રણ ગુણો રહેલા છે અને તેજના એ ત્રણે ગુણો તેના કાર્યરૂપ જળમાં પણ જતા હોવાથી જળની અંદર શબ્દ, સ્પર્શ, રૂપ ને રસ એ ચાર ગુણો જોવામાં આવે છે અને જળના તે ચારે ગુણો પોતાના કાર્યરૂપ પૃથ્વીમાં જતા હોવાથી પૃથ્વીમાં તેના પોતાના ગંધગુણની સાથે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ–એમ પાંચ ગુણો જોવામાં આવે છે. આ મહત્તત્ત્વાદિ સાત તત્ત્વો (પ્રથમ) પરસ્પર મળ્યા વિના અલગ અલગજ રહ્યાં હતાં, (તેથી સૃષ્ટિને ઉત્પન્ન કરવાને તેઓ અસમર્થ હતાં.) ત્યારે જગતના આદિ એવા ઈશ્વરે કાળ, કર્મ (એટલે જીવનું અદૃષ્ટ) તથા સત્ત્વાદિ ગુણોની સાથે તેઓમાં પ્રવેશ કર્યો. એટલે તેજ સમયે તે તત્ત્વો પરસ્પર ક્ષોભ પામીને એકઠાં થઇ ગયાં અને તેઓમાંથી અચેતન એવું બ્રહ્માંડ ઉત્પન્ન થયું; જેમાંથી આ (સમષ્ટિરૂપ) વિરાટ પુરુષ ઉત્પન્ન થયા.[૪૮–૫૧] આ બ્રહ્માંડતુંજ બીજું નામ વિશેષ છે અને તે વિશેષ નામનું બ્રહ્માંડ અનુક્રમે ઉત્તરોત્તર દશ દશગણાં વધેલાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર અને મહત્તત્ત્વ–એ સાત તત્ત્વોથી વીંટાયલું છે કે જેઓની બહાર પ્રધાનતત્ત્વ (પ્રકૃતિ) વીંટળાઇ રહ્યું છે. આ બ્રહ્માંડમાં દેવ, મનુષ્ય વગેરે સમગ્ર લોકનો વિસ્તાર રહેલો છે અને તે ભગવાન શ્રીહરિતુંજ કેવળ સ્વરૂપ છે.‡[૫૨] જળની અંદર રહેલા તે સુવર્ણમય બ્ર-

‡ આમ કહેવાથી 'સર્વં खल्विदं ब्रह्म' (છાં. ઉ. ૩–૧૪–૧) એ શ્રુતિની સાથે વિરોધ આવતો નથી. બા.પ્ર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બ્રહ્માંડકોશમાંથી ઊભા થઇ મહાદેવ શ્રીહરિએ (ઔદાસીન્યભાવનો ત્યાગ કરી) તે બ્રહ્માંડના અધિષ્ઠાતા થઇને ઇન્દ્રિયછિદ્રના અનેક વિભાગ કર્યા.[૫૩] એટલે પછી તે વિરાટશરીરને પ્રથમ મુખ ઉત્પન્ન થયું. તે પછી તે મુખમાં વાણી ઇન્દ્રિયની સાથે તેના અધિષ્ઠાતા અગ્નિદેવે પ્રવેશ કર્યો. પછી તેને નાસિકાનાં બે છિદ્રો ઉત્પન્ન થયાં; એટલે તેમાં પ્રાણયુક્ત ઘ્રાણેન્દ્રિયે પ્રવેશ કર્યો;[૫૪] અને ઘ્રાણેન્દ્રિયે પ્રવેશ કર્યા પછી વાયુ તેનો અધિષ્ઠાયક દેવ થયો. પછી તે વિરાટશરીરને બે નેત્રગોલક ઉત્પન્ન થયાં, તેમાં ચક્ષુ ઇન્દ્રિયે તથા તેના દેવ સૂર્યે પ્રવેશ કર્યો. તે પછી તેમને કાનનાં છિદ્રો ઉત્પન્ન થયાં. તેમાં શ્રોત્રેન્દ્રિયે તથા તેના દેવ દિશાઓએ પ્રવેશ કર્યો.[૫૫] તે પછી એ વિરાટને ત્વચા નામે ઇન્દ્રિયસ્થાન ઉત્પન્ન થયું. એટલે તેમાં રૂંવાડાં, દાઢી–મૂછના વાળ–કેશ વગેરે ઇન્દ્રિય તરીકે થયાં અને ઔષધિઓ તેના દેવ તરીકે થઈ. પછી તેમને શિશ્નસ્થાન (લિંગસ્થાન) ઉત્પન્ન થયું. તેમાં વીર્ય ઇન્દ્રિય તરીકે થયું અને જળે તેના દેવ તરીકે પ્રવેશ કર્યો. પછી તેમને ગુદાસ્થાન ઉત્પન્ન થયું. તેમાં અપાનવાયુએ ઇન્દ્રિય તરીકે પ્રવેશ કર્યો અને સર્વ લોકને ભયંકર એવો મૃત્યુ તેમાં દેવ તરીકે થયો. પછી એ વિરાટને બે હાથ ઉત્પન્ન થયા. તેમાં બળ ઇન્દ્રિય તરીકે થયું અને ઇન્દ્ર તેનો દેવ થયો. તે પછી એમને બે ચરણ (પગ) ઉત્પન્ન થયા. તેમાં ગતિ નામે ઇન્દ્રિય થઈ અને વિષ્ણુભગવાન તેના દેવ થયા. તે પછી એ વિરાટને નાડીઓ ઉત્પન્ન થઈ. તેમાં લોહી ઇન્દ્રિય તરીકે ભરાયું ને નદીઓ તેની દેવતા થઇ. પછી તેમને ઉદર ઉત્પન્ન થયું. તેમાં ક્ષુધા ને તૃષા ઇન્દ્રિયો તરીકે થઈ અને સમુદ્ર તે બન્નેનો દેવ થયો. પછી તેમને હૃદયસ્થાન ઉત્પન્ન થયું. તેમાં મન ઇન્દ્રિય તરીકે ઉત્પન્ન થયું ને ચન્દ્રમા તેનો દેવ થયો. તે પછી એમના એજ હૃદયસ્થાનમાં બુદ્ધિ ઇન્દ્રિય તરીકે ઉત્પન્ન થઈ; એટલે બ્રહ્માએ તેના દેવ તરીકે પ્રવેશ કર્યો; અહંકાર ઇન્દ્રિય તરીકે થયો; એટલે રુદ્રદેવે તેના દેવ તરીકે પ્રવેશ કર્યો અને તે હૃદયસ્થાનમાંજ ચિત્ત ઇન્દ્રિય તરીકે ઉત્પન્ન થયું; એટલે ક્ષેત્રજ્ઞે તેના દેવ તરીકે પ્રવેશ કર્યો.[૫૬-૬૧] એ પ્રમાણે તે તે ઇન્દ્રિયો તથા તેઓના અભિમાની દેવો (અહંકારથી) ઉત્પન્ન થઇને તે વિરાટપુરુષને ઉઠાડવા માટે તત્પર થયા; પણ તેમને ઉઠાડી શક્યા નહિ, એટલે ફરીથી તેઓએ વિરાટપુરુષને ઉઠાડવા પોતપોતાનાં સ્થાનોમાં અનુક્રમે પ્રવેશ કર્યો.[૬૨] અગ્નિએ વાણીની સાથે મુખમાં પ્રવેશ કર્યો, છતાં વિરાટ ઊઠયા નહિ; વાયુએ ઘ્રાણેન્દ્રિયની સાથે બે નાસિકાનાં છિદ્રોમાં પ્રવેશ કર્યો, તોય વિરાટ ઊઠયા નહિ; સૂર્ય દેવે ચક્ષુ ઇન્દ્રિયની સાથે નેત્રગોલકમાં પ્રવેશ કર્યો, છતાં વિરાટપુરુષ ઊઠયા નહિ; દિશાઓએ શ્રોત્રેન્દ્રિયની સાથે બે કાનમાં પ્રવેશ કર્યો તોપણ વિરાટપુરુષ ઊઠયા નહિ; ઔષધિઓએ રૂંવાડાં વગેરે સાથે ત્વચાસ્થાનમાં પ્રવેશ કર્યો તોપણ વિરાટ ઊઠયા નહિ; જળે વીર્યની સાથે લિંગસ્થાનમાં પ્રવેશ કર્યો તોપણ વિરાટપુરુષ ઊઠયા નહિ; મૃત્યુએ અપાન ઇન્દ્રિયની સાથે ગુદાસ્થાનમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊભા થયા નહિ; ઇન્દ્રે બળની સાથે બે હાથમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠયા નહિ; વિષ્ણુએ ગતિની સાથે ચરણમાં પ્રવેશ કર્યો તોપણ વિરાટ ઊઠયા નહિ; નદીઓએ લોહી સાથે નાડીઓમાં પ્રવેશ કર્યો તોપણ વિરાટ ઊઠયા નહિ; ક્ષુધા તથા તૃષાની સાથે સમુદ્રે ઉદરમાં (પેટમાં) પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠયા નહિ; ચંદ્રમાએ મનની સાથે હૃદયમાં પ્રવેશ કર્યો તોપણ વિરાટ ઊઠયા નહિ; બ્રહ્માએ પણ બુદ્ધિની સાથે હૃદયમાં પ્રવેશ કર્યો છતાં વિરાટ ઊઠયા નહિ અને રુદ્રે પણ અહંકારની સાથે હૃદયમાં પ્રવેશ કર્યો, છતાં જ્યારે વિરાટ ઊઠયા નહિ ત્યારે ક્ષેત્રજ્ઞે ચિત્તની સાથે હૃદયમાં પ્રવેશ કર્યો; કે તેજ સમયે વિરાટપુરુષ જળમાંથી ઊભા થઇ ગયા. જેમ નિદ્રાવશ થઇને સૂતેલા કોઈ મનુષ્યને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવ વિના પ્રાણ, મન,ઇન્દ્રિયો કે બુદ્ધિ ઉઠાડવાને સમર્થ થઈ શકતાં નથી, તેજ પ્રમાણે એ વિરાટ પુરુષને ક્ષેત્રજ્ઞ વિના બીજો કોઈ પણ પોતાના બળ વડે ઉઠાડી શકયો નહિ. તે માટે પ્રથમ પરમેશ્વરની ભક્તિ કરવી જોઇએ; પછી બીજા સર્વ પદાર્થો પર વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. તે પછી બુદ્ધિ યોગ-માં પ્રવૃત્ત થાય છે અને ચિત્ત એકાગ્ર થાય છે. એ રીતે ચિત્ત એકાગ્ર થયા પછી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે જ્ઞાનદ્વારા પ્રત્યગાત્મા–ક્ષેત્રજ્ઞને આ કાર્યકારણના સમુદાયરૂપ શરીરમાં (તે શરીરથી) પૃથક્ સમજીને–કેવળ પરમાત્મસ્વરૂપ જાણીને તે પ્રત્યગાત્મા ક્ષેત્રજ્ઞનુંજ ચિંતન કરવું જોઇએ.'૬૩–૭૨

तमस्मिन् प्रत्यगात्मानं धिया योगप्रवृत्तया ।
भक्त्या विरक्त्या ज्ञानेन विविच्यात्मनि चिंतयेत् ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૨૬ મો સમાપ્ત

अध्याय २७ मो×

પ્રકૃતિ–પુરુષના વિવેકથી મોક્ષની રીતિ

॥ श्रीभगवानुवाच ॥

प्रकृतिस्थोऽपि पुरुषो नाज्यते प्राकृतैर्गुणैः ।
अविकारादकर्तृत्वान्निर्गुणत्वाज्जलार्कवत् ॥ १ ॥

શ્રીકપિલ ભગવાન બોલ્યાઃ–'હે માતા! જેમ જળની અંદર પ્રતિબિંબિત થયેલો સૂર્ય, તે જળના ભીનાશ વગેરે ગુણોથી લેપાતો નથી, તેમ પુરુષ (જીવાત્મા) પ્રકૃતિની અંદર રહેલો છે એટલે પ્રકૃતિના કાર્યરૂપ દેવ–મનુષ્યાદિ શરીરમાં રહેલો છે છતાં (વસ્તુતઃ) પોતે નિર્ગુણ હોવાથી, અકર્તા હોવાથી અને રાગદ્વેષાદિ વિકારોથી રહિત હોવાથી પ્રકૃતિના સત્ત્વાદિ ગુણો વડે ઉત્પન્ન થનારાં સુખ-દુઃખાદિ કે પુણ્યપાપાદિથી લેપાતો નથી,[1] પણ જ્યારે તે પુરુષ પ્રકૃતિના ગુણોમાં આસક્ત થાય છે ત્યારેજ દેહાદિ ઉપરના આત્માભિમાનને લીધે તે મૂઢાત્મા બની જાય છે–પોતાના સ્વરૂપજ્ઞાનને ભૂલી જાય છે અને તેથીજ 'હું કર્તા છું' એમ માને છે–મિથ્યા અભિમાન કરે છે.[2] પછી આ કર્તૃત્વાભિમાનને લીધેજ તે પરાધીન થઇને તથા મોક્ષસુખથી ભ્રષ્ટ થઇને પ્રકૃતિના સંગથી કરવામાં આવેલા કર્મના દોષોને લીધે, સારીનરસી અને મિશ્ર યોનિઓમાં––એટલે દેવ, તિર્યંચ તથા મનુષ્ય-જાતિઓમાં સંસારપદવીને પામે છે–તે તે જાતિઓમાં જન્મ લઇ સંસારમાં ભટક્યા કરે છે.[3] જેમ સ્વપ્નમાં પોતાનો શિરચ્છેદ વગેરે અનર્થ પ્રાપ્ત થાય છે તે વસ્તુતઃ મિથ્યા છે, છતાં તે અનર્થ જાગ્રત અવસ્થા પ્રાપ્ત થયા વિના દૂર થતો નથી, તેજ પ્રમાણે સંસારમાં પ્રાપ્ત થતાં જન્મ-મરણ, સુખદુઃખ વગેરે સર્વ અર્થ વસ્તુતઃ નથીજ–મિથ્યાજ છે છતાં વિષયોનું ધ્યાન કરતા આ જીવાત્માને સંસારની નિવૃત્તિ થતી નથી–દેવમનુષ્યાદિ જાતિઓમાં ભટકવાનું અને ત્યાં ત્યાં સુખ–દુઃખાદિનો અનુભવ કરવાનું (જ્ઞાન વિના) કદી દૂર થતું નથી.[4] માટેજ દુષ્ટ એવી ઇન્દ્રિયોના વિષયમાર્ગમાં અત્યંત આસક્ત થયેલા ચિત્તને દૃઢ ભક્તિયોગથી અને તીવ્ર વૈરાગ્યથી ધીમે ધીમે વશ કરવું અને તે ચિત્તને યમ-નિયમાદિ યોગમાર્ગથી વારંવાર એકાગ્ર કરવું, શ્રદ્ધાથી યુક્ત થઇને મારા વિષે નિષ્કપટ પ્રેમભાવ રાખવો, મારી કથાનું શ્રવણ કરવું, સર્વ પ્રાણીઓ પર સમભાવ રાખવો, કોઇની સાથે વૈર કરવું નહિ, હરકોઇના સંગનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું, મૌન રાખવુ,ઈશ્વરાર્પણપૂર્વક સ્વધર્મનું પાલન કરવું, જે કંઇ સ્વેચ્છાએ મળી આવે તેથી સંતુષ્ટ રહેવું, મિતાહારી થવું, એકાંતવાસ કરવો, રાગદ્વેષાદિથી રહિત થઈ મનનશીલ થવું, શાંત થવું, સર્વની સાથે મિત્રતા રાખવી, સર્વના પર દયા કરવી, જિતેંદ્રિય થવું, પુત્ર-

× આ અધ્યાયમાં સારી રીતે અનેક જાતનાં સાધનરૂપ ઉપાયોથી પ્રકૃતિ–પુરુષના વિવેક વડે મોક્ષની રીતિનું નિરૂપણ કરવામાં આવશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કલત્રાદિ પરિવારથી યુક્ત એવા આ શરીર ઉપર અહંતા–મમતાનો ત્યાગ કરવો અને પ્રકૃતિ તથા પુરુષના તત્ત્વનો સાક્ષાત્કાર કરાવનારૂં જ્ઞાન સંપાદન કરવું; કેમકે તે જ્ઞાનદ્વારા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ–એ ત્રણે અવસ્થાઓ જેની દૂર થયેલી છે અને આત્મા સિવાય બીજો કોઇ પણ પદાર્થ જેના જોવામાં આવતો નથી, એવો પુરુષ જેમ નેત્રમાં રહેલા સૂર્યદ્વારા આકાશમાં રહેલા સૂર્યનાં દર્શન કરે છે, તેમ અહંકારયુક્ત આત્માદ્વારા શુદ્ધ આત્માનાં દર્શન કરે છે અને એ રીતે શુદ્ધ આત્માનાં દર્શન કરનારો પુરુષ, સર્વ ઉપાધિથી મુક્ત અને મિથ્યાભૂત એવા અહંકારમાં સત્સ્વરૂપે ભાસતા બ્રહ્મને પ્રાપ્ત કરે છે, કે જે બ્રહ્મ સત્ એટલે કારણરૂપ પ્રધાનના બંધુ છે–અધિષ્ઠાન છે અને અસત્–એટલે મહત્તત્ત્વાદિ કાર્યના પ્રકાશક છે, સર્વ કાર્ય તથા કારણમાં વ્યાપી રહેલા છે અને પરિપૂર્ણ છે. જેમ જળની અંદર પડેલું સૂર્યનું પ્રતિબિંબ જ્યારે ઘરની અંદર રહેલી ભીંત ઉપર પડે છે, ત્યારે તે ઘરના ખૂણામાં ઊભેલા મનુષ્યો ભીંત ઉપર પડેલા સૂર્યના પ્રતિબિંબદ્વારા પ્રથમ જળની અંદર પડેલા સૂર્યના પ્રતિબિંબને જુએ છે અને પછી જળની અંદર પડેલા સૂર્યના પ્રતિબિંબદ્વારા આકાશમાં રહેલા ખરા સૂર્યનાં દર્શન કરે છે, તેમ જેમાં આત્માનું પ્રતિબિંબ પડેલું હોય છે એવા શરીર, ઇન્દ્રિયો તથા મન વડે બ્રહ્મનું જેમાં પ્રતિબિંબ પડેલું હોય છે એવો ત્રિગુણાત્મક અહંકાર પ્રથમ દેખાય છે અને પછી બ્રહ્મના પ્રતિબિંબવાળા તે અહંકારદ્વારા પરમાર્થ જ્ઞાનસ્વરૂપ એવા શુદ્ધ આત્માનાં દર્શન થઇ શકે છે–અર્થાત્ અહંકારરૂપ ઉપાધિથી યુક્ત આત્માદ્વારા શુદ્ધાત્માનાં દર્શન કરી શકાય છે.૫–૧૩ સુષુપ્તિ અવસ્થામાં આકાશ વગેરે પાંચ મહાભૂતો, શબ્દ–સ્પર્શાદિ પાંચ તન્માત્રાઓ, ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ વગેરે સર્વે નિદ્રાને લીધે અસત્તુલ્ય એવા અવ્યાકૃતમાં (એટલે અવિદ્યારૂપ અજ્ઞાનમાં) લીન થઇ જાય છે; તે વખતે જે નિદ્રારહિત અને અહંકારરહિત થઇને પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરે છે, તેજ આત્મા છે એમ સમજવું.૧૪ જે આત્મા જાગ્રત તથા સ્વપ્નાવસ્થામાં દ્રષ્ટા તરીકે હોઇને દ્રષ્ટાપણે સ્પષ્ટ ભાસે છે, તેજ આત્મા સુષુપ્તિ અવસ્થામાં અહંકારના વિષયરૂપ એવાં ભૂતો વગેરેનો લય થઈ જતાં અહંકારનો પણ લય થઇ ગયેલો હોવાથી પોતે (આત્મા) નાશને નહિ પામેલો હોવા છતાં પોતાને મિથ્યા નાશ પામેલો માને છે. (અને તેથીજ સુષુપ્તિ અવસ્થામાં આત્મા સ્ફુટ ભાસતો નથી.) આ સ્થળે દૃષ્ટાંત એ છે કે, જેમ કોઇ ધનવાન મનુષ્ય પોતાના ધનનો નાશ થતાં આતુર થઇ જઇ પોતાને પણ નાશ પામેલો માને છે તેમ. (આત્મા પણ સુષુપ્તિ અવસ્થામાં પોતાને ઉપાધિરૂપ અહંકારનો નાશ થતાં પોતાને પણ નાશ પામેલો માને છે.) એ પ્રમાણે વિચાર કરીને વિવેકી મનુષ્ય આત્માનો સાક્ષાત્કાર કરે છે, કે જે આત્મા અહંકારથી યુક્ત–કાર્યકારણના સમુદાયરૂપ એવા આ શરીરનો પ્રકાશક છે અને અધિષ્ઠાન હોઈ ધારક છે.'*૧૫,૧૬

દેવહૂતિએ પૂછ્યું:–' હે બ્રહ્મન્ ! પ્રકૃતિ, પુરુષને કદી પણ છોડતી નથી. કેમકે હે પ્રભો ! પ્રકૃતિ–પુરુષ એ બન્નેને એકબીજાનો આશ્રય છે અને બન્ને નિત્ય છે÷ (તો પછી મુક્તિ કેવી રીતે પ્રાપ્ત થાય?)૧૭ જેમ ગંધ પૃથ્વી વિના હોઇ શકતો નથી અને પૃથ્વી ગંધ વિના હોઇ શકતી નથી, અથવા જેમ જળ રસ વિના હોઇ શકતું નથી અને રસ જળ વિના હોઇ શકતો નથી, તેમ

* આશ્રયરૂપ છે. —બાલપ્રબોધિની

÷ અર્થાત્ પુરુષની સહાયતા વિના પ્રકૃતિના સ્વરૂપનો નિશ્ચય થતો નથી; તેમજ પ્રકૃતિના અસ્તિત્વ વિના પુરુષનું પ્રાકટ્ય થતું નથી; તેથી તેઓ બન્નેને એકબીજાનો આશ્રય છે અને વળી બન્ને નિત્ય છે; તો પ્રકૃતિ પુરુષને કેવી રીતે છોડી શકે ? —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પુરુષ પ્રકૃતિ વિના હોઇ શકતો નથી અને પ્રકૃતિ પુરુષ વિના હોઇ શકતી નથી–અર્થાત્ તેઓ બન્નેનું નિત્ય સાથેજ અસ્તિત્વ હોય છે.[૧૮] તો સ્વતઃ અકર્તા એવા પુરુષને પણ જે પ્રકૃતિના ગુણોને લીધે કર્મબંધન થાય છે, તે પ્રકૃતિના ગુણો જ્યાંસુધી વિદ્યમાન હોય, ત્યાંસુધી પુરુષનો મોક્ષ કેવી રીતે થઈ શકે?[૧૯] કદાચિત્ કોઇ સમયે તત્ત્વજ્ઞાનના વિચારથી પુરુષને આ ઉગ્ર સંસારભયની નિવૃત્તિ થાય; તોપણ તે ભયનું કારણ એવા પ્રકૃતિના ગુણો જ્યાંસુધી નિવૃત્ત ન થાય ત્યાંસુધી પુનઃ એ સંસારભય ઊભોજ છે.'[૨૦]

શ્રીકપિલ ભગવાન બોલ્યા :–'નિષ્કામ સ્વધર્મના આચરણથી નિર્મળ મનથી, લાંબા કાળ સુધી કથાશ્રવણને લીધે પુષ્ટ થયેલી મારી તીવ્ર ભક્તિથી, પ્રકૃતિ–પુરુષની યથાર્થતાને દર્શાવનારા જ્ઞાનથી, અતિશય બળવાન વૈરાગ્યથી, તપયુક્ત અષ્ટાંગ યોગથી અને તીવ્ર એવા પરમાત્મવિષયક ધ્યાનથી પુરુષની પ્રકૃતિ રાત્રિદિવસ બળતી ચાલે છે અને જેમ અગ્નિને ઉત્પન્ન કરનારૂં અરણિ નામનું કાષ્ઠ તે પોતા થકીજ ઉત્પન્ન થયેલા અગ્નિ વડે બળીને નાશ પામે છે, તેમ એ પ્રકૃતિ પણ ધીમે ધીમે અદરય થઇ જાય છે.[૨૧-૨૩] એ રીતે જેનો ભોગ ભોગવીને ત્યાગ કરવામાં આવ્યો હોય છે અને જેને વિષે નિત્ય દોષોજ જોવામાં આવ્યા છે, એવી તે પ્રકૃતિ સ્વતંત્ર અને પરમાનંદસ્વરૂપ એવા પોતાના મહિમામાં સ્થિતિ કરનારા પુરુષનું અશુભ કરી શકતી નથી.÷[૨૪] જેમ નિદ્રામાં પડેલા મનુષ્યને સ્વપ્ન (પોતાનો શિરચ્છેદ વગેરે) અનેક અનર્થોને આપનાર થઇ પડે છે; પણ તેજ સ્વપ્ન જાગ્રતાવસ્થામાં આવેલા મનુષ્યને (સંસ્કારને લીધે સ્મરણમાં આવ્યા છતાં પણ) મોહ કરી શકતું નથી–એટલે એવા અનર્થોને આપનાર લાગતું નથી; તેજ પ્રમાણે પ્રકૃતિ–પુરુષના યથાર્થ તત્ત્વને જાણનાર અને મારે વિષે મનને જોડી દેનાર આત્મારામ પુરુષને પણ પ્રકૃતિ કદી અનર્થકર્તા થતી નથી. એ રીતે જેમાં અનેક જન્મો થઇ જાય છે, એવા લાંબા કાળ સુધી કેવળ અધ્યાત્મમાંજ આસક્ત રહેનાર–કેવળ સ્વસ્વરૂપમાંજ સ્થિતિ કરનાર, મુનિ–પ્રકૃતિ–પુરુષના વિવેકવાળો પુરુષ, બ્રહ્મલોક સુધીના સર્વ પદાર્થો પર વૈરાગ્યવાન બને છે, કેવળ મારી ભક્તિજ કર્યા કરે છે, આત્મતત્ત્વનો જ્ઞાતા થાય છે. આત્મજ્ઞાનને લીધે તેના સર્વ સંશયો (મિથ્યા જ્ઞાન) નાશ પામે છે અને તે પછી લિંગશરીરનો નાશ થતાંજ તે ધીર પુરુષ મારી પુષ્કળ કૃપાને લીધે મોક્ષ જેનું નામ છે, એવા અને મારે વિષે રહેલા દેહાદિથી ભિન્ન, સ્વસ્વરૂપરૂપી નિરતિશય આનંદને અનાયાસે પ્રાપ્ત કરે છે, કે જેને પામીને યોગીપુરુષ પુનઃ આ સંસારમાં કદી આવતો નથી.[૨૫-૨૮] હે માતા ! એ રીતે સિદ્ધ થયેલા પુરુષનું મન યોગને લીધે વૃદ્ધિ પામેલી અને યોગ વિના બીજા કોઇ પણ કારણે પ્રાપ્ત નહિ થનારી એવી અણિમાદિ અષ્ટ મહાસિદ્ધિઓરૂપી માયાઓને વિષે જો આસક્ત થતું નથી, તોજ તે પુરુષને મારી આત્યંતિક ગતિ પ્રાપ્ત થાય છે, કે જ્યાં મૃત્યુનો ગર્વ છેજ નહિ. (પણ જો પોતાને વિઘ્ન કરવા આવેલી તે અણિમાદિ મહાસિદ્ધિઓમાં તે સિદ્ધ પુરુષ આસક્ત થઇ જાય છે, તો 'કેવો મેં આને વશ કરી લીધો છે!' આ પ્રમાણે મૃત્યુને ગર્વ થાય છે.)'[૨૯-૩૦]

यदा न योगोपचितासु चेतो मायासु सिद्धस्य विषज्जतेऽङ्ग । अनन्यहेतुष्वथ मे गतिः स्यादात्यंतिकी यत्र न मृत्युहासः ॥ ३० ॥

તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૨૭ મો સમાપ્ત

÷ સુષુપ્તિમાં પ્રકૃતિનો લય થઇ જાય છે, છતાં જાગ્રત અવસ્થામાં ફરીથી તે ઉપસ્થિત થાય છે તેમ, ૨૧-૨૩ શ્લોકમાં કહેલાં સાધનોદ્વારા પ્રકૃતિનો લય થઇ ગયા પછી તે ફરી પ્રાપ્ત થતી નથી; કેમકે સુષુપ્તિમાં તો નિદ્રારૂપ દોષને લીધે પ્રકૃતિનો લય (અવિદ્યાના તમોગુણમાં) થાય છે અને આ તો સાધનોદ્વારા (ધ્યાનદ્વારા) પ્રકૃતિનો લય (સત્ત્વગુણમાં) થાય છે. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय २८ मो*

સબીજ યોગનું લક્ષણ અને અષ્ટાંગ-યોગદ્વારા સર્વોપાધિથી મુક્ત પોતાના સ્વરૂપનું જ્ઞાન

॥ श्रीभगवानुवाच ॥

योगस्य लक्षणं वक्ष्ये सबीजस्य नृपात्मजे।
मनो येनैव विधिना प्रसन्नं याति सत्पथम् ॥१॥

શ્રીભગવાન બોલ્યા:–'હે રાજપુત્રિ! હવે હું તમને સાલંબન યોગનું સ્વરૂપ કહું છું, જે યોગનું વિધિપૂર્વક અનુષ્ઠાન કરવાથી ચિત્ત પ્રસન્ન થાય છે ને સન્માર્ગે જાય છે.[1] શક્તિ પ્રમાણે સ્વધર્માચરણ કરવું; વિરુદ્ધ ધર્મથી, અધર્મથી અને પરધર્મથી દૂર રહેવું; દૈવયોગે જે મળી આવે તેથી સંતોષ રાખવો; આત્મજ્ઞાની પુરુષોના ચરણની સેવા કરવી; ગ્રામ્યધર્મ—ધર્મ, અર્થ અને કામ—સંબંધી કર્મોથી દૂર રહેવું; કેવળ મોક્ષધર્મમાંજ આસક્તિ રાખવી; માપસર પવિત્ર વસ્તુનું ભોજન કરવું; નિરંતર એકાંત એવા નિર્બાધ પ્રદેશનું સેવન કરવું; અહિંસા પાળવી, સત્ય બોલવું, ચોરી ન કરવી, પોતાને જેટલાનું પ્રયોજન હોય તેટલાજ પદાર્થો ગ્રહણ કરવા, બ્રહ્મચર્ય પાળવું, તપશ્ચર્યા કરવી, બાહ્ય–આભ્યંતર પવિત્રતા જાળવવી, નિત્ય સ્વાધ્યાય કરવો, ભગવાનની પૂજા કરવી, મૌન રાખવું, ઉત્તમ આસનનો જય કરી તેની સ્થિરતા કરવી, ધીમે ધીમે પ્રાણવાયુનો જય કરવો, મનદ્વારા ઇન્દ્રિયોને વિષયો તરફથી પાછી વાળવી અને તેઓને હૃદયમાં સ્થાપવી, મૂલાધાર વગેરે પ્રાણવાયુનાં સ્થાનો પૈકી કોઇ એકમાં મનની સાથે પ્રાણવાયુને ધારણ કરવો, ભગવાનની લીલાઓનું ધ્યાન કરવું અને મનને કેવળ આત્માકાર કરી દેવું–આ અને આ સિવાયના બીજા ઉપાયોથી નીચ માર્ગે જતા દુષ્ટ મનને બુદ્ધિદ્વારા ધીમે ધીમે ભગવાન વિષેજ યોજી દેવું; પ્રાણવાયુને જીતવો અને આળસનો ત્યાગ કરવો.[2–7] પછી આસનનો જય કરેલા એવા યોગીપુરુષે પવિત્ર પ્રદેશમાં આસન સ્થાપીને તેના પર ટટાર શરીરે સ્વસ્તિકાસનથી બેસવું અને પ્રાણાયામનો અભ્યાસ કરવો.[8] જેમ કે પૂરક, કુંભક અને રેચકથી અથવા તેથી ઊલટી રીતે એટલે રેચક, કુંભક અને પૂરકથી પ્રાણવાયુના નાડીઓ વગેરે માર્ગને શુદ્ધ કરવો, કે જેથી મન સ્થિર થઇને ફરી ચંચળ ન થાય.[9] જેમ વાયુ અને અગ્નિથી તપાવેલું સોનું મેલનો ત્યાગ કરે છે, તેમ જે યોગી પ્રાણવાયુને જીતે છે તેનું મન અલ્પ સમયમાં નિર્મળ થાય છે. (અને પછી ચંચળ થતું નથી.)[10] (ચિત્તની એકાગ્રતારૂપ સમાધિ પ્રાપ્ત કરવામાં આ ચાર વસ્તુઓ હોવીજ જોઇએ) ઉપરાઉપરી પ્રાણાયામો કરીને વાત, પિત્ત ને કફ–એ ત્રણે દોષો બાળી દેવા, *ધારણાઓથી પાપો બાળી નાખવાં; પ્રત્યાહારથી (એટલે ઇન્દ્રિયોને વિષયોથી પાછી વાળવા વડે) વિષયોના સંસર્ગોનો નાશ કરવો અને +ધ્યાનથી રાગાદિ અનીશ્વર ગુણોનો વિનાશ કરવો.[11] એ રીતે યોગાભ્યાસથી પોતાનું મન જ્યારે નિર્મળ અને સારી રીતે સ્થિર થાય, ત્યારે પોતાની નાસિકાના અગ્રભાગ તરફ દૃષ્ટિ રાખી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું.[12] જેમનું મુખકમળ પ્રસન્ન છે, જેમનાં નેત્રો કમળના મધ્યભાગ સમાન લાલ છે, કાળા કમળની પાંખડી સમાન જે શ્યામ છે, શંખ, ચક્ર, ગદાને જે ધારણ કરે છે, જેમનાં રેશમી વસ્ત્રો સુશોભિત કમળના કેસરાઓના જેવાં પીળાં છે, જેમના વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન છે, જે-

* આ અધ્યાયમાં ધ્યાનથી શોભતા અષ્ટાંગયોગને લીધે સર્વ ઉપાધિથી મુક્ત એવા સ્વરૂપજ્ઞાનનું વર્ણન કરાશે. —શ્રીધર

* ધારણા એટલે વાયુ સાથે મનને સ્થિર કરવું તે. —ભા. ક.

\+ ધ્યાન એટલે સ્થિર થયેલા મનનો એકધારો વૃત્તિપ્રવાહ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મણે ડોકમાં દેદીપ્યમાન કૌસ્તુભમણિ ધારણ કર્યો છે, મદોન્મત્ત ભમરાઓ જેમાં ગુંજારવ કરી રહ્યા છે એવી વનમાળા જેમણે ધારણા કરી છે, મહામૂલ્ય કીમતી હાર, કડાં, મુકુટ, બાજુબંધો અને ઝાંઝરો જેમણે ધારણ કર્યાં છે, જેમનો નિતંબપ્રદેશ કંદોરાથી.શોભી રહ્યો છે, ભક્તોનું હૃદયકમળ એજ જેમનું આસન છે, જે અત્યંત દર્શનીય છે, શાંત છે, ભક્તોનાં મન અને નેત્રને હર્ષ ઉપજાવનાર છે, જેમનું દર્શન અતિ સુંદર છે, નિરંતર સર્વ લોકો જેમને નમસ્કાર કરે છે, જે કિશોર વયમાં રહેલા છે, સેવકો પર અનુગ્રહ કરવા માટે જે આતુર છે, જેમનો યશ કીર્તન કરવા યોગ્ય હોઈ તીર્થરૂપ છે–સર્વ દોષોને દૂર કરનાર છે અને જેમણે પવિત્ર કીર્તિવાળા બલિરાજા વગેરે પોતાના ભક્તોનો યશ વિસ્તાર્યો છે–એવા ભગવાનનું ત્યાંસુધી સર્વાંગે ધ્યાન કર્યા કરવું, કે જ્યાંસુધી મન કોઈ પણ પ્રકારે ધ્યાનભ્રષ્ટ થાય નહિ.૧૩-૧૮ જેમની લીલાઓ દર્શન કરવા યોગ્ય છે એવા ભગવાનના ઊભેલા, જઇ રહેલા, બેઠેલા, સૂઈ રહેલા અને સર્વની હૃદયગુહામાં વસી રહેલા સ્વરૂપનું શુદ્ધ ભાવવાળા મનથી ધ્યાન કરવું.૧૯ એ રીતે ભગવાનના સર્વ અવયવોમાં સ્થિર થયેલું મન, તે ભગવાન વિષે બરાબર સ્થિર થયું છે,એમ જાણ્યા પછી મુનિએ ભગવાનના એક એક અંગમાં તેને સારી રીતે જોડવું.૨૦ તેમાં પ્રથમ ભગવાનના ચરણકમળનું ધ્યાન કરવું, કે જે ચરણકમળ રેખારૂપ એવાં વજ્ર, અંકુશ, ધજા તથા કમળનાં ચિહ્નથી યુક્ત છે, ઊંચા અને લાલ એવા દેદીપ્યમાન નખમંડળની કાંતિથી ભક્તહૃદયના મહાન અંધકારનો નાશ કરે છે, જે ચરણકમળના ક્ષાલનથી નીકળેલી શ્રેષ્ઠ નદી ગંગાના જળરૂપ તીર્થને મસ્તકે ધારણ કરીને સ્વતઃ મંગળસ્વરૂપ એવા શિવ પણ 'શિવ' થયા છે–અત્યંત સુખને પામ્યા છે અને જે ચરણકમળ, ધ્યાન કરનાર ભક્ત પુરુષોના મનની અંદર રહેલા પાપરૂપી પર્વત ઉપર ફેંકવામાં આવેલા એક વજ્ર સમાન છે–આવા શ્રીભગવાનના ચરણકમળનું લાંબા કાળ સુધી ધ્યાન કરવું.૨૧-૨૨ તે પછી અજન્મા ભગવાનના બે ઢીંચણનું હૃદયમાં ધ્યાન કરવું, કે જેને કમળ સમાન નેત્રવાળી અને સમગ્રના સ્રષ્ટા બ્રહ્મદેવની માતા દેવવંદ્ય લક્ષ્મીદેવી પોતાની સાથળ પર સ્થાપીને હસ્તકમળની કાંતિથી સારી રીતે લડાવે છે.૨૩ તે પછી ભગવાનની બે સાથળનું ધ્યાન કરવું, કે જે ગરુડની બે ખાંધ ઉપર શોભી રહેલ છે, બળના એક આધારરૂપ છે અને અળસીના પુષ્પ સમાન કાંતિવાળી છે. તે પછી ઘૂંટી સુધી લટકતાં પીતાંબર ઉપર રહેલા કંદોરાના સંબંધવાળા ભગવાનના નિતંબપ્રદેશનું ધ્યાન કરવું.૨૪ તે પછી સમગ્ર ભુવનસમૂહના આશ્રયસ્થાન ઉદર વિષે રહેલાં અને જેમાં બ્રહ્મદેવના પ્રકટ થવાના સ્થાનરૂપ સમગ્ર લોકાત્મક કમળ ઉત્પન્ન થયું હતું એવા ભગવાનના નાભિરૂપ ધરાનું ધ્યાન કરવું અને પછી ભગવાનનાં બે સ્તનનું ધ્યાન કરવું કે જે સ્તન શ્રેષ્ઠ એવા બે મરકતમણિની સમાન છે અને ઉજ્જ્વળ હારનાં કિરણોથી શ્વેત જણાય છે.૨૫ તે પછી મહાલક્ષ્મીના નિવાસસ્થાન અને પુરુષોનાં મન તથા નેત્રને અતિશય સુખ આપનાર ભગવાનના વૃક્ષઃસ્થળનું મનમાં ધ્યાન કરવું અને પછી સર્વ લોક વડે નમસ્કાર કરાયલા ભગવાનના કંઠનું હૃદયમાં ધ્યાન કરવું કે જે કંઠ અલંકાર તરીકે ધારણ કરેલા કૌસ્તુભમણિને ઊલટો અલંકારરૂપ થઇ રહ્યો છે.૨૬ તે પછી સમુદ્રમંથનસમયે મંદરાચલના ઘૂમવા વડે જેઓ પર ધારણ કરેલાં કંકણો ઉજ્જ્વળ થયેલાં છે અને જેઓમાં સર્વ લોકપાલો વસે છે, એવા ભગવાનના બાહુઓનું ધ્યાન કરવું અને પછી એક હજાર આરાઓવાળા અને અસહ્ય તેજવાળા સુદર્શનચક્રનું તથા ભગવાનના હસ્તકમળમાં રાજહંસ સરખા શંખનું ધ્યાન કરવું.૨૭ પછી શત્રુયોદ્ધાઓના લોહીના કાદવથી ખરડાયલી અને ભગવાનને પ્રિય કૌમોદકી ગદાનું સ્મરણ કરવું અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

પછી ભમરાઓના સમૂહની વાણીથી ગાજી રહેલી ભગવાનની માળાનું ધ્યાન કરવું તથા તેમના કંઠમાં રહેલા અને જીવના એક તત્ત્વરૂપ એવા નિર્મળ કૌસ્તુભમણિનું ધ્યાન કરવું.[૨૮] તે પછી ભક્તો ઉપરની દયાબુદ્ધિને લીધે જેમણે આ જગતમાં અવતારો ધારણ કર્યા છે, એવા ભગવાનના મુખકમળનું ચિંતન કરવું, કે જે ઝળકતાં મકરાકાર કુંડળોના હાલવાથી પ્રકાશી રહેલા નિર્મળ ગાલવાળું છે; ઉન્નત નાસિકાવાળું છે, વાંકડિયા કેશસમૂહથી વીંટાયલું છે અને કમળ સમાન બે નેત્રવાળું છે; તેથી પોતાની શોભા વડે ભ્રમરમંડળથી સેવાયલા અને બે માછલાંઓનાં આશ્રય–સ્થાનરૂપ લક્ષ્મીદેવીના નિવાસસ્થાન કમળનો તિરસ્કાર કરી રહ્યું છે અને સુંદર ભ્રૂકુટીવાળું હોઇ મનમાં પ્રકટ થઇ રહ્યું છે;[૨૯।૩૦] તે પછી ભગવાનના મહાપ્રસાદયુક્ત દર્શનનું (દષ્ટિપાતનું) પોતાની હૃદયગુહામાં ઘણીજ ભાવનાથી લાંબા કાળ સુધી ધ્યાન કરવું; જે દર્શન અધિક કૃપાને લીધે અતિ ઘોર એવા ત્રણે તાપને શાંત કરવા માટે બન્ને નેત્રમાંથી છૂટેલું હોય છે અને સ્નેહાળ મંદહાસ્યથી યુક્ત છે. તે પછી નમેલા સમગ્ર લોકોના તીવ્ર શોકાશ્રુઓના સમુદ્રોને સૂકવી નાખનારૂં અને અત્યંત ઉદાર એવું શ્રીહરિના મંદ હાસ્યનું ધ્યાન કરવું અને પછી મુનિઓને મોહ ઉપજાવવા તૈયાર થયેલા કામદેવનેજ પોતાની માયા વડે મોહ ઉપજાવવા માટે ચડાવેલા ભગવાનના ભ્રૂકુટીમંડળનું ધ્યાન કરવું.[૩૧।૩૨] તે પછી સર્વના હૃદયાકાશમાં જણાયલા શ્રીવિષ્ણુ ભગવાનના સ્ફુટ હાસ્યનું ધ્યાન કરવું, જે અતિશય સુંદર હોવાને લીધે વિનાપ્રયત્ને ધ્યાનના વિષયરૂપ છે અને જેમાં અતિશય અધિક એવી અધરોષ્ઠની કાંતિવડે મોગરાની કળીઓ જેવા સૂક્ષ્મ દાંતો લાલ લાલ બની ગયેલા હોય છે. એ રીતે ભગવાનનાં પ્રત્યેક અંગનું ધ્યાન કર્યા પછી પ્રેમરસથી તરબોળ એવી ભક્તિ વડે પોતાના મનને શ્રીભગવાનમાંજ સ્થાપી દેવું અને તે ભગવાન વિના બીજા કોઈ પણ પદાર્થને જોવાની ઇચ્છા કરવી નહિ. એ પ્રમાણે (સબીજ+ યોગમાં ભગવાનની મૂર્તિરૂપી આલંબનનો આશ્રય લેવાથી) શ્રીહરિ ભગવાનમાં જેણે પ્રેમભાવ સંપાદન કર્યો છે, જેનું હૃદય ભક્તિને લીધે પીગળી ગયેલું હોય છે, જેનાં રૂંવાડાં અતિ હર્ષને લીધે ઊભાં થઈ ગયાં હોય છે અને ઉત્કંઠાને લીધે વહેતા અશ્રુપ્રવાહથી જે વારંવાર પીડા પામે છે, એવો યોગી (સબીજ યોગનો સાધક), ભગવાનને ગ્રહણ કરવામાં માછલાં પકડવાના આંકડા સરખા પોતાના ચિત્તને ધીમે ધીમે તે ભગવાનની મૂર્તિરૂપી ધ્યેયવસ્તુથી વિયુક્ત કરે છે–અર્થાત્ ભગવાનની તે મૂર્તિધારણામાં પણ તે યોગીનો પ્રયત્ન શિથિલ થઇ જાય છે–આપોઆપજ સમાધિ અવસ્થા સિદ્ધ થઇ જાય છે; તેથી તેને ફરી એવી ધારણાની જરૂર રહેતી નથી. એ રીતે જ્યારે ચિત્ત નિર્વિષય બને છે–સબીજ યોગમાં ગ્રહણ કરેલા આલંબનનો પણ ત્યાગ કરી દે છે અને સબીજ યોગસાધનામાં ભગવાનના ધ્યાન વડે પરમાનંદનો અનુભવ થવાથી શબ્દાદિ વિષયોથી વિરક્ત થઈ જાય છે, ત્યારે જેમ દીપકની જ્વાળા (તેલ અને દિવેટનો નાશ થતાં) એકાએક ઓલવાઇ જાય છે તેમ નિર્વાણને પામે છે–લય પામે છે–વૃત્તિરૂપતાનો ત્યાગ કરી દઇ બ્રહ્માકારે પરિણમે છે. પછી એ અવસ્થામાં યોગીપુરુષ, ધ્યાતા અને ધ્યેયના વિભાગથી રહિત એવા એક

+ યોગના બે પ્રકાર છે. એક સબીજયોગ અને બીજો નિર્બિજયોગ. તેમાં નિર્બીજયોગની સાધનામાં

यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥
(श्री. भ. गी. ५–२६)

ચંચળ અને અસ્થિર એવું મન જ્યાં જ્યાં ભટકતું ફરે ત્યાંથી ત્યાંથી તેને પાછું વાળી કેવળ આત્મામાંજ વશ કરવું–એમ ગીતાના કહેવા પ્રમાણે સમાધિ થવી દુષ્કર થઇ પડે છે, પણ સબીજયોગમાં સમાધિ સુકર થાય છે; કેમકે તેમાં પરમાનંદમૂર્તિ શ્રીહરિનું ધ્યાન કરવાથી ચિત્ત ઉપરામ પામે છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

—અખંડ આત્માનો સાક્ષાત્કાર કરે છે. કેમકે તે સમયે તે પુરુષનો ગુણપ્રવાહ—દેહાદિરૂપ ઉપાધિ દૂર થઇ ગયેલી હોય છે;[૩૩-૩૫] વળી (જેમ સુષુપ્તિમાંથી ઊઠેલો પુરુષ પુનઃ જાગ્રત અવસ્થામાં સંસારને પામે છે, તેમ એ અવસ્થા પ્રાપ્ત થયા પછી પુનઃ સંસાર રહેતોજ નથી, કેમકે) તે યોગી પુરુષ, પોતાના મનની એ યોગાભ્યાસથી થયેલી છેલ્લી અવિદ્યારહિત નિવૃત્તિને લીધે સુખદુઃખથી રહિત એવા તે બ્રહ્મરૂપ મહિમાને વિષે નિષ્ઠા પામેલો હોય છે—સ્થિર થાય છે અને પૂર્વાવસ્થામાં સુખદુઃખનાં કારણને તથા તેના ભોક્તાપણાને જે પોતાને વિષે જોતો હતો તેનેજ એ અવિદ્યા દૂર થતાં કર્તારૂપ અહંકારને વિષે જુએ છે; કેમકે તેને આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થયેલો હોય છે.[૩૬] વળી* એ રીતે અવિદ્યારહિત છેલ્લી અવસ્થાને પામી સિદ્ધ થયેલો તે ભગવદ્ભક્ત યોગીપુરુષ (જીવન્મુક્ત અવસ્થાને પ્રાપ્ત કરીને) જેમ મદિરાના મદથી અંધ થયેલો પુરુષ પોતાની કેડ ઉપર પહેરેલાં કે ખસી ગયેલાં વસ્ત્રને જોઈ શકતો નથી, તેમ દૈવવશાત્—પ્રારબ્ધકર્મને લીધે આસન પર બેઠેલા કે આસન ઉપરથી ઊભા થયેલા તે સ્થાનથી બીજે સ્થળે જઇ પુનઃ તે સ્થળે પ્રાપ્ત થયેલા પોતાના શરીરને પણ જોતો નથી—જાણતો નથી; તો પછી સુખદુઃખને તો ક્યાંથીજ જાણે? કારણ કે તે સિદ્ધ પુરુષ પોતાના સ્વરૂપજ્ઞાનને પ્રાપ્ત થયો હોય છે[૩૭] અને તેનો દેહ પણ પૂર્વના સંસ્કારરૂપ દૈવને વશ થઇને જ્યાંસુધી પોતાને ઉત્પન્ન કરનારું કર્મ બાકી હોય છે ત્યાંસુધી ઇન્દ્રિયોથી યુક્ત રહીને જીવેજ છે; પણ જેણે સમાધિ સુધીનો યોગ પ્રાપ્ત કરી લીધો હોય છે અને તે દ્વારા જેણે આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો હોય છે એવો તે જીવન્મુક્ત યોગી, સ્વપ્નમાં પ્રાપ્ત થતા દેહતુલ્ય એવા તે પોતાના પુત્રાદિ પ્રપંચસહિત દેહને પુનઃ ભજતો નથી—ફરી તે દેહના પર અહંતામમતા કરતો નથી.[૩૮] જેમ મનુષ્ય (અતિશય સ્નેહને લીધે પોતાના તરીકે માનેલા એવા પણ) પોતાના પુત્રથી કે ધનથી જુદો જણાય છે, તેમ પુરુષ—જીવ પણ પોતે પોતાના તરીકે માનેલા શરીર—ઇન્દ્રિયો વગેરેથી જુદોજ છે.[૩૯] જેમ અત્યંત અવિવેકી મનુષ્યોએ અગ્નિસ્વરૂપ માનેલા અને અગ્નિથીજ ઉત્પન્ન થયેલા ઊંબાડિયાંથી, તણખાથી કે ધુમાડાથી અગ્નિ જુદોજ છે, તેમ પાંચ ભૂતો, ઇન્દ્રિયો, અંતઃકરણ તથા પ્રધાન—તત્ત્વથી દ્રષ્ટા—આત્મા જુદો છે અને જીવસંજ્ઞાવાળા તે દ્રષ્ટાથી બ્રહ્મસંજ્ઞાવાળા ભગવાન જુદા છે—અર્થાત્ દેહાદિથી જીવાત્મા ભિન્ન છે અને જીવાત્માથી પરમાત્મા ભિન્ન છે. જેમ જગતના સર્વ પદાર્થો પાંચ મહાભૂતોમાં છે અને પાંચ મહાભૂતો તે તે સર્વ પદાર્થોમાં છે, તેમ જ્ઞાની પુરુષે સ્થાવર—જંગમ સર્વ ભૂતોમાં પોતાના આત્માને અભેદભાવે રહેલો જોવો ને પોતાના આત્મા વિષે સ્થાવરજંગમ સર્વ ભૂતોને અભેદભાવે રહેલાં જોવાં. જેમ અગ્નિ એકજ છે છતાં પોતાની અભિવ્યક્તિનાં સ્થાન તૃણ—કાષ્ઠ વગેરેમાં તેઓની લંબાઇ—ટૂંકાઇ વગેરે ભેદથી અનેક પ્રકારનો જણાય છે, તેજ પ્રમાણે આત્મા પણ સ્વયં એકજ છે, છતાં શરીર વિષે સ્થિતિ કરીને તે શરીરના ભિન્ન ભિન્ન ગુણોને લીધે અનેક સ્વરૂપે જણાય છે. માટે જીવને બંધનું કારણ, વિષ્ણુની શક્તિરૂપ, સત્—અસત્‌રૂપ અને દુર્જ્ઞેય એવી પ્રકૃતિને ભગવાનની કૃપાથી જીતીને યોગીપુરુષ સ્વસ્વરૂપે સ્થિતિ કરે છે—બ્રહ્મસ્વરૂપ બની રહે છે.[૪૦-૪૪]

तस्मादिमां स्वां प्रकृतिं दैवीं सदसदात्मिकाम् ।
दुर्विभाव्यां पराभाव्य स्वरूपेणावतिष्ठते ॥ ४४ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૨૮ મો સમાપ્ત

* અહીંથી બે શ્લોકમાં જીવન્મુક્ત દશાનું વર્ણન છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

अध्याय २९ मो*

ભક્તિયોગના ભેદ, કાળનું બળ અને ઘોર સંસારનું વર્ણન

॥ देवहूतिरुवाच ॥

लक्षणं महदादीनां प्रकृतेः पुरुषस्य च।
स्वरूपं लक्ष्यतेऽमीषां येन तत्पारमार्थिकम् ॥१॥

દેવહૂતિએ પૂછ્યું:–'હે પ્રભો! મહત્તત્ત્વ વગેરેનું અને પ્રકૃતિ તથા પુરુષનું લક્ષણ જે પ્રમાણે સાંખ્યશાસ્ત્રમાં કહેવાયું છે અને જે લક્ષણ ઉપરથી તે મહત્તત્ત્વાદિનું પરસ્પર વિભક્ત–યથાર્થ સ્વરૂપ જાણી શકાય છે, તે લક્ષણ તમે મને કહ્યું. હવે એ મહત્તત્ત્વાદિનાં લક્ષણના જ્ઞાનને જેનું મૂળ કહે છે, એટલે જેને સંપાદન કરવા માટે મહત્તત્ત્વાદિનું સ્વરૂપ જાણવું પડે છે–તે ભક્તિયોગનો માર્ગ તમે મને વિસ્તારથી કહો.[1,2] વળી હે ભગવન્! જે સાંભળવાને લીધે પુરુષ સર્વ વિષયો ઉપર વૈરાગ્યવાન થાય છે તે જીવલોકનો વિવિધ સંસાર તમે મારી આગળ વર્ણવો;[3] તેમજ જે કાળ ઈશ્વરનુંજ એક સ્વરૂપ છે, પર એવા જે બ્રહ્માદિ દેવો, તેઓનાથી પણ પર છે–તેઓના પણ નિયંતા છે અને કેવળ એક આપનુંજ સ્વરૂપ છે તે કાળનું સ્વરૂપ પણ તમે મને કહો. અહો! અત્યંત હર્ષની વાત છે કે, કાળના ભયને લીધે મનુષ્યો પુણ્યકર્મ કરે છે.[4] જ્યારે આ મનુષ્યલોક જ્ઞાનદૃષ્ટિથી રહિત હોઇને દેહાદિ ઉપર અભિમાનવાળો બન્યો છે અને તેથીજ કર્મમાં આસક્ત થયેલી બુદ્ધિને લીધે થાકી ગયો છે અને તેથીજ અપાર અંધકારસ્વરૂપ એવા આ સંસારમાં લાંબા કાળ સુધી નિદ્રાવશ થઈ પડ્યો છે, ત્યારે તે આ મનુષ્યલોકને જાગ્રત કરવા માટે તમે યોગના પ્રકાશક એટલે ભક્તિયોગ તથા જ્ઞાનયોગરૂપી કમળને વિકસિત કરનાર એક સૂર્યરૂપે પ્રકટ થયા છો.'[5]

મૈત્રેય બોલ્યા:–"હે કુરુશ્રેષ્ઠ વિદુરજી! મહામુનિ કપિલદેવે માતાનાં એ સુંદર વચનનો સત્કાર કર્યો અને પછી પોતે પ્રસન્ન થઇને તેમજ દયાને લીધે આતુર થઇને તે પોતાની માતાને આ પ્રમાણે કહેવા લાગ્યા.[6]

શ્રીકપિલ ભગવાન બોલ્યા:–'હે માતા! ભિન્ન ભિન્ન માર્ગોને લીધે ભક્તિયોગ અનેક પ્રકારનો થાય છે; કેમકે મનુષ્યોના સ્વભાવરૂપ એવા સત્ત્વાદિ ગુણોની ભિન્ન ભિન્ન વૃત્તિઓને લીધે મનુષ્યોનો અભિપ્રાય ભિન્ન ભિન્ન પ્રકારનો હોય છે, એટલે કે ફળસંકલ્પના ભેદથી ભક્તિમાં પણ ભેદ પડે છે.[7] જે મનુષ્યો હિંસાનો, દંભનો કે મત્સરભાવનો મનમાં સંકલ્પ કરી ક્રોધાતુર કે ભેદદૃષ્ટિવાળા થઈને મારી ભક્તિ કરે છે, તે ત્રણે* પ્રકારના ભક્તો તામસ ભક્તો છે.[8] જેઓ મનમાં વિષયોનો સંકલ્પ કરી, યશનો સંકલ્પ કરી અથવા ઐશ્વર્યનો સંકલ્પ કરીને ભેદદૃષ્ટિપૂર્વક મારી પ્રતિમા વગેરેમાં પૂજા કરે છે, તેઓ પણ ત્રણ÷ પ્રકારના રાજસભક્તો છે અને જેઓ પાપના ક્ષયને ઉદ્દેશીને, ભગવાનની પ્રીતિને ઉદ્દેશીને અથવા 'મારે યજ્ઞ કરવો જોઇએ, એ મારી ફરજ છે' એમ માનીને જે ભેદદૃષ્ટિ રાખીને યજ્ઞાદિ કરે છે તેઓ+ ત્રણ પ્રકારના સાત્ત્વિક ભક્તો છે.

* આ અધ્યાયમાં વૈરાગ્ય માટે અનેક પ્રકારનો ભક્તિયોગ, કાળનું બળ તથા ઘોર સંસારનું વર્ણન કરવામાં આવશે. —શ્રીધર

* હિંસાનો સંકલ્પ કરનાર, દંભનો સંકલ્પ કરનાર અને મત્સરભાવનો સંકલ્પ કરનાર એમ ત્રણ પ્રકાર જાણવા. —भा. क.

÷ વિષયોનો સંકલ્પ કરનાર, યશનો સંકલ્પ કરનાર અને ઐશ્વર્યનો સંકલ્પ કરનાર એમ ત્રણ પ્રકાર જાણવા. —भा. क.

+ પાપક્ષયને ઉદ્દેશી ભક્તિ કરનાર, ભગવત્પ્રીતિને ઉદ્દેશી ભક્તિ કરનાર, અને વૈદિક વિધિસિદ્ધિને ઉદ્દેશી ભક્તિ કરનાર સાત્ત્વિક ભક્ત ત્રણ પ્રકારના છે; અને એ રીતે ભક્તિના શ્રવણ–કીર્તન વગેરે નવ પ્રકારોના પ્રત્યેકના નવ નવ ભેદ થાય છે. જેવી રીતે તામસ શ્રવણ ત્રણ પ્રકારનું, રાજસ શ્રવણ ત્રણ પ્રકારનું અને સાત્ત્વિક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(એ પ્રમાણે સગુણ ભક્તિ કહીને નિર્ગુણ ભક્તિ કહું છું. નિર્ગુણ ભક્તિ તો માત્ર એકજ પ્રકારની છે.) જેમ ગંગાના જળની સમુદ્રમાં અવિચ્છિન્ન ગતિ થાય છે, તેમ મારા ગુણોનું માત્ર શ્રવણ થતાંજ સર્વનાં હૃદયાકાશમાં રહેલા મારે વિષે મનની અવિચ્છિન્ન ગતિ થાય છે. આવી જે ભક્તિ તેને નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ કહ્યું છે. પુરુષોત્તમ ભગવાન વિષે આવી જે ભક્તિ તે કોઇ પણ ફળસંકલ્પથી શૂન્ય હોય છે અને ભેદદર્શનથી રહિત હોય છે.[૯-૧૨] આવી નિર્ગુણ ભક્તિમાં સ્થિતિ કરનારા ભક્ત મનુષ્યોને હું મારી સાથે એકજ લોકમાં વસવાટને, મારા સમાન ઐશ્વર્યને, મારી સમીપમાંજ રહેવાને, મારા સમાન રૂપને તથા મારા સાયુજ્યને આપવા તૈયાર થાઉં છું, છતાં તેઓ મારી સેવા વિના બીજું કાંઈ પણ ગ્રહણ કરતા નથી.[૧૩] આનું નામજ આત્યંતિક ભક્તિયોગ કહેવાય છે–આનેજ અવિનાશી નિર્ગુણ ભક્તિયોગ કહે છે, કે જે ભક્તિયોગને લીધે ત્રણ ગુણોના કાર્યરૂપ આ સંસારનો ત્યાગ કરીને બ્રહ્મભાવને પામે છે. શ્રદ્ધા વગેરેથી યુક્ત, નિષ્કામ સ્વધર્મ–નિત્યનૈમિત્તિકનું સારી રીતે પાલન કરવું, અતિશય હિંસક નહિ એવી પંચરાત્ર વગેરેમાં કહેલી નિષ્કામ પૂજા નિત્ય કરવી; મારી પ્રતિમા વગેરેનું દર્શન, સ્પર્શન, પૂજા, સ્તુતિ તથા વંદન કરવું; પ્રાણીમાત્રને વિષે મારી ભાવના કરવી, ધૈર્ય ધારણ કરવું, વૈરાગ્ય રાખવો, મોટા પુરુષોને બહુ માન આપવું, દીન પ્રાણીઓ ઉપર દયા કરવી, પોતાની સમાન મનુષ્યો સાથે મિત્રતા રાખવી, યમનિયમ જાળવવા, આધ્યાત્મિક શાસ્ત્રોનું શ્રવણ કરવું, મારાં નામોનું કીર્તન કરવું, સરળતા રાખવી, શ્રેષ્ઠ મનુષ્યોનો સંગ કરવો તથા અહંકારનો ત્યાગ કરવો, આ સર્વ ગુણોદ્વારા ભગવદ્ધર્મનું આચરણ કરનારા ભક્ત પુરુષનું ચિત્ત અત્યંત શુદ્ધ થાય છે અને એ રીતે શુદ્ધ થયેલું તે ચિત્ત માત્ર મારા ગુણો શ્રવણ કરતાંજ અનાયાસે મારા તરફ વળે છે–મને પ્રાપ્ત થાય છે.[૧૪-૧૯] પવન જેનું જવાઆવવાનું સાધન છે એવો ગંધ, પોતાનાં સ્થાન–પુષ્પાદિમાંથી પોતાની મેળેજ ઘ્રાણેન્દ્રિય પ્રત્યે જેમ પ્રાપ્ત થાય છે, તેમ યોગમાં આસક્ત થયેલું અને તેથીજ વિકારરહિત થયેલું મન પોતાની મેળેજ પરમાત્માને પ્રાપ્ત થાય છે–પોતાની મેળે પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે, હું પ્રાણીમાત્રનો આત્મા છું અને પ્રાણીમાત્ર વિષે સદા રહેલો છું, છતાં તેની અવજ્ઞા કરી–તેનું અપમાન કરીને મનુષ્ય પ્રતિમાદિમાં મારૂં પૂજન કરવાનો માત્ર ઢોંગજ કરે છે.‡[૨૦-૨૧] જે મનુષ્ય સર્વ પ્રાણીઓમાં આત્મારૂપે રહેલા મને પરમેશ્વરને છોડીને કેવળ પ્રતિમાનેજ ભજે છે, તે મનુષ્ય કેવળ મૂર્ખાઇથી ભસ્મમાંજ હોમ કરે છે.÷ જે અભિમાની મનુષ્ય પરશરીરમાં રહેલા મારો દ્વેષ કરે છે, સર્વત્ર ભેદદૃષ્ટિ રાખે છે–પોતાના આત્માથી બીજાઓના આત્માઓને ભિન્ન જુએ છે અને સર્વ પ્રાણીઓની સાથે વૈર બાંધે છે, તે મનુષ્યનું મન (જીવનપર્યંત પ્રતિમાપૂજા કર્યા છતાં) કદી શાંતિને પામતું નથી.[૨૨-૨૩] હે નિર્દોષ માતા! મનુષ્ય, નાના–મોટા પદાર્થોથી ઉત્પન્ન કરેલી સામગ્રી વડે

શ્રવણ ત્રણ પ્રકારનું છે, તેજ પ્રમાણે કીર્તન વગેરેના પણ નવ નવ ભેદ થાય છે. આ રીતે શ્રવણાદિ નવેના નવ નવ ભેદ થતાં સગુણ ભક્તિના એકંદર એકાશી ભેદ થાય છે. —શ્રીધર

‡ પ્રાણીમાત્રમાં રહેલા આત્મા સાથે પોતાની એકતા જોઇને પ્રાણીમાત્ર પ્રત્યે સમબુદ્ધિ–આદરસત્કાર–પ્રેમ કરવો તેજ ખરી ઈશ્વરપૂજા છે; છતાં તે પૂજા નહિ સ્વીકારીને પ્રતિમા વગેરેનાંજ પૂજન કરવાં તે તો ઢોંગજ ગણાય ને! પ્રતિમાપૂજા તો માત્ર ચિત્તશુદ્ધિ પૂરતીજ છે, નહિ કે આત્મસાક્ષાત્કારનું મૂળ છે; આત્મસાક્ષાત્કારનું મૂળ તો સર્વ પ્રાણીમાં આત્મબુદ્ધિ કરવી તેજ છે, એવો અહીં આશય છે. —ભા. ક.

÷ પ્રાણીમાત્રમાં રહેલા સત્ય પરમેશ્વરની ઉપેક્ષા કરી કેવળ પ્રતિમાનું ઈશ્વરબુદ્ધિએ પૂજન કર્યા કરવું તે તો છેકજ વ્યર્થ છે; એમ કહેવા માગે છે.—ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રતિમામાં મારૂં પૂજન કરે અને બીજી તરફથી સર્વ પ્રાણીઓની નિંદા કરે, તો તેની એ પૂજાથી હું પ્રસન્ન થતો નથી.[૨૪] પોતપોતાનાં વર્ણાશ્રમનાં કર્મો કરતાં કરતાં પ્રતિમા વગેરેમાં મારૂં ઈશ્વરનું પૂજન માત્ર ત્યાંસુધીજ કરવું જોઇએ, કે જ્યાંસુધી સર્વ પ્રાણીઓમાં રહેલા મને પોતાના હૃદયમાં રહેલો ન જાણે.(*)[૨૫] જે મનુષ્ય પોતામાં અને બીજામાં માત્ર શરીરનીજ ભિન્નતાને લીધે લેશમાત્ર પણ ભેદ જુએ છે—તેવા ભેદદર્શી મનુષ્યને હું મૃત્યુરૂપે ઉગ્ર ભય કરૂં છું—અર્થાત્ ભેદદૃષ્ટિ રાખનાર મનુષ્યનો સંસાર કદી નિવૃત્ત થતોજ નથી ને ભેદદર્શન જેવું બીજું કોઇ મોટું પાપ નથી.[૨૬] માટે સર્વ પ્રાણીઓમાં વસી રહેલા અંતર્યામી એવા મારૂં દાન, માન, મૈત્રી તથા અભેદદૃષ્ટિથી પૂજન કરવું.[૨૭] હે પવિત્ર માતા! [૧]અચેતન કરતાં [૨]ચેતન—જીવો શ્રેષ્ઠ છે, જીવોમાં પણ પ્રાણવૃત્તિવાળા શ્રેષ્ઠ છે; અને તેઓમાં પણ જેઓ જ્ઞાનવાળા છે તે શ્રેષ્ઠ છે અને જ્ઞાનવાળાઓથી [૩]ઇન્દ્રિયવૃત્તિવાળા શ્રેષ્ઠ છે.[૨૮] તેમાં સ્પર્શને જાણનારાઓ શ્રેષ્ઠ છે, તેઓના કરતાં[૪] રસ જાણનારા શ્રેષ્ઠ છે, તેઓનાં કરતાં ગંધ[૫] જાણનારા શ્રેષ્ઠ છે, ગંધ જાણનારાઓ કરતાં શબ્દ[૬] જાણનારાઓ શ્રેષ્ઠ છે, શબ્દ જાણનારાઓ કરતાં રૂપના[૭] ભેદ જાણનારાઓ શ્રેષ્ઠ છે, તેઓનાં કરતાં બન્ને બાજુ દાંતવાળા શ્રેષ્ઠ છે, તેઓમાં બહુ પગવાળા શ્રેષ્ઠ છે, બહુ પગવાળાઓમાં ચાર પગવાળા શ્રેષ્ઠ છે, ચાર પગવાળા કરતાં બે પગવાળા (મનુષ્યો) શ્રેષ્ઠ છે, મનુષ્યોમાં ચાર વર્ણો ઉત્તમ છે, ચાર વર્ણોમાં બ્રાહ્મણ ઉત્તમ છે, બ્રાહ્મણોમાં પણ વેદ જાણનાર ઉત્તમ છે, વેદ જાણનાર કરતાં પણ વેદના અર્થ જાણનાર ઉત્તમ છે, અર્થ જાણનાર કરતાં વેદવિષયક સંશયને દૂર કરનાર (મીમાંસક) શ્રેષ્ઠ છે, તેના કરતાં પોતાનાં વર્ણાશ્રમનાં કર્મો કરનાર શ્રેષ્ઠ છે, એ કર્મ કરનારાઓમાં પણ પોતાના ધર્મને નહિ દોહનાર એટલે નિષ્કામ કર્મ કરનાર એવો સર્વ સંગનો ત્યાગી શ્રેષ્ઠ છે અને તેના કરતાં પણ પોતાનાં સર્વ કર્મોને, તેનાં ફળોને તથા પોતાના શરીર સુદ્ધાંને મારામાં અર્પણ કરી દેનાર શ્રેષ્ઠ છે. આવો પુરુષ મારામાં સર્વ કર્મોનો સંન્યાસ કરી દે છે—પોતાનાં સર્વ કર્મો મને સમર્પણ કરી દે છે, કર્તૃત્વના અભિમાનથી રહિત હોય છે અને સર્વત્ર સમદૃષ્ટિવાળો હોય છે, તેથી આવા પુરુષના કરતાં બીજું કોઇ પણ શ્રેષ્ઠ પ્રાણી હું જોતો નથી.[૨૯-૩૩] પ્રત્યેક પ્રાણીઓમાં પોતાની 'જીવ' નામની કળાથી ભગવાન પરમેશ્વર રહેલા છે એમ જાણીને આ સર્વ પ્રાણીઓને મનથી બહુ માન આપી પ્રણામ કરવા જોઇએ.[૩૪] હે મનુનાં પુત્રિ! એ પ્રમાણે ભક્તિયોગ તથા અષ્ટાંગયોગ મેં તમને કહ્યો. જેમાંનો કોઇ એકનો પણ આશ્રય કરવાથી પુરુષ પરમેશ્વરને પામે છે.[૩૫] પ્રકૃતિ અને પુરુષરૂપ એવું અને પ્રકૃતિ તથા પુરુષથી ભિન્ન એવું સર્વ ઐશ્વર્યસંપન્ન પરમાત્મા બ્રહ્મનું સ્વરૂપ તેજ 'દૈવ' કહેવાય છે કે જે દૈવથી કર્મની ચેષ્ટારૂપ આ અનેક પ્રકારનો સંસાર પ્રવૃત્ત થાય છે—અર્થાત્ જે દૈવથી પ્રેરણા પામેલ કર્મને લીધે જાતજાતની સૃષ્ટિઓ ઉત્પન્ન થાય છે.[૩૬] વળી પરમાત્મા બ્રહ્મનું આ સ્વરૂપ તેજ કાળ કહેવાય છે, કે જે રૂપભેદનો એક આશ્રય છે—પ્રત્યેક વ-

* આ ૨૫ મા શ્લોકથી જણાય છે કે, ઉપરના ૨૧—૨૪ શ્લોકમાં મૂર્તિપૂજાની નિંદા નથી; પણ મૂર્તિપૂજા કરનારે હરકોઈ પ્રાણીની અવજ્ઞા, ઉપેક્ષા, દ્વેષ કે નિંદા ન કરવી જોઇએ, એમ દર્શાવ્યું છે. વળી આ ૨૫ મા શ્લોકમાં એમ પણ સૂચવ્યું છે કે, ચિત્તશુદ્ધિ થાય ત્યાં સુધીજ મૂર્તિપૂજા તથા કર્મો આવશ્યક છેઃ—भा. क.

૧. અચેતન—એટલે સૂકાં થઈ ગયેલાં ઘાસ વગેરે.

૨. ચેતન—એટલે જીવતાં લીલાં ઘાસ વગેરે.

૩. વૃક્ષોને પણ સૂક્ષ્મ ઇન્દ્રિયવૃત્તિ હોયજ છે. મહાભારતના મોક્ષધર્મપર્વમાં કહેવામાં આવ્યું છે કે, 'तस्मात् पश्यन्ति पादपाः' 'तस्माज्जिघ्रन्ति पादपाः' વૃક્ષો જોઈ શકે છે; વૃક્ષો સૂંઘે છે. ઇત્યાદિ.

૪. માછલાં વગેરે. ૫. ભમરા વગેરે. ૬. સર્પ વગેરે.

૭. કાગડા વગેરે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

સ્તુમાં ફેરફાર થવામાં કારણુ છે, દિવ્ય છે—અદ્ભુત પ્રભાવથી યુક્ત છે અને જે કાળથી મહત્તત્ત્વ વગેરેને તથા ભેદદૃષ્ટિવાળાં પ્રાણીઓને ભય છે.[37] વળી જે કાળ સર્વ પ્રાણીઓની અંદર પ્રવેશ કરીને પ્રાણીઓદ્વારાજ પ્રાણીઓનું ભક્ષણ કરી જાય છે તેજ આ વિષ્ણુ નામનો કાળ જગતને વશ રાખનાર બ્રહ્માદિ દેવોનો પણ પ્રભુ છે અને યજ્ઞનાં ફળને આપનારો છે.[38] આ કાળને કોઇ પ્રિય નથી, શત્રુ નથી કે બાંધવ નથી. તે તો સદા સાવધાન રહીને સર્વનો સંહાર કરતો પ્રમાદી મનુષ્યમાં પ્રવેશ કરે છે. (અને તેનો નાશ પણ કરે છે.)[39] જેના ભયથી વાયુ વાય છે, જેના ભયથી સૂર્ય તપે છે, જેના ભયથી વરસાદ વરસે છે, જેના ભયથી નક્ષત્રમંડળ પ્રકાશે છે, જેના ભયથી ભય પામેલી વનસ્પતિ તથા લતાઓ ઔષધિઓની સાથે પોતપોતાના સમયમાં પુષ્પો—ફળોને પ્રકટ કરે છે, જેનાથી ભય પામેલી નદીઓ વહે છે, જેનાથી ભય પામેલો સમુદ્ર પોતાની મર્યાદા મૂકી પૃથ્વીને બોળી દેતો નથી, જેના ભયથી અગ્નિ સળગે છે અને જેના ભયથી પહાડો સાથે પૃથ્વી જળમાં ડૂબી જતી નથી.[40-42] વળી જેની આજ્ઞાથી આ આકાશ પ્રાણીઓને અવકાશ આપે છે અને જેની આજ્ઞાથી મહત્તત્ત્વ પોતાના શરીરને પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર તથા મહત્તત્ત્વ—એમ સાત આવરણોથી વીંટાયલા લોકરૂપે વિસ્તારે છે,[43] જેના ભયથી સત્ત્વાદિ ગુણોના નિયંતા અને આ સ્થાવર—જંગમ જગત જેઓને વશ છે, એવા બ્રહ્માદિ દેવતાઓ,(બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ) પ્રત્યેક યુગમાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહારનાં કર્મો કર્યા કરે છે;[44] આ રીતે તે કાળ પોતે અંતરહિત હોઇ સર્વનો અંત કરનાર છે, પોતે અનાદિ હોઈ સર્વના આદિને કરનાર છે અને પોતે અવિનાશી હોઇ પુત્રાદિને પિતા વગેરેદ્વારા ઉત્પન્ન કરે છે; એક પ્રાણીથી બીજા પ્રાણીનો નાશ કરે છે અને મૃત્યુદ્વારા તે નાશ કરનાર પ્રાણીઓનો પણ નાશ કરે છે.'[45]

सोऽनंतोऽतकरः कालोऽनादिरादिकृदव्ययः ।
जनं जनेन जनयन् मारयन् मृत्युनांतकम् ॥४५॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૨૯ મો સમાપ્ત

अध्याय ३० मो+

કામી પુરુષોની પાપને લીધે તામસી અધોગતિ

॥ कपिल उवाच ॥

तस्यैतस्य जनो नूनं नायं वेदोरुविक्रमम् ।
काल्यमानोऽपि बलिनो वायोरिव घनावलिः ॥१

કપિલદેવ બોલ્યાઃ—'જેમ મેઘની પંક્તિ પોતાને ચલાવનાર એવા બળવાન વાયુના મહાન પરાક્રમને પણ જાણતી નથી, તેમ મનુષ્ય પોતે જેને લીધે જગતમાંથી ચાલ્યો જાય છે, તે મહાબળવાન એવા આ કાળની ગતિને જાણતો નથી.[1] મનુષ્ય પોતાના સુખને માટે જે જે પદાર્થને મહાદુઃખથી સંપાદન કરે છે તે તે પદાર્થનો ભગવાન કાળ નાશ કરી નાખે છે, કે જેને માટે મનુષ્ય શોક કરે છે.[2] સ્ત્રીપુત્રાદિ સહિત એવું આ શરીર અધ્રુવ છે—અવશ્ય નાશવંત છે, છતાં દુર્મતિ પુરુષ તેના સંબંધમાં રહેનાર ખેતર, ધન વગેરે પદાર્થોને મોહને લીધે અવિનાશી માને છે.[3] આ સંસારમાં જે જે યોનિમાં પ્રાણી જાય છે,ત્યાં ત્યાં સુખ પામે છે,(વસ્તુતઃ સુખ હોતું નથી છતાં સુખ માને છે) તેથી તેને વૈરાગ્ય થતો નથી.[4] જીવ નરકમાં રહેલો હોવા છતાં ત્યાં પરમેશ્વરની માયાથી મોહિત થઈ નારકી સુખ પ્રાપ્ત થતાં તે પોતાના નારકી શરીરને પણ છોડવા ઇચ્છતો નથી.[5] શરીર, સ્ત્રી, પુત્ર, ઘર પશુ, ધન તથા

+ આ અધ્યાયમાં શરીર—સ્ત્રી આદિના લાલનમાં આસક્ત ચિત્તવાળા કામીઓની પાપને લીધે તામસી અધોગતિ વર્ણવાશે.
—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

બંધુઓ પર અત્યંત આસક્ત થયેલા હૃદયવાળો પુરુષ પોતાને કૃતાર્થ માને છે[૬] અને તે સર્વ પરિવારના પોષણની ચિંતાથી સર્વાંગે બળતો મૂઢ પુરુષ દુરાશય બની જઇને નિરંતર પાપકર્મો કર્યા કરે છે.[૭] વ્યભિચારિણી સ્ત્રીઓની એકાંતમાં કરવામાં આવેલી માયાથી અને મધુર બોલતાં બાળકોના આલાપોથી જેનાં મન તથા ઇન્દ્રિયો આકર્ષાયેલાં છે, એવો ગૃહસ્થાશ્રમી પુરુષ જેમાં દુઃખજ મુખ્ય છે અને જેમાં કપટપ્રાય મિથ્યા ધર્મો રહેલા છે, એવા ઘરમાં આળસરહિત થઇને વસ્તુતઃ પોતે દુઃખનાજ ઉપાયો કરે છે, છતાં સુખની પેઠે માને છે; મોટી મોટી હિંસા કરીને જ્યાંત્યાંથી મેળવેલા ધન વડે તે સ્ત્રી–પુત્રાદિનું પોષણ કરે છે; અને તેઓને પોષતાં બાકી રહેલાજ ભોગનો પોતે ઉપભોગ કરે છે; છતાં તેઓના પોષણથી છેવટે પોતે તો નરકમાંજ જાય છે.[૮-૧૦] વળી કોઈ પ્રસંગે આજીવિકા તૂટી જાય છે,ત્યારે વારંવાર તે પ્રમાણે પુનઃ આજીવિકાનો આરંભ કરે છે અને તદ્દન અશક્ત થઇ પડે છે,ત્યારે લોભથી ઘેરાઇ જઈને પરાયા ધનની અભિલાષા કરે છે.[૧૧] છતાં પણ મંદભાગ્યવાળો હોવાથી વૃથા ઉદ્યમવાળો તે મૂઢબુદ્ધિ પુરુષ કુટુંબનું ભરણ–પોષણ કરવાને અસમર્થ થાય છે અને લક્ષ્મીથી રહિત થઈ કૃપણ બની જઇને વિચાર કરતો નિઃશ્વાસ નાખ્યા કરે છે. પછી તેનું સ્ત્રીપુત્રાદિ કુટુંબ પોતાનું ભરણપોષણ કરવામાં અસમર્થ થયેલા તે પુરુષનો જેમ નીચ ખેડૂતો ઘરડા થયેલા બળદનો આદરભાવ કરતા નથી,તેમ આદરસત્કાર કરતું નથી.[૧૨-૧૩] આવી સ્થિતિમાં પણ જેને વૈરાગ્ય ઉત્પન્ન થતો નથી, એવો તે પુરુષ પ્રથમ જેઓનું પોતે પોષણ કરેલું હતું તેઓથી પોષાય છે; તેનું સ્વરૂપ વૃદ્ધાવસ્થાને લીધે બેડોળ બની જાય છે અને મરણ પામવાની તૈયારીમાં આવી જઇને ઘરમાં પડી રહે છે. જેમ કૂતરો અપમાનથી નાખેલા ટુકડાને ખાય છે, તે પ્રમાણે અપમાનથી આપવામાં આવેલા અન્નનો તે આહાર કરે છે, રોગોથી વ્યાપ્ત થઇ જાય છે, તેનો જઠરાગ્નિ પણ મંદ પડી જાય છે, આહાર પણ થોડો લઇ શકે છે, ચેષ્ટાઓ પણ ઓછી થઇ જાય છે, વાયુને લીધે તેનાં નેત્રો બહાર નીકળી પડે છે, તેની નાડીઓ કફથી રૂંધાઇ જાય છે, ઉધરસ અને શ્વાસને લીધે તેને પરિશ્રમ પડે છે અને કંઠમાં ઘરર ઘરર એવો અવાજ થાય છે.[૧૪-૧૬] પછી તો કાળના પાશને વશ થયેલો તે પુરુષ મરણપથારીમાં પડે છે, તેના બંધુઓ તેનો શોક કરતા આસપાસ વીંટળાઈ વળે છે અને તે વેળા બોલાવ્યા છતાં પણ તે બોલતો નથી.[૧૭] એ રીતે કુટુંબનું ભરણપોષણ કરવામાંજ જેનું મન લાગી રહેલું હોય છે, એવો તે અજિતેન્દ્રિય પુરુષ એ મરણ સમયે ઘણીજ વેદનાને લીધે નષ્ટબુદ્ધિ થઇ જાય છે અને રુદન કરતાં પોતાનાં સંબંધીઓની વચ્ચે મરણ પામે છે.[૧૮] તે વેળા ક્રોધપૂર્વક જોતા બે ભયંકર યમદૂતો ત્યાં આવે છે; જેઓને જોઇને હૃદયમાં ત્રાસ પામેલા તે પુરુષનાં મળમૂત્ર છૂટી જાય છે.[૧૯] પછી જેમ રાજાના સિપાઇઓ કોઈ અપરાધીને બાંધીને લઈ જાય છે, તેમ એ યમદૂતો એ પુરુષના યાતના શરીરને (યમલોકની વેદના ભોગવવા શરીરને) બલાત્કારે ગળામાં પાશોથી બાંધીને દૂર માર્ગે લઇ જાય છે.[૨૦] એ સમયે તે બન્ને યમદૂતોનાં તિરસ્કારવચનોથી તેનું હૃદય ભેદાઇ જાય છે અને તેને કંપારી છૂટે છે; રસ્તામાં કૂતરાંઓ તેને ફાડી ખાય છે; ત્યારે અત્યંત દુઃખી થઇને તે પોતાનાં પાપનું સ્મરણ કરે છે.[૨૧] ધગધગતી રેતીવાળા એ યમલોકના માર્ગમાં ક્ષુધા અને તૃષાથી તે ઘેરાઈ જાય છે; સૂર્યનો તાપ, દાવાનળ તથા વાયુને લીધે સંતાપ પામે છે; તેની પીઠ પર ચાબુકના પ્રહાર કરવામાં આવે છે અને પોતે અશક્ત હોવા છતાં પણ આશ્રય કે જળ વિનાના તે માર્ગમાં મહાદુઃખથી ચાલે છે.[૨૨] એ વેળા તે થાકી જાય છે, મૂર્છિત થઇ જાય છે,જ્યાં-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્યાં પડી જાય છે અને ફરીથી ઊભો થઈ જાય છે. એ પ્રમાણે તે પાપી જીવને યમદૂતો એ અંધકારમય પાપી માર્ગે યમલોકમાં લઈ જાય છે.[૨૩] બે કે ત્રણ મુહૂર્તમાં યમદૂતો તેને નવ્વાણું હજાર યોજન માર્ગ ચલાવીને યમલોકમાં લઇ જાય છે. એટલે ત્યાં તે તીવ્ર વેદનાઓ ભોગવે છે;[૨૪] જેવી કે બળતાં લાકડાંઓ વીંટીને યમદૂતો તેના શરીરને સળગાવી મૂકે છે, કોઈ કોઇ વેળા તો પોતેજ કાપેલું કે બીજાઓએ કાપેલું પોતાનુંજ માંસ તેને ખાવું પડે છે.[૨૫] વળી એ યમલોકમાં કૂતરાં ને ગીધડાં જીવતાંજ તેનાં આંતરડાંઓ ખેંચી કાઢે છે; અને સર્પો, વીંછીઓ તથા મચ્છરો વગેરેથી પણ તેને પીડા ભોગવવી પડે છે.[૨૬] તેના અવયવોના ટુકડે ટુકડા કરી નાખવામાં આવે છે, હાથી વગેરે દ્વારા તેને ચીરી નાખવામાં આવે છે, પર્વતોનાં શિખરો પરથી ગબડાવી પાડવામાં આવે છે, પાણીમાં ડુબાવવામાં આવે છે તથા ખાડામાં ઉતારી પૂરી મૂકવામાં આવે છે.[૨૭] પુરુષ કે સ્ત્રીએ પરસ્પર સંગ કરી જે તામિસ્ર, અંધતામિસ્ર તથા રૌરવ વગેરે યાતનાઓ પોતાને માટે નિર્માણ કરેલી હોય છે, તે ત્યાં ભોગવે છે.[૨૮] હે માતા! વિદ્વાનો કહે છે કે, સ્વર્ગ કે નરક એ બધું અહીંજ છે—આ લોકમાંજ પ્રત્યક્ષ જોવામાં આવે છે, જે નરકની યાતનાઓ અહીં પણ જોવામાં આવે છે.[૨૯] એ પ્રમાણે પોતાના કુટુંબનું પોષણ કરતો અને માત્ર પોતાનુંજ પેટ ભરતો પુરુષ એ બન્ને—પોતાના કુટુંબ તથા શરીરને આ લોકમાં છોડી દઇ મરણ પામીને છેવટે આવું ફળ ભોગવે છે.[૩૦] પ્રાણીઓનો દ્રોહ કરીને પોતે જે શરીરને પોષ્યું હોય છે, તે પોતાના શરીરનો આ લોકમાંજ ત્યાગ કરી દઈ પોતાની સાથે કેવળ પાપનુંજ ભાતું લઇને જીવ એકલોજ નરકમાં પડે છે.[૩૧] એ નરકમાં પોતાના કર્મને લીધે પ્રાપ્ત થયેલા કુટુંબપોષણના પાપને હરાયલા ધનવાળા મનુષ્યની પેઠે આતુર થઈને તે જીવ ભોગવે છે.*[૩૨] જે જીવ કેવળ અધર્મથી કુટુંબપોષણ કરવામાં ઉત્સુક થયો હોય, તે 'અંધતામિસ્ર' નામના નરકના છેલ્લા સ્થાનમાં જાય છે;[૩૩] અને ત્યાં મનુષ્યશરીર પછીની જેટલી તીવ્ર વેદનાઓ છે અને કૂતરાં, ભૂંડ વગેરેની જેટલી યોનિઓ છે, તે સર્વને અનુક્રમે પામીને તેના ભોગ વડે પવિત્ર થઇ પાપનો ક્ષય કરી, ફરી પાછો આ મનુષ્યલોકમાં આવે છે—અર્થાત્ મનુષ્યત્વને પામે છે.[૩૪]

अधस्तान्नरलोकस्य यावतीर्यातनादयः ।
क्रमशः समनुक्रम्य पुनरत्राव्रजेच्छुचिः ॥३४॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૩૦ મો સમાપ્ત

अध्याय ३१ मो +

પુણ્ય-પાપની મિશ્રતાથી મનુષ્યજન્મની પ્રાપ્તિ અને ગર્ભવાસમાં જીવની ઈશ્વરસ્તુતિ

॥ श्रीभगवानुवाच ॥
कर्मणा दैवनेत्रेण जंतुर्देहोपपत्तये ।
स्त्रियाः प्रविष्ट उदरं पुंसो रेतःकणाश्रयः ॥ १ ॥

શ્રીકપિલ ભગવાન બોલ્યા—'ઈશ્વર જેનો પ્રેરક છે એવા કર્મને લીધે જીવ શરીરને ધારણ કરવા માટે પુરુષના વીર્યકણનો આશ્રય કરી સ્ત્રીના ઉદરમાં પ્રવેશ કરે છે.[૧] ત્યાં એક રાત્રિએ પુરુષનું વીર્ય અને સ્ત્રીનું રુધિર—એ બન્નેનો મિશ્રભાવ થાય છે; પાંચ રાત્રિએ પરપોટાના આકારે થાય છે, દશ દિવસે બોરડીના ફળના (બોરના) આકારે કઠિન થાય છે અને પછી (જો મનુષ્યયોનિમાં હોય તો) માંસની પેશીના આકારે થાય છે અને (જો તિર્યંચ વગેરેની યોનિમાં હોય તો) ઈંડાના

* કદાચ કોઈને શંકા થાય કે, કુટુંબપોષણ પણ શાસ્ત્રમાં કહેલુંજ છે ને? એના ઉત્તર તરીકે આ શ્લોક છે. કુટુંબનું પોષણ અધર્મથી નહિ કરવું જોઇએ; એ આશય છે. —बालप्रबोधिनी

+ આ અધ્યાયમાં પુણ્ય ને પાપ મિશ્ર થવાથી વચ્ચે મનુષ્યયોનિમાં પ્રાપ્તિરૂપ રજોગુણી ગતિનું વર્ણન કરવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આકારે થાય છે.[2] તે પછી એક મહિને મસ્તક બંધાય છે, બે મહિને હાથ-પગ વગેરે શરીરના વિભાગો થાય છે, ત્રણ મહિને નખ, રુવાંટાં, હાડકાં, ચામડી, પુરુષ કે સ્ત્રીનું ચિહ્ન અને ઇન્દ્રિયોનાં ચિહ્નો ઉત્પન્ન થાય છે;[3] ચાર મહિને શરીરની સાત ધાતુઓ ઉત્પન્ન થાય છે; પાંચ મહિને ક્ષુધા તથા તૃષા લાગવા માંડે છે; છ મહિને ઓરથી વીંટાઈને માતાની જમણી ‡ કૂખમાં ફરે છે,[4] માતાએ ખાધેલા અન્ન-પાનાદિથી એ જીવની ધાતુઓ પ્રતિદિન વૃદ્ધિ પામે છે અને જેમાં અસંખ્ય જીવડાં ઉત્પન્ન થયાં હોય છે એવા વિષ્ટાના તથા મૂત્રના ખાડામાં તે સૂઇ રહે છે.[5] એ વેળા ત્યાંના ભૂખ્યા કૃમિ નામના જીવડા એ જીવના આખા અંગને (ખાઇ ખાઇને) ધાવવાળું કરી મૂકે છે અને કોમળતાને લીધે ઘણું જ કષ્ટ પામીને વારંવાર તે જીવ મૂર્ચ્છા પામે છે.[6] માતાએ ખાધેલા કડવા, તીખા, ગરમ, ખારા, લૂખા અને ખાટા ઉગ્ર પદાર્થોના સ્પર્શ થતાં આખે શરીરે તેને વેદના થઇ આવે છે[7] અને ત્યાં અંદરના ભાગમાં ઓરથી વીંટાયલો અને ઉપરની બાજુ (માતાનાં) આંતરડાંઓથી વીંટાયલો તે જીવ માતાની કૂખમાં મસ્તક રાખીને તેમજ પીઠ તથા ડોકને વાંકાં વાળીને પડ્યો રહે છે.[8] તે જીવ પાંજરામાં પુરાયલા પક્ષીની પેઠે પોતાનાં અંગોને આમતેમ ફેરવવાને માટે પણ અસમર્થ હોય છે. એ વેળા તેને પોતાનાં સેંકડો પૂર્વજન્મનાં કર્મો સ્મરણમાં આવે છે, બરાબર શ્વાસોચ્છ્વાસ પણ ન લઇ શકાય એ રીતે લાંબા કાળ સુધી તેને ત્યાં રહેવું પડે છે, એટલે સુખ તો ક્યાંથીજ મળે? સાતમા મહિનાથી આરંભીને તે જીવને જ્ઞાન પ્રાપ્ત થાય છે, પણ પ્રસવના કારણે એવા વાયુને લીધે તે કંપ્યા કરે છે; તેનાથી એક સ્થળે રહી શકાતું પણ નથી અને વિષ્ટામાં ઉત્પન્ન થયેલા બીજા કીડાઓના જેવી તેની સ્થિતિ હોય છે. તે રીતે સાત ધાતુઓથી વીંટળાઇને દુઃખી થતો અને શરીર તથા આત્માના સ્વરૂપને જાણનારો તે જીવ, ફરી ગર્ભવાસના ભયથી ડરી જાય છે; અને તેથી જેણે પોતાને ઉદરમાં નાખેલો છે તે પરમેશ્વરની બે હાથ જોડીને આવી વ્યાકુળ વાણીથી સ્તુતિ કરે છે.[૯-૧૧]

જીવ સ્તુતિ કરે છેઃ-'શરણે આવેલા જગતની રક્ષા કરવાની ઇચ્છાથી જેમણે અનેક શરીરો ગ્રહણ કરેલાં છે તે પરમાત્માના સર્વ પ્રકારે નિર્ભય અને પૃથ્વી પર ચાલતા ચરણારવિંદને હું શરણે જાઉં છું; જે ભગવાને પાપી એવા મને આ ગર્ભવાસરૂપી યોગ્ય ગતિ દેખાડી છે.[૧૨] પાંચ મહાભૂતો, ઇન્દ્રિયો તથા અંતઃકરણમય હોઇ શરીરના આકારે પરિણામ પામેલી માયાનો આશ્રય કરી કર્મો વડે જાણે ઢંકાયલા સ્વરૂપવાળો હોઉં અને જાણે કર્મોથી બંધાઇ ગયો હોઉં તેમ અહીં-માતાના ઉદરમાં જે રહેલો છું-તેજ હું, મારા સંતપ્ત હૃદયમાં જણાતા, સર્વ વિકારો અને ઉપાધિથી રહિત હોઇ અતિશય શુદ્ધ તથા અખંડ જ્ઞાનવાળા પરમાત્માને નમસ્કાર કરું છું.[૧૩] હું પાંચ ભૂતોથી બનેલા શરીરમાં મિથ્યાજ ઢંકાઇ ગયો છું; વસ્તુતઃ શરીરથી ઢંકાયલો નથીજ, કેમકે શરીરથી રહિત છું-અસંગ છું; છતાં ખોટી રીતે ઇન્દ્રિયો, સત્ત્વાદિ ગુણોના કાર્યરૂપ વિષયો તથા ચિદાભાસરૂપે થયો છું, તેજ હું શરીરમાં રહ્યા છતાં શરીર વડે નાશ ન પામેલા મહિમાવાળા, પ્રકૃતિ-પુરુષના નિયંતા અને સર્વજ્ઞ-વિદ્યારૂપ શક્તિવાળા પરમ પુરુષ પરમાત્માને વંદન કરું છું.*[૧૪] જેમની

‡ અહીં 'જમણી કૂખમાં' એમ જે કહ્યું છે તે પુત્રની અપેક્ષાએ કહ્યું છે. જો કન્યા હોય તો ડાબી કૂખમાં ફરે છે, એમ સમજવું. કેમકે '**पुत्रो दक्षिणकुक्षौ स्याद्वामे कन्या भवेद् ध्रुवम्**' જો પુત્ર હોય તો માતાની જમણી કૂખમાં હોય છે અને જો કન્યા હોય, તો માતાની ડાબી કૂખમાં હોય છે. —**भा. क.**

* કહેવાનો ભાવ એ છે કે વસ્તુતઃ હું શુદ્ધજ છું અને એ વાતમાં '**असंगो ह्ययं पुरुषः** (**बृह. उ.** ૪-૩-૧૫)-આ આત્મા અસંગજ છે.' આ શ્રુતિવા-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માયાને લીધે જેનું સ્વરૂપજ્ઞાન નાશ પામ્યું છે, એવો અને મોટા ગુણનિમિત્તક કર્મો જેમાં બંધનરૂપ છે એવા આ સાંસારિક માર્ગમાં તે સંસારથીજ પ્રાપ્ત થયેલા ક્લેશને લીધે ભટકતો આ જીવ તે મહાન પરમેશ્વરનાજ અનુગ્રહ વિના કઇ યુક્તિથી પુનઃ સ્વરૂપનું જ્ઞાન સંપાદન કરી શકે?×[૧૫] મારામાં જે આ ત્રણે કાળનું જ્ઞાન છે તે કયા દેવે આપ્યું છે? જેમણે અંતર્યામીરૂપ અંશને સ્થાવર—જંગમ સર્વ જગતમાં અનુસરેલો કર્યો છે, તે પરમાત્માએજ મને આ જ્ઞાન આપ્યું છે. માટે જીવરૂપ કર્મપદવીને અનુસરનારા અમે આધ્યાત્મિક, આધિભૌતિક ને આધિદૈવિક—એ ત્રણે તાપની શાંતિ માટે તે પરમાત્માનું ભજન કરીએ છીએ.[૧૬] હે ભગવન્! માતાના ઉદરરૂપી ગુફામાં આવેલા આ લોહી, વિષ્ટા તથા મૂત્રના કૂવામાં પડેલો અને ત્યાંના જઠરાગ્નિ વડે અત્યંત તપેલા શરીરવાળો આ—હું દીનબુદ્ધિ જીવ, આ ગુફામાંથી બહાર નીકળવા ઇચ્છું છું અને મહિનાઓ ગણ્યા કરૂં છું. તો આપ મને અહીંથી બહાર ક્યારે કાઢશો?[૧૭] હે ઈશ્વર! નિરુપમ અને મહાદયાળુ આપે માત્ર દશજ મહિનામાં મને આવું ત્રણે કાળનું જ્ઞાન અર્પણ કર્યું છે; તે દીનાનાથ ભગવાન પોતે કરેલા પોતાના ઉપકારથીજ પ્રસન્ન થાઓ. કેમકે તે પરમાત્મા પ્રત્યે માત્ર બે હાથ જોડવા સિવાય તેમનો કોણ પ્રત્યુપકાર કરી શકે તેમ છે?[૧૮] શરીરની આ સાત ધાતુઓરૂપી આવરણવાળા આ બીજા પશુપંખી વગેરે જીવો પોતાના શરીરમાં થનારા સુખદુઃખનેજ માત્ર જાણે છે; ત્યારે હું તો ભગવાને આપેલા વિવેકજ્ઞાનવડે શમ—દમાદિયુક્ત શરીરવાળો છું અને તેજ અનાદિ પુરાણ પુરુષને બહાર અને હૃદયમાં સર્વત્ર પ્રત્યક્ષ પૂર્ણ જોઈ રહ્યો છું.[૧૯] હે વિભો! જો કે હું અહીં અનેક દુઃખો સાથે રહીને ગર્ભમાં વાસ કરી રહ્યો છું, છતાં પણ અહીંથી બહાર નીકળવા ઇચ્છતો નથી. કેમકે બહાર અંધારિયા કૂવા સરખા સંસારમાં ગયેલા પ્રાણીને આપ ભગવાનની માયા વીંટાઈ વળે છે અને પછી દેહ ઉપર મિથ્યા અહંબુદ્ધિ થાય છે તથા તેની પાછળ સ્ત્રી—પુત્રાદિના સંબંધને લીધે પુનઃ આ સંસારચક્ર પ્રાપ્ત થાય છે.[૨૦] માટે હું અહીંજ રહીને પણ તે વ્યાપક દેવના ચરણનું શરણ લઈશ અને (તે સાધનદ્વારા) અવ્યાકુળ થઇને મારી બુદ્ધિનેજ સારથિ કરી અંધકારરૂપ એવા આ સંસારથી મારા આત્માનો સત્વર ઉદ્ધાર કરીશ, જેથી અનેક ગર્ભમાં વાસ કરવારૂપ આવું દુઃખ ફરી મને પ્રાપ્તજ થાય નહિ.'

શ્રીકપિલ ભગવાન બોલ્યાઃ—'બુદ્ધિથી એવો નિશ્ચય કરીને તે દશ મહિનાનો જીવ, ગર્ભમાં ભગવાનની સ્તુતિ કરી રહ્યો હોય છે, તેવામાં તો તુરતજ પ્રસવ કરાવનારો વાયુ તેને પ્રસવ માટે ઊંધે મસ્તકે ત્યાંથી ધકેલે છે;[૨૧।૨૨] અને એકાએક તે વાયુએ ધકેલેલો જીવ આતુર થઈ પડે છે, શ્વાસરહિત થઇ મૂર્ચ્છિત થઇ જાય છે, તેની સ્મરણશક્તિ નાશ પામી જાય છે અને મહાકષ્ટથી ઊંધે મસ્તકે બહાર નીકળે છે.[૨૩] તે વેળા બહારની ભૂમિ ઉપર લોહી ને મૂત્રમાં તે પડ્યો હોય છે; વિષ્ટાના કીડાની પેઠે આમતેમ લોટે છે અને પોતાનું પૂર્વજ્ઞાન નાશ પામતાં વિપરીત ગતિ પામીને અત્યંત રડવા લાગે છે.[૨૪] પારકા અભિપ્રાયને નહિ જાણનારાં મનુષ્યો પછી તેનું પોષણ કરવા માંડે છે અને પોતાને+ અનિષ્ટ વસ્તુ પ્રાપ્ત

કચ પ્રમાણ છે, છતાં મારામાં અને પરમાત્મામાં વિશેષતા એજ છે કે હું અવિદ્યાથી ઢંકાઈ ગયો છું, ત્યારે પરમાત્મા વિદ્યાશક્તિથી યુક્ત છે—અવિદ્યા ને વિદ્યાને લીધેજ ન્યૂનાધિકતા થવી (વિદ્યાને લીધે ઈશ્વરમાં સર્વજ્ઞતા, યુક્તતા, વ્યાપકતા વગેરે ગુણ તથા અવિદ્યાને લીધે જીવમાં અલ્પપણું, બંધન, જીવભાવ, વગેરે દોષ) એ અમારા બન્નેમાં વિશેષતા (અંતર) છે. —શ્રીધર

× અર્થાત્ ઈશ્વરની કૃપા વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી, માટે તે પરમેશ્વરનુંજ સેવન કરવું યોગ્ય છે.—શ્રીધર

+ પોતાને અનિષ્ટ વસ્તુ—જેવી કે, પોતે ધાવણ માટે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થાય છતાં તેની ના પાડવા માટે પણ તે અસમર્થ થઇ પડે છે.[25] મચ્છર, માખીઓ તથા માંકડ વગેરેથી દૂષિત અને અપવિત્ર ખાટલામાં સુવાડેલો તે જીવ પોતાના શરીરને ખણવા માટે પણ અસમર્થ હોય છે અને બેસવું કે ઊભા થવું વગેરે ચેષ્ટા પણ કરી શકતો નથી.[26] જેમ કીડાઓ કીડાને કરડે, તેમ ડાંસ, મચ્છર તથા માંકડ વગેરે જીવડાંઓ જ્ઞાનરહિત હોઈને રડતા અને કોમળ ચામડીવાળા તે જીવને કરડે છે.[27] એ રીતે* બાલ્યાવસ્થા ભોગવી પૌગંડ‡ અવસ્થામાં વિદ્યાભ્યાસ વગેરેનાં દુઃખ ભોગવે છે. પછી યુવાન થતાં, પોતાને ઇષ્ટવિષયો પ્રાપ્ત થતા નથી એટલે અજ્ઞાનથી ક્રોધાવેશમાં આવી જાય છે, શોકાતુર બની જાય છે અને શરીરની સાથે વૃદ્ધિ પામતા મન તથા ક્રોધને લીધે પોતાનોજ નાશ કરવા માટે પોતે વિષયાભિલાષી થઈ બીજા કામી પુરુષો સાથે વિરોધ કરે છે.[28,29] આવી રીતે અજ્ઞાની એવો તે દુષ્ટબુદ્ધિ જીવ પાંચ ભૂતોથી બનેલા આ શરીરમાં ખોટો આગ્રહ રાખીને 'હું', 'મારું' આવી મિથ્યાબુદ્ધિ કરે છે; દેહાદિ પરના મિથ્યાભિમાનને લીધે જે શરીરનું બંધારણ થાય છે અને જે શરીર આ જીવને જન્મમરણાદિ દુઃખજ આપતું તેની પાછળ આવ્યા કરે છે, તે શરીર માટેજ આ જીવ કર્મ કરે છે અને તે કર્મથી પાછો બંધાઇને સંસારને પામે છે.[30,31] મનુષ્યજન્મમાં પણ જીવ શિશ્નોદરને માટેજ ઉદ્યમ કરનારા દુષ્ટ મનુષ્યોની સાથે તેઓના માર્ગમાં રહીને જો રમે છે—આસક્ત થાય છે તો પૂર્વની પેઠે ફરી પણ નરકમાં જાય છે.[32] કારણ કે દુષ્ટ માણસોના સંગથી સત્ય, પવિત્રતા, દયા, મૌન, પરમ પુરુષાર્થવિષયક બુદ્ધિ, ધન—ધાન્યરૂપ લક્ષ્મી, લજ્જા, કીર્તિ, ક્ષમા, બાહ્યેન્દ્રિયનિગ્રહરૂપ શમ, મનોનિગ્રહરૂપ દમ તથા ઉન્નતિ—એ સર્વનો નાશ થાય છે.[33] માટે સ્ત્રીઓને રમવાનાં રમકડાં જેવા અને તેથી શોક કરવાયોગ્ય એવા દુષ્ટ મનુષ્યોનો સંગ કરવો નહિ; કેમકે તેઓ વિષયતૃષ્ણાથી કદી શાંત થતા નથી, મૂઢ હોય છે અને દેહનેજ આત્મા માનનારા હોય છે.[34] સ્ત્રીનો સંગ કરવાથી તથા સ્ત્રીના સંગીઓનો સંગ કરવાથી પુરુષને જેવો મોહ અને જેવું બંધન થાય છે, તેવો મોહ કે તેવું બંધન બીજાના સંગથી થતું નથી.[35] પ્રજાપતિ બ્રહ્મા પણ પોતાની પુત્રીને જોઇને તેના રૂપથી મોહિત થઇ ગયા હતા અને મૃગલીરૂપ થયેલી તે પુત્રી પાછળ પોતે પણ મૃગ બની નિર્લજ્જ થઇ દોડ્યા હતા.[36] તે બ્રહ્માએ સરજેલા મરીચિ વગેરે પ્રજાપતિઓ અને તે મરીચિ વગેરેએ ઉત્પન્ન કરેલા દેવમનુષ્યાદિ સર્વમાં એક નારાયણ ઋષિ વિના એવો કયો પુરુષ છે, કે જે (મારી) સ્ત્રીરૂપ માયાથી મોહિત મનવાળો ન થયો હોય?[37] મારી સ્ત્રીરૂપ માયાનું બળ તો તમે જુઓ કે જે સર્વ દિશાઓને જીતનારા પુરુષોને પણ કેવળ પોતાની ભ્રૂકુટીના વિલાસમાત્રથીજ પોતાના પગ તળે દબાવી દે છે.[38] માટે યોગપારંગત થવાની ઇચ્છાવાળા પુરુષે સ્ત્રીઓનો કદી પણ સંગ કરવો ન જોઇએ; કેમકે જેઓએ મારી સેવાથી, આત્મલાભ મેળવ્યો હોય છે એવા યોગીપુરુષો, મુમુક્ષુ માટે તો સ્ત્રીઓને નરકનું એક દ્વાર કહે છે.[39] પરમાત્માએ ઉત્પન્ન કરેલી સ્ત્રીરૂપી માયા ધીમે ધીમે (સેવા વગેરેના બહાને) સમીપમાં આવે છે, પણ (તે વેળા પુરુષે) એ સ્ત્રીને ઘાસથી ઢાંકેલા કૂવાની પેઠે પોતાના મૃત્યુરૂપે જોવી જોઈએ.[40] તેજ પ્રમાણે સ્ત્રીસંગને લીધે સ્ત્રીપણાને પામેલો જીવ, પુરુષનું આચરણ કરતી જે મારી માયા, ધન, સંતાન, ઘર વગેરે આપે છે અને જે પુરુષરૂપી મારી માયાને

રડતો હોય છતાં બીજાં મનુષ્યો તેને પેટમાં દુખતું હશે એમ માનીને કડવા કડવા રસો પિવડાવે છે અને જ્યારે પેટની પીડાને લીધે રડતો હોય છે ત્યારે તેને સ્તનપાન કરાવે છે. આ બધું સહન કરવું પડે છે.—શ્રીધર

* પાંચ વર્ષ સુધીની બાલ્યાવસ્થા મનાય છે.

‡ પાંચથી દશ વર્ષ સુધીની અથવા યુવાવસ્થાની પહેલાંની પૌગંડ અવસ્થા કહેવાય છે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાના પતિ તરીકે માને છે તે પતિ,સંતાન તથા ધરરૂપ મારી માયાને પણ તે (મુમુક્ષુ) સ્ત્રીએ, જેમ પારધિનું ગાયન મૃગના મૃત્યુરૂપ છે, તેજ પ્રમાણે દૈવયોગે પ્રાપ્ત થયેલા પોતાના મૃત્યુરૂપેજ માનવી જોઈએ.[૪૧।૪૨] જીવ પોતાને ઉપાધિરૂપે વળગેલા લિંગશરીર વડે એક સ્થૂલદેહથી બીજા સ્થૂલદેહમાં જાય છે અને ત્યાં પોતાનાં કર્મોને ભોગવતો નિત્ય બીજાં નવાં કર્મો કરે છે.[૪૩] જીવને ઉપાધિરૂપ એવું લિંગશરીર કે જે (જીવની મુક્તિ સુધી) તેની પાછળજ આવ્યા કરે છે તે અને પાંચ ભૂતો, ઇન્દ્રિયો તથા મન એ વિકારોથી બનેલું સ્થૂલશરીર–આ બન્ને શરીરની પોતાનાં કાર્ય કરવાની યોગ્યતા બંધ પડે છે, તેજ જીવનું મરણ કહેવાય છે અને તેઓ બન્ને શરીરની કાર્ય કરવાની યોગ્યતા જ્યારે પ્રકટ થાય છે, ત્યારે જીવનો જન્મ કહેવાય છે.*[૪૪] પૃથ્વી, જળ, તેજ, વાયુ ને આકાશ વગેરે દ્રવ્યોના સાક્ષાત્કારનું કારણ આ ભોગાયતન સ્થૂલશરીરની તે તે દ્રવ્યદર્શનમાં અયોગ્યતા થાય છે ત્યારે તેનું (જીવનું) મરણ કહેવાય છે અને જ્યારે તે પ્રકટ થયેલા સ્થૂલશરીરથી દ્રવ્યદર્શન થઇ શકે છે ત્યારે તેનો (જીવનો) જન્મ કહેવાય છે.§[૪૫] જેમ નેત્રના બે ગોળા ફૂલું, મોતિયો કે કમળાના રોગને લીધે પદાર્થના અવયવરૂપી રૂપ વગેરેને જોવામાં અયોગ્ય થઇ પડે છે, ત્યારે ચક્ષુષ્ ઇન્દ્રિયની પણ રૂપાદિને જોવામાં અયોગ્યતા થાય છે; અને જ્યારે તે નેત્રના ગોળા અને ચક્ષુષ્ ઇન્દ્રિય એ બન્નેની પદાર્થદર્શનમાં અયોગ્યતા થાય છે, ત્યારે દ્રષ્ટા જીવની પણ પદાર્થદર્શનમાં અયોગ્યતા ગણાય છે; તેજ પ્રમાણે જ્યારે સ્થૂલશરીરને પોતાના કાર્યમાં અયોગ્યતા પ્રાપ્ત થાય છે, ત્યારે લિંગશરીરને પણ પોતાના કાર્યમાં અયોગ્યતા પ્રાપ્ત થાય છે અને તે બન્ને શરીરને એ રીતે પોતાનાં કાર્ય કરવામાં અયોગ્યતા પ્રાપ્ત થાય છે, ત્યારે જીવ પણ પોતાનું કાર્ય કરવામાં અયોગ્ય થઈ પડે છે. (બસ, આનું નામજ મૃત્યુ કહેવાય છે; વસ્તુતઃ જીવનાં જન્મ–મરણ નથીજ.)[૪૬] માટે ધીર પુરુષે (વસ્તુતઃ જીવનાં જન્મ–મરણ છેજ નહિ એમ સમજીને) મૃત્યુથી ત્રાસ પામવો નહિ જોઇએ કે જીવવાનો પ્રયત્ન કરવામાં દીનતા કરવી નહિ જોઇએ–જીવવાનો લોભ ન કરવો જોઇએ, પણ જીવ તો નિત્ય જ્ઞાનસ્વરૂપ છે, આવી જીવની ગતિ જાણીને સર્વ સંગનો ત્યાગ કરી સર્વત્ર વિચરવું જોઇએ.[૪૭] તેમજ સમ્યગ્ વિચારવાળી અને યોગ તથા વૈરાગ્યને ધારણ કરનારી બુદ્ધિ વડે માયારચિત એવા આ સંસારમાં શરીર ઉપરની આસક્તિનો ત્યાગ કરી વિચરવું જોઇએ.[૪૮]

सम्यग्दर्शनया बुद्धया योगवैराग्ययुक्तया ।
मायाविरचिते लोके चरेन्न्यस्य कलेवरम् ॥४८॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૩૧ મો સમાપ્ત

अध्याय ३२ मो*

સાત્ત્વિક ધર્મોથી ઉપરના લોકમાં ગતિ અને તત્ત્વજ્ઞાન વિના પુનઃ સંસારપ્રાપ્તિ

॥ कपिल उवाच ॥

अथ यो गृहमेधीयान् धर्मानेवावसन् गृहे ।
काममर्थं च धर्मान् स्वान् दोग्धि भूयः पिपर्ति तान्

શ્રીકપિલ ભગવાન બોલ્યાઃ– ÷હવે જે પુરુષ

* અર્થાત્ જીવ તો નિત્ય છે. તેને જન્મ–મરણ કદી હોઇ શકે નહિ. શરીરનીજ કાર્યમાં યોગ્યતા-અયોગ્યતા તેજ જીવનાં જન્મમરણ છે. —મા. ક.

§ અર્થાત્ જ્યારે જીવને સ્થૂલશરીર પરનું અભિમાન દૂર થાય છે,ત્યારે તે સ્થૂલશરીરનો નાશ થતાં જીવનું મરણ કહેવાય છે અને જીવને સ્થૂલશરીર પરનું અભિમાન પ્રકટ થાય છે ત્યારે તે સ્થૂલશરીર પણ પ્રકટ થતાં જીવનો જન્મ કહેવાય છે. એટલે વસ્તુતઃ શરીરનાંજ જન્મ તથા મરણ છે, નહિ કે જીવનાં. —મા. ક.

* આ અધ્યાયમાં સાત્ત્વિક ધર્મો વડે ઊર્ધ્વગતિ થાય છે અને તત્ત્વજ્ઞાનરહિત મનુષ્યને ફરી સંસારમાં આવવું પડે છે, તે કહેવામાં આવે છે. —શ્રીધર

÷ પૂર્વાધ્યાયમાં પાપકર્મી જીવોની ગતિ કહીને અ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

ગૃહસ્થાશ્રમમાં રહીને પોતાના ધર્મોનુંજ પાલન કરે છે અને તે દ્વારા કામ તથા અર્થને સંપાદન કરે છે અને પુનઃ તે કામ તથા અર્થનેજ મેળવવા માટે પોતાના તે ગૃહસ્થધર્મોનુંજ આચરણ કરે છે, તે પુરુષ પણ કામવાસનાથી મૂઢ બનીને ભગવાનની ભક્તિરૂપ ધર્મથી વિમુખ રહે છે અને શ્રદ્ધાથી યુક્ત થઈ યજ્ઞોદ્વારા (પ્રાકૃત એવા) દેવો તથા પિતૃઓનું યજન કરે છે.[૧-૨] વળી એવા પુરુષની બુદ્ધિ તે પિતૃઓ તથા દેવો પરની શ્રદ્ધાથી વ્યાપ્ત હોય છે, પિતૃઓ તથા દેવોનાંજ તે વ્રત કરે છે અને છેવટે ચંદ્રમાના લોકમાં જઇને ત્યાં અમૃતનું પાન કરી પુનઃ આ મનુષ્યલોકમાં પાછો ફરે છે.[૩]+ જ્યારે શેષનાગ એજ જેમનું આસન છે એવા શ્રીહરિ ભગવાન શેષનાગરૂપી શય્યામાં શયન કરે છે, ત્યારે ગૃહસ્થાશ્રમીઓએ (પોતાના પુણ્યથી) સંપાદન કરેલા એ લોકો નાશ પામે છે;[૪] પણ જે ધીર પુરુષો કામ તથા અર્થને સંપાદન કરવા માટે સ્વધર્મોનું દોહન કરતા નથી; એટલે સ્વધર્મોનું પાલન કરી તે દ્વારા કામ તથા અર્થને સંપાદન કરવાની આશા રાખતા નથી, હરકોઈ વિષયમાં આસક્તિ રાખતા નથી, પોતાનાં સર્વ કર્મોને ઈશ્વરાર્પણ કરે છે, અત્યંત શાંત હોય છે, શુદ્ધ ચિત્તવાળા હોય છે, નિવૃત્તિધર્મમાંજ આસક્ત રહે છે, મમતાનો ત્યાગ કરે છે અને અહંકારથી રહિત હોય છે તે પુરુષો, (એ નિષ્કામ) સ્વધર્માચરણરૂપ સત્ત્વગુણથી અત્યંત શુદ્ધ થયેલા મનને લીધે સૂર્યમંડળદ્વારા પરિપૂર્ણ એવા પરમ પુરુષને÷ પામે છે, કે જે પરમપુરુષ પર (બ્રહ્માદિ) તથા અપર (આપણે બધા)ના ઈશ્વર છે, સર્વના ઉપાદાનકારણ છે અને જગતની ઉત્પત્તિ તથા નાશમાં નિમિત્તકારણ છે. હવે જેઓ બ્રહ્મદેવને પરમેશ્વર માનીને તેમનીજ ઉપાસના કરે છે, તેઓ બે પરાર્ધ સુધીનો બ્રહ્માનો આયુષકાળ પૂરો થતાં બ્રહ્માનો પરમેશ્વરમાં લય થાય છે ત્યાંસુધી બ્રહ્મલોકમાં રહે છે[૫-૮] અને પછી ત્રિગુણાત્મક પ્રપંચના અભિમાની અને ઇન્દ્રાદિ દેવોથી પરશ્રેષ્ઠ એવા સ્વયંભૂ બ્રહ્મા, બે પરાર્ધરૂપ પોતાનો આયુષકાળ ભોગવીને પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, ઇન્દ્રિયો, શબ્દાદિ વિષયો તથા અહંકાર વગેરેથી વીંટાયલા આ બ્રહ્માંડનો સંહાર કરવાની ઇચ્છા કરી, જ્યારે અવ્યાકૃત પરમેશ્વરમાં પ્રવેશે છે—લય પામે છે, ત્યારે દૂર જઈ ભગવાન બ્રહ્મદેવમાં પ્રથમથીજ લય પામેલા અને રાગરહિત થઇ પ્રાણવાયુ તથા મનને જીતનારા તે યોગીઓ તે બ્રહ્મદેવની સાથેજ પરમાનંદરૂપ અને સર્વોત્કૃષ્ટ એવા પુરાણપુરુષ પરબ્રહ્મને* પામે છે (પણ બ્રહ્મદેવની પહેલાં પામી શકતા નથી.) કેમકે ત્યાંસુધી તેઓનું દેહાભિમાન ગયેલું હોતું નથી;[૯-૧૦] માટે હે માતા ! પ્રાણીમાત્રના હૃદયકમળમાં રહેલા અને જેમનો પ્રભાવ તમે સાંભળ્યો છે એવા તે ભગવાનને તમે પ્રેમથી શરણે જાઓ.+ વેદગર્ભ—બ્રહ્મા જે સ્થાવર—જંગમ સર્વ પ્રાણીઓના આદ્ય છે તે પણ

અહીંથી પ્રથમના ચાર શ્લોકોમાં કામ્ય કર્મ કરનાર પુરુષોની ગતિનું વર્ણન છે. તે પછી ૫—૭ શ્લોકોમાં ભગવદ્ધર્મોનું આચરણ કરનારાઓની ગતિ વર્ણવી છે.—**શ્રીધર**

+ જ્યારે એટલે દૈનંદિન પ્રલયસમયે—બ્રહ્માનો દિવસ પૂરો થતાં પ્રલય થાય છે તે સમયે. —**भा. क.**

÷ વેદ પણ કહે છે—**सूर्यद्वारेण ते विरजाः प्रयान्ति यत्रामृतः पुरुषो ह्यव्ययात्मा** (**मुं. उ १-२-११**) રજોગુણરહિત થયેલા તે નિષ્કામ પુરુષો જ્યાં અમૃતરૂપ અવિનાશી પરમાત્મા બિરાજે છે ત્યાં સૂર્ય—મંડળદ્વારા જાય છે. —**શ્રીધર**

* આવાજ આશયનું ધર્મશાસ્ત્રમાં વર્ણન છે.

ब्रह्मणा सह ते सर्वे संप्राप्ते प्रतिसंचरे ।
परस्यान्ते कृतात्मानः प्रविशन्ति परं पदम् ॥

અર્થાત્ બ્રહ્મદેવની ઉપાસના કરનારા યોગીઓ બ્રહ્માના આયુષકાળને અંતે જ્યારે પ્રલય થાય છે ત્યારે એ બ્રહ્મદેવની સાથેજ પરમપદને પામે છે. —**શ્રીધર**

+ કેમકે ભગવાનના ઉપાસકોજ ભગવાનને સાક્ષાત્ પામી શકે છે, બીજાઓની ઉપાસનાથી તો ક્રમે ક્રમે ભગવાનની પ્રાપ્તિ થાય છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જો કે નિષ્કામ કર્મથી યુક્ત છે, છતાં ભેદદષ્ટિ અને કર્તાપણાના અભિમાનરૂપ દોષને લીધે પ્રલયકાળે જ્ઞાનૈશ્વર્યાદિ ગુણોથી યુક્ત એવા પુરુષોત્તમ પુરુષ બ્રહ્મને પામ્યા છતાં, પુનઃ સૃષ્ટિકાળે ઈશ્વરમૂર્તિ કાળને લીધે સત્ત્વાદિ ગુણોની પરિણામાવસ્થા થાય છે ત્યારે પૂર્વની પેઠેજ મરીચિ વગેરે ઋષિઓની સાથે, સનત્કુમારાદિ યોગેશ્વરો સાથે અને બીજા યોગપ્રવર્તક સિદ્ધ પુરુષોની સાથે (પાછા બ્રહ્મદેવ તરીકેજ) ઉત્પન્ન થાય છે.[૧૧-૧૪] આવી રીતે તે બ્રહ્મદેવ સુધ્ધાં પણ ધર્મથી સંપાદન કરેલા ઐશ્વર્યને તથા પરમેષ્ઠિપદને પ્રથમ ભોગવીને પ્રલયકાળે પરમેશ્વરને પામ્યા છતાં (ભેદદષ્ટિને લીધેજ) પુનઃ સૃષ્ટિકાળે પાછા ફરે છે. (તો પછી બીજાની તો વાતજ શી?) હવે જે પુરુષો કેવળ કર્મોમાંજ આસક્ત મનવાળા હોય છે, કર્મોમાંજ શ્રદ્ધા રાખે છે, સમગ્ર કામ્ય કર્મ અને સંધ્યાવંદનાદિ નિત્યકર્મોને કર્યા કરે છે, રજોગુણથી કુંઠિત મનવાળા હોય છે, કામનાઓમાં આસક્ત મનવાળા હોઇને અજિતેંદ્રિય હોય છે, તેઓનાં મન કેવળ ઘરમાંજ વળગી રહ્યાં હોય છે અને તેઓ પ્રતિદિન પિતૃઓનું પૂજન કર્યા કરે છે.[૧૫।૧૬] આવા ત્રૈવર્ગિક–કેવળ ધર્મ, અર્થ તથા કામકાજમાં લીન રહેનારા પુરુષો જેમનું જ્ઞાન સંસારને દૂર કરનારૂં છે, જેમણે મધુ દૈત્યનો નાશ કર્યો છે અને જેમનાં મહાન પરાક્રમો વર્ણન કરવાયોગ્ય છે, તે ભગવાનની કથાથી વિમુખ રહે છે[૧૭।૧૮] અને આવા જે પુરુષો શ્રીભગવાનની કથારૂપ અમૃતનો ત્યાગ કરી જેમ વિષ્ટા ખાનારાં પ્રાણીઓ વિષ્ટા તરફ દોડી જાય છે, તેમ દુષ્ટ પુરુષોની કુકથાઓજ સાંભળ્યા કરે છે, તેઓને તેમનાં પ્રારબ્ધકર્મોએજ અવશ્ય હણી નાખ્યા હોય છે–તેઓ બિચારા તેમનાં કર્મોને લીધેજ આમ વિનાશ પામી રહ્યા છે. આવા પુરુષો ગર્ભાધાનથી આરંભી છેક શ્મશાન સુધીની શાસ્ત્રોક્ત ક્રિયાઓ કરવામાંજ આસક્ત રહે છે અને (મરણ પછી) સૂર્યથી જમણી બાજુ આવેલા માર્ગે થઇને પિતૃલોકમાં જાય છે અને ફરી પાછા પોતાના પુત્ર વગેરેના વંશમાં ઉત્પન્ન થાય છે.[૧૯।૨૦] હે પતિવ્રતા માતા! તેઓ પિતૃલોકને પામ્યા પછી પોતાનાં પુણ્યનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે પુનઃ પરાધીન થઇને આ લોકમાં પડે છે અને તેઓનાં ભોગસાધનોનો પણ દૈવો તત્કાળ નાશ કરી નાખે છે.[૨૧] માટે તમે જેમનાં ચરણકમળ ભજન કરવાયોગ્ય છે એવા પરમેશ્વરનું તેમના ગુણોના આશ્રયવાળી ભક્તિથી અતિ પ્રેમથી ભજન કરો.[૨૨] કેમકે વાસુદેવ ભગવાન વિષે યોજેલો ભક્તિયોગ તત્કાળ વૈરાગ્ય તથા બ્રહ્મદર્શન કરાવનારા જ્ઞાનને ઉત્પન્ન કરે છે,[૨૩] જ્યારે આ ભક્ત પુરુષનું મન, (બ્રહ્મસ્વરૂપ હોઇ) સમાન એવા સર્વ પદાર્થોમાં પોતાની ઇન્દ્રિયવૃત્તિઓથી 'આ પ્રિય કે અપ્રિય' એવી વિષમતાને ગ્રહણ કરતું નથી–સર્વત્ર ભેદદષ્ટિથી વિમુક્ત થાય છે ત્યારે તે ભક્ત પોતેજ પોતાના આત્માને સર્વ સંગથી રહિત, સમદર્શનરૂપ–અવિષમ જ્ઞાનસ્વરૂપ, ત્યાગ કરવાયોગ્ય કે ગ્રહણ કરવાયોગ્ય, વિભાગથી રહિત અને હું પરમાનંદસ્વરૂપ છું' એવા નિશ્ચયને પામેલો જુએ છે.[૨૪] માત્ર જ્ઞાનસ્વરૂપ એવા પરબ્રહ્મ પરમાત્મા એકજ ઈશ્વર પુરુષ, ભગવાન, દ્રષ્ટા, દશ્ય આદિ શબ્દોથી પ્રસિદ્ધ હોઇ વિવિધ સ્વરૂપે જણાય છે.*[૨૫।૨૬] બસ, સમગ્ર યોગથી યોગી પુરુષને પ્રાપ્ત કરવાયોગ્ય ફળ આટલુંજ છે, કે તેણે સંપૂર્ણ રીતે સર્વ પ્રપંચના સંગનો ત્યાગ કરવો જોઇએ–અર્થાત્ સર્વ પ્રપંચના સંગનો ત્યાગ એજ સમગ્ર યોગનું ફળ છે.†[૨૭] પરબ્રહ્મ પરમા-

* અર્થાત્ પરમાત્મા એકજ સર્વ પદાર્થસ્વરૂપ છે; તેમાં ઉપનિષદોમાં તે પરબ્રહ્મ કહેવાય છે, યોગશાસ્ત્રમાં પરમાત્મા–ઈશ્વર કહેવાય છે, સાંખ્યશાસ્ત્રમાં પુરુષ તથા ભક્તિશાસ્ત્રમાં ભગવાન કહેવાય છે. **—બાલપ્રબોધિની**

† અર્થાત્ '**सर्वं खल्विदं ब्रह्म**' એમ સર્વ પદાર્થોને બ્રહ્મસ્વરૂપે જોવા એજ સમગ્ર યોગનું ફળ છે. **—મા. ક.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્મા કેવળ જ્ઞાનસ્વરૂપ અને નિર્ગુણ છે. તે એકજ બહિર્મુખ ઇન્દ્રિયોદ્વારા ભ્રાંતિ થવાથી શબ્દાદિ ધર્મવાળા અનેક પદાર્થરૂપે ભાસે છે—વસ્તુતઃ બ્રહ્મથી ભિન્ન એવો કોઈ પદાર્થ છેજ નહિ.§ ૨૮ જેમ પ્રથમ એકજરૂપે રહેલા પરમાત્મા મહત્તત્ત્વરૂપ થયા, તે મહત્તત્ત્વ અહંકારરૂપ થયું અને અહંકાર ત્રણ ગુણરૂપ થયો, પાંચ મહાભૂતરૂપે થયો તથા અગિયાર ઇન્દ્રિયોરૂપ થયો; પછી તે સર્વ સ્વરાટ્—સમષ્ટિ પુરુષરૂપે થયું; તેમનું શરીર બ્રહ્માંડ તથા (વ્યષ્ટિરૂપે) જગત છે, જે મહત્તત્ત્વ વગેરેથી ઉત્પન્ન થયું છે. (આ રીતે સર્વ કાંઈ પરમાત્માનુંજ ભિન્ન ભિન્ન કલ્પેલું સ્વરૂપ છે.) ૨૯ આ પરમબ્રહ્મને નિત્ય શ્રદ્ધા, ભક્તિ, વૈરાગ્ય તથા યોગાભ્યાસથી જેનું મન એકાગ્ર થયું હોય તેવો નિઃસંગ પુરુષ સર્વત્ર જોઈ શકે છે. ૩૦ હે પૂજ્ય માતા! એ પ્રમાણે બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવનારૂં જે જ્ઞાન છે, તે મેં તમને કહ્યું, કે જે જ્ઞાનથી પ્રકૃતિ તથા પુરુષનું યથાર્થ સ્વરૂપ સમજાય છે. આ નિર્ગુણ બ્રહ્મવિષયક જ્ઞાનયોગ અને મારામાં યોજેલો ભક્તિયોગ—એ બન્નેનું ફળ એકજ છે. આ બન્નેદ્વારા ભગવાનનો સાક્ષાત્કાર કરવારૂપ એકજ ફળ પ્રાપ્ત કરી શકાય છે. ૩૧,૩૨ જેમ રૂપ—રસાદિ* ગુણોનો આશ્રય એવો કોઈ એકજ પદાર્થ જુદા જુદા માર્ગોવાળી ઇન્દ્રિયોથી ભિન્ન ભિન્ન પ્રકારે જણાય છે, તેમ ભગવાન એકજ છે છતાં શાસ્ત્રોના જુદા જુદા માર્ગોથી જુદા જુદા સ્વરૂપે જણાય છે.÷ વાવ—કૂવા બંધાવવા વગેરે ક્રિયાઓ યજ્ઞ, દાન, તપ, સ્વાધ્યાય, વેદશાસ્ત્રોના અર્થવિચાર, મન તથા ઇન્દ્રિયોનો જય, કર્મોનો ત્યાગ, અનેકાંગી યોગાભ્યાસ, ભક્તિયોગ, સકામ નિષ્કામ ધર્મ, પ્રવૃત્તિમાર્ગ કે નિવૃત્તિમાર્ગ, આત્મતત્ત્વનું જ્ઞાન અને દઢ વૈરાગ્ય—આ સર્વ માર્ગોથી સગુણ કે નિર્ગુણ સ્વયંપ્રકાશ પરમાત્માને પામી શકાય છે. ૩૩–૩૬ એ પ્રમાણે ભક્તિયોગનું ચાર પ્રકારનું સ્વરૂપ તથા પ્રાણીઓની અંદર દોડી રહેલા અસ્પષ્ટ ગતિવાળા કાળનું સ્વરૂપ મેં તમને કહ્યું. ૩૭ હે માતા! અવિદ્યા તથા કર્મથી નિર્માણ થયેલા અનેક જન્મો જીવને લેવા પડે છે; જેને પામેલો જીવ પોતાનું યથાર્થ સ્વરૂપ જાણી શકતો નથી. હે માતાજી! જે મનુષ્ય બીજાને ઉદ્વેગ કરનારો હોય, ઉદ્ધત હોય, અભિમાની હોય, દુરાચારી હોય, તેમજ દંભી હોય, તેને મેં કહેલા આ જ્ઞાનનો કદી ઉપદેશ કરવો નહિ; વળી જે મનુષ્ય લોભી હોય—લાલચુ હોય, ઘરમાંજ આસક્ત ચિત્તવાળો હોય અને અભક્ત હોય તેને પણ આ જ્ઞાનનો ઉપદેશ કરવો નહિ, તેમજ જેઓ મારા ભક્તોનો દ્વેષ કરનારા હોય તેઓને પણ મેં કહેલો આ જ્ઞાનનો ઉપદેશ કદી આપવો નહિ. પણ જે મનુષ્ય શ્રદ્ધાળુ હોય, ભક્ત હોય, વિનયવાળો હોય, અદેખાઈ વગરનો હોય, પ્રાણીમાત્ર ઉપર મિત્રતા રાખતો હોય, સેવામાં પ્રીતિવાળો હોય, બાહ્યવિષયો ઉપર જેને વૈરાગ્ય થયો હોય, શાંત ચિત્તવાળો હોય, મત્સરરહિત હોય, પવિત્ર હોય અને જેને અત્યંત પ્રિય વસ્તુ કરતાં પણ

---

§ છતાં તે તે પદાર્થોમાં ભેદદષ્ટિ કરવી એજ બંધનરૂપ થાય છે. માટે મુમુક્ષુએ ભેદદષ્ટિનો ત્યાગ કરવામાંજ પ્રયત્ન કરવો જોઇએ. —બાલપ્રબોધિની

* આજ વાત ભગવદ્‌ગીતામાં પણ કહી છે—**ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः (श्री. भ. गी. १२-४)** પ્રાણીમાત્રનું હિત કરવામાં આસક્ત એવા તે જ્ઞાનીઓ તથા ભક્ત યોગીઓ મનેજ પામે છે.

અથવા **'एकमप्यास्थितः सम्यगुभयोर्विंदते फलम्' 'यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते' (श्री. भ. गी. ५–५)**

જ્ઞાનયોગ તથા ભક્તિયોગ—એ એમાંથી ગમે તે એકનો સારી રીતે આશ્રય કરવામાં આવે તો બન્નેનું ફળ મળે છે. જ્ઞાનીઓને જે સ્થાન મળે છે તેજ સ્થાન ભક્ત યોગીઓને પણ મળે છે, એમ ગીતામાં કહ્યું છે. —બાલપ્રબોધિની

÷ જેમ ગોળ ચક્ષુથી લાલ કે પીળો દેખાય છે, જિહ્વાથી મધુર જણાય છે અને ત્વચાથી સ્પર્શ કરતાં શીતળ જણાય છે, તેમ ભગવાન એકજ છે છતાં ભિન્ન-ભિન્ન જણાય છે—જ્ઞાનમાર્ગમાં નિર્ગુણ જણાય છે ત્યારે ભક્તિમાર્ગમાં સગુણ જણાય છે. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હું પ્રિય હોઉં તેવા મનુષ્યને આ જ્ઞાનનો ઉપદેશ આપવો. હે માતા! જે પુરુષ મેં કહેલા આ જ્ઞાનને શ્રદ્ધાથી મારામાં ચિત્ત રાખીને એક વાર પણ સાંભળે છે અથવા બીજાને સંભળાવે છે, તે અવશ્ય મારી પદવીને પામે છે.'"૩૮-૪૩

य इदं शृणुयादम्ब श्रद्धया पुरुषः सकृत् ।
यो वाऽभिधत्ते मच्चित्तः स ह्येति पदवीं च मे ॥४३

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૩૨ મો સમાપ્ત

अध्याय ३३ मो×

કપિલદેવના ઉપદેશથી માતા દેવહૂતિની જીવન્મુક્તિ

॥ मैत्रेय उवाच ॥

एवं निशम्य कपिलस्य वचो जनित्री ।
सा कर्दमस्य दयिता किल देवहूतिः ॥
विस्रस्तमोहपटला तमभिप्रणम्य ।
तुष्टाव तत्त्वविषयांकितसिद्धिभूमिम् ॥१॥

મૈત્રેય બોલ્યા–"કપિલદેવનાં એ પ્રમાણે વચન સાંભળીને તેમની માતા અને કર્દમ ઋષિનાં પત્ની એવાં દેવહૂતિના મોહનું આવરણ દૂર થઇ ગયું; અને તત્ત્વો એજ જેનો વિષય છે એવા સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક તે કપિલદેવને પ્રણામ કરી તેઓ તેમની સ્તુતિ કરવા લાગ્યાં.૧

દેવહૂતિ બોલ્યાં:–'જે બ્રહ્મદેવ સાક્ષાત્ આપના ઉદરમાંથી ઉત્પન્ન થયેલા કમળમાં જન્મ્યા છે તેમણે પણ (તે વેળા) જળમાં શયન કરી રહેલા, પાંચ ભૂતો, ઇન્દ્રિયો, વિષયો તથા મન–એ સર્વથી વ્યાપ્ત, ગુણોના પ્રવાહરૂપ, વ્યક્ત અને સમગ્ર કાર્ય–કારણના બીજ એવા આપના શરીરનું કેવળ ધ્યાનજ કર્યું હતું, દર્શન કર્યાં ન હતાં.૨ વળી આપ કે જે નિષ્ક્રિય છો, સત્ય સંકલ્પવાળા છો અને અચિંત્ય એવી હજારો શક્તિઓવાળા છો તેજ આપ, ગુણોના પ્રવાહરૂપે પોતાની શક્તિનો વિભાગ કરીને જીવોના ભોગને માટે આ જગતની ઉત્પત્તિ વગેરેને કરો છો.‡૩ હે નાથ! પ્રલયકાળે આપના ઉદરમાં આ જગત સમાઇ ગયું હતું અને આપ માયાથી બાળક બનીને એકલા પગનો અંગૂઠો ધાવતા વડના પાંદડા ઉપર સૂતા હતા, તે આપને મેં મારા ઉદરમાં કેવી રીતે ધારણ કર્યા? (એ મને આશ્ચર્ય થાય છે.)૪ અથવા હે પ્રભો! આપે પોતેજ (સ્વેચ્છાથી) પાપીઓનો નાશ કરવા માટે અને આપની આજ્ઞામાં વર્તતા ભક્તાના કલ્યાણને માટે આ શરીરને સ્વીકાર્યું છે. જેમ આપના વરાહ વગેરે અવતારો પૂર્વે થયા છે, તેમ જ્ઞાનમાર્ગનો ઉપદેશ કરવા માટે આ પણ આપનો એક અવતાર છે. ÷૫ (ખરેખર, આપનાં દર્શનથી હું કૃતાર્થ થઇ છું, કેમકે) હે ભગવન્! આપના નામનું શ્રવણ કરવાથી અને આપનું સ્મરણ કરવાથી ચાંડાળ પણ સોમયાગ જેવા યજ્ઞ કરવાને યોગ્ય થઈ શકે છે, તો પછી આપનું દર્શન કરવાથી તો હરકોઈ મનુષ્ય કૃતાર્થ થાય, એમાં શું કહેવાનું હોય?૬ અહો! અત્યંત આશ્ચર્યની વાત છે, કે જેની જીભના ટેરવે આપનું નામ રહેલું હોય છે તેવો ચાંડાળ પણ અત્યંત શ્રેષ્ઠ ગણાય છે. માટે જેઓ આપના નામનુંજ રટણ કરે છે તેઓએજ વાસ્તવિક તપ કર્યું છે, હોમ કર્યો છે, તીર્થસ્નાન કર્યું છે, સદાચાર પાળ્યા છે અને વેદાધ્યયન

× આ અધ્યાયમાં તે કપિલ ભગવાનનાજ ઉપદેશથી જ્ઞાન પ્રાપ્ત થતાં તેમની માતા દેવહૂતિની જીવન-મુક્તિ કહેવામાં આવશે. —શ્રીધર

‡ કહેવાનો ભાવ એ છે કે, આપ જીવોના ભોગોને માટે જગતની ઉત્પત્તિ વગેરે કરો છો, પણ તે પોતાની શક્તિદ્વારાજ કરો છો, નહિ કે સાક્ષાત્; કેમકે આપ નિષ્ક્રિય છો. —શ્રીધર

÷ અર્થાત્ આપને મેં બીજાં સંતાનોની પેઠે ઉદરમાં ધારણ કર્યા નથી; પણ આપ પોતેજ વરાહાદિ અવતારોની પેઠે સ્વેચ્છાએ પ્રકટ થયા છો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્યું છે.*૭ આવા જે આપ પરબ્રહ્મ છો, પરમ પુરુષ છો, વિષયોથી આકર્ષીને અંતર્મુખ કરેલા મનમાં ચિંતન કરવાયોગ્ય છો, પોતાના તેજથી (ભક્તપુરુષોના) સંસારનો નાશ કરનારા છો, સર્વત્ર વ્યાપક છો અને સર્વ વેદોના નિવાસસ્થાનરૂપ છો; તે આપ કપિલદેવને હું વંદન કરું છું.'૮

મૈત્રેય બોલ્યા–"પરમ પુરુષ કપિલ ભગવાનની માતાએ એ પ્રમાણે સ્તુતિ કરી, એટલે માતા ઉપર પ્રેમવાળા તે ભગવાન ગંભીર વાણીથી માતાને આ પ્રમાણે કહેવા લાગ્યા:૯

કપિલદેવ બોલ્યા–'હે માતા! મેં કહેલો આ માર્ગ સુખથી સેવી શકાય તેવો છે; તે માર્ગનો આશ્રય કરવાથી તમે અલ્પ સમયમાં જીવન્મુક્તિને પ્રાપ્ત થશો.૧૦ મારા આ સિદ્ધાંતનું બ્રહ્મવાદી પુરુષોએ સેવન કર્યું છે, માટે તેના ઉપર તમે શ્રદ્ધા રાખજો. કેમકે આ માર્ગથી તમે મને-અજન્માને પ્રાપ્ત કરશો. જેઓ આ માર્ગને જાણતા નથી તેઓ મૃત્યુરૂપ આ સંસારને પામે છે.'૧૧

મૈત્રેય બોલ્યા:–"એ પ્રમાણે પોતાની પતિવ્રતા માતાને આત્મગતિનો ઉપદેશ આપી ભગવાન કપિલદેવ બ્રહ્મતત્ત્વને જાણનારી પોતાની માતાની સંમતિ લઇ ત્યાંથી ચાલી નીકળ્યા.૧૨ પછી દેવહૂતિ પણ સરસ્વતી નદીના પુષ્પમુકુટના સરખા તે બિંદુસરોવર ઉપરના પોતાના આશ્રમમાં પોતાના પુત્રે કહેલા યોગ કરવાના ઉપદેશ પ્રમાણે યોગનિષ્ઠ થઇને એકાગ્રચિત્ત થયાં.૧૩ તેમના કેશ ત્રિકાળસ્નાન કરવાથી પીંગળા થઇ ગયા હતા અને પોતાની મેળેજ ગૂંચવાઇ જઇને વાંકડિયા થઇ ગયા હતા. તેમનું શરીર ઉગ્ર તપને લીધે દુર્બળ થઈ ગયું હતું અને તેમણે શરીર પર ફાટ્યાં–તૂટ્યાં વસ્ત્રો પહેર્યાં હતાં.૧૪ તેમનો ગૃહસ્થાશ્રમ કે જે કર્દમ ઋષિના તપ તથા યોગના પ્રભાવથી વિલસી રહ્યો હતો, અનુપમ હતો, વૈમાનિક દેવતાઓ પણ જે ગૃહસ્થાશ્રમને ઇચ્છતા હતા, જેમાં પાણીના ફીણ જેવી ઉજ્જ્વળ શય્યાઓ હતી, હાથીદાંતના પલંગો હતા, સુવર્ણનાં રાચરચીલાં હતાં, આસનો પણ સુવર્ણનાં હતાં, તે પર સૂંવાળાં બિછાનાંઓ હતાં, શ્રેષ્ઠ મરકતમણિથી જડેલી સ્વચ્છ સ્ફટિકમણિની ભીંતોમાં રત્નોના દીવાઓ પ્રકાશી રહ્યા હતા, રત્નાલંકારથી શોભતી સ્ત્રીઓ સેવામાં હાજર હતી, ઘરનો બગીચો પણ પુષ્પવાળાં અનેક દેવતાઇ વૃક્ષોથી સુંદર હતો, જેમાં પક્ષીયુગલો શબ્દ કરી રહ્યાં હતાં અને મદોન્મત્ત ભ્રમરો ગુંજારવ કરી રહ્યા હતા; એ બગીચામાં દેવહૂતિ પ્રવેશ કરતાં, ત્યારે દેવોના અનુચરો તેમનાં ગુણગાન કરતા અને કમળની સુગંધવાળી તે બગીચાની વાવમાં પોતે જ્યારે ઊતરતાં ત્યારે કર્દમ ઋષિ તેમને લાડ લડાવતા હતા. આવા ઇન્દ્રની દેવાંગનાઓને પણ અત્યંત ઇચ્છિત પોતાના ગૃહસ્થાશ્રમને દેવહૂતિએ તજી દીધો–તે પરનું અભિમાન તેમણે છોડી દીધું, (અને તે વેળા તેઓ જરા પણ શોકાકુળ થયાં ન હતાં.) પણ પોતાના પુત્ર કપિલદેવના વિરહથી આતુર થયાં અને તેમનું મુખ કંઇક શોકથી વ્યાકુળ થયું.૧૫–૨૦ પતિ વનમાં ગયા અને પુત્ર પણ ગયા, તેથી તત્ત્વવસ્તુને જાણનારાં છતાં વાછરડો ખોવાઇ જતાં પ્રેમાળ ગાય જેમ આતુર બની જાય, તેમ દેવહૂતિ, પુત્રના વિરહથી આતુર બની ગયાં.૨૧ પુત્ર કપિલ ભગવાનનુંજ તે ધ્યાન કરવા લાગ્યાં અને હે વિદુર! અલ્પ સમયમાં તેવા (ઉત્તમ) ઘર ઉપર નિઃસ્પૃહ થઇ ગયાં–ઘર ઉપરની સંપૂર્ણ વાસના તેમણે ત્યજી દીધી;૨૨ તેમજ પોતાના પુત્રે ધ્યાનના વિષયરૂપ અને પ્રસન્ન મુખવાળું ભગવાનનું જે સ્વરૂપ કહ્યું હતું, તેનું સમસ્ત ચિંતનપૂર્વક તથા પ્રત્યેક અંગના ચિંતનપૂર્વક શુદ્ધ મન વડે ધ્યાન કરવા લાગ્યાં.૨૩ એ પ્રમાણે ભક્તિપ્રવાહના યોગથી, તીવ્ર વૈરાગ્યથી

* અથવા જેઓને આપના નામકીર્તનનું મહાભાગ્ય પ્રાપ્ત થયું છે તેઓએજ પૂર્વજન્મમાં તપ, હોમ વગેરે કરેલાં હોવાં જોઇએ એમ જણાય છે.–શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને યોગ્ય આહારવિહારરૂપી ક્રિયાદ્વારા ઉત્પન્ન થયેલા, બ્રહ્મપ્રાપ્તિમાં કારણભૂત એવા જ્ઞાનથી અત્યંત શુદ્ધ થયેલા મન વડે સ્વસ્વરૂપના પ્રકાશને લીધે માયાના ગુણો સાથેનો સંબંધ જેમાં અદ્દશ્ય થઈ ગયો છે એવા સર્વવ્યાપક આત્માનું તે ધ્યાન કરવા લાગ્યાં, જેથી તેમની બુદ્ધિ જીવોના આશ્રયરૂપ ભગવાન પરબ્રહ્મ વિષે સ્થિર થઇ અને જીવભાવ દૂર થવાથી તેમના સર્વ ક્લેશો નાશ પામ્યા ને જીવન્મુક્તિનું સુખ પ્રાપ્ત થયું. વળી નિત્યની સમાધિ અવસ્થા પ્રાપ્ત થવાથી તેમની ગુણનિમિત્તક દેહાદિની ભ્રાંતિ શાંત થઇ ગઇ, તેથી જાગ્રત અવસ્થામાં આવેલા મનુષ્યને જેમ સ્વપ્નામાં જોયેલા શરીરનું સ્મરણ રહેતું નથી, તેમ તેમને પોતાના શરીરનું પણ સ્મરણ રહ્યું નહિ. તેમનું શરીર જો કે બીજાઓથી ×પોષાતું હતું; તોપણ માનસિક પીડાઓ દૂર થવાથી દુર્બળ થયું ન હતું અને તે શરીર જો કે મેલથી ખરડાયલું હતું, છતાં ધુમાડાવાળા અગ્નિની પેઠે શોભતું હતું.[૨૪-૨૮] તેમની બુદ્ધિ વાસુદેવ ભગવાનમાંજ લીન થઈ ગઇ હતી; તેથી તપ તથા યોગથી યુક્ત અને પ્રારબ્ધકર્મથી રક્ષાયલા પોતાના શરીરને છૂટા થઇ ગયેલા કેશવાળું કે વસ્ત્રોથી રહિત થઈ પડેલું પણ તે જાણતાં ન હતાં.[૨૯] એ પ્રમાણે કપિલદેવે ઉપદેશેલા માર્ગે તે દેવહૂતિ, અલ્પ સમયમાંજ નિત્યમુક્ત ભગવાન પરબ્રહ્મ પરમાત્માને પામ્યાં–અર્થાત્ દેહથી મુક્ત થઇ મોક્ષ પામ્યાં.[૩૦] હે વીર વિદુરજી! જે સ્થળે તે દેવહૂતિ મોક્ષ પામ્યાં તે અત્યંત પવિત્ર ક્ષેત્ર 'સિદ્ધપદ' એવા નામથી ત્રણે લોકમાં પ્રસિદ્ધ થયું.[૩૧] હે સૌમ્ય! યોગને લીધે જેના માનુષી ધાતુમળ વિલીન થઇ ગયા હતા, એવું તે દેવહૂતિનું માનુષી શરીર નદીઓમાં શ્રેષ્ઠ, સિદ્ધ પુરુષોએ સેવેલી અને સિદ્ધિને આપનારી નદીરૂપ થઇ ગયું. મહાન યોગી ભગવાન કપિલદેવ પણ માતાની આજ્ઞા લઇને પિતાના આશ્રમમાંથી નીકળી (પ્રથમ) ઈશાન+ દિશામાં ગયા હતા.[૩૨,૩૩] ત્યાં સિદ્ધો, ચારણો, ગંધર્વો, મુનિઓ તથા અપ્સરાઓ તેમની સ્તુતિ કરતાં હતાં અને સમુદ્રે પોતે તેમનો અર્ધ્ય–સત્કાર કરી તેમને રહેવાનું સ્થાન આપ્યું હતું.[૩૪] તે સ્થળે સાંખ્યશાસ્ત્રના આચાર્યોથી સ્તુતિ કરાયલા તે ભગવાન ત્રિલોકની શાંતિ માટે યોગનો આશ્રય કરી સમાધિ અવસ્થામાં રહેતા હતા. હે નિર્દોષ તાત! તમે મને જે પૂછ્યું હતું તે સર્વ અને કપિલ તથા દેવહૂતિનો પવિત્ર સંવાદ પણ મેં તમને કહ્યો છે. જે મનુષ્ય ભગવાન ગરુડધ્વજમાં બુદ્ધિ સ્થાપીને ગુહ્ય આત્મયોગરૂપ આ કપિલ દેવના સિદ્ધાંતનું શ્રવણ કરે છે અને બીજાને શ્રવણ કરાવે છે તે મનુષ્ય ભગવાનના ચરણારવિંદને પામે છે."[૩૫-૩૭]

य इदमनुश्रृणोति योऽभिधत्ते। कपिल मुनेर्मतमात्मयोग गुह्यम्॥ भगवति कृतधीः सुपर्णकेता। वपुलभते भगवत्पदारविंदम्॥३७॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં તૃતીય સ્કંધ વિષે અધ્યાય ૩૩મો સમાપ્ત

× કર્દમે વિદ્યાબળથી સરજેલી વિદ્યાધરીઓ તેમના શરીરનું પોષણ કરતી હતી. —बालप्रबोधिनी

+ ઈશાન દિશામાં–ઈશાન ખૂણામાં ગયા હતા. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

तृतीय स्कंध समाप्त

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीमद्भागवत–चतुर्थ स्कंध

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

અધ્યાય ૧ લો×

સ્વાયંભુવ મનુની કન્યાઓના વંશો અને ભગવાનના યજ્ઞાદિ અવતારો.

॥ मैत्रेय उवाच ॥

मनोस्तु शतरूपायां तिस्रः कन्याश्च जज्ञिरे । आकूतिर्देवहूतिश्च प्रसूतिरिति विश्रुताः ॥१॥

મૈત્રેય બોલ્યાઃ–"સ્વાયંભુવ મનુને શતરૂપા રાણીમાં આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ નામે ત્રણ કન્યાઓ ઉત્પન્ન થઇ હતી.+[1] તેમાંથી આકૂતિ નામની પુત્રીને મનુએ રુચિ નામના ઋષિને આપી હતી; તે વેળા આકૂતિ ભાઇઓવાળી હતી–અર્થાત્ આકૂતિને પરણાવતી વેળા મનુને બે પુત્રો હતા; છતાં ઘણા પુત્રોની ઇચ્છાથી શતરૂપા રાણીની સંમતિથી પુત્રિકાધર્મનો આશ્રય કરીનેજ પરણાવવામાં આવી હતી–એટલે 'આ કન્યા હું તમને પરણાવું છું, પણ આ કન્યાને જે પુત્ર થાય તેને તમારે મને આપી દેવો' *આવો ઠરાવ કરીને રુચિ ઋષિને તે આકૂતિ પરણાવી હતી.[2] બ્રહ્મતેજવાળા પ્રજાપતિ ભગવાન રુચિએ તે આકૂતિને વિષે ઉત્કૃષ્ટ ઈશ્વરધ્યાનપૂર્વક સ્ત્રીપુરુષનું યુગલ ઉત્પન્ન કર્યું હતું.[3] તે યુગલમાંના પુરુષ તે યજ્ઞસ્વરૂપ ધારણ કરનાર સાક્ષાત્ વિષ્ણુ

× આ પહેલા અધ્યાયમાં મનુની કન્યાઓના જુદા જુદા વંશો તથા તે વંશોમાં યજ્ઞ આદિ મૂર્તિરૂપે શ્રીહરિના અવતારો વર્ણવવામાં આવશે. —શ્રીધર

\+ અને બીજા બે પુત્રો પણ ઉત્પન્ન થયા હતા એમ સમજવું. —શ્રીધર

* જો કે આવો ઠરાવ કન્યા આપતી વખતે તે કન્યાને કોઇ પણ ભાઈ ન હોય તોજ કરવામાં આવે છે એમ પ્રસિદ્ધ છે; તોપણ અનેક પુત્રોની ઇચ્છાથી મનુએ તેવો ઠરાવ કર્યો હતો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભગવાન હતા અને જે સ્ત્રી હતી તે ×લક્ષ્મીદેવી-ના અંશરૂપ અને યજ્ઞભગવાનથી કદી વિખૂટી નહિ પડનારી દક્ષિણા હતી.[૪] સ્વાયંભુવ મનુ પોતાની પુત્રી આકૂતિના તે અતિશય તેજસ્વી પુત્ર–યજ્ઞ ભગવાનને હર્ષથી ઘેર લાવ્યા અને દક્ષિણાને રુચિએ (પોતાને ત્યાં) રાખી.[૫] પછી યજ્ઞો અથવા મંત્રોના પતિ યજ્ઞ ભગવાન પોતાને ઇચ્છતી તે દક્ષિણાને પરણ્યા અને પ્રસન્ન એવી તે દક્ષિણા વિષે પોતે પ્રસન્ન થઇને બાર પુત્રો ઉત્પન્ન કર્યા.[૬] તેઓનાં નામ આ પ્રમાણે હતાં:–તોષ, પ્રતોષ, સંતોષ, ભદ્ર, શાન્તિ, ઇડસ્પતિ, ઇધ્મ, કવિ, વિભુ, સ્વહ્ન, સુદેવ અને રોચન. આ બારે પુત્રો સ્વાયંભુવ મનુના સમયમાં તુષિત નામના દેવ તરીકે થયા હતા; મરીચિ વગેરે પ્રજાપતિઓ સપ્તર્ષિ તરીકે થયા હતા અને યજ્ઞ ભગવાન ઇન્દ્ર તરીકે થયા હતા.[૭,૮] વળી સ્વાયંભુવ મનુના બે મહાતેજસ્વી પુત્ર પ્રિયવ્રત ને ઉત્તાનપાદ પૃથ્વીનું પાલન કરતા હતા. આ રીતે સ્વાયંભુવ મનુનો સમય તેમના પુત્ર, પૌત્ર તથા પ્રપૌત્રોના વંશોથી વ્યાપ્ત થઈ સુરક્ષિત થયો હતો.‡[૯] હે તાત વિદુર ! સ્વાયંભુવ મનુએ, દેવહૂતિ કર્દમ ઋષિને આપી હતી અને તે વિષે મેં તમને જે વૃત્તાંત કહ્યો તે તો તમે લગભગ સાંભળ્યોજ છે.[૧૦] હવે તે ભગવાન મનુએ પોતાની બીજી પુત્રી પ્રસૂતિ, બ્રહ્માના પુત્ર દક્ષપ્રજાપતિને આપી હતી, જેની મહાન સૃષ્ટિ ત્રણે લોકમાં વિસ્તાર પામી છે;[૧૧] તેમજ કર્દમની નવ પુત્રીઓ કે જેઓ મરીચિ વગેરે બ્રહ્મર્ષિઓની પત્નીઓ હતી એમ મેં તમને પ્રથમજ કહ્યું છે–તેઓનો પુત્રપૌત્રાદિ વિસ્તાર તમને કહું છું તે સાંભળો.[૧૨] કર્દમની પુત્રી કલા, જે મરીચિની પત્ની હતી તેણીએ કશ્યપ તથા પૂર્ણિમા નામનાં બે સંતાનોને જન્મ આપ્યો હતો, જેઓના વંશથી આખું જગત ભરાઇ ગયું.[૧૩] હે શત્રુતાપન વિદુર ! પૂર્ણિમાએ વિરજ તથા વિશ્વગ નામના બે પુત્રોને જન્મ આપ્યો હતો તથા દેવકુલ્યા નામની કન્યાને જન્મ આપ્યો હતો, જે દેવકુલ્યા શ્રીહરિના ચરણકમળને ધોવાથી બીજા જન્મમાં સ્વર્ગની નદી–ગંગા થઇ.[૧૪] અત્રિની પત્ની અનસૂયાએ ઉત્તમ યશવાળા દત્ત, દુર્વાસા અને ચંદ્ર નામના ત્રણ પુત્રોને જન્મ આપ્યો. જેઓ વિષ્ણુ, શિવ તથા બ્રહ્માના અંશોથી ઉત્પન્ન થયા હતા."[૧૫]

વિદુરે પૂછ્યું:–"હે ગુરુ ! જગતની સ્થિતિ, ઉત્પત્તિ તથા નાશના કારણરૂપ એ શ્રેષ્ઠ દેવો, કયું કાર્ય કરવાની ઇચ્છાથી અત્રિને ઘેર ઉત્પન્ન થયા હતા, તે તમે મને કહો."[૧૬]

મૈત્રેય બોલ્યા:–"વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ એવા અત્રિ ઋષિને બ્રહ્માએ સૃષ્ટિરચનાની આજ્ઞા કરી ત્યારે તે, ઋક્ષ નામના કુળપર્વત ઉપર ગયા અને ત્યાં નિર્વિન્ધ્યા નદીના વહેતા જળપ્રવાહથી ચારે બાજુ ગાજી રહેલાં અને પુષ્પોના ગુચ્છાઓવાળા ખાખરાઓ તથા આસોપાલવનાં વનમાં તપશ્ચર્યા કરવા લાગ્યા. તે મુનિ પ્રાણાયામથી મનને વશ કરી સો વર્ષ સુધી એક પગે ઊભા રહ્યા હતા. તેમણે, સુખદુ:ખાદિ દ્વંદ્વોનો ત્યાગ કર્યો હતો. અને કેવળ વાયુનુંજ તે ભોજન કરતા હતા. તેઓ મનમાં ચિંતન કરતા હતા કે, 'આ જગતના જે

× 'લક્ષ્મીદેવીના અંશરૂપ' એમ કહીને એ સૂચવ્યું છે કે, તે યુગલનો પતિ–પત્ની તરીકે સંબંધ થયો હતો તે શાસ્ત્રવિરુદ્ધ નથી. કેમકે એ યુગલમાં જે પુત્ર હતો તે વિષ્ણુજ હતા અને જે સ્ત્રી હતી તે લક્ષ્મીદેવીજ હતાં. —શ્રીધર

‡ કહેવાનો ભાવ એ છે કે, દરેક મનુના સમયને મન્વંતર કહે છે. એ મન્વંતર હમેશાં ૭ વસ્તુઓથી પૂર્ણ કહેવાય છે; જેવી કે મનુ, દેવો, મનુના પુત્રો, ઈંદ્ર, સપ્તર્ષિઓ અને ભગવાનનો અવતાર, એ છયે વસ્તુઓથી સ્વાયંભુવ મનુનો મન્વંતર પણ પૂર્ણ હતો. તે સમયમાં સ્વાયંભુવ પોતે મનુ હતા. તુષિત નામે દેવો હતા, યજ્ઞ ભગવાન પોતે ઇન્દ્ર હતા, મરીચિ વગેરે સપ્તર્ષિઓ હતા અને યજ્ઞ ભગવાન પોતે ભગવાનના અવતારરૂપ પણ હતા. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

ઈશ્વર છે, તેને હું શરણે આવ્યો છું અને તે ઈશ્વર પોતાની તુલ્ય પ્રજા મને આપો.[૧૭-૨૦] તેમનો પ્રાણાયામ એજ જેમાં કાષ્ઠ હતાં, એવા તે અત્રિઋષિના મસ્તકમાંથી નીકળેલા અગ્નિ વડે ત્રણે જગત બળવા લાગ્યું; ત્યારે તે જોઇને મહાસમર્થ એવા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કે જેઓના યશને અપ્સરાઓ, મુનિઓ, ગંધર્વો, સિદ્ધો, વિદ્યાધરો તથા સર્પો જગતમાં વિસ્તારી રહ્યાં છે, તે ત્રણે દેવો એ મુનિના આશ્રમમાં ગયા. તેમના પ્રકટ થવાને લીધે મુનિનું મન ઉલ્લાસમાં આવી ગયું. તેમણે એક પગે ઊભા ઊભાજ તે શ્રેષ્ઠ દેવોનાં દર્શન કર્યાં.[૨૧-૨૩] પછી ભૂમિ પર દંડવત્ પ્રણામ કરી અંજલિમાં પુષ્પ વગેરે લઈને તેમણે બળદ, હંસ તથા ગરુડ પર બેઠેલા, પોતપોતાનાં ચિહ્નોથી યુક્ત અને કૃપાદષ્ટિવાળા, હસતા મુખથી પ્રસન્ન જણાતા તે ત્રણે દેવોનું પૂજન કર્યું. પછી તેમના તેજને લીધે અંજાઈ જતાં પોતાનાં બન્ને નેત્રો મીંચી દઇ તે મુનિએ પોતાના ચિત્તને તેમના ધ્યાનમાં લીન કરી દીધું અને બે હાથ જોડી ગંભીર અર્થવાળી મધુર વાણીથી સર્વ લોકમાં શ્રેષ્ઠ એવા તે દેવોની સ્તુતિ કરી.[૨૪-૨૬]

અત્રિ ઋષિ સ્તુતિ કરે છે:–'પ્રત્યેક યુગમાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના સમયે જુદા જુદા વિભાગ પામતા સત્ત્વાદિ માયાના ગુણોનો આશ્રય કરી જેઓ શરીર ધારણ કરે છે, તેજ તમે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છો. હું તમને પ્રણામ કરૂં છું. મેં તમારામાંના એકનેજ અહીં બોલાવેલા છે; તમારામાંથી તે કોણ છે? તે તમેજ કહો. મેં પુત્રોત્પત્તિને માટે વિવિધ ઉપચારોથી માત્ર એકજ ભગવાનને ચિત્તમાં ચિંતવ્યા છે; તો પ્રાણીઓને મનથી પણ દૂર રહેલા તમે ત્રણે અહીં કેમ આવ્યા? તે તમે કહો. તમે મારા પર પ્રસન્ન થાઓ. કેમકે આ સંબંધે મને મોટું આશ્ચર્ય થાય છે.[૨૭,૨૮]

મૈત્રેય બોલ્યાઃ–"હે સમર્થ વિદુર! એ પ્રમાણે તેમનું વચન સાંભળી તે ત્રણે શ્રેષ્ઠ દેવો ખૂબ હસીને મધુર વાણીથી તે ઋષિને કહેવા લાગ્યા.[૨૯]

દેવો બોલ્યાઃ–'હે બ્રાહ્મણ! તમારો જેવો સંકલ્પ છે તે પ્રમાણેજ થવું જોઇએ, તેમાં કંઈ ફેરફાર થવો ન જોઇએ. કેમકે તમે સત્ય સંકલ્પવાળા છો. તમે જે એક વસ્તુનું ધ્યાન કરો છો, તેજ અમે ત્રણ છીએ;[૩૦] તેથી હે મુનિ! અમારા અંશોથી ઉત્પન્ન થયેલા અને લોકમાં પ્રખ્યાત એવા ત્રણ પુત્રો તમારે ત્યાં થશે. તેઓ તમારા યશનો વિસ્તાર કરશે. તમારૂં કલ્યાણ થાઓ.'[૩૧] એ પ્રમાણે તે શ્રેષ્ઠ દેવો તેમને ઇચ્છિત વરદાન આપીને તેમનો સારી રીતે પૂજાસત્કાર પામીને તે બન્ને સ્ત્રી–પુરુષના દેખતાં ત્યાંથી અદૃશ્ય થઈ ગયા.[૩૨] પછી અત્રિ ઋષિને ત્યાં બ્રહ્માના અંશથી ચંદ્ર થયો, વિષ્ણુના અંશથી યોગવેત્તા દત્તાત્રેય થયા અને શંકરના અંશથી દુર્વાસા થયા. હવે અંગિરા ઋષિની પ્રજા તમે સાંભળો.[૩૩] અંગિરા ઋષિને શ્રદ્ધા નામની પત્ની હતી. તેણીએ ચાર કન્યાઓને જન્મ આપ્યો હતો; શિનીવાલી, કુહૂ, રાકા અને ચોથી અનુમતિ. વળી તે અંગિરા ઋષિને પણ બે પુત્રો હતા; જેઓ સ્વારોચિષ નામના (બીજા) મનુના સમયમાં પ્રસિદ્ધ હતા અને જેઓનાં નામ ભગવાન ઉતથ્ય અને સાક્ષાત્ બ્રહ્મનિષ્ઠ બૃહસ્પતિ હતાં.[૩૪,૩૫] પુલસ્ત્યમુનિએ પોતાની પત્ની હવિર્ભૂ વિષે એક અગસ્ત્ય નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો, કે જે પૂર્વજન્મમાં જઠરાગ્નિ હતો અને બીજો વિશ્રવા નામનો મહાતપસ્વી પુત્ર ઉત્પન્ન કર્યો હતો.[૩૬] તે વિશ્રવાને ઇડવિડા નામની પત્નીમાં યક્ષોનો પતિ કુબેરદેવ નામે પુત્ર થયો હતો અને બીજી કેશિની નામની સ્ત્રીમાં રાવણ, કુંભકર્ણ તથા વિભીષણ નામના ત્રણ પુત્રો ઉત્પન્ન થયા હતા.[૩૭] હે મહાબુદ્ધિમાન વિદુરજી! પુલહની સતી સ્ત્રી ગતિએ ત્રણ પુત્રોને જન્મ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizaqtion by eGangotri

આપ્યો હતો. તેમનાં નામ કર્મશ્રેષ્ઠ, વરીયસ્ અને સહિષ્ણુ હતાં.[૩૮] વળી ક્રતુની પત્ની ક્રિયાએ પણ બ્રહ્મતેજથી પ્રકાશતા સાઠ હજાર વાલખિલ્ય ઋષિઓને જન્મ આપ્યો.[૩૯] હે શત્રુતાપન વિદુર! વસિષ્ઠની ઊર્જા નામની પત્નીને વિષે ચિત્રકેતુ વગેરે સાત પવિત્ર પુત્રો ઉત્પન્ન થયા. જેમકે—ચિત્રકેતુ, સુરોચિષ, વિરજસ, મિત્ર, ઉલ્બણ, વસુભૃદ્યાન અને દ્યુમાન. તે ઉપરાંત બીજા પણ શક્તિ વગેરે નામના પુત્રો બીજી સ્ત્રીથી ઉત્પન્ન થયા હતા.[૪૦] અથર્વા ઋષિની પત્ની ચિત્તિને વ્રતધારી દધ્યંચ નામનો પુત્ર થયો હતો; જે ઘોડા જેવા મસ્તકવાળો હોવાથી 'અશ્વશિરસ્' એવા બીજા નામથી પણ પ્રસિદ્ધ થયો હતો. હવે તમે ભૃગુનો વંશ મારી પાસેથી સાંભળો.[૪૧-૪૨] મહાભાગ્યશાળી ભૃગુએ ખ્યાતિ નામની પોતાની પત્નીને વિષે ધાતા અને વિધાતા નામના બે પુત્રોને તથા ભગવત્પરાયણ ×'શ્રી' નામની પુત્રીને ઉત્પન્ન કર્યાં હતાં.[૪૩] તેમાંના ધાતા અને વિધાતા નામના બે પુત્રોને મેરુ પર્વતે આયતિ અને નિયતિ નામની પોતાની બે કન્યાઓ આપી હતી. તે બે સ્ત્રીઓમાં તેઓએ મૃકંડ અને પ્રાણ નામના બે પુત્રો ઉત્પન્ન કર્યા હતા.[૪૪] મૃકંડના પુત્ર માર્કંડેય મુનિ ને પ્રાણના પુત્ર મુનિ વેદશિરા નામે થયા. ભૃગુનો ત્રીજો પુત્ર કવિ નામે પણ હતો, જેના પુત્ર ભગવાન શુક્રાચાર્ય થયા.[૪૫] હે વિદુરજી! આ મરીચ્યાદિ મુનિઓએ પોતપોતાની પુત્રપૌત્રાદિ સૃષ્ટિથી સર્વે લોકોને ઉત્પન્ન કર્યા. આ કર્દમની પુત્રીઓનો વંશ મેં તમને કહ્યો.[૪૬] જે મનુષ્ય એ શ્રદ્ધાથી સાંભળે છે, તેનાં સર્વ પાપોનો આ ઉત્તમ વંશ નાશ કરે છે. હવે બ્રહ્માના પુત્ર દક્ષ પ્રજાપતિ સ્વાયંભુવ મનુની પ્રસૂતિ નામની પુત્રીને પરણ્યા હતા.[૪૭] તે દક્ષે પોતાની એ પત્નીમાં સુંદર નેત્રોવાળી સોળ પુત્રીઓ ઉત્પન્ન કરી હતી. તેમાંથી તેર કન્યાઓ ધર્મને આપી હતી, એક કન્યા અગ્નિને આપી હતી, એક એક કન્યા સર્વ પિતૃઓને આપી હતી અને એક કન્યા સંસારનો નાશ કરનાર મહાદેવને આપી હતી. એ સોળ કન્યાઓમાંથી શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, લજ્જા અને મૂર્તિ આ તેર કન્યાઓ ધર્મની પત્નીઓ હતી, તેમાંથી શ્રદ્ધાએ શુભને, મૈત્રીએ પ્રસાદને, દયાએ અભયને, શાન્તિએ સુખને, તુષ્ટિએ મુદને, પુષ્ટિએ સ્મયને, ક્રિયાએ યોગને, ઉન્નતિએ દર્પને, બુદ્ધિએ અર્થને, મેધાએ સ્મૃતિને, તિતિક્ષાએ ક્ષેમને, લજ્જાએ પ્રશ્રય નામના પુત્રને તથા સર્વ ગુણોની ઉત્પત્તિરૂપ મૂર્તિએ નર ને નારાયણ નામના બે ઋષિઓને જન્મ આપ્યો હતો.[૪૮-૫૨] જે નર-નારાયણ ઋષિના જન્મ સમયે આ જગત આનંદ પામ્યું હતું અને અત્યંત શાંત થયું હતું. પ્રાણીમાત્રનાં મન, સર્વ દિશાઓ, વાયુઓ, નદીઓ તથા પર્વતો નિર્મળ થયાં હતાં. વળી તે વેળા સ્વર્ગમાં વાદિત્રો વાગ્યાં હતાં, આકાશમાંથી પુષ્પવૃષ્ટિઓ થઈ હતી, પ્રસન્ન થયેલા મુનિઓએ સ્તુતિ કરી હતી અને ગંધર્વો તથા કિન્નરોએ ગાન કર્યાં હતાં; દેવાંગનાઓએ નૃત્ય કર્યાં હતાં, સર્વત્ર પરમ મંગળ થતાં હતાં અને બ્રહ્માદિ સર્વ દેવોએ આ પ્રમાણે સ્તોત્રોથી સ્તુતિ કરી હતી.[૫૩-૫૫]

દેવો બોલ્યા:—'જેમ આકાશમાં માયાથી ગંધર્વનગરની રચના કરવામાં આવે, તેમ જેમણે પોતાના સ્વરૂપમાંજ આ જગતને પોતાની માયાથી રચ્યું છે અને જેમણે હમણાં પોતાના સ્વરૂપનો પ્રકાશ કરવા ધર્મને ઘેર સ્વસ્વરૂપને ઋષિમૂર્તિએ પ્રકટ કર્યું છે, તે પરમપુરુષને અમે નમસ્કાર કરીએ છીએ. જેમનું યથાર્થ સ્વરૂપ શાસ્ત્રોદ્વારા વિચારી શકાય છે, તે આપ ભગવાન, જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશને માટે

× બ્રહ્માદિની પ્રાર્થનાથી લક્ષ્મીદેવીએ ભૃગુને ત્યાં અવતાર લીધો હતો; તેજ આ શ્રી.—**बालप्रबोधिनी**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સત્ત્વગુણથી સર્જેલા અમને દેવોને લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ નિર્મળ કમળનો પણ તિરસ્કાર કરનારા અને અત્યંત દયાળુ એવા પોતાનાં ઉત્તમ નેત્રો વડે જુઓ.[૫૬,૫૭]

"હે તાત વિદુર! દેવગણોએ એ પ્રમાણે સ્તુતિ અને પૂજા કરી, એટલે તે બન્ને ભગવાને તેમના તરફ પોતાની કૃપાદૃષ્ટિ કરી અને પછી તેઓ ગંધમાદન પર્વત તરફ ગયા.[૫૮] હમણાં પણ ભગવાન શ્રીહરિના અંશરૂપ તેજ નર–નારાયણ ભગવાન પૃથ્વીનો ભાર દૂર કરવા માટે યદુવંશમાં શ્રીકૃષ્ણસ્વરૂપે તથા કુરુવંશમાં અર્જુનસ્વરૂપે પૃથ્વી પર અવતરેલા હતા. અગ્નિની સ્ત્રી સ્વાહાએ અગ્નિનું અભિમાન ધરાવનારા અને હોમેલા દ્રવ્યનું ભોજન કરનારા પાવક, પવમાન તથા શુચિ નામના ત્રણ પુત્રોને ઉત્પન્ન કર્યા હતા.[૫૯,૬૦] તે ત્રણમાંથી પિસ્તાળીસ અગ્નિઓ ઉત્પન્ન થયા છે, જેઓ પોતાના પિતાઓ તથા દાદાની સાથે મળીને ઓગણપચાસ અગ્નિઓ કહેવાય છે. વળી જેઓના નામે વૈદિક કર્મમાં વેદવેત્તાઓ આગ્નેયી ઇષ્ટિઓ કરે છે, તેજ આ ઓગણપચાસ અગ્નિઓ જાણવા.*[૬૧,૬૨] હવે અગ્નિષ્વાત્ત, બર્હિષદ્, સૌમ્ય તથા આજ્યપ, એ નામે ચાર પિતૃગણો છે; જેઓમાં કેટલાક અગ્નૌકરણવાળા હોઇ અગ્નિરહિત છે અને કેટલાક અગ્નૌકરણરહિત હોઈ અગ્નિ સહિત છે; તેઓની પત્ની દક્ષપુત્રી સ્વધા છે.[૬૩] તે સ્વધાએ એ પિતૃગણોથી વયુના તથા ધારિણી નામની બે કન્યાઓ ઉત્પન્ન કરી હતી. તે બન્ને કન્યાઓ બ્રહ્મનો વિચાર કરનારી હતી અને જ્ઞાન તથા વિજ્ઞાનના પારને પામેલી હતી.[૬૪] મહાદેવની પત્ની સતી ગુણ તથા શીલથી પોતાના સમાન પતિને અનુસરતાં હતાં, છતાં તેમને પુત્ર થયો ન હતો.[૬૫] કારણકે પોતાના નિરપરાધી પતિ મહાદેવથી પોતાનો પિતા દક્ષ પ્રતિકૂળ થયો ત્યારે તેમણે ક્રોધ વડે યુવાવસ્થામાંજ યોગનો આશ્રય કરી પોતાનું શરીર તજી દીધું હતું."[૬૬]

पितर्यप्रतिरूपे स्वे भवायानागसे रुषा ।
अप्रौढैवात्मनात्मानमजहाद्योगसंयुता ॥६६॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૧ લો સમાપ્ત

અધ્યાય ૨ જો×

મહાદેવ અને દક્ષના વિરોધનું કારણ

॥ विदुर उवाच ॥

भवे शीलवतां श्रेष्ठे दक्षो दुहितृवत्सलः ।
विद्वेषमकरोत्कस्मादनादृत्यात्मजां सतीम् ॥१॥

વિદુરે પૂછ્યું:–"મહાદેવ શીલવાન પુરુષોમાં શ્રેષ્ઠ છે અને દક્ષ પુત્રીઓ પર પ્રેમ રાખનારો છે; છતાં દક્ષે પોતાની પુત્રી સતીનો અનાદર કરી મહાદેવનો દ્વેષ શા માટે કર્યો?[૧] મહાદેવ સ્થાવર–જંગમ સર્વ પ્રાણીઓના ગુરુ છે, કોઇના પર વૈર રાખતા નથી, શાંતિ એજ તેમનું સ્વરૂપ છે, પોતાના આત્મામાંજ રમણ કરે છે અને જગતના મહાન દૈવતરૂપ છે; છતાં દક્ષ પ્રજાપતિએ તેમના-પર દ્વેષ કેમ કર્યો?[૨] હે બ્રહ્મન્! જમાઈ શંકર અને સસરા દક્ષ પ્રજાપતિ–એઓ બન્નેના દ્વેષનું કારણ તમે મને કહો, કે જેથી સતીએ પોતાના દુસ્ત્યજ પ્રાણોનો ત્યાગ કર્યો હતો."[૩]

મૈત્રેય બોલ્યા:–"પૂર્વે પ્રજાપતિઓના યજ્ઞમાં મોટા મોટા ઋષિઓ, સર્વે દેવગણો, મુનિઓ તથા અગ્નિઓ પોતપોતાના પરિવાર સાથે એકઠા થયા હતા.[૪] ત્યાં પોતાની કાંતિથી સૂર્યની પેઠે પ્રકાશતા અને તે મોટી સભાને અંધકારરહિત કરતા પ્રજાપતિ દક્ષને અંદર પ્રવેશ કરતો જોઇ બ્રહ્મા અને મહાદેવ સિવાય બીજા સર્વ સભા-

* અર્થાત્ આ ઓગણપચાસે અગ્નિઓ વૈદિક છે, લૌકિક નથી. માટે તેઓ અનેક છે છતાં વ્યર્થ નથીજ. —શ્રીધર

× આ અધ્યાયમાં પ્રથમના અધ્યાયમાં ઇસારો કર્યા પ્રમાણે પ્રજાપતિ દક્ષના યજ્ઞમાં ઉપજેલું મહાદેવ તથા દક્ષના વૈરનું કારણ વર્ણવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સદા તેની કાંતિથી આકર્ષિત મનવાળા થઇને સર્વ અગ્નિદેવોની સાથે પોતપોતાનાં આસન ઉપરથી ઊભા થઇ ગયા.[૫] અને સભાપતિઓએ ભગવાન દક્ષનો સારી રીતે સત્કાર પણ કર્યો; એટલે દક્ષ પ્રજાપતિ લોકગુરુ બ્રહ્મદેવને નમસ્કાર કરી તેમની આજ્ઞાથી ત્યાં બેઠા.[૬-૭] પછી પોતાની પહેલાંજ આસન ઉપર બેસી રહેલા મહાદેવને જોઇને દક્ષ પ્રજાપતિ તે સહન કરી શક્યો નહિ અને મહાદેવે પોતાની સામે ઊભા નહિ થઇને પોતાનું અપમાન કર્યું, તેથી પોતાનાં બન્ને નેત્રો વડે મહાદેવની સામે વક્ર દષ્ટિથી જોઈ તેમને જાણે બાળી નાખતો હોય તેમ કહેવા લાગ્યોઃ–[૮] ‘હે બ્રહ્મર્ષિઓ ! હું તમારી આગળ સત્પુરુષોનો આચાર કહું છું; તેને તમે દેવો તથા અગ્નિઓની સાથે સાંભળો. હું જે કંઇ કહું છું, તે અજ્ઞાનથી કે અદેખાઈથી કહેતો નથી.[૯] આ મહાદેવ લોકપાલોના યશનો નાશ કરનાર છે અને નિર્લજ્જ છે, કેમકે યોગ્ય આચરણથી રહિત આ મહાદેવે, સત્પુરુષોએ આચરેલા માર્ગને દૂષણ લગાડ્યું છે.[૧૦] આ મારો શિષ્ય થાય છે. આણે સત્પુરુષ જેમ ગાયત્રીનો સ્વીકાર કરે, તેમ બ્રાહ્મણો તથા અગ્નિની સમક્ષ મારી પુત્રીનો સ્વીકાર કર્યો છે.[૧૧] આ માંકડા જેવાં નેત્રવાળાએ મૃગના બાળકસમાન નેત્રવાળી મારી પુત્રીનું પાણિગ્રહણ કર્યું છે; છતાં સામે ઊઠીને વંદન કરવા યોગ્ય એવા મારો વાણીથી પણ તેણે સત્કાર કર્યો નથી.[૧૨] આ મહાદેવ સર્વ ક્રિયાઓનો લોપ કરનાર છે, અપવિત્ર છે, અભિમાની છે અને મર્યાદાનો ભંગ કરનાર છે; તેથી મારી ઇચ્છા ન હતી, તોપણ (બ્રહ્માના કહેવાથી) શૂદ્રને જેમ વેદવાણી આપવામાં આવે તેમ મેં મારી પુત્રી આપી છે.[૧૩] વળી આ મહાદેવ, પ્રેતોનાં ભયંકર રહેઠાણોમાં, પ્રેતો તથા ભૂતગણોથી વીંટાઇને ઉન્મત્તની પેઠે ભટક્યા કરે છે, નગ્ન રહે છે, કેશ છૂટા રાખે છે, કોઇ વખતે હસે છે અને કોઇ વખતે રડે છે. ચિતાઓની ભસ્મથી સ્નાન કરે છે, મુડદાંઓની માળા પહેરે છે, મનુષ્યોનાં આભૂષણો ધારણ કરે છે; ‘શિવ’ એવું માત્ર નામજ ધારણ કરે છે, પણ વસ્તુતઃ અશિવ છે–અમંગળરૂપ છે, મત્ત છે–ગાંડો છે, ગાંડાં પ્રાણીઓ આને પ્રિય છે અને કેવળ તમોગુણ એજ જેઓનું સ્વરૂપ છે એવા પ્રમથગણો તથા ભૂતડાંઓનો આ સ્વામી છે.[૧૪,૧૫] આવાં ઉન્માદ–ભૂતડાંઓના અધિપતિ, અપવિત્ર અને દુષ્ટ હૃદયવાળા આ મહાદેવને, અત્યંત ખેદની વાત છે કે, બ્રહ્મદેવના કહેવાથી મેં મારી સાધ્વી પુત્રી આપી છે.’[૧૬]

મૈત્રેય બોલ્યાઃ–“મહાદેવ તો શત્રુભાવથી રહિત થઇનેજ ત્યાં બેઠા હતા, છતાં તેમની એ પ્રમાણે નિંદા કરીને દક્ષપ્રજાપતિએ ક્રોધાયમાન થઇ જળનું આચમન કરીને આ પ્રમાણે શાપ દેવા માંડ્યોઃ–[૧૭] ‘આ મહાદેવ દેવગણોમાં અધમ છે, માટે દેવોના યજ્ઞમાં ઇન્દ્ર–ઉપેન્દ્ર વગેરે દેવોની સાથે યજ્ઞભાગ નહિ મેળવે.’[૧૮] હે કુરુવંશી વિદુર ! તે વેળા સભામાં મુખ્ય મુખ્ય સભાસદોએ દક્ષપ્રજાપતિને અટકાવ્યો હતો છતાં, એ પ્રમાણે મહાદેવને શાપ આપી અત્યંત વધી પડેલા ક્રોધવાળો તે દક્ષ, ત્યાંથી નીકળી જઇ પોતાને ઘેર ચાલ્યો ગયો.[૧૯] દક્ષે મહાદેવને એ રીતે શાપ આપ્યો તે જાણીને મહાદેવના અનુચરોમાં મુખ્ય અને ક્રોધરૂપ કષાયથી આકુળ થયેલા નંદીશ્વરે, દક્ષને તથા દક્ષના નિંદાપણાને જેઓએ સંમતિ આપી હતી તે બ્રાહ્મણોને આવો દારુણ શાપ આપ્યો કે,[૨૦] ‘જે અજ્ઞાની મનુષ્ય આ મરણધર્મી દક્ષના શરીરને શ્રેષ્ઠ માની ભેદદષ્ટિ રાખીને કોઇનો પણ દ્રોહ નહિ કરનારા આ ભગવાન શંકરનો દ્રોહ કરે છે, તે પરમાર્થવસ્તુથી ભ્રષ્ટ થશે. જે દક્ષ પ્રજાપતિ વિષયસુખની ઇચ્છાને લીધે દેહાભિમાનરૂપ મિથ્યાધર્મોથી ભરેલા ઘરમાં આસક્ત રહે છે, વેદના અર્થવાદનાં વચનોથી નાશ પામેલી બુદ્ધિવાળો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થઇ જાતજાતનાં કર્મો કર્યા કરે છે, દેહાદિ ઉપર આત્મા તરીકેના અભિમાનવાળી બુદ્ધિને લીધે આત્મસ્વરૂપને ભૂલી ગયો છે અને તેથીજ પશુતુલ્ય છે; માટે તે દક્ષ અલ્પ સમયમાં સ્ત્રીઓની અંદર અત્યંત આસક્તિ રાખનારો થઇ જશે અને બોકડાના જેવા મુખવાળો થશે.[૨૧-૨૩] કારણ કે આ દક્ષ, કર્મમય એવી અવિદ્યામાં 'બસ, આજ તત્ત્વવિદ્યા છે' આવી બુદ્ધિ ધરાવે છે માટે તે જડજ છે. વળી જેઓ મહાદેવનું અપમાન કરનારા આ દક્ષને અહીં અનુસર્યા છે તેઓ પણ સંસારમાં જન્મમરણાદિને અનુભવ્યા કરો.[૨૪] જેઓ પુષ્પની માફક મનને લલચાવનારાં વેદનાં અર્થવાદવચનોના, પુષ્પરસની પેઠે અત્યંત ક્ષોભક ગંધથી લલચાઇ ગયેલા મનવાળા થઇને મહાદેવનો દ્વેષ કરે છે તેઓ અત્યંત મોહ પામો–નિત્ય કર્મો કરવામાંજ આસક્ત રહો.[૨૫] દક્ષને અનુસરનારા બ્રાહ્મણો ભક્ષ્યાભક્ષ્યના વિચારથી શૂન્ય થઇને કેવળ આજીવિકા માટેજ વિદ્યા, તપ અને વ્રતોને ધારણ કરી ધન, દેહ તથા ઇન્દ્રિયોમાંજ આનંદ માનનારા યાચક થઇને આ ભૂમિ ઉપર ભટક્યા કરો.'[૨૬] નંદીશ્વર, એ પ્રમાણે બ્રાહ્મણકુળને ઉદ્દેશી શાપ દેતા હતા તે સાંભળી ભૃગુ ઋષિએ દુર્લંઘ્ય શાપરૂપી બ્રહ્મદંડ ફેંક્યો–તેમણે પણ સામેથી આવો શાપ આપ્યોઃ[૨૭] 'જેઓ શંકરના વ્રતને ધારણ કરે છે અને તેઓને અનુસરે છે તેઓ પાખંડી થઇ જાઓ અને સત્શાસ્ત્રથી વિરુદ્ધ વર્તનારા થાઓ.[૨૮] વળી તેઓ નાશ પામેલી પવિત્રતાવાળા, મૂઢ બુદ્ધિવાળા તથા જટા, ભસ્મ અને હાડકાં ધારણ કરનારા થઇ શિવદીક્ષામાં પ્રવેશ કરો, કે જે દીક્ષામાં ગોળની કે મહુડાંની મદિરા તથા તાડીનો દારૂ દેવની પેઠે પૂજ્ય હોય છે.[૨૯] તમે મહાદેવના અનુયાયીઓ, વર્ણાશ્રમના આચારનું પાલન કરનારાઓને ધારણ કરનારા–પોષનારા એવા વેદની તથા બ્રાહ્મણોની નિંદા કરો છો; માટે તમે પાખંડનો આશ્રય કરનારા છો.[૩૦] આ વેદમાર્ગજ લોકોનું કલ્યાણ કરનારો સનાતન માર્ગ છે. જેનો પૂર્વકાળના ઋષિઓએ આશ્રય કર્યો છે અને જેનું મૂળ જનાર્દન–ભગવાન છે.[૩૧] વળી જે વેદમાર્ગ અત્યંત શુદ્ધ હોઇને સત્પુરુષોનો સનાતન માર્ગ છે તેની તમે નિંદા કરો છો; માટે તમે પાખંડમાંજ જાઓ કે જ્યાં ભૂતોનો રાજા તમારો દેવ છે.'[૩૨]

મૈત્રેય બોલ્યાઃ–"ભૃગુઋષિ જ્યારે એ પ્રમાણે શાપ આપી રહ્યા હતા ત્યારે ભગવાન શંકર જાણે કંઇક ઉદાસ મનવાળા થયા હોય તેમ પોતાના પરિવાર સાથે ત્યાંથી ચાલી નીકળ્યા.[૩૩] હે વિદુરજી! તે પ્રજાપતિઓ પણ સર્વશ્રેષ્ઠ શ્રીહરિનું જેમાં પૂજન કરવામાં આવતું હતું એવો તે યજ્ઞ એક હજાર વર્ષ સુધી કરીને જ્યાં ગંગા નદી યમુના સાથે મળે છે ત્યાં યજ્ઞના અંતે કરાતું અવભૃથ નામનું સ્નાન કરી શુદ્ધ મનવાળા થઇ સર્વે પોતપોતાનાં સ્થાને ગયા."[૩૪।૩૫]

आप्लुत्यावभृथं यत्र गंगा यमुनयान्विता।
विरजेनात्मना सर्वे स्वं स्वं धाम ययुस्ततः॥३५॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૨ જો સમાપ્ત

અધ્યાય ૩ જો*

દક્ષના યજ્ઞોત્સવમાં જતાં સતીને શંકરે અટકાવ્યાં

॥ मैत्रेय उवाच ॥

सदा विद्विषतोरेवं कालो वै ध्रियमाणयोः।
जामातुः श्वशुरस्यापि सुमहानतिचक्रमे॥१॥

મૈત્રેય બોલ્યાઃ–"એ પ્રમાણે નિત્ય દ્વેષમાં રહેતા તે સસરા–જમાઇનો અતિ મહાન કાળ વીતી ગયો.[૧] તે પછી પરમેષ્ઠી બ્રહ્મદેવે, પ્રજાપતિ દક્ષનો સર્વ પ્રજાપતિઓના અધિપતિપદ ઉપર જ્યારે

* આ અધ્યાયમાં પિતાના યજ્ઞોત્સવને જોવાની ઇચ્છાથી જતાં સતીને શંકરે નીતિ અને યુક્તિઓથી અટકાવ્યાં, તે કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અભિષેક કર્યો, ત્યારે તેને ગર્વ થઇ ગયો.[૨] તેણે ગર્વથીજ સર્વ બ્રહ્મનિષ્ઠ÷ પુરુષોનું અપમાન કરી પ્રથમ વાજપેય નામે યજ્ઞ કર્યો અને પછી બૃહસ્પતિસવ નામના મહાન યજ્ઞનો આરંભ કર્યો.[૩] તે યજ્ઞમાં સર્વ બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ, પિતૃઓ તથા દેવતાઓ આવ્યા હતા અને કરેલાં મંગળવાળી તેમની પત્નીઓ પણ પોતાના પતિઓ સાથે ત્યાં આવી હતી; તે સર્વનું દક્ષે સન્માન કર્યું હતું.[૪] તે સમયે આકાશમાં જતા દેવો દક્ષના યજ્ઞમહોત્સવ સંબંધી વાતચીત કરતા હતા તે સાંભળીને; તેમજ સર્વ દિશાઓમાંથી ચંચળ નેત્રવાળી ગંધર્વની સ્ત્રીઓ વિમાનોમાં બેસીને, ગળામાં કંઠીઓ પહેરીને, સુંદર વસ્ત્રો ધારણ કરીને તથા ઉજ્જ્વળ કુંડળો પહેરીને પોતાના પિતા દક્ષના યજ્ઞમહોત્સવમાં પોતાના ઘરની પાસે થઇને જતી હતી, તેઓને જોઇને દક્ષપુત્રી સતી, સર્વ જીવોના સ્વામી પોતાના પતિદેવને આતુરતાથી આ પ્રમાણે કહેવા લાગ્યાં.[૫-૭]

સતી બોલ્યાં:–'હે સદાશિવ ! આપના સસરા પ્રજાપતિ દક્ષને ત્યાં હમણાં યજ્ઞમહોત્સવનો આરંભ થયો છે; તો આપની જો ઇચ્છા હોય તો આપણે પણ ત્યાં જઇએ; કેમકે આ દેવતાઓ ત્યાં જાય છે.[૮] એ યજ્ઞમાં પોતાના સંબંધીઓને મળવા ઇચ્છતી મારી બહેનો પણ પોતપોતાના પતિઓ સાથે અવશ્ય જશે; તો હું પણ આપની સાથે ત્યાં જવા ઇચ્છું છું અને મારા પિતાએ આપેલી પહેરામણી સ્વીકારવાની ઇચ્છા રાખું છું.[૯] હે સર્વને સુખ આપનાર ભગવન્ ! મારું મન ઘણા લાંબા સમયથી સંબંધીઓને મળવા માટે અત્યંત આતુર છે; તો ત્યાં આવેલી પોતાના પતિઓને યોગ્ય એવી મારી બહેનોને, માસીઓને તથા સ્નેહાળ મનવાળી મારી માતાને હું મળીશ અને મહર્ષિઓએ આરંભેલા શ્રેષ્ઠ મહાયજ્ઞનાં દર્શન પણ કરીશ.[૧૦] હે અજન્મા દેવ ! આ આશ્ચર્યકારક ત્રિગુણાત્મક જગત, આપની માયાથી રચાયલું આપને વિષેજ જણાય છે; જેથી આપને તો કોઈ પ્રકારનું આશ્ચર્ય નજ હોય; પણ હું તો સ્ત્રીજાતિ છું–આતુર સ્વભાવવાળી છું, આપના યથાર્થ સ્વરૂપથી અજાણ છું અને વળી દીન છું–આપની દૃષ્ટિએ દયાપાત્ર છું; માટે (આપ આજ્ઞા આપો,) હું મારી જન્મભૂમિનાં દર્શન કરવા ઇચ્છું છું.[૧૧] હે સંસારરહિત ×નીલકંઠ ! જુઓ તો ખરા ! ! જેઓને કોઇ જાતનો સંબંધ નથી તે આ બીજી સ્ત્રીઓ પણ અલંકારો ધારણ કરીને પોતપોતાના પતિઓ સાથે ટોળેટોળાં જાય છે, કે જેઓનાં હંસના સરખાં ઉજ્જ્વળ વિમાનો આકાશમાં જઇ રહ્યાં છે અને તેથી આકાશ શોભી રહ્યું છે. હે શ્રેષ્ઠ દેવ ! પોતાના પિતાને ઘેર આવો મંગળ મહોત્સવ સાંભળીને પુત્રીનુ શરીર જોવાને તે કેમ ચલાયમાન ન થાય ? અને પોતાના મિત્રને ઘેર, પતિને ઘેર, ગુરુને ઘેર અને પિતાને ઘેર તો વિનાબોલાવ્યે પણ લોકો જાય છે.[૧૨,૧૩] માટે હે દેવ ! આપ પ્રસન્ન થાઓ. આપ તો દયાળુ છો; માટે મારી આ ઇચ્છા પૂર્ણ કરવાને આપ યોગ્ય છો. આપ અતિશય જ્ઞાનવાન છો છતાં (દયાળુ હોઇને) આપે પોતાના અર્ધશરીરમાં મને સ્થાપી છે (અને તેથીજ આપ 'અર્ધનારીશ્વર' એ પ્રમાણે પ્રખ્યાત છો.) માટે હું આપને પ્રાર્થના કરું છું કે, આપ મારા પર અનુગ્રહ કરો.'[૧૪]

ઋષિ મૈત્રેય બોલ્યા:–"પોતાની પ્રિયા સતીએ જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે ભક્તવત્સલ ભગવાન શંકર, તે સમયે પ્રજાપતિઓની સમક્ષ દક્ષ પ્રજાપતિએ જે મર્મભેદક દુષ્ટ વાક્યો કહ્યાં

÷ મહાદેવ અને તેમના અનુયાયીઓને નિમંત્રણ, યજ્ઞભાગ વગેરે નહિ આપીને મહાદેવ વગેરે બ્રહ્મનિષ્ઠ પુરુષોનું દક્ષે અપમાન કર્યું. —भा. क.

× આ 'નીલકંઠ' સંબોધન આપીને એમ સૂચવ્યું છે કે, આપ તો સર્વના પર અનુગ્રહ કરનાર છો અને તેથીજ આપે વિષ–ભક્ષણ પણ કર્યું હતું. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતાં તેનું સ્મરણ કરીને હસતા હસતા સતીને કહેવા લાગ્યા.[૧૫]

શ્રીભગવાન બોલ્યા–' હે પવિત્ર સતિ! તમે જો કે ઠીકજ કહ્યું છે કે, પોતાના સંબંધીઓને ત્યાં લોકો વિનાબોલાવ્યે પણ જાય છે; પરંતુ તે સંબંધીઓ અતિશય બળવાન એવા દેહાભિમાનથી અને ક્રોધથી જો દોષદષ્ટિ ઉપજાવનાર ન હોય–દોષદષ્ટિએ જોતા ન હોય તોજ![૧૬] પણ વિદ્યા, તપ, ધન, શરીર, વય તથા કુળ–એ છ ગુણો કે જે કેવળ સત્પુરુષોમાંજ ગુણરૂપે થાય છે પણ દુર્જનોમાં તો તે ગુણો દોષરૂપજ થાય છે–તેને લીધે વિવેકજ્ઞાનનો નાશ થઈ જતાં જેઓની દુષ્ટ દષ્ટિ કેવળ અભિમાનથીજ ભરપૂર થયેલી હોય છે તેવા અભિમાની પુરુષો મહાપુરુષોના પ્રભાવને જોતા નથી–જાણતા નથી.[૧૭] આવા અભિમાની પુરુષો વક્રબુદ્ધિને લીધે પોતાને ઘેર આવેલાં સંબંધીઓની સામે ચડાવેલી ભ્રૂકુટીવાળી ક્રોધપૂર્ણ દષ્ટિએ જુએ છે; માટે તેવા અવ્યવસ્થિત મનવાળા પુરુષોને ઘેર (તેઓને) પોતાના સંબંધી માનીને (વિનાબોલાવ્યે) જવું નહિ.[૧૮] મનુષ્ય વક્રબુદ્ધિવાળાં પોતાનાં સ્વજનોનાં દુષ્ટ વાક્યોથી મર્મસ્થાનમાં પ્રહાર પામીને રાત્રિદિવસ પીડાતા હૃદયે જેવો દુઃખી થાય છે, તેવો શત્રુઓએ બાણો વડે શરીરે ઘાયલ કર્યો હોય તોપણ દુઃખી થતો નથી; પરંતુ સુખેથી ઊંઘે છે.[૧૯] હે સુંદર ભ્રૂકુટીવાળાં સતિ! જો કે એ વાત સત્ય છે કે તમે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પ્રજાપતિ દક્ષને પોતાની સર્વ પુત્રીઓમાં પ્રિય છો અને માન્ય પણ છો; છતાં તમે તમારા પિતા તરફથી (આ સમયે) માન મેળવી શકશો નહિ. કેમકે મારા આશ્રયથી તમારા ઉપર પણ દક્ષ ક્રોધથી બળ્યા કરે છે.[૨૦] નિરભિમાની પુરુષોની પુણ્ય, કીર્તિ વગેરે સમૃદ્ધિઓથી અત્યંત બળતા હૃદયને લીધે જેની ઇન્દ્રિયો વ્યાકુળ હોય છે અને એવા પુરુષોના પદને કે સ્થાનને પ્રાપ્ત કરવાને જે અસમર્થ હોય છે તેવો પુરુષ, અસુરો જેમ શ્રીહરિનો દ્વેષ કરે છે તેમ કેવળ એવા પુરુષોનો દ્વેષજ કર્યા કરે છે.[૨૧] હે સુંદર કટિવાળાં સતિ! સર્વની હૃદયગુહામાં રહેલા પરમ પુરુષ પરમાત્માનેજ ડાહ્યા પુરુષો, સામે જવું, વિનય કરવો, વંદન કરવું વગેરે સારી રીતે અંતઃકરણપૂર્વક કરે છે; દેહાભિમાની જીવને કરતા નથી.[૨૨] અતિશય શુદ્ધ એવું જે અંતઃકરણ તેજ વસુદેવ કહેવાય છે. કેમકે તે શુદ્ધ અંતઃકરણરૂપી વસુદેવમાં ઇન્દ્રિયોથી અગોચર શ્રીવાસુદેવ પ્રકટપણે પ્રકાશે છે. તે ભગવાનને હું મારા વિશુદ્ધ અંતઃકરણમાં નમસ્કારપૂર્વક સેવું છું.[૨૩] માટે હે સુંદર ઊરુવાળાં સતિ! તે દક્ષ પ્રજાપતિ, જો કે તમારા શરીરને ઉત્પન્ન કરનાર તમારો પિતા છે; તોપણ તેને તથા તેના અનુયાયીઓને તમારે જોવા નહિ, એટલે મળવું પણ નહિ; કેમકે તે દક્ષ મારો દ્વેષ કરે છે અને તેણે પ્રજાપતિઓના યજ્ઞમાં ગયેલા મારો નિરપરાધીનો દુષ્ટ વચનોથી તિરસ્કાર કર્યો છે.[૨૪] આ રીતે હું તમને ના પાડું છું, છતાં તમે મારાં વચનનો અનાદર કરી (દક્ષના યજ્ઞમાં) જશો તો તેથી તમારું કલ્યાણ થશે નહિ. કેમકે પ્રતિષ્ઠિત મનુષ્યનું પોતાનાં સ્વજનો તરફથી જ્યારે અપમાન થાય છે ત્યારે તે અપમાન, તે મનુષ્યને તત્કાળ મરણજનક થાય છે.'[૨૫]

यदि व्रजिष्यस्यतिहाय मद्वचो भद्रं भवत्या न
न ततो भविष्यति । संभावितस्य स्वजनात्पराभवो
यदा स सद्यो मरणाय कल्पते ॥२५॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ
સ્કંધ વિષે અધ્યાય ૩ જો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય ૪ થો*

દક્ષના યજ્ઞમાં સતીનું અપમાન અને તેમણે કરેલો દેહત્યાગ

॥ मैत्रेय उवाच ॥

एतावदुक्त्वा विरराम शंकरः पत्न्यंगनाशं ह्युभयत्र चिंतयन् । सुहृद्दिदृक्षुः परिशंकिता भवान्निष्क्रामती निर्विशती द्विधास सा ॥१॥

મૈત્રેય બોલ્યાઃ—"આટલું કહીને ભગવાન શંકર બોલતા બંધ થયા, કેમકે તેમણે જાણી લીધું હતું કે અહીંથી રજા આપવામાં કે બળાત્કારે રોકવામાં—એમ બન્ને સ્થિતિમાં સતીના શરીરનો વિનાશજ આવી પહોંચ્યો છે. બીજી તરફ સતી પણ પોતાનાં સંબંધીઓને મળવા માટે ઘડીમાં ઘરની બહાર જતાં હતાં અને ઘડીમાં મહાદેવના ભયથી ઘરની અંદર પાછાં આવતાં હતાં; આ રીતે સતીની (હીંચકાની પેઠે) બે ગતિ થઈ પડી હતી.[૧] પોતાનાં સંબંધીઓને મળવા માટે શંકરે ના પાડી તેથી સતીનું મન ઉદાસ થઈ ગયું. સ્નેહથી તે રડવા લાગ્યાં, વહેતા અશ્રુપ્રવાહને લીધે અત્યંત વિહ્વળ થઈ ગયાં અને જેમના સમાન બીજો કોઇ પણ પુરુષ નથી એવા શંકરને જાણે બાળી નાખતાં હોય તેમ ક્રોધથી કંપતાં એ ભવાની શંકરની સામે જોવા લાગ્યાં.[૨] તે પછી સત્પુરુષોને પ્રિય એવા જેમણે પ્રેમથી પોતાનું અર્ધું શરીર અર્પણ કર્યું હતું તે શંકરનો પણ પરિત્યાગ કરી સ્ત્રીપણાને લીધે મૂઢ બુદ્ધિવાળાં તે સતી, શોક તથા રોષથી ખિન્ન થયેલા હૃદયે પોતાનાં માતપિતાને ઘેર જવા નીકળી પડ્યાં.[૩] સતી એકલાંજ ઉતાવળે પગલે ત્યાંથી ચાલી નીકળ્યાં એટલે મણિમાન, મદ વગેરે હજારો શંકરના અનુચરો, પાર્ષદો તથા યક્ષો શંકરના પોઠિયા નંદીશ્વરને આગળ કરી નિર્ભય થઇને વેગથી તેમની પાછળ નીકળી પડ્યા. તેઓએ સતીને નંદિકેશ્વર ઉપર બેસાડ્યાં અને મેના, દડો, દર્પણ, કમળ, શ્વેત છત્ર, ચામર તથા માળા વગેરેથી, ગીત—ગાન વગેરેનાં સાધનોથી તથા નગારાં, શંખ અને વાંસળીઓથી સુશોભિત થઇ સતીની પાછળ તેઓ જવા લાગ્યા.[૪।૫] પછી તે સતી દક્ષના યજ્ઞસ્થાનમાં જઈ પહોંચ્યાં, કે જે યજ્ઞસ્થાન ચોતરફ થઇ રહેલી વેદગર્જનાઓથી શોભી રહ્યું હતું, જ્યાં યજ્ઞ સંબંધી પશુઓનો વધ થતો હતો, બ્રહ્મર્ષિઓ અને દેવતાઓ ચારે બાજુ જ્યાં બિરાજ્યા હતા અને જે સ્થળે માટીનાં, લાકડાનાં, સોનાનાં, દર્ભનાં તથા ચામડાનાં અનેક પાત્રો ગોઠવી દેવામાં આવ્યાં હતાં.[૬] સતી તે યજ્ઞસ્થાનમાં આવ્યાં, પણ ત્યાં તેમની બહેનો અને માતા વિના કોઈ મનુષ્યે દક્ષ પ્રજાપતિના ભયથી તેમનો આદરસત્કાર કર્યો નહિ. કેમકે દક્ષે (પ્રથમથીજ) સતીનું અપમાન કર્યું હતું. માત્ર તેમની બહેનો તથા માતા તેમને હર્ષથી આદર આપીને પ્રેમાશ્રુથી ગળગળી થઇને ભેટી પડી;[૭] પણ પિતાએ ત્યાં પોતાનું અપમાન કર્યું હતું, તેથી સતીએ બહેનોએ પૂછેલા કુશળપ્રશ્નનો કે કુશળપ્રશ્નને યોગ્ય કોઈ વાતચીતનો અથવા માતાએ અને માસીઓએ કરેલા આદરસત્કારનો સ્વીકાર કર્યો નહિ; એટલુંજ નહિ પણ તેઓએ આપેલા શ્રેષ્ઠ આસનને પણ તેમણે લીધું નહિ.[૮] તેમણે જોયું તો એ યજ્ઞમાં શંકરનો ભાગ ન હતો અને એ દ્વારા પિતાએ મહાસમર્થ દેવ શંકરનું પણ અપમાન કર્યું હતું. વળી તે યજ્ઞસભામાં પોતાનું પણ અપમાન થયું હતું; તેથી તે અધીશ્વરી સતી, લોકોને જાણે ક્રોધથી બાળી નાખતાં હોય તેમ કોપી ઊઠ્યાં.[૯] તે દેવીએ દક્ષનો વધ કરવા તૈયાર થયેલા પોતાના ભૂતગણોને પોતાના તેજથી અટકાવીને

---

* આ અધ્યાયમાં પોતાના પતિનો ત્યાગ કરી સતી યજ્ઞમાં ગયાં ને ત્યાં પિતાએ અપમાન કર્યું, એટલે ક્રોધથી પિતાનો તિરસ્કાર કરી સતીએ યજ્ઞમાં દેહનો ત્યાગ કર્યો, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શિવના દ્વેષી અને કર્મમાર્ગના અભ્યાસથી ગર્વિષ્ઠ તે દક્ષને સર્વ જગતના સાંભળતાં ક્રોધને લીધે અસ્પષ્ટ બોલાતી વાણીથી ધિક્કારવા માંડ્યો.[૧૦]

શ્રીસતીદેવી બોલ્યાંઃ—'જેમનાથી આ જગતમાં કોઈ ઉત્કૃષ્ટ નથી, જેમને કોઇ પ્રિય કે અપ્રિય નથી અને જે પ્રાણીમાત્રના પ્રિય આત્મારૂપ છે, તે સમસ્ત સ્વરૂપ અને વૈરરહિત એવા ભગવાન શંકર તરફ તારા વિના બીજો કયો પુરુષ વિરુદ્ધ આચરણ કરે?[૧૧] ઓ બ્રાહ્મણ! તારા જેવા અદેખા પુરુષો બીજાઓના ગુણોમાં કેવળ દોષોજ ગ્રહણ કરે છે, ગુણો ગ્રહણ કરતા નથી. ત્યારે બીજા કેટલાક મધ્યસ્થ મહાપુરુષો પારકા ગુણોમાં કેવળ દોષ ગ્રહણ કરતા નથી, પણ જેવા હોય તેવા ગુણો તથા દોષો બન્નેને વિવેકપૂર્વક ગ્રહણ કરે છે અને જે ઉત્તમ—મહત્તર પુરુષો છે, તેઓ બીજાઓના માત્ર ગુણોજ ગ્રહણ કરે છે, દોષોને તો ગ્રહણ કરતાજ નથી; પરંતુ જે સર્વોત્કૃષ્ટ મહત્તમ પુરુષો છે, તેઓ તો દોષોને ગ્રહણ કરતા નથી; એટલુંજ નહિ પણ બીજાઓના અતિ અલ્પ ગુણોને પણ ઘણાજ મોટા કરી મૂકે છે. આવા મહત્તમ પુરુષો ઉપર પણ તેં દોષારોપ કર્યો છે.[૧૨] પરંતુ આમાં કંઇ આશ્ચર્ય નથી કે, જડ શરીરનેજ આત્મા કહેનારા દુષ્ટ પુરુષો સર્વદા ઇર્ષ્યાથી મહાપુરુષોની નિંદા કર્યા કરે છે અને મહાપુરુષોની ચરણરજથી નિસ્તેજ થયેલા તેવા દુષ્ટ પુરુષોને મહાપુરુષોની નિંદા એજ શોભાસ્પદ હોય છે. જેમનું બે અક્ષરોવાળું 'શિવ' એવું નામ, પ્રસંગે કેવળ એકજ વખત વાણીથી ઉચ્ચાર્યું હોય, તો તત્કાળ મનુષ્યોનાં સર્વ પાપોનો વિનાશ કરી નાખે છે; આવા પવિત્ર કીર્તિવાળા અને જેમની આજ્ઞા કોઈનાથી ઓળંગાતી નથી, એવા તે શિવનો અહો! આશ્ચર્ય છે કે, તું અંગળમૂર્તિ દ્વેષ કરે છે!! જેમનાં ચરણકમળને બ્રહ્મરસરૂપી પુષ્પરસની ઇચ્છાવાળા મહાપુરુષોનાં મનરૂપી ભમરા નિત્ય સેવ્યા કરે છે અને જે કામનાવાળા લોકોની સર્વ કામનાઓ પૂર્ણ કરે છે, તે જગતના બંધુ સદાશિવનો તું દ્વેષ કરે છે!![૧૩-૧૫] જે શંકર ભગવાન જટાઓ છૂટી મૂકીને શ્મશાનમાં પિશાચોની સાથે નિવાસ કરે છે અને ત્યાંની માળાઓ, ભસ્મ તથા મુડદાંઓની ખોપરીઓને ધારણ કરે છે, તે શિવનામધારી ભગવાન શંકરને તારા વિના બ્રહ્માદિ દેવતાઓ પણ અમંગળસ્વરૂપ જાણતા નથી; કેમકે તેઓ ભગવાન શંકરના ચરણ ઉપરથી પડી ગયેલાં નિર્માલ્યને પોતાનાં મસ્તકો ઉપર ચડાવે છે.[૧૬] જે સ્થળે નિરંકુશ મનુષ્યો ધર્મરક્ષક ઈશ્વર શંકરની નિંદા કરતા હોય, તે વેળા પોતે જો તેઓને શિક્ષા કરવા અસમર્થ હોય, તો પોતાના બન્ને કાન બંધ કરી દઈ તે સ્થળેથી ચાલ્યા જવું જોઇએ; પણ તેઓને શિક્ષા કરવાને પોતે જો સમર્થ હોય, તો નિંદા કરનારાઓની તે અમંગળ બોલતી જીભને બલાત્કારે છેદી નાખવી જોઇએ અને એટલું કર્યા પછી પણ પોતે પોતાના પ્રાણનો ત્યાગ કરી દેવો જોઇએ; આ ધર્મ છે.[૧૭] માટે શંકરની નિંદા કરનાર એવા તારા થકી ઉત્પન્ન થયેલા આ શરીરને હું ધારણ કરીશ નહિ, પણ તજી દઇશ. કેમકે કોઇ અપવિત્ર અન્ન પ્રમાદથી કે ભૂલથી ખવાઈ ગયું હોય, તો તેને ઓકી કાઢવું એજ ખાનારની શુદ્ધિ કહી છે—બસ, એજ તેનું પ્રાયશ્ચિત્ત છે. જે મહાન મુનિ કેવળ પોતાના આત્મામાંજ રમણ કરે છે, તેની બુદ્ધિ વેદના વિધિ—નિષેધરૂપ વાદોને અનુસરતી નથી;† જેમ દેવોની ગતિ આકાશમાં હોય છે અને મનુષ્યોની ગતિ પૃથ્વી ઉપરજ હોય છે. (તેમ નિવૃત્તિમાર્ગે જનારો વેદાજ્ઞાઓથી પણ નિવૃત્ત થાય છે અને પ્રવૃત્તિમાર્ગે જનારો વેદાજ્ઞાઓનેજ અનુસરે છે.) માટે પ્રવૃત્તિરૂપ કે નિવૃત્તિરૂપ સ્વધર્મમાં રહેલા પુરુષે બીજા ધર્મની કે બીજા પુરુષની નિંદા કરવી નહિ.×[૧૮/૧૯] પ્રવૃત્તિ-

† કેમકે વેદવાદોને અનુસરવાનો તેનો અધિકાર તે અવસ્થામાં તેને માટે છેજ નહિ. —**શ્રીધર**

× કેમકે પ્રવૃત્તિમાર્ગે જનારનો તથા નિવૃત્તિમાર્ગે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માર્ગનાં અગ્નિહોત્રાદિ કર્મો અને નિવૃત્તિમાર્ગનાં શમદમાદિ કર્મો—એ બન્ને સત્યજ છે. કારણ કે વેદમાં (અધિકારી પરત્વે) રાગ તેમજ વૈરાગ્યરૂપ ચિહ્નવાળાં એ બન્નેનો જુદો જુદો વિભાગ કરીને વ્યવસ્થા કરી છે. (જેમકે રાગવાળો અધિકારી પ્રવૃત્તિકર્મ કરે અને વૈરાગ્યવાળો અધિકારી નિવૃત્તિકર્મ કરે.) પણ આ બન્ને કર્મ એકીસાથે એકજ પુરુષમાં વિરોધી થઈ પડે છે—અર્થાત્ એકજ પુરુષ એકીસાથે આ બન્ને માર્ગમાં કદી પણ જઈ શકે નહિ અને પરબ્રહ્મરૂપ સદાશિવને વિષે તો આ બન્ને કર્મ છેજ નહિ. પરમેશ્વરને વળી કર્મ શાં?[૨૦] ઓ પિતા! અમે આશ્રય કરેલી અણિમાદિ સમૃદ્ધિઓરૂપી પદવી તમારા જેવાઓને કદી હોઈ શકે નહિ. તમારી પદવીઓ તો યજ્ઞશાળાઓમાંજ હોય. તમારી એ પદવીઓને યજ્ઞમાં અન્નથી તૃપ્ત થયેલાઓજ કેવળ વખાણે છે અને કર્મમાર્ગીઓજ ભોગવે છે; ત્યારે અમારી તે પદવીઓને અન્નથી તૃપ્ત થનારાં પ્રાણીઓ વખાણી શકતાં નથી; કેમકે તે પદવીઓનાં કારણો અસ્પષ્ટ છે અને બ્રહ્મવેત્તા પુરુષોજ તેઓનું સેવન કરી શકે છે.+ તેં શિવનો અપરાધ કર્યો છે; માટે તારાથી ઉત્પન્ન થયેલા મારા આ શરીરનો જન્મ નિંદ્ય છે અને તેથીજ આ શરીરનો હું ત્યાગ કરીશ; કેમકે દુર્જન એવા તારો પિતા તરીકે સંબંધ રહે, એથી મને શરમ આવે છે અને મોટા પુરુષોની નિંદા કરનારથી થયેલા (આ) જન્મને પણ ધિક્કાર છે!![૨૧-૨૨] ભગવાન વૃષધ્વજ—શંકર 'હે દક્ષપુત્રિ!' એમ વિનોદમાં પણ જ્યારે તારું નામ લે છે, ત્યારે હું વિનોદ અને હાસ્ય બન્નેથી રહિત થઈ પડું છું અને મનમાં અત્યંત દુઃખી થાઉં છું, માટે તારા શરીરથી ઉત્પન્ન થયેલા આ મારા દેહનો હું ત્યાગજ કરીશ.'

મૈત્રેય બોલ્યાઃ—"હે શત્રુહંતા વિદુરજી! એ પ્રમાણે યજ્ઞની વચ્ચે દક્ષને કહીને સતી બોલતાં બંધ થયાં અને પીળાં વસ્ત્રો પરિધાન કરી ઉત્તર દિશા તરફ મુખ કરી ત્યાં પૃથ્વી પર બેસી ગયાં. પછી જળનું આચમન લઇને નેત્રો બંધ કરી દીધાં અને યોગમાર્ગમાં પ્રવેશ કર્યો. તે નિર્દોષ સતીએ આસનનો જય કરી પ્રાણ તથા અપાનને એકરૂપ કરી દીધા અને નાભિચક્રમાં તે બન્ને વાયુને સ્થાપી દીધા. પછી ઉદાનવાયુને તેના સ્થાનમાંથી ઊંચો લઇ જઇને બુદ્ધિની સાથે હૃદયમાં સ્થાપી દઈ કંઠના માર્ગે બે ભ્રમરની વચ્ચે લઈ ગયાં.[૨૩-૨૫] એ રીતે મહાન પુરુષોને પણ અતિશય પૂજ્ય ભગવાન શંકરે વારંવાર આદરથી પોતાના ખોળામાં સ્થાપેલા તે શરીરને દક્ષ પરના રોષથી તજવા ઇચ્છતાં મનસ્વિની સતીએ પોતાના શરીરમાં વાયુ તથા અગ્નિની ધારણા કરી.[૨૬] તે વખતે જેમનાં પાપ નાશ પામ્યાં હતાં, એવાં તે સતી જગતના ગુરુ એવા પોતાના સ્વામી શ્રીશંકરનાજ ચરણકમળમાંના ભજનાનંદનું ચિંતન કરતાં (તેમના વિના) બીજી કોઇ પણ વસ્તુને જોતાં ન હતાં. પછી તરતજ સમાધિથી ઉત્પન્ન થયેલા અગ્નિ વડે તેમનું શરીર બળીને ભસ્મ થઇ ગયું.[૨૭] તે મહાઆશ્ચર્યજનક ઘટનાને આકાશમાં તથા પૃથ્વી પર રહીને જોનારાઓમાં ઘણોજ મોટો હાહાકાર થઇ રહ્યો અને તેઓ કહેવા લાગ્યા કે, 'અત્યંત ખેદની વાત બની છે કે, દક્ષે કોપાવેલાં મહાદેવનાં પત્ની દેવી સતીએ પ્રાણનો ત્યાગ કર્યો. અહો! સ્થાવર-જંગમ સર્વ જગત જેની પ્રજા છે, એવા દક્ષની આ દુર્જનતા તો જુઓ! જે સતી વારંવાર માનને યોગ્ય હતાં, તે પોતાની પુત્રીનું તેણે અપમાન કર્યું છે, જેથી તે મનસ્વિની સતીએ આ રીતે પ્રાણનો ત્યાગ કર્યો છે.[૨૮-૨૯] આ દક્ષ અસહનશીલ હૃદયવાળો હોઇ બ્રહ્મનો દ્રોહી છે

જનારનો અધિકાર જુદો જુદોજ વ્યવસ્થિત છે; જેથી તે તે માર્ગે જનારા બન્ને સાચાજ છે.

+ કહેવાનો ભાવ એ છે કે, તું ગર્વ કરીશ નહિ કે, હું મોટો શ્રીમંત છું અને શિવ તો દરિદ્ર છે; કેમકે શિવના જેવો ઐશ્વર્યસંપન્ન કોઇ નથી. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દક્ષના યજ્ઞમાં સતીનો દેહત્યાગ [પૃ૪ ૨૬૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને તેથી લોકમાં મહાન અપકીર્તિને પામશે. મહાપુરુષ શંકરભગવાનનો દ્વેષ કરનાર જે દક્ષે પોતાનાજ અપરાધથી મરણ માટે તૈયાર થયેલી પુત્રી–દેવી સતીને અટકાવી પણ નહિ!!'[30] મનુષ્યો સતીના પ્રાણત્યાગનું તે અદ્‌ભુત દૃશ્ય જોઇને એ પ્રમાણે પરસ્પર વાતચીત કરતાં હતાં, તેવામાં શંકરના અનુચરગણો હથિયાર ઉગામીને દક્ષપ્રજાપતિનો વધ કરવા તૈયાર થઈ ગયા.[31] તેઓને વેગથી દક્ષ સામે ધસી ગયેલા જોઈ ભગવાન ભૃગુએ યજ્ઞનો નાશ કરનારાઓનો વધ કરનારા યજુર્વેદના મંત્રથી દક્ષિણાગ્નિમાં હોમ કર્યો.[32] અધ્વર્યુ ભૃગુ ઋષિએ એ પ્રમાણે હોમ કર્યો, એટલે (આહુતિદ્વારા) હજારો ઋભુ નામના દેવો એકદમ ઉત્પન્ન થયા, કે જેઓ* તપને લીધે ચંદ્રલોકને પામ્યા હતા. તેઓએ બ્રહ્મતેજથી ઝળહળતાં ઊંબાડિયાંરૂપી હથિયારો લઇને મહાદેવના પ્રમથગણોને તથા યક્ષોને એવા તો મારવા માંડ્યા, કે જેથી તેઓ દિશાઓમાં નાસી ગયા."[33,34]

તૈરલાતાયુધૈઃ સર્વે પ્રમથાઃ સહગુહ્યકાઃ ।
હન્યમાના દિશો ભેજુરુશદ્ભિર્બ્રહ્મતેજસા ॥૩૪॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૪ થો સમાપ્ત

અધ્યાય ૫ મો+

ભગવાન શંકરનો ક્રોધ અને વીરભદ્રદ્વારા દક્ષનો વિનાશ

॥ મૈત્રેય ઉવાચ ॥

ભવો ભવાન્યા નિધનં પ્રજાપતેરસત્કૃતાયા અવગમ્ય નારદાત્ । સ્વપાર્ષદસૈન્યં ચ તદધ્વરર્ભુભિર્વિદ્રાવિતં ક્રોધમપારમાદધે ॥૧॥

મૈત્રેય બોલ્યાઃ–"શંકરે નારદ પાસેથી જ્યારે જાણ્યું કે, પ્રજાપતિ દક્ષે અપમાન કરેલાં સતી ભવાનીએ દેહનો ત્યાગ કર્યો છે અને પોતાના પાર્ષદસૈન્યને તેના યજ્ઞના ઋભુ દેવોએ નસાડી મૂક્યું છે, ત્યારે તેમને અપાર ક્રોધ થયો. તે ધૂર્જટિ–રુદ્રદેવે ક્રોધમાં આવી જઇને પોતાના હોઠ પીસવા માંડ્યા અને વીજળી તથા અગ્નિની જ્વાળાઓની પેઠે ચમકતી જટાને છૂટી મૂકી દઇ એકાએક ઊભા થઇ ગંભીર શબ્દથી અટ્ટહાસ્ય કરીને તે જટાને પૃથ્વી ઉપર પછાડી,[1,2] એટલે તરતજ તેમાંથી અતિમહાન શરીરવાળો એક પુરુષ ઉત્પન્ન થયો. તે પોતાના શરીરથી આકાશને સ્પર્શ કરતો હતો, હજાર હાથવાળો હતો, મેઘસમાન શ્યામ રંગનો હતો, ત્રણ સૂર્ય જેવાં ત્રણ નેત્રોવાળો હતો, ઊંચી દાઢોવાળો હતો બળતા અગ્નિ જેવા કેશવાળો હતો, ખોપરીઓની માળા તેણે ધારણ કરી હતી અને જાતજાતનાં હથિયારો ઉગામ્યાં હતાં. તેણે બે હાથ જોડીને કહ્યું કે, 'હું આપનું શું કામ કરૂં?' એટલે ભગવાન ભૂતપતિએ તેને કહ્યું કે, 'ઓ યુદ્ધકુશળ રુદ્ર! તું મારા યોદ્ધાઓનો નેતા થઇને દક્ષનો તથા તેના યજ્ઞનો નાશ કરી નાખ. (તું નિર્ભય થા.) તું મારા અંશરૂપ છે.'[3,4] ક્રોધમૂર્તિ દેવ શંકરે એ રીતે આજ્ઞા આપી, એટલે તેણે દેવોના પણ દેવ પ્રભુ શંકરને પ્રદક્ષિણા કરી અને પછી હે તાત! પોતાના અસ્ખલિત વેગને લીધે તે પોતાને મહાબળવાન પુરુષોના બળ સામે પણ ટક્કર ઝીલનાર માનવા લાગ્યો.[5] મોટી મોટી ગર્જના કરતા શંકરના પાર્ષદોથી અનુસરતા તેણે મહાભયંકર ગર્જના કરવા માંડી અને પછી જગતના મૃત્યુદેવનો પણ નાશ કરી નાખે, તેવું ત્રિશૂળ ઉગામીને ઝાંઝરથી ઝણકાર કરતા પગે (દક્ષના યજ્ઞ તરફ) તે ધસી ગયો. પેલી તરફ–દક્ષના યજ્ઞમાં ઋત્વિજો, યજમાન–દક્ષ, સભાસદો, બ્રાહ્મણો ને બ્રાહ્મણપત્નીઓ ઉત્તર દિશામાં ધૂળનાં ચગડોળ જોઇને વિચાર કરવા લાગ્યાં કે, 'આ

* જેઓ તપથી યજ્ઞમાં સોમભાગ પામ્યા હતા. —બાલપ્રબોધિની

\+ આ અધ્યાયમાં સતીના દેહનો ત્યાગ સાંભળી શંકરે ક્રોધથી વીરભદ્રને ઉત્પન્ન કરી તે દ્વારા દક્ષનો વધ કરાવ્યો, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શો અંધકાર છે? આ ધૂળ ક્યાંથી ઊડી? વાયરા તો વાતા નથી; ચોર લોકો તો હાલ છેજ નહિ; કેમકે ઉગ્ર દંડ કરનારો પ્રાચીનબર્હિષ રાજા હજી જીવે છે; વળી ગાયો પણ હાંકીને લઇ જવાતી જણાતી નથી; છતાં આ શું? આ ધૂળ ક્યાંથી? શું હમણાં જગતનો વિનાશ થવા બેઠો છે?[૬-૮] દક્ષની પત્ની પ્રસૂતિ જેમાં મુખ્ય હતી, તે બધી સ્ત્રીઓ મનમાં ઉદ્વેગ પામીને (પરસ્પર) કહેવા લાગી કે, 'દક્ષના પાપનુંજ આ પરિણામ છે, કેમકે પ્રજાપતિ દક્ષે પોતાની પુત્રીઓના દેખતાં નિરપરાધી પુત્રી સતીનું અપમાન કર્યું છે.[૯] જે ભગવાન શંકર પ્રલયકાળે જટાજૂટને છૂટા મૂકી દઇ, પોતાના ત્રિશૂળની અણી ઉપર દિશાઓના હાથીઓને પરોવી ઊંચે જતાં અસ્ત્રોવાળા પોતાના બાહુઓરૂપી ધ્વજોને પહોળા કરી હર્ષથી નૃત્ય કરે છે અને તે વેળા કઠોર હાસ્યની મોટી ગર્જનાઓ કરીને સર્વ દિશાઓને ચીરી નાખે છે; તે અસહ્ય તેજવાળા, ક્રોધથી વ્યાપ્ત થયેલા, ચડેલી ભમ્મરને લીધે અત્યંત દુઃસહ અને વિકરાળ દાઢો વડે નક્ષત્રમંડળને અસ્તવ્યસ્ત કરી નાખતા ભગવાન શંકરને કોપાયમાન કરનાર વિધાતા પોતે હોય, તોપણ શું તેનું કલ્યાણ થાય? નહિજ.[૧૦,૧૧] એ રીતે વ્યાકુળ દૃષ્ટિવાળા લોકો અનેક પ્રકારે કહી રહ્યા હતા, તેવામાં મહાત્મા દક્ષને પણ વારંવાર ભય ઉપજાવનારા મોટા મોટા હજારો ઉત્પાતો આકાશમાં અને પૃથ્વી પર ચારે બાજુ થવા લાગ્યા.[૧૨] તેટલામાં તો હે વિદુરજી! ચોતરફથી ધસી આવેલા રુદ્રના અનુચરોએ તે મહાન યજ્ઞને ઘેરી લીધો. તેઓએ જાતજાતનાં હથિયારો ધારણ કર્યાં હતાં, શરીરના કદમાં તેઓ ઠીંગણા હતા, બધાએ હથિયારો ઉગામ્યાં હતાં, રંગે કેટલાક પિંગળા ને કેટલાક પીળા હતા અને તેઓનાં પેટ તથા મોઢાં મગરમચ્છ જેવાં હતાં.[૧૩] તેઓમાંના કેટલાકે યજ્ઞશાળાના પ્રાગ્વંશને* ભાગી નાખ્યો, કેટલાકે યજ્ઞશાળાથી પશ્ચિમમાં આવેલી પત્નીશાળાને તોડી, કેટલાકે યજ્ઞશાળાની સન્મુખમાંના સભામંડપને ભાંગી નાખ્યો, કેટલાકે સભાગૃહ આગળ રહેલા હવિર્ધાનની ઉત્તરે આગ્નીધ્રશાળાને વિખેરી પાડી તથા કેટલાકે પાકશાળા તથા ભોજનશાળાને પણ ભાંગી નાખી; વળી કેટલાકે યજ્ઞપાત્રો ભાંગ્યાં, કેટલાકે અગ્નિઓનો નાશ કર્યો, કેટલાક યજ્ઞકુંડોમાં મૂતરવા લાગ્યા, કેટલાકે વેદિકાની મેલખાઓ તોડી પાડી, કેટલાકે મુનિઓને બાંધ્યા, કેટલાકે સ્ત્રીઓને ધુતકારી કાઢી અને કેટલાકે પાસે થઈને નાસતા દેવોને પકડ્યા. મણિમાને ભૃગુને બાંધ્યા, વીરભદ્રે દક્ષને બાંધ્યો, ચંડીશે પૂષા દેવને બાંધ્યો ને નંદીશ્વરે ભગદેવને પકડ્યો.[૧૪-૧૭] વળી તે પાર્ષદો પથ્થરો લઇને સર્વને મારવા લાગ્યા. તે જોઇને બધા ઋત્વિજો અને સભાસદો દેવોની સાથે ચોતરફ નાસવા લાગ્યા.[૧૮] ભગવાન વીરભદ્રે હાથમાં સુવો લઇને હોમ કરી રહેલા ભૃગુ ઋષિની દાઢી–મૂછને ચૂંટી કાઢી; કારણ કે ભૃગુઋષિ દાઢી-મૂછ દેખાડીને તે વેળા હસ્યા હતા.[૧૯] ભગવાન વીરભદ્રે પૃથ્વીના ઉપર પછાડી પાડેલા ભગદેવનાં બન્ને નેત્રોને ક્રોધથી બહાર ખેંચી કાઢ્યાં; કેમકે તેણે શંકરને શાપ આપતા દક્ષને સભાની વચ્ચે રહી આંખના ઇશારાથી સૂચના કરી હતી.[૨૦] જેમ બળદેવે કલિંગ દેશના રાજાના* દાંત પાડી નાખ્યા હતા, તેમ વીરભદ્રે પૂષાદેવના દાંત પાડી નાખ્યા; કેમકે દક્ષ શંકરની નિંદા કરતો હતો ત્યારે તેણે દાંત દેખાડીને હાસ્ય કર્યું હતું.[૨૧] તે પછી ત્રણ નેત્રવાળા વીરભદ્ર દક્ષની છાતી પર ચડી બેસી તીક્ષ્ણ ધારવાળાં શસ્ત્રથી તેનું મસ્તક છેદવા લાગ્યા; છતાં તેને છેદી શક્યા નહિ.[૨૨] અસ્ત્રોસહિત અનેક શસ્ત્રો લઇને તે મસ્તક કાપવા

* પ્રાગ્વંશ એટલે યજ્ઞશાળાના પૂર્વ–પશ્ચિમ સ્તંભ ઉપર સ્થાપેલું પૂર્વપશ્ચિમ લાંબુ લાકડું. —શ્રીધર

* બળદેવે અનિરુદ્ધના વિવાહસમયે જુગારમાં કલિંગરાજના દાંત પાડી નાખ્યા હતા. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માંડ્યું, તોપણ તેની ચામડી પણ કપાઇ નહિ; તેથી અત્યંત આશ્ચર્ય પામીને પશુપતિ વીરભદ્ર ઘણા લાંબા વખત સુધી વિચારમાં પડી ગયા.[૨૩] પછી તે પશુપતિએ યજ્ઞમાં પશુઓને કંઠ દાબીને મારી નાખવાનો ઉપાય જોઇને યજમાન–દક્ષરૂપી પશુના મસ્તકને પણ એ રીતે શરીર ઉપરથી હરી લીધું–કાપી નાખ્યું.[૨૪] તે સમયે તેમના એ કર્મની પ્રશંસા કરતા ભૂત–પ્રેત પિશાચોમાં 'બહુ સારૂં થયું' વગેરે સાધુવાદ થવા લાગ્યા અને બીજા બ્રાહ્મણો વગેરેમાં અસાધુવાદ થયા. 'આ બહુજ અનિષ્ટ થયું' એમ સર્વે કહેવા લાગ્યા.[૨૫] તે પછી ક્રોધાયમાન થયેલા વીરભદ્રે દક્ષના મસ્તકને ત્યાં દક્ષિણના અગ્નિમાં હોમી દીધું અને તે યજ્ઞસ્થાનને બાળી નાખી કૈલાસ પર્વત તરફ તે ચાલી નીકળ્યા."[૨૬]

जुहावैतच्छिरस्तस्मिन् दक्षिणाग्नावमर्षितः ।
तद्देवयजनं दग्ध्वा प्रातिष्ठद् गुह्यकालयम् ॥२६॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થસ્કંધ વિષે અધ્યાય ૫ મો સમાપ્ત

अध्याय ६ ठ्ठो ×

દક્ષ આદિના જીવન માટે બ્રહ્માની શંકરને પ્રાર્થના

॥ मैत्रेय उवाच ॥

अथ देवगणाः सर्वे रुद्रानीकैः पराजिताः ।
शूलपट्टिशनिस्त्रिंशगदापरिघतोमरैः ॥१॥

મૈત્રેય બોલ્યાઃ–"એ પ્રમાણે શંકરનાં સૈન્યોએ સર્વ દેવોનો પરાજય કર્યો અને ત્રિશૂળ, પટ્ટિશ, તલવાર, ગદા, પરિઘ, મુદ્‌ગર–વગેરે સર્વ શસ્ત્રોથી દેવોનાં સર્વ અંગોને છિન્નભિન્ન કરી નાખ્યાં. તે પછી ઋત્વિજો અને સભાસદોની સાથે ભયભીત થયેલા દેવગણો સ્વયંભૂ–બ્રહ્મદેવ પાસે ગયા ને પ્રણામ કરી તેમને આ સઘળી વાત જણાવી.[૧૨] કમળમાંથી ઉત્પન્ન થયેલા ભગવાન બ્રહ્માએ અને વિશ્વાત્મા નારાયણ ભગવાને તો આ સર્વ વૃત્તાંત પ્રથમથીજ જાણી લીધો હતો અને તેથી તેઓ બન્ને દેવ દક્ષના યજ્ઞમાં ગયા ન હતા.[૩] બ્રહ્માએ દેવોનાં વચન સાંભળી કહ્યું કે, 'મહાતેજસ્વી પુરુષે કદાચ અપરાધ કર્યો હોય, તોપણ તેની સામે અપરાધ કરવા ઇચ્છનારાઓનું કદી કલ્યાણ થતું નથી, એવી લોકકહેવત છે.[૪] જો કે તમે શંકરનો અપરાધ કર્યો છે અને યજ્ઞભાગના ભોક્તા તે ભગવાનને યજ્ઞમાં ભાગ નહિ આપીને અપમાન કર્યું છે, તોપણ તમે તેમનાં ચરણકમળ ગ્રહણ કરીને શીઘ્ર પ્રસન્ન થનારા તે ભગવાનને શુદ્ધ હૃદયથી પ્રસન્ન કરો, તમે તેમની ક્ષમા માગો.[૫] તમે જો યજ્ઞના જીવનને ઇચ્છતા હો–અર્થાત્ તમારે અપૂર્ણ રહેલા યજ્ઞને પૂર્ણજ કરવો હોય, તો જે ક્રોપાયમાન થતાં લોકપાલોસહિત સમગ્ર જગતનો વિનાશ થઈ જાય છે, તે દેવ શંકરની સત્વર ક્ષમા માગો; જે દેવ હમણાં પોતાની પ્રિયાથી રહિત થયા છે અને તમે દુષ્ટ વાક્યોથી જેમના હૃદયને વીંધી નાખ્યું છે. હું, આ યજ્ઞ (તે નામે તે સમયનો ઇન્દ્ર), તમે સર્વ દેવો, બીજાં પ્રાણીઓ તથા મુનિઓ પણ સર્વદા સ્વતંત્ર એવા જે ભગવાનના તત્ત્વને તથા જેમના બળ અને વીર્યના પ્રમાણને જાણતા નથી, તે શંકર ભગવાનની સામે કયો પુરુષ ઉપાય કરી શકે?'+[૬।૭] દેવોને એ પ્રમાણે કહીને અજન્મા બ્રહ્મદેવ દેવો, પિતૃઓ ને પ્રજાપતિઓને સાથે લઈ પોતાના બ્રહ્મલોકમાંથી પર્વતોમાં શ્રેષ્ઠ એવા કૈલાસપર્વત ઉપર ગયા; જે પર્વત ભગવાન શંકરનું પ્રિય નિવાસસ્થાન છે.[૮]

× આ અધ્યાયમાં દેવસંઘની સાથે જઇ બ્રહ્માએ દક્ષ વગેરેના જીવન માટે શંકરનું સાંત્વન કર્યું, એ કથા કહેવાશે. —श्रीधर

+ કહેવા એ માગે છે કે, તમે કહો છો કે, અમે તો તે ભગવાન પાસે જતાં ભય પામીએ છીએ, માટે તમેજ કંઇક ઉપાય કરો, પણ હું પોતે તેમની સામે ઉપાય કરી શકું તેમ નથી. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જન્મસિદ્ધ, ઔષધિસિદ્ધ, તપઃસિદ્ધ, મંત્રસિદ્ધ, અને યોગસિદ્ધ એમ પાંચ પ્રકારના મનુષ્યજાતિથી ભિન્ન સિદ્ધ પુરુષોથી જ પર્વત સેવાયલો છે; કિન્નરો, ગંધર્વો તથા અપ્સરાઓથી સદાકાળ વીંટાયલો છે, અનેક ધાતુઓથી રંગબેરંગી એવાં અનેક મણિમય શિખરોથી,જાતજાતનાં વૃક્ષો, લતાઓ તથા છોડવાથી, અનેક નિર્મળ પાણીનાં ઝરણાંઓ તથા અનેક ગુફાઓ અને ટેકરીઓથી જ પર્વત પોતાના પતિઓ સાથે ક્રીડા કરતી સિદ્ધજાતિની સ્ત્રીઓને અત્યંત આનંદદાયક થાય છે; મયૂરોની કેકાવાણીથી જ ગાજી રહે છે, મદાંધ ભમરાઓના ગુંજારવથી વ્યાપ્ત છે, કોયલોના પ્લુત સ્વરોથી અને બીજાં પક્ષીઓના કિલકિલાટથી ગાજી રહ્યો છે;[૯-૧૨] વળી જ કૈલાસ પર્વત સર્વ કામનાઓને પૂર્ણ કરનારાં વૃક્ષોરૂપી ઊંચા કરેલા હાથથી જાણે પક્ષીઓને બોલાવતો હોય; આસપાસ ચાલતા હાથીઓથી પોતે જાણે ચાલતો હોય અને ઝરણાંઓના ખળખળાટથી પોતે જાણે બોલતો હોય, તેવો જણાય છે;[૧૩] મંદાર, પારિજાત, દેવદાર, તમાલ, સાગ, તાડ, કોવિદાર, અસન, આંજણિયા, આંબા, કદંબ, જાઈ, નાગકેસર, પુન્નાગ, ચંપા, ગુલાબ, આસોપાલવ, બોલસરી, મોગરો તથા તિલકવૃક્ષથી શોભે છે અને સોનેરી રંગનાં કમળો, ઉત્તમ એલચી, જાઇ, કુબ્જક, મલ્લિકા તથા માધવી વગેરે ફૂલઝાડોથી સુશોભિત છે; તેમજ ફણસ, ઉંબરા, પીપળા, ખાખરા, વડ, હિંગ, ભોજપત્ર, સર્વ ઔષધિઓ, સોપારી,રાજસોપારી, જાંબુ, ખજૂર, અંભેડાં, જાતજાતના આંબા, પ્રિયાલ, મહુડા, ઇંગોરિયાં, વાંસ અને પોલા વાંસ—આ સર્વ વૃક્ષોની જાતિથી અને બીજી જાતનાં પણ વૃક્ષોથી શોભી રહ્યો છે; વળી કુમુદ, ઉત્પલ, કલ્હાર તથા શતપત્ર–નામનાં જાતજાતનાં કમળોવાળાં વનની સમૃદ્ધિને લીધે સરોવરોમાં આવીને મધુર શબ્દ કરતાં પક્ષીઓનાં ટોળાંઓથી જ કૈલાસ શોભે છે;[૧૪-૧૯] તેમજ મૃગો, વાનર, ભૂંડ, સિંહ, રીંછ, શેઢારોઝ, અષ્ટાપદ, વાઘ, રુરુ જાતનાં મૃગ, પાડાઓ વગેરે, કર્ણાંત્ર, એકપદ, ઘોડા જેવાં મુખવાળાં પ્રાણીઓ, વરુઓ તથા કસ્તૂરીમૃગોથી એ પર્વત સેવાયલો છે અને કેળનાં વનોથી ઢંકાયલાં જળાશયોના કિનારાઓથી તે પર્વતમાં શોભા થઈ રહી છે અને જ્યાં સતીદેવીના સ્થાનથી અત્યંત પવિત્ર થયેલા પાણીવાળી ગંગાનદી વહી રહી છે; આવા ભૂતપતિ શંકરના કૈલાસ પર્વતને જોઈ દેવો વિસ્મય પામ્યા.[૨૦-૨૨] તેઓએ ત્યાં સુંદર અલકા નામની નગરી જોઈ અને જેમાં સુગંધવાળાં કમળો ઉત્પન્ન થાય છે, તેવું 'સૌગંધિક' નામે વન જોયું.[૨૩] એ અલકાનગરીના બાહ્યપ્રદેશમાં નંદા તથા અલકનંદા નામની બે નદીઓ વહ્યા કરે છે; જે નદીઓ તીર્થપાદ–શ્રીહરિના ચરણકમળની રજથી અત્યંત પવિત્ર છે.[૨૪] હે વિદુરજી! પોતાનાં વિમાનોમાંથી ઊતરીને એ બન્ને નદીઓમાં પ્રવેશ કરી રતિથી, કૃશ થયેલી દેવાંગનાઓ પોતાના પતિઓને પાણી છાંટતી જળક્રીડા કરે છે.[૨૫] એ દેવાંગનાઓનાં સ્નાનથી ધોવાઇ ગયેલાં (તેણીઓના શરીર પરનાં) તાજાં કેસરથી એ બન્ને નદીઓનું જળ પીળું થઇ જાય છે અને હાથીઓ તરસ્યા નહિ હોવા છતાં તે પાણીને પીએ છે અને હાથણીઓને પણ પાય છે.[૨૬] વળી એ અલકા નગરી વીજળીવાળા મેઘયુક્ત આકાશની પેઠે રૂપાનાં, સોનાનાં તથા ઉત્તમ રત્નોનાં સેંકડો વિમાનોથી વ્યાપ્ત છે અને યક્ષોની સ્ત્રીઓથી સેવાયલી છે.[૨૭] એ યક્ષેશ્વરની નગરી અલકાને છોડીને દેવો સૌગંધિક વન આગળ જઈ પહોંચ્યા. એ વન રંગબેરંગી પુષ્પો, ફળ તથા પાંદડાંવાળાં અને સર્વ મનોરથોને પૂર્ણ કરનારાં વૃક્ષોથી મનોહર છે; કોયલ પક્ષીઓના સ્વરથી સુશોભિત એવા ભમરાઓના ગુંજારવોથી ગાજી રહ્યું છે, કલહંસોનાં ટોળાંઓને અતિશય પ્રિય છે, કમળોથી યુક્ત જળાશયવાળું છે, વનના હાથીઓએ ધ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સેલાં ચંદનવૃક્ષોના સુગંધી વાયુથી યક્ષોની સ્ત્રીઓના મનને વારંવાર અત્યંત કામવિહ્વળ કરે છે અને એ વનમાં વૈડૂર્યમણિનાં પગથિયાંઓવાળી તથા કમળોથી ભરપૂર એવી વાવો આવી રહી છે. તે આ સૌગંધિક વનને જોયા પછી દેવોએ સમીપમાં એક વડ જોયો.[૨૮–૩૨] તે વડ સો યોજન ઊંચો છે, સર્વ તરફ પંચોતેર યોજન વિસ્તારવાળી શાખાઓથી વિસ્તૃત છે, બધી બાજુએ તેની અચળ છાયા થઇ રહી છે, તેમાં કોઈ પક્ષીનો માળો નથી અને તાપથી તે રહિત છે.[૩૨] મહાન યોગમય અને મુમુક્ષુઓના શરણરૂપ તે વડના વૃક્ષ નીચે ક્રોધનો ત્યાગ કરીને બેઠેલા કાળતુલ્ય ભગવાન શંકરનાં દેવોએ દર્શન કર્યાં.[૩૩] તે સમયે એ ભગવાન શાંત મૂર્તિ જણાતા હતા અને મહાસિદ્ધ એવા સનકાદિ શાંત પુરુષો તથા યક્ષો અને રાક્ષસોના સ્વામી મિત્ર કુબેર તેમની સેવા કરી રહ્યા હતા.[૩૪] તે અધીશ્વરે ઉપાસના, ચિત્તની એકાગ્રતા તથા સમાધિરૂપ યોગમાર્ગને જગતમાં પ્રવર્તાવીને પોતે પણ તેનો આશ્રય કર્યો હતો અને જગતના મિત્ર હોઇને પ્રેમભાવને લીધે લોકનું હિત આચરી રહ્યા હતા.[૩૫] તેમણે સંધ્યાકાળના વાદળ જેવી કાંતિવાળા પોતાના શરીર પર તાપસોને પ્રિય એવાં ભસ્મ, દંડ, જટા તથા મૃગચર્મરૂપ ચિહ્ન ધારણ કર્યાં હતાં અને ચંદ્રની કળા પણ ધારણ કરી હતી.[૩૬] દર્ભના આસન ઉપર બેસીને તે ભગવાન પ્રશ્ન કરતા નારદને સત્પુરુષોના સાંભળતાં સનાતન બ્રહ્મનો ઉપદેશ કરતા હતા.[૩૭] તે વેળા જમણી સાથળ પર ડાબા ચરણકમળને સ્થાપીને તથા ડાબા ઢીંચણ પર હાથ મૂકીને જમણા હાથના કાંડામાં રુદ્રાક્ષની માળા ધારણ કરી તે ભગવાન જમણે હાથે તર્કમુદ્રા કરીને બિરાજ્યા હતા.*[૩૮] પછી લોકપાલો સહિત મુનિઓએ બ્રહ્માનંદમાં ચિત્તની એકાગ્રતાવાળા, (ડાબા ઢીંચણને દૃઢ કરવા માટે) યોગપટ્ટનો (પાવડીનો) વિશેષે કરી આશ્રય કરતા અને મનનશીલ યોગી પુરુષોમાં મુખ્ય ભગવાન શંકરને બે હાથ જોડી પ્રણામ કર્યાં. દેવો તથા અસુરોના રાજાઓ જેમના ચરણને વંદન કરે છે, એવા તે શંકર ભગવાન બ્રહ્મદેવને ત્યાં આવેલા જોઈ ઊભા થઇ ગયા અને વામનાવતાર વિષ્ણુએ જેમ કશ્યપને પ્રણામ કર્યા હતા, તેમ મસ્તક વડે તેમને પ્રણામ કર્યાં.[૩૯|૪૦] વળી શંકરના અનુયાયી બીજા સિદ્ધગણોએ તથા મહર્ષિઓએ પણ બ્રહ્મદેવને પ્રણામ કર્યાં, એટલે હસતા હોય તેમ બ્રહ્મા સર્વથી નમસ્કાર કરાયલા ચંદ્રશેખર શંકરને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૪૧]

બ્રહ્મદેવ બોલ્યાઃ–'આપ જગતના ઈશ્વર છો, એમ હું જાણું છું. કેમકે આપ જગતનાં ઉત્પત્તિકારણ પ્રકૃતિ તથા પુરુષ–એ બન્નેના કારણ છો, છતાં આપ તો નિર્ભેદ–નિર્વિકાર જે બ્રહ્મ છે તે રૂપજ છો; એમ પણ હું જાણું છું.[૪૨] હે ભગવન્! આપજ સદા એકસ્વરૂપ જણાતાં પ્રકૃતિ–પુરુષને વિષે ક્રીડા કરો છો, કરોળિયાની પેઠે આ જગતને સૃજો છો, પાળો છો અને સંહારો છો.[૪૩] આપેજ ધર્મ તથા અર્થને આપનારા વેદોનું રક્ષણ કરવા માટે દક્ષ પ્રજાપતિના નિમિત્તે યજ્ઞ કરાવ્યો હતો અને આપેજ લોકમાં વર્ણો તથા

---

* આ શ્લોકમાં વીરાસન અને તર્કમુદ્રાનું વર્ણન છે. વીરાસનનું લક્ષણ યોગશાસ્ત્રમાં આ પ્રમાણે છે–
एकपादमथैकस्मिन् विन्यसेदूरुसंस्थितम् ।
इतरस्मिंस्तथा बाहुं वीरासनमिदं स्मृतम् ॥
એક ચરણને એક સાથળ ઉપર મૂકી બીજા ચરણને બીજી સાથળ ઉપર મૂકવો તે ડાબા ઢીંચણ ઉપર એક હાથ મૂકવો તે વીરાસન કહેવાય છે.

તેમજ તર્કમુદ્રા પણ યોગશાસ્ત્રમાં આ પ્રમાણે કહી છેઃ–
तर्जन्यंगुष्ठयोरग्रे मिथः संयोज्य चांगुलीः ।
प्रसार्य बंधनं प्राहुस्तर्कमुद्रेति मांत्रिकाः ॥
તર્જની તથા અંગૂઠાના અગ્રભાગને પરસ્પર અડકાડી બાકીની આંગળીઓને લાંબી રાખવી; તેને મંત્રશાસ્ત્રીઓ તર્કમુદ્રા કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

મર્યાદાઓ બાંધી છે, જેને વ્રતધારી બ્રાહ્મણો શ્રદ્ધાથી પાળે છે.૪૪ હે મંગળસ્વરૂપ દેવ! આપજ શુભ કરનારને સ્વર્ગ તથા મોક્ષ આપો છો અને અમંગળ-અશુભ કર્મ કરનારને ભયંકર નરક આપો છો; છતાં તેમાં કોઇક પુરુષને કયા કારણે વિપરીત ફળ પ્રાપ્ત થાય છે?૪૫ જે સત્પુરુષો આપના ચરણમાં પોતાના આત્માને અર્પણ કરે છે, પ્રાણીમાત્રમાં આપનેજ રહેલા જુએ છે અને સર્વ પ્રાણીઓને પોતાના આત્મામાં એકસ્વરૂપે જુએ છે, તે પુરુષોનો, ઘણું કરીને આપનો ક્રોધ અજ્ઞાનીઓનો જેમ પરાભવ કરે છે, તેમ પરાભવ કરતો નથી-આપના ભક્ત આત્મદર્શી પુરુષો પર આપને કદી ક્રોધજ થતો નથી, અનાત્મદર્શી અભક્ત પરજ આપને ક્રોધ થાય છે.૪૬ જેઓ ભેદબુદ્ધિવાળા છે, કર્મમાંજ દૃષ્ટિ રાખનારા છે, દુષ્ટ હૃદયવાળા છે, બીજાના અભ્યુદયથી નિરંતર હૃદયમાં પીડાતા હોય છે અને તેથીજ બીજાઓનાં મર્મસ્થાનને પીડનારા હોય છે, તેઓ દુષ્ટ વાક્યોથી બીજાઓને પીડે છે અને દૈવથીજ હણાયલા હોય છે; તો તેઓને આપ જેવાએ હણવા ન જોઇએ.૪૭ જે દેશમાં ને જે કાળે વિષ્ણુ ભગવાનની દુરંત માયાથી મોહિત મનવાળા ભેદદર્શી પુરુષો સત્પુરુષોનો અપરાધ કરે છે, ત્યારે તે સત્પુરુષો તો પરાયા દુઃખને નહિ સહન કરનાર પોતાના હૃદયની અનુકંપાથી તેઓના પર કૃપાજ કરે છે, નહિ કે દૈવબળથી કરાયેલા તેના અપરાધ સામે પરાક્રમ કરે છે!*૪૮ હે પ્રભો! આપની બુદ્ધિ તો પરમ પુરુષ પરમાત્માની દુરંત માયાથી સ્પર્શ કરાયલી નથી; કેમકે આપ તો સમસ્તના દ્રષ્ટા છો-સર્વજ્ઞ છો; તો ભગવાનની એ માયાથી જેઓનાં મન મોહ પામ્યાં હોય છે અને તેથીજ જેઓનાં મન કેવળ કર્મોનેજ અનુસરતાં હોય છે, તેના પુરુષો પર (આવો અપરાધ થાય, ત્યારે) આપ કૃપા કરવાને યોગ્ય છો.૪૯ માટે હે મનુદેવ! આપે નાશ કરેલા અને તેથીજ અધૂરા રહેલા પ્રજાપતિ દક્ષના યજ્ઞનો આપ ઉદ્ધાર કરો; જે યજ્ઞમાં આપ યજ્ઞભાગને યોગ્ય હોવા છતાં અને યજ્ઞનું ફળ પણ આપજ આપો છો, છતાં દુષ્ટ યાજ્ઞિકોએ આપને યજ્ઞભાગ આપ્યો ન હતો.૫૦ યજમાન દક્ષ ફરી સજીવન થાઓ, ભગદેવને ફરી નેત્ર પ્રાપ્ત થાઓ, ભૃગુઋષિને ફરી દાઢીમૂછ ઊગો અને પૂષાદેવના દાંત ફરી પ્રથમ જેવા થાઓ.૫૧ હે મન્યુદેવ! જે દેવોનાં તથા બ્રાહ્મણોનાં શરીરો આયુધો અને પથ્થરોથી ભાંગી ગયાં છે, તેઓના પર આપ કૃપા કરો અને તેઓને આરોગ્ય પ્રાપ્ત થાઓ. હે યજ્ઞહંતા રુદ્રદેવ! હરકોઇ યજ્ઞમાં જે કંઇ શેષ રહે, તે આપના ભાગ તરીકે થાઓ અને તે આપના રુદ્રભાગથી આજે (અપૂર્ણ રહેલો) યજ્ઞ પૂર્ણ થાઓ.૫૨,૫૩

एष ते रुद्रभागोऽस्तु यदुच्छिष्टोऽध्वरस्य वै ।
यज्ञस्ते रुद्रभागेन कल्पतामद्य यज्ञहन् ॥५३॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

અધ્યાય ૭ મો+

મહાદેવની કૃપાથી દક્ષ સજીવન થયો અને યજ્ઞનો પુનરુદ્ધાર

॥ मैत्रेय उवाच ॥

इत्यजेनानुनीतेन भवेन परितुष्यता ।
अभ्यधायि महाबाहो प्रहस्य श्रूयतामिति ॥१॥

મૈત્રેય બોલ્યાઃ-"હે મહાબાહુ વિદુર! બ્રહ્મદેવે એ પ્રમાણે પ્રાર્થના કરી, એટલે પ્રસન્ન થયેલા દેવ શંકરે હસીને કહ્યું કે, સાંભળો.૧

શ્રીમહાદેવ બોલ્યાઃ-'હે પ્રજાપતિ બ્રહ્મા!

* અર્થાત્ દૈવબળેજ આ અપરાધ થયો છે, તેમાં તેઓનો કંઇ અપરાધ નથી, એમ માનીને તેવા ભેદદર્શીઓનો વધ કરતા નથી. —શ્રીધર

+ આ અધ્યાયમાં દક્ષ, મહાદેવ વગેરેથી સ્તુતિ કરાયલા વિષ્ણુ ભગવાને પ્રકટ થઇ દક્ષ પાસે યજ્ઞ ચાલુ કરાવ્યો એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરમાત્માની માયાથી મોહિત થયેલા એવા જ્ઞાનીઓના અપરાધને હું ગણતો નથી. માત્ર (ધર્મ-મર્યાદાના રક્ષણ માટે) મેં શિક્ષા કરી છે.[૧] પ્રજાપતિ દક્ષનું મસ્તક બળી ગયું છે; માટે તેને બકરાનું મસ્તક થાઓ; ભગદેવ પોતાના યજ્ઞભાગને મિત્રદેવનાં નેત્રથી જુએ, લોટ ખાનાર પૂષાદેવ યજમાનના દાંત વડે ખાઓ અને જેઓએ મને યજ્ઞનો અવશેષ–ભાગ આપ્યો છે, તે દેવોનાં સર્વ અંગો સારી પેઠે સંધાઇ જાઓ.[૨–૪] પણ જેઓનાં અંગો નાશ પામી ગયાં છે, તે અધ્વર્યુઓ અને બીજા ઋત્વિજો બે અશ્વિનીકુમારોના બાહુઓથી બાહુઓવાળા અને પૂષાદેવના બે હાથથી હાથવાળા થાઓ, તેમજ ભૃગુ ઋષિ બોકડાની દાઢી–મૂછવાળા થાઓ.[૫]

મૈત્રેય બોલ્યાઃ–"હે તાત વિદુર! ભગવાન શંકરનાં એ વચન સાંભળી સર્વે પ્રાણીઓનાં ચિત્ત સંતોષ પામ્યાં અને 'બહુ સારૂં થયું' 'બહુ સારૂં થયું' એમ સર્વે કહેવા લાગ્યાં.[૬] પછી શંકર ભગવાનને પણ યજ્ઞમાં પધારવાનું આમંત્રણ આપી સર્વે દેવો ઋષિઓની સાથે તથા શંકર અને બ્રહ્માની સાથે ફરી તે યજ્ઞસ્થાનમાં ગયા.[૭] ત્યાં જે પ્રમાણે ભગવાન શંકરે કહ્યું હતું, તેજ પ્રમાણે સમગ્ર કરીને દક્ષના શરીર સાથે યજ્ઞપશુનું મસ્તક સાંધી દીધું.[૮] એ રીતે મસ્તક સાંધ્યું અને શંકર ભગવાને દૃષ્ટિપાત કર્યો, એટલે દક્ષ જાણે નિદ્રામાંથી ઊઠ્યો હોય, તેમ ઊભો થયો અને તેણે પોતાની આગળ શંકરનાં દર્શન કર્યાં.[૯] પ્રથમ શંકર ઉપર દ્વેષથી જેનું મન મલિન હતું, તે પ્રજાપતિ દક્ષ તે સમયે શંકરના દર્શનને લીધે શરદ્ ઋતુના ધરાની પેઠે નિર્મળ થઇ ગયો.[૧૦] તેણે શંકરની સ્તુતિ કરવા માટે વિચાર કર્યો, પણ મરણ પામેલી પુત્રીનું સ્મરણ થતાં પ્રેમથી ને આતુરતાથી તેનાં નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી અને તેથી તે સ્તુતિ કરી શક્યો નહિ.[૧૧] પછી મહાકષ્ટથી મનને સ્થિર કરી પ્રેમવિહ્વળ થયેલો તે સુબુદ્ધિ દક્ષ નિષ્કપટભાવે શંકરની સ્તુતિ કરવા લાગ્યો.[૧૨]

દક્ષ બોલ્યોઃ–'હે ભગવન્! જો કે મેં આપનું અપમાન કર્યું હતું, છતાં આપે તો મારી ઉપેક્ષા નહિ કરતાં મને જે શિક્ષા કરી છે, તે આપે મારા ઉપર મહાન અનુગ્રહજ કર્યો છે. (અને તે યોગ્યજ છે.) કેમકે આપને તથા શ્રીહરિ ભગવાનને તો નીચ બ્રાહ્મણો તરફ પણ અવજ્ઞા–ઉપેક્ષા હોતી નથી; તો પછી વ્રતધારી–ઉત્તમ બ્રાહ્મણો તરફ તો ઉપેક્ષા કેમજ હોય?[૧૩] આપે બ્રહ્માસ્વરૂપ થઇને આત્મતત્ત્વની રક્ષા કરવા માટે પોતાના મુખમાંથી વિદ્યા, તપ અને વ્રતોને ધારણ કરનારા બ્રાહ્મણોને પ્રથમ ઉત્પન્ન કર્યા છે. હે ઉત્કૃષ્ટ દેવ! તે બ્રાહ્મણોની, જેમ ગોવાળ હાથમાં લાકડી લઈ પશુઓની રક્ષા કરે છે, તેમ દંડ ધારણ કરી આપ સર્વ વિપત્તિઓમાં રક્ષા કરો છો.[૧૪] જેને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું નથી, એવા મેં સભાની વચ્ચે આપનું અપમાન કરી દુષ્ટ વાક્યોરૂપી બાણોથી આપને પ્રહાર કર્યો હતો, છતાં તે ભૂલી જઇને આપે તો મહાપુરુષની નિંદાથી નરકમાં પડતા મારા પર કૃપાદૃષ્ટિ કરીને મારું રક્ષણ કર્યું છે. તે આપ ભગવાન આપના પોતાનાજ કાર્યથી પ્રસન્ન થાઓ.'[૧૫]

મૈત્રેય બોલ્યાઃ–"એ પ્રમાણે શંકર ભગવાનની ક્ષમા માગીને દક્ષપ્રજાપતિએ બ્રહ્મદેવની આજ્ઞાથી ઉપાધ્યાયો, ઋત્વિજો અને અગ્નિઓદ્વારા યજ્ઞકર્મ ચાલુ કર્યું[૧૬] અને ઉત્તમ બ્રાહ્મણોએ મહાદેવના અનુચરોનો સંસર્ગદોષ દૂર કરવા માટે અને યજ્ઞની પ્રવૃત્તિને માટે ત્રણ ઠીકરીઓ પર પકવેલો અને વિષ્ણુ જેના દેવ છે, એવો પૂરોડાશ અગ્નિમાં હોમ્યો. પછી હે વિદુરજી! હાથમાં હવિષ ધરનાર અધ્વર્યુની સાથે યજમાન દક્ષે શુદ્ધ બુદ્ધિથી શ્રીહરિનું એવું ધ્યાન કર્યું કે જેથી શ્રીહરિ ત્યાં પ્રકટ થયા. દશે દિશાઓને પ્રકાશમાન કરતી પોતાની કાંતિ વડે સર્વના તેજને હરણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરતા તે ભગવાન સામવેદનું ગાન કરતી પાંખો-વાળા ગરુડ ઉપર બેસીને ત્યાં પધાર્યા હતા.[૧૭–૧૯] તે શરીરે શ્યામ હતા, તેમનાં વસ્ત્રો સુવર્ણની પેઠે ચળકતાં હતાં, સૂર્ય સમાન ઝળકતો મુકુટ તેમણે ધારણ કર્યો હતો, તેમનું મુખ શ્યામ કેશરૂપી ભમરાઓથી સુશોભિત હોઇ કુંડળોથી યુક્ત હતું અને ભક્તોની રક્ષા કરવામાં વ્યગ્ર એવી તેમની સોનેરી ભુજાઓ× શંખ, કમળ, ચક્ર, બાણ, ધનુષ, ગદા, તલવાર અને ઢાલ–એ હથિયારોને ધારણ કરતી હતી; તેથી પુષ્પોથી ભરપૂર એવા કાંચનાર વૃક્ષની પેઠે તે શોભતા હતા. તેમના વક્ષઃસ્થળમાં લક્ષ્મીદેવી બિરાજ્યાં હતાં, તેમણે વનમાળા ધારણ કરી હતી, ઉદાર મંદ હાસ્યથી અને લેશ દૃષ્ટિપાતથી જગતને તે આનંદ પમાડતા હતા, તેમની બન્ને બાજુએ વીંઝણાઓ ને ચામરરૂપી રાજહંસો ભમી રહ્યા હતા અને ઉપરના ભાગમાં શ્વેત છત્રરૂપી ચંદ્રથી તે અતિશય શોભતા હતા.[૨૦,૨૧] આવા વિષ્ણુ ભગવાનને ત્યાં પધારેલા જોઇ બ્રહ્મા, ઇન્દ્ર ને શંકર વગેરે સર્વ દેવગણોએ તથા બીજાઓએ એકદમ ઊભા થઇને તેમને પ્રણામ કર્યા.[૨૨] તેઓ એમના તેજથી નિસ્તેજ થઇ પડ્યા, તેઓની જીભો ગળગળી થઈ ગઇ અને તેઓનાં મન એમના પ્રભાવથી ક્ષુબ્ધ થઇ ગયાં. પછી તેઓ પોતાના મસ્તક પર બે હાથ જોડીને તે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.[૨૩] જો કે તેઓની વૃત્તિ ભગવાનના મહિમાને પહોંચી શકતી ન હતી–સંપૂર્ણ રીતે જાણતી ન હતી, તોપણ ભક્તો ઉપર અનુગ્રહ કરવા માટે શરીર પ્રકટ કરનારા તે ભગવાનની તેઓ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.[૨૪] પ્રથમ દક્ષ ઉત્તમ પાત્રમાં સર્વ પૂજાસાહિત્ય લઇને યજ્ઞના ઈશ્વર, જગત્સ્રષ્ટાઓના પરમ ગુરુ અને સુનંદ–નંદ વગેરે પાર્ષદોથી વીંટાયલા ભગવાન વિષ્ણુને શરણે ગયો ને સાવધાન થઈ બે હાથ જોડીને તેમની સ્તુતિ કરવા લાગ્યો."[૨૫]

દક્ષ સ્તુતિ કરે છેઃ–'આપ સ્વસ્વરૂપમાં રહેલા શુદ્ધ ચૈતન્યજ છો; આપને વિષે સમગ્ર બુદ્ધિની અવસ્થાઓ (રાગદ્વેષ આદિ અને જાગ્રત આદિ) નિત્ય નિવૃત્ત થયેલી છે; આપ એકજ છો–ભેદશૂન્ય છો, તેથીજ સર્વ પ્રકારે અભયસ્વરૂપ છો અને માયાનો પ્રતિષેધ કરીને સ્વતંત્રજ રહેલા છો, છતાં એ માયાથી મનુષ્યપણાને પામીને જાણે એ માયામાંજ રહેલા હો અને રાગ–દ્વેષાદિથી યુક્ત હો તેવા જણાઓ છો.'[૨૬]

ઋત્વિજો સ્તુતિ કરે છેઃ–'હે નિરંજન–ઉપાધિમળથી રહિત ભગવન્! અમે રુદ્રના અનુચર નંદિકેશ્વરના શાપથી કર્મો કરવામાંજ દુરાગ્રહબુદ્ધિવાળા છીએ અને તેથી આપના તત્ત્વને–યથાર્થ સ્વરૂપને જાણતા નથી. માત્ર ધર્મના ઉપલક્ષણરૂપ અને વેદોના વડે પ્રતિપાદન કરાતું આપનું 'યજ્ઞ' નામનું સ્વરૂપ અમે જાણ્યું છે, કે જે યજ્ઞસ્વરૂપની સિદ્ધિને માટે જુદા જુદા દેવતાઓની વ્યવસ્થા કરી છે–'અમુકમાં અમુકજ દેવતા' આવા નિયમો કરેલા છે.'[૨૭]

સભાસદો સ્તુતિ કરે છેઃ–'હે શરણ આપનાર દેવ! આ સંસારરૂપી માર્ગ વિશ્રામસ્થાનથી રહિત છે, મોટાં મોટાં દુઃખો એજ તેમાં દુર્ગમ સ્થાનો છે, કાળરૂપી ઉગ્ર સર્પથી તે વીંટાયલો છે, વિષયોરૂપી ઝાંઝવાનાં જળ તેમાં આવેલાં છે, સુખ–દુઃખ વગેરેનાં જોડકાં એજ એ માર્ગમાં આવેલા મોટા મોટા ખાડાઓ છે, ખળ મનુષ્યોરૂપી વાઘ વગેરેનો તેમાં ભય છે અને શોકરૂપી દાવાનળ તેમાં સળગી રહ્યો છે. આવા આ સંસારમાર્ગમાં વિષયવાસનાથી પીડાયલો અજ્ઞાની જીવોનો સંઘ આત્મા તરીકેના અહંકારનું સ્થાન–શરીર અને મમતાનું સ્થાન–ઘર, એ બન્નેરૂપ બોજાને વહી રહ્યો છે; તે આપના ચરણરૂપી નિવાસસ્થાનને ક્યારે

× સોનેરી ભુજાઓ એટલા માટે કે બાજુબંધ, કડાં, વીંટીઓ વગેરે સુવર્ણના પુષ્કળ દાગીના ભુજાઓમાં પહેર્યા હતા. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રાપ્ત કરશે ?'૨૮

શ્રીરુદ્રદેવ સ્તુતિ કરે છેઃ–'હે વર આપનાર પરમેશ્વર ! સમગ્ર પદાર્થોને અર્પણ કરનાર અને કામનાઓમાં આસક્ત નહિ થયેલા નિષ્કામ મુનિઓએ પણ આદર વડે પૂજવા યોગ્ય એવા આપના શ્રેષ્ઠ ચરણમાં હું મારા મનને સ્થાપેલું રાખું છું; છતાં અજ્ઞાની લોકો મને આચારભ્રષ્ટ કહે છે; પણ લોકોના એ કથનને હું ગણકારતો નથી; કેમકે આપનો મારા પર પરમ અનુગ્રહ છે.'*

ભૃગુ ઋષિ સ્તુતિ કરે છેઃ–'જેમની ગહન માયાથી જેઓનાં આત્મજ્ઞાન હરાઈ ગયાં છે, એવા બ્રહ્મા વગેરે જીવો પણ અજ્ઞાનમાં પડ્યા રહે છે અને પોતાને વિષેજ રહેલા આપના યથાર્થ તત્ત્વને હજી સુધી પણ જાણી શક્યા નથી; તે આપ નમેલા જીવોના બંધુરૂપ હોઇને મારા પર પ્રસન્ન થાઓ.'૨૯।૩૦

બ્રહ્મદેવ સ્તુતિ કરે છેઃ–'આ પુરુષ (જીવ) પદાર્થોના ભેદને ગ્રહણ કરનારી ઇન્દ્રિયોથી (તે તે ભેદોને જોતો) જ્યાંસુધી આપના આ (દશ્યમાન-ભક્તોદ્ધારક) સ્વરૂપને (સર્વ સ્થળે સર્વદા રહેલું) જોતો નથી, (ત્યાંસુધીજ આ સંસારમાં ભટક્યા કરે કરે છે; પણ આપના આ સ્વરૂપનું દર્શન થતાં તો કૃતાર્થજ થઇ જાય છે; કેમકે) આપ તો જ્ઞાનના અર્થાત્ જ્ઞાનેન્દ્રિયોના તથા કર્મેન્દ્રિયોના, તેમજ અર્થના એટલે આકાશાદિ પાંચ મહાભૂતોના તથા શબ્દાદિ પાંચ વિષયોના અને ગુણના–એટલે સત્ત્વાદિ ગુણોના તેમજ તેનાં તેનાં કાર્યરૂપ સર્વ પ્રપંચના આશ્રયરૂપ છો; તેથીજ આપ માયામય એવા આ જડપ્રપંચથી ભિન્ન છો, સચ્ચિદાનંદ-સ્વરૂપે તેથી અલગ છો.'૩૧×

ઇન્દ્ર સ્તુતિ કરે છેઃ–'હે અચ્યુત ! દેવોના શત્રુઓનો નાશ કરનારી અને ઉગામેલાં આયુધોવાળી આઠ ભુજાઓથી યુક્ત અને જગતનું રક્ષણ કરનાર આપનું આ શરીર પણ (અમારાં) મનને તથા દૃષ્ટિઓને આનંદ કરનારું છે.'૩૨

બ્રાહ્મણપત્નીઓ બોલીઃ–'હે યજ્ઞાત્મન્ ! આપનું યજન કરવા માટે પ્રજાપતિ દક્ષે આ યજ્ઞ કર્યો હતો, પણ દક્ષ ઉપરના કોપને લીધે પશુપતિ શંકરે આ યજ્ઞનો નાશ કરી નાખ્યો છે; તો હવે શ્મશાનતુલ્ય જણાતા અને શાંત થયેલા ઉત્સવવાળા આ યજ્ઞને આપ કમળના સરખી કાંતિવાળી આપની દૃષ્ટિથી પવિત્ર કરો.'૩૩

ઋષિઓ સ્તુતિ કરે છેઃ–'હે ભગવન્ ! આપનું ચરિત્ર ખરેખર ન ઘટે તેવું છે–અત્યંત આશ્ચર્યકારક છે, કેમકે આપ પોતે કર્મ કરો છો, છતાં તે કર્મોથી લેપાતા નથી; વળી જે ઈશ્વરી–લક્ષ્મીદેવીને બીજાઓ સંપત્તિ માટે જ્યારે ઉપાસે છે, ત્યારે આપ તો પોતાની મેળે આપને અનુસરતી તે લક્ષ્મીદેવીને આદર આપતા નથી.'૩૪

સિદ્ધો સ્તુતિ કરે છેઃ–'સંસારના ક્લેશોરૂપી દાવાનળથી બળું બળું થઇ રહેલો અમારો આ મનરૂપી હાથી તૃષાથી આતુર થઇને આપની કથારૂપ શુદ્ધ અમૃતની નદીમાં પ્રવેશી સંસારરૂપી દાવાનળનું સ્મરણ પણ કરતો નથી–સાંસારિક તાપોને છેકજ ભૂલી ગયો છે અને જાણે બ્રહ્મ સાથે એકતા પામ્યો હોય, તેમ તે નદીમાંથી બહારજ નીકળતો નથી.'૩૫

દક્ષપત્ની સ્તુતિ કરે છેઃ–'હે લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ પરમેશ્વર! આપ ભલે પધાર્યા, આપ પ્રસન્ન થાઓ, આપને હું નમસ્કાર કરું છું. આપ શ્રીલક્ષ્મીદેવીની સાથે રહી અમારી રક્ષા કરો. હે અધીશ્વર ! જેમ પુરુષ મસ્તક વિના માત્ર ધડરૂ-

---

* અર્થાત્ જો આપનો મારા પર પરમ અનુગ્રહ છે, તો લોકનિંદાની મને પરવા નથી. —ભા. ક.

× આ શ્લોકનો અર્થ બાલપ્રબોધિની ટીકાનેજ આધારે લખવામાં આવ્યો છે. કેમકે શ્રીધરાચાર્યે આ શ્લોક પર વિશેષ કંઈ લખ્યું નથી. આ શ્લોકનો અર્થ આ પ્રમાણે પણ થઇ શકેઃ–પદાર્થોને જુદી જુદી રીતે ગ્રહણ કરનારી ઇન્દ્રિયોથી પુરુષ જે કંઇ જુએ છે, તે સર્વ આપનું સ્વરૂપ નથી; કેમકે આપ જ્ઞાનના, પદાર્થોના ને ઇન્દ્રિયોના આશ્રયરૂપ છો, છતાં માયામય પ્રપંચથી ભિન્ન છો. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પેજ શોભતો નથી, તેમ આ યજ્ઞ પણ સર્વાંગોથી યુક્ત હોવા છતાં આપ વિના શોભતો નથી.'૩૬

લોકપાલો સ્તુતિ કરે છે:–'હે વ્યાપક દેવ! જે આપ સર્વનાં અંતઃકરણમાં બિરાજો છો, બાહ્ય-આભ્યંતર સર્વના દ્રષ્ટા છો અને જે આપને લીધેજ દશ્ય–દેહાદિ પદાર્થ દેખાય છે, તે આપને મિથ્યાપ્રકાશરૂપ એવી અમારી ઇન્દ્રિયોએ શું જોયા છે? નથીજ જોયા. કેમકે આપ પંચમહાભૂતોનાં કાર્યરૂપ એવા આ શરીરથી ભિન્ન છતા આત્મરૂપ છો, છતાં જાણે પાંચ મહાભૂતોથી યુક્ત હો તેવા જણાઓ છો તે આપની માયાજ છે'*૩૭

યોગેશ્વરો સ્તુતિ કરે છે:–'હે પ્રભો! જે મનુષ્ય વિશ્વાત્મા પરબ્રહ્મરૂપ એવા આપને વિષે પોતાના આત્માની ભિન્નતા જોતા નથી, તે પુરુષ કરતાં બીજો કોઇ પણ આપને અત્યંત પ્રિય નથી; તોપણ હે ભક્તજનના પ્રિય ભગવન્! અનન્ય વૃત્તિવાળી આપની ભક્તિથી આપનું ભજન કરતા અમારા પર આપ અનુગ્રહ કરો–કૃપા કરો.૩૮ જે આપે જગતની ઉત્પત્તિ વગેરેમાં કારણભૂત જીવોના પુણ્ય–પાપરૂપ અદૃષ્ટને લીધે અનેક પ્રકારે ભેદ પામેલી પોતાની માયાથી પોતાના સ્વરૂપમાંજ બ્રહ્માદિ અનેક ભેદબુદ્ધિ રચી છે અને જે આપે માત્ર સ્વરૂપાવસ્થાનથી એ ભેદભ્રાંતિ તથા ગુણોને આત્મામાંથી દૂર કર્યાં છે, તે આપને અમે નમસ્કાર કરીએ છીએ.'૩૯

શબ્દબ્રહ્મ સ્તુતિ કરે છે:–'સત્ત્વગુણનો આશ્રય કરનાર, ધર્માદિનાં ફળને આપનાર અને નિર્ગુણસ્વરૂપ આપને નમસ્કાર હો; જે+ આપના તત્ત્વને મારાથી જાણી શકાતું નથી અને બ્રહ્માદિ દેવો પણ જાણતા નથી.'૪૦

અગ્નિદેવ સ્તુતિ કરે છે:–'જે આપના તેજથી હું અત્યંત પ્રદીપ્ત તેજવાળો થઇને પ્રશસ્ત યજ્ઞમાં હોમવામાં આવેલા ઘીથી યુક્ત હવિષને વહન કરૂં છું–દેવોને પહોંચાડું છું તે યજ્ઞના પાલક,÷ પાંચ પ્રકારના યજ્ઞસ્વરૂપ અને *પાંચ યજુર્વેદના યજ્ઞમંત્રોથી સારી રીતે પૂજાતા આપને હું પ્રણામ કરૂં છું.'૪૧

દેવો સ્તુતિ કરે છે:–'પૂર્વે પ્રલયકાળે, પોતે રચેલા આ સમસ્ત વિશ્વપ્રપંચને પોતાના ઉદરમાં સમાવી દઇ જે આદ્યપુરુષ તમે, જળમાં શેષનાગરૂપી મોટી શય્યા પર શયન કરો છો અને જેમના જ્ઞાનમાર્ગનું જનલોક વગેરેમાં વસતા સિદ્ધ પુરુષો ચિંતન કર્યા કરે છે, તેજ તમે હમણાં અમારાં નેત્રોના માર્ગમાં આવ્યા છો–એટલે અમને પ્રત્યક્ષ થયા છો અને અમો સેવકોનું રક્ષણ કરો છો.'૪૨

ગંધર્વો સ્તુતિ કરે છે:–'હે દેવ! મરીચિ વગેરે આ પ્રજાપતિઓ, બ્રહ્મા, ઇન્દ્ર વગેરે આ દેવગણો તથા આ રુદ્રાદિ દેવો આપના એક અંશના પણ અંશરૂપ છે; અને હે સર્વથી મહાન દેવ! આ સમસ્ત જગત આપનું ક્રીડા કરવાનું એક સાધન છે, તે આપને હે નાથ! અમે નિત્ય નમસ્કાર કરીએ છીએ.'૪૩

વિદ્યાધરો સ્તુતિ કરે છે:–'અસત્ એવા વિષયોમાં લાલસા કરનારો દુર્મતિ પુરુષ, પુરુષાર્થો

---

* કહેવાનો ભાવ એ છે કે, શુદ્ધ ચિત્તવાળાઓને આપ શુદ્ધ સત્ત્વમૂર્તિ દેખાઓ છો; ત્યારે અમને બહિર્મુખ ઇન્દ્રિયોવાળાઓને તો આપ પાંચ ભૂતોથી યુક્ત હો તેવા એક અમુક જીવ જેવા જણાઓ છો; અને તેથીજ આપ અમારી ઇન્દ્રિયોના વિષયરૂપ થઇ શકતા નથી. ધિક્કાર છે અમારા જીવતરને! —શ્રીધર

+ પૂર્વવાક્યમાં સત્ત્વાદિ ગુણોનો આશ્રય કરનાર એમ કહી 'નિર્ગુણસ્વરૂપ' એમ પણ કહેવામાં આવ્યું છે, એ પરસ્પર વિરુદ્ધતા જણાવવાનો આ વાક્યનો હેતુ છે. भा. क.

÷ પાંચ યજ્ઞો તે આ–અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુ અને સોમ–આ પાંચ યજ્ઞો ઇશ્વરની મૂર્તિરૂપ છે. —શ્રીધર

* પાંચ યજુર્વેદના યજ્ઞમંત્રો તે આ–'**आश्रावय**' એ ચાર અક્ષરોવાળો, '**अस्तु श्रौषट्**' એ ચાર અક્ષરોવાળો, '**यज**' એ બે અક્ષરોવાળો, '**ये यजामहे**' એ પાંચ અક્ષરોવાળો અને '**वषट्**' એ બે અક્ષરોવાળો–એ છે. પાંચ યજુર્વેદના મંત્રોથી ઇશ્વરનું યજ્ઞમાં પૂજન થાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંપાદન કરવાના સાધનરૂપ શરીરને સંપાદન કરીને આપની માયાને લીધે (મોહ પામી) પોતાના ઉન્માર્ગગામી પુત્રાદિથી તિરસ્કાર પામ્યા છતાં એ શરીર પર 'હું, મારૂં' એવું અભિમાન કરે છે; પણ તેજ પુરુષ આપની કથારૂપ અમૃતનું સેવન કરે તો પોતાના તે મોહનો ત્યાગ કરે છે.'[૪૪]

બ્રાહ્મણો સ્તુતિ કરે છેઃ–'તમે યજ્ઞ છો, હવિષ્ છો, અગ્નિ છો, તમે પોતે મંત્ર છો, સમિધો, દર્ભો તથા યજ્ઞપાત્ર છો, યજ્ઞીય સદસ્યો છો, ઋત્વિજો છો, યજમાન અને યજમાનપત્ની છો; તમે યજ્ઞીય દેવતા છો, અગ્નિહોત્ર છો, પિતૃઓને તૃપ્ત કરનાર સ્વધા છો, સોમ છો, ઘીરૂપ છો અને યજ્ઞીય પશુરૂપ છો.[૪૫] હે યજ્ઞમૂર્તિ દેવ! પૂર્વે યોગીઓ વડે સ્તુતિ કરાતા આપે વરાહ અવતાર ધારણ કરી ગર્જના કરીને જેમ કોઈ શ્રેષ્ઠ હાથી કમલિનીનો જળમાંથી ઉદ્ધાર કરે તેમ રસાતળમાંથી પૃથ્વીનો પોતાની દાઢ વડે લીલામાત્રમાં ઉદ્ધાર કર્યો હતો; અને યજ્ઞ એજ આપનું કર્મ છે.[૪૬] અમે સત્કર્મથી ભ્રષ્ટ થયેલા હોઇ આપના દર્શનની ઇચ્છા રાખીએ છીએ; આપ અમારા પર પ્રસન્ન થાઓ–અમારા આ યજ્ઞનો પણ આપ ઉદ્ધાર કરો. હે ઈશ! મનુષ્યો આપનું નામકીર્તન કરે છે કે તરતજ યજ્ઞનાં વિઘ્નો નાશ પામે છે; તે આપને અમે નમસ્કાર કરીએ છીએ.'[૪૭]

મૈત્રેય બોલ્યાઃ–"હે ભદ્ર વિદુરજી! એ પ્રમાણે સર્વ લોકો યજ્ઞના પાલક હૃષીકેશ ભગવાનની સ્તુતિ કરતા હતા, ત્યારે વિદ્વાન દક્ષે, રુદ્ર–વીરભદ્રે વિનાશ કરેલા યજ્ઞને પુનઃ ચાલુ કર્યો;[૪૮] એટલે હે નિર્દોષ વિદુરજી! સર્વાત્મા હોઇ સર્વ ભાગના ભોક્તા હોવા છતાં જાણે પોતાના ભાગથી પ્રસન્ન થયા હોય તેમ ભગવાન, દક્ષને સંબોધી આ રીતે કહેવા લાગ્યા.

શ્રીભગવાન બોલ્યાઃ–'જે હું જગતનું પરમ કારણ છું, સર્વનો આત્મા છું, સર્વનો ઈશ્વર છું, સર્વનો સાક્ષી છું, સ્વયંપ્રકાશ છું અને હરકોઈ ઉપાધિથી રહિત છું, તેજ હું બ્રહ્મા તથા શંકર છું.[૪૯-૫૦] વળી હે બ્રાહ્મણ દક્ષ! હુંજ મારી ત્રિગુણાત્મક માયાનો આશ્રય કરી જગતને ઉત્પન્ન કરતો, પાળતો ને સંહારતો તે તે ક્રિયાને યોગ્ય સંજ્ઞા ધારણ કરૂં છું.*[૫૧] આવી રીતે કેવળ અદ્વિતીય પરમાત્મારૂપ એવા મારા વિષે બ્રહ્માને, શિવને કે હરકોઇ પ્રાણીને અજ્ઞાનીજ ભેદભાવે જુએ છે.+[૫૨] જેમ પુરુષ પોતાના મસ્તક, હાથ વગેરે કોઇ પણ અવયવમાં પારકાની બુદ્ધિ કરતો નથી, તેમજ મારામાં પરાયણ રહેનારો મારો ભક્ત પણ કોઇ પણ પ્રાણીમાં 'આ મારાથી ભિન્ન છે' એવી બુદ્ધિ કરતો નથી.[૫૩] હે બ્રાહ્મણ! અમે ત્રણે બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ વસ્તુતઃ એકસ્વરૂપજ છીએ અને સર્વ પ્રાણીઓના આત્મા છીએ; માટે અમારામાં જે ભેદદષ્ટિએ જોતો નથી તે શાંતિને પામે છે.'[૫૪]

મૈત્રેય બોલ્યાઃ–"એ પ્રમાણે ભગવાને ઉપદેશ કર્યો, તે પછી પ્રજાપતિઓના પતિ દક્ષે, શ્રીહરિને તેમના પોતાના÷ યજ્ઞથી પૂજીને સર્વ દેવોનું પણ મુખ્ય× અને ગૌણ† એવા યજ્ઞો વડે પૂજન કર્યું,[૫૫] અને પછી સાવધાન થઇને દક્ષે ભગવાન શંકરનું પણ તેમના ભાગ વડે પૂજન કર્યું અને ઉદવસાન નામના યજ્ઞકર્મથી સોમપાન કરનારા બીજાઓનું પણ પૂજન કર્યું. તે પછી યજ્ઞકર્મ સમાપ્ત કરી ઋત્વિજોની સાથે તેણે (યજ્ઞાંતે કરવામાં આવતું) અવભૃથ સ્નાન કર્યું.[૫૬] એ રીતે પોતાના પ્રભાવથીજ જેમણે સિદ્ધિ સંપાદન કરી હતી એવા તે દક્ષપ્રજાપતિને પણ ધર્મમાંજ

* અર્થાત્ જગતને સૃજતો બ્રહ્મા નામ ધારણ કરૂં છું અને સંહારતો શંકર નામ ધારણ કરૂં છું.–ભા. ક.

+ 'सर्वं खल्विदं ब्रह्म' એ મહાવાક્ય પ્રમાણે સર્વ કંઇ હુંજ છું, મારામાં કે કોઇ પ્રાણીમાં ભેદદષ્ટિ કરવી નહિ. —ભા. ક.

÷ ત્રિકપાલેષ્ટિ નામની ઇષ્ટિથી. —ભા. ક.

× મુખ્ય યજ્ઞો–દર્શપૌર્ણમાસ વગેરે. —ભા. ક.

† ગૌણ અંગો પ્રયાજ વગેરે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બુદ્ધિ (રહો એવો વર) આપીને તે દેવતાઓ સ્વર્ગમાં ગયા.[૫૭] દક્ષની પુત્રી સતી પણ એ પ્રમાણે પોતાના પૂર્વશરીરનો ત્યાગ કરી હિમાલયની સ્ત્રી મેના વિષે ઉત્પન્ન થયાં હતાં, એમ અમે સાંભળ્યું છે.[૫૮] જેમ પ્રલયકાળે શયન કરી ગયેલી શક્તિ પુનઃ ઈશ્વરનેજ પ્રાપ્ત થાય છે, તેજ પ્રમાણે સતીદેવી પણ (હિમાલયની પુત્રી પાર્વતીરૂપે થઇને) પુનઃ પોતાના પતિ શંકરનેજ પ્રાપ્ત થયાં હતાં.[૫૯] દક્ષના યજ્ઞનો નાશ કરનાર ભગવાન શંકરનું આ કર્મ બૃહસ્પતિના શિષ્ય ભગવદ્ભક્ત ઉદ્ધવ પાસેથી મેં સાંભળ્યું છે. હે કુરુવંશી વિદુરજી! આ શંકરચરિત્ર પરમ પવિત્ર છે, યશ તથા આયુષને આપનાર છે અને પાપના સમૂહનો નાશ કરનાર છે. જે પુરુષ સર્વદા આ ચરિત્રનું શ્રવણ કરી બીજાઓને સંભળાવે છે તે પુરુષ (પોતાનાં અને પારકાં) સંસારનાં દુઃખરૂપી પાપોનો સર્વદા નાશ કરે છે."[૬૦।૬૧]

इदं पवित्रं परमीशचेष्टितं यशस्यमायुष्यमघौघमर्षणम्। यो नित्यदाऽऽकर्ण्य नरोऽनुकीर्तयेत् धुनोत्यघं कौरव भक्तिभावतः ॥६१॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૭ મો સમાપ્ત

अध्याय ८ मो×

ધ્રુવચરિત્ર–સાવકી માતાનાં કઠોર વચનોથી ધ્રુવનું વનગમન, તપશ્ચર્યા અને ભગવાનની પ્રસન્નતા

॥ मैत्रेय उवाच ॥

सनकाद्या नारदश्च ऋभुर्हंसोऽरुणिर्यतिः।
नैते गृहान् ब्रह्मसुता ह्यावसन्नूर्ध्वरेतसः ॥१॥

મૈત્રેય બોલ્યાઃ–"સનકાદિ કુમારો, નારદ, ઋભુ, હંસ, અરુણિ અને યતિ–આ બ્રહ્માના પુત્રો ઊર્ધ્વરેતસ્+ હતા; તેથી તેમણે ગૃહસ્થાશ્રમ માંડ્યો ન હતો.[૧] હે શત્રુહંતા વિદુરજી! અધર્મની સ્ત્રી મૃષાએ દંભ અને માયા નામનાં યુગલ (જોડકાં) સંતાનને જન્મ આપ્યો હતો. તે બન્નેને સંતાનરહિત નિઋતિએ ગ્રહણ કર્યાં હતાં–પોતાનાં છોકરાં તરીકે તેઓને સ્વીકાર્યાં હતાં.[૨] હે મહાબુદ્ધિમાન વિદુરજી! (દંપતીધર્મમાં* જોડાયલાં) તે બન્ને દંભ અને માયાનાં લોભ તથા નિકૃતિ (શઠતા) નામનાં બે સંતાન થયાં હતાં. તે બન્ને–લોભ તથા નિકૃતિનાં ક્રોધ અને હિંસા નામનાં બે સંતાનો થયાં હતાં તથા ક્રોધ અને હિંસાનાં કલિ તથા તેની બહેન દુરુક્તિ થયાં હતાં.[૩] હે મહાસત્પુરુષ વિદુરજી! દુરુક્તિમાં કલિએ ભય÷ તથા મૃત્યુ નામનાં બે સંતાનો ઉત્પન્ન કર્યાં હતાં અને તે બન્નેથી યાતના ને નિરય નામનું જોડકું ઉત્પન્ન થયું હતું.[૪] હે નિષ્પાપ વિદુરજી! અધર્મનો આ વંશ કે જે પ્રતિસર્ગ કહેવાય છે તે મેં તમને સંક્ષેપમાં કહ્યો. આ પવિત્ર વંશનું ત્રણ વાર શ્રવણ કરી પુરુષ પોતાના પાપરૂપી મેલનો નાશ કરે છે.§ હે કુરુવંશી વિદુરજી! હવે પવિત્ર કીર્તિવાળા અને શ્રીહરિના અંશરૂપ બ્રહ્મદેવના અર્ધશરીરથી જન્મેલા સ્વાયંભુવ મનુના વંશને પણ હું કહું છું. શતરૂપા રાણીના સ્વામી સ્વાયંભુવ મનુને પ્રિયવ્રત તથા ઉત્તાનપાદ નામે બે પુત્રો હતા. તે બન્ને વાસુદેવ ભગવાનના અં-

× દક્ષની કન્યાના વંશમાં પ્રાપ્ત થયેલી દક્ષના યજ્ઞની કથા કહેવામાં આવી. હવે પાંચ અધ્યાયોથી મનુના વંશમાં આવેલું ધ્રુવચરિત્ર કહેવામાં આવશે. તેમાં આ આઠમા અધ્યાયમાં પોતાની સાવકી માતાના કહેવા ઉપરથી ક્રોધ થતાં ધ્રુવજી નગરમાંથી નીકળી ગયા અને તપશ્ચર્યાથી તમણે શ્રીહરિને પ્રસન્ન કર્યા; એ કથા કહેવાશે.–શ્રીધર

+ ઉર્ધ્વરેતસ્– જન્મથીજ નૈષ્ઠિક બ્રહ્મચારી રહ્યા હતા; તેથી તેઓની સૃષ્ટિ થઇ ન હતી.–બાલપ્રબોધિની

* અધર્મની સંતતિ હોવાથી તેઓમાં ભાઇબહેનની વચ્ચે પણ દંપતિધર્મ ચાલુ થયો હતો. —શ્રીધર

÷ ભય એ પુરુષ છે અને મૃત્યુ એ સ્ત્રી છે.

§ આ શ્લોકમાં અધર્મના વંશને પવિત્ર કહ્યો છે અને તેના શ્રવણથી પાપનો નાશ થવા કહ્યું છે, તે એ વંશનું શ્રવણ થતાં તેનો ત્યાગ કરવાથી જે પવિત્રતા પ્રાપ્ત થાય છે, તેને ઉદ્દેશી તે દ્વારા આ વંશને પવિત્ર કહ્યો છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શથી ઉત્પન્ન થયા હતા અને જગતનું પાલન કરવામાં તત્પર રહેતા હતા.[૫-૭] તેમાંના ઉત્તાનપાદને બે સ્ત્રીઓ હતી. એક સુરુચિ અને બીજી સુનીતિ. તેમાંથી સુરુચિ રાજા ઉત્તાનપાદને અત્યંત પ્રિય હતી, પણ જેનો પુત્ર ધ્રુવ હતો તે સુનીતિ રાજાને પ્રિય ન હતી.[૮] એક દિવસે રાજા ઉત્તાનપાદ સુરુચિના પુત્ર ઉત્તમને ખોળામાં બેસાડી લાડ કરતા હતા; તેવામાં ધ્રુવને પણ રાજાના ખોળા ઉપર ચડવાની ઇચ્છા થઇ; પરંતુ રાજાએ તેને અભિનંદન ન આપ્યું–'આવ, બેસ' એમ ન કહ્યું.[૯] છતાં ખોળા પર ચડવા તત્પર થતા પોતાની શોક્યના પુત્ર ધ્રુવને જોઈ અત્યંત ગર્વિષ્ઠ બની ગયેલી સુરુચિએ રાજાના સાંભળતાં ઇર્ષ્યાપૂર્વક ધ્રુવને આવાં વચન કહ્યાં:[૧૦] 'હે વત્સ! તું રાજાના આસન પર ચડવાને માટે યોગ્ય નથી; કેમકે તું રાજપુત્ર હોવા છતાં મેં તને મારા ઉદરમાં ધારણ કર્યો નથી.[૧૧] ખેદની વાત છે કે, તું બાળક છે અને તેથીજ તું બીજી સ્ત્રીના ગર્ભાશયમાં પોષાયલા પોતાના આત્માને નથી જાણતો અને એથી (રાજાના ખોળામાં બેસવારૂપ) દુર્લભ વસ્તુ માટે તને મનોરથ થયો છે.[૧૨] જો તને રાજસિંહાસનની ઇચ્છા હોય તો તપશ્ચર્યાથી ઈશ્વરનું આરાધન કર અને તે ઈશ્વરની કૃપાથી તું મારા ગર્ભમાં પોતાનું શરીર ઉત્પન્ન કર.'[૧૩]

મૈત્રેય બોલ્યા:–"સાવકી માતાનાં એ અતિશય દુષ્ટ વાક્યોથી ધ્રુવ વીંધાઇ ગયો; તે લાકડી મારેલા સર્પની પેઠે ક્રોધથી ફુંફાડા મારવા લાગ્યો અને કંઇ પણ બોલ્યા વિના કેવળ જોઇ રહેલા પિતાનો ત્યાગ કરી રડતો રડતો પોતાની માતા પાસે ચાલ્યો ગયો.[૧૪] સુનીતિએ જેનો નીચલો હોઠ ફરકી રહ્યો હતો અને જે નિઃશ્વાસ નાખતો હતો તે પોતાના બાળક ધ્રુવને પોતાના ખોળામાં બેસાડ્યો અને કોઇ નગરવાસીના મુખથી પોતાની શોક્યનાં તે ગર્વવચન સાંભળીને પોતે અત્યંત ખેદ પામી. તે બાળા દાવાનળની વચ્ચે આવી પડેલી વેલની પેઠે શોકરૂપી દાવાનળની વચ્ચે આવી પડીને ધીરજ છોડી વિલાપ કરવા લાગી; તેણી પોતાની શોક્યનાં વાક્યો યાદ કરતી કમળ સમાન શોભતાં નેત્રોમાંથી અશ્રુપ્રવાહને વહેવા લાગી. પોતાના દુઃખના પારને નહિ જોતી તે બાળા લાંબા નિઃશ્વાસ નાખવા લાગી અને પોતાના બાળકને કહેવા લાગી કે, 'હે તાત! તું બીજાઓનો અપરાધ માનીશ નહિ; કેમકે જે મનુષ્ય બીજાઓને દુઃખ આપે છે તે પોતે આપેલાં તેજ દુઃખને ભોગવે છે.[૧૫-૧૭] સુરુચિનું વાક્ય ખરેખર સત્ય છે; હું અભાગણીના ઉદરમાં તું ધારણ કરાયો છે અને મારાજ ધાવણથી તું ઉછર્યો છે કે જે મને રાજા પોતાની પત્ની તરીકે અથવા એક દાસી તરીકે પણ સ્વીકારવાને શરમાય છે.[૧૮] માટે એ બાપુ! તું મત્સરનો ત્યાગ કરી દે. સુરુચિ તારી સાવકી માતા છે; તોપણ તેણીએ તને સત્ય વચન કહ્યાં છે. જો તું ઉત્તમની પેઠે રાજસિંહાસનને ઇચ્છતો હોય તો શ્રીભગવાનનાં ચરણકમળનું આરાધન કર.[૧૯] જેમણે જગતના રક્ષણને માટે સત્ત્વગુણના આશ્રયવાળું શરીર સ્વીકાર્યું છે, એવા જ પરમાત્માના ચરણકમળને સેવીને બ્રહ્મદેવ પરમેષ્ઠીના પદને પામ્યા છે; જે પદ મનને તથા વાયુને જીતનારા યોગીઓને પણ વંદન કરવા યોગ્ય છે;[૨૦] તેમજ તમારા દાદા ભગવાન મનુએ પણ સર્વાન્તર્યામી દૃષ્ટિએ પુષ્કળ દક્ષિણાઓવાળા યજ્ઞો કરીને જ ભગવાનનું પૂજન કર્યું હતું અને તે દ્વારા બીજાં સાધનોથી દુર્લભ એવાં પૃથ્વીનાં સુખ તથા મોક્ષનાં સુખ સંપાદન કર્યાં હતાં;[૨૧] તેજ પરમેશ્વરનો હે વત્સ! તું આશ્રય કર. તે ભગવાન ભક્તવત્સલ છે અને મુમુક્ષુ પુરુષોએ તેમના ચરણકમળનો માર્ગ શોધવા યોગ્ય છે. તું તારા સ્વધર્મથી શુદ્ધ કરેલા અને એકાંત ભાવવાળા મનમાં તે પરમેશ્વરને સ્થાપીને તેમનું ભજન કર.[૨૨] એ પુત્ર! (હું વિચારૂં છું તો) કમળની પાંખડીઓ સમાન ને-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

ત્રવાળા તે ભગવાન વિના બીજા કોઇને પણ હું નથી જોતી, કે જે તારા દુઃખનો નાશ કરે ! જે ભગવાનને બ્રહ્માદિ દેવોથી પણ શોધાતી લક્ષ્મીદેવી હાથમાં (દીવાની પેઠે) કમળને ગ્રહણ કરીને શોધ્યા કરે છે.[૨૩]

મૈત્રેય બોલ્યા :—"એ પ્રમાણે પોતાના કાર્યને સિદ્ધ કરી આપનારૂં માતાનું વચન સાંભળીને ધ્રુવ પોતે પોતાના મનનો સંયમ કરી પિતાના નગરમાંથી બહાર નીકળ્યો.[૨૪] તેવામાં નારદજી તે વાત સાંભળીને ધ્રુવની કર્તવ્યેચ્છા જાણી લઇને વિસ્મય પામ્યા અને પાપનો નાશ કરનારા પોતાના હાથ વડે ધ્રુવના મસ્તકનો સ્પર્શ કરી (મનમાં) કહેવા લાગ્યાઃ[૨૫] 'અહો! માનભંગને નહિ સહન કરનારા ક્ષત્રિયોનો પ્રભાવ કેવો આશ્ચર્યકારક છે! આ ધ્રુવ બાળક છે, છતાં પણ સાવકી માતાનાં દુષ્ટ વચનને હૃદયમાં કેવાં રાખી રહ્યો છે !'[૨૬]

નારદ બોલ્યાઃ—' હે પુત્ર ! રમકડાં વગેરેમાં આસક્ત રહેનાર તને બાળકને હમણાં અપમાન કે માન હોય એમ અમે જોતા નથી.[૨૭] કદાચિત્ (તને બાળકને પણ) માન—અપમાનનો વિવેક ભલે હોય; તોપણ વસ્તુતઃ પુરુષના અસંતોષના કારણ જે શત્રુઓ વગેરે હોય છે તે મોહથી ભિન્ન નથી, એટલે મોહકલ્પિતજ છે; કેમકે લોકમાં સુખ—દુઃખ વગેરે જે કંઇ થાય છે તે પોતપોતાનાં કર્મોને લીધેજ થાય છે.[૨૮] હે તાત ! ઈશ્વરની અનુકૂળતા વિના ઉદ્યમો સફળ થતા નથી; માટે ડાહ્યા પુરુષે જે કંઇ દૈવયોગે પ્રાપ્ત થાય તેટલાથીજ સંતોષ માનવો જોઇએ.[૨૯] માતાએ બતાવેલા ઉપાયથી જે ભગવાનની કૃપા સંપાદન કરવા તું ઇચ્છે છે, તે ભગવાન ખરેખરજ પુરુષોથી દુરારાધ્ય છે, એમ હું માનું છું.[૩૦] નિઃસંગ અને તીવ્ર યોગસમાધિથી મુનિઓ ભગવાનના માર્ગને શોધ્યા કરે છે, છતાં જાણી શકતા નથી;[૩૧] માટે તું પાછો ફર. આ તારો આગ્રહ નિષ્ફળ છે. જ્યારે (વૃદ્ધાવસ્થામાં) કલ્યાણ સાધવાનો સમય ઉપસ્થિત થાય ત્યારે તું પ્રયત્ન કરજે. મનુષ્યને દૈવયોગે જ્યારે જે કંઇ પણ સુખ અથવા દુઃખ પ્રાપ્ત થાય છે, ત્યારે સુખ પ્રાપ્ત થતાં પુણ્યનો ક્ષય થાય છે અને દુઃખ આવતાં પાપનો ક્ષય થાય છે, એમ માનીને સુખમાં કે દુઃખમાં પણ પોતાના આત્માને સંતુષ્ટ રાખનારો મનુષ્ય અજ્ઞાનરૂપ અંધકારના પારને પામે છે—મોક્ષ મેળવે છે.[૩૨,૩૩] પોતાના કરતાં અધિક ગુણવાનને જોઇ મનુષ્યે આનંદ પામવો જોઇએ; (નહિ કે અદેખાઇ કરવી જોઇએ.) પોતાના કરતાં ગુણોથી અધમ મનુષ્યને જોઇ તેના પર દયા લાવવી જોઇએ; (નહિ કે તિરસ્કાર કરવો જોઇએ.) અને પોતાના સમાન મનુષ્યને જોઇ તેની સાથે મિત્રતા કરવી જોઇએ; (નહિ કે સ્પર્ધા કરવી જોઇએ.) આવો મનુષ્ય સંતાપ પામતો નથી.'[૩૪]

ધ્રુવ બોલ્યોઃ—' જેઓનાં મન સુખદુઃખથી હણાઇ ગયેલાં હોય છે તેવા પુરુષોને આપ ભગવાને કૃપા કરીને આ શાંતિ દર્શાવી છે; જેને અમારા જેવાઓ મહાદુઃખથી જોઇ શકે છે;[૩૫] પણ હું તો વિનયરહિત છું અને ઘોર ક્ષત્રિય સ્વભાવને પામ્યો છું. વળી મારું હૃદય સુરુચિનાં દુષ્ટ વાક્યબાણોથી વીંધાઈ ગયું છે, તેથી એ હૃદયમાં આપનો ઉપદેશ ટકી શકે એમ નથી.[૩૬] હે બ્રહ્મન્ ! અમારા વડવાઓએ કે બીજાઓએ પ્રાપ્ત નહિ કરેલું અને ત્રણે જગતમાં ઉત્કૃષ્ટ એવું જે સ્થાન છે તે જીતવાને હું ઇચ્છું છું; માટે તમે મને ઉત્તમ માર્ગ દર્શાવો.[૩૭] આપ ભગવાન બ્રહ્મદેવના પુત્ર છો અને સૂર્યની પેઠે જગતનું હિત કરવાને વીણા વગાડતા સર્વત્ર વિચરો છો.'

મૈત્રેય બોલ્યાઃ—"ભગવાન નારદ એ પ્રમાણે તે વચન સાંભળીને પ્રસન્ન થયા અને દયાથી તે બાળકને આવું ઉત્તમ વચન કહેવા લાગ્યા.[૩૮,૩૯]

નારદ બોલ્યાઃ—' તારી માતાએ તને જે માર્ગ કહ્યો છે તેજ તારા કલ્યાણના માર્ગરૂપ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધ્રુવ અને તેની માતા સુનીતિ

[પૃષ્ઠ ૨૮૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભગવાન વાસુદેવ છે. માટે મનને તે ભગવાનમાંજ એકનિષ્ઠ કરીને તું તેમનું ભજન કર.[૪૦] જે મનુષ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—એ નામનું પોતાનું કલ્યાણ ઇચ્છતો હોય તેને તેની પ્રાપ્તિમાં શ્રીહરિના ચરણનું સેવન એજ એક મુખ્ય કારણ છે.[૪૧] માટે હે તાત ! તારું કલ્યાણ થાઓ. યમુના નદીના પવિત્ર તટ ઉપર જ્યાં પવિત્ર મધુવન આવેલું છે ત્યાં તું જા, કે જે સ્થળે શ્રીહરિનું સર્વદા સાન્નિધ્ય છે.[૪૨] ત્યાં યમુના નદીના પવિત્ર જળમાં ત્રણે કાળ સ્નાન કરીને દેવતાઓને નમસ્કાર વગેરે યોગ્ય કર્મો તું કરજે અને આસન ગોઠવી પૂરક, કુંભક તથા રેચક એમ ત્રણ પ્રકારના પ્રાણાયામ વડે પ્રાણ, ઇન્દ્રિયો તથા મનના મેલને ધીમે ધીમે દૂર કરી સર્વના ગુરુ એવા શ્રીહરિનું ધીર મનથી ધ્યાન કરજે. જે શ્રીહરિ ભક્તો પર કૃપા કરવા તત્પર રહે છે; નિરંતર પ્રસન્ન મુખ ને પ્રસન્ન નેત્રવાળા છે; સુંદર નાસિકા, સુંદર ભ્રૂકુટિ અને સુંદર ગાલવાળા છે તથા સર્વ દેવોમાં સુંદર છે; શ્રીવત્સના ચિહ્નવાળા છે, મેઘ જેવા શ્યામ છે, પુરુષલક્ષણોથી યુક્ત છે, વનમાળા ધારણ કરે છે; શંખ, ચક્ર, ગદા અને કમળથી પ્રકાશતી ચાર ભુજાઓવાળા છે, મુકુટ અને કુંડળોને ધારણ કરે છે, બાજુબંધ અને કંકણોથી યુક્ત છે, ડોકમાં કૌસ્તુભમણિનો અલંકાર પહેરે છે, પીળાં રેશમી વસ્ત્ર ધારણ કરે છે, કંદોરાથી વીંટાયલા છે, સુવર્ણનાં ઝાંઝરોથી સુશોભિત છે, અત્યંત દેખાવડા છે, શાંત છે, મન તથા નેત્રને હર્ષ ઉપજાવનાર છે, નખરૂપી મણિઓની પંક્તિથી શોભતા બન્ને ચરણો વડે હૃદયકમળની કળીના મધ્યસ્થાનને દબાવી પૂજન કરનારા ભક્તોના મનમાં તે રહે છે, મંદ મંદ હસી રહેલા છે, પ્રેમાળ દૃષ્ટિએ જુએ છે અને વર આપનારાઓમાં શ્રેષ્ઠ છે; એવા તે શ્રીહરિનું પૂર્વોક્ત ધારણાથી અત્યંત સ્થિર થયેલા અને તેથીજ એકાગ્ર બનેલા મન વડે તારે ધ્યાન કરવું. એ રીતે ભગવાનના પરમ મંગળ સ્વરૂપનું ધ્યાન કરનાર પુરુષનું મન સત્વર પરમ નિવૃત્તિને પામીને ભગવાનના સ્વરૂપથી કદી નિવૃત્ત થતું નથી. હે રાજપુત્ર ! એ ઉપરાંત જપ કરવા યોગ્ય પરમ ગુહ્ય એક મંત્ર છે; તેને મારી પાસેથી તું સાંભળ. જે મંત્રનો સાત દિવસ જપ કરતાં પુરુષ આકાશગામી દેવતાઓનાં દર્શન કરે છે.[૪૩–૫૩] '**ॐ नमो भगवते वासुदेवाय**' આ મંત્રથી દેશ—કાળના વિભાગને જાણનારા વિદ્વાન મનુષ્યે વિવિધ દ્રવ્યો વડે પરમાત્મદેવની દ્રવ્યમય પૂજા કરવી. પવિત્ર જળ વડે, માળાઓ વડે, વનનાં ફળમૂળ વગેરેથી, દુર્વા વગેરે ઉત્તમ અંકુરોથી, ભોજપત્ર વગેરે વસ્ત્રથી અને ભગવાનને પ્રિય તુલસીથી પ્રભુનું પૂજન કરવું.[૫૪,૫૫] તે પણ શિલા વગેરેની બનેલી પ્રતિમા પ્રાપ્ત કરીને પૂજન કરવું અથવા પૃથ્વી, જળ વગેરેમાં પણ પ્રભુની પૂજા કરવી. તે વખતે મનને સ્થિર કરવું, મનનશીલ થવું, શાંત રહેવું, વાણીને નિયમમાં રાખવી અને વનમાં ફળમૂળ વગેરેનો મિતાહાર કરવો. વળી ઉત્તમ કીર્તિવાળા ભગવાન પોતાની અચિંત્ય માયાથી સ્વેચ્છાવતાર ધારણ કરવારૂપી ચરિત્રો વડે ભવિષ્યમાં જે જે મનોહર પરાક્રમ કરવાના છે, તેનું ધ્યાન કરવું[૫૬,૫૭] અને ભગવાનની જેટલી સેવાઓ પૂર્વે કર્તવ્યપણે કહી છે તે તે સર્વ મંત્રમૂર્તિ—ભગવાનની સેવાઓ ઉપર કહેલા દ્વાદશાક્ષર મંત્ર વડેજ કરવી.[૫૮] એ પ્રમાણે પોતાના મનના (જેવા દૃઢ) ભાવ હોય તે પ્રમાણે શરીરથી (જળ વગેરેથી), મનથી (ધ્યાન વગેરેથી) અને વચનથી (જપ વગેરેથી) ભક્તિયુક્ત સેવા વડે સેવાતા ભગવાન નિષ્કપટ ભજન કરતા પુરુષોના ભાવને વધારનારા થઇ ધર્માર્થકામ—એ પુરુષાર્થોમાંથી મનુષ્યોને જે ઇષ્ટ હોય તે આપે છે. માટે વિષયભોગથી વિરક્ત થયેલા મનુષ્યે સર્વશ્રેષ્ઠ ભક્તિયોગથી નિરંતર ભાવપૂર્વક સાક્ષાત્ મુક્તિને માટે ભગવાનનું ભજન કરવું.[૫૯,૬૦]

"શ્રીનારદજીએ એ પ્રમાણે કહ્યું એટલે રાજપુત્ર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધ્રુવે તેમને પ્રદક્ષિણા કરીને પ્રણામ કર્યા અને પછી શ્રીહરિના ચરણોથી સુશોભિત થયેલા પવિત્ર મધુવનમાં તે ગયો. ધ્રુવ તપોવનમાં ગયો, તે પછી મુનિ નારદ રાજા ઉત્તાનપાદના અંતઃપુરમાં ગયા; એટલે રાજાએ તેમનો સત્કાર કરી તેમને અર્ધ્ય વગેરે અર્પણ કર્યા અને પછી સુખેથી બેઠેલા નારદજીએ તે રાજાને આ પ્રમાણે કહ્યું.[૬૧-૬૩]

નારદ બોલ્યાઃ—'હે રાજન્! તું સુકાતા મુખે લાંબા લાંબા શા વિચાર કરે છે? તારા ધર્મ, અર્થ કે કામ નાશ પામ્યા તો નથી?'[૬૪]

રાજાએ કહ્યુંઃ—"હે બ્રહ્મન્! સ્ત્રીને વશ થયેલા અને નિર્દય મનવાળા મેં મારા પાંચ વર્ષના બાળકપુત્રને તેની માતા સાથે કાઢી મૂક્યો છે; જે બાળક મહાવિદ્વાન હતો.[૬૫] વનમાં થાકી ગયેલા, સૂતેલા, ભૂખ્યા, કરમાઇ ગયેલા મુખકમળવાળા તે અનાથ બાળકને વરુઓ શું નહિ ખાઇ જાય?[૬૬] અહો! અફસોસ! સ્ત્રીથી જીતાયલા એવા મારી નીચતા તો જુઓ! નીચ એવા મેં પ્રેમથી ખોળા ઉપર બેસવા ઇચ્છતા મારા પુત્રને અભિનંદન આપ્યું નહિ—અનાદર કર્યો.'[૬૭]

નારદ બોલ્યાઃ—'હે રાજા! જેનો યશ સમગ્ર જગતમાં વ્યાપી રહ્યો છે, તે તારા પુત્રનો પ્રભાવ જાણ્યા વિના તું તેનો શોક કર મા. પરમાત્મા તેની રક્ષા કરે છે.[૬૮] હે રાજન્! મહાસમર્થ એ તારો પુત્ર લોકપાલોને માટે પણ મહાદુષ્કર એવું કર્મ કરીને તારા યશને વિસ્તારતો અલ્પ સમયમાં પાછો આવશે.'[૬૯]

મૈત્રેય બોલ્યાઃ—"દેવર્ષિએ કહેલાં એ વચન સાંભળીને રાજા રાજલક્ષ્મીનો અનાદર કરી કેવળ પોતાના પુત્રનાજ વિચારમાં રહેવા લાગ્યો. પેલી તરફ ધ્રુવે, તે મધુવનમાં જઇ (યમુનાજીમાં) સ્નાન કરી તે રાત્રિ ઉપવાસ કર્યો અને પછી નારદ ઋષિના આદેશ પ્રમાણે પ્રયત્નપૂર્વક એકાગ્ર થઇને પરમાત્માની સેવા કરવા માંડી.[૭૦,૭૧] ત્રણ ત્રણ રાત્રિના અંતે પોતાની દેહસ્થિતિ અનુસાર કોઠાં ને બોરનુંજ ભોજન કરીને તથા શ્રીહરિની પૂજા કરતાં તેણે એક મહિનો વિતાવ્યો.[૭૨] બીજા મહિનામાં તે બાળકે છઠ્ઠે છઠ્ઠે દિવસે પોતાની મેળે પૃથ્વી ઉપર ખરી પડેલાં ઘાસ ને ઝાડોનાં પાંદડાંઓનું ભોજન કરીને શ્રીભગવાનનું પૂજન કર્યું. ત્રીજો મહિનો નવમે નવમે દિવસે માત્ર જળનોજ આહાર કરીને તેણે ગાળી કાઢ્યો ને ઉત્તમ કીર્તિવાળા શ્રીભગવાનનું એકાગ્રચિત્તે પૂજન કર્યું.[૭૩,૭૪] ચોથો મહિનો પણ નવમે નવમે દિવસે માત્ર વાયુનોજ આહાર કરીને તેણે વિતાવ્યો અને પ્રાણવાયુને જીતીને ધ્યાન કરી પરમાત્માને હૃદયમાં ધારણ કર્યા. તે પછી પાંચમો મહિનો આવ્યો; એટલે તે રાજપુત્ર પ્રાણવાયુને જીતીને બ્રહ્મનું ધ્યાન કરતો એક પગે ઠૂંઠાની પેઠે અચળ ઊભો રહ્યો.[૭૫,૭૬] તેણે શબ્દાદિ વિષયો તેમજ ઇન્દ્રિયો જેની અંદર સ્થિતિ કરે છે તે મનને સર્વ તરફથી આકર્ષી લઈ ભગવાનના સ્વરૂપનુંજ કેવળ ધ્યાન કરતાં કરતાં બીજું કંઈ પણ જોયું નહિ.[૭૭] એ રીતે મહત્તત્ત્વ વગેરેના આધાર અને પ્રકૃતિ તથા પુરુષના પણ નિયંતા એવા પરબ્રહ્મનું જ્યારે તે ધ્યાન કરતો હતો, ત્યારે (તેના તેજને નહિ સહન કરતા) ત્રણે લોક કંપવા લાગ્યા અને તે રાજપુત્ર એ પ્રમાણે જ્યારે એક પગે ઊભો રહ્યો, ત્યારે તેના અંગૂઠાથી દબાયલી પૃથ્વી મોટો હાથી જેમાં બેઠો હોય તેવી નૌકા જેમ પગલે પગલે ડાબી-જમણી બાજુ નમી જાય તેમ નમી જવા લાગી. તે ધ્રુવ એ પ્રમાણે પ્રાણવાયુને તથા તેનાં દ્વારોને રુંધી દઇ, આત્માની સાથે અભેદ દૃષ્ટિથી વિશ્વાત્મક વિષ્ણુ ભગવાનનું જ્યારે ધ્યાન કરતો હતો, ત્યારે લોકપાલો સહિત સર્વ લોકો પણ પ્રાણવાયુ રુંધાઈ જવાને લીધે અત્યંત ગૂંગળાઇ જવા લાગ્યા અને શ્રીહરિને શરણે ગયા.[૭૮-૮૦]

દેવો બોલ્યાઃ—'હે ભગવન્! સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓનાં શરીરનો પ્રાણનિરોધ આ રીતે કદી થયો હોય એમ અમે જાણતા નથી. આ સંકટમાંથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૃષ્ઠ ૨૮૨] ધ્યાનયોગી ધ્રુવ [સ. સા. મુદ્રણાલય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તમે અમને મુક્ત કરો. શરણે આવેલાનું રક્ષણ કરનાર એવા આપને અમે શરણે આવ્યા છીએ.'૮૧

શ્રીભગવાન બોલ્યાઃ–'તમે ડરો મા. જેને લીધે તમારા પ્રાણનો નિરોધ થયો છે, તે ધ્રુવે મારામાં આત્માની એકતા કરી છે– પણ હું તેને મહાન તપથી અટકાવું છું, તમે તમારા સ્થાનકે જાઓ.'૮૨

मा भैष्ट बालं तपसो दुरत्ययान्निवर्तयिष्ये प्रतियात स्वधाम। यतो हि वः प्राणनिरोध आसीदौत्तानपादिर्मयि संगतात्मा ॥८२॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૮ મો સમાપ્ત

अध्याय ९ मो*

ધ્રુવચરિત્ર–(ચાલુ) શ્રીહરિની સ્તુતિ કરી, વરદાન મેળવી ધ્રુવનું પાછા ફરવું ને પિતાએ આપેલું રાજ્ય કરવું

॥ मैत्रेय उवाच ॥

त एवमुत्सन्नभया उरुक्रमे कृतावनामाः प्रययुस्त्रिविष्टपम्। सहस्रशीर्षाऽपि ततो गरुत्मता मधोर्वनं भृत्यदिदृक्षया गतः ॥१॥

મૈત્રેય બોલ્યાઃ–"એ રીતે જેઓનો ભય દૂર થયો હતો એવા દેવો ભગવાનને પ્રણામ કરી સ્વર્ગમાં ગયા. તે પછી હજાર મસ્તકોવાળા ભગવાન પણ ગરુડ પર બેસીને પોતાના ભક્ત–ધ્રુવને મળવા મધુવનમાં ગયા.૧ ત્યારે યોગની પરિપક્વ દશાને લીધે તીવ્ર બનેલી બુદ્ધિથી જે ભગવાન વીજળી સમાન કાંતિવાળા હોઇ હૃદયકમળમાં પ્રકાશી રહ્યા હતા, તેજ ભગવાનને એની એજ અવસ્થામાં એકાએક બહાર ઊભેલા ધ્રુવે જોયા.૨ ધ્રુવ એ ભગવાનનાં દર્શનથી એકદમ બેબાકળો બની ગયો; તેણે પોતાના શરીરને પૃથ્વી ઉપર દંડવત્ નમાવીને વંદન કર્યું અને તે વેળા એ બાળક પોતાની દૃષ્ટિ વડે ભગવાનનાં દર્શન કરતો જાણે તેમને પી જતો હોય, મુખ વડે જાણે તેમને ચુંબન કરતો હોય અને ભુજાઓ વડે તેમને જાણે ભેટી પડતો હોય તેવો જણાયો. પછી તે ધ્રુવ કંઈક કહેવા માટે ઇચ્છતો હતો, ભગવાનના ગુણાનુવાદ ગાવા ઇચ્છતો હતો, પણ શું કહેવું? કેવી રીતે ગુણાનુવાદ ગવાય તે એ જાણતો ન હતો, એમ સર્વના હૃદયમાં રહેલા શ્રીહરિએ જાણી લઇને બે હાથ જોડી ઊભેલા તે બાળકના ગાલ ઉપર પોતાના વેદસ્વરૂપ શંખથી દયાપૂર્વક સ્પર્શ કર્યો.૩૪ કે તુરતજ શ્રીભગવાને અર્પણ કરેલી તે દૈવી વાણી સંપાદન કરીને ધ્રુવે ઈશ્વર તથા જીવનો નિર્ણય જાણી લીધો અને તેથીજ જેને ભક્તિથી ભાવ થયો હતો–પ્રેમ થયો હતો અને (ભવિષ્યમાં) જેને સ્થાયી સ્થાન પ્રાપ્ત થવાનું હતું એવો તે ધ્રુવ, ચોતરફ પ્રખ્યાત કીર્તિવાળા તે પરમાત્માની સ્થિરતાપૂર્વક સ્તુતિ કરવા લાગ્યો.૫

ધ્રુવ સ્તુતિ કરે છેઃ–'સમગ્ર શક્તિઓ ધારણ કરનારા જે ભગવાન પોતાની ચૈતન્યશક્તિથી મારી લીન થયેલી વાણીને સજીવન કરે છે અને બીજા હાથ, પગ, કાન, ત્વચા વગેરે ઇન્દ્રિયોને પણ જીવાડે છે–ચેતન આપે છે, તે સર્વના અંતર્યામી ભગવાનને મારા નમસ્કાર હો.૬ હે ભગવન્! આપ એકજ છો; પણ અનેક ગુણોવાળી પોતાની માયા નામની શક્તિથી મહત્તત્ત્વ વગેરે આ સમગ્ર જગતને સર્જીને તેમાં અંતર્યામી તરીકે પ્રવેશ કરીને લાકડાંઓમાં પ્રવેશેલો અગ્નિ જેમ અનેકસ્વરૂપે જણાય છે તેમ, માયાના ગુણરૂપ એવા ઇન્દ્રિયાદિ પદાર્થોમાં રહેલા આપ પણ તે તે ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવ આદિરૂપે જાણે અનેક હો તેવા જણાઓ છો–વસ્તુતઃ આપ એકજ છો, સર્વસ્વરૂપ છો.૭ હે નાથ! બ્રહ્મદેવે પોતે પણ આપને શરણે આવીને આપે આપેલા જ્ઞાનદ્વારા સૂઇને ઊઠેલા મનુષ્યની પેઠે આ જગતને જોયું હતું; તો હે દુઃખીના બંધુ! આપે કરેલા ઉપકારોને જા-

* આ અધ્યાયમાં શ્રીહરિની સ્તુતિ કરી, વરદાનો મેળવી ધ્રુવજી, પિતાના નગર તરફ પાછા ફર્યા અને પિતાએ આપેલું રાજ્ય કરવા માંડ્યું, તે કથા કહેવાશે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ણનાર મનુષ્ય મુક્ત પુરુષોને પણ શરણ લેવા યોગ્ય આપનાં ચરણમૂળને કેમ ભૂલી જાય? અર્થાત્ નજ ભૂલે. આપને આવા દીનબંધુને જેઓ નથી ભજતા તેઓ ખરેખર કૃતઘ્ની છે.[૮] જેઓ (મારા જેવા મૂર્ખાઓ) જન્મ–મરણથી મુક્ત કરનારા આપને કામાદિ–અન્ય વિષયોને માટે ભજે છે તેઓ, સાચેજ આપની માયાથી વંચિત બુદ્ધિવાળા છે–તેઓનાં મન આપની માયાથી ઠગાયાં છે. કેમકે તેઓ કલ્પવૃક્ષતુલ્ય આપને ભજે છે અને ઇચ્છે છે તો દેહથી ઉપભોગ કરવા યોગ્ય સુખને, કે જે વિષયસંબંધી સુખ મનુષ્યોને નરકમાં પણ મળી રહે છે.[૯] હે નાથ! આપના ચરણકમળના ધ્યાનથી અથવા આપના ભક્તજનોની (સાથે આપની) કથા સાંભળવાથી મનુષ્યોને જે શાંતિ થાય છે, તે શાંતિ સ્વસ્વરૂપના આનંદરૂપ બ્રહ્મને વિષે પણ નથી, તો પછી યમદેવની તલવારરૂપ કાળના ઝપાટાથી ખંડિત થયેલાં વિમાનમાંથી પડતા દેવોને તો ક્યાંથી હોય? માટે હે અનંતદેવ! વારંવાર આપની ભક્તિજ કર્યા કરતા અને તેથીજ નિર્મળ હૃદયવાળા આપના ભક્ત પુરુષોનોજ મને પ્રસંગ થાઓ, કે જેથી આપની ગુણકથારૂપ અમૃતના પાનથી મદમત્ત થયેલો હું, અનાયાસે અનેક સંકટોથી ભરેલા આ ભયંકર સંસારનો પાર પામીશ–આ સંસારસમુદ્રને તરી જઇશ. હે પદ્મનાભ પરમેશ્વર! જેઓ આપના ચરણકમળની સુગંધમાં લુબ્ધ હૃદયવાળા આપના ભક્ત પુરુષોના પ્રસંગ કરે છે, તેઓ +તો પોતાને અત્યંત પ્રિય એવા શરીરને અને એ શરીરની પાછળ રહેલાં પુત્ર, મિત્ર, ઘર, ધન અને સ્ત્રીઓને પણ સંભારતા નથી. (આવું આપની કૃપારૂપી અમૃતપાન માદક છે.) હે અજન્મા દેવ! આપનું જે (વિરાટ) સ્વરૂપ પશુઓ, વૃક્ષો, પર્વતો, પક્ષીઓ, સર્પો, દેવો, દૈત્યો તથા મનુષ્યો વગેરેથી વ્યાપ્ત છે, સત્ તથા અસત્રૂપ વિશેષવાળું છે અને મહત્તત્ત્વ વગેરે જેનાં અનેક કારણો છે, તે આપના અતિશય સ્થૂલ (વિરાટ) સ્વરૂપનેજ હું જાણું છું; પણ હે પરમેશ્વર! તેથી બીજું જે આપનું ઈશ્વરસ્વરૂપ છે, કે જેમાં શબ્દનો× પણ વ્યાપાર નથી, તે આપનું બ્રહ્મસ્વરૂપ હું જાણતો નથી. (અને તેથીજ મારું દેહાભિમાન ટળતું નથી.) જે અંતર્યામી પુરુષ પ્રલયકાળે આ સમસ્ત જગતને પોતાના ઉદરમાં સમાવી દઇ (યોગનિદ્રામાં આરૂઢ હોવાથી) સ્વસ્વરૂપમાંજ દૃષ્ટિ સ્થાપીને શેષનાગને મિત્ર કરી તેના પર શયન કરે છે અને જેમની નાભિરૂપ સમુદ્રમાં ઊગેલા સુવર્ણના લોકાત્મક કમળમાં તેજસ્વી બ્રહ્મા ઉત્પન્ન થાય છે, તે આપ ભગવાનને હું પ્રણામ કરું છું.[૧૦–૧૪] આપ જીવથી તો વિલક્ષણસ્વરૂપજ છો; કેમકે આપ નિત્યમુક્ત છો; ત્યારે જીવ તો આપની કૃપાથી મુક્ત થાય છે; આપ અત્યંત શુદ્ધ છો ત્યારે જીવ તો મલિન છે; આપ સંપૂર્ણ જ્ઞાની છો ત્યારે જીવ તો અજ્ઞાની છે; આપ આત્મા છો ત્યારે જીવ તો જડ છે; આપ કૂટસ્થ છો–નિર્વિકાર છો ત્યારે જીવ વિકારી છે; આપ આદિપુરુષ છો ત્યારે જીવ તો આદિમાન છે–ઉત્પન્ન થયેલો હોઇ આદિવાળો છે; આપ ભગવાન છો ત્યારે જીવ તો ભગરહિત છે–ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન અને વૈરાગ્ય–એ છ પ્રકારના ભગથી વિહીન છે અને આપ ત્રણે ગુણોના અધીશ્વર છો ત્યારે જીવ તો પરતંત્ર છે–ત્રણે ગુણોને અધીન છે. કારણ કે

+ આ 'તો' શબ્દ એ સૂચવે છે કે, જેઓ આપની કથારૂપ અમૃતનું પાન કરતા નથી અને કેવળ યોગ વગેરેનેજ વળગી રહે છે, તેઓના દેહાભિમાનની કદી નિવૃત્તિ થતી નથી. —श्रीधर

× 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह। (तैत्ति. उ. २–९) જે બ્રહ્મથી વાણી ને મન તેમને જાણ્યા વિનાજ પાછાં ફરે છે!' એ વેદવાક્યાનુસાર જેમાં શબ્દની પણ પ્રવૃત્તિ નથી તે આપનું સૂક્ષ્મ સ્વરૂપ હું જાણતો નથી, તો મારો મોક્ષ કેમ થશે? એ ભાવ છે. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપ સર્વના દ્રષ્ટા હોઇ બુદ્ધિની તે તે અવસ્થાને પોતાની અખંડિત દૃષ્ટિથી-ચૈતન્યશક્તિથી જુઓ છો અને આપજ સર્વનું પાલન કરવામાં યજ્ઞના અધિષ્ઠાતા શ્રીવિષ્ણુ છો. વળી જેને વિષે પરસ્પર વિરુદ્ધ ગતિવાળી વિદ્યા, અવિદ્યા વગેરે વિવિધ શક્તિઓ અનુક્રમે નિરંતર અકસ્માત્ ઉત્પન્ન થયા કરે છે તે જગતને ઉત્પન્ન કરનાર, એક-અખંડ, અનંત, અનાદિ, આનંદમાત્રસ્વરૂપ અને નિર્વિકાર એવા પરબ્રહ્મ આપને હું શરણે આવ્યો છું. હે ભગવન્! જે પુરુષ, આપજ સર્વ પુરુષાર્થ છો-એવા નિષ્કામ ભાવે આપનું ભજન કરે છે, તેવા પુરુષને તો પુરુષાર્થ-પરમાનંદ એજ જેમનું સ્વરૂપ છે એવા આપનું ચરણકમળજ રાજ્યાદિ સર્વ કામનાઓ કરતાં પણ સત્ય કામનારૂપ છે-અવશ્ય આપનું ચરણકમળજ તેવા નિષ્કામ ભક્તને પરમાર્થફળરૂપ છે; તોપણ હે સ્વામિન્! આપ ભગવાન તો દીન-સકામ ભક્ત એવા અમારું પણ જેમ તુરતમાં વિયાયલી ગાય પોતાના વાછરડાનું રક્ષણ કરે છે તેમ રક્ષણ કરો છો. કેમકે આપ સર્વનું હિત કરવામાંજ આતુર છો.[૧૫-૧૭]

મૈત્રેય બોલ્યા:-"સત્ય સંકલ્પવાળા તે બુદ્ધિમાન ધ્રુવે એ પ્રમાણે સ્તુતિ કરી, એટલે ભક્તવત્સલ ભગવાને તેને અભિનંદન આપી આ પ્રમાણે કહ્યું.[૧૮]

શ્રીભગવાન બોલ્યા-'હે સદાચારી રાજકુમાર! હું તારા હૃદયના સંકલ્પને જાણું છું અને તે સંકલ્પ દુર્લભ છે; તોપણ તને આપું છું. તારું કલ્યાણ થાઓ.[૧૯] હે ભદ્ર! જે સ્થાન હજી સુધી બીજાઓએ મેળવ્યું નથી, જે પ્રકાશમાન છે, જેમાં અચળ સ્થિતિ છે, જ્યાં ધાન્ય મસળવા માટે હાલરામાં ભમતાં પશુઓ બાંધવાને ખીલે જેમ બળદો રહેલા હોય છે તેમ ગ્રહો, નક્ષત્રો, તારાઓ ને જ્યોતિશ્ચક્ર રહેલ છે, જે અવાન્તર કલ્પ સુધી વસનારાઓ કરતાં પણ વધારે વખત રહેનારું છે-ત્રૈલોક્યનો નાશ થઈ જાય છે; તોપણ રહેનારું છે અને જે સ્થાનને ધર્મ, અગ્નિ, કશ્યપ, શુક્ર તથા તારાઓ સહિત સપ્તર્ષિ મુનિઓ પણ પ્રદક્ષિણા કરીને જેની આસપાસ ભમતા ફરે છે, તે દુર્લભ સ્થાન પણ હું તને આપું છું.[૨૦] તારા પિતા તને પૃથ્વી આપીને વનમાં જશે એટલે તું ધર્મના આશ્રય કરી અશ્રાંત ઇન્દ્રિયોવાળો થઇને પૃથ્વીનું રક્ષણ કરીશ.[૨૧-૨૨] તારો ભાઇ ઉત્તમ મૃગયામાં મરણ પામશે એટલે તેનામાં મનવાળી અને વનમાં તેને શોધતી તારી સાવકી માતા, સુરુચિ દાવાનળમાં પ્રવેશ કરશે. તે પછી તું પુષ્કળ દક્ષિણાઓવાળા યજ્ઞોથી, યજ્ઞ એજ જેનું હૃદય છે-મૂર્તિ છે એવા મારું યજન કરીને અને ઉત્તમ ભોગો ભોગવીને અંતે મારું સ્મરણ કરીશ.[૨૩-૨૪] તે પછી સર્વ લોકોએ નમસ્કાર કરેલું મારું જે સ્થાન છે તેને તું પામીશ, કે જે સ્થાન સપ્તર્ષિઓની ઉપર આવેલું છે અને જ્યાં ગયેલો મનુષ્ય પુનઃ સંસારમાં પાછો આવતો નથી.'[૨૫]

મૈત્રેય બોલ્યા:-"એ પ્રમાણે ધ્રુવને પોતાનું સ્થાન અર્પણ કરીને તે ધ્રુવથી પૂજાયલા તે ભગવાન તે બાળકના દેખતાં પોતાના ધામમાં પધારી ગયા.[૨૬] એટલે તે ધ્રુવ પણ પોતે સંકલ્પ કરેલું અને શ્રીવિષ્ણુ ભગવાનની ચરણસેવાથી સંપાદન કરેલું તેમજ સંકલ્પોને પૂર્ણ કરનારું તે પરમ પદ પ્રાપ્ત કરીને પણ બરાબર પ્રસન્ન નહિ થયેલો પોતાના નગર તરફ ચાલી નીકળ્યો."[૨૭]

વિદુરે પૂછ્યું:-"ભગવાનની ચરણસેવાથી સંપાદન કરેલું શ્રીહરિનું જે પરમ પદ સકામ મનુષ્યને તો અત્યંત દુર્લભ છે તે પદને માત્ર એકજ જન્મથી મેળવીને પણ પોતે પુરુષાર્થને જાણનાર *છતાં તે ધ્રુવે પોતાને જાણે અકૃતાર્થ હોય તેમ કેમ માન્યો?"[૨૮]

મૈત્રેય બોલ્યા-"ધ્રુવ, સાવકી માતાનાં વાક્ય-

* પોતાનો પુરુષાર્થ તો માત્ર છ મહિનાનો હતો, એમ પોતે જાણે છે છતાં. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બાણોથી હૃદયમાં વીંધાઇ ગયો હતો અને તે વાક્યોનું તે સ્મરણ કર્યા કરતો હતો; તેથી પોતે મુક્તિપતિ—ભગવાન પાસેથી મુક્તિને ન ઇચ્છી શક્યો તેથી તે સંતાપ પામ્યો હતો."૨૯

"ધ્રુવ (આવો સંતાપ કરતાં) બોલ્યો હતો: 'સનકાદિ મુનિઓ ઊર્ધ્વરેતસ્ છે—નૈષ્ઠિક બ્રહ્મચારીઓ છે, છતાં અનેક જન્મો સુધી અભ્યાસ કરેલી સમાધિથી જ ભગવાનના પરમ પદને માત્ર જાણી શક્યા છે,× તે પદની છાયાને હું ભેદબુદ્ધિવાળો છતાં માત્ર છ મહિનામાં સંપાદન કરીને પણ પુનઃ આ સંસાર તરફ પાછો ફર્યો છું. (તે ખરેખર ખેદજનક છે.)૩૦ અહો! અફસોસ! હું મંદભાગ્ય છું; મારી અજ્ઞાનતા તો જુઓ!! સંસારનો નાશ કરનારા ભગવાનનાં ચરણમૂળને સંપાદન કર્યા છતાં મેં તેમની પાસેથી નાશવંત વસ્તુ માગી લીધી.૩૧ ખરેખર, મારી અપેક્ષાએ મારાથી નીચે જતા અદેખા દેવોએ મારી બુદ્ધિને દૂષિત કરી નાખી, જેથી મહાન અધમ એવા મેં નારદજીનાં સત્ય વચનનો પણ સ્વીકાર કર્યો નહિ.૩૨ અહા! જેમ નિદ્રાવશ થયેલો મનુષ્ય સ્વપ્નને જોતો પોતાને ભિન્ન પદાર્થ માને છે, તેમ દૈવી માયાનો આશ્રય કરીને હું પોતાથી બીજી વસ્તુ નહિ હોવા છતાં ભેદદૃષ્ટિવાળો થઇને પોતાના ભાઇને પોતાનો શત્રુ માની હૃદયના રોગથી તપ્યા કરું છું.૩૩ અરેરે! મેં અભાગિયાએ મહાકષ્ટથી પ્રસન્ન થાય એવા અને સંસારનો નાશ કરનારા જગતના આત્માને તપથી પ્રસન્ન કરીને તેમની પાસેથી જ માગી લીધું છે, તે મરણપથારીએ પડેલાને માટે જેમ ચિકિત્સા વ્યર્થ છે, તેમ વ્યર્થ જ છે.૩૪ અત્યંત ખેદની વાત બની છે કે, જેનું પુણ્ય ક્ષીણ થયેલું છે, એવા મેં જેમ કોઈ નિર્ધન મનુષ્ય ચક્રવર્તી મહારાજા પાસેથી ફોતરાંવાળા ચોખાના કણોને માગી લે, તેમ સ્વરૂપાનંદ આપનાર શ્રીભગવાન પાસેથી મૂર્ખાઇને લીધે અભિમાન માગી લીધું છે.'૩૫

મૈત્રેય બોલ્યા:—'હે તાત વિદુરજી! શ્રીમુકુંદભગવાનના ચરણોની રજ સેવનારા અને સ્વેચ્છાથી જે કંઈ આવી મળે તેથી મનમાં સંતોષ માનનારા તમારા જેવા મનુષ્યો તે ભગવાનના દાસત્વ વિના બીજી કોઇ પણ વસ્તુ ઇચ્છતા નથી.૩૬ હવે પેલી તરફ રાજા ઉત્તાનપાદે જાણે મરણ પામીને પાછો આવ્યો હોય, તેમ પોતાના પુત્ર ધ્રુવને પાછો આવતો સાંભળીને 'અરેરે! મારું પાપીનું તેવું કલ્યાણ ક્યાંથી હોય' એમ માની તે વાતનો વિશ્વાસ કર્યો નહિ.૩૭ પણ પછીથી દેવર્ષિ નારદનાં વાક્ય પર શ્રદ્ધા કરીને હર્ષના વેગથી વ્યાકુળ થઇ એકદમ આનંદમાં આવી જઇને રાજાએ ખબર લાવનાર મનુષ્યને મહાકીમતી હાર આપી દીધો.૩૮ પછી સોનાના સાજવાળા ને ઉત્તમ ઘોડાઓ જોડેલા રથમાં બેસીને રાજા બ્રાહ્મણો, કુળનાં વૃદ્ધ મનુષ્યો, અમાત્યો તથા બંધુઓની સાથે શંખ અને દુંદુભિઓના ઘોષપૂર્વક તથા વેદધ્વનિ અને વાંસળીઓના શબ્દપૂર્વક પોતાના પુત્રને મળવા આતુર થઇ નગરમાંથી બહાર નીકળ્યો. રાજાની બન્ને રાણીઓ સુનીતિ ને સુરુચિ પણ સુવર્ણના અલંકારોથી સુશોભિત થઇ ઉત્તમ કુમારની સાથે પાલખીમાં બેસીને ધ્રુવની સામે ગઇ. ઉપવનની સમીપમાં ધ્રુવને આવતો જોઇ રાજા પ્રેમથી વિહ્વળ થઇ ગયો ને એકદમ વેગથી રથ પરથી ઊતરી જઇ તે પોતાના પુત્રની પાસે જઇ પહોંચ્યો અને લાંબા કાળથી ઉત્કંઠિત મનવાળો હોઇને હાંફતો હાંફતો શ્રીભગવાનના ચરણસ્પર્શથી જેનાં સર્વ પાપબંધનો નાશ પામ્યાં હતાં, એવા તે ધ્રુવને ભેટી પડ્યો.૩૯-૪૩ તે પછી જેના મહાન મનોરથો સિદ્ધ થયા હતા, એવા તે રાજાએ વારંવાર પોતાના પુત્રનું મસ્તક સૂંઘ્યું અને નેત્રનાં શીતળ જળથી તેને નવડાવી દીધો. એ રીતે સત્કાર પામેલો અને સજ્જનોમાં

× માત્ર જાણી શક્યા છે, દર્શન તો કરી શક્યા નથી. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અગ્રણી એવો ધ્રુવ પણ પિતાના ચરણમાં નમી પડ્યો તથા તેમના આશીર્વાદપૂર્વક તેમની સાથે વાતચીત કરી પોતાની બન્ને માતાને પણ મસ્તકથી પ્રણામ કર્યા.૪૪।૪૫ સુરુચિએ પોતાના ચરણમાં નમેલા બાળક ધ્રુવને ઉઠાડ્યો અને ભેટી પડી અશ્રુઓથી ગળગળી વાણી વડે 'પુત્ર! તું ઘણું જીવ' એમ આશીર્વાદ આપ્યો.૪૬ ભગવાન શ્રીહરિ મૈત્રી વગેરે ગુણોથી જેના ઉપર પ્રસન્ન થયા હોય, તેને જેમ જળ નીચાણના ભાગમાં ઢળે છે, તેમ પ્રાણીમાત્ર પોતાની મેળે નમે છે.૪૭ ઉત્તમ અને ધ્રુવ–એ બન્ને જણ પરસ્પર પ્રેમને લીધે વિહ્વળ થઈ ગયા અને અન્યોન્યના અંગસંગથી રોમાંચિત થઇને વારંવાર અશ્રુપ્રવાહ વહેવરાવવા લાગ્યા.૪૮ ધ્રુવની માતા સુનીતિએ પોતાના પ્રાણ કરતાં પણ પ્રિય એ પુત્રને ભેટી પડીને તેના અંગસ્પર્શથી શાંત બની જઈ પોતાની મનોવ્યથાનો ત્યાગ કર્યો.૪૯ હે વીર વિદુરજી! વીરને જન્મ આપનારી તે માતાનાં નેત્રનાં પવિત્ર જળથી તે વખતે અભિષેક કરાતા બન્ને સ્તનમાંથી વારંવાર ધાવણની ધારાઓ વહેવા લાગી. સર્વ મનુષ્યો તે રાણીની એ વેળા પ્રશંસા કરવા લાગ્યાં કે, 'બહુ સારું થયું કે, ઘણા લાંબા વખતથી તમારો પુત્ર જે ખોવાઇ ગયો હતો, તે તમને મળ્યો છે. હવે તે ભૂમંડળનું રક્ષણ કરશે.૫૦ તમે ખરેખર, નમેલાં મનુષ્યોની પીડા હરનારા શ્રીભગવાનને પૂજ્યા છે, કે જેમનું ધ્યાન કરનારા વીર પુરુષો મહાદુર્જય મૃત્યુને પણ જીતે છે.' પછી મનુષ્યો વડે સ્તુતિ કરાતો રાજા ઉત્તાનપાદ એ પ્રમાણે લોકો વડે લાડ લડાવાતા ધ્રુવને તેના ભાઇ ઉત્તમની સાથે હાથણી પર બેસાડીને હરખાતો હરખાતો નગરમાં દાખલ થયો.૫૧–૫૩ તે નગર ઠેકઠેકાણે બાંધવામાં આવેલાં મકરાકાર તોરણોથી શોભી રહ્યું હતું, ફળ તથા માંજર સહિત કેળના સ્તંભો અને તેના જેવાજ સોપારીના છોડવાથી શોભતું હતું, દરેક દરવાજે આંબાનાં પાંદડાં, વસ્ત્રો, પુષ્પમાળાઓ અને મોતીના હારો લટકાવેલા દીપક સહિત જળકળશોથી શોભાયમાન હતું, સુશોભિત વિમાનોનાં શિખરો સમાન કાંતિવાળાં સુવર્ણનાં રાચરચીલાંવાળા કિલ્લાઓ, દરવાજા ને ઘરોથી તે નગર સર્વ તરફ શોભતું હતું; તેનાં ચૌટાંઓ, શેરીઓ, અટારીઓ ને માર્ગો સાફ હતા, ચંદનનાં જળ તેમાં છાંટી દીધાં હતાં, શેકેલી શાળની ધાણી, જવ, ફૂલ, ફળ, ચોખા તથા બલિદાનોથી તે યુક્ત હતું.૫૪–૫૭ નગરની સ્ત્રીઓ ત્યાં ત્યાં માર્ગમાં જોયેલા ધ્રુવને સરસવ, જવ, દહીં, જળ, ધ્રો, પુષ્પ તથા ફળ લઇ વધાવતી હતી અને શુભ આશીર્વાદો અર્પણ કરતી હતી. તે પછી તે સ્ત્રીઓનાં સુંદર ગીતો સાંભળતા ધ્રુવે પિતાના રાજમહેલમાં પ્રવેશ કર્યો.૫૮।૫૯ ઉત્તમ મણિઓથી વ્યાપ્ત એવા તે રાજમહેલમાં પિતાએ અત્યંત લાડ લડાવાતો તે ધ્રુવ સ્વર્ગમાં વસતા દેવની પેઠે રહેવા લાગ્યો; જે રાજમહેલમાં દૂધના ફીણ જેવી ઉજ્જ્વળ અને સુવર્ણના સરંજામવાળી હાથીદાંતની શય્યાઓ હતી, મહાકીમતી આસનો હતાં અને સુવર્ણનાંજ રાચરચીલાં હતાં; વળી જે મહેલમાં ઉત્તમ મરકતમણિઓથી જડેલી સ્ફટિકમણિની ભીંતોમાં મણિઓના દીવાઓ પ્રકાશી રહ્યા હતા અને શ્રેષ્ઠ રત્નાલંકારથી યુક્ત દાસીઓ પણ ત્યાં હાજર હતી.૬૦–૬૨ જેઓના પર પક્ષીઓનાં જોડકાં કલ્લોલ કરતાં હતાં અને મહોન્મત્ત ભમરાઓ જેમાં ગુંજારવ કરતા હતા, એવાં જાતજાતનાં દેવતાઇ વૃક્ષોથી સુંદર એવા બગીચાઓ ત્યાં આવેલા હતા.૬૩ વળી વૈડૂર્યમણિઓનાં પગથિયાંવાળી, પદ્મ–ઉત્પલ–કુમુદની જાતનાં કમળોથી યુક્ત એવી અને હંસો, બતકો, ચકવાક પક્ષીઓ ને સારસોથી સેવાયલી વાવો પણ ત્યાં હતી. રાજર્ષિ ઉત્તાનપાદ પોતાના પુત્રનો તે અતિઅદ્ભુત પ્રભાવ સાંભળી તથા જોઇને પરમ વિસ્મય પામ્યો.૬૪।૬૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે પછી એ ધ્રુવને યુવાન થયેલો જોઇને તથા પ્રધાનમંડળમાં માન્ય અને પ્રજાઓને પ્રિય જોઇને રાજાએ તેને પૃથ્વીનો પતિ બનાવ્યો—પોતાનું રાજ્ય તેને અર્પણ કર્યું.[૬૬] પછી રાજાએ પોતાને વૃદ્ધ થયેલ જાણી વિરક્ત થઇ આત્મગતિનો વિચાર કરી વનમાં પ્રયાણ કર્યું."[૬૭]

आत्मानं च प्रवयसमाकलय्य विशांपतिः ।
वनं विरक्तः प्रातिष्ठद्विमृशन्नात्मनो गतिम् ॥६७॥

ઇતિ શ્રીમદ્દભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૯ મો સમાપ્ત

अध्याय १० मो ÷

ધ્રુવે, ભાઇનો વધ કરનારા યક્ષોનો કરેલો વિનાશ

॥ मैत्रेय उवाच ॥

प्रजापतेर्दुहितरं शिशुमारस्य वै ध्रुवः ।
उपयेमे भ्रमिं नाम तत्सुतौ कल्पवत्सरौ ॥१॥

મૈત્રેય બોલ્યા:—"ધ્રુવ પ્રજાપતિ શિશુમારની પુત્રી ભ્રમિને પરણ્યો હતો અને તેને કલ્પ તથા વત્સર નામના બે પુત્રો થયા હતા.[૧] વળી તે મહાબળવાન ધ્રુવ વાયુની પુત્રી ઇલાને પણ પરણ્યો હતો અને તેને વિષે ઉત્કલ નામના પુત્રને તથા સ્ત્રીઓમાં રત્ન જેવી કન્યાને ઉત્પન્ન કર્યાં હતાં.[૨] તેના ભાઈ ઉત્તમે તો વિવાહજ કર્યો ન હતો. તે ઉત્તમ એક સમયે હિમાલયમાં મૃગયા કરવા ગયો હતો, ત્યારે એક મહાબળવાન યક્ષે તેને મારી નાખ્યો હતો; જેથી તેની માતા (સુરુચિ) પણ એની ગતિને પામી હતી, એટલે પુત્રની શોધમાં મરણ પામી હતી.[૩] ધ્રુવ, પોતાના ભાઇનો વધ સાંભળી ક્રોધ, અક્ષમા તથા શોકથી વ્યાપ્ત થઇ ગયો. તે વિજય આપનારા પોતાના રથમાં બેસીને અલકા નગરી તરફ નીકળી પડ્યો.[૪] ઉત્તર દિશામાં જઈને રાજા ધ્રુવે હિમાલયની તળેટીમાં રુદ્રદેવના અનુચરોથી સેવાયલી અને યક્ષોથી વ્યાપ્ત એવી અલકા નગરીને જોઇ, કે તરતજ તે મહાબાહુએ શંખનાદ કર્યો ને આકાશ તથા દિશાઓ ગજાવી મૂક્યાં. હે વિદુરજી! ધ્રુવના એ શંખનાદથી યક્ષોની સ્ત્રીઓ વ્યાકુળ દષ્ટિવાળી થઈ ગઇ ને અત્યંત ભયભીત બની ગઇ;[૫,૬] તેમજ એ શંખનાદને નહિ સહન કરતા બળવાન મોટા મોટા યક્ષયોદ્ધાઓ અલકા નગરીમાંથી બહાર નીકળીને હથિયારો ઉગામી ઉગામીને ધ્રુવ સામા ધસી આવ્યા.[૭] ઉગ્ર ધનુષ ધારણ કરનાર અને વીર મહારથી ધ્રુવે સામે ધસી આવેલા તે સર્વ યોદ્ધાઓમાં પ્રત્યેકને એકીવખતે ત્રણત્રણ બાણોનો પ્રહાર કર્યો. લલાટમાં લાગેલાં તે બાણોથી તેઓ સર્વે પોતાને પરાજય પામેલા માનવા લાગ્યા ને ધ્રુવના તે કર્મની પ્રશંસા કરવા લાગ્યા.[૮,૯] પછી જેમ સર્પો કોઇના પગનો સ્પર્શ સહન કરતા નથી, તેમ તે યક્ષો પણ એ ધ્રુવને સહન કરી શક્યા નહિ અને તેનાથી બે ગણો બદલો વાળવા ઇચ્છીને એકીસાથે બાણો મારી તેને વીંધી નાખવા લાગ્યા.[૧૦] એક લાખ ને ત્રીસ હજાર તે યક્ષ યોદ્ધાઓ અસંત કોપાયમાન થઇને ધ્રુવ સામે બદલો વાળવા ઇચ્છતા હતા અને તેથી રથ તથા સારથિ સહિત તે ધ્રુવ ઉપર ભૂંગળો, તલવારો, ભાલાઓ, ત્રિશૂળો, ફરશીઓ, શક્તિઓ, બેધારી તલવારો, ભુશુંડીઓ ને રંગબેરંગી પીછાંવાળાં બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા.[૧૧,૧૨] તે વખતે ઉત્તાનપાદનો પુત્ર ધ્રુવ શસ્ત્રોની તે મહાન વૃષ્ટિથી ઢંકાઇ જઇને મેઘની જળધારાથી ઢંકાઇ ગયેલા પર્વતની પેઠે દેખાતો ન હતો;[૧૩] એટલે તેજ વખતે આકાશમાં જોઈ રહેલા સિદ્ધોનો હાહાકાર થઇ રહ્યો (અને તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે, આ યક્ષરૂપી સમુદ્રમાં આ સૂર્ય જેવો મનુવંશી ધ્રુવ ડૂબી જઇને હણાઈ ગયો છે.)[૧૪] બીજી તરફ

÷ આ અધ્યાયમાં ધ્રુવે એકલાએજ અલકાનગરીમાં જઇને પોતાના ભાઇઓનો નાશ કરનારા યક્ષોનો વધ કર્યો, એ કથા કહેવાશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'જીત્યા, જીત્યા' એમ પોતાનો વિજય જાહેર કરતા રાક્ષસો–યક્ષો ગર્જના કરી રહ્યા હતા; તેવામાં ઝાકળમાંથી જેમ સૂર્ય બહાર આવે, તેમ ધ્રુવનો રથ બહાર આવ્યો. તરતજ તે ધ્રુવે પોતાના દિવ્ય ધનુષનો ટંકાર કરી શત્રુઓને ગભરાવી નાખ્યા ને વાયુ જેમ મેઘમંડળનો નાશ કરે, તેમ બાણોથી શત્રુઓના અસ્ત્રસમૂહનો નાશ કરી નાખ્યો. ધ્રુવના ધનુષમાંથી છૂટેલાં તીક્ષ્ણ બાણો યક્ષોનાં બખ્તરોને તોડી નાખીને વજ્રો જેમ પર્વતોમાં પેસી જાય, તેમ તેઓનાં શરીરોમાં પેસી જવા લાગ્યાં. ભાલાઓથી છેદાતાં તે યક્ષોનાં સુંદર કુંડળોવાળાં મસ્તકો વડે, સુવર્ણનાં તાડવૃક્ષ જેવી લાંબી સાથળો વડે, કડાંઓથી મનોહર બાહુઓ વડે અને મહાકીમતી હારો, બાજુબંધો, મુકુટો તથા પાઘડીઓ વડે ચોતરફથી છવાયલી એ રણભૂમિ વીર પુરુષોનાં મનને હરણ કરતી શોભતી હતી.૧૫–૧૯ બીજા જે યક્ષગણો મરણ પામતાં બચી ગયા હતા તેઓ, એ શ્રેષ્ઠ ક્ષત્રિયનાં બાણોથી લગભગ છિન્નભિન્ન અવયવોવાળા થઇને સિંહે નસાડી મૂકેલા હાથીઓની પેઠે સમરાંગણમાંથી પલાયન કરી ગયા.૨૦ પછી તે સમયે મનુષ્યોમાં ઉત્તમ એવા ધ્રુવે કોઇ પણ શસ્ત્રધારી યોદ્ધાને મહારણમાં જોયો નહિ, એટલે આશ્ચર્યકારક રથવાળો તે ધ્રુવ શત્રુની નગરીને જોવા ઇચ્છતો હતો, તોપણ 'માયાવીઓનાં કર્તવ્યને મનુષ્ય જાણી શકે નહિ' એમ પોતાના સારથિને કહી શત્રુઓ તરફથી ફરી ધસારાની શંકા કરતો સાવધાન રહ્યો હતો; તેવામાં વાયુને લીધે ઉછાળા મારતા સમુદ્રના જેવો શબ્દ તેણે સાંભળ્યો અને સર્વ દિશાઓમાં ધૂળ ઊડતી તેના જોવામાં આવી.૨૧–૨૨ એક ક્ષણવારમાં તો સર્વ દિશાઓમાં આકાશ મેઘમંડળથી છવાઇ ગયું, કે જેમાં વીજળીઓ ઝબકતી હતી અને ત્રાસ ઉપજાવે તેવા ગડગડાટ થતા હતા.૨૩ હે નિર્દોષ વિદુરજી! આકાશમાંથી લોહીના ધોધ, કફ વગેરે પરુ, વિષ્ટા, મૂત્ર ને મેદનો વરસાદ વરસવા લાગ્યો અને તે ધ્રુવની આગળ મસ્તક વિનાનાં ધડો પડવા લાગ્યાં.૨૪ તે પછી આકાશમાં પર્વતો દેખાવા લાગ્યા અને સર્વ દિશાઓમાં પથ્થરોની વૃષ્ટિ સાથે ગદાઓ, ભૂંગળો, તલવારો તથા મૂસળો પડવા લાગ્યાં. વજ્ર જેવા ફૂંફાડા મારતા અને નેત્રોમાંથી અગ્નિ કાઢતા સર્પો, મદોન્મત્ત હાથીઓ, સિંહો તથા વાઘો ટોળેટોળે ચોતરફ દોડવા લાગ્યા. ભયંકર સમુદ્ર, પ્રલયકાળના જેવો ભીષણ બની જઇ તરંગો વડે ચોતરફથી પૃથ્વીને બોળી દેતો ને મોટી ગર્જનાઓ કરતો ધસી આવવા લાગ્યો.૨૫–૨૭ એ પ્રમાણે ક્રૂર ગતિવાળા યક્ષોએ પોતાની આસુરી માયાથી ભીરુઓને ત્રાસ ઉપજાવનારી અનેક વસ્તુઓ ઉત્પન્ન કરી. તે સમયે ધ્રુવની ઉપર અસુરોએ પ્રયોગ કરેલી તે મહાદુસ્તર માયા જોઇને ત્યાં આવેલા મુનિઓ ધ્રુવના કલ્યાણ માટે પ્રાર્થના કરવા લાગ્યા.૨૮–૨૯

મુનિઓ બોલ્યાઃ–'હે ઉત્તાનપાદના પુત્ર ધ્રુવ! શાર્ઙ્ગધનુષને ધારણ કરનારા અને શરણાગત મનુષ્યોની પીડાને દૂર કરનારા ભગવાન પરમાત્મદેવ તારા શત્રુઓનો નાશ કરો; જે ભગવાનનું નામ ઉચ્ચારીને કે સાંભળીને લોક સાક્ષાત્ દુસ્તર મૃત્યુને પણ અનાયાસે તરી જાય છે.'૩૦

औत्तानपादे भगवांस्तव शार्ङ्गधन्वा
देवः क्षिणोत्ववनतार्तिहरो विपक्षान् ॥
यन्नामधेयमभिधाय निशम्य चाद्धा
लोकोऽञ्जसा तरति दुस्तरमंग मृत्युम् ॥३०॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૧૦ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય ૧૧ મો*

તત્ત્વોપદેશ આપી મનુએ ધ્રુવને યક્ષોનો સંહાર કરતાં રોકયો

॥ मैत्रेय उवाच ॥

निशम्य गदतामेवमृषीणां धनुषि ध्रुवः ।
संदधेऽस्त्रमुपस्पृश्य यन्नारायणनिर्मितम् ॥१॥

મૈત્રેય બોલ્યા:–"એ પ્રમાણે ઋષિઓના આશીર્વાદ સાંભળીને ધ્રુવે જળનું આચમન કરી પોતાના ધનુષમાં નારાયણ ભગવાને ઉત્પન્ન કરેલું નારાયણાસ્ત્ર સાંધ્યું.[૧] એ નારાયણાસ્ત્ર સાંધ્યું કે તુરતજ હે વિદુરજી! યક્ષોએ રચેલી તે માયાઓ જેમ જ્ઞાનનો ઉદય થતાં રાગાદિ ક્લેશો નાશ પામે છે તેમ નાશ પામી. તે ધ્રુવે ધનુષમાં નારાયણાસ્ત્ર સાંધ્યું એટલે તેમાંથી સોનેરી છેડાવાળાં ને હંસ પક્ષીનાં પીછાંવાળાં બાણો એકદમ નીકળ્યાં ને ભયંકર શબ્દો કરતા મયૂરો જેમ વનમાં પ્રવેશ કરે, તેમ શત્રુઓના સૈન્યમાં પેસી ગયાં.[૨૩] પછી તે યુદ્ધમાં એ તીક્ષ્ણ ધારવાળાં ધ્રુવનાં બાણોથી યક્ષો જ્યારે ચોતરફથી પીડાવા લાગ્યા ત્યારે તેઓ કોપાયમાન થઈ ગયા ને સર્પો જેમ ફણા ચડાવીને ગરુડ સામે ધસી જાય, તેમ હથિયારો ઉગામીને ધ્રુવની સામા ધસી ગયા.[૪] પણ ધ્રુવે યુદ્ધમાં ધસી આવતા તે યક્ષોને બાણો મારી મારીને તેઓના બાહુઓ, સાથળો, ડોક ને પેટ કાપી નાખીને જે લોકમાં ઊર્ધ્વરેતસ્ મુનિઓ સૂર્યમંડળને ભેદીને જાય છે, તે પરલોકમાં મોકલી દીધા. એ રીતે આશ્ચર્યકારક રથવાળો ધ્રુવ નિરપરાધી અનેક યક્ષોનો સંહાર કરી રહ્યો હતો; તે જોઇને દયાને લીધે ધ્રુવના દાદા મનુ, ઋષિઓની સાથે એકદમ ત્યાં આવ્યા અને ધ્રુવને કહેવા લાગ્યા.[૫-૬]

મનુ બોલ્યા:–'હે પુત્ર! નરકના દ્વારરૂપ પાપી ક્રોધને તું દૂર કર; જે ક્રોધને લીધે તેં આ નિરપરાધી યક્ષોનો સંહાર કર્યો છે.[૭] હે તાત! તેં આ નિરપરાધી યક્ષોનો વિનાશ શરૂ કર્યો છે. સત્પુરુષોએ નિંદેલું આ કર્મ આપણા કુળને યોગ્ય નથી;[૮] હે ભ્રાતૃવત્સલ ધ્રુવ! પોતાના ભાઈના વધથી સંતાપ પામેલા તેં, માત્ર એકજ યક્ષના અપરાધથી અનેકનો વિનાશ કરી નાખ્યો છે. આત્માથી ભિન્ન એવા શરીરને આત્મા માનીને પશુઓની પેઠે પ્રાણીઓનો જે સંહાર કરવો એ શ્રીભગવાનને અનુસરનાર સત્પુરુષોનો માર્ગ નથી. વળી તેં તો પ્રાણીમાત્રમાં વસતા અને મહાદુઃખે આરાધન કરી શકાય એવા શ્રીહરિનું સર્વ ભૂતોના આત્મા તરીકેના ભાવથી આરાધન કરીને વિષ્ણુભગવાનનું પરમપદ સંપાદન કર્યું છે; તેમજ તેં શ્રીહરિના હૃદયમાં નિવાસ કર્યો છે અને તેમના ભક્તોને પણ તું માન્ય છે. વળી સત્પુરુષોના વ્રતને તું શીખ્યો પણ છે, છતાં તેં આ નિંદ્ય કર્મ કેમ કર્યું? પ્રાણીમાત્ર÷ ઉપર ક્ષમા રાખવાથી, દયા કરવાથી, મિત્રતા કરવાથી અને સમભાવ રાખવાથી સર્વાત્મા શ્રીભગવાન પ્રસન્ન થાય છે અને એ રીતે જ્યારે શ્રીભગવાન પ્રસન્ન થાય છે ત્યારે પુરુષ, પ્રકૃતિના ગુણોથી તથા લિંગશરીરથી મુક્ત થઇને સુખસ્વરૂપ બ્રહ્મને પામે છે. પાંચ મહાભૂતો જ્યારે દેહાદિના આકારે પરિણામ પામે છે, ત્યારે સ્ત્રી અને પુરુષ એ પ્રમાણે (તે દેહપિંડ) પ્રસિદ્ધિને પામે છે અને તે સ્ત્રી–પુરુષના મૈથુનથી પાછાં બીજાં બીજાં સ્ત્રી–પુરુષની સંસારમાં ઉત્પત્તિ થાય છે. એ રીતે હે રાજા! પરમાત્માની માયાથી ગુણોના પરસ્પર ન્યૂનાધિક ભાવે સંબંધ થવાથી સૃષ્ટિના આકારે પરિણમેલાં પાંચ ભૂતોથી સૃષ્ટિ

---

* આ અધ્યાયમાં યક્ષોનો વિનાશ થતો જોઇ મનુએ પોતે આવીને ધ્રુવને તત્ત્વોપદેશ કરી, તેને યક્ષોનો નાશ કરતો અટકાવ્યો, એ કથા કહેવાશે. —श्रीधर

÷ પ્રાણીમાત્રમાં જેઓ પોતાથી મોટા હોય તેઓના તરફ સહિષ્ણુતા દાખવવી, પોતાથી જેઓ દીન હોય તેઓના પર દયા કરવી, પોતાની સમાન હોય તેઓ સાથે મિત્રતા કરવી અને સર્વના પર સમભાવ રાખવો–એ સત્પુરુષોનું વ્રત છે, ને તે પાળવાથી ભગવાન પ્રસન્ન થાય છે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થાય છે, પાલક દેહાકારે પરિણમેલાં પાંચ ભૂતોથી સૃષ્ટિનું પાલન થાય છે ને સંહારક દેહાકારે પરિણામ પામેલાં પાંચ મહાભૂતોથી સૃષ્ટિનો સંહાર થયા કરે છે.[૯-૧૬] તેમાં નિર્ગુણ ઈશ્વર તો માત્ર નિમિત્તરૂપજ છે, કે જે ઈશ્વર નિમિત્તરૂપ થતાં જેમ લોહચુંબક નિમિત્તરૂપે થતાં લોઢું ભમ્યા કરે છે તેમ આ કાર્યકારણાત્મક જગત ભમ્યા કરે છે એટલે ઉત્પત્તિ, સ્થિતિ અને નાશને પામ્યા કરે છે. સૃષ્ટિ વગેરેના વિષયવાળી જેમની વીર્ય–શક્તિ, કાળની શક્તિને લીધે અનુક્રમે ગુણોના વિક્ષોભથી વિરક્ત થાય છે એવા તે ભગવાન પોતે અકર્તા છે, છતાં કર્તા હોય તેવા જણાય છે ને પોતે નાશ કરનાર નથી, છતાં જાણે નાશ કરતા હોય તેમ જણાય છે. ખરેખર, તે પરમાત્માની ચેષ્ટા દુઃખથી જણાય એવી છે.[૧૭।૧૮] તે ભગવાન પોતે અનાદિ છે, જન્મરહિત છે, અનંત છે–અવિનાશી છે અને અનન્ય છે–અક્ષીણ શક્તિવાળા છે, છતાં પિતા વગેરે એક મનુષ્યથી પુત્ર વગેરે બીજાને ઉત્પન્ન કરી સૃષ્ટિકર્તા થાય છે અને ચોર–વાઘ વગેરે મૃત્યુરૂપ પ્રાણીઓથી બીજાઓને મારતા સર્વનો નાશ કરનાર થાય છે. આ કાળસ્વરૂપ પરમાત્મા સર્વ પ્રજાઓમાં સમાન રીતે પ્રવેશ કરે છે અને તેમને સ્વપક્ષનો કે પરપક્ષનો કોઈ છે નહિ. જેમ વાતા પવનની પાછળ ધૂળની રજકણો દોડી જાય છે, તેમ દોડી રહેલા એ કાળમૂર્તિની પાછળ કર્માધીન પ્રાણીઓના સમૂહો (પોતપોતાનાં કર્મ પ્રમાણે) દોડ્યા કરે છે.[૧૯-૨૦] એ વ્યાપક દેવ પોતે નાશ કે વૃદ્ધિથી રહિત છે અને તેથીજ પોતે પોતાની મૂળ સ્થિતિમાં રહે છે અને તેજ પરમાત્મા કર્મને અધીન એવાં પ્રાણીમાત્રનાં આયુષનો નાશ તથા વૃદ્ધિ કરે છે અથવા પ્રાણીઓનાં અકાળમૃત્યુથી અને કાળમૃત્યુથી પણ રક્ષા કરે છે.[૨૧] હે રાજા! એ પરમેશ્વરને કેટલાક (મીમાંસકો) કર્મ કહે છે, બીજા (લોકાયતિક–નાસ્તિકો) સ્વભાવ (સંસ્કાર) કહે છે, કેટલાક (કાળના ઉપાસકો) કાળ કહે છે, બીજા (દૈવના ઉપાસકો) દૈવ કહે છે અને બીજા–વાત્સ્યાયનાદિ કામ કહે છે.[૨૨] હે તાત! જે ઈશ્વર અવ્યક્ત છે–કોઇ પણ પ્રમાણ વડે સ્પષ્ટ થતા નથી; પ્રમાણજ્ઞાનથી પણ જાણી શકાતા નથી અને મહત્તત્ત્વ વગેરે અનેક શક્તિઓના જેમના થકી ઉદય હોય છે, તેમની કર્તવ્યેચ્છાને પણ કોઇ જાણી શકતું નથી, તો પછી સ્વયંભૂ તે ઈશ્વરને તો કોણ જાણી શકે?[૨૩] એ પુત્ર! આ યક્ષો તારા ભાઇને હણનારા નથી; પરંતુ હે તાત! પુરુષના જન્મ તથા મૃત્યુમાં દૈવજ કારણ છે–ઈશ્વરજ સર્વ કંઇ કરે છે.[૨૪] તે પરમેશ્વરજ જગતને ઉત્પન્ન કરે છે, પાળે છે ને સંહારે છે, છતાં પણ તે અહંકારથી રહિત હોવાને લીધે ગુણ–કર્મથી લેપાતા નથી.[૨૫] પ્રાણીમાત્રના આત્મા, પ્રાણીમાત્રના ઈશ્વર ને પ્રાણીમાત્રનું રક્ષણકર્તા આ પરમાત્મા પોતાની માયાશક્તિ વડે યુક્ત થઇને સર્વને ઉત્પન્ન કરે છે, રક્ષે છે ને સંહારે છે.[૨૬] માટે હે તાત! અભક્તોને મૃત્યુરૂપ અને ભક્તોને અમૃતરૂપ તથા જગતના પરમ આશ્રયરૂપ તેજ દેવને તું સર્વ પ્રકારે શરણે જા, જેમને જગતના સ્રષ્ટાઓ પણ નાકમાં દોરીથી નાથેલા બળદોની પેઠે બલિદાન આપ્યા કરે છે. તું પાંચ વર્ષનો હતો ત્યારે સાવકી માતાના વચનથી મનમાં વીંધાઇ ગયો હતો અને પોતાની માતાનો ત્યાગ કરી વનમાં ચાલ્યો ગયો હતો. પછી ત્યાં તપશ્ચર્યા કરીને ઇન્દ્રિયોના અવિષય એવા પરમાત્માનું આરાધન કરી ત્રૈલોક્યના મસ્તક પર આવેલું સ્થાન તેં સંપાદન કર્યું છે; એજ સર્વના આત્માને હે ધ્રુવ તું આત્મદૃષ્ટિવાળો થઇને વિરોધથી મુક્ત થયેલા તારા પોતાને વિષેજ શોધી કાઢ, કે જે નિર્ગુણ છે, એકજ છે, અક્ષર છે–અવિનાશી છે–નિર્વિકારી છે અને જેને વિષે આ અનેક પ્રકારના ભેદવાળું જગત મિથ્યા હોવા છતાં જણાય છે. એ પ્રમાણે સ્વસ્વરૂપ ભૂત, અનંત, માત્ર આનંદસ્વરૂપ અને સમસ્ત શક્તિઓ જેમને વિષે સારી રીતે રહેલી છે એવા તે ભગવાનને વિષે પરમ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભક્તિ કરીને 'હું,' 'મારૂં' એ પ્રમાણે તારામાં રૂઢ થયેલી અજ્ઞાનની ગાંઠને તું ભેદી નાખીશ.[૨૭–૩૦] હે રાજા! જેમ ઔષધ વડે રોગનો નાશ કરવામાં આવે છે, તેમ તું તારા સર્વોત્કૃષ્ટ શાસ્ત્રજ્ઞાનથી કલ્યાણના પરમ શત્રુ ક્રોધને વશ કર; તારું કલ્યાણ થાઓ. પોતે નિર્ભય બનવા ઇચ્છતા ડાહ્યા પુરુષે, જે ક્રોધ વડે વ્યાપ્ત થયેલા પુરુષથી લોકો અત્યંત ઉદ્વેગ પામે છે તેવા ક્રોધને વશ થવું નહિ. શંકરે ભાઈ તરીકે સ્વીકારેલા કુબેરનું તેં અપમાન કર્યું છે; કેમકે ભાઇનો વધ કરનારા છે, એમ માનીને અત્યંત ક્રોધમાં આવી જઇ તેં યક્ષોનો સંહાર કર્યો છે. માટે હે પુત્ર! મહાન પુરુષોનું તેજ જેટલામાં આપણા કુળનો નાશ ન કરી નાખે તેટલામાં વિનયવાળાં વચનોપૂર્વક પ્રણામ કરીને તે કુબેરને તું પ્રસન્ન કર.' એ પ્રમાણે પોતાના પૌત્ર ધ્રુવને ઉપદેશ આપી જેમને ધ્રુવે વંદન કર્યું હતું એવા સ્વાયંભુવ મનુ, ઋષિઓની સાથે પોતાના નગર તરફ ગયા."[૩૧–૩૫]

एवं स्वायंभुवः पौत्रमनुशास्य मनुर्ध्रुवम् ।
तेनाभिवंदितः साकमृषिभिः स्वपुरं ययौ ॥३५॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૧૧ મો સમાપ્ત

अध्याय १२ मो*

ધ્રુવને શ્રીહરિના સ્થાનની પ્રાપ્તિ

॥ मैत्रेय उवाच ॥

ध्रुवं निवृत्तं प्रतिबुद्ध्य वैशसादपेतमन्युं भगवान् धनेश्वरः । तत्रागतश्चारणयक्षकिन्नरैः संस्तूयमानोऽभ्यवदत् कृतांजलिम् ॥१॥

મૈત્રેય બોલ્યાઃ–" તે પછી ધ્રુવને, યક્ષોનો વિનાશ કરતાં અટકેલો અને ક્રોધરહિત થયેલો જાણીને ચારણો, યક્ષો તથા કિન્નરો વડે સ્તુતિ કરાતા ભગવાન કુબેર ત્યાં આવ્યા અને બે હાથ જોડી પ્રણામ કરતા ધ્રુવને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૧]

કુબેર બોલ્યાઃ–' હે ક્ષત્રિયપુત્ર! હું તારા પર પ્રસન્ન થયો છું. કારણ કે હે નિર્દોષ! તેં પોતાના દાદાની આજ્ઞાથી તજી ન શકાય એવા વૈરનો ત્યાગ કર્યો છે.[૨] આ યક્ષોને તેં માર્યા નથી; તેમ યક્ષોએ તારા ભાઇને માર્યો નથી. કારણ કે કાળજ પ્રાણીમાત્રનો નાશ તથા ઉત્પત્તિ કરવામાં સમર્થ છે.[૩] અજ્ઞાનથી દેહના ઉપર આત્માભિમાન કરવાથી પુરુષને સ્વપ્નની માફક વ્યર્થ 'હું,' 'તું' એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, કે જે બુદ્ધિને લીધે સંસારમાં બંધન તથા દુઃખ વગેરે થાય છે. માટે હે ધ્રુવ! તારું કલ્યાણ થાઓ. તું તારે ઘેર જા. પ્રાણીમાત્રના આત્મારૂપ અને ઇન્દ્રિયોથી અગ્રાહ્ય એવા ભગવાનનું મોક્ષને માટે તું ભજન કર. જે પરમેશ્વર ભજન કરવા યોગ્ય ચરણવાળા છે, સંસારનો નાશ કરનારા છે, તેમજ ત્રિગુણાત્મક એવી પોતાની માયાશક્તિ÷ વડે યુક્ત છે તથા રહિત પણ છે.[૪–૬] હે ઉત્તાનપાદના પુત્ર રાજા! તું નિર્ભય થઇને મારી પાસેથી તારા મનમાં જે ઇચ્છિત હોય તે વરદાન વિનાસંકોચે માગી લે. કેમકે અમે સાંભળ્યું છે કે તું પદ્મનાભ ભગવાનના ચરણની અત્યંત સમીપ રહેનારો છે; માટે હે ધ્રુવ! તું વરદાન આપવાને યોગ્ય છે–પાત્ર છે.[૭]

મૈત્રેય બોલ્યાઃ–"રાજાઓના રાજા કુબેરે એ પ્રમાણે વરદાન માગવા કહ્યું, એટલે ભગવાનના મહાન ભક્ત મહાબુદ્ધિમાન ધ્રુવે શ્રીહરિને વિષે પોતાને અચળ સ્મૃતિ રહે, એમ માગી લીધું, કે જે સ્મૃતિ વડે અનાયાસે (મનુષ્ય) દુર્લંઘ્ય અંધકારરૂપ સંસારને તરી જાય છે.[૮] કુબેરે પ્રસન્ન મનથી તે અચળ સ્મૃતિનું વરદાન ધ્રુવને

* આ અધ્યાયમાં કુબેરે જેને અભિનંદન આપ્યું હતું એવા ધ્રુવજી પોતાના નગરમાં આવીને યજ્ઞોથી શ્રીહરિનું યજન કરી શ્રીહરિના સ્થાનમાં પધાર્યા, એ કથા કહેવાશે. —શ્રીધર

÷ ભગવાન સગુણ સ્વરૂપે માયાથી યુક્ત છે અને નિર્ગુણ સ્વરૂપે માયાથી મુક્ત છે–એ આશય છે. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપ્યું અને તેના દેખતાં ત્યાંથી તે અંતર્ધાન થઇ ગયા. પછી ધ્રુવ પણ પોતાના નગરમાં ગયો.[૯] ત્યાં ગયા પછી તેણે પુષ્કળ દક્ષિણાઓવાળા યજ્ઞો વડે ભગવાન યજ્ઞેશનું પૂજન કર્યું, કે જે ભગવાન યજ્ઞનાં દ્રવ્યો, ક્રિયાઓ તથા દેવતાઓના કર્મ-સાધ્ય ફળરૂપ છે અને કર્મોનાં ફળને આપનારા છે. તેણે સર્વના આત્મારૂપ અને સર્વ ઉપાધિથી રહિત અચ્યુત ભગવાન વિષે તીવ્ર પ્રવાહવાળી ભક્તિ કરીને તેજ પ્રભુને સર્વ પ્રાણીઓ વિષે તથા પોતાને વિષે રહેલા જોયા.[૧૦-૧૧] એ પ્રમાણે શીલસંપન્ન, બ્રાહ્મણભક્ત, દીનવત્સલ તથા ધર્મ-મર્યાદાઓને પાળનારા તે ધ્રુવને પ્રજાઓ પોતાનો પિતા માનવા લાગી.[૧૨] તેણે ભોગો વડે પુણ્યનો ક્ષય કરીને તથા યજ્ઞાદિ ક્રિયાઓરૂપ અભોગ વડે પાપક્ષય કરીને છત્રીસ હજાર વર્ષ સુધી પૃથ્વી-મંડળ ઉપર રાજ્ય કર્યું.[૧૩] એ રીતે જિતેન્દ્રિય મહાત્મા ધ્રુવે અનેક વર્ષોના કાળને ધર્મ, અર્થ તથા કામ એ ત્રણેને સાધવામાં ગાળીને પોતાના પુત્રને રાજસિંહાસન અર્પણ કર્યું.[૧૪-૧૫] તેણે આ જગતને ભગવાનની માયાથી અવિદ્યાએ સ્વપ્નમાં રચેલા ગંધર્વનગરની પેઠે આત્માને વિષે રચેલું માન્યું; તેમજ પોતાના શરીરને, સ્ત્રીઓને, સંતાનોને, સંબંધીઓને, મિત્રોને, સૈન્યને, અઢળક ખજાનાને, સુંદર વિહારભૂમિઓને તથા સમુદ્રપર્યંતના ભૂમંડળને કાળથી ઘેરાયલું વિચારીને તેણે બદરિકાશ્રમમાં પ્રયાણ કર્યું. ત્યાં પવિત્ર જળમાં સ્નાન કરી સ્નાનાદિ નિયમોનું પાલન કરી શમાદિ યમપૂર્વક ઇન્દ્રિયો તથા અંતઃકરણને શુદ્ધ કરી આસન લગાવીને તેણે પ્રાણવાયુનો જય કર્યો ને પછી મનથી સર્વ ઇન્દ્રિયોને વિષયો તરફથી આકર્ષીને પ્રથમ તો ભગવાનના પ્રતિનિધિરૂપ સ્થૂલ–વિરાટસ્વરૂપમાં મનને ધારણ કર્યું અને પછી એ સ્વરૂપનું ધ્યાન કરતાં કરતાં ધ્યાતા તથા ધ્યેય એવા ભેદથી રહિત થઇને સમાધિમાં તે સ્થિર થયો અને સ્થૂલસ્વરૂપના ધ્યાનનો ત્યાગ કર્યો.[૧૬-૧૭] પછી તેણે શ્રીહરિ ભગવાન વિષે ભક્તિનો પ્રવાહ ચાલુ કર્યો ને નિત્ય આનંદાશ્રુના પ્રવાહથી વારંવાર ગળગળો થઈ જતાં તેનું હૃદય પીગળી જવા લાગ્યું, શરીરે રોમાંચ થઈ ગયાં ને લિંગશરીર ઉપરના અભિમાનનો પણ ત્યાગ કરવાથી તેને 'હું આ ધ્રુવ છું' એવું સ્મરણ પણ રહ્યું નહિ.[૧૮] આ સ્થિતિ પ્રાપ્ત થઇ એટલે તે ધ્રુવે આકાશમાંથી ઊતરતું શ્રેષ્ઠ વિમાન જોયું કે જે ઉદય પામેલા પૂર્ણિમાના ચંદ્રની પેઠે દશે દિશાઓને પ્રકાશમાન કરતું હતું.[૧૯] એ વિમાનમાં ચાર ભુજાઓવાળા, શ્યામ વર્ણવાળા, કિશોર વયના, લાલ કમળ સમાન નેત્રવાળા, સુંદર વસ્ત્રવાળા અને મુકુટ, હાર, બાજુબંધ તથા સુંદર કુંડળોને ધારણ કરતા બે ઉત્તમ દેવો ગદા ધારણ કરીને બેઠા હતા.[૨૦] તે બન્નેને ઉત્તમ કીર્તિવાળા ભગવાનના પાર્ષદ છે એમ જાણીને ધ્રુવ સામેથી ઊભો થઇ ગયો અને ગભરાટને લીધે પૂજોપચાર ભૂલી જઇને કેવળ નામોચ્ચાર કરી તેણે બે હાથ જોડીને ભગવાનના તે શ્રેષ્ઠ પાર્ષદોને નમન કર્યું;[૨૧] એટલે પદ્મનાભ ભગવાનના માનીતા સુનંદ તથા નંદ નામના તે બન્ને પાર્ષદો મંદહાસ્યપૂર્વક ધ્રુવની સમીપ આવ્યા ને શ્રીકૃષ્ણના ચરણમાંજ જેનું મન હતું અને વિનયને લીધે જેણે ડોક નમાવેલી હતી એવા હાથ જોડી ઊભેલા ધ્રુવને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૨૨]

સુનંદ તથા નંદ બોલ્યાઃ–'હે રાજન્! તમારુ કલ્યાણ થાઓ. તમે અમારી વાણીને સાવધાન થઇને સાંભળો. પાંચ વર્ષની વયે તમે જ ભગવાનને પ્રસન્ન કર્યા હતા, તે સમગ્ર જગતનું ધારણ–પોષણ કરનારા શાર્ઙ્ગપાણિ ભગવાનના અમે બન્ને પાર્ષદો છીએ અને તમને ભગવાનના સ્થાનમાં લઇ જવાને માટે આવ્યા છીએ.[૨૩-૨૪] તમે તે અતિ દુર્જય વિષ્ણુપદને જીત્યું છે કે જેને સપ્તર્ષિઓ પણ પ્રાપ્ત નહિ કરીને નીચે રહ્યા રહ્યા માત્ર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જોયા કરે છે અને ચંદ્ર, સૂર્ય, ગ્રહો, નક્ષત્રો તથા તારાઓ પ્રદક્ષિણા કર્યા કરે છે; એવા તે સ્થાનમાં તમે નિવાસ કરો.[૨૫] હે ધ્રુવ! તમારા પિતૃઓ તથા બીજાઓએ જે સ્થાનને હજી સુધી પ્રાપ્ત કર્યું નથી એવા તે જગદ્વંદ્ય વિષ્ણુના પરમપદમાં તમે નિવાસ કરો.[૨૬] હે આયુષ્મન્! ઉત્તમ કીર્તિવાળાઓના મુકુટરૂપ ભગવાને આ શ્રેષ્ઠ વિમાન મોકલ્યું છે; તેના પર ચડવાને તમે યોગ્ય છો.'

મૈત્રેય બોલ્યાઃ–"વૈકુંઠ ભગવાનના એ બન્ને શ્રેષ્ઠ પાર્ષદોની એ અમૃત ઝરતી વાણી સાંભળીને ભગવાનને પ્રિય એવા તે ધ્રુવે સ્નાન કર્યું, પોતાનાં નિત્યકર્મો કરી અલંકારો ધારણ કર્યા તથા મુનિઓને વંદન કરીને તેમના આશીર્વાદો લીધા.[૨૭,૨૮] પછી તે શ્રેષ્ઠ વિમાનની પૂજા અને પ્રદક્ષિણા કરીને તથા તે બન્ને પાર્ષદોને વંદન કરીને સુવર્ણ સમાન તેજસ્વી સ્વરૂપવાળા તે ધ્રુવે વિમાનમાં બેસવાની ઇચ્છા કરી.[૨૯] એવામાં ઉત્તાનપાદના પુત્ર ધ્રુવે મૃત્યુને પાસે આવેલો જોયો; એટલે તેના મસ્તક ઉપર પગ મૂકીને તે અદ્‌ભુત વિમાનમાં બેઠો.[૩૦] તે સમયે (દેવોનાં) દુંદુભિઓ, મૃદંગો તથા ઢોલ વગેરે વાદિત્રો વાગવા લાગ્યાં, ઉત્તમ ગંધર્વો ગાવા લાગ્યા ને (આકાશમાંથી) પુષ્પોની વૃષ્ટિ વરસવા લાગી. તે ધ્રુવ એ પ્રમાણે સ્વર્ગલોકમાં જવા તૈયાર થયો હતો તે વેળા 'મારી ગરીબ માતા સુનીતિનો ત્યાગ કરીને હું દુર્ગમ લોકમાં કેમ જાઉં?' એમ પોતાની માતાનું તેને સ્મરણ આવ્યું.[૩૧,૩૨] એટલે ધ્રુવના એ અભિપ્રાયને જાણી જઇને તે બન્ને પાર્ષદોએ વિમાનમાં બેસીને ધ્રુવની પહેલાં જતાં દેવી સુનીતિને બતાવ્યાં.[૩૩] પછી માર્ગમાં તે તે સ્થળે વૈમાનિક દેવતાઓ તેની પ્રશંસા કરવા લાગ્યા અને પુષ્પોથી તેને વધાવવા લાગ્યા. અનુક્રમે તે ધ્રુવે (આગળ) ગ્રહોને જોયા.[૩૪] પછી વિમાનદ્વારા ત્રણે લોકને ઓળંગીને સપ્તર્ષિઓથી પણ આગળ રહેલા વિષ્ણુના સ્થાનમાં તે અચળ ગતિવાળો ધ્રુવ જઇ પહોંચ્યો. એ વિષ્ણુપદ પોતાની કાંતિથી ઝળહળી રહ્યું છે અને એની પાછળજ બીજા આ સર્વ લોકો પ્રકાશે છે. જે મનુષ્યો પ્રાણીઓ પર દયા રાખતા નથી તેઓ એ સ્થળે જઈ શકતા નથી; પણ જેઓ પ્રાણીમાત્રનું સદા કલ્યાણ કરે છે, તેઓ એ સ્થાનમાં જાય છે. જેઓ શાંત હોઇને સમદષ્ટિવાળા હોય છે, શુદ્ધ હોય છે, પ્રાણીમાત્રને પ્રસન્ન કરનારા હોય છે અને શ્રીભગવાનજ જેઓના પ્રિય બંધુ હોય છે તેઓ અનાયાસે એ વિષ્ણુપદને પામે છે. એ પ્રમાણે ઉત્તાનપાદનો પુત્ર ધ્રુવ, શ્રીકૃષ્ણપરાયણ થઇ ત્રિલોકના નિર્મળ મુકુટમણિ જેવો થયો છે.[૩૫-૩૮] હે કુરુવંશી વિદુરજી! હાલરામાં વચ્ચે રહેલા પશુબંધનને સ્થાને જેમ બળદો અવિચ્છિન્ન વેગે ભમે છે, તેમ એ ધ્રુવના સ્થાનમાં રહેલું જ્યોતિશ્ચક્ર આળસથી રહિત થઇને ભમ્યા કરે છે.[૩૯] આવો એ ધ્રુવનો મહિમા જોઇને ભગવાન નારદ ઋષિએ પ્રચેતાઓના યજ્ઞમાં વીણા વગાડતાં વગાડતાં આવા (ત્રણ) શ્લોકો ગાયા હતા.[૪૦]

નારદ બોલ્યાઃ–'ખરેખર! મહાપતિવ્રતા દેવી સુનીતિના પુત્ર–ધ્રુવને તપના પ્રભાવ થકી જે ગતિ પ્રાપ્ત થઈ છે, તે ગતિને પામવાને વેદવાદી બ્રહ્મર્ષિઓ પણ ભગવદ્ધર્મનો સાક્ષાત્કાર કર્યા છતાં સમર્થ થયા નથી, તો રાજાઓ તો ક્યાંથીજ સમર્થ થાય?[૪૧] જે ધ્રુવ પાંચ વર્ષનો હતો છતાં પણ પોતાની સાવકી માતાનાં વાક્યબાણોથી વીંધાયેલા દુઃખી હૃદયે વનમાં જવા નીકળી પડ્યો હતો અને મારી આજ્ઞા માનીને અજિત છતાં પોતાના ભક્તોના ગુણોથી પરાજય પામેલા ભગવાનને તેણે જીત્યા હતા–વશ કર્યા હતા.[૪૨] માત્ર પાંચ કે છ વર્ષના ધ્રુવે થોડાજ દિવસોમાં ભગવાનને પ્રસન્ન કરીને જે વૈકુંઠપદ સંપાદન કર્યું છે તેને આ પૃથ્વી પર કોઇ ક્ષત્રિયબંધુ અનેક વર્ષોએ પણ પ્રાપ્ત કરવાને શું ઇચ્છા પણ કરી શકે તેમ છે? અર્થાત્ તે પદ પ્રત્યે આરોહણ કરવાની ઇચ્છા કરવી પણ જો અશક્ય છે, તો તે પદે આરોહણ તો કેમજ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરી શકાય?૪૩

મૈત્રેય બોલ્યાઃ–"હે વિદુરજી! ઉત્કૃષ્ટ યશવાળા ધ્રુવનું સત્પુરુષોને માન્ય એવું જે આ ચરિત્ર તમે મને પૂછ્યું હતું તે સર્વ મેં તમને કહ્યું છે.૪૪ આ ચરિત્ર ધન, યશ તથા આયુષને આપનાર છે, પવિત્ર છે, કલ્યાણનું મહાન સ્થાન છે, સ્વર્ગ આપનાર છે, અચળ સ્થાનને આપનારું છે, મનને શુદ્ધ કરનાર છે, પ્રશંસાને યોગ્ય છે અને પાપોનો નાશ કરનાર છે;૪૫ એટલુંજ નહિ પણ ભગવાનના ભક્ત ધ્રુવનું આ ચરિત્ર વારંવાર સાંભળવાથી ભગવાન વિષે ભક્તિ થાય છે કે જે ભક્તિ વડે સર્વ ક્લેશોનો નાશ થાય છે.૪૬ વળી જેઓ મોટાઇને ઇચ્છે છે તેઓને આ ચરિત્ર મોટાઇ પ્રાપ્ત કરવાનું સાધન છે; આ ચરિત્રનું શ્રવણ કરતાં શ્રોતાને શીલ વગેરે ગુણો પ્રાપ્ત થાય છે, તેજની ઇચ્છા રાખનારાઓને તેજ પ્રાપ્ત થાય છે અને મનસ્વી પુરુષોને માન પ્રાપ્ત થાય છે.૪૭ પવિત્ર કીર્તિવાળા ધ્રુવનું આ મહાન ચરિત્ર બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યની સભામાં પુરુષે પ્રયત્નપૂર્વક સવારે ને સાંજે વાંચવું-વંચાવવું જોઇએ.૪૮ ભગવાનના ચરણનો આશ્રય કરનાર નિષ્કામ પુરુષે પૂનમને દિવસે, અમાવાસ્યાના દિવસે, બારશના દિવસે, શ્રવણ નક્ષત્રવાળા દિવસે તથા ક્ષયના દિવસે, વ્યતિપાત હોય તે દિવસે, સંક્રાંતિના દિવસે, તેમજ રવિવારે આ ચરિત્ર, શ્રદ્ધાળુ મનુષ્યોને સંભળાવવું અને તેમાં કેવળ પોતે પોતાના આત્મામાંજ સંતુષ્ટ રહેવું, પરંતુ શ્રવણ કરાવીને કોઇ વસ્તુની આકાંક્ષા ન રાખવી; જેથી તેવો નિષ્કામ પુરુષ સિદ્ધ થાય છે–મોક્ષને પામે છે.૪૯૫૦ જે પુરુષ અજ્ઞાની મનુષ્યને ભગવાનના માર્ગમાં અમૃતરૂપ એવું જ્ઞાન આપે છે, તે દીન જનોનો ઉદ્ધાર કરનાર કૃપાળુ પુરુષ ઉપર દેવતાઓ અનુગ્રહ કરે છે–પ્રસન્ન થાય છે.૫૧ હે કુરુવંશી વિદુરજી! પ્રખ્યાત પવિત્ર કર્મ કરનારા ધ્રુવનું આ ચરિત્ર મેં તમને કહ્યું, કે જે ધ્રુવ બાળક હતો, છતાં રમવાનાં-રમકડાંઓ તથા માતાના ઘરને છોડીને શ્રીવિષ્ણુભગવાનને શરણે ગયો હતો."૫૨

इदं मया तेऽभिहितं कुरूद्वह ध्रुवस्य विख्याताविशुद्धकर्मणः। हित्वार्भकः क्रीडनकानि मातुर्गृहं च विष्णुं शरणं जगाम ॥५२॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૧૨ મો સમાપ્ત

અધ્યાય ૧૩ મો*

પુત્રની ક્રૂરતાથી કંટાળીને વેનનો પિતા અંગ વનમાં ચાલ્યો ગયો

॥ सूत उवाच ॥

निशम्य कौषारविणोपवर्णितं ध्रुवस्य वैकुंठपदाधिरोहणम्। प्रवृद्धभावो भगवत्यधोक्षजे प्रष्टुं प्रनस्तं विदुरः प्रचक्रमे ॥१॥

સૂત પૌરાણિક બોલ્યાઃ–મૈત્રેયે વર્ણવેલી ધ્રુવને વૈકુંઠપદની પ્રાપ્તિ સાંભળીને અતીન્દ્રિય ભગવાન વિષે વિદુરજીની ભક્તિ વૃદ્ધિ પામી; તેમણે ફરીથી મૈત્રેયને આ પ્રમાણે પૂછ્યુંઃ૧

વિદુરજીએ પૂછ્યુંઃ–"હે સદાચારી મૈત્રેય! તે પ્રચેતાઓ કોણ હતા? તેઓ કોના પુત્રો હતા? કોના વંશમાં તેઓ પ્રખ્યાતિ પામ્યા હતા? અને તેઓ કયે સ્થળે યજ્ઞ કરીને બેઠેલા હતા?૨ જેમને દેવ–શ્રીહરિનું દર્શન થયું છે અને જેમણે (પંચરાત્રમાં) શ્રીહરિની સેવાના પ્રકારરૂપ ક્રિયાયોગ કહ્યો છે તે નારદજીને હું ભગવાનના મહાન ભક્ત માનું છું.૩ તે ભક્તિમાન નારદજીએ સ્વધર્મશીલ પ્રચેતાઓ વડે પૂજાતા ભગવાન યજ્ઞપુરુષની જ સ્તુતિ કરી હતી;૪ માટે દેવર્ષિ નારદે પ્રચેતાઓના તે યજ્ઞમાં ભગવાનની જે જે કથાઓ વર્ણવી હોય તે સાંભળવાની મને ઇચ્છા છે; તો

* પૂર્વના પાંચ અધ્યાયોમાં ધ્રુવચરિત્ર વર્ણવ્યું; હવે અગિયાર અધ્યાયોમાં પૃથુચરિત્ર કહેવામાં આવશે. તેમાં આ તેરમા અધ્યાયમાં ધ્રુવના વંશમાં પૃથુનો જન્મ કહેવાનો આરંભ કરવાને પ્રથમ વેનનો પિતા અંગ પુત્રની ક્રૂરતાથી વનમાં જતો રહ્યો, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હે બ્રહ્મન્ ! તે સમગ્ર કથાઓ કહેવાને તમે યોગ્ય છો."[૫]

મૈત્રેય બોલ્યાઃ—"ધ્રુવનો ઉત્કલ નામનો પુત્ર હતો. પિતા વનમાં ગયા એટલે તે ઉત્કલે ચક્રવર્તીની સંપત્તિ તથા પિતાના રાજ્યાસનની ઇચ્છા કરી નહિ.[૬] કારણ કે તે જન્મથીજ શાંત મનવાળો હતો, વળી નિઃસંગ હતો, સમદષ્ટિવાળો હતો અને સર્વ લોકમાં વ્યાપેલા પોતાના આત્માને તથા આત્માને વિષે રહેલા સર્વ લોકને તે જોતો હતો. જે બ્રહ્મ આત્મારૂપ છે, શાંત છે, સર્વ ભેદો જેમાં શાંત થાય છે, જ્ઞાનરસની સાથેજ જેની એકાત્મતા છે, આનંદસ્વરૂપ છે અને સર્વવ્યાપક છે તે બ્રહ્મને પોતે સ્વરૂપભૂત જાણતો હોઇને આત્મા સિવાય બીજું કંઈ પણ તે જોતો ન હતો અને અખંડ યોગરૂપ અગ્નિ વડે તેનો કર્મરૂપી મેલ તથા વાસનાઓ બળી ગઈ હતી.[૭–૯] તે શાંત થયેલા અગ્નિ જેવો રહ્યો હતો. તેની આકૃતિ માર્ગ પર (જતાઆવતા) અજ્ઞાનીઓને જડ, અંધ, બહેરા, ગાંડા ને મૂગા જેવી જણાતી હતી, પણ તેની બુદ્ધિ તેવી ન હતી. એ રીતે તેને જડ તથા ઉન્મત્ત માનીને મંત્રીઓ સહિત કુળના વૃદ્ધ પુરુષોએ ભ્રમિના પુત્ર તેના નાના ભાઈ વત્સરને રાજા બનાવ્યો. વત્સરની વહાલી સ્ત્રી સ્વર્વીથિએ પુષ્પાર્ણ, તિગ્મકેતુ, ઇષ, ઊર્જ, વસુ તથા જય નામના છ પુત્રોને જન્મ આપ્યો હતો. તેમાંના પુષ્પાર્ણને પ્રભા ને દોષા નામની બે સ્ત્રીઓ હતી. તેમાંની પ્રભાના પ્રાતઃ, મધ્યાહ્ન ને સાયં નામના ત્રણ પુત્રો થયા અને દોષાના પ્રદોષ, નિશિથ તથા વ્યુષ્ટ નામના ત્રણ પુત્રો થયા. તેમાંના વ્યુષ્ટે પુષ્કરિણી નામે સ્ત્રીમાં સર્વતેજસ્ નામના પુત્રને ઉત્પન્ન કર્યો. એ સર્વતેજસે, આકૂતિ નામની પોતાની પત્નીમાં ચક્ષુષ્ નામના પુત્રને જન્મ આપ્યો હતો, કે જે મનુ થયો હતો. એ મનુની રાણી નડ્વલાએ પુરુ, કુત્સ, ત્રિત, દ્યુમ્ન, સત્યવાન, ઋત, વ્રત, અગ્નિષ્ટોમ, અતિરાત્ર, પ્રદ્યુમ્ન, શિબિ તથા ઉલ્મુક નામના બાર પવિત્ર પુત્રોને જન્મ આપ્યો હતો.[૧૦–૧૬] તેમાંના છેલ્લા ઉલ્મુકે પુષ્કરિણી નામની સ્ત્રીવિષે અંગ, સુમનસ, ખ્યાતિ, ક્રતુ, અંગિરસ્ તથા ગય નામના છ ઉત્તમ પુત્રોને ઉત્પન્ન કર્યા હતા.[૧૭] તેમાંના અંગને સુનીથા નામની સ્ત્રી હતી; જેણીએ વેન નામના ઉગ્ર પુત્રને જન્મ આપ્યો હતો. એ વેનના દુરાચારથી કંટાળી જઇને રાજર્ષિ અંગ, નગરમાંથી ચાલ્યો ગયો હતો.[૧૮] હે વિદુરજી ! એ વેનને વાણીરૂપી વજ્ર ધારણ કરનારા મુનિઓએ કોપાયમાન થઇને શાપ આપ્યો હતો. પછી જ્યારે તે મરણ પામ્યો ત્યારે ફરી તેના જમણા હાથનું મુનિઓએ મંથન કર્યું હતું;[૧૯] કેમકે તે વેળા લોકમાં કોઈ રાજા રહ્યો ન હતો અને પ્રજાઓને ચોર લોકો પીડતા હતા જેથી (વેનના મથેલા હાથમાંથી) નારાયણના અંશથી યુક્ત એવો પૃથુ નામનો આદ્ય રાજા ઉત્પન્ન થયો હતો."[૨૦]

વિદુરે પૂછ્યું:—"તે અંગ રાજા શીલનો ભંડાર હતો, સત્પુરુષ હતો અને બ્રાહ્મણભક્ત હતો, છતાં તે મહાત્માને એવો દુષ્ટ પુત્ર કેમ થયો હતો, કે જેનાથી કંટાળીને તેને ચાલ્યા જવું પડ્યું હતું ?[૨૧] મુનિઓ ધર્મને જાણનારા હોય છે છતાં રાજ્યશાસનરૂપ વ્રત ધારણ કરનારા વેન રાજાનો કયો અપરાધ જોઈને તેઓએ તેને શાપ આપ્યો હતો ?[૨૨] (નિયમ તો આવો છે કે,) રાજા અપરાધી હોય તોપણ પ્રજાઓએ તેનું અપમાન પણ કરવું ન જોઈએ; (તો તેનો વધ તો કેમજ કરી શકાય ?) કેમકે રાજા પોતાના પ્રભાવથી ઇન્દ્રાદિ લોકપાલોના તેજને ધારણ કરે છે.[૨૩] માટે હે બ્રહ્મન્ ! મને શ્રદ્ધાળુ ભક્તને આપ સુનીથાના પુત્ર વેન રાજાનું એ ચરિત્ર કહો. કેમકે આપ તો ભૂત, ભવિષ્ય ને વર્તમાન જાણનારાઓમાં અત્યંત શ્રેષ્ઠ છો."[૨૪]

મૈત્રેય બોલ્યાઃ—"રાજર્ષિ અંગે અશ્વમેધ નામનો મહાન યજ્ઞ કર્યો હતો; પણ તે યજ્ઞમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બ્રહ્મવાદીઓએ બોલાવ્યા છતાં દેવતાઓ આવ્યા ન હતા.[૨૫] તે સમયે ઋત્વિજોએ આશ્ચર્ય પામીને અંગ રાજાને જણાવ્યું હતું કે, 'હોમવામાં આવતાં તમારાં બલિદાનોને દેવતાઓ ગ્રહણ કરતા નથી. હે રાજન્! તમે આપેલાં બલિદાનો દોષરહિત છે અને શ્રદ્ધાથી સંપાદન કરેલાં છે. વળી વ્રતધારી બ્રાહ્મણોએ વીર્યસંપન્ન વેદમંત્રો પણ (સાથે) યોજ્યા છે. (છતાં દેવો લેતા નથી.) અમે પણ નથી જાણતા કે, આ યજ્ઞમાં દેવોનો સૂક્ષ્મ પણ અપરાધ થયો હોય, કે જેથી કર્મસાક્ષી દેવતાઓ પોતપોતાના ભાગો ગ્રહણ કરે નહિ!'[૨૬-૨૮] "બ્રાહ્મણોનું એ વચન સાંભળી યજમાન અંગ રાજા મનમાં અત્યંત દુઃખી થયો. તેણે એ વિષે પૂછવા માટે બ્રાહ્મણોની આજ્ઞા લઈ (યજ્ઞમાં લીધેલા મૌન વ્રતનો ત્યાગ કરી) આ પ્રમાણે કહ્યું:[૨૯] 'હે સભાપતિઓ! દેવોને બોલાવ્યા છતાં તેઓ અહીં આવતા નથી અને પોતાનો ભાગ પણ લેતા નથી; તો કહો કે, મેં શો અપરાધ કર્યો છે?'[૩૦]

સભાપતિઓ બોલ્યાઃ–'હે રાજા! તમારો આ જન્મમાં તો લગારે અપરાધ રહ્યો નથી; (કેમકે જે કંઈ અપરાધ હતો તે તો પ્રાયશ્ચિત્તોથી ધોવાઇ ગયો છે.) પણ પૂર્વજન્મનો એક અપરાધ છે કે જેથી આવા અત્યંત ગુણવાન છતાં તમે આ જન્મમાં સંતતિરહિત છો.[૩૧] માટેજ હે રાજા! (દેવતાઓ બલિદાન લેતા નથી. માટે) તમે પોતાને ઉત્તમ સંતતિ પ્રાપ્ત થાય તેવો પ્રયાસ કરો. તમારૂં કલ્યાણ થાઓ. તમે પુત્રની ઇચ્છા રાખી યજ્ઞભોક્તા ભગવાનનુંજ યજન કરશો તો તે તમને પુત્ર આપશે[૩૨] અને પછી દેવો પણ પોતપોતાના ભાગો ગ્રહણ કરશે; કેમકે સંતાનને માટે સાક્ષાત્ યજ્ઞપુરુષ શ્રીહરિની તમે પ્રાર્થના કરશો. (એટલે પછી તેમની સાથે સર્વ દેવતાઓ યજ્ઞમાં આવશેજ.)[૩૩] મનુષ્ય જે જે કામનાઓને ઇચ્છે છે તે તે શ્રીહરિ આપેજ છે. કેમકે, જે પ્રમાણે એ ભગવાનની આરાધના કરવામાં આવે છે, તેવીજ પુરુષોને ફળપ્રાપ્તિ થાય છે.'[૩૪] એ પ્રમાણે સભાસદોએ કહ્યું એટલે બ્રાહ્મણોએ, રાજાને ત્યાં પુત્રોત્પત્તિ માટે નિશ્ચય કર્યો અને સર્વ પ્રાણીઓમાં યજ્ઞસ્વરૂપે રહેલા શ્રીવિષ્ણુ ભગવાનને ઉદ્દેશી પુરોડાશનો હોમ કર્યો.[૩૫] તેજ સમયે યજ્ઞના અગ્નિમાંથી સુવર્ણની માળાવાળો ને નિર્મળ વસ્ત્ર ધારણ કરનારો એક પુરુષ સુવર્ણના પાત્રમાં પક્વ દૂધપાક લઇને નીકળ્યો.[૩૬] પછી બ્રાહ્મણોની સંમતિથી ઉદાર બુદ્ધિવાળા રાજાએ તે દૂધપાકને પોતાના ખોબામાં લઇને સૂંઘ્યો ને હર્ષપૂર્વક પોતાની પત્નીને તે આપ્યો.[૩૭] પ્રજા વિનાની તે રાણીએ, પુરુષને ઉત્પન્ન કરનાર તે દૂધપાકનું ભોજન કરીને પોતાના પતિ થકી ગર્ભ ધારણ કર્યો ને સમય આવતાં પુત્રને જન્મ આપ્યો.[૩૮] તે પુત્ર અધર્મના અંશથી ઉત્પન્ન થયેલા પોતાની માતાના પિતા મૃત્યુને બાલ્યાવસ્થામાંજ અનુસરવા લાગ્યો ને તેથી અધાર્મિક થયો.[૩૯] તે ધનુષ ચડાવીને મૃગલાંઓની પાછળ પડી વનમાં ઘૂમ્યા કરતો ને ગરીબ મૃગલાંઓને મારી નાખતો તેથી લોકોએ પોકાર કરી મૂક્યો કે, 'આ દુષ્ટ વેન છે.'[૪૦] અત્યંત ક્રૂર અને નિર્દય વેન, રમવાના સ્થાને રમતાં પોતાના બાળમિત્રોને પશુઓની પેઠે બળજબરીથી માર મારતો. અંગ રાજાએ આવા દુષ્ટ પુત્રને જોઇને અનેક પ્રકારે તેને શિખામણ આપી, પણ તેને જ્યારે પોતે સન્માર્ગે ન લાવી શક્યો, ત્યારે અત્યંત ખિન્ન થઇને કહેવા લાગ્યોઃ[૪૧-૪૨] 'જે ગૃહસ્થાશ્રમીઓ સંતાનરહિત છે, તેઓએજ સંપૂર્ણ રીતે ભગવાનનું પૂજન કર્યું છે; કેમકે તેઓ દુષ્ટ સંતાનોથી ઉત્પન્ન થનારા અસહ્ય દુઃખને પામતા નથી.[૪૩] જેના થકી મનુષ્યોને મહાપાપી અપકીર્તિ ને મહાન અધર્મ પ્રાપ્ત થાય છે, સર્વની સાથે વિરોધ ઊભો થાય છે અને અનંત માનસિક પીડા ઉત્પન્ન થાય છે એવા તે 'સંતાન' નામના આત્માના મહાબંધ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નને કયો પંડિત પુરુષ શ્રેષ્ઠ માને કે જેને લીધે ઘર પણ દુઃખદાયી થઈ પડે છે?[44,45] પણ વસ્તુતઃ ઉત્તમ સંતાન કરતાં દુષ્ટ સંતાનનેજ હું શ્રેષ્ઠ માનું છું; કેમકે જે દુષ્ટ સંતાનને લીધે મનુષ્ય, શોકના સ્થાનરૂપ એવા ઘરથી વૈરાગ્ય પામે છે અને ઘર ક્લેશના સમૂહરૂપ જણાય છે.[46] એ રીતે મનમાં વૈરાગ્ય પામીને નિદ્રાને પણ નહિ મેળવતો રાજા, મધ્યરાત્રે ઊઠીને સૂતેલી વેનની માતાનો ત્યાગ કરી પોતાનાં કોઇ માણસો ન જાણે તેમ મહાસમૃદ્ધિમાન એવા પોતાના ઘરમાંથી ચાલી નીકળ્યો.[47] પોતાના રાજાને એ રીતે કંટાળીને ચાલ્યો ગયેલો જાણી પ્રજાઓ,પુરોહિતો, પ્રધાનો, મિત્રો વગેરે અત્યંત શોકને લીધે વ્યાકુળ થઇ ગયા અને પૃથ્વી પર તેની શોધ કરવા લાગ્યા; પણ જેમ કુયોગીઓ પોતાની અંદરજ ગુપ્ત રહેલા પરમાત્માને જોઇ શકતા નથી, તેમ તેઓ પૃથ્વી પરજ રહેલા તે રાજાને જોઇ શક્યા નહિ.[48] હે પુરુવંશી વિદુરજી! એ પ્રમાણે પોતાના રાજાની શોધ મળી નહિ ને પોતાનો ઉદ્યમ નિષ્ફળ ગયો એટલે તે પ્રજાજનો વગેરેએ પોતાના નગરમાં આવીને ત્યાં એકઠા થયેલા ઋષિઓને વંદન કર્યું ને રડતાં રડતાં પોતાના સ્વામી ન જડ્યા, એ વાત તેમને નિવેદન કરી."[49]

अलक्षयंतः पदवीं प्रजापते-
र्हतोद्यमाः प्रत्युपसृत्य ते पुरीम् ।
ऋषीन् समेतानभिवंद्य साश्रवो
न्यवेदयन् पौरव भर्तृविप्लवम् ॥४९॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૧૩ મો સમાપ્ત

अध्याय १४ मो*

વેનનો રાજ્યાભિષેક અને બ્રાહ્મણોએ કરેલો તેનો વિનાશ

॥ मैत्रेय उवाच ॥

मृग्वाद्यस्ते मुनयो लोकानां क्षेमदर्शिनः ।
गोप्तर्यसति वै नृणां पश्यंतः पशुसाम्यताम् ॥१॥

મૈત્રેય બોલ્યા—"પછી લોકોનાં કલ્યાણનો વિચાર કરનાર ભૃગુ વગેરે બ્રહ્મવાદી ઋષિઓએ, કોઇ રક્ષક—રાજા નહિ હોવાથી મનુષ્યો પશુ સમાન થઈ ગયા છે, એમ જોઇને વીર માતા સુનીથાને બોલાવીને પ્રધાનમંડળમાં અમાન્ય હતો છતાં વેનનો રાજા તરીકે અભિષેક કર્યો.[1,2] અતિ ઉગ્ર શિક્ષા કરનારા વેનને રાજ્યાસન પર આવેલો સાંભળી ચોર લોકો, સર્પથી ભય પામેલા ઉંદરોની પેઠે તુરતજ છુપાઇ ગયા.[3] વેન રાજ્યાસન પર આરૂઢ થયા પછી લોકપાલોનાં અષ્ટઐશ્વર્ય પ્રાપ્ત થવાથી ઉદ્ધત બની ગયો અને સ્વભાવથીજ અનમ્ર એવો તે પોતે પોતાનેજ સર્વોત્કૃષ્ટ માનીને મોટા મોટા પુરુષોનું અપમાન કરવા લાગ્યો.[4] એ રીતે મદાંધ અને ગર્વિષ્ઠ થઇ રથમાં બેસીને નિરંકુશ હાથીની પેઠે તે આકાશ તથા પૃથ્વીને કંપાવતો હોય તેમ સર્વત્ર ઘૂમવા લાગ્યો[5] અને 'હે ત્રણે વર્ણનાં મનુષ્યો! કોઇએ કદી પણ યજ્ઞ કરવા નહિ, દાન આપવાં નહિ અને હવન—હોમ કરવા નહિ.' એમ સર્વ સ્થળે ભેરી વગડાવીને જાહેર કરી તેણે ધર્મને અટકાવ્યો.[6] દુષ્ટ વેનનું આવું ચરિત્ર જોઇને મુનિઓ એકઠા મળ્યા અને તે લોકસંકટનો વિચાર કરી કૃપાને લીધે (પરસ્પર) કહેવા લાગ્યાઃ 'અહો! જેમ બન્ને બાજુથી સળગેલાં લાકડાંની વચ્ચે રહેલા કીડાઓ ઉપર બંને

* આ અધ્યાયમાં દુષ્ટ પુત્રના ભયને લીધે અંગરાજા ચાલ્યો ગયો, એટલે બ્રાહ્મણોએ વેનનો રાજ્યાભિષેક કર્યો. પછી (તેની અનીતિથી) ક્રોધાયમાન થઇ તેનો વધ કર્યો, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તરફથી સંકટ આવી પડે છે તેમ, લોકોના ઉપર લૂંટારુઓ અને રાજા એ બન્નેના તરફથી મહાન સંકટ આવી પડ્યું છે.૭૮ આ વેન રાજ્યને માટે નાલાયક હતો; તોપણ આપણે અરાજકતાના ભયથી તેને રાજા બનાવ્યો; તો તેના તરફથીજ આજે ભય આવી પડ્યો છે. માટે હવે પ્રાણીઓનું કલ્યાણ કેવી રીતે થાય?૯ જેમ સર્પને દૂધ પાઇને ઉછેરવો તે ઉછેરનારનેજ અનર્થકર્તા થઈ પડે છે, તેમ સ્વભાવથીજ દુષ્ટ આ સુનીથાના પુત્ર વેનને આપણે રાજા બનાવ્યો, તો હવે તે પોતેજ પ્રજાઓનો નાશ કરવા ઇચ્છે છે; તોપણ આપણે તેને સમજાવીએ કે જેથી આપણને તેનું પાપ ન લાગે. દુરાચારી વેનને આપણે દુરાચારી જાણતા હતા, છતાં તેને રાજા બનાવ્યો છે; માટે આપણે તેને સમજાવવો જોઇએ અને સમજાવ્યા છતાં તે અધર્મી આપણું વચન ન માને તો લોકોના ધિક્કારથી બળી ગયેલા તેને આપણે આપણા તેજથી બાળી નાખીશું.' આવો નિશ્ચય કરીને ગુપ્ત ક્રોધવાળા તે મુનિઓ વેનરાજા પાસે ગયા અને સામવચનોથી શાંત પાડી તેને આ રીતે કહેવા લાગ્યા.૧૦–૧૩

મુનિઓ બોલ્યાઃ–'હે મહારાજા! અમે તમને જે આ વિનંતી કરીએ છીએ તેને તમે સાંભળો. હે તાત! અમારું કથન તમારાં આયુષ, લક્ષ્મી, બળ તેમજ કીર્તિને વધારનાર છે.૧૪ જો પુરુષો વાણી, મન, કાયા તથા બુદ્ધિથી ધર્મનું આચરણ કરે છે, તો તે ધર્મ તેઓને શોકરહિત એવા સ્વર્ગાદિ લોક આપે છે અને નિષ્કામ પુરુષોને તો મોક્ષ પણ આપે છે.૧૫ હે વીર! પ્રજાઓનું કલ્યાણ કરવારૂપી તમારા ધર્મનો વિનાશ ન થવો જોઇએ. કેમકે ધર્મના વિનાશ થતાં રાજા ઐશ્વર્યથી ભ્રષ્ટ થાય છે.૧૬ હે રાજા! દુષ્ટ પ્રધાનોથી તથા ચોર વગેરેથી પ્રજાઓનું રક્ષણ કરતો અને શાસ્ત્રાનુસાર કર લેતો રાજા આ લોકમાં તથા પરલોકમાં સુખ પામે છે.૧૭ જે રાજાના દેશમાં તથા નગરમાં વર્ણાશ્રમધર્મને અનુસરનારા લોકો સ્વધર્મ પ્રમાણે ભગવાન શ્રીયજ્ઞપુરુષનું યજન કરે છે અને જે પોતાના રાજધર્મમાં સ્થિતિ કરે છે, તે રાજાના ઉપર હે મહાભાગ્યશાળી રાજા! પ્રાણીમાત્રના રક્ષક વિશ્વાત્મા ભગવાન પ્રસન્ન થાય છે૧૮।૧૯ અને જગતના ઈશ્વરના પણ ઈશ્વર તે ભગવાન જ્યારે પ્રસન્ન થાય છે, ત્યારે શું દુર્લભ છે? લોકપાલો સહિત સર્વ લોકો આદરપૂર્વક એ રાજાને (કરરૂપી) બલિદાન આપે છે.૨૦ માટે હે રાજા! સર્વ લોકો, દેવો તથા યજ્ઞોનું નિયમન કરનાર, વેદરૂપ, દ્રવ્યરૂપ તથા તપરૂપ એ પરમાત્માનું જાતજાતના યજ્ઞોથી જે તમારા દેશના લોકો યજન કરી રહ્યા છે, તેઓને તમારા પોતાના કલ્યાણ માટે 'અનુસરવું' એ તમને યોગ્ય છે. તમારા દેશમાં બ્રાહ્મણોએ, ક્ષત્રિયોએ તથા વૈશ્યોએ કરેલા યજ્ઞથી સારી રીતે પૂજાયલા અને તેથીજ અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિના અંશરૂપ દેવો સર્વને ઇચ્છિત ફળ આપે છે; તો હે વીર! એ દેવોનું અપમાન કરવું એ તમને યોગ્ય નથી.'૨૧।૨૨

વેન બોલ્યોઃ–'અત્યંત ખેદની વાત છે કે, તમે મૂર્ખ છો; અથવા અધર્મમાં ધર્મ માનનારા છો. કેમકે તમે પોતાને આજીવિકા આપનાર પતિને (મને) છોડી બીજા જાર પતિને સેવો છો. આ મૂઢ લોકો રાજારૂપી ઈશ્વરનું અપમાન કરે છે પણ તેઓ આ લોકમાં કે પરલોકમાં કલ્યાણ સંપાદન કરતા નથી.૨૩।૨૪ વળી એ યજ્ઞપુરુષ કોણ છે, કે જેને વિષે પોતાના પતિ પર પ્રેમ વિનાની વ્યભિચારિણી સ્ત્રીઓની પોતાના જાર પતિ ઉપર જેવી ભક્તિ હોય છે, તેવી તમારી ભક્તિ છે? વિષ્ણુ, બ્રહ્મા, શંકર, ઇન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, મેઘ, કુબેર, ચંદ્ર, પૃથ્વી, અગ્નિ તથા વરુણ આ અને બીજા સર્વ દેવો કે જેઓ વરદાન તથા શાપ આપવામાં સમર્થ છે, તેઓ સર્વે રાજાના શરીરમાં વસે છે; માટે રાજા સર્વ દેવમય છે.૨૫–૨૭ હે બ્રાહ્મણો! તમે મત્સરનો ત્યાગ કરી કર્મોદ્વારા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મારુંજ યજન કરો અને મનેજ બલિદાનો આપો. મારા વિના બીજો કયો પુરુષ આરાધન કરવા યોગ્ય છે ?[૨૮]

મૈત્રેય બોલ્યાઃ—"એ પ્રમાણે અવળી બુદ્ધિવાળા અને અવળે માર્ગે ગયેલા મહાપાપી વેનને સમજાવવામાં આવ્યો, છતાં પુણ્યભ્રષ્ટ થયેલા તેણે બ્રાહ્મણોની પ્રાર્થના સ્વીકારી નહિ. વળી પોતાને પંડિત માનનારા તેણે, બ્રાહ્મણોનું અપમાન કર્યું અને તેમની ઉત્તમ પ્રાર્થના પણ નિષ્ફળ થઇ એટલે હે વિદુરજી ! તે બ્રાહ્મણો તેના પર ક્રોધાયમાન થયા; અને બોલી ઊઠ્યા કે, 'આનો નાશ કરો, નાશ કરો; આ પાપી તો સ્વભાવથીજ દારુણ છે. આ જો જીવશે તો તુરતજ જગતને ભસ્મીભૂત કરશે.[૨૯–૩૧] આ દુરાચારી રાજાના ઉત્તમ આસનને યોગ્ય નથી, કે જે નિર્લજ્જ થઇને યજ્ઞના અધિષ્ઠાતા પતિ વિષ્ણુભગવાનની નિંદા કરે છે. અશુભ એવા એક વેન સિવાય બીજો કયો પુરુષ જે ભગવાનના અનુગ્રહનું પાત્ર થઇ આવું ઐશ્વર્ય પામીને તે ભગવાનનીજ નિંદા કરે ?' એ રીતે ક્રોધાયમાન થઇને તે ઋષિઓએ વેનનો વધ કરવાનો નિશ્ચય કર્યો ને શ્રીભગવાનની નિંદાને લીધેજ હણાયલા તે વેનનો હુંકાર કરીને નાશ કરી નાખ્યો.[૩૨–૩૪] તે પછી ઋષિઓ પોતપોતાના આશ્રમમાં ગયા, એટલે શોક કરતી સુનીથાએ વિદ્યાના યોગથી પોતાના પુત્રના શરીરની રક્ષા કરી.[૩૫] તે પછી એક દિવસે તે મુનિઓ સરસ્વતીના જળમાં સ્નાન કરીને નદીના તટ પર અગ્નિહોમ કરી વિષ્ણુ ભગવાનની કથાઓ કરતા બેઠા હતા.[૩૬] એવામાં લોકોને ભય ઉપજાવનારા મોટા મોટા ઉત્પાતો થવા લાગ્યા. તે જોઇને તેઓ કહેવા લાગ્યા કે 'હમણાં અનાથ થઈ પડેલી એવી ભૂમિનું ચોરલોકો તરફથી કંઈ અશુભ તો નહિ થાય ?'[૩૭] એ પ્રમાણે વિચાર કરતા ઋષિઓ ત્યાં બેઠા હતા, તેટલામાં તો ચારે તરફ દોડી રહેલા અને લૂંટફાટ ચલાવતા ચોરલોકોને લીધે ધૂળના ગોટેગોટા ઊછળવા લાગ્યા.[૩૮] રાજાનો વિનાશ થતાં લોકોના ધનને લૂંટતા ચોરલોકોનો તથા એકબીજાનો વિનાશ કરવા ઇચ્છતા બીજાઓનો તે ઉપદ્રવ જાણીને તેમજ દેશને લગભગ ચોરમય, રાજાથી રહિત તેમજ સત્ત્વહીન જાણી લઇને તે ઋષિઓ જો કે લૂંટફાટ ચલાવતા લોકોને અટકાવવા શક્તિમાન હતા અને નહિ અટકાવવામાં દોષ પણ જોતા હતા, છતાં તેઓને તેમણે અટકાવ્યા નહિ÷[૩૯।૪૦] (આમ છતાં પોતે દુઃખી લોકોની ઉપેક્ષા કરે એ પણ ઠીક ન હતું; કેમકે) જે બ્રાહ્મણ સમદષ્ટિવાળો હોય અને શાંત હોય તોપણ જો તે દીન–દુઃખી પ્રાણીઓની ઉપેક્ષા કરે–તેઓને દુઃખી જોયા છતાં પણ તેઓ પ્રત્યે બેદરકારી કરે, તો તેના તપનો જેમ ફૂટેલા વાસણમાંથી પાણી સ્રવી જાય છે, તેમ નાશ થઈ જાય છે.[૪૧] (આ પ્રમાણે વિચાર કર્યા પછી ફરી તેઓએ વિચાર કર્યો કે,) 'રાજર્ષિ અંગનો આ વંશ છેકજ નાશ પામવાને યોગ્ય નથી.કારણ કે આ વંશમાં અમોઘ શક્તિવાળા અને શ્રીભગવાનના ભક્ત એવા ઘણા રાજાઓ થઇ ગયા છે.' એમ નિશ્ચય કરીને ઋષિઓએ મરણ પામેલા વેન રાજાની સાથળને બળ વડે મથવા માંડી એટલે તેમાંથી એક ઠીંગણો એવો પુરુષ ઉત્પન્ન થયો.[૪૨।૪૩] એ પુરુષ કાગડા જેવો કાળો હતો, તેનું શરીર અત્યંત ઠીંગણું હતું, તેના બાહુ ટૂંકા હતા, તેની હડપચી મોટી હતી, તેના પગ ટૂંકા હતા, તેની નાસિકાનો અગ્રભાગ નીચે બેસી ગયેલો (ચીબો) હતો; તેનાં નેત્રો લાલ હતાં અને તેના કેશ પણ રાતા હતા. એ પુરુષ દીન થઈ પ્રણામ કરીને બોલી ઊઠ્યોઃ 'હું શું કરું ?' એટલે ઋષિઓએ 'હે તાત ! **નિષીદ**'–તું નીચે બેસી જા, એમ તેને કહ્યું; એટલે તે '**નિષાદ**' એ નામથી પ્રસિદ્ધ થયો. એના વંશજો પણ '**નૈષાદ**' કહેવાયા–ભીલ

÷ લૂંટારુઓ વગેરેને વશ રાખવા, એ રાજાઓનો ધર્મ છે; ઋષિઓનો તેમાં અધિકાર નથી; એમ તેઓ જાણતા હતા. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાતિના થયા અને તેઓ પહાડો તેમજ વનમાં રહેવા લાગ્યા. કેમકે વેનની સાથળમાંથી ઉત્પન્ન થતા નિષાદે વેનનાં ઉગ્ર પાપો લઇ લીધાં હતાં. (તેથી તેના વંશજો શહેરમાં વસવા માટે યોગ્ય ન હતા.)"૪૪–૪૬

तस्य वंश्यास्तु नैषादा गिरिकाननगोचराः ।
येनाहरज्जायमानो वेनकल्मषमुल्बणम् ॥४६॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૧૪ મો સમાપ્ત

अध्याय १५ मो+

પૃથુરાજાનો જન્મ અને તેનો રાજ્યાભિષેક

॥ मैत्रेय उवाच ॥

अथ तस्य पुनर्विप्रैरपुत्रस्य महीपतेः ।
बाहुभ्यां मथ्यमानाभ्यां मिथुनं समपद्यत ॥१॥

મૈત્રેય બોલ્યા:—"તે પછી ફરી બ્રાહ્મણોએ પુત્રરહિત વેન રાજાના બન્ને બાહુઓનું મંથન કર્યું; એટલે તેમાંથી એક યુગલ ઉત્પન્ન થયું.૧ તે યુગલને ઉત્પન્ન થયેલું જોઈ વેદવાદી ઋષિઓ, 'આ તો ભગવાનનો અંશ છે' એમ જાણીને પરમસંતોષ પામી કહેવા લાગ્યા.૨

ઋષિઓ બોલ્યા:—'આ જ પુરુષ છે તે જગતનું પાલન કરનારો ભગવાન વિષ્ણુનો અંશ છે અને જ આ સ્ત્રી છે તે સર્વદા ભગવાનની સમીપજ રહેનારી લક્ષ્મીદેવીનો અંશ છે.૩ વળી આ યુગલમાં જ આ પુરુષ છે તે રાજાઓમાં પ્રથમ હોઈ યશને વિસ્તારનારો મહારાજા 'પૃથુ' નામે થશે અને મોટી કીર્તિવાળો થશે.૪ વળી જ આ સુંદર દાંતવાળી દેવી છે, તે ગુણોને તથા ભૂષણોને પણ ભૂષણરૂપ હોઈને 'અર્ચિષ' એ નામે પ્રખ્યાત થશે. વળી સુંદર મધ્યભાગવાળી આ, પૃથુ રાજાનેજ પોતાના પતિ તરીકે ભજશે.૫ આ રાજા સાક્ષાત્ શ્રીહરિનો અંશ છે અને લોકોનું રક્ષણ કરવાને માટે તે ઉત્પન્ન થયો છે. તેમજ આ સ્ત્રી છે તે શ્રીભગવાનપરાયણ રહેનારી લક્ષ્મીદેવી પોતે ભગવાનથી વિયોગ નહિ પામતી તેમની પાછળ ઉત્પન્ન થઇ છે.'

મૈત્રેય બોલ્યા:—"પછી બ્રાહ્મણો તેની પ્રશંસા કરવા લાગ્યા; વળી ઉત્તમ ગંધર્વો તેનાં ગાન કરવા લાગ્યા, સિદ્ધજનો પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા, ને દેવાંગનાઓ નૃત્ય કરવા લાગી.૬૭ આકાશમાં શંખો, વાદિત્રો, મૃદંગો તથા દુંદુભિઓ વાગવા લાગ્યાં; અને દેવો, ઋષિઓ તથા પિતૃગણો સર્વે ત્યાં આવી પહોંચ્યા.૮ જગતના ગુરુ બ્રહ્માએ દેવો તથા દેવોના રાજાઓની સાથે ત્યાં આવીને પૃથુરાજાના જમણા હાથમાં ગદાધર ભગવાનના ચક્રનું ચિહ્ન જોઈને તથા તેના બન્ને પગમાં કમળનું ચિહ્ન જોઇને 'આ શ્રીહરિનો અંશ છે' એમ માન્યું. કેમકે જેના હાથમાં ચક્રનું સ્પષ્ટ ચિહ્ન હોય, તે શ્રીભગવાનનો અંશ ગણાય છે.૯૧૦ તે પછી બ્રહ્મવાદી બ્રાહ્મણોએ તે પૃથુ રાજાનો રાજ્યાભિષેક શરુ કર્યો. તે વેળા સર્વ લોકો એ રાજાને માટે અભિષેકની વસ્તુઓ ત્યાં લાવવા લાગ્યા.૧૧ નદીઓ, સમુદ્રો, પર્વતો, ગાયો, પક્ષીઓ, મૃગો, આકાશ, ભૂમિ–વગેરે સર્વ ભૂતો એ વેળા ભેટો લાવવા લાગ્યાં.૧૨ એ રીતે જ્યારે અભિષેક થયો, ત્યારે સુંદર વસ્ત્રને ધારણ કરનારા અને સારી રીતે શણગારેલા મહારાજા પૃથુ શણગારેલી પોતાની પત્ની અર્ચિષ્‌ની સાથે જાણે બીજો અગ્નિ હોય તેવા શોભતા હતા.૧૩ હે વીર વિદુરજી! કુબેરે તેમને સુવર્ણનું સુંદર આસન આપ્યું, વરુણદેવે પાણી ઝરતું અને ચંદ્રસમાન કાંતિવાળું છત્ર આપ્યું, વાયુદેવે બે ચામર આપ્યાં, ધર્મદેવે કીર્તિમય માળા આપી, ઇન્દ્રે ઉત્કૃષ્ટ મુકુટ આપ્યો, યમદેવે સર્વને નિયમમાં રાખનારો દંડ આપ્યો, બ્રહ્મદેવે વેદમય કવચ આપ્યું, સરસ્વતીદેવીએ ઉત્તમ એવો હાર આપ્યો, શ્રીહરિએ સુદર્શન

+ આ અધ્યાયમા બ્રાહ્મણોએ વેનના બાહુનું મંથન કરી, પૃથુરાજા ઉત્પન્ન કર્યાં અને તેનો રાજ્યાભિષેક તથા પૂજા વગેરે કર્યાં. તે કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચક્ર આપ્યું; લક્ષ્મીદેવીએ અખૂટ સંપત્તિ આપી, રુદ્રદેવે જેના મ્યાનમાં દશ ચંદ્રક (ફૂદડીઓ) હતા એવી તલવાર આપી, અંબિકાદેવીએ સો ફૂદડીઓવાળી ઢાલ આપી અને ચંદ્રદેવે અમૃતમય ઘોડાઓ આપ્યા, વિશ્વકર્માએ અતિસુંદર રથ આપ્યો, અગ્નિદેવે બકરા તથા બળદના શિંગડામાંથી બનાવેલું ધનુષ આપ્યું, સૂર્યદેવે કિરણોમય બાણો આપ્યાં, પૃથ્વીદેવીએ યોગમય બે પાવડી આપી અને આકાશ હમેશાં પુષ્પોની માળા આપવા લાગ્યું.[૧૪-૧૮] તેમજ ખેચરદેવોએ નાટક, સંગીત, વાદિત્ર તથા અંતર્ધાન થવાની કુશળતા આપી, ઋષિઓએ સત્ય આશીર્વાદ આપ્યા, સમુદ્રે પોતાનામાં ઉત્પન્ન થયેલો શંખ આપ્યો, સમુદ્રોએ, પર્વતોએ તથા નદીઓએ તે મહાત્માને રથનો માર્ગ આપ્યો અને સૂત, માગધ તથા બંદિજનોએ તે મહારાજાની સ્તુતિ કરવા માંડી. એ પ્રમાણે તેઓને સ્તુતિ કરતા જાણીને વેનના પ્રતાપી પુત્ર પૃથુ રાજાએ હસતાં હસતાં મેઘસમાન ગર્જનાવાળી વાણીથી આ પ્રમાણે કહ્યું.

પૃથુ બોલ્યાઃ–'હે સૂત! હે માગધ! અને હે બંદિજન! મારા ગુણો જ્યારે લોકમાં સ્પષ્ટ થાય, ત્યારે મારી સ્તુતિ હોઇ શકે; પણ હમણાં કયા ગુણને આધારે મારી સ્તુતિ કરવામાં આવે છે? માટે હમણાં તમારી વાણી મારા વિષે વૃથા ન થાઓ–અર્થાત્ હમણાં તમે મારી વૃથા સ્તુતિ ન કરો.[૧૯-૨૨] હે મધુર વાણીવાળા સ્તુતિપાઠકો! જ્યારે મારી પરોક્ષ–અમુક સમય પછી–મારા ગુણો પ્રસિદ્ધ થાય, ત્યારે મારા યશની સ્તુતિ ભલે પુષ્કળ કરજો; અને ખરી રીતે તો ઉત્તમ કીર્તિવાળા ભગવાનના ગુણાનુવાદ જે છે તો સભ્ય પુરુષો આજકાલના કોઈ નિંદ્ય પુરુષની સ્તુતિ કરતા નથી.[૨૩] કદાચિત્ કોઇ પુરુષ મહાન પુરુષોના ગુણોને પોતાના વિષે લાવવાને સમર્થ હોય, તોપણ તેવો કયો પુરુષ હોય કે જે પોતાનામાં વર્તમાન સમયે નહિ રહેલા (તે ભવિષ્યના) ગુણોની પણ સ્તુતિ પાઠકોદ્વારા કરાવે? (છતાં જે પુરુષ ભવિષ્યના ગુણોનો આશ્રય કરીને પોતાની સ્તુતિ કરાવે છે,) તે કુમતિ પુરુષની લોકો 'જો આ મનુષ્યે શાસ્ત્રાભ્યાસ વગેરે કરેલ હોત, તો આનામાં તે વિદ્યા વગેરે પ્રસિદ્ધ ગુણો હોત' આવી મશ્કરી કરે છે, તોપણ પોતે સમજી શકતો નથી અને તેથીજ તે કુબુદ્ધિ છે[૨૪] અને વળી મહાન પુરુષો તો પોતે ગુણ સંપાદન કરવામાં સમર્થ હોય છે અને ગુણોથી પ્રખ્યાત પણ થયેલા હોય છે; છતાં લજ્જાવાળા હોઇને પોતાની ગુણસ્તુતિને જેમ પોતાના નિંદ્ય કર્મને નિંદે છે, તેમજ નિંદે છે–મોટા પુરુષો તો પોતાની ગુણસ્તુતિને નિંદાની પેઠે સહન કરતા નથી.[૨૫] વળી હે સ્તુતિપાઠક! અમે તો હજી તેવાં શ્રેષ્ઠ કર્મોથી લોકમાં પ્રસિદ્ધ થયા નથી; તો મૂર્ખ પુરુષની પેઠે અમે અમારી સ્તુતિ કેમ કરાવીએ?"[૨૬]

वयं त्वविदिता लोके सूताद्यापि वरीमभिः।
कर्मभिः कथमात्मानं गापयिष्याम बालवत्॥२६

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૧૫ મો સમાપ્ત

अध्याय १६ मो*

મુનિઓની પ્રેરણાથી સ્તુતિપાઠકોએ કરેલી પૃથુરાજાની સ્તુતિ

॥ मैत्रेय उवाच ॥

इति ब्रुवाणं नृपतिं गायका मुनिचोदिताः।
तुष्टुवुस्तुष्टमनसस्तद्वागमृतसेवया ॥१॥

મૈત્રેય બોલ્યાઃ–'એમ કહેતા રાજા પૃથુની વાણીરૂપ અમૃતના સેવનથી પ્રસન્ન મનવાળા થયેલા સ્તુતિપાઠકો મુનિઓની પ્રેરણાથી તેની

* આ અધ્યાયમાં મુનિઓએ પ્રેરણા કરેલા સૂત વગેરેએ, સર્વ લોકેશ્વરોએ સત્કાર કરેલા સ્ત્રી સહિત પૃથુ રાજાની સ્તુતિ કરી, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા:[૧] 'અમે આપના મહિમાનું વર્ણન કરવા સમર્થ નથી; કારણ કે દેવોમાં શ્રેષ્ઠ એવા જે આપ પોતાની માયાથી પૃથ્વી પર અવતર્યા છો, તે વેનના અંગથી ઉત્પન્ન થયેલા આપના પુરુષાર્થોનું વર્ણન કરવામાં વાણીના પતિ–બ્રહ્મા વગેરેની બુદ્ધિ પણ ભ્રમિત થઇ જાય છે; (તો પછી અમે તો તેનું વર્ણન ક્યાંથીજ કરી શકીએ?)[૨] તોપણ ઉદાર કીર્તિવાળા અને શ્રીહરિના અંશાવતારરૂપ એવા આપ પૃથુ મહારાજની કથારૂપ અમૃતમાં આદરવાળા થઇ અમે મુનિઓથી પ્રેરાઇને મુનિઓના ઉપદેશ પ્રમાણેજ આપનાં પ્રશસ્ત કર્મોનું વર્ણન કરીએ છીએ.[૩] આ મહારાજા ધાર્મિક પુરુષોમાં શ્રેષ્ઠ છે અને સર્વ લોકને ધર્મમાં પ્રવર્તાવી ધર્મમર્યાદાઓનું રક્ષણ કરશે તથા અધર્મીઓને શિક્ષા કરશે.[૪] આ એકજ પ્રત્યેક કાળે પાલન–પોષણ–રંજન વગેરે કાર્યભાગના અનુસારે તથા યજ્ઞાદિની પ્રવૃત્તિદ્વારા બન્ને લોકનું જે પ્રમાણે કલ્યાણ થાય, તે પ્રમાણે લોકપાલોનાં શરીરોને પોતાના શરીરમાં ધારણ કરે છે.[૫] આ‡ રાજા જેમ સૂર્ય આઠ મહિનાઓ સુધી તપીને કિરણોદ્વારા પૃથ્વી પરનું જળ ગ્રહણ કરે છે અને વર્ષા ઋતુમાં પાછું આપે છે, તેમ સુકાળ વગેરેના સમયમાં પ્રજાઓ પાસેથી કરરૂપે ધન લેશે અને દુષ્કાળ વગેરેના સમયે તે ધન (પ્રજાઓને) પાછું આપશે; તથા પ્રાણીમાત્ર ઉપર સમાન દષ્ટિવાળો થશે.[૬] સર્વને સહન કરવારૂપી પૃથ્વીની વૃત્તિ ધારણ કરનારો અને દુ:ખી પ્રાણીઓ ઉપર દયા રાખનારો આ વેનપુત્ર પૃથુ રાજા દુ:ખી પ્રાણીઓ પોતાના (મસ્તક) પર પગ મૂકશે, તોપણ તેઓના તે અપરાધને સહન કરશે.÷[૭] જે સમયે વરસાદ નહિ વરસે અને પ્રજાઓ પ્રાણસંકટમાં પડશે, ત્યારે આ રાજા ઇન્દ્રની પેઠે (પોતે વૃષ્ટિ કરીને) પ્રજાઓનું અનાયાસે રક્ષણ કરશે. કેમકે આ તો રાજાના શરીરને ધારણ કરનાર શ્રીહરિજ છે.[૮] વળી આ રાજા પ્રેમ વડે જોનારા અને નિર્મળ હાસ્ય વડે સુંદર એવા પોતાના મુખરૂપી ચંદ્ર વડે લોકને તૃપ્ત કરશે. વરુણદેવની પેઠે આ પૃથુ રાજાના પ્રવેશનો તથા નીકળવાનો માર્ગ અસ્પષ્ટ રહેશે; તેનાં કાર્યો અતિ ગુપ્ત રહેશે, તેનું ધન સુરક્ષિત રહેશે, અનંત માહાત્મ્યવાળા ગુણોજ આનું નિવાસસ્થાન રહેશે અને સર્વ તરફથી આ સુરક્ષિત આત્માવાળો રહેશે.[૯][૧૦] વેનરાજારૂપી અરણિકાષ્ઠથી ઉત્પન્ન થયેલો આ અગ્નિરૂપ રાજા શત્રુ વડે મનથી પણ પ્રાપ્ત કરાવાને અશક્ય રહેશે, શત્રુઓને દુ:સહ થઇ પડશે અને સમીપ હોવા છતાં પણ જાણે દૂર હોય, તેમ કોઇ પણ પુરુષાર્થથી પરાભવ કરવાને અશક્ય થશે.[૧૧] વળી આ રાજા ગુપ્ત દૂતોદ્વારા પ્રાણીમાત્રનાં આંતરબાહ્ય કર્મોને જોતો રહેશે, છતાં પણ પ્રાણીમાત્રના અધ્યક્ષ આત્મારૂપ વાયુ–સૂત્રાત્માની પેઠે જાણે ઉદાસીન હોય તેમજ વર્તશે.[૧૨] ધર્મમાર્ગમાં રહેનારો આ રાજા શિક્ષાપાત્ર નહિ હોય એવા પોતાના શત્રુના પુત્રને પણ શિક્ષા નહિ કરે અને શિક્ષાપાત્ર પોતાનો પુત્ર હશે તોપણ તેને શિક્ષા કરશે.[૧૩] ભગવાન સૂર્ય પોતાનાં કિરણોદ્વારા જેમ માનસાચલ પર્વત સુધી તપે છે, તેમ આ પૃથુ રાજાની આજ્ઞા (કે સેના) પણ તે પર્વત સુધી અસ્ખલિતપણે સંચાર કરશે.[૧૪] તેમજ આ મનને રંજન કરનારાં પોતાનાં ચરિત્રો વડે સર્વનું રંજન કરશે, તેથી પ્રજાઓ આને 'રાજા' કહેશે, વળી આ દઢ વ્રતવાળો, સત્ય પ્રતિજ્ઞાવાળો, બ્રાહ્મણભક્ત, વૃદ્ધોની સેવા કરનારો, પ્રાણીમાત્રને શરણ લેવા યોગ્ય, સર્વને માન આપનાર,

‡ અહીંથી આઠ શ્લોકમાં 'પૃથુ રાજા લોકપાલોની મૂર્તિ ધારણ કરે છે' તે વર્ણવે છે. તેમાં પ્રથમ આ શ્લોકમાં સૂર્યમૂર્તિનું ધારણ વર્ણવ્યું છે.

÷ આ શ્લોકમાં પૃથ્વીસ્વરૂપનું ધારણ વર્ણવેલું છે. એ રીતે આગળ ઇન્દ્રસ્વરૂપનું, ચંદ્રસ્વરૂપનું, વરુણસ્વરૂપનું, અગ્નિસ્વરૂપનું, વાયુસ્વરૂપનું અને યમસ્વરૂપનું ધારણ અનુક્રમે એક એક શ્લોકથી દર્શાવેલ છે.–बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દીનવત્સલ, પરસ્ત્રીઓ પર માતા જેવી ભક્તિ રાખનાર અને પોતાના અર્ધા શરીરની પેઠે પત્ની પર પ્રીતિમાન થશે; પ્રજાઓ પર પિતાની પેઠે સ્નેહાળ રહેશે; બ્રહ્મવાદીઓનો દાસ થઈ રહેશે; પ્રાણીમાત્રને આત્માની પેઠે પ્રિય થઈ પડશે; મિત્રોને આનંદ વધારનાર થશે, મુક્તસંગ વૈરાગ્યવાળા પુરુષોનો સંગ કરશે અને દુષ્ટ પુરુષોને યમરાજ જેવો થઇ પડશે.[૧૫-૧૮] ત્રણ ગુણોના અધીશ્વર, કૂટસ્થ–સર્વ વિકારશૂન્ય તથા સર્વના આત્મારૂપ શ્રીભગવાનજ આ રાજારૂપે અંશથી અવતરેલા છે; કે જે ભગવાન વિષે જણાતા આ વિશ્વરૂપ દ્વૈતને જ્ઞાનીઓ, અવિદ્યાથી રચાયલું ને નિરર્થક જુએ છે. જગતમાં એક વીર એવો આ મહારાજા ઉદયાચલથી અસ્તાચલ સુધીના ભૂમંડળનું રક્ષણ કરશે અને વિજયશીલ રથમાં બેસી હાથમાં ધનુષ લઇને સૂર્યની પેઠે દક્ષિણ તરફથી ભૂમંડળને પ્રદક્ષિણા કરશે.[૧૯-૨૦] તે તે સ્થળે લોકપાલો સહિત સર્વ રાજાઓ આ રાજાને બલિદાન આપશે–ખંડણી ભરશે અને એ રાજાઓની રાણીઓ આના યશનું ગાન કરતી આ આદિરાજાને ચક્રાયુધ–શ્રીવિષ્ણુસ્વરૂપે માનશે. પ્રજાઓનો પતિ અને પ્રજાઓને આજીવિકા કરી આપનારો આ મહારાજા ગાયરૂપ થયેલી પૃથ્વીને દોહશે અને પોતાના ધનુષની અણી વડે ઇન્દ્રની પેઠે પર્વતોને લીલામાત્રમાં તોડી નાખી પૃથ્વીને સપાટ કરશે. જેમ સિંહ પોતાનું પૂછડું ઊંચું કરીને ઘૂમે છે (ત્યારે ક્ષુદ્ર મૃગો સર્વ દિશાઓમાં છુપાઇ જાય છે,) તેમ આ રાજા બકરાંનાં તથા બળદનાં શિંગડાંમાંથી બનેલા અને યુદ્ધમાં અસહ્ય એવા ધનુષનો ટંકાર કરતો પોતે જ્યારે પૃથ્વી ઉપર ઘૂમશે, ત્યારે દુષ્ટ પુરુષો સર્વ દિશાઓમાં છુપાઇ જશે;[૨૧-૨૩] તેમજ જે સ્થળે સરસ્વતી નદી પ્રકટ થઈ છે, તે સ્થળે આ રાજા સો અશ્વમેધ યજ્ઞો કરશે; ને આ રાજાનો છેલ્લો (સોમો) અશ્વમેધ યજ્ઞ જ્યારે ચાલુ હશે ત્યારે શતક્રતુ–ઇન્દ્ર, ઘોડાનું હરણ કરશે.[૨૪] પછી પોતાના રાજમહેલના બગીચામાં અનુપમ એવા ભગવાન સનત્કુમારને મળીને ભક્તિપૂર્વક તેમનું આરાધન કરી જેનાથી જ્ઞાનીઓ પરબ્રહ્મને જાણે છે, તે શુદ્ધ જ્ઞાન સંપાદન કરશે.[૨૫] વળી મોટાં અને પ્રખ્યાત પરાક્રમવાળો પૃથુ રાજા તે તે હરકોઇ સ્થળે (પોતાના વિષે ઉત્તમ) વાણી અને શ્રીવિષ્ણુ ભગવાનની ગાથાઓ સાંભળશે.[૨૬] એ રીતે સર્વ સ્થળે અસ્ખલિત સૈન્યમંડળવાળો અને પોતાના તેજથી લોકનાં દુઃખનો જેણે નાશ કર્યો છે અને દેવો તથા અસુરોના રાજાઓ જેના મહાન પ્રતાપને ગાઇ રહ્યા છે, એવો આ રાજા સર્વ દિશાઓને જીતીને પૃથ્વીનો સ્વામી થશે.[૨૭]

दिशो विजित्याप्रतिरुद्धचक्रः स्वतेजसोत्पाटितलोकशल्यः। सुरासुरेन्द्रैरुपगीयमानमहानुभावो भविता पतिर्भुवः ॥२७॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૧૬ મો સમાપ્ત

अध्याय १७ मो×

પૃથ્વીએ પૃથુરાજાની સ્તુતિ કરી

॥ मैत्रेय उवाच ॥

एवं स भगवान् वैन्यः ख्यापितो गुणकर्मभिः। छंदयामास तान् कामैः प्रतिपूज्याभिनंद्य च ॥१॥

મૈત્રેય બોલ્યા:–"વેનના પુત્ર ભગવાન પૃથુ રાજાની એ પ્રમાણે ગુણો તથા કર્મો વડે (સ્તુતિપાઠકોએ) સ્તુતિ કરી એટલે તેઓને (વચનથી) અભિનંદન આપી યથેષ્ઠ વસ્તુઓ આપી સત્કાર કરીને (પૃથુ રાજાએ) સંતુષ્ટ કર્યા;[૧] તથા બ્રાહ્મણાદિવર્ણોનો, સેવકોનો, અમાત્યોનો, પુરોહિતોનો, નગરવાસીઓનો, દેશવાસીઓનો, તેલી–તંબોળી

× આ અધ્યાયમાં લોકોની ક્ષુધાને શાંત કરતો પૃથુ રાજા બીજાનો ગ્રાસ કરી ગયેલી પૃથ્વીનો વધ કરવા તૈયાર થયો, એટલે ભયથી પૃથ્વીએ તેની સ્તુતિ કરી, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0: In Public Domain, Digitizagtion by eGangotri

વગેરેનો તથા પ્રધાનમંડળનો પણ સત્કાર કર્યો.[૨]"

વિદુરે પૂછ્યું–'અનેક સ્વરૂપો ધારણ કરનારી પૃથ્વીએ ગાયનું સ્વરૂપ શા માટે ધારણ કર્યું હતું, જેને પૃથુ રાજાએ દોહી હતી? વળી તે વેળા વાછરડો કોણ થયો હતો? અને દોહવાનું પાત્ર શું હતું?[૩] આ પૃથ્વીદેવી સ્વભાવથીજ ખાડખડિયાવાળી છે; તેને પૃથુ રાજાએ સપાટ કેવી રીતે કરી? અને ઇન્દ્રે યજ્ઞને યોગ્ય ઘોડો કેમ હરી લીધો હતો? હે બ્રહ્મન્! બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ભગવાન સનત્કુમાર પાસેથી ÷વિજ્ઞાન સહિત જ્ઞાન પ્રાપ્ત કરીને રાજર્ષિ પૃથુ, કઈ ગતિને પામ્યા હતા? વળી બીજું પણ ઉત્તમ યશવાળા ભગવાન શ્રીકૃષ્ણ પ્રભુનું પૃથુ રાજારૂપી પૂર્વાવતારની કથાના આશ્રયવાળું પવિત્ર ચરિત શ્રીભગવાનના તથા તમારા અનુરાગી હું ભક્તને કહેવા તમે યોગ્ય છો, કે જે ભગવાને વેનપુત્ર પૃથુ રાજાના સ્વરૂપે આ પૃથ્વીનો ઉદ્ધાર કર્યો હતો."

સૂત પૌરાણિક બોલ્યાઃ–વિદુરે એ પ્રમાણે શ્રીભગવાનની કથાને ઉદ્દેશી પ્રશ્ન કર્યો, એટલે મનમાં પ્રસન્ન થયેલા મૈત્રેયે તેની પ્રશંસા કરીને આ પ્રમાણે કહ્યું.[૪–૮]

મૈત્રેય બોલ્યાઃ–'હે વિદુરજી! બ્રાહ્મણોએ જ્યારે પૃથુ રાજાનો રાજ્યાભિષેક કર્યો અને તેને જનતાના પાલક તરીકે નિયુક્ત કર્યો,ત્યારે સમગ્ર પૃથ્વી અન્નથી રહિત હતી; જેથી ક્ષુધાને લીધે શરીરે દુર્બળ થયેલી પ્રજાઓ પોતાના સ્વામી તે રાજા પાસે આવીને આ પ્રમાણે કહેવા લાગીઃ[૯] 'હે રાજન્! જેમ કોતરમાં રહેલા અગ્નિ વડે વૃક્ષો બળવા માંડે, તેમ અમે જઠરાગ્નિ વડે અત્યંત તપી ઊઠ્યાં છીએ; માટે શરણ લેવા યોગ્ય એવા આપને અમે શરણે આવ્યાં છીએ. કેમકે અમારી આજીવિકા સિદ્ધ કરી આપનાર અમારા સ્વામી તરીકે આપને (મુનિઓએ) પ્રાપ્ત કર્યા છે.[૧૦] માટે હે મહારાજા! જેટલામાં અમે અન્ન-રહિત રહીને નાશ ન પામી જઇએ, તેટલામાં ક્ષુધાથી પીડાયલાં અમને અન્ન આપવા માટે તમે પ્રયત્ન કરો; કેમકે તમે સર્વની આજીવિકા કરી આપનાર લોકપાલ છો.'[૧૧]

મૈત્રેય બોલ્યાઃ–"હે કુરુશ્રેષ્ઠ વિદુરજી! પ્રજાઓનો એ કરુણ વિલાપ સાંભળી પૃથુરાજાએ (પ્રજાઓને અન્ન નહિ મળવા સંબંધે) લાંબો વિચાર કર્યો અને તેનું કારણ તેમણે જાણી લીધું; પછી તેમણે નિશ્ચય કર્યો કે, 'પૃથ્વીજ સર્વ ઔષધિબીજોને ગળી ગઇ છે.' બુદ્ધિ સાથે આવો નિશ્ચય કર્યા પછી ક્રોધાયમાન થયેલા તે રાજાએ હાથમાં ધનુષ ગ્રહણ કર્યું ને શંકરે જેમ ત્રિપુરાસુર સામે બાણ સાંધ્યું હતું, તેમ પૃથ્વીની સામે બાણ સાંધ્યું.[૧૨,૧૩] એ રીતે જેણે શસ્ત્ર ઉગામ્યું હતું એવા તે રાજાને જોઈ ધરણી ધ્રણધ્રણી ઊઠી ને ગાયનું સ્વરૂપ ધારણ કરી જેમ શિકારી પાછળ પડે, ત્યારે મૃગલી નાસી જાય, તેમ ભય પામી નાસવા લાગી.[૧૪] એટલે કોપાયમાન થયેલા પૃથુરાજા પણ લાલચોળ નેત્રવાળા થઇને જ્યાં જ્યાં એ ગાયના સ્વરૂપવાળી પૃથ્વી નાસતી હતી, ત્યાં ત્યાં ધનુષમાં બાણ સાંધી તેની પાછળ દોડવા લાગ્યા. તે પૃથ્વીદેવી દિશાઓમાં, વિદિશાઓમાં, સ્વર્ગમાં, પૃથ્વી પર તથા સ્વર્ગ–પૃથ્વીની વચ્ચે જ્યાં જ્યાં દોડી ગઇ, ત્યાં ત્યાં ઉગામેલા શસ્ત્રવાળા તે રાજાને પોતાની પાછળ જોવા લાગી. જેમ પ્રજાઓ મૃત્યુથી રક્ષણ મેળવી શકતી નથી, તેમ એ પૃથ્વી પણ કોઇ લોકમાં રક્ષણ મેળવી શકી નહિ; એટલે ત્રાસ પામીને ખેદ પામતા હૃદયે તે પાછી ફરીને મહાભાગ પૃથુ રાજાને કહેવા લાગી કે, 'હે ધર્મજ્ઞ! હે શરણાગતવત્સલ! તમે મારું પણ રક્ષણ કરો. કેમકે તમે પ્રાણીમાત્રનું રક્ષણ કરવાને માટે નિર્માયા છો.[૧૫–૧૮] હું દીન છું; મેં તમારો કંઇ પણ અપરાધ કર્યો નથી; છતાં તમે મને કેમ મારવા ઇચ્છો છો? તમે ધર્મજ્ઞ તરીકે મનાયા છો; તો મને સ્ત્રીને તમે કેમ મારશો?[૧૯] સામાન્ય મનુષ્યો પણ

÷ વિજ્ઞાનસહિત એટલે અપરોક્ષ જ્ઞાનસહિત. શ્રી॰

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અપરાધ કરનારી હોય છતાં સ્ત્રીઓને કદી મારતા નથી; તો હે રાજન્! તમારા જેવા દીનવત્સલ દયાળુ પુરુષો તો કેમજ મારે? હું જે મજબૂત નૌકારૂપ છું, તેના ઉપર તો આ જગત સ્થિતિ કરી રહ્યું છે; તેનો પણ નાશ કરીને તમને પોતાને તથા આ પ્રજાઓને જળમાં તમે કેવી રીતે રાખશો?'

પૃથુ રાજા બોલ્યાઃ–'હે પૃથ્વિ! હું તારો વધ કરીશ, કેમકે તું મારી આજ્ઞાથી વિરુદ્ધ વર્તે છે. તું યજ્ઞમાં ભાગ તો લે છે, છતાં ધાન્યાદિને તો આપતી નથી.[૨૦–૨૨] તું ગાયના સ્વરૂપે ઘાસ તો ખાય છે, છતાં દૂધ આપતી નથી; તો આ તારા અપરાધ માટે તને દુષ્ટાને શિક્ષા કરવી એ યોગ્ય નથી એમ નથી–અર્થાત્ યોગ્યજ છે.[૨૩] મંદ બુદ્ધિવાળી તું મારું અપમાન કરીને જે ધાન્યબીજોને પૂર્વે બ્રહ્મદેવે ઉત્પન્ન કર્યાં છે, તેને પોતામાં રોકી રહી છે, પણ આપતી નથી.[૨૪] માટે મારાં આ બાણોથી તને ચીરી નાખીને તારા માંસ વડે આ ક્ષુધાવ્યાપ્ત દુઃખી પ્રજાઓના વિલાપને હું શાંત કરીશ. જે કોઈ પુરુષ, સ્ત્રી કે નપુંસક પોતાને બહુ માનતો હોય, અધમ હોય અને પ્રાણીઓ ઉપર દયા કરતો ન હોય, તેનો રાજાઓએ વધ કરવો, તે વધરૂપ નથી–દોષજનક નથી. માટે અભિમાની, દુર્મદ અને કપટથી ગાયનું રૂપ ધારણ કરનારી તારા હું બાણોથી તલ તલ જેવડા ટુકડા કરી નાખીશ અને મારા યોગબળથી આ પ્રજાઓને ધારણ કરીશ.' એ પ્રમાણે કાળની પેઠે ક્રોધમય મૂર્તિ ધારણ કરતા પૃથુ રાજાને, પૃથ્વી બે હાથ જોડીને નમી પડી અને થરથર ધ્રૂજતી કહેવા લાગી.[૨૫–૨૮]

પૃથ્વી બોલીઃ–' આપ પરમપુરુષને હું નમસ્કાર કરું છું. આપ માયાનો આશ્રય કરી અનેક સ્વરૂપો ધારણ કરો છો અને ગુણમય હો તેવા જણાઓ છો. પણ વસ્તુતઃ આપે પોતાને વિષે દેહ, ઇન્દ્રિયો તથા દેવતાઓ સંબંધી અહંકારને લીધે ઉત્પન્ન થનારા રાગ–દ્વેષાદિને સ્વરૂપાનુભવથી દૂર કર્યા છે; તે આપને હું નમસ્કાર કરું છું.[૨૯] સર્વના વિધાતા એવા આપે પ્રાણીમાત્રના આશ્રયસ્થાનરૂપ મને ઉત્પન્ન કરી છે અને જે મારાપર +ચારે પ્રકારના પ્રાણીસમુદાયનું ધારણ થઈ રહ્યું છે, તે મને સ્વતંત્ર એવા પોતેજ (ઉત્પન્ન કરનાર છતાં) શસ્ત્ર ઉગામીને મારવા માટે તૈયાર થયા છો, તો હવે હું બીજા કોને શરણે જાઉં?[૩૦] જે આપે જીવનો આશ્રય કરનારી પોતાની અતર્ક્ય માયાથી સૃષ્ટિના આદિકાળે આ સ્થાવર–જંગમ જગત ઉત્પન્ન કર્યું છે અને એજ માયાથી હમણાં જગતનું રક્ષણ કરવાને આપ તૈયાર થયા છો; આમ ધર્મપરાયણ છતાં આપ મારો વધ કરવા કેમ ઇચ્છો છો?[૩૧] ખરેખર, આપની દુર્જય માયાથી જેઓનાં મન વ્યાકુળ થયેલાં હોય છે, તેવા મનુષ્યો આપ ઈશ્વરનું ચરિત્ર જાણી શકતાં નથી, કે જે આપે સ્વતંત્ર હોઇને બ્રહ્મદેવને ઉત્પન્ન કર્યા છે અને તે બ્રહ્મદેવદ્વારા આ જગતને ઉત્પન્ન કરાવ્યું છે. વળી જે આપ વસ્તુતઃ એકજ છો, છતાં માયાથી અનેક સ્વરૂપે જણાઓ છો[૩૨] અને પાંચ મહાભૂતો, ઇન્દ્રિયો, દેવતાઓ, બુદ્ધિ તથા અહંકારરૂપ પોતાની શક્તિઓથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને સંહાર કરો છો અને તેજ પોતાની શક્તિઓદ્વારા સૃષ્ટિ આદિ વિષયક ઉત્કટ શક્તિઓને પોતાને સ્વાધીન રાખો છો–તે સર્વના અંતર્યામી પરપુરુષને હું નમસ્કાર કરું છું.[૩૩] હે પ્રભો! હે અજન્મા દેવ! પાંચ ભૂતો, ઇન્દ્રિયો તથા અંતઃકરણરૂપે પોતેજ રચેલા આ જગતને મારા પર સ્થાપવા માટે આપે આદિવરાહનું સ્વરૂપ ધારણ કરી મને રસાતલમાંથી બહાર આણી હતી અને જળ ઉપર સ્થાપી હતી;[૩૪] અને હમણાં પણ તેજ આપ–પૃથ્વીના ધારક જળ ઉપર (નૌકાની પેઠે) રહેલી મારા પર જે આ સમગ્ર પ્રજાઓ સ્થિતિ કરી રહી છે તેઓનું રક્ષણ કરવાની ઇચ્છાથી વીર પૃથુ રાજાના સ્વરૂપે અવતર્યા છો; છતાં

+ સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ અને જરાયુજ એ ચાર પ્રકારના. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હાથમાં ઉગ્ર બાણ લઈને દૂધને માટે (અર્થાત્) અન્નાદિ ઔષધિને માટે મારો વિનાશ કરવા ઇચ્છો છો, એ ખરેખર આશ્ચર્ય છે.[35] (પણ એમાં કંઈ આશ્ચર્ય જેવું નથી; કેમકે) અમારા જેવાંઓનો ચિત્તરૂપ માર્ગ, ઈશ્વરની ગુણસૃષ્ટિરૂપી માયાથી મોહિત થયો છે; તેઓ શ્રીહરિના ભક્તોનું ચરિત્ર પણ જો જાણી શકતાં નથી, તો પછી પરમેશ્વરનું ચરિત્ર તો કયાંથીજ જાણે? માટે જિતેન્દ્રિય પુરુષોના યશને વિસ્તારનાર પરમેશ્વરના તે ભક્તોને પણ પરમેશ્વરની પેઠેજ કેવળ મારા નમસ્કાર હો.[36]

नूनं जनैरीहितमीश्वराणामस्मद्विधैस्तद्गुणसर्गमायया। न ज्ञायते मोहितचित्तवर्त्मभिस्तेभ्यो नमो वीरयशस्करेभ्यः ॥३६॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૧૭ મો સમાપ્ત

अध्याय १८ मो*

પૃથુ રાજાએ કરેલું પૃથ્વીનું દોહન

॥ मैत्रेय उवाच ॥

इत्थं पृथुमभिष्टूय रुषा प्रस्फुरिताधरम्। पुनराहावनिर्भीता संस्तभ्यात्मानमात्मना ॥१॥

મૈત્રેય બોલ્યા:–" એ પ્રમાણે સ્તુતિ કરીને પૃથ્વી, જેમનો નીચલો હોઠ ક્રોધથી ફરકતો હતો, એવા પૃથુ રાજાને, પોતે ભયભીત થઇ હતી, છતાં ફરી પણ બુદ્ધિથી મનને સ્થિર કરી આ પ્રમાણે કહેવા લાગી:[1] 'હે દેવ! હું સંપૂર્ણ રીતે નિર્ભય થાઉં તે માટે આપ આપનો ક્રોધ દૂર કરો અને મારી વિજ્ઞપ્તિ સાંભળો. કેમકે વિદ્વાન પુરુષ ભ્રમરની પેઠે સર્વમાંથી સાર ગ્રહણ કરે છે.[2] તત્ત્વદ્રષ્ટા મુનિઓએ પુરુષોના પુરુષાર્થની સિદ્ધિ માટે આ લોકના ખેતી વગેરે ઉપાયો તથા પરલોકના અગ્નિહોત્ર વગેરે ઉપાયો જોયા છે અને યોજ્યા છે.[3] માટે જે અર્વાચીન મનુષ્ય શ્રદ્ધાયુક્ત થઇને પૂર્વપુરુષોએ દર્શાવેલા તે ઉપાયોને ઉત્તમ રીતે ઉપયોગમાં લે છે, તે મનુષ્ય સાધ્ય વસ્તુને અનાયાસે પ્રાપ્ત કરે છે.[4] પણ જે મૂર્ખ કે વિદ્વાન મનુષ્ય તે ઉપાયોનો અનાદર કરીને પોતે (કલ્પેલા ઉપાયોદ્વારા) કાર્યોનો આરંભ કરે છે, તેનાં તે વારંવાર આરંભેલાં કાર્યો સિદ્ધ થતાં નથી. હે રાજા! પૂર્વે જે અન્નાદિ ઔષધિઓને બ્રહ્મદેવે સૃજી હતી, તેઓને મેં આચારભ્રષ્ટ દુષ્ટ લોકોથી ભોગવાતી જોઇ; અને તમે–રાજાઓએ (ચોર વગેરેને નહિ અટકાવીને) મારું પાલન કર્યું નહિ; તેમજ મારો અનાદર કર્યો; લોકો પણ ચોર થઇ ગયા, તેથી હું યજ્ઞ માટેજ ઔષધિઓને ગળી ગઈ હતી.[5–7] જો કે તે ઔષધિઓ ઘણો કાળ થવાથી હવે મારે વિષે અવશ્ય જીર્ણ થઇ ગઇ છે, તોપણ તમે કોઇ પ્રસિદ્ધ ઉપાય યોજીને તે ઔષધિઓ ગ્રહણ કરવાને યોગ્ય છો.[8] હે વીર! તમે ભગવાન, બળને આપનારું અને પ્રાણીઓને ઇચ્છિત એવું અન્ન પ્રાપ્ત કરવાને જો ઇચ્છતા હો, તો હે પ્રાણીઓનું રક્ષણ કરનાર મહાબાહુ! તમે મારો કોઇ વાછરડો કલ્પો અને દોહવાનું યોગ્ય પાત્ર તથા દોહનારને પણ તૈયાર કરો, જેથી હું પ્રેમાળ થઇને દૂધમય એવા સર્વ અન્નાદિ પદાર્થો તમને પૂરા પાડીશ.[9–10] વળી હે રાજા! તમે મને સર્વત્ર સરખી કરો–સપાટ કરો, જેથી વર્ષાઋતુ ગયા પછી પણ મેઘનું વરસેલું પાણી મારામાં સર્વ સ્થળે (સરખું) રહી શકે. હે પ્રભો! તમારું કલ્યાણ થાઓ.' એ પ્રમાણે પૃથ્વીનું પ્રિય અને હિતકર વાક્ય સાંભળ્યા પછી પૃથુ રાજાએ સ્વાયંભુવ મનુને વાછરડો કલ્પી પોતાના હાથમાં ધાન્યાદિ સર્વ ઔષધિઓ દોહી લીધી.[11,12] એ રીતે પૃથુ રાજાએ જેમ સાર ગ્રહણ કર્યો, તેમ વિદ્વાનો સર્વત્ર સાર ગ્રહણ કરે છે; તેથી પૃથુ રાજા સિવાયના બીજાઓએ પણ તેમણે વશ કરેલી પૃથ્વીમાંથી પોતપોતાની ઇષ્ટ વસ્તુ દોહી લીધી.[13] હે

* આ અધ્યાયમાં પૃથ્વીના કહેવા ઉપરથી પૃથુ વગેરેએ જુદાં જુદાં વાછરડાં, પાત્રો વગેરેથી તે પૃથ્વીમાંથી પોતપોતાનું દૂધ દોહ્યું, એ કથા કહેવામાં આવશે.–श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સત્પુરુષોમાં શ્રેષ્ઠ વિદુરજી! ઋષિઓએ બૃહસ્પતિને વાછરડો કલ્પી ઇન્દ્રિયોરૂપી પાત્રમાં પૃથ્વીદેવીમાંથી વેદમય પવિત્ર દૂધ દોહી લીધું.[૧૪] દેવગણોએ ઇન્દ્રને વાછરડો કલ્પી સુવર્ણના પાત્રમાં વીર્ય–મનઃશક્તિ, ઓજસ્–ઇન્દ્રિયશક્તિ તથા બળ–દેહશક્તિનું કારણ એવું અમૃતરૂપી દૂધ દોહી લીધું.[૧૫] દૈત્યો તથા દાનવોએ અસુરોમાં શ્રેષ્ઠ પ્રહ્‌લાદને વાછરડો કલ્પી લોઢાના પાત્રમાં મદિરા* તથા +આસવરૂપી દૂધ દોહી લીધું.[૧૬] ગંધર્વો તથા અપ્સરાઓએ વિશ્વાવસુને વાછરડો બનાવી કમળરૂપ પાત્રમાં વાણીની મધુરતાવાળું સંગીતશાસ્ત્ર તથા સૌંદર્યરૂપી દૂધ દોહી લીધું.[૧૭] મહાભાગ્યશાળી શ્રાદ્ધદેવતા પિતૃઓએ અર્યમાને વાછરડો કલ્પી કાચા માટીના પાત્રમાં કવ્ય નામે પોતાનું અન્નરૂપી દૂધ શ્રદ્ધાથી દોહી લીધું.[૧૮] સિદ્ધોએ કપિલદેવને વાછરડો કલ્પી, આકાશરૂપી પાત્રમાં સંકલ્પમાત્રથી ઉત્પન્ન થનારી અણિમાદિ સિદ્ધિઓરૂપી દૂધ દોહી લીધું તથા વિદ્યાધર વગેરેએ પણ કપિલદેવનેજ વાછરડો કલ્પીને આકાશરૂપીજ પાત્રમાં આકાશગામિની વિદ્યા વગેરેરૂપ દૂધ દોહી લીધું.[૧૯] બીજા માયાવી કિંપુરુષ વગેરે દેવોએ મયદાનવને વાછરડો કલ્પી (આકાશરૂપી પાત્રમાંજ) અંતર્ધાન વડે અદ્‌ભુત એવા આત્માઓ સંબંધી ‡ધારણામય §માયાશક્તિને (દૂધરૂપે) દોહી લીધી.[૨૦] યક્ષો, રાક્ષસો, ભૂતો, પિશાચો તથા માંસાહારી દેવોએ રુદ્રદેવને વાછરડો કલ્પી મનુષ્યની ખોપરીરૂપી પાત્રમાં લોહીરૂપી આસવને (દૂધરૂપે) દોહી લીધો.[૨૧] તેમજ ફણા વિનાના સર્પોએ, વીંછીઓ વગેરેએ, ફણાવાળા સર્પોએ તથા કદ્રૂના વંશજ નાગોએ તક્ષક નાગને વાછરડો કલ્પીને દરરૂપી પાત્રમાં ઝેરરૂપી દૂધ દોહી લીધું.[૨૨] પશુઓએ નંદિકેશ્વરને વાછરડો કલ્પી જંગલરૂપી પાત્રમાં ઘાસરૂપી દૂધ દોહી લીધું અને દાઢોવાળાં માંસાહારી પ્રાણીઓએ સિંહને વાછરડો કલ્પી પોતપોતાના ભક્ષ્યશરીરરૂપી પાત્રમાં માંસરૂપી દૂધને દોહી લીધું ને પક્ષીઓએ ગરુડને વાછરડો કલ્પી (પોતપોતાના ભક્ષ્ય શરીરરૂપી પાત્રમાંજ) કીડા વગેરે તથા ફળ વગેરેને દૂધરૂપે દોહી લીધાં.[૨૩-૨૪] વનસ્પતિઓએ વડના ઝાડને વાછરડો કલ્પી (પોતપોતાના ભક્ષ્યશરીરરૂપ પાત્રમાંજ) જુદા જુદા રસરૂપી દૂધને દોહી લીધું અને પર્વતોએ હિમાલયને વાછરડો કલ્પીને પોતાનાં શિખરોરૂપી પાત્રમાં જાતજાતની ધાતુઓરૂપી દૂધને દોહી લીધું.[૨૫] એ પ્રમાણે સર્વેએ પૃથુરાજાએ વશ કરેલી અને સર્વ કામનાઓ પૂરનારી પૃથ્વીમાંથી પોતપોતાના મુખ્ય પુરુષને વાછરડો કલ્પીને પોતપોતાના પાત્રમાં જુદું જુદું દૂધ દોહી લીધું.[૨૬] હે કુરુવંશી વિદુરજી! એ રીતે અન્ન વગેરેનો આહાર કરનારા પૃથુ રાજા વગેરેએ પૃથ્વીમાંથી પોતપોતાના ઇષ્ટ અન્ન વગેરેને પોતપોતાનાં પાત્રો તથા વાછરડાંઓ કલ્પીને દોહ્યાં હતાં.[૨૭] તે પછી પ્રસન્ન થયેલા પૃથુ રાજાએ સર્વ કામનાઓને પૂરી પાડનારી પૃથ્વીને પ્રેમથી પોતાની પુત્રી તરીકે સ્વીકારી. કેમકે તે રાજાને પુત્રી પર પ્રેમ હતો.÷ પછી રાજાઓના રાજા તે પૃથુએ પોતાના ધનુષની અણીથી પર્વતોનાં શિખરોના ચૂરા કરી નાખ્યા અને આ ભૂમંડળને તે સમર્થ વેનપુત્રે લગભગ સપાટ કરી નાખ્યું.[૨૮-૨૯] તે પછી સર્વને આજીવિકા આપનારા તે ઐશ્વર્યવાન પિતાએ એ ભૂમંડળ ઉપર તે તે સ્થળે પ્રજાઓનાં યથાયોગ્ય નિવાસસ્થાનોની રચના કરી.[૩૦] ગામડાંઓ, શહેરો, પાટણો, અનેક જાતના કિલ્લાઓ,

* ગોળના, લોટના તથા મહુડાના દારૂને મદિરા કહે છે. —ભા. ક.

+ તાડી વગેરેના દારૂને આસવ કહે છે.—ભા. ક.

‡ ધારણામય–એટલે સંકલ્પમાત્રથી પ્રાપ્ત થનાર. —શ્રીધર

§ માયાશક્તિ–અંતર્ધાનશક્તિ. —બાલપ્રબોધિની

÷ એ રાજાને પુત્રી ન હતી, તેથી પૃથ્વીનેજ પુત્રી તરીકે માનીને તેના પર તેણે પ્રેમ કર્યો.—બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભરવાડો તથા રબારીઓના નેસડાઓ, ગાયોનાં નિવાસસ્થાનો, લશ્કરી છાવણીઓ સાથે સોના વગેરેની ખાણો, ખેડૂતોનાં ગામો તથા પર્વતની તળેટીનાં ગામડાં વગેરેની તેણે રચના કરી; કેમકે પૃથુ રાજાની પહેલાં આ પૃથ્વી પર શહેર–ગામડાં વગેરેની આ રચના ન હતી. પછી તે તે સ્થળે સર્વ પ્રજાઓ નિર્ભય થઇને સુખપૂર્વક રહેવા લાગી.[૩૧,૩૨] +

प्राक् पृथोरिह नैवैषा पुरग्रामादिकल्पना ।
यथासुखं वसंति स्म तत्र तत्राकुतोभयाः ॥ ३२ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૧૮ મો સમાપ્ત

अध्याय १९ मो *

યજ્ઞના ઘોડાનું હરણ કરનાર ઇન્દ્રનો વધ કરતા પૃથુને બ્રહ્માએ વાર્યા

॥ मैत्रेय उवाच ॥

अथादीक्षत राजा तु हयमेधशतेन सः ।
ब्रह्मावर्ते मनोः क्षेत्रे यत्र प्राची सरस्वती ॥ १ ॥

મૈત્રેય બોલ્યાઃ–"તે પછી રાજા પૃથુએ બ્રહ્માવર્ત ×નામના મનુના ક્ષેત્રમાં જ્યાં સરસ્વતી નદી પૂર્વ દિશામાં વહે છે, ત્યાં સો અશ્વમેધ યજ્ઞો કરવાની દીક્ષા લીધી.[૧] ભગવાન ઇન્દ્ર તે કર્મને પોતાના કર્મ કરતાં અધિક જાણીને પૃથુના એ યજ્ઞમહોત્સવને સહન કરી શક્યો નહિ.[૨] પૃથુ રાજાના એ યજ્ઞમાં સર્વના ઈશ્વર અને યજ્ઞોના પતિ ભગવાન શ્રીહરિ કે જે સર્વના આત્મા છે અને સર્વ લોકના ગુરુ છે તે પ્રભુએ પ્રત્યક્ષ દર્શન દીધાં હતાં[૩] અને તેમની પાછળ બ્રહ્મા, શંકર તથા લોકપાલો પણ પોતપોતાના અનુયાયીઓ સાથે ત્યાં ગયા હતા અને ગંધર્વો, મુનિઓ તથા અપ્સરાઓના સમુદાયો તે ભગવાનની સ્તુતિ કરતા હતા.[૪] વળી સિદ્ધો, વિદ્યાધરો, દૈત્યો, દાનવો, યક્ષો વગેરે; સુનંદ–નંદ વગેરે શ્રીહરિના શ્રેષ્ઠ પાર્ષદો; કપિલ, નારદ, દત્ત, સનકાદિ યોગેશ્વરો અને બીજા જેઓ શ્રીભગવાનની સેવામાં ઉત્સુક રહે છે, તેઓ સર્વે એ ભગવાનની પાછળ પૃથુ રાજાના યજ્ઞમાં ગયા હતા. હે ભરતવંશી વિદુરજી! જે યજ્ઞમાં પૃથ્વી સર્વ ધર્મસાધનો પૂરાં પાડનારી અને સર્વ કામનાઓ અર્પણ કરનારી થઇને યજમાન પૃથુ રાજાને ઇચ્છિત વસ્તુઓ આપતી હતી; નદીઓ ગોળ તથા દ્રાક્ષ વગેરેના રસોને, દૂધ, દહીં, અન્ન, ઘી તથા છાસ વગેરેને વહેતી હતી; તેમજ વૃક્ષો વિશાળ શરીર ધારણ કરી મધ ઝરતાં થઇને ફળ વગેરેને ઉત્પન્ન કરતાં હતાં;[૫–૮] સમુદ્રોએ રત્નોના ઢગલાઓ તથા પર્વતોએ ચાર* પ્રકારના અન્નને ત્યાં હાજર કર્યાં હતાં અને લોક સહિત સર્વ લોકોએ ભેટો ધરી હતી.[૯] આવી રીતે ભગવાન જેમના સ્વામી હતા એવા તે પૃથુ રાજાના મહાન ઉદયવાળા યજ્ઞકર્મને (જોઇને) ભગવાન ઇન્દ્ર સહન કરી શક્યો નહિ; જેથી તેણે એ યજ્ઞ-

+ આ અધ્યાયમાં પૃથ્વીને દોહવાનું જે વર્ણન છે, તે એક રૂપક છે. તેનો આશય એ છે કે, અધર્માંશને લીધે જ્યારે પૃથ્વીમાંથી રસ–કસ જતો રહ્યો, ત્યારે પૃથુ રાજાએ આખી પૃથ્વી પર ધર્મની સત્તા જમાવીને ધર્મના સામર્થ્યથી પૃથ્વીને રસકસવાળી કરી હતી અને તેનો લાભ સર્વ કોઇને મળ્યો હતો. પૃથ્વીને ધનુષની અણીથી સપાટ કરવાનું જે વર્ણન છે, તે પણ રૂપક છે અને તેનો આશય પણ એજ છે કે, ધનુષના બળથી સર્વને વશ કરી સર્વ લોકોદ્વારા પૃથ્વીને સપાટ કરવામાં આવી હતી. —ભા. ક.

* આ અધ્યાયમાં અશ્વમેધના અંશરૂપ ઘોડાનું ઇન્દ્રે હરણ કર્યું, એટલે તેનો વધ કરવા તૈયાર થયેલા પૃથુ રાજાને બ્રહ્માએ વાર્યા, એ કથા કહેવાશે.—શ્રીધર

× सरस्वतीदृषद्वत्योर्देवनद्योर्यदन्तरम् ।
तं देवनिर्मितं देशं ब्रह्मावर्तं प्रचक्षते ॥१॥
(मनु. स्मृ. २–१७)

સરસ્વતી અને દૃષદ્વતી એ બે દેવનદીઓની વચ્ચેના પ્રદેશને બ્રહ્માવર્ત કહે છે; એ પ્રદેશને દેવોએ નિર્માણ કર્યો છે. —શ્રીધર

* ચાર પ્રકારનાં અન્ન તે આ–ભક્ષ્ય, ભોજ્ય, ચોષ્ય અને લેહ્ય. તેમાં જે અન્ન સારી રીતે ચાવી ખવાય છે તે ભક્ષ્ય, શીરો વગેરે ભોજ્ય, શેરડી–કેરી વગેરે ચોષ્ય અને કઢી–ચટણી વગેરે લેહ્ય છે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માં વિઘ્ન કર્યું હતું.[૧૦] જે વખતે વેનના પુત્ર પૃથુ રાજાએ છેલ્લા (સોમા) અશ્વમેધ યજ્ઞથી શ્રીવિષ્ણુ ભગવાનનું યજન કરવા માંડ્યું, તે વખતે સ્પર્ધા કરનારા ઇન્દ્રે, અદશ્યસ્વરૂપે રહીને અશ્વમેધ યજ્ઞ-ના પશુ–ઘોડાનું હરણ કર્યું.[૧૧] તે વેળા ભગવાન અત્રિઋષિએ (ઘોડાનું હરણ કરીને) આકાશમાર્ગે દોડી જતાં ઇન્દ્રને જોયો, જે ઇન્દ્રે અધર્મમાં પણ ધર્મની ભ્રાંતિ કરાવનાર પાખંડ વેષને પોતાનું રક્ષણ કરનાર કવચની પેઠે ધારણ કર્યો હતો.[૧૨] તરતજ અત્રિ ઋષિએ પૃથુ રાજાના મહારથી પુત્રને તેનો વધ કરવા પ્રેરણા કરી; એટલે ક્રોધા-યમાન થઇને તે તેની પાછળ દોડ્યો અને 'એ ઇન્દ્ર! ઊભો રહે, ઊભો રહે' એમ તેણે તેને પડ-કાર્યો,[૧૩] પણ ઇન્દ્રને તેવા જટાધારી અને ભસ્મ-વ્યાપ્ત પાખંડી વેષવાળો જોઇ પૃથુના પુત્રે તેને કોઇ ધર્માત્મા માન્યો અને તેના પર બાણ છોડ્યું નહિ.[૧૪] એ પ્રમાણે પૃથુપુત્ર તેનો વધ કરતાં અટકી પડ્યો, એટલે અત્રિઋષિએ ફરી ઇન્દ્રનો વધ કરવા તેને પ્રેરણા કરી કે, 'હે તાત! યજ્ઞનો નાશ કરનાર આ અધમ દેવ–ઇન્દ્રનો તું નાશ કરી નાખ.' અત્રિ ઋષિએ એ પ્રમાણે જ્યારે કહ્યું કે તરતજ પૃથુ રાજાનો પુત્ર આકાશમાર્ગે દોડી જતા ઇન્દ્રની પાછળ જેમ ગીધનો રાજા જટાયુ રાવણ પાછળ દોડ્યો હતો તેમ ક્રોધાયમાન થઇને દોડી ગયો; એટલે ઇન્દ્ર ઘોડાનો તથા પાખંડી વેષનો ત્યાગ કરી અદશ્ય થઇ ગયો અને વીર પૃથુપુત્ર પોતાનો ઘોડો લઇને પિતાના યજ્ઞમાં આવ્યો. હે સમર્થ વિદુરજી! પૃથુકુમારનું એ અદ્‌ભુત કર્મ જોઇને મહર્ષિઓએ તેનું 'વિજિ-તાશ્વ' એવું નામ પાડ્યું. તે પછી વળી પણ સ-મર્થ ઇન્દ્રે, તીવ્ર અંધકાર ઉત્પન્ન કરીને તે અંધ-કારમાં પોતે છુપાઇને લાકડાંનાં કડાંવાળા યજ્ઞ-સ્તંભમાંથી સુવર્ણની દોરીવાળા ઘોડાનું (તે દોરી-ની સાથેજ) હરણ કર્યું.[૧૫–૧૯] એટલે તરતજ આકાશમાર્ગે ઉતાવળથી જતા ઇન્દ્રને અત્રિઋષિ-એ પૃથુના પુત્રને બતાવ્યો; પણ તેણે ખોપરીઓ તથા ખટ્‌વાંગ ધારણ કરી રહેલા તે ઇન્દ્રને (આ તો કોઈ સાધુ છે, એમ માની) માર્યો નહિ.[૨૦] તે પછી ફરી પણ અત્રિઋષિએ ઇન્દ્રનો નાશ કરવા-ની પ્રેરણા કરી, એટલે તેણે ક્રોધથી બાણ સાંધ્યું, કે તરતજ ઇન્દ્ર ઘોડાનો તથા પોતાના તે સ્વરૂ-પનો ત્યાગ કરી અદશ્ય થઈ ઊભો રહ્યો;[૨૧] પછી પૃથુનો વીર પુત્ર તે ઘોડાને લઈ પિતાના યજ્ઞમાં ગયો; અને મંદ બુદ્ધિવાળા પાખંડીઓએ ઇન્દ્રે છોડેલા તે નિંદિત સ્વરૂપનો સ્વીકાર કર્યો–અર્થાત્ ઇન્દ્રે ગ્રહણ કરેલાં તે તે નિંદ્ય સ્વરૂપો ગ્રહણ કરીને મંદબુદ્ધિ મનુષ્યોએ પાખંડધર્મની પ્રવૃત્તિ ચાલુ કરી.[૨૨] ઇન્દ્રે ઘોડાનું હરણ કરવાની ઇચ્છા-થી જે જે રૂપો ગ્રહણ કર્યાં; તે તે બધાં '**पापस्य खंडानि**' પાપના ચિહ્નરૂપ હતાં, જેથી તે બધાં '**पाखंडानि**' પાખંડ કહેવાયાં; કેમકે '**पाखंड**' એ શબ્દમાં '**पा**' એ **पाप** વાચક શબ્દ છે અને '**खंड**' એ ચિહ્નવાચી શબ્દ છે–અર્થાત્ આવી રીતે **पाखंड** શબ્દની વ્યુત્પત્તિ થાય છે.[૨૩] એ પ્રમાણે પૃથુરાજાના યજ્ઞનો નાશ કરવાની ઇચ્છાથી ઘોડા-નું હરણ કરતાં ઇન્દ્રે જે જે પાખંડી સ્વરૂપો ધારણ કરીને છોડ્યાં હતાં, તે તે સ્વરૂપો જૈન, બૌદ્ધ આદિ ધર્મસ્વરૂપે જણાયાં અને ઉપર ઉપરથી સુંદર જણાતા તથા હેતુવાદની ચતુરાઈવાળા તે તે મિથ્યા ધર્મોમાં લગભગ ભ્રાંતિને લીધે મનુષ્યોની બુદ્ધિ આસક્ત થતી ચાલી.[૨૪,૨૫] તે જાણીને મહાપરાક્રમી ભગવાન પૃથુ રાજા ઇન્દ્રના ઉપર ક્રોધાયમાન થઈ ગયા અને તેમણે ધનુષ સજ્જ કરીને (ઇન્દ્રનો વધ કરવા માટે) બાણ ગ્રહણ કર્યું. તે વખતે ઇન્દ્રનો વધ કરવાના અભિપ્રાયવાળા, અસહ્ય વેગવાળા અને જેમની સામે જોઇ પણ શકાતું ન હતું, એવા તે પૃથુ રાજાને યાજ્ઞિક બ્રાહ્મણો અટકાવવા લાગ્યા કે, 'હે મહાબુદ્ધિ-માન રાજા! આ યજ્ઞમાં શાસ્ત્રોક્ત પશુના વધ વિના બીજાનો વધ કરવો તે યોગ્ય નથી.[૨૬,૨૭]

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અમે પોતેજ યજ્ઞોનો નાશ કરી રહેલા અને તમારા યશથી નિસ્તેજ બની ગયેલા ઇન્દ્રને મહાસમર્થ શક્તિવાળા આહ્વાન–મંત્રોથી અહીં બોલાવીશું અને તે પછી હે રાજન્! તે તમારા શત્રુને બળાત્કારે અગ્નિમાં હોમી દઇશું. [૨૮] હે વિદુરજી! એ પ્રમાણે યજમાન પૃથુ રાજાને સમજાવીને તેના ઋત્વિજોએ ક્રોધથી સરવો હાથમાં લઇને ઇન્દ્રને હોમી દેવાની તૈયારી કરી; એટલે તરતજ બ્રહ્મદેવે તેમની પાસે આવીને તેઓને તેમ કરતા અટકાવીને કહ્યું કે, 'તમારે ઇન્દ્રનો વધ કરવો એ યોગ્ય નથી; કેમકે જેનો તમે વધ કરવા ઇચ્છો છો, તે આ યજ્ઞ નામનો ઇન્દ્ર ભગવાનનુંજ શરીર છે–શ્રીભગવાનનોજ અવતાર છે. વળી યજ્ઞ વડે જે દેવોનું તમે યજન કર્યું છે તે દેવો પણ ઇન્દ્રનાજ શરીરરૂપ છે.[૨૯।૩૦] હે બ્રાહ્મણો! પૃથુ રાજાના યજ્ઞકર્મનો નાશ કરવા ઇચ્છતા ઇન્દ્રે જે આ મહાન અધર્મ–પાખંડમાર્ગ કરી મૂક્યો છે તે તો તમે જુઓ!(માટે એવા મહા બળવાનની સાથે તો મિત્રતાજ કરવી યોગ્ય છે; નહિ તો આથી પણ વધારે અધર્મ કરી મૂકશે.) માટે વિશાળ કીર્તિવાળા પૃથુ રાજાના ભલે નવ્વાણુંજ યજ્ઞ થાઓ.' (એ પ્રમાણે બ્રાહ્મણોને કહીને બ્રહ્માએ પૃથુ રાજાને કહ્યું કે,) 'તમે આટલા યજ્ઞો સારી રીતે કર્યા છે, માટે હવે યજ્ઞો કરવા બંધ કરો. કેમકે તમે તો મોક્ષ–ધર્મને જાણનારા છો.[૩૧।૩૨] વળી તમે તમારા પોતાનાજ આત્મારૂપ ઇન્દ્રના ઉપર ક્રોધ કરવાને યોગ્ય નથી. તમે બન્નેય શ્રીભગવાનનાજ અવતાર છો. તમારૂં કલ્યાણ થાઓ. હે મહારાજા! યજ્ઞમાં જે આ વિઘ્ન થયું છે તે સંબંધે તમે ચિંતા કરો મા, પણ મનને એકાગ્ર કરી તમે અમારૂં વચન સાંભળો. જે મનુષ્ય દૈવે નાશ કરેલું કાર્ય કરવાનો વિચાર કર્યા કરે છે તેનું મન અત્યંત ક્રોધવાળું થઇ ઘોર અંધકારમાં પડી જાય છે–મોહવિવશ થઇ જાય છે–શાંતિને પામતું નથી.[૩૩।૩૪] માટે તમે આ યજ્ઞને બંધ રાખો. કેમકે દેવોમાં (સ્વાભાવિક રીતેજ) દુરાગ્રહ હોય છે, જેને લીધે આ યજ્ઞમાં ઇન્દ્રે રચેલાં પાખંડસ્વરૂપોથી ધર્મનો વિનાશ થયો છે.[૩૫] તમે જુઓ તો ખરા! જેણે યજ્ઞનો દ્રોહ કર્યો હતો અને ઘોડાનું હરણ કર્યું હતું, તે આ ઇન્દ્રે રચેલાં મોહક પાખંડોથી આ મનુષ્યો આકર્ષાઇ રહ્યાં છે. હે વેન રાજાના પુત્ર! સાંખ્ય, યોગ આદિ અનેક સિદ્ધાંતોને અનુસરતો મનુષ્યોનો ધર્મ કે જે વેન રાજાના દુરાચારથી હમણાં નાશ પામ્યો છે, તેનું રક્ષણ કરવાને માટે એ વેન રાજાના શરીરમાંથી વિષ્ણુના અંશરૂપેજ તમે પૃથ્વી પર અવતરેલા છો.[૩૬।૩૭] માટે હે પ્રજાપતિ! આ જગતની ઉત્પત્તિનો વિચાર કરી તમે પ્રજાપતિઓના સંકલ્પને પૂર્ણ કરો અને હે પ્રભો! ઉપધર્મની માતારૂપ ઇન્દ્રની માયાનો તથા પ્રચંડ પાખંડમાર્ગનો નાશ કરો.[૩૮]

મૈત્રેય બોલ્યાઃ–"લોકના ગુરુ બ્રહ્મદેવે એ પ્રમાણે આજ્ઞા કરી એટલે પૃથુ રાજાએ તેમના કહેવા પ્રમાણે–યજ્ઞનો આગ્રહ છોડીને ઇન્દ્રની સાથે સ્નેહ કરીને સંધિ કરી.[૩૯] પછી યજ્ઞની સમાપ્તિનું જેણે સ્નાન કર્યું હતું એવા મહાપરાક્રમી કર્મ કરનારા તે પૃથુ રાજાને, એ યજ્ઞમાં જેઓને તૃપ્ત કરવામાં આવ્યા હતા એવા વર આપનારા દેવોએ વરદાનો આપ્યાં.[૪૦] તેમજ હે વિદુરજી! શ્રદ્ધાપૂર્વક જેઓએ દક્ષિણા મેળવી હતી અને સત્કાર પામીને જેઓ પ્રસન્ન થયા હતા એવા સત્ય આશીર્વાદવાળા બ્રાહ્મણોએ તે આદિરાજાને આશીર્વાદ આપ્યા.[૪૧] (અને કહ્યું કે,) 'હે મહાબાહુ! તમે બોલાવેલા જે પિતૃઓ, દેવો, ઋષિઓ તથા મનુષ્યો આ યજ્ઞમાં આવ્યા હતા, તેઓ સર્વનો તમે દાન–માનથી સત્કાર કર્યો છે.'"[૪૨]

त्वयाहूता महाबाहो सर्व एव समागताः ।
पूजिता दानमानाभ्यां पितृदेवर्षिमानवाः ॥४२॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૧૯ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय २० मो+

યજ્ઞમાં શ્રીવિષ્ણુનો પૃથુ રાજાને ઉપદેશ અને બન્નેની પરસ્પર પ્રીતિ

॥ ऋषिरुवाच ॥

भगवानपि वैकुंठः साकं मघवता विभुः ।
यज्ञैर्यज्ञपतिस्तुष्टो यज्ञभुक्तमभाषत ॥ १ ॥

મૈત્રેય બોલ્યાઃ–" યજ્ઞો વડે પ્રસન્ન થયેલા, યજ્ઞોના સ્વામી, યજ્ઞોના ભોક્તા અને વ્યાપક એવા વૈકુંઠપતિ શ્રીભગવાન પણ ઇન્દ્રની સાથે રહીને તે પૃથુ રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૧]

શ્રીભગવાન બોલ્યાઃ–' આ ઇન્દ્રે તમારા અશ્વમેધ યજ્ઞોમાંના છેલ્લા યજ્ઞનો ભંગ કર્યો છે, તેથી તે તમારી ક્ષમા માગે છે; માટે તમે તેને ક્ષમા આપવાને યોગ્ય છો.[૨] કેમકે હે રાજા ! આ શરીર કંઇ આત્મા નથી; માટેજ પુરુષોમાં ઉત્તમ એવા સારી બુદ્ધિવાળા સત્પુરુષો કોઇ પણ પ્રાણીનો દ્રોહ કરતા નથી; છતાં જો તમારા જેવા પુરુષો ઈશ્વરની માયાથી મોહ પામે, તો લાંબા કાળ સુધી કરેલી વૃદ્ધ પુરુષોની સેવા કેવળ શ્રમરૂપજ થઇ પડે–કેવળ નિષ્ફળજ થયેલી ગણાય.[૩,૪] માટે આ શરીર સ્વરૂપના અજ્ઞાનથી, કામનાઓથી તથા કર્મોથી બનેલું છે, એમ જાણતો આત્મવેત્તા પુરુષ એ શરીર ઉપર કદી આસક્ત થતોજ નથી;[૫] અને આ શરીર ઉપર જેને આસક્તિ છેજ નહિ, એવો કયો જ્ઞાની પુરુષ એ શરીરેજ ઉત્પન્ન કરેલાં ઘર, છોકરાં કે ધનમાં મમતા કરે ?[૬] આત્મા તો શરીરથી જુદોજ છે. કેમકે તે એક છે, શુદ્ધ છે, સ્વયંજ્યોતિ છે, નિર્ગુણ છે, ગુણોના આશ્રયરૂપ છે, સર્વવ્યાપી છે, કોઇનાથી પણ વીંટાયલો કે ઢંકાયલો નથી, સર્વનો સાક્ષી છે–દ્રષ્ટા છે અને પોતાને વિષે બીજા આત્માથી રહિત છે.*[૭] જે પુરુષ આવી રીતે પોતાના આત્માને પોતાના શરીરમાં રહેલો છતાં તેથી જુદો જાણે તે પુરુષ પ્રકૃતિમાં રહ્યા છતાં એટલે પોતાના દેહમાં આત્મારૂપે રહ્યા છતાં તે દેહના ગુણોથી–વિકારોથી લેપાતો નથી. કેમકે તે પુરુષ બ્રહ્મસ્વરૂપ એવા મારે વિષેજ રહેલો છે.[૮] હે રાજન્ ! જે પુરુષ સર્વ કામનાઓનો ત્યાગ કરી શ્રદ્ધાસંપન્ન થઈને પોતાના વર્ણાશ્રમધર્મથી નિત્ય મારું ભજન કરે છે, તેનું મન ધીમે ધીમે પ્રસન્ન થાય છે–નિર્મળ–શુદ્ધ થાય છે;[૯] અને એ રીતે ચિત્ત શુદ્ધ થાય છે, ત્યારે પુરુષ ગુણોને ત્યાગી સમ્યગ્દૃષ્ટિવાળો થઇને શાંતિને પામે છે, કે જે શાંતિ મારા સ્વરૂપે સ્થિતિ કરવારૂપ, બ્રહ્મસ્વરૂપ તથા કૈવલ્યરૂપ છે. જે પુરુષ આ આત્માને શરીર, જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો તથા મનનો જાણે અધ્યક્ષ હોય, તેમ રહેલો છતાં ઉદાસીન અને નિર્વિકાર જાણે છે તે પુરુષ બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. આ શરીર કે જે પાંચ ભૂતો, ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના દેવતાઓ તથા મન–એ સર્વના એક સમુદાયરૂપ છે અને તેથીજ આત્માથી ભિન્ન છે, તેનેજ આ ગુણપ્રવાહરૂપ સંસાર છે; આત્માને તો કંઈ પણ નથી. આમ જાણીને જેઓએ મારા પરજ પ્રેમ કરેલો હોય છે, એવા જ્ઞાની પુરુષો સંપત્તિઓ કે વિપત્તિઓ જોયા છતાં વિકાર પામતા નથી–હર્ષ કે શોકવાળા થતા નથી.[૧૦–૧૨] માટે હે વીર ! તમે પણ સુખ–દુઃખમાં સમાન ભાવ ધારણ કરો; ઉત્તમ, મધ્યમ તથા અધમને પણ સમાન ગણો; ઇન્દ્રિયો તથા અંતઃકરણને જીતી લો અને મેં ઉત્પન્ન કરેલા આ સમસ્ત મંત્રી વગેરે સાથે રહી સર્વ લોકોનું રક્ષણ કરો. પ્રજાઓનું પાલન કરવું એજ રાજાનું પરમ કલ્યા-

---

+ આ અધ્યાયમાં વિષ્ણુએ સાક્ષાત્ પ્રકટ થઇ પૃથુના યજ્ઞમાં તે રાજાને ઉપદેશ આપ્યો અને વરદાનના પ્રસંગથી અન્યોન્યની પ્રીતિ વર્ણવાશે. —श्रीधर

* અને શરીર તો આત્માથી વિરુદ્ધ ધર્મવાળું છે. જેમકે શરીર બાલ–યુવા આદિ ભેદથી અનેક છે, મલિન છે, જડ છે, સગુણ છે, પોતાના કારણરૂપ ગુણોના આશ્રયવાળું છે, માપી શકાય તેવું છે, ઘર વગેરેથી ઢંકાયલું છે, દૃશ્ય છે અને પોતાથી ભિન્ન એવા આત્માથી યુક્ત છે. આવી રીતે શરીર તથા આત્માનો પરસ્પર ભેદ છે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ણ છે, કેમકે (પ્રજાઓનું રક્ષણ કરનારો રાજા) પ્રજાઓના પુણ્યમાંથી છઠ્ઠા ભાગને પરલોકમાં સંપાદન કરે છે; પણ જે રાજા પ્રજાઓ પાસેથી કર લઇને તેઓનું રક્ષણ કરતો નથી, તે રાજાના પુણ્યને પ્રજાઓ હરી લે છે અને તેવો રાજા પ્રજાઓનાં પાપ ભોગવે છે.[૧૩।૧૪] માટે એ રીતે ઉત્તમ બ્રાહ્મણોને સંમત એવા તમારા પરંપરાપ્રાપ્ત ધર્મને મુખ્ય ગણીને* ધર્મ, અર્થ ને કામ, એ ત્રણેમાં આસક્તિ રાખ્યા વિના તમે આ પૃથ્વીનું રક્ષણ કરો; એટલે સર્વ લોકો તમારા પર પ્રીતિવાળાં થશે; અને પછી થોડાજ સમયમાં તમારે ઘેર આવેલા સનકાદિ સિદ્ધ પુરુષોનાં તમને દર્શન થશે.+ હે મનુષ્યોના ઇન્દ્ર! મારી પાસેથી કોઇ વરદાન માગો. કેમકે હું તમારા શમ આદિ ગુણો તથા નિર્મત્સરતા આદિ સ્વભાવથી વશ થયો છું. હું યજ્ઞો, તપ તથા યોગથી સુલભ નથી; કેમકે સર્વત્ર સમાનચિત્તવાળા પુરુષોમાંજ રહેવાનો મારો સ્વભાવ છે.[૧૫।૧૬]

મૈત્રેય બોલ્યા:–"લોકગુરુ શ્રીવિષ્ણુ ભગવાને એ પ્રમાણે ઉપદેશ આપ્યો, એટલે જગતને જીતનાર પૃથુ રાજાએ ભગવાનની તે આજ્ઞાને મસ્તકથી ગ્રહણ કરી[૧૭] અને પછી તે રાજાએ પોતાના પગમાં પડતા અને યજ્ઞમાં વિઘ્ન કરવારૂપ પોતાના તે કર્મથી શરમાયલા ઇન્દ્રને ભેટી પડીને તેના પ્રત્યેના દ્વેષનો ત્યાગ કર્યો.[૧૮] તે પછી પૃથુ રાજાએ જેમની પૂજા કરી હતી અને વૃદ્ધિ પામતી ભક્તિ વડે જેમનાં ચરણકમળ ગ્રહણ કર્યાં હતાં, એવા વિશ્વાત્મા ભગવાન, ત્યાંથી પધારી જવા માટે તત્પર થયા હતા, તોપણ સત્પુરુષોના સુહૃદ્ અને કમળની પાંખડીના સરખાં નેત્રવાળા તે ભગવાન પૃથુ રાજાને જોતા તેમના ઉપરના અનુગ્રહથી ત્યાં થોભી રહ્યા; પણ પ્રયાણ કર્યું નહિ.[૧૯।૨૦] તે સમયે એ આદિરાજા બે હાથ જોડીને ઊભા રહ્યા હતા; તેમનાં નેત્રમાં અશ્રુઓ આવી ગયાં હતાં, તેથી શ્રીહરિને તે જોઇ શકતા પણ ન હતા. અશ્રુઓથી તે એટલા બધા વ્યાકુળ થઇ ગયા હતા કે જેથી કંઇ બોલી પણ શક્યા નહિ; માત્ર મૌન ધારણ કરી શ્રીહરિને હૃદયથી ભેટીને (હૃદયમાંજ) ધારણ કરી રહ્યા.[૨૧] પછી અશ્રુબિંદુઓને લૂછી નાખી પગ વડે પૃથ્વીને સ્પર્શ* કરી રહેલા અને ગરુડના ઉન્નત ખભા પર જેમણે પોતાના હાથનો અગ્રભાગ ટેકવ્યો હતો એવા પરમ પુરુષ શ્રીભગવાનને, તેમનાં દર્શન કર્યા છતાં જેમની દૃષ્ટિ અતૃપ્તજ રહી હતી, એવા પૃથુ રાજા આ પ્રમાણે કહેવા લાગ્યા.[૨૨]

પૃથુ રાજા બોલ્યા:–'હે પ્રભો! વર આપનારા બ્રહ્માદિ દેવોના પણ ઈશ્વર એવા આપની પાસેથી વિદ્વાન પુરુષ વિષયસુખોને કેમ માગે? (સાંસારિક વિષયોનાં સુખ કેમ માગે? છતાં જો માગે તો એ વિદ્વાનજ નથી.) કેમકે એ વિષયસુખો તો અહંકાર એજ જેમનું સ્વરૂપ છે, એવા દેહાભિમાનીઓનેજ ભોગવવા યોગ્ય છે અને નરકના જીવોને પણ મળી રહે છે. એટલે હે ઈશ્વર! હે મોક્ષના પતિ! તે વિષયસુખોને હું માગતો નથી. હે નાથ! જ્યાં આપના ચરણકમળનો રસ (યશઃશ્રવણ આદિનું સુખ) કે જે સર્વથી મોટા આપના ભક્તપુરુષોના હૃદયમાંથી મુખદ્વારા ઝરી રહ્યો હોય છે, તે રસ જો કદી મોક્ષપદમાં ન હોય, તો તે મોક્ષપદને પણ હું ઇચ્છતો નથી; માટે (આપના

* અર્થાત્ અર્થ તથા કામને તો તમારે પ્રાસંગિકજ ગણવા, મુખ્ય માનવા નહિ; કેમકે મુખ્ય તો ધર્મજ છે. —શ્રીધર

+ અર્થાત્ આ તો મેં તમને સંક્ષેપમાં ઉપદેશ કર્યો છે; વિશેષ ઉપદેશ સનકાદિ મુનિઓ કરશે; એટલે તમારું જ્ઞાન દૃઢ થશે અને પછી રાજ્યાધિકાર સમાપ્ત થશે, ત્યારે તમારો મોક્ષ થશે. —બાલપ્રબોધિની

* દેવો પૃથ્વીનો સ્પર્શ કરતા નથી; છતાં અહીં 'ભગવાન પૃથ્વીનો સ્પર્શ કરી રહ્યા હતા' એમ જે કહ્યું છે, તે એમ સૂચવે છે કે, ભક્ત ઉપર કૃપાને લીધે શ્રીભગવાન જાણે પોતાના સ્વરૂપને પણ ભૂલી ગયા હતા. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યશનું શ્રવણ કરવા) મને દશ હજાર કાન આપો; બસ, આ વર હું આપની પાસે માગું છું.[૨૩,૨૪] હે ઉત્તમ કીર્તિવાળા ભગવન્! મહાપુરુષોના મુખમાંથી નીકળેલો આપના ચરણકમળના રસરૂપી અમૃતના (કથામૃતના) એક કણનો વાયુ પણ તત્ત્વમાર્ગને ભૂલી ગયેલા કુયોગીઓને પુનઃ આત્મજ્ઞાન અર્પણ કરે છે; માટે અમને તો (આપની ભક્તિ વિના બીજા) વરોનું કંઈ પણ પ્રયોજનજ નથી. * હે મંગલકીર્તિ પરમાત્મન્! જે પુરુષ આપના પવિત્ર યશને સત્પુરુષોના સમાગમમાં માત્ર એકજ વાર–દૈવેચ્છાએ પણ સાંભળે છે, તે પુરુષ જો ગુણજ્ઞ હોય તો માત્ર પશુ વિના એ યશનું શ્રવણ કરતાં કેમજ અટકે? કેમકે લક્ષ્મીદેવી પોતે પણ પોતાને વિષે સર્વ ગુણોનો સંગ્રહ કરવાની ઇચ્છાથી એ આપના યશનેજ સર્વોત્તમ તરીકે સ્વીકારી રહી છે.[૨૫,૨૬] માટે હું પણ તે લક્ષ્મીદેવીની પેઠેજ (આપના ભજનમાંજ) ઉત્સુક બનીને સર્વ ગુણોના નિવાસસ્થાનરૂપ અને સમગ્ર પુરુષોમાં ઉત્તમ એવા આપનુંજ સર્વપ્રકારે ભજન કરૂં છું; પણ આપ એકજ પતિને માટે સ્પર્ધા કરનાર હું અને લક્ષ્મીદેવી બન્ને વચ્ચે (જેમ આ સમયે ઇન્દ્રની સાથે થયેલ છે તેમ) કજિયો તો નહિ થાય! કેમકે અમે બન્ને આપના એકનાજ ચરણમાં મનની એકાગ્રતાવાળાં છીએ. (તેથીજ કજિયો થવા સંભવ છે.) હે જગતના ઈશ્વર! જગતનાં માતા લક્ષ્મીદેવીની સાથે અમને વિરોધ થવાનોજ.કારણ કે લક્ષ્મીદેવીના (આપની સેવારૂપ) કાર્યમાંજ અમે પણ ઇચ્છા કરીએ છીએ; તોપણ આપ તો (જેમ હમણાં ઇન્દ્ર સાથે વિરોધ થતાં મારોજ પક્ષપાત કર્યો છે, તેજ પ્રમાણે લક્ષ્મી સાથેના વિરોધમાં પણ મારોજ પક્ષપાત કરવાના; કેમકે) ભક્તોએ કરેલી તુચ્છ સેવા વગેરેને પણ આપ બહુ માનો છો, દીન ઉપર પ્રેમ ધરાવો છો અને સ્વસ્વરૂપમાંજ રમણ કરો છો; તેથી આપને વળી લક્ષ્મીનું શું પ્રયોજન હોય? અર્થાત્ આપ તો લક્ષ્મીનો આદરજ કરતા નથી;[૨૭,૨૮] અને તેથીજ નિષ્કામ સાધુ પુરુષો જેમને વિષે માયાના ગુણોના વિલાસનું કાર્ય દૂર થયેલું છે એવા આપનું (પોતાને જ્ઞાન થઈ ગયું હોય છે, તોપણ) ભજન કર્યા કરે છે. હે ભગવન્! (મહાત્મા પુરુષોના તે ભજનમાં) આપના ચરણના સ્મરણ વિના બીજું કંઈ પણ ફળ હોય, એમ અમે જાણતા નથી.[૨૯] હું માનું છું કે, આપને ભજનાર પ્રત્યે આપ 'તું વર માગ' એમ જે કહો છો, તે આપની વાણી જગતને મોહ ઉપજાવનારી છે. કેમકે આપની વાણીરૂપ દોરીથી મનુષ્ય બંધાઇ જાય છે. જો બંધાઈ જતાં ન હોય, તો (કર્મફળમાં) મોહિત થઇને વારંવાર કર્મ કેમ કર્યા કરે છે?*[૩૦] હે ઈશ્વર! આપની માયાજ અજ્ઞાની મનુષ્યને સત્ય આત્મસ્વરૂપ એવા આપથી અલગ કરે છે, જેથી તે મૂઢ મનુષ્ય આપ વિના બીજું (સ્રીપુત્રાદિ) આપની પાસેથી ઇચ્છે છે; પણ પિતા જેમ બાળકનું હિત કરે છે, તેમ આપ પોતાની મેળેજ–અમારી વિજ્ઞપ્તિ વિનાજ અમારૂં હિત કરવાને+ યોગ્ય છો.[૩૧]

મૈત્રેય બોલ્યા:–"આદિરાજા પૃથુએ એ પ્રમાણે સ્તુતિ કરી,એટલે વિશ્વદ્રષ્ટા ભગવાને તેમને કહ્યું કે, 'હે રાજન્! તમારી મારામાં ભક્તિ

---

* અર્થાત્ અમે તો સાર વસ્તુનેજ ગ્રહણ કરનારા આપના ભક્ત છીએ; માટે આપની ભક્તિ વિના બીજા કશાનું અમને કામ નથી. કેમકે આપની ભક્તિમાંજ મોક્ષ આદિનાં સર્વ સુખોનો સમાવેશ થઇ જાય છે. —શ્રીધર

* કહેવાનો આશય એ છે કે, આપ તો કૃપાળુ છો; આપે આપનું ભજન કરનારને 'તું વર માગ' એવી વાણીથી લોભાવવા ન જોઇએ. —શ્રીધર

+ ભાવ એ છે કે, મનુષ્ય આપની માયાથીજ ખંડિત તો થયેલોજ છે–આપથી વિમુખ તો રહેજ છે; તેને વળી આપ વર મંગાવીને વિમુખ કરો, એ યોગ્ય નથી. આપે તો પિતાની પેઠે સ્વયમેવ સર્વનું હિત કરવું જોઇએ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થાઓ. બહુજ સારૂં કર્યું કે તમે મારામાં આવી–ભક્તિવાળી બુદ્ધિ કરી છે, કે જેને લીધે મનુષ્ય મારી દુસ્ત્યજ માયાને પણ તરી જાય છે.[32] માટે હે રાજા! તમે સાવધાન થઇને મારી આજ્ઞાનુ પાલન કરો. મારી આજ્ઞાનું પાલન કરનાર મનુષ્ય સર્વત્ર કલ્યાણને પ્રાપ્ત કરે છે.[33]

મૈત્રેય બોલ્યાઃ–"એ પ્રમાણે વેનના પુત્ર રાજર્ષિ પૃથુનાં અર્થયુક્ત વચનને અભિનંદન આપીને અચ્યુત ભગવાન કે જેમની પૃથુ રાજાએ પૂજા કરી હતી, તેમણે એ રાજા ઉપર અનુગ્રહ કરીને ત્યાંથી જવાનો વિચાર કર્યો.[34] તે સમયે દેવો, ઋષિઓ, પિતૃઓ, ગંધર્વો, સિદ્ધો, ચારણો, સર્પો, કિન્નરો, અપ્સરાઓ તથા મનુષ્યો, પક્ષીઓ અને બીજાં અનેક પ્રાણીઓનો પણ પૃથુ રાજાએ યજ્ઞેશ્વર–ભગવાનની બુદ્ધિથી, વાણી, ધન તથા હાથ જોડવાપૂર્વક ભક્તિથી સત્કાર કર્યો; એટલે તેઓ સર્વે ત્યાંથી પોતપોતાને સ્થાને ગયાં અને ભગવાનના પાર્ષદો તથા ભક્તો પણ પોતાના ધામમાં ગયા.[35।36] પછી અચ્યુત ભગવાન પણ ઉપાધ્યાય સહિત રાજર્ષિ પૃથુના મનને હરી લેતા હોય, તેમ પોતાના ધામમાં પધાર્યા.[37] એટલે પૃથુ રાજા પણ અવ્યક્ત છતાં (કૃપાને લીધે) જેમણે પોતાનું સ્વરૂપ દર્શાવ્યું હતું એવા અને દષ્ટિના માર્ગથી દૂર થયેલા તે દેવોના દેવને નમસ્કાર કરી પોતાના નગરમાં ગયા."[38]

अदृष्टाय नमस्कृत्य नृपः संदर्शितात्मने ।
अव्यक्ताय च देवानां देवाय स्वपुरं ययौ ॥३८॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૨૦ મો સમાપ્ત

અધ્યાય ૨૧ મો*

યજ્ઞસમયે દેવો વગેરેની મહાસભામાં પૃથુરાજાનો પ્રજાઓને ઉપદેશ

॥ मैत्रेय उवाच ॥

मौक्तिकैः कुसुमस्रग्भिर्दुकूलैः स्वर्णतोरणैः ।
महासुरभिभिर्धूपैर्मंडितं तत्र तत्र वै ॥ १ ॥

મૈત્રેય બોલ્યાઃ–"પૃથુરાજાનું તે નગર મોતીઓ, પુષ્પોની માળાઓ, વસ્ત્રો, સોનાનાં તોરણો અને અત્યંત સુગંધીદાર ધૂપો વડે સર્વ સ્થળે સુશોભિત હતું.[1] તે નગરની શેરીઓ તેમજ ચૌટાંઓના માર્ગો ચંદન તથા અગરના પાણીના છંટકાવવાળા હતા અને પુષ્પ, અક્ષત, ફળ, લીલા જવ, શાળ તથા દીવાઓથી તે નગર સુશોભિત હતું.[2] પુષ્પ તથા ફળથી યુક્ત એવા કેળના સ્તંભો તથા સોપારીના રોપાઓથી તે શોભતું હતું અને વૃક્ષોનાં પાંદડાંઓનાં તોરણોથી શણગારેલું હતું.[3] એકઠાં કરેલાં સમગ્ર મંગળો, દીવાઓ તથા ભેટો સાથે સર્વ પ્રજાઓ અને ઉજ્જ્વળ કુંડળોથી શોભતી સુંદર કન્યાઓ તે પૃથુ રાજાની સામે ગઇ.[4] પછી બ્રાહ્મણોની વેદઘોષણાઓ તથા શંખ અને દુંદુભિની ગર્જનાઓ સાથે લોકો સ્તુતિ કરતા હતા, છતાં ગર્વરહિત એવા વીર પૃથુ રાજાએ રાજમહાલયમાં પ્રવેશ કર્યો.[5] એ વેળા તે તે સ્થળે પૂજાયલા મહાયશસ્વી તે રાજાએ પણ પ્રસન્ન થઇને પ્રિય એવી ઇષ્ટ વસ્તુઓ આપીને તે તે નગરવાસીઓનો સત્કાર કર્યો.[6] એ રીતે નિર્દોષ ચરિત્રવાળા અને ગુણોથી મહાન હોઈ અતિશય પૂજ્ય એવા તે મહારાજાએ એવાં એવાં મોટાં કર્મો કરી પૃથ્વીમંડળ પર રાજ્ય કર્યું હતું અને પોતાનો ઉજ્જ્વળ યશ પૃથ્વી પર સ્થાપીને પરમપદ પ્રાપ્ત કર્યું હતું."[7]

સૂત પૌરાણિક બોલ્યાઃ– હે શૌનક! ગુણોથી

* આ અધ્યાયમાં પૃથુ રાજાએ દેવો વગેરેની મહાસભામાં પ્રજાઓને ઉપદેશ આપ્યો, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિકસિત અને ગુણવાન પુરુષોએ માન્ય કરેલો આદિરાજા પૃથુનો તે યશ એ પ્રમાણે મૈત્રેય ઋષિ વર્ણવી રહ્યા હતા, ત્યારે ભગવાનના મહાન ભક્ત વિદુરજીએ તેમનો સત્કાર કરીને આ પ્રમાણે કહ્યું.૮

વિદુરજી બોલ્યાઃ–"બ્રાહ્મણોએ જેનો રાજ્યાભિષેક કર્યો હતો, એવા પૃથુરાજાએ સમગ્ર દેવોનો સત્કાર પ્રાપ્ત કર્યો હતો; પોતાના બાહુમાં વિષ્ણુનું તેજ ધારણ કરી પૃથ્વીનું દોહન કર્યું હતું અને તે પૃથ્વીના દોહનરૂપ જેમના પરાક્રમના ઉચ્છિષ્ટ ભોગોને હજી સુધી સર્વ રાજાઓ તથા લોકપાલો સહિત સર્વે લોકો ભોગવી રહ્યા છે, એવા તે પૃથુ રાજાની કીર્તિને કયો ગુણજ્ઞ પુરુષ ન સાંભળે? માટે તે પૃથુ રાજાનાં શુદ્ધ કર્મ તમે મને કહો."૯।૧૦

મૈત્રેય બોલ્યાઃ–"એ પૃથુ રાજા ગંગા–યમુનાની વચ્ચેના ક્ષેત્રમાં વસતા હતા અને પોતાનાં પૂર્વકર્મોથી પ્રાપ્ત થયેલા ભોગોનેજ કેવળ પુણ્યકર્મોનો ક્ષય કરવા માટે ભોગવતા હતા.+૧૧ તેમની આજ્ઞા સર્વત્ર અસ્ખલિત હતી અને બ્રાહ્મણકુળ તથા ભગવાનના ભક્તો વિના સાતે દ્વીપોમાં પોતે એકજ (કોઇ પણ અપરાધીને) શિક્ષા કરતા હતા.૧૨ હે સજ્જનોમાં ઉત્તમ વિદુરજી! એક સમયે તે રાજાએ મહાન યજ્ઞની દીક્ષા લીધેલી અને તે વેળા ત્યાં બ્રહ્મર્ષિઓ તથા રાજર્ષિઓની સભા એકત્ર થઈ હતી.૧૩ તેમાં સર્વના પૂજ્ય પુરુષોની યથાયોગ્ય પૂજા થઈ રહ્યા પછી તારાઓમાં ચંદ્રમાની પેઠે સભાની વચ્ચે પૃથુ રાજા ઊભા થયા.૧૪ એ રાજા શરીરે ઊંચા હતા. તેમની ભુજાઓ પુષ્ટ અને લાંબી હતી; વર્ણ ગૌર હતા; તેમનાં નેત્રો કમળના જેવાં લાલ હતાં; નાસિકા ને મુખ સુંદર હતાં; સ્વભાવે સૌમ્ય હતા; તેમના ખભાઓ પુષ્ટ હતા; દાંત અને મંદ હાસ્ય સુંદર હતાં, છાતી વિશાળ હતી; કેડનો પાછલો ભાગ મોટો હતો, પેટ ત્રણ કરચલીઓ વડે સુંદર હતું અને પીપળાનાં પાંદડાંની પેઠે ઉપરથી પહોળું તથા નીચેથી સાંકડું હતું; નાભિ પાણીમાં પડતી ઘૂમરીના જેવી ઊંડી હતી; શરીરે બળવાન હતા; તેમની બન્ને સાથળો સુવર્ણના જેવી ઉજ્જ્વળ હતી; બન્ને પગ આગળના ભાગમાં ઉન્નત હતા; કેશ સૂક્ષ્મ, વાંકડિયા, કાળા ને ચળકતા હતા; ડોક શંખની પેઠે ત્રણ રેખાઓથી ચિહ્નિત હતી, મહાકીમતી બે વસ્ત્રોમાંથી એક તેમણે પહેર્યું હતું અને બીજા વસ્ત્રને ખેસરૂપે નાખીને પોતાના સમગ્ર શરીરના અવયવોની શોભા પ્રકટ કરી હતી; તેમણે યજ્ઞદીક્ષાનો નિયમ લીધો હોવાથી સર્વ આભૂષણોનો ત્યાગ કર્યો હતો; કાળું મૃગચર્મ ધારણ કર્યું હતું; શરીરે કાંતિમાન હતા; હાથમાં દર્ભ લીધા હતા અને સર્વ યોગ્ય કર્મો કર્યાં હતાં. સંતાપને દૂર કરનાર અને સ્નેહાળ દૃષ્ટિવાળા તે રાજાએ (ઊભા થઇ પ્રથમ) ચારે તરફ દૃષ્ટિ કરી અને પછી સભાને હર્ષ ઉપજાવતા હોય, તેમ સુંદર ને વિચિત્ર પદવાળું, ઉત્તમ, શુદ્ધ અને ગંભીર અર્થવાળું વાક્ય જાણે પોતે અનુભવીને અનુવાદ કરતા હોય, તેમ અવ્યાકુળપણે કહેવા લાગ્યાઃ૧૫–૨૦

પૃથુ રાજા બોલ્યાઃ–'હે સજ્જન સભાસદો! તમારૂં કલ્યાણ થાઓ. તમે જેઓ આ યજ્ઞમાં પધાર્યા છો, તેઓ મારાં વચન સાંભળો. ધર્મની જિજ્ઞાસાવાળા પુરુષોએ સજ્જનો સમક્ષ પોતાને જણાવવાનું જણાવવું જોઇએ.*૨૧ મને (મુનિઓએ) સર્વનું રક્ષણ કરનાર, સર્વને આજીવિકા આપનાર, સર્વને પોતપોતાની મર્યાદામાં જુદાં જુદાં સ્થાપનાર અને (કુમાર્ગે જનારાઓને)

+ અર્થાત્ પુણ્યકર્મનો પણ ભોગ કરીને ક્ષય કરી નાખવો, કેમકે તે પણ બંધનકારક છે. આવા અભિપ્રાયથીજ પૂર્વજન્મનાં પુણ્યકર્મથી પ્રાપ્ત થયેલા ભોગોને તે ભોગવતો હતો, બીજા ભોગો સંપાદન કરવા માટે તે પ્રયત્ન કરતો ન હતો અને ભોગ ભોગવીને સુખની ઇચ્છા રાખતો ન હતો. —બાલપ્રબોધિની

*કહેવાનો ભાવ એ છે કે, પ્રજાઓને શિક્ષણ આપવાને બહાને હું મારી જિજ્ઞાસાજ જણાવું છું; નહિ કે તમારી પાસે ધર્મપ્રવચન કરૂં છું. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શિક્ષા કરનાર પ્રજાઓના રાજા તરીકે નીમ્યો છે. માટે પૂર્વકર્મના સાક્ષી ઈશ્વર જેના પર પ્રસન્ન થાય છે તે મનુષ્યને સર્વ કામનાઓ પૂર્ણ કરનારા જે લોકની પ્રાપ્તિ વેદવાદીઓ કહે છે, તે લોકની પ્રાપ્તિ આ પ્રજારક્ષણનું કાર્ય કરવાથી મને પણ થશે.[૨૨।૨૩] જે રાજા પ્રજાઓને ધર્મનું શિક્ષણ આપતો નથી, છતાં તેઓની પાસેથી કર તો લે છે, તે રાજા પ્રજાઓનાં પાપ ભોગવે છે અને પોતાના ઐશ્વર્યનો ત્યાગ કરે છે–પોતાના ઐશ્વર્યથી ભ્રષ્ટ થાય છે.[૨૪] માટે હે પ્રજાઓ! તમારા સ્વામી મને પિંડદાનની પેઠે પરલોકમાં હિત કરવા માટે ઈર્ષ્યારહિત થઇને તથા શ્રીભગવાન વિષે બુદ્ધિવાળા થઇને–શ્રીવાસુદેવાર્પણ દૃષ્ટિએ જો તમે તમારા ધર્મનુંજ આચરણ કરો તો તમે મારા પર અનુગ્રહ કર્યો ગણાશે;[૨૫] અને હે નિષ્પાપ પિતૃઓ! દેવો! તથા ઋષિઓ! તમે પણ મારા આ વચનને અનુમોદન આપો. કેમકે ધર્માચરણ માટે શિક્ષણ આપનાર તથા અનુમોદન આપનાર–બન્નેને પરલોકમાં જે ફળ પ્રાપ્ત થાય છે, તે સમાનજ હોય છે.[૨૬] હે મહાપૂજ્ય સત્પુરુષો! (નાસ્તિકો સિવાય) કેટલાક પુરુષો માને છે કે, 'યજ્ઞના પતિ'–એ નામે કોઇ પરમેશ્વર છે; કેમકે આ લોકમાં તથા પરલોકમાં કોઇ કોઇ સ્થળે પ્રકાશયુક્ત ભોગભૂમિઓ અને કાંતિમાન શરીરો જોવામાં આવે છે–અર્થાત્ આવી જગતની વિચિત્રતા ઈશ્વર વિના હોઇ શકે નહિ; માટે ઈશ્વર÷ છેજ. મનુ, ઉત્તાનપાદ રાજા, ધ્રુવ, રાજર્ષિ પ્રિયવ્રત, અમારા દાદા અંગ રાજા અને આવા આવા બીજા પણ બ્રહ્મા, શિવ, પ્રહ્લાદ તથા બલિરાજાને પણ શ્રીભગવાન સાથે પ્રયોજન પડ્યું છે–અર્થાત્ આવા આવા અનેક વિદ્વાનોએ માન્યું છે કે; કર્મ જડ છે અને તે કર્મના ફળદાતા ઈશ્વર છેજ.[૨૭] માત્ર મૃત્યુની પુત્રીના પુત્ર વેન રાજા વગેરે નાસ્તિકો કે જેઓ ધર્મના વિષયમાં મૂઢ બન્યા હતા અને તેથીજ શોકપાત્ર ગણાયા છે તેઓ વિના બીજા સર્વ કોઇ આસ્તિક પુરુષોને તો ઈશ્વર સાથે કામ છેજ–સર્વ કોઇ આસ્તિક વિદ્વાનોએ તો ઈશ્વરના અસ્તિત્વને સ્વીકાર્યુંજ છે. કેમકે ધર્મ, અર્થ, કામ, સ્વર્ગ ને મોક્ષ–એ સર્વમાં એકસ્વરૂપે અનુસરીને રહેલો કોઇ ઈશ્વરરૂપ હેતુ હોવોજ જોઇએ.× જેમ ભગવાનના ચરણમાંથી નીકળેલાં ગંગાજી મનુષ્યોનાં પાપનો નાશ કરે છે, તેમ જે ભગવાનના ચરણની સેવામાં પ્રતિદિન વધતી સાત્ત્વિકી પ્રીતિ સંસારથી તપેલા મનુષ્યોના સમગ્ર જન્મોથી એકઠા થયેલા બુદ્ધિના મેલનો તત્કાળ નાશ કરે છે અને એ રીતે જેના મનના સમગ્ર મેલનો નાશ થયો છે, એવો પુરુષ વૈરાગ્યવાન થાય છે; વૈરાગ્યથી તેને વિજ્ઞાનનો વિશેષ સાક્ષાત્કાર થાય છે અને પછી તે સાક્ષાત્કારરૂપ વીર્યથી યુક્ત થયેલો તે પુરુષ શ્રીભગવાનના ચરણમાંજ નિવાસ કરે છે; જેથી દુઃખજનક એવા આ સંસારને ફરી કદી પામતો નથી.[૨૮–૩૨] તો તમે પણ નિષ્કપટ થઇને પોતપોતાની આજીવિકાઓ, મન–વચન–કાયાના ગુણ, ધ્યાન–સ્તુતિ–પૂજા વગેરે અને પોતપોતાનાં નિત્ય–નૈમિત્તિક કર્મો–એ સર્વથી

÷ કદાચ કોઈ કહે કે કર્મ કરવાં તે ઠીક છે, પણ તે કર્મો ઈશ્વરને અર્પણ કરવાં તે ઠીક નથી; કેમકે ઈશ્વર જેવી કોઇ વસ્તુજ નથી. આમ કહેનારાઓને ઉદ્દેશીને આ શ્લોક કહ્યો છે. કદાચ કોઇ એવીજ શંકા કરે કે, એવી જગતની વિચિત્રતા તો સૌ કોઇનાં ભિન્નભિન્ન કર્મોને લીધે સંભવે છે; તેમાં વળી ઈશ્વરનું શું કામ છે? આ શંકાનું સમાધાન કરવા માટે 'કર્મફળદાતા કોઇ ઈશ્વર છે' એ વાતને વિદ્વાનોના અનુભવ સાથે હવે પછીના ત્રણ શ્લોકમાં કહે છે. —ભા૦ ક૦

× કહેવાનો ભાવ એ છે કે, કર્મ તો જડ છે, તેથી તે ફળદાતા હોઇ શકે નહિ; વળી દેવતાઓ સ્વતંત્ર નથી, એટલે તેઓને પણ ફળદાતા તરીકે સ્વીકારાય નહિ; ઉપરાંત કર્મ સરખું હોય છે, છતાં ફળમાં ફેર પડતો જોવામાં આવે છે અને કોઈ વખતે કર્મ કરવા છતાં ફળ મળતું પણ નથી. આ ઉપરથી જણાય છે કે, સ્વતંત્રપણે ફળ આપનાર, ફળ નહિ આપનાર અથવા વિપરીત ફળ આપનાર કોઇ સમર્થ પરમેશ્વર હોવાજ જોઇએ. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જેમનું ચરણકમળ સર્વ કામનાઓને પૂર્ણ કરે છે, તે શ્રીભગવાનનુંજ ભજન કરો; જેથી પોતપોતાના અધિકારાનુસાર અવશ્ય કાર્યસિદ્ધિ થશેજ.×૩૩ કેમકે એ ભગવાનજ સ્વસ્વરૂપે વિશુદ્ધ છે, વિજ્ઞાનઘન છે અને ગુણરહિત છે; તોપણ આ કર્મમાર્ગમાં જાતજાતનાં દ્રવ્યોથી, તે તે દ્રવ્યોના વર્ણોથી, ખાંડવું વગેરે ક્રિયાઓથી, મંત્રોથી, અર્થોથી, સંકલ્પોથી, પદાર્થોની શક્તિથી અને જ્યોતિષ્ટોમ આદિ નામોથી અનેક વિશેષણો વાળા યજ્ઞરૂપ થાય છે. (શ્રુતિ પણ કહે છે—'**यज्ञो वै विष्णुः**' યજ્ઞ એ વિષ્ણુજ છે.)§૩૪ જેમ અગ્નિ લાકડામાં રહીને તે લાકડાની પેઠેજ લાંબો અને અને વાંકો—ચૂંકો વગેરે ગુણોવાળો જણાય છે, (વસ્તુતઃ તો તે અગ્નિ કેવળ પ્રકાશસ્વરૂપજ છે), તેજ પ્રમાણે ભગવાન પણ કેવળ પરમાનંદસ્વરૂપ છે, તોપણ પ્રકૃતિ, પ્રકૃતિને ક્ષોભ પમાડનાર કાળ, વાસના અને પુણ્ય—પાપરૂપી અદૃષ્ટથી ઉત્પન્ન થયેલા—આ શરીરમાં વિષયાકાર બુદ્ધિને પામીને યજ્ઞ—યાગાદિ ક્રિયાના ફળરૂપે જણાય છે—અર્થાત્ યજ્ઞ—યાગાદિ ક્રિયાનાં ફળ પણ ભગવત્સ્વરૂપજ છે. અહો ! અત્યંત આનંદની વાત છે કે, મારી આ પ્રજાઓ પૃથ્વી પર પોતાના વ્રતમાં દૃઢ રહીને પોતપોતાના ધર્મના યોગથી યજ્ઞભોક્તા—દેવોના પણ અધીશ્વર તથા ગુરુ એવા શ્રીહરિનું નિરંતર યજન કરી રહી છે અને (તે દ્વારા) મારા પર અનુગ્રહ કરી રહી છે.૩૫।૩૬ વળી જે બ્રાહ્મણો તથા ભગવાનના ભક્તોનાં કુળ મોટી મોટી સમૃદ્ધિઓ વિના પણ ક્ષમા, તપ અને વિદ્યા વડે પોતાની મેળે અત્યંત પ્રકાશી રહ્યાં છે, તેમના ઉપર (અમારા) રાજકુળનું તેજ કદી પણ પ્રભાવ ન કરો—રાજકુળનું તેજ બ્રાહ્મણકુળ તથા ભગવદ્‌ભક્તોનાં કુળ ઉપર પોતાની સત્તા ન ચલાવે, એ મારી પ્રાર્થના છે.૩૭ અરે ! પુરાણપુરુષ શ્રીહરિ પોતે પણ બ્રાહ્મણો પર ભક્તિ રાખે છે અને બ્રાહ્મણોના ચરણોને વંદન કરવાથી પોતે અવિનાશી લક્ષ્મી તથા જગતને પવિત્ર કરનાર યશ પામ્યા છે અને અતિ મહાન પુરુષોને પણ પૂજ્ય થયા છે;÷૩૮ જે બ્રાહ્મણોના કુળની સેવાથી પ્રાણીમાત્રની હૃદયગુહામાં વસનારા સ્વયંપ્રકાશ ઈશ્વર અત્યંત પ્રસન્ન થાય છે; કેમકે ઈશ્વરને બ્રાહ્મણો પ્રિય છેઃ માટે શ્રીહરિના લોકસંગ્રહરૂપ ધર્મમાં તત્પર રહેનારા પુરુષોએ વિનયયુક્ત થઇને તે બ્રાહ્મણકુળનીજ અત્યંત સેવા કરવી.૩૯ જે* બ્રાહ્મણકુળનો નિત્ય સંબંધ રાખી સેવા કરવા વડે પુરુષ પોતાની મેળેજ જ્ઞાનના અભ્યાસ વિના પણ ઉત્તમ કલ્યાણ—મોક્ષને સંપાદન કરે છે. કેમકે તેમની સેવાથી મનુષ્યનું ચિત્ત તત્કાળ શુદ્ધ થાય છે; તો આવા બ્રાહ્મણો વિના બીજું વળી દેવોનું મુખ અહીં કયું છે ? અર્થાત્ બ્રાહ્મણોની સેવાથીજ યજ્ઞાદિનું ફળ—જ્ઞાનફળ વગેરે સર્વ કંઈ પ્રાપ્ત થાય છે. 'ભગવાન સર્વ દેવમય છે અને ચૈતન્યમૂર્તિ છે' આવું તત્ત્વજ્ઞાન ધરાવતા વિદ્વાન પુરુષોએ જે બ્રાહ્મણોના મુખમાં, પૂજ્ય ઇન્દ્રાદિ દેવો-

× ૩૧-૩૨-૩૩ આ ત્રણ શ્લોકથી એ કહેવા માગે છે કે, જીવોને મોક્ષ આપનાર પરમેશ્વરજ છે; કોઇ દેવતાઓ મોક્ષ આપી શકતા નથી. કેમકે દેવો પણ એક જાતના જીવજ છે ને! —શ્રીધર

§ તાત્પર્ય એ છે કે, પોતપોતાનાં કર્મ—યજ્ઞયાગાદિથી પરમેશ્વરનું ભજન કરવું, તે પણ '**ब्रह्मार्पणं ब्रह्म हविः**' એ ન્યાય પ્રમાણે સર્વ યજ્ઞો, યજ્ઞોનાં અંગો તથા તેનાં ફળમાં ભગવદ્દૃષ્ટિ રાખીનેજ કરવું; નહિ કે ભેદદૃષ્ટિથી. —શ્રીધર

÷ ૩૭-૩૮ આ શ્લોકમાં જણાવેલી પૃથુ જેવા મહારાજાની બ્રાહ્મણભક્તિ શું દર્શાવે છે? બ્રાહ્મણોનું અગાધ સામર્થ્ય દર્શાવે છે; ઈશ્વિરસાક્ષાત્કારમાં બ્રાહ્મણોનેજ નિમિત્ત મનાવે છે; પણ તે બ્રાહ્મણો આજના જેવા બ્રાહ્મણો તો નહિજ હોય. —મા. ક.

* કદાચ કોઇ કહે કે, નિત્ય બ્રાહ્મણકુળનીજ સેવા કર્યા કરવાથી સર્વ દેવોના મુખરૂપ અગ્નિમાં યજ્ઞાદિ ક્રિયા થઇ શકે નહિ; અને તે વિના ચિત્ત શુદ્ધ થાય નહિ; અને ચિત્તશુદ્ધિ વિના મોક્ષ મળે નહિ તેનું કેમ? એના ઉત્તરમાં આ શ્લોક છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ના નામે શ્રદ્ધાપૂર્વક હોમેલા હવિષને, ઉપનિષદોએ જ્ઞાનઘન તરીકે વર્ણવેલા અથવા જ્ઞાનનિષ્ઠ પરમહંસ પુરુષોએ પ્રાપ્ત કરવા યોગ્ય એવા અથવા ઇન્દ્રિયોના નિયંતા અને જ્ઞાનસ્વરૂપ હોઇ સર્વના અંતર્યામી એવા અનંત ભગવાન જે પ્રમાણે જમે છે, તે પ્રમાણે જડ એવા અગ્નિ વિષે હોમેલું જમતા નથી–અર્થાત્ શ્રીહરિનું મુખ પણ બ્રાહ્મણોજ છે. બ્રાહ્મણોને જમાડવાથી શ્રીહરિનેજ જમાડ્યા ગણાય છે. વળી જે બ્રાહ્મણો શ્રદ્ધા, તપ, §મંગળ, મૌન,‡ સંયમ અને ચિત્તની સ્થિરતાપૂર્વક શુદ્ધ અને સનાતન એવા વેદનું નિત્ય ધારણ કરે છે, પઠન–પાઠન કરે છે અને તેના અર્થનો પણ વિચાર કર્યા કરે છે, કે જે વેદમાં દર્પણમાં જેમ મુખ દેખાય છે, તેમ આ વિશ્વનું સ્વરૂપ દેખાય છે;[૪૦–૪૨] તે બ્રાહ્મણોના ચરણકમળની રજને હે આર્યજનો! હું જ્યાંસુધી જીવું, ત્યાંસુધી મારા મુકુટ પર ધારણ કરૂં, એવી મારી પ્રાર્થના છે. કેમકે જે ચરણરજને નિત્ય ધારણ કરતા પુરુષનાં પાપ સત્વર વિનાશ પામે છે અને સર્વ ગુણો તે પુરુષને પ્રાપ્ત થાય છે.[૪૩] અને એ પ્રમાણે ગુણોનું પાત્ર બનેલા, શીલરૂપી ધનવાળા, કૃતજ્ઞ અને વૃદ્ધ પુરુષોનો આશ્રય કરનારા તે પુરુષને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ નામની સંપત્તિઓ અનુક્રમે સારી રીતે પ્રાપ્ત થાય છે; માટે તે બ્રાહ્મણકુળ, ગાયોનું કુળ તથા ભક્ત સહિત ભગવાન મારા પર પ્રસન્ન થાઓ.'[૪૪]

મૈત્રેય બોલ્યાઃ–"પૃથુ રાજાએ એ પ્રમાણે કહ્યું, એટલે સદાચારનિષ્ઠ એવા પિતૃઓ, દેવો તથા બ્રાહ્મણો પ્રસન્નચિત્તે 'ધન્ય, ધન્ય' એમ કહીને તેમની સ્તુતિ કરવા લાગ્યા;[૪૫] ને બોલ્યા કે, '**पुत्रेण जयते लोकान्**'–પુત્ર વડે મનુષ્ય સર્વ લોકને જિતે છે;–આ વેદશ્રુતિ સાચી છે. કેમકે બ્રહ્મદંડથી નાશ પામેલો પાપી વેન (આ પુત્ર વડે) નરકને તરી ગયો છે.[૪૬] હિરણ્યકશિપુ પણ ભગવાનની નિંદાથી નરકમાં પડવાની તૈયારીમાં હતો; પરંતુ પ્રહ્લાદના પ્રભાવથી નરકને તરી ગયો છે.[૪૭] હે વીર પુરુષોમાં શ્રેષ્ઠ! હે પૃથ્વીના પિતા! તમે અનેક વર્ષો સુધી સારી રીતે સુખપૂર્વક જીવો; કેમકે સર્વ લોકના એક સ્વામી શ્રીઅચ્યુત ભગવાન વિષે તમારી આવી ભક્તિ છે.[૪૮] અહો! હે પવિત્ર કીર્તિવાળા! તમે અમારા નાથ છો, તેથીજ હવે અમે શ્રીભગવાનરૂપી નાથવાળા થયા છીએ–તમે નાથ હોવાથીજ અમે ભગવાનના ભક્ત થઇ શક્યા છીએ; કેમકે તમે અત્યંત ઉત્તમ કીર્તિવાળા અને બ્રાહ્મણોનું રક્ષણ કરનારા શ્રીવિષ્ણુ ભગવાનની કથા કહો છો.[૪૯] હે નાથ! પોતાના સેવકોને તમે આવો ઉત્તમ ઉપદેશ આપો એ કંઈ આશ્ચર્ય નથી. કેમકે પ્રજાઓ ઉપર પ્રેમ રાખવો તે દયાળુ મહાપુરુષોનો સ્વભાવ હોય છે.[૫૦] હે પ્રભો! પ્રારબ્ધનું નામ ધારણ કરનારાં કર્મોને લીધે (આજ દિવસ સુધી) વિનાશ પામેલી દૃષ્ટિવાળા થઇને ભટકી રહેલા અમારા અજ્ઞાનરૂપી અંધકારનો આજે તમે અંત આણ્યો છે–આજ અમારૂં અજ્ઞાન તમે દૂર કર્યું છે.[૫૧] પોતાના તેજથી તમે બ્રાહ્મણજાતિમાં પ્રવેશ કરીને ક્ષત્રિયજાતિનું રક્ષણ કરો છો; ક્ષત્રિયજાતિમાં પ્રવેશ કરીને બ્રાહ્મણજાતિનું રક્ષણ કરો છો અને તે બન્ને જાતિમાં પ્રવેશ કરીને આ જગતનું રક્ષણ કરો છો. તે વૃદ્ધિ પામેલા સત્ત્વગુણવાળા તમને–મહાપુરુષને અમે નમસ્કાર કરીએ છીએ.'[૫૨]*

नमो विवृद्धसत्त्वाय पुरुषाय महीयसे ।
यो ब्रह्मक्षत्रमाविश्य बिभर्तीदं स्वतेजसा ॥ ५२॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૨૧ મો સમાપ્ત

---

§ મંગળ એટલે–
प्रशस्ताचरणं नित्यमप्रशस्तस्य वर्जनम् ।
एतद्धि मंगलं प्रोक्तमृषिभिस्तत्त्वदर्शिभिः ॥
અર્થાત્ નિત્ય ઉત્તમ કર્મોનું આચરણ અને દુષ્ટ કર્મોનો ત્યાગ–તેને તત્ત્વદ્રષ્ટા મુનિઓ મંગળ કહે છે. શ્રી૦

‡ મૌન એટલે અધ્યયનમાં વિઘ્ન કરનારી વાર્તાનો ત્યાગ. —श्रीधर

* આ શ્લોકથી બ્રાહ્મણો વગેરે સર્વ પ્રજાએ પૃથુ રાજાને ઈશ્વરદૃષ્ટિએ પ્રણામ કર્યા છે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

अध्याय २२ मो×

પૃથુ રાજાને ભગવાન સનત્કુમારનો ઉત્તમ જ્ઞાનોપદેશ

॥ मैत्रेय उवाच ॥

जनेषु प्रगृणत्स्वेवं पृथुं पृथुलविक्रमम् ।
तत्रोपजग्मुर्मुनयश्चत्वारः सूर्यवर्चसः ॥ १ ॥

મૈત્રેય બોલ્યાઃ–"વિશાળ પરાક્રમવાળા પૃથુ રાજાને મનુષ્યો એ પ્રમાણે કહી રહ્યા હતા તેવામાં સૂર્યસમાન તેજસ્વી ચાર મુનિઓ ત્યાં પધાર્યા.[૧] લોકોને પાપરહિત કરતી કાંતિ વડે આ સનકાદિ મુનિઓ છે, એમ જણાયલા અને આકાશમાંથી ઊતરતા તે સિદ્ધેશ્વરોને પૃથુ રાજાએ પોતાના પરિવાર સાથે જોયા; એટલે તરતજ તેમના દર્શનથી ઊંચે ચડી ગયેલા પ્રાણોને પાછા લેવા ઇચ્છતા હોય, તેમ ઊભા થઇ ગયેલા પૃથુ રાજા જેમ જીવ ઇન્દ્રિયોના વિષયોની સામે જાય, તેમ પોતાના સભાસદો તથા અનુચરો સાથે એ મુનિઓની સામે ગયા અને તેમના પ્રત્યેના માનથી વશ થયેલા તેમજ વિનયથી જેમનું મસ્તક નમી ગયું હતું, એવા સભ્ય પૃથુ રાજાએ અર્ઘ્ય તથા આસન જેમણે ગ્રહણ કર્યાં હતાં, એવા તે મુનિઓની પૂજા કરી; તથા તેમના ચરણો ધોઇને તે પવિત્ર જળથી પોતાના કેશબંધન ઉપર માર્જન કર્યું અને તેથી પોતે જાણે સદાચારીઓના આચારને માન આપતા હોય તેવું આચરણ કર્યું.[૨–૫] તે પછી પોતાનાં આસનો ઉપર (વેદિકાઓમાં) જાણે અગ્નિઓ બિરાજ્યા હોય, તેમ સુવર્ણનાં આસનો પર બિરાજેલા અને મહાદેવના મોટા ભાઇ તે સનકાદિ મુનિઓને શ્રદ્ધાળુ ને જિતેન્દ્રિય એવા પૃથુ રાજાએ પ્રસન્ન થઇ આ પ્રમાણે કહ્યું.[૬]

પૃથુ રાજા બોલ્યાઃ–' હે મંગળ આશ્રયવાળા કુમારો! મને આશ્ચર્ય થાય છે કે, એવું તે કયું મંગળ મેં કર્યું હશે કે જેથી યોગીઓને પણ જેમનું દર્શન દુર્લભ છે, એવાં આપનાં મને દર્શન થયાં?[૭] (અથવા એમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી, કેમકે) જેના ઉપર બ્રાહ્મણો, શંકર તથા ભક્તો સહિત વિષ્ણુ ભગવાન પ્રસન્ન છે, તેને આ લોકમાં કે પરલોકમાં શું અત્યંત દુર્લભ છે? અર્થાત્ કંઇ પણ દુર્લભ નથી. જેમ સર્વના દ્રષ્ટા આત્માને આ જગતના કારણરૂપ મહત્તત્ત્વ વગેરે અથવા બ્રહ્મા વગેરે સર્વે જાણી શકતા નથી, તેમ આપ સર્વ લોકમાં વિચરો છો, છતાં આપને લોકો જાણી શકતા નથી. જે ગૃહસ્થોનાં ઘર પૂજ્ય પુરુષોને સ્વીકારવા યોગ્ય જળ, ઘાસ, ભૂમિ, ઘરધણી તથા બીજા નોકરચાકરોવાળાં હોય છે–અર્થાત્ જે ગૃહસ્થોના ઘરની તે તે વસ્તુઓનો પૂજ્ય પુરુષો સ્વીકાર કરે છે તેવા ઉત્તમ ગૃહસ્થો ભલે પછી નિર્ધન હોય, તોપણ કૃતાર્થ છે; પણ જેઓનાં ઘર ભગવદ્ભક્તોનાં ચરણરૂપી તીર્થથી શૂન્ય છે તે ઘર ભલે પછી પરિપૂર્ણ સંપત્તિઓવાળાં હોય, તોપણ સર્પોને રહેવાનાં વૃક્ષો જેવાં છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! આપ ભલે પધાર્યા. જે આપ બાળક હોવા છતાં ધીર અને મોક્ષની ઇચ્છાવાળા થઇને શ્રદ્ધાપૂર્વક મોટાં મોટાં વ્રતોનું આચરણ કરો છો.÷ હે નાથ! ઇન્દ્રિયોના વિષયોનેજ પુરુષાર્થ તરીકે માનનારા અને પોતાનાં કર્મોને લીધે દુઃખોના ક્ષેત્રરૂપ આ સંસારમાં પડેલા અમારૂં કુશળ તો છે ને? કેમકે કેવળ આત્મામાંજ રમણ કરનારા આપને કુશળપ્રશ્ન કરવો તે યોગ્ય નથી. કારણ કે આપને વિષે તો કુશળ–અકુશળવાળી બુદ્ધિની વૃત્તિઓ છેજ નહિ. માટે સંસારતાપથી બળી રહેલાઓના મિત્રરૂપ એવા આપના ઉપર વિશ્વાસ કરીને હું પૂછું છું કે, આ સંસારમાં કયા ઉપાયથી સત્વર કલ્યાણ થઇ શકે છે? ખરેખર, ધીર પુરુષોને વિષે આત્મા તરીકે પ્રકાશતા અને

× આ અધ્યાયમાં શ્રીહરિના કહેવા ઉપરથી ભગવાન સનત્કુમારે પૃથુ રાજાને સર્વોત્કૃષ્ટ જ્ઞાનનો ઉપદેશ કર્યો, એ કથા કહેવાશે. —શ્રીધર

÷ અથવા જે આપનાં મોટાં મોટાં વ્રતોને વીર મુમુક્ષુઓ બાળક હોવા છતાં આચરવા માંડે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રત્યેક આત્માના પ્રકાશક અજન્મા ભગવાનજ પોતાના ભક્તો પર અનુગ્રહ કરવા માટે આપ-રૂપી સિદ્ધસ્વરૂપે આ પૃથ્વી પર વિચરે છે–અર્થાત્ આપ અન્ય યોગીઓ જેવા નથી, પણ સાક્ષાત્ ભગવાનજ છો.'૮–૧૬

મૈત્રેય બોલ્યાઃ–"પૃથુરાજાનું તે ન્યાયવાળું, ગંભીર અર્થવાળું, અલ્પ અક્ષરોવાળું અને કાનને પ્રિય એવું સુંદર ભાષણ સાંભળીને પ્રીતિથી જાણે મંદ મંદ હસતા હોય તેમ સનત્કુમાર તેના પ્રત્યે કહેવા લાગ્યા.૧૭

સનત્કુમાર બોલ્યાઃ–'હે મહારાજા ! જોકે તમે વિદ્વાન છો, સર્વ કંઇ જાણો છો, છતાં સર્વ પ્રાણીઓના હિતમાં મન કરીને તમે આ ઉત્તમ પ્રશ્ન પૂછ્યો છે. કેમકે સત્પુરુષોની બુદ્ધિ આવીજ હોય છે. સત્પુરુષોનો સમાગમ પરસ્પર બન્નેને માન્ય હોય છે–વક્તા શ્રોતા બન્નેને ઇષ્ટ હોય છે;÷કેમકે જેઓનો સંભાષણપૂર્વક ઉત્તમ પ્રશ્ન સૌ કોઇનું કલ્યાણ કરે છે. હે રાજન્ ! ભગવાનના ચરણકમળના ગુણોનું શ્રવણ કરવામાં તમને પ્રીતિ છેજ, કે જે પ્રીતિ દુર્લભ હોઇને મનની અંદર રહેલા કામરૂપી મેલનો તથા માન–માયા આદિ કષાયનો અત્યંત નાશ કરે છે. ઉત્તમ વિચારવાળાં શાસ્ત્રોમાં મનુષ્યોના કલ્યાણનું આટલુંજ કારણ સારી પેઠે નક્કી કરવામાં આવ્યું છે કે, આત્માથી ભિન્ન એવા દેહાદિ ઉપર વૈરાગ્ય કરવો અને નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ આત્મા ઉપર પ્રીતિ કરવી; (બસ, તેજ મનુષ્યોના કલ્યાણનું કારણ છે.) ૧૮–૨૧ શ્રદ્ધાપૂર્વક + ભગવદ્ધર્મનું પાલન કરવાથી, તે તે કલ્યાણના સાધનોરૂપ વિષયોને જાણવાની ઇચ્છાથી, આધ્યાત્મિક યોગ–યમનિયમાદિ ઉપર નિષ્ઠા રાખવાથી, યોગેશ્વરોની સેવાથી, નિત્ય પવિત્ર યશવાળા શ્રીહરિની કથા સાંભળવાથી, ધનાદિ અર્થમાં પ્રીતિવાળા તામસી મનુષ્યો અને ઇન્દ્રિયોના વિષયો પર પ્રીતિવાળા રજોગુણી મનુષ્યો સાથે ગોષ્ઠી કરવાની તૃષ્ણાનો ત્યાગ કરવાથી, તેવા તામસી ને રાજસી મનુષ્યોને પ્રિય એવા અર્થો તથા કામો ઉપર આસક્તિ નહિ રાખવાથી, એકાંતસેવનમાં પ્રીતિ કરવાથી, કેવળ આત્માને વિષેજ સંતોષ રાખવાથી, શ્રીહરિના ગુણોરૂપી અમૃતનું પાન કરવામાં સંતોષ નહિ રાખવાથી, અહિંસાનું પાલન કરવાથી, ઉપશમાદિક પરમહંસોની વૃત્તિ ધારણ કરવાથી ભગવાનનાં ચરિત્રરૂપી શ્રેષ્ઠ અમૃતના સ્મરણથી, નિષ્કામભાવે યમનિયમોના પાલનથી, કોઈ પણ માર્ગની નિંદા નહિ કરવાથી, નિઃસ્પૃહવૃત્તિ ધારણ કરવાથી, ટાઢ–તાપ, સુખદુઃખ વગેરેને સહન કરવાથી અને શ્રીહરિભક્તોના કર્ણાલંકાર સમાન શ્રીહરિના ગુણોનું ગાન કરવાથી પ્રતિદિન વૃદ્ધિ પામતી ભક્તિ વડે નિર્ગુણ બ્રહ્મ વિષે પ્રીતિ અને આત્માથી ભિન્ન એવા કાર્યકારણાત્મક દેહાદિ ઉપરનો વૈરાગ્ય પ્રાપ્ત થાય છે;૨૨–૨૫ અને એ રીતે જ્યારે બ્રહ્મને વિષે દૃઢ પ્રીતિ થાય છે, ત્યારે પુરુષ કોઇ બ્રહ્મનિષ્ઠ ગુરુ સંપાદન કરીને જ્ઞાન તથા વૈરાગ્યના વેગથી જેમ (અરણિકાષ્ઠમાંથી) પ્રજ્વલિત થયેલો અગ્નિ પોતાના ઉત્પત્તિકારણ (તે અરણિ) કાષ્ઠને બાળી નાખે છે, તેમ ÷ હૃદયને બાળી નાખે છે, કે જે હૃદય વાસનાથી રહિત થઇને નિર્વીર્ય થયેલું હોય છે, છતાં જીવને આવરણરૂપ છે અને પંચભૂતાત્મક × છે. એ રીતે

÷ આમ કહીને સનત્કુમાર એ કહેવા માગે છે કે, તમારો સમાગમ અમને પણ પ્રિય છે–માન્ય છે. —ભા. ક.

+ ભગવદ્ધર્મનું પાલન એટલે ભગવાનના અર્પણ કરેલા પોતાના વર્ણાશ્રમધર્મનું આચરણ.

÷ 'હૃદય' શબ્દ જેવો મૂળમાં છે, તેવોજ ટીકાકાર શ્રીધરે લીધો છે. તે પર કંઇ ખુલાસો કર્યો નથી; પણ 'બાલપ્રબોધિની' ટીકાકાર હૃદય શબ્દનો અર્થ 'અંતઃકરણ' કરે છે; ત્યારે 'ચક્રવર્તી' ટીકાકાર હૃદય શબ્દનો અર્થ 'અહંકારાત્મક લિંગદેહ' એવો કરે છે; એટલે 'હૃદય' શબ્દના બે અર્થ–અંતઃકરણ કે અહંકાર ટીકાકારોએ લીધા છે. —ભા. ક.

× પંચભૂતાત્મક છે અથવા અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ–એ પાંચ ક્લેશમય છે, તેમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitized by eGangotri

હૃદયરૂપ ઉપાધિ જેની બળી ગઈ છે અને તેથીજ કર્તૃત્વાદિ સમસ્ત હૃદયના ગુણો જેણે છોડી દીધા છે, એવો પુરુષ દ્રષ્ટા અને દશ્ય એવો ભેદ દર્શાવનાર જે (હૃદય) પ્રથમ હતું, તેનો વિનાશ થવાથી જેમ સ્વપ્નમાં જોયેલા પદાર્થોને સ્વપ્નાવસ્થાના નાશ પછી પુરુષ જોતો નથી, તેમ આત્માથી બહારની ઘટપટાદિ વસ્તુને તથા આત્માની અંદર સુખ-દુઃખ વગેરેને જોતો નથી.[૨૬,૨૭] કેમકે હૃદયરૂપી ઉપાધિ જો હોય છે, તોજ પુરુષ આત્મા દ્રષ્ટાને, ઇન્દ્રિયોના વિષયરૂપ દશ્યને તથા તે બન્નેના પરસ્પર સંબંધમાં કારણભૂત અહંકારને જાગ્રદવસ્થામાં તથા સ્વપ્ન અવસ્થામાં જુએ છે; પણ તે હૃદયરૂપ ઉપાધિ જ્યારે સુષુપ્તિ અવસ્થામાં હોતી નથી,ત્યારે તેમાંનું કંઇ પણ જોતો નથી.[૨૮] (આજ વિષયમાં આ દૃષ્ટાંત છે.) જેમ પાણી કે દર્પણ વગેરે ભેદદર્શક વસ્તુઓ જો નિમિત્ત તરીકે હોય છે,તોજ પુરુષ પોતાનો તથા પ્રતિબિંબનો ભેદ જુએ છે; પણ તે પાણી વગેરે વસ્તુઓ જો નથી હોતી તો તેવો કંઇ ભેદ જોતો નથી.‡[૨૯] વિષયોનું ચિંતન કરનાર મનુષ્યોની ઇન્દ્રિયોને ચિંતવાયલા તે વિષયો આકર્ષી લે છે; પછી તે ઇન્દ્રિયો મનને આકર્ષે છે—વિષયાસક્તિ કરે છે અને પછી તે મન બુદ્ધિની ચેતનાશક્તિને હરી લે છે. જેમ દૃષ્ટાંત તરીકે ધરાના કિનારા ઉપર ઊગેલું દર્ભનું થુંબડું પોતાનાં મૂળિયાંથી ધરાના પાણીને હરી લે છે. (પણ આ વાતને અજ્ઞાની સમજી શકતો નથી.)[૩૦] એ રીતે બુદ્ધિની ચેતનાશક્તિનું હરણ થતાં આગળપાછળના અનુસંધાનરૂપ સ્મરણશક્તિ નાશ પામે છે અને તે સ્મરણશક્તિનો નાશ થતાં જ્ઞાનનો પણ નાશ થાય છે. આવી રીતે તે જ્ઞાનનો જે નાશ થાય છે તેનેજ વિદ્વાનો આત્માનો નાશ થયો (નિરૂપાધિ આત્માનો અપ્રકાશ થયો) એમ કહે છે.[૩૧] જે આત્માને લીધેજ બીજા સ્ત્રી-પુત્રાદિ વિષયો અત્યંત પ્રિય લાગે છે, તે આત્માનો એવી રીતે પોતેજ વિનાશ કરવો—અપ્રકાશ કરવો, તેથી બીજો કોઇ પણ પુરુષનો સ્વાર્થવિનાશ આ જગતમાં નથી.[૩૨] માટે ઇન્દ્રિયોના વિષયોનું ચિંતન કરવું તેજ મનુષ્યોના સર્વ અર્થરૂપ આત્માના વિનાશનું કારણ છે—વિષયચિંતન તેજ આત્માના અપ્રકાશનું કારણ થઈ પડે છે, કે જે એ વિષયચિંતનથી મનુષ્ય *જ્ઞાન તથા વિજ્ઞાનથી ભ્રષ્ટ થઇને સ્થાવરપણાને પામે છે—જડ બની જાય છે.[૩૩] તેમજ તીવ્ર અંધકારરૂપ આ સંસારને તરવાની જેને ઇચ્છા હોય, તે પુરુષે જે વસ્તુ ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ, એ ચારે પુરુષાર્થોનો અત્યંત નાશ કરનારી હોય, તેનો પણ કદી સંગ કરવો નહિ.[૩૪] એ ચાર પુરુષાર્થોમાં પણ મોક્ષજ સર્વોત્કૃષ્ટપણે ઇચ્છવાયોગ્ય ગણાય છે. કેમકે ધર્મ, અર્થ ને કામ, એ ત્રણ પુરુષાર્થ તો નિત્ય કાળના ભયથી યુક્ત છે—નાશવંત છે.[૩૫] કેમકે બ્રહ્મા વગેરે અને આપણે બધાય—જે જે પદાર્થો સત્ત્વાદિ ગુણોના ક્ષોભ પછી ઉત્પન્ન થયા છે, તેઓની ક્ષેમકુશળ સ્થિતિ કદી છેજ નહિ. કેમકે તેઓ સર્વના

સ્વરૂપજ્ઞાનની વિસ્મૃતિ તેને અવિદ્યા કહે છે; શરીર ઉપર અહંભાવ કરવો તે અસ્મિતા છે; અનુકૂળ પદાર્થ પર પ્રીતિ તે રાગ છે; પ્રતિકૂળ પદાર્થ ઉપર અપ્રીતિ તે દ્વેષ છે અને અનુકૂળ પદાર્થોનો નાશ થતાં પોતાનો નાશ માનવો તે અભિનિવેશ છે. —भा. क.

‡ અર્થાત્ એકજ આત્મામાં દશ્ય આદિ ભેદપ્રતીતિ જે થાય છે, તે કેવળ હૃદયરૂપ ઉપાધિના અસ્તિત્વથીજ છે. કહ્યું છે કે,

'दृश्यानुरञ्जितं द्रष्टृ द्रश्यं द्रष्टृनुरञ्जितम् ।
अहंकृत्योभयं रक्तं तन्नाशेऽद्वैततात्मनः' ॥

એટલે કે દ્રષ્ટા દશ્યથી રંગાયેલો જણાય છે; દશ્ય દ્રષ્ટાથી રંગાયલું જણાય છે અને તે બન્ને દ્રષ્ટા તથા દશ્ય અહંકારથી રંગાયલાં જણાય છે; તેમાં કારણ અંતઃકરણ છે. એ અંતઃકરણનો નાશ થતાં આત્માનું અદ્વૈતપણુંજ છે. —श्रीधर

* જ્ઞાન એટલે શાસ્ત્રીય જ્ઞાન અને વિજ્ઞાન એટલે આત્મસાક્ષાત્કાર; એ બન્નેથી ભ્રષ્ટ થઇને મનુષ્ય સ્થાવરપણાને પામે છે, એટલે વૃક્ષ વગેરેની યોનિમાં ઉત્પન્ન થાય છે. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મનોરથોનો કાળ નાશ કરી નાખે છે. (માટે મોક્ષ એજ નિર્ભય વસ્તુ છે.) તેથી હે રાજા! દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, બુદ્ધિ તથા અહંકારથી વીંટાયલાં સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓના હૃદયમાં જે +અંતર્યામીપણે, પ્રતિલોમપણે અને સર્વવ્યાપકપણે પ્રત્યક્ષ પ્રકાશે છે, તે પરમાત્માને 'સોઽસ્મીતિ' તે હું છું, એમ તમે જાણો.[36,37] જે પરમાત્મા વિષે વિવેકજ્ઞાનથી જેનો વિનાશ થઇ શકે છે એવું આ જગત માળામાં જેમ સર્પ જણાય છે, તેમ ઉચ્ચનીચભાવે અથવા કાર્ય–કારણભાવે કેવળ માયારૂપજ જણાય છે–મિથ્યા ભાસે છે. વળી જે નિત્યમુક્ત, શુદ્ધ, જ્ઞાનસ્વરૂપ, સત્યસ્વરૂપ અને કર્મને લીધે મલિન એવી પ્રકૃતિનો પરાભવ કરે છે, તે પરમાત્માને હું શરણે જાઉં છું.[38] જેમના ચરણકમળની પાંખડી સમાન આંગળીઓની કાંતિની ભક્તિ વડે સત્પુરુષો કર્મોથીજ ગુંથાયલી કર્માશય–અહંકારરૂપી ગાંઠને છોડી નાખે છે, કે જે ગાંઠને સર્વ વિષયોથી રહિત થયેલી બુદ્ધિવાળા અને સર્વ ઇન્દ્રિયગણને વિષય તરફથી આકર્ષી લેનારા યોગીઓ પણ છોડી શકતા નથી; તે શ્રીવાસુદેવનું તમે શરણ લો.[39] કેમકે જેઓ એ ભગવાનરૂપી તરવાના સાધનથી રહિત છે,તેઓને આ સંસારસમુદ્ર તરવામાં ક્લેશ થાય છે–દુઃખ પડે છે; કારણ કે તેઓ સહેલાં નહિ એવાં યોગાદિ સાધનો વડે છ ઇન્દ્રિયોરૂપી ઝૂડવાળા આ સંસારસમુદ્રને તરવાને ઇચ્છે છે; માટે તમે ભગવાન શ્રીહરિનાં ભજન કરવા યોગ્ય ચરણને વહાણરૂપ કરીને સંકટરૂપ એવા દુસ્તર સંસારસમુદ્રને તરી જાઓ.'

મૈત્રેય બોલ્યાઃ–"બ્રહ્માના બ્રહ્મજ્ઞાની પુત્ર સનત્કુમારે એ પ્રમાણે આત્મગતિનો ઉપદેશ કર્યો, એટલે પૃથુ રાજાએ તેમની સારી રીતે પ્રશંસા કરીને આ પ્રમાણે કહ્યું.[40,41]

પૃથુ રાજા બોલ્યાઃ–'હે બ્રહ્મન્! દુઃખી પર દયા કરનારા શ્રીહરિએ મારા પર પ્રથમ જે અનુગ્રહ કર્યો હતો, તેને સંપૂર્ણ કરવા માટે હે ભગવન્! આપ પધાર્યા છો[42] અને દયાળુ એવા આપ ભગવાનોએ એ અનુગ્રહને સંપૂર્ણ રીતે સફળ કર્યો છે; (માટે મારે આપને કંઇ ગુરુદક્ષિણારૂપે આપવું જોઇએ; પણ) આ મારું સર્વ રાજ્યાદિ મારા શરીરની સાથે સાધુ પુરુષોના ઉચ્છિષ્ટરૂપ છે–અર્થાત્ આ સર્વ કંઈ મારા શરીરની સાથે સત્પુરુષોનું પોતાનુંજ છે અને તે પ્રસાદરૂપે તેઓએ મને આપ્યું છે; તો (આમાં મારું કંઇ પણ નહિ હોવાથી) હું આપને શી વસ્તુ ગુરુદક્ષિણા તરીકે આપું ?‡ તે છતાં પણ હે બ્રહ્મન્! મારા પ્રાણ, સ્ત્રી, પુત્રો, સરસામાન સાથે ઘર, રાજ્ય, સૈન્ય, પૃથ્વી અને ભંડાર, એ સર્વ (ગુરુદક્ષિણામાં) આપને હું અર્પણ કરું છું.*[43] કેમકે વેદશાસ્ત્રોને જાણનારો બ્રાહ્મણ સેનાપતિપણાને, રાજ્યને, ન્યાયાધીશપણાને તથા સર્વ લોકના અધિપતિપણાને યોગ્ય છે;[44,45] એટલુંજ નહિ પણ બ્રાહ્મણ (વસ્તુતઃ) પોતાનુંજ પોતે જમે છે; પોતાનુંજ પોતે પહેરે છે અને પોતાનુંજ પોતે દાનમાં આપે છે. ક્ષત્રિય આદિ ત્રણ વર્ણો તો એ બ્રાહ્મણનાજ અનુગ્રહથી માત્ર અન્નનું ભોજન કરે છે–અર્થાત્ તેઓ દાન દેવામાં બિલકુલ સ્વતંત્ર નથી; કેમકે સર્વ કંઇ બ્રાહ્મણનુંજ છે.+[46] વેદ જાણનારા આપે અધ્યાત્મવિચારમાં નિશ્ચયપૂર્વક આવી ભગવદ્‌ગતિ અમને અર્પણ કરી છે, તે નિત્ય પુષ્કળ કૃપાવાળા આપ આપનાં

+ 'અંતર્યામિપણે' એમ કહીને જણાવ્યું છે કે, જીવ જાણવા યોગ્ય નથી; 'પ્રતિલોમપણે' એમ કહીને જણાવ્યું છે કે, બુદ્ધિ જાણવા યોગ્ય નથી; અને 'સર્વવ્યાપકપણે' એમ કહીને જણાવ્યું છે કે, અહંકાર પણ જાણવા યોગ્ય નથી. —શ્રીધર

‡ કેમકે પિતાએ લાડુ વગેરે કંઈ પુત્રને આપ્યું હોય, તે પાછું દાનરૂપે પિતાને અપાય નહિ. —શ્રીધર

* અર્થાત્ જેમ સેવક રાજાને સેવાદિરૂપે તાંબૂલ વગેરે અર્પણ કરે છે, તેમ હું પણ આપનુંજ આ સર્વ આપને અર્પણ કરું છું, તેને આપ સ્વીકારો. —શ્રીધર

+ આવી યોગ્યતાવાળા બ્રાહ્મણો ઘેર ઘેર ભીખ માગતા ફરે, એ કંઈ ઓછું ખેદજનક છે ? —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

પોતાનાંજ કૃત્યથી સંતુષ્ટ થાઓ. કેમકે આપે કરેલા ઉપકારનો બદલો માત્ર અંજલિ વિના કોણ વાળી શકે તેમ છે? (માટે હું કેવળ આપને બે હાથ જોડીને પ્રણામ કરૂં છું.)' ÷[47]

મૈત્રેય બોલ્યાઃ—"એમ કહી આદિરાજા પૃથુએ તે આત્મજ્ઞાની સનકાદિ મુનિઓની પૂજા કરી, એટલે તેઓ તે રાજાની પ્રશંસા કરતા કરતા સર્વ મનુષ્યોના દેખતાં આકાશમાર્ગે પધારી ગયા.[48] વેનપુત્ર પૃથુ રાજા પણ મહાન પુરુષોમાં અગ્રેસર હોઇને તે અધ્યાત્મશિક્ષા વડે મનની એકાગ્રતા કરી આત્મામાંજ સ્થિતિ કરવા લાગ્યા અને પોતાને પૂર્ણકામ જેવા માનવા લાગ્યા.[49] તે રાજા કાળ, દેશ, બળ, યોગ્યતા અને ધન પ્રમાણે કર્મો કરતા હતા અને તે પણ બ્રહ્માર્પણ બુદ્ધિએ કરતા હતા.[50] એ રીતે કર્મનાં ફળ બ્રહ્માર્પણ કરી દઈ તે રાજા કર્મફળના સંગથી મુક્ત રહેતા હતા અને ચિત્તની એકાગ્રતા કરીને આત્માને કર્મોનો સાક્ષી ઉદાસીન માનતા હતા તથા પ્રકૃતિથી પર માનતા હતા.[51] તે પોતે ગૃહસ્થાશ્રમમાં રહ્યા હતા અને સામ્રાજ્યલક્ષ્મીથી યુક્ત હતા, તોપણ દેહાભિમાનથી રહિત હતા; તેથી સૂર્યની પેઠે કોઇ પણ ઇન્દ્રિયના વિષયમાં આસક્ત થતા ન હતા.[52] એ પ્રમાણે અધ્યાત્મયોગનો આશ્રય કરીને કર્મો કરતાં કરતાં તે રાજાએ અર્ચિષ્ નામની પોતાની સ્ત્રી વિષે પોતાના સમાન એવા વિજિતાશ્વ, ધૂમ્રકેશ, હર્યશ્વ, દ્રવિણ તથા વૃક નામના પાંચ પુત્રો ઉત્પન્ન કર્યા હતા અને અચ્યુત ભગવાનમાં મનવાળા તે એકજ પૃથુ રાજા જગત્સૃષ્ટિનું રક્ષણ કરવા માટે સર્વ લોકપાલોના ગુણોને પોતપોતાના કાળે ધારણ કરતા હતા; તેમજ મન-વાણીની વૃત્તિઓથી તથા સૌમ્ય ગુણોથી બીજા ચંદ્રની પેઠે પ્રજાઓનું રંજન કરતા હતા; તેથી તેમણે 'રાજા' એવું નામ ધારણ કર્યું હતું. વળી જેમ સૂર્ય (સર્વત્ર પક્ષપાતરહિતપણે) તપે છે અને પૃથ્વીનું ધન-જળ (આઠ મહિના સુધી કિરણોદ્વારા ગ્રહણ કરી (વર્ષાસમયે) પાછું આપે છે, તેમ એ રાજા પણ સર્વત્ર સમાન રીતે આજ્ઞા પ્રવર્તાવીને કર લેતી વેળા પૃથ્વીમાંથી ધન લઇને દુકાળ વગેરેના સમયે પુનઃ પાછું આપતા હતા.[53-56] તેમજ તેજ વડે તે રાજા અગ્નિ જેવા દુર્ધર્ષ હતા—પરાભવ કરવાને અશક્ય હતા અને ઇન્દ્ર જેવા દુર્જય હતા. વળી ક્ષમા વડે પૃથ્વી જેવા હતા અને સ્વર્ગની પેઠે મનુષ્યોને ઇચ્છિત વસ્તુ આપનારા હતા. જેમ મેઘ તૃપ્ત કરતો વરસે છે, તેમ એ રાજા પણ સર્વને તૃપ્ત કરતા સર્વની કામનાઓને પૂર્ણ કરતા હતા; સમુદ્રની પેઠે દુર્બોધ હતા; ગાંભીર્ય ગુણથી તેમનો અભિપ્રાય જાણવો અશક્ય હતો; બળથી મેરુ પર્વત જેવા હતા; વળી શિક્ષા કરવામાં ધર્મરાજા જેવા હતા; આશ્ચર્ય ઉપજાવવામાં હિમાલય જેવા હતા; ભંડારથી સંપન્ન હોઈ કુબેર જેવા હતા અને વરુણદેવની પેઠે ધનાદિ પદાર્થોને સુરક્ષિત રાખનારા હતા. વાયુની પેઠે તે સર્વાત્મા હતા—સર્વત્ર સંચારશક્તિવાળા હતા અને બળ—શરીરસામર્થ્ય, સહસ્—મનઃશક્તિ તથા ઓજસ્—ઇન્દ્રિયશક્તિ વડે પણ પવન જેવા હતા અને અસહ્યપણાથી ભગવાન શંકરદેવ જેવા હતા.[57-60] વળી સૌંદર્યમાં કામદેવ જેવા હતા; સિંહ સમાન ધીર અને નિર્ભય હતા; પ્રીતિ રાખવામાં મનુ જેવા હતા અને મનુષ્યો ઉપર સ્વામિત્વ કરવામાં ભગવાન બ્રહ્મદેવ સમાન હતા.[61] તેમજ બ્રહ્મવિચાર કરવામાં દેવગુરુ બૃહસ્પતિ સમાન હતા; જિતેન્દ્રિયપણામાં સ્વયં શ્રીહરિ સમાન હતા; ગાયો, ગુરુઓ, બ્રાહ્મણો તથા શ્રીભગવાનના ભક્તો પરની ભક્તિ વડે, લજ્જા વડે, વિનય વડે, શીલ

÷ જો કે સર્વ કંઈ બ્રાહ્મણનુંજ છે, તોપણ માની લઇએ કે, પોતાની પાસેનું સર્વ કંઈ માલિકીનું છે, પણ ગુરુની સામે ઉપકાર કરીને તેમનો બદલો વાળી શકાતોજ નથી. અથવા ગુરુના ઉપકારનો બદલો વાળવો તે કેવળ વિનોદપાત્ર થઇ પડે છે—લોકોમાં હાંસીપાત્ર બને છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વડે તથા પરોપકાર માટે ઉદ્યમ કરવામાં તે રાજા પોતાની સમાનજ હતા–નિરુપમ હતા.[૬૨] જેમ સીતાપતિ શ્રીરામચંદ્ર સત્પુરુષોનાં કાનનાં છિદ્ર-માં (પોતાની કીર્તિદ્વારા) દાખલ થયા છે, તેમ એ પૃથુરાજા પણ સત્પુરુષોએ ત્રણે લોકમાં તે તે સ્થળે ઉચ્ચ સ્વરે ગાયેલી કીર્તિ વડે સ્ત્રીઓના કાનનાં છિદ્રોમાં દાખલ થયા હતા–અર્થાત્ સત્પુ-રુષો તેમની કીર્તિ ગાયા કરતા ને સ્ત્રીઓ તેને સાંભળ્યા કરતી હતી."[૬૩]

कीर्त्योर्ध्वं गीतया पुंभिस्त्रैलोक्ये तत्र तत्र ह ।
प्रविष्टः कर्णरंध्रेषु स्त्रीणां रामः सतामिव ॥ ६३॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૨૨ મો સમાપ્ત

अध्याय २३ मो×

પૃથુ રાજાનું તપશ્ચર્યા માટે વનગમન અને અંતે વિમાનદ્વારા વૈકુંઠગમન

॥ मैत्रेय उवाच ॥

दृष्ट्वात्मानं प्रवयसमेकदा वैन्य आत्मवान् ।
आत्मना वर्द्धिताशेषस्वानुसर्गः प्रजापतिः ॥१॥

મૈત્રેય બોલ્યા–"એ પ્રમાણે જેમણે પોતે અન્નાદિ ઉત્પન્ન કર્યાં હતાં; શહેર–ગામડાં વગેરેની રચના કરી હતી; સ્થાવર–જંગમ સર્વ જગતને આજીવિકા કરી આપી હતી; સત્પુરુષોના ધર્મને ધારણ કર્યો હતો અને જે માટે પોતે આ જગતમાં ઉત્પન્ન થયા હતા, તે ઈશ્વરાજ્ઞાને જેમણે સંપૂર્ણ સિદ્ધ કરી હતી એવા તે જિતેન્દ્રિય પ્રજાપતિ વેનપુત્ર–પૃથુ, એક સમયે પોતાને વૃદ્ધ થયેલ જોઇને કેવળ સ્ત્રીની સાથેજ પોતે એકલા, પોતાના વિયોગથી જાણે રુદન કરતી હોય તેવી પોતાની પુત્રી–પૃથ્વીને પોતાના પુત્રોને અર્પણ કરી, તે સમયે પ્રજાઓ અત્યંત ઉદાસ મનવાળી થઇ હતી, છતાં પોતે તપોવનમાં પધાર્યા.[૧-૩] ત્યાં પણ તે રાજાના નિયમને વિઘ્નો નાશ કરી શકતાં ન હતાં અને જેમ પૂર્વે પોતાના દિગ્વિજયના સમયે મહાન પ્રયત્નથી પ્રવૃત્તિ કરી હતી, તેમ વૈખાનસ મુનિઓને અત્યંત માન્ય એવી ઉગ્ર તપશ્ચર્યાનો તેમણે આરંભ કર્યો.[૪] તે વીર મુનિ કોઈ વખતે કંદ, મૂળ અથવા ફળનો આહાર કરવા લાગ્યા; કોઇ વખતે સૂકાં પાંદડાંજ ખાઇને રહેવા લાગ્યા; કેટલાંક પખવાડિયાં જળાહાર કર્યો અને પછી તો કેવળ વાયુનોજ આહાર કરતા હતા.[૫] ગ્રીષ્મ-ઋતુમાં તે પંચાગ્નિ તાપતા હતા, વર્ષાઋતુમાં મેઘની વૃષ્ટિને પોતાના પર ઝીલતા હતા; શિશિરઋતુમાં કંઠ સુધી જળમાં ડૂબ્યા રહેતા હતા અને સર્વદા ભૂમિ પર શયન કરતા હતા;[૬] વળી ક્ષુધા વગેરેથી ઉત્પન્ન થતાં દુઃખોને તે સહન કરતા હતા; મૌન અવસ્થામાં રહેતા હતા; સર્વ ઇન્દ્રિ-યોને તેમણે જીતી હતી; બ્રહ્મચર્યવ્રતને પાળતા હતા અને તેમણે પ્રાણવાયુ પણ જીતી લીધો હતો. એ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાનનું આરાધન કરવાની ઇચ્છાથી તેમણે ઉત્તમ તપશ્ચર્યા કરવા માંડી.[૭] અનુક્રમે તે તપશ્ચર્યા સિદ્ધ થઈ, એટલે તેમનાં કર્મો નાશ પામી ગયાં, અંતઃકરણ નિર્મળ બની ગયું અને પ્રાણાયામો વડે પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા મન એ છયેને તેમણે રૂંધી દીધાં; જેથી તેમની સર્વ વાસનાઓરૂપી બંધનો તૂટી ગયાં.[૮] ભગવાન સનતકુમારે જે ઉત્તમ આધ્યાત્મિક યોગનો ઉપદેશ કર્યો હતો, તેજ યોગ વડે તે મહાપુરુષ શ્રીભગવાનનું ભજન કરવા લાગ્યા. સર્વ ક્રિયાઓ શ્રીભગવાનને અર્પણ કરી દઇ ભગવદ્ધર્મનું આરાધન કરતા અને નિત્ય શ્રદ્ધાપૂર્વક પ્રયત્ન કરતા તે સદ્‌ગુણી રાજાને ભગવાન પરબ્રહ્મ વિષે એકાંતિક ભક્તિ ઉત્પન્ન થઇ.[૯-૧૦] એ રીતે ભગવાનની સેવાથી જેમનું મન શુદ્ધ થયું હતું, એવા તે રાજાને વૈરાગ્યવાળું જ્ઞાન ઉત્પન્ન થયું, કે જે જ્ઞાન ભગવાનના સ્મરણથી વૃદ્ધિ પામેલી ભક્તિ વડે

× આ અધ્યાયમાં સ્ત્રી સાથે વનમાં નિત્યસમાધિથી રહેતા પૃથુ રાજા, વિમાનમાં બેસીને વૈકુંઠમાં ગયા, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

તીક્ષ્ણ થયું હતું. પછી એ જ્ઞાન વડે આત્માને ઉપાધિરૂપ અને સંશયોના આશ્રયરૂપી હૃદયગ્રંથિનો તેમણે ઉચ્છેદ કરી નાખ્યો.૧૧ વળી તેમની દેહ ઉપર આત્મબુદ્ધિ પણ નાશ પામી હતી, જેથી તેમને વાસ્તવિક આત્મબુદ્ધિ પ્રાપ્ત થઇ અને તેથીજ (સ્વતઃ પ્રાપ્ત થયેલી અણિમાદિ સિદ્ધિઓ ઉપર) તે નિઃસ્પૃહ થયા હતા. પછી તેમણે જે જ્ઞાન વડે સંશયના સ્થાનરૂપ અંતઃકરણનો ઉચ્છેદ કર્યો હતો, તે જ્ઞાનનો પણ ત્યાગ કરી દીધો—અર્થાત્ જ્ઞાન સંપાદન કરવાના પ્રયત્નથી પણ તે વિરામ પામ્યા; કેમકે યોગીપુરુષ શ્રીભગવાનની કથાઓમાં જ્યાંસુધી પ્રીતિ કરતો નથી, ત્યાંસુધીજ અણિમાદિ મહાસિદ્ધિઓ વડે તે પ્રમાદી બને છે—ત્યાંસુધીજ તે મહાસિદ્ધિઓમાં આસક્ત થાય છે. (અને તે રાજા તો ભગવાનની કથામાં પ્રીતિવાળા પ્રથમથીજ હતા, જેથી તે સિદ્ધિઓમાં આસક્ત થયા નહિ, એ યોગ્યજ હતું.) એ રીતે બ્રહ્મરૂપ થયેલા તે વીરશ્રેષ્ઠ પૃથુ રાજાએ મનને દૃઢ રીતે પરમાત્મામાં યોજી દીધું અને પછી સમય થતાં પોતાના શરીરનો ત્યાગ કર્યો. તે વેળા તેમણે પોતાના પગની બે પાની વડે ગુદાદ્વારને દાબી રાખી÷ ધીમે ધીમે પ્રાણવાયુને(મૂલાધારથી)ઊંચે લઇ જઈ નાભિસ્થાનમાં સ્થાપ્યો અને ત્યાંથી ઊંચે લઇ જઇ કોઠાના ભાગમાં સ્થાપ્યો અને ત્યાંથી હૃદયસ્થાનમાં, વક્ષઃસ્થળના સ્થાનમાં, કંઠના સ્થાનમાં તથા મસ્તકના સ્થાનમાં સ્થાપ્યો હતો.૧૨-૧૪ આવી રીતે વાયુને ઊંચે લઈ છેવટે તેને બ્રહ્મરંધ્રસ્થાનમાં સ્થાપી દઇ નિઃસ્પૃહ થયેલા તે રાજાએ અનુક્રમે વાયુનો વાયુમાં લય કરી દીધો, શરીરને પૃથ્વીમાં લય પમાડી દીધું, તેજનો તેજમાં લય કરી દીધો, ઇન્દ્રિયોનાં છિદ્રોનો આકાશમાં લય કરી દીધો અને શરીરના પ્રવાહી અંશનો જળમાં લય કરી દીધો. આવી રીતે યથાયોગ્ય સ્થાનમાં વિભાગવાર દેહનો લય કર્યા પછી (આત્મસાક્ષાત્કાર કરવા માટે તેમણે મહાભૂતોનો પણ લય કરી દીધો હતો. જેમકે) +પૃથ્વીનો જળમાં, જળનો તેજમાં, તેજનો વાયુમાં, વાયુનો આકાશમાં અને મનનો તથા આકાશનો *ઇન્દ્રિયોમાં લય કર્યો; ઇન્દ્રિયોનો શબ્દાદિ તન્માત્રાઓમાં લય કર્યો અને તે તન્માત્રાઓનો સર્વ ભૂતોના આદિ અહંકારની સાથે લય કરી દઇને તે અહંકારનો મહત્ આત્મા—મહત્તત્ત્વમાં લય કર્યો. તે પછી સર્વ ગુણોની જેમાં સ્થિતિ છે એવા તે મહત્તત્ત્વનો માયાની ઉપાધિ જેમાં મુખ્ય છે એવા જીવમાં† લય કર્યો અને તે ઉપાધિયુક્ત જીવનો તેમણે પરમાત્મામાં લય કર્યો. આવી રીતે પૂર્વે જે લિંગશરીરાભિમાની પુરુષ જીવરૂપે હતા તે સમર્થ પૃથુરાજાએ પરબ્રહ્મમાં સ્થિત થઇને જ્ઞાન તથા વૈરાગ્યના વીર્યથી સ્વસ્વરૂપમાં સ્થિતિ કરી હતી અને પોતાના સ્થૂલશરીરનો તથા લિંગશરીરનો ત્યાગ કર્યો હતો.૧૫-૧૮ તે પછી તેમની પત્ની મહારાણી અર્ચિષ્ કે જે અત્યંત કોમળ હતાં તેથી પોતાના પગ વડે પૃથ્વીના સ્પર્શને પણ અયોગ્ય હતાં, તે વનમાં તેમની પાછળ ગયાં હતાં.૧૯ પોતાના સ્વામીના વ્રતધર્મ પરની નિષ્ઠાથી, સેવાથી અને કંદ—મૂળ આદિ ઋષિ લોકોની આજીવિકા

÷ આમ કહીને 'મુક્તાસન' સૂચવ્યું છે—

'संपीड्य सीवनीं सूक्ष्मां गुल्फेनैव तु मध्यतः।
सव्ये दक्षिणगुल्फेन मुक्तासनमितीरितम्॥'

અર્થાત્ સૂક્ષ્મ ગુદાદ્વારને મધ્યમાંથી ડાબી પાની વડે દાબીને જમણી બાજુ જમણી પાનીથી જે દાબી રાખવું, તેને 'મુક્તાસન' કહ્યું છે. —શ્રીધર

+ પૃથ્વીનો એટલે શરીરમાં રહેલા કઠિન ભાગનો. —શ્રીધર

* મનનો ઇન્દ્રિયોમાં લય કર્યો; એમ જે કહ્યું છે તેથી ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના દેવો પણ સમજવાના છે. સવિકલ્પ ધ્યાનમાં મનને ઇન્દ્રિયો આકર્ષે છે, તેથી મનનો ઇન્દ્રિયોમાં લય કહેવામાં આવ્યો છે, નહિ કે મન ઇન્દ્રિયોનું કાર્ય છે તેથી. ગીતાજીમાં પણ કહ્યું છે કે,

इन्द्रियैर्विषयाकृष्टैराक्षिप्तं ध्यायतां मनः।

આ ગીતાવાક્યમાં સૂચવ્યું છે કે, વિષયો ઇન્દ્રિયોને આકર્ષે છે અને ઇન્દ્રિયો મનને આકર્ષે છે. —શ્રીધર

† જીવમાં એટલે જીવને ઉપાધિરૂપ લિંગશરીરમાં. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરવાથી તે અત્યંત કૃશ થયાં હતાં, તોપણ દુઃખ પામ્યાં ન હતાં; કેમકે તેમને પોતાના પતિનો હાથથી સ્પર્શ થવાથી તથા પતિ તરફના માનથી શાંતિ થતી હતી—પરમાનંદ પ્રાપ્ત થતો હતો.[૨૦] પોતાનો પતિ કે જે પૃથ્વીનો પણ પ્રિય પતિ હતો તેમના શરીરને નાશ પામેલી સમસ્ત ચેતના વગેરેથી યુક્ત જોઇ તે સતીએ કંઇક વિલાપ કર્યો અને પછી પર્વતના શિખર પર ચિતા રચીને તેના પર તે શરીરને સ્થાપિત કર્યું; તેમજ બીજું પણ તે સમયનું યોગ્ય કૃત્ય કરીને તેણીએ નદીના જળમાં સ્નાન કર્યું અને પછી ઉદાર કર્મ કરનારા પોતાના પતિને જલાંજલિ આપીને સ્વર્ગમાં રહેલા દેવોને નમસ્કાર કર્યા, તેમજ ચિતાને ત્રણ પ્રદક્ષિણા કરીને પોતાના સ્વામીના ચરણોનું ધ્યાન કરતાં અગ્નિમાં પ્રવેશ કર્યો. એ રીતે પતિવ્રતા અર્ચિષ્‌ને વીરશ્રેષ્ઠ પોતાના પતિ પૃથુ રાજાની પાછળ સતી થયેલાં જોઇ વર આપનારી હજારો દેવપત્નીઓ દેવોની સાથે તેમની સ્તુતિ કરવા લાગી.[૨૧–૨૩] ઉપરાંત મંદરાચલના તે શિખર ઉપર દેવાંગનાઓએ પુષ્પોની વૃષ્ટિ કરી અને દેવોનાં વાદિત્રો વાગી રહ્યાં હતાં, ત્યારે તેઓ પરસ્પર આ પ્રમાણે કહેવા લાગી.[૨૪]

દેવીઓ બોલીઃ—' અહો ! આ સ્ત્રીને ધન્ય છે, કે જેણીએ જે પ્રમાણે લક્ષ્મીદેવી પોતાના સ્વામી યજ્ઞપતિ શ્રીવિષ્ણુ ભગવાનની સેવા કરે છે તેમ રાજાઓના સ્વામી પોતાના પતિની સર્વ પ્રકારે સેવા કરી છે. જુઓ, આ સતી અર્ચિષ્‌ પોતાના દુષ્કર કર્મના પ્રભાવથી આપણાથી પણ આગળ પોતાના પતિ પૃથુરાજાની પાછળ ઊર્ધ્વલોક વૈકુંઠમાં જાય છે.[૨૫।૨૬] અથવા જે મનુષ્યો આ પૃથ્વી ઉપર ચંચળ આયુષવાળાં હોય છે, છતાં ભગવાનની પ્રાપ્તિ કરાવનારું જ્ઞાન પ્રાપ્ત કરે છે, તેઓને બીજું દેવાદિનું કયું સ્થાન દુર્લભ હોય છે ? અર્થાત્‌ તેઓને કંઇ પણ દુર્લભ નથી. અતિ ખેદની વાત છે કે, મનુષ્ય મોક્ષના સાધનરૂપ મનુષ્યજન્મ મહાકષ્ટથી પામીને પણ વિષયોમાં આસક્ત થાય છે અને એ રીતે વંચિત થઇને પોતે પોતાનો દ્રોહ કરે છે.'

મૈત્રેય બોલ્યાઃ—" એ પ્રમાણે દેવાંગનાઓ સ્તુતિ કરતી હતી, ત્યારે સતી અર્ચિષ્‌ પતિલોકમાં ગઇ, કે જ્યાં આત્મજ્ઞાની પુરુષોમાં શ્રેષ્ઠ અને શ્રીભગવાનમાં જેમનું મન હતું એવા વેનપુત્ર પૃથુરાજા ગયા હતા. આવી રીતે પૃથુરાજા પ્રભાવશાળી હોઇને ભગવાનના મહાન ભક્ત પણ હતા. તે ઉત્તમ ચરિત્રવાળા રાજાનું ચરિત્ર મેં તમને કહ્યું. જે મનુષ્ય અતિશય મહાન અને પવિત્ર એવા આ ચરિત્રનો સાવધાન થઇને શ્રદ્ધાથી પાઠ કરે છે, સંભળાવે છે કે સાંભળે છે, તે મનુષ્ય પણ પૃથુરાજાની પદવીને પામે છે. જો બ્રાહ્મણ હોય તો (આ ચરિત્રના શ્રવણથી) બ્રહ્મતેજવાળો થાય છે; ક્ષત્રિય હોય તો પૃથ્વીનો સ્વામી થાય છે; વૈશ્ય હોય તો વૈશ્યોનો તથા પશુ વગેરેનો સ્વામી થાય છે અને શૂદ્ર હોય તો શ્રેષ્ઠતાને પામે છે.*[૨૭–૩૨] અથવા હરકોઈ સ્ત્રી કે પુરુષ આદરપૂર્વક ત્રણ વાર આ ચરિત્ર સાંભળીને જો પ્રજારહિત હોય તો ઘણીજ ઉત્તમ પ્રજાવાળો થાય છે; નિર્ધન હોય તો અત્યંત ધનવાન થાય છે; બરાબર પ્રખ્યાત કીર્તિવાળો ન હોય તો મહાન યશસ્વી થાય છે અને મૂર્ખ હોય તો પંડિત થાય છે.[૩૩] વળી આ ચરિત્ર સર્વ વર્ણાશ્રમધર્મવાળાઓનું સર્વથા કલ્યાણ કરનાર છે; અમંગળને દૂર કરનાર છે; ધન, યશ, આયુષ તથા સ્વર્ગ આપનાર છે અને કલિયુગના મેલનો નાશ કરનાર છે.[૩૪] જે મનુષ્યો ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ—એ ચારે પુરુષાર્થોની ઉત્તમ સિદ્ધિને ઇચ્છતા હોય, તેઓએ ચારે પુરુષાર્થોના ઉત્તમ કારણરૂપ આ ચરિત્ર શ્રદ્ધાથી સાંભળવું.[૩૫] વિજય મેળવવાની ઇચ્છાવાળો રાજા આ ચરિત્ર સાંભળીને જે રાજાઓ પર ચડાઇ કરે છે તે રા-

* શ્રેષ્ઠતાને પામે છે—અર્થાત્‌ સૂત પૌરાણિકની પેઠે પૂજ્યપણું પામે છે. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

જાઓ જેમ પૃથુરાજાને, પૂર્વના રાજાઓએ કર આપ્યો હતો તેમ કર આપે છે;[36] માટે પુરુષે સર્વ સંસારસંગનો ત્યાગ કરી ભગવાન વિષે નિર્મળ ભક્તિ ધારણ કરી પૃથુરાજાનું પવિત્ર ચરિત્ર સાંભળવું, સંભળાવવું અને તેનો પાઠ કરવો.[37] હે વિચિત્રવીર્યના પુત્ર વિદુરજી! ભગવાનના માહાત્મ્યને સૂચવનારું આ ચરિત્ર મેં તમને કહ્યું છે, તેમાં જે મનુષ્ય શ્રવણાદિની બુદ્ધિ કરે છે તે મનુષ્ય પૃથુરાજાની ગતિને પામે છે.[38] વળી જે મનુષ્ય સર્વ સંગનો ત્યાગ કરીને હમેશાં આદરપૂર્વક આ પૃથુચરિત્ર સાંભળે છે અને બીજાઓને સંભળાવી સર્વત્ર પ્રચાર કરે છે તે મનુષ્ય, જેમના ચરણ સંસારસમુદ્રમાં વહાણ સમાન છે એવા ભગવાન વિષે ઉત્તમ પ્રકારની પ્રીતિ પ્રાપ્ત કરે છે."[39]

अनुदिनमिदमादरेण शृण्वन् पृथुचरितं प्रथयन् विमुक्तसंगः। भगवति भवसिंधुपोतपादे स च निपुणां लभते गतिं मनुष्यः ॥ ३९ ॥

ઈતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૨૩ મો સમાપ્ત

अध्याय २४ मो*

પ્રચેતાઓનો જન્મ અને શંકરે તેઓને ઉપદેશેલું રુદ્રગીત

॥ मैत्रेय उवाच ॥

विजिताश्वोऽधिराजासीत्पृथुपुत्रः पृथुश्रवाः।
यवीयोभ्योऽददात्काष्ठा भ्रातृभ्यो भ्रातृवत्सलः ॥

મૈત્રેય બોલ્યા:—"પૃથુનો પુત્ર વિશાળ કીર્તિવાળો વિજિતાશ્વ હતો; તે પૃથુ પછી પૃથ્વીનો મહારાજા થયો હતો; તેણે પોતાના ભાઈઓ પર પ્રેમાળ થઈને નાના ભાઈઓને સર્વ દિશાઓ આપી દીધી હતી.[1] તે સમર્થ વિજિતાશ્વે (પોતાના ભાઇ) હર્યક્ષને પૂર્વ દિશા આપી હતી; ધૂમ્રકેશને દક્ષિણ દિશા આપી હતી; વૃકને પશ્ચિમ દિશા આપી હતી અને દ્રવિણસને—ચોથી ઉત્તર દિશા આપી હતી.[2] એ વિજિતાશ્વે (પૃથુરાજાના અશ્વમેધ વખતે ઘોડાનું હરણ થયું હતું, ત્યારે) ઇન્દ્ર પાસેથી અન્તર્ધાન થઇ જવાની શક્તિ સંપાદન કરીને 'અન્તર્ધાન' એવું નામ પ્રાપ્ત કર્યું હતું; તેણે શિખંડિની નામની પોતાની સ્ત્રી વિષે પાવક, પવમાન અને શુચિ નામના ત્રણ અતિશય માન્ય પુત્રો ઉત્પન્ન કર્યા હતા, કે જેઓ પૂર્વે અગ્નિઓ હતા, પણ વસિષ્ઠ ઋષિના શાપથી એ રીતે વિજિતાશ્વને ત્યાં જન્મીને પુનઃ યોગગતિને (એટલે અગ્નિપણાને) પામ્યા હતા.[3-4] વળી જેણે ઇન્દ્રને ઘોડાનું હરણ કરનાર તરીકે જાણ્યો હતો, છતાં માર્યો ન હતો, તે અન્તર્ધાન—વિજિતાશ્વે નભસ્વતી નામની પોતાની બીજી સ્ત્રી વિષે 'હવિર્ધાન' નામનો પુત્ર પ્રાપ્ત કર્યો હતો.[5] રાજાઓની આજીવિકા કર લેવા, દંડ કરવા અને દાણ લેવાં વગેરેથી ભયંકર છે—બીજાઓને પીડા કરવારૂપ છે, એમ માનીને એ વિજિતાશ્વે લાંબા કાળ સુધી ચાલે તેવા યજ્ઞ કરવાને બહાને તે આજીવિકાનો ત્યાગ કર્યો હતો[6] અને તે યજ્ઞમાં પણ તે આત્મજ્ઞાની રાજા પોતાના ભક્તોનાં દુઃખોનો નાશ કરનારા પરમપુરુષ પરમાત્માનું યજન કરતાં કરતાં કુશળ સમાધિથી એ પરમાત્માના—લોક—મોક્ષને પામ્યો હતો.[7] હે વિદુરજી! (વિજિતાશ્વના પુત્ર) હવિર્ધાનથી તેની સ્ત્રી હવિર્ધાનીએ બર્હિષદ્, ગય, શુક્લ, કૃષ્ણ, સત્ય ને જિતવ્રત, નામના છ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેમાંનો બર્હિષદ્ નામે જે હવિર્ધાનનો પુત્ર હતો, તે ઘણા મોટા ભાગ્યવાળો હતો અને હે કુરુવંશી વિદુરજી! ક્રિયાકાંડ તથા યોગમાં પણ તે કુશળ હતો.[8-9] એ બર્હિષદે આ ભૂમંડળને યજ્ઞોનું જ એક સ્થાન બનાવી મૂક્યું હતું, કે જેમાં એક યજ્ઞ કરાયો કે તેનીજ પાસે બીજો યજ્ઞ તે કરતો હતો અને એ રીતે યજ્ઞો કરતાં પૂર્વ દિશા તરફ અગ્રભાગવાળા દર્ભોથી આખી પૃથ્વી તેણે છાઈ દીધી

* આ અધ્યાયમાં પૃથુરાજાના પ્રપૌત્ર પ્રાચીન બર્હિષથી પ્રચેતાઓનો જન્મ અને શંકરે તેઓને કહેલું રુદ્રગીત કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતી. (તેથીજ તેનું બીજું નામ 'પ્રાચીનબર્હિષ' પડ્યું હતું.)[૧૦] એ પ્રાચીનબર્હિષ્ રાજા, દેવના દેવ–બ્રહ્માએ દર્શાવેલી શતદ્રુતિ નામની સમુદ્રની પુત્રીને પરણ્યા હતા, કે જે શતદ્રુતિને સર્વાંગે સુંદર, કિશોર વયની, સારી રીતે શણગારેલી અને વિવાહ વખતે અગ્નિને પ્રદક્ષિણા કરતી જોઇને જેમ (પૂર્વે *સપ્તર્ષિઓના યજ્ઞમાં) અગ્નિ પોપટડી પ્રત્યે કામી થયો હતો, તેમ (પ્રાચીનબર્હિષ્ રાજા તે શતદ્રુતિ ઉપર) કામાસક્ત થયા હતા.[૧૧] એ નવી પરણેલી શતદ્રુતિએ ઝાંઝરો વડે દિશાઓમાં ઝણકાર કરતાંજ દેવો, અસુરો, ગંધર્વો, મુનિઓ, સિદ્ધો, મનુષ્યો તેમજ સર્પોને જીતી લીધા હતા–મોહિત કરી નાખ્યા હતા.[૧૨] પ્રાચીનબર્હિષ્‌ને એ શતદ્રુતિમાં દશ પુત્રો થયા હતા. તેઓ સર્વેનાં નામ તથા વ્રત સમાનજ હતાં, સર્વે ધર્મના પારગામી હતા અને 'પ્રચેતસ્' કહેવાતા હતા.[૧૩] તેઓને તેમના પિતાએ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી, એટલે તેઓ તપશ્ચર્યા કરવા માટે સમુદ્રકિનારે ગયા હતા અને ત્યાં (જળમાં રહીને) દશ હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરીને તેઓએ શ્રીહરિની આરાધના કરી હતી.[૧૪] તેઓ જ્યારે તપશ્ચર્યા કરવા માટે જતા હતા, ત્યારે માર્ગમાં મળેલા શ્રીમહાદેવે તેમના પર પ્રસન્ન થઇ જે કંઈ ધ્યાન-પૂજા–મંત્રાદિનો ઉપદેશ કર્યો હતો, તેનું તેઓ ધ્યાન કરતા હતા, તે પ્રમાણે જપ કરતા હતા અને સંયમ પાળીને શ્રીભગવાનની પૂજા કરતા હતા."

વિદુરજીએ પૂછ્યું:–"હે બ્રહ્મન્! એ પ્રચેતાઓને માર્ગમાં શ્રીમહાદેવ સાથે જે રીતે સમાગમ થયો હતો અને શ્રીમહાદેવે તેમના પર પ્રસન્ન થઇને જે સાર્થક સાધવાનો ઉપદેશ કર્યો હતો, તે તમે મને કહો.[૧૫–૧૬] હે બ્રહ્મર્ષિ! મુનિઓ પણ સર્વ સંગનો ત્યાગ કરીને જે શ્રીમહાદેવનું માત્ર ધ્યાનજ કરે છે, પરંતુ તેમને પ્રાપ્ત કરી શકતા નથી તે શ્રીમહાદેવની સાથે પ્રાણીઓનો સમાગમ થવો ખરેખર દુર્લભ છે.[૧૭] ભગવાન શંકર જો કે આત્મારામ છે; તોપણ આ લોકસૃષ્ટિનું પાલન કરવાને માટે પોતાની ઘોર શક્તિની સાથે સર્વ સ્થળે વિચરે છે."[૧૮]

મૈત્રેય બોલ્યા:–"તે સદ્‌ગુણી પ્રચેતાઓ પોતાના પિતાની આજ્ઞાને મસ્તકે ચડાવીને અને મનમાં તપશ્ચર્યાનો નિશ્ચય કરી પશ્ચિમ દિશા તરફ ચાલી નીકળ્યા હતા.[૧૯] તે વખતે (માર્ગમાં) સમુદ્રથી કંઇક નાનું એવું એક ઘણું મોટું વિશાળ સરોવર તેઓના જોવામાં આવ્યું. એ સરોવર મહાપુરુષોના મન જેવું સ્વચ્છ હતું; તેમાંનાં જળચર પ્રાણીઓ પણ પ્રસન્ન હતાં; કાળાં ને લાલ રાત્રિવિકાસી, દિવસવિકાસી તથા સંધ્યાવિકાસી કમળોનું અને પુષ્કળ કાળાં કમળોનું તે ઉત્પત્તિ-સ્થાન હતું; હંસ, સારસ, ચક્રવાક તથા બતક પક્ષીઓના શબ્દોથી તે ગાજી રહ્યું હતું; મદોન્મત્ત ભમરાઓના સુંદર સ્વરથી ત્યાંનાં વૃક્ષો તથા લતાઓ પણ રોમાંચિત જણાતાં હતાં–પ્રફુલ્લ થઇ રહ્યાં હતાં અને કમળના દોડાઓની રજને દિશાઓમાં ઉછાળી રહેલા પવનને લીધે ત્યાં જાણે ઉત્સવ થઇ રહ્યો હતો.[૨૦–૨૨] આવા તે સરોવરમાં મૃદંગ, પણવ વગેરે વાદિત્રોની પાછળ દિવ્ય ગાનપ્રકારોથી સુંદર એવું સંગીત સાંભળીને તે રાજપુત્રો (પ્રચેતાઓ) આશ્ચર્ય પામ્યા. એવામાં તે સરોવરમાંથી પોતાના પરિવાર સાથે નીકળતા દેવો અને તેમના અનુયાયીઓ વડે સ્તુતિ કરાતા, દેવોમાં શ્રેષ્ઠ, તપેલા સુવર્ણ સમાન શરીરની કાંતિવાળા, શ્યામ કંઠવાળા, ત્રણ નેત્રોવાળા અને કૃપા કરવામાં તત્પર એવા ભગવાન શંકરનાં તેઓએ દર્શન કર્યાં અને આશ્ચર્ય પામીને તેમને પ્રણામ કર્યા;[૨૩–૨૫] એટલે શરણે આવેલાંના દુઃ–

* સપ્તર્ષિઓના યજ્ઞમાં તેમની સ્ત્રીને જોઇને અગ્નિ કામાતુર થઈ ગયો હતો; ત્યારે અગ્નિની સ્ત્રી સ્વાહાએ સપ્તર્ષિઓની સ્ત્રીનું સ્વરૂપ ધારણ કરી અગ્નિની ઇચ્છા પૂર્ણ કરી હતી અને તેનું વીર્ય લઇને પોપટડીના રૂપે કાસડાના ગુચ્છામાં સ્થાપી દઈ તે જતી રહી હતી.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

ખનો નાશ કરનારા અને ધર્મના ઉપર પ્રેમવાળા ભગવાન શંકર પ્રસન્ન થઇને તે ધર્મવેત્તા, શીલસંપન્ન અને પ્રસન્ન થયેલા પ્રચેતાઓને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૨૬]

શ્રીરુદ્ર બોલ્યા:—'તમારું કલ્યાણ થાઓ. તમે પ્રાચીનબર્હિષના પુત્ર છો; મેં તમારી કર્તવ્યેચ્છા જાણી છે અને તેથીજ તમારા પર અનુગ્રહ કરવા માટે આવી રીતે મેં તમને દર્શન આપ્યાં છે.[૨૭] ક્રમેક જે મનુષ્ય સૂક્ષ્મ અને ત્રિગુણાત્મક એવી પ્રકૃતિ અને જીવસંજ્ઞાધારી પુરુષ—એ બન્નેથી પર એટલે તે બન્ને પ્રકૃતિ—પુરુષના નિયંતા ભગવાન વાસુદેવને શરણે જાય છે, તે મનુષ્ય મને પ્રિય છે.[૨૮] સ્વધર્મનિષ્ઠ મનુષ્ય સેંકડો જન્મ ધારણ કર્યા પછી બ્રહ્મદેવને પામે છે અને પછી (અધિક પુણ્ય થતાં) મને પ્રાપ્ત કરે છે; પણ ભગવાનનો ભક્ત તો (દેહાંત પછી તુરતજ) પ્રપંચાતીત વૈષ્ણવ પદને પામે છે. દૃષ્ટાંત તરીકે હું અને સર્વ દેવો પોતપોતાના અધિકારના અંતે લિંગદેહનો નાશ થયા પછી તે વિષ્ણુપદને પામીશું. માટે તમે ભગવાનના ભક્ત હોઇને મને ભગવાનની પેઠેજ પ્રિય છો; તેમજ ભગવાનના ભક્તોને પણ મારા વિના બીજો કોઈ કદી પ્રિય હોતો નથી—અર્થાત્ ભગવાનના ભક્ત હોવાથી હું તમારા પર જેવો પ્રીતિમાન છું, તેજ પ્રમાણે તમારે પણ મારા ઉપર પ્રીતિ કરવી.[૨૯-૩૦] હવે જે આ (મંત્રોપદેશ) સ્પષ્ટપણે જપ કરવા યોગ્ય છે, પવિત્ર છે, પરમ મંગળ છે અને મોક્ષને આપનાર છે, તે હું તમને કહું છું, સાંભળો.'[૩૧]

મૈત્રેય બોલ્યા:—"એ પ્રમાણે (કહીને) દયાળુ હૃદયવાળા ભગવાન શંકર પોતે નારાયણપરાયણ થઇને બે હાથ જોડીને ઊભેલા તે રાજપુત્રોને આ (સ્તોત્ર) વચન કહેવા લાગ્યા.[૩૨]

શ્રીરુદ્રદેવ બોલ્યા:—'હે પરમાત્મન્! આપનો ઉત્કર્ષ ઉત્તમ આત્મવેત્તાઓને સ્વસ્વરૂપના આનંદના લાભ માટે થઈ પડે છે; માટે મને પણ તે સ્વાનંદલાભ પ્રાપ્ત થાઓ; આપ સ્વાનંદસ્વરૂપે સિદ્ધ છો—નિત્ય પરમાનંદસ્વરૂપેજ રહેલા છો; તે આત્મસ્વરૂપ અને સર્વસ્વરૂપ એવા આપને હું નમસ્કાર કરૂં છું.[૩૩] જેમની નાભિમાં કમળ છે, તે કારણાત્માને નમસ્કાર હો; વળી જે કારણાત્મા હોઇનેજ સર્વ પ્રાણીઓને ઉપાધિરૂપ એવાં પાંચ મહાભૂતો, સૂક્ષ્મ ભૂત—પાંચ તન્માત્રાઓ તથા ઇન્દ્રિયોના નિયંતા છે તે ભગવાનને મારા નમસ્કાર હો; જે વાસુદેવના સ્વરૂપે ચિત્તના અધિષ્ઠાતા છે, કૂટસ્થ—નિર્વિકાર છે; સંકર્ષણસ્વરૂપે અહંકારના અધિષ્ઠાતા છે, સૂક્ષ્મ—અવ્યક્ત છે, દુરંત—અનંત છે, અંતકસ્વરૂપ છે—મુખના અગ્નિ વડે લોકને બાળી નાખનારા છે, જગતને બોધ આપનારા છે, પ્રદ્યુમ્નસ્વરૂપે બુદ્ધિના અધિષ્ઠાતા છે અને અનિરુદ્ધસ્વરૂપે જે સર્વ ઇન્દ્રિયોના સ્વામી—મનના પણ નિયંતા છે, તે ભગવાનને મારું નમન હો. આપ પરમહંસ છો—સૂર્યસ્વરૂપ છો, તેજઃ—સ્વરૂપ છો—વિશ્વવ્યાપી છો, ક્ષય ને વૃદ્ધિથી રહિત છો, સ્વર્ગ તથા મોક્ષના એક દ્વારરૂપ છો, નિત્ય પવિત્ર અંતઃકરણમાં વાસ કરો છો, અગ્નિસ્વરૂપ છો, યાજ્ઞિક કર્મના સાધનરૂપ છો અને તે યજ્ઞકર્મનો વિસ્તાર કરનારા છો; હું આપને વારંવાર નમસ્કાર કરૂં છું.[૩૪-૩૭] વળી જે આપ પિતૃઓના અન્નરૂપ છો; દેવોના અન્નરૂપ છો; અર્થાત્ સોમસ્વરૂપ છો; વેદોના સ્વામી છો; યજ્ઞ એજ આપનું વીર્ય છે; અને જીવોને તૃપ્તિ આપનાર સર્વ રસાત્મા—જળરૂપ છો; તે આપને હું નમસ્કાર કરૂં છું.[૩૮] વળી જે આપ પૃથ્વીસ્વરૂપ છો; પ્રાણીમાત્રના આત્માઓના એક સ્થૂલદેહરૂપ વિરાટસ્વરૂપ છો; ત્રૈલોક્યનું પાલન કરનાર વાયુસ્વરૂપ છો; મનના સામર્થ્યરૂપ છો; ઇન્દ્રિયોના સામર્થ્યરૂપ છો અને શરીરના પણ સામર્થ્યરૂપ છો; તે આપને હું નમસ્કાર કરૂં છું.[૩૯] જે આપ (શબ્દરૂપ ગુણથી) સર્વ પદાર્થોને જણાવનાર આકાશરૂપ છો; અંદરના તથા બહારના વ્યવહારના એક આધારરૂપ છો અને આ અત્યંત તેજ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વી તથા પવિત્ર સ્વર્ગલોક અને વૈકુંઠલોક પણ આપજ છો; તે આપને હું નમસ્કાર કરૂં છું.[40] આપ પ્રવૃત્ત કર્મરૂપ હોઇને તે દ્વારા પિતૃલોકને આપનારા છો અને નિવૃત્ત કર્મરૂપ હોઇને વૈકુંઠાદિ લોકને આપો છો; તેમજ અધર્મના ફળરૂપ હોઇને દુઃખ આપનાર જે મૃત્યુ તે પણ આપજ છો.[41] હે ઈશ્વર! આપ સર્વ કર્મનાં ફળને આપનાર છો, સર્વજ્ઞ છો અથવા સર્વ મંત્રસ્વરૂપ છો અને આપજ પરમધર્મસ્વરૂપ શ્રીકૃષ્ણ હોઇને અસ્ખલિત જ્ઞાનશક્તિવાળા છો; તેમજ સાંખ્ય તથા યોગમાર્ગના પ્રવર્તક પુરાણપુરુષ–શ્રીકપિલદેવ પણ આપજ છો; હું આપને નમસ્કાર કરૂં છું.[42] આપ કર્તા, કર્મ ને કારણરૂપ ત્રણ શક્તિઓથી યુક્ત છો;÷ રુદ્રસ્વરૂપ છો; અહંકારસ્વરૂપ છો–તે આપને હું પ્રણામ કરૂં છું. વળી આપ જ્ઞાન તથા ક્રિયારૂપ હોઇને સર્વ સૃષ્ટિને ઉત્પન્ન કરનાર છો–બ્રહ્મદેવરૂપ છો; તે આપને હું પ્રણામ કરૂં છું.[43] આપનું સ્વરૂપ કે જેને આપના ભક્તોએ પૂજેલું છે, આપના ભક્તોને જ અત્યંત પ્રિય છે અને પોતાના ગુણો વડે સર્વ ઇન્દ્રિયોને જ રંજન કરનારૂં છે; તે આપના સ્વરૂપનું અમે દર્શન કરવા ઇચ્છીએ છીએ; માટે તમે અમને તે દર્શન આપો.[44] એ આપનું સ્વરૂપ જળથી ભરેલા વર્ષાકાળના મેઘ સમાન શ્યામ છે; સર્વ સૌંદર્યના એક સંગ્રહરૂપ છે; સુંદર ને લાંબા ચાર બાહુઓવાળું છે; યથાયોગ્ય સર્વ અવયવોથી સુંદર એવા મુખવાળું છે; કમળના દોડાની વચ્ચેની જે પાંખડીઓ તે સમાન નેત્રોવાળું છે; સુંદર ભ્રૂકુટિવાળું છે; સુંદર નાસિકાવાળું છે; સુંદર દાંતવાળું છે; સુંદર ગાલવાળા મુખવાળું છે; સરખા કાનરૂપી અલંકારવાળું છે; પ્રીતિથી હસતા હોય તેવાં નેત્રકટાક્ષવાળું છે; કેશથી શોભાયમાન છે, શોભતા કમળના કેસરાઓ સમાન વસ્ત્રવાળું છે; ઉજ્જ્વળ કુંડળો, મુકુટ, કડાં, હાર, ઝાંઝરો તથા કંદોરાને ધારણ કરનાર છે; શંખ, ચક્ર, ગદા, પદ્મ, માળા તથા મણિ વડે ઉત્તમ શોભાવાળું છે; (અલંકારોની કાંતિને લીધે) સિંહની ખાંધ ઉપર રહેલી કેશવાળી સમાન કાંતિને સર્વ તરફ ધારણ કરી રહ્યું છે; કૌસ્તુભમણિને લીધે જેમાં ડોક શોભી રહી છે; નિત્ય નિવાસ કરતી લક્ષ્મીને લીધે સુવર્ણની રેખાવાળા કસોટીના પથ્થરનો તિરસ્કાર કરતા વક્ષઃસ્થળ વડે તે સ્વરૂપ શોભી રહ્યું છે; પૂરક અને રેચકરીતિથી ચાલતા શ્વાસોચ્છ્વાસ વડે ચાલી રહેલી કરચલીઓથી સુંદર અને પીપળાનાં પાંદડાં જેવું પેટ એ સ્વરૂપમાં જણાય છે; પાણીની ધૂમરી સમાન ઊંડી નાભિ વડે પોતામાંથી નીકળેલા જગતને પાછું પોતામાં જાણે પ્રવેશ કરાવી દેતું હોય તેવું લાગે છે, કેડની પાછળનો ભાગ શ્યામ હોવાથી અત્યંત શોભતા પીળા વસ્ત્ર ઉપર સુવર્ણનો કંદોરો ધારણ કર્યો છે; એ સ્વરૂપના ચરણ, જાંઘ તથા સાથળો સમાન અને સુંદર છે; ઢીંચણ ઉન્નત નથી અને તેસ્વરૂપનું દર્શન માંગલિક છે.[45–51] હે ગુરો! શરદ્ઋતુના કમળની પાંખડીઓ સરખી કાંતિવાળા અને નખની કાંતિ વડે અમારા અંતરનાં પાપનો નાશ કરતા ચરણથી યુક્ત અને સમસ્ત ભયને દૂર કરનાર તે આપનાં સ્વરૂપનાં અમને શરણરૂપે દર્શન આપો. કેમકે આપજ અમારા જેવા અજ્ઞાનીઓને માર્ગ દર્શાવનારા ગુરુ છો. જે મનુષ્યો આત્મશુદ્ધિ ઇચ્છતા હોય તેઓએ ઉપર્યુક્ત સ્વરૂપનુંજ ધ્યાન કરવું જોઇએ. કેમકે સ્વધર્મનું આચરણ કરતા મનુષ્યોને એ સ્વરૂપનો ભક્તિયોગ અભય આપનાર થઇ પડે છે. હે ભગવન્! આપ સર્વ પ્રાણીઓને જો કે દુર્લભ છો, તોપણ ભક્તિમાન મનુષ્ય આપને પ્રાપ્ત કરી શકે છે. વળી જેનું રાજ્ય સ્વર્ગમાં હોય તેવાને પણ આપજ ઇષ્ટદેવ છો અને એકાંતે કરીને જ આત્મવેત્તા હોય, તેને પણ આપજ પ્રાપ્ત કરવા યોગ્ય

÷ આપ સાત્ત્વિકી, રાજસી ને તામસી–એ ત્રણ શક્તિઓથી યુક્ત છો. —बालप्रबोधिनी
'परास्यशक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥' (શ્વેતા૰ ઉ૰ ૬–૮.)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

છો; જે આપ આવા દુરારાધ્ય છો, તેમને સત્પુરુષોને પણ દુર્લભ એવી એકાંત ભક્તિથી આરાધીને કયો પુરુષ આપના ચરણના મૂળ વિના સ્વર્ગાદિ બાહ્યસુખની ઇચ્છા કરે? કેમકે જે આપના ચરણમૂળને શરણે આવેલા મનુષ્ય ઉપર કાળ પણ 'આ મારે વશ છે' એવું અભિમાન કરી શકતો નથી, કે જે કાળ પોતાના પ્રભાવ અને ઉત્સાહથી ફરકતી ભ્રૂકુટિના વિલાસમાત્રથી વિશ્વનો સંહાર કરી રહ્યો છે.[૫૨-૫૬] અરે હું પોતે પણ ભગવાનના સંગવાળા ભક્ત પુરુષોના સંગમાં માત્ર અર્ધા ક્ષણને પણ સ્વર્ગ કે મોક્ષ સમાન ગણતો નથી. (પણ તેથી અધિક ગણું છું;) તો પછી મનુષ્યોનાં રાજ્ય વગેરેને તો તેની (તે ભગવાનના ભક્તોના સંગના અર્ધા ક્ષણની) સમાન* કેમજ ગણું?[૫૭] માટે પાપને હરણ કરનાર ચરણવાળા એવા આપની કીર્તિમાં તથા તીર્થ–ગંગાજીમાં અંદરથી તથા બહારથી સ્નાન કરવા વડે જેઓનાં પાપ નાશ પામેલાં હોય છે અને તેથીજ પ્રાણીમાત્ર ઉપર જેઓ કૃપા કરે છે, રાગાદિથી રહિત મન રાખે છે અને શીલ તથા સરળતા ધારણ કરે છે, તે આપના ભક્ત પુરુષોનો અમને સમાગમ થાઓ. બસ, એજ આપનો અનુગ્રહ અમારા ઉપર થાઓ. કેમકે આપના ભક્ત પુરુષો પ્રત્યેના ભક્તિયોગને લીધે અનુગ્રહપાત્ર થઇને જે મનુષ્યનું મન શુદ્ધ થાય છે–બાહ્યવિષયોમાં અનાસક્ત થાય છે અને અજ્ઞાનરૂપી ગુફામાં પ્રવેશ કરતું નથી, એટલે અજ્ઞાનમાં લય પામતું નથી, ત્યારે તે મનનશીલ થયેલો પુરુષ અનાયાસે આપના યથાર્થ સ્વરૂપદર્શનનો સાક્ષાત્કાર કરે છે, કે જે એ આપના યથાર્થ સ્વરૂપમાં આ સમગ્ર જગત જણાય છે અને સમસ્ત જગતમાં પણ જે સ્વરૂપ જણાય છે, તે આપ પરમ બ્રહ્મ, પરમ જ્યોતિરૂપ છો અને આકાશની પેઠે સર્વત્ર વ્યાપક છો.[૫૮-૬૦] હે ભગવન્! આપ અનેક સ્વરૂપવાળી, બીજાઓને ભેદબુદ્ધિ ઉત્પન્ન કરનારી અને આપને વિષે પોતાનું કાર્ય કરવાને અસમર્થ એવી પોતાની માયા વડે આ જગતને વારંવાર ઉત્પન્ન કરો છો, પાળો છો અને સંહારો છો; છતાં આપ પોતે તો નિર્વિકાર રહો છો; તે આપને અમે સમસ્ત ભેદથી રહિત–સ્વતંત્ર તરીકે જાણીએ છીએ. જે યોગીઓ શ્રદ્ધાસંપન્ન થઇને આપના આ સર્વનિયંતા સાકાર સ્વરૂપનુંજ વેદોક્ત કર્મોદ્વારા મોક્ષને માટે સારી રીતે યજન કરે છે, તેઓજ વેદ–શાસ્ત્રમાં કુશળ છે.*[૬૧] (સૃષ્ટિની પૂર્વે) આપ એકજ આદિપુરુષ હતા, કે જેમની માયા નામની શક્તિ સુપ્ત હતી–આપને વિષેજ લીન થઇને રહી હતી; પછીથી (સૃષ્ટિના આરંભકાળે જાગ્રત થયેલી) તે માયાશક્તિથી રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણ–એ ત્રણ ગુણો જુદા પડે છે અને તેમાંથી મહત્તત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, દેવો, ઋષિઓ તથા સમગ્ર પ્રાણીઓરૂપી આ જગત ઉત્પન્ન થયું છે–અર્થાત્ આપેજ ક્રીડાને માટે આ સર્વ ભેદ કર્યો છે–વસ્તુતઃ આપ ભેદથી રહિત છો.[૬૨-૬૩] એ પ્રમાણે પોતાની માયાશક્તિ વડે સરજાયલા આ જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ–એમ ચાર પ્રકારના શરીરરૂપી પુરમાં (નગરમાં) આપે પોતાના અંશ વડે (ઈશ્વર અને જીવરૂપે) પ્રવેશ કર્યો છે; એથીજ કરીને વિદ્વાનો સર્વનાં અંતઃકરણમાં અંતર્યામી તરીકે વસનાર તે ઈશ્વરને 'પુરુષ' કહે છે–શરીરરૂપી નગરમાં વસનાર કહે છે અને (બીજો) જે

* કહેવા એ માગે છે કે, ભગવાનના ચરણમૂળને શરણે ગયેલાને કાળનો ભય રહેતો નથી, એ લાભ તો શું ગણતરીમાં છે? એવો લાભ ત્યાં મળે એમાં કંઇ આશ્ચર્ય નથી. કેમકે ભગવાનના ભક્તોનો સંગ પણ સમગ્ર પુરુષાર્થો આપવાને સમર્થ છે. —શ્રીધર

* અર્થાત્ આપ જો કે ભેદરહિત–નિરાકાર બ્રહ્મ છો, તોપણ જેઓ આપના સાકાર સ્વરૂપનુંજ યજન કરે છે, તેઓજ વેદશાસ્ત્રના તત્ત્વને જાણનારા છે; નહિ કે સાકાર સ્વરૂપનો અનાદર કરીને જેઓ કેવળ જ્ઞાનનેજ આશ્રય કરે છે તે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(શરીરમાં રહીને) મધમાખીઓએ ઉત્પન્ન કરેલા મધની પેઠે ક્ષુદ્ર એવા વિષયસુખને ઇન્દ્રિયોદ્વારા ભોગવી રહ્યો છે, તેને (અવિદ્યાથી વીંટાયલો) 'જીવ' કહે છે.* ૬૪ જે આપે પોતાની માયા-શક્તિ વડે આ જગતને સૃજ્યું છે, તેજ આપ જેમ અસહ્ય વાયુ મેઘપંક્તિને વિખેરી નાખે છે, તેમ (કાળસ્વરૂપે) પ્રાણીઓથીજ પ્રાણીઓને ચલાયમાન કરીને લોકોનો સંહાર કરો છો. કેમકે આપ અતિ પ્રચંડ વેગવાળા છો અને અલક્ષ્ય સ્વરૂપવાળા છો. ૬૫ જેમ ક્ષુધાથી (ગલોફાં) ચાટતો સર્પ ઉંદરને પકડી પાડે છે, તેમ 'અમુક અમુક આવી રીતે મારે કરવાનું છે,' આવી ચિંતાથી અત્યંત પ્રમાદમાં રહેતા, વિષયોમાં અત્યંત લાલસાવાળા અને વિષયો પ્રાપ્ત થયા છતાં પણ અત્યંત વધારે લોભ કરતા પ્રાણીને પ્રમાદરહિત અને કાળરૂપ એવા આપ એકાએક પકડી પાડો છો. માટે આપના અનાદરથી નાશ પામતા શરીરવાળો કયો પંડિત પુરુષ આપના ચરણકમળનો ત્યાગ કરે? અમારા ગુરુ-બ્રહ્મદેવ અને ચૌદ મનુઓ પણ 'કાળસ્વરૂપ આપથી (અમારો) વિનાશ થશે,' એવી શંકાથી આપના ચરણકમળને દૃઢ વિશ્વાસથી પૂજે છે. ૬૬,૬૭ હે બ્રહ્મન્! હે પરમાત્મન્! એ પ્રમાણે આ જગત રુદ્ર-કાળના ભયથી ત્રાસી રહ્યું છે; માટે આપનેજ (શરણ તરીકે) જાણનાર અમને આપજ સર્વથા નિર્ભય ગતિરૂપ છો. ૬૮ (હવે પ્રચેતાઓ પ્રત્યે કહે છે-) 'હે રાજપુત્રો! શુદ્ધ થઇને સ્વધર્મનું આચરણ કરતા તમે ભગવાનમાં મન સ્થાપીને આ સ્તોત્રનો પાઠ કર્યા કરો; તમારું કલ્યાણ થાઓ. ૬૯ તમે તમારે વિષે અને સર્વ પ્રાણીઓ વિષે રહેલા તેજ આત્મારૂપ શ્રીહરિની પૂજા, સ્તુતિ અને ધ્યાન કરો. ૭૦ આ સ્તોત્રનું નામ 'યોગાદેશ' છે; આને પાઠથી પ્રાપ્ત કરીને તમે મુનિઓનાં વ્રત ધારણ કરી મનમાં સ્થાપજો અને સર્વે એકાગ્ર બુદ્ધિવાળા થઈ આદરપૂર્વક આનો અભ્યાસ કરી જપ કરજો. ૭૧ પૂર્વે પ્રજાસૃષ્ટિને ઇચ્છતા બ્રહ્માએ તેમના પુત્ર ભૃગુ વગેરે-અમોને, જ્યારે સૃષ્ટિ રચવાની અમે ઇચ્છા કરી હતી, ત્યારે આ સ્તોત્રનો ઉપદેશ કર્યો હતો. ૭૨ પછી જ્યારે પ્રજાસૃષ્ટિની રચના માટે અમને આજ્ઞા આપવામાં આવી, ત્યારે અમે સર્વ પ્રજાપતિઓએ આ સ્તોત્રથી નિષ્પાપ થઇને વિવિધ પ્રજાઓ સૃજી હતી. ૭૩ માટેજ જે પુરુષ નિત્ય એકાગ્રચિત્ત અને સાવધાન થઇ આ સ્તોત્રનો પાઠ કરે છે, તે પુરુષ અલ્પ સમયમાં શ્રીવાસુદેવપરાયણ થઇને કલ્યાણને પ્રાપ્ત કરે છે.* આ જગતમાં સર્વ કલ્યાણોમાં જ્ઞાન એજ પરમ સર્વોત્કૃષ્ટ કલ્યાણ છે, કે જે જ્ઞાનરૂપી નૌકાવાળો મનુષ્ય દુષ્પાર એવા દુઃખસમુદ્રને સુખેથી તરી જાય છે. મેં ગાયેલા આ ભગવાનના સ્તોત્રનો જે મનુષ્ય શ્રદ્ધાથી પાઠ કરે છે, તે દુઃખથી આરાધન કરી શકાય એવા શ્રીહરિનું આરાધન કરી શકે છે; એટલુંજ નહિ પણ મેં ગાયેલા આ સ્તોત્રથી સ્તુતિ કરાયલા અને તેથીજ અત્યંત પ્રસન્ન થયેલા એ શ્રીભગવાન જે સર્વ કલ્યાણોના એક આશ્રય છે, તેમની પાસેથી જે જે વસ્તુને પોતે સ્થિર થઇને ઇચ્છે છે, તેને તેને તે મનુષ્ય સંપાદન કરે છે. જે મનુષ્ય પ્રભાતમાં ઊઠીને શ્રદ્ધાવાન થઇ બે હાથ જોડીને આ સ્તોત્ર સાંભળે છે કે સંભળાવે છે, તે મનુષ્ય કર્મરૂપ બંધનથી

* આ શ્લોકનો આશય વેદમાં આવી રીતે કહ્યો છે-**तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति (ऋ० सं० १-१६४-२०)**—
ભગવાને શરીરમાં બે સ્વરૂપે પ્રવેશ કર્યો છે; એક તો અંતર્યામીસ્વરૂપે અને બીજો જીવસ્વરૂપે. તેમાંથી જીવ વિષયોનો ઉપભોગ કરે છે; ત્યારે બીજો અંતર્યામી છે. તે કેવળ સાક્ષી તરીકે જોયા કરે છે; આ વાતનોજ સૂત્રકારે નિર્ણય કર્યો છે-**गुहां प्रविष्टावात्मानौ हि तद्दर्शनात् (ब्रह्मसूत्र १-२-११)**-પ્રત્યેકની હૃદયગુહામાં બે આત્માઓએ પ્રવેશ કર્યો છે. —**श्रीधर**

* ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ ચાર પુરુષાર્થો પૈકી હરકોઇ કલ્યાણ સંપાદન કરે છે-જે ઇષ્ટ હોય તે. —**बालप्रबोधिनी**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

મુક્ત થાય છે. માટે હે રાજપુત્રો! તમે પણ મેં ગાયેલા પરમપુરુષ પરમાત્માના આ સ્તોત્રનો એકાગ્ર બુદ્ધિથી પાઠ કરતાં કરતાં મહાન તપશ્ચર્યા કરો, કે જેથી અંતે ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરશો.'[૭૪–૭૯]

गीतं मयेदं नरदेवनंदनाः परस्य पुंसः परमात्मनः स्तवम् । जपंत एकाग्रधियस्तपो महच्चरध्वमंते तत आप्स्यथेप्सितम् ॥ ७९ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૨૪ મો સમાપ્ત

अध्याय २५ मो*

પ્રચેતાઓની તપશ્ચર્યા અને નારદનો પ્રાચીનબર્હિષને અધ્યાત્મનો ઉપદેશ

॥ मैत्रेय उवाच ॥

इति संदिश्य भगवान् बार्हिषदैरभिपूजितः । पश्यतां राजपुत्राणां तत्रैवांतर्दधे हरः ॥ १ ॥

મૈત્રેય બોલ્યા:—"એમ ઉપદેશ કરીને ભગવાન શંકર પ્રચેતાઓથી પૂજા–સત્કાર પામીને તે રાજપુત્રોના દેખતાં ત્યાંજ અદૃશ્ય થઇ ગયા.[૧] તે પછી તે સર્વ પ્રચેતાઓ શંકરે ઉપદેશેલા ભગવાનના તે સ્તોત્રનો (રુદ્રગીતનો) પાઠ કરતાં દશ હજાર વર્ષ સુધી જળમાં તપશ્ચર્યા કરી રહ્યા હતા;[૨] તે વેળા હે વિદુરજી! (બીજી તરફ) પ્રાચીનબર્હિષ રાજા (પ્રચેતાઓના પિતા) કે જેમનું મન કર્મો કરવામાંજ આસક્ત હતું, તેમને અધ્યાત્મતત્ત્વને જાણનાર કૃપાળુ નારદજીએ આવો ઉપદેશ આપતાં કહ્યું કે, 'હે રાજન્! આ વૈદિક કર્મો કરવામાં તું પોતાનું કયું કલ્યાણ ઇચ્છે છે? દુ:ખનો નાશ અને સુખની પ્રાપ્તિ–એનેજ તું કલ્યાણ તરીકે જો ઇચ્છતો હોય તો (વિચારક પુરુષો) એ બન્નેને કર્મના ફળ તરીકે ઇચ્છતા નથી.'*[૩-૪]

પ્રાચીનબર્હિષ રાજા બોલ્યા:—'હે મહાભાગ્યશાળી નારદજી! કર્મોથી વ્યાકુળ બુદ્ધિવાળો, હું મોક્ષ સંબંધે કંઇ સમજતો નથી; માટે તમે મને નિર્મળ જ્ઞાનનો ઉપદેશ આપો, કે જેથી કરીને હું કર્મોથી મુક્ત થાઉં.[૫] પુત્ર, સ્ત્રી વગેરેના ભરણ–પોષણનેજ પરમ પુરુષાર્થ માનનારો મનુષ્ય, કર્મોની ખટપટથી ભરેલા ઘરમાં રહીને મોક્ષને પામી શકતો નથી; પણ ઊલટો મૂઢ બની જઇને સંસારમાર્ગમાં ભટક્યા કરે છે.'[૬]

નારદજી બોલ્યા:—'અરે ઓ પ્રજાપતિ! હે રાજન્! તેં નિર્દય થઇને યજ્ઞોમાં હજારો પશુઓનો તથા બીજા જીવસમૂહોનો સંહાર કર્યો છે, તે તો તું જો![૭] એ બધા જીવો તેં કરેલી પીડાનું સ્મરણ કરતા પરલોકમાં તારી રાહ જુએ છે; કેમકે તું મરણ પામીને જ્યારે પરલોકમાં જઇશ, ત્યારે તે જીવો ક્રોધાયમાન થઇને લોઢાનાં યંત્રમય શિંગડાંઓથી તને કાપી નાખશે.[૮] આ વિષયમાં પુરંજન રાજાના ચરિત્રરૂપી એક પુરાતની ઇતિહાસ હું તને કહું છું,+ તે તું સાંભળ.[૯] હે રાજ-

* એ રીતે પ્રચેતાઓ તપ કરતા હતા, ત્યારે બીજી બાજુ દયાળુ નારદજીએ તેઓના પિતા પ્રાચીનબર્હિષને પાંચ અધ્યાયોથી પરોક્ષ રીતે અધ્યાત્મનો ઉપદેશ કર્યો. તેમાં આ પચીસમા અધ્યાયમાં પુરંજનની કથાના રૂપકથી 'આત્માને બુદ્ધિનો સંગ થતાં વિવિધ સંસાર પ્રાપ્ત થાય છે' એ વાત નારદજી કહે છે. —શ્રીધર

* કહેવાનો ભાવ એ છે કે, કામ્યકર્મો કરીને તું પોતાને માટે કયું કલ્યાણ ઇચ્છે છે? આવો નારદજીનો પ્રશ્ન છે. આ પ્રશ્ન સંબંધે નારદજી પોતેજ સમાધાન આપતાં કહે છે–અજ્ઞાનીઓની દૃષ્ટિએ દુ:ખની હાનિ ને સુખની પ્રાપ્તિ એ ફળ પ્રસિદ્ધ છે; પણ તે બંને પ્રકારનું ફળ કામ્યકર્મો કરવાથી નથી મળતું, કેમકે यत्कृतं तन्नश्वरम्—જે કર્યું તે નાશવંત છે–અર્થાત્ કર્મ નાશવંત હોવાથી કર્મસંપાદિત ફળ પણ નાશવંતજ છે; માટે જ્ઞાનજ કર્મો કરતાં ઉત્તમ હોઇને નિત્ય સુખરૂપ મોક્ષનું પરમ સાધન છે. —बालप्रबोधिनी

\+ જીવને વિષયો પર આસક્તિ રાખવાથી સંસાર પ્રાપ્ત થાય છે અને ઈશ્વરની કૃપાથી તે સંસાર દૂર થાય છે, એવો ઉપદેશ આપવાની નારદજીને ઇચ્છા છે; પણ પ્રાચીનબર્હિષ રાજા તો મિથ્યા જ્ઞાનથી ઘેરાઇ ગયો હતો, તેથી સીધી રીતે એ ઉપદેશને ગ્રહણ કરી શકે એમ નહિ લાગવાથી નારદજી પુરંજન રાજાનું રૂપક કહે છે. વસ્તુત: પુરંજન વગેરે કોણ છે? એ સંબંધે નારદજી પોતેજ ઓગણત્રીસમા અધ્યાયમાં જણાવશે; તોપણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ન! પુરંજન નામે વિશાળ કીર્તિવાળો એક રાજા હતો; તેનો એક મિત્ર હતો, કે જેનું નામ તથા વર્તન કોઇના જાણવામાં ન હતું.[૧૦] એ રાજા પોતાના ભોગસ્થાનની÷ શોધ માટે આખી પૃથ્વી પર+ ભટક્યો; પણ પોતાને યોગ્ય ભોગસ્થાન મળ્યું નહિ; તેથી તે ઉદાસ જેવો થઈ ગયો.[૧૧] વિષયેચ્છાવાળા તેને પૃથ્વી પર જેટલાં શહેરો‡ જોવામાં આવ્યાં, તે સર્વ તે તે વિષયભોગની સિદ્ધિને માટે તેને યોગ્ય લાગ્યાં નહિ;† પછી એક સમયે હિમાલયનાં [૧]દક્ષિણશિખરો ઉપર આવેલું એક [૨]શહેર તેના જોવામાં આવ્યું. તે શહેરને નવ [૩]દરવાજા હતા; શહેરનાં સર્વ [૪]લક્ષણો પણ તેમાં જોવામાં આવતાં હતાં, [૫]કિલ્લાઓ, બાગબગીચાઓ, અટારીઓ, ખાઇઓ તથા [૬]ગોખોથી તે યુક્ત હતું અને સોનાનાં, રૂપાનાં તથા લોઢાનાં [૭]શિખરોવાળાં ઘરોથી ચોતરફ એ શહેર વ્યાપ્ત હતું.[૧૨–૧૪] એ શહેરની [૮]હવેલીઓની ભૂમિ નીલમણિ, સ્ફટિકમણિ, વૈડૂર્યમણિ, મોતીઓ, મરકતમણિ તથા માણેકથી જડેલી હતી અને શોભાથી જાણે 'ભોગવતી' નામની નાગલોકોની નગરી હોય, તેવું તે શહેર દીપતું હતું.[૧૫] [૯]સભાસ્થાનો, ચૌટાંઓ, શેરીઓ, ક્રીડાસ્થાનો તથા બજારોથી અને મનુષ્યોનાં વિશ્રામસ્થાનો તથા ધજા–પતાકાઓથી તે શહેર યુક્ત હતું અને પરવાળાંઓની ઓટલીઓ ત્યાં જણાતી હતી.[૧૬] એ *શહેરની બહારના ભાગમાં જે બગીચો હતો, તે દિવ્ય વૃક્ષો+ અને લતાઓથી વ્યાપ્ત હતો, તેની અંદરનાં× જલાશયો કલ્લોલ કરતાં પક્ષીઓથી અને

અહીં સહેજ ખુલાસો કરવો યોગ્ય છે. પુરંજન શબ્દ '**पुरं जनयति**' એ વ્યુત્પત્તિને આધારે 'જીવ' એવો અર્થ સૂચવે છે. 'પુર' એટલે શરીર; તેને જે ઉત્પન્ન કરે છે તે જીવ અને તેનો મિત્ર તે 'ઈશ્વર' છે, એમ સમજવું. —**श्रीधर**

÷ ભોગસ્થાન–એટલે શરીર.

+ પૃથ્વી પર–એટલે સમગ્ર બ્રહ્માંડમાં.

‡ શહેરો–એટલે ચોરાશી લાખ જીવયોનિઓ.

† કેમકે ગાય–ઘોડાં વગેરેનાં શરીરમાં આ લોકના તથા પરલોકના ભોગ ભોગવવાની યોગ્યતા હોતી નથી. આજ આશયને શ્રુતિ પણ કહે છે. '**ताभ्यो गामानयत्ता अब्रुवन्न वै नोऽयमलमिति॥ ताभ्योऽश्वमानयत्ता अब्रुवन्न वै नोऽयमलमिति**' (ऐत० उ० २–२०) અર્થાત્ તેઓની પાસે ગાય–બળદનું શરીર આણવામાં આવ્યું, ત્યારે જીવે કહ્યું કે, તે અમને ગમતું નથી; એટલે ઘોડાનું શરીર આણ્યું, પણ તેનેય જીવે પસંદ કર્યું નહિ. —**श्रीधर**

૧. દક્ષિણ શિખરો ઉપર એટલે કર્મક્ષેત્ર ભારતવર્ષમાં.

૨. એક શહેર–મનુષ્યશરીર.

૩. નવ દરવાજા–મુખ, નાકનાં બે છિદ્ર, કાનનાં બે છિદ્ર, આંખનાં બે છિદ્ર, લિંગનું એક છિદ્ર અને એક ગુદાનું છિદ્ર.

૪. આંધળાપણું–પાંગળાપણું વગેરે દોષોથી રહિત મનુષ્યશરીર.

૫. ચામડી વગેરે શરીરના અવયવો તે કિલ્લા; બાગબગીચા વગેરેને ઠેકાણે સમજવા.

૬. ઇન્દ્રિયો તેને ગોખની જગ્યાએ જાણવી.

૭. શિખરોવાળાં ઘરો–તે રાજસ વગેરે સ્વભાવો અને આધારાદિ ચક્રો જાણવાં; તેમાં રાજસ આદિ સ્વભાવો શિખરોને સ્થાને છે અને આધારાદિ ચક્રો તે ઘરોને સ્થાને છે.

૮. હવેલીઓની ભૂમિ–તે હૃદયસ્થાન સમજવું અને તે ભૂમિ જુદી જુદી વિષયવાસનાઓરૂપી મણિઓથી જડાયલી જાણવી. —**श्रीधर**

૯. એ શરીરરૂપી શહેરમાં સભાસ્થાન તે અંતઃકરણ છે, ચૌટાં તે તાળવાંની નીચેનો ભાગ છે; કેમકે ત્યાંજ મુખ, નાસિકા, નેત્ર તથા કાનના ચાર માર્ગો આવેલા છે; શેરીઓ તે ઇડા–પિંગલા–સુષુમ્ણા વગેરે નાડીઓ છે; ક્રીડાસ્થાનો તે ઇન્દ્રિયોનાં સ્થાનો સમજવાં; બજાર તે મનનું સ્થાન છે; વિશ્રામસ્થાન તે ચિત્તનો મધ્યપ્રદેશ છે; ધજા તે ભગવાનથી વિમુખ રહેવું તે છે; પતાકાઓ તે અવિદ્યા–અસ્મિતા–રાગ–દ્વેષ–કદાગ્રહ એ પાંચ ક્લેશો છે અને પરવાળાંની ઓટલીઓ તે આધારાદિ ચક્રોની વચ્ચેનાં જુદાં જુદાં સ્થાનકો સમજવાં.—**बालप्रबोधिनी**

* વિષયાસક્ત બુદ્ધિને લીધે જીવને દેહનો સંબંધ થાય છે, એમ જણાવવા માટે અહીંથી વિષયવર્ગને બહારના બગીચા તરીકે વર્ણવે છે. —**श्रीधर**

+ માળા–ચંદન વગેરે બાહ્યવિષયો અહીં દિવ્ય વૃક્ષો તથા લતા વગેરે તરીકે કહ્યા છે. —**श्रीधर**

× જલાશયો, શબ્દાદિ વિષયોના આશ્રયો અને પક્ષીઓ તથા ભમરાઓ સ્ત્રી–પુત્રાદિ સમજવાં.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitized by eGangotri

ગુંજારવ કરતા ભમરાઓથી ગાજી રહ્યાં હતાં,[1] શીતળ ઝરણાંઓનાં જળકણવાળા અને [2]પુષ્પોના સમૂહમાં થઇને આવતા વાયુને લીધે એ બગીચાનાં વૃક્ષોની શાખાઓ[3] ઝૂલી રહી હતી અને તેથી વાવડીઓના[4] કિનારાઓ ઉપર શોભા થઈ રહી હતી. વળી તે બગીચો અનેક [5]જંગલી જનાવરો હોવા છતાં તેમની પીડાથી રહિત હતો; કેમકે તેઓ હિંસક ન હતાં અને તે સ્થળે [6]કોયલો [7]ટહુકાર કરતી હતી; તેથી [8]મુસાફરને જણાતું કે તે બગીચો પોતાને બોલાવી રહ્યો છે.૧૭-૧૯ એવા તે બગીચામાં પુરંજન રાજાએ કોઇએક [9]મદોન્મત્ત સ્ત્રીને[10] દૈવેચ્છાએ આવી ચડેલી જોઈ. એ સ્ત્રી પોતાના દશ[11] સેવકો સાથે ત્યાં આવી હતી કે જે એ દશે સેવકો પ્રત્યેક સેંકડો સ્ત્રીઓના પતિ હતા.૨૦ પાંચ[12] મસ્તકોવાળો એક સર્પ છડીદાર તરીકે તે સ્ત્રીનું સર્વ તરફથી રક્ષણ કરતો હતો; તે સ્ત્રી પતિને[1] શોધતી હતી; તેની વય સોળ વર્ષની હતી અને તેણી ઇચ્છાનુસાર સ્વરૂપ ધારણ કરનારી હતી,૨૧ તેની[2] નાસિકા સુંદર હતી; દાંત પણ સુંદર હતા; ગાલ મનોહર હતા; મુખ ઉત્તમ હતું અને સમાન રચનાવાળા કાનમાં કુંડળોની શોભાને તે ધારણ કરતી હતી.૨૨ તેણીના [3]ચણિયાનો નેફો પીળો હતો; નિતંબ સુંદર હતા; વર્ણ શ્યામ હતો; સોનાનો કંદોરો તેણીએ ધારણ કર્યો હતો; અને જાણે કોઈ દેવી હોય,તેમ ઝાંઝરોના ઝણકાર કરતા બે પગથી તેણી ચાલતી હતી. તેણીનાં ÷સ્તન યૌવનના આરંભને સૂચવતાં હતાં; સરખા ને ગોળ હતાં અને વચ્ચે અંતરથી રહિત હતાં; શરમને

૧. શીતળ ઝરણાંના જળકણ–તે રસવિષયની સંપત્તિ.

૨. પુષ્પોના સમૂહ તે ગંધવિષયની સંપત્તિ.

૩. વાયુથી ઝૂલતી વૃક્ષશાખાઓ તે સ્પર્શવિષયની સંપત્તિ.

૪. વાવડીઓના કિનારાની શોભા તે દ્વીપસંપત્તિ સમજવી. —બાલપ્રબોધિની

૫. જંગલી જનાવરો અને તે વળી અહિંસક–તે સ્વામીને વશ રહેનારા એ શરીરના સેવકો સમજવા. —બાલપ્રબોધિની

૬. કોયલો તે સ્ત્રીપુત્રાદિ.

૭. ટહુકાર શબ્દવિષયની સંપત્તિ.

૮. મુસાફર તે બીજે સંસારમાર્ગમાં વર્તતો વિષયી જીવ. —બાલપ્રબોધિની

૯. મદોન્મત્ત સ્ત્રી તે–રજોગુણથી વ્યાપ્ત–મદમાતી બુદ્ધિ. —બાલપ્રબોધિની

૧૦. 'દૈવેચ્છાએ' એમ કહીને સૂચવે છે કે, જીવ અને બુદ્ધિનો સંબંધ કેવી રીતે થાય છે, તે જાણી શકાતું નથી.

૧૧. દશ સેવકો તે પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા પાંચ કર્મેન્દ્રિયો કે જેઓ પ્રત્યેક સેંકડો વૃત્તિઓના પતિ છે.

૧૨. પાંચ મસ્તકવાળો સર્પ તે પાંચ વૃત્તિઓવાળો પ્રાણવાયુ. —શ્રીધર

૧. પતિને શોધતી હતી–ભોક્તા જીવને શોધતી હતી; કેમકે એ અપ્રૌઢા હતી–વૈરાગ્યવાળી ન હતી અને તેથીજ અનેક કામભોગની વાસનાઓરૂપી અનેક સ્વરૂપોને તે બુદ્ધિરૂપી સ્ત્રી ધારણ કરે છે.

૨. નાસિકા વગેરે અવયવો તે બુદ્ધિનાજ અવયવો કથાલંકાર માટે વર્ણવ્યા છે. —બાલપ્રબોધિની

૩. રજોગુણી કર્મો કરવાની વાસનાથી બુદ્ધિ વીંટાયલી રહે છે; તેણીનો રંગ શ્યામ છે; વેદ પણ કહે છે–'**अन्नमयं हि सौम्य मनः**'–અર્થાત્ મન અન્નમય છે અને અન્નનો રંગ શ્યામ છે– એ વેદવાક્યાનુસારે બુદ્ધિ પણ અન્નમય હોવાથી અહીં તેણીનો શ્યામ રંગ વર્ણવ્યો છે. બુદ્ધિની અંદર કંઇક અંશે સત્ત્વગુણ પણ છે, તેથી સોનાના કંદોરાના રૂપકથી તેણીને વર્ણવી છે; નિતંબ વગેરેના ભાવથી બુદ્ધિના અવયવોનું વર્ણન કર્યું છે; તેણીની ચંચળતા પ્રસિદ્ધ છે, તેથી તેણીને અહીં ચાલતી કહી છે અને તેણી જીવને મોહ પમાડવાનું સામર્થ્ય ધરાવે છે, તેથી તેણીને દેવીની ઉપમા આપી છે.

÷ રાગ અને દ્વેષ તે બુદ્ધિનાં સ્તનને સ્થાને છે અને તેઓ બંને કિશોર અવસ્થામાં પ્રબળ હોય છે; બન્ને કલ્યાણના માર્ગમાં સમાન વિઘ્નકર્તા છે અને નિત્ય સાથે રહેનાર છે; તેથી તેઓને સરખાં, ગોળ અને અંતર વિનાનાં કહ્યાં છે; વળી પશુ વગેરેની બુદ્ધિની અપેક્ષાએ મનુષ્યબુદ્ધિ લજ્જાવાળી હોય છે, તેથી કહ્યું છે કે, શરમને લીધે તેણી સ્તનને ઢાંકે છે–અર્થાત્ જીવ જ્યારે વિરક્ત દશામાં વર્તે છે, ત્યારે બુદ્ધિ પોતાનાં સ્તન જેવા રાગદ્વેષ ઢાંકી દે છે. બુદ્ધિ કંઇક રાગાદિવાળી હોય છે, ત્યારે હાથણીની પેઠે ડોલતી ચાલે છે.—બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લીધે પોતાના વસ્ત્રના છેડાથી તે સ્તનને ઢાંકતી હતી અને હાથણીની પેઠે ચાલતી હતી.[૨૩,૨૪] વીર પુરંજન રાજા કે જે તેણીના પ્રેમથી વિલસતી ભ્રૂકુટિરૂપી ધનુષમાંથી છૂટેલા સ્નેહકટાક્ષરૂપી બાણથી વીંધાઇ ગયો હતો, તે શરમાળ મંદ હાસ્યથી શોભતી તે સ્ત્રીને આવું સુંદર વચન કહેવા લાગ્યો:[૨૫] 'હે કમળની પાંખડીઓ સમાન નેત્રવાળી સ્ત્રિ! તું કોણ છે? હે સતિ! તું કોની કન્યા અથવા પત્ની છે? અને અહીં ક્યાંથી આવી છે? હે ભીરુ! આ નગરીની સમીપ આવેલી આ ભૂમિ પર તું શું કરવા ઇચ્છે છે? તે મને કહે. આ ×અગિયાર મહાન યોદ્ધાઓ કે જેઓ તારી પાછળ ચાલ્યા કરે છે, તેઓ કોણ છે? વળી હે સુંદર ભ્રૂકુટિવાળી સ્ત્રિ! આ સ્ત્રીઓ કોણ છે? અને તારી આગળ ચાલતો આ સર્પ કોણ છે?[૨૬,૨૭] તું પોતાના પતિધર્મને શોધતી શું લજ્જા છે? અથવા પતિ શંકરને શોધતી પાર્વતી છે? અથવા પતિ બ્રહ્મદેવને શોધતી સરસ્વતી છે કે પતિ વિષ્ણુને શોધતી લક્ષ્મી છે? તું મુનિની પેઠે સંયમવાળી જણાય છે! ખરેખર, તારો પતિ તારા ચરણની કામનાથીજ સમસ્તં કામનાઓને સંપાદન કરી ચૂક્યો છે; (મને લાગે છે કે, તું લક્ષ્મીજ છે;) પણ તે કમળનો કોશ (દોડો) તારા હાથમાંથી ક્યાં પડી ગયો છે? અથવા હે સુંદર ઊરુવાળી સ્ત્રિ! તું પૂર્વોક્ત દેવીઓમાંની એક પણ નથી; કેમકે તું પૃથ્વીનો સ્પર્શ કરે છે. (દેવતા તો પૃથ્વીનો સ્પર્શ કરે નહિ.) તો જેમ લક્ષ્મીદેવી યજ્ઞપુરુષ વિષ્ણુ ભગવાનની સાથે શ્રેષ્ઠ લોક–વૈકુંઠને શોભાવે છે, તેમ તું પણ વીરોમાં શ્રેષ્ઠ અને ઘણાં કર્મો કરનારા મારી સાથે આ નગરીને શોભાવવાને યોગ્ય છે.†[૨૮,૨૯] કેમકે લજ્જા સાથે પ્રેમપૂર્વક વિલાસ કરતી તારી ભ્રૂકુટિથી તે પ્રેરણા કરેલો આ ભગવાન કામદેવ તારા કટાક્ષપાતથી ખંડિત થયેલા મનવાળા મને અત્યંત પીડા કરે છે, માટે હે સુંદરિ! તું મારા પર અનુગ્રહ કર.*[૩૦] હે પવિત્ર હાસ્યવાળી! તારૂં આ મુખ જે લજ્જાને લીધે મારી સંમુખ થતું નથી, સુંદર ભ્રૂકુટિવાળું છે, કીકીઓવાળાં નેત્રવાળું છે, લટકતા શ્યામ કેશની લટોથી વીંટાયલું છે અને સુંદર વાણીવાળું છે, તે તારૂં મુખ (જરા) ઊંચું કરીને તું મને બતાવ તો ખરી!' §

નારદજી બોલ્યા:–'હે વીર પ્રાચીનબર્હિષ રાજા! એ પ્રમાણે પુરંજન રાજા અધીરની પેઠે યાચના કરવા લાગ્યો એટલે તે સ્ત્રીએ પણ મોહિત થઇને હસતાં હસતાં તેને ‡અભિનંદન આપ્યું ને કહ્યું કે,[૩૧,૩૨] 'હે મહાપુરુષ! અમારો કે બીજાનો (તમારો) કર્તા કોણ છે અને અમારૂં કે તમારૂં કુળ કે નામ પણ કોણે કર્યું છે? તે અમે બરાબર જાણતાં નથી–અર્થાત્ તમે પૂછો છો, પણ મને મારા પિતાની, વંશ સ્થાપનારની તથા નામ

× આ શ્લોકનાં જે અગિયાર યોદ્ધાઓ કહ્યા છે તેમાં અગિયારમો મહાયોદ્ધો તે મન છે અને બાકીની દશ ઇન્દ્રિયો સમજવી; સ્ત્રીઓ તે ઇન્દ્રિયોની વૃત્તિ છે અને સર્પ તે પ્રાણવાયુ છે. —**બાલપ્રબોધિની**

મનને બુદ્ધિથી અલગ લેવાનું કારણ એ છે કે, મન બુદ્ધિના દાસ જેવું છે અને ઇન્દ્રિયોને સહાય કરનારૂં છે, તેથીજ મનને બુદ્ધિના દાસ તરીકે અહીં કહ્યું છે. —**શ્રીધર**

† અર્થાત્ જો કે હું વસ્તુતઃ કર્મરહિત છું, તોપણ તારા સંગથી કર્મવાળો થઇશ. (માટે તું મારી સાથે આ મનુષ્યશરીરમાં રહે.) —**શ્રીધર**

* આ શ્લોકથી એમ દર્શાવ્યું છે કે, રજોગુણી બુદ્ધિનું સામીપ્ય થતાં જીવાત્મા ક્ષણભર પણ સ્વસ્થ રહી શકતો નથી. —**બાલપ્રબોધિની**

§ આ શ્લોકથી એ સૂચવ્યું છે કે, મન ચંચળ છે અને ઇન્દ્રિયો વિષયતત્પરજ રહેનારી છે, માટે એકાંતમાં રહેલા સ્ત્રી–પુરુષને અવશ્ય વિકાર થાય છે; એમ સમજીને કલ્યાણ ઇચ્છતાં સ્ત્રી–પુરુષોએ કદી પણ એકાંતે રહેવું નહિ. —**બાલપ્રબોધિની**

‡ અભિનંદન આપ્યું એટલે પોતાના સ્વામી તરીકે સ્વીકાર કર્યો; કેમકે ચેતન–જીવને બુદ્ધિ વિના ભોગસિદ્ધિ થતી નથી અને બુદ્ધિને પણ પોતે જડ હોવાથી જીવ વિના ભોગપ્રાપ્તિ થતી નથી. —**બાલપ્રબોધિની**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

પાડનારની ખબર નથી.† [33] હે વીર ! અમે માત્ર એટલુંજ જાણીએ છીએ કે, આજ અમે અહીં છીએ ! એ સિવાય બીજું કંઇ પણ અમે જાણતાં નથી; તેમજ અમારા શરણરૂપ આ નગરી કોણે બનાવી, તેની પણ અમને ખબર નથી.[34] હે માન આપનારા રાજા ! આ પુરુષો મારા મિત્રો છે અને આ સ્ત્રીઓ મારી સખીઓ છે. હું જ્યારે સૂઇ જાઉં છું, ત્યારે આ સર્પ નગરીનું રક્ષણ કરતો જાગે છે.[35] હે શત્રુઓનું દમન કરનાર રાજા ! તમે અહીં ભલે પધાર્યા; તમારૂં કલ્યાણ થાઓ. તમે ઇન્દ્રિયોના જે વિષયભોગની ઇચ્છા કરો છો, તેને હું મારા આ મિત્રો અને સખીઓની સાથે તમને પૂરા પાડીશ.[36] હે સમર્થ રાજા ! નવ દરવાજાવાળા આ શહેરમાં તમે નિવાસ કરો અને મેં હાજર કરેલા કામભોગને સો * વર્ષ સુધી તમે ગ્રહણ કર્યા કરો.[37] હું તમારા વિના બીજા કયા પુરુષને રમાડીશ ? કેમકે તમારા વિનાનો બીજો÷ પુરુષ તો સ્ત્રી વગેરે વિષયસુખને જાણતો નથી; શાસ્ત્રે નહિ નિષેધેલાં સુખનો પણ ત્યાગ કરી દે છે; પરલોકની ચિંતાથી શૂન્ય હોય છે; આ લોકની ચિંતાથી પણ રહિત હોય છે અને તેથીજ પશુતુલ્ય હોય છે.[38] વળી આ ગૃહસ્થાશ્રમમાં તો ધર્મ, અર્થ અને કામ, એ ત્રણે પ્રાપ્ત થઇ શકે છે; પ્રજાસુખ, મોક્ષ, યશ અને શોક તથા દુઃખથી રહિત એવા સ્વર્ગાદિ લોકની પણ પ્રાપ્તિ થઇ શકે છે, કે જેને યતિઓ પણ પામી શકતા નથી.[39] માટે આ સંસારમાં ગૃહસ્થાશ્રમજ પિતૃઓ, દેવો, ઋષિઓ, મનુષ્યો, બીજાં સર્વ પ્રાણીઓ અને પોતાને પણ સુખકારક તથા શરણરૂપ છે, એમ વિદ્વાનો કહે છે.[40] વળી હે વીર ! તમારા જેવા પ્રખ્યાત, દાતા, પ્રિયદર્શનવાળા અને પોતે પોતાની મેળે આવેલા પ્રિય પતિને મારા જેવી કઇ સ્ત્રી ન વરે ?[41] હે મોટી ભુજાઓવાળા ! સર્પના શરીર સમાન આકૃતિવાળા તમારા બાહુઓમાં પૃથ્વી પરની કઈ સ્ત્રીનું મન આસક્ત ન થાય, કે જે તમે કૃપાથી અત્યંત વૃદ્ધિ પામેલા હાસ્યપૂર્વક દૃષ્ટિપાતથી અનાથવર્ગની માનસિક પીડાને સંપૂર્ણ દૂર કરવાને સર્વત્ર વિચરો છો.×[42]

નારદજી બોલ્યા:–'એ પ્રમાણે પરસ્પર ઠરાવ કરીને તે બન્ને–પુરંજન રાજા અને પેલી સ્ત્રી, તે નગરીમાં દાખલ થયાં અને હે રાજન ! સો વર્ષ

---

† આ. ૩૩–૩૪–૩૫–૩૬ શ્લોકનો આધ્યાત્મિક ભાવ એ છે કે, બુદ્ધિ એ અવિદ્યાના પરિણામરૂપ છે, તેથી તેને જો સર્વકારણ પરમાત્માનો સારી રીતે સાક્ષાત્કાર થાય છે, તો તેના સ્વરૂપનોજ વિલય થઇ જાય છે; તેથી તે પોતાના કર્તા વગેરેનું અજ્ઞાન સૂચવે છે; માત્ર 'હું અહીં છું' એવું જ્ઞાન અને શરીરમાં નિરંતર નિર્વિઘ્ન રમવાનું અભિમાન એટલુંજ બુદ્ધિ જાણી શકે છે. (૩૪) બુદ્ધિ કહે છે કે, 'હું મારા મિત્ર ઇન્દ્રિયો અને મારી સખીઓ–ઇન્દ્રિયવૃત્તિઓ તમને–જીવને ભોગ ભોગવવામાં સાધન થઇ પડીશું. વળી સુષુપ્તિ અવસ્થામાં હું જ્યારે લીન થાઉં છું, ત્યારે આ સર્પ-પ્રાણવાયું, શહેરનું–શરીરનું રક્ષણ કરતો જાગે છે. (૩૫) રજોગુણી બુદ્ધિનું સામીપ્ય થતાં જીવ વિષયભોગનો અભિલાષી બને છે અને બુદ્ધિ–ઇન્દ્રિયો વગેરે તેને ભોગ પણ પૂરા પાડે છે; અને જીવ પણ રોગાદિ શત્રુઓનું નિવારણ કરવા માટે પ્રયત્ન કરે છે. (૩૬) **બાલપ્રબોધિની**

* મનુષ્યશરીરમાં સો વર્ષ સુધી જીવનો પ્રવેશ રહે છે, માટે આમ કહ્યું છે. **—શ્રીધર**

÷ રજોગુણી બુદ્ધિ બીજા તમોગુણી તથા સત્ત્વગુણી પુરુષની નિંદા કરે છે–તમોગુણી જે હોય છે, તે સ્થાવર વગેરે યોનિને પ્રાપ્ત થયેલ હોય છે, તેથી વિષયસુખને જાણી શકતાં નથી, પરલોકનાં સાધનથી શૂન્ય હોય છે અને પોતાના દેહનિર્વાહની ચિંતાથી પણ રહિત હોય છે, તેથી જડ છે; તેમજ પશુ–પક્ષી વગેરે સ્ત્રી આદિના ભોગસુખને જાણે છે, પણ તે ભોગ સંપાદન કરવામાં સમર્થ નથી હોતાં અને પરલોકનાં સાધનથી શૂન્ય હોઇ 'કાલે શું થશે ? એ ચિંતા પણ રાખતાં નથી. માટે તે તો પશુ અને મૂર્ખ તરીકે પ્રસિદ્ધ છે; અને સાત્ત્વિક પુરુષ તો વિરક્તજ હોય છે; તેથી વિષયભોગનો ત્યાગ કરી દે છે અને કેવળ જ્ઞાનનિષ્ઠ થઇ પરલોકની કે આ લોકની ચિંતા રાખતા નથી; માટે તે પણ પશુ જેવા છે; માટે હું તો રજોગુણીને પસંદ કરૂં છું. **—બાલપ્રબોધિની**

× બુદ્ધિ આદિ વર્ગ, ચૈતન્ય જીવથીજ સનાથ થાય છે એમ સૂચવ્યું છે. **—બાલપ્રબોધિની**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુધી ત્યાં આનંદ કરવા લાગ્યાં.* તે નગરીમાં સ્થળે સ્થળે ગવૈયાઓ તે પુરંજન રાજાનાં ગુણ-ગાન ગાતા હતા અને ઉનાળામાં તે રાજા સ્ત્રી-ઓથી વીંટાઇને ક્રીડા કરતો સરોવરમાં પ્રવેશ કરતો હતો.+[૪૩,૪૪] (પુરંજને આશ્રય કરેલી) તે નગરીનો જે× કોઈ સ્વામી થતો હતો તેને જુદા જુદા દેશોમાં જવા માટે તે નગરીને નવ દરવાજા કરવામાં આવ્યા હતા; જેમાંના સાત ઉપરના ભા-ગમાં અને બે નીચેના ભાગમાં હતા;[૪૫] તેમાં જે સાત દરવાજાઓ ઉપરના ભાગમાં હતા તેમાંથી પાંચ* દરવાજાઓ પૂર્વ દિશા તરફ હતા, એક દ-ક્ષિણ દિશા તરફ હતો અને એક ઉત્તર દિશા તરફ હતો; તેમજ જે બે દરવાજા નીચેના ભાગમાં હતા તે પશ્ચિમ દિશા તરફ હતા. હવે હે રાજા! તેઓ-નાં નામ હું તમને કહું છું.[૪૬] ખદ્યોતા‡ તથા §આવિર્મુખી નામના બે પૂર્વ દિશા તરફના દર-વાજા એક પંક્તિમાં લગભગ સમીપ રહેલા બાંધ્યા હતા; તે બન્ને દરવાજાઓમાં થઇને પુરંજન રાજા ઘુમાન† નામના મિત્રની સાથે વિભ્રાજિત÷ ના-મના દેશમાં જતો હતો.[૪૭] તેમજ નલિની[૧] તથા [૨]નાલિની નામના બીજા બે પૂર્વના દરવા-જાઓ હતા. તેમાં થઇને પુરંજન રાજા [૩]અવધૂત નામના મિત્રની સાથે [૪]સૌરભ નામના દેશમાં જતો હતો.[૪૮] હવે પાંચમો પૂર્વ તરફનો જે દર-વાજો હતો તેનું નામ [૫]'મુખ્યા' હતું અને તે દર-વાજામાં થઇને પુરંજન રાજા [૬]રસજ્ઞ તથા [૭]વિપણ નામના બે મિત્રોની સાથે [૮]આપણ તથા [૯]બહૂ-દન નામના દેશમાં જતો હતો.[૪૯] હે પ્રાચીનબ-ર્હિષ! એ નગરીને [૧૦]પિતૃહૂ નામનો જે દક્ષિણ તરફનો દરવાજો હતો તેમાં થઇને પુરંજન રાજા [૧૧]શ્રુતધર નામના મિત્રની સાથે [૧૨]દક્ષિણ પાં-

---

* એ પ્રમાણે જીવનો તથા બુદ્ધિ આદિ સૂક્ષ્મશ-રીરનો પરસ્પર અધ્યાસ થયો તોપણ સૂક્ષ્મશરીરનો સ્થૂલ શરીરમાં અધ્યાસ થયા વિના ભોગનો સંભવ હોતો નથી, તેથી સ્થૂલદેહમાં પ્રવેશ કરીને મનુષ્યના સો વર્ષ-ના આયુષ સુધી સંસારભોગો ભોગવવા માંડ્યા.—बा.प्र.

\+ આ શ્લોકમાં જીવની જાગ્રત તથા સુષુપ્તિ અવ-સ્થા સંક્ષેપમાં કહી છે. —श्रीधर

× જે કોઈ સ્વામી થતો હતો, એમ કહેવાનું કારણ એ છે કે, શરીરના અભિમાની થતા આત્માને સારી રીતે જાણી શકાતો નથી અને કોઇ શરીરમાં આત્મા નિયત રહેતો નથી. —श्रीधर

* શરીરરૂપી શહેરનાં બે નેત્ર, બે નાકનાં છિદ્ર અને મુખ—એ પાંચ છિદ્રો પૂર્વ દિશામાં આવેલાં છે; જમણા કાનરૂપી છિદ્ર દક્ષિણ દિશામાં છે અને ડાબા કાનનું છિદ્ર ઉત્તર દિશા તરફ આવેલું છે. નીચેનાં બે છિદ્રો —ગુદા ને લિંગનાં છિદ્ર પશ્ચિમ ભાગમાં ગણાય છે. —बालप्रबोधिनी

‡ ખદ્યોતા—એટલે પતંગિયાંની પેઠે અલ્પ પ્રકાશ-વાળું ડાબું નેત્ર. —श्रीधर

§ આવિર્મુખી—એટલે જેનું મુખ પ્રકટ છે તે—જેમાં ઘણો પ્રકાશ છે તે—જમણું નેત્ર. વેદ પણ કહે છે—'**तस्माद्दक्षिणोऽर्ध आत्मनो वीर्यवत्तरः**' શ-રીરનો જમણો ભાગ વધારે બળવાન છે. આપણે સ્વા-નુભવથી પણ જાણીએ છીએ કે, જમણા નેત્રમાં વધારે પ્રકાશ છે. —श्रीधर

† ઘુમાન નામના મિત્રની સાથે એટલે ચક્ષુ ઇન્દ્રિ-યની સાથે. —श्रीधर

÷ વિભ્રાજિત નામના દેશમાં એટલે ચક્ષુ ઇન્દ્રિ-યના રૂપવિષયમાં.

૧. નલિની એટલે નાકનું ડાબું છિદ્ર.

૨. નાલિની એટલે નાકનું જમણું છિદ્ર.

૩. અવધૂત નામનો મિત્ર એટલે વાયુ જેનો દેવ છે તે ઘ્રાણેન્દ્રિય.

૪. સૌરભ દેશ તે ઘ્રાણેન્દ્રિયનો ગંધવિષય.

૫. મુખ્યા નામનો પાંચમો દરવાજો તે મુખ—મોઢું.

૬. રસજ્ઞ મિત્ર તે રસના ઇન્દ્રિય.

૭. વિપણ મિત્ર તે વાક્ ઇન્દ્રિય.

૮. આપણ નામનો દેશ તે વાક્ઇન્દ્રિયનો વિષય—ભાષણ.

૯. બહૂદન નામનો દેશ તે રસના ઇન્દ્રિયનો વિષય રસ—જાતજાતનું અન્ન.

૧૦. પિતૃહૂ એટલે જમણો કાન.

૧૧. શ્રુતધર નામનો મિત્ર તે શબ્દ ગ્રહણ કરનારી શ્રવણ ઇન્દ્રિય.

૧૨. દક્ષિણ પાંચાલ દેશ તે પ્રવૃત્તિમાર્ગરૂપ કર્મ-કાંડ શાસ્ત્ર. કહેવાનો ભાવ એ છે કે, પાંચ વિષયો કે જે બીજાદ્વારા જણાતા નથી તેનો પ્રકાશ કરવામાં જે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitized by eGangotri

ચાલ નામના દેશમાં જતો હતો.[૫૦] તેમજ એ નગરીની ઉત્તરમાં [૧૩]'દેવહૂ' નામે દરવાજો હતો; તેમાં થઇને પુરંજન રાજા શ્રુતધર મિત્રની સાથે[૧૪] ઉત્તર પાંચાલ દેશમાં જતો હતો.[૫૧] હવે નીચેના દરવાજા પૈકી [૧૫]આસુરી નામનો જે પશ્ચિમ દરવાજો હતો તે દ્વારા પુરંજન રાજા, [૧૬]દુર્મદ નામના મિત્રની સાથે [૧૭]ગ્રામક નામના દેશમાં જતો હતો[૫૨] અને 'નિર્ઋતિ' [૧૮] નામનો જે નીચેનો પશ્ચિમ દરવાજો છે તેમાં થઇને પુરંજન રાજા 'લુબ્ધક'[૧૯]નામના મિત્રની સાથે 'વૈશસ' નામના દેશમાં[૧] જાય છે.[૫૩] (એ નગરીને) પૂર્વોક્ત નવ દરવાજાઓ ઉપરાંત 'નિર્વાક્'[૨] અને 'પેશસ્કૃત્ નામના બીજા પણ બે દરવાજાઓ છે, કે જેઓ બન્ને અંધ છે એટલે બંધબારણાંવાળા છે. આ દરવાજાઓ પૈકી એકથી પુરંજન રાજા જાય છે અને બીજાથી કંઈ કામ કરે છે.[૫૪] એ રાજા [૩]'વિષૂચીન' (અંતઃપુરરક્ષક–નાજર)ની સાથે જ્યારે [૪]અંતઃપુરમાં જતો ત્યારે [૫]સ્ત્રી–પુત્ર આદિથી ઉત્પન્ન થનારા [૬]મોહ, પ્રમાદ તથા હર્ષને પામતો હતો.[૫૫] એ રીતે કર્મો કરવામાં આસક્ત બનેલો, કામાત્મા અને તેથીજ ઠગાયલો તે મૂર્ખ પુરંજન રાજા, પોતાની રાણી જે જે ઇચ્છતી હતી તેને તેનેજ અનુસરતો હતો–તે તે કરવાજ તૈયાર રહેતો હતો.[૭] કોઈ વખતે તે રાણી મદિરાપાન કરતી હતી તો પોતે પણ મદિરાપાન કરતો હતો અને મદથી વિહ્વળ થઈ જતો હતો; તે રાણી ભોજન કરતી ત્યારે પોતે ભોજન કરતો અને તેણી જ્યારે ચણા વગેરે ચાવવાના પદાર્થો ખાતી ત્યારે પોતે પણ તે ખાતો હતો.[૫૬।૫૭]કોઈ વેળા તે રાણી

સમર્થ છે તેને પાંચાલ કહે છે–એટલે પાંચ વિષયોનો પ્રકાશ કરનારું શાસ્ત્ર. આપણે જ્યારે કંઇ પણ સાંભળીએ છીએ ત્યારે તેમાં જમણો કાન પ્રથમ સાંભળે છે; કેમકે તે જમણો હોવાથી વધારે બળવાન છે અને શાસ્ત્રમાં પણ પ્રથમ કર્મકાંડ સાંભળવા યોગ્ય છે તેથી પ્રવૃત્તિમાર્ગ કે કર્મકાંડશાસ્ત્રનું શ્રવણ પ્રથમ જમણા કાનથી સાંભળવા યોગ્ય છે; તેમજ કર્મકાંડનું શ્રવણ કરીને તે તે કર્માનુષ્ઠાન કરવાથી પિતૃઓ પોતાના પિતૃલોકમાં બોલાવે છે, જેથી પિતૃલોકમાં લઈ જનાર પિતૃયાન માર્ગે જીવ પ્રયાણ કરે છે. આ રીતે જે દ્વારા પિતૃઓનું આહ્વાન મળે છે, તે જમણા કાનને અહીં 'પિતૃહૂ' નામ આપેલું છે અને તે દ્વારા પ્રથમ શ્રવણ કરવામાં આવતા કર્મકાંડશાસ્ત્રને 'દક્ષિણ પાંચાલ' દેશ કહ્યો છે. —શ્રીધર

૧૩. દેવહૂ નામે દરવાજો તે ડાબો કાન; શ્રુતધર મિત્ર તે શ્રવણેન્દ્રિય.

૧૪. ઉત્તર પાંચાલ દેશ તે નિવૃત્તિમાર્ગદર્શક–જ્ઞાનકાંડશાસ્ત્ર. અહીં પણ એ સૂચવ્યું છે કે, ડાબો કાન ઓછા બળવાળો હોવાથી કર્મકાંડનું શ્રવણ થઇ રહ્યા પછી પોતે જ્ઞાનકાંડનું ઓછા બળે શ્રવણ કરે છે; તેથી સીધો મોક્ષે ન જતાં જીવ, તે દ્વારા દેવયાન માર્ગે થઇને દેવલોકમાં જાય છે. માટે તે ડાબા કાનને 'દેવહૂ' કહ્યો છે; કેમકે તે દ્વારા દેવોનું આહ્વાન મળે છે.

૧૫. આસુરી નામનો દરવાજો તે શિશ્નદ્વાર–લિંગદ્વાર. —શ્રીધર

૧૬. દુર્મદ નામનો મિત્ર તે ગુહ્ય ઇન્દ્રિય.

૧૭. ગ્રામક–ગ્રામ્યમનુષ્યોને સુખરૂપ જણાતો ગુહ્ય ઇન્દ્રિયનો મૈથુનવિષય. —શ્રીધર

૧૮. નિર્ઋતિ નામનો પશ્ચિમ દરવાજો તે ગુદાદ્વાર. કેમકે તે નિર્ઋતિ–મૃત્યુનું દ્વાર છે.

૧૯. લુબ્ધક નામનો મિત્ર તે પાયુ નામની ગુદાદ્વારમાં રહેતી ઇન્દ્રિય, લુબ્ધક એટલે પારધિ, જે મનુષ્યનો જીવ તે ગુદાદ્વારે થઇને નીકળી જાય છે તેને પરલોકમાં દુઃખ ભોગવવું પડે છે. માટે તે ઇન્દ્રિયને લુબ્ધક નામે કહી છે.

૧. વૈશસ નામનો દેશ તે મળનો ત્યાગ કરવો તે–પાયુ ઇન્દ્રિયનો વિષય. —શ્રીધર

૨. નિર્વાક્ એટલે પગ અને પેશસ્કૃત્ એટલે હાથ. આ બન્ને અંધ છે. કેમકે તેમને છિદ્ર નથી અને બંન્નેને સ્વતઃજ્ઞાન તથા ક્રિયાશક્તિ નથી. (આમાંના પગથી જીવ જાય છે અને હાથથી કામ કરે છે.) —શ્રીધર

૩. વિષૂચીન નામનો નાજર તે મન.

૪. અંતઃપુર તે હૃદય.

૫. સ્ત્રી–પુત્ર આદિ તે બુદ્ધિ અને ઇન્દ્રિયનાં પરિણામો.

૬. મોહ, પ્રમાદ ને હર્ષ તે અનુક્રમે તમોગુણ, રજોગુણ તથા સત્ત્વગુણનાં કાર્ય. —શ્રીધર

૭. કહેવા એ માગે છે કે, જીવને સ્વસ્વરૂપનું અજ્ઞાન હોવાથી તેની સર્વ લૌકિક–અલૌકિક સાધનપ્રવૃત્તિ તથા વિષયભોગ, બુદ્ધિ આદિના અધ્યાસનેજ અધીન હતા. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

ગાતી ત્યારે તે પણ ગાતો, કોઇ વખતે તે રડતી તો પોતે પણ રડતો; કોઈ વખતે તે હસતી ત્યારે પોતે પણ હસતો અને તે જ્યારે કંઈ બોલતી ત્યારે તેની પાછળ પોતે બોલતો હતો. કોઇ સમયે તે રાણી દોડતી ત્યારે પોતે દોડતો, ઊભી રહેતી ત્યારે તેની પાછળ ઊભો રહેતો; સૂઇ જતી ત્યારે તેની પાછળ પોતે સૂઇ જતો અને તે જ્યારે બેસતી ત્યારે તેની પાછળ પોતે બેસતો. કોઈ વખતે તે સાંભળતી ત્યારે પોતે સાંભળતો; તે જોતી ત્યારે તેની પાછળ પોતે જોતો; કોઇ વેળા તે સૂંઘતી ત્યારે પોતે સૂંઘતો અને તે સ્પર્શ કરતી ત્યારે તે સ્પર્શ કરતો.[૫૮–૬૦] કોઈ સમયે તે પોતાની સ્ત્રી જો શોક કરતી તો પોતે પણ તેની પાછળ દીનની પેઠે શોક કરતો; તે જો હર્ષ પામતી તો પોતે પણ તેની પાછળ હર્ષ પામતો હતો અને તે જ્યારે ખુશ રહેતી ત્યારે તે પણ તેની પાછળ ખુશ રહેતો હતો.[૬૧] એ પ્રમાણે રાણીએ ઠગેલો અને તેથીજ પોતાના સ્વભાવથી+ પણ ભ્રષ્ટ થયેલો તે અજ્ઞાની પુરંજન રાજા પોતે ઇચ્છતો ન હતો, છતાં પરવશતાને લીધે મદારીના માંકડાની પેઠે સ્ત્રીને અનુસરીને વર્તતો હતો.'[૬૨]

विप्रलब्धो महिष्यैवं सर्वप्रकृतिवंचितः ।
नेच्छन्ननुकरोत्यज्ञः क्लैब्यात् क्रीडामृगो यथा ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૨૫ મો સમાપ્ત

+ સર્વથી અસંગપણું એ જીવનો મૂળ સ્વભાવ છે; પણ બુદ્ધિના સંગથી પોતે સ્વભાવભ્રષ્ટ થાય છે.–શ્રીધર

अध्याय २६ मो+

પુરંજન આખ્યાન (ચાલુ) – સદ્‌બુદ્ધિના ત્યાગથી અને યોગથી જીવના સંસારનું સ્વરૂપ.

॥ नारद उवाच ॥

स एकदा महेष्वासो रथं पंचाश्वमाशुगम् ।
द्वीपं द्विचक्रमेकाक्षं त्रिवेणुं पंचबंधुरम् ॥ १ ॥

નારદજી બોલ્યાઃ–×એક દિવસે તે પુરંજન રાજા મોટું [૧]ધનુષ ધારણ કરી, [૨]પાંચ ઘોડાંઓ જોડેલા, [૩]ઉતાવળી ગતિએ જનારા, બે[૪] ઈસોવાળા, [૫]બે પૈડાંઓવાળા; [૬]એક ધરીવાળા, [૭]ત્રણ ધજાઓવાળા' પાંચ બાંધવાની [૮]દોરીઓવાળા, [૯]એક લગામવાળા, [૧૦]એક સારથિવાળા, [૧૧]એક બેસણીવાળા, [૧૨]બે ઊંટડાઓવાળા, [૧૩]પાંચ પ-

+ આ અધ્યાયમાં મૃગયાના રૂપકથી સ્વપ્ન અને જાગરણના કથનથી સદ્‌બુદ્ધિના ત્યાગ અને યોગ વડે સંસારનું વર્ણન કરવામાં આવશે. —શ્રીધર

× ગયા અધ્યાયમાં જીવની ઉપાધિકૃત સુષુપ્તિ અવસ્થા તથા જાગ્રત અવસ્થા કહીને હવે તેની સ્વપ્નાવસ્થા કહે છે. —શ્રીધર

૧. મોટું ધનુષ તે 'હું કર્તા છું,ભોક્તા છું' ઇત્યાદિ મિથ્યા આગ્રહ.

૨. પાંચ ઘોડાઓ તે પાંચ જ્ઞાનેન્દ્રિય.

૩. સ્વપ્નાવસ્થાનું શરીર તે એક રથ છે અને તે એકદમ ચાલી જનાર હોય છે, તેથી ઉતાવળી ગતિવાળો.

૪. બે ઈસોવાળો એટલે અહંતા–મમતારૂપ બે દાંડીવાળો.

૫. બે પૈડાં, તે પુણ્ય ને પાપ.

૬. એક ધરી તે પ્રધાન–પ્રકૃતિ માયા.

૭. ત્રણ ધજાઓ તે સત્ત્વ, રજસ અને તમસ–એ ત્રણ ગુણો. —શ્રીધર

૮ પાંચ બાંધવાની દોરીઓ તે પાંચ પ્રાણ.

૯. એક લગામ તે મન.

૧૦. એક સારથિ તે બુદ્ધિ.

૧૧. એક બેસણી તે હૃદય.

૧૨. બે ઊંટડા તે શોક અને મોહ.

૧૩. પાંચ પદાર્થો તે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ–એ પાંચ વિષયો.

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દાથીથી ભરેલા, [14]સાત પડદાઓવાળા, [15]પાંચ પ્રકારની ગતિવાળા અને [16]સુવર્ણના સાજવાળા [17]રથમાં બેસીને [18]પંચપ્રસ્થ નામના વનમાં ગયો. તે વેળા તેણે [19]સુવર્ણનું કવચ ધારણ કર્યું હતું, [20]અખૂટ ભાથો બાંધ્યો હતો અને દશ [21]સૈનિકો તથા [22]અગિયારમો સેનાપતિ તેની સાથે હતો.[1-3] તે ગર્વિષ્ઠ રાજા હાથમાં [23]ધનુષબાણ લઇને ત્યાં [24]ત્યાગ કરવાને અયોગ્ય એવી પણ પોતાની સ્ત્રીનો ત્યાગ કરીને પોતે [25]મૃગોમાં આસક્ત લાલસાવાળો થઈ મૃગયા[26] કરવા લાગ્યો.[4] ઘોર અંતઃકરણવાળો અને નિર્દય એવો તે પુરંજન રાજા આસુરી વૃત્તિનો આશ્રય કરીને તીક્ષ્ણ [27]બાણો વડે [28]વનમાં [29]જંગલી પ્રાણીઓને [30]હણવા લાગ્યો. વનનાં પવિત્ર પશુ હણવામાં એ રાગ પ્રાપ્ત છે તેથીજ તેમાં આવા (૭) નિયમો કરાય છે–જો અત્યંત રાગી થઇ પશુવધ કરે તો શ્રાદ્ધાદિ પ્રસંગેજ; તેમાં પણ અમુક પ્રસિદ્ધ શ્રાદ્ધાદિમાંજ, નહિ કે નિત્ય શ્રાદ્ધાદિમાં; તેમાં પણ રાજાજ વધ કરે, બીજો નહિ; તે પણ અમુક પવિત્ર પશુઓનોજ, સામાન્ય બીજાઓનો નહિ અને તેમાં પણ વનમાંજ અને તે પણ ઉપયોગ પ્રમાણેજ.* હે પ્રાચીનબર્હિષ રાજા! વિદ્વાન મનુષ્યે એ પ્રમાણે નિયમિત કર્મ કરવું જોઇએ, કે જેથી તે કર્મદ્વારા પ્રાપ્ત થતા÷ જ્ઞાનને લીધે પોતે (તે કર્મથી) લિપ્ત થાય નહિ. પણ પૂર્વોક્ત નિયમને નહિ અનુસરીને અનિયમ પ્રમાણેજ કર્મ કરે તો (અંતઃકરણની શુદ્ધિ નહિ થયેલી હોવાથી) તે કર્મ કરતો પુરુષ માનારૂઢ થઇ જાય છે–કર્તૃત્વના અભિમાનને પ્રાપ્ત થાય છે અને કર્મોથી બંધાય છે; તે પછી ગુણપ્રવાહરૂપ આ સંસારમાં પડેલો તે કર્મકર્તા મનુષ્ય નષ્ટ બુદ્ધિવાળો થઈને નીચે–નરકલોકમાં જાય છે.[5-8] હવે એ વનમાં તરેહતરેહનાં પીછાંવાળાં બાણોથી પુરંજન રાજાએ જેમનાં શરીર છિન્નભિન્ન કરી નાખ્યાં હતાં, એવાં તે દુઃખી પ્રાણીઓનો દયાળુઓને દુઃસહ એવો વિનાશ થઇ રહ્યો હતો.[9] સસલાં, ભૂંડો, પાડા, રોઝ, રુરુ મૃગ,

૧૪. સાત પડદાઓ તે ચામડી, માંસ, લોહી, મેદ, મજ્જા, હાડકાં ને વીર્ય–એ સાત ધાતુઓ.

૧૫. પાંચ પ્રકારની ગતિ તે પાંચ કર્મેન્દ્રિયો.–**શ્રીધર**

૧૬. સુવર્ણના સાજવાળો એટલે રજોગુણથી વ્યાપ્ત. —**બાલપ્રબોધિની**

૧૭. રથમાં બેસીને–સ્વપ્નશરીરમાં દાખલ થઇને.

૧૮. પંચપ્રસ્થ નામના વનમાં એટલે પાંચ પૃથ્વી વગેરે ભૂતો જેમાં શિખરરૂપ છે એવું સ્વપ્નદર્શનનું સ્થાન–નાડી. —**બાલપ્રબોધિની**

૧૯. સુવર્ણનું કવચ તે રજોગુણથી વીંટાવું તે.

૨૦. અખૂટ ભાથો–તે અનંત વાસનાઓથી ભરેલો અહંકાર.

૨૧. દશ સૈનિકો તે દશ ઇન્દ્રિયો.

૨૨. અગિયારમો સેનાપતિ તે મન.

૨૩. ધનુષ તે ભોગ આદિ ઉપર મિથ્યા આગ્રહ અને બાણો એટલે રાગ–દ્વેષ વગેરે.

૨૪. ત્યાગ કરવાને અયોગ્ય એવી પોતાની સ્ત્રી તે વિવેકવાળી બુદ્ધિ. —**શ્રીધર**

૨૫. મૃગોમાં એટલે વિષયોમાં આસક્ત.—**શ્રીધર**

૨૬. મૃગયા કરવા લાગ્યો–વિષયોની શોધમાં તેઓની પાછળ પડ્યો. —**બાલપ્રબોધિની**

૨૭. રાગાદિ વડે.

૨૮. વિષયોપભોગના પ્રદેશમાં.

૨૯. જંગલી પ્રાણીઓને એટલે ભોગ્ય વિષયોને.

૩૦ હણવા લાગ્યો–પોતાને સ્વાધીન કરવા લાગ્યો.

* એજ પ્રમાણે જીવને વિષયસેવન પણ ઉપયોગ પ્રમાણેજ હોવું જોઇએ; યથેષ્ટ નહિ, એવો અહીં નિયમ દર્શાવ્યો છે. —**શ્રીધર**

આ હિંસાવિષયક નિયમો વિષયભોગમાં પણ આ રીતે લાગુ કરવાઃ–મૈથુન કર્યા વિના નજ રહી શકાતું હોય તો પુરુષે પોતાની સ્ત્રીમાંજ મૈથુન કરવું; પણ પરસ્ત્રી સાથે નહિ; તે પણ ઋતુકાળેજ, બીજા કાળે નહિ; ઋતુકાળમાં પણ પર્વોના દિવસે નહિ. આવું મૈથુન કરવું તે પણ ગૃહસ્થેજ કરવું, સંન્યાસીએ નહિ; અને તે ગૃહસ્થે પણ પ્રજોત્પત્તિ સુધીજ મૈથુન સેવવું, પછી નહિજ. —**ભા. ક.**

÷ **જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્ કુરુતેઽર્જુન (શ્રી. ભ. ગી. ૪–૩૭)**–જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને ભસ્મ કરી નાખે છે, એ ગીતાવચન પ્રમાણે.**બાલપ્રબોધિની**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શેઢાઇ અને બીજાં અનેક પ્રાણીઓનો એ રીતે સંહાર કરતાં તે રાજા છેવટે થાકી ગયો.[10] એટલે ક્ષુધા ને તૃષાથી શ્રમિત થઇને તે વનથી પાછો ફરી પોતાને ઘેર આવ્યો* અને સ્નાન તથા યોગ્ય આહાર કરીને પરિશ્રમ રહિત થઈ શય્યામાં સૂતો.+[11] તે પછી ધૂપ, ચંદન તથા પુષ્પમાળા વગેરેથી તેણે પોતાના આત્માનો સત્કાર કર્યો અને સારી પેઠે સર્વ અંગો શણગારીને પોતાની રાણીમાં મન લગાડયું†[12] કારણ કે તે વેળા તે તૃપ્ત, હૃષ્ટ અને અત્યંત ગર્વિષ્ઠ હતો; તેમજ તેનું મન કામદેવથી આકર્ષાયું હતું, પણ તેણે સુંદર નિતંબવાળી અને પોતાની સાથે ગૃહસ્થાશ્રમમાં જોડાયલી ગૃહિણીને ક્યાંય જોઈ નહિ, ×[13] એટલે હે પ્રાચીનબર્હિષ રાજા! તે પુરંજન, મનમાં ઉદાસ થઈ ગયો; તેણે ÷અંતઃપુરની સ્ત્રીઓને આ પ્રમાણે પૂછવા માંડ્યું: 'હે સ્ત્રીઓ! તમે તમારી રાણી સાથે પૂર્વવત્ કુશળ તો છો ને?[14] આપણા ઘરમાં આ બધી ઘરની સંપત્તિઓ હમણાં (પૂર્વવત્) રુચતી નથી;‡ (અથવા ખરું છે કે) જે ઘરમાં માતા ન હોય અથવા પતિને દેવ માનનારી–પતિવ્રતા સ્ત્રી ન હોય તે ઘર પૈડાં વિનાના રથ જેવું થઈ પડે છે, તો એવા ઘરમાં કયો ડાહ્યો માણસ દીનની પેઠે પડી રહે?§[15] માટે તે મારી સ્ત્રી ક્યાં છે, કે જે પગલે પગલે મારી બુદ્ધિને જાગ્રત કરતી દુઃખરૂપી સમુદ્રમાં પડતાં મારો ઉદ્ધાર કરે છે?†[16]

સ્ત્રીઓ બોલી:–'હે શત્રુહંતા રાજા! તમારી પ્રિયા શું કરવા ધારે છે, તે અમે જાણતાં નથી, જુઓ તો ખરા, તે કંઈ પણ પાથર્યા વિના પૃથ્વી ઉપર સૂઈ રહ્યાં છે.'÷[17]

નારદજી બોલ્યાઃ–'પુરંજન રાજા, પોતાની રાણીને એ પ્રમાણે શરીરની દરકાર વિના પૃથ્વી પર પડેલી જોઈ અત્યંત વ્યાકુળ થઈ ગયો. કેમકે તેનું જ્ઞાન તો તેના સંગથીજ નાશ પામ્યું હતું.*[18] તેણે મધુર વાણીથી અને દુઃખી હૃદયે પોતાની સ્ત્રીને શાંત પાડવા માંડી; પરંતુ તેના પોતા વિષેના પ્રણયકોપનું ચિહ્ન પણ તેણે જાણ્યું નહિ.×[19] પછી તે વીર પુરંજન કે જે

* એ પ્રમાણે સ્વપ્નાવસ્થા દર્શાવીને હવે ફરી પણ વિવેકવાળી બુદ્ધિ સાથે ક્રીડા કરતા જીવને પુત્રાદિ સંતતિનો વિસ્તાર થયો તે કહે છે અને કથાની સુંદરતા માટે તે પ્રણયકુપિત થયેલી વિવેકબુદ્ધિરૂપી સ્ત્રીની વિનવણી પ્રસ્તાવ સાથે કહે છે. —શ્રીધર

+ આ શ્લોકનો આધ્યાત્મિક અર્થ–એ રીતે સ્વપ્નમાં જોયેલા પદાર્થોનો અનુભવ કરતો અને ક્ષુધા–તૃષાથી થાકી ગયેલો જીવ તે સ્વપ્નસ્થાનમાંથી ઘેર આવ્યો–જાગ્રત અવસ્થાના સ્થાનરૂપ હૃદયમાં આવ્યો અને ત્યાં સ્વપ્નદર્શનમાં કારણરૂપ નિદ્રાદોષને દૂર કરવારૂપે સ્નાન કર્યું; જાગ્રત અવસ્થાથી થનાર સંતોષરૂપી આહાર લીધો અને હૃદયમાં સ્થિતિરૂપે શયન કર્યું. —બાલપ્રબોધિની

† અર્થાત્ વિવેકવાળી બુદ્ધિમાં મન લગાડી તેની શોધ કરવા માંડી. —બાલપ્રબોધિની

× કેમકે પોતે રાજસી બુદ્ધિમાં રહેતો હતો, તેથી તે જીવે સાત્ત્વિકી બુદ્ધિને જોઈ નહિ. —શ્રીધર

÷ અંતઃપુરની સ્ત્રીઓ તે બુદ્ધિની સેવિકાતુલ્ય ઇન્દ્રિયની વૃત્તિઓ.

‡ સ્વપ્નમાંથી ઊઠેલો પણ ભ્રમિત ચિત્તવાળો અને આળસુ હોય છે; જેથી જ્યાંસુધી બુદ્ધિ સ્થિર ન થાય ત્યાં સુધી તેને કંઇ પણ રુચતું નથી. —બાલપ્રબોધિની

§ જો માતાની પેઠે સર્વ તરફથી રક્ષણ કરનારી સાત્ત્વિકી બુદ્ધિ ન હોય અથવા પતિવ્રતા સ્ત્રીની પેઠે પોતાને સર્વ ભોગ સંપાદન કરી આપનારી રાજસી બુદ્ધિ ન હોય, તો કેવળ તામસી બુદ્ધિને લીધે પશુપણું કે સ્થાવરપણું પ્રાપ્ત થતાં કયો જ્ઞાની જીવ તેવા શરીરમાં રહેવું પસંદ કરે? —બાલપ્રબોધિની

† રાજસી–વ્યાવહારિકી બુદ્ધિથી વ્યાવહારિક સંકટોમાંથી ઉદ્ધાર થાય છે, એ વાત પ્રસિદ્ધજ છે. બાલપ્રબોધિની

÷ સ્વપ્નમાંથી ઊઠેલાની બુદ્ધિ અસ્વસ્થ અને ઉદાસ હોય છે, એમ ઇન્દ્રિયોની વૃત્તિની શિથિલતાથી જણાય છે. —બાલપ્રબોધિની

* રાજસી બુદ્ધિના સંગથીજ જીવનું સર્વજ્ઞત્વ આદિ જ્ઞાન વિનાશ પામ્યું છે અને તે રાજસી બુદ્ધિ પણ જ્યારે ઉદાસીન થાય છે ત્યારે જીવ, સર્વ વ્યવહારથી રહિત થઇ જાય છે. —બાલપ્રબોધિની

× અર્થાત્ વ્યાવહારિકી બુદ્ધિની શિથિલતાને લીધે પોતે પણ શિથિલ ક્રિયાવાળો થઇને તે બુદ્ધિને સ્વસ્થ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

સમજાવવામાં કુશળ હતો, તેણે પોતાની સ્ત્રીને સમજાવવા માંડી; પ્રથમ તો તેના ચરણયુગલમાં સ્પર્શ કર્યો–તેને પગે પડ્યો અને પોતાના ખોળામાં લઈ તેને લાડ લડાવવા લાગ્યો.[૨૦]

'પછી તે પુરંજન આ રીતે કહેવા લાગ્યો: 'હે સુંદરિ! તે સેવકો ખરેખર પુણ્યહીન છે, કે જેઓ કંઇ પણ અપરાધ કરે ત્યારે તેઓને તેમના સ્વામીઓ, પોતાના માનીને શિખામણ માટે શિક્ષા કરતા નથી.[૨૧] સ્વામી પોતાના સેવકોને જે શિક્ષા કરે છે તે એમના પર પરમ અનુગ્રહજ કરે છે, એમ સમજવું;+ પણ હે નાજુક સ્ત્રિ! તે શિક્ષાથી ક્રોધે ભરાયલો મૂર્ખ સેવક, પોતાના સ્વામીનું તે શિક્ષારૂપ બંધુકૃત્ય સમજી શકતો નથી. (કે આ મારા સ્વામી મારું હિતજ કરે છે.)[૨૨] હે સુંદર દાંતવાળી! હે સુંદર ભ્રૂકુટિવાળી! ઓ ઉદાર મનવાળી! સ્નેહના ભારથી, લજ્જાથી અને મૃદુતાને લીધે શોભી રહેલા મંદ હાસ્યવાળું અને દષ્ટિપાતવાળું તારું મુખ કે જે શ્યામ કેશરૂપી ભમરાઓથી શોભીતું છે, ઊંચી નાસિકાવાળું છે અને સુંદર વાક્ય બોલનારૂં છે, તે મુખ તું અમને તારા પોતાનાજ મનુષ્યોને બતાવ તો ખરી!![૨૩] ઓ વીરપત્નિ! બ્રાહ્મણના કુળ વિના કે ભગવાનના ભક્ત સિવાય બીજા જે કોઇએ તારો અપરાધ કર્યો હોય તેને હું શિક્ષા કરૂં; પણ તે બ્રાહ્મણકુળ અને ભગવાનના ભક્તવિના બીજો કોઇ પણ (તારો અપરાધ કરનાર) ત્રણે લોકમાં કે તેથી બહાર નિર્ભય અને અતિ આનંદી રહી શકે, એવાને હું જોતો નથી.*[૨૪] મેં પૂર્વે કદી પણ તારા મુખને તિલક વિનાનું, મલિન, હર્ષ વગરનું, ક્રોધથી ભયંકર, ઉજ્જવળતા વિનાનું કે સ્નેહશૂન્ય જોયું નથી; તેમજ તારાં આ સુંદર સ્તનોને પણ શોકાશ્રુથી ભીંજાયલાં મેં કદી જોયાં નથી અને પાકા ઘિલોડા જેવા તારા અધરોષ્ઠને પણ કુંકુમવર્ણા લાલ તાંબૂલના રંગ વિનાના મેં કદી જોયા નથી.÷ તો તું મારા પર પ્રસન્ન થા–જોકે સ્વતંત્રપણે–તને પૂછ્યા વિના વ્યસનથી આતુર થઇને હું મૃગયા કરવા ગયો હતો અને તેથી મેં તારો અપરાધ કર્યો છે; તોપણ મારું હૃદય ઉત્તમજ છે–તારા પ્રત્યે લેશમાત્ર પણ કપટથી રહિત છે. (માટે તું ક્ષમા કર.) અરે! એવી તે કઈ કામનાવાળી સ્ત્રી હોય કે જે કામદેવના અસ્ત્રવેગથી ધૈર્યભ્રષ્ટ થયેલા પોતાના સ્વાધીન પતિને સેવવા યોગ્ય સમયે પણ ન સેવે?+'[૨૫–૨૬]

तन्मे प्रसीद सुहृदः कृतकिल्बिषस्य ।
स्वैरंगतस्य मृगयां व्यसनातुरस्य ॥
का देवरं वशगतं कुसुमास्त्रवेग ।
विस्रस्तपौंस्नमुशती न भजेत कृत्ये ॥२६॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ
સ્કંધ વિષે અધ્યાય ૨૬ મો સમાપ્ત

ફરતાં તેની ઉદાસીનતાનું કારણ પોતે સમજી શકતો નથી. —બાલપ્રબોધિની

+ માટે જો કંઇ અમારો અપરાધ થયો હોય તો અપરાધ દર્શાવીને અમને શિક્ષા કરવી યોગ્ય છે. જેથી ફરી અમે એવો અપરાધ કરીએ નહિ; પણ તમે આવો કોપ કરો તે યોગ્ય નથી; એ ભાવ છે. —બાલપ્રબોધિની

* અર્થાત્ તે તો મારા ભયથીજ મરી જશે.–શ્રીધર

÷ તો હમણાં આ બધી શી વિપરીતતા હું જોઉં છું; તેનું તું કારણ તો કહે! —બાલપ્રબોધિની

+ અર્થાત્ તારા જેવી ચતુરશિરોમણિ સ્ત્રી પણ એવા સ્વાધીન પતિને અભિમાનથી ન સેવે તો મૂર્ખજ ગણાય, એ ભાવ છે. આધ્યાત્મિક આશય એ છે કે, મોટા મોટા શ્રીમંતો અને લોકમાં સર્વવિજયી તરીકે પ્રખ્યાત થયેલાઓ પણ કામથી વિહ્વળ થઇને સ્ત્રી સામે કેવા પરતંત્ર બની રહે છે અને કેવી કેવી દીનતા કરે છે, તે આ પુરંજનની સ્ત્રીવિનવણી દર્શાવે છે.—બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय २७ मो*

પુરંજન આખ્યાન (ચાલુ)–પુરંજનની શોચનીય સ્થિતિ

॥ नारद उवाच ॥

इत्थं पुरंजनं सम्यग् वशमानीय विभ्रमैः ।
पुरंजनी महाराज रेमे रमयती पतिम् ॥ १ ॥

નારદજી બોલ્યા:–'એ+ પ્રમાણે હે મહારાજા! પુરંજનરાજાને પોતાના હાવભાવોથી સારી પેઠે વશ કરીને પુરંજનીએ, પોતાના તે પતિને પોતાની સાથે રમાડ્યો અને પોતે પણ તેની સાથે રમવા લાગી.[1] હે રાજા પ્રાચીનબર્હિષ્! પુરંજન રાજાએ પણ પોતાની તે રાણી સારી રીતે સ્નાન કરીને, સુંદર મુખ કરીને અને કુંકુમ તથા સિંદૂર વગેરેથી મંગળ તિલક કરી સંતુષ્ટ હૃદયે પોતાની પાસે આવી એટલે તેને અભિનંદન આપ્યું.[2] પેલી રાણીએ રાજાને આલિંગન આપ્યું એટલે રાજા પણ તેની ડોકમાં વળગી પડ્યો અને એકાંતમાં તેની સાથેનાં ગુહ્ય ભાષણોથી તેનું વિવેકજ્ઞાન એટલું બધું હરાઇ ગયું, કે જેથી કેવળ તે સ્ત્રીનેજ સર્વસ્વતરીકે સ્વીકારીને 'દિવસ તથા રાત્રિ' એમ પસાર થતા કાળનાં દુર્લંઘ્ય વેગને પણ તે જાણી શક્યો નહિ.÷[3] મોટા મનનો તે પુરંજનરાજા મહાકીમતી શય્યામાં રાણીની ભુજાને ઓશીકું કરી સૂઇ રહેતો હતો અને પોતે વીર હોવા છતાં માત્ર તે સ્ત્રીનેજ પરમ પુરુષાર્થ તરીકે માનતો હતો; પરંતુ પોતાના સ્વરૂપને પરબ્રહ્મ તરીકે માનતો ન હતો. કેમકે તે અજ્ઞાનથી વીંટાઈ ગયો હતો.[4] એ રીતે હે રાજેન્દ્ર! તે પુરંજન રાજા કામથી મલિન ચિત્તવાળો થઇને તે રાણીની સાથેજ રમ્યા કરતો હતો; જેથી તેનું નવું વય (યૌવન), અર્ધા ક્ષણની પેઠે–જોતજોતામાં ચાલ્યું ગયું.[5] રાજા પુરંજને પોતાની તે સ્ત્રી–પુરંજની વિષે અગિયારસો* પુત્રો ઉત્પન્ન કર્યા; અને તેવામાં તો તે સમ્રાટે પોતાના આયુષનો અર્ધભાગ (૫૦ વર્ષ) ગુમાવી દીધો.[6] પછી હે પ્રજાપતિ પ્રાચીનબર્હિષ્ રાજા! તે રાજાએ પિતાના તથા માતાના યશને વધારનારી +એકસોદશ પુત્રીઓ ઉત્પન્ન કરી, કે જે તે પુરંજનની પુત્રીઓ શીલ, ઉદારતા વગેરે ગુણોવાળી હતી.[7] તે પછી પાંચાલ દેશના સ્વામી તે રાજાએ પિતા-

* આ અધ્યાયમાં પ્રિયા, પુત્ર વગેરેના ઉપર આસક્તિને લીધે પોતાના આત્માને ભૂલી ગયેલા પુરંજનને કાળકન્યા વગેરેના ઉપાખ્યાનથી જરા, રોગ વગેરે થયાનું કહેવામાં આવશે. —શ્રીધર

+ એ પ્રમાણે કથાની સુંદરતાથી એ જણાવ્યું કે, જીવ કેવા કાલાવાલા કરે છે અને ઉપાધિને કેવો વશ થઈ જાય છે? તે કહીને હવે તે નિમિત્તે જીવને કેવી સંસારપરંપરા પ્રાપ્ત થાય છે, તે કહે છે. જો કે અહીંથી પ્રત્યેક પદે આધ્યાત્મિક અર્થ મુશ્કેલીથી પણ કાઢી શકાય તેમ છે; તોપણ નારદજીએ તો જીવને સ્ત્રી–પુરુષની વાસના દૃઢ થવાથી વિચિત્ર સંસાર પ્રાપ્ત થાય છે, એટલુંજ કથાતાત્પર્ય દર્શાવ્યું છે. જેમકે–

क्वचित् पुमान् क्वचिच्च स्त्री क्वचिन्नोभयमंधधीः
देवो मनुष्यस्तिर्यग्वा यथाकर्मगुणं भवः ॥

જીવ, કોઇ વખતે પુરુષ, કોઇ વખતે સ્ત્રી, કોઇ વખતે નપુંસક, કોઇ વખતે અંધબુદ્ધિ, કોઈ વખતે દેવ, મનુષ્ય કે તિર્યંચ–એમ અનેક પ્રકારે પોતાનાં કર્મ–ગુણને અનુસરી સંસારને પામે છે. એમ કહીને નારદજીએ જીવની વિચિત્ર ગતિજ દર્શાવી છે. તેમાં પ્રથમ ત્રણ અધ્યાયથી પુરુષરૂપે જીવનો સંસાર કહ્યો છે; પછીથી એક અધ્યાયથી સ્ત્રીરૂપે જીવનો સંસાર વર્ણવ્યો છે અને છેવટે ઇશ્વરની કૃપાથી જ્ઞાન સંપાદન કરીને જીવનો મોક્ષ થાય છે; આજ બાબત નારદજીએ પાંચ અધ્યાયથી દર્શાવી છે; માટે અમે પણ એજ વાત અમારી બુદ્ધિ પ્રમાણે કહીશું. પ્રત્યેક પદે આધ્યાત્મિક અર્થની યોજના ક્લિષ્ટ થાય છે અને ખાસ ઉપયોગી પણ નથી; માટે નકામી પંડિતાઇ રહેવા દઇને ઉપયોગ પૂરતુંજ વ્યાખ્યાન કરવામાં આવશે. —શ્રીધર

÷ કાળ પોતાના આયુષને વ્યર્થ હરી રહ્યો છે, તે પોતે સમજી શક્યો નહિ. —ભા. ક.

* અગિયારસો પુત્ર એટલે અગિયાર ઇન્દ્રિયોનાં પરિણામો. —શ્રીધર

+ એકસોદશ પુત્રીઓ તે બુદ્ધિની વૃત્તિઓ. વળી અહીં પુત્રીઓની સંખ્યા પુત્રોની સંખ્યા કરતાં ઓછી કહી છે તે ગૃહસ્થાશ્રમની સુંદરતા માટેજ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizaqtion by eGangotri

ના વંશને વધારનારા પોતાના પુત્રોને[1] પરણાવી દીધા અને પુત્રીઓને પણ યોગ્ય વરો સાથે પરણાવી દીધી.[૮] પછી તો તેના પુત્રોને પણ એક એકને [2]સો સો પુત્રો થયા, કે જેથી પુરંજન રાજાનો વંશ પાંચાલ[3] દેશમાં વૃદ્ધિ પામ્યો. રાજા પુરંજનને તે પોતાના પુત્રો, પૌત્રો, ઘર, ખજાનાઓ અને નોકર-ચાકરો પર એટલી બધી મમતા બંધાઇ ગઇ કે જેથી તે વિષયોમાં બંધાઈ ગયો.[૯-૧૦] અને પછી તેણે યજ્ઞદીક્ષા લઇને પશુઓની જેમાં હિંસા કરવામાં આવે છે તેવા ઘોર યજ્ઞો કરી, તમારી પેઠે અનેક કામનાઓની ઇચ્છા રાખીને દેવોનું, પિતૃઓનું તથા ભૂતપતિઓનું યજન કરવા માંડ્યું. એ પ્રમાણે યોગ્ય કર્મો કરવામાં તે પ્રમાદી રહ્યો અને કુટુંબમાંજ તેનું મન આસક્ત થઈ રહ્યું હતું; તેવામાં તો તેનો એ સમય (વૃદ્ધાવસ્થાનો કાળ) આવી પહોંચ્યો કે જે સમય સ્ત્રીઓ ઉપર પ્રીતિ ધરાવતા પુરુષોને અપ્રિય થઇ પડે છે.[૧૧-૧૨] હે પ્રાચીનબર્હિષ રાજા! [4]ચંડવેગ નામનો એક પ્રખ્યાત ગંધર્વરાજા છે, કે જેના [5]ત્રણસો ને સાઠ ગંધર્વ સેવકો મહાબળવાન છે.[૧૩] ઉપરાંત ગંધર્વી[6] સ્ત્રીઓ પણ (તેની સેવિકાઓ) તેટલીજ છે કે જે ચંડવેગ સાથે જોડાઇને રહે છે અને રંગે ધોળી તથા કાળી છે. આ

૧. પુત્રોને એટલે ઇન્દ્રિયોની વૃત્તિઓને હિત-અહિતની ચિંતારૂપી સ્ત્રીઓ સાથે પરણાવ્યા-જોડી દીધા; અને પુત્રીઓને એટલે બુદ્ધિની વૃત્તિઓને યોગ્ય વર સાથે એટલે યોગ્ય વિષયભોગ સાથે પરણાવી દીધી-યોજી દીધી. —શ્રીધર

૨. સો સો પુત્રો-એટલે અનેક પ્રકારનાં કર્મો.

૩. પાંચાલ દેશમાં-શબ્દાદિ વિષયોમાં. —શ્રીધર

૪. ચંડવેગ નામનો ગંધર્વરાજા તે વર્ષ; કેમકે તેનો વેગ મહાઉગ્ર છે.

૫. ત્રણસો ને સાઠ ગંધર્વસેવકો તે વર્ષના ત્રણસો ને સાઠ દિવસો. —શ્રીધર

૬. ગંધર્વીઓ-તે રાત્રિઓ. આ સર્વે વર્ષની સાથે જોડાયલી રહે છે; અને સુદ તથા વદની હોઇને રંગે ધોળી તથા કાળી છે. —શ્રીધર

સર્વે ગંધર્વો તથા ગંધર્વીઓ ચારે તરફથી વીંટાઈ વળીને સર્વ કામનાઓથી ભરપૂર બનેલા હરકોઇ નગરને લૂંટી લે [1]છે.[૧૪] એ પ્રમાણે તે ચંડવેગના અનુચર-ગંધર્વો તથા ગંધર્વીઓ, જ્યારે પુરંજન રાજાના નગરને લૂંટવા લાગ્યાં, ત્યારે નગરીના રક્ષક તરીકે જાગતા પાંચ મસ્તકવાળા નાગે [2]તેઓને અટકાવ્યાં[૧૫] અને પુરંજનની નગરીનો અધ્યક્ષ તે બળવાન નાગ, પોતે એકલો પેલા સાતસો ને વીસ ગંધર્વો સાથે સો વર્ષ સુધી લડ્યા કર્યો.[૧૬] એ પ્રમાણે પોતે એકલો અનેકની સાથે યુદ્ધ કરીને તે પોતાનો પુરાધ્યક્ષ-નાગ, જ્યારે ક્ષીણબળ થઈ પડ્યો ત્યારે પુરંજન રાજા પોતાના દેશ, નગર તથા કુટુંબીઓની સાથે દુઃખી થઇને મોટી ચિંતામાં આવી પડ્યો.[૧૭] છતાં તેજ પુરંજન રાજા, પાંચાલ દેશમાં પોતાની નગરીમાં રહીને અને પોતાના *પાર્ષદ-સેવકોએ આણી આપેલા ÷કરને લઈને ક્ષુદ્ર સુખને ભોગવ્યા કરતો હતો અને એટલો બધો સ્ત્રીવશ થઇ ગયો હતો, કે જેથી તેણે તે(પ્રાપ્ત થયેલો)×ભય જાણ્યો નહિ-તે ભયનો વિચાર સુધ્ધાં પણ કર્યો નહિ. એવામાં હે પ્રાચીનબર્હિષ રાજા! §કાળની કોઇ એક કન્યા કે જે પોતાને માટે વર ઇચ્છતી હતી અને આખા ત્રૈલોક્યમાં ભટકતી હતી, છતાં તેને કોઇએ પસંદ કરી ન હતી, તે એવા પોતાના દુર્ભાગ્યને લીધે 'દુર્ભગા' એવા નામથી લોકમાં પ્રખ્યાત થઈ હતી; પૂર્વે +યયાતિ રાજાના પુત્ર

૧. અર્થાત્ દિવસ અને રાત્રિઓ, હરકોઈ શરીરને વીંટાઇને તેને લૂંટી લે છે-તેની સર્વ શક્તિઓનો નાશ કરે છે. —ભા. ક.

૨. પાંચ પ્રકારના પ્રાણવાયુઓ. —શ્રીધર

* પાર્ષદો-ઇન્દ્રિયો. —શ્રીધર

÷ કરને-વિષયને. —બાલપ્રબોધિની

× ભય-મૃત્યુનો ભય. —ભા. ક.

§ કાળની કન્યા તે વૃદ્ધાવસ્થા. —શ્રીધર

\+ યયાતિ રાજા શુક્રાચાર્યના શાપથી વૃદ્ધાવસ્થાને પામ્યો હતો. તેણે એક વખતે પોતાના પુત્રોને કહ્યું કે,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાજર્ષિ પુરુએ, તેનો સ્વીકાર કર્યો હતો; તેથી પ્રસન્ન થઈ તેણે તેને વર આપ્યો હતો. એક સમયે તે કાળપુત્રી ભટકતી ભટકતી બ્રહ્મલોકમાંથી પૃથ્વી પર આવેલા મને (નારદજીને) નૈષ્ઠિક બ્રહ્મચારી જાણતી હતી, છતાં કામથી મોહિત થઇને વરવાની ઇચ્છા કરવા લાગી;[૧૮-૨૧] પણ મેં તો તેનો અનાદરજ કર્યો; એટલે મારા પર ક્રોધાયમાન થઇને તેણે મને આવો અતિ દુઃસહ શાપ આપ્યો કે, 'હે મુનિ! તમે મારી યાચનાનો અનાદર કર્યો તેથી કોઇ એક સ્થળે રહી શકશો નહિ–એટલે જ્યાં ત્યાં ભટકયા કરશો.'[૨૨] પછી તે કાળકન્યા, મારા પ્રત્યેના સંકલ્પથી ભ્રષ્ટ થઇ;એટલે મેંજ બતાવેલા ભય નામના ×યવનોના રાજા પાસે જઇને પોતાનો પતિ થવા માટે તેને પ્રાર્થના કરવા લાગી* કે,[૨૩] 'હે વીર યવનોના શ્રેષ્ઠ સ્વામિ! તમને હું મારા પ્રિયપતિ તરીકે વરું છું. ખરેખર, પ્રાણીઓનો તમારા પ્રત્યેનો સંકલ્પ—તમારા પ્રત્યેની પ્રાર્થના કદી નાશ પામતી નથી. (એટલે મને આશા છે કે, તમે મારો સંકલ્પ પૂર્ણ કરશો.)[૨૪] જે પુરુષ લોકમાં તથા વેદમાં આપવા યોગ્ય કહેલી કોઈ વસ્તુને (પોતાની પાસે હોવા છતાં) બીજાને (માગણી કરનારને) આપતો નથી અને તેજ પ્રમાણે જે પુરુષ લોકમાં તથા વેદમાં લેવા યોગ્ય કહેલી જે વસ્તુ (સ્વયં પોતાને આવી મળતી હોય) છતાં લેતો નથી–એ બન્ને પુરુષ દુરાગ્રહી છે, મૂર્ખ છે અને તેઓ બન્નેનો સત્પુરુષો શોક કરે છે. માટે હે ભદ્ર! હું તમને ભજું છું–સ્વીકારૂં છું, તો તમે પણ મને ભજો–સ્વીકારો; અને મારા પર દયા કરો. પુરુષનો એટલો ધર્મ છે કે તેણે દુઃખી પર દયા કરવી.' કાળકન્યાએ કહેલું એ વચન સાંભળીને યવનોનો તે રાજા દેવગુહ્ય+ કાર્ય કરવાની ઇચ્છાથી મંદ મંદ હસીને તેને કહેવા લાગ્યોઃ 'મેં મારી જ્ઞાનદષ્ટિથી તારે માટે પતિ જોઇ રાખ્યો છે. (સાંભળ.) આ બધા લોકો, તું અમંગળ છે, તેથી તને અમાન્ય ગણીને પસંદ કરતા નથી; માટે તું પોતેજ કોઈ ન જાણે તેમ ગુપ્ત રીતે કર્મથી ઉત્પન્ન કરવામાં આવેલા આ સમગ્ર લોકને (પોતાના પતિ તરીકે) ભોગવ. તું મારી આ સેનાને સાથે લઇને જા; એટલે સર્વ પ્રજાઓનો નાશ કરીશ; વળી–પ્રજ્વર§ નામનો મારો આ ભાઈ છે અને તું મારી બહેન થા. એટલે પછી તમારી બન્નેની સાથે હું પણ ભયંકર સૈનિકોને સાથે લઇ કોઈ ન જાણે તેમ આ લોકમાં વિચરીશ.'[૨૫-૩૦]

प्रज्वारोऽयं मम भ्राता त्वं च मे भगिनी भव।
चराम्युभाभ्यां लोकेऽस्मिन्नव्यक्तो भीमसैनिकः॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૨૭ મો સમાપ્ત

'તમે મારી આ વૃદ્ધાવસ્થા ગ્રહણ કરો,' ત્યારે મોટા ચાર પુત્રોએ તે વૃદ્ધાવસ્થા લીધી નહિ, પણ સૌથી નાના પુરુએ પિતાની વૃદ્ધાવસ્થા લઇને પોતાની યુવાવસ્થા તેને આપી. એટલે યયાતિ રાજાએ પ્રસન્ન થઇને પોતાનું રાજ્ય પુરુને આપ્યું. આ રીતે વૃદ્ધાવસ્થાએજ તે રાજ્ય આપ્યું હતું, એમ અહીં તે આશયથી કહ્યું છે. —श्रीधर

× યવનોના એટલે આધિ–વ્યાધિ વગેરેના.–श्रीधर

* અર્થાત્ આધિ–વ્યાધિઓનો સ્વામી મૃત્યુ જે સર્વને ભયંકર હોઇને 'ભય' એવું નામ ધરાવે છે તેની પાસે વૃદ્ધાવસ્થા ગઇ. —बालप्रबोधिनी

+ દેવગુહ્ય કાર્ય એટલે દેવોએ ગુપ્ત રાખેલું–મરણ. પ્રાણીઓ જો પોતાના મરણને 'અમુક દિવસે થનારૂં' જાણી જાય તો ખરેખર વૈરાગ્યવાન બની જઇને ભગવાનનું ભજન કરવા મંડી પડે અને મુક્તજ થઇ જાય; એ વાત દેવોને ગમતી નથી, તેથી તેઓ પ્રાણીઓના મરણને ગુપ્ત રાખે છે–જાણવા દેતા નથી.—बा० प्र०

§ પ્રજ્વર નામે એક મહાન તાવ છે, જેના દેવ વિષ્ણુ છે. એ તાવ આવતાં માણસ મરેજ છે. શિવ જેના દેવ છે તે તાવ વ્યાધિમાંજ ગણાય છે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

अध्याय २८ मो*

પુરંજન આખ્યાન (ચાલુ)-સ્ત્રીના ચિંતનથી પુરંજનનો સ્ત્રીનો અવતાર અને છેવટે મોક્ષ

॥ नारद उवाच ॥

सैनिका भयनाम्नो ये बर्हिष्मन्दिष्टकारिणः ।
प्रज्वारकालकन्याभ्यां विचेरुरवनीमिमाम् ॥१॥

નારદજી બોલ્યાઃ-'હે પ્રાચીનબર્હિષ રાજા! તે પછી ×ભય નામના યવનરાજાના +સૈનિકો, તેની આજ્ઞા પાળતા પ્રજ્વર તથા કાળકન્યા સાથે આ પૃથ્વી પર ફરવા લાગ્યા. હે રાજા! તેઓએ એક દિવસ એકાએક પુરંજન રાજાની નગરીને ઘેરી લીધી; જે નગરી પૃથ્વીના સર્વ ભોગોથી ભરપૂર હતી અને પેલા ઘરડા સર્પથી રક્ષાયલી હતી. પેલી કાળકન્યાએ પણ પુરંજન રાજાના નગરને બળાત્કારે ભોગવવા માંડ્યું, કે જેના પરાભવથી પુરુષ તુરતજ નિઃસાર બની જાય છે.[૧-૩] એ રીતે કાળકન્યા તે નગરને ભોગવવા લાગી એટલે પછી તો સર્વ યવનો પણ ચારે દિશાઓના દરવાજાઓમાં થઇને એ નગરીમાં પેસી ગયા ને આખી નગરીને અત્યંત દુઃખ દેવા લાગ્યા.‡[૪] એ પ્રમાણે શહેર પીડાવા લાગ્યું; એટલે તે શહેર ઉપરના મમત્વના અભિમાનવાળો કુટુંબી પુરંજન રાજા એ મમતાથી વ્યાકુળ થઇને અનેક જાતના સંતાપને પ્રાપ્ત થયો.[૫] પછી તો એ પુરંજનને પણ પેલી કાળકન્યા વળગી પડી; એટલે તેની શોભા નાશ પામી ગઈ-તે દીન બની ગયો; તેનું મન તો કેવળ વિષયરૂપ બની ગયું અને બુદ્ધિ પણ નાશ પામી ગઇ. પછી પેલા ગંધર્વો તથા યવનોએ બળાત્કારે તેનું ઐશ્વર્ય હરી લીધું.[૬] એ રીતે પોતાની નગરી છિન્નભિન્ન થઇ ગઈ; [૧]પુત્રો, [૨]પૌત્રો, [૩]અનુચરો ને [૪]અમાત્યો પ્રતિકૂળ થઇ પડ્યા અને પોતાનો અનાદર કરવા લાગ્યા; તેમજ [૫]સ્ત્રી પણ સ્નેહ વિનાની થઈ ગઇ; પોતાનો આત્મા પેલી [૬]કાળકન્યાથી ગ્રસ્ત થઇ પડ્યો અને [૭]પાંચાલ દેશ પણ શત્રુઓથી દૂષિત થઈ પડ્યો; તે જોઇને [૮]પુરંજન રાજા દુરંત ચિંતાને પ્રાપ્ત થયો અને તેનો ઉપાય પણ તેને મળ્યો નહિ.[૭-૮] આવો દીન થયેલો છતાં તે રાજા, કાળકન્યાએ નિઃસાર કરી મૂકેલા એવા પણ વિષયોની અભિલાષા રાખતો હતો અને પોતે પરલોકની ગતિથી તથા આ લોકના પુત્રાદિના સ્નેહથી રહિત થઇ પડ્યો હતો; છતાં પુત્રોને તથા સ્ત્રીને લાડ લડાવતો હતો.[૯] પોતાની નગરી ગંધર્વો તથા યવનોથી દબાઈ ગઇ હતી; અને કાળકન્યાએ ભાગી-તોડી નાખી હતી, તેથી એ રાજા પોતાની ઇચ્છા ન હોવાં છતાં તે નગરીને છોડવા તૈયાર થયો.[૧૦] એવામાં તો પેલા ભય નામના યવનરાજનો મોટો ભાઈ પ્રજ્વર ત્યાં આવી પહોંચ્યો અને તેણે પોતાના ભાઇનું પ્રિય કરવાની ઇચ્છાથી પુરંજન રાજાની આખી નગરીને બાળીને ભસ્મ કરવા માંડી.[૧૧] એ પ્રમાણે એ નગરી જ્યારે બળતી હતી, ત્યારે નગરવાસીઓ અને પરિવારની સાથે (પ્રથમ) કુટુંબથી આનંદ કરનારો પુરંજન રાજા, પુત્ર-પૌત્રાદિ સાથે સંતાપ કરવા લાગ્યો[૧૨] અને નગરીનું રક્ષણ કરનાર પેલો

---

* આ અધ્યાયમાં વૈદર્ભીના આખ્યાનથી સ્ત્રીનું ચિંતન કરતાં પુરંજન રાજાને સ્ત્રીપણું પ્રાપ્ત થયું અને દૈવયોગે કદાચિત્ મુક્તિ થઇ, એ કથા કહેવાશે. **શ્રીધર**

× ભય નામનો યવનરાજા મૃત્યુજ. —**भा. क.**

\+ સૈનિકો એટલે અનેક જાતના રોગો. -**भा. क.**

‡ અર્થાત્ શરીરમાં જેવી વૃદ્ધાવસ્થા દાખલ થઇ કે તુરત નેત્ર વગેરે સર્વ દ્વારોમાં થઇને યવનોનો એટલે સર્વ જાતના રોગોનો પણ પેસારો થાય છે અને તેઓ આખા શરીરને દુઃખ દેવા માંડે છે. —**भा. क.**

૧. પુત્રો-ઇન્દ્રિયનાં પરિણામો.
૨. પૌત્રો-કર્મો.
૩. અનુચરો-ઇન્દ્રિયો.
૪. અમાત્યો-ઇન્દ્રિયોના દેવતાઓ.
૫. સ્ત્રી-બુદ્ધિ.
૬. કાળકન્યા-વૃદ્ધાવસ્થા.
૭. પાંચાલ દેશ-વિષયો.
૮. પુરંજનરાજ-જીવ.

—**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નાગ પણ જ્યારે તે નગરીનો કાળકન્યા ગ્રાસ કરવા લાગી, ત્યારે પોતે પણ પ્રજ્વરથી પીડા પામીને અને યવનોએ ઘેરી લીધેલાં સ્થાનવાળો થઇને સંતાપ કરવા લાગ્યો.[૧૩] તે, આવી પડેલા મહાસંકટથી અત્યંત ધ્રૂજવા લાગ્યો અને પોતે પોતાનું કે નગરીનું રક્ષણ કરી શક્યો નહિ, ત્યારે અગ્નિથી બળતાં ઝાડનાં કોતરમાંથી જેમ સર્પ નાસી જવાની ઇચ્છા કરે, તેમ ત્યાંથી નાસી જવાની તેણે ઇચ્છા કરી.[૧૪] હે પ્રાચીનબર્હિષ રાજા ! તે સમયે પુરંજન રાજાના અવયવો જ્યારે શિથિલ થઈ ગયા હતા; ગંધર્વોએ તેનું સામર્થ્ય હરી લીધું હતું અને પોતાના શત્રુ યવનોએ તેને ઘેરી લીધો હતો ત્યારે તે રડવા લાગ્યો.× [૧૫] દીકરીઓ, પુત્રો, પૌત્રો, વહુઓ, જમાઇઓ, નોકરો અને માત્ર પોતાના તરીકે બાકી રહેલું બીજું જે કંઈ ઘર, ખજાનો તથા સરસામાન વગેરે હતું તેના પરની અહંતામમતા સ્વીકારીને ઘરમાં પડી રહેલો તે કુમતિ પુરંજન, તે વેળા પોતાની સ્ત્રી સાથે વિયોગ થવાનો પ્રસંગ પ્રાપ્ત થયો ત્યારે દીન બનીને આવો વિચાર કરવા લાગ્યો: 'હું જ્યારે પરલોકમાં પ્રયાણ કરીશ, ત્યારે અનાથ થઈ પડેલી મારી આ સ્ત્રી, પોતાનાં બાળકોનો શોક કરતી શી રીતે જીવન ગાળશે?[૧૬–૧૮] મારે માટે તત્પર રહેતી મારી આ સ્ત્રી મેં ભોજન કર્યું હોતું નથી તો ભોજન કરતી નથી; હું નાહ્યો હોતો નથી તો નાહતી નથી, હું ક્રોધાયમાન થયો હોઉં છું ત્યારે અત્યંત ત્રાસ પામી જાય છે અને હું જ્યારે તિરસ્કાર કરું છું ત્યારે ભયથી મૂંગી બની જાય છે.[૧૯] વળી જ્યારે હું કોઇ બાબતમાં અજ્ઞાની થઇ જાઉં છું ત્યારે તે મને સમજાવે છે અને કોઇ વેળા હું પરદેશ જાઉં છું ત્યારે શોકથી કૃશ બની જાય છે. આવી આ મારી સ્ત્રી, આ ગૃહસ્થાશ્રમના માર્ગને ચલાવશે કે નહિ? હા, તે તો વીરમાતા છે–અનેક પુત્રોવાળી છે, તેથી જીવન ગાળી શકશે; અથવા તે મારા વિરહને સહન નહિ કરીને શું મરી જશે?[૨૦] આ મારા દીન પુત્રો અને પુત્રીઓ, કે જેઓનો બીજો કોઇ આધાર નથી તેઓ, હું પરલોકમાં જઈશ ત્યારે સમુદ્રમાં ભાગી પડેલા વહાણવાળાની પેઠે કેવી રીતે જીવી શકશે?'[૨૧] એ રીતે પોતે શોક કરવાને અયોગ્ય હતો, છતાં દીન બુદ્ધિને લીધે પુરંજન શોક કરતો હતો; તેવામાં તેને પકડી જવાનો જેણે નિશ્ચય કર્યો હતો એવો તે ભય ÷ નામનો યવનરાજ તેની પાસે આવી પહોંચ્યો. એટલે તુરતજ યવનો તેને પશુની પેઠે (પકડીને) પોતાના ઘર તરફ ઘસડી જવા લાગ્યા અને તેની પાછળ (જીવનારાં) તેનાં સંબંધીઓ * પણ અત્યંત આતુર થઇને શોક કરતાં તેની પાછળ દોડી જવા લાગ્યાં. એ રીતે યવનોથી ઘેરાયલો પેલો નાગ પણ (પુરંજનની પાછળ) નગરી છોડીને નાસી ગયો કે તુરતજ એ નગરી વીખરાઇ પડીને પોતાના મૂળ× કારણમાં મળી ગઇ.[૨૨–૨૪] બીજી તરફ અત્યંત બળવાન પેલો યવન, પુરંજનરાજાને બળાત્કારે ઘસડી જતો હતો, ત્યારે પણ તે રાજા અજ્ઞાનથી એટલો બધો ઘેરાયલો હતો કે જેથી તેણે પોતાના પૂર્વમિત્રનું તે વેળા પણ સ્મરણ કર્યું નહિ.+[૨૫] પછી તો એ નિર્દય રાજાએ પ્રથમ જે યજ્ઞપશુઓનો યજ્ઞમાં વધ કર્યો હતો તેઓ તેના એ પાપનું અથવા ક્રૂરતાનું સ્મરણ

× એટલે કંઠમાં ઘરડ ઘરડ શબ્દ શરૂ થયો. —શ્રીધર

÷ ભય નામે યવનરાજ તે મૃત્યુ. —મા. ક.

* સંબંધીઓ તે ઇન્દ્રિયો અને પ્રાણો. વેદ પણ કહે છે–तमुत्क्रामन्तं प्राणोऽनूत्क्रामति; प्राणमनूत्क्रामन्तं सर्वे प्राणा अनूत्क्रामन्ति–(बृ. उ. ४–४–२) અર્થાત્ જીવ, શરીરને છોડી જાય છે ત્યારે તેની પાછળ પ્રાણ ચાલ્યો જાય છે અને પ્રાણની પાછળ સર્વ ઇન્દ્રિયો ચાલી જાય છે. —શ્રીધર

× મૂળ કારણમાં મળી ગઈ એટલે પાંચ ભૂતોમાં શરીર લીન થઈ ગયું. —શ્રીધર

+ અર્થાત્ કાળના સપાટામાં આવી પડેલો છતાં જીવ, પોતાના પૂર્વમિત્ર–ઈશ્વરનું સ્મરણ કરતો નથી; એ તેનું કેવું અજ્ઞાન ! —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitized by eGangotri

કરી ક્રોધે ભરાઇને તેને કુહાડાઓ વડે કાપવા લાગ્યા.[26] તે પુરંજન, સ્ત્રીના સંગથી દૂષિત થયેલો હતો અને અપાર અજ્ઞાનમાં એટલો બધો ડૂબી ગયો હતો, કે જેથી તેની સ્મરણશક્તિ નાશ પામી હતી અને અનંત વર્ષો સુધી તેણે નરકની પીડા ભોગવી હતી;[27] તે છતાં પણ તે પોતાની એ સ્ત્રીનું જ મનમાં સ્મરણ કર્યા કરતો હતો, જેથી તે વિદર્ભ દેશના રાજા રાજસિંહને ઘેર ઉત્તમ સ્ત્રી તરીકે અવતર્યો.÷[28] એ વેળા તેનું નામ 'વૈદર્ભી' રાખવામાં આવ્યું હતું. તેને 'જે અધિક પરાક્રમી હોય તેને પરણાવવી' એવા પરાક્રમરૂપી પણથી પરણાવવાનો ઠરાવ કર્યો હતો; જેથી[1] શત્રુનાં નગરોને જીતનારો [2]પાંડ્ય દેશનો રાજા [3]મલયધ્વજ યુદ્ધમાં સર્વ ક્ષત્રિયોને જીતીને તે વૈદર્ભીને પરણ્યો હતો.+[29] એ મલયધ્વજે તે વૈદર્ભીમાં [4]શ્યામ નેત્રવાળી એક પુત્રી ઉત્પન્ન કરી હતી અને [5]સાત પુત્રો ઉત્પન્ન કર્યા હતા; જેઓ એ પુત્રી કરતાં નાના હતા અને [6]દ્રવિડ દેશના રાજા થયા હતા.[30] હે પ્રાચીનબર્હિષ્ રાજા! એ સાત પુત્રોમાંના એક એકને [7]અબજ અબજ પુત્રો ઉત્પન્ન થયા હતા, કે જેઓના [8]વંશજો મન્વંતર સુધી અને મન્વંતર પછી પણ પૃથ્વીને ભોગવશે. સૌથી પ્રથમ ઉત્પન્ન થયેલી તે રાજાની વ્રતનિષ્ઠ પુત્રીને [9]અગસ્ત્ય ઋષિ પરણ્યા, કે જેમાં દઢચ્યુત નામે મુનિ થયો અને તે દઢચ્યુ-

---

÷ હવે પછી આ પ્રકરણમાં આટલુંજ ચાલુ વિષયમાં ઉપયોગી છે કે, સ્ત્રીના ધ્યાનથી સ્ત્રીપણાની પ્રાપ્તિ થયા છતાં પણ પતિવ્રતા સ્ત્રીનું ધ્યાન કરવાથી અને પૂર્વ-પુણ્યના યોગથી ધાર્મિક વિદર્ભ રાજાથી જન્મ થયો અને ધાર્મિકના સંગથી અત્યંત શુદ્ધ થયેલા તેને ભગવાનના ભક્ત મલયધ્વજનો સંગ થયો; તેને લીધે તેને ભગવાન ઉપર ભક્તિ થઇ; તેથી વૈરાગ્ય પ્રાપ્ત થયો અને પછી તેજ પોતાના પતિરૂપ ગુરુનું પાતિવ્રત્ય ધર્માનુસાર ભજન કરતાં ભગવાનની કૃપા થવાથી જ્ઞાન પ્રાપ્ત થયું અને તે દ્વારા મોક્ષ થયો. બસ, આટલુંજ ચાલુ વિષયમાં ઉપયોગી છે; બીજું તો કથાલંકાર પૂરતુંજ છે; તોપણ આધ્યાત્મિક વિષય સાથે કંઇક યોજના કરવામાં આવશે. વિદર્ભ દેશનો રાજા—એટલે પુષ્કળ દર્ભનો ઉપયોગ કરનાર—યજ્ઞ—યાગાદિ કર્મ કરવામાં આસક્ત. તેનું નામ રાજસિંહ એટલા માટે કે, ધર્મપૂર્વક પ્રજાઓનું પાલન કરવાથી અને યજ્ઞ—યાગાદિ કરવાથી ક્ષત્રિયો શોભે છે અને તેવા ઉત્તમ ક્ષત્રિયોમાં તે રાજા શ્રેષ્ઠ હતો, માટે તે 'રાજસિંહ' કહેવાતો. —**श्रीधर**

૧. શત્રુઓનાં નગરને જીતનાર—એટલે અન્ય મતનું ખંડન કરવામાં ચતુર. —**बालप्रबोधिनी**

૨. પાંડ્ય દેશનો રાજા—એટલે '**पंडा**' નિશ્ચય બુદ્ધિ-તેને યોગ્ય—**पांड्य.** —**श्रीधर**

૩. મલયધ્વજ—એટલે મલયાચલવાળા દક્ષિણ દેશમાં ધ્વજાની પેઠે દર્શન કરવા યોગ્ય. દક્ષિણ દેશમાં વિષ્ણુ-ભક્તો વધારે હોય છે; તેઓમાં તે રાજા મુખ્ય હતો—ભગવાનનો મોટો ભક્ત હતો. —**श्रीधर**

+ અર્થાત્ પૂર્વજન્મના પુરંજનને તે બીજા જન્મમાં ભગવાનના ભક્તનો સંગ થયો હતો.

૪. શ્યામ નેત્રવાળી પુત્રી—એટલે જેને લીધે શ્રીકૃષ્ણનું દર્શન થઇ શકે છે તે શ્રીકૃષ્ણસેવા ઉપરની રુચિ.—**श्रीधर**

૫. અર્થાત્ તે રાજાના સંગથી વૈદર્ભીમાં ભગવદ્ધર્મ ઉપર પ્રીતિ થઈ. સાત પુત્રો તે—**श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम्, अर्चनं वन्दनं दास्यं**—શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવન, પૂજન, વંદન તથા દાસ્ય એ સાત ભક્તિના પ્રકારો. જો કે ભક્તિના પ્રકારો નવ છે, તોપણ 'સખ્ય તથા આત્મનિવેદન'—એ બે પ્રકારો '**तत् त्वम् असि**' એ મહાવાક્યમાંના **त्वम्** પદાર્થના જ્ઞાન પછી થાય છે અને તે બન્ને પ્રકારોનો આગળ જતાં ભગવાનજ ઉપદેશ કરશે; તેથી હમણાં તે બન્ને પ્રકાર નહિ ઉત્પન્ન થયેલ હોવાથી અહીં સાત પ્રકાર કહ્યા છે; અર્થાત્ વૈદર્ભીને ભગવદ્ધર્મ ઉપર રુચિ થઇ એટલે શ્રવણ—કીર્તનાદિ સાત પ્રકારની ભક્તિ પણ તે દ્વારા થઈ.

૬. દ્રવિડ દેશની ભૂમિ શ્રવણાદિ ભક્તિથીજ સુરક્ષિત છે, એ વાત પ્રસિદ્ધ છે. —**श्रीधर**

૭. અર્થાત્ શ્રવણાદિ ભકિતના પ્રત્યેકના અનેક પ્રકારો થયા. કહ્યું છે કે, **भक्तियोगो बहुविधो मार्गैर्भामिनि भाव्यते** —ભક્તિયોગના અનેક પ્રકાર થઇ શકે છે. —**श्रीधर**

૮. જેઓના વંશજો એટલે જેમાંથી નીકળેલા જાતજાતના સંપ્રદાયોથી આખી પૃથ્વીનું મન્વંતર અને મન્વંતર પછી પણ વિદ્યા, કાળ તથા કર્મોદ્વારા રક્ષણ થશે. —**श्रीधर**

૯. અગસ્ત્ય એટલે **अंगानि—निष्क्रियाणि गात्राणि स्त्यायति—संघातयति—इति अगस्त्यः**' નિષ્ક્રિય શરીરના અવયવોને જે એકત્ર કરે છે તે અગસ્ત્ય—એટલે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તથી[1] ઇધ્મવાહ નામે પુત્ર થયો.[31-32] તે પછી રાજર્ષિ મલયધ્વજ પોતાના પુત્રોને *પૃથ્વી વહેંચી આપીને પોતે શ્રીકૃષ્ણ ભગવાનની આરાધના કરવાની ઇચ્છાથી કુલાચલપર્વત પ્રતિ પ્રયાણ કર્યું; એટલે મદ કરાવનાર નેત્રવાળી વૈદર્ભી પણ ઘર, પુત્રો તથા ભોગોનો ત્યાગ કરી, ચાંદની જેમ ચંદ્ર પાછળ જાય તેમ, પાંડ્ય રાજા મલયધ્વજ પાછળ ચાલી નીકળી.÷ મલયધ્વજ રાજા, તે કુલાચલ પર્વતમાં જઈને ત્યાં આવેલી ચંદ્રવસા, તામ્રપર્ણી અને વટોદકા નામની નદીઓનાં પવિત્ર જળથી નિત્ય પોતાના બન્ને પ્રકારના (બાહ્ય તથા આભ્યંતર) મેલને ધોઇ નાખતો અને કંદ, બીજ, મૂળ, ફળ, પુષ્પો, પાંદડાં, ઘાસ તથા જળથી પોતાની આજીવિકા કરી ધીમેધીમે શરીરને સૂકવી નાખનારૂં તપ કરવા લાગ્યો. વળી સર્વત્ર સમદષ્ટિવાળો થઈને ટાઢ, તાપ, વાયુ, વરસાદ, ક્ષુધા, તૃષા, પ્રિય, અપ્રિય, સુખ અને દુઃખનાં જોડકાંને સહન કરવા લાગ્યો.[33-37] ઉપરાંત વિદ્યા તથા ઉપાસનાને લીધે કામ–ક્રોધાદિ કષાયો જેના પરિપક્વ થયા હતા, એવા તે રાજાએ ઇન્દ્રિયો, પ્રાણવાયુ તથા ચિત્તને જીતીને પોતાનું મન, બ્રહ્મ વિષે યોજી દીધું[38] અને ઠૂંઠાની પેઠે સ્થિર રહીને દેવતાઇ સો વર્ષો સુધી એકજ સ્થળે તેણે સ્થિતિ કરી; એટલુંજ નહિ પણ ભગવાન વાસુદેવમાં તેણે એવી પ્રીતિ કરી કે જેથી સર્વ દેહાદિ પ્રપંચને તે વીસરી ગયો. એ પ્રમાણે વર્તતો તે રાજા 'કાર્યકારણસમુદાયમાં આત્મા, વ્યાપકપણે રહેલો છે અને તે કાર્યકારણસમુદાયરૂપ શરીરથી અલગપણે રહેલો છે; તેમજ અંતઃકરણની વૃત્તિનો સાક્ષી પણ આત્માજ છે–આત્માને લીધેજ અંતઃકરણની વૃત્તિ જડ હોવા છતાં પ્રકાશે છે.' એમ જાણીને દેહાદિ સર્વ વિષયોથી વિરામ પામ્યો–તે તે વિષય ઉપરની સર્વ મમત્વ વાસનાઓથી મુક્ત થયો. દૃષ્ટાંત તરીકે જેમ સ્વપ્નાવસ્થામાં 'મારું આ મસ્તક કપાઇ ગયું' એવું ભાન થાય છે; તોપણ પોતે પોતાને તેથી ભિન્નજ માને છે તેમ. (એ રાજા જાગ્રત અવસ્થામાં પણ પોતાના આત્માને દેહાદિ–કાર્યકારણથી ભિન્નજ માનવા લાગ્યો.)[39-40] હે પ્રાચીનબર્હિષ રાજા! સર્વના ગુરુ ભગવાન સાક્ષાત્ શ્રીહરિએ તે રાજાને વિશુદ્ધ જ્ઞાનદીપકનો ઉપદેશ કર્યો હતો ને તે જ્ઞાનદીપક સર્વ તરફથી એવો તો પ્રકાશમાન હતો કે જેથી તે દ્વારા એ રાજા પરબ્રહ્મ વિષે પોતાના આત્માનાં દર્શન કરતો હતો, પરબ્રહ્મને પોતાના આત્મામાં જોતો હતો અને છેવટે તેવા દર્શનનો પણ ત્યાગ કરીને આ સંસારથી ઉપરામ પામ્યો હતો.+ પતિને દેવ માનનારી વૈદર્ભી પણ સર્વ

મન. તે પ્રથમ ઉત્પન્ન થયેલી પુત્રી–કૃષ્ણસેવારુચિને પરણ્યા–એટલે તેના મને કૃષ્ણમાં દૃઢ પ્રીતિ બાંધી. એ પ્રીતિ પણ વ્રતનિષ્ઠ હતી–અર્થાત્ શમદમાદિ વ્રતોને ધારણ કરનારી હતી.

૧. દૃઢચ્યુત એટલે સત્યલોકાદિ સ્થાયી ભોગોથી પણ રહિત–અર્થાત્ કૃષ્ણમાં પ્રીતિ થતાં આ લોક કે પરલોક બન્નેના ભોગ ઉપર વૈરાગ્ય થયો અને તે ઉપશમરૂપ હોઇને મુનિ કહેવાયો; અર્થાત્ કૃષ્ણપ્રીતિ થતાં દૃઢ વૈરાગ્ય થયો અને એ વૈરાગ્ય થતાં ઇધ્મવાહ થયો; એટલે **तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्'** (મું૦ ઉ૦ ૧–૨–૧૨)– 'આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે સમિધો હાથમાં લઈ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જવું જોઇએ.' એ વેદવચન અનુસાર હાથમાં દર્ભ લઇને ગુરુ પાસે ગમન તે વૈરાગ્યથી થયું. —શ્રીધર

* પૃથ્વી પર શ્રવણાદિ ભક્તિની વ્યવસ્થા કરીને. —શ્રીધર

÷ આ શ્લોકમાં સ્ત્રીભાવને પ્રાપ્ત થયેલા પુરંજનને સર્વ તરફથી વૈરાગ્ય થતાં **पतिरेव गुरुः स्त्रीणाम्**– સ્ત્રીઓને પતિ એજ ગુરુ છે–એ વચનાનુસાર પતિસેવાદ્વારા તેનો ગુરુસેવાનો પ્રકાર દર્શાવ્યો છે. —શ્રીધર

+ કહેવા એ માગે છે કે, 'હું બ્રહ્મજ છું, સંસારી નથી' એમ બ્રહ્મમાં આત્મદર્શન કરવાથી શોકાદિની નિવૃત્તિ થાય છે અને 'હુંજ બ્રહ્મ છું' એમ આત્મામાં બ્રહ્મદર્શન કરવાથી બ્રહ્મ સાથેની પરોક્ષતા નિવૃત્ત થાય છે; તથા છેવટે તે આત્મદર્શન તેમજ બ્રહ્મદર્શનનો પણ ત્યાગ કરી સ્વરૂપાવસ્થા પ્રાપ્ત કરાય છે; કેમકે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. ... Digitization by eGangotri

ભોગોનો ત્યાગ કરી પ્રેમથી પરમ ધર્મજ્ઞ પતિ મલયધ્વજની સેવા કર્યા કરતી હતી.[૪૧-૪૩] તેણે ફાટલાંતૂટલાં વસ્ત્ર પહેર્યાં હતાં, વ્રતને લીધે તે કૃશ થઇ ગઈ હતી; તેના કેશ ગૂંચવાઇ ગયેલા હતા અને શાંત અગ્નિની પાસે જેમ શાંત શિખા શોભે તેમ પોતાના પતિની સામે તે શોભતીહતી.[૪૪] પોતાનો પ્રિય પતિ સંસારથી ઉપરામતા પામ્યો હતો;(મરણ પામ્યો હતો) તોપણ પૂર્વવત્ અત્યંત સ્થિર આસને રહ્યો હતો, તેથી તે (તેને મરણ પામેલો) જાણતી ન હતી અને પૂર્વની પેઠેજ પાસે બેસીને તેની સેવા કર્યા કરતી હતી.[૪૫] એમ સેવા કરતાં કરતાં જ્યારે તેણે પોતાના પતિચરણમાં ઉષ્ણતા ન જોઈ ત્યારે, (આ તો મરણ પામ્યા છે, એમ જાણીને) ટોળાંમાંથી વિખૂટી પડેલી મૃગલીની પેઠે તે હૃદયમાં અત્યંત વ્યાકુળ થઇ ગઇ[૪૬] અને પતિરહિત થઇને દીન થઈ પડેલા પોતાના આત્માનો શોક કરવા લાગી.તેમજ શોકાશ્રુઓથી પોતાનાં બન્ને સ્તનોને ભીંજવતી જંગલમાં મોટે સાદે રુદન કરવા લાગી:[૪૭] 'હે રાજર્ષિ ! ઊઠો, ઊઠો;આ સમુદ્ર સુધીની પૃથ્વી ચોરો તથા અધાર્મિક ક્ષત્રિયોથી ત્રાસ પામી રહી છે, તેનું રક્ષણ કરવાને તમે યોગ્ય છો.'[૪૮] એ પ્રમાણે વિલાપ કરતી તે પતિપરાયણા બાલા પોતાના સ્વામીના ચરણમાં પડીને રડવા લાગી ને અશ્રુધારા વહવાવવા લાગી.[૪૯] પછી તેણે કાષ્ઠની એક ચિતા રચી અને વિલાપ કરતાં કરતાં પોતાના પતિના શરીરને તે ચિતામાં અગ્નિદાન આપીને પોતે પણ તેની પાછળ બળી મરવાનો વિચાર કર્યો.[૫૦] તેવામાં હે રાજા ! કોઇ* અતિ પ્રાચીન આત્મજ્ઞાની બ્રાહ્મણ કે જે તેનો+ મિત્ર હતો તે ત્યાં આવ્યો અને સુંદર સાંત્વનાવાળાં વચનથી તેને શાંત પાડતો આ પ્રમાણે કહેવા લાગ્યો.[૫૧]

બ્રાહ્મણ બોલ્યોઃ-'તું કોણ છે ? કોની પુત્રી છે ? જેનો તું શોક કરે છે તે આ પૃથ્વી પર સૂતેલો કોણ છે ? તું મને ઓળખે છે ? હું તારો મિત્ર છું, કે જેની સાથે તું [૧]પૂર્વે વિચરેલ હતી.[૫૨] હે મિત્ર ![૨] તું કદાચ મને નહિ ઓળખે; પણ મારો કોઈ એક મિત્ર કે જેનું નામ મારા જાણવામાં નથી એમ તારું પોતાનું તો તને સ્મરણ છે ને ? તું પૃથ્વીના ભોગોમાં આસક્ત થયો હતો અને તેથી મારો ત્યાગ કરીને તે ભોગ ભોગવવાના સ્થાનને શોધતો ચાલ્યો ગયો હતો.[૫૩] હે [૩]આર્ય ! હું અને તું બન્ને માનસસરોવરમાં રહેનારા બે મિત્ર હંસ હતા. આપણે [૪]હજાર વર્ષ સુધી ઘર વિનાજ રહ્યા હતા. પણ હે બંધુ ! તને ગ્રામ્ય-વિષયસુખની ઇચ્છા થઇ, તેથી તું મારો ત્યાગ કરીને પૃથ્વી પર ગયો અને ફરતાં ફરતાં તેં કોઇએક [૫]સ્ત્રીએ બનાવેલું વિષયભોગનું સ્થાન-એક [૬]નગર-જોયું.[૫૪।૫૫] એ નગરમાં પાંચ બગીચાઓ હતા; નવ દરવાજાઓ હતા; તેનું રક્ષણ કરનાર એક કોટવાળ હતો; ત્રણ કોઠાઓ હતા; છ વેપારીઓ હતા; પાંચ દુકાનો હતી; પાંચ પ્રધાનો હતા અને તે નગરનો સ્વામી સ્ત્રી હતી.[૫૬] હે પ્રભો ! એ નગરના (શરીરના) પાંચ બગીચાઓ તે પાંચ ઇન્દ્રિયોના

જેમ અગ્નિ લાકડાંને બાળીને સ્વયમેવ શાંત થઈ જાય છે, તેમજ એ આત્મદર્શન તથા બ્રહ્મદર્શનથી અવિદ્યાનો નાશ થતાં એ દર્શન પણ સ્વયમેવ શાંત થઇ જાય છે. —શ્રીધર

* અતિ પ્રાચીન-અનાદિ ઈશ્વર-પરમાત્મા.

\+ જે તેનો-પુરંજન તથા વૈદર્ભી રૂપધારી જીવનો મિત્ર હતો તે.

૧. પૂર્વે વિચરેલ હતી-એટલે સૃષ્ટિની પૂર્વે તેં મારામાંજ રહીને મારી સાથેની મિત્રતાનું સુખ અનુભવ્યું છે. —શ્રીધર

૨. આ નરજાતિનું સંબોધન આપી સ્મરણ કરાવ્યું છે કે તું પૂર્વે પુરુષ હતો. —શ્રીધર

૩. અહીંથી છ શ્લોકમાં એ સૂચવે છે કે, તેં મારો ત્યાગ કર્યો તેથી તું આવા અનર્થમાં આવી પડ્યો છે. આપણે બે હંસ છીએ-શુદ્ધ છીએ અને હૃદયરૂપી માનસસરોવરમાં રહેનારા છીએ.

૪. હજાર વર્ષ સુધી એટલે મહાપ્રલયસુધી.—શ્રીધર

૫. કોઇએક સ્ત્રી એટલે અનિર્વચનીયા માયા.

૬. નગર-એટલે મનુષ્યશરીર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શબ્દાદિ વિષયો છે; નવ પ્રાણનાં છિદ્રો તે નવ દ્વાર છે; પ્રાણવાયુને તેનો રક્ષક સમજવો; પૃથ્વી, જળ અને તેજને ત્રણ કોઠાઓ સમજવા; પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા મન, એ છને સર્વ ઇષ્ટવિષયો પૂરા પાડનારા વેપારીઓ સમજવા; પાંચ કર્મેન્દ્રિયોને પાંચ દુકાનો સમજવી; પાંચ મહાભૂતોને પાંચ પ્રધાનો–એ શરીરનાં અવિનાશી મૂળ કારણો સમજવાં અને બુદ્ધિરૂપી સ્ત્રી એ નગરની સ્વામિની છે; એ શરીરરૂપી નગરીમાં દાખલ થયેલો પુરુષ આત્મા, સ્વરૂપને જાણી શકતો નથી.[૫૭૫૮] હે પ્રભો! એ નગરમાં બુદ્ધિરૂપી સ્ત્રીએ તારો પરાભવ કર્યો–તને વશ કરી લીધો અને તેની સાથે રમણ કરતાં તું તારા બ્રહ્મત્વની સ્મૃતિથી ભ્રષ્ટ થયો અને તેના સંગથીજ આવી અત્યંત પાપી દશાને તું પામ્યો છે.[૫૯] તું કંઈ વિદર્ભ રાજાની પુત્રી નથી; તેમ આ વીર (કે જે અહીં મૃત્યુવશ થયો છે, તે) તારો પતિ નથી; એટલુંજ નહિ પરંતુ પૂર્વે જે પુરંજની–બુદ્ધિએ નવ દ્વારવાળા શહેર-શરીરમાં જે તને પૂરી રાખ્યો હતો, તે તું તેનો પતિ પુરંજન રાજા પણ નથી.[૬૦] આ તો મેં સરજેલી માયા છે, કે જેને લીધે તું પોતાને પુરુષ અને સતી સ્ત્રી માને છે; પણ વસ્તુતઃ તું પુરુષ નથી તેમ સ્ત્રી પણ નથી. કેમકે આપણે બન્ને તો શુદ્ધજ છીએ; તું આપણ બન્નેનું સ્વરૂપ (જે હું કહું છું, તેને) જો–સાંભળ.[૬૧] અરે ઓ જીવ! હું તેજ તું છે; તું મારાથી ભિન્ન નથી; તથા તું તેજ હું છું, તે તું લક્ષ્યમાં લે. વિવેકી વિદ્વાનો આપણ બન્નેમાં લેશમાત્ર પણ ભેદ કદી જોતા નથી.[૬૨] જેમ પુરુષ પોતાના એકજ સ્વરૂપને દર્પણમાં નિર્મળ, મોટું અને સ્થિર જુએ છે અને બીજા કોઈના નેત્રમાં મલિન, નાનું ને ચંચળ જુએ છે; તેમ પોતાના એકજ સ્વરૂપને બે પ્રકારનું જુએ છે; તેમ આપણ બન્નેમાં પણ અંતર–ધર્મભેદ જોવામાં આવે છે; (વસ્તુતઃ આપણામાં અંતર છેજ નહિ.)*[૬૩] એ પ્રમાણે હૃદયરૂપી માનસસરોવરમાં વસનાર ક્ષેત્રજ્ઞ જીવને હંસ પરમાત્માએ બોધ આપ્યો, એટલે તે સ્વસ્થ થયો–સ્વસ્વરૂપમાં સ્થિત થયો અને (ખૂબ વિચાર કરતાં) ઈશ્વરથી જુદા પડવાને લીધે (વિષયાભિલાષની બુદ્ધિથી) નાશ પામેલી પોતાની સ્મૃતિને એટલે 'હું બ્રહ્મ છું' એવા જ્ઞાનને પુનઃ પ્રાપ્ત થયો. હે પ્રાચીનબર્હિષ રાજા! આ (પુરંજનના આખ્યાનરૂપે) અધ્યાત્મજ્ઞાનજ મેં તમને પરોક્ષપણે દર્શાવ્યું છે; (વસ્તુતઃ તે આખ્યાન તો એક રૂપક છે.) કેમકે જગતનું કલ્યાણ કરનારા ભગવાનને પણ પરોક્ષજ પ્રિય છે–આત્મજ્ઞાનનો ઉપદેશ પરોક્ષપણે કરવામાં આવે તેજ ભગવાનને પ્રિય છે.÷[૬૪]

बर्हिष्मन्नेतदध्यात्मं पारोक्ष्येण प्रदर्शितम् ।
यत्परोक्षप्रियो देवो भगवान्विश्वभावनः ॥६४॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૨૮ મો સમાપ્ત

---

* તારામાં ને મારામાં અજ્ઞત્વાદિ ને સર્વજ્ઞત્વાદિ જે ધર્મભેદ જોવામાં આવે છે, તે કેવળ અવિદ્યા અને વિદ્યારૂપ ઉપાધિને લીધેજ છે. વસ્તુતઃ ધર્મભેદ છેજ નહિ. જેમ એકજ પુરુષ દર્પણમાં જુદો દેખાય છે અને બીજાના નેત્રમાં જુદો દેખાય છે, તે કેવળ દર્પણ અને નેત્રરૂપ ઉપાધિને લીધેજ દેખાય છે, તેમ તને અવિદ્યારૂપ ઉપાધિ વળગી છે, તેથી તારામાં અજ્ઞત્વાદિ જોવામાં આવે છે અને મને વિદ્યારૂપ ઉપાધિ વળગી છે, તેથી મારામાં સર્વજ્ઞત્વાદિ જોવામાં આવે છે; પણ તે દર્પણ ને નેત્રરૂપ ઉપાધિ દૂર થતાં પુરુષનું સત્યસ્વરૂપ જણાય છે, તેમ અવિદ્યા ને વિદ્યારૂપ ઉપાધિ દૂર થતાં આપણે શુદ્ધજ છીએ; આપણા બન્નેનું એકજ શુદ્ધસ્વરૂપ જણાય છે.

÷ ભાવ એ છે કે, સાક્ષાત્ આત્મજ્ઞાનની કથા કહેતાં તે તારા મનમાં સીધી આવી શકત નહિ; માટે પુરંજનના આખ્યાનથી તે કથા તને કહી છે. —શ્રી૦

કેમકે અધ્યાત્મવસ્તુનો સ્પષ્ટ ઉપદેશ આપતાં અનેકને જ્ઞાન થઇ જાય અને તેથી અનેકનો મોક્ષ થતાં જગતનો હ્રાસ થઇ જાય; એ વાત ભગવાનને પસંદ નથી; તેથી ભગવાનને પણ પરોક્ષપણે આત્મજ્ઞાનનો ઉપદેશ પ્રિય લાગે છે. —बा. प्र.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय २९ मो+

પુરંજનઆખ્યાનનો ઉપસંહાર–સ્ત્રીસંગથી સંસાર અને ઈશ્વરસંગથી મોક્ષ

॥ प्राचीनबर्हिरुवाच ॥

भगवँस्ते वचोऽस्माभिर्न सम्यगवबुध्यते । कवयस्तद्विजानंति न वयं कर्ममोहिताः ॥ १ ॥

પ્રાચીનબર્હિષ રાજાએ કહ્યું:–'હે ભગવન્ નારદ! તમારું વચન અમે સારી રીતે સમજી શકતા નથી. આવું–પરોક્ષસૂચક વચન તો વિદ્વાનો સમજી શકે–અધ્યાત્મવેત્તાઓ આવા વચનનો આશય જાણી શકે; પણ અમે તો કર્મથી મોહિત થયેલા હોઇને આ વચન સમજી શકીએ નહિ.'[૧]

નારદજી બોલ્યાઃ–' પૂર્વના આખ્યાનમાં મેં જેને પુરંજન કહ્યો છે, તેને તમારે પુરુષ–જીવ જાણવો. કેમકે તે જીવાત્મા પોતાના સંબંધથી પુરને–શરીરને પ્રકટ કરે છે–ચેતન કરે છે અથવા પ્રકટ કરે છે,* કે જે શરીર એક પગવાળું, બે પગવાળું, ત્રણ પગવાળું, ચાર પગવાળું, અનેક પગવાળું અને પગ વિનાનું પણ હોય છે.[૨] વળી જે આખ્યાનમાં જેનું નામ જાણવામાં ન હતું, તેવો જીવનો મિત્ર જે 'अविज्ञात' શબ્દથી કહેવાયો, તેનેજ ઈશ્વર જાણવો; કેમકે પુરુષો તેને નામોથી,§ ક્રિયાઓથી× કે ગુણોથી÷ જાણી શકતા નથી.[૩] તે જીવાત્માને જ્યારે સમગ્ર પ્રકૃતિના ગુણોને ગ્રહણ કરવાની ઇચ્છા થઈ, ત્યારે અનેક પ્રકારનાં શરીરોમાંથી નવ દ્વારવાળા ને બે હાથપગવાળા મનુષ્યશરીરને તેણે શ્રેષ્ઠ માન્યું.[૪] એ આખ્યાનમાં જે સ્ત્રી કહેવામાં આવી હતી, તેને બુદ્ધિ સમજવી; જે બુદ્ધિનો આશ્રય કરીને જીવ આ શરીરમાં ઇન્દ્રિયોદ્વારા સર્વ વિષયોનો ઉપભોગ કરે છે.[૫] એ બુદ્ધિરૂપ સ્ત્રીના જે મિત્રો કહ્યા હતા, તેને ઇન્દ્રિયો સમજવી. જેમાંની પાંચ જ્ઞાનેન્દ્રિયોથી જીવને જ્ઞાન થાય છે અને પાંચ કર્મેન્દ્રિયોથી જીવ કર્મ કરે છે; તેમજ બુદ્ધિરૂપ સ્ત્રીની જે સખીઓ કહી હતી, તેને ઇન્દ્રિયોની વૃત્તિઓ સમજવી અને પાંચ મસ્તકવાળો જે સર્પ કહ્યો હતો, તેને પાંચ+વૃત્તિઓવાળો પ્રાણવાયુ સમજવો.[૬] અગિયારમો જે મહાન યોદ્ધો સૌનો નાયક કહ્યો હતો, તેને મોટા બળવાળું મન જાણવું; કેમકે તે મન બન્ને પ્રકારની ઇન્દ્રિયોનો નાયક છે. પાંચાલ દેશ તે પાંચ વિષયો સમજવા, કે જેઓની મધ્યે નવ દ્વારવાળું આ શરીરરૂપી નગર આવેલું છે.[૭] બે નેત્ર, બે નાસિકા, બે કાન, મુખ, લિંગ અને ગુદા–એ નવ છિદ્રો તે નવ દરવાજા સમજવા. તેમાંનાં બે નેત્ર, બે નાસિકા ને બે કાન, એ દરવાજા એક પંક્તિમાં લગભગ સમીપ કરવામાં આવ્યા છે અને બાકીના ત્રણ તે અલગ અલગ કરવામાં આવ્યા છે. એ નવ દ્વારમાં થઇને જીવ ઇન્દ્રિયોની સાથે વિષયપ્રદેશમાં જાય છે.[૮] એમાંનાં બે નેત્ર, બે નાસિકા ને મુખ, એ પાંચ દરવાજા પૂર્વાભિમુખ છે; જમણો કાન તે દક્ષિણાભિમુખ દરવાજો છે અને ડાબો કાન તે ઉત્તરાભિમુખ દરવાજો છે.[૯] ગુદા તથા લિંગ–એ બે દરવાજા તે અધોદ્વાર હોઈને પશ્ચિમાભિમુખ છે, એ દરવાજાઓનાં નામ પૈકી ખદ્યોતા અને આવિર્મુખી નામના જે બે દરવાજા

+ આ અધ્યાયમાં પરોક્ષ અર્થવાળા પુરંજનઆખ્યાનનો ઉપસંહાર કરાશે અને 'સ્ત્રીના સંગથી જીવને સંસાર પ્રાપ્ત થાય છે અને ઈશ્વરના સંગથી જીવનો મોક્ષ થાય છે, એ વાત સ્પષ્ટ કરવામાં આવશે. —श्रीधर

* આમ કહીને 'पुरंजन' શબ્દની આવી વ્યુત્પત્તિ દર્શાવી છે–'स्वकर्मणा पुरं जनयति इति पुरंजनः' એટલે પોતાનાં કર્મથી શરીરને જે ઉત્પન્ન કરે છે, તે પુરંજન–જીવ. —श्रीधर

§ નામો–ઈશ્વર વગેરે.

× ક્રિયાઓ–જીવને પ્રેરણા કરવી વગેરે.

÷ ગુણો–સર્વજ્ઞ વગેરે.

+ પ્રાણવાયુની પાંચ વૃત્તિઓ તે આ છેઃ–પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન. તેમાંની પ્રાણ તે હૃદયમાં રહે છે; અપાન તે ગુદામાં રહે છે; સમાન તે નાભિમાં રહે છે; ઉદાન તે કંઠમાં રહે છે અને વ્યાન આખા શરીરમાં રહે છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કહ્યા હતા તે બે નેત્ર સમજવાં, જેઓ એક પંક્તિએ લગભગ સમીપ રહ્યાં છે; એ બે દરવાજાઓદ્વારા જીવ પોતાના દ્યુમાન મિત્ર–ચક્ષુઇન્દ્રિય સાથે વિભ્રાજિત નામના દેશમાં જાય છે, એટલે રૂપ-વિષયને ગ્રહણ કરે છે.[૧૦] નલિની ને નાલિની નામના જે બે દરવાજા તેને બે નાસિકાઓ સમજવી; સૌરભ દેશ તે ગંધવિષય સમજવો અને ઘ્રાણેન્દ્રિયને અવધૂત નામે મિત્ર સમજવો. મુખ તે મુખ્ય દરવાજો છે; વિપણ નામે જે મિત્ર તે વાક્ઇન્દ્રિય જાણવી અને રસવિત્ નામે જે મિત્ર તેને રસનેન્દ્રિય જાણવી. આપણ નામનો દેશ તે વાક્ઇન્દ્રિયનો વિષય–વાણીનો વ્યાપાર સમજવો અને બહૂદન નામે જે દેશ તે રસનેન્દ્રિયનું વિષય એવું વિવિધ અન્ન સમજવું. વળી પિતૃહૂ નામનો દરવાજો તે જમણો કાન સમજવો અને દેવહૂ નામે દરવાજો તે ડાબો કાન સમજવો.[૧૧-૧૨] દક્ષિણપંચાલ દેશ તે કર્મકાંડરૂપ પ્રવૃત્તિશાસ્ત્ર સમજવું અને ઉત્તરપંચાલદેશ તે જ્ઞાનકાંડરૂપ નિવૃત્તિશાસ્ત્ર સમજવું. ત્યાં શ્રુતધર મિત્રની સાથે પિતૃયાન દેશમાં તથા દેવયાન દેશમાં જાય છે, એમ કહ્યું છે તેથી એમ સમજવું કે, શ્રુતધર મિત્ર–શ્રવણેન્દ્રિયદ્વારા પ્રવૃત્તિશાસ્ત્ર સાંભળીને તે દ્વારા કર્મો કરીને પિતૃઓથી બોલાવેલો જીવ પિતૃયાન માર્ગે પિતૃલોકમાં જાય છે અને નિવૃત્તિશાસ્ત્રનું શ્રવણ કરી તે દ્વારા ઉપાસના કરી દેવોથી બોલાવેલો (જીવ) દેવયાનમાર્ગે દેવલોકમાં જાય છે. વળી ત્યાં આસુરી નામનો જે દરવાજો કહ્યો છે, તે અધોદ્વાર લિંગ સમજવું. તે દ્વારા (જીવ) ગ્રામક નામના દેશમાં જાય છે એટલે અજ્ઞાનીઓનું સુખ–મૈથુન સમજવું; દુર્મદ નામનો જે મિત્ર કહ્યો છે તે ઉપસ્થઇન્દ્રિય સમજવી; તેમજ જે નિરૃતિ નામનો દરવાજો કહ્યો છે તેને ગુદાદ્વાર સમજવું. વૈશસ્ નામના દેશમાં જાય છે, એટલે તે દ્વારા મળત્યાગ કરે છે; લુબ્ધક નામના મિત્રની સાથે જાય છે એટલે પાયુ ઇન્દ્રિયની સાથે એમ સમજવું; વળી ત્યાં જે બે દરવાજા અંધ કહ્યા છે તે વિષે તમે સાંભળો. એ બે દરવાજા તે હાથ ને પગ સમજવા. એ બન્નેદ્વારા જીવ આવ–જા કરે છે અને કંઈ કામ કરે છે.[૧૩-૧૫] જે અંતઃપુર કહ્યું છે તે હૃદય સમજવું; ત્યાં જે નાજર કહ્યો છે તે મન કહેવાય છે; તે તે હૃદયમાં મનની સાથે રહેલો જીવ, મનના તમસ્, સત્ત્વ અને રજસ્ નામના ગુણોથી અનુક્રમે મોહ, પ્રસાદ ને હર્ષ પામે છે.[૧૬] જીવ જો કે કેવળ ઉપદ્રષ્ટાજ છે; તોપણ બુદ્ધિ જેમ જેમ સ્વપ્નાવસ્થામાં વિકાર પામે છે અને જાગ્રદવસ્થામાં વિકાર કરે છે–ઇન્દ્રિયોને પરિણામવાળી કરે છે–ઇન્દ્રિયો દ્વારા અનેક કર્મો કરાવે છે, તેમ તેમ જીવ પણ તે બુદ્ધિના ગુણોથી લિપ્ત થઇને તે બુદ્ધિની વૃત્તિઓ દર્શન, સ્પર્શન વગેરેનું બળાત્કારે તે (બુદ્ધિ વડે) અનુકરણ કરાવાય છે–બુદ્ધિએ કરેલું સર્વ કંઈ પોતેજ કર્યું એમ જીવને બુદ્ધિજ મનાવે છે.[૧૭] તે સ્થળે સ્વપ્નાવસ્થાના શરીરને રથ સમજવો; ઇન્દ્રિયોરૂપી તે રથને જોડેલા ઘોડા સમજવા; વર્ષનો વેગ તે એ રથનો વેગ જાણવો; જો કે વસ્તુતઃ તે સ્વપ્નાવસ્થાના શરીરરૂપ રથને ગતિ× નથી; તેમજ બે પુણ્ય–પાપરૂપ કર્મ તે એ રથનાં પૈડાં સમજવાં; ત્રણ ગુણો તે એ રથની ધજાઓ સમજવી; પાંચ પ્રાણ તે એ રથનાં પાંચ બંધન જાણવાં, મન તે એ રથની લગામ સમજવી; બુદ્ધિ એ રથનો સારથિ જાણવો; હૃદય તે એ રથની બેસણી જાણવી, સુખ ને દુઃખ તે એ રથના ઊંટડા સમજવા; પાંચ ઇન્દ્રિયોના વિષયો તે એ રથમાં (ભરેલા) પદાર્થો જાણવા; સાત ધાતુઓ તે એ રથના સાત પડદાઓ જાણવા અને પાંચ કર્મેન્દ્રિયો તે એ રથના બાહ્ય ગતિપ્રકારો જાણવા. એ સ્વપ્નાવસ્થાના શરીરરૂપી રથનો અભિમાની

× કેમકે સ્વપ્નનું શરીર બુદ્ધિમાંજ ઉત્પન્ન થયેલું હોય છે, તેથી તે શરીર એક સ્થળેથી બીજે સ્થળે જતું નથી.
—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થઈ પુરંજન—જીવ મૃગયા કરવા લાગ્યો, એટલે ઝાંઝવાના જળ જેવા સ્વપ્નના મિથ્યા વિષયો તરફ દોડી જાય છે. વળી ત્યાં જે અગિયાર સૈનિકો કહ્યા છે તે અગિયાર ઇન્દ્રિયો સમજવી અને પાંચ ઇન્દ્રિયો વડે જાણે શિકાર કરતો હોય તેમ અન્યાયથી વિષયોનો ઉપભોગ કરે છે. હવે આ આખ્યાનમાં જે ચંડવેગ નામનો ગંધર્વરાજ કહ્યો છે તેને વર્ષ જાણવું, કે જેને લીધે કાળ જાણવામાં આવે છે.[૧૮-૨૦] દિવસોને તે ગંધર્વરાજના ગંધર્વો જાણવા; રાત્રિઓને ગંધર્વસ્ત્રીઓ જાણવી; આ દિવસો અને રાત્રિઓ ત્રણસો ને સાઠની સંખ્યામાં ભ્રમણ કરીને પુરંજન—જીવના આયુષનું હરણ કરે છે.[૨૧] ત્યાં જે કાલકન્યા કહી છે તે સાક્ષાત્ વૃદ્ધાવસ્થા જાણવી; તેને લોકો પસંદ કરતા નથી, એટલે યવનોના રાજા—મૃત્યુએ જગતનો નાશ કરવા માટે તે વૃદ્ધાવસ્થાને પોતાની બહેન તરીકે સ્વીકારી. એ યવન રાજાના સર્વત્ર ફરનારા જે સૈનિકો કહ્યા છે તેઓને આધિઓ× અને વ્યાધિઓ† જાણવા; તથા પ્રાણીઓને પીડા કરવામાં શીઘ્ર વેગવાળો યવન રાજાનો ભાઈ જે પ્રજ્વર છે તે બે પ્રકારનો (ટાઢિયો ને ઊનો) તાવ સમજવો.[૨૨।૨૩] એ પ્રમાણે અનેક પ્રકારનાં આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક દુઃખોથી પીડાતો જીવ, અજ્ઞાનથી વીંટાયલો થઇને સો વર્ષ સુધી શરીરમાં સ્થિતિ કરે છે[૨૪] અને પોતે નિર્ગુણ હોવા છતાં પ્રાણના, ઇન્દ્રિયોના તથા મનના ધર્મોને પોતાનામાં આરોપી શુદ્ર કામવાસનાઓનું ધ્યાન કરતો 'મારૂં, હું' એવું મિથ્યાભિમાન કરીને કર્મો કર્યા કરે છે.[૨૫] પુરુષ—જીવાત્મા, જ્યારે સ્વસ્વરૂપભૂત ભગવાન પરમગુરુને નહિ જાણીને સ્વયંદ્રષ્ટા હોવા છતાં પણ પ્રકૃતિના ગુણોમાં આસક્ત થાય છે, ત્યારે તે પોતે પરાધીન બની જાય છે અને ગુણો પર અભિમાની થઇને સાત્ત્વિક, તામસ કે રાજસ કર્મો કર્યા કરે છે અને તે તે કર્માનુસાર જન્મ પામ્યા કરે છે.[૨૬।૨૭] તેમાં સાત્ત્વિક કર્મથી કોઈ વખતે પુષ્કળ પ્રકાશવાળા [૧]લોકોને પામે છે; રાજસ કર્મથી કોઈ વેળા જેમાં ક્રિયા કરવાથી ઘણોજ પરિશ્રમ પડે છે અને પરિણામે દુઃખ થાય છે તેવા [૨]લોકને પામે છે અને કોઇ સમયે તામસ કર્મથી અજ્ઞાન તથા શોક જેમાં ઘણા હોય છે તેવા [૩]લોકને પ્રાપ્ત થાય છે.[૨૮] એ પ્રમાણે અજ્ઞાનથી અંધ બુદ્ધિવાળો જીવ કોઈ વખતે પુરુષરૂપે જન્મે છે; કોઇ વખતે સ્ત્રીરૂપે અવતરે છે અને કોઈ વખતે નપુંસકરૂપે ઉત્પન્ન થાય છે; અથવા કોઇ વેળા દેવ, મનુષ્ય કે તિર્યંચરૂપે—જેવાં પોતાનાં કર્મ તે પ્રમાણે સંસારને પામે છે.[૨૯] જેમ ક્ષુધાથી ઘેરાયલો કૂતરો દીન બનીને ઘેરઘેર ભટકે છે અને પોતાના ભાગ્ય પ્રમાણે કોઈ સ્થળે લાકડીના મારને પામે છે અને કોઇ સ્થળે અન્ન પ્રાપ્ત કરે છે, તેમ કામનાની વાસનાવાળો જીવ[૪] ઉચ્ચ—નીચ માર્ગે[૫] ઉપર, નીચે કે મધ્યલોકમાં ભટકતો પોતાના ભાગ્યાનુસાર પ્રિય, અપ્રિય—સુખ, દુઃખ પ્રાપ્ત કરે છે.[૩૦।૩૧] જો કદાચ તેને માટે કોઇ ઉપાય કરવામાં આવે; તોપણ આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક દુઃખોમાંના કોઇ એકાદ દુઃખથી પણ જીવનો છુટકારો થતોજ નથી—એકાદ દુઃખ તો રહેવાનુંજ÷[૩૨] જેમ કોઈ એક પુરુષ માથા પર કોઇ મોટો ભાર ઉપાડી જતો હોય, ત્યારે તે ભાર માથા ઉપર જ્યારે અસહ્ય થઇ પડે, ત્યારે તે ભારને ત્યાંથી બદલી ખાંધ ઉપર ઉપાડે છે; પણ તેમ કરવાથી

× આધિઓ એટલે મનની પીડા.

† વ્યાધિઓ એટલે શરીરની પીડા.

૧. દેવાદિ લોકને.

૨. મનુષ્યાદિ લોકને.

૩. તિર્યંચ આદિ લોકને. —બાલપ્રબોધિની

૪. ઉચ્ચ—નીચ માર્ગે એટલે શાસ્ત્રમાં કહેલા માર્ગે તથા નિષેધેલા માર્ગે.

૫. ઉપર—નીચે—મધ્યલોકમાં એટલે સ્વર્ગ, પાતાલ કે ભૂલોકમાં. —બાલપ્રબોધિની

÷ એ રીતે દુઃખને દૂર કરવાના ઉપાય પણ દુઃખરૂપજ થઈ પડે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે ભાર કંઇ ઓછો થતો નથી; તેજ પ્રમાણે દુઃખને દૂર કરવાના સર્વ ઉપાયોસંબંધે સમજવું.×૩૩ માટે હે નિર્દોષ રાજા! જ્ઞાનરહિત એવું કેવળ (દુઃખનિવૃત્તિ માટે કરેલું) કાર્ય તે દુઃખજનક એવાં કર્મોને સમૂળગાં–વાસનાઓની સાથે કદી ટાળી શકતું નથી, જેથી એ રીતે દુઃખને દૂર કરવાનો કોઈ ઉપાયજ નથી; કેમકે દુઃખજનક કર્મને દૂર કરવા માટે બીજું દુઃખને દૂર કરનારૂં જે કર્મ કરવામાં આવે છે–તે બન્ને એકંદર અવિદ્યાથીજ ઉત્પન્ન થયેલાં હોઇને સમાનજ હોય છે–પરસ્પર વિરોધ નહિ હોવાથી એક કર્મ બીજા કર્મને કદી દૂર કરી શકેજ નહિ. જેમ દૃષ્ટાંત તરીકે એક સ્વપ્નમાં આવેલું બીજું સ્વપ્ન તે પ્રથમના સ્વપ્નને દૂર કરી શકે નહિ, માટે હરકોઇ સ્વપ્નને દૂર કરવા સારૂ તો જાગ્રત અવસ્થાજ જોઇએ; તેમ દુઃખજનક કર્મો દૂર કરવા માટે કર્મ ન જોઈએ, પણ જ્ઞાનજ જોઇએ–જ્ઞાન વિના કર્મનિવૃત્તિ નથી.૩૪ જેમ ઉપાધિરૂપ મનની સાથે સ્વપ્નમાં વિચરતા પુરુષને (જો કે સ્વપ્નમાં જોયેલા વ્યાઘ્રાદિ પદાર્થો વસ્તુતઃ હોતા નથી,છતાં જાગૃતિમાં આવ્યા વિના) તે સ્વપ્નમાં જોયેલા વ્યાઘ્રાદિથી થયેલું દુઃખ દૂર થતુંજ નથી; તેમ અજ્ઞાનજન્ય આ સંસારરૂપ કોઈ વસ્તુ છેજ નહિ, છતાં (જ્ઞાન વિના) તે સંસારની નિવૃત્તિ થતી નથી.૩૫ માટે સર્વ પુરુષાર્થસ્વરૂપ એવા આત્માને અજ્ઞાનને લીધે અથવા મનને લીધે અનર્થોની પરંપરારૂપ આ સંસાર જે પ્રાપ્ત થયો છે, તેની નિવૃત્તિ તો સર્વના ગુરુ શ્રીવાસુદેવ ભગવાનને વિષે પરમભક્તિ કરવાથીજ થાય છે.૩૬ કેમકે ભગવાન વાસુદેવ વિષે સારી રીતે યોજલો ભક્તિયોગ, વૈરાગ્ય તથા જ્ઞાન ઉત્પન્ન કરે છે.*૩૭ હે રાજર્ષિ પ્રાચીનબર્હિષ! ભગવાન વિષેનો તે ભક્તિયોગ ભગવાનની કથાનો આશ્રય કરી રહેલો છે–ભગવાનની કથા એજ તેનો આશ્રય હોઇ તે કથાશ્રવણથીજ તત્કાળ પ્રાપ્ત થાય છે; માટે જે પુરુષ ભગવત્કથાઓનું નિત્ય શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે છે અને અધ્યયન કરે છે, તેને એ ભક્તિયોગ સત્વર પ્રાપ્ત થાય છે.૩૮ હે રાજન્! જે સ્થળે ભગવાનના ગુણોનું કથન અને શ્રવણ કરવામાં વ્યગ્ર ચિત્તવાળા અને તેથીજ નિર્મળ આશયવાળા ભગવાનના ભક્ત સત્પુરુષો નિવાસ કરે છે, તે સ્થળે મહાન પુરુષોના મુખમાંથી નીકળેલી ભગવાનના ચરિત્રરૂપ અમૃતનીજ નદીઓ ચોતરફથી વહી રહી હોય છે અને હે રાજા! જે પુરુષો એ નદીઓનું અત્યંત અતૃપ્ત થઇ સાવધ કરેલા કાનથી પાન કરે છે–તે પુરુષોને ક્ષુધા, તૃષા, ભય, શોક તથા મોહ સ્પર્શ પણ કરી શકતા નથી, તો પીડા તો ક્યાંથીજ કરી શકે? આ જીવલોક સ્વભાવ વડે ઉત્પન્ન થનાર એ ક્ષુધા–તૃષા વગેરેથી નિત્ય પીડાયા કરે છે અને તેથીજ શ્રીહરિની કથારૂપ સુધાસાગરમાં પ્રીતિ કરતો નથી. પ્રજાપતિઓના પતિ સાક્ષાત્ બ્રહ્મદેવ, ભગવાન શંકર, મનુ, દક્ષ વગેરે પ્રજાધ્યક્ષો, સનકાદિ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ઠ અને હું–નારદ સુધીના સર્વે અમે બ્રહ્મવાદીઓ છીએ, વાણીના પતિઓ છીએ અને તપ,વિદ્યા તથા સમાધિરૂપ ઉપાયોથી પરમેશ્વરને શોધ્યા કરીએ છીએ, છતાં સર્વના સાક્ષી તે પરમેશ્વરનો અમે સાક્ષાત્કાર કરી શકતા નથી.૩૯–૪૪ કેમકે મહાવિસ્તારવાળા દુષ્પાર શબ્દબ્રહ્મ–વેદ–માં વિચરનારાઓ+ પણ મંત્રોએ પ્રતિપાદન કરેલાં ચિહ્નો વડે અમુક આકૃતિથી મપાયલાજ ઇન્દ્રાદિ દેવોના સ્વરૂપનું (તે તે ક-

× અર્થાત્ દુઃખ દૂર કરવાના ઉપાયો કરવા છતાં પણ દુઃખ દૂર થતાંજ નથી. —બાલપ્રબોધિની

* એટલે 'तरति शोकमात्मवित्' (છાં૦ ઉ૦ ૭–૧–૨)–આત્મજ્ઞાની પુરુષ આ શોકરૂપ સંસારને તરી જાય છે–એ વેદવાક્યાનુસાર વૈરાગ્યપૂર્વક જ્ઞાન થવાથી સંસારની નિવૃત્તિ થાય છે. —શ્રીધર

+ વિચારનારાઓ પણ–એટલે વેદના અર્થનો શ્રમપૂર્વક વિચાર કરનારાઓ પણ. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ર્મના આગ્રહથી) ભજન કર્યા કરે છે; પણ તે સર્વથી પર એવા પરમેશ્વરને જાણી શકતા નથી;[45] પરંતુ જયારે મનન કરેલા તે ભગવાનજ જેના પર અનુગ્રહ કરે છે, તે પુરુષ તો તેજ સમયે લોકના વ્યવહારમાં તથા વેદના કર્મમાર્ગમાં એકનિષ્ઠ થયેલી બુદ્ધિનો ત્યાગ કરે છે. માટે હે પ્રાચીનબર્હિષરાજા ! કેવળ અજ્ઞાનને લીધેજ પરમાર્થસ્વરૂપે જણાતાં વૈદિક કર્મોમાં તમે પરમાર્થદૃષ્ટિ ન કરો; કેમકે કર્મો માત્ર શ્રવણનેજ પ્રીતિ ઉપજાવનારાં છે, પણ પર વસ્તુ–બ્રહ્મનો સ્પર્શ કરતાં નથી–બ્રહ્મસાક્ષાત્કાર કરાવતાં નથી.[46-47] જે મલિન બુદ્ધિવાળા પુરુષો વેદને કર્મપરાયણ કહે છે, તેઓ વેદના રહસ્યને જાણતાજ નથી, કેમકે તેઓ જેમાં જનાર્દન ભગવાન બિરાજે છે, તે પોતાનું આત્મસ્વરૂપ, વેદના તાત્પર્ય વિષયરૂપ છે, એમ સમજતા નથી–વેદો કેવળ આત્મસ્વરૂપનુંજ પ્રતિપાદન કરનારા છે, એમ તેઓ જાણતા નથી.[48] એજ પ્રમાણે તમે પણ પૂર્વાગ્ર દર્ભોથી સમગ્ર ભૂમંડળ પાથરી દઇ અનેક પશુઓનો સંહાર કરી 'હુંજ યજ્ઞો કરનારો છું' આવા અભિમાનથી યુક્ત થઈ અક્કડ બની ગયા છો–વિનયરહિત થયા છો, પણ કર્મ શું છે ? અને વિદ્યાનું સ્વરૂપ શું છે ? તે કંઇ સમજતા નથી. કર્મ તો તેજ કહેવાય, કે જેથી શ્રીહરિ પ્રસન્ન થાય અને વિદ્યા તો તેજ કહેવાય, કે જેને લીધે શ્રીહરિના વિષે બુદ્ધિ સ્થિર થાય.[49] કેમકે શ્રીહરિ પોતેજ પ્રાણીમાત્રના આત્મા છે, સર્વનું મૂળ કારણ છે અને ઈશ્વર છે;માટે તે શ્રીહરિનું ચરણમૂળ એજ સર્વનું શરણ છે, કે જેથી આ સંસારમાં મનુષ્યોનું કલ્યાણ થાય છે.[50] વળી તેજ ભગવાન સર્વના અત્યંત પ્રિય આત્મા છે અને તે ભગવાનનું શરણ લેવાથી લેશમાત્ર પણ ભય થતો નથી; એમ જે મનુષ્ય જાણે છે તેજ વિદ્વાન છે અને આવો જે વિદ્વાન છે તેજ ગુરુ છે અને તેજ શ્રીહરિ છે.

નારદજી બોલ્યાઃ–'હે પુરુષોમાં શ્રેષ્ઠ રાજા ! એ પ્રમાણે તમે જે પ્રશ્ન કર્યો હતો,તેનો ઉત્તર મેં તમને આપ્યો. હવે અત્યંત નિશ્ચય કરવામાં આવેલો એક ગુપ્ત ઉપાય હું અહીં તમને કહું છું, સાંભળો.*[51-52] એક મૃગ ઘણોજ ઓછો ચારો ચરે છે,પુષ્પોના શરણરૂપ એક બગીચામાં પોતાની સ્ત્રી સાથે મળીને તેણીમાં આસક્ત થઇ રહ્યો છે,ભમરાઓના ગુંજારવરૂપી ગાયનમાં તેના કાન લોભાય છે, તેની આગળ બીજાઓના પ્રાણ હરીને પોતાના પ્રાણને તૃપ્ત કરનારાં વરુઓ ઊભાં છે, તેઓને નહિ ગણકારીને તે ચાલ્યો જાય છે અને તેની પાછળના ભાગમાં શિકારીના બાણથી તે વીંધાઇ ગયો છે. આવા મૃગને તમે શોધી કાઢો.[53] (નારદજીએ એ પ્રમાણે મૃગને શોધી કાઢવા કહ્યું, પણ રાજા તે કંઇ સમજ્યો નહિ,એટલે નારદજી પોતેજ એ મૃગ કોણ,તે સમજાવે છે–) અહોહો ! હે રાજન્! તમે તમને પોતાનેજ (એ મૃગરૂપે) જોવાને યોગ્ય છો. જુઓ તો ખરા, પુષ્પો સમાન ધર્મવાળી અને પરિણામે નીરસ એવી સ્ત્રીઓના શરણરૂપ આ ઘરરૂપી આશ્રમમાં પુષ્પના રસની પેઠે અત્યંત ક્ષુદ્ર અને કામ્યકર્મના ફળરૂપ એવી જિહ્વા ઇન્દ્રિયનું તથા ઉપસ્થ ઇન્દ્રિયનું અલ્પ કામસુખ તમે શોધ્યા કરો છો અને સ્ત્રીઓની સાથે મિથુનરૂપે રહીને તમારું મન તે સ્ત્રીઓમાં અતિ આસક્ત રહે છે; તમારા કાન ભ્રમરોના ગુંજારવના ગાયન સમાન અત્યંત મનોહર એવાં સ્ત્રી આદિ સ્વજનોના સંભાષણમાં અતિશય લોભાયલા છે અને તમારી આગળ વરુઓનાં ટોળાંની પેઠે તમારા આયુષને હરી રહેલા દિવસ અને રાત્રિ સુધીના કાળના અનેક સૂક્ષ્મ અંશોને નહિ ગણકારી

* પુરંજન રાજાની કથાના રૂપકથી આત્માને બંધ અને મોક્ષ કેવી રીતે થાય છે, એ જણાવ્યું; છતાં પણ પ્રાચીનબર્હિષ રાજાના મનમાં વૈરાગ્ય થયો નહિ અને પોતાના પુત્રોની તે રાજા રાહ જોવા લાગ્યો. એટલે તેજ ક્ષણે મહાભયથી સર્વ ગાત્રો ધ્રૂજી ઊઠે તેમ એ રાજાને ઘરમાંથી બહાર કાઢવાને એક હરિણનું રૂપક ગુપ્ત ઉપાયરૂપે કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તમે ઘરમાં ક્રીડા કરી રહ્યા છો; તેમજ તમારી પરોક્ષમાં તમારી પાછળજ લાગેલો મૃત્યુરૂપી શિકારી પોતાના ગુપ્ત બાણ વડે દૂરથીજ તમને વીંધી નાખે છે; એ રીતે જેનું હૃદય કાળે ભેદી નાખ્યું છે એવા પોતાનેજ તમે જોવાને યોગ્ય છો[૫૪] અને એ પ્રમાણે પોતાનું મૃગચેષ્ટિત જોઈ–વિચારીને તમે તમારા ચિત્તને હૃદયમાં લીન કરો; પછી બન્ને કાનમાં નદીની પેઠે વહેતી બાહ્યવૃત્તિઓને ચિત્ત વિષે લીન કરો; *તે પછી અત્યંત કામી મનુષ્યોનાં ટોળાંઓનીજ જેમાં વાર્તા ચાલ્યા કરે છે તેવા સ્ત્રીના આશ્રયરૂપ ગૃહસ્થાશ્રમનો તમે ત્યાગ કરો અને (તેનો ત્યાગ કરી) સર્વ જીવોના શરણરૂપ ઈશ્વરને તમે પ્રસન્ન કરો. આ રીતે અનુક્રમે તમે સંસારથી વિરામ પામો.'[૫૫]

પ્રાચીનબર્હિષ રાજાએ કહ્યુંઃ–'હે બ્રહ્મન્! આપે જે કંઈ કહ્યું તે મેં સાંભળ્યું અને વિચાર્યું પણ ખરૂં. આપે ઉપદેશેલું આ આત્મતત્ત્વ (મને કર્મનો ઉપદેશ કરનારા) ઉપાધ્યાયો જાણતાજ નથી. કેમકે તેઓ જો જાણતા હોય તો મને કેમ ન કહે? હે બ્રાહ્મણ નારદ! આ વિષયમાં એ ઉપાધ્યાયોએજ કરેલો મારો જે મહાન સંશય હતો, તે આપે દૂર કર્યો છે; તોપણ હજી આ વિષયમાં મને એક સંશય છે, કે જે સંશયમાં ઇન્દ્રિયોની વૃત્તિઓ પહોંચી શકતી નથી અને તેથીજ ઋષિઓ પણ મૂંઝાઇ જાય છે.[૫૬,૫૭] (તે મારો સંશય આ પ્રમાણે છેઃ–) પુરુષ જે શરીરથી કર્મો કરે છે તે શરીરને આ લોકમાંજ છોડી દઇને પરલોકમાં બીજા શરીરથી તે કર્મોનાં ફળ ભોગવે છે,[૫૮] આમ વેદવેત્તાઓ કહે છે અને સ્થળેસ્થળે તેવું કથન સાંભળવામાં પણ આવે છે.+ વળી (આ એક બીજો પણ સંશય છે કે,) વેદમાં કહેલું જે કર્મ કરવામાં આવે છે તે તો કર્યા પછી તુરતજ પરોક્ષ થઈ જાય છે—અદૃશ્ય થઈ જાય છે, તેથી તે જોવામાં પણ આવતું નથી.'*[૫૯]

નારદજી બોલ્યાઃ–'પુરુષ જે શરીરથી (સૂક્ષ્મશરીરથી) કર્મ આરંભે છે, તેજ શરીરથી (સૂક્ષ્મદેહથી) તે કર્મનાં ફળને પરલોકમાં ભોગવે છે; કેમકે જે મનઃપ્રધાન સૂક્ષ્મદેહથી પોતે કર્મ કરે છે, તેજ વ્યવધાનરહિત સૂક્ષ્મ દેહયુક્ત હોઇને (પરલોકમાં) કર્મનાં ફળને ભોગવે છે—અર્થાત્ સ્થૂલદેહ કર્મ કરવામાં સાધન નથી, પણ મનઃપ્રધાન સૂક્ષ્મદેહજ કર્મ કરવામાં સાધન છે અને સ્થૂલદેહનો નાશ થાય છે; તોપણ સૂક્ષ્મદેહનો તો નાશ થતો નથી, જેથી પરલોકમાં પણ તે સૂક્ષ્મદેહ તો સાથેજ હોઈને જીવ, તે એકજ શરીરથી કર્મ કરે છે ને ફળ ભોગવે છે.[૬૦] જેમ પુરુષ, સૂતેલા અને શ્વાસોચ્છ્વાસ લેતા જીવતા સ્થૂલશરીરનો ત્યાગ કરી–તે ઉપરનું અભિમાન છોડી (સ્વપ્નાવસ્થામાં પ્રાપ્ત થયેલા) એ સૂતેલા–સ્થૂલશરીર સરખા બીજા શરીરથી અથવા પશુ વગેરેના શરીરથી યુક્ત થઇને પણ મનની અંદર સંસ્કારરૂપે સ્થાપિત થયેલાં કર્મને ભોગવે છે, તેમ પરલોકની અંદર પણ (એ સ્વપ્નાવસ્થાની પેઠે) પ્રાપ્ત થયેલા બીજા શરીરથી યુક્ત થઇને પણ મનની અંદર સંસ્કારરૂપે મળેલાં કર્મને ભોગવે છે. અર્થાત્ સ્વપ્નાવસ્થાની પેઠે સૂક્ષ્મદેહયુક્તજ જીવ કર્મનો કર્તા છે અને સૂક્ષ્મદેહયુક્ત જીવ તે કર્મનાં ફળનો ભોક્તા છે; સ્થૂલદેહને કર્મની સાથે કંઈ પણ સંબંધ નથી. માટે તમે પ્રથમ સંશય કરીને જે

---

* અર્થાત્ સર્વ ઇન્દ્રિયોનો ચિત્તમાં લય કરી દો–ઈન્દ્રિયોને વિષયો તરફ જતી અટકાવો. —भा. क.

+ પણ એ કેમ ઘટી શકે? આ એક સંશય છે. કેમકે જેનાથી કર્મ કરેલું છે તે શરીર તો આ લોકમાંજ નાશ પામે છે અને પરલોકમાં જે બીજું શરીર પ્રાપ્ત થાય છે તે તો તે કર્મનું સાધન છે નહિ; તો એ બીજું શરીર પૂર્વશરીરથી કરેલાં કર્મો કેવી રીતે ભોગવી શકે? આ પહેલો સંશય છે.

* તો એ રીતે અદૃશ્ય થઇને નાશ પામેલાં કર્મનું આ ફળ કેવી રીતે ભોગવી શકાય? જે વસ્તુ નાશ પામી છે તે સાથેનો સંબંધ કેવી રીતે ઘટી શકે? આ બીજો સંશય છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

દોષ દર્શાવ્યો છે, તેનો પ્રસંગજ નથી.×૬૧ વળી 'આ મારા પુત્રો છે; આ હું અમુક જાતિનો છું' એમ કહીને પુરુષ પોતાના મન વડે જે જે શરીર (પોતાનાં તરીકે) ગ્રહણ કરે છે, તે તે શરીરથી થયેલાં કર્મને પણ (મનથીજ) ગ્રહણ કરે છે; (કે મેં આ અમુક કર્મ કર્યું,) કે જે અહંકારથી ગ્રહણ કરાયલા તે કર્મને લીધેજ (તેને) પુનર્જન્મ પ્રાપ્ત થાય છે.*૬૨ (એ રીતે પહેલા સંશયનું સમાધાન કરી બીજા સંશયનું સમાધાન કરે છે-) જેમ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય-એ બન્ને પ્રકારની ઇન્દ્રિયો પોતપોતાના વિષયોમાં (સંબંધવાળી હોવા છતાં) એકીસાથે પ્રવૃત્તિ કરી શકતી નથી; (તે તે વિષયનું જ્ઞાન ઉપજાવી શકતી નથી, પણ કોઈ કોઈ સમયે પ્રાસંગિક પ્રવૃત્તિ કરે છે;) તે ઉપરથી અનુમાન થાય છે કે, તે સર્વ ઇન્દ્રિયોનું નિયમન કરનાર 'ચિત્ત' નામે કોઇ એક પદાર્થ છે.÷ તેજ પ્રમાણે ચિત્તની વૃત્તિઓ પણ એકીસાથે પોતપોતાનું કાર્ય કરવાને પ્રવૃત્ત થઇ શકતી નથી; તેથી અનુમાન થાય છે કે, તે ચિત્તવૃત્તિઓનું પણ નિયમન કરનાર પૂર્વજન્મના દેહનું (પુણ્ય-પાપરૂપ) કર્મ હોવું જોઇએ. (આમ અનુમાનથી સિદ્ધ થાય છે કે, પૂર્વજન્મના શરીરથી કરેલું કર્મ નાશ પામતું નથી, પણ રહે છે.)૬૩ વળી જીવે આ વર્તમાન શરીરે જેવા રૂપવાળી અને જેવા આકારની વસ્તુ કદી પણ અનુભવી નથી, જોઈ નથી અને સાંભળી પણ નથી, તે વસ્તુ પણ કોઈ વખતે-સ્વપ્ન કે મનોરથ વગેરેમાં મનની અંદર સ્ફુરી આવે છે; તે ઉપરથી હે રાજા ! તમે નિશ્ચય માનો કે, વાસનામય એવા સૂક્ષ્મદેહવાળા જીવને આ (વર્તમાન) શરીરથી થતો તે વસ્તુનો અનુભવ પૂર્વજન્મના શરીરમાં થયેલો હોવોજ જોઇએ.કારણ કે જે વસ્તુનો કદી અનુભવજ થયો ન હોય, તે વસ્તુ મનમાં કદી આવવીજ ન જોઇએ. (આ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે, પૂર્વજન્મમાં કરેલું કર્મ નાશ પામતું નથી,પણ સૂક્ષ્મદેહમાં વાસનારૂપે રહેજ છે.)૬૪।૬૫ હે રાજા! તમારું કલ્યાણ થાઓ. મનુષ્યનું મનજ તેના પૂર્વજન્મનાં સ્વરૂપોને, ભવિષ્યજન્મનાં સ્વરૂપોને તથા ભવિષ્યમાં પણ આ આવું નીચપણું પામશે, એમ કહી આપે છે.†૬૬ આ વર્તમાન જન્મમાં કોઇ વખતે-સ્વપ્નાદિ અવસ્થામાં પૂર્વજન્મમાં કદી નહિ જોવા યોગ્ય અને નહિ સાંભળવા યોગ્ય પણ મનમાં સ્ફુરી આવેલું જોવામાં આવે છે. (તેનું કેમ ? આ શંકાનું સમાધાન કરે છે.) તે તો દેશ, કાળ ને ક્રિયાને આધારે (જે જોયેલું હોય છે તેજ નિદ્રા આદિ દોષને લીધે) તેમ જોવામાં આવે છે.*૬૭ (કદાચ કોઈ એમ કહે કે કોઈ વેળા પોતે

× કહેવા એ માગે છે કે, જેમ આપણે સ્વપ્નાવસ્થામાં સ્થૂલદેહના અભિમાનનો ત્યાગ કરી સ્વપ્નાવસ્થાના બીજા શરીરથી સુખ-દુઃખ ભોગવીએ છીએ; તેમાં ખરું ભોક્તાપણું અંતઃકરણનું છે અને તે અંતઃકરણ જાગ્રત અવસ્થામાં હતું તેનું તેજ છે અને જાગ્રત અવસ્થામાં મનને જે કર્મના સંસ્કારો લાગેલા હોય છે, તેજ સંસ્કારો સ્વપ્નાવસ્થામાં બીજા શરીરથી ભોગવાય છે; તેમજ એક જન્મમાં જે કર્મસંસ્કારો મનને લાગેલા હોય છે તેજ બીજા જન્મમાં, તેજ મનથી બીજા શરીરમાં ભોગવાય છે. —भा. क.

* કહેવાનો ભાવ એ છે કે, મનની સાથે રહીનેજ જીવ કર્મ કરે છે અને ભોગવે છે. જો એમ ન હોય તો પુનર્જન્મ પણ સિદ્ધ થાય નહિ, માટે મન યુક્ત હોઇને-એટલે મનઃપ્રધાન લિંગદેહથીજ યુક્ત હોઇને જીવને કર્તૃત્વ-ભોક્તૃત્વ પ્રાપ્ત થાય છે; અભિમાનનો વિષય જે સ્થૂલદેહ છે તે તો માત્ર એક દ્વારરૂપ છે. —श्रीधर.

÷ આચાર્ય અક્ષપાદ પણ ચિત્તની સિદ્ધિ આવા અનુમાનથીજ કરે છે-'**युगपज्ज्ञानुत्पत्तिर्मनसो लिङ्गम्**' એકીવખતે ઇન્દ્રિયો વિષયોનું જ્ઞાન ઉત્પન્ન કરી શકતી નથી, તેજ મનના અસ્તિત્વમાં પ્રમાણ છે.—श्रीधर

† અર્થાત્ મનુષ્યનું મનજ પોતાની ઉદારતા, કૃપણતા વગેરે વૃત્તિઓ ઉપરથી જણાવી આપે છે કે, પૂર્વજન્મમાં પણ આ આવો હતો અને ભવિષ્યમાં પણ આવોજ થશે. —श्रीधर

* કહેવાનો ભાવ એ છે કે, મનની આવી વિચિત્રતા તે કંઈ મનના ધર્મથી નથી; પણ મનની અંદર સારાનરસા કર્મના જે સંસ્કારો છે તેને લીધેજ છે.આમ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દરિદ્ર હોય છતાં પોતાને (સ્વપ્નમાં) મહારાજા થયેલો જુએ છે અને પોતે રાજા હોવા છતાં રંક થયેલો જુએ છે; તો તેવું અસંભવિત કેમ જુએ છે ? તે માટે કહે છે—) ઇન્દ્રિયોના વિષયરૂપ સર્વ પદાર્થો અનુક્રમે અથવા સમૂહરૂપે મનની અંદર (ભોગ્યપણે) આવે છે અને (ભોગવાઇને) પાછા ચાલ્યા જાય છે; કેમકે સર્વ મનુષ્યો મનવાળાં છે. (અને મનની અંદર સર્વ પદાર્થો દાખલ થતા રહેજ છે; તો કોઈએ પણ કોઈ પણ પદાર્થ કદી ન જોયો હોય તેમ છેજ નહિ.)૬૮ જે+ સમયે મન સત્ત્વગુણમાં નિષ્ઠાવાળું થઇ ભગવાનની સમીપ વર્તતું હોય છે,ત્યારે આ સમસ્ત જગત (મનમાં) જાણે સંયોગમાં આવ્યું હોય તેમ પ્રત્યક્ષ પ્રકાશે છે. જેમ દષ્ટાંત તરીકે રાહુ નામનો ગ્રહ બીજા સમયે જોવામાં આવતો નથી, પણ ગ્રહણસમયે ચંદ્ર વિષે જોવામાં આવે છે.૬૯ પુરુષને* વિષે એટલે જીવને વિષે 'હું, મારૂં' એવો જ ભાવ જોવામાં આવે છે—અર્થાત્ મમત્વ આદિ જે સ્થૂલદેહ સાથેનો સંબંધ દેખાય છે, તે ત્યાંસુધી દૂર થતોજ નથી કે જ્યાંસુધી બુદ્ધિ, મન, ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના વિષયો—એ ગુણકાર્યરૂપ અનાદિ સૂક્ષ્મદેહ સાથેનો સંબંધ તેને(જીવને)હોય છે!!૭૦ સુષુપ્તિ અવસ્થામાં, મૂર્છામાં, પ્રિયજનના વિયોગાદિથી થનારા દુઃખમાં, મૃત્યુ વેળા અને તાવના અત્યંત આવેશમાં ઇન્દ્રિયો વ્યાકુળ થઈ જતી હોવાથીજ (જીવને) 'હું' એવું જ્ઞાન (અહંકાર) પ્રકાશતું નથી—સ્ફુરતું નથી,‡ તેમજ ગર્ભાવસ્થામાં અને બાલ્યાવસ્થામાં પણ ઇન્દ્રિયોની અસંપૂર્ણતાને લીધેજ જેવો યુવાવસ્થામાં દેખાય છે, તેવો અગિયાર ઇન્દ્રિયોરૂપ એવો સૂક્ષ્મદેહ (અહંકાર) સ્પષ્ટ જણાતો નથી. (તોપણ તે તે અવસ્થામાં અધ્યાસ તો છેજ.) જેમ દષ્ટાંત તરીકે—અમાવાસ્યાને દિવસે ચંદ્રનું સ્વરૂપ દેખાતું નથી તેમ. (વસ્તુતઃ અમાવાસ્યાને દિવસે પણ ચંદ્રનું અસ્તિત્વ તો છેજ; પણ અપૂર્ણતાને લીધે તે દિવસે દેખાતું નથી; તેમ ગર્ભ—બાલ્યાદિ અવસ્થાઓમાં લિંગદેહનું અસ્તિત્વ તો છેજ, પરંતુ તે અવસ્થામાં ઇન્દ્રિયોની અપૂર્ણતાથી તે સ્પષ્ટ જણાતું નથી.)૭૧-૭૨ (એ રીતે કોઈ પણ અવસ્થામાં લિંગદેહ કદી દૂર થતો નથી, તેથીજ) વસ્તુતઃ આ સંસાર એ કંઇ અર્થજ નથી—છેકજ મિથ્યા છે; છતાં પણ જેમ સ્વપ્નાવસ્થામાં પોતાનો શિરચ્છેદ વગેરે અર્થ વસ્તુતઃ હોતો નથી,

---

ભૂત—ભવિષ્યને સૂચવનારી મનની વિચિત્રતાથી પણ પૂર્વજન્મકૃત કર્મનું અસ્તિત્વ જણાય છે.—**બાલપ્રબોધિની**

કદાચ કોઇને શંકા થાય કે, પૂર્વજન્મમાં જોયેલીજ વસ્તુ જો સ્વપ્નાદિમાં જોવામાં આવતી હોય તો કોઇ વેળા ન દેખાવી જોઇએ તેવી વસ્તુ પણ સ્વપ્નમાં જોવામાં આવે છે. જેમકે, પર્વત ઉપર સમુદ્ર દેખાય; દિવસે નક્ષત્રો દેખાય અને પોતાનું મસ્તક કપાયેલું દેખાય, તે કેમ દેખાય છે ? એવું તો કદી પૂર્વજન્મમાં જોયેલું હોયજ નહિ. આનું સમાધાન આ પ્રમાણે છે—પૂર્વજન્મમાં પણ સમુદ્રને પૃથ્વી પર તો જોયોજ હતો, રાત્રે નક્ષત્રો જોયાંજ હતાં અને સ્નાનક્રિયા કે મર્દનક્રિયા વખતે જળમાં કે તેલમાં કપાયલા મસ્તકવાળું પોતાનું પ્રતિબિંબ જોયેલું હોવુંજ જોઇએ; તેનું તેજ નિદ્રા વગેરેના દોષને લીધે સ્થાનાદિમાં ફેરફારવાળું થયેલું જોવામાં આવે છે; પણ નહિ જોયેલું તો જોવામાં આવતુંજ નથી, એ ભાવ છે. —**ભા. ક.**

+ પૂર્વશ્લોકમાં દર્શાવ્યું કે, સર્વ કોઈ સર્વ પદાર્થોને અનુક્રમે જોઇ શકે છે. હવે આ શ્લોકમાં એ દર્શાવે છે કે, સર્વ પદાર્થોનું દર્શન એકીવખતે પણ થઇ શકે છે; પરંતુ તે આ સર્વ વિષયનું દર્શન શુદ્ધ મનની અંદર યોગીઓનેજ પ્રત્યક્ષ હોય છે. —**શ્રીધર**

* પૂર્વશ્લોકમાં એમ કહ્યું કે, સ્થૂલદેહનો નાશ થાય છે, તોપણ લિંગદેહનો નાશ થતો નથી; તેથી કર્તા કે ભોક્તા કોઈ બીજો થઇ જાય છે, એવો દોષ આવતો નથી. હવે એમાં કોઇને શંકા થાય કે, લિંગદેહને કર્તૃત્વ, ભોક્તૃત્વ વગેરે છે, તે સ્થૂલદેહદ્વારાજ છે; કેવળ એકલા લિંગદેહને તે છેજ નહિ. તો કોઇ વેળા સ્થૂલદેહનો અભાવ થતાં જીવને કર્તૃત્વ—ભોક્તૃત્વ રહેશે નહિ અને તેથી તો જીવને મુક્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે. આ શંકાનું સમાધાન આ શ્લોકમાં આપે છે. —**શ્રીધર**

‡ નહિ કે તે વેળા છેકજ અહંભાવના જ્ઞાનનો અધ્યાસ દૂર થાય છે!! —**બાલપ્રબોધિની**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

છતાં તે રૂપ અનર્થની પ્રાપ્તિ (એ લિંગદેહને લીધેજ) થાય છે; તેજ રીતે આ સંસારની નિવૃત્તિ પણ (એ લિંગદેહના અસ્તિત્વને લીધેજ) થતી નથી.[૭૩] એ પ્રમાણે પાંચ તન્માત્રાઓરૂપ ત્રણ ગુણોવાળું અને સોળ વિકારોરૂપે વિસ્તાર પામેલું એ સૂક્ષ્મ શરીર જ્યારે ‡ચેતનાથી યુક્ત થાય છે, ત્યારે †'જીવ' એવા નામથી કહેવાય છે.[૭૪] આ સૂક્ષ્મદેહને લીધેજ પુરુષ–જીવ–જાતજાતના દેહોને (સ્થૂલદેહોને) ગ્રહણ કરે છે અને છોડે છે; એટલુંજ નહિ પણ હર્ષ, શોક, ભય, દુઃખ તથા સુખને પણ આ સૂક્ષ્મદેહને લીધેજ જીવ પ્રાપ્ત કરે છે.* જેમ+ખડમાકડી પ્રથમના ઘાસને નહિ છોડ્યું હોવાથી ખસતી નથી, તેમજ (બીજા ઘાસને વળગી રહેલી હોવાથી) ખસે પણ છે; તેજ પ્રમાણે જીવ પણ મૃત્યુને પામી રહ્યો× હોય છે, ત્યારે પણ જ્યાંસુધી પૂર્વદેહ પ્રાપ્ત કરાવનારાં કર્મો વચ્ચે હોવાને લીધે અન્ય દેહને પ્રાપ્ત કરતો નથી, ત્યાંસુધી પૂર્વદેહના અભિમાનને છોડતો નથી. એ રીતે હે મનુષ્યોના ઇન્દ્ર! મન એજ પ્રાણીઓને સંસારનું કારણ છે.[૭૫-૭૭] જ્યારે જીવ ઇન્દ્રિયોદ્વારા ભોગવેલા વિષયોનું ધ્યાન કરતો વારંવાર કર્મો કરે છે, ત્યારે તે તે કર્મો અને અવિદ્યાનું અસ્તિત્વ હોવાથી તેને (જીવને) દેહાદિના કર્મમાં બંધન થાય છે.[૭૮] માટે તમે તે કર્મ તથા અવિદ્યાના બંધનને દૂર કરવા માટે આ સર્વ જગતને શ્રીહરિરૂપ જોતાં સર્વ પ્રકારે તે શ્રીહરિનું ભજન કરો, જે શ્રીહરિથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે.'

મૈત્રેય બોલ્યા:–"ભગવદ્ભક્તોમાં મુખ્ય ભગવાન નારદ એ રીતે પ્રાચીનબર્હિષ રાજાને જીવ તથા ઈશ્વરનું સ્વરૂપ દર્શાવી તે રાજાની સંમતિ લઇ પોતે ત્યાંથી સિદ્ધલોકમાં પધાર્યા;[૭૯,૮૦] એટલે રાજર્ષિ પ્રાચીનબર્હિષ પણ પ્રજાસૃષ્ટિ તથા જગતની રક્ષા કરવાની પોતાના પુત્રોને (આપવાની) આજ્ઞા (મંત્રીઓને) આપીને* પોતે તપશ્ચર્યા કરવા માટે કપિલ ઋષિના આશ્રમમાં ગયા.[૮૧] ત્યાં જઈને તે વીર રાજાએ મનને એકાગ્ર કરી સર્વ સંગને તજી દઇ ગોવિંદ ભગવાનના ચરણકમળનું ભજન કરવા માંડ્યું અને અંતે ભક્તિના પ્રભાવે ભગવાનના સમાનપણાને–મોક્ષને તે રાજા પામ્યા.[૮૨] હે નિર્દોષ વિદુર! જે પુરુષ દેવર્ષિ નારદે ઉપદેશેલા આ આધ્યાત્મિક આખ્યાનનું બીજાને શ્રવણ કરાવે છે અને પોતે શ્રવણ કરે છે, તે પુરુષ સૂક્ષ્મદેહથી મુક્ત થાય છે.[૮૩] આ આખ્યાન કે જે ભગવાનના યશથી જગતને પવિત્ર કરનારું છે, દેવર્ષિઓમાં શ્રેષ્ઠ મુનિ નારદજીના મુખથી નીકળેલું હોઇને મનને શુદ્ધ કરનારું છે અને સર્વોત્કૃષ્ટ ફળને આપનારું છે,તેને બીજાઓથી કીર્તન કરાતું જે મનુષ્ય સાંભળે છે, તે મનુષ્ય સમસ્ત બંધનોથી મુક્ત થઇને આ સંસારમાં ભ્રમણ કરતો નથી–સંસારના ફેરામાંથી છૂટી જાય છે.[૮૪] મેં પણ આ અદ્ભુત આધ્યાત્મિક–આખ્યાન (ગુરુકૃપાથી) જાણ્યું છે, (અને તે તમને કહ્યું છે.) આનું શ્રવણકીર્તન કરવાથી પુરુષનો બુદ્ધિરૂપ સ્ત્રીથી યુક્ત

‡ ચેતનાથી એટલે 'જીવ' નામની એક ચૈતન્યશક્તિથી.

† 'જીવ' એવુ નામ લિંગદેહને પણ જે અહીં આપ્યું છે, તે માત્ર તેના પર જીવનું પોતાપણાનું અભિમાન છે તેથીજ. —શ્રીધર

* એ પ્રમાણે જ્યાંસુધી લિંગદેહ છે, ત્યાંસુધી સ્થૂલદેહનો વિયોગજ નથી અને સંસારની નિવૃત્તિ પણ નથી; એ આશય છે. —શ્રીધર

+ કોઇને શંકા થાય કે, એક શરીરને છોડીને બીજા શરીરમાં પ્રવેશ કર્યો હોતો નથી,ત્યાંસુધી તો દેહરહિતપણું છેજ ને? આનું સમાધાન આ શ્લોકમાં કરે છે.–શ્રીધર

× મૃત્યુને પામી રહ્યો હોય–એટલે મરણની અવસ્થાએ લોકાંતરમાં ગમનને યોગ્ય એવા બીજા શરીરમાં પ્રવેશ કરી રહ્યો હોય તોપણ. —બાલપ્રબોધિની

* અર્થાત્ મારા પુત્ર પ્રચેતાઓ જ્યારે ઘેર આવે, ત્યારે તમારે તેઓને રાજ્યાસને બેસાડવા અને તેઓને મારી આજ્ઞા જણાવવી કે, તેઓએ પ્રજા ઉત્પન્ન કરવી અને જગતનું રક્ષણ કરવું, એમ મંત્રીઓ સમક્ષ કહીને. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આશ્રમ–અહંકાર નાશ પામી જાય છે અને *પરલોકનો સંશય પણ દૂર થાય છે."૮૫

अध्यात्मपारोक्ष्यमिदं मयाऽधिगतमद्भुतम्।
एवं स्त्रियाश्रमः पुंसश्छिन्नोऽमुत्र च संशयः ॥८५

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૨૯ મો સમાપ્ત

अध्याय ३० मो×

પ્રચેતાઓનું વૃક્ષકન્યા સાથે લગ્ન અને રાજ્યશાસન

॥ विदुर उवाच ॥

ये त्वयाऽभिहिता ब्रह्मन् सुताः प्राचीनबर्हिषः ।
ते रुद्रगीतेन हरिं सिद्धिमापुः प्रतोष्य काम् ॥१॥

વિદુરજીએ પૂછ્યું:–"હે બ્રહ્મન્! પ્રાચીનબર્હિષના પુત્રો જે તમે કહ્યા હતા, તેઓ રુદ્રગીત વડે શ્રીહરિને પ્રસન્ન કરીને કઇ સિદ્ધિને પામ્યા હતા?૧ હે બૃહસ્પતિના શિષ્ય! તે પ્રચેતાઓ દૈવેચ્છાએ શ્રીશંકરદેવને પ્રાપ્ત કરીને ભગવાન ઉપર પ્રીતિવાળા તે શંકરના અનુગ્રહપાત્ર થઇ અવશ્ય મોક્ષને તો પામ્યાજ હશે; પણ મોક્ષપ્રાપ્તિ પહેલાં આ લોકમાં તથા પરલોકમાં તેઓએ શું પ્રાપ્ત કર્યું હતું?"૨

મૈત્રેય બોલ્યાઃ–"પિતાની આજ્ઞાને પાળનારા તે પ્રચેતાઓએ સમુદ્રની અંદર પ્રવેશ કરીને રુદ્રગીતના જપરૂપી તપશ્ચર્યા વડે શ્રીહરિને પ્રસન્ન કર્યા હતા.૩ (તપ કરતાં કરતાં) દશ હજાર વર્ષ વીતી ગયાં;તે પછી સનાતન પુરુષ–ભગવાન પોતાની કાંતિ વડે તેઓના દુઃખનું શમન કરતા શુદ્ધ સત્ત્વગુણી સ્વરૂપે પ્રકટ થયા હતા. તે વેળા મેઘ જેમ મેરુ પર્વતના શિખર ઉપર આરૂઢ થાય, તે પ્રમાણે શ્રીભગવાન ગરુડની ખાંધ ઉપર બિરાજ્યા હતા; વળી તેમણે પીળું પીતાંબર ધારણ કર્યું હતું; ડોકમાં કૌસ્તુભમણિ ધારણ કર્યો હતો અને સર્વ દિશાઓને (પોતાના તેજથી) તે પ્રકાશમાન કરી રહ્યા હતા.૪૫ તેમના ગાલ અને મુખ સુવર્ણના અને રત્નજડિત એવા બેરંગી જણાતા ઝળહળતા અલંકારોથી પ્રકાશી રહ્યાં હતાં; (મસ્તકે) મુકુટ શોભી રહ્યો હતો; (આઠ ભુજાઓમાં) આઠ હથિયારો તેમણે ધારણ કર્યાં હતાં; મુનિઓ તથા દેવોના ઇન્દ્રો તેમને સેવી રહ્યા હતા અને ગરુડરૂપી ગંધર્વ (પોતાની પાંખોના શબ્દ વડે) તેમની કીર્તિને ગાઈ રહ્યો હતો.૬ વળી તે આદિપુરુષ, પુષ્ટ અને લાંબી આઠ ભુજાઓ વચ્ચે, બિરાજતાં લક્ષ્મીદેવીની સાથે જેની શોભા સ્પર્ધા કરતી હતી એવી વનમાળાથી વીંટાયલા હતા અને કૃપાપૂર્વક નિહાળી રહ્યા હતા; તેમણે પોતાના શરણાગત તે પ્રાચીનબર્હિષના પુત્રોને મેઘગર્જના સમાન નાદ કરતી વાણી વડે આ પ્રમાણે કહ્યું.૭

શ્રીભગવાન બોલ્યા:–'હે રાજપુત્રો! તમારું કલ્યાણ થાઓ. તમે મારી પાસેથી વર માગો. તમે (પરસ્પર) સ્નેહથી કેવળ મારુંજ આરાધન કર્યા કરો છો; તેથી તમારા એ સ્નેહથી હું પ્રસન્ન થયો છું.૮ જે મનુષ્ય હમેશાં સંધ્યાસમયે તમારું સ્મરણ કરશે,તેને પોતાના આત્મા ઉપર જેવી પ્રીતિ છે તેવી પોતાના ભાઇઓ પર પ્રીતિ થશે અને પ્રાણીમાત્ર ઉપર પણ તેવીજ પ્રીતિ થશે.૯ વળી જે મનુષ્યો સવારે ને સાંજે એકાગ્રચિત્ત થઇને રુદ્રગીત વડે મારી સ્તુતિ કરશે, તેઓને હું અનેક ઇષ્ટ વરો તથા ઉત્તમ બુદ્ધિ આપીશ. વળી તમોએ પિતાની આજ્ઞાને હર્ષપૂર્વક સ્વીકારી છે,તેથી તમારી સુંદર કીર્તિ લોકોમાં વ્યાપ્ત થશે.૧૦૧૧ ઉપરાંત તમને એક પ્રખ્યાત પુત્ર થશે, કે જે ગુણે

---

* પરલોક સંબંધી સંશય એટલે 'પરલોકમાં કર્મનાં ફળ ભોગવવાં પડે છે કે નહિ' એવો સંશય. —શ્રી.

× એ પ્રમાણે પ્રસંગાનુસાર પ્રાચીનબર્હિષ રાજાનું ચરિત્ર કહ્યું; હવે અહીંથી બે અધ્યાયોમાં પ્રચેતાઓનું ચરિત્ર વર્ણવાશે. તેમાં પ્રથમ આ અધ્યાયમાં તપથી પ્રસન્ન થયેલા ભગવાન પાસેથી વરદાન મેળવી પ્રચેતાઓએ વૃક્ષોની કન્યાને પરણીને રાજ્ય કર્યું, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વડે બ્રહ્મદેવથી ઊતરે નહિ તેવો થશે અને પોતાનાં સંતાનો વડે ત્રણે લોકને પૂર્ણ કરશે.[૧૨] હે રાજપુત્રો! પ્રમ્લોચા નામની એક અપ્સરાએ કંડુ ઋષિથી કમળ સમાન નેત્રવાળી એક કન્યા પ્રાપ્ત કરી હતી, જેણીને તે અપ્સરાએ તજી દીધેલી હોઇને વૃક્ષોએ ગ્રહણ કરી હતી.+ એ કન્યા ક્ષુધાથી દુર્બળ થઇને જ્યારે રડવા લાગી ત્યારે (વનસ્પતિઓના) રાજા ચંદ્રમાએ દયાળુ થઇને અમૃત વર્ષતી પોતાના અંગૂઠા પાસેની આંગળી તેણીના મુખમાં આપી હતી.[૧૩,૧૪] મારા ભક્ત તમારા પિતાએ પ્રજા ઉત્પન્ન કરવા માટે તમને આજ્ઞા આપી છે. માટે એ પ્રજાસૃષ્ટિના નિમિત્તે તમે તે સુંદર નિતંબવાળી કન્યાને સત્વર પરણો. તમે સર્વ એકજ ધર્મને પાળનારા અને સમાન સ્વભાવવાળા છો અને સુંદર કટિવાળી આ સ્ત્રી પણ (તમારી પેઠે) એકજ ધર્મ પાળનારી છે અને સમાન સ્વભાવવાળી છે, જેથી તમારે વિષે પોતાનું ચિત્ત અર્પણ કરી દઇને એ તમારી પત્ની થાઓ. તમે મારા અનુગ્રહ વડે દેવતાઓનાં હજારો વર્ષ સુધી અક્ષીણ બળવાળા થઇને પૃથ્વીના ભોગો ભોગવશો અને પછી સ્વર્ગના ભોગો ભોગવશો.[૧૫-૧૭] તે પછી મારા ઉપરની અખંડ ભક્તિથી તમારા હૃદયના કામાદિ મળ બળીને ભસ્મ થઈ જશે, એટલે લગભગ નરક જેવા આ લોકના તથા પરલોકના ભોગોથી વૈરાગ્ય પામીને મારા સ્થાનને પ્રાપ્ત કરશો.[૧૮] જે પુરુષો ઘરમાં રહીને પણ સર્વ કર્મો મને-ઈશ્વરને સમર્પણ કરી દે છે અને મારી કથાવાર્તામાંજ કાળ નિર્ગમન કરે છે, તેઓને એ ઘર પણ બંધનકારક થતાં નથી;[૧૯] કેમકે બ્રહ્મવાદી પુરુષોએ (જેઓને કથા સંભળાવી

+ તપશ્ચર્યાનો ભંગ કરવા માટે મોકલેલી પ્રમ્લોચા નામની અપ્સરા સાથે કંડુ ઋષિએ ઘણા કાળ સુધી ક્રીડા કરી હતી; પછી તેણી જ્યારે સ્વર્ગમાં જવા તૈયાર થઇ ત્યારે કંડુ ઋષિથી રહેલા ગર્ભને વૃક્ષ નીચે મૂકી દઇને ચાલી ગઇ હતી; એ અહીં જણાવ્યું છે. —શ્રી.

હોય છે) તેઓનાં હૃદયમાં ક્ષણે ક્ષણે નવા જેવો થઇને હું સર્વજ્ઞ સદા પ્રકટ રહ્યા કરું છું§ અને મને પ્રાપ્ત થયેલા લોકો મોહ, શોક કે હર્ષને કદી પામતા નથી, કેમકે એ મારો સાક્ષાત્કાર તેજ બ્રહ્મ છે.[૨૦]

મૈત્રેય બોલ્યાઃ—"સર્વ પુરુષાર્થોના પાત્રરૂપ ભગવાન જનાર્દન એ પ્રમાણે કહી રહ્યા હતા, ત્યારે તેમનાં દર્શનથી જેઓના તમોગુણના તથા રજોગુણના મેલ નાશ પામ્યા હતા એવા તે પ્રચેતાઓ બે હાથ જોડીને ગદ્‌ગદ વાણી વડે સર્વના મહાન સુહૃદ્ તે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.[૨૧]

પ્રચેતાઓ બોલ્યાઃ—'ક્લેશોનો વિનાશ કરનારા, જેમના ઉદાર ગુણો તથા નામોને સમગ્ર કલ્યાણના સાધન તરીકે નિરૂપણ કરવામાં આવ્યાં છે, જેમનો વેગ મન તથા વાણીના વેગ કરતાં પણ અધિક છે અને જેમનો માર્ગ સર્વ ઇન્દ્રિયોથી અજ્ઞાત રહે છે, તે આપને અમે નમસ્કાર કરીએ છીએ. જે આપ સ્વસ્વરૂપમાં રહેવાથી શુદ્ધ છો, શાંત છો, છતાં વ્યર્થ મનના કારણેજ આપને વિષે દ્વૈતપણું સ્ફુરે છે અને જગતની સ્થિતિ, લય તથા ઉત્પત્તિના સમયે માયાના ગુણો વડે જે આપ બ્રહ્માદિ મૂર્તિઓને ધારણ કરો છો, તે આપને અમે નમસ્કાર કરીએ છીએ.[૨૨,૨૩] જે આપ શુદ્ધ સત્ત્વગુણરૂપ છો અને જે આપનું જ્ઞાન સંસારને દૂર કરનાર છે તે શ્રીહરિ, વાસુદેવ અને સર્વ યાદવો ને ભક્તોના પ્રભુ શ્રીકૃષ્ણરૂપ આપને અમે નમસ્કાર કરીએ છીએ. હે કમળ સમાન નેત્રવાળા ભગવન્! બ્રહ્માંડાત્મક કમળ જેમની નાભિમાં છે, કમળની માળાને જે ધારણ કરે છે અને કમળ સમાન જેમના ચરણ છે, તે આપને અમે નમસ્કાર કરીએ છીએ. જેમનાં વસ્ત્ર કમળના કેસરાઓ સમાન પીળાં અને નિર્મળ છે, જે સર્વ પ્રાણીઓનાં નિવાસસ્થાન છે અને સર્વના સાક્ષી છે તે

§ અર્થાત્ બ્રહ્મવાદીઓ પાસે નિત્ય કથાશ્રવણ કરનારાઓને હૃદયમાં બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપને અમે નમસ્કાર કરીએ છીએ.[૨૪-૨૬] આપ ભગવાને સમગ્ર ક્લેશોનો નાશ કરનારૂં આ સ્વરૂપ અમારી આગળ પ્રકટ કર્યું છે; તો દુઃખી એવા અમારા ઉપર આનાથી બીજી શી દયા હોય?[૨૭] હે અમંગળનો નાશ કરનાર દેવ! દીન ઉપર પ્રેમ રાખનારા સ્વામીએ બસ આટલુંજ કરવું યોગ્ય છે કે, તેઓએ પોતાના સેવકોને યોગ્ય સમયે 'આ અમારા છે' એમ પોતાની બુદ્ધિથી સંભારવા;[૨૮] કે જેને લીધે તે સેવકજનોને શાંતિ થાય છે. વળી આપ તો ક્ષુદ્ર પ્રાણીઓનાં હૃદયમાં પણ અંતર્યામી તરીકે રહ્યા છો, તો આપના ભક્ત એવા અમારી ઇચ્છાઓને આપ કેમ ન જાણો? હે જગતના પતિ! અમને તો આજ વર ઇષ્ટ છે કે, આપ ભગવાન અમારા ઉપર પ્રસન્ન રહો; કેમકે આપ મોક્ષમાર્ગનું દર્શન કરાવનારા છો અને સ્વતઃ પુરુષાર્થરૂપ છો;[૨૯-૩૦] તોપણ હે નાથ! સર્વના કારણથી (બ્રહ્માદિથી) પણ પર એવા આપની પાસેથી અમે એક વર માગીએ છીએ; કેમકે આપની વિભૂતિઓનો અંત નથી અને તેથીજ આપ 'અનંત' કહેવાઓ છો.[૩૧] જેમ કલ્પવૃક્ષ પ્રાપ્ત થતાં ભમરો બીજું કંઇ સેવતો નથી, તેમ અમે પણ આપનું ચરણમૂળ સાક્ષાત્ પામીને શું શું માગીએ? કંઇ પણ માગી શકતા નથી;[૩૨] તોપણ માત્ર એટલુંજ માગીએ છીએ કે, આપની માયાથી મોહિત થયેલા અમે અમારાં કર્મોને લીધે જ્યાંસુધી આ સંસારમાં ભ્રમણ કરીએ ત્યાંસુધી પ્રત્યેક જન્મમાં અમને આપના ભક્તપુરુષોનો સંગ થયા કરો;[૩૩] કેમકે આપ ભગવાનના ભક્તોના સંગની એક ક્ષણ સાથે પણ અમે સ્વર્ગ કે મોક્ષની તુલના કરતા નથી; તો પછી મરણધર્મી મનુષ્યોના ભોગોની તો તુલના કેમજ કરીએ?[૩૪] કેમકે જે ભગવદ્ભક્તોના સંગમાં આપ ભગવાનની શુદ્ધ કથાઓ થયા કરે છે, કે જે કથાઓથી તૃષ્ણા શાંત થાય છે, પ્રાણીમાત્ર ઉપર નિર્વૈર મૈત્રી થાય છે અને કોઇ પણ જાતનો ઉદ્વેગ રહેતો નથી;[૩૫] વળી જે ભગવદ્ભક્તોના પ્રસંગમાં ઉત્તમ કથાઓ વિષે સર્વ સંગનો ત્યાગ કરનારા ભક્તપુરુષો, ત્યાગીઓની ગતિરૂપ સાક્ષાત્ નારાયણ ભગવાનની વારંવાર સ્તુતિ કરે છે.[૩૬] આવા આપના ભક્તપુરુષો કે જેઓ તીર્થોને પણ પવિત્ર કરવાની ઇચ્છાથી પગે ચાલતા સર્વત્ર વિચર્યા કરે છે, તેઓનો સમાગમ સંસારથી ભય પામેલા મનુષ્યને કેમ ન ગમે? ગમેજ. હે ભગવન્! અમે પોતે પણ આપના પ્રિય સખા શ્રીશંકરનો ક્ષણવાર સાક્ષાત્ સમાગમ પામીને આજે અત્યંત દુશ્ચિકિત્સ્ય રોગરૂપ જન્મ તથા મરણના એક મહાન વૈદ્ય આપને શરણરૂપે પ્રાપ્ત કરી શક્યા છીએ.[૩૭-૩૮] વળી હે ઈશ્વર! અમે આજ દિવસ સુધી જે કંઈ ઉત્તમ અધ્યયન કર્યું હોય; સદા સેવાવૃત્તિથી ગુરુઓને, બ્રાહ્મણોને તથા વૃદ્ધોને પ્રસન્ન કર્યા હોય, પૂજ્ય પુરુષોને, મિત્રોને, ભાઇઓને તથા સર્વ પ્રાણીઓને અસૂયા વિના શુદ્ધભાવે નમન કર્યું હોય અને ઘણા કાળ સુધી અન્નનો ત્યાગ કરીને જળમાં જે આ ઉત્તમ તપશ્ચર્યા કરી છે—તે આ સર્વ પરમપુરુષ આપની પ્રસન્નતાને માટે થાઓ, એવો અમે (બીજો) વર માગીએ છીએ.[૩૯-૪૦] મનુ, બ્રહ્મા, ભગવાન શંકર અને બીજાઓ કે જેમનાં અંતઃકરણ તપ તથા જ્ઞાનથી વિશુદ્ધ થયેલાં છે, તેઓ પણ આપના મહિમાનો પાર નહિ પામીને પોતપોતાની બુદ્ધિ અનુસાર જેમ આપની સ્તુતિ કરે છે, તેમ અમે પણ અમારી બુદ્ધિ અનુસાર આપની સ્તુતિ કરીએ છીએ.[૪૧] આપ સર્વત્ર સમભાવવાળા છો, શુદ્ધ છો, પરમપુરુષ છો અને સત્ત્વમૂર્તિ શ્રીવાસુદેવ છો; તે આપ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ.[૪૨]

મૈત્રેય બોલ્યાઃ—"એ પ્રમાણે પ્રચેતાઓએ સ્તુતિ કરી, એટલે શરણાગતવત્સલ શ્રીહરિએ પ્રસન્ન થઇને '**તથાસ્તુ**' એમ કહ્યું અને પછી અતૃપ્ત દૃષ્ટિવાળા તે પ્રચેતાઓ ત્યાંથી પોતાનું જવું ઇચ્છતા ન હતા, તોપણ અસ્ખલિત પ્રભાવવાળા તે ભગવાન સ્વધામમાં પધાર્યા.[૪૩] તે પછી એ પ્રચેતાઓ સમુદ્રના જળમાંથી બહાર નીકળીને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાણે સ્વર્ગ રૂંધી દેવાને ઊંચાં વધ્યાં હોય, તેવાં વૃક્ષોથી પૃથ્વીને ઢંકાઇ ગયેલી જોઈ કોપી ઊઠ્યા* અને હે રાજન્! પ્રલયકાળના કાલાગ્નિ રુદ્રદેવની પેઠે તેઓએ ક્રોધથી પૃથ્વીને વૃક્ષ વિનાની કરવા માટે પોતાના મુખમાંથી અગ્નિ તથા પવનને છોડી મૂક્યા;[૪૪।૪૫] એટલે તે અગ્નિ તથા પવને સર્વ વૃક્ષોને બાળીને ભસ્મ કરી નાખવા માંડ્યાં; તે જોઇને પિતામહ બ્રહ્મદેવ ત્યાં આવી પહોંચ્યા અને તેમણે પ્રાચીનબર્હિષના પુત્ર પ્રચેતાઓને નીતિનાં વાક્યોથી શાંત કર્યા.[૪૬] તે સમયે જે વૃક્ષો બળતાં બચી ગયાં હતાં, તેઓએ ભયભીત થઇને બ્રહ્મદેવની આજ્ઞાથી મારિષા નામની કન્યા પ્રચેતાઓને અર્પણ કરી.[૪૭] એટલે તે પ્રચેતાઓ પણ બ્રહ્મદેવની આજ્ઞાથી તે મારિષાને પરણ્યા, કે જણીમાં દક્ષપ્રજાપતિ, પૂર્વે બ્રહ્મદેવનો પુત્ર હોવા છતાં મહાદેવના અપમાનથી જન્મ્યો હતો. જે દક્ષે ચાક્ષુષ મન્વંતર પ્રાપ્ત થતાં પોતાનું પૂર્વ-શરીર કાળયોગે નાશ પામ્યું, એટલે (શાપને લીધે પ્રચેતાઓને ત્યાં મારિષામાં જન્મ લઇને) ઈશ્વરની પ્રેરણાથી ઇષ્ટ પ્રજાઓ ઉત્પન્ન કરી હતી, તેજ એ દક્ષ પ્રસિદ્ધ છે.[૪૮।૪૯] વળી એ દક્ષ જન્મ્યો, ત્યારે પોતાની કાંતિ વડે સર્વ તેજસ્વીઓનાં તેજને તેણે હરી લીધાં હતાં અને કર્મ કરવામાં તેની ચતુરાઇ હતી; તેથી લોકો તેને 'દક્ષ' કહેતા હતા.[૫૦] અનાદિ બ્રહ્મદેવે પ્રજાસર્ગની રક્ષામાં તે દક્ષનો અભિષેક કરીને યોજના કરી; એટલે તે દક્ષે પણ મરીચિ વગેરે બીજા સર્વ પ્રજાપતિઓને તે તે કામ ઉપર નીમી દીધા."[૫૧]

तं प्रजासर्गरक्षायामनादिरभिषिच्य च ।
युयोज युयुजेऽन्यांश्च स वै सर्वप्रजापतीन् ॥५१

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૩૦ મો સમાપ્ત

* પ્રાચીનબર્હિષ રાજા સંન્યાસ લઇને ચાલી નીકળ્યા હતા, તેથી પૃથ્વી ઉપર કોઇ રાજા રહ્યો ન હતો અને ખેતીવાડી પણ અટકી પડી હતી, જેથી પૃથ્વી ઝાડોથી છવાઈ ગઈ હતી. —શ્રીધર

અધ્યાય ૩૧ મો×

દક્ષને રાજ્ય અને પ્રચેતાઓની મુક્તિ

॥ मैत्रेय उवाच ॥

तत उत्पन्नविज्ञाना आश्वधोक्षजभाषितम् ।
स्मरंत आत्मजे भार्यां विसृज्य प्राव्रजन् गृहात् ॥१

મૈત્રેય બોલ્યાઃ–"તે પછી જેઓને જ્ઞાન ઉત્પન્ન થયું હતું, એવા તે પ્રચેતાઓ ભગવાનનું કથન સ્મરણ કરી પોતાની સ્ત્રીને પુત્ર–દક્ષને સોંપી સત્વર ઘરમાંથી ચાલી નીકળ્યા.[૧] પશ્ચિમ દિશામાં જ્યાં જાજલિ ઋષિ સિદ્ધ થયા હતા, ત્યાં સમુદ્રના કિનારા ઉપર 'સર્વ પ્રાણીઓમાં એકજ આત્મા છે' આવું જ્ઞાન જેમાં મુખ્ય હતું, એવા બ્રહ્મયજ્ઞની તેઓએ દીક્ષા લીધી–અર્થાત્ આત્મા સંબંધે વિચાર કરવાનો તેઓએ સંકલ્પ કર્યો.[૨] તેવામાં દેવો અને અસુરોએ સ્તુતિ કરવા યોગ્ય નારદજીએ પ્રાણ, મન, વચન, દષ્ટિ તથા આસનનો પણ જેમણે જય કર્યો હતો; તેમજ જેમનું શરીર શાંત* અને સરળ‡ હતું અને નિર્મળ પરબ્રહ્મ વિષે જેમણે પોતાનું મન યોજી દીધું હતું, એવા તે પ્રચેતાઓને જોયા.[૩] એ રીતે નારદજીને ત્યાં આવેલા જોઇને પ્રચેતાઓએ એકદમ ઊભા થઇને પ્રણામ કરી તેમના આગમનને અભિનંદન આપ્યું અને યથાવિધિ પૂજા કરી સુખેથી બેઠેલા તે નારદજીને આ પ્રમાણે કહ્યું.[૪]

પ્રચેતાઓ બોલ્યાઃ–'હે દેવર્ષિ! આપ ભલે પધાર્યા. બહુજ સારૂં થયું કે, આજે આપનાં અમને દર્શન થયાં. હે બ્રહ્મન્! સૂર્યની પેઠે આપનું સર્વત્ર વિચરવું જગતને નિર્ભય કરવા માટે છે.[૫] હે પ્રભો! ભગવાન શંકરે અને વિષ્ણુ ભગવાને અમને આત્મતત્ત્વનો ઉપદેશ કર્યો હતો, તેને તો

× આ અધ્યાયમાં પોતાના પુત્ર દક્ષને રાજ્યધુરા સોંપી પ્રચેતાઓ વનમાં ગયા ને ત્યાં નારદે કહેલા માર્ગે તેઓની મુક્તિ થઈ, એ કથા કહેવાશે. —શ્રીધર

* શાંત એટલે સર્વ ક્રિયાઓથી ઉપરામ પામેલ.

‡ સરળમૂલાધારથી આરંભીને સીધું. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અમે ઘરમાં આસક્ત થઈ લગભગ ભૂલી ગયા છીએ.[૬] માટે તત્ત્વવસ્તુનું દર્શન કરાવનાર તે અધ્યાત્મજ્ઞાન આપ અમને ઉપદેશો, કે જેથી અમે આ દુસ્તર સંસારસમુદ્રને અનાયાસે તરીએ.[૭]

મૈત્રેય બોલ્યાઃ—" પ્રચેતાઓએ એ પ્રમાણે પૂછ્યું, એટલે જેમનું મન ઉત્તમ કીર્તિવાળા શ્રીભગવાનને વિષે નિત્ય આસક્તજ રહે છે, તે મુનિ નારદજીએ એ રાજાઓને આ પ્રમાણે કહ્યું.[૮]

નારદ બોલ્યાઃ—' મનુષ્યોનો તેજ જન્મ છે, તેજ કર્મ છે, તેજ આયુષ છે; તેજ મન છે અને તેજ વચન છે કે જેના વડે જગતના આત્મા અને ઈશ્વર શ્રીહરિની સેવા થઇ શકે.[૯] બાકી તે વિના તો મનુષ્યના શૌકલ,* સાવિત્ર× અને યાજ્ઞિક+ નામના ત્રણ જન્મોનું, વેદમાં કહેલાં કર્મોનું તથા દેવો સમાન લાંબા આયુષનું શું ફળ છે ? કંઈજ નથી.[૧૦] તેમજ શાસ્ત્રનું અધ્યયન, તપશ્ચર્યા, વાણીના વિલાસો, અનેક પ્રકારનાં અવધાનોના સામર્થ્યરૂપ ચિત્તવૃત્તિઓ, નિપુણ બુદ્ધિ, શારીરિક બળ તથા ઇન્દ્રિયોની શક્તિ—એ સર્વનું પણ શું ફળ છે?[૧૧] અથવા પ્રાણાયામ વગેરે યોગ, આત્મજ્ઞાનરૂપ સાંખ્ય, સંન્યાસ, વેદાધ્યયન તેમજ બીજાં વ્રત—વૈરાગ્ય આદિ કલ્યાણનાં સાધનોનું પણ શું ફળ છે, કે જેમાં શ્રીહરિ પોતાનો સાક્ષાત્કાર કરાવતા નથી.÷[૧૨] કેમકે સર્વ કલ્યાણકારી ફળોનો અવધિ તો કેવળ આત્માજ છે અને શ્રીહરિ પોતેજ સર્વ પ્રાણીઓના આત્મારૂપ છે કે જે અવિદ્યાને દૂર કરી સ્વસ્વરૂપનું દર્શન કરાવે છે અને પરમાનંદરૂપ હોઇ સર્વને પ્રિય છે.[૧૩] જેમ વૃક્ષના મૂળને સિંચન કરવાથી તેનું થડ, શાખાઓ ને ઉપશાખાઓ પણ તૃપ્ત થાય છે અને જેમ પ્રાણને ભોજન આપવાથી સર્વ ઇન્દ્રિયોને પણ તૃપ્તિ થાય છે, તેમ ભગવાનની પૂજા કરવાથી સર્વ કોઇનું પૂજન થઈ જાય છે;[૧૪] કેમકે સર્વ પ્રકારનાં જળ જેમ (વર્ષાકાળમાં) સૂર્યથી ઉત્પન્ન થાય છે અને પુનઃ (ગ્રીષ્મ) સમય આવતાં તે સૂર્યમાંજ પ્રવેશ કરે છે; અથવા જેમ સ્થાવર-જંગમ સર્વ પ્રાણીઓ પૃથ્વીમાંથી ઉત્પન્ન થઈ પુનઃ પૃથ્વીમાંજ લય પામી જાય છે, તેમ ચેતન-અચેતન આ સર્વ સંસાર શ્રીહરિથી ઉત્પન્ન થાય છે અને પુનઃ શ્રીહરિમાંજ લય પામે છે.[૧૫] *જેમ સૂર્યથી ઉત્પન્ન થયેલી તેની કાંતિ તે સૂર્યનુંજ સ્વરૂપ છે, પણ તેથી ભિન્ન નથી, તેમ જગતના આત્મારૂપ શ્રીહરિથી એક વાર સૃષ્ટિસમયે ઉત્પન્ન થયેલું આ જગત પણ શ્રીહરિનુંજ સર્વોત્તમ સ્વરૂપ છે, પણ તેથી ભિન્ન નથી; તેમજ જેમ જાગ્રત અવસ્થામાં સર્વ ઇન્દ્રિયો પ્રકાશે છે, પણ સુષુપ્તિ અવસ્થામાં તે ઇન્દ્રિયો પ્રકાશતી નથી, તેમ આ જગત પણ સૃષ્ટિસમયે (શ્રીહરિથી) ભાસે છે અને પ્રલયસમયે ભાસતું નથી; છતાં પણ તે શ્રીહરિ તો પાંચ ભૂતો, પાંચ તન્માત્રાઓ, અગિયાર ઇન્દ્રિયો તથા ઇન્દ્રિયોના અધિષ્ઠાયક દેવો —એ ભેદરૂપ ભ્રાંતિથી રહિતજ છે.[૧૬] જેમ આકાશમાં અનુક્રમે વાદળાં, અંધકાર અને પ્રકાશ થાય છે અને નથી પણ થતાં તેમ, હે રાજાઓ ! પરબ્રહ્મ વિષે રજોગુણ, તમોગુણ તથા સત્ત્વગુણ—એ શક્તિઓ પણ ઉદ્ભવે છે અને લીન થઈ જાય છે. બસ, એ પ્રમાણેજ આ સંસારપ્રવાહની ઉત્પત્તિ તથા નાશ થયા કરે છે.‡[૧૭] માટે સર્વ પ્રાણીઓના

* શુદ્ધ માતા-પિતાથી જે જન્મ તે શૌકલ જન્મ.
× જનોઇ લીધા પછીનો જન્મ તે સાવિત્ર જન્મ.
\+ યજ્ઞની દીક્ષા લીધા પછીનો જે જન્મ ગણાય છે તે યાજ્ઞિક જન્મ છે. —શ્રીધર

÷ કહેવાનો ભાવ એ છે કે, જે જન્માદિ વડે શ્રીહરિનું આરાધન થતું નથી અને શ્રીહરિનું સ્વરૂપદર્શન થતું નથી, તે જન્માદિનું શું ફળ છે ? કંઇજ નથી. —મા. ક.

* પૂર્વશ્લોકમાં કહ્યું કે, આ સર્વ સંસાર શ્રીહરિથી ઉત્પન્ન થાય છે અને શ્રીહરિમાં લય પામે છે; ત્યારે તો શ્રીહરિ સંસારના આધાર થયા અને તેથી શ્રીહરિમાં ઉપાધિયુક્તપણું પ્રાપ્ત થાય છે; આ શંકાનું સમાધાન આ ૧૬મા શ્લોકમાં છે. —શ્રીધર

‡ અર્થાત્ આકાશમાં વાદળાં વગેરે કોઈ વખતે જેમ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, છતાં આકાશને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એક આત્મારૂપ, નિમિત્તકારણરૂપ, ઉપાદાનકારણરૂપ, કર્તારૂપ અને પોતાના તેજથી ગુણપ્રવાહરૂપ આ સંસારને જેમણે પોતાથી દૂર કરેલ છે, તે પરમેશ્વરને પોતાના આત્માથી અભિન્ન ગણીને તમે સાક્ષાત્ ભજો.[૧૮] સર્વ પ્રાણીઓ ઉપર દયા કરવાથી, જે કંઈ મળી આવે તે પર સંતોષ રાખવાથી અને સર્વ ઇંદ્રિયોને શાંત કરવાથી જનાર્દન ભગવાન સત્વર પ્રસન્ન થાય છે;[૧૯] અને સમગ્ર કામનાઓને તજવાથી નિર્મળ થયેલા ભક્તોના મનમાં સતત વૃદ્ધિ પામતી ભાવનાએ જેમને સ્થાપિત કર્યા છે, એવા અક્ષર ભગવાન પોતે પોતાના ભક્તજનોને અધીન છે, એમ સમજી ભક્તજનોના હૃદયમાંથી ત્યાં રહેલા આકાશની પેઠે નીકળી જતા નથી.[૨૦] વળી એ ભગવાન ભક્તિરસને જાણનારા છે અને નિર્ધન એવા ભક્તજનો તેમને અત્યંત પ્રિય છે, તેથી શાસ્ત્રના, ધનના, કુળના તથા કર્મના મદથી જેઓ નિર્ધન એવા સજ્જનોનો તિરસ્કાર કરે છે, તેવા દુષ્ટબુદ્ધિ મનુષ્યોની પૂજાને પણ સ્વીકારતા નથી;[૨૧] તેમજ કેવળ ભક્તજનને અધીન રહેનારા અને સ્વતઃજ પૂર્ણ કામ એવા જે ભગવાન નિત્ય પોતાની સેવા કરતી લક્ષ્મીદેવીને, એ લક્ષ્મીની ઇચ્છાવાળા સકામ પુરુષોને, રાજાઓને તથા દેવોને પણ વશ થતા નથી, તે ભગવાનનો કૃતજ્ઞ એવો કયો પુરુષ જરા વાર પણ ત્યાગ કરે?[૨૨]

મૈત્રેય બોલ્યાઃ–"હે રાજન્ વિદુરજી! એમ પ્રચેતાઓને પૂર્વોક્ત ઉપદેશ કરીને તથા બીજી પણ ભગવાનની કથાઓ સંભળાવીને બ્રહ્મપુત્ર મુનિ નારદજી બ્રહ્મલોકમાં પધાર્યા.[૨૩] તે પછી પ્રચેતાઓ પણ તે નારદજીના મુખમાંથી નીકળેલો અને લોકોના પાપરૂપી મેલનો નાશ કરનારો શ્રીહરિનો યશ સાંભળીને તે ભગવાનના ચરણનું ધ્યાન કરતા તેમની ગતિને પામ્યા.[૨૪] હે વિદુરજી! શ્રીહરિના કીર્તનરૂપ આ પ્રચેતાઓ અને નારદનો સંવાદ જે તમે મને પૂછયો હતો, તે મેં તમને કહ્યો."[૨૫]

શ્રીશુકદેવજી બોલ્યાઃ– હે મહારાજ પરીક્ષિત! એ પ્રમાણે મનુના પુત્ર ઉત્તાનપાદ રાજાનો વંશ તમારી આગળ મેં વર્ણવ્યો. હવે પ્રિયવ્રત રાજાનો વંશ પણ તમે સાંભળો, કે જે પ્રિયવ્રત રાજા નારદજીની પાસેથી આત્મવિદ્યા મેળવી પૃથ્વીનું રાજ્ય કરી પોતાના પુત્રોને પૃથ્વી વહેંચી આપીને ઈશ્વરના પદને પામ્યા હતા. મૈત્રેય મુનિએ વર્ણવેલી એ ભગવાનના માહાત્મ્યના વર્ણનવાળી ઉત્તમ કથા સાંભળીને વિદુરજીનો પણ ભગવાન ઉપરનો ભાવ વધ્યો અને તેમનાં નેત્રમાં (હર્ષનાં) અશ્રુઓ આવવાથી તે વ્યાકુળ થયા, તેમણે મુનિ મૈત્રેયના ચરણને મસ્તક પર ધારણ કર્યા ને શ્રીહરિના ચરણને હૃદયમાં ધારણ કર્યા.[૨૬–૨૮]

વિદુરજી બોલ્યાઃ–"હે મહાન યોગી મૈત્રેય! દયાળુ મનવાળા આપે આ સંસારનો પાર જ આજે મને બતાવ્યો છે, કે જે સંસારનો પાર જોતાં નિઃસ્પૃહ સત્પુરુષોથી ગવાતા શ્રીહરિ મળે છે."[૨૯]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–એ પ્રમાણે મૈત્રેય ઋષિને કહીને તેમને પ્રણામ કરી તેમની આજ્ઞા લઈ પોતાના સંબંધીઓને મળવાની ઇચ્છાવાળા અને જેમનું મન શાંત થયું હતું એવા તે વિદુરજી ત્યાંથી હસ્તિનાપુર ગયા.[૩૦] હે રાજન્! જે મનુષ્ય શ્રીહરિ વિષે આત્મસમર્પણ કરનારા રાજાઓનું આ ચરિત્ર સાંભળે છે, તે મનુષ્ય આયુષ, યશ, કલ્યાણ, સદ્ગતિ તથા ઈશ્વરના પદને પામે છે.[૩૧]

एतद्यः शृणुयाद्राजन् राज्ञां हर्यर्पितात्मनाम् ।
आयुर्धनं यशः स्वस्ति गतिमैश्वर्यमाप्नुयात् ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૩૧ મો સમાપ્ત

તેઓ સાથે કંઇ પણ સંબંધ નથી; તેમ પરબ્રહ્મ વિષે સત્ત્વાદિગુણો અને તે દ્વારા જગત ઉત્પન્ન થાય છે, છતાં પરબ્રહ્મને તેનો કંઇ પણ સંબંધ નથી.–બાલપ્રબોધિની

चतुर्थ स्कंध समाप्त

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीमद्भागवत–पंचम स्कंध

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

अध्याय १ लो*

પ્રિયવ્રતની રાજ્યસ્થિતિ અને જ્ઞાનનિષ્ઠા

॥ राजोवाच ॥

प्रियव्रतो भागवत आत्मारामः कथं मुने । गृहेऽरमत यन्मूलः कर्मबंधः पराभवः ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછયું:–"હે મુનિ ! પ્રિયવ્રત રાજા ભગવાનના ભક્ત હતા અને આત્મામાંજ રમણ કરનારા–જ્ઞાની હતા; છતાં તે ઘરમાં આસક્ત કેમ થયા ? કેમકે ઘરને લીધેજ કર્મ બંધાય છે અને પરાભવ થાય છે–સ્વસ્વરૂપની વિસ્મૃતિ થાય છે.[१] હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! સર્વ સંગનો ત્યાગ કરનારા તેવા મહાન પુરુષોને ઘરમાં આસક્તિ થવી યોગ્ય નથી.[२] હે બ્રહ્મર્ષિ ! ઉત્તમ કીર્તિવાળા એવા ભગવાનના ચરણની છાયા

* હવે આ પંચમ સ્કંધમાં પ્રિયવ્રત રાજાનો વંશ વિસ્તારથી કહેવામાં આવશે. તેમાં પ્રથમ છવ્વીસ અધ્યાયમાં લોક–દ્વીપ વગેરેની મર્યાદા તથા તેઓનું પાલન વગેરે અનેક સ્થાનનું વર્ણન આવશે. પૃથ્વીલોક, ઉપરનો લોક તથા નીચેનો લોક–એમ ત્રણ પ્રકારની મર્યાદા છે અને તે તે લોકમાં પણ અનેક મર્યાદાઓ છે. તેમાં પૃથ્વી પર અનેક જુદી જુદી દ્વીપ વગેરેની મર્યાદાઓને રાજાઓ પાળે છે અને પૃથ્વી ઉપર–સ્વર્ગમાં દેવો વગેરે તથા પૃથ્વીની નીચે અસુરો વગેરે મર્યાદાઓને પાળે છે. તેમાં પ્રથમ વીસ અધ્યાયોથી એ વર્ણન કરાશે કે, પૃથ્વી ઉપર દ્વીપ વગેરે મર્યાદાઓનું પાલન પ્રિયવ્રત વગેરે રાજાઓએ કર્યું હતું. પછી ત્રણ અધ્યાયોમાં એ કહેવાશે કે, ઉપર જ્યોતિશ્ચક્ર વગેરેમાં સૂર્ય વગેરે મર્યાદાનું પાલન કરે છે અને પછી ત્રણ અધ્યાયોથી એ કહેવાશે કે, નીચે અતલ વગેરેમાં દૈત્યો મર્યાદાનું પાલન કરે છે. તેમાં અહીં પ્રથમ અધ્યાયમાં જ્ઞાની હોવા છતાં પ્રિયવ્રત રાજાએ રાજ્ય કર્યું અને પછી પુનઃ તેમને જ્ઞાનનિષ્ઠા થઈ, એ અદ્ભુત પ્રિયવ્રતની કથા કહેવામાં આવશે.

—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

વડે જેઓનાં ચિત્ત શાંત થયેલાં હોય છે તેવા મહાપુરુષોને કુટુંબમાં સ્પૃહાબુદ્ધિ કદી થતીજ નથી.³ હે બ્રહ્મન્ ! પ્રિયવ્રત રાજા સ્ત્રી, ઘર, પુત્ર વગેરેમાં આસક્ત હતા, છતાં તેમનો મોક્ષ થયો અને શ્રીકૃષ્ણમાં તેમની અસ્ખલિત બુદ્ધિ થઈ; આ મહાન સંશય છે."⁴

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તમે કહ્યું તે સત્યજ છે; તોપણ જે મહાન પુરુષોનાં મન ઉત્તમ યશવાળા શ્રીભગવાનનાં શ્રીમાન ચરણકમળના મકરંદરૂપ રસમાં આસક્ત થયાં હોય છે, તે મહાપુરુષો ભગવદ્‌ભક્તોરૂપ પરમહંસોને પ્રિય શ્રીભગવાનની કથારૂપ પોતાનો અત્યંત કલ્યાણકારી માર્ગ કોઇ વિઘ્નને લીધે વિઘ્નવાળો થયો હોય, તોપણ ઘણું કરી તેને છોડતા નથી.*⁵ હે રાજન્ ! રાજપુત્ર પ્રિયવ્રત જે ભગવાનના પરમ ભક્ત હતા; તેમણે નારદજીના ચરણની સેવા કરીને અનાયાસે પરમાર્થ–આત્મતત્ત્વને જાણી લીધું હતું, તેથી આત્મધ્યાનના કાર્યનોજ નિયમ લેવાનો તેમણે જ્યારે વિચાર કર્યો ત્યારે, તેમના પિતા સ્વાયંભુવ મનુએ શાસ્ત્રોક્ત ઉત્તમ રાજગુણોના સમૂહનું પાત્ર એ પ્રિયવ્રતજ હોવાથી પૃથ્વીનું રક્ષણ કરવા માટે તેમને આજ્ઞા આપી; પણ પ્રિયવ્રતે તો પ્રથમથીજ ભગવાન વાસુદેવ વિષે ચિત્તની અસ્ખલિત એકાગ્રતા વડે સર્વ ઇન્દ્રિયોની ક્રિયાઓ અર્પણ કરી દીધી હતી; તેથી પિતાનું વચન જો કે અવશ્ય સ્વીકારવા યોગ્ય હતું; તોપણ રાજ્યાધિકારમાં કેવળ મિથ્યા રાજપ્રપંચને લીધે પોતાના આત્મસ્વરૂપની વિસ્મૃતિજ થઈ જશે, આવો મનમાં વિચાર કરી તેમણે પિતાનું તે વચન માન્યું નહિ.⁶ ત્યારે ભગવાન આદિદેવ–બ્રહ્મા, કે જે આ ગુણસૃષ્ટિની વૃદ્ધિ કરવાના વિચારથી સમગ્ર જગતના અભિપ્રાયને નિશ્ચયપૂર્વક જાણી લે છે અને સર્વના આત્મા શ્રીહરિ જેમનું ઉત્પત્તિકારણ છે તે બ્રહ્મા, મૂર્તિમાન સર્વ વેદો અને મરીચિ વગેરે પોતાના સર્વ પરિવારની સાથે પોતાના બ્રહ્મલોકમાંથી ત્યાં ઊતરી આવ્યા.⁷ તે વેળા આકાશપ્રદેશમાં ચંદ્રમાની પેઠે ઠેકઠેકાણે તે પ્રકાશતા હતા અને પ્રત્યેક માર્ગમાં વિમાનોની પંક્તિઓમાં આરૂઢ થયેલા ઇન્દ્રાદિ ઉત્તમ દેવતાઓ તેમની પૂજા કરતા હતા; તેમજ સિદ્ધો, ગંધર્વો, સાધ્યો, ચારણો તથા મુનિગણોનાં ટોળેટોળાં પ્રત્યેક માર્ગમાં તેમની સ્તુતિ કરતાં હતાં અને પોતે× ગંધમાદન પર્વતની ગુફાને પ્રકાશિત કરતા ત્યાં આવી પહોંચ્યા.⁸ તે સમયે દેવર્ષિ નારદજી ત્યાં હતા; તેમણે હંસના વાહન ઉપરથી પોતાના પિતા બ્રહ્મદેવને ઓળખી કાઢ્યા અને સ્વાયંભુવ મનુ તથા પ્રિયવ્રતની સાથે એકદમ ઊભા થઇ જઇ બે હાથ જોડી પૂજા કરીને તેમની સ્તુતિ કરી. હે ભરતવંશી રાજા ! એ રીતે નારદજીએ પૂજા કરી અને તેમના ગુણગણો, અવતારો તથા સર્વ ઉત્કર્ષોની યથોચિત સ્તુતિ કરી; એટલે આદિપુરુષ ભગવાન બ્રહ્માએ દયા તથા હાસ્યપૂર્વક દષ્ટિપાત કરીને પ્રિયવ્રતને આ પ્રમાણે કહ્યું."⁹ ¹⁰

શ્રીબ્રહ્મદેવ બોલ્યાઃ–'હે તાત ! હું તને આ સત્ય વચન કહું છું, તું સાંભળ. જેમનું માપ થઈ શકતું નથી એવા દેવ પરમાત્મા ઉપર દોષારોપણ કરી જોવાને તું યોગ્ય નથી; કેમકે હું, શંકર, તારા આ પિતા અને તારા ગુરુ આ મહર્ષિ નારદ–આ

* અર્થાત્ જ્ઞાનીઓ પોતાના કલ્યાણમાર્ગમાં કોઇ વિઘ્ન આવતાંજ સાંસારિક પ્રવૃત્તિ કરે તોપણ પુનઃ પૂર્વના અભ્યાસના બળથી તેઓની સંસારથી નિવૃત્તિ પણ ઘટેજ છે. —શ્રીધર

× ગંધમાદન પર્વત એજ મંદરાચલ પર્વત કહેવાય છે. અહીં એમ સમજવાનું છે કે, પ્રિયવ્રત પોતે રાજકુમાર અવસ્થામાંજ ગંધમાદનની ગુફામાં આત્મધ્યાનનો નિશ્ચય કરી નિવાસ કરતા હતા અને ત્યાં નારદ મુનિ તેમને આત્મવસ્તુનો ઉપદેશ કરતા હતા. તે વેળા સ્વાયંભુવ મનુ પોતાના રાજ્ય સારૂ પ્રિયવ્રતને યોગ્ય જાણી તેને સમજાવવા માટે તે ગુફામાં આવ્યા હતા; પણ પ્રિયવ્રતે પિતાનું વચન માન્યું નહિ, ત્યારે બ્રહ્મદેવ તે જાણી લઇને ત્યાં આવ્યા હતા. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અમે સર્વે એમની આજ્ઞાનું પાલન કરીએ છીએ. કોઇ પણ દેહધારી તપથી, વિદ્યાથી, યોગશક્તિથી, બુદ્ધિબળથી, ધનથી, ધર્મથી, બીજાથી કે પોતાથી તે પરમાત્માનું કરેલું નાશ કરવાને સમર્થ થઇ શકતો નથી. હે પુત્ર! જન્મને માટે, નાશને માટે, કર્મો કરવા માટે, નિરંતર શોકને માટે, મોહ માટે, ભયને માટે, સુખને માટે તથા દુઃખને માટે ઈશ્વર જે દેહ અર્પણ કરે છે, તેનેજ જીવસમૂહ ધારણ કરે છે-તેમાં કંઇ અન્યથા કરી શકતો નથી. (એ રીતે દેહયોગમાં પારતંત્ર્ય કહીને હવે કર્મ કરવામાં પણ પરતંત્રતા દર્શાવે છે.) હે વત્સ! આપણે બધાય એ પરમેશ્વરની વેદવાણીરૂપ દામણમાં ગુણ-કર્મરૂપી મજબૂત *દોરડીઓથી એવા તો બંધાયા છીએ કે જેથી નાકમાં નાથેલા બળદો જેમ મનુષ્યને અધીન રહી તેનું કામકાજ કર્યા કરે છે, તેમ આપણે પણ (ઈશ્વરને અધીન રહી તેમની ઇચ્છા પ્રમાણે) કામકાજ કર્યા કરીએ છીએ. (એ રીતે જેમ કર્મ કરવામાં પરતંત્ર છીએ, તેમ ભોગો ભોગવવામાં પણ આપણે પરતંત્ર છીએ, તે કહે છે-) હે પ્રિયવ્રત! ગુણ-કર્મના સંગથી ઈશ્વર આપણને જે કંઇ દેવ-તિર્યંચ-આદિના દેહમાં યોજે છે તેનોજ આશ્રય કરીને આપણે તે ઈશ્વરેજ આપેલાં સુખ-દુઃખને ભોગવીએ છીએ. §દષ્ટાંત તરીકે જેમ કોઇ દેખતા મનુષ્યથી દોરાતા આંધળા મનુષ્યો, તે દેખતો મનુષ્ય જ્યાં છાયામાં કે તડકામાં લઇ જાય છે ત્યાં સુખ-દુઃખ અનુભવે છે. (કદાચ તું કહીશ કે, એ બધી વાત તો અજ્ઞાનીને માટે છે, જ્ઞાનીને માટે તેવું કંઇ પણ નથી; તો સાંભળ.) મુક્ત પુરુષ પણ (જીવન્મુક્ત હોય તોપણ) પોતાનું પ્રારબ્ધકર્મ જ્યાંસુધી હોય ત્યાંસુધી તે કર્મને ભોગવતો પોતાનું શરીર ધારણ કરેજ છે; પણ (માત્ર વિશેષતા એટલીજ કે,) જેમ કોઈ મનુષ્ય સ્વપ્નમાં અનુભવેલી વસ્તુને જાગ્રદાવસ્થામાં અભિમાનરહિત થઇનેજ સંભારે છે, તેમ એ જીવન્મુક્ત પુરુષ પણ શરીર પરના અભિમાનથી શૂન્ય છે અને બીજા દેહને માટે તે પુરુષ કર્મોને કરતો નથી, તેમ કોઇ જાતની વાસનાઓ પણ રાખતો નથી.*૧૧-૧૬ જે× મનુષ્ય પ્રમાદી હોય છે-ઇન્દ્રિયોને વશ રહેનારો હોય છે, તે મનુષ્યને વનમાં પણ (સંસારનો) ભયજ છે. કેમકે તે પ્રમાદી મનુષ્ય નિત્ય છએ શત્રુઓ (મન તથા પાંચ જ્ઞાનેન્દ્રિયો) સાથેજ રહે છે; માટે જિતેન્દ્રિય અને આત્મારામ એવા જ્ઞાની પુરુષને ગૃહસ્થાશ્રમ પણ શું હાનિકર્તા છે? કયા રોગાદિ દોષને ઉત્પન્ન કરી શકે તેમ છે!+૧૭ જે મનુષ્ય પૂર્વોક્ત છએ શત્રુઓને જીતવા ઇચ્છતો હોય તેણે પ્રથમ તો ઘેર રહીને તે શત્રુઓને એકદમ નહિ રુંધી રાખીને ધીમેધીમે વશ કરતાં કરતાં જીતવાને પ્રયત્ન કરવો જોઇએ ને પછી તે શત્રુઓ જ્યારે બરાબર ક્ષીણ થઇ જાય-જિતાઇ જાય ત્યારે પોતે જ્ઞાની હોઇને હરકોઇ સ્થળે-વનમાં કે ઘેર-પોતાની ઇચ્છાનુસાર ભલે વિચરે. જેમકે-લોકમાં પણ કોઇ રાજા કિલ્લાનો આશ્રય કરી પ્રથમ તો પોતાના બળવાન શત્રુઓને જીતી લે

* દોરડીઓ-બ્રાહ્મણ આદિ જાતિનાં નામો-**બા. પ્ર.**

§ જેમ બળદો પોતાના સ્વામીએ આપેલાંજ ધાન્યનાં કણસલાં વગેરેને ખાઈ શકે છે; નહિ કે સ્વેચ્છાએ કંઈ પણ ખાઇ શકે છે તેમ. —**શ્રીધર**

* માટે ભગવાને નિર્માણ કરેલો દેહસંબંધ અને પ્રારબ્ધભોગ તો જ્ઞાનીને પણ દુસ્ત્યજ છે તો બીજાની તો શી વાત? —**બાલપ્રબોધિની**

× કદાચ પ્રિયવ્રત એમ કહે કે, ઘેર પડી રહીને ભોગો ભોગવ્યા કરે તેને વળી અભિમાનનો અભાવ કેવી રીતે રહે અને મોક્ષ પણ કેમ મળે? માટે ઘરનો ત્યાગ કરી વનવાસ કરવો એજ ઠીક છે. આના ઉત્તર તરીકે આ શ્લોક છે. —**શ્રીધર**

+ અર્થાત્ ભગવાનના અનુગ્રહ વિનાનો ઇન્દ્રિયાધીન મનુષ્ય વિષયાસક્ત હોવા છતાં ઘરનો ત્યાગ કરી દઇ વનમાં ચાલ્યો જાય, તેથી કંઈ સંસારને તરી શકતો નથી. માટે ભગવાનનો અનુગ્રહ સંપાદન કરી જિતેન્દ્રિય થઇને ઘરમાં રહેવું તેમાં કંઈ પણ દોષ નથી. —**બાલપ્રબોધિની**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે અને પછી તે શત્રુઓ જિતાઈ જાય એટલે પોતાની ઇચ્છાનુસાર કિલ્લામાં કે બહાર ગમે ત્યાં ફરે છે.[૧૮] જો કે (ઉપર ઘરરૂપી કિલ્લાનો આશ્રય કરવા કહ્યું છે, તે તો સામાન્ય મનુષ્યને માટે છે.) તેં તો ભગવાનનાં ચરણકમળના કોશરૂપી કિલ્લાનો પ્રથમથી આશ્રય કર્યો છે અને તેથી છએ શત્રુઓને જીતી લીધા છે; તોપણ આ રાજ્યાધિકારમાં રહીને તું ઈશ્વરે અર્પણ કરેલા ભોગોને પ્રથમ તો ભોગવ અને પછી સર્વ સંગનો ત્યાગ કરીને સ્વસ્વરૂપમાં સ્થિતિ કરજે–આત્મનિષ્ઠ થજે.'

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"ભગવાનના મહાન ભક્ત પ્રિયવ્રતને બ્રહ્મદેવે એ પ્રમાણે કહ્યું, એટલે તેણે ત્રણે જગતના ગુરુ તે ભગવાનની આજ્ઞાને, પોતે તેમનાથી નાનો હોવાને લીધે ડોક નમાવીને 'બહુ સારૂં' એમ ઘણા માનથી સ્વીકારી લીધી.[૧૯।૨૦] એટલે ભગવાન બ્રહ્મા પણ સ્વાયંભુવ મનુએ વિધિ પ્રમાણે પોતાનું પૂજન કર્યું તે પછી પ્રિયવ્રત તથા નારદજી *વિષમભાવરહિત થઇને જોઈ રહ્યા હતા, ત્યારે વ્યવહારશૂન્ય–નિર્ગુણબ્રહ્મનું ચિંતન કરતા કરતા પોતાના નિવાસસ્થાન બ્રહ્મલોકમાં પધારી ગયા, કે જે બ્રહ્મલોક વાણી તથા મનનો પણ અવિષય છે.[૨૧] એ પ્રમાણે બ્રહ્મદેવે જેમના +મનોરથ સિદ્ધ કરી આપ્યા હતા તે સ્વાયંભુવ મનુ પણ દેવર્ષિઓમાં શ્રેષ્ઠ મુનિ નારદજીની સંમતિથી પોતાના પુત્ર–પ્રિયવ્રતને સમગ્ર પૃથ્વીમંડળની મર્યાદાના પાલન માટે સ્થાપીને પોતે મહાવિષમ એવા વિષયોરૂપી ઝેરી જળાશયરૂપ (ઘરની) આશાથી વિરામ પામ્યા.‡

* વિષમભાવ રહિત થઇને–અર્થાત્ પ્રિયવ્રત પોતે યોગભ્રષ્ટ થયો છતાં બ્રહ્મા તરફ ક્રોધથી વક્ર દૃષ્ટિએ જોતા ન હતા; તેમજ નારદજી, પોતાનો એક શિષ્ય ગયો, છતાં બ્રહ્મા તરફ વક્ર દૃષ્ટિએ જોતા ન હતા. —શ્રીધર

\+ પુત્રનો રાજ્યાભિષેક કરીને હું વનમાં જઈશ, આવો મનુનો મનોરથ હતો. —શ્રીધર

‡ અર્થાત્ ગૃહપ્રવૃત્તિની વાસનાથી અથવા ભોગો ભોગવવાની ઇચ્છાથી પોતે વિરામ પામ્યા. —શ્રીધર

એ પ્રમાણે ઈશ્વરેચ્છાએજ જેમને કર્માધિકાર અપાવ્યો હતો એવા તે પ્રિયવ્રત રાજા, સમગ્ર જગતનાં બંધનનો નાશ કરવામાં જેમનો પરમપ્રભાવ છે એવા ભગવાન આદિપુરુષના ચરણયુગલનું નિત્ય ધ્યાન કરવાના પ્રભાવથી પોતાના રાગાદિ કષાયો (મેલ) જો કે બળી ગયા હતા અને તેથીજ પોતે શુદ્ધ થઈ ગયા હતા છતાં પણ બ્રહ્માદિ મહાન પુરુષોની આજ્ઞાનું પાલન કરી તેમના પ્રત્યેનું માન વધારી પૃથ્વી પર રાજ્ય કરવા લાગ્યા. પછી પ્રજાપતિ વિશ્વકર્માની બર્હિષ્મતી પુત્રીને તે પરણ્યા અને તે સ્ત્રીમાં પોતાના સમાન શીલ, ગુણ, કર્મ, રૂપ ને પરાક્રમવાળા ઉદાર દશ પુત્રોને તથા તે પુત્રોથી નાની ઊર્જસ્વતી નામની કન્યાને તેમણે ઉત્પન્ન કરી.[૨૨–૨૪] તેમના એ પુત્રો આગ્નીધ્ર, ઇધ્મજિહ્વ, યજ્ઞબાહુ, મહાવીર, હિરણ્યરેતસ્, ઘૃતપૃષ્ઠ, સવન, મેધાતિથિ, વીતિહોત્ર અને કવિ–એમ સર્વે અગ્નિના નામવાળા હતા.[૨૫] એઓમાં કવિ, મહાવીર તથા સવન–એ ત્રણ ઊર્ધ્વરેતસ્ હતા–લગ્ન નહિ કરીને સ્ત્રીસંબંધથી રહિત રહ્યા હતા ને બાલ્યાવસ્થાથી આરંભીનેજ આત્મવિદ્યાનો અભ્યાસ કરીને પરમહંસનો આશ્રમ તેઓએ સ્વીકાર્યો હતો.[૨૬] એ રીતે ઉપશમસ્વભાવવાળા એ મહર્ષિઓ પરમહંસ આશ્રમમાં રહીને સમગ્ર જીવસમૂહના નિવાસસ્થાનરૂપ અને ભયભીત થયેલાઓને શરણરૂપ ભગવાન વાસુદેવના શોભાયમાન ચરણકમળનું નિત્ય સ્મરણ કરતા હતા અને તેથી પ્રાપ્ત થયેલા અસ્ખલિત પરમ ભક્તિયોગના પ્રભાવને લીધે શુદ્ધ થયેલા અંતઃકરણમાં પ્રકટ થયેલાં સર્વ પ્રાણીઓના આત્મા અને સ્વસ્વરૂપભૂત તે ભગવાન વિષેજ પોતાના આત્માની એકતાને તેઓ દેહાદિની ઉપાધિનો ત્યાગ કરીને પામ્યા હતા.[૨૭] વળી એ પ્રિયવ્રત રાજાને બીજી એક સ્ત્રીમાં પણ ઉત્તમ, તામસ અને રૈવત નામના ત્રણ પુત્રો થયા હતા, કે જેઓ મન્વંતરના અધિપતિ હતા.[૨૮] એ પ્રમાણે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાને ત્યાં શાંતિના નિવાસસ્થાનરૂપ પુત્રો થયા, તે પછી પ્રિયવ્રત રાજાએ અગિયાર અર્બુદ વર્ષ સુધી પૃથ્વીને ભોગવી હતી; તે વેળા એ મોટા મનના રાજાએ અસ્ખલિત સમગ્ર પુરુષાર્થથી ભરેલા પોતાના બન્ને બાહુઓથી ધનુષની દોરી ખેંચીને તેના ટંકારવમાત્રથીજ ધર્મના શત્રુઓને હાંકી કાઢ્યા હતા અને બર્હિષ્મતી રાણીના પ્રતિદિન વૃદ્ધિ પામતા *હર્ષ, સામેથી ઊભા થવું વગેરે વિલાસો, સ્ત્રીસ્વભાવથી થતા શૃંગારાદિ અનુભવોનું પ્રકાશન અને તેથી શરમને લીધે સંકુચિત હાસ્યદર્શન તથા સુંદર ઠઠ્ઠા–મશ્કરીનાં વાક્યો વગેરેથી જાણે પોતે વિવેકભ્રષ્ટ થતા હોય અને જાણે આત્મસ્વરૂપને કંઇ સમજતાજ ન હોય તેવા જણાવા લાગ્યા.[૨૯] મેરુ પર્વતને પ્રદક્ષિણા કરતા ભગવાન સૂર્ય લોકાલોક પર્વત સુધી પ્રકાશિત કરે છે; પણ તે વેળા અર્ધા ભૂમંડળનેજ પ્રકાશિત કરે છે અને અર્ધાને તો અંધારાથી છવાયલું રાખે છે; તે વાતને નહિ પસંદ કરીને પ્રિયવ્રત રાજા 'હું રાત્રિને પણ દિવસ કરીશ' આવો નિશ્ચય કરી સૂર્યના રથ સમાન વેગવાળા તેજોમય રથમાં બેસીને બીજા સૂર્યની પેઠે સાત વાર સૂર્યની પાછળ ફર્યા હતા; (અને એમાં કંઇ અસંભવિત ન હતું.) કેમકે તેમનો પ્રભાવ ભગવાનની ઉપાસનાને લીધે સર્વ પુરુષો કરતાં અતિશય અધિક હતો.[૩૦] (એ રાજા સૂર્યની પાછળ ફર્યા) તે વખતે તેમના રથનાં પૈડાંઓની ધારથી પૃથ્વીમાં જે ખાડાઓ પડી ગયા હતા તેજ સાત સમુદ્રો થયા છે, કે જે એ સમુદ્રોને લીધેજ પૃથ્વીના સાત દ્વીપો થયા.+[૩૧] એ દ્વીપોનાં નામ જંબૂદ્વીપ, પ્લક્ષદ્વીપ, શાલ્મલિદ્વીપ, કુશદ્વીપ, ક્રૌંચદ્વીપ, શાકદ્વીપ અને પુષ્કરદ્વીપ છે અને તે દ્વીપોનું માપ પહેલા પહેલા દ્વીપના કરતાં ઉત્તરોત્તર અનુક્રમે બમણું બમણું છે. એ પ્રમાણે તે દ્વીપો એક એક સમુદ્રની બહાર ચોતરફ રચાયલા છે.[૩૨] (જેમ સમુદ્રોની બહાર એક એક દ્વીપ આવેલો છે, તેમજ એક એક દ્વીપની બહાર એક એક સમુદ્ર આવેલો છે; જેમકે) [૧]ક્ષારોદ, [૨]ઇક્ષુરસોદ, [૩]સુરોદ, [૪]ઘૃતોદ, [૫]ક્ષીરોદ, [૬]દધિમંડોદ અને [૭]શુદ્ધોદ, આ સાતે સમુદ્રો સાત દ્વીપોની ચારે તરફ એક એક ખાઇ જેવા છે અને વચ્ચે વચ્ચે તે તે દ્વીપોથી વીંટાયલા હોઇને તે દ્વીપો જેવડાજ પ્રમાણવાળા છે; તેમજ એક એક સમુદ્ર સાતે દ્વીપોની બહારના ભાગમાં અસંકીર્ણપણે ચોતરફ રચાયેલો છે; બર્હિષ્મતીના પતિ–પ્રિયવ્રત રાજાએ તે જંબૂ આદિ સાતે દ્વીપોમાં પોતાને અનુસરી ચાલનારા આગ્નીધ્ર, ઇધ્મજીહ્વ, યજ્ઞબાહુ, હિરણ્યરેતસ્, ઘૃતપૃષ્ઠ, મેધાતિથિ અને વીતિહોત્ર નામના સાત પુત્રો પૈકી એક એકનેજ અનુક્રમે એક એક દ્વીપનો રાજા બનાવ્યો હતો અને પ્રિયવ્રતે ઊર્જસ્વતી નામની પોતાની પુત્રી શુક્રાચાર્યને પરણાવી હતી, કે જેમાં દેવયાની નામની શુક્રાચાર્યની પુત્રી જન્મી હતી.[૩૩,૩૪] જેઓ શ્રીભગવાનની ચરણરજના પ્રભાવથી છએ ઇન્દ્રિયોને જીતનારા છે, તે ભગવાનના ભક્તોમાં આવું પરાક્રમ હોય એ કંઇ આશ્ચર્ય નથી; કેમકે અંત્યજ–ચાંડાળ પણ ભગવાનના નામનું એકજ વાર જો ઉચ્ચારણ કરે છે તો તત્કાળ સંસારબંધનથી મુક્ત થાય છે.+[૩૫] આવા અમાપ બળ–પરાક્રમવાળા હતા, છતાં તે પ્રિયવ્રત રાજા એક દિવસે દેવર્ષિ નારદના ચરણનું શરણ લેતાં વચ્ચે આવી પડેલા એ રાજ્યાદિ પ્રપંચથી પોતાને જાણે અશાં-

---

* હર્ષ તે એવા પ્રકારનો કે પોતાના પતિને આવતા જોઇને આનંદ થાય તે. —શ્રીધર

\+ અર્થાત્ એ પૈડાંઓના ઊંડા ચીલાઓ તે સમુદ્રો થયા અને બે પૈડાંની વચ્ચેનો જે ઊંચો ભાગ રહ્યો તે પૃથ્વીના સાત દ્વીપો થયા. —भा. क.

૧. ખારા પાણીનો. ૨. શેરડીના રસરૂપ પાણીવાળો. ૩. મદિરારૂપ પાણીવાળો. ૪. ઘીરૂપ પાણીવાળો. ૫. દૂધરૂપ પાણીવાળો. ૬. દહીંના ઘોરવારૂપ પાણીવાળો. ૭. શુદ્ધ–મીઠા પાણીનો. —बालप्रबोधिनी

\+ તો પછી જેઓ નિરંતર ભજન કર્યા કરે છે, તેઓને શું દુર્લભ હોય? —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત માનતા હોય તેમ મનમાં વૈરાગ્યવાન થઇને (આત્મનિંદા કરતા) આ પ્રમાણે કહેવા લાગ્યા:[૩૬] 'અહો! મેં ખરાબ કામ કર્યું છે, કારણ કે અવિદ્યાથી રચાયલા વિષમ વિષયોરૂપી આંધળા કૂવામાં મને ઇન્દ્રિયોએ ધકેલી મૂક્યો છે; માટે હવે તો આ વિષયોથી બસ છે. અરે! હું-પ્રિયવ્રત આ સ્રીને રમવાનો એક માંકડો બની ગયો છું! હાય! ધિક્કાર, મને ધિક્કાર છે.' એમ તે પોતાની નિંદા કરવા લાગ્યા. તે પછી પરમદેવ શ્રીહરિની કૃપાથી જેમને આત્મવિવેક પ્રાપ્ત થયો હતો એવા તે પ્રિયવ્રત રાજાએ પોતાને અનુસરનારા એવા પુત્રોને ભાગ પ્રમાણે આ પૃથ્વી વહેંચી આપી અને જેની સાથે ભોગ ભોગવ્યા હતા તે રાણીનો પણ સામ્રાજ્યની સંપત્તિ સાથેજ, જેમ એક મુડદાનો ત્યાગ કરે તેમ ત્યાગ કરી દઇ, પોતે હૃદયમાં વૈરાગ્ય ધારણ કર્યો ને શ્રીહરિના ચિંતનને પણ હૃદયમાં સ્થાપવાથી જેમને એવું ત્યાગસામર્થ્ય પ્રાપ્ત થયું હતું એવા તે રાજાએ પુનઃ ભગવાન નારદે ઉપદેશેલા માર્ગનોજ આશ્રય કર્યો.*[૩૭।૩૮] આ પ્રિયવ્રત રાજાના મહિમાને દર્શાવનારા આવા ઘણાજ પ્રાચીન શ્લોકો છે–

प्रियव्रतकृतं कर्म को नु कुर्याद्विनेश्वरम्।
यो नेमिनिम्नैरकरोच्छायां घ्नन् सप्तवारिधीन्॥
भूसंस्थानं कृतं येन सरिद्गिरिवनादिभिः।
सीमा च भूतनिर्वृत्त्यै द्वीपे द्वीपे विभागशः॥
भौमं दिव्यं मानुषं च महित्वं कर्मयोगजम्।
यश्चक्रे निरयौपम्यं पुरुषानुजनप्रियः॥ ३९-४१

પ્રિયવ્રત રાજાએ જે કાર્ય કર્યું છે તેને ઈશ્વર સિવાય બીજો કોણ કરી શકે તેમ છે? જગતમાં અંધકારને દૂર કરતા જેમણે રથનાં પૈડાંઓની ધારથી સાત સમુદ્રો કર્યા;[૩૯] વળી જેમણે દ્વીપરચના કરીને પૃથ્વી પર સંસ્થાન કર્યાં ને પ્રત્યેક દ્વીપમાં પ્રાણીઓની શાંતિને માટે-પરસ્પર વિવાદ ન થાય તે માટે નદીઓ, પર્વતો તથા વનો વગેરેથી વિભાગવાર સીમાડાઓ બાંધી દીધા;[૪૦] એટલુંજ નહિ પણ ભગવાનના ભક્તો જેમને પ્રિય હતા એવા તે રાજાએ કર્મના યોગથી ઉત્પન્ન થનારા પાતાલના, સ્વર્ગના તથા મનુષ્યલોકના વૈભવને નરકતુલ્ય માન્યા હતા."[૪૧]

भौमं दिव्यं मानुषं च महित्वं कर्मयोगजम्।
यश्चक्रे निरयौपम्यं पुरुषानुजनप्रियः॥ ४१॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૧લો સમાપ્ત

अध्याय २ जो×

સ્રીલંપટ આગ્નીધ્ર રાજાનું ચરિત્ર

॥ श्रीशुक उवाच ॥

एवं पितरि संप्रवृत्ते तदनुशासने वर्तमान आग्नीध्रो जंबूद्वीपौकसः प्रजा औरसवद्धर्मावेक्षमाणः पर्यगोपायत्॥ १॥

શ્રીશુકદેવજી બોલ્યા–"એ પ્રમાણે પોતાના પિતા-પ્રિયવ્રતરાજા વનમાં ગયા, એટલે તેમની આજ્ઞા પ્રમાણે વર્તીને આગ્નીધ્ર રાજા ધર્મ તરફ દૃષ્ટિ રાખીને પોતાનાં સંતાનોની પેઠે જંબૂદ્વીપમાં વસતી પ્રજાઓનું પાલન કરવા લાગ્યો.[૧] એક સમયે તે રાજાને પિતૃલોકમાં જવાની ઇચ્છાથી પુત્ર માટે ઇચ્છા થઈ, તેથી ઉત્તમ દેવતાઓની સ્રીઓને ક્રીડા કરવાના સ્થાનરૂપ મંદરાચલ પર્વતની ગુફામાં તે ગયો અને ત્યાં સર્વ પૂજાસાહિત્ય એકત્ર કરીને તે તપસ્વીએ ચિત્તની એકાગ્રતાપૂર્વક ભગવાન બ્રહ્મદેવનું આરાધન કરવા માંડ્યું.[૨] આદિપુરુષ ભગવાન બ્રહ્માએ તે જાણીને પોતાની સભામાં ગાન કરતી પૂર્વચિત્તિ નામની અપ્સરાને આગ્નીધ્ર રાજા પાસે સંભોગ માટે મોકલી;[૩] એટલે તે અપ્સરા આગ્નીધ્ર રાજાના અતિશય સુંદર

* અર્થાત્ શાલગ્રામ નામના પવિત્ર વનમાં જઇને નિરંતર ભગવાનનું ભજનજ કરવા માંડ્યું.–ચા. પ્ર.

× આ અધ્યાયમાં સ્રીલંપટ લોકોને પસંદ પડે એવું આગ્નીધ્રનું ચરિત્ર વર્ણવાશે, કે જેણે પૂર્વચિત્તિ નામની પોતાની સ્રીમાં નાભિ વગેરે પુત્રોને ઉત્પન્ન કર્યા હતા. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આશ્રમના ઉપવનમાં (આવીને) આસપાસ ફરવા લાગી, કે જે ઉપવનમાં અનેક ગીચ વૃક્ષોની ડાળીઓ પર ચડેલી સોનેરી વેલો ઉપર બેસીને મયૂર વગેરે સ્થલપક્ષીઓનાં યુગલો ષડ્જ આદિ સ્વરોનો ઉચ્ચાર કરી રહ્યાં હતાં અને તે દ્વારા જાગ્રત થઇને જલકૂકડાં, કારંડવ અને કલહંસ આદિ પક્ષીઓ પણ તરેહતરેહના શબ્દોથી કમળોના સમૂહ વડે વ્યાપ્ત એવાં નિર્મળ જળાશયોને ત્યાં ગજાવી મૂકતાં હતાં.[૪] રાજકુમાર આગ્નીધ્ર અત્યંત સુંદર ગતિએ પગલાંઓ મૂકીને વિલાસપૂર્વક ચાલતી પેલી પૂર્વચિત્તિ અપ્સરાના પગલે પગલે ઝણકાર કરતા મનોહર ઝાંઝરના શબ્દ સાંભળીને સમાધિયોગથી મીંચેલાં નેત્રકમળની કળીના યુગલને જરા ઉઘાડીને જોવા લાગ્યો[૫] અને સમીપમાંજ ભ્રમરીની પેઠે પુષ્પોને સૂંઘતી જે અપ્સરા, દેવો તથા મનુષ્યોનાં મન અને નેત્રોને હર્ષ આપનાર ગતિ, વિહાર, લજ્જા, વિનયપૂર્વક જોવું, સુંદર સ્વરયુક્ત ભાષણ તથા શરીરના અવયવો વડે પુરુષોના મનમાં કામદેવને અવકાશ આપતી હતી અને જેના મુખમાંથી નીકળતા અમૃત સમાન સ્વાદિષ્ટ તથા આસવ સમાન માદક હાસ્યપૂર્વક ભાષણસમયે શ્વાસોચ્છ્વાસના ગંધથી મદાંધ થતા ભમરાઓનાં ટોળાંઓ આસપાસ આવીને ઘેરી વળતાં હતાં, તેના ભયને લીધે ઉતાવળે ઉતાવળે પગલાં ભરતી હતી અને તેથીજ જેનાં સ્તનકલશ, મસ્તક પરની વેણી અને કેડનો કંદોરો સુંદર રીતે લચકતાં હતાં; આવી તે અપ્સરાને જોતાંજ જેને અવકાશ મળ્યો હતો એવા ભગવાન કામદેવને વશ થઇને જાણે ગાંડો બની ગયો હોય તેમ* રાજા આ પ્રમાણે તેને કહેવા લાગ્યો:[૬] 'હે મુનિઓમાં શ્રેષ્ઠ! તમે કોણ છો? અને આ પર્વતમાં શું કરવા ઇચ્છો છો? ખરેખર, પરમદેવ ભગવાનની તમે કોઈ માયા હો ÷એમ લાગે છે. હે મિત્ર! તમે શું પોતાને માટે આ બે દોરી વિનાનાં ધનુષ ધારણ કરો છો?× અથવા શું આ જંગલમાં પ્રમાદી મૃગલાંઓને તમે શોધો છો?[૭] આપ ભગવાનનાં આ બે બાણો (કટાક્ષો) કે જે નેત્રકમળરૂપી પીછાંવાળાં છે, શાંત જણાય છે–વિલાસથી સુંદર દેખાય છે, પૂછડાંઓ વિના પણ મનોહર લાગે છે અને અત્યંત તીક્ષ્ણ અગ્રભાગવાળાં છે, તે બાણોનો તમે આ વનમાં ઘૂમીને કોના ઉપર પ્રયોગ કરવા ધારો છો? તે અમે નથી સમજી શકતા. અમે જડ બુદ્ધિવાળા છીએ; તો તમારું આ પરાક્રમ અમારા કલ્યાણ માટે થજો.[૮] આપ ભગવાનના આ શિષ્યો (આસપાસ ઊડતા ભમરાઓ) ચોતરફ +ભગવાન સામવેદનો રહસ્ય સાથે નિરંતર પાઠ કરી રહ્યા છે અને તેનું ગાન કરી રહ્યા છે; તેમજ ઋષિગણો જેમ વેદશાખાઓનું સેવન કરે છે, તેમ આપની શિખામાંથી પડતી પુષ્પવૃષ્ટિઓને તેઓ સર્વે સેવી રહ્યા છે. હે બ્રહ્મન્! આ તમારા ચરણ ઉપર [૧]પીંજરામાં રહેલાં [૨]તેતર પક્ષીઓની કેવળ અમે વાણી સાંભળીએ છીએ, પણ તેઓનું રૂપ અમે જોઈ શકતા નથી; છતાં તેઓની વાણી અત્યંત સ્પષ્ટ છે. વળી (અમે તમને પૂછીએ છીએ કે,) તમારા આ સુંદર નિતંબમંડળ ઉપર કદંબના પુષ્પ જેવી જે આ કાંતિ[૩] દેખાય છે, તે તમે ક્યાંથી

* ખરી રીતે રાજા ગાંડો થયો ન હતો. એ તો સ્ત્રીઓને વશ કરવાની એક કળા છે કે, સ્ત્રીઓને વશ કરવી હોય ત્યારે ગાંડાઘેલા થવું પડે એમ સૂચવ્યું છે. –મા. ક.

÷ આ વાક્ય તેની બે ભ્રમરો જોઇને કહ્યું છે.

—શ્રીધર

× આથી એ કહેવા માગે છે કે, અમારા જેવા પ્રમાદી–અજિતેન્દ્રિય મૃગલા જેવાઓને શું તું શોધે છે? અર્થાત્, અમારા જેવાઓને વશ કરવા માટે આ બે ભ્રૂકુટિરૂપી ધનુષ લઇને શું તું અહીં ઘૂમે છે?—શ્રીધર

\+ **वेदो नारायणः साक्षात्**–વેદ એ સાક્ષાત્ નારાયણ છે, એ વચન અનુસાર અહીં રાજા વેદને 'ભગવાન' વિશેષણ આપે છે. —बालप्रबोधिनी

૧. પીંજરામાં એટલે ઝાંઝરોમાં.

૨. તેતર પક્ષીઓ એટલે ઝાંઝરોમાંના મણિઓ. શ્રી૦

૩. પહેરેલાં પીળાં વસ્ત્રને નિતંબની કાંતિ તરીકે કહે છે. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

મેળવી છે, કે જેની આસપાસ+ ઊંબાડિયાંનું મંડળ જણાય છે? (એ તો ઠીક) પણ તમારું વલ્કલ÷ વસ્ત્ર ક્યાં ગયું?૧૦ હે બ્રાહ્મણ! તમારાં આ બે સુંદર ‡શિંગડાંઓમાં શું ભર્યું છે? (એમાં કંઇ સુંદર વસ્તુ ભરી છે એમ તો હું જાણી શકું છું.) કેમકે તમે કેડમાં પાતળા છો; તોપણ કષ્ટ વેઠીને આ બન્નેને ધારણ કરો છો, કે જેના ઉપર મારી દષ્ટિ ચોંટી રહી છે. હે સુંદર ભાગ્યવાળા! તમારાં આ શિંગડાં ઉપર લાલ રંગનો આ સુગંધી કાદવ* ક્યાંથી વળગ્યો છે, કે જેને લીધે તમે મારા આશ્રમને સુગંધિત કરી મૂકો છો? હે શ્રેષ્ઠ મિત્ર! તમે તમારું નિવાસસ્થાન તો મને બતાવો વારુ, કે જ્યાંનો રહેવાસી મનુષ્ય આવી રીતે અમારા જેવાના મનને લલચાવનાર છાતી ઉપર બે અપૂર્વ અવયવોને ધારણ કરે છે અને મુખમાં અત્યંત આશ્ચર્યકારક મધુર આલાપ તથા વિલાસ સાથે ×અમૃતાદિને ધારણ કરે છે? હે મિત્ર! તમારા નિવાસસ્થળમાં શરીરનો આહાર શો છે, કે જેનું ભોજન કરવાથી આવી સુગંધ[1] આવે છે? મને લાગે છે કે તમે વિષ્ણુના અંશ છો; કેમકે તમારા બે કાનમાં રત્નોરૂપી સ્થિર નેત્રવાળાં બે મકરાકાર કુંડળો શોભી રહ્યાં છે અને તમારું મુખ જાણે એક સરોવર હોય એવું જણાય છે; કેમકે તેમાં ચંચળ[2] માછલાંઓનું યુગલ હોય એમ લાગે છે અને [3]દ્વિજોની પંક્તિથી તેમાં શોભા થઇ રહી છે; તેમજ તેની સમીપમાં ‡ભમરાઓનાં ટોળાં જોવામાં આવે છે. તમે તમારા હાથરૂપી કમળથી જે આ +પતંગિયાંને ઉરાડો છો તે, દિશાઓમાં ભમીને ભ્રમિત ચિત્તવાળાં મારાં બન્ને નેત્રોને કંપાવી મૂકે છે અને તમારો આ વાંકો કેશકલાપ બંધનથી છૂટો પડી ગયો છે તેને તમે કેમ સમારતા નથી? વળી આ ધૂર્ત વાયુ લંપટ થઇને તમારા નીચેના વસ્ત્રને ઉરાડી નાખે છે, તે પણ તમારા લક્ષ્યમાં નથી શું? હે તપોધન! તપસ્વીઓના તપનો નાશ કરનારું આવુંજ સ્વરૂપ તમે કયા તપથી મેળવ્યું છે? હે મિત્ર! તમારે હવે મારી સાથેજ તપશ્ચર્યા કરવી યોગ્ય છે; અથવા સંસારનો વિસ્તાર કરનાર બ્રહ્મદેવ શું મારા ઉપર પ્રસન્ન થયા છે! (કે જેથી તમને મારી સ્ત્રી તરીકે અહીં મોકલેલ છે?) ઠીક છે. બ્રાહ્મણોના દેવ તે બ્રહ્માએ આપેલા તમારા જેવા પ્રિય મિત્રને હવે હું નહિ છોડું! કેમકે મારું મન અને દષ્ટિ–એ બન્નેય તમારામાં એવાં તો લાગ્યાં છે, કે તમારાથી જરા પણ દૂર ખસતાં નથી. તો હે સુંદર શિંગડાંવાળા! મને અનુસરનારાને તમે તમારું ચિત્ત જ્યાં હોય ત્યાં લઇ જવાને યોગ્ય છો અને તમારી સખીઓ પણ મને અનુકૂળ થાઓ.'૧૧–૧૬

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે સ્ત્રીને વિનવવામાં કુશળ અને વિદ્વાન બુદ્ધિવાળા તે આગ્નીધ્ર રાજાએ, વિષયી પુરુષોમાં ચતુરાઈવાળી ગણાતી તે વાણીથી પેલી દેવાંગનાને વશ કરી લીધી.૧૭ વીર પુરુષોના નાયક એ આગ્નીધ્ર રાજાની બુદ્ધિ, સ્વભાવ, રૂપ અને વયની સુંદરતા તથા ઉદારતાથી તે મોહિત મનવાળી થઇ ગઇ, જેથી જંબૂદ્વીપના સ્વામી એ રાજાની સાથે હજારો વ-

† નિતંબ ઉપર સોનાનો કંદોરો છે તેને ઊંબાડિયાંના મંડળ તરીકે કહે છે. —भा. क.

÷ જે વસ્ત્ર હતું તેને નિતંબની કાંતિ તરીકે માની લીધું; તેથી વસ્ત્ર નહિ જોઇને આવો પ્રશ્ન કરે છે.–શ્રી.

‡ સુંદર શિંગડાં તે બે સ્તન સમજવાં. –શ્રીધર

* સ્તન ઉપર લગાવેલા કેસરને લાલ કાદવ ધારીને કહે છે. —શ્રીધર

× અમૃત–એટલે અધરામૃત જાણવું અને વગેરે શબ્દથી મંદ હાસ્ય વગેરે સમજવું. —શ્રીધર

૧. તાંબૂલ ચાવેલું જોઇને આમ કહ્યું છે. –શ્રીધર

૨. માછલાંઓનું યુગલ–એટલે નેત્રયુગલ. –શ્રીધર

૩. જેમ સરોવરમાં દ્વિજો–રાજહંસોની પંક્તિથી શોભા હોય છે, તેમ મુખરૂપી સરોવરમાં દ્વિજોની દાંતોની હંસ જેવી શોભા જણાય છે. —શ્રીધર

‡ જેમ સરોવરકિનારે ભમરાઓ હોય છે, તેમ આ મુખસરોવરને કિનારે કેશપાશ તે ભમરાઓ છે અથવા સુગંધના લોભથી ભમરાઓ ઊડે છે.

+ પતંગિયું તે હાથમાં ઊછળતો દડો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ર્ષના સમય સુધી પૃથ્વીના તેમજ સ્વર્ગના ભાગો ભોગવવા લાગી. મહારાજા આગ્નીધ્રે તે અપ્સરા વિષે નાભિ, કિંપુરુષ, હરિવર્ષ, ઇલાવૃત, રમ્યક, હિરણ્યમય, કુરુ, ભદ્રાશ્વ તથા કેતુમાલ નામના નવ પુત્રો ઉત્પન્ન કર્યા. પૂર્વચિત્તિ અપ્સરા, એ રીતે પ્રત્યેક વર્ષે એક એક—એમ નવ પુત્રોને જન્મ આપીને તેઓને ઘેરજ મૂકી દઈ ફરી બ્રહ્મદેવની પાસે ચાલી ગઈ. તે આગ્નીધ્ર રાજાના પુત્રો પોતાની માતાના અનુગ્રહને લીધે સ્વાભાવિક રીતેજ મજબૂત શરીરવાળા થયા અને તેઓને તેમના પિતાએ ભાગ પ્રમાણે જંબૂદ્વીપના ખંડો વહેંચી આપ્યા, જેથી પોતપોતાના નામથી પ્રખ્યાત થયેલા તે તે ખંડોનો તેઓ ઉપભોગ કરવા લાગ્યા.[૧૮-૨૧] રાજા આગ્નીધ્ર કે જે વિષયોના ભોગથી અતૃપ્તજ રહ્યો હતો અને પેલી અપ્સરાનેજ પ્રતિદિન અધિક માનતો હતો, તેથી વેદોક્ત કર્મો કરી કરીને તે, અપ્સરાના લોકનેજ પામ્યો, કે જ્યાં પિતૃદેવો આનંદ કરે છે.[૨૨] એ રીતે પોતાનો પિતા આગ્નીધ્ર (મરીને) પરલોકમાં ગયો તે પછી તેના પુત્ર—નવે ભાઇઓ મેરુદેવી, પ્રતિરૂપા, ઉગ્રદંષ્ટ્રી, લતા, રમ્યા, શ્યામા, નારી, ભદ્રા તથા દેવવીતિ, એ મેરુપર્વતની નવ પુત્રીઓ પરણ્યા હતા."[૨૩]

संपरेते पितरि नव भ्रातरो मेरुदुहितॄर्मेरुदेवीं प्रतिरूपामुग्रदंष्ट्रीं लतां रम्यां श्यामां नारीं भद्रां देववीतिमिति संज्ञा नवोदवहन् ॥ २३ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૨ જો સમાપ્ત

અધ્યાય ૩ જો*

નાભિ રાજાનું માંગલિક ચરિત્ર

॥ શ્રીશુક ઉવાચ ॥

नाभिरपत्यकामोऽप्रजया मेरुदेव्या भगवंतं यज्ञपुरुषमवहितात्माऽयजत ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"નાભિરાજા પોતાને ત્યાં સંતાનની ઉત્પત્તિ ઇચ્છતો હતો; તેથી તેણે પ્રજારહિત પોતાની સ્ત્રી મેરુદેવી સાથે એકાગ્રચિત્ત થઇને ભગવાન યજ્ઞપુરુષનું યજન કરવા માંડ્યું.[૧] શ્રદ્ધા અને શુદ્ધ ભાવથી તે રાજા યજ્ઞ કરી રહ્યો હતો અને પ્રવર્ગ્ય નામનાં યજ્ઞકર્મો ત્યાં ચાલી રહ્યાં હતાં, ત્યારે દ્રવ્ય, દેશ, કાળ, મંત્ર, ઋત્વિજ, દક્ષિણા તેમજ વિધિ, એવા સાત ઉપાયોની સંપત્તિ હોવા છતાં પોતે દુર્લભ છે, તોપણ પોતાના ભક્તજનોના ઇષ્ટ મનોરથોને પૂર્ણ કરવાની ઇચ્છાથી જેમનું હૃદય આકર્ષાય છે એવા ભગવાને ભક્તો ઉપરના પ્રેમને લીધે સુંદર અવયવો ધારણ કરીને પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યું; જે સ્વરૂપ સ્વતંત્ર છે, હૃદયને ગમે તેવું છે અને મન તથા નેત્રને આનંદ ઉપજાવનાર અવયવોથી સુંદર છે. તેજોમય તે પુરુષોત્તમ ભગવાન કે જેમણે ચાર ભુજાઓ પ્રકટ કરી હતી, પીળાં રેશમી વસ્ત્રો ધારણ કર્યાં હતાં, જેમનું શ્રીવત્સ નામનું ચિહ્ન શોભી રહ્યું હતું, ઉત્તમ શંખ, કમળ, વનમાળા, ચક્ર, કૌસ્તુભમણિ, ગદા વગેરેથી જે યુક્ત હતા અને ઝળકતાં કિરણોવાળા ઉત્તમ મુકુટ, કુંડળો, કડાં, કંદોરો, હાર, બાજુબંધ તથા ઝાંઝર વગેરે અંગનાં આભૂષણોથી જે શણગારેલા હતા, એવા તે ભગવાનને જેમ નિર્ધન મનુષ્યો ઉત્તમ નિધિને પ્રાપ્ત કરે, તેમ પ્રત્યક્ષ પ્રાપ્ત કરીને ઋત્વિજો, સભાસદો તથા યજમાન બહુ માનપૂર્વક મસ્તક નમાવીને પૂજાસ-

* આ અધ્યાયમાં નાભિરાજાનું પરમ મંગલ ચરિત્ર વર્ણવાશે; જે રાજાના યજ્ઞમાં શ્રીહરિ, 'ઋષભદેવ' નામે પ્રખ્યાત પુત્ર થઇને અવતર્યા હતા. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્કાર સાથે તેમની સ્તુતિ કરવા લાગ્યા.[૨-૩]

ઋત્વિજો બોલ્યાઃ—'હે મહાપૂજ્ય દેવ ! આપ જો કે પરિપૂર્ણ છો તોપણ આપના માર્ગે ચાલનારા દાસ એવા અમારી પૂજાનો વારંવાર સ્વીકાર કરવાને આપ યોગ્ય છો. અમને તો સત્પુરુષોએ એટલુંજ શીખવ્યું છે કે, '**નમો નમઃ**' ભગવાનને વારંવાર નમસ્કાર કરવા. કારણ કે પ્રકૃતિના ગુણોના પ્રપંચમાંજ જેની બુદ્ધિ રહેલી છે અને તેથીજ અસમર્થ એવો કયો પુરુષ પ્રકૃતિ તથા પુરુષથી પર એવા આપ ઈશ્વરનાં અર્વાચીન (એટલે આપનો સ્પર્શ પણ નહિ કરનારાં અને પ્રપંચની અંદરજ સમાઇ ગયેલાં) નામો, રૂપો તથા આકૃતિઓથી આપના રૂપનું નિરૂપણ કરવાને યોગ્ય છે ? અર્થાત્ આપના સ્વરૂપનું નિરૂપણ કરવાને કોઇ પણ પુરુષ યોગ્ય નથી. સમગ્ર જીવસમૂહનાં પાપોને દૂર કરનારા આપના મંગળ ઉત્તમ ગુણસમૂહના માત્ર અમુક એક ભાગના વર્ણન વિના અધિકનું વર્ણન કરવાને કોઇ યોગ્ય નથી. હે પરમ દેવ ! આપ તો આપના ભક્તોએ પ્રેમપૂર્વક રચેલી, ગળગળા અક્ષરોવાળી સ્તુતિઓથી, જળથી શુદ્ધ કૂણાં પાંદડાંઓથી, તુલસીથી તથા દૂર્વાના અંકુરોથી પણ કરેલી પૂજા વડે અત્યંત પ્રસન્ન થાઓ છો. જો એમ ન હોય તો આ પુષ્કળ પૂજાસાહિત્યથી ભરેલી આપની આ યજ્ઞરૂપ પૂજાથી પણ આપનું યોગ્ય પ્રયોજન (સિદ્ધ થતું હોય એમ) અમે જોતા નથી.[૪-૭] કારણ કે સ્વતઃજ સર્વદા અવિચ્છિન્ન રીતે અતિશય પ્રકટ થતા સમગ્ર પુરુષાર્થો તેજ આપનું પરમાનંદસ્વરૂપ છે; તોપણ હે નાથ ! (આ યજ્ઞયાગાદિથી આપને તો કંઇ પણ પ્રયોજન નથી, છતાં) આ યજ્ઞ—યાગાદિ જે કંઇ કરવામાં આવે છે તે, કામનાઓની આશા રાખનારા અમોનેજ માત્ર (આપના) આરાધનરૂપે (ઉપયોગી) થવાને યોગ્ય છે.÷ હે સર્વોત્તમ પરમ પુરુષ ! અમે મૂર્ખાઓ અમારી મેળે અમારું પોતાનું પરમ કલ્યાણ સમજી શકતા નથી, તેથીજ (આ યજ્ઞ—યાગાદિ અમારાજ ઉપયોગ પૂરતા અમે લઈ બેઠા છીએ, છતાં) આપ અત્યંત દયાને લીધે પોતાનો મોક્ષ નામનો મહિમા તથા સર્વ કામનાઓ અમને અર્પણ કરવાની ઇચ્છાથી પોતે (પૂજાની અપેક્ષારહિત હોવાથી) અપૂજિતજ છો, છતાં પોતાની મેળેજ પૂજાની અપેક્ષા રાખતા હો તેમ અહીં પ્રકટ થયા છો. (આ રીતે આપ તો અમને વર આપવાને માટેજ પ્રકટ થયા છો તોપણ) હે મહાપૂજ્ય દેવ ! રાજર્ષિ નાભિના આ યજ્ઞમાં વર આપનારાઓમાં ઉત્તમ એવા આપનાં અમને ભક્ત પુરુષોને જ્યારે દર્શન થયાં ત્યારેજ એ વર અમને પ્રાપ્ત થઇ ચૂક્યો છે.[૮-૧૦] કારણ કે જે આત્મારામ મુનિઓના સમગ્ર મળ, વૈરાગ્યથી ઉત્પન્ન થયેલા તીક્ષ્ણ જ્ઞાનાગ્નિ વડે બળીને ભસ્મ થઇ ગયા હોય છે અને તેથીજ જેઓનો સ્વભાવ આપના જેવોજ હોય છે, તેઓને પણ આપના ગુણસમૂહની કથાજ પરમમંગળરૂપ થઇ પડેલી હોય છે, નહિ કે દર્શન. અર્થાત્ એવા મુનિઓને પણ આપનાં દર્શન તો દુર્લભજ હોય છે અને તેથીજ તે મુનિઓ આપના ગુણસમુદાયનો નિત્ય અભ્યાસ કર્યા કરે છે.[૧૧] (એ રીતે અમે આપના દર્શનથીજ કૃતાર્થ તો થયાજ છીએ; તોપણ આ એક વર અમે માગીએ છીએ.) અમે કોઈ પણ રીતે ઠેસ ખાઇએ, છીંક ખાઇએ, પડી જઇએ, બગાસું ખાઇએ અથવા બીજી કોઇ ખરાબ સ્થિતિમાં આવી પડીએ અથવા તાવ કે મરણની દશામાં પડ્યા હોઇએ એવા સમયે જ્યારે

÷ અર્થાત્ સકામ એવા અમનેજ આ યજ્ઞયાગાદિ, આપની આરાધના તરીકે ઉપયોગી છે; પરંતુ આપને તેથી કંઇ પણ પ્રયોજન નથી. —શ્રીધર

જો કે પૂજા વગેરેથી આપનો તો કંઈ પણ ઉપકાર થઈ શકતો નથી; તોપણ હે નાથ ! ભોગોની ઇચ્છાવાળા અમનેજ આ પૂજા વગેરે આપના માત્ર આરાધનરૂપે થવાને યોગ્ય થાય છે—અર્થાત્ આ પૂજા વગેરે આપના સંતોષદ્વારા અમારાજ મનોરથો પૂર્ણ કરવાને ઉપયોગી થઈ પડે છે, તેથી આ પૂજા વગેરે વ્યર્થ તો નથી. **વા. પ્ર.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપનું સ્મરણ કરવાને અમે અશક્ત હોઇએ, ત્યારે સમગ્ર પાપોને દૂર કરનાર આપના ગુણોથી પ્રસિદ્ધ થયેલાં નામો અમારી વાણીના વિષયરૂપ થાઓ.[૧૨] (વળી બીજી પણ એક પ્રાર્થના છે કે,) આ રાજર્ષિ નાભિ, સંતાનની ઇચ્છા રાખીને આપના જેવાજ પુત્રની આશા રાખે છે અને 'પ્રજામાંજ પુરુષાર્થ છે' આવો વિશ્વાસ રાખીને જેમ કોઈ નિર્ધન મનુષ્ય ધાન્યનાં ફોતરાંની આશા રાખી કુબેરનું આરાધન કરે, તેમ આ સમગ્ર લોકના ભોગોના તથા સ્વર્ગ અને મોક્ષના પણ ઈશ્વર એવા આપનું આરાધન કરે છે;[૧૩]* (અને એમાં કંઈ આશ્ચર્ય નથી.) કારણ કે આ સંસારમાં જેણે મહાન પુરુષોના ચરણો સેવ્યા નથી તેવો કયો પુરુષ છે, કે જે કોઇ સ્થળે પરાજય નહિ પામેલી અને જેનો માર્ગ પણ જણાયલો નથી એવી આપની માયાથી પરાજય પામ્યો ન હોય ? તેમજ એવો કયો પુરુષ છે કે જેની બુદ્ધિ માયાથી ઢંકાયલી ન હોય અને જેનો સ્વભાવ વિષયોરૂપ ઝેરના વેગથી ઢંકાયેલો ન હોય+ ?[૧૪] હે અનેક કાર્યોના કર્તા પરમાત્મન્ ! આ અતિ તુચ્છ કાર્યને માટે અમે આપને અહીં બોલાવ્યા છે; તે આવી પ્રજારૂપ વસ્તુમાં પુરુષાર્થબુદ્ધિવાળા અમે મંદમતિ મૂર્ખાઓએ આપનું અપમાનજ કર્યું છે; તોપણ હે દેવના દેવ ! આપને તો સર્વ પ્રત્યે સમાનતાજ છે, તેથી અમારા એ અપરાધને સહન કરવાને આપ યોગ્ય છો.'[૧૫]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે ગદ્યાત્મક સ્તોત્રથી ઋત્વિજોએ સ્તુતિ કરી એટલે ભારતવર્ષના રાજા નાભિથી વંદન કરાયલા સર્વ ઋત્વિજોએ જેમના ચરણમાં વંદન કર્યું હતું એવા દેવશ્રેષ્ઠ ભગવાન દયાપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા.[૧૬]

શ્રીભગવાન બોલ્યાઃ–'અહો ! હે ઋષિઓ ! આશ્ચર્યની વાત છે કે, સત્ય વાણીવાળા તમોએ 'આ નાભિ રાજાને મારા જેવો પુત્ર થાય' એવો દુર્લભ વર માગ્યો છે ! કારણ કે અદ્વિતીયપણાથી મારા જેવો તો હું એકજ છું, તોપણ બ્રાહ્મણોનુ વચન મિથ્યા થવાને યોગ્ય નથી. કારણ કે તે ઉત્તમ બ્રાહ્મણોનું કુળ તે મારુંજ મુખ છે.×[૧૭] માટે મારા સરખો બીજો કોઇ પણ મને મળતો નથી, જેથી હું પોતેજ આગ્નીધ્ર રાજાના પુત્ર નાભિ રાજાને ત્યાં અંશકળાથી અવતરીશ.'[૧૮]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે મેરુદેવીના સાંભળતાં તેના પતિ–નાભિ રાજાને કહીને ભગવાન અંતર્ધાન થઇ ગયા.[૧૯] હે પરીક્ષિત રાજા ! એ રીતે તે યજ્ઞમાં મોટા મોટા ઋષિઓએ જેમને પ્રસન્ન કર્યા હતા એવા ભગવાન, નાભિરાજાનું પ્રિય કરવાની ઇચ્છાથી તેમજ નગ્નાવસ્થામાં રહેનારા તપસ્વીઓ, જ્ઞાનીઓ તથા નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મોને દર્શાવવાની ઇચ્છાથી શુદ્ધ સત્ત્વગુણી શરીરે તે નાભિ રાજાની રાણી મેરુદેવીમાં અવતર્યા."[૨૦]

बर्हिषि तस्मिन्नेव विष्णुदत्त भगवान् परमर्षिभिः प्रसादितो नाभेः प्रियचिकीर्षया तदवरोधायने मेरुदेव्यां धर्मान् दर्शयितुकामो वातरशनानां श्रमणानामृषीणामूर्ध्वमंथिनां शुक्लया तनुवाऽवततार ॥ २० ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ચતુર્થ સ્કંધ વિષે અધ્યાય ૩ જો સમાપ્ત

---

* અર્થાત્ કોઇ કુબેર જેવાનું આરાધન કરીને તો તેની પાસેથી ઉત્તમ વસ્તુ મેળવવાની આશા રાખવી જોઇએ, છતાં કોઇ મૂર્ખ મનુષ્ય કુબેરનું આરાધન કરી તેની પાસેથી ધાન્યનાં ફોતરાં મેળવવાની આશા રાખે, તેમ આપ સર્વેશ્વરનું આરાધન કરીને આ રાજા ફોતરાં જેવી વસ્તુની આશા રાખે છે, તેથી ખરેખર મૂર્ખ છે. —बालप्रबोधिनी

\+ માટે આ રાજા પણ આપની માયાથી મોહિત થઇને આપ જેવા પાસેથી આવી તુચ્છ આશા રાખે તે યોગ્યજ છે. —श्रीधर

× માટે તમારાં વચન જો મિથ્યા થાય તો મારું જ મુખ મિથ્યાભાષી બને છે; એ ભાવ છે. આ ઉપરથી એમ સમજવાનું છે કે, પોતાના ભક્ત–બ્રાહ્મણોનાં વચન સત્ય કરવાનેજ ભગવાન નાભિના પુત્ર તરીકે અવતર્યા હતા, નહિ કે યજ્ઞાદિ પ્રભાવથી ! —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

अध्याय ४ थो *

શ્રીઋષભદેવને ત્યાં સો પુત્રોનો જન્મ ને પ્રજાઓનો આનંદ

॥ श्रीशुक उवाच ॥

अथ ह तमुत्पत्त्यैवाभिव्यज्यमानभगवल्लक्षणं साम्योपशमवैराग्यैश्वर्यमहाविभूतिभिरनुदिनमेधमानानुभावं प्रकृतयः प्रजा ब्राह्मणा देवताश्चावनितलसमवनायातितरां जगृधुः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ રીતે અવતાર થયા પછી ઉત્પત્તિથી આરંભીનેજ જેમનામાં ભગવાનનાં લક્ષણો સ્પષ્ટ જણાતાં હતાં અને સમભાવ, બાહ્ય–આભ્યંતર ઇન્દ્રિયનિગ્રહ, વૈરાગ્ય, ઐશ્વર્ય તેમજ સર્વ સંપત્તિઓથી જેમનો પ્રભાવ પ્રતિદિન વૃદ્ધિ પામતો હતો એવા તે કુમારને સર્વ પ્રધાનમંડળ, પ્રજાઓ, બ્રાહ્મણો તથા દેવો પૃથ્વીના રક્ષણને માટે અત્યંત ઇચ્છવા લાગ્યા.[1] તેમના સર્વોત્તમ શરીરથી અને મોટીમોટી કવિતાઓથી કવિઓએ વર્ણવેલાં તેમના તેજથી, બળથી, શોભાથી, યશથી, પ્રભાવથી તેમજ ઉત્સાહથી પિતા—નાભિ રાજાએ તેમનું 'ઋષભ' (સર્વોત્તમ) એવું નામ પાડ્યું.[2] જે સમયે ભગવાન ઇન્દ્રે તે ઋષભદેવ સાથેની સ્પર્ધાને લીધે તેમના ખંડમાં વૃષ્ટિ કરી ન હતી, ત્યારે તે જાણીને યોગેશ્વર ભગવાન ઋષભદેવે (ઇન્દ્રની એ મૂર્ખાઇ ઉપર) હસીને પોતાની યોગમાયાના બળથી પોતાના÷ 'અજનાભ' નામના ખંડમાં વૃષ્ટિ કરી હતી. નાભિ રાજા પોતાની ઇચ્છાનુસાર એ ઋષભદેવ જેવા પુત્રને પ્રાપ્ત કરીને અત્યંત હર્ષથી વિહ્વળ થઇ ગયા અને પોતાની ઇચ્છાથીજ જેમણે મનુષ્યલોકની સમાન ધર્મ–મનુષ્યાકૃતિ ધારણ કરી હતી એવા પુરાણપુરુષ ભગવાનને તેમની માયાને લીધેજ 'આ મારો પુત્ર છે' એમ બુદ્ધિથી માની લઇ ગળગળા અક્ષરોવાળી વાણીથી 'હે વત્સ! હે તાત!' એમ પ્રેમપૂર્વક લાડ લડાવતા પરમ શાંતિને પ્રાપ્ત થયા. તે પછી પ્રજાજનોને માન્ય ગણાતા રાજા નાભિએ પ્રજાઓ તથા પ્રધાનમંડળ સુધ્ધાંનો જેમના પર પ્રેમ જણાયો હતો એવા પોતાના પુત્ર ઋષભદેવનો ધર્મમર્યાદાની રક્ષા માટે રાજ્યાભિષેક કર્યો અને બ્રાહ્મણોના ખોળામાં તેમને મૂકીને પોતે મેરુદેવીની સાથે બદરિકાશ્રમમાં જઇ કોઈ પણ પ્રાણીને ઉદ્વેગ નહિ કરનાર તીવ્ર તપ વડે તથા માનસિક એકાગ્રતાથી સમાધિયોગ વડે નરનારાયણ નામવાળા ભગવાન વાસુદેવની ઉપાસના કરીને, કેટલાક કાળ પછી જીવન્મુક્તિ પ્રાપ્ત કરી.[3–5] હે પરીક્ષિત રાજા! એ નાભિ રાજા સંબંધી આવા બે પ્રાચીન શ્લોક ગવાય છેઃ–

को नु तत्कर्म राजर्षेर्नाभेरन्वाचरेत् पुमान् ।
अपत्यतामगाद्यस्य हरिः शुद्धेन कर्मणा ॥
ब्रह्मण्योऽन्यः कुतो नाभेर्विप्रा मङ्गलपूजिताः ।
यस्य बर्हिषि यज्ञेशं दर्शयामासुरोजसा ॥

"અર્થાત્ રાજર્ષિ નાભિના તે પ્રસિદ્ધ કર્મને તેમના પછીનો કયો પુરુષ કરી શકે તેમ છે, કે જેમનાં શુદ્ધ કર્મને લીધે શ્રીહરિ પોતે તેમના પુત્ર તરીકે અવતર્યા હતા![6] તેમજ નાભિ રાજા સિવાય બીજો બ્રાહ્મણભક્ત રાજા ક્યાં મળે તેમ છે, કે જેમના યજ્ઞમાં દક્ષિણાઓથી સત્કાર પામેલા બ્રાહ્મણોએ પોતાના મંત્રબળથી યજ્ઞપતિ શ્રીહરિનાં નાભિ રાજાને દર્શન કરાવ્યાં હતાં![7]

"તે પછી ભગવાન ઋષભદેવે પોતાના ખંડને કર્મક્ષેત્ર માનીને પોતે ગુરુકુળમાં વાસ કર્યો ને 'ગુરુકુળમાં વાસ કરવો જોઇએ' એમ સર્વને પ્રદર્શિત કર્યું. તે પછી જેઓએ ગુરુદક્ષિણા મે-

* આ અધ્યાયમાં સો પુત્રોવાળા ઋષભદેવજીના રાજ્યનું વર્ણન આવશે, કે જેમના રાજ્યમાં સર્વ મનુષ્યો સંતોષરૂપી અમૃતથી સુખી રહેતા હતા. –श्रीधर

÷ 'અજનાભ' એ ભરતખંડનુંજ જૂનું એક નામ છે. 'अज' એટલે ઋષભદેવ ભગવાન અને 'नाभि'–તેમના પિતા એ બન્ને તેનું રક્ષણ કરતા હતા, તેથી તેનું 'अजनाभ' નામ પડ્યું હતું. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ળવી હતી એવા ગુરુએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાની જ્યારે આજ્ઞા આપી, ત્યારે ગૃહસ્થોના ધર્મનું પણ લોકોને શિક્ષણ આપવા માટે ઇન્દ્રે આપેલી જયંતી નામની કન્યાને પોતે પરણ્યા હતા અને વેદ તથા સ્મૃતિઓમાં કહેલા બન્ને પ્રકારના કર્મવિધિનું પોતે આચરણ કરી પોતાની તે સ્ત્રીમાં તેમણે પોતાના સમાન સો પુત્રો ઉત્પન્ન કર્યા હતા; જેઓમાં સૌથી મોટા ભરત મહાન યોગી હતા અને ગુણોએ કરીને સૌથી શ્રેષ્ઠ હતા, જેના નામ ઉપરથી આ ખંડને 'ભારતવર્ષ' એમ કહેવામાં આવે છે.[૮-૯] તે ભરતથી નાના કુશાવર્ત, ઇલાવર્ત, બ્રહ્માવર્ત, મલય, કેતુ, ભદ્રસેન, ઇન્દ્રસ્પૃક્, વિદર્ભ તથા કીકટ—એ નવ, નેવું પુત્રોમાં ઉત્તમ હતા. કવિ, હરિ, અન્તરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ તથા કરભાજન—એ નવ ભાગવતધર્મને દર્શાવનારા ભગવાનના મહાભક્ત હતા; તેઓનું ઉત્તમ ચરિત્ર જે ભગવાનના મહિમાથી શોભે છે અને શ્રોતાઓના ચિત્તને શાંતિ કરનારૂં છે તે આગળ જતાં (અગિયારમા સ્કંધમાં) વસુદેવ અને નારદના સંવાદરૂપે અમે વર્ણવીશું.[૧૦-૧૨] એ સિવાયના બીજા જયંતીના એકાશી પુત્રો પિતાની આજ્ઞાને માનનારા, અત્યંત વિનયવાળા, મહાન વેદવિદ્યાને જાણનારા, યજ્ઞ કરવાના સ્વભાવવાળા અને તે યજ્ઞાદિ કર્મો કરી શુદ્ધ અંતઃકરણવાળા બ્રાહ્મણો થયા હતા. ભગવાન ઋષભદેવ આત્મતંત્ર હતા—કર્મને અધીન રહેનારા ન હતા અને પોતાની મેળેજ સર્વ અનર્થપરંપરાઓ તેમનાથી દૂર રહેલી હતી; કેમકે કેવળ આનંદનો અનુભવ કરનારા તે ઈશ્વરજ હતા, છતાં પોતે જાણે ઈશ્વર ન હોય તેમ કર્મો કરતા હતા અને કાળે કરીને નાશ પામેલા ધર્મનું પોતે આચરણ કરીને અજ્ઞાનીઓને ધર્મ શીખવતા હતા; સર્વના તરફ મિત્રતા રાખતા હતા; દયાળુ હતા અને ધર્મ, અર્થ, યશ, પ્રજા, આ લોકના ભોગ તથા મોક્ષ—એ સર્વને અનુસરીને લોકોને ગૃહસ્થાશ્રમમાં નિયમિત રાખતા હતા.[૧૩-૧૪] કારણ કે મહાન પુરુષ જે જે આચરણ કરે છે, તેને તેને લોકો અનુસરે છે. જો કે તે ભગવાન સમગ્ર ધર્મોથી યુક્ત વેદના રહસ્યને પોતે જાણતાજ હતા, છતાં બ્રાહ્મણોએ દર્શાવેલા માર્ગેજ *સામાદિ ઉપાયો યોજીને લોકસમૂહને શિક્ષણ આપતા હતા. તે ઋષભદેવ ભગવાને દ્રવ્ય, દેશ, કાળ, ×યુવાવસ્થા, શ્રદ્ધા, ઋત્વિજો તથા અનેક જાતના દેવતાઓના ઉદ્દેશ—એ સર્વ અંગોથી પૂર્ણ સર્વ પ્રકારના યજ્ઞો કરીને શાસ્ત્રવિધિ પ્રમાણે સો વાર પરમાત્માનું યજન કર્યું હતું. ભગવાન ઋષભદેવ આ ભારતવર્ષનું જ્યારે રક્ષણ કરતા હતા ત્યારે તેમાંનો કોઇ પણ પુરુષ માત્ર પોતાના સ્વામી તે ભગવાન વિષે પ્રતિદિન વૃદ્ધિ પામતા અતિશય સ્નેહ વિના બીજી કંઈ પણ વસ્તુ કોઈ બીજા પાસેથી ઇચ્છતો ન હતો; એટલુંજ નહિ પણ જેમ આકાશપુષ્પ આદિ મિથ્યા વસ્તુને કોઇ ઇચ્છતું નથી, તેમ અન્ય કોઇના વૈભવ

* સામાદિ ઉપાયો તે નીતિપ્રસિદ્ધ સામ, દામ, દંડ અને ભેદ, એવા ચાર છે. આ ઉપાયો યોજીને રાજાએ રાજ્ય કરવું જોઇએ. કોઈ સ્થળે યુક્તિ-પ્રયુક્તિથી સમજાવી સામનો ઉપયોગ કરવો જોઇએ; કોઇ સ્થળે સામથી ન સમજાવી શકાય તો કંઇ કંઇ આપીને દાનનો ઉપયોગ કરવો જોઈએ; કોઇ સ્થળે દાનથી કંઈ ન વળે તો આસપાસના માણસોને ફોડી-ભેદનો ઉપયોગ કરી સામાને વશ કરવો જોઇએ અને તે ભેદથી પણ કંઇ ફળ ન આવે તો છેવટ દંડનો ઉપયોગ કરવો—શિક્ષા કરીને સામાને વશ કરવો. આ ઉપાયોની યોજના એક શિક્ષકે પોતાના પુત્ર પ્રત્યે આ પ્રમાણે કરી છેઃ—

अधीष्व पुत्रकाधीष्व मोदकं प्रददामि ते।
अन्यथाऽस्मै प्रदास्यामि कर्णमुत्पाटयामि ते ॥

હે પુત્ર! તું ભણ, ભણ (એ સામ); જો તું ભણીશ તો હું તને લાડુ આપીશ (એ દાન); જો તું નહિ ભણે તો આ લાડુ આ બીજા છોકરાને આપી દઇશ (આ ભેદ); હજી તું માનતો નથી કે? ઊભો રહે, હમણાં તારો કાન ઉખેડી નાખું છું. (આ દંડ) —भा. क.

× દરેક અવસ્થા કરતાં યુવાવસ્થા એ ધર્માચરણમાં મુખ્ય અંગ છે. માટેજ કહ્યું છે-**युवैव धर्ममन्विच्छेत्**—યુવાવસ્થામાંજ ધર્માચરણ કરી લેવું —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

વગેરે તરફ કોઇ દૃષ્ટિ પણ કરતું ન હતું.+૧૫-૧૮ એક સમયે તે ઋષભદેવ ભગવાન ફરતા ફરતા બ્રહ્માવર્ત દેશમાં પધાર્યા. ત્યાં મોટા મોટા બ્રહ્મર્ષિઓની સભામાં સર્વ પ્રજાઓના સાંભળતાં પોતાના પુત્રો કે જેઓ મનને વશ રાખનારા હતા અને વિનય તથા સ્નેહને લીધે સારી રીતે વશ કરાયલા હતા; તોપણ (પ્રજાઓને ઉપદેશ આપવા માટે) તેઓને શિક્ષણ આપતા આ પ્રમાણે કહેવા લાગ્યા.૧૯

स कदाचिदटमानो भगवानृषभो ब्रह्मावर्तगतो ब्रह्मर्षिप्रवरसभायां प्रजानां निशामयन्तीनामात्मजानवहितात्मनः प्रश्रयप्रणयभरसुयंत्रितानप्युपशिक्षयन्निति होवाच ॥ १९ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૪ થો સમાપ્ત

अध्याय ५ मो×

ઋષભદેવનો પુત્રોને મોક્ષધર્મનો ઉપદેશ અને તેમની પરમહંસદીક્ષા

॥ ऋषभ उवाच ॥

नायं देहो देहभाजां नृलोके कष्टान् कामानर्हते विड्भुजां ये। तपो दिव्यं पुत्रका येन सत्त्वं शुद्ध्येद्यस्माद् ब्रह्मसौख्यं त्वनन्तम् ॥ १ ॥

ઋષભદેવ બોલ્યા-'હે પુત્રો! જે દુઃખદાયી વિષયભોગો વિષ્ટા ખાનારાં-કૂતરાં, ભૂંડ વગેરે પ્રાણીઓને પણ મળી રહે છે, તે વિષયભોગોને માટે મનુષ્યલોકમાં મનુષ્યોનો આ દેહ યોગ્ય નથી, પણ આ મનુષ્યદેહથી દિવ્ય તપ કરી લેવું જોઇએ, કે જેથી અંતઃકરણ શુદ્ધ થાય છે અને અંતઃકરણની શુદ્ધિથી અનંત બ્રહ્મસુખની પ્રાપ્તિ થાય છે.૧ વિદ્વાનો કહે છે કે, મહાન પુરુષોની સેવા તે મોક્ષનું દ્વાર છે અને સ્ત્રીઓનો સંગ તે સંસારનું દ્વાર છે. જેઓ સર્વત્ર સમાન ચિત્તવાળા હોય, અત્યંત શાંત હોય, ક્રોધથી રહિત હોય, ઉત્તમ હૃદયવાળા અને સદાચારી હોય તેઓને (તમારે) મહાન પુરુષો જાણવા.૨ અથવા જેઓનો પરમપુરુષાર્થ હું-પરમેશ્વરમાં પરમ પ્રેમ કરવો એજ ધ્યેય હોય છે અને માત્ર શરીર પોષવાનીજ જેઓ પાસે વાત હોય છે, તેવા મનુષ્યો ઉપર તથા સ્ત્રી, પુત્ર અને ધનથી યુક્ત એવાં ઘર ઉપર જેઓને પ્રીતિ હોતી નથી; તેમજ લોકમાં પોતાના શરીરનિર્વાહ પૂરતુંજ જેઓને પ્રયોજન હોય છે, તેઓને મહાન પુરુષો જાણવા.૩ મનુષ્ય જયારે ઇન્દ્રિયપ્રીતિ માટે કર્મ કરે છે, ત્યારે તે પ્રમાદી થઇને અવશ્ય પાપકર્મજ કરે છે, કે જે (પૂર્વજન્મનાં) પાપકર્મને લીધેજ આ દુઃખદાયી શરીર મિથ્યા હોવા છતાં ઉત્પન્ન થયું છે; માટે ફરી તેવાં પાપકર્મ કરવાં એ હું યોગ્ય માનતો નથી.૪ મનુષ્ય ત્યાંસુધી આત્મતત્ત્વને જાણવા ઇચ્છતો નથી, જ્યાં સુધી અજ્ઞાનને લીધે તેનો પરાભવ થાય છે-દેહાદિ ઉપરના અહંભાવથી સ્વસ્વરૂપનું જ્ઞાન થતું નથી; કારણ કે જ્યાંસુધી ક્રિયાઓ હોય છે, ત્યાંસુધી આ મન કર્મ કરવાના સ્વભાવવાળુંજ થાય છે અને એવા સ્વભાવવાળું મન હોય છે, તેથીજ આત્માને શરીરમાં બંધાવું પડે છે.૫ એ પ્રમાણે અવિદ્યાને લીધે આત્મસ્વરૂપ ઢંકાઇ જાય છે, ત્યારે (પૂર્વજન્મનાં કરેલાં) કર્મ મનને વશ કરે છે અને ફરી પણ કર્મ કરવામાંજ તેને આસક્ત કરે છે. માટે હું-વાસુદેવમાં જ્યાંસુધી પ્રીતિ થતી નથી, ત્યાંસુધી પુરુષ દેહના સંબંધથી મુક્ત થતો નથી.૬ જો કે પોતે વિદ્વાન હોય-વિવેકી હોય છતાં પોતાનો સ્વાર્થ સાધવામાં પ્રમાદી બની જઇને ઇન્દ્રિયોની

+ કહેવાનો ભાવ એ છે કે, ભગવાન ઋષભદેવે પોતે સ્વધર્મનું આચરણ કરીને ધર્મનો એટલો બધો પ્રચાર કર્યો હતો કે જેથી તે સમયની પ્રજાઓ તે તે ધર્મનું આચરણ કરીને શુદ્ધ ચિત્તવાળી થઇ ગઈ હતી અને તેઓના રાગ-લોભાદિ દોષો પણ દૂર થઇ ગયા હતા. —बालप्रबोधिनी

× આ અધ્યાયમાં ઋષભદેવ ભગવાને મોક્ષધર્મનો ઉપદેશ આપી પુત્રોને શિક્ષણ આપ્યું અને સુખ-દુઃખાદિ દ્વંદ્વો સહન કરીને પરમહંસપણું સ્વીકાર્યું, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચેષ્ટાને જે મિથ્યા જોતા નથી, તો એકાએક અજ્ઞાની બની જઇને પોતાના સ્વરૂપજ્ઞાનને ભૂલી જાય છે અને તેથી મૈથુનસુખ જેમાં મુખ્ય છે, એવા ઘરમાં ફસાઈ પડીને વિવિધતાપને ભોગવ્યા કરે છે—અનેક રીતે દુઃખી થાય છે.૭ વિદ્વાનો કહે છે કે, સ્ત્રી ને પુરુષ જ્યારે દંપતીભાવે જોડાય છે, ત્યારે તેઓનો એ દંપતીભાવ પરસ્પર તેઓ બન્નેની +બીજી એક હૃદયની ગાંઠરૂપ થઇ પડે છે, કે જે એ ગાંઠને લીધે મનુષ્યને ઘર, ક્ષેત્ર, પુત્ર, સંબંધીઓ તથા ધનમાં 'હું, મારો' એવો મોહ થાય છે.‡૮ એ રીતે મનુષ્યની એ હૃદયની (મોહરૂપી) ગાંઠ કે જે કર્મોને લીધે બંધાયલી હોય છે, તે જ્યારે શિથિલ થાય છે, ત્યારે તે મનુષ્ય એ દંપતીભાવથી નિવૃત્ત થાય છે અને એથી નિવૃત્ત થયો એટલે સર્વ બંધનના કારણરૂપ અહંકારનો ત્યાગ કરી, મુક્ત થઈને પરમપદને પામે છે.૯ હે*પુત્રો ! હંસ સમાન વિવેકવાળા ગુરુ વિષે તથા પરમાત્મા વિષે ભક્તિથી અને તત્પરતાથી, તૃષ્ણાના ત્યાગથી, સુખદુઃખાદિ દ્વંદ્વોને સહન કરવાથી, 'આ લોક તથા પરલોક—એમ સર્વ ઠેકાણે જીવને દુઃખ છે' એમ જાણવાથી, તત્ત્વ—અતત્ત્વને જાણવાની ઇચ્છાથી, તપશ્ચર્યા કરવાથી, કામ્યકર્મનો ત્યાગ કરવાથી, મારામાં કર્મો અર્પણ કરવાથી, મારી કથા કરવાથી, હુંજ જેઓનો દેવ છું, તેવા મારા ભક્તોનો નિત્ય સંગ કરવાથી, મારા ગુણોનું કીર્તન કરવાથી, પ્રાણીમાત્ર ઉપર વૈરનો ત્યાગ કરવાથી' સર્વત્ર સમભાવ રાખવાથી, બાહ્ય—આભ્યંતર ઇન્દ્રિયોને વશ કરવાથી, શરીર તથા ઘર ઉપરની 'હું—મારું' એ બુદ્ધિનો ત્યાગ કરવાથી, અધ્યાત્મશાસ્ત્રનો અભ્યાસ કરવાથી, એકાંતપ્રદેશનું સેવન કરવાથી, પ્રાણ, ઇન્દ્રિયો તથા મનને સારી રીતે જીતવાથી, ઉત્તમ પ્રકારની શ્રદ્ધા રાખવાથી, બ્રહ્મચર્યનું પાલન કરવાથી, નિરંતરનાં કર્તવ્યનો ત્યાગ નહિ કરવાથી, વાણીનો સંયમ કરવાથી, સર્વત્ર મારી ભાવના જેમાં રહેલી છે, એવા નિપુણતાભરેલા અનુભવયુક્ત જ્ઞાનથી અને યોગસમાધિપૂર્વક ધૈર્ય, પ્રયત્ન તથા વિવેકથી યુક્ત થઇને કુશલ પુરુષે અહંકાર નામની ઉપાધિનો ત્યાગ કરવો.૧૦-૧૩ એ રીતે અપ્રમાદી પુરુષે પૂર્વોક્ત આ ઉપાય વડે જેમાં કર્મો વસી રહ્યાં છે, એવી અવિદ્યાથી પ્રાપ્ત થયેલી હૃદયની મોહરૂપી ગાંઠના બંધનને શાસ્ત્રોક્ત ઉપદેશ પ્રમાણે સારી રીતે છોડી નાખ્યા પછી એ ઉપાયથી પણ વિરામ પામવું+૧૪ વળી જેને મારા લોકની ઇચ્છા હોય અને મારી કૃપાનું પ્રયોજન હોય એવા પિતા, ગુરુ તથા રાજાએ પોતાના પુત્રોને, શિષ્યો તથા પ્રજાઓને ક્રોધરહિત થઇને એ પ્રમાણેજ ઉપદેશ કરવો જોઇએ. પરંતુ તત્ત્વને નહિ જાણતા અને કર્મોથી મૂઢ થયેલા એ પુત્ર, શિષ્ય તથા પ્રજાને કર્મો કરવામાં જોડવાં નહિ. કેમકે અજ્ઞાનીને કામ્યકર્મોમાં યોજીને સંસારના ખાડામાં નાખતો મનુષ્ય કયો પુરુષાર્થ મેળવે છે? કોઇજ નહિ.૧૫ લોકવ્યવહારમાં પડેલો મનુષ્ય સ્વતઃજ પોતાના કલ્યાણસાધનમાં જ્ઞાનશૂન્ય હોય છે. કારણ, એ મનુષ્ય કામભોગની અત્યંત અભિલાષા રાખીને વિષયોનીજ ઇચ્છા કરે છે; અને

+ 'બીજી' એમ કહેવાનું કારણ એ છે કે, પ્રત્યેક સ્ત્રી અને પુરુષને 'હું, મારુ' એવા મોહરૂપી એક એક હૃદયની ગાંઠ તો હોય છેજ અને પાછી, દંપતી તરીકે જોડાતાં વળી બીજી હૃદયની મોહગાંઠ ઉત્પન્ન થાય છે.
—ભા. ક.

‡ અર્થાત્ પ્રત્યેક મનુષ્યને મોહરૂપી એક એક હૃદયગ્રંથિ જે રહેલી છે, તેથી તો માત્ર દેહ અને ઇન્દ્રિયો ઉપરજ 'હું, મારુ' આવો મોહ થાય છે; પણ આ દંપતીભાવરૂપી જે બીજી હૃદયગ્રંથિ બંધાય છે તેથી તો ઘર વગેરે સર્વમાં ઘણોજ મોટો મોહ થાય છે. —શ્રીધર

* અહીંથી ચાર શ્લોકમાં અહંકારનો ત્યાગ કરવાનાં પચીસ સાધનો દર્શાવે છે. —શ્રીધર

+ અર્થાત્ ફળની સિદ્ધિ થતાં સાધનનો ત્યાગ તો સિદ્ધજ છે, તોપણ શરીર પડી જાય ત્યાંસુધી એ રીતે સાધનનો અભ્યાસ કર્યા કરવાની કંઈ જરૂર નથી. કેમકે ફળસિદ્ધિ જો થઈ છે, તો સાધનની પછી જરૂરજ ન હોય.
—ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

તેથીજ મૂઢ બની જઇને અતિ અલ્પ સુખને માટે પણ પરસ્પર વૈર કરે છે, પણ તેથી પ્રાપ્ત થતા અનંત દુઃખને પોતે જાણતો નથી.[૧૬] આવી રીતે અવિદ્યાની વચ્ચે રહેલા-તે અજ્ઞાની મનુષ્યને આંધળાની પેઠે અવળે માર્ગે જઈ રહેલો જોઇને કયો જ્ઞાની પુરુષ કે જે પોતે તે અવિદ્યાના સ્વરૂપને જાણતો હોય છે અને દયાળુ હોય છે, તે પુનઃ એ અજ્ઞાનીને કામ્યકર્મોમાં જોડે? અર્થાત્ કોઈ પણ ન જોડે.[૧૭] જે મનુષ્ય મૃત્યુરૂપ સંસારમાં સપડાઈ પડેલાને તેથી છોડાવી શકતો નથી, તે મનુષ્ય (ગુરુ હોય તોપણ) ગુરુ નથી; (સ્વજન હોય તોપણ) સ્વજન નથી; (પિતા હોય તોપણ) પિતા નથી; (માતા હોય તોપણ) માતા નથી; (દેવ હોય તોપણ દેવ નથી; અને (પતિ હોય તોપણ) પતિ નથી‡[૧૮] મારું આ મનુષ્યાકૃતિ શરીર દુર્વિભાવ્ય છે-અવિતર્ક્ય છે-મેં મારી ઇચ્છાથીજ ગ્રહણ કર્યું છે અને શુદ્ધ સત્ત્વગુણ તે મારું હૃદય છે કે જેમાં ધર્મ રહેલો છે. વળી મેં અધર્મને દૂરથીજ દૂર કર્યો છે, તેથી આર્ય પુરુષો મને 'ઋષભ' કહે છે.[૧૯] માટે હે પુત્રો! તમે મારા શુદ્ધ સત્ત્વગુણમય હૃદયથી ઉત્પન્ન થયા છો, તેથી તમે તમારા આ મોટા ભાઇ ભરતની નિષ્કપટભાવે સેવા કરજો; જેને લીધે તમે મારીજ સેવા કરેલી ગણાશે અને પ્રજાઓનું પાલન પણ કર્યું ગણાશે-અર્થાત્ ભરતને અનુસરવાથીજ તમે સર્વ કર્યું મનાશે.[૨૦]* ચેતન-અચેતન ભૂતોમાં, +સ્થાવર અચેતન કરતાં ÷પૃથ્વીમાંથી ઊગનારાં-સ્થાવર-ચેતન અતિશય ઉત્તમ છે; સ્થાવર-ચેતન કરતાં જંગમ-સરકીને ચાલનારાં કીડા વગેરે પ્રાણીઓ ઉત્તમ છે; તે કીડા વગેરે પ્રાણીઓ કરતાં જ્ઞાનવાળાં પશુ વગેરે પ્રાણીઓ ઉત્તમ છે; તે પશુઓ કરતાં મનુષ્યો ઉત્તમ છે; મનુષ્યો કરતાં ભૂત-પ્રેત વગેરે ઉત્તમ છે; ને ભૂત-પ્રેતાદિ કરતાં ગંધર્વો ઉત્તમ છે; ગંધર્વો કરતાં સિદ્ધો ઉત્તમ છે; સિદ્ધો કરતાં દેવોના અનુચર કિન્નરો વગેરે ઉત્તમ છે; તે કિન્નરો વગેરે કરતાં અસુરો ઉત્તમ છે; અસુરો કરતાં દેવો ઉત્તમ છે; દેવોમાં ઇન્દ્ર ઉત્તમ છે; ઇન્દ્ર કરતાં બ્રહ્માના પુત્ર દક્ષ વગેરે પ્રજાપતિઓ ઉત્તમ છે, દક્ષ વગેરે પ્રજાપતિઓ કરતાં મહાદેવ ઉત્તમ છે; મહાદેવ કરતાં બ્રહ્મા શ્રેષ્ઠ છે; બ્રહ્મા કરતાં હું શ્રેષ્ઠ છું અને મારા કરતાં બ્રાહ્મણો શ્રેષ્ઠ છે; કારણ કે બ્રાહ્મણોને હું પણ પૂજ્ય માનું છું.[૨૧-૨૨] માટે હે બ્રાહ્મણો! આ જગતમાં બીજા કોઇ પણ પ્રાણીને જો બ્રાહ્મણો સમાન હું જોતો નથી તો બ્રાહ્મણોથી શ્રેષ્ઠ હોય એવાને તો

‡ અથવા જે મનુષ્ય મૃત્યુરૂપ સંસારમાં પડેલાને તેનાથી છોડાવી શકે નહિ, તેણે ગુરુ ન થવું; સ્વજન ન થવું; પિતા ન થવું; માતા ન થવું-પુત્રોત્પત્તિ માટે યત્ન ન કરવો; દેવ ન થવું-દેવ થઇને કોઇની પૂજા ન સ્વીકારવી અને પતિ ન થવું. —શ્રીધર

જેમકે:-गुरोरप्यवलिप्तस्य कार्याकार्यमजानतः।
उत्पथप्रतिपन्नस्य परित्यागो विधीयते ॥
(મહા૦ શાં૦ પ૦ ૫૭-૭)

ગુરુ પણ જો ગર્વિષ્ઠ હોય, કાર્ય-અકાર્યને સમજતો ન હોય અને અવળે માર્ગે ચાલતો હોય, તો તેનો પરિત્યાગ કરવો-આ સ્મૃતિવચન પ્રમાણે બલિરાજાએ, 'તારે વામનને પૃથ્વીનું દાન ન દેવું.' આવું પોતાના ગુરુ શુક્રાચાર્યનું વચન (સંસારમાં નાખનારું હોવાથી) સ્વીકાર્યું ન હતું; પ્રહ્લાદે પોતાના પિતા હિરણ્યકશિપુ તથા ગુરુ શંડ અને અમર્કનું (તારે ભક્તિ ન કરવી એવું સંસારમાં પાડનારું) વચન માન્યું ન હતું; રામચંદ્રના ભાઇ ભરતે પોતાની માતા કૈકેયીનું રાજ્ય સ્વીકારવા સંબંધી (સંસારમાં નાખનારું) વચન માન્યું ન હતું; ખટ્વાંગે દેવોનાં વરદાનનાં વાક્યોનો પણ (સંસારના ભયથીજ) અનાદર કર્યો હતો અને એવા તો અનેક મુમુક્ષુઓ થઈ ગયા છે, કે જેઓએ ઘરમાંજ સ્થિતિ કરાવનારાં પોતાનાં સ્વજનોનાં વચનોને માન્યાં ન હતાં. —બાલપ્રબોધિની

* ઉપરના શ્લોકમાં ભ્રાતૃભક્તિનો ઉપદેશ કર્યો; હવે અહીંથી પાંચ શ્લોકમાં બ્રાહ્મણભક્તિનો ઉપદેશ કરવા માટે સર્વ પ્રાણીઓ કરતાં બ્રાહ્મણોની શ્રેષ્ઠતા કહે છે. —શ્રીધર

+ સ્થાવર અચેતન માટી, પથ્થર વગેરે.

÷ પૃથ્વીમાંથી ઊગનારાં સ્થાવર ચેતન-વૃક્ષ, લતા વગેરે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેમજ જોઇ શકું ? કારણ કે મનુષ્યોએ બ્રાહ્મણોના મુખમાં શ્રદ્ધાપૂર્વક હોમેલા પદાર્થનો જેવો હું અત્યંત ઉપભોગ કરૂં છું, તેવો અગ્નિહોત્રમાં હોમેલા પદાર્થનો ઉપભોગ કરતો નથી.૨૩ કેમકે બ્રાહ્મણોએ મારું સર્વોત્કૃષ્ટ વેદરૂપ પ્રાચીન શરીર ધારણ કરી રાખ્યું છે અને જે બ્રાહ્મણો વિષે પરમ પવિત્ર સત્ત્વગુણ, શમ, દમ, સત્ય, અનુગ્રહ,* તપ, ક્ષમા તથા અનુભવ+—એ આઠ ગુણો રહેલા છે.૨૪ હું અનંત છું, પરથી પણ પર છું અને સ્વર્ગ તથા મોક્ષનો પણ અધિપતિ છું; આવા મારી પાસેથી પણ પોતે નિષ્કિંચન હોય છે, છતાં જેમને કંઈ માગવાનું હોતું નથી; એવા મારા વિષે ભક્તિવાળા નિઃસ્પૃહ× બ્રાહ્મણોને બીજા—રાજ્યાદિનું તે વળી શું પ્રયોજન હોય ?૨૫÷ હે પુત્રો ! તમારે મત્સરરહિત—પવિત્ર દૃષ્ટિવાળા થઇને સર્વ સ્થાવર—જંગમપ્રાણીઓને મારા નિવાસસ્થાનરૂપ માનીને ક્ષણે ક્ષણે માન આપવું. કારણ કે પ્રાણીમાત્રને એ રીતે સન્માન આપવું તેજ મારું પૂજન છે.૨૬ એ સિવાય મન, વચન, દૃષ્ટિ તથા બીજા સર્વ ઇન્દ્રિયોના વ્યાપારનું સાક્ષાત્ ફળ તો એજ છે કે, તે તે સર્વ વ્યાપારથી કેવળ મારું આરાધનજ હોવું જોઇએ; કારણ કે એ રીતે (સર્વ વ્યાપારને મારામાં અર્પણ કરવારૂપ) મારું આરાધન કર્યા વિના પુરુષ મહાન મોહરૂપી કાળના પાશથી મુક્ત થવાને સમર્થ થતો નથી.‡૨૭

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે જો કે પોતાના પુત્રો પોતાની મેળેજ શિક્ષણ પામેલા હતા; તોપણ લોકોને શિક્ષણ આપવા માટે તેઓને શિક્ષણ આપીને સર્વના પરમ સુહૃદ મહાપ્રતાપી ભગવાન ઋષભદેવે, ઉપશમ એજ જેઓનો સ્વભાવ હોય છે અને સર્વ કર્મોથી જેઓ વિરામ પામ્યા હોય છે તેવા મહાન મુનિઓના ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્યરૂપ પરમહંસધર્મનો ઉપદેશ આપવા માટે પોતાના સો પુત્રોમાં સૌથી મોટા, ભગવાનના પરમ ભક્ત અને ભગવાનના ભક્તોનોજ પરમ આશ્રય લેનાર ભરતનો પૃથ્વીના પાલન માટે રાજ્યાભિષેક કર્યો અને પછી પોતે ઘેરજ માત્ર શરીર વિના બાકીના સર્વ રાજ્યાદિ પરિગ્રહનો પરિત્યાગ કરીને ÷ઘરના અગ્નિહોત્રના અગ્નિનો પોતાના આત્મામાં આરોપ કરી દીધો અને ઉન્મત્તની પેઠે કેવળ આકાશરૂપી વસ્ત્ર ધારણ કરી (દિગંબરસ્વરૂપે) કેશ છૂટા મૂકી બ્રહ્માવર્ત દેશમાંથી પરમહંસ અવસ્થામાં પ્રયાણ કર્યું.૨૮ એ સમયે તેમણે અવધૂત વેષ ધારણ કર્યો હતો, અને કોઈ બોલાવતું હતું, તોપણ લોકોની વચ્ચે જડ, આંધળા, મૂંગા, બહેરા, પિશાચ તથા ગાંડાની પેઠે વર્તીને મૌનવ્રત ગ્રહણ કરીને તે ચૂપજ રહેતા હતા.૨૯ વળી માર્ગમાં નગરો, ગામડાં, ખાણો, ખેડૂતોનાં રહેઠાણો, ફૂલવાડીઓ, પર્વતની પાસેનાં ગામડાંઓ, લશ્કરી છાવણીઓ, ગાયોનાં સ્થાનો, રબારીઓના નેસડાઓ, યાત્રાળુઓના સંઘો, પર્વતોનાં વનો તથા ઋષિઓના આશ્રમો વગેરે તે તે સ્થળોએ, માખીઓ જેમ વનના હાથીનો તિરસ્કાર કરે, તેમ દુષ્ટ લોકો તેમનો તિરસ્કાર કરતા હતા, માર મારતા હતા, ઉપર મૂતરી જતા હતા, થૂંકી જતા

---

* અનુગ્રહ એટલે બીજાનું દુઃખ જોઇ તેને દૂર કરવાનો પ્રયત્ન.

\+ અનુભવ એટલે વેદના અર્થનું જ્ઞાન અને ભગવાનનું ધ્યાન. —**બાલપ્રબોધિની**

× આવી નિઃસ્પૃહતા હતી તોજ બ્રાહ્મણો ભગવાનને પણ પૂજ્ય હતા; જ્યારે આજકાલના બ્રાહ્મણો અતિશય લોલુપ બની ગયા છે, તેથી તુચ્છમાંના તુચ્છને પણ અપૂજ્ય થઇ પડ્યા છે. —**ભા. ક.**

÷ એ પ્રમાણે પૂર્વના પાંચ શ્લોકોમાં બ્રાહ્મણો પ્રત્યેના માનનો ઉપદેશ કરીને હવે આ શ્લોકમાં પ્રાણીમાત્રનું સન્માન કરવું, એવો ઉપદેશ કરે છે. —**શ્રીધર**

‡ અર્થાત્ સર્વ કર્મો ઇશ્વરાર્પણ કર્યાવિના મનુષ્ય કદી મુક્ત થઈ શકતો નથી. —**ભા. ક.**

÷ અર્થાત્ આ અગ્નિહોત્રનો અગ્નિ તે મારુંજ સ્વરૂપ છે; મારાથી કંઈ જુદો નથી, એમ અગ્નિનું પોતાની સાથે ઐક્ય કરી દીધું. —**ભા. ક.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતા, પથરા મારતા હતા, વિષ્ટા–છાણ વગેરે નાખતા હતા, ધૂળ ઉરાડતા હતા, ગુદાનો વાયુ છોડી જતા હતા અને ગાળો દેતા હતા, તોપણ તે કંઇ ગણકારતા ન હતા; કેમકે સત્ય અને મિથ્યાના અનુભવના સ્વરૂપથી તેમણે કેવળ આત્મસ્વરૂપના મહિમામાંજ સ્થિતિ કરી હતી અને તેનેજ લીધે મિથ્યા આકૃતિરૂપ છતાં સત્યનું માત્ર જેને બહાનું છે એવા આ શરીર પર 'હું, મારું' એવું અભિમાન તેમને રહ્યું ન હતું; તેથી પોતે અખંડિત મનવાળા થઇને કેવળ એકલાજ પૃથ્વી પર વિચરતા હતા.[૩૦] તેમના હાથ, પગ તથા છાતી અત્યંત સુકુમાર હતાં; બાહુઓ લાંબા હતા અને ખભા, ગળું તથા મુખ વગેરે અવયવો પણ વિશાળ હોઇને તેઓની રચના અત્યંત સુંદર હતી; તેમનું સુંદર મુખ સ્વાભાવિક રીતેજ રમ્ય એવા સ્વભાવસિદ્ધ હાસ્યથી શોભતું હતું; તેમનાં નેત્રો નવા કમળની પાંખડીઓ જેવાં, તાપને દૂર કરનાર કીકીઓવાળાં, રક્તવર્ણાં અને વિશાળ હતાં; જેને લીધે તે સુંદર દેખાતા હતા; તેમના ગાલ, કાન, કંઠ તથા નાસિકા એકસરખાં હોઇને મનોહર હતાં અને ગૂઢ હાસ્યવાળા મુખની સુંદરતાને લીધે નાગરિક સ્ત્રીઓના મનમાં તે, કામદેવને ઉત્પન્ન કરી રહ્યા હતા. આવી રીતે સુંદર હોવા છતાં પણ જેમનો વાંકડિયો ને ગૂંચવાઈ ગયેલો પીંગળો કેશપાશ આગળના ભાગમાં લટકતો હતો એવા તે ભગવાન, અવધૂતના જેવા મલિન પોતાના શરીર વડે જાણે કોઈ ગ્રહથી ઘેરાઈ ગયા હોય તેવા દેખાતા હતા.[૩૧] પછી જ્યારે તે ભગવાને જોયું કે, આ લોક યોગનો સાક્ષાત્ પ્રતિપક્ષ છે–શત્રુજ છે; માટે આ લોકોને અલગ કરવામાં ઉપાયરૂપે બીભત્સ કર્મજ યોગ્ય છે–નિંદ્ય અને સૂગ આવે તેવું વર્તન કરવુંજ ઠીક થઇ પડશે; આવો વિચાર કરીને તેમણે અજગરના જેવું વ્રત આચરવા માંડ્યું; એટલે કે સૂતાં સૂતાં ખાવાપીવા માંડ્યું; ખાતાં ખાતાં મળમૂત્ર કરવા માંડ્યાં અને વિષ્ટામાં લોટી લોટીને શરીરના સઘળા ભાગોને ખરડી મૂક્યા.[૩૨] એમની વિષ્ટાના સુગંધથી ત્યાંનો વાયુ એટલો બધો સુગંધી થઇ ગયો હતો કે જેથી ચારે તરફ દશદશ યોજન સુધીના પ્રદેશને તે વાયુએ સુગંધવાળો કરી મૂક્યો હતો.[૩૩] એ રીતે બળદ, મૃગ તથા કાગડાની પેઠે વર્તીને ચાલતા, ઊભા રહેતા, બેસતા તથા સૂતા સૂતા પણ કાગડા, મૃગ તથા બળદના જેવુંજ આચરણ કરીને તે કંઈ પીતા હતા, ખાતા હતા અને મૂતરતા હતા.[૩૪] એ પ્રમાણે લોકવ્યવહારનો ત્યાગ કરવા માટે યોગીઓએ આવી રીતે વર્તવું જોઇએ, એમ બતાવવા માટે અનેક પ્રકારે યોગચર્યાનું આચરણ કરતા એ ભગવાન ઋષભદેવ પોતે મોક્ષના સ્વામી હતા, નિરંતર પરમ મહાન આનંદનો અનુભવ કરનારા હતા, સર્વવ્યાપક તથા પ્રાણીમાત્રના આત્મારૂપ ભગવાન વાસુદેવને વિષે પોતાના અભેદભાવને લીધે બીજા અજ્ઞાનીની પેઠે દેહાદિકની ઉપાધિવાળો ભાવ નહિ હોવાથી સ્વતઃજ સમસ્ત ફળોથી પરિપૂર્ણ હતા; તેથી આકાશમાર્ગે જવું, મન સમાન વેગ કરવો, અંતર્ધાન થઇ જવું, પારકા શરીરમાં પ્રવેશ કરવો અને દૂર રહેલા પદાર્થને ગ્રહણ કરવો વગેરે યોગનાં ઐશ્વર્યો પોતાની મેળે સાક્ષાત્ પ્રાપ્ત થયાં હતાં; તોપણ હે રાજા! તેમણે તેઓને મનથી સ્વીકાર્યાં ન હતાં."[૩૫]

इति नानायोगचर्याचरणो भगवान् कैवल्यपतिर्ऋषभोऽविरतपरममहानंदानुभव आत्मनि सर्वेषां भूतानामात्मभूते भगवति वासुदेव आत्मनोऽव्यवधानानंतरोदरभावेन सिद्धसमस्तार्थपरिपूर्णो योगैश्वर्याणि वैहायसमनोजवांतर्धानपरकायप्रवेशदूरग्रहणादीनि यदृच्छयोपगतानि नांजसा नृप हृदयेनाभ्यनंदत् ॥३५॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૫ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાય ૬ ઠ્ઠો×

ઋષભદેવે કરેલા દેહત્યાગનું વર્ણન–પોતાને બાળતા દાવાનળને પણ તેમણે ન ગણકાર્યો

॥ राजोवाच ॥

न नूनं भगव आत्मारामाणां योगसमीरितज्ञानावभर्जितकर्मबीजानामैश्वर्याणि पुनः क्लेशदानि भवितुमर्हन्ति यदृच्छयोपगतानि ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે ભગવન્ ! જેઓએ યોગ વડે પ્રદીપ્ત થયેલા જ્ઞાનથી કર્મનાં બીજરૂપ રાગાદિ દોષોને બાળી નાખ્યા હોય, છે તેવા આત્મારામ પુરુષોને પોતાની મેળે પ્રાપ્ત થયેલાં યોગનાં ઐશ્વર્યો ફરી ક્લેશ આપવાને યોગ્ય થતાં નથી. (છતાં ઋષભદેવજીએ તે યોગૈશ્વર્યનો સ્વીકાર કેમ ન કર્યો ?)"[1]

શુકદેવજી બોલ્યા:–"તમારું કહેવું સત્ય છે તોપણ જેમ શઠ પારધિ પકડેલા મૃગનો વિશ્વાસ કરતો નથી, તેમ બુદ્ધિમાન પુરુષો ચંચળ એવા મનનો કદી વિશ્વાસ કરતા નથી.[2] કહ્યું છે કે,

न कुर्यात् कर्हिचित् सख्यं मनसि ह्यनवस्थिते ।
यद्विश्रम्भाच्चिराच्चीर्णं चस्कन्द तप ऐश्वरम् ॥३॥
नित्यं ददाति कामस्य छिद्रं तमनु येऽरयः ।
योगिनः कृतमैत्रस्य पत्युर्जायेव पुंश्चली ॥ ४ ॥
कामो मन्युर्मदो लोभः शोकमोहभयादयः ।
कर्मबन्धश्च यन्मूलः स्वीकुर्यात्को नु तद्बुधः ॥५

મન ચંચળ છે, માટે તેની મિત્રતા કદી કરવી નહિ. કારણ કે મનનો વિશ્વાસ કરવાથી* મહાસમર્થ પુરુષોનાં લાંબા કાળનાં તપ પણ નાશ પામ્યાં છે.[3] જેમ કોઈ વ્યભિચારિણી સ્ત્રી પોતાના પર વિશ્વાસ કરનાર પતિનો જાર પુરુષોને અવકાશ આપીને તેઓદ્વારા નાશ કરી નાખે છે, તેમ જે યોગી મનનો વિશ્વાસ કરે છે તેનું એ મન, કામને તથા તેની પાછળ રહેનારા ક્રોધાદિ શત્રુઓને અવકાશ આપે છે; (અને તે દ્વારા યોગીને ભ્રષ્ટ કરે છે.)[4] એટલુંજ નહિ પણ કામ, ક્રોધ, મદ, લોભ, શોક, મોહ તથા ભય વગેરે અને કર્મનું બંધન–એ સર્વનું મૂળ જે મનજ છે; તે મનને કયો વિવેકી પુરુષ સ્વાધીન થયેલું માને ? (આવા કારણથી ઋષભદેવજીએ યોગૈશ્વર્યોનો સ્વીકાર કર્યો ન હતો.)[5] એ રીતે ભગવાન ઋષભદેવ સમગ્ર લોકપાલોના મુકુટરૂપ હતા; તોપણ જડ સમાન તેમનો એ વિલક્ષણ અવધૂત જેવો વેષ, ભાષા તથા આચરણથી તેમનો ભગવત્પ્રભાવ કોઇના જાણવામાં આવ્યો ન હતો અને પછી દેહત્યાગના વિધિનો પણ યોગીઓને ઉપદેશ આપવા માટે પોતાના શરીરનો ત્યાગ કરવાની ઇચ્છા કરીને પોતાના 'ઋષભદેવ' નામના શરીરને પોતાના આત્મા વિષે અભેદભાવે તથા ધ્યાતા–ધ્યેયથી રહિત ભાવે તે જોવા લાગ્યા અને વિષય–પ્રપંચનું (વાસનારૂપે) અનુસરણ પણ જેમનાથી વિરામ પામ્યું હતું એવા તે ભગવાને દેહાભિમાનનો ત્યાગ કર્યો.[6] એ પ્રમાણે તે ઋષભદેવ ભગવાન (વસ્તુતઃ) સૂક્ષ્મદેહથી મુક્ત થયા હતા તોપણ તેમનું સ્થૂલ શરીર+ યોગમાયાની વાસનાથી સ્વાભિ-

× આ અધ્યાયમાં જેમનું દેહાભિમાન લીન થઈ ગયું હતું એવા ઋષભદેવજીના દેહત્યાગનો ક્રમ કહેવામાં આવશે અને બાળી નાખતા દાવાનળને પોતે જોતા હતા છતાં જોતા ન હતા, એ વર્ણવવામાં આવશે.—શ્રીધર

* મહાસમર્થ પુરુષો–સૌભરિ જેવા મહર્ષિઓ. સૌભરિ ઋષિને જળમાં માછલાંઓનો સમાગમ જોઇ મોહ થયો હતો. —भा. क.

+ જેમ કુંભારનો ચાક પ્રથમ ફેરવીને છોડી દીધો હોય છે ત્યારે પણ પ્રથમના વેગના સંસ્કારથી ફર્યા કરે છે, તેમ જીવન્મુક્ત પુરુષોનું સ્થૂલશરીર પણ મનથી અભિમાન છૂટી ગયેલું હોવા છતાં પૂર્વના કોઈ સંસ્કારને લીધે હલન–ચલન કરે છે; તેજ એ પૂર્વસંસ્કાર અભિમાનાભાસ કહેવાય છે. આ અભિમાનાભાસ બીજા જીવન્મુક્તોને અવિદ્યાની વાસનાથી હોય છે; ત્યારે ઋષભદેવ ભગવાનને યોગમાયાની વાસનાથી હતો, એ વિશેષતા દર્શાવવા માટે 'યોગમાયાની વાસનાથી' એમ કહ્યું છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizaqtion by eGangotri

માનના માત્ર આભાસને લીધેજ પૃથ્વી પર વિચર્યા કરતું હતું; એમનો તે સ્થૂલદેહ ફરતો ફરતો કોંક, વેંક અને કુટક નામના દક્ષિણ કર્ણાટક દેશમાં સ્વેચ્છાએ જઈ ચડયો અને ત્યાં કુટક નામના પર્વતના ઉપવનમાં મુખમાં પથ્થરનો કોળિયો મૂકી જાણે ગાંડા હોય તેમ છૂટા કેશે અને નગ્ન અવસ્થામાં વિચરવા લાગ્યો.[૭] તેવામાં પવનના ઝપાટાથી ત્યાં રહેલાં વાંસનાં વૃક્ષો કંપવા લાગ્યાં અને તેઓના પરસ્પર ઘર્ષણને લીધે અતિ ઉગ્ર દાવાનળ ઉત્પન્ન થયો, કે જેણે તે ઉપવનની સાથે ઋષભદેવજીના શરીરને પણ બાળી નાખ્યું.[૮] આવું આ ઋષભદેવજીનું ચરિત્ર સાંભળીને કોંક, વેંક તથા કુટક દેશનો અર્હન્ નામનો રાજા પોતે તે ચરિત્ર શીખી લઇને કલિયુગમાં જે વખતે અધર્મ વૃદ્ધિ પામશે ત્યારે×ભવિતવ્યતાથી અત્યંત મોહિત થયેલો તે મંદમતિ રાજા, પોતાનો નિર્ભય વેદધર્મ છોડી દઇને પોતાની બુદ્ધિથી અમંગળ એવો પાખંડ કુમાર્ગ ચાલુ કરશે, જેને લીધે કલિયુગમાં દુષ્ટ મનુષ્યો દેવમાયાથી મોહિત થઇને પોતાનાં વેદશાસ્ત્રોની જેમાં આજ્ઞા છે એવા સ્નાનાદિ શૌચનો તથા સંધ્યોપાસન આદિ ચારિત્રનો ત્યાગ કરશે; દેવોનું અપમાન કરનારાં દુષ્ટ વ્રતો જેવાં કે સ્નાન કરવું નહિ, આચમન કરવું નહિ, પવિત્રતા રાખવી નહિ અને કેશને ચૂંટી કાઢવા—વગેરેને પોતાની ઇચ્છાનુસાર ગ્રહણ કરશે અને અધર્મ જેમાં ઘણો છે એવા કલિયુગને લીધે જેઓની બુદ્ધિ વિનાશ પામેલી હશે એવા તે મનુષ્યો ઘણું કરીને વેદની, બ્રાહ્મણોની, યજ્ઞપુરુષ પરમાત્માની તથા સજ્જનોની નિંદા કરનારા થશે;[૯,૧૦] પણ તે પાખંડીઓ પોતે પોતાની ઇચ્છાથી ચાલુ કરેલી તે પ્રવૃત્તિથી વિશ્વાસ પામીને આંધળાઓની પરંપરાની પેઠે (એક આંધળો બીજાને દોરે ને તેની સાથે કૂવામાં પડે તેમ) પોતાની મેળેજ ઘોર નરકમાં પડશે.[૧૧] આ ઋષભદેવ ભગવાનનો અવતાર તે રજોગુણથી ઘેરાયલા મનુષ્યોને મોક્ષનું શિક્ષણ આપવાને માટે થયો હતો અને તે અવતારના ગુણગાનરૂપ આવા ત્રણ શ્લોકો વિદ્વાનો ગાય છે:[૧૨]

अहो भुवः सप्तसमुद्रवत्या
द्वीपेषु वर्षेष्वधिपुण्यमेतत् ।
गायन्ति यत्रत्यजना मुरारेः
कर्माणि भद्राण्यवतारवन्ति ॥ १३ ॥
अहो नु वंशो यशसाऽवदातः
प्रैयवतो यत्र पुमान् पुराणः ।
कृतावतारः पुरुषः स आद्य
श्चचार धर्मं यदकर्महेतुम् ॥ १४ ॥
कोऽन्वस्य काष्ठामपरोऽनुगच्छन्-
मनोरथेनाप्यभवस्य योगी ।
यो योगमायाः स्पृहयत्युदस्ता
ह्यसत्तया येन कृतप्रयत्नाः ॥ १५ ॥

"અહો! આશ્ચર્ય! આ સાત સમુદ્રવાળી પૃથ્વીના સર્વ દ્વીપોમાં જે જે ખંડો રહેલા છે તેઓમાં આ ભારતવર્ષ અતિશય પુણ્યશાળી છે; કેમકે જે ભારતવર્ષના મનુષ્યો શ્રીભગવાનનાં ઋષભદેવ આદિ અવતારોવાળાં માંગલિક કર્મોનું ગાન કરે છે.[૧૩] અહો! આશ્ચર્યની વાત છે કે, પ્રિયવ્રત રાજાનો વંશ યશથી કેવો ઉજ્જ્વળ છે, કે જે વંશમાં આદ્ય પુરાણપુરુષે અવતાર લઇને મોક્ષનું કારણ એવા ધર્મનું આચરણ કર્યું હતું![૧૪] બીજો એવો કયો યોગીપુરુષ છે, કે જે એ ઋષભદેવ ભગવાને અનુસરેલા માર્ગની દિશાએ પણ જઈ શકે?—એવો કયો યોગી છે કે જે ભગવાન ઋષભદેવના માર્ગને આચરી શકે? કેમકે જે કોઇ યોગી યોગમાયારૂપ જે યોગસિદ્ધિઓની સ્પૃહા રાખે છે તેજ યોગસિદ્ધિઓ પોતેજ સેવા કરવા તૈયાર થઇ હતી; છતાં તેમણે એ યોગસિદ્ધિઓનો અવસ્તુ તરીકે અનાદર કર્યો હતો.[૧૫]

"એ પ્રમાણે મનુષ્યોનાં સમસ્ત પાપોને દૂર કરનારૂં ભગવાન ઋષભદેવનું ચરિત્ર મેં તમને કહ્યું

× ભવિતવ્યતાથી એટલે પ્રાણીઓનાં પૂર્વસંચિત પાપકર્મથી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે, કે જે ભગવાન સમગ્ર વેદ, લોક, દેવો તથા બ્રાહ્મણોના પરમ ગુરુ હતા. આ ચરિત્ર પરમ મહામંગળનું સ્થાન છે, તેથી જે મનુષ્ય સાવધાન થઇને શ્રદ્ધાપૂર્વક આ ચરિત્ર સાંભળે છે અથવા બીજાઓને સંભળાવે છે–તે બન્નેય શ્રોતા–વક્તાની ભગવાન વાસુદેવ વિષે એકાંતિક ભક્તિ ઉત્પન્ન થાય છે, કે જે ભક્તિને વિષેજ નિરંતર અનેક પાપો તથા સંસારના સંતાપોથી તપી રહેલા પોતાના આત્માને નિત્ય સ્નાન કરાવતા વિવેકી પુરુષો, તેથી પ્રાપ્ત થયેલી પરમશાંતિને લીધે પોતાની મેળેજ પ્રાપ્ત થયેલા સર્વોત્કૃષ્ટ પરમ પુરુષાર્થ–મોક્ષનો પણ આદર કરતા નથી; કેમકે તેઓના સર્વ પુરુષાર્થો ભગવાનના ભક્તપણાથીજ પરિપૂર્ણ થયા હોય છે.[૧૬,૧૭] હે રાજન્! ભગવાન મુકુંદ તમારા તથા યાદવોના પતિ–પાલક ભલે હો; ઉપદેશ આપનાર ગુરુ ભલે હો; ઉપાસ્ય ભલે હો; પ્રિય મિત્ર અને કુલપતિ–નિયંતા પણ ભલે હો; એટલુંજ નહિ પણ કોઇ કોઇ સમયે તે ભગવાન તમારા દાસ પણ ભલે થયા હો અને પોતાનું ભજન કરનારા મનુષ્યોને તે ભગવાન ભલે કદાચ મોક્ષ પણ આપે છે; પરંતુ પોતાને વિષે સપ્રેમ ભક્તિયોગ તો કદી પણ આપતા નથી. (આવું ભક્તિયોગનું ગૌરવ છે.) જે ઋષભદેવ ભગવાન નિત્ય અનુભવેલા સ્વસ્વરૂપના લાભથી તૃષ્ણારહિત હતા, છતાં કેવળ કરુણાને લીધેજ જેમણે દેહાદિ મિથ્યા વસ્તુના મનોરથથી જેઓની બુદ્ધિ કલ્યાણના વિષયમાં મૂઢ થયેલી હોય છે એવા લોકોને નિર્ભય આત્મસ્વરૂપનો ઉપદેશ કર્યો છે તે ઋષભદેવ ભગવાનને નમસ્કાર હો."૧૮–૨૦

नित्यानुभूतनिजलाभनिवृत्ततृष्णः।
श्रेयस्य तद्रचनया चिरसुप्तबुद्धेः॥
लोकस्य यः करुणयाऽभयमात्मलोक-।
माख्यान्नमो भगवते ऋषभाय तस्मै ॥२०॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

अध्याय ७ मो*

ભરત રાજાનું હરિક્ષેત્રમાં હરિભજન

॥ श्रीशुक उवाच ॥

भरतस्तु महाभागवतो यदा भगवताऽवनितलपरिपालनाय संचिन्तितस्तदनुशासनपरः पंचजनीं विश्वरूपदुहितरमुपयेमे ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"ભરત પણ ભગવાનના મહાન ભક્ત હતા. પિતા ઋષભદેવજીએ પૃથ્વીનું રક્ષણ કરવા માટે માત્ર સંકલ્પથીજ તેમનો જ્યારે રાજ્યાભિષેક કર્યો, ત્યારે તેમની આજ્ઞામાં રહીને વિશ્વરૂપની પુત્રી પંચજનીને તે પરણ્યા હતા.[૧] એ પંચજની સ્ત્રીમાં તેમણે અહંકાર જેમ પાંચ× સૂક્ષ્મ ભૂતોને ઉત્પન્ન કરે છે, તેમ સંપૂર્ણ રીતે પોતાને યોગ્ય એવા પાંચ પુત્રો ઉત્પન્ન કર્યા હતા, કે જેઓનાં નામ સુમતિ, રાષ્ટ્રભૃત, સુદર્શન, આવરણ તથા ધૂમ્રકેતુ હતાં. વળી જે આ ખંડ ભરતની પૂર્વે 'અજનાભ' કહેવાતો હતો, તેનેજ ભરતથી આરંભીને (હજી સુધી) લોકો 'ભારતવર્ષ' એ પ્રમાણે કહે છે.[૨,૩] તે ભરત રાજા પોતે મહાજ્ઞાની હતા અને સ્વધર્મમાં રહીને તેમણે પોતાના પિતા તથા દાદાઓની પેઠે ઘણાજ પ્રેમથી પોતપોતાના કર્મમાં વર્તતી પ્રજાઓનું પાલન કર્યું હતું;[૪] તેમજ નાનામોટા અનેક યજ્ઞો જેવા કે અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુયાગ તથા સોમયાગની †પ્રકૃતિઓ અને +વિકૃતિઓ વડે

* એ પ્રમાણે ત્રણ અધ્યાયોમાં ઋષભદેવનું ચરિત્ર કહ્યું; હવે આઠ અધ્યાયોમાં ભરતનું ચરિત્ર કહેવામાં આવશે, તેમાં આ સાતમા અધ્યાયમાં ભરતરાજાએ રાજ્ય ઉપર આવી લાંબા કાળ સુધી યજ્ઞો કરીને શ્રીહરિનું યજન કર્યું અને પ્રારબ્ધકર્મ સમાપ્ત થયાં એટલે હરિક્ષેત્રમાં જઇને ભગવાનનું ભજન કર્યું, એ કથા કહેવાશે. —શ્રીધર

× પાંચ સૂક્ષ્મ ભૂતો તે–શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. —ભા. ક.

† સમગ્ર અંગોથી યુક્ત યજ્ઞો તે પ્રકૃતિ.

\+ અમુક અંગોથી ન્યૂન યજ્ઞો તે વિકૃતિ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

†યજ્ઞ §ક્રતુરૂપ ભગવાન યજ્ઞપુરુષનું નિત્ય *ચાતુર્હોત્ર વિધિથી યજન કર્યું હતું.[૫] એ પ્રમાણે ક્રિયાનુષ્ઠાનથી જેઓની અંગક્રિયા સંપાદન કરવામાં આવી હતી એવા અનેક યજ્ઞો જ્યારે ચાલી રહ્યા હતાં, ત્યારે તે યજમાન ભરત રાજા તે તે યજ્ઞોનું જે જે ક્રિયાફળ‡ તથા ધર્મ નામનું ફળ ઉત્પન્ન થતું હતું તેનું પરબ્રહ્મ યજ્ઞપુરુષ શ્રીવાસુદેવ ભગવાન વિષેજ ચિંતન કરતા હતા, કે જે શ્રીવાસુદેવ ભગવાન સર્વ દેવતાઓના પ્રકાશક વેદમંત્રોના ઇન્દ્રાદિ દેવતાઓરૂપ જે અર્થ છે તેના નિયામક હોઇને સર્વના સાક્ષાત્ કર્તા છે અને પરમદેવ છે. વળી એ પ્રમાણે ચિંતન કરવારૂપી પોતાની નિપુણતાથી જેમના રાગાદિ કષાયો નાશ પામ્યા હતા એવા તે ભરતરાજા, જે વેળા અધ્વર્યુ–યાજ્ઞિકો, હાથમાં હોમદ્રવ્યો ગ્રહણ કરતા ત્યારે યજ્ઞભાગનો ઉપભોગ કરનારા તે તે સૂર્યાદિ દેવોને પણ યજ્ઞપુરુષ પરમાત્માના નેત્રાદિ અવયવોમાંજ ચિંતવતા હતા.+[૬] એ રીતે કર્મની વિશુદ્ધિને લીધે જેમનું અંતઃકરણ શુદ્ધ થયું હતું એવા તે ભરતરાજાને હૃદયાકાશરૂપી સ્થાનમાં પ્રકટ થનારા, મહાપુરુષ સ્વરૂપની આકૃતિવાળા, શ્રીવત્સલાંછન, કૌસ્તુભમણિ, વનમાળા, ચક્ર, શંખ અને ગદા વગેરેથી યુક્ત તથા પોતાના ભક્તપુરુષ–નારદજી વગેરેનાં હૃદયમાં ચિત્રની પેઠે સ્થિર થયેલા પોતાના પુરુષોત્તમસ્વરૂપે પોતાના મનમાં પ્રકાશી રહેલા પરબ્રહ્મ ભગવાન વાસુદેવ વિષે પ્રતિદિન વધતા વેગવાળી અતિ ઉત્કૃષ્ટ ભક્તિ ઉત્પન્ન થઈ હતી.[૭] એ પ્રમાણે લાખો વર્ષોના અંતે રાજ્યભોગના પુણ્યકર્મની સમાપ્તિનો સમય જેમણે નક્કી કરી લીધો હતો, એવા તે ભરતરાજાએ જે ધન પોતે પોતાના અધિકાર પ્રમાણે ભોગવતા હતા તે પોતાના બાપદાદાઓનું ધન પોતાના પુત્રોને વહેંચી આપીને પોતે સમગ્ર સંપત્તિના સ્થાનરૂપ પોતાના નિવાસસ્થાનમાંથી પુલહ ઋષિના આશ્રમ–હરિક્ષેત્રમાં ચાલ્યા ગયા,[૮] જ્યાં* શ્રીહરિ ભગવાન હજી સુધી પણ ત્યાંના પોતાના ભક્તપુરુષોને તેમના ઉપરના પ્રેમથી તેમની ઇચ્છાનુસાર પ્રત્યક્ષ દર્શન આપે છે[૯] અને જ્યાંનાં આશ્રમસ્થાનોને ઉપરનીચે બન્ને તરફ છિદ્રવાળી શિલાઓની વચ્ચે આવેલાં ચક્રો (શાલિગ્રામો) વડે, નદીઓમાં શ્રેષ્ઠ ચક્રનદી–ગંડકી નદી સર્વ તરફથી પવિત્ર કરે છે.[૧૦] તે પુલહાશ્રમના ઉપવનમાં ભરતજી એકલા જાતજાતનાં પુષ્પો, કૂંપળો, તુલસી, જળ, કંદ, મૂળ, ફળ વગેરે પૂજાસાહિત્યથી ભગવાનની પૂજા કરતા હતા અને સર્વ વિષયાભિલાષનો ત્યાગ કરેલો હોવાથી જેમનો ઉપશમ વૃદ્ધિ પામ્યો હતો, એવા તે રાજા પરમ નિવૃત્તિને પામ્યા હતા.[૧૧]

† પશુરહિત યજ્ઞ તે યજ્ઞ કહેવાય છે.

§ પશુસહિત યજ્ઞ તે ક્રતુ કહેવાય છે. આ બન્ને યજ્ઞસ્વરૂપ. —શ્રીધર

* હોતા, ઉદ્ગાતા, અધ્વર્યુ ને બ્રહ્મા, એ ચાર ઋત્વિજોથી કરાતું કર્મ '**ચાતુર્હોત્ર**' કહેવાય છે અને તે ચાતુર્હોત્ર કર્મનો વિધિ તે '**ચાતુર્હોત્રવિધિ**' કહેવાય છે.

‡ યજ્ઞોનું જે ફળ ઉત્પન્ન થાય છે તેને પૂર્વમીમાંસકો અપૂર્વ કહે છે અને તેજ અપૂર્વના બે ભેદ પાડે છે. જે ફળ સૂક્ષ્મસ્વરૂપે તેજ વખતે ઉત્પન્ન થાય છે તે એક ફળ છે, જેને અહીં 'ક્રિયાફળ ફળ' કહેવામાં આવ્યું છે; અને જે કાળાંતરે ફળ ઉત્પન્ન કરનાર કર્મ શક્તિરૂપ છે; તેનેજ અહીં 'ધર્મ' નામનું ફળ કહ્યું છે. આ ફળદર્શક કારિકા આ પ્રમાણે છે–**યાગાદેव फलं तद्धि शक्तिद्वारेण सिद्ध्यति । सूक्ष्मं शक्त्यात्मकं वापि फलमेवोपजायते**–ત્યાગથીજ ફળ ઉત્પન્ન થાય છે, પણ તે શક્તિદ્વારા સિદ્ધ થાય છે; અથવા તો શક્તિરૂપેજ સૂક્ષ્મ ફળ ઉત્પન્ન થાય છે. —શ્રીધર

+ કહેવાનો ભાવ એ છે કે, ભરતરાજા જે કંઇ યજ્ઞયાગાદિ કર્મ કરતા હતા તે સર્વને ઈશ્વરાર્પણજ કરી દેતા હતા અને તે તે યજ્ઞયાગાદિમાં જે જે દેવોને ઉદ્દેશી યજ્ઞભાગ અર્પણ કરાતો હતો, તે તે દેવોને પણ તે રાજા ભગવાનના અવયવોમાંજ માનતા હતા. આવી તેમની કર્મ કરવાની કુશળતા હતી અને તે દ્વારા તેમની અપૂર્વ ભગવદ્ભક્તિ વ્યક્ત થતી હતી. —ભા. ક.

* જ્યાં–એ ક્ષેત્રમાં આવેલા વિદ્યાધરકુંડમાં.–શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ પ્રમાણે અવિરત ભગવદ્‌ભક્તિથી ભગવાનમાં વૃદ્ધિ પામેલા અતિશય પ્રેમને લીધે તેમનું હૃદય પીગળીને શિથિલ થઈ જતું હતું અને અત્યંત હર્ષાવેગથી તેમના શરીર પર રોમાંચસમૂહ પ્રકટ થઈ જતો હતો; તેમજ ઉત્સુકતાથી ચાલુ થયેલાં હર્ષાશ્રુથી તેમનાં નેત્રોની દર્શનક્રિયા પણ બંધ થઇ જતી હતી. આ રીતે વર્તતાં પોતાને પ્રીતિ આપનાર શ્રીભગવાનના રક્ત ચરણકમળના ચિંતનથી અત્યંત વૃદ્ધિ પામેલા ભક્તિયોગને લીધે, સર્વ તરફ વ્યાપ્ત થયેલા પરમ આનંદથી પૂર્ણ હૃદયરૂપી ધરામાં તેમની બુદ્ધિ એટલી બધી નિમગ્ન થઇ હતી, કે જેથી કરવામાં આવતી ભગવાનની પૂજાનું પણ તેમને ભાન રહેતું ન હતું.[૧૨] એ રીતે ભગવાનનું જ વ્રત જેમણે ધારણ કર્યું હતું અને મૃગચર્મરૂપી વસ્ત્ર ધારણ કરવાથી તથા ત્રિકાળસ્નાનને લીધે ભીની, પીંગળી તથા વાંકી વળી ગયેલી જટાસમૂહથી જે શોભતા હતા એવા તે ભરતજી જ્યારે સૂર્યનો ઉદય થતો હતો, ત્યારે સૂર્યમંડળ સંમુખ ઊભા રહીને તે સૂર્યમંડળના અધિષ્ઠાતા ભગવાન હિરણ્યપુરુષની આવી સૂર્યપ્રકાશક ઋચા વડે સ્તુતિ કરતા હતા:[૧૩]

परोरजः सवितुर्जातवेदो देवस्य भर्गो मनसेदं जजान । सुरेतसाऽदः पुनराविश्य चष्टे हंसं गृध्राणं नृषद्रिङ्गिरामिमः ॥ १४ ॥

"પ્રકૃતિથી પર રહેલું–એટલે શુદ્ધ સત્ત્વગુણમય શ્રીસૂર્યદેવનું સ્વસ્વરૂપભૂત તેજ કર્મનાં ફળને આપનારું છે. કારણ કે જેમણે કેવળ મનથીજ આ જગતને ઉત્પન્ન કર્યું છે અને પોતે સરજેલા તે આ જગતમાં અંતર્યામીરૂપે પ્રવેશ કરીને તૃષ્ણાવાળા જીવનું પોતાની ચૈતન્યશક્તિથી જે પાલન કરે છે; તે બુદ્ધિને ગતિ આપનાર શ્રીસૂર્યદેવના તેજને અમે શરણે જઈએ છીએ."[૧૪]

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૭ મો સમાપ્ત

અધ્યાય ૮ મો*

કર્મના અંતરાયથી મૃગમાં આસક્ત થતાં ભરતજીનો મૃગજાતિમાં જન્મ

॥ श्रीशुक उवाच ॥

एकदा तु महानद्यां कृताभिषेकनैयमिकावश्यकोब्रह्माक्षरमभिगृणानो मुहूर्तत्रयमुदकांत उपविवेश ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એક દિવસે મૂત્ર, મળત્યાગ વગેરે આવશ્યક ક્રિયા કરીને મહાનદી ગંડકીમાં જેમણે સ્નાન, સંધ્યોપાસન આદિ નિત્યકર્મ કર્યાં હતાં એવા તે ભરતજી અક્ષરબ્રહ્મ–ૐકારનો જપ કરતા ત્યાં જળકિનારે છ ઘડી સુધી બેઠા હતા;[૧] તેવામાં હે રાજન્! એક મૃગલી જળ પીવાની ઇચ્છાથી એકલીજ તે જળાશય પાસે આવી અને ત્યાં આવી જળપાન કરતી હતી તેવામાં સમીપમાં ઘૂરકી રહેલા સિંહની લોકભયંકર ગર્જના ત્યાં સંભળાવા લાગી.[૨-૩] તે સાંભળી સ્વભાવથીજ બીકણ એ મૃગલીની દૃષ્ટિ ભયથી ચકરવકર થઇ ગઈ; તેનું હૃદય સિંહનો ભય પેસી જવાથી અત્યંત ગભરાઇ ગયું અને તેનાં નેત્રો અત્યંત ભ્રમિત થઇ ગયાં. જો કે તેની તૃષા હજી તો છીપી પણ ન હતી, તોપણ ભયને લીધે તેણી એકદમ કૂદીને નદીને ઓળંગી ગઇ.[૪] તે મૃગલી ગર્ભિણી હતી, જેથી કૂદતાં કૂદતાં 'તેનો ગર્ભ અતિ ભયને લીધે (ગર્ભાશયમાંથી) ગળી પડ્યો અને યોનિમાર્ગદ્વારા બહાર નીકળીને નદીના પ્રવાહમાં જઇ પડ્યો.[૫] એ રીતે ગર્ભપાત થઇ ગયો, નદી કૂદવી પડી ને સિંહનો ભય પણ હજી હતોજ; જેથી પરિશ્રમથી પીડાયલી તે મૃગલી પોતાના ટોળાથી

* આ અધ્યાયમાં વિષ્ણુનું ભજન કરતા ભરતજી પૂર્વકર્મના અંતરાયથી એક મૃગની રક્ષા કરવામાં આસક્ત થાય છે અને તેને લીધે તેમને મૃગપણું પ્રાપ્ત થાય છે, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છૂટી પડીને કોઈ એક પર્વતની ગુફામાં કૂદી ગઈ અને તુરતજ ત્યાં મરણ પામી.[૬] હવે પેલું મૃગનું બચ્ચું કે જે દીન અવસ્થામાં આવી પડી નદીના પ્રવાહમાં તણાઇ જતું હતું અને પોતાના સંબંધીઓથી વિખૂટું પડ્યું હતું, તેને જોઇને 'આ બિચારાની માતા મરી ગઈ' એ પ્રમાણેની દયાથી પોતે જાણે તેના બંધુ હોય તેમ, તેને ઊંચકી લઈ રાજર્ષિ ભરત તેને પોતાના આશ્રમમાં લઇ ગયા.[૭] તેમને એ મૃગના બચ્ચા પર જાણે પોતાનું બાળક હોય તેમ અતિશય અધિક અભિમાન થઇ ગયું, જેથી નિત્ય ઘાસ વગેરેથી તેનું પોષણ કરવું, વરુ વગેરેથી તેનું રક્ષણ કરવું, ચુંબન વગેરેથી તેને લાડ લડાવવાં અને ખજવાળવા વગેરેથી તેને પ્રસન્ન કરવું—આમ તેનાજ ચિંતનને લીધે તેમના પોતાના સ્નાનાદિ નિયમો, અહિંસાદિ યમો તથા તે સહિત ઈશ્વરપૂજાદિ એક પછી એક દરરોજ છૂટતાં છૂટતાં કેટલેક દિવસે બધાંય છૂટી ગયાં. 'અહો! આ બિચારું મૃગનું બચ્ચું કાળચક્રના ઘૂમવાના વેગથી પોતાનાં ટોળાં, મિત્રો ને સંબંધીઓથી વિખૂટું પડી જઇને મારે શરણે આવ્યું છે અને મનેજ પોતાનાં માતા, પિતા, ભાઇ, જ્ઞાતિ તથા ટોળાંના સંઘાતી માનતું મારી પાસે આવ્યું છે; તેમજ મારા વિના બીજા કોઇને ઓળખતું નથી અને મારામાંજ અત્યંત વિશ્વાસુ બન્યું છે; એટલા માટેજ 'આને લીધે હું સ્વાર્થથી ભ્રષ્ટ થઇશ' આવી દોષદૃષ્ટિ કર્યા વિના કેવળ મારેજ શરણે રહેલા આ મૃગના બચ્ચાનું પોષણ, પાલન, પ્રસન્નતા તથા લાલન મારે કરવું જોઇએ; કેમકે હું શરણે આવેલાની ઉપેક્ષા કરવાના દોષને જાણું છું.[૮-૯] ખરેખર, ઉપશમસ્વભાવવાળા અને દીન ઉપર પ્રેમ ધરાવતા આર્ય સત્પુરુષો આવા પ્રકારના વિષયમાં પોતાના મહાન સ્વાર્થની પણ દરકાર કરતા નથી.'[૧૦] આવી રીતે આસક્તિ રાખીને તે મૃગના બચ્ચાની સાથે જેમનું હૃદય સ્નેહથી બંધાઈ ગયું હતું એવા તે ભરતજી બેસવું, સૂવું, ફરવું, ઊભા રહેવું તથા ખાવું વગેરે સર્વ ક્રિયામાં તેની સાથેજ રહેવા લાગ્યા.[૧૧] દર્ભ, પુષ્પ, હોમનાં કાષ્ઠ, પાંદડાં, ફળ, મૂળ તથા જળ લેવા માટે પોતે જ્યારે વનમાં જતા હતા, ત્યારે પણ વરુઓ તથા કૂતરાંઓ વગેરેથી ભયની શંકા રાખીને તે મૃગના બચ્ચાને સાથેજ લઇ જતા હતા.[૧૨] માર્ગમાં પણ તે મૃગનું બચ્ચું મુગ્ધભાવથી જ્યાં ત્યાં ભરાઇ પેસતું હતું, ત્યારે પણ અત્યંત સ્નેહાકુળ હૃદયવાળા તે ભરતજી તેના પરની દયાળુતાને લીધે તેને પોતાની ખાંધ ઉપર ઊંચકી લેતા હતા અને ખોળામાં લઇ છાતીસરસું ચાંપીને લાડ લડાવતા અત્યંત આનંદ પામતા હતા. કોઇ કોઇ સમયે દેવપૂજા વગેરે ક્રિયા ચાલતી હોય ત્યારે પણ વચ્ચે ઊઠી ઊઠીને જ્યારે તે મૃગના બચ્ચાને તે ભરતજી જોતા હતા, ત્યારે સ્વસ્થ મનથી તેને આવી આશિષ આપતા હતા કે, 'હે વત્સ! તારું સર્વ તરફથી કલ્યાણ થાઓ.'[૧૩-૧૪] કોઇ કોઇ વેળા તે મૃગનું બચ્ચું જોવામાં ન આવતું ત્યારે તે ભરતજી, જેનું ધન નાશ પામ્યું હોય તેવા મનુષ્યની પેઠે દીન બની જઇને મનમાં અત્યંત ઉદ્વેગ પામતા હતા અને તે મૃગના બચ્ચાના વિરહથી વિહ્વળ થયેલા હૃદયમાં સંતાપ પામી અત્યંત ઉત્સુકતાથી તે બચ્ચાનેજ દયાપૂર્વક શોક કરતા કરતા મહામોહને પામીને આ પ્રમાણે કહેતા હતા:[૧૫] 'અહો! અત્યંત ખેદની વાત છે કે, તે બિચારું મૃગનું બચ્ચું કે જેની માતા મરણ પામી છે તેણે શઠ, ભીલની પેઠે ઠગનારી ક્રૂર બુદ્ધિવાળા, અનાર્ય અને નિર્ભાગી એવા મારો વિશ્વાસ કર્યો છે; તો સુજનની પેઠે પોતાની ચિત્તશુદ્ધિથી મારી તે શઠતા વગેરેને નહિ ગણીને તે આવશે તો ખરું ને?[૧૬] દેવથી રક્ષા કરાયલા તે મૃગના બચ્ચાને આ આશ્રમના ઉપવનમાં કોમળ ઘાસ ચરતું હું ક્ષેમકુશળ જોઈશ કે?[૧૭] કોઇ વરુ, કૂતરો કે બીજું ભૂંડ વગેરે અથવા વાઘ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વગેરે પ્રાણી તેને ખાઇ તો નહિ ગયું હોય ?[૧૮] જેમના ઉદયથી સમગ્ર લોકનું કલ્યાણ થાય છે અને ત્રણ વેદ જેમનું સ્વરૂપ છે, તે આ ભગવાન સૂર્યદેવ અસ્ત પામે છે, છતાં હજી સુધી પણ તે મૃગલીનું થાપણરૂપી બચ્ચું કેમ નથી આવતું ?[૧૯] તે હરિણરાજકુમાર, અનેક પ્રકારની સુંદર અને જોવા યોગ્ય પોતાના મૃગના બચ્ચાની રમતગમતોથી તેના પોતાના સંબંધી એવા મારા અસંતોષને દૂર કરતો પુણ્યહીન એવા મારી પાસે આવી મને સુખી કરશે ને ?[૨૦] ગમતમાં ને ગમતમાં જ્યારે હું ખોટી સમાધિ કરીને મારાં નેત્રો જરાક બંધ કરી દઉં છું, ત્યારે એ મૃગનું બચ્ચું અત્યંત ભયભીત બની જઇને મારી પાસે આવે છે અને પ્રણયકલહ કરી જળબિંદુ જેવાં કોમળ શિંગડાંના અગ્રભાગથી મને મારે છે.[૨૧] કોઇ વેળા જેના પર હુતદ્રવ્ય મૂકેલાં હોય છે, એવા દર્ભને તે મૃગનું બચ્ચું દાંત વડે ખેંચીને દૂષિત કરે છે અને તે વખતે હું તેને જ્યારે ઠપકો આપું છું, ત્યારે ખૂબ ડરી જઇ એકદમ પોતાની ગમત બંધ કરી દે છે અને ઋષિકુમારની પેઠે ઇન્દ્રિયોને એકાગ્ર કરી નિશ્ચળ થઇ જાય છે.[૨૨]÷ અરે ! આ ભાગ્યશાળી ભૂમિએ કયું તપ કર્યું હશે ? કારણ કે આ ભૂમિ તે વિનયી કાળા મૃગના બચ્ચાની અતિશય સૂક્ષ્મ, સુંદર, અત્યંત મંગળ અને સૂંવાળી ખરીઓની પદપંક્તિથી મને તે મૃગરૂપી ધનથી રહિત થઈ પડેલા દીન દુઃખીને મારા તે મૃગરૂપી ધનનો માર્ગ સૂચવી રહી છે; અને તેની આ પદપંક્તિથી સર્વ તરફ અલંકૃત થયેલી પોતામે પણ સ્વર્ગ તથા મોક્ષની ઇચ્છાવાળા બ્રાહ્મણોની +યજ્ઞભૂમિરૂપ કરે છે. દીન જનો પર દયાળુ હોઇને આ ભગવાન *ચંદ્રમા, જેની માતા મરણ પામી છે અને પોતાના આશ્રમથી જે ભૂલું પડી ગયેલ છે, તે આ મૃગના બચ્ચાનું દયાને લીધે સિંહના ભયથી શું રક્ષણ કરી રહ્યા છે.[૨૩,૨૪] અથવા તે મૃગબાળકરૂપી પુત્રના વિયોગને લીધે ઉત્પન્ન થયેલા સંતાનરૂપી દાવાનળની શિખાઓથી જેની હૃદયરૂપી §સ્થળકમલિની તપી રહી છે એવા અને મૃગના બાળકને અનુસરી રહેલા મને આ ચંદ્રમા શીતળ, શાંત અને મારા પરના પ્રેમને લીધે વારંવાર ઝરી રહેલા એવા પોતાના ×મુખના જળરૂપી અમૃતમય કિરણો વડે શું શાંતિ પમાડે છે ?[૨૫] એ પ્રમાણે પોતાને નહિ ઘટતા મનોરથોથી જેમનું હૃદય વ્યાકુળ બની ગયું હતું, એવા તે યોગતપસ્વી ભરતજીને મૃગના બચ્ચારૂપે ભાસતા પોતાના પ્રારબ્ધકર્મેજ યોગચર્યા તથા ભગવદારાધનથી ભ્રષ્ટ કર્યા હતા. જો એમ ન હોય તો પ્રથમના પોતાના દુસ્ત્યજ સગા પુત્રોને પણ મોક્ષના પ્રતિપક્ષ હોવાથી જેમણે તજી દીધા હતા, એવા તે ભરતજીને એક વિજાતીય મૃગના બચ્ચા પર એવી સાક્ષાત્ પુત્રના જેવી આસક્તિ કેમ થાય ? એ પ્રમાણે અંતરાય કર્મોને લીધે જેમની યોગચર્યા નાશ પામી હતી, એવા તે રાજર્ષિ ભરતજી મૃગના એ બચ્ચાનું પોષણ, પાલન, રંજન તથા લા-

÷ એ પ્રમાણે ઘણો વિલાપ કરી ઊઠી બહાર નીકળીને ભરતજી, તે મૃગના બચ્ચાનાં પગલાંઓને ભૂમિ પર જોઇને કહે છે. —શ્રીધર

+ જે ભૂમિ પર કાળા મૃગનાં પગલાં પડેલાં હોય છે, તે ભૂમિને યજ્ઞ કરવાના ઉત્તમ સ્થાન તરીકે યજ્ઞભૂમિ માનેલી છે. આવા આશયનું આ સ્મૃતિવચન છે– 'यस्मिन् देशे मृगः कृष्णस्तस्मिन् धर्मान्निबोधत' જે પ્રદેશમાં કાળો મૃગ રહેતો હોય, તે પ્રદેશમાં તમે તમારા યજ્ઞધર્મોને જાણી શકો છો. —શ્રીધર

* એટલામાં ઉદય પામેલા ચંદ્રની અંદર મૃગ જોઇને તે મૃગને પોતાનો મૃગ માનીને કહે છે. —શ્રીધર

† ચંદ્રકિરણના સ્પર્શસુખને અનુભવીને કહે છે. —શ્રીધર

§ સ્થળકમલિની કહેવાનું કારણ એ કે, જળમાંની કમલિની જળના સંબંધથી તાપ સહન કરી શકે છે, પણ સ્થળકમલિની તાપ સહન કરી શકે નહિ. —મા. ક.

× લોકમાં પણ આ વાત પ્રસિદ્ધ છે કે, મંત્રવાદીઓ પોતાના મુખના જળથી સામાના તાપને શાંત કરે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લનમાં આસક્ત બની જવાથી આત્મચિંતા કરતા ન હતા, તેવામાં તો સર્પ જેમ ઉંદરના દરમાં આવી પહોંચે, તેમ તીવ્ર વેગવાળો અને દુર્લંઘ્ય એવો તેમનો મૃત્યુસમય આવી પહોંચ્યો.[૨૬] તે સમયે પણ સમીપમાં રહેલું તે મૃગનું બાળક, પુત્ર જેમ શોક કરે તેમ શોક કરતું હતું; તેને જોઇને ભરતજીનું મન કેવળ તે મૃગમાંજ આસક્ત થઈ ગયું હતું; જેથી દેહનો તથા મૃગનો ત્યાગ કરીને પણ તેમને એક પ્રાકૃત જીવની પેઠે મૃગનું શરીર પ્રાપ્ત થયું–મૃત્યુ પામીને પણ તે મૃગ થયા. માત્ર પૂર્વના તે મૃગશરીર પછી તેમની પૂર્વજન્મની સ્મૃતિ વિનાશ પામી નહિ–પૂર્વજન્મકૃત ભગવદ્ભક્તિથી તેમને પૂર્વજન્મનું સ્મરણ રહ્યું, જેથી કરીને તે મૃગશરીરમાં પણ તેમને પૂર્વકૃત ભગવદ્ભક્તિના સામર્થ્યથી પોતાને મૃગપણું પ્રાપ્ત થવાનું કારણ સ્મરણમાં આવ્યું અને તેને સંભારી સંભારીને તે ઘણોજ સંતાપ કરતા કહેવા લાગ્યા કે,[૨૭।૨૮] 'અહો! અત્યંત ખેદની વાત બની ગઇ કે, હું ધીર પુરુષોના યોગમાર્ગથી ભ્રષ્ટ થયો છું; કારણ કે મેં સમસ્ત સંગનો ત્યાગ કર્યો હતો; એકાંત પવિત્ર અરણ્યનું શરણ લીધું હતું અને ધીર એવા મેં મારા મનને સર્વના આત્મા એવા ભગવાન વાસુદેવ વિષે તેમનું શ્રવણ, મનન, કીર્તન, આરાધન તથા સ્મરણના યોગથી સમગ્ર પ્રહરો જેમાં ખાલી જતા ન હતા, એવા કાળે સ્થાપિત કર્યું હતું અને તે મન નિશ્ચળ પણ થયું હતું; તોપણ ફરી મારું અજ્ઞાનીનું તે મન મૃગના એક બચ્ચાની પાછળ સર્વાંશે સંપૂર્ણ ઢળી પડ્યું હતું.'[૨૯] એ રીતે ગુપ્ત વૈરાગ્યવાળા તે મૃગશરીરધારી ભરતજી પોતાની માતા મૃગલીનો ત્યાગ કરીને જ્યાં પોતે મૃગ તરીકે જન્મ્યા હતા, તે કાલંજર પર્વતમાંથી ફરી પાછા તે પુલસ્ત્ય–પુલહના આશ્રમમાં (હરિક્ષેત્રમાં) ગયા કે જે ભગવાનના ક્ષેત્રરૂપ હોઇને ઉપરામ સ્વભાવવાળા મુનિગણોને પ્રિય છે અને જ્યાં આગળ શાલવૃક્ષોથી યુક્ત ગામડું આવેલું છે.[૩૦] ત્યાં પણ પોતાના મૃત્યુકાળની તે રાહ જોતા હતા; કોઈ પણ સંગથી અત્યંત ભયભીત રહેતા હતા; પોતે એકલાજ વિચરતા હતા; સૂકાં પાંદડાં, ઘાસ તથા લતાઓ પર પોતાની આજીવિકા કરતા હતા અને પોતાને મૃગપણું પ્રાપ્ત થવામાં નિમિત્તરૂપ કર્મના અંતનીજ રાહ જોતા હતા. છેવટે મૃત્યુકાળ પ્રાપ્ત થયો, ત્યારે તીર્થજળથી ભીના (એટલે પોતાનું અર્ધું શરીર તીર્થજળમાં ઊભું હતું, તેજ અવસ્થામાં) મૃગશરીરનો ત્યાગ કર્યો."[૩૧]

तस्मिन्नपि कालं प्रतीक्षमाणःसंगाच्च भृशमुद्विग्न आत्मसहचरः शुष्कपर्णतृणवीरुधा वर्तमानो मृगत्वनिमित्तावसानमेव गणयन् मृगशरीरं तीर्थोदकाक्लिन्नमुत्ससर्ज ॥ ३१ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૮ મો સમાપ્ત

अध्याय ९ मो+

પ્રારબ્ધના કર્મયોગે ભરતજીનો જડ બ્રાહ્મણ તરીકે જન્મ અને ભદ્રકાલીના પશુ તરીકે ઘસડાવા છતાં તેમની નિર્વિકાર સ્થિતિ

॥ श्रीशुक उवाच ॥

अथ कस्यचिद्द्विजवरस्यांगिरःप्रवरस्य शमदमतपः स्वाध्यायाऽध्ययनत्यागसंतोषतितिक्षाप्रश्रयविद्याऽनसूयात्मज्ञानानंदयुक्तस्यात्मसदृशश्रुतशीलाचाररूपौदार्यगुणा नव सौंदर्या अंगजा बभूवुर्मिथुनं च यवीयस्यां भार्यायाम् ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી કોઇ એક ઉત્તમ*

+ આ અધ્યાયમાં ભરતજીને જડ બ્રાહ્મણપણું પ્રાપ્ત થયું, ત્યારે ભદ્રકાલીના પશુબલિ તરીકે તેમને લઇ જવામાં આવ્યા, છતાં રાગાદિના અભાવને લીધે તે નિર્વિકારજ રહ્યા, એ કથા કહેવાશે. —શ્રીધર

* शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ।
अथवा योगिनामेव कुले भवति धीमताम् ॥
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બ્રાહ્મણ કે જે આંગિરસગોત્રીઓમાં શ્રેષ્ઠ હતો અને શમ,[૧] દમ,[૨] તપ, વેદાધ્યયન, ત્યાગ,[૩] સંતોષ, સહનશીલતા, નમ્રતા, કર્મવિદ્યા, [૪]અસૂયારહિતપણું, [૫]આત્મજ્ઞાન તથા ધર્મસંપત્તિનો આનંદ—એ ગુણોથી યુક્ત હતો, તેને પોતાની મોટી સ્ત્રીમાં પોતાના જેવા શીલ, આચાર, રૂપ તથા ઉદારતાવાળા નવ પુત્રો ઉત્પન્ન થયા હતા અને નાની સ્ત્રીમાં એક કન્યા તથા એક પુત્ર એમ જોડલું જન્મ્યું હતું.[૧] એ જોડલામાં જે પુરુષ હતો તેજ ભગવાનના પરમ ભક્ત અને રાજર્ષિઓમાં શ્રેષ્ઠ ભરતજી હતા, જે મૃગના શરીરનો ત્યાગ કરી છેલ્લા શરીરે બ્રાહ્મણ તરીકે જન્મ્યા હતા, એમ વિદ્વાનો કહે છે.[૨] એ બ્રાહ્મણશરીરમાં પણ તે ભરતજી સ્વજનોના સંગથી અત્યંત કંટાળતા હતા અને જેમનું શ્રવણ, સ્મરણ તથા ગુણકીર્તન કર્મરૂપ બંધનનો નાશ કરનાર છે તે શ્રીભગવાનના ચરણકમળયુગલનું મનથી ધ્યાન કરતા હતા. તેમને ભગવાનની કૃપાથી તે સમયે પણ પોતાના પૂર્વજન્મોનું સ્મરણ હતું, જેથી 'રખેને ફરી પણ આત્માને બીજી યોનિમાં અવતરવું પડે' આવી શંકા રાખી પોતે જાણે ઉન્મત્ત હોય, પાગલ હોય, જડ હોય, અંધ હોય અને બહેરા હોય તેમ સર્વ લોકને બતાવતા હતા.[૩] પેલો બ્રાહ્મણ કે જેમનું મન પુત્ર ઉપરના સ્નેહથી બંધાયલું હતું, તેમણે એ પુત્રના પણ (આ જડ હોવાથી ગૃહસ્થાશ્રમનો તો અધિકારી નથી, એમ માનીને) સમાવર્તન ÷ સુધીના સર્વ સંસ્કારો કરવા શરૂ કર્યા. જનોઇ દીધા પછી શૌચઆચમન વગેરે કર્મનિયમો જોકે જડભરતને ગમતા ન હતા, તોપણ 'પુત્રે પિતાદ્વારા સુશિક્ષિત થવું જોઇએ' આવા વિચારથી તેમણે તેને શીખવી દીધા. જડભરત પણ (પોતાના પિતા ભણાવતા બંધ થાય તે માટે) પિતાની સમીપમાંજ અયોગ્ય જેવું વર્તન કરવા લાગ્યા. તેમના પિતાએ વેદાધ્યયન કરાવતાં પહેલાં ×વ્યાહૃતિઓ, ૐકાર તથા શિરસ્+ સહિત ત્રિપદા ગાયત્રી ભણાવવા માંડી અને ગ્રીષ્મ તથા વસંતઋતુના ચૈત્રથી માંડી ચાર મહિના સુધી જડભરતજી ભણ્યા પણ ખરા, છતાં તેમના પિતા તેમને બરાબર શીખવી શક્યા નહિ.*[૪૫] એ પ્રમાણે પોતાના આત્મારૂપ તે પોતાના પુત્ર પર સ્નેહને લીધે જેનું મન લાગ્યું હતું એવા તે બ્રાહ્મણે, પવિત્રતા, વેદાધ્યયન, વ્રત, નિયમ તથા ગુરુની ને અગ્નિની સેવા વગેરે બ્રહ્મચારીનાં કર્મો તે જડભરતને ગમતાં ન હતાં; તોપણ 'પિતાદ્વારા પુત્રે શિક્ષિત થવું જોઇએ' આવો ખોટો આગ્રહ રાખી-

---

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ॥
यतते च ततो भूयः संसिद्धौ कुरुनंदन ।
पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ॥
(श्री. भ. गी. ६–४१–४४)

અર્થાત્ કોઇ યોગભ્રષ્ટ પુરુષ પવિત્ર શ્રીમંતોને ઘેર જન્મે છે અથવા બુદ્ધિમાન યોગીઓના કુળમાં ઉત્પન્ન થાય છે. આવો જન્મ લોકમાં અત્યંત દુર્લભ છે અને તે જન્મમાં તે યોગભ્રષ્ટને પોતાના પૂર્વજન્મનો તે બુદ્ધિયોગ પ્રાપ્ત થાય છે; જેને લીધે હે અર્જુન! તે યોગભ્રષ્ટ પુરુષ ફરી પણ મોક્ષ માટે પ્રયત્ન કરે છે; જો કે પ્રકૃતિને અધીન હોઇ તે પરતંત્ર હોય છે, તોપણ પૂર્વકાળના અભ્યાસથી યોગસિદ્ધિ તરફજ આકર્ષાય છે. આ ગીતાવચન પ્રમાણે યોગભ્રષ્ટ ભરતજીના પિતાની શ્રેષ્ઠતા અહીં કહે છે. —बालप्रबोधिनी

૧. શમ એટલે અંતઃકરણનો નિગ્રહ.

૨. દમ એટલે બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ.

૩. ત્યાગ એટલે અતિથિઓ વગેરેને અન્નદાન કરવું તે.

૪. અસૂયારહિતપણું એટલે બીજાઓ ઉપર દોષારોપ નહિ કરવો તે.

૫. આત્મજ્ઞાન એટલે દેહાદિથી ભિન્ન ભોક્તા આત્મા છે, એવું જ્ઞાન. —बालप्रबोधिनी

÷ સમાવર્તન એટલે ગુરુગૃહે વિદ્યાભ્યાસ કરી ઘેર પાછા આવવું તે. —भा. क.

× भूः भुवः स्वः—એ ત્રણ વ્યાહૃતિઓ છે. —भा. क.

+ પ્રાણાયામ કરતી વેળા ગાયત્રીમંત્રના અંતે જે બોલાય છે તે ગાયત્રીનું શિરસ કહેવાય છે. —भा. क.

* અર્થાત્ ચાર મહિના જેટલો કાળ વીતી ગયો તોપણ તે જડભરતને સ્વરાનુપૂર્વી સાથે તે વ્યાહૃતિ વગેરે પણ કંઇ આવડ્યું નહિ. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ને શીખવવા માંડ્યાં; તોપણ 'આ મારો પુત્ર પંડિત થશે' આવો તેનો મનોરથ પૂર્ણ થયો નહિ અને છેવટે પોતે ઘેરજ પ્રમાદી રહીને સર્વના તરફ અપ્રમાદી તરીકે વર્તતા કાળથી સમેટાઇ ગયો—મૃત્યુ પામ્યો. તે પછી એ બ્રાહ્મણની નાની સ્ત્રીએ પોતાના ગર્ભથી ઉત્પન્ન થયેલ પોતાનાં જોડકાં સંતાન પોતાની શોક્યને અર્પણ કરી દીધાં ને પોતે પતિ પાછળ મરણ પામીને પતિના લોકમાં ગઇ. એ પ્રમાણે પિતા મરણ પામ્યા એટલે જડભરતના પેલા નવ ભાઇઓ, કે જેઓ જડભરતના પ્રભાવને જાણતા ન હતા અને વેદવિદ્યામાંજ નિશ્ચય પામેલી બુદ્ધિવાળા હોઇને આત્મવિદ્યામાં અનિશ્ચિત બુદ્ધિવાળા હતા, તેઓએ 'આ તો જડ બુદ્ધિવાળો છે' એમ માની પોતાના ભાઈ જડભરતને શિક્ષણ આપવાનો આગ્રહ છોડી દીધો.[૬-૮] જડભરત પણ જ્યારે કોઇ અજ્ઞાની મનુષ્યો તેમને 'ઉન્મત્ત! જડ! બધિર!' એમ કહેતા ત્યારે તેમની સામે તેવાંજ વચનો બોલતા હતા; તેમને કોઇ કામ કરાવતા ત્યારે સામાની ઇચ્છા પ્રમાણે કરતા હતા અને કોઇની વેઠ કે મજૂરી કરીને, કોઇની પાસે માગીને કે દૈવેચ્છાએ પોતાને જે કંઇ થોડુંઘણું, મિષ્ટ કે ખરાબ અન્ન મળી આવતું તે ખાઈ લેતા હતા અને તે પણ ઇન્દ્રિયોની પ્રીતિ માટે તો નહિજ. કારણકે તેમણે નિત્ય પોતાને માટે કંઈ પણ કરવાનો ત્યાગ કર્યો હતો અને સ્વતઃસિદ્ધ એવો જે વિશુદ્ધ અનુભવ તેજ આનંદસ્વરૂપ હું આત્મા છું—આવું આત્મજ્ઞાન તેમને પ્રાપ્ત થયું હતું. જેથી રાગદ્વેષનાં કારણ સુખમાં તથા દુઃખમાં તે દેહાભિમાન કરતા ન હતા.[૯] ટાઢમાં, તડકામાં, વાયુમાં કે વરસાદમાં બળદની પેઠે તે ખુલ્લા શરીરે રહેતા. તેમનું શરીર પુષ્ટ ને મજબૂત હતું; પૃથ્વી પર કંઇ પણ પાથર્યા વિના સૂઇ રહેવાથી, શરીરે કદી મર્દન નહિ કરવાથી અને સ્નાન પણ નહિ કરવાથી તેમના શરીર પર ધૂળ જામી ગઇ હતી, જેથી (સરાણ પર નહિ ચડાવેલા) મોટા મણિની પેઠે તેમનું બ્રહ્મતેજ પ્રકટ જણાતું ન હતું. પોતાની કેડ પર એક ફાટલુંતૂટલું વસ્ત્ર તે વીંટી રાખતા હતા અને ઘણીજ મેલી જનોઇ ઉપરથી 'આ કોઇ અધમ બ્રાહ્મણ છે' આવી સંજ્ઞાથી તેમના સ્વરૂપને નહિ જાણનારા લોકો તેમની અવગણના કરતા હતા. આવી રીતે અવધૂત વેષમાં જડભરત પૃથ્વી પર વિચરતા હતા. તે જડભરત જ્યારે બીજાઓ પાસેથી કામ કરીને આહાર મેળવવા ઇચ્છવા લાગ્યા, ત્યારે તેમના ભાઇઓએ તેમને ક્યારાઓ કરવાના કામમાં જોડ્યા. એટલે તેમણે તે કામ પણ કરવા માંડ્યું; પણ અમુક સ્થળે કાદવ નાખવાથી ખેતર સપાટ થાય કે અમુક સ્થળે નાખવાથી ઊંચુંનીચું કે અધિક થઇ જાય તે કંઇ તે જાણતા ન હતા અને તે કામ બદલ પોતાના ભાઈઓએ આપેલ ચોખાની કણકી, તલનો ખોળ, ધાન્યનાં ફોતરાં, સડેલા અડદ તથા તપેલીમાં નીચે દાઝી ગયેલા અન્નાદિને પણ અમૃતતુલ્ય માનીને ખાઇ લેતા હતા.[૧૦,૧૧] હવે એક દિવસે કોઇ શૂદ્ર જાતિના ચોરરાજાએ પોતાને ત્યાં સંતાન થાય, એવી ઇચ્છાથી ભદ્રકાલી દેવીને પુરુષપશુ ચડાવવાની બાધા રાખી હતી.[૧૨] (તે માટે) તેણે જ એક પુરુષપશુ પકડી આણ્યો હતો, તે દૈવયોગે બંધનથી છૂટી જઇ નાસી ગયો, એટલે તેની શોધ માટે દોડી નીકળેલા તે ચોરરાજાના સેવકો અંધારી મધ્યરાત્રિનો સમય થઈ ગયો તોપણ તે નાસી ગયેલો પુરુષપશુ મેળવી શક્યા નહિ; તેવામાં અકસ્માત્ દૈવયોગે તે ચોરસેવકોએ પેલા અંગિરસગોત્રી બ્રાહ્મણપુત્ર જડભરતને જોયા, જે જડભરત તે વેળા વીરાસને ઊભા રહીને મૃગોભૂંડો વગેરેથી ક્યારાઓની રક્ષા કરી રહ્યા હતા. તે સેવકો એ જડભરતને નિર્દોષ લક્ષણોવાળા જોઇ પોતાના સ્વામીની કાર્યસિદ્ધિ થઇ ચૂકી, એમ માનવા લાગ્યા અને હર્ષથી પ્રફુલ્લ મુખ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

વાળા તેઓ જડભરતને દોરડીથી બાંધીને દેવીના મંદિરે લઈ ગયા.[૧૩/૧૪] પછી તે ચોરલોકોએ જડભરતને પોતાની વિધિથી સ્નાન કરાવ્યું, નવીન વસ્ત્ર પહેરાવ્યાં, દાગીના, ચંદન, પુષ્પમાળા તથા તિલક વગેરેથી શણગાર્યા, જમાડ્યા ને પછી ધૂપ, દીપ, પુષ્પ, શાળની ધાણી, કૂણાં પાંદડાં, જવાર, ફળ તથા નૈવેદ્યથી યુક્ત પોતાની હિંસાવિધિ સાથે અને ગીત, સ્તુતિ, નરઘાં તથા ઢોલના મોટા અવાજ સાથે તે પુરુષપશુ–જડભરતને ભદ્રકાલી દેવીની આગળ બેસાડ્યા;[૧૫] એટલે તે શૂદ્ર ચોરરાજાનો એક પુરોહિત એ પુરુષપશુના લોહીરૂપી આસવથી દેવી ભદ્રકાલીને તૃપ્ત કરવા તૈયાર થયો અને તેણે મંત્રોથી મંત્રેલી મહાભયંકર તીક્ષ્ણ તલવાર હાથમાં લીધી.[૧૬] એ પ્રમાણે તે શૂદ્રો, કે જેઓ રજોગુણી તથા તમોગુણી સ્વભાવના હતા, ધનના મદથી તથા રજોગુણથી નિર્મર્યાદ મનવાળા હતા અને ભગવાનના અંશથી યુક્ત બ્રાહ્મણોના કુળને પણ તુચ્છ ગણી યથેષ્ટ ઉન્માર્ગે જતા હતા; તેમજ હિંસાથીજ મનમાં આનંદ માનનારા હતા; તેઓનું એ અતિ દારુણ કર્મ કે જે બ્રહ્મસ્વરૂપ, સાક્ષાત બ્રહ્મર્ષિપુત્ર, સર્વના તરફ નિર્વૈર અને પ્રાણીમાત્રના મિત્ર તે જડભરતની હિંસા કરવારૂપ હતું અને આપત્તિકાળે હિંસા કરવાની અનુજ્ઞામાં પણ જે એ બ્રાહ્મણવધરૂપી કર્મ અનુજ્ઞા અપાયલું નથી; તે જોઇને તેજ દેવી ભદ્રકાલી અતિ દુઃસહ બ્રહ્મતેજથી અત્યંત બળતા શરીરે પ્રતિમામાંથી એકદમ બહાર નીકળ્યાં.[૧૭] એ વેળા તે દેવીનું મુખ અપરાધ નહિ સહન થતાં ક્રોધના આવેશના વેગ વડે ઊંચી ચડી ગયેલી ભ્રૂકુટિથી, ઝાડની ડાળીઓ જેવી વાંકી દાઢોથી તથા લાલચોળ નેત્રના આડંબરથી અત્યંત ભયંકર જણાતું હતું ને આ જગતનો વિનાશ કરવા ઇચ્છતાં હોય તેમ ઘણાજ ક્રોધથી ખડખડાટ તે હસતાં હતાં. પછી તેમણે પોતાના સ્થાનેથી એકદમ કૂદીને એ મહાપાપી દુષ્ટ ચોરલોકનાં માથાં પેલી પુરોહિતનીજ તલવારથી કાપી નાખ્યાં અને તેમનાં ગળાંમાંથી ઝરતા લોહીના અતિ ઉષ્ણ આસવનું પોતાના પરિવાર સાથે પાન કરી, તે અતિશય પાનને લીધે મદથી વિહ્વળ થયેલાં નેત્રવાળાં તે દેવી પોતાના પાર્ષદો સાથે મોટેથી ગાવા લાગ્યાં, નાચવા લાગ્યાં અને ચોરલોકોનાં મસ્તકોરૂપી દડાઓની રમત વડે રમવા લાગ્યાં.[૧૮] ખરેખર, એજ પ્રમાણે મોટા પુરુષો તરફ અભિચારરૂપી (મારી નાખવાના ઇરાદારૂપી) જો અપરાધ કર્યો હોય તો તે સંપૂર્ણ રીતે પોતાનેજ (તેવું) ફળ આપનાર થઈ પડે છે.[૧૯] હે વિષ્ણુદત્ત રાજા પરીક્ષિત ! ભગવાનના ભક્ત એવા પરમહંસોને એ પ્રમાણે પોતાના શિરચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે પણ કંઇ ગભરાટ ન થાય, એ મોટું આશ્ચર્ય નથી; કેમકે એવા મહાપુરુષોની દેહાદિ પદાર્થોને આત્મા તરીકે માનવારૂપી મજબૂત હૃદયની ગાંઠ છૂટી ગઇ હોય છે; પ્રાણીમાત્રના તેઓ મિત્ર અને આત્મારૂપ હોય છે; સર્વના તરફ વૈરભાવથી રહિત હોય છે; સાક્ષાત્ ભગવાન પોતેજ સાવધાન રહેનારા કાળરૂપી શ્રેષ્ઠ ચક્ર વડે તે તે (ભદ્રકાલી જેવા) પદાર્થોથી સર્વ તરફ તેઓની રક્ષા કરે છે અને સર્વ તરફથી નિર્ભય તે ભગવાનના ચરણનાં મૂળનેજ તેઓ શરણે ગયેલા હોય છે."[૨૦]

न वा एतद्विष्णुदत्त महदद्भुतं यदसंभ्रमः स्वशिरश्छेदन आपतितेऽपि विमुक्तदेहाद्यात्मभावसुदृढहृदयग्रंथीनां सर्वसत्त्वसुहृदात्मनां निर्वैराणां साक्षाद्भगवताऽनिमिषारिवरायुधेनाप्रमत्तेन तैस्तैर्भावैः परिरक्ष्यमाणानां तत्पादमूलमकुतश्चिद्भयमुपसृतानां भागवतपरमहंसानाम् ॥ २० ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૯ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय १० मो*

રાજા રહૂગણુ ને જડભરત

॥ श्रीशुक उवाच ॥

अथ सिंधुसौवीरपते रहूगणस्य व्रजत इक्षुमत्यास्तटे तत्कुलपतिना शिविकावाहपुरुषान्वेषणसमये दैवेनोपसादितः स द्विजवर उपलब्ध एष पीवा युवा संहननांगो गोखरवद्धुरं वोढुमलमिति पूर्वविष्टिगृहीतैः सह गृहीतः प्रसभमतदर्ह उवाह शिविकां स महानुभावः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી એક સમયે સિંધુ તથા સૌવીર દેશનો રાજા રહૂગણુ, તત્ત્વ જાણવાની ઇચ્છાથી કપિલઋષિના આશ્રમ તરફ જતો હતો. તે વેળા ઇક્ષુમતી નદીના કિનારે તેની પાલખી ઉપાડનારાઓના વડા અધિકારીએ પાલખી ઉપાડનારા બીજા પુરુષોની શોધ કરવા માંડી. તે સમયે દૈવયોગે બ્રાહ્મણશ્રેષ્ઠ જડભરતજી જ મળી આવ્યા. (તેમને જોઇને) આ પુરુષ શરીરે પુષ્ટ છે, યુવાન ને મજબૂત અંગવાળો છે; તેથી બળદ અને ગધેડાની પેઠે ભાર ઉપાડવાને સમર્થ છે, એમ માનીને પ્રથમ વેઠે પકડેલા માણસોની સાથે જડભરતજીને પણ બળાત્કારે પકડયા; જેથી તે મહાનુભાવ એ પાલખી ઉપાડવાને અયોગ્ય હતા તોપણ તેમણે પાલખી ઉપાડી.[1] તે વેળા એ શ્રેષ્ઠ બ્રાહ્મણ (પોતાના પગ તળે કોઇ જીવની હિંસા ન થઇ જાય તે માટે) એક બાણુ જેટલી જગ્યાને જોઈ જોઇને ચાલતા હતા. તેથી પોતે બીજા સાથે ઉપાડનારા વેઠિયાઓની પાછળ રહી જતા હતા. અને તેને લીધે બધા પાલખી ઉપાડનારાઓની ચાલ સરખી નહિ થવાને લીધે પાલખી વાંકી-ચૂકી થઈ જતી હતી; તે જોઇને રહૂગણ રાજાએ પાલખી ઉપાડનારાઓને કહ્યું કે, 'અરે ઓ પાલખી ઉપાડનારાઓ! સારી રીતે ચાલો; પાલખીને વાંકી–ચૂકી કેમ ઉપાડો છો?'[2] એટલે પોતાના તે રાજાનું ઠપકાનું વચન સાંભળીને શિક્ષાના ભયથી મનમાં શંકિત થઇને તે વેઠિયાઓએ રાજાને વિનતિ કરી કે,[3] 'હે રાજા! અમે ભૂલ કરતા નથી. અમે તો આપની આજ્ઞામાં રહીને સારી રીતેજ ઉપાડીએ છીએ; પણ આ પુરુષ હમણાંજ જોડેલો છે, છતાં (એટલે થાક્યો નથી તોપણ) ઉતાવળે ચાલતો નથી, જેથી અમે આની સાથે રહીને પાલખી ઉપાડી શકતા નથી.'[4] રાજા રહૂગણે એ વેઠિયાઓનું કરુણ વચન સાંભળીને નિશ્ચય કર્યો કે, 'એક સંસર્ગીનો દોષ બીજા તેના સંસર્ગીઓને પણ અવશ્ય લાગુ પડે છે.' આમ નિશ્ચય કરીને જો કે તેણે વૃદ્ધ પુરુષોની સેવા કરી હતી; તોપણ સ્વભાવથી બલાત્કારે આકર્ષાઇને તેને જરા ક્રોધ આવી ગયો; જેથી રજોગુણ વડે આચ્છાદિત બુદ્ધિવાળો થઇને તે રાજા રાખ વડે ઢંકાયલા અગ્નિની પેઠે જેમનું બ્રહ્મતેજ સ્પષ્ટ જણાતું ન હતું એવા તે જડભરતને આ પ્રમાણે (હાંસી કરતો) કહેવા લાગ્યોઃ[5] 'અહો! ભાઇ! ખેદની વાત છે કે, તું ખરેખર થાકી ગયો છે; કારણ કે ઘણા લાંબા રસ્તા સુધી તેં એકલાએજ આટલી બધી વાર પાલખી ઉપાડી છે ખરી ને!! વળી શરીરે તું પુષ્ટ નથી; તારાં અંગો પણ મજબૂત નથી; ઘડપણે તારા પર ઉપદ્રવ કર્યો છે અને હે મિત્ર! આ તારા સોબતીઓ પણ તારા જેવા છે નહિ!' આવી રીતે વક્રોક્તિથી રાજા રહૂગણે બહુજ મશ્કરી કરી છતાં અવિદ્યાથી રચાયલાં પાંચ મહાભૂતો, ઇન્દ્રિયો, પુણ્ય–પાપરૂપી કર્મો તથા અંતઃકરણથી બનેલા પોતાના છેલ્લા શરીરરૂપી

* આ અધ્યાયમાં તિરસ્કાર કરતા રાજા રહૂગણે પોતાની પાલખીને ઉપાડતા મુનિ જડભરતને તેમણે કરેલાં પોતાનાં દુષ્ટ વાક્યોના અનુવાદ ઉપરથી ઓળખીને તેમની ક્ષમા માગી અને દેવીના પશુ તરીકે ઘસડાવા છતાં જડભરતે જે નિર્વિકાર સ્થિતિ દર્શાવી હતી, તે તો અજ્ઞાનીમાં તથા સર્વજ્ઞમાં બન્નેમાં સરખીજ જોવામાં આવે છે; માટે જડભરતનું સર્વજ્ઞપણું સિદ્ધ કરવાને રહૂગણની કથા કહેવામાં આવે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એક મિથ્યા વસ્તુ—અમુક આકૃતિમાં 'આ હું છું, આ મારું છે' આવી મિથ્યા પ્રતીતિ જેમને ન હતી એવા તે બ્રહ્મસ્વરૂપ જડભરતજી તો ચુપચાપ રહીને પૂર્વની પેઠેજ પાલખીને ઉપાડી રહ્યા હતા.[૬] ત્યારે ફરી પણ પોતાની પાલખી ઊંચાનીચી ને વાંકીચૂકી થવા લાગી; એટલે અત્યંત કોપાયમાન થઇને રહૂગણ બોલી ઊઠ્યો: 'અલ્યા ઓ! આ શું કરે છે? શું તું જીવતાંજ મરી ગયો છે? મારો અનાદર કરીને તારા સ્વામીની આજ્ઞાને પણ માનતો નથી! (ઠીક છે.) જેમ યમદેવ સર્વ મનુષ્યોને શિક્ષા કરે છે, તેમ હું પણ તને પ્રમાદીને શિક્ષા કરીશ, કે જેથી તું તારા મૂળ સ્વભાવ ઉપર આવી જઇશ.[૭] એ પ્રમાણે ઘણું ઘણું અસંબદ્ધ બોલતો રાજા રહૂગણ કે જેને 'હું રાજા છું' એવું અભિમાન હતું; રજોગુણ તથા તમોગુણથી યુક્ત મદ વડે ભગવાનના પ્રિય નિવાસસ્થાનરૂપ ભક્ત પુરુષોનું જે અપમાન કરી રહ્યો હતો અને જે પોતાને પંડિત માનતો હતો, છતાં યોગેશ્વરોના આચરણમાં જેની બુદ્ધિને ઘણોજ ઓછો પરિચય હતો એવા તેને તે બ્રહ્મસ્વરૂપ અને પ્રાણીમાત્રના મિત્ર તથા આત્મારૂપ ભગવાન જડભરતજીએ પ્રસન્નમુખે હસતા હોય તેમ ગર્વરહિત થઇને આ પ્રમાણે કહ્યું.[૮]

બ્રાહ્મણ—જડભરત બોલ્યા:—'હે વીર! * તેં મને જે કહ્યું, તે સત્ય છે. તેં મારી મશ્કરી કરી નથી. ભાર નામે જો કોઇ પદાર્થ હોય અને તે જો ઉપાડનારા દેહની સાથે સંબંધવાળો હોય અને તે દેહની સાથે મને કોઇ જાતનો જો સંબંધ હોય તો તેં મારી મશ્કરી કરી ગણાય, પણ તેવું કંઇ છે નહિ÷; તેમજ જનારને પ્રાપ્ત કરવા યોગ્ય કોઇ માર્ગ હોય અને તે જનાર તથા જવા યોગ્ય સાથે મને કોઇ જાતનો સંબંધ હોય તો તેં મારી મશ્કરી કરી ગણાય; પણ તેવુંયે નથી. વળી તેં કહ્યું કે, 'તું પુષ્ટ નથી' એ પણ સત્ય છે. કારણ કે ચેતનને ઉદ્દેશીને 'તું પુષ્ટ છે' એમ જ્ઞાનીઓ કહેતા નથી, પણ મૂર્ખાઓજ કહે છે. કારણ કે 'તું પુષ્ટ છે' આમ કહેવું તે ભૂતસમુદાયરૂપ શરીરનેજ લાગુ થાય છે, આત્માને નહિ. માટે વાત સાચી છે કે, દેહ પુષ્ટ છે, હું પુષ્ટ નથી.[૯] સ્થૂલતા, કૃશતા, રોગો, મનોવ્યથાઓ, ક્ષુધા, તૃષા, ભય, કલહ, ઇચ્છા, વૃદ્ધાવસ્થા, નિદ્રા, મૈથુન, ક્રોધ, અહંકાર, મદ તથા શોક, એ સર્વ કંઇ દેહની સાથે જન્મેલાને હોય છે, મને નથી. (કેમકે હું દેહની સાથે જન્મ્યો નથી.)[૧૦] હે રાજન્! †જીવતાં મૂઆપણું તે કેવળ મને એકલાનેજ નથી; પણ વિકારવાળી સર્વ વસ્તુને નિયમપૂર્વક છે. કારણ કે વિકારવાળી વસ્તુ આદિઅંતવાળી હોયજ છે. ‡વળી હે સ્તુતિપાત્ર રાજા! જે પક્ષમાં સેવક—સ્વામિભાવ વ્યવસ્થિત હોય—સ્થિર હોય તેજ સ્થળે આજ્ઞા કરવી ને કામ કરવું. એ બન્ને—સ્વામી તથા સેવકનાં કામ વ્યવસ્થિત કહી શકાય. (પણ જ્યાં તે કંઇ વ્યવસ્થિત નથી ત્યાં સ્વામી—સેવકપણું કેમજ કહી શકાય? કાલેજ તું રાજ્યથી ભ્રષ્ટ થઇ જાય ને મને રાજ્ય મળી જાય તો એ બધું ઊલટું બની જાય.)[૧૧] +રાજા અને સેવક—ઇત્યાદિ

---

* રહૂગુણ રાજાએ વક્રોક્તિથી જે કહ્યું હતું કે, 'તું થાકચો નથી અને લાંબો રસ્તો ચાલ્યો પણ નથી.' એનો અહીં ઉત્તર આપે છે. —શ્રીધર

÷ અર્થાત્ ભાર અને ભાર ઉપાડનાર એ બન્ને વસ્તુ હોય એમ જણાતું નથી અને તેથીજ મારે એ મિથ્યા વસ્તુ સાથે કંઈ સંબંધ નથી. —શ્રીધર

† રહૂગણે કહ્યું હતું કે, 'શું તું જીવતાં મરી ગયો છે?' એનો ઉત્તર કહે છે. —શ્રીધર

‡ 'તું મારો અનાદર કરે છે, તારા સ્વામીની આજ્ઞા માનતો નથી.' એમ રહૂગણે કહ્યું હતું તેનો અહીં ઉત્તર આપે છે. —શ્રીધર

\+ કદાચ રહૂગણ કહે કે, 'ભલે સ્વામીસેવકપણું અસ્થિર છે, તોપણ જ્યાંસુધી હું રાજા છું ત્યાંસુધી તો હું તારો સ્વામી છુંજ.' આના ઉત્તરમાં આ શ્લોક કહ્યો છે; અને તેનો ભાવ એ છે કે, 'તું રાજા અને હું સેવક' આવો ભેદ તે વ્યવહારમાંજ છે; ખરો નથી અને તેનો વ્યવહારદષ્ટિએ ત્યાગ કરીએ તો તું અને હું બન્ને એકજ છીએ અને જો ખરી રીતે એકજ છીએ તો રાજા કોણ છે? અને સેવક કોણ છે? —બા. પ્ર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જે ભેદ જોવામાં આવે છે તે બુદ્ધિનો એક અવકાશજ છે; જેને વ્યવહાર સિવાય બીજું કંઇ પણ અમે જોતા નથી—અર્થાત્ સ્વામી કે સેવક—એ બધું વ્યવહારમાંજ છે, વાસ્તવિક નથી; તો પછી રાજા કોણ છે અને સેવક કોણ છે? છતાં હે રાજન્! તને અભિમાન હોય કે 'હું રાજા છું' તો આજ્ઞા કર, અમે તારું કયું કામ કરીએ?[૧૨] ×હે વીર! હું ગાંડાની પેઠે, ઉદ્ધતની પેઠે તથા જડની પેઠે વર્તું છું; પણ સ્વસ્વરૂપને પામી ચૂક્યો છું; તો પછી મને શિક્ષા કરવાથી શું વળવાનું છે? (કારણ કે મુક્ત પુરુષને અર્થ કે અનર્થનો સંભવ હોતો નથી.) કદાચિત્ હું (મુક્ત ન હોઉં પણ) જડ તથા પ્રમાદી હોઉં તોપણ મને શિક્ષા વગેરે કરવાં તે પિષ્ટપેષણ—વ્યર્થજ છે.[૧૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એટલા (રાજાએ કહેલાનાં) અનુવાદરૂપ ભાષણથી રહૂગણ રાજાને ઉત્તર આપીને ઉપશમ સ્વભાવવાળા મુનિવર જડભરત, કે જેમની દેહના ઉપર આત્મભાવ કરાવનારી અવિદ્યા ઉપરામ પામી હતી અને પ્રારબ્ધકર્મનો ઉપભોગદ્વારા જે ક્ષય કરી રહ્યા હતા; તેમણે ફરી પણ પૂર્વની પેઠે રાજાની પાલખી ઉપાડવા માંડી.[૧૪] હે પાંડવપુત્ર પરીક્ષિત! સિંધુ તથા સૌવીરદેશનો રાજા રહૂગણ કે જેને સારી રીતે શ્રદ્ધા હોવાથી તત્ત્વજિજ્ઞાસામાં અધિકાર પ્રાપ્ત થયો હતો, તે પોતાના અહંકારરૂપી હૃદયની ગાંઠને છોડી નાખનારું અને અનેક યોગગ્રંથોને માન્ય એવું તે જડભરતજીનું વચન સાંભળીને એકદમ પાલખી ઉપરથી ઊતરી પડ્યો અને મહારાજાપણાના ગર્વથી રહિત થઇને તેમના ચરણમાં પડી ક્ષમા માગતો કહેવા લાગ્યોઃ[૧૫] 'આપ કોણ છો? બ્રાહ્મણોમાંના આપ કોણ ગુપ્ત રીતે વિચરો છો? કારણ કે આપ જનોઈ ધારણ કરો છો. (માટે બ્રાહ્મણ તો છોજ.) અથવા દત્તાત્રેય વગેરે અવધૂતોમાંના આપ કયા અવધૂત છો? કોના પુત્ર છો? ક્યાંના નિવાસી છો? અને અહીં કયા કારણે પધાર્યા છો? અમારું કલ્યાણ કરવા માટે આપ જો પધાર્યા છો તો આપ કપિલમુનિ તો નથી ને?[૧૬] મને બ્રાહ્મણકુળનું અપમાન કરવાથી જેવો ભય લાગે છે તેવો ભય ઇન્દ્રના વજ્રથી, મહાદેવના ત્રિશૂળથી, યમદેવના દંડથી કે અગ્નિ, સૂર્ય, ચંદ્ર, વાયુ તથા કુબેરના અસ્ત્રથી પણ લાગતો નથી.[૧૭] માટે હે સાધુ પુરુષ! મેં પૂછેલા પ્રશ્નોનો ઉત્તર આપ કહો. આપ સંગરહિત છો; જડની પેઠે વિચરો છો અને આપનો વિજ્ઞાનરૂપી પ્રભાવ જો કે ગુપ્ત છે તોપણ આપનો મહિમા અનંત છે. કારણ કે આપના યોગથી ગૂંથાયલાં વચનો અમારાથી મન વડે પણ જાણી શકાતાં નથી.[૧૮] હું પણ આત્મતત્ત્વને જાણનારા મુનિઓના પરમ ગુરુ અને જ્ઞાનશક્તિથી અવતરેલા સાક્ષાત્ શ્રીહરિસ્વરૂપ યોગેશ્વર કપિલદેવજીને 'આ સંસારમાં શરણ શું છે?' તે પૂછવા માટે જાઉં છું.[૧૯] તો શું તેજ આપ કપિલદેવ, ન જાણી શકાય તેવા સ્વરૂપે આ લોકનું વૃત્તાંત જાણવા માટે વિચરો છો? ઘરમાં બંધાઇ રહેલો મારા જેવો અંધબુદ્ધિ મનુષ્ય યોગેશ્વરોની ગતિને કેવી રીતે જાણી શકે?[૨૦] હું× મને પોતાને યુદ્ધ આદિ કર્મથી શ્રમ થતો જોઉં છું; તેજ પ્રમાણે ભાર ઊંચકનાર તથા માર્ગે ચાલનાર આપને પણ શ્રમ થતો હોવોજ જોઇએ, એમ હું અનુમાન કરું છું. જેમ મિથ્યા+ ઘટ વગેરે પદાર્થથી કોઈ જળ વગેરે વસ્તુ આણી શકાતી નથી,

× રહૂગણે કહ્યું હતું કે, 'તને પ્રમાદીને હું શિક્ષા કરીશ કે જેથી તું તારા મૂળ સ્વભાવ ઉપર આવી જઇશ.' એના ઉત્તરમાં અહીં કહે છે કે, મારા જેવાને શિક્ષા કરવાથી કંઇ વળે એમ નથી, જે કોઇ જડ સ્વભાવનો હોય તેને શિક્ષાથી ઠેકાણે લાવી શકાતો નથી. —શ્રીધર

× એ પ્રમાણે જડભરતજીને તેમનું સ્વરૂપ પૂછીને રહૂગણ રાજા, તેમણે જે કહ્યું હતું કે 'મને શ્રમ છે નહિ;' એ કથન ઉપર અહીં આક્ષેપ કરે છે.

+ જડભરતજીએ કહ્યું હતું કે 'વ્યવહારવિના બીજું કંઇ હું જોતો નથી,તે ઉપર અહીં આક્ષેપ કરે છે.'—શ્રી૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેમજ મિથ્યા વ્યવહારથી કોઇ પણ કાર્ય સિદ્ધ થઈ શકે નહિ. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, વ્યવહારનો માર્ગ પણ સપ્રમાણ હોવો જોઇએ–સાચોજ હોવો ÷જોઇએ.[૨૧] જેમ *તપેલીને અગ્નિનો તાપ લાગવાથી તેની અંદર રહેલા દૂધને પણ તાપ લાગે છે; દૂધને તાપ લાગવાથી તેની અંદર નાખવામાં આવેલા ચોખાને તાપ લાગે છે અને ચોખાને (ઉપરના ભાગમાં) તાપ લાગતાં તેની અંદરનો ભાગ પણ રંધાઈ જાય છે (એમાં કંઈ પણ મિથ્યા નથી), તેજ પ્રમાણે દેહને સંસારનો સંબંધ થતાં તે દેહની અંદર રહેલી ઇન્દ્રિયોને સંસારસંબંધ થાય છે, ઇન્દ્રિયોને સંસારસંબંધ થવાથી પ્રાણને સંસારસંબંધ થાય છે; પ્રાણને સંસારસંબંધ થતાં મનને સંસારસંબંધ થાય છે અને મનને સંસારસંબંધ થતાં પુરુષ–આત્માને પણ સંસારસંબંધ થતો હોવોજ જોઇએ.[૨૨] (તમે કહ્યું કે, સ્વામીસેવકભાવ અધ્રુવ છે–અસ્થાયી છે, એ સત્ય છે પણ) જ્યારે જે કોઇ રાજા હોય છે ત્યારે તો તે પ્રજાઓનો શિક્ષક અને રક્ષક હોયજ છે. (તો હું મારી રાજા તરીકેની સ્થિતિમાં તમને શિક્ષા કરવા તૈયાર થાઉં તો તે ઘટેજ છે. વળી તમે કહ્યું કે, જડને કે પ્રમાદીને શિક્ષા કરવી તે પિષ્ટપેષણજ છે; પણ તેમ કહેવું ઠીક નથી; કારણ કે) જે રાજા ભગવાનનો ભક્ત હોઇ ભગવાનની આજ્ઞાને અનુસરે છે, તે રાજા પિષ્ટપેષણ કરતોજ નથી. (કેમકે જડને કે પ્રમાદીને પણ શિક્ષા કરવાથી તેનું જડપણું તથા પ્રમાદીપણું દૂર થાય છે અને તેથી શિક્ષા કરનાર રાજાની તે શિક્ષા સફળ થતાં તેને બીજો પણ લાભ થાય છે.) જેમકે સ્વધર્માચરણરૂપ ઈશ્વરારાધન કરતો તે રાજા પોતાનાં સર્વ પાપોને પણ દૂર કરે છે.[૨૩] માટે+ હે દુઃખીના બંધુ! રાજા તરીકેના અભિમાનના મદથી જેણે આપ જેવા મહાન પુરુષનું અપમાન કર્યું છે, એવા મારા ઉપર આપ ×મિત્રતાભરેલી રીતે દૃષ્ટિ કરો, કે જેથી હું મહાપુરુષના અપમાનરૂપી પાપને તરી જાઉં.[૨૪] §જો કે આપ તો જગતના સંબંધી અને મિત્ર છો; વળી સર્વત્ર સમભાવને લીધે આપનું દેહાભિમાન પણ દૂર થયેલ છે; (તેથી આપને તો કોઇ જાતનો વિકાર નથી) તોપણ મારા જેવો પુરુષ ભલેને પછી શંકર ભગવાન જેવો મહાન સમર્થ હોય તોપણ પોતે કરેલા મહાન પુરુષના અપમાનથી વિનાશ પામશે. (માટેજ મારા પર મિત્રદૃષ્ટિ કરો.)"[૨૫]

न विक्रिया विश्वसुहृत्सखस्य साम्येन वीताभिमतेस्तवापि । महद्विमानात्स्वकृताद्धिमादृङ् नंक्ष्यत्यदूरादपि शूलपाणिः ॥ २५ ॥

ઇતિ શ્રીમદ્ ભાગવત મહાપુરાણના પંચમ સ્કંધ વિષે અધ્યાય ૧૦ મો સમાપ્ત

÷ આ પણ અનુમાનથી સિદ્ધ થાય છે અને તે અનુમાન આ પ્રમાણે છેઃ–આ પ્રપંચ સત્ય હોવો જોઇએ; કારણ કે તેથી સર્વ અર્થક્રિયાઓ સિદ્ધ થાય છે; જે વસ્તુ અસત્ય હોય તેથી કોઈ અર્થક્રિયા થઇ શકે નહિ. દૃષ્ટાંત તરીકે જેમ મિથ્યા ઘટ વગેરેથી જળ વગેરે લાવી શકાતું નથી તેમ. —શ્રીધર

* જડભરતજીએ કહ્યું હતું કે, 'ઉપાધિના ધર્મ સ્થૂલતા વગેરે વસ્તુતઃ મને છેજ નહિ.' એ કથન ઉપર આક્ષેપ કરતાં કહે છેઃ–તે ઉપાધિધર્મોમાં પણ સત્યતા કેમ ન હોઈ શકે? અને તેઓનો ધર્મ શરીરને લાગુ થતાં પરંપરાએ આત્માને પણ કેમ લાગુ ન થાય? જેમ ઉનાળાના તાપને લીધે શરીર તપે છે ત્યારે ઇન્દ્રિયોને પણ તાપ લાગે છે; ઇન્દ્રિયોને તાપ લાગતાં પ્રાણ તપી જાય છે; પ્રાણ તપતાં મન તપી જાય છે અને મનને તાપ લાગતાં આત્મા પણ તપી જાય છે. —શ્રીધર

+ માટે આપનું બધું કહેવું મને વિપરીત લાગે છે તેથી. —શ્રીધર

× મિત્રતાયુક્ત દૃષ્ટિ–સ્નેહયુક્ત દૃષ્ટિ. —શ્રીધર

§ કદાચ જડભરતજી કહે છે કે, "મને તો તેં કરેલા અપમાનથી વિકાર થયો નથી; તો પછી તને પાપ કેમ લાગશે?" એના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ११ मो×

જડભરતજીએ રહૂગણને કરેલો બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ

॥ ब्राह्मण उवाच ॥

अकोविदः कोविदवादवादान् वदस्यथो नातिविदां वरिष्ठः । न सूरयो हि व्यवहारमेनं तत्त्वावमर्शेन सहामनन्ति ॥ १ ॥

જડભરતજી બોલ્યાઃ–'તું વિદ્વાન નથી તોપણ વિદ્વાનોના જેવા વાદો કરે છે–મિથ્યા વાદવિવાદ ચલાવે છે; પણ તેથી તું મોટા મોટા વિદ્વાનોમાં શ્રેષ્ઠ ગણવાનો નથી. કેમકે જે સ્વામીસેવકના વ્યવહારને તેં સત્ય ઠરાવ્યો છે તેને વિદ્વાનો તત્ત્વવિચારવાળો કહેતા નથી, પણ અવિચારવાળો કહે છે; માટે તે વ્યવહાર સત્ય નથી.[૧] એ રીતે હે રાજા! (જેમ લૌકિક વ્યવહાર મિથ્યા છે તેજ પ્રમાણે) ગૃહસ્થોને લગતા યજ્ઞોનો જેમાં વિસ્તાર છે એવી વિદ્યાઓમાં અધિક વિલાસ પામેલા વેદવાદોમાં પણ †ઘણું કરીને ‡શુદ્ધ અને §ઉત્તમ એવો તત્ત્વવાદ નથી* જણાતો.[૨] જેમ સ્વપ્નમાં ભોગવાતા ભોગો માત્ર સ્વલ્પકાલ સ્થાયી છે અને સ્વપ્ન પોતે સ્વતઃ વિનાશી અને મિથ્યા છે, તેમ ગૃહસ્થાશ્રમનું સુખ પણ મિથ્યાજ હોઇને ત્યાજ્ય છે; એમ જે મનુષ્યે પોને પોતાની મેળે અનુમાન કર્યું નથી, તે મનુષ્યને સાક્ષાત્–યથાવત્ તત્ત્વજ્ઞાનને માટે અત્યંત શ્રેષ્ઠ ગણાતી એવી પણ વેદાંતની વાણી તત્ત્વજ્ઞાન માટે સારી રીતે ઉપયોગી થઇ શકતી× નથી.[૩] વળી+ પુરુષનું મન જ્યાંસુધી રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણથી વશ કરાયલું હોય છે, ત્યાંસુધી એ મન નિરંકુશ થઇને જ્ઞાનેન્દ્રિયોદ્વારા તથા કર્મેન્દ્રિયોદ્વારા પુરુષને ધર્મ તથા અધર્મ કરાવ્યા કરે છે[૪] અને પછીથી તે મનજ ધર્માધર્માદિની વાસનાસ્વરૂપ થઇ વિષયો સાથે જોડાય છે; તેથી રજોગુણ વગેરે ગુણો તેને આમતેમ ભટકતું કરે છે અને તેથીજ તે કામાદિ વિકારવાળું થાય છે. આમ દશ ઇન્દ્રિયો તથા પાંચ ભૂતોમાં મુખ્ય તે મનજ જુદાંજુદાં નામોની સાથે જુદાં જુદાં રૂપોને(એટલે શરીરોને)ધારણ કરે છે અને તે તે શરીરોના કારણેજ ઉત્તમપણું તથા અધમપણું પણ (તેજ) કરે છે.[૫] એટલુંજ નહિ પણ માયાએ રચેલું, જીવને ઉપાધિરૂપ અને સંસારચક્રમાં જીવને ઠગનારૂં તે મનજ સ્વદેહી–જીવને વળગી પડીને સમયે પ્રાપ્ત થનાર અને મહાદુઃખથી વારી શકાય એવાં સુખ, દુઃખ તથા મોહરૂપી તીવ્ર ફળ ચોતરફ પ્રકટ કરે છે.[૬] એ રીતે જેટલા પ્રમાણમાં મનની સ્થિતિ હોય છે; તેટલા પ્રમાણમાંજ નિત્ય પ્રકાશનો આ સંસાર–વ્યવહાર જીવને જણાય છે, કે જે જાગ્રત અવસ્થામાં સ્થૂલરૂપે દેખાય છે અને સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મરૂપે ભાસે છે. માટે વિદ્વાનો કહે છે કે, આ મનજ જીવને ગુણાભિમાનીપણાનું એટલે સંસારિપણાનું તથા ગુણરહિતપણાનું એટલે મોક્ષનું કારણ થાય છે અને તે મનજ ઉત્તમપણાનું તથા અધમપણાનું પણ કારણ થાય છે.[૭]* પ્રાણીનું

× આ અધ્યાયમાં રહૂગણ રાજાથી પૂજાયલા યોગી જડભરત તેને પરમજ્ઞાન ઉપદેશે છે. —શ્રીધર

† 'ઘણું કરીને' એમ કહેવાનું કારણ એ છે કે, વૈદિક કર્મો પણ ઈશ્વરાર્પણ બુદ્ધિએ કરવામાં આવે તો તે કર્મોથી પણ મોક્ષપ્રાપ્તિ થાયજ છે.

‡ શુદ્ધ એટલે હિંસા વગેરેથી રહિત.

§ ઉત્તમ એટલે રાગ–દ્વેષાદિથી રહિત. —શ્રીધર

* અર્થાત્ વૈદિક કામ્ય કર્મના વ્યવહાર પણ સાચો નથી. —શ્રીધર

× જેઓએ વેદાંતશ્રવણ કરેલું હોય છે તેવા પુરુષો પણ કર્મ કરવા તત્પર થાય છે તેનું કેમ? એના ઉત્તરમાં આ શ્લોકનો એ ભાવ છે કે, વેદશિક્ષાથી કેવળ સંસારસુખને ત્યાગ કરવા યોગ્ય કહેવામાં આવે તોપણ વૈરાગ્યાદિ વિના તે તજી શકાતાં નથી. —બાલપ્રબોધિની

+ એ પ્રમાણે લોકવ્યવહારની તથા વેદવ્યવહારની જે સત્યતા રાજાએ કહી હતી, તેનું ખંડન કરીને હવે રાજાએ કહેલી સંસારની સત્યતાનું પણ ખંડન કરતાં કહે છે કે, સંસાર એ મનના નિમિત્તેજ છે. —શ્રીધર

* આ ઉપરથી સિદ્ધ કર્યું કે, **मन एव मनु**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મન જો વિષયોમાં આસક્ત થાય છે તો સાંસારિક દુઃખો આપનાર થાય છે અને વિષયોમાં આસક્ત થતું નથી તો મોક્ષ આપનાર થાય છે. દષ્ટાંત તરીકે જેમ દીવો એ ઘી તથા દીવેટનું ભક્ષણ કરે છે તો ધુમાડાવાળી શિખાઓને પ્રાપ્ત થાય છે; પણ જ્યારે ઘી તથા દીવેટ બળી જાય છે ત્યારે તે દીવો પોતાના મૂળ સ્થાનને પામે છે–મહાભૂત તેજમાં મળી જાય છે; તેજ પ્રમાણે મન વિષયોમાં તથા તે વિષયોને અનુકૂળ કર્મોમાં આસક્ત થાય છે ત્યારે અગિયાર વૃત્તિઓ ધારણ કરે છે ને વિષયો તથા કર્મોમાં આસક્ત થતું નથી ત્યારે પરમતત્ત્વ પરમાત્માને પામે છે.+[૮] હે વીર રાજા ! મનની વૃત્તિઓ અગિયાર છે. તેમાંની પાંચ ક્રિયાસ્વરૂપ છે; પાંચ જ્ઞાનસ્વરૂપ છે અને એક અભિમાનરૂપ છે. વળી એ અગિયાર વૃત્તિઓના વિષયો પણ અગિયાર છે, એમ વિદ્વાનો કહે છે તેઓમાંના પાંચ તન્માત્રાઓરૂપ છે; પાંચ કર્મોરૂપ ને એક શરીરરૂપ છે.[૯] તેઓમાં ગંધ, રૂપ, સ્પર્શ, રસ તથા શબ્દ–એ પાંચ તન્માત્રારૂપ વિષયો છે; મળત્યાગ, મૈથુન, ગતિ, ભાષણ તથા કારીગરી–એ પાંચ કર્મરૂપ વિષયો છે અને 'આ મારું' એમ ભોગ ભોગવવાના સ્થાન તરીકે સ્વીકારવા યોગ્ય શરીર તે અગિયારમો અભિમાનવૃત્તિનો વિષય છે. વળી કેટલાક[૧] વિદ્વાનો તો મૂઢ લોકોની દષ્ટિએ અહંકારનેજ મનની બારમી વૃત્તિ કહે છે અને તે અહંકારના વિષય તરીકે શરીરનેજ બારમો વિષય કહે છે, જે શરીરનું બીજું નામ 'શય્યા' છે.[૧૦] મનના આ અગિયાર વિકારો (વૃત્તિઓ) [૨]દ્રવ્ય, [૩]સ્વભાવ, [૪]આશય, [૫]કર્મ તથા [૬]કાળના નિમિત્તે કરીને પ્રથમ સેંકડો બને છે, પછી હજારો થાય છે ને પછી કરોડો થાય છે. આ વૃત્તિઓ [૭]પરસ્પર ઉત્પન્ન થતી નથી, તેમ સ્વતઃ પણ ઉત્પન્ન થતી નથી,* પરંતુ ક્ષેત્રજ્ઞ પરમેશ્વરથીજ ઉત્પન્ન થાય છે. (અને તેનેજ લીધે પરમેશ્વર અનંત શક્તિવાળા હોઇને તે વૃત્તિઓ અનંત થઇ પડે છે.+)[૧૧] માયાથી રચાયેલું

ष्याणां कारणं बन्धमोक्षयोः (ब्रह्मबिंदु उ० २) મનજ મનુષ્યોને બંધ તથા મોક્ષનું કારણ છે. –भा. क.

+ આ શ્લોકનો સંપૂર્ણ આશય આ ચરણને મળતોજ છે–**बन्धाय विषयासंगि मुक्त्यै निर्विषयं मनः** (ब्रह्मबिंदु उ० २) મન જ્યારે વિષયાસક્ત થાય છે ત્યારે જીવન બંધનકર્તા થાય છે અને વિષયોથી વિમુખ થાય છે ત્યારે જીવને મોક્ષદાતા થાય છે. —भा. क.

૧. કેટલાક વિદ્વાનો એમ માને છે કે, વિવેકી પુરુષોનેજ શરીર 'મારું' એવા અભિમાનનો વિષય છે, પણ મૂઢ લોકોને તો 'શરીર એજ હું' એવો અહંભાવ હોય છે. માટે મૂઢ લોકોના મનની અહંકાર નામની બારમી વૃત્તિ છે અને શરીર તેનો વિષય છે. —भा. क.

૨. દ્રવ્ય એટલે વિષયો.

૩. સ્વભાવ એટલે પરિણામનો હેતુ.

૪. આશય એટલે સંસ્કાર.

૫. કર્મ એટલે અદૃષ્ટ–પુણ્ય–પાપ.

૬. કાળ તે સર્વને ક્ષોભ પમાડનાર સમય. भा. क.

૭. પરસ્પર ઉત્પન્ન થાય છે એમ કહીએ તો 'દેવદત્ત યજ્ઞદત્તમાંથી ઉત્પન્ન થયો અને યજ્ઞદત્ત દેવદત્તમાંથી ઉત્પન્ન થયો' એવા પ્રકારનો અન્યોન્યાશ્રયદોષ આવે છે. —भा. क.

* ક્ષેત્રજ્ઞથીજ ઉત્પન્ન થાય છે, એમ કહીને

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति।
भ्रामयन् सर्वभूतानि यंत्रारूढानि मायया॥
(श्री० भ० गी० १८-६१)

હે અર્જુન! ઈશ્વર પ્રાણીમાત્રના હૃદયમાં રહે છે અને પોતાની માયાથી યંત્રારૂઢ થયેલાં હોય તેમ સર્વ પ્રાણીઓને (સંસારચક્રમાં) ભમાવે છે–આ ગીતાનો સિદ્ધાંત અહીં પ્રદર્શિત કર્યો છે. —**बालप्रबोधिनी**

+ અથવા આમ કહીને વૃત્તિઓ મિથ્યા છે, એમ કહેવા માગે છે. કરોડો વૃત્તિઓ થઇ પડે છે, તેથી જણાય છે કે, ક્ષેત્રજ્ઞથીજ તેઓ ઉત્પન્ન થાય છે અને ક્ષેત્રજ્ઞની સત્તાથીજ (હયાતીથીજ) તેઓની સત્તા છે, નહિ કે પરસ્પર કે સ્વતઃ તેઓની સત્તા છે; અથવા આ વૃત્તિઓ ક્ષેત્રજ્ઞ–જીવથી ઉત્પન્ન થતી નથી, કેમકે તે નિર્વિકાર છે, તેમજ માંહોમાંહે પણ ઉત્પન્ન થતી નથી, કેમકે તેથી અન્યોન્યાશ્રય દોષ આવે; તેમજ સ્વતઃ ઉત્પન્ન થાય છે, એમ પણ કહી શકાય નહિ; કારણ કે તેથી પોતામાંથી પોતાની ઉત્પત્તિ માનવારૂપ આત્માશ્રયદોષ પ્રાપ્ત થાય છે. માટેજ માનવું જોઇએ કે, એ વૃત્તિઓ મિથ્યાજ છે. —**श्रीधर**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને જીવને ઉપાધિરૂપ એવું જ મન, સંસારમાં બંધન કરનારાં અવિશુદ્ધ કર્મ કર્યા કરે છે તેની આ પ્રવાહરૂપે અવિચ્છિન્ન જણાતી વૃત્તિઓને શુદ્ધ ક્ષેત્રજ્ઞ—આત્મા, જાગ્રદવસ્થામાં તથા સ્વપ્નાવસ્થામાં પ્રકટસ્વરૂપે જુએ છે અને સુષુપ્તિ અવસ્થામાં ઢંકાયલા સ્વરૂપે જુએ છે. (માટે ત્રણે અવસ્થાઓનો સાક્ષી ક્ષેત્રજ્ઞ—આત્મા એજ તત્ત્વ છે) આ ક્ષેત્રજ્ઞ આત્મા છે—સર્વવ્યાપી છે, પુરાણ છે—જગતના કારણભૂત છે, પુરુષ છે—પૂર્ણસ્વરૂપ છે, સાક્ષાત્ છે—સર્વને અપરોક્ષ છે, સ્વયંજ્યોતિ છે (નહિ કે જ્ઞાનના વિષયરૂપે કે અનાશ્રયરૂપે પરોક્ષ છે), અજન્મા છે—જન્માદિથી રહિત છે, પરેશ છે—બ્રહ્માદિના પણ ઈશ્વર છે, નારાયણ છે—સર્વ જીવસમૂહના નિયંતા હોઇને આશ્રય છે, ભગવાન છે—ઐશ્વર્યાદિ છ ગુણોથી યુક્ત છે, વાસુદેવ છે—સર્વ પ્રાણીઓના આશ્રય છે અને સ્વાધીન માયા વડે જીવમાં તેના નિયંતારૂપે રહેલા* છે.[૧૨,૧૩] જેમ વાયુ સ્થાવર—જંગમ સર્વ પ્રાણીઓમાં પ્રાણરૂપે રહી તેઓને નિયમમાં રાખે છે, તેમ સર્વથી પર એવા ભગવાન વાસુદેવ પણ ક્ષેત્રજ્ઞ આત્માસ્વરૂપે આ જગતમાં પ્રવેશીને સર્વને નિયમમાં રાખે છે. હે રાજા! કોઇ પણ પ્રાણી સર્વ સંગનો ત્યાગ કરી, છ અભ્યંતર શત્રુઓને જીતી, જ્ઞાનના ઉદયવડે માયાને દૂર કરી, જ્યાંસુધી આત્મતત્ત્વને જાણતો નથી, ત્યાંસુધી આ સંસારમાં ભમ્યા કરે છે.[૧૪,૧૫] વળી આત્માને ઉપાધિરૂપ એવું આ મનજ સંસારના તાપોનું એક ક્ષેત્ર છે, એમ જ્યાંસુધી જાણતો નથી ત્યાંસુધી પ્રાણી આ સંસારમાં ભમ્યાજ કરે છે કારણ કે મન એજ મનુષ્યને શોક, મોહ, રોગ, રાગ, લોભ તથા વૈરનું કારણ છે અને મમતા કરાવે છે. (તેથી વૈરાગ્ય થતો નથી અને વૈરાગ્ય ન થવાથી સંસારમાં ભમવુંજ પડે છે.) માટે હે રાજા! તું અપ્રમાદી થઈને એ મનરૂપ તારો શત્રુ કે જે મિથ્યાસ્વરૂપ છે છતાં આત્માના સ્વરૂપને ઢાંકી દે છે, મહાપરાક્રમી છે અને તારી બેદરકારીથીજ વધી પડેલો છે તેનો તું પોતે, ગુરુ શ્રીહરિના ચરણની ઉપાસનારૂપ અસ્ત્ર લઈને નાશ કરી નાખ."[૧૬,૧૭]

भ्रातृव्यमेन तदद्भ्रवीर्य- ।
मुपक्षयाऽध्येधितमप्रमत्तः ॥
हरेर्गुरोश्चरणो पासनास्त्रो ।
जहि व्यलीकं स्वयमात्ममोषम् ॥ १७ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૧૧ મો સમાપ્ત

अध्याय १२ मो+

યોગી જડભરતજીએ રહૂગણના સર્વ સંશયો દૂર કર્યા

॥ रहूगण उवाच ॥

नमो नमः कारणविग्रहाय स्वरूपतुच्छीकृतविग्रहाय । नमोऽवधूत द्विजबंधुलिङ्गनिगूढनित्यानुभवाय तुभ्यम् ॥ १ ॥

રહૂગણ બોલ્યો:—'જે આપ ઈશ્વરસ્વરૂપ છો અને પરમાનંદના પ્રકાશથી જે આપે દેહને તુચ્છસ્વરૂપ માન્યો છે ને અધમ બ્રાહ્મણના વેષે જેણે પોતાનો નિત્ય અનુભવ ગુપ્ત રાખ્યો છે, તે આપને હે યોગેશ્વર! વારંવાર નમસ્કાર થાઓ.[૧] હે બ્રહ્મન્! જેમ કોઇ તાવના રોગથી પીડાતા મનુષ્યને ઔષધ અમૃતરૂપ થઈ પડે અથવા જેમ કોઇ ઉનાળાના તાપથી બળી ઊઠેલા મનુષ્યને શીતળ જળ અમૃતરૂપ લાગે છે, તેમ દુષ્ટ દેહ ઉપરનો અહંકારરૂપી સર્પ જેની દૃષ્ટિને કરડી ગયેલો

* આ શ્લોકમાં જે ક્ષેત્રનું વર્ણન છે તે 'तत्' પદાર્થરૂપ ક્ષેત્રજ્ઞ-ઈશ્વરનું વર્ણન છે. પૂર્વના શ્લોકમાં જે ક્ષેત્રજ્ઞ તત્ત્વ કહ્યું તે 'त्वम्' પદાર્થરૂપ જીવ સમજવાનો છે; એમ ક્ષેત્રજ્ઞના બે ભેદ છે. —શ્રીધર

\+ આ અધ્યાયમાં રાજા રહૂગણે ફરી સંદેહ કરી પ્રશ્ન કર્યો એટલે યોગી જડભરતજીએ તેના સર્વ સંદેહો દૂર કર્યા, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મહાત્મા જડભરત અને રહૂગણ રાજા

[પૃષ્ઠ ૪૦૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને જીવને ઉપાધિરૂપ એવું જે મન, સંસારમાં બંધન કરનારાં અવિશુદ્ધ કર્મ કર્યા કરે છે તેની આ પ્રવાહરૂપે અવિચ્છિન્ન જણાતી વૃત્તિઓને શુદ્ધ ક્ષેત્રજ્ઞ—આત્મા, જાગ્રદવસ્થામાં તથા સ્વપ્નાવસ્થામાં પ્રકટસ્વરૂપે જુએ છે અને સુષુપ્તિ અવસ્થામાં ઢંકાયલા સ્વરૂપે જુએ છે. (માટે ત્રણે અવસ્થાઓનો સાક્ષી ક્ષેત્રજ્ઞ—આત્મા એજ તત્ત્વ છે) આ ક્ષેત્રજ્ઞ આત્મા છે—સર્વવ્યાપી છે, પુરાણ છે—જગતના કારણભૂત છે, પુરુષ છે—પૂર્ણસ્વરૂપ છે, સાક્ષાત્ છે—સર્વને અપરોક્ષ છે, સ્વયંજ્યોતિ છે (નહિ કે જ્ઞાનના વિષયરૂપે કે અનાશ્રયરૂપે પરોક્ષ છે), અજન્મા છે—જન્માદિથી રહિત છે, પરેશ છે—બ્રહ્માદિના પણ ઈશ્વર છે, નારાયણ છે—સર્વ જીવસમૂહના નિયંતા હોઇને આશ્રય છે; ભગવાન છે—ઐશ્વર્યાદિ છ ગુણોથી યુક્ત છે, વાસુદેવ છે—સર્વ પ્રાણીઓના આશ્રય છે અને સ્વાધીન માયા વડે જીવમાં તેના નિયંતારૂપે રહેલા* છે.[૧૨,૧૩] જેમ વાયુ સ્થાવર—જંગમ સર્વ પ્રાણીઓમાં પ્રાણરૂપે રહી તેઓને નિયમમાં રાખે છે, તેમ સર્વથી પર એવા ભગવાન વાસુદેવ પણ ક્ષેત્રજ્ઞ આત્માસ્વરૂપે આ જગતમાં પ્રવેશીને સર્વને નિયમમાં રાખે છે. હે રાજા! કોઇ પણ પ્રાણી સર્વ સંગનો ત્યાગ કરી, છ અભ્યંતર શત્રુઓને જીતી, જ્ઞાનના ઉદયવડે માયાને દૂર કરી, જ્યાંસુધી આત્મતત્ત્વને જાણતો નથી, ત્યાંસુધી આ સંસારમાં ભમ્યા કરે છે.[૧૪,૧૫] વળી આત્માને ઉપાધિરૂપ એવું આ મનજ સંસારના તાપોનું એક ક્ષેત્ર છે, એમ જ્યાંસુધી જાણતો નથી ત્યાંસુધી પ્રાણી આ સંસારમાં ભમ્યાજ કરે છે કારણ કે મન એજ મનુષ્યને શોક, મોહ, રોગ, રાગ, લોભ તથા વૈરનું કારણ છે અને મમતા કરાવે છે. (તેથી વૈરાગ્ય થતો નથી અને વૈરાગ્ય ન થવાથી સંસારમાં ભમવુંજ પડે છે.) માટે હે રાજા! તું અપ્રમાદી થઈને એ મનરૂપ તારો શત્રુ કે જે મિથ્યાસ્વરૂપ છે છતાં આત્માના સ્વરૂપને ઢાંકી દે છે, મહાપરાક્રમી છે અને તારી બેદરકારીથીજ વધી પડેલો છે તેનો તું પોતે, ગુરુ શ્રીહરિના ચરણની ઉપાસનારૂપ અસ્ત્ર લઈને નાશ કરી નાખ."[૧૬,૧૭]

भ्रातृव्यमेन तददभ्रवीर्य- ।
मुपक्षयाऽध्येधितमप्रमत्तः ॥
हरेर्गुरोश्चरणो पासनास्त्रो ।
जहि व्यलीकं स्वयमात्ममोषम् ॥ १७ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૧૧ મો સમાપ્ત

अध्याय १२ मो+

યોગી જડભરતજીએ રહૂગણના સર્વ સંશયો દૂર કર્યા

॥ रहूगण उवाच ॥

नमो नमः कारणविग्रहाय स्वरूपतुच्छीकृतविग्रहाय । नमोऽवधूत द्विजबन्धुलिङ्गनिगूढनित्यानुभवाय तुभ्यम् ॥ १ ॥

રહૂગણ બોલ્યોઃ—'જે આ ઈશ્વરસ્વરૂપ છો અને પરમાનંદના પ્રકાશથી જે આપે દેહને તુચ્છસ્વરૂપ માન્યો છે ને અધમ બ્રાહ્મણના વેષે જેમણે પોતાનો નિત્ય અનુભવ ગુપ્ત રાખ્યો છે, તે આપને હે યોગેશ્વર! વારંવાર નમસ્કાર થાઓ.[૧] હે બ્રહ્મન્! જેમ કોઇ તાવના રોગથી પીડાતા મનુષ્યને ઔષધ અમૃતરૂપ થઈ પડે અથવા જેમ કોઇ ઉનાળાના તાપથી બળી ઉઠેલા મનુષ્યને શીતળ જળ અમૃતરૂપ લાગે છે, તેમ દુષ્ટ દેહ ઉપરનો અહંકારરૂપી સર્પ જેની દૃષ્ટિને કરડી ગયેલો

* આ શ્લોકમાં જે ક્ષેત્રનું વર્ણન છે તે 'तत्' પદાર્થરૂપ ક્ષેત્રજ્ઞ—ઈશ્વરનું વર્ણન છે. પૂર્વના શ્લોકમાં જે ક્ષેત્રજ્ઞ તત્ત્વ કહ્યું તે 'त्वम्' પદાર્થરૂપ જીવ સમજવાનો છે; એમ ક્ષેત્રજ્ઞના બે ભેદ છે. —શ્રીધર

\+ આ અધ્યાયમાં રાજા રહૂગણે ફરી સંદેહ કરી પ્રશ્ન કર્યો એટલે યોગી જડભરતજીએ તેના સર્વ સંદેહો દૂર કર્યા, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



મહાત્મા જડભરત અને રહૂગણ રાજા

[પૃષ્ઠ ૪૦૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે એવા મને આપનું વચન તે એક અમૃતતુલ્ય ઔષધરૂપ થઇ પડ્યું છે.[૨] માટે મારા સંશયનો વિષય તો હું આપને પાછળથી પૂછીશ; પણ હમણાં તો અધ્યાત્મયોગથી ગૂંથાયલું આપનું જે આ વચન મારાથી બરાબર સમજી શકાતું નથી તેનેજ જે રીતે સમજાય તે પ્રમાણે કુતૂહલયુક્ત મનવાળા મને આપ કહો.[૩] હે યોગેશ્વર ! આપે કહ્યું કે, 'જે કંઇ આ (ભારવહન આદિ) ક્રિયા અને તેનું ફળ (શ્રમ વગેરે) પ્રત્યક્ષ દેખાય છે, તોપણ તેનું મૂળ કેવળ વ્યવહારજ છે—વ્યવહાર વિના વસ્તુતઃ તે કંઇ છેજ નહિ અને તેથીજ તે અનાયાસે તત્ત્વવસ્તુનો વિચાર કરવા માટે યોગ્ય નથી.' આ આપના કહેવામાં મારું મન ભમી જાય છે—મારા મનને કંઇ પણ સમજ પડતી નથી.[૪]

જડભરત બોલ્યાઃ—'હે રાજા ! પૃથ્વીનો જે વિકાર છે તેજ +કોઇ પણ કારણથી પૃથ્વી પર ચાલતો આ ભારવાહી મનુષ્ય છે, એમ પ્રસિદ્ધ છે અને જે ચાલતો નથી તે પથ્થર વગેરેના નામથી પ્રસિદ્ધ છે. (બસ, આટલોજ) તે બન્નેમાં (પથ્થરમાં તથા મનુષ્યમાં) ભેદ છે. બાકી તો તે બન્ને જડ છે અને તેથીજ ભારવાહી મનુષ્યને પણ ભાર કે શ્રમ નથી. જો કદાચ ભારનો કે શ્રમનો આશ્રય જણાતો હોય, તો તેને ભાર કે શ્રમ હોઇ શકે, પણ તે તો કંઈ છે નહિ; કેમકે અવયવો વિના શ્રમનું સ્થાન—અવયવીનું નિરૂપણ થઇ શકે નહિ. માટે તે પૃથ્વીનોજ વિકાર ભારવાહી મનુષ્યને પણ બે પગ છે; બે પગ પર ઘૂંટી છે; ઘૂંટી ઉપર પીંડી છે, પીંડી ઉપર ઢીંચણ છે; ઢીંચણ ઉપર સાથળ છે; સાથળ ઉઉપર કેડ છે; કેડ ઉપર છાતી છે; છાતી ઉપર ગળું છે અને ગળાની બન્ને બાજુ બે ખભા છે.[૫] એ બે ખભામાંના એક ઉપર લાકડાની એક પાલખી છે; જેમાં 'સૌવીર રાજા' એવું માત્ર જેનું નામજ છે એવો (પાલખી ઉપાડનાર વેઠિયા જેવોજ) એક પૃથ્વીનો વિકારજ બેઠેલો છે. જો એ માટીના પૂતળામાં તું દુષ્ટ મદથી આંધળો બની જઇને આવું અભિમાન કરે છે કે, 'હું સિંધુ દેશનો રાજા* છું.'[૬]÷ તું આ શોક કરવા યોગ્ય અને અત્યંત કષ્ટને લીધે દીન બિચારા વેઠિયાઓને વેઠે પકડે છે, માટે નિર્દય છે; છતાં નિર્લજ્જ થઇ પોતાની શ્લાઘા કરે છે કે, હું મનુષ્યોનો રક્ષક છું. પણ આવી શ્લાઘાથી તું વૃદ્ધ પુરુષોની સભાઓમાં શોભતો નથી.[૭] સ્થાવરજંગમ સર્વ જગતની ઉત્પત્તિ તથા નાશને હમેશાં જો પૃથ્વીમાંજ અમે જાણીએ છીએ, તો એ પૃથ્વી સિવાય બીજો કોઇ પણ વિકાર છેજ નહિ અને (તેમાં પણ) માત્ર નામ વિના બીજું કોઇ પણ વ્યવહારનું કારણ પણ વિદ્યમાન નથી; છતાં તે કોઇ સત્ય કારણ જો અર્થક્રિયાથી અનુમાન કરવા યોગ્ય હોય તો તુંજ તપાસી લે.×[૮] (કદાચ તું કહીશ કે, પૃથ્વી તો સત્ય ખરી ને ? ના.) 'પૃથ્વી' શબ્દનું અસ્તિત્વ જેમાં છે તે પૃથ્વીવાચક પદાર્થ પણ અર્થશૂ-

+ કોઇ પણ કારણથી એટલે પરમેશ્વરના અંશરૂપ જીવના સંબંધથી. —चक्रवर्ती

* અર્થાત્ ભારવાહી મજૂરમાં તથા પાષાણ વગેરેમાં જેવો અવયવી જોવામાં આવતો નથી, તેવોજ પાલખીમાં તથા તારામાં પણ અવયવી જોવામાં આવતો નથી. —भा. क.

÷ રહૂગણે કહ્યું હતું કે, પ્રજાપાલનાદિ રાજાનું સ્વધર્મકર્તવ્ય તે ભગવાનનું આરાધનજ છે, માટે તે પિષ્ટપેષણ નથી. એના ઉત્તરમાં આ શ્લોકમાં કહે છે કે, તું નિર્દય છે અને બીજાઓનો દ્રોહી છે, તેથી તું ભગવાનનું આરાધન કરતોજ નથી. —भा. क.

× કદાચ રહૂગણ કહે કે, ઉપર ઉપરના અવયવોનો ભાર નીચે નીચેના અવયવોને લાગતો હશે, તેના ઉત્તરમાં આ શ્લોકમાં એ કહ્યું છે કે, જેમ કોઇ અવયવી જણાતો નથી, તેમજ કોઇ અવયવ પણ નથી; વ્યવહારમાં જે કંઇ જણાય છે તે માત્ર નામજ જણાય છે; વાસ્તવિક પૃથ્વી વિના બીજું કંઇ પણ નથી. શ્રુતિ પણ કહે છે—**वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्।** (છાં૦ ઉ૦ ૬-૧-૪) સર્વ કંઇ વિકારો છે તે માત્ર વાણીના આરંભરૂપ નામજ છે; માટી એજ સાચી વસ્તુ છે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ન્ય નિરુક્ત માત્રજ છે—મિથ્યા છે; કેમકે તે પૃથ્વી પણ પોતાના કારણભૂત સૂક્ષ્મ પરમાણુઓમાં લય પામી જાય છે—પરમાણુ વિના પૃથ્વી એ કોઇ પદાર્થજ નથી; ત્યારે તો પરમાણુઓ સત્ય હશે ને? ના.) તે પરમાણુઓ પણ અજ્ઞાનથી કેવળ મનોકલ્પિતજ છે, કે જેઓનો સમૂહ 'આ પૃથ્વી છે' એવી બુદ્ધિનું આલંબન બને છે. 'પૃથ્વી એ શું પદાર્થ છે?' એ નહિ સમજાવાથી તેના મૂળકારણ તરીકે કેવળ અજ્ઞાનથીજ પરમાણુની કલ્પના કરવામાં આવી છે; (માટે પરમાણુઓ પણ સત્ય નથી.) એજ પ્રમાણે બીજું પણ પાતળું—જાડું, સૂક્ષ્મ—મોટું, કારણ—કાર્ય, ચેતન કે અચેતન જે કંઇ દ્વૈત વસ્તુ (બુદ્ધિથી) જણાય છે તે સર્વ દ્રવ્ય, સ્વભાવ, આશય, કાળ તથા કર્મ—એવાં નામ ધરાવતી માયાએજ કરેલું છે, એમ તું જાણ. (અને માયા એ કંઇ વસ્તુજ નથી; માટે સર્વ કંઈ મિથ્યા છે, એમ તારે જાણવું.)[૯-૧૦] (ત્યારે હવે સાચું શું તે હું તને કહું છું, સાંભળ.) કેવળ એક બ્રહ્મજ સત્ય છે, કે જે બ્રહ્મ પરમાર્થજ્ઞાનરૂપ છે—વ્યાવહારિક સત્યથી ભિન્ન ખરેખર સત્યસ્વરૂપ છે; વિશુદ્ધ છે—અવિદ્યા–રહિત છે; એકજ છે—અનેક નથી; બાહ્ય–આભ્યંતર ભેદથી રહિત છે; પરિપૂર્ણ છે; આત્મસ્વરૂપ છે; અત્યંત શાંત છે—નિર્વિકાર છે અને જેને વિદ્વાનો ભગવાન તથા વાસુદેવ કહે છે—આવા પ્રકારનું જે સ્વરૂપજ્ઞાન તેજ સત્ય છે.× હે રહૂગણ રાજા! એ સત્યસ્વરૂપ બ્રહ્મની પ્રાપ્તિ મહાન પુરુષોના ચરણરજની સેવા કર્યા વિના કેવળ તપશ્ચર્યાથી, યજ્ઞયાગ કરવાથી, અતિથિઓ વગેરેને અન્નદાન કરવાથી, ઘેર રહીને પરોપકારજ કર્યા કરવાથી, વેદાધ્યયનથી કે જળ, અગ્નિ તથા સૂર્યની ઉપાસના કર્યા કરવાથી પણ થતી નથી—અર્થાત્ મહાન પુરુષોની કેવળ સેવાથીજ બ્રહ્મપ્રાપ્તિ થાય છે.[૧૨] કારણ કે જે મહાપુરુષો વિષે વિષયોની વાતોનો નાશ કરનારી કેવળ ભગવાનનીજ ગુણકથાઓ થયા કરે છે, કે જેનું નિત્ય સેવન કરવાથી મુમુક્ષુ મનુષ્યને વાસુદેવ ભગવાનમાં ઉત્તમ બુદ્ધિ પ્રાપ્ત થાય છે.[૧૩] (વિષયોનો સંગ મનુષ્યને યોગભ્રષ્ટ કરે છે, એ મને વીત્યું છે અને તેથીજ હું આ રીતે ગુપ્ત અવસ્થામાં વિચરું છું.) હું પૂર્વે ભરત નામે રાજા હતો. તે વેળા સર્વ કંઈ જોઇને તથા સાંભળીને મેં સંગથી થનારું બંધન છોડી દીધું હતું ને કેવળ ભગવાનનુંજ આરાધન કર્યા કરતો હતો; પણ એક સમયે એક મૃગનો મને સંગ થઇ ગયો, જેથી મારા સ્વાર્થનો વિનાશ થયો હતો અને મારે મૃગ થવું પડ્યું હતું.[૧૪] પણ હે વીર! તે મૃગના શરીરમાં ગયા છતાં શ્રીકૃષ્ણસેવાથી ઉત્પન્ન થયેલી સ્મૃતિએ મારો ત્યાગ કર્યો ન હતો—શ્રીકૃષ્ણસેવાથી મને પૂર્વજન્મની સ્મૃતિ રહી હતી; જેથી હું કોઇ પણ પ્રાણીના સંગથી શંકિત થઈ ગયો છું અને તેથીજ નિઃસંગ થઇને અપ્રકટ અવસ્થામાં ફરું છું.[૧૫] માટે જે મનુષ્ય સર્વ સંગથી મુક્ત એવા મહાન પુરુષોનો ઉત્તમ સંગ કરીને તેથી ઉત્પન્ન થયેલી જ્ઞાનરૂપી તલવાર વડે મોહને છેદી નાખે છે, તે ભગવાનનાં ચરિત્રોનાં કીર્તન તથા શ્રવણને લીધે સ્વસ્વરૂપનું જ્ઞાન સંપાદન કરીને આ સંસારમાર્ગના શ્રેષ્ઠ પારરૂપ શ્રીહરિને પામે છે.[૧૬]

तस्मान्नरोऽसंगसुसंगजातज्ञानासिनेहैव विवृक्णमोहः। हरिं तदीहाकथनश्रुतिभ्यां लब्धस्मृतिर्यात्यतिपारमध्वनः॥ १६॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૧૨ મો સમાપ્ત

× આજ આશય એકજ વાક્યમાં વેદે દર્શાવ્યો છે. **ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः।**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय १३ मो*

જડભરતજીએ કરેલું ભવાટવીનું વર્ણન

॥ ब्राह्मण उवाच ॥

दुरत्ययेऽध्वन्यजया निवेशितो रजस्तमःसत्त्वविभक्तकर्मदृक् । स एष सार्थोऽर्थपरः परिभ्रमन् भवाटवीं याति न शर्म विंदति ॥ १ ॥

જડભરત બોલ્યાઃ–'આ સર્વ જીવસંઘને મહાદુસ્તર પ્રવૃત્તિમાર્ગમાં માયાએ નાખી દીધો છે અને તેથી રજોગુણ, તમોગુણ ને સત્ત્વગુણથી વિભાગ પામેલાં કર્મોનેજ પોતાના કર્તવ્ય તરીકે માની લઈ, જેમ કોઈ વેપારીઓનો સંઘ ધન સંપાદન કરવા માટે વનવગડામાં ભટક્યા કરે છે, તેમ સુખની લાલચમાં ને લાલચમાં આ સંસારરૂપી જંગલમાં ભટક્યા કરે છે; પણ તેને (સાચું) સુખ મળતું નથી.[1] હે રાજા ! આ સંસારરૂપી[1] જંગલમાં જેનો [2]નાયક બરાબર યોગ્ય નથી એવા (જીવ) સંઘને [3]છ લૂંટારાઓ બળજબરીથી લૂંટી લે છે અને જ્યાં આગળ જેમ ટોળામાં પેસી જઇ વરુઓ કોઇ પ્રમાદી ઘેટાને ખેંચી જાય છે, તેમ પ્રમાદી એવા સંઘના મનુષ્યને [4]શિયાળવાંઓ સંઘમાં પેસી જઇને ખેંચી જાય છે.[2] વળી અનેક લતાઓ તથા ઘાસનાં [5]જાળાંઓથી જ જંગલ ગીચ છે તેમાં તીક્ષ્ણ ડાંસો[6] અને મચ્છરોથી તે સંઘ પીડા પામે છે અને તે જંગલમાં કોઇ સ્થળે [1]ગંધર્વનગરને જુએ છે અને કોઈકોઈ સ્થળે શીઘ્ર વેગવાળા તથા બળતા ઊંબાડિયાંના જેવી આકૃતિવાળા [2]પિશાચને જુએ છે.[3] વળી હે રાજા ! એ જંગલમાં રહેવાનાં સ્થળ, પાણી તથા ધનમાં જેની બુદ્ધિ તદ્રૂપ થઇ છે એવો તે જીવસંઘ આમતેમ દોડ્યા કરે છે અને કોઈ વખતે [3]ધૂળથી ભરાઈ ગયેલી આંખોવાળો તે જીવસંઘ, [4]વંટોળિયાથી ઊડેલી ધૂળને લીધે ભૂખરવણી થયેલી [5]દિશાઓને જાણતો પણ નથી;[4] અને ત્યાં નજરે નહિ દેખાતાં [6]તમરાંઓના અવાજથી તેના કાનમાં પીડા થાય છે અને [7]ઘુવડોના શબ્દોથી તેનો અંતરાત્મા ખિન્ન થાય છે. તે જ્યારે ક્ષુધાથી વ્યાકુળ થાય છે ત્યારે [8]અપવિત્ર વૃક્ષોનો આશ્રય કરે છે અને કોઇ વાર તૃષાતુર થાય છે ત્યારે [9]ઝાંઝવાનાં જળ તરફ દોડી જાય છે.[5] વળી કોઈ કોઈ વખતે [10]જળ વિનાની નદીઓ તરફ તે દોડી જાય છે (અને ત્યાં ગબડી પડવાથી તેના શરીરના અવયવો પણ ભાગી જતાં તેને દુઃખ થાય છે.) અને કોઈ સમયે અન્નરહિત થઇ પડે છે ત્યારે એકબીજા

* આ અધ્યાયમાં વૈરાગ્યરહિત મનુષ્ય આગળ તત્ત્વનિરૂપણ વૃથા થાય છે, એવા હેતુથી વૈરાગ્યની દઢતા માટે ભવાટવીનું વર્ણન કરાશે. —શ્રીધર

૧. આ અધ્યાયમાં સંસારને જંગલના રૂપથી વર્ણવ્યો છે. આ પછીના અધ્યાયમાં આ રૂપકનો ખુલાસો જો કે આવશે તોપણ અહીં વિશેષ સમજૂતી માટે કંઈ કંઈ ખુલાસા આપવામાં આવશે.

૨. નાયક તે બુદ્ધિ.

૩. છ લૂંટારા તે છ ઇન્દ્રિયો સમજવી અને તે ધર્મરૂપી ધનને લૂંટી લે છે.

૪. શિયાળવાંઓ તે સ્ત્રી–પુત્ર વગેરે.

૫. જાળાંઓ એટલે ગૃહસ્થાશ્રમો.

૬. ડાંસો અને મચ્છરો તે કામ્ય કર્મો.

૧. ગંધર્વનગરને એટલે ગંધર્વનગરની પેઠે મિથ્યા એવા શરીરાદિને સત્ય હોય તેવું માને છે.

૨. પિશાચ–એટલે બળતા ઊંબાડિયાં જેવું ઝળકતું સુવર્ણ. —શ્રીધર

૩. ધૂળથી ભરાઇ ગયેલી આંખોવાળો એટલે રજોગુણથી વ્યાપ્ત થયેલી જ્ઞાનદષ્ટિવાળો.

૪. વંટોળિયાથી એટલે વંટોળિયાની જેમ ભમાવતી સ્ત્રીથી.

૫. દિશાઓને એટલે કર્મના સાક્ષીરૂપ દિશાઓના દેવોને.

૬. તમરાંઓ એટલે પાછળથી અપ્રિય બોલનારાઓ.

૭. ઘુવડો તે પ્રત્યક્ષમાં અપ્રિય બોલનારાઓ.

૮. અપવિત્ર વૃક્ષો તે અધાર્મિક મનુષ્યો.

૯. ઝાંઝવાનાં જળ તે નિષ્ફળ જણાતા વિષયો.

૧૦. જળ વિનાની નદીઓ તે આ લોકમાં તથા પરલોકમાં દુઃખદાયી પાખંડ માર્ગો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાસેથી અન્ન લઇ લેવાની ઇચ્છા કરે છે. કોઇ સ્થળે એ જંગલમાં [1]દાવાનળ સળગી ઊઠે છે ત્યારે તેના ઝપાટામાં આવી જઇ તે સંઘ અગ્નિથી તપી જઈને ગભરાઈ જાય છે અને કોઇ વખતે એ જંગલના [2]યક્ષો તેના પ્રાણ [3]પણ હરી લે છે.[6] કોઈ સમયે ત્યાં પોતાના કરતાં શૂરા લોકો તે સંઘમાંના લોકનું સર્વસ્વ ખૂંચવી લે છે; તેથી મનમાં તે ઉદાસ થઈ જાય છે, શોક કરે છે અને મોહ પામીને મૂર્છિત થાય છે; અને કોઇ વેળા [4]ગંધર્વ નગરમાં પ્રવેશ કરીને મુહૂર્તવાર જાણે શાંતિ પામ્યો હોય તેમ આનંદમાં આવી જાય છે. કોઇ વેળા ચાલતાં ચાલતાં તેના પગ [5]કાંટાઓ અને કાંકરાઓથી વીંધાઈ જાય છે, ત્યારે ત્યાં આવેલા [6]પર્વતો ઉપર ચડી જવાની તે ઇચ્છા કરે છે; પણ ત્યાં નહિ ચડાવાથી મનમાં જાણે ઉદાસ થયો હોય તેવો થઇ જાય છે.[7] વળી તે જંગલમાં પગલે પગલે [7]અંદરના અગ્નિથી તેને પીડા થાય છે અને જે કુટુંબવાળો હોય છે તે ગમે તેના ઉપર ક્રોધ કર્યા કરે છે.[8] વળી કોઈ વેળા તે સંઘનાં મનુષ્યોને [8]અજગર સર્પ ગળી જાય છે, જેથી વનમાં ફેંકી દીધેલાં મુડદાં જેવા તે થઇ જાય છે. કોઈ વેળા તેઓને [9]હિંસક પ્રાણીઓ કરડે છે અને કોઇ વખતે [10]અંધ બનીને [11]અંધારિયા કૂવામાં ગબડી પડીને દુઃખમાં સબડ્યા કરે છે.[9]

૧. દાવાનળ તે દુઃખદાયી ઘર, કે જેમાં શોકરૂપી અગ્નિ સળગ્યા કરે છે.
૨. યક્ષો તે રાજાઓ —શ્રીધર
૩. પ્રાણ એટલે ધન.
૪. ગંધર્વનગર એટલે મનોરથથી મળેલો પિતા, પુત્ર વગેરેનો સમાજ.
૫. કાંટાઓ અને કાંકરાઓ તે અનેક જાતનાં વિઘ્નો.
૬. પર્વતો તે મોટાં મોટાં બીજાં કર્મો.
૭. અંદરનો અગ્નિ તે જઠરાગ્નિ.
૮. અજગર સર્પ તે નિદ્રા.
૯. હિંસક પ્રાણીઓ એટલે દુર્જનો.
૧૦. અંધ બનીને એટલે વિવેકભ્રષ્ટ થઇને.
૧૧. અંધારિયો કૂવો તે મોહ.

કોઈ કોઈ વાર તે જંગલમાં એ જીવસંઘ [1]મધની શોધ કરે છે; જેથી [2]મધમાખીઓ તેને કરડે છે અને તેથી કરીને પીડા પામી માનભ્રષ્ટ થાય છે. કોઇ સમયે મહાકષ્ટથી મધ મેળવીને માન મેળવે છે તો બીજાઓ તેની પાસેથી બળાત્કારે તે મધને છીનવી લે છે.[10] કોઇ કોઇ સમયે તો ટાઢ, તડકો, પવન અને વરસાદથી પોતાના રક્ષણ માટે તે ઉપાય કરે છે, પણ તે ઉપાય કરવાને અસમર્થ થઇને એમ ને એમ બેસી રહે છે; ત્યારે કોઇ વેળા પરસ્પરના વ્યવહારમાં ધન સંબંધી ઠગાઇ કરવાથી (બીજાના) કંઇક દ્વેષને પામે છે.[11] કોઇ કોઇ વાર તેની પાસેનું ધન ખૂટી પડે છે, ત્યારે એ જંગલમાં પોતે શય્યા, આસન, સ્થાન તેમજ વાહનથી રહિત થઈ પડે છે અને તે તે વસ્તુને બીજાઓની પાસેથી તે માગે છે, ત્યારે તે નહિ મળતાં પારકી વસ્તુઓ પર તે નજર કરે છે, જેથી અપમાન પામે છે.[12] પરસ્પરમાં ધનની અદલાબદલી કરતાં તેના વૈરનાં કારણો વધી પડે છે; છતાં પણ એકબીજા સાથે વિવાહાદિ સંબંધો કરે છે અને ઘણાંજ દુઃખો, ધનની અછત તથા અનેક ઉપદ્રવોથી મૃતપ્રાય થઇને પણ એ જંગલના માર્ગમાં ધૂમ્યા કરે છે.[13] વળી તે જંગલમાં પોતાની સાથેના તે તે મરણ પામેલાઓને ત્યાં ને ત્યાં છોડી દઇ તથા જન્મેલાઓને સાથે લઇ તે જીવસંઘ ભટક્યા કરે છે અને હે વીર! હજી સુધી પણ તે સંઘ તે જંગલના માર્ગમાં પોતે જ્યાંથી§ નીકળ્યો છે ત્યાં પાછો આવી શકતો નથી અને એ માર્ગનો પાર આવે તેવો કોઇ ઉપાય પણ મેળવી શકતો નથી.[14] જે પુરુષો શૂરા હોય છે અને જેઓએ દિશાઓના હાથીઓને પણ જીત્યા હોય છે તેઓ સર્વે આ પૃથ્વી માટે 'આ મારી છે, આ મારી છે'

૧. મધ એટલે પરસ્ત્રી સાથેનું મૈથુનસુખ.
૨. મધમાખીઓ તે પરસ્ત્રીઓના પતિઓ.—શ્રી૦
§ જ્યાંથી એટલે પરબ્રહ્મસ્થિતિમાંથી. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવાં વૈર બાંધીને યુદ્ધભૂમિમાં શયન કરે છે; પણ જેણે એ વૈરનો ત્યાગ કર્યો છે તેવો સંન્યાસી પુરુષ જે વિષ્ણુપદને પામે છે, તેને તેઓ પામતા નથી.[૧૫] *વળી તે જીવસંઘ એ જંગલમાં કોઇ સ્થળે [૧]લતાઓની શાખાઓનો આશ્રય કરી ત્યાં રહેલાં અસ્પષ્ટ મધુર શબ્દ કરતાં [૨]પક્ષીઓની સ્પૃહા કરે છે અને કોઇ વેળા કોઇ સ્થળે [૩]સિંહનાં ટોળાંથી ત્રાસ પામે છે, ત્યારે (તે ત્રાસ દૂર કરવા માટે) [૪]બગલાં, કાગડા તથા ગધેડાંઓની મિત્રતા કરે છે.[૧૬] પણ તેઓ જ્યારે પોતાને ઠગે છે ત્યારે [૫]હંસોનાં ટોળાંમાં પ્રવેશ કરે છે; પરંતુ તેઓનું [૬]વર્તન પણ પસંદ નથી આવતું ત્યારે [૭]વાનરોને શરણે જાય છે અને તેઓની [૮]જાતિક્રીડાથી અત્યંત શાંત ઇન્દ્રિયોવાળો થઇને તેઓના પરસ્પર જોવાથી પોતાના મરણકાળને ભૂલી જાય છે.[૧૭] વળી ત્યાં જંગલની અંદર [૯]વૃક્ષોની ઉપર રમવાની તે ઇચ્છા કરે છે; પુત્ર, સ્ત્રી વગેરે ઉપર પ્રીતિવાળો રહે છે અને મૈથુન કરવાની ઇચ્છાને લીધે દીન બની જાય છે. એ રીતે પોતાને જે બંધન પ્રાપ્ત થયેલું હોય છે તેમાં

* અહીંથી ફરી સિંહાવલોકનન્યાયે ભવાટવીનુંજ વર્ણન કરે છે. —શ્રીધર

૧. લતાઓની શાખાઓ એટલે તેના જેવી કોમળ સ્ત્રીઓની ભુજાઓ.

૨. પક્ષીઓ એટલે સ્ત્રીઓના ખોળામાં ખેલતાં નાનાં બાળકો.

૩. સિંહનાં ટોળાં એટલે કાળચક્રથી થતાં જન્મમરણ વગેરે. —શ્રીધર

૪. બગલાં, કાગડા ને ગીધડાં એટલે તે તે પક્ષીઓ જેવા ઢગ પાખંડીઓ.

૫. હંસો એટલે બ્રાહ્મણો.

૬. વર્તન એટલે બ્રાહ્મણોનો આચાર—પ્રાયશ્ચિત્તપૂર્વક ફરી જનોઇ દેવી વગેરે.

૭. વાનરો—એટલે વાનર જેવા ભ્રષ્ટાચારી શૂદ્ર જેવા મનુષ્યો.

૮. જાતિક્રીડા—એટલે ભ્રષ્ટાચારીઓની સ્ત્રીઓ સાથેજ પડી રહેવાની વ્યભિચારી સ્થિતિ.

૯. વૃક્ષો—એટલે ઘરબાર.

વિવશ થઇ જાય છે—તેને છોડી શકતો નથી. કોઈ કોઇ વાર [૧]પર્વતોની ગુફામાં જઇ ચડીને ત્યાં રહેલા [૨]હાથીથી ભયભીત થઈ જાય છે અને વેલાઓને વળગી રહે છે.÷[૧૮] હે શત્રુદમન રાજા! એ દુઃખમાંથી મહામુશ્કેલીએ છૂટે છે કે ફરી પણ પોતાના એ સંઘમાંજ તે દાખલ થાય છે.+ એ રીતે માયા વડે આ જંગલના માર્ગમાં નંખાયલો જીવ તેમાં ભટક્યા કરે છે; તે હજી સુધી પણ ‡કંઈ સમજતો નથી.[૧૯] હે રહૂગણ રાજા! તને પણ માયાએ એ માર્ગમાં નાખી દીધો છે; માટે પ્રાણીઓને પીડા કરવાનો ત્યાગ કરી દઇ સર્વ પ્રાણીઓ તરફ મિત્રતા કર અને વિષયોમાં મનને આસક્ત ન કરતાં શ્રીહરિની સેવાથી તીક્ષ્ણ બનેલી જ્ઞાનરૂપ તલવાર લઇને એ માર્ગનો પાર પામ.'

રહૂગણ રાજા બોલ્યોઃ—' અહો! સર્વ જન્મોમાં મનુષ્યજન્મજ શ્રેષ્ઠ છે; બીજા દેવાદિ જન્મો પ્રાપ્ત થાય તોપણ તેથી શું લાભ છે? કેમકે એ—સ્વર્ગાદિમાં પ્રાપ્ત થયેલા જન્મોમાં આપ જેવા કૃતકૃત્ય મહાત્માઓનો પુષ્કળ સમાગમ થઇ શકતો નથી.[૨૦,૨૧] આપના ચરણકમળની રજથી જેનાં પાપો નાશ પામ્યાં હોય છે એવા મનુષ્યને શ્રીભગવાનમાં નિર્મળ ભક્તિ થાય એમાં કંઇ આશ્ચર્ય નથી; કેમકે આપના એક મુહૂર્તના સમાગમથી પણ મારો દુષ્ટ તર્કોથી ઉત્પન્ન થયેલો અવિવેક નાશ પામ્યો છે.[૨૨] *જેઓ વૃદ્ધ સ્વરૂપવાળા હોય, બાલ્ય અવસ્થાવાળા હોય, યુવાન હોય કે બટુક—બ્રહ્મચારી અવસ્થાવાળા હોય—તે

૧. પર્વતોની ગુફા—તે રોગાદિ દુઃખ.

૨. હાથી તે મૃત્યુ. —શ્રીધર

÷ અર્થાત્ પૂર્વનાં કર્મોને વળગી રહે છે.

+ અર્થાત્ પૂર્વની પેઠેજ કર્મમાર્ગમાં આસક્ત રહે છે. —શ્રીધર

‡ કંઇ—પરમ પુરુષાર્થને. —શ્રીધર

* બ્રહ્મવેત્તાઓ કયા સ્વરૂપે વિચરે છે, એ નહિ સમજાવાથી રાજા રહૂગણ સર્વને ઉદ્દેશી નમસ્કાર કરે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સર્વ (બ્રહ્મવેત્તાઓ)ને હું નમસ્કાર કરૂં છું અને અવધૂત વેષને ધારણ કરનારા જે બ્રહ્મવેત્તા પુરુષો આ પૃથ્વી પર વિચર્યા કરે છે, તેઓથી રાજાઓનું કલ્યાણ થાઓ.'૨૩

શ્રી શુકદેવજી બોલ્યાઃ–"એ રીતે હે પરીક્ષિત રાજા! પોતાનું અપમાન કરનાર એવા પણ સિંધુપતિ રહૂગણ રાજાને પરમદયાળુપણાથી આત્મતત્ત્વનો ઉપદેશ કરી મહાપ્રતાપી બ્રહ્મર્ષિપુત્ર જડભરત કે જેમના ચરણમાં રહૂગણ રાજાએ દીનતાપૂર્વક વંદન કર્યું હતું અને જેમનું અંતઃકરણ સંપૂર્ણ ભરેલા સમુદ્રની પેઠે શાંત થયેલી ઇન્દ્રિયોની વૃત્તિવાળું હતું તે આ પૃથ્વી પર વિચરવા લાગ્યા. સૌવીરપતિ–રહૂગણે પણ સજ્જન–તે જડભરતજીની પાસેથી આત્માનું પરમ તત્ત્વ જાણી લઇને પોતાને વિષે અવિદ્યાથી આરોપિત થયેલી દેહ ઉપરની આત્મબુદ્ધિનો ત્યાગ કર્યો. એ પ્રમાણે હે રાજા! ભગવાનના ભક્ત જડભરતજીને શરણે ગયેલા રહૂગણ રાજાનો દેહાહંકાર તત્કાળ છૂટી ગયો હતો."૨૪।૨૫

પરીક્ષિત રાજાએ પૂછ્યુંઃ–"હે મહા–ભક્ત શુકદેવજી! મહાજ્ઞાની એવા આપે જે આ પરોક્ષ વચનથી (જંગલના રૂપકથી) જીવલોકનો સંસારમાર્ગ કહ્યો છે તેનો વિષય, આર્ય–વિવેકી પુરુષોની બુદ્ધિથી તો કલ્પનામાં આવી શકે તેવો છે; પણ અજ્ઞાની લોક તે વિષયને તુરત સારી રીતે સમજી શકે તેમ નથી, માટે તે દુર્ગમ સંસારમાર્ગનું સ્વરૂપ આપ તે તે યોગ્ય અર્થની બરાબર વ્યવસ્થા કરીને કહો."૨૬

यो ह वा इह बहुविदा महाभागवत त्वयाऽभिहितः परोक्षेण वचसा जीवलोकभवाध्वा स ह्यार्यमनीषया कल्पितविषयो नांजमाऽव्युत्पन्नलोकसमधिगमः अथ तदेवैतद्दुरवगमं समवेतानुकल्पेन निर्दिश्यतामिति ॥ २६ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૧૩ મો સમાપ્ત

अध्याय १४ मो×

ભવાટવીના વર્ણનનું સ્પષ્ટીકરણ

॥ श्रीशुक उवाच ॥

य एष देहात्ममानिनां सत्त्वादिगुणविशेषविकल्पितकुशलाऽकुशलसमवहारविनिर्मितविविधदेहावलिभिर्वियोगसंयोगाद्यनादिसंसारानुभवस्य द्वारभूतेन षडिन्द्रियवर्गेण तस्मिन् दुर्गाध्ववदसुगमेऽध्वन्यापतित ईश्वरस्य भगवतो विष्णोर्वशवर्तिन्या मायया जीवलोकोऽयं यथा वणिक्सार्थोऽर्थपरः स्वदेहनिष्पादितकर्मानुभवः श्मशानवदशिवतमायां संसाराटव्यां गतो नाद्यापि विफलबहुप्रतियोगेहस्तत्तापोपशमनीं हरिगुरुचरणारविंदमधुकरानुपदवीमवरुन्धे यस्यामु ह वा एते षडिंद्रियनामानः कर्मणा दस्यव एव ते ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"આ જીવલોક જે પોતાના દેહે કરેલાં કર્મોને તેઓનાં ફળદ્વારા અનુભવી રહ્યો છે અને તેથીજ જેની ચેષ્ટાઓ નિષ્ફળ અને ઘણાં વિઘ્નવાળી હોય છે તે, જેમ કોઇ વેપારીનો કાફલો ધન કમાવા તત્પર થઇને કોઇ દુર્ગમ માર્ગે જઈ પડે અને તે દ્વારા ઘોર જંગલમાં નીકળી ચડે તેમ સર્વના ઈશ્વર ભગવાન વિષ્ણુને વશ રહેતી માયાને લીધે દુર્ગમ માર્ગ જેવા વિષય સંસારમાર્ગમાં જઇને શ્મશાન જેવા અમંગળ સંસારરૂપી જંગલમાં જઈ પડયો છે; છતાં તે તે તાપોને શાંત કરનાર શ્રીહરિરૂપ ગુરુના ચરણકમળમાં ભ્રમરસરખા ભક્ત પુરુષોના ભક્તિમાર્ગને હજી અનુસરતો નથી. દેહને આત્મા માનનારા જીવોના સત્ત્વાદિ જુદા જુદા ગુણોથી વિભાગ પામેલાં સારાંનરસાં ને મિશ્ર કર્મોથી નિર્માણ થયેલાં, જુદા જુદા દેહોની સાથે વિયોગ ને સંયોગ જેમાં થયા કરે છે એવા આ અનાદિ

× આ અધ્યાયમાં પૂર્વોક્ત ભવાટવીનું સ્પષ્ટ વ્યાખ્યાન કરીને સંસારપક્ષમાં શિયાળવાં–મચ્છર વગેરેની કલ્પનાનું સ્પષ્ટીકરણ કરાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંસારનો અનુભવ કરવામાં જે દ્વારરૂપ છે તે છ ઇન્દ્રિયોના વર્ગરૂપ પોતાનાં કાર્યદ્વારા જીવલોકને સંસારમાર્ગે નાખવામાં માયા કારણભૂત છે; આ છ ઇન્દ્રિયો એજ આ સંસારરૂપી જંગલમાં ચોરલોકોનું કામ કરનારી છે.[1] કારણ કે પુરુષને જે કંઇ ધન ઘણા કષ્ટથી પ્રાપ્ત થયેલું હોય છે તે કેવળ ધર્મનુંજ કારણ હોવું જોઇએ, કે જે ધર્મ સાક્ષાત્ પરમ પુરુષ—ભગવાનનું આરાધન કરવું એજ લક્ષણવાળો છે; કેમકે એવા ધર્મનેજ વિદ્વાનો પરલોકમાં ઉપયોગી કહે છે. એ પ્રમાણે કેવળ ધર્મ કરવાને યોગ્ય જે ધન છે તેને ઇન્દ્રિયોરૂપી ચોરો *જોવું, સ્પર્શ કરવો, સાંભળવું, સ્વાદ લેવો, સૂંઘવું, સંકલ્પ કરવો તથા વ્યવસાય કરવો એ રૂપી ધરના વિષયોપભોગદ્વારા લૂંટી લે છે; દષ્ટાંત તરીકે જેમ—કોઈ દુષ્ટ રખેવાળવાળા અને અસાવધ મનવાળા કાફલાનું ધન ચોરલોકો લૂંટી લે છે.[2] વળી આ સંસારમાં સ્ત્રી, પુત્ર વગેરે કુટુંબનાં મનુષ્યો છે તે નામનાંજ કુટુંબી છે. ખરી રીતે તો તેઓ વરુ અને શિયાળોનાંજ કામ કરનારાં છે; કારણ કે જેમ વરુઓ તથા શિયાળો કોઇ લોભી રબારીના ઘેટાને તેની ઇચ્છા ન હોવા છતાં તેના દેખતાં ઉપાડી જાય છે, તેમ સ્ત્રી—પુત્રાદિ કુટુંબીઓ પણ (પોતાના પાલક એવા) લોભી કુટુંબી મનુષ્યના ધનને તેની ઇચ્છા નહિ હોવા છતાં તેના દેખતાં લઇ જાય છે.[3] જેમ કોઈ ખેતર દર વર્ષે ખેડાતું હોય તોપણ તેમા રહી ગયેલાં બિયાંઓને બાળી નાખવામાં આવે નહિ તો ફરી પણ વાવણી વખતે તે ખેતર જાળાં, ઘાસ તથા વેલાઓથી જંગલ જેવું બની જાય છે; તેજ પ્રમાણે આ ગૃહસ્થાશ્રમ પણ કર્મોનું એક ક્ષેત્ર છે, જેમાં (વાસનાઓરૂપી બિયાં બાળી નાખ્યાં ન હોય તો) કર્મો કદી નાશજ પામતાં નથી—થયાજ કરે છે. કારણ કે આ ગૃહસ્થાશ્રમ તે કામનાઓનો એક કરંડિયોજ છે.+ આ સંસારરૂપી જંગલમાં ગયેલો મનુષ્ય જેતું ધન તેના બહારના પ્રાણ જેવું હોય છે તે એના ધનને ડાંસ અને મચ્છર જેવા નીચ મનુષ્યો તથા તીડો, પક્ષીઓ, ચોરો અને ઉંદરો બગાડ્યા કરે છે; છતાં પણ એ સંસારના માર્ગમાં તે મનુષ્ય ચોતરફ ભટક્યા કરે છે અને અવિદ્યા, કામના તથા કર્મોથી તેનું મન રંગાઇ ગયેલું હોવાથી ગંધર્વનગરની પેઠે વસ્તુતઃ અઘટિત એવા પણ આ મનુષ્યલોકને કોઈ વેળા પોતે મિથ્યાદષ્ટિ બની જઇને 'આ સત્ય છે' એમ માને છે.[૪૫] અને ત્યાં પાન, ભોજન, મૈથુનાદિ વ્યસનોમાં આસક્ત થઇને ઝાંઝવાના જળ જેવા મિથ્યા વિષયો તરફ કોઇ સમયે દોડી જાય છે;[6] તેમજ કોઈ વેળા જેમ ટાઢથી પીડાતો કોઈ મનુષ્ય અગ્નિ મેળવવાની ઇચ્છા કરતો ઉંબાડિયાં જેવા ભૂતના ભડકાને અગ્નિ માની તેને લેવાની ઇચ્છા કરે છે; તેમ રજોગુણથી વ્યાપ્ત બુદ્ધિવાળો થઇને સમગ્ર દોષોના ઘરરૂપ ને અગ્નિની વિષ્ટારૂપ એવા સુવર્ણને લેવા ઇચ્છે છે[7] અને કોઈ સમયે રહેવા માટેનાં સ્થાન, પાણી, ધન વગેરે અનેક પોતાના જીવનનાં સાધનોમાં આગ્રહવાળો થઇને આ સંસારરૂપી જંગલમાં આમતેમ દોડયા કરે છે; કોઇ વેળા વંટોળિયાની જેને ઉપમા અપાય છે એવી મદમાતી સ્ત્રી તે મનુષ્યને પોતાના ખોળામાં બેસાડે છે, કે તત્કાળ રાગને લીધે જેમ રાત્રે ભૂતડાંઓ મર્યાદા છોડી દે છે તેમ મર્યાદાનો ત્યાગ કરે છે અને રજોગુણથી અત્યંત વ્યાપ્ત બુદ્ધિવાળો થઈને જાણે તેનાં નેત્રો પણ રજોગુણરૂપી ધૂળથી ભરા-

---

* જોવું, સ્પર્શ કરવો, સાંભળવું, સ્વાદ લેવો તથા સૂંઘવું—એ પાંચ જ્ઞાનેન્દ્રિયોની વૃત્તિઓ છે અને સંકલ્પ તથા વ્યવસાય, એ બે અંતઃકરણની વૃત્તિઓ છે.—શ્રીધર

\+ અર્થાત્ જેમ કપૂર રાખવાના કટોરામાં કપૂર ન હોય તોપણ તેની સુગંધ રહેજ છે, તેમ ગૃહસ્થાશ્રમમાં પણ વાસનાઓના ક્ષય વિના કર્મોનો વિનાશ થતો નથી.

—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઈ ગયાં હોય તેમ (મર્યાદાના ઉલ્લંઘનને જોતો) સર્વ દિશાઓના દેવોને પણ જાણતો નથી. કોઈ સમયે એકાદ વખત વિષયો મિથ્યા છે, એમ તે જાણે છે, છતાં પણ દેહ ઉપરના અહંભાવને લીધે સ્મૃતિથી ભ્રષ્ટ થઇ જાય છે અને તે દેહાભિમાનની ધૂનમાં ને ધૂનમાં ઝાંઝવાના જળ જેવા વિષયો તરફ દોડી જાય છે.[૮-૧૦] કોઇ વેળા ઘુવડ ને તમરાંના અવાજ જેવા અતિ કઠોર અને ઉત્સાહના આવેશવાળા પ્રત્યક્ષ કે પરોક્ષ શત્રુઓના તથા રાજાના તિરસ્કારથી તેના કાનનાં મૂળ અને હૃદય અત્યંત પીડા પામે છે.[૧૧] તે પછી એ મનુષ્યનાં પૂર્વજન્મનાં પુણ્ય જ્યારે ભોગવાઇ રહે છે, ત્યારે પોતે જીવતાં પણ મરેલો હોય તેવો થઇને કારસ્કર તથા કાકતુંડ વગેરે અપવિત્ર વૃક્ષો તથા લતાઓની પેઠે અને ઝેરી જળાશયની પેઠે જેમનું ધન બન્ને લોક માટે નિષ્ફળ હોય છે એવા જીવતે મૂએલા જેવા (ધનવાન) મનુષ્યો પાસે પોતે (ધનની આશાએ) દોડી જાય છે.[૧૨] કોઇ સમયે દુર્જનોના સંગથી તેની બુદ્ધિ ઠગાઇ જાય છે અને તેથી, જેમ કોઈ જળ વગરની નદીના ખાડામાં જઇ પડે (અને તુરત માથું ફૂટી જતાં પાછળથી પણ વેદના ભોગવે), તેમ બન્ને તરફથી પણ (આ લોકમાં ને પરલોકમાં પણ) દુઃખદાયી એવા પાખંડમાર્ગમાં જઇ પડે છે.[૧૩] વળી જ્યારે બીજાઓને પીડા કરવા છતાં પણ પોતાને માટે અન્ન મળતું નથી, ત્યારે પિતા કે પુત્રનું અતિ અલ્પ ધન પણ જેઓની પાસે હોય છે તે મનુષ્યોને અથવા પિતાને કે પુત્રને પણ ખાવા ધાય છે.[૧૪] કોઇ સમયે પોતાની પ્રિય વસ્તુથી રહિત થઇ પડેલું અને પરિણામે દુઃખદાયી એવું ઘર દાવાનળની પેઠે પ્રાપ્ત કરીને શોકાગ્નિથી અત્યંત બળી જાય છે અને ખેદ પામે છે.[૧૫] કોઇ વાર તો કાળના જેવો ભયંકર રાજકુળરૂપી રાક્ષસ તે મનુષ્યના અત્યંત પ્રિય ધનરૂપી પ્રાણને હરી લે છે; તેથી જાણે પોતે મરી ગયો હોય તેમ તેનાં (હર્ષાદિ) જીવલક્ષણો પણ ચાલ્યાં જાય છે.[૧૬] વળી કોઇ સમયે મનોરથથી પ્રાપ્ત થયેલા પિતા, દાદા વગેરે મિથ્યાપદાર્થોને પણ 'આ સત્ય છે' એમ માનીને સ્વપ્ન જેવા લક્ષણવાળી શાંતિ અનુભવે છે.[૧૭] કોઇક વખતે ગૃહસ્થાશ્રમને લગતી કર્મપ્રેરણાઓના મોટા વિસ્તારરૂપી પર્વત ઉપર ચડવાની ઇચ્છા કરે છે; પણ (તેથીયે) લોકોનું દુઃખ જોઇ મનમાં ખેદ પામે છે અને કાંટાવાળા તથા કાંકરાવાળા ખેતરમાં પ્રવેશ કરતો હોય તેમ દુઃખી થાય છે.[૧૮] કોઇ સમયે શરીરની અંદરના દુઃસહ જઠરાગ્નિથી (ભૂખ્યો થઇને) ધૈર્યભ્રષ્ટ થઈ પોતાના કુટુંબ ઉપર ક્રોધ કરે છે[૧૯] અને તેજ મનુષ્ય ફરી નિદ્રારૂપી અજગરથી જ્યારે ગળાય છે, ત્યારે ઘોર અંધકારમાં ગળક થઈ જાય છે, જાણે કોઇ શૂન્ય જંગલમાં ફેંકી દીધેલું મુડદું હોય તેમ સૂઈ રહે છે ને તે વેળા બીજું કંઇ પણ જાણતો નથી.[૨૦] વળી કોઇ વખતે તેની ગર્વરૂપ દાઢ ભાંગી પડેલી હોય છે; દુર્જનોરૂપી સર્પોને લીધે તેને નિદ્રા લેવાની ક્ષણ પણ મળતી નથી અને પીડા પામેલા હૃદયને લીધે તેનું વિજ્ઞાન પણ નાશ પામી જાય છે; જેથી કોઇ આંધળા મનુષ્યની પેઠે તે અંધારિયા કૂવામાં પડે છે.[૨૧] કોઈ વખતે કામરૂપી મધના અંશોને તે શોધે છે, ત્યારે પારકી સ્ત્રી તથા પારકા દ્રવ્યને હરી લે છે અને તેથી રાજા તથા તે પરસ્ત્રીઓના પતિઓ તેને મારી નાખે છે અને અપાર નરકમાં પડે છે.[૨૨] માટેજ વિદ્વાનો કહે છે કે, પ્રવૃત્તિમાર્ગમાં કર્મ એજ આ લોક તથા પરલોકમાં જન્મનું ક્ષેત્ર થઈ પડે છે.[૨૩] કદાચ તે (પરસ્ત્રીહરણ તથા પરધનહરણના) બંધનમાંથી તે મનુષ્ય બચી જાય છે, તો તેની પાસેથી બીજો કોઇ દેવદત્ત નામનો, તે-પરસ્ત્રી કે પરધનને ઝૂંટવી લે છે અને તે દેવદત્ત પાસેથી વળી વિષ્ણુદત્ત નામનો કોઇ છીનવી લે છે; આવી અનવસ્થા ચાલ્યા કરે છે. (પણ પોતે ભોગવી શકતો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી.)[24] કોઈ વેળા ટાઢ—પવન વગેરે આધિદૈવિક, આધિભૌતિક તથા આધ્યાત્મિક આદિ દશ પ્રકારની દુઃખની અવસ્થાઓનું નિવારણ કરવામાં પોતે અસમર્થ થઇ પડે છે અને દુરંત ચિંતાથી ખિન્ન થઇને બેસી રહે છે.[25] કોઈ સમયે પરસ્પર જે કંઇ ધનનો વ્યવહાર કરે છે ત્યારે માત્ર વીસ કોડી જેટલું કે તેથી પણ ઓછું કંઈ ધન બીજા પાસેથી કપટ કરીને હરી લે છે અને તેથી એ ધનસંબંધી શઠતાને લીધે પોતે બીજાનો દ્વેષપાત્ર બને છે. વળી એ ઉપરાંત આ સંસારરૂપી જંગલના માર્ગમાં બીજા પણ સુખ, દુઃખ, રાગ, દ્વેષ, ભય, અભિમાન, પ્રમાદ, ઉન્માદ, શોક, મોહ, લોભ, અદેખાઈ, ઇર્ષ્યા, અપમાન, ક્ષુધા, તૃષા, મનની પીડા, શરીરની પીડા, જન્મ, ઘડપણ તથા મરણ વગેરે ઉપદ્રવો રહેલા છે.[26।27] કોઇ વખતે ભગવાનની માયારૂપ સ્ત્રી પોતાની ભુજારૂપ લતાથી તે મનુષ્યને આલિંગન કરે છે ત્યારે તેનો વિવેક તથા જ્ઞાન નાશ પામી જાય છે અને તે સ્ત્રી સાથે ક્રીડા કરવા માટે કોઇ ઘરનો આરંભ કરવામાં તેનું હૃદય વ્યાકુળ થાય છે. વળી તે સ્ત્રીનો આશ્રય કરવાથી પુત્ર, પુત્રી વગેરે વળગી પડે છે; તેઓનાં મધુર ભાષણો અને પોતાની સામે જોવું—વગેરે તેઓની ચેષ્ટાથી તેનું હૃદય તેઓના તરફજ આકર્ષાઈ જાય છે અને એ રીતે પોતે ઇન્દ્રિયાધીન બની જઇ પોતાના આત્માને પાર વિનાના ઘોર નરકમાં નાખે છે.[28] કોઇ વેળા સર્વના ઈશ્વર ભગવાન વિષ્ણુનું કાળચક્ર કે જે પરમાણુથી આરંભી દ્વિપરાર્ધ સુધીના કાળરૂપ લક્ષણવાળું છે અને બાલ્ય વગેરે અવસ્થાના ક્રમથી એકદમ વેગથી ઘૂમી વળીને ઘાસ તથા થૂંબડાથી માંડી છેક બ્રહ્મા સુધીનાં સર્વ પ્રાણીઓનો (તેઓના દેખતાં) પ્રમાદ રાખ્યા વિના નાશ કરી રહ્યું છે,તે કાળચક્રથી તે મનુષ્યનું હૃદય ત્રાસી જાય છે છતાં તે કાળચક્રરૂપી પોતાનું આયુધ ધારણ કરનારા તેજ સર્વના ઈશ્વર સાક્ષાત્ ભગવાન યજ્ઞપુરુષનો અનાદર કરીને કાગડા, ગીધડાં, બગલાં તથા વટપક્ષી જેવાં અને આર્યશાસ્ત્રોમાં જેઓનો ત્યાગ કરવામાં આવ્યો છે એવા પાખંડધર્મના દેવોનો, એ પાખંડશાસ્ત્રોના આધારે આશ્રય કરે છે.[29] પછી જ્યારે પોતે ઠગેલા તે પાખંડીઓથી તે ઘણો ઘણો ઠગાય છે, ત્યારે બ્રાહ્મણોના કુળમાં જઇ વસે છે; પણ તે બ્રાહ્મણોનો આચાર તો જનોઈ વગેરે શ્રૌતસ્માર્ત કર્મો કરી ભગવાન યજ્ઞપુરુષનું આરાધન કરવું એજ હોય છે; તે એને પસંદ પડતો નથી, જેથી તે શૂદ્રના કુળનો આશ્રય કરે છે; કે જે શૂદ્રકુળને વેદોક્ત આચારમાં પોતાની અશુદ્ધિને લીધે અધિકાર હોતો નથી તેથી વાનરજાતિની પેઠે મૈથુન કરવું અને કુટુંબનું પોષણ કરવું એજ કેવળ વ્યાપાર હોય છે. (પણ અગ્નિહોત્ર વગેરે વ્યાપાર હોતો નથી.)[30] પછી તે શૂદ્રકુળમાં પણ કોઈ જાતના પ્રતિબંધથી રહિત હોઇને પોતાની ઇચ્છાનુસાર તે વિહાર કરે છે અને અતિશય વિષયાકુળ બુદ્ધિવાળો થઇને પરસ્પર એકબીજાનાં મુખ જોવાં વગેરે વૈષયિક કર્મથીજ પોતાના મૃત્યુકાળને વીસરી જાય છે.[31] કોઇ વખતે તો વાનરો જેમ વૃક્ષો ઉપર ક્રીડા કરે છે, તેમ આ લોકના વિષયો એજ જેનું પ્રયોજન હોય છે, તેવા ઘરમાં પોતે ક્રીડા કરે છે અને પુત્ર—સ્ત્રી વગેરે ઉપર પ્રેમાળ થઇને મૈથુનમાંજ ઉત્સવ માને છે.[32] એ પ્રમાણે સંસારરૂપી જંગલમાં રુંધાયલો તે મનુષ્ય મૃત્યુરૂપી હાથીના ભયથી યુક્ત એવા પહાડોની ખીણો જેવા—રોગ વગેરે દુઃખોમાં જઇ પડે છે.[33] કોઇ વેળા ટાઢ, પવન વગેરે અનેક આધિદૈવિક, આધિભૌતિક તથા આધ્યાત્મિક દુઃખોનું નિવારણ કરવામાં પોતે અસમર્થ થઇ પડીને દુરંત વિષયોથી ખિન્ન થાય છે.[34] કોઇ સમયે પરસ્પર વ્યવહારમાં ધનસંબંધી ઠગાઈ કરીને કંઈક ધન સંપાદન કરે છે.[35] કોઈ વેળા જ્યારે ધન ખૂટી પડે છે અને શય્યા, આસન તથા ભોજનાદિ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉપભોગોથી પોતે રહિત થઈ પડે છે, ત્યારે મનોરથમાં આવેલું નહિ મળતાં તે મેળવવાને માટે બુદ્ધિથી નિશ્ચય કરે છે અને જ્યાંત્યાંથી લોકોનાં અપમાન પામે છે.[૩૬] એ રીતે પરસ્પર ધનની લેવડદેવડને લીધે તેના વૈરનાં કારણો વધી પડે છે; છતાં પણ પૂર્વની વાસનાથી તે સંસારી મનુષ્ય, પરસ્પર વિવાહ વગેરે સંબંધ કરે છે અને તેનો ત્યાગ કરે છે.[૩૭] આવો આ સંસારમાર્ગ કે જે અનેક ક્લેશો તથા ઉપદ્રવોથી પીડાવાળો છે, તેમાં જે મનુષ્ય જ્યાં આપત્તિને અથવા મરણને પામે છે તેને બીજો મનુષ્ય ત્યાં ને ત્યાં છોડી દે છે અને બીજા જન્મેલાને સાથે લઇને શોક કરતો, મોહ પામતો, ભય પામતો, વિવાદ કરતો, બૂમો પાડતો, હર્ષ પામતો, ગાયનો ગાતો કે બંધાતો આગળ ને આગળ ધપ્યા કરે છે; તે હજી સુધી પણ માત્ર એક સાધુપુરુષ વિના આ મનુષ્યલોકનો સંઘ પોતે જ્યાંથી નીકળ્યો છે ત્યાં પાછો ફરતો નથી, કે જે એના મૂળ નીકળવાના સ્થાનને વિદ્વાનો આ સંસારમાર્ગનો પાર કહે છે.[૩૮] કારણ કે આ મનુષ્યસંઘ તે આ યોગના શિક્ષણને અનુસરતો નથી, કે જેને સંસારી વિષયોથી ઉપરામ પામેલા મનવાળા અને ઉપશમ-સ્વભાવવાળા સંન્યાસી મુનિઓ જાણે છે.[૩૯] અરે! દિશાઓના હાથીઓને જીતનારા ને યજ્ઞ-યાગાદિ કરનારા રાજર્ષિઓ પણ (એ યોગશિક્ષણને અનુસરતા નથી અને) 'આ મારી છે' એમ કેવળ આ પૃથ્વીના નિમિત્તેજ પરસ્પર વૈર બાંધીને યુદ્ધક્ષેત્રમાં સૂએ છે અને એ રીતે પૃથ્વીનો ત્યાગ કરીને વિનાશ પામે છે.[૪૦] આ પ્રમાણે આ કર્મમાર્ગરૂપી વેલાને વળગીને મનુષ્ય કદાચ ઉપરના સ્વર્ગલોકમાં જાય છે અથવા આપત્તિરૂપ નરકથી માંડ માંડ મુક્ત થાય છે, પણ ફરીથી આ સંસારમાર્ગમાંજ પાછો આવીને આ મનુષ્યસંઘમાંજ મળે છે.[૪૧]

"આ ભરત રાજાના સંબંધે પૂર્વના વિદ્વાનો આવા શ્લોકો ગાય છે-

आर्षभस्येह राजर्षेर्मनसाऽपि महात्मनः ।
नानुवर्त्मार्हति नृपो मक्षिकेव गरुत्मतः ॥ ४२ ॥
यो दुस्त्यजान् दारसुतान् सुहृद्राज्यं हृदिस्पृशः ।
जहौ युवैव मलवदुत्तमश्लोकलालसः ॥ ४३ ॥
यो दुस्त्यजान् क्षितिसुतस्वजनार्थदारान् ।
प्रार्थ्यां श्रियं सुरवरैः सदयावलोकाम् ॥
नैच्छन्नृपस्तदुचितं महतां मधुद्विट्-
सेवानुरक्तमनसामभवोऽपि फल्गुः ॥ ४४ ॥
यज्ञाय धर्मपतये विधिनैपुणाय ।
योगाय सांख्यशिरसे प्रकृतीश्वराय ॥
नारायणाय हरये नम इत्युदारं ।
हास्यन् मृगत्वमपि यः समुदाजहार ॥ ४५ ॥

"આ જગતમાં કોઇ પણ રાજા ઋષભદેવના પુત્ર મહાત્મા ભરત રાજર્ષિના માર્ગને મનથી પણ અનુસરવાને યોગ્ય નથી. દૃષ્ટાંત તરીકે જેમ કોઇ માખી ગરુડના માર્ગને મનથી પણ અનુસરવાને યોગ્ય નથી તેમ.[૪૨] જે ભરતરાજાએ યુવાન હતા ત્યારેજ ઉત્તમ કીર્તિવાળા ભગવાન વિષે પ્રીતિ કરીને સુંદર હોવાથી દુસ્ત્યજ એવાં સ્ત્રી-પુત્ર-સંબંધીઓનો તથા રાજ્યનો મળની પેઠે ત્યાગ કર્યો હતો.[૪૩] ભરતરાજાએ દુઃખથી તજી શકાય એવી પૃથ્વી, પુત્ર, સ્વજનો, ધન, સ્ત્રીઓ અને ઉત્તમ દેવોએ પણ ઇચ્છવા યોગ્ય છતાં ભરત રાજાની દયા થાય તેમ જોતી રાજ્યલક્ષ્મીનો જે ત્યાગ કર્યો તે યોગ્યજ હતું; કારણ કે ભગવાનની સેવામાં આસક્ત મનવાળા મહાન પુરુષોને મોક્ષ પણ તુચ્છ લાગે છે.[૪૪] જે ભરત રાજાએ પોતાને પ્રાપ્ત થયેલા મૃગશરીરનો પણ ત્યાગ કરતી વેળા 'યજ્ઞસ્વરૂપ, ધર્મના પતિ, ધર્માનુષ્ઠાન કરનાર, અષ્ટાંગ યોગસ્વરૂપ, જ્ઞાનરૂપી મુખ્ય ફળવાળા, માયા તથા સર્વ જીવોના નિયંતા શ્રીહરિને હું નમસ્કાર કરૂં છું.' એમ અતિ ઉચ્ચ સ્વરે કહ્યું હતું.[૪૫]

"જેમના શુદ્ધ ગુણો તથા કર્મોનો ભગવાનના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભક્તોએ પણ આદર કર્યો છે એવા રાજર્ષિ ભરતનું આ ચરિત્ર પુત્રોત્પત્તિ આદિ કલ્યાણોનું કારણ, આયુષ વધારનારું, ધનની વૃદ્ધિ કરનારું, યશને વિસ્તારનારું તથા સ્વર્ગ અને મોક્ષને આપનારું છે; તેને જે મનુષ્ય સાંભળે છે, વર્ણવે છે અને અભિનંદન આપે છે, તે મનુષ્ય પોતાથીજ સર્વ મનોરથોને સંપાદન કરે છે; બીજા કોઇ પાસેથી કંઈ પણ આશા રાખતો નથી.[૪૬]

य इदं भागवत सभाजितावदातगुणकर्मणो राजर्षेर्भरतस्यानुचरितं स्वस्त्ययनमायुष्यं धन्यं यशस्यं स्वर्ग्यापवर्ग्यं वाऽनुशृणोत्याख्यास्यत्यभिनंदति च सर्वा एवाशिष आत्मन आशास्ते न कांचन परत इति ॥ ४६ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૧૪ મો સમાપ્ત

अध्याय १५ मो*

ભરતવંશી રાજાઓનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

भरतस्यात्मजः सुमतिर्नामाभिहितो यमु ह वाव केचित्पाखंडिन ऋषभपदवीमनुवर्तमानं चानार्या अवेदसमाम्नातां देवतां स्वमनीषया पापीयस्या कलौ कल्पयिष्यन्ति ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે ભરતરાજાનો પુત્ર એક સુમતિ નામે હતો; જેને ઋષભદેવનાં માર્ગને અનુસરતો જોઇ કેટલાક અનાર્ય પાખંડીઓ પોતાની અતિશય પાપી બુદ્ધિને લીધે કલિયુગમાં અવૈદિક દેવ તરીકે ઠરાવશે.†[૧] તે સુમતિથી વૃદ્ધસેના નામે સ્ત્રીમાં દેવતાજિત્ નામે પુત્ર થયો હતો. દેવતાજિત્‌ને આસુરી નામની સ્ત્રીમાં દેવદ્યુમ્ન નામે પુત્ર થયો હતો; દેવદ્યુમ્નને ધેનુમતી સ્ત્રીમાં પરમેષ્ઠી નામે પુત્ર થયો હતો અને એ પરમેષ્ઠીને સુવર્ચલા નામે સ્ત્રીમાં પ્રતીહ નામે પુત્ર થયો હતો,[૨,૩] જે પ્રતીહ આત્મવિદ્યાનો ઉપદેશ કરીને પોતે શુદ્ધ થયો હતો; તેથી મહાપુરુષ–ભગવાનનો તેણે સાક્ષાત્કાર કર્યો હતો.[૪] એ પ્રતીહથી પણ સુવર્ચલા સ્ત્રીમાં પ્રતિહર્તા, પ્રસ્તોતા અને ઉદ્ગાતા નામના ત્રણ પુત્રો થયા હતા, જેઓ ત્રણે યજ્ઞો કરવામાં કુશળ હતા. તેમાંના પ્રતિહર્તાને સૂતિ નામની સ્ત્રીમાં અજ અને ભૂમા નામના બે પુત્રો થયા હતા.[૫] ભૂમાથી ઋષિકુલ્યા સ્ત્રીમાં ઉદ્ગીથ નામે પુત્ર થયો હતો; ઉદ્ગીથથી દેવકુલ્યા સ્ત્રીમાં પ્રસ્તાવ નામે પુત્ર થયો હતો; પ્રસ્તાવથી નિયુત્સા નામે સ્ત્રીમાં વિભુ નામે પુત્ર થયો હતો; વિભુથી રતિ નામે સ્ત્રીમાં પૃથુષેણ નામે પુત્ર થયો હતો; પૃથુષેણથી આકૂતિ સ્ત્રીમાં નક્ત નામે પુત્ર થયો હતો; અને નક્તથી દ્રુતિ નામે સ્ત્રીમાં ગય નામે પુત્ર થયો હતો. એ ગયરાજા રાજર્ષિઓમાં શ્રેષ્ઠ હતા; તેમની કીર્તિ ઉદાર હતી અને તે પોતે જગતનું રક્ષણ કરવાની ઇચ્છાથી જેમણે સત્ત્વગુણ સ્વીકાર્યો છે એવા સાક્ષાત્ ભગવાન વિષ્ણુનો અંશાવતાર હોઇ આત્મવેત્તા વગેરેનાં લક્ષણથી મહાપુરુષની પદવીને પ્રાપ્ત થયા હતા.[૬] વળી તે ગયરાજા (બે પ્રકારે ધર્માચરણ કરતા હતા; તેમાંના પ્રથમ) સ્વધર્મથી પ્રજાઓનું પાલન, પોષણ, રંજન, લાલન તથા શિક્ષણ કરતા હતા અને (બીજા) યજ્ઞ–યાગાદિ ગૃહસ્થ ધર્મનું આચરણ કરી પોતાના (તે બન્ને) ધર્મને બ્રહ્માદિ દેવો કરતાં પણ શ્રેષ્ઠ અને બ્રહ્મસ્વરૂપ ભગવાન મહાપુરુષને વિષે સર્વ પ્રકારે સમર્પણ કરી દેતા હતા. એ રીતે પરમાર્થલક્ષણ સ્વધર્મના આચરણ વડે તથા બ્રહ્મવેત્તા પુરુષોની ચરણસેવા વડે સંપાદન કરેલા ભગવાન વિષેના ભક્તિયોગથી એ રાજાની બુદ્ધિ વારંવાર સંસ્કારી થતાં અત્યંત શુદ્ધ થઈ ગઈ હતી અને તેથીજ દેહાદિ ઉપરનો

* એ પ્રમાણે આઠ અધ્યાયોમાં ભરતજીનું ચરિત્ર કહ્યું. હવે આ પંદરમા અધ્યાયમાં ભરતવંશી રાજાઓનું વર્ણન કરાશે. —શ્રીધર

† અર્થાત્ આ સુમતિ સાક્ષાત્ બુદ્ધદેવ ભગવાન અવતર્યા છે, એમ માનશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અહંભાવ જેમાંથી ઉપરામ પામ્યો હતો એવા પોતાના અંતઃકરણમાં પોતાની મેળેજ પ્રકટ જણાતા પરબ્રહ્મ વિષે તેમને આત્માનુભવ થઇ ગયો હતો; છતાં પોતે અભિમાનથી રહિત થઇનેજ પૃથ્વીનું પાલન કરતા હતા.[7] હે પાંડુવંશી પરીક્ષિત રાજા! એ ગયરાજાના સંબંધમાં પૂર્વના વિદ્વાનો આવા શ્લોકો ગાય છે[8]:—

गयं नृपः कः प्रतियाति कर्मभि-
र्यज्वाभिमानी बहुविद्धर्मगोप्ता।
समागतश्रीः सदसस्पतिः सतां
सत्सेवकोऽन्यो भगवत्कलामृते ॥ ९ ॥
यमभ्यषिञ्चन् परया मुदा सतीः
सत्याशिषो दक्षकन्याः सरिद्भिः।
यस्य प्रजानां दुदुहे धराशिषो
निराशिषो गुणवत्सस्नुतोधाः ॥ १० ॥
छन्दांस्यकामस्य च यस्य कामान्
दुदूहुराजहुरथो बलिं नृपाः।
प्रत्यञ्चिता युधि धर्मेण विप्रा
यदाशिषां षष्ठमंशं परेत्य ॥ ११ ॥
यस्याध्वरे भगवानध्वरात्मा
मघोनि माद्यत्युरुसोमपीथे।
श्रद्धाविशुद्धाचलभक्तियोग-
समर्पितेज्याफलमाजहार ॥ १२ ॥
यत्प्रीणनाद्बर्हिषि देवतिर्यङ्-
मनुष्यवीरुत्तृणमाविरिञ्चयात्।
प्रीयेत सद्यः स ह विश्वजीवः
प्रीतः स्वयं प्रीतिमगाद् गयस्य ॥१३॥

"એવો કયો રાજા છે કે જે પોતાનાં કર્મો વડે ગયરાજાનું અનુકરણ કરી શકે? વળી ભગવાનના અંશરૂપ તે ગયરાજા વિના બીજો કયો રાજા યજ્ઞ કરનાર, માનપાત્ર, અત્યંત જ્ઞાની, ધર્મનું રક્ષણ કરનાર, લક્ષ્મી સંપાદન કરનાર, સભાપતિ અને સત્પુરુષોનો ઉત્તમ સેવક છે?[9] જે ગયરાજા ઉપર સત્ય આશીર્વાદો આપતી દક્ષની સતી કન્યાઓ—શ્રદ્ધા, મૈત્રી, દયા વગેરેએ નદીઓનાં જળ વડે પરમ હર્ષથી અભિષેક કર્યો હતો; વળી જે ગયરાજા પોતે કામનાઓથી રહિત હતા; છતાં તેમના ગુણોરૂપી વાછરડાને લીધે જેનું આઉ સ્રવી રહ્યું હતું એવી પૃથ્વીરૂપી ગાયે જે રાજાની પ્રજાઓના મનોરથોને પૂર્ણ કર્યા હતા; જે ગયરાજાને કોઈ જાતની કામના ન હતી; છતાં વેદો તથા વેદોક્ત કર્મો તેમની કામનાઓ પૂર્ણ કરતાં હતાં અને યુદ્ધમાં બાણોથી પૂજાયલા રાજાઓ તેમને કર આપતા હતા; તેમજ ધર્મપાલન તથા દક્ષિણાઓથી પૂજાયલા બ્રાહ્મણો પરલોકમાં પોતાના ધર્મફળનો છઠ્ઠો ભાગ તેમને આપતા હતા.÷[10,11] જેમના યજ્ઞમાં પુષ્કળ સોમરસનું પાન થઈ રહ્યું હતું અને તેથી ઇન્દ્ર મદમસ્ત થઈ રહ્યો હતો; ત્યારે યજ્ઞાત્મા ભગવાને શ્રદ્ધાથી વિશુદ્ધ ને અચળ એવા ભક્તિયોગથી સમર્પણ કરેલા યજ્ઞના ફળને (પ્રત્યક્ષ થઇને પૂજાની પેઠે) સ્વીકાર્યું હતું;[12] જે ભગવાનની પ્રસન્નતાથી દેવો, પશુ-પક્ષીઓ, મનુષ્યો, લતાઓ તથા ઘાસરૂપી જગત છેક બ્રહ્મદેવપર્યંત તરત પ્રસન્ન થાય છે તે સર્વાન્તર્યામી ભગવાન પોતે પ્રસન્નસ્વરૂપ છે, છતાં જે ગયરાજાના યજ્ઞમાં પ્રીતિ પામ્યા હતા—'હું તૃપ્ત થયો છું' એમ પ્રત્યક્ષ પ્રીતિ પ્રકટ કરી હતી—તે ગયરાજાની તુલના કયો રાજા કરી શકે તેમ છે?[13] એ ગયરાજાથી ગયંતી નામની સ્ત્રીમાં ચિત્રરથ, સુગતિ તથા અવરોધન નામે ત્રણ પુત્રો થયા હતા; તેમાંના ચિત્રરથથી ઊર્ણા નામની સ્ત્રીમાં સમ્રાટ્ નામે પુત્ર થયો હતો; એ સમ્રાટ્‌થી ઉત્કલા સ્ત્રીમાં મરીચિ નામે પુત્ર ઉત્પન્ન થયો હતો; મરીચિથી બિંદુમતી સ્ત્રીમાં બિંદુમાન નામે પુત્ર થયો હતો; બિંદુમાનથી સરઘા નામની સ્ત્રીમાં મધુ નામે પુત્ર થયો હતો; મધુથી સુમના નામ-

÷ સ્મૃતિ પણ કહે છે—पुण्यषड्भागमादत्ते न्यायेन परिपालयन् (या.स्मृ. १-३३५)—જે રાજા ન્યાયથી પ્રજાનું પાલન કરે છે, તેને પ્રજાઓના પુણ્યનો છઠ્ઠો ભાગ મળે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ની સ્ત્રીમાં વીરવ્રત નામે પુત્ર થયો હતો; વીરવ્રતથી ભોજા નામે સ્ત્રીમાં મંથુ તથા પ્રમંથુ નામના બે પુત્રો ઉત્પન્ન થયા હતા; મંથુથી સત્યા નામે સ્ત્રીમાં ભૌવન નામે પુત્ર ઉત્પન્ન થયો હતો; ભૌવનથી દૂષણા નામની સ્ત્રીમાં ત્વષ્ટા નામે પુત્ર થયો હતો; ત્વષ્ટાથી વિરોચના સ્ત્રીમાં વિરજ નામે પુત્ર થયો હતો અને વિરજને વિષૂચિ નામની સ્ત્રીમાં શતજિત્ જેઓમાં મુખ્ય હતો એવા સો પુત્રો તથા એક કન્યા ઉત્પન્ન થયાં હતાં.[૧૪।૧૫] તે આ વિરજના સંબંધમાં આવો એક શ્લોક ગવાય છેઃ–

प्रैयव्रतं वंशमिमं विरजश्चरमोद्भवः ।
अकरोदत्यलं कीर्त्या विष्णुः सुरगणं यथा ॥१६॥

"જેમ વિષ્ણુ પોતાની કીર્તિ વડે દેવગણને શોભાવે છે, તેમ પ્રિયવ્રત રાજાના આ વંશને, તે વંશમાં છેલ્લા થયેલા વિરજ રાજાએ પોતાની કીર્તિ વડે શોભાવ્યો હતો."[૧૬]

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૧૫ મો સમાપ્ત

अध्याय १६ मो[×]

જંબૂદ્વીપના નવ ખંડોનું વર્ણન અને મેરુ પર્વતની સ્થિતિ

॥ राजोवाच ॥

उक्तस्त्वया भूमंडलायामविशेषो यावदादित्यस्तपति यत्र चासौ ज्योतिषां गणैश्चंद्रमा वा सह दृश्यते ॥ १ ॥

પરીક્ષિત રાજાએ કહ્યુંઃ–"હે શુકદેવજી ! જેટલા ભૂમંડળમાં સૂર્ય તપે છે ને જેટલામાં નક્ષત્રગણો સાથે આ ચંદ્રમા (શુક્લ પક્ષમાં તથા કૃષ્ણ પક્ષમાં) જોવામાં આવે છે, તેટલા ભૂમંડળનો વિસ્તાર આપે મને કહ્યો[૧] અને તેમાં પણ પ્રિયવ્રત રાજાના રથનાં પૈડાંઓથી પડી ગયેલા સાત ખાડાઓ વડે (ચીલાઓ વડે) સાત સમુદ્રોની રચના થઇ છે, કે જેથી આ ભૂમિના જુદા જુદા સાત દ્વીપોની રચના થઇ છે, તે તે આપે મને સંક્ષેપમાં કહ્યું છે; પણ હે ભગવન્ ! તેજ સમગ્ર સમુદ્રો તથા દ્વીપોનું સર્વ માપ અને લક્ષણ જાણવાને હું ઇચ્છું છું.[૨] કારણ કે ભગવાનના ગુણમય સ્થૂલસ્વરૂપ (આ બ્રહ્માંડમાં) પ્રથમ જો મનને સ્થાપિત કર્યું હોય, તો તેજ મનને નિર્ગુણ, અત્યંત સૂક્ષ્મ અને સ્વયંપ્રકાશ એવા પરબ્રહ્મ ભગવાન વાસુદેવ વિષે સ્થાપવાને સમર્થ થઈ શકાય છે; માટે હે ગુરો ! ભગવાનના એ સ્થૂલસ્વરૂપ-આ બ્રહ્માંડનું વર્ણન કરવાને આપ યોગ્ય છો."[૩]

શુકદેવજીએ કહ્યુંઃ–"હે મહારાજ ! ભગવાનની માયાનો જે ગુણવૈભવ છે, તેનો પાર પામવાને પુરુષ, દેવોના આયુષથી પણ સમર્થ નથી; માટે મુખ્ય મુખ્યજ ભૂગોલના વિષયોનું નામ, રૂપ, માપ તથા લક્ષણ અમે (અહીં) કહીશું.[૪] પહેલો જે આ જંબૂદ્વીપ છે તે, ભૂમંડળરૂપી કમળના સાત દ્વીપોરૂપી દોડાઓની વચ્ચે આવેલા એક દોડા જેવો છે; તેનો વિસ્તાર એક લાખ યોજનનો છે ને કમળનાં પાંદડાંની પેઠે તે સમગોળ છે.[૫] જે જંબૂદ્વીપમાં નવ+ખંડો આવેલા છે; તે પ્રત્યેક નવ નવ હજાર યોજન વિસ્તારવાળા છે અને આઠ મર્યાદાના પર્વતોથી સારી રીતે વિભાગ પામેલા છે.[૬] એ નવ ખંડોની વચ્ચે ઇલાવૃત્ત નામનો એક મધ્યખંડ આવેલો છે, જેની વચ્ચે કુલગિરિરાજ મેરુપર્વત રહેલો છે. એ મેરુપર્વત આખોય સોનાનો છે, જંબૂદ્વીપના જેવડોજ (એક લાખ યોજન) તે ઊંચો છે અને પૃથ્વીરૂપી કમળની જાણે એક કળી હોય તેવો તે જણાય છે. એનો ઉપરનો વિસ્તાર બત્રીસ હજાર યોજન છે; મૂળમાં તેનો વિસ્તાર સોળ હજાર યોજન છે અને તેટલોજ (સોળ હજાર યોજન) તે ભૂમિની અંદર પેઠેલો

× આ અધ્યાયમાં ઉપર–નીચે અને આસપાસનો ચોતરફનો ઘેરાવો કહીને મેરુ પર્વતની સ્થિતિ અને પૃથ્વીરૂપી કમળની કળિનું વર્ણન કરાશે. —શ્રીધર

+ ખંડનેજ સંસ્કૃતમાં 'વર્ષ' કે 'ક્ષેત્ર' કહે છે.–મા.ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે.[૭] ઇલાવૃત્ત ખંડની ઉત્તરે ને ઉત્તરે અનુક્રમે નીલ, શ્વેત તથા શૃંગવાન નામના ત્રણ પર્વતો આવેલા છે, તેઓ ત્રણેય રમ્યક, હિરણમય તથા કુરુખંડની મર્યાદા (સીમાડો) સૂચવનાર પર્વતો છે; તેઓ પૂર્વદિશા તરફ લંબાઇવાળા છે અને બન્ને છેડેથી છેક ખારા સમુદ્ર સુધી પહોંચેલા છે. એક એક પર્વતનો વિસ્તાર બે હજાર યોજન છે અને તેઓમાં પહેલાપહેલા પર્વત કરતાં બીજો-બીજો પર્વત લંબાઇમાંજ દશાંશથી કંઇક અધિક અંશે ઓછો છે. (ઊંચાઇમાં કે વિસ્તારમાં નહિ.) એ રીતે ઇલાવૃત્તથી દક્ષિણમાં નિષધ, હેમકૂટ તથા હિમાલય નામે ત્રણ પર્વતો આવેલા છે. તેઓ પણ પૂર્વદિશા તરફ લાંબા ગયેલા છે× અને પૂર્વોક્ત *નીલ વગેરે પર્વતોની પેઠેજ દરેક પર્વત દશ દશ હજાર યોજન ઊંચો છે અને અનુક્રમે તેઓ હરિવર્ષ, કિંપુરુષ તથા ભારતવર્ષની મર્યાદા સૂચવનારા પર્વતો છે.[૮-૯] તેજ પ્રમાણે ઇલાવૃત્તની પશ્ચિમે તથા પૂર્વે માલ્યવાન અને ગંધમાદન નામના બે પર્વતો આવેલા છે; તેઓ બન્ને ઉત્તરથી નીલ પર્વત સુધી ને દક્ષિણથી નિષધ પર્વત સુધી લાંબા છે, બે હજાર યોજન પહોળા છે અને અનુક્રમે કેતુમાલ તથા ભદ્રાશ્વ ક્ષેત્રનો સીમાડો† કરે છે;[૧૦] મેરુ પર્વતની ચારે દિશાઓમાં દશ દશ હજાર યોજન પહોળા અને ઊંચા મંદર, મેરુમંદર, સુપાર્શ્વ તથા કુમુદ નામના ચાર અવષ્ટંભ (આધારરૂપ રહેલા) પર્વતો આવેલા છે.[૧૧] એ ચારે પર્વતો ઉપર અનુક્રમે આંબાનું, જાંબુનું, કદંબનું તથા વડનું, એમ ચાર ઉત્તમ વૃક્ષો રહેલાં છે; તે વૃક્ષો એ પર્વતોની જાણે ધજાઓ હોય તેવાં છે, અગિયાર અગિયાર સો યોજન ઊંચાં છે, અને તેઓનાં ડાળાંઓનો વિસ્તાર પણ ચોતરફ તેટલોજ છે; ને સો સો યોજનની તેઓની જાડાઇ છે.[૧૨] વળી હે ભરતશ્રેષ્ઠ પરીક્ષિત રાજા! એ પર્વતો ઉપર ચાર ધરાઓ આવેલા છે; તેઓમાં અનુક્રમે દૂધ, મધ, શેરડીનો રસ અને મીઠું પાણી ભરેલું છે; જેનું પાન કરતા યક્ષો સ્વાભાવિક યોગનાં ઐશ્વર્યો ધારણ કરે છે.[૧૩] વળી તે પર્વતો ઉપર અનુક્રમે નંદન, ચૈત્રરથ, વૈભ્રાજક તથા સર્વતોભદ્ર નામનાં ચાર દેવતાઇ ઉદ્યાનો (બાગો) આવેલાં છે.[૧૪] એ ઉદ્યાનોમાં યક્ષોથી ગવાતા મહિમાવાળા ઉત્તમ દેવો, કે જેઓ સ્ત્રીઓમાં અલંકાર જેવી–શ્રેષ્ઠ સ્ત્રીઓનાં

× આ ત્રણ પર્વતો પણ પૂર્વે કહેલા ત્રણ પર્વતોની પેઠે બન્ને બાજુ છેડેથી ખારા સમુદ્ર સુધી પહોંચેલા છે ને બબ્બે હજાર યોજન વિસ્તારવાળા છે.–**બા. પ્ર.**

* પ્રથમ નીલ વગેરે પર્વતની ઊંચાઈ દર્શાવી ન હતી, પણ અહીં 'નીલ વગેરેની પેઠે' એમ કહેવાથી તે નીલ વગેરે પર્વતની પણ દશ દશ હજાર યોજન ઊંચાઇ સમજી લેવી. —**શ્રીધર**

† હવે અહીં એક શંકા થવા સંભવ છેઃ–જંબૂદ્વીપનો વિસ્તાર બરાબર મધ્યભાગમાંથી ગમે તે દિશામાં જતાં એક લાખ યોજનનો છે. તેની પૂર્વ–પશ્ચિમ રેખામાં ઇલાવૃત્તથી વીંટાયલો મેરુપર્વત બરાબર વચ્ચે આવેલો છે. તે મેરુથી પૂર્વ–પશ્ચિમમાં બે મર્યાદાપર્વતો ને બે ખંડો આવેલા છે, બીજું કંઇ પણ નથી; ત્યારે દક્ષિણ તથા ઉત્તરરેખામાં તેજ પ્રમાણે ઇલાવૃત્તથી વીંટાયલો મેરુ વચ્ચે રહેલો છે અને તેની બન્ને બાજુ દક્ષિણ–ઉત્તરમાં ત્રણ ત્રણ મર્યાદાપર્વતો ને ત્રણ ત્રણ ખંડો આવેલા છે. એ રીતે જંબૂદ્વીપના મધ્યબિંદુથી ચારે દિશામાં એક લાખ યોજનનું પ્રમાણ કેવી રીતે મળશે? કારણ કે એક બાજુ બે દિશાઓમાં બેજ પર્વતો ને બેજ ખંડો છે અને બીજી બાજુ બે દિશાઓમાં મળીને છ પર્વતો ને છ ખંડો છે; તેનું કેમ? આનું સમાધાન આ પ્રમાણે છેઃ–જંબૂદ્વીપના મધ્યબિંદુથી દક્ષિણ–ઉત્તર રેખામાં પ્રથમ મેરુપર્વત સોળ હજાર યોજનમાં પડેલો છે; તે પછી ઇલાવૃત્ત ક્ષેત્ર અઢાર હજાર યોજન વિસ્તારમાં રહેલું છે, તે પછી છ ક્ષેત્રો ચોપન હજાર યોજનમાં ને છ મર્યાદા પર્વતો બાર હજાર યોજનમાં આવેલા છે; એટલે એકંદર બન્ને દિશાઓમાં એક લાખ યોજન મળી રહે છે. તેજ પ્રમાણે પૂર્વ–પશ્ચિમ રેખામાં પણ મધ્યભાગમાં પ્રથમ મેરુપર્વત સોળ સોળ હજાર યોજનમાં, ઇલાવૃત્ત ક્ષેત્ર અઢાર અઢાર હજાર યોજનમાં અને પછી બે પર્વતો ચાર ચાર હજાર યોજનમાં તથા બે ખંડો બાસઠ બાસઠ હજાર યોજનમાં, એમ એકંદર બન્ને દિશાઓમાં એક એક લાખ યોજનનું જંબૂદ્વીપનું પ્રમાણ મળી રહે છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ટોળાંઓના પતિ હોય છે તેઓ એકઠા મળીને વિહાર કરે છે.[૧૫] તે પર્વતોમાંના મંદર પર્વત ઉપર અગિયાર સો યોજન ઊંચું આંબાનું જે ઝાડ છે તેની ટોચ ઉપરથી મંદર પર્વતના મધ્યપ્રદેશ ઉપર અમૃતતુલ્ય ફળો (કેરીઓ) પડે છે, કે જે પર્વતનાં શિખર જેવાં મોટાં હોય છે. એ ફળો ત્યાં પડીને ભાંગી જાય છે; તેથી તેમાંથી નીકળી પડતા અતિમધુર ને સ્વાભાવિક સુગંધી એવા પુષ્કળ લાલ રસરૂપી જળથી અરુણોદા નામની નદી બને છે અને તે નદી મંદર પર્વતના શિખર ઉપરથી પડીને પૂર્વદિશામાં ઇલાવૃત્ત ક્ષેત્રને ભીંજવે છે,[૧૬।૧૭] કે જે એ નદીના રસનું પાન કરવાથી મહાદેવનાં પત્ની ભવાનીની દાસી યક્ષસ્ત્રીઓના સુગંધી અવયવોનો સ્પર્શ કરવાથી સુગંધદાર થયેલો વાયુ, ચારે તરફ દશ યોજન સુધીના પ્રદેશને સુવાસિત કરી મૂકે છે.[૧૮] એજ પ્રમાણે મેરુમંદર પર્વત ઉપરના જાંબૂના વૃક્ષ ઉપરથી જાંબૂનાં ફળો ત્યાં પડે છે, જેઓ હાથીના શરીર જેવડાં હોવા છતાં અત્યંત નાના ઠળિયાવાળાં હોય છે અને ઘણે ઊંચેથી પડતાં ફાટી જાય છે; તેથી એ ફળોના રસમાંથી જંબૂ નામની નદી એ મેરુમંદર પર્વતના શિખર ઉપરથી દશ હજાર યોજનની ઊંચાઇએથી પૃથ્વી પર પડે છે ને ત્યાંથી દક્ષિણમાં વહીને આખા ઇલાવૃત્ત ખંડમાં ફેલાઇ વળે છે. એ નદીની બન્ને બાજુ સર્વ કિનારે જે માટી રહેલી છે તે એ નદીના રસથી મિશ્ર બની જઇને વાયુ તથા સૂર્યના સંયોગથી પાકી બની જાય છે અને જાંબૂનદ નામના સોનારૂપે તૈયાર થાય છે; તે દેવલોકના નિત્ય અલંકારરૂપ થાય છે.[૧૯।૨૦] દેવતાઓ અને તેઓની સ્ત્રીઓ એ સોનાનેજ મુકુટ, કડાં તથા કંદોરા વગેરે અલંકારના રૂપે ધારણ કરે છે;[૨૧] તેમજ સુપાર્શ્વ પર્વત ઉપર મોટું જે કદંબનું ઝાડ રહેલું છે તેની કોટરોમાંથી પાંચ વામ પહોળી પાંચ મધની ધારાઓ ઝરે છે; તેઓ એ સુપાર્શ્વ પર્વતના શિખર ઉપરથી પડીને પશ્ચિમ તરફ ઇલાવૃત્ત ક્ષેત્રમાં વહ્યા કરે છે[૨૨] અને જેઓનો ઉપયોગ કરતાં પ્રાણીઓના મુખથી નીકળેલો વાયુ ચારે બાજુ સો યોજન પ્રદેશને સુગંધવાળો કરે છે.[૨૩] એજ પ્રમાણે કુમુદ પર્વત પર શતવલ્શ નામનું જે વડનું ઝાડ રહેલું છે તેનાં થડોમાંથી દૂધ, દહીં, ઘી, ગોળ તથા અન્ન વગેરેના અને વસ્ત્ર, શય્યા, આસન તથા અલંકાર વગેરેના સર્વ કામનાઓને પૂરનારા મોટા નદો વહે છે, જેઓ સર્વે કુમુદ પર્વતના શિખર ઉપરથી પડીને તેની ઉત્તરે ઇલાવૃત્ત ક્ષેત્રમાં વહી જાય છે.[૨૪] આ નદોનું જેઓ સેવન કરે છે તે પ્રજાઓને કદી પણ વળિયાં, પળિયાં, થાક, પરસેવો, દુર્ગંધ, ઘડપણ, રોગ, મૃત્યુ, ટાઢ, તાપ, ફીકાશ તથા બીજા ઉપદ્રવો વગેરે કોઇ જાતના સંતાપો થતા નથી અને જ્યાં સુધી જીવન હોય છે ત્યાંસુધી નિરતિશય સુખજ પ્રાપ્ત થાય છે.[૨૫] જેમ કમળની કળિની આસપાસ કેસરાઓ હોય છે, તેમ મેરુપર્વતના મૂળપ્રદેશમાં ચારે બાજુ કુરંગ, કુરર, કુસુંભ, વૈકંક, ત્રિકૂટ, શિશિર, પતંગ, રુચક, નિષધ, શિનીવાસ, કપિલ, શંખ, વૈડૂર્ય, જારુધિ, હંસ, ઋષભ, નાગ, કાલંજર અને નારદ વગેરે વીસ પર્વતો આવેલા છે. તેમજ મેરુની પૂર્વે જઠર ને દેવકૂટ નામના બે પર્વતો રહેલા છે; જેઓ અઢાર હજાર યોજન ઉત્તર તરફ લાંબા ગયેલા છે અને બે બે હજાર યોજન પહોળા ને ઊંચા છે. એજ પ્રમાણે મેરુની પશ્ચિમે પવન તથા પારિયાત્ર પર્વત આવેલા છે; દક્ષિણે કૈલાસ તથા કરવીર પર્વત આવેલા છે; જેઓ પૂર્વદિશા તરફ લાંબા ગયેલા છે અને મેરુની ઉત્તરદિશા તરફ ત્રિશૃંગ તથા મકર નામે પર્વત આવેલા છે. આ+ આઠે પર્વતોથી ચારે બાજુ વીંટાયલો સુવર્ણગિરિ મેરુ જાણે અગ્નિ

+ આ આઠે પર્વતો મેરુથી ચારે દિશામાં મેરુના મૂળપ્રદેશથી એક હજાર યોજન છોડીને રહેલા છે. **શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હોય તેવા શોભે છે.[૨૬।૨૭] વિદ્વાનો કહે છે કે, મેરુ પર્વતની ઉપર મધ્યપ્રદેશમાં ભગવાન બ્રહ્મદેવની દશ હજાર યોજન વિસ્તારવાળી અને સમચોરસ સોનાની એક નગરી આવેલી છે[૨૮] અને એ નગરીની આસપાસ આઠે દિશાઓમાં આઠ લોકપાલોની આઠ નગરીઓ આવેલી છે; જે નગરીઓનાં સ્વરૂપ તે તે લોકપાલોના જેવાં છે અને વિસ્તાર બ્રહ્મદેવની નગરીના ચોથા ભાગનો છે."*૨૯

तामनु परितो लोकपालानामष्टानां यथादिशं ।
यथारूपं तुरीयभागेन पुरोऽष्टावुपक्लृप्ताः ॥ २९॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૧૬ મો સમાપ્ત

---

* બીજા પુરાણમાં પણ કહ્યું છે—

मेरौ नव पुराणि स्युर्मनोवत्यमरावती।
तेजोवती संयमनी तथा कृष्णांगना परा ॥
श्रद्धावती गंधवती तथा चान्या महोदया ।
यशोवती च ब्रह्मेन्द्रवह्न्यादीनां यथाक्रमम् ॥

મેરુ પર્વત ઉપર બ્રહ્મા–ઇન્દ્ર વગેરેની અનુક્રમે નવ નગરીઓ આવેલી છે. તેઓનાં નામ–બ્રહ્માની મનોવતી, ઇન્દ્રની અમરાવતી, અગ્નિની તેજોવતી, યમદેવની સંયમની, નિર્ઋતિની કૃષ્ણાંગના, વરુણની શ્રદ્ધાવતી, વાયુની ગંધવતી, કુબેરની મહોદયા અને ઇશાનદેવની યશોવતી. આમાંની પહેલી બ્રહ્માની નગરી સૌની વચ્ચે છે અને ઇન્દ્રાદિની નગરીઓ અનુક્રમે પૂર્વ દિશાથી માંડીને આઠ દિશાઓમાં છે. —શ્રીધર

अध्याय १७ मो×

ગંગાનું ચારે દિશાઓમાં વહેવું અને શંકરે કરેલું સંકર્ષણનું સેવન

॥ श्रीशुक उवाच ॥

तत्र भगवतः साक्षाद्यज्ञलिंगस्य विष्णोर्विक्रमतो वामपादांगुष्ठनखनिर्भिन्नोर्ध्वांडकटाहविवरेणांतःप्रविष्टा या बाह्यजलधारा तच्चरणपंकजावनेजनारुणकिंजल्कोपरंजिताखिलजगदघमलापहोपस्पर्शनाऽमला साक्षाद्भगवत्पदीत्यनुपलक्षितवचोऽभिधीयमानाऽपिमहता कालेन युगसहस्रोपलक्षणेन दिवो मूर्द्धन्यवततार यत्तद्विष्णुपदमाहुः ॥१॥

શ્રી શુકદેવજી બોલ્યા:–"હે રાજા! સાક્ષાત્ યજ્ઞમૂર્તિ ભગવાન વિષ્ણુએ બલિ રાજાના યજ્ઞમાં (પ્રથમ વામનસ્વરૂપ લઇને) પછીથી ત્રણ પગલાં પૃથ્વી લેવાને માટે મોટું ત્રિવિક્રમ સ્વરૂપ ધારણ કર્યું હતું, ત્યારે પોતાના જમણા ચરણથી પૃથ્વીને દબાવીને ડાબો ચરણ ઊંચો કરતાં ડાબા ચરણના અંગૂઠાના નખથી આ બ્રહ્માંડરૂપી પાત્રનો ઉપરનો ભાગ જ્યારે ચીરાઈ ગયો હતો, ત્યારે તે બ્રહ્માંડના છિદ્રમાંથી તેની (બ્રહ્માંડની) બહાર રહેલી જળની જે ધારા (બ્રહ્માંડની) અંદર પેસી ગઇ હતી તે, ત્રિવિક્રમ ભગવાનના ચરણકમળનું પ્રક્ષાલન કરી તેના લાલ કેસરાઓથી રંગાઈ ગઈ હતી અને તેથીજ સ્પર્શ કરતાં સમગ્ર જગતના પાપરૂપી મેલનો નાશ કરનારી તે નિર્મળ જળધારા સાક્ષાત્ 'ભગવત્પદી' એવા નામથી તે સમયે કહેવાઇ હતી; પણ પાછળથી હજારો યુગનો મોટો સમય વીતી ગયા પછી તેજ ભગવત્પદી 'જાહ્નવી, ભાગીરથી' એવાં જુદાં જુદાં નામથી કહેવાતી સ્વર્ગના મસ્તક પર ઊતરી હતી, કે જે એ સ્વર્ગના મસ્તકને 'વિષ્ણુ-

---

× આ અધ્યાયમાં ગંગા ચારે દિશાઓમા વહી રહી છે, અને ઇલાવૃત્તમાં રુદ્રદેવ સંકર્ષણની સેવા કરી રહ્યા છે, તે કહેવામા આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પદ' કહે છે.[૧] એ વિષ્ણુપદમાં દઢ સંકલ્પવાળા અને પરમ ભગવદ્દભક્ત ધ્રુવજી, 'આ ગંગાજી અમારા કુળદેવ શ્રીવિષ્ણુ ભગવાનના ચરણકમળનું જળ છે.' એમ માનીને હજી સુધી પણ એ ગંગાને પરમ આદરથી મસ્તક પર ધારણ કરે છે અને તે વેળા પ્રતિક્ષણે વૃદ્ધિ પામતા ભગવાન પરના ભક્તિયોગને લીધે તેમનું અંતઃકરણ અત્યંત પીગળી જાય છે અને તેથીજ ઉત્કંઠાને લીધે પરવશ થઇ જઇ લગાર મીંચાઇ જતાં તેમનાં બન્ને નેત્રોરૂપી કળીમાંથી (હર્ષનાં) નિર્મળ અશ્રુબિંદુઓ ટપકવા લાગે છે ને તેની સાથે રોમાંચસમૂહ પ્રકટી નીકળે છે.[૨] તે પછી એ વિષ્ણુપદની નીચે આવેલા સપ્તર્ષિઓ કે જેઓ ગંગાજીના પ્રભાવને જાણે છે અને સર્વના આત્મા ભગવાન વાસુદેવ વિષે અસ્ખલિત ભક્તિયોગને લીધેજ જેઓ અન્ય સર્વ પુરુષાર્થોની તથા આત્મજ્ઞાનની પણ દરકાર કરતા નથી તેઓ પણ, જેમ મુમુક્ષુઓ પ્રત્યક્ષ આવેલી મુક્તિને બહુ માનપૂર્વક મસ્તકે ધારણ કરે તેમ એ ગંગાને 'આ આટલીજ આપણા તપની આત્યંતિક સિદ્ધિ આવી મળી છે.' એમ માનીને ઘણા માનપૂર્વક પોતાની જટાઓ પર અદ્યાપિ ધારણ કરે છે.[૩] ત્યાંથી એ ગંગાજી અનેક હજાર કરોડ વિમાનોના સમૂહથી વ્યાપ્ત એવા આકાશના માર્ગે થઇને નીચે ઊતરે છે અને ચંદ્રમંડળને ભીંજવી દઇ (મેરુના મસ્તક પર આવેલા) બ્રહ્માના સ્થાનમાં પડે છે.[૪] ત્યાંથી તેના ચાર વિભાગ થાય છે અને સીતા, અલકનંદા, ચક્ષુષ્ તથા ભદ્રા, એવાં ચાર નામોથી ચારે દિશાઓમાં વહે છે ને સમુદ્રમાંજ જઇ મળે છે.[૫] તેમાંની જે સીતા છે તે, બ્રહ્માના સ્થાનમાંથી નીકળી કેસરાચલ વગેરે પર્વતોનાં શિખરો ઉપર થઇને નીચે નીચે વહેવા લાગે છે ને ગંધમાદનનાં શિખરો પર પડીને ભદ્રાશ્વ ખંડની વચ્ચે થઇ પૂર્વદિશામાં ખારા સમુદ્રને મળે છે.[૬] એજ પ્રમાણે જે ચક્ષુષ્ નામની ગંગા છે તે માલ્યવાન પર્વતના શિખર ઉપરથી પડીને અસ્ખલિત વેગે કેતુમાલ ખંડમાં વહે છે અને પશ્ચિમદિશામાં જઇને સમુદ્રમાં પ્રવેશ કરે છે. ભદ્રા નામની ગંગા મેરુપર્વતના શિખરથી ઉત્તરે પડીને કુમુદ પર્વતના શિખર પર પડે છે. ત્યાંથી ચાલીને નીલગિરિના પર પડે છે ને ત્યાંથી ચાલી શ્વેતપર્વતના શિખર પર થઇને આગળ એક પર્વતથી બીજા પર્વત પર વહેતી ઉત્તર કુરુદેશ તરફ વહે છે અને ઉત્તર દિશામાં આવેલા સમુદ્રને મળે છે. તેજ પ્રમાણે અલકનંદા બ્રહ્માના સ્થાનથી દક્ષિણમાં વહીને અનેક પર્વતનાં શિખરોને ઓળંગે છે અને હેમકૂટપર્વત પર આવીને તે પર્વતનાં શિખરો પર પણ અત્યંત વેગથી લોટતી ભારતવર્ષમાં આવી પહોંચે છે ને દક્ષિણદિશામાં આવેલા સમુદ્રમાં પ્રવેશ કરે છે. એ અલકનંદામાં સ્નાન માટે આવનાર મનુષ્યને પગલે પગલે અશ્વમેધ તથા રાજસૂય વગેરેનાં ફળ દુર્લભ નથી.[૭-૯] આ ચાર ગંગાઓ સિવાય બીજા પણ અનેક નદો તથા નદીઓ પ્રત્યેક ખંડમાં અસ્તિત્વ ધરાવે છે, કે જેઓ સેંકડોની સંખ્યામાં મેરુ વગેરે પર્વતોમાંથી નીકળે છે.[૧૦] એ પ્રમાણે ઉપર જે ખંડો કહેવામાં આવ્યા છે, તેમાં પણ ભારતવર્ષ એજ કર્મોનું ક્ષેત્ર ગણાય છે; બાકીના આઠ ખંડો તો દેવોનાં બાકી રહેલાં પુણ્ય ભોગવવાનાં સ્થાનો છે; જેઓને પૃથ્વી પરનાં સ્વર્ગસ્થાન કહેવામાં આવે છે.[૧૧] એ આઠ ખંડોમાં મનુષ્યોના આયુષ્કાળની ગણતરીએ પ્રત્યેક મનુષ્યનાં આયુષ દશ દશ હજાર વર્ષનાં હોય છે; દેખાવમાં ત્યાંના મનુષ્યો દેવો જેવા હોય છે. તેઓનાં બળ દશ દશ હજાર હાથી જેટલાં હોય છે; તેઓનાં શરીર વજ્ર જેવાં હોય છે; તેમનાં શરીરોમાં બળ, વય તથા આનંદ પુષ્કળ હોવાને લીધે તેમના મહાન મૈથુનને અંતે જ્યારે આયુષનું એક વર્ષ બાકી રહે છે, ત્યારે તેમની સ્ત્રીઓ માત્ર એકજ ગર્ભ ધારણ કરે છે અને તે ખંડોમાં ત્રેતાયુગ જેવો સમય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાલે છે.[૧૨] વળી એ ખંડોમાં પોતપોતાના ગણ-નાયકોએ જેમની મહાન પૂજા કરેલી હોય છે એવા મોટા મોટા દેવો, અત્યંત સુંદર દેવાંગનાઓના કામયુક્ત વિલાસો, હાસ્ય તથા લીલાપૂર્વક દર્શનથી આકર્ષાયેલાં મનવાળા અને દષ્ટિવાળા થઇને એ ખંડોના આશ્રમોમાં, પર્વતોની ગુફાઓમાં તથા નિર્મળ જલાશયોમાં જલક્રીડા વગેરે જાતજાતના વિનોદોથી ઇચ્છાનુસાર ક્રીડા કરે છે, કે જે એ આશ્રમો અને પર્વતોની ગુફાઓ સર્વ ઋતુઓના પુષ્પગુચ્છાઓ, ફળો તથા કુંપળોની સમૃદ્ધિથી ઝૂકતી ડાળીઓવાળાં અને લતાઓવાળાં વૃક્ષોથી સુશોભિત ને સુંદર વનવાળી હોય છે અને એ જલાશયો ખીલી રહેલાં જાતજાતનાં નવાં કમળોની સુગંધથી આનંદ પામેલા રાજહંસો, જલકૂકડાં, બતકો, સારસો ને ચક્રવાક પક્ષીઓથી અને જાતજાતના અનેક ભમરાઓથી ગાજી રહેલાં હોય છે.[૧૩] આ નવે ખંડોમાં મહાપુરુષ ભગવાન નારાયણ પ્રત્યેક પુરુષ પર અનુગ્રહ કરવા માટે પોતાની મૂર્તિઓના સમૂહ વડે અદ્યાપિપર્યંત સમીપમાંજ રહે છે.[૧૪] તેમાંના ઇલાવૃત્ત ખંડમાં તો ભગવાન શંકર એકજ પુરુષ છે; બીજો કોઇ પણ અર્વાચીન પુરુષ કે જે પાર્વતીના શાપનું કારણ જાણતો હોય છે તે ત્યાં પ્રવેશ કરી શકતો નથી. કારણ કે જે કોઇ પુરુષ ત્યાં પ્રવેશ કરે છે તે (પાર્વતીના શાપને લીધે) સ્ત્રી થઈ જાય છે. આ સંબંધે આગળ (નવમા સ્કંધમાં) હું કહીશ.[૧૫] એ ઇલાવૃત્ત ખંડમાં હજારો અબજ સ્ત્રીઓ કે જેઓની સ્વામિની પાર્વતી હોય છે તેઓ ભગવાન શંકરની સર્વ રીતે સેવા કર્યા કરે છે અને ભગવાન શંકર પણ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ, એમ ચાર મૂર્તિવાળા મહાપુરુષ પરમેશ્વરની પોતાના કારણરૂપ અને તમોગુણી એવી જે સંકર્ષણ નામની ચોથી મૂર્તિ છે તેના સ્વરૂપનું મનમાં ધ્યાન કરી આ મંત્રનો જાપ કરતા કરતા ઉપાસના કર્યા કરે છે.[૧૬]

શ્રીશંકર ભગવાન કહે છે:–'**ॐ नमो भगवते महापुरुषाय सर्वगुणसंख्यानायानंतायाव्यक्ताय नमः**' જેમનાથી સર્વ ગુણોનો પ્રકાશ થયો છે અને જે પોતે અવ્યક્ત છે, અમાપ છે અને અનંત છે તે મહાપુરુષ ભગવાનને હું નમસ્કાર કરું છું.[૧૭] હે ભજન કરવા યોગ્ય ભગવન્! આપનું ચરણકમળ સર્વના શરણરૂપ છે; આપ સમગ્ર ઐશ્વર્યના પરમ આશ્રય છો; આપે પોતાના ભક્ત પુરુષોમાં પોતાના સ્વરૂપને પ્રકટ કર્યું છે; આપ ભક્તપુરુષોના સંસારને હરી લેનારા છો અને અભક્ત પુરુષોના સંસારને વધારનારા છો; તે આપ ઈશ્વરનું હું ભજન કરૂં છું.[૧૮] જે આપ સર્વને નિયમમાં રાખવા માટે સર્વ કંઇ જોઇ રહ્યા છો, છતાં ક્રોધાવેગને નહિ જીતનારા અમારી પેઠે આપની દષ્ટિ લેશમાત્ર પણ માયાના ગુણોથી તેમજ ચિત્તવૃત્તિઓથી લેપાતી નથી; તે આપને ઇન્દ્રિયો પર વિજય મેળવવા ઇચ્છતો કયો પુરુષ ન માને?[૧૯] જે આપ દુષ્ટ દષ્ટિવાળા પુરુષને માયાને લીધે જાણે (મદિરાપાનથી) મદમત્ત હો તેવા (ભયંકર) દેખાઓ છો અને મદિરા તથા આસવના પાનથી જાણે લાલચોળ નેત્રવાળા હો તેવા જણાઓ છો; કેમકે જે આપના ચરણના સ્પર્શથી મોહિત થયેલા મનવાળી નાગાંગનાઓ લજ્જાને લીધે આપનું પૂજન પણ કરી શકતી નથી; તે આપને કોણ ન માને–કોણ ન ભજે?[૨૦] જે આપને ઋષિઓ આ જગતની સ્થિતિ, જન્મ તથા લયનું કારણ કહે છે અને તેજ રીતે આપને એ સ્થિતિ, જન્મ તથા લયથી રહિત અને અનંત કહે છે; કેમકે આપ પોતાનાં હજારો મસ્તકરૂપી સ્થાનો ઉપર આ ભૂમંડળ એક સરસવની પેઠે ક્યાં રહેલું છે તે પણ જાણતા નથી, તે આપને હું નમસ્કાર કરૂં છું.[૨૧] આપનું પ્રથમ શરીર ગુણો જેનું નિમિત્ત છે એવા મહત્તત્ત્વરૂપ થયું હતું, કે જે મહત્તત્ત્વ સર્વ તત્ત્વોનો આશ્રય છે અને પોતાના અધિષ્ઠાયક ભગવાન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બ્રહ્મદેવરૂપ છે; જે બ્રહ્મદેવથી હું રુદ્ર ઉત્પન્ન થયો છું અને મારા તેજરૂપ ત્રિગુણાત્મક અહંકારથી વૈકારિક-દેવવર્ગને, તામસ ભૂતવર્ગને તથા ઇન્દ્રિયવર્ગને હું ઉત્પન્ન કરૂં છું.[૨૨] જેમ દોરીથી બાંધેલાં પક્ષીઓ (બાંધનારને) વશ રહે છે, તેમ આ અમે બધા મહત્તત્ત્વ, અહંકાર, દેવવર્ગ, ભૂતવર્ગ તથા ઇન્દ્રિયવર્ગ, જે મહાન આત્મા આપને વશ રહીને જેમના અનુગ્રહથી આ જગતને ઉત્પન્ન કરીએ છીએ, તે આપને હું નમસ્કાર કરૂં છું.[૨૩] જેમણે નિર્માણ કરેલી અને કર્મોરૂપી ગાંઠો પ્રત્યે લઇ જનારી કેવળ માયાનેજ ગુણસૃષ્ટિરૂપ સંસારમાં મોહિત થયેલો મનુષ્ય અનાયાસે જાણી શકે છે, પણ તે માયાથી મુક્ત થવાના ઉપાયને તો કદી પણ જાણી શકતો નથી અને જગતનો ઉદય તથા વિલય એ જેમનું સ્વરૂપ છે તે આપને હું નમસ્કાર કરૂં છું.''[૨૪]

यन्निर्मितां कर्ह्यपि कर्मपर्वणीं मायां जनोऽयं गुणसर्गमोहितः । न वेद निस्तारणयोगमंजसा तस्मै नमस्ते विलयोदयात्मने ॥ २४ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૧૭ મો સમાપ્ત

अध्याय १८ मो×

ભદ્રાશ્વ આદિ છ ખંડોના ઉપાસ્ય દેવો તથા તેમના ઉપાસક ભક્તો

॥ श्रीशुक उवाच ॥

तथा च भद्रश्रवा नाम धर्मसुतस्तत्कुलपतयः पुरुषा भद्राश्ववर्षे साक्षाद्भगवतो वासुदेवस्य प्रियां तनूं धर्ममयीं हयशीर्षाभिधानां परमेण समाधिना सन्निधाप्येदमभिगृणन्त उपधावंति॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"તેમજ ભદ્રાશ્વ નામના ખંડમાં ભદ્રાશ્વ નામનો ધર્મનો પુત્ર (કે જે તે ખંડનો અધિપતિ છે) અને તેના મુખ્ય મુખ્ય સેવક પુરુષો, સાક્ષાત્ ભગવાન વાસુદેવની ધર્મમય પ્રિય મૂર્તિ જે હયગ્રીવ નામની છે તેને; ચિત્તની પરમ એકાગ્રતાપૂર્વક મનમાં સ્થાપીને આ મંત્રનો જાપ જપતા તેની ઉપાસના કરે છે.[૧]

‡ભદ્રશ્રવાઓ કહે છેઃ- 'ૐ नमो भगवते धर्मायात्मविशोधनाय नमः' ધર્મસ્વરૂપ અને આત્માને (ચિત્તને) શુદ્ધ કરનાર ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ.[૨] અહો! આશ્ચર્ય! ભગવાનની લીલા વિચિત્ર છે-અવિતર્ક્ય છે કે, આ મનુષ્ય પોતાના (મરણ પામેલા) પુત્રને કે પિતાને બાળી આવીને પોતે તુચ્છ વિષયસુખના સેવનને માટે પાપકર્મનોજ વિચાર કરતો તેના (મરેલા પુત્રના કે પિતાના) ધન ઉપર જીવવા ઇચ્છે છે! પણ સર્વનો વિનાશ કરી રહેલા કાળને (પોતાના પણ વિનાશક તરીકે) જુએ છે, છતાં જોતો નથી.[૩] વિવેકી વિદ્વાનો કે જેઓ અધ્યાત્મને જાણતા હોય છે તેઓ (શાસ્ત્રો વાંચીને) જગતને નાશવંત કહે છે અને (સમાધિમાં) પ્રત્યક્ષ જુએ છે; છતાં પણ હે અજન્મા દેવ! તેઓ આપની માયાથી મોહિત થાય છે. આ આપનું ચેષ્ટિત અતિ આશ્ચર્યકારક છે; માટે હું તો (શાસ્ત્રાદિના અભ્યાસને શ્રમ છોડી દઇને) તે અજન્મા એવા આપને નમસ્કાર કરૂં છું.[૪] આપ વસ્તુતઃ અકર્તા અને સર્વ આવરણોથી રહિત છો, છતાં પણ વેદોએ આપના વિષે જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયનું કર્મ જે સ્વીકાર્યું છે તેમાં કંઇ આશ્ચર્ય નથી; કારણ કે (માયાથી) સર્વના આત્મારૂપ અને કાર્યના કારણરૂપ-સ્રષ્ટા એવા આપ વિષે જગતની ઉત્પત્તિ વગેરે કર્મ ઘટી શકે છે; તેમજ વસ્તુતઃ સર્વ ઉપાધિથી રહિત એવા આપને વિષે અકર્તાપણું અને આવરણરહિતપણું પણ ઘટે છે.[૫] આપે પ્ર-

× આ અધ્યાયમાં મેરુથી પૂર્વ વગેરે દિશાઓના ક્રમ પ્રમાણે ત્રણ ત્રણ ખંડોમાં સેવ્ય-સેવકભાવનું વર્ણન કરવામાં આવશે. —श्रीधर

‡ મુખ્ય પુરુષ ભદ્રશ્રવા નામે હોવાથી તેના સર્વ અનુયાયીઓને પણ અહીં ભદ્રશ્રવા નામથી કહ્યા છે. —मा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લયસમયે દૈત્યે હરણ કરેલા વેદોને મનુષ્યાકૃતિથી યુક્ત એવા ઘોડાનું સ્વરૂપ ધારણ કરી હયગ્રીવસ્વરૂપે રસાતલમાંથી પાછા આણ્યા હતા અને પ્રાર્થના કરતા બ્રહ્મદેવને અર્પણ કર્યા હતા; તે સત્ય સંકલ્પવાળા આપને અમે નમસ્કાર કરીએ છીએ.[૬]

"એજ પ્રમાણે હરિવર્ષ ખંડમાં પણ ભગવાન નરસિંહરૂપે રહેલા છે; તેમણે એ નરસિંહસ્વરૂપ શા કારણે ધારણ કર્યું હતું, તે આગળ (સાતમા સ્કંધમાં) હું કહીશ. ભગવાનના એ પ્રિય સ્વરૂપને મહાપુરુષોના ગુણોનું પાત્ર, મહાન ભગવદ્ભક્ત અને જેમનો સ્વભાવ તથા આચરણ દૈત્યો અને દાનવોના કુળને પણ તીર્થરૂપ કરનાર છે તે પ્રહ્લાદજી ફળસંકલ્પરહિત એવા અનન્ય ભક્તિયોગથી ઉપાસે છે અને આ મંત્રનો જાપ કરે છેઃ–[૭]

'ॐ नमो भगवते नरसिंहाय नमस्तेजस्तेजसे आविराविर्भव वज्रनख वज्रदंष्ट्र कर्माशयान् रन्धय रन्धय तमो ग्रस ग्रस ॐ स्वाहा अभयमभयमात्मनि भूयिष्ठा ॐ क्ष्रौम् – તેજના પણ તેજરૂપ ભગવાન નરસિંહને હું નમસ્કાર કરૂં છું. હે વજ્ર સમાન નખવાળા! હે વજ્ર સમાન દાઢોવાળા! પ્રકટ થાઓ, પ્રકટ થાઓ; કર્મવાસનાઓને બાળી નાખો, બાળી નાખો; અજ્ઞાનરૂપી અંધકારને ગળી જાઓ, ગળી જાઓ અને અંતઃકરણમાં અભયરૂપ થાઓ, અભયરૂપ થાઓ.' સમસ્ત જગતનું કલ્યાણ થાઓ, ખળ લોકો પ્રસન્ન થાઓ–પોતાની ક્રૂરતાનો ત્યાગ કરો, પ્રાણીમાત્ર પોતપોતાની બુદ્ધિથી પરસ્પર કલ્યાણ ઇચ્છો, તેઓનું મન શાંતિ વગેરે કલ્યાણને પ્રાપ્ત થાઓ અને અમારી પણ બુદ્ધિ નિષ્કામ થઇને અતીન્દ્રિય ભગવાન વિષે પ્રવેશ કરો.[૮૯] અમને કોઇનો પણ સંગ ન થાઓ. જો કદાચ સંગ થાઓ તો ઘર, સ્ત્રી, પુત્ર, ધન તથા બંધુઓ પર કદી ન થાઓ; પણ ભગવાનના પ્રિય ભક્તોનેજ થાઓ; કારણ કે માત્ર પ્રાણના નિર્વાહથીજ સંતુષ્ટ રહેનારો આત્મવેત્તા પુરુષ જે પ્રમાણે તત્કાળ મોક્ષ પામે છે, તે પ્રમાણે ઇન્દ્રિયો પર પ્રીતિ રાખનારો પુરુષ તત્કાળ મોક્ષ પામતો નથી. ભગવાનના ભક્તપુરુષોના સંગથી પ્રાપ્ત થયેલું (સાંભળવામાં આવેલું) ભગવાનનું પરાક્રમ કે જેનો પ્રભાવ અતિશય અસાધારણ હોય છે તે, પોતાનું સેવન કરનારા મનુષ્યોના માનસિક મેલને દૂર કરે છે; ત્યારે ગંગા વગેરે તીર્થ તો વારંવાર સેવન કરનારાઓના કેવળ અંગના બાહ્ય મેલનેજ દૂર કરે છે. (વાસનાઓને દૂર કરી શકતું નથી.) તો એવા ભગવાનના ભક્તોને કોણ ન સેવે? જે મનુષ્યની ભગવાન વિષે નિષ્કામ ભક્તિ હોય છે, તેને વિષે સર્વ ગુણોની સાથે સર્વ દેવતાઓ નિવાસ કરે છે; બાકી તો જેને શ્રીહરિ વિષે ભક્તિ નથી અને મિથ્યા વિષયસુખમાં જે મનોરથોથી દોડયા કરે છે, તેવા મનુષ્યમાં જ્ઞાનવૈરાગ્યાદિ મહાપુરુષોના ગુણો ક્યાંથી હોય? જેમ માછલાંઓનું પ્રિય જીવન જળ છે, તેમ પ્રાણીમાત્રના આત્મા સાક્ષાત્ શ્રીહરિ ભગવાનજ છે; છતાં જે મહાન ગણાતો મનુષ્ય એ ભગવાનનો ત્યાગ કરીને ગૃહાદિમાં આસક્ત રહે તો સ્ત્રી–પુરુષોનાં યુગલોમાં જેવું વયથી મોટાપણું હોય છે, તેવુંજ તેનું પણ વયથીજ મોટાપણું સમજવું–અર્થાત્ શ્રીહરિથી વિમુખ રહીને ગૃહાદિમાં આસક્ત રહેનારાનું મોટાપણું તો હાસ્યાસ્પદ છે. માટે રજોગુણ, રાગ, ખેદ, ક્રોધ, માન, સ્પૃહા, ભય તથા દીનતાના મૂળરૂપ અને જન્મમરણાદિ સંસારના ચક્રરૂપ ઘરનો ત્યાગ કરીને હે અસુરો! સર્વ તરફથી નિર્ભય એવા શ્રીનૃસિંહ ભગવાનના ચરણનું તમે ભજન કરો.[૧૦–૧૪]

"કેતુમાલ નામના ખંડમાં પણ લક્ષ્મીદેવીનું તથા તે ખંડના અધિપતિ ÷પ્રજાપતિના પુત્રો

÷ પ્રજાપતિ એટલે વર્ષનો અભિમાની દેવ; તેના પુત્રો એટલે દિવસોના અભિમાની દેવો અને તેની પુત્રીઓ એટલે રાત્રિઓની અભિમાની દેવીઓ.–**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તથા પુત્રીઓનું પ્રિય કરવાની ઇચ્છાથી ભગવાન કામદેવસ્વરૂપે (એટલે પ્રદ્યુમ્નસ્વરૂપે) નિવાસ કરે છે; જે એ પ્રજાપતિના પુત્રો તથા પુત્રીઓની+ સંખ્યા સો વર્ષના રાત્રિદિવસ જેટલી છે અને તેમાં પ્રજાપતિની જે પુત્રીઓ છે, તેઓ મહાપુરુષ–ભગવાનના સુદર્શનચક્રના તેજથી મનમાં ભયભીત રહે છે, તેથી તેઓના ગર્ભ એક વર્ષના અંતે વિનાશ પામીને પડી જાય છે.૧૫ તે સ્થળે ભગવાન કામદેવ અત્યંત સુંદર ગતિના વિલાસ વડે, સુશોભિત સુંદર મંદ હાસ્ય વડે તથા તે મંદ હાસ્યયુક્ત જોવાની લીલાથી કંઇક ઊંચી ચડી જતી સુંદર ભ્રૂકુટિથી મનોહર દેખાતા મુખ-કમળની શોભાથી લક્ષ્મીદેવીને રમાડી પોતાની ઇન્દ્રિયોને આનંદ આપે છે અને લક્ષ્મીદેવી વર્ષની રાત્રિઓમાં પ્રજાપતિની પુત્રીઓને સાથે રાખી તથા વર્ષના દિવસોમાં તેમના સ્વામી પ્રજાપતિના પુત્રોને સાથે રાખીને ભગવાનના એ માયાસ્વરૂપને ચિત્તની પરમ એકાગ્રતાથી સેવે છે અને નીચેનો મંત્ર ભણે છેઃ 'ॐ ह्रां ह्रीं ह्रूं ॐ नमो भगवते हृषीकेशाय सर्वगुणविशेषैर्विलक्षितात्मने आकूतीनां चित्तीनां चेतसां विशेषाणां चाधिपतये षोडशकलाय छंदोमयायान्नमयायामृतमयाय सर्वमयाय सहसे ओजसे बलाय कांताय कामाय नमस्ते उभयत्र भूयात् ॥ સર્વ ઇન્દ્રિયોના નિયંતા આપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું; આપનું સ્વરૂપ સર્વશ્રેષ્ઠ વસ્તુઓથી જણાય છે; આપ સર્વ ક્રિયાઓ, જ્ઞાનો અને સંકલ્પોના તથા તે તે વિષયોના અધિપતિ છો. અગિયાર ઇન્દ્રિયો તથા પાંચ વિષયો–એ સોળ આપની કળાઓ છે; આપ વેદોક્ત કર્મોથી પ્રાપ્ત કરવા યોગ્ય છો, માટે વેદમય છો; આપ અન્નમય છો; અમૃત છો; સર્વમય છો; અંતઃકરણના સામર્થ્યરૂપ છો; ઇન્દ્રિયોના સામર્થ્યરૂપ છો; દેહના સામર્થ્યરૂપ છો અને સર્વ કરતાં સુંદર છો. આપને આ લોક તથા પરલોકમાં–એમ સર્વદા સર્વત્ર મારા નમસ્કાર હો.૧૬–૧૮ જે સ્ત્રીઓ સ્વતઃજ સર્વ ઇન્દ્રિયોના નિયંતા એવા આપનું વ્રતોથી આરાધન કરીને લોકમાં અન્ય પતિની આશા રાખે છે, તેઓના તે પતિઓ તેઓનાં પ્રિય સંતાનોની, ધનની તથા આયુષની રક્ષા કરી શકતા નથી; કારણ કે તેઓ સ્વતંત્ર નથી.૧૯ પતિ તો તેજ હોઇ શકે, કે જે સર્વ તરફથી નિર્ભય હોય અને ભયાતુર મનુષ્યનું સર્વ તરફથી રક્ષણ કરી શકે. આવા સર્વ પ્રકારે નિર્ભય ને સમર્થ પતિ તો આપ એકજ છો, કે જે આપ આત્મલાભ વિના બીજું કંઈ પણ અધિક માનતા નથી. જે મનુષ્યનું સુખ અન્યને અધીન હોય છે, તેને કદી સ્વતંત્રતા હોતી નથી અને એવા અનેક અસ્વતંત્ર હોય છે, તેઓને (મંડળેશ્વર રાજાઓની પેઠે) પરસ્પર ભય રહે છે. હે ભગવન્! જે સ્ત્રી કેવળ નિષ્કામભાવે આપના ચરણકમળનું પૂજન ઇચ્છે છે, (પણ તે પૂજનદ્વારા બીજા કોઇ ફળની ઇચ્છા રાખતી નથી,) તે સ્ત્રી સર્વ કામનાઓને પ્રાપ્ત કરે છે; પરંતુ જે સ્ત્રી ફળની આકાંક્ષા રાખીને આપનું પૂજન કરે છે, તે સ્ત્રીને તો આપ તેણીએ ઇચ્છેલું ફળજ આપો છો; તેથી એ સંપાદન કરેલું ફળ ભોગવાઇ રહે એટલે તે ભગ્નકામ થયેલી સકામ સ્ત્રી સંતાપ કરે છે–દુઃખ પામે છે. હે અજિત! ઇન્દ્રિયોનાં વિષયસુખમાંજ જેઓની બુદ્ધિ રહેલી હોય છે, તેવા બ્રહ્મા, શંકર, દેવો તથા અસુરો વગેરે મને પ્રાપ્ત કરવાને માટે ઉગ્ર તપશ્ચર્યા કરે છે; પણ આપના ચરણનો આશ્રય લીધા વિના તેઓ મને પ્રાપ્ત કરી શકતા નથી; કેમકે હું પોતે આપને વિષેજ હૃદય સ્થાપનારી છું. (તેથી હું આપને વશ રહેનારી હોઇ આપને અનુસરનારા તરફજ દૃષ્ટિ કરૂં છું, બીજાને જોતી પણ નથી.)૨૦-૨૧ આવી રીતે જેમના ભજન વિના બીજો કોઇ પુરુષાર્થ નથી એવા આપ સત્પુરુ-

+ સો વર્ષના રાત્રિદિવસની સંખ્યા છત્રીસ હજાર થાય છે; તેટલીજ સંખ્યા તે દેવ–દેવીઓની છે. શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ષોએ વંદન કરાયલા પોતાના જે હસ્તકમળને ભક્તપુરુષોના મસ્તક પર સ્થાપો છો, તેજ હસ્તકમળને હે અચ્યુત્! મારા મસ્તક પર પણ સ્થાપો. હે સર્વશ્રેષ્ઠ દેવ! (આપનો મારા પ્રત્યે અનાદર તો નથી; કેમકે) આપ મને પોતાના વક્ષઃસ્થળમાં ચિહ્નરૂપે ધારણ કરો છો. (પણ અહો! આશ્ચર્ય છે કે, તે માત્ર મારા પ્રત્યેનો આદરજ છે, પૂર્ણકૃપા નથી. પૂર્ણકૃપા તો ભક્તો પરજ છે;તેથી તેઓ પર પોતાનો હસ્તકમળ મૂકો છો.) માટે આપ ઈશ્વરનું જે આ માયાયુક્ત ચેષ્ટિત છે, તેને જાણવાને કોણ સમર્થ છે?[૨૨,૨૩]

"એજ પ્રમાણે રમ્યક ખંડમાં ભગવાનને અત્યંત પ્રિય એવું તેમનું મત્સ્યાવતારનું સ્વરૂપ રહે છે; જે સ્વરૂપ તે ખંડના અધિપતિ મનુને પૂર્વે ભગવાને દર્શાવ્યું હતું. હજી પણ તે મનુ રાજા મોટા ભક્તિયોગથી એ સ્વરૂપનું આરાધન કરે છે અને આ મંત્ર ભણે છે:[૨૪] '**ॐ नमो भगवते मुख्यतमाय नमः सत्त्वाय प्राणायौजसे सहसे बलाय महामत्स्याय नमः**' આપ મહામત્સ્ય ભગવાનને હું નમસ્કાર કરૂં છું. આપ સર્વ કરતાં શ્રેષ્ઠ છો; મુખ્યત્વે સત્ત્વગુણયુક્ત છો; પ્રાણરૂપ છો; મનઃશક્તિરૂપ છો; ઇન્દ્રિયશક્તિરૂપ છો ને દેહશક્તિરૂપ છો. હું આપને વારંવાર નમસ્કાર કરૂં છું.[૨૫] વેદરૂપી મહાન ગર્જના કરનારા આપ સમગ્ર લોકપાલો પણ જેને ન જોઈ શકે તેવા સ્વરૂપે અંદર ને બહાર એમ સર્વત્ર વિચરો છો; જેમ પુરુષ લાકડાની પૂતળીને પોતાને વશ રાખે છે, તેમ આપે આ જગતને વિધિ–નિષેધના આલંબનરૂપ એવા બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ નામોથી વશ રાખ્યું છે–તે આપ સમગ્રના ઈશ્વર છો. જેઓને અદેખાઇનો સંતાપ થયો હતો એવા સર્વ લોકપાલોએ (પૂર્વે) જુદા જુદા રહીને તેમજ એકત્ર થઇને આ જગતનું રક્ષણ કરવા માટે પ્રયત્ન કર્યો હતો; પણ તેઓ મનુષ્યો, પશુઓ, સર્પો તથા સ્થાવરાદિ જે કંઈ આ જગતમાં દેખાય છે, તેનું રક્ષણ કરવા સમર્થ થયા ન હતા. (માટે આપજ પ્રાણસ્વરૂપે સર્વના પાલક છો અને ઈશ્વર છો.)[૨૬,૨૭] આપ તરંગોની પંક્તિવાળા પ્રલયકાળના સમુદ્રમાં ઔષધિઓ તથા લતાઓના આશ્રયરૂપ આ પૃથ્વીને તથા મને સાથે ધારણ કરીને ઘણા બળથી ઘૂમતા હતા; કારણ કે આપ અજ છો–જન્માદિ–વિકારરહિત પરમેશ્વર છો; તે જગતના પ્રાણગણના નિયંતા આપને હું નમસ્કાર કરૂં છું.'

"હિરણ્મય ખંડમાં પણ ભગવાન કચ્છપાવતાર (કાચબાનું શરીર) ધારણ કરીને નિવાસ કરે છે; પિતૃગણના અધિપતિ અર્યમાદેવ તે ખંડના પુરુષોની સાથે ભગવાનની એ પ્રિય મૂર્તિનું ઉપાસન કરે છે અને તે વેળા આ મંત્ર જપે છે:– '**ॐ नमो भगवते अकूपाराय सर्वसत्त्वगुणविशेषणाय नोपलक्षितस्थानाय नमो वर्ष्मणे नमो भूम्ने नमो नमोऽवस्थानाय नमस्ते ॥** આપ કચ્છપાવતારી ભગવાનને હું નમસ્કાર કરૂં છું, આપ સંપૂર્ણ સત્ત્વગુણથી યુક્ત છો; આપનું સ્થાન કોઇના જાણવામાં નથી; આપને કાળ પણ માપવાને સમર્થ નથી; આપ સર્વત્ર વ્યાપક છો અને આપ સર્વના આધાર છો; હું આપને વારંવાર નમસ્કાર કરૂં છું. આપે પોતાની માયાથી પ્રકાશિત કરેલું જે આ પૃથ્વી આદિ પદાર્થોનું દશ્યસ્વરૂપ છે, તે આપનુંજ સ્વરૂપ છે. (કારણ કે તે આપથી ભિન્ન નથી.) વળી તે તે પદાર્થોનાં સ્વરૂપ અનેક સ્વરૂપે જણાય છે; કે જેની સંખ્યા પણ થઈ શકતી નથી. કારણ કે તે મિથ્યાજ જણાય છે. (દૃષ્ટાંત તરીકે જેમ ઝાંઝવાનું જળ મિથ્યા હોવાથી માપી શકાતું નથી કે આ આટલું છે.) આવા અવર્ણ્ય આ પ્રપંચનો આકાર ધારણ કરનારા આપને હું નમસ્કાર કરૂં છું. જંગમ, સ્થાવર દેવો, ઋષિઓ, પિતૃઓ, ભૂતવર્ગ, ઇન્દ્રિયવર્ગ, સ્વર્ગ, આકાશ, પૃથ્વી, પર્વતો નદીઓ, સમુદ્રો, બેટો, ગ્રહો તથા નક્ષત્રો, જરાયુજ,*

* જન્મે તે વેળા જેઓ ઓળથી વીંટાયલાં હોય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[1]સ્વેદજ, [2]અંડજ, [3]ઉદ્‌ભિજ્જ,–એમ ભિન્ન ભિન્ન નામોથી આપ એકજ કહેવાઓ છો–અર્થાત્ આપ વિના બીજી કંઇ પણ વસ્તુજ નથી.× જેમનાં નામ, રૂપ તથા આકારો અસંખ્ય–અનંત ભેદોવાળા છે, તેવા આપને વિષે કપિલાદિ જ્ઞાની પુરુષોએ જે આ ચોવીસ તત્ત્વોની કેવળ કલ્પિત સંખ્યા કહી છે, તે સંખ્યા જે તત્ત્વદૃષ્ટિથી–જે તત્ત્વજ્ઞાનથી દૂર કરી શકાય છે, તે સાંખ્યસિદ્ધાંતરૂપ કે પરમાર્થજ્ઞાનરૂપ આપને નમસ્કાર કરૂં છું.[૨૮–૩૩]

“તેજ પ્રમાણે ઉત્તરકુરુ ખંડમાં ભગવાન યજ્ઞપુરુષ વરાહસ્વરૂપ ધારણ કરીને નિવાસ કરે છે; તેમનું આ પૃથ્વીદેવી ત્યાંના કુરુ લોકોની સાથે અસ્ખલિત એવા ભક્તિયોગથી ઉપાસન કરે છે અને આ પરમ રહસ્ય મંત્રનો જાપ કરે છેઃ–[૩૪] ‘ॐ नमो भगवते मंत्रतत्त्वलिंगाय यज्ञक्रतवे महाध्वरावयवाय महापुरुषाय नमः कर्मशुक्लाय त्रियुगाय नमस्ते ॥ મંત્રોથી યથાર્થ રીતે જણાતા આપ યજ્ઞમૂર્તિ વરાહ ભગવાનને હું નમસ્કાર કરૂં છું; ‡યૂપરહિત યજ્ઞો તથા યૂપસહિત ક્રતુઓ તે આપનાંજ સ્વરૂપો છે; મોટા મોટા યજ્ઞો તે તો આપના અવયવો છે; આપ કર્મશુક્લ છો–યજ્ઞના અધિષ્ઠાતા છો અને સત્ય, દ્વાપર તથા ત્રેતા–એમ ત્રણ+ યુગસ્વરૂપ છો. આપ મહાપુરુષને હું વારંવાર નમસ્કાર કરૂં છું.[૩૫] જે આપનું સ્વરૂપ યજ્ઞયાગાદિ ક્રિયાઓ તથા તેનાં ફળોથી ગૂઢ છે, અપ્રકટ છે, તેનું દર્શન કરવા ઇચ્છતા કુશળ વિદ્વાનો જેમ અરણિ વગેરે કાષ્ઠમાં મથવાના સાધનથી અગ્નિને શોધી કાઢે, તેમ વિવેકરૂપી સાધનવાળા મન વડે દેહ–ઇન્દ્રિય આદિમાંથી આપના સ્વરૂપને શોધી કાઢે છે; અને એ રીતે શોધ કરનારાઓ સમક્ષ આપ આપનું સ્વરૂપ પ્રકટ પણ કરો છો; તે આપને હું નમસ્કાર કરૂં છું; જેમની બુદ્ધિ વિચારબળને લીધે તથા યમનિયમાદિ અંગોને લીધે અતિશય નિશ્ચયવાળી થયેલી હોય છે, તેવા પુરુષોએ જેમના સત્યસ્વરૂપને વિષયો, ઇન્દ્રિયોના વ્યાપારો, ઇન્દ્રિયોના દેવતાઓ, શરીર, કાળ તથા અહંકાર–એ માયાના ગુણોથી શોધી કાઢેલું છે અને માયાનિમિત્ત આકૃતિ જેમાંથી દૂર કરેલી છે, તે આપને હું વારંવાર નમસ્કાર કરૂં છું.[૩૬।૩૭] સર્વના દ્રષ્ટા એવા જે આપે પોતાને માટે નહિ પણ જીવને માટે ઇચ્છેલા જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયને માયા પોતાના ગુણો વડે કર્યા કરે છે; જો કે માયા પોતે તો જડ છે, તોપણ જેમ લોઢું લોહચુંબકના સમીપપણાથી તેની સંમુખ ફર્યા કરે છે, તેમ આપ પરમાત્માના સમીપપણાને લીધે સર્વ ક્રિયાઓ કરે છે–તે માયાના ગુણોના તથા જીવોના અદૃષ્ટના સાક્ષી આપને હું નમસ્કાર કરૂં છું.[૩૮] વળી જે જગતના આદિકારણ આપ વરાહ ભગવાન મને–પૃથ્વીને રસાતલમાંથી પોતાની દાઢના અગ્રભાગ પર સ્થાપીને પ્રલયકાળના સમુદ્રમાંથી જેમ કોઇ હાથી નીકળે તેમ બહાર નીકળ્યા હતા અને તે વેળા સામે બીજો હાથી હોય તેવા હિરણ્યાક્ષ દૈત્યનો યુદ્ધમાં નાશ કરીને જે ક્રીડા કરતા ઊભા હતા, તે આપ વ્યાપક ભગવાનને હું નમસ્કાર કરૂં છું.’”[૩૯]

प्रमथ्य दैत्यं प्रतिवारणं मृधे यो मां रसाया जगदादिसूकरः। कृत्वाऽग्रदंष्ट्रे निरगादुदन्वतः क्रीडन्निवेभः प्रणतास्मि तं विभुम् ॥

પંચમ સ્કંધ વિષે અધ્યાય ૧૮ મો સમાપ્ત.

છે, તેવાં મનુષ્યાદિ પ્રાણીઓ જરાયુજ કહેવાય છે.

૧. પરસેવામાંથી ઉત્પન્ન થનારાં જૂ વગેરે સ્વેદજ પ્રાણી કહેવાય છે.

૨. ઈંડાંમાંથી ઉત્પન્ન થનારાં પક્ષીઓ વગેરે અંડજ કહેવાય છે.

૩. પૃથ્વી ફાડીને ઉત્પન્ન થનારાં વૃક્ષ–લતા વગેરે ઉદ્‌ભિજ્જ પ્રાણી કહેવાય છે. —શ્રીધર

× વેદ પણ આજ આશયને કહે છે–सर्वं खल्विदं ब्रह्म (છાં૦ ઉ૦ ૩–૧૪–૧) આ સર્વ કંઇ બ્રહ્મજ છે. —શ્રીધર

‡ યૂપ એટલે યજ્ઞમાં પશુ બાંધવાનો ખીલો.—भा.क.

+ ત્રણ યુગ કહેવાનું કારણ એ છે કે, કલિયુગમાં યજ્ઞોનો લગભગ વિનાશ હોય છે માટે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय १९ मो*

કિંપુરુષ તથા ભારતવર્ષના ઉપાસ્ય દેવો અને ઉપાસક ભક્તો

॥ श्रीशुक उवाच ॥

किंपुरुषे वर्षे भगवंतमादिपुरुषं लक्ष्मणाग्रजं सीताभिरामं श्रीरामं तच्चरणसन्निकर्षाभिरतः परमभागवतो हनुमान् सह किंपुरुषैरविरतभक्तिरुपास्ते ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"કિંપુરુષ નામના ખંડમાં ભગવાન આદિપુરુષ કે જે લક્ષ્મણના મોટા ભાઇ સીતાપતિ શ્રીરામચંદ્રજી છે, તેમને તેમના ચરણસમીપ રહેવામાંજ પ્રીતિવાળા પરમ ભક્ત શ્રીહનુમાનજી તે ખંડના કિંપુરુષ લોકોની સાથે અવિચ્છિન્ન ભક્તિથી સેવે છે[1] અને આર્ષ્ટિષેણ નામના મુખ્ય ગંધર્વની સાથે ગંધર્વોથી ગવાતી પરમકલ્યાણી, સ્વામી શ્રીરામચંદ્ર ભગવાનની કથાને પોતે સાંભળ્યા કરે છે અને આ મંત્ર જપે છેઃ

'ॐ नमो भगवते उत्तमश्लोकाय नम आर्यलक्षणशीलव्रताय नम उपशिक्षितात्मन उपासितलोकाय नमः साधुवादनिकषणाय नमो ब्रह्मण्यदेवाय महापुरुषाय महाराजाय नमः ॥ २ ॥

"ઉત્તમ કીર્તિવાળા આપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું, આપનાં લક્ષણો, શીલ તથા વ્રતો સર્વોત્કૃષ્ટ છે, આપે આપના મનનો જય કર્યો છે; લોકોને આપ અનુસર્યા છો; સાધુતાની પ્રસિદ્ધિની કસોટીમાં તો આપ પરમ સીમારૂપ છો અને આપ બ્રાહ્મણભક્ત દેવ છો; તે મહાપુરુષ અને મહાન રાજા આપને હું વારંવાર નમસ્કાર કરૂં છું.[2,3] શુદ્ધ અનુભવ એજ જેનું સ્વરૂપ છે; સદા સર્વત્ર જે એકજ છે; જે અત્યંત શાંત છે; જેમણે પોતાના સ્વરૂપપ્રકાશી ગુણોની જાગ્રત્ આદિ અવસ્થાઓનો વિનાશ કર્યો છે; જે દશ્યથી ભિન્ન છે; અહંકારરહિત છે; નામ તથા રૂપથી જ રહિત છે અને ઉત્તમ બુદ્ધિવાળો પુરુષ જેને પ્રાપ્ત કરે છે, તે વેદાંતપ્રસિદ્ધ તત્ત્વરૂપ આપને હું શરણે આવ્યો છું.[4] આપ પ્રભુનો આ જગતમાં જે મનુષ્યાવતાર થયો હતો તે કેવળ રાક્ષસોના વધ માટેજ થયો હતો, એમ ન હતું; પણ 'આ સંસારમાં સ્ત્રીના સંગ વગેરેથી આવાં દુર્વાર દુઃખ થાય છે.' એમ મનુષ્યોને શિક્ષણ આપવા માટે પણ હતો. જો એમ ન હોય તો સ્વસ્વરૂપમાં રમણ કરનારા જગતના આત્મા આપ ઈશ્વરને વળી સીતાવિરહ વગેરે દુઃખો કેમ હોઇ શકે ?[5] આપ વાસુદેવ ભગવાન ત્રણે લોકમાં કોઇ સ્થળે આસક્ત થયા નથી; કારણ કે આપ આત્મવેત્તા ધીર પુરુષોના આત્મા છો અને મહાન મિત્ર છો; માટે સ્ત્રીને લીધે આપને મોહ થવો ન જોઇએ અને આપ લક્ષ્મણનો× ત્યાગ કરવાને પણ યોગ્ય ન હતા. (છતાં એ બધું કર્યું હતું તે કેવળ 'વિષયાસક્તિથી મનુષ્ય આવું આવું બધું કરે છે.' એમ લોકોને ઉપદેશ આપવા માટેજ આપે કર્યું હતું.) મહાન પુરુષથી મનુષ્યોનો જન્મ હોય, સૌંદર્ય હોય, વાક્પટુતા હોય, બુદ્ધિ હોય કે ઉત્તમ જાતિ હોય; પણ તે સર્વે ભગવાનની પ્રસન્નતામાં કારણ થતાં નથી. કારણ કે આશ્ચર્ય તો જુઓ, લક્ષ્મણના મોટા ભાઇ ભગવાન શ્રીરામચંદ્રે તે તે જ-

* આ અધ્યાયમાં કિંપુરુષ અને ભારતવર્ષમાં સેવ્યસેવકભાવ વર્ણવાશે અને ભારતવર્ષની શ્રેષ્ઠતા કહેવાશે. —**શ્રીધર**

× શ્રીરામચંદ્રે લક્ષ્મણનો ત્યાગ કર્યો હતો તે કથા આ પ્રમાણે છેઃ—એક સમયે દેવોનો દૂત (મૃત્યુ) રામચંદ્રજી પાસે કંઈ ગુપ્ત વાત કરવા આવ્યો હતો; તે વેળા તેણે શરત કરી હતી કે, આપણે ખાનગીમાં વાતચીત કરીએ તે વેળા કોઇ પણ જો અંદર આવે તો તેને મારી નાખવો. આવા કારણથી લક્ષ્મણજી કોઈ ન આવે તેની સંભાળ રાખતા બહાર ઊભા હતા. તેવામાં દુર્વાસા મુનિ ત્યાં આવ્યા, એટલે તે જણાવવા માટે લક્ષ્મણ અંદર ગયા. તેથી શરત પ્રમાણે રામચંદ્રજી લક્ષ્મણને મારી નાખવા તૈયાર થયા હતા; પણ વસિષ્ઠે કહ્યું કે, 'તેમને મારવા તે યોગ્ય નથી; પણ તેમનો ત્યાગ કરી દેવો.' આ પરથી રામે લક્ષ્મણનો ત્યાગ કર્યો હતો.—**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ન્માદિ ગુણોથી રહિત એવા પણ વનચર–વાનરની સાથે મૈત્રી કરી હતી–અર્થાત્ ભક્તિજ ભગવાનને પ્રસન્ન કરવામાં કારણરૂપ છે.[૬,૭] માટે હરકોઇ દેવે, અસુરે, વાનરે કે મનુષ્યે, અલ્પ ભજનને પણ બહુ માનનારા મનુષ્યાકૃતિ શ્રીરામચંદ્ર–હરિનુંજ ભજન કરવું જોઇએ, કે જે શ્રીરામચંદ્ર ભગવાન સમગ્ર અયોધ્યાવાસીઓને (મનુષ્યશરીરેજ) વૈકુંઠમાં લઇ ગયા હતા.[૮] ભારતવર્ષમાં પણ ભગવાન શ્રીનર–નારાયણ (બદરિકાશ્રમમાં) ગુપ્ત રહીને ભક્તો ઉપર દયાથી અનુગ્રહ કરવા માટે કલ્પપર્યંત તપશ્ચર્યા કર્યા કરે છે, કે જે તપશ્ચર્યા વૃદ્ધિ પામેલા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, ઇન્દ્રિયોનો સંયમ તથા નિરહંકારપણાથી આત્મતત્ત્વને પ્રાપ્ત કરાવનારી છે.[૯] ભગવાન નારદજી સાંખ્ય તથા યોગની સાથે ભગવાનના પ્રભાવનું જેમાં વર્ણન છે તેવાં પંચરાત્ર શાસ્ત્રનો સાવર્ણિ મનુને ઉપદેશ કરતા ભારતવર્ષની પ્રજાઓ સાથે તે નર–નારાયણ ભગવાનને પરમ ભક્તિભાવથી ભજે છે અને આ મંત્ર જપે છે:[૧૦]–

'ૐ नमो भगवते उपशमशीलायोपरतानात्म्याय नमोऽकिंचनवित्ताय ऋषिऋषभाय नरनारायणाय परमहंसपरमगुरवे आत्मारामाधिपतये नमो नमः।।

ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો એજ જેમનો સ્વભાવ છે તે આપ નરનારાયણ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. આપે અહંકારને દૂર કર્યો છે; આપ નિર્ધનોના ધનરૂપ છો; સર્વ ઋષિઓમાં ઉત્તમ છો; પરમહંસોના પણ પરમ ગુરુ છો અને આત્મારામ પુરુષોના પણ અધિપતિ છો. હું આપને વારંવાર નમસ્કાર કરૂં છું.'[૧૧] આવો મંત્રજાપ કરીને આ પ્રમાણે સ્તુતિ કરે છે:–'આપ આ જગતની સૃષ્ટિ વગેરેના કર્તા છો, છતાં કર્તાપણાના અભિમાનથી બંધાતા નથી; પ્રત્યેક શરીરમાં રહેલા છો છતાં ક્ષુધા–તૃષા વગેરે શરીરના ધર્મોથી પરાભવ પામતા નથી અને સર્વના દ્રષ્ટા છો છતાં આપની દૃષ્ટિ દશ્યગુણોથી વિકાર પામતી નથી. આવા સર્વત્ર અનાસક્ત, દેહાદિથી ભિન્ન અને સર્વના સાક્ષી આપને હું નમસ્કાર કરૂં છું.[૧૨] હે યોગેશ્વર ! યોગવિદ્યાની આજ નિપુણતા ભગવાન બ્રહ્મદેવે કહી છે, કે પ્રત્યેક મનુષ્યે જન્મથી આરંભી ભક્તિ કરીને પોતાના મરણસમયે આપ નિર્ગુણ વિષે મનને સ્થાપવું જોઈએ અને દુષ્ટ દેહાભિમાનને તજવું જોઇએ.[૧૩] જેમ આ લોકની તથા પરલોકની કામનાઓમાં લંપટ રહેનારો કોઈ મૂર્ખ મનુષ્ય પુત્ર, સ્ત્રી તથા ધનની ચિંતા કરતો પોતાના નિંદ્ય શરીરના નાશથી ભય પામે છે, તેજ પ્રમાણે જે વિદ્વાન હોવા છતાં પણ દુષ્ટ દેહના નાશથી ભયભીત રહ્યા કરે છે, તેનો શાસ્ત્રશ્રવણાદિ પ્રયત્ન કેવળ પરિશ્રમરૂપજ ગણાય છે. માટે હે પ્રભો ! હે અતીન્દ્રિય દેવ ! આપજ આપને વિષે સહજ વાસનારૂપ યોગ અમને અર્પણ કરો, કે જેથી અમે આપની માયાથી ઉત્પન્ન થયેલી અમારા આ દુષ્ટ દેહ ઉપરની અતિ દુર્ભેદ્ય અહંતા–મમતાને સત્વર ભેદી નાખીએ.'[૧૪,૧૫]

"આ ભારતવર્ષમાં પણ (ઇલાવૃત્તની પેઠે) નદીઓ તથા પર્વતો ઘણા છે. મલય, મંગલપ્રસ્થ, મૈનાક, ત્રિકૂટ, ઋષભ, કૂટક, કોલ્લક, સહ્ય, દેવગિરિ, ઋષ્યમૂક, શ્રીશૈલ, વેંકટ, મહેન્દ્ર, વારિધાર, વિંધ્ય, શુક્તિમાન, ઋક્ષગિરિ, પારિયાત્ર, દ્રોણ, ચિત્રકૂટ, ગોવર્ધન, ગિરનાર, કકુભ, નીલ, ગોકામુખ, ઇન્દ્રકીલ, કામગિરિ અને બીજા પણ સેંકડો ને હજારો પર્વતો છે; તેમજ તે પર્વતોના મધ્યપ્રદેશમાંથી નીકળેલા નદો અને નદીઓ પણ અસંખ્ય છે.[૧૬] પોતાના નામથીજ પવિત્ર કરનારી એ નદીઓનો ભારતવર્ષની પ્રજાઓ પોતાના શરીરથી પણ (સ્નાન વગેરેદ્વારા) સ્પર્શ કરે છે.[૧૭] ચંદ્રવંશા, તામ્રપર્ણી, અવટોદા, કૃતમાલા, વૈહાયસી, કાવેરી, વેણી, પયસ્વિની, શર્કરાવર્તા, તુંગભદ્રા, કૃષ્ણા, વેણ્યા, ભીમરથી, ગોદાવરી, નિર્વિંધ્યા, પયોષ્ણી, તાપી, રેવા, સુરસા, નર્મદા, ચર્મણ્વતી, સિંધુ, મહાનદી, વેદસ્મૃતિ, ઋષિ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કુલ્યા, ત્રિસામા, કૌશિકી, ગંગા, યમુના, સરસ્વતી, દૃષદ્વતી, ગોમતી, સરયૂ, રોધસ્વતી, સપ્તવતી, સુષોમા, શતદ્રૂ, ચન્દ્રભાગા, મરુદ્‌વૃધા, વિતસ્તા, અસિક્‌ની અને વિશ્વા–આ બધી મોટી નદીઓ છે અને અંધ તેમજ શોણ નામના બે નદ છે.[૧૮] જન્મ પ્રાપ્ત કરનારા પુરુષો પોતે કરેલાં સાત્ત્વિક, રાજસ ને તામસ–એવાં ત્રણ પ્રકારનાં કર્મોથી અનુક્રમે દેવગતિ, મનુષ્યગતિ તથા નારકી ગતિ, એમ ત્રણ ગતિઓમાં અનેક જન્મ પામે છે; કારણ કે સર્વ ગતિઓ પોતપોતાનાં કર્મોના અનુસારેજ સર્વને મળે છે. પણ જુદા જુદા વર્ણધર્મો ને આશ્રમધર્મોરૂપી મોક્ષના પ્રકારો તો આ ભારતવર્ષમાંજ અને છેવટે મોક્ષ પણ આ ભારતવર્ષમાંજ* થઈ શકે છે.[૧૯] (કે જે મોક્ષનું સ્વરૂપ આવું છે–) સર્વ ભૂતોના આત્મા, રાગાદિથી રહિત, વાણીના અવિષય અને કોઇના પણ આધારથી રહિત એવા પરમાત્મા વાસુદેવ વિષે નિષ્કામ ભક્તિયોગ થવો એજ મોક્ષનું લક્ષણ છે. આવો મોક્ષ અનેક ગતિઓનું કારણ એવી અવિ-

ધારૂપ ગ્રંથિના છેદનદ્વારા ભગવાનના ભક્તોનો જ્યારે સંગ થાય છે ત્યારેજ થઇ શકે છે.[૨૦] દેવો પણ આ મનુષ્યજન્મજ સર્વ પુરુષાર્થોનું સાધન છે, એમ કહીને આ ભારતવર્ષનો મહિમા ગાય છેઃ 'અહો ! આ ભારતવર્ષના મનુષ્યોએ કયાં પુણ્ય કર્યાં હશે? અથવા શ્રીહરિ પોતે શું તેઓના ઉપર પ્રસન્ન થયા હશે, કે જેઓએ આ ભારતવર્ષના આંગણામાં મનુષ્યોની અંદર જન્મ પ્રાપ્ત કર્યો છે ! જે મનુષ્યજન્મ શ્રીહરિની સેવામાં ઉપયોગી છે અને જે મનુષ્યજન્મ માટે અમને પણ ઝંખના છે.[૨૧] આપણે દુષ્કર યજ્ઞો કર્યા, તપ કર્યાં, વ્રતો કર્યાં, દાન વગેરે કર્યાં અને તે દ્વારા આ તુચ્છ સ્વર્ગનો જય કર્યો; પણ તેથી શું? કંઇ પણ ફળ મેળવ્યું નથી. કારણ કે આ સ્વર્ગમાં શ્રીનારાયણના ચરણકમળનું સ્મરણ નથી, પણ ઊલટું અતિશય ઇન્દ્રિયોના ભોગોને લીધે (જે કંઈ નારાયણસ્મરણ હોય છે, તે પણ) વિસરી જવાય છે.[૨૨] જે સ્થળે કલ્પ સુધીનું લાંબુ આયુષ છે, પણ ફરી જન્મ લેવો પડે છે, તેવાં આ સ્વર્ગાદિ સ્થાનનો જય કરવા કરતાં તો માત્ર એકજ ક્ષણનું આયુષ હોય તેવા પણ મનુષ્યોની ભારતભૂમિનો જય કરવો તે ઉત્તમ છે. કારણ કે મનુષ્યજન્મથી તો એક ક્ષણ જેટલા સમય વડે પણ કરેલાં કર્મો શ્રીહરિને અર્પણ કરી દઈ ધીર પુરુષો શ્રીહરિના અભયપદને સારી રીતે પ્રાપ્ત કરે છે.[૨૩] જે સ્થળે શ્રીભગવાનની કથારૂપી અમૃતની નદી વહેતી નથી, જ્યાં ભગવાનનેજ આશ્રય કરનારા ભગવદ્‌ભક્તો હોતા નથી અને જ્યાં યજ્ઞપતિ શ્રીભગવાનને ઉદ્દેશી મોટા મોટા ઉત્સવોવાળી પૂજાઓ થતી નથી, તે સ્થળ કદાચ બ્રહ્મલોક હોય; તોપણ તે સેવવો ન જોઇએ.[૨૪] જે પ્રાણીઓ આ ભારતભૂમિ ઉપર જ્ઞાન, જ્ઞાન માટેની ક્રિયાઓ અને એ ક્રિયાઓનાં સાધનદ્રવ્યોથી ભરપૂર એવો મનુષ્યજન્મ પ્રાપ્ત કર્યા છતાં પણ મોક્ષ માટે પ્રયત્ન કરતા નથી, તેઓ શિકારીના પંજામાંથી એક

* આમ ભાર દઇને કહેવાનું કારણ એ છે કે, આ ભારતવર્ષજ પુણ્યક્ષેત્ર હોઇને અહીં કર્માદિ ઘણાં સાધનોનો સંભવ છે; તેવો સંભવ બીજે નથી. પણ બીજે સ્થળે મોક્ષજ થઇ શકતો નથી, એમ સમજવાનું નથી, કારણ કે વ્યાસસૂત્રમાં 'तदुपर्यपि बादरायणः संभवात्' (ब्रह्मसूत्र १-३-२६) એમ કહીને મનુષ્યોથી ઉપર જે દેવાદિ છે તેઓના પણ બ્રહ્મવિદ્યામાં અધિકાર છે, એમ બાદરાયણ આચાર્ય (વ્યાસ ભગવાન) માને છે. કારણ કે અર્થિત્વ, સામર્થ્ય વગેરે અધિકાર દેવોમાં સંભવે છે. આવી રીતે બ્રહ્મવિદ્યામાં અધિકાર હોવાથી દેવોને પણ મોક્ષપ્રાપ્તિ કહી છે. —શ્રીધર

વળી યુગધર્મપ્રવૃત્તિ પણ આ ભારતવર્ષમાંજ છે, બીજે કોઈ સ્થળે નથી; એમ વિષ્ણુપુરાણ કહે છે–

चत्वारि भारते वर्षे युगान्यत्र महामुने।
कृतत्रेताद्वापरं च कलिश्चान्यत्र न क्वचित् ॥

હે મહામુનિ ! સત્ય, ત્રેતા, દ્વાપર ને કલિ એવા ચાર યુગો આ ભારતવર્ષમાંજ છે, બીજે ક્યાંય નથી. બીજે તો કેવળ ત્રેતાયુગજ હોય છે, એમ પ્રથમ કહેવાઇ પણ ગયું છે. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વાર છૂટેલાં વનચર પક્ષીઓ જેમ પુનઃ પ્રમાદ કરીને તેના સપાટામાં સપડાઇ પડે છે, તેમ ફરી સંસારબંધનને પામે છે. (અહો! ભારતવાસીઓનું ભાગ્ય આશ્ચર્યજનક છે!) જે મનુષ્યોએ યજ્ઞમાં શ્રદ્ધાપૂર્વક 'अग्नये जुष्टं निर्वपामि' 'इंद्राय जुष्टं निर्वपामि' એમ વિભાગવાર વિધિ, મંત્રો તથા ચરુ–પુરોડાશ વગેરે વસ્તુઓથી દેવોને ઉદ્દેશીને હોમેલા હવિષ્યને પોતે એકલા હોવા છતાં જુદાં જુદાં નામોથી બોલાવાયલા શ્રીભગવાન પોતે સર્વ કામનાઓના સ્વામી છે અને પૂર્ણ છે, છતાં 'આ હવિષ્ મારું છે' એમ સ્વીકારીને હર્ષથી ગ્રહણ કરે છે.[૨૫।૨૬] (તેમાં પણ સકામ પુરુષો કરતાં નિષ્કામ પુરુષો ઉત્તમ છે; કેમકે) પ્રાર્થના કરાયલા ભગવાન ઇષ્ટવસ્તુને આપે છે એ વાત સત્ય છે, પણ પરમાર્થ–મોક્ષને તો આપતા નથીજ. કારણ કે સકામ મનુષ્ય એક વખત આપ્યા પછી બીજી વાર પણ માગવા તૈયાર થઇ જાય છે; પણ જે નિષ્કામ ભક્તો કંઈ પણ ઇચ્છા રાખ્યા વિનાજ ભજન કર્યા કરે છે, તેઓને તો ભગવાન પોતેજ સર્વ કામનાઓને પૂર્ણ કરનારાં પોતાના ચરણપલ્લવ (મોક્ષ) અર્પણ કરે છે.[૨૭] અમે જે આ સ્વર્ગનાં સુખ ભોગવીએ છીએ, તેમાંથી જે કંઇ અમે કરેલા ઉત્તમ યજ્ઞોનું, શાસ્ત્રાભ્યાસનું તથા બીજાં કોઇ કર્મનું પુણ્ય બાકી રહ્યું હોય, તો તે પુણ્યથી અમારો ભારતવર્ષમાં જન્મ થાઓ અને ત્યાં શ્રીભગવાનનું અમને સ્મરણ રહો. કારણ કે ભારતવર્ષમાં જન્મીને ભજન કરનારા મનુષ્યોનું શ્રીહરિ કલ્યાણ કરે છે.[૨૮]

"*(આજ કારણથી દેવતાઓ અતિ મહાન પુણ્યનો સંગ્રહ કરવા માટે ભારતભૂમિમાં જન્મ ઇચ્છે છે, કે જે પુણ્ય અક્ષય, નિર્મળ અને સર્વોત્તમ હોય છે.[૧] દેવો ઇચ્છે છે કે, અમે ભારતભૂમિમાં ક્યારે જન્મ પ્રાપ્ત કરીશું? અને મોટું પુણ્ય સંપાદન કરી ક્યારે પરમપદને પામીશું?[૨] અમે જાતજાતનાં દાનો કરીને, અનેક પ્રકારના યજ્ઞો કરીને તથા વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓદ્વારા શ્રીસમુદ્રશાયી નારાયણનું પૂજન કરીને ક્યારે તે પરમપદને પ્રાપ્ત કરીશું, કે જેને તત્ત્વજ્ઞાનીઓજ જોઇ શકે છે?[૩] જે પુરુષ હરિકીર્તન કરવાના સ્વભાવવાળો હોય અથવા હરિભક્તોને પ્રિય હોય અથવા ભગવાનના મહાન ભક્તોની સેવા કરતો હોય, તે ઉત્તમ પુરુષ અમારે પણ વંદન કરવા યોગ્ય છે. જે પુરુષની બુદ્ધિ વેદોના અર્થનું શ્રવણ કરવામાં, પુરાણો સાંભળવામાં તથા સત્પુરુષોનો સંગ કરવામાં આસક્ત રહે છે, તે ઉત્તમ પુરુષ અમારે પણ વંદન કરવા યોગ્ય છે.[૪।૫] જે પુરુષ આ ભારતવર્ષમાં જન્મ પામીને પણ સત્કર્મથી વિમુખ રહે છે, તે પુરુષ અમૃતના કળશનો ત્યાગ કરીને ઝેરનું પાત્ર ગ્રહણ કરે છે. જે મનુષ્ય વાસુદેવ ભગવાનનું પૂજન તજીને દુષ્કર્મો કરે છે, તે મનુષ્ય કામધેનુને છોડી આકડાના દૂધની ઇચ્છા કરે છે.[૬।૭] આવી રીતે દેવતાઓ પણ ભારતભૂમિની પ્રશંસા કરે છે; છતાં જે મનુષ્યો આ ભારતવર્ષમાં જન્મીને પણ વિષયોમાં આસક્ત રહે છે તેઓ શ્રીહરિની માયાથી ઠગાયા છે.[૮])

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! કેટલાક વિદ્વાનો આ જંબૂદ્વીપના પણ બીજા આઠ ઉપદ્વીપો કહે છે, કે જે દ્વીપોને સગર રાજાના પુત્રોએ અશ્વમેધ યજ્ઞનો ઘોડો શોધતી વેળા આ પૃથ્વીને ચારે તરફથી ખોદી નાખીને રચ્યા છે.[૨૯] તે ઉપદ્વીપોનાં નામ આ પ્રમાણે છેઃ–સ્વર્ણપ્રસ્થ, ચંદ્રશુક્લ, આવર્તન, રમણક, મંદરહરિણ, પાંચજન્ય, સિંહલ તથા લંકા.[૩૦] એ પ્રમાણે હે ભરતવંશમાં ઉત્તમ રાજા! જંબૂદ્વીપના ખંડોનો વિભાગ મેં તમને શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે વર્ણવી બતાવ્યો છે."[૩૧]

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૧૯ મો સમાપ્ત

* અહીંથી કૌંસમાં આપેલા આઠ શ્લોક ક્ષેપક છે અને તેથીજ શ્રીધર સ્વામીએ તે પર વ્યાખ્યા કરી નથી. भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय २० मो×

પ્લક્ષ વગેરે છ દ્વીપોનું સમુદ્રો સાથે વર્ણન અને લોકાલોક પર્વતનું માપ

॥ श्रीशुक उवाच ॥

अतः परं प्लक्षादीनां प्रमाणलक्षणसंस्थानतो वर्षविभाग उपवर्ण्यते ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હવે પ્લક્ષ વગેરે દ્વીપોના ખંડોનો વિભાગ તેનાં માપ, લક્ષણો તથા આકાર સાથે હું વર્ણવું છું.[1] જેમ મેરુપર્વત જંબૂદ્વીપથી વીંટાયલો છે, તેમ આ જંબૂદ્વીપ પોતે જેટલા (એક લાખ યોજન) પ્રમાણના વિસ્તારવાળો છે, તેટલાજ પ્રમાણના (એક લાખ યોજન) ખારા સમુદ્રથી વીંટાયલો છે; અને તે ખારો સમુદ્ર પણ જેમ કોઇ ખાઇ પોતાની બહાર આવેલા બગીચાથી વીંટાયલી હોય, તેમ પોતાથી બે ગણા (બે લાખ યોજન) વિસ્તારવાળા પ્લક્ષ નામના દ્વીપથી વીંટાયલો છે. એ પ્લક્ષદ્વીપમાં પણ જંબૂદ્વીપમાં આવેલા જાંબુના* વૃક્ષ જેવડા પ્રમાણનું એક સુવર્ણમય પીપરનું ઝાડ ઊગેલું છે; જેના નામ ઉપરથીજ એ દ્વીપનું 'પ્લક્ષ' એવું નામ પડ્યું છે. વળી એ પ્લક્ષદ્વીપમાં સાત જિહ્‌વાવાળો અગ્નિદેવ રહે છે અને એ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રત રાજાનો પુત્ર ઇધ્મજિહ્‌વ હતો; જે ઇધ્મજિહ્‌વે પોતાનો એ દ્વીપ સાત ખંડોમાં વિભાગ કરીને તે તે ખંડના નામવાળા પોતાના સાત પુત્રોને વહેંચી આપ્યો હતો અને પોતે આત્મયોગદ્વારા આ સંસારથી વિરામ પામ્યો હતો.[2] પ્લક્ષદ્વીપમાં શિવ, યવયસ, સુભદ્ર, શાંત, ક્ષેમ, અમૃત ને અભય–એ નામના સાત ખંડો છે અને તે ખંડોમાં પર્વતો તથા નદીઓ પણ સાતજ પ્રસિદ્ધ છે.[3] મણિકૂટ, વજ્રકૂટ, ઇન્દ્રસેન, જ્યોતિષ્માન, સુપર્ણ, હિરણ્યષ્ઠીવ અને મેઘમાલ એ સાત મર્યાદાના પર્વતો છે અને અરુણા, નૃમ્ણા, આંગિરસી, સાવિત્રી, સુપ્રભાતા, ઋતંભરા ને સત્યંભરા આ સાત મોટી નદીઓ છે; જેઓના જળનો સ્પર્શ થતાં જેમના રજોગુણ તથા તમોગુણ નાશ પામેલા છે, એવા હંસ, પતંગ, ઊર્ધ્વાયન તથા સત્યાંગ નામના ચાર વર્ણના હજાર વર્ષના આયુષવાળા લોકો ત્યાં રહે છે. તેઓનાં સંતાનો દેવોના જેવા દેખાવનાં હોય છે અને તે લોકો સ્વર્ગના દ્વારરૂપ, ત્રણ વેદમય અને સર્વના આત્મારૂપ ભગવાન સૂર્યનારાયણનું વેદવિદ્યાથી ઉપાસન કરે છે અને આ મંત્ર જપે છેઃ[4]

'प्रत्नस्य विष्णो रूपं यत् सत्यस्यर्तस्य ब्रह्मणः । अमृतस्य च मृत्योश्च सूर्यमात्मानमीमहि' ॥५॥

જે પુરાણ–પુરુષ વિષ્ણુનું સ્વરૂપ છે, તે સૂર્યદેવને અમે શરણે જઇએ છીએ; જે સૂર્યદેવ વર્તમાન કાળમાં આચરણ કરાતા, ધર્મશાસ્ત્રથી પ્રમાણ કરાતા ધર્મના, બ્રહ્મનું જ્ઞાન કરાવનાર વેદના, શુભ ફળના તથા અશુભ ફળના અધિષ્ઠાતા છે.'[5] પ્લક્ષાદિ પાંચ દ્વીપોમાં સર્વ મનુષ્યોનાં આયુષ, ઇન્દ્રિયો, શરીરબળ, મનોબળ, ઇન્દ્રિયબળ, બુદ્ધિ તથા પરાક્રમ અને સર્વની સ્વાભાવિક સિદ્ધિ સમાનજ હોય છે.[6]

"જેમ પ્લક્ષદ્વીપ પોતાના સમાન પ્રમાણવાળા +શેરડીના રસના સમુદ્રથી વીંટાયલો છે, તેમ તે પછીનો તેના કરતાં બે ગણા પ્રમાણનો (એટલે ચાર લાખ યોજન વિસ્તારનો) શાલ્મલદ્વીપ પણ

× આ અધ્યાયમાં પ્લક્ષ વગેરે છ દ્વીપોની સ્થિતિ સમુદ્રો સાથે કહેવાશે અને અંદર તથા બહારના ભાગના પ્રમાણપૂર્વક લોકાલોકપર્વતની સ્થિતિ કહેવાશે.—श्रीधर

* જંબૂદ્વીપમાં આવેલું જાંબુનું ઝાડ જેમ અગિયાર સો યોજન ઊંચું છે; અગિયાર સો યોજન શાખાઓના વિસ્તારવાળું છે અને થડમાં એકસો યોજન જાડું છે; તેજ પ્રમાણે પ્લક્ષદ્વીપમાં આવેલું પીપરનું ઝાડ લાંબુ, પહોળું ને થડના વિસ્તારવાળું છે.—चा. प्र.

+ શેરડીના રસનો સમુદ્ર એટલે ખરેખર શેરડીના રસનો સમુદ્ર નજ હોવો જોઇએ; પણ શેરડીના રસ જેવા મધુર જળવાળો સમુદ્ર હોવો જોઇએ. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાના સમાન વિસ્તારવાળા *મદિરાના સમુદ્રથી વીંટાયલો ચોતરફથી શોભે છે.[૭] એ શાલ્મલદ્વીપમાં પૂર્વોક્ત પ્લક્ષદ્વીપમાં આવેલા પીપરના વૃક્ષ જેટલુંજ લાંબું, પહોળું ને જાડું શીમળાનું ઝાડ આવેલું છે; જેમાં વેદો વડે સ્તુતિ કરાતા પક્ષીઓના રાજા ભગવાન ગરુડનું રહેઠાણ છે અને એ શીમળાના ઝાડ પરથી એ દ્વીપનું 'શાલ્મલદ્વીપ' એવું નામ પડ્યું છે.[૮] તે દ્વીપનો અધિપતિ પ્રિયવ્રતનો પુત્ર યજ્ઞબાહુ હતો ને તેણે પણ પોતાના એ દ્વીપના સાત ખંડો કરીને તે તે ખંડના નામવાળા પોતાના સાત પુત્રોને વહેંચી આપ્યા હતા. તે ખંડો સુરોચન, સૌમનસ્ય, રમણક, દેવવર્ષ, પારિભદ્ર, આપ્યાયન તથા અવિજ્ઞાત નામે પ્રસિદ્ધ છે.[૯] તે ખંડોમાં મર્યાદાસૂચક પર્વતો સાત છે અને નદીઓ પણ સાતજ પ્રસિદ્ધ છે. તેમાંના પર્વતો સ્વરસ, શતશૃંગ, વામદેવ, કુન્દ, મુકુન્દ, પુષ્પવર્ષ તથા સહસ્રશ્રુતિ એ નામના છે અને નદીઓ અનુમતિ, સિનીવાલી, સરસ્વતી, કુહૂ, રજની, નંદા તથા રાકા નામની છે.[૧૦] તે ખંડોના પુરુષો શ્રુતધર, વીર્યધર, વસુન્ધર તથા ઇષન્ધર—એવા ચાર વર્ણની સંજ્ઞાવાળા હોય છે. તેઓ વેદમય ભગવાન ચંદ્રરૂપ પરમાત્માની વેદમંત્રોથી પૂજા કરે છે ને આ મંત્ર જપે છેઃ—

'स्वगोभिः पितृदेवेभ्यो विभजन् कृष्णशुक्लयोः ।
प्रजानां सर्वासां राजाऽन्धः सोमो न आस्तु ॥

શુક્લપક્ષમાં તથા કૃષ્ણપક્ષમાં પોતાનાં કિરણો વડે પિતૃઓને તથા દેવોને જે અન્ન વહેંચી આપે છે, તે સર્વ પ્રજાઓના રાજા ચંદ્રમા અમારા ઉપર કૃપા કરો.'[૧૧-૧૨]

"એજ પ્રમાણે મદિરાના સમુદ્રથી બહાર તેના કરતાં બેગણા વિસ્તારનો (એટલે આઠ લાખ યોજન વિસ્તારનો) અને શાલ્મલદ્વીપની પેઠેજ પોતાના જેવડા +ઘીના સમુદ્રથી વીંટાયલો કુશદ્વીપ આવેલો છે, જેમાં પરમેશ્વરે ઉગાડેલું દર્ભનું થૂંબડું છે; તે ઉપરથીજ એ દ્વીપ કુશદ્વીપ કહેવાય છે. એ દર્ભનું થુંબડું જાણે બીજો અગ્નિ હોય તેવું છે અને પોતાના ઘાસની કાંતિથી દિશાઓને પ્રકાશિત કરે છે. હે રાજન્! એ દ્વીપનો અધિપતિ પણ પ્રિયવ્રત રાજાનો પુત્ર હિરણ્યરેતા હતો, જેણે પોતાના એ દ્વીપના સાત વિભાગ કરી વસુ, વસુદાન, દઢરુચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત અને વામદેવ નામના પોતાના સાત પુત્રોને ભાગ પ્રમાણે વહેંચી આપીને પોતે તપશ્ચર્યા કરી હતી. તેઓના ખંડોમાં સીમાને સૂચવનારા પર્વતો તથા નદીઓ સાત સાતજ પ્રસિદ્ધ છે. તેમાંના પર્વતો ચક્ર, ચતુઃશૃંગ, કપિલ, ચિત્રકૂટ, દેવાનીક, ઊર્ધ્વરોમા અને દ્રવિણ નામના છે અને નદીઓ રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિંદા, શ્રુતવિંદા, દેવગર્ભા, ધૃતચ્યુતા તથા મંત્રમાલા એ નામની છે. જેઓના જળથી કુશદ્વીપમાં વસનારા કુશલ, કોવિદ, અભિયુક્ત તથા કુલક નામે ચાર વર્ણના લોકો, ભગવાન અગ્નિસ્વરૂપ પરમાત્માનું કર્મની કુશળતાથી પૂજન કરે છે ને આ મંત્ર જપે છેઃ[૧૩-૧૬]

'परस्य ब्रह्मणः साक्षाज्जातवेदोऽसि हव्यवाट् ।
देवानां पुरुषाङ्गानां यज्ञेन पुरुषं यज ॥ १७ ॥

હે અગ્નિદેવ! આપ સાક્ષાત્ પરબ્રહ્મને હવિષ્ પહોંચાડનારા છો; માટે એ પરમપુરુષના અંગરૂપ દેવોના નામે અમે જે કંઈ યજન કરીએ છીએ—હવિષ્ વગેરે અર્પણ કરીએ છીએ તે એ પરમાત્માનેજ આપ અર્પણ કરો.'[૧૭]

"એજ રીતે ઘીના સમુદ્રની બહાર તેનાથી બેગણા વિસ્તારનો (એટલે સોળ લાખ યોજન વિસ્તારનો) ક્રૌંચદ્વીપ આવેલો છે. એ ક્રૌંચદ્વીપ જેમ કુશદ્વીપ ઘીના સમુદ્રથી વીંટાયલો છે, તેમ

* મદિરાનો સમુદ્ર એટલે પણ મદિરા જેવા સ્વાદવાળા કંઈક માદક જળનો સમુદ્ર. —भा. क.

+ ઘીનો સમુદ્ર એટલે જેમાં ઘી જેવું કંઈક ઘટ્ટ અને પૌષ્ટિક જળ હોય તેવા જળનો સમુદ્ર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાના જેવડા ×દૂધના સમુદ્રથી વીંટાયલો છે; જે દ્વીપમાં ક્રૌંચ નામનો મોટો એક પર્વત છે; તે ઉપરથી એ દ્વીપનું નામ ક્રૌંચદ્વીપ પડ્યું છે.[૧૮] વળી એ ક્રૌંચ પર્વતના મધ્યપ્રદેશોને તથા વનોને પૂર્વે કાર્તિકસ્વામીએ પોતાના હથિયારથી તોડી પાડ્યાં હતાં, છતાં પણ તે પર્વતનું ભગવાન વરુણદેવે દૂધના સમુદ્રથી છાંટીને રક્ષણ કર્યું હતું, તેથી તે નિર્ભય રહ્યો હતો.[૧૯] એ ક્રૌંચદ્વીપમાં પણ પ્રિયવ્રત રાજાનો પુત્ર ઘૃતપૃષ્ઠ (સર્વનો) અધિપતિ હતો. તેણે એ દ્વીપના સાત ખંડો કરીને પોતાના પુત્રોનાજ નામના તે ખંડોમાં પોતાના સાત પુત્રોને તે તે ખંડના અધિપતિ તરીકે સ્થાપ્યા હતા; અને પોતે જ્ઞાની હોઇને પરમ કલ્યાણકારી યશવાળા અને સર્વના આત્મારૂપ ભગવાન શ્રીહરિના ચરણકમળને શરણે ગયો હતો.[૨૦] એ ઘૃતપૃષ્ઠ રાજાના આમ, મધુરુહ, મેઘપૃષ્ઠ, સુધામા, ભ્રાજિષ્ઠ, લોહિતાર્ણ તથા વનસ્પતિ નામના પુત્રો હતા, જે પુત્રોના ખંડમાં સાત સાત પર્વતો અને નદીઓ પ્રખ્યાત છે. તે પર્વતો શુક્લ, વર્ધમાન, ભોજન, ઉપબર્હિણ, નંદ, નંદન તથા સર્વતોભદ્ર–એ નામના છે અને નદીઓ અભયા, અમૃતૌઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, પવિત્રવતી તથા શુક્લા નામની છે.[૨૧] એ નદીઓનાં પવિત્ર ને નિર્મળ જળનો ઉપયોગ કરતા પુરુષ, ઋષભ, દ્રવિણ તથા દેવક નામે વર્ણના તે તે ખંડના મનુષ્યો જળસ્વરૂપ પરમાત્માનું જળની અંજલિ ભરીને પૂજન કરે છે અને આ મંત્ર ભણે છેઃ–[૨૨]

'आपः पुरुषवीर्याः स्थ पुनन्तीर्भूर्भुवः सुवः।
ता नः पुनीताममीवघ्नीः स्पृशतामात्मना भुवः॥

હે જળદેવ! આપે પરમપુરુષ ઈશ્વરથી સામર્થ્ય મેળવ્યું છે અને ભૂર, ભુવઃ, સ્વઃ–એ ત્રણે લોકને આપ પવિત્ર કરો છો. તેજ આપ (આપનો) સ્પર્શ કરનારાં એવાં અમારાં શરીરોને પણ પવિત્ર કરો. કારણકે આપ પોતાના સ્વરૂપથીજ સર્વનાં પાપોનો નાશ કરનારા છો.'[૨૩]

"એ પ્રમાણે દૂધના સમુદ્રની બહાર ચોતરફ શાકદ્વીપ આવેલો છે. તેનો વિસ્તાર બત્રીસ લાખ યોજન છે અને તે પોતાના જેવડા વિસ્તારના *દહીંના રસના સમુદ્રથી વીંટાયલો છે. વળી એ દ્વીપમાં ×શાક નામનું મોટું એક વૃક્ષ છે તે ઉપરથી એ દ્વીપ શાકદ્વીપ કહેવાય છે; અને તે શાક વૃક્ષ અત્યંત સુગંધવાળું હોઇને આખા દ્વીપને સુવાસિત કરે છે.[૨૪] એ ખંડનો અધિપતિ પણ પ્રિયવ્રત રાજાનોજ પુત્ર મેધાતિથિ હતો અને તેણે પણ પોતાના ખંડના સાત વિભાગો કરીને પોતાના પુત્રના નામના તે ખંડોમાં પુરોજવ, મનોજવ, પવમાન, ધૂમ્રાનીક, ચિત્રરેફ, બહુરૂપ તથા વિશ્વધાર નામના પોતાના પુત્રોને રાજાઓ બનાવ્યા હતા અને પોતે અનંત ભગવાનમાં બુદ્ધિ સ્થાપીને તપ કરવા માટે વનમાં ચાલ્યો ગયો હતો.[૨૫] એ ખંડોમાં પણ સીમાડો જણાવતા સાત સાત પર્વતો છે ને નદીઓ પણ સાત સાતજ છે. તેમાંના પર્વતો ઈશાન, ઉરુશૃંગ, બલભદ્ર, શતકેસર, સહસ્રસ્રોત, દેવપાલ તથા મહાનસ નામે છે અને નદીઓ અનઘાયુર્દા, ઉભયસ્પૃષ્ટિ, અપરાજિતા, પંચપદી, સહસ્રશ્રુતિ તથા નિજધૃતિ નામની છે.[૨૬] એ ખંડના મનુષ્યો ઋતવ્રત, સત્યવ્રત, દાનવ્રત તથા અનુવ્રતનામે ચાર વર્ણના હોઇને પ્રાણાયામ વડે રજોગુણ તથા તમોગુણનો નાશ કરનારા છે અને પરમ સમાધિથી વાયુસ્વરૂપ ભગવાનની ઉપાસના કરતા આ મંત્ર ભણે છેઃ[૨૭]

× દૂધનો સમુદ્ર એટલે દૂધ જેવા મધુર, ઉજ્જ્વળ અને પૌષ્ટિક જળનોજ સમુદ્ર.

* દહીંના રસનો સમુદ્ર એટલે જેમાં દહીંના જેવું કંઇક ખાટું, ધોળું ને ઘટ્ટ જળ હોય તેવા જળનો સમુદ્ર. —भा. क.

× જેનાં પાંદડાં અંદરથી કઠોર સ્પર્શવાળાં હોય ને બહારથી કોમળ સ્પર્શવાળાં હોય તેને શાક વૃક્ષ કહે છે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'अन्तः प्रविश्य भूतानि यो बिभर्त्यात्मकेतुभिः ।
अन्तर्यामीश्वरः साक्षात् पातु नो यद्वशे स्फुटम् ॥

જે ભગવાન પોતાની પ્રાણાદિ વૃત્તિઓથી સર્વ પ્રાણીઓમાં પ્રવેશ કરીને તેઓનું રક્ષણ કરે છે અને આ સમગ્ર જગત જેમને વશ છે, તે સર્વના અંતર્યામી સાક્ષાત્ ઈશ્વર અમારું રક્ષણ કરો.[૨૮]

"એજ પ્રમાણે દહીંના રસના સમુદ્રની બહાર તેના કરતાં બે ગણા વિસ્તારનો (એટલે ચોસઠ લાખ યોજનનો) પુષ્કર નામનો દ્વીપ આવેલો છે. તેની બહાર ચારે બાજુ સ્વાદિષ્ટ જળથી ભરેલો તેની સમાન વિસ્તારનો સમુદ્ર વીંટાઇ વળેલો છે અને જે દ્વીપમાં અગ્નિની શિખા જેવી ઉજ્જવળ લાખો પાંખડીઓવાળું એક મોટું કમળ રહેલું છે, જે કમળ ભગવાન બ્રહ્મદેવના આસન તરીકે ગોઠવાયું છે.[૨૯] વળી એ દ્વીપના મધ્યભાગમાં માનસોત્તર નામનો એક પર્વત આવેલો છે, જે આગલાપાછલા ખંડનો મર્યાદાસૂચક પર્વત છે, જેની ઊંચાઇ અને પહોળાઇ દશ હજાર યોજન છે; જેના ઉપર ચારે દિશાઓમાં ઇન્દ્રાદિ ચાર લોકપાલોનાં નગરો આવેલાં છે અને જેના ઉપર મેરુની આસપાસ ભમતા સૂર્યના રથનું સંવત્સરરૂપ ચક્ર ઉત્તરાયણ તથા દક્ષિણાયનરૂપે ભમ્યા કરે છે.[૩૦] એ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રતનો પુત્ર વીતિહોત્ર નામે હતો; જેણે રમણક તથા ધાતકિ નામના પોતાના બે પુત્રોને પોતાના દ્વીપના બે ખંડ પાડીને તેઓના અધિપતિ બનાવ્યા હતા અને પોતે પોતાના પૂર્વજોની પેઠે ભગવત્સંબંધી કર્મ કરવામાંજ આસક્ત થયો હતો.[૩૧] એ ખંડના મનુષ્યો બ્રહ્મસાલોક્ય આદિમાં સાધનરૂપ કર્મથી બ્રહ્મરૂપ ભગવાનનું આરાધન કરે છે અને આ મંત્ર ભણે છે:[૩૨]

'यत्तत्कर्ममयं लिङ्गं ब्रह्मलिङ्गं जनोऽर्चयेत् ।
एकान्तमद्वयं शान्तं तस्मै भगवते नमः ॥

'જેમની મૂર્તિ કર્મનાં ફળરૂપ છે, જેમનાથી પરબ્રહ્મનું જ્ઞાન થાય છે, જેમની નિષ્ઠા એકજ પરમેશ્વરમાં છે અને અદ્વૈત તથા શાન્તસ્વરૂપ એવા જેમને મનુષ્યો પૂજે છે, તે ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ.[૩૩]

શ્રીશુકદેવજી બોલ્યા:—"તે શુદ્ધ જળના—મીઠા સમુદ્રની બહાર લોકાલોક નામે એક પર્વત આવેલો છે, તે લોક* તથા અલોકની§ વચ્ચે (લોક તથા અલોકના વિભાગ માટે) સ્થપાયો છે.[૩૪] માનસોત્તર પર્વત તથા મેરુ પર્વતનું જેટલું (દોઢ કરોડ ને સાડાસાત લાખ યોજન) અંતર છે, તેટલી (સોનાની) ભૂમિ મીઠા સમુદ્રની બહાર આવેલી છે. (જ્યાં પ્રાણીઓ પણ છે) અને તે પછીની જે બીજી ભૂમિ (આઠ કરોડ ને ઓગણચાલીસ યોજનની) છે, તે પણ સુવર્ણમય છે અને દર્પણના જેવી સ્વચ્છ છે; જેમાં કોઈ પણ પદાર્થ જો મૂક્યો હોય, તો તે કોઇ પણ રીતે ફરી પ્રાપ્ત કરી શકાતો નથી અને તેથીજ (દેવો સિવાયનાં) સર્વ પ્રાણીઓએ એ ભૂમિનો ત્યાગ કર્યો છે; અર્થાત્ તે ભૂમિ કેવળ દેવોને ક્રીડા કરવા માટેજ છે અને ત્યાં દેવો સિવાય બીજું કોઇ પણ પ્રાણી રહી શકતું નથી÷[૩૫] તેના પછી લોકાલોક પર્વત છે; જે

* લોક એટલે જે પ્રદેશમાં સૂર્ય વગેરેનો પુષ્કળ પ્રકાશ રહે છે તે.

§ અલોક એટલે જ્યાં સૂર્ય વગેરેનો પ્રકાશજ નથી તે પ્રદેશ. —चक्रवर्ती

÷ આ રીતે મેરુપર્વત અને છેલ્લી સુવર્ણભૂમિ પછી આવેલો લોકાલોક પર્વત એ બન્નેની વચ્ચેનું અંતર એકંદર સાડાબાર કરોડ યોજન છે. આજ વાત શૈવ તંત્રમાં કહી છે:—

कोटिद्वयं त्रिपञ्चाशल्लक्षाणि च ततः परम् ।
पञ्चाशच्च सहस्राणि सप्त द्वीपाःससागराः ॥
ततो हेममयी भूमिर्दशकोट्यो वरानने ।
देवानां क्रीडनार्थाय लोकालोकस्ततः परम् ॥

અર્થાત્ સમુદ્રો સહિત સાત દ્વીપોનું એકંદર પ્રમાણ બે કરોડ ત્રેપન લાખ ને પચાસ હજાર યોજન છે; તે પછી દશ કરોડ યોજનની સુવર્ણમય ભૂમિ આવેલી છે, જ્યાં કેવળ દેવોજ ક્રીડા કરે છે; તે પછી લોકાલોક પર્વત છે. આમ એકંદર લોકાલોક સુધીની ભૂમિ સાડા-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પર્વત લોક તથા અલોકની વચ્ચે રહીને વ્યવસ્થા કરે છે કે, 'આ પ્રદેશ લોક છે ને આ પ્રદેશ અલોક છે.' માટેજ એ પર્વતનું નામ 'લોકાલોક' છે.[૩૬] આ લોકાલોક પર્વતને ત્રણે લોકના છેડે ઈશ્વરે રચ્યો છે, કે જે એ અટક તરીકે રચાયલા પર્વતને લીધે સૂર્યથી માંડીને ધ્રુવ સુધીનાં જ્યોતિશ્ચક્રોનાં કિરણો એ લોકાલોક પર્વતથી આ બાજુના ત્રણે લોકને ચોતરફ પ્રકાશિત કરે છે; પણ એ પર્વતની પેલી તરફ કદી જઇ શકતાં નથી. કારણ કે એટલો બધો તે ઊંચો ને વિસ્તારવાળો છે–અર્થાત્ લોકાલોક પર્વત ધ્રુવના તારાથી પણ ઊંચો હોઇને ત્રણે લોકની મર્યાદારૂપ છે.[૩૭] બસ, આટલો લોકવિસ્તાર વિદ્વાનોએ તેનાં માપ, લક્ષણ તથા આકૃતિથી નિશ્ચય કર્યો છે અને તે લોકાલોક પર્વત એકંદર પચાસ કરોડ યોજન ગણેલા ભૂમંડળમાં (મેરુથી કોઇ પણ બાજુએ) ચોથા ભાગમાં રહેલો છે–અર્થાત્ મેરુથી કોઈ પણ દિશાએ સાડાબાર યોજન દૂર ‡લોકાલોક પર્વત આવેલો છે.[૩૮] એ પર્વત ઉપર ચારે દિશાઓમાં સમગ્ર જગતના ગુરુ આત્મયોનિ–પરમેશ્વરે ઋષભ, પુષ્કરચૂડ, વામન તથા અપરાજિત નામના ચાર દિગ્ગજોને સ્થાપ્યા છે, જેઓ સમગ્ર લોકની સ્થિતિનું કારણ છે. આ દિગ્ગજોની તથા પોતાના અંશરૂપ સમગ્ર લોકપાલોની વિવિધ શક્તિઓમાં વૃદ્ધિ કરવા માટે તથા ચારે બાજુના સમસ્ત લોકના કલ્યાણને માટે પરમ મહાપુરુષ ભગવાન એ ઉત્તમ લોકાલોક પર્વત ઉપર રહે છે, કે જે ભગવાન મોટાં મોટાં ઐશ્વર્યોના સ્વામી છે; સર્વના અંતર્યામી છે; ધર્મ–જ્ઞાન–વૈરાગ્ય વગેરે અષ્ટમહાસિદ્ધિરૂપ પોતાના શુદ્ધ સત્વગુણને પ્રકટ કરી રહ્યા છે; વિશ્વક્સેન વગેરે પોતાના શ્રેષ્ઠ પાર્ષદોના પરિવારથી યુક્ત છે અને પોતાનાં સર્વોત્તમ આયુધોથી શોભતા વિશાળ બાહુઓને ધારણ કરે છે.[૩૯।૪૦] એ ભગવાન પોતાની યોગમાયાથી રચાયલી વિવિધ લોકયાત્રાના રક્ષણને માટે એવા પ્રકારનો વેષ ધારણ કરીને

બાર કરોડ યોજન છેઃ —શ્રીધર

મેરુ પર્વતથી આરંભીને એક બાજુ અર્ધો જંબૂદ્વીપ અર્ધા લાખ યોજનનો છે; તે પછી ખારો સમુદ્ર એક લાખ યોજનનો છે; તે પછી પ્લક્ષદ્વીપ બે લાખ યોજનનો છે; તે પછી શેરડીના રસનો સમુદ્ર બે લાખ યોજનનો છે; તે પછી શાલ્મલદ્વીપ ચાર લાખ યોજનનો છે; તે પછી મદિરાનો સમુદ્ર ચાર લાખ યોજનનો છે; તે પછી કુશદ્વીપ આઠ લાખ યોજનનો છે; તે પછી ઘીનો સમુદ્ર આઠ લાખ યોજનનો છે; તે પછી ક્રૌંચદ્વીપ સોળ લાખ યોજનનો છે; તે પછી દૂધનો સમુદ્ર સોળ લાખ યોજનનો છે; તે પછી શાકદ્વીપ બત્રીસ લાખ યોજનનો છેઃ તે પછી દહીંનો સમુદ્ર બત્રીસ લાખ યોજનનો છે; તે પછી માનસોત્તર પર્વત સુધીનો અર્ધો પુષ્કરદ્વીપ બત્રીસ લાખ યોજનનો છે. એ રીતે મેરુથી માંડીને માનસોત્તર પર્વત સુધીમાં દોઢકરોડ ને સાડાસાત લાખ યોજન ભૂમિ આવેલી છે. તે પછી એટલે માનસોત્તર પર્વતથી આગળ પાછો અર્ધો પુષ્કરદ્વીપ બત્રીસ લાખ યોજનનો છે ને તે પછી મીઠા પાણીનો સમુદ્ર ચોસઠ લાખ યોજનનો છે. તે પછી એ પ્રકારની સુવર્ણની ભૂમિ આવેલી છે. (તેમાં પ્રથમની દોઢ કરોડ ને સાડાસાત લાખ યોજન છે અને તેમાં પ્રાણીઓ પણ છે ને બીજી આઠ કરોડ ને ઓગણચાલીસ લાખ યોજન છે, જેમાં દેવો સિવાય કોઈ પ્રાણી રહી શકતું નથી.) આ બન્ને પ્રકારની સુવર્ણની ભૂમિ એકંદર નવ કરોડ ને સાડાછન્નું લાખ યોજન છે. (અને તે પછી લોકાલોક પર્વત છે.) આમ એકંદર મેરુથી લોકાલોક સુધીની ભૂમિ સાડાબાર કરોડ યોજન છે. —बालप्रबोधिनी

‡ આ લોકાલોક પર્વત કેટલો ઊંચો છે ને કેટલો વિસ્તારમાં છે તેનું માપ વિષ્ણુપુરાણમાં આ પ્રમાણે કહ્યું છે–'**लोकालोकस्ततः शैलो योजनायुतविस्तृतः। उच्छ्रायेणापि तावंति सहस्राण्यचलो हि सः॥** લોકાલોક પર્વત દશ હજાર યોજન વિસ્તારમાં છે અને ઊંચાઈમાં તો એક કરોડ યોજન છે.'

એ રીતે લોકાલોક પર્વતની પેલી તરફ છેક બ્રહ્માંડના છેડા સુધી અલોક પ્રદેશ આવેલો છે. તેનું પ્રમાણ પણ લોકાલોક પર્વતથી કોઇ પણ દિશામાં સાડાબાર કરોડ યોજન છે. એ પ્રમાણે મેરુપર્વતથી સીધી લીટીએ કોઇ પણ દિશામાં બ્રહ્માંડના છેડા સુધીમાં એકંદર પચીસ કરોડ યોજન ભૂમિ છે. એમ બ્રહ્માંડના એક છેડાથી બીજા છેડા સુધીમાં પચાસ કરોડ યોજન ભૂમિનો વિસ્તાર છે. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(લોકની ચારે તરફ) એ પ્રમાણે રહેલા છે.[૪૧] હવે જે અલોક પ્રદેશ, લોકાલોક પર્વતની બહાર પેલી તરફ આવેલો છે, તેનું પ્રમાણ પણ આ લોકપ્રદેશનાં જેટલું જ કહેવામાં આવ્યું છે—અર્થાત્ મેરુથી સાડાબાર કરોડ યોજન લોકાલોક પર્વત સુધીનો લોકપ્રદેશ છે અને તે લોકાલોકની પેલી તરફ પણ સાડાબાર કરોડ યોજન અલોક પ્રદેશ છે અને તે અલોકપ્રદેશની પેલી તરફ યોગેશ્વરોની વિશુદ્ધ ગતિનું+ સ્થાન છે, એમ વિદ્વાનો કહે છે.[૪૨] બ્રહ્માંડના મધ્યભાગમાં એટલે કે આકાશ અને ભૂમિરૂપ બ્રહ્માંડના બે વિભાગોના મધ્યસ્થાનમાં સૂર્ય રહેલો છે અને તે સૂર્ય તથા બ્રહ્માંડગોલકની વચ્ચે (ગમે તે બાજુથી) પચીસ કરોડ યોજનનું અંતર છે.[૪૩] પ્રથમ ઉત્પત્તિસમયે) જ્યારે આ બ્રહ્માંડ અચેતન હતું, ત્યારે આ સૂર્યે વિરાટસ્વરૂપે એમાં પ્રવેશ કર્યો હતો, તેથી એ (સૂર્ય) 'માર્તંડ' નામે કહેવાય છે અને સુવર્ણ સમાન પ્રકાશી રહેલા બ્રહ્માંડમાંથી તે (પ્રકાશક તરીકે) ઉત્પન્ન થયેલ છે, તેથી એને 'હિરણ્યગર્ભ' પણ કહે છે.[૪૪] આ સૂર્ય વડેજ દિશાઓ, આકાશ, સ્વર્ગ, પૃથ્વી, ભોગસ્થાનકો, મોક્ષ, નરક તથા પાતાલ વગેરે જુદા જુદા ભેદપૂર્વક વિભાગો પડેલા છે.[૪૫] વળી આ સૂર્ય દેવો, તિર્યંચો, મનુષ્યો, સર્પો તથા લતાઓ સહિત સર્વ જીવસમૂહોને આત્મા તરીકે ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વની દૃષ્ટિના અધિષ્ઠાતા છે."[૪૬]

देवतिर्यङ्मनुष्याणां सरीसृपसवीरुधां ।
सर्वजीवनिकायानां सूर्य आत्मा दृगीश्वरः ॥४६॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૨૦મો સમાપ્ત

+ આ સ્થાન શ્રીકૃષ્ણે બ્રાહ્મણપુત્રને લાવતી વેળા અર્જુનને બતાવ્યું હતું. —શ્રીધર

अध्याय २१ मो*

સૂર્યની ગતિ ઉપરથી લોકમર્યાદા

॥ श्रीशुक उवाच ॥

एतावानेव भूवलयस्य सन्निवेशः प्रमाणलक्षणतो व्याख्यातः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"ભૂગોલશાસ્ત્ર જાણનારાઓએ માપ અને લક્ષણપૂર્વક બસ આટલોજ× ભૂગોલનો વિસ્તાર કહ્યો છે.[૧] આ ઉપરથી તે ભૂગોલશાસ્ત્ર જાણનારાઓ ખગોલનું માપ પણ કહી શકે છે. જેમ ચોળા, વટાણા વગેરે કઠોળધાન્યના બે સમાન દળિયાંના એકના માપથી બીજાનું માપ પણ કહી શકાય છે, તેમ ભૂગોલના માપ પરથી ખગોલનું માપ પણ કહી શકાય છે. આ ભૂગોલ તથા ખગોલના મધ્યભાગમાં એ બન્નેથી સંધાયલું તે અંતરિક્ષ છે;[૨] જે અંતરિક્ષની મધ્યે રહેલા ભગવાન સૂર્ય દેવ સર્વ જ્યોતિર્ગણોના પતિ હોઇને પોતાના તાપ વડે ત્રણે લોકને તપાવી રહ્યા છે અને પોતાની કાંતિથી પ્રકાશમાન કરી રહ્યા છે. આ સૂર્ય દેવ ઉત્તરાયણ, દક્ષિણાયન તથા વૈષુવત નામની મંદ, શીઘ્ર તથા સમાન ગતિ વડે બરાબર સમયાનુસાર ઉપરનાં, નીચેનાં તથા સમાન સ્થાનોમાં જાય છે અને મકર વગેરે રાશિઓમાં દિવસોને તથા રાત્રિઓને લાંબા, ટૂંકા તથા સમાન કરે છે.[૩] જ્યારે આ સૂર્ય મેષ તથા તુલા રાશિમાં હોય છે, ત્યારે દિવસો અને રાત્રિઓ સ-

* એ પ્રમાણે વીસ અધ્યાયોમાં પૃથ્વીની મર્યાદા જણાવી; હવે ત્રણ અધ્યાયોમાં સ્વર્ગની મર્યાદા તથા પાલન કહેવામાં આવશે. તેમાં આ એકવીસમા અધ્યાયમાં કાલચક્ર વડે નિરંતર ભ્રમણ કરતા સૂર્યનું પોતાની ગતિ વડે રાશિઓમાં જવું અને તે દ્વારા લોકયાત્રા વર્ણવવામાં આવશે. —શ્રીધર

× આટલોજ ભૂગોલનો વિસ્તાર—એટલે સપાટી પચાસ કરોડ યોજન અને ઊંચાઇ પચીસ કરોડ યોજન. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માન થાય છે; જ્યારે વૃષભ,+ મિથુન, કર્ક, સિંહ તથા કન્યા, એ પાંચ રાશિઓમાં ગતિ કરે છે, ત્યારે દિવસો વધે છે અને રાત્રિઓમાં દરેક મહિને† એક એક ઘડી ઓછી થતી જાય છે.[૪] જ્યારે સૂર્ય વૃશ્ચિક, ધન, મકર, કુંભ ને મીન–એ પાંચ રાશિઓમાં ગતિ કરે છે, તે વેળા દિવસો ઘટે છે અને રાત્રિઓ વૃદ્ધિ પામે છે.*[૫] ઉત્તરાયણથી દક્ષિણાયન સુધીમાં દિવસો વધે છે અને દક્ષિણાયનથી ઉત્તરાયણ સુધીમાં રાત્રિઓ વધે છે.+ એ પ્રમાણે નવ કરોડ ને એકાવન લાખ યો–

+ જો કે વૃષભ અને મિથુન એ બે રાશિમાંજ દિવસો વધે છે; કર્ક વગેરે ત્રણ રાશિઓમાં તો દિવસો ઓછા ઓછા થતા જાય છે, તોપણ રાત્રિ કરતાં આ પાંચ રાશિઓમાં દિવસો મોટા હોય છે, તેથી અહીં કહ્યું છે કે, 'આ પાંચ રાશિઓમાં દિવસો વધે છે.' એજ પ્રમાણે રાત્રિની વૃદ્ધિના સંબંધમાં પણ સમજવું.—શ્રીધર

† દિવસોની અપેક્ષાએ ઓછી થાય છે, એમ કહ્યું છે અને એક એક ઘડી એમ જે કહ્યું છે, તે પણ સ્થૂલદષ્ટિએ કહ્યું છે. કારણ કે વૃદ્ધિ ને હ્રાસ એ બન્ને દરેક મહિને ઓછાવત્તા હોય છે. —શ્રીધર

* સૂર્યના રથનું ઉપર ચડવું, નીચે ઊતરવું વગેરે સ્થાનો વાયુપુરાણમાં આ પ્રમાણે દર્શાવ્યાં છે–

'सर्वग्रहाणां त्रीण्येव स्थानानि द्विजसत्तमाः।
स्थानं जरद्गवं मध्यं तथैरावतमुत्तरम् ॥
वैश्वानरं दक्षिणतो निर्दिष्टमिह तत्त्वतः ॥

"હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! સર્વ ગ્રહોનાં ત્રણજ સ્થાનો હોય છે. તેમાંનું વચ્ચેનું સ્થાન જરદ્‌ગવ છે; ઉત્તર તરફનું સ્થાન ઐરાવત છે અને દક્ષિણ તરફનું સ્થાન વૈશ્વાનર કહેવામાં આવે છે. આજ મધ્યમ, ઉત્તર તથા દક્ષિણ માર્ગને પ્રત્યેકને ત્રણ ત્રણ વીથીઓ હોય છે. તેમાંના ઉત્તરમાર્ગમાં નાગવીથી, ગજવીથી તથા ઐરાવતી એમ ત્રણ વીથીઓ આવેલી છે; મધ્યમાર્ગમાં આર્ષભી, ગોવીથી તથા જરદ્‌ગવી, એમ ત્રણ વીથીઓ આવેલી છે અને દક્ષિણમાર્ગમાં અજવીથી, મૃગવીથી તથા વૈશ્વાનરી, એમ ત્રણ વીથીઓ આવેલી છે. આમાંની એક એક વીથી અશ્વિની વગેરે ત્રણ ત્રણ નક્ષત્રોની છે; જેમકે અશ્વિની, ભરણી ને કૃત્તિકા–એ ત્રણ નક્ષત્રોની નાગવીથી છે; રોહિણી, આર્દ્રા ને મૃગશીર્ષ–એ ત્રણ નક્ષત્રોની ગજવીથી કહેવાય છે; પુષ્ય, આશ્લેષા ને પુનર્વસુ–એ ત્રણ નક્ષત્રોની ઐરાવતી વીથી કહેવાય છે; આ ત્રણ વીથીઓનો ઉત્તરમાર્ગ કહેવાય છે; તેમજ પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની તથા મઘા–એ ત્રણ નક્ષત્રોની આર્ષભી વીથી કહેવાય છે; હસ્ત, ચિત્રા અને સ્વાતી–એ ત્રણ નક્ષત્રોની ગોવીથી કહેવાય છે; તેમજ જ્યેષ્ઠા, વિશાખા અને અનુરાધા–એ ત્રણ નક્ષત્રોની જારદ્‌ગવી વીથી કહેવાય છે. આ પ્રમાણે આ ત્રણ વીથીઓનો મધ્યમાર્ગ કહેવાય છે; તેમજ મૂલ, પૂર્વાષાઢા તથા ઉત્તરાષાઢા, એ ત્રણ નક્ષત્રોની અજવીથી કહેવાય છે; શ્રવણ, ધનિષ્ઠા ને શતભિષા–એ ત્રણ નક્ષત્રોની મૃગવીથી કહેવાય છે; અને પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા તથા રેવતી એ ત્રણ નક્ષત્રોની વૈશ્વાનરી વીથી કહેવાય છે. આ ત્રણ વીથીઓનો દક્ષિણમાર્ગ કહેવાય છે. આ પ્રમાણે જ્યારે સૂર્ય ઉત્તરમાર્ગમાં હોય છે, ત્યારે ધ્રુવ સૂર્યના રથની ધૂંસરીની અણીએ બંધાયલા વાયુના બે પાશનું ઉપરના ભાગમાં આકર્ષણ કરે છે, તેથી સૂર્યનો રથ ઉપર ખેંચાય છે; તે વેળા મધ્યમંડળમાં પ્રવેશ થાય છે અને તેથી ગતિ મંદ થાય છે; જેને લીધે દિવસો મોટા થાય છે અને રાત્રિઓ નાની થાય છે. સૂર્ય જ્યારે દક્ષિણમાર્ગમાં પ્રવેશ કરે છે; ત્યારે વાયુના બે પાશોને ધ્રુવ નીચે પ્રેરણા કરે છે, તેથી સૂર્યનો રથ નીચે ઊતરે છે અને બહારના મંડળમાં પ્રવેશ કરે છે. તે વેળા ગતિ ઉતાવળી થાય છે, તેથી દિવસો નાના થાય છે અને રાત્રિઓ મોટી થાય છે. એજ પ્રમાણે મધ્ય માર્ગ–વૈષુવતમાં જ્યારે સૂર્ય હોય છે, ત્યારે તેનો રથ સમરેખામાં ચાલે છે અને મધ્યમંડળમાં પ્રવેશ કરે છે, તેથી ગતિ પણ સમાન થાય છે અને રાત્રિદિવસ પણ સમાન થાય છે. આજ વસ્તુ વિષ્ણુપુરાણમાં કહી છે–

'आकृष्येते यदा तौ तु ध्रुवेण समधिष्ठितौ।
तदाभ्यन्तरतः सूर्यो भ्रमते मंडलानि तु ॥
ध्रुवेण मुच्यमानेन पुना रश्मियुगेन तु।
तथैव बाह्यतः सूर्यो भ्रमते मंडलानि च ॥

જ્યારે ધ્રુવ સૂર્યના રથના વાયુના બે પાશને ખેંચે છે, ત્યારે સૂર્ય મધ્યમંડળમાં ફરે છે; અને જ્યારે ધ્રુવ એ વાયુપાશને છોડી દે છે, ત્યારે સૂર્ય બહારનાં મંડળોમાં ફરે છે. —શ્રીધર

+ અર્થાત્ ઉત્તરાયણથી દક્ષિણાયન સુધીમાં સૂર્યની ઉદગયન નામની મંદ ગતિ હોય છે અને તે વેળા ઉપર આવેલાં મકર, કુંભ, મીન, મેષ, વૃષભ, મિથુન–એ છ રાશિઓનાં સ્થાનોમાં ચાલે છે; ત્યાંસુધીમાં દિવસો વધે છે, એટલે પૂર્વ પૂર્વ દિવસ કરતાં ઉત્તર ઉત્તર દિવસ મોટા થતા જાય છે; અને રાત્રિઓ પૂર્વ પૂર્વ કરતાં નાની નાની થતી જાય છે. એજ રીતે દક્ષિણાયનથી ઉત્તરાયણ સુધીમાં દક્ષિણાયન નામની ઉતાવળી ગતિથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જન માનસોત્તર પર્વતની આસપાસનો માર્ગ (સૂર્યને) ઓળંગવો પડે છે, એમ વિદ્વાનો કહે છે. એ માનસોત્તર પર્વત ઉપર મેરુથી પૂર્વદિશામાં ઇન્દ્રની દેવધાની નામની નગરી આવેલી છે; મેરુથી દક્ષિણદિશામાં યમદેવની સંયમની નામની નગરી આવેલી છે; મેરુથી પશ્ચિમમાં વરુણદેવની નિમ્લોચની નામની નગરી આવેલી છે અને મેરુથી ઉત્તરમાં સોમની વિભાવરી નામની નગરી આવેલી છે. મેરુથી ચારે દિશામાં આવેલી એ નગરીઓમાં સમય પ્રમાણે (સૂર્ય આવતાં) પ્રાણીઓની પ્રવૃત્તિ તથા નિવૃત્તિનાં કારણ* સૂર્યોદય, મધ્યાહ્ન, સૂર્યાસ્ત તેમજ મધ્યરાત્ર થાય છે.÷[૬,૭] જે લોકો મેરુપર્વત ઉપર રહે છે, તેઓને તો સદાકાળ મધ્યાહ્નસમયનાજ સૂર્ય તપ્યા કરે છે અને નક્ષત્રો સંમુખ પોતાની ગતિ કરી સૂર્ય મેરુપર્વતને પોતાની ડાબી બાજુ કરે છે; તોપણ પ્રદક્ષિણાવર્ત પ્રવહ નામે વાયુથી ભમાવાતા જ્યોતિશ્ચક્રને લીધે સૂર્ય, મેરુપર્વતને પોતાની જમણી બાજુજ કરે છે.[૮] જે પ્રદેશમાં સૂર્ય ઉદય પામે છે, તે પ્રદેશની સીધી લીટીમાં તે અસ્ત પામે છે અને જ્યાં આગળ આકાશના મધ્યપ્રદેશમાં આવી મધ્યાહ્ન કરે છે, ત્યાંથી સીધી લીટીમાં મધ્યરાત્ર કરે છે. જે લોકો પ્રથમ જે સ્થળે સૂર્યને દેખે છે તે સ્થળથી સીધી લીટીમાં (ગયેલા) સૂર્યને તેઓ જોઈ શકતા નથી.×[૯] સૂર્ય જ્યારે ઇન્દ્રની નગરીથી ચાલે છે, ત્યારે પંદર ઘડીએ યમદેવની નગરીએ પહોંચે છે અને એટલા વખતમાં સવાબે કરોડ, સાડાબાર લાખ ને પચીસ હજાર યોજન માર્ગ કાપે છે.[૧૦] એજ પ્રમાણે (પંદર ઘડીમાં તેટલાજ યોજન) યમદેવની નગરીથી વરુણદેવની નગરીમાં જાય છે; વરુણદેવની નગરીથી સોમની નગરીમાં જાય છે ને સોમની નગરીથી ફરી ઇન્દ્રની નગરીમાં જાય છે. આ રીતેજ બીજા ચંદ્ર વગેરે ગ્રહો પણ નક્ષત્રોની સાથે જ્યોતિશ્ચક્રમાં ઉદય પામે છે અને અસ્ત પામે છે.[૧૧] આવી રીતે સૂર્યનો એ વેદમય રથ એક મુહૂર્તમાં ચોત્રીસ લાખ ને આઠસો યોજન ચારે નગરીઓમાં ફરે છે.[૧૨] સૂર્યના રથનું એક પૈડું સંવત્સર (વર્ષ)-રૂપ હોઇને બાર (મહિનારૂપ) આરાવાળું છે; છ (ઋતુઓરૂપ) નેમિ–પાટાવાળું છે અને ત્રણ (શિયાળો, ઉનાળો ને ચોમાસારૂપ) કુંડળીઓવાળું છે, એમ વિદ્વાનો કહે છે. એ રથનો અક્ષ (ધરીનો દાંડો) મેરુપર્વતના શિખર ઉપર આવેલો છે અને તેનો (અક્ષનો) બીજી તરફનો ભાગ ÷માનસોત્તર

નીચેનાં કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક તથા ધન રાશિઓનાં સ્થાનોમાં સૂર્ય ચાલે છે અને તે વેળા પૂર્વ પૂર્વ રાત્રિ કરતાં ઉત્તરોત્તર રાત્રિ વધતી જાય છે અને દિવસો પૂર્વ પૂર્વ કરતાં ઉત્તરોત્તર નાના થતા જાય છે.—**बा. प्र.**

* સૂર્યોદય તથા મધ્યાહ્ન એ બે સમય પ્રાણીઓની પ્રવૃત્તિમાં અને સૂર્યાસ્ત તથા મધ્યરાત્ર એ બે સમય પ્રાણીઓની નિવૃત્તિમાં કારણ છે. —**भा. क.**

÷ અર્થાત્ જેઓ મેરુથી દક્ષિણપ્રદેશમાં રહે છે, તેઓને માનસોત્તર ઉપર આવેલી ઇન્દ્રની નગરીથી ઉદયાદિ થાય છે; જેઓ મેરુથી પશ્ચિમદિશામાં રહે છે, તેઓને યમદેવની નગરીથી ઉદયાદિ થાય છે; જેઓ મેરુથી ઉત્તરમાં રહે છે, તેઓને વરુણદેવની નગરીથી ઉદયાદિ થાય છે અને જેઓ મેરુથી પૂર્વદિશામાં રહે છે, તેઓને સોમની નગરીથી ઉદયાદિ થાય છે. —**श्रीधर**

× કહેવા એ માગે છે કે, મેરુની ચારે દિશામાં આવેલા ખંડોમાંથી જ્યારે જે ખંડમાં સૂર્ય પ્રથમ દેખાય છે, ત્યારે તે ખંડથી પૂર્વના ખંડમાં મધ્યાહ્ન હોય છે; પશ્ચિમના ખંડમાં મધ્યરાત્ર હોય છે અને ઉત્તરના ખંડમાં અસ્ત હોય છે; એજ પ્રમાણે જે ખંડમાં મધ્યાહ્ન હોય છે તે ખંડથી પૂર્વખંડમાં અસ્ત હોય છે; પશ્ચિમ ખંડમાં ઉદય હોય છે અને ઉત્તરખંડમાં મધ્યરાત્ર હોય છે; તેમજ જ્યાં અસ્ત હોય છે, ત્યાંથી પશ્ચિમમાં મધ્યાહ્ન હોય છે; પૂર્વમાં મધ્યરાત્ર હોય છે અને ઉત્તરમાં ઉદય હોય છે; અને જે ખંડમાં મધ્યરાત્ર હોય છે, ત્યાંથી પશ્ચિમમાં અસ્ત હોય છે; ઉત્તરમાં મધ્યાહ્ન હોય છે અને પૂર્વ ખંડમાં સૂર્યનો ઉદય હોય છે.—**बालप्रबोधिनी**

÷ માનસોત્તર પર્વત ઉપર એટલે માનસોત્તર પર્વતની ઉપર અર્ધા લાખ યોજનની ઉપર વાયુથી બંધાયલી ભૂમિ ઉપર–એમ સમજવું; નહિ તો માનસોત્તર પર્વત માત્ર દશ હજાર યોજન ઊંચો હોવાથી અને મેરુ પર્વત ચોરાશી હજાર યોજન ઊંચો હોવાથી બરાબર સીધી લીટીમાં ન આવે. —**श्रीधर**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પર્વત ઉપર આવેલો છે; જેમાં પરોવેલું સૂર્યના રથનું પૈડું તેલ કાઢવાની ઘાણીની પેઠે ફરતું માનસોત્તર પર્વત ઉપર ભમ્યા કરે છે. તે પૈડાને છેડે એક બીજો અક્ષ પૂર્વભાગથી બાંધવામાં આવેલો છે. તેનું માપ પ્રથમના અક્ષથી ચોથે ભાગે છે અને તેનો ઉપરનો ભાગ ઘાણીના દાંડાની પેઠે ધ્રુવની અંદર (વાયુપાશથી) બાંધવામાં આવ્યો છે.૧૩,૧૪ સૂર્યના એ રથની બેઠક છત્રીસ લાખ યોજન લાંબી છે અને તેનો એક ચતુર્થાંશ (એટલે નવ લાખ યોજન) પહોળી છે. વળી તે રથની ધૂંસરી પણ તેટલીજ લાંબી–પહોળી છે, કે જેમાં સૂર્યના સારથિ અરુણે જોડેલા ગાયત્રી આદિ છંદના નામવાળા સાત ઘોડાઓ સૂર્યદેવને ખેંચી જાય છે.૧૫ સારથિના કામમાં યોજાયલો સૂર્યનો સારથિ અરુણ (એ રથમાં પૂર્વાભિમુખ બેઠેલા) સૂર્યની આગળ બેઠેલો હોય છે; તોપણ પોતાનું મુખ તો પશ્ચિમ સંમુખજ રાખે છે. (કેમકે સૂર્ય તરફ પીઠ કરવી એ દોષ છે.)૧૬ વળી જેઓનાં શરીર અંગૂઠાના એક વેઢા જેવડાં હોય છે એવા સાઠ હજાર વાલખિલ્ય નામના ઋષિઓ સૂર્યની આગળ તેની સ્તુતિ કરવા માટે યોજાયલા છે અને તેઓ સૂર્યની સ્તુતિજ કર્યા કરે છે.૧૭ તેજ પ્રમાણે બીજા ઋષિઓ, ગંધર્વો, અપ્સરાઓ, નાગો, યક્ષો, રાક્ષસો તથા દેવો કે જેઓ એક એક ગણતાં ચૌદ ચૌદ છે અને બબ્બે ગણતાં સાત સાત છે, તેઓ દર મહિને જુદાં જુદાં અનેક નામવાળા હોઇ બે બેનું જોડું થઈ ભિન્ન ભિન્ન કર્મો વડે સર્વના આત્મા અને જુદા જુદા નામવાળા ભગવાન સૂર્યદેવની ઉપાસના કર્યા કરે છે.૧૮ આ આખાય ભૂમંડળનું માપ સાડાનવ કરોડ ને એક લાખ યોજન છે; તેમાંથી સૂર્ય એક ક્ષણમાં બે હજાર યોજન ને બે કોશ માર્ગ કાપે છે."૧૯

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૨૧ મો સમાપ્ત

अध्याय २२ मो×

સોમ–શુક્ર વગેરે ગ્રહોનાં ઉત્તરોત્તર સ્થાન અને તેઓની ગતિ અનુસાર મનુષ્યોનાં શુભાશુભ ફળ

॥ राजोवाच ॥

यदेतद्भगवत आदित्यस्य मेरुं ध्रुवं च प्रदक्षिणेन परिक्रामतो राशीनामभिमुखं प्रचलितं चाप्रदक्षिणं भगवतोपवर्णितममुष्य वयं कथमनुमिमीमहीति ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું–"આ ભગવાન સૂર્ય મેરુ તથા ધ્રુવને જમણી બાજુ રાખીને સર્વ રાશિઓની સંમુખ ગતિ કરે છે અને મેરુ તથા ધ્રુવને ડાબી બાજુ રાખીને પણ ગતિ કરે છે; એમ આપ ભગવાને (બે ગતિનું) વર્ણન કર્યું; પણ આવી રીતે બે વિરુદ્ધ ગતિ અમે કેમ સમજી શકીએ?"૧

શ્રીશુકદેવજી બોલ્યા:–"જેમ કુંભારનો ચાક ભમતો હોય ત્યારે તેની ઉપર રહેલાં કીડી વગેરે પ્રાણીઓ પણ તેની સાથેજ (જે બાજુ ચાક ભમતો હોય છે, તે બાજુ) ભમે છે; છતાં પણ તે કીડી વગેરે પ્રાણીઓની ગતિ તે ચાક ઉપર જુદા જુદા પ્રદેશોમાં પણ આડીઅવળી જોવામાં આવે છે; તેજ પ્રમાણે નક્ષત્રો તથા રાશિઓથી યુક્ત એવું કાળચક્ર જો કે ધ્રુવ તથા મેરુની જમણી બાજુજ દોડી રહ્યું છે અને તેની સાથે તેના આશ્રયે રહેલા સૂર્યાદિ ગ્રહો પણ મેરુની જમણી બાજુજ દોડી રહ્યા છે; તોપણ એ કાળચક્રની અંદર આવેલાં જુદાં જુદાં નક્ષત્રો તથા જુદી જુદી રાશિઓમાં પણ સૂર્યાદિ ગ્રહોની જુ-

× આ અધ્યાયમાં સોમ–શુક્ર વગેરે ગ્રહોનાં ઉત્તરોત્તર સ્થાન કહેવામાં આવશે અને તે તે ગ્રહોની ગતિ અનુસારે મનુષ્યોને ઇષ્ટ–અનિષ્ટ ફળ મળે છે, તે કહેવાશે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દી જુદી ગતિ પણ જોવામાં આવે છે.÷[2] તે આ ભગવાન સૂર્ય આદિપુરુષ સાક્ષાત્ નારાયણજ છે; જેમને મોટા વિદ્વાનો વેદદ્વારા જાણવા ઇચ્છે છે. વળી તે સૂર્ય ભગવાન લોકોનાં કલ્યાણ માટે કર્મોની શુદ્ધિના કારણભૂત અને વેદમય એવા પોતાના સ્વરૂપને બાર પ્રકારે વિભાગ કરીને વસંત વગેરે છ ઋતુઓમાં પ્રાણીઓના કર્મભોગ પ્રમાણે ટાઢ–તાપ વગેરે ઋતુઓના ગુણોને પ્રકટ કરે છે.[3] આ સૂર્યદેવને પોતપોતાના વર્ણાશ્રમના આચારને અનુસરનારા પુરુષો આ જગતમાં વેદરૂપ વિદ્યાથી, વેદમાં કહેલાં નાનાંમોટાં કર્મોથી તથા ધ્યાનાદિ યોગવિસ્તારથી શ્રદ્ધાપૂર્વક પૂજે છે અને અનાયાસે કલ્યાણ સંપાદન કરે છે.[4] સર્વ લોકના આત્મારૂપ આ સૂર્ય ભગવાન આકાશ–ભૂમિની વચ્ચે આવેલા અંતરિક્ષમાં કાળચક્રની અંદર રહેલા છે અને 'રાશિ' નામને ધારણ કરનારા વર્ષના અવયવરૂપ બાર માસને ભોગવે છે, તેમાં બે પખવાડિયાંનો એક મહિનો એમ ચંદ્રના હિસાબે ગણાય છે; સૂર્યના હિસાબે સવાબે નક્ષત્ર સૂર્ય ભોગવે એટલે એક મહિનો થાય છે અને પિતૃઓના હિસાબે તેઓનો એક દિવસ ને રાત્રિ તે (મનુષ્યોનો) એક મહિનો થાય છે, એમ વિદ્વાનો કહે છે. જેટલા સમયમાં સૂર્ય બે રાશિને ભોગવે છે, તેટલો સમય તે એક ઋતુ કહેવાય છે, કે જે વર્ષનો એક ભાગ ગણાય છે.[5] સૂર્ય જેટલા સમયમાં આકાશમાર્ગના અર્ધા ભાગમાં ફરી વળે છે, તેટલા સમયને એક 'અયન' કહે છે[6] ને જેટલા સમયમાં આકાશમંડળ તથા ભૂમંડળની સાથે આખા અન્તરિક્ષમંડળમાં ફરી વળે છે, તેટલા સમયને એક વર્ષ કહે છે. આ વર્ષમાં સૂર્યની મંદ, શીઘ્ર ને સમાનગતિ થાય છે અને એકજ વર્ષના સંવત્સર, પરિવત્સર, ઇડાવત્સર, અનુવત્સર ને વત્સર એવા ÷પાંચ ભેદો કહે છે. એ રીતે ચંદ્રમા સૂર્યનાં કિરણોની ઉપર એક લાખ યોજન દૂર મળી આવે છે. તેમની ગતિ એટલી બધી ઉતાવળી છે કે, સૂર્ય એક વર્ષમાં જેટલી ગતિ કરે છે, તેટલી ગતિ ચંદ્રમા બે પખવાડિયાંમાં કરે છે, સૂર્ય જેટલી ગતિ એક મહિનામાં કરે છે, તેટલી ગતિ ચંદ્રમા સવાબે દિવસમાં કરે છે અને સૂર્ય જેટલી ગતિ એક પખવાડિયામાં કરે છે, તેટલી ચંદ્રમા એક દિવસમાંજ આગળ ગતિ કરે છે.[7-8] ચંદ્રમા પોતાની પૂર્ણ થતી કળાઓ વડે શુક્લપક્ષ કરીને દેવતાઓનાં રાત્રિદિવસ કરે છે અને ક્ષીણ થતી કળાઓ વડે કૃષ્ણ પક્ષ કરીને પિતૃઓનાં રાત્રિદિવસ કરે છે; તેમજ પોતે (અન્નમય તથા અમૃતમય હોવાથી) સર્વ જીવસમૂહોના પ્રાણરૂપ છે અને તેથીજ (જીવનરૂપ હોઇને) 'જીવ' કહેવાય છે; તેમજ ત્રીસ મુહૂર્તમાં (એટલે સાઠ ઘડીમાં) એક નક્ષત્ર ભોગવે છે.[9] વિદ્વાનો આમ વર્ણવે છે કે, જે આ સોળ કળાવાળા ભગવાન ચંદ્રમા છે, તે (મનના અધિષ્ઠાતા હોવાથી) મનોમય છે, અન્નમય છે, અમૃતમય છે અને દેવો, પિતૃઓ, મનુષ્યો, ભૂતો, પશુઓ, પક્ષીઓ, સર્પો તથા લતા–વૃક્ષ વગેરેના પ્રાણોને જીવન આપવાના સ્વભાવવાળા હોવાથી

÷ અર્થાત્ કાળચક્રની ગતિને લીધે સૂર્યાદિ ગ્રહો મેરુ તથા ધ્રુવની જમણી બાજુ રહે છે; તોપણ પોતાની ગતિથી રાશિઓની સામે જઇ મેરુ તથા ધ્રુવની ડાબી બાજુ પણ ભમે છે. —ભા૦ ક૦

÷ જ્યારે સુદ પડવાના દિવસે સંક્રાન્તિ હોય છે, ત્યારે સૌરમાસ અને ચાન્દ્રમાસ બન્ને સાથે શરૂ થાય છે અને તે વર્ષને 'સંવત્સર' નામનું વર્ષ કહે છે. સૂર્યના માન પ્રમાણે ગણતરી કરતાં એક વર્ષમાં છ દિવસો વધે છે અને ચંદ્રના માન પ્રમાણે ગણતાં છ દિવસો ઓછા થાય છે. આ રીતે બાર દિવસનો અંતર પડતાં સૌરમાસ અને ચાંદ્રમાસ આગળ પાછળ થઇ જાય છે. આવી રીતે પાંચ વર્ષો જાય છે; તેમાં વચ્ચે બે મળમાસ આવે છે, તેથી ફરી પાછી છઠ્ઠે વર્ષે સુદ પડવાને દિવસે સંક્રાન્તિ થાય છે; જેથી પાછું તે સંવત્સર નામે વર્ષ કહેવાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સર્વમય* છે.[૧૦] એ ચંદ્રમાની ઉપર ત્રીસ લાખ યોજન દૂર નક્ષત્રો આવેલાં છે. તેઓને મેરુથી જમણી બાજુ આવેલા કાળચક્રમાં ઈશ્વરે યોજેલાં છે અને +અભિજિત નક્ષત્રની સાથે તેઓની સંખ્યા અઠ્ઠાવીસ છે.×[૧૧] એ નક્ષત્રોની ઉપર બે લાખ યોજન દૂર શુક્ર ગ્રહ મળી આવે છે. તે સૂર્યની આગળ, પાછળ કે સાથેજ ઉતાવળી, મંદ તથા સમાનગતિએ સૂર્યની પેઠેજ ચાલે છે, એમ ઘણું કરીને તેની ગતિ ઉપરથી અનુમાન થાય છે અને તેજ પ્રમાણે નિત્ય લોકોને અનુકૂળજ રહે છે, મેઘવૃષ્ટિને અટકાવનારા ગ્રહોને શાંત કરનાર હોઇને મેઘવૃષ્ટિ કરાવે છે.‡ આ શુક્રગ્રહ જેવોજ બુધગ્રહ કહ્યો છે. તે બુધગ્રહ શુક્રની ઉપર બે લાખ યોજન દૂર મળી આવે છે; તે ચંદ્રનો પુત્ર થાય છે અને ઘણું કરીને લોકોનું શુભજ કરનારો છે; પણ જ્યારે તે સૂર્યથી જુદો પડે છે, ત્યારે અત્યંત વાયુ, પુષ્કળ વાદળાં તથા અનાવૃષ્ટિ વગેરે ભય સૂચવે છે.† એ બુધગ્રહની ઉપર બે લાખ યોજન દૂર મંગળનો ગ્રહ મળી આવે છે. તે જો વક્ર ગતિએ ચાલતો ન હોય, તો ત્રણ ત્રણ પખવાડિયે એક એક રાશિ ભોગવીને બાર રાશિઓ ભોગવે છે અને ઘણું કરીને તે દુઃખસૂચક અશુભ ગ્રહ છે.‡[૧૨-૧૪] એ મંગળ ગ્રહની ઉપર બે લાખ યોજન દૂર ભગવાન બૃહસ્પતિ રહેલા છે. તે જો વક્ર ન હોય, તો એક એક રાશિમાં એક એક વર્ષે ફરે છે; અને ઘણું કરીને બ્રાહ્મણકુળને અનુકૂળ રહે છે.÷[૧૫] એ બૃહસ્પતિની ઉપર બે લાખ યોજન દૂર શનૈશ્ચરનો ગ્રહ જણાય છે. તે એક એક રાશિમાં ત્રીસ ત્રીસ મહિનાઓ સુધી રહે છે, જેથી ત્રીસ વર્ષે બાર રાશિઓ ફરી વળે છે અને ઘણું કરીને સર્વને અશાંતિ કરનારો

---

* આ ચંદ્ર વગેરે ગ્રહોના પણ રથો વિષ્ણુપુરાણમાં આ પ્રમાણે વર્ણવ્યા છે–

रथस्त्रिचक्रः सोमस्य कुंदाभास्तस्य वाजिनः ।
वामदक्षिणतो युक्ता दश तेन चरत्यसौ ॥

ચંદ્રના રથને ત્રણ પૈડાં છે અને તેમાં ડાબીજમણી બાજુ મોગરા જેવા શ્વેત દશ ઘોડા જોડેલા છે. એ રથ વડે ચંદ્રમા ચાલે છે. **—वालप्रबोधिनी**

\+ અભિજિત નક્ષત્ર, ઉત્તરાષાઢા તથા શ્રવણ નક્ષત્રની સંધિમાં રહેલું છે; માત્ર તેના ફળમાં બીજાં નક્ષત્રો કરતાં વિશેષતા છે; તેથી તેને અહીં જુદું પાડવામાં આવ્યું છે. વેદ પણ કહે છે કે, '**अभिजिन्नाम नक्षत्रमुपरिष्टादषाढानामधस्ताच्छ्रोणायाः**' –અભિજિત નામનું નક્ષત્ર ઉત્તરાષાઢાની ઉપર તથા શ્રવણની નીચે આવેલું છે. **—श्रीधर**

× સર્વ તારાઓના સંબંધમાં વિષ્ણુપુરાણ આમ કહે છે–

यावंत्यश्चैव तारास्तावंत्यो वातरश्मयः ।
सर्वे ध्रुवे निवद्धास्ते भ्रामंतो भ्रमयंति तम् ॥

જેટલા તારાઓ છે તેટલીજ વાયુની દોરીઓ છે, તેઓ સર્વે ધ્રુવમંડળમાં બંધાયલી છે અને પોતે ભમીને સર્વ તારામંડળને ભમાવે છે. **—वालप्रबोधिनी**

‡ શુક્રગ્રહના રથનું વર્ણન પણ વિષ્ણુપુરાણમાં છે–

सवरूथः सानुकर्षो युक्तो भूसंभवैर्हयैः ।
सोपांगः सपताकस्तु शुक्रस्यापि रथो महान् ॥

શુક્રનો રથ પણ મોટો છે. તે ફરતા બખ્તરવાળો છે, ધૂંસરી સહિત છે, પૃથ્વીથી ઉત્પન્ન થયેલા ઘોડાઓથી યુક્ત છે, તથા બેસણીવાળો અને પતાકાઓવાળો છે. **—वालप्रबोधिनी**

† બુધગ્રહના રથનું વર્ણન પણ આ પ્રમાણે છે–

वाय्वग्निद्रव्यसंभूतो रथश्चन्द्रसुतस्य च ।
पिशंगैस्तुरगैर्युक्तः सोष्टाभिर्वायुवेगिभिः ॥

ચંદ્રના પુત્ર બુધનો રથ વાયુ તથા અગ્નિરૂપ દ્રવ્યથી બનેલો છે. તેમાં પીળા રંગના અને વાયુના જેવા વેગવાળા આઠ ઘોડાઓ જોડેલા છે. **—वालप्रबोधिनी**

‡ મંગળગ્રહના રથનું વર્ણન પણ આ પ્રમાણે છે–

अष्टास्त्रि कांचनः श्रीमान् भौमस्यापि रथो महान् ।
पद्मरागारुणैरश्वैः संयुतो वह्निसंभवैः ॥ મંગળનો રથ સોનાનો છે. તેમાં આઠ ખૂણા છે, અને પદ્મરાગમણિ જેવા લાલ રંગના અને અગ્નિથી ઉત્પન્ન થયેલા ઘોડાઓ તેમાં જોડેલા છે અને તે રથ ઘણોજ મોટો છે. **–वा. प्र.**

÷ બૃહસ્પતિના રથનું પણ આવું વર્ણન છે–

अष्टभिः पांडुरैर्युक्तो वाजिभिः कांचनो रथः ।
तस्मिँस्तिष्ठति वर्षान्ते राशौ राशौ बृहस्पतिः ॥

બૃહસ્પતિનો રથ પણ સોનાનો છે. તેમાં ધોળા રંગના આઠ ઘોડાઓ જોડેલા છે અને તે રથમાં બેસીને બૃહસ્પતિ દરવર્ષે એક એક રાશિ ભોગવે છે. **–वा. प्र.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે.§૧૬ એ શનૈશ્વર ગ્રહની ઉપર અગિયાર લાખ યોજન દૂર સપ્તર્ષિઓ જોવામાં આવે છે; જેઓ લોકકલ્યાણનું ચિંતન કરતા ભગવાન વિષ્ણુના પરમપદ ધ્રુવસ્થાનને પ્રદક્ષિણા કર્યા કરે છે."૧૭

तत उत्तरस्मादृषय एकादशलक्षयोजनांतर उपलभ्यंते य एव लोकानां शमनुभावयंतो भगवतो विष्णोर्यत्परमं पदं प्रदक्षिणं प्रक्रमंति ॥ १७ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૨૨ મો સમાપ્ત

अध्याय २३ मो*

ધ્રુવસ્થાનનું વર્ણન અને શ્રીહરિની ÷શિશુમારસ્વરૂપે સ્થિતિ

॥ श्रीशुक उवाच ॥

अथ तस्मात्परतस्त्रयोदशलक्षयोजनांतरतो यत्तद्विष्णोः परमं पदमभिवदंति यत्र ह महाभागवतो ध्रुव औत्तानपादिरग्निनेंद्रेण प्रजापतिना कश्यपेन धर्मेण च समकालयुग्भिः सबहुमानं दक्षिणतः क्रियमाण इदानीमपि कल्पजीविनामाजीव्य उपास्ते तस्येहानुभाव उपवर्णितः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે સપ્તર્ષિઓની ઉપર તેર લાખ યોજન દૂર જેને વિષ્ણુનું પરમપદ કહે છે, તે ધ્રુવસ્થાન આવેલું છે; જ્યાં હજી સુધી પણ ઉત્તાનપાદના પુત્ર અને ભગવાનના મહાભક્ત એવા ધ્રુવ રહે છે. એ ધ્રુવ, કલ્પ સુધી જીવનારાં પ્રાણીઓના આશ્રયભૂત છે અને અગ્નિ, ઇન્દ્ર, પ્રજાપતિ, કશ્યપ તથા ધર્મ એકીસાથે (નક્ષત્રરૂપે) જોડાઇને બહુ માનપૂર્વક એમની પ્રદક્ષિણા કર્યા કરે છે. તે ધ્રુવનો મહિમા આ ભાગવતમાં (ચતુર્થ સ્કંધમાં) મેં વર્ણવ્યો છે.[1] ધ્રુવનો એ તારો સર્વ ગ્રહો તથા નક્ષત્રો વગેરે જ્યોતિર્ગણો કે જેઓને અસ્પષ્ટ વેગવાળા ભગવાન કાળ સતત ભમાવ્યા કરે છે, તેઓના આધારરૂપ જાણે એક ખીલો હોય તેમ ઈશ્વરે રચેલો હોઈ નિત્ય પ્રકાશ્યા કરે છે. જેમ ધાન્યનાં ખળાંની અંદર કણસલાંવાળાં ધાન્યને મસળવાના હાલરામાં વચ્ચે આવેલા ખીલામાં ખેડૂતે બાંધેલા ધાન્ય મસળનારા બળદો સવાર, સાંજ ને બપોર એમ ત્રણે કાળ પોતાના સ્થાનને ઓળંગ્યા વિના મંડળોમાં ભમ્યા કરે છે, તેમ નક્ષત્રગણો તથા ગ્રહો વગેરે પૂર્વોક્ત કાળચક્રમાં અંદર તથા બહાર જોડાઇને એ ધ્રુવસ્થાનનોજ આશ્રય લઇને વાયુથી પ્રેરણા પામતાં છેક કલ્પ સુધી ભમ્યા કરે છે. જેમ વાદળાંઓ તથા બાજ વગેરે પક્ષીઓ વાયુને વશ થઇ, પોતપોતાનાં કર્મની સહાયથી આકાશમાં ગતિ કરે છે, પણ પૃથ્વી પર પડતાં નથી; તેમ જ્યોતિશ્ચક્રો પણ પ્રકૃતિ તથા પુરુષના સંયોગથી અનુગ્રહપાત્ર થયેલાં અને કર્મથી નિર્માણ પામેલી ગતિવાળાં હોઇને આકાશમાં ગતિ કર્યા કરે છે; પણ પૃથ્વી પર પડતાં નથી. કેટલાક વિદ્વાનો વર્ણવે છે કે, પૂર્વોક્ત આ જ્યોતિશ્ચક્ર શિશુમારની (તે નામના એક જાતના સર્પની) આકૃતિએ ભગવાન વાસુદેવની યોગધારણામાં રહેલું છે. (એટલે તેને ઈશ્વરનો આધાર હોવાથી નીચે પડી જવાની શંકાજ નથી.)[૨-૪] નીચા મુખવાળા અને કુંડળાકાર શરીરે રહેલા તે શિશુમારની આકૃતિવાળા જ્યોતિશ્ચક્રના પૂંછડાના અગ્રભાગમાં ધ્રુવ રહેલા છે; પૂંછડાના અગ્રભાગથી નીચેના ભાગમાં પ્રજાપતિ, અગ્નિ, ઇન્દ્ર તથા ધર્મ રહેલા છે; પૂંછડાના મૂળ ભાગમાં ધાતા તથા વિધાતા રહેલા

§ આ શનૈશ્વરના રથનું વર્ણન પણ આવું છે–
आकाशसंभवैरश्वैः शबलैः स्यंदनं युतम् ।
समारुह्य शनैर्याति मंदगामी शनैश्चरः ॥
મંદ ગતિ કરનારો શનૈશ્વર ગ્રહ આકાશદ્રવ્યથી ઉત્પન્ન થયેલા કાબરચિતરા ઘોડાઓવાળા રથમાં બેસીને ધીમે ધીમે ગતિ કરે છે. —**बालप्रबोधिनी**

* આ અધ્યાયમાં જ્યોતિશ્ચક્રનું આશ્રય ધ્રુવસ્થાન તથા શ્રીહરિની શિશુમારસ્વરૂપે સ્થિતિ કહેવામાં આવશે. —**श्रीधर**

÷ 'શિશુમાર' એ એક જાતનો સર્પ થાય છે. (આ અધ્યાયનો છઠ્ઠો શ્લોક) —**बालप्रबोधिनी**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે; કેડમાં સપ્તર્ષિઓ રહેલા છે; જમણી બાજુ કુંડળાકાર શરીરવાળા તે જ્યોતિશ્ચક્રરૂપ શિશુમારના જમણા પડખામાં અભિજિતથી આરંભીને પુનર્વસુ સુધીનાં ચૌદ નક્ષત્રો રહેલાં છે અને ડાબા પડખામાં દક્ષિણ તરફ ગતિ કરનારાં પુષ્યથી આરંભીને ઉત્તરાષાઢા સુધીનાં ચૌદ નક્ષત્રો રહેલાં છે. જેમ શિશુમાર–સર્પ, ગોળ કુંડાળાને આકારે શરીર વાળીને રહ્યો હોય છે, તેમ રહેલા એ જ્યોતિશ્ચક્રના બન્ને પડખાના અવયવો એ રીતે સમાન સંખ્યાવાળા છે. એની પીઠના ભાગમાં અજવીથિ એટલે દક્ષિણમાર્ગનો પ્રથમ ભાગ આવેલો છે અને ઉદરમાં આકાશગંગા રહેલી છે.[૫] એના જમણા–ડાબા નિતંબ ઉપર પુનર્વસુ તથા પુષ્ય નક્ષત્ર રહેલાં છે; જમણાડાબા પાછલા બે પગમાં આર્દ્રા અને આશ્લેષા નક્ષત્રો રહેલાં છે; જમણાડાબા બે નાકમાં અભિજિત તથા ઉત્તરાષાઢા નક્ષત્રો અનુક્રમે રહેલાં છે; જમણા–ડાબા બે નેત્રમાં શ્રવણ તથા પૂર્વાષાઢા નક્ષત્રો રહેલાં છે; જમણા–ડાબા બે કાનમાં ધનિષ્ઠા તથા મૂલનક્ષત્ર રહેલાં છે; મઘાથી અનુરાધા સુધીનાં દક્ષિણ ગતિવાળાં આઠ નક્ષત્રો ડાબા પડખાના હાડપિંજરમાં રહેલાં છે અને મૃગશીર્ષ, રોહિણી, કૃત્તિકા–એમ ઊલટા ક્રમે પૂર્વાભાદ્રપદા સુધીનાં આઠ ઉત્તર ગતિવાળાં નક્ષત્રો તેના જમણા પડખાના હાડપિંજરમાં રહેલાં છે; તેમજ જમણી તથા ડાબી ખાંધ ઉપર શતભિષા તથા જ્યેષ્ઠા નક્ષત્રો રહેલાં છે.[૬] એના ઉપલા જડબામાં અગસ્ત્ય રહેલા છે; નીચેના જડબામાં નક્ષત્રરૂપે યમ રહેલા છે; મુખમાં મંગલ રહેલો છે; લિંગમાં શનૈશ્ચર રહેલો છે; ગળાની પીઠના અગ્રભાગમાં બૃહસ્પતિ રહેલા છે; વક્ષઃસ્થળમાં સૂર્ય રહેલા છે; હૃદયમાં નારાયણ રહેલા છે; મનમાં ચન્દ્રમા રહેલા છે; નાભિમાં શુક્રાચાર્ય રહેલા છે; બે આંચળોમાં બે અશ્વિનીકુમાર રહેલા છે; પ્રાણ તથા અપાનમાં બુધ રહેલો છે; ગળામાં રાહુ રહેલો છે; સર્વ અંગોમાં કેતુઓ રહેલા છે અને રૂંવાડાંઓમાં સર્વ તારાગણો રહેલા છે.[૭] ભગવાન વિષ્ણુનું આ શિશુમારાકૃતિ જ્યોતિશ્ચક્રસ્વરૂપ સર્વ દેવતામય છે. તેનું નિત્ય સંધ્યાના સમયે મનુષ્યે સાવધાન થઇ વાણીને નિયમમાં રાખી, દર્શન કરતાં આ મંત્રથી ઉપાસન કરવું જોઈએ– '**नमो ज्योतिर्लोकाय कालायनायानिमिषां पतये महापुरुषायाभिधीमहि** સર્વ જ્યોતિશ્ચક્રના આશ્રયરૂપ, કાળચક્રરૂપ તથા સર્વ દેવોના સ્વામી મહાપુરુષને અમે નમસ્કાર કરીએ છીએ અને તેમનું ધ્યાન કરીએ છીએ.[૮] જે મનુષ્ય ગ્રહો, નક્ષત્રો તથા તારાઓમય; સર્વ દેવોના નિયંતારૂપ અને પૂર્વોક્ત મંત્રનો જપ કરનારાઓના પાપનો નાશ કરનાર એ શિશુમારચક્રને ત્રિકાળ નમસ્કાર કે સ્મરણ કરે છે, તેનાં તે તે કાળે ઉત્પન્ન થયેલાં પાપો સત્વર નાશ પામે છે."[૯]

ग्रहर्क्षताराममयमाधिदैविकं पापापहं मंत्रकृतां त्रिकालम्। नमस्यतः स्मरतो वा त्रिकालं नश्येत तत्कालजमाशु पापम् ॥ ९ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૨૩ મો સમાપ્ત*

---

* આ અધ્યાયમાં સારાંશ આ સમજવાનો છેઃ– સૂર્યની ઉપર એક લાખ યોજને ચંદ્ર આવેલો છે; ચંદ્રની ઉપર ત્રણ લાખ યોજને નક્ષત્રો આવેલાં છે; નક્ષત્રોની ઉપર બે લાખ યોજને શુક્ર ગ્રહ આવેલો છે; શુક્રની ઉપર બે લાખ યોજને બુધ ગ્રહ આવેલો છે; બુધની ઉપર બે લાખ યોજને મંગળ ગ્રહ આવેલો છે; મંગળની ઉપર બે લાખ યોજને ગુરુ ગ્રહ આવેલો છે; ગુરુની ઉપર બે લાખ યોજને શનિ ગ્રહ આવેલો છે; શનિની ઉપર અગિયાર લાખ યોજને સપ્તર્ષિઓ આવેલા છે અને સપ્તર્ષિઓની ઉપર તેર લાખ યોજને ધ્રુવ આવેલા છે. આવી રીતે સૂર્યથી ઉપર છેક ધ્રુવ સુધીમાં આડત્રીસ લાખ યોજન થાય છે. ધ્રુવની ઉપર એક કરોડ યોજને મહર્લોક આવેલો છે; મહર્લોકની ઉપર બે કરોડ યોજને જનલોક આવેલો છે; જનલોકની ઉપર આઠ કરોડ યોજને તપોલોક આવેલો છે; તપોલોકની ઉપર બાર કરોડ યોજને સત્યલોક આવેલો છે અને સત્યલોકની ઉપર એક કરોડ યોજને વૈકુંઠલોક આવેલો છે અને એ વૈકુંઠલોકની ઉપર છેક બ્રહ્માંડના છેડા સુધી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय २४ मो*

સૂર્યની નીચેના ગ્રહો તથા સાત પાતાલનું વર્ણન

॥ श्रीशुक उवाच ॥

अधस्तात्सवितुर्योजनायुते स्वर्भानुर्नक्षत्रवच्चरतीत्येके योऽसावमरत्वं ग्रहत्वं चाऽलभत भगवदनुकंपया स्वयमसुरापसदः सैंहिकेयो ह्यतदर्हः तस्य तात जन्मकर्माणि चोपरिष्टाद्वक्ष्यामः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"સૂર્યની નીચે દશ હજાર યોજને રાહુ ગ્રહ નક્ષત્રની પેઠે ફર્યા કરે છે, એમ કેટલાક વિદ્વાનો કહે છે. એ રાહુ પોતે સિંહિકાનો પુત્ર હોઇ અધમ અસુર હતો, જેથી અમરપણા તથા ગ્રહપણાને માટે અયોગ્ય હતો; છતાં ભગવાનની કૃપાથી તે અમરપણાને તથા ગ્રહપણાને પામ્યો છે. હે તાત! એ રાહુનાં જન્મ તથા કર્મ આગળ–અષ્ટમ સ્કંધમાં–હું કહીશ.[1] તપી રહેલા સૂર્યનું જે આ મંડળ છે તેનો વિસ્તાર દશ હજાર યોજન કહે છે; ચંદ્રમંડળનો વિસ્તાર બાર હજાર યોજન છે અને રાહુના મંડળનો વિસ્તાર તેર હજાર યોજન છે; જે રાહુ ચંદ્ર તથા સૂર્ય ઉપર ÷વૈર રાખીને કોઈ પૂનમ કે અમાવાસ્યાના દિવસે તે ચંદ્રમંડળ તથા સૂર્યમંડળને ઢાંકી દે છે અને સૂર્ય–ચંદ્રની સામે દોડે છે.[2] તે સાંભળીને ભગવાને સૂર્ય તથા ચંદ્ર બન્નેનું રક્ષણ કરવા માટે પોતાનું પ્રિય ચક્ર સુદર્શન (સૂર્ય–ચંદ્રની આગળ) રાખ્યું છે; તે ચક્ર તેજને લીધે દુઃસહ છે અને વારંવાર ચોતરફ ત્યાં ભમી રહ્યું છે; તેની સામે રાહુ એક મુહૂર્તવાર ઊભો રહે છે અને અત્યંત ખેદ પામી ભયભીત હૃદયે–ચંદ્રસૂર્યના દૂર પ્રદેશથીજ પાછો ફરે છે. આવી રીતે (જેટલો સમય રાહુ સૂર્ય તથા ચંદ્રમંડળની આડે આવીને ઊભો રહે છે તેટલા સમયને) લોકો +ગ્રહણ થયું કહે છે.[3] એ રાહુગ્રહની નીચે તેટલાજ યોજન દૂર (દશ હજાર યોજને) સિદ્ધો, ચારણો તથા વિદ્યાધરોનાં સ્થાનો આવેલાં છે.[4] તેઓની નીચે પિશાચો, પ્રેતો તથા ભૂતગણોના વિહારનું સ્થાન અંતરિક્ષ આવેલું છે. આ અંતરિક્ષની અવધિ જ્યાંસુધી પુષ્કળ વાયુ વાય છે અને જ્યાં મેઘો આવેલા છે ત્યાંસુધીની છે.[5] તેની નીચે સો યોજનને અંતરે આ પૃથ્વી આવેલી છે. સો યોજનના આ અંતર સુધીજ હંસ, ભાસ, શકરો ને ગરુડાદિ મોટાં પક્ષીઓ ઊડી શકે છે. પૃથ્વીની જે પ્રમાણે રચના અને સ્થિતિ છે, તેનું તો મેં વર્ણન કર્યું; હવે પૃથ્વીની નીચે જે સાત વિભાગો આવેલા છે તેનું વર્ણન કરવામાં આવે છે.[6] પૃથ્વીની નીચે સાત પાતાળો છે. તેઓનો એક એકનો ઊંચો વિસ્તાર દશ દશ હજાર યોજન છે અને તેઓની લંબાઈ–પહોળાઇ પણ દશ દશ હજાર યોજન છે. તેઓનાં નામ આ પ્રમાણે છેઃ–અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ ને પાતાલ.[7] પૃથ્વીનાં દરરૂપી આ સ્વર્ગોમાં ગૃહસ્થાશ્રમી એવા દૈત્યો, દાનવો તથા નાગો સ્વર્ગ કરતાં પણ અધિક કામનાઓ, ભોગો, ઐશ્વર્યો, આનંદ તથા વિભૂતિઓ વડે અત્યંત સમૃદ્ધિવાળાં ઘરોમાં, બાગ–બગીચાઓમાં,

બાસઠ લાખ યોજનનું ખાલી પોલાણુજ રહેલું છે. ત્યાં પછી કોઇ લોક છે નહિ. આમ એકંદર સૂર્યથી છેક બ્રહ્માંડના છેડા સુધીમાં પચીસ કરોડ યોજન થાય છે.—बा० प्र०

* આ અધ્યાયમાં સૂર્યની નીચે રાહુ વગેરે ગ્રહોની અનુક્રમે સ્થિતિ અને અતલ વગેરે સાત પાતાલોની મર્યાદા કહેવામાં આવશે. —શ્રીધર

÷ દેવોને અમૃતપાન કરાવ્યું તે વેળા સૂર્ય–ચંદ્રની વચ્ચે રાહુ પેસી ગયો હતો. તે વાત ભગવાનને સૂર્યચંદ્રે જણાવી દીધી, તેથી રાહુ સૂર્ય–ચંદ્ર ઉપર વૈર રાખે છે, એવી પૌરાણિકી કથા છે. —भा. क.

\+ રાહુ, જો સૂર્ય–ચંદ્રની આડે સીધી લીટીમાં આવી જાય છે તો, ખગ્રાસ ગ્રહણ થાય છે અને વક્ર સ્થિતિએ આવે છે તો કંઇક ઓછાવત્તું ગ્રહણ થાય છે; તે પણ વસ્તુતઃ ગ્રાસ થતો નથી; કેમકે રાહુને તથા સૂર્ય–ચંદ્રને ઘણુંજ અંતર છે. —શ્રીઘર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ક્રીડા કરવાનાં સ્થાનોમાં તથા વિહાર કરવાનાં સ્થળોમાં માયાઓથી વિનોદ કરતા વસે છે. તેઓની કામનાઓ ઈશ્વરથી પણ ભંગ કરી શકાતી નથી અને તેઓની સ્ત્રીઓ, છોકરાં, સંબંધીઓ, મિત્રો તથા સેવકો નિત્ય આનંદમાં અને પ્રેમમાં મગ્ન રહે છે.[૮] હે મહારાજ ! એ પાતાળોમાં માયાવી મયદાનવે બનાવેલી નગરીઓ શોભી રહી છે; જે નગરીઓ અનેક જાતના સર્વોત્તમ મુખ્ય મણિઓથી બનાવેલાં તરેહ તરેહનાં ઘરો, કિલ્લાઓ, દરવાજાઓ, સભાગૃહો, દેવમંદિરો, ચૌટાંઓ તથા બીજાં ઘણાં સ્થાનોથી સુશોભિત છે અને નાગોનાં જોડાં, અસુરોનાં જોડલાં, કબૂતરો, પોપટો તથા મેનાઓથી વ્યાપ્ત મજલાઓવાળાં તે તે પાતાલોના અધિપતિઓના ઉત્તમ મહેલોથી ઝળહળી રહી છે.[૯] ત્યાંના બાગબગીચાઓ મન તથા ઇન્દ્રિયોને અત્યંત આનંદ આપનાર, પુષ્પ તથા ફળના ગુચ્છાઓથી અને સુંદર નવપલ્લવોથી ઝૂકી રહેલી સુંદર ડાળીઓવાળાં અને લતાઓનાં અંગોથી ભેટાયલાં વૃક્ષોની શોભા વડે શોભી રહ્યાં છે; તેમજ નિર્મળ જળથી ભરેલાં અને જાતજાતનાં પક્ષીઓનાં યુગલોથી યુક્ત એવાં જલાશયોની શોભા વડે પણ તે બાગ–બગીચાઓ શોભે છે. ત્યાં માછલાંના ઉછાળાઓથી હાલકલોલક થઈ રહેલાં જળાશયોનાં જળની અંદર આવેલાં કમળો, પોયણાંઓ, કુવલય જાતનાં પોયણાંઓ, ધોળાં કમળો, કાળાં કમળો, લાલ કમળો તથા સો પાંખડીઓવાળાં કમળો વગેરેનાં વનોમાં પક્ષીઓએ પોતાના માળાઓ બાંધ્યા છે અને તે પક્ષીઓના અખંડ વિહારોને લીધે મચી રહેલા તરેહ તરેહના મધુર સ્વરો વગેરેથી ત્યાં ઇન્દ્રિયોને ખૂબ આનંદ મળે છે; જેને લીધે તે ઉદ્યાનો દેવલોકની શોભા કરતાં પણ ઘણાં ચઢિયાતાં છે.[૧૦] જ્યાં સૂર્ય વગેરેનો અભાવ છે તેથી દિવસો, રાત્રિઓ, વગેરે કાળના વિભાગોનો ભય નથી.[૧૧] જ્યાં મોટા મોટા શ્રેષ્ઠ સર્પોના મરકતમણિઓ સર્વ અંધકારને દૂર કરે છે.[૧૨] જે પ્રાણીઓ એ પાતાળોમાં વસી રહ્યાં છે તેઓને દિવ્ય ઔષધિઓના રસો, રસાયણો, અન્ન, પાન તથા સ્નાન વગેરેના સેવનથી મનની પીડાઓ, શરીરના રોગો, વળિયાં, પળિયાં તથા ઘડપણ વગેરે અનેક શરીરની ફીકાશ, દુર્ગંધ, પરસેવો, થાક, અનુત્સાહ કે વયની અવસ્થાઓ એ કંઇ થતું નથી.[૧૩] વળી ત્યાંનાં મંગળસ્વરૂપ પ્રાણીઓનું મૃત્યુ પણ ભગવાનના તેજરૂપ સુદર્શનચક્ર વિના બીજા કોઇથી કદી થતું નથી.[૧૪] એ સુદર્શન ચક્ર જ્યારે ત્યાં પ્રવેશ કરે છે, ત્યારે અસુરોની સ્ત્રીઓના ગર્ભો ઘણું કરી તેના ભયથીજ સ્રવી÷ જાય છે અને પડી જાય છે.[૧૫] એ પાતાળોમાં પહેલું જે અતલ નામનું પાતાળ છે તેમાં મયદાનવનો પુત્ર બલ નામે અસુર રહે છે, જેણે ત્યાં છન્નું પ્રકારની માયાઓ રચી છે. તેમાંની કેટલીક માયાઓને તો હજી પણ કેટલાક માયાવી પુરુષો ધારણ કરે છે. એ બલ અસુરે એક વેળા જ્યારે બગાસું ખાધું હતું, ત્યારે તેના મુખમાંથી સ્વૈરિણી,[૧] કામિની[૨] તથા પુંશ્ચલી[૩] નામની ત્રણ જાતની સ્ત્રીઓનાં ટોળાં ઉત્પન્ન થયાં હતાં. એ સ્ત્રીઓ તે પાતાળમાં પેઠેલા પુરુષને હાટક નામના સોનાના રસ વડે સંભોગ કરવામાં સમર્થ કરે છે અને પછી તે પુરુષને પોતાનાં વિલાસયુક્ત દર્શનથી, સ્નેહયુક્ત મંદ હાસ્યથી, પરસ્પર પ્રેમભાષણથી તથા આલિંગન વગેરેથી ઇચ્છાનુસાર રમાડે છે અને તે હાટક સુવર્ણના

÷ ગર્ભના સ્રાવમાં તથા પાતમાં આટલો ફરક હોય છે– **आचतुर्थाद् भवेत्स्रावः पातः पञ्चमषष्ठयोः**– ચોથા મહિના સુધીમાં ગર્ભનો સ્રાવ થયો ગણાય છે અને પાંચમા કે છઠ્ઠા મહિનામાં ગર્ભનો પાત થયો ગણાય છે. —**શ્રીધર**

૧. સ્વૈરિણી સ્ત્રી પોતાની જાતના પુરુષમાં આસક્ત રહે છે.

૨. કામિની સ્ત્રી પરજાતિના પુરુષમાં પણ આસક્ત રહે છે.

૩. પુંશ્ચલી સ્ત્રી તો ઘણીજ ચપળ હોઇને હરકોઇ પુરુષ સાથે મૈથુન કરે છે. –**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રસનું સેવન કરવાથી પેલો પુરુષ પણ દશ હજાર મોટા હાથીઓ સમાન બળવાળો બની જઇને જાણે મદાંધ બન્યો હોય તેમ પોતાને 'હું ઈશ્વર છું, હું સિદ્ધ છું' એમ માને છે અને બડાઇઓ હાંકે છે.[૧૬] એ અતલની નીચે આવેલા વિતલમાં ભગવાન હાટકેશ્વર મહાદેવ પોતાના પાર્ષદોથી વીંટાઇને પ્રજાપતિની સૃષ્ટિમાં વૃદ્ધિ કરવા માટે પાર્વતીની સાથે જોડારૂપે રહે છે. એ મહાદેવ તથા પાર્વતીના વીર્યમાંથી ત્યાં હાટકી નામની શ્રેષ્ઠ નદી વહી રહી છે; જેના જળને વાયુથી વૃદ્ધિ પામેલો અગ્નિ બળથી પી જાય છે અને પછી તે પીધેલા પાણીને થૂંકી નાખે છે. તેમાંથી હાટક નામનું સોનું ઉત્પન્ન થાય છે; જેનાં આભૂષણો બનાવીને અસુર રાજાઓના અંતઃપુરમાં પુરુષો તથા સ્ત્રીઓ ધારણ કરે છે. એ વિતલની નીચે સુતલ નામનું પાતાલ છે. ત્યાં ઉદાર કીર્તિવાળો અને પવિત્ર યશવાળો વિરોચનનો પુત્ર બલિ રાજા હજી પણ રહે છે, જે બલિરાજાની પાસેથી ઇન્દ્રનું પ્રિય કરવા ઇચ્છતા ભગવાને અદિતિદ્વારા શરીર ધારણ કરી બટુક વામનસ્વરૂપે થઇને પ્રથમ ત્રણે લોકો પડાવી લીધા હતા અને પછી પોતેજ પુનઃ દયા કરીને એ સુતલમાં તેને સ્થાપ્યો છે. એ બલિરાજા, ઇન્દ્ર વગેરે પાસે પણ ન હોય તેવી વિશાળ સમૃદ્ધિથી સેવાઈ રહ્યો છે અને આરાધન કરવા યોગ્ય તેજ ભગવાનનું પોતે આરાધન કરતો નિર્ભય રહે છે.[૧૭/૧૮] એ બલિરાજાને પાતાલનું ઐશ્વર્ય પ્રાપ્ત થયું છે, તે તેમણે કરેલા ભૂમિદાનનું ફળ ન સમજવું. કારણકે સમગ્ર જીવસમૂહના જીવરૂપ, આત્મારૂપ, પરમાત્મારૂપ અને ઉત્તમ તીર્થરૂપ ભગવાન વાસુદેવરૂપી પોતાની મેળે આવી મળેલા પાત્રમાં પરમ શ્રદ્ધાથી તથા પરમ આદરયુક્ત એકાગ્ર મનથી તે રાજાએ જે પ્રસિદ્ધ ભૂમિદાન કર્યું હતું, તે તો સાક્ષાત્ મોક્ષનાજ દ્વારરૂપ હતું.[૧૯] વળી છીંક ખાવી, પડી જવું, ઠોકર વાગવી–વગેરે પ્રસંગોમાં એક વાર પણ ભગવાનનું નામ લેતો પુરુષ પરવશ હોય છે તોપણ તત્કાળ કર્મબંધનનો ત્યાગ કરે છે, કે જે કર્મબંધનનો ત્યાગ કરવા માટે મુમુક્ષુઓ બીજા પ્રકારેજ પ્રયત્ન કર્યા કરે છે–યોગ, સાંખ્ય વગેરે અનેક ક્લેશોને અનુભવે છે.[૨૦] આવા ભગવાન કે જે પોતાના આત્મજ્ઞાની ભક્તોને પોતાનો આત્મા અર્પણ કરે છે અને જ્ઞાન આપે છે, તે ભગવાનને બલિરાજાએ સ્વસ્વરૂપ માનીનેજ જે ભૂમિદાન કર્યું હતું તેનું ફળ તે પાતાલનું ઐશ્વર્યજ ન હોઇ શકે; પણ તેનું ફળ તો મોક્ષરૂપજ હોવું જોઇએ.[૨૧] ભગવાને બલિરાજાને પાતાલનું ઐશ્વર્ય આપ્યું, એ ખરૂં જોતાં તેના પર કંઈ તેમણે અનુગ્રહ કર્યો નથી; કારણકે પરમાત્માના સ્મરણનો નાશ કરાવનારૂં માયામય ભોગોનું ઐશ્વર્યજ ભગવાને તેને આપ્યું છે. (અને તે તો એકાંતભક્તને માત્ર એક વિઘ્નરૂપજ ગણાય÷ છે.)[૨૨] ભગવાનને જ્યારે કોઇ પણ ઉપાય ન મળ્યો ત્યારે તેમણે યાચના કરવાના બહાનાથી બલિરાજા પાસેથી માત્ર તેના શરીર વિના ત્રણે લોકો પડાવી લીધા અને તેને વરુણના પાશોથી બાંધી લઈ જેમ કોઇ પર્વતની ગુફામાં ધકેલી દે, તેમ પાતાલના છિદ્રોમાં ધકેલી દીધો હતો; છતાં પણ તે વેળા બલિરાજા આ પ્રમાણે બોલ્યો હતો:[૨૩] 'ખરેખર! અત્યંત ખેદની વાત છે કે, આ ઇન્દ્ર જો કે વિદ્વાન છે તોપણ પુરુષાર્થ સંપાદન કરવા સંબંધે અવશ્ય અતિ નિપુણ નથી, કારણ કે ઇન્દ્રે પોતાની સાથે એકાંતમાં વિચાર ચલાવવા માટે બૃહસ્પતિનો મંત્રી તરીકે સ્વીકાર કર્યો છે, છતાં તેણે આ ઉપેન્દ્ર ભગવાનદ્વારા મારી પાસે માત્ર ત્રણ લોક-

÷ આજ આશય અન્ય સ્થળે કહેવામાં આવ્યો છે–

वासुदेवे मनो यस्य जपहोमार्चनादिषु ।
तस्यान्तरायो मैत्रेय देवेन्द्रत्वादिकं फलम् ॥

હે મૈત્રેય! જે પુરુષનું મન ભગવાન વાસુદેવમાં લાગેલું હોઇને જપ–હોમ તથા પૂજા વગેરેમાં લીન રહે છે, તે પુરુષને દેવેન્દ્ર પદ વગેરે જે ફળ મળે છે, તે તો તેને ભગવાનની ભક્તિમાં એક વિઘ્નરૂપજ થઇ પડે છે.–**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ની કામનાઓનીજ માગણી કરી, પણ તે ઉપેન્દ્ર ભગવાનની પોતાની માગણી કરી નહિ; અથવા તે ભગવાનના દાસત્વની તેમની પાસે માગણી કરી નહિ. કારણકે અત્યંત ગંભીર વેગવાળા કાળની પાસે માત્ર એકજ મન્વંતરમાં ઊલટસૂલટ થઇ જતા આ ત્રણ લોક તે તો શું હિસાબમાં છે? (આ ત્રણ લોક તો અતિ નાશવંત અને તુચ્છ વસ્તુ છે; માટે એ ભગવાન પ્રસન્ન થયા હતા, તો ઇન્દ્રે ભગવાનનેજ માગી લેવા યોગ્ય હતા. આ ત્રણ લોકની તેને જો જરૂરજ હતી તો તેણે મારી પાસે માત્ર બૃહસ્પતિનેજ મોકલવો હતો. કારણ કે હું તો હરકોઇ બ્રાહ્મણને મારું સર્વસ્વ આપી દેવા માટે તૈયારજ હતો, છતાં ઇન્દ્રે ભગવાનદ્વારા ત્રૈલોક્યની માગણી કરી તે તો કેવળ મૂર્ખાઇ કરી છે.)[૨૪] અરે! અમારા દાદા પ્રહ્લાદજીએ પણ ભગવાનની પાસે તેમનું દાસત્વજ માગી લીધું હતું અને નહિ કે પોતાના પિતા જ્યારે મરણ પામ્યા હતા ત્યારે ભગવાને પોતે આપવા માંડેલું પોતાના પિતાનું નિર્ભય રાજ્યપદ માગ્યું હતું! કારણ કે પ્રહ્લાદજી સમજતા હતા કે, આ રાજ્યપદરૂપી વસ્તુ તો ભગવાનથી જુદીજ છે અને તેથીજ તેમણે તે લીધી ન હતી.[૨૫] જેના રાગદ્વેષાદિ કષાયો દૂર થયા નથી અને તેથીજ જેના પર ભગવાનની કૃપા ઓછી છે એવો અમારા જેવો કયો મનુષ્ય એ મહાનુભાવ પ્રહ્લાદજીના માર્ગે જવાની ઇચ્છા પણ કરી શકે?[૨૬] બલિરાજાનું એ ચરિત્ર આગળ-અષ્ટમ સ્કંધમાં કહેવામાં આવશે; જે રાજાના દ્વારમાં સમગ્ર જગતના ગુરુ અને પોતાના ભક્તો પર કૃપાયુક્ત હૃદયવાળા ભગવાન નારાયણ પોતે હાથમાં ગદા લઇને ઊભા રહે છે; જે શ્રીનારાયણે, રાવણ જ્યારે દિગ્વિજય કરવા નીકળ્યો હતો અને બલિરાજાના દ્વારમાં પ્રવેશ કરતો હતો, ત્યારે માત્ર પોતાના પગના અંગૂઠાથીજ તે રાવણને લાખો યોજન દૂર ફેંકી દીધો હતો. તે સુતલની નીચે આવેલા તલાતલમાં મય નામનો દાનવોનો રાજા પૂજાય છે-સુખેથી રહે છે; એ દાનવરાજા ત્રણ (માયાવી નગરોનો) અધિપતિ હતો; પણ ત્રણે જગતનું કલ્યાણ કરવા ઇચ્છતા ભગવાન શંકરે એ દાનવ રાજાનાં તે ત્રણે નગરો બાળી નાખ્યાં હતાં. પછીથી ફરી પણ તે દાનવરાજાએ શંકર ભગવાનનીજ કૃપાથી પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તે રાજા માયાવી પુરુષોનો તો આચાર્ય છે અને મહાદેવજી પોતે તેની રક્ષા કરે છે, તેથી તેને ભગવાનના સુદર્શનચક્રનો પણ ભય નથી. તે તલાતલની નીચે મહાતલ આવેલું છે. ત્યાં કદ્રૂના પુત્ર સર્પોનો ક્રોધવશ નામનો સમુદાય વસે છે. તે સર્પોને અનેક માથાંઓ હોય છે. તેઓમાં કુહક, તક્ષક, કાલિય તથા સુષેણ વગેરે મુખ્ય સર્પો છે. તેઓનાં શરીરો મોટાં મોટાં હોય છે; તેઓ શ્રીહરિના વાહન ગરુડથી હમેશાં ભયભીત રહે છે અને પોતાનાં સ્ત્રી, પુત્ર, મિત્ર તથા કુટુંબના સંગને લીધે તેઓ કોઈકોઇ વખતે પ્રમાદી થઇને વિચર્યા કરે છે.[૨૭-૨૯] એ મહાતલની નીચે રસાતલ આવેલું છે. ત્યાં પણિ નામના અને નિવાતકવચ તથા કાલેય નામના હિરણ્યપુરમાં વસનારા દૈત્યો તથા દાનવો રહે છે. તેઓ જન્મથીજ દેવોના શત્રુઓ હોય છે; મહાબળવાન હોય છે અને મહાસાહસિક હોય છે; તોપણ તેઓનાં બળ તથા ગર્વ સમગ્ર લોક કરતાં પ્રભાવશાળી શ્રીહરિનાજ સુદર્શનચક્રથી નાશ પામ્યાં છે, જેથી દરમાં જેમ સર્પો પડી રહે, તેમ એ પાતાલમાં તેઓ રહે છે અને ઇન્દ્રની દૂતિ સરમા નામની દેવોની જે કૂતરી છે, તેની *મંત્રવર્ણવાળી વાણીને

* આવું એક વૈદિક આખ્યાન છેઃ-પૂર્વે પણિ નામના અસુરોએ દેવોની ગાય કામધેનુને ગુમ કરી દીધી હતી. તેની શોધ કરવા માટે ઇન્દ્રે દેવોની કૂતરી સરમાને મોકલી હતી. તે સરમા સાથે પણિ દૈત્યોને સલાહ કરવાની ઇચ્છા થઇ; તેથી તેઓએ તેણીને કહ્યું કે, "હે સરમા! તારી શી ઇચ્છા છે?" પણ સરમા તો સંધિ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લીધે ઇન્દ્રથી પણ ડરે છે.[30] એ રસાતલની નીચે પાતાલ આવેલું છે. ત્યાં વાસુકિ વગેરે નાગલોકોના રાજાઓ રહે છે. તેઓમાં શંખ, કુલિક, મહાશંખ, શ્વેત, ધનંજય, ધૃતરાષ્ટ્ર, શંખચૂડ, કંબલ, અશ્વતર તથા દેવદત્ત વગેરે મુખ્ય નાગો છે. તેઓનાં શરીરો મોટાં મોટાં હોય છે; તેઓ ઘણાજ ક્રોધી હોય છે; તેઓમાંના ઘણાને પાંચ, સાત, દશ, સો કે હજાર મસ્તકો પણ હોય છે અને તેઓનાં મસ્તકો પર એવા તેજસ્વી મહામણિઓ જન્મસિદ્ધ હોય છે, કે જેઓ પાતાલરૂપી ગુફામાં રહેલા સર્વ અંધકારનો પોતાની કાંતિ વડે નાશ કરે છે."[31]

ततोऽधस्तात्पाताले नागलोकपतयो वासुकिप्रमुखाः शंखकुलिकमहाशंखश्वेतधनंजयधृतराष्ट्रशंखचूडकंबलाश्वतरदेवदत्तादयो महाभोगिनो महामर्षा निवसंति तेषामु ह वै पंचसप्तदशशतसहस्रशीर्षाणां फणासु विरचिता महामणयो रोचिष्णवः पातालविवरतिमिरनिकरं स्वरोचिषा विधमंति ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૨૪ મો સમાપ્ત

અધ્યાય ૨૫ મો×

પાતાળોની નીચે ભગવાન શેષનાગની સ્થિતિ

॥ श्रीशुक उवाच ॥

तस्य मूलदेशे त्रिंशद्योजनसहस्रांतर आस्ते या वै कला भगवतस्तामसी समाख्यातानंत इति सात्वतीया द्रष्टृदृश्ययोः संकर्षणमहमित्यभिमानलक्षणं यं संकर्षणमित्याचक्षते ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ સપ્ત પાતાલની નીચે ત્રીસ હજાર યોજનના અંતરે ભગવાનની તામસી કળારૂપ શેષનાગ ભગવાન રહે છે. જે ભગવાન 'અનંત' એવા નામથી પ્રસિદ્ધ છે અને સાત્વત તંત્રના અનુયાયીઓ (ચતુર્વ્યૂહની ઉપાસનામાં) જેમને 'સંકર્ષણ' કહે છે; કારણ કે એ ભગવાન 'અહમ્' એવા અભિમાનના લક્ષણવાળા હોઇને–અહંકારના અધિષ્ઠાતા છે ને તેથીજ આત્મા તથા દેહની એકતાનું ભાન કરાવવામાં કારણભૂત થાય છે; માટેજ તેમને સંકર્ષણ કહે છે.[1] અનંત મૂર્તિવાળા અને હજાર મસ્તકોવાળા જે ભગવાનના એકજ મસ્તક પર રહેલું આ ભૂમંડળ જાણે એક સરસવનો દાણો હોય તેવું જણાય છે.[2] એ શેષનાગ ભગવાન પ્રલયકાળે આ જગતનો સંહાર કરવા ઇચ્છે છે, ત્યારે ક્રોધથી વક્ર થયેલી તેમની ભમતી સુંદર બે ભ્રૂકુટીની વચ્ચેથી સાંકર્ષણ નામના અગિયાર રુદ્રદેવ ઉત્પન્ન થાય છે. તેઓ સર્વે ત્રણ ત્રણ નેત્રોવાળા હોય છે અને ત્રણ અણીઓવાળા ત્રિશૂળને ઉગામી રહ્યા હોય છે.[3] તે અનંત ભગવાનના બન્ને ચરણકમળના લાલ ઉજ્જવળ નખોરૂપી મણિમંડળમાં મોટા મોટા નાગરાજાઓ ઉત્તમ ભક્તોની સાથે એકાંત ભક્તિયોગથી નમન કરી રહ્યા હોય છે અને તે વેળા એ

કરવા ઇચ્છતી ન હતી; તેથી તેણીએ ઇન્દ્રની સ્તુતિ કરીને આવા મંત્રવર્ણો કહ્યા–"**हता इन्द्रेण पणयः शयध्वम्**–ઇન્દ્રથી હણાયલા પણિઓ ધરણી પર ઢળી પડો." આ મંત્રવર્ણો સાંભળીને તેઓ ભયભીત થઇ ગયા અને ઇન્દ્રથી ડરે છે. —શ્રીધર

× આ અધ્યાયમાં પાતાલની નીચે શેષનાગની સ્થિતિ કહેવાશે. જે શેષનાગ પ્રલયકાળે આ જગતનો સંહાર કરવા ઇચ્છે છે ત્યારે તેમનાથી રુદ્રદેવની ઉત્પત્તિ થાય છે.–શ્રી૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નખોરૂપી મણિઓમાં ઝળકતાં કુંડળોની કાંતિથી સુશોભિત ગંડસ્થળોવાળાં અતિ મનોહર પોતાનાં મુખોને અત્યંત હર્ષિત મન વડે જોઈ રહે છે.[૪] વળી આ સંકર્ષણ ભગવાનનાજ આશીર્વાદોને ઇચ્છતી નાગરાજાઓની કુમારિકાઓ એમના સુંદર બાજુબંધવાળા, સુશોભિત, ઉજ્જવળ, વિશાળ, શ્વેત રંગના, મનોહર અને દેદીપ્યમાન ભુજાઓરૂપી રૂપાના સ્તંભો ઉપર અગર, ચંદન તથા કેસરના વિલેપનથી જ્યારે લેપન કરે છે, ત્યારે તે નાગકુમારીઓ એમના સ્પર્શથી વિકાર પામેલા હૃદયમાં કામનો આવેશ થવાથી સુંદર લલિત મંદ હાસ્ય કરે છે અને તે વેળા પ્રેમ તથા મદથી પ્રસન્ન દેખાતાં અને મદથી ઘેરાતાં લગાર લાલ નેત્રો વડે દયાપૂર્વક જોઇ રહેલા તે ભગવાનના મુખકમળને લજ્જાપૂર્વક જોયા કરે છે.[૫] અનંત ગુણોના જે સમુદ્ર છે, આદિદેવ છે અને અસહિષ્ણુતા તથા ક્રોધના વેગનો જેમણે ઉપસંહાર કર્યો છે,[૬] તેજ ભગવાન અનંત લોકોના કલ્યાણ માટે ત્યાં રહે છે. દેવો, અસુરો, સર્પો, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો તથા મુનિગણો તેમનું ધ્યાન કરે છે; તેમનાં નેત્રો નિત્ય મદથી આનંદિત અને વિહ્‌વળ રહે છે; પોતાના પાર્ષદ દેવગણોના સ્વામીઓને પોતાનાં વચનામૃતથી તે હર્ષ પમાડે છે; શ્યામ વસ્ત્ર ધારણ કરે છે; એકજ કુંડળ પહેરે છે; પોતાની મનોહર ભુજાને તેમણે હળની પીઠ ઉપર સ્થાપેલી છે; તે ઉદાર ચરિત્રવાળા છે અને જેનો રંગ કદી કરમાતો નથી એવી નવી તુલસીના સુગંધી મકરંદના રસને લીધે મદોન્મત્ત બનેલા ભમરાઓનાં ટોળાંના મધુર ગાનથી શોભી રહેલી પોતાની વૈજયંતી નામની વનમાળાને, જેમ ઇન્દ્રનો હાથી સોનાનાં નાડાંને ધારણ કરે છે, તેમ તે ભગવાન ધારણ કરે છે.[૭] જે શેષનાગ ભગવાન, પોતાનું એ પ્રમાણેનું ચરિત્ર જો કોઈ મુમુક્ષુઓ સાંભળે છે કે પોતાનું ધ્યાન કરે છે તો તેઓની અનાદિ કાળની કર્મવાસનાથી ગૂંથાયલી, અવિદ્યામય તથા સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણમય એવી હૃદયની (અભિમાનરૂપી) ગાંઠનો સત્વર તેઓનાં હૃદયમાં પ્રવેશ કરીને નાશ કરે છે. એ અનંત ભગવાનના પ્રભાવોને બ્રહ્મદેવના પુત્ર ભગવાન નારદે બ્રહ્મદેવની સભામાં તુંબુરુ નામના ગંધર્વની સાથે રહી આ પ્રમાણે વર્ણવ્યા હતા:[૮]

॥ प्रहर्षिणी वृत्तम् ॥

उत्पत्तिस्थितिलयहेतवोऽस्य कल्पाः
सत्त्वाद्याः प्रकृतिगुणा यदीक्षयाऽऽसन् ।
यद्रूपं ध्रुवमकृतं यदेकमात्मन्
नानाधात् कथमु ह वेद तस्य वर्त्म ॥ ९ ॥

मूर्तिं नः पुरुकृपया बभार सत्त्वं
संशुद्धं सदसदिदं विभाति यत्र ।
यल्लीलां मृगपतिराददेऽनवद्या-
मादातुं स्वजनमनांस्युदारवीर्यः ॥ १० ॥

यन्नाम श्रुतमनुकीर्तयेदकस्मा-
दार्तो वा यदि पतितः प्रलंभनाद्वा ।
हन्त्यंहः सपदि नृणामशेषमन्यं
कं शेषाद् भगवत आश्रयेन्मुमुक्षुः ॥ ११ ॥

मूर्धन्यर्पितमणुवत् सहस्रमूर्ध्नो
भूगोलं सगिरिसरित्समुद्रसत्त्वम् ।
आनन्त्यादनिमितविक्रमस्य भूम्नः
को वीर्याण्यधिगणयेत् सहस्रजिह्वः ॥ १२ ॥

'જેમના દૃષ્ટિપાતમાત્રથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણભૂત પ્રકૃતિના સત્ત્વાદિ ગુણો પોતપોતાનું કાર્ય કરવામાં સમર્થ થયા હતા; જેમનું સ્વરૂપ અનંત અને અનાદિ છે; કારણ કે જે પોતે એકજ હોવા છતાં પોતાના આત્માને વિષે અનેક કાર્યપ્રપંચ જેમણે ધારણ કર્યો છે, તે બ્રહ્મસ્વરૂપ શેષનાગ ભગવાનના માર્ગને પુરુષ કેવી રીતે જાણી શકે? જે ભગવાન વિષે આ કાર્યકારણાત્મક જગત જણાય છે, પોતાના ભક્ત પુરુષોના મનને વશ કરવાને જેમણે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

કરેલી નિર્દોષ લીલાને મૃગપતિ–સિંહ શીખ્યો છે અને જેમનાં પરાક્રમો ઉદાર છે, તે શેષ ભગવાને આપણા ઉપરની પૂર્ણ કૃપાથી શુદ્ધ સત્ત્વગુણમય મૂર્તિ ધારણ કરી છે.[૯।૧૦] જો કોઇ દુઃખી મનુષ્ય અથવા મહાપાપી મનુષ્ય પણ જેમના નામને અકસ્માત્ સાંભળીને દુઃખથી કે હાંસીથી પણ ઉચ્ચારે છે; તોપણ તત્કાળ તે પોતે પોતાના પાપનો નાશ કરે છે; એટલુંજ નહિ પણ તે મનુષ્ય બીજાં મનુષ્યોનાં પણ સમગ્ર પાપોનો સત્વર નાશ કરે છે; આવા શેષ ભગવાનને છોડીને મુમુક્ષુ પુરુષ બીજા કોનો આશ્રય કરે ?[૧૧] હજાર મસ્તકોવાળા જે ભગવાનના એકજ મસ્તક ઉપર રહેલું અને પર્વતો, નદીઓ, સમુદ્રો તથા સર્વ પ્રાણીઓ સહિત આ ભૂમંડળ એક પરમાણુના જેવડું જણાય છે; તે અનંત હોવાથી અપાર પરાક્રમવાળા વ્યાપક શેષ ભગવાનનાં પરાક્રમોને હજાર જીભવાળો પણ કયો પુરુષ ગણી શકે તેમ છે ?' આવા પ્રભાવવાળા ભગવાન શેષનાગ અપાર પરાક્રમવાળા છે; ઘણા ગુણોવાળા છે; મહાપ્રતાપી છે; પૃથ્વીના મૂળમાં રહ્યા છે; પોતે પોતાનાજ આધારવાળા છે અને જગતના રક્ષણને માટે લીલાથી પૃથ્વી ધારણ કરે છે.[૧૨।૧૩] કામનાઓને ઇચ્છતા મનુષ્યોએ પોતપોતાનાં કર્માનુસાર નિર્માણ કરાયલી આ ગતિઓ પ્રાપ્ત કરવાને યોગ્ય હોય છે અને તેઓનુંજ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે મેં અહીં વર્ણન કર્યું છે.[૧૪] હે રાજન્! પુરુષના પ્રવૃત્તિલક્ષણ ધર્મના ફળરૂપ નાનીમોટી ગતિઓ બસ આટલીજ છે. તે તમારા પ્રશ્નાનુસાર જુદી જુદી મેં તમને કહી. બોલો, હવે બીજું હું શું કહું ?"[૧૫]

एतावतीर्हि राजन् पुंसः प्रवृत्तिलक्षणस्य धर्मस्य विपाकगतय उच्चावचा विसदृशा यथाप्रश्नं व्याचख्ये किमन्यत्कथयाम इति ॥ १५ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૨૫ મો સમાપ્ત

अध्याय २६ मो+

નરકોનું વર્ણન

॥ राजोवाच ॥

महर्ष एतद्वैचित्र्यं लोकस्य कथमिति ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે મહર્ષિ! લોકને આવી જુદી જુદી ગતિઓ પ્રાપ્ત થાય છે, તેનું કારણ શું છે ?"[૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"કર્મ કરનાર પુરુષ ત્રિગુણાત્મક હોય છે, તેથી તે પુરુષની શ્રદ્ધા પણ ત્રિગુણાત્મક હોય છે; તેને લીધે સર્વને કર્મની સર્વ ગતિઓ પણ જુદી જુદી અને નાનીમોટી પ્રાપ્ત થાય છે.*[૨] હવે જેને માટે શાસ્ત્રે નિષેધ કરેલો છે, તે અધર્મ કરનારા પુરુષની શ્રદ્ધા પણ તેજ† પ્રમાણે જુદી જુદી હોય છે અને તે રીતે અધર્મકર્તા પુરુષને પણ જુદાં જુદાં કર્મફળ પ્રાપ્ત થાય છે. કારણ કે અનાદિ અવિદ્યાને લીધે જેઓએ કામભોગનું સેવન કર્યું હોય છે, તેવાં પ્રાણીઓને એના ફળરૂપે હજારો નરકગતિઓ પ્રાપ્ત થાય છે. માટે હવે તેઓનું લગભગ મુખ્ય મુખ્ય વર્ણન હું કરું છું."

પરીક્ષિત રાજાએ પૂછ્યું–"હે ભગવન્! તે નરક નામે શું કોઈ દેશ છે ? અને તે શું ત્રણ લોકની બહાર આવેલા છે કે ત્રણ લોકની વચ્ચે આવેલા છે ?"[૩।૪]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ નરકલોક ત્રણ જગતની વચ્ચેજ આવેલા છે. દક્ષિણદિશામાં

+ આ અધ્યાયમાં પાતાલોની નીચે આવેલાં નરકોનું વર્ણન કરવામાં આવશે, કે જ્યાં યમદૂતો પાપીઓને તેઓનાં કર્મ પ્રમાણે દુઃખ દે છે. —શ્રીધર

* અર્થાત્ સાત્ત્વિકી શ્રદ્ધાથી કર્મકર્તા પુરુષ સુખી થાય છે, રાજસી શ્રદ્ધાથી દુઃખી થાય છે અને તામસી શ્રદ્ધાથી દુઃખી અને મૂઢ થાય છે. —શ્રીધર

† તમોગુણના પણ પેટાભેદો ઘણા હોય છે; માટે અધર્મ કરનારની તામસી શ્રદ્ધા પણ અનંત પ્રકારની હોય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભૂમિની× નીચે જળની ઉપર તે રહ્યા છે; જે દક્ષિણ દિશામાં અગ્નિષ્વાત્ત વગેરે પિતૃગણો ચિત્તની પરમ એકાગ્રતાથી પોતાના વંશજોને સત્ય આશીર્વાદ આપતા વસે છે;૫ તે સ્થળે પોતાના ગણો સાથે રહેલા ભગવાન પિતૃરાજ યમદેવ, પોતાના દૂતોએ પોતાના પ્રદેશમાં આણેલાં, મૃત્યુ પામેલાં પ્રાણીઓને તેઓનાં કર્મો પ્રમાણે ભગવાનની આજ્ઞામાં રહીને નરકયાતનારૂપ નિર્દોષ શિક્ષા કરે છે.૬ એ સ્થળે કેટલાક વિદ્વાનો એકવીસ નરકોની ગણતરી કરે છે. હે રાજા! તે નરકોનાં નામો, રૂપો તથા લક્ષણો હું તમને અનુક્રમે કહું છું. તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, સૂકરમુખ, અંધકૂપ, કૃમિભોજન, સન્દંશ, તપ્તસૂર્મિ, વજ્રકંટકશાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ અને અયઃપાન—આ નામનાં એકવીસ નરકો છે. તે ઉપરાંત ક્ષારકર્દમ, રક્ષોગણભોજન, શૂલપ્રોત, દંદશૂક, અવટનિરોધન, પર્યાવર્તન અને સૂચીમુખ નામનાં બીજાં પણ સાત નરકો છે. (એમ કેટલાક માને છે.) આ અઠ્ઠાવીસ નરકો જાતજાતનાં દુઃખ ભોગવવાનીજ ભૂમિઓ છે.૭ તેમાં જે મનુષ્ય પારકાં ધનનું, છોકરાંનું કે સ્ત્રીનું હરણ કરે છે, તે મનુષ્યને (મરણસમયે) અતિ ભયંકર યમદૂતો કાળપાશથી બાંધે છે અને બળજબરીથી તામિસ્ર નામના નરકમાં નાખે છે, જ્યાં એ પ્રાણીને ખોરાક બંધ કરવો, પાણી નહિ આપવું, લાકડીઓનો માર મારવો અને તિરસ્કાર કરવો—વગેરે દુઃખો આપીને દુઃખી કરવામાં આવે છે અને તેને લીધે બેભાન થઇ જઈને લગભગ અંધકારવાળા તે નરકમાં તેજ સમયે એ પ્રાણી મૂર્છા પામે છે. એજ પ્રમાણે જે મનુષ્ય બીજા કોઇ પુરુષને ઠગીને તેની સ્ત્રી વગેરેનો ઉપભોગ કરે છે, તે મનુષ્યને યમદૂતો અંધતામિસ્ર નામના નરકમાં નાખે છે, કે જે સ્થળે દુઃખમાં પડેલા તે પ્રાણીની બુદ્ધિ અને દૃષ્ટિ વેદનાને લીધે નાશ પામી જાય છે અને કપાતાં મૂળિયાંવાળા વૃક્ષના જેવી બેભાન સ્થિતિમાં તે જઇ પડે છે. એજ કારણથી એ નરકને 'અંધતામિસ્ર' કહે છે.૮૯ જે મનુષ્ય આ લોકમાં 'આ શરીર તે હું છું; આ ધન વગેરે મારું છે' એમ 'હું—મારું' કરીને પ્રાણીઓનો દ્રોહ કરી તે દ્વારા કેવળ પોતાના કુટુંબનુંજ હમેશાં પોષણ કરે છે, તે મનુષ્ય એ કુટુંબ વગેરેને તો અહીંજ છોડી દઇને પોતેજ પોતાનાં તે પાપને લીધે રૌરવ નામના નરકમાં પડે છે.૧૦ આ મનુષ્યલોકમાં જે પ્રમાણે એ મનુષ્યે બીજાં પ્રાણીઓને હણી નાખ્યાં હોય છે, તેજ પ્રમાણે તે હણાયલાં પ્રાણીઓ યમલોકમાં યમયાતના ભોગવવા ગયેલા તે મનુષ્યને 'રુરુ' નામના પશુનું સ્વરૂપ ધારણ કરીને હણે છે; તેથીજ એ નરકસ્થાનને વિદ્વાનો 'રૌરવ' કહે છે. 'રુરુ' એ સર્પ કરતાં પણ અત્યંત ક્રૂર એક પ્રાણીનું નામ છે.૧૧ એજ પ્રમાણે 'મહારૌરવ' નામનું જે નરક છે, તેમાં પડેલા મનુષ્યને પણ માંસાહારી એ રુરુ પશુઓ માંસને માટે ફાડી ખાય છે, કે જે મનુષ્યે કેવળ પોતાના શરીરનેજ પોષ્યું હોય છે.૧૨ તેમજ જે ઉગ્ર મનુષ્ય આ લોકમાં પશુઓને કે પક્ષીઓને જીવતાંજ રાંધી નાખે છે, તે—રાક્ષસોએ પણ નિંદેલા નિર્દય મનુષ્યને યમલોકમાં યમદૂતો કુંભીપાક નામના નરકમાં તપાવેલા તેલની અંદર રાંધી નાખે છે. જે મનુષ્ય આ મનુષ્યલોકમાં પિતાનો, બ્રાહ્મણોનો તથા વેદોનો દ્રોહ કરે છે, તે મનુષ્યને (યમલોકમાં યમદૂતો) દશ હજાર યોજન વિસ્તારવાળા કાલસૂત્ર નામે નરકમાં ધકેલી દે છે. આ નરક કેવળ ત્રાંબાનું છે; તેનો સપાટ પ્રદેશ તપેલોજ રહે છે અને ઉપર તથા નીચે સૂર્ય અને અગ્નિ વડે અતિશય બળ્યા કરે છે. આ નરકમાં ક્ષુધા તથા તૃષાથી

× ભૂમિની નીચે એટલે પાતાળની નીચે. જળની ઉપર એટલે પાતાળની નીચે આવેલા ગર્ભોદક નામના જળની ઉપર. જે ત્રીસ હજાર યોજનનું અંતર કહ્યું છે ત્યાં.
—બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જેનું શરીર બહાર અને અંદર બળું બળું થઈ રહ્યું હોય છે, એવો તે પ્રાણી કોઇ એક પશુના શરીર પર જેટલાં રૂંવાડાં હોય છે, તેટલાં હજાર વર્ષ સુધી બેસે છે, સૂવે છે, તરફડે છે, ઊભો રહે છે અને દોડે છે. જે મનુષ્ય આ લોકમાં પોતાના પર દુઃખ ન આવ્યું હોય, છતાં પણ પોતાના વેદ-માર્ગનો ત્યાગ કરીને પાખંડમાર્ગનો આશ્રય કરે છે, તે મનુષ્યને યમના દૂતો અસિપત્રવન નામના નરકમાં નાખી દઇને ચાબુકનો માર મારે છે અને તે વેળા વેદનાને લીધે આમતેમ દોડતો તે પ્રાણી બન્ને તરફ ધારવાળાં તાલ વૃક્ષનાં તલવાર જેવાં પાંદ-ડાંઓથી સર્વાંગે છિન્નભિન્ન થઈ જાય છે; તેથી 'હાય ! મરી ગયો !' એવી બૂમો પાડતો અત્યંત વેદનાને લીધે પગલે પગલે મૂર્ચ્છિત થઇને પડે છે. આવી રીતે સ્વધર્મની હત્યા કરનારો પ્રાણી પાખં-ડમાર્ગનો આશ્રય કરવાનું એવું ફળ ત્યાં ભોગવે છે.[૧૩–૧૫] જે મનુષ્ય આ લોકમાં રાજા અથવા રાજપુરુષ થઇને શિક્ષાપાત્ર ન હોય, તેને પણ શિક્ષા કરે છે અથવા બ્રાહ્મણને પણ મરણની શિક્ષા કરે છે, તે મહાપાપી મનુષ્ય યમલોકમાં સૂકરમુખ નામના નરકની અંદર પડે છે; જ્યાં મહાબળવાન યમદૂતો એ પ્રાણીના અવયવોને શેરડીના સાંઠાની પેઠે અત્યંત પીલી નાખે છે; જેને લીધે તે પ્રાણી દુઃખી સ્વરે રડે છે અને પૂર્વે જે પ્રમાણે નિરપ-રાધીઓને પીડ્યા હોય છે, તે પ્રમાણે પોતે પીડા પામીને કોઇ કોઈ વાર મૂર્ચ્છિત થઈ જાય છે.[૧૬] જે મનુષ્ય, આ લોકમાં ઈશ્વરે નિર્માણ કરેલી આજીવિ-કાવાળો હોઈને બીજાંઓને થતી પીડાને પોતે જાણતો હોય છે છતાં, મનુષ્યના લોહીનું પાન કર-વું વગેરે જેઓની આજીવિકા ઈશ્વરેજ બાંધેલી હોય છે અને જેઓ બીજાંને થતી પીડા જાણતાં નથી તેવાં માંકડ, જૂ, મચ્છર વગેરે પ્રાણીઓને પીડા ઉપજાવે છે, તે મનુષ્ય એ પ્રાણીદ્રોહને લીધે યમલોકમાં અંધકૂપ નામના નરકની અંદર પડે છે અને ત્યાં તેજ પશુ, મૃગ, પક્ષી, સર્પ, મચ્છર, જૂ, માંકડ તથા માખી વગેરે પ્રાણીઓ કે જેઓનો તેણે દ્રોહ કર્યો હોય છે, તેઓ ચારે તરફથી તેને પીડવા માંડે છે; જેને લીધે કોઇ નિંદ્ય શરીરમાં જેમ જીવડાંઓ દુઃખી થાય છે, તેમ દુઃખી થઇને તે પ્રાણી નિદ્રારૂપ શાંતિથી પણ રહિત થઇને કોઈ પણ ઠેકાણે સ્થિતિ કર્યા વિનાજ તે નરકના અંધ-કારમાં આમતેમ વલવલ્યા કરે છે.[૧૭] જે મનુ-ષ્ય આ લોકમાં પોતાને જે કંઈ ભક્ષ્યાદિ મળ્યું હોય છે, તેમાંથી અતિથિ વગેરેના ભાગ પાડ્યા વિના અને પાંચ મહાયજ્ઞો નહિ કરીને પોતે એક-લોજ તે વસ્તુનો ઉપભોગ કરે છે, તે મનુષ્યને વિ-દ્વાનોએ કાગડાના જેવો વર્ણવ્યો છે અને તે મનુષ્ય યમલોકમાં કૃમિભોજન નામના નરકમાં પડે છે. ત્યાં એક લાખ યોજનના કૃમિકુંડમાં પોતે કીડા થઇને કીડાઓનુંજ ભોજન કરે છે અને તેને પોતાને પણ બીજા કીડાઓ ખાધા કરે છે. એ રીતે તે પ્રાણી કોઈને આપ્યા વિના તથા પાંચ મહાયજ્ઞ કર્યા વિના પોતે જે કંઈ ખાધું હોય છે, તેનું પ્રાયશ્ચિત્ત નહિ કરીને પોતાના આત્માને એ નરકવેદનામાં નાખે છે.[૧૮] જે મનુષ્ય પોતે આપત્કાળમાં હોતો નથી, છતાં કોઈ બ્રાહ્મણનું કે હરકોઇ બીજાનું સોનું તથા રત્ન વગેરે ચોરીથી કે બળજબરીથી હરી લે છે, તે મનુષ્યને હે રાજા ! યમલોકમાં (સંદંશ ના-મના નરકમાં) યમદૂતો લોઢાના ધગધગતા સાણ-સાઓથી ચામડીમાં ઊતરડી કાઢે છે. (અને આ-વાજ કારણથી એ નરકને 'સંદંશ' કહે છે.)[૧૯] જે પુરુષ આ લોકમાં અગમ્ય સ્ત્રી સાથે ગમન કરે છે અથવા જે સ્ત્રી અગમ્ય પરપુરુષ સાથે ગમન કરે છે, તે બન્નેને યમલોકમાં–તપ્તસૂર્મિ નરકની અંદર ય-મદૂતો ચાબુકના માર મારે છે અને પુરુષને લોઢાની તપાવેલી સ્ત્રીની પ્રતિમા સાથે આલિંગન કરાવે છે. (આવાજ કારણથી તે નરકને 'તપ્તસૂર્મિ' કહે છે.)[૨૦] જે મનુષ્ય આ લોકમાં પશુ વગેરે સર્વ પ્રાણીઓ સાથે વ્યભિચાર કરે છે, તે મનુષ્યને યમલોકમાં 'વજ્રકંટક શાલ્મલી' નામના નરકમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(યમદૂતો) લઈ જાય છે અને ત્યાં એ વજ્ર સમાન કાંટાવાળા શીમળાના ઝાડ ઉપર ચડાવીને તે પ્રાણીને (નીચેથી) ખેંચે છે.[૨૧] જે રાજાઓ અથવા રાજપુરુષો આ લોકમાં પોતે સારા કુળવાન હોવા છતાં ધર્મની મર્યાદાઓનો નાશ કરે છે, તેઓ મરણ પામીને યમલોકમાં વૈતરણી નરકમાં પડે છે. એ વૈતરણી તે નરકની ખાઈરૂપ એક નદી છે. તેમાં મર્યાદાનો નાશ કરનારા તે પાપીઓને ત્યાંના જળજીવો ચોતરફથી કોચી ખાય છે, છતાં તેઓ દેહ કે પ્રાણથી મુક્ત થતા નથી; પણ પ્રાણને ધારણ કરે છે અને પોતાનાં તે પાપકર્મનું સ્મરણ કરતા વિષ્ટા, મૂત્ર, પરુ, લોહી, વાળ, નખ, હાડકાં, મેદ, માંસ તથા ચરબીને વહી રહેલી તે વૈતરણી નદીમાં સંતાપ પામ્યા કરે છે.[૨૨] જે પુરુષો શૂદ્રજાતિની સ્ત્રીના પતિ બનીને શૌચ, આચાર તથા નિયમોનો નાશ કરે છે, લજ્જાનો ત્યાગ કરે છે અને પશુઓની પેઠે સ્વેચ્છાચાર કરે છે, તે પુરુષો પણ યમલોકમાં પરુ, વિષ્ટા, મૂત્ર, બળખા તથા મળથી ભરેલા સમુદ્રરૂપ–પૂયોદ નામના નરકમાં પડે છે અને ત્યાં તેજ અતિ બીભત્સ વસ્તુઓનું ભક્ષણ કરે છે.[૨૩] જે બ્રાહ્મણ વગેરે મનુષ્યો આ લોકમાં કૂતરાં તથા ગધેડાંઓના પતિ બને છે–ઘેર કૂતરાં તથા ગધેડાં પાળે છે, મૃગયાવિહાર કરે છે–શિકાર ખેલે છે અને યજ્ઞ–શ્રાદ્ધાદિ વિના પણ મૃગોનો વધ કરે છે, તેઓને પણ મૃત્યુ પછી યમદૂતો (પ્રાણરોધ નામના નરકમાં) બાણોનાં નિશાનરૂપ કરીને બાણોથી વીંધે છે. (એજ કારણથી એ નરકને 'પ્રાણરોધ' કહે છે.)[૨૪] જે દંભી મનુષ્યો આ લોકમાં (પોતે ચાલુ કરેલા) દંભભરેલા યજ્ઞોમાં પશુઓનો વધ કરે છે, તેઓ યમલોકમાં વૈશસ નામના નરકમાં પડે છે અને ત્યાં તેઓને નરકપતિ–યમદૂતો રિબાવી રિબાવીને ટુકડે ટુકડા કરી કાપે છે.[૨૫] જે બ્રાહ્મણ, ક્ષત્રિય–વૈશ્યજાતિનો પુરુષ પોતાની સજાતીય સ્ત્રીને કામથી મોહિત થઇ વીર્ય પિવડાવે છે, તે પાપી પુરુષને યમલોકમાં (લાલાભક્ષ નામના નરકની અંદર) રેતઃકુલ્યા નામની વીર્યની નદીમાં નાખીને (યમદૂતો) વીર્યપાન કરાવે છે.[૨૬] જે ચોરલોકો આ મનુષ્યલોકને વિષે ગામડાંઓમાં અગ્નિ નાખીને (લોકોનાં ઘરબાર) લૂંટી લે છે; અથવા માર્ગે જતા મનુષ્યોના સંઘોને ઝેર આપી દઇ લૂંટી લે છે; અથવા જે રાજાઓ કે રાજપુરુષો એ રીતે ગામડાંઓને કે સંઘોને લૂંટી લે છે, તેઓને પણ યમલોકમાં (સારમેયાદન નરકની અંદર) વજ્ર જેવી દાઢોવાળા યમના દૂતરૂપે રહેતા સાતસો વીસ કૂતરાઓ અત્યંત આવેશથી ફાડી ખાય છે. (આજ કારણથી એ નરકને 'સારમેયાદન' કહે છે.)[૨૭] જે મનુષ્ય આ લોકમાં કોઇનું સાક્ષીપણું કરવામાં, વસ્તુની લેવડદેવડમાં કે દાનના પ્રસંગમાં અસત્ય બોલે છે, તે મનુષ્યને યમલોકમાં સો યોજન ઊંચા પર્વતના શિખર ઉપરથી ઊંધે મસ્તકે આધાર વિનાના અવીચિમત્ નામના નરકમાં નાખવામાં આવે છે, કે જ્યાં પથ્થરોથી બાંધેલી સ્થળભૂમિ પણ (તરંગોરહિત) જળ જેવી દેખાય છે; અને તેથીજ એ નરકને 'અવીચિમત્' કહે છે. એ નરકમાં પડતાં એ પ્રાણીના શરીરના તલ તલ જેવડા ટુકડા થઈ જાય છે, છતાં તે મરતો નથી, જેથી ફરી પણ (યમદૂતો) એને પર્વત ઉપર ચડાવીને એ નરકમાં ફેંકે છે.[૨૮] આ લોકમાં જે કોઇ બ્રાહ્મણ અથવા બ્રાહ્મણી પોતે વ્રતધારી હોવા છતાં ભૂલથી પણ મદિરાપાન કરે છે અથવા કોઇ ક્ષત્રિયજાતિનો પુરુષ કે તેની સ્ત્રી અથવા કોઇ વૈશ્યજાતિનો પુરુષ કે તેની સ્ત્રી પોતે વ્રતધારી થઇને ભૂલથી પણ ×સોમરસનું પાન કરે છે, તેઓને પણ (અયઃ-

× ક્ષત્રિય કે વૈશ્યને સોમરસને બદલે 'ફલચમસ' પીવાનો વિધિ છે. તેઓને માટે સોમરસનો નિષેધ કરવામાં આવ્યો છે. વેદ પણ કહે છે કે,

न्यग्रोधस्तिभिराहृत्य ताः संपिष्य दधन्युपमृज्य तमस्मै भक्षं संप्रयच्छेन्न सोमम् '–

વડના વૃક્ષની ડાળીઓને ત્રણ પુરુષો પાસે મંગાવીને તેને પીસી નાખવી. પછી તેને દહીંમાં શુદ્ધ કરીને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાન નામના) નરકમાં લઇ જવામાં આવે છે. અને ત્યાં (યમદૂત) તેઓની છાતીને પગથી દબાવીને તેઓના મુખમાં અગ્નિથી ઓગાળેલો ધગધગતો ગજવેલનો રસ રેડે છે; તેમજ જે મનુષ્ય પોતે અધમ હોવા છતાં પોતાને ઉત્તમ માનીને અભિમાનને લીધે ઉત્તમ જન્મ, તપ, વિદ્યા, આચાર, વર્ણ તથા આશ્રમવાળા અત્યંત શ્રેષ્ઠ પુરુષોને પણ બહુ માન આપતો નથી, તે મનુષ્ય જીવતાંજ મૂએલો ગણાય છે ને મરણ પછી તેને ક્ષારકર્દમ નામના નરકમાં ઊંધે મસ્તકે નાખવામાં આવે છે, કે જ્યાં તે દુરંત વેદનાઓ ભોગવે છે. જે પુરુષો આ લોકમાં (પુરુષનો જેમાં હોમ કરવામાં આવે છે, તે) પુરુષમેધ નામના યજ્ઞથી (મલિન દેવોનું) યજન કરે છે અને જે સ્ત્રીઓ પુરુષરૂપી પશુને ખાઇ જાય છે, તેઓને યમલોકમાં (રક્ષોગણભોજન નામના નરકમાં) તેઓએ પૂર્વે હણી નાખેલા પુરુષોજ રાક્ષસોનાં ટોળાં બની જઇ દુઃખ દેતાં કસાઇઓની પેઠે પોતાનાં શસ્ત્રો વડે તેઓને કાપી કાપીને તેઓનાં લોહી પીએ છે, નાચે છે, ગાય છે અને જેમ તે પ્રાણીઓ પૂર્વે આ લોકમાં તે તે પુરુષોનાં માંસ ખાઇને હરખાતા હતા, તેજ પ્રમાણે ત્યાં હરખાય છે. જે પુરુષો આ લોકમાં વિશ્વાસજનક ઉપાયોથી પોતાની સમીપ આણેલાં, નિરપરાધી અને જીવવાની ઇચ્છાવાળાં પ્રાણીઓને જંગલ કે ગામમાં સોયાઓ પર કે દોરામાં પરોવીને પોતાના રમકડાં બનાવી દુઃખ દે છે, તેઓનાં શરીરોને પણ મરણ પછી (શૂલપ્રોત નામના નરક વિષે) યમયાતનાઓમાં શૂળી વગેરેમાં પરોવવામાં આવે છે અને તીક્ષ્ણ મુખવાળા કંક તથા વટ વગેરે પક્ષીઓથી કોચાતા તેઓ ક્ષુધા તથા તૃષાથી પીડાઇને પોતાનાં પાપોને યાદ કરે છે.[૨૯-૩૨] સર્પ સમાન ઉગ્ર સ્વભાવવાળા જે મનુષ્યો આ જગતમાં પ્રાણીઓને દુઃખ દે છે, તેઓ મરણ પામીને દંદશૂક નામના નરકમાં પડે છે કે જ્યાં, હે રાજા! પાંચ મોઢાવાળા અને સાત મોઢાવાળા સર્પો તેઓની પાસે આવીને, જેમ ઉંદરોને ગળી જાય છે તેમ તેઓને ગળી જાય છે.[૩૩] જેઓ આ લોકમાં પ્રાણીઓને અંધારિયા ખાડામાં, કોઠીઓમાં કે ગુફા વગેરેમાં પૂરે છે, તેઓને યમલોકમાં (અવટનિરોધ નામના નરકમાં) તેવાજ ખાડા વગેરેમાં પૂરી દઇને યમદૂતો ઝેરી અગ્નિના ધુમાડાથી ગૂંગળાવી નાખે છે.[૩૪] જે કોઇ ગૃહસ્થાશ્રમી મનુષ્ય આ લોકમાં (પોતાને ઘેર આવેલા) અજાણ્યા પરોણાઓ સામે કે જાણીતા પરોણાઓ સામે ક્રોધાયમાન થઇને જાણે બાળી નાખવા ઇચ્છતો હોય, તેમ વક્ર દષ્ટિથી જુએ છે, તે પાપી દષ્ટિવાળા મનુષ્યનાં બન્ને નેત્રોને પણ (પર્યાવર્તન નામના) નરકમાં વજ્ર જેવા મુખવાળાં ગીધડાં, કાગડા, કંક તથા વટ વગેરે પક્ષીઓ બળજબરીથી ઉખાડી કાઢે છે.[૩૫] જે મનુષ્ય આ જગતમાં પોતાને ધનવાન માની ગર્વિષ્ઠ બન્યો હોય, અહંકારી થયો હોય, ત્રાંસી નજરે જોતો હોય, સર્વ તરફથી શંકા રાખતો હોય, ધનના ખર્ચ તથા નાશની શંકાથી જેનું હૃદય ને મુખ સુકાયા કરતું હોય અને શાંતિ પામ્યા વિના યક્ષની પેઠે ધનની રક્ષા કર્યા કરતો હોય, તે મનુષ્ય પણ તે ધનના કમાવાથી, વધારવાથી તેમજ રક્ષા કરવાથી થયેલા પાપને સાથે લઈ સૂચીમુખ નામના નરકમાં પડે છે, કે જ્યાં ધનના યક્ષરૂપ તે પ્રાણીને ધર્મરાજાના પુરુષો દરજીઓની પેઠે ચારે તરફથી દોરાઓ વડે સીવી કાઢે છે.[૩૬]

"આ પ્રકારનાં સેંકડો અને હજારો નરકો યમલોકમાં છે. તે સર્વ નરકોમાં હે રાજન્! અહીં વર્ણવેલા અને નહિ વર્ણવેલા સર્વ અધર્મીઓ અનુક્રમે પડે છે અને તેજ રીતે ધર્મ કરનારા મનુષ્યો બીજા સ્વર્ગાદિ લોકમાં જાય છે. વળી તેવા અધર્મીઓ તથા ધર્મીઓ પોતે કરેલા તે તે અધર્મ તથા ધર્મનો કંઇક શેષભાગ રહે છે એટ-

---

તે ક્ષત્રિયને કે વૈશ્યને પાવું, પણ સોમરસ ન આપવો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લે ફરી પાછા તેને લીધે પુનર્જન્મને માટે આ મનુષ્યલોકમાં અવતરે છે.[૩૭] નિવૃત્તિધર્મનો જે માર્ગ છે, તેનું તો મેં પ્રથમજ (દ્વિતીય સ્કંધમાં) તમારી આગળ વર્ણન કર્યું છે. અહીં જે બ્રહ્માંડકોશનું વર્ણન કર્યું છે, તે પણ તેટલોજ છે, જેને બીજાં પુરાણોમાં ચૌદ પ્રકારનો માનીને વર્ણવ્યો છે. આ બ્રહ્માંડકોશ કે જે મહાપુરુષ ભગવાન નારાયણનું સાક્ષાત્ મોટું સ્થૂલસ્વરૂપ છે અને જેને ભગવાનની પોતાની માયાના ગુણોમય વર્ણવેલ છે, તેનું જે મનુષ્ય પઠન કરે છે, શ્રવણ કરે છે અનેબીજાંઓને સંભળાવે છે, તે મનુષ્ય શ્રદ્ધા, ભક્તિ તથા વિશુદ્ધ બુદ્ધિવાળો થઇને ભગવાન પરમાત્માના ઉપનિષદોએ વર્ણવેલા આ ગ્રાહ્યસ્વરૂપને પણ જાણી શકે છે.[૩૮] યમનિયમશીલ પુરુષે ભગવાનના સ્થૂલસ્વરૂપનું પ્રથમ યથાવત્ શ્રવણ કરીને તે સ્થૂલસ્વરૂપમાં પોતાનું મન જ્યારે બરાબર સ્થિર થાય, ત્યારે ધીમે ધીમે મનને ભગવાનના સૂક્ષ્મસ્વરૂપમાં લઈ જવું.[૩૯] હે રાજા! પૃથ્વી, દ્વીપ, ખંડ, નદીઓ, પર્વતો, આકાશ, સમુદ્રો, પાતાલો, દિશાઓ, નરકો, નક્ષત્રગણો તથા બીજા લોકોની રચનાઓ મેં તમને કહી છે. આ સર્વ જીવસમૂહના ધામરૂપ ઈશ્વરનું અદ્‌ભુત સ્થૂલશરીર છે."[૪૦]

भूद्वीपवर्षसरिदद्रिनभःसमुद्रपातालदिङ्नरकभागणलोकसंस्था। गीता मया तव नृपाद्भुतमीश्वरस्य स्थूलं वपुः सकलजीवनिकायधाम ॥४०॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં પંચમ સ્કંધ વિષે અધ્યાય ૨૬ મો સમાપ્ત

पंचम स्कंध समाप्त

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બ્રાહ્મણ અજામિલ અને વિષ્ણુદૂતો [પૃષ્ઠ ૪૫૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ॐ

श्रीमद्भागवत–षष्ठ स्कंध

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

અધ્યાય ૧ લો÷

અજામિલનું આખ્યાન–યમદૂતોએ વર્ણવેલું ધર્માદિનું લક્ષણ

॥ राजोवाच ॥

निवृत्तिमार्गः कथित आदौ भगवता यथा। क्रमयोगोपलब्धेन ब्रह्मणा यदसंसृतिः॥ १॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"આપ ભગવાને પ્રથમ (દ્વિતીય સ્કંધમાં) નિવૃત્તિમાર્ગ યથાવત્ કહ્યો છે, કે જે માર્ગે અનુક્રમે અર્ચિરાદિ માર્ગની પ્રાપ્તિદ્વારા બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે અને ત્યાંથી બ્રહ્મદેવની સાથે મોક્ષ થાય છે.[1] તેમજ હે મુનિ! ત્રિગુણાત્મક એવાં સ્વર્ગાદિનાં સુખો એજ જેનો વિષય છે અને અવિદ્યાવાળા પુરુષને વારંવાર જે ગુણસર્ગરૂપ થઇ પડે છે–ભોગને માટે દેહનો આરંભ કરાવે છે, તે પ્રવૃત્તિલક્ષણ માર્ગ પણ આપે (તૃતીય સ્કંધમાં) કહ્યો છે.[2] વળી અધર્મ જેઓનું લક્ષણ છે, તેવાં અનેક પ્રકારનાં નરકોનું પણ આપે (પૂર્વ સ્કંધમાં) વર્ણન કર્યું; અને જેમાં સ્વાયંભુવ મનુ પહેલા થયા છે, તે મન્વંતરનું પણ (ચતુર્થ સ્કંધમાં) આપે વર્ણન કર્યું.[3] વળી પ્રિયવ્રત અને ઉત્તાનપાદ રાજાના વંશ અને તેમનાં ચરિત્રો આપે કહ્યાં અને દ્વીપો, ખંડો, સમુદ્રો, પર્વતો, નદીઓ, ઉદ્યાનો તથા વનસ્પતિઓને અને વિભાગ, લક્ષણ તથા માપ સાથે પૃથ્વીમંડળની સ્થિતિ, જ્યોતિશ્ચક્રની સ્થિતિ અને પાતાલોની સ્થિતિને ભગવાને જે પ્રમાણે રચી છે, તે પ્રમાણે આપે મને કહી.[4,5] હવે હે મહા-

÷ હવે અહીં પ્રથમ ત્રણ અધ્યાયોમાં અજામિલની કથા કહેવામાં આવશે. તેમાં આ પ્રથમ અધ્યાયમાં પાપી અજામિલને વિષ્ણુના દૂતોએ છોડાવ્યો, એટલે અજામિલનું પાપ જાહેર કરવા માટે યમદૂતોએ ધર્મ વગેરેનું લક્ષણ કહ્યું, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાગ્યશાળી મુનિ ! મનુષ્ય અનેક ઉગ્ર વેદનાઓ-વાળાં નરકોને જે ઉપાયથી ન પામે, તે મને કહેવાને આપ યોગ્ય છો."૬

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"મનુષ્યે મન, વચન તથા કાયાથી જે પાપો કર્યાં હોય છે, તે પાપોનું જો તે મન, વચન અને કાયાથી પ્રાયશ્ચિત્ત કરતો નથી, તો અવશ્ય તે મનુષ્ય મૃત્યુ પામીને પૂર્વે મેં તમને કહેલાં દારુણ વેદનાવાળાં નરકોને પામે છે.૭ માટે જેમ કોઈ વૈદ્ય પોતે રોગોનાં નિદાનને જાણતો હોઇને વાત, પિત્ત અને કફરૂપી દોષોનું ઓછાવત્તાપણું જોઇને તેની યોગ્ય ચિકિત્સા કરે છે, તેમ મનુષ્યે પણ પોતાના મૃત્યુની પહેલાંજ નાશ નહિ પામેલા પોતાના શરીરથી સત્વર પાપનાં પ્રાયશ્ચિત્ત કરવા યત્ન કરવો જોઇએ."૮

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"મનુષ્ય અહીં પ્રત્યક્ષ જોયેલા રાજદંડ વગેરેથી અને શાસ્ત્ર વગેરેમાં સાંભળેલા નરકપાત વગેરેથી પાપને પોતાનો શત્રુ જાણે છે, છતાં તે તે પાપોનું પ્રાયશ્ચિત્ત કરીને પણ ફરીથી વાસનાઓને અધીન થઇ પાપ કરે છે; તો પછી એ મનુષ્યે પ્રાયશ્ચિત્તો કર્યાં હોય છે;તોપણ તે પ્રાયશ્ચિત્ત તરીકે કેમ માની શકાય? (કારણ કે પ્રાયશ્ચિત્તોથી સમૂળગાં પાપો જતાંજ નથી. જો પ્રાયશ્ચિત્તોથી સમૂળગાં પાપ જતાં હોય, તો પાપ કરવાની વાસનાઓ પણ દૂર થયેલી હોઇને પ્રાયશ્ચિત્ત કર્યા પછી ફરી પાપ કરવાનો પ્રસંગજ ન આવવો જોઇએ. આ ઉપરથી જણાય છે કે, પ્રાયશ્ચિત્તોથી પાપની સમૂળ નિવૃત્તિ તો થતીજ નથી. કેમકે) મનુષ્ય કોઈ વેળા પ્રાયશ્ચિત્ત કરીને પાપથી અટકે છે, તો કોઇ વાર પ્રાયશ્ચિત્ત કરીને પણ ફરી તેજ પાપ કરે છે. આ ઉપરથી હું માનું છું કે, પ્રાયશ્ચિત્ત *હાથીના સ્નાનની પેઠે વ્યર્થજ છે."૯૧૦

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"પ્રાયશ્ચિત્તરૂપી કર્મથી પાપરૂપી કર્મનો સમૂળગો નાશ થાય છે, એમ મનાતું+ નથી. કારણ કે પ્રાયશ્ચિત્તનો અધિકારી અજ્ઞાની મનુષ્યજ હોય છે અને અજ્ઞાની મનુષ્યોને માટેજ પ્રાયશ્ચિત્તો છે; એટલે પાપનું મુખ્ય પ્રાયશ્ચિત્ત તો માત્ર જ્ઞાનજ છે. જેમ પથ્ય આહારનું ભોજન કરનારા મનુષ્યોને રોગો પીડા કરતા નથી, (પણ ધીમે ધીમે દૂર થઇ જાય છે) તેમ હે રાજા! નિયમો વગેરેને પાળનારો મનુષ્ય પણ ધીમે ધીમે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાને સમર્થ થઈ શકે છે.÷ જેમ અગ્નિ વાંસની મોટી ઝાડીને પણ બાળી દઈ ભસ્મ કરી નાખે છે, તેમ ધર્મવેત્તા એવા શ્રદ્ધાળુ વીરપુરુષો શરીર, વાણી તથા મનથી ઉત્પન્ન થયેલાં મોટાં પાપનો પણ મનની× તથા ઇન્દ્રિયોની એકાગ્રતારૂપ તપ વડે,‡ આઠ પ્રકારના બ્રહ્મચર્ય વડે, મનના

* જેમ હાથી નાહ્યો હોય છતાં તુરતજ ધૂળથી પોતાને મલિન કરે છે, તેમ પાપનું પ્રાયશ્ચિત્ત એક વાર દૂર કર્યું હોય છે, તોપણ ફરી વારવું અશક્ય હોઇને અવશ્ય નરકમાં નાખે છે. માટે પાપનું પ્રાયશ્ચિત્ત કરવું નકામું છે. —શ્રીધર

+ કારણ કે જ્યાંસુધી અવિદ્યા–અજ્ઞાનનો નાશ થયો નથી, ત્યાંસુધી પ્રાયશ્ચિત્તદ્વારા પાપનો નાશ થયો હોય; તોપણ તેના સંસ્કારો નાશ નહિ પામતાં બીજી વાર પાપ થાયજ છે. —શ્રીધર

÷ માટે તત્ત્વજ્ઞાનરૂપી વસ્તુને મનુષ્ય અપ્રમાદી રહીનેજ ધીમે ધીમે પ્રાપ્ત કરે; બીજી રીતે નહિ.—શ્રીધર

× મનની તથા ઇન્દ્રિયોની એકાગ્રતા એજ મુખ્ય તપ છે. જેમકેઃ–

मनसश्चेन्द्रियाणां च एकाग्र्यं परमं तपः (સ્મૃતિ) —શ્રીધર

‡ આઠ પ્રકારનું બ્રહ્મચર્ય તે આવા આઠ પ્રકારના મૈથુનથી ઊલટું સમજવું–

स्मरणं कीर्तनं केलिः प्रेक्षणं गुह्यभाषणम् ।
संकल्पोऽध्यवसायश्च क्रियानिर्वृत्तिरेव च ॥
एतन्मैथुनमष्टांगं प्रवदन्ति मनीषिणः ।
विपरीतं ब्रह्मचर्यमेतदेवाष्टलक्षणम् ॥

સ્ત્રીનું સ્મરણ કરવું, સ્ત્રી વિષે વાતચીત કરવી, સ્ત્રીની સાથે ક્રીડા કરવી, સ્ત્રીને જોવી, સ્ત્રી સાથે ખાનગી વાત કરવી, સ્ત્રીનો સંકલ્પ કરવો, સ્ત્રીના વિચારો કરવા; તેમજ સ્ત્રી સાથે સંભોગ કરવો–આ આઠ પ્રકારનું મૈથુન છે, એમ વિદ્વાનો કહે છે. આ આઠે પ્રકારો ન કરવા તેને આઠ પ્રકારનું બ્રહ્મચર્ય કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિયમરૂપ શમ વડે, બાહ્યઇન્દ્રિયોના નિયમરૂપ દમ વડે, દાન વડે, સત્ય વડે, બાહ્ય અને આભ્યંતર પવિત્રતા વડે, અહિંસાદિ યમ વડે તથા જપાદિ નિયમ વડે નાશ કરી શકે છે.૧૧-૧૪ ત્યારે કેટલાક ભક્ત પુરુષો કેવળ વાસુદેવ ભગવાનપરાયણજ રહીને કેવળ તેમની ભક્તિથીજ જેમ સૂર્ય સંપૂર્ણ ઝાકળનો નાશ કરે છે, તેમ સમગ્ર પાપોનો નાશ કરે છે.૧૫ હે રાજન્! હરકોઈ પાપી મનુષ્ય શ્રીકૃષ્ણ ભગવાનના ભક્તોની સેવા વડે તે ભગવાનનેજ પોતાના પ્રાણો અર્પણ કરી દઇને જેવો પવિત્ર થાય છે, તેવો તપશ્ચર્યા વગેરેથી પવિત્ર થતો નથી—અર્થાત્ ભક્તિમાર્ગ એ જ્ઞાનમાર્ગ કરતાં પણ શ્રેષ્ઠ છે.૧૬ કારણકે આ ભક્તિમાર્ગ એજ જગતમાં કલ્યાણકારી અને સર્વ તરફથી નિર્ભય એવો ઉત્તમ માર્ગ છે, કે જે માર્ગમાં શ્રીનારાયણપરાયણ રહેનારા દયાળુ નિષ્કામ પુરુષો સ્થિતિ કરે છે.‡૧૭ હે રાજેન્દ્ર! જે પાપી મનુષ્ય શ્રીનારાયણથી વિમુખ રહે છે, તે પોતે અનેક પ્રકારનાં પ્રાયશ્ચિત્તો કરે; તોપણ જેમ મદિરાના કલશને નદીઓ પવિત્ર કરી શકતી નથી, તેમ એ પાપી મનુષ્યને પ્રાયશ્ચિત્તો પવિત્ર કરી શકતાં નથી. જેઓએ પોતાના મનને શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળમાં માત્ર એકજ વાર સ્થાપિત કર્યું હોય છે ને ભગવદ્ગુણોમાં પ્રીતિવાળું કર્યું હોય છે, તેઓએ તેટલાથીજ પોતાનાં સર્વ પાપોનું પ્રાયશ્ચિત્ત કરેલું ગણાય છે અને તેઓ આ જગતમાં કદી સ્વપ્નમાં પણ યમદેવને કે તેમના પાશધારી દૂતોને જોતા નથી.૧૮।૧૯ આ સંબંધે શ્રીવિષ્ણુના તથા યમદેવના દૂતોના સંવાદરૂપ આ એક પુરાતની ઇતિહાસ હું તમને કહું છું, તેને તમે મારી પાસેથી સાંભળો.૨૦ કાન્યકુબ્જ નામના નગરમાં કોઇ એક અજામિલ નામનો બ્રાહ્મણ હતો. તે દાસીનો પતિ થયો હતો, સદાચારથી ભ્રષ્ટ થયો હતો અને દાસીના સંસર્ગથી દૂષિત થયો હતો. તે અપવિત્ર બ્રાહ્મણ કોઈ ધનવાન વગેરેને બાંધી—ઝૂડીને, પાસાઓ ખેલીને, ઠગાઈ વગેરે કરીને તથા ચોરી વગેરે કરીને નિંદ્ય આજીવિકા ચલાવતો હતો અને એ રીતે કુટુંબનું પોષણ કરતો અનેક પ્રાણીઓને દુઃખ દેતો હતો.૨૧।૨૨ હે રાજન્! તે બ્રાહ્મણ એ પ્રમાણે ત્યાં રહેતો હતો અને પેલી દાસીનાં છોકરાંને લાડ લડાવતો હતો. એમ કરતાં કરતાં તેના આયુષનાં અઠ્યાશી વર્ષનો મહાન સમય તો વીતી ગયો;૨૩ એટલે તો તે બ્રાહ્મણ ઘણોજ ઘરડો થઇ ગયો હતો. તેને દશ પુત્રો હતા; તેઓમાં સૌથી જે નાનો હતો તેનું નામ 'નારાયણ' હતું. તે માતા—પિતાને અત્યંત વહાલો હતો.૨૪ મધુર ભાષણ કરતા તે નાના છોકરા ઉપર તે બ્રાહ્મણનું હૃદય બંધાઇ ગયું હતું; તેથી એ ડોસો તે નાના છોકરાની રમત જોઇને ઘણોજ ખુશ થતો હતો.૨૫ પેલા બાળકના સ્નેહપાશથી તે એટલો બધો બંધાઇ ગયો હતો, કે જેથી પોતે ભોજન કરતો ત્યારે તે બાળકને પણ ભોજન કરાવતો; પોતે કંઈ ખાતો ત્યારે તેને પણ ખવડાવતો અને પોતે કંઈ પીતો ત્યારે તેને પણ પિવડાવતો. એ રીતે તે એટલો બધો મૂઢ બની ગયો હતો, કે જેથી તેણે પોતાના આવી પહોંચેલા મૃત્યુને પણ જાણ્યું નહિ.૨૬ તે અજ્ઞાની બ્રાહ્મણ એ પ્રમાણે વર્તન ચલાવી રહ્યો હતો; તેવામાં તો તેનો મૃત્યુકાળ છેકજ સમીપ આવી પહોંચ્યો; ત્યારે પણ તેણે પોતાની બુદ્ધિને તો પેલા નારાયણ નામના છોકરામાંજ રાખી હતી.૨૭ એ સમયે તેણે પોતાને લેવા માટે આવેલા પાશધારી ત્રણ પુરુષોને જોયા, કે જેઓ અત્યંત ભયંકર હતા, વાંકા મુખવાળા હતા અને ઊભાં રૂંવાડાંવાળા હતા.૨૮ તેઓને જોઇને એ બ્રાહ્મણની ઇન્દ્રિયો વ્યાકુળ થઈ ગઈ. તેણે પોતાથી

‡ અર્થાત્ જ્ઞાનમાર્ગમાં તો અસહાયતાનિમિત્તે ભય રહેલો છે. કર્મમાર્ગમાં પણ અદેખા માણસોનો ભય રહે છે; પણ ભક્તિમાર્ગ તો સંપૂર્ણ નિર્ભય છે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દૂર રમકડાંઓ સાથે રમી રહેલા પોતાના પેલા નારાયણ નામના છોકરાને ઊંચેથી મોટો ઘાંટો કાઢીને બોલાવવા માંડ્યો.[૨૯] હે મહારાજ પરીક્ષિત! એ પ્રમાણે તેણે મરતી વેળા પણ (પોતાના છોકરાને નામે) શ્રીહરિનું નામોચ્ચારણ કર્યું; એટલે પોતાના સ્વામી શ્રીહરિનું તે નામ સાંભળીને એકદમ તે સ્થળે શ્રીહરિના પાર્ષદો આવી પહોંચ્યા.[૩૦] તે વિષ્ણુદૂતોએ દાસીપતિ અજામિલને હૃદયની અંદરથી ખેંચી રહેલા પેલા યમદૂતોને એકદમ બળ વડે અટકાવી દીધા.[૩૧] એ પ્રમાણે યમદૂતોને જ્યારે અટકાવ્યા, એટલે તેઓ વિષ્ણુદૂતોને કહેવા લાગ્યા કે, 'ધર્મરાજાની આજ્ઞાને અટકાવનારા તમે કોણ છો? કોના દૂત છો? ક્યાંથી આવ્યા છો? આને લઇ જવાની તમે શા માટે મનાઈ કરો છો? શું તમે કોઇ દેવ છો? ઉપદેવ છો? અથવા મહાસિદ્ધ છો?[૩૨,૩૩] તમે સર્વે કમળની પાંખડીઓ જેવાં નેત્રવાળા છો; પીળાં રેશમી વસ્ત્રો ધારણ કરો છો; મુકુટધારી છો; કુંડળધારી છો; સુંદર કમળોની માળા તમે પહેરી છે; સર્વે યુવાન છો; સર્વે સુંદર ચાર ભુજાઓવાળા છો; ધનુષ, ભાથા, તલવાર, ગદા, શંખ, ચક્ર તથા કમળોથી તમે શોભી રહ્યા છો અને પોતાની કાંતિ વડે સર્વ દિશાઓને અંધકારરહિત અને બીજી વસ્તુને પ્રકાશરહિત કરી રહ્યા છો; એવા તમે ધર્મરક્ષક યમરાજાના દૂત–અમને કેમ અટકાવો છો?'[૩૪–૩૬]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"યમદૂતોએ એ પ્રમાણે કહ્યું, એટલે વાસુદેવ ભગવાનના પાર્ષદોએ ખૂબ હસીને મેઘ સમાન ગર્જના કરતી વાણી વડે તેઓને કહેવા માંડ્યું.[૩૭]

વિષ્ણુદૂતો બોલ્યાઃ–'તમે જો ધર્મરાજાની આજ્ઞા પાળનારા હો, તો ધર્મનું જે તત્ત્વ છે અને ધર્મનું જે લક્ષણ છે, તે અમને કહો. શિક્ષા કયા પ્રકારે હોવી જોઇએ?[૩૮] શિક્ષાનું સ્થાન કયું હોવું જોઇએ? કયો અપરાધ કરનાર શિક્ષાપાત્ર હોઈ શકે? અને માત્ર મનુષ્યોજ શિક્ષાપાત્ર છે? મનુષ્યોમાં સર્વે શિક્ષાપાત્ર છે કે અમુક કેટલાકજ શિક્ષાયોગ્ય છે?'[૩૯]

યમદૂતો બોલ્યાઃ–'વેદે જેની આજ્ઞા કરી છે, તે ધર્મ છે અને વેદે જેનો નિષેધ કર્યો છે, તે અધર્મ છે. કારણ કે અમે સાંભળ્યું છે કે, વેદ એ સ્વયંભૂ સાક્ષાત્ નારાયણ છે;[૪૦] તે વેદનારાયણે સ્વસ્વરૂપમાંજ આ સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણમય પ્રાણી–પદાર્થોનું તેઓના ગુણો,[૧] નામો,[૨] ક્રિયાઓ[૩] તથા રૂપો વડે[૪] યથાવત્ વિવેચન કર્યું છે.[૪૧] સૂર્ય, અગ્નિ, આકાશ, વાયુ, દેવતાઓ, ચંદ્ર, સંધ્યાકાળ, દિવસ, રાત્રિ, દિશાઓ, જળ, પૃથ્વી, કાળ અને ધર્મ–આ બધા જીવનાં–પુણ્ય પાપરૂપ કર્મના સાક્ષીઓ છે.+[૪૨] આ સાક્ષીઓ વડે અધર્મ જણાય છે અને તે શિક્ષાના સ્થાન તરીકે ઘટે છે. આ રીતે અધર્મ કરનારાં સર્વ પ્રાણીઓ તેઓના અધર્મરૂપ કર્મના અનુસારે શિક્ષાને પાત્ર બને છે.[૪૩] હે નિર્દોષ પુરુષો! જે કોઇ કર્મનો કર્તા છે, તેઓ સર્વેમાં પુણ્ય અને પાપ બન્ને હોઇ શકે છે. કારણકે કર્મના કરનારાઓને સત્ત્વાદિ ગુણોનો સંગ હોય છે, જેથી કોઇ પણ દેહધારી કર્મ કર્યા વિના રહી શકતો નથી.*[૪૪] તેમાં જે પ્રાણીએ જેટલો અધર્મ કર્યો હોય છે અથવા જેટલો ધર્મ કર્યો હોય છે, તે પ્રાણીજ તેટલું તે ધર્મનું કે અધર્મનું ફળ પરલોકમાં ભોગવે છે.[૪૫] હે ઉત્તમ દેવો! જેમ

---

૧. ગુણો–શાંતપણું વગેરે. ૨. નામો–બ્રાહ્મણ વગેરે. ૩. ક્રિયાઓ–અધ્યયન વગેરે. ૪ રૂપો–વર્ણાશ્રમ વગેરે.—શ્રી

+ આજ આશયનો એક શ્લોક કહેવાય છે– **आदित्यचन्द्रावनिलो यमश्च द्यौर्भूमिरापो हृदयं यमश्च। अहश्च रात्रिश्च उभे च संध्ये धर्मश्च जानाति नरस्य वृतम्॥**–સૂર્ય, ચંદ્ર, વાયુ, યમ, આકાશ, પૃથ્વી, જળ, હૃદય, યમ, દિવસ, રાત્રિ, બન્ને સંધ્યા અને ધર્મ–આટલાં મનુષ્યના કર્મનાં સાક્ષી છે.–**શ્રીધર**

* અર્થાત્ સર્વ કોઇ કર્મ કરનાર પ્રાણીમાં પાપ અવશ્ય હોયજ છે; જેથી સર્વ કોઈ શિક્ષાપાત્ર ઠરે છે.—શ્રી॰

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ જન્મમાં પ્રાણીઓની અંદર ગુણોની વિચિત્રતાને લીધે (શાંત, ઘોર અને મૂઢ; અથવા સુખી દુઃખી અને મિશ્ર, અથવા ધાર્મિક, અધાર્મિક અને મિશ્ર—એમ) ત્રણ પ્રકારો જોવામાં આવે છે, તેમ બીજા જન્મમાં પણ એ ત્રણ પ્રકારોનું અનુમાન થઇ શકે છે.[૪૬] જેમ વર્તમાન કાળનો વસંત વગેરે સમય ભૂત—ભવિષ્યના વસંત વગેરે સમયના ગુણોને જણાવી આપે છે; તેજ પ્રમાણે વર્તમાન કાળનો જન્મ બીજા ભૂતભવિષ્યના જન્મના ધર્મ તથા અધર્મને જણાવી આપે છે[૪૭] અને અમારા દેવ જે યમરાજ છે, તે તો પોતાની સંયમની નગરીમાં રહીનેજ સર્વ જીવોના પૂર્વજન્મને તથા ભવિષ્યના જન્મને પોતાના મનથી જોઈ શકે છે અને પછી જે જેને માટે યોગ્ય હોય છે, તેનો પોતે વિચાર કરે છે; કારણ કે તે ભગવાન બ્રહ્મદેવ જેવા છે.[૪૮] પણ અવિદ્યારૂપ ઉપાધિવાળો—અજ્ઞાની જીવ તો પૂર્વકર્મથી પ્રકટ થયેલા વર્તમાન શરીરનેજ 'આ હું છું' એમ અભિમાનપૂર્વક જાણે છે, પરંતુ આગળપાછળના શરીરને પોતે જાણતો નથી. કેમકે તે અજ્ઞાનથી યુક્ત હોય છે અને તેથીજ તેની પૂર્વજન્મની સ્મૃતિ વિનાશ પામી હોય છે. જેમ દૃષ્ટાંત તરીકે નિદ્રાથી યુક્ત થયેલો પ્રાણી સ્વપ્નમાં પણ તે સ્વપ્નનાજ શરીરને જુએ છે, જાગ્રત અવસ્થાના શરીરને કે પૂર્વકાળના સ્વપ્નના શરીરને જાણતો નથી, તેમ જીવ પણ વર્તમાન શરીરને જાણે છે.[૪૯] આ જીવ પાંચ કર્મેન્દ્રિયોથી હરકોઇ કર્મ કરે છે અને પાંચ જ્ઞાનેન્દ્રિયોથી શબ્દાદિ (પાંચ) વિષયોને જાણે છે. આવી રીતે પોતે એકજ હોવા છતાં સોળમા મનની સાથે સત્તરમો થઇને જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, તથા મનના વિષયોને ભોગવે છે.[૫૦] બસ, આજ—દશ ઇન્દ્રિયો, પાંચ વિષયો તથા મન—એ સોળ અંશોવાળું લિંગશરીર છે. તે ત્રણ ગુણોનું બનેલું અને અનાદિકાળનું હોઇને જીવને હર્ષ, શોક તથા ભયની પીડા આપનારો સંસાર આપ્યા કરે છે.[૫૧] જેમ રેશમનો કીડો પોતાનીજ લાળો વડે પોતાને બાંધી દઇ પછીથી તેમાંથી નહિ નીકળી શકીને મૂંઝાય છે, તેમ જીવ પણ અજ્ઞાની હોઇને પાંચ જ્ઞાનેન્દ્રિય તથા મન—એ છના વર્ગને નહિ જીતીને પોતાની ઇચ્છા ન હોવા છતાં તે છના વર્ગ વડેજ કર્મ કરાવે છે અને પછીથી કર્મ વડે પોતાને ઢાંકી દઈ (તેમાંથી નીકળવાનો ઉપાય ન જાણતાં) મૂંઝાય છે.[૫૨] કોઇ પણ જીવ એક ક્ષણવાર પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી; કારણ કે (તે પોતે ન ઇચ્છે તોપણ) સ્વાભાવિક—પૂર્વકર્મના સંસ્કારોથી ઉત્પન્ન થયેલા ગુણો તેને પરવશ કરી દઇને બળાત્કારે તેની પાસે કર્મ કરાવે છે.[૫૩] આ સ્થૂલશરીર તથા સૂક્ષ્મશરીર જે પ્રાપ્ત થાય છે, તે પણ પૂર્વજન્મનાં અદૃષ્ટ—કર્મના નિમિત્તેજ પ્રાપ્ત થાય છે અને અતિબળવાન એવી તે કર્મવાસનાને લીધેજ માતા જેવું અને પિતા જેવું તે થાય છે—અર્થાત્ પિતાના વીર્યની તથા માતાના રજરૂપી રુધિરની એકતા થઇ ગયેલી હોવા છતાં પણ કર્મની વાસનાને લીધે માતા જેવું—કન્યારૂપે ઉત્પન્ન થાય છે ને પિતા જેવું—પુત્રરૂપે ઉત્પન્ન થાય છે.[૫૪] પુરુષ—જીવને પ્રકૃતિના સંગને લીધે જ આ વિપર્યય—સંસાર પ્રાપ્ત થાય છે, તેજ (સંસારચક્ર) પરમેશ્વરના ભજનથી તત્કાળ નાશ પામે છે.[૫૫] આ અજામિલ (પ્રથમ તો) વેદશાસ્ત્રસંપન્ન હતો; સદાચાર, સદ્વર્તન તથા ગુણોનું તો એક સ્થાન હતો; વ્રતધારી હતો, કોમળ સ્વભાવનો હતો; ઇન્દ્રિયોનો નિગ્રહ કરનાર હતો; સત્યનિષ્ઠ હતો; મંત્રવેત્તા હતો; પવિત્ર હતો; ગુરુ, અગ્નિ, અતિથિ તેમજ વૃદ્ધોની સેવા કરનારો હતો; નિરહંકારી હતો; પ્રાણીમાત્રનો મિત્ર હતો; મિતભાષી હતો અને બીજાના ગુણો પર દોષારોપ કરતો ન હતો.[૫૬-૫૭] પણ એક દિવસે પિતાની આજ્ઞા માનનારો આ બ્રાહ્મણ (પિતાની આજ્ઞાથી) વનમાં ગયો હતો. ત્યાંથી ફળ, પુષ્પ, હોમનાં લાકડાં તથા દર્ભો લઇને જ્યારે પાછો ફર્યો, ત્યારે તેણે લોટનો દારુ પીને મદથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઘેરાતાં નેત્રવાળી કોઇ એક વેશ્યાદાસી સાથે કોઇ એક કામી શૂદ્રને જોયો. તે શૂદ્ર પોતાના આચારથી ભ્રષ્ટ થઇને ઢીલા થયેલા ચણિયાના નેફાવાળી પેલી મદમત્ત દાસી સાથે નિર્લજ્જ થઇને ક્રીડા કરતો હતો, તેના ગાવા પાછળ ગાતો હતો અને તેની પાસે હસતો હતો. વળી તે શૂદ્રે કામોદ્દીપક અંગરાગથી લેપન કરેલા બાહુ વડે તે વેશ્યાને આલિંગન કર્યું હતું; તે જોઇને આ અજામિલ પણ એકદમ મોહિત થઇને કામને વશ થઈ ગયો. જો કે તેણે એ વેળા પોતાનામાં જેટલું ધૈર્ય હતું અને જેટલું શાસ્ત્રજ્ઞાન હતું, તે પ્રમાણે પોતાના મનને બુદ્ધિથી વશ કરવા માંડ્યું હતું, પણ કામથી કંપી ઊઠેલા મનને વશ કરવાને તે સમર્થ થયો ન હતો.[૫૮-૬૨] પેલી દાસીના નિમિત્તે કામરૂપી ઝૂડથી તે ઘેરાઈ ગયો હતો; જેથી બેભાન થઇ મનમાં તેનુંજ ધ્યાન કરતો કરતો પોતાના ધર્મથી તે ભ્રષ્ટ થયો.[૬૩] પછી તો તેણે પોતાના પિતાનું જેટલું ધન હતું, તેનાથી પેલી વેશ્યાનેજ સંતોષવા માંડી અને સાંસારિક સુંદર વિષયભોગોથી જેમ અને તેમ તેનેજ પ્રસન્ન કરવા માંડી[૬૪] અને પોતાની યુવાન બ્રાહ્મણપત્નીને કે જેણીને પોતે ઊંચા કુળમાંથી પરણ્યો હતો, તેનો આ પાપીએ પેલી કુલટાનાં કટાક્ષોથી મનમાં વીંધાઈ જઇને ત્યાગ કરી દીધો.[૬૫] પછી તો આ મંદ બુદ્ધિવાળો બ્રાહ્મણ જ્યાં ત્યાંથી ન્યાય કે અન્યાયથી ધન લાવવા લાગ્યો અને પેલી છોકરાંછૈયાંવાળી થયેલી દાસીના કુટુંબને પોષવા લાગ્યો.[૬૬] આ રીતે આ બ્રાહ્મણે શાસ્ત્રનો અનાદર કરી પોતાની ઇચ્છાનુસાર વર્તન કરેલું હોવાથી આર્ય પુરુષોમાં તે નિંદાપાત્ર ઠર્યો છે અને પાપથી અપવિત્ર થઇને પોતાનું પાપી આયુષ આ પ્રમાણેજ ઘણા લાંબા સમયનું ગાળ્યું છે.[૬૭] માટે એ પ્રમાણે પાપ કર્યાં છતાં જેણે તેનું પ્રાયશ્ચિત્ત કર્યું નથી, એવા આ અજામિલને અમે યમરાજા પાસે લઇ જઇશું, જ્યાં શિક્ષાથી પાપી શુદ્ધ થાય છે.'"[૬૮]

तत एनं दंडपाणेः सकाशं कृतकिल्बिषम् ।
नेष्यामोऽकृतनिर्वेशं यत्र दंडेन शुद्धयति ॥६८॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ૬ઠ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૧ લો સમાપ્ત

अध्याय २ जो+

અજામિલનું આખ્યાન-'નારાયણ' નામનું અદ્ભુત માહાત્મ્ય

॥ श्रीशुक उवाच ॥

एवं ते भगवद्दूता यमदूताभिभाषितम् ।
उपधार्याथ तान्राजन् प्रत्याहुर्नयकोविदाः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા:-"હે રાજન્! ન્યાયમાં નિપુણ તે ભગવાનના દૂતો એ પ્રમાણે યમદૂતનું ભાષણ સાંભળીને તેઓને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૧]

વિષ્ણુદૂતો બોલ્યા:-'અહો! ખેદની વાત છે કે, ધર્મવેત્તાઓની સભામાં પણ અધર્મ જોવામાં આવે છે, કે જ્યાં પાપરહિત હોઇને શિક્ષાપાત્ર નથી તેવા લોકોને પણ વૃથા શિક્ષા કરવામાં આવે છે.[૨] જેઓ (ધર્મરાજા વગેરે) પ્રજાઓના પિતા ગણાય છે; જેઓ શિક્ષાપાત્રનેજ શિક્ષા કરે છે અને જેઓ સર્વત્ર સમાન દૃષ્ટિવાળા છે, તેઓમાં પણ જો આ રીતે (શિક્ષાપાત્ર ન હોય તેને પણ શિક્ષા કરવી વગેરે) વિષમતા થાય તો પ્રજા કોને શરણે જાય?[૩] આ જગતમાં જે કોઇ શ્રેષ્ઠ પુરુષ જે કંઈ આચરણ કરે છે, તેને બીજા સામાન્ય મનુષ્ય આચરવા ઇચ્છે છે અને તે શ્રેષ્ઠ પુરુષ જે વસ્તુને માન્ય કરે છે, તેને બીજા

+ આ અધ્યાયમાં વિષ્ણુદૂતો ભગવાનના નામનું અદ્ભુત માહાત્મ્ય સંભળાવીને અજામિલ બ્રાહ્મણને વિષ્ણુલોકમાં લઇ ગયા, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લોકો પણ માન્ય કરે× છે.[૪] આ લોક કે જે પોતે પશુની પેઠે ધર્મ કે અધર્મને જાણતો નથી, તે જેના (શ્રેષ્ઠ તરીકે ગણાયલા ધર્મરાજા જેવાના) ખોળામાં પોતાનું મસ્તક મૂકીને (વિશ્વાસથી) નિશ્ચિંત થઇ શયન કરે છે; તે પ્રાણીમાત્રને (વિશ્વાસ કરવા યોગ્ય શ્રેષ્ઠ પુરુષ જો પોતે દયાળુ હોય, તો જેણે પોતાનો આત્મા અર્પણ કરી દીધો હોય છે, તેવા પોતાની મિત્રતા કરનારા વિશ્વાસુ અજ્ઞાની લોકનો દ્રોહ કરવાને શી રીતે યોગ્ય છે?[૫,૬] આ અજામિલે પોતાના કરોડો જન્મનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરી નાખ્યું છે; કારણ કે તેણે પરાધીન અવસ્થામાં પણ સર્વ કલ્યાણોના આધાર શ્રીહરિના નામનું ઉચ્ચારણ કર્યું છે.÷ જે* સમયે આ અજામિલે 'नारायण आय । હે નારાયણ! તું અહીં આવ' એમ કહીને (પુત્રના નામે માત્ર આભાસથી પણ) ચાર અક્ષરવાળું ભગવાનના નામનું ઉચ્ચારણ કર્યું છે, તેજ સમયે તેટલાજ આભાસમાત્ર નામોચ્ચારણથી પણ આ પાપીનાં સર્વ પાપોનું પ્રાયશ્ચિત્ત થઇ ચૂક્યું છે.[૭,૮] જે કોઇ મનુષ્ય પોતે ચોર હોય, મદિરાપાન કરતો હોય, મિત્રદ્રોહી હોય, બ્રહ્મહત્યારો હોય, ગુરુપત્નીની સાથે વ્યભિચાર કરનારો હોય, સ્ત્રી, રાજા, પિતા તથા ગાયનો વધ કરનાર હોય ને એ સિવાયના પણ બીજા જે પાપી હોય, તેઓ સર્વને માટે આ શ્રીહરિનું નામોચ્ચારણ એજ સર્વોત્તમ પ્રાયશ્ચિત્ત છે; જેથી ભગવાનને પોતાને 'આ મારો પોતાનોજ છે.' આવો વિચાર થાય છે.[૯,૧૦] વેદવાદી મહાપુરુષોએ વ્રતાદિ જે જે પ્રાયશ્ચિત્તો કહ્યાં છે, તેનાથી પાપી જેવો શુદ્ધ થતો નથી, તેવો શ્રીહરિનાં નામપદના ઉચ્ચારણથી પવિત્ર થાય છે. વળી તે નામોચ્ચારણ ઉત્તમ કીર્તિવાળા શ્રીહરિના ગુણો જણાવનારૂં પણ થાય છે.[૧૧] શાસ્ત્રોમાં જે જે પ્રાયશ્ચિત્તો કહેલાં છે, તે તો પાપની વાસનાને છેકજ દૂર કરનારાં થતાંજ નથી; કારણ કે પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું હોય છે, તોપણ ફરી મન પાપના માર્ગે દોડી જાય છે. માટે પાપકર્મનો સમૂળગો વિનાશ ઇચ્છતા પુરુષોએ તો શ્રીહરિના ગુણાનુવાદરૂપજ પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ; કારણ કે એ પ્રાયશ્ચિત્ત ચિત્તને પણ શુદ્ધ કરનાર છે.[૧૨] માટે જેણે સર્વ પાપોનું પ્રાયશ્ચિત્ત કર્યું છે, એવા આ અજામિલને તમે યમદેવ પાસે ખસેડો મા; કેમકે આણે મરતાં મરતાં ભગવાનનું નામ લીધું છે. વિદ્વાનો કહે છે કે, હરકોઇ–પુત્રાદિના નામે લીધું હોય, મશ્કરીમાં કહ્યું હોય, કોઇ ગાયનનો આલાપ પૂરવા માટે ઉચ્ચારાયું હોય અથવા અપમાનપૂર્વક પણ વૈકુંઠભગવાનનું નામ લીધું હોય, તો તે પણ સમગ્ર પાપોને હરે છે. કોઇ મકાન વગેરે ઉપરથી પડતાં પડતાં, ઠેસ–ઠોકર ખાતાં, શરીર ભાંગતી વેળા, સર્પાદિના દંશ વખતે, તાવ વગેરેના દાહસમયે અથવા લાકડી વગેરેના માર વખતે પણ પરાધીન અવસ્થામાં 'હરિ' એ પ્રમાણે નામોચ્ચાર કરતો મનુષ્ય નરકની વેદનાને પાત્ર થતો નથી. મનુ આદિ મહર્ષિઓએ મોટાં પાપોનાં મોટાં પ્રાયશ્ચિત્તો અને નાનાં પાપોનાં નાનાં પ્રાયશ્ચિત્તો તારતમ્ય જાણીને કહ્યાં છે. (એથી તે

× તો ધર્મરાજા જેવા શ્રેષ્ઠ પુરુષો આ પ્રમાણે શિક્ષાપાત્ર ન હોય, તેને પણ શિક્ષા કરીને જો અધર્મ કરશે, તો બીજા સામાન્ય રાજાઓ પણ આવો અધર્મ કરવા માંડશે–એ અત્યંત અફસોસની વાત છે.—भा० क०

÷ સ્મૃતિ પણ કહે છે–

सकृदुच्चरितं येन हरिरित्यक्षरद्वयम् ।
बद्धः परिकरस्तेन मोक्षाय गमनं प्रति ॥

જેણે એકજ વાર 'હરિ' એવા બે અક્ષરોનું ઉચ્ચારણ કર્યું છે, તેણે મોક્ષે જવાની તૈયારી કરી છે.–શ્રી૰

* કદાચ યમદૂતો કહે કે, કોઇ કર્મમાં સદ્‌ગુણતા લાવવા માટે શ્રીહરિનું નામોચ્ચારણ યોગ્ય છે. જેમકે–

यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु ।
न्यूनं संपूर्णतां याति सद्यो वन्दे तमच्युतम् ॥

જેમના સ્મરણથી કે નામોચ્ચારણથી તપ તથા યજ્ઞક્રિયામાં જે કંઇ ન્યૂન હોય તે સંપૂર્ણ થાય છે, તે અચ્યુત ભગવાનને હું વંદન કરૂં છું.–આ વચનથી નામોચ્ચારણ તો કોઈ સદ્‌ગુણ લાવી શકે; પણ પાપને કેમ દૂર કરી શકે? આના ઉત્તરમાં આ શ્લોક કહે છે.—શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે સંબંધે તેવીજ વ્યવસ્થા છે; હરિનામની તો કોઈ વ્યવસ્થાજ÷ નથી.) ૧૩–૧૬ તપ, દાન અને જપ વગેરેથી મનુષ્યનાં તે તે પાપો જોકે દૂર થાય છે, પણ અધર્મથી ઉત્પન્ન થનારૂં તે તે પાપોનું જે હૃદય-સંસ્કાર નામનું છે, તે દૂર થતું નથી; તે તો ભગવાનની ચરણસેવાથીજ દૂર થાય† છે.૧૭ અજ્ઞાનથી કે જ્ઞાનથી ભગવાનનું જે નામોચ્ચારણ કર્યું હોય છે, તે તો અગ્નિ જેમ §કાષ્ઠને બાળી નાખે છે, તેમ મનુષ્યનાં પાપને બાળી નાખે છે.૧૮ જેમ કોઇ મહાવીર્યવાન ઔષધનો અજાણતાં અશ્રદ્ધાએ પણ ઉપયોગ કર્યો હોય; તોપણ તે ઔષધ પોતાથી અજાણ્યા મનુષ્યને પણ પોતાનો ગુણ બતાવે છે, તેમ 'શ્રીહરિ' એવો નામમંત્ર પણ પોતાનો પ્રભાવ નહિ જાણનારા અજ્ઞાન મનુષ્યને પણ (અજાણતાં લેવા છતાં) પોતાનો પ્રભાવ દર્શાવે છે.×૧૯ (હે યમદૂતો! આ ધર્મવિષયમાં

÷ કહ્યું છે કે, '**विष्णोः स्मरणमात्रेण मुच्यते सर्वपातकैः।**' વિષ્ણુ ભગવાનના માત્ર સ્મરણથીજ મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે. —શ્રીધર

† કહેવાનો ભાવ એ છે કે, મોટાં પાપો પણ માત્ર એકજ વાર લીધેલા હરિના નામથી નાશ પામે છે. જેમ માત્ર એકજ વાર પ્રકટાવેલો દીવો અંધકારનો નાશ કરે છે તેમ; અને જો હરિનું નામ એમ ને એમ ચાલુ રાખવામાં આવે છે, તો બીજાં પાપો ફરી ઉત્પન્નજ થતાં નથી. જેમ ધારણ કરી રાખેલો દીવો અંધકારને ઉત્પન્નજ થવા દેતો નથી તેમ. ત્યાર પછી વાસનાનો નાશ થતાં હૃદયની શુદ્ધિ થાય છે, એટલા માટેજ વારંવાર હરિનામ જપ્યા કરવું જોઇએ. કહ્યું છે કે, '**पापक्षयश्च भवति स्मरतां तमहर्निशम्।**' શ્રીહરિનું નિત્ય સ્મરણ કરનારાઓનાં પાપોનો ક્ષય થઇ જાય છે, એજ વાત અહીં કહી છે. —શ્રીધર

§ જેમ કોઇ બાળકે અજ્ઞાનથી પણ નાખેલો અગ્નિ લાકડાના મોટા ઢગને બાળી નાખે છે તેમ. —શ્રીધર

× અર્થાત્ વસ્તુમાં રહેલી શક્તિ શ્રદ્ધા વગેરેને જોતીજ નથી. વૈષ્ણવ ધર્મોમાં કહ્યું છે કે,

हरिर्हरति पापानि दुष्टचित्तैरपि स्मृतः।
अनिच्छयापि संस्पृष्टो दहत्येव हि पावकः॥

જેમ અગ્નિને અનિચ્છાએ સ્પર્શ કર્યો હોય, તોપણ તે બાળેજ છે. તેમ શ્રીહરિ દુષ્ટચિત્તથી સ્મરણ કરનારનાં પાપોનો પણ નાશ કરે છે. —શ્રીધર

જો તમને સંશય હોય, તો તમે તમારા સ્વામી યમદેવને પૂછી જોજો; કેમકે ભગવાન યમદેવ ધર્મના પરમ ગુહ્ય રહસ્યને જાણે છે.)*

શ્રીશુકદેવજી બોલ્યા:—"હે પરીક્ષિત રાજા! ભગવાનના તે પાર્ષદોએ, એ પ્રમાણે ભગવદ્ધર્મનો સારી પેઠે નિર્ણય કરીને તે અજામિલ બ્રાહ્મણને યમદેવના પાશથી મુક્ત કરી મૃત્યુથી પણ છોડાવ્યો.૨૦ હે શત્રુદમન રાજા! પેલા યમદૂતોને વિષ્ણુદૂતોએ એ પ્રમાણે હાંકી કાઢ્યા, એટલે તેઓ યમરાજ પાસે ગયા અને જે પ્રમાણે બન્યું હતું, તે સર્વ તેમને તેઓએ કહી સંભળાવ્યું.૨૧ પેલો અજામિલ યમપાશથી મુક્ત થયો, એટલે નિર્ભય થઇને સ્વસ્થ થયો અને તેણે ભગવાનના પાર્ષદોનાં દર્શનથી આનંદમાં આવી જઇને મસ્તક વડે તેમને વંદન કર્યું.૨૨ પછી તે બ્રાહ્મણ કંઇક કહેવા ઇચ્છતો હતો એમ જાણી લઇને હે નિર્દોષ રાજા! તે મહાપુરુષના પાર્ષદો તેના દેખતાંજ એકદમ ત્યાંથી અદૃશ્ય થઈ ગયા.૨૩ અજામિલ પણ તે યમદૂતોએ કહેલા વૈદિક સગુણ ધર્મને તથા વિષ્ણુદૂતોએ કહેલા શુદ્ધ અને નિર્ગુણ ભાગવતધર્મને સાંભળીને ભગવાન વિષે તત્કાળ ભક્તિવાળો થયો અને પોતાનાં પાપનું સ્મરણ કરતા તે બ્રાહ્મણને શ્રીહરિના માહાત્મ્યનું શ્રવણ કરવાથી મહાપશ્ચાત્તાપ થયો કે,૨૪-૨૫ 'અહો! અજિતેંદ્રિય એવા મારા સંબંધે કષ્ટની વાત બની છે, કે જે મેં આ શૂદ્રસ્ત્રીમાં સંતાન ઉત્પન્ન કરીને મારી બ્રાહ્મણજાતિનો વિનાશ કર્યો છે.૨૬ અફસોસ! સજ્જનોએ નિંદેલા એવા મને ધિક્કાર છે! હું સર્વ દોષોનો કરનાર છું અને કુળમાં કલંકરૂપ થયો છું. મેં મારી સતી સ્ત્રીનો ત્યાગ કરીને મદિરાપાન કરનારી વેશ્યા દાસી સાથે ગમન કર્યું!૨૭ અહો! મારાં વૃદ્ધ માતા–પિતા કે જેઓ બિચારાં અનાથ હતાં અને મારા વિના અન્ય કોઈ પુત્ર

* આ શ્લોક ક્ષેપક છે. —ભા૦ ક૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વગેરે સંબંધીથી રહિત હતાં, તેઓનો પણ મેં કૃતઘ્નીએ નીચની પેઠે ત્યાગ કરી દીધો છે.[૨૮] ખરેખર, હું અતિશય દારુણ નરકમાં પડીશ, કે જ્યાં ધર્મનો ઘાત કરનારા કામી પુરુષો યમ તરફની વેદનાઓનો અનુભવ કરે છે.[૨૯] આ તે શું મેં સ્વપ્ન જોયું છે કે આ આશ્ચર્ય અહીં સાક્ષાત્-જાગતાંજ જોયું છે? હજી હમણાંજ જેઓ હાથમાં પાશ લઇને મને ખેંચી રહ્યા હતા તેઓ ક્યાં ગયા? અને સુંદર દેખાવના ચાર સિદ્ધપુરુષો હતા, તેઓ ક્યાં ગયા, જેઓએ નરકમાં લઈ જતા મને છોડાવ્યો છે? જો કે હું દુર્ભાગી છું-અત્યંત પાપી છું, તોપણ આવા ઉત્તમ દેવોનાં દર્શન થવામાં કારણભૂત મારું કોઈ પૂર્વજન્મનું મહાન પુણ્ય હોવુંજ જોઇએ, કે જેઓનાં દર્શનથી મારું ચિત્ત પ્રસન્ન થયું છે-શુદ્ધ થયું છે.[૩૦-૩૨] જો મારાં પૂર્વજન્મનાં કંઇ પણ પુણ્ય ન હોત,તો અપવિત્ર અને વેશ્યા-દાસીનો પતિ હું જ્યારે મરવા પડ્યો હતો, તે વેળા મારી જિહ્વા શ્રીવૈકુંઠ ભગવાનનું નામ લેવાને કેમ યોગ્ય થાય?[૩૩] જુગારી, બ્રહ્મહત્યારો અને નિર્લજ્જ હું પાપી ક્યાં? અને '**નારાયણ**' એવું ભગવાનનું મંગળ નામ ક્યાં?[૩૪] માટે હું મારાં મન, ઇન્દ્રિયો તથા પ્રાણોને વશ કરી હવે એવો પ્રયત્ન કરીશ, કે જેથી ફરી મારા આત્માને અંધતમસ્-નરકમાં નહિ ડુબાડું. અવિદ્યા, કામના તથા કર્મોથી ઉત્પન્ન થનારા આ સંસારબંધનનો હવે હું ત્યાગ કરી દઇશ અને ભગવાનની સ્ત્રીમય માયાથી ગ્રસ્ત થયેલા મારા આત્માને હું છોડાવીશ, કે જે સ્ત્રીમય માયાએ (આજ દિવસ સુધી) મને અધમને ક્રીડામૃગ-રમકડાની પેઠે રમાડ્યો છે. આ શરીર વગેરે મિથ્યા પદાર્થોમાં 'હું, મારું' એવી જે મારી મિથ્યા બુદ્ધિ છે તેનો હું ત્યાગ કરી દઈશ અને સત્ય તત્ત્વરૂપ શ્રીભગવાનમાંજ બુદ્ધિવાળો થઇને તેમના કીર્તન વગેરેથી શુદ્ધ થયેલા મનને તેમના વિષેજ સ્થાપન કરીશ.[૩૫-૩૮] એ પ્રમાણે સત્પુરુષોના ક્ષણના સમાગમથી પણ જેને અત્યંત વૈરાગ્ય થયો હતો, એવો તે અજામિલ સાંસારિક સર્વ બંધનોને છોડી દઇને હરિદ્વારમાં ગયો.[૩૯]

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"ત્યાં કોઈ એક દેવમંદિરમાં બેસી તેણે યોગનો આશ્રય કર્યો અને ઇન્દ્રિયસમુદાયને વિષયો તરફથી આકર્ષી લઈ મનને આત્મામાં સ્થાપિત કર્યું.[૪૦] તે પછી દેહ-ઇન્દ્રિય આદિ ગુણોથી મનને અલગ કરી ચિત્તની એકાગ્રતા વડે કેવળ અનુભવરૂપ એવા ભગવાનના સ્વરૂપભૂત બ્રહ્મને વિષે તેણે મનને જોડી દીધું.[૪૧] એ રીતે તેની બુદ્ધિ ભગવાનના સ્વરૂપમાંજ જ્યારે નિશ્ચળ થઈ, ત્યારે તે બ્રાહ્મણે પૂર્વે જોયેલા ભગવાનના પાર્ષદ તે ચાર પુરુષોને પોતાની આગળ જોયા; એટલે મસ્તક વડે તેમને તેણે વંદન કર્યું.[૪૨] તે પછી તેણે પોતાના શરીરનો ગંગાતીર્થમાં ત્યાગ કર્યો અને તુરતજ ભગવાનના પાર્ષદનું સ્વરૂપ ધારણ કર્યું.[૪૩] પછી તે બ્રાહ્મણ ભગવાનના પાર્ષદો સાથે સુવર્ણના વિમાનમાં બેસીને આકાશમાર્ગે જ્યાં લક્ષ્મીપતિ બિરાજે છે, ત્યાં-વૈકુંઠલોકમાં જઇ પહોંચ્યો.[૪૪] એ પ્રમાણે તે અજામિલ સર્વ ધર્મોથી ભ્રષ્ટ થયો હતો, દાસીનો સ્વામી બન્યો હતો, પતિત થયો હતો, નિંદ્ય કર્મો કરતો હતો અને સ્વદારસંતોષ આદિ નિયમોનો નાશ કરનાર હોઇને નરકમાં પડવાની તૈયારીમાં હતો; છતાં ભગવાનનું નામ લઇને સત્વર મુક્ત થયો હતો.[૪૫] માટે જેઓ કર્મબંધનથી મુક્ત થવા ઇચ્છતા હોય, તેઓને માટે તીર્થપદ શ્રીભગવાનના નામકીર્તન વિના બીજું કંઇ પણ કર્મનાં બંધનનો નાશ કરનાર છેજ નહિ. કારણ કે રજોગુણ અને તમોગુણથી મલિન એવું મન ભગવાનના નામકીર્તન સિવાય બીજાં પ્રાયશ્ચિત્તોથી તો કર્મોમાં ફરી આસક્ત થાયજ છે, ત્યારે નામકીર્તનથી તો ફરી કર્માસક્ત થતુંજ નથી. જે મનુષ્ય આ પરમ ગુહ્ય અને પાપોનો નાશ કરનાર અજામિલનો ઇતિહાસ શ્રદ્ધાવાન થઇને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાંભળે છે અને ભક્તિથી સંભળાવે છે, તે મનુષ્ય જો કે પોતે અમંગળ હોય–પાપી હોય, તોપણ કદી નરકમાં જતો નથી, યમદૂતો તેને કદી જોઇ શકતા નથી અને વિષ્ણુલોકમાં તે પૂજાય છે.૪૬–૪૮ અજામિલ મરતાં મરતાં પોતાના પુત્રના નામે પણ ભગવાનનું નામ લઈ જો વૈકુંઠધામમાં ગયો, તો જે મનુષ્ય શ્રદ્ધાથી ભગવાનનું નામકીર્તન કરે, તે વૈકુંઠમાં જાય, એમાં શું કહેવાનું હોય?"૪૯

म्रियमाणो हरेर्नाम गृणन् पुत्रोपचारितम् ।
अजामिलोऽप्यगाद् धाम किं पुनः श्रद्धया गृणन् ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૨ જો સમાપ્ત

अध्याय ३ जो×

યમરાજાએ પોતાના દૂતોનું કરેલું સાંત્વન

॥ राजोवाच ॥

निशम्य देवः स्वभटोपवर्णितं प्रत्याह किं तान् प्रति धर्मराजः । एवं हताज्ञो विहतान् मुरारेर्नैदेशिकैर्यस्य वशे जनोऽयम् ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"આ લોક જેમને વશ છે અને શ્રીભગવાનના દૂતોએ જેમના દૂતોને એ પ્રમાણે હાંકી કાઢવાથી જેમની આજ્ઞાનો ભંગ થયો હતો એવા યમદેવે, પોતાના દૂતોએ વર્ણવેલું એ વૃત્તાંત સાંભળીને તેમના પ્રત્યે શું કહ્યું હતું?૧ હે ઋષિ! યમદેવના દંડનો કદી ભંગ થયો હોય એમ પૂર્વે અમે સાંભળ્યું નથી; તો આ સર્વ લોકનો એક સંશય છે; તેને આપ વિના બીજો કોઇ પણ દૂર કરી શકે તેમ નથી, એવો મારો નિશ્ચય છે."૨

શ્રીશુકદેવજી બોલ્યા:–"હે રાજન્! ભગવાનના પાર્ષદોએ એ પ્રમાણે જેમનો ઉદ્યમ ભાંગી નાખ્યો હતો, એવા તે યમદૂતો સંયમની નગરીના પતિ પોતાના સ્વામી યમદેવને આ પ્રમાણે વિનતિ કરવા લાગ્યા.૩

યમદૂતો બોલ્યા:–'હે પ્રભો! સાત્ત્વિક,રાજસ અને તામસ–એમ ત્રણ પ્રકારનું કર્મ કરી રહેલા આ જીવલોકના ઉપર તે તે કર્મફળને પ્રકટ કરવામાં કારણભૂત એવા કેટલા આજ્ઞા ચલાવનારાઓ છે?૪ આ લોકમાં જો અનેક આજ્ઞા ચલાવનારાઓ શિક્ષા કરનાર હોય તો સુખ કે દુઃખ કોને થશે? અને કોને નહિ થાય?*૫ જગતમાં કર્મ કરનારાઓ અનેક છે. માટે તેઓ પર આજ્ઞા ચલાવનારાઓ પણ અનેક હોય, એ વાત ઘટે છે; પણ જો એમજ હોય, તો જે સર્વના પર આજ્ઞા ચલાવનારો હોય તેનુંજ મુખ્ય આજ્ઞાધારકપણું માની શકાય; બીજાઓનું તો માંડલિક રાજાઓની પેઠે માત્ર કહેવાનુંજ આજ્ઞાધારકપણું ગણાય. (જેમ જગતમાં ચક્રવર્તી રાજાજ મુખ્ય શાસક ગણાય છે, ખંડિયા રાજાઓ તો માત્ર નામનાજ શાસક ગણાય છે; કારણ કે તેઓ નિરંકુશ થઇ શકતા નથી.)૬ માટે તમે એકજ સર્વ ઈશ્વર સહિત પ્રાણીઓના અધીશ્વર છો; આજ્ઞા કરનારા છો; શિક્ષા કરનારા છો અને મનુષ્યોનાં શુભ–અશુભ કર્મોનું પૃથક્કરણ કરનારા છો;૭ છતાં આવા (સર્વેશ્વર) આપનો દંડ આ જગતમાં હવે ચાલી શકતો નથી. કારણ કે ચાર અદ્ભુત સિદ્ધ પુરુષોએ આપની આજ્ઞા (આજે) તોડી પાડી છે.૮ અમે આપની આજ્ઞાથી તે અપરાધીને નરકોમાં લઈ જતા હતા, પણ એવામાં તો તેઓએ બળજબરીથી પાશો કાપી નાખીને એ પાપીને છોડાવી દીધો.૯ જુઓ માત્ર 'નારાયણ' એમ (પેલા

× આ અધ્યાયમાં યમદેવે પણ વિષ્ણુભક્તોનું વર્ણન કરી પોતાના દૂતોને શાંત પાડી તેઓને વિષ્ણુભક્તોના દાસ બનાવ્યા, એ કથા કહેવાશે. —શ્રીધર

* અર્થાત્ અનેક શિક્ષાધારીઓ હોય તો તેઓમાંજ પરસ્પર વિવાદ થતાં એક શિક્ષા કરવાની હા પાડશે ને બીજો ના પાડશે, એટલે કોઇ પણ સુખી કે દુઃખી થઇ શકે નહિ; તેમજ સર્વ શિક્ષાધારીઓ જો એકમત થઇ જાય, તો કોણ કેવળ સુખી કે દુઃખી ન થઇ પડે? —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાપીના) કહેવા માત્રમાંજ સત્વર 'તું ડરીશ નહિ' એમ કહેતા ત્યાં આવી પહોંચ્યા હતા, તેઓ કોણ હતા? એ જો આપ યોગ્ય માનતા હો, તો અમે આપની પાસેથી જાણવા ઇચ્છીએ છીએ.૧૦

શ્રીશુકદેવજી બોલ્યાઃ–" પ્રજાઓને નિયમમાં રાખનાર યમદેવને તે દૂતોએ એ પ્રમાણે પૂછ્યું એટલે પ્રસન્ન થઈ શ્રીહરિના ચરણકમળનું સ્મરણ કરતાં તેમણે પોતાના દૂતોને આ પ્રમાણે કહ્યું.૧૧

યમદેવ બોલ્યાઃ–'મારા સિવાય બીજોજ આ સ્થાવર–જંગમ જગતનો પરમેશ્વર છે, કે જેને વિષે આ જગત, તાંતણામાં વસ્ત્રની પેઠે ઓતપ્રોત રહેલું છે; જેના કેવળ અંશરૂપ વિષ્ણુ, બ્રહ્મા ને મહેશ્વરથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને નાશ થઈ રહ્યો છે અને નાકમાં નાથેલા બળદની પેઠે આ બધો લોક જેમને અધીન છે. જેમ કોઇ પશુપાલ બળદોને દોરડા વડે દામણમાં બાંધી લે, તેમ જ પરમેશ્વરે પોતાની વેદરૂપ વાણીમાં સર્વને નામકર્મથી બાંધી લીધા છે અને નામ–કર્મથી બંધાયલા તે આ સર્વ લોકો, ભયભીત થઇ જેમને બલિદાન આપ્યા કરે છે–જેમને વશ રહી પોતપોતાનાં વર્ણાશ્રમનાં કર્મો કર્યા કરે છે;૧૨,૧૩ હું, મહેન્દ્ર, નિર્ઋતિ, વરુણ, ચંદ્ર, અગ્નિ, રુદ્ર, પવન, સૂર્ય, બ્રહ્મા, સર્વ દેવો, વિશ્વેદેવા, વસુઓ, સાધ્યો, મરુદ્ગણો, રુદ્રગણો, સિદ્ધો અને બીજા ભૃગુ વગેરે પ્રજાપતિઓ તથા દેવપતિઓ જેઓને રજોગુણ કે તમોગુણે સ્પર્શ પણ કર્યો નથી અને જેઓમાં મુખ્ય સત્ત્વગુણજ રહેલો છે, તેઓ પણ જેમની માયાથી ઘેરાઇ જઇને જેમની લીલા જાણી શકતા નથી; તો પછી બીજાઓ તો ક્યાંથીજ જાણી શકે?૧૪,૧૫ જેમ આકૃતિઓ એટલે રૂપો પોતાના પ્રકાશક એવાં પણ ચક્ષુને જોઇ શકતાં નથી, તેમ સર્વ પ્રાણીઓ પોતાના હૃદયમાંજ રહેલા તે સર્વ જીવોના આત્મારૂપ પરમેશ્વરને ઇન્દ્રિયોથી, મનથી, પ્રાણોથી, હૃદયથી કે વાણીથી જોઇ શકતાં નથી. કારણ કે તે ભગવાન સર્વથી પર છે–પ્રમાતા તે પ્રમાણનો વિષય હોઇ શકેજ નહિ. (આવા તે પરમેશ્વર મારાથી જુદાજ છે.) તે શ્રીહરિ ભગવાન સ્વતંત્ર છે; સર્વના અધીશ્વર છે, સર્વથી પર છે; માયાના અધિપતિ છે; તે ભગવાનના મનોહર દૂતો પણ તેમના જેવાજ રૂપ, ગુણ તથા સ્વભાવવાળા હોય છે અને તેઓ ઘણું કરીને જગતમાં વિચર્યા કરે છે.૧૬,૧૭ એ વિષ્ણુ ભગવાનના દૂતો દેવોને પણ પૂજ્ય હોય છે; તેમનાં સ્વરૂપો જોવાને પણ અશક્ય હોય છે અને તે મહાઅદ્ભુત દૂતો ભગવાનની શક્તિવાળા મનુષ્યોની શત્રુઓથી, મારાથી અને બીજા અગ્નિ વગેરે સર્વ ઉપદ્રવોથી રક્ષા કરે છે.૧૮ (તે વિષ્ણુદૂતોએ અધર્મનો પક્ષપાત કેમ કર્યો, એમ તમે માનશો નહિ. કારણ કે) સાક્ષાત્ ભગવાને જ ધર્મ રચ્યો છે, તેને ઋષિઓ, દેવો, મુખ્ય સિદ્ધો તથા અસુરો પણ જાણી શકતા નથી; તો પછી મનુષ્યો, વિદ્યાધરો તથા ચારણો વગેરે ક્યાંથી જાણી શકે?૧૯ હે દૂતો! બ્રહ્મા, નારદ, શંકર, સનત્કુમાર, કપિલદેવ, મનુ, પ્રહ્લાદ, જનક રાજા, ભીષ્મ પિતામહ, બલિરાજા, શુકદેવજી અને હું–આ અમે બાર જણાઓ ગુહ્ય, શુદ્ધ અને દુર્બોધ એવા ભગવાનના ધર્મને જાણીએ છીએ, કે જેને જાણીને પ્રાણી મોક્ષ પામે છે.૨૦,૨૧ આ લોકમાં મનુષ્યોનો આટલોજ પરમ ધર્મ કહ્યો છે કે, ભગવાનનાં નામ લેવા વગેરેથી મનુષ્યે ભગવાનમાં ભક્તિયોગ કરવો.૨૨ હે પુત્રો! શ્રીહરિના નામોચ્ચારણનું માહાત્મ્ય તો તમે જુઓ! જેને લીધેજ અજામિલ પણ (મહાપાપી હોવા છતાં) મૃત્યુપાશથી મુક્ત થયો. ભગવાનના ગુણો, કર્મો તથા નામોનું સમ્યક્ કીર્તન મનુષ્યોનાં કેવળ પાપોનાજ નાશ કરવાને ઉપયોગી છે એમ નથી. (જુઓ ને!) અજામિલ મહાપાપી હતો, છતાં પણ મરતી વેળા–અસ્વસ્થ ચિત્તે પણ 'હે નારાયણ!' એમ પોતાના પુત્રને બૂમ પાડીને પણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(નહિ કે સમ્યક્ કીર્તન કરીને) મુક્તિને પામ્યો;[૨૩-૨૪] પણ* આ વસ્તુને મોટા મોટા (મનુ વગેરે) મનુષ્યો પણ ઘણું કરીને સમજી શકતા નથી. કારણ કે તેઓની બુદ્ધિ ભગવાનની માયાથી અત્યંત મોહિત થઈ ગઇ હોય છે અને ખેદની વાત છે કે, તેઓની બુદ્ધિ ઉપર ઉપરથી સુંદર જણાતાં વેદનાં ફળસૂચક વચનોમાં અત્યંત કદાગ્રહવાળી હોય છે; જેથી તેઓ, યજ્ઞ-યાગાદિ મોટાં મોટાં કર્મોમાં જોડાઇ જાય છે. (પણ શ્રીહરિના નામસ્મરણ જેવા નાના કર્મમાં આસક્ત થતા નથી.) આવો વિચાર કરીને ઉત્તમ બુદ્ધિવાળા પુરુષો અનંત ભગવાન વિષે સર્વ પ્રકારે કેવળ ભક્તિયોગજ કરે છે. આવા પુરુષો મારા તરફની શિક્ષાને પાત્ર થતા નથી. જો કદાચિત્ તેઓનું કંઇક પાપ હોય, તો તેને પણ ભગવાનનું નામોચ્ચારણજ નાશ કરી નાખે છે.[૨૫-૨૬] જે જે સમદષ્ટિવાળા સત્પુરુષો ભગવાનને શરણે ગયેલા હોય છે, તેઓની પવિત્ર કથાઓને દેવો તથા સિદ્ધો પણ વર્ણવ્યા કરે છે અને શ્રીહરિની ગદાજ તેઓનું રક્ષણ કરે છે. માટે તેવા ભક્ત પુરુષો પાસે તમે જશો નહિ. કારણ કે તેઓને શિક્ષા કરવા માટે આપણે અથવા કાળ પોતે પણ સમર્થ નથી;[૨૭] પરંતુ જે દુષ્ટ મનુષ્યો પરિગ્રહનો ત્યાગ કરનારા અને સારાસારનો વિવેક જાણનારા, પરમહંસોના સમૂહે સેવેલા મુકુંદ ભગવાનના ચરણકમળના મકરંદરૂપ રસથી વિમુખ હોય અને નરકના માર્ગરૂપ ઘરમાં તૃષ્ણાને બાંધી રહ્યા હોય તેવા મનુષ્યોને તમે અહીં લાવજો.[૨૮] વળી જેઓની જીભ ભગવાનના ગુણોનું કે નામોનું ઉચ્ચારણ કરતી નથી; જેઓનું મન ભગવાનના ચરણકમળનું સ્મરણ કરતું નથી અને જેઓનું મસ્તક એક વાર પણ શ્રીકૃષ્ણને નમતું નથી તેવા ભગવાનનું વ્રત નહિ કરનારા દુષ્ટ મનુષ્યોને તમે અહીં લાવજો.[૨૯] (હવે યમદેવ ભગવાનની ક્ષમા માગે છેઃ) અમારા પોતાના આ દૂતોએ ભગવાનનો જે કંઇ અપરાધ કર્યો છે તેને તે પુરાણપુરુષ ભગવાન નારાયણ ક્ષમા કરો. અમે એ ભગવાનના પોતાનાજ છીએ, અજ્ઞાની છીએ અને કેવળ તે ભગવાનને અમારી અંજલિજ જોડીએ છીએ. તે ભગવાન તો સર્વશ્રેષ્ઠ છે, માટે તેમને વિષે ક્ષમા હોય તે યોગ્યજ છે. અમે તે પરમપુરુષને નમસ્કાર કરીએ છીએ.'

"હે કુરુવંશી પરીક્ષિત રાજા! વિષ્ણુ ભગવાનનું સમ્યક્ કીર્તન તે જગતના મંગળરૂપ છે અને મોટાં પાપોનું પણ સર્વોત્કૃષ્ટ પ્રાયશ્ચિત્ત છે, એમ તમે જાણો.[૩૦-૩૧] શ્રીહરિનાં ઉદ્દામ પરાક્રમોનું વારંવાર શ્રવણ અને કીર્તન કરનારા એવા મનુષ્યોનો આત્મા, ઉત્તમ પ્રકારની તે ભક્તિથી જેવો શુદ્ધ થાય છે, તેવો વ્રતાદિથી શુદ્ધ થતો નથી.[૩૨] શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળના રસનો સ્વાદ લેનાર મનુષ્ય એક વખત છોડી દીધેલા પાપોત્પાદક માયાના ગુણોમાં ફરી કદી પણ આસક્ત થતો નથી, ત્યારે એ સિવાયનો

* ભગવાનના નામ-કીર્તન જેવા કેવળ સાદા ઉપાયથીજ સર્વ પાપોના ક્ષયપૂર્વક જો મોક્ષપ્રાપ્તિ થતી હોય, તો મનુ વગેરે મહાપુરુષોએ જુદાં જુદાં પાપોનાં પ્રાયશ્ચિત્તો શા માટે કહ્યાં હશે? આ શંકાના સમાધાન માટે આ શ્લોક છે. ભાવ એ છે કે, જેમ અમૃતસંજીવન ઔષધ નહિ જાણતા વૈદ્યો રોગને દૂર કરવા માટે સૂંઠ, મરી ને પીપર, અથવા લીમડા વગેરેનો ઉપયોગ કરવાનું કહે છે, તેમ બ્રહ્મા-શંકર વગેરે બાર પુરુષો સિવાય બાકીના મનુ વગેરે પુરુષો ભગવાનના આ અતિ ગુહ્ય નામસ્મરણનો મહિમા નહિ સમજીને જુદાં જુદાં પ્રાયશ્ચિત્તો કરવાનું કહે છે. આપણે જોઇએ છીએ કે, સામાન્ય લોકોને મોટા મંત્ર વગેરે ઉપર શ્રદ્ધા હોય છે, પણ નાના મંત્ર વગેરે ઉપર શ્રદ્ધા હોતી નથી તેથી કરીને ભગવાનના નામસ્મરણના કોઈ ગ્રાહક થતા નથી; અથવા સિંહ કબજામાં હોય તેથી તેનો કૂતરાં-બિલાડાંને અટકાવવામાં ઉપયોગ કરવો તે ઠીક નથી; તેમ અતિતુચ્છ પાપોને દૂર કરવા માટે પરમ મંગળ ભગવાનના નામસ્મરણનો તે મનુ વગેરે ઉપયોગ કરવા ઇચ્છતા નથી; અથવા ભગવાનના નામમાહાત્મ્યનું જો જ્ઞાન થશે, તો સર્વ કોઇનો મોક્ષ થઇ જશે, એવા કારણથી મનુ વગેરે તે બતાવતા નથી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi.

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બીજો મનુષ્ય તો કામવાસનાઓથી પરાજય પામીને પોતાનાં પાપો દૂર કરવાને પ્રાયશ્ચિત્ત ઇચ્છે છે, કે જે પ્રાયશ્ચિત્તથી ફરી પાપ ઉત્પન્નજ થાય છે.[૩૩] હે રાજન્! પોતાના સ્વામીએ કહેલો (પૂર્વોક્ત) ભગવાનનો મહિમા સ્મરણમાં રાખીને તે યમદૂતો વિસ્મિત બુદ્ધિવાળા થયા નહિ, (પણ તેને સત્યજ માનવા લાગ્યા;) અને તે દિવસથી આરંભીને ભગવાનના ભક્ત પ્રત્યે શંકિત થઇને તેની સામે દૃષ્ટિ કરતાં પણ ડરવા લાગ્યા.[૩૪] ભગવાન અગસ્ત્ય, મલયાચલપર્વત ઉપર શ્રીહરિનું પૂજન કરતા બેઠા હતા, ત્યારે આ ગુહ્ય ઇતિહાસ તેમણે (મને) કહ્યો હતો."[૩૫]

इतिहासमिमं गुह्यं भगवान् कुंभसंभवः ।
कथयामास मलय आसीनो हरिमर्चयन् ॥३५॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૩ જો સમાપ્ત

अध्याय ४ थो*

પ્રજાસૃષ્ટિ માટે દક્ષની હંસગુહ્ય સ્તોત્રથી શ્રીહરિની આરાધના

॥ राजोवाच ॥

देवासुरनृणां सर्गो नागानां मृगपक्षिणाम् ।
सामासिकस्त्वया प्रोक्तो यस्तु स्वायंभुवेंऽतरे ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"સ્વાયંભુવ મન્વંતરમાં દેવો, અસુરો, મનુષ્યો, સર્પો, મૃગો તથા પક્ષીઓની જે સૃષ્ટિ આપે (તૃતીય સ્કંધમાં) સંક્ષેપથી કહી છે, તેનેજ હવે હું વિસ્તારથી જાણવા ઇચ્છું છું; તેમજ હે ભગવન્! ભગવાન બ્રહ્મદેવે જે શક્તિ વડે પાછળની સૃષ્ટિ ઉત્પન્ન કરી તે શક્તિને તથા તેના પ્રકારને પણ હું જાણવા ઇચ્છું છું."[૧,૨]

સૂત બોલ્યાઃ–હે શ્રેષ્ઠ મુનિઓ! રાજર્ષિ પરીક્ષિતનો એ પ્રશ્ન સાંભળીને મહાયોગી શુકદેવજીએ સામેથી તેમને અભિનંદન આપ્યું અને પછી આ પ્રમાણે કહ્યું:[૩]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"પ્રાચીનબર્હિષ રાજાના પ્રચેતા નામના તે દશ પુત્રો જ્યારે સમુદ્રમાંથી બહાર નીકળ્યા, ત્યારે તેઓએ પૃથ્વીને વૃક્ષોથી છવાઇ ગયેલી જોઇ;[૪] એટલે તેઓ વૃક્ષો ઉપર ક્રોધાયમાન થઇ ગયા. કારણ કે તેઓનો ક્રોધ તપથી સળગી ઊઠ્યો હતો, જેથી તેઓએ વૃક્ષોને બાળી નાખવાની ઇચ્છાથી મુખમાંથી વાયુ તથા અગ્નિને ઉત્પન્ન કર્યો.[૫] હે કુરુવંશી રાજા! એ વાયુ તથા અગ્નિએ વૃક્ષોને છેકજ બાળી નાખવા માંડ્યાં; તે જોઇને મહાન રાજા ચંદ્ર તેમના ક્રોધને જાણે શાંત કરતા હોય તેમ તેઓને કહેવા લાગ્યા:[૬] 'હે મહાભાગો! તમે આ ગરીબ વૃક્ષો ઉપર દ્રોહ કરવાને યોગ્ય નથી. તમે તો વિશેષે કરીને (પ્રજાની) વૃદ્ધિ કરવા ઇચ્છનારા પ્રજાઓના પતિઓ છો,[૭] અહો! પ્રજાપતિઓના પણ પતિ અને અવિનાશી એવા સમર્થ ભગવાન શ્રીહરિએ વનસ્પતિઓને તથા ઔષધિઓને (પ્રજાઓના) ભક્ષ્ય અન્ન તરીકે ઉત્પન્ન કરેલ છે.[૮] સ્થાવર પ્રાણીઓ (પુષ્પ, ફળ, વગેરે) જંગમ પ્રાણીઓનું અન્ન છે; પગે ચાલનારાં પ્રાણીઓનું પગ વિનાનાં (ઘાસ વગેરે) અન્ન છે, હાથવાળાં પ્રાણીઓનું હાથ વિનાનાં (પશુઓ વગેરે) અન્ન છે અને બેપગાં પ્રાણીઓનું ચોપગાં પ્રાણીઓ અન્ન છે.[૯] હે નિર્દોષ પ્રચેતાઓ! તમને તમારા પિતાએ તથા બ્રહ્મદેવે પ્રજાઓ ઉત્પન્ન કરવાની આજ્ઞા આપી છે; તો તમે (પ્રજાઓના અન્નરૂપ) વૃક્ષોને બાળી નાખવાને કેમ યોગ્ય છો?[૧૦] તમે તમારા પ્રકટેલા કોપને નિયમમાં રાખો અને તમારા પિતા, પિતામહ તથા પ્રપિતામહોએ સેવેલા સત્પુરુષોના માર્ગને આચરણમાં મૂકો.[૧૧] જેમ બાળકોના બંધુ માતાપિતા છે, નેત્રોનું રક્ષણ કરનાર પાંપણો છે; સ્ત્રીનું રક્ષણ કરનાર તેનો પતિ છે;

* આ અધ્યાયમાં પ્રજાસૃષ્ટિ માટે દક્ષે તપથી અને હંસગુહ્ય નામના સ્તોત્રથી શ્રીહરિનું આરાધન કર્યું, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભિક્ષુકોનું રક્ષણ કરનાર ગૃહસ્થ છે અને અજ્ઞાનીઓનો બંધુ જ્ઞાની છે; તેમ પ્રજાઓનો બંધુ પ્રજાપતિ છે.[૧૨] પ્રાણીમાત્રનાં શરીરોમાં આત્મારૂપે ઈશ્વર શ્રીહરિ બિરાજેલા છે, માટે સર્વ કંઈ એ ભગવાનનુંજ રહેવાનું સ્થાન છે, એમ તમે જુઓ. કારણ કે એમ સર્વત્ર ભગવદ્દષ્ટિ વડે એ ભગવાનને તમે પ્રસન્ન કરી શકશો.[૧૩] જે મનુષ્ય અકસ્માત્ પોતાના શરીરમાં ઉત્પન્ન થયેલા ઉગ્ર ક્રોધને આત્મવિચારથી કાબૂમાં રાખે છે તે મનુષ્ય, પ્રકૃતિના ગુણોને જીતી શકે છે.[૧૪] માટે તમે આ ગરીબડાં વૃક્ષોને બાળવાં બંધ કરો અને બાકી રહેલાં આ વૃક્ષોનું કલ્યાણ થાઓ. તમે આ વૃક્ષોએ ઉછેરેલી કન્યાને તમારી પત્ની તરીકે સ્વીકારો.' હે રાજા! એ પ્રમાણે પ્રચેતાઓને શાંત પાડીને રાજા ચંદ્ર, પ્રમ્લોચા અપ્સરાની કન્યા (જેને વૃક્ષોએ ઉછેરી હતી,) જે સુંદર નિતંબવાળી હતી, તેને એ પ્રચેતાઓને આપીને ત્યાંથી પોતાને સ્થાને ગયા; એટલે તે પ્રચેતાઓ તે કન્યાને ધર્મ પ્રમાણે પરણ્યા.[૧૫/૧૬] તેઓથી એ સ્ત્રી વિષે દક્ષ નામે પુત્ર ઉત્પન્ન થયો, કે જેની પ્રજાસૃષ્ટિથી ત્રણે લોક ભરાઈ ગયા છે.[૧૭] પોતાની પુત્રીઓ ઉપર પ્રેમવાળા તે દક્ષપ્રજાપતિએ વીર્યથી તથા મનથી જે પ્રમાણે પ્રાણીઓને ઉત્પન્ન કર્યાં હતાં, તે હવે તમે મારી પાસેથી સાવધાન થઇને સાંભળો.[૧૮] પ્રજાપતિ દક્ષે પ્રથમ તો મનથીજ દેવ, અસુર, મનુષ્ય, આકાશચારી, પૃથ્વીચારી તથા જલચારી– આ પ્રજાઓને ઉત્પન્ન કરી હતી;[૧૯] પરંતુ એ પ્રજાસૃષ્ટિને વૃદ્ધિ નહિ પામેલી જોઇને તે પ્રજાપતિ દક્ષે વિંધ્યાચળની સમીપના પર્વતોમાં જઇને દુષ્કર તપ કરવા માંડ્યું.[૨૦] તે સ્થળે અઘમર્ષણ નામનું પાપને દૂર કરનારૂં ઉત્તમ તીર્થ આવેલું છે; તેમાં ત્રણ કાળ સ્નાન કરીને તેમણે તપશ્ચર્યાથી શ્રીહરિને પ્રસન્ન કરવા માંડ્યા.[૨૧] તે પ્રજાપતિએ હંસગુહ્ય નામના સ્તોત્રથી ભગવાન અધોક્ષજની સ્તુતિ કરી હતી; જે સ્તોત્રથી શ્રીહરિ તેમના પર પ્રસન્ન થયા હતા, તે સ્તોત્ર હું તમને કહું છું.[૨૨]

"દક્ષ પ્રજાપતિએ આ પ્રમાણે સ્તુતિ કરી હતીઃ 'જે ભગવાન સર્વ કરતાં ઉત્તમ છે; જેમની ચૈતન્યશક્તિ સત્યસ્વરૂપ છે; જે જીવના તથા માયાના નિયંતા છે; જેમનું સ્વરૂપ દેહાદિ ઉપર તત્ત્વબુદ્ધિવાળા જીવોએ જોયું નથી; જે અવધિરહિત છે અને સ્વયંપ્રકાશ છે તે ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૨૩] જેમ વિષય, વિષયી–ઇન્દ્રિય આદિ–નું પ્રકાશકપણું જાણી શકતો નથી, તેમ આ શરીરમાં હમેશાં સાથે રહેનારો પુરુષ–જીવ, સર્વ પ્રપંચના દ્રષ્ટા અને હમેશાં સાથે રહેનારા પોતાના મિત્ર એવા પણ જે પરમેશ્વરની મિત્રતાને (સર્વ ઇન્દ્રિય વગેરેના પ્રવર્તકપણાને) જાણી શકતો નથી; (કારણ કે દ્રષ્ટા, દૃશ્ય થઇ શકે નહિ,) તે મહેશ્વરને હું નમસ્કાર કરૂં છું.[૨૪] દેહ, પ્રાણ, ઇન્દ્રિયો, અંતઃકરણ, પાંચ ભૂતો અને શબ્દાદિ પાંચ વિષયો પોતપોતાને જણાવનારી ઇન્દ્રિયોને તથા તે તે ઇન્દ્રિયોના અધિષ્ઠાયક દેવવર્ગને જાણી શકતા નથી, પણ પુરુષ–જીવ તો એ ત્રણેયને તથા તેઓ સર્વના મૂળરૂપ ગુણોને પણ જાણે છે, છતાં તે જીવ જે સર્વજ્ઞને જાણી શકતો નથી, તે અનંત ભગવાનની હું સ્તુતિ કરૂં છું.[૨૫] જે સમયે દૃશ્યનું દર્શન તથા સ્મરણ નાશ પામવાથી નામ તથા રૂપને જણાવનારૂં મન ઉપરામ પામે છે–સમાધિદશામાં એકાગ્ર બને છે, ત્યારે જે ભગવાન કેવળ સ્વરૂપજ્ઞાનથી જાણવામાં આવે છે, તે શુદ્ધસ્વરૂપ અને શુદ્ધ મનરૂપી સ્થાનવાળા પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.[૨૬] જેમ અરણિ કાષ્ઠમાં ગૂઢ રહેલા અને પંદર સમિધેનામંત્રોથી પ્રકાશ કરવા યોગ્ય એવા અલૌકિક અગ્નિને (મથીને) બહાર કાઢે છે, તેમ વિવેકી પુરુષો પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર, પાંચ તન્માત્રાઓ, અગિયાર ઇન્દ્રિયો તથા પાંચ ભૂતોરૂપી ત્રિગુણાત્મક પોતાની શક્તિઓથી ઢંકાઈ રહેલા જે પરમાત્માને બુદ્ધિથી હૃદયમાં નિશ્ચળ કરીને તે તત્ત્વોથી અલગ સ્વરૂપે ધ્યાન કરે છે,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે સમગ્ર ભેદોવાળી માયાનો નિષેધ કરવાથી ત્રિકાલાબાધ્ય સુખસ્વરૂપે અનુભવાતા, સર્વ નામવાળા, સર્વ રૂપવાળા અને અનિર્વચનીય માયા જેમની શક્તિ છે તે પરમાત્મા, મારા પર પ્રસન્ન થાઓ. જે જે વચનથી કહેવામાં આવે છે; જેનો જેનો બુદ્ધિથી નિશ્ચય કરવામાં આવે છે; જે જે ઇન્દ્રિયોથી ગ્રહણ કરવામાં આવે છે અથવા જેનો જેનો મનથી સંકલ્પ કરવામાં આવે છે, તે તે પરમાત્માનું સ્વરૂપ નથી; કારણ કે તે તે તો ગુણોનુંજ સ્વરૂપ છે અને પરમાત્મા તો ગુણોથી ભિન્ન છે અને ગુણોની ઉત્પત્તિ તથા લયથી જણાય છે. (કેમકે ચેતનાના અધિષ્ઠાન વિના ઉત્પત્તિ કે નાશ સંભવે નહિ.)[૨૭-૨૯] જેને વિષે આ જગત રહ્યું છે તે બ્રહ્મ છે; જેના થકી આ જગત ઉત્પન્ન થાય છે તે બ્રહ્મ છે; જે સાધનથી આ જગત ઉત્પન્ન થાય છે તે બ્રહ્મ છે; જેના સંબંધમાં આ જગત રહ્યું છે તે બ્રહ્મ છે; જેને ઉદ્દેશી જે બલિદાન વગેરે આપવામાં આવે છે તે બ્રહ્મ છે; જે સ્વતંત્ર કર્તા કરે છે તે બ્રહ્મ છે અને જે પ્રયોજક કર્તા બીજા પાસે કરાવે છે તે બ્રહ્મ છે; કેમકે તે બ્રહ્મ સર્વનું કારણ છે; સર્વની પહેલાં પ્રસિદ્ધ છે; પર એવાં પ્રકૃતિ–પુરુષ વગેરેના તથા અપર એવા બ્રહ્મા આદિના પણ પરમ કારણ છે; વિજાતીય ભેદથી રહિત છે અને સજાતીય ભેદથી પણ રહિત છે.[૩૦†] જે ભગવાનની માયાવિદ્યાની શક્તિઓ વિવાદ તથા સંવાદની ભૂમિ થઈ પડે છે અને તે વિવાદ÷ તથા સંવાદ+ કરનારાઓને વારંવાર મનમાં મોહ ઉત્પન્ન કરે છે, તે અનંત ગુણવાળા વ્યાપક પરમેશ્વરને હું નમસ્કાર કરૂં છું.[૩૧] યોગરૂપી ×ઉપાસનાશાસ્ત્રમાં જે બ્રહ્મને અવયવો છે એમ કહેવામાં આવે છે; ત્યારે સાંખ્ય–જ્ઞાન *શાસ્ત્રમાં જેને અવયવો નથી, એમ કહેવામાં આવે છે. આ રીતે એ બન્ને શાસ્ત્રો+ પરસ્પર વિરુદ્ધ ધર્મો સ્વીકારીને જે સંબંધે વિવાદ ચલાવે છે; તોપણ જે બ્રહ્મરૂપ એકજ વસ્તુમાં સ્થિતિ કરે છે; જેથી એ બન્ને શાસ્ત્રોમાં જે સમાનપણે અનુસરીને રહેલા જોવામાં આવે છે; વિધિ તથા પ્રતિષેધના અવિષયરૂપ છે અને (તે બન્ને શાસ્ત્રોને વિવાદ ચલાવવામાં) ‡અનુકૂળ (થઇ પડેલ) છે, તેજ વિવાદાસ્પદ બ્રહ્મ છે.[૩૨] જે અનંત ભગવાન પોતે નામ તથા રૂપથી રહિત છે, છતાં પોતાના ચરણમૂળનું ભજન કરનારા પુરુષો ઉપર અનુગ્રહ કરવા માટે અવતારો વડે સ્વરૂપોને ગ્રહણ કરે છે અને કર્મો વડે નામોને ગ્રહણ કરે છે, તે પરમેશ્વર મારા પર પ્રસન્ન થાઓ.[૩૩] પ્રત્યેક શરીરોમાં અંતર્યામી તરીકે રહેલા ઈશ્વર અર્વાચીન ઉપાસનામાર્ગોદ્વારા તે તે અનેક વાસનાઓને અનુસારે તે તે (દેવતા આદિ) અનેક સ્વરૂપે મનુષ્યોને જણાય છે. જેમ દષ્ટાંત તરીકે વાયુ પૃથ્વીના ભિન્ન ભિન્ન ગંધગુણનો આશ્રય

† ઉપર કહ્યા પ્રમાણે સમગ્ર જગતનું કારણ બ્રહ્મ છે; તો મીમાંસકો શા માટે વિવાદ કરે છે કે, 'આ જગત પૂર્વે આવું કદી હતુંજ નહિ એમ નથી' વગેરે. વળી તે મીમાંસકો સામે સ્વભાવવાદીઓ શા માટે સંવાદ કરે છે? અને એ બન્ને પક્ષવાળાઓને તટસ્થ તત્ત્વજ્ઞાનીઓ સમજાવે છે, છતાં તેઓ મોહ કેમ પામે છે? આ પ્રશ્નના ઉત્તરમાં આ શ્લોક છે. —શ્રીધર

÷ વિવાદ એટલે પૂર્વપક્ષ.

+ સંવાદ એટલે સિદ્ધાંતસ્થાપન. —ભા. ક.

× ઉપાસનાશાસ્ત્રમાં, વિરાટસ્વરૂપની ઉપાસના વિષે પાતાલમાં ભગવાનના ચરણોને ઉપાસ્ય તરીકે વર્ણવ્યા છે; માટે તે શાસ્ત્ર બ્રહ્મને અવયવોવાળા (સાકાર) માને છે. —ભા. ક.

* જ્ઞાનશાસ્ત્રમાં **'अपाणिपादः' 'अचक्षुरश्रोत्रम्'**–બ્રહ્મને હાથ–પગ, નેત્ર કે કાન વગેરે અવયવો નથી, એમ કહીને બ્રહ્મને અવયવરહિત વર્ણવે છે. શ્રી૦

+ પરસ્પર વિરુદ્ધ ધર્મ તે એ કે, એક માને છે કે, અવયવો છે, ત્યારે એક માને છે કે અવયવો નથી; પણ તે એકજ વસ્તુના ધર્મમાંજ વિરોધ છે; વસ્તુસંબંધે વિરોધ નથી. —ભા. ક.

‡ અધિષ્ઠાન વિના પાદાદિ અવયવોની કલ્પના હોઇ શકે નહિ; અને અવધિ વિના પાદાદિ અવયવોનો નિષેધ સંભવી શકે નહિ. આ રીતે અધિષ્ઠાનસ્વરૂપે બન્નેને અનુકૂળ છે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરીને પોતે (કોઇ જાતના ગંધગુણથી રહિત છે, છતાં પણ) ભિન્ન ભિન્ન ગંધગુણવાળો જણાય છે; અથવા પૃથ્વીની ભિન્ન ભિન્ન વર્ણની ધૂળનો આશ્રય કરીને ભિન્ન ભિન્ન વર્ણવાળો જણાય છે તેમ, (ભગવાન પણ પોતે એકજ હોવા છતાં તે તે દેવતાઓના સ્વરૂપે ફળદાતા હોઇને અનેક સ્વરૂપે દેખાય છે) તે પરમેશ્વર મારા મનોરથોને પૂર્ણ કરો.'[34]

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"હે કુરુશ્રેષ્ઠ રાજા! તે અઘમર્ષણ તીર્થમાં પ્રજાપતિ દક્ષે એ પ્રમાણે સ્તુતિ કરી, એટલે ભક્તવત્સલ ભગવાન તેમની આગળ પ્રકટ થયા.[35] એ સમયે તે ભગવાને ગરુડની ખાંધ ઉપર પોતાના બન્ને પગ મૂક્યા હતા; તેમને લાંબી ને મોટી આઠ ભુજાઓ હતી; ચક્ર, શંખ, તલવાર, ઢાલ, બાણ, ધનુષ, પાશ તથા ગદાને તેમણે ધારણ કર્યાં હતાં; પીળાં વસ્ત્રો પહેર્યાં હતાં; મેઘના જેવા તે શ્યામ હતા; તેમનાં મુખ અને નેત્રો પ્રસન્ન હતાં; વનમાળાથી તેમનું અંગ વીંટાયલું હતું; તેમના પર શ્રીવત્સચિહ્ન અને કૌસ્તુભમણિ શોભી રહ્યાં હતાં; મોટો મુકુટ અને કડાં તેમણે ધારણ કર્યાં હતાં; મકરાકાર કુંડળો તેમના કાનમાં શોભતાં હતાં અને કંદોરો, વીંટીઓ, પગનાં આભૂષણ, ઝાંઝરો તથા બાજુબંધોથી તે સુશોભિત હતા.[36-38] આવું ત્રૈલોક્યને મોહ ઉપજાવનારૂં સ્વરૂપ ધારણ કરતા તે ત્રિભુવનેશ્વર, નારદ, નંદ વગેરે પાર્ષદોથી તથા દેવસમૂહના નાયકોથી વીંટાયલા હતા[39] અને સિદ્ધો, ગંધર્વો તથા ચારણો તેમની પાછળ ગાન કરતા કરતા તેમની સ્તુતિ કરતા હતા. પ્રજાપતિ દક્ષ, ભગવાનનું તે મહાઆશ્ચર્યકારક સ્વરૂપ જોઇને સર્વ તરફથી નિર્ભય થયા અને પ્રસન્નચિત્ત થઇને તેમણે ભૂમિ પર દંડવત્ પ્રણામ કર્યા. જેમ નદીઓ ઝરણાંઓથી ભરપૂર થઈ જાય તેમ તેમનું મન અને ઇન્દ્રિયો એવા તીવ્ર હર્ષવડે ભરાઇ ગયાં હતાં, કે જેથી તે કંઇજ બોલી શક્યા નહિ.[40-41] એ પ્રમાણે પોતાને નમન કરી રહેલા અને પ્રજાની ઇચ્છાવાળા પોતાના ભક્ત પ્રજાપતિ દક્ષને સર્વ પ્રાણીઓના ચિત્તને જાણનારા જનાર્દન ભગવાન આ રીતે કહેવા લાગ્યા.[42]

શ્રીભગવાન બોલ્યાઃ-'હે પ્રચેતાઓના મહાભાગ્યશાળી પુત્ર! તપશ્ચર્યાને લીધે તમે સારી રીતે સિદ્ધ થયા છો. કારણ કે તમે મારાપરાયણ શ્રદ્ધાથી કેવળ મારામાંજ ઉત્તમ ભક્તિ પ્રાપ્ત કરી છે.[43] હે પ્રજાનાથ! તમારી તપશ્ચર્યા આ જગતને વૃદ્ધિ કરનારી છે તેથી હું તમારા પર પ્રસન્ન થયો છું મારી આ ઇચ્છાજ છે કે, પ્રાણીમાત્રની સમૃદ્ધિઓ વૃદ્ધિ પામે. (અને એ મારી ઇચ્છાને તમે પૂર્ણ કરી છે તેથી હું તમારા પર પ્રસન્ન થયો છું.) બ્રહ્મા, શંકર, તમે, સર્વ પ્રજાપતિઓ, મનુઓ અને મોટા મોટા દેવો-આ સર્વે પ્રાણીઓની ઉત્પત્તિમાં કારણભૂત મારી વિભૂતિઓ છે. હે બ્રહ્મન્! તપશ્ચર્યા (એટલે યમ-નિયમાદિ સહિત ધ્યાન) એ મારું હૃદય છે; વિદ્યા (એટલે અંગો સહિત મંત્રનો જપ) એ મારું શરીર છે; ક્રિયા (એટલે ધ્યાનાદિના વિષયરૂપ પુરુષનો (વ્યાપાર) જેને ભાવના કહેવામાં આવે છે તે મારી આકૃતિ છે; સારી રીતે કરવામાં આવેલા યજ્ઞો તે મારાં અંગો છે; ધર્મ (એટલે યજ્ઞાદિથી ઉત્પન્ન થયેલું અદૃષ્ટ ફળ) તે મારું મન છે અને (યજ્ઞભોક્તા) દેવો તે મારા પ્રાણ છે.[44-46] આ સૃષ્ટિની પૂર્વે કેવળ હુંજ હતો; ગ્રાહક કે ગ્રાહ્ય બીજી કોઈ પણ વસ્તુ ન હતી; માત્ર ચૈતન્યરૂપ, ઇન્દ્રિયોની વૃત્તિઓથી ન જાણી શકાય એવું અને સર્વત્ર જાણે નિદ્રાવશ હોય, તેવું મારું કેવળ સ્વરૂપજ હતું.[47] તે પછી અનંત ગુણોવાળા અને અનંત એવા મારા વિષે માયાથી જ્યારે ત્રિગુણાત્મક બ્રહ્માંડ ઉત્પન્ન થયું હતું, તેજ વખતે સર્વના આદિ-સ્વયંભૂ બ્રહ્મા ઉત્પન્ન થયા હતા.[48] મારી શક્તિથી વૃદ્ધિ પામેલા તે મહાન દેવ બ્રહ્મા, તે સમયે સૃષ્ટિ ઉત્પન્ન કરવાને તૈયાર થયા હતા; પણ પોતે જાણે (તે માટે) અસમર્થ હોય તેમ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેઓ માનવા લાગ્યા. પછી તે સમર્થ દેવને મેં 'તપ તપ' એમ કહીને તપશ્ચર્યા કરવાની આજ્ઞા કરી હતી; જેથી તેમણે દારુણ તપ કર્યું હતું અને તમને નવ પ્રજાપતિઓને પ્રથમ ઉત્પન્ન કર્યા હતા. (આવો તપશ્ચર્યાનો પ્રભાવ છે.)[૪૯-૫૦] હે દક્ષ પ્રજાપતિ ! આ પંચજન નામના પ્રજાપતિની 'અસિક્ની' નામની પુત્રી છે, તેને તમે પત્ની તરીકે સ્વીકારો.[૫૧] તમે પોતે મૈથુનધર્મવાળા છો, તેથી આ મૈથુનધર્મવાળી સ્ત્રીમાં તમે આ સૃષ્ટિને અનેક રીતે વૃદ્ધિ પમાડી શકશો;[૫૨] તેમજ હવે તમારા પછીની સર્વ પ્રજાઓ મારી માયાને લીધે (સ્ત્રી સાથે) મૈથુનરૂપ થઇને પુત્રાદિરૂપે ઉત્પન્ન થશે અને મને બલિ અર્પણ કરશે.[૫૩]

શ્રીશુકદેવજી બોલ્યા:—"જગતનું રક્ષણ કરનારા ભગવાન શ્રીહરિ એ પ્રમાણે કહીને તે દક્ષ પ્રજાપતિના દેખતાં સ્વપ્નમાં જોયેલા પદાર્થની પેઠે ત્યાંજ અંતર્ધાન થઈ ગયા."[૫૪]

इत्युक्त्वा मिषतस्तस्य भगवान् विश्वभावनः ।
स्वप्नोपलब्धार्थ इव तत्रैवांतर्दधे हरिः ॥५४॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૪ થો સમાપ્ત

अध्याय ५ मो×

દક્ષનો નારદજીને શાપ

॥ શ્રીશુક ઉવાચ ॥

तस्यां स पांचजन्यां वै विष्णुमायोपबृंहितः ।
हर्यश्वसंज्ञानयुतं पुत्रानजनयद्विभुः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:—"વિષ્ણુની માયાથી બળવાન બનેલા તે સમર્થ દક્ષે, પંચજનપ્રજાપતિની પુત્રી તે અસિક્ની નામની પોતાની સ્ત્રીમાં હર્યશ્વ નામના દશ હજાર પુત્રોને ઉત્પન્ન કર્યા.[૧] હે રાજા ! દક્ષના તે સર્વ પુત્રો સમાન આચાર અને સ્વભાવવાળા હતા; તેમને એમના પિતાએ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી એટલે તેઓ પશ્ચિમ દિશામાં જઇ પહોંચ્યા. ત્યાં મુનિઓ તથા સિદ્ધોથી સેવાયલું 'નારાયણ સરોવર' નામે અતિ વિસ્તૃત તીર્થ આવેલું છે; જ્યાં સિંધુ નદીનો તથા સમુદ્રનો સંગમ થાય છે.[૨-૩] એ તીર્થના જળનો સ્પર્શ થતાંજ તેઓનાં અંતઃકરણના રાગાદિ મેલ ધોવાઇને સાફ થઇ ગયા અને તેઓને પરમહંસોનો ધર્મ આચરવાની બુદ્ધિ થઇ;[૪] પણ તેઓ પિતાની આજ્ઞાથી બંધાયલા હતા, જેથી પ્રજાની વૃદ્ધિ કરવાને માટે તેઓએ ઉગ્ર તપશ્ચર્યાજ કરવા માંડી. તેવામાં (પ્રજાસર્ગ માટે) તપ કરવામાં ઉદ્યમવાળા તેઓને દેવર્ષિ નારદે જોયા[૫] અને આ પ્રમાણે કહ્યું કે, 'હે હર્યશ્વો ! તમે પ્રજાઓના પાલક છો, તોપણ અજ્ઞાની છો. મને ખેદ થાય છે કે, પૃથ્વીનો અંત નહિ જોઇને તમે પ્રજા કેવી રીતે ઉત્પન્ન કરશો ?[૬] વળી જ્યાં એકજ પુરુષ છે તેવો દેશ, જમાંથી નીકળવાનો માર્ગ કોઇએ જોયો નથી તેવી ગુફા, અનેક સ્વરૂપો ધારણ કરતી સ્ત્રી, વ્યભિચારિણી સ્ત્રીનો પતિ પુરુષ, બન્ને તરફ વહેતી નદી, પચીસ પદાર્થોનું બનેલું એવું ઘર, કોઈ સમયે વિચિત્ર કથા કરતો હંસ અને જાણે સજૈયા તથા વજ્રથી બનાવેલી હોય તેવી અત્યંત તીક્ષ્ણ અને મજબૂત હોઇને પોતાની મેળે ભમતી જ એક વસ્તુ છે—તે આ સર્વને જોયા વિના તમે પ્રજાઓ કેવી રીતે ઉત્પન્ન કરશો ?[૭-૮] તમે તમારા વિદ્વાન પિતાની આજ્ઞાને સમજ્યાજ નથી; તો મને આશ્ચર્ય થાય છે કે, પોતાને યોગ્ય તે આજ્ઞા સમજ્યા વિના તમે સૃષ્ટિને કેવી રીતે ઉત્પન્ન કરશો ?'

શ્રીશુકદેવજી બોલ્યા:—"દેવર્ષિ નારદનાં તે પરોક્ષવાદને લીધે જુદા જુદા અર્થને સૂચવતાં કૂટ વચનો સાંભળીને હર્યશ્વો પોતાની સ્વાભાવિક વિચારશક્તિવાળી બુદ્ધિથી પોતાની મેળેજ આવો વિચાર કરવા લાગ્યા. (નારદજીએ 'પૃથ્વી-

× આ અધ્યાયમાં નારદજીએ વચનપ્રપંચથી વિનાશ પમાડેલા પુત્રોને સાંભળીને દક્ષ પ્રજાપતિએ નારદજીને શાપ આપ્યો, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ના અંત જોયા વિના' એમ જે કહ્યું તેનો અર્થ આવો છે—) જીવ નામનું જે લિંગશરીર છે તેજ પૃથ્વી છે; જે અનાદિ હોઇને આત્માને બંધનનું કારણ થાય છે; તેનો (અંત જોયા વિના એટલે) નાશ કર્યાં વિના મોક્ષમાં અનુપયોગી એવાં કર્મો કરવાથી શું વળવાનું છે?[९-११] (નારદજીએ કહ્યું છે કે, 'જેમાં એકજ પુરુષ છે તેવો દેશ જોયા વિના—' એ સંબંધે વિચાર ચલાવે છે—) જે સર્વના સાક્ષી છે, પોતેજ પોતાના આધાર છે, સમગ્ર ઐશ્વર્યોથી યુક્ત છે અને સર્વથી પર છે, તેજ એક ઈશ્વરરૂપ પુરુષ આ શરીરરૂપ દેશમાં રહેલા છે; તે નિત્યમુક્તનો સાક્ષાત્કાર કર્યા વિના ઈશ્વરાર્પણ નહિ કરેલાં મિથ્યા કર્મોથી શું વળવાનું છે?[१२] (જ્યાંથી નીકળવાનું દ્વાર કોઇએ જોયું નથી તે ગુફા કઇ? તે કહે છે—) જેને પામીને પુરુષ જાણે પાતાળમાં ગયો હોય તેમ કદી પાછો ફરતો નથી, તે આંતરજ્યોતિરૂપ પરબ્રહ્મને નહિ જાણનાર પુરુષનાં નાશવંત સ્વર્ગાદિના સાધનભૂત કર્મોથી શું વળવાનું છે?[१३] ('અનેક રૂપોવાળી સ્ત્રીને જાણ્યા વિના' એટલે—) જીવની બુદ્ધિ તેજ અનેક સ્વરૂપો ધારણ કરનારી વ્યભિચારિણી જેવી વિમોહક સત્ત્વાદિ ગુણોથી યુક્ત સ્ત્રી છે; આ બુદ્ધિરૂપ સ્ત્રીનો અંત લાવનારો વિવેક જેણે પ્રાપ્ત કર્યો નથી, તેને અશાંત એવાં કર્મો કરવાથી શું થવાનું છે?[१४] ('વ્યભિચારિણી સ્ત્રીના પતિને જાણ્યા વિના' એટલે) એ બુદ્ધિરૂપી સ્ત્રીના સંગથી જેનું ઐશ્વર્ય નાશ પામ્યું છે અને વ્યભિચારિણી સ્ત્રીના પતિની પેઠે તે બુદ્ધિની અનેક સુખદુઃખરૂપ ગતિઓને જે પામી રહ્યો છે, એવા અજ્ઞાની કે જેણે જીવને ઓળખ્યો નથી, તેને બુદ્ધિના અવિવેકથી પ્રાપ્ત થયેલાં કર્મોથી શું થવાનું છે?[१५] (બન્ને તરફ પ્રવાહવાળી નદી કઇ? તે કહે છે—) જે માયા સૃષ્ટિ તથા નાશને કરી રહી છે અને સંસારપ્રવાહમાં પડેલાઓને નીકળવાના સ્થાનરૂપ તપ—વિદ્યા વગેરેની સમીપે ક્રોધ—અહંકાર વગેરેથી જેણે સામેથી ધસારો કર્યો છે, તે માયાજ (ઉત્પત્તિ—વિનાશરૂપ) બન્ને તરફ પ્રવાહવાળી એક નદી છે. આવી નદીને જેણે જાણી નથી, તેવા મદમત્ત પુરુષને માયિક કર્મો કરવાથી શું ફળ મળવાનું છે?[१६] (પચીસ પદાર્થનું ઘર કયું? તે કહે છે—) અંતર્યામી—આત્મા તે પચીસ તત્ત્વોનું એક અદ્ભુત દર્પણ છે—આશ્રયસ્થાન છે—ઘર છે. કાર્ય—કારણના અધિષ્ઠાતા આત્માનો જેણે સાક્ષાત્કાર કર્યો નથી, તેને મિથ્યા સ્વાતંત્ર્યથી કરેલાં કર્મોથી શું ફળ થવાનું છે?[१७] (કોઇ સમયે વિચિત્ર કથા કરતો હંસ કયો? તે કહે છે—) જે બંધ તથા મોક્ષને દર્શાવે છે અને જેમાં વિચારયુક્ત શબ્દો તથા ક્રિયાપદો ગોઠવેલાં હોય છે, તે ઈશ્વરપ્રતિપાદક શાસ્ત્ર એજ વિચિત્ર વાતો કહેતો હંસ છે. તેનો અભ્યાસ કર્યા વિના અજ્ઞાની પુરુષને બહિર્મુખ કર્મો કરવાથી શું ફળ પ્રાપ્ત થવાનું છે?[१८] (સજીયા તથા વજ્રથી બનેલી, અત્યંત તીક્ષ્ણ, મજબૂત અને પોતાની મેળે ભમ્યા કરતી વસ્તુ તે કઇ? તે કહે છે—) જે સર્વ જગતને ખેંચી જાય છે, તીક્ષ્ણ છે અને પોતાની મેળે ભમ્યા કરે છે તે વસ્તુ 'કાળચક્ર' છે. આ કાળચક્રને જેણે ઓળખ્યું નથી, તેવા પુરુષને અતિશય વિગુણ એવાં કર્મોથી શું ફળ મળવાનું છે?[१९] (નારદજીએ કહ્યું હતું—'તમારો પિતા વિદ્વાન છે. તેની આજ્ઞાને સમજ્યા વિના' એ સંબંધે વિચાર કરે છે—) શાસ્ત્ર એજ સર્વનો વિદ્વાન પિતા છે. તેની, નિવૃત્તિમાર્ગને યોગ્ય અધિકારીને ઉદ્દેશી પ્રવૃત્તિમાર્ગથી અટકાવનારી આજ્ઞાને જે મનુષ્ય જાણતો નથી, તે ગુણમય પ્રવૃત્તિમાર્ગ ઉપર વિશ્વાસવાળો મનુષ્ય સૃષ્ટિ આદિમાં કેવી રીતે પ્રવૃત્તિ કરે?*[२०] હે રાજન્! નારદજીનાં

* નારદજીનાં ગંભીર અર્થ સૂચવતાં કૂટ વચનોનો આશય સૂચવતો આ એકજ શ્લોક છેઃ—

मोक्षेशब्रह्मबुद्धीनां जीवमायान्तरात्मनाम् ।
शास्त्रकालोपदेशानामज्ञाने किमु कर्मभिः ॥

મોક્ષ, ઈશ્વર, બ્રહ્મ, બુદ્ધિ, જીવ, માયા, અંતરાત્મા,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વાક્યોનો એ પ્રમાણે નિશ્ચય કરીને એકમત થયેલા હર્યશ્વો તે નારદજીને પ્રદક્ષિણા કરીને મોક્ષમાર્ગેજ પ્રવૃત્ત થયા;[૨૧] અને મુનિ નારદજી ષડ્જાદિ સાત સ્વરોરૂપી બ્રહ્મમાં સાક્ષાત્કાર કરેલા શ્રીભગવાનના ચરણકમળમાં અખંડ ચિત્ત સ્થાપીને લોકોમાં વિચરવા લાગ્યા.[૨૨] પ્રજાપતિ દક્ષે, પોતાના ચારિત્ર્યશીલ પુત્રો એ પ્રમાણે નારદજીને લીધે પ્રવૃત્તિમાર્ગથી ભ્રષ્ટ થયા સાંભળીને શોક કરતાં ઘણોજ સંતાપ કર્યો. કારણ કે ઉત્તમ પ્રજા શોકનું સ્થાન હોયજ છે.[૨૩] પછી બ્રહ્મદેવે તેમને શાંત કર્યા; એટલે ફરીથી તે દક્ષે પંચજનની પુત્રી પોતાની સ્ત્રી વિષે શબલાશ્વ નામના એક હજાર પુત્રો ઉત્પન્ન કર્યા;[૨૪] અને તે પુત્રો પણ પ્રજા ઉત્પન્ન કરવાની પિતાની આજ્ઞા થવાથી વ્રતો ધારણ કરીને તેજ નારાયણસરોવર ઉપર ગયા કે જ્યાં પોતાના મોટા ભાઇઓ સિદ્ધ થયા હતા. તે સ્થળે એ તીર્થજળનો સ્પર્શ થતાંજ જેમના હૃદયમાંથી રાગ આદિ દોષો ધોવાઇ ગયા હતા, એવા તે શબલાશ્વો પ્રણવમંત્રનો જપ કરતા મહાન તપશ્ચર્યા કરવા લાગ્યા.[૨૫।૨૬] પછી તેઓએ કેટલાક મહિના જળનો આહાર કરી, કેટલાક મહિના વાયુનુંજ ભોજન કરવા માંડ્યું અને આ નીચેનો મંત્ર જપતાં મંત્રપતિ વિષ્ણુ ભગવાનનું આરાધન કર્યું:

ॐ नमो नारायणाय पुरुषाय महात्मने ।
विशुद्धसत्त्वधिष्ण्याय महाहंसाय धीमहि '॥

'અમે સર્વાન્તર્યામી મહાન આત્મા નારાયણને નમસ્કાર કરીએ છીએ અને શુદ્ધ સત્ત્વગુણના આશ્રય તે પરમહંસ ભગવાનનું ધ્યાન કરીએ છીએ.'[૨૭।૨૮] હે રાજેન્દ્ર! પ્રજાસર્ગ ઉત્પન્ન કરવાની ઇચ્છાવાળા તે શબલાશ્વોની પાસે પણ મુનિ નારદજી આવી પહોંચ્યા અને પૂર્વની પેઠે ગંભીર અર્થસૂચક કૂટ વચનો કહેવા લાગ્યા:[૨૯] 'હે દક્ષના પુત્રો! હું તમને ઉપદેશ આપું છું, તેને તમે સાંભળો. તમે તમારા ભાઇઓ ઉપર પ્રેમવાળા છો; માટે તમે પણ તેઓનાજ માર્ગે જવાની ઇચ્છા કરો.[૩૦] જે ધર્મવેત્તા ભાઇ પોતાના ભાઈઓના ઉત્તમ માર્ગને અનુસરે છે, તે પુરુષ પુણ્યરૂપ બંધુની સહાય મેળવી દેવોની સાથે આનંદ કરે છે.'[૩૧] બસ, આટલું કહીને હે રાજા! જેમનું દર્શન સફળ હોય છે, એવા નારદજી ત્યાંથી ચાલ્યા ગયા એટલે તે શબલાશ્વો પણ પોતાના ભાઇઓનાજ માર્ગને અનુસરવા લાગ્યા.[૩૨] તેઓ અંતરવૃત્તિથી પ્રાપ્ત કરવા યોગ્ય પરમેશ્વરના એ ઉત્તમ માર્ગે ચાલ્યા ગયા, કે જેથી ગયેલી રાત્રિઓની પેઠે હજી સુધી પાછાજ ફર્યા નથી. એ સમયે પ્રજાપતિ દક્ષે અનેક ઉત્પાતો જોયા અને નારદજીએ પોતાના એ પુત્રોને પણ પૂર્વવત્ નિવૃત્તિમાર્ગે ચડાવ્યા છે એમ તેણે સાંભળ્યું, ત્યારે પુત્રોના શોકથી તે મૂર્ચ્છિત થયો અને નારદજી ઉપર ક્રોધાયમાન થઈ ગયો. તેવામાં (પુત્રોની પરમહંસનિષ્ઠા સાંભળીને દક્ષ પણ સંસારથી વિરક્ત થાય તો સારૂં, એમ દક્ષ ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી નારદજી જ્યારે દક્ષની પાસે ગયા, ત્યારે) એ દેવર્ષિને પોતાની પાસે આવેલા જોઇ ક્રોધથી જેના હોઠ ફરકી રહ્યા હતા, એવો દક્ષ તેમને આ રીતે કહેવા લાગ્યો.[૩૩-૩૫]

દક્ષ બોલ્યોઃ—'અહો! અરે દુષ્ટ! સાધુના જેવો વેષ ધારણ કરનારા તેં મારા સજ્જન પુત્રોનું ભૂંડું કર્યું છે; કારણ કે તેં તેઓને ભિક્ષુઓનો માર્ગ બતાવ્યો છે.[૩૬] અરે આ પાપી! હજી તો તેઓ ત્રણ× ઋણથી મુક્ત પણ થયા ન હતા અને

શાસ્ત્ર, કાળ તથા શાસ્ત્રોનો ઉપદેશ સમજ્યા વિના કર્મો કર્યા કરવાથી શું ફળ છે? —શ્રીધર

× ત્રણ ઋણ સંબંધે વેદ આ પ્રમાણે કહે છેઃ जायमानो वै ब्राह्मणस्त्रिभिर्ऋणवाञ्जायते; ब्रह्मचर्येण ऋषिभ्यो यज्ञेन देवेभ्यः प्रजया पितृभ्यः एष वा अनृणो यः पुत्री यज्वा ब्रह्मचारीवासि (तैत्ति॰ सं॰ ६-३-१०-५)—જન્મતાંજ બ્રાહ્મણ ત્રણ ઋણો સાથે લઇને જન્મે છે. બ્રહ્મચર્યાશ્રમનું પાલન કરી વેદાધ્યયન કરવું એ તેના ઉપર ઋષિઓનું ઋણ છે;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેઓએ કર્મોસંબંધે કંઇ વિચાર પણ કર્યો ન હતો; તેવામાં તો તેં +તેઓના બન્ને લોકનાં કલ્યાણનો વિનાશ કર્યો છે. આવી રીતે તું નિર્દય છે. તેં મારા પુત્રોની બુદ્ધિમાં ફેરફાર કરી નાખ્યો છે અને તેમ કરી શ્રીહરિના યશનો તેં નાશ કર્યો છે; છતાં તું નિર્લજ્જ થઇને તેમના પાર્ષદોની મધ્યે (શું જોઇને) ફર્યા કરે છે? તારા સિવાયના જે જે ભગવાનના ભક્તો છે, તેઓ તો પ્રાણીઓના પર નિત્ય અનુગ્રહ કરવામાંજ આતુર રહે છે, ત્યારે તું તો હરકોઈની પરસ્પરની મિત્રતાનો નાશ કરે છે અને જેઓમાં પરસ્પર વેર ન હોય, તેઓમાં પણ વેર ઊભું કરે છે.૩૭–૩૯* તું કદાચ એમ માનતો હોઇશ કે, ઉપશમ એ તો સ્નેહપાશનો નાશ કરનાર છે; પણ (એ તારું માનવું બરાબર નથી; કારણ કે) જ્ઞાન વિના કેવળ વૃથા અવધૂતવેષ ધારણ કરનારો તું આવી રીતે બુદ્ધિને માર્ગથી ભ્રષ્ટ કરે તેથી કંઈ મનુષ્યોને વૈરાગ્ય થાય નહિ. કેમકે જ્યાંસુધી વિષયોનો અનુભવ થાય નહિ, ત્યાંસુધી પુરુષ વિષયોની તીક્ષ્ણતાને સમજી શકતો નથી. માટે વિષયોનો અનુભવ કરવાથી મનુષ્યને જેવો વૈરાગ્ય થાય છે, તેવો બીજાઓ તેની બુદ્ધિને ભમાવી દે તેથી વૈરાગ્ય થતો નથી. અમે કર્મની મર્યાદા જાળવનારા ઉત્તમ ગૃહસ્થો છીએ; તેઓનું તેં (પ્રથમ) આવું દુઃસહ અપ્રિય કર્યું હતું, છતાં તારો એ અપરાધ અમે સહન કર્યો હતો; પણ આ અમારા વંશતંતુઓનો નાશ કરનારા મૂઢ! તેં તો ફરી પણ અમારું આ અપ્રિય કર્યું છે; તેથી (હું તને શાપ આપું છું કે,) લોકોમાં ભટકનારા તારું કોઈ એક (નિયત) સ્થાન થશે નહિ–તું જ્યાંત્યાં ભટક્યા કરીશ.૪૦–૪૩

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"સત્પુરુષોમાં માન્ય ગણાતા નારદજીએ દક્ષનાં એ શાપવચનને 'તથાસ્તુ' એમ કહીને સ્વીકારી લીધાં; (નહિ કે સામેથી પોતે પણ શાપ આપ્યો.) કારણ કે પોતે સામેથી શાપ આપવાને સમર્થ હોય, છતાં પણ સહનશીલતા રાખવી એજ સાધુતા કહેવાય છે."૪૪

प्रतिजग्राह तद् बाढं नारदः साधुसंमतः ॥
एतावान् साधुवादोहि तितिक्षेतेश्वरः स्वयम् ॥४४

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૫ મો સમાપ્ત

યજ્ઞો એ તેના પર દેવોનું ઋણ છે અને પ્રજા ઉત્પન્ન કરવી એ તેના પર પિતૃઓનું ઋણ છે. આ ત્રણ ઋણો અદા કરવાને બ્રાહ્મણે બ્રહ્મચર્ય પાળવું જોઇએ, યજ્ઞો કરવા જોઇએ અને પ્રજા ઉત્પન્ન કરવી જોઇએ.–**શ્રીધર**

+ આવા આશયથી મનુ કહે છેઃ–

ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत् ।
अनपाकृत्य मोक्षं तु सेवमानो व्रजत्यधः ॥
(મ૦ સ્મૃ૦ ૬–૩૫)

સંન્યાસ ગ્રહણ કરવાની ઇચ્છાવાળાઓએ ત્રણ ઋણને અદા કરીનેજ મનને મોક્ષમાં સ્થાપવું (સંન્યાસ ગ્રહણ કરવો); પણ જે મનુષ્ય ત્રણ ઋણને અદા કર્યા વિના સંન્યાસ ગ્રહણ કરે છે, તે મોક્ષનું સેવન કરતાં નરકમાં પડે છે. —**શ્રીધર**

* કદાચ નારદજી કહે કે, વૈરાગ્યથી ઉપશમ થાય છે અને ઉપશમ થતાં પ્રાણીઓના સ્નેહપાશ તૂટી જાય છે. વળી જેને વૈરાગ્ય થયો હોય છે, તેને ત્રણ ઋણ અદા કરવાની કંઇ આવશ્યકતા નથી. વેદ પણ કહે છેઃ– **'यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्' 'यदि वेतरथा ब्रह्मचर्यादेव प्रव्रजेत् ।** **(जाबाल उ० ४)** જે દિવસે વૈરાગ્ય થાય તેજ દિવસે સંન્યાસ લઈ લેવો; અથવા બ્રહ્મચર્યપાલન પછી તરતજ સંન્યાસ લઇ લેવો. આવી રીતે વૈરાગ્યનો ઉપદેશ કરીને મેં તો તારા છોકરાઓનું ભલુંજ કર્યું છે. આમ કદાચ કહે તો તેના ઉત્તરમાં કહે છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ६ ठ्ठो*

દક્ષની સાઠ કન્યાઓના વંશ અને અદિતિના પુત્રથી વિશ્વરૂપનો જન્મ

॥ श्रीशुक उवाच ॥

ततः प्राचेतसोऽसिक्न्यामनुनीतः स्वयंभुवा ।
षष्टिं संजनयामास दुहितॄः पितृवत्सलाः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"તે પછી પ્રચેતાના પુત્ર દક્ષપ્રજાપતિને સ્વયંભૂ બ્રહ્મદેવે સમજાવ્યા; એટલે તેમણે અસિક્ની નામે પોતાની પત્નીમાં સાઠ +પુત્રીઓ ઉત્પન્ન કરી, જેઓ પિતા ઉપર પ્રેમ રાખનારી હતી.[૧] તેમાંની દશ કન્યાઓ ધર્મને આપી; તેર પ્રજાપતિ કશ્યપને આપી; સત્યાવીસ ચંદ્રમાને આપી; બે બે ભૂત અંગિરા તથા કૃશાશ્વને આપી અને બાકીની ચાર તાર્ક્ષ્ય નામથી ઓળખાતા બીજા કશ્યપને આપી.[૨] હવે પોતાનાં સંતાનો સહિત આ દક્ષકન્યાઓનાં નામ તમે મારી પાસેથી સાંભળો, કે જેઓના પુત્રપૌત્રાદિથી ત્રણે લોક ભરાઇ ગયા છે. ભાનુ, લંબા, કકુભ, જામિ, વિશ્વા, સાધ્યા, મરુત્વતી, વસુ, મુહૂર્તા તથા સંકલ્પા આ આઠ ધર્મની સ્ત્રીઓ હતી. હવે તેઓના પુત્રોનાં નામ તમે સાંભળો.[૩/૪] હે રાજા! એ આઠમાંની ભાનુ નામની સ્ત્રીને દેવઋષભ નામનો પુત્ર થયો હતો અને દેવઋષભનો ઇન્દ્રસેન નામનો પુત્ર થયો હતો. લંબાને વિદ્યોત નામે પુત્ર થયો હતો અને તે વિદ્યોતથી સ્તનયિત્નુ નામે પુત્રો ઉત્પન્ન થયા હતા.[૫] વળી કકુભને સંકટ નામનો પુત્ર થયો હતો; તે સંકટનો કીકટ નામે પુત્ર થયો હતો અને કીકટથી પૃથ્વીના કિલ્લાનું અભિમાન ધરાવતા દેવો ઉત્પન્ન થયા હતા. જામિ નામની સ્ત્રીને સ્વર્ગ નામનો પુત્ર થયો હતો અને તે સ્વર્ગથી નંદી નામે પુત્ર થયો હતો. વિશ્વા નામની સ્ત્રીથી વિશ્વેદેવા નામના પુત્રો થયા હતા, જેઓ પ્રજારહિત હતા એમ કહે છે. સાધ્યા નામની સ્ત્રીથી સાધ્ય નામનો દેવસમુદાય પુત્ર તરીકે ઉત્પન્ન થયો હતો; અને તે સાધ્યોનો પુત્ર અર્થસિદ્ધિ નામે થયો હતો.[૬/૭] મરુત્વતી નામની સ્ત્રીમાં મરુત્વાન અને જયંત નામના બે પુત્રો થયા હતા. તેમાંનો જયંત શ્રીવાસુદેવ ભગવાનનો અંશ હતો; જેને લોકો 'ઉપેન્દ્ર' એ નામથી ઓળખે છે.[૮] મુહૂર્તા નામની સ્ત્રીના મૌહૂર્તિક નામના દેવગણો (મુહૂર્તોના અભિમાની દેવો) પુત્રો તરીકે ઉત્પન્ન થયા હતા, જેઓ પ્રાણીમાત્રને પોતપોતાના કાળે ઉત્પન્ન થનાર ફળ આપે છે.[૯] સંકલ્પા નામની સ્ત્રીને સંકલ્પ નામનો પુત્ર થયો હતો અને તે સંકલ્પનો કામ એવા નામે પુત્ર ઉત્પન્ન થયો હતો. વળી વસુ નામની સ્ત્રીને આઠ વસુ નામના પુત્રો થયા હતા. તેઓનાં જુદાં જુદાં નામો તમે સાંભળો.[૧૦] દ્રોણ, પ્રાણ, ધ્રુવ, અર્ક, અગ્નિ, દોષ, વસુ અને વિભાવસુ. તેમાંના દ્રોણની અભિમતિ નામની પત્ની હતી; જેના હર્ષ, શોક તથા ભય વગેરે પુત્રો થયા હતા. પ્રાણની ઊર્જસ્વતી નામની પત્ની હતી; જેના સહ, આયુ અને પુરોજવ નામે પુત્રો થયા હતા. ધ્રુવને ધરણી નામની સ્ત્રી હતી, જેના અનેક નગરના અભિમાની પુત્રો થયા હતા. અર્કની વાસના નામની સ્ત્રી હતી, જેના તર્ષ વગેરે પુત્રો થયા હતા; અગ્નિની વસોર્ધારા નામની સ્ત્રી હતી, જેના દ્રવિણક વગેરે પુત્રો થયા હતા. તે સિવાય સ્કંદ (કાર્તિકસ્વામી) નામનો પણ અગ્નિનો એક પુત્ર હતો, જે કૃત્તિકા (તે નામે છ તારા) સ્ત્રીથી ઉત્પન્ન થયો હતો અને તે સ્કંદના વિશાખાદિ પુત્રો થયા હતા. દોષની શર્વરી નામની સ્ત્રી હતી, જેમાં શ્રીહરિના અંશરૂપ શિશુમાર પુત્ર થયો હતો. વસુની આંગિરસી સ્ત્રી

* આ અધ્યાયમાં દક્ષે ઉત્પન્ન કરેલી સાઠ કન્યાઓના જુદા જુદા વંશ વર્ણવાશે અને અદિતિના પુત્રથી વિશ્વરૂપ ઉત્પન્ન થયો, તે કહેવાશે. —શ્રીધર

\+ જો પુત્રો ઉત્પન્ન કરીશ તો વળી પણ નારદજી તેઓને સંસારમાં રહેવા નહિ દે, એવા ભયથી પુત્રીઓ ઉત્પન્ન કરી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતી, જેમાં વિશ્વકર્મા નામે શિલ્પવિદ્યાના આચાર્ય પુત્ર ઉત્પન્ન થયો હતો. એ વિશ્વકર્માથી ચાક્ષુષ મનુ નામનો પુત્ર થયો હતો, જે મનુના વિશ્વેદેવાઓ અને સાધ્યદેવો નામના પુત્રો થયા હતા. વિભાવસુ નામના (આઠમા) વસુને ઉષા નામે સ્ત્રી હતી. તેણીએ વ્યુષ્ટ, રોચિષ્ અને આતપ નામના પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેમાંના આતપથી પંચયામ (દિવસનો અભિમાની દેવ) નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો, જેને લીધે પ્રાણીઓ પોતપોતાનાં કર્મોમાં જાગ્રત રહે છે. ૧૧-૧૬ હવે દક્ષ પ્રજાપતિએ ભૂત નામના પ્રજાપતિને જે બે કન્યાઓ આપી હતી, તેમાંની સરૂપા નામની સ્ત્રીએ રુદ્ર નામના કરોડો પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેમાંના રૈવત, અજ, ભવ, ભીમ, વામ, ઉગ્ર, વૃષાકપિ, અજૈકપાદ્, અહિર્બુધ્ન્ય, બહુરૂપ અને મહાન, આ અગિયાર મુખ્ય રુદ્રો છે. એ સિવાય બીજા રુદ્રના જે પાર્ષદો ગણાય છે, તે ઘોર પ્રેત વગેરે અને ભૂતો તથા વિનાયકો બીજી સ્ત્રીમાં ઉત્પન્ન થયા હતા. ૧૭।૧૮ પ્રજાપતિ અંગિરાની (જે દક્ષના જમાઇ થતા હતા તેમની) સ્વધા અને સતી નામની બે (દક્ષકન્યાઓ) પત્નીઓ હતી. તેમાંની સ્વધા પત્નીએ પિતૃદેવોને પુત્રો તરીકે ઉત્પન્ન કર્યા હતા અને સતી નામની પત્નીએ આંગિરસ અથર્વવેદને પુત્ર તરીકે ઉત્પન્ન કર્યો હતો. કૃશાશ્વ નામના (દક્ષના જમાઇ) પ્રજાપતિએ (પહેલી) અર્ચિષ્ નામની પત્નીમાં ધૂમ્રકેશ નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો અને (બીજી) ધિષણા નામની સ્ત્રીમાં વેદશિરા, દેવલ, વયુન તથા મનુ નામના ચાર પુત્રો ઉત્પન્ન કર્યા હતા. ૧૯।૨૦ તાર્ક્ષ્ય (અથવા કશ્યપ) નામના દક્ષના જમાઇને વિનતા, કદ્રૂ, પતંગી તથા યામિનનામે ચાર (દક્ષકન્યાઓ) સ્ત્રીઓ હતી, તેમાંની પતંગીએ પક્ષીઓને ઉત્પન્ન કર્યાં; યામિનીએ તીડોને ઉત્પન્ન કર્યાં; વિનતાએ સાક્ષાત્ યજ્ઞેશ–ભગવાનના વાહન ગરુડ તથા સૂર્યના સારથિ અરુણને પુત્ર તરીકે ઉત્પન્ન કર્યા હતા અને કદ્રૂએ અનેક નાગોને ઉત્પન્ન કર્યા હતા. હે ભરતવંશી રાજા! કૃત્તિકા વગેરે સત્યાવીસ નક્ષત્રો તે (દક્ષના જમાઇ) ચંદ્રમાની સ્ત્રીઓ છે. એ ચંદ્રમા દક્ષના શાપથી ક્ષયરોગને લીધે પીડાયલો રહે છે, તેથી તેને એ સ્ત્રીમાં કંઇ સંતાન થયું નથી. ચંદ્રમાએ તે દક્ષને પ્રસન્ન કરીને કૃષ્ણપક્ષમાં ખંડિત થતી પોતાની કળાઓને પાછી મેળવી છે. હવે લોકોની માતા ગણાતી કશ્યપની સ્ત્રીઓ કે જેઓને લીધે આ જગત ઉત્પન્ન થયું છે, તેઓનાં કલ્યાણકારી નામોને તમે સાંભળો. અદિતિ, દિતિ, દનુ, કાષ્ઠા, અરિષ્ટા, સુરસા, ઇલા, મુનિ, ક્રોધવશા, તામ્રા, સુરભિ, સરમા અને તિમિ. હે રાજા! તેમાંની તિમિથી જળજીવો, સરમાથી શિકારી પશુઓ, સુરભિથી પાડાઓ, ગાયો તથા બીજાં બે ખરીઓવાળાં પ્રાણીઓ; તામ્રાથી બાજપક્ષી અને ગીધ વગેરે તથા મુનિથી અપ્સરાઓના સમૂહો ઉત્પન્ન થયા હતા. હે રાજન્! દંદશૂક વગેરે સર્પો તે ક્રોધવશાના પુત્રો થયા; સર્વ વૃક્ષો ઇલાનાં સંતાનો થયાં; યાતુધાનો સુરસાના પુત્રો થયા; અરિષ્ટાના ગંધર્વો પુત્રો થયા; કાષ્ઠાનાં બે ખરીઓ વગરનાં પ્રાણીઓ (એક ખરીવાળાં) સંતાન થયાં, અને દનુના એકસઠ પુત્રો થયા હતા. તેઓમાંના મુખ્ય (અઢાર) તમે સાંભળો. દ્વિમૂર્ધા, શંબર, અરિષ્ટ, હયગ્રીવ, વિભાવસુ, અયોમુખ, શંકુશિરા, સ્વર્ભાનુ, કપિલ, અરુણ, પુલોમા, વૃષપર્વા, એકચક્ર, અનુતાપન, ધૂમ્રકેશ, વિરૂપાક્ષ, વિપ્રચિત્તિ અને દુર્જય. તેમાંનો નમુચિ સ્વર્ભાનુની સુપ્રભા નામની કન્યાને પરણ્યો હતો અને નહુષનો બળવાન પુત્ર યયાતિ વૃષપર્વાની શર્મિષ્ઠા નામની પુત્રીને પરણ્યો હતો. વળી દનુનો એક વૈશ્વાનર નામનો પુત્ર હતો. તેને ઉપદાનવી, હયશિરા, પુલોમા તથા કાલકા નામની ચાર સુંદર દેખાવની પુત્રીઓ હતી. હે રાજા! તેઓમાંની ઉપદાનવીને હિરણ્યાક્ષ પરણ્યો હતો; હયશિરાને ક્રતુ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરણ્યો હતો; અને પુલોમા તથા કાલકા નામની બે વૈશ્વાનરની કન્યાઓને પ્રજાપતિ ભગવાન કશ્યપ બ્રહ્માની આજ્ઞાથી પરણ્યા હતા. આ બે સ્ત્રીઓમાં યુદ્ધમાં શોભનારા પૌલોમ તથા કાલકેય નામના દાનવો ઉત્પન્ન થયા હતા.[૨૧-૩૫] હે રાજન્! તે પૌલોમ તથા કાલકેય દાનવોના સાઠ હજાર નિવાત-કવચ નામના દાનવો ઉત્પન્ન થયા હતા. તેઓ યજ્ઞોનો નાશ કરનારા હતા; જેથી સ્વર્ગમાં જઇને ઇન્દ્રનું પ્રિય કરનારા તમારા પિતાના પિતા–અર્જુને તેઓનો નાશ કર્યો હતો.[૩૬] (દનુના અઢાર મુખ્ય પુત્રોમાંના) વિપ્રચિત્તિએ સિંહિકા નામની પોતાની સ્ત્રીમાં એકસો ને એક કેતુ નામ વડે ઓળખાતા પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેઓમાં સૌથી મોટા રાહુ છે; જેઓ સર્વે ગ્રહપણાને પામ્યા છે.[૩૭] હવે અનુક્રમે અદિતિનો વંશ તમે સાંભળો, કે જે વંશમાં સમર્થ ભગવાન નારાયણદેવ પોતાના અંશથી અવતર્યા હતા. અદિતિને વિવસ્વાન, અર્યમા, પૂષા, ત્વષ્ટા, સવિતા, ભગ, ધાતા, વિધાતા, વરુણ, મિત્ર, શક્ર તથા ઉરુક્રમ નામે બાર પુત્રો થયા હતા.[૩૮-૩૯] તેમાંના વિવસ્વતથી મહાભાગ્યશાળી સંજ્ઞા નામની સ્ત્રીએ શ્રાદ્ધદેવ મનુને તથા યમ અને યમુના નામના જોડલાને જન્મ આપ્યો હતો અને તેજ સંજ્ઞા ઘોડીનું રૂપ લઇને પૃથ્વી ઉપર ગઇ હતી અને ત્યાં (ઘોડારૂપે થયેલા વિવસ્વતથીજ) બે અશ્વિનીકુમારોને જન્મ આપ્યો હતો.[૪૦] વળી વિવસ્વતથી ÷છાયાએ શનૈશ્વરને, સાવર્ણિ મનુને તથા તપતી નામની એક કન્યાને જન્મ આપ્યો હતો, જે તપતી કન્યા સંવરણ નામના પતિને વરી હતી.[૪૧] અર્યમાને માતૃકા નામે પત્ની હતી. તે બન્નેના ચર્ષણિ નામના પુત્રો થયા હતા, જેઓમાં બ્રહ્મદેવે મનુષ્યજાતિ કલ્પી હતી.[૪૨] પૂષાને

÷ છાયા તે બીજી કોઈ નહિ, પણ સૂર્યની સ્ત્રી સંજ્ઞાજ પોતાની છાયા સૂર્ય પાસે મૂકીને ચાલી ગઇ હતી–તે છાયા. —ભા. ક.

કંઇ પણ સંતાન થયું ન હતું. પૂર્વે (દક્ષ ને શંકરની લડાઇમાં) તેના દાંત ભાગી નાખવામાં આવ્યા છે, તેથી તે લોટ ખાઇને રહે છે કે જે દક્ષ ઉપર કોપેલા શંકર સામે દાંત ખુલ્લા કરી હસ્યો હતો. (તેથીજ તેના દાંત શંકરે પાડી નાખ્યા હતા.)[૪૩] ત્વષ્ટાની સ્ત્રી રચના નામની હતી, જે દૈત્યોની નાની બહેન હતી. તે બન્ને થકી સંનિવેશ અને વીર્યવાન વિશ્વરૂપ નામના બે પુત્રો થયા હતા.[૪૪] તેમાંનો વિશ્વરૂપ પોતાના શત્રુઓનો ભાણેજ હતો; તોપણ દેવગણોએ, અપમાન પામેલા બૃહસ્પતિએ, પોતાનો જ્યારે ત્યાગ કર્યો હતો ત્યારે તેનો (વિશ્વરૂપનો) પોતાના પુરોહિત તરીકે સ્વીકાર કર્યો હતો".[૪૫]

तं वव्रिरे सुरगणा दौहित्रं द्विषतामपि ।
विमतेन परित्यक्ता गुरुणाङ्गिरसेन यत् ॥४५॥

ઇતિ શ્રીમદ્‍ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

અધ્યાય ૭ મો*

બાર આદિત્યો

વિશ્વરૂપ દેવોનો પુરોહિત થયો.

॥ राजोवाच ॥

कस्य हेतोः परित्यक्ता आचार्येणात्मनः सुराः ।
एतदाचक्ष्व भगवन् शिष्याणामक्रमं गुरौ ॥१॥

પરીક્ષિત રાજાએ પૂછયું:–"આચાર્ય બૃહસ્પતિએ પોતાના શિષ્ય દેવોનો શા માટે ત્યાગ કર્યો હતો? અને હે ભગવન્! દેવોએ (શિષ્ય થઇને) પોતાના ગુરુનો શો અપરાધ કર્યો હતો? તે મને કહો."[૧]

શ્રીશુકદેવજી બોલ્યા:–"એક સમયે ત્રણે જગતના ઐશ્વર્યના મદથી સન્માર્ગનો જેણે ત્યાગ કર્યો હતો, એવો ઇન્દ્ર પોતાની સભામાં સિંહાસન પર બેઠો હતો. તે વેળા હે રાજા! વાયુઓ,

* આ અધ્યાયમાં બૃહસ્પતિએ તજેલા દેવોએ વિશ્વરૂપને પુરોહિતપદે સ્થાપ્યો એટલે તેણે દેવોનું પુરોહિતપણું કર્યું, એ કહેવાશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વસુઓ, રુદ્રો, આદિત્યો, ઋભુઓ, વિશ્વેદેવાઓ, સાધ્યો, અશ્વિનીકુમારો, સિદ્ધો, ચારણો, ગંધર્વો તથા વેદવાદી મુનિઓ તેની આસપાસ વીંટળાઈ વળ્યા હતા; તેમજ હે ભરતવંશી રાજા! વિદ્યાધરો, અપ્સરાઓ, કિન્નરો, પક્ષીઓ અને સર્પો તે ઇન્દ્રની સેવા કરતા હતા, સ્તુતિ કરતા હતા અને સુંદરતાપૂર્વક ગાન પણ કરતા હતા. ચંદ્રના મંડળ જેવા સુંદર ઉજ્જ્વળ છત્ર વડે તથા બીજાં પણ ચામર–પંખા વગેરે મહારાજાનાં ચિહ્ન વડે તે યુક્ત હતો અને અર્ધે આસને બેઠેલી ઇન્દ્રાણી સાથે તે અત્યંત શોભી રહ્યો હતો. એ વખતે દેવોના અને પોતાના મહાન આચાર્ય બૃહસ્પતિ સભામાં દાખલ થયા; પણ ઇન્દ્રે તેમની સામે ઊભા થઇને અને આસન વગેરે આપીને તેમનો આદરસત્કાર કર્યો નહિ;૨–૭ એટલુંજ નહિ પણ મુનિઓમાં શ્રેષ્ઠ અને દેવો તથા અસુરોથી નમસ્કાર કરાતા બૃહસ્પતિને સભામાં આવેલા જોયા, તે છતાં પણ ઇન્દ્ર આસન ઉપરથી જરા પણ ખસ્યો નહિ;૮ ત્યારે અંગિરાના મહાસમર્થ પુત્ર બૃહસ્પતિ સભામાંથી એકદમ નીકળી જઇને ચૂપચાપ પોતાને ઘેર આવતા રહ્યા; કારણ કે લક્ષ્મીના મદથી જ વિકાર થાય છે, તેને તે જાણતા હતા.૯ પછી તેજ વખતે ઇન્દ્રે પોતાની મેળેજ જાણ્યું કે, પોતે ગુરુનું અપમાન કર્યું છે, એટલે સભાની વચ્ચે પોતે પોતાની આ પ્રમાણે નિંદા કરવા માંડી:૧૦ 'અહો! અફસોસ! મારું આ કર્મ ઘણુંજ નિંદ્ય ગણાય કે જે મેં અલ્પ બુદ્ધિવાળાએ ઐશ્વર્યના મદથી છકી જઇને સભાની વચ્ચે ગુરુનું અપમાન કર્યું છે!૧૧ કયો વિદ્વાન પુરુષ સત્યલોકના અધિપતિની પણ લક્ષ્મીની ઇચ્છા કરે? જે લક્ષ્મીએ દેવોના ઈશ્વર એવા મને પણ આજે આસુરીભાવમાં આણી મૂક્યો છે.૧૨ +જે પુરુષો કહે છે કે, 'મહારાજાના રાજસિંહાસને બિરાજેલા પુરુષે કોઈની સામે પણ ઊભા થવું નહિ.' આમ કહેનારાઓ શ્રેષ્ઠ ધર્મને સમજતાજ નથી;૧૩ પણ તેઓ નિંદ્ય માર્ગનેજ ઉપદેશનારા છે અને તેથી પોતે ઘોર નરકમાં પડનારા છે. એવા પુરુષોનાં વચનની ઉપર જેઓ શ્રદ્ધા રાખે છે, તેઓ પણ પથ્થરનાં વહાણમાં બેસનારાઓની પેઠે નરકસમુદ્રમાં ડૂબી જાય છે.૧૪ માટે હું શઠતાનો ત્યાગ કરીને દેવોના આચાર્ય અને અગાધ બુદ્ધિવાળા બ્રાહ્મણ બૃહસ્પતિને તેમના ચરણમાં મસ્તક નમાવીને પ્રસન્ન કરું.'૧૫ ઇન્દ્ર આવો વિચાર કરતો હતો, તેવામાં ભગવાન બૃહસ્પતિ (ઇન્દ્રના તે વિચારને જાણી લઈ) સર્વોત્કૃષ્ટ એવી પોતાની માયા વડે ઘેરથી અદશ્ય થઇ ગયા. ઐશ્વર્યથી શોભતા ભગવાન ઇન્દ્રે ગુરુને શોધી કાઢવા માટે ચારે તરફ શોધ કરાવી, પણ ગુરુની શોધ મળી નહિ; એટલે દેવોની સાથે બુદ્ધિથી પોતે વિચાર કર્યો, છતાં પણ તેને કંઈ શાંતિ મળી નહિ.૧૬,૧૭ બીજી તરફ મદોન્મત્ત અસુરોએ એ વાત સાંભળીને શુક્રાચાર્યના મતનો આશ્રય કરી હથિયારો ઉગામી ઉગામીને દેવો સામે યુદ્ધ કરવાનો આરંભ કર્યો૧૮ અને તીક્ષ્ણ બાણોનો મારો ચલાવી દેવોનાં મસ્તકો, સાથળો તથા બાહુઓને છિન્નભિન્ન કરી નાખ્યા. એટલે દેવતાઓ ઇન્દ્રને સાથે લઈ નમ્ર મસ્તકે બ્રહ્માને શરણે ગયા.૧૯ સ્વયંભૂ ભગવાન બ્રહ્મદેવ તેઓને એ પ્રમાણે દુઃખી થયેલા જોઈ પરમ કૃપાથી તેમને શાંત પાડતા આ પ્રમાણે કહેવા લાગ્યા.૨૦

બ્રહ્મા બોલ્યાઃ–'અહો! હે શ્રેષ્ઠ દેવો! ખેદની વાત છે કે, તમારું કર્મ મહાઅમંગળ છે; તમોએ ઐશ્વર્યથી છકી જઇને બ્રહ્મનિષ્ઠ અને જિતેન્દ્રિય બ્રાહ્મણ બૃહસ્પતિનું સન્માન કર્યું નહિ.૨૧ હે દેવો! તમે અત્યંત સમૃદ્ધિવાળા છો અને તમારા શત્રુઓ તો અત્યંત દુર્બળ છે; છતાં તમારો એ શત્રુઓથી જ આ પરાભવ થયો છે, તે

+ કેટલાક વૃદ્ધોનું માનવું છે કે, સિંહાસન ઉપર બેઠેલા રાજાએ કોઈની સામે ઊભા થવું નહિ. આ માન્યતા સામે અહીંથી એ શ્લોક છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તમારી એ ÷અનીતિનુંજ ફળ છે.[૨૨] હે ઇન્દ્ર! તારા શત્રુ–દૈત્યો ગુરુના અપમાનથી અત્યંત દુર્બળ થઈ ગયા હતા, તે તું જો અને હમણાં ભક્તિથી ગુરુ શુક્રાચાર્યને સેવીને તેઓ કેવા બળવાન બન્યા છે, તે પણ તું જો. તેઓ શુક્રાચાર્યને પોતાના ઇષ્ટદેવ તરીકે સ્વીકારી મારા સ્થાનને પણ જો પડાવી લે તો સ્વર્ગને તો કેમજ ગણે? કેમકે તેઓના ગુપ્ત વિચારો કોઈ પણ રીતે ફોડી શકાતા નથી અને શુક્રાચાર્યનું શિક્ષણ એજ તેઓનો પરમ પુરુષાર્થ છે. જેઓના પર બ્રાહ્મણોનો, ભગવાનનો તેમજ ગાયોનો અનુગ્રહ હોય છે, તેવા રાજાઓનાં કદી અમંગળ થતાં નથી.[૨૩।૨૪] માટે તમે સત્વર બ્રાહ્મણ ત્રિશ્વરૂપને સેવો કે જે તપસ્વી છે, ત્વષ્ટાનો પુત્ર છે અને જિતેન્દ્રિય છે. તેનો તમે સત્કાર કરશો અને તેના (અસુરોના પક્ષપાતરૂપી) કર્મને જો તમે સહન કરશો તો તે તમારાં કાર્યો કરી આપશે.'[૨૫]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! બ્રહ્માએ એ પ્રમાણે કહ્યું; એટલે જેઓનો સંતાપ દૂર થયો હતો, એવા તે દેવો, ત્વષ્ટાના પુત્ર ઋષિ વિશ્વરૂપ પાસે જઇને તેમને ભેટી પડી આ પ્રમાણે કહેવા લાગ્યા.[૨૬]

દેવો બોલ્યાઃ–'હે તાત! તમારું કલ્યાણ થાઓ. અમે તમારા અતિથિ તરીકે તમારા આશ્રમમાં આવ્યા છીએ; વળી અમે તમારા પિતા છીએ; તો આ સમયને યોગ્ય અમારી ઇચ્છા તમે પૂર્ણ કરો.[૨૭] ઉત્તમ પુત્રો પોતે પુત્રવાળા હોય, તોપણ તેઓનો પરમ ધર્મ છે કે, તેઓએ પોતાના પિતાની સેવા કરવી જોઇએ; તો પછી હે બ્રહ્મન્! જે પુત્રો બ્રહ્મચારી હોય, તેઓએ તો પિતાની સેવા કરવી જોઇએ, એમાં શું કહેવાનું હોય? આચાર્ય એ બ્રહ્માની મૂર્તિ છે; પિતા પ્રજાપતિની મૂર્તિ છે; ભાઈ ઇન્દ્રની મૂર્તિ છે; માતા સાક્ષાત્ પૃથ્વીનું શરીર છે; બહેન દયાની મૂર્તિ છે; અતિથિ ધર્મનું સ્વરૂપ છે; અભ્યાગત, અગ્નિની મૂર્તિરૂપી છે અને સઘળાં પ્રાણીઓ પરમાત્માની મૂર્તિ છે.[૨૮-૩૦] માટે હે તાત! તમારા પિતા અને દુઃખી એવા અમારી પીડાને તથા શત્રુ તરફના પરાભવને પોતાના તપથી દૂર કરતા તમે અમારી આ આજ્ઞા પાળવાને યોગ્ય છો.[૩૧] અમે બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ અને ગુરુ એવા તમને અમારા ઉપાધ્યાય તરીકે સ્વીકારીએ છીએ, જેથી અનાયાસેજ અમે તમારા તેજથી શત્રુઓને જીતીશું.[૩૨] *હે બ્રહ્મન્! કોઇ પણ કાર્યના નિમિત્તે પોતાના કરતાં નાનો હોય, તોપણ તેના ચરણમાં વંદન કરવું, એને શાસ્ત્રકારો નિંદ્ય માનતા નથી; કારણ કે વેદોના મંત્રોને ગ્રહણ કરવા સિવાયની બાબતમાં વય એ મોટાઇનું કારણ છે, પણ વેદમંત્રો ગ્રહણ કરવામાં વય એ મોટાઇનું કારણ નથી–અર્થાત્ અમારે તમારી પાસેથી વેદમંત્રો ગ્રહણ કરવા છે, તેથી તમે નાના છો તોપણ મોટાજ છો.'[૩૩]

શુકદેવજી બોલ્યાઃ–"દેવગણોએ એ પ્રમાણે પુરોહિતપદ સ્વીકારવાની પ્રાર્થના કરી; એટલે મહાતપસ્વી તે વિશ્વરૂપ પ્રસન્ન થઇને મધુર વાણીથી તેઓને કહેવા લાગ્યો.[૩૪]

વિશ્વરૂપ બોલ્યોઃ–'જો કે પુરોહિતપદને નિંદ્ય ગણેલું છે, કેમકે બ્રહ્મતેજનો તે નાશ કરનાર છે; તોપણ હે દેવો! તમે લોકપાલોએ આ યાચના કરી છે, તેને મારા જેવો તમારો શિષ્ય કેમ ના

÷ અનીતિ એજ કે, બૃહસ્પતિ જેવા ઉત્તમ બ્રાહ્મણનું સન્માન ન કર્યું. કહ્યું છે કે,

ब्राह्मणं कुलसंपन्नं भक्तं विष्णोर्महात्मनः ।
आयान्तं वीक्ष्य नोत्तिष्ठेत् स दुःखैः परिभूयते ॥

કુળવાન અને મહાત્મા વિષ્ણુના ભક્ત બ્રાહ્મણને આવતો જોઇને જે મનુષ્ય તેની સામે ઊભો થતો નથી, તે દુઃખોથી પરાભવ પામે છે. —શ્રીધર

* કદાચ વિશ્વરૂપ કહે કે, તમે મને ઉપાધ્યાય તરીકે સ્વીકારશો, તો હું નાનો હોવા છતાં તમારે મને વંદન કરવું પડશે; અને તે તો નિંદ્યજ ગણાય. આના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાડી શકશે? કારણ કે શાસ્ત્રવેત્તાઓ કહે છે કે, શિષ્યે તો પોતાના શાસકની આજ્ઞામાં રહેવું એજ તેનો સ્વાર્થ છે;[૩૫] વાસ્તવિક રીતે તો અકિંચન તપસ્વીઓનું શિલ+ તથા ઉંછ÷ એજ ધન ગણાય છે; જેથી હું પણ આ ગૃહસ્થાશ્રમમાં તે શિલોંછ વૃત્તિથીજ સાધુ પુરુષોનો સત્કાર કરી રહ્યો છું. માટે હે અધીશ્વરો! નિંદાપાત્ર ગણાતું અને જેનાથી દુર્મતિ પુરુષજ પ્રસન્ન થાય છે, એવું આ તમારું પુરોહિતપણું હું શા માટે સ્વીકારું? તોપણ તમે વડીલોએ જ આ પ્રાર્થના કરી છે, તેની હું ના પાડી શકતો નથી. કેમકે તમારી આ પ્રાર્થના કેટલી છે? કંઇજ નથી. હું તમારી પ્રાર્થનાને મારા પ્રાણથી અને ધનથી પણ સિદ્ધ કરીશ.'

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ રીતે દેવો પાસે પ્રતિજ્ઞા કરીને મહાતપસ્વી વિશ્વરૂપે તેમનું પુરોહિતપણું સ્વીકાર્યું અને પરમ એકાગ્રતાપૂર્વક તે કરવા માંડ્યું. મહાસમર્થ તે વિશ્વરૂપે, દેવોના શત્રુઓની લક્ષ્મીનું શુક્રાચાર્ય વિદ્યા વડે રક્ષણ કરતા હતા, તોપણ તે લક્ષ્મીને પોતાની વૈષ્ણવી (નારાયણ કવચ) વિદ્યાથી તેમની પાસેથી પડાવી લઈ ઇન્દ્રને આપી; ઉપરાંત ઉદાર બુદ્ધિવાળા તે વિશ્વરૂપે એ વૈષ્ણવી વિદ્યા પણ ઇન્દ્રને અર્પણ કરી; જેથી રક્ષણ પામેલા ઇન્દ્રે સમર્થ બની જઇ અસુરોની સેનાને જીતી લીધી.[૩૬–૪૦]

यया गुप्तः सहस्राक्षो जिग्येऽसुरचमूर्विभुः ।
तां प्राह स महेंद्राय विश्वरूप उदारधीः ॥४०॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૭ મો સમાપ્ત

+ ખેતરના માલિકે જતાં કરેલાં ખેતરમાં પડેલાં ધાન્યનાં કણસલાં વીણી લાવવાં તેને શિલ કહે છે.

÷ બજારમાં લેવડદેવડ કરતાં પડી ગયેલા અને દુકાનમાલિકે જતા કરેલા દાણા વીણી લાવવા તે ઉંછ કહેવાય છે. —શ્રીધર

अध्याय ८ मो×

વૈષ્ણવી વિદ્યા—નારાયણ કવચ

॥ राजोवाच ॥

यया गुप्तः सहस्राक्षः सवाहान् रिपुसैनिकान् ।
क्रीडन्निव विनिर्जित्य त्रिलोक्या बुभुजे श्रियम् ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યુંઃ–"હે ભગવન્! જે વૈષ્ણવી વિદ્યાથી રક્ષણ પામેલા ઇન્દ્રે વાહનો સહિત શત્રુઓના સૈનિકોને જાણે રમત કરતા હોય તેમ જીતી લઇને ત્રણે લોકની લક્ષ્મી ભોગવી હતી, તે નારાયણ કવચ–વૈષ્ણવી વિદ્યા તમે મને કહો, કે જેનાથી રક્ષાયલા ઇન્દ્રે યુદ્ધમાં આતતાયી (ઠાર મારી નાખવાને તૈયાર થયેલા) શત્રુઓને જીત્યા હતા."[૧-૨]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"દેવોએ સ્વીકારેલા ત્વષ્ટાના પુત્ર પુરોહિત–વિશ્વરૂપે પોતાને પ્રશ્ન કરનાર ઇન્દ્રને નારાયણ નામનું જે કવચ કહ્યું હતું, તેને તમે એકચિત્ત થઇને સાંભળો.[૩]

॥ विश्वरूप उवाच ॥

धौताङ्घ्रिपाणिराचम्य सपवित्र उदङ्मुखः ।
कृतस्वाङ्गकरन्यासो मंत्राभ्यां वाग्यतः शुचिः ॥
नारायणमयं वर्म सन्नह्येद् भय आगते ।
पादयोर्जानुनोरूर्वोरुदरे हृद्यथोरसि ॥ २ ॥
मुखे शिरस्यानुपूर्व्यादोंकारादीनि विन्यसेत् ।
ॐ नमो नारायणायेति विपर्ययमथापि वा ॥

વિશ્વરૂપ બોલ્યાઃ–'કોઇ ભય જ્યારે આવી પડ્યું હોય, ત્યારે મનુષ્યે હાથ–પગ ધોઇ, આચમન કરી, પવિત્રી (દર્ભની વીંટી) ધારણ કરી, ઉત્તરદિશા તરફ મુખ રાખી (બેસવું) અને મૌન ધારણ કરી '**ॐ नमो नारायणाय**' એ આઠ અક્ષરના મંત્ર વડે તથા '**ॐ नमो भगवते वासुदेवाय**' એ બાર અક્ષરના મંત્રથી આખા શરીરમાં

× આ અધ્યાયમાં વિશ્વરૂપે ઇન્દ્રને નારાયણ કવચ કહ્યું, જેનાથી સુરક્ષિત થયેલા ઇન્દ્રે દૈત્યોને જીત્યા, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તથા બન્ને હાથમાં ન્યાસ કરી પવિત્ર થઇને નારાયણ કવચ ધારણ કરવું. (તે વેળા પ્રથમ ન્યાસ કરવાનો વિધિ આ પ્રમાણે છે.) 'ૐ નમો નારાયણાય' એ અષ્ટાક્ષર મંત્રના ૐકારથી આરંભીને આઠે અક્ષરોને અનુક્રમે (એક એક અક્ષર) બે પગમાં, બે ઢીંચણમાં, બે સાથળમાં, ઉદરમાં, હૃદયમાં, વક્ષઃસ્થળમાં, મુખમાં તથા મસ્તકમાં–એમ આઠ અંગોમાં સ્થાપી દેવા. (આ એક એક અક્ષર સ્થાપતી વેળા દરેક અક્ષર પૂર્વે ૐકાર લેવો જોઇએ અથવા ઊલટા ક્રમે એટલે પ્રથમ મસ્તકથી શરૂ કરી આઠે અંગોમાં મંત્રાક્ષરોને પણ ઉલટાવીને (એટલે છેલ્લા ય અક્ષરથી માંડીને) સ્થાપી દેવા. (એ પ્રમાણે અંગન્યાસ કર્યા પછી કરન્યાસના વિધિને કહે છે–)[१-३]

करन्यासं ततः कुर्याद् द्वादशाक्षरविद्यया ।
प्रणवादियकारान्तमंगुल्यंगुष्ठपर्वसु ॥ ४ ॥

તે પછી 'ૐ નમો ભગવતે વાસુદેવાય' એ દ્વાદશાક્ષર મંત્રથી કરન્યાસ કરવો. જેમકે આ મંત્રના એક એક અક્ષરને ૐકારપૂર્વક લઇને જમણા હાથની તર્જની આંગળીથી આરંભીને ડાબા હાથની તર્જની આંગળી સુધીની આંગળીઓમાં સ્થાપી દેવો; એમ આઠ અક્ષરોનું સ્થાપન થતાં જે છેલ્લા ચાર અક્ષરો બાકી રહે છે, તેઓને બન્ને હાથના બે અંગૂઠાના ઉપરનીચેના બે બે પર્વોમાં (એક એક) સ્થાપી દેવા.[૪] તે પછી 'ૐ વિષ્ણવે નમઃ' એ બીજા મંત્રથી પણ અંગન્યાસ દર્શાવે છે–

न्यसेद्धृदय ॐकारं विकारमनु मूर्धनि ।
षकारं तु भ्रुवोर्मध्ये णकारं शिखयादिशेत् ॥
वेकारं नेत्रयोर्युञ्ज्यान्नकारं सर्वसन्धिषु ।
मकारमस्त्रमुद्दिश्य मन्त्रमूर्तिर्भवेद् बुधः ॥
सविसर्गं फडन्तं तत् सर्वदिक्षु विनिर्दिशेत् ॥

'ૐ વિષ્ણવે નમઃ' એ મંત્રના ૐ અક્ષરને હૃદયમાં સ્થાપવો, વિ અક્ષરને મસ્તકમાં સ્થાપવો, ષ્ અક્ષરને બે ભ્રૂકુટીની મધ્યમાં સ્થાપવો, ण અક્ષરને શિખામાં સ્થાપવો, वे અક્ષરને બે નેત્રોમાં સ્થાપવો, न અક્ષરને શરીરના સર્વ સાંધાઓમાં સ્થાપવો અને વિસર્ગ સહિત म અક્ષરને 'मः अस्त्राय फट्' એ પ્રમાણે કહીને સર્વ દિશાઓમાં સ્થાપવો–અર્થાત્ દિગ્બંધન કરવું. આવી રીતે વિદ્વાન પુરુષે મંત્રમૂર્તિ બની જવું.[૫-૬]

"એ પ્રમાણે ન્યાસ દર્શાવીને ધ્યેય–ઈશ્વરસ્વરૂપ આત્માનું ધ્યાન કરવા જણાવે છે—

आत्मानं परमं ध्यायेद् ध्येयं षट्शक्तिभिर्युतम् ।
विद्यातेजस्तपोमूर्तिमिमं मन्त्रमुदाहरेत् ॥ ७ ॥

તે પછી ધ્યાન કરવા યોગ્ય, 'ભગ' શબ્દથી કહેવાતી *છ શક્તિઓથી યુક્ત અને વિદ્યા, તેજ તથા તપઃસ્વરૂપ એવા સર્વોત્કૃષ્ટ આત્માનું ધ્યાન કરવું અને પછી નીચે પ્રમાણે મંત્રાક્ષરરૂપ નારાયણકવચનો પાઠ કરવો.[૭]

ॐ हरिर्विदध्यान्मम सर्वरक्षां
न्यस्ताङ्घ्रिपद्मः पतगेन्द्रपृष्ठे ।
दरारिचर्मासिगदेषु चाप-
पाशान् दधानोऽष्टगुणोऽष्टबाहुः ॥८॥

જમણે ગરુડની પીઠ પર પોતાના ચરણકમળ સ્થાપ્યા છે; જે અણિમાદિ આઠ ઐશ્વર્યરૂપ ગુણોવાળા છે; આઠ બાહુઓવાળા છે અને શંખ, ચક્ર, ઢાલ, તલવાર, ગદા, બાણ, ધનુષ તથા પાશ (આઠ ભુજાઓમાં) ધારણ કરે છે, તે શ્રીહરિ મારી સર્વથી રક્ષા કરો.[૮]

जलेषु मां रक्षतु मत्स्यमूर्ति–
र्यादोगणेभ्यो वरुणस्य पाशात् ।
स्थलेषु मायाबटुवामनोऽव्यात्
त्रिविक्रमः खेऽवतु विश्वरूपः ॥ ९ ॥

મત્સ્યમૂર્તિ ભગવાન જળમાં જળજીવોરૂપી વરુણદેવના પાશથી મારી રક્ષા કરો; માયાથી બ-

* છ શક્તિઓ તે આ–ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसः श्रियः । ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥ (विष्णुपुराण ६–५–७४)

સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન તથા વૈરાગ્ય–આ છને 'ભગ' કહે છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ટૂંક બનેલા વામન ભગવાન મારી સ્થળ ઉપર રક્ષા કરો અને વિશ્વરૂપ ત્રિવિક્રમ ભગવાન આકાશમાં મારી રક્ષા કરો.[૯]

दुर्गेष्वटव्याजिमुखादिषु प्रभुः
पायान्नृसिंहोऽसुरयूथपारिः ।
विमुञ्चतो यस्य महाट्टहासं
दिशो विनेदुर्न्यपतंश्च गर्भाः ॥१०॥

અસુરોના યૂથપતિઓના શત્રુ નૃસિંહ પ્રભુ કે જેમણે મોટું અટ્ટહાસ્ય કર્યું હતું, ત્યારે સર્વ દિશાઓ ગાજી ઊઠી હતી અને ગર્ભિણી અસુરસ્ત્રીઓના ગર્ભ પડી ગયા હતા; તે નૃસિંહ ભગવાન મહાદુર્ગમ જંગલોમાં તથા યુદ્ધોના આરંભો વગેરેમાં મારી રક્ષા કરો.[૧૦]

रक्षत्वसौ माऽध्वनि यज्ञकल्पः
स्वदंष्ट्रयोन्नीतधरो वराहः ।
रामोऽद्रिकूटेष्वथ विप्रवासे
सलक्ष्मणोऽव्याद् भरताग्रजोऽस्मान् ॥११

જેમણે પોતાની દાઢ વડે આ પૃથ્વીને રસાતલમાંથી ઉપર આણી છે તે યજ્ઞમૂર્તિ વરાહદેવ માર્ગમાં મારી રક્ષા કરો; પરશુરામ પર્વતોનાં શિખરો પર મારી રક્ષા કરો અને લક્ષ્મણ સહિત ભરતના મોટા ભાઇ રામચંદ્રજી દેશાંતરોના પ્રવાસમાં અમારી રક્ષા કરો.[૧૧]

मामुग्रधर्मादखिलात् प्रमादा-
न्नारायणः पातु नरश्च हासात् ।
दत्तस्त्वयोगादथ योगनाथः
पायाद् गुणेशः कपिलः कर्मबन्धात् ॥१२

ભગવાન નારાયણ સમગ્ર અભિચારકર્મરૂપ ઉગ્ર ધર્મથી અને પ્રમાદથી મારી રક્ષા કરો; નર ભગવાન ગર્વથી મારી રક્ષા કરો; યોગેશ્વર દત્તાત્રેય યોગભ્રષ્ટતાથી મારી રક્ષા કરો અને ગુણોના નિયંતા કપિલ ભગવાન કર્મના બંધનથી મારી રક્ષા કરો.[૧૨]

सनत्कुमारोऽवतु कामदेवाद्-
हयशीर्षा मां पथि देवहेलनात् ।
देवर्षिवर्यः पुरुषार्चनान्तरात्
कूर्मो हरिर्मां निरयादशेषात् ॥ १३ ॥

સનત્કુમાર કામદેવથી મારી રક્ષા કરો; હયગ્રીવ ભગવાન માર્ગમાં જતાં દેવોને પ્રણામ નહિ કરવારૂપ અપરાધથી મારી રક્ષા કરો; દેવર્ષિઓમાં શ્રેષ્ઠ નારદજી દેવપૂજાના વિઘ્નરૂપ અપરાધથી મારી રક્ષા કરો અને કૂર્માવતારી શ્રીહરિ ભગવાન સમગ્ર નરકથી મારી રક્ષા કરો.[૧૩]

धन्वन्तरिर्भगवान् पात्वपथ्याद्-
द्वन्द्वाद् भयाद् ऋषभो निर्जितात्मा ।
यज्ञश्च लोकादवताज्जनान्ताद्-
बलो गणात् क्रोधवशादहीन्द्रः ॥ १४ ॥

ભગવાન ધન્વંતરિ કુપથ્યથી મારી રક્ષા કરો; જિતેન્દ્રિય ભગવાન ઋષભદેવજી રાગદ્વેષાદિ દ્વંદ્વરૂપ ભયથી મારી રક્ષા કરો, યજ્ઞ ભગવાન લોકાપવાદથી મારી રક્ષા કરો; બળદેવજી લોકોના નિમિત્તે થનારા ઉપદ્રવોથી મારી રક્ષા કરો અને શેષનાગ ભગવાન સર્પોના સમુદાયથી મારી રક્ષા કરો.[૧૪]

द्वैपायनो भगवानप्रबोधाद्-
बुद्धस्तु पाखण्डगणात् प्रमादात् ।
कल्किः कलेः कालमलात् प्रपातु
धर्मावनायोरुकृतावतारः ॥ १५ ॥

ભગવાન વેદવ્યાસજી અજ્ઞાનથી મારી રક્ષા કરો; ભગવાન બુદ્ધદેવ પાખંડીઓના સમુદાયરૂપ પ્રમાદથી મારી રક્ષા કરો અને ધર્મના રક્ષણ માટે જેમણે મહાન અવતાર લીધો છે, એવા ભગવાન કલ્કિ કાળના મેલરૂપી કલિયુગથી મારી રક્ષા કરો.[૧૫]

मां केशवो गदया प्रातरव्याद्-
गोविन्द आसङ्गवमात्तवेणुः ।
नारायणः प्राह्ण उदात्तशक्ति-
र्मध्यन्दिने विष्णुररीन्द्रपाणिः ॥ १६ ॥

કેશવ ભગવાન ગદા વડે [૧]પ્રાતઃકાળમાં મારી

૧. સવારની પહેલી પાંચ ઘડી તે પ્રાતઃકાળ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રક્ષા કરો; વેણુધારી ગોવિંદ ભગવાન [1]સંગવ કાળમાં મારી રક્ષા કરો; સર્વોત્કૃષ્ટ શક્તિવાળા નારાયણ ભગવાન [2]પ્રાહ્ણકાળમાં મારી રક્ષા કરો અને હાથમાં ચક્રને ધારણ કરનારા વિષ્ણુ ભગવાન મધ્યન્દિન[3] કાળમાં મારી રક્ષા કરો.[16]

देवोऽपराह्णे मधुहोग्रधन्वा
सायं त्रिधामाऽवतु माधवो माम् ।
दोषे हृषीकेश उतार्धरात्रे
निशीथ एकोऽवतु पद्मनाभः ॥ १७ ॥

મધુદૈત્યનો નાશ કરનારા ઉગ્ર ધનુષધારી દેવ [4]અપરાહ્ણ કાળમાં મારી રક્ષા કરો; બ્રહ્મા—વિષ્ણુ—મહેશરૂપી ત્રણ મૂર્તિવાળા શ્રીમાધવ ભગવાન [5]સાયંકાળે મારી રક્ષા કરો; સર્વ ઇન્દ્રિયોના નિયંતા ભગવાન [6]પ્રદોષકાળમાં મારી રક્ષા કરો અને [7]અર્ધરાત્રિના કાળમાં તથા [8]નિશીથ કાળમાં પદ્મનાભ ભગવાન એકજ મારી રક્ષા કરો.[17]

श्रीवत्सधामाऽपररात्र ईशः
प्रत्यूष ईशोऽसिधरो जनार्दनः ।
दामोदरोऽव्यादनुसंध्यं प्रभाते
विश्वेश्वरो भगवान् कालमूर्तिः १८ ॥

વક્ષઃસ્થળમાં શ્રીવત્સ નામનું ચિહ્ન ધારણ કરનારા ઈશ્વર [1]અપરરાત્રકાળમાં મારી રક્ષા કરો; તલવારને ધારણ કરનારા જનાર્દન ભગવાન [2]પ્રત્યૂષકાળમાં મારી રક્ષા કરો; શ્રીદામોદર પ્રભુ [3]પ્રભાતકાળમાં મારી રક્ષા કરો અને કાળમૂર્તિ ભગવાન વિશ્વેશ્વર [4]અનુસંધ્યકાળમાં મારી રક્ષા કરો.

चक्रं युगान्तानलतिग्मनेमि
भ्रमत् समन्ताद् भगवत्प्रयुक्तम् ।
दन्दग्धि दन्दग्ध्यरिसैन्यमाशु
कक्षं यथा वातसखो हुताशः ॥ १९ ॥

પ્રલયકાળના અગ્નિ સમાન તીક્ષ્ણ ધારવાળું, ભગવાને મૂકેલું અને ચોતરફ ભમતું સુદર્શનચક્ર, જેમ વાયુ સહિત અગ્નિ સૂકા ઘાસની ગંજીને બાળી નાખે છે, તેમ સત્વર શત્રુઓના સૈન્યને અતિશય બાળી નાખે છે. (આવો તે ચક્રનો સ્વભાવજ છે; તે માટે તેને કંઇ પ્રાર્થના કરવી પડતી નથી.)[19]

गदेऽशनिस्पर्शनविस्फुलिङ्गे
निष्पिण्ढि निष्पिण्ढ्यजितप्रियाऽसि ।
कूष्मांडवैनायकयक्षरक्षो-
भूतग्रहाँश्चूर्णय चूर्णयारीन् ॥ २० ॥

જેના તણખાઓનો સ્પર્શ વજ જેવો હોય છે, એવી હે ગદા! તું ભગવાનને પ્રિય છે; (અને હું ભગવાનનો દાસ છું) તો કૂષ્માંડ, વૈનાયક, યક્ષ, રાક્ષસ, ભૂત તથા ગ્રહોને તું પીસી નાખ, પીસી નાખ અને શત્રુઓના ચૂરેચૂરા કરી નાખ.[20]

त्वं यातुधानप्रमथप्रेतमातृ-
पिशाचविप्रग्रहघोरदृष्टीन् ।
दरेन्द्र विद्रावय कृष्णपूरितो
भीमस्वनोऽरेर्हृदयानि कंपयन् ॥२१॥

૧. પ્રાતઃકાળની છઠ્ઠી ઘડીથી દશ ઘડી સુધીનો કાળ તે સંગવકાળ છે.

૨. અગિયારમી ઘડીથી પંદર ઘડી સુધીનો પ્રાહ્ણકાળ છે.

૩. સોળમી ઘડીથી વીસ ઘડી સુધીનો મધ્યન્દિનકાળ કહેવાય છે.

૪. એકવીસમી ઘડીથી પચ્ચીસ ઘડી સુધીનો કાળ તે અપરાહ્ણ કાળ છે.

૫. છવીસમી ઘડીથી ત્રીસ ઘડી સુધીનો કાળ તે સાયંકાળ કહેવાય છે.

૬. રાત્રિના પણ પ્રદોષ વગેરે ૭ વિભાગો છે; તેમાં પ્રથમ ચાર ઘડીનો પ્રદોષકાળ કહેવાય છે.

૭. રાત્રિની પાંચમી ઘડીથી ચૌદ ઘડી સુધીનો અર્ધરાત્રકાળ કહેવાય છે.

૮. રાત્રિની પંદરમી ઘડીથી તે સોળમી—એ બે ઘડી નિશીથકાળ કહેવાય છે. —बालप्रबोधिनी

૧. નિશીથ કાળથી આરંભીને અરુણોદય થયા પહેલાં સુધીનો કાળ તે અપરરાત્ર કાળ કહેવાય છે.

૨. અરુણોદયનો પ્રારંભ તે પ્રત્યૂષકાળ.

૩. સૂર્યોદયની સમીપનો કાળ તે પ્રભાતકાળ કહેવાય છે.

૪. દિવસ ને રાત્રિનો જે સંધિકાળ તે અનુસંધ્યકાળ કહેવાય છે. —बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હે પાંચજન્ય શંખ! શ્રીકૃષ્ણ ભગવાને વગાડેલો અને ભયંકર શબ્દવાળો હોઇને શત્રુનાં હૃદયોને કંપાવતો તું રાક્ષસો, રુદ્રગણો, માતૃકાઓ, પિશાચો, બ્રહ્મરાક્ષસો અને બીજા ઘોર દૃષ્ટિવાળાઓને હાંકી કાઢ.[૨૧]

त्वं तिग्मधारासिवरारिसैन्य–
मीशप्रयुक्तो मम छिन्धि छिन्धि ।
चक्षूंषि चर्मन् शतचन्द्र छादय
द्विषामघोनां हर पापचक्षुषाम् ॥२२॥

હે તીક્ષ્ણ ધારવાળી શ્રેષ્ઠ તલવાર! ભગવાને મૂકેલી તું મારા શત્રુના સૈન્યને કાપી નાખ, કાપી નાખ. હે સો ચંદ્ર જેવા આકારવાળી સો ફુદડીઓવાળી ઢાલ! તું મારા પાપી શત્રુઓનાં નેત્રોને ઢાંકી દે અને બીજા ઉગ્ર દૃષ્ટિવાળા મનુષ્યોની દૃષ્ટિને હરી લે.[૨૨]

यन्नो भयं ग्रहेभ्योऽभूत् केतुभ्यो नृभ्य एव च ।
सरीसृपेभ्यो दंष्ट्रिभ्यो भूतेभ्योंऽहोभ्य एव वा ॥
सर्वाण्येतानि भगवन्नामरूपास्त्रकीर्तनात् ।
प्रयान्तु संक्षयं सद्यो ये नः श्रेयःप्रतीपकाः ॥२४

ગ્રહોથી, ઉલ્કાપાતોથી, મનુષ્યોથી, સર્પોથી, દાઢોવાળાં પ્રાણીઓથી, ભૂત–પ્રેતોથી અથવા પાપોથી અમને જે ભય થાય છે, તે સર્વ પ્રકારનાં ભયો અને અમારાં કલ્યાણનો જેઓ નાશ કરનારા છે, તેઓ સર્વે ભગવાનના નામરૂપી અસ્ત્રનો માત્ર ઉચ્ચાર કરવાથી તત્કાળ નાશ પામો.[૨૩।૨૪]

गरुडो भगवान् स्तोत्रस्तोभश्छन्दोमयः प्रभुः ।
रक्षत्वशेषकृच्छ्रेभ्यो विष्वक्सेनः स्वनामभिः ॥

બૃહદ્રથન્તર વગેરે સામવેદનાં સ્તોત્રોથી સ્તુતિ કરાતા વેદમૂર્તિ ભગવાન ગરુડ પ્રભુ સર્વ સંકટોથી મારી રક્ષા કરો અને વિષ્વક્સેન ભગવાન પોતાનાં નામો વડે સર્વ દુઃખોથી મારી રક્ષા કરો.[૨૫]

सर्वापद्भ्यो हरेर्नामरूपयानायुधानि नः ।
बुद्धीन्द्रियमनःप्राणान् पान्तु पार्षदभूषणाः ॥२६

શ્રીહરિનાં નામો, રૂપો, વાહનો તથા આયુધો અમારાં બુદ્ધિ, ઇન્દ્રિયો, મન તથા પ્રાણોનું સર્વ આપત્તિઓથી રક્ષણ કરો અને ભગવાનના મુખ્ય મુખ્ય પાર્ષદો પણ અમારી રક્ષા કરો.[૨૬]

यथा हि भगवानेव वस्तुतः सदसच्च यत् ।
सत्येनानेन नः सर्वे यान्तु नाशमुपद्रवाः ॥२७॥

વસ્તુતઃ જે કંઇ આ મૂર્ત–અમૂર્ત જગત છે, તે સર્વ ભગવાનજ છે. આ સત્ય વસ્તુથી અમારા સર્વ ઉપદ્રવો નાશ પામો.[૨૭]

यथैकात्म्यानुभावानां विकल्परहितः स्वयम् ।
भूषणायुधलिङ्गाख्या धत्ते शक्तीः स्वमायया ॥२८
तेनैव सत्यमानेन सर्वज्ञो भगवान् हरिः ।
पातु सर्वैः स्वरूपैर्नः सदा सर्वत्र सर्वगः ॥ २९ ॥

'સર્વત્ર એકજ આત્મા છે' આવું ચિંતન કરનારા પુરુષોને જે ભગવાન ભેદરહિતજ જણાય છે, તોપણ પોતાની માયા વડે ભૂષણો, આયુધો તથા ચિહ્નો નામની શક્તિઓને ધારણ કરે છે; તેજ આ સત્યસ્વરૂપ પ્રમાણથી સર્વજ્ઞ ભગવાન શ્રીહરિ પોતાનાં સર્વ સ્વરૂપો વડે સર્વવ્યાપક હોઇને સદા સર્વત્ર અમારી રક્ષા કરો.[૨૮।૨૯]

विदिक्षु दिक्षूर्ध्वमधः समन्ता–
दन्तर्बहिर्भगवान्नारसिंहः ।
प्रहापयँल्लोकभयं स्वनेन
स्वतेजसा ग्रस्तसमस्ततेजाः ॥ ३० ॥

પોતાની ગર્જનાથી લોકોના ભયનો નાશ કરનારા અને પોતાના તેજ વડે સમસ્ત તેજોને જેમણે ઝંખવાણાં કરી મૂક્યાં છે, એવા નૃસિંહ ભગવાન સર્વ દિશાઓમાં, ખૂણાઓમાં, ઉપર, નીચે, અંદર અને બહાર એમ ચારે તરફ અમારી રક્ષા કરો.

વિશ્વરૂપ બોલ્યાઃ–'હે ઇન્દ્ર! આ નારાયણસ્વરૂપ કવચ મેં તમને કહ્યું છે; જેને બખ્તરરૂપે ધારણ કરીને તમે અસુરોના યૂથપતિઓને અનાયાસે જીતી લેશો.* આ નારાયણ કવચને (મુખપાઠ) ધારણ કરનારો મનુષ્ય જેની સામે દૃષ્ટિ કરે છે અથવા જેને પગથી સ્પર્શ કરે છે, તે

* આ અધ્યાયના એકંદર શ્લોકોની સંખ્યા અહીંથી દર્શાવવા માંડી છે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ તત્કાળ ભયથી છૂટે છે. આ વૈષ્ણવી વિદ્યારૂપ નારાયણકવચ ધારણ કરનાર મનુષ્યને રાજા, ચોર તથા ગ્રહો વગેરેથી કે વાઘ વગેરે કોઈનાથી પણ કદી ભય થતો નથી.[31-37] પૂર્વે કૌશિક ગોત્રના કોઇ એક બ્રાહ્મણે આ વૈષ્ણવી વિદ્યા ધારણ કરી હતી; તેણે યોગધારણાથી નિર્જળ મારવાડ દેશમાં પોતાના શરીરનો જ્યારે ત્યાગ કર્યો હતો, ત્યારે તેના (મૃતશરીર) ઉપર થઇને વિમાનદ્વારા ગંધર્વોનો રાજા ચિત્રરથ પોતાની સ્ત્રીઓ સાથે એક સમયે જતો હતો; તેવામાં જ્યાં પેલો બ્રાહ્મણ મરણ પામ્યો હતો, ત્યાં વિમાન સાથે ઊંધે મસ્તકે આકાશમાંથી પછડાઇ પડ્યો હતો. પછી તેણે વાલખિલ્ય ઋષિનાં વચનથી (તે બ્રાહ્મણે ધારણ કરેલા નારાયણકવચનો પ્રભાવ જાણીને) આશ્ચર્ય પામી તે બ્રાહ્મણનાં હાડકાં વીણી લઇ પ્રાચી સરસ્વતીમાં નાખ્યાં હતાં અને ત્યાં સ્નાન કરી તે પોતાને સ્થાને ગયો હતો.[38-40]

શ્રીશુકદેવજી બોલ્યા:-"જે મનુષ્ય હરેકોઇ કાળે અથવા ભયકાળે આ નારાયણ કવચને આદરપૂર્વક સાંભળે છે અથવા મુખપાઠ ધારણ કરે છે, તે મનુષ્યને પ્રાણીમાત્ર નમસ્કાર કરે છે અને સર્વ ભયથી તે મુક્ત થાય છે.[41] આ વૈષ્ણવી વિદ્યા નારાયણ કવચને ઇન્દ્રે વિશ્વરૂપ પાસેથી સંપાદન કરી હતી અને તે દ્વારા યુદ્ધમાં અસુરોને જીતી ત્રૈલોક્યની લક્ષ્મી ભોગવી હતી."[42]

एतां विद्यामधिगतो विश्वरूपाच्छतक्रतुः ।
त्रैलोक्यलक्ष्मीं बुभुजे विनिर्जित्य मृधेऽसुरान् ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૮ મો સમાપ્ત

અધ્યાય ૯ મો*

વિશ્વરૂપનો વધ અને વૃત્રાસુરની ઉત્પત્તિ

॥ श्रीशुक उवाच ॥

तस्यासन् विश्वरूपस्य शिरांसि त्रीणि भारत ।
सोमपीथं सुरापीथमन्नादमिति शुश्रुम ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યા:-"હે ભરતવંશી રાજા! અમે સાંભળ્યું છે કે, તે વિશ્વરૂપને ત્રણ મસ્તકો હતાં. તેમાંનું એક સોમપાન કરનારૂં હતું, બીજું સુરાપાન કરનારૂં હતું અને ત્રીજું અન્નભક્ષણ કરનારૂં હતું. હે રાજા! દેવતાઓ જેના વડીલો હતા, એવો તે વિશ્વરૂપ યજ્ઞમાં દેવોના પ્રત્યક્ષ ભાગને ઉચ્ચ સ્વરે વિનયપૂર્વક જાહેર કરતો હતો[1-2] અને તેજ વિશ્વરૂપ દેવોનું યજન કરતો, ત્યારે ગુપ્ત રીતે અસુરોને પણ યજ્ઞભાગ આપતો હતો. કારણ કે (પોતાનું મોસાળ અસુરપક્ષમાં હોવાથી) તે પોતાની માતાના સ્નેહને વશ થઇ અસુરોને અનુસરતો હતો.[3] દેવોનું તે અપમાન અને ધર્મમાં એવું કપટ જાણીને ઇન્દ્રે ભયભીત બની ક્રોધથી વિશ્વરૂપનાં મસ્તકોને એકદમ છેદી નાખ્યાં.[4] તે વેળા સોમપાન કરનારૂં તેનું જે મસ્તક હતું, તે કપિંજલ પક્ષી થયું; સુરાપાન કરનારૂં જે મસ્તક હતું, તે કલવિંક પક્ષી થયું અને અન્ન ભક્ષણ કરનારૂં જે મસ્તક હતું, તે તેતર પક્ષી થયું.[5] ઇન્દ્ર જો કે તે બ્રહ્મહત્યાને અટકાવવાને સમર્થ હતો, તોપણ તેણે બ્રહ્મહત્યાને અંજલિથી ગ્રહણ કરી અને એક વર્ષ સુધી એમ ને એમ રહીને પ્રાણીઓની મધ્યે પોતાની શુદ્ધિ કરવાને માટે (એટલે લોકાપવાદને દૂર કરવાને માટે) તે બ્રહ્મહત્યાના પાપને પૃથ્વી, જળ, વૃક્ષો તથા સ્ત્રીઓને ચાર ભાગે વહેંચી આપ્યું. તેમાંના ચોથા

* આ અધ્યાયમાં ઇન્દ્રે વિશ્વરૂપને કોપથી મારી નાખ્યો એટલે ત્વષ્ટાએ વૃત્રાસુરને ઉત્પન્ન કર્યો, જેથી ભય પામેલા દેવોએ શ્રીહરિની સ્તુતિ કરી, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

ભાગને પૃથ્વીએ 'પોતામાં જો કોઇ ખાડો પડે તો તે એની મેળેજ પુરાઇ જાય' એવું વરદાન મેળવી ગ્રહણ કર્યો.[૬-૭] પૃથ્વીમાં જે કોઇ સ્થળે ક્ષારભાગ દેખાય છે, તે એ બ્રહ્મહત્યાનુંજ સ્વરૂપ છે. ચોથા ભાગને વૃક્ષોએ 'અમે કાપ્યા છતાં ફરી ઊગી જઇએ.' એવું વરદાન મેળવીને ગ્રહણ કર્યો.[૮] એ વૃક્ષોમાં છીરરૂપે અથવા ગુંદરરૂપે તે બ્રહ્મહત્યા દેખાય છે. (માટેજ તે વસ્તુ અભક્ષ્ય છે.) સ્ત્રીઓએ 'નિત્ય× કામભોગ પ્રાપ્ત થાય' એવું વરદાન લઇને બ્રહ્મહત્યાનો ચોથો ભાગ ગ્રહણ કર્યો.[૯] એ બ્રહ્મહત્યાનું પાપ દર મહિને સ્ત્રીઓમાં રજોદર્શનરૂપે દેખાય છે; અને છેલ્લા ચોથા ભાગને પાણીએ 'અમે જે દ્રવ્ય સાથે મળીએ તે દ્રવ્યમાં વધારો થાય.' અથવા 'કૂવા વગેરેમાંથી અમને બહાર કાઢવામાં આવે; તોપણ ઝરણાં વગેરેથી અમારો વધારો થયા કરે.' એવું વરદાન લઇને ગ્રહણ કર્યો. એ બ્રહ્મહત્યાનું પાપ પાણીમાં પરપોટા અને ફીણના રૂપે જોવામાં આવે છે; માટેજ (આ વસ્તુ જાણનાર મનુષ્ય) તે પરપોટા તથા ફીણને દૂર કરીનેજ પાણી ગ્રહણ કરે છે. એ રીતે પોતાનો વિશ્વરૂપ પુત્ર (ઇન્દ્રથી) મરણ પામ્યો તે પછી (તેના પિતા) ત્વષ્ટાએ ઇન્દ્રનો વધ કરવાને માટે તેનો શત્રુ ઉત્પન્ન કરવાને 'હે *ઇન્દ્રશત્રુ! તું વૃદ્ધિ પામ અને શત્રુનો સત્વર વધ કર' એવા આશયનો મંત્રોચ્ચાર કરીને અગ્નિમાં હોમ કર્યો; એટલે દક્ષિણાગ્નિમાંથી ઘોર દેખાવનો એક પુરુષ ઉત્પન્ન થયો.[૧૦-૧૨] તે પુરુષ પ્રલયકાળે ઉત્પન્ન થનાર કાળ જેવો હતો અને ફેંકેલું બાણ જેટલો પ્રદેશ દૂર જાય તેટલો તે દરરોજ વધતો હતો; તેનો વર્ણ બળી ગયેલા કોઈ પહાડના જેવો શ્યામ હતો; તેની કાંતિ સંધ્યાકાળનાં વાદળના સમૂહ સરખી હતી; તેની ચોટલી, દાઢી તથા મૂછ તપાવેલા ત્રાંબાં જેવાં હતાં અને તેનાં નેત્રો મધ્યાહ્નકાળના સૂર્ય જેવાં ઉગ્ર હતાં.[૧૩-૧૪] પોતાના ઝળહળતા ત્રિશૂલ પર આકાશ અને પૃથ્વીને જાણે પરોવી દેતો હોય તેવો જણાઇને તે નૃત્ય કરતો હતો; મોટી મોટી ગર્જનાઓ કરતો હતો; પગ વડે ધરણીને ધ્રુજાવી દેતો હતો અને જાણે પર્વતની ગંભીર ગુફા હોય તથા આકાશને જાણે પી જતું હોય, નક્ષત્રોને જીભ વડે ચાટતું હોય અને ત્રણે ભુવન ગળી જતું હોય, એવા મોટા ભયંકર દાઢોવાળા પોતાના મુખથી તે વારંવાર બગાસાં ખાતો હતો. આવા તે પુરુષને જોઇને સર્વ લોકો ભયભીત બની ગયા અને દશે દિશાઓમાં નાસી જવા લાગ્યા.[૧૫-૧૭] એ પ્રમાણે ત્વષ્ટાએ ઉત્પન્ન કરેલા તે પુરુષની મૂર્તિ ધારણ કરનાર અંધકારે આ લોકોને તે વેળા ઢાંકી દીધા હતા; તેથી અત્યંત ભયંકર તે પાપી 'વૃત્ર' એવા નામથી જગતમાં કહેવાયો.[૧૮] મોટા મોટા દેવો પોતાના સમુદાયોની સાથે તેની સામા ધસી જઇને પોતપોતાનાં દિવ્ય અસ્ત્રો તથા શસ્ત્રોના સમૂહનો તેના પર મારો ચલાવવા લાગ્યા; પણ તે સર્વ અસ્ત્ર–શસ્ત્રને તે ગળી જવા લાગ્યો.[૧૯] આથી તેઓ સર્વે દેવો વિસ્મય પામ્યા, ખિન્ન થયા અને નિસ્તેજ થઈ ગયા. પછી તેઓ એકાગ્ર

× નિત્ય કામભોગનું વરદાન એટલે બહુ મૈથુન કરવામાં આવે, તોપણ પુરુષની પેઠે થાક ન લાગે એવું વરદાન. —બાલપ્રબોધિની

નિત્ય કામભોગનું વરદાન એટલે ગર્ભનો પ્રસવ થાય ત્યાંસુધી મૈથુન કરવામાં આવે ને ગર્ભને હાનિ ન પહોંચે એવું વરદાન. —શ્રીધર

* 'હે ઇન્દ્રશત્રો!' એમ કહીને ત્વષ્ટાને વ્યાકરણ દૃષ્ટિએ '**हे इन्द्रस्य शत्रो**'–'હે ઇન્દ્રના શત્રુ' એવો તત્પુરુષ સમાસજ ઇષ્ટ હતો; પણ 'ઇન્દ્રશત્રો' એ પદમાં વ્યાકરણનીજ દૃષ્ટિએ 'ઇન્દ્ર' શબ્દ આદિ ઉદાત્ત છે; તેથી '**बहुव्रीहौ प्रकृत्या पूर्वपदम्**' એ વ્યાકરણસૂત્રાનુસાર ''**इन्द्रः शत्रुर्यस्य**'–ઇન્દ્ર જેનો શત્રુ છે એવા બહુવ્રીહિ સમાસનું લક્ષણ આવી જવાથી ઇન્દ્રજ વૃત્રાસુરનો શત્રુ થયો, આજ વસ્તુ વેદમાં પણ કહી છે. **यदब्रवीत् स्वाहेन्द्रशत्रो वर्धस्वेति तस्मादस्येन्द्रः शत्रुरभवत्**'–ત્વષ્ટાએ 'હે ઇન્દ્રશત્રો' તું વૃદ્ધિ પામ એમ કહ્યું, તેથી ઇન્દ્રજ વૃત્રાસુરનો શત્રુ થયો. —શ્રીધર

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થઇને અંતર્યામી આદિપુરુષની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.÷૨૦

દેવો બોલ્યાઃ–'વાયુ, આકાશ, અગ્નિ, જળ, પૃથ્વી, ત્રણ લોક અને બ્રહ્મા વગેરે અમે દેવો ભયભીત બની જઇને જે કાળને બલિદાન આપીએ છીએ, તે કાળ પણ જેમનાથી ડરે છે, તે પરમેશ્વરથીજ અમારું રક્ષણ થાઓ. કારણ કે જે અહંકારથી રહિત છે; અથવા કોઈ જાતના કુતૂહલથી રહિત છે; અત્યંત શાંત છે; સ્વસ્વરૂપલાભથીજ પરિપૂર્ણ કામનાવાળા છે અને ઉપાધિપરિચ્છેદથી શૂન્ય છે, એવા તે પરમેશ્વરનો ત્યાગ કરીને જે પુરુષ બીજાને શરણે જાય છે, તે ખરેખર મૂર્ખ છે. કારણ કે તે અજ્ઞાની પુરુષ કૂતરાના પૂંછડાથી સમુદ્ર તરી જવાને ઇચ્છે છે.*૨૧।૨૨ (મત્સ્યાવતાર સમયે) જેમનાં મોટાં શિંગડાંમાં પૃથ્વીરૂપી પોતાની નૌકા બાંધીને સત્યવ્રત મનુ, બરાબર રીતે સંકટને તરી ગયા હતા, તેજ મત્સ્યાવતારી ભગવાન અમારું આશ્રિતોનું વૃત્રાસુરના દુરંત ભયથી અવશ્ય રક્ષણ કરશે. પૂર્વે સ્વયંભૂ બ્રહ્મા પણ ફૂંકાતા વાયુને લીધે ઊછળી રહેલાં મોજાંઓના અવાજથી મહાભયંકર પ્રલયકાળના જળમાં પોતાના આસનરૂપ કમળમાંથી લગભગ ગબડી પડયાની સ્થિતિમાંજ હતા અને એકલા–કોઇની પણ સહાયથી રહિત–હતા, ત્યારે જેમના આશ્રયથીજ તે ભયથી મુક્ત થયા હતા; તેજ ભગવાન અમને આ (વૃત્રાસુરના) સંકટથી તારનારા થાઓ.૨૩।૨૪ ×વળી જે એકજ ઈશ્વરે પોતાની માયા વડે અમને સરજ્યા છે અને જેમનાથી અનુગ્રહ કરાયલા હોવાથી અમે આ જગતને ઉત્પન્ન કરીએ છીએ, તે પરમેશ્વર અમારી પૂર્વેંજ અંતર્યામીપણે સર્વને પ્રેરણા આપી રહ્યા છે; છતાં અમે સૌ એકબીજાથી જુદા જુદા પોતપોતાને ઈશ્વર માની રહ્યા છીએ, તેથી જે પરમાત્માના સ્વરૂપને જોઈ શકતા નથી; તેમજ જે પરમેશ્વર પોતે નિત્યજ છે–સચ્ચિદાનંદસ્વરૂપજ છે, છતાં યુગે યુગે દેવો, ઋષિઓ, તિર્યંચો તેમજ મનુષ્યોમાં પોતાની માયા વડે ઉપેન્દ્ર, પરશુરામ, મત્સ્ય તથા રામચંદ્ર આદિ શરીરો વડે અવતાર ધારણ કરીને શત્રુઓથી અત્યંત પીડાતા અમને પોતાના માની રક્ષે છે, ૨૫।૨૬ તેજ અમારા ઇષ્ટદેવ, સર્વોત્કૃષ્ટ દેવ, જગતના આત્મા છતાં જગતથી ભિન્ન, જગતના પરમકારણરૂપ, પ્રકૃતિરૂપ, પુરુષરૂપ અને શરણે જવા યોગ્ય એવા ભગવાનને અમે સર્વે શરણે જઇએ છીએ, કે જેથી તેજ મહાન આત્મા અમારું પોતાના ભક્તજનોનું કલ્યાણ કરશે.'૨૭

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે મહારાજ! એ પ્રમાણે સ્તુતિ કરતા દેવોનાં હૃદયમાં શંખ, ચક્ર–ગદાને ધારણ કરનારા ભગવાને પ્રથમ દર્શન દીધું અને પછી (બહાર) પશ્ચિમદિશામાં દર્શન દીધું.૨૮ માત્ર શ્રીવત્સચિહ્ન તથા કૌસ્તુભમણિ સિવાય પોતાના જેવાંજ સ્વરૂપો ધારણ કરતા સુનંદ આદિ સોળ પાર્ષદો જેમની ચારે તરફ સેવા કરી રહ્યા હતા અને જેમનાં નેત્ર વિકસિત શરદૃઋતુના કમળ જેવાં હતાં, એવા તે ભગવાનનાં દર્શન કરીને તે સર્વ દેવો તેમનાં દર્શનના આનંદથી પરવશ થઇ ગયા અને હે રાજન્! ભૂમિ ઉપર દંડવત્ પડીને–પ્રણામ કરીને ધીમે ધીમે ઊભા થઇને તેઓ (ફરી) આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

દેવો બોલ્યાઃ–'યજ્ઞ જેમનું સામર્થ્ય છે, એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. કાળસ્વરૂપ એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ;

÷ **महाभये परित्राणमन्यतो न भवेदिति ।**
हरिमेव प्रपद्यन्ते सुराः शरणमातुराः ॥

કોઈ મહાન ભય આવી પડે ત્યારે બીજાથી રક્ષણ મળતુંજ નથી, એમ માનીને આતુર થતા દેવો શ્રીહરિનેજ શરણે જાય છે. —**શ્રીધર**

* કહેવાનો ભાવ એ છે કે, જેમ કૂતરાની પૂંછડી પકડીને સમુદ્ર તરી શકાય નહિ, તેમ ઈશ્વરનો આશ્રય કર્યા વિના દુઃખસમુદ્ર પણ તરી શકાય નહિ. —**શ્રીધર**

× અમને ભગવાનેજ સરજ્યા છે અને ભગવાનજ અમારું રક્ષણ કરે છે; માટે તેમનેજ શરણે જઇએ છીએ; એ ભાવ ત્રણ શ્લોકમાં કહે છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(યજ્ઞનો વિનાશ કરનારા દૈત્યો ઉપર) જેમણે પોતાનું ચક્ર ફેંક્યું છે, એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ અને જેમનાં અનેક માંગલિક નામો છે, એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ.[૨૯-૩૧] હે ધાતા! ત્રણ ગુણોના નિયંતા એવા આપનું દેવ, તિર્યંચ ને મનુષ્ય–એ ત્રણ ગતિઓના પરમપદરૂપ–નિર્ગુણ સ્વરૂપને, સૃષ્ટિનો અર્વાચીન પુરુષ કદી પણ જાણવાને યોગ્ય નથી; (માટે કેવળ અમે આપને નમસ્કારજ કરીએ છીએ.)[૩૨] હે ભગવન્! હે નારાયણ! હે વાસુદેવ! હે આદિપુરુષ! હે મહાપુરુષ! હે મહાપ્રભાવશાળી! હે પરમ મંગળ! હે પરમ કલ્યાણ! હે પરમ દયાળુ! હે કેવલ સ્વરૂપ! હે જગતના આધાર! હે લોકના એક નાથ! હે સર્વના ઈશ્વર! હે લક્ષ્મીના સ્વામિન્! આપને અમારા નમસ્કાર થાઓ. પરમહંસ સંન્યાસીઓ ઉત્કૃષ્ટ આત્મયોગરૂપી અષ્ટાંગ યોગને લીધે ચિત્તની એકાગ્રતા થવાથી સારી રીતે અભ્યાસ કરાયલા પ્રકટ પરમહંસ ધર્મરૂપ આપનું ભજન કર્યા કરે છે, જેથી અજ્ઞાનરૂપી કમાડ જેનાં ઉઘડી ગયાં હોય છે, એવાં પોતાનાં ચિત્તરૂપી ખુલ્લાં દ્વારમાંજ આત્મપ્રકાશ પડે છે, તેમાં પોતાની મેળેજ પ્રકટ થતું સ્વસ્વરૂપનું સુખ (તે સંન્યાસીઓ) અનુભવે છે; તેના અનુભવસ્વરૂપ આપજ છો.[૩૩] હે ભગવન્! આપની આ ક્રીડા કરવાની યુક્તિ જાણે દુર્બોધ હોય તેવી લાગે છે; કારણ કે આપ કોઈના આશ્રયથી રહિત છો; શરીર વિનાના છો અને સત્ત્વાદિ ગુણોથી પણ રહિત છો; છતાં આપ અમારી સહાયની લેશ પણ ગરજ રાખ્યા સિવાય કેવળ નિર્વિકાર સ્વસ્વરૂપ વડેજ આ સગુણ જગતને સર્જો છો, પાળો છો અને સંહારો છો.[૩૪] જેમ કોઇ દેવદત્ત નામનો મનુષ્ય પોતે ઘર વગેરે બાંધીને તેમાં પોતે કરેલાં શુભ–અશુભનાં ફળને ભોગવે છે, તેમ બ્રહ્મસ્વરૂપ એવા આપ જીવના સ્વરૂપથી આ ગુણસૃષ્ટિમાં પડીને પરતંત્રપણે પોતે કરેલાં શુભ–અશુભ કર્મનાં ફળને ભોગવો છો કે કેવળ આત્મામાંજ રમણ કરનારા, ઉપશમ સ્વભાવવાળા અને જેમની ચૈતન્યશક્તિ કદી સ્ખલિત થતી નથી, એવા આપ સાક્ષીસ્વરૂપે વર્તો છો? એ અમે જાણી શકતા નથી.[૩૫] અથવા પૂર્વોક્ત બન્ને બાબત આપ વિષે વિરુદ્ધ નથી; કેમકે આપના ગુણસમુદાયો અગણિત છે–અપરિમિત છે; આપ ઈશ્વર છો–સ્વતંત્ર છો; આપનું માહાત્મ્ય અવિતર્ક્ય છે અને તેથીજ અર્વાચીન વિકલ્પો,[૧] વિતર્કો,[૨] વિચારો,[૩] મિથ્યા પ્રમાણો અને કુતર્કોથી યુક્ત એવાં શાસ્ત્રો વડે વ્યાકુળ થયેલું અંતઃકરણ જેનો આશ્રય છે, એવા દુરાગ્રહને લીધે વાદ કરતા પુરુષોના વિવાદના આપ અવિષય છો. (કદાચ આપ કહો કે, આ તો તમારી માત્ર એક શ્રદ્ધાજ છે, એમાં કોઇ યુક્ત હોય તો બતાવો; તો અમે કહીએ છીએ કે,) આપને વિષે આ સમસ્ત માયામય સંસાર ઉપરામજ પામેલો છે અને આપ તો કેવળ–એકજસ્વરૂપ છો; છતાં પણ આપને વિષે વચ્ચે માયાને લાવી મૂકીને કયો (કર્તૃત્વ આદિ) અર્થ દુર્ઘટ છે–કઈ વસ્તુ ઘટી શકે તેમ નથી? અર્થાત્ સર્વ કંઈ ઘટી શકે તેમ છે; પણ (વસ્તુતઃ કર્તૃત્વ આદિ આપને વિષે હોય તોજ વિરોધ આવે ને? તેવું તો કંઇ છે નહિ. કારણ કે) આપ વિષે બે સ્વરૂપજ નથી–આપ તો કેવળ અદ્વૈતસ્વરૂપજ છો. જેમ સર્પ આદિની બુદ્ધિવાળાઓને દોરીનો ટુકડો સર્પ આદિ અનેકસ્વરૂપે દેખાય છે, (પણ વસ્તુતઃ તો તે દોરીનોજ ટુકડો છે,) તેમ સમબુદ્ધિવાળા પુરુષોના અભિપ્રાયને આપ સમસ્વરૂપે–અનુગ્રહકર્તાસ્વરૂપે અનુસરો છો અને વિષમ બુદ્ધિવાળા પુરુષોના અભિપ્રાયને આપ વિષમ સ્વરૂપે–નિગ્રહકર્તા સ્વરૂપથી અનુસરો છો;[૩૬,૩૭] પણ વસ્તુતઃ તો આપ એકજ સર્વ વસ્તુઓમાં

૧. 'આ આમ હશે કે આમ?' એ વિકલ્પ.
૨. 'આમાં શું યોગ્ય હશે?' આ વિતર્ક.
૩. 'આ આ પ્રમાણેજ છે' આ વિચાર.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વસ્તુસ્વરૂપે રહ્યા છો–સત્સ્વરૂપે વિદ્યમાન છો; આપ એકજ સર્વના ઈશ્વર છો; આપ એકજ સકળ જગતના કારણના પણ કારણરૂપ છો અને આપ એકજ સર્વના અંતર્યામી હોવાથી સર્વ વિષયોના પ્રકાશોથી જણાઓ છો–વિષયોના પ્રકાશ પરથી અનુમાન વડે જણાઓ છો અને વેદો પણ **'નેતિ નેતિ'** એમ સર્વ વસ્તુનો વસ્તુસ્વરૂપે નિષેધ કરીને અંતે કેવળ આપને એકનેજ વસ્તુસ્વરૂપે બાકી રાખે છે.[૩૮] માટેજ આપના મહિમારૂપી અમૃતરસના સમુદ્રનું એકજ ટીપું માત્ર એકજ વખત ચાખી જવાથી પોતાના મનમાં અત્યંત ઝરી રહેલા અસ્ખલિત સુખને લીધે જેઓ પ્રત્યક્ષ જોયેલાં અને સાંભળેલા વિષયસુખના અલ્પ આભાસોને વિસરી ગયેલા હોય છે, એવા આપના પરમ એકાન્તિક ભક્તો સર્વ પ્રાણીઓના પરમ મિત્ર અને સર્વના આત્મા એવા આપ ભગવાન વિષેજ નિરંતર અત્યંત શાંતિ પામેલા મનવાળા રહે છે અને તેથીજ તે સ્વાર્થકુશળ સાધુ પુરુષો, કેવળ આપનેજ પોતાના પ્રિય અને સન્મિત્ર માનીને આપના ચરણકમળની સેવાને કેમ છોડી દે? (કદી પણ ન છોડે.) કારણ કે હે મધુ દૈત્યનો નાશ કરનારા ભગવન્! આપના ચરણકમળના આશ્રયમાં આ સંસારનો ફેરો ફરી કદી રહેતો નથી.[૩૯] ત્રણ લોક જેમનું સ્વરૂપ છે અને ત્રણ લોક એજ જેમનું ઘર છે, એવા હે ત્રિવિક્રમ! હે ત્રણે લોકના નેતા! હે ત્રણ લોકના મનોહર પ્રભાવવાળા! દૈત્યો અને દાનવો વગેરે જો કે આપનીજ વિભૂતિઓ છે, તોપણ તેઓના ઉદ્યમનો આ સમય નથી, એમ માનીને હે દંડને ધારણ કરનારા! પોતાની માયાથી દેવ, મનુષ્ય, પશુ, મિશ્રજાતિ અને જલચર વગેરે આકૃતિથી તમે અપરાધ પ્રમાણે પૂર્વે જેમ તેઓને શિક્ષા કરી છે, તેમ હમણાં પણ હે ભગવન્! આપ જો માનતા હો તો આ વૃત્રાસુરનો પણ વધ કરો.[૪૦] હે પિતા! હે પિતામહ! અમે આપનાજ છીએ; આપનેજ નમન કરી રહ્યા છીએ; આપના બન્ને ચરણકમળનાં ધ્યાનથીજ અમારાં હૃદયમાં સાંકળ બંધાઇ રહેલી છે અને આપે અમને પોતાના તરીકે સ્વીકાર્યા છે, તો હે નિર્દોષ દેવ! દયાથી રંજિત અને સ્નેહ સહિત એવા ઉજ્જવળ, સુંદર અને શીતળ મંદહાસ્યપૂર્વક જોવાથી તથા ગળતા મધુર મુખરસરૂપી અમૃતની કળાથી આપ અમારા હૃદયના તાપને શાંત કરવાને યોગ્ય છો.[૪૧] હે ભગવન્! આપ સમગ્ર જગતની ઉત્પત્તિ, સ્થિતિ, તેમજ લયમાં કારણરૂપ પોતાની દિવ્ય માયા સાથે વિનોદ કરો છો અને સર્વના ઉપાદાનકારણ તરીકે તથા પ્રકાશક તરીકે સમગ્ર જીવસમૂહના હૃદયમાં બ્રહ્મસ્વરૂપે તથા અંતર્યામીસ્વરૂપે અને બહારના ભાગમાં પણ પ્રધાનસ્વરૂપે દેશ, કાળ તથા દેહની અવસ્થાઓને નહિ ઓળંગી અનુભવ કરો છો; તેમજ બુદ્ધિ વગેરે સર્વના આપ સાક્ષી છો; છતાં આપનું સ્વરૂપ આકાશની પેઠે નિર્લેપ છે. કારણ કે આપ સાક્ષાત્ પરબ્રહ્મ છો અને પરમાત્મા છો તો એવા આપની આગળ જેમ અગ્નિ આગળ તેના તણખા વગેરે કંઇ પણ કાર્ય જણાવવાને યોગ્ય નથી, તેમ અમારે કેટલું પ્રયોજન જણાવવું યોગ્ય છે? (અર્થાત્ આપ તો સર્વ કંઈ જાણોજ છો; તો અમારે આપને શું જણાવવાનું હોય?)[૪૨] માટે સર્વના પરમ ગુરુ એવા આપ ભગવાનના ચરણકમળની છાયા જે અનેક જાતનાં પાપોને લીધે પ્રાપ્ત થતા સંસારના પરિશ્રમને શાંત કરનારી છે, તેને શરણે અમે જે કામનાઓથી આવ્યા છીએ, તેને આપ પોતેજ સિદ્ધ કરો.[૪૩] હે ઈશ્વર! આપ આ વૃત્રાસુરનો હવે સત્વર નાશ કરો. કારણ કે હે કૃષ્ણ! તે ત્રણે જગતને ગળી રહ્યો છે; વળી અમારાં તેજોને, અસ્ત્રોને તથા આયુધોને પણ તે ગળી ગયો છે.[૪૪] આપ શુદ્ધ છો; હૃદયાકાશમાં વસો છો; બુદ્ધિ વગેરેના સાક્ષી છો; સદા આનંદસ્વરૂપ છો; રુચિકર યશવાળા છો; અનાદિ છો;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સજ્જનોએ સ્વીકારવા યોગ્ય છો; સંસારમાર્ગના મુસાફર મનુષ્યને પોતાનું શરણ પ્રાપ્ત થયા પછી સર્વોત્તમ ગતિ આપનારા છો અને સર્વ પ્રકારની પીડાને હરનારા છો, તે આપને અમે નમસ્કાર કરીએ છીએ.[૪૫]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–“હે રાજન્! એ પ્રમાણે આદરપૂર્વક દેવતાઓએ સ્તુતિ કરી, એટલે પોતાનું એ સ્તોત્ર સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિ તેઓને આમ કહેવા લાગ્યા.[૪૬]

શ્રીભગવાન બોલ્યાઃ–‘હે શ્રેષ્ઠ દેવો! તમે મારી સ્તુતિ કરી તેથી તેમજ તમારુ જે આ જ્ઞાન છે, તેથી હું તમારા પર પ્રસન્ન થયો છું. કારણ કે તમારા આ સ્તોત્ર સહિત જ્ઞાનને લીધે પુરુષોને પોતાનો આત્મા સંસારી નથી, એવું સ્મરણ થશે અને મારામાં ભક્તિ થશે.[૪૭] હે ઉત્તમ દેવો! હું જ્યારે પ્રસન્ન થાઉં છું, ત્યારે કઈ વસ્તુ દુર્લભ રહે છે? તોપણ મારામાં એકાંત બુદ્ધિવાળો તત્ત્વવેત્તા પુરુષ મારી પાસેથી (ભક્તિ વિના) બીજું કંઇ પણ ઇચ્છતો નથી.[૪૮] +પણ વિષયોનેજ સત્ય-વસ્તુ તરીકે જોનારો કૃપણ પુરુષ પોતાના કલ્યાણને જાણી શકતો નથી; તેથી એ વિષયોને ઇચ્છનારા તે પુરુષને જે કોઈ (દેવાદિ) જો વિષયોજ આપે છે, તો (સમજવું કે,) તે–આપનારો પણ તેના જેવોજ (વિષયોનેજ સાચા માનનારો અજ્ઞાની) છે.[૪૯] જે પુરુષ પોતે સર્વોત્કૃષ્ટ કલ્યાણ જાણે છે, તે પુરુષ જેમ કોઇ ઉત્તમ વૈદ્ય અપથ્ય ઇચ્છતા રોગીને કદી અપથ્ય આપતો નથી, તેમ અજ્ઞાનીને કર્મ કરવાનો ઉપદેશ આપેજ નહિ.[૫૦] માટે હે ઇન્દ્ર! તમારું કલ્યાણ થાઓ; તમે મહર્ષિ દધીચિ ઋષિ પાસે જાઓ અને વિદ્યા, વ્રત તથા તપથી બળવાન એવા તેમના શરીરની માગણી કરો; વિલંબ કરો મા.[૫૧] તે દધીચિ ઋષિ શુદ્ધ બ્રહ્મને જાણનારા છે; તેમણે અશ્વશિરસ્ નામના બ્રહ્મજ્ઞાનનો બન્ને અશ્વિનીકુમારોને* ઉપદેશ કર્યો હતો; જેણે તે બન્નેને જીવન્મુક્ત કર્યા છે.[૫૨] વળી તે દધીચિ ઋષિ અથર્વવેદને જાણનારા છે અને શ્રીનારાયણ કવચને પણ જાણે છે. તેમણેજ એ નારાયણ કવચ પ્રથમ ત્વષ્ટાને આપ્યું હતું, જે ત્વષ્ટાએ પોતાના પુત્ર વિશ્વરૂપને આપ્યું હતું અને વિશ્વરૂપ પાસેથી તેં ધારણ કર્યું છે.[૫૩] તે ઋષિ ધર્મવેત્તા છે; તેથી બન્ને અશ્વિનીકુમારો તમારે માટે તેમની પાસે

+ અહીંથી બે શ્લોકમાં ભગવાન એ કહેવા માગે છે કે, તમે મારી પાસેથી વિષયો જેવી તુચ્છ વસ્તુ ઇચ્છો છો; પણ મારા જેવો કૃપાળુ એવી તમારી ઇચ્છા પૂર્ણ કરે તે અયોગ્ય છે. —શ્રીધર

* અહીં આવી એક કથાનો આશય જણાવ્યો છેઃ– દધીચિ ઋષિ અથર્વવેદને જાણનારા છે અને કર્મકાંડ તથા બ્રહ્મવિદ્યામાં પણ કુશળ છે, એમ જાણીને બન્ને અશ્વિનીકુમારોએ એક વખતે તેમની પાસે જઇને કહ્યું કે, ‘હે ભગવન્! તમે અમને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરો.’ એ માગણી સાંભળીને દધીચિ ઋષિએ તેમને કહ્યું કે, ‘હમણાં તો હું કામમાં રોકાયો છું, માટે તમે જાઓ; મારું કામ થઇ રહ્યા પછી હું તમને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરીશ.’ તે પછી અશ્વિનીકુમારો ત્યાંથી ચાલ્યા ગયા; એટલે ઇન્દ્ર દધીચિ મુનિ પાસે આવીને તેમને કહેવા લાગ્યોઃ ‘હે મુનિ! તમે અશ્વિનીકુમારોને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ ન કરશો. મારા વાક્યનો અનાદર કરીને જો તમે તેઓને ઉપદેશ કરશો, તો જરૂર હું તમારું મસ્તક કાપી નાખીશ.’ એમ કહીને ઇન્દ્ર ચાલ્યો ગયો. તે પછી અશ્વિનીકુમારો ફરી આવ્યા અને મુનિને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપવા માટે કહેવા લાગ્યા. મુનિએ તેઓને જણાવ્યું કે, ઇન્દ્ર આમ કહી ગયો છે; ત્યારે તેઓએ કહ્યું કે, અમે તમારું આ મસ્તક પ્રથમજ કાપી નાખીએ અને ઘોડાનું મસ્તક તમારા ઉપર ચડાવી દઇએ. તમે એ ઘોડાના મસ્તકથી અમને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરો; પછી ઇન્દ્ર તમારા એ ઘોડાના મસ્તકને કાપી નાખશે, એટલે ‘અમે તમારા મૂળ મસ્તકને તમારા પર ચડાવી દઈ તમને દક્ષિણા આપીને અહીંથી ચાલ્યા જઇશું.’ તે સાંભળી દધીચિ ઋષિએ પોતે તેમને વચન આપ્યું હતું, તે ખોટું થાય એવા ભયથી તેમને એમ કરવા હા પાડી; એટલે અશ્વિનીકુમારોએ તેમનું મસ્તક કાપી નાખી ઘોડાનું મસ્તક ચડાવ્યું અને દધીચિએ તે ઘોડાના મસ્તકથી તેમને કર્મવિદ્યા તથા બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો. પછી ઇન્દ્રે તેમનું ઘોડાનું મસ્તક કાપી નાખ્યું એટલે અશ્વિનીકુમારોએ તેમનું મૂળ મસ્તક સાંધી દીધું. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શરીરની માગણી કરશે, તો (પોતાના શિષ્ય ઉપરના પ્રેમથી) પોતાનું શરીર આપી દેશે અને પછી તે શરીરનાં હાડકાંઓમાંથી વિશ્વકર્મા એક ઉત્તમ આયુધ બનાવશે, કે જે આયુધથી તું મારા તેજને લીધે વૃદ્ધિ પામીને વૃત્રાસુરના મસ્તકને છેદી નાખીશ. એ રીતે તે અસુર હણાશે, એટલે તમે ફરીથી તમારા તેજને, અસ્ત્રોને, આયુધોને તથા સંપત્તિઓને પ્રાપ્ત થશો. (વૃત્રાસુર અમને મારી નાખશે, એવો ભય તમે રાખશો નહિ; કારણ કે) મારા ભક્તોને કોઈ હણી શકતું નથી. તમારું કલ્યાણ થાઓ.'"૫૪

तस्मिन्विनिहते यूयं तेजोऽस्त्रायुधसंपदः ।
भूयः प्राप्स्यथ भद्रं वो न हिंसंति च मत्परान् ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૯ મો સમાપ્ત

अध्याय १० मो*

દધીચિ ઋષિનાં હાડકાંના વજ્રથી ઇન્દ્રે વૃત્રાસુર સાથે યુદ્ધ કર્યું×

॥ श्रीशुक उवाच ॥

इंद्रमेवं समादिश्य भगवान् विश्वभावनः ।
पश्यतामनिमेषाणां तत्रैवांतर्दधे हरिः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"ઇન્દ્રને એ પ્રમાણે કહીને જગતનું રક્ષણ કરનારા ભગવાન શ્રીહરિ દેવતાઓના દેખતાં તેજ સ્થળે અદશ્ય થઈ ગયા.૧ તે પછી હે ભરતવંશી રાજા! ભગવાનના કહેવા પ્રમાણે દેવોએ અથર્વવેદ જાણનારા મહર્ષિ દધીચિ પાસે (તેમના શરીરની) માગણી કરી; એટલે તે ઋષિ પ્રસન્ન થઇને જાણે હસતા હોય તેમ આ પ્રમાંણે બોલ્યાઃ૨ 'હે દેવો! પ્રાણીઓને મૃત્યુસમયે જે મૂર્ચ્છાજનક દુઃખ થાય છે, તે તમે શું નથી જાણતા?૩ દરેક જીવો જીવવાની ઇચ્છાવાળા હોય છે અને દરેકને પોતાનું શરીર સૌ કરતાં ઇષ્ટ અને ઘણુંજ વહાલું હોય છે; તે શરીરની કદાચ વિષ્ણુ ભગવાન માગણી કરે, તોપણ કોણ આપી દેવાનો ઉત્સાહ કરે?'૪

દેવો બોલ્યાઃ–'હે બ્રહ્મન્! (તમે કહો છો તે સત્ય છે, પણ) તમારા જેવા મહાન પુરુષો કે જેઓનાં કર્મને પવિત્ર યશવાળા પુરુષો પણ વખાણે છે અને જેઓ પ્રાણીઓ પર દયાવાળા હોય છે, તેઓને શું દુસ્ત્યજ હોય છે?૫ લોક તો કેવળ સ્વાર્થપરાયણ છે. બીજાના દુઃખને તે જાણતા

---

* આ અધ્યાયમાં શ્રીભગવાને દર્શાવેલા દધીચિ ઋષિનાં હાડકાંમાંથી બનાવેલા વજ્રને ધારણ કરી ઇન્દ્રે દેવોની સાથે રહી અસુરોથી વીંટાયલા વૃત્રાસુર સાથે યુદ્ધ કર્યું, એ કથા કહેવાશે. —श्रीधर

× ઇન્દ્ર અને વૃત્રાસુરના યુદ્ધનું વર્ણન ઋગ્વેદ ૨–૧૨મા સૂક્તમાં કરેલું છે; તેમજ અન્ય મંડળોમાં પણ જોવામાં આવે છે. ઇન્દ્ર અને વૃત્રાસુરનું યુદ્ધ હરસાલ થયા કરે છે. ઇન્દ્ર એ સૂર્યચંદ્રાદિ મંડલને ગતિ આપનારી નૈસર્ગિક શક્તિ છે તથા વૃત્રાસુર પાતાળ દેશમાં જલપ્રવાહ અને પ્રકાશનો રોધ કરનારી પ્રતિકૂળ શક્તિ કલ્પેલી છે. એ બે શક્તિઓની યુદ્ધરૂપે કલ્પના કરી છે; કારણ કે ઉત્તર ધ્રુવમાં માત્ર એકજ દિવસ અને એકજ રાત્રિનું વર્ષ થાય છે. આ વર્ષ સૂર્યની ગતિના કારણથી થાય છે. પ્રાચીન વૈદિક ઋષિઓએ એવી કલ્પના કરેલી છે કે, પૃથ્વીની ચારે તરફ અંતરિક્ષ જળ વ્યાપ્ત છે. આ જળ આકાશમાં સર્વત્ર વ્યાપ્ત છે. આ જળથીજ ચંદ્રસૂર્યાદિ મંડળોને ગતિ મળે છે. આ જળ સદા વર્તુલાકાર ફર્યા કરે છે. આ જળનો પ્રવાહ નીચે વરુણદેવના મુખમાં અથવા પાતાળના સમુદ્રમાં મળે છે. આ સમુદ્ર તે વૃત્રાસુરનું ગુપ્ત સ્થાન કલ્પેલું છે. સૂર્યાસ્ત થયા પછી સૂર્ય પાતાળમાં જાય છે. ત્યાર પછી પ્રદક્ષિણા કરીને પુનઃ ઉપર આવવા માંડે છે; પણ ગતિ આપનાર જળપ્રવાહનો વૃત્રાસુર રોધ કરે છે, જેથી ઇન્દ્ર અને વૃત્રાસુરની લડાઇ થાય છે. જેમાં ઇન્દ્ર શરદ્‌ઋતુના ૪૦મા દિવસે વૃત્રાસુરનું મસ્તક કાપી અંતરિક્ષ જળપ્રવાહને વહેવાને માટે અથવા સૂર્યને ભૂલોકમાં દર્શન દેવા માટે સૂર્યના માર્ગને ખુલ્લો કરી આપે છે. (આ સૂક્તની ૧૧મી ઋચામાં વૃત્રાસુરને '**चत्वारिंश्यं शरदि**' આ શબ્દથી શરદ્‌ઋતુના ૪૦મા દિવસે મારવાનું લખેલ છે.) આવી રીતે નૈસર્ગિક શક્તિનું યુદ્ધ સદાકાળ ચાલ્યાજ કરે છે, જેથી શ્રીમદ્‌ભાગવતમાં (૬–૧૨–૩૦)માં પ્રથમ વૃત્રાસુર ઇન્દ્રને ગળી ગયો તથા ૬–૧૨–૩૩ માં ઇન્દ્રે વૃત્રાસુરની ડોકને ૩૬૦ દિવસે કાપ્યાનું લખેલું છે. —मा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી. કારણ કે જો બીજાના દુઃખને જાણતા હોય, તો તેવી માગણી કરેજ નહિ. તેમજ દાતા પુરુષ પણ (લોકોએ માગેલું આપવાને જો સમર્થ હોય, તો કદી ના પાડે નહિ.')*૬

દધીચિ ઋષિ બોલ્યાઃ—'તમારી પાસેથી ધર્મ સાંભળવાની ઇચ્છાથી મેં તમને ના પાડી હતી. પણ હવે હું (કોઈ સમયે અવશ્ય) મને છોડી દેનારા આ મારા પ્રિય શરીરનો ત્યાગ કરું છું.૭ હે દેવો! જે પુરુષ અવશ્ય નાશ પામનારા પોતાના શરીરથી પ્રાણી પર દયા કરીને ધર્મ તથા યશ પ્રાપ્ત કરી લેવા ઇચ્છતો નથી, તે પુરુષ સ્થાવર પ્રાણીઓએ પણ શોક કરવા યોગ્ય છે.૮ જે કોઈ આત્મા બીજાં પ્રાણીઓના શોકથી પોતે શોક કરે છે અને બીજાં પ્રાણીઓના આનંદથી પોતે આનંદ પામે છે, તેનો તેટલોજ ધર્મ અવિનાશી છે અને તેવાજ ધર્મને પવિત્ર યશવાળા પુરુષોએ સેવ્યો છે.૯ અહો! કેટલી બધી દીનતાની વાત છે! અહો! કેટલી બધી ખેદની વાત છે કે, મનુષ્ય કેવળ કાગડા—કૂતરાંના ભક્ષ્યરૂપ, ક્ષણભંગુર અને આત્માને ઉપયોગી નહિ એવાં ધન, સ્ત્રી—પુત્રાદિ તથા પોતાના શરીરથી પરોપકાર કરતો નથી!'૧૦

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"આવો નિશ્ચય કરી અથર્વવેદને જાણનારા તે દધીચિ ઋષિએ ભગવાન પરબ્રહ્મ વિષે પોતાના આત્માને એક કરી દઈ શરીરનો ત્યાગ કર્યો.૧૧ તેમણે ઇન્દ્રિયો, પ્રાણ, મન તથા બુદ્ધિને વશ કરી લીધાં હતાં, તત્ત્વવસ્તુનો સાક્ષાત્કાર કર્યો હતો અને સર્વ બંધનોનો નાશ કરી પરમ યોગનો આશ્રય કર્યો હતો, તેથી તેમણે પોતાનું શરીર મરણ પામ્યું, તે જાણ્યું ન હતું.૧૨ પછી ભગવાનના તેજથી યુક્ત થઈ બળવાન બનેલો ઇન્દ્ર તે દધીચિ ઋષિનાં હાડકાંમાંથી વિશ્વકર્માએ બનાવેલું વજ્ર ઉગામીને સવ દેવગણોથી વીંટાઈ ઐરાવત હાથી પર શોભવા લાગ્યો. તે વેળા મુનિગણો તેની સ્તુતિ કરતા હતા ને જાણે ત્રિલોકીને તે હર્ષ ઉપજાવતો હોય તેવો જણાતો હતો.૧૩,૧૪ હે રાજન્! ક્રોધાયમાન થયેલા રુદ્ર જેમ કાળ સામે ચડાઇ કરે, તેમ અસુરસૈન્યોના સેનાપતિઓથી વીંટાયલા વૃત્રાસુરને કાપી નાખવાને ઇન્દ્રે તેની સામે બળપૂર્વક ચડાઈ કરી. તે પછી પહેલા ચતુર્યુગના ત્રેતાયુગના આરંભમાં નર્મદાનદીના કિનારે દેવતાઓનું અસુરો સાથે મહાભયંકર યુદ્ધ થયું. હે રાજન્! રુદ્રો, વસુઓ, આદિત્યો, અશ્વિનીકુમારો, પિતૃઓ, અગ્નિઓ, વાયુઓ, ઋભુઓ, સાધ્યો તથા વિશ્વેદેવાઓની સાથે વજ્રને ધારણ કરી રહેલા દેવપતિ ઇન્દ્રને પોતાની શોભા વડે પ્રકાશતો જોઇ વૃત્રાસુર વગેરે અસુરો યુદ્ધમાં (તેને) સહન કરી શક્યા નહિ. નમુચિ, શંબર, અનર્વા, દ્વિમૂર્ધા, ઋષભ, અંબર, હયગ્રીવ, શંકુશિરા, વિપ્રચિત્તિ, અયોમુખ, પુલોમા, વૃષપર્વા, પ્રહેતિ, હેતિ, ઉત્કલ અને બીજા દૈત્યો, દાનવો, યક્ષો તથા સુમાલિ અને માલિ વગેરે હજારો રાક્ષસોએ સુવર્ણના સાજ સજીને મૃત્યુ પણ જેની સામે ન થઈ શકે એવી ઇન્દ્રની સેનાના અગ્રભાગને (આગળ વધતા) અટકાવી દીધો અને પછી તે ઉદ્ધત અસુરો જરા પણ ગભરાયા વિના સિંહના જેવો શબ્દ કરીને સામે ગર્જના કરવા લાગ્યા ને ગદાઓ, પરિઘો, બાણો, ભાલાઓ, મુદ્ગરો, તોમરો, ત્રિશૂલો, ફરશીઓ, તલવારો, *શતઘ્નીઓ તથા ભુશુંડીઓ

* કહેવાનો ભાવ એ છે કે, અમે સ્વાર્થપરાયણ છીએ તેથી જેમ તમારા દુઃખને જાણતા નથી, તેમ તમે પણ અમને ના પાડીને અમારા દુઃખને જાણતા નથી. —શ્રીધર

શતઘ્નીઓ અને ભુશુંડીઓનું લક્ષણ અભિધાન શબ્દકોષમાં આ પ્રમાણે છે—

शतघ्नी च चतुर्हस्ता लोहकंटकसंचिता ।
भुशुंडी सर्वतो लोहकंटका तु क्रमोन्नता ॥

શતઘ્ની ચાર હાથ લાંબી હોય છે ને લોઢાના કાંટાઓથી વ્યાપ્ત હોય છે અને ભુશુંડી પણ ચારે તરફ લોઢાના કાંટાવાળી હોઇને અનુક્રમે ઉન્નત હોય છે.—શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

વગેરે શસ્ત્રો અને અસ્ત્રોના મોટા મોટા દેવો ઉપર ચારે તરફથી વરસાદ વરસાવવા લાગ્યા.[૧૫-૨૩] એ સમયે આકાશમાંના વાદળથી જેમ નક્ષત્રો દેખાતાં બંધ થાય છે, તેમ ચોતરફથી એક પછી એક પડતાં બાણોના સમુદાયથી દેવતાઓ એટલા બધા ઢંકાઈ ગયા હતા, કે જેથી દેખાતા પણ ન હતા;[૨૪] પરંતુ તે શસ્ત્ર તથા અસ્ત્રોની વૃષ્ટિના સમૂહો દેવોના સૈનિકો સુધી પહોંચતા પણ ન હતા. કારણ કે ઝડપદાર હાથવાળા દેવો આકાશમાંજ (વચ્ચેથી) તેઓના હજારો ટુકડા કરી નાખતા હતા. આ રીતે યુદ્ધ કરતાં અસુરોની પાસે અસ્ત્રો તથા શસ્ત્રોના જથાઓ ખૂટી પડ્યા; એટલે તેઓએ દેવોના સૈન્ય ઉપર પર્વતોનાં શિખરો, વૃક્ષો તથા પથ્થરોનો વરસાદ વરસાવવા માંડયો; પણ દેવોએ પ્રથમની પેઠે તેઓને પણ કાપી નાખ્યા. એ રીતે શસ્ત્રો તથા અસ્ત્રોના સમૂહોથી, વૃક્ષોથી, પથ્થરોથી તથા અનેક પર્વતોનાં શિખરોથી પણ ઇન્દ્રના સૈનિકોને ઘાયલ નહિ થયેલા અને ક્ષેમકુશળ ઊભેલા જોઈ વૃત્રાસુર જેઓનો સ્વામી હતો, એવા તે અસુરો ત્રાસ પામ્યા. જેમ ક્ષુદ્ર મનુષ્યોએ કહેલી અમંગળ કઠોર વાણી મહાન પુરુષો વિષે કેવળ નિષ્ફળ થાય છે—તેઓને જરા પણ ક્ષોભ ઉપજાવતી નથી, તેમ શ્રીકૃષ્ણ ભગવાન જેમના તરફ અનુકૂળ હતા, એવા તે દેવગણો ઉપર દૈત્યોએ જે જે પ્રયાસો કર્યા, તે તે સર્વે નિષ્ફળ થયા.[૨૫-૨૮] એ પ્રમાણે પોતાના પ્રયાસને નિષ્ફળ થયેલા જોઇ શ્રીહરિના અભક્ત તે અસુરોના ગર્વ યુદ્ધમાં હણાઇ ગયા. કેમકે તેઓનું ધૈર્ય દેવોએ હરી લીધું હતું, જેથી તેઓએ પોતાના સ્વામીને યુદ્ધને મોખરે છોડી દઇ નાસી જવાને મન કર્યું.[૨૯] એવામાં મનસ્વી અને વીર એવા વૃત્રાસુરે પોતાના અનુયાયી અસુરોને એ પ્રમાણે નાસી જતા જોઈ તેમજ તીવ્ર ભયથી પલાયન કરી ગયેલા પોતાના સૈન્યમાં ભંગાણ પડેલું જોઇ ખડખડાટ હસીને આવું વચન કહ્યું હતું. એ વખતની તેની વાણી સમયને યોગ્ય હતી અને મનસ્વી પુરુષોને રુચે તેવી હતી. તે વીર પુરુષે તે વેળા આ પ્રમાણે વાણી કહી હતીઃ 'હે વિપ્રચિત્તિ! હે નમુચિ! હે પુલોમા! હે મય! હે અનર્વા! હે શંબર! તમે મારું વચન સાંભળો.[૩૦-૩૧] જન્મેલા પ્રાણીનું મૃત્યુ એ તો અવશ્ય છેજ; જે મૃત્યુનો આ જગતમાં સર્વ તરફથી ઉપાય થઇ શક્યો નથી; તો એ મૃત્યુથી આ લોકમાં યશ અને સ્વર્ગલોક જો મળતો હોય, તો કયો પુરુષ તેવા ઉત્તમ મૃત્યુને ન સ્વીકારે? આ જગતમાં બે મૃત્યુને શાસ્ત્રમાં દુર્લભ માનવામાં આવ્યાં છે. તેમાંનું એક તો બ્રહ્મધારણાથી શરીરનો ત્યાગ કરવો તે છે અને બીજું રણભૂમિમાં મોખરે જઇને પાછી પાની કર્યા વિના શરીરનો ત્યાગ કરવો તે છે.+[૩૨-૩૩]

द्वौ सम्मताविह मृत्यु दुरापौ यद्ब्रह्मसंधारणया जितासुः। कलेवरं योगरतो विजह्याद्यदग्रणीर्वीरशयेऽनिवृत्तः॥ ३३॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૧૦ મો સમાપ્ત

अध्याय ११ मो*

ઇન્દ્ર સાથે યુદ્ધ કરતા વૃત્રાસુરનાં ભક્તિ અને જ્ઞાનદર્શક અદ્ભુત વચનો

॥ श्रीशुक उवाच ॥

त एवं शंसतो धर्म्यं वचः पत्युरचेतसः। नैवागृह्णन् भयत्रस्ताः पलायनपरा नृप॥ १॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજા! એ પ્રમાણે

+ આજ વાત ધર્મશાસ્ત્ર કહે છે—

द्वाविमौ पुरुषौ लोके सूर्यमंडलभेदिनौ। परिव्राड् योगयुक्तश्च रणे चाभिमुखो हतः॥

આ જગતમાં આ બે પુરુષો સૂર્યમંડળને ભેદે છે—એક તો યોગધારણાથી શરીરનો ત્યાગ કરે છે તે અને બીજો યુદ્ધમાં મોખરે રહીને હણાય છે તે. —શ્રીધર

* આ અધ્યાયમાં ઇન્દ્ર સાથે યુદ્ધ કરતા વૃત્રાસુરની ભક્તિબળ તથા જ્ઞાનબળને વધારનારી જાતજાતની વાણી વર્ણવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કહેતા પોતાના સ્વામીનાં તે ધર્મવચનને ભયથી ત્રાસેલા અને બેભાન થઇ નાસી જવા તૈયાર થયેલા તે અસુરોએ નજ માન્યું.[1] એટલે હે રાજન્ ! કાળ જેઓને અનુકૂળ હતો એવા દેવો જેને અનાથવત્ હાંકી કાઢતા હતા, એવી અસુરોની સેનાને છિન્નભિન્ન થતી જોઇને અસુરોમાં શ્રેષ્ઠ ઇન્દ્રશત્રુ વૃત્રાસુર અત્યંત ક્રોધાયમાન થઇને તપી ઊઠ્યો. તેણે તે સહન નહિ કરતાં દેવોને પોતાના બળથી અટકાવી દઇ તિરસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું :[૨-૩] 'અરે ઓ ! યુદ્ધમાંથી પલાયન કરી જતા અને તેથીજ માતાની વિષ્ટા જેવા આ દૈત્યોને પાછળથી તમે મારો છો તેમાં શું છે ? કંઇજ નથી. (નથી તેમાં યશ મળવાનો કે નથી તેથી ધર્મ થવાનો.) ભયભીત થયેલાનો વધ કરવો એ પોતાને શૂરવીર માનનારાઓને વખાણવાયોગ્ય નથી, તેમ સ્વર્ગ આપનાર પણ નથી.[4] અરે ઓ ક્ષુદ્ર દેવો ! તમને જો યુદ્ધ કરવાની શ્રદ્ધા હોય તમારા હૃદયમાં ધૈર્ય હોય અને તમને વિષયસુખની જો સ્પૃહા ન હોય, તો એક ક્ષણવાર મારી સામે ઊભા રહો.'[5]

"એ પ્રમાણે (કહીને) ક્રોધાયમાન થયેલા મહાબળવાન વૃત્રાસુરે પોતાના શરીરથી શત્રુ દેવગણોને ભયભીત કરી નાખે એવી મોટી ગર્જના કરી, કે જેથી લોકો બેભાન થઇ ગયા[6] અને સર્વ દેવગણો પણ વૃત્રાસુરની તે ગર્જનાથી જાણે વજ્રથી હણાયા હોય તેમ મૂર્ચ્છિત થઇને ધરણી પર ઢળી પડ્યા.[7] પછી તો જેમ કોઇ મદોન્મત્ત હાથી નડ ઘાસના વનને ખૂંદવા માંડે, તેમ રણરંગથી મદોન્મત્ત બનેલો વૃત્રાસુર ત્રિશૂળ ઉગામીને પૃથ્વીને કંપાવતો આંખો મીંચીને આતુર થઈ પડેલા દેવોના સૈન્યને બન્ને પગ વડે બળથી ખૂંદવા લાગ્યો.[8] તે જોઇને વજ્રધારી ઇન્દ્ર પણ સહન કરી શક્યો નહિ. તેણે સામેથી ધસી આવતા પોતાના શત્રુ સામે એક મોટી ગદા ફેંકી; પણ વૃત્રાસુરે સામી આવતી તે અતિ દુઃસહ ગદા રમતમાત્રમાં ડાબા હાથથી પકડી લીધી[9] અને અત્યંત કોપી ઊઠેલા તે ઉગ્ર પરાક્રમી ઇન્દ્રશત્રુએ મોટી ગર્જના કરીને તેજ ગદાથી ઇન્દ્રના વાહન ઐરાવતને ગંડસ્થળમાં પ્રહાર કર્યો.[10] હે રાજા ! વૃત્રાસુરના તે કર્મની સર્વ કોઇએ અત્યંત પ્રશંસા કરી હતી. વૃત્રાસુરની એ ગદાનો પ્રહાર થતાં ઐરાવત હાથી વજ્ર વડે હણાયલા પર્વતની પેઠે ઘૂમરીઓ ખાવા લાગ્યો અને તેનું મોઢું પણ ભાગી ગયું, જેથી તેને એટલી બધી વેદના થવા લાગી, કે લોહીને ઓકતો ઓકતો તે ઇન્દ્રની સાથે સાત ધનુષ* પ્રદેશ પાછો હઠી ગયો. આવી રીતે જેનું વાહન ઐરાવત ઘવાઇ ગયો હતો અને તેથીજ જેનું ચિત્ત વ્યગ્ર બન્યું હતું, એવા તે ઇન્દ્ર ઉપર ફરી તે મહાત્મા વૃત્રાસુરે ગદાનો પ્રહાર ન કર્યો, જેથી ઇન્દ્ર અમૃતને ઝરતા પોતાના હાથના સ્પર્શથી ઘવાયલા પોતાના વાહન–હાથીની પીડા દૂર કરી (યુદ્ધમાં) ઊભો રહ્યો.[૧૧-૧૨] હે મહારાજ ! એ વેળા યુદ્ધની ઇચ્છાથી સામે ઊભેલા, વજ્રને ધારણ કરતા અને પોતાના ભાઇનો (વિશ્વરૂપનો) વધ કરનાર તે પોતાના શત્રુ ઇન્દ્રને જોઇને વૃત્રાસુરને તેનું તે (પુરોહિત–બ્રાહ્મણ વિશ્વરૂપની હત્યારૂપ) ક્રૂર પાપી કર્મ યાદ આવ્યું અને તેથી શોક અને મોહથી (વ્યાપ્ત થઈ) હસતાં હસતાં તેણે આ પ્રમાણે કહ્યું.[13]

વૃત્રાસુર બોલ્યો:–' જે બ્રાહ્મણોનો ઘાત કરનાર, પોતાના ગુરુની હત્યા કરનાર અને મારા ભાઈનો પણ વધ કરનાર છે, તે તું મારો શત્રુ આજ મારી સામે ઊભો છે, તે ઠીક થયું છે. ઓ મહાપાપી ! આજે મારા ત્રિશૂળથી જેનું પથ્થર જેવું હૃદય ચીરી નાખવામાં આવ્યું છે, એવા તારા નિમિત્તે હું સત્વર મારા ભાઇના ઋણમાંથી મુક્ત થઇશ તે પણ ઠીક થશે.[14] મારો મોટો ભાઇ કે જે આત્મજ્ઞાની હતો, બ્રાહ્મણ હતો, તારો પોતાનો ગુરુ હતો, પાપરહિત હતો અને યજ્ઞદીક્ષિત હતો તેનાં જેમ કોઇ સ્વર્ગની ઇચ્છાવાળો નિર્દય યા-

* ચાર હાથ પ્રદેશ–એક ધનુષ —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્ઞિક પશુનું મસ્તક કાપી નાખે, તેમ સ્વર્ગની ઇચ્છાવાળા તેં નિર્દયે વિશ્વાસ આપીને ત્રણે મસ્તકો કાપી નાખ્યાં હતાં,[૧૫] તેથીજ તું લજ્જા, લક્ષ્મી, દયા તથા કીર્તિથી ભ્રષ્ટ છે અને તારાં પોતાનાં તે કર્મને લીધે રાક્ષસોને પણ નિંદા કરવા યોગ્ય છે. માટે મારા ત્રિશૂળથી ચિરાઇ ગયેલા શરીરવાળા અને મહાકષ્ટ વડે મરેલા તને અગ્નિનો સ્પર્શ નહિ થતાં ગીધડાંઓ ખાઇ જશે.[૧૬] વળી બીજા પણ જે મૂર્ખાઓ, ઘાતકી એવા તારી પાછળ પોતાનાં શસ્ત્રો ઉગામીને આ યુદ્ધમાં મને જો પ્રહાર કરવા તૈયાર થશે, તો તેઓનાં પણ ગળાંને આ તીક્ષ્ણ ત્રિશૂળથી છેદી નાખી તે વડે ગણો સહિત ભૈરવાદિ દેવોની હું પૂજા કરીશ.[૧૭] અથવા હે વીર ઇન્દ્ર ! તું પોતેજ આ યુદ્ધમાં મને વજ્ર વડે મારી નાખીને મારું મસ્તક જો કાપી નાખીશ, તોપણ હું મારાં કર્મબંધનોથી મુક્ત થઈશ અને શિયાળ વગેરે પ્રાણીઓને મારા શરીરનું બલિદાન કરી મનસ્વીઓની ચરણરજને પ્રાપ્ત કરીશ વીર પુરુષોના પદને પામીશ.[૧૮] ઓ દેવોના રાજા ! હું તારો શત્રુ તારી સંમુખજ ઊભો છું; છતાં તું તારું અમોઘ વજ્ર મારા ઉપર કેમ ફેંકતો નથી ? જેમ ગદા નિષ્ફળ થઇ છે અને કૃપણ પાસે યાચના નિષ્ફળ થાય છે, તેમ વજ્ર નિષ્ફળ નહિ થાય; માટે તું સંશય કર મા.[૧૯] ઓ ઇન્દ્ર ! આ તારું વજ્ર શ્રીહરિના તેજથી તથા દધીચિ ઋષિના તેજથી તીક્ષ્ણ કરાયલું છે; માટે તે આ વજ્રથીજ તું તારા શત્રુનો વધ કર. વળી તને શ્રીવિષ્ણુ ભગવાને પ્રેરણા પણ કરી છે; જેથી કરીને જે પક્ષમાં શ્રીહરિ હોય છે, ત્યાં વિજય, લક્ષ્મી તથા ગુણો હોયજ છે. (માટે તું પરાજયની શંકા કરીશ નહિ.)[૨૦] મારા સ્વામી સંકર્ષણ ભગવાને મને જે પ્રમાણે કહ્યું છે તેજ પ્રમાણે તેમના ચરણકમળમાં મનને સ્થાપીને તારા વજ્રના વેગથી જેના વિષયપાશ તૂટી ગયા છે, એવો હું આ શરીરનો ત્યાગ કરીને મુનિની ગતિ પ્રાપ્ત કરીશ.[૨૧] (તું એવો પણ સંશય ન કરીશ કે, ત્યારે તો સંકર્ષણના ભક્ત મનેજ સંકર્ષણ ભગવાન બધી સ્વર્ગાદિ સંપત્તિઓ આપી દેશે ! કારણ કે) સ્વર્ગમાં, પૃથ્વી પર તથા રસાતલમાં જે સંપત્તિઓ રહેલી છે, તે સંપત્તિઓને સંકર્ષણ ભગવાન પોતાને વિષે એકાંત બુદ્ધિવાળા પોતાના ભક્તોને કદી આપતાજ નથી. કેમકે તે સંપત્તિઓથી દ્વેષ, ઉદ્વેગ, મનની પીડા, મદ, કલહ, દુઃખ તથા પરિશ્રમજ થાય છે.[૨૨] અમારા સ્વામી સંકર્ષણ ભગવાન તો પોતાના ભક્ત પુરુષના ધર્મ, અર્થ અને કામ સંબંધી પરિશ્રમનોજ વિનાશ કરે છે. આ ઉપરથીજ તે ભગવાનની કૃપા અનુમાન કરવા યોગ્ય છે, કે જે કૃપા કેવળ નિષ્કામ ભક્તોનાજ વિષયરૂપ હોઇને બીજાઓને દુર્લભ છે. (માટે તારા ઉપર ભગવાનની કૃપા નહિ હોવાથી સર્વ સંપત્તિઓ તનેજ પ્રાપ્ત થશે; જેના પર ભગવાનની કૃપા હોય છે તેઓને નાશવંત સંપત્તિઓ કદી પ્રાપ્ત થતીજ નથી.)'[૨૩] (આમ ઇન્દ્રના પ્રત્યે કહીને હવે શ્રીભગવાનની પ્રાર્થના કરે છેઃ) 'હે શ્રીહરિ ! હું ફરી પણ આપના ચરણમૂલના દાસનો પણ દાસ થાઉં; મારું મન મારા પ્રાણપતિ આપના ગુણોનુંજ સ્મરણ કરો; મારી વાણી આપનાજ ગુણોનું ગાન કરો અને મારું શરીર આપના સંબંધીજ કર્મ કર્યા કરો.[૨૪] હે સમગ્ર સૌભાગ્યના ભંડાર ભગવન્ ! હું આપનો ત્યાગ કરીને સ્વર્ગપૃષ્ઠ–ધ્રુવપદની, બ્રહ્મલોકની, ચક્રવર્તીપણાની રસાતલના સ્વામિત્વની અને યોગસિદ્ધિઓ કે મોક્ષની પણ ઇચ્છા કરતો નથી.[૨૫] હે કમળ સમાન નેત્રવાળા દેવ ! જેઓને પાંખો આવી નથી, એવાં પક્ષીઓનાં બચ્ચાં (ઘુવડ વગેરેથી પીડાઇને) જેમ પોતાની માતાને જોવા આતુર હોય છે; ભૂખથી ટળવળતાં (અને દોરીથી બાંધેલાં) નાનાં વાછરડાં જેમ દૂધ માટે આતુર હોય છે અને જેમ કોઈ (કામવાસનાથી) ખિન્ન થયેલી પ્રિય પત્ની પોતાના પરદેશ ગયેલા પ્રિય સ્વામીને જોવાને આતુર હોય છે, તેમ મારું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મન આપનાં દર્શન કરવાને આતુર રહે છે.§૨૬ હે નાથ! પોતાનાં કર્મોને લીધે આ સંસારચક્રમાં ભટકતા મને ઉત્તમ કીર્તિવાળા આપના ભક્તજનોનીજ મિત્રતા થાઓ; પણ આપની માયાથી શરીર, પુત્ર, સ્ત્રી તથા ઘરમાં આસક્ત એવા મને ફરી તેઓમાંજ આસક્તિ ન થાઓ.' "૨૭

ममोत्तमश्लोकजनेषु सख्यं
संसारचक्रे भ्रमतः स्वकर्मभिः ।
त्वन्माययाऽत्मात्मजदारगेहे-
ष्वासक्तचित्तस्य न नाथ भूयात् ॥ २७॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૧૧ મો સમાપ્ત

अध्याय १२ मो*

ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો

॥ ऋषिरुवाच ॥

एवं जिहासुर्नृप देहमाजौ मृत्युं वरं विजयान्मन्यमानः । शूलं प्रगृह्याभ्यपतत् सुरेंद्रं यथा महापुरुषं कैटभोऽप्सु ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજા! એ પ્રમાણે યુદ્ધમાં પોતાના શરીરનો ત્યાગ કરવા ઇચ્છતો અને વિજય કરતાં મૃત્યુનેજ શ્રેષ્ઠ માનતો વૃત્રાસુર હાથમાં ત્રિશૂળ લઇને જેમ પ્રલયકાળના જળમાં કૈટભ દૈત્ય મહાપુરુષ શ્રીવિષ્ણુ સામે ધસી ગયો હતો, તેમ ઇન્દ્ર સામે ધસી ગયો[1] અને પછી પ્રલયકાળના અગ્નિ સમાન તીક્ષ્ણ શિખાવાળા તે ત્રિશૂળને ભમાવીને તે વીર અસુર રાજાએ બળથી ઇન્દ્ર સામે ફેંક્યું અને 'આ પાપી! હવે તું મરી ગયો છે' એમ ક્રોધથી ગર્જના કરીને કહ્યું.[2] તેણે ફેંકેલું એ ત્રિશૂળ આકાશમાં આવતું હતું, ત્યારે ચાલતા સૂર્ય જેવું અને અંગારા જેવું દુઃખથી જોઇ શકાય તેવું જણાતું હતું; તેને જોઇને જરા પણ ગભરાયા વિના ઇન્દ્રે સો આરાવાળા વજ્રથી તેને કાપી નાખ્યું અને સર્પરાજના શરીર જેવા તે વૃત્રાસુરના જમણા હાથને પણ કાપી નાખ્યો.[3] એ રીતે પોતાનો એક હાથ કપાઇ ગયો એટલે અત્યંત આવેશમાં આવી ગયેલા વૃત્રાસુરે વજ્ર ધારણ કરી રહેલા ઇન્દ્રની સમીપ જઇ તેને તથા તેના હાથી ઐરાવતને બન્નેને હડપચીમાં મોટી ભોગળનો પ્રહાર કર્યો, કે જેથી ઇન્દ્રના હાથમાંથી વજ્ર (પણ) પડી ગયું.[4] વૃત્રાસુરનું એ કર્મ અતિશય અદ્‌ભુત હતું; તેની દેવો, અસુરો, ચારણો તથા સિદ્ધોનાં ટોળાં પ્રશંસા કરવા લાગ્યાં અને ઇન્દ્રનું સંકટ જોઇને હાહાકાર કરવા લાગ્યાં.[5] શત્રુની સમક્ષ એ પ્રમાણે પોતાના હાથમાંથી વજ્ર પડી ગયું, જેથી ઇન્દ્ર શરમાઇ ગયો. તેણે ફરી તે વજ્ર લીધું નહિ; એટલે વૃત્રાસુર તેને કહેવા લાગ્યોઃ 'તું તારા વજ્રને લઈ લે અને વજ્ર લઇને પોતાના શત્રુને હણી નાખ; આ કંઇ ખેદ કરવાનો વખત નથી.[6] જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવામાં સમર્થ એવા સર્વજ્ઞ અને સનાતન આદ્યપુરુષ વિના બીજા જે પુરુષો કેવળ પરાધીનજ છે અને એકબીજાને મારી નાખવા માટે ધસી જઇને યુદ્ધ કરવા ઇચ્છે છે, તેઓનો કોઈ સ્થળે સદાકાળ કદી વિજય હોતોજ નથી. તેઓનો તો કોઇ કાળે જય થાય છે, તો કોઇ કાળે પરાજય પણ થાય છે.[7] લોકપાલો સહિત આ સમગ્ર લોકો પરાધીન છે; તેઓ જેને વશ રહીને જાળમાં બંધાયલાં પક્ષીઓની પેઠે ચેષ્ટા કરી રહ્યા છે, તે કાળસ્વરૂપ ભગવાનજ જય—પરાજયમાં કારણ છે.[8] ઇન્દ્રિયશક્તિ, માનસિક શક્તિ, શારીરિક શક્તિ, પ્રાણ, અમરપણું અને મૃત્યુ, એ સર્વ કંઈ કાળસ્વરૂપ ભગવાનજ છે; આમ તે ભગવાનને સર્વના કારણ

§ આ શ્લોકમાં મનને પક્ષીનાં બચ્ચાંની, નાનાં વાછરડાંની તથા કામપીડિત સ્ત્રીની ઉપમા આપીને એ દર્શાવ્યું છે કે, ત્રણ તાપથી પીડાયલું, કર્મોથી બંધાયલું અને કામાદિકથી ખેદ પામેલું મારું મન આપનાંજ દર્શન માટે આતુર રહે છે. —શ્રીધર

* આ અધ્યાયમાં અત્યંત ખેદ પામેલા અને વૃત્રાસુરેજ ઉત્સાહિત કરેલા ઇન્દ્રે મહાયુદ્ધમાં વૃત્રાસુરનો વધ કર્યો, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તરીકે નહિ જાણીને મનુષ્ય, જડ શરીરને સર્વના કારણ તરીકે માને છે.[૯] જેમ લાકડાની પૂતળી અને યંત્રમય મૃગલો તેના કોઇ સંચાલકને અધીન છે, તેમ હે ઇન્દ્ર! સર્વ પ્રાણીઓ પરમેશ્વરને અધીન છે એમ તું જાણ.[૧૦] પુરુષ, પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, પાંચ ભૂતો, ઇન્દ્રિયો ને અંતઃકરણ એ જેમના અનુગ્રહ વિના સૃષ્ટિ આદિ કરવાને સમર્થ થતાં નથી,[૧૧] એમ નહિ સમજનારો મનુષ્યજ પોતાના અસમર્થ એવા પણ શરીરને ઈશ્વર-સમર્થ માને છે; વસ્તુતઃ એ ઈશ્વર પોતેજ પ્રાણીઓદ્વારા પ્રાણીઓને સરજે છે અને પ્રાણીઓદ્વારા પ્રાણીઓનો નાશ કરે છે.[૧૨] જેમ પોતાની ઇચ્છા ન હોય છતાં મનુષ્યને આયુષ્યનો નાશ, અલક્ષ્મી, અપકીર્તિ, અનૈશ્વર્ય તથા બીજા મનોરથોનો પણ નાશ પ્રાપ્ત થાય છે; તેમ તે તે સમયે આયુષ, લક્ષ્મી, કીર્તિ, ઐશ્વર્ય તથા બીજા પણ ઇષ્ટ મનોરથો આવી મળે છે.[૧૩] માટે અપકીર્તિ કે કીર્તિમાં, જયમાં કે પરાજયમાં, સુખમાં કે દુઃખમાં અને મૃત્યુમાં કે જીવનમાં સમાનભાવે રહેવું જોઇએ-હર્ષ કે શોક નહિ કરવો જોઇએ.[૧૪] સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ પ્રકૃતિના ગુણો છે, પણ આત્માના ગુણો નથી; આત્મા તો માત્ર એમાં સાક્ષી છે, એમ જે મનુષ્ય જાણે છે, તે (એ પ્રકૃતિના ગુણોથી) બંધાતો નથી.[૧૫] હે ઇન્દ્ર! તું મારા તરફ દૃષ્ટિ કર. હું યુદ્ધમાં હારી ગયો છું; મારાં આયુધો અને એક હાથ પણ કપાઇ ગયાં છે; છતાં તારા પ્રાણ લેવાની ઇચ્છાથી યથાશક્તિ પ્રયાસ કરૂં છું. (પણ તારી પેઠે ખેદ કરતો નથી.)[૧૬] આપણું આ યુદ્ધ તે એક જાતનો જુગારજ છે. આમાં પ્રાણ એ શરત છે, બાણો એ પાસા છે અને વાહનો તે ખાનાં છે. આમાં કોનો જય થશે કે કોનો પરાજય થશે, એ કંઇ જણાતું નથી.'[૧૭]

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"ઇન્દ્ર વૃત્રાસુરનું એ નિષ્કપટ વચન સાંભળીને તેની પ્રશંસા કરવા લાગ્યો અને વજ્ર ગ્રહણ કરી વિસ્મયરહિત થઇને હસતાં હસતાં તેને કહેવા લાગ્યો.[૧૮]

ઇન્દ્ર બોલ્યોઃ-'અહો! હે દાનવ! તું તો સિદ્ધ છે; કારણકે તારી આવી (ઉત્તમ) બુદ્ધિ છે. તે સર્વના આત્મા અને મિત્ર એવા જગતના ઈશ્વરને સર્વ પ્રકારે સેવ્યા છે.[૧૯] ખરેખર, તું મનુષ્યોને મોહ પમાડનારી વિષ્ણુ ભગવાનની માયાને તરી ગયો છે. કારણકે તું આસુરી ભાવનો ત્યાગ કરીને મહાપુરુષપણાને પામ્યો છે.[૨૦] ખરેખર! આ મોટું આશ્ચર્ય છે કે, તું રજોગુણી પ્રકૃતિવાળો છે, છતાં તને સત્ત્વમય ભગવાન વાસુદેવમાં આવી દૃઢ બુદ્ધિ થઈ છે![૨૧] જે પુરુષને મોક્ષના અધીશ્વર ભગવાન શ્રીહરિમાં ભક્તિ હોય છે અને તે સચ્ચિદાનંદરૂપી અમૃતના સમુદ્રમાં જ ક્રીડા કરી રહ્યો હોય છે, તેને ક્ષુદ્ર ખાડાનાં જળ જેવાં સ્વર્ગાદિનું શું પ્રયોજન હોય!?'[૨૨]

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"હે રાજા! ધર્મ જાણવાની ઇચ્છાથી પરસ્પર એ પ્રમાણે કહેતા તે બન્ને મહાપરાક્રમી યુદ્ધક્ષેત્રના નાયક ઇન્દ્ર અને વૃત્રાસુર (ફરી પણ) યુદ્ધ કરવા લાગ્યા.[૨૩] હે રાજા! શત્રુઓને દમનારા વૃત્રાસુરે લોખંડની બનેલી એક ભયંકર ભોગળ ડાબે હાથે ભમાવીને ઇન્દ્ર સામે ફેંકી;[૨૪] પણ ઇન્દ્રે વૃત્રાસુરની તે ભોગળને તથા હાથીની સૂંઢ જેવા તેના (ડાબા) હાથને સો આરાવાળા વજ્રથી એકીસાથે કાપી નાખ્યાં.[૨૫] એ રીતે બન્ને હાથ મૂળમાંથી કપાઇ ગયા તેથી લોહીને ઝરી રહેલો તે અસુર ઇન્દ્રે પ્રહાર કરેલો અને જેની પાંખો છેદી નાખેલી હોય તેવો કોઈ પર્વત જેમ આકાશમાંથી પડયો હોય તેમ શોભતો હતો. પછી તે દૈત્ય પોતાના નીચલા જડબાને પૃથ્વી ઉપર રાખીને તથા ઉપલા જડબાને આકાશમાં રાખીને આકાશ જેવા ગંભીર મુખથી, સર્પ જેવી ઉગ્ર જીભથી અને કાળ સરખી દાઢોથી જાણે ત્રણે જગતને ગળી જવા તૈયાર થયો હોય, તેમ અતિમહાન શરીર ધારણ કરી બળપૂર્વક પર્વતો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ફેંકવા લાગ્યો.[२६-२८] તે જાણે પગે ચાલતો પર્વત હોય, તેમ પોતાના બન્ને પગ વડે પૃથ્વીને ચૂર્ણ કરી નાખતો ઇન્દ્ર સામે ધસી જઇને વાહન સાથે ઇન્દ્રને ગળી ગયો.[२९] જેમ મહાબળવાન અને મહાપરાક્રમી કોઈ અજગર હાથીને ગળી જાય, તેમ વૃત્રાસુર ઇન્દ્રને ગળી ગયો; તે જોઇને પ્રજાપતિઓ અને મહર્ષિઓ સહિત દેવતાઓ 'અરે રે! બહુજ ભૂંડું થયું' એમ ખેદ કરતા બૂમો પાડવા લાગ્યા. ઇન્દ્ર એ પ્રમાણે અસુર રાજાથી ગળી જવાયો, છતાં તેના પેટની અંદર જઈ મરણ પામ્યો નહિ. કારણ કે તે મહાપુરુષ શ્રીનારાયણરૂપી કવચથી અને યોગમાયાના બળથી સુરક્ષિત હતો.[३०,३१] તે પછી મહાસમર્થ ઇન્દ્ર તેના પેટને વજ્રથી ચીરી નાખીને બહાર નીકળ્યો અને જેમ પર્વતના શિખરને કાપી નાખે, તેમ તેણે પોતાના શત્રુના મસ્તકને બળથી કાપી નાખ્યું. એ સમયે શીઘ્ર વેગવાળા ઇંદ્રના વજ્રે વૃત્રાસુરને હણવા માટે ચારે તરફ ઘૂમી વળીને તેની ડોકને કાપવા માંડી હતી; તે ત્રણ સો ને સાઠ દિવસે (તે ડોકને) કાપી.[३२,३३] એ વખતે આકાશમાં દુંદુભિ—નગારાં વાગી રહ્યાં હતાં, મહર્ષિઓના સંઘો સાથે ગંધર્વો તથા સિદ્ધો ગર્જના કરી રહ્યા હતા અને વૃત્રાસુરનો વધ કરનાર ઇન્દ્રનાં પરાક્રમને પ્રકટ કરતા વેદમંત્રોથી ઇન્દ્રની સ્તુતિ કરતા હર્ષપૂર્વક પુષ્પોની વૃષ્ટિ કરી રહ્યા હતા.[३४] હે શત્રુદમન રાજા! એ વેળા વૃત્રાસુરના શરીરમાંથી નીકળેલું તેના આત્મારૂપી તેજ સર્વ લોકના દેખતાં લોકાતીત ભગવાનમાં મળી ગયું હતું."[३५]

वृत्रस्य देहान्निष्क्रांतमात्मज्योतिररिंदम ।
पश्यतां सर्वलोकानामलोकं समपद्यत ॥ ३५ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૧૨ મો સમાપ્ત

अध्याय १३ मो*

બ્રહ્મહત્યાના ભયથી નાસતા ઇન્દ્રની વિષ્ણુએ રક્ષા કરી

॥ श्रीशुक उवाच ॥

वृत्रे हते त्रयो लोका विना शक्रेण भूरिद ।
सपाला ह्यभवन् सद्यो विज्वरा निर्वृतेंद्रियाः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યા:—"હે પુષ્કળ દાન આપનારા રાજા! વૃત્રાસુર એ પ્રમાણે હણાયો, ત્યારે એક ઇન્દ્ર સિવાય બીજા ત્રણે લોક, લોકપાલો સાથે તુરતજ સંતાપરહિત અને શાંત ઇન્દ્રિયોવાળા થયા.[१] પછી તે દેવો, ઋષિઓ, પિતૃઓ, બીજાં સર્વ પ્રાણીઓ, દૈત્યો, દેવોના અનુચરો તથા બ્રહ્મા, શંકર અને ઇન્દ્રાદિ પોતપોતાને સ્થાને ગયા."[२]

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"હે મુનિ! ઇન્દ્રની અશાંતિનું કારણ હું સાંભળવા ઇચ્છું છું. વૃત્રાસુરના વધને લીધે સર્વ દેવો સુખી થયા, તો ઇન્દ્રને કયા કારણથી દુઃખ થયું હતું?"[३]

શ્રીશુકદેવજી બોલ્યા:—"ઋષિઓ સહિત સર્વ દેવો વૃત્રાસુરના પરાક્રમથી જ્યારે ગભરાઇ ગયા હતા, ત્યારે તેઓએ તેનો વધ કરવા માટે ઇન્દ્રને પ્રાર્થના કરી હતી; પણ બ્રાહ્મણના વધથી ભય પામીને ઇન્દ્રે તેમ કરવા ઇચ્છા કરી ન હતી. (ને આ પ્રમાણે કહ્યું હતું.)[४]

ઇન્દ્ર બોલ્યો:—'વિશ્વરૂપનો વધ કરવાથી જે પાપ ઉત્પન્ન થયું હતું તેને તો સ્ત્રીઓ, પૃથ્વી, જળ તથા વૃક્ષોએ મારા પર કૃપા કરીને વહેંચી લીધું હતું; પણ હવે જે આ વૃત્રાસુરનો વધ કરવાથી બ્રહ્મહત્યા લાગે તેની મારે ક્યાં શુદ્ધિ કરવી?'[५]

શ્રીશુકદેવજી બોલ્યા:—"ઇન્દ્રનું તે વચન સાંભળીને ઋષિઓ તેને આ પ્રમાણે કહેવા લાગ્યા:

* આ અધ્યાયમાં વૃત્રાસુરના વધથી લાગેલી બ્રહ્મહત્યાના મહાન ભયથી લાંબા કાળ સુધી નાસી રહેલા ઇન્દ્રનું વિષ્ણુ ભગવાને રક્ષણ કર્યું, એ કથા કહેવાશે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'અમે તમને અશ્વમેધ યજ્ઞ કરાવીશું. (જેથી તમે બ્રહ્મહત્યાના પાપથી મુક્ત થશો.) તમે ડરો મા; તમારું કલ્યાણ થાઓ.[૬]. તમે અશ્વમેધ યજ્ઞથી સર્વના અંતર્યામી, પરમાત્મા અને ઈશ્વર એવા નારાયણદેવનું યજન કરીને આખા જગતનો વધ કરવાના પાપથી પણ મુક્ત થઈ જશો. (તો પછી એક વૃત્રાસુરના વધના પાપથી મુક્ત થશો, એમાં શું કહેવાનું છે?)[૭] બ્રાહ્મણનો વધ કરનાર, પિતાનો વધ કરનાર, ગાયનો વધ કરનાર, માતાનો વધ કરનાર અને આચાર્યનો વધ કરનાર પાપી પુરુષ અથવા ચાંડાળ કે ઢેડ–ભંગી પણ જે ભગવાનના માત્ર નામકીર્તનથી શુદ્ધ થાય છે, તે ભગવાનનું અમે કરાવેલા અશ્વમેધ નામના મહાન યજ્ઞથી શ્રદ્ધાપૂર્વક યજન કરીને તમે સ્થાવર–જંગમ સર્વ જગતનો વધ કરીને પણ પાપથી મુક્ત થઇ જાઓ; તો પછી આ વૃત્રાસુર તો દુષ્ટ છે; તેનો વધ કરીને કેમ પાપમુક્ત નહિ થાઓ?'[૮-૯]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"બ્રાહ્મણોએ એ પ્રમાણે પ્રેરણા કરી એટલે ઇન્દ્રે શત્રુ–વૃત્રાસુરને માર્યો હતો, પણ તે હણાયો એટલે બ્રહ્મહત્યા તેની પાછળ લાગુ થઈ હતી.[૧૦] ઇન્દ્ર તે બ્રહ્મહત્યાથી સંતાપ પામ્યો. તેને શાંતિ મળી નહિ; કારણ કે લજ્જાવાળો પુરુષ કોઈ રીતે નિંદ્ય થાય, ત્યારે (તેનામાં રહેલા) ધૈર્ય વગેરે ગુણો પણ તેને સુખ આપી શકતા નથી.[૧૧] સાક્ષાત્ ચાંડાલિનીની પેઠે પોતાની પાછળ દોડી રહેલી બ્રહ્મહત્યાને ઇન્દ્ર જોતો હતો. તેણીનું શરીર વૃદ્ધાવસ્થાને લીધે કંપતું હતું; ક્ષયરોગ તેણીને લાગુ પડેલો હતો; ધોળાં વસ્ત્ર તેણીએ પહેર્યાં હતાં અને પોતાના ધોળા કેશ છૂટા મૂકીને 'ઊભો રહે, ઊભો રહે' એમ તેણી બોલતી હતી. વળી માછલાં જેવા (દુર્ગંધવાળા) શ્વાસના દુર્ગંધથી તેણી આખા માર્ગને દૂષિત કરતી હતી.[૧૨,૧૩] હે રાજા! ઇન્દ્ર આકાશમાં ગયો અને સર્વ દિશાઓમાં ગયો; (પણ બ્રહ્મહત્યા તેની પાછળજ દોડતી હતી.) પછી છેવટે હે રાજા! તે ઈશાન દિશામાં જઇને તુરતજ માનસસરોવરમાં પેસી ગયો.[૧૪] ત્યાં કમળના નાળના તંતુઓમાં એક હજાર વર્ષ સુધી કોઇ ન જાણે તેમ તે ભરાઈ રહ્યો હતો અને બ્રહ્મહત્યાથી છૂટવાનો વિચાર કર્યા કરતો હતો. ત્યાં તેને કોઈ જાતના ભોગવૈભવ મળતા ન હતા, કારણ કે તેનો (યજ્ઞભાગરૂપી ભોગવૈભવ લાવી આપનાર) દૂત અગ્નિ હતો. (અને તે અગ્નિ તો જળમાં જઈ શકતો નહિ.)[૧૫] ઇન્દ્ર જ્યાંસુધી તે કમળના નાળના તંતુઓમાં રહ્યો, ત્યાંસુધી નહુષ રાજાએ સ્વર્ગમાં રાજ્ય કર્યું હતું; કારણ કે તે વિદ્યા, તપ અને યોગબળથી પ્રભાવશાળી હતો, પણ તે સંપત્તિ તથા ઐશ્વર્યના મદથી અંધ બુદ્ધિવાળો થઈ ગયો, ત્યારે (ઇન્દ્રાણી પાસે સંભોગની માગણી કરવાથી) ઇન્દ્રાણીએ તેને (અજગર) સર્પની યોનિમાં નાખી દીધો હતો.÷[૧૬] તે પછી સત્યપાલક શ્રીહરિના ધ્યાનથી બ્રહ્મહત્યાનું પાપ જેણે દૂર કર્યું હતું, એવા ઇન્દ્રને બ્રાહ્મણોએ વાણીથી બોલાવ્યો; એટલે તે પાછો સ્વર્ગમાં ગયો હતો. તે જ્યાંસુધી માનસસરોવરમાં રહ્યો હતો, ત્યાંસુધી ઈશાન દિશાના રુદ્રદેવે અને (માનસસરોવરમાં કમળની અંદર રહેલાં) લક્ષ્મીદેવીએ તેની રક્ષા કરી હતી; જેથી નિસ્તેજ થયેલું બ્રહ્મહત્યાનું પાપ તેનો પરાભવ કરી શક્યું ન હતું.[૧૭]

÷ અહીં આ કથાનું અનુસંધાન છેઃ–નહુષ રાજાએ એક સમયે ઇન્દ્રાણીને કહ્યું: 'હું હમણાં ઇન્દ્ર છું, માટે તું મારી સેવા કર.' ઇન્દ્રાણીએ એ વાત બૃહસ્પતિને જણાવી, એટલે બૃહસ્પતિએ તેણીને કહ્યું કે, 'તારે નહુષને કહેવું કે, બ્રાહ્મણો પાસે ઉપડાવેલી પાલખીમાં બેસીને તારે મારી પાસે આવવું; એટલે હું તને સેવીશ. આમ કરવાથી તે બ્રાહ્મણોના શાપથી. સ્વર્ગમાંથી નીચે પડશે.' પછી ઇન્દ્રાણીએ તે પ્રમાણે નહુષને કહ્યું; એટલે નહુષે અગસ્ત્ય વગેરે બ્રાહ્મણોની પાસે પાલખી ઉપડાવી અને 'જલદી ચાલો, જલદી ચાલો' એમ કહીને અગસ્ત્યને પગ અડકાડ્યો; એટલે અગસ્ત્યે તેને શાપ આપ્યો કે, 'જા, તું સર્પ થઇ જા.' આવા શાપથી નહુષ અજગર જાતિનો મોટો સર્પ થયો હતો. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે પછી હે ભરતવંશી રાજન્! બ્રહ્મર્ષિઓએ ઇન્દ્રની પાસે આવીને શ્રીહરિનું જેમાં આરાધન કરવામાં આવે છે, એવા અશ્વમેધ યજ્ઞની તેને વિધિ પ્રમાણે દીક્ષા આપી હતી. એ રીતે બ્રહ્મવાદી બ્રાહ્મણોએ કરેલા અશ્વમેધ યજ્ઞમાં ઇન્દ્રે સર્વ દેવમય અને સર્વના આત્મા પુરુષ–નારાયણનું યજન કર્યું હતું; જેથી હે રાજા! સૂર્ય જેમ ઝાકળનો નાશ કરે છે, તેમ ઇન્દ્રે વૃત્રાસુરના વધરૂપી મોટા પાપના સમૂહનો પણ તે ભગવાન-દ્વારાજ નાશ કર્યો હતો.[૧૮–૨૦] મરીચિ વગેરે બ્રાહ્મણોએ કરેલા શાસ્ત્રોક્ત અશ્વમેધ યજ્ઞથી યજ્ઞેશ્વર પુરાણપુરુષનું યજન કરીને તે મહાન ઇન્દ્ર પાપરહિત થયો હતો. આ મહાન આખ્યાન કે જે ઇન્દ્રના વિજયરૂપ છે અને જેમાં ઇન્દ્રનો બ્રહ્મહત્યાના પાપથી છુટકારો છે, તે સમગ્ર પાપોને ધોઈ નાખનારૂં છે; કારણ કે એમાં તીર્થપદ–ભગવાનનું કીર્તન છે, ભક્તિની ઊન્નતિ દર્શાવી છે અને ભક્તજનોનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.[૨૧,૨૨] આ ઇન્દ્રનું આખ્યાન ધન તથા યશ આપનારૂં છે; સમગ્ર પાપોથી મુક્ત કરનારૂં છે; શત્રુઓનો પરાજય કરનારૂં છે; કલ્યાણના આશ્રયરૂપ છે અને આયુષ વધારનારૂં છે. વિદ્વાનોએ આનો નિત્યપાઠ કરવો અથવા પર્વે પર્વે પાઠ કરવો અને શ્રવણ કરવું."[૨૩]

पठेयुराख्यानमिदं सदा बुधाः
शृण्वंत्यथो पर्वणि पर्वणींद्रियम् ।
धन्यं यशस्यं निखिलाघमोचनं
रिपुंजयं स्वस्त्ययनं तथायुषम् ॥ २३ ॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૧૩ મો સમાપ્ત

अध्याय १४ मो*

વૃત્રાસુરના પૂર્વજન્મનું ચરિત્ર–ચિત્રકેતુ રાજાનો પુત્રના મરણથી શોક

॥ परीक्षिदुवाच ॥

रजस्तमःस्वभावस्य ब्रह्मन् वृत्रस्य पाप्मनः ।
नारायणे भगवति कथमासीद् दृढा मतिः ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:–"હે બ્રહ્મન્! વૃત્રાસુર રજોગુણી અને તમોગુણી સ્વભાવનો હતો; તેમજ પાપી હતો; છતાં તેને ભગવાન નારાયણમાં દઢ બુદ્ધિ કેમ થઈ?[૧] દેવતાઓ શુદ્ધ સત્ત્વગુણી છે અને ઋષિઓ નિર્મળ ચિત્તવાળા હોય છે, તોપણ તેઓને ઘણું કરીને મુકુંદ ભગવાનના ચરણમાં ભક્તિ થતી નથી.[૨] હે ઉત્તમ બ્રાહ્મણ! આ જગતમાં જેટલા પૃથ્વીના રજકણો છે, તેટલા (અનંત) જીવો છે. તેઓમાં કેટલાક જે મનુષ્ય વગેરે છે, તેઓજ માત્ર ધર્મ કરવાની ઇચ્છા રાખે છે[૩] અને તેઓમાં પણ મોક્ષની ઇચ્છા રાખનારા તો ઘણું કરીને કોઇકજ હોય છે અને મોક્ષ ઇચ્છનારાઓમાં પણ હજારોની અંદર કોઇકજ (ઘર વગેરેના સંગથી) મુક્ત થાય છે ને તત્ત્વવસ્તુને જાણે છે.[૪] હે મહામુનિ! મુક્ત થયેલા સિદ્ધ પુરુષોમાં પણ શ્રીનારાયણમાં તત્પર રહેનારો અને અત્યંત શાંત ચિત્તવાળો પુરુષ કરોડોમાં પણ અતિશય દુર્લભ છે.[૫] આમ હોવા છતાં તે સર્વ લોકને દુઃખ આપનારો પાપી વૃત્રાસુર ઉગ્ર સંગ્રામમાં એ પ્રમાણે શ્રીકૃષ્ણ વિષે બુદ્ધિવાળો કેમ કરીને થયો હતો?[૬] હે પ્રભો! આ વિષયમાં અમને ઘણો મોટો સંશય છે અને તે સાંભળવાની ઉત્કટ ઇચ્છા છે. કારણ કે વૃત્રાસુરે પોતાના પરાક્રમથી યુદ્ધમાં ઇન્દ્રને પ્રસન્ન કર્યો હતો. (તેથી તે ઇન્દ્રના ભયને લીધે કૃષ્ણને શરણે ગયો હતો,

* આ અધ્યાયમાં કષ્ટથી મેળવેલો પુત્ર એકાએક મરણ પામ્યો, એટલે ચિત્રકેતુએ અત્યંત સ્નેહથી શોક કર્યો, એ કથા કહેવાશે. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

એમ ન હતું.)"૭

સૂત બોલ્યાઃ–હે શૌનકાદિ મુનિઓ! શ્રદ્ધાળુ પરીક્ષિત રાજાના એ પ્રશ્નને સાંભળ્યા પછી ભગવાન શુકદેવજીએ તેને અભિનંદન આપી આવું વચન કહ્યું.૮

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! વ્યાસ, નારદ તથા દેવલ ઋષિના મુખથી આ ઇતિહાસ મેં જે રીતે સાંભળ્યો છે, તે પ્રમાણે તમે તે સાવધાન થઇને સાંભળો. હે રાજા! શૂરસેન નામે દેશમાં ચિત્રકેતુ નામે પ્રખ્યાત એક ચક્રવર્તી રાજા હતો, જેની સર્વ કામનાઓને પૃથ્વી પૂર્ણ કરતી હતી.૯।૧૦ એ રાજાને એક કરોડ સ્ત્રીઓ હતી અને પોતે પણ પુત્ર ઉત્પન્ન કરવાને સમર્થ હતો, છતાં તે સ્ત્રીઓમાં તેણે સંતતિ પ્રાપ્ત કરી નહિ.૧૧ એ રાજા રૂપ, ઔદાર્ય, વય, જન્મ, વિદ્યા, ઐશ્વર્ય તથા લક્ષ્મી આદિ સર્વ ગુણોથી સંપન્ન હતો; છતાં પણ પોતે વાંઝણી સ્ત્રીઓનો પતિ હતો, તેથી તેને ચિંતા થતી હતી.૧૨ એ ચક્રવર્તી રાજાને (તેજ કારણથી) સર્વ સંપત્તિઓ, સુંદર નેત્રોવાળી તે સર્વ રાણીઓ અને આ પૃથ્વી એ કંઇ પણ પ્રીતિનાં કારણ થતાં ન હતાં.૧૩ એક દિવસે ભગવાન અંગિરા ઋષિ લોકોમાં ફરતા ફરતા દૈવેચ્છાએ તે રાજાને ઘેર આવી ચડયા.૧૪ એટલે રાજાએ તેમની સામે ઊભા થઈ સન્માન વગેરેથી વિધિપૂર્વક તેમની પૂજા કરીને તેમનો અતિથિસત્કાર કર્યો અને પોતે સાવધાન થઇ સુખપૂર્વક બેઠેલા મુનિ પાસે બેઠો.૧૫ મહર્ષિ અંગિરાએ પોતાની પાસે પૃથ્વી પર બેઠેલા અને વિનયથી નમ્ર એવા તે રાજાને 'હે મહારાજ!' એમ સંબોધીને સામું માન આપીને આ પ્રમાણે કહ્યું.૧૬

અંગિરા ઋષિ બોલ્યાઃ–'તમારું અને તમારા રાજ્યનાં સાત અંગોનું આરોગ્ય તથા કલ્યાણ છે ને? પુરુષ–જીવાત્મા જેમ *સાત પ્રકૃતિઓથી રક્ષાયલો છે, તેમ રાજા પણ +સાત પ્રકૃતિઓથી રક્ષાયલો છે.૧૭ રાજા પોતાને સાત પ્રકૃતિઓના આધારે છોડી દઈ–તેઓને અનુસરી રાજ્યસુખ સંપાદન કરે છે અને હે રાજા! પ્રકૃતિઓ પણ જેની સર્વ ચિંતા રાજાએ ધારણ કરેલી હોઇને ધનાદિ સંપત્તિ પ્રાપ્ત કરે છે.૧૮ તમને તમારી સ્ત્રીઓ, પ્રજાઓ, પ્રધાનો, સેવકો, વેપારી વગેરેનાં મંડળો, મંત્રીઓ, નગરવાસીઓ, દેશવાસીઓ, ખંડિયા રાજાઓ અને પુત્રો વશ તો છે ને?૧૯ સિવાય જે રાજાને પોતાનું મન વશ હોય છે, તેને આ સર્વ લોકો લોકપાલો સાથે વશ થાય છે અને સર્વ સાવધ રહીને કર આપ્યા કરે છે.૨૦ (મને લાગે છે કે,) તમે પોતે પોતાથી સંતુષ્ટ નથી; તેનું શું કારણ છે? હું જાણી શકું છું કે, તમારી ઇચ્છા કોઈ બીજાથી કે પોતાથી પૂર્ણ થયેલી નથી અને તમારું મુખ પણ ચિંતાથી ઘેરાયલું છે.'૨૧

"હે રાજન્! એ પ્રમાણે પોતે સર્વજ્ઞ છતાં મુનિ અંગિરાએ પ્રશ્ન કર્યો, એટલે સંતાનની ઇચ્છાવાળા તે રાજાએ વિનયથી નમ્ર થઇ મુનિને આ પ્રમાણે કહ્યું.૨૨

ચિત્રકેતુ બોલ્યોઃ–'હે ભગવન્! તપ, જ્ઞાન અને સમાધિથી જેઓનાં પાપ નાશ પામ્યાં હોય છે, તેવા યોગીઓને પ્રાણીઓની અંદર અને બહાર શું જાણવામાં નથી? તોપણ હે બ્રહ્મન્! આપ મને પૂછો છો, તેથી હું આપને મારા મનની ચિંતા કહું છું. આપ સર્વજ્ઞ છો, છતાં પ્રશ્નથી આપે મને (કહેવાની) પ્રેરણા કરી છે; તો આપની આજ્ઞાથી મારે કહેવુંજ જોઇએ.૨૩।૨૪ મારા સામ્રાજ્યના ઐશ્વર્યની સંપત્તિઓ લોકપાલોને પણ ઇચ્છવા

* સાત પ્રકૃતિઓ–મહત્તત્ત્વ, અહંકાર ને પાંચ ભૂતો.

\+ સાત પ્રકૃતિઓ–

स्वाम्यमात्यौ जनपदा दुर्गद्रविणसंचयाः ।
दण्डो मित्रं च तस्यैताः सप्त प्रकृतयो मताः ॥

ગુરુ, પ્રધાન, દેશના લોકો, કિલ્લો, ધનસંગ્રહ, લશ્કર અને સહાયક મિત્ર–એ સાત રાજાની પ્રકૃતિઓ કહેવાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યોગ્ય છે; તોપણ ક્ષુધા અને તૃષાને લીધે અન્ન તથા જળની ઇચ્છાવાળા મનુષ્યને જેમ કોઈ બીજા પદાર્થો પ્રસન્ન કરતા નથી, તેમ સંતાનથી રહિત એવા મને આ સંપત્તિઓ પ્રસન્ન કરતી નથી.[૨૫] માટે હે મહાભાગ્યશાળી મુનિ ! મારા પૂર્વજોની સાથે નરકરૂપી અંધકારમાં પડેલા મારું આપ રક્ષણ કરો. અમે સંતાનદ્વારા તે દુસ્તર અંધકારને જે રીતે તરી જઇએ તેમ આપ કરો.'[૨૬]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"બ્રહ્માના પુત્ર કૃપાળુ અંગિરા મુનિને રાજાએ એ પ્રમાણે પ્રાર્થના કરી; એટલે તે સમર્થ મુનિએ ત્વષ્ટાદેવનો ચરુ પકવીને તે દ્વારા ત્વષ્ટાદેવનું યજન કર્યું.[૨૭] હે ભરતવંશી રાજા ! ચિત્રકેતુ રાજાની રાણીઓમાં 'કૃતદ્યુતિ' નામે જે સૌથી મોટી અને શ્રેષ્ઠ રાણી હતી, તેણીને બ્રાહ્મણ અંગિરાએ તે યજ્ઞશેષ ચરુ (ખાવાને) આપ્યો[૨૮] અને પછી તેમણે રાજાને કહ્યું કે, 'હે રાજન્ ! તને એક પુત્ર પ્રાપ્ત થશે અને તે તને હર્ષ÷ તથા શોક આપનારો થશે.' એમ કહીને તે બ્રહ્માના પુત્ર (અંગિરા) ત્યાંથી ચાલ્યા ગયા. રાણી કૃતદ્યુતિએ પણ જેમ કૃત્તિકાએ અગ્નિથી કાર્તિકસ્વામીરૂપ પુત્રને (ગર્ભમાં) ધારણ કર્યો હતો, તેમ એ ચરુ-ભક્ષણને લીધે ચિત્રકેતુથી ગર્ભ ધારણ કર્યો. હે રાજા ! જેમ શુક્લપક્ષમાં ચંદ્રમા પ્રતિદિન ધીમે ધીમે વૃદ્ધિ પામે છે, તેમ શૂરસેન દેશના રાજા ચિત્રકેતુના વીર્યથી (રહેલો) તે રાણીનો ગર્ભ ધીમે ધીમે વધવા લાગ્યો. તે પછી સમય આવતાં એક કુમારનો જન્મ થયો, કે જે સાંભળીને શૂરસેન દેશના લોકોને પરમ આનંદ થયો હતો. રાજા ચિત્રકેતુ પણ આનંદ પામ્યો. તેણે સ્નાન કરી, પવિત્ર થઇ, અલંકારો ધારણ કરી બ્રાહ્મણો પાસે (તે કુમારને) આશીર્વાદો અપાવીને તેના જાતકર્મસંસ્કાર કરાવ્યા અને તે બ્રાહ્મણોને સોનું, રૂપું, વસ્ત્ર, અલંકારો, ગામો, ઘોડા તથા સાઠ કરોડ ગાયોનાં દાન કર્યાં.[૨૯-૩૪] ઉપરાંત તે મોટા મનના રાજાએ કુમારનાં ધન, યશ તથા આયુષની વૃદ્ધિ માટે બીજા પ્રાણીઓના મનોરથોને પણ મેઘની પેઠે પૂર્ણ કર્યા, પછી જેમ કોઈ નિર્ધન મનુષ્યને મહાકષ્ટથી ધન મળે અને તે ધન ઉપર તેનો સ્નેહ જેમ વધતો ચાલે, તેમ રાજર્ષિ પિતા ચિત્રકેતુનો સ્નેહ પણ મહાકષ્ટથી મળેલા તે પુત્ર ઉપર અનુક્રમે વધવા લાગ્યો. તેમજ માતા કૃતદ્યુતિનો સ્નેહ પણ મોહથી ઉત્પન્ન થઈ પુત્ર ઉપર અત્યંત વધવા લાગ્યો; જ્યારે તેણીની શોક્યોને સંતતિની ઇચ્છાનો સંતાપ થવા લાગ્યો. કારણ કે હમેશાં તે બાળકને લાડ લડાવતા ચિત્રકેતુ રાજાને પુત્રવાળી રાણી કૃતદ્યુતિ ઉપર જેવી અત્યંત પ્રીતિ થઈ હતી, તેવી બીજી રાણીઓ પર ન હતી.[૩૫-૩૮] એ રીતે વાંઝિયાપણાના દુઃખથી અને રાજાના અનાદરથી તે (બીજી) રાણીઓ પોતાના આત્માને નિંદતી અદેખાઇને લીધે આવો સંતાપ કરવા લાગીઃ[૩૯] 'પતિ પાસે અને ઘરમાં જેણીને બહુ માન નથી અને ઉત્તમ પ્રજાવાળી શોક્યો જેણીનો તિરસ્કાર કરે છે, એવી પ્રજારહિત પાપિણી સ્ત્રીને ધિક્કાર છે.[૪૦] નિરંતર પોતાના સ્વામીની સેવા કરનારી અને તેથી જેમને માન મળે છે, એવી દાસીઓને શો સંતાપ છે ? (દાસીઓ પણ ખરૂં જોતાં સુખી હોય છે.) આપણે તો દાસીની પણ દાસી હોઇએ તેમ અભાગિણી છીએ.'[૪૧] એ પ્રમાણે શોક્યની પુત્રસંપત્તિથી અત્યંત બળતી અને જેઓનું જીવન રાજાને ગમતું ન હતું, એવી તે રાણીઓમાં (પેલા કુમાર પ્રત્યે) ઘણોજ દ્વેષ જાગ્યો હતો,[૪૨] જેથી તે ક્રૂર ચિત્તવાળી સ્ત્રીઓની બુદ્ધિ અત્યંત દ્વેષને લીધે નાશ પામી ગઈ અને તેથી (પેલો કુમાર અને તેની માતાને લાડ લડાવતા) રાજા પ્રત્યે અસહનશીલ થઇને તેઓએ પેલા કુમારને ઝેર આપી દીધું. શોક્યોના તે મહાન પાપને કૃતદ્યુતિ જાણતી ન હતી; તેણી તો 'કુમાર હજી સૂતોજ છે.' એમ

÷ જન્મથી હર્ષ આપનાર અને મરણથી શોક આપનાર. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિચાર કરી તેને જોઈ જોઈને ઘરમાં ફર્યા કરતી હતી.[૪૩,૪૪] તે પછી 'બાળક ઘણા લાંબા વખતથી સૂતો છે.' એમ જાણી તે બુદ્ધિમાન રાણીએ 'હે ભદ્રે! પુત્રને લઇ આવ.' એમ ધાવને આજ્ઞા કરી.[૪૫] પેલી ધાવ બાળક પાસે જઇને જુએ છે, તો તેનાં નેત્રો ફાટી ગયાં હતાં અને પ્રાણ, ઇન્દ્રિયો તથા જીવ, એ બાળકને છોડી ગયાં હતાં. એ જોઇને 'હાય! મરી ગઇ' એવી ચીસ પાડીને તે ધરણી પર ઢળી પડી.[૪૬] તેણે બન્ને હાથ વડે ઘણા જોરથી છાતી કૂટવા લાગી; એટલે તેણીનો એ અતિ આતુર સ્વર સાંભળીને રાણી કૃતદ્યુતિ ઉતાવળી પોતાના પુત્ર પાસે દોડી ગઇ અને પોતાના તે બાળપુત્રને તેણીએ એકાએક મરણ પામેલો જોયો.[૪૭] તુરતજ અત્યંત વૃદ્ધિ પામેલા શોકથી તેણી પૃથ્વી ઉપર પટકાઇ પડી અને મૂર્ચ્છિત થઇ ગઇ. તેણીના કેશ વિખરાઇ ગયા અને વસ્ત્રો પણ (શરીર પરથી) ખસી ગયાં.[૪૮] તે પછી રાજાના અંતઃપુરમાં રહેતાં સર્વ મનુષ્યો, પુરુષો તથા સ્ત્રીઓ (રાણીનું અને ધાવનું) તે રડવું સાંભળી ત્યાં આવીને તેના જેવાં દુઃખી થઈને રડવા લાગ્યાં અને પેલી અપરાધ કરનારી શોક્યો પણ ત્યાં આવીને જાણે અત્યંત દુઃખી થઇ હોય, તેમ ખોટું ખોટું રડવા લાગી.[૪૯] રાજા પણ જેના મૃત્યુનું કારણ જણાયું ન હતું, એવા તે પુત્રને મરણ પામેલો સાંભળીને આંધળો ભીંત થઇ ગયો. તે રસ્તામાં ઠોકરો ખાતો અને પડતો પડતો પોતાને અનુસરનારા પ્રધાનો અને બ્રાહ્મણો સાથે ત્યાં આવી પહોંચ્યો અને સ્નેહાનુબંધને લીધે અત્યંત વધી પડેલા શોકથી મૂર્ચ્છિત થઈ મરેલા બાળકના પગની પાસે પછડાઇ પડ્યો. તેના મસ્તકના વાળ અને શરીર પરનાં વસ્ત્રો વિખરાઇ ગયાં; લાંબા લાંબા નિઃશ્વાસ નાખવા લાગ્યો અને અશ્રુનાં બિંદુઓથી તેનો કંઠ એટલો બધો રુંધાઈ ગયો, કે જેથી તે બોલી પણ શક્યો નહિ. રાણી કૃતદ્યુતિ પોતાના પતિને એ પ્રમાણે ઘણા શોકથી ઘેરાયલો જોઇ અને એકજ સંતતિરૂપ તે બાળકને મરણ પામેલો જોઇ તે વખને સર્વ મનુષ્યોના તથા પ્રધાનમંડળના હૃદયમાં પીડા ઉપજાવતી અનેક જાતનો વિલાપ કરવા લાગી. તેણી કેસર અને ચંદનથી ચર્ચેલાં પોતાનાં બન્ને સ્તન ઉપર આંજણવાળાં અશ્રુબિંદુઓ વર્ષાવવા લાગી અને જેમાંથી પુષ્પમાળાઓ ખરી પડી હતી, એવા કેશને વિખેરી નાખી ટીટોડીની પેઠે અત્યંત ઉચ્ચ સ્વરે પુત્રનો આવો અનેક રીતે શોક કરવા લાગી:[૫૦-૫૩] 'હાય! ઓ વિધાતા! તું ઘણોજ મૂર્ખ છે; કારણ કે તું પોતાની સૃષ્ટિથી વિરુદ્ધજ વર્તન કરે છે. અફસોસ! ઘરડાં જીવતાં રહે છે અને બાળક મરણ પામે છે! (આથી તો એ થશે કે, ઘરડાં સૃષ્ટિ ઉત્પન્ન કરવાને અસમર્થ હોઈ બાળકોનાં મરણ થતાં તારી સૃષ્ટિનોજ વિનાશ થઈ જશે.) કદાચ તું કહીશ કે, હમણાં હું મારી સૃષ્ટિથી ઊલટો ચાલું છું, તો (મારે કહેવું પડે છે કે,) પ્રાણીઓનો તું નિરંતર મહાન શત્રુ છે, દયાળુ નથી. (સૌ પોતપોતાનાં કર્મને અધીન હોવાથી 'પુત્રના જીવતાંજ પિતા મરણ પામે અને પિતાના જીવતાંજ પુત્ર ઉત્પન્ન થાય.' આવો પ્રાણીઓનાં મૃત્યુ તથા જન્મનો જો કોઇ જાતનો ક્રમ નથી, તો પછી તારું શું કામ છે? કેમકે પ્રાણીઓનાં જન્મ—મરણ તો તેઓનાં પોતપોતાનાં કર્મોથીજ થયા કરવાનાં છે. (કદાચ તું કહીશ કે, હું ઈશ્વર ન હોઉં, તો જડ કર્મો શું કરવાનાં છે? તો ભલે તું રહે, પણ) પોતાની સૃષ્ટિની વૃદ્ધિ કરવા માટે તેં આ જે સ્નેહપાશ કર્યો છે, તેને તો તું પોતેજ કાપી નાખે છે. (તો પછી આ જગતમાં આવું દુઃખ જોઇને પુત્ર વગેરે પર સ્નેહ કોણ કરશે? અને જો કોઇ સ્નેહ નહિ કરે, તો તેં વધારવા ધારેલી સૃષ્ટિ કેવી રીતે વધશે?) ઓ મારા વહાલા પુત્ર! તું મને રાંક—અનાથને તજી દેવાને યોગ્ય નથી. આ તારા પિતા તારા શોકને લીધે સંતાપ કરી રહ્યા છે, તેમની સામે તો તું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જા. તારે લીધે તો અમે–પુત્રવિરહિતને દુસ્તર એવા નરકરૂપી અંધકારને અનાયાસે તરી જઇશું; માટે તું નિર્દય યમરાજની સાથે દૂર ન જા.[૫૪-૫૬] આ બાપુ! ઊઠ, ઊભો થા. આ તારી સમાન વયના છોકરાઓ તને રમવા માટે બોલાવે છે. આ રાજકુમાર! તું ઘણા લાંબા વખતથી સૂઈ રહ્યો છે; જેથી તને ભૂખ લાગી હશે, માટે ભોજન કર; લે, ધાવી લે અને અમારા–તારાં પોતાનાંઓના શોકને તું દૂર કર.[૫૭] એ પુત્ર! (આ પહેલાં તારી પાસે આવી, ત્યારે) જેણીનાં મંગળ હણાઇ ગયાં છે એવી હું, તારા સુંદર હાસ્યવાળા મુખકમળને આનંદી દર્શનવાળું જોતી નથી અને હમણાં પણ તારી મધુર વાણી સાંભળતી નથી; તો શું જ્યાં ગયા પછી ફરી પાછા અવાતું નથી ત્યાં તું ગયો છે? અથવા નિર્દય યમરાજ તને તે અન્ય લોકમાં લઇ ગયો છે?'[૫૮]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એ પ્રમાણે રાણી જાતજાતના વિલાપોથી મરણ પામેલા પુત્રનો વિલાપ કરવા લાગી; તે સાંભળીને ચિત્રકેતુ રાજા પણ ઘણો સંતાપ પામીને પોક પોક રડવા લાગ્યો.[૫૯] એ રીતે બન્ને રાજા–રાણી વિલાપ કરતાં હતાં; ત્યારે તેને અનુસરનારા સર્વ પુરુષો અને સ્ત્રીઓ પણ રોકકળ કરી રહ્યાં હતાં; જેથી આખું નગર બેભાન થઇ ગયું.[૬૦] ચિત્રકેતુ રાજા એ પ્રમાણે શોક પામી ભાનરહિત થઇ ગયો હતો અને તેનો શોક દૂર કરે તેવો તત્ત્વોપદેશ આપનાર પુરુષ પણ તેની પાસે કોઇ ન હતો; એ જાણીને અંગિરા ઋષિ નારદજી સાથે ત્યાં આવી પહોંચ્યા."[૬૧]

एवं कश्मलमापन्नं नष्टसंज्ञमनायकम् ।
ज्ञात्वांगिरा नाम मुनिराजगाम सनारदः ॥६१॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૧૪ મો સમાપ્ત

અધ્યાય ૧૫ મો×

નારદજી અને અંગિરાએ તત્ત્વોપદેશ આપી ચિત્રકેતુનો શોક દૂર કર્યો

॥ श्रीशुक उवाच ॥

ऊचतुर्मृतकोपान्ते पतितं मृतकोपमम् ।
शोकाभिभूतं राजानं बोधयंतौ सदुक्तिभिः ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"નારદજી અને અંગિરા–બન્ને, મુડદાની પાસે મુડદાની પેઠે પડેલા અને શોકથી હારી ગયેલા ચિત્રકેતુ રાજાને શાસ્ત્રનાં ઉત્તમ વચનોથી બોધ આપતા કહેવા લાગ્યાઃ[૧] 'હે રાજેન્દ્ર! તું જેની પાછળ શોક કરે છે, તે તને શું થાય છે? અને તું તેને શું થાય છે? (કદાચ તું કહીશ કે, હું આનો પિતા થાઉં છું અને આ મારો પુત્ર થાય છે, તો) આ સૃષ્ટિની અંદર પૂર્વ જન્મમાં, વર્તમાન જન્મમાં અને હવે પછીના ભવિષ્ય જન્મમાં કોણ કોના કયો સંબંધી હતો, છે અને થશે?‡[૨] જેમ નદી વગેરેના પ્રવાહના વેગથી રેતી એકઠી થાય છે અને જુદી પડી જાય છે, તેમ કાળના વેગથી પ્રાણીઓ એકઠાં થાય છે અને પાછાં જુદાં પડી જાય છે.[૩] જેમકે બીજોમાંથી બીજાં બીજો ઉત્પન્ન થાય છે અને કોઈ વેળા ઉત્પન્ન થતાં પણ નથી, તેમ

× આ અધ્યાયમાં નારદજીએ અંગિરાની સાથે રહી તત્ત્વોપદેશ આપીને ચિત્રકેતુનો શોક દૂર કર્યો.–શ્રીધર

‡ કહેવાનો ભાવ એ છે કે, જેઓ પૂર્વજન્મમાં પિતા વગેરેના રૂપે જોડાયા હતા, તેઓજ મરણથી છૂટા પડીને ચાલુ જન્મમાં કદાચ તેનાજ કે કોઈ બીજાના પુત્ર આદિ રૂપે ઉત્પન્ન થાય છે; વળી તેઓ કોઇ બીજા જન્મમાં તેનાજ કે કોઈ બીજાના સ્ત્રી આદિ રૂપે અથવા શત્રુ–મિત્ર આદિ રૂપે ઉત્પન્ન થાય છે; માટે અમુક અમુકનો અમુકજ સંબંધી એવો કંઇ નિયમ છે નહિ.–શ્રીધર

§ તમે કહો છો તે સત્ય છે; પણ આટલા કાળ સુધી મને પુત્ર ન હતો અને હમણાં વૃદ્ધાવસ્થામાં તે થયો અને પાછો મરણ પામ્યો, જેથી શોક તો થાયજ ને? આમ કદાચ રાજા કહે તો તેના ઉત્તરમાં કહે છે.
—बालप्रबोधिनी

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઈશ્વરની માયાથી પ્રેરાયલાં પ્રાણીઓ, પ્રાણીઓથી ઉત્પન્ન થાય છે અને કોઇ વેળા ઉત્પન્ન થતાં પણ નથી.+[4] †હે રાજા! અમે, તું અને વર્તમાનકાળમાં જોવામાં આવતાં આ સ્થાવર–જંગમ પ્રાણીઓ જન્મની પહેલાં જેમ ન હતાં અને મૃત્યુની પછી પણ નહિ હોય તેમ હમણાં પણ નથીજ.* (અર્થાત્ આ સર્વ કંઇ આદિ અને અંતમાં અસત્ છે–સ્વપ્ન જેવું છે.)[5] ‡પ્રાણીમાત્રના ઈશ્વર અજન્મા ભગવાન પોતે ઉત્પન્ન કરેલાં અસ્વતંત્ર પ્રાણીઓદ્વારા બીજાં પ્રાણીઓને (પિતા વગેરેદ્વારા) સરજે છે, (રાજા વગેરેદ્વારા) પાળે છે અને (સર્પાદિદ્વારા) સંહારે છે. જો કે (આમ કરવામાં) તે ભગવાન કોઇ પણ જાતની ઇચ્છાથી રહિત છે, તોપણ બાળકની પેઠે લીલાથી એ સર્વ કરે છે.[6] હે રાજન્! જેમ એક બીજમાંથી બીજું બીજ ઉત્પન્ન થાય છે, તેમ એક પિતાના શરીરથી (સંયુક્ત થયેલા માતાના શરીરથી) બીજું પુત્રાદિનું શરીર ઉત્પન્ન થાય છે; અને જેમ તે બીજની ઉત્પત્તિમાં ભૂમિ આદિ પદાર્થો તો તેના તેજ રહે છે, તેમ (એક દેહથી બીજા દેહની ઉત્પત્તિમાં) આત્મા શાશ્વતજ રહે છે–તે નિત્ય ઉત્પત્તિરહિતજ રહે છે.×[7] જેમ *જાતિ અને વ્યક્તિનો વિભાગ (એકજ) સદ્રૂપ વસ્તુમાં કલ્પવામાં આવ્યો છે, તેમ આ દેહ અને દેહી (આત્મા)નો વિભાગ પણ અનાદિકાળનો માત્ર અવિવેક–અજ્ઞાન–થીજ એક સદ્રૂપ વસ્તુમાંજ કરાયો છે. (એટલે શરીર સાથે આત્માનો સંબંધ કેવળ અજ્ઞાનકૃત છે; તેથી આત્મા તો શાશ્વત છે–નિત્ય છે.)[8]÷

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"એ પ્રમાણે તે બ્રાહ્મણોના વચનોથી ચિત્રકેતુ રાજા આશ્વાસન પામ્યો અને માનસિક પીડાથી કરમાયલા પોતાના મુખને હાથથી લૂછી નાખી આ પ્રમાણે કહેવા લાગ્યો.[9]

ચિત્રકેતુ રાજા બોલ્યોઃ—'આપ બન્ને જણા કોણ છો? આપ બન્ને જ્ઞાનસંપન્ન છો અને અતિ મોટા પુરુષોમાં પણ અતિશય મોટા છો. (મને લાગે છે કે,) આપ અવધૂતના વેષે ગુપ્ત રહીને અહીં આવ્યા છો.[10] એ વાત નક્કી છે કે, ભગવાનને પ્રિય એવા બ્રાહ્મણો (બ્રહ્મનિષ્ઠ પુરુષો) ઉન્મત્તના જેવો વેષ ધારણ કરીને મારા જેવા ગ્રામ્યબુદ્ધિના મનુષ્યોને બોધ આપવાને માટે પોતાની ઇચ્છાનુસાર પૃથ્વી ઉપર વિચરે છે.[11] સનત્કુમાર, નારદ, ઋભુ, અંગિરા, દેવલ, અસિત, અપાંતરતમ, વ્યાસ, માર્કણ્ડેય, ગૌતમ, વસિષ્ઠ, ભગવાન પરશુરામ, કપિલદેવ, શુકદેવજી, દુર્વાસા, યાજ્ઞવલ્કય, જાતૂકર્ણ્ય, આરુણી, રોમશ, ચ્યવન, દત્તાત્રેય, આસુરિ, પતંજલિ, ઋષિ વેદશિરા, બોધ્ય, મુનિ પંચશિરા, હિરણ્યનાભ, કૌશલ્ય,

---

+ અર્થાત્ જેમ મૂળ બીજોને તથા તેમાંથી ઉત્પન્ન થયેલાં બીજાં બીજોને પરસ્પર જન્ય–જનકભાવ સંબંધ હોવા છતાં પિતાપુત્રાદિ સંબંધ નથી, તેમ આ મનુષ્યોમાં પણ જન્ય–જનક સંબંધ છતાં પિતા–પુત્રાદિ સંબંધ નથી. માટે કોઈએ કોઇનો શોક કરવો યોગ્ય નથી. ઈશ્વરની માયાથી પ્રેરણા પામેલાઓનીજ ઉત્પત્તિ અને વિનાશ છે, વસ્તુતઃ એ કંઇજ નથી. —શ્રીધર

† ઉત્પત્તિ અને વિનાશ એ સર્વસાધારણ છે; માટે તારે તારા પુત્રનો શોક કરવો યોગ્ય નથી, એ આશય આ શ્લોકમાં કહે છે. —શ્રીધર

* એટલે એમ માનવું કે, જીવ નિત્ય છે અને તેને જન્મની પહેલાં અને મૃત્યુની પછી શરીરો ગુપ્તપણે રહેલાં છે, જેથી પ્રકટ નહિ હોવાથી પોતાના સંબંધી તરીકે જેમ વ્યવહાર યોગ્ય નથી, તેમ હમણાં–વર્તમાનકાળમાં પણ તે શરીર શીઘ્ર તિરોધાન થવાના સ્વભાવવાળું હોઇને કાળ–કર્માદિને અધીન થયું છે; માટે પોતાના તરીકે વ્યવહારને યોગ્ય નથી. —बालप्रबोधिनी

‡ કદાચ રાજા કહે કે, જો સર્વ કંઇ સ્વપ્ન જેવું મિથ્યા છે, તો પછી આ બધું સાચા જેવું કેમ જણાય છે? અને હું આનો પિતા છું એવું અભિમાન કેમ થાય છે? આના ઉત્તરમાં આ શ્લોક કહે છે. —શ્રીધર

× કહેવાનો ભાવ એ છે કે, જન્માદિ વ્યવહાર તે કેવળ શરીરોનેજ છે; આત્માને નથી. —શ્રીધર

* 'गो' શબ્દમાં 'गोत्व' એ જાતિ છે.

÷ કદાચ રાજા શંકા કરે કે, નાશવંત દેહની સાથે સંબંધવાળો આત્મા પણ નાશવંતજ હોવો જોઇએ. આનું સમાધાન આ શ્લોકમાં આપ્યું છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રુતદેવ અને ઋતધ્વજ—આ સર્વે અને બીજા પણ સિદ્ધેશ્વરો (લોકોને) જ્ઞાનમાં કારણભૂત હોઇને વિચર્યા કરે છે.[૧૨-૧૫] માટે મહાસમર્થ એવા આપ બન્ને ગાઢ અજ્ઞાનરૂપી અંધકારમાં ડૂબેલા મને મૂઢ બુદ્ધિવાળા ગ્રામ્યપશુને જ્ઞાનદીપક પ્રકટાવો.'[૧૬]

અંગિરા બોલ્યાઃ—'હે રાજા! પુત્રની ઇચ્છા રાખનારા તને પુત્ર આપનાર હું અંગિરા છું અને આ બ્રહ્માના સાક્ષાત્ પુત્ર ભગવાન ઋષિ નારદજી છે. તું શ્રીહરિનો ભક્ત છે અને તેથીજ આમ શોક કરવાને યોગ્ય નથી, છતાં પુત્રના શોકથી આવી રીતે દુસ્તર અજ્ઞાનરૂપ અંધકારમાં તને ડૂબેલો જાણી અમે બન્ને તારા પર અનુગ્રહ કરવા માટે અહીં આવ્યા છીએ. હે સમર્થ રાજા! તું બ્રાહ્મણોનો તથા ભગવાનનો ભક્ત છે, માટે આમ દુઃખ પામવાને યોગ્ય નથી.[૧૭-૧૯] હું (પ્રથમ) જ્યારે તારે ઘેર આવ્યો હતો, ત્યારેજ તને ઉત્તમ જ્ઞાન આપત; પણ તે સમયે તારો અન્યમાં (પુત્રમાં) આગ્રહ જોઇને મેં તને પુત્રજ આપ્યો હતો.[૨૦] હવે તું પોતેજ પુત્રવાળાઓને કેવો સંતાપ થાય છે, તે હમણાં અનુભવી રહ્યો છે. આજ પ્રમાણે સ્ત્રી, ઘર, ધન તથા વિવિધ ઐશ્વર્ય—સંપત્તિ પણ સંતાપદાયકજ છે;[૨૧] એટલુંજ નહિ પણ હે શૂરસેન દેશના રાજા! શબ્દાદિ વિષયો, ચંચળ રાજ્યસમૃદ્ધિઓ, પૃથ્વી, રાજ્ય, સૈન્ય, ખજાનો, સેવકો, પ્રધાનો અને મિત્રજનો—આ સર્વે પણ શોક, મોહ, ભય તથા દુઃખનેજ આપનારા છે; *ગંધર્વનગરના જેવા (નાશવંત) છે અને સ્વપ્ન, માયા તથા મનોરથ જેવા મિથ્યા છે.[૨૨૨૩] આ સઘળા પદાર્થો માત્ર મનનાજ વિલાસો છે. કારણ કે તેઓ તાત્ત્વિક સ્વરૂપ વિનાજ જોવામાં આવે છે.+ કર્મની વાસનાઓથી વિષયચિંતન કરનાર મનુષ્યના મન વડેજ અનેક જાતનાં કર્મો ઉત્પન્ન થાય છે.[૨૪] પ્રાણીનું આ શરીર પાંચ ભૂતો, ઇન્દ્રિયો તથા ઇન્દ્રિયોના અધિષ્ઠાયક દેવતાઓમયજ છે અને તેજ પ્રાણીને અનેક ક્લેશો તથા સંતાપકારક કહેવાય છે.[૨૫] માટે આવી આત્મગતિનો વિચાર કરીને તું સ્વસ્થ મનથી દ્વૈતપદાર્થ પરનો 'આ પદાર્થ સત્ય છે.' એવો વિશ્વાસ તજી દે અને શાંતિ ધારણ કર.'[૨૬]

નારદજી બોલ્યાઃ—'આ મંત્રરહસ્ય તું મારી પાસેથી સાવધાન થઈને સ્વીકારી લે, કે જેને ધારણ કરનારો તું સાત દિવસમાં સંકર્ષણ પ્રભુનાં દર્શન કરીશ.[૨૭] હે રાજા! જેમના ચરણમૂલને શરણે જઇને પૂર્વકાળના શંકર આદિ મહાપુરુષો આ દ્વૈતરૂપી ભ્રાંતિનો ત્યાગ કરી તત્કાળ જેની સમાન અને અધિક કંઈ પણ નથી, એવા તેમના પરમ મહિમાને પામી ગયા છે; માટે તું પણ સત્વર તેમના એ મહિમાને પ્રાપ્ત કરીશ.'[૨૮]

यत्पादमूलमुपसृत्य नरेन्द्र पूर्वे ।
शर्वादयो भ्रममिमं द्वितयं विसृज्य ॥
सद्यस्तदीयमतुलानधिकं महित्वं ।
प्रापुर्भवानपि परं न चिरादुपैति ॥ २८ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૧૫ મો સમાપ્ત

* ગંધર્વનગર જેમ કોઇ વેળા અકસ્માત આવી પડે છે અને પાછું અકસ્માત્ ચાલ્યું જાય છે તેવા છે.—શ્રીધર

+ કારણ કે એક ક્ષણ પછી તેઓ પાછા દેખાતા પણ નથી. જે વસ્તુ તાત્ત્વિક સ્વરૂપની હોય તે તો એક ક્ષણવારમાં કદી નાશ પામેજ નહિ. માટે સર્વ કંઇ મનનાજ વિલાસરૂપ હોઇને સ્વપ્નાદિની પેઠે કેવળ મિથ્યાજ છે. કદાચ કોઈ કહે કે, પુણ્ય તથા પાપથી સર્વ વિષયો આવે છે ને જાય છે, તેનું કેમ? આના ઉત્તરમાં પણ એજ કે, પુણ્ય-પાપનાં કર્મો પણ મનથીજ ઉત્પન્ન થાય છે ને તેથી તત્સાધ્ય વિષયો પણ મનથીજ થાય છે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय १६ मो×

નારદજીએ ચિત્રકેતુને મહાવિદ્યાનો ઉપદેશ કર્યો

॥ श्रीशुक उवाच ॥

**अथ देवऋषी राजन् संपरेतं नृपात्मजम् ।
दर्शयित्वेति होवाच ज्ञातीनामनुशोचताम् ॥१॥**

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! તે પછી દેવર્ષિ નારદજી, શોક કરતા સંબંધીઓને તે મરણ પામેલા રાજપુત્રનાં (યોગબળથી જીવિત દશામાં) દર્શન કરાવીને આ પ્રમાણે કહેવા લાગ્યા.૧

નારદજી બોલ્યાઃ–'હે જીવાત્મા! તારું કલ્યાણ થાઓ. તું તારાં આ માતા–પિતા તરફ દૃષ્ટિ કર. તારા શોકને લીધે આ તારા મિત્રો અને સંબંધીઓ બહુ સંતાપ પામ્યા છે.૨ તારું આયુષ હજી બાકી છે; (કારણ કે તું અકાળમૃત્યુથી મરણ પામ્યો છે.) માટે પોતાના શરીરમાં પ્રવેશ કરી સર્વ સંબંધીઓથી વીંટાઇને તું પિતાએ આપેલા ભોગોને ભોગવ અને રાજ્યાસન પર બેસ.'૩

"(તે સાંભળી પોતાના મૃત શરીરમાં પ્રવેશ કરી તે રાજકુમારનો) જીવ બોલ્યોઃ 'આ બધાં કયા જન્મમાં મારાં માતા–પિતા હતાં? હું તો મારાં કર્મોને લીધે દેવ, તિર્યંચ અને મનુષ્યયોનિમાં ભટક્યા કરું છું.૪* સર્વ કોઈ અનુક્રમે સર્વના સંબંધીઓ, જ્ઞાતિઓ, શત્રુઓ, તટસ્થો, મિત્રો, ઉદાસીન અને દ્રવ્યાદિનિમિત્તે દ્વેષ કરનારા પરસ્પર થયાજ કરે છે. (માટે હરકોઇ સંબંધ નિયત નથીજ.)૫ જેમ સુવર્ણાદિ વેચવા ખરીદવા યોગ્ય વસ્તુઓ પોતાની લેવડદેવડ કરનારા વ્યવહારી મનુષ્યોમાં અહીંથી તહીં ભટકયા કરે છે, તેમ જીવ પણ અનેક યોનિઓમાં ભટક્યા કરે છે.૬ (અરે! એકજ જન્મમાં પણ સંબંધ નિયત નથી હોતો; જુઓ–) પશુ આદિ જીવતા પદાર્થોનો સંબંધ પણ મનુષ્યોમાં અનિયત જોવામાં આવે છે. (કારણ કે, પશુ વગેરેનું વેચાણ કરી નાખવામાં આવે છે, એટલે તેની સાથેનો સંબંધ રહેતો નથી.) માટે જ્યાંસુધી જેની સાથે સંબંધ હોય છે, ત્યાંસુધીજ તેના પરની મમતા હોય છે.૭ એ પ્રમાણે જીવ અનેક યોનિઓમાં ગયેલો હોય છે, તોપણ તે પોતે તો નિત્ય છે–અવિનાશી છે; (કેમકે દેહના જન્મ કે મરણથી જીવનો જન્મ કે નાશ થતો નથી.) અને તેથીજ તે (જીવ) અહંકારથી રહિત છે–'હું આનો પુત્ર છું.' ઇત્યાદિ અભિમાનથી રહિત છે; જ્યાંસુધી જે સંબંધી સાથે પોતે પોતાના કર્મને વશ થઇ જીવ વર્તે છે, ત્યાંસુધીજ તે સંબંધી સાથે જીવને 'આ મારો સંબધી છે.' આવું પોતાનાપણું હોય છે. (પરંતુ મરણ પછી જીવને તે તે સંબંધીઓ સાથે કંઇ પણ લેવા–દેવા રહેતી નથી–કોઇ જાતનો સંબંધ રહેતો નથી.)૮ આ જીવ નિત્ય છે, અવિનાશી છે, સૂક્ષ્મ છે–જન્માદિથી રહિત છે, જન્માદિ ધારણ કરનાર દેહાદિના આશ્રયરૂપ છે–નહિ કે દેહાદિરૂપ છે અને સ્વયંપ્રકાશ છે.૯ તે આ સમર્થ જીવ પોતાની માયાના ગુણોથી પોતાનેજ જગતરૂપે સૃજે છે.× આ જીવને કોઈ પણ પ્રિય નથી, અપ્રિય નથી, કોઇ પોતાનો કે પારકો નથી; કારણ કે પોતે એકજ પોતાનું હિત કે અહિત કરનારાઓની સર્વ વિચિત્ર બુદ્ધિઓનો દ્રષ્ટા છે–સાક્ષી છે.+૧૦ (તમે કહ્યું કે,

× આ અધ્યાયમાં ચિત્રકેતુના પુત્રના કહેવાથીજ ચિત્રકેતુને શોકરહિત કરી નારદજીએ શેષ ભગવાનને પ્રસન્ન કરનારી વિદ્યાનો ચિત્રકેતુને ઉપદેશ કર્યો, એ કથા કહેવાશે. —श्रीधर

* હું મરણ પામ્યો તેથી પુત્રદૃષ્ટિએ તમે મારો શોક કરો છો, તો શત્રુદૃષ્ટિએ તમે હર્ષ કેમ કરતા નથી? એવા આશયથી સંબંધની અનિત્યતા આ શ્લોકમાં કહે છે.श्री.

× વેદ પણ આ વાત કહે છેઃ–'तदात्मानं स्वयमकुरुत' (तैत्ति. उ. २–७)–તે વેળા તેણે પોતે પોતાના આત્માનેજ જગતરૂપે સરજ્યું. —श्रीधर

+ નારદજીએ કહ્યું હતું કે, 'તું તારા સંબંધીઓથી વીંટાઇને રાજ્ય કર.' અને 'તારા શોકને લીધે તારા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'તું ભોગો ભોગવ' પણ) આ જીવાત્મા ગુણ, દોષ કે ક્રિયાના ફળને ગ્રહણ કરતો નથી–અર્થાત્ સુખ દુઃખ કે રાજ્યાદિને ભોગવતોજ નથી. કારણ કે તે કારણ અને કાર્યનો કેવળ દ્રષ્ટાજ છે–સાક્ષીજ છે–પણ ભોક્તા નથી અને તેથીજ તે ઈશ્વર–દેહાદિની પરતંત્રતાથી રહિત હોઇ ઉદાસીનની પેઠે રહે છે. (માટે આવા ઉદાસીન મારી સાથે તમારો કોઇ સંબંધ નથી અને તેથી તમે શોક કરો મા.)'૧૧

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"એમ કહીને તે જીવ ત્યાંથી ચાલ્યો ગયો, એટલે તે વેળા તેના સંબંધીઓએ આશ્ચર્ય પામીને તેની સાથેની પોતાની સ્નેહરૂપી સાંકળ છેદી નાખી અને શોકનો ત્યાગ કર્યો.૧૨ તે સંબંધીઓએ પોતાના સંબંધી તે રાજકુમારના શરીરનો અગ્નિસંસ્કાર કરી યોગ્ય ઉત્તરક્રિયાઓ કરી અને શોક, મોહ, ભય તથા દુઃખદાયક સ્નેહનો ત્યાગ કર્યો. પેલી બાલહત્યા કરનારી જે રાણીઓ હતી, તેઓ ત્યાં શરમાઈ ગઈ અને બાલહત્યાથી નિસ્તેજ બની ગઈ.૧૩ હે મહારાજા! તેણીઓએ યમુનાના તીર પર જઇને બ્રાહ્મણ–નારદ તથા અંગિરાનાં વાક્યોનું સ્મરણ કરતાં કરતાં બ્રાહ્મણોએ બાળહત્યાનું જે પ્રાયશ્ચિત્ત બતાવ્યું તે કર્યું. રાજા ચિત્રકેતુનો આત્મા બ્રાહ્મણ–અંગિરા તથા નારદનાં એ રીતનાં વચનોથી બોધ પામ્યો, જેથી તે રાજા તળાવના કાદવમાંથી જેમ હાથી નીકળી જાય, તેમ ઘરરૂપી અંધારા કૂવામાંથી નીકળી ગયો. તેણે યમુના નદીમાં વિધિપૂર્વક સ્નાન કરી પિતૃતર્પણ આદિ પવિત્ર જળક્રિયાઓ કરી અને પછી મૌન ધારણ કરી ઇન્દ્રિયોને વશ કરી બ્રહ્માના પુત્ર નારદજી તથા અંગિરાને વંદન કર્યું. તે પછી ભગવાન નારદજીએ પોતાને શરણે આવેલા તે જિતેન્દ્રિય ભક્ત રાજાને પોતે પ્રસન્ન થઇને આ વિદ્યાનો ઉપદેશ કર્યો.૧૪–૧૭

આ સંબંધીઓ સંતાપ પામ્યા છે.' એનો આ શ્લોકમાં ઉત્તર છે. —શ્રીધર

શેષ ભગવાનને પ્રિય મહાવિદ્યા

ॐ नमस्तुभ्यं भगवते वासुदेवाय धीमहि ।
प्रद्युम्नायानिरुद्धाय नमः संकर्षणाय च ॥१॥

ॐ આપ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ; વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ તથા સંકર્ષણરૂપ આપનું અમે ધ્યાન કરીએ છીએ અને આપને નમન કરીએ છીએ.૧

नमो विज्ञानमात्राय परमानन्दमूर्तये ।
आत्मारामाय शान्ताय निवृत्तद्वैतदृष्टये ॥ २ ॥

કેવળ અનુભવસ્વરૂપ, પરમ આનંદમૂર્તિ, આત્મામાં રમણ કરનાર, શાંત અને જેમની દ્વૈતદૃષ્ટિ નિવૃત્ત થઈ છે, એવા આપને અમારા નમસ્કાર હો.૨

आत्मानंदानुभूत्यैव न्यस्तशक्त्यूर्मये नमः ।
हृषीकेशाय महते नमस्ते विश्वमूर्तये ॥ ३ ॥

આત્માનંદના અનુભવથીજ જેમણે માયાશક્તિના તરંગો (રાગદ્વેષાદિ) દૂર કર્યા છે, તે આપને અમારા નમસ્કાર હો. સર્વ ઇન્દ્રિયોના નિયંતા આપ મહાન વિશ્વમૂર્તિને અમારા વારંવાર નમસ્કાર હો.૩

वचस्युपरतेऽप्राप्य य एको मनसा सह ।
अनामरूपश्चिन्मात्रः सोऽव्यान्नः सदसत्परः ॥४॥

મનની સાથે વચન પણ જેમને નહિ પામીને જ્યારે (સર્વ ઇન્દ્રિયો સહિત) વિરામ પામે છે, ત્યારે જે એકજ પ્રકાશે છે; જે નામ તથા રૂપથી રહિત છે અને જે કાર્ય તથા કારણથી પણ પર છે, તે માત્ર ચૈતન્યસ્વરૂપ ભગવાન અમારું રક્ષણ કરો.૪

यस्मिन्निदं यतश्चेदं तिष्ठत्यप्येति जायते ।
मृन्मयेष्विव मृज्जातिस्तस्मै ते ब्रह्मणे नमः ॥५॥

જેમને વિષે આ જગત સ્થિતિ કરે છે અને નાશ પામે છે; તેમજ જેમના થકી આ જગત ઉત્પન્ન થાય છે અને ઘટાદિ માટીના પદાર્થોમાં જેમ માટીજ રહેલી છે, તેમ સર્વ પદાર્થોમાં જે એકજ વ્યાપી રહ્યા છે, તે બ્રહ્મસ્વરૂપ આપને અમારા નમસ્કાર હો.૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

यन्न स्पृशन्ति न विदुर्मनोबुद्धीन्द्रियासवः ।
अन्तर्बहिश्च विततं व्योमवत् तन्नतोस्म्यहम् ॥६॥

જે બ્રહ્મ આકાશની પેઠે અંદર તથા બહાર વ્યાપ્ત છે, તોપણ મન, બુદ્ધિ અને જ્ઞાનેન્દ્રિયો જ્ઞાન શક્તિથી જેમને જાણી શકતાં નથી અને પ્રાણો (તથા કર્મેન્દ્રિયો) ક્રિયાશક્તિથી જેમનો સ્પર્શ કરી શકતા નથી; તે બ્રહ્મને હું નમસ્કાર કરૂં છું.[૬]

देहेन्द्रियप्राणमनोधियोऽमी
यदंशविद्धाः प्रचरन्ति कर्मसु ॥
नैवान्यदा लोहमिवाप्रतप्तं
स्थानेषु तद् द्रष्टृपदेशमेति ॥ ७ ॥

જેમનો ચૈતન્યાંશ અંદર દાખલ થવાથીજ આ દેહ, ઇન્દ્રિયો, પ્રાણો, મન તથા બુદ્ધિ (જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં) પોતપોતાનું કર્મ કરવામાં પ્રચાર કરી શકે છે; પણ જેમ નહિ તપેલું લોઢું બાળી શકતું નથી, તેમ જેમના ચૈતન્યાંશના પ્રવેશ વિના દેહાદિ પદાર્થો પોતાના કર્મમાં પ્રચાર કરી શકતા નથી; તેમજ જાગ્રત આદિ અવસ્થાઓમાં તે પરબ્રહ્મજ 'દ્રષ્ટા–જીવ' એવી સંજ્ઞાને પામે છે.+ (પરબ્રહ્મ વિના 'જીવ' નામનો બીજો કોઇ પદાર્થજ નથી.) અથવા 'દ્રષ્ટા' એવું નામ ધારણ કરનારા જીવને પણ તે પરબ્રહ્મજ જાણે છે, પણ જીવ તેમને જાણી શકતો નથી.

ॐ नमो भगवते महापुरुषाय महानुभावाय महाविभूतिपतये सकलसात्वतपरिवृढनिकरकरकमलकुड्मलोपलालितचरणारविन्दयुगल परम परमेष्ठिन् नमस्ते ॥ ८ ॥

મહાપુરુષ, મહાપ્રતાપી અને મહાન વિભૂતિઓના પતિ આપ ભગવાનને નમસ્કાર. સમગ્ર શ્રેષ્ઠ યાદવો પોતાના હસ્તકમળની કળીઓથી જેમનાં બન્ને ચરણકમળને લાડ લડાવે છે એવા હે સર્વોત્કૃષ્ટ સર્વેશ્વર ! આપને નમસ્કાર થાઓ.[૮]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજા ! શરણે આવેલા ભક્ત ચિત્રકેતુ રાજાને એ વિદ્યાનો ઉપદેશ કરી નારદજી, અંગિરાની સાથે બ્રહ્મદેવના ધામમાં પધાર્યા.[૨૬‡] પછી રાજા ચિત્રકેતુએ, સાત દિવસ સુધી કેવળ જળનોજ આહાર કરી અત્યંત એકાગ્ર થઇને નારદજીએ કહેલી તે વિદ્યાનો બરાબર જપ કર્યો,[૨૭] જેથી હે રાજા ! સાત દિવસના અંતે તે જપેલી વિદ્યાને લીધે તેણે વિદ્યાધરોનું અસ્ખલિત અધિપતિપણું પ્રાપ્ત કર્યું[૨૮] અને પછી કેટલાક દિવસો ગયા એટલે તે વિદ્યા વડે પ્રદીપ્ત મનથી ગતિ કરીને તે રાજા, દેવોના પણ દેવ શેષ ભગવાનના ચરણ સમીપ ચાલ્યો ગયો.[૨૯] ત્યાં જેમનો વર્ણ કમળના નાળ સમાન શ્વેત હતો; શ્યામ વસ્ત્ર જેમણે ધારણ કર્યાં હતાં; મુકુટ, બાજુબંધ, કંદોરો તથા કડાં જેમના પર ઝળકી રહ્યાં હતાં; જેમનાં મુખો પ્રસન્ન હતાં અને જેમનાં નેત્રો લાલ વર્ણનાં હતાં એવા પ્રભુ શેષ ભગવાનનાં તે રાજાએ સિદ્ધેશ્વરોનાં મંડળો સાથે દર્શન કર્યાં.[૩૦] તેમનું દર્શન થતાં જેનાં સમસ્ત પાપો નાશ પામ્યાં હતાં અને જેનું અંતઃકરણ ઉજ્જ્વળ તથા નિર્મળ થયું હતું એવો તે મૌનધારી ચિત્રકેતુ, તેમની સંમુખ ગયો અને સ્નેહાશ્રુથી વ્યાપ્ત નેત્રવાળા તે રોમાંચિત રાજાએ, અત્યંત વૃદ્ધિ પામેલી ભક્તિથી તે આદિપુરુષને નમન કર્યું. તે સમયે તેણે ઉત્તમ કીર્તિવાળા તે ભગવાનના ચરણકમળના આસનને (પાદપીઠને) પ્રેમાશ્રુઓનાં બિંદુઓથી વારંવાર અભિષેક કર્યો અને પ્રેમને લીધે તેના સર્વ વર્ણોનો ઉચ્ચાર એવો તો અટકી પડ્યો કે જેથી લાંબા કાળ સુધી ભગવાનની તે સ્તુતિ કરી શક્યો નહિ.[૩૧,૩૨] તે પછી બુદ્ધિથી મનને એકાગ્ર કરીને જેણે વાણી સંપાદન કરી હતી, એવો તે રાજા સર્વ ઇન્દ્રિયોની બાહ્યવૃત્તિઓને નિયમમાં રાખી પંચરાત્ર શાસ્ત્રમાં કહેલા

+ વેદ પણ કહે છે–नान्योऽतोऽस्ति द्रष्टा–' (बृह० ३० १–७–२३) એ બ્રહ્મ વિના બીજો કોઇ દ્રષ્ટા નથી. —श्रीधर

‡ અહીંથી અધ્યાયના એકંદર શ્લોકોની સંખ્યા ચાલુ થાય છે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શરીરને ધારણ કરનારા તે ભગવાનની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.[૩૩]

ચિત્રકેતુ સ્તુતિ કરે છેઃ–'હે અજિત! (જો કે આપ કોઇનાથી જિતાયલા નથી તોપણ) સર્વત્ર સમાન બુદ્ધિવાળા જિતેન્દ્રિય સાધુપુરુષોએ આપને જીતી લીધા છે; (પોતાને વશ કર્યો છે;) તેમજ નિષ્કામ મનવાળા ભક્ત પુરુષોને પોતાનો આત્મા અર્પણ કરી દેનારાં મહાદયાળુ એવા આપે તે (નિષ્કામ) જિતેન્દ્રિય પુરુષોને પણ જીતી લીધા છે–પોતાને સ્વાધીન કરી લીધા છે.[૩૪] હે ભગવન્! આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય વગેરે જે થયા કરે છે તે આપનોજ વૈભવ છે–આપનોજ મહિમા છે–આપનીજ લીલા છે. જગતના સ્રષ્ટા તે બ્રહ્મા વગેરે (કંઈ ઈશ્વર નથી; તેઓ તો) આપના અંશરૂપ જે પુરુષ છે, તેના પણ એક અંશરૂપજ છે. આમ હોવા છતાં તેઓ 'આપણે જુદા જુદા ઈશ્વર છીએ' એમ વૃથા અભિમાનથી સ્પર્ધા કરે છે.[૩૫] જે પરમાણુ છે એટલે સૂક્ષ્મ મૂળ કારણ છે ને જે પરમ મહાન છે એટલે અંતિમ મહાકાર્ય છે, તે બન્નેના આદિ, મધ્ય અને અંતમાં વર્તનાર આપજ છો અને તેથીજ આપ એ ત્રણેથી (આદિ, મધ્ય ને અંતથી) રહિત છો; (તેમજ તે આદિ, મધ્ય ને અંતને આપજ સૃજો છો; જેથી તે ધ્રુવ નથી–નિત્ય કે સ્થાયી નથી; કારણ કે) જે વસ્તુ વિદ્યમાન તરીકે જણાતાં કાર્યોના આદિમાં, અંતમાં તથા મધ્યમાં પણ તેવી ને તેવીજ અચળ રહેતી હોય, તેજ વસ્તુ 'ધ્રુવ' કહેવાય છે. (એ રીતે કેવળ ધ્રુવ વસ્તુ તો આપજ છો અને તેથીજ આપ કાળથી અપરિચ્છિન્ન છો.)[૩૬] આ બ્રહ્માંડકોશ, ઉત્તરોત્તર દશ દશગણા અધિક વિસ્તારવાળાં પૃથ્વી વગેરે સાત આવરણોથી વીંટાયલો છે; આવાં અનેક કરોડ બ્રહ્માંડોની સાથે આ બ્રહ્માંડકોશ આપને વિષે કેવળ એક પરમાણુ જેવો ભમ્યા કરે છે; માટે આપ અનંત છો. (અને તેથીજ આપ દેશથી પણ અપરિચ્છિન્ન છો.)[૩૭] હે ઈશ્વર! વિષયોની તૃષ્ણા રાખનારા નરપશુઓ, આપની વિભૂતિરૂપ ઇન્દ્રાદિ દેવોને ઉપાસે છે, પણ આપની પોતાની ઉપાસના કરતા નથી, જેથી રાજાના વિનાશ પછી જેમ તેના સેવકોના મનોરથોનો વિનાશ થઇ જાય છે, તેમ એ નર પશુઓના ઉપાસ્ય દેવોના વિનાશ પછી તેઓના મનોરથોનો પણ વિનાશ થઇ જાય છે.[૩૮] હે પરમેશ્વર! જ્ઞાનસ્વરૂપ અને ગુણમય પદાર્થથી ભિન્ન એવા આપને વિષે વિષયોની કામનાઓ કરી હોય તોપણ તે, શેકેલાં બિયાંની પેઠે બીજા દેહની ઉત્પત્તિનું કારણ થતી નથી. કારણ કે આ જીવને ગુણના સમુદાયથીજ સુખ–દુઃખાદિ કે રાગદ્વેષાદિ દ્વંદ્વો થયા કરે છે.+[૩૯] હે અજિત! આપ ભગવાને જ્યારે નિર્દોષ÷ ભાગવતધર્મનો ઉપદેશ કર્યો ત્યારેજ આપ જીત્યા છો–સર્વોત્કૃષ્ટ તરીકેની સ્થિતિ પામ્યા છો. કારણકે આપને અથવા આપે કહેલા ભાગવતધર્મને સર્વ પરિગ્રહથી રહિત અને આત્મામાં રમણ કરનારા સનત્કુમાર આદિ મુનિઓ પણ મોક્ષને માટે સેવે છે.[૪૦] બીજા કામ્ય ધર્મમાં મનુષ્યોને જેવી 'તું, હું, મારું, તારું' એવી વિષમ બુદ્ધિ થાય છે, તેવી ભાગવતધર્મમાં થતી નથી. જે ધર્મ, શત્રુઓને મારવા વગેરે વિષમ બુદ્ધિથી રચાયલો હોય છે, તે (રાગ–દ્વેષાદિથી યુક્ત હોવાથી) અશુદ્ધ હોય છે, નાશવંત હોય છે અને (હિંસાદિથી ભરેલો હોઇને) ઘણા અધર્મવાળો હોય છે. (પણ આપે કહેલો ભાગવતધર્મ તો વિષમ બુદ્ધિથી રહિત, શુદ્ધ, અવિનાશી તેમજ કેવળ ધર્મમય છે.)[૪૧] જે ધર્મ પોતાનો તથા પારકાનો દ્રોહ કરનાર હોય છે, તે ધર્મથી શું કલ્યાણ થાય છે? અને પોતાનું કે પારકું કયું પ્રયોજન સિદ્ધ થાય છે? કારણ કે

+ અર્થાત્ નિર્ગુણ એવા આપનું કામવાસનાથી પણ ભજન કરતાં નિર્ગુણપણુંજ થાય છે. —શ્રીધર

÷ ભાગવત ધર્મ–એટલે ભગવાનની પ્રાપ્તિમાં સાધનરૂપ ધર્મ. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

(શરીરને અત્યંત દુઃખ આપી) પોતાનો દ્રોહ કરવાથી (આત્મારૂપ) આપને પીડા થાય છે‡ અને બીજાને દુઃખ દેવાથી અધર્મ થાય છે; તેમજ આપનો કોપ થાય છે.*[૪૨] આપની જે (તાત્ત્વિક) દૃષ્ટિએ ભાગવતધર્મનો ઉપદેશ કર્યો છે, તે આપની દૃષ્ટિ કદી પરમાર્થનો ત્યાગ કરતીજ નથી અને તેથીજ (આપે કહેલા) ભાગવતધર્મને સ્થાવર-જંગમ સર્વ પ્રાણીઓ પર સમાન બુદ્ધિવાળા આર્ય-ભક્ત પુરુષો (નિત્ય) સેવે છે.[૪૩] હે ભગવન્! આપના દર્શનથી મનુષ્યોનાં સર્વ પાપોનો નાશ થાય છે, એ અઘટિત નથીજ; કારણ કે આપના નામનું માત્ર એકજ વાર શ્રવણ કરવાથી ચાંડાલ પણ સંસારથી મુક્ત થાય છે.[૪૪] હે ભગવન્! હમણાં આપનાં દર્શનથી અમારા અંતઃકરણના મેલ છેકજ ધોવાઇ ગયા છે. વળી આપના ભક્ત દેવર્ષિ નારદે જે વચન કહ્યું હતું તે મિથ્યા કેમ થાય?×[૪૫] હે અનંત! આ જગતમાં મનુષ્યો જે કંઈ આચરણ કરે છે તે સમસ્ત જગતના આત્મારૂપ એવા આપને જાણવામાંજ છે; તો સર્વના પરમગુરુ એવા આપની આગળ જેમ સૂર્ય આગળ પતંગિયાંએ કંઈ પણ જણાવવા યોગ્ય હોતું નથી, તેમ અમારે શું જણાવવા યોગ્ય છે? અર્થાત્ કંઈ પણ નથી.+[૪૬] સમગ્ર જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના ઈશ્વર અને ભેદદૃષ્ટિને લીધે કુયોગીઓને જેમનું તત્ત્વ દુર્વિજ્ઞેય છે એવા આપ પરમહંસ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૪૭] જે આપ ચેષ્ટા કરો છો તેમની પાછળ કર્મેન્દ્રિયો ચેષ્ટા કરે છે; જે આપ જાણો છો તેમની પાછળ જ્ઞાનેન્દ્રિયો સર્વ કંઈ જાણે છે ને જે આપના મસ્તક પર આ ભૂમંડળ સરસવ જેવું જણાય છે તે હજાર મસ્તકવાળા આપને મારા નમસ્કાર હો.[૪૮]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે કુરુવંશી રાજા! એ પ્રમાણે અનંત ભગવાનની તેણે સ્તુતિ કરી એટલે તેમણે પ્રસન્ન થઇને વિદ્યાધરોના રાજા ચિત્રકેતુને આ પ્રમાણે કહ્યું.[૪૯]

શ્રીભગવાન બોલ્યાઃ—'હે રાજન્! નારદે તથા અંગિરાએ મારા સંબંધમાં તને જેનો ઉપદેશ કર્યો છે, તે વિદ્યાથી અને મારા દર્શનથી તું સિદ્ધ થયો છે.[૫૦] હું સર્વ પ્રાણીઓરૂપ છું અને પ્રાણીમાત્રનો આત્મા (ભોક્તા) પણ હું છું—અર્થાત્ ભોક્તા અને ભોગ્યરૂપ આ જગત મારાથી ભિન્ન નથી; કારણ કે હું પ્રાણીમાત્રનો પ્રકાશક અને કારણ છું; તેમજ શબ્દબ્રહ્મ (પ્રકાશક વેદ) અને પરબ્રહ્મ (કારણ) એ બન્ને મારાં શાશ્વત શરીર છે.[૫૧] આત્મા—જીવ, ભોક્તા તરીકે આ ભોગ્ય પ્રપંચરૂપ લોકમાં વ્યાપ્ત છે અને ભોગ્ય પ્રપંચરૂપ આ લોક આત્મા—જીવને વિષે ભોગ્ય તરીકે વ્યાપ્ત છે; પણ એ બન્ને ભોક્તા અને ભોગ્ય, હું—કારણાત્મા વડે વ્યાપ્ત છે અને તે બન્ને મારામાં કલ્પાયેલાં છે, એમ તારે જાણવું.[૫૨] જેમ સૂતેલો પુરુષ સ્વપ્નાવસ્થામાં પર્વત, વન વગેરે જગતને (પોતાથી બીજા પ્રદેશમાં રહેલું છતાં) પોતાને વિષે જુએ છે—અર્થાત્ સ્વપ્નાવસ્થામાંજ (પોતાને જાગતો માનીને) બન્નેને જુએ છે અને સ્વપ્નમાંજ ઊઠી ગયેલો પુરુષ, પોતાને શયનરૂપી એકજ પ્રદેશમાં રહેલો જાણે છે—અર્થાત્ સ્વપ્નમાંજ જાગ્રત્ અવ-

---

‡ આજ આશય ભગવદ્‌ગીતામાં કહ્યો છેઃ—

कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः ।
मां चैवान्तः शरीरस्थं तान् विद्ध्यासुरनिश्चयान् ॥
(શ્રી० ભ० ગી० ૧૭–૬)

જે અજ્ઞાનીઓ (હઠપૂર્વક તપ કરીને)-પોતાના શરીરની અંદર રહેલા ભૂતવર્ગને શોષવી નાખે છે અને આત્મારૂપે રહેલા મને પોતાને પણ દુઃખ દે છે, તેઓ આસુરી નિશ્ચયના છે, એમ તું જાણ. —શ્રીધર

* માટે આપે કોઈ રાગાંધ મનુષ્યને પણ વેદમાર્ગમાં લાવવાનેજ કામ્ય ધર્મ કહ્યો છે; નહિ કે તત્ત્વદૃષ્ટિએ તે ધર્મનો આપે ઉપદેશ કર્યો છે. —શ્રીધર

× અર્થાત્ નારદજીના ઉપદેશથીજ મને આપનું દર્શન થયું છે. —શ્રીધર

+ અર્થાત્ 'હું પૂર્વે મૂઢ હતો અને પછીથી નારદજીએ મારા પર અનુગ્રહ કર્યો છે' ઇત્યાદિ બધું સર્વના અંતર્યામી એવા આપને મારે શું જણાવવું?—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

સ્થાનો પણ અનુભવ કરે છે, તેમ જાગ્રત્ આદિ ત્રણે અવસ્થાનો (જીવને ઉપાધિરૂપ બુદ્ધિની અવસ્થાઓ) આત્માને કેવળ માયારૂપજ છે—મિથ્યા સંબંધવાળાં છે, એમ જાણીને તેઓના દ્રષ્ટા આત્માને તેઓથી પરજ જાણવો જોઇએ—અર્થાત્ આત્મા તો જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ—એ ત્રણે અવસ્થાઓનો દ્રષ્ટા છે અને તે ત્રણે અવસ્થાઓથી રહિત છે.[૫૩,૫૪] (કદાચ તું કહીશ કે, આત્મા એ ત્રણે અવસ્થાઓનો દ્રષ્ટા કેવી રીતે છે? કારણ કે નિદ્રાવસ્થામાં કંઇ દશ્ય તો હોતું નથી, તો તે અવસ્થાનો આત્મા દ્રષ્ટા કેવી રીતે? આમ ન કહેવું. કારણ કે) સૂતેલો પુરુષ, જે સ્વરૂપે તે પોતાના સૂવાના સમયે પોતાની સૂવાની ક્રિયાને જાણે છે તથા તે વખતના નિર્ગુણ—અતીન્દ્રિય સુખને જાણે છે (એથીજ જાગ્યા પછી **'सुखमहमस्वाप्सं न किंचिदवेदिषम्'**—હું સુખેથી સૂતો હતો, મેં કંઇ પણ ન જાણ્યું; એમ સુષુપ્તિ સમયના અનુભવને જણાવે છે. જો સુષુપ્તિમાં સુખનો અનુભવ કર્યો ન હોય, તો એવી સ્મૃતિ થઈ શકે નહિ.) તેજ આત્મા બ્રહ્મ, મને પોતાને તું જાણ.[૫૫] §સુષુપ્તિ અવસ્થા તથા જાગ્રત્ અવસ્થા બન્નેનું સ્મરણપૂર્વક અનુસંધાન રાખવાવાળા પુરુષનું જે જ્ઞાન સુષુપ્તિ અને જાગ્રત્ બન્ને અવસ્થામાં તેના પ્રકાશકરૂપે રહે છે,* છતાં તે તે અવસ્થાઓથી ભિન્ન છે તે જ્ઞાનજ પરબ્રહ્મ છે—પરબ્રહ્મ એ જ્ઞાનથી ભિન્ન નથી.+[૫૬] પુરુષને જો આ મારા સ્વરૂપભૂત બ્રહ્મનું વિસ્મરણ થાય છે, તો તેને પોતાના આત્માથી (આ જગત) ભિન્ન થઇ પડે છે અને તેથી એ પુરુષને એક દેહથી બીજો દેહ—એટલે એક જન્મથી બીજો જન્મ અને એક મરણ પછી બીજું મરણ—એવા સ્વરૂપનો સંસાર પ્રાપ્ત થયાજ કરે છે.[૫૭] શાસ્ત્રીય જ્ઞાન અને અપરોક્ષ જ્ઞાન—એ બન્નેની પ્રાપ્તિ થવાનો જેમાં સંભવ છે એવા મનુષ્યજન્મને આ જગતમાં પામીને જે પ્રાણી પોતાના આત્માને ઓળખતો નથી, તે બીજી કોઇ પણ યોનિમાં શાંતિને પામતો નથી.[૫૮] પ્રવૃત્તિમાર્ગમાં ચોતરફથી ક્લેશ થાય છે છતાં કંઇ ફળ મળતું નથી—અથવા વિપરીત ફળ(ફળરૂપે પણ દુઃખજ) મળે છે; ત્યારે નિવૃત્તિમાર્ગમાં મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે; આમ જાણીને વિદ્વાન પુરુષે કર્મના ફળની પ્રાપ્તિરૂપ સંકલ્પથી વિરામ પામવું—નિવૃત્તિમાર્ગનોજ આશ્રય કરવો.[૫૯] પુરુષ અને સ્ત્રી બન્ને, સુખ પ્રાપ્ત કરવાને માટે અને દુઃખથી છૂટવા માટે ક્રિયાઓ કરે છે; પણ તે તે ક્રિયાઓથી દુઃખ દૂર થતું નથી અને સુખ મળતું નથી. (માટે પ્રવૃત્તિમાર્ગ શ્રેયસ્કર નથી.)[૬૦] એ પ્રમાણે 'અમે ડાહ્યા છીએ' એવા અભિમાનવાળા મનુષ્યોમાં પણ એ (પ્રવૃત્તિમાર્ગમાંજ ગોથાં ખાવારૂપ) વિપરીતતા જોઇને તેમજ આત્માનું સ્વરૂપ ત્રણે અવસ્થાઓથી વિલક્ષણ અને સૂક્ષ્મ (તુરીય અવસ્થારૂપ) છે, એમ જાણીને શાસ્ત્રીય જ્ઞાન અને અપરોક્ષ જ્ઞાનથી સંતુષ્ટ રહેનારા અને આત્મા—અનાત્માના વિવેકબળરૂપી તેજથી જોયેલા—આ લોકના તથા સાંભળેલા—પરલોકના વિષયોની વાસનાથી મુક્ત થયેલા પુરુષે મારા ભક્ત થવું જોઇએ.[૬૧,૬૨] યોગમાં કુશળ બુદ્ધિવાળા મનુષ્યોએ આટલોજ સ્વાર્થ જાણવો યોગ્ય છે કે, સર્વ પ્રકારે કેવળ એક પરમાત્માનુંજ દર્શન કરવું.[૬૩] હે રાજન્! શાસ્ત્રીય જ્ઞાન અને અપરોક્ષ જ્ઞાનથી યુક્ત એવો તું અપ્ર-

---

§ કદાચ કોઇ કહે કે, સુષુપ્તિસમયના સાક્ષીએ અનુભવ કરેલું, જાગ્રત અવસ્થાનો સાક્ષી કેમ સ્મરણ કરી શકે? કારણ કે કોઇ બીજાએ જોયેલાનું કોઇ બીજાને સ્મરણ થાય નહિ. આના ઉત્તરમાં આ શ્લોક કહે છે. **શ્રી.**

* જેમકે મનુષ્ય જાગ્રત અવસ્થામાં અનુભવે છે કે, 'હું સુખેથી સૂતો હતો, મને કંઈ પણ ખબર રહી નહિ.' આમ સુષુપ્તિ અવસ્થાના સાક્ષીએ અનુભવેલું જાગ્રત અવસ્થાના સાક્ષીને સ્મરણ થાય છે, માટે તે બન્ને અવસ્થાઓમાં એકજ સાક્ષી છે. **—भा. क.**

\+ ભાવ એ છે કે, જેમ બાલ્યાવસ્થામાં અનુભવેલું યુવાવસ્થામાં યાદ આવે છે, તેમ એકજ સાક્ષી હોવાથી સુષુપ્તિ અવસ્થા તથા સુષુપ્તિના સમયનું સ્મરણ જાગ્રત અવસ્થામાં ઘટી શકે છે. **—શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

માદી થઇને મારાં આ વચનને શ્રદ્ધાથી ધારણ કરીશ તો સત્વર સિદ્ધ થઈશ.૬૪

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"જગતના ગુરુ અને વિશ્વના આત્મા ભગવાન શ્રીહરિ, ચિત્રકેતુ રાજાને એ પ્રમાણે આશ્વાસન આપીને તેના દેખતાં અંતર્ધાન થઇ ગયા."૬૫

आश्वास्य भगवानित्थं चित्रकेतुं जगद्गुरुः ।
पश्यतस्तस्य विश्वात्मा ततश्चांतर्दधे हरिः ॥६५॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૧૬ મો સમાપ્ત

अध्याय १७ मो*

ચિત્રકેતુ પાર્વતીના શાપથી વૃત્રાસુર થયો

॥ श्रीशुक उवाच ॥

यतश्चांतर्हितोऽनंतस्तस्यै कृत्वा दिशे नमः ।
विद्याधरश्चित्रकेतुश्चचार गगनेचरः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"તે પછી જે દિશામાં અનંત ભગવાન અંતર્ધાન થયા તે દિશાને નમસ્કાર કરી વિદ્યાધર ચિત્રકેતુ આકાશમાં વિચરવા લાગ્યો.૧ જેનું શરીરબળ અને ઇન્દ્રિયસામર્થ્ય એક લાખ વર્ષ સુધી નાશ પામ્યાં ન હતાં અને મુનિઓ, સિદ્ધો તથા ચારણો જેની સ્તુતિ કરતા હતા એવો તે મહાન યોગી ચિત્રકેતુ સંકલ્પમાત્રથીજ જેમાં અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થતી હતી, એવી કુલાચલપર્વતોની ગુફાઓમાં વિદ્યાધરોની સ્ત્રીઓ પાસે ઈશ્વર શ્રીહરિનાં ગાન કરાવતો ક્રીડા કરવા લાગ્યો.૨-૩ એક દિવસે વિષ્ણુ ભગવાને આપેલા વિમાનમાં બેસીને તે જતો હતો; તેવામાં સિદ્ધો તથા ચારણોથી વીંટાયલા શંકરને તેણે જોયા.૪ તે વેળા મુનિઓની સભામાં પોતાના ખોળામાં બેસાડેલાં દેવી પાર્વતીને એક બાહુથી આલિંગન કરીને શંકર બેઠા હતા; તે જોઇને ચિત્રકેતુ તેમની સમીપ જઇ દેવી પાર્વતીનાં સાંભળતાં આ પ્રમાણે મોટેથી હાંસી કરવા લાગ્યો.૫

ચિત્રકેતુ બોલ્યોઃ—'આ શંકર લોકોના ગુરુ ગણાય છે; સાક્ષાત્ ધર્મના વક્તા છે અને સર્વ પ્રાણીઓમાં મુખ્ય છે, છતાં આ રીતે સભામાં સ્ત્રી સાથે આલિંગન કરીને બેઠા છે!૬ આ જટાધારી તીવ્ર તપશ્ચર્યા કરનાર છે અને બ્રહ્મવાદીઓની સભાના અધ્યક્ષ છે; છતાં લજ્જારહિત થઇ કોઇ સામાન્ય મનુષ્યની પેઠે સ્ત્રીને ખોળામાં લઇ બેઠા છે!૭ ઘણું કરીને સામાન્ય પુરુષો પણ સ્ત્રીને એકાંતમાંજ (ખોળામાં) ધારણ કરે છે; ત્યારે આ મહાન વ્રતને ધારણ કરનાર—શંકર સ્ત્રીને સભાની વચ્ચે (ખોળામાં) લઇ બેઠા છે!'૮

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજા! ભગવાન શંકર પણ અગાધ બુદ્ધિવાળા છે, જેથી તે વચન સાંભળીને ચૂપજ રહ્યા; તેમજ તેમને અનુસરનારા સભાસદો પણ મૌન ધરી રહ્યા. ચિત્રકેતુ, શંકરના પરાક્રમને જાણતો ન હતો અને તેથી પોતે જિતેન્દ્રિય હોવાના અભિમાનને ધારણ કરી એ પ્રમાણે ઘણું અયોગ્ય વચન કહી રહ્યા હતો; જેથી તે નિર્લજ્જ ચિત્રકેતુને દેવી પાર્વતી, ક્રોધથી કહેવા લાગ્યાં.

પાર્વતી બોલ્યાં—'આ ચિત્રકેતુ, હમણાં અમારા જેવા નિર્લજ્જ દુષ્ટોનું હિત કરનારો અને લોકમાં શાસન ચલાવનારો શું શિક્ષાધારી રાજા થઇ પડ્યો છે?૯-૧૧ (મને લાગે છે કે,) પદ્મયોનિ બ્રહ્મા, ભૃગુ—નારદ વગેરે બ્રહ્માના પુત્રો, સનત્કુમાર, કપિલ કે મનુ ધર્મ જાણતાજ નથી; કારણ કે તેઓ આવી રીતે શાસ્ત્રની મર્યાદા ઓળંગનાર શંકરને અટકાવતા નથી.૧૨ જે ભગવાનના ચરણકમળનું યુગલ બ્રહ્માદિને પણ ધ્યાન કરવા યોગ્ય છે, જગતના જે ગુરુ છે અને મંગળના પણ મંગળ—પરમ ધર્મમૂર્તિ છે; તે આ સર્વના આચાર્ય-

* આ અધ્યાયમાં અમોઘ સંપત્તિ પ્રાપ્ત કરીને આકાશમાં વિચરતો ચિત્રકેતુ, મહાદેવની મશ્કરી કરીને પાર્વતીજીના શાપથી વૃત્રાસુર થયો, એ કથા કહેવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નો તિરસ્કાર કરીને આ નીચ ક્ષત્રિય પોતે નિર્લજ્જ થઇ તેમને ઉપદેશ આપી રહ્યો છે, માટે અવશ્ય આ શિક્ષાપાત્ર છે;[૧૩] 'હું જ સર્વથી અધિક છું.' આવી જેની બુદ્ધિ થયેલી છે અને તેથીજ જે અત્યંત ઉદ્ધત બની ગયો છે, તે આ ચિત્રકેતુ સત્પુરુષોએ સેવેલા વૈકુંઠ ભગવાનના ચરણ પાસે જવાને યોગ્ય નથી. માટે હે દુર્મતિ પુત્ર! તું મહાપાપી આસુરીયોનિમાં ચાલ્યો જા, કે જેથી ફરી મહાન પુરુષોનો અપરાધ તું નહિ કરે.[૧૪।૧૫]

શ્રીશુકદેવજી બોલ્યા—"હે ભરતવંશી રાજા! એ પ્રમાણે જ્યારે શાપ આપ્યો, ત્યારે તે ચિત્રકેતુ વિમાનમાંથી નીચે ઊતરી સતી પાર્વતીને મસ્તક નમાવીને આ પ્રમાણે પ્રસન્ન કરવા લાગ્યો.[૧૬]

ચિત્રકેતુ બોલ્યો—'હે માતા! આપના શાપને હું મારા બન્ને હાથથી સ્વીકારી લઉં છું. કારણકે દેવો, મનુષ્યને જે કંઇ કહે છે તે, મનુષ્યના પૂર્વકર્મથીજ પ્રાપ્ત થયેલું હોય છે; તેમજ અજ્ઞાનથી મોહ પામેલો પ્રાણી આ સંસારચક્રમાં ભમતો સર્વ ઠેકાણે સદા સુખને તથા દુઃખને ભોગવ્યા કરે છે.[૧૭।૧૮] સુખ કે દુઃખનો કર્તા, મનુષ્ય પોતે નથી; તેમ કોઇ બીજો પણ નથી; છતાં મૂર્ખ મનુષ્ય પોતાને તથા કોઇ બીજાને (સુખ-દુઃખનો) કર્તા માને છે.[૧૯] આ સંસાર માયામય ગુણોના એક પ્રવાહરુપ છે; તેમાં વળી શાપ શો છે કે અનુગ્રહ શો છે? સ્વર્ગ શું છે કે નરક શું છે? સુખ શું છે કે દુઃખ શું છે?[૨૦] કેવળ એક ભગવાનજ પોતે બંધાદિથી રહિત હોઈને પોતાની માયાથી સર્વ પ્રાણીઓને સૃજે છે ને તેઓનાં બંધ, મોક્ષ, સુખ તથા દુઃખ પણ (તેજ) સૃજે છે.[૨૧] એ ભગવાનને કોઇ શત્રુ નથી; કોઇ જ્ઞાતિ નથી; કોઈ બંધુ નથી; કોઇ પારકો નથી કે કોઇ પોતાનો નથી. કારણ કે તે સર્વત્ર સમાન દૃષ્ટિવાળા છે અને નિરંજન છે–નિર્લેપ છે–નિઃસંગ છે; તેથીજ તેમને સુખ ઉપર રાગ થતો નથી; તો (રાગથી થનાર) દ્વેષ તો ક્યાંથીજ થાય?[૨૨] તોપણ તે ભગવાનની માયાશક્તિથી થતો વિસર્ગ (પુણ્ય, પાપ અને મિશ્ર કર્મરૂપ વ્યાપાર) આ સમગ્ર પ્રાણીસમુદાયને સુખ, દુઃખ, હિત, અહિત, બંધ, મોક્ષ, મૃત્યુ, જન્મ તથા સંસાર આપવા માટે સમર્થ થાય છે.÷[૨૩] માટે હે ક્રોધી સ્વભાવવાળાં પાર્વતિ! હું (મને પ્રાપ્ત થયેલા આ) શાપથી છૂટવા માટે તમને પ્રસન્ન કરતો નથી; માત્ર જે મેં કહ્યું છે તે (યોગ્ય છે, છતાં) તમે અયોગ્ય માનો છો, તો તે માટે ક્ષમા કરો.[૨૪]

શ્રીશુકદેવજી બોલ્યા—"હે શત્રુદમન રાજા! એ પ્રમાણે શંકર તથા પાર્વતીને પ્રસન્ન કરી ચિત્રકેતુ રાજા, પોતાના વિમાનમાં બેસીને વિસ્મય પામતાં તે બન્નેના દેખતાં ત્યાંથી ચાલ્યો ગયો.[૨૫] તે પછી દેવો, ઋષિઓ, દૈત્યો, સિદ્ધો તથા પોતાના પાર્ષદોના સાંભળતાં ભગવાન શંકર પાર્વતીને આ પ્રમાણે કહેવા લાગ્યા.[૨૬]

શ્રીશંકર બોલ્યાઃ—'હે સુંદર નિતંબોવાળાં પાર્વતિ! અદ્ભુત કર્મવાળા શ્રીહરિના નિઃસ્પૃહ અને મહાત્મા એવા દાસાનુદાસોનું માહાત્મ્ય તમે જોયું ને?[૨૭] નારાયણમાં પરાયણ રહેનારા (આવા) સર્વે ભક્તો કોઇનાથી પણ ડરતા નથી. કેમકે તેઓ સ્વર્ગ, મોક્ષ તથા નરકમાં પણ સમાન પ્રયોજન જોનારા હોય છે.[૨૮] પ્રાણીઓને ઈશ્વરની માયાને લીધે શરીરનો સંયોગ થવાથી સુખ-દુઃખ, મૃત્યુ-જન્મ, શાપ તથા અનુગ્રહ (આદિ) દ્વંદ્વો થયાજ કરે છે[૨૯] અને તેમાં 'આ સુખ ઇષ્ટ છે અને આ દુઃખ અનિષ્ટ છે' ઇત્યાદિ પુરુષને જે અર્થભેદ થાય છે તે કેવળ અજ્ઞાનેજ કરેલો હોય છે. જેમ સ્વપ્નમાં પુરુષને પોતાને વિષે સુખદુઃખ વગેરે ભેદ અજ્ઞાનકૃત હોય છે

÷ આજ આશય ગીતામાં કહ્યો છે–

भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ।
(श्री. भ. गी. ८-३)

કર્મ નામની માયાસૃષ્ટિ તેજ પ્રાણીઓના સર્વ ભાવો તથા ઉત્પત્તિને કરનાર છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને માળામાં જેમ સર્પાદિનો ભેદ પણ અજ્ઞાનકૃતજ હોય છે, તેમ એ સર્વ ગુણ–દોષવિકલ્પ કેવળ અજ્ઞાનકૃતજ હોય છે;[૩૦] પરંતુ જે પુરુષો વાસુદેવ ભગવાનને વિષે ભક્તિ કરતા હોય છે અને જ્ઞાન તથા વૈરાગ્ય એજ જેઓનું બળ હોય છે, તેવા પુરુષોને આ જગતમાં કોઇ પણ અર્થ વિશિષ્ટ બુદ્ધિથી આશ્રય કરવા યોગ્ય હોતો નથી. હું, બ્રહ્મા, સનત્કુમાર, નારદ, બ્રહ્માપુત્ર મુનિઓ તથા દેવેશ્વરો–આ બધા અમે ભગવાનના અભિપ્રાયને જાણતા નથી, તો પછી જેઓ તે ભગવાનના એક અંશના પણ અંશરૂપ હોય છે; છતાં સૌ કોઇ પોતે જુદા જુદા પોતાને ઈશ્વર માની રહ્યા છે, તેઓ તો એમના સ્વરૂપને નજ જાણે (એ સ્પષ્ટજ છે.)[૩૧,૩૨] એ શ્રીહરિ સર્વ પ્રાણીઓને પ્રિય છે અને સર્વ પ્રાણીઓના આત્મા છે, તેથી તેમને કોઇ પ્રિય કે અપ્રિય નથી; તેમજ કોઇ પોતાનો કે પારકો પણ નથી.[૩૩] આ મહાભાગ્યશાળી ચિત્રકેતુ એ ભગવાનનો પ્રિય ભક્ત છે અને તેથીજ સર્વત્ર સમાન દૃષ્ટિવાળો અને શાંત છે; તેમજ હું પણ ભગવાનનો પ્રિય ભક્ત છું. (તેથીજ મને તેના પર ક્રોધ થયો નથી.)[૩૪] માટે સર્વત્ર સમાન દૃષ્ટિવાળા અને શાંત એવા ભગવાનના મહાત્મા ભક્ત પુરુષોને વિષે આશ્ચર્ય પામવું એ યોગ્ય નથી.[૩૫]

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજન્! ભગવાન શંકરનું તે ભાષણ સાંભળી દેવી પાર્વતી શાંત બુદ્ધિવાળાં અને વિસ્મયરહિત થયાં.[૩૬] ભગવાનનો ભક્ત ચિત્રકેતુ પાર્વતીને પણ સામેથી શાપ આપવા ઘણો સમર્થ હતો; તોપણ તેણે પાર્વતીના શાપને શિરસા ગ્રહણ કર્યો, એજ સત્પુરુષનું લક્ષણ છે.[૩૭] પછી તે રાજા દાનવયોનિનો આશ્રિત થઇને ત્વષ્ટાથી દક્ષિણાગ્નિમાં ઉત્પન્ન થયો હતો અને વૃત્રાસુર નામથી પ્રખ્યાત થઈ (એ અસુર–જન્મમાં પણ) શાસ્ત્રજ્ઞાન તથા અપરોક્ષ જ્ઞાનથી યુક્ત હતો.[૩૮] આ રીતે વૃત્રાસુર અસુર જાતિનો હતો, છતાં તેને ભગવાનમાં બુદ્ધિ હોવાનું કારણ જે તમે મને પૂછ્યું હતું તે સર્વ મેં તમને કહ્યું છે.[૩૯] મહાત્મા ચિત્રકેતુનો આ પવિત્ર ઇતિહાસ વિષ્ણુભક્તોના માહાત્મ્યરૂપ છે; માટે તેનું શ્રવણ કરીને મનુષ્ય સંસારબંધનથી મુક્ત થાય છે.[૪૦] જે મનુષ્ય પ્રાતઃકાળે ઊઠીને વાણીને નિયમમાં રાખી શ્રદ્ધાથી શ્રીહરિનું સ્મરણ કરીને આ ઇતિહાસનો પાઠ કરે છે, તે પરમગતિને પામે છે.[૪૧]

य एतत् प्रातरुत्थाय श्रद्धया वाग्यतः पठेत् ।
इतिहासं हरिं स्मृत्वा स याति परमां गतिम् ॥४१॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૧૭ મો સમાપ્ત

અધ્યાય ૧૮ મો×

અદિતિના પુત્રોનો વંશ અને દિતિના ગર્ભનો ઇન્દ્રે કરેલો નાશ

॥ श्रीशुक उवाच ॥

पृश्निस्तु पत्नी सवितुः सावित्रीं व्याहृतिं त्रयीम् ।
अग्निहोत्रं पशुं सोमं चातुर्मास्यं महामखान् ॥१॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"હે રાજા! અદિતિના (પાંચમા પુત્ર)+ સવિતા નામના આદિત્યની પત્ની પૃશ્નિએ સાવિત્રીને (એટલે ગાયત્રીના અભિમાની

× અદિતિના ચોથા પુત્ર ત્વષ્ટાનો વંશ કહેવાના પ્રસંગમાં ઇન્દ્રે કરેલો વિશ્વરૂપનો વધ તથા વૃત્રાસુરનો વધ વગેરે કહ્યું; હવે અદિતિના પાંચમા પુત્ર વગેરેના વંશ તથા દિતિના ગર્ભમાં ઇન્દ્રે વાયુઓના ટુકડા કરી નાખ્યા, એ કથા આ અધ્યાયમાં કહેવામાં આવશે.—**શ્રીધર**

+ દક્ષકન્યાના વંશવર્ણનમાં બાર આદિત્યો પ્રથમ કહેવાઇ ગયા છે. જેમકે—

विवस्वानर्यमा पूषा त्वष्टाऽथ सविता भगः ।
धाता विधाता वरुणो मित्रः शक्र उरुक्रमः ॥

વિવસ્વાન, અર્યમા, પૂષા, ત્વષ્ટા, સવિતા, ભગ, ધાતા, વિધાતા, વરુણ, મિત્ર, શક્ર, તથા ઉરુક્રમ, આ બાર આદિત્યોમાંના પહેલા ચારના વંશનું વર્ણન કરી હવે અહીંથી પાંચમાથી માંડી આદિત્યોના વંશનું વર્ણન કરે છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેવને), વ્યાહૃતિને (એટલે 'ભૂર્, ભુવઃ, સ્વર્' એ ત્રણ વ્યાહૃતિના અભિમાની દેવને), ત્રયીને (એટલે ત્રણ વેદના અભિમાની દેવને), અગ્નિહોત્ર, પશુ, સોમ, ચાતુર્માસ્ય (એ સર્વ યાગોના અભિમાની દેવોને) તથા મહામખને (એટલે પાંચ મહાયજ્ઞના અભિમાની દેવોને) ઉત્પન્ન કર્યા.[૧] તેમજ હે રાજા! (અદિતિના છઠ્ઠા પુત્ર) ભગ નામના આદિત્યની સ્ત્રી સિદ્ધિએ મહિમા, વિભુ તથા પ્રભુ નામના ત્રણ પુત્રોને તથા સુંદર નિતંબવાળી અને ઉત્તમ વ્રતવાળી આશિષ્ નામની કન્યાને ઉત્પન્ન કરી.[૨] (અદિતિના સાતમા પુત્ર) ધાતા નામના આદિત્યની સ્ત્રી કુહૂ, સિનીવાલી, રાકા તથા અનુમતિએ અનુક્રમે સાયં, દર્શ, પ્રાતર્ તથા પૂર્ણમાસ નામના (તે તેના અભિમાની દેવ) પુત્રોને ઉત્પન્ન કર્યા.[૩] એ ધાતા પછીના (અદિતિના આઠમા પુત્ર) વિધાતાએ ક્રિયા નામની સ્ત્રીમાં પુરીષ્ય નામના અગ્નિઓને ઉત્પન્ન કર્યા; તેમજ (અદિતિના નવમા પુત્ર) વરુણની ચર્ષણી નામની સ્ત્રી હતી, કે જેમાં ભૃગુ (પ્રથમ જે બ્રહ્માના પુત્ર હતા તે ફરી) પુત્ર તરીકે ઉત્પન્ન થયા હતા.[૪] મહાયોગી વાલ્મીકિ કે જેઓ રાફડામાંથી ઉત્પન્ન થયા હતા, તે પણ વરુણનાજ પુત્ર હતા. વળી મિત્ર નામના આદિત્યે તથા વરુણે ઉર્વશી અપ્સરાની સમીપમાં ઝરી પડેલા પોતાના વીર્યને એક કળશમાં નાખ્યું હતું અને તેમાંથી તે બન્નેના અગસ્ત્ય તથા વસિષ્ઠ નામના બે ઋષિઓ પુત્ર તરીકે ઉત્પન્ન થયા હતા; તેમજ મિત્ર નામના (અદિતિના પુત્ર દશમા) આદિત્યે રેવતી નામની સ્ત્રીમાં ઉત્સર્ગ, અરિષ્ટ તથા પિપ્પલ નામના ત્રણ પુત્રોને ઉત્પન્ન કર્યા હતા.[૫,૬] વળી હે તાત! (અદિતિના અગિયારમા પુત્ર) ભગવાન ઇન્દ્રે, પૌલોમી નામની સ્ત્રીમાં જયંત, ઋષભ તથા ત્રીજો મીઢુષ, એમ ત્રણ પુત્રોને ઉત્પન્ન કર્યા હતા, એમ અમે સાંભળ્યું છે.[૭] અને (અદિતિના બારમા પુત્ર) ઉરુક્રમ નામના આદિત્ય કે જે દેવે માયાથી વામનરૂપ ધારણ કર્યું હતું, તેમણે કીર્તિ નામની પોતાની પત્નીમાં બૃહચ્છ્લોક નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો અને તે બૃહચ્છ્લોકના સૌભગ વગેરે પુત્રો થયા હતા. હે રાજા! મહાત્મા કાશ્યપ ઋષિની અદિતિ નામની સ્ત્રીમાં એ વામન ભગવાને જે રીતે અવતાર લીધો હતો તે અને તેમનાં કર્મો, ગુણો તથા પરાક્રમને પાછળથી (આઠમા સ્કંધમાં) અમે વર્ણવીશું.[૮,૯] હવે કશ્યપથી દિતિ નામની સ્ત્રીમાં જન્મેલા દૈત્યોનું હું તમારી આગળ વર્ણન કરું છું, કે જે દૈત્યોમાં ભગવાનના ભક્ત શ્રીમાન પ્રહ્લાદ તથા બલિરાજા થઈ ગયા છે.[૧૦] દિતિને બેજ પુત્રો થયા હતા; જેઓને દૈત્યો તથા દાનવો વંદન કરતા હતા અને જેઓનાં નામ હિરણ્યકશિપુ તથા હિરણ્યાક્ષ હતાં. તેઓને ત્રીજા સ્કંધમાં વર્ણવ્યા છે.[૧૧] હિરણ્યકશિપુની સ્ત્રી કયાધુ નામે દાનવી હતી; તેણી જંભ દાનવની પુત્રી હતી, અને તે જંભેજ હિરણ્યકશિપુને આપી હતી. તેણીએ હિરણ્યકશિપુથી પ્રથમ સંહ્લાદ, અનુહ્લાદ, હ્લાદ તથા પ્રહ્લાદ નામના ચાર પુત્રો ઉત્પન્ન કર્યા હતા અને તે પુત્રોની બહેન સિંહિકા નામની એક કન્યાને ઉત્પન્ન કરી હતી. એ સિંહિકાને વિપ્રચિત નામના (દાનવ) પતિથી રાહુ નામે પુત્ર થયો હતો.[૧૨,૧૩] જે રાહુ (સૂર્ય તથા ચંદ્રની વચ્ચે ઘૂસી જઇ) અમૃતપાન કરતો હતો તે વખતે શ્રીહરિએ સુદર્શનચક્રથી તેનું મસ્તક છેદી નાખ્યું હતું. સંહ્લાદની કૃતિ નામે સ્ત્રી હતી. તેણીએ પંચજન નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો; તેમજ પ્રહ્લાદની ધમનિ નામે સ્ત્રી હતી. તેણે વાતાપિ તથા ઇલ્વલ નામના પુત્રને ઉત્પન્ન કર્યા હતા; જેમાંના ઇલ્વલે અતિથિ તરીકે આવેલા અગસ્ત્ય ઋષિ માટે પોતાના ભાઈ વાતાપિને બકરો બનાવીને રાંધ્યો હતો. અનુહ્લાદને સૂર્મ્યા નામની સ્ત્રીમાં બાષ્કલ તથા મહિષ નામના બે પુત્રો થયા હતા; દેવી કીર્તિ થકી પ્રહ્લાદનો વિરોચન નામે પુત્ર થયો હતો અને તે વિરોચ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નનો બલિ નામે પુત્ર થયો હતો. બલિરાજાથી અશના નામે સ્ત્રીમાં સો પુત્રો થયા હતા. તેમાં સૌથી મોટા બાણાસુર હતો. એ બલિરાજાનો પ્રભાવ પવિત્ર કીર્તિને યોગ્ય છે. તે હવે પછી (આઠમા સ્કંધમાં) કહેવાશે. બાણાસુરે શંકરનું આરાધન કરીને તેમના ગણોમાં મુખ્યપણું મેળવ્યું હતું અને બાણાસુરની પાસે હજી પણ ભગવાન શંકર તેના નગરના રક્ષક તરીકે રહે છે. વળી ઓગણપચાસ વાયુઓ પણ દિતિના પુત્ર હતા. તેઓ પ્રજારહિત હતા; અને તેઓ સર્વને દેવ બનાવવામાં આવ્યા હતા."૧૪-૧૯

પરીક્ષિત રાજાએ પૂછ્યું:—"હે ગુરુ! ઇન્દ્રે તે વાયુઓનો ઉત્પત્તિસિદ્ધ આસુરી ભાવ દૂર કરીને તેઓને કેવી રીતે દેવ બનાવ્યા અને તેઓએ એવું કયું સત્કર્મ કર્યું હતું? (કે જેથી તેઓને દેવ બનાવ્યા?)૨૦ હે બ્રહ્મન્! મારી સાથે આ ઋષિઓ પણ આ વિષય જાણવા માટે શ્રદ્ધા રાખે છે; તો હે ભગવન્! આપ અમને તે કહેવાને યોગ્ય છો."૨૧

સૂત બોલ્યાઃ—હે શૌનક! પરીક્ષિત રાજાનું તે આદરવાળું, અલ્પ અને અર્થયુક્ત વચન સાંભળી સર્વજ્ઞ વ્યાસપુત્ર શુકદેવજી આનંદપૂર્ણ ચિત્તથી તેનો સત્કાર કરતા આ પ્રમાણે કહેવા લાગ્યા.

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"ઇન્દ્રના પક્ષમાં રહીને તેને સહાય કરનાર વિષ્ણુ ભગવાને જેના પુત્રોને મારી નાખ્યા હતા અને તેથીજ શોકને લીધે સળગી ઊઠેલા ક્રોધથી જ બળતી હતી, એવી દિતિ (એક વખતે) આવો વિચાર કરવા લાગી: 'પોતાના ભાઇઓનો વધ કરનાર, ઇન્દ્રિયોમાં આસક્ત, ક્રૂર અને કઠિન ચિત્તવાળા પાપી ઇન્દ્રનો નાશ કરાવીને હું ક્યારે સુખી થઈ શયન કરીશ? જે પુરુષ 'રાજા' કહેવાયો હોય છે, તેના શરીરની પણ છેવટે 'કીડાઓ, વિષ્ટા કે ભસ્મ' એવીજ સંજ્ઞા થાય છે—અર્થાત્ રાજાનું શરીર પણ છેવટે કીડારૂપ, *વિષ્ટારૂપ કે રાખોડીરૂપ થાય છે; આવા (નાશવંત) શરીર માટે પણ જે પુરુષ પ્રાણીઓનો દ્રોહ કરે છે તે શું પોતાના સ્વાર્થને સમજી શકે છે? નહિજ. કારણ કે પ્રાણીદ્રોહથી તો નરકજ મળે છે.૨૨-૨૫ આ દેહાદિને (નાશવંત હોવા છતાં) નિત્ય તરીકે માનનાર અને તેથીજ જેનું ચિત્ત ઉચ્છૃંખલ બની ગયું છે એવા ઇન્દ્રના મદને સૂકવી નાખનારો કોઇ પુત્ર મને જેને લીધે થાય તેવું કંઇ થવું જોઇએ.'૨૬ આવો વિચાર કરી તે દિતિ નિત્ય પોતાના પતિને પ્રિય થઇ પડે તે રીતે વર્તવા લાગી. હે રાજા! પતિના મનોભાવને જાણનારી તેણે સેવાથી, પ્રેમથી, વિનયથી, ઇન્દ્રિયનિગ્રહથી, પરમ ભક્તિથી, મનોહર સુંદર ભાષણોથી તથા સુંદર હાસ્ય અને કટાક્ષ સાથે જોવાથી પોતાના પતિના મનને વશ કરી લીધું.૨૭ કશ્યપ ઋષિ જો કે વિદ્વાન હતા, તોપણ એ ચતુર સ્ત્રીને લીધે આ પ્રમાણે જડ જેવા બની જઇને અને તેને વશ થઇને તેમણે 'હું તારા મનોરથો અવશ્ય પૂર્ણ કરીશ.' એમ જે કહ્યું હતું તે સ્ત્રીના સંબંધમાં આશ્ચર્ય નથી.૨૮૨૯ પૂર્વે—સૃષ્ટિની પહેલાં સર્વ પ્રાણીઓને કેવળ નિઃસંગ જોઇને (મૈથુનથી સૃષ્ટિની વૃદ્ધિ કરવા માટે) પ્રજાપતિએ પોતાના અર્ધા શરીરને સ્ત્રીરૂપે ઉત્પન્ન કર્યું હતું, જે સ્ત્રીને લીધે પુરુષોની બુદ્ધિ હરાઈ જાય છે.૩૦ હે તાત! ભગવાન કશ્યપ ઋષિની તે સ્ત્રીએ એ પ્રમાણે સેવા કરી, એટલે તે પરમ પ્રસન્ન થયા અને હસીને અભિનંદન આપી દિતિને કહેવા લાગ્યા.૩૧

કશ્યપ બોલ્યાઃ—'હે સુંદર ઊરુવાળી! તું વર માગ; હું તારા પર પ્રસન્ન થયો છું. હે નિર્દોષ સ્ત્રિ! સ્ત્રીના પર પતિ જ્યારે પ્રસન્ન થાય ત્યારે તેને

* ભલેને રાજાનું શરીર હોય, તોપણ (મૃત્યુ પછી) બેત્રણ દિવસ જો તે પડી રહે છે તો કીડારૂપ બની જાય છે; તેને કૂતરાં વગેરે જો ખાઇ જાય છે તો તે વિષ્ટારૂપ બની જાય છે અને જો તેને બાળી નાખવામાં આવે છે તો રાખોડીરૂપ થાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કઈ કામના આ લોકમાં કે પરલોકમાં નથી મળતી ? સર્વ કામના મળે છે. પતિ એજ સ્ત્રીઓનો પરમ દેવ છે, એમ શાસ્ત્રોમાં કહ્યું છે અને પતિ (સ્ત્રીઓ માટે) સર્વ પ્રાણીઓના મનમાં રહેનાર લક્ષ્મીપતિ વાસુદેવરૂપજ ગણાય છે.[૩૨-૩૩] તેજ ભગવાનને પુરુષો, નામ–રૂપથી કલ્પેલી દેવોની મૂર્તિઓથી પૂજે છે અને સ્ત્રીઓ પતિના રૂપને ધારણ કરનાર તે પ્રભુની પૂજા કરે છે..માટે હે સુમધ્યમે ! કલ્યાણને ઇચ્છતી પતિવ્રતા સ્ત્રીઓ પોતાના આત્મા અને ઈશ્વરરૂપ પતિની અનન્યભાવે પૂજા કરે છે. હે ભદ્રે ! તેં આવા ભાવથી ભક્તિપૂર્વક મારી સેવા કરી છે; જેથી હું અસતી સ્ત્રીઓને દુર્લભ એવી તારી કામનાઓ પૂર્ણ કરૂં છું.'[૩૪-૩૬]

દિતિ બોલીઃ–'હે બ્રહ્મન્ ! જો આપ મને વર આપનારા થયા છો, તો મરણ પામેલા પુત્રોવાળી હું માગું છું કે, જેણે મારા બન્ને પુત્રોના ઘાત કરાવ્યો છે તે ઇન્દ્રનો વધ કરનારો અમર પુત્ર મને પ્રાપ્ત થાઓ.'[૩૭] તે વચન સાંભળીને બ્રાહ્મણ કશ્યપ મનમાં ઉદાસ થઈ ગયા અને સંતાપ કરવા લાગ્યા કે, 'અહો ! આજ અતિ મહાન અધર્મ ઉપસ્થિત થયો છે. અહો ! ઇન્દ્રિયોમાં રમણ કરનારા મારા મનને સ્ત્રીરૂપી માયાએ વશ કરી લીધું છે, જેથી હું નીચ, નક્કી નરકમાં પડીશ. આ વિષયમાં પોતાના સ્વભાવને અનુસરતી આ સ્ત્રીનો શો અપરાધ છે ? મને પોતાનેજ ધિક્કાર છે કે જે હું અજિતેન્દ્રિય થઈ પડ્યો અને અત્યંત ખેદની વાત છે કે, મારો સ્વાર્થ સાધવામાં મૂર્ખ બન્યો. સ્ત્રીઓનું મુખ શરદ્‌ઋતુના કમળની પેઠે પ્રફુલ્લ હોય છે અને વચન કાનને અમૃત જેવું લાગે છે; પણ તેનું હૃદય સજાયાની ધાર જેવું (તીક્ષ્ણ) હોય છે; માટે સ્ત્રીઓના ચરિત્રને કોણ જાણી શકે છે ?[૩૮-૪૧] પોતાના સ્વાર્થની કામનાને લીધે આત્મા સમાન પ્રિય જણાતી સ્ત્રીઓને કોઈ પુરુષ વસ્તુતઃ પ્રિય હોતો નથી. તેઓ તો સ્વાર્થને માટે પતિ, પુત્ર કે ભાઇનો પણ નાશ કરે છે કે નાશ કરાવે છે.[૪૨] 'હું તને આપીશ' એવી મેં પ્રતિજ્ઞા કરી છે; માટે મારું તે વચન મિથ્યા ન થવું જોઇએ અને ઇન્દ્ર પણ વધને યોગ્ય નથી; તો તે સંબંધે આમ કરવું યોગ્ય છે.'* હે કુરુવંશી રાજા ! આવો વિચાર કરીને ભગવાન કશ્યપ કંઇક કુપિત થઇને પોતાના આત્માની નિંદા કરતા (દિતિને) આ પ્રમાણે કહેવા લાગ્યા.[૪૩-૪૪]

કશ્યપ બોલ્યાઃ–'હે કલ્યાણિ ! એક વર્ષ સુધી આ વ્રત જો તું બરાબર ધારણ કરીશ, તો ઇન્દ્રનો વધ કરનાર પુત્ર તને થશે; પણ વ્રતમાં કોઈ જાતની ન્યૂનતા આવશે તો એજ તારો પુત્ર દેવોનો બાંધવ થશે.'[૪૫]

દિતિ બોલીઃ–'હે બ્રહ્મન્ ! એ વ્રત હું બરાબર ધારણ કરીશ; પણ તેમાં જે જે મારે અવશ્ય કરવા યોગ્ય હોય, ન કરવા યોગ્ય હોઇને નિષિદ્ધ હોય અને જે જે વ્રતનો નાશ ન કરે તેવાં હોય તે તે કર્મો આપ મને કહો.'[૪૬]

કશ્યપ બોલ્યાઃ–'કોઇ પણ પ્રાણીની હિંસા કરવી નહિ; કોઇને ગાળો દેવી નહિ કે કોઇની નિંદા કરવી નહિ; અસત્ય બોલવું નહિ; નખ કે વાળ કાપવા નહિ; જે વસ્તુ અમંગળ હોય તેનો સ્પર્શ કરવો નહિ; જળમાં પ્રવેશ કરીને સ્નાન કરવું નહિ; કોઇના પર ક્રોધ કરવો નહિ; દુર્જનો સાથે વાતચીત કરવી નહિ; ધોયા વિનાનાં વસ્ત્ર પહેરવાં નહિ; પહેલાં ધારણ કરેલી ફૂલની માળા ફરી ધારણ કરવી નહિ; કોઇનું એઠું ખાવું નહિ; ભદ્રકાલી દેવીને ધરેલું કે કીડીઓ વગેરેથી દૂષિત થયેલું અન્ન જમવું નહિ; માંસવાળું ભોજન જમવું નહિ; રજસ્વલા સ્ત્રીએ જોયેલું ખાવું નહિ અને ખોબે પાણી પીવું નહિ.[૪૭-૪૯] વળી એઠે

* અર્થાત્ 'હું અદિતિને વૈષ્ણવ વ્રતનો ઉપદેશ કરું, કે જેથી તેનું ચિત્ત શુદ્ધ થઈ જશે અને તેને લીધે ઇન્દ્ર પ્રત્યેનો તેનો ક્રોધ દૂર થશે. વળી તેનો પુત્ર પણ અમર થશે અને લાંબા કાળનું વ્રત હોવાથી વ્રતમાં કોઈ જાતની ન્યૂનતા પણ આવીજ જશે, એટલે ઇન્દ્રનો વધ પણ નહિ થાય' આવો કશ્યપે મનમાં વિચાર કર્યો.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મોઢે, હાથ–પગ ધોયા વિના, સંધ્યાકાળે, છૂટા કેશે, વસ્ત્રાલંકારના શણગાર કર્યા વિના અને વાણીને નિયમમાં રાખ્યા વિના બહાર જવું નહિ; તેમજ ઓઢ્યા વિના બહાર જવું નહિ.[૫૦] વળી પગ ધોયા વિના, અપવિત્ર થઇને અને ભીના પગે સૂવું નહિ; તેમજ ઉત્તર તરફ મસ્તક રાખીને, પશ્ચિમ તરફ મસ્તક રાખીને કે કોઇ બીજાની સાથે સૂવું નહિ; નગ્ન સૂવું નહિ અને બન્ને સંધ્યાસમયે પણ સૂવું નહિ.[૫૧] નિત્ય સવારે ભોજન કર્યા પહેલાં સ્નાનાદિથી પવિત્ર થઇ ધોયેલાં વસ્ત્ર પહેરી સર્વ મંગળ વસ્તુઓ સાથે લઇ ગાયોનું, બ્રાહ્મણોનું લક્ષ્મીદેવીનું તથા વિષ્ણુ ભગવાનનું પૂજન કરવું.[૫૨] જેઓના પતિ જીવતા હોય–તેવી સુવાસિની સ્ત્રીઓની પુષ્પની માળા, ચંદન, નૈવેદ્ય તથા અલંકારોથી પૂજા કરવી અને પછી પોતાના પતિની પૂજા કરી તેની સ્તુતિ કરવી અને પોતાના ઉદરના કોઠામાં પોતાના પતિ રહ્યા હોય તેવું ધ્યાન કરવું.[૫૩] આ વ્રત એક વર્ષનું છે અને પુત્રને આપનારું છે, જો બરાબર અખંડ રીતે તું ધારણ કરીશ, તો તને ઇન્દ્રનો વધ કરનાર પુત્ર થશે.'[૫૪]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"હે રાજન્! 'બહુ સારું' એમ સ્વીકારી લઈ મોટા મનવાળી દિતિએ કશ્યપઋષિથી ગર્ભ ધારણ કર્યો અને બરાબર રીતે વ્રત પણ ધારણ કર્યું.[૫૫] હે માન આપનાર રાજા! પોતાની માતાની બહેનના એ અભિપ્રાયને જાણી લઇને વિદ્વાન ઇન્દ્ર આશ્રમમાં રહેલી દિતિની સેવા કરીને તેની યોગ્ય સંભાળ રાખવા લાગ્યો.[૫૬] તે ઇન્દ્ર નિત્ય વનમાંથી પુષ્પો, ફળો, મૂળો, સમિધો, દર્ભો, પાંદડાં, અંકુરો, માટી તથા જળ સમયે સમયે લાવી આપવા લાગ્યો. હે રાજા! એ પ્રમાણે જેમ મૃગને હણવા ઇચ્છતો પારધિ (મૃગને ઠગવા માટે) મૃગના જેવા વેષવાળો બની જાય, તેમ કુટિલ ઇન્દ્ર વ્રતમાં રહેલી તે દિતિના વ્રતનું છિદ્ર મેળવવા ઇચ્છતો (વ્રતમાં કોઇ ભૂલ જોવા ઇચ્છતો) તેની સેવા કરવા લાગ્યો. પણ હે રાજા! બરાબર તત્પર રહેવા છતાં ઇન્દ્રે વ્રતમાં કંઇ છિદ્ર જોયું નહિ, જેથી ઇન્દ્ર મોટી ચિંતામાં પડી ગયો કે 'આમાં મારું કલ્યાણ કેવી રીતે થશે?' તેવામાં એક સમયે સંધ્યાકાળે દૈવથી મોહિત થયેલી અને વ્રતથી કૃશ થયેલી દિતિ જળનું આચમન કર્યા વિના અને પગ ધોયા વિના ઉચ્છિષ્ટ અવસ્થામાંજ સૂઇ ગઇ; ત્યારે તે અવસર મેળવીને યોગેશ્વર ઇન્દ્ર નિદ્રાથી હરાયલા મનવાળી દિતિના ઉદરમાં યોગમાયાથી પેસી ગયો.[૫૭–૬૧] તેણે પોતાના વજ્ર વડે સુવર્ણના સરખી કાંતિવાળા ગર્ભના સાત ટુકડા કરી નાખ્યા અને રડતા એવા તે સાત ટુકડારૂપ થયેલા ગર્ભના ફરી 'તું રડ મા' એમ કહીને એક એકના સાત સાત ટુકડા કરી નાખ્યા.[૬૨] હે રાજા! એ પ્રમાણે ઇન્દ્રથી કાપી નખાતા તે સર્વ ટુકડાઓ બે હાથ જોડીને ઇન્દ્રને કહેવા લાગ્યાઃ 'હે ઇન્દ્ર! તું અમને શા માટે મારી નાખવા ઇચ્છે છે? અમે તારા ભાઇઓ મરુત (વાયુ) છીએ.'[૬૩] તે સાંભળીને ઇન્દ્ર અન્યના ઉપર ભાવ ન રાખનારા પોતાના પાર્ષદ તે મરુદ્‌ગણોને કહેવા લાગ્યોઃ 'તમે ડરો મા; તમે મારા ભાઇઓ છો.'[૬૪] એ રીતે દિતિના ગર્ભના વજ્રથી અનેક ટુકડા કરવામાં આવ્યા હતા છતાં, લક્ષ્મીનિવાસ–શ્રીભગવાનની કૃપાથી જેમ અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી તમે મરણ પામ્યા ન હતા, તેમ તે મરણ પામ્યો ન હતો.[૬૫] કારણ કે મનુષ્ય એક વાર પણ આદિપુરુષનું પૂજન કરી તેમની સમાનતાને પ્રાપ્ત કરે છે; તો પછી દિતિએ ઓછામાં ઓછી એક વર્ષ સુધી શ્રીહરિની પૂજા કરી હતી; (તો તેનો ગર્ભ કેમ નાશ પામે?)[૬૬] તેઓ ઓગણપચાસે વાયુઓ ઇન્દ્ર સાથે કુલ પચાસ દેવો થયા અને ઇન્દ્રે પણ તેઓને તેમની માતાનો દોષ દૂર કરી સોમરસનું પાન કરનારા કર્યા.[૬૭] દિતિએ ઊઠીને જોયું તો અગ્નિસમાન તેજસ્વી તે કુમારોને ઇન્દ્રની સાથે રહેલા જોયા; તેઓને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જોઇને તે નિર્દોષ દેવી સંતોષ પામી.[૬૯] તે પછી તેણે ઇન્દ્રને પૂછ્યું કે, 'હે તાત! હું અદિતિના પુત્રોને (તમને) ભય ઉપજાવનારા પુત્રને ઇચ્છતી આ અતિદુષ્કર વ્રત કરતી હતી. મેં એકજ પુત્રનો સંકલ્પ કર્યો હતો, છતાં ઓગણપચાસ પુત્રો કેમ થયા? હે પુત્ર! આ તારા જાણવામાં હોય તો સત્ય કહે, જૂઠું બોલીશ નહિ.'[૬૯-૭૦]

ઇન્દ્ર બોલ્યો-'હે માતા! હું તમારો નિશ્ચય જાણીને તમારી પાસે આવ્યો હતો અને ધર્મને નહિ જાણનારા સ્વાર્થબુદ્ધિવાળા મેં તમારા વ્રતમાં ભૂલ જોઇ સમય સાધીને ગર્ભના ટુકડા કરી નાખ્યા હતા.[૭૧] પ્રથમ તો ગર્ભના મેં સાત ટુકડા કર્યા હતા, જેમાંથી સાત કુમારો થયા હતા; પછીથી તે પ્રત્યેકના મેં સાતસાત ટુકડાઓ કરી નાખ્યા, છતાં તેઓ મરણ પામ્યા નહિ. (પણ ઓગણપચાસ કુમારો થયા.)[૭૨] તે પછી એ પરમ આશ્ચર્ય જોઇને મેં નિશ્ચય કર્યો કે, મહાપુરુષની પૂજાનીજ આ કોઈક પ્રાસંગિક સિદ્ધિ છે. (અલ્પજ ફળ છે; મહાફળ મળવું તો હજી બાકી હશે.)[૭૩] જેઓ કોઇ પણ જાતના ફળની ઇચ્છા નહિ રાખતાં ભગવાનનું આરાધન કરવા ઇચ્છે છે, તેઓ મોક્ષને પણ ઇચ્છતા નથી; જેથી તેઓનેજ (ખરા) સ્વાર્થકુશળ કહ્યા છે.[૭૪] સ્વસ્વરૂપને અર્પણ કરી દેનારા પોતાના આત્મારૂપ જગદીશ્વરનું આરાધન કરીને કયો વિદ્વાન મનુષ્ય વિષયસુખને માગે છે? કારણ કે વિષયસુખ તો નરકમાં પણ હોય છે.[૭૫] હે મહાપૂજ્ય માતા! તમે, હું મૂર્ખની આ દુર્જનતા ક્ષમા કરવાને યોગ્ય છો. તમારો આ ગર્ભ મરણ પામીને જે સજીવન થયો છે, તે બહુ સારું થયું છે.'[૭૬]

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"પછી પ્રસન્ન થયેલી તે દિતિએ શુદ્ધ ભાવથી જવાની રજા આપી, એટલે પ્રભુ ઇન્દ્ર તે મરુદ્‌ગણોની સાથે તેને નમસ્કાર કરી સ્વર્ગમાં ગયો.[૭૭] એ પ્રમાણે તમે મને જે પૂછ્યું હતું, તે સર્વ મેં કહ્યું અને મરુદ્‌ગણોનો મંગળકારક જન્મ પણ તમને કહ્યો. હવે ફરી હું તમને શું કહું?"[૭૮]

एवं ते सर्वमाख्यातं यन्मां त्वं परिपृच्छसि।
मंगलं मरुतां जन्म किं भूय कथयामि ते ॥७८॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૧૮ મો સમાપ્ત

અધ્યાય ૧૯ મો×

પુત્ર આપનાર પૂર્વોક્ત વ્રતનો વિધિ

॥ राजोवाच ॥

व्रतं पुंसवनं ब्रह्मन् भवता यदुदीरितम्।
तस्य वेदितुमिच्छामि येन विष्णुः प्रसीदति ॥१॥

પરીક્ષિત રાજાએ પૂછ્યુંઃ-"હે બ્રહ્મન્! પુત્રને આપનારું જે વ્રત આપે કહ્યું તેનો વિધિ જાણવા હું ઇચ્છું છું. કારણ કે તે વ્રતથી વિષ્ણુ ભગવાન પ્રસન્ન થાય છે."[૧]

શ્રીશુકદેવજી બોલ્યાઃ-"માર્ગશીર્ષ માસના શુક્લ પક્ષમાં પડવાને દિવસે સ્ત્રી પોતાના પતિની આજ્ઞાથી સર્વ કામનાઓને આપનારા આ વ્રતનો આરંભ કરે.[૨] (વ્રતના આરંભની પૂર્વે) મરુદ્‌ગણોના જન્મવૃત્તાંતનું શ્રવણ કરી, બ્રાહ્મણોને પૂછીને વ્રતનો આરંભ કરવો. (વ્રત કરનારી સ્ત્રીએ નિત્ય પ્રાતઃકાળમાં પ્રથમ) દાંત સાફ કરી, દાતણ કરી (દિશા-જંગલ જઇ આવીને) સ્નાન કરી (ધોયેલાં) ધોળાં બે વસ્ત્રો પહેરવાં ને પછી સર્વ શણગાર ધારણ કરી પ્રાતઃકાળના ભોજનની પહેલાં ભગવાન વિષ્ણુનું લક્ષ્મીજી સાથે પૂજન કરવું.[૩] (પૂજા કર્યા પછી આવી રીતે નમસ્કાર કરવા-)હે પૂર્ણ કામનાવાળા પરમેશ્વર! જેમને કોઇ પણ જાતની ઇચ્છા નથી, એવા આપને સર્વ કંઈ સંપૂર્ણજ છે-બીજી કોઇ પણ વસ્તુનું પ્રયોજન નથી; માટે આપને કેવળ નમસ્કાર

× આ અધ્યાયમા કશ્યપે શ્રીહરિને પ્રસન્ન કરનારું જે વ્રત દિતિને કહ્યું હતું, તેનું લોકના હિત માટે વિવરણ કરવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હો. આપ મહાવિભૂતિ-લક્ષ્મીદેવીના પતિ છો અને સમગ્ર અણિમાદિ સિદ્ધિઓ આપને વિષે રહેલી છે; તે આપને નમસ્કાર થાઓ.[૪] હે ઈશ્વર! કૃપાથી, સર્વ સમૃદ્ધિથી, તેજથી, મહિમાથી, પરાક્રમથી તથા સર્વ ગુણોથી સેવાયલા છો, તેથી આપ ભગવાન છો અને પ્રભુ છો.[૫] (એવી રીતે વિષ્ણુ ભગવાનને નમસ્કાર કરી લક્ષ્મીજીને આવી રીતે નમસ્કાર કરવા–) 'હે વિષ્ણુનાં પત્નિ! હે મહામાયા! હે મહાપુરુષનાં લક્ષણોવાળાં! હે મહાભાગ્યશાળી! હે લોકોની માતા! આપ મારા પર પ્રસન્ન થાઓ. આપને મારા નમસ્કાર હો.' (વિષ્ણુની પૂજા કરતી વેળા આ મંત્ર ભણવો–) '**ॐ नमो भगवते महापुरुषाय महानुभावाय महाविभूतिपतये सह महाविभूतिभिर्बलिमुपहराणीति**—ॐ મહાપ્રભાવશાળી અને મહાવિભૂતિઓના પતિ મહાપુરુષ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. મહાવિભૂતિઓ સહિત આપને હું બલિદાન અર્પણ કરૂં છું.' આ મંત્રથી દરરોજ વિષ્ણુ ભગવાનને આવાહન, અર્ઘ્ય, પાદ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, જનોઇ, અલંકાર, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ તથા નૈવેદ્ય આદિ પૂજોપચાર સાવધાન થઇને અર્પણ કરવા,[૬।૭] તે પછી વિષ્ણુભગવાનને અર્પણ કરેલા બલિદાનમાંથી જે બાકી વધ્યું હોય તેમાંથી અગ્નિમાં બાર આહુતિઓ આપવી. (અને તે વેળા આ મંત્ર ભણવો–) '**ॐनमो भगवते महापुरुषाय महाविभूतिपतये स्वाहा**–મહાવિભૂતિઓના પતિ ભગવાનને મારા નમસ્કાર થાઓ અને બલિદાન અર્પણ થાઓ.'[૮] જો મનુષ્યને સર્વ સંપત્તિઓની ઇચ્છા હોય, તો સર્વ કામનાઓનાં ઉત્પત્તિસ્થાનરૂપ એવાં અને વર આપનારાં લક્ષ્મી તથા વિષ્ણુ ભગવાન બન્નેનું ભક્તિપૂર્વક સારી રીતે પૂજન કરવું.[૯] પછી ભક્તિથી નમ્ર ચિત્ત વડે ભૂમિ પર દંડવત્ પ્રણામ કરવા; દશ વાર મંત્રનો જપ કરવો અને આ પ્રમાણે સ્તોત્ર બોલવું:[૧૦]

'युवां तु विश्वस्य विभू जगतः कारणं परम् ।
इयं हि प्रकृतिः सूक्ष्मा मायाशक्तिर्दुरत्यया ॥
तस्या अधीश्वरः साक्षात् त्वमेव पुरुषः परः ।
त्वं सर्वयज्ञ इज्येयं क्रियेयं फलभुग् भवान् ॥
गुणव्यक्तिरियं देवी व्यञ्जको गुणभुग् भवान्
त्वं हि सर्वशरीर्यात्मा श्रीः शरीरेन्द्रियाशया ।
नामरूपे भगवती प्रत्ययस्त्वमपाश्रयः ॥१३॥
यथा युवां त्रिलोकस्य वरदौ परमेष्ठिनौ ।
तथा म उत्तमश्लोक सन्तु सत्या महाशिषः ॥

આપ બન્ને (લક્ષ્મી–નારાયણ) વિશ્વના સ્વામી અને જગતનાં પરમકારણ છો. તેમાં આ લક્ષ્મીજી સૂક્ષ્મ પ્રકૃતિરૂપ છે અને દુઃખથી દૂર કરી શકાય તેવી માયાશક્તિ છે.[૧૧] આવી આ માયાશક્તિના અધીશ્વર સાક્ષાત્ પરમપુરુષ આપજ છો. આપ સર્વ યજ્ઞરૂપ છો અને તે તે યજ્ઞોને સિદ્ધ કરનાર પુરુષોનો વ્યાપાર (ભાવના) તે આ લક્ષ્મીજી છે; તેમજ આ લક્ષ્મીજી લૌકિક ક્રિયારૂપ છે અને આપ ફળના ભોક્તા છો. વળી આ લક્ષ્મીજી ગુણોની વ્યક્તિરૂપ છે, ગુણોની સામ્યાવસ્થા છે અને આપ ગુણોના પ્રકાશક તથા ભોક્તા છો; વળી આપ સર્વ જીવોના આત્મા છો અને આ લક્ષ્મીજી શરીર, ઇન્દ્રિયો તથા અંતઃકરણરૂપ છે; તેમજ આ ભગવતી લક્ષ્મીજી સર્વ પદાર્થોનાં નામ તથા રૂપમય છે અને આપ નામ તથા રૂપના પ્રકાશક તથા આધારરૂપ છો.[૧૨।૧૩] હે ઉત્તમ કીર્તિવાળા ભગવન્! જો આપ બન્ને ત્રણે લોકને વર આપનારાં છો અને સર્વનાં પરમેશ્વર છો, તો મારા મહાન મનોરથો સફળ થાઓ.'[૧૪]

"એ પ્રમાણે વર આપનારા લક્ષ્મીનિવાસ ભગવાનની લક્ષ્મીજી સાથે સ્તુતિ કરીને નૈવેદ્ય–નિર્માલ્ય આદિ તેમની આગળથી ખસેડી લઇ આચમન આપી ફરી પૂજા કરવી; અને ભક્તિથી નમ્ર ચિત્તે સ્તોત્રથી સ્તુતિ કરવી. તે પછી યજ્ઞહોમ કરતાં બાકી રહેલા દ્રવ્યને સૂંઘીને ફરી શ્રીહરિનું પૂજન કરવું.[૧૫।૧૬] વ્રત કરનારી સ્ત્રીએ પરમ ભક્તિથી અને મહાપુરુષ–ભગવાનની બુદ્ધિથી તે તે અને–

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ક પ્રિય વચનો વડે પોતાના પતિની સેવા કરવી અને પતિએ પોતે પણ પ્રેમાળ થઇને પત્નીનાં નાનાંમોટાં સર્વ કર્મોને પુષ્ટિ આપવી-તેને અનુકૂળ થઇ રહેવું; કારણ કે પતિ કે પત્ની એ બેમાંથી કોઇએ પણ કંઇ કર્મ કર્યું હોય છે, તો તેનું ફળ તે બન્ને જણને મળે છે. જો કદાચ પત્ની આ વ્રત કરવાને (રજસ્વલા વગેરે કોઇ કારણથી) અયોગ્ય હોય, તો સાવધાન થઇને પતિએ આ વ્રત કરવું. વિષ્ણુનું આ વ્રત ધારણ કરતા પુરુષે વચ્ચે કોઇ પણ દિવસે વ્રતનો ભંગ કરવો નહિ; અને વ્રતનિયમ ધારણ કરનારાએ દરરોજ બ્રાહ્મણોની, સુવાસિની સ્ત્રીઓની તથા ભગવાનની પુષ્પોની માળા, ચંદન, નૈવેદ્ય તથા વસ્ત્રાલંકારોથી ભક્તિપૂર્વક પૂજા કરવી અને પૂજા કર્યા પછી ભગવાનને તેમના પોતાના સ્થાનમાં (કબાટ વગેરેમાં) પધરાવીને તેમને ધરેલા નૈવેદ્યનું આત્માની વિશુદ્ધિ માટે તથા સર્વ કામનાઓની સિદ્ધિ માટે વ્રત કરનારે ભોજન કરવું.[૧૭-૨૦] આવી રીતે પૂજાવિધિથી બરાબર બાર+ મહિનાવાળું એક વર્ષ (વ્રતમાં) ગાળીને સાધ્વી સ્ત્રીએ કાર્તિક માસના છેલ્લા દિવસે ઉપવાસ કરવો.[૨૧] પછી બીજા દિવસે (એટલે માર્ગશીર્ષ સુદિ પડવાના દિવસે) પ્રભાતમાં પતિએ (સવારનાં કર્મો કરીને) આચમન કરી પૂર્વવત્ શ્રીકૃષ્ણની પૂજા કરીને પાકયજ્ઞના વિધાનપૂર્વક (પાર્વણ સ્થાલીપાક વિધિથી) દૂધમાં રાંધેલા ચરુથી ઘી સાથે અગ્નિમાં બારજ આહુતિઓ આપવી. તે પછી પ્રસન્ન થયેલા બ્રાહ્મણોએ આપેલા આશીર્વાદોને શિરસા ગ્રહણ કરી ભક્તિપૂર્વક તેઓને (બ્રાહ્મણોને) મસ્તકથી પ્રણામ કરી તેમની અનુજ્ઞા લઇ ભોજન કરવું;[૨૨।૨૩] તેમજ આચાર્યને આગળ કરી વાણીને નિયમમાં રાખી પોતાના બંધુઓ સાથે ઉત્તમ પ્રજા આપનાર તથા શ્રેષ્ઠ સૌભાગ્ય દેનાર તે ચરુનો શેષ ભાગ પોતાની પત્નીને આપવો.[૨૪] હરકોઈ પુરુષ આ વ્રતને વિધિ પ્રમાણે કરીને શ્રીભગવાન પાસેથી ઇચ્છિત અર્થ સંપાદન કરે છે; તેમજ હરકોઈ સ્ત્રી આ વ્રત કરીને સૌભાગ્ય, લક્ષ્મી, પ્રજા, લાંબા આયુષવાળા પતિને, યશને તથા ઘરને પ્રાપ્ત કરે છે;[૨૫] કોઇ કન્યા જો આ વ્રત કરે તો સમગ્ર લક્ષણોવાળા વરને મેળવે છે; કોઈ વિધવા સ્ત્રી આ વ્રત કરે, તો પાપરહિત થઇને સદ્ગતિને પામે છે; જેનાં છોકરાં જીવતાં ન હોય એવી સ્ત્રી જો આ વ્રત કરે તો તેનાં છોકરાં જીવે છે; નિર્ધન સ્ત્રી જો આ વ્રત કરે, તો ધનવાળી થાય છે અને ધનની માલિક હોવા છતાં જે સ્ત્રી અત્યંત દુર્ભાગિની હોય, તે (આ વ્રતથી) ઉત્તમ ભાગ્યવાળી થાય છે અને કુરૂપા સ્ત્રી આ વ્રત કરીને ઉત્તમ રૂપને પામે છે.[૨૬] તેમજ કોઇ રોગી મનુષ્ય જો આ વ્રત કરે, તો મોટા રોગથી મુક્ત થાય છે અને ઇન્દ્રિયો સહિત સમર્થ દેહને પામે છે. વળી કોઈ પણ મનુષ્ય હરકોઇ શુભ કર્મના પ્રસંગે જો આનો પાઠ કરે, તો પિતૃઓને તથા દેવોને અનંત તૃપ્તિ થાય છે અને હોમ થઈ રહ્યા પછી પ્રસન્ન થયેલા અગ્નિદેવ, લક્ષ્મીજી તથા શ્રીહરિ સમસ્ત કામનાઓને અર્પણ કરે છે. હે રાજન્! એ રીતે મરુદ્ગણોનો પવિત્ર જન્મ તથા દિતિનું એ મહાન વ્રત મેં તમને કહ્યું." ૨૭।૨૮

तुष्टाः प्रयच्छंति समस्तकामान् होमावसाने हुतभुक् श्रीर्हरिश्च । राजन्महन्मरुतां जन्म पुण्यं दितेर्व्रतं चाभिहितं महत्ते ॥ २८ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં ષષ્ઠ સ્કંધ વિષે અધ્યાય ૧૯ મો સમાપ્ત

षष्ठ स्कंध समाप्त

+ અર્થાત્ જે વર્ષમાં અધિક માસ હોય તે વર્ષ આવ્રતમાં ન લેવું. —मा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ॐ

श्रीमद्भागवत-सप्तम स्कंध*

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

अध्याय १ लो×

બ્રાહ્મણના શાપથી હિરણ્યકશિપુને પોતાના પુત્ર સાથે વિરોધ

॥ राजोवाच ॥

समःप्रियःसुहृद् ब्रह्मन् भूतानां भगवान् स्वयं। इंद्रस्यार्थे कथं दैत्यानवधीद्विषमो यथा॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું:-"હે બ્રહ્મન્! ભગવાન પોતે સર્વ પ્રાણીઓને સમાન, પ્રિય

---

* હવે આ સપ્તમ સ્કંધમાં પંદર અધ્યાયથી ઊતિનું વર્ણન કરવામાં આવે છે. ઊતિ એટલે તે તે કર્મોને અનુસરનારી વાસના. આ વાસના બે પ્રકારની હોય છે. એક અશુભ અને બીજી શુભ. તેમાંની અશુભ વાસના મહાન પુરુષોના કોપથી થાય છે અને શુભ વાસના મહાન પુરુષોના અનુગ્રહથી થાય છે. જેમકે-શ્રીહરિના મુખ્ય દ્વારપાલ જય તથા વિજય વૈકુંઠમાં વસતા હતા, છતાં પણ સનત્કુમારોના ક્રોધથી શાપ થતાં તેમને વિષ્ણુ ઉપર દ્વેષ આદિ અશુભ વાસના થઇ હતી અને જેમ પ્રહ્લાદ દૈત્યગર્ભમાં આવ્યા હતા, છતાં તેમના પર નારદજીની કૃપા થવાથી તેમને વિષ્ણુ ભગવાન પર ઉત્તમ ભક્તિરૂપ શુભ વાસના થઈ હતી. વિષ્ણુ ભગવાન પોતાનો ભક્ત પોતાનો દ્વેષ કરતો હોય, તોપણ તેની રક્ષા કરે છે; તે પ્રમાણે તે ભગવાને પોતાના પાર્ષદો જય તથા વિજયનો તેઓના ત્રીજા જન્મમાં (શાપથી છુટકારો કરી) પાછા તેઓને પોતાના તરીકે સ્વીકારી લીધા હતા. માટે વિદ્વાન મનુષ્યે મહાન પુરુષોનો અનુગ્રહ સંપાદન કરવા યત્ન કરવો જોઇએ: એમ દર્શાવવાં માટે આ સપ્તમ સ્કંધમાં ઊતિઓનું લક્ષણ કહેવામાં આવે છે. તેમાં પ્રથમ દશ અધ્યાયોથી દૈત્ય અને તેના પુત્રની બુદ્ધિમાં ભેદ હોવાથી એકના પર મહાન પુરુષોનો કોપ થાય છે; ત્યારે બીજા પર મહાન પુરુષોની કૃપા થાય છે, તેથી બન્નેની વાસનામાં ભેદ પડે છે. શુદ્ધ ચિત્તવાળા પુરુષને કર્મો વડે સારી વાસના થાય છે; માટે બાકીના પાંચ અધ્યાયોમાં ધર્મનિર્ણય કર્યો છે. —શ્રીધર

× આ પહેલા અધ્યાયમાં હિરણ્યકશિપુને વિષ્ણુના ભક્ત પોતાના પુત્ર ઉપર બ્રાહ્મણના શાપને લીધે વિરોધ થાય છે, તે વર્ણવવામાં આવશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તથા મિત્ર છે; છતાં તેમણે પોતે જાણે વિષમ બુદ્ધિવાળા હોય તેમ ઇન્દ્રને માટે દૈત્યનો વધ કેમ કર્યો?[1] ભગવાનનું સ્વરૂપ કેવળ પરમાનંદસ્વરૂપ છે; તથા ગુણરહિત છે, જેથી તેમને દેવગણો સાથે કંઈ પ્રયોજન નથી–એટલે તેમને દેવગણો ઉપર રાગ ન હોવો જોઇએ, તેમ અસુરોથી ભય નથી, તેથી તેમને તેઓના પર કંઇ દ્વેષ ન હોવો જોઈએ.[2] હે મહાભાગ્યશાળી શુકદેવજી! એ પ્રમાણે અમને શ્રીનારાયણના ગુણો પ્રત્યે ઘણો મોટો સંશય થયો છે; તેને દૂર કરવાને આપ યોગ્ય છો."[3]

શ્રીશુકદેવજી બોલ્યા:–"હે મહારાજ! તમે શ્રીહરિનું અદ્‌ભુત ચરિત્ર ઠીક પૂછ્યું, કે જેમાં ભગવાનના ભક્ત–પ્રહ્‌લાદનું માહાત્મ્ય રહેલું છે અને જે ભગવાનમાં ભક્તિને વધારનારૂં છે, તે પરમ પવિત્ર ચરિત્રને નારદાદિ ઋષિઓ પણ ગાયા કરે છે. મુનિ વ્યાસદેવને નમસ્કાર કરી શ્રીહરિની કથા હવે હું કહું છું.[4-5] * (જે દુર્મતિ મનુષ્ય જિહ્‌વા મેળવીને પણ કીર્તન કરવા યોગ્ય એવા વિષ્ણુ ભગવાનનું કીર્તન કરતો નથી, તે મનુષ્ય મોક્ષની નિસરણી મેળવીને પણ તેના ઉપર ચડતો નથી.[1] માટે આનંદરસથી સુંદર એવા શ્રીગોવિંદના માહાત્મ્યનું જે પુરુષ નિત્ય શ્રવણ-કીર્તન કરે છે, તે કૃતાર્થ થાય છે, એમાં સંશય નથી.[2] માટે હે બુદ્ધિમાન મહારાજ! મહાન પુણ્ય આપનારી શ્રીગોવિંદના ચરિત્રથી યુક્ત કથાને તમે સાંભળો.[3]) ભગવાન જો કે નિર્ગુણ છે, અજન્મા છે, રાગદ્વેષાદિના કારણભૂત શરીર તથા ઇન્દ્રિયાદિથી રહિત છે અને પ્રકૃતિથી પર છે; તોપણ પોતાની માયાના સત્ત્વાદિ ગુણોમાં પ્રવેશ કરી બાધ્ય–દૈત્યો પ્રત્યે બાધકપણાને (એટલે તેઓના સંહારકપણાને) પામ્યા છે; અથવા દેવો તથા અસુરો વચ્ચે ચાલતી બાધ્ય–બાધકતામાં કારણપણાને પામ્યા છે.[6] +સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણ–એ પ્રકૃતિના ગુણો છે, આત્માના ગુણો નથી; તેમજ હે રાજન્! એ ગુણોનો હ્રાસ તથા વૃદ્ધિ એકી વખતે થતાં નથી. (પણ કાળને લીધે થયા કરે છે, તેથી પોતાની ઇચ્છાનુસાર ગુણોનાં અધિષ્ઠાન હોવા છતાં, ભગવાનમાં પક્ષપાતની વિષમતા નથીજ.)[7] તે તે કાળને અનુસરતા ગુણવાળા ભગવાન જ્યારે સત્ત્વગુણનો જયકાળ હોય, ત્યારે દેવો તથા ઋષિઓને ભજે છે, તે તેના શરીરમાં પ્રવેશ કરી તેઓની વૃદ્ધિ કરે છે. જ્યારે રજોગુણનો જયકાળ હોય છે, ત્યારે અસુરોને વધારે છે અને જ્યારે તમોગુણનો જયકાળ હોય છે, ત્યારે યક્ષો તથા રાક્ષસોની વૃદ્ધિ કરે છે.[8] જેમ અગ્નિ એકજ છે છતાં પણ અનેક લાકડાંઓમાં જુદો જુદો જણાય છે; જળ એકજ છે તોપણ જુદાં જુદાં પાત્રોમાં જુદું જુદું જણાય છે અને આકાશ પણ એકજ છે, તોપણ ઘડો વગેરે જુદાં જુદાં સ્થાનમાં અનેક હોય તેવું જણાય છે, તે પ્રમાણેજ ભગવાન પણ એકજ છે; તોપણ અનેક સ્વરૂપવાળા જણાય છે અને તે તે દેહ આદિ શરીરસંઘાતથી જુદા જણાતા નથી, છતાં પણ વિદ્વાનો સ્વભાવવાદ, કાળવાદ તથા કર્મવાદ વગેરેનો નિષેધ કરી કાર્યદર્શનના ચિહ્‌નથી વિચારીને પોતાને વિષે રહેલા પરમાત્માને જાણે છે. (જેમ સૂર્યકાન્ત વગેરેમાં દાહ જોવાથી જણાય છે કે, અહીં તેજ છે; અથવા કોઇ સ્થળે ગંધ સૂંઘવાથી જણાય છે કે, અહીં વાયુ છે, તેમ)×[9] જ્યારે આ પરમેશ્વર જીવના ઉપભોગને માટે શરીરોને સરજવા ઇચ્છે છે, ત્યારે (સમભાવે રહેલા)

* અહીંથી ત્રણ શ્લોક ક્ષેપક છે. —મા. ક.

\+ સત્ત્વાદિ ગુણો ભગવાનના પોતાના જો હોય તો તેમનામાં પ્રાકૃત પુરુષની પેઠે વિષમતા હોય; પણ તે ગુણો તેમના પોતાના છેજ નહિ, પણ પ્રકૃતિના છે; તેથીજ તેમનામાં વિષમતા નથી, એ આશય કહે છે. —શ્રીધર

× એ રીતે કહેવામાં આવ્યું કે, ઈશ્વરમાં માયાના ગુણોને લીધેજ વિષમતા જોવામાં આવે છે, સ્વાભાવિક નથી; તોપણ ઈશ્વરમાં ગુણોની પરતંત્રતા આવતાં ઈશ્વરપણું નહિ રહે, એવી શંકાનું હવે પછીના શ્લોકમાં સમાધાન આપે છે. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રજોગુણને પોતાની માયા વડે જુદો સૃજે છે–અર્થાત્ સત્ત્વગુણ અને તમોગુણનું બળ ઓછું કરી રજોગુણના બળમાં વૃદ્ધિ કરે છે. જ્યારે તે જુદાં જુદાં શરીરોમાં પોતે ક્રીડા કરવાની ઇચ્છા કરે છે, ત્યારે (સામ્યાવસ્થામાં રહેલા) સત્ત્વગુણને પોતાની માયા વડે જુદો સૃજે છે–સત્ત્વગુણમાં અધિકતા કરે છે અને જ્યારે સંહાર કરવાની ઇચ્છા કરે છે, ત્યારે એ ભગવાન (સામ્ય અવસ્થામાં રહેલા) તમોગુણને પોતાની માયા વડે જુદી પ્રેરણા કરે છે–અધિકતા પમાડે છે.[૧૦] હે રાજા! અમોઘ કર્તા એવા ઈશ્વર પ્રકૃતિ અને પુરુષના નિમિત્તે, તે પ્રકૃતિ તથા પુરુષના સહકારીપણે આશ્રયરૂપ એવા વર્તમાનકાળને પોતેજ સૃજે છે–અર્થાત્ કાળ એ પણ ભગવાનનીજ એક ચેષ્ટા છે; માટે ભગવાન કાળને પણ અધીન નથી. હે રાજન્! એ કાળ સત્ત્વગુણમાં વૃદ્ધિ કરે છે, તેથી (તેના અધિષ્ઠાતા) ઈશ્વર પણ જાણે સત્ત્વગુણપ્રધાન એવા દેહસમૂહની વૃદ્ધિ કરતા હોય તેવા જણાય છે અને દેવોને પ્રિય તથા મોટી કીર્તિવાળા તે ભગવાન દેવોના શત્રુ અને રજોગુણ તથા તમોગુણથી યુક્ત એવા અસુરોનો જાણે વધ કરતા હોય તેવા જણાય છે.*[૧૧] હે રાજા! આ સંબંધેજ પૂર્વે રાજસૂય મહાયજ્ઞમાં પોતાને પ્રશ્ન કરતા યુધિષ્ઠિર રાજાને પ્રીતિથી દેવર્ષિ નારદે+ ઇતિહાસ કહ્યો હતો.[૧૨] રાજસૂય મહાયજ્ઞમાં ભગવાન વાસુદેવ વિષે ચેદિરાજા શિશુપાલનું મહા અદ્ભુત સાયુજ્ય (ભગવાન વિષે એકરૂપ થઇ જવું) જોઇને મનમાં વિસ્મય પામી, પાંડુપુત્ર યુધિષ્ઠિર રાજાએ ત્યાં બેઠેલા દેવર્ષિ નારદને મુનિઓના સાંભળતાં આ પ્રમાણે પૂછ્યું હતું.[૧૩।૧૪]

યુધિષ્ઠિર બોલ્યાઃ–'અહો! શિશુપાલ શત્રુ હતો, છતાં એકાંતિક ભક્તોને પણ દુર્લભ પરમતત્ત્વ વાસુદેવ ભગવાનની તેને આ પ્રાપ્તિ થઇ, તે ઘણુંજ આશ્ચર્ય છે.[૧૫] હે મુનિ! વેન રાજાને ભગવાનની નિંદાથી બ્રાહ્મણોએ નરકમાં નાખ્યો હતો. (તો પછી આ શિશુપાલ ભગવાનની નિંદા કરવા છતાં આવી સાયુજ્ય ગતિને કેમ પામ્યો?) એ અમે બધા જાણવા ઇચ્છીએ છીએ.[૧૬] દમઘોષનો પાપી પુત્ર શિશુપાલ અને દુર્મતિ દંતવક્ત્ર બાલ્યાવસ્થાના કોમળ ભાષણથી આરંભીને હમણાં સુધી શ્રીગોવિંદના તરફ ક્રોધવાળા અને અદેખા હતા; જેથી તે બન્ને અવિનાશી તથા પરબ્રહ્મ આ વિષ્ણુ ભગવાનને વારંવાર ગાળો દેતા હતા, છતાં તેઓ બન્નેની જીભમાં કોઢ ન નીકળ્યો કે તેઓ બન્ને ઘોર નરકમાં ન પડ્યા. (તે આશ્ચર્ય છે ને!)[૧૭।૧૮] તેઓ બન્ને જેમનું સ્વરૂપ ખરેખર દુર્લભ છે, એવા ભગવાનમાં સર્વ લોકોના દેખતાં સત્વર કેમ ÷લય પામી ગયા?[૧૯] આ ઘણુંજ આશ્ચર્ય છે અને તેથી વાયુ વડે જેમ દીવાની શિખા ભમ્યા કરે, તેમ મારી બુદ્ધિ ભમ્યા કરે છે; તો આપ ભગવાન તેનું કારણ કહો.'[૨૦]

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"રાજાનું તે વચન સાંભળી ભગવાન્ નારદ ઋષિ પ્રસન્ન થયા અને સભાના સાંભળતાં તેને સંબોધીને તે કથા કહેવા લાગ્યા.[૨૧]

નારદજી બોલ્યાઃ–'હે રાજન્! નિંદા, સ્તુતિ,

---

* વસ્તુતઃ કાળની શક્તિથી ક્ષોભ પામેલા ગુણોમાંજ વિષમતા રહેલી છે; જે વિષમતા તે તે ગુણોના સાંનિધ્ય માત્રથી તે તે ગુણોના અધિષ્ઠાતા ભગવાનમાં સ્ફુરે છે; આવો આ પ્રકરણનો અર્થ છે. —શ્રીધર

\+ જે સમયે ભગવાને હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુનો વધ કર્યો, તે સમયે દેવોના પક્ષપાતથી વધ કર્યો ન હતો, પણ પોતાના તે બન્ને દ્વારપાળો સનત્કુમારના શાપથી આસુરી યોનિને પામ્યા હતા; તેઓના પર અનુગ્રહ કરવાનેજ તેઓનો વધ કર્યો હતો, એ ઇતિહાસ અહીં દર્શાવે છે. —શ્રીધર

÷ રાજસૂય યજ્ઞમાં જે વખતે શિશુપાલનો વધ થયો હતો, તે વેળા દંતવક્ત્ર તો જીવતો હતો; જેથી તેનો લય થયો ન હતો; તોપણ તેની જન્મપત્રિકાને આધારે અહીં તેના ભાવી લયને પણ થઈ ગયા જેવો દર્શાવ્યો છે.—શ્રીધર

÷ હે રાજા! ભગવાનની નિંદા કરનારો નરકમાં પડવો જોઇએ, એમ તમે જે કહો છો, તે કયા અભિપ્રાયે કહો છો? શું તમે એમ માનો છો કે, તે નિંદક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સત્કાર અને તિરસ્કાર માટે ઉપયોગી એવું આ શરીર, પ્રકૃતિ તથા પુરુષના અવિવેકથી રચાયલું છે.[22] હે રાજા! તે શરીર પરના અભિમાનને લીધે પ્રાણીઓને જેમ 'હું, મારું' એવી વિષમતાથી પરસ્પર હિંસા વગેરે થાય છે અને દંડ તથા નિંદાના કારણથી પ્રાણીઓને જેમ પીડા થાય છે, તેવી હિંસા કે પીડા ઈશ્વરને છેજ નહિ.[23] વળી જે આ શરીરને લીધે પ્રાણીઓને 'હું, મારું' એવું અભિમાન થાય છે, તે શરીરના નાશથી પ્રાણીઓને જેમ પોતાનો નાશ થયો જણાય છે, તેમ ઈશ્વરને થતું નથી. કારણ કે તે પોતે અદ્વિતીય છે–કેવળ એકજ છે અને સર્વના આત્મારૂપ છે. વળી એ પરમેશ્વર (દૈત્યો જોતાં) સર્વ પ્રાણીઓને શિક્ષા કરનારા છે; તો પછી તેમની હિંસા કોનાથી થઈ શકે?[24] માટે વૈરાનુબંધથી–એટલે વૈરભાવથી, નિર્વૈરભાવથી, ભયથી, સ્નેહથી અથવા કામનાની ઇચ્છાથી ભગવાન વિષે મનને જોડી દેવું. કારણ કે આ ઉપાયોથી (મન, ભગવાન વિના) બીજી વસ્તુને જોતું નથી.[25] તેમાં પણ વૈરાનુબંધથી મનુષ્ય જેવો ભગવાનમય બની જાય છે, તેવો ભક્તિયોગથી થતો નથી, એમ મારું નિશ્ચય માનવું છે![26] જેમ ભમરાએ ભીંતમાં કરેલા પોતાના દરમાં પૂરેલો કીડો ક્રોધ તથા ભયના યોગથી (વૈરાનુબંધે) તે ભમરાનુંજ સ્મરણ કરતો તેની સમાનરૂપતાને પામે છે–ભમરારૂપ બની જાય છે, તેમ માયાથી મનુષ્ય બનેલા ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણ વિષે વૈરાનુબંધથી કેવળ તેમનુંજ ચિંતન કરવા વડે પાપરહિત થયેલા (આ શિશુપાલ વગેરે) પુરુષો તે ભગવાનને પામ્યા છે.[27][28] જેમ ભક્તિથી ઈશ્વરમાંજ મન યોજીને ઘણા મનુષ્યો પરમાત્માની ગતિને પામ્યા છે, તેમ કામથી, દ્વેષથી, ભયથી તથા સ્નેહથી પણ ભગવાનમાં મન યોજીને અનેક મનુષ્યો તેમની ગતિને પામ્યા છે.[29] જુઓ, હે રાજા! ગોપીઓ કામનાથી ભગવાનને પામી; કંસ ભયથી ભગવાનને પામ્યો; શિશુપાલ વગેરે રાજાઓ દ્વેષથી ભગવાનને પામ્યા; યાદવો સંબંધથી ભગવાનને પામ્યા, તમે સ્નેહથી ભગવાનને પામ્યા છો અને અમે ભક્તિથી ભગવાનને પામ્યા છીએ.[30] (પુરુષને પુરુષ પ્રત્યે કામ તો હોતો નથી; ત્યારે) પૂર્વોક્ત ભગવત્પ્રાપ્તિના પાંચ પ્રકારોમાંથી વેન રાજા કોઈ પણ પ્રકારનો ભગવાનનો ભક્ત નહોતો, માટે હરકોઇ મનુષ્યે (પૂર્વોક્ત) હરકોઇ ઉપાયથી શ્રીકૃષ્ણમાં મન સ્થાપવું જોઇએ.[31] હે પાંડુપુત્ર! તમારી માસીનો પુત્ર શિશુપાલ અને દંતવક્ત્ર પૂર્વે વિષ્ણુ ભગવાનના શ્રેષ્ઠ પાર્ષદો હતા; પણ બ્રાહ્મણ સનત્કુમારોના શાપથી તેઓ પોતાના પાર્ષદપણાથી ભ્રષ્ટ થયા હતા.[32]

યુધિષ્ઠિરે પૂછ્યું:–'શ્રીહરિના દાસોનો પણ પરાભવ કરનાર તે શાપ કેવો હતો અને કોનો હતો? શ્રીહરિના એકાંત ભક્તોને પણ ફરી સંસાર પ્રાપ્ત થાય તે ખરેખર શ્રદ્ધા કરવાને અયોગ્ય હોય તેવું લાગે છે. જેઓ વૈકુંઠપુરમાં વાસ કરે છે, તેઓ શરીર, ઇન્દ્રિયો તથા પ્રાણથી રહિત હોય છે–અર્થાત્ શુદ્ધ સત્ત્વગુણમય શરીરવાળા હોય છે; છતાં તે શ્રીહરિના પાર્ષદોને પ્રાકૃત દેહસંબંધ થયો હતો, તે સંબંધે આખ્યાન કહેવાને આપ યોગ્ય છો.'

નારદ બોલ્યા:–'એક દિવસે બ્રહ્માના પુત્ર સનંદનાદિ મુનિઓ, ત્રણે જગતમાં ફરતા ફરતા દૈવયોગે વિષ્ણુ લોકમાં જઇ ચડયા. તેઓ પાંચ

પુરુષ ભગવાનને પીડા કરનારો છે, તેથી નરકમાં પડવો જોઇએ? અથવા ભગવાનને કદાચ પીડા નહિ થતી હોય, તોપણ જેમ મદિરાપાન આદિ નિષિદ્ધ કે નિંદ્ય આચરણથી મનુષ્યનો નરકપાત થાય છે, તેમ ભગવાનની નિંદા કરવારૂપ નિષિદ્ધ આચરણ કરનાર પણ નરકમાં પડવો જોઇએ; આમ તમે માનો છો? તેમાં પ્રથમ તો પીડા વગેરે જે કંઇ થાય છે, તે દેહાભિમાનથી કરાયલી નિંદા વગેરેના કારણે થાય છે, ત્યારે ભગવાનને તો દેહાભિમાન છેજ નહિ. તો પછી પોતાની નિંદાથી થતી પીડા તેમને ક્યાંથી હોય? એ વાત સાડાત્રણ શ્લોકથી અહીં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

કે ૭ વર્ષના બાળક જેવા જણાતા હતા, છતાં મરીચિ આદિ પૂર્વકાળના ઋષિઓથી પણ પ્રથમ જન્મેલા હતા અને નગ્ન રહેતા હતા; જેથી તેઓને બાળક માનીને બન્ને દ્વારપાળોએ તેમને અટકાવ્યા. એટલે કોપ પામેલા તે કુમારોએ તેમને આ પ્રમાણે શાપ આપ્યો કે, 'તમે બન્ને જણા રજોગુણ તથા તમોગુણથી રહિત એવા શ્રીભગવાનના ચરણમૂળમાં રહેવાને યોગ્ય નથી. માટે ઓ મૂર્ખાઓ! તમે બન્ને અહીંથી સત્વર અત્યંત પાપી એવી આસુરી યોનિમાં ચાલ્યા જાઓ.' એ પ્રમાણે તેઓએ શાપ આપ્યો એટલે તેઓ બન્ને જણા પોતાના વૈકુંઠધામમાંથી નીચે પડતા હતા, ત્યારે તે દયાળુઓએ ફરી તેઓને કહ્યું કે, 'તમે બન્ને ત્રણ જન્મો લઇને ફરી આ લોકમાં આવશો.' તે પછી એ બન્ને દૈત્યો અને દાનવોથી વંદન કરાયલા દિતિના પુત્ર થયા. તેઓમાં મોટો હિરણ્યકશિપુ હતો અને તેથી નાનો હિરણ્યાક્ષ હતો. તેમાંના હિરણ્યકશિપુને નૃસિંહરૂપ ધારણ કરી શ્રીહરિએ માર્યો હતો અને હિરણ્યાક્ષને પૃથ્વીના ઉદ્ધારસમયે વરાહરૂપ ધારણ કરી માર્યો હતો. હિરણ્યકશિપુએ ભગવાનને પ્રિય એવા પોતાના પુત્ર પ્રહ્લાદનો નાશ કરવાની ઇચ્છાથી તેના મૃત્યુ માટે અનેક જાતનાં દુઃખો તેને આપ્યાં હતાં; પણ પ્રાણીમાત્રના આત્મારૂપ, અત્યંત શાંત, સમાન દૃષ્ટિવાળા અને ભગવાનના તેજથી વ્યાપ્ત એવા પ્રહ્લાદને અનેક ઉદ્યમોથી પણ હણવાને સમર્થ થયો ન હતો. તે પછી તેઓ બન્ને (વિશ્રવાની સ્ત્રી) કેશિનીમાં વિશ્રવાના પુત્ર રાવણ અને કુંભકર્ણ નામે રાક્ષસ થયા કે જેઓ સર્વ લોકને તપાવનારા હતા. તે સમયે પણ ભગવાને રઘુવંશી રામચંદ્ર તરીકે અવતરીને તેઓને શાપથી મુક્ત કરવા માટે હણ્યા હતા. હે રાજા! એ રામચંદ્રના પરાક્રમને તમે માર્કંડેય ઋષિના મુખથી સાંભળશો. ૩૩–૪૪ પછી તેજ બન્ને જણા તમારી માસીના પુત્ર (શિશુપાલ ને દંતવક્ત્ર નામે) ક્ષત્રિય થયા; જેઓ હમણાં શ્રીકૃષ્ણના ચક્રથી નિષ્પાપ થઇને શાપથી મુક્ત થયા છે. ૪૫ એ રીતે તેઓ બન્ને વિષ્ણુના પાર્ષદો વૈરાનુબંધથી તીવ્ર બનેલા ધ્યાન વડે શ્રીભગવાનની સાથે એકસ્વરૂપપણાને પામ્યા છે અને ફરીથી શ્રીહરિની પાસે ગયા છે. '૪૬

યુધિષ્ઠિરે પૂછ્યું–'હે ભગવન્! હિરણ્યકશિપુને મહાત્મા એવા પોતાના વહાલા પુત્ર ઉપર દ્વેષ કેમ થયો હતો? અને જે કારણથી પ્રહ્લાદને શ્રીભગવાનમાંજ એકચિત્તપણું પ્રાપ્ત થયું હતું, તે કારણ પણ કહો. '૪૭

विद्वेषो दयिते पुत्रे कथमासीन्महात्मनि ।
ब्रूहि मे भगवन् येन प्रह्लादस्याच्युतात्मता ॥४७॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૧ લો સમાપ્ત

અધ્યાય ૨ જો×

હિરણ્યકશિપુએ હિરણ્યાક્ષના પુત્રો વગેરેનું કરેલું સાંત્વન

॥ नारद उवाच ॥

भ्रातर्येवं विनिहते हरिणा क्रोडमूर्तिना ।
हिरण्यकशिपू राजन् पर्यतप्यद्रुषा शुचा ॥ १ ॥

નારદ બોલ્યાઃ–'હે રાજા! વરાહમૂર્તિ ભગવાને પોતાના ભાઇ હિરણ્યાક્ષનો વધ કર્યો, એટલે હિરણ્યકશિપુ રોષથી અને શોકથી સંતાપ કરવા લાગ્યો[1] અને ક્રોધથી ઘેરાઇ જઇ હોઠ પીસીને કોપથી પ્રદીપ્ત એવાં બન્ને નેત્રથી (કોપાગ્નિના ધુમાડા વડે) ભૂખરવર્ણા આકાશ સામે જોતો કહેવા લાગ્યો. તે વેળા ભયંકર દાઢો સાથે જોડાઇ ગયેલી ઉગ્ર દૃષ્ટિ વડે તેનું ભ્રૂકુટિયુક્ત મુખ મહાદુઃખથી જોઇ શકાય તેવું હતું. તેણે ત્રિશૂલ ઉગામી

× આ અધ્યાયમાં વિષ્ણુ ઉપરના રોષથી દાનવોદ્વારા લોકને હેરાન કરતા હિરણ્યકશિપુએ, વિષ્ણુએ મારી નાખેલા પોતાના ભાઇ હિરણ્યાક્ષના પુત્રો વગેરેને ઇતિહાસો કહી શાંત પાડ્યા, એ કથા કહેવાશે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સભામાં દાનવોને આ પ્રમાણે કહ્યું: 'હે દાનવો! હે દૈત્યો! હે દ્વિમૂર્ધા! હે ત્ર્યક્ષ! હે શંબર! હે શતબાહુ! હે હયગ્રીવ! હે નમુચિ! હે પાક! હે ઇલ્વલ! હે વિપ્રચિત્તિ! હે પુલોમા! અને હે શકુનાદિ! તમે મારું વચન સાંભળો અને પછી તમે સર્વે તે પ્રમાણે કરો; વિલંબ કરશો નહિ. આપણા ક્ષુદ્ર શત્રુઓએ સર્વના તરફ સમાન દૃષ્ટિવાળા એવા પણ વિષ્ણુને ભજનના કારણથી પોતાના પક્ષમાં લઈ તેની પાસે શ્રેષ્ઠ હૃદયવાળા મારા વહાલા ભાઇનો નાશ કરાવ્યો છે. એ રીતે (દેવોનો પક્ષ લઈને) વિષ્ણુએ સર્વત્ર સમાનભાવરૂપી પોતાનો સ્વભાવ છોડી દીધો છે. વળી તે શુદ્ધ તેજોમય છે, છતાં (દેવોનું કાર્ય કરવા માટે) તેણે માયાથી વરાહનું રૂપ ધારણ કર્યું હતું; પોતાનું ભજન કરનારનેજ તે ભજે છે અને બાળકની પેઠે તેનું મન પણ અસ્થિર છે. માટે તે વિષ્ણુની ડોકને હું મારા આ ત્રિશૂળથી કાપી નાખીને તેના લોહીથી, જેને લોહી પ્રિય હતું એવા મારા ભાઇને તૃપ્ત કરીશ અને ત્યારેજ તેના દુઃખથી હું મુક્ત થઈશ. કપટી ચેષ્ટાવાળો તે વિષ્ણુ જ્યારે નાશ પામશે, ત્યારે જેમ વનસ્પતિનાં મૂળ કપાઇ જતાં તેનાં ડાળાંઓ સુકાઇ જાય છે, તેમ વિષ્ણુ જેના પ્રાણ છે એવા દેવતાઓ (પોતાની મેળે) નાશ પામશે. માટે તમે પ્રથમ તો બ્રાહ્મણો અને ક્ષત્રિયોથી વૃદ્ધિ પામેલી પૃથ્વી પર જાઓ અને (ત્યાં) તપ, યજ્ઞ, સ્વાધ્યાય, વ્રત તથા દાન કરનારાઓનો નાશ કરો.[૨–૧૦] કારણ કે બ્રાહ્મણોની (યજ્ઞાદિ) ક્રિયા એ વિષ્ણુનું મૂળ છે અને વિષ્ણુ તે યજ્ઞ તથા ધર્મમય પુરુષ છે; તેમજ દેવો, ઋષિઓ, પિતૃઓ, સર્વ પ્રાણીઓ તથા ધર્મના પરમ આશ્રયરૂપ છે.[૧૧] જ્યાં જ્યાં બ્રાહ્મણો, ગાયો, વેદો, વર્ણો, આશ્રમો તથા યજ્ઞયાગાદિ ક્રિયાઓ હોય તે તે દેશમાં તમે જાઓ અને તે તે દેશોને સળગાવી નાખો; તથા (તે તે યજ્ઞયાગાદિ ક્રિયામાં ઉપયોગી) વૃક્ષોને કાપી નાખો.'[૧૨]

'એ પ્રમાણે પોતાના સ્વામીની આજ્ઞા આદરપૂર્વક શિરસા ગ્રહણ કરીને હિંસાપ્રિય તે દાનવો પ્રજાઓની હિંસા કરવા લાગ્યા. તેઓએ નગરો, ગામડાંઓ, નેસડા, બગીચાઓ, ખેતરો, વાડીઓ, આશ્રમો, રત્નાદિની ખાણો, ખેડૂતોનાં રહેઠાણો, પહાડી ગામો, ભરવાડોનાં સ્થાનો તથા રાજધાનીઓને બાળી નાખ્યાં.[૧૩,૧૪] કેટલાક દાનવોએ ખોદવાનાં સાધનોથી પુલોને, કિલ્લાઓને તથા દરવાજાઓને ખોદી નાખ્યા; કેટલાકોએ ફરશીઓ હાથમાં લઇને (આજીવિકાનાં સાધનરૂપ) વૃક્ષોને કાપી નાખ્યાં અને બીજાઓએ બળતાં ઉંબાડિયાંઓથી પ્રજાઓનાં ઘરો બાળી નાખ્યાં.[૧૫] એ પ્રમાણે તે દૈત્યરાજના અનુચરો લોકોને દુઃખી કરવા લાગ્યા, એટલે દેવતાઓ સ્વર્ગનો ત્યાગ કરી ગુપ્ત રીતે પૃથ્વી પર ફરવા લાગ્યા.[૧૬] હિરણ્યકશિપુએ દુઃખી થઈ પોતાના મરણ પામેલા ભાઇ હિરણ્યાક્ષનાં પ્રેતોદક–પ્રેતશ્રાદ્ધ આદિ મરણક્રિયાઓ કરી અને શકુનિ, શંબર, ધૃષ્ટ, ભૂતસંતાપન, વૃક, કાલનાભ, મહાનાભ, હરિશ્મશ્રુ તથા ઉત્કચ નામના પોતાના ભાઈના પુત્રોને શાંત કર્યા અને પછી હે રાજા! તેઓની માતા (હિરણ્યાક્ષની સ્ત્રી) રુષાભાનુને તથા પોતાની માતા દિતિને દેશ તથા કાળને જાણનારા તેણે આ પ્રમાણે કહ્યું.

હિરણ્યકશિપુ બોલ્યોઃ–'હે માતા! ઓ મા! હે વહુ! હે પુત્રો! તમે તે વીરનો શોક કરવાને યોગ્ય નથી, કારણ કે શૂરા પુરુષનો શત્રુઓની સામે વધ થાય તે વખાણવા યોગ્ય હોઇને ઇષ્ટ છે.[૧૭–૨૦] હે ઉત્તમ વ્રતવાળી માતા! જેમ કોઇ પરબમાં પ્રાણીઓ એકઠાં થાય છે, તેમ દૈવયોગે પોતાનાં પૂર્વકર્મોના યોગથી–આ જગતમાં પ્રાણીઓ એકઠાં થાય છે અને પોતાનાં કર્મોથીજ પાછાં છૂટાં પડે છે.[૨૧] (તત્ત્વદૃષ્ટિએ પણ) આત્મા નિત્ય છે–મૃત્યુશૂન્ય છે; અવ્યય છે–અપક્ષયરહિત છે; શુદ્ધ છે; સર્વવ્યાપી છે; સર્વજ્ઞ છે અને દેહાદિથી ભિન્ન છે. (માટે તે મરી ગયો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે; કૃશ થયો છે; મલિન છે; વિયોગી છે અને અજ્ઞાની છે; એમ માનીને શોક ન કરવો જોઇએ.) એ આત્મા પોતાની અવિદ્યાથી-પોતાના અજ્ઞાનથી ઊંચ-નીચ શરીરોને ધારણ કરે છે અને સુખ-દુઃખાદિ ધર્મોને (દેહના હોવા છતાં પોતાના તરીકે) સ્વીકારે છે.૨૨ જેમ ચાલતા જળથી (તે જળમાં પ્રતિબિંબિત) વૃક્ષો પણ ચાલતાં હોય તેવાં લાગે છે અથવા ભમતી આંખથી પૃથ્વી પણ જાણે ભમતી હોય તેવી લાગે છે, તેમ હે ભદ્રે! સત્ત્વાદિ ગુણોથી મન ભ્રમિત થાય છે, ત્યારે પુરુષ-આત્મા પણ પોતે પરિપૂર્ણ હોવા છતાં તે મનની સમાનતાને પામે છે-પોતે પણ ભ્રમિત થાય છે; (સંસારને પ્રાપ્ત થાય છે.) ખરું જોતાં આત્મા દેહાદિકના સંગથી રહિત છે તોપણ જાણે તે દેહાદિના સંગવાળો હોય, તેમ (અજ્ઞાનને લીધે) જણાય છે.૨૩।૨૪ એ રીતે આત્મા શરીરથી રહિત છે, છતાં તેના પર દેહાભિમાન કરવું એટલે 'આત્મા દેહરૂપ છે' એમ જે માનવું તેજ આત્મસ્વરૂપનું અજ્ઞાન છે. આત્મા સબંધી અજ્ઞાનજ પ્રિય સાથે વિયોગરૂપ થાય છે; અપ્રિય સાથે સંયોગરૂપ થાય છે; જુદાં જુદાં કર્મોરૂપ થાય છે અને સંસારરૂપ એટલે અનેક ગર્ભોમાં પ્રવેશ કરવારૂપ થાય છે.૨૫ એટલુંજ નહિ પણ તેજ આત્મવિપર્યાસ ઉત્પત્તિરૂપ, વિનાશરૂપ, જાતજાતના શોકરૂપ, અવિવેકરૂપ, ચિંતારૂપ તથા વિવેકના વિસ્મરણરૂપ કહેવાય છે.૨૬ આ વિષયમાં પણ યમદેવ તથા મૃત્યુ પામેલા-(એક રાજા)ના સંબંધીઓના સંવાદરૂપ એક પુરાતની ઇતિહાસ કહેવામાં આવે છે, તેને તમે સાંભળો.૨૭ ઉશીનર દેશમાં સુયજ્ઞ નામે એક પ્રખ્યાત રાજા હતો. તેને શત્રુઓએ યુદ્ધમાં મારી નાખ્યો, એટલે તેના સંબંધીઓ તેની પાસે વીંટાઇ વળીને બેઠા.૨૮ એ સમયે તે રાજાનું રત્નજડિત કવચ તૂટી ગયું હતું; તેના અલંકારો તથા પુષ્પની માળા શરીર પરથી પડી ગયાં હતાં; બાણથી તેનું હૃદય ચિરાઈ ગયું હતું; લોહીલોહાણ થઇને તે રાજા પૃથ્વી પર પડ્યો હતો; તેના કેશ વીખરાઈ પડ્યા હતા; તેની આંખો ફૂટી ગઈ હતી; ક્રોધથી તેણે પોતાનો હોઠ પીસ્યો હતો; તેનું મુખકમળ ધૂળથી ઢંકાઇ ગયું હતું અને યુદ્ધમાં તેનાં આયુધો તથા ભુજાઓ કપાઇ પડ્યાં હતાં.૨૯।૩૦ ઉશીનર દેશનો રાજા કે જે પોતાનો પતિ હતો તેને દૈવે એવી દશામાં લાવી મૂક્યો હતો; તે જોઇને દુઃખી થયેલી તેની રાણીઓ 'હે નાથ! અમે મરી ગઈ' એમ કહીને હાથ વડે છાતીને અત્યંત કૂટતી વારંવાર તે રાજાના ચરણમાં પડવા લાગી.૩૧ તે સ્ત્રીઓ પોકે પોક રડવા લાગી; પોતાના પતિના ચરણકમળને સ્તન ઉપરના કેસરથી લાલ બનેલાં આંસુઓ વડે ભીંજવવા લાગી અને વીખરાયલા કેશ તથા અલંકારોવાળી તે રાણીઓ બીજા મનુષ્યોને પણ શોક ઉપજાવતી કળકળાટ કરીને વિલાપ કરવા લાગી; 'અહો! હે પ્રભો! નિર્દય વિધાતાએ હાલમાં આપને અમારી દૃષ્ટિથી દૂર કર્યા છે. જે વિધાતાએ આપને પ્રથમ ઉશીનર દેશના લોકોને આજીવિકા આપનારા કર્યા હતા, તેજ આપને હમણાં ઉશીનર દેશના લોકોના શોકને વધારનાર કર્યા છે.૩૨।૩૩ હે રાજા! તમે કૃતજ્ઞ હતા અને અમારા અત્યંત સ્નેહી હતા; તો આપ વિના હવે અમે કેમ રહી શકીશું? હે વીર! આપ જે સ્થળે પધારો છો, તે સ્થળે આપની પાછળ આવવાને આપની ચરણસેવિકાઓ એવી અમને આપ આજ્ઞા કરો.' એ પ્રમાણે પોતાના મૃત્યુ પામેલા પતિને લઇને રાણીઓ વિલાપ કરતી હતી અને રાજાને અગ્નિસંસ્કાર માટે લઈ જવા ઇચ્છતી ન હતી; તેવામાં તો સૂર્યાસ્ત થયો.૩૪।૩૫ પછી તે સ્થળે તે શબના બંધુઓનો વિલાપ સાંભળી યમદેવ પોતે બાળસ્વરૂપે ત્યાં આવ્યા ને તેઓને કહેવા લાગ્યા.૩૬

યમદેવ બોલ્યાઃ-'અહો! આશ્ચર્ય છે કે, આ મનુષ્યો (મારા કરતાં) વયથી મોટા છે અને જન્મમરણાદિ લોકપ્રકારને જોઇ રહ્યા છે, તોપણ તેઓનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મોહ કેવો છે! આ મરણ પામેલો મનુષ્ય જ્યાંથી આવ્યો હતો ત્યાંજ ગયો છે અને પોતે પણ તેના જેવાજ ધર્મવાળા છે, છતાં આ મનુષ્યો તેનો (મરણ પામેલાનો) વૃથા શોક કરે છે.[૩૭] અહો! અમેજ અત્યંત ભાગ્યશાળી છીએ; કારણ કે માતા–પિતાએ અમારો ત્યાગ કર્યો છે, તોપણ અમે કંઇ ચિંતા કરતા નથી; વળી અમે બળ વિનાના છીએ, તોપણ વરુ વગેરે પ્રાણીઓ અમને ખાઇ જતાં નથી. કારણ કે ગર્ભમાં જેણે રક્ષા કરી છે, તેજ સર્વ સ્થળે રક્ષા કરે છે.[૩૮] હે સ્ત્રીઓ! જે અવિનાશી ઈશ્વર આ જગતને પોતાની ઇચ્છાથી સૃજે છે, પાળે છે અને સંહારે છે, તે ઈશ્વરને સ્થાવર–જંગમ આ જગત ક્રીડા કરવાના એક સાધનરૂપ છે; માટે તેજ ઈશ્વર સંહાર તથા પાલન કરવામાં સમર્થ છે;[૩૯] ઈશ્વરે રક્ષા કરેલી વસ્તુ રસ્તામાં પડી હોય; તોપણ તેમની તેમજ રહે છે અને ઈશ્વરે નાશ કરેલી વસ્તુ ઘરમાં રહી હોય, તોપણ ત્યાં વિનાશ પામે છે. જુઓને! તે પરમેશ્વરે કૃપાદૃષ્ટિથી જોયેલો મનુષ્ય અનાથ હોય કે વનમાં હોય તોપણ જીવે છે, ત્યારે તે પરમેશ્વરે હણેલો મનુષ્ય ઘરમાં સુરક્ષિત હોય તોપણ જીવતો નથી.[૪૦] પ્રાણીમાત્રનાં સ્થૂલશરીરો પોતાના કારણભૂત લિંગશરીરરૂપી નિમિત્તવાળાં કર્મોને લીધે સમયાનુસાર ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. તે સમયે આત્મા જો કે તે શરીરોમાં રહેલો હોય છે, તોપણ તે શરીરોના જન્મ–મરણાદિ ધર્મોથી કદી બંધાતો નથી–દેહના જન્મમરણાદિ ધર્મો આત્માને કદી લાગુ થતાજ નથી. કારણ કે આત્મા તે દેહથી જુદોજ છે–ઘણોજ વિલક્ષણ છે.[૪૧] આ શરીર પુરુષને મોહથી ઉત્પન્ન થયેલું હોય છે–કેવળ અવિવેકથીજ પોતાના તરીકે થયેલું હોય છે; પણ ખરી રીતે તો પોતાથી ભિન્નજ હોય છે. કારણ કે તે શરીર દૃશ્ય છે અને ઘરની પેઠે ભૌતિક છે.* પાંચ ભૂતોમાંથી બનેલું છે. જેમ જળના પરમાણુઓથી થયેલા પરપોટા વગેરે પરિણામી હોઇને નાશ પામે છે, જેમ પૃથ્વીના પરમાણુઓથી ઉત્પન્ન થયેલા ઘડા વગેરે પરિણામી હોઇને નાશ પામે છે અને જેમ તૈજસ સુવર્ણાદિના પરમાણુઓથી ઉત્પન્ન થયેલા કુંડલાદિ પદાર્થો પરિણામી હોઇને નાશ પામે છે, તેમ એ ત્રણ પ્રકારનાજ પરમાણુઓથી ઉત્પન્ન થયેલું શરીર પણ પરિણામી હોઇને નાશ પામે છે; પણ આત્મા નાશ પામતો નથી. જેમ અગ્નિ કાષ્ઠમાં રહેલો છે, છતાં પણ (તેના દાહક અને પ્રકાશક તરીકે) તે કાષ્ઠથી જુદોજ જણાય છે અને જેમ વાયુ શરીરમાં રહેલો હોવા છતાં પણ (મુખ તથા નાસિકા વગેરેમાં) તે જુદોજ જણાય છે, તેમ આત્મા શરીરમાં રહેલો હોવા છતાં પણ તે શરીરથી જુદોજ જણાય છે. વળી જેમ આકાશ, સર્વ સ્થળે રહેલું છે, છતાં કોઈ સ્થળે સંગને પામતું નથી–કોઈના ધર્મથી લિપ્ત થતું નથી, તેમ આત્મા પણ દેહ–ઇન્દ્રિય આદિ સર્વ ગુણોનો આશ્રય છે–તેઓમાં રહેલો છે, તોપણ તેઓથી ભિન્નજ છે; (અને તેના તેના ધર્મોથી કદી લેપાતો નથી.) વળી હે મૂઢ લોકો! તમે જેનો શોક કરો છો, તે આ સુયજ્ઞ અહીં સૂતો છે; (તો તમે તેનો શોક શા માટે કરો છો? તમે કદાચ કહેશો કે, આટલા સમય સુધી તે સાંભળતો હતો અને ઉત્તર પણ આપતો હતો, ત્યારે હમણાં નથી સાંભળતો કે નથી ઉત્તર આપતો; માટે તે મરી ગયો છે અને તેથીજ અમે તેનો શોક કરીએ છીએ; એમ માનતા હો તોપણ તે શોક કરવાને યોગ્ય નથી, કારણ કે) જે સાંભળનારો છે અને ઉત્તર આપનારો છે, તે કદી દેખાતો નથી.[૪૨–૪૪]* આ શરીરમાં જે સર્વથી મોટો

* આ સ્થળે આવું અનુમાનપ્રમાણ દર્શાવ્યું છેઃ– દ્રષ્ટા અને અભૌતિક એવા પુરુષથી શરીર ભિન્ન હોવું જોઇએ. કારણકે શરીર દૃશ્ય છે અને ભૌતિક છે. જેમ કોઈ અવિવેકી મનુષ્યે પોતાના તરીકે માનેલું ઘર પણ તે મનુષ્યથી જુદુંજ છે તેમ. —શ્રીધર

* કદાચ તે લોકો કહે કે, મુખ તથા નાસિકામાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને મુખ્ય એવો પ્રાણવાયુ છે, તે પણ સાંભળનાર કે ઉત્તર આપનાર નથી. (કારણ કે તે અચેતન છે–જડ છે.) પણ આ શરીરમાં જે દેહ તથા ઇન્દ્રિયવાન ગણાય છે–દેહ તથા ઇન્દ્રિયોથી તે તે અર્થનો દ્રષ્ટા છે, તે આત્મા તો (પોતે સચેતન હોઇને અચેતન એવા) પ્રાણ તથા દેહથી જુદોજ છે. (અને તેજ શ્રોતા તથા વક્તા છે.)[૪૫] +તે આત્મા પાંચ ભૂતો, ઇન્દ્રિયો તથા મનથી જણાતાં નાનાં–મોટાં શરીરોને પોતે તેઓથી જુદો હોઇનેજ ભજે છે–'આ શરીર હું છું' એમ માને છે; તેમજ પોતાના તેજથી–વિવેકબળથી તે શરીરોનો પરિત્યાગ કરે છે–'આ શરીર હું નથી' એમ માનીને મુક્ત પણ થાય છે.[૪૬] ÷આત્મા જ્યાંસુધી લિંગશરીરથી યુક્ત છે–તે શરીરને 'આ હું છું' એમ જ્યાંસુધી અભિમાનથી પોતાનું માને છે, ત્યાંસુધીજ કર્મ તેને બંધનનાં કારણ થાય છે અને તેથીજ વિપર્યય–અર્થાત્ દેહના ધર્મોને તે પામે છે, તેમજ સાંસારિક ક્લેશો તેને અનુસરે છે. (પણ લિંગશરીર પરનું અભિમાન છૂટી જતાં તેવું કંઈ થતું નથી. કારણ કે) તે વિપર્યય આદિ કેવળ માયાયોગજ છે–માયાથીજ સબંધ પામે છે–વાસ્તવિક નથી.[૪૭]×ગુણોનાં કાર્યરૂપ સુખ દુઃખાદિને સત્ય તરીકે જોવાં કે કહેવાં તે ખોટો દુરાગ્રહ છે. કારણ કે જેમ મનોરથ તથા સ્વપ્ન મિથ્યા છે, તેમ ઇન્દ્રિયજન્ય સર્વ કંઈ મિથ્યાજ છે.[૪૮] માટે તે આત્મા તથા શરીરને નિત્ય અને અનિત્ય જાણનારા જ્ઞાનીઓ નિત્ય આત્માનો તથા અનિત્ય શરીરનો શોક કરતા નથી. (કદાચ તમે કહેશો કે, આવો ઉપદેશ કરનારા જ્ઞાનીઓ પણ શોક કરે છે તેનું કેમ? તો પોતે જ્ઞાની હોવા છતાં) જેઓ શોક કરે છે, તેઓનો સ્વભાવ (જ્ઞાનની દઢતા નહિ હોવાને લીધે) પલટાવી શકાતો નથી.[૪૯] કોઇએક પારધી જંગલમાં પક્ષીઓના કાળ તરીકે નિર્માણ થયેલો હોઇને, ત્યાં ત્યાં જાળ પાથરીને (તથા દાણા વગેરે નાખીને) પક્ષીઓને લોભાવતો હતો; (ને પક્ષીઓને પકડ્યા કરતો હતો.)[૫૦] એક સમયે તેણે તે સ્થળે ફરતાં કુલિંગ પક્ષીના યુગલને (કાકાકૌવા પક્ષીના નર-માદાને અથવા ચકલા–ચકલીને) જોયું; એટલે તુરતજ તે પારધીએ તે બન્નેમાંની જે માદા હતી, તેને લોભાવી–જાળમાં સપડાવી.[૫૧] પોતાની તે સ્ત્રી–પક્ષિણી કાળથી સપડાઇને જાળના દોરામાં બંધાઈ ગઈ એટલે પેલો નર–કુલિંગ એ રીતે દુઃખમાં જઇ પડેલી પોતાની માદાને જોઇને અત્યંત દુઃખી થયો અને તેને છોડાવવા અસમર્થ હોઇ સ્નેહથી દીન થઇને તે પોતાની ગરીબ માદાનો આ રીતે શોક કરવા લાગ્યોઃ[૫૨] 'અહો! દૈવ નિર્દય છે. તે પોતે સમર્થ હોવા છતાં આ દયાપાત્ર અને દીન એવી મારી સ્ત્રી કે જે દીન એવા મારો શોક કરી રહેલ છે, તેને (મારી પાસેથી છીનવી લઇને) શું કરશે?[૫૩] તે દૈવ મને પણ ભલે લઈ જાઓ. કારણ કે આવી રીતે દીન અવસ્થામાં દુઃખપૂર્વક જીવી રહેલા અને વ્યાકુળ આયુષવાળા મારા આ અર્ધા શરીરનું મારે હવે શું પ્રયોજન છે?[૫૪] અરેરે! જેઓને હજી પાંખો પણ આવી નથી અને જેઓ આ રીતે માતા વિનાનાં થઈ પડ્યાં છે, તે મારાં બચ્ચાંઓનું હું શી રીતે પોષણ કરીશ? આ મંદ ભાગ્યવાળાં મારાં બચ્ચાં-

---

સંચાર કરતો પ્રાણવાયુ સાંભળનાર અને બોલનાર તરીકે દેખાય છેજ; તો તેના ઉત્તરમાં આ શ્લોક કહે છે.—શ્રીધર

+ કદાચ કોઈ શંકા કરે કે, જો ચેતન જુદોજ છે તો આ હું કૃશ છું, સ્થૂલ છું, કાણો છું, બહેરો છું, એમ શરીરના ધર્મોને તે કેમ સ્વીકારે છે, તેના ઉત્તરમાં આ શ્લોક છે. —શ્રીધર

÷ વિવેક પ્રાપ્ત થયા પછી પણ આહારાદિ કર્મોમાં પ્રવર્તેલાને બંધન થવુંજ જોઇએ, એમ જો કહે તો તે માટે જણાવે છે. —શ્રીધર

× કદાચ કોઈ શંકા કરે કે સુખ, દુઃખ વગેરે અને તેનાં સાધનો સત્ય હોય તેવાં જણાય છે, તો પછી તેને માયામય કેમ કહો છો? વળી કેટલાક વિદ્વાનો તે તે સુખ–દુઃખાદિને સાચાં પણ કહે છે; તેનો ઉત્તર આ શ્લોકમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0, In Public Domain, Digitizagtion by eGangotri

આ માળામાં પોતાની માતાની રાહ જોયા કરે છે.૫૫ એ પ્રમાણે તે કુલિંગ પક્ષી પ્રિયાના વિયોગથી આતુર બની ગયું હતું અને અશ્રુભર્યા કંઠે વિલાપ કરી રહ્યું હતું; એવામાં તો કાળથી પ્રેરાયેલા પેલા પારધીએ છુપાઇ રહીને તે પક્ષીને પણ બાણથી વીંધી નાખ્યું. એ પ્રમાણે તમે પણ પોતાના નાશને નહિ જોતી બુદ્ધિહીન છો; તમે સો વર્ષ સુધી તમારા આ પતિનો શોક કરશો, તોપણ તેને (ફરી) પામવાની નથીજ.૫૬,૫૭

હિરણ્યકશિપુ બોલ્યોઃ–'તે બાળકે (બાળકના રૂપમાં યમદેવે) એ પ્રમાણે કહ્યું, એટલે સુયજ્ઞ રાજાનાં તે સર્વ સંબંધીઓ મનમાં વિસ્મય પામ્યાં અને આ સર્વ જગતને મિથ્યા પ્રકટ થયેલું અનિત્ય માનવા લાગ્યાં.૫૮ પેલા યમદેવ તેઓને એ પ્રમાણે કહીને તે સ્થળેજ અંતર્ધાન થઈ ગયા; એટલે તે સર્વ સંબંધીઓએ પણ સુયજ્ઞ રાજાનું પરલોકસંબંધી કર્મ કર્યું;૫૯ માટે તમે પણ તમારો પોતાનો કે પારકાનો શોક કરો મા. કારણ કે પોતાનું ને પારકું આવા અભિમાન કે દુરાગ્રહરૂપ અજ્ઞાન વિના પ્રાણીઓને પોતાનું કે પારકું કોણ છે? ને પોતે પણ કોણ છે?'

નારદજી બોલ્યાઃ–'એ પ્રમાણે દૈત્ય રાજાનાં વાક્ય સાંભળીને તેની માતા દિતિએ પોતાની વહુ સાથે પુત્રનો શોક તજીને તુરતજ મનને તત્ત્વવસ્તુમાં સ્થાપિત કર્યું.'૬૦,૬૧

इति दैत्यपतेर्वाक्यं दितिराकर्ण्य सस्नुषा ।
पुत्रशोकं क्षणात्त्यक्त्वा तत्त्वे चित्तमधारयत् ॥६१

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૨ જો સમાપ્ત

अध्याय ३ जो+

હિરણ્યકશિપુની ઘોર તપશ્ચર્યા ને પ્રસન્ન થયેલા બ્રહ્માનું તેને વરદાન

॥ नारद उवाच ॥

हिरण्यकशिपू राजन्नजेयमजरामरम् ।
आत्मानमप्रतिद्वंद्वमेकराजं व्यधित्सत ॥ १ ॥

નારદજી બોલ્યાઃ–'હે રાજન્! હિરણ્યકશિપુએ પોતાને અજર, અમર, (પોતાને મારે તેવા) શત્રુરહિત અને સમગ્ર જગતના એકજ રાજા તરીકે રાજ્ય કરવાની ઇચ્છા કરી.૧ તેણે મંદરાચલ પર્વતની ગુફામાં બાહુ ઊંચા રાખીને, આકાશ સામે દૃષ્ટિ કરીને તથા માત્ર પગના અંગૂઠાથી પૃથ્વી પર ઊભા રહીને પરમ દારુણ તપશ્ચર્યા કરવા માંડી.૨ તે વેળા પ્રલયકાળનો સૂર્ય જેમ કિરણોથી પ્રકાશે, તેમ જટાઓની કાંતિથી તે પ્રકાશતો હતો. એ રીતે તે તપશ્ચર્યા કરતો હતો, ત્યારે પ્રથમ જેઓ ગુપ્ત રીતે પૃથ્વી પર ફરતા હતા, તે બધા દેવો પોતપોતાનાં સ્થાનોમાં જઇ પહોંચ્યા.૩ પછી તે હિરણ્યકશિપુના મસ્તકમાંથી ધુમાડા સાથે તપશ્ચર્યામય અગ્નિ ઉત્પન્ન થયો, કે જે ચોતરફ ફેલાઇ જઇને આડાઅવળા, ઉપરના તથા નીચેના લોકોને તપાવવા લાગ્યો. તેથી નદીઓ ને સમુદ્રો ખળભળી ગયાં; બેટો અને પર્વતો સાથે પૃથ્વી કંપવા લાગી; આકાશમાંથી ગ્રહો સાથે તારાઓ પડવા લાગ્યા અને દશે દિશાઓ બળવા લાગી.૪,૫ પછી તે તપોમય અગ્નિથી તપી ગયેલા દેવતાઓ સ્વર્ગનો ત્યાગ કરીને બ્રહ્મલોકમાં ગયા અને બ્રહ્મદેવને આ પ્રમાણે વિનતિ કરવા લાગ્યાઃ 'હે દેવોના દેવ! હે જગતના પતિ! દૈત્યેન્દ્ર હિરણ્યકશિપુના તપથી અમે તપી રહ્યા છીએ; અમે

+ આ અધ્યાયમાં હિરણ્યકશિપુના તપથી જગતને તપી ગયેલું જોઈ વિસ્મય પામેલા બ્રહ્માએ આવીને હિરણ્યકશિપુથી સ્તુતિ કરાતા તેમણે તેને વરદાનો આપ્યાં, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC-0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વર્ગમાં રહી શકતા નથી. હે સર્વથી મહાન દેવ! હે સર્વના અધિપતિ! જો આપ માનતા હો તો આપને બલિ આપનારા લોકો નાશ ન પામી જાય તેટલામાં આપ તેની શાંતિ કરો.' આવી દુઃખથી થઈ શકે તેવી તપશ્ચર્યા કરનાર તે દૈત્યોનો સંકલ્પ આપના જાણવામાં નથી? છેજ. તોપણ અમે આપને જણાવીએ છીએ; તે આપ સાંભળો.૬–૮ 'આ સ્થાવર–જંગમ જગતને તપ અને યોગસમાધિથી સૃજીને બ્રહ્મા જેવી રીતે સર્વ સ્થાનોથી શ્રેષ્ઠ એવા પોતાના સ્થાનમાં રહે છે, તેમ હું પણ વૃદ્ધિ પામતા તપ અને યોગસમાધિથી (જો કે આયુષ અલ્પ છે અને દેહ વારંવાર મરે છે, તોપણ) કાળ અને આત્મા નિત્ય હોવાથી (અનેક જન્મો લઇને પણ દુઃખથી થઇ શકે તેવી તપશ્ચર્યા કરીને) મારે પોતાને માટે તે બ્રહ્મપદ સાધીશ. વળી હું મારા પોતાના બળથી દેવોને અસુરો બનાવી દઇને તથા અસુરોને દેવો બનાવી દઇને તેમજ પુણ્યથી પાપ અને પાપથી પુણ્ય કરીને આ જગતને ઉલટાવી નાખીશ–જગતમાં ચાલુ પ્રથાથી ઊલટીજ પ્રથા ચાલુ કરીશ, બ્રહ્મપદ સિવાયના બીજા પ્રલયકાળે કાળથી નાશ પામતા ધ્રુવ વગેરે પદોનું મારે શું પ્રયોજન છે? હું તો બ્રહ્મપદનેજ સાધીશ.'૯–૧૧ આવી રીતે આપનાજ પદને લઇ લેવાનો તેનો નિશ્ચય અમે સાંભળ્યો છે અને તેથીજ તે મહાન તપશ્ચર્યા કરી રહ્યો છે. તો હે ત્રણે જગતના ઈશ્વર! હવે પછી આપને યોગ્ય લાગે તે આપ પોતેજ કરો.૧૨ હે જગતના પતિ! આપનું આ બ્રહ્માસન બ્રાહ્મણો તથા ગાયોની ઉત્પત્તિ માટે, સુખ માટે, ઐશ્વર્ય માટે, ક્ષેમ માટે અને વિજય માટે છે. (તેથી જો આપના સ્થાનને તે લઇ લેશે, તો સત્પુરુષો ઉપર મહાન દુઃખ આવી પડશે.)'૧૩

'હે રાજા! દેવોએ એ પ્રમાણે વિનતિ કરી, એટલે ભગવાન બ્રહ્મા ભૃગુ તથા દક્ષ વગેરેને સાથે લઇ દૈત્યેશ્વર–હિરણ્યકશિપુના આશ્રમે ગયા.૧૪ ત્યાં રાફડા, ઘાસ તથા વાંસોથી ઢંકાઇ ગયેલા અને કીડીઓ ચોતરફથી જેની ચરબી, ચામડી અને માંસ ખાઇ ગઇ હતી, એવા તે હિરણ્યકશિપુને બ્રહ્માએ (પ્રથમ તો) જોયો પણ નહિ.૧૫ તે પછી વાદળામાં ઢંકાયલા સૂર્યની પેઠે તપ વડે લોકોને તપાવી રહેલા તે હિરણ્યકશિપુને માંડ માંડ જોઇને વિસ્મય પામેલા હંસવાહન બ્રહ્મા હસતા હસતા કહેવા લાગ્યા.૧૬

બ્રહ્મા બોલ્યાઃ–'ઓ કશ્યપના પુત્ર! ઊઠ, ઊઠ; તારું કલ્યાણ થાઓ. તું તપશ્ચર્યાથી સિદ્ધ થયો છે; હું વર આપનારો અહીં આવી પહોંચ્યો છું; માટે તું ઇચ્છિત વર માગી લે.૧૭ મેં તારું આ મહાન અદ્ભુત હૃદયબળ જોઇ લીધું છે. તારા શરીરને મચ્છરો ખાઈ ગયા છે અને તારા પ્રાણ માત્ર હાડકાંઓમાંજ રહ્યા છે.૧૮ આવી તપશ્ચર્યા પૂર્વકાળના ઋષિઓએ કરી નથી અને બીજા ભવિષ્યકાળના પણ કોઈ કરશે નહિ. જળનો પણ ત્યાગ કરીને કયો પુરુષ દેવતાઓનાં સો વર્ષપર્યંત પ્રાણ ધારણ કરી શકે? હે દિતિના પુત્ર! મનસ્વી પુરુષોને પણ દુષ્કર આ તારા અડગ નિશ્ચયથી હું જિતાઈ ગયો છું અને તપમાં રહીને તો તેં મને અત્યંત જીતી લીધો છે. માટે હે અસુરશ્રેષ્ઠ! હું તને સર્વ ઇષ્ટકામનાઓ આપું છું. તને મનુષ્યને મારું દેવનું દર્શન નિષ્ફળ થવું ન જોઇએ.'૧૯–૨૧

નારદજી બોલ્યાઃ–'એમ કહીને આદિદેવ બ્રહ્માએ કીડીઓથી ખવાઇ ગયેલા અંગવાળા તે હિરણ્યકશિપુના ઉપર અમોઘ પ્રભાવવાળું કમંડળનું દિવ્ય જળ છાંટયું. એટલે તુરતજ તે હિરણ્યકશિપુ માનસિકશક્તિ, ઇન્દ્રિયશક્તિ તથા દેહશક્તિથી યુક્ત થઇને જેમ લાકડામાંથી અગ્નિ નીકળે, તેમ વાંસવાળા રાફડામાંથી બહાર નીકળ્યો. તે વેળા સર્વ અવયવોથી તે પૂર્ણ હતો; તેનું શરીર વજ્ર જેવું દૃઢ હતું; વયમાં તે યુવાન હતો અને તપેલા સુવર્ણની પેઠે પ્રકાશતો હતો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પછી તેણે હંસવાહન બ્રહ્મદેવને આકાશમાં રહેલા જોઇ તેમના દર્શનથી અત્યંત આનંદમાં આવી જઇ પૃથ્વી પર પડીને મસ્તક વડે પ્રણામ કર્યા અને ઊભો થઇ જઇ, નમ્ર થઇને બે હાથ જોડી દૃષ્ટિથી પ્રભુને જોતાં જોતાં હર્ષાશ્રુથી રોમાંચિત થયેલા તે દૈત્યે ગદ્‌ગદ વાણીથી બ્રહ્માની આ પ્રમાણે સ્તુતિ કરવા માંડી.૨૨–૨૫

હિરણ્યકશિપુ બોલ્યોઃ–'કલ્પના અંતે કાળે સર્જેલા (પ્રકૃતિના ગુણરૂપ) અંધકારથી ઢંકાયલા આ જગતને સ્વયંજ્યોતિ આપે પોતાના તેજથી પ્રકટ કર્યું હતું.૨૬ વળી ત્રિગુણાત્મક એવા આપ પોતાના વડે આ જગતને સૃજો છો, પાળો છો ને સંહારો છો. રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણના આશ્રયરૂપ એવા આપ મહાન પરમેશ્વરને હું નમસ્કાર કરું છું. આપ આ જગતના કારણરૂપ છો; કારણ કે આપજ સર્વના આદ્ય છો; જ્ઞાન તથા વિજ્ઞાન (વિષયાકાર જ્ઞાન) એ આપનીજ મૂર્તિ છે અને આપ પ્રાણ, ઇન્દ્રિયો, મન તથા બુદ્ધિરૂપ વિકારોથી કાર્યના આકારને પામ્યા છો, તે આપને હું નમસ્કાર કરું છું. વળી આપજ સૂત્રાત્મારૂપ મુખ્ય પ્રાણથી સ્થાવરજંગમ જગતના નિયંતા છો; માટે આપ પ્રજાઓના પતિ છો; તેમજ તે પ્રજાઓના ચિત્તના, તેના પરિણામરૂપ ચેતનાના, મનના તથા મનને વશ રહેનારી ઇન્દ્રિયોના પણ પતિ છો. માટે આપજ મહાન છો ને આકાશાદિ પાંચ મહાભૂતોના, શબ્દાદિ વિષયોના તથા તેની વાસનાઓના પણ આપ ઈશ્વર છો. (અર્થાત્ આપજ સર્વના સ્રષ્ટા છો.) વળી આપ, જેમાં ચાર હોતાઓ હોય છે, તેવા કર્મની વિદ્યારૂપ એવા ત્રણ વેદથી અગ્નિષ્ટોમાદિ યજ્ઞોને વિસ્તારો છો; કારણ કે આપ પ્રાણીઓના આત્મારૂપ છો અને અંતરાત્મા છો–અંતર્યામી છો; કારણ કે આપ સર્વજ્ઞ છો; એકજ છો, અખંડ છો, અનાદિ છો અને અનંતપાર છો–અર્થાત્ કાળથી કે દેશથી આપનો અંત નથી.૨૭–૩૦ વળી આપજ અનિમેષ (સતત વહેતા) કાળરૂપ હોઇને લવ વગેરે અવયવોથી મનુષ્યોના આયુષનો નાશ કરો છો, છતાં આપ કૂટસ્થ છો–નિર્વિકાર છો. કારણ કે આપ આત્મા છો–જ્ઞાનરૂપ છો, પરમેષ્ઠી છો, પરમેશ્વર છો, અજન્મા છો, મહાન છો–અપરિચ્છિન્ન છો અને (જીવલોકજ કર્મને લીધે જન્માદિ વિકારો પામે છે. આપ તો) જીવલોકના જીવનનું કારણ છો તેમજ તેના નિયંતા છો.૩૧ આ જગતમાં જે કંઈ કારણરૂપ છે, કાર્યરૂપ છે, જંગમ છે અને સ્થાવર છે, તે તે કંઇ પણ આપથી ભિન્ન નથી. કારણ કે વેદ, ઉપવેદ વગેરે વિદ્યાસ્થાનો અને તેનાં અંગરૂપ જે સર્વ કળાઓ છે, તે આપનાં શરીરો છે; કારણ કે આપ પરબ્રહ્મ છો, હિરણ્યગર્ભ છો–આપની અંદર હિરણ્યરૂપ બ્રહ્માંડ રહેલું છે અને આપ ત્રિગુણાત્મક પ્રધાનથી પણ પર છો.÷૩૨ હે વિભો! આ સર્વે કાર્યરૂપ જગત આપનુંજ શરીર છે, કે જે શરીર વડે આપ ઇન્દ્રિયો, પ્રાણ તથા મનના વિષયોને ભોગવો છો અને તે પણ પરમેશ્વરના ધામરૂપ સ્વસ્વરૂપમાં રહીનેજ આપ સર્વ વિષયોને ભોગવો છો. (નહિ કે અમારી પેઠે સ્વરૂપને તિરોહિત કરી દઇને.) માટે આપ અવ્યક્ત આત્મા છો–નિરુપાધિ બ્રહ્મજ છો અને પુરાણ છો.૩૩ હે અનંત! જે આપના મન તથા વચનના અવિષયરૂપ એવા સ્વરૂપ વડે આ જગત વ્યાપ્ત છે, તે અચિંત્ય ઐશ્વર્યવાળા અને વિદ્યાશક્તિ તથા માયાશક્તિથી યુક્ત એવા આપને હું નમસ્કાર કરું છું.૩૪ હે વર આપનારાઓમાં ઉત્તમ! જો આપ મને ઇષ્ટ વર આપો છો, તો હે પ્રભો! આપે સૃજેલાં કોઈ પણ પ્રાણીથી મારું મૃત્યુ ન થાઓ;૩૫ આપે નહિ સૃજેલા પદાર્થથી પણ અંદર, બહાર, દિવસે કે રાત્રે મારું મૃત્યુ ન થાઓ; કોઇ પણ હથિયારથી મારું

÷ વેદ પણ કહે છેઃ–'अक्षरात् परतः परः' (मुं. उ. २–१–२) સર્વથી પર એવા અક્ષરપ્રધાનથી પણ પરમાત્મા પર છે.' —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મૃત્યુ ન થાઓ; ભૂમિ ઉપર કે આકાશમાં મનુષ્યોથી કે પશુઓથી પણ મારું મૃત્યુ ન થાઓ; તેમજ પ્રાણ વિનાનાં કે પ્રાણવાળાંઓથી પણ મારું મૃત્યુ ન થાઓ અને દેવો, અસુરો અથવા મોટા સર્પોથી પણ મારું મૃત્યુ ન થાઓ; યુદ્ધમાં અપ્રતિપક્ષપણું (એકાપણું) અને સર્વ પ્રાણીઓનું એકસ્વામીપણું આપ મને આપો.૩૬,૩૭ વળી સર્વ લોકપાલોનો તથા આપના જેવો મહિમા મને આપો અને તપ તથા યોગના પ્રભાવવાળા પુરુષોનું જે અણિમાદિ ઐશ્વર્ય કદી નાશ પામતું નથી, તે પણ મને આપો.૩૮

सर्वेषां लोकपालानां महिमानं यथात्मनः ।
तपोयोगप्रभावाणां यन्न रिष्यति कर्हिचित् ॥३८॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૩ જો સમાપ્ત

अध्याय ४ थो*

હિરણ્યકશિપુએ સર્વ લોકને દુઃખ દેવા માંડયું

॥ नारद उवाच ॥

एवं वृतः शतधृतिर्हिरण्यकशिपोरथ ।
प्रादात्तत्तपसा प्रीतो वरांस्तस्य सुदुर्लभान् ॥१॥

નારદજી બોલ્યા:–'એ પ્રમાણે હિરણ્યકશિપુએ વર માગ્યા એટલે તેના તપથી પ્રસન્ન થયેલા બ્રહ્માએ તે અતિદુર્લભ વરદાનો તેને આપી દીધાં. (ને આ પ્રમાણે કહ્યું.)

બ્રહ્મા બોલ્યા:–'હે તાત! તું મારી પાસે જે આ વરો માગે છે, તે પુરુષોને દુર્લભ છે; તોપણ તે દુર્લભ વરો હું તને આપું છું.'૧,૨

નારદજી બોલ્યા:–'એમ કહીને અમોઘ કૃપા કરનારા સમર્થ ભગવાન બ્રહ્મા, હિરણ્યકશિપુથી પૂજાઇને પ્રજાપતિઓથી સ્તુતિ કરાતા ત્યાંથી (પોતાના ધામમાં) પધાર્યા.૩ દૈત્ય હિરણ્યકશિપુએ એ પ્રમાણે વરદાનો મેળવીને સુવર્ણમય શરીર ધારણ કર્યું ને પોતાના ભાઇના વધનું સ્મરણ કરી ભગવાન ઉપર દ્વેષ કરવા માંડ્યો.૪ તે મહાન અસુરે સર્વ દિશાઓને તથા ત્રણે લોકને જીતી લઈ દેવો, અસુરો, મનુષ્યો, રાજાઓ, ગંધર્વો, ગરુડો, સર્પો, સિદ્ધો, ચારણો, વિદ્યાધરો, ઋષિઓ, પિતૃઓના પતિઓ, મનુઓ, યક્ષો, રાક્ષસો તથા પિશાચોના રાજાઓ, પ્રેતો, ભૂતપતિઓ અને સર્વ પ્રાણીઓના જે જે સ્વામીઓ હતા, તે તે સર્વને જીતીને વશ કર્યા અને સમગ્ર જગતનો એ રીતે જય કરી લોકપાલોનાં સ્થાનકોને તેઓના તેજની સાથે તેણે હરી લીધાં.૫–૭ પછી તે દેવોના નંદનવનની શોભાથી યુક્ત એવા સ્વર્ગમાં રહેવા લાગ્યો અને તે સ્વર્ગમાં પણ સાક્ષાત્ વિશ્વકર્માએ બનાવેલા, ત્રણે લોકની સંપત્તિના નિવાસસ્થાનરૂપ અને સમગ્ર સમૃદ્ધિઓથી યુક્ત એવા ઇન્દ્રના ઘરમાં રહેવા લાગ્યો.૮ જે ઇન્દ્રભુવનમાં વિદ્રુમમણિનાં પગથિયાંવાળી, મરકતમણિથી બાંધેલી ભૂમિઓ છે; જ્યાં સ્ફટિકમણિની ભીંતો અને વૈડૂર્યમણિની હારો આવી રહી છે; જ્યાં તરેહતરેહના ચંદરવાઓવાળાં પદ્મરાગમણિનાં આસનો આવેલાં છે; જ્યાં દૂધના ફીણ જેવી ઉજ્જ્વળ અને મોતીઓની માળાઓથી યુક્ત શય્યાઓ રહેલી છે અને જ્યાં શબ્દ કરતાં ઝાંઝરોથી ઝણકાર કરતી સુંદર દાંતોવાળી દેવાંગનાઓ રત્નજડિત ભૂમિઓમાં પોતાના સુંદર મુખને જુએ છે;૯–૧૧ એ મહેન્દ્રભુવનમાં મહાબળવાન અને મોટા મનવાળો તે એક મહાન દૈત્ય રાજા સમગ્ર લોકને જીતીને ક્રીડા કરવા લાગ્યો; તે વેળા તેણે દુઃખી કરેલા દેવો વગેરે પણ તેના બન્ને ચરણોને વંદન કરતા હતા. કેમકે તેની આજ્ઞા અત્યંત ઉગ્ર હતી. હે રાજા! ઉગ્ર ગંધવાળા દારુથી મહોન્મત્ત બનેલા અને તેથીજ મદથી ઘેરાતી લાલ આંખોવાળા તે દૈત્યને માત્ર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ,

* આ અધ્યાયમાં, વર મેળવીને સમગ્ર લોકપાલોને જીતી દૈત્યેન્દ્ર હિરણ્યકશિપુએ વિષ્ણુ ઉપરના દ્વેષને લીધે તે સર્વ લોકપાલોને પીડવા માંડ્યા, એ કથા કહેવાશે.શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ ત્રણ દેવો વિના સમગ્ર લોકપાલો હાથમાં ભેટો લઇ લઇને સેવવા હાજર રહેતા હતા; કારણ કે તે તપ, યોગ, બળ અને તેજના એક આશ્રયરૂપ હતો; એટલુંજ નહિ પણ હે પાંડુપુત્ર! પોતાના બળથી ઇન્દ્રના આસન ઉપર ચડી બેઠેલા તે હિરણ્યકશિપુની વિશ્વાવસુ, તુંબુરુ, ગંધર્વો, સિદ્ધો, વિદ્યાધરો, અપ્સરાઓ અને હું વગેરે ઋષિઓ પણ વારંવાર સ્તુતિ કરતા હતા.[૧૨-૧૪] દરેક વર્ણાશ્રમીઓ મોટી દક્ષિણાઓવાળા યજ્ઞો કરીને તે હિરણ્યકશિપુનીજ પૂજા કરતા હતા અને પોતાના તેજથી સર્વ બલિદાનના ભાગોને તેજ ગ્રહણ કરતો હતો.[૧૫] (તેના રાજ્યકાળે) સાત દ્વીપોવાળી પૃથ્વી ખેડ્યા વિના પણ ધાન્યસંપન્ન થતી હતી; સ્વર્ગ સર્વ કામનાઓ પૂર્ણ કરતું હતું અને આકાશ અનેક આશ્ચર્યોનું એક સ્થાન થઇ પડ્યું હતું.[૧૬] ક્ષાર, મદિરા, ઘી, મધ, દહીં, દૂધ, અમૃત અને જળથી ભરેલા સમુદ્રો તથા નદીઓ, પોતાના તરંગોથી રત્નોના ઢગલાઓ (તેને) આપતા હતા.[૧૭] પર્વતો પોતાની ગુફાઓમાં ક્રીડાસ્થાન આપતા હતા; વૃક્ષો સર્વ ઋતુઓમાં પુષ્પ–ફળ વગેરેને આપતાં હતાં અને તે એકજ લોકપાલોના જુદા જુદા ગુણોને ધારણ કરતો હતો. એ રીતે તેણે સમગ્ર દિશાઓ જીતી લીધી હતી અને પોતાની પ્રીતિ પ્રમાણે વિષયોને તે ભોગવતો હતો તથા સમગ્ર જગતનો પોતે એકજ રાજા હતો, છતાં તૃપ્ત થયો ન હતો; કારણ કે તે અજિતેન્દ્રિય હતો.[૧૮-૧૯] એ રીતે ઐશ્વર્યના મદથી છકી જઇ ગર્વિષ્ઠ બની ગયેલા અને તેથીજ શાસ્ત્રથી વિરુદ્ધ વર્તતા ને બ્રાહ્મણનો શાપ પામેલા તે અસુરનો મહાન* કાળ વીતી ગયો.[૨૦] પછી તો લોકપાલો સહિત સમગ્ર લોકો તેના ઉગ્ર દંડથી ત્રાસી ગયા અને બીજે કોઇ પણ સ્થળે શરણ નહિ મળવાથી તેઓ શ્રીભગવાનને શરણે ગયા;[૨૧] (ને સ્તુતિ કરવા લાગ્યા કે,) 'જે દિશામાં સર્વના આત્મા અને ઈશ્વર શ્રીહરિ નિવાસ કરે છે અને જે દિશામાં જઇને શાંત તથા મળરહિત થયેલા સંન્યાસીઓ કદી પાછા ફરતા નથી, તે દિશાને અમારા નમસ્કાર હો!' એ પ્રમાણે મનને વશ કરી બુદ્ધિને એકાગ્ર કરી તે નિષ્પાપ લોકો નિદ્રાને તજી દઇ કેવળ વાયુનેજ આહાર કરી, શ્રીહરિની સ્તુતિ કરતા હતા;[૨૨-૨૩] તેવામાં તે સાધુજનોને નિર્ભય કરનારી, મેઘ જેવી ગર્જના કરતી અને દિશાઓને ગજાવી મૂકતી આવી આકાશવાણી થઇ કે,[૨૪] 'હે શ્રેષ્ઠ દેવો! તમે નિર્ભય થાઓ, તમારું સર્વનું કલ્યાણ થાઓ; કારણ કે મારું દર્શન પ્રાણીઓનાં સર્વ કલ્યાણની સિદ્ધિ માટે થઇ શકે છે.[૨૫] આ દુષ્ટ દૈત્યની દુષ્ટતા મેં જાણી છે; હું તેની શાંતિ કરીશ. તમે (તે) સમયની રાહ જુઓ.[૨૬] જે પુરુષ દેવોનો, વેદોનો, ગાયોનો, બ્રાહ્મણોનો, સાધુજનોનો, ધર્મનો તથા મારો પોતાનો પણ જ્યારે દ્વેષ કરે છે, ત્યારે તત્કાળ તે વિનાશ પામે છે.[૨૭] એ દૈત્ય (બ્રહ્માના) વરદાનથી જો કે બળવાન બન્યો છે, તોપણ વૈરરહિત અને અતિશય શાંત એવા પોતાના મહાત્મા પુત્ર પ્રહ્લાદનો જ્યારે દ્રોહ કરશે, ત્યારે હું તેનો વધ કરીશ.'[૨૮]

નારદજી બોલ્યાઃ—'લોકોના ગુરુ ભગવાને એ પ્રમાણે કહ્યું એટલે દેવતાઓ તેમને પ્રણામ કરી પાછા ફર્યા અને ઉદ્વેગરહિત થઇ તે અસુરને મરણ પામેલોજ માનવા લાગ્યા. તે દૈત્ય રાજાને અતિ આશ્ચર્ય ઉપજાવે એવા ચાર પુત્રો હતા. તેઓમાં પ્રહલાદ ગુણોએ કરીને સર્વ કરતાં શ્રેષ્ઠ હતો; મહાન પુરુષોનો ભક્ત હતો; બ્રાહ્મણોનો સેવક હતો; સદાચારી હતો; સત્ય પ્રતિજ્ઞાવાળો હતો; જિતેંદ્રિય હતો; સર્વ પ્રાણીઓને પોતાના આત્માની પેઠે તે એકજ પ્રિય અને પરમમિત્ર હતો. વળી તે દાસની પેઠે ઉત્તમ પુરુષોના ચરણોને નમતો હતો; પિતાની પેઠે દીન જનો પર પ્રેમ રાખતો હતો; પોતાની સમાન મનુષ્યના ઉપર ભાઇની પેઠે સ્નેહ રાખતો હતો; પોતાના

* ઇકોતેર યુગ કરતાં પણ કંઇક વધુ સમય. શ્રી૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વડીલો ઉપર તે ઈશ્વરની ભાવના રાખતો હતો; વિદ્યા, ધન, રૂપ તથા ઉત્તમ જન્મથી તે યુક્ત હતો; છતાં પણ અભિમાનથી થતા અક્કડપણાથી તે રહિત હતો; સંકટો પ્રાપ્ત થાય તોપણ તેનું મન ઉદ્વેગ પામતું ન હતું. સાંભળેલા તથા જોયેલા વિષયોમાં તે નિઃસ્પૃહ હતો. કારણકે તે તે વિષયોને તે અવસ્તુરૂપેજ જોતો હતો; તેની ઇન્દ્રિયો, પ્રાણ, શરીર તથા બુદ્ધિ વશ હતાં; તેની સર્વ કામનાઓ અત્યંત શાંત થઇ ગઈ હતી અને તે અસુર હતો, છતાં આસુરી ભાવથી રહિત હતો.[૨૯–૩૩] હે રાજન્! પ્રહ્લાદને વિષે જે મહાન પુરુષોના ગુણો હતા, તેઓને વિદ્વાનો વારંવાર ગ્રહણ કરે છે અને (પ્રહ્લાદને થયે ઘણો કાળ વીતી ગયો છે, તોપણ) ભગવાન ઈશ્વરમાં રહેલા ગુણોની પેઠે (તેના) ગુણો હજી પણ ઢંકાઇ ગયા નથી–પણ જગજાહેર છે.[૩૪] હે રાજા! (પ્રહ્લાદ અસુર હતો, તેથી તેના) શત્રુ દેવો પણ સજ્જનોની કથાના પ્રસંગવાળી સભામાં તે પ્રહ્લાદને એક દૃષ્ટાંત તરીકે ગ્રહણ કરે છે; તો પછી તમારા જેવા બીજા–વિષ્ણુભક્તો એનું દૃષ્ટાંત લે, એમાં શું કહેવાનું હોય?[૩૫] તેના અસંખ્યાંત ગુણોનું તો વર્ણનજ થઈ શકે તેમ નથી; માત્ર તેનું માહાત્મ્ય અહીં સૂચવાય છે. તેને ભગવાન વાસુદેવ પર સ્વાભાવિક પ્રીતિ હતી. તે પોતે બાળક હતો, ત્યારે પણ કેવળ ભગવાનમાંજ મન હોવાથી તેણે રમકડાંઓ છોડી દીધાં હતાં અને શ્રીકૃષ્ણરૂપ ગ્રહે તેના ચિત્તને ગ્રહણ કર્યું હતું, તેથી આ જગત જેવું (વ્યવહારમાં) છે, તે પ્રમાણેનું તે જાણતો ન હતો.[૩૬,૩૭] શ્રીગોવિંદ ભગવાને પોતાની સાથે જેને એક કરી દીધો હતો, એવો તે પ્રહ્લાદ બેસતો, ફરતો, ખાતો, સૂતો, પીતો અને બોલતો હતો, છતાં પણ તે તે (આસન, માર્ગ, ભક્ષ્ય, શયન, પીવાનો પદાર્થ અને ભાષણ) જાણતો ન હતો. તે કોઇ વેળા શ્રીભગવાનના ચિંતનથી ક્ષુબ્ધ ચેતનાવાળો થઇને રડતો હતો; કોઈ કોઈ વેળા ભગવાનના ચિંતનથી હર્ષ પામીને હસતો હતો; કોઈ વેળા ઊંચેથી ગાતો હતો;[૩૮,૩૯] કોઇ વેળા કંઠ ખુલ્લો મૂકીને ગર્જના કરતો હતો અને કોઇ કોઇ વેળા લજ્જાનો ત્યાગ કરી નૃત્ય કરતો હતો. વળી કોઇ વેળા ભગવાનની ભાવનાથી યુક્ત થઇ તન્મય બની જઇને ભગવાનની ચેષ્ટાઓને પોતે પણ કરતો હતો.[૪૦] કોઇ વેળા ભગવદ્‌ભાવની પ્રાપ્તિ થવાથી શાંત બની જઇને તે રોમાંચિત થઇ જતો હતો અને સ્થિર સ્નેહને લીધે આનંદનાં અશ્રુઓ આવી જતાં લગાર મીંચાયલી દૃષ્ટિએ મૌન બેસી રહેતો હતો. સર્વ સંગથી રહિત એવા મહાત્મા પુરુષોની સેવાથી પ્રાપ્ત થયેલી ઉત્તમ કીર્તિવાળા ભગવાનના ચરણકમળની સેવાથી પ્રહ્લાદ પોતાના મનને પરમ શાંતિ આપતો હતો અને દુર્જનોના સંગથી દીન એવા બીજા મનુષ્યોનાં મનને પણ વારંવાર શાંત કરતો હતો.[૪૧,૪૨] હે રાજન્! એવા મહાન ભગવદ્‌ભક્ત અને મહાભાગ્યશાળી પોતાના મહાત્મા પુત્ર પ્રહ્લાદનો પણ હિરણ્યકશિપુએ દ્રોહ કર્યો હતો.'

યુધિષ્ઠિરે પૂછ્યું:–'હે ઉત્તમ વ્રતધારી દેવર્ષિ! પોતે પિતા થઇને પણ હિરણ્યકશિપુએ પોતાના પવિત્ર અને સજ્જન પુત્ર પ્રહ્લાદનો જે દ્રોહ કર્યો હતો, તે અમે તમારી પાસેથી જાણવા ઇચ્છીએ છીએ.[૪૩,૪૪] પુત્રના પર પ્રેમ રાખનારા પિતાઓ પોતાના પુત્રો કદાચિત્ વિરુદ્ધ વર્તતા હોય, તો તેઓને શિખામણ આપવા માટે ઠપકો આપે છે, પણ શત્રુની પેઠે તેઓનો દ્રોહ કરતા નથી; તો પછી જે પુત્રો પોતાને અનુકૂળ રહેતા હોય; રાગ–દ્વેષરહિત સજ્જન હોય અને પોતાના પિતાનેજ દેવ તરીકે માનતા હોય, તેઓને ઉદ્દેશીને દ્રોહ ન કરે, એમાં શું કહેવાનું હોય? માટે હે બ્રહ્મન્! અમારું આ આશ્ચર્ય આપ દૂર કરો. હે પ્રભો! પિતાનો પુત્ર પ્રતિ જે દ્વેષ હોય, તે તો પુત્રના મરણને માટે થઇ પડે છે.[૪૫,૪૬]

સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૪ થો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ५ मो*

વિષ્ણુભક્ત પ્રહ્લાદને મારી નાખવા હિરણ્યકશિપુના અનેક ઉપાયો

॥ નારદ ઉવાચ ॥

पौरोहित्याय भगवान् वृतः काव्यः किलाऽसुरैः।
शंडामर्कौ सुतौ तस्य दैत्यराजगृहांतिके ॥ १ ॥

નારદજીએ કહ્યું:–'ભગવાન શુક્રાચાર્યને અસુરોએ પુરોહિતપણું કરવા માટે સ્વીકાર્યા હતા; તેથી તેમના પુત્ર શંડ અને અમર્ક દૈત્ય રાજાના ઘરની સમીપમાં રહેતા હતા.[1] તેઓ બન્ને જણા દૈત્ય રાજાએ મોકલેલા નીતિકુશળ પ્રહ્લાદને તથા બીજા વિદ્યાર્થિ–અસુર બાળકોને ભણાવતા હતા. પ્રહ્લાદ તે ગુરુગૃહે ગુરુએ કહેલું સાંભળતો હતો અને પછી તે પ્રમાણે ભણતો પણ હતો; પરંતુ 'પોતાનો અને પારકો' આવો મિથ્યા આગ્રહજ જેમાં આવતો હતો, એવું તે ગુરુનું અધ્યાપન તેણે મનથી સારું માન્યું ન હતું. હે પાંડુપુત્ર! એક દિવસે અસુરરાજાએ પુત્રને ખોળામાં બેસાડી પૂછ્યું કે, 'હે પુત્ર! તું જે કંઈ સારું માનતો હોય તે કહે.'[૩-૪]

પ્રહ્લાદે કહ્યું:–'હે અસુરશ્રેષ્ઠ! મિથ્યા આગ્રહને લીધે જેઓની બુદ્ધિ સદા અત્યંત ઉદ્વિગ્ન રહેતી હોય, તેવાં પ્રાણીઓને માટે હું તો એજ સારું માનું છું કે, જેમાં આત્માનું અધઃપતન થઈ રહ્યું છે, તેવા ઘરરૂપી અંધારિયા કૂવાનો ત્યાગ કરી વનમાં જઇ શ્રીહરિનો આશ્રય કરવો જોઇએ.'[5]

નારદજી બોલ્યા:–'પરપક્ષ–વિષ્ણુ ભગવાન તરફ ઢળતી પુત્રની વાણી સાંભળીને દૈત્ય હિરણ્યકશિપુ હસી પડ્યો. તેણે કહ્યું કે, 'બાળકોની બુદ્ધિ બીજાઓની બુદ્ધિથી ફરી જાય છે.[6] માટે ગુરુને ઘેર આ બાળકને બરાબર સંભાળો, કે જેથી ગુપ્ત વેષમાં ભમતા વિષ્ણુપક્ષના બ્રાહ્મણો આની બુદ્ધિમાં કંઇ ફેરફાર કરી ન નાખે.'[7] પછી દૈત્યના પુરોહિતો પોતાને ઘેર આણેલા પ્રહ્લાદની સુંદર વાણીથી પ્રશંસા કરી શાંત વચનોથી તેને પૂછવા લાગ્યા:[8] 'હે પુત્ર પ્રહ્લાદ! તારું કલ્યાણ થાઓ, તું સાચું કહેજે; જૂઠું બોલીશ નહિ. બીજાં સર્વ બાળકો સિવાય તારી એકલાનીજ બુદ્ધિમાં આ ફેરફાર ક્યાંથી થયો છે?[9] હે કુળને આનંદ આપનાર પુત્ર! તારી બુદ્ધિમાં થયેલો આ ફેરફાર કોઈ બીજાને લીધે થયેલો છે કે તારા પોતાથી થયેલો છે? તે અમે–તારા ગુરુઓ સાંભળવા ઇચ્છીએ છીએ; માટે તું અમને કહે.'[10]

પ્રહ્લાદ બોલ્યો:–'પોતાનો અને પારકો' આવો મિથ્યા આગ્રહ જેમની માયાને લીધે પુરુષોને કરાયલો છે અને જેમની માયાથી મોહ પામેલી બુદ્ધિવાળા (તમારા જેવાઓ) નેજ તે મિથ્યા આગ્રહ જોવામાં આવે છે, તે ભગવાનને હું નમસ્કાર કરું છું.[11] ×એ ભગવાન જ્યારે અનુકૂળ થાય છે, ત્યારે પુરુષોની પશુ જેવી બુદ્ધિમાં પણ ફેરફાર થઈ જાય છે, કે જે બુદ્ધિ (પ્રથમ) 'આ હું અને આ બીજો' આવી મિથ્યા હોઇને સંસારવિષયક હોય છે; (છતાં ભગવાનની કૃપાથી ફેરફાર પામીને આત્મનિષ્ઠ બની જાય છે.) આ પરમાત્માનેજ બુદ્ધિહીન અવિવેકી પુરુષો 'આ હું પોતે અને આ બીજો' એમ કહી રહ્યા છે. કારણ કે તે ભગવાનનું ચરિત્ર જાણવું અશક્ય છે. અરે! બ્રહ્માદિ વેદવાદીઓ પણ જેમના માર્ગની જિજ્ઞાસા કરતાં મૂંઝાઇ જાય છે, તે ભગવાનેજ મારી બુદ્ધિમાં આ (ઉત્તમ) ફેરફાર કર્યો છે.[૧૨-૧૩]

* આ અધ્યાયમાં ગુરુએ ભણાવેલું તજી દઇને વિષ્ણુની સ્તુતિમાં આસક્ત રહેનારા પુત્ર પ્રહ્લાદજીનો હિરણ્યકશિપુએ હાથી, સર્પો વગેરેથી ઘાત કરાવવા પ્રયત્ન કર્યો, પણ તેનો ઘાત કરાવી શક્યો નહિ, એ કથા કહેવાશે. —श्रीधर

× અહો આશ્ચર્ય! આવું આવું શું બકે છે? તારી બુદ્ધિમાં જેને લીધે ફેરફાર થયો છે, તેનેજ તું કહી બતાવને! એમ આક્ષેપપૂર્વક કહેવામાં આવ્યું, ત્યારે પ્રહ્લાદ હવે કહે છે કે, ભગવાનની કૃપાથીજ મારી બુદ્ધિમાં આવો ફેરફાર થયો છે. —श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હે બ્રહ્મન્! જેમ લોઢું લોહચુંબકની સમીપમાં (એની મેળે) ભમ્યા કરે છે, તેમ મારું મન પણ ચક્રપાણિ–શ્રીભગવાનનું સામીપ્ય થતાં સ્વયમેવ મિથ્યા આગ્રહથી દૂર થાય છે.'૧૪

નારદજી બોલ્યા:–'એ પ્રમાણે તે બ્રાહ્મણ દૈત્યપુરોહિતને કહી મહાબુદ્ધિમાન પ્રહ્‌લાદ બોલતા બંધ થયા; એટલે કોપ પામેલો તે દીન રાજસેવક (પુરોહિત) તેનો તિરસ્કાર કરી બોલ્યો: 'અરે! આ તો આપણો અપયશ કરનારો થયો! લાવો, પેલી છડી લાવો. આવા દુષ્ટબુદ્ધિ કુલાંગાર માટે ચોથો ઉપાય–શિક્ષાજ શાસ્ત્રોમાં કહી છે. આ છોકરો દૈત્યોરૂપી ચંદનવનમાં કાંટાના ઝાડ જેવો થયો છે અને દૈત્યોનાં મૂળ ઉખેડવામાં કુહાડી જેવા વિષ્ણુને એક હાથા જેવો થઇ પડ્યો છે.' એ રીતે અનેક ઉપાયોથી અને તિરસ્કારાદિથી પ્રહ્‌લાદને ડરાવીને તે બ્રાહ્મણ–ગુરુએ ધર્માર્થકામરૂપી ત્રિવર્ગનું પ્રતિપાદન કરનારું શાસ્ત્ર (તેને) ભણાવવા માંડ્યું. તે પછી જાણવા યોગ્ય એવા સામ–દાનાદિ ચારે ઉપાયો પ્રહ્‌લાદે જાણ્યા છે, એમ જાણીને તેના ગુરુ, માતાએ જેને સ્નાન કરાવી શણગાર્યો હતો, એવા તે પ્રહ્‌લાદને દૈત્યરાજ હિરણ્યકશિપુ પાસે લઈ ગયા. તે વેળા પોતાના પગમાં પડેલા બાળક પ્રહ્‌લાદને આશીર્વાદથી અભિનંદન આપી હિરણ્યકશિપુ ઘણી વાર સુધી બન્ને હાથે તેને આલિંગન કરી પરમશાંતિને પ્રાપ્ત થયો.૧૫–૨૦ પછી હે યુધિષ્ઠિર! પોતાના ખોળામાં બેસાડી મસ્તક સૂંઘીને હર્ષાશ્રુનાં જળકણોથી સિંચન કરતો તે અસુર પ્રફુલ્લ મુખવાળા પ્રહ્‌લાદને આ પ્રમાણે કહેવા લાગ્યો.૨૧

હિરણ્યકશિપુ બોલ્યો:–'હે દીર્ઘાયુ પુત્ર પ્રહ્‌લાદ! તું આટલા સમય સુધીમાં ગુરુની પાસેથી જે કંઈ શીખ્યો હોય અને જે કંઇ ઉત્તમ અધ્યયન કર્યું હોય, તે મને કહી સંભળાવ.'૨૨

પ્રહ્‌લાદ બોલ્યો:–'વિષ્ણુનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવન, પૂજન, વંદન, દાસત્વ, મિત્રત્વ અને આત્મસમર્પણ–આ નવ પ્રકારની ભક્તિને પુરુષે સાક્ષાત્ વિષ્ણુ ભગવાનમાં અર્પણ કરી દીધી હોય, તેનેજ હું ઉત્તમ અધ્યયન માનું છું.'૨૩,૨૪ પુત્રનું આ વચન સાંભળી ક્રોધને લીધે જેનો નીચલો હોઠ ફરકતો હતો, એવો હિરણ્યકશિપુ તે વખતે ગુરુપુત્રને આ પ્રમાણે કહેવા લાગ્યો: 'અરે ઓ નીચ બ્રાહ્મણ! મારા શત્રુનો આશ્રય કરનારા તેં દુષ્ટે આ શું કર્યું? અલ્યા દુર્મતિ! મારો અનાદર કરીને તેં આ છોકરાને આવું અસાર શીખવ્યું?૨૫,૨૬ આ જગતમાં જેઓની મૈત્રી દુષ્ટ હોય છે, એવા કપટવેષધારી દુર્જનો ખરેખર હોય છે ખરા! પણ જેમ સમય આવતાં પાપીઓમાં રોગ ફાટી નીકળે છે, તેમ તેવા દુર્જનોનાં પાપ (સમય આવતાં) પ્રકટી નીકળે છે.'૨૭

ગુરુપુત્રે કહ્યું:–'હે ઇન્દ્રશત્રુ! તમારો આ પુત્ર જે કંઇ કહે છે, તે મેં ભણાવ્યું નથી; તેમ બીજા કોઇએ પણ ભણાવ્યું નથી. હે રાજન્! આ બાળકની આવી બુદ્ધિ સ્વાભાવિકજ છે, માટે ક્રોધને નિયમમાં રાખો અને અમને દોષ ન આપો.'૨૮

નારદ બોલ્યા:–'ગુરુએ એ પ્રમાણે ઉત્તર આપ્યો, એટલે અસુરે ફરીથી પુત્રને પૂછ્યું: 'અરે ઓ અમંગળ છોકરા! જો ગુરુનાં વાક્યથી તારી આ દુષ્ટ બુદ્ધિ નથી થઇ, તો ક્યાંથી થઈ છે?'૨૯

પ્રહ્‌લાદે કહ્યું:–'ઘર એજ જેઓનું વ્રત થઈ પડ્યું હોય છે–ઘરનોજ જેઓને સંકલ્પ થયા કરે છે અને તેથીજ નહિ જિતાયલી ઇન્દ્રિયો-દ્વારા અંધકારરૂપ સંસારમાં જેઓ પેસી રહ્યા હોય છે અને તે સંસારમાં વારંવાર ચાવેલુંજ જેઓ ચાવ્યા કરે છે–એટલે અનેક જન્મોમાં ભોગવેલા વિષયોનેજ ફરી ફરીને જેઓ ભોગવ્યા કરે છે તેવા પુરુષોને પોતાથી, પારકાથી કે પરસ્પર કહેવાથી શ્રીકૃષ્ણમાં બુદ્ધિ થતી નથી–તમારા જેવા વિષયાસક્ત પ્રાણીઓને શ્રીકૃષ્ણમાં બુદ્ધિ થવાનો અધિકારજ નથી.૩૦ કારણ કે જેઓ કેવળ બાહ્યવિષયોનેજ સત્ય વસ્તુ તરીકે માની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહ્યા હોય છે, તેવા વિષયવાસિત અંતઃકરણવાળા પુરુષો કેવળ આત્મસ્વરૂપમાંજ જેઓનો પુરુષાર્થ હોય છે, તેવા આત્મનિષ્ઠ પુરુષોએ જાણવા યોગ્ય એવા શ્રીવિષ્ણુ ભગવાનને જાણી શકતાજ નથી;+ જેથી આંધળાએ દોરેલા આંધળા જેમ માર્ગને જાણતા નથી, પણ ખાડામાંજ પડે છે, તેમ તે વિષયાસક્ત પુરુષો પણ 'બ્રાહ્મણ' આદિ મોટાં મોટાં નામો જેમાં રહેલાં છે, એવી વેદવાણીરૂપી ઈશ્વરની લાંબી દોરીમાંજ બંધાયલા રહે છે—અર્થાત્ વેદોક્ત કામ્યકર્મોમાંજ સપડાયલા રહે છે—મોક્ષના અધિકારી રહેતા નથી.[૩૧] માટે જ્યાંસુધી સર્વ પરિગ્રહનો ત્યાગ કરનારા મહાન પુરુષોના ચરણની રજના સ્નાનનો સ્વીકાર કરવામાં આવે નહિ, ત્યાંસુધી એ વિષયાસક્ત મનુષ્યોની બુદ્ધિ (ભલે વેદવાક્યોથી સંસ્કારવાળી થઈ હોય, તોપણ) ભગવાનના ચરણકમળનો સ્પર્શ કરી શકતી નથી—સાક્ષાત્કાર કરી શકતી નથી; જે ભગવાનના ચરણકમળનો સાક્ષાત્કાર કરનારી બુદ્ધિનું પ્રયોજન આ અનર્થરૂપ સંસારને દૂર કરવો એજ હોય છે. અર્થાત્ મહાન પુરુષોની કૃપા વિના તત્ત્વવસ્તુનો નિશ્ચય થઇ શકતો નથી અને જ્યાંસુધી તે નિશ્ચય ન થાય, ત્યાંસુધી મોક્ષ પણ મળતો નથી.'[૩૨] એમ કહીને બોલતાં બંધ થયેલા પુત્ર પ્રહ્લાદને જેનું મન ક્રોધથી અંધ બન્યું હતું, એવા હિરણ્યકશિપુએ પોતાના ખોળામાંથી પૃથ્વી પર ફેંકી દીધો[૩૩] અને અદેખાઈ તથા ક્રોધથી ઘેરાઈ ગયેલાં લાલચોળ નેત્રે તે દૈત્ય બોલી ઉઠ્યો કે, 'અરે ઓ રાક્ષસો! આ વધ કરવા યોગ્ય છોકરાને મારી દૃષ્ટિ પાસેથી દૂર કરો અને સત્વર તેને મારી નાખો.[૩૪] આજ મારા ભાઇને મારી નાખનારો છે; આ નીચ છોકરો પોતાનાં સંબંધીઓનો ત્યાગ કરી પોતાના કાકાનોજ વધ કરનાર વિષ્ણુના ચરણને દાસની પેઠે સેવે છે. (આ તો વિષ્ણુનો પક્ષપાતી હોઇને અવશ્ય વધ કરવા યોગ્ય છે.)[૩૫] અથવા આ દુષ્ટ છોકરો વિષ્ણુનું પણ શું ભલું કરશે? કારણ કે માત્ર પાંચજ વર્ષનો હોવા છતાં પોતાનાં માતા-પિતાના દુસ્ત્યજ સ્નેહનો ત્યાગ કરી બેઠો છે![૩૬] કોઇ પારકો મનુષ્ય પણ ઔષધની પેઠે જો આપણું હિત કરનારો હોય, તો તે પુત્રજ છે અને પોતાના દેહથી ઉત્પન્ન થયેલો પુત્ર પણ રોગની પેઠે આપણું અહિત કરનારો હોય, તો તે શત્રુજ છે. આપણું પોતાનું અંગ પણ જો અહિત કરનારૂં હોય, તો તેને કાપીજ નાખવું જોઇએ, કે જેનો ત્યાગ કરવાથી બાકીનું અંગ સુખેથી જીવી શકે છે.[૩૭] જેમ દુષ્ટ ઇન્દ્રિય મુનિની શત્રુ છે, તેમ આપણા સંબંધીના વેષને ધરનારો આ છોકરો આપણો શત્રુ છે; માટે ભોજન, આસન, શયન વગેરે સર્વમાં ઝેર વગેરેના પ્રયોગો કરીને હરકોઇ ઉપાયે આને મારીજ નાખવો.'[૩૮] એ પ્રમાણે પોતાના સ્વામીએ આજ્ઞા આપી એટલે હાથમાં ત્રિશૂળો ધારણ કરનારા, તીક્ષ્ણ દાઢોથી ભયંકર મુખવાળા, લાલચોળ દાઢી-મૂછ તથા કેશવાળા અને ભયંકર ગર્જનાઓ કરતા તે રાક્ષસો 'કાપી નાખો, ચીરી નાખો' એમ બોલતા ત્યાં બેઠેલા પ્રહ્લાદને સર્વ મર્મસ્થાનોમાં ત્રિશૂલો વડે પ્રહાર કરવા લાગ્યા.[૩૯-૪૦] પણ સમગ્રના આત્મારૂપ, નિર્વિકાર અને સર્વના અવિષયરૂપ એવા ભગવાન વિષે જેનું મન જોડાઇ ગયું હતું, એવા પ્રહ્લાદને વિષે જેમ કોઇ અભાગિયા મનુષ્યના સઘળા મોટા ઉદ્યમો નિષ્ફળ થાય, તેમ તે રાક્ષસોના પ્રહારો નિષ્ફળ થયા.[૪૧] હે યુધિષ્ઠિર! એ પ્રમાણે તે પ્રયાસ નિષ્ફળ થયો,

---

+ એક સ્થળે ઠીકજ કહ્યું છેઃ—

विषयाविष्टचित्तानां विष्णवावेशः सुदूरतः ।
वारुणीदिग्गतं वस्तु व्रजन्नैन्द्रीं किमाप्नुयात् ॥

જેઓનાં મન વિષયોથી ઘેરાયલાં હોય છે, તેઓનો વિષ્ણુ ભગવાનમાં પ્રવેશ અતિશય દૂરજ છે. કારણ કે કોઈ વસ્તુ પશ્ચિમદિશામાં રહી હોય અને તેને મેળવવા માટે કોઈ પૂર્વદિશામાંજ ચાલ્યો જાય છે, તો તે વસ્તુ તેને કદી મળે? નજ મળે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એટલે દૈત્યરાજા હિરણ્યકશિપુ અત્યંત શંકિત થયો અને પછી તો તેનો નાશ કરી નાખવાના ઉપાયો તેણે આગ્રહપૂર્વક કરવા માંડ્યા.[૪૨] એ અસુર દિશાના હાથીઓથી, સર્પોથી, આભિચારિક પ્રયોગોથી, પર્વતોનાં શિખરો ઉપરથી નીચે પાડી નાખવાથી, (શંબરાસુરે રચેલી) માયાઓથી, ખાડા વગેરેમાં પૂરી રાખવાથી, ઝેર આપવાથી, ઉપવાસો કરાવવાથી, બરફમાં દાટી રાખવાથી, વાયુમાં રાખવાથી, અગ્નિમાં નાખવાથી, પાણીમાં ડુબાડવાથી અને પર્વતો નીચે દાબી રાખવાથી પણ પોતાના એ નિષ્પાપ પુત્રનો વધ કરવાને જ્યારે અસમર્થ થયો, ત્યારે ઘણી મોટી ચિંતામાં પડ્યો અને તેને મારી નાખવાને (બીજો કોઇ) ઉપાય પણ તેને ન સૂઝ્યો.[૪૩,૪૪] (પછી તે વિચાર કરવા લાગ્યો કે,) 'આને મેં ઘણાં ઘણાં ખરાબ વચનો કહ્યાં; તેમજ અનેક મારવાના ઉપાયો રચ્યા, છતાં આ છોકરો પોતાના તેજ વડે તે તે દુઃખોમાંથી ને આભિચારિક પ્રયોગોમાંથી બચી ગયો છે.[૪૫] વળી આ મારી પાસેજ રહે છે અને બાળક છે, છતાં પણ મનમાં નિર્ભય રહે છે; તેમજ (અજીગર્તના વચલા પુત્ર) સમર્થ શુનઃશેપની* પેઠે મારા દુષ્ટપણાને ભૂલતો નથી.[૪૬] ખરેખર, આનો પ્રભાવ અમાપ છે; આને કોઇનાથી પણ ભય નથી અને આ મૃત્યુથી પણ રહિત છે. આ વાત નક્કી છે કે, આની સાથે વિરોધ કરવાથીજ મારું મૃત્યુ થશે; બીજી રીતે મારું મૃત્યુ થશેજ નહિ.'[૪૭] આવી ચિંતાને લીધે તે અસુરરાજા કંઇક નિસ્તેજ શોભાવાળો થઇને નીચે મુખે બેઠો હતો; તેવામાં શુક્રાચાર્યના પુત્ર શંડ અને અમર્ક (ત્યાં આવીને) એકાંતમાં તેને આ પ્રમાણે કહેવા લાગ્યા:[૪૮] 'હે નાથ! આપ એકલાએ પોતાની ભ્રૂકુટિના વિલાસમાત્રથીજ સમગ્ર લોકપાલો જેમાં ત્રાસી ગયા છે, એવા ત્રણે જગતને જીતી લીધું છે; તે આપને કંઇ પણ વિચાર કરવા જેવું હોય એમ અમે જોતા નથી; અથવા બાળકોનાં ચરિત્ર ગુણ–દોષનાં વિષય હોતાંજ નથી.[૪૯] માટે આપણા ગુરુ શુક્રાચાર્ય જ્યાંસુધી અહીં આવે, ત્યાંસુધી આને વરુણના પાશથી બાંધી રાખો; જેથી ભયભીત થઇને નાસી ન જાય. હરકોઇ પુરુષની બુદ્ધિ (મોટી) વયથી અને ઉત્તમ પુરુષોની સેવાથી સારી થઇ શકે છે.'[૫૦] તે પછી 'બહુ સારું' એમ ગુરુપુત્રનાં વચનને સ્વીકારીને હિરણ્યકશિપુએ તેઓને કહ્યું કે, 'આ છોકરાને તમારે ગૃહસ્થાશ્રમી રાજાઓના ધર્મનો ઉપદેશ કરવો.'[૫૧] પછી હે રાજન્! શંડ અને અમર્ક, તે વિનયી અને નમ્ર એવા પ્રહ્લાદને અનુક્રમે ધર્મ, અર્થ તથા કામનો નિત્ય ઉપદેશ કરવા લાગ્યા, પણ પ્રહ્લાદ ગુરુઓએ ઉપદેશેલા તે ત્રિવર્ગને સારો માનતા ન હતા. કેમકે ગુરુઓની તે શિક્ષા રાગદ્વેષાદિ દ્વંદ્વોમાં રમણ કરનારાઓએજ વર્ણવેલી (તેમને જણાઇ) હતી.[૫૨,૫૩] પોતાના ગુરુ ઘરના કામકાજ માટે જ્યારે ક્યાંય જતા હતા, ત્યારે રમત માટે જેઓને સમય મળતો હતો એવા બાળકો, પ્રહ્લાદને ત્યાં બોલાવતા હતા.[૫૪] એ સમયે તેઓની જન્મમરણાદિ સ્થિતિને જાણનારા મહાજ્ઞાની પ્રહ્લાદ તે બાળકોને મધુર વાણીથી પોતાની પાસે બોલાવી જાણે હસતા હોય, તેમ દયાને લીધે તેઓને ઉપદેશ આપતા હતા. એ વેળા સર્વ બાળકો પ્રહ્લાદ તરફના માનને લીધે પોતાની રમતની સામગ્રી (રમકડાં) છોડી દેતા અને પ્રહ્લાદમાંજ પોતાનાં મન તથા નેત્રો સ્થાપી દઇ તેમની પાસે બેસી જતા હતા. કારણ કે તેઓ બાળક હતા અને તેથીજ તેઓની બુદ્ધિ રાગ–દ્વેષાદિ દ્વંદ્વોવાળા

* શુનઃશેપ તે અજીગર્તનો વચેટ પુત્ર હતો. તેને તેનાં માતા–પિતાએ હરિશ્ચંદ્રને વેચી દીધો હતો; જેથી તે પોતાનાં એ માતા–પિતાના અપકારને નહિ ભૂલીને તેના શત્રુ વિશ્વામિત્રનો આશ્રય કરી બીજા ગોત્રને પામ્યો હતો.

અથવા આ છોકરો 'શુનઃશેપ' એટલે કૂતરાંની પૂંછડીની પેઠે પોતાના સ્વભાવને ભૂલતો નથી. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પુરુષોની પ્રેરણાઓ અને ચેષ્ટાઓથી દૂષિત થયેલી ન હતી. પછી હે રાજેન્દ્ર! પોતે અસુર હોવા છતાં દયાળુ, સર્વના મિત્ર અને ભગવાનના મહાન ભક્ત તે પ્રહ્લાદ તેઓને આ પ્રમાણે ઉપદેશ આપતા હતા.૫૫-૫૭

पर्युपासत राजेंद्र तन्न्यस्तहृदयेक्षणाः ।
तानाह करुणो मैत्रो महाभागवतोऽसुरः ॥ ५७ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૫ મો સમાપ્ત

અધ્યાય ૬ ઠ્ઠો÷

પ્રહ્લાદનો બાળકોને ઉપદેશ

॥ प्रह्राद उवाच ॥

कौमार आचरेत्प्राज्ञो धर्मान् भागवतानिह ।
दुर्लभं मानुषं जन्म तदप्यध्रुवमर्थदम् ॥ १ ॥

પ્રહ્લાદજી બોલ્યા–'મનુષ્યજન્મ દુર્લભ છે અને ઇષ્ટ અર્થ આપનાર છે, માટે બુદ્ધિમાન મનુષ્યે બાલ્યાવસ્થામાંજ ભગવદ્ધર્મોનું આચરણ કરવું. કારણકે આ મનુષ્યજન્મ પણ અધ્રુવ છે–નાશવંત છે.૧ આ જગતમાં પુરુષે વિષ્ણુ ભગવાનના ચરણનું શરણ લેવું તેજ યોગ્ય છે. કારણ કે એ ભગવાન સર્વ પ્રાણીઓના આત્મા છે, ઈશ્વર છે અને પ્રિય મિત્ર છે.૨ હે દૈત્યો! ઇન્દ્રિયોથી પ્રાપ્ત થનારૂં વિષયસુખ તો પ્રાણીઓને શરીરનો યોગ થતાં સર્વત્ર મળી રહે છે. જેમ પૂર્વજન્મમાં કરેલાં કર્મોના અનુસારે પ્રયત્ન કર્યા વિના પ્રાણીઓને દુઃખ મળી રહે છે, તેમ સુખ પણ વિનાપ્રયત્ને મળી રહે છે.૩ માટે સુખ મેળવવાનો પ્રયાસ ન કરવો જોઇએ. કારણ કે એવો પ્રયાસ કરવાથી કેવળ આયુષનો વ્યયજ થાય છે અને પરમ કલ્યાણરૂપ ભગવાનના ચરણકમળની પ્રાપ્તિ પણ થતી નથી.૪ સંસારમાં આવીને કુશળ પુરુષે, પોતાનું આ પુરુષશરીર જ્યાંસુધીમાં વૃદ્ધાવસ્થા તથા રોગ વગેરે નહિ હોવાને લીધે હૃષ્ટપુષ્ટ હોય અને અસમર્થ નહિ થઇને વિનાશ પામી ન જાય, ત્યાંસુધીમાં સત્વર કલ્યાણ માટે પ્રયત્ન કરી લેવો જોઇએ.૫ પુરુષનું આયુષ, [**शतायुर्वै पुरुषः**–(**तैत्ति. सं.१–५–७–१४**)–પુરુષનું આયુષ સો વર્ષનું જ છે. આ વૈદિકી પ્રસિદ્ધિ પ્રમાણે] સો વર્ષનું હોય છે; તેમાંથી અર્ધો ભાગ તો નિષ્ફળ જાય છે. કારણ કે રાત્રિમાં નિદ્રારૂપી ઘોર અંધકારને પામીને પુરુષ સૂઈ રહે છે; તે સમયે એ પુરુષ અજિતાત્મા હોય છે–દેહ તથા ઇન્દ્રિયોને વશ કરી શકતો નથી.×૬ (હવે બાકી રહ્યાં પચાસ વર્ષ; તેમાંથી પણ) મૂર્ખ મનુષ્યનાં વીસ વર્ષ બાલ્યાવસ્થામાં અને કુમારાવસ્થામાં રમતાં રમતાં ચાલ્યાં જાય છે અને (છેલ્લાં) વીસ વર્ષ વૃદ્ધાવસ્થાથી શરીર ઘેરાઈ જતાં અસમર્થપણામાં ચાલ્યાં જાય છે.૭ (વચ્ચેનાં દશ વર્ષનું) જે આયુષ બાકી રહ્યું, તે તો ઘરમાં આસક્ત થઈ પ્રમાદી બનેલા પુરુષનું દુઃખથી પૂર્ણ થઇ શકે તેવા કામભોગમાં તથા અતિશય બળવાન એવા મોહમાં ચાલ્યું જાય છે.૮ (કદાચ તમે કહેશો કે, યુવાવસ્થામાં ઘર વિષે આસક્ત હોવા છતાં પાછળથી વિરક્ત થઈ કલ્યાણને પ્રાપ્ત કરી શકશે; એના ઉત્તરમાં કહેવાનું કે, એ વાતજ અસંભવિત છે. કારણ કે) ઇન્દ્રિયોને જેણે જીતી નથી, એવો કયો પુરુષ ઘરમાં આસક્ત થયેલા અને મજબૂત સ્નેહપાશોથી બંધાઇ ગયેલા પોતાના આત્માને છૂટો કરવાનો ઉત્સાહ પણ કરી શકે તેમ છે?૯ વળી જે ધન પ્રાણ કરતાં પણ

÷ આ અધ્યાયમાં ગુરુ જ્યારે ઘરકામમાં લાગતા, ત્યારે પ્રહ્લાદજી દૈત્યોનાં બાળકો ઉપર દયા કરી નારદજીએ કહેલા પરમતત્ત્વનો તેઓને ઉપદેશ આપતા હતા, એ કથા કહેવાશે. —શ્રીધર

× માટે બાલ્યાવસ્થાથી માંડીને ભક્તિયોગ કર્યો હોય તો તેના અભ્યાસના બળથી દેહ તથા ઇન્દ્રિયો જિતાઈ જાય છે અને તેથી રાત્રે પણ વચલા બે પ્રહરજ નિદ્રામાં ગાળીને આગલા પાછલા બે પ્રહરમાં પણ ભજન–કીર્તન–સ્મરણ આદિનો લાભ મળી શકે અને તેથી અર્ધા આયુષ જેટલો મોટો સમય વૃથા ન જાય; એ ભાવ છે. —બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રિય હોય છે અને જે ધનને મનુષ્ય ચોર બનીને, સેવક થઇને કે વેપારી થઇને પોતાના પ્રિય પ્રાણોથી સંપાદન કરે છે, તે ધનની તૃષ્ણાને કયો પુરુષ છોડી શકે તેમ છે?[૧૦] તેમજ જેનું મન રાગાસક્ત હોય છે, તે મનુષ્ય પોતાના પુત્રોનું, સુંદર પુત્રીઓનું, ભાઈઓનું, બહેનોનું, ગરીબ માતાપિતાનું, અનેક જાતનાં સુંદર રાચરચીલાંવાળાં ઘરોનું, કુલપરંપરાથી ચાલતી આજીવિકાનું, પશુવર્ગનું તેમ સેવકવર્ગનું સ્મરણજ કર્યા કરે છે અને એવો મનુષ્ય દયાપાત્ર પોતાની સ્ત્રીના એકાંત સંગને તથા ગુપ્ત વિચારોને કેમ તજી શકે? વળી તે મનુષ્ય કાલું કાલું સુંદર ભાષણ કરતાં પોતાનાં બાળકોના સ્નેહથી બંધાયલો હોય છે તેથી તેઓના સંગને પણ શી રીતે તજી શકે? જેમ રેશમનો કીડો પોતાને હિતકારી ઘર બનાવતાં પોતાને તેમાંથી નીકળવાનો માર્ગ પણ નથી રાખતો, તેમ કર્મોને કર્યા કરતો મનુષ્ય લોભને લીધે કામનાઓથી અતૃપ્તજ રહે છે અને અત્યંત દુષ્ટ પરિણામવાળા મોહથી યુક્ત થઈ તે મનુષ્ય ગુહ્ય ઇન્દ્રિયના તથા જિહ્‌વાના સુખને સર્વથી અધિક માને છે, જેથી વૈરાગ્યને કેવી રીતે પામે?[૧૧-૧૩] પોતાના કુટુંબનું પોષણ કરવામાં નાશ પામતા પોતાના આયુષને તથા નાશ પામેલા પોતાના પુરુષાર્થને તે પ્રમાદી મનુષ્ય સમજી શકતો નથી; અને તેથીજ સર્વ સ્થળે ત્રણ પ્રકારના તાપથી તેનું મન દુઃખી થાય છે, છતાં તે વૈરાગ્ય પામતો નથી. કારણ કે તે તો પોતાના કુટુંબમાંજ આનંદ પામી રહ્યો છે.[૧૪] પારકું ધન હરણ કરનારાને આ લોકમાં તથા પરલોકમાંજ અનર્થ પ્રાપ્ત થાય છે, તેને તે જાણતો હોય છે, છતાં તેનું મન પારકા ધનમાં નિત્ય લાગેલુંજ રહે છે અને જેની કામનાઓ શાંત થઇ નથી, એવો તે અજિતેન્દ્રિય કુટુંબી મનુષ્ય તે પારકા ધનને હરે છે પણ ખરો.[૧૫] આવી રીતે હે દાનવો! પોતાના કુટુંબનું પોષણ કરતો તે મનુષ્ય ભલે પછી વિદ્વાન હોય, તોપણ આત્મસાક્ષાત્કાર કરવા માટે સમર્થ થઈ શકતો નથી. કારણકે જે મનુષ્યની ભાવના 'આ પોતાનું અને આ પારકું' એમ ભેદભાવવાળી હોય છે, તે (વિદ્વાન હોય, તોપણ) મૂઢ મનુષ્યની પેઠે નરકનેજ પામે છે. (માટે બાલ્યાવસ્થામાંજ ભગવદ્ધર્મોને આચરવા.) કારણ કે જે સ્ત્રીઓની દૃષ્ટિમાં કેવળ કામજ રહેલો છે અને જે સ્ત્રીઓમાંથી પુત્ર–પૌત્રાદિ સંતતિરૂપ બેડી (બંધાવાની સાંકળ) ઉત્પન્ન થાય છે, તે સ્ત્રીઓને રમવાના રમકડા જેવો જ થઈ પડયો હોય છે, તે બિચારો કોઇ પુરુષ કોઈ કાળે અથવા કોઇ ઠેકાણે પોતાના આત્માને છોડવાને સમર્થ થતો નથી.[૧૬,૧૭] માટે હે દૈત્યો! કેવળ વિષયપરાયણ એવા દૈત્યોના સંગનો દૂરથી ત્યાગ કરી દઇ તમે આદિદેવ નારાયણને શરણે જાઓ. કારણ કે સર્વ સંગનો ત્યાગ કરનારા પુરુષોએ તે ભગવાનનેજ મોક્ષ તરીકે ઇચ્છેલા છે.[૧૮] હે અસુરોના પુત્રો! તે અચ્યુત ભગવાનને પ્રસન્ન કરનારને બહુ પરિશ્રમ પડતો નથી. કારણ કે તે ભગવાન સર્વ પ્રાણીઓના આત્મા છે અને સર્વ સ્થળે વ્યાપ્ત છે.[૧૯] સ્થાવરથી આરંભીને બ્રહ્મા સુધીનાં નાનાંમોટાં સર્વ પ્રાણીઓમાં પાંચ ભૂતોના વિકારરૂપ (નિર્જીવ) પદાર્થોમાં, આકાશાદિ પાંચ મહાભૂતોમાં, સત્ત્વાદિ ત્રણ ગુણોમાં, ગુણોની સામ્યાવસ્થારૂપ પ્રકૃતિમાં તથા ગુણોની વિષમ અવસ્થારૂપ મહત્તત્ત્વાદિમાં તે એકજ અવિનાશી એવા ઈશ્વર પરમાત્મા ભગવાન રહેલા છે.[૨૦,૨૧] તે પરમેશ્વર, વસ્તુતઃ કલ્પનામાં પણ આવી શકે તેવા નથી અને અનિર્દેશ્ય છે–અમુક સ્વરૂપે દર્શાવવાને અશક્ય છે, તોપણ માયાને લીધે દ્રષ્ટા ને ભોક્તાસ્વરૂપે વ્યાપકપણાથી દર્શાવી શકાય છે; અને દશ્ય તથા ભોગ્ય–દેહાદિરૂપે વ્યાપ્યપણાથી દર્શાવી શકાય છે.[૨૨] કારણ કે તે ભગવાનનું સ્વરૂપ તો કેવળ અનુભવાત્મક આનંદરૂપજ છે; તોપણ ગુણાત્મક સૃષ્ટિ જેનાથી ઉત્પન્ન થાય છે, એવી માયાથી પોતાના ઐશ્વર્યને તે ઢાંકી દે છે.[૨૩] માટે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તમે આસુરી ભાવનો ત્યાગ કરીને સર્વ પ્રાણીઓ ઉપર દયા કરો, જેથી તે અધોક્ષજ–ભગવાન પ્રસન્ન થાય[૨૪] અને સર્વના આદ્ય તથા અંતરહિત એવા તે ભગવાન જ્યારે પ્રસન્ન થાય છે, ત્યારે શું અલભ્ય છે? અર્થાત્ સર્વ કંઇ સુલભ છે; તોપણ તે ભગવાનના ચરણોનું ગાન કરતા અને તે રૂપી સારને ગ્રહણ કરનારા આપણને ગુણના પરિણામરૂપ એવા દૈવથીજ સિદ્ધ થયેલા ધર્મ, અર્થ ને કામનું શું પ્રયોજન છે? તેમજ ગુણરહિત એવા મોક્ષને ઇચ્છવાનું પણ શું પ્રયોજન છે?[૨૫] વળી ધર્મ, અર્થ ને કામરૂપ જે ત્રિવર્ગ કહ્યો છે તે; અને તે ત્રિવર્ગ સંપાદન કરવા માટે આત્મવિદ્યા, તર્કશાસ્ત્ર, દંડનીતિ અને અનેક પ્રકારની જે આજીવિકાઓ કહેવામાં આવી છે–તે આ સર્વ વેદમાં પ્રતિપાદન કરેલું છે, એમ હું માનું છું અને તે સઘળું પોતાના મિત્ર પરમપુરુષ ભગવાનનેજ પોતાનો આત્મા અર્પણ કરવામાં સાધનરૂપ થાય, તોજ હું તેને સત્ય તરીકે માનું છું. (નહિ તો તે સર્વ અસત્ય છે.)[૨૬] આ દુર્લભ એવું નિર્મળ જ્ઞાન નર–નારાયણ ભગવાને નારદજીને કહ્યું હતું. જેઓ સર્વ પરિગ્રહનો ત્યાગ કરનારા ભગવાનના એકાંત ભક્તોના ચરણકમળની રજમાં સ્નાન કરે છે–પોતાના મસ્તકે તેમની ચરણરજને ચડાવે છે, તે સર્વ પ્રાણીઓને એ જ્ઞાન થઇ શકે છે; (ઉત્તમ પુરુષોનેજ આ જ્ઞાન પ્રાપ્ત થાય છે એવું કંઈ નથી.[૨૭]) આ અનુભવસુધીનું જ્ઞાન તથા ભગવાનનો શુદ્ધ ધર્મ, જેમનું દર્શન દેવતુલ્ય છે, એવા નારદજી પાસેથી પૂર્વે મેં સાંભળેલ છે.'[૨૮]

દૈત્યપુત્રો બોલ્યાઃ–'હે પ્રહ્‌લાદ! તમે કે અમે, આ બે શુક્રાચાર્યના પુત્ર વિના બીજાને ગુરુ તરીકે જાણતા નથી અને આપણા સર્વ બાળકોના આ બન્ને નિયંતા છે અને (આજ દિવસ સુધી) તમે અંતઃપુરમાંજ રહો છો, તેથી તમને મહાન પુરુષનો સંગ થવો દુર્ઘટ છે. (તો પછી તમે આ જ્ઞાન ક્યારે સંપાદન કર્યું?) હે સૌમ્ય! આ અમારો સંશય છે; માટે જો અમે તમારા વિશ્વાસનું કારણ હોઇએ, તો અમારો આ સંશય તમે દૂર કરો.'[૨૯–૩૦]

बालस्यांतः पुरस्थस्य महत्संगो दुरन्वयः ।
छिंधि नः संशयं सौम्य स्याच्चेद्विश्रंभकारणम् ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

अध्याय ७ मो*

પ્રહ્‌લાદનો ઉપદેશ (ચાલુ)

॥ नारद उवाच ॥

एवं दैत्यसुतैः पृष्टो महाभागवतोऽसुरः ।
उवाच स्मयमानांस्तान् स्मरन्मदनुभाषितम् ॥१

નારદજી બોલ્યાઃ–'હે યુધિષ્ઠિર! દૈત્યોના પુત્રોએ એ પ્રમાણે પૂછ્યું, એટલે ભગવાનના મહાન અસુરભક્ત પ્રહ્‌લાદજીએ આશ્ચર્ય પામેલા તે બાળકોને પૂર્વે મેં કહેલા ઉપદેશનું સ્મરણ કરી આ પ્રમાણે કહ્યું.[૧]

પ્રહ્‌લાદજીએ કહ્યુંઃ–'અમારા પિતા તપશ્ચર્યા કરવા માટે જ્યારે મંદરાચલ પર ગયા હતા, ત્યારે દેવતાઓએ દાનવો સામે યુદ્ધ કરવાનો ઉદ્યમ કર્યો હતો[૨] અને તે તે વખતે ઇન્દ્રાદિ દેવો કહેતા હતા કે, કીડીઓ જેમ સર્પને ખાઇ જાય છે, તેમ લોકોને દુઃખ દેનાર આ પાપી હિરણ્યકશિપુને તેનું પાપ ખાઇ ગયું છે, તે ઠીક થયું.[૩] તે પછી અસુરોનાં ટોળાંઓના નાયકોને દેવો મારવા માંડ્યા, એટલે તે દેવોનો અતિબળવાન ઉદ્યોગ જોઇને અસુરો ભયભીત થઇ ગયા ને સર્વ દિશાઓમાં નાસી ગયા.[૪] એ સમયે તે અસુરોએ સ્ત્રી, પુત્ર, હિતૈષી, ઘર, પશુઓ તથા સરસામાનની કંઇ પણ દરકાર કરી ન હતી. કેવળ પોતાના પ્રાણની રક્ષા કરવાની ઇચ્છાથી તેઓ

* આ અધ્યાયમાં પ્રહ્‌લાદજી માતાના ગર્ભમાં હતા, ત્યારે નારદજીએ પૂર્વોક્ત જ્ઞાન કહ્યું હતું, એ વાત પ્રહ્‌લાદજી સર્વ દૈત્યશિષ્યોને ખાતરી કરાવવા કહે છે. **શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સર્વે ઉતાવળા નાસી જતા હતા.[૫] તે પછી જયની ઇચ્છાવાળા દેવોએ રાજાની છાવણીમાં લૂંટ ચલાવી અને ઇન્દ્રે રાજરાણી મારી માતાને પકડી.[૬] ભયથી ઉદ્વેગ પામેલી અને ટિટોડીની પેઠે રડતી. તે મારી માતાને તેઓએ લઇ જવા માંડી; એવામાં દૈવેચ્છાએ ત્યાં આવી ચડેલા દેવર્ષિ નારદે માર્ગમાં તેને જોઈ[૭] અને કહ્યું કે, 'હે દેવપતિ! આ નિરપરાધિની સ્ત્રીને લઇ જવાને તું યોગ્ય નથી. હે મહાભાગ! આ સ્ત્રી સતી છે અને વળી પરસ્ત્રી છે; માટે તું આને છોડી દે, છોડી દે.'[૮]

ઇન્દ્ર બોલ્યોઃ–'આ સ્ત્રીના ઉદરમાં અસુર રાજાનું અસહ્ય વીર્ય છે, માટે પ્રસવ થાય ત્યાંસુધી તે મારી પાસે ભલે રહે. તે પછી મારું કાર્ય સાધી લઇ (તેના પુત્રને મારી નાખી) હું તેને છોડી મૂકીશ.'[૯]

નારદજીએ કહ્યું:–'આ સ્ત્રીનો જે પુત્ર ઉત્પન્ન થશે તે ભગવાનનો સાક્ષાત્ મહાન ભક્ત થશે અને અનંત ભગવાનનો બળવાન અનુચર થશે, જેથી તે તારાથી મૃત્યુ પામશે નહિ; કારણ કે તે પાપરહિત છે.'[૧૦]

'એ પ્રમાણે ઇન્દ્રને કહ્યું એટલે દેવર્ષિનાં વચનને માન આપીને તેણે મારી માતાને છોડી દીધી અને પછી ભગવાનને પ્રિય એવા મારા ઉપરની ભક્તિથી તેની પ્રદક્ષિણા કરી તે સ્વર્ગમાં ગયો. પછી ઋષિ નારદે મારી માતાને પોતાના આશ્રમમાં લઈ જઈ 'હે પુત્રિ! જ્યાંસુધી તારા સ્વામી આવે ત્યાંસુધી તું અહીં રહે' એમ આશ્વાસન આપીને કહ્યું; એટલે 'બહુ સારુ' એમ કહીને મારી માતા દૈત્યપતિ મારા પિતા જ્યાંસુધી અતિ ઘોર તપશ્ચર્યાથી પાછા ન ફર્યા, ત્યાંસુધી નિર્ભય થઇને તેમની પાસે રહેવા લાગી.[૧૧-૧૩] તે સમયે સગર્ભા અને સતી એવી મારી માતા પોતાના ગર્ભના કલ્યાણ માટે અને 'મારા પતિ આવે તે પછીજ મારે બાળકને જન્મ આપવો' આવી ઇચ્છાપૂર્વક પ્રસવ કરવાને પરમ ભક્તિથી ઋષિની સેવા કરતી હતી.[૧૪] દયાળુ અને સમર્થ એવા નારદ ઋષિએ તેને તથા મને બન્નેને ઉદ્દેશી ધર્મનું તત્ત્વ તથા નિર્મળ જ્ઞાન આપ્યાં હતાં;[૧૫] પણ તે ધર્મજ્ઞાન ઘણો લાંબો વખત થઇ જવાથી અને સ્ત્રીપણાથી મારી માતાને તો સ્મરણમાં ન રહ્યું; પરંતુ ઋષિના કૃપાપાત્ર એવા મને હજી સુધી પણ તેનું સ્મરણ ગયું નથી. એટલે તમે પણ જો મારા વચન ઉપર શ્રદ્ધા રાખો, તો તમને પણ દેહાદિ ઉપરના અહંભાવનો નાશ કરવામાં સમર્થ એવી બુદ્ધિ (જ્ઞાન) પ્રાપ્ત થાયજ. કેમકે શ્રદ્ધાથી સ્ત્રીઓ તથા બાળકોને પણ મારી પેઠે આવી બુદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે.[૧૬,૧૭] (તે બુદ્ધિ કયા પ્રકારની છે, તે તમે સાંભળો) ઈશ્વરની મૂર્તિરૂપ એવા કાળને લીધે વૃક્ષના (હોવાપણાથીજ તેના) ફળને 'ઉત્પન્ન થવું, હોવું, વધવું, પરિણામ પામવું–રૂપાંતર થવું, હ્રાસ પામવું અને નાશ પામવું' એવા છ વિકારો થાય છે અને વૃક્ષ એમનું એમ રહે છે, તેમ એજ છ પ્રકારના વિકારો (આત્માના હોવાપણાથીજ) શરીરને વિષે જોવામાં આવે છે; આત્માને વિષે જોવામાં આવતા નથી. (શરીરને એ વિકારો લાગુ હોય છે, ત્યારે આત્મા તો એમ ને એમજ રહેલો હોય છે.)[૧૮] કારણકે આત્મા નિત્ય છે; ક્ષયરહિત છે; શુદ્ધ છે; એકજ છે; શરીરાદિનો જ્ઞાતા છે; સર્વના આશ્રયરૂપ છે; વિકારરહિત છે; સ્વયંપ્રકાશ છે; સર્વના કારણરૂપ છે; વ્યાપક છે; સર્વ સંગથી મુક્ત છે અને કોઇ પણ આવરણથી રહિત છે.*[૧૯] આ બાર શ્રેષ્ઠ લક્ષણોથી આત્માના સ્વરૂપને જાણનારા વિદ્વાન પુરુષે શરીર વગેરે ઉપર મોહથી ઉત્પન્ન થનાર 'હું, મારું' એવો મિથ્યા

* ત્યારે શરીર અનિત્ય છે; ક્ષયથી યુક્ત છે; અશુદ્ધ છે; અનેક છે; જડ છે; આત્માના આશ્રયે રહેનારું છે; વિકારરહિત છે; આત્માને લીધેજ પ્રકાશ પામનારું છે; કાર્યરૂપ છે; વ્યાપક નથી; સંગવાળું છે અને કોઈ આવરણથી ઢંકાઈ જાય છે. —મા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આગ્રહ છોડી દેવો જોઇએ.[२०] જેમ કોઇ સોનું જાણનારો સોનાર સોનાની ખાણ વગેરે ક્ષેત્રોમાં, જેમાંથી સોનું કાઢી શકાય એવા પથ્થરોમાં અગ્નિથી ધમવું વગેરે ઉપાયોથી સોનાને સંપાદન કરે છે, તેમ આત્મતત્ત્વને જાણનારો અધ્યાત્મવેત્તા પુરુષ શરીરમાં આત્મપ્રાપ્તિના ઉપાયોથી બ્રહ્મસ્વરૂપને સંપાદન કરી શકે છે.[२१] કપિલ વગેરે આચાર્યો કહે છે કે, પ્રકૃતિઓ (મૂળ પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર ને પાંચ તન્માત્રાઓ—એમ) આઠ છે; તેના ગુણો (સત્ત્વ, રજસ્ ને તમસ્—એમ) ત્રણ છે; વિકારો (અગિયાર ઇન્દ્રિયો ને પાંચ ભૂતો—એમ) સોળ છે અને પુરુષ—આત્મા એકજ છે. કારણ કે આત્મા તેઓમાં સાક્ષીરૂપે રહેલો છે.[२२] આ સર્વ પ્રકૃતિ વગેરેનો જે સમુદાય તેજ દેહ છે અને સ્થાવર તથા જંગમ—એવા તેના બે ભેદ છે. આ શરીરમાંજ તે આત્મા 'આ નહિ, આ નહિ,' એમ સર્વ આત્મભિન્ન વસ્તુનો ત્યાગ કરતાં કરતાં પ્રાપ્ત થઈ શકે છે.[२३] જેમ કોઇ માળાના મણકાઓમાં દોરો સર્વત્ર પરોવાયલો હોય છે, તેમ આત્મા સર્વમાં રહેલો છે, છતાં જેમ દરેક મણકાઓથી દોરો જુદો છે, તેમ આત્મા પણ દેહાદિ સર્વ પદાર્થોથી જુદોજ છે—એમ અન્વય અને વ્યતિરેકરૂપ વિવેકથી શુદ્ધ થયેલા મન વડે (વેદમાં દર્શાવેલ) જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના અનુસંધાનપૂર્વક વિચાર કરતા ધીર પુરુષો આત્માને શોધી શકે છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ બુદ્ધિની વૃત્તિઓ છે. આ વૃત્તિઓનો જેના વડે અનુભવ થાય છે, તેજ સર્વનો સાક્ષી અને સર્વથી પર એવો પુરુષ—આત્મા છે; જેમ પુષ્પોના ધર્મરૂપ તેના ગંધોને દૂર કરી દઇ તેઓના આશ્રયરૂપ વાયુને મનુષ્ય જાણી શકે છે, (કે, આ ગંધ તો પુષ્પોનો છે અને વાયુ તો તેના આશ્રયરૂપે તે ગંધથી જુદોજ છે; માત્ર વાયુએ તેનું અનુસરણ કર્યું છે, તેથીજ તે ગંધવાળો જણાય છે;) તેમજ કર્મથી ઉત્પન્ન થનારી અને ત્રિગુણાત્મક એવી આ બુદ્ધિની ત્રણ અવસ્થાઓ દૂર કરવા વડે આત્માના સ્વરૂપને મનુષ્ય જાણી શકે છે. (કે, બુદ્ધિજ ત્રિગુણાત્મક અને કર્મની કરનારી છે તેથી આ ત્રણ અવસ્થાઓ બુદ્ધિનીજ છે; આત્મા તો બુદ્ધિમાં અનુસરેલો છે, તેથીજ જાણે બુદ્ધિની તે ત્રણ અવસ્થાવાળો હોય તેવો જણાય છે. વસ્તુતઃ આ ત્રણે અવસ્થાઓથી આત્મા જુદોજ છે.)[२४-२६] આ સંસાર કેવળ બુદ્ધિની અવસ્થાદ્વારાજ થયેલો છે, કારણ કે બુદ્ધિના ગુણો તથા કર્મોથીજ તે રચાય છે. વળી આ સંસારનું મૂળ અજ્ઞાન છે અને તેથી તે મિથ્યાસ્વરૂપ છે; તોપણ પુરુષોને સ્વપ્નની પેઠે તે દેખાય છે.[२७] માટે તમારે ત્રિગુણાત્મક એવાં કર્મોનાં બીજોને બાળી નાખનાર અને બુદ્ધિના જાગ્રત આદિ અવસ્થારૂપ પ્રવાહને અટકાવી દેનાર *યોગનો આશ્રય કરવો. જો કે આ સંસારની નિવૃત્તિના (શાસ્ત્રોક્ત) હજારો ઉપાયો છે, તોપણ ભગવાન નારદજીએ તે ઉપાયોમાંથી મને આજ (યોગરૂપી) ઉપાય કહ્યો છે; કારણ કે આ ભગવદ્યોગરૂપ ઉપાયથી અનાયાસે ભગવાન ઈશ્વરમાં પ્રીતિ થાય છે.[२८।२९] ગુરુની સેવા, ભક્તિ, મેળવેલા સર્વ પદાર્થો ભગવાનને અર્પણ કરી દેવા, સજ્જન ભક્ત પુરુષોનો સંગ કરવો, ઈશ્વરનું આરાધન કરવું, ભગવાનની કથામાં શ્રદ્ધા રાખવી, ભગવાનના ગુણો તથા કર્મોનાં કીર્તન કરવાં, ભગવાનનાં ચરણકમળનું ધ્યાન કરવું અને ભગવાનની મૂર્તિનું દર્શન, પૂજન તથા વંદન વગેરે કરવું—આ સર્વ ભગવાનમાં પ્રીતિ કરવાનાં અંતરંગ સાધનો છે; માટે તેથી પણ ભગવાનમાં અનાયાસે પ્રીતિ થઈ શકે છે. ભગવાન શ્રીહરિ સર્વના ઈશ્વર છે અને સર્વ પ્રાણીઓમાં રહેલા છે; માટે સર્વ પ્રાણીઓને તેમની કામનાઓ પૂરી કરીને મનથી સારી રીતે માન આપવું.[३०-३२] એ પ્રમાણે જેઓએ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર, એ છ શત્રુઓને

* યોગનો એટલે ભક્તિયોગનો.—બાલપ્રબોધિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અથવા પાંચ ઇન્દ્રિયોને તથા મનને જીતેલાં હોય છે, એવા પુરુષો ઈશ્વર ભગવાન વાસુદેવને વિષે ભક્તિ કરે છે, કે જે ભક્તિ વડે મનુષ્ય ભગવાનમાં પ્રીતિને પ્રાપ્ત કરે છે.[૩૩] જ્યારે ભગવાનનાં કર્મોને, અતુલ ગુણોને તથા લીલાશરીરથી કરેલાં પરાક્રમોને સાંભળીને મનુષ્ય અત્યંત હર્ષથી રોમાંચિત થઇ જાય છે અને અશ્રુથી ગળગળો થઇને ઉચ્ચ કંઠે ગાવા માંડે છે, અસ્પષ્ટ શબ્દ કરે છે તથા નૃત્ય કરે છે, (ત્યારે તેને ભગવાનમાં પ્રીતિ પ્રાપ્ત થઇ એમ કહી શકાય છે.)[૩૪] વળી જ્યારે કોઇ દુષ્ટ ગ્રહથી ઘેરાયલો હોય, તેમ કોઇ વેળા હસે છે, આક્રંદ કરે છે, વિચાર કરે છે, કોઈ માણસને વંદન કરે છે, વારંવાર શ્વાસ લે છે અને 'હે હરે! હે જગત્પતે! હે નારાયણ!' એમ લજ્જારહિત થઇ બોલે છે, ત્યારે તેની બુદ્ધિ ભગવાનમાં લયલીન થઇ એમ કહી શકાય[૩૫] અને તે સમયે પુરુષ સમસ્ત બંધનોથી મુક્ત થાય છે; તેનું મન તથા શરીર ભગવાનની ચેષ્ટા વગેરેની ભાવનાથી અનુકરણવાળું થાય છે અને તેનું અજ્ઞાન તથા વાસના બળીને ભસ્મ થઇ જાય છે. આવા પ્રકારનો થયા પછી તે પુરુષ એ અતિમહાન ભક્તિયોગના પ્રભાવથી અધોક્ષજ ભગવાનને પ્રાપ્ત થાય છે.[૩૬] આ જગતમાં અધોક્ષજ ભગવાનનું મનથી જે ધ્યાન કરવું, તે રાગાદિથી યુક્ત મનવાળા મનુષ્યના સંસારચક્રનો નાશ કરનારું છે અને વિદ્વાનો તેનેજ બ્રહ્મમાં લય થવારૂપ મોક્ષનું સુખ કહે છે. માટે તમે હૃદયમાં અંતર્યામી તે ભગવાનનું ભજન કરો.[૩૭] હે અસુરબાળકો! શ્રીહરિની ઉપાસના કરવામાં એવો કયો મહાન પરિશ્રમ છે? કંઇજ નથી. કારણ કે તે ભગવાન આકાશની પેઠે પોતાના હૃદયમાં વસી રહ્યા છે; પોતાના આત્મારૂપ છે અને સમગ્ર પ્રાણીઓના મિત્ર છે; માટે સર્વસામાન્ય એવા વિષયોને ઉપાર્જન કરવાથી શું ફળ છે? કંઈજ નથી, (કેવળ ઈશ્વરભજન કરો.) ધન, સ્ત્રી, પશુઓ, પુત્ર વગેરે, ઘર, પૃથ્વી, હાથી, ભંડાર, સંપત્તિઓ અને બીજી સર્વ કામનાઓ નાશવંત છે, જેથી ક્ષણભંગુર આયુષવાળા મનુષ્યનું તેઓ કેટલું પ્રિય કરી શકે છે? કંઇ પણ કરી શકતાં નથી.‡ એજ પ્રમાણે આ સ્વર્ગાદિ લોકો યજ્ઞોથી પ્રાપ્ત કરાયલા હોય છે, તે પણ પુણ્યના તારતમ્યથી કંઇક ચડિયાતા હોય છે, તોપણ નિર્મળ નથી.+ (કારણ કે, તે સ્પર્ધા આદિથી યુક્ત હોય છે.) માટે આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવા, જેમાં કોઈ જાતનાં દૂષણ જોયાં કે સાંભળ્યાં નથી એવા પરમેશ્વરનું તમે ભજન કરો.[૩૮-૪૦] પોતાને વિદ્વાન માનનારો પુરુષ જેનો સંકલ્પ કરીને વારંવાર કર્મો કરે છે તેથી ઊલટા ફળનેજ અવશ્ય પ્રાપ્ત કરે છે.[૪૧] કોઇ પણ કર્મ કરનાર મનુષ્યનો સંકલ્પ સુખને પ્રાપ્ત કરવા માટે અને દુઃખથી છૂટવા માટે હોય છે; પણ અમુક ફળની ઇચ્છાથી તે પુરુષ કર્મ કરે છે, તેથી સદા દુઃખને પામે છે, પરંતુ કોઈ પણ પ્રકારની ઇચ્છા નહિ રાખવાથી સદા સુખી રહે છે.[૪૨] આ લોકમાં પુરુષ જેને માટે કામ્યકર્મો કરીને કામનાઓને ઇચ્છે છે, તે શરીર તો પારકું છે; નાશવંત છે; જાય છે ને આવે છે.[૪૩] આ રીતે આપણું શરીરજ જો

‡ ઇતિહાસોમાં આજ આશયનો શ્લોક છેઃ-

धनं हि पुरुषो लोके पुरुषं धनमेव वा ।
अवश्यमेकं त्यजति तस्मात् किं धनतृष्णया ॥

કાં તો પુરુષ ધનનો ત્યાગ કરે છે અથવા ધન પુરુષનો ત્યાગ કરે છે; આ રીતે અવશ્ય એક એકને તજે છે; તો પછી ધનની તૃષ્ણા શા માટે કરવી જોઇએ?-**શ્રી.**

+ **यन्न दुःखेन संभिन्नं न च ग्रस्तमनंतरम् ।**
अभिलाषोपपन्नं च सुखं स्वर्गपदास्पदम् ॥

સ્વર્ગના સ્થાનનું જે સુખ, દુઃખથી મિશ્ર નથી અને તત્કાળ નાશ પણ પામતું નથી; છતાં તે સુખ અભિલાષથી યુક્ત છે-સ્પર્ધાદિથી યુક્ત છે, માટે તે સુખ પણ સેવવા યોગ્ય નથી. વેદ પણ કહે છેઃ-

तद्यथेह कर्मचितो लोकः क्षीयत एवमेवामुत्र पुण्यचितो लोकः क्षीयते-(छां. उ. ८-१-६)

જે પ્રમાણે અહીં કર્મથી સંપાદન કરેલો લોક નાશ પામે છે, તેમ પરલોકમાં પુણ્યથી પ્રાપ્ત કરેલો લોક નાશ પામે છે.

—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પારકું છે, તો પછી એ શરીરથી ભિન્ન છોકરાં, સ્ત્રી ઘર તથા ધન વગેરે અને રાજ્ય, ભંડાર, હાથી, પ્રધાન, સેવકો તથા હિતેચ્છુ મિત્રો વગેરે મમતાનું સ્થાન હોવા છતાં પારકાં હોય એમાં શું કહેવાનું છે?[૪૪] આત્મા કે જે નિત્ય આનંદનો મહાસાગર છે, તેને અતિશય તુચ્છ દેહની સાથે નાશ પામતા અને અર્થ જેવા જણાતા તે તે સ્ત્રીપુત્રાદિ અનર્થોની શી જરૂર છે?[૪૫] હે અસુરો! પોતાનાં પૂર્વજન્મનાં કર્મોને લીધે ગર્ભ આદિ અવસ્થાઓમાં દુઃખ પામી રહેલા પ્રાણીને આ જગતમાં કેટલો સ્વાર્થ છે, તે તમે કહો.÷ પ્રાણી પોતાને અનુસરતા દેહ વડે કર્મો કરે છે અને કર્મોથી પુનઃ દેહ સંપાદન કરે છે; આ રીતે કર્મ અને શરીર એ બન્નેને કેવળ અજ્ઞાનથી કર્યાજ કરે છે. (જેથી કર્મની કદી સમાપ્તિ થતી નથી અને ભોગ ભોગવવાનો અવસર કદી મળતો નથી.) માટે સર્વ અર્થો, કામો તથા ધર્મો જેમને અધીન છે, તે સર્વના આત્મા અને નિઃસ્પૃહ એવા ઈશ્વર શ્રીહરિનું તમે નિઃસ્પૃહ ભાવે ભજન કરો.[૪૬-૪૮] તે શ્રીહરિ પોતે ઉત્પન્ન કરેલાં પાંચ મહાભૂતોમાંથી બનેલાં સર્વ પ્રાણીઓના પ્રિય આત્મા છે, ઈશ્વર છે અને અંતર્યામી છે.[૪૯] દેવ, અસુર, મનુષ્ય, યક્ષ, કે ગંધર્વ—હરકોઇ મુકુંદ ભગવાનના ચરણનું ભજન કરનારો અમારી પેઠે કલ્યાણને પ્રાપ્ત કરે છે. હે અસુરોના પુત્રો! બ્રાહ્મણપણું, દેવપણું, ઋષિપણું, સદાચાર કે બહુ જાણવાપણું મુકુંદ ભગવાનને પ્રસન્ન કરવાને સમર્થ નથી;[૫૦,૫૧] તેમજ દાન, તપ, યજ્ઞ, પવિત્રતા કે વ્રતો ભગવાનને પ્રસન્ન કરવાને શક્તિમાન નથી; માત્ર શુદ્ધ ભક્તિથીજ શ્રીહરિ પ્રસન્ન થાય છે; બાકી તો બધું નાટકજ છે; માટે હે દાનવો! સર્વ પ્રાણીઓના આત્મા ને ઈશ્વર ભગવાન શ્રીહરિમાં તમે 'સર્વ પ્રાણીઓને પોતાનારૂપ માનવાં' એ દૃષ્ટિએ ભક્તિ કરો; દૈત્યો, યક્ષો, રાક્ષસો, સ્ત્રીઓ, શૂદ્રો, વ્રજવાસી ગોવાળિયાઓ પક્ષીઓ, મૃગો અને બીજા પાપી જીવો પણ ભક્તિથી ભગવાનને પામ્યા છે.[૫૨-૫૪] આ જગતમાં પુરુષનો ઉત્તમ સ્વાર્થ એટલોજ કહ્યો છે કે, તેણે શ્રીગોવિંદ ભગવાનમાં એકાંત ભક્તિ કરવી કે જે ભક્તિનું સ્વરૂપ 'સર્વ સ્થળે એ ભગવાનજ છે' એમ જોવું તે છે.'[૫૫]

÷ કર્મોથી ક્લેશ પામતા પ્રાણીને ભોગ ભોગવવાનો અવસરજ મળતો નથી, તો પછી એ ભોગસાધનોનો શો ઉપયોગ છે? તે કહો. —શ્રીધર

एतावानेव लोकेऽस्मिन् पुंसः स्वार्थः परः स्मृतः ।
एकांतभक्तिर्गोविंदे यत् सर्वत्र तदीक्षणम् ॥५५॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૭ મો સમાપ્ત

अध्याय ८ मो*

નૃસિંહ ભગવાને હિરણ્યકશિપુનો વધ કર્યો

॥ नारद उवाच ॥

अथ दैत्यसुताः सर्वे श्रुत्वा तदनुवर्णितम् ।
जगृहुर्निरवद्यत्वान्नैव गुर्वनुशिक्षितम् ॥ १ ॥

નારદજી બોલ્યા:—'ત્યાર પછી સર્વ દૈત્યપુત્રોએ, પ્રહ્લાદે કહેલું તે જ્ઞાન સાંભળીને નિર્દોષ હોવાથી તેજ ગ્રહણ કર્યું, પણ ગુરુનું શિક્ષણ (દોષવાળું હોવાથી) ગ્રહણ કર્યું નહિ.[૧] એટલે શુક્રાચાર્યના પુત્ર—ગુરુએ તે સર્વ બાળકોની બુદ્ધિને ભગવાનમાં સ્થિર થયેલી જાણીને ભયભીત થઇ, તે બધું જેવું હતું તેવું હિરણ્યકશિપુને જણાવ્યું.[૨] પોતાને અપ્રિય અને દુઃસહ એવી તે પુત્રની અનીતિ સાંભળીને દૈત્ય હિરણ્યકશિપુનું શરીર કોપાવેશથી ધ્રૂજી ઊઠયું અને પછી તો તેણે પુત્રનો નાશ કરી નાખવાનો મનમાં વિચાર

* આ અધ્યાયમાં અત્યંત ક્રોધથી હિરણ્યકશિપુ પોતાના પુત્રને મારવા તૈયાર થયો; તેવામાં નૃસિંહ ભગવાને પ્રકટ થઇને તેનો વધ કર્યો અને બ્રહ્માદિ દેવોએ નૃસિંહ ભગવાનની સ્તુતિ કરી, એ કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC-0. In Public Domain. Digitization by eGangotri

કર્યો.[3] પછી સ્વભાવથીજ ક્રૂર એવા તે દૈત્યે પગથી મારેલા સર્પની પેઠે ફૂંફાડા મારીને ક્રોધવાળી વાંકી દૃષ્ટિથી જોતાં જોતાં બે હાથ જોડીને ઊભેલા, વિનયથી નમ્ર અને જિતેંદ્રિય એવા પ્રહ્લાદને તિરસ્કાર કરવાને તે અયોગ્ય હતો, છતાં કઠોર વાણીથી તેનો તિરસ્કાર કરી કહેવા માંડ્યું: 'અરે ઓ ઉદ્ધત! ઓ મંદબુદ્ધિ! કુળનો નાશ કરનાર ઓ અધમ! તું અભિમાની છે; તેં મારી આજ્ઞા ઓળંગી છે; માટે આજે તને હું યમલોકમાં મોકલી દઈશ.[4-6] હું ક્રોધાયમાન થાઉં છું, ત્યારે લોકપાલો સહિત ત્રણે લોક કંપી ઊઠે છે. તે મારી આજ્ઞાને ઓ મૂર્ખ! કયા બળને આધારે તેં નિર્ભયની પેઠે ઓળંગી છે?'[7]

પ્રહ્લાદ બોલ્યો:—'હે રાજન્! જેમણે ભૂતકાળનાં ને ભવિષ્યકાળનાં બ્રહ્માદિ આ સ્થાવર-જંગમ પ્રાણીઓને વશ કર્યાં છે, તે પરમેશ્વર કેવળ મારા કે તમારાજ બળરૂપ નથી, પણ બીજા હરકોઇ બળવાન પુરુષોના પણ તેજ ભગવાન બળરૂપ છે. (માટે તે પરમેશ્વરનુંજ મને બળ છે.) તે ઈશ્વર કાળરૂપ છે; મહાન પરાક્રમી છે; ઇન્દ્રિયશક્તિરૂપ છે; માનસિક શક્તિરૂપ છે; ધૈર્યરૂપ છે; દેહશક્તિરૂપ છે; ઇન્દ્રિયોરૂપ છે અને તેજ ત્રણે ગુણોના નિયંતા પરમેશ્વર પોતાની શક્તિઓથી જગતને સૃજે છે, પાળે છે અને સંહારે છે,[8-9] તે માટે તમે પોતાના આસુરી ભાવનો ત્યાગ કરો અને પોતાના મનને 'સર્વે સમાન છે' એ ભાવમાં ધારણ કરો; કારણ કે નહિ જિતાયલા અને તેથીજ અવળે માર્ગે રહેલા મન સિવાય બીજો કોઇ શત્રુ નથી; તેમજ એ રીતે મનને સમભાવમાં સ્થિર કરવું, તેજ ભગવાનની મહાન પૂજા છે.[10] કેટલાક (તમારા જેવા મૂર્ખ) પુરુષો પોતાનું સર્વસ્વ લૂંટી રહેલા ઇન્દ્રિયોરૂપી છ શત્રુઓને પ્રથમ જીત્યા વિનાજ દશે દિશાઓને પોતે જીતેલી માને છે; પણ જેણે પોતાના મનને જીત્યું હોય છે અને પ્રાણીઓ પર જે સમાન ભાવ રાખે છે, તેવા જ્ઞાની પુરુષને પોતાના અજ્ઞાનથી કલ્પાયલા શત્રુઓ ક્યાંથી હોય?'

હિરણ્યકશિપુ બોલ્યો:—'ખરેખર, તું મરવા ઇચ્છે છે અને તેથીજ (આવું આવું) ઘણું બકે છે. ઓ મૂર્ખ! જેઓ મરણની અણી પર આવેલા હોય છે, તેઓની વાણી (આ રીતે) અસંબદ્ધ હોય છે.[11-12] ઓ મંદભાગ્યવાળા! તેં મારા વિનાનો જગતનો ઈશ્વર કહ્યો છે? તે ક્યાં છે? (તે સર્વ સ્થળે છે, એમ પ્રહ્લાદે કહ્યું, એટલે ફરી હિરણ્યકશિપુ બોલ્યો:)—જો તે સર્વ સ્થળે છે, તો આ થાંભલામાં કેમ દેખાતો નથી?[13] (ત્યારે પ્રહ્લાદ તો તે થાંભલામાં પણ ભગવાનને જોતો નમસ્કાર કરીને બોલ્યો: 'આ થાંભલામાં પણ ભગવાન દેખાય છે', પણ હિરણ્યકશિપુએ નહિ જોતાં ફરી કહ્યું:) તું ઘણું ઘણું બકી રહ્યો છે, માટે (ઊભો રહે, હમણાંજ) તારા મસ્તકને ધડ ઉપરથી જુદું કરું છું. (હું જોઉં છું કે,) તારું જે ઇચ્છિત શરણ હરિ છે, તે આજે તને (કેવી રીતે) બચાવે છે!!'[14] એ પ્રમાણે ક્રોધથી વારંવાર દુષ્ટ વાક્યો કહીને ભગવાનના મહાન ભક્ત પોતાના પુત્રને તે મહાસુર દુઃખ દેવા લાગ્યો અને હાથમાં તલવાર લઈ પોતાના ઉત્તમ આસન ઉપરથી કૂદી પડીને તે મહાબળવાન અસુરે થાંભલામાં પોતાની મુક્કીનો પ્રહાર કર્યો.[15] એટલે તેજ વખતે તે થાંભલામાં મહાભયંકર અવાજ થયો; (કે જેને લીધે આ બ્રહ્માંડરૂપી કઢાયું ફૂટી ગયું હોય એમ લાગ્યું.) હે રાજા! પોતાના સ્થાનમાં આવેલા તે અવાજને સાંભળી બ્રહ્માદિ દેવતાઓ પણ પોતાના સ્થાનનો વિનાશ થશે કે શું? એમ માનવા લાગ્યા.[16] આ તરફ પોતાના પુત્રનો વધ કરવાની ઇચ્છાને લીધે બળપૂર્વક પરાક્રમ કરતા હિરણ્યકશિપુએ એ અદ્ભુત અપૂર્વ અવાજ સાંભળીને સભામાં (જોવા માંડ્યું, પણ) તે અવાજ ક્યાંથી આવ્યો છે તે કંઈ જોયું નહિ. એ અવાજને લીધે તે અસુરના સેનાપતિઓ પણ ત્રાસી ગયા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતા.૧૭ તે સમયે પોતાના સેવક-પ્રહ્‌લાદનાં વચનને સત્ય કરવાને તથા પોતાનું સમગ્ર ભૂતોમાં વ્યાપકપણું છે, એ સત્ય કરવાને+ નહિ પશુ કે નહિ મનુષ્ય એવા અદ્‌ભુત સ્વરૂપને ધારણ કરતા ભગવાન સભાની વચ્ચે થાંભલામાં દેખાયા.૧૮ દૈત્ય હિરણ્યકશિપુ કે જે (પેલો અદ્‌ભુત શબ્દ સાંભળીને) ચારે તરફ જોઇ રહ્યો હતો, તેણે થાંભલાની વચ્ચેથી નીકળતા એ પ્રાણીને જોઇ વિચાર કરવા માંડ્યો કે, 'અહો! આ વિચિત્ર પ્રાણી કયું છે? આ પશુ નથી તેમ મનુષ્ય પણ નથી. આ તો મનુષ્ય અને સિંહનું મિશ્ર (નૃસિંહ) રૂપ છે.' દૈત્ય આવો વિચાર કરતો હતો, તેવામાં તો એ નૃસિંહરૂપ (ભગવાન) તેની આગળ આવીને ઊભા રહ્યા. એમનું એ નૃસિંહસ્વરૂપ ઘણુંજ ભયાનક હતું; તેનાં નેત્ર તપેલા સુવર્ણ જેવાં ઉગ્ર હતાં; ચળકતી જટા અને કેશવાળીને લીધે તેનું મુખ આડંબરવાળું જણાતું હતું; તેની દાઢો વિકરાળ હતી; તેની જીભ તલવાર જેવી ચંચળ અને સજૈયાની ધાર જેવી તીક્ષ્ણ હતી; તેનું મુખ ભ્રૂકુટીથી ભયંકર હતું; તેના કાન સ્થિર અને ઊંચા હતા; તેનું મુખ અને નાક પર્વતની ગુફાની પેઠે અદ્‌ભુત અને ફાડેલાં હતાં; તેનાં ગલોફાં ફાટેલાં હતાં અને તેથી (તેના મુખનો વિસ્તાર છેક કાન સુધી પહોંચેલો હોઇને) તેનો દેખાવ ભયંકર જણાતો હતો; તેનું શરીર છેક આકાશ સુધી પહોંચ્યું હતું; તેની ડોક ટૂંકી અને પુષ્ટ હતી; છાતી વિશાળ હતી; કેડ પાતળી હતી; શરીર ઉપર ચંદ્રના કિરણ જેવાં ઉજ્જ્વળ રૂંવાડાં છવાઇ રહ્યાં હતાં; સેંકડો હાથ સર્વ દિશાઓમાં ફેલાઈ રહ્યા હતા; નખ એજ તેનાં આયુધ હતાં; તેની સમીપમાં કોઇ પણ જઈ શકતું ન હતું અને તે સ્વરૂપે પોતાનાં ઉત્તમ ચક્ર વગેરે આયુધોથી તથા બીજાં વજ્ર વગેરે આયુધોથી દૈત્યો અને દાનવોને નસાડી મૂક્યા હતા. (આવા તે નૃસિંહસ્વરૂપને જોઇને તે દૈત્ય બોલી ઊઠ્યો કે,) 'મહામાયાવી હરિએ આવી રીતે મારો નાશ કરવાનો વિચાર કર્યો છે; પણ આવા ઉદ્યમ કરી રહેલા તે હરિથી મને શું થવાનું છે?'૧૯-૨૩ આમ બોલતો તે મહાન દૈત્ય હાથમાં ગદા લઈ ગર્જના કરતો કરતો નૃસિંહ ભગવાન સામે ધસી ગયો; તે સમયે જેમ કોઇ પતંગિયું અગ્નિમાં પડીને અદૃશ્ય થઇ જાય, તેમ નૃસિંહ ભગવાનના તેજમાં પડીને તે અસુર (જાણે ક્યાંય) અદૃશ્ય થઇ ગયો હોય એમ લાગતું હતું. એ રીતે સત્ત્વગુણમય પ્રકાશવાળા શ્રીહરિને વિષે (પડેલા તમોગુણમય તે દૈત્યનું) જે અદર્શન થયું હતું, તે કંઇ આશ્ચર્ય નથી. કેમકે શ્રીહરિએ પૂર્વે-સૃષ્ટિના આરંભકાળે પોતાના તેજથી પ્રલયકાળના અંધકારનું પણ પાન કર્યું હતું. તે પછી એ મહાન અસુરે નૃસિંહ ભગવાનની સામે ધસી જઇ ક્રોધથી મોટા વેગવાળી ગદાનો તેમને પ્રહાર કર્યો; એટલે ગદા-

---

+ તેમજ પોતાના ભક્ત સનકાદિ મુનિઓએ જય-વિજયને શાપ આપી સંતાપ પામતાં કહ્યું હતું કે, 'ત્રણ જન્મો પછી તમે શાપથી મુક્ત થશો,' એ વચન સત્ય કરવાને; વળી પોતાના ભક્ત હિરણ્યકશિપુએ બ્રહ્મા પાસે માગ્યું હતું કે, 'તમે ઉત્પન્ન કરેલાં કોઇ પણ પ્રાણીથી મારું મૃત્યુ ન થાય અને મનુષ્યથી કે પશુથી તેમજ અંદર કે બહાર પણ મારું મૃત્યુ ન થાય' એ વચન સત્ય કરવાને; વળી પોતાના ભક્ત બ્રહ્માએ 'તથાસ્તુ' એમ કહીને વરદાન આપ્યું હતું તે સત્ય કરવાને; તેમજ પોતાના ભક્ત હિરણ્યકશિપુએ 'નક્કી આની સાથે વિરોધ કરવાથીજ મારું મૃત્યુ થશે; આ કોઇ નિર્ભય અજરામર છે' એમ જે પોતાના પુત્રને ઉદ્દેશી કહ્યું હતું તે સત્ય કરવાને; તથા પોતાના ભક્ત નારદે ઇન્દ્ર પ્રત્યે કહ્યું હતું કે, આ હિરણ્યકશિપુની સ્ત્રીનો ગર્ભ તારાથી મૃત્યુ પામશે નહિ; તે તો ભગવાનનો મહાન ભક્ત-થશે, એ વચન સત્ય કરવાને; વળી પોતે ભક્તોના પક્ષપાતી છે, એમ પોતે જે ભગવદ્‌ગીતામાં કહ્યું છેઃ-**'कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति'** (શ્રી. भ. गी. ૯-૩૧) હે અર્જુન! તારે જાણવું કે, મારો ભક્ત કદી નાશ પામતો નથી અને **'तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात्** (શ્રી. भ. गी. ૧૨-૭) હું તે મારા ભક્તોનો મૃત્યુથી અને આ સંસારસમુદ્રથી ઉદ્ધાર કરું છું' એ પોતાના વચનને પણ સત્ય કરવાને. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



નૃસિંહાવતાર

[પૃષ્ઠ ૫૫૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધર ભગવાને જેમ ગરુડ સર્પને પકડે તેમ ગદા પકડી લઇ પરાક્રમ કરતા તે અસુરને પકડી લીધો, પણ રમત કરતા ગરુડના પંજામાંથી જેમ સર્પ નીકળી જાય, તેમ એ અસુર તે વેળા ક્રીડા કરતા ભગવાનના હાથમાંથી છટકી ગયો. હે ભરતવંશી રાજા! એ વખતે જેઓનાં સ્થાનો હિરણ્યકશિપુએ છીનવી લીધાં હતાં, તે સર્વ દેવતાઓ અને લોકપાલો વાદળાંઓ આડા છુપાઇ રહ્યા હતા; તેઓ ભગવાનના હાથમાંથી હિરણ્યકશિપુ જે છટકી ગયો, તેને અશુભ માનવા લાગ્યા. પછી ભગવાનના હાથમાંથી છૂટી જઈ તે અસુર પોતાના પરાક્રમથી ભગવાનને ભયમાં આવી પડેલા માનવા લાગ્યો અને તેથીજ ફરી ઢાલ–તલવાર હાથમાં લઈ યુદ્ધમાં પરિશ્રમથી રહિત જણાતો તે અસુર ભગવાન સામે ચડી ગયો. એ વેળા તેનો વેગ બાજ પક્ષીના જેવો હતો અને ઢાલ–તલવાર ફેરવીને ઉપરનીચે અવિચ્છિન્ન રીતે તે ઘૂમી રહ્યો હતો; એવામાં શ્રીહરિએ ઊંચા સ્વરથી મહાઉગ્ર અટ્ટહાસ્ય કરીને આંખો મીંચી દઇ મહાવેગથી તેને પકડી લીધો;[24-28] એટલે સર્પે પકડેલા ઊંદરની પેઠે ચોતરફ પછાડા મારતા, પકડાઇને આતુર થયેલા અને ઇન્દ્રના વજ્રથી પણ જેની ચામડી ચિરાઇ ન હતી, એવા તે દૈત્યને શ્રીહરિએ સભાના બારણામાં (નહિ અંદર અને બહાર) પોતાની સાથળ ઉપર પાડીને (નહિ પૃથ્વી ઉપર કે નહિ આકાશમાં) નખો વડે (નહિ જીવતા કે નહિ મરેલા વડે), ગરુડ જેમ મહાઝેરી સર્પને ચીરી નાખે, તેમ ચીરી નાખ્યો.[29] એ સમયે ભગવાન નૃસિંહનાં નેત્રો ક્રોધને લીધે દુઃખથી જોઇ શકાય એવાં અને મહાભયંકર જણાતાં હતાં; ફાડેલા મુખના છેડાઓને પોતાની જીભથી તે ચાટતા હતા; તેમનું મુખ અને કેશવાળી લોહીનાં બિંદુઓથી છંટાઇને લાલચોળ થઇ ગયાં હતાં; તેમના ગળામાં આંતરડાંની માળા આવી રહી હતી અને તેથી હાથીનો વધ કરી જેવો સિંહ દેખાય તેવા તે દેખાતા હતા.[30] તે પછી નખરૂપી અંકુરોથી જેનું હૃદયકમળ ચીરી નાખ્યું હતું એવા તે દૈત્યને ફેંકી દઇ અનેક બાહુઓવાળા તે ભગવાન તે દૈત્યના ઉગામેલા આયુધોવાળા હજારો અનુયાયી–સેવકોને પોતાના નખો, શસ્ત્રો તથા પગની પાનીઓ વડે ચોતરફથી મારવા લાગ્યા.[31] એ વેળા તેમની કેશવાળીથી અત્યંત કંપી ગયેલા મેઘો (આકાશમાં) વીખરાઈ જવા લાગ્યા,* તેમની દૃષ્ટિથી હરાઈ ગયેલી કાંતિવાળા સર્વે ગ્રહો નિસ્તેજ થઇ ગયા, તેમના શ્વાસથી ફુંકાયલા સમુદ્રો ખળભળી ઊઠ્યા અને તેમની ગર્જનાથી ભયભીત બનેલા દિશાઓના હાથીઓ ચીસો પાડવા લાગ્યા.[32] તેમની કેશવાળીના આઘાતથી ઊછળી પડેલાં વિમાનો વડે વ્યાપ્ત થયેલું આકાશ જાણે પોતાને સ્થાનેથી ખસી ગયું હોય એવું જણાતું હતું; પૃથ્વી તેમના પાદપ્રહારથી જાણે અત્યંત પીડાઈ હતી, તેમના વેગથી પર્વતો પણ જાણે ઊડી જતા હતા અને તેમના તેજથી આકાશ કે દિશાઓ જાણે ઝાંખી થઇ ગઇ હતી.[33] તે પછી પોતાની સામે યુદ્ધ કરનાર જેમણે જોયો ન હતો, એવા ભગવાન સભામાં ઉત્તમ રાજસિંહાસન પર બેસી ગયા; પણ સંપૂર્ણ પ્રકાશવાળા અને પ્રચંડ મુખવાળા તે પ્રભુને ભયથી કોઇ સેવી પણ શક્યું નહિ.–બીકથી તેમની સમીપ પણ કોઈ જઇ શક્યું નહિ.[34] એ રીતે ત્રણે લોકને મસ્તકજ્વર સમાન અતિ દુઃસહ તે આદિદૈત્ય હિરણ્યકશિપુનો ભગવાને યુદ્ધમાં વધ કર્યો; તે જાણીને અત્યંત હર્ષને લીધે પ્રફુલ્લ થયેલાં મુખવાળી દેવાંગનાઓએ નૃસિંહ ભગવાન પર વારંવાર પુષ્પોની વૃષ્ટિ કરી અને તે ભગવાનના દર્શનની ઇચ્છાવાળા દેવોનાં વિમાનોની પંક્તિઓથી આકાશ છવાઈ ગયું, દેવતાઓનાં ઢોલ તથા નગારાં વાગવા

* અર્થાત્ મેઘોને વીખરાઇ જવાની ભગવાને આજ્ઞા કરી; જેથી ત્યાં છુપાયલા દેવો સ્પષ્ટ રીતે આ બધું જોઇ શકે.

—श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લાગ્યાં, ઉત્તમ ગંધર્વો ગાવા લાગ્યા અને સ્ત્રીઓ નૃત્ય કરવા લાગી.[૩૫,૩૬] તે પછી બ્રહ્મા, ઇન્દ્ર, શંકર વગેરે દેવો, ઋષિઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, મોટા મોટા સર્પો, મનુઓ, પ્રજાપતિઓ, ગંધર્વો, અપ્સરાઓ, ચારણો, યક્ષો, કિંપુરુષો, વેતાલો, સિદ્ધો, કિન્નરો તથા વિષ્ણુ ભગવાનના પાર્ષદો સુનંદ, કુમુદ વગેરે ત્યાં આવી પહોંચ્યા અને તીવ્ર તેજવાળા તથા સિંહાસન ઉપર બેઠેલા તે નૃસિંહ ભગવાનથી થોડે દૂર ઊભા રહીને મસ્તકે બે હાથ જોડીને આ રીતે જુદી જુદી સ્તુતિ કરવા લાગ્યા.[૩૭-૩૯]

બ્રહ્મા બોલ્યાઃ–'જેમનો અંત નથી; જેમની શક્તિ દુરંત છે; જેમના પ્રભાવો અનેક તરેહના છે; જેમનાં કર્મો પવિત્ર છે અને જે ગુણોદ્વારા પોતાની લીલા વડે જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયને સારી રીતે કરી રહ્યા છે, તે અસ્ખલિત સ્વરૂપવાળા આપ ભગવાનને હું નમસ્કાર કરું છું.'

શ્રીરુદ્ર બોલ્યાઃ–'આપના કોપનો સમય તે યુગના અંતરૂપ બને છે–અર્થાત્ પ્રલયકાળરૂપ થાય છે; આપે આ તુચ્છ અસુરનો વધ કર્યો છે, તો હવે હે ભક્તવત્સલ! આપને શરણે આવેલા અને આપના ભક્ત તેના પુત્રની આપ રક્ષા કરો.'

ઇન્દ્ર બોલ્યોઃ–'હે પરમેશ્વર! આપે અમારું રક્ષણ કરીને આપના પોતાનાજ યજ્ઞભાગો પાછા આણ્યા છે. (કેમકે આપ સર્વના અંતર્યામી છો, તેથી આપજ યજ્ઞના ભોક્તા છો.) અને અમારું હૃદયકમળ કે જે આપને નિવાસ કરવાના ઘરરૂપજ છે, પણ (આજ દિવસ સુધી ભયનું કારણ બની) આ દૈત્ય વડે વ્યાપ્ત કરાયલું હતું, તેને (આજે) ભયથી મુક્ત કરી આપે પ્રફુલ્લિત કર્યું છે. અહો! આશ્ચર્ય છે કે, હે નાથ! જેઓ આપનુંજ સેવન કરનારા હોય છે, તેઓને કાળના ગ્રાસરૂપ થયેલું આ જગત (પોતાની સંપત્તિ તરીકે) શું ગણતરીમાં છે? કારણ કે હે નૃસિંહ! તે આપના ભક્તો (આપની ભક્તિ સિવાય) મોક્ષને પણ ઉત્તમ માનતા નથી, તો પછી બીજા સ્વર્ગાદિનું તો તેમને શું પ્રયોજન હોય?'[૪૦-૪૨]

ઋષિઓ બોલ્યાઃ–'હે આદિપુરુષ! આપે અમને આપના પ્રભાવરૂપ જે પરમ તપનો ઉપદેશ કર્યો હતો અને આપે જે તપ વડે પોતામાં લીન થયેલા આ જગતને સર્જ્યું છે, તે સર્વ તપનો આ દૈત્યે વિનાશ કરી નાખ્યો હતો; પણ હે શરણાગતનું રક્ષણ કરનાર દેવ! આજે જગતની રક્ષા માટે જેમણે આ શરીર ગ્રહણ કર્યું છે, એવા આપે ફરી તે તપ કરવાની આજ્ઞા આપી છે. (આપને અમે નમસ્કાર કરીએ છીએ.)'[૪૩]

પિતૃઓ બોલ્યાઃ–'જે આ દૈત્ય અમારા પુત્રોએ અમને અર્પેલાં શ્રાદ્ધોને બલાત્કારે ખાઇ જતો હતો અને તીર્થમાં સ્નાન કરવાના સમયે અમને ઉદ્દેશીને આપવામાં આવેલા તલમિશ્ર જળને પણ પી જતો હતો; તે સર્વને નખ વડે ચીરી નાખેલી ચરબીવાળા તેના ઉદરમાંથી આજે આપે આકર્ષી લીધેલ છે; તે સમગ્ર ધર્મનું રક્ષણ કરનાર આપ નૃસિંહ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ.'[૪૪]

સિદ્ધો બોલ્યાઃ–'હે નૃસિંહ! જે દુષ્ટ દૈત્યે યોગ ને તપના બળથી અમારી અણિમાદિ યોગસિદ્ધિને હરી લીધી હતી, તે અનેક જાતના ગર્વવાળા આ દૈત્યને આપે નખથી ચીરી નાખ્યો છે; એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ.'[૪૫]

વિદ્યાધરો બોલ્યાઃ–'બળ અને પરાક્રમથી ગર્વિષ્ઠ બની ગયેલા જે મૂર્ખ દૈત્યે જુદી જુદી ધારણાઓથી પ્રાપ્ત કરેલી અમારી અંતર્ધાનાદિ વિદ્યાને અટકાવી હતી, તેને આપે યુદ્ધમાં પશુ પેઠે મારી નાખ્યો છે; તે માયાથી નૃસિંહરૂપ ધારણ કરનારા આપને અમે નિત્ય નમસ્કાર કરીએ છીએ.'[૪૬]

નાગો બોલ્યાઃ–'જે પાપી દૈત્યે અમારાં રત્નોને તથા સ્ત્રીરત્નોને હરી લીધાં હતાં, તે દૈત્યની છાતી ચીરી નાખીને જેમણે આ (અમારી) સ્ત્રી-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઓને આનંદ આપ્યો છે, તે આપને અમારા નમસ્કાર હો.'૪૭

મનુઓ બોલ્યા:–'હે દેવ! આપની આજ્ઞા પ્રમાણે કરનારા અમે મનુઓ છીએ, ધર્મરક્ષક છીએ; પણ આ દૈત્યે અમારી ધર્મમર્યાદાઓનો નાશ કર્યો હતો, તે દૈત્યને આપે હણ્યો તે બહુ સારું કર્યું છે. હે પ્રભો! અમને–આપના સેવકોને આપ આજ્ઞા આપો; અમે આપનું કયું કામ કરીએ?'૪૮

પ્રજાપતિઓ બોલ્યા:–'હે પરમેશ્વર! અમે પ્રજાપતિઓ છીએ; આપે પ્રજાઓ ઉત્પન્ન કરવા અમને સર્જ્યા છે, પણ આ દૈત્યે પ્રજાઓ સર્જવા માટે અમને અટકાવ્યા હતા; તે આ દૈત્ય ફાટી ગયેલી છાતીએ અહીં સૂતો છે. હે સત્ત્વમૂર્તિ! આપનો અવતાર જગતના મંગળરૂપ છે.'૪૯

ગંધર્વો બોલ્યા:–'હે વિભો! અમે આપના નટો છીએ અને આપના નાટ્યમાં ગાન કરનારા છીએ; છતાં આ દૈત્યે પોતાના પરાક્રમ, બળ તથા તેજથી અમને પોતાને સ્વાધીન રાખ્યા હતા; તે આ દૈત્યને આપે આ દશાએ પહોંચાડ્યો છે. કારણ કે અવળે માર્ગે જનાર પુરુષ શું સુખી થાય? નજ થાય.'૫૦

ચારણો બોલ્યા:–'હે હરે! સંસારને દૂર કરનાર આપના ચરણકમળનો અમે આશ્રય કરીએ છીએ. કારણ કે (આપના ચરણકમળનું શરણ નહિ લેનાર) આ અસુર સત્પુરુષોના હૃદયમાં ભયજનક થઇ પડ્યો હતો; તેથી આપે તેને મારી નાખ્યો છે.'૫૧

યક્ષો બોલ્યા:–'હે ચોવીસે તત્ત્વોના નિયામક દેવ! અમે આપના સેવકોમાં મુખ્ય છીએ અને સુંદર કર્મોથી જગતમાં આપની સેવા કરનારા છીએ; પણ આ દૈત્યે અમને પોતાની પાલખી ઉપાડનારા બનાવ્યા હતા. હે નૃસિંહ! આ દૈત્યે (એ રીતે) મનુષ્યોને દુઃખ દીધાં હતાં; તે જાણનારા આપે તેને મારી નાખ્યો છે.'૫૨

કિંપુરુષો બોલ્યા:–'હે મહાપુરુષ! અમે કિંપુરુષ છીએ–તુચ્છ પ્રાણી છીએ; ત્યારે આપ તો મહાપુરુષ છો–અદ્ભુત પ્રભાવશાળી પુરુષ છો. (તો અમે આપની શી સ્તુતિ કરી શકીએ?) આ દુષ્ટ પુરુષનો સત્પુરુષોએ ધિક્કાર કર્યો હતો, ત્યારેજ તે મરી ગયો હતો. (માટે આપે આનો વધ કર્યો, એમાં અમે આપની શી પ્રશંસા કરીએ?)'

વૈતાલિકો બોલ્યા:–'હે ભગવન્! અમે સભાઓમાં તથા યજ્ઞોમાં આપના નિર્મળ યશ ગાઈને મોટો સત્કાર મેળવીએ છીએ; પણ અતિ દુર્જન જે દૈત્યે અમારા સત્કારને અટકાવ્યો હતો, તેનો આપે રોગની પેઠે નાશ કરી નાખ્યો, તે ઘણું સારું કર્યું છે.'૫૩।૫૪

કિન્નરો બોલ્યા:–'હે ઈશ્વર! અમે કિન્નરગણો આપના દાસ છીએ; પણ આ દૈત્યે અમારી પાસે વેઠ કરાવી છે. હે હરિ! આ પાપીને આપે મારી નાખ્યો તે બહુ સારું કર્યું છે. હે નરસિંહ! હે નાથ! હવે આપ અમારા કલ્યાણ માટે થાઓ.'

વિષ્ણુના પાર્ષદો બોલ્યા:–'હે ભક્તોને શરણ આપનાર! સર્વ લોકના મંગળરૂપ આપનું આ અદ્ભુત નૃસિંહસ્વરૂપ અમે આજ જોયું છે. હે ઈશ્વર! આ દૈત્ય આપનો આજ્ઞાકારી સેવક છે, પણ તેને બ્રાહ્મણનો શાપ થવાથી આપે તેનો નાશ કર્યો છે, તે તેના પર અનુગ્રહજ છે, એમ અમે જાણીએ છીએ.'૫૫।૫૬

अद्यैतद्धरिनररूपमद्भुतं ते ।
दृष्टं नः शरणद सर्वलोकशर्म ॥
सोऽयं ते विधिकर ईश विप्रशप्त-।
स्तस्येदं निधनमनुग्रहाय विद्मः ॥ ५६ ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૮ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ९ मो+

પ્રહ્લાદે કરેલી નૃસિંહની સ્તુતિ

॥ नारद उवाच ॥

एवं सुरादयः सर्वे ब्रह्मरुद्रपुरःसराः ।
नोपैतुमशकन्मन्युसंरंभं सुदुरासदम् ॥ १ ॥

નારદજી બોલ્યાઃ-'એ પ્રમાણે બ્રહ્મા-રુદ્ર વગેરે સર્વ દેવો ક્રોધના આવેશવાળા અને તેથીજ જેમની સમીપ જવું અત્યંત દુષ્કર હતું, એવા નૃસિંહ ભગવાનની પાસે જઇ શક્યા નહિ; એટલે દેવોએ સાક્ષાત્ લક્ષ્મીદેવીને મોકલ્યાં; પણ તે મહા અદ્ભુત સ્વરૂપ જોઇને શંકા પામેલાં તે પણ તેમની પાસે ગયાં નહિ. કારણ કે લક્ષ્મીજીએ ભગવાનનું તેવું મહાઅદ્ભુત સ્વરૂપ પૂર્વે કદી જોયું ન હતું, તેમ સાંભળ્યું પણ ન હતું.[૧૨] પછી બ્રહ્માએ સમીપમાં બેઠેલા પ્રહ્લાદને 'હે તાત! તારા પિતા ઉપર કોપાયમાન થયેલા પ્રભુને શાંત પાડ, જા' એમ કહીને મોકલ્યો.[૩] એટલે હે રાજા! 'બહુ સારું' એમ કહીને ભગવાનના મહાન ભક્ત તે બાળકે ધીમે ધીમે ભગવાનની સમીપ જઇ મસ્તક પર બે હાથ જોડીને શરીર વડે પૃથ્વી પર પડીને (દંડવત્) પ્રણામ કર્યા.[૪] દેવ નૃસિંહે, તે બાળકને પોતાના ચરણમૂળમાં પડેલો જોઈ કૃપાથી વ્યાપ્ત થઇને ઉઠાડી ઊભો કર્યો ને તેના મસ્તક પર કાળરૂપી સર્પથી ત્રાસ પામેલી બુદ્ધિવાળાઓને નિર્ભય કરનાર પોતાનો હસ્તકમળ મૂક્યો.[૫] ભગવાનના હાથનો સ્પર્શ થતાંજ જેનાં સમસ્ત પાપો દૂર થયાં હતાં અને તત્કાળ જેને બ્રહ્મજ્ઞાન પ્રકટ થયું હતું, એવા તે પ્રહ્લાદજી હૃદયમાં શાંત થયા. તેમને હર્ષનાં રોમાંચ થઇ ગયાં; તેમનું હૃદય પ્રેમભીનું બની ગયું; નેત્રમાં અશ્રુઓ ઊભરાઇ ગયાં અને મનમાં તેમણે ભગવાનના ચરણકમળને સ્થાપિત કર્યાં.[૬] પછી પોતાના હૃદયને તથા દૃષ્ટિને શ્રીભગવાનમાંજ સ્થાપી દઇ, અત્યંત સમાધિનિષ્ઠ થઇને એકાગ્ર મનથી પ્રેમને લીધે ગદ્ગદ વાણી વડે શ્રીહરિનીસ્તુતિ કરવા માંડી.

પ્રહ્લાદજી બોલ્યાઃ-'કેવળ સત્ત્વગુણમાંજ જેઓની બુદ્ધિ વિસ્તાર પામેલી છે, એવા બ્રહ્માદિ દેવગણો અને જ્ઞાની સિદ્ધો પણ વચનોના પ્રવાહોથી તથા અનેક ગુણોથી પણ જેમનું આરાધન કરવાને હજી સુધી સમર્થ થયા નથી, તે શ્રીહરિ મારાથી કેમ સંતોષ પામવાને યોગ્ય છે?-હું કેવી રીતે તેમને પ્રસન્ન કરી શકીશ? કારણ કે હું તો અસુરની ઘોર જાતિમાં ઉત્પન્ન થયો છું.[૭૮] હું માનું છું કે, ધન, સત્કુળમાં જન્મ, સૌંદર્ય, તપ, શાસ્ત્રજ્ઞાન, ઇન્દ્રિયોની કુશળતા, કાંતિ, પ્રતાપ, બળ, પુરુષાર્થ, બુદ્ધિ કે અષ્ટાંગ યોગ પણ પુરુષ ભગવાનનું આરાધન કરવા માટે (સાધનભૂત) થઇ શકતાં નથી; (જુઓને,) કેવળ ભક્તિથીજ ભગવાન ગજેન્દ્ર ઉપર પ્રસન્ન થયા હતા.× કોઇ પુરુષ બ્રાહ્મણજાતિનો હોય અને બાર* ગુણોથી યુક્ત હોય, તોપણ જો ભગવાનના ચરણકમળથી વિમુખ હોય, તો તેના કરતાં (ભગવાનના ભક્ત)

+ આ અધ્યાયમાં, ભયને લીધે બ્રહ્માએ પ્રેરેલો અસુરબાળક પ્રહ્લાદ ભગવાનના કોપને શાંત કરતો અતિ ભયંકર એવા તે નૃસિંહ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો; એ કથા કહેવાશે. —શ્રીધર

× એ પ્રમાણે કેવળ ભક્તિથીજ ભગવાનને પ્રસન્ન કરી શકાય છે એમ કહ્યું. હવે ભક્તિ વિના બીજું કંઇ પણ ભગવાનને પ્રસન્ન કરવામાં કારણભૂત નથી એ કહે છે. —શ્રીધર

* બાર ગુણો તે પૂર્વશ્લોકમાં દર્શાવેલા ધનાદિ ગુણો: અથવા બાર ગુણો આ પ્રમાણે છેઃ- **धर्मश्च सत्यं च दमस्तपश्च अमात्सर्यं ह्रीस्तितिक्षाऽनसूया । यज्ञश्च दानं च धृतिः श्रुतं च व्रतानि वै द्वादश ब्राह्मणस्य ॥** ધર્મ, સત્ય, ઇન્દ્રિયનિગ્રહ, તપ, અદેખાઇ ન હોવી તે, લજ્જા, ક્ષમા, કોઇના ગુણો ઉપર દોષારોપ ન કરવો તે, યજ્ઞ, દાન, ધૈર્ય અને શાસ્ત્રજ્ઞાન- આ બાર બ્રાહ્મણનાં વ્રતો છે-ગુણો છે. આ હોવા છતાં જો ભક્તિ ન હોય તો બ્રાહ્મણ ગર્વિષ્ઠ બની જાય છે, માટેજ ભક્તિયુક્ત ચાંડાલ કરતાં તે અધમ છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાંડાલને હું ઘણો ઉત્તમ માનું છું. કારણ કે તે ચાંડાલે ભગવાનને વિષેજ મન, વચન, કર્મ, ધન તથા પ્રાણને પણ અર્પણ કરી દીધાં હોય છે, જેથી તે પોતાના કુળને પણ પવિત્ર કરે છે; પરંતુ અત્યંત અભિમાની પેલો બ્રાહ્મણ કુળને પવિત્ર કરી શકતો નથી.[૯-૧૦] આ ઈશ્વર, અજ્ઞાની—અલ્પ મનુષ્ય પાસેથી પોતાને માટે પૂજા ઇચ્છતા નથી, કારણ કે પોતે આત્મલાભથીજ પૂર્ણ છે, છતાં પોતે દયાળુ હોવાથી પૂજા સ્વીકારે પણ છે. કારણ કે મનુષ્ય ભગવાન પ્રત્યે જે જે માન કરે છે—જે જે પૂજા વગેરે કંઈ કરે છે, તે તે ઊલટું તે પૂજા કરનારનેજ પ્રાપ્ત થાય છે. જેમ દૃષ્ટાંત તરીકે મુખ ઉપર કરેલી તિલક વગેરેની શોભા મુખના પ્રતિબિંબને પ્રાપ્ત થાય છે.[૧૧] (એ રીતે ભગવાન કેવળ ભક્તિથીજ પ્રસન્ન થાય છે.) માટે હું નીચ છું; તોપણ શંકારહિત થઇને ઈશ્વરના મહિમાનું સર્વ પ્રયત્નથી મારી બુદ્ધિ અનુસાર વર્ણન કરું છું, કે જે મહિમાનું વર્ણન કરવાથી અવિદ્યાને લીધે ગુણસૃષ્ટિમાં દાખલ થયેલો પુરુષ પવિત્ર થાય છે.÷[૧૨] હે ઈશ્વર! આ ભયભીત બની ગયેલા બ્રહ્માદિ સર્વ દેવો સત્ત્વમૂર્તિ આપની આજ્ઞા પાળનારા આપના ભક્તોજ છે; નહિ કે અમે અસુરો જેમ આપને વૈરભાવે ભજીએ છીએ, તેમ આ બ્રહ્માદિ દેવો આપનું ભજન કરે છે!! તેઓ તો શ્રદ્ધાથીજ આપનું ભજન કરનારા છે. વળી અનેક સુંદર અવતારોથી આપ ભગવાનની જે આ ક્રીડા છે, તે આ જગતના કલ્યાણ માટે, ઐશ્વર્ય માટે તથા આત્મસુખને માટે હોય છે. (નહિ કે આવી રીતે જગતને ભય ઉપજાવવા માટે હોય છે!)[૧૩] માટે આપ ક્રોધને શાંત કરો. (જેને માટે આપે ક્રોધ કર્યો છે,) તે અસુરને તો આજ આપે હણ્યો છે. (તો હવે ક્રોધનું શું કામ છે?) જેમ વીંછીની કે સર્પની (કોઇએ કરેલી) હત્યાથી સજ્જન મનુષ્ય પણ 'એ વીંછીનુંજ કે એ સર્પનુંજ કલ્યાણ થયું' એમ ખુશી થાય છે, તેમ આ અસુરનો વધ થવાથી સર્વ લોકો શાંતિ પામ્યા છે અને તેઓ સર્વે (આપનો ક્રોધ દૂર થાય) તેની રાહ જુએ છે. હે નૃસિંહ! પોતાના પર આવી પડેલા ભયને દૂર કરવા માટે મનુષ્યો આપના આ નૃસિંહસ્વરૂપનું સ્મરણ કરશે. (માટે હવે આપે ક્રોધ ધારણ કરી રાખવાનું કંઇ પ્રયોજન નથી.)[૧૪] હે *અજિત! જો કે આપનું આ સ્વરૂપ અતિશય ભયાનક મુખ, જીભ, સૂર્ય જેવાં નેત્રો, ભવાંનો આડંબર ને ઉગ્ર દાઢોવાળું છે; આંતરડાંની માળાને ધારણ કરી રહ્યું છે; લોહીથી ખરડાયલી કેશવાળીવાળું છે; ખીલા જેવા ઊંચા ને અક્કડ કાનવાળું છે; ગર્જનાથી દિશાઓના હાથીઓને (આ સ્વરૂપે) ભયભીત કરી નાખ્યા છે અને શત્રુઓને ચીરી નાખે તેવી નખોની અણીઓવાળું છે, તોપણ હું આ સ્વરૂપથી ડરતો નથી.[૧૫] પણ હે દીનવત્સલ! આ સંસારચક્રમાં જે આ દુઃસહ અને ઉગ્ર દુઃખ (જોવામાં આવે) છે, તેથી હું ત્રાસી ગયો છું અને તેમાં પણ આ હિંસક રાક્ષસોના કુળમાં મને મારાં કર્મોએ બાંધીને ફેંકી દીધો છે; તો હે અતિ સુંદર દેવ! આપ (મારા પર) પ્રસન્ન થઇને મોક્ષરૂપ અને શરણરૂપ આપના ચરણના મૂળમાં મને ક્યારે બોલાવી લેશો?[૧૬] ‡પ્રિય પદાર્થોનો વિયોગ અને અપ્રિય પદાર્થોનો સંયોગ—આ બેથી જેનો જન્મ છે, તેવા શોકરૂપી અગ્નિથી હું સમગ્ર યોનિઓમાં બળ્યા કરું છું અને તે દુઃખનો કોઇ ઉપાય હોય છે, તે પણ

÷ અર્થાત્ ભગવાનનો મહિમા પુરુષની જેવી શુદ્ધિ કરે છે, તેવી બીજી કોઇ પણ વસ્તુ પુરુષની શુદ્ધિ કરનાર નથી; માટે ભગવાનનો મહિમાજ ગાવો.—શ્રીધર

* કદાચ ભગવાન પ્રહ્લાદને કહે કે, જો તું ડરતો હોય તો હું આ સ્વરૂપને છોડી દઉં; તો તેને માટે કહે છે.—શ્રી.

‡ કદાચ ભગવાન કહે કે 'મારું દાસત્વ સ્વીકારીશ તો હું પ્રસન્ન થઇશ.' તો તે માટે પ્રાર્થના કરે છે કે, અનેક યોનિઓમાં દુઃખી થતા મને આપના દાસત્વનુંજ જ્ઞાન નથી; માટે આપજ તેનો ઉપદેશ કરો ને? —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દુઃખરૂપજ હોય છે, છતાં પણ 'તે દુઃખ નથી' આવી દેહાદિના અભિમાનવાળી બુદ્ધિથી (મોહ પામીને) હું ભટક્યા કરું છું, માટે હે વિભો! આપ પોતેજ એ દુઃખને દૂર કરનારો આપના દાસત્વરૂપી ઉપાય મને બતાવો.[૧૭] §હે નૃસિંહ! સર્વના પ્રિય સખા અને પરમદેવ આપની બ્રહ્મદેવે પોતે ગાયેલી લીલાકથાઓનું ગાન કર્યા કરતો હું અનાયાસે એ મહાન દુઃખો ઓળંગી જઇશ–ગણકારીશજ નહિ, કારણ કે રાગાદિ ગુણોથી હું વિશેષે કરી મુક્ત થઈ જઇશ; કેમકે આપના ચરણયુગલનોજ જેઓને આશ્રય છે, તેવા આપના ભક્ત જ્ઞાનીઓનોજ હું સંગ કરીશ.*[૧૮] હે નૃસિંહ! +આ જગતમાં દુઃખથી તપેલા મનુષ્યને તે દુઃખ દૂર કરવાનો ઉપાય જે અનાયાસે ઇષ્ટ હોય છે, તે આપે ઉપેક્ષા કરેલાં પ્રાણીઓને માત્ર એક ક્ષણવારજ આલંબનરૂપ થાય છે. (નહિ કે છેક સુધી તે ઉપાય આલંબનરૂપ થાય છે.) જુઓ, આ જગતમાં કોઇએક બાળકને તેનાં માતાપિતા શરણરૂપ થઈ શકતાં નથી. (કેમકે માતાપિતા પાલન કરી રહ્યાં હોય છે, છતાં તે બાળકને દુઃખ જોવામાં આવે છે; અથવા કોઈ અજીગર્ત વગેરેની પેઠે માતાપિતાઓજ તે બાળકનો વધ કરનાર થઇ પડે છે;) તેમજ કોઇ રોગી મનુષ્યને ઔષધ શરણરૂપ થતું નથી; (કારણ કે ઔષધ કર્યા છતાં પણ રોગીનું મૃત્યુ જોવામાં આવે છે) અને સમુદ્રમાં ડૂબતા મનુષ્યને નૌકા પણ શરણરૂપ થતી નથી. (કારણ કે એ નૌકાની સાથે મનુષ્ય સમુદ્રમાં ડૂબી ગયેલો જોવામાં આવે છે; માટે સૌ કોઈનું આપજ શરણ છો.)[૧૯] જે કોઈ સ્થળે જે કોઈ નિમિત્તથી, જે કોઈ કાળે, જે કોઇ સાધને, જે કોઈના સંબંધી, જે કોઇના થકી અને જે કોઈના માટે જે કોઈ અર્વાચીન પિતા વગેરે કે પ્રાચીન બ્રહ્મા વગેરે સત્ત્વાદિ ભિન્ન ભિન્ન સ્વભાવવાળો કર્તા જે કોઇથી પ્રેરાઇને જે કંઈ પણ જે પ્રકારે ઉત્પન્ન કરે છે કે રૂપાંતરને પમાડે છે, તે સર્વ આપનુંજ સ્વરૂપ છે.[૨૦]* કાળે ક્ષોભ પમાડેલા ગુણોવાળી માયા આપના અંશરૂપ પુરુષના દૃષ્ટિપાતરૂપી અનુગ્રહથી કેવળ કર્મમય, દુર્જય, વેદોક્ત કર્મપ્રધાન, જીવની અવિદ્યાએ જીવને ભોગ માટે અર્પણ કરેલા સોળ વિકારવાળા અને મન જેમાં મુખ્ય છે, તેવા લિંગશરીરને ઉત્પન્ન કરે છે; આવા એ સંસારચક્રરૂપી મનઃપ્રધાન લિંગદેહને હે અજન્મા દેવ! આપનું ભજન નહિ કરનારો બીજો કયો પુરુષ ઓળંગી શકે તેમ છે? (આપનો ભક્તજ એ લિંગશરીરથી મુક્ત થઈ શકે છે.)[૨૧] ÷ જેણે પોતાની ચૈતન્શક્તિથી બુદ્ધિના ગુણોને નિત્ય જીત્યા છે, તે આપ કાળરૂપ છો–માયાના પ્રેરક છો ને તેથીજ આપે સૃજવાનાં કાર્યો તથા તેનાં સાધનોની શક્તિઓને વશ કરી છે; તો હે ઈશ્વર! આપની માયાએ સોળ વિકારવાળા આ સંસારચક્રમાં મને ફેંકી દીધો છે અને તેમાં (શેરડીના સાંઠાની પેઠે) હું પીડાઇ રહ્યો છું, તેથી આપને શરણે આવ્યો છું. માટે હે વિભો! આપ મને પોતાની સમીપ લઇ લો.

§ કદાચ ભગવાન કહે કે, મારું દાસત્વ કરવા તૈયાર થઇશ; તોપણ તેમાં વિઘ્નરૂપ પૂર્વોક્ત સાંસારિક દુઃખો ક્યાંથી દૂર થવાનાં? એના ઉત્તરમાં કહે છે.–શ્રી.

* આ શ્લોકનો આખો વાક્યાર્થ એ છે કે, હું આપનો દાસ થઇ રહીશ; એટલે આપની મારા પર કૃપા થશે; અને પછી સત્સંગનો, લાભ થતાં વીતરાગ થઇને આપના ગુણોજ ગાયા કરીશ, તેથી સંસારનાં દુઃખો મારો પરાભવ કરી શકશે નહિ. —શ્રીધર

+ અલ્યા ભાઈ! દુઃખથી દુઃખી થયેલાઓએ તો તે દુઃખ દૂર કરવાના ઉપાયો કરવા જોઇએ, એજ વાત લોકમાં પ્રસિદ્ધ છે; મારું દાસત્વ સ્વીકારવાથી શું વળવાનું છે? ભગવાન આમ કહે તો તે માટે કહે છે.–શ્રીધર

* માટે આપ વિના બીજો કોઈ રક્ષક છે નહિ અને આપજ અસંસારી હોઇને નિત્યમુક્ત છો; માટે આપજ શરણે આવેલા મારી રક્ષા કરો એમ એ શ્લોકથી પ્રાર્થના કરે છે. —શ્રીધર

÷ કદાચ ભગવાન કહે કે, મને પણ માયાનો સંબંધ છે અને તેથી મારામાં પણ કર્તૃત્વ આદિ રહેલાં છે, તો મારામાં ને તારામાં શો ભેદ છે? તે માટે કહે છે.–શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હે પ્રભો! જનસમુદાય જેમની સ્વર્ગમાં ઇચ્છા કરે છે, તે લોકપાલોનાં આયુષ, લક્ષ્મી તથા વૈભવ મે જોઇ લીધાં છે; (એમાં કંઇ નથી; એ તો તુચ્છ છે.) જેઓ અમારા પિતાના ક્રોપયુક્ત હાસ્યથી ઊંચી ચડી ગયેલી ભ્રૂકુટીના વિલાસમાત્રથી નાશ પામી ગયા હતા અને (એવા સમર્થ) તે મારા પિતાનો પણ આપે નાશ કરી નાખ્યો છે.+ માટે એ રીતે ભોગોના પરિણામને જાણનારો હું પ્રાણીઓના ભોગોને, લાંબા આયુષને, લક્ષ્મીને કે બ્રહ્માના વૈભવથી માંડીને કોઇ પણ ઇન્દ્રિયભોગ્ય વૈભવને ઇચ્છતો નથી; એટલુંજ નહિ પણ કાળરૂપ એવા આપના મહાન પરાક્રમથી નાશ પામતી અણિમાદિ સિદ્ધિઓને પણ હું ઇચ્છતો નથી. મને તો આપ પોતાના ભક્તજનની સમીપજ લઇ જાઓ—દાસનો પણ દાસ બનાવી દો.૨૨,૨૩ જેનું માત્ર સાંભળવુંજ સુખદાયી છે (ભોગવટો નહિ) અને જેઓનું સ્વરૂપ ઝાંઝવાના જળ જેવું (મિથ્યા) છે, તે સાંસારિક ભોગો ક્યાં અને સમગ્ર રોગોને ઉત્પન્ન થવાના એક સ્થાનરૂપ આ શરીર ક્યાં! આ બધું મનુષ્ય જાણે છે, છતાં પણ તે ભોગોથી વિરક્ત થતો નથી; કારણ કે મધનાં ટીપાં જેવાં દુર્લભ તે અલ્પ સુખોથી કામાગ્નિને તે શાંત કરી રહ્યો છે. (તેથી તેને વૈરાગ્ય પામવાનો અવકાશજ ક્યાં છે? અહો! આપનું આ માયાચેષ્ટિત અચિંત્ય છે.) હે ઈશ્વર! રજોગુણથીજ જેનો જન્મ છે અને અજ્ઞાનનુંજ જેમાં આધિક્ય છે, તે આ અસુરકુળમાં જન્મેલો હું ક્યાં અને આપની (આવી મારા ઉપર) દયા ક્યાં! આપે મારા મસ્તક પર પોતાનો હસ્તકમળ મૂકીને જે કૃપા કરી છે, તે કૃપા આપે બ્રહ્માના, શંકરના કે લક્ષ્મીદેવીના મસ્તક પર પણ કરી નથી.૨૪,૨૬ 'આ બ્રહ્માદિ દેવો ઉત્તમ છે અને આ અસુર નીચ છે' આવી ઉચ્ચ—નીચની વિષમ બુદ્ધિ સામાન્ય મનુષ્યની પેઠે આપને કદી હોતીજ નથી; કારણ કે આપ તો સમગ્ર જગતના આત્મા છો અને સખા છો; તોપણ કલ્પવૃક્ષ પેઠે આપની સેવા કરવાથીજ આપની કૃપા થાય છે; અને તેમાં પણ સેવાના પ્રમાણમાંજ સર્વને ફળ પ્રાપ્ત થાય છે. (જેમ કલ્પવૃક્ષ પોતાના સેવકનેજ સંકલ્પાનુસાર ફળ આપે છે, તેથી તેમાં કંઈ વિષમતા નથી, તેમ આપનામાં પણ કંઈ વિષમતા નથી.) તેમાં ઉચ્ચ—નીચપણું એ કંઇ કારણજ નથી. આપે જે રીતે મારા પર કૃપા કરી છે, તે રીતેજ દેવર્ષિ નારદે હે ભગવન્! આ સંસારરૂપી સર્પવાળા કૂવામાં ચોતરફથી કામનાઓને ઇચ્છીને પડેલા મનુષ્યના પ્રસંગથી હું પણ તેની પાછળ તેમાં પડતો હતો, તેને પોતાનો કરી પકડી લીધો છે; તે હું આપના ભક્તોની સેવા કેમ છોડું?+૨૭,૨૮ હે અનંત! મારા પિતાએ હાથમાં તલવાર લઇને અયોગ્ય કર્મ કરવાની ઇચ્છાથી જ્યારે કહ્યું કે, 'મારા વિના જો બીજો ઈશ્વર હોય, તો હમણાં ભલે તારી રક્ષા કરે; હુ તારું મસ્તક કાપી નાખું છું;' તેજ સમયે આપે મારા પ્રાણની રક્ષા કરી અને મારા પિતાનો વધ કર્યો, તે પોતાના ભક્તોનાં તથા ઋષિઓનાં વાક્ય સત્ય કરવાને આપે કરેલ છે, એમ હું માનું છું.÷ આ સમગ્ર જગત કેવળ એક આપજ છો. કારણકે આ જગતના આદિમાં ને અંતમાં કેવળ આપજ એક જુદા સ્વરૂપે વિરામ કરો છો—માત્ર સત્પણે, કારણપણે અને અવધિપણે આપજ રહો છો; માટે જગતની મધ્યમાં પણ આપજ છો, છતાં પોતાની માયાથી ગુણોના પરિણામરૂપ આ જગત

+ અરે! તું લોકપાલોના ભોગોને ભોગવ ને! અથવા તારા પિતાનું રાજ્ય, હું તને આપી દઇશ; શા માટે આમ સંસારથી કંટાળે છે? આમ કદાચ ભગવાન કહે, તેના ઉત્તરમાં આ શ્લોક છે. —શ્રીધર

+ કહેવા એ માગે છે કે, આપની કૃપા મેં આપના ભક્તની કૃપાથીજ પ્રાપ્ત કરી છે; તો આપના ભક્તોના સામીપ્યમાંજ આપ મને લઈ જાઓ. —શ્રીધર

÷ એટલે આપે આ જે કંઈ કર્યું છે તે મારા પર કૃપા કરવાને કર્યું નથી; પણ બીજાઓ માટે કર્યું છે.શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સૃજીને આપ તેમાં પ્રવેશ કરો છો અને તે તે ગુણોને લીધે આપ જાણે રક્ષક હો, નાશક હો, એમ અનેક સ્વરૂપે જણાઓ છો.×[૨૯।૩૦] હે ઈશ્વર ! કાર્ય–કારણાત્મક આ જગત તે આપજ છો; આપથી જગત ભિન્ન નથી, તોપણ આપ તો જગતથી ભિન્ન છો. (કારણ કે જગતના આદિમાં ને અંતમાં આપ તેથી જુદા સ્વરૂપે રહો છો. જો આમજ છે, તો) 'આ પોતાનો અને આ પારકો' એવી જે બુદ્ધિ તે ખોટીજ છે અને કેવળ માયારૂપજ છે. (આ જગત આપજ છો તે કેવી રીતે ? તો) જે વસ્તુનો જેમાંથી જન્મ હોય, જેમાંથી પ્રકાશ હોય, જેમાં નાશ હોય અને જેમાં સ્થિતિ હોય, તે વસ્તુ તે રૂપજ હોય છે. જેમ વૃક્ષ, પૃથ્વીમય બીજરૂપ છે અને બીજ સૂક્ષ્મભૂતરૂપ છે, તેમ સર્વ કાર્યકારણરૂપ જગત તે પરમ કારણ એવા પરબ્રહ્મરૂપ છે.*[૩૧] આપ આ સમગ્ર જગતને સ્વસ્વરૂપમાં સ્થાપી દઇ કેવળ સ્વાત્મસુખનો અનુભવ કરતા સર્વ ક્રિયાથી રહિત અને નિઃસ્પૃહ થઇને પ્રલયકાળના જળમાં શયન કરો છો.§ તે વેળા આપે યોગથી પોતાની દૃષ્ટિ મીંચી દીધી હોય છે અને સ્વરૂપપ્રકાશથી નિદ્રાને જીતી લીધી હોય છે. કારણ કે ત્રણે અવસ્થા–જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિથી પર રહેલી તુર્યાવસ્થામાં–સ્વસ્વરૂપાવસ્થામાં આપ રહેલા હો છો; નહિ કે (નિદ્રાવશ થયેલાની પેઠે) અજ્ઞાનને કે (જાગ્રત તથા સ્વપ્નાવસ્થાની પેઠે) વિષયોને આપ જુઓ છો ![૩૨] એ રીતે જે આપ પ્રલયકાળે જળમાં શયન કરો છો અને પોતાની કાળરૂપ શક્તિથી પ્રકૃતિના ધર્મરૂપ સત્ત્વાદિ ગુણોને પ્રેરો છો, તેજ આપનું શરીર આ જગત છે. (કારણ કે આપ જગતની મધ્ય અવસ્થામાં પણ છોજ.) જે વેળા એ શેષનાગરૂપી શયનથી આપની તે યોગસમાધિ વિરામ પામી હતી. તે વેળા જેમ એક સૂક્ષ્મ વડના બીજમાંથી મહાન વડનું ઝાડ ઉત્પન્ન થાય છે, તેમ એ પ્રલયકાળના એક સમુદ્રરૂપ જળમાં આપની નાભિમાંથી લોકાત્મક કમળ ઉત્પન્ન થયું હતું, કે જે કમળ આપને વિષેજ ગુપ્ત રીતે રહ્યું હતું.[૩૩] તે સમયે એ કમળમાં ઉત્પન્ન થયેલા બ્રહ્માએ આસપાસ દૃષ્ટિ કરી. ત્યારે એ કમળ વિના બીજું કંઈ પણ જોયું ન હતું ને પોતાને વિષેજ બીજરૂપે–ઉપાદાનકારણ તરીકે વ્યાપી રહેલા આપને પોતાની બહાર રહેલા વિચારી સો વર્ષ સુધી જળમાં ડૂબકીઓ મારા કરી હતી; છતાં તે (બ્રહ્મા) આપને મેળવી શક્યા ન હતા.[૩૪] (અને તે યોગ્યજ હતું. કારણ કે) અંકુર ઉત્પન્ન થયા પછી તેમાં કારણ તરીકે અનુસરી રહેલા બીજને પુરુષ તે અંકુરથી જુદું કેવી રીતે જોઇ શકે ! નજ જોઇ શકે. તે પછી અત્યંત આશ્ચર્ય પામેલા તે બ્રહ્માએ (ડૂબકીઓ મારી મારી થાક્યા પછી ફરી) એ કમળમાં બેસીને ઘણા કાળ સુધી તીવ્ર તપશ્ચર્યા કરી હતી, જેથી તેમનું અંતઃકરણ શુદ્ધ થયું, એટલે હે ઈશ્વર ! પૃથ્વીમાં જેમ ગંધને જુએ તેમ ભૂતો, ઇન્દ્રિયો તથા અંતઃકરણમય એવા પોતાને વિષેજ આપને વ્યાપી રહેલા જોયા હતા. એ રીતે હજારો મુખ, પગ, મસ્તક, હાથ, સાથળ, નાક,

× અર્થાત્ કહેવાનો ભાવ એ છે કે, પક્ષપાત કરીને આવી રીતે એકની રક્ષા કરવી અને બીજાનો વધ કરવો, એ આપને વિષે કંઇ સ્વાભાવિક નથી; માયાના ગુણરૂપી ઉપાધિથી છે. કારણ કે સર્વના આત્મારૂપ એવા આપ વિષે સ્વતઃ એ વસ્તુ સંભવી શકે નહિ.–**શ્રીધર**

* અર્થાત્ જેમ વૃક્ષ તે બીજરૂપ છે; બીજ તે સૂક્ષ્મભૂત છે અને સૂક્ષ્મભૂતરૂપ તે પરબ્રહ્મરૂપ છે, તેમ સર્વ જગત પાંચ ભૂતરૂપ છે; પાંચ ભૂતો સૂક્ષ્મભૂતરૂપ છે અને સૂક્ષ્મભૂતો તે પરબ્રહ્મરૂપ છે. આજ વસ્તુને સૂત્રકાર આ રીતે દર્શાવે છે:–**'तदनन्यत्वमारंभणशब्दादिभ्यः'** (**ब्रह्मसूत्र** २–१–४)– હરકોઈ કારણ તે તેના કાર્યથી અભિન્ન હોય છે. આ વસ્તુ, **'वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्'** (**छां. उ.** ६–१–४) –ઘટાદિ નામ તે વાણીના આરંભરૂપ એક વિકારજ છે; માટીજ મૂળ વસ્તુ છે. એ શ્રુતિવાક્ય વડે સિદ્ધ છે.–**શ્રીધર**

§ ત્યારે તો જીવની પેઠે મને પણ અજ્ઞાનની વૃત્તિરૂપ નિદ્રા હોવી જોઇએ; એમ જો ભગવાન કહે તો તેને માટે કહે છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કાન, નેત્ર, અલંકારો તથા આયુધોથી યુક્ત, માયાપ્રધાન અને જેમના પગ વગેરે અવયવોની રચના કેવળ પ્રપંચથીજ જણાતી હતી, એવા આપ મહાપુરુષનાં દર્શન કરીને બ્રહ્મા આનંદ પામ્યા હતા.[૩૫,૩૬] તે પછી આપે હયગ્રીવસ્વરૂપ ધારણ કરી વેદદ્રોહી અને રજોગુણ તથા તમોગુણરૂપ એવા મહાબળવાન મધુ–કૈટભ દૈત્યોનો વધ કર્યો હતો અને (તેઓએ હરી લીધેલા) વેદો બ્રહ્મદેવને આણી આપ્યા હતા. કારણ કે સત્ત્વગુણને વિદ્વાનો આપની અતિ પ્રિય મૂર્તિ કહે છે. એ પ્રમાણે હે મહાપુરુષ! આપ મનુષ્ય, તિર્યંચ, ઋષિ, દેવ તથા મત્સ્યાવતાર ધારણ કરીને લોકોનું રક્ષણ કરો છો; જગતના શત્રુઓનો નાશ કરો છો તથા યુગે યુગે ચાલ્યા આવતા ધર્મનું પાલન કરો છો; પણ કલિયુગમાં તો આપ (તેવું કંઇ કરતા નથી; પરંતુ તે સમયે) ગુપ્ત રહો છો. (એ રીતે ત્રણ યુગમાં આપ પ્રકટ થાઓ છો,) તેથી આપ 'ત્રિયુગ' નામે કહેવાઓ છો. હે વિકુંઠનાથ! મારું આ મન પાપોથી દૂષિત છે; બહાર જ્યાં ત્યાં ભટક્યા કરે છે; વશ રાખવું કઠિન છે; કામાતુર રહે છે અને હર્ષ, શોક, ભય તથા જાતજાતની ઇચ્છાઓથી દુઃખી રહે છે, છતાં આપની કથાઓમાં અત્યંત પ્રસન્ન થતું નથી; મનની આવી સ્થિતિ છે, ત્યાં હું દીન આપના તત્ત્વનો વિચાર કઈ રીતે કરું?[૩૭-૩૯] હે અચ્યુત! અતૃપ્ત એવી આ મારી જિહ્વા (જ્યાં જ્યાં મધુરાદિ રસ છે, ત્યાં ત્યાં) મને ખેંચી જાય છે, ગુહ્યેન્દ્રિય વળી વિષયભોગ તરફ ખેંચી જાય છે; ત્વચા ઇન્દ્રિય સ્પર્શસુખના તરફ ખેંચે છે, ક્ષુધાથી તપી ગયેલું ઉદર આહાર તરફ ખેંચે છે; શ્રવણેન્દ્રિય મધુર શબ્દો તરફ ખેંચે છે; નાસિકા વળી સુગંધ તરફ ખેંચે છે અને ચપળ દષ્ટિ કોઈ સુંદર રૂપ જોવા ખેંચે છે. આ રીતે જેમ અનેક શોક્યો પોતાના પતિને આમતેમ ખેંચીને ઉઝરડી નાખે છે, તેમ કર્મેન્દ્રિયો મને આમતેમ ખેંચીને વ્યાકુળ કરી નાખે છે.[૪૦] હે નિત્યમુક્ત દેવ! ÷ એ પ્રમાણે સર્વ મનુષ્યો આ સંસારરૂપી (યમદ્વારની) વૈતરણી નદીમાં પોતપોતાનાં કર્મોને લીધે પડેલાં છે; પરસ્પર થતાં જન્મ, મરણ તથા ભક્ષણથી અત્યંત ભયભીત બનેલાં છે અને ખેદની વાત છે કે, પોતાના તથા પારકા કલહોમાં વૈર ને મિત્રતા બાંધી રહ્યાં છે. તે જોઇને આપ આ સર્વ મૂઢ મનુષ્યોનું (આ સંસારરૂપી વૈતરણી નદીમાંથી ઉતારી) રક્ષણ કરો[૪૧] *અને એ રીતે જગતને તારવામાં હે સમગ્ર જગતના ગુરુ ભગવન્! આપને શો પરિશ્રમ પડવાનો છે? કારણ કે આપ તો જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારના કારણ છો. હે દીનબંધો! આવા મૂઢ જનોને સંસારથી તારવા એમાંજ આપની યોગ્યતા છે; બાકી આપના પ્રિય ભક્તોનું સેવન કરનારા અમને આપ તારો એમાં શી નવાઇ છે?[૪૨] +હે પરમેશ્વર! આપના પરાક્રમનું ગાન કરવારૂપ શ્રેષ્ઠ અમૃતમાં જેનું ચિત્ત મગ્ન રહે છે, એવો હું તો આ સંસારરૂપી વૈતરણી નદીથી સહેજ પણ ભય પામતો નથી, પણ જેઓ એ શ્રેષ્ઠ અમૃતથી વિમુખ રહે છે અને ઇન્દ્રિયોના વિષયો જેનું કારણ છે, એવા માયાસુખ માટે જેઓ કુટુંબ વગેરેના ભારને ઉપાડી રહ્યા છે, તેવા આ મૂઢ લોકોનો હું શોક કરુ છું. (માટે આપ તેઓનેજ તારો.)[૪૩] ‡હે દેવ!

÷ આ સંસારમાં કેવળ હું એકલોજ આવી દુઃખી દશામાં આવી પડ્યો છું એમ નથી; પણ મોટા મોટા મનુષ્યો આવી રીતે દુઃખી થઈ રહ્યા છે, માટે જગતનાં સર્વ મનુષ્યોનું આપ રક્ષણ કરો, એવી પ્રાર્થના કરે છે. —શ્રીધર

* કદાચ ભગવાન કહે કે, એ વાત તો ખરી; પણ મારે એકલાએ બધાં મનુષ્યોને કેવી રીતે તારવાં? એના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

+ અરે ઓ પુત્ર પ્રહ્લાદ! હું તને તો અવશ્ય તારીશજ. માટે એટલેથીજ તું પોતાને કૃતાર્થ માન ને! વ્યર્થ આવો બીજાઓને માટે આગ્રહ શા માટે કરે છે? એના ઉત્તરમાં કહે છે. —શ્રીધર

‡ અરે! તું એકલોજ પહેલાં મુક્તિ લે ને! આ લોકોને તત્ત્વજ્ઞાની મુનિઓ ઉપદેશ આપીને તારશે; એમ જો ભગવાન કહે, તો તેના ઉત્તરમાં આ શ્લોક છે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેવળ પોતાની મુક્તિ ઇચ્છનારા મુનિઓ ઘણું કરી મૌન રહે છે અને નિર્જન પ્રદેશોમાં એકલાજ વિચરે છે, જેથી તેઓ બીજાનું પ્રયોજન કરવામાં તત્પર રહેતા નથી, (એટલે આ સંસારના મૂઢ જનોને તે મુનિઓ કંઈ પણ ઉપદેશ કરી શકવાના નથી.) માટે આ સંસારમાં ભટકતા આ મૂઢ જનોને આપ વિના બીજું કંઈ શરણ હું જોતો નથી. (છતાં જો આપ આ મૂઢ જનોને નહિ તારો, તો) હું એકલો આ દીન લોકોને છોડીને મોક્ષ મેળવવા ઇચ્છતો નથી.[૪૪] મૈથુનાદિ ગૃહસ્થાશ્રમીનું જે સુખ છે, તે તો તુચ્છ છે; કેમકે જેમ (ખસથી દૂષિત થયેલા) બન્ને હાથને પરસ્પર ખણવાથી એક દુઃખની પાછળ બીજું દુઃખજ ઉત્પન્ન થાય છે, તેમ મૈથુનસુખ પણ પાછળથી બીજા ક્ષયરોગ વગેરેનાં દુઃખનેજ ઉત્પન્ન કરનારું છે, છતાં આ દીનજનો જો કે તે મૈથુનસુખથી ઘણાં દુઃખીજ થાય છે, તોપણ તેથી તૃપ્ત થતાં નથી. માત્ર આપની કૃપાથી કોઈ એક ધીર મનુષ્યજ ખણજની પેઠે કામને સહન કરે છે—મૈથુનસુખ નહિ ભોગવવા મનને કાબૂમાં રાખે છે.[૪૫] +હે અંતર્યામિન્! મૌન વ્રત, શાસ્ત્રશ્રવણ, શાસ્ત્રાધ્યયન, સ્વધર્મનું આચરણ, ગ્રંથવ્યાખ્યા, એકાંતવાસ, જપ તથા સમાધિ—આ દશ મોક્ષનાં કારણો પ્રસિદ્ધ છે; પરંતુ ઘણું કરીને જેઓએ ઇન્દ્રિયો જીતી નથી, તેવા મનુષ્યોને એ દશે આ લોકમાં આજીવિકાના ઉપાયો થઇ પડે છે અને દાંભિક મનુષ્યોને તો તે આજીવિકાના ઉપાયરૂપ થાય છે અથવા કોઈ વેળા ઉપયોગી થતાં પણ નથી.×[૪૬] જેમ બીજમાંથી અંકુર અને અંકુરમાંથી બીજ, એમ પ્રવાહરૂપે ચાલતાં આ કાર્ય તથા કારણ એજ આપનાં બે સ્વરૂપો વેદે પ્રકાશિત કર્યાં છે; એ સિવાય બીજું કોઇ પણ આપનું સ્વરૂપ નથી. કારણ કે આપ પ્રાકૃત રૂપાદિથી રહિત છો; માટેજ જિતેન્દ્રિય ભક્તિયોગી પુરુષો ભક્તિયોગથી પ્રત્યક્ષ એવા આપને તે બન્ને—કાર્ય તથા કારણમાં રહેલા પ્રત્યક્ષ જુએ છે. જેમ દૃષ્ટાંત તરીકે લાકડામાં અગ્નિને મથીને જુએ છે તેમ. બસ, આ સિવાય બીજું કોઇ પણ આપનું જ્ઞાન નથી.÷[૪૭] હે વ્યાપક દેવ! વાયુ, અગ્નિ, આકાશ, જળ, શબ્દ વગેરે વિષયો, પ્રાણ, ઇન્દ્રિયો, મન, ચિત્ત, અહંકાર, (અથવા દેવવર્ગ,) સ્થૂલ તથા સૂક્ષ્મ—એ સર્વ આપજ છો. આ જગતમાં જે કંઇ મન તથા વચનથી પ્રકાશિત થાય છે, તે આપથી ભિન્ન નથી.[૪૮] *સત્ત્વગુણ, રજોગુણ ને તમોગુણ એ ત્રણ ગુણો, તે તે ગુણના અભિમાની દેવો, મહત્તત્ત્વ આદિ તત્ત્વો, મન વગેરે અને દેવો તથા મનુષ્યો કે જેઓ આદિ તથા અંતવાળાં છે, તેઓ (આદિ-અંતરહિત એવા) આપને જાણી શકતા નથી; આવો વિચાર કરીને ઉત્તમ બુદ્ધિવાળા પુરુષો અધ્યયન આદિ વ્યાપારથી વિરામ પામે છે—બહુ ભણવુંગણવું છોડી દઇ ચિત્તની એકાગ્રતાપૂર્વક કેવળ આપનીજ ઉપાસના કર્યા કરે છે.‡ માટે હે

+ મૌન આદિ મોક્ષનાં સાધનોથી તેવા મૂઢ મનુષ્યોને પણ મુક્તિ સુલભજ થશે; એમ ભગવાન કહે, તો તે માટે આ શ્લોક કહે છે. —શ્રીધર

× કારણ કે દંભનું કંઇ ચોક્કસ ફળ હોતું નથી.—શ્રી

÷ અથવા એ બન્ને કાર્ય તથા કારણ, પ્રધાન કે પરમાણુ વગેરેથી ઉત્પન્ન થતાં નથી, વેદ પણ કહે છેઃ— '**स ऐक्षत**' (**बृह. उ. २–६–१४**) તે પરમાત્માએ સર્વને જોયું; માટે આપજ કારણ તરીકે સર્વત્ર વ્યાપ્ત છો. —શ્રીધર

* અભક્ત મનુષ્યો પોતાને વિષેજ રહેલા આપને જાણી શકતા નથી, એ કહે છે. —શ્રીધર

‡ વેદમાં કહ્યું છેઃ—'**किमर्था वयमध्येष्यामहे किमर्था वयं यक्ष्यामहे।**' શા માટે આપણે અધ્યયન કરીશું? શા માટે આપણે યજ્ઞયાગ કરીશું? '**नानुध्यायेद् बहून् शब्दान् वाचो विग्लापनं हि तत्।**' (**बृह. उ. ४–४–२१**) શબ્દોનું બહુ ચિંતન કરવું નહિ; કારણ કે તે કેવળ વાણીને થકવનારુંજ છે. ભગવદ્‌ગીતામાં પણ આજ કહ્યું છેઃ—

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મહાપૂજ્ય દેવ! આપને નમસ્કાર, આપની સ્તુતિ, આપનેજ સર્વ કર્મોનું સમર્પણ, આપની સેવા, આપના ચરણનું સ્મરણ અને આપની કથાનું શ્રવણ—આ છ અંગોવાળી આપની સેવા વિના પરમહંસોને પ્રાપ્ત કરવા યોગ્ય એવા આપને વિષે મનુષ્ય કેવી રીતે ભક્તિ સંપાદન કરી શકે? નજ સંપાદન કરી શકે.×૪૯-૫૦

નારદજીએ કહ્યું:—'ભક્ત પ્રહ્લાદજીએ એ પ્રમાણે પોતાના ગુણોનું વર્ણન કર્યું; એટલે તે નિર્ગુણ ભગવાન ક્રોધને દૂર કરી પ્રસન્ન થઈને પોતાને પ્રણામ કરી રહેલા પ્રહ્લાદને આ પ્રમાણે કહેવા લાગ્યા.૫૧

શ્રીભગવાન બોલ્યા:—'હે અસુરશ્રેષ્ઠ પ્રહ્લાદ! તારું કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ; હું તારા પર પ્રસન્ન થયો છું. તું ઇચ્છિત વર માગ. હું (ભક્ત) પુરુષોની કામનાઓને પૂર્ણ કરનારો છું.૫૨ હે આયુષ્મન્! મને પ્રસન્ન નહિ કરનાર પુરુષને મારું દર્શન ખરેખર દુર્લભ છે. મારું દર્શન કર્યા પછી પ્રાણી પોતાને (અપૂર્ણકામ તરીકે) શોક કરવાને યોગ્ય નથી.૫૩ એજ કારણથી ધૈર્યવાળા સત્પુરુષો કે જેઓને કલ્યાણની ઇચ્છા હોય છે અને જેઓ મહાભાગ્યશાળી હોય છે, તેઓ સર્વ કામનાઓના સ્વામી એવા મનેજ પ્રસન્ન કરે છે.' એ પ્રમાણે લોકોને લોભાવનારાં વરદાનોથી ભગવાને પ્રહ્લાદને લોભાવવા માંડયો, પણ પોતે ભગવાનનો એકાંતભક્ત હોવાથી તે અસુરોત્તમ પ્રહ્લાદે તે વરદાનોની ઇચ્છા કરી નહિ.૫૪-૫૫

एवं प्रलोभ्यमानोऽपि वरैर्लोकप्रलोभनैः।
एकांतित्वाद्भगवति नैच्छत्तानसुरोत्तमः ॥५५॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૯ મો સમાપ્ત

अध्याय १० मो*

પ્રહ્લાદ તથા રુદ્રદેવ ઉપર ભગવાનની કૃપા

॥ नारद उवाच ॥

भक्तियोगस्य तत्सर्वमंतरायतयाऽर्भकः।
मन्यमानोहृषीकेशं स्मयमान उवाच ह ॥ १ ॥

નારદજી બોલ્યા:—'બાળક પ્રહ્લાદ એ સર્વને (વરદાનોને) ભક્તિયોગમાં વિઘ્નરૂપ માની હસતો હસતો શ્રીભગવાનને કહેવા લાગ્યો.૧

પ્રહ્લાદ બોલ્યો:—'હું સ્વભાવથીજ વિષયોમાં આસક્ત છું; મને આપ તે તે વરદાનો વડે ન લોભાવો; કેમકે હું તે વિષયોના સંગથી ડરું છું ને કંટાળ્યો છું. મને તો મોક્ષનીજ ઇચ્છા છે અને તેથીજ મેં આપનો આશ્રય કર્યો છે.૨ હે પ્રભો! આપ ભક્તનાં લક્ષણોને જાણવા ઇચ્છો છો અને તેથીજ વરદાનો માગવાની ભક્તને પ્રેરણા કરો છો; પણ (આપ તો જાણોજ છો કે,) તે વરદાનો સંસારનાં બીજરૂપ થઇ પડે છે અને હૃદયને ગાંઠની પેઠે બાંધનારાં થાય છે. હે સમગ્ર જગતના ગુરો! આવી રીતે પોતાના ભક્તને અનર્થનાં સાધનમાં પ્રવૃત્તિ કરાવવી, તે આપ દયાળુને ઘટતું નથી. (હું તો એજ માનું છું કે,) જે ભક્ત આપની પાસેથી કામનાઓની આશા રાખે છે તે ભક્ત નથી; તે તો એક વ્યાપારી છે. જે સેવક પોતાના સ્વામી પાસેથી (સેવા બદલ) કામનાઓની આશા રાખે છે, તે (સાચો) સેવક

तदा गंतासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥
[श्री. भ. गी. २-५२]

હે અર્જુન! તારી બુદ્ધિ જ્યારે આ મોહની ગહનતાને ઓળંગી જશે, ત્યારે તને સાંભળવા યોગ્ય શાસ્ત્રો તરફ અને સાંભળેલાં શાસ્ત્રો તરફ કંટાળો આવશે. —શ્રીધર

× આવી રીતે ભક્તિ વિના મોક્ષ નથી અને ભક્તિ તે આપની સેવા વિના પ્રાપ્ત થતી નથી. માટે મેં પ્રથમ માગી લીધેલું આપનું દાસત્વજ મને આપો, આવો આ પ્રહ્લાદસ્તુતિના સમગ્ર પ્રકરણનો આશય છે. —શ્રીધર

* આ અધ્યાયમાં ભક્ત પ્રહ્લાદ ઉપર કૃપા કરીને શ્રીહરિ અંતર્ધાન થયા અને શ્રીહરિએ રુદ્રદેવ ઉપર અનુગ્રહ કર્યો, એ પ્રાસંગિક કથા કહેવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

નથી અને જે સ્વામી પોતાના સેવક પાસેથી માત્ર સેવાનેજ ઇચ્છીને તેને કામનાઓ આપે છે, તે (સાચો) સ્વામી નથી.[૩–૫] હું તો આપનો નિષ્કામ ભક્ત છું અને આપ મારા નિષ્કામ સ્વામી છો. (માટે આપણે બન્ને તો સાચા સ્વામીસેવક છીએ.) જેમ રાજાને અને તેના સેવકને પરસ્પર કંઇ કામાદિનું પ્રયોજન હોય છે, તેમ આપણ બન્નેને પરસ્પર કંઇ પણ કામાદિનું પ્રયોજન નથી;[૬] તોપણ હે વર આપનારાઓમાં ઉત્તમ ઈશ્વર! આપ જો મને વરદાન આપોજ છો, તો હું આપની પાસેથી એજ વરદાન માગી લઉં છું કે, મારા હૃદયમાં કોઇ પણ કામનાઓનો અંકુર ન રહો.[૭] કારણ કે એ કામાંકુરનો હૃદયમાં જન્મ થવાથી મનુષ્યનાં ઇન્દ્રિયો, મન, પ્રાણ, દેહ, ધર્મ, ધૈર્ય, બુદ્ધિ, લજ્જા, લક્ષ્મી, તેજ, સ્મરણશક્તિ તથા સત્ય નાશ પામે છે.[૮] હે કમળનેત્ર દેવ! મનુષ્ય જ્યારે મનમાં રહેલી કામનાઓનો ત્યાગ કરે છે, ત્યારેજ આપના સમાન ઐશ્વર્ય માટે યોગ્ય થઇ શકે છે.÷[૯] સર્વના અંતર્યામી, મહાન આત્મા, અદ્ભુત સિંહનું સ્વરૂપ ધારણ કરનારા, બ્રહ્મસ્વરૂપ અને પરમાત્મા એવા આપ શ્રીહરિ ભગવાનને હું નમસ્કાર કરું છું.'[૧૦]

શ્રીનૃસિંહ ભગવાન બોલ્યાઃ–'તારા જેવા જેઓ મારા એકાંત ભક્તો છે, તેઓ આ લોકની કે પરલોકની કામનાઓને કદી ઇચ્છતા નથી; તોપણ માત્ર આ એક મન્વંતર સુધી તું દૈત્યોના રાજાઓના ભોગોને ભોગવજે.[૧૧] તું મારી કથાઓનું નિત્ય સેવન કરજે અને સર્વ પ્રાણીઓમાં રહેલા યજ્ઞના અધિષ્ઠાતા મને એકનેજ હૃદયમાં સ્થાપીને મારું–ઈશ્વરનું તું યજન કરજે અને તે તે કર્મોને મારામાં અર્પણ કરી દઇ સર્વ કર્મોનો ત્યાગ કરજે.[૧૨] એ રીતે સુખનો અનુભવ કરી તું પ્રારબ્ધ–પુણ્યનો ત્યાગ કરજે અને પુણ્યના આચરણથી પાપકર્મનો ત્યાગ કરજે. તે પછી દેવલોકોએ ગાયેલી પવિત્ર કીર્તિ ફેલાવીને કાળના વેગથી શરીરનો ત્યાગ કરી તું સર્વ બંધનોથી મુક્ત થઇને મને પ્રાપ્ત થઈશ.[૧૩] જે મનુષ્ય તારું, મારું અને મારા આ ચરિત્રનું સ્મરણ કરતો તેં ગાયેલું મારું આ સ્તોત્ર, સમયે ગાશે તે કર્મના બંધનથી મુક્ત થશે.'[૧૪]

પ્રહ્લાદ બોલ્યાઃ–'હે મહેશ્વર! વર આપનારાઓના ઈશ્વર આપની પાસેથી હું આ એક વરદાન માગું છું કે, મારો પિતા કે જે આપના ઈશ્વરી તેજને નહિ જાણનારો હતો; આપની નિંદા કરતો હતો; જેનું અંતઃકરણ ક્રોધથી યુક્ત હતું; સર્વ લોકના ગુરુ અને સાક્ષાત્ પ્રભુ એવા આપને પણ 'આ મારા ભાઇનો વધ કરનાર છે,' એવી મિથ્યાદૃષ્ટિથી જોતો હતો અને આપના ભક્ત મારે વિષે પણ પાપચિંતન કરતો હતો તે મારો આ પિતા, હે દીનવત્સલ! જો કે આપના કટાક્ષ વડે જોવાઈને તે સમયેજ પવિત્ર તો થયો છે; તોપણ દુરંત અને દુસ્તર એવા પાપથી તે પવિત્ર થાઓ.'[૧૫–૧૭]

શ્રીભગવાન બોલ્યાઃ–'હે નિર્દોષ ભક્ત! તારો પિતા તારા એકવીસ પૂર્વજો સાથે પવિત્ર થયો છે; કારણ કે હે સત્પુરુષ! તું કુળને પવિત્ર કરનાર પુત્ર આને ઘેર જન્મ્યો છે.[૧૮] જે જે સ્થળે અત્યંત શાંત, સમદૃષ્ટિવાળા અને ઉત્તમ આચારવાળા મારા ભક્ત સજ્જન પુરુષો જન્મે છે, તે તે કીકટ જેવા અપવિત્ર દેશો અને તેના જેવા અપવિત્ર વંશો પણ પવિત્ર થાય છે.[૧૯] કારણ કે હે દૈત્યરાજ! મારા ઉપરની ભક્તિને લીધે જેઓ નિઃસ્પૃહ થયેલા હોય છે, તેઓ નાનાંમોટાં પ્રાણીઓના સમૂહોમાં કોઇ પ્રાણીની કદી હિંસા કરતા નથી.

÷ આજ આશય વેદમાં દર્શાવ્યો છેઃ–

यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि स्थिताः
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥
(कठ. उ. २-६-१४)

જ્યારે મનુષ્યના હૃદયમાં રહેલી સર્વ કામનાઓ છૂટી જાય છે, ત્યારે મનુષ્ય અમર બને છે અને આ લોકમાંજ બ્રહ્મને પ્રાપ્ત થાય છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ લોકમાં જે જે પુરુષો મારા ભક્ત થશે, તેઓ સર્વે તને અનુસરનારા થશે-તારા જેવાં લક્ષણો ધરાવશે; માટે તું મારા સર્વ ભક્તોમાં ઉપમાનું એક પાત્ર બન્યો છે-સર્વ ભક્તોમાં તું જ શ્રેષ્ઠ છે.[૨૦,૨૧] હે પ્રહ્‌લાદ! મારા અંગસ્પર્શથી સર્વ પ્રકારે પવિત્ર થયેલા તારા પિતાનાં મરણકાર્યોને તું કર; તારા જેવી ઉત્તમ પ્રજાવાળો તારો પિતા ઉત્તમ લોકોમાં જશે.[૨૨] હે તાત! તું તારા પિતાના સ્થાન પર બેસ અને વેદવાદીઓના કહેવા પ્રમાણે મારામાં મનને સ્થાપી મારાપરાયણ રહીને સર્વ કર્મો કર.'[૨૩]

નારદજી બોલ્યાઃ-'હે રાજન્! તે પછી ઉત્તમ બ્રાહ્મણોએ પ્રહ્‌લાદનો રાજ્યાભિષેક કર્યો અને પ્રહ્‌લાદે ભગવાનના કહેવા પ્રમાણે પિતાનાં મરણકૃત્યો કર્યાં.[૨૪] પછી નૃસિંહ ભગવાનને, કૃપાથી પ્રસન્ન મુખવાળા જોઇ દેવ વગેરેથી વીંટાયલા બ્રહ્માએ પવિત્ર વાણીથી તેમની સ્તુતિ કરી તેમને આ પ્રમાણે કહ્યું.[૨૫]

બ્રહ્મા બોલ્યાઃ-'હે દેવોના દેવ! હે સર્વના અધ્યક્ષ! હે પ્રાણીઓના રક્ષક! હે સર્વના પૂર્વજ! લોકોને અત્યંત દુઃખ આપનાર આ પાપી અસુરનો આપે વધ કર્યો તે બહુ સારું કર્યું છે. આ અસુરે મારી પાસેથી વરદાન મેળવ્યું હતું; તેથી મારી કોઇ પણ સૃષ્ટિથી તેનો વધ થઇ શકે તેમ ન હતું, તપ અને યોગના બળથી તે ઉદ્ધત બની ગયો હતો અને તેણે સમગ્ર ધર્મોનો વિનાશ કરી નાખ્યો હતો.[૨૬,૨૭] આ અસુરનો પુત્ર કે જે હજી બાળક છે, છતાં સદ્દગુણી છે અને આપનો મહાન ભક્ત છે, તેને આપે મૃત્યુથી છોડાવ્યો અને હમણાં તે આપને પ્રાપ્ત થયો તે બહુ સારું થયું છે.[૨૮] હે ભગવન્! આપના આ સ્વરૂપનું મનુષ્ય જો ધ્યાન કરશે, તો સર્વ પ્રકારના ભયથી તે સ્વરૂપ તેની રક્ષા કરશે; એટલુંજ નહિ પણ મારી નાખવા તૈયાર થયેલા મૃત્યુથી પણ રક્ષા કરશે.'[૨૯]

નૃસિંહ ભગવાન બોલ્યાઃ-'હે બ્રહ્મા! આવા અસુરોને તમારે આવાં વરદાનો કદી આપવાં નહિ. કારણ કે ક્રૂર સ્વભાવવાળાઓને વરદાન આપવું તે સર્પોને દૂધ પાવા સરખું છે.'[૩૦]

નારદજી બોલ્યાઃ-'હે રાજન્! એમ કહીને નૃસિંહ ભગવાન કે જે સર્વ પ્રાણીઓને અદૃશ્ય હતા અને બ્રહ્માએ જેમની પૂજા કરી હતી તે, તે સ્થળેજ અંતર્ધાન થઇ ગયા.[૩૧] પછી પ્રહ્‌લાદે ભગવાનના અંશરૂપ એવા બ્રહ્મા, શંકર, પ્રજાપતિઓ તથા સર્વ દેવોની પૂજા કરીને તેઓને વંદન કર્યું અને પછી બ્રહ્માએ શુક્રાચાર્ય વગેરે મુનિઓની સાથે રહીને પ્રહ્‌લાદને દૈત્યો તથા દાનવોનો રાજા બનાવ્યો.[૩૨,૩૩] હે રાજા! તે પછી સામેથી જેઓની પૂજા કરવામાં આવી હતી, એવા બ્રહ્મા વગેરે દેવો પ્રસન્ન થઇ ઉત્તમ આશીર્વાદો આપીને પોતપોતાને સ્થાને ગયા.[૩૪] એ રીતે વિષ્ણુ ભગવાનના પાર્ષદ તે જય અને વિજય, દિતિના પુત્રપણાને પામ્યા હતા, તેઓને હૃદયમાં રહેલા શ્રીહરિએ વૈરભાવથી હણ્યા હતા. ફરી તેના તેજ બન્ને બ્રાહ્મણ-સનત્કુમારના શાપને લીધે કુંભકર્ણ અને રાવણ નામે રાક્ષસ થયા હતા; ત્યારે પણ તેઓ રામચંદ્રજીનાં પરાક્રમોથી નાશને પામ્યા હતા. જેવી રીતે પોતાના પૂર્વજન્મમાં તેઓએ ભગવાનમાંજ ચિત્ત રાખી શરીરનો ત્યાગ કર્યો હતો, તેજ પ્રમાણે રામચંદ્રજીનાં બાણોથી હૃદયમાં વીંધાઇને તેઓએ યુદ્ધમાં શયન કર્યું હતું.[૩૫-૩૭] તે પછી ફરી-ત્રીજા જન્મમાં તેઓ બન્ને આ પૃથ્વી ઉપર શિશુપાલ તથા દંતવક્ત્ર નામે ઉત્પન્ન થયા હતા; જેઓ શ્રીહરિ વિષે વૈરભાવ ધારણ કરીને અહીં તમારા જોતાં ભગવાનમાં સાયુજ્ય ભાવને પામ્યા છે.[૩૮] આ રીતે જે જે રાજાઓ શ્રીકૃષ્ણના વૈરી હતા, તેઓએ તે પ્રથમ કરેલા પાપનો એ ભગવાનનું વૈરભાવે ધ્યાન કરવાથી ત્યાગ કર્યો હતો અને જેમ ભમરાએ પોતાના દરમાં આણેલો કીડો તે ભમરાનું ધ્યાન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરતો છેવટે ભ્રમરરૂપ બની જાય છે, તેમ એ રાજાઓ વૈરભાવે ભગવાનનું ધ્યાન કરતા ભગવાન-સ્વરૂપ થઈ ગયા હતા.[૩૯] જેમ ભગવાનના એકાંત ભક્તો ભેદદર્શનથી રહિત એવી ભગવાનની પરમ ભક્તિથી શ્રીહરિના સારૂપ્યને પામે છે, તેમ શિશુપાલ વગેરે રાજાઓ પણ વૈરભાવે ભક્તિ કરીને શ્રીહરિના સારૂપ્યને પામ્યા છે.[૪૦] એ પ્રમાણે દમઘોષનો પુત્ર શિશુપાલ વગેરે શ્રીહરિના સારૂપ્યને પામ્યા તે સંબંધે તમે મને જે કંઇ પૂછ્યું હતું, તે આ સર્વ મેં તમને કહ્યું છે.[૪૧] બ્રાહ્મણો ઉપર પ્રેમ રાખનારા મહાત્મા શ્રીકૃષ્ણ પ્રભુની આ પવિત્ર અવતારકથા મેં તમને કહી છે, કે જેમાં આદિદૈત્ય હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુનો વધ વર્ણવ્યો છે. વળી ભગવાનના મહાન ભક્ત પ્રહ્‌લાદનું ચરિત્ર, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, જગતની ઉત્પત્તિ—સંહારના નિયંતા શ્રીહરિનું યથાર્થ સ્વરૂપ, ભગવાનના ગુણો તથા કર્મોનું વર્ણન, દેવો તથા દૈત્યો વગેરેનાં સ્થાનોમાં કાળે કરીને થતો મહાન ફેરફાર અને જેના વડે ભગવાનની પ્રાપ્તિ થાય છે, તે ભગવદ્‌ભક્તોનો ધર્મ તેમજ સંપૂર્ણ આધ્યાત્મિક વિષય—આ સર્વ આ આખ્યાનમાં મેં તમને કહેલ છે.[૪૨–૪૫] જે મનુષ્ય વિષ્ણુ ભગવાનના પરાક્રમથી ભરેલા આ પવિત્ર આખ્યાનનું શ્રવણ કરીને શ્રદ્ધાથી કીર્તન કરે છે, તે મનુષ્ય કર્મનાં બંધનોથી મુક્ત થાય છે. વળી જે મનુષ્ય આદિપુરુષ ભગવાનની આ 'મૃગેન્દ્ર લીલા'ને (એટલે નૃસિંહ લીલાને), દૈત્ય રાજાના વધને તથા સત્પુરુષોમાં શ્રેષ્ઠ દૈત્યપુત્ર પ્રહ્‌લાદના પવિત્ર ચરિત્રને સાવધાન થઇને સાંભળે છે અને તેનો પાઠ કરે છે, તે મનુષ્ય સર્વ તરફથી નિર્ભય અને પ્રભાવશાળી એવા વૈકુંઠલોકમાં જાય છે.§ અહો! આનંદની વાત છે કે, આ મનુષ્યલોકમાં તમે અત્યંત ભાગ્યશાળી છો, કે જેઓના ઘરમાં મનુષ્યસ્વરૂપ ધરનારા ગુપ્ત પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાન સાક્ષાત્‌ વસે છે; જેને લીધે જગતને પવિત્ર કરનારા મુનિઓ પણ તમારે ઘેર આવ્યા કરે છે.[૪૬–૪૮] તમારા મામાના પુત્ર આ શ્રીકૃષ્ણ જે તમારા પ્રિય સખા છે અને તમારી આજ્ઞામાં વર્તી રહ્યા છે, તે (કંઇ સામાન્ય મનુષ્ય નથી, પણ) મહાન પુરુષોએ શોધવા યોગ્ય જે નિરુપાધિ મોક્ષસુખ છે, તેના અનુભવરૂપ પરબ્રહ્મ છે, સર્વના આત્મારૂપ છે, ગુરુ છે અને પૂજન કરવા યોગ્ય છે.[૪૯] જેમના સ્વરૂપને સાક્ષાત્‌ બ્રહ્મા અને શંકર વગેરે પણ પોતાની બુદ્ધિથી 'આ આવા પ્રકારનું છે.' એમ વાસ્તવિક રીતે વર્ણવી શક્યા નથી, તે આ ભક્તપતિ ભગવાન (તમારા ઉપર પોતાની મેળેજ પ્રસન્ન થયા છે; ત્યારે અમારા વડે તો) મૌન, ભક્તિ અને શાંતિથી પૂજાયેલા હોઇને અમારા પર પ્રસન્ન થાઓ.×[૫૦] હે રાજન્‌! તેજ આ ભગવાને પૂર્વે અનંત માયાવાળા મયદાનવે નાશ કરી નાખેલા રુદ્રદેવના યશનો વિસ્તાર કર્યો હતો.'[૫૧]

યુધિષ્ઠિર રાજાએ પૂછ્યું:–'કયા કર્મમાં મયદાનવે જગદીશ્વર શંકરની કીર્તિનો નાશ કરી નાખ્યો હતો અને આ શ્રીકૃષ્ણે ફરી તેમની કીર્તિનો કેવી રીતે વિસ્તાર કર્યો હતો? તે મને કહો.'[૫૨]

નારદજી બોલ્યા:–'આ શ્રીકૃષ્ણે દેવોને જ્યારે બળવાન કર્યા હતા, ત્યારે તેઓએ અસુરોને જીતી લીધા હતા, જેથી તે અસુરો માયાવીઓના મહાન આચાર્ય મયદાનવને શરણે ગયા હતા.[૫૩] તે સમયે એ સમર્થ મયદાનવે સોનાનું, રૂપાનું ને લોઢા-

§ અહો! પ્રહ્‌લાદનું મહાભાગ્ય ગણાય, કે જેમણે ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં. અમે તો મંદભાગી છીએ; આમ ખેદ કરતા નારદજી યુધિષ્ઠિરને કહે છે.—શ્રીધર

× કહેવાનો ભાવ એ છે કે, પ્રહ્‌લાદને ઘેર પરબ્રહ્મ પોતે રહેતા ન હતા, જેથી તેમના દર્શન માટે મુનિઓ તેને ઘેર જતા ન હતા; એટલુંજ નહિ, પણ મામાના પુત્ર વગેરે તરીકે ભગવાન પ્રહ્‌લાદના સંબંધી પણ થયા ન હતા કે પોતાની મેળે તેના પર પ્રસન્ન થયા ન હતા. માટે તમે તો તે પ્રહ્‌લાદ કરતાં અને અમારા કરતાં પણ વધારે ભાગ્યશાળી છો, એમ નારદજી કહે છે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તું એમ ત્રણ નગરો બનાવીને અસુરોને આપ્યાં હતાં; જે નગરો ક્યારે જતાં હતાં? ક્યારે આવતાં હતાં? અને તેઓમાં કઈ કઈ વસ્તુઓ હતી? એ કોઇના જાણવામાં ન હતું.[૫૪] હે રાજા! એ ત્રણે નગરોનો આશ્રય કરી અસુરોના સેનાપતિઓ, પૂર્વના વૈરનું સ્મરણ કરતા લોકપાલો સહિત ત્રણે લોકોનો વિનાશ કરવા લાગ્યા.[૫૫] પછી લોકપાલો સહિત સર્વ લોકો શંકરને શરણે જઇને તેમને પ્રાર્થના કરવા લાગ્યા કે, 'હે વ્યાપક દેવ! ત્રણ નગરોમાં નિવાસ કરતા અસુરો અમારો વિનાશ કરી રહ્યા છે, માટે આપના ભક્ત અમારું–આપ રક્ષણ કરો.'[૫૬] તે સાંભળી ભગવાન શંકરે કૃપા કરીને દેવોને કહ્યું કે, 'તમે ડરશો મા.' અને પછી ધનુષમાં મંત્રેલું બાણ સાંધીને તે પ્રભુએ પેલાં ત્રણ નગરો તરફ છોડ્યું.[૫૭] એટલે જેમ સૂર્યમાંથી કિરણસમૂહો નીકળે, તેમ એ બાણમાંથી અગ્નિવર્ણાં અનેક બાણો નીકળવા લાગ્યાં, જેથી તે નગરો દેખાતાં બંધ થઇ ગયાં[૫૮] અને તે નગરોમાં વસતા સર્વ અસુરો તે બાણોથી વીંધાઇને પ્રાણરહિત થઇ પૃથ્વી પર પડવા લાગ્યા. પણ પેલો મહાન યોગી મયદાનવ, તે તે મરણ પામેલા સર્વ અસુરોને લાવી લાવીને પોતે બનાવેલા એક કૂવાના અમૃતરસમાં નાખવા લાગ્યો. એટલે તે સિદ્ધ અમૃતરસનો સ્પર્શ થતાંજ તે મરણ પામેલા અસુરો, વજ્ર જેવાં દઢ શરીરવાળા અને મહાબળવાન થઇ મેઘમંડળને ભેદી નાખનારા વીજળીઓના અગ્નિઓની પેઠે (જીવતા થઇને) ઊઠવા લાગ્યા.[૫૯-૬૦] તે જોઈ ભગવાન શંકરના સંકલ્પ ભાંગી પડ્યો અને મનમાં ઉદાસ થઇ ગયા; ત્યારે ભગવાન વિષ્ણુએ તે વેળા આવો એક ઉપાય કર્યો હતો.[૬૧] બ્રહ્મા પોતે તે સમયે વાછરડો થયા હતા અને આ વિષ્ણુ ગાય થયા હતા. પછી મધ્યાહ્નસમયે પેલાં ત્રણ નગરોમાં પ્રવેશ કરી ત્યાં રહેલા પેલા અમૃતરસના કૂવામાંથી અમૃતને પી ગયા હતા. એ વેળા તે અસુરો જોઇ રહ્યા હતા, તોપણ તેઓએ અત્યંત મોહિત થઇને તેમને અટકાવ્યા ન હતા. મહાન યોગી મયદાનવે એ જાણી તે દૈવગતિનું સ્મરણ કરી શોકરહિત થઇને શોકથી પીડાતા અમૃતરસના રક્ષકોને પોતે આ પ્રમાણે કહ્યું હતું:[૬૨-૬૩] 'દેવ, અસુર, મનુષ્ય કે બીજો કોઇ પણ આ જગતમાં પોતાના, બીજાના કે બન્નેના સંબંધે દૈવે જે કંઇ નિર્માણ કર્યું હોય છે, તેને દૂર કરવાને સમર્થ નથી.' તે પછી આ વિષ્ણુ ભગવાને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, સમૃદ્ધિ, તપ, વિદ્યા તથા ક્રિયા વગેરે પોતાની શક્તિઓ વડે શંકરને રથ, સારથિ, ધજા, ઘોડા, ધનુષ, બખ્તર તથા બાણ વગેરે (જે કંઇ યુદ્ધનાં સાધન જોઇતાં હતાં, તે) તૈયાર કરી આપ્યાં હતાં,[૬૪-૬૬] જેથી શંકરે અભિજિત્ મુહૂર્તમાં (મધ્યાહ્નસમયે) બરાબર તૈયાર થઈ રથમાં બેસીને ધનુષ તથા બાણ ગ્રહણ કર્યાં હતાં અને ધનુષમાં બાણ સાંધીને તે બાણ વડે હે રાજા! તે દુર્ભેદ્ય ત્રણે નગરોને બાળી નાખ્યાં હતાં. એ સમયે સ્વર્ગમાં દુંદુભિ–નગારાં વાગ્યાં હતાં અને સેંકડો વિમાનોથી ભીડ કરતા દેવો, ઋષિઓ, પિતૃઓ તથા સિદ્ધેશ્વરોએ 'આપનો જય થાઓ,' એમ કહીને પુષ્પોની વૃષ્ટિ કરી હતી અને હર્ષ પામેલી અપ્સરાઓએ નૃત્ય કર્યું હતું.[૬૭-૬૯] એ રીતે હે રાજા! ભગવાન શંકર ત્રણે નગરો બાળી બ્રહ્મા વગેરેથી સ્તુતિ કરાતા પોતાના ધામમાં પધાર્યા હતા.[૭૦] આ શ્રીહરિ કે જે પોતાની માયા વડે મનુષ્યલોકનું અનુકરણ કરી રહ્યા છે, સર્વના આત્મારૂપ છે અને જગતના ગુરુ છે; તેમનાં પરાક્રમોને ઋષિઓએ એ પ્રમાણે ગાયાં છે, કે જે પરાક્રમો લોકોને પવિત્ર કરી રહ્યાં છે. બોલો, હવે બીજું શું કહું?''[૭૧]

एवंविधान्यस्य हरेः स्वमायया विडंबमानस्य नृलोकमात्मनः। वीर्याणि गीतान्यृषिभिर्जगद्गुरोर्लोकान्पुनानान्यपरं वदामि किम्॥ ७१॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં સપ્તમ
સ્કંધ વિષે અધ્યાય ૧૦ મો સમાપ્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्याय ११ मो+

મનુષ્યોના સાધારણ ધર્મો, વર્ણોના વિશેષ ધર્મો તથા સ્ત્રીઓના મુખ્ય ધર્મો

॥ श्रीशुक उवाच ॥

श्रुत्वेहितं साधुसभासभाजितं महत्तमाग्रण्य उरुक्रमात्मनः। युधिष्ठिरो दैत्यपतेर्मुदा युतः पप्रच्छ भूयस्तनयं स्वयंभुवः ॥ १ ॥

શ્રીશુકદેવજી બોલ્યાઃ–"જેનું મન શ્રીભગવાનમાંજ હતું અને તેથીજ અત્યંત મોટા પુરુષોમાં જે અગ્રગણ્ય હતો, એવા દૈત્યપતિ પ્રહ્લાદનું સજ્જનોની સભાઓમાં સત્કાર પામેલું ચરિત્ર સાંભળીને યુધિષ્ઠિર રાજા પ્રસન્ન થયા, તે પછી ફરી તેમણે બ્રહ્માના પુત્ર નારદજીને પૂછ્યું.[1]

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ–'હે ભગવન્! હવે હું મનુષ્યોના સાધારણ ધર્મને, વર્ણો તથા આશ્રમોના આચાર સાથે સાંભળવા ઇચ્છું છું, જે ધર્મને આચરીને મનુષ્ય જ્ઞાનને તથા ભક્તિને પામે છે.[2] હે બ્રહ્મન્! આપ સાક્ષાત્ પ્રજાપતિ બ્રહ્મદેવના પુત્ર છો અને તપ, યોગ તથા સમાધિ વડે બ્રહ્મદેવના સર્વ પુત્રોમાં માન્ય છો.[3] આપ જેવા નારાયણપરાયણ, દયાળુ, શાંત અને ઉત્તમ બ્રાહ્મણો જે પ્રમાણે પરમ ગુહ્ય ધર્મને જાણે છે, તે પ્રમાણે બીજાઓ જાણતા નથી.'[4]

નારદજી બોલ્યાઃ–'લોકોના ધર્મનું કારણ ભગવાન નારાયણને નમસ્કાર કરી તેમનાજ મુખે સાંભળેલો સનાતનધર્મ હું કહું છું.[5] જે નારાયણ ભગવાન દક્ષની પુત્રી મૂર્તિ વિષે પોતાના અંશથી ધર્મ (નામના) પ્રજાપતિદ્વારા અવતરીને લોકોનાં કલ્યાણ માટે બદરિકાશ્રમમાં તપશ્ચર્યા કરી રહ્યા છે.[6] હે રાજન્! સર્વ દેવમય ભગવાન શ્રીહરિ એજ ધર્મનું મૂળ છે; તેમજ વેદને જાણનારાઓએ રચેલી સ્મૃતિઓ તથા જેનાથી પોતાનું મન પ્રસન્ન થાય છે, તે પણ વર્ણધર્મનું મૂળ છે–અર્થાત્ ધર્મમાં આ બધાં મુખ્ય પ્રમાણો છે.* સત્ય, દયા, તપ, બાહ્યાભ્યંતર પવિત્રતા, સહનશીલતા, યોગ્ય–અયોગ્યનો વિચાર, માનસિક સંયમ, ઇન્દ્રિયસંયમ, અહિંસા, બ્રહ્મચર્ય, દાન, સ્વાધ્યાય, સરળતા, સંતોષ, મહાપુરુષોની સેવા, પ્રવૃત્તિમાર્ગનાં કર્મોથી ધીમે ધીમે નિવૃત્ત થવું, મનુષ્યોની નિષ્ફળ ક્રિયાઓના વિચાર, વૃથા બોલવું નહિ, 'આત્મા દેહાદિથી ભિન્ન છે.' એવું નિત્યચિંતન, પોતાના અન્નાદિ ભોગ્ય પદાર્થોમાંથી બીજાં પ્રાણીઓને યથાયોગ્ય ભાગ આપવો, 'સર્વ પ્રાણીઓમાં આત્મારૂપ દેવ બિરાજે છે' એવી બુદ્ધિ રાખવી, મનુષ્યોમાં તો ખાસ કરી તેવી બુદ્ધિ રાખવી, મહાપુરુષોની ગતિરૂપ શ્રીભગવાનનું શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવા, પૂજા, નમન, દાસત્વ, મિત્રપણું અને પોતાનો આત્મા ભગવાનને અર્પણ કરી દેવો–આ ત્રીસ લક્ષણવાળો ઉત્તમ ધર્મ સર્વ મનુષ્યો માટે સાધારણ કહેવામાં આવ્યો છે, કે જે ધર્મ વડે હે પાંડુપુત્ર રાજા! સર્વાત્મા ભગવાન પ્રસન્ન થાય છે.[7–12] જેમાં મંત્રયુક્ત ગર્ભાધાન આદિ સંસ્કારો અવિ-

+ આગળ વર્ણવ્યા પ્રમાણે આ સપ્તમ સ્કંધના દશ અધ્યાયોમાં જ્ઞાનયોગ તથા ભક્તિયોગ કહેવામાં આવ્યા છે; હવે અહીંથી પાંચ અધ્યાયોમાં કર્મયોગનું વર્ણન કરવામાં આવે છે. તેમાં આ અગિયારમા અધ્યાયમાં મનુષ્યોના સાધારણ ધર્મો, વર્ણોના વિશેષ ધર્મો તથા સ્ત્રીઓના મુખ્ય મુખ્ય ધર્મો કહેવાશે.—શ્રીધર

* **श्रुतिः स्मृतिः सदाचारः स्वस्य च प्रियमात्मनः। सम्यक् संकल्पजः कामो धर्ममूलमिदं स्मृतम् ॥**
(याज्ञ. स्मृ. १–७)

વેદ, સ્મૃતિ, સદાચાર, પોતાના મનને જે પ્રિય હોય તે અને સંકલ્પથી થનાર ઉત્તમ પ્રકારની કામના, તે આ ધર્મનાં મૂળ છે. તેમજઃ–

वेदोऽखिलो धर्ममूलं स्मृतिशीले च तद्विदाम्। आचारश्चैव साधूनामात्मनस्तुष्टिरेव च ॥
(मनु. स्मृ. २–६)

સમગ્ર વેદ ધર્મનું મૂળ છે અને વેદ જાણનારાઓની સ્મૃતિ તથા ચારિત્ર અને સજ્જનોનો આચાર તથા મનનો સંતોષ–આ પણ ધર્મનાં મૂળ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દ્વિચ્છિન્ન કરવામાં આવે છે તે તે 'દ્વિજ' (બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય) કહેવાય છે કે જે દ્વિજનેજ એવા પ્રકારના સંસ્કારથી યુક્ત બ્રહ્માએ કહ્યો છે. આ દ્વિજમનુષ્યો જન્મ તથા કર્મથી જો શુદ્ધ હોય, તો તેઓને યજ્ઞ, વેદાધ્યયન, દાન તથા બ્રહ્મચર્યાદિ આશ્રમોમાં કહેલી ક્રિયાઓ કરવાનું શાસ્ત્રે કહ્યું છે.[૧૩] તેમાં બ્રાહ્મણોને માટે ભણવું, ભણાવવું, યજ્ઞ કરવો–કરાવવો અને દાન લેવું તથા આપવું આ છ કર્મો કરવાનાં કહ્યાં છે; (આ છ કર્મોમાં ભણાવવું, યજ્ઞ કરાવવો તથા દાન લેવું–એ ત્રણ કર્મો બ્રાહ્મણને આજીવિકા માટે કરવાનાં કહ્યાં છે.) અને ક્ષત્રિયને માટે દાન લેવા સિવાયનાં કર્મો કરવાનાં કહ્યાં છે. (કેમકે આપત્તિના સમયમાં ક્ષત્રિયને પણ ભણાવવાની તથા યજ્ઞ કરાવવાની છૂટ આપવામાં આવી છે.) જે ક્ષત્રિય પ્રજાનું પાલન કરનાર રાજા તરીકે હોય, તેની બ્રાહ્મણ સિવાય બીજાઓ પાસેથી કર, દંડ તથા જકાત લઈને આજીવિકા કહી છે.[૧૪] વૈશ્યે ખેતી અને વેપાર વગેરે આજીવિકા કરવી, તેમજ બ્રાહ્મણના કુળને અનુસરીને રહેવું; અને શૂદ્રે બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યરૂપી દ્વિજવર્ણ કે જે પોતાના સ્વામી છે, તેની સેવા કરીને આજીવિકા કરવી.[૧૫] ખેતી વગેરે અનેક જાતની આજીવિકા, માગ્યા વિના મળતું ધાન્ય વગેરે, દરરોજ ધાન્ય માગી લાવવું તે, ડાંગેરનાં ખેતર વગેરેમાં પડી રહેલા (માલિકે જતા કરેલા) દાણાઓને વીણી લાવવા અથવા બજારમાં અનાજના વેપારીઓની દુકાન આગળ પડી રહેલા (માલિકે જતા કરેલા) દાણા વીણી લાવવા, આ ચાર પ્રકારની બ્રાહ્મણોની આજીવિકા છે. તેમાં ઉત્તરોત્તર ઉત્તમ ગણાય છે.[૧૬] નીચ વર્ણના મનુષ્યે આપત્તિકાળ વિના (ભણાવવું વગેરે) ઉત્તમ આજીવિકાનો આશ્રય કરવો નહિ,પણ આપત્તિકાળમાં તો ક્ષત્રિય વિના સર્વ વર્ણો સર્વ આજીવિકાઓનો આશ્રય કરી શકે છે; ત્યારે ક્ષત્રિય આપત્તિકાળમાં દાન લેવા સિવાયની સર્વ આજીવિકાઓ કરી શકે છે.[૧૭] મનુષ્યે ઋત કે અમૃતથી આજીવિકા કરવી; અથવા મૃત કે પ્રમૃતથી આજીવિકા કરવી; અથવા સત્ય કે અસત્યથી (એટલે વેપારથી) આજીવિકા કરવી; પરંતુ (નીચની સેવારૂપ) કૂતરાની વૃત્તિથી આજીવિકા કરવી નહિ.[૧૮] તેમાં ખેતર કે દુકાનની આસપાસ પડી રહેલા (માલિકે જતા કરેલા) દાણા વીણી લાવી આજીવિકા કરવી તે 'ઋત' કહેવાય છે; માગ્યા વિના કંઇ મળી આવેલાથી આજીવિકા કરવી તે 'અમૃત' કહેવાય છે; નિત્ય માગી લાવીને આજીવિકા કરવી તે 'મૃત' કહેવાય છે અને ખેતીવાડી કરી આજીવિકા કરવી તે 'પ્રમૃત' કહેવાય છે.[૧૯] એ સિવાય જેમાં સાચું–જૂઠું કરવું પડે છે તે વેપાર 'સત્યાસત્ય' કહેવાય છે અને નીચની સેવા તે 'શ્વવૃત્તિ'–કૂતરાની વૃત્તિ કહેવાય છે. આ નિંદ્ય વૃત્તિનો બ્રાહ્મણે તથા રાજાએ (ક્ષત્રિયોએ) નિત્ય ત્યાગ કરવો;(કારણ કે)બ્રાહ્મણ અને રાજા (કંઈ સામાન્ય નથી) સર્વદેવમય છે. માનસિક નિગ્રહ, ઇન્દ્રિયનિગ્રહ, તપ, બાહ્ય–આભ્યંતર પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરળતા, જ્ઞાન, દયા, શ્રીવિષ્ણુ ભગવાનમાં તત્પરતા અને સત્ય, એ બ્રાહ્મણનાં લક્ષણો છે. યુદ્ધમાં ઉત્સાહ, પ્રભાવ, ધૈર્ય, તેજ, દાન, માનસિક જય, ક્ષમા, બ્રાહ્મણ પ્રત્યેની ભક્તિ, પ્રસન્નતા અને સર્વની રક્ષા એ ક્ષત્રિયનાં લક્ષણો છે.[૨૦-૨૨] દેવ, ગુરુ તથા શ્રીભગવાનની ભક્તિ, ધર્મ, અર્થ અને કામનું પોષણ, આસ્તિકતા, ઉદ્યમ અને નિત્ય કાર્યકુશળતા–એ વૈશ્યનાં લક્ષણો છે.[૨૩] સજ્જનોને પ્રણામ કરવા, બાહ્યાભ્યંતર પવિત્રતા જાળવવી; પોતાના સ્વામીની નિષ્કપટપણે સેવા કરવી, વૈદિક મંત્રોચ્ચાર વિનાજ પાંચ મહાયજ્ઞો કરવા, ચોરી ન કરવી, સત્ય બોલવું અને ગાયો તથા બ્રાહ્મણોની રક્ષા કરવી–એ શૂદ્રનાં લક્ષણો છે. (હવે સ્ત્રીઓના ધર્મો તમે સાંભળો)[૨૪] પતિજ જેઓનો દેવ છે,એવી પતિવ્રતા સ્ત્રીઓનાં આ ચાર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લક્ષણ અને ધર્મ છે–સ્ત્રીએ પતિની સેવા કરવી; પતિને અનુકૂળ રહેવું–એટલે કોઈ પણ પ્રકારે પતિનું હિત કરવું; પતિના સંબંધીઓને પણ અનુસરવું અને નિત્ય પતિનાંજ વ્રત ધારણ કરવાં.[૨૫] વળી પતિવ્રતા સ્ત્રીએ ઘરને વાળીઝાડી સાફ રાખીને ઘરના આંગણામાં રંગથી વેલ–મંડળો વગેરે કરીને પોતે પણ સુશોભિત અને અલંકૃત રહેવું; નિત્ય ઘરનાં રાચરચીલાંઓને સાફ રાખવાં અને અનેક જાતની નાનીમોટી કામનાઓ, વિનય, ઇન્દ્રિયનિગ્રહ તેમજ સમયે સમયે સાચાં પ્રિય વાક્યોથી પતિની સેવા કરવી.[૨૬।૨૭] પોતાને જે કંઇ મળે તેથી પોતે સંતુષ્ટ રહેવું; મળી આવેલા ભોગોમાં લોલુપતાનો ત્યાગ કરવો; આળસરહિત રહેવું, ધર્મને જાણવો, પ્રિય તથા સત્ય વાણી બોલવી; પ્રમાદનો ત્યાગ કરવો; પવિત્ર રહેવું; સ્નેહાળ થવું અને *પતિત ન હોય તેવા પતિની સેવા કરવી.[૨૮] જેમ લક્ષ્મી વિષ્ણુ ભગવાનની સેવા કરે છે, તેમ જ સ્ત્રી પતિપરાયણ થઇને પતિને શ્રીહરિના ભાવે સેવે છે તે સ્ત્રી શ્રીહરિના લોકમાં શ્રીહરિરૂપ થયેલા પોતાના પતિ સાથે લક્ષ્મીની પેઠે આનંદ કરે છે.[૨૯] વર્ણસંકર જાતિના લોકોની તે તે પોતાના કુળમાં ચાલતી આજીવિકાજ જીવનના સાધનરૂપ છે; પણ તેઓએ (પોતાની કુલપરંપરાની હોય તેવી પણ) ચોરી કે હિંસા વગેરે (આજીવિકારૂપ) પાપો તો નજ કરવાં જોઇએ; તેમજ ધોબી–મોચી વગેરે અંત્યજોએ તથા ઢેડ–ભંગી વગેરે અંતેવસાયી લોકોએ પણ (પાપ અને ચોરી સિવાયની) પોતાની કુલપરંપરાની આજીવિકા કરવી.×[૩૦] હે રાજન્! યુગે યુગે મનુષ્યોના સત્ત્વગુણ આદિ સ્વભાવથી રચાયલો ધર્મ આ લોકમાં તથા પરલોકમાં સુખનું કારણ થાય છે, એમ વેદરૂપી દષ્ટિવાળા પુરુષો કહે છે.[૩૧] જે મનુષ્ય, સત્ત્વાદિ સ્વભાવથી નક્કી કરવામાં આવેલી પોતપોતાની (વર્ણાનુસાર) આજીવિકા પ્રમાણે પોતાનું ગુજરાન ચલાવે છે અને પોતાનાં વર્ણધર્મોનાં કર્મો કર્યાં કરે છે, તે મનુષ્ય ધીમે ધીમે સત્ત્વાદિ સ્વભાવથી થયેલાં કર્મોનો ત્યાગ કરી નિર્ગુણપણાને પામે છે. જેમ* વારંવાર (ખેડાઇને) વવાતું ખેતર પોતાની મેળે નિર્વીર્ય–રસકસહીન થઈ જઇને ફરી ધાન્યની ઉત્પત્તિને માટે લાયક રહેતું નથી અને તેમાં વાવેલું બીજ પણ નાશ પામે છે, તેમ હે રાજન્! જેની અંદર કામનાઓ વાસનારૂપે રહેલી હોય છે, એવું મન પુનઃ પુનઃ કામોના અતિ સેવનથી વૈરાગ્યને પામે છે–અતિશય કામસેવનથી મન કંટાળે છે. જેમ દષ્ટાંત તરીકે પ્રજ્વલિત થયેલો અગ્નિ ઘીનાં ટીપાંઓથી શાંત થતો નથી, પણ ઊલટો વધે છે, છતાં તેમાં ઘીની એક મોટી ધારા રેડી દેવામાં આવે, તો તે એકદમ

---

* પતિત ન હોય તેવા પતિની એટલે જેણે મહાપાતકો ન કર્યાં હોય તેવા પતિની. યાજ્ઞવલ્ક્ય પણ કહે છે:–‘ **आशुद्धेः संप्रतीक्ष्यो हि महापातकदूषितः**–પતિ જો મહાપાતક–બ્રહ્મહત્યા વગેરેથી દૂષિત હોય, તો સ્ત્રીએ એ પાતકોથી તે શુદ્ધ થાય ત્યાંસુધી રાહ જોવી–એટલે ત્યાંસુધી તેની સેવા ન કરવી. —**શ્રીધર**

× આ શ્લોકમાં એકંદર વર્ણસંકર જાતિનેજ સૂચના છે; પણ વર્ણસંકર બે પ્રકારના હોય છે: એક તો ઉચ્ચ વર્ણના પુરુષથી નીચ વર્ણની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા અનુલોમ વર્ણસંકર અને બીજા ઉચ્ચ વર્ણની સ્ત્રીમાં નીચ વર્ણના પુરુષથી ઉત્પન્ન થયેલા પ્રતિલોમ વર્ણસંકર. ધોબી, મોચી, ઢેડ, ભંગી વગેરે–પ્રતિલોમ વર્ણસંકર ગણાય છે. સિવાય આ શ્લોકમાં જે અંત્યજો કહ્યા છે, તે સાત પ્રકારના છે:–

रजकश्चर्मकारश्च नटो बुरुड एव च ।
कैवर्तमेदभिल्लाश्च सप्तैते अन्त्यजाः स्मृताः ॥

ધોબી, ચમાર, મોચી, નટ, બુરુડ, મચ્છીમાર, મેદ અને ભીલ. આ સાત અંત્યજો છે. —**बालप्रबोधिनी**

* કદાચ શંકા થાય કે, કામ્યકર્મોનું સેવન કરનાર અને કામ્યકર્મોના ફળભોગમાં તત્પર રહેનાર પુરુષને વળી નિર્ગુણતા કેવી? પ્રહ્‌લાદે પોતે પણ કહ્યું છે: ‘ **औपस्थ्यजैह्व्यं बहु मन्यमानः कथं विरज्येत दुरन्तमोहः ।** ’ ગુહ્યેન્દ્રિયનાં તથા જિહ્‌વાનાં સુખોને બહુ માનનારો અત્યંત મૂઢ મનુષ્ય સંસારથી કેવી રીતે વૈરાગ્ય પામે? નજ પામે. આ શંકાના સમાધાન માટે તે તે જુદા જુદા અધિકારી પરત્વે દષ્ટાંત સાથે વ્યવસ્થા કહે છે. —**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શાંત થઈ જાય છે.* (બ્રાહ્મણ વગેરે વિભાગ પૂર્વોક્ત શમ–દમાદિ લક્ષણોથીજ મુખ્ય છે, માત્ર જાતિથી નહિ; તે કહે છે–) જે વર્ણના પુરુષનું તે તે વર્ણને જણાવનાર–શમદમાદિ લક્ષણ–પૂર્વે કહેવામાં આવ્યું છે તે, જો કદાચિત્ બીજા વર્ણમાં પણ જોવામાં આવે તો તે (બીજા વર્ણના) પુરુષને પણ તે વર્ણનાં લક્ષણ ઉપરથી તેજ વર્ણનો ગણવો જોઇએ. (નહિ કે તેની તે જાતિ ઉપરથી તેને તેજ જાતિનો ગણવો.)'×૩૨–૩૫

સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૧૧ મો સમાપ્ત

---

* કહેવાનો ભાવ એ છે કે, જેનું મન ઉત્કટ વાસનાઓથી ઘેરાયલું હોય, તેનાથી એકદમ કામભોગોનો ત્યાગ થઇ શકતો નથી. તેણે તો વેદોક્ત નિયમાનુસાર ખૂબ કામભોગો ભોગવવા જોઇએ, જેથી અંતે નિત્ય-નૈમિત્તિક કર્મોના આચરણથી તેનું ચિત્ત શુદ્ધ થતાં તે કામભોગોમાં તેને દોષો દેખાવા લાગશે અને પછી યયાતિ તથા સૌભરિ વગેરેની પેઠે ધીમે ધીમે તેને વૈરાગ્ય થશે. જેમ રસકસવાળું ખેતર પણ બહુ વાવવાથી ધીમે ધીમે રસકસ વગરનું થઈ જાય છે અથવા જેમ ખૂબજ સળગી રહેલો અગ્નિ ઘીનાં ટીપાંઓથી શાંત ન થતાં ઘીની મોટી ધારાથી એકદમ શાંત થઇ જાય છે, તેમ પ્રહ્લાદનાં વચનો તો બાલ્યાવસ્થામાંજ ઓછી વાસનાવાળાઓને નિવૃત્તિમાર્ગનો ઉપદેશ આપનારાં છે; એટલે તે ઉપદેશનો અધિકારી જુદોજ સમજવાનો છે. જેમ ત્યાંજ કહ્યું છેઃ–'बाला न दूषितधियो द्वन्द्वारामैरितैर्हितैः।' બાળકોની બુદ્ધિ સંસારીઓનાં ચરિત્રોથી દૂષિત હોતી નથી. —श्रीधर

× આજ શ્લોકનો ઉત્તમ આશય અન્ય સ્થળે વૈશંપાયન ઋષિએ યુધિષ્ઠિરને ઉપદેશ્યો છેઃ–

सर्वे वै योनिजा मर्त्याः सर्वे मूत्रपुरीषिणः ।
एकेन्द्रियेंद्रियार्थाश्च तस्माच्छीलगुणौर्द्विजाः ॥
शूद्रोऽपि शीलसंपन्नो गुणवान् ब्राह्मणो भवेत् ।
ब्राह्मणोऽपि क्रियाहीनः शूद्रात्प्रत्यवरो भवेत् ॥

દરેક મનુષ્ય યોનિમાંથી ઉત્પન્ન થાય છે; દરેક મૂત્ર અને વિષ્ટા કરે છે અને દરેક મનુષ્ય એક એક ઇન્દ્રિયથી એક એકજ વિષયને ભોગવી શકે છે; માટે ચારિત્રના ગુણોથીજ બ્રાહ્મણ–ક્ષત્રિય–વૈશ્ય–એમ ગણી શકાય છે; જાતિથી–જન્મથી નહિ. કદાચિત્ કોઈ શૂદ્ર હોય તોપણ તે સદાચારી હોય અને ગુણવાન હોય તો તે બ્રાહ્મણજ ગણાય છે અને બ્રાહ્મણ હોય તોપણ જો ક્રિયાભ્રષ્ટ હોય કે ચારિત્રહીન હોય, તો તે શૂદ્ર કરતાં પણ અધમ છે. —बा० प्र०

અધ્યાય ૧૨ મો*

બ્રહ્મચારી ને વાનપ્રસ્થના ધર્મો તથા ચારે આશ્રમોના સાધારણ ધર્મો

॥ नारद उवाच ॥

ब्रह्मचारी गुरुकुले वसन् दान्तो गुरोर्हितम् ।
आचरन् दासवन्नीचो गुरौ सुदृढसौहृदः ॥ १ ॥

નારદજી બોલ્યાઃ–'બ્રહ્મચારીએ ગુરુકુળમાં વાસ કરવો; જિતેન્દ્રિય થવું; ગુરુનું હિત કરવું; ગુરુની પાસે દાસની પેઠે નમ્ર રહેવું અને ગુરુ ઉપર દૃઢ પ્રેમ રાખવો.[૧] સવારે ને સાંજે ગુરુની, અગ્નિની, સૂર્યની તથા ઉત્તમ દેવોની ઉપાસના કરવી; બન્ને સંધ્યાસમયે મનને એકાગ્ર કરી ગાયત્રીનો જપ કરવો અને મૌન ધારણ કરવું.[૨] ગુરુ જ્યારે બોલાવે ત્યારે તેમની પાસે અત્યંત સંયમ જાળવીને વેદાધ્યયન કરવું અને વેદાધ્યયનના આરંભમાં તથા અંતે ગુરુના ચરણમાં શિરસા પ્રણામ કરવા. શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે મેખલા, મૃગચર્મ, વસ્ત્ર, જટા, દંડ, કમંડલુ તથા જનોઇ ધારણ કરવાં અને હાથમાં દર્ભ રાખવો.[૩૪] સવારે ને સાંજે ભિક્ષા માગી લાવવી અને તે ભિક્ષા (પ્રથમજ) ગુરુને અર્પણ કરવી. જો ગુરુ આજ્ઞા કરે તો ભોજન કરવું; નહિ તો કોઇ વખતે ઉપવાસ પણ કરવા.[૫] સ્વભાવ ઉત્તમ રાખવો, મિતાહાર કરવો, ચતુર થવું, શ્રદ્ધાળુ થવું, જિતેન્દ્રિય થવું અને જેટલો ઉપયોગ હોય, તેટલોજ સ્ત્રીઓમાં તથા સ્ત્રીવશ પુરુષોમાં વ્યવહાર રાખવો.[૬] માત્ર બ્રહ્મચારીએજ નહિ, પણ ગૃહસ્થ સિવાય હરકોઇ આશ્રમીએ સ્ત્રી સાથેની વાતોનો કે સ્ત્રીસંબંધી વાતોનો ત્યાગ કરવો. કારણ કે ઇન્દ્રિયો બળવાન છે, જેથી સંન્યાસીના મનનું પણ હરણ કરી લે છે.[૭] યુવાન

---

* આ બારમા અધ્યાયમાં બ્રહ્મચારી અને વાનપ્રસ્થના મુખ્ય ધર્મો કહેવાશે; તે ઉપરાંત ચારે આશ્રમોના સાધારણ ધર્મો કહેવાશે. તે પછી તેરમા અધ્યાયમાં સંન્યાસીના ધર્મો; ચૌદમામાં ગૃહસ્થના ધર્મો અને પંદરમામાં સર્વ ધર્મોનો સારસંગ્રહ જણાવાશે.—श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બ્રહ્મચારીએ ગુરુની યુવાન સ્ત્રીઓ પાસે પોતાના કેશો ગૂંથાવવા નહિ, શરીરે મર્દન કરાવવું નહિ, સ્નાન કરાવવું નહિ કે આંજણ વગેરે કંઇ કરાવવું નહિ;[૮] કારણ કે મદમાતી–યુવાન સ્ત્રી એ એક અગ્નિરૂપ છે અને યુવાન પુરુષ તે (ઘીજલા) ઘીના ઘડા જેવો છે. (અગ્નિ પાસે ઘીને ગરમ થતાં શી વાર લાગવાની?) માટે એકાંતમાં પોતાની પુત્રીનો પણ ત્યાગ કરવો જોઇએ; પણ ભિક્ષા વગેરે બીજા પ્રસંગે કે મનુષ્યોના સમૂહમાં પોતાને જેટલો ઉપયોગ હોય તેટલોજ સ્ત્રીની સાથે વ્યવહાર રાખવો.[૯] +સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર કરીને જીવ, 'દેહ, ઇન્દ્રિય આદિ જે કંઈ આ જણાય છે, તે કેવળ આભાસમાત્રજ છે–મિથ્યાજ છે.' આવો નિશ્ચય કરીને જ્યાંસુધી ઈશ્વરસ્વરૂપ થતો નથી–સ્વતંત્ર થતો નથી, ત્યાંસુધી 'આ સ્ત્રી છે, આ પુરુષ છે' એવો ભેદ દૂર થતો નથી અને તે ભેદ જ્યાંસુધી દૂર ન થાય ત્યાંસુધી 'અમુક વસ્તુ ભોગ્ય છે' એવી બુદ્ધિ રહે છે. ભોગ ભોગવવા કદાચ તૈયાર થઈ જવાય છે; માટેજ સ્ત્રી આદિથી દૂર રહેવું આવશ્યક છે.[૧૦] ઉપર જે નિયમો દર્શાવ્યા, તે સર્વે ગૃહસ્થ તથા સંન્યાસી બન્નેને માટે કહ્યા છે; તેમાં ગૃહસ્થે ઋતુસમયેજ સ્ત્રી પાસે જવું અને ગુરુની આજીવિકાના સંબંધમાં પોતાથી બની શકે તેટલુંજ તેણે કરવું.[૧૧] જેઓ બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અથવા સંન્યાસરૂપી વ્રતને ધારણ કરનારા હોય છે, તેઓએ શરીર પરની અને મસ્તક પરની સફાઇનો, મર્દનનો, સ્ત્રીના દર્શનનો, સ્ત્રીનાં ચિત્ર વગેરે ચિતરવાનો, માંસનો, મદિરાનો, પુષ્પની માળાનો, ચંદનનો, વિલેપનનો તથા અલંકારોનો ત્યાગ કરવો જોઇએ.[૧૨] બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યજાતિના મનુષ્યે એ પ્રમાણે ગુરુકુળમાં નિવાસ કરી પોતાના અધિકાર પ્રમાણે તથા શક્તિ પ્રમાણે અંગો અને ઉપનિષદો સહિત વેદાધ્યયન કરી તેના અર્થનું જ્ઞાન સંપાદન કરવું અને પછી પોતાની શક્તિ પ્રમાણે અથવા પોતે જો સમર્થ હોય તો ગુરુ કહે તે પ્રમાણે, તેમને ઇચ્છિત દક્ષિણા આપીને, તેમની આજ્ઞા લઇને, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો; અથવા વનમાં ચાલ્યા જવું. (એટલે ગૃહસ્થાશ્રમ ભોગવીને વાનપ્રસ્થ આશ્રમ સ્વીકારવો અથવા સંન્યાસ આશ્રમ ગ્રહણ કરવો અથવા ત્યાંજ નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકે રહેવું.) વળી અગ્નિમાં, ગુરુમાં, પોતામાં તથા સર્વ પ્રાણીઓમાં (પ્રથમથીજ રહેલા છતાં) પોતાના આશ્રયરૂપ જીવોની સાથે તેઓના નિયંતાપણે પ્રવેશેલા હોય તેવા જણાતા છતાં ખરી રીતે ન પ્રવેશેલા એવા અધોક્ષજ ભગવાનને જોવા. બ્રહ્મચારી, વાનપ્રસ્થ, સંન્યાસી કે ગૃહસ્થ, એ પ્રમાણે જ્ઞેય વસ્તુનું જ્ઞાન સંપાદન કરીને પોતપોતાના આશ્રમના ધર્મોનું આચરણ કરતો પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે.[૧૩-૧૬]

હવે મુનિઓને માન્ય એવા વાનપ્રસ્થના નિયમો (ધર્મો) હું તમને કહું છું, કે જેઓનું આચરણ કરતો મુનિ–વાનપ્રસ્થ અનાયાસે મહર્લોકમાં જાય છે.[૧૭] વાનપ્રસ્થે ખેડથી પાકેલું ધાન્ય ખાવું નહિ; ખેડથી નહિ પાકેલું હોય, તોપણ જે પાકસમયની પહેલાંજ પાકીને તૈયાર થયેલું હોય તે ખાવું નહિ; અગ્નિથી પાકેલું ખાવું નહિ, તેમ કાચું પણ ખાવું નહિ; પરંતુ સૂર્યથી પાકેલુંજ ખાવું. વનમાં ઉત્પન્ન થયેલાં–સામો, મોરૈયો વગેરે તૃણધાન્યથી (તૈયાર કરેલા) સમયાનુસાર કહેવાયેલા–નિત્ય પુરોડાશોને અગ્નિમાં અર્પણ કરવા અને નવું નવું અન્ન વગેરે મળી આવે, ત્યારે જૂનાનો ત્યાગ કરી દેવો.[૧૮-૧૯] માત્ર અગ્નિના રક્ષણ માટેજ ઝૂંપડીના કે પર્વતની ગુફાનો ઘર તરીકે આશ્રય કરવો; પોતે તો ટાઢ,

+ કદાચ કોઇને શંકા થાય કે, સ્ત્રી વગેરેની ભાવનાજ મિથ્યા છે અને તે વસ્તુ પણ મલિનજ છે; એમ સમજનારાએ સ્ત્રી આદિ સર્વ કંઈ લગભગ તજ્યુંજ હોય છે, તો પછી 'સ્ત્રી આદિનો ત્યાગજ કરવો' આવો આગ્રહ શા માટે કરો છો? તે માટે કહે છે.—શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પવન, અગ્નિ, વરસાદ અને સૂર્યના તાપને સહન કરનાર થવું.[20] કેશ, રૂંવાડાં, નખ, દાઢી, મૂછ તેમજ હરકોઈ સ્થળના મેલને એમના એમ ધારણ કરવાં;+ જટા ધારણ કરવી; કમંડલુ તથા મૃગચર્મ ધારણ કરવાં અને દંડ, વલ્કલવસ્ત્ર તથા અગ્નિહોત્રની સામગ્રી–દર્ભ, સમિધ્ વગેરે રાખવાં.[21] એ પ્રમાણે વાનપ્રસ્થ મુનિએ તપના ક્લેશથી બુદ્ધિનો નાશ ન થઈ જાય તે પ્રમાણે બાર, આઠ, ચાર, બે કે એક વર્ષપર્યંત (પોતાની શક્તિ પ્રમાણે) વનમાં વિચરવું–એટલે વાનપ્રસ્થાશ્રમમાં રહેવું.[22] ‡પણ રોગના કારણથી કે વૃદ્ધાવસ્થાને લીધે પોતે પોતાની વાનપ્રસ્થક્રિયા પાળવામાં જો અસમર્થ હોય અથવા જ્ઞાનાભ્યાસ માટે જો અસમર્થ હોય, તો અનશન આદિ* કરી લેવું.[23] (તે અનશન વગેરે કર્યા પહેલાં શું કરવું, તે સાંભળો.) તે વેળા (પ્રથમ તો) પોતામાં અગ્નિહોત્રના અગ્નિઓનું આરોપણ કરવું અને પછી અહંતા તથા મમતાનો ત્યાગ કરી યથાયોગ્ય રીતે પોતપોતાના કારણ–આકાશાદિ ભૂતોમાં દેહનો સારી રીતે લય કરી દેવો.[24] જેમકે જેમાંથી જેની ઉત્પત્તિ થઈ છે, તે પ્રમાણે દેહમાં રહેલાં છિદ્રોનો આકાશમાં લય કરી દેવો; શ્વાસોચ્છ્વાસોનો વાયુમાં લય કરી દેવો; શરીરની ગરમીનો તેજમાં લય કરી દેવો; લોહી, કફ તથા પરુનો જળમાં લય કરી દેવો અને બાકી રહેલાં હાડકાં–માંસ વગેરે કઠિન ભાગનો પૃથ્વીમાં લય કરી દેવો.[25] (એ રીતે સ્થૂલશરીરનો લય કરી દઈ લિંગશરીરનો આવી રીતે લય કરવો–) વાણીનો તથા તેનાં કર્મ ભાષણનો તેના અધિષ્ઠાયક દેવ અગ્નિમાં લય કરવો; હાથ તથા તેના કર્મ શિલ્પનો તેના અધિષ્ઠાયક દેવ ઇન્દ્રમાં લય કરવો; પગનો તથા તેના કર્મ ગતિનો તેના અધિષ્ઠાયક દેવ વિષ્ણુમાં લય કરવો; ગુહ્ય ઇન્દ્રિયનો તથા તેના કર્મ મૈથુનનો તેના અધિષ્ઠાયક દેવ પ્રજાપતિમાં લય કરવો; ગુદાનો તથા તેના કર્મ મળત્યાગનો તેના અધિષ્ઠાયક દેવરૂપી યોગ્ય સ્થાન મૃત્યુમાં લય કરવો; શ્રોત્ર ઇન્દ્રિયનો તથા તેનાં કર્મ સાંભળવાનો તેના અધિષ્ઠાયક દેવ દિશાઓમાં લય કરવો; ત્વચા ઇન્દ્રિયનો તથા તેના કર્મ સ્પર્શનો તેના અધિષ્ઠાયક દેવ વાયુમાં લય કરવો; હે રાજન્! ચક્ષુ ઇન્દ્રિયનો તથા તેના કર્મ રૂપનો તેના અધિષ્ઠાયક દેવ સૂર્યમાં લય કરવો; જિહ્વા ઇન્દ્રિયનો તથા તેના કર્મ રસગ્રહણનો વરુણદેવની સાથે જળમાં લય કરવો અને ઘ્રાણેન્દ્રિયનો તથા તેના કર્મ ગંધ–ગ્રહણનો તેના અધિષ્ઠાયક દેવ અશ્વિનીકુમારો સાથે પૃથ્વીમાં લય કરવો.[26–28] તેમજ મનનો મનોરથો સાથે ચંદ્રમા વિષે, બુદ્ધિનો તેનાથી જાણવા યોગ્ય વિષયો સાથે બ્રહ્મામાં, અહંકારનો તથા તેનાં સર્વ કર્મોનો જેનાથી અહંતા–મમતાપૂર્વક ક્રિયાઓ થાય છે, તેવા તેના અધિષ્ઠાયક દેવ રુદ્રમાં અને ચેતના સાથે ચિત્તનો ગુણોના કાર્યરૂપ બાકી રહેલા દેવો સાથે ક્ષેત્રજ્ઞમાં લય કરી દેવો ને ભોક્તૃત્વ આદિ વિકારોવાળા ક્ષેત્રજ્ઞનો નિર્વિકાર પરબ્રહ્મમાં લય કરી દેવો.[29] એ+ રીતે પૃથ્વીનો જળમાં, જળનો તેજમાં, તેજનો વાયુમાં, વાયુનો આકા-

+ એટલે સ્નાન કરતી વેળા બિલકુલ શરીરને ચોળવું નહિ, અર્થાત્ આકર્ષક સફાઈ કરવી નહિ.—ભા૦ ક૦

‡ પૂર્વશ્લોકમાં વધારેમાં વધારે બાર વર્ષ સુધી વાનપ્રસ્થ તરીકે રહેવા જણાવ્યું છે; છતાં બાર વર્ષ પછી પણ જો પોતાનામાં શક્તિ હોય, તો વાનપ્રસ્થ તરીકે વનમાંજ રહેવું જોઇએ અને જો જ્ઞાનાભ્યાસને માટે પોતે યોગ્ય હોય તો સંન્યાસ લેવો, એમ હવે પછીના અધ્યાયમાં કહેશે; પણ બન્ને પ્રકારે જો અશક્ત હોય, તો શું કરવું, તે આ શ્લોકમાં કહે છે.—શ્રીધર

* આદિ શબ્દથી પોતામાં અગ્નિનું આરોપણ કરવું, એમ સૂચવે છે. —બાલપ્રબોધિની

+ કદાચ કોઇને શંકા થાય કે, વિકારવાળાનો નિર્વિકારમાં લય કેવી રીતે થઇ શકે ? આના સમાધાનમાં કહે છે કે, વિકારના કારણરૂપ સર્વ ઉપાધિઓના લયદ્વારા નિર્વિકારમાં લય થઇ શકે છે; એ આશય આ શ્લોકમાં કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શમાં, આકાશનો અહંકારમાં, અહંકારનો મહત્તત્ત્વમાં, મહત્તત્ત્વનો પ્રકૃતિમાં અને પ્રકૃતિનો પરમાત્મામાં લય કરવો.[30] એ પ્રમાણે પોતાના આત્માને કેવળ પરમાત્માસ્વરૂપે માત્ર ચૈતન્યરૂપે બાકી રહેલો જાણીને કેવળ અદ્વૈતસ્વરૂપે થવું ને પછી કાષ્ઠ બળી ગયું એટલે જેમ અગ્નિ ઉપરામ પામે છે, તેમ ઉપરામ પામવું.'*[31]

इत्यक्षरतयात्मानं चिन्मात्रमवशेषितम् ।
ज्ञात्वाऽद्वयोऽथ विरमेद्दग्धयोनिरिवानलः ॥३१॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૧૨ મો સમાપ્ત

अध्याय १३ मो×

સંન્યાસધર્મ અને સિદ્ધાવસ્થાનું વર્ણન

॥ नारद उवाच ॥

कल्पस्त्वेवं परिव्रज्य देहमात्रावशेषितः ।
ग्रामैकरात्रविधिना निरपेक्षश्चरेन्महीम् ॥ १ ॥

નારદજી બોલ્યાઃ–' જે વાનપ્રસ્થ (પોતે વાનપ્રસ્થાશ્રમ પાળ્યા પછી) જો જ્ઞાનાભ્યાસ કરવા સમર્થ હોય, તો તેણે (પૂર્વોક્ત ધ્યાન કરી) સંન્યાસાશ્રમ ગ્રહણ કરવો અને માત્ર એક દેહનેજ બાકી રાખી–સર્વ પરિગ્રહનો ત્યાગ કરી પ્રત્યેક ગામમાં માત્ર એકજ રાત્રિ રહીને કેવળ નિઃસ્પૃહવૃત્તિથી પૃથ્વી પર વિચરવું.[1] સંન્યાસીએ જો વસ્ત્ર ધારણ કરવાં હોય, તો માત્ર ગુહ્ય ભાગ ઢંકાય તેટલું કૌપીનવસ્ત્રજ (લંગોટરૂપે) ધારણ કરવું અને આપત્તિનો પ્રસંગ ન હોય, ત્યારે દંડ તથા સંન્યાસના ચિહ્ન વિના બીજું કંઈજ–પ્રથમ છોડી દીધેલું પાસે રાખવું નહિ;[2] પોતે એકલાજ ફરવું, ભિક્ષા પર જીવવું, આત્મામાંજ રમ્યા કરવું, કોઇનો આશ્રય લેવો નહિ, સર્વ પ્રાણીઓના મિત્ર થવું, શાંત રહેવું અને કેવળ નારાયણપરાયણ રહેવું.[3] પોતાનો આત્મા કે જે કાર્ય તથા કારણથી ભિન્ન છે, તેમાં આ સર્વ જગતને જોવું અને કાર્ય–કારણરૂપ સર્વ વસ્તુમાં પરબ્રહ્મરૂપ એવો પોતાનો આત્મા રહેલો છે, એમ જોવું.[4] આત્મતત્ત્વ સુષુપ્તિ અવસ્થામાં અજ્ઞાનથી ઢંકાયલું રહે છે અને જાગ્રત તથા સ્વપ્નાવસ્થામાં વિક્ષિપ્ત જણાય છે; પણ તે તે અવસ્થાઓના સંધિકાળમાં આત્મતત્ત્વ અજ્ઞાનથી ઢંકાયલું હોતું નથી અને વિક્ષિપ્ત પણ હોતું નથી; માટે તે સમયના આત્મતત્ત્વને લક્ષ્ય કરી સ્થિતિ કરનારો સંન્યાસી આત્માના તત્ત્વનો સાક્ષાત્કાર કરતો બંધ તથા મોક્ષને માયામાત્ર જુએ છે; પણ વાસ્તવિક જોતો નથી.* (અને તેથીજ પોતાના આત્માને પરબ્રહ્મ તરીકે સર્વત્ર તે જોઈ શકે છે.)[5] સંન્યાસીએ અવશ્ય થનારા મૃત્યુને ખાસ ઇચ્છવું નહિ; તેમજ નાશવંત જીવનની પણ ખાસ ઇચ્છા રાખવી નહિ. કેવળ પ્રાણીમાત્રની જેથી ઉત્પત્તિ અને નાશ થયા કરે છે, તે કાળની રાહ જોયા કરવી.[6] આધ્યાત્મિક ન હોય તેવાં શસ્ત્રોમાં લક્ષ્ય આપવું નહિ; નક્ષત્ર–વિદ્યાદિ આજીવિકાનો આશ્રય કરવો નહિ; જલ્પ–વિતંડા આદિ વાદોનો ત્યાગ કરવો; તર્ક–વિતર્કોનો ત્યાગ કરવો અને કોઇ પણ પક્ષનો આશ્રય કરવો નહિ.[7] બળજબરીથી કે લલચાવીને શિષ્યો કરવા નહિ; બહુ ગ્રંથોનો અભ્યાસ કરવો નહિ; વ્યાખ્યાનો આપવાં નહિ અને કોઇ સ્થળે મઠ બાંધવા ઇત્યાદિ વ્યાપારો કરવા નહિ.[8] જે મહાત્મા સંન્યાસી, શાંત અને સમાનભાવવાળા ચિત્તથી યુક્ત હોય છે (પરમહંસ દશાએ પહોંચેલો હોય

* એટલે અનશન વગેરેદ્વારા દેહ ત્યાગ કરવો.—મા.ક.

× આ અધ્યાયમાં સાધક સંન્યાસીના મહાન ધર્મ કહેવામાં આવશે અને અવધૂતનો ઇતિહાસ કહી સિદ્ધાવસ્થાનું વર્ણન કરવામાં આવશે. —શ્રીધર

* આ આશયનો એક શ્લોક યોગગ્રંથમાં છેઃ–

निद्रादौ जागरस्यान्ते यो भाव उपजायते ।
तं भावं भावयन्नित्यं मुच्यते नेतरो यतिः ॥

નિદ્રાવસ્થાના આદિમાં ને જાગ્રત અવસ્થાના અંતે જે ભાવ હોય છે, તે ભાવનું નિત્ય ધ્યાન કરનારો સંન્યાસી મુક્ત થાય છે; તે સિવાયનો બીજો મુક્ત થતો નથી.શ્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે) તેને ઘણું કરી કોઇ પણ આશ્રમ ધર્મના પ્રયોજન તરીકે રહેતો નથી; માટે તે સમયે (એટલે પરમહંસસ્થિતિ થાય, ત્યારે સંન્યાસનાં ચિહ્નનાદિનું પણ પ્રયોજન નહિ હોવાથી) તે આશ્રમને ધારણ કરે અથવા તજી પણ શકે છે.[૯] એવો તે પરમહંસ સંન્યાસી બહારનાં પોતાનાં ચિહ્નને પ્રકટ કરે નહિ; કેવળ આત્માનુસંધાનરૂપી પોતાના પ્રયોજનને પ્રકટ કરે, વિદ્વાન હોય; ઉન્મત્તના જેવો જણાય; બાળક જેવો જણાય; મહાન વક્તા હોય, છતાં મનુષ્યોની દૃષ્ટિએ પોતાને મૂંગો હોય તેવો દર્શાવે.[૧૦] આ પરમહંસના ધર્મ સંબંધે પ્રહ્લાદ અને ÷અજગર વ્રતધારી એક મુનિના સંવાદરૂપ આ એક પુરાતની ઇતિહાસ કહેવામાં આવે છે.[૧૧] ભગવાનને પ્રિય પ્રહ્લાદ એક સમયે કેટલાક પ્રધાનો સાથે લોકતત્ત્વને જાણવાની ઇચ્છાથી લોકોમાં ફરતા હતા; તેવામાં સહ્યાદ્રિ પર્વતની તળેટીમાં કાવેરી નદીના કિનારે ધૂળથી ખરડાયલા શરીરના અવયવોને લીધે જેનું નિર્મળ તેજ અત્યંત ગૂઢ હતું, એવા એક બ્રાહ્મણ–મુનિને પૃથ્વી પર પડી રહેલા તેમણે જોયા.[૧૨,૧૩] એમને કર્મ, આકૃતિ, વાણી કે વર્ણાશ્રમાદિનાં ચિહ્નોથી કોઇ મનુષ્યો 'તે આ હશે કે નહિ' એમ જાણી શકતા ન હતા.[૧૪] આવા તે બ્રાહ્મણને નમસ્કાર કરી વિધિ અનુસાર પૂજા કરીને મહાન ભક્ત પ્રહ્લાદ તેમના ચરણમાં પોતાનું મસ્તક મૂકીને તેમના યથાર્થ સ્વરૂપને જાણવાની ઇચ્છાથી આ પ્રમાણે પૂછવા લાગ્યાઃ [૧૫] 'કોઇ ઉદ્યમી ભોગી મનુષ્યની પેઠે તમે શરીર તો સ્થૂલ ધારણ કરો છો. આ લોકમાં જે ઉદ્યમ કરે છે, તેઓની પાસે ધન હોય છે; જેઓ પાસે ધન હોય છે, તેઓને ભોગ ભોગવવા મળે છે અને જેઓ ભોગ ભોગવતા હોય છે, તેઓનું શરીર પુષ્ટ હોય છે; બીજા પ્રકારે શરીર પુષ્ટ હોઈ શકતું નથી. હે બ્રાહ્મણ! તમે તો અહીં પડી રહો છો અને કંઇ ઉદ્યમ કરતા નથી; જેથી તમારી પાસે ધન છે નહિ કે જે ધનથી ભોગ પ્રાપ્ત થઇ શકે છે; તો હે વિપ્ર! ભોગો નહિ ભોગવતાં છતાં તમારું આ શરીર ક્યા કારણથી પુષ્ટ છે? તે જો કહેવાને યોગ્ય હોય તો તમે અમને કહો.[૧૬,૧૭] વળી આપ વિદ્વાન છો, સશક્ત છો, ચતુર છો, જાતજાતની લોકરંજક કથાઓ જાણો છો અને આ સમગ્ર લોક કર્મ કરી રહેલ છે તે જુઓ છો; છતાં તમે આમ કેમ પડી રહો છો? શા માટે કંઈ કામ કરતા નથી.!'[૧૮]

નારદજી બોલ્યાઃ–'દૈત્યપતિ પ્રહ્લાદજીએ એ પ્રમાણે પૂછ્યું, એટલે તે મહામુનિ પ્રહ્લાદની વાણીરૂપ અમૃતથી વશ બની જઇ હસતા હસતા તેમને કહેવા લાગ્યા.'[૧૯]

બ્રાહ્મણે કહ્યુંઃ–'હે અસુરશ્રેષ્ઠ! તમે જ્ઞાની મનુષ્યોમાં માન્ય છો; અને મનુષ્યોને પ્રવૃત્તિથી અને નિવૃત્તિથી કયાં ફળ મળે છે, તે તમે અધ્યાત્મદૃષ્ટિથી જાણો છો.[૨૦] વળી તમારા હૃદયમાં ભગવાન નારાયણદેવ સદાકાળ બિરાજે છે અને સૂર્ય અંધકારને દૂર કરે, તેમ કેવળ ભક્તિથી તમારા અજ્ઞાનને દૂર કરે છે. (તેથી તમે સર્વ કંઇ જાણોજ છો.)[૨૧] તોપણ હે રાજન્! મેં જે પ્રમાણે સાંભળ્યું છે, તે પ્રમાણે તમારા પ્રશ્નોના ઉત્તર હું આપું છું; કારણ કે તમે આત્મશુદ્ધિ ઇચ્છનારાઓએ માન આપવા યોગ્ય છો.[૨૨] સંસારના પ્રવાહને કરાવનારી અને યોગ્ય કામનાઓથી પણ પૂર્ણ કરવાને અશક્ય એવી તૃષ્ણાએ પહેલાં મને અનેક પ્રકારનાં કર્મો કરાવ્યાં છે અને જાતજાતની યોનિઓમાં નાખ્યો છે.[૨૩] કર્મોથી ભટકતા મને તે તૃષ્ણાએજ સ્વેચ્છાથી આ મનુષ્યશરીરમાં નાખ્યો છે, કે જે મનુષ્યશરીર ધર્મદ્વારા સ્વર્ગ મેળવવાનું સાધન છે; અધર્મદ્વારા કૂતરાં કે ભૂંડ વગેરે યોનિમાં જવાનું સાધન છે; ધર્મ તથા અધર્મ એમ મિશ્રપણાથી મનુષ્યત્વ મેળવવામાં સાધન છે અને

÷ અજગરવ્રત એટલે અજગરની પેઠે એક સ્થળે પડી રહી પ્રારબ્ધકર્મનો ભોગ કરવો તે. —भा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેવળ નિવૃત્તિથી મોક્ષનું સાધન છે.[૨૪] આ મનુષ્યપણામાં પણ સ્ત્રીઓ તથા પુરુષો સુખને સંપાદન કરવા માટે તથા દુઃખને દૂર કરવા માટે કર્મો કરી રહ્યાં છે; પણ તેઓને તે કર્મનાં વિરુદ્ધ ફળ મળતાં જોઇને હું નિવૃત્તિમાર્ગ સેવી રહ્યો છું.[૨૫] *સુખ એ આત્માનું સ્વરૂપ છે અને તે સુખ સર્વ ક્રિયાઓની નિવૃત્તિ થતાં સ્વયમેવ પ્રકાશે છે. સાંસારિક ભોગો તો મનોરથમાત્રથી ઉત્પન્ન થનારા અને નાશવંત છે, એમ જોઇને પ્રારબ્ધભોગોને ભોગવતો હું કંઈ ઉદ્યમ કરતો નથી.[૨૬] +એ પ્રમાણે આ આત્માનો સુખરૂપી સ્વાર્થ પોતાને વિષેજ રહેલો છે, છતાં તેને ભૂલી જઇને મનુષ્ય દેહાદિ દ્વૈત પદાર્થ મિથ્યા હોવા છતાં વિચિત્ર અને ભયંકર એવા આ સંસારમાં પડે છે.[૨૭] જેમ કોઈ મૂર્ખ મનુષ્ય જળમાંથીજ ઉત્પન્ન થયેલા ઘાસ, શેવાળ વગેરે પદાર્થોથી ઢંકાયેલા જળને છોડી દઈ જળની ઇચ્છાથી ઝાંઝવાના જળ તરફ દોડે છે, તેમ અજ્ઞાની મનુષ્ય આત્મસ્વરૂપથી અન્ય સ્થળે પુરુષાર્થને જોતો વિષયો તરફ દોડ્યા કરે છે.[૨૮] દૈવને અધીન એવા દેહાદિ પદાર્થોથી પોતાને સુખ મળે અને દુઃખનો નાશ થાય, એમ ઇચ્છતો ભાગ્યહીન મનુષ્ય વારંવાર જે જે ક્રિયાઓ કરે છે, તેની તે તે સર્વ ક્રિયાઓ નિષ્ફળજ થાય છે.[૨૯] મનુષ્ય કે જે આધ્યાત્મિક આદિ દુઃખોથી કદી મુક્ત નથી અને પોતે અવશ્ય મરનારો છે, તેને મહાદુઃખથી કદાચ ધન, કે ભોગો મળી આવ્યા હોય; તોપણ તેથી તેને શું કરવાનું છે? કંઇજ નહિ.[૩૦] જેઓએ મનને જીત્યું નથી, તેવા લોભી ધનવાનોને જે દુઃખ હોય છે, તે હું જોઇ રહ્યો છું. તેઓને ભયને લીધે નિદ્રા આવતી નથી અને સર્વ તરફથી તેઓને શંકા રહે છે.[૩૧] પ્રાણમાં તથા ધનમાં આસક્તિવાળાઓને રાજાથી, ચોરથી, શત્રુથી, સ્વજનોથી, પશુઓથી, પક્ષીઓથી, યાચકોથી, કાળથી અને પોતાથી પણ નિત્ય ભય હોય છે.[૩૨] માટે જે પ્રાણ તથા ધનને લીધે મનુષ્યોને શોક, મોહ, ભય, ક્રોધ, રાગ, કાયરતા અને શ્રમ વગેરે થાય છે, તે પ્રાણની તથા ધનની સ્પૃહાનો ડાહ્યા મનુષ્યે ત્યાગ કરવો જોઇએ.[૩૩] આ લોકમાં મધમાખી તથા અજગર એ બે અમારા ઉત્તમ ગુરુ છે, કે જેઓની પાસેથી શિખામણ લઇને અમે વૈરાગ્ય તથા સંતોષને પામ્યા છીએ.[૩૪] તેમાં મધમાખી પાસેથી હું સર્વ કામનાઓથી વૈરાગ્ય શીખ્યો છું. મધમાખી મહાકષ્ટથી મધ એકઠું કરે છે, પણ તે મધને બીજા લોકોજ લઇ જાય છે; તેમજ આ જગતમાં કોઇ મનુષ્ય મહાકષ્ટથી ધન એકઠું કરે છે, પણ કોઇ બીજો મનુષ્ય તે ધનના માલિકનો નાશ કરીને ધન લઇ જાય છે.[૩૫] હું દૈવેચ્છાએ જે કંઇ મળી આવે છે, તેથી મનમાં સંતુષ્ટ રહું છું અને કોઇની સ્પૃહા રાખતો નથી. કોઇ વખતે ઘણા દિવસો સુધી મને કંઇ મળતું નથી તો હું અજગરની પેઠે ધૈર્ય રાખીને પડી રહું છું.[૩૬] કોઇ વેળા હું થોડું ભોજન કરું છું, તો કોઇ વેળા સ્વાદિષ્ટ અન્ન જમું છું, તો કોઇ વેળા હું સ્વાદ વગરનું અન્ન જમું છું અને કોઇ વેળા પુષ્કળ ગુણવાળું જમું છું તો કોઈ વેળા ગુણ વગરનું જમું છું.[૩૭] દૈવેચ્છાથી કોઈ વાર મને શ્રદ્ધાથી મળી આવે છે, તો કોઇ વખતે અપમાનથી પણ મળે છે. આ પ્રમાણે જે કોઇ રીતે જે કંઇ મળી આવે છે, તે હું જમી લઉં છું અને જમ્યા પછી દિવસે કે રાત્રે કોઇ સ્થળે હું પડી રહું છું. પ્રારબ્ધકર્મનાં ફળને ભોગવનારો હું રેશમી, સુતરાઉ, ચામડું, ચીથરાં, વલ્કલ કે બીજું જે કંઈ વસ્ત્ર મળી આવ્યું હોય છે, તે પહેરી લઉં છું અને સંતુષ્ટ બુદ્ધિવાળો રહું છું.[૩૮-૩૯] કોઇ વેળા હું પૃથ્વી પર સૂઈ રહું છું અથવા ઘાસ, પાંદડાં, પ-

* અલ્યા ભાઈ ! સુખ તો કદાચ પ્રવૃત્તિથી મળે છે; નિવૃત્તિથી શું વળવાનું છે ? એમ કહે તો તે માટે કહે છે. —શ્રીધર

+ જો એજ વસ્તુ સત્ય હોય, તો કોઇ પણ સંસારમાં પડેજ નહિ. એમ કદાચ કહે તો તે માટે કહે છે. —ભા. ક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થર કે રાખોડી ઉપર પણ સૂઇ રહું છું અને કોઇ વખતે અન્યની ઇચ્છાથી મહેલમાં પલંગ ઉપર તળાઇ પર પણ પોઢું છું.[40] હે રાજા! કોઇ સમયે સ્નાન કરી, શરીરે વિલેપન લગાવી, ઉત્તમ વસ્ત્રો ધારણ કરી, માળાઓથી સુશોભિત થઇને હું રથ, હાથી કે ઘોડા ઉપર બેસીને ફરવા નીકળું છું; ત્યારે કોઇ સમયે ગૂડની પેઠે હું નાગોજ ફર્યા કરું છું.[41] પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળા કોઇ પણ મનુષ્યની હું નિંદા કે સ્તુતિ કરતો નથી; પરંતુ એ સર્વનું પરમાત્મામાં એકસ્વરૂપ થવારૂપ કલ્યાણ હું ઇચ્છું છું.[42] સત્યદ્રષ્ટા મુનિએ હરકોઇ ભેદભાવનો ભેદગ્રાહક મનોવૃત્તિમાં લય કરી દેવો જોઇએ; તે મનોવૃત્તિનો, ભિન્ન ભિન્ન પદાર્થોનો ભ્રમ કરાવનાર મનમાં લય કરી દેવો જોઇએ; એ મનનો અહંકારમાં લય કરી દેવો જોઇએ; અહંકારનો માયામાં લય કરી દેવો જોઇએ; માયાનો આત્માનુભવમાં લય કરી દેવો જોઇએ; અને તે પછી સર્વ ચેષ્ટાનો ત્યાગ કરી કેવળ સ્વસ્વરૂપાનુભવમાં સ્થિતિ કરી સર્વથી વિરામ પામવું જોઇએ.[43;44] આ રીતે અત્યંત ગુપ્ત એવું પણ મારું પોતાનું વૃત્તાંત કે જે લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ છે, તે મેં તમને જણાવ્યું છે; કારણ કે તમે ભગવાનના પરમ ભક્ત છો.'[45]

નારદજી બોલ્યા:–'એ પ્રમાણે તે મુનિ પાસેથી પરમહંસનો ધર્મ સાંભળીને અસુરોના રાજા પ્રહ્લાદ તેમની પૂજા કરીને તેમની આજ્ઞા લઇ પ્રસન્ન થઇને ઘેર ગયા.'[46]

धर्मं पारमहंस्यं वै मुनेः श्रुत्वाऽसुरेश्वरः ।
पूजयित्वा ततः प्रीत आमंत्र्य प्रययौ गृहम् ॥४६

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૧૩ મો સમાપ્ત

અધ્યાય ૧૪ મો*

ગૃહસ્થોના ધર્મો

॥ युधिष्ठिर उवाच ॥

गृहस्थ एतां पदवीं विधिना येन चाञ्जसा ।
याति देवऋषे ब्रूहि मादृशो गृहमूढधीः ॥१॥

યુધિષ્ઠિરે પૂછ્યું–'હે દેવર્ષિ! જે વિધિથી મારા જેવો ઘરમાં મૂઢ બુદ્ધિવાળો ગૃહસ્થ પણ અનાયાસે એ સંન્યાસીઓની પદવી–મોક્ષને પામી શકે, તે વિધિ તમે મને કહો.'[1]

નારદજી બોલ્યા:–'હે રાજન્! ઘરમાં રહેલા ગૃહસ્થે ઘરને યોગ્ય ક્રિયાઓ કરતાં કરતાં સાક્ષાત્ શ્રીવાસુદેવ ભગવાનને સર્વ અર્પણ કરવાપૂર્વક મહામુનિઓની સેવા કરવી.[2] તેણે ભગવાનની કથારૂપ અમૃતનું નિત્ય પાન કરવું અને શ્રદ્ધા રાખીને યથાયોગ્ય સમયે શાંત મહાપુરુષોનો સમાગમ કરવો.[3] જેમ સ્વપ્નમાંથી જાગ્રત થયેલો મનુષ્ય, તે સ્વપ્નમાં જોયેલા પુત્રાદિ ઉપરની આસક્તિનો ત્યાગ કરે છે, તેમ સત્સંગના પ્રભાવથી મનુષ્ય સ્વયમેવ પોતાનાથી છૂટા પડતા શરીર, સ્ત્રી, પુત્ર વગેરે પદાર્થોમાં ધીમે ધીમે આસક્તિનો ત્યાગ કરે છે.[4] §બુદ્ધિમાન ગૃહસ્થે જેટલું પ્રયોજન હોય તે પ્રમાણમાં શરીર તથા ઘરમાં ભોગ્ય વસ્તુઓનું સેવન કરવું અને પોતે વિરક્ત હોય; તોપણ રાગીની પેઠે મનુષ્યલોકમાં મનુષ્યત્વ સ્થાપિત કરવું–અર્થાત્ પુરુષાર્થ પ્રકટ કરવો.[5] (પણ કોઈ સ્થળે આગ્રહ ન રાખવો.) જ્ઞાતિઓ, માતા–પિતાઓ, પુત્રો, ભાઇઓ, મિત્રો અને બીજાઓ જે કંઈ કહે અને જે કંઈ ઇચ્છે, તેમાં પોતે મમતારહિત થઇને અનુમોદન આપ-

* આ અધ્યાયમાં દેશ–કાળના ભેદથી કલ્યાણ વિશેષને કરનારો ગૃહસ્થનો પરમ ધર્મ વર્ણવાશે.–શ્રીધર

§ કદાચ કોઇને શંકા થાય કે, એ રીતે તો દુર્જનો ગૃહસ્થને હેરાનજ કરે; તો પછી ઘરને યોગ્ય ક્રિયાઓ કેમ થઇ શકે? તે માટે કહે છે. –શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વું.[૬] પૃથ્વીમાંથી જે કંઈ ધન મળી આવે અથવા દિવ્ય વૃષ્ટિ વગેરેથી ઉત્પન્ન થયેલું જે કંઈ ધાન્યાદિ પ્રાપ્ત થાય અને જે કંઇ અકસ્માત્ મળી આવે, તે સર્વ સ્વતઃજ શ્રીભગવાને નિર્માણ કરેલા દૈવથીજ પ્રાપ્ત થયેલા ધનનો ઉપભોગ કરતાં કરતાં વિદ્વાન મનુષ્યે પૂર્વોક્ત કર્માદિ કરવાં.[૭] +જેટલાથી પોતાનું પેટ ભરાય તેટલાજ ધાન્યાદિમાં પ્રાણીઓની પોતાની માલિકી છે; એ સિવાય વધારાના ધાન્યાદિને જે મનુષ્ય પોતાનું માને છે, તે ચોર છે અને શિક્ષાને પાત્ર છે.[૮] *મૃગ, ઊંટ, ગધેડાં, વાંદરાં, ઊંદરો, સર્પો, પક્ષીઓ અને માખીઓને પણ ગૃહસ્થે પોતાના પુત્ર સમાન ગણવાં જોઇએ; કારણ કે પુત્રોમાં અને તેઓમાં કેટલું અંતર છે ? કંઇજ નથી.[૯] ગૃહસ્થે પણ અત્યંત કષ્ટથી ધર્મ, અર્થ અને કામનું સેવન કરવું નહિ; પણ દેશ અને કાળને અનુસરીને જેટલા પ્રમાણમાં દૈવ મેળવી આપે, તેટલા પ્રમાણમાં તેઓનું સેવન કરવું.[૧૦] કૂતરાં, પાપીઓ અને ચાંડાલ સુધીનાં સર્વ પ્રાણીઓને ગૃહસ્થે યથાયોગ્ય પોતાના ભોજનમાંથી વિભાગ આપવા જોઇએ અને જેના વિષે પુરુષોને 'આ તો મારીજ છે,' એવો પોતાપણાનો આગ્રહ હોય છે, તે એકની એકજ પોતાની સ્ત્રીને પણ અતિથિની સેવામાં જોડવી જોઇએ.[૧૧] જે સ્ત્રી માટે પુરુષ પોતાના પ્રાણોનો પણ ત્યાગ કરે છે અને જેને માટે પિતાનો કે ગુરુનો પણ વધ કરે છે, તે સ્ત્રી વિષે જે પુરુષ મમતાનો ત્યાગ કરે છે, તેણે અજિત-ઈશ્વરને પણ જીતીજ લીધા છે, એમ સમજવું.[૧૨] જેનું છેવટ ક્રીડા, વિષ્ટા કે રાખોડીજ હોય છે, તેવું તુચ્છ આ શરીર ક્યાં અને એ શરીર માટે જેમાં પ્રીતિ કરવામાં આવે છે, તે સ્ત્રી ક્યાં ? વળી પોતાના માહાત્મ્યથી આકાશને પણ ઢાંકી દેનારો-સર્વવ્યાપક આત્મા ક્યાં ?[૧૩] વિવેકી ગૃહસ્થે દૈવયોગે પ્રાપ્ત થયેલા અને પાંચ મહાયજ્ઞો કરતાં બાકી રહેલા અન્નાદિથી પોતાની આજીવિકા કરવી જોઇએ અને તેમાં પણ જે કંઈ બાકી રહે, તેમાં મમતાને તજવી જોઇએ; જેથી તે ગૃહસ્થ પરમહંસ ગતિને પ્રાપ્ત થઇ શકે છે.[૧૪] પોતાથી આજીવિકાદ્વારા મળેલા ધનમાંથી ગૃહસ્થે દેવો, ઋષિઓ, મનુષ્યો, બીજાં પ્રાણીઓ તથા પિતૃઓનું નિત્ય પૂજન કરવું અને પોતાનું પણ પોષણ કરવું. એમ કરી તેણે જુદું જુદું પરમાત્માનુંજ પૂજન કરવું જોઇએ.[૧૫] જો અધિકાર આદિ પોતાની સર્વ યજ્ઞસંપત્તિઓ હોય, તો યજ્ઞગ્રંથમાં કહેલા વિધિ પ્રમાણે અગ્નિહોત્રાદિ લઇને પરમાત્માનું પૂજન કરવું.[૧૬] ×હે રાજન્ ! સર્વ યજ્ઞોના ભોક્તા ભગવાન, અગ્નિના મુખમાં હોમેલા ઘી વગેરે પદાર્થોથી જેવા પ્રસન્ન થતા નથી, તેવા બ્રાહ્મણોના મુખમાં હોમેલા તે પદાર્થોથી પ્રસન્ન થાય છે.[૧૭] માટે બ્રાહ્મણો, દેવો તથા મનુષ્યાદિમાં રહેલા ક્ષેત્રજ્ઞ ભગવાનનું તેઓની તે તે કામનાઓ પૂરી કરવાદ્વારા તમે ભજન કરો અને મનુષ્યાદિનું પૂજન કરો ત્યારે બ્રાહ્મણો પછીજ બીજા સર્વનું પૂજન કરજો.[૧૮] બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યજાતિના ગૃહસ્થે ભાદરવા મહિનામાં પોતાના ધન પ્રમાણે માતાપિતાનું કૃષ્ણપક્ષમાં કરાતું મહાલય શ્રાદ્ધ કરવું અને પોતે જો વિશેષ ધનવાન હોય, તો માતાપિતાનાં સંબંધીઓનું પણ શ્રાદ્ધ કરવું. એ સિવાય કર્ક સંક્રાંતિમાં, મકર સંક્રાંતિમાં મેષ, સંક્રાંતિમાં, તુલા સંક્રાંતિમાં, વ્યતિપાતમાં, ક્ષયા તિથિના દિવસે, ચંદ્રગ્રહણકાળે, સૂર્યગ્રહણના સમયે, દ્વાદશીયુક્ત શ્રવણ નક્ષત્રમાં, વૈશાખ સુદ ત્રીજના દિને,

+ કદાચ દૈવયોગે પોતાને વધારે ધનાદિનો લાભ થાય, તો તેના ઉપર મમત્વ-અભિમાન ન કરવું જોઇએ; એ વાત કહે છે. —શ્રીધર

* માટેજ જે કોઇ પોતાના ઘરમાં કે ખેતરમાં પેસી જઇને કંઇ ખાવા માંડે, તો તેને અટકાવવાં નહિ; એ કહે છે. —શ્રીધર

× બહુ યજ્ઞ-યાગાદિ કરવાનો આગ્રહ રાખવો નહિ, તે કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કાર્તિક સુદ નોમના દિને, હેમંત અને શિશિરઋતુ-માંજ ચાર÷ અષ્ટકા નામની તિથિઓ આવે છે તે દિવસે, માઘ સુદ સાતમના દિવસે, મઘા નક્ષત્ર અને પૂર્ણ ચંદ્રવાળી પૂનમના યોગવાળા દિવસે અને જેઓના ઉપરથી મહિનાઓનાં નામ પડેલાં છે, તે નક્ષત્રો સાથે તે તે મહિનાની પૂનમનો યોગ હોય ત્યારે, ગૃહસ્થે શ્રાદ્ધ કરવું જોઇએ.[૧૯–૨૨] બારશને દિવસે અનુરાધા નક્ષત્ર હોય, શ્રવણ નક્ષત્ર હોય કે ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા અથવા ઉત્તરાભાદ્રપદા એમાંનું એક નક્ષત્ર હોય; અથવા તો અગિયારશને દિવસે એ ત્રણ નક્ષત્રોમાંનું એક નક્ષત્ર હોય અથવા જે તિથિએ પોતાનું જન્મનક્ષત્ર હોય કે શ્રવણનક્ષત્ર હોય, તે દિવસે પણ શ્રાદ્ધ કરવું.[૨૩] આ ઉપર કહેલા સમય (તે કેવળ શ્રાદ્ધનાજ દિવસો છે એમ નથી; પણ) મનુષ્યોના કલ્યાણમાં વૃદ્ધિ કરનારા હરકોઈ ધર્મ કરવાવાના પણ સમય છે; માટે એ સમયોમાં હરકોઈ પ્રકારે ધર્મજ કરવો જોઇએ; કારણ કે આયુષનું એજ અમોઘ ફળ છે–ધર્મ કરવામાંજ આયુષની સફળતા છે.[૨૪] એ સમયોમાં સ્નાન, જપ, હોમ, વ્રત, દેવપૂજન, બ્રાહ્મણપૂજન તથા પિતૃઓ, દેવો, મનુષ્યો અને હરકોઇ પ્રાણીઓને ઉદ્દેશી જે કંઈ દાન કર્યું હોય તે અક્ષય થાય છે.[૨૫] હે રાજા! સ્ત્રી, પુત્ર કે પોતાના સંસ્કારનો સમય, પ્રેતનો દાહ વગેરે, સાંવત્સરિક શ્રાદ્ધ અને એ વગર બીજાં પણ અભ્યુદય માટેનાં કોઈ કર્મ કરવાનો સમય હોય, ત્યારે પણ ગૃહસ્થે પુણ્યજ કરવાં જોઇએ.[૨૬]

÷ માગશરથી ચાર મહિનાની કૃષ્ણ પક્ષની સાતમ, આઠમ, નોમ અને તેરશ, એ ચાર તિથિઓને 'અષ્ટકા' કહે છેઃ–

सप्तम्यादित्रयं चैव तथा चैव त्रयोदशी।
चतस्रस्त्वष्टकाः प्रोक्ताः सर्वयज्ञाद् विशेषतः ॥

માગશરથી ચાર મહિનાની સાતમ, આઠમ, નોમ ને તેરશ–એ ચાર તિથિઓ અષ્ટકા કહેવાય છે ને તે સર્વ યજ્ઞો કરતાં વિશેષ છે. —बालप्रबोधिनी

હવે ધર્માદિ કલ્યાણ કરનારા દેશો હું તમારી આગળ કહું છું. જે દેશમાં કોઇ ઉત્તમ પાત્ર મળી આવે, તેજ દેશ અત્યંત પવિત્ર ગણાય છે.[૨૭] એ સિવાય જે દેશમાં આ સર્વ સ્થાવર–જંગમ જગત જેમાં રહેલું છે, એવા ભગવાનની મૂર્તિ હોય અને જ્યાં તપ, વિદ્યા તથા દયાથી યુક્ત બ્રાહ્મણોનું કુળ હોય, તે દેશ પવિત્ર ગણાય છે. વળી જ્યાં જ્યાં કલ્યાણોનાં સ્થાનરૂપ શ્રીહરિની પૂજા થઇ રહી હોય અને જ્યાં પુરાણોમાં પ્રસિદ્ધ એવી ગંગા વગેરે નદીઓ આવેલી છે, તે દેશ પવિત્ર છે.[૨૮।૨૯] જ્યાં પુષ્કર વગેરે સરોવરો આવેલાં છે અને ઉત્તમ પુરુષોએ આશ્રય કરેલાં કુરુક્ષેત્ર, ગયા, પ્રયાગ, પુલહ ઋષિનો આશ્રમ, નૈમિષારણ્ય, હરપુર કે કન્યાતીર્થ, રામચંદ્રજીએ બાંધેલો સમુદ્ર પરનો પૂલ, પ્રભાસ, દ્વારકા, કાશી, મથુરા, પંપાસરોવર, બિંદુસરોવર, બદરિકાશ્રમ અને સીતાજી તથા રામચંદ્રજીના આશ્રમ–ચિત્રકૂટાદિ ક્ષેત્રો તેમજ મહેન્દ્ર, મલયાચલ વગેરે કુલાચલ પર્વતો આવેલા છે, તે દેશ હે રાજન્! પવિત્ર છે.[૩૦–૩૨] આ બધા દેશો અને શ્રીહરિની પ્રતિમાઓથી યુક્ત દેશો અત્યંત પવિત્ર ગણાય છે. જે મનુષ્યને કલ્યાણની ઇચ્છા હોય, તેણે વારંવાર એ દેશોનું સેવન કરવું. કારણ કે એ દેશોમાં કરેલો ધર્મ, પુરુષોને હજારગણા કરતાં પણ અધિક ફળ આપનારો થાય છે. હે રાજા! એ દેશોમાં ઉત્તમ પાત્રને જાણનારા વિદ્વાનોએ શ્રીહરિને એકનેજ પાત્ર તરીકે કહ્યા છે. કારણ કે આ સ્થાવર–જંગમ જગત એ ભગવાનમયજ છે.[૩૩।૩૪] હે રાજન્! તમારા આ રાજસૂય યજ્ઞમાં દેવો, ઋષિઓ અને બ્રહ્માના પુત્ર સનકાદિ મુનિઓ વગેરે તપ અને યોગ આદિથી સિદ્ધ પુરુષો હોવા છતાં પ્રથમ પૂજામાં શ્રીકૃષ્ણ ભગવાનનેજ પાત્ર તરીકે માનવામાં આવ્યા હતા;[૩૫] કારણ કે આ બ્રહ્માંડરૂપી મહાન વૃક્ષ કે જે જીવોના સમૂહોથી વ્યાપ્ત છે, તેનું મૂળ શ્રીઅચ્યુત ભગવાનજ છે, માટે તેમની પૂજા સર્વ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવો તથા પોતાને તૃપ્ત કરનાર થાય છે.[૩૬] આ ભગવાને મનુષ્યો, પશુઓ, પક્ષીઓ, ઋષિઓ તથા દેવોરૂપી શરીરો ઉત્પન્ન કર્યાં છે અને તે શરીરોમાં જીવસ્વરૂપે આ ભગવાન બિરાજે છે; તેથીજ 'પુરુષ' એવા નામે પ્રસિદ્ધ છે.[૩૭] હે રાજન્! એ શરીરોમાં ભગવાન ઓછાવત્તા પ્રમાણમાં રહેલા છે–એટલે કે પશુ–પક્ષી વગેરે કરતાં મનુષ્યમાં કંઇક અધિક અંશે રહેલા છે, માટે મનુષ્ય પાત્ર ગણાય છે અને તેમાં પણ જેમ જેમ અધિકાધિક જ્ઞાનાંશ જણાય છે, તેમ તેમ અધિકાધિક પાત્ર ગણાય છે.[૩૮] હે રાજા! (પૂર્વકાળમાં મનુષ્યોના શરીરમાંજ ભગવાનની પૂજા કરવામાં આવતી હતી, પણ) મનુષ્યોમાં પરસ્પર અપમાન કરવાની બુદ્ધિ થયેલી જોઇ વિદ્વાનોએ ત્રેતાયુગથી આરંભીને પૂજા વગેરે માટે મૂર્તિની કલ્પના કરી છે.[૩૯] જેથી કેટલાક પુરુષો પ્રતિમા વિષે શ્રદ્ધા કરીને શ્રીહરિની પૂજાદ્વારા તેમની ઉપાસના કરે છે; પણ જેઓ મનુષ્યોનો દ્વેષ કરે છે, તેઓને પૂજાદ્વારા ઉપાસેલી પણ ભગવાનની મૂર્તિ ફળ આપનારી થતી નથી.+[૪૦] હે રાજન્! મનુષ્યોમાં પણ બ્રાહ્મણને સુપાત્ર કહેવામાં આવે છે; કારણ કે બ્રાહ્મણ તપ, વિદ્યા અને સંતોષ ધારણ કરીને શ્રીહરિના શરીરરૂપ વેદને ધારણ કરે છે.[૪૧]* હે રાજન્! પોતાની ચરણરજથી ત્રિલોકને પવિત્ર કરતા બ્રાહ્મણો જગતના આત્મા આ શ્રીકૃષ્ણ ભગવાનના પણ મહાન દેવ ગણાય છે. (તો આપણા જેવાઓના દેવ ગણાય, તેમાં શું કહેવાનું હોય!§)[૪૨]

नन्वस्य ब्राह्मणा राजन् कृष्णस्य जगदात्मनः।
पुनंतः पादरजसा त्रिलोकीं दैवतं महत्॥ ४२॥

ઇતિ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૧૪ મો સમાપ્ત

अध्याय १५ मो*

સર્વ ધર્મનો સારસંગ્રહ

॥ नारद उवाच ॥

कर्मनिष्ठा द्विजाः केचित्तपोनिष्ठा नृपाऽपरे।
स्वाध्यायेऽन्ये प्रवचने ये केचिज्ज्ञानयोगयोः॥

નારદજી બોલ્યાઃ–'હે રાજા! કેટલાક બ્રાહ્મણો કર્મમાં નિષ્ઠાવાળા હોય છે, બીજા કેટલાક તપમાં નિષ્ઠાવાળા હોય છે, કેટલાક સ્વાધ્યાયમાં નિષ્ઠાવાળા હોય છે અને કેટલાક અધ્યયનમાં, જ્ઞાનમાં અને કેટલાક યોગમાં નિષ્ઠાવાળા હોય છે.[૧] પિતૃકર્મમાં જે અનંત ફળ મેળવવા ઇચ્છતો હોય તે મનુષ્યે, જ્ઞાનમાં નિષ્ઠાવાળા બ્રાહ્મણને પિતૃઓને ઉદ્દેશી અપાતાં શ્રાદ્ધભોજન વગેરે આપવાં; તેમજ દેવોના કર્મમાં પણ તેવાજ બ્રાહ્મણને દેવોને ઉદ્દેશી અપાતું ભોજન આદિ આપવું; પણ તેવો જ્ઞાનનિષ્ઠ બ્રાહ્મણ ન મળે, તો બીજા બ્રાહ્મણોને યથાયોગ્ય તે તે આપવું.[૨] ગૃહસ્થ પોતે ધનવાન હોય, તોપણ તેણે પિતૃકાર્યમાં (એટલે શ્રાદ્ધમાં) વિશ્વેદેવાઓને ઉદ્દેશી બે બ્રાહ્મણોને તથા પિતૃઓને ઉદ્દેશી ત્રણ બ્રાહ્મણોને જમાડવા; પણ શ્રાદ્ધમાં વિસ્તાર કરવો નહિ.[૩] કારણ કે શ્રાદ્ધમાં (જો જમાઇને નિમંત્રણ આપવામાં આવે, તો તેના પિતા વગેરેને કેમ મૂકી દેવાય? એમ) સ્વજનોને નિમંત્રણ આપી વિ-

---

+ અર્થાત્ મનુષ્યો ઉપરનો દ્વેષ તજી દઇનેજ મૂર્તિપૂજા કરવામાં આવી હોય, તો તે મંદાધિકારીઓને ફળ આપનાર થાય છે. —શ્રીધર

* અર્થાત્ તપ, વિદ્યા, સંતોષ તથા વેદજ્ઞાન ધારણ કરનાર બ્રાહ્મણજ સુપાત્ર ગણાય છે, નહિ કે આમાંનું કંઇ પણ નહિ ધરાવતા આજકાલના કહેવાતા બ્રાહ્મણો સુપાત્ર છે. —भा. क.

§ આ યોગ્યતા સંપાદન કરવા બ્રાહ્મણો પ્રયાસ કરે, તો જરૂર સમસ્ત જગત તેમના ચરણોમાં શિર ઝુકાવે; અન્યથા ખોટી મહત્તા ક્યાં સુધી નભશે?–भा. क.

* આ અધ્યાયમાં સર્વ વર્ણાશ્રમધર્મના કારણરૂપ મોક્ષલક્ષણનો સારસંગ્રહ વર્ણવાશે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

સ્તાર કરવાથી દેશ, કાળ, પાત્ર, યોગ્ય શ્રદ્ધા, યોગ્ય અન્નવસ્ત્રાદિ, દ્રવ્ય અને પૂજા—એ બધું બરાબર થઇ શકતું નથી.[૪] યોગ્ય દેશ અને કાળ પ્રાપ્ત થતાં શ્રીહરિને નૈવેદ્ય તરીકે અર્પણ કરેલું સામો—મોરૈયો વગેરે મુનિઓનું અન્ન જો શ્રદ્ધા અને વિધિપૂર્વક સુપાત્રને જમાડ્યું હોય, તો તે અક્ષય થઇને સર્વ કામનાઓને પૂર્ણ કરનાર થાય છે.[૫] દેવો, ઋષિઓ, પિતૃઓ તથા પ્રાણીઓ માટે, પોતાને માટે તથા સ્વજનોને માટે અન્નનો યોગ્ય વિભાગ કરવો અને તે તે સર્વને ઈશ્વરસ્વરૂપ જોવાં.[૬] ધર્મતત્ત્વને જાણનાર ગૃહસ્થે શ્રાદ્ધમાં કોઇને માંસ જમાડવું નહિ અને પોતે પણ ખાવું નહિ; કેમકે સામો—મોરૈયો વગેરે મુનિઓનાં અન્નથી પિતૃઓને જેવી તૃપ્તિ થાય છે, તેવી પશુઓની હિંસા કરવાથી થતી નથી;[૭] સદ્ધર્મની ઇચ્છા રાખનારા મનુષ્યોનો એવો બીજો કોઇ પણ ઉત્તમ ધર્મ નથી. મન, વચન અને કાયાથી કોઇ પણ પ્રાણીની મનુષ્યે હિંસા કરવી નહિ.[૮] યજ્ઞવેત્તાઓમાં ઉત્તમ એવા કેટલાક નિષ્કર્મી જ્ઞાનીઓ જ્ઞાનથી પ્રજ્વલિત એવા આત્મસંયમરૂપ અગ્નિમાં કર્મમય સર્વ યજ્ઞોને હોમી દે છે—અર્થાત્ માનસિક નિગ્રહ કરીને મનોનિગ્રહમાં વિઘ્નરૂપ એવા સર્વ કર્મયજ્ઞોનો ત્યાગ કરી દે છે.[૯] કર્મમય દ્રવ્યયજ્ઞોથી યજન કરવાને મનુષ્ય તૈયાર થાય છે, ત્યારે તેને જોઇને પ્રાણીઓ ભયભીત બની જાય છે કે, 'આત્મતત્ત્વને નહિ જાણનારો આ નિર્દય મનુષ્ય જો અમને ન મારી નાખે તો સારું.' કારણ કે તે મનુષ્ય ખરેખર પોતાનાજ પ્રાણોને તૃપ્ત કરનારો હોય છે.[૧૦] માટે ધર્મવેત્તા મનુષ્યે દૈવયોગે મળી આવેલા સામો, મોરૈયો વગેરે મુનિધાન્યથીજ સંતુષ્ટ રહીને હમેશાં નિત્યનૈમિત્તિક ક્રિયાઓ કરવી.[૧૧] વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા અને છલ—આ પાંચ અધર્મની શાખાઓ છે; તેઓનો ધર્મવેત્તા મનુષ્યે અધર્મની પેઠે ત્યાગ કરવો.[૧૨] તેમાં ધર્મબુદ્ધિથી પણ જેનું આચરણ કરતાં પોતાના ધર્મને બાધ આવે, તે વિધર્મ કહેવાય છે; અન્ય ક્ષત્રિય આદિને માટે કહેવામાં આવેલો ધર્મ તે અન્ય બ્રાહ્મણ વગેરે માટે પરધર્મ છે; જે ધર્મને પુરુષોએ પોતાની ઇચ્છાનુસાર ઘડી કાઢયો હોય અને આશ્રમધર્મોથી જે જુદો પડતો હોય તે આભાસ કહેવાય છે; વેદવિરુદ્ધ પાખંડ શાસ્ત્રોમાં કહેવામાં આવેલો ધર્મ અથવા દંભ કે પારકાને ઠગવા માટે આચરવામાં આવતો ધર્મ તે ઉપમા—ઉપધર્મ કહેવાય છે અને જેમાં શબ્દનો જે વાસ્તવિક અર્થ થતો હોય, તેને ઊલટાવી નાખી શબ્દનો જુદોજ અર્થ કરવો, તે છલ કહેવાય છે. (આ પાંચ પ્રકારની અધર્મની શાખાઓનો ત્યાગ કરવો.) જે ધર્મ બ્રાહ્મણત્વ આદિ સ્વભાવાનુસારે શાસ્ત્રમાં કહેવામાં આવ્યો છે, તે ધર્મ કોને શાંતિ આપવા માટે સમર્થ થતો નથી?—સર્વને શાંતિ આપે છે.[૧૩।૧૪] નિર્ધન મનુષ્યે ધર્મને માટે કે યાત્રાને માટે પણ ધનની ઇચ્છા કરવી નહિ.÷ પોતાની આજીવિકા માટે પણ કંઇ ચેષ્ટા નહિ કરનારા અજગરને જેમ તે પોતાની ચેષ્ટાનો અભાવજ આજીવિકા આપનાર થઈ પડે છે, તેમ પોતાની આજીવિકા માટે પણ કંઇ પ્રવૃત્તિ નહિ કરનાર મનુષ્યને તે તેની પ્રવૃત્તિનો અભાવજ આજીવિકા આપનાર થઈ પડે છે.[૧૫] સંતોષી રહેનાર, પોતાની આજીવિકાને માટે પણ કોઇ પ્રવૃત્તિ નહિ કરનાર અને પોતાના આત્મામાંજ રમણ કરનાર પુરુષને જે સુખ હોય છે, તે સુખ વિષયકામનાઓના લોભને લીધે ધન સંપાદન કરવાની ઇચ્છાથી દિશાઓમાં દોડી રહેલા પુરુષને કયાંથી હોય?* જેના પગમાં પગરખાં હોય છે, તેવા મનુષ્યને કાંકરા અને કાંટાઓથી પણ

÷ કારણ કે દૈવયોગે જે કંઇ મળી આવે, તેમાંથીજ તેની સ્વધર્મસિદ્ધિ શાસ્ત્રમાં કહેવામાં આવી છે.—શ્રી૦

* 'संतोषः परमं सुखम्' એ આશય આ શ્લોકમાં છે. —मा. क.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુખજ છે–કોઇ જાતનો ભય નથી; તેમ સદા સંતુષ્ટ મનવાળા મનુષ્યને સર્વ દિશાઓ સુખમય છે.[૧૬।૧૭] હે રાજન્! સંતોષી મનુષ્ય કઇ વસ્તુથી પોતાની આજીવિકા ચલાવી લેતો નથી? તે મનુષ્ય માત્ર જળથી પણ પોતાની આજીવિકા ચલાવે છે; પણ ગુહ્યેન્દ્રિયનાં અને જીભનાં સુખની લોલુપતાથી મનુષ્ય એક કૂતરા જેવું આચરણ કરે છે.[૧૮] જે બ્રાહ્મણ અસંતોષી હોય તેનાં તેજ, વિદ્યા, તપ અને યશ નાશ પામે છે અને ઇન્દ્રિયોની લોલુપતાથી તેનું જ્ઞાન પણ ચાલ્યું જાય છે.[૧૯] ભૂખ અને તરસ સહન કરવાથી મનુષ્ય કામના અંતને પામે છે અને કોઇને દુઃખ દેવાથી કે મારવાથી ક્રોધના અંતને પામે છે; પરંતુ સમગ્ર દિશાઓને જીતીને કે આખી પૃથ્વીનો ઉપભોગ કરીને પણ મનુષ્ય લોભના અંતને પામતો નથી.[૨૦] હે રાજન્! બહુ બહુ જાણનારા અને સર્વ સંશયોને દૂર કરનારા અનેક પંડિતો તથા કેટલાક સભાપતિઓ પણ અસંતોષથી નરકની ગતિમાં જાય છે;[૨૧] માટે મનુષ્યે જાતજાતના સંકલ્પો નહિ કરીને કામને જીતવો; કામનો ત્યાગ કરીને ક્રોધને જીતવો; 'ધન માત્ર અનર્થરૂપ છે' એવી દૃષ્ટિ કરીને લોભને જીતવો અને આત્મતત્ત્વનો વિચાર કરી ભયને જીતવો.[૨૨] વળી આત્મા અને અનાત્માનો વિવેક કરીને શોક તથા મોહને જીતવા; મહાપુરુષોની સેવા કરીને દંભને જીતવો; મૌન સેવીને યોગમાં વિઘ્નરૂપ લોકવાર્તાદિને જીતવા અને શરીરાદિ ઉપરની નિઃસ્પૃહતાથી હિંસાને જીતવી.[૨૩] વળી જે પ્રાણીઓથી પોતાને ભય રહેતો હોય, તેવાં પ્રાણીઓનુંજ હિત કરીને તેઓ તરફના દુઃખને જીતવું; દૈવતાઈ ઉપદ્રવોથી થયેલાં (વૃથા મનઃપીડા વગેરે) દુઃખના માનસિક÷ સમાધાનથી જય કરવો; જે કંઈ શારીરિક દુઃખ થયું હોય, તેનો +યોગના બળથી જય કરવો અને સાત્ત્વિક આહાર વગેરેથી નિદ્રાનો જય કરવો.[૨૪] તે ઉપરાંત સત્ત્વગુણથી રજોગુણ અને તમોગુણનો જય કરવો અને સર્વ પ્રકારની શાંતિથી સત્ત્વગુણનો જય કરવો. (એ પ્રમાણે સર્વ વિષયોથી નિવૃત્ત થવાના એ માર્ગો દર્શાવ્યા છે; તોપણ) પુરુષ કેવળ એક ગુરુભક્તિથી પૂર્વોક્ત સર્વ કામાદિને અનાયાસે જીતી શકે છે.[૨૫] જે મનુષ્યને સાક્ષાત્ ભગવાનસ્વરૂપ અને પોતાને જ્ઞાનરૂપ દીપક અર્પણ કરનારા પોતાના ગુરુ વિષે 'આ ગુરુ પણ એક સામાન્ય મનુષ્યજ છે.' આવા પ્રકારની દુર્બુદ્ધિ હોય છે, તેનું સર્વ શાસ્ત્રશ્રવણ હાથીના સ્નાનની પેઠે કેવળ વ્યર્થ છે.[૨૬] ગુરુ એજ પ્રકૃતિ તથા પુરુષના નિયંતા અને મોટા યોગીઓ પણ જેમના ચરણોને શોધી રહ્યા છે, તેવા સાક્ષાત્ ભગવાન છે; છતાં પણ (અજ્ઞાની) લોકો તેમને મનુષ્ય માને છે.[૨૭] શાસ્ત્રમાં જે જે નિયમોની આજ્ઞાઓ કહેવામાં આવી છે, તે તે સર્વ છ ઇન્દ્રિયોના વર્ગને જીતવા માટેજ છે અને એ રીતે ઇન્દ્રિયોનો જય કરવામાં તે આજ્ઞાઓ સફળ થઇ હોય, તોપણ જો ધારણા, ધ્યાન તથા સમાધિરૂપ યોગને સિદ્ધ કરનારી ન થાય, તો કેવળ વ્યર્થ પરિશ્રમ આપનારીજ થઈ પડે છે.[૨૮]* જેમ ખેતી વગેરે આજીવિકાનાં સાધનો મનુષ્યને યોગના અર્થરૂપ મોક્ષને સાધી આપતાં નથી, પણ ઊલટાં મોક્ષમાં વિઘ્નકર્તા થઇ સંસાર આપનારજ થઇ પડે છે, તેમ વાવ, કૂવા તથા ધર્મશાળાઓ બંધાવવી અને યજ્ઞયાગાદિ કરવા વગેરે

÷ માનસિક સમાધાન આવી રીતેઃ–મારા ઉપર જે આ દૈવી દુઃખ આવ્યું છે, તે મારાં પોતાનાં પ્રારબ્ધકર્મને અનુસરનારી ઇશ્વરેચ્છાથી આવ્યું છે; તેમાં આપણે શું કરવાના છીએ! આવું મનનું સમાધાન.–**બાલપ્રબોધિની**

+ યોગના બળથી એટલે પ્રાણાયામ વગેરેથી.–**શ્રી૦**

* કહેવાનો આશય એ છે કે, સર્વ ઉપાયો કરીને મનુષ્યે કામાદિના વેગને જીતવો જોઇએ અને પછી જિતેન્દ્રિય થઇ ધ્યાનપરાયણ થવું જોઇએ, નહિ તો મનુષ્યનું સર્વ શાસ્ત્રજ્ઞાન કેવળ વૃથાજ ગણાય છે.—**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શાસ્ત્રીય આજ્ઞાઓ પણ બહિર્મુખ–અજ્ઞાની મનુષ્યને કેવળ અનર્થ માટેજ થાય છે–સંસાર માટેજ થઇ પડે છે. (માટે તે તે વેદોક્ત આજ્ઞાઓનું અંતિમ ફળ જિતેન્દ્રિયપણું અને ધ્યાનપરાયણતાજ થવું જોઇએ.)[૨૯] એ પ્રમાણે (ગૃહસ્થાવસ્થામાંજ) ચિત્તનો વિજય કરવા માટે યત્ન કરી રહેલા મનુષ્યે (પોતાનું ચિત્ત જો કુટુંબ આદિના સંગથી અસ્થિર થઈ જતું હોય, તો) સંન્યાસી થઇ જવું† અને પછી સર્વ સંગનો ત્યાગ કરી, કોઇ પણ જાતનો પરિગ્રહ નહિ રાખીને કેવળ એકલા એકાંત પ્રદેશમાંજ સ્થિતિ કરવી ને ભિક્ષા લાવી અમુક પ્રમાણમાંજ આહાર લેવો.[૩૦] હે રાજન્! પવિત્ર સપાટ પ્રદેશમાં તેણે પોતાનું સ્થિર, સરખું અને સુખકારક આસન સ્થાપીને તે આસન પર સીધા અંગે બેસવું અને ૐકારનો જપ કરવો;[૩૧] અને પછી જ્યાંસુધી મન સર્વ કામનાઓનો ત્યાગ કરે, ત્યાંસુધી પોતાની નાસિકાના અગ્ર ભાગ પર દૃષ્ટિ સ્થાપીને પૂરક, કુંભક તથા રેચકથી પ્રાણવાયુ તથા અપાનવાયુનો નિરોધ કરવો[૩૨] અને વિષયવાસનાથી વ્યાકુળ થયેલું મન જે જે વિષય તરફ ભટકતું ફરે, તે તે વિષય તરફથી આકર્ષી લઇ વિદ્વાન સંન્યાસીએ પોતાના મનને હૃદયમાંજ રોકી રાખવું.[૩૩] એ રીતે નિરંતર અભ્યાસ કરતાં તે સંન્યાસીનું મન અતિશય અલ્પ કાળમાં લાકડા વિનાના અગ્નિની પેઠે શાંત થઇ જાય છે અને પછી જેની સમગ્ર વૃત્તિઓ અત્યંત શાંત થઇ હોય છે, એવું તે મન કામાદિથી ક્ષોભ પામતું નથી અને બ્રહ્મસુખના સંબંધમાં આવી તેમાંથી કદી ઉત્થાન પામતું નથી–બ્રહ્મસુખ છોડીને વિષયસુખના તરફ જતું નથી.[૩૪,૩૫] જે સંન્યાસી ધર્મ, અર્થ ને કામના એક સ્થાનરૂપ એવા ઘરમાંથી પ્રથમ નીકળી જઇને પછી ફરી તે ધર્મ, અર્થ અને કામનું જો સેવન કરે છે, તો તે સંન્યાસી ખરેખર નિર્લજ્જ છે અને વમન કરેલુંજ પાછું ખાય છે. જે મનુષ્યોએ પોતાના દેહને આત્માથી ભિન્ન માન્યો હોય છે; નાશવંત માન્યો હોય છે અને વિષ્ટા, કીડા તથા ભસ્મ થનાર માન્યો હોય છે, તેમાંનાજ કેટલાક અવિવેકી મનુષ્યો પાછા એ દેહને પોતાના માની લઇને બીજાઓ પાસે તેની સ્તુતિ કરાવે છે.[૩૬,૩૭] ગૃહસ્થ હોવા છતાં ક્રિયાઓનો ત્યાગ કરે; બ્રહ્મચારી હોવા છતાં બ્રહ્મચર્યાદિ વ્રતોનો ત્યાગ કરે; વાનપ્રસ્થ છતાં ગામમાં નિવાસ કરે અને સંન્યાસી છતાં ઇન્દ્રિયોની લોલુપતા રાખે, તેઓ સર્વે અધમ આશ્રમીઓ છે અને પોતાના આશ્રમોની ફજેતી કરનારા છે. તેઓ પરમાત્માની માયાથી મૂઢ બનેલા હોય છે, માટે તેઓના પર દયા કરીને તેઓની ઉપેક્ષા કરવી.* મનુષ્ય જો પોતાને પરમાત્મસ્વરૂપ જાણતો હોય, તો તેની સર્વ વાસનાઓ જ્ઞાનદ્વારા નષ્ટ થવી જોઇએ અને તેવો મનુષ્ય કોની ઇચ્છા કરીને તથા કોને માટે લંપટ થઇને દેહનું પોષણ કરે?+[૩૮–૪૦] વિદ્વાનો કહે છે કે, આ શરીર એક રથ છે; ઇન્દ્રિયો તે રથને જોડેલા ઘોડા છે; ઇન્દ્રિ-

† ધર્મશાસ્ત્રની પણ આજ આજ્ઞા છે:–

द्वन्द्वाहतस्य गार्हस्थ्यं ध्यानभङ्गादिकारणम् ।
लक्षयित्वा गृही स्पष्टं संन्यसेदविचारयन् ॥

રાગદ્વેષાદિથી જે વ્યાકુળ થઇ જતો હોય, તેવાને ગૃહસ્થપણું તે કેવળ ધ્યાનભંગ વગેરેમાંજ કારણ થઈ પડે છે, એમ સ્પષ્ટ જાણીને ગૃહસ્થે કંઇ પણ વિચાર કર્યા વિના સંન્યાસ લઈ લેવો. —**શ્રીધર**

* અર્થાત્ તેઓને રાજા વગેરેએ શિક્ષા ન કરવી; કેમકે તેઓની સ્થિતિ દયાજનક છે. તેઓ દેવની માયાથી મોહિત થાય છે. —**બાલપ્રબોધિની**

\+ અર્થાત્ જ્ઞાનીને લોલુપતા હોવીજ ન જોઇએ. વેદ પણ કહે છે:–

आत्मानं चेद् विजानीयादयमस्मीति पूरुषः ।
किमिच्छन् कस्य कामाय शरीरमनुसंज्वरेत् ॥
(बृह. उ. ४–४–१२)

અર્થાત્ જો મનુષ્ય પોતાના આત્માને પરબ્રહ્મસ્વરૂપ જાણે, તો પછી કઇ ઇચ્છા કરીને કોની કામનાને માટે શરીરની પાછળ હેરાન થાય? નજ થાય.–**શ્રીધર**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચોતું નિયંતા મન એ ઘોડાઓની લગામ છે; શબ્દાદિ વિષયો તે જુદા જુદા માર્ગો છે; બુદ્ધિ તે એ રથને હાંકનારો સારથિ છે અને ચિત્ત તે એ રથને બાંધવાનું ઈશ્વરે સૃજેલું મોટું બંધન છે.[૪૧] ×દશ પ્રાણો તે એ રથની ધરી છે; અધર્મ ને ધર્મ એ બે રથનાં પૈડાં છે; અહંકારી જીવ તે એ રથમાં બેસનારો છે; ૐકાર તે એ જીવનું ધનુષ છે; શુદ્ધ જીવ તે એનું બાણ છે; પરબ્રહ્મ તે એનું લક્ષ્ય છે–તાકવાનું નિશાન છે અને રાગ, દ્વેષ, લોભ, શોક, મોહ, ભય, મદ, માન, અપમાન, *અસૂયા, માયા, હિંસા, ÷મત્સર, રજોગુણ, પ્રમાદ, ક્ષુધા અને નિદ્રા વગેરે શત્રુઓ છે. કોઈ વેળા રજોગુણ ને તમોગુણ જેઓનું મૂળ કારણ હોય છે તેવી પ્રવૃત્તિઓ તથા કોઇ વેળા સત્ત્વગુણ જેનું મૂળ કારણ હોય છે, તેવી પ્રવૃત્તિઓ પણ શત્રુરૂપ થાય છે. આ મનુષ્યશરીરરૂપી રથ જ્યાંસુધી પોતાને વશ છે અને ઇન્દ્રાદિથી બરાબર સશક્ત છે, તેટલામાંજ મનુષ્યે ગુરુઓના ચરણોની સેવા કરીને તીક્ષ્ણ જ્ઞાનરૂપી તલવાર ધારણ કરી કેવળ શ્રીભગવાનનું બળ રાખીને તે રાગ–દ્વેષાદિ શત્રુઓનો જય કરવો અને પછી શાંત થઇને સ્વાનંદરૂપી સ્વરાજ્યથી સંતુષ્ટ થઇ એ શરીરરૂપી રથનો પણ ત્યાગ કરી દેવો;[૪૨–૪૫] પરંતુ જો એ પ્રમાણે ન કર્યું, તો પ્રમાદી એવા તે રથમાં બેઠેલા જીવને દુષ્ટ ઇન્દ્રિયોરૂપી ઘોડાઓ ને બુદ્ધિરૂપી સારથિ, (એ રથદ્વારા) અવળે માર્ગે લઇ જઇ વિષયોરૂપી ચોરોની વચ્ચે લાવી મૂકે છે, જેથી તે ચોરો ઘોડા અને સારથિ સહિત તે જીવરૂપી રથીને અંધકારથી વ્યાપ્ત અને મહાન મૃત્યુનો જેમાં ભય છે એવા સંસારરૂપ કૂવામાં ફેંકી દે છે.[૪૬]* વેદમાં બે પ્રકારનાં કર્મો કહેવાયાં છે. એક તો પ્રવૃત્તકર્મ ને બીજું નિવૃત્તકર્મ. તેમાં પ્રવૃત્તકર્મથી મનુષ્ય સંસારમાં પાછો ફરે છે અને નિવૃત્તકર્મથી મોક્ષ મેળવે છે. શ્યેનયાગ વગેરે હિંસક કર્મ, અગ્નિહોત્રાદિ કર્મ, દર્શ, પૂર્ણમાસ, ચાતુર્માસ્ય યાગ, પશુયાગ, સોમયાગ, વૈશ્વદેવ અને બલિકરણ–આ બધાં દ્રવ્યમય કર્મ તે ઇષ્ટ કહેવાય છે અને દેવાલયો બંધાવવાં, બાગ–બગીચાઓ કરાવવા, કૂવા બંધાવવા તથા પરબો બેસાડવી વગેરે કર્મો 'પૂર્ત' કહેવાય છે. આ બન્ને 'ઇષ્ટ' તથા 'પૂર્ત' કર્મ જો અમુક કોઈ કામનાથી કરવામાં આવે અથવા અશાંતિ આપનાર થઇ પડે–અર્થાત્ અત્યંત આસક્તિથી યુક્ત થઈ પડે, તો તેજ 'પ્રવૃત્ત કર્મ' પણ કહેવાય છે. આ પ્રવૃત્તકર્મ કરનારો પુરુષ (ચરુ–પુરોડાશાદિ) દ્રવ્યના બીજા દેહનો આરંભ કરનાર સૂક્ષ્મ વિપાકથી (એટલે પરિણામથી યુક્ત થઇને પ્રથમ ધૂમના અભિમાની દેવને પામે છે; ત્યાંથી રાત્રિના અભિમાની દેવને પામે છે; ત્યાંથી કૃષ્ણપક્ષના અભિમાની દેવને પામે છે; ત્યાંથી દક્ષિણાયનના અભિમાની દેવને પામે છે અને ત્યાંથી ચંદ્રલોકને પામે છે. તે પછી ત્યાં પોતાનાં પુણ્યથી પ્રાપ્ત થયેલા ભોગો ભોગવીને (પુણ્યનો ક્ષય થાય છે, ત્યારે) શોકાગ્નિથી વિલીન શરીરવાળો થઇને (વૃષ્ટિદ્વારા) ઔષધિ તરીકે, લતા તરીકે, અન્ન તરીકે અને વીર્ય તરીકે

× પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત તથા ધનંજય–એ દશ પ્રાણો છે.–भा. क.

*અસૂયા એટલે બીજાના ગુણોમાં દોષારોપ કરવો તે. —भा. क.

÷ મત્સર એટલે બીજાની ઉન્નતિ સહન ન થવી તે. —भा. क.

* એ પ્રમાણે 'आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव च'। (કઠ. ઉ. ૧–૩–૩)–આત્મા તે રથી છે અને શરીર તે રથ છે–એ વેદોક્ત રથનું રૂપક દર્શાવીને અહીં એમ જણાવ્યું છે કે, અજ્ઞાની મનુષ્યને ઇન્દ્રિયોની લોલુપતાથી નરકમાં પડવાનો પ્રસંગ આવી પડે છે; માટે સદા તત્ત્વજ્ઞાન સંપાદન કરવા પ્રયત્ન કરવો જોઇએ. હવે કોઇને શંકા થાય કે, વેદોક્ત ઇષ્ટ પૂર્તાદિ કર્મો કરનારને એવા અનર્થની પ્રાપ્તિ કેમ થાય? એ શંકાનું સમાધાન કરવા માટે વેદોક્ત કર્મોના બે પ્રકારો અને તેઓનાં જુદાં જુદાં ફળ દર્શાવે છે.–श्रीधर

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રત્યેકમાં અનુક્રમે ઉત્પન્ન થઈ થઇને આ લોકમાં જન્મે છે. (આવી રીતે હે રાજા! પ્રવૃત્તકર્મ કે પિતૃયાનમાર્ગ પુનર્જન્મનું કારણ થાય છે.) જે બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય ગર્ભાધાનથી આરંભી શ્મશાનાંત (અંત્યેષ્ટિ સુધીના વૈદિક) સંસ્કારોથી સંસ્કારી થયો હોય છે, તે પૂર્વોક્ત પ્રવૃત્તમાર્ગનો અધિકારી છે. હવે જેઓ નિવૃત્તકર્મમાં નિષ્ઠાવાળા હોય છે, તેઓ જ્ઞાનથી પ્રદીપ્ત એવી પોતાની ઇન્દ્રિયોમાં પૂર્વોક્ત સર્વ ક્રિયાયજ્ઞોને હોમી દે છે—અર્થાત્ ઇન્દ્રિયોના વ્યાપારરૂપ સર્વ પ્રવૃત્તકર્મોને ઇન્દ્રિયરૂપજ માને છે અને ઇન્દ્રિયોને દર્શન આદિના સંકલ્પરૂપ મનમાં હોમી દે છે; વિકારયુક્ત મનને વાણીમાં હોમી દે છે; વાણીને વર્ણોના સમુદાયમાં હોમે છે; વર્ણોના સમુદાયને ૐકારના સ્વરમાં હોમી દે છે; ૐકારમાંના સ્વરભાગને તેના બિંદુમાં (એટલે મીડામાં) હોમી દે છે; બિંદુને નાદમાં હોમી દે છે; તે નાદને પ્રાણમાં—સૂત્રાત્મામાં હોમી દે છે અને તે પ્રાણને પરબ્રહ્મમાં હોમે છે.[47-53] પછી એ નિવૃત્તમાર્ગી પુરુષ અગ્નિદેવને પામે છે; ત્યાંથી સૂર્યદેવને પામે છે; ત્યાંથી દિવસના અભિમાની દેવને પામે છે; ત્યાંથી દિવસના પૂર્વભાગના અભિમાની દેવને પામે છે; ત્યાંથી શુક્લપક્ષના અભિમાની દેવને પામે છે; ત્યાંથી પૂનમના અભિમાની દેવને પામે છે; ત્યાંથી ઉત્તરાયણના અભિમાની દેવને પામે છે અને ત્યાંથી બ્રહ્મલોકમાં બ્રહ્મદેવને પામે છે. પછી એ પુરુષ સ્થૂલ ઉપાધિવાળો વિશ્વાત્મા બને છે; પછી એ સ્થૂલ ઉપાધિને સૂક્ષ્મમાં લય કરી દઇ પોતે સૂક્ષ્મ ઉપાધિવાળો તૈજસાત્મા બને છે, પછી સૂક્ષ્મ ઉપાધિનો કારણમાં લય કરી દઇ પોતે કારણોપાધિ પ્રાજ્ઞાત્મા બને છે; પછી કારણને સર્વના સાક્ષીરૂપે અનુસરતા સાક્ષીસ્વરૂપમાં લય કરી દઇ પોતે તુરીયાત્મા થાય છે—અર્થાત્ તે ઉપાધિયુક્ત આત્મસ્વરૂપોનો લય થતાં છેવટે શુદ્ધાત્મા થાય છે—મુક્ત થાય છે.[54] આ નિવૃત્તિમાર્ગનેજ વિદ્વાનો 'દેવયાનમાર્ગ' કહે છે. આ માર્ગમાં ઉત્તરોત્તર તે તે સ્વરૂપ થઇને આત્મયાગ કરનારો શાંતાત્મા પુરુષ કેવળ આત્મસ્વરૂપેજ સ્થિતિ કરે છે અને સંસારમાં કદી પાછો ફરતો નથી;[55] જે મનુષ્ય આ બન્ને દેવયાનમાર્ગ અને પિતૃયાનમાર્ગ કે જેઓને વેદે નિશ્ચયપૂર્વક પૃથક્ કરીને દર્શાવ્યા છે, તેઓને શાસ્ત્રરૂપી દૃષ્ટિથી જાણે છે, તે મનુષ્યશરીરમાં રહ્યો હોય છતાં પણ મોહ પામતો નથી.[56] કારણ કે જે સત્ વસ્તુ શરીરોના આદિમાં કારણ તરીકે છે; અંતમાં અવધિ તરીકે છે; બહાર ભોગ્યવસ્તુ તરીકે છે; અંદર ભોક્તા તરીકે છે; ઉચ્ચ છે; નીચ છે; જ્ઞાનરૂપ છે; જ્ઞેયરૂપ છે; વચનરૂપ છે; વાચ્યરૂપ છે; અપ્રકાશરૂપ છે અને પ્રકાશરૂપ છે, તે સર્વ એ જ્ઞાની પોતેજ છે. જગતમાં તેના સિવાય બીજી કોઇ વસ્તુજ નથી; તેથી તે મોહ પામતો નથી.[57] જેમ પ્રતિબિંબાદિ વસ્તુ (તર્કના વિરોધને લીધે) મિથ્યા તરીકે સાબિત થાય છે; તોપણ તે વસ્તુ જાણે વાસ્તવિક હોય તેવી કહેવાય છે; તેમજ ઇન્દ્રિયોથી જણાતું આ સર્વ કંઇ વાસ્તવિક પદાર્થ હોય તેમ કલ્પેલું છે; પણ વસ્તુતઃ કંઈજ નથી. કારણ કે તર્કદૃષ્ટિએ તેનું અસ્તિત્વ ઘટી શકતું નથી.[58] પૃથ્વી વગેરે પાંચ મહાભૂતોની જેમાં ઐક્યબુદ્ધિ થાય છે, તે આ દેહાદિ પદાર્થ, પાંચ મહાભૂતોના સંઘાતરૂપ, કાર્યરૂપ કે પરિણામરૂપ—એમ કંઇ પણ નથી. જેમ વૃક્ષોનો સંઘાત વન કહેવાય છે, તેમ પાંચ મહાભૂતોના સંઘાતને શરીર કહી શકાય નહિ. કારણ કે સંઘાતમાંથી એક ભાગનું ખેંચાણ થતાં આખા સંઘાતનું ખેંચાણ ઘટે નહિ. જેમ વૃક્ષોના સંઘાતરૂપ વનમાંથી એક વૃક્ષ ખેંચી લેતાં કંઇ આખું વન ખેંચાઇને આવતું નથી; ત્યારે શરીરમાંના તો કોઇ પણ એક ભાગને ખેંચતાં આખું શરીર ખેંચાઇ આવે છે; માટેજ તે શરીરાદિ પદાર્થ પાંચ મહાભૂતોના સંઘાતરૂપ નથી. આ દેહાદિ પદાર્થ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ પાંચ મહાભૂતોમાંથી બનેલો વિકાર કે અવયવી (એટલે કાર્ય) નથી. અથવા એ પાંચ મહાભૂતોના પરિણામરૂપ પણ નથી; કેમકે દેહાદિ પદાર્થ જો પાંચ મહાભૂતોના વિકાર—અવયવી કે પરિણામ તરીકે હોય, તો એ પ્રશ્ન થાય છે કે, તે અવયવીરૂપ દેહાદિ પદાર્થ પોતાના અવયવોથી જુદો છે કે તેઓમાં મળેલો છે? અને તેજ પ્રમાણે એ પરિણામરૂપ હોય, તો પરિણત પદાર્થોથી જુદો છે કે તેઓમાં મળેલો છે? આ પ્રશ્નના ઉત્તર તરીકે એને પોતાના અવયવોથી કે પરિણત પદાર્થોથી અત્યંત જુદો કહી શકાય તેમ નથી; કારણ કે તે અત્યંત જુદો હોય તેમ જોવામાં આવતું નથી; તેમજ તે દેહાદિ પદાર્થને પોતાના અવયવોમાં કે પરિણત પદાર્થોમાં મળેલો પણ કહી શકાય તેમ નથી. કારણ કે તે અવયવોમાં કે પરિણત પદાર્થોમાં તેને મળેલો કહીએ તો પ્રશ્ન થાય છે કે, એ દેહાદિ પદાર્થ પોતાના અવયવોમાંના કે પરિણત પદાર્થોમાંના પ્રત્યેક અવયવમાં પોતે આખોય મળેલો છે કે અંશરૂપે મળેલો છે? જો એમ કહીએ કે, પ્રત્યેક અવયવોમાં આખોય મળેલો છે, તો માત્ર એકજ આંગળીમાં આખા દેહની બુદ્ધિ થવી જોઇએ અને જો એમ કહીએ કે, પ્રત્યેક અવયવોમાં અમુક અંશે મળેલો છે, તો તેના અંશને ને તેના પણ અંશને સ્વીકારતાં અનવસ્થા નામનો દોષ આવે છે; માટે સિદ્ધ થાય છે કે, દેહાદિ પદાર્થ મિથ્યા છે.[૫૯] ‡એ પ્રમાણેજ પૃથ્વી આદિ પાંચ મહાભૂતો પણ પોતે અવયવી પદાર્થો હોવાથી શબ્દાદિ પાંચ તન્માત્રાઓરૂપ પોતાના અવયવો વિના અસ્તિત્વ ધરાવી શકતાં નથી. માટે સિદ્ધ થાય છે કે, તેઓ પણ મિથ્યાજ છે. (કદાચ કોઇ કહે કે, અવયવીરૂપ તે મહાભૂતો ભલે મિથ્યા હોય, પણ તેના અવયવોરૂપ શબ્દાદિ તન્માત્રાઓ તો સાચી છે ને? એનું સમાધાન કહે છે કે,) જ્યારે અવયવી પોતેજ મિથ્યા ઠરે છે, તો છેવટે અવયવો પણ એની મેળેજ મિથ્યા ઠરી ચૂકે છે. (કારણ કે જો અવયવી જણાતા નથી, તો તેઓના અવયવ હોય, એમાં શું પ્રમાણ માની શકાય? કંઇજ નહિ.)[૬૦] ×માટે પરમાત્મારૂપ એકજ વસ્તુ સત્ય છે અને તે સત્ય એવી એકજ વસ્તુનો વસ્તુતઃ ભેદ નથી, છતાં અવિદ્યાથી ભેદ થતાં 'આ પદાર્થ તે આ પદાર્થ જેવો છે.' એમ સરખાપણાની ભ્રાંતિ થાય છે. (અને તે ભ્રાંતિ જ્યાંસુધી અવિદ્યા હોય છે, ત્યાંસુધીજ હોય છે; અવિદ્યા દૂર થતાં તે ભ્રાંતિ પણ દૂર થઈ જાય છે અને એકજ પરમાત્મારૂપ વસ્તુ સત્ય તરીકે અવશેષ રહે છે.)§ જેવી સ્વપ્નાવસ્થામાં જણાતી જાગ્રત અવસ્થા અને સુષુપ્તિ અવસ્થાની વ્યવસ્થા છે, તેવીજ શાસ્ત્રોના વિધિનિષેધની વ્યવસ્થા સમજી લેવી.÷ એ પ્રમાણે‡ આત્માના ભાવાદ્વૈત, ક્રિયાદ્વૈત તથા દ્રવ્યાદ્વૈતનો વિચાર કરતો મનનશીલ સાધક, આત્મતત્ત્વના અનુભવથી જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓને* દૂર કરી દે છે.[૬૧] તેમાં જે પ્રમાણે વસ્ર

‡ એ રીતે દેહાદિનું મિથ્યાત્વ કહીને દેહનાં કારણ પાંચ મહાભૂતોનું પણ મિથ્યાત્વ કહે છે. —श्रीधर

× જો દેહાદિ અવયવીને તમે માનશો નહિ, તો આવતીજતી બાલ્યાદિ અવસ્થાઓમાં 'તેજ આ દેવદત્ત છે' એમ ઓળખી શકાશે નહિ. માટેજ મીમાંસકો કહે છેઃ—आविर्भावतिरोभावधर्मकेष्वनपायि यत् तद्धर्मि ।—આવિર્ભાવ અને તિરોભાવરૂપ ધર્મો નાશવંત હોવા છતાં જે અવિનાશી તત્ત્વ જણાય છે તેજ ધર્મી છે.' આ બધું કેમ ઘટી શકશે? આના ઉત્તરમાં કહે છે.—श्रीधर

§ એ રીતે જો સર્વ કંઇ (કેવળ પરમાત્મા વિના) મિથ્યાજ છે, તો પછી શાસ્ત્રોમાં દર્શાવેલા વિધિ અને નિષેધની શી વ્યવસ્થા કરવી? ક્યાં લાગુ કરવા? તે માટે કહે છે. —श्रीधर

÷ અર્થાત્ સ્વપ્નાવસ્થામાં જણાતી જાગ્રત અવસ્થા અને સુષુપ્તિ અવસ્થા જેમ વૃથાજ છે, તેમ સર્વ મિથ્યા વસ્તુઓ પરત્વે જણાતા શાસ્ત્રોના વિધિ અને નિષેધ પણ વૃથાજ હોય એમાં શું કહેવાનું છે? —भा॰ क॰

‡ એ પ્રમાણે પૂર્વોક્ત અદ્વૈતવાદનેજ ત્રણ ભાવનાઓના ઉપદેશદ્વારા દઢ કરે છે. —श्रीधर

* અથવા ત્રણ સ્વપ્નોને દૂર કરે છે. તેમાંનું પહેલું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ને તંતુ એ બન્ને કાર્યકારણમાં તંતુજ સત્ય છે અને પટ તો મિથ્યા છે, તેમ કાર્યકારણરૂપ જગત અને બ્રહ્મમાં બ્રહ્મજ સત્ય છે; આવો કાર્યકારણ-રૂપ વસ્તુમાં જે ઐક્ય વિચાર તેને 'ભાવાદ્વૈત' કહે છે. કારણ કે કાર્યકારણરૂપ જે વિકલ્પ એટલે ભેદ તે તો મિથ્યાજ છે;[૬૨] તેમજ હે યુધિષ્ઠિર! મન, વચન અને કાયા વડે જે કંઇ કર્મ કરવામાં આવે, તે તે સર્વ કર્મોને (મન–વચન–કર્મથી) પરબ્રહ્મમાં અર્પણ કરી દેવાં, તેને †'ક્રિયાદ્વૈત' કહેવામાં આવે છે[૬૩,૬૪] અને પોતાના, પોતાનાં સ્ત્રી-પુત્ર આદિના તથા બીજાં સર્વ પ્રાણીઓના સ્વાર્થ તેમજ કામનાઓનું જે ઐક્ય જોવું, તે 'દ્રવ્યાદ્વૈત' કહેવાય‡ છે.[૬૫] હે રાજા! પોતના ઉપર આપત્તિ ન હોય તે સમયે જે દ્રવ્ય જેનું, જે ઉપાયથી, જે દેશ કે કાળમાં, જેની પાસેથી લેવાનું શાસ્ત્ર-નિષિદ્ધ ન હોય, તેજ દ્રવ્યથી મનુષ્યે સર્વ કર્મો કરવાં જોઇએ; પણ બીજા ઉપાયોથી મેળવેલાં દ્રવ્યો વડે કર્મો કરવાં નહિ.*[૬૬] હે રાજન્! પોતાને ઘેર રહીને પણ એ અને બીજાં વેદોક્ત સ્વકર્મો કરીને વર્તતો ભગવાનની ભક્તિ કરતો ગૃહસ્થ મનુષ્ય એ ભગવાનની ગતિને પામે છે.[૬૭]+ હે મહારાજ! જેમ તમેજ સર્વના આત્મારૂપ શ્રીકૃષ્ણ પ્રભુને લીધે દુસ્ત્યજ એવી અનેક આપત્તિઓમાંથી મુક્ત થયા છો અને શ્રીકૃષ્ણ ભગવાનની ચરણસેવાથી તમે ‡દિગ્ગજોને જીતી યજ્ઞો કર્યાં છે.÷ હું પોતે પૂર્વે ગયા મહાકલ્પમાં ઉપબર્હણ નામનો એક ગંધર્વ હતો અને ગંધર્વોમાં અત્યંત માન્ય હતો.[૬૮,૬૯] રૂપ, કોમળતા, મધુરતા અને સુગંધીપણાને લીધે મારો દેખાવ સર્વને પ્રિય થઈ પડ્યો હતો; સ્ત્રીઓને તો હું અત્યંત વહાલો હતો; નિત્ય મદમત્ત રહેતો હતો અને ઘણોજ કામલંપટ હતો. એક સમયે દેવોના યજ્ઞમાં શ્રીહરિનાં યશોગાન કરવાને માટે પ્રજાપતિઓએ ગંધર્વો તથા અપ્સરાઓના ગણોને બોલાવ્યા.[૭૦] તે વેળા હું તેઓનું બોલાવવું જાણતો હતો, તેથી સ્ત્રીઓની સાથે (ઉન્મત્ત થઇને) ગાતો ગાતોજ ત્યાં ગયો; એટલે (આજ્ઞા વિનાજ ગાન કરવારૂપી) તે મારો અપરાધ જાણીને પ્રજાપતિઓએ ક્રોધના વેગ વડે મને શાપ આપ્યો કે, 'તેં આ રીતે અમારું અપમાન કર્યું છે; માટે જા, તું આ શોભાથી રહિત થઈને શૂદ્ર થઇ જા.' તે પછી હું એક દાસીમાં ઉત્પન્ન થયો હતો અને ત્યાં પણ બ્રહ્મવાદી પરમહંસોની સેવાથી અને તેમના સંગથી બ્રહ્માના પુત્રત્વને પામ્યો છું.[૭૧–૭૩] એ પ્રમાણે પાપનો નાશ કરનાર ગૃહસ્થધર્મ મેં તમારી આગળ વર્ણવ્યો છે; જેનું આચરણ કર-

---

સ્વપ્ન તે વસ્તુ ભેદબુદ્ધિ છે; બીજું સ્વપ્ન તે કર્મભેદબુદ્ધિ છે અને 'મેં કર્મ કરીને આ ફળ મેળવ્યું, માટે તે મારેજ ભોગવવું જોઇએ.' એ ત્રીજું સ્વપ્ન છે. –શ્રી૦

† ઉદ્દેશ્ય ફળનો ભેદ તેજ ક્રિયાઓના ભેદમાં કારણ બને છે; પણ જો સર્વ ક્રિયાઓ ઇશ્વરમાં અર્પણ કરી દેવામાં આવે, તો તે કંઇ પણ રહેતું નથી, જેથી ક્રિયાઓનું અદ્વૈતપણું સિદ્ધ થાય છે. —શ્રીધર

‡ કહેવાનો ભાવ એ છે કે, 'પોતાનો જેવો સ્વાર્થ તેવોજ બીજાનો સ્વાર્થ–ધનદોલત વગેરે હોય; તેમજ પોતાને જેવી કામનાઓ હોય તેવીજ બીજાઓને પણ હોય અને પોતાનો આત્મા જેમ પરમાત્મા છે, તેમ બીજાઓનો આત્મા પણ પરમાત્માજ છે.'–એમ જોવું તે દ્રવ્યાદ્વૈત છે. —ભા. ક.

* પૂર્વે કહેવાઇ ગયેલા આશ્રમધર્મોને પુનઃ સંક્ષેપમાં કહે છે. —શ્રીધર

+ પૂર્વે જે કંઇ કહેવામાં આવ્યું છે, તે તો સર્વને માટે સામાન્ય છે; પણ ભક્ત મનુષ્યને તો ભક્તિજ સર્વ પુરુષાર્થોનું કારણ બને છે. એ વાત પાંડવોને ઉદ્દેશીને કહે છે. —શ્રીધર

‡ દિગ્ગજોને જીતીને એટલે તે તે દિશાઓમાં રહેલા દિશાના હાથીઓ જેવા બળવાન રાજાઓને જીતીને. —ભા. ક.

÷ મહાન પુરુષોનું અપમાન કરવાથી મનુષ્ય ભગવાનની સેવાથી ભ્રષ્ટ થાય છે અને મહાન પુરુષોની કૃપાથી મુક્ત થાય છે, એ દર્શાવવાને નારદજી પોતાનું પૂર્વવૃત્તાંત કહે છે. —શ્રીધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વાથી ગૃહસ્થ અનાયાસે સંન્યાસીઓની પદવીને પામે છે.૭૪ ખરેખર, આ મનુષ્યલોકમાં તમે અત્યંત ભાગ્યશાળી છો; કારણ કે તમારે ઘેર મનુષ્યોના સ્વરૂપમાં ગૂઢ રહેલા સાક્ષાત્ પરબ્રહ્મ નિવાસ કરે છે અને તેનેજ લીધે લોકને પવિત્ર કરનાર મુનિઓ તમારે ઘેર આવે છે.૭૫ આ ભગવાન તમારા પ્રિય મિત્ર જણાય છે, આજ્ઞામાં વર્તી રહ્યા છે અને મામાના પુત્ર થાય છે. (પણ) તે બ્રહ્મસ્વરૂપ છે; મહાન પુરુષોએ શોધવા યોગ્ય છે; મોક્ષસુખના અનુભવસ્વરૂપ છે; સર્વના આત્મા છે; પૂજ્ય છે અને સર્વના ગુરુ છે.૭૬ જેમના સ્વરૂપને સાક્ષાત્ શંકર અને બ્રહ્મા વગેરે પણ પોતાની બુદ્ધિથી વસ્તુતઃ વર્ણવી શક્યા નથી અને મૌન, ભક્તિ તથા ઉપશમથી જેમની તેઓએ પૂજા કરી છે, તે ભક્તોના પતિ ભગવાન અમારા પર પ્રસન્ન થાઓ.'"૭૭

શ્રીશુકદેવજી બોલ્યાઃ—"દેવર્ષિ નારદે કહેલું તે ધર્મરહસ્ય સાંભળીને ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા અત્યંત પ્રસન્ન થયા અને તેમણે પ્રેમથી વિહ્વળ થઇને શ્રીકૃષ્ણની પૂજા કરી અને નારદજીની પણ પૂજા કરી; એટલે મુનિ નારદ, શ્રીકૃષ્ણ તથા યુધિષ્ઠિર રાજાની સંમતિ લઇ ત્યાંથી ચાલ્યા ગયા. રાજા યુધિષ્ઠિર, શ્રીકૃષ્ણને પરબ્રહ્મ તરીકે સાંભળીને અત્યંત આશ્ચર્ય પામ્યા.૭૮।૭૯ એ પ્રમાણે દક્ષપુત્રીઓના જુદા જુદા વંશો મેં તમને કહ્યા, કે જે વંશોમાં દેવો, અસુરો તથા મનુષ્યો વગેરે સ્થાવર તેમજ જંગમ લોકો ઉત્પન્ન થયા છે."૮૦

इति दाक्षायणीनां ते पृथग्वंशाः प्रकीर्तिताः ।
देवासुरमनुष्याद्या यत्र लोकाश्चराचराः ॥ ८० ॥

ઇતિ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં સપ્તમ સ્કંધ વિષે અધ્યાય ૧૫ મો સમાપ્ત



Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

सप्तम स्कंध समाप्त

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

॥ अनुक्रम ॥

१- अवधूत- पृ. ६४, पादटिप्पणी।
२- परीक्षितका गंगातट पर अनशनव्रत लेकर बैठना- ॥पृ. ६२
३- अंत समयमें श्रीनारायणका स्मरण करना- उत्तम - पृ. ६८
४. वेदतुल्य भागवत।पृ. ६८ ११-६
५- ओ३म् का स्मरण करना - पृ. ६९
६- विराट् शरीरका ध्यान करना। पृ. ६९
७. विराट् स्वरूप का वर्णन - ६९।
८- योग- आसक्ति - २३४, ९६, २२३
९- २३४ चतुःश्लोकी भागवत- पृ. १२९
१०- माया - पृ. १२९- टिप्पणी - १२९, १५८
११- वैकुंठ लोकनुं वर्णन - पृ. १२६
१२- श्रीधरनुं वेद विभाग स्थल - १२८
१३- भागवतनी उत्पत्ति परंपरा। पृ. १३० पृ. १५८
१४. भागवतनां दश लक्षण १० वस्तुओ - १३०
१५- नर अने नारायण पृ. १३१
१६ - "सर्ग" "विसर्ग" वगेरेनो अर्थ पृ. १३१
१७- अध्यात्म- अधिदैव- अधिभूत पृ. १३१
१८- द्रव्य और कर्म का अर्थ - २०८
१९- पृथ्वी जलमग्न है - स्वायंभुवमनु का कथन - पृ. १२० [उत्पत्ति-१८०
२०- ब्रह्माकी नासिका वराह की
२१- जलमें पृथ्वीकी स्थापना - १८३
२२- ऋषिका- दितिका देना - १८४
२३- देवकी उत्पत्ति - टिप्पणी - १८४
२४- अभिमानका अर्थ - टिप्पणी - २०२
२५- देवगणोत्पत्ति - २०९
२५- तस्मात्परमभावि पादपाः - टिप्पणी - २४०
२६- अभिवंश - २५६
२७- भगवान् गुणानुवादके श्रवण मात्रसे क्लेश दूर होते हैं। पृ. १५८
२८- भागवत शंकरके दांत से प्रभावित - १५८, २४८
२९. भागवतकी रचना- आद्य शंकराचार्यके पश्चात् - १५८
३०- प्रजानि - २४८
३१- इच्छा सर्व का उपादान कारण पृ. २४८
३२- कामसे, द्वेषसे, भयसे, स्नेहसे भगवान प्राप्ति- और उसके उदाहरण - पृ. ५२८
३३- हिरण्यकशिपु बड़ा भाई हिरण्याक्ष छोटा भाई - ५२९
३४- रावण और कुंभकर्ण (क्रमशः हिरण्यकशिपु और हिरण्याक्ष) को शापसे मुक्त करने के लिये रामद्वारा मारा जाना - ५२९
३५- महाभारतसे विरोध - ५२९ २७० नव ५३२
३६- प्रह्लाद न लंबित - ५३१
३७- प्रह्लादने मारवाना उपायो - ५३३
३८- शुक्राचार्यके पुत्र - २१५ और अमर्क - ५३३
३९- हिरण्यकशिपु २१ पूर्वजोनी साथे मुक्त थयो। पृ. ५३८

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

४० - भागवत अने अवतार - १०,१४

४१ - गायत्री, पंचम मानव गो / धर्म - पृ-१४

४२ - वेद-उपनिषद् के साथ भागवत की उत्पत्ति - ७

४३ - द्वापरना राजा परीक्षितने भक्तिथी अत्यंत आदरथी भागवतनो साक्षात्कार - १०९

४४ - वैराग्यनुं भागवत ... मां सर्व ... (मुक्त) ... ७।१।२५ तथा ३८ ... पृ-५२८-६

१३२

४५ - भक्तियोगमां वैराग्य ... - ७।१।२५ पृ- ५२८

४६ - २४ अवतारो - पृ-३२-३५

४७ - सात द्वीपो ने समुद्रो - ३९३

४८ - प्रियव्रतनो वंश - ३९८

४९ - ऋषभदेव - ३८०

५० - भारतवंशी राजाओं का वर्णन - ४१५

५१ - इतिहास - ४६३

५२ - आदित्यवंश - ५१७

५३ - वैवस्वत मनुवंश - ६६२

५४ - चंद्रवंश वर्णन - ६६६

५५ - चार आदित्यो - ४७६

५६ - पांच अविद्याओ - १७५ / २०६

५७ = भरतखण्ड = अजनाभ - ३९६

५८ इलावृत - ३७७ / ४१०

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi